૧-૨-૩-૨૩

નમો ચઉવિસાએ તિત્થયરાણ ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણ

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

૫૧૦૮

જૈન શાસન

અઠવાડિક



વર્ષ ૮

અંક ૧-૨-૩

૮મા વર્ષના પ્રારંભે વિશેષાંક જૈન રત્ન શ્રમણોપાસકો

પરમ ઉપકારી ગુરૂદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી સ્વ. શાહ ધરમશી નથુભાઇ (કાનાવુંશ-હાલાર) તથા તેમના પૌત્ર સ્વ. ચન્દ્રકાન્તભાઇ તથા સ્વ. નરેન્દ્રભાઇ જુઠાલાલભાઇના શ્રેયાર્થે શ્રીમતી પાનીબેન ધરમશી તથા શાહ જુઠાલાલ ધરમસી તથા શ્રીમતી યશોદાબેન જુઠાલાલ શાહ પરિવારની શુભેચ્છા.

14 WHITTINGTON WAY
PINNER MIDDX LONDON
HA5 6UT (U.K.)

શ્રી જૈન શાસન કાર્યાલય, શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર, સૌરાષ્ટ્ર, INDIA PIN-361005

ભારતદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાયબ્રા અને સિદ્ધાચલ ધામ તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પૂનમચંદ મેઘાજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચમનાચંદ પદમશી ગુઢકા (પાલગઢ)

વર્ષ ૮] ૨૦૫૧ શ્રાવણ વદ ૫. ૧૨ મંગળવાર તા. ૨૨-૮-૯૫ [અંક-૧-૨-૩

: સાત્વિક શિરોમણિ મહાશ્રાવક શ્રી સુદર્શન શેઠ :

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

જે સદાચારનો અધિકારી હોય, એનામાં એકદમ અનાચાર આવે નહિ. સદાચાર એનાથી એકદમ ખસે નહિ. આ સદાચાર કેમ બરાબર સમજાતો નથી ? ગળે કેમ ઉતરતો નથી ? કારણ એજ છે કે-'પ્રતિકૂળતાના વૈરિપણા સાથે અનુકૂળતાનું અર્થિપણું વધારે છે.

પુણ્યાત્મા શ્રી સુદર્શનનો પ્રસંગ વિચારી જુઓ. શ્રી સુદર્શનનું નામ આજે પણ સદાચારી પુરૂષસિંહ તરીકે લેવાય છે. શ્રી સુદર્શનની સદાચારી તરીકેની જબરજસ્ત ખ્યાતિ છે. શ્રી સુદર્શન એટલે સદાચાર સેવનારાઓ માટે આદર્શ. શ્રી સુદર્શનની આ નામના, આ ખ્યાતિ, આ પ્રતિષ્ઠા પાછળ કયી વસ્તુ હતી ? વિચારી જુઓ કે-શ્રી સુદર્શને જે સદાચાર સાચવ્યો છે, તે શ્રી સુદર્શન જો પૌદ્ગલિક અનુકૂળતાના અર્થી હોત તો સાચવી શકત ? શ્રી સુદર્શન જો અનુકૂળતાના અર્થી હોત, તો તેમણે જે સદાચાર સાચવ્યો તે સાચવી શકત નહિ. **અનુકૂળતાના અર્થિથી નથી તો સાધુપણું વાસ્તવિક રીતિએ પાળી શકાતું, નથી તો શ્રાવકપણું વસ્તુતઃ પાળી શકાતું કે નથી તો તેનાથી સમ્યગ્દષ્ટિ માટે વિહિત આચારાદિનું યોગ્ય રીતિએ પાલન કરી શકાતું !** અનુકૂળતાનું અર્થિપણું સાધુને સાધુપણામાં ટકવા દે નહિ અને શ્રાવકને શ્રાવકપણામાં ટકવા દે નહિ : કારણ કે-ધીરે ધીરે તે આત્મા નીચે પડતો જાય અને જો સુયોગ્ય આલંબન ન મળી જાય તો પરિણામે સાધુ સાધુ ન રહે અને શ્રાવક શ્રાવક ન રહે !

સભા૦ અનુકૂળતા મેળવવી જ નહિ ?

અનુકૂળતાનું અર્થિપણું ન જોઇએ. સૌ પ્રતિકૂળતા વેઠી શકે એમ ન બને. પ્રતિકૂળતા વેઠવાની તાકાતના અભાવે અનુકૂળતાની ઇચ્છા થવી સહજ છે, પણ પૌદ્ગલિક અનુકૂળતા ધ્યેયરૂપ બની ન જાય, તેની ખાસ કાળજી રાખવી જોઇએ મોક્ષધ્યેય સિદ્ધ કરવાને માટે જરૂરી અનુકૂળતાની ઇચ્છા, એ વસ્તુતઃ અનુકૂળતાનું અર્થિપણું નથી. અનુકૂળતાનું અર્થિપણું તે છે, કે જેના યોગે આત્માની દિશા જ પલટાઇ જાય. અર્થિપણું તો ધર્મનું અને મોક્ષનું જ હોવું જોઇએ. ધર્મનું અર્થિપણું પણ મોક્ષના અર્થિપણામાંથી જન્મેલું હોવું જોઇએ. આથી પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું આત્માને ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરનારૂં છે, એ વાત સ્પષ્ટ થઇ છે. અનુકૂળતા મળી જાય અને ભોગવાઇ જાય એ વસ્તુ જુદી છે : જ્યારે એનું અર્થિપણું જાગે, કોઇપણ રીતિએ એ મેળવવી એમ થાય, એ વસ્તુ ન્યારી છે. મોક્ષના અર્થિએ તો પૌદ્ગલિક અનુકૂળતાના અર્થ નહિ, પરંતુ વૈરી બની જવું જોઇએ. પૌદ્ગલિક વસ્તુ માત્રની ઇચ્છા અયોગ્ય છે, એમ લાગી જવું જોઇએ.

સદાચારના પાલન માટે શ્રી સુદર્શનની નામના જબ્બર છે. શ્રી સુદર્શન પક્કા શીલસંપન્ન તરીકે પંકાયા છે. શીલનો આદર્શ રજુ કરવાને માટે મુખ્યત્વે આ પુણ્યાત્માનું નામ પણ લેવાય છે. જે પ્રસંગના યોગે શ્રી સુદર્શન આવી ઉત્તમમાં ઉત્તમ કોટિની નામનાને પામી શકયા છે, તે પ્રસંગ સામાન્ય કોટિનો નથી. આપણને જરૂર લાગે કે-'અનુકૂળતાનો અર્થી આવા સંયોગોમાંથી આ રીતિએ અણીશુદ્ધ બહાર નીકળી શકે નહિ.' પહેલેથી છેલ્લે સુધી શ્રી સુદર્શને જેવી મક્કમતા દર્શાવી છે અને સદાચારના સેવનમાં જે લેશ પણ સ્ખલના થવા દીધી નથી, તે જો બરાબર વિચારાય, તો સમજાય કે-પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું ગયા વિના આમ બનવું એ શકય નથી.

એક બાઇની પ્રપંચજાળથી શ્રી સુદર્શનના સદાચારની કસોટી થવા પામી છે. શ્રી સુદર્શનની સાથે તે નગરીના પુરોહિતને ગાઢ મૈત્રી હતી. શ્રી સુદર્શન સાથે પુરોહિતને એવી મિત્રાચારી થઇ ગઇ હતી કે-મોટે ભાગે પુરોહિત શ્રી સુદર્શનની પાસે જ રહેતો. આના યોગે, પોતાનાં નિત્ય કર્મોને પણ તે પુરોહિત ઘણીવાર ભૂલી જતો.

પુરોહિતની આ હાલત જોઇને, તેની પત્ની કપિલાએ એકવાર પૂછ્યું કે-'નિત્યકર્મોને પણ ભૂલી જઇને તમે કયાં આટલો બધો વખત ગુમાવો છો ?'

પુરોહિતે કહ્યું કે-'હું બીજે કયાંય નથી જતો, પણ મારા પરમ મિત્ર સુદર્શનની પાસે જ હું હોઉં છું ?'

સુદર્શનનું આટલું બધું આકર્ષણ છે-એમ જાણ્યા બાદ સુદર્શન કોણ છે, એ

જાણવાની ઇચ્છા થવી એ સહજ છે. આથી કપિલાએ પૂછયું કે-'એ સુદર્શન કોણ ?'

કપિલા-'એ સુદર્શન કોણ ?'-એમ પૂછે છે, એથી પુરોહિતને આશ્ચર્ય થાય છે. પુરોહિત કહે છે કે-'સજ્જનોમાં અગ્રેસર એવા મારા મિત્ર સુદર્શનને જો તું ન જાણતી હો, તો તું કાંઇ જ જાણતી નથી. ખેર, હવે જાણી લે. ઋષભદાસ શ્રેષ્ઠીનો તે પુત્ર છે. મહા બુદ્ધિશાલી છે. રૂપમાં તે કામદેવ જેવો છે. તેની કાન્તિ ચન્દ્ર જેવી છે. સૂર્યસમો તે તેજસ્વી છે. મહાસાગર માફક તે ગંભીર છે અને ક્ષમામાં તે મુનિ શ્રેષ્ઠ જેવો છે. એનામાં દાનગુણ એવો છે કે-ચિંતામણિરત્ન યાદ આવે : માણિક્યનું ઉત્પત્તિસ્થાન રોહણાચલ છે, તેમ તે ગુણોત્પાદક સ્થાન જેવો છે : વળી એ એવો પ્રિયાલાપી છે કે-જાણે અમૃતનો કુંડ જોઇ લો : ખરેખર, તે આ વસુધાના મુખ માટે ભૂષણરૂપ છે ! એના બીજા સઘળા ગુણો તો દૂર રહ્યા, પણ એનામાં શીલગુણ અદ્ભુત છે ! એ ગુણ-ચૂડામણિ સુદર્શનનું શીલ લેશ પણ સ્ખલનાને પામતું નથી !'

વિચાર કરતાં આવડે તો આ પ્રસંગ પણ બોધદાયક છે. શ્રી સુદર્શનની મૈત્રિનું પરિણામ એ આવ્યું કે-પુરોહિત શ્રી સુદર્શનના ગુણોથી મુગ્ધ બની ગયો. પરિચય વધે તેમ પૂજ્યબુદ્ધિ વધે, બહુમાન વધે, ગુણરાગ વધે, તો એ પણ ઉત્તમતાની એક પ્રતીતિ છે. તમારી સાથે કોઇને સામાન્ય મિત્રાચારી થાય, તો એ તમારે માટે કેવા વિચારો ધરાવનારો બને ? એને લાગે ખરું કે-'જૈનોનું જીવન નીતિમય હોય છે ?' સામાને એમ થાય કે-'જૈનો સદાચારપરાયણ હોય છે ?' તમારા પરિચયથી સામાના હૃદયમાં તમારા માટે બહુમાન જાગે કે બહુમાન જાગ્યું હોય તેય ઘટવા માંડે ? શ્રી સુદર્શનનું જીવન કેવા ઉંચા પ્રકારનું હશે, કે જેથી પુરોહિતને એમ લાગ્યું કે-સુદર્શન ગુણચૂડામણિ છે ? તમારો મિત્ર તમારી પ્રમાણિકતા માટે, તમારા સદાચાર માટે, તમારી ઉદારતા માટે, તમારી સદ્ભાવના માટે સાચા હૃદયથી પ્રશંસા કરી શકે, એવું જીવન તમે કેળવ્યું છે ? એવું જીવન કેળવવાનો વિચાર સરખોય કદિ કર્યો છે ? શ્રી સુદર્શનની કથા ઘણાએ ઘણીવાર સાંભળી હશે, પણ કોને એમ થયું કે-'શ્રી સુદર્શનની આવી છાપ પુરોહિત ઉપર શાથી પડી ? મારા પરિચયમાં આવનાર ઉપર મારી છાપ કેવી પડે છે ? ઉત્તમ છાપ આપોઆપ પડે એવું જીવન જીવવાને મારે શું કરવું જોઇએ ?' આ જાતિનો વિચાર કરવાની ફુરસદ જ કોને છે ?-એમને ? જે કાંઇ વાંચો અગર સાંભળો તે માત્ર જાણવા જ ખાતર નહિ, પણ એનો પોતાના જીવનમાં અમલ કરવા ખાતર વાંચો અગર સાંભળો. ઉત્તમ આત્માઓનાં જીવનો જાણીને એ નક્કી કરો કે-'આપણે આપણા જીવનને કયી રીતિએ આવું ઉત્તમ કોટિનું બનાવી શકીએ ?' અને આવું નક્કી કરીને એ માટે પ્રયત્નશીલ પણ બનો.

પુરોહિતની પ્રશંસાથી અહીં પરિણામ વિપરીત આવે છે ! શબ્દમાં અને રૂપમાં જેનો જોટો ન મળે એવા શ્રી સુદર્શન છે, આવું સાંભળીને કપિલા કામવિહ્વલ બની જાય છે. કામાતુર બનીને કપિલા શ્રી સુદર્શનને પોતાની પાસે લાવવા ઇચ્છે છે અને શ્રી સુદર્શનની સાથે ભોગ ભોગવવા ઇચ્છે છે. પણ આ ઇચ્છાને સફળ કરવી એ કાંઇ સહેલું કામ છે ? કપિલા મુંઝાણી કે-'એને કયી રીતિએ ફસાવવો ?'

શ્રી સુદર્શનને ફસાવવા માટેની યુક્તિ કપિલા શોધે છે. તે દરમ્યાનમાં જ રાજાના હુકમથી પુરોહિતને અચાનક બહારગામ જવાનું થાય છે.

કપિલા આ તકનો લાભ લેવાનું નક્કી કરીને સીધી જ શ્રી સુદર્શનને ઘેર આવે છે.

શ્રી સુદર્શન આમ તો માને નહિ, એટલે કપિલા કહે છે કે-'આપના મિત્ર અત્યન્ત બીમાર થઈ ગયા છે, એથી જ આજે અહીં આવ્યા નથી. આપના વિરહના યોગે તેમની બીમારી બેવડાઇ રહી છે અને એથી જ આપના મિત્રે આપને બોલાવી લાવવાને માટે મને મોકલી છે ! આપના મિત્ર આપને યાદ કરી રહ્યા છે.'

કપિલાએ આ વાત એવી રીતિએ કહી કે-શ્રી સુદર્શને એ વાતને સાચી માની લીધી. 'આમાં કાંઇક કપટ હશે તો ?'-એવો વિચાર સરખોય શ્રી સુદર્શનને આવ્યો નહિ.

શ્રી સુદર્શને કહ્યું કે-'હું તો જાણતો નથી કે પુરોહિત બીમાર છે.' આમ કહીને તરત જ શ્રી સુદર્શન પુરોહિતને ઘેર ગયા.

પુરોહિતના મકાનમાં પેસતાં પેસતાં જ શ્રી સુદર્શન કપિલાને પૂછે છે કે-'મારો મિત્ર કયાં છે ?'

કપિલા કહે છે કે-'આગળ જાવ. આપના મિત્ર સુઇ ગયા છે.'

થોડે આગળ ગયા પછી ફરીથી શ્રી સુદર્શને પૂછ્યું કે-'અહીં પણ પુરોહિત નથી. તો શું તે કાંઇ બીજે ગયો છે ?'

કપિલા કહે છે કે-'તેઓ બીમારીને લીધે પવન વિનાની જગ્યામાં સુઇ ગયા છે, માટે તમે અંદરના ખુલ્લા ઓરડામાં જાવ. તમારા મિત્ર ત્યાં છે.'

શ્રી સુદર્શનને હજુ પણ કશી શંકા પડતી નથી.

સજ્જન આત્માઓ સ્વયં અમાયી હોય છે, એટલે સામાન્ય રીતિએ તેઓ સામામાં માયા હોવાની શંકા કરતા નથી.

શ્રી સુદર્શન છેક અંદરના ઓરડામાં જાય છે. ત્યાં પણ પુરોહિતને નહિ જોવાથી, શ્રી સુદર્શન હજુય સરલ આશયથી કપિલાને પૂછે છે કે-'પુરોહિત કયાં છે ?'

આ તરફ કપિલા મકાનનાં બારણું બંધ કરી દે છે, કામને ઉદીપ્ત કરનારા ચેનચાળા શરૂ કરી દે છે અને કામક્રીડા કરવાની નિર્લજ્જ માંગણી કરે છે.

શ્રી સુદર્શન સઘળી સ્થિતિ કળી જાય છે.

શ્રી સુદર્શને જોયું કે– 'આ તો મહા પ્રપંચ છે. હવે આમાંથી બચવાને માટે કાંઈક બુદ્ધિનો ઉપયોગ કરવો પડશે.'

સીધી રીતિએ સમજાવવાથી કપિલા માની જાય તેમ હતી નહિ, એટલે શ્રી સુદર્શન હસીને કહે છે કે–'અરે મૂર્ખી! તે મોટી ભૂલ કરી છે. જે કામને માટે તું મને અહીં લાં આવી છે, તે કામને માટે તો હું નકામો છું. હું તો નપુંસક છું અને મારા પુરૂષવેષથી તું છેતરાઈ છે!'

શ્રી સુદર્શનનો આ જવાબ સાંભળતાની સાથે જ કપિલાનો કામાવેગ ગળી જાય છે! એ તો ઠંડી જ થઇ જાય છે! કેટલી મહેનત અને કેવું પરિણામ?

આટલા પછી પણ પોતાની મૂર્ખાઇ ઉપર નહિ ચીઢાતાં તે શ્રી સુદર્શન ઉપર ચીઢાય છે. જેને કપટ કેળવીને લાવી હતી, તેજ શ્રી સુદર્શનને કપિલા કહે છે કે– 'અહીંથી ચાલ્યો જા!' અને એમ કહીને ઘરનાં બારણું ઉઘાડી દે છે. શ્રી સુદર્શન તો શીલરક્ષણ માટે મનમાં ખૂશ થતા રવાના થઇ જાય છે.

તમને લાગે છે કે– શ્રી સુદર્શને કપિલાને આવો ઉત્તર આપવામાં ભૂલ કરી હતી? આજના કહેવાતા નગ્ન સત્યવાદિઓ શ્રી સુદર્શનને જુઠ્ઠા કહે, તો નવાઇ પામવા જેવું નથી. નગ્ન સત્યવાદીઓ શ્રી જૈનશાસનને પામેલા જ નથી. શ્રી જૈનશાસનમાં નગ્ન સત્યવાદીઓને સ્થાન છે જ નહિ. શ્રી જૈનશાસનમાં બોલવું તે સાચું બોલવું એ નિયમ જરૂર છે, પણ જે સાચું હોય તે બધું બોલવું જ એવો નિયમ નથી. જેટલું સાચું તેટલું બધું જ બોલવું, એવો નિયમ આ શાસનમાં નથી. નિયમ એ કે–'મુસાવાયાઓ વેરમણં.' મૃષાવાદ બોલવું નહિ. બોલવું જરૂરી હોય તો અસત્ય બોલવું નહિ, પણ જેટલું સત્ય તેટલું બધું જ બોલવું એ નિયમ નહિ. વગર અગ્નિએ હોળી સળગાવવી હોય તો જેટલું સાચું હોય તેટલું બોલવું. નગ્ન સત્ય એટલે દિવાસળી વિના સળગે તેવો અગ્નિ. નગ્ન સત્યવાદિઓ કજીયાના શમાવનારા તો નથી જ, પણ ભયંકર કજીયાઓને સળગાવનારા છે. નગ્ન સત્યવાદિતા હોય ત્યાં ગંભીરતા આદિ ગુણો ટકે શાના? નગ્ન સત્યવાદિતા સ્વીકારવામાં આવે, તો તો કેટલાકનાં જીવનો પાયમાલ થઇ જાય. નગ્ન સત્યવાદી ઘરમાં બનો તો ઘરમાં હોળી સળગે. પેઢીમાં નગ્ન સત્યવાદી બનો

તો ખબર જ પડી જાય. આજે તો નગ્ન સત્યના નામે ઢંઢ ખેલાય છે. બીજાઓને માટે જે નિયમ લાગુ પાડો છો, તે જો ઘરમાં મા–બહેન–વહુ–બેટી વિગેરેને માટે લાગુ પાડો તો માલુમ પડે.

ત્યારે જેટલું સાચું તે બધું બોલવું જ એ નિયમ નહિ, પણ બોલવું તે સાચું જ બોલવું: અથવા તો કહો કે-બોલવું તે અસત્ય નહિ જ બોલવું એ નિયમ! એ માટે તો સાચું કોને કહેવાય, અને બોટું કોને કહેવાય, એનું તત્ત્વજ્ઞાનિઓએ પૃથક્કરણ કર્યું. હકીકતમાં તદ્દનસાચું હોય, છતાં પણ કેટલુંક એવું'ય હોય છે કે-જે બોલીએ તો મૃષાવાદનો દોષ લાગે અને દેખાવમાં બોટું લાગે તેવું પણ કોઇક વાર એવું'ય હોય છે કે-જે બોલનાર અસત્યવાદી ન ગણાય. તત્ત્વજ્ઞાન ભણ્યા વિના, તત્ત્વજ્ઞાનિઓનો પરિચય કર્યા વિના, માત્ર દુન્યવી દોડધામોમાં અને દેવ-ગુરૂ-ધર્મને ભાંડવામાં કાબેલ બનવાથી આ નહિ સમજાય. એમ ને એમ તો અજ્ઞાનમાં સડી જવાશે: સદાચાર આવશે નહિ અને દુરાચાર ટળશે નહિ.

શ્રી સુદર્શને કપિલાને કહ્યું કે-'હું નપુંસક છું.' અને ખરેખર, શ્રી સુદર્શન પરબીના ચોગને માટે નપુંસક જ હતા! કપિલાએ બીજાઇને બારણાં ઉઘાડ્યા એટલે ઝટ શ્રી સુદર્શન બહાર નીકળી ગયા. 'નરકદ્વારમાંથી બહુ થોડે બૂકાયો'-એમ વિચારતા શ્રી સુદર્શન ઉતાવળે પગે પોતાને સ્થાને આવી પહોંચે છે. વધુમાં, શ્રી સુદર્શન આવી આફતથી ભવિષ્યમાં બચી શકાય એ માટે પ્રતિજ્ઞા કરે છે કે-

'नातः परं परगृहे, यास्यामि क्वचिदेककः ।'

'હવેથી કયારેય પણ પારકાના ઘરમાં એકલા જવું નહિ.'-'આવે નિયમ શ્રી સુદર્શને કરે છે! અનાચારના આગમનનો સંભવ દેખાયો, એટલે તરત જ એનો ઉપાય કરી લીધો. પોતાના સદાચારને જાળવવાની કેટલી કાળજી હશે? આજે તો 'નૈષ્ઠિક બ્રહ્મચર્ય, બ્રહ્મચર્યની દૃઢતા, આત્મા ઉપર કાબુ હોય તો સંયોગ શું કરે?'-આવી આવી વાતો કરીને અનાચારોને આમંત્રણ અપાય છે! એ રીતિએ સદાચારોને સાચવવાની સાવચેતી રાખનારાઓને હલકા પડાય છે અને દુરાચારોનો બચાવ કરવા છે! શ્રી સુદર્શન ઓછા મકકમ છે કે ઓછા સત્ત્વશીલ છે એમ નથી, પણ જ્યાંથી અનાચાર આવવાનો સંભવ દેખાય ત્યાંથી બસી જવું એ વાત છે. હવે એ વિચારી જુઓ કે-શ્રી સુદર્શન જો પૌદ્ગલિક અનુકૂળતાના અર્થી હોત, અનુકૂળતાના અનર્થી બનેલા ન હોત, તો તેઓ આ સંયોગમાં સદાચાર જાળવી શકત ખરા? અનુકૂળતાના અર્થિને તો આવા પ્રસંગે સદાચારને નેવે મૂકતાં વાર ન લાગે.

હજુ આગળ જૂઓ. શ્રી સુદર્શન પરસ્ત્રી માટે નપુંસક છે, પણ વસ્તુતઃ નપુંસક છે એમ નથી. શ્રી સુદર્શન તો અનેક દીકરાઓના બાપ છે, પણ કપિલાને એ વાતની કશી જ ખબર નહોતી અને એથી જ એ આફતમાંથી શ્રી સુદર્શન ઝટ છૂટી શકયા. હવે નવી આફત ઉભી થાય છે.

એક વાર એવું બને છે કે-રાજાએ ઇન્દ્રમહોત્સવ યોજયો છે. જે ઉદ્યાનમાં ઇન્દ્રમહોત્સવ છે, તેમાં પુરોહિતની પત્ની કપિલા સાથે મહારાણી અભયા પણ જઇ રહી છે. બીજી તરફ શ્રી સુદર્શનની પત્ની મનોરમા પણ પોતાના છ પુત્રોની સાથે તે ઉદ્યાનમાં આવે છે.

રૂપલાવણ્યના ભંડાર સમી મનોરમાને જોઇને કપિલા મહારાણી અભયાને પૂછે છે કે-'હે સ્વામિનિ ! આ કોણ છે ?'

અભયાએ કહ્યું કે-'તું આનેય ઓળખતી નથી ? સુદર્શનની એ ગૃહિણી છે.'

આ સાંભળીને કપિલાને આશ્ચર્ય થાય છે. એ કહે છે કે-'દેવી ! જો આ સુદર્શનની ગૃહિણી હોય, તો તો આનામાં ઘણી જ કુશળતા એમ કહેવું પડે '

રાણીએ કહ્યું કે-'આનામાં કયી કુશળતા છે ?'

કપિલાએ કહ્યું કે-'એજ કે-એણે આટલા બધા પુત્રોને જણ્યા છે !'

રાણી કાંઇ જાણતી નથી એટલે સમજી શકતી નથી : એથી તે કહે છે કે-'જે સ્ત્રી સ્વાધીનપતિકા છે, તે યદિ પુત્રોને જણે તો તેમાં કુશળતા શી છે ?'

કપિલ કહે છે કે-'દેવી ! તમારી વાત સાચી છે, પણ એ તો ત્યારે બને કે જ્યારે પતિ પુરૂષ હોય ! સુદર્શન પુરૂષના વેષમાં રહેલો પુરૂષ નથી પણ પણ્ડક છે !

રાણી પૂછે છે કે-'એ તે કેમ જાણ્યું ?

રાણીએ પૂછયું અને કપિલાએ બધી હકીકત કહી દીધી ! આ વસ્તુ જો અહીં જ અટકી હોત. તો તો વાંધો નહોતો, પણ અહીં તો વાત આગળ વધી.

રાણી કહે છે કે-'જો તું કહે છે તેમ હોય, તો તો તું છેતરાઇ ગઇ છો ! મૂઢ ! સુદર્શન પણ્ડક છે એ વાત સાચી છે, પણ તે પરસ્ત્રીઓ માટે ! સ્વસ્ત્રી માટે નહિ!!

કપિલાને આ સાંભળીને અત્યન્ત ખેદ થાય છે. એના હૈયામાં ઇર્ષ્યા જન્મે છે. એ કહે છે કે-'હું મૂઢ છું તે છેતરાઇ, પણ તમે તો બુદ્ધિવાળાં છો ને ? તો બુદ્ધિશાલી એવાં તમારામાં શું વધારે છે ?'

કપિલા ઇર્ષ્યાથી બોલી, પણ કપિલાનાં એ વચનોએ, અભયામાં ગર્વ પેદા કરી દીધો.

અભયાએ કહ્યું કે 'મુગ્ધે! રાગથી જો મે હાથ પકડયો હોય તો જડ પત્થર પણ પીગળી જાય: તો પછી સંજ્ઞાવાળા પુરૂષને માટે તો કહેવાનું જ શું હોય?

કહો, આવો ગર્વ કરવાની કશીજ જરૂર હતી? એક સદાચારી આત્મા ન ફસાય તેમાં ગભરામણ શી? પણ નહિ, વિષય અને કષાય એ બેને આધીન બનેલાંઓને એવો ખ્યાલ જ હોતો નથી. કપિલા શ્રી સુદર્શનને ફસાવી ન શકી તેમાં અભયા કપિલાને મુર્ખ કહે અને કપિલા ઇર્ષ્યાવાળી બને, એ મોહના ચાળા સિવાય કાંઇ નથી. સદાચારનો સાચો પ્રેમ અન્તરમાં જાગ્યો ન હોય, એથી આવું બને તેમાં નવાઇ નથી.

અભયાનાં ગર્વભર્યા વચનો સાંભળીને, ઇર્ષ્યાથી કપિલાએ કહ્યું કે-'દેવા! એવો ગર્વ ન કરો! જો એવો ફાંકો જ હોય તો સુદર્શન સાથે રમો!'

કપિલાના કથનથી અભયાનો ગર્વ ઉછટો વધી પડયો. એણે કહ્યું કે-'એમ છે? તું સમજી લે કે-હું સુદર્શનની સાથે રમી જ ચૂકી. વિદગ્ધ રમણીઓએ કઠોર વનવાસીઓને અને તપસ્વીઓને પણ ફસાવ્યા છે, તો આ તો મૃદુ મનવાળો ગૃહસ્થ છે!'

આટલું કહીને અહંકારના આવેશમાં ભાન ભૂલેલી અભયાએ પ્રતિજ્ઞા કરી કે-

'रमयामि न यदेनं, प्रविशामि तदाऽनलम ।'

'શ્રી સુદર્શનને જો હું ફસાવી શકું નહિ, તો હું અગ્નિમાં પ્રવેશ કરૂં!'-એવી પ્રતિજ્ઞા અભયા કરે છે! આ બનાવ કેટલો વિચિત્ર છે? એક સામાન્ય વાતમાંથી કેવું વિષમ પરિણામ આવે છે, એ વિચારવા જેવું છે. વળી એ પણ વિચારવા જેવું છે કે અહંકાર અભયાના પતિવ્રતાપણાના ખ્યાલને પણ ભૂલાવી દે છે! એને એ વિચાર નથી આવતો કે-'આ રીતિએ હું મારી કુશલતા બતાવવા જતાં દુરાચાર તરફ ઘસડાઇ રહી છું' જેણે પોતાના જીવનમાં સદાચારને અખંડિત રાખવો હોય, તેણે કષાયોની આધીનતાથી પણ બચવાની જરૂર છે. વિષયવાસના અને કષાયવૃત્તિ-એને ઉત્તેજન મળે તેવી સામગ્રીથી સદાચારના અર્થિએ બચતા રહેવું એ જરૂરી છે. અભયાને ખરૂં જોતાં તો કપિલા તરફ તિરસ્કાર પેદા થવો જોઇતો હતો અભયાને એમ થવું જોઇતું હતું કે-'આ કેવી દુરાચારિણી છે કે એક સદાચારિને ફસાવવા તેણે આવું કપટ કર્યું! તેમજ કેવી નફફટ પણ છે કે-એ પાપને આ રીતિએ પ્રકાશતાં પણ શરમાતી નથી!!' કપિલા પણ એવી રીતિએ બોલ્યે જાય છે કે-અભયા ઉન્માર્ગમાં આગળ ધપ્યે જ જાય! ખરે-

ખર જે સ્ત્રીઓ પોતાના શીલની કિંમત પોતાના જીવન કરતાં પણ વધારે આંકતી હોય, તે સ્ત્રીઓએ કપિલા જેવી સ્ત્રીઓના સંસર્ગમાત્રથી પણ દૂર રહેવું જોઇએ. એ પણ સમજી લેવું જોઇએ કે-પરપુરૂષને ફસાવવામાં કુશલતા નથી, પરંતુ ગમે તેવા સંયોગોમા પણ પોતાના શીલને સાચવી લેવું, એજ સાચી કુશલતા છે.

આ બનેએ આ રીતિએ શ્રી સુદર્શનને માટે તો આપત્તિનો પ્રસંગ જ ઉભો કરી દીધે હતો : કારણ કે-તેવા પુણ્યાત્માને ફસાવવાની પ્રતિજ્ઞા થઇ હતી ! ચઢેલાને કે ચઢતાને પાડવાની પ્રતિજ્ઞા કરનારા શ્રાપરૂપ જ છે, છતાં આજે પાડનારા ઓછા નથી. ચઢતાને પાડે અને પડતાનાં ઢોલ પીટે, એવો આજે કેટલાકો ધંધો લઇ બેઠા છે. એમને સદાચારની કિંમત નથી. એમના જીવનમાં સદાચાર નથી. સદાચારને સેવનારા અને વખાણનારા બનો, પણ દુરાચારને માર્ગે કોઇ દોરાય એવી એક પણ પ્રવૃત્તિ ન કરો ! સદાચારના દુશ્મન, એ દુનિયાના દુશ્મન જ છે. સદાચારને સાચવવાની દરેક સામગ્રી રચેવી મજબૂત બનાવો કે-સદાચાર જરાપણ સ્ખલિત થવા પામે નહિ.

પોતાના સ્થાને પાછા આવ્યા પછીથી અભયાએ પોતાની પ્રતિજ્ઞાની વાત તેની પાસે રહેતી પણ્ડિતા નામની ધાત્રિકાને કરી. રાણીઓની પાસે જે ધાત્રીઓ હોય છે, તે બહુ ચતુર હોય છે. રાણીઓ ઘણી ખરી બાબતોમાં એની મદદ અને સલાહ લે છે. અભયાએ જ્યાં પ્રતિજ્ઞાની વાત કરી, એટલે ધાત્રીએ કહ્યું કે-'તે ઠીક કર્યું નહિ. તને મહાન આત્માઓની ધૈર્યશક્તિની ખબર નથી. તારી આ પ્રતિજ્ઞાને ધિક્કાર હો ! અન્ય પણ શ્રાવક નિત્ય પરનારીસહોદર હોય છે, તો આ મહાસત્ત્વશિરોમણિ એવા શ્રી સુદર્શનને માટે તો કહેવું જ શું ? બ્રહ્મચર્યરૂપ મહાધનવાળા સાધુઓ જેના ગુરૂઓ છે અને ગુરૂ શીલાદિનો જે ઉપાસક છે, તે અબ્રહ્મ કેમ જ કરે ? સદા ગુરૂકુલમાં રહેનાર અને ધ્યાન તથા મૌનનો આશ્રય કરનાર તેને લાવવો કે ખસેડવો એ કેમ જ બને ? ફણિધરના મસ્તક ઉપરનું રત્ન લેવાની પ્રતિજ્ઞા કરવી તેય સારી છે, પણ સુદર્શનને શીલથી ભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા ભૂંડી છે !'

ધાત્રીએ જે કહ્યું તે ઠીક કહ્યું છે ને ? શ્રાવકો પરનારી સહોદર હોય, એ છાપ શ્રાવકો જ્યાં જ્યાં વસે ત્યાં ત્યાં હોય કે નહિ ? શ્રાવકો એટલે કોના સેવક ? વીતરાગ જેના દેવ અને નિર્ગ્રન્થ જેના ગુરૂ ! આવા દેવ-ગુરૂને સેવવાનો દાવો કરનારા શ્રાવકો શું એવા પામર હોય કે-પરનારીસહોદરપણાની પણ છાપ ન પાડી શકે !

ધાત્રીએ કહ્યું પણ અભયાએ તો એક જ વાત કરી કે-'એક વાર તું સુદર્શનને અહીં લઇ આવ : પછી બાકીનું હું પતાવી લઇશ.'

ધાત્રી આખર તો નોકર જ હતી. તેણે કહ્યું કે-'એક ઉપાય છે. પર્વદિવસે સુદર્શન શુન્ય ઘર આદિમાં કાયોત્સર્ગ કરે છે એ વખતે તેને લાવવો જોઇએ. બાકી બીજો ઉપાય નથી.'

રાણીએ કહ્યું કે-'એ ઠીક ઉપાય છે. તેમ કરજે.'

આ વાતને કેટલાક દિવસો થઇ ગયા. એમ કરતાં કરતાં કૌમુદીમહોત્સવનો સમય આવી લાગ્યો. કૌમુદીમહોત્સવ જોવાને પ્રત્યેક નગરજને આવવું, એવું રાજ્ય તરફથી ફરમાન નીકળ્યું. તે દિવસ ધાર્મિક પર્વનો હોવાથી, શ્રી સુદર્શને રાજા પાસે જઇને ધર્મપર્વની આરાધના કરવા માટે નગરમાં રોકાવાની આજ્ઞા માગી. રાજાએ પણ અનુમતિ આપી. આથી શ્રી સુદર્શન તે રાત્રે નગરમાં એક સ્થળે પૌષધવ્રત લઇને કાયોત્સર્ગમાં સ્થિર રહ્યા.

અભયા રાણીની ધાત્રી પણ્ડિતા આવા જ કોઇ અવસરની રાહ જોઇ રહી હતી. એને ખબર પડી ગઇ કે-'શ્રી સુદર્શન કૌમુદીમહોત્સવ જોવા જનાર નથી, નગરમાં રોકાનાર છે અને કાયોત્સર્ગમાં રાત્રી ગાળનાર છે!'-એટલે આ તકનો એણે પુરેપૂરો ઉપયોગ કરી લેવાનો નિર્ણય કર્યો.

અભયા પાસે આવીને ધાત્રિએ કહ્યું કે-'તારા મનોરથો આજે કદાચ પુરાશે, માટે તું ય ઉદ્યાનમાં જઇશ નહિ.'

અભયાએ એ વાત કબૂલ રાખી અને કૌમુદીમહોત્સવમાં પોતાને ન જવું પડે એ માટે તેણે રાજાને કહ્યું કે-'મારા માથામાં પીડા ઉપડી છે માટે હું નહિ આવું આપ પધારો.'

રાજાએ ધાર્યું કે-'એમ હશે.'

હવે શ્રી સુદર્શનને અંતઃપુરમાં લાવવા તો ખરાને? રાજમહેલ ચોકીદારોથી તો ખાલી હોય નહિ! પણ રાજધાત્રિઓ કપટનિપુણ હોય છે. પહેલાં બીજી મુર્તિઓ લાવવા દ્વારા રક્ષકોને વિશ્વાસમાં લઇને, શ્રી સુદર્શનને મુર્તિની જેમ ઢાંકીને ત્યાં લાવવામાં આવ્યા. શ્રી સુદર્શન કાયોત્સર્ગમાં છે, હાલતા-ચાલતા નથી, એથી ઉપાડી લાવનારને અનુકૂળતા મળી ગઇ!

શ્રી સુદર્શનને લાવ્યા બાદ પણ્ડિતા ધાત્રી ચાલી ગઇ અને અભયાએ પોતાની નિર્લજ્જતા પ્રકાશવા માંડી. વિનંતિ કરી, સમજાવવાનો પ્રયત્ન કર્યો અને છેવટે અંગસ્પર્શ કરવો, ભેટવું વિગેરે બધું કરી જોયું. અભયાએ આમ ઘણી ઘણી રીતિએ શ્રી સુદર્શનને પોતાનો બનાવવાના કારમા પ્રયત્નો કર્યા, પરંતુ શ્રી સુદર્શનના એક રોમમાં

પણ તેની અસર ન થઈ. પર્વતની જેમ શ્રી સુદર્શન નિશ્ચલ જ રહ્યા. જડ પુતળાને જેમ કશી અસર ન થાય, તેમ શ્રી સુદર્શનના મન ઉપર કશી જ અસર ન થઈ.

શ્રી સુદર્શનની આ નિશ્ચલતા સામાન્ય કોટિની નથી. આત્માને આત્માનું વાસ્તવિક ભાન થયું હોય અને જીવનમાં સંયમસત્ત્વને ખીલવ્યું હોય, ઇન્દ્રિયો તેમજ મન ઉપર કાબુ કેળવ્યો હોય, તો જ આવા ઉપસર્ગોમાં પણ જરાય ચલાયમાન થયા વિના વ્રતમાં સ્થિર રહી શકાય. આ નિશ્ચલતા ઘણી ઊંચી કક્ષાની છે, પણ આપણે તેનો બીજી દૃષ્ટિથી વિચાર કરીએ. આજે તો કોઈ પણ પુણ્યપુરૂષનું દૃષ્ટાન્ત આવે એટલે મોટો ભાગ કહી દે કે-'એ મહાપુરૂષ. એમનાથી એ બને. આપણે તો હાથ જોડીએ. આપણાથી કાંઇ બને-કરે નહિ.' આ રીતિએ સારામાં સારી, કરવા જેવી અને ધારે તો કરી શકાય એવી પણ વાતોમાંથી આજના ઘણાઓ હાથ ખંખેરી નાખે છે. એવાઓની સામે આપણે એ વસ્તુ લાવવી છે કે-મહાપુરૂષોએ જે કર્યું તે કરવું સહેલું જ છે એમ નથી. મહા દુષ્કર છે, પરંતુ જો આપણો આત્મા યોગ્ય માર્ગે કેળવાઇ જાય અને મન મજબૂત બની જાય, તો એવી ઘણી વસ્તુઓ છે, કે જે આપણે પણ ધારીએ તો અમુક પ્રમાણમાં કરી શકીએ. 'આપણે તો કાંઇ કરી શકીએ જ નહિ'-આવી નિર્બળતા જ્યારે મનમાં ઘર કરી જાય છે, ત્યારે કોવતવાળો આદમી પણ પોતે જ પોતાની મેળે પામર બની જાય છે : પણ ધર્મના માર્ગે આવેલાઓની એ સ્થિતિ નહિ હોવી જોઈએ.

શ્રી સુદર્શન જેવા સમર્થ સત્ત્વશીલ આદમીએ જે નિશ્ચલતા બતાવી, જે દૃઢતા દેખાડી, તે એવા પરમ પુણ્યાત્માઓને માટે બહુ મોટી વાત ન ગણાય. જે આત્માઓના રોમ રોમમાં શ્રી જિનેશ્વરદેવનું શાસન પરિણમ્યું છે, જેમના હૈયામાં વિષયો માત્ર વિષ જેવા જ છે એમ બરાબર લાગી ગયું છે અને જે આત્માઓએ પોતાની ઇન્દ્રિયો તથા મનને વશીભૂત બનાવી દીધેલ છે, તે આત્માઓની સામે વિષયોની ગમે તેવી સામગ્રી આવી પડે, તો પણ તે આત્માઓ મુંઝાય નહિ તે સ્વાભાવિક છે. વિષયો વિષ જેવા છે, હું જુદો છું, આ જુદું છે, આમાં ડુબ્યો તો મારૂં ધાર્યું નહિ થાય, આ વિગેરે જેના રોમરોમમાં વ્યાપી જાય, તે કારમા ઉપસર્ગોના પ્રસંગે પણ સ્થિર રહી શકે છે. કોઈ કહે કે-'ફલાણા મુનિએ બહુ ઉપસર્ગ સહ્યા' તો આપણે કહેવું કે 'બરાબર છે. મુનિ કહેવાય અને શક્તિ છતાં ઉપદ્રવ ન વેઠે તો નવાઇ કહેવાય ! શ્રી જૈનશાસનના મુનિઓ ઉપસર્ગ નહિ વેઠે તો કોણ વેઠશે ?'

વાત એ છે કે-દુનિયાના વિષયો વિષ જેવા છે એમ બરાબર લાગી જવું જોઈએ. દુનિયાના વિષયો જો બરાબર વિષ જેવા લાગી જાય, તો-'અમુક આફત ન વેઠાય : રામ કેમ બને ? આ કેમ સહાય ?-એવી આજે જે માયકાંગલી વૃત્તિ આવી

ગઇ. છે તે નીકળી જાય અને કાંઇક ઉત્સાહ જાગે. તમે એ વિચારી જુઓ કે–'દુનિયાના વિષયો તમને વિષ જેવા લાગે છે?' દુનિયાના વિષયો વિષ જેવા ન લાગતા હોય, મીઠા લાગતા હોય, એમાં આનંદ છે એમ લાગતું હોય, તો પછી તમે કોઇ સામાન્ય વ્રતથી પણ ગભરાવ, સામાન્ય નિયમ પણ અખંડિત ન રાખી શકો કે ધર્મ ઉપર આફત આવે ત્યારે–'એ આપણું કામ નહિ'–એમ કહીને ખસી જાવ, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી, પણ સ્વાભાવિક છે. બાકી વિષયો વિષ જેવા લાગ્યા પછી તો દશા જ ફરી જાય. દુધના કડાયમાં વિષનો એક નાનો પણ કણીયો પડી જાય, તો એને છોડી દેવાની સામે કોઇ દલીલ નહિ કરે. સો રૂપિયા નહિ પણ કદાચ કોઇ સો સોનૈયા આપવાને તૈયાર થઇ જાય, તો પણ વિષવાળો કટોરો પીવાને તમે તૈયાર થાવ ખરા? 'દુધ કઢેલું છે, મસાલેદાર છે અને ઉપરથી પૈસા પણ મળે તેમ છે, તો શા માટે એ દુધ ન પીવું?–એવા પ્રકારે મન લલચાય ખરૂં?

સભા૦ પણ એમાં વિષનો કણીયો પડયો છે એ ખ્યાલ જ મનને લલચાવા દે નહિ ને?

અરે, માનો કે–મન લલચાય નહિ, પણ કોઇ છાતી ઉપર પગ મૂકીને પાવા આવે તો તમે શું કરો?

સભા૦ સામા થઇએ અને બને ત્યાં સુધી તો ન પીઇએ.

ત્યારે ઝેરરૂપ લાગ્યા પછીથી ગમે તેવી કિંમતી, સુન્દર અને મહા મુશીબતે મેળવેલી વસ્તુ, જીન્દગીમાં ફરી ન મળે એવી પણ વસ્તુ, ન વપરાય તેમાં નવાઇ છે?

સભા૦ ના. જી.

કોઇ એમ કહે કે–'ઓહો, આણે તો ઘણું મહાભારત કામ કર્યું: આવો અમૂલ્ય પણ વસ્તુને છોડી દીધી!'–તો શું કહો?

સભા૦ નવાઇ શી કરી? ઝેર પડયું હતું માટે છોડી છે. પીવે તો જીવે નહિને?

આ વસ્તુ આપણી વાતમાં વિચારી જુઓ. વિષયો જેને વિષ કરતાં પણ ભૂંડા લાગ્યા છે, એવા પુણ્યાત્માઓ કારમી પણ આફતો આનંદથી સહી લે, તો એમાં એમના જેવાને માટે બહુ નવાઇ પામવા જેવું નથી. આમ છતાં પણ આપણામાં એવું સત્ત્વ પ્રગટ થાય, એ હેતુથી એવા સત્ત્વશાલી પુણ્યાત્માઓએ સામાની ઘણી બળજબરી છતાં સત્ત્વ બતાવ્યું, તેની પ્રશંસા જરૂર થાય.

ચેતનનું અને જડનું વાસ્તવિક સ્વરૂપ જેના હૃદયમાં પરિણમી જાય તે ઉપ-

સંયોગોમાં અડગ રહે એથી બહુ નવાઇ પામવા જેવું નથી. જો એવા આત્માઓ પણ ચલિત થઇ જાય, તો પછી અચલ રહે કોણ ? એ મહાપુરૂષોની મહત્તા ઘટાડવાને માટે આ ચર્ચા નથી. આ ચર્ચાનો હેતું જુદો છે. આપણને એ બધામાં કેમ બહુ નવાઇ લાગે છે, રોજ ખાસ વિચારવું છે. આપણને એમ થવું જોઇએ કે-'આપણે પણ એમના જેવું કેમ ન કરી શકીએ ?' અભયાને ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ શ્રી સુદર્શનનું એક રૂંવાડું ય ન ફરકયું. અંગથી અંગ લગાડે, અંગસ્પર્શદ્વારા કામચેષ્ટા કરે, છતાં શ્રી સુદર્શન કાયોત્સર્ગમાં સ્થિર રહે, એ ઓછી વાત છે ? એવા સંયોગોમાં શ્રી સુદર્શન જેવા જ ટકે ! પણ એથી-'આપણાથી કાંઇ ન બને'-એવો નિર્ણય ન કરતાં આવી વાતો આવે ત્યારે 'ડુંગર દૂરથી રળીયામણા'ની જેમ એની અસરથી દૂર ન રહેવા.

શ્રી સુદર્શનને માટે અભયારાણી નિષ્ફળ નિવડી, એ વસ્તુ કમ કિંમતી નથી : પણ વાત એ છે કે-વિષયો જો વિષ જેવા લાગી જાય અને સત્વ કેળવાય, તો જ એમ બની શકે. શ્રી સુદર્શન જે કરી શકયા તે શાથી કરી શકયા, એ વિચારો ! ઘરમાં દેવાંગના જેવી સ્ત્રી હોય, આગ્રહથી પીરસતી હોય, ભોજન રસવાળું હોય અને ખૂબ મોજથી ખવાતું હોય : પણ બરાબર એજ વખતે ખબર આવે કે-'પેઢી ઉડી !'-તો !

સભા : રસ ઉડી જાય.

કેમ ? સામગ્રી મોજુદ છે, ખાવાની ભૂખ છે, ખાદ્ય પદાર્થો સ્વાદિષ્ટ છે, દેવાંગના જેવી સ્ત્રીનો આગ્રહ છે, છતાં રસ ઉડી ગયો, એનું કારણ વિચારો. પેઢી ઉડવાની ખબર મળતાંની સાથે જ ક્ષણ પહેલાંનો અપૂર્વ આનન્દ ઉડે અને શોકસાગર રેલે. એજ રીતિએ અનન્તજ્ઞાનિઓના કહેવાથી જેઓ વિષયોપભોગના પરિણામે શોકની પરંપરા દેખે, તેને ગમે તેવા પણ વિષયો પણ મુંઝવે ? નહિ જ, પણ આજે મોટા વર્ગની એ દશા છે કે-જ્ઞાનિના કહેવા મુજબની અનન્તી ભવપરંપરા દેખાતી નથી અને એથી જ વિષયો તરફ ઘસાયે જાય છે !

અનન્તજ્ઞાનિઓએ પ્રરૂપેલા માર્ગ ઉપર જો વાસ્તવિક પ્રતીતિ થઇ જાય, તો વિષયોથી ન મુંઝાવું એ મુશ્કેલ નથી.

વિષયો પ્રત્યે ખેંચાવાથી આવતું અનિષ્ટ, જે જ્ઞાનિઓએ સ્પષ્ટપણે દર્શાવ્યું છે, તે જો બરાબર હૈયે બેસી જાય, તો ગમે તેવા વિષયોની સામગ્રી સામે પણ અક્કડ અને અણનમ રહેવાની સત્વશીલતા આત્મા કેળવી શકે છે. મહાપુરૂષોએ કારમી આફતો વેઠી અને મનને મલિન થવા દીધું નહિ, એ પ્રતાપ મુખ્યત્વે માર્ગ ઉપરની પ્રતીતિનો છે. શ્રી સુદર્શનમાં માર્ગ ઉપર કેટલી જબ્બર પ્રતીતિ હશે, એ ખૂબ વિચારો. તમને

લાગશે કે-એ વિના આવું જીવન જીવી શકાય નહિ. કપિલાથી ન ખેંચાયા એ મોટી વાત નથી, પણ પછી પ્રતિજ્ઞા કરી કે-'હવેથી એકલા પરગૃહમાં જવું નહિ'-એ સામાન્ય વાત નથી. વિષયો કેટલા ભૂંડા લાગ્યા હોય તો આવી પ્રતિજ્ઞા કરવાનું સુઝે ? માર્ગની પ્રતીતિ અને સત્ત્વશીલતા, આ બે એવી વસ્તુઓ છે કે-આત્માને ઘણા કાળના પ્રસંગોમાં પણ અચલ રાખી શકે છે અને એજ મહાપુરૂષોની મોટામાં મોટી લાયકાત છે. જેણે આત્માનું કલ્યાણ સાધવું હોય, તેણે માર્ગની પ્રતીતિ અને સત્ત્વશીલતા,-આ બે બરાબર કેળવવાં જોઇએ : પણ માર્ગની પ્રતીતિ થઇ જાય તો જ સત્ત્વશીલતા કામની છે : બાકી તો તે ભયંકર જ છે !

શ્રી સુદર્શનની સત્ત્વશીલતા તત્ત્વપ્રતીતિ પૂર્વકની છે, માટે જ સદાચારના આદર્શની તેમના જીવનમાંથી ઝાંખી મળી રહે છે. હજુ આગળ જોવા જેવું છે. શ્રી સુદર્શનનો સદાચાર માત્ર શીલ પૂરતો જ છે, એમ પણ નથી.

રાણી અભયાએ જ્યાં અંગસ્પર્શાદિ જેવી ભયંકર કુટિલતા આદરી, એટલે શ્રી સુદર્શને મનમાં પ્રતિજ્ઞા કરી લીધી કે-'જ્યાં સુધી આ ઉપસર્ગ ટળે નહિ ત્યાં સુધી મારે કાયોત્સર્ગ જ હો ! ઉપસર્ગ ન ટળે તો મારે અનશન હો !'

આ પ્રતિજ્ઞાપૂર્વક શ્રી સુદર્શન ધર્મધ્યાનમાં સુસ્થિર બન્યા.

અભયાની કનડગત તો ચાલુ જ હતી. જ્યારે અનુકૂળ ઉપસર્ગોથી શ્રી સુદર્શન જરાય ચલિત ન થયા, એટલે અભયાએ ધમકી આપવા માંડી. કહી દીધું કે-'કાં તો મને વશ થા, નહિ તો યમને વશ થવું પડશે. મારી અવગણના ન કર મારી અવગણના કરી મને વશ ન થયો, તો સમજ કે-હવે તારૂં મોત જ થવાનું છે !'

શ્રી સુદર્શન ઉપર આ ધમકીની પણ અસર ન થઇ. શ્રી સુદર્શન વગર મોતે મરવા નહોતા ઇચ્છતા, પણ શ્રી સુદર્શનમાં જીવનનો લોભાંધ એવો નહિ હતો, કે જેથી તે પુણ્યાત્મા મરણની બીકે સદાચારને મુકે.

આમ લગભગ આખી રાત્રિ વ્યતીત થઇ ગઇ. અભયાએ જોયું કે-'હવે સમય ખોવા જેવો નથી.' અભયાને મુંઝવણ થઇ. પોતાની ધારણા તો પાર પડી નહિ, પણ પોતાને માથે આફત આવે તેનું શું થાય ? રાજાને ખબર પડે કે-'રાણીએ આ રીતિએ સુદર્શનને ઉપાડી મંગાવ્યો અને અત્યાચાર ગુજાર્યો'-તો ? આ કામ એવું હતું કે-જો બીજા જાણી જાય તો રાણીથી જીવાય નહિ ! પણ દુષ્ટ આત્માઓ જ્યારે દુષ્ટતા આદરવા માંડે છે, ત્યારે એ કયાં જઇને અટકશે એ કહી શકાતું નથી. સજ્જનો પોતાના ભોગે બીજાને બચાવી લે છે અને દુર્જનો પારકાના ભોગે પોતાને બચાવી લેવાનો પ્રયત્ન કરે

છે. સજ્જનનું ગમે તેવું ભૂંડું થાય એની દુર્જનને ચિન્તા હોતી નથી. સજ્જનને ખરાબ કરવાથી સન્માર્ગ વગોવાશે, એનીય દુર્જનોને દરકાર હોતી નથી. એ તો પોતાનો બચાવ થ । તેમ છે કે નહિ, એજ જુએ !

અભયાએ નક્કી કર્યું કે—શ્રી સુદર્શનને કલંકિત ઠરાવવા. શ્રી સુદર્શન દોષિત ઠરે તો જ અભયાનો દોષ ઢંકાયને ? પણ એમ ને એમ તો કોઇ માને નહિ : એટલે અભયા જ્યારે બધી રીતિએ નિષ્ફળ નિવડી, ત્યારે તેણે પોતાના જ હાથે, પોતાના જ નખોથી પોતાના શરીર ઉપર વલુરા ભર્યા. આ પછીથી, 'અહીં કોઈ મારા ઉપર બલાત્કાર કરવાને માટે આવ્યો છે'—એવી મોટેથી બૂમો પાડવા માંડી.

અભયાની બુમો સાંભળીને નોકરો ત્યાં દોડી આવે છે. આવીને જુએ છે તો શ્રી સુદર્શન કાયોત્સર્ગમાં સ્થિત છે ! નોકરો શ્રી સુદર્શનને પકડવાની હિંમત કરી શકતા નથી.

રાણી રાડો પાડે છે, છતાં પણ રાજ્યના નોકરોને એમ થાય છે કે—'સુદર્શનમાં આ સંભવે નહિ !'

કેટલી સરસ છાપ હશે ?

નોકરો જઇને રાજાને ખબર આપે છે.

હવે ખુદ રાજા આવે છે. રાજા આવીને રાણીને પૂછે છે કે—'શું છે ?'

અભયા કહે છે કે—'હું અહીં બેઠી હતી, એટલામાં પીશાચ જેવા આને અકસ્માત્ અહીં આવેલો મેં જોયો. પાડાની જેમ ઉન્મત્ત બનેલા કામવ્યસની એવા આ પાપીએ, કામક્રીડા માટે, અનેક પ્રકારે નમ્રતાભરી આજીજી કરી, પણ મેં એને 'ધૂતકારી કાઢયો. મેં તેને કહ્યું કે—'તું અસતીની જેમ સતીને ઇચ્છ નહિ. ચણાની જેમ કાંઈ મરચાં ચવાય નહિ.' મારૂં કહ્યું એણે માન્યું નહિ અને બલાત્કારથી તેણે મને આમ કર્યું.'

આ પ્રમાણે કહીને અભયાએ પેલા વલુરા બતાવ્યા અને છેવટે કહ્યું કે—'એથી મેં બુમો પાડી, કારણ કે—અબલા બીજું કરે પણ શું ?'

કહો, રાણીએ કહેવામાં જરાય બાકી રાખ્યું છે ? ખરેખર, દુર્જન આત્માઓ તો સજ્જનોને ન સંતાપે એજ આશ્ચર્ય ગણાય !

રાણીએ આ પ્રમાણે કહ્યા છતાં પણ, રાજાને વિચાર થાય છે કે—'સુદર્શન માટે આ સંભવે નહિ.'

રાજાને આ વિચાર કયી જગ્યાએ આવે છે ? કયા સંયોગોમાં આવે છે ?

શ્રી સુદર્શનને અન્તઃપુરમાં ઉભેલા જુએ છે, ખુદ પોતાની રાણી આરોપ મુકે છે,

રાણી કહે છે કે—'આણે મારા ઉપર જુલ્મ ગુજર્યો.' અને જુલ્મ ગુજર્યો હોય તેવાં ચિન્હો પણ રાજા જુએ છે! અન્તઃપુર જેવું સ્થળ, સુદર્શન ખુદ હાજર, રાણી આરોપ મુકે અને દાર્શનિક પુરાવામાં જરાય ખામી લાગે નહિ તેવાં ચિન્હો! છતાં રાજા વિચારે છે કે-'સુદર્શન માટે આ સંભવિત નથી!'

આ કયી ખ્યાતિ? આ કયા પ્રકારનું જીવન?

રાણી પોતે ચિન્હો દર્શાવીને કહે છે કે-'આણે આ જુલ્મ ગુજર્યો છે.'-છતાં એજ રાણીની હાજરીમાં રાજા શ્રી સુદર્શનને કહે છે કે-'આ શું છે? જે હોય તે સાચું કહે.'

શ્રી સુદર્શન હજુ સુધી પણ કાયોત્સર્ગમાં જ સ્થિત છે. શ્રી સુદર્શન જવાબ નથી દેતા, એટલે રાજા વારંવાર પૂછે છે : પણ શ્રી સુદર્શન તો કાંઇ જ બોલતા નથી.

રાણીના દેખતાં રાજા આમ વારંવાર પુછે-એનો અર્થ શો થાય, એ શું રાણી નહિ સમજતી હોય? સમજે, પણ શ્રી સુદર્શનની ખ્યાતિ સામાન્ય કોટિની નથી. જીવન બનાવટી હોય તો આવી સ્થિતિ પ્રાપ્ત થાય એમ લાગે છે?

હવે તે વખતે શ્રી સુદર્શન, આજના કેટલાકો કહે છે તેમ, જો નગ્ન સત્ય બોલે, તો શું થાય? જે કાંઇ બન્યું છે તે અક્ષરે અક્ષર સાચેસાચું કહી દે તો શું થાય? આ પણ ખાસ વિચારવા જેવું છે. અહીં ધર્મ કેળવવો, એ વિચારો! અનુકૂળતાના અર્થથી સદાચારને જેવો જોઇએ તેવો જાળવી શકાતો નથી, એ આપણો મુદ્દો છે.

શ્રી સુદર્શન સમજે છે કે—'હું બીનગુન્હેગાર છું, પણ જો હું સાચી હકીકત કહી દઉં તો રાણીનું શું થાય? જે આફત મને ઇષ્ટ નથી, તે રાણી ઉપર આવે. રાણીનો ફીટકાર થાય, એની ફજેતીનો પાર ન રહે અને કદાચ એને શુળીએ પણ લટકવું પડે!

શ્રી સુદર્શન જો ન બોલે તો એ આફત શ્રી સુદર્શનને વેઠવી પડે તેમ છે અને બોલે તો એ આફત રાણીને વેઠવી પડે તેમ છે!

શ્રી સુદર્શન વિચાર કરે છે કે-'આ આફત હું વેઠી લઉં, એમાં મારું ધર્મિપણું કે આ આફત રાણીને માથે મારા સાચા પણ બોલવાથી જાય એમાં મારું ધર્મિપણું?

અહીં અહિંસાનો વિચાર છે. અહિંસા પાલન, એ સદાચાર ખરો કે નહિ? ખરો, તો હિંસા એ અનાચારને? અહિંસા પાલનરૂપ સદાચાર કયારે જાળવી શકાય? આ સ્થાને અનુકૂળતાનો અર્થ હોય તો તે શું કરે?

તમારી જાતને ઘડીભર એ સ્થિતિમાં કલ્પી લો. માની લો કે—તમે આવા પરમ

શીલવાળા છે, આવા કસોટીના પ્રસંગમાં પણ ચલિત થયા નથી અને તમારે માથે આવો તદ્દન ખોટો આરોપ આવ્યો છે ! એવા સમયે તમે શું કરો ?

અભયાના ઉપસર્ગો સામે મકકમ રહેવું એ જેટલું મુશ્કેલ હતું, એના કરતાં પણ હવે મૌન રહેવું અને આફત ઉભી કરનારી તથા કલંક દેનારીને બચાવી લેવા તત્પર બનવું, એ વધારે મુશ્કેલ છે !

મૌન રહેવામાં ઓછું જોખમ છે ? જીવનભરમાં મેળવેલી સદાચારી તરીકેની આબરૂ ક્ષણમાં રગદોળાઇ જાય ! લોક દંભી કહે ! અત્યાર સુધી સદાચારી તરીકેનો ઢોંગ કરતો હતો, એમ પણ કહે ! ફજેતી અને ફીટકારમાં કમીના રહે નહિ ! શ્રી સુદર્શનની ખ્યાતિ એવી છે કે લોક એકદમ આવું ન માને, પણ શંકામાં તો ગુંચવાયને ? મૌન રહેવામાં માત્ર આબરૂ રગદોળાઇ જવાનો જ સંભવ છે એમ નથી : મૌન રહેવામાં માત્ર ફજેતીનો જ સંભવ છે એમ પણ નથી : પણ મૌન રહેવાના પરિણામે શુળી મળશે, એ વાત પણ નિશ્ચિત છે !

મૌન રહેવામાં આટલું બધું જોખમ છે અને સાચું બોલવામાં ? શ્રી સુદર્શન જે કહે તેને સાચું માનવા રાજા તૈયાર છે ! પરિણામે રાજા કદાચ રાણીને મારી પણ નાખે, તોય લોક શ્રી સુદર્શનને દોષ દે નહિ ! ઉલટો બચાવ કરે !! કહે કે 'એમાં શ્રી સુદર્શને શું ખોટું કર્યું છે ? વળી એણે તો રાજાએ પૂછયું એટલે કહ્યું : કાંઇ એમ ને એમ કહ્યું નથી.' શ્રી સુદર્શનનો લોક તો કાંઇ વાંક ન કાઢત. વધારામાં ફીટકારને બદલે ધન્યવાદ મળત ! લોકમાં શ્રી સુદર્શનની જે ખ્યાતિ હતી, એના કરતાં કેઇ ગુણી વધી જાત ! શ્રી સુદર્શન સાચી વાત કહે તો નુકશાન કેટલું ?

સભા૦ રાણી મરી જાય.

એ તો કહી શકાયને કે 'જે ગુન્હો કરે તેને સજા થાય ? એને એના પાપે મારી. આપણે શું કરીએ ?'

આ સ્થાને આજના નગ્ન સત્યવાદિઓ શું કરવાનું કહે ? સદાચાર, એ કોઇ સામાન્ય વસ્તુ નથી. સદાચારનું પાલન કરવું અને દુનિયાદારીના અર્થી બન્યા રહેવું, પૌદ્ગલિક અનુકૂળતાના અર્થી બન્યા રહેવું એ બને નહિ : અનુકૂળતાનું અર્થિપણું તો સદાચારથી પાડે અને દુરાચારમાં જોડે. શ્રી જિનેશ્વરદેવના શાસનને જે પામેલો હોય, એ કારણે પૌદ્ગલિક અનુકૂળતાનો જે અર્થી ન હોય અને ધર્મપાલન એજ જેને મન સર્વસ્વ હોય, તેજ આવા કટોકટીના પ્રસંગે—'શું કરણીય અને શું અકરણીય' તેનો વાસ્તવિક નિર્ણય કરી શકે છે અને તેવો જ આત્મા આવા પ્રસંગે ધર્મને ચૂકતો નથી.

શ્રી સુદર્શન અભયારાણીનું નામ દેવા ધારત, તો દઇ શકે તેમ હતા. પોતે અભયાનું નામ દે, એ માટે પોતાના બચાવની અનેક બારીઓ હતી. અભયા જ પૂરેપૂરી ગુન્હેગાર હતી. શ્રી સુદર્શન સાવ નિર્દોષ હતા. આખીય રાત અભયાએ શ્રી સુદર્શનને સંતાપ્યા હતા. શ્રી સુદર્શનને ધ્યાનમાંથી ચળાવવાનો પ્રયત્ન કરવામાં અભયાએ કમીના રાખી નહોતી. શ્રી સુદર્શનનું મૌન તોડાવવા માટે અભયાએ એનાથી શકય બધું જ કર્યું હતું. લાલચ બતાવી, કરગરી, કુટીલતા વાપરી અને ધમકી પણ આપી. આટલો સીતમ ગુજાર્યા પછી પણ અભયાએ, શ્રી સુદર્શનને કલંકિત તરીકે જાહેર કર્યા. શ્રી સુદર્શન પ્રાણદંડની શિક્ષા પામે, એવું કલંક મુકયું. આમ છતાં પણ શ્રી સુદર્શન મૌન રહે છે. રાજા પુછે છે, વારંવાર પુછે છે, છતાં મૌન જ રહે છે, સદાચાર જીવનમાં કેટલો ઓતપ્રોત થઇ ગયો હશે, એ વિચારી જુઓ. શ્રી સુદર્શને એવા સંયોગોમાં અભયા ઉપર કૃપા બતાવી છે કે-એ સંયોગોનો જેમ જેમ તમે વિચાર કરશો, તેમ તેમ તમને લાગશે કે-આત્મા જ્યાં સુધી વાસ્તવિક રીતિએ અનુકૂળતાનો અનર્થી ન બને, ત્યાં સુધી તો આ જાતિની સદાચારિતાને સેવી શકે જ નહિ. માર્ગની વાસ્તવિક પ્રતીતિ અને સત્ત્વશીલતા જો ન હોય, તો આવા સંયોગોમાં આત્મા પોતાના સદાચારને સહેજે દોષ લગાડયા વિના રહી શકે નહિ.

શ્રી સુદર્શન અભયાની કુટીલતા રાજાને જણાવી દે, તો બચી જાય એમ હતું. શ્રી સુદર્શન અભયાનું નામ દઇ, પોતાની જાતને બચાવી લીધા પછીથી, જો ધારે તો એવો પણ બચાવ કરી શકે તેમ હતું કે—

'મારે તો અભયાનું નામ દેવું જ નહિ હતું. રાજાએ પુછ્યું પણ હું ચૂપ રહેત. રાજા બહુ બહુ તો મને શું કરત ? શુલીએ ચઢાવવાની શિક્ષા કરત, એટલું જ ને ? એમાં મોટી વાત શી હતી ? મરવાનું તો વહેલું કે મોડું છે જ; એમાં ડરવા જેવું કાંઇ હતું ય નહિ અને છેય નહિ. આપણા ભોગે જ જો એક જીવ ઉપર કૃપા થઇ શકે તેમ હોય, આપણું મૃત્યુ જ જો એક જીવને બચાવી શકતું હોય, તો મે મૃત્યુ પણ વધાવી લેવાય : એટલે હું તો મરવા તૈયાર હતો : વળી લોક પાછળ શું બોલશે એનીય ચિન્તા શી ? લોકને ફાવે તેમ બોલે આપણે નિર્દોષ હતા તો લોકના બોલ્યે પાપી ન ઠરી જાત ! પણ મારે તો અભયાનું નામ એટલા જ ખાતર દેવું પડયું કે-મેં જોયું, હું અત્યારે એક મહાદોષિત ઉપર કૃપા કરવા રહીશ, તો મારા નામે શાસન નિન્દાશે ! અજ્ઞાન લોક શાસન માટે જેમ-તેમ બોલશે. રાજા ફરી આવા ધર્મપર્વના પ્રસંગે કોઇ ધર્માત્માને ધર્મની આરાધના કરવાની અનુકૂળતા જોઇતી હશે તો નહિ આપે. એમ કહેવાશે કે—જૈનો એવા લુચ્ચા છે કે ધર્મના બ્હાને રજા મેળવી, પાછળ એકલા રહી, રાણીવાસમાં પણ ઘુસી જાય છે ! શાસનની આવી બદનામી થાય તે કેમ સહાય ? એક

સારામાં સારા ધર્મી તરીકેની મારી છાપ રહી, એટલે જો હું મુંગો રહી અભયાને બચાવવા જાઉં, તો હું મરું, શાસન નિન્દાય અને બચાવ ત્યારે એક કુલટાનો થાય ! આ કારણસર જ મારે અભયાનું નામ દેવું પડ્યું. બાકી હું જીન્દગીનો લોભી બનીને દયાનો અવસર ચુકું એ તો ન ભૂતો ન ભવિષ્યતિ !'

શ્રી સુદર્શન ભૂલ કરીને પણ ધારત તો શાસનહીલનાને નામે આવો પણ બચાવ કરી શકત કે નહિ ?

સભા૦ કરી શકત !

અને શ્રી સુદર્શન જો આવો બચાવ કરે, તો લોક શ્રી સુદર્શનના આવા બચાવને માને કે નહિ !

સભા૦ માને જ !

આવો બચાવ કરનાર શ્રી સુદર્શન જેવા હોય, તો લોક એમને માટે જરાય ઓછું ધારે એમ લાગે છે ?

સભા૦ ઓછું ન ધારે પણ ધન્યવાદ આપે.

એમ ? છતાં જુઓ કે શ્રી સુદર્શને મૌન તોડ્યું નહિ.

શાસનના નામ નીચે જાતને બચાવનારાઓ શાસનના સેવકો નથી, પણ અવસરે શાસનના શત્રુઓ ન નિવડે તો સારું ! શાસનને નામે જાતની પ્રભાવના કરનારાઓ અવસરે આજ્ઞાને વેગળી મુકે, તો તેમાં જરા પણ નવાઇ પામવા જેવું નથી. જેનામાં શાસનની સાચી દરકાર હોય, તેનામાં આજ્ઞાની આરાધનાની દરકાર ન હોય એ બને નહિ. એટલું શીખી જાવ કે—'જાતને લજવાતી બચાવવા, શાસનને વેગળું મુકવું નહિ.' આજે શાસનને જરા વેગળું મુકયું, તો કાલે જાત ખાતર શાસનને લજવવાને માટે પણ તૈયાર થતાં વાર નહિ લાગે. આજ્ઞાને વેગળી મુકીને શાસનને ટકાવવાની વાતો કરનારાઓને કહો કે 'એ ઢંભ છોડો !' આજે જાતના બચાવ માટે 'શાસનની નિન્દા થાય.' એવો બચાવ કરનારા નથી એમ નહિ : તેમજ પોતાના બચાવ ખાતર શાસનના સેવકોને ઉભગાવનારા નથી એમ પણ નહિ ! શાસનની એવી વાત કરે કે તમે પાણી પાણી થઇ જાવ ! જાણે રૂંવાડે રૂંવાડે શાસનની કાળ ભરી છે !! પણ સમજો કે એ તો 'શાસન નિન્દાય એવું' નહિ કરવા ખાતર આજ્ઞાદ્રોહમાં આંખ આડા કાન કરીએ છીએ !!' આ જાતિની અસર નિપજાવવાના પ્રયત્નો કરાય છે ! તમે જો શાસનને સમર્પિત થાવ તો જ એ સમજાય. જાતની રક્ષાદિ માટે, જાતે આજ્ઞા-

વિરૂદ્ધ કર્યું હોય એ માટે, પોતાની નબળાઇ છૂપાવી દેવાને માટે–એવાં એવાં કારણોસર શાસનના નામને આગળ ધરવું એ મહાપાપ છે ! સાફ કહેવું જોઇએ કે–'હું કમતાકાત હતો, મારામાં પામરતા હતી.' સૌ સત્ત્વશીલ જ હોય એમ ન બને : એવાય પણ હોય, કે જેમનામાં સત્ત્વ ઓછું હોય : પણ એમણે સાફ સાફ પોતાની નિર્બળતા કબુલ કરવી જોઇએ. શાસનનું નામ આગળ કરીને ખોટી રીતિએ પોતાની નબળાઇ નહિં જ છુપાવવી જોઇએ.

શાસન ન નિન્દાય એની કાળજી અવશ્ય હોવી જોઇએ, પણ શાસનને નામે જાતની નબળાઇ છુપાવવાનો પ્રપંચ કદિ નહિ કરવો જોઇએ. શ્રી સુદર્શન સમર્થ હતા અને સાથે શાસનના સાચા સેવક હતા, માટે મૌન રહ્યા. શ્રી જૈનશાસન એવું વિધાન કરતું નથી કે 'દ્રોહિતને શિક્ષા અપાવવી જ જોઇએ.' દ્રોહિતની દયા ન હોય, એવું શ્રી જૈનશાસન માનતું જ નથી. શાસનરક્ષા ખાતર પ્રત્યનિકોને શિક્ષા કરવી પડે, ત્યાં પણ એના પ્રત્યેની દયા તો જીવતી ને જાગતી હોવી જોઇએ. શ્રી સુદર્શન જુએ છે કે–'અભયાને આફતમાં મુકયા વિના હું બચી શકું તેમ નથી. મારે બચવું હોય તો અભયાને આફતમાં મુકવી જ પડે.' પણ શ્રી સુદર્શન અભયાને આફતમાં મુકીને જીવવા ઇચ્છતા નથી. થાય તે સહવા તૈયાર થાય છે. આપણી વાત તો એ છે કે–શ્રી સુદર્શન ધારત તો પોતાની જાતને બચાવી શકત. નામનાનું રક્ષણ કરી શકત, પોતે મરવા તૈયાર હતા એમ બતાવી શકત અને 'કેવળ શાસનની ખાતર જ અભયાનું સાચી રીતિએ પણ નામ દેવું પડયું' આવું કહી શકત ! પણ શ્રી સુદર્શને એમ ન કર્યું, કારણ કે એમ કરવામાં પોતાનો કૃપાધર્મરૂપ સદાચાર જળવાતો નહિ હતો. શ્રી સુદર્શને સદાચાર કરતાં જીવનને વહાલું ન કર્યું અને સદાચાર જળવાય તો નામના એ તુચ્છ વસ્તુ જ છે, એમ માન્યું.

માણસમાં સત્ત્વની કમીના હોય, એટલી ધીરતા અને સ્થિરતા ન હોય, એવા પ્રસંગે બીજા માર્ગનો આશ્રય લેવો પડે તે વાત જુદી છે : પરન્તુ ધર્મની આરાધના કરતાં ગમે તેવાં કષ્ટો આવે, મરણ પર્યન્તનાં કષ્ટો આવે, તો પણ ધર્મની આરાધનામાંથી શકિત હોય તો જરાય ચલિત થવું જોઇએ નહિ. જેટલો સદાચાર સ્વીકાર્યો તેટલો સદાચાર અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગોમાં પણ, જરાય ડગ્યા વિના નિભાવવો જોઇએ. ઉત્તમમાં ઉત્તમ માર્ગ તો એજ છે. શ્રી સુદર્શન જે સ્થિતિમાં છે, જે સ્થિતિમાં તેઓ આવા સમયે મૌન રહે, તેમાં જ તેમનું ધર્મિપણું છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ આલેખેલાં ધર્માત્માઓનાં જીવન ચરિત્રોમાં, તમે જેમ

જેમ ઊંડા ઉતરીને સમ્યક્ રીતિએ વિચાર કરો, તેમ તેમ તમને નવું નવું લાગ્યા વિના રહે નહિ. એક એક પ્રસંગના રહસ્યનો વિચાર કરનારા બનો. એમ કરો તો એ જીવનચરિત્રોનું શ્રવણ કે વાંચન નિષ્ફળ ન નિવડે, પણ સારામાં સારી રીતિએ સફળ નિવડે. આજે તો કેટલાકો આદર્શ ધર્માત્માઓના પણ જીવનના શ્રવણને કે વાંચનને, પોતાને માટે નિષ્ફળ કે નુકશાનકારક બનાવી રહ્યા છે: બાકી જો સમ્યક્પણે મહાપુરુષોના જીવનપ્રસંગો વિચારાય, તો માલુમ પડે કે વાસ્તવિક ધર્મિપણું એ કયી વસ્તુ છે અને એવું ધર્મિપણું પામવા માટે તેમજ તેને ટકાવવાને માટે માર્ગપ્રતીતિની કેવી શુદ્ધતા તેમજ કેવી અનુપમ સત્ત્વશીલતા જોઇએ છે! ઉપલકીયા વાંચન-શ્રવણાદિથી કદાચ ઉપરકીયા જાણકાર બનશો, પણ એના દ્વારા આત્માને જે લાભ મળવો જોઇએ તેનાથી વંચિત રહી જશો: માટે માત્ર વિચારક જ નહિ પણ સમ્યક્ વિચારક બનો!

શ્રી સુદર્શને તો જીવનના, નામનાના, સર્વસ્વના ભોગે પણ ધર્મને સાચવવાનો નિરધાર કર્યો છે. પોતાને જે પ્રતિકૂળ છે, તે પ્રતિકૂળ અભયાને પ્રાપ્ત થાય, એમ શ્રી સુદર્શન ઇચ્છતા નથી: કારણ કે શ્રી સુદર્શન સદાચારી છે. શ્રી સુદર્શન સાચું કહી દે, તો અભયાની કયી હાલત થાય એ કહેવું! ફજેતી, ફીટકાર અને મૃત્યુની શિક્ષા! શ્રી સુદર્શન પોતાના દયાધર્મરૂપ સદાચારને ચૂકી, અભયાને એ હાલતમાં મૂકવા તૈયાર થતા નથી! રાજા વારંવાર પૂછે છે, છતાં શ્રી સુદર્શનનું મૌન અભંગ જ રહે છે. ઘણી ઘણી વાર પૂછવા છતાં પણ જ્યારે શ્રી સુદર્શન બોલતા જ નથી, ત્યારે હવે રાજાને એમ થાય છે 'કદાચ સુદર્શન દોષિત હોય! વ્યભિચારિઓનું અને ચોરોનું મૌન એય એક લક્ષણ છે!' રાજાને જ્યાં દોષની સંભાવના લાગી, એટલે ક્રોધ આવતાં વાર લાગે? આવો આદમી ને આવું કામ? પરદારા અને તેય રાણી ઉપર બલાત્કાર? ધર્મ કરવા રહ્યો અને કરવા આ આવ્યો? આવા અનેક વિચારો રાજાને આવવા એ સ્વાભાવિક છે: આ કારણે ક્રોધથી ધમધમી ઉઠવું તેય સ્વાભાવિક છે: અને ક્રોધને આધીન થયેલો રાજા શ્રી સુદર્શનનો વધ કરવાની આજ્ઞા કરે, તેમાં પણ આશ્ચર્ય પામવા જેવું નથી.

શ્રી સુદર્શનનો વધ કરવાની રાજા આજ્ઞા તો કરે છે, પરન્તુ રાજા સમજે છે કે શ્રી સુદર્શન જેવા મહા સદાચારી તરીકેની નામનાને પામેલા પુરૂષને આ જાતિની શિક્ષા કરવી, એ સહેલું કામ નથી. પ્રજામાં ઉશ્કેરાટ ફેલાવવાનો પૂરેપૂરો સંભવ છે. આથી રાજા આજ્ઞા કરે છે કે 'નગરમાં આ પાપીના દોષની જાહેરાત કર્યા પછીથી આનો વધ કરવો.'

રાજાની આજ્ઞા મુજબ રાજનોકરો શ્રી સુદર્શનને પકડીને લઇ જાય છે. શ્રી સુદ-

શ્રેનના મોંઢા ઉપર મેશનો લેપ કરે છે અને તેમના શરીરે લાલ ચન્દનનો લેપ કરે છે. ગળામાં અને માથે પણ વિચિત્ર માલારોપણાદિ કરે છે. એ પછી ગધેડા ઉપર બેસાડે છે, માથે સુપડાનું છત્ર ધરે છે અને ઢોલ પીટતાં પીટતાં શ્રી સુદર્શનને લઈ જાય છે !

આમ છતાં પણ શ્રી સુદર્શન ધ્યાનમાં અને મૌનમાં પૂર્વવત્ સ્થિર જ રહે છે. શ્રી સુદર્શનની સદાચાર સાથેની ધીરતા અને વીરતાનું માપ કાઢી જુઓ ! પોતે સર્વથા નિષ્કલંક છે, પરમ સદાચારી છે અને રાણી જેવી રાણીએ પ્રલોભનો આપ્યાં, આજીજીઓ કરી, કુટીલતા દર્શાવી તથા ધમકી આપી તે છતાંય તદ્દન પવિત્ર રહેલ છે ! આમ છતાં પણ માથે કલંક આવે છે : ગધેડે બેસવું પડે છે : અને વધ કરવાની આજ્ઞા છૂટી છે ! જે નગરમાં શ્રી સુદર્શન પરમ આદરપૂર્વક ફરતા, તેજ નગરમાં પોતે સર્વથા નિર્દોષ હોવા છતાંય, તેમને આવી આફતના ભોગ થવું પડે છે ! કારણ ?

સભા૦ પૂર્વના અશુભ કર્મનો ઉદય.

માનો છો ? કર્મના તત્વજ્ઞાનને જો સમજો અને માનો તો, આત્માનો ઉદ્ધાર છેટે નથી. આ ભવમાં માણસે અનાચારનો એક અંશ પણ ન સેવ્યો હોય, માત્ર સદાચારમય જીવન વીતાવ્યું હોય, તે છતાં પણ દુરાચાર સેવ્યાનું કલંક આવે, એ બનેને ? નિર્દોષ પણ દોષિત લાગે, એમ બનેને ? નિર્દોષ હોવા છતાંય દોષિત ઠરીને તે માટેની શિક્ષા ખમવાનો વખત આવી લાગે, એમ બનેને ? કહો કે પૂર્વના તીવ્ર અશુભ કર્મનો ઉદય આવે તો તેય બને અને તેના કરતાંય વધુ ભયંકર વસ્તુ પણ બને.

તત્વજ્ઞાનિઓ ફરમાવે છે કે કર્મની ગતિ વિચિત્ર છે. અશુભ કર્મના ઉદયથી આવું આવું પણ બને, એવું સમજનાર અને માનનાર, પોતાના ઉપર ગમે તેવ. આફત આવે તોય મુંઝાય નહિ. સત્વહીનતાના યોગે સહાય નહિ એ બને, પણ મુંઝાય નહિ. એ પછી પોતાના ઉપર આવેલી આફતને ટાળવાને માટે જે આંધળીયાં કરીને અનાચારો સેવાય છે એ સેવાય નહિ ! ગઈ કાલનો કરોડપતિ આજે ભિખારી બની જાય, તોય એ સમતામાં રહી શકે. ગઈ કાલનો રાજા આજે રંક જેવો બની જાય, તોય પાગલ ન બને. પારકાને માટે 'પૂર્વના અશુભ કર્મનો ઉદય' એમ કહો છો, તેમ તમારે માટે પણ વિચારતા બનો. પૌદ્ગલિક અનુકૂળતા મળે ત્યારે શુભ કર્મનો ઉદય અને પૌદ્ગલિક પ્રતિકૂળતા પ્રાપ્ત થાય ત્યારે અશુભ કર્મનો ઉદય, આટલું સમજાય અને હૃદયપૂર્વક મનાય તો અનુકૂળતામાં અહંકાર ન આવે અને પ્રતિકૂળતામાં પામરતા ન આવે

ત્યારે શ્રી સુદર્શન પોતે સર્વથા નિર્દોષ જ હતા, તે છતાં પણ એમને માથે જે

આફત આવી, તે તેમના પૂર્વના અશુભ કર્મના ઉદયને લીધે આવી, એમ તો તમે માનો છો ! જો કે શ્રી સુદર્શન એવા પુણ્યશાલી છે કે છેલ્લી વખતે તેમનો બચાવ થઇ ગયો છે અને તેઓ અપૂર્વ સન્માનને પામ્યા છે, પરન્તુ બધા સદાચારી નિર્દોષોને માટે એમ જ બને, એવો કોઈ નિયમ નથી. તીવ્ર અશુભનો કારમો ઉદય વર્તી રહ્યો હોય, તેવી જ કોઇ ભવિતવ્યતા હોય, તો નિર્દોષમાં નિર્દોષ સદાચારિને પણ કલંકિત તરીકેની કુનામના પ્રાપ્ત થાય : કદાચ મરણની શિક્ષા પણ ખમવી પડે અને કોઇ જાણેય નહિ કે એ નિર્દોષ હતો ! છતાં પણ એને તો એની ઉત્તમ સદાચારિતાનું સુન્દર ફલ મળે જ, એ નિર્વિવાદ વાત છે. આ જીન્દગીમાં ને આ જીન્દગીમાં જ દરેક સદાચારી કલંક આવ્યા પછીથી નિર્દોષ તરીકે જાહેર થઇ જ જાય, એમ એકાન્તે ન માનતા. એવું ય બને કે લોક રાત્રે ત્યાં સુધી એને કલંકિત જ ધારે. આથી સ્પષ્ટ છે કે જેણે સદાચાર સેવવો હોય તેણે પૌદ્ગલિક ઇચ્છાઓ ઉપર કાપ મુકવો જ જોઇએ : અર્થાત્-પૌદગલિક અનુકૂળતાના અનર્થી બનવું જોઇએ.

શ્રી સુદર્શનને શૂલીએ ચઢાવવાને માટે લઇ જનારા રાજનોકરો શહેરોમાં ઉદ્ઘોષણા કરતા જાય છે કે-'સુદર્શને રાણીવાસમાં ગુન્હો કર્યો છે, માટે તેનો વધ કરાય છે: રાજાનો આમાં જરાય દોષ નથી !' રાજાને આવી ઉદ્ઘોષણા કરાવવાની ફરજ પડે છે ! લોક પૂછે તે પહેલાં જ રાજાને પોતાનો બચાવ કરવો પડે છે કે-'આમાં મારો દોષ નથી ! એ પણ વિચારવા જેવું છે.

શ્રી સુદર્શનના કાને આ ધ્વનિ અથડાયા જ કરે છે કે-'સુદર્શને રાણીવાસમાં અપરાધ કર્યો છે, માટે તેનો વધ કરાય છે! ' છતાંય શ્રી સુદર્શન જરાય ચલિત થતા નથી.

સદાચારી તરીકે પંકાએલા અને પૂજાએલા આદમીથી આ કેમ સહાય ? 'હું નિર્દોષ છું'-એમ કહેવાનું મન ન થઇ જાય ? પણ નહિ. એમ કહે તો અભયાને માથે આફત આવ્યા વિના રહે નહિ અને એમ થાય તે સાચા સદાચારશીલ ધર્માત્માથી સહાય ન દે !'

લોક આ બધું જુએ છે અને રાજા દ્વારા કરાવાતી ઉદ્ઘોષણા સાંભળે છે. લોકમાં હાહાકાર વર્તાઇ જાય છે. શહેરમાં એજ બોલાઇ રહ્યું છે કે-'કોઇ પણ રીતિએ આ વ્યાજબી થતું નથી. સુદર્શનમાં આવું સંભવે જ નહિ.'

શ્રી સુદર્શનને આ રીતિએ શહેરમાં ભમાવાય છે. શહેરમાં ભમતાં ભમતાં એ

બધા શ્રી સુદર્શનના મકાન આગળ આવી પહોંચે છે. એ વખતે શ્રી સુદર્શનની ધર્મ-પત્નિ મનોરમા એ જુએ છે અને રાજાની ઉદ્ઘોષણા સાંભળે છે. મનોરમાને એમ થાય છે કે–'કારમા અશુભોદય વિના આ બને નહિ. મારા પતિ સદાચારી છે અને રાજા પણ સદાચારપ્રિય છે! મારા પતિ આવું કાર્ય કરે જ નહિ અને પ્રબળ નિમિત્ત વિના રાજા પણ આવી શિક્ષા કરે નહિ! ખરેખર પૂર્વના અશુભ કર્મનું જ ફલ ઉપસ્થિત થયું છે.'

મહાસતી મનોરમા આવો વિચાર કર્યા પછીથી, પૂજા કરીને કાયોત્સર્ગમાં સ્થિર થાય છે. નિશ્ચય કરે છે કે 'પતિ ઉપરની આફત ટળે નહિ ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહેવું અને અનશન કરવું.'

આ સ્ત્રીને પોતાના પતિ ઉપર કેટલો વિશ્વાસ હશે? આજે કેટલીક સ્ત્રીઓને આવો વિશ્વાસ પોતાના પતિ ઉપર હશે? મનોરમા માને છે કે 'મારા પતિ કદિ પણ આવું કૃત્ય કરે જ નહિ!' મનોરમાને પૂરેપૂરી ખાત્રી છે કે 'આ કલંક તદ્દન ખોટું જ છે!' એ વિશ્વાસના બળે તો મનોરમા આવી કાયોત્સર્ગ અને અનશનની કઠોર પણ પ્રતિજ્ઞા કરી શકે છે!

વાત એ છે કે-શ્રી સુદર્શનનું જીવન કેવું સદાચારી હશે? શ્રી સુદર્શનના જીવન પ્રસંગ ઉપરથી સદાચારના સેવનને માટે પૌદ્ગલિક અનુકૂળતાનું અનર્થિપણું કેટલું બધું આવશ્યક છે, એ વસ્તુ ઘણી જ સુન્દર રીતિએ સ્પષ્ટ થઈ જાય છે. અનુકૂળતાનો અર્થી સદાચારમાં કયાં સુધી ટકે? પ્રતિકૂળતાના વૈરી તો સૌ છે. કોઇને ય પ્રતિકૂળતા પ્રિય છે એમ નથી. પ્રતિકૂળતા નામશેષ થઇ જાય એ માટે તો મહાપુરૂષોએ પણ સમ્યક પ્રકારે મહેનત કરી છે. મહાપુરૂષોએ જે પ્રતિકૂળતાઓ વેઠી છે. તે પ્રતિકૂળતાઓને નામશેષ કરવાને માટે જ! આત્માને કદિ પણ કોઇ પણ જાતિની પ્રતિકૂળતા વેઠવાનો વખત ન આવે, એવી દશા પ્રાપ્ત કરવાને માટે જ મહાપુરૂષોએ આફત આવી તો ઉત્સવ આવ્યો એમ માની લીધું છે આથી સ્પષ્ટ એ છે કે–મહાપુરૂષો પણ પ્રતિકૂળતાના વૈરી હોય છે. દુનિયાના બીજા જીવો તો પ્રતિકૂળતાના વૈરી છેજ! પ્રતિકૂળતાના તમે વૈરી ન હોત તો આજે તમે જે સહો છો, તે સહત ખરા? પ્રતિકૂળતા ટાળવા માટે પણ પ્રતિકૂળતા વેઠવી પડે છે! જ્ઞાનીઓ કહે છે કે જો સીધી રીતીએ પ્રતિકૂળતા વેઠી લેવાય, તો પરિણામે આત્મા પ્રતિકૂળ દશાથી સર્વથા મુક્ત થઇ જાય!

અનુકૂળતાનું અર્થિપણું, એનો અર્થ એ છે કે–'સદાચારની અવગણના અને અનાચારને આમંત્રણ!' અનુકૂળતાના અર્થિઓએ તો સદાચારને દેશવટો દીધો છે અને

અનાચારને આમંત્રણ આપ્યું છે. અનુકૂળતાનો અર્થી જો પોતે સદાચારી હોવાનું કહેતો હોય, તો માનવું કે-'એણે કોઇ અનુકૂળતા સિદ્ધ કરવાને માટે 'સદાચારનો કામચલાઉ ઝભ્ભો' ઓઢી લીધો છે, પણ વસ્તુતઃ તે સદાચારી નથી.' જ્યાં એને અનુકૂળતા મળી એટલે એનો સદાચાર હાલતો થવાનો. સદાચાર સેવતાં આફત આવે તો એનો 'સદાચારનો કામચલાઉ ઝભ્ભો' ઉડી જતાં વાર લાગે નહિ. સદાચારના એ કામચલાઉ ઝભ્ભાની નીચે પણ, અનુકૂળતાના અર્થિપણાના યોગે અનાચાર ખદબદતો હોય તો નવાઇ પામવા જેવું નથી. આપણે તો મૂળ સુધી પહોંચવું છે. અનાચાર કે દુરાચાર માત્રનું મુળ કયું ? પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું જાય, તો જીવનમાં અનાચારને કે દુરાચારને સ્થાન મળે કયાંથી ? આજે સદાચારનો ઝભ્ભો ઓઢીને ફરનારા કેટલાકો બ્રહ્મચર્યની રક્ષા માટે જ્ઞાનિઓએ વિહિત કરેલી વાડોને ચાવી ખાય છે અને કહે છે કે 'અમે પાકા મનના છીએ.' આવાઓનું પાકું મન એટલે અનાચારથી ન ખસે અને સદાચારમાં ન ફસાય એવું ! અન્યથા, જે પાકા મનવાળો હોય તેને વાડો જાળવવામાં વાંધો શો ? વાડોની સામે વિરોધ કેમ ? અનાચારના સંયોગોથી બચવું, તેમાં ડહાપણ કે જાણીજોઇને અનાચારને વસડી લાવનારા સંયોગોમાં રહેલું, તેમાં ડહાપણ ? સદાચારના બહુના નીચે અનાચાર વધી ન જાય, તેનાથી પણ આજે તો સદાચારના અર્થિઓએ પાસ ચેતવા જેવું છે.

પૌદ્ગલિક અનુકૂળતાનું અર્થિપણું જાય અને આત્મસુખનું અર્થિપણું આવી જાય. એટલે આત્મા ઘણાં પાપોથી સહજમાં બચી જાય. પ્રતિકૂળતાના વૈરીપણાની સાથેના અનુકૂળતાના તીવ્ર અર્થિપણાએ તો દુનિયાને આજે પાગલ બનાવી છે. પ્રતિકૂળતા ગમે નહિ અને અનુકૂળતા વિના ચાલે નહિ, એટલે જેનામાં જેટલું પાપ કરવાની તાકાત હોય, તેટલું પાપ તે પ્રતિકૂળતાને ટાળવા માટે અનુકૂળતા મેળવવા માટે કરે. માટે સૌ આત્મસુખના અર્થી બનો અને પૌદ્ગલિક અનુકૂળતાના અનર્થી બની સાચું આત્મકલ્યાણ સાધો તે જ ભાવના.

સહકાર અને આભાર

રૂા. ૧૦૦) સંઘવી ભેરૂ વિહાર પાલીતાણા.

રૂા. ૧૦૦) શ્રી તારાચંદજી બી. સંઘવી ૬૯ વાલકેશ્વર ૪૧ ગોકુલ બિલ્ડીંગ મુંબઇ-૬

卐 'વિજય પ્રસ્થાન'ને ચગવનારા સમજે 卐

—પૂ. મુનિરાજ શ્રી જયદર્શનવિજયજી મ.

એક સુશ્રાવક જેઓ 'વિજય પ્રસ્થાન' પુસ્તકના અનુવાદક-વિવેચક છે : સંમેલનવાદીઓ 'વિજય પ્રસ્થાન'ને ખોટી રીતે ચગાવે છે.

[મુદ્રણદોષથી થયેલ અશુદ્ધિને સુધારીને વાંચવા ભલામણ છે-લેખક]

સુશ્રાવક નરોત્તમદાસ અમુલખભાઇ કપાસી એલ.એલ.બી. એડવોકેટ [ઓ.એસ.] એ વિ. સં. ૨૦૦૬ ની સાલમાં 'વિજય પ્રસ્થાન' નામનું એક પુસ્તક બહાર પાડયું હતું. તેમાં ઇન્દ્રિય પરાજય શતક, શ્રાદ્ધવિધિ, વૈરાગ્યશતક, સંબોધ સિત્તરિ જેવા ગ્રન્થોના શ્લોકો અનુવાદ સહિત છાપ્યા છે. પોતાના સ્વ. પિતાશ્રીની સ્મૃતિ નિમિતે તેઓએ અનુવાદ-વિવેચન કરેલ છે. આ પુસ્તકની બીજી આવૃત્તિ વિ. સં. ૨૦૨૯ ની સાલમાં બહાર પાડી હતી. તેમાં જિનદ્રવ્ય અંગેના શાસ્ત્રપાઠો અનુવાદ સહિત ઉમેરવામાં આવ્યા છે. 'એ પાઠો અને અનુવાદ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મ. સા. એ જોઇ આપેલ છે'—એવી નોંધ દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવનામાં છે. સંમેલનવાદીઓએ પોતાની અશાસ્ત્રીય માન્યતાને સિદ્ધ કરવા માટે આ બીજી આવૃત્તિના પૃ. ૧૬૪ ને અડફેટે લીધું છે.

વિ. સં. ૨૦૪૪ ના સંમેલને દેવદ્રવ્ય સંબંધી અશાસ્ત્રીય નિર્ણય લીધો હતો તે આપણે જાણીએ છીએ. સ્વપ્નાદિ બોલીની આવક દેવદ્રવ્ય જ ગણાય છતાં આ સંમેલને બોલીના દ્રવ્યને 'શ્રી જિનભક્તિ સાધારણ દ્રવ્ય' બનાવી દીધું છે. સંમેલનના આવા અશાસ્ત્રીય ઠરાવનો જોરદાર વિરોધ, પૂ આ.દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ એ કર્યો હતો. તેઓશ્રીની શાસ્ત્રીયગર્જનાને કારણે મોટા ભાગના શ્રી સંઘોમાં સંમેલનના અશાસ્ત્રીય ઠરાવનો અમલ થઈ શકયો નહિ. આથી અકળાયેલા પંન્યા. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે સંમેલનનો બધો ભાર પોતાના ખભે ઉપાડીને, 'ધાર્મિક વહીવટ વિચાર' નામની અશાસ્ત્રીય ચોપડી લખી નાંખી આમાં મદદ માટે પંન્યાસજીએ, મુનિશ્રી અભયશેખર વિજયજી ગણિવરને સાથે રાખ્યા છે. આ બંને પંન્યાસ-ગણીજીની જોડીએ 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકમાં એટલો બધો 'અશાસ્ત્રીય કચરો' ભરી દીધેલો કે એને સાફ કરવા માટે ચાર ચાર પરિમાર્જકોને કામે લગાડવા પડયા. આટલી મહેનતને અંતે પણ પુસ્તક હજી શુદ્ધ બન્યું નથી. [આ ચાર પરિમાર્જકમાંના એક-નામે શ્રી

રાજેન્દ્ર સૂ. મ. ને અમારા સમુદાયના મુનિશ્રી મોક્ષરતિવિજયજી આદિ કેટલાક સાધુઓ એક ગામમાં મળી ગયા હતા. તેઓએ આ પરિમાર્જકશ્રીને 'ધા. વ. વિ.' પુસ્તક સંબંધી સવાલો કર્યા હતા. તેઓશ્રીએ અનેક સવાલોમાં 'હું જાણતો નથી, મને ખબર નથી' જેવા જવાબો આપ્યા હતા. પરિમાર્જકશ્રીના જવાબો પુસ્તકના પરિમાર્જન અને શાસ્ત્રીયતા વિશે ઘણું ઘણું કહી જાય છે—આ બધી વાતો અલગ છે.]

'ધાર્મિક તહીવટ વિચાર' પુસ્તકમાં પંન્યાસ-ગણીજીની જોડીએ 'વિજય પ્રસ્થાન' પુસ્તકના પૃ. ૧૬૬ ઉપરથી અધૂરી વિગત ઉપાડી છે. 'શ્રાદ્ધવિધિનો પાઠ અધૂરો રજુ કરો છો' એવો અમારા ઉપર આરોપ મુકનારી આ જોડીએ 'વિજય પ્રસ્થાન'માંથી કેટલું છૂપાવ્યું છે તેનો નિર્ણય સુજ્ઞવાચકો જાતે કરી શકે તે માટે પૃ. ૧૬૪ ઉપરનું સમગ્ર લખાણ અહીં રજુ કરું છું :

'જિનેશ્વર દેવના સ્થાપના નિક્ષેપાને માનનારને જિન ચૈત્યની, તેની પૂજાની, તે માટે જરૂરી ઉપકરણોની અને તેમાં ખામી ન આવે તે ખાતર, દેવદ્રવ્યની વૃદ્ધિની અને તેના સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.'

—વિચાર સમીક્ષા પૃ. ૬૭
લેખક : મુનિશ્રી રામવિજય

(હાલ-પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.)

વર્તમાન સંયોગોમાં સરકારી ભયને કારણે દેવદ્રવ્યનો સુયોગ્ય રીતે વ્યય કરી દેવા માટે ઉપદેશ આપતાં પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નીચે મુજબ જણાવે છે :—

'કેટલાકો કહે છે કે—'પછી અહીં પૂજા વગેરેની વ્યવસ્થા શી રીતે કરવી ?' શું એવા શ્રાવકો ખુશી થયા છે કે—દેવદ્રવ્યમાંથી જ વ્યવસ્થા કરવી પડે ? અથવા, સાધારણની રકમો કોઈ મંદિરના ઉપયોગ માટે મુકી ગયું હોય, તો ય શું તેના વિના નહિ જ ચાલે ? શ્રાવકો જો નક્કી કરે કે—'અમારે શ્રી જિનની ભક્તિ કરવી છે' તો આમાં કાંઇ ચિંતા કરવા જેવું છે જ નહિ. અવસર જોગ વર્તતા આવડવું જોઇએ.' [ચાર ગતિના કારણો—પહેલો ભાગ, પ્રથમ આવૃત્તિ, પૃ ૨૧૬]

આ સમગ્ર લખાણમાંથી 'વિચાર સમીક્ષા'ના લખાણને પંન્યાસ-ગણીજીની જોડી આગળ ધરે છે. પણ એની ૮૮ નીચે મૂકેલી નોંધ, સાથે સાથે રજુ કરવા જેટલી સજ્જનતા તેઓ બતાવી શકતા નથી. કારણ કે નીચેનું લખાણ રજુ કરે તો 'શક્તિ સંપન્ન શ્રાવક પણ ભાવના સંપન્ન ન બને અને દેવદ્રવ્યથીથી જિનપૂજા કરે તો દોષ ન લાગે'

એવી પોતાની શાસ્ત્રવિરૂધ્ધ માન્યતાને ટેકો મળે એમ નથી, ઉપરથી એ માન્યતા તુટી પડે એમ છે.

'વિચાર સમીક્ષા' પુસ્તિકાનું પુરૂનામ 'શ્રીમાન ધર્મવિજયજીના વિચારોની સમીક્ષા' છે. આ પુસ્તિકામાં કાશીવાળા ધર્મસૂરિજીના બોલી દેવદ્રવ્ય સબંધી શાસ્ત્ર વિરૂધ્ધ વિચારોનું સચોટ ખંડન કરવામાં આવ્યું છે. ધર્મસૂરિજી, સાતક્ષેત્ર સાધારણમાં બોલી–ચઢાવાની રકમ લઇ જવાની શાસ્ત્રવિરૂદ્ધ માન્યતા ધરાવતા હતા. તેનો પ્રતિકાર કરીને સ્વપ્નાદિ બોલીની રકમ 'દેવદ્રવ્યમાં જ જાય' તેવી સિધ્ધિ આ પુસ્તિકામ કરવામાં આવી છે. તે સમયે, સ્વપ્નાદિ બોલીની રકમથી જિનાલયોનો નિર્વાહ કરવો કે નહિ ? તેની ચર્ચા ન હોવાથી, તેવો ખુલાસો પ્રસ્તુત પુસ્તિકામાં ન મળે તે સહજ છે. ખરેખર તો 'વિચાર સમીક્ષા'ના પૃ. ૯૭ નું લખાણ વિ. સં. ૧૯૭૬ ની સાલમાં થયેલ ઠરાવ જ છે. તત્કાલીન ભવભીરૂ ગીતાર્થ મહાપુરૂષોએ 'દેવદ્રવ્યને સાતક્ષેત્ર સાધારણમાં લઇ જવા'ના અશાસ્ત્રીય માર્ગને બંધ કરવા માટે એ ઠરાવ કર્યો હતો. 'ભગવાનની પૂજા કરવા માટે ભેટ મળેલું દ્રવ્ય, ભગવાનને પૂજનાદિ સ્વરૂપે ચઢાવેલ દ્રવ્ય, જિનમંદિરના સમગ્ર કાર્યમાં વાપરી શકાય તેવી રીતે ભેટ મળેલ અક્ષયનિધિ આદિ સ્વરૂપ દ્રવ્ય : આવા બધા દ્રવ્યને સંબોધ પ્રકરણ, દર્શનશુધ્ધિ ટીકા વગેરે ગ્રન્થરત્નોમાં 'દેવદ્રવ્ય' શબ્દથી ઓળખાવ્યું છે. આમાંથી, ભગવાનની પૂજા માટે ભેટ મળેલ દ્રવ્ય અને જિનમંદિરના સમગ્ર કાર્ય માટે ભેટ મળેલ દ્રવ્યથી, ભગવાનની પૂજાદિ થઇ શકે. અને ભગવાનને પૂજનાદિ સ્વરૂપે ચઢાવેલ દ્રવ્ય વગેરે દ્રવ્ય જીર્ણોધ્ધારાદિમાં વપરાય–આવી શાસ્ત્રીયમર્યાદા છે. વિ. સં. ૧૯૭૬ માં આ શાસ્ત્રીયમર્યાદામાં કોઇ વિવાદ ન હોવાથી, 'શ્રી જિનચૈત્યની અને તેની પૂજાના ઉપકરણોમાં ખામી ન આવે તે માટે દેવદ્રવ્યની વૃધ્ધિ અને સંરક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે' એમ જણાવ્યું છે. આમાં સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે, ભગવાનની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આપેલ દ્રવ્યથી જીર્ણોધ્ધારાદિ કાર્યો થઇ શકે. અને ભગવાનની પૂજા માટે કે જિનમંદિરના નિર્વાહ માટે મળેલી રકમથી જિનપૂજનના ઉપકરણો લાવવા વગેરે કાર્ય થઇ શકે. અહીં સ્વપ્નાદિ દેવદ્રવ્યમાંથી જિનપૂજનના ઉપકરણો લાવવાની વાત નથી. છતાં, પંન્યાસજી–ગણીજીની જોડી વિ. સં. ૧૯૭૬ ના ઠરાવને, આગળ કરીને કરોડપતિ કૃપણને પણ સ્વપ્નાદિ દેવદ્રવ્યમાંથી જિનપૂજા કરવાની છૂટ આપી રહ્યા છે. તેઓની આવી બાલચેષ્ટા તેમના પદની ગરીમા ઘટાડે છે. તેઓની આ અજ્ઞાન ચેષ્ટા ઉપર ભાવકરૂણા ચિંતવવા સિવાય બીજો કોઇ રસ્તો નથી.

ત્યાર પછીના સમયમાં શાસ્ત્રપાઠોના નામે શ્રાવકોને દેવદ્રવ્યથી જિનપૂજા કરાવવાની વાત ઉપડી હતી. આ અશાસ્ત્રીય વાતનો વિરોધ પણ પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા. એ ઠાયકાઓ પહેલા કર્યો હતો. પાલીતાણા મુકામે તેઓશ્રીના ગુરૂદેવ પૂ.

આ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. સા. ની નિશ્રામાં, વિ. સં. ૨૦૦૬ ની સાલમાં, તેઓશ્રીએ પ્રયત્નો કર્યા હતા. તેનું સારભૂત અવતરણ 'ચાર ગતિના કારણો' નામના પુસ્તકમાં છપાયેલ છે. તેમાંથી આપણી વાતમાં જરૂરી કેટલુંક અવતરણ અહીં રજુ કરું છું. :

[શાસ્ત્રમાં લખેલ શ્રાવકની જિનપૂજા વિધિમાં સ્વદ્રવ્યથી પૂજા, પરદ્રવ્યથી પૂજા વગેરેની સ્પષ્ટતા કર્યા પછી] 'શાસ્ત્રોમાં આવી આવી સ્પષ્ટ વાતો કહેલી હોવા છતાં પણ, શ્રાવકો પાસે દેવદ્રવ્યના કેસર આદિથી પૂજા કરાવવાની વાતો, આજે શાસ્ત્રપાઠોના નામે પણ કરવામાં આવે છે; અને તેમાં, દહાડે દહાડે સંમતિ આપનારાઓ વધતા જાય છે.' (પૃ. ૨૦૬)

'જે સ્થળે જૈનોનાં સંખ્યાબંધ ઘરો હોય, તેમાં પણ સુખી સ્થિતિવાળાં ઘરો હોય, ત્યાં પણ કેસર-સુખડ આદિના ખર્ચને માટે બૂમો પડવા લાગી છે. આના ઉપાય તરીકે, દેવદ્રવ્યથી શ્રી જિનપૂજા કરવાનું કહેવાને બદલે, સામગ્રી-સંપન્ન જૈનોને પોતપોતાની સામગ્રીથી શક્તિ મુજબ પૂજા કરવાનો ઉપદેશ આપવો જોઈએ. દેવદ્રવ્યના રક્ષણ માટે પણ, આ દેવદ્રવ્યમાંથી શ્રાવકોને પૂજા કરવાની સગવડ કરી દેવાનો ઉપાય, વ્યાજબી નથી. દેવદ્રવ્યનો દુરૂપયોગ થતો અટકાવવો હોય અને સદુપયોગ કરી લેવો હોય, તો આજે જિર્ણ મંદિરો ઓછાં નથી. બધાં જિર્ણ મંદિરોનો ઉધ્ધાર કરવાનો નિર્ણય કરો તો તેને પહોંચી વળે એટલું દેવદ્રવ્ય પણ નથી. પરંતુ, દેવદ્રવ્યમાંથી શ્રાવકોને માટે પૂજા કરવાની વ્યવસ્થા કરવી અને શ્રાવકોને દેવદ્રવ્યથી લાવેલી સામગ્રી દ્વારા પૂજા કરતા બનાવી દીધા, એ તો તેમને તારવાનો નહિ પણ ડુબાવી દેવાનો ધંધો છે.'

[પૃ. ૨૨૦-૨૨૧]

આજે, આટલા બધા જૈનો જીવતા હોવા છતાં પણ અને એમાં સમૃદ્ધિશાલી જૈનો હોવા છતાં પણ, એક બૂમરાણ એવી પણ ઉપડી છે કે—'આ મંદિરોને સાચવશે કોણ ? સંભાળશે કોણ ? ભગવાનની પૂજા માટે કેસર વગેરે જોઈએ, તે કયાંથી લાવવું ? પોતાની કહેવાતી ભગવાનની પૂજામાં પણ દેવદ્રવ્યનો ઉપયોગ શા માટે ન થાય ?' એથી આજે ઠેર ઠેર ચાલી રહ્યો છે કે-'ભગવાનની પૂજામાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવા માંડો.' કોઇ કોઇ ઠેકાણે તો એવાં રીતસરનાં લખાણો થવા લાગ્યા છે કે—મંદિરની આવકમાંથી પૂજાની વ્યવસ્થા કરવી ! આવું વાંચીએ કે સાંભળીએ ત્યારે, એમ થઇ જાય છે કે-શું જૈનો પટ્ટી પડયા ? દેવદ્રવ્ય ઉપર સરકારની દાનત બગડી છે-એમ કહેવાય છે. પણ આજે વાતો એવી ચાલી રહી છે કે-દેવદ્રવ્ય ઉપર જૈનોની દાનત બગડી છે-એમ લાગે. નહિ તો, ભક્તિ પોતાને કરવી છે અને તે માટે દેવદ્રવ્ય વાપરવું છે, એ બને જ શી રીતિએ ? આપત્તિકાળમાં દેવદ્રવ્યમાંથી ભગવાનની પૂજા કરાવાય-એ વાત જુદી છે અને

શ્રાવકોને પૂજા કરવાની સગવડ દેવદ્રવ્યમાંથી દેવાય–એ વાત જુદી છે. જૈનો શું એવા ગરીબડા થઇ ગયા છે કે–પોતાના દ્રવ્યથી ભગવાનની દ્રવ્યપૂજા કરી શકે તેમ નથી ? અને એ માટે, દેવદ્રવ્યમાંથી તેમની પાસે ભગવાનની પૂજા કરાવવી છે ?' [પૃ. ૨૦૫–૨૦૬]

પંન્યાસજીની દીક્ષા પહેલા અને ગણીજીના જન્મ પહેલાં વિ. સં. ૨૦૦૬ ની સાલમાં દેવદ્રવ્યથી શ્રાવકોને જિનપૂજા કરાવવી–એ શ્રાવકોને ડુબાડી દેવાનો ધંધો છે. આવી સ્પષ્ટ વાત, પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા. પોતાના ગુરૂદેવની નેશ્રામાં કહી ગયા છે. આજે એજ પંન્યાસ–ગણીજીની જોડી, 'વિજય પ્રસ્થાન'ના અધૂરા નિર્દેશને આગળ કરીને, દેવદ્રવ્યમાંથી જિનપૂજા કરાવવાની પોતાની અશાસ્ત્રીય માન્યતાને સિદ્ધ કરવા વ્યર્થ પુરૂષાર્થ કરી રહ્યા છે. ભોળા લોકોને ભ્રમમાં નાંખવા જતાં, પોતાની માનસિક 'તંદુરસ્તી' બહાર પડી જાય છે–તેની ચિંતા આ જોડીને નથી. પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા. 'શ્રાવકોને દેવદ્રવ્યથી જિનપૂજા કરાવવી–એ દેવદ્રવ્યનો દુરૂપયોગ છે' એમ કહે છે. તેઓશ્રીના સમુદાયની માન્યતા પણ આ જ હોય કોઇક જગ્યાએ 'ભક્ષણ' શબ્દનો ઉપયોગ થયો હોય, તો પણ તે 'દુરૂપયોગ'ના અર્થમાં હોય–એ સ્પષ્ટ સમજી શકાય તેવું છે. 'ભક્ષણ' શબ્દને ચગાવીને મુળ મતભેદને ગૌણ બનાવવાની સંમેલનવાદી પંન્યાસ–ગણીજીની જોડીની ચાલબાજી, તેમની હતાશાને પ્રગટ કરે છે. ઇત્યલં વિસ્તરેણ ।

પેથડ મંત્રી : —રતિલાલ ડી. ગુઢકા–લંડન

શાસ્ત્રમાં તપનું મહત્વ અને ઉજમણું પેથડમંત્રીએ શાસ્ત્રમાં—છે કે 'વિધિપૂર્વક ઉજમણું–ઉદ્યાપન કરવાથી લક્ષ્મી કૃતાર્થ થાય છે. ઉજમણું કયારે કરાય–કોઇપણ નાનું મોટું તપ પૂર્ણ કરીને વિધિથી તપ કરવાનું. પછી તે જ તપનું ઉજમણું વિધિપૂર્વક કરવાથી તપ વિશેષ શોભાયમાન થાય છે. લક્ષ્મી કૃતાર્થ થાય છે. તપ સફળ થાય છે, ઉંચા પ્રકારનું ધ્યાન પ્રાપ્ત થાય છે. જિનેશ્વર સંબંધિ રત્નનો લાભ થાય છે. જિનેશ્વરની ભક્તિ થાય છે. જિન શાસનની શોભા વધે છે. વગેરે અનેક ગુણો છે. પેથડ મંત્રીએ નવકાર મંત્રની આરાધના માટે ઉજમણું કર્યું હતું. તે સમયે પેથડે સુવર્ણ મુદ્રિકા, મણિ, મુકતાફળ, પ્રવાળા, સર્વ જાતિના ફળ વગેરે દ્રવ્ય સર્વ પ્રકારના પકવાન, ચંદરવા, ધ્વજાઓ વગેરે અડસઠની સંખ્યામાં મુકયા હતા તે જોઇને લાખો લોકોએ તપની અને જૈન ધર્મની પ્રશંસા કરી હતી. આ પ્રમાણે તપસ્વીઓએ તપ પૂર્ણ થયા બાદ યથાશકિત ઉજમણું કરવું જોઇએ એમ ઉપદેશ પ્રાસાદમાં બતાવ્યું છે. પેથડશા ગરમ સાલ ઓઢતા એમના શિયળના પ્રભાવથી એ સાલ ગમે તેવો તાવ જેને હોય અને એ જો ઓઢાડે તો એનો તાવ પણ ઉતરી જાય–કેટલી શકિત.

ભ. શ્રી ગૌતમસ્વામિ મહારાજા અને શ્રી આનંદ શ્રાવક

— શ્રી ગુણરાગી

ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્માના શ્રી આનંદ-કામદેવાદિ દશ મહાશ્રાવકો તરીકે સુપ્રસિદ્ધ છે. અત્રે મારે શ્રી આનંદ શ્રાવકની એક નાનકડી જ વાત કરવી છે.

વાણિજ્ય ગ્રામ નગરમાં મહા શ્રીમંત એવો આનંદ નામનો ગૃહપતિ રહેતો હતો અને ભગવાન શ્રી મહાવીર પરમાત્માની દેશનાથી પ્રતિબોધ પામી મહાશ્રાવક બન્યો. ચૌદ વર્ષ સુધી શ્રાવકપણાના કર્તવ્યોથી આત્માને ભાવિત કર્યો અને પછી વિચાર આવ્યો કે શ્રાવકની અગિયાર પડિમા વહન કરું. બધા સ્વજન-કુટુંબીજનોને ભેગા કરી પોતાના જ્યેષ્ઠ પુત્ર ઉપર ઘરનો ભાર સોંપી, પોતે કોલ્લાક નામના સંન્નિવેશમાં પોતાની પૌષધશાળામાં આવ્યો. ત્યાં ભૂમિને પ્રમાર્જી, ઉચ્ચાર-પ્રશ્રવણની ભૂમિને પડિલેહી, દર્ભના સંથારા ઉપર આરૂઢ થયો. અને ત્યાં ક્રમે કરીને શ્રાવકની અગિયારે પડિમા વહન કરી. તે પછી તપથી જેનું શરીર સુકાઇ ગયું છે તેવા તે આનંદ શ્રાવકને એક દિવસ નિર્મલ અધ્યવસાયથી અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થઇ આવ્યું.

હવે તે વાણિજ્યગ્રામની બહાર એકવાર શ્રી મહાવીર પરમાત્મા સમોસર્યા. પ્રભુની અનુજ્ઞા લઇ શ્રી ઇન્દ્રભૂતિજી (ગૌતમ સ્વામી) ગણધર ત્રીજી પોરિસિમાં તે વાણિજ્ય ગ્રામમાં યથારૂચિ આહાર ગ્રહણ કરી ગામની બહાર જતાં લોકોના મુખથી કોલ્લાક સંન્નિવેશમાં રહેલા શ્રી આનંદ શ્રાવકની તપની પ્રવૃત્તિ તેમના સાંભળવામાં આવી. તે પ્રત્યક્ષ જોવા તેઓ ત્યાં ગયા ! ખરેખર મહાપુરૂષો કેવા ગુણાનુરાગી હોય છે ! આજે આ ગુણાનુરાગીપણું નાશ પામવાથી શાસનમાં જે વિટંબણા જન્મી છે તેનું વર્ણન થાય તેમ નથી. ત્યારે તે શ્રી આનંદ શ્રાવકે, સાક્ષાત્ શ્રી ભગવાન ગૌતમસ્વામી મહારાજાને આવતા જોઇ ઘણા જ હર્ષથી તેમને વંદના કરી અને કહ્યું કે– "હે સ્વામી ! તપસ્યાને લઇને જેના શરીરમાં માત્ર નાડી અને અસ્થિ રહેલા છે એવો હું આપની સમીપે આવવાને શક્તિમાન નથી. માટે આપ મારી ઉપર કૃપા કરીને મારી નજીક પધારો" તે વખતે શ્રી ગૌતમ સ્વામી મહારાજા પણ જ્યાં શ્રી આનંદ શ્રાવક રહેલા છે ત્યાં આવ્યા. સ્વામીના ચરણમાં ત્રણવાર મસ્તક વડે નમસ્કાર કરીને આનંદ શ્રાવકે પૂછયું :– "હે સ્વામી ! ગૃહસ્થને ઘરમાં રહેતાં છતાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય કે નહિ ?" ત્યારે શ્રી પ્રથમ ગણધરદેવે કહ્યું કે– "હા, ઉત્પન્ન થાય." તે વખતે શ્રી આનંદ શ્રાવકે પણ કહ્યું કે– "હે મહારાજ ! મને પણ અવધિજ્ઞાન થયું છે. તેનાથી

હું પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પાંચશો પાંચશો યોજન ક્ષેત્ર રૂપ લવણ સમુદ્ર પર્યંત હું દેખી શકું છું અને ઉત્તર દિશામાં હિમવંત વર્ષધર પર્વત પર્યંત જાણી શકું છું અને ઊર્ધ્વલોકે સૌધર્મ દેવલોક યાવત્ અને અધોભાગે રત્નપ્રભા પૃથ્વીના લોલુચ્ચય નામના નરકાવાસ પર્યંત જાણું છું- દેખું છું."

શ્રી આનંદ શ્રાવકના આ વચનો સાંભળીને શ્રી ગૌતમ સ્વામિ ગણધરે કહ્યું કે- "હે ભદ્ર! ગ્રહસ્થને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, પણ એટલું બધું મોટું ન થાય, માટે આ સ્થાનનું આલોચન- નિંદનાદિક કરો. ત્યારે આનંદ શ્રી શ્રાવકે- "હે સ્વામી! શ્રી જિનવચનમાં સાચા અર્થની આલોચના હોય છે?

શ્રી ગૌતમ સ્વામી- "એમ ન હોય."

શ્રી આનંદ શ્રાવક- "હે ભગવંત! જો એમ છે તો પછી તમારે જ એ સ્થાનકની આલોચના નિંદના કરવી."

શ્રાવકના આ વચનો સાંભળી શ્રી ગૌતમ ગણધર હૃદયમાં શંકિત થયા અને ત્યાંથી નીકળી દ્રુતપલાશ ચૈત્યમાં જ્યાં શ્રી વીરવિભુ રહેલા છે ત્યાં આવી ગમના-ગમન પ્રતિક્રમણાદિ પૂર્વક ભગવાનને નમી, સર્વ વૃત્તાંત જણાવી આ પ્રમાણે પૂછ્યું કે- "હે ભગવંત! તે સ્થાનક આનંદને આલોચવા યોગ્ય છે કે મારે આલોચવા યોગ્ય છે? ભગવાને કહ્યું કે- "હે ગૌતમ! તું જ તે સ્થાનને આલોવ અને તેને માટે આનંદને ખમાવ" ભગવાનના આ વચનને વિનયથી અંગીકાર કરી, ખુદ શ્રી ગૌતમ સ્વામી મહારાજાએ તે સ્થાનકની આલોચનાદિ લઇ પછી શ્રી આનંદ શ્રાવક પાસે આવી તે અર્થને ખમાવ્યો.

દ્વાદશાંગીના પ્રણેતા, શાસનના શિરતાજ, આદ્યગણધર દેવ, અનંતલબ્ધિના ભંડાર એવા શ્રી ગૌતમસ્વામી મહારાજા પણ ભુલને, ભુલ રૂપ જાણી, એક શ્રાવક આગળ આવી ક્ષમાપના કરે છે. તો આજના વિષમકાળમાં જેઓ પોતાના ગુર્વાદિ વડિલોના નામનો ખોટો દુરૂપયોગ પોતાની તકસાધુતા અને સ્વાર્થની સિદ્ધિને માટે કરે છે. તેઓનું ખરેખર શું થશે તે જ્ઞાની જાણે! ખોટી પકડ અને મમતાને વશ થઇ શાસનને નુકશાન પહોંચાડવાની સાથે પોતાના અને અનેક આત્માઓની બરબાદી કરી રહ્યા છે. અને જે સુવિહિતો સત્ય સમજાવવા પ્રયત્ન કરે છે તેમની ઉપર પણ કાદવ ઉછાળવાની તક ચૂકતા નથી. આવાઓની વાતમાં આવી ન જવાય, આવાઓના પ્રચારમાં ભરમાઇ ન જવાય તેની કાળજી રાખવા સાથે પોતાની જાતને બચાવવી અને જે યોગ્ય અર્થી આત્માઓ હોય તેમને સાચું માર્ગદર્શન આપવું તે જ આજે સાચું પુણ્યકાર્ય છે. સૌ પુણ્યાત્માઓ સાચા વિનયી - વિવેકી બની આત્મ પ્રગતિના માર્ગે ઉન્નતિ સાધો તે જ કલ્યાણ કામના.

❋ આઠમા વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે ❋

રાગ દ્વેષ–મોહાદિ શત્રુઓને જે જીતે તે શ્રી જિન ! તે શ્રી જિનેશ્વર દેવનો જે અનુયાયી તે જૈન ! સાચો જૈન ભગવાનની આજ્ઞાને જ મસ્તક ઉપર વહન કરનારો હોય. શક્ય આજ્ઞાનો પાલક હોય અને જે આજ્ઞા પાળવા સમર્થ ન હોય તે આજ્ઞાનું પણ પાલન કરનારો કયારે બનું તેવી મનોહર ભાવનામાં રમતો હોય. તે માટે પોતાની શ્રદ્ધા નિર્મલ અખંડ બની રહે, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થયા કરે અને સમ્યક્ચારિત્રને પામવાની રાને આજ્ઞા મુજબ આરાધવાની પ્રવૃત્તિમાં જ પ્રયત્નશીલ હોય. આવી પ્રવૃત્તિમાં સહાયક જે કોઇ સાધનો હોય તેના પ્રત્યે હૈયાના બહુમાન–આદર ભાવવાળો હોય.

ભગવાન શ્રી જિનેશ્વરદેવો 'આ ભયાનક સંસારથી પાર પમાડવા અને એકાન્તિક અને આત્યન્તિક સુખના સ્થાનરૂપ મોક્ષપદને પામવા માટે ધર્મ તીર્થ રૂપ શ્રી જૈન શાસનની સ્થાપના કરે છે. તે શાસનની આરાધના કરનારા સૌ બને અને વહેલામાં વહેલા સૌ મુક્તિને પામે.

તે માટે સમ્યગ્જ્ઞાનના પિપાસુ બને સમ્યગ્દર્શનની નિર્મળ જ્યોતિ હૈયામાં ઝળહળ્યા કરે અને સમ્યક્ચારિત્રના આરાધક બની આત્મ કલ્યાણના માર્ગે આગળ વધે તે જ એક શુભ ભાવનાથી કેરાઇને જગતમાં ભગવાનના સત્ય સિદ્ધાન્તોને સૌ યથાર્થ જાણે સમજે, શાસનની મજબૂત શ્રદ્ધાવાળા બને, સાચી સમજને પામે અને યથાર્થ સમજનો શક્ય અમલ કરનારા બની સન્માર્ગમાં સુસ્થિર બને તે જ શુભ હેતુથી અમોને આ શ્રી 'જૈન શાસન' સાપ્તાહિકનો પ્રારંભ કરેલો જે પા...પા... પગલી ભરતું, અનેક આરોહ–અવરોહને પસાર કરી, સ્વયં ચાલવા માટે સમર્થ બન્યું છે અને આજે આઠમા વર્ષમાં પ્રવેશી રહ્યું છે તે અમારા માટે અત્યંત આનંદનો વિષય છે.

આ વિષમકાળમાં માનાકાંક્ષા, લોકૈષણા આદિના કારણે જમાનાની હવામાં તણાયેલાઓ તરફથી શાસનના સત્ય–સિદ્ધાંતો ઉપર ભયંકર પ્રહારો કરવામાં આવ્યા. બાહ્ય આક્રમણો જેટલાં ખતરનાક નથી તેટલા અભ્યંતર આક્રમણો છે. 'માર્ગસ્થ મહાત્મા–ધર્માચાર્યાદિની છાપ ઉભી કરી તે પ્રમાણે વર્તન કરી સુગર કોટેડની જેમ ભગવાનના સત્ય–સિદ્ધાન્તોનો અપલાપ કરી, વિપરીત પ્રરૂપણા કરી ભોળા અને ભદ્રિક જીવોને ભરમાવવાનો પ્રયત્ન કરાઇ રહ્યો હોય ત્યારે શાસનાનુરાગી શાસનના પ્રેમી, શ્રદ્ધાળુ આત્માઓ પણ સત્ય વાત જાહેર કર્યા વિના રહે નહિ. તેમાં પણ અમોએ અમારો સંપૂર્ણ પ્રયત્ન જાળવી રાખ્યો છે અને સન્માર્ગની સુરક્ષા તથા શ્રદ્ધાલુ આત્માઓને સન્માર્ગમાં સ્થિત કરવા સર્ચલાઇટ સમાન માર્ગસ્થ માર્ગદર્શન આપવામાં પણ પાછી પાની કરી નથી. શાસનની ધર્મપ્રેમી જનતાએ અમોને આ તબક્કે જે સાથ સહકાર

આપી અમારો જોમ-જુસ્સો વધાર્યો છે તે પણ ભૂલી શકતા નથી.

'ધાર્મિક વહીવટ વિચાર' નામની પુસ્તિકા લખી પં. શ્રી ચન્દ્રશેખર વિજયજીએ શાસનના મૂળ ઉપર જે કુઠારાઘાત કરી, શાસનના શાંત-સિદ્ધાંતિક ઐક્ય વાતાવરણને ડહોળવાનો પ્રયત્ન કર્યો તો તેનો પણ જડબાતોડ પ્રતિકાર કરી, સન્માર્ગની રક્ષા કરવાનો પ્રયત્ન કરવામાં અમો પણ ઊણા ઉતર્યા નથી. અમારી તો ભાવના ઘણી મોટી હતી પણ ઘણાં મનોરથો મનમાં જ રાખવા પડે છે તે અવસરે જોઈશું.

પરન્તુ ૨૦૪૪ કહેવાતા સંમેલનની નિષ્ફળતાથી વાજ આવેલા પંન્યાસજીએ 'ધા. વ. વિ.' નામની પુસ્તિકા લખી જે અટકચાળાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમાં ય જરા ય ફાવ્યા નહિ. તેથી આજના રાજકીય પક્ષોની જેમ લોકોને ઉશ્કેરવા જેવા નિમ્ન પ્રયત્નો શરૂ કર્યા. તેમના સ્વભાવને નખશિખ ઓળખનાર આત્માઓની સાવધગિરિથી દીર્ઘ દર્શિતાપણાથી તેમની એકપણ મેલી મૂરાદો બર ન આવી તેથી વધુ છંછેડાયા તેની ત્રીજી આવૃત્તિ પણ પ્રગટ કરી તે હવે સન્માર્ગે પાછા ફરે તેવી આશા કોઈએ રાખવી નહિ કે તે માટે પ્રયત્નોમાં પણ પીછેહઠ જ મળવાની તેમાં શક્તિનું વ્યય તે દુર્વ્યય જ છે તેના બદલે શાસનપ્રેમી આત્માઓને સાચું સમજાવી, સન્માર્ગમાં સ્થિર રાખવા અને તેમના ભ્રમથી સૌને મુક્ત કરવા તે જ ખરેખર સાચો ઉપાય છે. જેમને પોતાને જ પોતાના વડિલોના નજીકના જુના, વડિલોના સંમેલનોના નિર્ણયોના લખાણો આદિની કિંમત ન હોય તેવા બેજવાબદારોથી દૂર રહી, તેમનાથી બીજાઓને દૂર રાખવા પ્રયત્ન કરવો તે જ કલ્યાણકર હિતાવહ માર્ગ છે વર્તમાનની પરિસ્થિતિનું મંત્ર દિગ્દર્શન કરાવ્યું છે.

અમારો ઉદ્દેશ તો શાસનની જ સેવા-ભક્તિનો છે અને રહેવાનો છે. શાસન-રાગી આત્માઓનો સાથ પણ સ્વૈચ્છિક મલવાનો છે. અમે તો માત્ર નિમિત્તભૂત છીએ, શ્રેયના સાચા અધિકારી તો તે જ પુણ્યાત્માઓ છે. જેઓ શાસનની આરાધના-રક્ષા-પ્રભાવના માટે પોતાની બધી જ શક્તિઓનો સદુપયોગ પ્રાણના ભોગે પણ કરી રહ્યા છે- કરવાના પણ છે.

અમે તો અમારા કર્તવ્યપથથી જરાપણ વિચલિત થવાના જ નથી અને શાસન સદૈવ જયવંતુ રહેવાનું જ છે.

અમારી તો એક જ મંગલ કામના છે કે, પુણ્ય યોગે મળેલી સઘળીય સુંદર શક્તિઓનો શાસનની જ સેવા-ભક્તિ-રક્ષા કરવામાં સદુપયોગ કરી સૌ સ્વયં પરમાત્મા રૂપ બની વહેલામાં વહેલા મુક્તિપદને પામો.

સૌ વાચક મિત્રો-સહાયકો-જૈન શાસન પ્રત્યે સાચી હમદર્દી બતાવનારા પુણ્યાત્માઓ તેનાં પ્રચારનું પુણ્ય કામ કરનારા આત્માઓ સદૈવ આવો સાથ-સહકાર-સહયોગ આપનારા બનો અને આ સુકૃતના ભાગી બનો તેમજ કોઇની પણ પ્રત્યે અમારાથી દુઃખ પહોંચાડાયું તો તેની ક્ષમાયાચના સાથે અમારા ધ્યેયને જ મક્કમપણે વળગી રહેવાનું બળ શાસનદેવો આપો. અને સૌ શાસનની શાન-આન વધારવા કટિબદ્ધ બનીએ તો શાસ્ત્રના નામે શાસ્ત્રવિરુદ્ધ, ઉન્માર્ગગામી બનેલાઓની એક પણ મુરાદ બર આવે નહિ. સ્વયં સૂત્રલક્ષી ન હોય, પુણ્યયોગે વિદ્વતા વરી હોય તેમાં આવેશ-ઘમંડ-અભિમાન ભળે એટલે શાસ્ત્રવચનોની સાથે ચેડા કર્યા વિના રહે અને શાસ્ત્રપાઠોનો પણ થાય તેટલો દુરુપયોગ કરી, શાસ્ત્રને જ શસ્ત્રરૂપ બનાવી સ્વ પર અનેકનું ઘોરમું અહિત કર્યા વિના રહે નહિ. તેમાં આપણી જાત આવી ન જાય પણ બચી જાય તે માટે પણ 'ડેંજર સિગ્નલ' દ્વારા અમે કોઇને ગમે કે ન ગમે પણ સત્ય વાતો રજુ કર્યે જ જવાના. પરોપકારના નામે ગ્રહણ કરેલી ધર્મ પ્રતિજ્ઞાઓનો ભંગ કરવાનું જૈન શાસનમાં વિધાન છે જ નહિ. 'ઘર વેચીને વરો કરવાની' વાત જૈન શાસનમાં નથી પણ ગ્રહણ કરેલી ધર્મ પ્રતિજ્ઞાઓને, જીવિતના નાશમાં પણ વળગી રહેવાનું જૈન શાસન ફરમાવે છે. આ જ આદર્શ આપણા બધાનો બની રહે તેટલી ભાવના સાથે વિરમીએ છીએ.

"જૈન શાસનનો જય હો!"

"જૈન શાસનના આરાધક - રક્ષક અને પ્રભાવક પુણ્યાત્માઓનો જય હો!"

લી. સંપાદકો તથા ટ્રસ્ટીઓ

—: આભાર દર્શન :—

અનંતોપકારી શ્રી તીર્થંકર પરમાત્માના માર્ગને જગતમાં વહેતો રાખવાનુ ભગીરથ કાર્ય કરનારા શ્રી નવકાર મહામંત્ર રૂપ પંચ પરમેષ્ઠિમાંના તૃતીયપદ ઉપર શોભતા પૂ શ્રી આચાર્ય ભગવંતોના ચરણ કમલમાં કોટિશઃ વન્દનાવલિ.

હાલાર દેશોદ્ધારક કવિરત્ન સ્વ પૂ. આ. શ્રી. વિ. અમૃતસૂરીશ્વરજી મહારાજની હૈયાની ભાવનાને સાકાર કરતું, શ્રી જિનશાસનના અણુનમ સેનાની ભારતવર્ષ જવાહીર સ્વ. પ. પૂ આ શ્રી. વિ. રામચન્દ્રસૂ. મ. ની દિવ્ય અમી દૃષ્ટિને પામેલું, શાસ્ત્ર સિદ્ધાંત સંરક્ષક, પ્રાચીનશ્રુતોદ્ધારક પ. પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્રસૂ. મહારાજના માર્ગદર્શન મુજબ ચાલતું આ 'શ્રી જૈન શાસન' સાપ્તાહિકને આપ સૌએ પોતાનું માની આપ સૌ જે રીતના સંપૂર્ણ સહકાર આપો છો તે બદલ અમારું હૈયું ગદગદ આનંદ પામે છે.

દર વર્ષે જૈનશાસનના પ્રારંભે વિશેષાંક પ્રગટ કરવામાં આવે છે. આઠમા વર્ષના પ્રારંભે 'શ્રી જૈન શાસનના શ્રમણો પાસક રત્નો' નો વિશેષાંક પ્રગટ કરવામાં પૂ. આચાર્ય ભગવંતોએ પૂ સાધુ-સાધ્વીજી ભગવંતો તથા સાધર્મિક બન્ધુ સમાન શ્રાવક-શ્રાવિકાઓએ લેખ આદિ મોકલી જે સહકાર આપી અમારો ઉત્સાહ દ્વિગુણીત કર્યો તે બદલ તે સર્વેનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. બરેબર વાચક મિત્રો અને લેખકોએ જે ઉદારતાથી અમોને સાથ સહકાર આપ્યો અને જે અંતરની લાગણી બતાવી તેવી જ સદૈવ બતાવે તેવી ભાવના ભાવીએ છીએ. ટપાલની ક્ષતિને કારણે છેલ્લા અંકો ૧ મહિને પણ મળ્યા કે ન મલ્યા તેવું બન્યુ છે તે માટે ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ તેમજ આ અંકનું સુંદર કામ કરનાર સુરેશ પ્રિન્ટરી તથા માનવંતા પ્રચારકોને પણ કેમ ભૂલાય ? 'આજ્ઞા સાથ રળિયામણા' થાએ નામી-અનામી જે પુણ્યાત્માઓએ અમારા કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ જે કાંઇ સાથ-સહકાર આપ્યો તે સર્વેનો ખૂબ ખૂબ આભાર માનીએ અને ભવિષ્યમાં પણ આપતા રહે તેવી ભાવના ભાવીએ છીએ. મુરબ્બી શ્રી મગનલાલ ચત્રભુજ મહેતા દરરોજ ૪-૫ કલાક સતત કાર્ય

ઘણી જરીફ વચે કરીને સૌને નિશ્ચિત રાખે છે તે માટે તેમના સમર્પણ ની કિંમત થઇ શકે નાહ અમારા તરફથી પણ કોઇ પણ કારણે કોઇનું પણ મન દુ ખ થયું હોય તો તેની અંત:કરણથી ક્ષમા યાચી, ઉદાર દિલે ક્ષમા-પ્રદાન કરશે એમ ઇચ્છીએ છીએ. જૈન શાસન આપનું જ છે ! આપનું જ માનો અને વધુને વધુ પ્રચાર કરો કરાવો એટલી અપેક્ષા રાખી વિરમીએ છીએ.

—સંપાદકો તથા ટ્રસ્ટી ગણ.

કાર્તિક શેઠનું સમકિત

—રતિલાલ ડી. ગુદકા-લંડન

પૃથ્વી ભૂષણનગરમાં કાર્તિક શેઠ વસતા હતા તેમણે મુનિસુવ્રત પ્રભુ પાસે ધર્મ સાંભળ્યો બોધ પામ્યા હતા. સમ્યકૃત્વમાં અડગ ગેરિકેતાપસી દીક્ષા લીધી માસોપવાસી થઇ તેની પ્રસંસા થવા લાગી આખું નગર તેના દર્શને ગયું કાર્તિક શેઠ ન ગયા ગૈરિકને તેના ઉપર ક્રોધ થઇ આવ્યો પણ શું થાય ? એવામાં ત્યાંના રાજાએ પારણું કરવ નિમંત્રણ કર્યું ત્યારે ગૈરિક તાપસ કહે જો કાર્તિક શેઠ પીરસેતો તો તમારે ત્યાં પારણું કરૂં રાજાએ હા પાડી ઘેર આવ્યા કાર્તિક શેઠને વાત કરી સાંભળી ખેદ થયો, તે વૃતધારી શ્રાવક હતા સમ્યકૃત્વ વૃતને બાધા પહોંચે પણ રાજાભિયોગ આગારનો વિચાર કરી ન છુટકે તેઓ તેમના આગ્રહથી ગયા તાપસપણ આવી પહોંચ્યા હતા પારણાવખતે કાર્તિક શેઠ તેને પીરસવા નમ્યા ત્યારે ગૈરિકે પોતાના નાકપર આડી આંગળી ઘસી જણાવ્યું કે મેં તારૂં નાક કાપ્યું' તું તો નમતો ન હતો પણ મેં કેટલો નમાવ્યો આથી શેઠને લાગી આવ્યું વિચાર કર્યો પહેલેથી દીક્ષા ન લીધી તો આ પરાભવ સહન કરવો પડયો ઘેર આવી મિત્રો સગા ઘરનાઓને વાત કરી એક હજાર શ્રેષ્ટી પુત્રોએ તેમની સાથે દીક્ષા લીધી ૧૨ વર્ષ ચારિત્રપાળી ૧ લા દેવલોકમાં ઇન્દ્રનો ઐરાવત હાથી થયો.

લેખની અનુક્રમણિકા માટે-જુઓ છેલ્લુ પાનું

વાંચક મિત્રોને વિનંતિ

" જૈન શાસન મારૂં છે. !
જૈન શાસન ન્યારૂં છે !"

આ ભાવના આપના હૈયામાં સુસ્થિત બની છે તો અમારી અમાશ સૌ વાચક મિત્રોને હૈયાની આગ્રહભરી વિનંતિ છે કે જો આપ સહુ 'જૈન શાસન' ને મારૂં અને ન્યારૂં માનો છો તો તેનો વધુ પ્રચાર કરવામાં આપનો નાનકડો સહયોગ આપો !

શાસ્ત્ર-સત્ય-સિદ્ધાન્તોનો નિર્ભયપણે પ્રચાર કરતું એવું આ જૈન શાસન માનો છે ! તેમાં પ્રગટ થતું સાહિત્ય સંસ્કાર બોધક, શ્રદ્ધાપોષક-નિર્મલક-પ્રાપક, માર્ગ-સ્થ માર્ગદર્શક, સત્ય સિદ્ધાન્ત પ્રતિપાદક અને સન્માર્ગમાં સ્થિર કરનાર લાગે છે તો અન્યોને પણ તેના વાંચનના સહભાગી બનાવી, સૌની ભગવાનના શાસન પ્રત્યેની અવિ-હડ શ્રદ્ધા પેદા કરવાના પુણ્ય કાર્યમાં આપનો પણ નાનો ફાળો આપો. જેમાંનું વિવિધ વિષયોનું સાહિત્ય આત્માને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે, ભગવાનના શાસન પરની શ્રદ્ધા નિર્મલ બનાવે છે અને સમ્યક્ ચારિત્રની ભાવનાને વધુ પુષ્ટ કરે છે તો ભાગ્ય શાલિઓ ! આપનું પણ આ એક કર્તવ્ય નથી કે આના વધુ વ્યાપક વિસ્તારને કરવામાં આપણા પણ સહયોગનું પ્રદાન કરીએ !

વળી વર્ત્તમાનના વિવાદસ્પદ વાયરાઓ સામે પણ જે સોને શાસ્ત્રના સત્યો સાચવવા-સમજાવવા ભગીરથ પ્રયાસ કરે છે અને શાસનાનુરાગી મયૂર સમ ભવ્ય જીવોને મેઘની જેમ શ્રી જિનવાણીનું શીતલ પાન કરી સંતુષ્ટ કરે છે તેવા આ 'જૈન શાસન'ના પ્રચાર માટે વાચક મિત્રો કટિબદ્ધ બનો. માત્ર એક જ શુભેચ્છક કે એક જ ગ્રાહક આપના તરફથી બનાવો તો 'ટીપે ટીપે સરોવર ભરાય' ત્યારે જૈન શાસન અત્ર-તત્ર-સર્વત્ર ગાજતું થઇ જશે. માત્ર એક જ ગ્રાહક ! જેથી તેમાં આવતાં વિચારોનો વિપુલ પ્રચાર થાય.

શ્રી જિનશાસન શણગાર, અણનમ અણગાર, શાસનના સુસઢ સુકાની સ્વ. પં. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ સં. ૨૦૪૩ ના શ્રીપાલનગર ચાતુર્માસ દરમ્યાન 'પ્રકીર્ણક ધર્મોપદેશ' ગ્રન્થને અનુલક્ષીને જે મનનીય પ્રવચનો ફરમાવ્યા હતા. તથા જેઓશ્રીજીની સૂક્ષ્મ દૃષ્ટિ પૂર્વક જે સંશોધિત કરાયેલાં તે પ્રવચનોનું સારભૂત અવતરણ પણ વાંચક મિત્રોને 'સૂરિરામ' હૃદયમાં જીવંત હોવાની પ્રતીતિ અનુભવાય છે. તથા વર્તમાનમાં મૂંઝવતા પ્રશ્નોનું જેમાંથી માર્ગસ્થ માર્ગદર્શન મળે છે કે 'ધર્મ શું છે ! ધર્મ શા માટે કરાય ? કયો ધર્મ વિશુદ્ધ કહેવાય ? અમારે સંસારનું સુખ

જોઇએ તો ધર્મ ન કરીએ તો શું પાપ કરીએ ?' આ અને આવા પ્રશ્નોનું જેમાંથી સચોટ-સુબોધ-સુસ્પષ્ટ શાસ્ત્રીય માર્ગદર્શન મળે છે. હૃદયમાં ધબકારો કરતા 'સૂરિરામ' ની અનુભૂતિ કરવા પણ આના ગ્રાહક બનવા સૌને પ્રેરવા અમારી સર્વે વાચક મિત્રોને ભાવભરી હાર્દિક વિનંતિ છે. જેને સૌ વાચક મિત્રો જરૂર વધાવશે.

"આજે સૌનો એક જ સાદ
ઘર ઘરમાં હોજો 'જૈન શાસન' નો નાદ"

—સંપાદકો

※ સાંવત્સરિક ક્ષમાપના ※

સૃષ્ટિ સમસ્તના...
પ્રાણીમાત્રની સાથે...
વૈરના વિસર્જન અને
સ્નેહના સર્જનની અહાલેક પુકારતી
પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની
ઢળતી સંધ્યાએ...
હાર્દિક ક્ષમા-અર્પણ ક્ષણે...
આપના ચરણોમાં
ક્ષમાનું અર્ઘ્ય ધર્યું છે.
ક્ષમાની અંજલિ ધરી છે.
-મિચ્છા મિ દુક્કડમ.

—શ્રી ચંદ્રરાજ

※ શાસન ગીત ※

જય જય શાસન યાન.

અક્ષય બલ શ્રદ્ધાનું ધારી,
ચક્ર ચારિત્ર ને જ્ઞાન;
અંજ પ્રવચન અસ્ખલિત ગતિથી,
સિદ્ધ પહોંચાડે ઠામ. જય૦ ૧

આગમ તીર્થ ભૂમિ વિસ્તારે,
ઉત્તમ માર્ગ પલાન;
વિમલાંજન તીર્થોદક સાથે,
પથિક લહે પરમાન્ન. જય૦ ૨

વિશ્વ દયાના ઘુઘર નાદે,
વ્યાપે મધુરાં ગાન;
તત્ત્વનાદ શિખરે તુજ ફરકે,
અનંગ વિજય એંધાણ. જય૦ ૩

દુર્લભ અધિરોહણનું તુજમાં,
ભાવૃત જીવને માન;
જંબૂ વીર બની તુજ ધરશું,
સમય સેવામાં પ્રાણ. જય૦ ૪

—પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ.

સુપાત્ર દાન મૂળદેવ

—રતિલાલ ડી. ગુઢકા-લંઠન

કૌશલ્યા નગરી ધનદેવ એનો ૪ થો પુત્ર મુળદેવ. મુળદેવને એના પિતાએ કોઇ કારણ ઘર બહાર કાઢી મુકયો. ભટકતાં જંગલમાં દેવાલયમાં સૂઇ ગયો. રાત્રે સ્વપ્ન આવ્યું એ સ્વપ્નની વાત ગુરૂને કરી. ગુરૂએ કહ્યું : તને રાજય મળશે. પછી મુળદેવ નગરમાં ગયો ત્યાં એક ગૃહસ્થે તેને અડદના થોડા દાણા ખોબો ભરી આપ્યા. હવે તે લઇ જંગલમાં જઇને ખાવા જતો હતો ત્યાં તેની નજર એક મુનિ ઉપર પડી. મુળદેવે આત્માના ઉલ્લાસથી એ અડદ મુનિને વહોરાવી દીધા એ સમયે આકાશવાણી થઇ.

'મુળદેવ' અર્ધા શ્લોકમાં તું જે માંગીશ તે તને મળશે ? મુળદેવ જરા વિચાર કરી અર્ધો શ્લોક કહ્યો :– હે દેવ તમે પ્રસન્ન થયા છો તો મને દેવદત્ત ગણિકા, હજાર હાથી અને રાજય આપો દેવે કહ્યું : 'તથાસ્તુ'.

સાત દિવસ થતાં તે નગરનો રાજા મૃત્યુ પામ્યો. તેને પુત્ર ન હતો, જેથી મંત્રીઓની રાજાની પસંદગી માટે પાંચ દિવ્ય કર્યા. હાથણીએ મુળદેવ ઉપર કળશ ઢોળ્યો. મુળદેવ રાજા બન્યો : મુળદેવે રાજયનું પાલન ધર્મમય કર્યું. અડદના થોડા દાણાના દાનના પ્રભાવથી મુળદેવ રાજય સુખ પામ્યો :

અહિં શિષ્ય જિજ્ઞાસાથી દાનના ભેદ પૂછે છે; ગુરૂ ઉત્તર આપત કહે છે કે સુપાત્રદાન અભયદાન ઉચિતદાન, કીર્તિદાન અને અનુકંપાદાન એમ પાંચ પ્રકારનાં દાન છે. સુપાત્રમાં પુણ્ય બુધ્ધિથી આપવું તે સુપાત્રદાન, કોઇ પ્રાણીનો જીવ બચાવ્યો તે અભયદાન. માતા પિતા પુત્ર સ્વજનો ને આપ્તજનોને આપવું તે ઉચિતદાન. કીર્તિ માટે યાચકો વગેરેને આપવું તે કીર્તિદાન અને દીન–દુઃખીઓને આપવું તે અનુકંપાદાન. શિષ્ય પૂછે છે કે–આ પાંચ પ્રકારના દાનમાં સુપાત્રદાન એક જ સર્વોત્તમ છે, એમ વારંવાર કહેવાય છે કારણ શું ?' ગુરૂએ કહ્યું :

આ પાંચ પ્રકારના દાનમાં પ્રથમ બે સુપાત્રદાન અને અભયદાન મોક્ષ ને આપનારા છે એમાં એ અભયદાન સૌથી વધારે શ્રેષ્ઠ છે. સર્વ વૃતોમાં પ્રથમ કહ્યું છે. સુપાત્રદાન સર્વ વૃતોમાં છેલ્લું છે. બાકીના ત્રણ દાન છે. સંસારિક ભૌતિક સુખ આપનારા છે. અન્નદાનના મહત્વથી મુળદેવ, નયસાર, ચંદનબાળા, શ્રેયાંસકુમાર અને શ્રી ઋષભદેવ ભગવંતનો જીવ ધનાસાર્થવાહ મોટા ફળને પામ્યા જીવનમાં આ કરવા જેવું છે. આપણને પણ આવા દાનનો લાભ રોજ મળે એવી ભાવના ભાવીએ તો જરૂર એ ફળશે. એજ સુપાત્રદાન ઉત્તમ છે. એજ શુભ ભાવના.

'ખમાવું હું સહુને, ખમાવો મને સહુ'

—પ્રજ્ઞાંગ

પર્વાધિરાજમણિ, પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વનો પ્રાણ જો કોઇ હોય તો પરસ્પર સાચા ભાવે ક્ષમાપના કરવી તે છે. ગમે તેટલી સારામાં સારી તપ-જપ-વ્રતાદિ-ધર્મની આરાધના કરવામાં આવે પણ જો હૈયામાં સાચા ભાવે ઉપશમ ભાવ આવે નહિ તો તે બધી આરાધના નિષ્ફલ બને છે. કષાયથી ધમધમતા આત્મામાં સદ્ધર્મનો પ્રવેશ પણ સુદુર્લભ છે. મલિનવસ્ત્ર પર જેમ રંગ ચઢાવી શકાતો નથી તેમ વેર-ભાવથી મલિન એવા હૃદયમાં ધર્મ આવવો મુશ્કેલ છે. વેરભાવનું કારણ વિચારીએ તો રાગ-દ્વેષ-વિષય-કષાયાદિ ભાવે જ તેના બીજરૂપ બને છે. આવા મલિન ભાવોની મલિનતા જ આપણા આચાર-વિચારને મલિન બનાવે છે અને તેથી આત્મા કષાયાદિ વ્યાપ્ત બની વૈરાગ્નિમાં બળ્યા કરે છે સામી વ્યક્તિનું તો કાંઇ બગાડી શકતો નથી પણ પોતાના આત્માની અધોગતિ ખોદી લે છે.

માટે જ ઉપકારી પરમર્ષિઓ ભારપૂર્વક સમજાવે છે કે ભાગ્યશાલિઓ ! આત્મા ઉપરના વેર-ઝેરના ભાવોનું વમન કરી નાખો. આ વેર-ઝેરના બીજ આત્માને અનેક ભવો સુધી હેરાન-પરેશાન કરી નાખે છે અને કોટયાધિપતિ એવા આત્માને કોડીનો કરી નાખે છે. વેર-ઝેરથી દૂષિત આત્માને પાવન કરનાર કોઇ ચીજ હોય તો સાચા ભાવે હૈયાથી ક્ષમાપના આપવી તે છે. ક્ષમાપના તો એવો જાંગુલિ મંત્ર છે જે વેર-ઝેરના વિષને નામશેષ કરી નાખે છે.

ક્ષમા તો દુશ્મનોની દુશ્મનાવટ દૂર કરનાર પરમ ઔષધ છે. ક્ષમાના નીરથી સીંચાયેલા હૈયાં નવપલ્લવિત બને છે. આવી મહાન ક્ષમાદેવીના ગુણ ગાતા હિતૈષીઓ ફરમાવે છે કે—'ક્ષમાવાન સમાન મહાન બીજો આત્મા એક નથી. ક્ષમા એ તો તેજસ્વીઓનું સાચું તેજ છે, તપસ્વીઓનું સાચું તપ છે, સઘળાય ધર્મનો સાર છે, ત્રણે લોકના અગ્રભાગને વશ કરવા-પામવા, અપૂર્વ વશીકરણ મંત્ર છે, કડવાશને મધુરતામાં પલટાવનાર ચૂર્ણ છે, સારા યે જગતમાં મૈત્રીનું માધુર્ય મહેકાવનાર અનુપમ અગરુધૂપ છે, અવૈરની આરાધના કરાવનાર છે, સિદ્ધિ વધુનો સંગમ કરાવનાર છે.' આવી ક્ષમાના ગુણો ગાવા કોણ સમર્થ બને ?

તેથી મહાપુરુષો ફરમાવે છે કે સાચું-સ્વાધીન સુખ પામવું હોય, સઘળાં ય દુઃખોથી મુક્તિ પામવી હોય તો ક્ષમાધર્મની જ આરાધના કરો. કેમકે, કહ્યું પણ છે કે—

"खंती सुहाणमूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ।"

સઘળાં ય સુખોનું મુલ ક્ષમા છે, ધર્મનું મુલ પણ ઉત્તમ એવી ક્ષમા છે જે ક્ષમા મહાવિદ્યાની જેમ સઘળા ય દુરિતોનો નાશ કરે છે. માટે—

આવી ક્ષમા ધર્મનું પાલન કરવું તે જ દરેકે દરેક મુમુક્ષુઓનું કર્ત્તવ્ય છે.

ક્ષમાધર્મના પાલનમાં અવરોધક જો કોઇ હોય તો તેના પ્રતિપક્ષભૂત ક્રોધ છે. અને વાતવાતમાં તપી જનારથી સૌ સેંકડો જોજન દૂર ભાગે છે તે સૌના અનુભવની વાત છે. માટે ક્રોધને જીતવા પ્રયત્ન કરવો જરૂરી છે. ક્રોધ થવાનું કારણ પોતાના કે પોતાના માનેલાના સાચા ખોટા દોષોના શ્રવણ માત્રથી જ આત્મા ક્રોધને આધીન થઇ જાય છે અને વસ્તુતત્ત્વનો વિચાર કર્યા વિના, સાચું જાણ્યા વિના, કશી તપાસ કર્યા વિના સામાને ખેદાન-મેદાન કરવા તૈયાર થાય છે અને ફાવટ ન આવે તો માથા પછાડી રડે છે અને હૈયામાં ને હૈયામાં બળ્યા કરે છે. કોઇએ દોષનું આરોપણ કર્યું કે દોષિત કહ્યો તે વખતે શાંતિથી વિચારે કે, 'મારામાં જો તે દોષ છે તો તે કહેનારો મારો ઉપકારી છે અને દોષ નથી તો ગમે તેના વચન ઉપર વજન આપવાનો અર્થ નથી. પાગલ માણસ તો ગમે તેવા ગાંડા કાઢે તેની સાથે આપણે શું લાગે વળગે ?' આ રીતના ક્રોધને જીતી ક્ષમાધર્મને આચરે તો દુશ્મન પણ મિત્ર બની જાય.

માટે ક્ષમાનો અર્થ સમજાવતા કહ્યું છે કે—

'सत्येतरदोषश्रवणेन कार्यतत्त्वमविचार्यान्तर्बहिश्च कोपोदयाद्विक्रियामापाद्यमानस्यात्मनो निरोधनम् ।'

અર્થાત્ 'સાચા કે ખોટા દોષ માત્રના સ્વભાવથી, સત્ય વસ્તુ તત્ત્વનો વિચાર કર્યા વિના હૈયામાં પ્રગટેલો જે કોપ તેના કારણે મોંઢા ઉપર આવેલો ગુસ્સો તેનાથી વિકૃપ બનેલા આત્માને રોકવો અર્થાત્ જાણે કાંઇ જ બન્યું નથી તેમ પૂર્ણ સ્વસ્થતા રાખવી તેનું નામ ક્ષમા છે. હૈયામાં સામી વ્યક્તિનું વિપ્રિય કરવાની ભાવના ન હોય તો મોંઢા પરની રેખાઓ બદલાય નહિ ખંગાડનાર પ્રત્યે પણ ભલું કરવાની ઇચ્છા હોય એટલે આત્મા પ્રશમભાવને પામેલો કહેવાય.

આવો પ્રશમ ભાવ પામવો એજ આ પર્વાધિરાજનો સાર છે. માટ —

'क्रोधकण्डूविषयतृष्णोपशमः' એટલે કે ક્રોધની ખણજ અને વિષયતૃષ્ણાનો ઉપશમ જેમાં હોય તે જ પ્રશમભાવ છે. ધર્મના આરાધક સૌ પુણ્યાત્માઓ અનંતજ્ઞાનિઓએ આત્માના એકાંતે કલ્યાણ માટે ફરમાવેલો આવો પ્રશમભાવ પામે કે પામવા પ્રયત્નશીલ બને અને સાચા ભાવે પર્વાધિરાજશ્રી સંવત્સરી મહાપર્વની આરાધના કરી આત્માની મુક્તિ નજીક બનાવે એજ અભ્યર્થના.

–: સાચી કલ્યાણ મિત્રતા :

શ્રી વંકચૂલ અને શ્રી જિનદાસ :

—ગુણપરાગ

આત્મને પાપથી બચાવી હિતકર માર્ગે જોડે તેનું નામ સાચો કલ્યાણ મિત્ર છે. આવી કલ્યાણ મિત્રતા ખાસ જરૂરી છે. સંસારમાં જોડનાર, પ્રેરણા કરનાર તો બધા જ મલે પણ મોક્ષ માર્ગમાં જોડી, પ્રેરણા કરી આગળ વધારનારા બહુ જ વિરલા મળે. અને આવા વિરલા તો ખરેખર શ્રાવક હોય તે જ હોય ! કારણ તેઓ પાપના ડરવાળા હોય છે. પાપનો ડર ખરેખર લાગી ગયો હોય તેને કદાચ સંયોગવશાત્ પાપ કરવું પડે તો હૈયું કપાતું લાગે. ચાલે ત્યાં સુધી તો તે પાપ કરે નહિ પણ પાપ કરવું પડે તો કમને દુભાતે દિલે કરે પણ બીજાને પાપમાં પ્રેરણા તો હરગીજ ન કરે. જે બીજાને પ્રેરણા ન કરે તે પાપની પ્રશંસા કરે ખરા ?

પાપથી બચાવી હિતકર માર્ગે જોડનાર કલ્યાણમિત્રની વાતમાં સામાન્યથી શ્રી વંકચૂલ અને શ્રાવક શ્રી જિનદાસની વાત કરવી છે. શ્રી વંકચૂલની કથા પ્રસિદ્ધ છે. માત્ર એક નાનકડો પ્રસંગ જ વર્ણવવો છે. જે પ્રસંગ દેખાવે ઘણો જ નાનો છે પણ જો દિલને સમજાઇ જાય તો ઘણો જ બોધદાયક છે.

પ્રસંગ પામી રાજાએ વંકચૂલને પોતાના પુત્ર સમાન ગણ્યો અને તે રીતના જ માન–સન્માન આપ્યું. અવસર આવે બીજા શત્રુ રાજાની સાથે યુદ્ધમાં શ્રી વંકચૂલ ગયો. તે શત્રુ રાજાનો પરાભવ કર્યો પણ શ્રી વંકચૂલ ઘણો ઘવાયો. રાજસેવકો તેને રાજા પાસે લઈ આવ્યા. રાજવૈદ્યો તેની શુશ્રુષા કરવા લાગ્યા. ઘણા ઘણા ઔષધો કર્યા પણ કાંઈ ગુણ ન થયો. રાજાએ કડક થઇ પૂછયું તો એક અનુભવી રાજવૈદ્યે કહ્યું કે–'રાજન્ ! જો આ કાગડાનું માંસ ખાય તો તેના બધા ઘાવ રૂઝાઈ જાય.' વૈદ્ય તો સચોટ ઉપાય બતાવી ચાલ્યા ગયા.

રાજાએ તેને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ જે વંકચૂલે જે ચાર નિયમો અહણ કરેલા અને તે નિયમોનું ફલ પ્રત્યક્ષ પણ અનુભવેલું તે કોઈપણ સંયોગોમાં રાજાની આ વાત માનવા તૈયાર ન થયો. ખરેખર ધર્માત્મા ખુમારીવાળો હોય, ટેકીલો હોય. 'પ્રાણ જાય પણ વચન ન જાય' તે ભાવનામાં રમતો હોય. રાજા તેને જીવાડવા માટે ઔષધ કરાવવા દબાણ કરે છે. અંતે તેને સમજાવવા તેનો એક શ્રી જિનદાસ નામનો શ્રાવક મિત્ર હતો તેને બોલાવરાવે છે.

તે શ્રાવક રાજમાર્ગેથી આવી રહ્યો છે ત્યારે માર્ગમાં બે સ્ત્રીઓને રડતી જુએ છે. દયાળુ હોવાથી તે બંને સ્ત્રીઓને રૂદનનું કારણ પૂછે છે તો તેઓ કહે કે–'અમે દેવલોકની દેવીઓ છીએ. અમારો સ્વામી મરવી ગયો છે. આ વંકચૂલ જો પોતાના નિયમમાં મક્કમ રહે તો મરીને અમારો સ્વામી થાય તેવો છે. તમે સમજાવવા જાવ છો તો નિયમ ન મૂકાવતા.' શ્રાવક કહે કે–હું શ્રી જિનેશ્વર દેવના માર્ગનો અનુયાયી છું. તેને નિયમ નહિ ભંગાવું.

તે પછી શ્રાવક શ્રી વંકચૂલની પાસે ગયો. તેને એવી સુંદર આરાધના કરાવી અને નિયમમાં મક્કમ બનાવ્યો કે–'અગ્નિમાં પ્રવેશ કરવું સારૂં પણ ગ્રહણ કરેલ નિયમનો ભંગ કરવો સારો નહિ. ગ્રહણ નિયમ તો પ્રાણના ભોગે પણ પાળવો જ જોઇએ.' આવા ભાવથી તેને આરાધનામાં ચઢાવી–ઉલ્લસિત કરી એવી સુંદર નિર્યામણા કરાવી કે જેના કારણે તેના પરિણામોની એવી ચઢતી થઇ કે, તે બારમા દેવલોકમાં દેવ થયો.

પોતાના સાચા મિત્રના મૃત્યુનો શોક અને તેની આરાધનાથી આનંદ પામતો તે શ્રાવક હવે પોતાના ગામ જઇ રહ્યો છે. માર્ગમાં ફરી તે બે સ્ત્રીઓને રડતી જોઇ અને પૂછ્યું કે હજી પણ કેમ રડો છો ? મેં તેનો નિયમ ભંગાવ્યો નથી. તો તે બે દેવીઓ કહે કે તમે તો એવા સમતારસમાં તેને ઝીલાવ્યો એવી અનુપમ આરાધના કરાવી કે તે બારમા દેવલોકમાં દેવ થયો.' માટે અમારૂં કાર્ય સિદ્ધ ન થવાથી અમે રડીએ છીએ.

આપણી મુળ વાત એ છે કે ખરેખરા કલ્યાણમિત્ર કેવા હોય ! આપણો આત્મા જો આવા કલ્યાણમિત્રને ન પામ્યો હોય તો તે પામવા મહેનત કરીએ તો આ દૃષ્ટાંત વાંચ્યું લાભદાયી થાય આપણે જેમ કલ્યાણ મિત્ર જોઇએ તેમ બીજાના કલ્યાણ મિત્ર પણ બનવાનું. સૌ આવી સાચી કલ્યાણ મિત્રતાને પામી, ધર્મ આરાધી, આત્માનું હિત કરનારા બનીએ તે જ મંગલ ભાવના.



—: શ્વે. જૈન જ્ઞાન ભંડારને ભેટ મોકલો :—

આણા (મધ્ય પ્રદેશ)માં શ્રી રાજતિલકસૂરીશ્વરજી જૈન શ્વે. જ્ઞાન ભંડારની સ્થાપના થયેલ છે તો કોઇ પણ જૈન સાહિત્ય આગમ આદિ ભેટ મોકલવા હોય તો નીચેના સરનામે મોકલશો.

શ્રી નેમિનાથજી જૈન શ્વે. દેરાસર (મંદિર)

બડા બાજાર, આણ્ટા-૪૬૬૧૧૧ જિલા શિહોર (મધ્ય પ્રદેશ)

卐 શ્રેષ્ઠિ મહણસિંહ 卐

પૂ પ્રશાંતમૂર્તિ આ. શ્રી વિ. જિતમૃગાંકસૂરિ શિષ્ય

આ. વિ. રત્નભૂષણસૂરીશ્વરજી મ.

અનાદિકાલીન આ સંસારમાં આપણાં સૌના જન્મ–મરણ ચાલુ જ છે. સંસારમાં આ રીતે પરિભ્રમણ કરતાં કરતાં મનુષ્યભવ આપણને જ્યારે મળી જાય, અને તેમાં પણ જો દેવ–ગુરુ–ધર્મની સામગ્રીનો સંયોગ મળી જાય–પછી તો આત્માનો ઉધ્ધાર કરવામાં શા માટે ઢીલ કરવી ?

અત્યારનો સમય એટલો બધો વિષમ છે કે– અનન્ત ઉપકારી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ જે કોઈ ભાગ્યશાળી આત્માઓ ધર્મની આરાધના કરીને પોતાનું આત્મ-કલ્યાણ સાધી રહ્યાં છે–તે દરેકનું જીવન પણ એકેક પ્રેરક કથા બની જાય છે. તેઓના જીવનમાં ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થઇ ? ધર્મનું બીજ કઈ રીતે રોપાયું ? ધર્મની આરાધના કરવામાં અને આગળ વધવામાં તેઓને કેવા કેવા અવરોધ આવ્યાં ? અને તેઓએ કઇ રીતે તે અવરોધો પાર કર્યા ? આ બધી બાબતોનો અભ્યાસ કરતાં ખરેખર આપણું અન્તર ભાવથી નમી પડે છે.

ધર્મી જીવોને ગમે તેવી વિષમ પરિસ્થિતિ પણ ઢીલા પાડી શકતી નથી; ઉલટું તેઓની શક્તિ અને શ્રધ્ધા એવા અવસરે પૂર બહારમાં ખીલી ઉઠે છે. ભૂતકાળમાં દૃઢ ધર્મી અનેક આત્મા થઇ ગયાં છે. જેનું વર્ણન આપણને શાસ્ત્ર ગ્રન્થો વિગેરેથી જાણવા મળે છે. એવી જ રીતે તદ્દન નજીકના નહિં અને બહુ દૂરના નહિં એવા ભૂત-કાળમાં થઇ ગયેલ એક ભાગ્યશાળી આત્માની કથા પણ જાણવા જેવી અને માણવા જેવી છે.

ઇતિહાસ પ્રસિધ્ધ એવી દીલ્હી નગરીમાં ફીરોઝ શાહ સુલ્તાન રાજ કરે છે. તેઓ ખૂબ જ કાળજીથી પોતાની પ્રજાનું પાલન–પોષણ કરે છે અને ન્યાયપૂર્વક રાજા તરીકેની પોતાની ફરજ બજાવે છે. આવા ન્યાયી વહીવટના કારણે એના રાજ્યમાં જુદા જુદા ધર્મો પાળતી પ્રજા પણ ભાઇચારાથી રહે છે. પોતે ઇસ્લામ ધર્મને માનનારો હોવા છતાં બીજા ધર્મને માનનારા જીવોની યોગ્ય કદર પણ કરી જાણે છે. એના આવા સ્વભાવના કારણે એક શ્રાવક–શ્રેષ્ઠિ મહણસિંહ ઉપર સુલ્તાનને ખૂબ જ પ્રેમ હતો–રાજ્યના મહત્ત્વના–અટ-પટા કોયડા ઉકેલવામાં એની સૂઝ–બૂઝનો એ ઉપયોગ કરતો, અને મહણસિંહ પણ એને

એવી સુન્દર સલાહ આપીને કોયડા ઉકેલી દેતો, કે એને લીધે જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ તે સુલ્તાનનો વધુ ને વધુ માનીતો બનતો ગયો.

એવામાં એકવાર સુલ્તાનને મુસાફરીનો અવસર આવ્યો, તે વખતે તેણે મહણસિંહને પણ પોતાની સાથે લીધો. આ શ્રાવકને પોતે ઘરમાં હોય કે બહાર હોય, પોતાની આવશ્યક ક્રિયા તો કરવી જ, એવો નિયમ હતો–પ્રાણના પણ ભોગે તે પોતાના આ નિયમનું પાલન કરતો–એટલે આવશ્યક ક્રિયાના સાધનો પણ તે પોતાની સાથે જ રાખતો. ઘોડા ઉપર બેસીને સૌ પ્રવાસમાં આગળ વધી રહ્યાં છે. મહણસિંહ પણ એમાં સાથે જ છે. એમ કરતાં સંધ્યા સમય થવાથી એક બાજુ આવીને ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયો અને રસાલા સહિત સુલ્તાન તો જે ગામે પહોંચવું હતું ત્યાં પહોંચી ગયો. આ બાજુ મહણસિંહે તો નિર્દોષ અને ઉચિત ભૂમિ ઉપર સામયિક લઇને પ્રતિક્રમણ શરૂ કર્યું એક પછી એક ક્રિયાનાં સૂત્રો બોલાય છે અને ઉલ્લાસપૂર્વક વિધિ સહિત પ્રતિક્રમણ ચલુ છે.

જે વખતે ગામમાં પહોંચેલા સુલ્તાને મહણસિંહને પોતાની પાસે ન જોયો એટલે સેવકોને પૂછ્યું કે–'મહણસિંહ કયાં છે? જાઓ તપાસ કરો અને જલ્દી બોલાવી લાવો.' તપાસ કરતા માણસો તેની પાસે આવ્યાં અને સુલ્તાન જલ્દી બોલાવે છે. એમ કહ્યું, એવામાં પ્રતિક્રમણ અને સામાયિક પુરૂં થઇ ગયું એટલે સામાયિક પારીને મહણસિંહ સુલ્તાન પાસે પહોંચ્યો તે વખતે સુલ્તાને તેને પૂછ્યું કે–તું કયાં રે કાઇ ગયો? તું ત્યાં શું કરતો હતો?, જવાબમાં મહણસિંહે કહ્યું કે–'હું ગમે ત્યાં હોઉં સવારે સૂર્યોદય વખતે અને સાંજે સૂર્યાસ્ત વખતે–પ્રતિક્રમણ અવશ્ય કરૂં છું, મારાં એ નિયમ મુજબ હું પ્રતિક્રમણ કરવા રોકાયો હતો.'

જે સાંભળીને સુલ્તાને તેને કહ્યું, કે– ભલા ભાઇ આવી રીતે કરાય? આપણાં અનેક દુશ્મનો છે. તેઓ લાગ જોઇને આવા સમયે તને મારી નાંખે તો શું થાય? જવાબમાં મહણસિંહે કહ્યું, કે–'ધર્મની આરાધના કરતાં જો મારૂં મરણ થાય તો મને સ્વર્ગ જ મળે એટલે જ્યાં પ્રતિક્રમણ કરવાનો સમય થયો ત્યાં જ તે કરી લીધું.' તેના આ જવાબથી સુલ્તાન ખૂબ જ ખુશ થયો. અને લશ્કરને આજ્ઞા કરી કે–આ મહણસિંહ જ્યાં પ્રતિક્રમણ કરવા બેસે ત્યાં તમારે એનું રક્ષણ કરવું સુલ્તાનના આવા આદેશથી બેહજારનું લશ્કર મહણસિંહ જ્યારે પ્રતિક્રમણ કરે ત્યારે તેનું રક્ષણ કરે છે

એક જૈન ધર્મી શ્રાવકની દૃઢતાથી પોતે બીજા ધર્મને માનનારો હોવા છતાં તે

સુલતાને એના કેવી કદર કરી એ જ આપણે વિચારવાનું છે, ખરી મહત્વની વાત આ જ છે. પરંતુ એક સરખા સારાં દિવસો કોઇના થોડાં જ જાય છે ? એકવાર સુલતાને કોઇકની કાન ભંભેરણીથી ગુસ્સે થઇને આખા શરીરે બેડીઓથી બાંધીને જેલમાં નાંખ્યો. તે વખતે તેનો આખો દિવસ ઉપવાસ થયો, પણ તેની એને કોઇ ચિંતા નથી, પણ સાંજ પડી, પ્રતિક્રમણનો સમય થયો, પ્રતિક્રમણ કરવું છે, હવે તેનો રસ્તો કઇ રીતે કાઢવો ? એનો વિચાર કરે છે. ચોકીદારને એક ટાંક સોનું આપીને બેઘડી પૂરતી બેડીઓ કઢાવી નાંખી. ખુબ જ ભાવપૂર્વક ચઢતે પરિણામે પ્રતિક્રમણ કર્યું, અને પછી બેડી પહેરી લીધી. દરરોજ સવાર–સાંજ આ રીતે પ્રતિક્રમણ કરવા માટે પોતે ચોકીદારને એકેક ટાંક સોનું આપાવે છે અને પ્રતિક્રમણ ચાલુ રાખે છે.

કેદમાંથી છૂટવા માટે કે બીજા કોઇ પણ કામકાજ માટે નહિ પરંતુ પ્રતિક્રમણ કરવા માટે આ રીતે એક મહીનામાં ૬૦ ટાંક સોનું ચોકીદારને આપાવ્યું પણ પોતાનું પ્રતિક્રમણ ન છોડયું. તે ન જ છોડયું.

એકવાર અચાનક સુલતાનને વિચાર આવ્યો કે મેં તો આ મહણસિંહને બેડીઓ થી બાંધીને જેલમાં નાંખ્યો છે, તો એના પ્રતિક્રમણના નિયમનું શું થયું હશે ? તપાસ કરાવતાં તેને હકીકત જાણવા મળી તેણે જેલમાં પણ આ રીતે અખંડપણે પોતાનો નિયમ જાળવ્યો છે, એ જાણીને એને જરા પણ ગુસ્સો તો ન આવ્યો પરંતુ તેના ઉપર તે બેહદ ખુશ થયો. તેને જેલમાંથી મુક્ત કર્યો. અને ખૂબ જ આદર સત્કાર કરીને તેનું બહુમાન કર્યું

આમાં જેવી રીતે મહણસિંહની ધર્મની દૃઢતા અને ધર્મ માટે પ્રાણત્યાગ કરવા સુધીની પણ તૈયારી અનુમોદનીય છે. એવી જ રીતે સુલતાનની પણ સરળતા, ધર્મના કારણે મહણસિંહ ઉપર પ્રીતિ, તે પછી તેને જેલમાં નાંખવાની ભૂલ કરવા છતાં જ્યારે પોતાની ભૂલ સમજાઇ ત્યારે તુરત જ તે ભૂલ સુધારી લીધી, આ બધું આજે પણ આપણને ખુબ ખુબ પ્રેરક બની રહે છે.....



પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ તપાગચ્છાધિપતિ
સંઘસ્થવિર પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી
મહારાજની ચતુર્થ સ્વર્ગારોહણ દિને પૂજ્યશ્રીનું સ્મૃતિ ગીત

❋ છવાયા છો તમે ચોમેર ❋

સૂરિવર રામ ! સુરભિમેર છવાયા છો તમે ચોમેર
થઇને ધુપની ધુમ સેર છવાયા છો તમે ચોમેર
સુવાસી એ સવારોને હૃદયમાં સાચવી રાખી
હસીશું : સાંજ આંખોને ભલે, કરતી રહે ઝાંખી
નિરખશું યાદના ખંડેર છવાયા છો તમે ચોમેર થઇને...૧

હૃદયનાં કોડિયામાંહી ચમકતી દીપ છાયામાં
તમારા તેજ પસરે છે જીવું એની જ માયામાં
નહીં નડશે કશો અંધેર છવાયા છો તમે ચોમેર થઇને...૨

સતત સાનિધ્ય મળતુ રહે સ્મરણની ભાવ ધારામાં
અને અસ્તિત્વ મારૂં આ ભળી જ જતું તમારામાં
વિરહમાં ના કશો છે ફેર છવાયા છો તમે ચોમેર થઇને...૩

તમારાં નામથી વરસી જતાં આંખો નહી થાકે
હવે, ખારાશ આંસુની અમી જેવી મધુર લાગે
તમારૂં રૂપ એ ઝીણેર છવાયા છો તમે ચોમેર થઇને....૪

તમારી યાદ આતમને અપૂરવ તાજગી દે છે
અલખના સાદથી ઉરને છલોછલ એ ભરી દે છે
નથી શિવપદ જવામાં દેર છવાયા છો તમે ચોમેર થઇને...૫

ભલે, આકાશ આખું આ અગનની જાળ વરસાવે
પરંતુ, સાચને છોડી નવું તો ના કદી ફાવે
મળી રહે જો તમારી મહેર છવાયા છો તમે ચોમેર થઇને...૬

તમારી કૃપા થકી ધરશું પરમનોલય અને ભવભય
તમારી કૃપા થકી કરશું મમતનો ક્ષય સુગુણસંચય
અને સુખને ગણીશું ઝેર છવાયા છો તમે ચોમેર થઇને ...૭

પરમપદને પ્રરૂપનારી રમરી તુજ શબ્દની સૃષ્ટિ
પ્રશમ માં લીન તુજ મૂર્તિ અનહિત તેજની વૃષ્ટિ
બનીશું શુદ્ધને નિર્લેપ છવાયા છો તમે ચોમેર થઇને....૮

(રાગ : સુહાની ચાંદની રાતે)

વિક્રમ સંવત ૨૦૫૧ અષાઢ વદ ૧૪

રમણલાલ છગનલાલ આરાધના ભુવન
રત્નત્રયી આરાધક સંઘ
શાન્તાદેવી રોડ, નવસારી

ધર્મ ચુસ્ત-સાધનામાં ફર્સ્ટ

પૂ વિશ્વવિક્રમી તપસ્વી આ. શ્રી વારિષેણ સૂરીશ્વરજી મ. દાદર-મુંબઇ

સર્વ માંગલ્યમાં પ્રથમ મંગલ, સર્વ કલ્યાણોનું શ્રેષ્ઠ કલ્યાણ,
સર્વ ધર્મોમાં પ્રધાન કારણ જયવંતા.

જૈન ધર્મનો, પુર્વના પુણ્યથી પ્રાપ્તિ થાય છે. ગત જન્મના સંસ્કાર ઉદ્યાનમાં ચુસ્તતાના ગુલાબ વાવ્યા હોય તો મોક્ષમાર્ગની મંગલ સુવાસ આ દુર્લભ કાળમાં પણ જૈનત્વને શોભાવવા નો મહા લાભ મળે છે.

જે સમયે વાસનાને વાંછનાઓને ઉશ્કેરવા, ટી. વી, વીડીયો, હોટેલ, ક્લબો, ની ભરપુર સામર્થ્ય પુન્યને ખતમ કરવા વિકસી રહી છે.

મેકોલે ની શિક્ષણ પધ્ધતિ કોમળ માણસને શ્રદ્ધા ભ્રષ્ટ કરે છે, ત્યારે ધર્મકૃત્યોમાં ચુસ્તતા નહી હોય તો પરિવારમાં ધર્મ ટકવો મુશ્કેલ છે.

વડીલે ની, જવાબદાર વ્યક્તિઓની, પાપાભિરૂ બનીને ધર્મક્રિયાઓને ચુસ્તતાથી આરાધવી આવશ્યક છે. મોરારજી દેસાઇ પાપની રસી ન ચુકવા મક્કમ રહે. લાલબહાદુર શાસ્ત્રી દારૂ નહી ચા પણ નથી પીતો કહીશ કે, તો ન્યુ વેલ મોર્ડન જમાનાના શ્રમણોપાસકે સ્વધર્મમાં કેમ ઢીલાશ મુકવી ?

અમદાવાદમાં લાલજી નામનો શુદ્ર જાતીમાં ઉત્પન્ન થયેલો પણ, જૈન ધર્મની ચુસ્તતા પાલન કરવા કેવો મક્કમ રહ્યો. પાંચ હજારનો ને નેકલેસ હાર શેઠાણીનો પ્રાયવેટમાં રસ્તા પરથી મળ્યો છતાં ન લીધો ને બંગલામાં શેઠને બેલથી ઉઠાડીને આપવા લાગ્યો. કદરદાન શેઠે ઇનામ પાંચસો રૂપીયા આપવા માંડયા પણ ન લીધાં. પાર્ટીમાં ભોજન માટે આમંત્રણ આપ્યું તો રાત્રિ ભોજન ત્યાગ છે, કંદમુળ ન ચલાવી લેવાય, વાસી ન ખવાય, ની ચુસ્તતાથી વાતો કરે છે.

શેઠ કહે ભાત લઇ જજે જેમાં કશુ અભક્ષ્ય નહી હોય, ત્યારે જેણે શુદ્ર કહો છો, નીચ કહો છો, જેને અસ્પૃશ્ય ગણો છો ને પોતે આય. એમ. જૈન ને આય. એમ. જૈનને ગર્વ હ્યો છો. જયાં દયા નથી. તેનો અહિંસક ભાવ સાંભળવા જેવો છે. લાલજી કહે શેઠ તમારા ચાવલનું પાણી ગરમગરમ, તમો તો ગટરમાં નાંખો છો ને કેટલા બધા નાના મોટા જીવોનાં જીવનમાં આગ લગાડો છો. તેવા ગટરમાં નાખેલા ઓસામનના ભાત મને ન ખપે. મારો ધર્મ લજવાય, મારો આત્મા ડંખાય, મને મારી મજુરીનું લીલું-સુકું જે મળે તે અમૃત છે. નાની જિંદગીમાં આ મોહ્યલાને ઠુમાવવાના પ્રયત્ન કેમ થાય. મારા કર્મ મારે જ ભોગવવા છે ને ? ખ્યાલ આવે છે.

જૈનત્વને શોભાવવા માટે ધર્મચુસ્ત બનવું જ રહ્યું. કેવી ધર્મચુસ્ત માતા જેને પોતાની દીકરી ડૉ. થઈને દવાખાનાના ઓપનીંગમાં આવવા આગ્રહ કરવા લાગી, તો માતાએ તેને પ્રાયશ્ચિત કરવા ઉપાશ્રયે મોકલી ગુરૂદેવે દેડકાં મારવાના ભયંકર પાપનું પ્રાયશ્ચિત સંયમ લેવા કહ્યું ને ડૉ. નીલમ જૈન સંયમ પંથે સંચરી ગઇ. પુણ્ય લાભના દાતા માતાની ધર્મ ચુસ્તતા હતી.

શ્રાવિકાઓ એ ધર્મચુસ્ત બનવાની અતિ આવશ્યકતા છે. સતી મદનરેખા સુન્દરીને સજ્જન પુરૂષ મહાબલ કુમાર રાજપાટને સુખ સાહ્યબી શીયલ રક્ષા માટે છોડી દે છે. ને જંગલમાં મંગલ ભર્યા કષ્ટો સહન કરે છે. દાદર જ્ઞાનમંદિરના ફાઉન્ડેશન જેવા શેઠને કરોડો રૂપિયા ધંધાના ફુગ્ગામાં બાકી રહ્યા. રાજાની રાણી ને પુત્રી કહે તમે અમારી સાથે લગ્ન કરો તો જ મળે, ને સંયમના અપીઆત્મ.એ કરોડ જાતા કર્યા ને કાયાને શુદ્ધ રાખી શિયલ અખંડીત રાખ્યું શ્રમણોપાસકો આજે પણ બહુ રત્ના છે. કે અમરાવતીના જૈન નબીરાને દારૂના ધંધામાં ભાગીદારી કરવા અજૈને ખુબ લલચાવ્યો ગાડી, બંગલો, ટી. વી. બધું જ આપવા તૈયાર પણ માતા પિતાના સંસ્કારે પાપનો ધંધો ન કર્યો.

ઇતિહાસ વાંચીને ઇતિહાસ બનવાનો પ્રયત્ન કરવો જોઇએ. નાની પણ ધર્મચુસ્તતા મહાન લાભને આપે છે. સહન કરવાથી સિદ્ધિ મળે છે. સમાધિ રાખે તો સુવર્ણાક્ષરે ઇતિહાસ લખાય છે. નાનો પણ ધર્મ એક પણ પરોપકાર કરો. જેની ખુશ્બો જીવનભર અનુભવાય.

આજના ભોગવાદ જમાનાવાદ નાસ્તિકવાદની હવામાં આપના મનને મકકમ બનાવવું જરૂરી છે. માનવ જન્મ શીયલનાં અલંકારથી શોભાવશો. માનવનું અલંકાર લક્ષ્મી શક્તિ બને છે. શક્તિને પર કાજે ખર્ચે તેને સિધ્ધિના ઇનામ મળે છે માટે જ કહ્યું છે જેમ સ્વર સાથે ઢોલકની અનીવાર્યતા છે. રંગ સાથે પાણીની જરૂરિયાત છે. તો ઉત્તમ જીવન સાથે ધર્મ ચુસ્તતાની પણ જરૂર છે.

"આઠે વરસે જેઠ અંગારે, યા પત જર હર કુલ ઉતારે,
મન કી મકકમતા સહારે, ધર્મ ભવ પાર ઉત.રે !! "
"અડગ મનના માનવીને, હિમાલય નડતો નથી,
અસ્થિર મનના માનવીને, રસ્તો પણ મળતો નથી." ॥

(અનુસંધાન પેઇજ ૬૭ ઉપર)

પુણિયા શ્રાવક – શ્રાવક રત્ન

-શ્રી કિશોર ભોગીલાલ શાહ-વિરાર

ભગવાન મહાવીર સ્વામીની અમૃતરૂપી વાણી પુણિયા શ્રાવકના હૃદયને સ્પર્શી ગઈ. સાધર્મિક ભક્તિ કરવા જેવી છે. સાધર્મિક સમુ કોઈ સગપણ નહી. ઘરે આવ્યા પછી પુણિયા શ્રાવક ચિંતિત હતા. એમની ધર્મપત્નીએ કારણ પૂછયું પુણિયા શ્રાવકે દેશનાની વાત કરી. આપણી આવક ઓછી આપણે સાધર્મિક ભક્તિ કેવી રીતે કરશું ? તેમની પત્ની પણ ધર્મપત્ની હતી. ધર્મમાં સાથ દેવાવાળી, એને ઉપાય બતાવ્યો નાથ– એક દિવસ હું ઉપવાસ કરીશ એક દિવસ તમે ઉપવાસ કરશો. આ પ્રમાણે પોતે રોજ ૧ શ્રાવકની સાધર્મિક ભક્તિ કરે છે.

તેમની આવક પણ ઓછી હતી છતા એમને એનું દુઃખ નહોતું કે નહોતી વધારવાની ઈચ્છા એમનામાં સંતોષ ગુણ જીવતો જાગતો હતો. વેપારીઓએ મળીને નક્કી કર્યું કે પુણિયા શ્રાવકની આજ આવક હોવાથી એને માલ ઓછા ભાવે આપવો પરંતુ પુણિયા શ્રાવકમાં ખુમારી હતી. એને ના પાડી કહ્યું મને બજાર ભાવે જ માલ આપવો. કોઇની મહેરબાની લેવા પણ તેઓ તૈયાર નહોતા.

તેમની સામાયિકના વખાણ તો ખુદ મહાવીર સ્વામી ભગવાને પણ કરેલા શ્રેણિકરાજા પોતે આખું રાજ આપવા તૈયાર થયા પરંતુ પોતાની સામાયિક ન મલી.


એ વખતે શ્રાવિકાથી ભૂલમાં પડોશીનું એક છાણુ ઘરમાં આવી ગયું અણહકકનું ઘરમાં આવાથી એમનું મન સામાયિકમાં નહોતું લાગતું.

આવા સંતોષ ગુણવાળા સાધર્મિક ભક્તિ કરનારા અણહકનું નહિ લેનારા પુણિયા શ્રાવકને તો કયારેય ન વીસરાય.

(અનુ. પેઈજ ૬૬ નું ચાલું)

આપના ધર્મને ચુસ્તતાથી આરાધીને જીવન ધન્ય બનાવો. તપને સફળ બનાવો, મરણને સરસ બનાવો, પરલોકને સદ્ધર બનાવો સાકરની મીઠાશ જેવો, ફુલની સુવાસ જેવો ધર્મ આત્મસાત કરો તે ઉપાધિના ત્રાસ દૂર થઈ જશે. સુખના પ્રકાશ પથરાશે. ધર્મને ચુસ્તતાથી પાળી આત્મને નિર્મલ કરીને કમળ જેમ સુવાસિત બની અનંત લબ્ધિને મેળવી ત્રણ ભુવનમાં તિલક સમાન સિધ્ધશિલાવાસી બનો ભદ્રંકર માર્ગની આરાધના પુણ્યાનંદના લાભ અપાવશે માટે અપ્રમત્ત ભાવથી જિનવાણી રૂપી વારિના સિંચનથી આત્મ ભાવોને વિકસાવજો.

દયા ધર્મનું મુળ છે. શ્રી મહાવીરાય નમઃ અહિંસા પરમો ધર્મ.



ફોન : પ્રે. ૦૬ ઓ. ૪૦

શ્રી જીવદયા મંડળ–રાપર–કચ્છ

–: નમ્ર અપીલ :–

ધર્મપ્રેમી ભાઇશ્રી,

જીવદયા ક્ષેત્રે ગૌમદા કાર્ય કરી રહેલ શ્રી જીવદયા મંડળ રાપરનું ઓળખાણ હવે ભાગ્યે જ આપવાની રહે. કારણ કે છેલ્લા ૨૦ [વીશ] વર્ષથી સતત જીવદયાની કાર્યવાહીના કારણે સારાયે કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત તેમજ મુંબઇ કે મહારાષ્ટ્રમાં તે ખુબ જ જાણીતી સંસ્થા બની ચુકી છે. ગમે તેવી મુશ્કેલીઓ ભરેલી સ્થિતિમાં પણ આ સંસ્થાએ શકય સુયોગ્ય રીતે અબોલ જીવોનું જતન કરેલ છે તેમ ગમે તેવી આર્થિક ભીંસ વખતે તેમ દુષ્કાળના સમયે ગમે તેવી કપરી સ્થિતિમાં પણ ઢોરે લેવાની ના મથી તેમ ગમે તેટલી મોટી સંખ્યામાં પણ ઢોરોનો નિભાવ કરેલ છે.

રાપર તાલુકો વિસ્તારની દૃષ્ટિએ ખુબ જ વિશાળ છે. તેમ વ્યવસાય ખાસ કરીને ખેતી અને પશુપાલન હોઇ ઢોરોની સંખ્યા વિશેષ રહે છે. વળી તાલુકામ ખાસ કોઇ બીજી પાંજરાપોળ નહોતાં આ સંસ્થા ઉપર કાયમીપણે ઢોરોનું ખુબ જ મોટું ભારણ રહે છે. આ વરસે વરસ ખુબ સારૂ હોવા છતાં આ સંસ્થામાં હાલે ઢોરોની સંખ્યા ૨૧૫૦ (એકવીસો પચાસ)ની આસપાસ છે. સંસ્થા પાસે ફંડ સિવાય બીજા કોઇ આવકનું સાધન ન હોવાથી સંસ્થા હંમેશાં આર્થિક ભીંસમાં જ જીવે છે. આથી આ સંસ્થાને આર્થિક સહયોગની ખુબ જ આવશ્યકતા રહે તે સ્વાભાવિક છે. તો જીવદયા પ્રેમી ભાઇઓ, શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓને નમ્ર વિનંતિ કે આ સંસ્થાને આર્થિક સહયોગ આપી અપાવી આભારી કરશોજી. વિતેલા વર્ષોમાં નામી–અનામી જે સૌનો ખુબ સુંદર સાથ અને સહકાર મળેલ છે તે સૌનો સહૃદય પૂર્વક આભાર અત્રેથી વ્યકત કરીએ છીએ તેમ ભવિષ્યમાં પણ સૌનો સહયોગ મળતો રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ...

તા.ક. : શકય હોય તો સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી. સંસ્થાનું ખાતુ દેના બેંક રાપરમાં છે. શ્રી જીવદયા મંડળ રાપરના નામનું છે. હાલે ઢોરોની સંખ્યા ૨૧૫૦ ની છે.

લી. ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમિટી શ્રી જીવદયા મંડળ રાપર–કચ્છ–૩૭૦૧૬૫

જૈન શાસનનો
ચમકતો સિતારો

શ્રી ભોગસાર

–પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. – મુંબઈ પારલા (વેસ્ટ)

સોહામણું ને સુંદર કાંપિલ્યપુર નગર બાર વ્રતધારી સુશ્રાવક ભોગસાર શ્રેષ્ઠી. અનન્ય ભક્તિભાવથી ભર તેણે શ્રી શાંતિનાથ ભગવંતનો નયન રમ્ય સુંદર પ્રાસાદ કરાવ્યો.

હંમેશાં ત્રિકાળ પૂજા કરતો હતો. એક દિવસે તેની પત્ની મૃત્યુ પામી સ્ત્રી વિના ઘર કોણ ચલાવે ? એમ માની બીજી પત્ની પરણ્યો. આ સ્ત્રી સ્વભાવે ચંચળ અને મનસ્વી હતી. મહારવાથીને લંપટ હતી. પતિથી ગુપ્ત રીતે ધન ભેગુ કરી સ્વેચ્છાપૂર્વક વર્તતી. મોજ મજા અમન ચમનમાં શેઠનું ધન સર્વ ખલાસ થઇ ગયું તેથી શેઠ ભોગસાર બીજે ગામ રહેવા ગયો.

પરંતુ શ્રી શાંતિનાથ પરમાત્માની બંન્ને પૂજા (દ્રવ્ય અને ભાવ) ભૂલતો નહિ. ભાવપૂજા તો ત્રિકાળ કરતો જ. એક અવસરે તેની સ્ત્રી અને અન્ય મિથ્યાદૃષ્ટિ લોકોએ કહ્યું: હે શ્રેષ્ઠી ? આ તારા ભગવાન કાંઇ ફળ તો આવતાં નથી તો તેવા વીતરાગને ભજવાનો શો અર્થ ? એની ભક્તિથી તો તમને આ દરિદ્રતા આવી. એટલે એના કરતાં હનુમાન ગણપતિ ચંડિકા વગેરે દેવ દેવીઓની ઉપાસના કરો જેથી તરત ફળ મળે.

આ સાંભળી શ્રેષ્ઠી વિચારવા લાગ્યો કે આ બધા લોકો બીચારા પરમાર્થના અભાવે મોહ મદિરામાં મસ્ત થઇ જેમ તેમ બોલે છે, પૂર્વે પુણ્ય કર્યું નથી ને આ ભવમાં પુણ્યનું સંપૂર્ણ ફળ ભોગવવાની મહેચ્છા ધરાવે છે તો આ બધાના મૂળમાં ગાઢ મિથ્યાત્વની મૂઢતા જ નથી શું ?

અન્ય દેવો શું ન્યાય કરવાના ?

પણ એમ નથી સમજતા કે સંસારના દુઃખોનું વિસ્મરણ કરવા પરમાત્માનું સ્મરણ જ અનિવાર્ય છે ! વીતરાગ પરમાત્માના ગુણોની સ્તવના કર્યા વિના મોહ કર્મ શું નાશ પામશે ?

મિથ્યાત્વના વમળમાં મગ્ન બનેલા જીવો સાંસારિક ઇચ્છાઓ – આશાઓ પૂર્ણ કરવા દેવ દેવીઓને ભજે છે, અને માને છે કે આ દેવ–દેવીઓએ મારી ઇચ્છા/મહેચ્છા પૂર્ણ કરી આ કેવલ ભમણા છે.

આમ વિચારી શ્રેષ્ઠી ભોગસાર મનમાં જરા પણ મુંઝાયા નહિ. પરંતુ પરમાત્માના સિધ્ધાંતોમાં અડગ રહ્યા. વિષમ પરિસ્થિતિમાં ધર્મ ટકાવી રાખવો મહા કઠીન છે.

ધનના અભાવે શ્રેષ્ઠીએ ખેતી કરવા માંડી. તેની સ્ત્રી ભાવતા ભોજન ખાય ને પતિને ચોળા વગેરે કુત્સિત અનાજ ખાવા આપે. એટલે ભોગસાર નામનો રહ્યો...ને સ્ત્રી ભોગવતી બની.

કુલટા એવી તે પરપુરૂષને પણ ભોગવવા લાગી શ્રેષ્ઠી પરમ ધર્માત્મા સુશ્રાવક છે. પણ હાલ પાપોદય વર્તી રહ્યો છે, છતાં ય શ્રદ્ધાથી જરા પણ વિચલિત થતાં નથી.

એક અવસરે શ્રી શાંતિનાથ ભ. ના અધિષ્ઠાયક દેવે વિચાર્યું કે હમણાં સુગંધી દ્રવ્યો વડે પરમાત્માની કુસુમપૂજા વગેરે કેમ થતું નથી ?

અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જાણ્યું...અ હા હા.... હાલ ભોગસારનું પુણ્ય નાશ પામ્યું છે– દરિદ્રતા પ્રાપ્ત થઇ છે. પરંતુ શેઠ જિનેશ્વરદેવનો પરમ ભકત છે. તેમાં જરાય ઓટ નથી.

આને હું સહાયક બનું ! સ્ત્રી તો લંપટ છે– કુલટા છે. જેથી પોતાના પતિ ઉપર પણ ભકિતભાવ કે પૂજ્યભાવ નથી.

માટે મારે આ શ્રેષ્ઠીને સાનિધ્ય આપવું છે. જુવો ? ભાગ્યવનો ! દેવને બોલાવવા પડતાં નથી– ધર્મના પ્રભાવે દેવો જ હાજર થઇ જાય છે અધિષ્ઠાયક દેવે તો શેઠના ભાણેજનું રૂપ લીધું ને મામાના ઘેર આવ્યો. મામીને પૂછયું– આપ મામા કયાં છે ! મામી કહે ખેતરે ગયા છે. દેવ ત્યાં ગયો મામાએ કહ્યું તું શા માટે અહીં આવ્યો ? ભાણેજ (દેવ) બોલ્યો– તમને સહાય કરવા. મામા કહે ઘેર જઇ જમી લે.... કહે ના, આપણે સાથે જમશું.

પછી મામાને સહાયક બની રાણુવારમાં ખેતરનું કાર્ય પૂર્ણ કર્યું ચોળાનો ઢગલો થયો– મામા કહે....કેવી રીતે આને લઇ જઇશું ? તરત દૈવી શક્તિથી બધું ઘેર લઇ ગયો.

આ બાજુ કુલટા સ્ત્રી પોતાના ઘરમાં આવતાં બંન્નેને જોઇ આભી બની ગઇ– કારણ ! તેનો જાર પુરૂષ (ખરાબ) ઘરમાં હતો. તેને સંતાડી દીધો. તેના માટે બનાવેલી લાપસી વગેરે પણ સંતાડી દીધું.

ભાણેજે કહ્યું... મામી ? મારા મામા આવ્યા છે– તેની આગતા સ્વાગતા કરો ! આમ બોલતાં– ચોળાનો ભારો જ્યાં નીર પુરૂષ સંતાડયો છે તેના ઉપર નાખ્યો. દાણા કાઢવા માટે જોર જોરથી પ્રહાર કરવા લાગ્યો. પેલો બીચારો જાર પુરૂષ તો હતપ્રહત બની ગયો. પેલી સ્ત્રી વિચારે છે...મારા વ્હાલાને મારી નાંખશે એટલે કહે છે.... બંન્ને જણ જમી લ્યો !

જમવા બેઠા ત્યાં કુત્સિત-ખરાબ ભોજન પીરસે છે- ત્યારે, ભાણેજ બોલ્યો- મામી ? આવું ખરાબ અન્ન હું નહિં ખાઉં ! તો બીજું સારૂં લાવું કયાંથી ? મામી બોલી.

ભાણેજ (દેવ) બોલ્યો પેલી લાપસી પડી છે તે લાવને હું તો બેઠા બેઠા જોઇ રહ્યો છું... આ સાંભળી મામી તો ચકિત થઇ ગઇ. લાપસી પીરસવી પડી- પણ મનમાં વિચારે છે આણે ગુપ્ત વાત કેવી રીતે જાણી ?

ભુત-પ્રેત-ડાકણ તો નહિં હોય ને ? મામો ભાણેજ જમીને સુઇ ગયા- પેલો જારપુરૂષ બહાર ભાગી ગયો. દેવ બધું જાણે છે....પણ મૌન રહ્યો.

એક અવસરે ભાણેજે (દેવે) મામાને પૂછયું- આ તમારા શામળાના લગ્ન કેમ નથી કરતાં ? મામા કહે ધન નથી. ધન વિના લગ્નાદિ કાર્ય કેવી રીતે બને ?

ભાણેજ કહે મામા...આ પૃથ્વીમાં ધન દાટેલું છે તે બતાવું- એમ કહી તેની સીની દેખતાં ધન કાઢી બતાવ્યું પેલી તો આ જાણી અચંબો પામી જે ધન ગુપ્ત રાખ્યું હતું તે પણ આણે બતાવી દીધું. મનમાં કલુષિતને બ્હારથી મીઠી મધુરી વાત કરતી બોલી હે ભાણેજ ! તમે તો ખરેખર અમારૂં દારિદ્ર દૂર કર્યું...ધન્ય છે તમને ?

હવે એક દિવસે શ્રેષ્ઠીએ પોતાના પુત્રનો વિવાહ ઉત્સવ માંડયો.

તે વખતે કુલટા સ્ત્રીએ પોતાના જારપુરૂષને કહ્યું કે તું સ્ત્રીનો વેશ ધારણ કરી બધી સ્ત્રીઓની વચ્ચે મંડપમાં જમવા આવજે. તે પણ સ્ત્રીનો વેશ ધારણ કરી બધી સ્ત્રીઓની વચ્ચે બેઠો.

પેલો ભાણેજ (દેવ) મામાને કહે છે આજે તો હું જ બધાને પીરસીસ. પીરસતાં પીરસતાં પેલો જારપુરૂષ જે સ્ત્રીનો વેશ ધારણ કરીને બેઠો છે ત્યાં જઇ ધીમેથી કહ્યું. તું પેલો જ છે ને ? તેણે ના કહી આવી રીતે બે ત્રણ વાર કહ્યું...એટલે બીજા કહે છે આવી ભોળી ભટ સ્ત્રીને વાર'વાર શું કહે છે !

તે બોલ્યો જયારે હું પીરસવા જઉં ત્યારે તે કંઇ પણ લેતી નથી- ના ના જ પાડે છે...તો મેં કહયું જો તારે જમવું જ નથી તો પછી બધી સ્ત્રીઓની વચ્ચે શા માટે બેઠી છો ?

આ રીતે બનાવી ભાણેજે તેને કાંઇ જમવા ન આપ્યું પેલી કુલટાને ચિંતા થઇ મારો વ્હાલો ભૂખ્યો રહી જશે સમજી ગુપ્ત રીતે લાડવા તેને પીરસી દીધાં તે જારપુરૂષે ચાર લાડવા બાધા- ચાર લાડવા કુક્ષિમાં સંતાડયા. બધી સ્ત્રીઓ જમીને

ઉઠી કે ભાણેજે બધાને કહયું આ મારા મામાના માંડવાને અક્ષતથી વધાવો ! બધી સ્ત્રીઓએ માંડવાને વધાવ્યો– પણ પેલી જાર સ્ત્રી વધાવતી નથી. ત્યારે ભાણેજે (દેવે) કહયું– તમે કેમ વધવતાં નથી ? હવે વધાવ્યા વિના ચાલે તેમ નહિં જ ઉઠીને વધાવવા લાગી ત્યાં પેલા ચાર લાડવાઓ જે સંતાડેલા તે નીચે સરી પડયા આ રીતે બનવાથી પેલો જાર ભાગીને નાશી ગયો.

મામા કહે...આ બધું શું છે ?

પછી ભાણેજે (દેવે) બધી વાતની સ્પષ્ટતા કરી પોતાનું દેવ સ્વરૂપ પ્રગટ કર્યું ને મામાને (શ્રેષ્ઠીને) બધી વાત સત્ય કહી.

પછી તે દેવે સ્ત્રીને પણ સમજાવીને આવા મહા ખરાબ કૃત્યોથી પાછી વાળી કહ્યું...તારો પતિ ભોગસાર કેવો ધર્માત્મા છે– કેવો મહા સુશ્રાવક છે ? ને તું આવી કુકૃત્યો કરનારી બની ? અત્યાર સુધી તારી ઉપેક્ષા મેં એટલે જ કરી કે તું આ ધર્માત્માની પત્ની હતી.

હવે સમજુ બની જા ! બધા દોષોનો ત્યાગ કર ને પરમાત્માના ધર્મને જીવનમાં વણી લે.

કામભોગો આ સંસારમાં અનંતીવાર ભોગવ્યા– છતાં તૃપ્તિ આ જીવ પામતો નથી...માટે વિષયોથી વિરામ પામ !

દેવના ઉપદેશથી ભોગસારની પત્ની પણ ધર્મ પામી. બાર વ્રતનો સ્વીકાર કર્યો. દેવતા પણ ભોગસાર શ્રેષ્ઠીને લાખ સોનૈયા આપી અદૃશ્ય થઈ ગયો.

ભોગસાર શ્રેષ્ઠી મહા આપત્તિમાં પણ ધૈર્ય રાખી પરમાત્માના ધર્મથી જરા પણ ડગ્યો નહિ મક્કમ રહ્યો અને અંતે પોતાની પત્ની સાથે શ્રાવક ધર્મ પાળી સ્વર્ગે ગયો. ભોગસાર શ્રેષ્ઠીની જેમ જેઓ ધર્મક્રિયામાં અચલ રહે છે તેઓને દેવે, પણ વણ બોલાવ્યા સાનિધ્ય કરતાં હોય છે.

આ રીતે સહુ આત્માઓ પરમાત્મા વીતરાગ દેવના ધર્મમાં ચુસ્ત રહી...અનુક્રમે પરમપદના ભાગી બને ! એજ અભ્યર્થના.



સમકિત ઉપર જ ઘા થાય છે.

-માણેકલાલ શી. શેઠ, મલાડ (વેસ્ટ)

અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતના શાસનમાં ધર્મ પામવાની લાયકાત 'સમકિત' પામ્યા પછી જ માણસને ધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા થાય છે. સમકિત થી આત્માને મોક્ષે જવાનો દરવાજો મળ્યો એમ શાસ્ત્રમાં વર્ણવેલ છે. માણસને સંસાર પરિભ્રમણ કરવાનું એક પુદ્ગલ પરાવર્તનથી કાંઈક ઓછો કાળ હોય અને ભવ્ય જીવ હોય. ભવિતવ્યતાનો સાથ હોય ત્યારે સમકિત પામવાની લાયકાત આવે છે.

એ સમકિત પામવા માટે આત્માને સારા ભાવથી નવાજવો એટલે આત્મામાં આનંદ થવો. એવા ભાવ ઉત્પન્ન થવા. આત્માને એવા ભાવ ઉત્પન્ન થવા સૌથી શ્રેષ્ઠ આલંબન, 'જિનેશ્વર દેવની ભક્તિ પૂજા.' આવી પૂજા હરહંમેશ થાય ભાવ ઉલ્લાસથી થાય કોઇ વખત ભક્તિ કરતાં હર્ષ ઉલ્લાસ આવે અને આત્માને થાય કે. આવો અપૂર્વ આનંદ કયારે પણ થયો નથી. એવા ભાવ વખતો વખત થતાં આત્મા સમકિત પામવાની નજીક આવતો જાય છે. અને કોઇ ધન્ય દિવસે સમકિત પામી જાય ત્યારે એનો સંસારકાલ અર્ધ પુદ્ગલ પરાવર્તનથી કાંઇક ઓછો રહે. અને એટલા કાળમાં નિયમાં એ આત્મા મોક્ષે જાય. એટલે એને મોક્ષનો દરવાજો કહ્યો છે અને એ પામવા માટે સૌથી ઉંચું આલંબન પ્રભુભક્તિ, જિનેશ્વર દેવની પૂજા છે.

હવે. આવા ઉંચા આલંબન લઇ સાથે ભક્તિપૂર્વ-ભાવ આવે તોજ 'સમકિત' મેળવવા જીવ લાયકાત પામે. આલંબન તો ઉંચું છે જ પણ તેમાં આપણો ભાવ ન હોય તો આલંબન શું કામ આપે અને એ ભાવ માટે પ્રભુભક્તિની સામગ્રી પોતાના દ્રવ્યની જેટલી ઉંચી તેટલો સારો ભાવ આવે. અત્યારે પારકા પૈસે એટલે દેવદ્રવ્યના પૈસે પૂજા કરવ. એમાં દોષ નથી. એવા જે વ્યાખ્યાનો, જાહેર સભા, પુસ્તકો બહાર પાડીને પૂજા પારકે પૈસે કરવાના ઉપદેશ આપે છે તો એ પૂજામાં ભાવ ઉત્પન્ન થાય ? એ સૌ કોઇ અનુભવથી જાણી શકે છે.

ભાવ ઉત્પન થવાનું કોઇ કારણ નથી. અને તેથી એ સાબીત થાય છે કે દેવ-દ્રવ્યથી પૂજા કરાવતાં થતાં ઉપાયોથી આત્માના સમકિત ગુણ ઉપર ઘા કરે છે જે સમકિત એક વખત જીવ પામી જાય તો એનો સંસાર કાળ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી કાંઇક વધારે ઓછો રહે અને એટલા કાળમાં નિયમા મોક્ષે જાય એમ શાસ્ત્ર કહે છે. તો એવા સમકિત ગુણ ઉપર જ ઘા થાય એવો આજે પ્રચાર થાય તે વ્યાજબી છે ?

અપવાદ સેવવાની વાત કરે છે.

શાસ્ત્રમાં આવે છે કે શ્રી વીરપ્રભુ વિચરતા હતા. ગ્રિષ્મ ઋતુ હતો વિહાર લાંબો હતો. રસ્તામાં પાણી કયાંઈથી મલી શકે એવી જોગવાઇ હતી નહિ. સાથેના સાધુઓને તૃષા બહુ લાગેલી. એમાં વિચરતા વિચરતા એક સરોવર જોયું. સચિત પાણી તો સાધુ-ભગવંતોને ખપે નહિ પણ તડકો (ગરમી) એટલો બધો હતો કે તે પાણી ગરમ થઇ ગયેલ. અને હળવેથી ઉપયોગ પૂર્વક પાણી લીયે તો એ અચિત પાણી થયેલું, ગાળીને વાપરી શકત. સાધુ ભગવંતોએ વિરપ્રભુને તૃષાની વાત કરી. પ્રભુજીએ ધ્યાનથી જોયું તો એ પાણી વાપરવા માટે દોષ હતો નહિ. અપવાદે વાપરી શકે. પણ કોઇ જીવ જોઇ જાય કે સાધુ ભગવંત આ પાણી વાપરે છે તો તો સિદ્ધાંત ધ્વંશ થાય અને એટલે પ્રભુએ પાણી વાપરવા આજ્ઞા ન આપી. આથી તૃષાના દુઃખથી ઘણા સાધુ ભગવંત કાળ-ધર્મ પામ્યા. વિરપ્રભુ એ પણ જાણતા હતા. ત્યાં અપવાદ રૂપે પાણી વાપરી શકત પણ સિદ્ધાંતનો ધ્વંશ થાય એટલા ખાતર આજ્ઞા ન આપી. અત્યારે અપવાદ એવાઇ અપવાદે વાંધો નહિ કહી સિદ્ધાંત ધ્વંશ કરવાની પ્રવૃતી ચાલે છે તે કેટલું વ્યાજબી છે તે વિચારી શકો છો. ?

શાસ્ત્રમાં આવે છે કે સાધન સંપન્ન વગરનો માણસ પોતાના દ્રવ્યથી પૂજા ન કરી શકે તો પૂજાનાં કપડા પહેરી મંદિરમાં આવી મંદિરની વ્યવસ્થામાં મદદ કરે કે કોઇ ભાગ્યશાળીને પૂજાની સામગ્રી લાવી આપે. કેશર ઘસી આપે, કુલ ગુંથી આપે આવું કાર્ય કરીને પણ પ્રભુભક્તિનો લાભ લઇ શકે. અને એથી પ્રભુભક્તિનો લાભ મળે જ. હવે જો દેવદ્રવ્યથી પૂજા થઇ શકે એમ વિધાન હોત તો ઉપરની હકીકતથી પૂજાનો લાભ લઇ શકે તેમ વિધાન કરવાની જરૂર નહોતી. ત્યાં એ લખત કે દહેરા-સરજીના મહેતાજી પાસેથી પૈસા લઇ પૂજાની સામગ્રી લઇ આવી પૂજા કર. પણ એવું નથી દેવદ્રવ્યથી પૂજા થાય જ નહી એટલે જ શાસ્ત્રમાં ઉપરની હકીકતથી કાર્યથી પૂજાનો લાભ લઇ શકે છે તેમ વિધાન કર્યું છે.

જૈન શાસન જયવંતુ છે. સિદ્ધાંત પ્રણાલિકા સ્વદ્રવ્યથી પૂજા કરવાની પ્રણાલીકા ચાલુ છે જ અને ચાલુ રહેશે જ. માણસમાં સામાન્ય બુધ્ધિ તો હોય જ. કે સ્વામી-વાત્સલ્ય જમવા જવામાં મોઢામાં અન્નનો કોળીયો આપણે જ નાખવાનો હોય જમાડ-નાર ન ખવડાવે. કોઇ ભાગ્યશાળી દહેરાસર બંધાવે તેમાં પ્રભુભક્તિ કરવી હોય તો એ સામગ્રી આપણા દ્રવ્યની જ જોઇએ. કોઇ આપે નહી કે કોઈની પાસેથી માંગાય નહીં હા કોઇ ભક્તિથી પહેરામણી પ્રભાવના રૂપે દ્રવ્ય અર્પણ કરે તો તે સ્વદ્રવ્ય થવાથી ભક્તિ કરી શકે. મોટી શાંતિસ્નાત્ર, વિગેરેમાં સાધર્મિક ભક્તિ રૂપે કરાવે છે તે કરે તેમાં જેમ સાધર્મિક વાત્સલ્ય પ્રભાવના વિ. છે તેમ આ પણ સ્વીકારે પરંતુ પારકુ લઇને કરવાની બુધ્ધિ ન કરો.

પ્રાણ જાય પણ વચન ન જાય : શ્રી સૂર્યયશા રાજા

—મુ. શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

શ્રી જિનેશ્વર દેવોનું પરમતારક એવું શ્રી જિનશાસન જગતમાં સદૈવ જયવંતુ વર્તો ! લઘુકર્મી આત્માઓને જ શાસન પ્રાપ્તિનો અનેરો આનંદ હોય છે, તેને આસન્ન-વાના સુંદર કોટિના મનોરથો જન્મે છે અને યથાશક્ય આરાધના કરી સ્વ-પર અનેકનું આત્મકલ્યાણ સાધે છે. આ જગતમાં ભગવાનશ્રી જિનેશ્વરદેવોએ ઉપદિષ્ટ મોક્ષસાધક ધર્મ, મોક્ષના આશય વિના, યથાવિધિ આરાધ્યા વિના કોઈપણ પ્રાણીનું સાચું કલ્યાણ સધાયું નથી, સધાતું નથી કે સધાવાનું પણ નથી. મોક્ષમાર્ગની જ આજ્ઞા પ્રમાણે આરાધના કરનારા પુણ્યાત્મામાં એવું અપૂર્વ બળ જન્મે છે જેના પ્રભાવે તેમના હૈયામાં એવી પ્રતીતિ થઈ ચૂકી હોય છે કે-આ જ ધર્મ આરાધના પ્રાણના ભોગે પણ કરવામાં જ કલ્યાણ છે. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને, જીવિતના નાશમાં પણ વળગી રહેવું તેમાં જ સાચું શ્રેય છે. તેથી તે પુણ્યાત્માઓ કોઈના મોહમાં જરાપણ મૂંઝાતા નથી અને પ્રાણાંતના ભોગે પણ પ્રતિજ્ઞાનું દૃઢતાથી પાલન કરી, અનેક આત્માઓ માટે સુંદર, આદર્શ રજુ કરી, આલંબન રૂપ બને છે. આવા તો અનેક પુણ્યાત્માઓ આ અવસર્પિણી કાળમાં થઇ ગયા. તેમાં આજે યુગાદિદેવ શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીના પુત્ર શ્રી સૂર્યયશા રાજાની વાત કરવી છે. તે પણ એટલા માટે કે, મહાપુણ્યોદયે આપણને સૌને મળેલ આ શાસનની સાચી આરાધના કરવાનું આપણને બળ મળે. વર્ત્તમાનના વાયરામાં આપણે ન આવી જઇએ, બીજાને જે કરવું તે કરે પણ આપણે તો માર્ગમાં સુસ્થિત બની, સન્માર્ગને આરાધીએ.

અયોધ્યા નગરીમાં શ્રી ભરતચક્રવર્ત્તીના પુત્ર શ્રી સૂર્યયશા રાજા ઇન્દ્રમહારાજાની જેમ શોભતા ત્રણે ખંડની પૃથ્વીનું આધિપત્ય ભોગવતા રાજ્ય કરી રહ્યા છે. શ્રી ઇન્દ્ર મહારાજાએ આપેલા મુગટને મસ્તકને વિષે ધારણ કરતા તેઓ મનુષ્યલોકના સાક્ષાત્ ઇન્દ્ર જેવા લાગે છે. દૈવી મુગટના અચિંત્ય પ્રભાવથી તે રાજા દેવોને પણ સેવ્ય હતા. તેમજ 'રાજાવેધના પણથી જીતેલા એવા તેમને શ્રી કનક વિદ્યાધરની પુત્રી જયશ્રી નામની પટ્ટરાણી હતી. તેમજ બીજી પણ સુકુલમાં ઉત્પન્ન થયેલી રાજવંશીય ઘણી બધી રાણીઓ હતી. તે બધાની સાથે સાંસારિક સુખોને ભોગવતા કાળને પસાર કરે છે. ત્રિખંડનો સ્વામી એવો પણ આ રાજા ચતુર્પર્વી તેમાં ય આઠમ-ચૌદશ પર્વોના દિવસે વિશેષ પ્રકારે પૌષધ-તપ આદિ ધર્મની આરાધના કરે છે. તે રાજાના હૈયામાં પોતાના જીવનના આદર કરતાં પણ પર્વનો આદર અત્યંત પ્રિય હતો. તેથી તે જીવનના ભોગે પણ પર્વ-

તિથિની આરાધનામાં ઉજમાળ બનતો હતો. ખરેખર જેઓના હૃદયમાં સાચા ભાવે ધર્મ વસી જાય, ધર્મ જ પ્રાણપ્રિય લાગે તેઓને આ સંસાર કાંઇ જ નુકશાન કરી શકતો નથી. તેમનો ધર્મ બધાને માટે પ્રશંસનીય બને છે.

હવે એકવાર સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનથી, રાજાના આ પર્વના નિશ્ચયને જાણી આશ્ચર્યને પામ્યા અને આનંદમાં આવી મસ્તક હલાવવા લાગ્યા. તે વખતે તેમની પટરાણી ઉર્વશી દેવીએ અચાનક મસ્તકકંપને જોઈને તેનું કારણ પૂછયું કે–હે સ્વામિન્! હાલમાં મસ્તક હલાવવાનું કોઇ જ કારણ દેખાતું નથી તો કયા કારણથી આનંદિત બનેલા આપના વડે મસ્તક હલાવાયું? ત્યારે સૌધર્મેન્દ્રે કહ્યું કે–'હે દેવી! મારા વડે હમણા જ્ઞાનદૃષ્ટિથી આ ભરતક્ષેત્રમાં શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનનો પૌત્ર અને શ્રી ભરતચક્રીનો પુત્ર અયોધ્યાપતિ શ્રી સૂર્યયશા નામનો રાજા સાત્ત્વિકોમાં શિરોમણિ જોવાયો.

આઠમ–ચૌદશ પર્વના દિવસે તપને કરીને રહેલો તે રાજા ઘણા પ્રયત્નો કરતાં દેવો વડે પણ ચલાયમાન કરવાને શકિતમાન નથી. કદાચ જો સૂર્ય પૂર્વનો બદલે પશ્ચિમ દિશામાં ઉગે, મેરૂપર્વત વાયુ વડે કંપાયમાન થાય, સમુદ્ર પણ મર્યાદા મૂકે, કલ્પવૃક્ષ પણ કદાચ નિષ્ફળ બને તો પણ આ રાજા કંઠગત પ્રાણો વડે પણ શ્રી જિનાજ્ઞાની જેમ પોતે કરેલા નિશ્ચયને છોડતો નથી.' શ્રી સૌધર્મેન્દ્રે કરેલી આ પ્રશંસા પોતાના સ્વામીના મુખથી સાંભળીને મોટું મચકોડી ઇન્દ્રાણી એવી ઉર્વશીએ કહ્યું કે–'હે સ્વામિન્! યુકતાયુકતના જ્ઞાતા એવા આપ મનુષ્યના આ નિશ્ચયની કેમ પ્રશંસા કરો છો? સાત ધાતુથી બનેલ શરીરવાળો અને અન્નથી પેટ ભરનારો એવો મનુષ્ય દેવો વડે પણ અચલ છે એવી શ્રદ્ધા કોણ કરે? મારા જ્ઞાનમાં મરત બનેલા કયા આત્માના વિપાક વગેરે ગુણો વિલય નથી પામ્યા? તેથી ત્યાં તેને જઈને હું જલ્દીથી તેના વ્રતથી મુકાવીશ.' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને રંભાની સાથે ઉર્વશી હાથમાં વીણાને ધારણ કરતી દેવલોકમાંથી, મનુષ્ય લોકમાં આવે છે.

હઠમાં ચઢેલી સ્ત્રી પોતાની હઠની પૂર્ત્તિ માટે શું શું ન કરે? તો આ તો સમર્થ એવી દેવી અને ખુદ સૌધર્મેન્દ્ર સાથે વિવાદમાં ચઢેલી પછી પૂછવાનું શું હોય? પોતાની બધી જ શકિત–કળા ખર્ચે તેમાં નવાઇ નથી. તેથી અયોધ્યા નગરીની નજીકના ઉદ્યાનમાં આવેલા શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનના મંદિરમાં આવી, ત્રણે ભુવનને મોહ પમાડનાર અદ્‌ભુત રૂપ વિકુર્વી કિન્નરોને પણ ભૂલાવી દે તેવા અદ્‌ભુત સ્વરે ભગવાનના ગુણ–ગાન કરે છે. તેના ગાનથી મોહિત થયેલા પશુ–પક્ષીઓ પણ ચિત્રમ આલેખ્યાની જેમ, પાષાણથી ઘડાયેલાની જેમ નિશ્ચલ નેત્રોવાળા દેવો જેવા બની એકાટશે ગાનમાં આસકત બની બધું ભૂલી જઇ ઊભા રહ્યા છે. એક ડગલું પણ ચાલવા સમર્થ નથી.

આ બાજુ ઘોડા ખેલાવીને પાછા વળતા એવા શ્રી સૂર્યયશા રાજાએ પણ માર્ગમાં તેના અતિમધુર ગાનના નાદોને સાંભળ્યા. પોતાના હાથી, ઘોડા, પાયદળ અને રથ રૂપ ચતુરંગી સેન ને પણ એક પગલું આગળ ચાલવા અસમર્થ જાણીને, રાજાએ પોતાના અમાત્યને આદરપૂર્વક કહ્યું કે-'હે મંત્રી! આ સંસારમાં નાદ સમાન કર્ણને સુખદાયી બીજું કાંઈ પણ દેખાતું નથી, જેને પરવશ પડેલા આ પશુઓ પણ તેમાં મોહિત થયેલા દેખાય છે. મોટેભાગે નાદ વડે દેવ-દાનવ-રાજા-સ્ત્રી આદિ બધા વશ થઇ જાય છે. આપણે પણ ભગવાન શ્રી ઋષભદેવ સ્વામિને નમસ્કાર કરવા આ મંદિરમાં જઇએ અને આ ગીતગાનના સ્વાદને અનુભવીએ.' આ પ્રમાણે તે દેવીઓના ગાનમાં મૂંઝાયેલો રાજા પણ મંત્રી સાથે શ્રી જિનાલયમાં ગયો.

ત્યાં હાથમાં વીણાને ધારણ ધરતી જાણે સાક્ષાત્ સરસ્વતી જ ન હોય તેમ ગીત-ગાનમાં લયલીન બનેલી, કામદેવની જાણે રતિ-પ્રીતિ ન બની બે પ્રિયાઓ સમાન દૈવીરૂપ સંપત્તિવાળી તે બે કન્યાઓને જોઇને, સ્નેહથી તેણીના કામરૂપી કટાક્ષબાણો વડે હૃદયમાં વિંધાયેલો તે રાજા પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, આવું અતિ અદ્‌ભૂત રૂપ કયા પુણ્યશાલીના ભોગને માટે થશે. ખરેખર કામ અતિ દુર્જય છે. કામને પરવશ પડેલો આત્મા સારાસારનો વિવેક પણ ભૂલી જાય છે. ખરેખર ચરમશરીરી એવા આત્માઓને જો કામરાગ મુંઝવે છે તો આજના જીવોએ તો કેટલા સાવધ-સાવચેત રહેવું જોઇએ. કેમકે આપ્તપુરૂષોએ કહ્યું છે કે—'મૂળમાંથી ઉખેડી નાખ્યો છે આચાર અને વિચાર રૂપી વૃક્ષને જેવો કામવાયુ જ્યાં સુધી વાતો નથી ત્યાં સુધી જ બતાવ્યો સદ્‌ધર્મનો માર્ગ એવો વિવેકરૂપી દીપક હૃદયમાં દેદીપ્યમાન રહે છે,' અર્થાત્ કામ એ વિવેકનો નાશ કરનાર છે.

ત્યારપછી રાજા સરાગદૃષ્ટિ વડે તે બેને જ જોતો, ભગવાનને પ્રણામ કરી, ચૈત્ય-માંથી બહાર આવી, બહારના ઉચિત પ્રદેશમાં બેઠો. તે બંને દેવીઓ પણ પોતાની જાળમાં રાજા બરાબર ફસાયેલો જાણી, ગાન પૂરું કરી, બહાર આવી, રાજાના આ દેશથી મંત્રી તેમની પાસે જઇ સુધા સમાન મધુરવાણી વડે તેમના કુલાદિકને પૂછવા લાગ્યો. તે બંનેએ કહ્યું કે-'અમે બંને મણિચૂડ વિદ્યાધર રાજાની પુત્રીઓ છીએ. બાલ્યકાળથી જ ગીત-ગાનની કલામાં રસવાળી છીએ અને ક્રમે કરીને યૌવનને પામેલી અમારા માટે અમારા પિતાએ વરની શોધ કરવા માંડી પણ અમારા રસ-રુચિ સમાન પતિને હજી પામી નહિ તેથી સ્થાને સ્થાને તીર્થભૂમિઓમાં જઇ ભગવાનના જિનાલયોને નમી અમારા આ જન્મને સફળ કરીએ છીએ. કેમકે, આવો દેવદુર્લભ મનુષ્યભવ ફરી ક્યારે મળે? આ

અયોધ્યા તો સાક્ષાત્ તીર્થભૂમિ છે તેથી શ્રી ઋષભદેવ સ્વામિના બિંબને વંદન કરવા અમે બંને અત્રે આવ્યા છીએ.' ત્યારે મંત્રીએ કહ્યું—જો આમ જ હોય તો શ્રી સૂર્યયશા રાજા તમારે માટે બધી રીતના યોગ્ય છે. ત્યારે તે બંને સ્ત્રીઓએ કહ્યું કે-'અમને જ આધીન પતિને મુકી, બીજા પતિને વરવાની અમારી ઇચ્છા નથી.' ત્યારે રાજાની આજ્ઞાથી મંત્રીએ કહ્યું કે—'તમારા બંનેની વાતને અન્યથા કરતો અર્થાત્ નહિ માનતો-સ્વીકારતો એવો રાજા મારા વડે રોકાશે.' પોતાની ઇચ્છાની પૂર્તિ થવાથી તે બંનેની સાથે રાજાનો લગ્નોત્સવ કરાયો. ત્યાર પછી તે બંનેમાં જ આસકત એવો રાજા, બીજા કાર્યોને ભૂલીને, તે બેની સાથે જ ભોગમાં મગ્ન પોતાના દિવસો પસાર કરવા લાગ્યો.

એકવાર સંધ્યાના સમયે તે શ્રી સૂર્યયશા રાજા, બંને પત્નીઓ સાથે મહેલના ઝરૂખામાં બેઠો નગરચર્યા જોઇ રહ્યો છે તે વખતે 'હે લોકો! આવતીકાલે અષ્ટમી પર્વતિથિ છે તો તેની આરાધનામાં આદરપૂર્વક તૈયાર થવું" એવી નગરમાં થતી ઉદ્ઘોષણાનો પડહ તે બંને કપટસ્ત્રીઓએ સાંભળ્યો. તેથી હવે અમને રાજાની પરીક્ષાની તક મલી છે તેમ જાણી, જાણે કશું જાણતી જ ન હોય તેવા અજાણપણાનો ડોળ કરી રંભાએ પ્રેમલાપો પૂર્વક રાજાને આ પટહવાદનનું કારણ પૂછ્યું. ત્યારે આવા સુખ ભોગોમાં મગ્ન છતાં ય ધર્મના રંગથી રંગાયેલ અને દૃઢ પ્રતિજ્ઞાપાલક એવા રાજાએ કહ્યું કે—'હે કૃતઘ્નાનુકારિણી રંભે! સાંભળ. પિતાવડે અમોને કહેવાયું છે કે, ચતુર્દશી [ચૌદશ], અષ્ટમી [આઠમ] રૂપ પર્વ છે તેમ અમાવાસ્યા, પૂર્ણિમા, બે શાશ્વતી અઠાઇ [આસો ચૈત્ર માસ સંબંધી] ત્રણ ચાતુર્માસી [ચોમાસી], શ્રી પર્યુષણાપર્વ રૂપ વાર્ષિક પર્વ છે, જ્ઞાનની આરાધના માટે પંચમી [જ્ઞાન પાંચમ] પર્વ છે તેમ બીજા પણ પર્વો કહેવાયેલા છે. આ પર્વ દિવસોમાં આજ્ઞા મુજબ કરાયેલી આરાધના આત્માને સદ્ગતિ અને મુક્તિના સુખોને આપનારી થાય છે. તે જ કારણથી ચતુષ્પર્વીમાં સઘળાય આરંભ-સમારંભ ગૃહ વ્યાપારોનો ત્યાગ કરીને એક માત્ર ધર્મની આરાધના કરવી જોઇએ. વળી આ ચતુષ્પર્વીના દિવસોમાં સ્નાન-વિલેપન-સ્ત્રીસંગ-કલહ-દ્યુત-ક્રિડા-હાંસી-મશ્કરી, ક્રોધાદિક કષાયો કે પ્રમાદાદિ કાંઇ પણ કરવું ન જોઇએ. પ્રાણપ્રિય ચીજ વસ્તુ વ્યક્તિઓને વિશે પણ જરા પણ મમતા ન કરવી જોઇએ, શ્રી નવકાર મહામંત્રાદિ રૂપ શુભ ધ્યાનમાં એકાકાર બનવું જોઇએ, સામાયિક પૌષધ કરવા જોઇએ, છઠ અઠમ વગેરે તપો કરવા જોઇએ, વિશેષ વિશેષ પ્રકારે શ્રી જિનપૂજા ભક્તિ કરવી જોઇએ.

આ રીતના હૈયાના ઉમંગથી, આજ્ઞા મુજબ પર્વતિથીઓની આરાધના કરનારા આત્માઓ વિપુલ કર્મ નિર્જરાને સાધતા ક્રમે કરીને સઘળાય કર્મોનો નાશ કરીને મુક્તિ-

પદને પામે છે. તેથી હે કાંતે ! સાતમ અને તેરશના દિવસે, લોકોને જણાવવા માટે પ્રમાદ દૂર કરવા અને આરાધના કરવાની તૈયારી કરવા, મારા આદેશથી આ પટહની ઉદ્ઘોષણા કરાય છે. જેથી લોકો પર્વતિથિની આરાધના કરી આત્મકલ્યાણને સાધે.

રાજાના આ વચનો સાંભળી, તેના નિશ્ચયમાં મક્કમ જાણવા છતાં પણ માયા-વચનોના પ્રપંચથી ઉર્વશી રાણીએ કહ્યું કે– 'હે નાથ ! આ મનુષ્યપણું આવું લોકોત્તર સુંદર રૂપ, આટલું મોટું ત્રણે ખંડનું રાજ્ય પામવા છતાં પણ તપ કલેશાદિ વડે શા માટે તમારાથી વિડંબના કરાય છે ? પ્રાપ્ત સુખોને યથેચ્છ ભોગવ. ફરી ફરી માનવ ભવ ક્યાં ? આ રાજ્ય અને આવાં કામભોગો ક્યાં ?

કાનમાં તપેલું શીશું રેડવા સમાન તેણીનાં આવાં વચનો સાંભળતાં જ રાજાનો ધર્મપ્રકોપ જાગી ઉઠ્યો અને કહ્યું કે–'રે રે ધર્મનિંદક ! મલિન સ્વભાવે ! અધમે ! આ તારી વાણી જરાપણ વિદ્યાધરકુલના ઉચિત આચરવાળી દેખાતી નથી. તારી સઘળીય ચતુરાઇને ધિક્કાર હો ! તારી આ વય અને તારા કુલને પણ ધિક્કાર હો ! જે કારણથી તપ અને શ્રી જિનપૂજાદિક સદ્ધર્મ કૃત્યની નિંદા કરે છે. શ્રી જિનાગમમાં તો કહ્યું છે કે–'સાધુ અને ચૈત્યાદિના (શ્રી જિનમંદિર અને શ્રી જિનમૂર્તિ–શ્રી જિનાગમના) પ્રત્યની કોઇ, અવર્ણવાદીઓ અને શ્રી જિનપ્રવચનના શત્રુભૂત આત્માઓનો પોતાના પ્રાણના નાશ વડે પણ વારન કરવું જોઇએ. અર્થાત્ તે બધાનો પ્રતિકાર કરવામાં મળેલી સઘળી ય શક્તિઓનો ઉપયોગ કરવો જોઇએ.' વળી આ મનુષ્યપણું, સુંદર નિરૂપમ રૂપ આરોગ્ય, વિશાળ રાજ્ય વગેરે તપથી–ભગવાનની આજ્ઞા મુજબ કરાયેલા ધર્મથી થયેલા કર્મનિર્જરા અને બંધાયેલ શુભ કર્મ પ્રકૃતિઓથી–પ્રાપ્ત થાય છે. તો તે તપ–ધર્મની આરાધના કયો કૃતજ્ઞ પુરુષ ન કરે ? જાણવા છતાંય જે આરાધતો નથી તે ખરેખર કૃતઘ્ન જ છે. ધર્મની આરાધનાથી શરીરને જરાપણ વિડંબના–પીડા થતી નથી પરન્તુ ધર્મ વિના કેવલ વિષયોના ઉપભોગાદિથી જ શરીરને પીડા થાય છે. તે કારણથી યથેચ્છ ધર્મ જ કરવો જોઇએ. કારણ ફરીફરીને આ મનુષ્યભવ ક્યાંથી મળે ? વળી ધર્મ પામેલા શ્રાવકપણું આરાધતા એવા મૃગલા–સિંહ આદિ તિર્યંચો પણ આઠમ–ચૌદશના દિવસે આહાર પણ ગ્રહણ કરતા નથી તો હું તો કેમ જ આહાર કરું ? તે લોકોનું જાણપણું અને મનુષ્યપણાને ધિક્કાર હો. જેઓ સઘળા ય ધર્મોના કારણ એવા પર્વોની (પર્વ તિથિઓની) આરાધના કરતા નથી. શ્રી યુગાદિદેવ એવા પરમ પિતા શ્રી જિનેશ્વરદેવે બતાવેલું આ ઉત્તમ પર્વ છે. તો હું તપ વિના કંઠે રહેલા પ્રાણો વડે પણ ફોગટ નહિ જ કરું અર્થાત્ મારા પ્રાણો ભલે ચાલ્યા જાય પણ પર્વ દિવસે તપની

આરાધના અવશ્ય કરીશ જ. માટે હે સ્ત્રિ! મારું રાજ્ય ચાલ્યું જાય, મારા પ્રાણો ક્ષય-નાશ પામો, પરન્તુ પર્વદિવસના તપથી હું જરાપણ ભ્રષ્ટ નહિ જ થાઉં. મારી પ્રતિજ્ઞામાં અચલ રહીશ.'

તેથી રાજાના પ્રકોપનું વારણ કરવા સ્ત્રી ચરિત્રને બતાવતી મોહમાયા કરતી એવી ઉર્વશીએ ફરીથી કહ્યું કે-'હે સ્વામિન! હે પ્રાણનાથ! તમારા શરીરને પીડા ન થાય એટલા માટે પ્રેમગર્ભિતવાણી વડે મારા વડે આ વાત કરાઇ છે, તો પણ અલ્પ રે ક્રોધનો આ જરાપણ અવસર નથી. વળી પહેલા અમારા બે વડે સ્વચ્છંદચારી એવો પતિ ન વરાયો. હાલમાં અશુભ કર્મના પરિપાકથી તમે વર તરીકે વરાયો, તેથી અમારું સંસાર સુખ અને શીલ બંને ચાલી ગયું, કારણ કે જો સ્વાધીન પુરૂષ અને સ્ત્રીઓનો યોગ હોય તો સાંસારિક સુખની પ્રાપ્ત થાય અન્યથા રાત્રિ-દિવસના વિયોગની જેમ વિડંબના જ થાય. વળી હે સ્વામિન! શ્રી નાભેયજિનની આગળ તાર વડે પણ મારું જ વાક્ય કરવાનું-મારું કહ્યું કરવાનું-અંગીકાર કરાયેલું જ છે. મેં એકવાર તારી પરીક્ષાને માટે તેની યાચના કરી તો એટલી વાત છે કે તું તો અલ્પ કાર્યથી પણ ક્રોધથી વ્યાપ્ત થઇ ગયો તેથી હે નાથ! હું તો શીલથી અને સુખથી ઉભયથી ભ્રષ્ટ થઇ ગઇ. તેથી મારે તો હવે ચિતાગ્વનું જ સેવન કરવું-ચિતામાં પડી બળી મરવું તે જ શ્રેય છે, શરણભૂત છે.'

આ પ્રમાણે રાણીના મોહમય વચનોને સાંભળીને તેનામાં હજી આસક્ત ચિત્તવાળા એવા રાજાએ પોતાના વચનને યાદ કરતાં કહ્યું કે-'હે પ્રિયે! પિતામહ વડે જે કહેવાયું અને મારા પિતા વડે જે કરાયું તે જ પર્વનો (પર્વતિથિની આરાધનાનો) નાશ તેમના પૌત્ર અને પુત્ર થઇને હું કેમ કરું? માટે હે હરિણાક્ષી! મારી સઘળી પૃથ્વી, ભંડાર હાથી આદિ સઘળું ય તું ભલે ગ્રહણ કર. પરન્તુ જેના વડે સુખ પણ ન થાય અને ધર્મ પણ ન થાય તેવું અકૃત્ય મારી પાસે મા-ના કરાવ.'

ત્યારે સહેજ હસીને પ્રેમ ગર્ભિત એવી મધુર વાણીએ તેણીએ કહ્યું કે-'હે પ્રાણેશ! તમારા જેવાને તો સત્યવચન એ જ સદ્વ્રત છે જે કારણથી જે પાપી વડે પોતે જ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરાય તો તે અશુચિરૂપ છે, તેવાના ભારથી જ આ પૃથ્વી અત્યંત વિષાદને પામે છે. હે નાથ! જો તમારા વડે આટલું પણ (ભલે સ્વીકારેલ અંગીકારના પાલન રૂપ) કાર્ય સિધ્ધ નથી કરાતું તો રાજ્યાદિ આપવા રૂપ તો કઇ રીતના પળાશે? અર્થાત્ આપ એકવાર પણ બોલેલું પાળવા તૈયાર નથી તો આ બધું આપી જ દેશો તેવો વિશ્વાસ કોણ રાખે? વળી તમારી ખાતર મારા વડે

પિતાનું વિદ્યાધરપણાનું ઐશ્વર્ય પણ છોડાયું તો આ રાજ્યાદિ વડે શું કરું ? તેથી હે સ્વામિનાથ ! જો પર્વભંગ કરવા ઇચ્છતા નથી તો મારી આગળ આ શ્રી યુગાદીશ્વરના મંદિરનો ધ્વંશ કરો.'

આ પ્રમાણે તેણીના દુઃશ્રવ્ય રૂપ વચન શ્રવણથી જ રાજા જાણે વજ્રથી હણાયેલો ન હોય તેમ મૂર્ચ્છિત થઇને પૃથ્વી ઉપર પડયો. રાજમહેલમાં કોલાહલ દોડાદોડ મચી ગઇ. તેના પરિવારે કરેલા શીતલ પાણીના છંટકાવાદિ સમુચિત ઉપાયોથી રાજા પુનઃ ચૈતન્યપણાને પામ્યો. અને ત્યારે પોતાની સંમુખ જ રહેલી તે માયા સ્ત્રીને જોઇને એકદમ ગુસ્સામાં આવી કહેવા લાગ્યો-'હે અધમે ! આ તારો આચાર વાણી વડે તારા કુલની અધમતાને બતાવે છે. લોકમાં પણ કહેવાય છે કે-'આહાર તેવો ઓડકાર' તું વિદ્યાધર પુત્રી નહિ પરન્તુ ચાંડાલની પુત્રી લાગે છે. મારા વડે મણિના ભ્રમથી કાચના ટુકડાનો આદર કરાયો. જે દેવ ત્રણે લોકથી વંદિત છે તેમના પ્રાસાદ-મંદિરનો ભંગ કરનાર કોઇપણ કઇ રીતના થાય ? તે હે સ્ત્રિ ! સ્વયં પોતાના જ વચનથી બંધાયેલા એવા મને અનૃણ (ઋણ રહિત કરવા)કરવા ધર્મનો લોપ કરવા સિવાયનું બીજું જે માગવું હોય તે માંગી લે. પર્વલોપ અને ચૈત્યનો નાશ હું સર્વથા પ્રાણલોગે કયારે પણ નહિ કરું.

તે સાંભળીને કાંઇક હસીને તેણીએ ફરીથી કહ્યું કે- 'હે નાથ ! બીજું માંગ, બીજું માંગ એમ પ્રમાણે બોલતા તમારું વચન ચાલ્યું જાય છે જો આ પણ તમે સ્વીકાર કરવા ન માગતા હો તો જાતે જ પોતાના પુત્રનું મસ્તક છેદીને જલ્દી મને આપો.'

વાચક મિત્રો ! વિચારો સત્ત્વશાલી આત્માની કેવી કસોટી થઇ રહી છે. અગ્નિમાં પડેલું સુવર્ણ સો ટચનું થઇને નીકળે તેમ ધર્માત્મા આવા પ્રસંગોમાં વધુ મકકમ બની બહાર નીકળે. જેને ધર્મની પડી ન હોય તે તો ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાઓના ભોગે પોતાનું જ સંભાળીને બેસી રહે . પ્રતિજ્ઞાનું જે થવાનું તે થાય પણ 'જીવતો નર ભદ્રા પામે' જેવી વાતોને વિચારી પછી સ્વ-પરનું કારમું અહિત કરે. અસ્તુ.

ત્યારે રાજાએ પણ ક્ષણવાર વિચારીને કૃતનિશ્ચયી બનીને કહ્યું 'હે સુલોચને ! મારો દિકરો મારાથી જ ઉત્પન્ન થયો છે તેથી મારું જ મસ્તક તારા કરકમલમાં હો.' આ પ્રમાણે કહીને રાજા તલવારને ગ્રહણ કરીને પોતાનું મસ્તક કાપવા જેટલામાં તૈયાર થાય છે તેટલામાં તેની તલવારની ધાર બુઠ્ઠી થઇ પણ રાજાના અપ્રતિમ સત્ત્વની નહિ. તેથી વિલખો થયેલા રાજા નવી નવી તલવારોને ગ્રહણ કરે છે તે પણ તેવી જ થાય

છે. આ રીતના રાજા પોતાના સત્ત્વથી જરાપણ ચલાયમાન ન થયો ત્યારે તે બન્ને સ્ત્રીઓ પોતાના મુળ દેવીરૂપને પ્રગટ કરીને અત્યંત આદર આનંદથી 'જય' 'જય' એમ કહેવા લાગી.

'ઋષભદેવ સ્વામિના કુલરૂપી સાગરમાં ચન્દ્રમા સમાન તું જય પામ. સત્ત્વશાલીઓમાં અગ્રેસર તું જય પામ ! ચક્રવર્તીના નંદન તમે જય પામો ! ખરેખર તમારૂં ધૈર્ય આશ્ચર્યકારી છે ! તમારા મનનો નિશ્ચય ખરેખર પ્રશંસનીય છે. જે કારણથી પોતાના જીવિતનાશમાં પણ તમે પોતાના વ્રતને જરાપણ વિરાધ્યું નહિ. તમારી પ્રતિજ્ઞામાં અચલ રહ્યા. સૌધર્મેન્દ્રે પોતાની સભામાં દેવોની આગળ તમારા અતુલસત્ત્વની વિશેષથી પ્રશંસા કરી. હે રાજન્ ! અમારા બે વડે સ્વર્ગમાંથી આવીને તમારા નિશ્ચયથી પાડવાનો પ્રારંભ કરાયો. પરન્તુ તમે જરાપણ ક્ષોભ ન પામ્યા, તમારા નિશ્ચયથી સહેજ પણ ન ચસ્યા. તમને ક્ષોભ પમાડવા કોઈ સમર્થ નથી હે જગતપૂજ્ય એવા શ્રી ઋષભદેવ પ્રભુના કુલના શિરોમણિ ! હે વીર ! તમારા વડે જ આ પૃથ્વી 'રત્નપ્રસૂતા' એ સાર્થક નામને ધારણ કરે છે' આ પ્રમાણે તે બન્ને દેવીઓ રાજાના સત્ત્વની સ્તવના કરે છે તેટલામાં ખુદ શ્રી ઇન્દ્ર મહારાજા જય-જય શબ્દ બોલતા ત્યાં આવ્યા અને પુષ્પોની વૃષ્ટિ કરી. રાજાને શ્રેષ્ઠ મુગટ-કુંડલ-અંગદ-હાર આદિ આપીને તે બધા દેવલોકમાં ગયા શ્રી સૂર્યયશા રાજા પણ સત્યપ્રતિજ્ઞાથી આનંદિત થયા અને ન્યાયપૂર્વક પૃથ્વીનું પાલન કરતા પોતાના ધર્મની આરાધનામાં વધુ મકકમ બન્યા. તે શ્રી સૂર્યયશા રાજાથી સૂર્યવંશ નીકળ્યો. અને એકવાર પોતાના પિતાની જેમ અરિસાભુવનને જોતા, સંસારની અસારતાને ભાવતા, કેવળજ્ઞાન પામીને ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ કરીને મુક્તિપદને પામ્યા.

આના ઉપરથી આપણે બોધ એટલો જ લેવાનો છે કે મહાપુણ્યે પરમતારક એવા શાસનની પ્રાપ્તિ થઇ છે ત્યારે તેને સફળ કરવા આપણે આપણી બધી જ શક્તિઓનો સદુપયોગ કરવો જરૂરી છે. તે માટે શ્રદ્ધાસંપન્ન બનવાની ખાસ જરૂર છે. આ કાળમાં શ્રદ્ધાના મુળિયા હચમચાવનાર ભગવાનના સાધુવેષમાં રહેલા પણ પાર્શ્વ ચૂકયા છે. શાસ્ત્રના નામે ઊંધી ઊંધી વાતો કરી સત્યસિદ્ધાંતોનો લોપ કરી પોતાનું મનમાન્યું અને ફાવતું કરાવવા ઘણાં જ ધમપછાડા પ્રયત્નો કરે છે. શાસનાનુરાગી શ્રદ્ધાળુ જીવો આગળ ચાલતું નથી ત્યારે મહાપુરુષોના નામે મહાપુરૂષોનું ગૌરવ હણાય તેવી અણછાજતી હીનકક્ષાની પ્રવૃત્તિ કરતાં પણ જરાય અચકાતા નથી. શાસનમાં એવા એવા વાદવિવાદના ખોટા વિપ્લવો પેદા કરે છે જેના કારણે ભોળા-ભદ્રિક જીવો પણ ભ્રમિત બને. પણ

શાસનનું પુણ્ય છે માટે તેવાઓનો સજ્જડ મક્કમ પ્રતિકાર કરનારા પુણ્યાત્માઓ પણ છે અને લોકોને સન્માર્ગમાં સ્થિર રાખી સાચું આત્મકલ્યાણનો માર્ગ બતાવનારા છે. આપણે આપણી પ્રતિજ્ઞામાં મક્કમ રહેવું તે જ હિતાવહ છે. ઉત્સૂત્રભાષીઓની એક પણ ખોટી કારવાઈમાં આપણી જાત ન ફસાય તેની કાળજી રાખવી. કદાચ તેવાનો પ્રતિકાર કરવાની શક્તિ ન હોય તો જેઓ પ્રતિકાર કરે તેમને સાથ-સહકાર આપવો તે પણ શાસનની જ સેવા-ભક્તિ છે. કદાચ તેટલીય તૈયારી ન હોય તો તેમનો વિરોધ તો સાથે રહીને જ કરવો તે પણ આત્મકલ્યાણનો માર્ગ છે અને આ શાસન ભવાંતરમાં દુર્લભ ન થાય તેમ જીવવું તેમાં જ સાચી શ્રેયસ્કરતા છે.

પુણ્યયોગે મળેલી સઘળી ય સુંદર સામગ્રીઓનો શાસનની સેવા-ભક્તિ-આરાધના અને રક્ષામાં સદુપયોગ કરી, આ શ્રી સૂર્યયશા રાજાની જેમ પોતાના નિયમમાં દૃઢ બની સૌ આ મનુષ્યજન્મની સાચી સાર્થકતા સાધો અને પરમાત્મપણાનું બીજ આ ભવમાં પડી જાય તેવી આરાધના કરતા થાય તે જ મંગલ કામના.

* મહાશતક મહાશ્રાવક *

—રતીલાલ ડી. ગુઢકા (લંડન)

પૌષધવ્રતથી ૨૭૭૭૭૭૭૭૭૭૭૭૭½ એટલા પલ્યોપમના દેવગતિના આયુનો બંધ થાય મહાશતક શ્રાવકને તેર પત્નીઓ હતી. તેમાં, રેવતી સ્વભાવે ઈર્ષાળુ હતી વિષયલંપટ હતી-મહાશતક વીર પ્રભુના દેશનાથી મહાવ્રતધારી શ્રાવક થયો હતો, ૧૪ વર્ષ લગી શ્રાવક ધર્મનું વિશુધ્ધ પાલન આરાધન કર્યા પછી ઉપાસક પ્રતિમાનુ વહન કરતાં તેને અવધિજ્ઞાન થયું હતું. રેવતીની બધી સંપતિના માલિક થવું હતું માટે બારે શોકયને વિવિધ પ્રકારે મારી નાખી પછી ગુમાનથી દારૂ પીતી એટલું જ નહિ કામવાસના ઉત્તેજન કરવા માટે સેવક પાસે તાજું તરત જન્મેલું બાળક મંગાવ્યું ને મારી તેનું માસ હિંસા કરી શાકની જેમ વઘાર્યું અને આ દિવસે મહાશતક પૌષધમાં હતા શોધતાં ત્યાં પોંચી એક પછી એક કપડા ઉતારી મહાશતકને સ્પર્શ કરીને કહે મારી સાથે જલ્દી ભોગ ભોગવો પૌષધ છોડી દીઓ. પણ મહાશતક મક્કમ રહ્યા રેવતીને કીધું દૂર જા આજથી સાતમા દિવસે તારૂં મૃત્યુ થવાનું છે, મરીને તું પહેલી નારકીમાં ૮૪ હજાર વર્ષનું આયુષ્ય પામીશ-મહા શતકની આર્શવાણી સાંભળી કામ ઓસરી ગયો. તરત જ કપડા સંકેલી ત્યાંથી ભાગી સાત દિવસ બાદ એનું મૃત્યું થયુ મહાશતક. ૨૦ વર્ષ શ્રાવક ધર્મ પાળી સંલેખના કરી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકે ઉપન્યા.

સન્માર્ગરાગી : શ્રાવક ઢંક

— શ્રી ગુણદર્શી

પરમતારક એવાં આ શ્રી જૈન શાસન ઉપર ચરમતીર્થપતિ શ્રમણ શ્રી મહાવીર સ્વામી પરમાત્માની હયાતીમાં જ વિપ્લવોનો– શાસનનાં સત્ય સિદ્ધાન્તોનો દ્રોહ કરવાનો, છડે ચોક અપલાપ કરવાનો પ્રારંભ થઇ ગયો હતો. તેના આગેવન તરીકે પ્રથમ નિન્હવ એવા જમાલિનું નામ આપી શકાય.

કર્મયોગે મતિ ફરવાના કારણે જમાલિએ ભગવાનના 'કડેમાણે કડે' (કરાતું કરાયું– થતું થયું) સિદ્ધાન્તનો અપલાપ કર્યો. તેના જ શિષ્યોએ સાચું સમજાવવા છતાં ય ન માન્યો તે ન જ માન્યો. ખુદ શ્રી ગૌતમ સ્વામિ મહારાજની પાસે પણ નિરુત્તર થઇ ચાલ્યો ગયો. તે કાળમાં જો આવા આત્માઓ પાકયા તો 'શ્રી જિનકેવલી પૂરવધરથી રહિત કાળમાં મન માન્યું કરનારા બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ખુદ ભગવાનનો સંસારી સંબંધે ભાણેજ અને જમાઇ એવા જમાલિ પણ જો પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માની સામે પડયો અને ભગવાનને પણ 'ખોટા' 'જુઠ્ઠા' કહેવાની હદ સુધી પહોંચી ગયો. તો આજના આ વિષમ– દુષિત– ઝેરી કાળમાં પોતાના ઉપકારી, સર્વમાન્ય, લોકપૂજ્ય એવા પૂજ્યપુરુષોને પણ ખોટા કહે, 'કજીયોખોર' 'ઝઘડાળુ' 'શાસનને ડહોળનારા' 'મધ્યમાં વિરોધ કરનારા' તરીકે નવાજે ત્યારે તેમની દયા ચિંતવવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે. સૂરજ સામે ધુળ ઉડાડનાર જેવી તેમની હાલત થાય છે. સત્યનો ઢાંક પિછોડો કરવાના ગમે તેટલા નિષ્ફ પણ પ્રયત્નો કરવામાં આવે તો પણ અંતે સત્ય સોટચના શુદ્ધ સુવર્ણની જેમ વધુ ચળકાટ સાથે બહાર આવે છે. માટે ખોટા પ્રચારોથી અકળાયા વિના સત્ય પિપાસુઓને સાચી વાત સમજાવવ સન્માર્ગમાં સ્થિર રાખવાનું ભગીરથ કાર્ય જરાપણ ખેદ કે કંટાળ્યા વિના કર્યે જવું તેમાં જ મહાપુરૂષોનું ગૌરવ છે.

તે જમાલિ ઉપરના પ્રેમથી ભગવાનની જ સગી દીકરી અને તેની પત્ની એવી સા. શ્રી પ્રિયદર્શના પણ જમાલિના પક્ષમાં ભળી છે. રાગી આત્માઓનો વિવેક પણ નષ્ટપ્રાયઃ થઇ જાય છે. 'સાચું તે મારૂં નહિં પણ 'મારૂં તે જ સાચું'' આ ન્યાયને અંગીકાર કરનારાઓ સ્વયં સમજે તો સારૂં છે. તેઓ હાર્યા વળે પણ વાર્યા ન વળે. આજે પણ આવું જોવા મળે તેમાં આશ્ચર્ય જરા પણ ન પામવું ! આશ્ચર્ય તો એ કહેવાય કે– જેઓ પહેલા સાચું કરતાં હતા તેઓ ગમે તે કારણે

એવા ઉંધા રસ્તે ચઢી ગયા છે, જાણે હવે જ તેઓને સાચું બ્રહ્મજ્ઞાન થયું છે, આજ સુધી મિથ્યાજ્ઞાન હતું– તેઓ ખોટાના તો એવા પક્ષપાતી થઇ ગયા છે કે તેના સમર્થન– પ્રચાર માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે– મજેથી કરી રહ્યા છે. સત્યના પક્ષપાતીઓને, ઠોબાળો મચાવી રહ્યાની રાડો પાડી રહ્યા છે. સત્યમાર્ગના અનુયાયીઓ પાસે જાણે કાંઇ 'મૂડી' જ નથી અને બધી સાચી મૂડી માત્ર તેમની પાસે જ છે. એ રીતના ભોળા અને ભદ્રિક જીવોની આંખો પર ખોટા પાટા ચઢાવી ભરમાવી રહ્યા છે. સર્વ સામાન્ય નિયમ છે કે પોતાની ખોટી વાતમાં જરા પણ ફાવે નહિ, ઠોકોનો ધાર્યો પ્રતિભાવ પણ મળે નહિ પણ ઉપરથી ફીટકાર મળે તો આવેશમાં આવેલા બીજાઓને ઉશ્કેરવાનો પ્રયાસ કરે તે સહજ છે. અને પોતાનો પક્ષ મજબૂત બનાવવા બધું કરે જ. જેની ભવિતવ્યતા સારી હોય, ભાવિમાં ભદ્ર-કલ્યાણ થવાનું હોય તેને કોઇ યથાર્થ સાચું સમજાવનાર મળે તો ભૂલનો સ્વીકાર અને એકરાર મજેથી કરી, સન્માર્ગે આવી જાય. આજે તો આવી સંભાવના નહિવત છે કારણ માનાકાંક્ષા અને પાછી વિદ્વત્તા અને અકડાઇ ભળે એટલે વળે તો નહિ પણ તૂટી જાય!

તે સા. શ્રી પ્રિયદર્શના પોતાના પરિવાર સાથે વિહારના ક્રમે વિચરી એકવાર શ્રી ઢંઢ શ્રાવકની કુંભાર શાળામાં ઉતરી છે. ત્યારે તે શ્રાવકને થયું કે આને પ્રતિબોધ કરવાની આ સારી તક છે. તેથી સળગતા કોલસાને લઇ તેની સાડા ઉપર નાખ્યો. ત્યારે સહસા એકદમ તે સાધ્વીજીના મોંઢાંથી નીકળી ગયું કે– "હે વિચક્ષણ શ્રાવક! તે આ શું કર્યું. મારો સાડો બળી ગયો." સાનુકૂળ પ્રતિભાવની તક આવવાથી શ્રાવકે પણ હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું કે. "હે ભગવતીજી આર્યા! આપ આ શું બોલ્યા? આ તો ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો સિદ્ધાન્ત છે. જ્યારે આપનો સિદ્ધાન્ત તો સંપૂર્ણ બળી જાય તેને જ બળેલું કહેવાય, બળતાને બળેલું ન કહેવાય. માટે આપ મિથ્યાદુષ્કૃત આપો!" આ સાંભળતા તેઓ એકદમ ચોંકી ગયા અને જાગી ગયા. અમારી પકડ તે ખોટી છે તે ભૂલ સમજાઇ ગઇ. ત્યાં જ પ્રતિબોધ પામ્યા અને શ્રાવકને કહે છે– "હે ભદ્ર! તેં અમને સારી રીતના પ્રતિબોધ કર્યા. ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો સિદ્ધાન્ત સાચો છે અને અમારો ખોટો છે. હવે અમે ભગવાન પાસે જઇશું અને આજ સુધી જે વિપરીત કર્યું તેનું મિથ્યાદુષ્કૃત દઇ આલોચના– પ્રતિક્રાન્તિ કરી આત્માને વિશુદ્ધ કરીશું" આમ કહી તે સાધ્વીવર્યા પછી ભગવાન પાસે જઇ આલોચના નિંદા–પ્રતિક્રાન્તિ કરી પોતાના આત્માને વિશુદ્ધ કરી પોતાનું આત્મ કલ્યાણ સાધી ગયા.

આપણે કહેવાનો સાર એટલો જ છે કે, એક શ્રાવકથી પણ પ્રતિબોધ પામેલી

એવી સાધ્વી સન્માર્ગે પાછી આવી ગઇ. આજે તો સમજાવનાર સુવિહિત માર્ગસ્થ ગીતાર્થ એવા પુણ્યપુરૂષ પણ હતા. છતાં ય તેમનું પણ ન માને, તેમને ય ખોટા કહેવાની ધૃષ્ટતા કરે તેમનાં વચનો– વાતોનો અનાદર કરે, વિપરીત પણે દુરૂપયોગ કરે તો બીજાનું તો શું માને ? સમજે ? તે બધા સમજે કે ન સમજે, પણ આજની હવામાં આપણે ન તણાઇ જઇએ અને આપણું અકલ્યાણ અહિત ન થાય તે માટે પણ આપણે સાવચેત રહેવાની જરૂર છે. લોક જુવાળ ગમે તે બાજુ કોય પણ સત્ય આપણા પક્ષે છે, સત્ય પૂરવાર કરવાના બધાં જ સાધનો આપણી પાસે મોજુદ છે માટે આત્મ કલ્યાણના અર્થી મુમુક્ષુજનોએ સન્માર્ગમાં મક્કમ બની સ્વ પરના આત્મ કલ્યાણમાં સહાયક બની, આ શ્રી ઢંક શ્રાવક જેવા વિચક્ષણ બની, માર્ગના સાચા જ્ઞાતા બનવું ખૂબ જરૂરી છે. જેથી આપણું શ્રેય તો સુનિશ્ચિત છે. 'ઘર વેચીને વરો કરવાની વાત' જૈન શાસનમાં છે જ નહિ માટે આપણા સત્ય સિદ્ધાન્તમાં મક્કમ બની સૌ સાંચા આત્મ કલ્યાણના ભાગી બનો તે જ મંગલ કામના. શાસન દેવો આપણને તેના રક્ષણનું બળ આપો અને પ્રાણના ભોગે પણ તેનું રક્ષણ કરવા કટિબધ્ધ બનીએ તો આપણું આત્મ કલ્યાણ નક્કી જ છે. સૌ આવી ઉત્તમ દશાને સાધ્ય આરાધક– રક્ષક બની, આ શાસનની પ્રાપ્તિને સાર્થક કરનારા બનો તે જ ભાવના.

કાલ સૌરિક કસાયનો દિકરો સુલસ –રતિલાલ ડી. ગુઢકા–લાઠન

રાજગૃહિમાં રોજ ૫૦૦ પાડાનો વધ કરનાર કાલ સૌકરિક અતિ પાપના ઉદયે દાહજ્વર શરીરમાં ઉપડયો– તેનો દિકરો શાણો સંસ્કારી હતો સુલસ પિતાની શાંતિ માટે તેણે પુષ્પો શય્યા પથરાવી સુગંધી છંટકાવ કર્યા ચંદન–બરાશના વિલેપન કર્યા શીતલ વીંઝણા વીઝાવ્યા મનગમતા ખાન પાન કરાવ્યા વેદના વિસરી જાય માટે કર્ણ-પ્રિય ગીત સારા મીઠાં સંગીત રખાવ્યા સારા નવકાર મહામંત્ર અને પ્રભુવરના હિતકારી વચનો સંભળાવ્યા જેમ જેમ આ કરવામાં આવે તેમ વધારે વધારે વેદના કારણ કર્મનો ઢગ અને અભવ્ય આત્મા હતો. તેના મિત્ર અભયકુમાર હતા. સુખદાતા કીધું આવું અઘોર પાપ કરનાર અવશ્ય નર્કે જાય છે. જેથી ખારા પાણી અશુચિના વિલેપન કાંટા કાંક-રાની પથરાની પથારીમાં સંથારો કરવાથી તેને શાંતિ થશે. ને શાંતિ થઇ અને મૃત્યુ પામી તે સાતમી નરકે ગયો પછી બધા કહેતા બાપ દાદાનો ધંધો છે કરો– તો સુલસે ના પાડી પાપ લાગે તો કહે બધા પાપ લાગતું હશે તો બધા વેંચી લેશું કુહાડી મંગાવી સુલશે પગ ઉપર મારી ઝાડો પાડવા લાગ્યો ખમાતું નથી પણ દુઃખ લેવા કરગરે છે કોઇ લેતું નથી– તો બધા કહે સૌનું પોતાનું દુઃખ પોતે જ ભોગવે બીજા શું કરે ? સુલશે શ્રાવક ધર્મ ૧૨ વૃત આરાધી સ્વર્ગગામી બન્યો.

દેવદ્રવ્ય–ગુરૂદ્રવ્ય કયાં વપરાય ?

પૂ. સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રી કૈલાસ સાગરસૂરિજી મહારાજના પટ્ટધર

પૂ. આ. શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી મહારાજ

પૂ. આ. શ્રી બુધ્ધિસાગર સૂરિજી મહારાજના સમુદાયવર્તી પૂ. આ. શ્રી કૈલાસ સાગર સૂરિજી મહારાજના પટ્ટધર પૂ. આ. શ્રી કલ્યાણ સાગર સૂરિજી મહારાજ તરફથી તાજેતરમાં જ [વિ. સં. ૨૦૫૧ ની સાલમાં] 'સ્વપ્ન દ્રવ્ય અંગે માર્મિક બોધ' નામક એક પુસ્તક પ્રકાશિત થયું છે. આમાં સ્વપ્ન દ્રવ્યાદિની બોલીની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય, આ વિષય ખૂબ જ વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે. અને દેવદ્રવ્યનો ઉપયોગ કયાં થાય ને કયાં ન થાય, તેમજ શ્રાવક–શ્રાવિકા સંઘે સ્વકર્ત્તવ્ય રૂપે કરવાની પ્રભુ-પૂજામાં આ દેવદ્રવ્ય વપરાય કે નહિ ? આ બાબતમાં ખુબ જ સ્પષ્ટ માર્ગદર્શન કરા-વ્યું છે. તેમજ ગુરૂપૂજનની શાસ્ત્રીયતા સિધ્ધ કરીને, એ ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચખાતે ન જ વપરાય એ જીર્ણોદ્ધાર આદિમાં જ વપરાય આ અંગે પણ ખુબ જ સ્પષ્ટ માર્ગદર્શન કરાવ્યું છે એથી એ પુસ્તકમાંથી આ વિષયક જરૂરી ભાગ અહીં પ્રસિદ્ધ થઈ રહ્યો છે. આની પ્રથમાવૃત્તિના પ્રકાશકીય આદિ લખાણોમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે,

"જિનેશ્વર દેવની ભકિતમાં નિત્ય વપરાતી વસ્તુઓ જેવી કે મોરપીંછી, વાળા-કુંચી, અંગલુછણા, દૂધ, ઘી, કેસર, ચંદન, ધૂપ, દીપાદિનો સાધારણ ખર્ચ ભીષણ મોંઘ-વારીના કારણે એટલો બધો વધી ગયો કે સીધા એકના દશ અને પંદર ગુણા અને કેટલીક વસ્તુઓમાં તો ૪૦–૫૦ ગુણા ભાવોનો વધારો થયો... ચોથી બાજુ આજે મોટા ભાગનો પ્રભુજીનો પૂજક વર્ગ શ્રી જિનાજ્ઞાથી નિરપેક્ષ બન્યો, પોતાના કર્તવ્યને ભૂલ્યો, દૂધ, ઘી, કેસર, ચંદન, ધૂપ, દીપાદિ આપણા પોતાના જ ખર્ચના હોવા જોઈએ, એ વાત સાવ વિસારે પડી.... અમુકવર્ગની નજર અનાયાસે સહેલાઈથી ઉત્પન્ન થતી સ્વપ્ન-દ્રવ્યની ઉપજ ઉપર પહોંચી સાથે.સાથ એ ઉદેશને સિધ્ધ કરવા તર્ક પણ શોધી લીધો કે આ કયાં દેવદ્રવ્ય છે ? શા માટે સ્વપ્ન દ્રવ્ય સાધારણ ખાતે ન લઇ જવું ? પરિણામે સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ હોવા છતાં, એ દ્રવ્યનો ઉપયોગ સાધારણ ખર્ચ ખાતે નિર્ભયતાથી નિઃશંકતાથી થવા લાગ્યો.

ઉપરોકત લખાણ એકદમ સ્પષ્ટ છે. પ્રભુપૂજાદિ માટેના કેસર–સુખડ આદિ દ્રવ્યો સ્વદ્રવ્યથી લાવેલા હોવા જોઇએ. આ સામગ્રી હજી સાધારણ ખાતાના દ્રવ્યથી લાવી શકાય. પણ દેવદ્રવ્યથી તો ન જ લવાય. આ જાતનો સ્પષ્ટ ભાવ આમાંથી તારવી

શકાય છે. પ્રથમાવૃત્તિ 'સ્વપ્ન દ્રવ્ય વિચાર'ના નામે ૨૦૨૭ માં પ્રગટ થઇ હતી. તાજેતરમાં (વિ. સં. ૨૦૫૧માં) પ્રકાશિત પુસ્તકનું નામ 'સ્વપ્ન દ્રવ્ય અંગે માર્મિક બોધ' છે. આમાં પૂર્વ પ્રકાશનને ખૂબ ખૂબ આવકારતા, પૂ. આ. શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજ, પૂ. પં. શ્રી પ્રદ્યુમ્ન વિજયજી ગણિવર (શ્રી નેમિસૂરિજી મ. ના સમુદાયના) આદિના અભિપ્રાય પત્રો પણ પ્રસિદ્ધ થયા છે. દેવદ્રવ્ય ગુરૂદ્રવ્ય અંગેના ચોખાણ મહત્વનું માર્ગદર્શન પૂરું પાડતા હોવાથી પ્રસ્તુત પુસ્તકમાંથી નીચે સાભાર રજૂ થાય છે.

—સં.પા.૦

પૂજ્ય સકળ શ્રી જૈન સંઘ પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની મહામંગળ આરાધનાના શુભ પ્રસંગે અને ભાદરવા શુદિ ૧ને દિને પરમ તારક ચરમ તીર્થપતિ દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામીજીના જન્મવાંચનના સમયે મોટાભાગે [પૂજ્ય સકળ શ્રી જૈન સંઘ] ઉપસ્થિત થાય છે.

શ્રી તીર્થંકર દેવ શ્રી ચ્યવનથી જ ત્રણજ્ઞાન સહિત અને જન્મથી ૪ ચાર અતિશયોથી યુકત હોય છે. માટે શ્રી ચ્યવનકલ્યાણક સમયના સ્વપ્નના તથા ઘોડીયા પારણાનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય.

જામનગર નિવાસી શ્રી અમૃતલાલ કાલીદાસ દોશીની માન્યતા

ટ્રસ્ટીઓ દેવદ્રવ્ય વિષે નીચે પ્રમાણે માન્યતા ધરાવે છે :

૧ ભંડારની ઉપજ.

૨ બોલીઓ જેવી કે સ્વપ્નાની, વરઘોડાની ઉપધાનની માળની, તીર્થમાળની આરતી મંગળદીવાની, પ્રક્ષાલ, વિલેપન પૂજન વિ.

૩ નાણ, રથ, આંગી, વિગેરેમાં જિન મૂર્તિસ્થાપન કરવાનાં નકરાની.

૪ પ્રભુભકિત માટે અર્પણ કરેલી ચીજ વસ્તુઓ અગર તેવી રકમો.

૫ પ્રતિષ્ઠા, જિનભકિત, સ્નાત્ર મહોત્સવ, અંજનશલાકા વિગેરેની બોલીઓ.

૬ દેરાસરની જગ્યાની રકમ, તથા દેવદ્રવ્ય ઉપર જે વ્યાજ આવે તેની રકમ.

ઉપર્યુકત વ્યાખ્યામાં જે જે બાબતોનો જેમાં સમાવેશ કરવામાં આવ્યો છે, તે તે બાબતોની આવક અગર ઉપજનો હવાલો દેવદ્રવ્ય ખાતે જમા કરવાનો (નાખવો) જોઇએ.

દેવદ્રવ્યનો ઉપયોગ :-દેવદ્રવ્યને જિનમૂર્તિ અને જિનમંદિર સિવાયના કાર્યમાં વાપરવું નહિ. અર્થાત્ તેનો ઉપયોગ નીચે દર્શાવેલ કાર્યોમાં થઈ શકે :

૧ પ્રભુને અંગરચના, ટીકા, એટલે રત્નજડિત તિલક આદિ ચક્ષુ, લેપ, આંગી વિગેરે કરાવવા.

૨ દેરાસરનો જીર્ણોદ્ધાર તથા રંગરોગાન વિગેરે કરાવવા.

૩ નવીન દેરાસર બંધાવવું, તથા બીજા દહેરાસરોને મદદ કરવી.

૪ ધ્વજ, કળશ, દંડ ચઢાવવું.

૫ દહેરાસર અને તેના દ્રવ્યની વ્યવસ્થા અંગે કરવેરાઃ* તથા ત્રિમાસું પ્રિમિયમ વિ. આપવું.

સાધારણ દ્રવ્ય

અને દૃષ્ટીએ સાધારણ દ્રવ્ય અંગેની નીચેની માન્યતા દર્શાવે છે.

વ્યાખ્યા :- દેરાસર અંગેનું ખર્ચ, કે જે દેવદ્રવ્યનાં ખાતામાં નાખી ન શકાય તેને માટે ઉપાશ્રયમાં કે બહાર ઊભું કરાતું ફંડ કે ભંડોળ કે કોઇપણ સાધારણ ખાતાની આવક અગર ઉપજ હોય અગર થાય. તેનો નીચે દર્શાવેલ કાર્યો માટે ઉપયોગ કરવો જોઇએ.

૭ કેસર, સુખડ, બાદલું વગેરે પ્રભુપૂજાના દ્રવ્યો ખરીદવાનું પૂજા કરનાર કે દર્શન કરવા આવનાર લલાટે તિલક કરે, કે પૂજા માટે કેસર, ચંદનનો ખર્ચ, તા ન્હાવાનો કે હાથ પગ ધોવાનો, પાણીને, તા લુછવાના કપડા, તથા પગ લુછણીયું વગેરેનો ખર્ચ કરે તે દેવદ્રવ્યમાંથી કરવાનો નથી. અંગલુંછણાં, વાળાકુંચી, કળશ, કુંડી આદિ વાસણો ધૂપદાની, ફાનુસ વગેરે ખરીદવાનું.

૮ ધૂપ દીપ માટે ઘીની બરણી, ઇલેકટ્રીક રોશની વગેરે અંગેની ચીજ વસ્તુઓ ખરીદવાનું કે ફીટીંગ કરાવવાનું કે ટેલીફોન અંગેનું કોઇપણ ખર્ચ કરવાનું

૯ ધોતીયા, પેંસ, કામળિયા તથા બહેનોના પૂજાનાં વસ્ત્રો ખરીદવાનું.

૧૦ દેરાસરના કાર્ય માટે પૂજારી, ઘંટી, મહેતાજી વિ. નોકરોને પગાર આપવાનું.

૧૧ પખાળ અંગે પાણી દૂધ વગેરે લાવવાનું અને ન્હવણ વગેરે પધરાવવાનું.

---

* ધર્મક્ષેત્રે કોઇ પણ સંયોગે કરવેરો ભરવાનો હોય જ નહિ, પરંતુ ધર્મદ્રવ્યને ડહપ કરવાની બ્રિટિશરોની કાતિલ કુટતાના મહાપાપે ધર્મદ્રવ્યમાંથી કર ભરવાનું અનિવાર્ય બનાવ્યું. એટલે દુઃખિત હૈયે કર ભરવો પડે છે.

આ પ્રમાણે દેવદ્રવ્ય અંગેની પ્રથમ છ કલમનું ખર્ચ દેવદ્રવ્યમાંથી કરવું જોઇએ. અને સાધારણ દ્રવ્યના ઉપયોગ અંગેનું સાતથી બાર કલમે નું ખર્ચ સાધારણ પ્રમાણે કરવું જોઇએ.



શ્રી શિવ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘની સભા

નેત્રાદિ પાંચે ઇન્દ્રિયોના અજોડ સંયમી પરમ પૂ પાદ પ્રશાંતમુર્તિ પરમ તારક ગુરૂદેવેશ આચાર્ય પ્રવર શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય ઉપસ્થિતિમાં શ્રી વીર સંવત્ ૨૪૯૫, વિક્રમ સંવત્ ૨૦૨૫ ના ભાદરવા વદિ ૧ ને ગુરૂવારે રાત્રે શ્રી શિવ શ્વેતાંબર મુર્તિપુજક જૈન સંઘના ઉપાશ્રયે એક સભા મળી હતી.

તે સભામાં સુશ્રાવક શ્રી વૃજલાલ સુંદરજી શેઠ, શ્રી હરસુખલાલ ઓધવજી શાહ, શ્રી ચિમનલાલ ટોકરસિભાઇ શાહ, શ્રી પ્રાણલાલ રામચંદ શાહ, શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા, શ્રી રમણિકલાલ સેકસરીઆ, શ્રી બાબુલાલ પોપટલાલ શાહ વિજાપુરવાળા, શ્રી છબીલદાસભાઇ તથા શ્રી ઉત્તમલાલ ચુનીલાલ શાહ આદિ ત્રીશેક ભાગ્યશાળિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરમ પૂજ્યપાદ આચાર્ય પ્રવરશ્રીજીએ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે. તે અંગે શાસ્ત્રીય પ્રમાણોથી, તેમજ પૂર્વાચાર્યોના અને વર્તમાનકાલીન પૂ પાદ આ. મ. આદિના અભિપ્રાયો આપીને ખુબ મક્કમતાથી સમજાવેલ.

શ્રી પ્રાણલાલ રામચંદ શાહ તે સમયે શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનમંદિર પેઢી પાયધુની મુંબઇના મેનેજીંગ ટ્રસ્ટી હતા. તેમને મેં પુછેલ કે શ્રી ગોડીજી મ.ના ઉપાશ્રયે બોલાતી સ્વપ્નદ્રવ્યની બોલીની શી વ્યવસ્થા છે ?

ત્યારે પ્રાણલાલભાઇએ જણાવ્યું, કે સ્વપ્નદ્રવ્યની ઉપજમાંથી લગભગ સાત આઠ હજાર જેટલી રકમ જ દેરાસરજીના સાધારણખાતે લેવામાં આવે છે. તે રકમનો ઉપયોગ પૂજારી અને જિનમંદિરના ચોકીદારના પગારમાં જ કરીએ છીએ.

મેં પુછયું કે શ્રી ગોડીજી મહારાજની પેઢીનો વાર્ષિક ખર્ચ કેટલો ? ત્યારે પ્રાણલાલભાઇએ જણાવ્યું, કે શ્રી ગોડીજી મહારાજની પેઢીનો વાર્ષિક ખર્ચ એક લાખ રૂપિયાનો. મેં પૂછયું બીજા ખર્ચની શી વ્યવસ્થા છે ? ત્યારે પ્રાણલાલભાઇએ જણાવ્યું, કે મકાનોના ભાડા આદિની વાર્ષિક આવક લગભગ રૂપિયા નેવું હજાર [૯૦૦૦૦]ની છે.

ત્યારે મેં જણાવ્યું કે રૂપિયા આઠ થી દશ હજાર જેવી રકમ માટે ભારતવર્ષના

શ્રી જૈન સંઘ શ્રી ગોડીજી મ.ની પેઢીનો ખોટો વાદ લે, તેવી અનિષ્ટ તક શ્રી ગોડીજી મ.ની પેઢીએ શા માટે આપવી ? ત્યારે પ્રાણલાલભાઇએ જણાવ્યું, કે એ વાત તો અમને પણ ખુંચે છે. સુધારો માંગે છે. ઘણીવાર બીજા કાર્યકરો સાથે વિચાર વિનિમય પણ કરેલ, પરંતુ ફેસલ [નિર્ણય] કરી શકયા નથી.

ત્યાર બાદ મેં પૂછ્યું, કે, **શ્રી ગોડીજીમાં કેસર, શ્રીખંડ (સુખડ ચંદન) બરાસ, દૂધ, ઘી, ધૂપ દીપ આદિ માટે શી વ્યવસ્થા છે ?** ત્યારે પ્રાણલાલભાઇએ જણાવ્યું, કે **એ બધી વસ્તુની વ્યવસ્થા શુદ્ધ સાધારણ ખાતાના દ્રવ્યથી જ** કરવામાં આવે છે. મેં જણાવ્યું કે એ રીતે હોય, તો ખુબ ખુબ અનુમોદનીય.

શ્રી ગુરૂદ્રવ્ય અને તેનો વિનિયોગ

પરમ પૂ પાદ સાધુ સાધ્વીજી મ.ને પ્રતિલાભેલ [વહોરાવેલ] આહાર, પાણી, વસ્ત્ર પાત્ર આદિ ગુરૂદ્રવ્ય હોવાથી, પ્રતિમાવાહક જેવા પરમ ઉચ્ચ કક્ષાના શ્રાવકે પણ તે વસ્તુઓનો ઉપયોગ કરવો યોગ્ય (ઉચિત) નથી. અર્થાત્ તે વસ્તુઓ ગૃહસ્થથી ન જ વપરાય.

પરંતુ જ્ઞાન ધ્યાનાદિ ધર્મની અભિવૃદ્ધિ અર્થે મહર્ષિએ શ્રાવકાદિને શ્રી સ્થાપનાચાર્યજી મ., જપમાલિકા [નવકારવાળી], પુસ્તકાદિ આપવાનો વ્યવહાર પૂ. ગુરૂ મહારાજાઓ કરે છે કેમ કે, શ્રી સ્થાપનાચાર્ય મહારાજાદિ વસ્તુઓ અનિશ્ચિત એટલે સ્વનિશ્રાકૃત ન કરેલ હોવાના કારણે જ્ઞાનોપકરણરૂપ હોવાથી પૂ. ગુરૂ મ. આપે, તો તેનો ઉપયોગ કરવાનો વ્યવહાર પ્રચલિત છે.

પરંતુ સુવર્ણ, રૂપું [ચાંદી] આદિ ગુરૂદ્રવ્ય હોય, તો તેનો વિ-નિયોગ શ્રી જિન મંદિર આદિના જીર્ણોદ્ધારમાં નુતન જિનમંદિર નિર્માણમાં, સિંહાસન, સમવસરણ, ત્રિગઢું, સ્નાત્રપૂજા આદિના ઉપકરણો, ભંડાર અને તોરણ આદિના નિર્માણમાં કરવો, એજ શાસ્ત્રસિદ્ધ પરમ હિતાવહ સુવિહિત માર્ગ છે.

૧ ગુરૂપૂજન સંબંધી સુવર્ણ આદિ દ્રવ્ય ગુરૂદ્રવ્ય કહેવાય ?

૨ પૂર્વકાળમાં આ પ્રકારે ગુરૂપૂજન કરવાનું વિધાન હતું ?

૩ ગુરૂપૂજનના દ્રવ્યનો ઉપયોગ કયાં થાય ?

જૈન મુનિવરોની ઉપધિ બે પ્રકારની હોય છે એક ઔધિક ઉપધિ. અને બીજી ઔપગ્રહિક ઉપધિ હોય છે. તેમાં મુહપત્તિ રજોહરણ આદિ ઔધિક ઉપધિ મુખ્ય કહેવાય. અને કારણે રાખવા પડતાં કટલાંક ઉપકરણો [સાધનો] ઔપગ્રહિક અર્થાત્ સહાયક ઉપધિ

કહેવાય. 'તક્રકૌણ્ડિન્ય ન્યાયે' ભોજ્ય ભોજક સંબંધે ઔધિક ઉપધિ ગુરૂદ્રવ્ય ગણાય છે. સુવર્ણાદિ દ્રવ્ય મુકીને કરેલ ગુરૂપૂજનનું દ્રવ્ય ભલે ઔધિક ઉપધિ કે ઔપગ્રહિક ઉપધિ કોટીનું ગુરૂદ્રવ્ય ન ગણાતું હોય, પરંતુ પૂજ્યની પૂજાના સંબંધે તો સુવર્ણાદિક દ્રવ્ય ગુરૂદ્રવ્ય જ ગણાય છે. જો એ રીતે સ્વીકારવામાં નહિ આવે તો, 'શ્રા. શ્રાદ્ધજિતકલ્પ'ની વૃત્તિ સાથે વિરોધ આવશે.

'શ્રી પ્રશ્નોત્તર સમુચ્ચય' 'શ્રી આચારપ્રદીપ' 'શ્રી આચારદિનકર' તથા 'શ્રી શ્રાદ્ધવિધિ' આદિ ધર્મગ્રન્થોના આધારે ગુરૂપૂજન સિધ્ધ થાય છે.

પૂજા સંબંધથી ગૌરવ યોગ્ય ઉચ્ચસ્થાનમાં ગુરુપૂજનના દ્રવ્યનો સદ્વ્યય કરવો, એવું વિધાન 'શ્રી દ્રવ્યસપ્તતિકા' આદિ ધર્મગ્રન્થોમાં હોવાથી, શ્રી જિનેન્દ્ર પરમાત્માની અંગપૂજામાં ગુરુદ્રવ્યનો ઉપયોગ ન કરતાં, શ્રી જિનચૈત્યાદિ નિર્માણકાર્યમાં તેમજ શ્રી જિનચૈત્યાદિના જીર્ણોધ્ધાર આદિમાં જ સદ્વ્યય કરવો. એ શાસ્ત્રસિધ્ધ પરમ હિતવંતો સુવિહિત માર્ગ છે. ગુરુદ્રવ્યનો ઉપયોગ સદ્વ્યય કયાં કયાં કરી શકાય ? તેની સ્પષ્ટ સમજ 'ગુરુદ્રવ્ય અને તેનો સદ્વ્યય'ની વ્યાખ્યામાં જણાવેલ છે.

પૂ.પાદ ગુરુમહારાજ સમક્ષ આલેખેલ ગહુંળી તેના ઉપર ચઢાવેલા શ્રીફળ તેમજ સોનારૂપાદિની વસ્તુ કે નાણું પણ દેવદ્રવ્ય ખાતે લઇને તેનો ઉપયોગ જીર્ણોદ્ધારાદિમાં કરવો.

શ્રી જિનેન્દ્રશાસનના પરમપ્રભાવક પરમ પૂ.પાદ શ્રી સિધ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજે દૂરથી હાથ ઊંચો કરીને આશીર્વાદરૂપે ધર્મલાભ આપેલ શ્રી વીરવિક્રમ મહારાજા પરમ અહોભાવથી એક ક્રોડ સુવર્ણમુદ્રા પૂ. ગુરૂ મ. સમક્ષ ધરી હતી. પૂ.પાદશ્રીએ તે સુવર્ણમુદ્રા શ્રી જૈન સંઘને અર્પણ કરાવીને જિનાલયોના જીર્ણોધ્ધારમા તેનો સદ્વ્યય કરાવ્યો.

શ્રી ધારા નગરીના શ્રી લઘુ ભોજરાજાએ પરમ પૂ.પાદ વાદી વેતાલ આચાર્ય પ્રવર શ્રી શાન્તિસૂરિજી મ.ને બાર લાખ સાઠ હજાર (૧૨,૬૦,૦૦૦) દ્રવ્ય અર્પણ કર્યું. તેમાંથી ગુરૂમહારાજે રૂા. બાર લાખ (૧૨,૦૦,૦૦૦) દ્રવ્યના સદ્વ્યયથી માળવા દેશમાં જિનચૈત્યો નિર્માણ કરાવ્યા. અને સાઠ હજાર (૬૦,૦૦૦) દ્રવ્યના સદ્વ્યયથી થિરાપદ્ર (થરાદ)માં શ્રી જિનચૈત્ય અને દેવકુલિકા આદિ કરાવ્યા.

શ્રી આમરાજાએ પ. પૂ.પાદ આ. પ્ર. શ્રી બપ્પભટ્ટ સૂ. મ. ના ચરણોમાં લાખો સુવર્ણમુદ્રાઓ ધરી, પ. પૂ.પાદ આ. પ્ર.શ્રીજીએ તે મુદ્રાઓનો શ્રી જિનેન્દ્ર પ્રસાદ નિર્માણમાં અને જિનાલયોમાં જીર્ણોદ્ધારમાં સુવિનિયોગ કરાવ્યો.

પરમાર્હત શ્રી કુમારપાળ મ. પ્રતિદિન પ. પૂ.પાદ કલિકાલસર્વજ્ઞ આ. પ્ર. શ્રી

હેમચંદ્રસૂ. મ ની સુવર્ણકમળોથી પૂજા કરતા હતા. તેનો ઉલ્લેખ શ્રી કુમારપાળ પ્રબંધમાં છે. શ્રી હીરપ્રશ્નમાં તેની સાક્ષી આપી છે.

श्री हीरप्रश्न अथ पुनः पण्डितकान्हर्षिगणिकृतप्रश्नास्तत्प्रति वचांसि च यथा.

પત્રાંક ૧૯ ની પ્રથમા પુંઠી

तथा-गुरुपूजासकं सुवर्णादिद्रव्यमुच्यते न वा ? तथा प्रागवे पूजा विधानमस्ति न वा ? तथा-कुत्र चैतदुपयोगि ? इति प्रसाद्यिमिति । प्रश्ना अत्रोत्तराणिगुरु-पूजासत्कं सुवर्णादि गुरुद्रव्यं न भवति स्वनिश्रायामकृतत्वात्, स्वनिश्राकृतं च रजोहरणाद्यं गुरुद्रव्यमुच्यत इति ज्ञायते ॥१०॥

तथा हेमाचार्याणां कुमारपालराजेन सुवर्णकमलैः पूजा कृतास्त्येतदक्षराणि कुमारपालप्रबन्धे सन्ति ॥११॥

तथा-'धर्मलाभ इति पोक्ते दुरादुच्छ्रूतपाणये । सूरये सिद्धसेनाय ददौ कोटि नराधिपः ॥१॥ इदं चाङ्गपूजारूपं द्रव्यं तदानीन्तनेन सङ्घेन जीर्णोद्धारे व्यापा-रितमिति तत्प्रबन्धादौ श्रूयते । अत्रार्थे बहुवकतव्यमस्ति कियल्लिख्यते इति प्रश्न-त्रयप्रतिवचनानि ॥१२॥

अथ पांडतवेलर्षिगणिकृत प्रश्नास्तत्प्रतिवचांसि च यथा

પત્રાંક ૨૨ ની દ્વિતીયા પુંઠી

तथा-नाणकपूजा गुरो क्वास्ति ? इति प्रश्नोत्तरम्-कुमारपालेन राज्ञा श्री हेमाचार्याणां पूजा सुवर्णकमलैः प्रत्यहं कियते स्म इति कुमारपालप्रबन्धादौ प्रोक्त-मस्ति, तदनुसारेण नाणकपूजाऽपि साम्प्रतं क्रियमाणा दृश्यते, तेषामपि धातुमयत्वात् । तथाऽत्र वृद्धवादोऽपि । 'श्री सुमतिसाधुसूरीणां वारके माण्डवाचलदुर्गे मल्लिक श्री जाफराभिधानेन (श्रद्धादिसंसर्गाज्जैनधर्माभिमुखेन) सुवर्णटङ्ककैः गीतार्थानां पूजा कृता' इति ॥३॥

શ્રદ્ધાદિસંસર્ગાત્ આદિ કોંસમાના શબ્દો શ્રી કલ્પસપ્તતિકા ગ્રન્થમાં છે.

પ. પૂ પાદ આ. પ્ર. શ્રી સુમતિસાધુ સૂ. મ શ્રીના સમયે શ્રી માંડવગઢમાં શ્રાવકોના પરિચયથી જૈનધર્મોભિમુખ અર્થાત્ જૈનધર્મ પ્રત્યે આદર પ્રીતિવાળા થવાથી શ્રી જાફર નામના મલ્લિક બાદશાહે સુવર્ણટંકો એટલે સુવર્ણમુદ્રાઓથી પ. પૂ.પાદ ગીતાર્થ ગુરૂ

મ.ઓની પૂજા કરી હતી. પ પૂ. આ. શ્રી જીવદેવ સૂ. મ.ની પુજાને માટે પરમ અહોભાવથી શ્રી મલ્લ નામના શ્રેષ્ઠિવર્યે અર્ધલક્ષદ્રવ્ય અર્થાત્ પચાસ હજાર (૫૦૦૦૦) દ્રવ્ય આપ્યું. તે દ્રવ્યથી પ. પૂ.પાદ આ. પ્રવરશ્રીએ શ્રી જિનેન્દ્રપ્રાસાદ આદિ કરાવ્યા હતા.

પ. પૂ.પાદ આ. મ આદિ તારક ગુરુવર્યોના પવિત્ર સંયમબળથી આકર્ષાઈને અનેક રાજા મહારાજાઓ, યવનબાદશાહો, અને શાહ સોદાગર શ્રેષ્ઠિવર્યોએ પ. પૂ, ગુરૂવર્યોના પવિત્ર ચરણોમાં લાખો કોડો સુવર્ણમુદ્રાઓ ધરીને અંગુઠે વાસચુર્ણથી ગુરૂપુજન કરેલ. તે સર્વસ્વ સુવર્ણમુદ્રાદિ દ્રવ્ય પૂ. સાધુ સાધ્વીના વૈયાવચ્ચ ખાતામાં કે સાધારણ ખાતામાં ન અપાવતાં સર્વે ગુરૂવર્યોએ તે ગુરૂપુજનનું સર્વસ્વદ્રવ્ય જીર્ણ જિનાલયોના જીર્ણોદ્ધારમાં અને નુતન જિનાલયોના નિર્માણમાં સુવિ-નિયોગ કરવા માટે સુશ્રાવકોએ સંભળાવેલ.

પ. પૂ. ગુરૂવર્યોની અને સુવિહિત આચરણા પ્રમાણે અમારા સમુદાયના પ. પૂ. ગુરૂવર્યોશ્રી દેવદ્રવ્ય ખાતે લેવરાવે છે. તે સુવિહિત આચરણા પ્રમાણે હું પણ દેવદ્રવ્ય ખાતે જ જમે લેવરાવું છું.

વર્તમાનમાં કેટલાંક ગુરૂવર્યો પૂ. સાધુ-સાધ્વીના વૈયાવચ્ચ ખાતે લેવા જણાવે છે તે ઉચિત કે અનુચિત છે. તે અંગે કોઇ પણ ચર્ચા સમીક્ષા કર્યા વિના હું નિમ્નસ્તરીય ધર્મક્ષેત્રનું દ્રવ્ય ઉચ્ચસ્તરીય ધર્મક્ષેત્રમાં સુ-વિ-નિયોગ થઇ શકે. એવી જિનાજ્ઞા હોવાથી અને જેમનું લાખો કોડો સુવર્ણમુદ્રાથી ગુરુપુજન કરેલ તે તારક પ. પૂ. ગુરૂવર્યોએ પણ જિનાલયોના જીર્ણોધ્ધાર આદિમાં જ સુવિનિયોગ કરવા કરાવવા અર્થે જ શ્રી સંઘને અર્પણ કરાવેલ હોવાથી ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યરૂપે જ જમે લેવાની માન્યતા ધરાવું છું. એટલે ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય રૂપે લેવરાવવામાં મને દોષ લાગે તેમ નથી. પરંતુ ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય જ છે. એવું સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનમાં હોય, તો મોરારજી મીલની ચાદર ઓઢીને પોક મુકવાનો વારો કોને આવશે ? તેનો નિર્ણય ગુરૂપૂજનનું દ્રવ્ય પૂ. સાધુ-સાધ્વીના વૈયાવચ્ચ ખાતે લેવાની પ્રરૂપણા કરનાર પક્ષકારોએ સ્વયં કરી લેવો પરમ હિતાવહ લેખાશે.

—સ્વપ્નદ્રવ્ય અંગે આર્ષિક બોધ
—લેખક : પૂ આ. શ્રી કલ્યાણસાગર સૂ. મ.
—પ્રકાશન : વિ. સં. ૨૦૫૧

卐

卐 જૈન શ્રમણોપાસક રત્નો 卐

—શ્રી અમૃતલાલ વેલજીભાઇ દોશી, જયરાજ પ્લોટ, રાજકોટ

જુઓરે જુઓ જૈનો કેવા વૃતધારી, એવા વૃતધારીને વંદના અમારી.

જૈન શાસનમાં સ્થાવર અને જંગમ તીર્થોના આધારે જૈન શાસન અજર અમર છે, ને સમયે સમયે તેમાંથી પ્રેરણા લઇ કંઇક મહાપુરૂષો, ધર્માત્મા જૈન ધર્મમાં શ્રદ્ધાને ભક્તિથી પૂ. ગુરૂ ભગવંતોના સમાગમથી જિનવાણી શ્રવણથી તપ, ત્યાગ, દાન વિ.માં ભક્તિથી અમર થઇ ગયા. તેમાંથી જે મહા શ્રાવકો થઇ ગયા, હાલમાં છે, અને થશે. તે પૂ. પ્રતાપ દેવગુરૂ ધર્મના પ્રતાપ છે. ત્યાગી સાધુ ભગવંતોના સમાગમથી કંઇક મહા શ્રાવકો જૈન ઇતિહાસમાં અમર થઇ ગયા. જેમાં સંપ્રતિ મહારાજા ધન્ના શાલીભદ્ર, વિજયશેઠ, વિજયારાણી, હાનેશ્વરી, જગડુશાહ, ભામાશાહ, પેથડશાહ, ખીમા શેઠ હડાળાવાળા, વિમલમંત્રી, વસ્તુપાલ, તેજપાલ, અનુપમાદેવી સુદર્શન શેઠ, મહારાજા કુમારપાળ, શેઠ મોતીશા, શેઠશ્રી નરશી નાથા, નરશી કેશવજી. યાદ કરીને લખી તો ભૂતકાળના આ શાસનના રત્નો માટે પાનાના પાના ભરાય. જેઓએ તપ, ત્યાગ, દાન, શીલ, ઉદારતા તથા જૈન ધર્મના સાતે ક્ષેત્રો માટે તન, મન, ધનથી, શાસન સેવા કરી જૈન ધર્મને જયવંતો રાખ્યો. પૂ.શ્રીઓ પાસેથી આ સર્વે મહાન આત્માઓના આપણે જીવન-ઇતિહાસ સાંભળેલ છે.

હવે અર્વાચીન આ યુગમાં આપણી હયાતીમાં થઇ ગયેલા પુન્યાત્માઓ તથા હજુ આપણી સમક્ષ છે તેના જીવન પણ જાણવા જેવા છે. જે બધુ દેવ ગુરૂ ધર્મ પ્રતાપે છે. ખંભાતના શ્રી રમણભાઇ શેઠ.

ખંભાતમાં શેઠ વર્ષોથી તેમનું રસોડું બહાર ગામથી કોઈ પણ સાધર્મિક આવે તો કેવી ભક્તિ કરે તે તો જેમણે જોઇ અનુભવી હોય તો ખબર પડે. કેટલો વિવેક નમ્રતા ? કાન્તીભાઇ ઝવેરી હસ્તગિરી તીર્થ માટે તન, મન, ધન બધું સમર્પિત કરી ગયા. ૨૧ વર્ષ સુધી ઉઘાડા પગે સેવા કરી તીર્થ ઉભું કર્યું. બીજા ઘણાં શ્રેષ્ઠીઓ થયા અને છે જે શાસનને સમર્પીત થયા. કસ્તુરભાઇ શેઠ, જીવનલાલ પ્રતાપશી, ગોવિંદજી ખોના, રજનીભાઇ દેવડી. અરે જેમની દીક્ષા અમર થઇ તેવા યુવાન અતુલભાઇ હજારો સંઘપતિઓ જેઓ ભારતભરમાંથી સંઘ લઇ પાલીતાણા છરી પાળતા પધારે છે. પૈસો ધર્મ ભક્તિ પાછળ પાણી માફક વાપરી સંઘ ભક્તિ ગામેગામ કરતાં આવે છે તે તો શબ્દોથી વર્ણવી શકાય તેવી નથી. તેને માટે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીનો ચોપડો

ઉખેડીએ તો જ માહિતી મલે કે સંઘપતિઓ સાતે ક્ષેત્રમાં જીવદયામાં ભક્તિમાં દેવ મંદિર ઉપાશ્રય વિ. નિર્માણમાં ગુરૂ પ્રેરણાથી કેટલું ધન વાપરે છે તે દુનિયાના ઇતિહાસમાં જૈનોના તોલે કોઇ નહિ આવે. આજે પણ ઘણા કરોડોપતિના સંતાનો સ્નાતક થયેલા ડીગ્રીધારી, સંયમ ગ્રહણ કરી, કઠીન તપશ્ચર્યા કરી, શરીરને ધન્ના શાલિભદ્રની માફક શરીર ગાલી તપ કરે છે. અમદાવાદના ગર્ભ શ્રીમંત જેસીંગભાઇ હાલ યશોદેવ સૂ. મ. થયા.

જેઓ કરોડોપતિ લક્ષ્મીમાં આળોટતા તે લાત મારી દીક્ષા લઇ જૈન ધર્મનો ઝંડો ઉંચો રાખી વિચરી રહ્યા છે. આના પ્રતાપે આજે સમગ્ર ભારતમાં પરદેશમાં હજારો લાખો શ્રાવક શ્રાવિકાઓ કોઇ બારવ્રતધારી વિ. તપ, ત્યાગ, દાન શીલ, ભાવ, ત્રિકાળપૂજામાં યાત્રામાં સંઘમાં આપણે તેમના આચાર પ્રત્યક્ષ જોઇ માથું નમી જાય છે. કોઇ ગુરૂકુલ વાસમાં સંયમની પ્રેરણા લે છે. પાઠશાળાઓમાં આવી જ ભાવી પેઢી તૈયાર થાય છે ખરેખર જૈન ધર્મ અલૌકિક છે.



— મુનિ દાનનો પ્રભાવ-સંગમક —

—રતિલાલ ડી. ગુઢકા—લંડન

(૧) ધન્યા માતા ગામ શાલી બીજા ભવમાં શાલિભદ્ર, ભદ્રામાતા, પિતા ગોભદ્ર દીક્ષા લઇ દેવલોકે રોજની ૯૯ પેટી. દેવલોકથી માસક્ષમણનું પારણું પૂર્વભવની માતાના હાથે. (૨) રાધનપુર નગરમાં ચંપક શ્રેષ્ઠી એવો મહાન ભકત હતો. તે પૌષધ કરતો ગુરૂમહારાજને વંદન કરી રોજ ગોચરી માટે આમંત્રણ આપતો, રસોઇ તૈયાર કરાવતો થાય, ફરી પાછો ઉપાશ્રયે જતો. ગુરૂમહારાજને પધારવા માટે બાર આમંત્રણ આપતો ગુરૂમહારાજ આવતા ભક્તિથી વાનગીઓ વ્હોરાવતો ગુરૂમહારાજ જે વ્હોરે તે જ વસ્તુ વાનગી વાપરતો. ગામમાં કયારેક પણ સાધુ મહારાજનો જોગ ન મળતો તો ગામ બ્હાર જઇ ચારે બાજુ જોતો ભાવના ભાવતો. એકવાર તે પાત્રમાં ઘી વ્હોરાવી રહ્યો હતો ઘીની ધારા પાત્રમાં રહી હતી તેની ભાવનાઓની ધારા ઉંચે ચડી હતી. ચંપક શ્રેષ્ઠી ભાવનાની તનમયતા જોઇ સાધુ મહારાજે ઘીની ધારા પાડવા જ દીધી. વચમાં કયાંય તે અંગે તેમણે ના કહી. સાધુ જ્ઞાની હતા જોઇ રહ્યા હતા કે ચંપક શ્રેષ્ઠી અત્યારની ભાવનાઓથી અનુતર વિમાનની ગતિ બાંધી રહ્યો છે. ત્યાં જ ચંપક શ્રેષ્ઠીના ધારાધડ દઇ નીચે ઝબડી ગુરૂએ કહ્યું. આમ ઉંચે ચડી વળી પાછા નીચે પટકાવા જેવું કાં કરો છો.

卐 શાસન રસિક : મંત્રીશ્વર વાગભટ્ટ 卐

— મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મ.

મહાપુણ્યોદયે ભગવાન શ્રી જિનેશ્વરદેવના પરમતારક શાસનની પ્રાપ્તિ થાય છે. આ શાસનની પ્રાપ્તિ થયા પછી 'શાસન એ જ મારા માટે તારક છે, બીજું કાંઇ ન નહિ' માટે શાસન માટે સઘળું ય કરી છૂટવાની જેના હૈયામાં અપૂર્વ તમન્ના હોય છે તેવા આત્મા ઓ અવસર આવે પોતાના સર્વસ્વનો પણ ભોગ આપતાં અચકાતા નથી. અને શાસનરસિકતા ગુણના કારણે પોતાના આત્માના કલ્યાણની સાથે બીજા પણ અનેક પુણ્યાત્માઓના કલ્યાણમાં સહાયક બને છે. ભગવાનના શાસનમાં તો ઘણા બધા પુણ્યાત્માઓ થઇ ગયા, જેઓને પોતાની જાત કરતાં પણ શાસન ઘણું જ વહાલું હતું અને જાતની નામના– કીર્તિ પ્રભાવના કરતાં પણ શાસનની જ પ્રભાવના વધે એમાં જ પોતાનું ગૌરવ સમજતા, પોતાની જાતને ધન્ય કૃતકૃત્ય માનતા કે પુણ્યયોગે મને મળેલી લક્ષ્મી આદિનો શાસનની સેવા–ભક્તિમાં સદુપયોગ કરવાની સુંદર તક મળી નજીકના ઈતિહાસમાં થઇ ગયેલા પુણ્યાત્મા મંત્રીશ્વર વાગભટ્ટના જીવનની સામાન્ય વાત કરવી છે,

પૂ. પિતા મંત્રીશ્વર ઉદયનની અંતિમ ભાવના સાકાર કરવા મંત્રીશ્વર વાગભટ્ટે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો ઉદ્ધાર કરાવ્યો સુંદર નયનરમ્ય મંદિર સ્વદ્રવ્યથી જ બંધાવ્યું. પોતાની લક્ષ્મી કૃતાર્થ થઇ તેમ માનવા લાગ્યા. અને મંદિરનો ઉદ્ધાર થયો તેના સમાચાર જ્યારે સેવકોએ આવીને આપ્યા ત્યારે મંત્રીશ્વરે આનંદમાં તેમને સોનાની સોળ જીભ દાનમાં આપી. હવે "આ મંદિરમાં પરમતારક યુગાદિદેવની મનોહર પ્રતિમા પધરાવીશ, અનેક પુણ્યાત્માઓ જેનાં દર્શન–પૂજનાદિ કરી પોતાના આત્માના કલ્યાણને સાધશે અને આત્મગુણોને પામી યાવત્ આત્માની મુક્તિને પણ પામશે" આવા મંગલ મનોરથમાં મંત્રીશ્વર રમતા હતા એટલામાં જ થોડીવારમાં બીજા સેવકો આવ્યા. વાત કરતાં જીભ પાછુ ઉપડતી નથી છતાંય મનને મક્કમ બનાવી, માંડ માંડ ગદ્‌ગદ સ્વરે મંત્રીશ્વરને દુઃખદ સમાચાર આપતાં કહે છે કે–"મંત્રીશ્વર ! જે મંદિરનો ઉદ્ધાર કરાવેલો તે તુટી પડયું છે." વજ્ર સમાન આવા સમાચાર સાંભળવા છતાં ય તે મંત્રીશ્વર જરા ય દુઃખી થયા વિના આ સમાચાર આપનાર સેવકોને પહેલાં કરતાં બમણું ઇનામ આપ્યું. આ તેઓ પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાએ આવું બમણું ઇનામ આપવાનું કારણ પૂછયું તો મંત્રીશ્વરે ઘણી જ સ્વસ્થતા અને સ્વાભાવિકતાથી કહ્યું કે– "રાજન્ ! મારા જીવતાં જ મને આ સમાચાર મળ્યા તો હું ફરીથી તીર્થનો ઉદ્ધાર કરાવીશ. મને આવો લાભ ક્યાંથી મળે મારા મર્યા બાદ થયું હોત તો લાભથી વંચિત બનત."

ભાગ્યશાલિઓ ! વિચારો કે, શાસનના પરમાર્થને પામેલા એવા શાસન રસિક આત્માઓના હૈયામાં શાસનની સેવા-ભક્તિની કેવી ધગશ હોય છે. આ ૮૮ જગ્યાએ આપણી જાત હોય તો આપણને પણ કેવા કેવા વિચારો આવે તે ય વિચારવાની ખૂબ જરૂર છે. મોટે ભાગે આજના જીવો હોય તો પુનઃ બંધાવવાનો વિચાર જ માંડી વાળે.

તે પછી રાજાની અનુમતિ લઈ મંત્રીશ્વર પોતાના અલ્પ પરિવાર સાથે શ્રી સિદ્ધાચલજી ગયા અને શિલ્પીઓને મંદિર તુટવાનું કારણ પૂછ્યું. તો શિલ્પીઓએ કહ્યું કે- અંદર પવન પેસી ગયો છે તે નીકળે નહિ તો આ જ હાલત થવાની છે. શ્રી વાગ્ભટ્ટ મંત્રી કહે કે- તો પવન કાઢી નાખો ! શિલ્પી- મંત્રીશ્વર ! પવન કાઢી નાખવામાં મોટી મુશ્કેલી નડે તેમ છે.

મંત્રીશ્વર-એવી તે કઇ મુશ્કેલી નડે તેવી છે કે આમ ગભરાતા ગભરાતા વાત કરો છો ?

શિલ્પી-શિલ્પશાસ્ત્રનો એવો નિયમ છે કે મંદિરની ભમતીનો પવન કાઢીએ તો ઉદ્ધાર કરાવનારનો વંશ ટકે નહિ.

સંસારરસિક આત્મા અને શાસનરસિક આત્માની મનોદશા અત્રે આપણને જોવા મળે છે. સંસારરસિક આત્માઓ આવા પ્રસંગે પોતાનો વંશવેલો ચાલુ રહે તેમ જ ઇચ્છે. જ્યારે શાસન રસિક આત્મા તો વિચારે કે, વંશ રહ્યો કે ન રહ્યો અને વંશમાં ઉત્પન્ન થનારો કોઇ બધી બાપ દાદાની આબરૂ ધુળધાણી કરે તો શું થાય ! તેના કરતાં આ મંદિર એ જ મારો સાચો વંશ વારસ છે.

મંત્રીશ્વરે પણ ક્ષણવારમાં જ નિર્ણય કર્યો કે- મારો વંશ રહે તો ય શું અને ન રહે તો ય શું ? વંશ જતો હોય તો ભલે જાઓ. પણ આ મંદિર આબાદ રહો !"

આ રીતના સઘળી ય ઇચ્છાઓ ઉપર કાબૂ શાસન હૈયામાં પરિણામ પામ્યા વિના આવવો સહેલો નથી. એટલે શાસનરસિક આત્માઓ જેમ ઉદ્ધાર હોય તેમ સઘળી ય મોહજન્ય ઇચ્છાઓની ઉપર પૂરો કાબૂ રાખનારા હોય અને તેથી સદાચાર તો તેમનો સાથી હોય અને સદ્વિચારો વિના ખોટા વિચારો તો તેમને પજવી શકે પણ નહિ.

શાસનરસિકતા ગુણના પ્રતાપે શાસનની આબાદી માટે સંસારમાં રહ્યા છતાં પણ, કર્મયોગે સંસારની પ્રવૃત્તિઓ કરવા છતાં પણ- સઘળું ય કરી છુટે છે. આવા આત્માઓથી જ શ્રી જૈન શાસન જગતમાં જયવન્તુ છે અને જયવન્તુ રહેવાનું છે.

આપણા આત્મામાં પણ આ શાસન રસિકતા ગુણ પેદા થઈ જાય તો આ કાળમાં પણ આપણે આ શાસનની ધારી સેવા ભક્તિ અને રક્ષા કરી શકીએ. માટે એક જ હૈયાની મંગલ ભાવના છે કે- પુણ્યયોગે મળેલી સઘળી ય સામગ્રીનો શાસનની સેવા-ભક્તિ રક્ષામાં સદુપયોગ કરી, શાસનને આત્મસાત્ બનાવી શાસનમય બની, પરમાત્મા સ્વરૂપને પામીએ.

卐 કામદેવ શ્રાવક 卐

— રતીલાલ હી. ગુઢકા (લંડન)

ચંપા નગર કામદેવ ધનાઢય શ્રાવક હતા. તેમની પત્નીનું નામ ભદ્રા શેઠાણી હતું ૬ ક્રોડ દ્રવ્ય નિધાન રૂપે ભંડાયું હતું ૬ ક્રોડ વ્યાપારમાં રાકી વ્યવસ્થા કરતા ૬ કરોડ દ્રવ્ય ઘર ખર્ચી ઘર વકરી વાસણ વસ્ત્ર આભૂષણમાં રોકયું હતું ૧૦ હજાર ગોકુળ ગાયો હતી ૬ ગોકુળ હતા. તેઓ પ્રભુ મહાવીર પ્રભુના પરમ ભક્ત શ્રાવક હતા. એક-વાર પ્રભુની દેશનામાં ગયા ઉત્તમ ભાવ જાગ્યો હવે હું વ્યવ્હાર-સંસાર કાર્યથી ખસી શ્રાવકની ૧૧ પ્રતિમાની આરધના કરૂં" ને સવારે ધર્મ ધ્યાનમાં નિશ્ચલ થઈ બેઠા તે વખતે સૌ ધર્મેન્દ્રે દેવોથી ભરેલી સભામાં કામદેવની અડગતા ધર્મરૂચિ શ્રધ્ધાની તેમજ ધૈર્યાદિની પ્રસંસા કરી આ વાતની શ્રધ્ધા ન થાતાં એક દેવે કામદેવની પરીક્ષા લેવા આવ્યો. દૈવી શક્તિથી ઘણાં ભયંકર રૂપો વિકુર્વી ડરાવવા લાગ્યો પણ કામદેવ પોતાના ભીષણ ધ્યાનમાં નિશ્ચલ રહ્યો. રાક્ષસનું રૂપ લઈ હાથમાં પકડેલી વિકરાળ તલવાર ઉગામી ભીષણ આંખો ચડાવી બોલ્યો. ધૂર્ત, આ ધર્મનો ડોળ મૂકી દે ને નહિંતર એક જ ઝાટકે મરી દુર્ધ્યાનથી દુર્ગતિમાં જઇશ. પણ કામદેવ તો મક્કમ રહ્યા. પ્રહાર કર્યા ખડગના વળાં લોહી વહેવા લાગ્યું. પણ કામદેવ મક્કણ રહ્યા. એવા ઘણા ઉપસર્ગ કર્યા પણ કામદેવ વધુને વધુ ભગવાનનું સ્મરણ કરતા ગયાં. અંતે દેવ થાકયો પ્રગટ થઈ હાથ જોડી બોલ્યો ઓ શ્રાવક તમો ખરેખર માયારૂપી પૃથ્વીને ખેડવામાં હળ સમાન છો મહાવીર પ્રભુએ કથન કરેલા ધર્મમાં આસકત છો તમો ખરેખર ધર્મી છો તમારૂં આવું સુદૃઢ સમકિત જોઇ મારૂં અનાદિકાલિન મિથ્યાત્વ નાશ પામ્યું અને મને પણ સમ્યકૃત્વની પ્રાપ્તિ થઈ. તમારા ધર્માચાર્ય મહાવીર પ્રભુ છે પણ મારા ધર્માચાર્ય તો તમો જ છો તમને ધન્ય છે. તમે કૃત પૂન્ય છો મેં ઘણા અપરાધ કર્યો છે મને ક્ષમા આપજો દેવ ખાલી આવ્યો હતો અને સમ્યકૃત્વ લઈને ગયો પછી ત્યાં પ્રભુ મહાવીર પધાર્યા ત્યાં કામદેવ શ્રાવક સમવસરણમાં જઇ પ્રભુને વાંદી ઉભા હતા ત્યાં પ્રભુ મહાવીરે લાખો મનુષ્ય ને ક્રોડો દેવોથી ભરી પર્ષદામાં કામદેવ ગઇ રાત્રે આવા ઉપસર્ગ સહન કર્યા પ્રભુએ તેની દૃઢતા વખાણી અને ગૌતમ આદિ સાધુઓને ઉદ્દેશીને કીધું એક શ્રાવક આવા ઉપસર્ગ સહી શકે છે તો તમારે અનેક ગણા ઉપસર્ગો સહન કરવા તૈયાર રેવું જોઈએ. કામદેવ ૧ માસની સંલેખના કરી પહેલા દેવલોકમાં ગયા ૪ પલ્યોપમવાળા દેવ ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઇ મોક્ષે જાશે એજ.

—: શ્રી જિન મંદિરની ચાલીસ આશાતના :—

સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્ર રૂપ આત્મગુણોનો સંપૂર્ણ રીતે વિનાશ કરે તેને 'આશાતના' કહેવાય છે એ પ્રમાણે 'આશાતના' શબ્દની વ્યુત્પત્તિ કરી છે.

શ્રી જિનમંદિરની દશ અને ચોર્યાશી અશાતના પ્રસિદ્ધ છે.

"દુષમા કાળના દોષથી દૂષિત એવા અમોને જો શ્રી જિનાગમ ન મળ્યા હોત તો અનાથ એવા અમારું શું થાત!" આ પ્રમાણે હૈયાનો આર્ત્તનાદ પોકારી, શ્રી જિનાગમ ઉપર અત્યંત બહુમાન,પ્રીતિ ધરનાર, ૧૪૪૪ ગ્રન્થોના રચયિતા, સુવિહિત શિરોમણિ પ. પૂ. આ. શ્રી. વિ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ "શ્રી સંબોધ પ્રકરણ" ગ્રંથમાં શ્રી જિનમંદિરની ચાલીશ (૪૦) આશાતનાનું વર્ણન કર્યું છે.

તે આ પ્રમાણે છે.

શ્રી જિનચૈત્યમાં મૂત્ર–વિષ્ટા કરવા, જલાદિકનું પીવું, પગરખાં પહેરવાં, ખાવું, સૂવું, સ્ત્રી સંગ કરવો, તંબોલ ખાવું થુંકવું, જુગાર રમવો, જુ વિગેરે જોવી, વિકથા કરવી, પલાંઠી વાળવી, પગ પસારવાં, પરસ્પર વિવાદ કરવો, હાસ્ય કરવું, મત્સરિકા કરવી (ઇર્ષ્યા કેળવવી), સિંહાસનાદિકનો ઉપયોગ કરવો, કેશ શરીરની વિભૂષા કરવી, છત્ર રાખવું, ખડ્ગ રાખવું, મુકુટ પહેરવો, ચામર ધરાવવું, ધારણ–અપકારીને તથા દેવાદારને પકડવો, સ્ત્રી સાથે હાસ્ય રસ કરવો, તથા બિહુ પ્રસંગ–ક્રિડા રમત કરવી, મુખકોષ ન બાંધવો, મેલું શરીર–વસ્ત્ર પહેરવું, શ્રી જિનપૂજા કરતાં મનને એકાગ્ર ન કરવું, સચિત દ્રવ્યનો ત્યાગ ન કરવો, અચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો, એક સાડી ઉત્તરપટ ન કરવું, શ્રી જિન દૃષ્ટિએ (પડતાં) અંજલિ ન જોડવી, શ્રી જિનેશ્વરને દેખવા છતાં અપૂજા (નમસ્કાર રૂપ પૂજન ન) કરવી અથવા અનિષ્ટ કુસુમ વડે પૂજા કરવી, તથા અનાદર કરવો, શ્રી જિનેન્દ્ર દ્વેષીને ન નિવારવો, ચૈત્ય દ્રવ્યની ઉપેક્ષા કરવી, છત શકિતએ વાહન રાખવું પ્રથમ ચૈત્યવંદનાદિ (કરવું) એ પ્રમાણે શ્રી જિન ભુવનમાં રહેલાઓને એ ૪૦ (ચાલીસ) આશાતનાઓ જાણવી. (ગા. ૨૪૧થી ૨૫૪) (શ્રી સંબોધ પ્રકરણનો (તત્ત્વ પ્રકાશપર નામક) ગુજરાતી અનુવાદ પૂ. આ. શ્રી નેમિ સૂરિના પટ્ટધર પૂ આ. વિજયોદય સૂરિના. શિષ્ય પં. શ્રી મેરૂવિજયજીગણીએ કરેલ છે.

જે 'શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા'એ ,શ્રી લુણસાવાડા મોટી પોલ જૈન સંઘ–અમદાવાદના દ્રવ્ય સહાયથી વિ. સં. ૨૦૦૮, વીર સં. ૨૪૭૮, ઈ. સ. ૧૯૫૧ના માગશર વદ–૧૦ (પાર્શ્વનાથ જન્મ કલ્યાણક) ના પ્રગટ કરેલ છે. તેમથી આ ૪૦ આશાતનાની નોંધ કરી છે.]

હરણફાળ ! વીર સૈનિક દળને માર્ગે ??

વિ. સં. ૨૦૦૧માં પૂ. પાદ આ. ભ. શ્રી વિજયનામચંદ્રસૂરીશ્વરજી મ. એ જામનગર શાંતિભવન તપગચ્છ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ કર્યું અને એવી રંગરેલી પ્રવચનની જામી કે શેઠ શ્રી કુલચંદભાઇ તંબોલી પણ જરા મોડા આવે તો અંદર જવાની જગ્યા ન મળે ત્યારે પાઠશાળા શ્રી સંઘે પૂ. શ્રીને ચાતુર્માસ વિનંતી કરી અને ૨૦૦૩નું ચાતુર્માસ ત્યાં થયું ત્યારથી તે શ્રી સંઘને ખૂબ રસ પડયો અને અનેક ચાતુર્માસ પૂ. શ્રીજીના સમુદાયમાંથી થયા.

પૂ. આ. ભ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. એ ૨૦૩૧માં ત્યાં ચાતુર્માસ કર્યું પુનમબાબુ (હાલ પૂ. મુ. શ્રી પુરંદર વિજયજી મ.) તરફથી ઉપધાન નક્કી થયા. આસો સુદમાં ઉપધાન પ્રારંભ નક્કી થયો અને આસો સુદ ચૌદસમાં ભેદ આવ્યો અને પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના ઉપદેશથી પ્રથમ વીર સૈનિકદળ અહીં સ્થપાયેલું તેના જે પ્રાયઃ યુવાનો પૂ ભૂવનભાનુ સૂ મ. સામે પડયા અને મોટી હોહા મચી ગઇ. ચૌદશના ફેરફારને નહી ચલાવી લેવાય. હોલમાં જ અજુગતી વાતો ઘોંઘાટ થયા અને સાધુઓ પ્રત્યે અવજ્ઞા થઇ.

છેવટે ચાલુ ચોમાસે જ પૂ. ભુવનભાનુંસૂ મ સા. ને પાઠશાળાથી વિહાર કરવો પડયો ૪૫ દિગ્વીજય પ્લોટમાં પધાર્યા અને ત્યાં ઉપધાન અને ચોમાસુ પૂર્ણ કર્યું. તે સાથે વીર સૈનિકદળને પણ પૂ. પં. મ. શ્રીએ વિખેરી નાંખ્યું.

આજે વર્ષો પછી આ વાત એમ યાદ આવે છે કે– હાલમાં મુંબઇ આવ્યા પછી પણ એક મહિના પછી પૂ. પં. મ. એ ધાર્મિક વહિવટ વિચાર પુસ્તક પ્રગટ કર્યું અને નમિનાથ ઉપાશ્રય–પાપબુનીમાં દેવદ્રવ્યથી પૂજા થાય તે નોબત બજાવી અને ત્યાર પછી અનેકવાર અને રવિવારના પ્રવચનોમાં તો ખાસ તેનું પ્રતિપાદન થયું. રહ્યું. પરંતુ તેમાં સંતોષજનક પ્રતિસાદ ન મળ્યો. અને તેમના વિચારોનું શાસ્ત્ર પાઠો સહિત પ્રતિપાદન થયું તે સહન ન થવાથી પ્રતિપાદન કરતા વર્ગ સામે પ્રતિવાદનો પ્રચાર થયો.

અને સંસ્કૃતિ ધામના યુવાનોમાંથી કેટલાકે તે ઝીલી લીધો અને પૂર્વના વીર સૈનિક દળના માર્ગે પ્રયાણ પ્રારંભાયો અને તેમને વીર રસ પાવાનું કાર્ય પૂ. પં. મ. એ સંભાળ્યું.

આમ કબાણુના અને દમાવવાના પ્રયોગો શરૂ થયા. લાલબાગના જાહેર પ્રવચનમાં હોહા કરવા ગયા. ઘાટકોપરના દીક્ષા નિમિત્તના પૂ. જિનેન્દ્રસૂ મ.ની નિશ્રાના વરઘોડા બેંડ સંઘજમણની જવાબદારીઓ સંઘની વિનંતી છતાં છોડી દીધી મહારાજ કંઇ બોલે નહિ કહી દેજો. ગોરેગાવમાં પૂ. પં. શ્રી અક્ષયોદયસાગરજી મ. તથા પૂ પંડિત મ. ની નિશ્રામાં થયેલ દીક્ષા મહોત્સવમાં આંગી વિ. ની જવાબદારી છોડી અને સંઘ

જમણનો પણ બહિષ્કાર કેટલાકે કર્યો. ચંદનબાલામાં પૂ. નયવર્ધન વિ. મ. ના જાહેર પ્રવચનમાં ટેપો ઉતારવા લાવીને હો હા કરી. ઘાટકોપર નિલકંઠ વેરીમાં રાત્રે ૧૧ વાગ્યે પૂ. જિનેન્દ્રસૂ.મના પાસે આમ કેમ બોલ્યા વિગેરે કર્યું સંઘના પ્રમુખે છેવટે બહાર કાઢયા રસ્તા ઉપર જઇ દેકારો કર્યો તે પ્રમુખના ચિ ડોકટરે ગરમ થઇ જવાબ આપ્યો. અને હોલારીભાઇઓને લાગ્યું કે આ જુસ્સાવાળા કઇ કરે તો વહેલા પાંચ વાગ્યે માંડીઓ લઇ હાજર થઇ ગયા. કંઇ બને નહિ પણ તેમને એવું લાગેલું. મલાડ ઇસ્ટમાં પ્રવેશ પહેલાં વેસ્ટમાં રહેવાનું થયું ત્યાં પણ ટ્રસ્ટીઓને દબાણ કર્યું કઇ દેજો કંઇ બોલે નહિ.

આમ છતાં ઘણાં યુવકોએ આ ગમતું નહિ તે પણ જાણવા મહત્વ.

આ પ્રવાહ પૂ. પં. મ. નવસારી તપોવનમાં ચાતુર્માસ હોવાથી વિહાર કર્યો અને ત્યાંથી આગળ સુરત પધાર્યા. કૂતરા મારના અભિયાન સામે ઝુંબેશ ઉપાડવા પરંતુ તેને બદલે દેવદ્રવ્યથી પૂજા અને ગુરુદ્રવ્ય વૈયાવચ્ચમાં–એ ધૂનથી વ્યાખ્યાનો ચાલ્યા. સુરતના ૬૦ સંઘ તેમની વાતનો સર્વસંમત સ્વીકાર કરે છે. ઠરાવની યોજના પણ તે મીટીંગમાં તે વાત ન આવી કેમકે સર્વસંમતિ તો શું પણ વાત કરવાનો અવકાશ ન રહ્યો–પણ ઉશ્કેરણીમાં ઘણાં વિધાનો થયા. તે તો અવસરે પરંતુ એક વખતના વીર સૈનિકે પૂછેલા પ્રશ્નોથી ધીરજ રહેતા પ્રેરણા કરી એક નવસારીનો છોકરો મારી તાછળ પડયો છે. ઓળખી લેજો ત્યાં વફાદાર યુવાનોએ ધ્યાનમાં લીધું રામચંદ્રસૂ. આરાધના ભવનમાં મુ શ્રી દિવ્યકીર્તિવિ.મ. ના પ્રવચનમાં રહેજ ઉંચા થયા પણ પૂરું થયું નવસારીના નરેશે પૂ ભુવનભાનુસૂ. મ.ના પરમ તેજના લખાણ કર્યા અને પૂ. પં. મ. થી હું જોડાયેા છું તેમને છોડવા પાલવે નહિ. તેમનો હું શ્રાવક બનું પુસ્તકના લખાણો દ્વારા દેવદ્રવ્યના વિધાનો મુંહાસર છટાથી કહ્યા. તે વાત કડવી લાગી અને હાહા થઇ ફરી શાંત થઇ વકતવ્ય ચાલુ થયું પણ કેટલાકને સહન ન થવાથી ધકકામૂકી થતાં બધા ઉભા થઇ ગયા સર્વમંગલ થયું.


પછી નરેશને સોંપવા માફી માંગવાની માંગણી થઇ. બપોરે સમેતશિખર પોળમાં અનીલભાઇને ત્યાં જમવા લઇ ગયા. ત્યાં મોટું ટોળું ભેગું થઇ પોલીસ બોલાવી લાઠી ચાર્જ થયેા ફરીયાદો થઇ પોલીસ ચોકી પાસે પણ મોટું ટોળું થયું. પોલીસ ઇન્સ ને કહે નરેશ માફી માંગે તો સમાધાન કરીએ. નરેશે આજીવન જિનવચન વિરુદ્ધ કંઇ પણ બોલાયું હોય તો મિચ્છામિ દુક્કડં છાપાઓમાં લખાણ આવ્યા. વિ.

આમ દબાણ અને ધમાલથી વીર સૈનિક દબને માર્ગે તો જવાનું નથીને ? પછી પોતાના જ વડિલે ભારે પડેલા આ ન્યાઓ શિખેલા પાછા પોતાને તો ભારે નહિ પડેને?

પૂ પં. મ એ સુરતમાં જેહાદ જગાવેલ તેના અંશોના વિશેષાંશો વળી અવસરે,

—જોયેલું અને જાણેલું

પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણિ. લિખિત



ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

(સુજ્ઞ વાચકોને આ લખાણ છપાવામાં મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ છે.

પ્ર૦ સંબોધપ્રકરણમાં જણાવેલ પૂજા, નિર્માલ્ય અને કલ્પિત દેવદ્રવ્યની સ્પષ્ટ સમજ આપો.

ઉ૦ સંબોધપ્રકરણની તે ગાથાઓના (સંમેલને કરેલા ભેળસેળીયા અર્થ સિવાયના) અર્થ મુજબ પૂજા અને કલ્પિત (બોલીઓનું દ્રવ્ય નહિ) દેવદ્રવ્ય તરીકે ગણાતું દ્રવ્ય, દેવની ભક્તિ માટે આવેલું દ્રવ્ય છે. સંબોધપ્રકરણમાં જણાવેલી વ્યવસ્થા મુજબ પૂજા દ્રવ્ય જિનદેહ સંબંધી કાર્યમાં અને કલ્પિત દ્રવ્ય જિનદેહ અને જેહનાં સર્વ કાર્યોમાં ઉપયોગી બને. અને એટલા માટે જ આ બંને દ્રવ્યને આજની વપરાતી ભાષામાં 'જિનભક્તિ સાધારણ' કહી શકાય કોઈ વ્યક્તિ. જિનપૂજાની સામગ્રી લાવવા માટે પૈસા આપી જાય, કે સમગ્ર મંદિરના કાર્યો માટે પૈસા આપી જાય, તે પૈસા સંબોધપ્રકરણના આધારે ક્રમશઃ પૂજા દેવદ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય કહેવાય. આ પૈસાથી જિનપૂજા કે મંદિરનો નિર્વાહ કરવામાં આવે તેનો વિરોધ અમે કરતા જ નથી. કારણ કે આ દ્રવ્ય દેવકા સાધારણ જેવું છે. અમારો વિરોધ તો બોલીના દ્રવ્યને કલ્પિત ગણાવી તેમાંથી જિનમંદિરનો નિર્વાહ કરવાની વાત કરે છે તેની સામે છે. નિર્માલ્ય દેવદ્રવ્ય દેવની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આવેલું હોય છે. આ દ્રવ્યનો ઉપયોગ જિનના અંગના આભૂષણો, જીર્ણોદ્ધારાદિમાં થાય. દેવની ભક્તિ માટે અને દેવની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આવેલ દ્રવ્યની ભેદરેખા સમજી લેવાય તો દેવદ્રવ્યના નામે ગપ્પાં મારવાનું નહિ બને.

પ્ર૦ જિનપૂજા કરવાની સામગ્રી ગામના કે બહારગામથી આવેલા જૈનોને બરાબર મળે તે માટે 'જિનભક્તિ સાધારણ ભંડાર' મૂકીને તે પરદ્રવ્યથી તે લોકો જિનપૂજા કરી શકે અને તેમાં દોષ જણાતો ન હોય તો

સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવાનો એકાંતે આગ્રહ શી રીતે રાખી શકાય ? (પૃ. ૧૭)

ઉ૦ શક્તિ સંપન્ને સ્વદ્રવ્યથી પૂજા કરવાની સાથે અન્ય સાધર્મિકને પૂજાની અનુકૂળતા કરી આપવામાં ય ધર્મ જ છે. એ અનુકૂળતાનો ઉપયોગ કરવો જ પડે તો કેટલો અને કેવી રીતે કરવો—તે વિવેક અનુકૂળતા લેનાર સાધર્મિકે રાખવાનો છે. આપનારે ઉદારતા રાખવી અને લેનારે સંતોષ રાખવો એ આપણા શાસનની મર્યાદા છે. આમાં 'પરસ્પર વિરોધ' જોનારાને શાસ્ત્ર આવડતાં નથી.

પ્ર૦ 'શ્રાવકોએ સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ' આ વાત તો ઘર દેરાસરના માલિક શ્રાવક માટે જ છે, તમામ શ્રાવક માટે આ નિયમ લાગુ પડાય ?'

ઉ૦ ગૃહમંદિરના માલિકે ગૃહમંદિરે સ્વદ્રવ્યથી પૂજા કર્યા પછી પણ જો સંઘ-ચૈત્યમાં જે સ્વદ્રવ્યથી પૂજા કરવી જોઇએ તેવું વિધાન છે તો ઘરદેરાસર વગરનાઓએ પણ સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ તે સ્પષ્ટ છે. ગૃહચૈત્યવાળા શ્રાવકે, ગૃહચૈત્યમાં આવેલી સામગ્રીથી નહિ, પણ સ્વદ્રવ્યથી જ સંઘચૈત્યમાં પૂજા કરવી એવું વિધાન છે. આમાં 'ગૃહચૈત્ય વગરના શ્રાવકે દેવદ્રવ્યમાંથી પૂજા કરવી' એવું તાત્પર્ય કાઢનારાનું ભણતર ફૂટી નીકળ્યું એમ જ કહેવાય.

પ્ર૦ (આશાતનાનો ભય રહે) આવું કહેનારા ઘણાખરા લોકો ઘરમાં દેરાસર કરવા પ્રત્યે અણગમો ધરાવતા હોય છે. તે માટે તેમને આ આશાતનાનું બહાનું મળી જાય છે આ રીતે ઘરમાં ભગવાનનો પ્રવેશ ન થવા દેવો એ જ શું અતિમોટી ભગવાનની આશાતના નથી શું ? ઘરમાં બધા રહી શકે, ભગવાન જ નહિ ! અરેરેરે... (પૃ ૭૬) ઘરદેરાસર કરવા માટે લેખકશ્રીએ કેવી સુંદર પ્રેરણા કરી છે ?

ઉ૦ ઘરદેરાસર કરવા માટે ખરેખર સુંદર પ્રેરણા કરી છે. પણ મારે પંન્યાસજી ને પણ આવી જ એક બીજી સુંદર પ્રેરણા કરવી છે : શક્તિ સંપન્ન શ્રાવક ભાવના સંપન્ન ન બને તો સ્વદ્રવ્યને બદલે દેવદ્રવ્યથી પણ પૂજા કરે તો આ લેખકશ્રીને તેમાં દોષ જણાતો નથી ઉપરથી સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે આવી પૂજા ઉપાદેય માને છે. શક્તિસંપન્ન શ્રાવક પોતાના સાંસારિક દરેક કાર્યો સ્વદ્રવ્યથી કરે, માત્ર ભગવાનની પૂજા

કરવામાં જ સ્વદ્રવ્ય નહિ [અરેરેરે] સ્વદ્રવ્યથી જિનપૂજાદિ કરવામાં જ તેની ભાવના જાગતી નથી આ શું પ્રશંસાપાત્ર કહેવાય ? છતાં શકિતસંપન્ન શ્રાવકની આવી વિચિત્રતાનો અતિવિચિત્ર બચાવ આપણા આ લેખક પંન્યાસજી કરે ! ! ! અરેરેરે...

પ્ર૦ 'પાઠશાળામાં ભણતા બાળકો, બાલિકાઓ વગેરે માટે જરૂરી પુસ્તકો આ [જ્ઞાન] ખાતેથી લાવી શકાય નહિ, તે પુસ્તકોની વ્યવસ્થા તેમના વાલીઓએ કરવી જોઇએ, પાઠશાળાના પંડિતોને પગાર વગેરે પણ આમાંથી આપી શકાય નહિ' (પૃ-૧૫) લેખકની આ વાત ઉપર વિશેષ જણાવો.

ઉ૦ જ્ઞાનદ્રવ્યમાંથી સમ્યગ્જ્ઞાનનાં ય પુસ્તક શ્રાવક-શ્રાવિકા (પાઠશાળાનાં બાળકો) માટે લાવી ન શકાય. પાઠશાળામાં શ્રાવક-શ્રાવિકાને ભણાવનાર જૈન કે જૈનેતર પંડિતને ય જ્ઞાનખાતામાંથી પગાર ન અપાય. પાઠશાળાનાં પુસ્તક વગેરે, શ્રાવક-શ્રાવિકાની સમ્યગ્ જ્ઞાનની ય સામગ્રી મૂકવા માટેના કબાટ જ્ઞાનખાતામાંથી ન લવાય (સાધુ-સાધ્વીજીએ પરિગ્રહનો સર્વથા ત્યાગ કર્યો છે, માટે માત્ર તેમના જ ઉપયોગ માટેનાં પુસ્તક જ્ઞાનખાતામાંથી લેવાય, માત્ર તેમને જ ભણાવનાર જૈનેતર પંડિતને જ્ઞાનખાતામાંથી પગાર અપાય, સાધુ-સાધ્વીની, પુસ્તક વગેરે માત્ર જ્ઞાનની સામગ્રી મૂકવા માટેના કબાટ વગેરે જ્ઞાનખાતામાંથી લેવાય, એકંદરે સાધુ-સાધ્વીજીની જ્ઞાન-સાધના માટેની બધી સામગ્રી જ્ઞાનદ્રવ્યમાંથી લાવી શકાય.) સમ્યગ્જ્ઞાનની ય સામગ્રી શ્રાવક-શ્રાવિકાએ તો, સ્વદ્રવ્યથી અથવા સાતક્ષેત્રસાધારણના દ્રવ્યથી જ લાવવી જોઇએ. કોઇ દાતાએ પાઠશાળા માટે કે સમ્યગ્જ્ઞાનના અધ્યયન-અધ્યાપન માટે ખાસ દાન આપ્યું હોય તો તેમાંથી ચતુર્વિધ શ્રી સંઘની સમ્યગ્જ્ઞાનની સાધના માટેની બધી જ સામગ્રી લાવી શકાય છે. આ રીતના દાતાએ આપેલ જ્ઞાનદ્રવ્યમાં અને ઉપર જણાવેલ સાતક્ષેત્રમાંના જ્ઞાનદ્રવ્યમાં ફેર છે. શાસ્ત્રના પાના ઉપર વાસક્ષેપથી પૂજન કરવાપૂર્વક મુકાયેલ દ્રવ્ય, તે શાસ્ત્રની ભકિત-સ્વરૂપે આવેલું દ્રવ્ય છે.

આ જ્ઞાનદ્રવ્ય શ્રાવકે અર્પણ કરી દીધું છે. હવે એ દ્રવ્ય ઉપર (તે જ શાસ્ત્ર ભણવા-ભણાવવાની સામગ્રી લાવવા પૂરતો ય) અધિકાર શ્રાવકને રહેતો નથી. અપરિગ્રહી સાધુ-સાધ્વીજી જ એ દ્રવ્યથી જ્ઞાનની સામગ્રી મેળવવાના અધિકારી રહે છે. શ્રાવક જો કોઇ ધર્મશાસ્ત્રના અધ્યયન-અધ્યાપન માટે-શાસ્ત્રભકિત માટે દાન આપે તેનો ઉપયોગ શ્રાવક-શ્રાવિકા સહિત ચતુર્વિધ શ્રી સંઘ કરી શકે છે. આને પણ, જ્ઞાનની ભકિત માટેનું દ્રવ્ય-એ અર્થમાં જ્ઞાનદ્રવ્ય કહી શકાય, પરંતુ ભકિત સ્વરૂપે આવેલા જ્ઞાનદ્રવ્યથી

જુદા પ્રકારનું આ જ્ઞાનદ્રવ્ય છે. અત્યાર સુધી, [ધા. વ. વિ. ની આ બીજી આવૃત્તિ છપાઈ ત્યાર સુધી તો] પંન્યાસજીના વિચારો આ બાબતમાં માર્ગસ્થ લાગે છે, છતાં આટલા વિસ્તારથી આ વાત અહીં સ્પષ્ટ કરવાનું કારણ એ છે કે અવી માર્ગસ્થતા પંન્યાસજી દેવદ્રવ્યની બાબતમાં કેમ રાખી શકયા નથી એ એમને પૂછવાનું અમારું મન છે. દેવદ્રવ્યથી જિનપૂજા થઇ શકવાનાં જે પાઠો પંન્યાસજી રજુ કરે છે. તે અમનેય માન્ય છે. પણ ત્યાં દેવદ્રવ્ય એટલે દેવની ભકિત માટે આવેલું એવું દેવદ્રવ્ય, દેવની પૂજનાદિ ભકિતસ્વરૂપે આવેલું તેવું દેવદ્રવ્ય નહિ-એવું અર્થઘટન કરવાનું છે. અમારી આવી રજુઆત સામે પન્યાસજી 'એવા ખુલાસાના અક્ષરો લાવો' ની વાત મુકે છે. ઉપર જણાવેલી જ્ઞાનદ્રવ્યની વ્યવસ્થામાં પંન્યાસજી [અત્યાર સુધી તો] માર્ગસ્થ રહ્યા છે, સ્પષ્ટ અક્ષરો મેળવાનો દુરાગ્રહ પંન્યાસજી ત્યાં રાખતા નથી, તો પછી જ્ઞાનદ્રવ્યથી ચઢિયાતા એવા દેવદ્રવ્યની વ્યવસ્થામાં પંન્યાસજી આવો કદાગ્રહ કેમ પકડી બેઠા છે-તે સમજાતું નથી. જો કે પંન્યાસજીને આવું પૂછતાં ય હવે અમને ભય લાગે છે. કયાંક દેવદ્રવ્યની વ્યવસ્થા સુધારવાને બદલે જ્ઞાનદ્રવ્યની વ્યવસ્થામાં ગરબડ શરૂ ન કરી બેસે ! પંન્યાસજી અને એમના પરિમાર્જકોની ગીતાર્થતા કોઈક જુદી જ કક્ષાની છે. પહેલી કેસર પૂજા કોણ કરે એ માટેના ચઢાવાની આવેલી રકમ સાક્ષાત દેવદ્રવ્યમાં જાય. [તે રકમ શ્રી જિનબિંબ કે શ્રી જિનમંદિરના જીર્ણોદ્ધારમાં કે પ્રસંગે તેના નવનિર્માણમાં વપરાય] પણ આ આખું વરસ કોના તરફથી પ્રભુજીની કેસરપૂજા થાય એના માટેના ચઢાવાની રકમ દેવકા સાધારણમાં શ્રી જિનભકિત સાધારણમાં જાય. [આ રકમમાંથી મુખ્યત્વે શ્રી જિનબિંબોની કેસરપૂજા થાય, પણ તેમાં વધારો હોય તો અન્ય પ્રકારની પુષ્પપૂજા વગેરેમાંય આ રકમ વાપરી શકાય]

શાસ્ત્રને સાંભળીને સમજી શકનાર એક વહીવટદાર શ્રાવકના ખ્યાલમાં હોય તેવી આ વાત ધુરંધર ગીતાર્થો સમજી ન શકે તેવું તો બને નહિ. પરિમાર્જક ગીતાર્થોની યોગ્યતા માટે શાસ્ત્રોમાં, તે ગીતાર્થ હોવા સાથે, અભિનિવેશ. (પોતાની ખોટી માન્યતાને સાચી ઠરાવવાનો અને બીજાની સાચી માન્યતાને ખોટી ઠરાવવાનો આવેશ) અને માત્સર્ય (સાચી વ્યકિત તરફની ઇર્ષ્યા, અદેખાઇ, તેને હલકા પાડવાની વૃત્તિ): આ બે દોષથી રહિત હોવાની શરત મૂકી છે. પંન્યાસજી અને તેમના પરિમાર્જકોમાં આ જ યોગ્યતા ખૂટતી હોવાનું લાગે છે.

"જ્ઞાનખાતાની રકમનો પગાર લેતા જૈન પંડિતો પાસે ભણતાં સાધુ સાધ્વીજીઓ એક મિનિટનો પણ બગાડ કરે તો જ્ઞાનખાતાની રકમનો દુરૂપયોગ કરવાનો તેમને

દોષ લાગે છે" એમ વધુમાં પંન્યાસજી ફરમાવે છે. જ્ઞાનદ્રવ્યની આટલી ચિંતા કરનારા પંન્યાસજી, દેવદ્રવ્યથી ભરેલી કેસરની વાટકીનું બાકી વધેલ કેસરને કુંડીમાં ઠાલવી દેવાથી દેવદ્રવ્યનો દુરૂપયોગ કરવાનો કેટલો દોષ લાગે છે એ પોતાની જ માન્યતાનુસાર જણાવવામાં શરમ અનુભવે છે. [અમે તો શ્રાવકોનો સ્વદ્રવ્યથી કેસરની વાટકી ભરવાનું કહીએ છીએ, દેવદ્રવ્યથી નહિ એ ખ્યાલમાં રહે]

પ્ર૦ 'જ્ઞાનખાતાની રકમમાંથી પાઠશાળાની ભણુવાની ચોપડીઓ લાવી શકાય જ નહિ. વાલીઓ વગેરેએ જ તે વ્યવસ્થા કરવી જોઇએ જ્ઞાનખાતાની રકમનો આ રીતનો ઉપયોગ શ્રમણ—શ્રમણીઓ માટે જ કરવાનો હોય છે એટલે જ પાઠશાળાનાં પંડિતોને પગાર, જ્ઞાનખાતેથી આપી શકાય નહિ, કે બાળકોને ઇનામ આપી શકાય નહિ હા, જો આવાં જ કાર્યો માટે કોઇએ રકમ ભેટ કરી હોય તો તે રકમનો આ કાર્યોમાં જરૂર ઉપયોગ કરી શકાય' (પૃ. ૧૨૬) લેખકશ્રીની આ વાત ઉપર સવાલ ઉઠે છે કે દેવદ્રવ્યથી તેમના મતે શ્રાવકો પૂજા કરી શકે તો જ્ઞાનદ્રવ્યથી તેઓ શ્રાવકોને ધાર્મિક અભ્યાસ કરવાની છૂટ કેમ આપતા નથી !

ઉ૦ તમારા પ્રશ્નનો ઉત્તર ઉપરના પ્રશ્નોત્તરમાં આવી જ ગયો છે. તમારે ખરેખર તો આ સવાલ સંમેલનના સમર્થકોને પૂછવો જોઇએ. તેમના મતે તો દેવદ્રવ્યથી સમ્યગ્દર્શનની શુદ્ધિ કરવા માટે જિનપૂજા થઇ શકે છે તો સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાનખાતાની રકમથી શ્રાવક પાઠશાળાની ચોપડી કેમ ન લાવી શકે ! આવા બેવડા ધોરણો તેઓ કેમ અપનાવે છે ? પાઠશાળાની ચોપડીઓ લાવવાના કાર્ય માટે કોઇએ રકમ આપી હોય તો તેમાથી પાઠશાળાની ચોપડીઓ લાવી શકાય, જ્ઞાનખાતાની રકમથી પાઠશાળાની ચોપડીઓ ન લાવી શકાય. આવું 'જ'કાર પૂર્વક લેખકશ્રી કહે છે. તો પછી જિનપૂજા કરવાની સામગ્રી લાવવા માટે કોઇએ રકમ આપી હોય તો તેમાંથી પૂજાની સામગ્રી લવાય, દેવદ્રવ્યમાંથી ન લવાય આવું માર્ગદર્શન આપતાલેખકશ્રી શરમાય છે કેમ ! આવો સીધો શાસ્ત્રીય રસ્તો બતાવવાને બદલે દેવદ્રવ્યનો વિવાદ ઉભો કરવા પાછળ પંન્યાસજીના મનમાં શું રમી રહ્યું છે તે તો તેઓશ્રી જ જાણે.....! શાસનદેવ તેમને સદ્બુદ્ધિ આપે ! (ક્રમશઃ)

ભરતજી અને કુમારપાળ મહારાજાની સાધર્મિક ભક્તિ

"પ્રભુ ભગવન" મુનિઓને રાજમહેલની ગોચરી ખપે નહિં. તો મેં જે શ્રાવકના ૧૨ વૃત લીધા છે તેનું સંપૂર્ણ પાલત કેવી રીતે થઇ શકે આરાધના અધૂરી રહેતો હું શ્રાવક કેવી રીતે થઇ શકું ?" શંકાનું નિવારણ કરતાં "કાલિકાલ સર્વજ્ઞે કહ્યું કે" રાજન એવું શાસ્ત્ર વચન છે કે પહેલા અને છેલા તીર્થંકરના સમયનાં મુનિઓને રાજાના ઘરનું અન્ન ન ખપે આથી હે દેવાનુપ્રિય ! તારે શ્રાવકોની આત્માના ઉલ્લાસથી ભક્તિ કરવી જોઇએ. એક પૂર્વની વાત છે પ્રથમ તિર્થંકર ૠષભ દેવ પ્રભુ અષ્ટાપદ ગિરિ ઉપર સમોસર્યા ત્યારે ભરત ચક્રવર્તીએ વિવિધ પ્રકારની ભોજન સામગ્રીઓથી ભરેલા ૫૦૦ ગાડા તૈયાર કર્યા અને પ્રભુને ગોચરીએ પધારવા માટે પ્રાર્થના કરી, પણ પ્રભુએ કહ્યું: "ભરત અમને તારા મહેલનું ખપે નહિ" પછી ઇન્દ્રને પૂછયું હવે શું કરૂં, ઇન્દ્રે કીધું ૫૦૦ ગાડા ભાત પાણી છે તેનાથી તમારાથી અધિક ગુણવાન શ્રાવકોની પૂજા-ભક્તિ કરો. ત્યાર પછી ભરત ચક્રવર્તીએ શ્રાવકોને બોલાવીને કહ્યું આજથી તમારે સૌએ હંમેશા મારા ઘરે ભોજન કરવું. ખેતી વગેરે કંઇ કરવા નહિં મારે ઘરે આવીને કેવું કે તું જિતાયો છે. ભય વધે છે માટે હણ નહિ હણ નહિ. ભરત આ કથન ઉપર રોજ વિચાર કરતો હું કોનાથી જીતાયો છું છ ખંડમાં મારૂં એકચક્રી શાસન ચાલે છે છતાં હું કોનાથી પરાભવ પામ્યો છું ? આવી શુભ ભાવનાથી ભરત નિસ્પૃહ એવા દેવ-ગુરૂની સ્તુતી અને ભક્તિ કરતો સમય જતાં ભરતના રાજ રસોડે શ્રાવકોની સંખ્યા વધતી ગઇ. રસોયા કંટાળ્યા રસોઇયાઓએ કહ્યું આમાં કોણ શ્રાવક નથી તેનો ભેદ સ્પષ્ટ થતો નથી. પછી ભરતે તેમનું કહ્યું: "તેમને બાર વૃત પૂછીને પછી ભોજન આપવુ" એ પછી શ્રાવકોને ઓળખી કાઢવા માટે કાકીણી રત્ન વડે શરીર પર ત્રણ ત્રણ લીટા કરાવ્યા અને ઘોષણા કરાવી કે આવા લીંટાવાળા બાર વૃતરૂપ બાર તિલક કરનારા અને ભરતે કહેલ ૪ વેદને જાણનાર જે હોય તે શ્રાવક ગણવામાં આવશે. નવા શ્રાવકો થતાં તેમને પણ આ વિધિ કરવામાં આવતી. ભરત ચક્રવર્તી પછી તેમના પુત્ર આદિત્યયશાએ શ્રાવકોને ઓળખવા માટે સોનાની યજ્ઞોપવિત પહેરાવી આદિત્યશાના પછી મહાયશા આદિ જે રાજાઓ થયા તેમણે શ્રાવકોની ઓળખ માટે રૂપાની યજ્ઞોપવિત પહેરાવી ત્યારપછી કેટલાકે વિચિત્ર પટસુત્રની યજ્ઞોપવિત ત્યારથી યજ્ઞોપવિત પ્રથા શરૂ થઇ જે આજે પણ ચાલે છે.

કુમારપાળે પોતાના શાસન દરમ્યાન શ્રાવકોને કર માફ કર્યો ને સાધર્મીકોના ઉધાર માટે ૧૪ કોટી દ્રવ્યનો રાજા કુમારપાળ ઘી ભાત મગ શાક વડાં વડી તીખા વઘારીઆ શ્રાવકોને ભાવથી જમાડતાં હતાં રોજ સાધર્મિક ભક્તિ આપણે પણ ભાવથી કરીએ સાધર્મિક ભક્તિનું મુલ્ય થઇ શકે તેમ નથી. હજારો માણસોને જમાડો એના કરતાં એક ઉત્તમ સાધર્મિકની ભક્તિનું પૂણ્ય વધી જાય છે. સમાન ધર્મી સમકિતધારી આત્મા તે જ સાધર્મિક ભાઇ સ્વામી ભાઇ છે. — રતીલાલ ડી. ગુઢકા (લંડન)

અહિંસા પરમો ધર્મ 'જીવદયા એજ પ્રભુસેવા' માનવસેવા એજ પ્રભુસેવા
પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો સાધુ સંતો તથા ભગવતી સતીવૃન્દની પ્રેરણાથી ચાલતું.

શ્રી વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટ

માત્રા ગેઇટ, જય ભિખ્ખુ ચોક, વિંછીયા-૩૬૦૦૫૫ (સૌરાષ્ટ્ર) તા. જસદણ જી. રાજકોટ
એસ.ટી.ડી. ૦૨૮૨૧/૯ ફોન : ઓ. ૭૭૦૯ રેસી. ૭૭૪૩

—: નમ્ર અપીલ :—

પ. પૂ. નિરપેક્ષ, નિર્મોહી ધર્માચાર્યો વિદ્વાન મુનિ ભગવંતો, તપસ્વીની સાધ્વીજી મ. સા. તથ સંઘ સમાજ મંડળ તથા ધાર્મિક-સામાજીક ટ્રસ્ટોના માનનિય પ્રમુખશ્રી, તથા ટ્રસ્ટીઓ અને જીવદયાના પ્રચુર ભાઈ-બહેનો જોગ નમ્ર વિજ્ઞપ્તિ.

શ્રી વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટમાં છેલ્લા ઘણા વરસથી મુંગા અબોલ પશુ પક્ષીની સેવા થઇ રહી છે. આ સંસ્થા છેલ્લા ઘણા વરસથી જીવદયા ક્ષેત્રે ભગીરથ કાર્ય માટે ઝઝુમી રહી છે. તે બાબત તો આપશ્રીના જાણમાં જ હશે જ. કયાંય પણ જોવા ન મળે તેવો સુંદર મજાનો માત્રાના દરવાજા પર (રાજાશાહી વખતનો) ચણુતરો બનાવાયો છે. જેમાં પક્ષીઓ માટે સુંદર સુવિધા બનાવવામાં આવી છે. પક્ષીઓ માટે દૈનિક ૧૦૦ કીલો જુવાર નાખવામાં આવે છે. ૫ કીલો કુતરાને રોટલા નિરાધાર ઢોરને ઘાંસચારો કીડીઓને કીડીયારૂ પુરવામાં આવે છે. પશુ-પક્ષીઓ માટે પાણીના અવેડા ભરવામાં આવે છે. આજુબાજુના ગામડા તથા ધાર્મિક મંદિરોમાં ફ્રીમા જુવાર મોકલવામાં આવે છે. દરેક ધર્મના તહેવારમાં ગાયોને લીલુ ઘાંસ કુતરાને લાડવા. પારેવાને ડાળીયાનું ભોજન કરાવવામાં આવે છે. કુતરીની પ્રસુતિમાં શિરો બનાવીને ખવરાવવામાં આવે છે. અને ગલુડીયાને દૂધ પીવરાવવામાં આવે છે. જરૂરિયાત મુજબ ગામડામાં પશુ-પક્ષી માટે પાણીના આંરડા પાણીના પરબો બનાવવામાં આવે છે. પાણી માટે બોર તથા ડીપવેલની પણ સહાય અપાય છે. સંચાલક શ્રી જીવદયાના સ્થળપર અવારનવાર મુલાકાત લે છે, અને માર્ગદર્શન આપે છે. ગામડામાં ચણુતરા ન હોય ત્યાં ચણુતરા પણ બનાવી દેવામાં આવે છે. મંદિરોમાં લોખંડના ચણુતરા બનાસકાંઠા સહાયક ફંડ પાલનપુર તરફથી ભેટ અપાય છે, તેમાં જાતી દેખરેખ રાખવામાં આવે છે. તો આ ખર્ચને પહોંચી વળવા માટે આપના દાનની જરૂર છે. તો ભાગ્યશાળીઓને નમ્ર વિનંતી પુણ્યના યોગે મળેલી લક્ષ્મીનો સદ્ઉપયોગ કરો. પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી સંપતીને સત્કાર્યમાં વાપરવાની અમૂલ્ય તક એટલે તમારા હાથે અબોલ મુંગા જીવોને અભયદાન પશુ-પક્ષીઓના દુ:ખ દર્દ જોઈ આપને કરૂણા ઉપજે તો આ મુક્તિ-કુંભમાં ઉદાર હાથે દાન મોકલવા વિનંતી.

આ સંસ્થામાં દરરોજનો રૂા. ૧૦૦૦ નો ખર્ચ છે. આ ખર્ચને પહોંચી વળવા માટે દાન ધર્મની પુણ્યવંતિ બેંકમાં પુણ્યવંતિ બેલેન્સ વધારીયે. આ ભવ્ય દાનથી આપે દાન કરેલ એક પૈસો પણ રત્ન ગણાશે.

'કરીલે મન વિચાર માનવી આ અબોલને કોણ ઉગારશે
નથી આપી કુદરતે જેને વાચા એ કોની પાસે જઇને પોકારશે.'

—: વિ ન ં તિ :—

પ. પૂ. મ. સાહેબ તથા સાધ્વીજી મ. સા. આપ જ્યાં બિરાજતા હો ત્યાં જીવદયાનો ફાળો થાય ત્યારે અમારી સંસ્થાને યાદ કરી દાન મોકલવા વિનંતી કરીએ છીએ.

અમારા વિસ્તારમાં છેલ્લા દસ વર્ષથી અપુરતા વરસાદને કારણે છેલ્લા દસ વર્ષથી વાડી ખેતરનાં કુવામાં પાણી નથી. આ વિસ્તાર સાવ પછાત છે. તો આપ અમારી વિનંતી ધ્યાનમાં લઇ અમોને સહયોગ આપશો. તેવી અમો આશા રાખીએ છીએ. મુંગા જીવોની આંતરડી ઠારવામાં સહભાગી બની અનુમોદના કરશો.

દેરાવાસી : અહીં બિરાજતા દેરાવાસી જૈન સંઘના પ. પૂ. નેમીસુરી મ સા. ના સમુદાયના પ્રતિબોધ કુશલા પૂ. પ્રવિણાશ્રીજી મ. સા. ના શિષ્યા ભદ્રપરિણામી પૂ. જ્ઞાતયશાશ્રીજી મ. સા. તથા ઉજ્જવલયશાશ્રીજી મ. સા. સુખશાતામાં બીરાજે છે. ધર્મલાભ પાઠવ્યો છે.

સ્થાનકવાસી : જૈન સંઘના ચાતુર્માસ અર્થે બિરાજતા પ. પૂ. લીંબડી અજરામર સ. પૂ. શ્યામગુરૂદેવના સુશિષ્યા વેલબાઇ મહાસતિજીના સુ. શિ. પૂ. વિદુષી ચંદ્રાવતિબાઇ મ. સા. ના સુ. થ. પૂ. મીરાબાઇ સ્વામી તથા કિષ્નાબાઇ સ્વામી પૂ. સુરભિબાઇ સ્વામી અહીં સુખશાતામાં બિરાજે છે, ધર્મલાભ પાઠવેલ છે. આરાધના સુંદર થઇ રહી છે.

શુકનવંતી યોજના

ચબુતરાના પ્રવેશદ્વારમાં દાતાનું નામ

રૂા. ૫૧૦૦૦ ગામડામાં ચબુતરાના બાંધકામ માટે ઓઇલ પેન્ટ કે. ફોટા તથા
,, ૩૫૦૦૦ ગામડામાં ચબુતરાના ચબુરૂમ માટે આરસની તકતી.
,, ૨૫૦૦૦ ગામડામાં પાણીનો બોર, ડીપવેલ તથા પરબ, અવેડાના બાંધકામ માટે ઓઇલ પેન્ટ બે ફોટા તથા આરસની તકતી.
,, ૧૧૦૦૦ પાણીના પરબ તથા અવેડાના બાંધકામ માટે—ઓઇલ પેન્ટ ફોટો તથા તકતી.

રૂા. ૧૧૦૦૦ નવ જીવો માટે કાયમી તીથીના-સહકુટુંબના નામની તકતી.
,, ૫૦૦૦ બે જીવો માટે કાયમી તિથીના-એક કુટની આરસની તકતી.
,, ૨ ૧ ગાયોના ઘાંસ માટે કાયમી તિથીના-જનરલ તકતીમાં બે નામ.
,, ૧૧૧ એક જીવ માટે કાયમી તિથીના-જનરલ તકતીમાં એક નામ.

ફોટા તથા આરસની તકતી ઓફીસમાં મુકવામાં આવશે. દાન આપવા માટે સંપર્ક

લંડન-રતિલાલ કેવચંદભાઇ ગુઢકા ફોન-રે. ૦૮૧-૯૦૪૯૮૫૧. જુઠાલાલ ધરમશી શાહ ફોન રે. ૦૮૧-૮૬૯૩૫૯૦. રતિલાલ પ્રેમચંદભાઇ ચંદરીયા. કંચનબેન શાહ ફોન-૦૮૧-૯૦૭૫૩૯૨ પરેશ રતિલાલ ગુડકા ફોન ૦૮૧-૯૦૮૦૯૩, ૯૦૭૫૩૯૨, ૦૭૧/૭૨૭૩૪૭૩૪
નાઇરોબી : ચંદુલાલ એમ. શાહ ફો. રે. ૩૩૬૪૭૬,૨૨૫૬૬૨. રામજીભાઇ પાનાચંદ શાહ
કલકત્તા : ચેતન શાહ ફોન ૭૪૭૨૦૮
મદ્રાસ : નરીશચંદ ઉદેશી ફોન રે. ૫૬૫૨૪૮૯ પી. પી. ૫૬૫૬૨૨૩. જીતેન્દ્ર શાહ
રાજકોટ : જરમીન જવેલર્સ ફોન ઓ. ૨૩૬૫૧ રે. ૨૩૬૪૮
હિ માશુ ચિનોય ફોને રે. ૨૪૬૭૫
સુરેન્દ્રનગર : નિલેશ શાહ ફોન ૨૦૫૬૩, ૬૧૬૨૫
ભાવનગર : મનહરલાલ મકવાણા ફોન ૨૮૬૬૩
દહીંસર : ગોકુલ બ્રધર્સ બાબુલાલ ટી. ગોહેલ ૬૬૫૫૮૪૬, ૮૬૫૬૨૭૪
અમદાવાદ : જયેશ પી. પારેખ પી.પી.૩૨૨૬૪૧. ભરતકુમાર સી. જૈન ૪૧૪૨૩૧, ૪૪૫૦૨૨
હરેશ જયસુખલાલ શાહ ઓ. ૨૩૩૧૩૧૬૧, ૨૩૧૩૧૬૨, ૨૬૨૬૮૧ રે. ૪૬૫૬૬૭. રમેશભાઇ દેસાઇ ઓ. ૩૬૨૦૧૭. કીરણભાઇ દેસાઇ ઓ. ૫૩૫૮૨૫૨
મલાડ : દિનેશભાઇ માથુકીયા ઓ. ૮૮૨૧૫૪૬ રે. ૮૪૦૬૫૪૫. રમણીકભાઇ શેઠ ફોન પી. ૮૮૩૧૬૨૩. લલીતભાઇ હીમચંદભાઇ શાહ રે. ૮૮૩૦૩૪૬, ચંદ્રકાંતભાઇ મહેતા રે. ૮૮૨૦૫૬૦
બોરીવલી : જરમીન વોરા રે. ૮૦૧૭૨૫૨
શાંતાકુઝ : રાજેશ એલ. શાહ પી. ૬૪૬૦૬૪૬, ૬૪૬૧૭૭૫
ઘાટકોપર : મહેશ પ્રેમચંદ શાહ ૫૧૬૬૫૩૬, ૫૧૩૩૫૧૬

ક્ષમાપના : મન વચન અને કાયાના યોગથી તથા પત્ર દ્વારા લખાણથી જાણતા અજાણતા આપના હૃદયને દુઃખ લાગ્યું હોય તો સંવત્સરી પ્રતિક્રમણ કરતા સૌ જીવોને ખમાવતા આપને પણ બે હાથ જોડીને ખમાવું છું.

લી. વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળના સેવાભાવી સભ્યોના મિચ્છામિ દુક્કડમ્

પં. શ્રી ચંદ્રશેખર વિ. લિખિત 'ધાર્મિક વહીવટ વિચાર' નામનાં અશાસ્ત્રીય પુસ્તકનો અનેક સમુદાયના ગીતાર્થ આચાર્ય ભગવંતો વિરોધ કરી રહ્યા છે. છતાં આ પુસ્તકનું સમર્થન કરનારા વર્ગ તરફથી એવો અપપ્રચાર થઇ રહ્યો છે કે "માત્ર પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનો સમુદાય જ આનો વિરોધ કરે છે, તેમને વિરોધ કરવાની આદત પડી ગઇ છે" આ પ્રચાર સત્યથી તદ્દન વેગળો છે. વાસ્તવિકતા એ છે કે પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ.ના ગણ્યાગાંઠ્યા અનુયાયીઓ સિવાય કોઈને આ પુસ્તક સાથે કશી લેવા-દેવા નથી.

સંમેલનીય ૨૧ આચાર્યોના નામે તેમણે ચલાવેલી માર્ગદ્રોપક પ્રવૃત્તિનો આજ સુધીમાં પૂ આ. દે. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ. સા., પૂ. આ. શ્રી વિ શાન્તિચન્દ્ર સૂ. મ. અને પૂ. આ. શ્રી વિ. અમૃતસૂ. મ. પરિવારના આ. ભગવંતો અને તેમના ખુદ પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ મ.ના પ્રશિષ્યરત્ન પૂ. આ, શ્રી વિ. મિત્રાનંદસૂ. મ. નિવેદનાદિ દ્વારા વિરોધ કરી ચૂક્યા છે. હવે આગળ વધીને સકળ શ્રી સંઘ માટે પરમ શ્રદ્ધેય સંઘસ્થવિર પૂ આ. શ્રી વિ. સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજના સમુદાયના પૂ. આ. શ્રી વિ. વિબુધપ્રભસૂ મહારાજ પણ પોતાના અત્રે રજૂ કરેલ નિવેદન દ્વારા 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકને સદંતર અશાસ્ત્રીય જાહેર કરી તેનાથી દૂર રહેવા સકળ શ્રી સંઘને ભલામણ કરે છે.

-- શ્રી ભારતના સંઘોને અગત્યની સૂચના --

આ. વિજય ભુવનભાનુસૂરિજી તથા પં. શ્રી ચંદ્રશેખરવિજયજી આદિ વર્ષો પૂર્વે શાસ્ત્રયુક્ત હતા. ત્યારના તેમના શાસ્ત્રાનુસારી લખાણો જોતાં અને આજના તેઓના લખાણો જોતાં એમને મતિવિપર્યાસ થયો લાગે છે. ધાર્મિક વહીવટ વિચાર પુસ્તકમાં ઘણી બાબતો વાંધા ભરી છે. સં. ૨૦૪૪ના મુનિ સંમેલનના ઠરાવોમાં પણ ઘણા આચાર્યોનો વિરોધ હતો. સંમેલન પછી પણ ઘણા આચાર્યો એમાંથી છુટા થયા અને એમણે વિરોધ જાહેર કર્યો હતો. સં. ૧૯૯૦ના સંમેલનના ઠરાવો તેમજ ધર્મદ્રવ્ય વ્યવસ્થા પુસ્તકના આધારે જ વહીવટ કરવો જોઈએ બાકી જેમાં અશાસ્ત્રીય વાતો, પરસ્પર વિરોધાભાસી બાબતો હોય તેવા પુસ્તકોનો આધાર લેવાય જ નહીં એટલે ભારતના સંઘો સાવધાન રહે એજ ખાસ ભલામણ.

— લી આ. વિબુધપ્રભસૂ.

હકીકતમાં પૂ. આ. મહારાજશ્રી નિષ્કારણ કયારે પણ જાહેર વિરોધમાં ઉતરતા નથી. પરંતુ સંમેલનના ઝંડાધારીઓના અપપ્રચારથી શ્રી સંઘ ઉન્માર્ગે દોરાઇ ન જાય તે માટે તેઓશ્રીએ રાજસ્થાનના ચાલુ વિહારમાં આ નિવેદન પ્રગટ કરવા અર્થે મોકલ્યું છે.

આ પુસ્તકનો સંયોગવશ જાહેરમાં લેખીત વિરોધ નહિ કરનારા અન્ય આચાર્ય મહારાજાઓએ પણ આ પુસ્તક સામે પોતાની નારાજી વ્યક્ત કરી છે એવું તેઓ સાથે રૂબરૂ મળતાં જાણી શકાયું છે.

અહિંસા પરમોધર્મ 'જીવદયા એજ પ્રભુસેવા' માનવસેવા એજ પ્રભુસેવા

ખારચીયા સાર્વજનિક ચબુતરો

મુ. ખારચીયા–૩૬૦૦૫૫, વાયા વિંછીયા.
તા. જસદણ જી. રાજકોટ–ગુજરાત (ઇન્ડીયા)

નમ્ર અપીલ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો સાધુ સંતો તથા ભગવતી સતીવૃંદ તથા ધાર્મિક સંસ્થાના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીઓ તથા સકલ સંઘના ભાઇઓ તથા બહેનો.

આપને જણાવતા અમોને આનંદ થાય છે કે અમોએ અબોલ પંખીઓ માટે અમારા ગામમાં ગામ સમસ્ત ચબુતરો બનાવવાનું આયોજન કરેલ છે. વિંછીયા તથા આજુબાજુના ગામડાનાં પચીસ જેટલા ચબુતરા છે, અમો છેલ્લા ઘણાં વર્ષોથી જમીન ઉપર પંખીઓ માટે ચણ નાખીએ છીએ. પરંતુ હિંસક પ્રાણીઓ અવારનવાર પંખીઓને મારી નાંખે છે. જેથી અમારી ઘણા સમયની ભાવના ચબુતરો બનાવવાની હતી તે સ્વપ્ન આજે સાકાર થાય છે. આ ચબુતરો બાંધવાનો ખર્ચ રૂા. ૭૫૦૦૦૧– જેટલો થાય છે (રૂમ રહિત) અમારા ગામની વસ્તી આશરે ૫૦૦ જેટલી છે. નાનું ગામ હોવા છતાં પણ જીવદયાના કાર્યોમાં એક સંપથી અને સૌના સહકારથી પંખીઓને નિયમિત ચણ નખાય છે. આ ગામની આજુબાજુમાં કયારેય પણ જીવહિંસા થતી નથી. લગ્ન પ્રસંગે તેમજ દરેક પ્રસંગોમાં અહીં ચણ માટે રકમ આપે છે, અમારા ગામમાંથી ચબુતરાના બાંધકામ માટે ફાળો કરતા રૂા. ૨૫૦૦૦૧– જેવો ફાળો થયેલ છે. સાધારણ સ્થિતિના લોકો હોવા છતાં કુલ નહીં તો કુલની પાંખડી રૂપે દરેક લોકોએ સાથ સહકાર આપેલ છે. તો આપ દાતાશ્રીને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે આપ જીવદયાના કાર્યમાં મદદ આપી આ કાર્યને વેગવંતુ બનાવવા દાન આપવા કૃપા કરશો. બાંધકામ માટે તથા પંખીઓને ચણ માટે કુલ નહીં તો કુલની પાંખડી રૂપે રકમ મોકલી આપશો તેવી અમોને શ્રધ્ધા છે. સગા – સબંધી મિત્રોને દાન આપવા માટે અનુમોદના કરશો. સાધુ સંતોએ પણ કહ્યું છે કે કરવું કરાવવું તથા અનુમોદના કરવી તે મહાન પુણ્ય છે તો આ પુણ્યવંતિ બેંકમાં પુણ્યનું ખાતુ ખોલાવીને ચડતા વ્યાજે અનામત મુકવા જેવું છે. ચેક ડ્રાફટ કે રકમ શ્રી ખારચીયા સાર્વજનિક ચબુતરાના નામે મોકલવા વિનંતી. ચબુતરાના બાંધકામનું કામ ચાલુ છે'

"જબ તુમ આયા જગતમે જગ હસતા થા તુમ રોતા થા
અબ ઐસી કરની કર ચલો તુમ હસો જગ રોયે"

શ્રી વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટ જ્યાં જ્યાં ગામડામાં ચબુતરો ન હોય ત્યાં ચબુતરો બનાવવાનું આયોજન કરેલ છે. આપનો એક પૈસો પણ રત્ન ગણાશે વિછીયામાં તથા આજુબાજુના ગામડામાં સુંદર રીતે સંચાલન થાય છે સંચાલકશ્રી ચબુતરાની અવારનવાર મુલાકાત લે છે જ્યાં જ્યાં ચબુતરામાં ચણની જરૂર હોય ત્યાં વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટ ચણ મોકલે છે. વિછીયા તથા વિંછીયાની આજુબાજુના ગામડામાં ચબુતરો બનાવી અને પંખીઓને ચણ નાખવા માટે શુભ શરૂઆત પ. પૂ. સંત શીરોમણી પ. પૂ જિનેન્દ્રવિજયજી મ. સાહેબે પ્રેરણા કરી છે મ. સા. ની પ્રેરણાથી પચીસ ચબુતરા બનાવાયા છે. પુષ્કળ પ્રમાણમાં પંખીઓ ચણવા માટે આવે છે. તે બદલે વિંછીયાની દરેક સંસ્થા પ. પૂ મહારાજ સાહેબનો ખુબ ખુબ આભાર માને છે. છે. તો આપ પણ મુંગા અબોલ જીવો માટે દાન મોકલી દાન ધર્મની બેંકમાં પુણ્યનું બેલેન્સ વધારીને ખાતું ખોલાવશો. આપના ગામમાં બિરાજતા સાધુ સાધ્વીજી મ. સા. સુખસાતામાં હશે. અમારા વતી ૧૦૦૮ વંદન કહેશો.

શ્રી ખારચીયા સાર્વજનિક ચબુતરાનુ ખાતુ ડીસ્ટીક કો. ઓપરેટીવ બેન્ક વિંછીયા શાખામાં છે. શ્રી અનંતરાયભાઇ મુળચંદભાઇ શાહ તથા ખજાનચી ભરતભાઇ વી. જકડીયા તથા ટ્રસ્ટીશ્રી અરવીંદભાઇ નારણભાઇ રાઠોડ તથા સરપંચ શ્રી વસ્તુભાઇ રામભાઇ આચર સંચાલન કરશે.

આપના દરેક પ્રસંગોમાં મુંગા અબોલ જીવોને યાદ કરી દાન મોકલવા વિનંતી

તવારીખના પાના બોલે છે કે કોઇનો પૈસો, કોઇનો વૈભવ બાંધી નહીં તો ત્રીજ પેઢીએ જવેહલેજ ટકે છે. કરોડોની લક્ષ્મી પણ એક દિવસ મુકીને ચાલ્યા જવાનું છે. માર. મારાનો માયાવી મોહ ખોટો છે. સત્કાર્યો જ માનવીની મહત્તા છે. સાચી મુડી છે ધનનો સદ્ઉપયોગ જ માનવીને વિરલતા આપે છે. અમરતા આપે છે બાકીનું બધુ પાણીના રેલાની જેમ ચાલ્યું જવાનું છે. મુંગા જીવોની આંતરડી ઠારવાનો આ અણમોલ અવસર આવી ચુકયો છે જો જો એળે ન જાય.

લી. ખારચીયા સાર્વજનિક ચબુતરો
ગામ સમસ્ત પરિવારના વંદન



-સન્માર્ગ પ્રકાશન દ્વારા પ્રકાશિત-

પૂ. આચાર્ય વિજયરામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળાનાં ચોથા વર્ષનાં

* બાવીશ પુસ્તકોની ટુંકી સમાલોચના *

(૧) **સાધ્ય અને સાધન**- સાધ્ય અચૂક હોય પણ જો સાધન યોગ્ય ન મળે તો માણસ ઇષ્ટ સાધ્યને મેળવી શકતો નથી. ધર્મ પુરૂષાર્થ રૂપ સાધન મુકિત માટે યોજવામાં આવે તો જ સાધનનો સાચો ઉપયોગ કર્યો કહેવાય. આ માટે જોઇતી વિવેક દૃષ્ટિને ખીલવવા આ સાધ્ય અને સાધનના ભેદને જાણવું આવશ્યક છે.

(૨) **ધર્મમાં ભાવની અનિવાર્યતા**-ધર્મ ચાર પ્રકારનો-દાન, શીલ, તપ અને ભાવ. આમાં મુખ્યતા ભાવ ધર્મની. તે વિનાનું દાન મૂકિત આપવા સમર્થ ન બને, તે વગરનું શીલ નિષ્ફળ નિવડે છે અને તે વિનાનો તપ ભવની પરંપરાને વધારનારો બને છે આવા શાસ્ત્રવચનોના આધારે અપાયેલ એક મનનીય પ્રવચન.

(૩) **શ્રધ્ધાદીપ**-ધર્મ કરનારો પણ શ્રદ્ધા વગરનો હોય એમ બની શકે છે. શ્રદ્ધાવિનાની ગમે તેટલી પણ ઉંચી ધર્મકરણી આત્માને અંતિમ લક્ષ્ય મોક્ષ સુધી પહોંચાડી શકતી નથી. દુનિયામાં સર્વત્ર શ્રધ્ધા રાખનારને એક ધર્મમાં જ શ્રદ્ધા કરવાનું મન થતું નથી તેની તે ખામી બતાવી તેને સુધારવાનો ઉપાય કરી શ્રધ્ધાને દૃઢ કરવા અવશ્ય વાંચવા-વિચારવા યોગ્ય પ્રવચન.

(૪) **ધાર્મિક શિક્ષણ અને પાઠશાળા**-શિક્ષણ અનિવાર્ય છે પણ કયું શિક્ષણ ? સ્વાર્થ ભણી દોરનારૂં શિક્ષણ શિક્ષણ જ નથી. આત્માને આત્મા-પુણ્ય-પાપ-પરલોક-મોક્ષ-પરોપકાર આદિ અનેક ગુણોનું શિક્ષણ આપતું શિક્ષણ જ શિક્ષણ છે. પૂર્વે ઘર પાઠશાળા ને મા-બાપ શિક્ષક હતાં. હવે પરિસ્થિતિ પલટાણી છે. તેમાં પાઠશાળા, સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ માટે અનિવાર્ય બની ગઇ છે તે અંગેનું વિશદ વિવરણ કરતું પુસ્તક.

(૫) **સાધર્મિક વાત્સલ્ય**- જેને મન ધર્મ વસ્યો હોય તેને જ મન સાધર્મિક વસે. જો સાધર્મિક ભકિત બહુમાન પૂર્વક કરવાનું મન ન થતું હોય તો સમજો કે ધર્મ હૈયે વસ્યો જ નથી. અપાર વાત્સલ્ય અને વિવેક સાથે સાધર્મિકની દ્રવ્યભકિત કરી તેની ભાવભકિત પણ કરવાની છે. જેથી તેનો આલોક-પરલોક ઉજળો બને અને મુકિતના ઉદ્યાનમાં તેનો-આપણો સદાનો સંબંધ બને.

(૬) **જૈનત્વની સફળતાનો પાયો**–જન્મથી જૈન હોવું કર્મધીન છે જ્યારે જૈનત્વથી જૈન હોવું તે જિનની આજ્ઞા અનુસરવાથી પ્રગટે છે. જૈનત્વ દ્વારા જિનની પ્રાપ્તિ માટે તેની સમ્યગ ઓળખ અને તે પ્રકારનું આચરણ કરવા પ્રેરણા આપતું પુસ્તક.

(૭) **સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મ** :– અરિહંતોએ બે પ્રકારનો ધર્મ બતાવ્યો–સાધુ ધર્મ–ગૃહસ્થ ધર્મ સાધુપણાની તીવ્ર કામના પણ કર્મરોગે પામી ન શકે તેને માટે જ ગૃહસ્થ ધર્મ. એમાંય ગૃહસ્થપણું એ ગૃહસ્થ ધર્મ નથી. ગૃહસ્થપણામાં રહીને સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે સાધુ ધર્મ મેળવવા પુરૂષાર્થ કરવો તે ગૃહસ્થ ધર્મ છે. આ બધી વાતોને જાણવા વાંચવું જ રહ્યું આ પ્રવચન.

(૮) **શ્રમણ જીવનની શ્રેષ્ઠતા** :– જેમાં વિશ્વશાંતિના મૂળ ધરબાયેલાં છે. જેની પરિપૂર્ણ સાધના અનાદિનાં કર્મનાં બંધનો તોડી આત્માને પરમાત્મા બનાવે, એવું જીવન એટલે શ્રમણજીવન. એક પણ પાપ કર્યા વિના જીવી શકાય એવું જીવન. એને સમજવા–વાચવું પડે આ પુસ્તક.

(૯) **જૈન દીક્ષા માટે સ્વજનોની સંમતિ આવશ્યક ખરી** :– જૈન દીક્ષા એ જ કલ્યાણનો સાચો માર્ગ છે એમ હૈયાથી માનનારા સ્વજનો રાજી હૈયે પણ સંમતિ આપે છે જ, જ્યારે મોહાધીન કેટલાક સ્વજનો સંમતિ ન આપે તો શું દીક્ષા ન લેવાય–નં અપાય ? આ વિષયનો શાસ્ત્રીય અવતરણો સાથે બોધ આપતું પુસ્તક.

(૧૦) **જૈન દીક્ષા અંગે પત્રકારોનું વલણ** :– પત્રકારો સત્યનિષ્ઠા અને વિવેક જાળવે તો ઘણાનું કલ્યાણ કરનારા થ બની શકે પણ જો એ સત્યનિષ્ઠા અને વિવેક ગુમાવે તો ઘણાનો સત્યનાશેય કરે. આવી જ એક બાબતમાં કેટલાકે પત્રકારો જ્યારે વિવેક ચૂકયા ત્યારે તેમને સત્યની રાહ ચીંધનાર તે વખતના પૂ. મુ. શ્રી સમવિજયજી મ.નું આ પ્રવચન આજે પણ એટલું જ પ્રેરક છે.

(૧૧) **જગતનું જવાહીર જૈનાચાર્ય** :– ઉન્માર્ગનું ઉન્મૂલન અને સન્માર્ગનું સંસ્થાપન–સંરક્ષણ એમનો જીવન મંત્ર હોય છે. ભીમ–કાંત ગુણે વરેલા એક આંખે પ્રિતિને એક આંખે ભીતિ કરુણા વરસાવનાર અવસરે અંગાર પણ વરસાવે શાસન અને જગતના હિત કાજે રતો ! આવા જગતના જવાહીર જૈનાચાર્યના વિરલ અપ્રગટ ગુણોને પ્રગટ કરતું પુસ્તક.

(૧૨) **મુકિતનું ધ્યેય સાચું શ્રેય** :– ધ્યેય વિનાની કે વિપરીત ધ્યેયવાળી પ્રવૃત્તિઓ પછી તે સાંસારિક હોય કે ધાર્મિક, સરવાળે તે ગતિ કે અવગતિ જ કરાવે

છે. પ્રગતિ નહી. જેણે પ્રગતિ કરવી હોય તેણે તો મુક્તિનું ધ્યેય નક્કી કરવું જ જોઇએ આ બાબત ઉપર વિસ્તૃત સ્પષ્ટિકરણ આપતું પ્રવચન આમાં સંગ્રહિત કરાયું છે.

(૧૩) **રત્નત્રયી રૂપતીર્થ** :- તીર્થ એટલે શું ? તીર્થયાત્રા શા માટે ? રત્નત્રયી તીર્થરૂપ કેમ ? સંઘ તીર્થ કેમ ? તીર્થનો આરાધક કોણ ને કેવો હોય ? આદિ બાબતોને સમજાવી, તારે તે તીર્થ; ને દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ રત્નત્રયી એ જ સાચું તીર્થ છે. એ વાતને જચાવી દેનાર પ્રવચન વાંચવા આ પુસ્તક વાંચવું પડે

(૧૪) **સૌને ગમતા સુખનું મૂળ** :- મૂળની ઉપેક્ષા કરી સુખ પાછળ દોડનારના હાથ ખાલી જ રહે છે. સુખની ઉપેક્ષા કરીને પણ મૂળની પાછળ દોડનારના હાથ જરૂર ભરાઇ જાય છે. સુખ કરતાંય વધારે મહત્વ મૂળનું છે... તે વાત આ પ્રવચનમાં સુંદર ચૂણી સાથે વર્ણવી છે.

(૧૫) **સાચો શિષ્ય અંગર્ષિ** :- સાચો શિષ્ય પોતાનું હિત તો સાધે જ છે, સાથોસાથ અવસરે પોતાના ગુરૂનું પણ હિત સાધે છે જ્યારે કુશિષ્ય સ્વપરનું અહિત જ કરે છે. સુશિષ્ય અને કુશિષ્યના ગુણો-અવગુણોને એક દૃષ્ટાંત દ્વારા સુદ્ધતમ રીતે સમજવા અને સુશિષ્ય બનવા વાંચો આ પુસ્તક.

(૧૬) **શ્વેતાંબર અને દિગંબર વચ્ચેનો તફાવત** :- દિગંબર મત કયારે કયા સંયોગમાં પ્રગટ થયો. મૂળ પ્રવાહથી એ કયાં કયાં કેટલા કેટલા અંશે કઇ કઇ રીતે જુદો પડે છે તે અંગે દિગંબર ભાઇઓની વિનંતિથી તેમની બહુસંખ્ય હાજરીમાં અપાયેલું એક નિર્ભીક સ્પષ્ટ સમજુતી આપતું પ્રવચન.

(૧૭) **પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી** :- વર્ષો સુધી પ્રભુપૂજા તો સ્વદ્રવ્યથી જ કરવી, પરદ્રવ્ય કે દેવદ્રવ્યથી નહિ ! એનું જોરશોરથી પ્રતિપાદન કરનારો વર્ગ જ જાણે કયા કારણથી હમણાં હમણા જુદા રાહે ફંટાયો છે ત્યારે સ્વનામધન્ય સ્વ. આ. શ્રી વિજયપ્રેમસૂરિ મહારાજની નિશ્રામાં આજથી ૪૫ વર્ષો પૂર્વે અપાયેલ આ ટંકશાળી પ્રવચન સુયોગ્યને સાચી દિશા પમાડશે. એમાં શંકા નથી.

(૧૮) **તારનાર પણ તારે કોને ?** તારક તીર્થંકરોનો યોગ મળવા છતાં અનંતા ડૂબ્યા કેમ ? શું આરાધના અધુરી હતી ? અવિધિવાળી હતી કે વિપરીત આશયવાળી હતી ? તરવામાં ખૂટતી કડી મેળવવા માટે આ પ્રવચન વાંચવું પડે તેમ છે.

(૧૯) **સાદ અંતરનો : નાદ મુક્તિનો** :- મોહાધીન આત્માના હૈયે સંસારનો નાદ હોય જ્યારે મોહવિજેતાના હૈયે મુક્તિનો ! વીતરાગ

શાસનમાં 'મુક્તિનાદ' ની જ કિંમત અંકાય છે. સંસાર નાદ સંસારમાં રઝળાવે છે, મુક્તિનાદ મુક્તિમાં પહોંચાડે છે. બન્ને નાદનું સ્વરૂપ સમજ્યા બાદ આપણે કયો નાદ અપનાવવો જોઇએ તેનું માર્ગદર્શન આ વ્યાખ્યાનમાં કર્યું છે.

(૨૦) **ચિંતા અને આત્મચિંતા** :- ચિંતા એ કોળી છે, બાળે છે. જ્યારે આત્મચિંતા એ દિવાળી છે, ઉજાળે છે. ચિંતા સાધનાને અટકાવે છે. આત્મચિંતા આધરાનાને વધારે છે. ધર્મ સાધના માટે આત્મચિંતા અનિવાર્ય છે જ્યારે ચિંતા તો સંસાર કાર્યમાં પણ અવરોધ રૂપ છે આદિ આદિ બાબતોને સ્પર્શતું પુસ્તક.

(૨૧) **ધર્મરક્ષા** :- ધર્મરક્ષા વિના ધર્મ ટકે નહિ. માટે ધર્મ જ જેનું સર્વસ્વ હોય તેવા ધર્માત્મા સ્વશક્તિથી ધર્મરક્ષા કર્યા વિના રહે જ નહિ. ધર્મરક્ષા કોણે કરવી, કઇ રીતે કરવી, તેમાં જોઇતો વિવેક, તેમાં જોઇતા પ્રશસ્ત કષાયો-તેનો યોગ્ય ઉપયોગ-આદિ દરેક બાબતોનું દરેક ધર્માત્માના જીવનમાં અત્યંત ઉપયોગી થાય તેવું વિવરણ આ પુસ્તક દ્વારા કરાયું છે.

(૨૨) **ધર્મપ્રાપ્તિ કોને અને કયારે ?** :- ધર્મ તો સારી ચીજ છે, એમ કહી ગમે ત્યારે ગમે તેને આપી શકાય એવી વાતનો પ્રચાર આજે પંડિત ગણાતાઓ પણ જ્યારે કરી રહ્યા છે, ત્યારે શાસ્ત્રાધારે ધર્મ પામવા માટે કેવી લાયકાત જોઇએ ? આ લાયકાત જીવનમાં કયારે પ્રગટે ? આ લાયકાતને પ્રગટાવવા શું કરવું જરૂરી છે ? ધર્મોપદેશકનું કર્તવ્ય આદિ બાબતો ઉડાણથી આ પ્રવચનમાં રજૂ કરાઇ છે.

દેવહા (વીસનગર) અત્રે પ. પૂ. તપસ્વી સમ્રાટ આ. દેવશ્રી રાજતિલકસૂ. મ. સા. તથા પ પૂ. ગચ્છાધિપતિ આ. દેવ શ્રી મહોદયસૂ. મ. સા. તથા પ્રવચન પ્રભાવક પૂ આ. દેવ શ્રી હેમભૂષણસૂ. મ. સા.ની શુભ નિશ્રામાં ૧૨૫, વર્ષ પ્રાચીન શ્રી મહાવીર સ્વામી ભગવાનના જિનાલયનો જીર્ણોદ્ધાર થતા તેની પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ વૈશાખ વદ ૧૪ થી પાંચ દિવસ ખૂબ ભવ્ય રીતે ઉજવાયેલુ. જેઠ સુદ ૧ ના પૂ. આ. ભ. નો નગર પ્રવેશ થયેલ. જલયાત્રાનો વરઘોડો નીકળેલ, બપોરે સિદ્ધચક્ર પૂજન ભણાવાયેલ જેઠ સુદ ૨ ના સવારના શુભ મૂહુર્તે પ્રતિષ્ઠા થયેલ. બપોરના વિજય મૂહુર્તે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ. જીવદયાની ટીપ ખૂબ સુંદર થવા પામી હતી. પાંચ દિવસ સંઘ જમણ થયેલ. વિધિવિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં અમદાવાદના રૂપેશકુમારની મંડળીએ સારી જમાવટ કરી

શાસન સમાચાર

મુંબઇ–મલાડ રત્નપુરીમાં પૂ.આ.શ્રી વિ.ય રામચંદ્રસૂ. મ. ની ચોથી પુણ્યતિથિ નિમિતે ત્રણ દિવસનો ઉત્સવ પૂ.આ.શ્રી જિનેન્દ્ર સૂ. મ. ની નિશ્રામાં ઉજવાયો. વદ ૧૩ પંચકલ્યાણક પૂજા ભણાવાઇ. વદ ૧૪ સવારે પૂ.શ્રીની પ્રતિકૃતિનો વરઘોડો તથા બપોરે પૂજા શાહ લાધા પુંજા નાગડા લાખાબાવળ (મિતલવાળા જામનગર) તરફથી તથા ભવ્ય આંગી રંભાબેન લાલજી હેમરાજ લંડનવાળા લાભ લીધો હતો. વરઘોડો ઉતર્યા બાદ કુમારપાઇએ સ્તુતિ ગવડાવી બાદ વિજય ભવનવાળા હસુભાઇ, દેવર્ધનગરવાળા બાબુભાઇ રાગીલાલ, હમીરમલજી, પં. રમણિકભાઇ ભાભરવાળા, પં. અમૃતલાલ ભારમલ હરિયાએ ગુણાનુવાદ કર્યા. પૂ.મુ.શ્રી દિવ્યાનંદ વિ. મ.એ પૂ.શ્રીની ખુમારી વર્ણવી. પૂ. જિનેન્દ્ર સૂ. મ. એ પૂ. આ.દેવશ્રીની સાર્વત્રિક પ્રતિભા અને શિરોમણિપણું વર્ણવ્યા ગુરૂપૂજનનું ઘી બોલી શેઠ પ્રાણલાલ છગનલાલે કર્યું હતું. ઘણા દેરાસરોમાં આંગી તથા અનુકંપાદાન થયેલ.

૦) ના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પુજન હતું લાડુ–સેવની પ્રભાવના થઇ. વદ ૦)) સવારે ૭ થી ૮ વિધિમાં પં. રમણિકભાઇ સંગીતકારો હસમુખભાઇ ધામી તથા દિલિપભાઇ શર્મા આવેલ. જિનેન્દ્ર રોડ ઉપર પૂ.શ્રીનું મંગળ ગુણાનુવાદ તથા લાડુની પ્રભાવના થઇ વીરેન્દ્રભાઇએ પણ સુંદર ગુણાનુવાદ કર્યું.

સુદ ૧ ના સવારે ગાવીતા ધનજી વાડીમાં સ્વાગત પધરામણી ગુણાનુવાદ તથા સંઘપૂજન થયું. પં. એ પણ સારી રીતે ગુણાનુવાદ કરેલ. ગુરૂપૂજનનો લાભ બોલી બોલી શ્રી ચંદ્રીકુચંદ્ર ગંભીરદાસ શેઠે લીધો.

જ્ઞાન મંદિરમાં ધર્મ જાગૃતિ

દાદર મુંબઇ–લબ્ધિસૂરિ જ્ઞાન મંદિરમાં પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરિ મ. ના આશિષથી વિશ્વ વિક્રમી તપસ્વી આ. શ્રી વારિષેણસૂરિજી મ. ઠાણા ૫ બંધુ પંચક, તથા સાધ્વી પદ્મરેખાશ્રીજી મ. ઠાણા ૩ ચાતુર્માસાર્થે પધારતા ૮–૭–૯૫ના સવારે ભવ્ય સામૈયું વિકટોરીયામાં ગુરૂદેવનો ફોટો કળશ ધ્વજ બોડો ગહુંલી સાથે થયેલ. પૂ. પ્રવર્તક હરિશભદ્રવિજય મ. સામૈયામાં પધારેલ સમુહ આયંબિલ ૨૨૦ થયેલ. પ્રત્યેકને ૨૭ રૂા. પ્રભાવના પ્રવચનો બાદ સંઘપૂજન ૧૭ રૂા. થી થયેલ. બાલીકાઓએ સ્વાગત ગીત રજુ કરેલ. પૂજા–આંગી ભાવના થયેલ. ૨૧ પાર્શ્વનાથ ઉવસગ્ગહરં આરાધના ૧૧૦ આરાધકોએ કરેલ. તપસ્વી બહુમાન એકાસણા આયંબિલે સમુહ થયેલ.

શ્રાવણ સુદ ૩ થી પૂ. ગુરૂદેવ લબ્ધિસૂરિજી મ. ની ૩૪ મી પુણ્યતિથિ પૂ.આ. શ્રી જયંત સૂરિજી મ. ની ૧૮ મી સ્વર્ગતિથિ નિમિતે ઉવસગ્ગહરં પૂજન સહ અઠ્ઠાઈ ઉત્સવ પ્રારંભ થયેલ. ગુણાનુવાદ સભા થયેલ. રોજ ધર્મબિન્દુ મલયા સુંદરી પર પ્રવચનો ચાલુ છે સંઘપૂજનો થાય છે.

માટુંગા બી.બી. ભારતનગર, બંને સ્થળે પૂજ્યો ચૌમાસી કરાવવા પધારેલ પર્યુષણારાધના માટે પધારશે સંઘમાં આરાધના સુંદર રીતે ચાલી રહેલ છે

ભેટ મળશે :- 'પુણ્યાનંદ ભક્તિ' પૂ. આ. શ્રી વારિષેણસૂરિજી મ. ની ૬૬ મી ઠામ ચૌવિહારી એકદન્તી ઓળી નિમિતે દેવરાજ પ્રેમરાજ સોની ટ્રસ્ટ હિંગોલી તરફથી ૧ રૂા. નો સ્ટેમ્પ મોકલનારને ભેટ મળશે.

પતા : રાજેશ એન. શાહ ભુવન તિલક કૃપા મંદિર, કાપડ બજાર,
છાણી-૩૯૧૭૪૦ ગુજ. ડી. વડોદરા

લબ્ધિ પ્રેરણા-શક્તિ, સિદ્ધિ ને બુદ્ધિના જીવનમાં સુખની સામગ્રીની આવશ્યકતા છે. સમાધિ-શુદ્ધિ ને ભક્તિમાં પુણ્યવંતા જ્ઞાનની જરૂરીયાત છે, લાખોની દિવાળી ફટાકડાથી નહિ પણ કર્મકોડિને કરો. અનાથ દિન ને દયાભાવથી કંઈક આપીને સુખની દિવાળી પ્રગટાવો. ઉજળા કપડા કરવા કરતા ઉજ્જવલ કાળજા કરો, દિલ ઉજ્જવળ બનાવો દેહ તો ચામડું છે ચમાર ને પ્યારૂં લાગે. વાઈટ વાળ આવતા. બગાઉ વાઈટ કામ કરવા લાગો. માનવ સરોવરે પાપના કાદવથી કદરૂપા ન બનતા શીતલ જલે પુણ્ય સંયમ ને અંતર નિર્મલ બનાવો.

પુણ્યાનંદ-છાણી.

રાજકોટ-વર્ધમાનનગરે પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. પાદ આ.. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની ચતુર્થ સ્વર્ગવાસતિથિ નિમિતે પરમ તપસ્વી પૂ. મુનિરાજ શ્રી લાભવિજયજી મ. સા. તથા પૂ. મુ. શ્રી હિતદર્શનવિજયજી મ.સા.ની શુભ નીશ્રામાં શ્રી સંઘ તરફથી અષાડ વદી ૧૨ થી ત્રણ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. અષાડ વદ ૧૪ ના સવારે વ્યાખ્યાનમાં પૂ.શ્રીના ગુણાનુવાદ થયેલ બાદ જુદા જુદા ભાવિકો તરફથી ૧૦ રૂા. નું સંઘપૂજન થયેલ. સંઘ તરફથી પેંડાની પ્રભાવના થયેલ. બપોરે વિજય મુહુર્તે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ. બાદ શ્રીફળની પ્રભાવના થયેલ, જીવદયાની ટીપ સુંદર થઇ હતી. વિધિવિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં અત્રેના શ્રી જિનેન્દ્ર ભક્તિ મંડળે સારી જમાવટ કરી હતી.

અમદાવાદ-નારણપુરા-અત્રે પૂ. મુનિરાજ ચરણપ્રભ વિ. મ. સા. તથા પૂ. કલાપુર્ણ સૂ. મ. ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી નિત્યધર્માશ્રીજી મ. ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદ ૨ નો થયો છે.

હઠીભાઈની વાડી-અત્રે પૂ. પં. શ્રી કુંદકુંદવિજયજી મ. ઉપદેશથી બાળકોની ભવ્ય શૌર્યપરિપાટી નીકળેલ શાહપુર વિસ્તારના ૭ ઠેકાણેરોમાં દર્શન તથા જુદા જુદા ઉપાશ્રયમાં ગુરૂવંદન પ્રવચનનો લાભ લીધેલ પૂ. આ. શ્રેયાંસચંદ્ર સૂ. મ., પૂ. પં. શ્રી કુંદકુંદ વિ. મ., પૂ. પં. શ્રી પુંડરીક વિ. મ., પૂ. પં. શ્રી રત્નપ્રભ વિ. મ. એ પ્રેરક પ્રવચનો કરેલ. ઇનામ આદિ ભાઈબહેન નિવાસી દિનેશચંદ્ર મગનલાલ ઠોશી, જીતુભાઈ સંઘવી, હરેશભાઈ વકુવાળા તરફથી થયેલ સંચાલન શ્રી નરેન્દ્રભાઈ કામદારે કર્યું હતું.

બહોદા (જી. ડુંગરપુર) અત્રે પૂ. મુ. શ્રી જંબુવિજયજી મ. ના શિષ્ય મુનિરાજ શ્રી નેમિચંદ્રવિજયજી મ.નો ચાતુર્માસ છે.

ઔરંગાબાદ-પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂ. મ. ઠાણા ૫ નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧ સવારે ૮ વાગ્યે ઠાઠથી થયો આચાર્યદેવનું પ્રથમ ચાતુર્માસ છે સામુદાયિક આંબેલ ૧૦૮ પાર્શ્વનાથ પૂજન થયા સુદ ૨ ના પૂ. મુ. શ્રી પ્રભુરક્ષિતવિજયજી મ.ની વડીદીક્ષા ઉત્સાહથી થઈ. પૂ. મુ. શ્રી વિમલરક્ષિત વિ. મ. ની ૬૩ મી અને પૂ. મુ. શ્રી મોક્ષરક્ષિત વિ. મ. ને ૪૯ મી ઓળી થઈ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ ની ૪ થી પુ.તિથિ પ્રસંગે અષાડ વદ ૧૪ ના સવારે વરઘોડો ૯ વાગ્યે ગુણાનુવાદ બપોરે નવાણું અભિષેક મહાપૂજા રાખેલ.

સાંકડી પ્રથમ દર શનિવાર એકાસણા બપોરે મોટીપુજા બપોરે પ્રૌઢ વિદ્યાર્થીઓની પાઠશાળા અલ્પાહાર વ્યાખ્યાનમાં જંબુસ્વામી ચરિત્ર તથા પ્રતિક્રમણ સૂત્રનું વાંચન થાય છે.

—: લેટ મળશે :—

શ્રી પંચ પ્રતિક્રમણ વિધિ સહિત પુસ્તક સંવત ૨૦૫૦-૫૧ ની સાલમાં પાંચ પ્રતિક્રમણના સૂત્રો નાના મોટા અતિચાર સમેત મોટે ભાગે હોય તે ૨૦ વર્ષ સુધીના ગુજરાતી ભાષિ બાળક-બાલીકાઓને લેટ આપવાની છે. શ્રી સંઘના લેટરહેડમાં નામ, ઉંમર, ધો. અભ્યાસ લખી પ્રમુખની સહી કરી મંગાવવી. દાદમ બપોરે ૧૨ થી ૨ રજા સિવાય.

સરનામું : શાહ એન્ડ શાહ

૫૩૫-૯, મધવબાગ સામે, સારંગપુર કરવાળ બહાર, અમદાવાદ-૩૮૦૦૦૨

'ધર્મદ્રવ્ય વ્યવસ્થા' મંગાવો

આપકે પત્રમે પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજીકી 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક બાબત ચર્ચા છપ રહી હે તથા ઉસમેં પૂ.ઉપા. શ્રી ધર્મસાગરજી મ. સા. કી 'ધર્મદ્રવ્ય વ્યવસ્થા' પુસ્તકકા ભી સંદર્ભ આ રહા હે. ચતુર્વિધ શ્રીસંઘકી જાનકારી હેતુ 'જૈન શાસન સંસ્થાકી શાસ્ત્રીય સંચાલન પદ્ધતિ' પુસ્તક જીસકી પ્રથમાવૃતિ વિ. સં. ૨૦૧૫ મે શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખકે અગાધ શાસ્ત્ર ચિંતન કે આધાર પર પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી કે માર્ગદર્શનાનુસાર પૂ. પં. શ્રી અભયસાગરજી મ. સા. ને શાસ્ત્રધારસે પ્રકાશિત કરવાઇ થી. દ્વિતીયાવૃતિ વિ. સં. ૨૦૨૨ મેં પૂ. શ્રી શ્રમ. સંઘકે સર્વાનુમત અભિપ્રાયકે પ્રકાશમેં તથા તૃતીયાવૃતિ વિ. સં. ૨૦૪૭ મેં વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ. સા. કે માર્ગદર્શનમે પૂ. પં. શ્રી નિરૂપમસાગરજી મ.સા.કી પ્રેરણાસે પ્રકાશિત કરવાઇ હે. તથ્યપૂર્ણ એવં ઉપયોગી હોગી. યહ માનકર પ. વર્ષસે નિઃશુલ્ક ભેજ રહા હું. પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીજી પૂ. આ. શ્રી જીતેન્દ્રસૂરીજી પૂ. મુનિશ્રી કમલરત્ન વિ. આદિ કો ભી બતાઇ હે ઔર ઉન્હોને કઇ જગહ ભીજવાઇ હે એક પ્રતિ આપકો ભેજ રહા હું કૃપયા નિમ્ન સૂચના આપકે પત્રમેં સમાચાર રૂપમે છપનેકા કષ્ટ કરે જીસસે ઇસકા અધિકાધિક લાભ સબકો મીલ સકે સધન્યવાદ

'ભેટ મંગાવે પૂ આ. શ્રી ધર્મસાગરજી સંયોજિત સકલ સંઘ દ્વારા માન્ય 'શ્રી જૈન શાસન સંસ્થાકી શાસ્ત્રીય સંચાલન પધ્ધતિ' પુસ્તક અપના નામ પતા ડાકઘર જીલ્લા રાજ્ય પિનકોડ સુવાચ્ય લિખકર નિઃશુલ્ક મંગાવે તથા સાતક્ષેત્ર દ્રવ્ય-વ્યવસ્થા સમજે. દેવસે બચે.

નથમલ પીતલિયા જૈન ૧૧૯ ચાંદની ચૌક, રતલામ (મ.પ્ર.) ૪૫૭૦૦૧

વીસનગર (તા. મહેસાણા) અત્રે શ્રી કડા દરવાજા પાસે આવેલ શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જીનાલય ત્રણ મજલાયુકત જીર્ણોદ્ધાર થયેલ તેના મૂળ નાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથ આદી ૧૭૫ પ્રાચીન જીનબીંબોની પ્રતિષ્ઠા જેઠ સુદ ૧૪ ના ખુબ જ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક પ. પૂ. તપસ્વી સમ્રાટ આ. દેવ શ્રી રાજતિલકસૂ. મ. સાહેબ તથા ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી મહોદયસૂ. મ. સા. ની પરમ પાવનકારી શુભ નિશ્રામાં ૧૫ દીવસના મહોત્સવ પુર્વે વિવિધ પૂજનો દરરોજ ભવ્ય અંગ રચના બંને વખત સ્વામી વાત્સલ્યના જમણો પૂર્વક ભવ્ય રીતે ઉજવાયેલ. જેઠ સુદ ૧૩ ન જલયાત્રાનો વરઘોડો બે રથ હાથી ઈંદ્રધ્વજા ચાર બેન્ડવાજા વીવીધ સાંબેલાયુકત નીકળેલ ગહા સુદ ૧થી પૂ. આ. શ્રી નરચંદ્રસૂ. મ. પધારેલ જેઠ સુદ ૧૪ ના સવારે શુભ મુહુર્તે પ્રાચીન જીન બીંબોની પ્રતીષ્ઠા થયેલ. બપોરે શ્રી બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ સુંદર થઇ હતી બાદ પેંડાની પ્રભાવના થયેલ દરરોજ જુદા જુદા વિધીકારો તથા આંગીકારો પૂજન ભાવનામાં પધારતા પ્રતીષ્ઠાના વિધિવિધાન જામનગર નિવાસી શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખુબ સુંદર રીતે કરાવેલ.

શાન્તિ અને મૈત્રી ભાવની દોસ્તીમાં ડોકિયું :

નિન્દાનું નવું કૌમિક

—તૃણ તલાટી

જમાને એક બગડી ગયો છે. વાતોનું ડહાપણ વધી રહ્યું છે. અકકલનું સ્થાન નકલ લઇ રહી છે. ખોટી વાતોનો વિરોધ કરનાર સંઘર્ષખોર ગણાઇ જાય છે. ફાલતું વાતોને અધરી બનાવી દેનારો વીદ્વાન બની જાય છે. અહીં નિન્દાનું નવું કૌમિક વિકસી રહ્યું છે. ધર્મનાં ઝઘડો ના જોઇએ—એવા સૂત્રો યુધ્ધના ધોરણે તૈયાર થઇ જાય છે. ધર્મની ભેળસેળ કરનારને અથવા ધર્મમાં ભેળસેળ કરનારને [આ બેમાં કયો ફરક છે વારુ ?] બહુશ્રુત ગણાવી શકાય છે. જોયું, આમણે કેટલો સરસ સમન્વય કરી આપ્યો ? અવ્વલ દરજ્જાની છેતરપિંડીથી શરૂઆત થાય છે. છેતરવામાં ગૌરવ અનુભવનારા યોગ્ય ગણાય છે. ન છેતરાય તે કદાગ્રહી બની જાય છે. એમને મૈત્રીભાવની જરૂર હોય છે. એમનામાં પ્રમોદભાવની ખામી હોય છે. એમને સાચું સમજવાની તૈયારી રાખવાની સલાહ આપવામાં આવે છે તમે સામે છેડે ન ઊભા રહી જાઓ, કહી દે છે. એય ભઇલે ભલ્લે. અમને છેડાની ખબર નથી. છૂટાછેડાની તમા નથી જવાબ મળે છે. પછી આપડા બહુશ્રુતો ગાય છે. યે કૈસા આયા જમાના, યે કૈસા.

સાચી વાતને જકડી થઇને પકડી લેવામાં મજા નથી. એમાં ધરમની સાચી સમજ (સમજ નહી, અનુભૂતિ—ભલાડમી) ન જ મળે. એ વિનાનો ધરમ ખોખલો બની જાય છે ડાકલા વગાડે છે તેઓ તેમના નિસાસા મણમણના હોય છે. ભારતની ભૂમિ જે પરતંત્રતામાં પીટાઇ ગઇ તેનાં મૂળમાં સમજદારીનો અભાવ હતો. એક થઇને લડવામાં શાન છે આન છે જાન છે. આમ કહીને તેઓ શું કરે છે ? એક ન થનારા સાથે લડી પડેછે. ઝગડી પડે છે. હાહાકાર ફેલાય છે. એક ન થવા માટે ગાળો આપી દે છે અને એક ન થવા માટે લડાઇ આપી દે છે. મારો સાલેકું. તમે એક નથી થવા માંગતાને જોઇ લો. અમારો સપાટો સભાઓ ગાજી ઊઠે છે નિવેદનો ધમધમાટ કરે છે. જુના જમાનામાં શું ન હતું તેની દલીલ પેશ થવા માંડે છે. જુનો જમાનો પરગજુ હતો—વાળી ટેપ નવી રીતે વાગે છે. આ બધો પોઝિટિવ એપ્રોચ હોય છે. સાચી વાતો પકડી રાખનાર બાપડો નેગેટિવ હોય છે. એને એકતાની ગતાગમ જ નથી હોતી. ઇવડો ઇ દંભી હોય છે. એને નોખો ચોકો માંડવો હોય છે. એને શેમાં રસ હોય છે ? પુછડું પકડી રાખવામાં એને પુછડું છોડવું ના હોય તો એને જ આખેઆખો છોડી દો. આ હો ગીતાર્થ દૃષ્ટિ છે.

શાસ્ત્રની વાતો જુની છે. નવી છે તે કંઇ વાતો ? જમાનાની સીધી વાત છે.

તમે આગ લગાડો છો ને ગરમીની બૂમ પાડો છો. પસીનો નીતારો છો ને આગમાં ઘી ઠપકારો છો જમાનો, ઠાવકી શૈલી વાપરીએ તો આગ જેવો છે. ગરમીની બીક હોય તો આગમાં પાણી નાખવું પડે. પણ પાણીની વાત પાછી જુની પડે છે. પાણીની વાતોમાં તો કદાગ્રહ અને જડતા અને અલગ ચોકો દેખાય છે. આગ લગાડીને ગરમી પડે પછી પુછવાનું, આનું કેમ કરશું ? અરે, ઘી ઠપકારો, સરદાર વલ્લભભાઇ પટેલ મુસ્લિમોના વિસ્તારમાં આગ લાગે ત્યારે બંબાની ગાડી મોકલાવતા પાઇપ વાટે આગ પર પાણી છાંટવામાં આવતું ત્યારે આગના ભડકા વધી જતા ને મુસ્લિમો ટોળાબંધ ખાખ થઇ જતા. પટેલ કહેતા :

આ દેશભક્તિ છે. કોમી વાતો કોરાણે મુકી વિચારવું આ ડા શાન્તિ દૂતો સમસ્યાની સળગતી હાલત બતાવીને બંબા મોકલે છે. ધોધમાર છંટકાવ થાય છે બંબા ખાલી થઈ જાય છે. પરિણામ ? મકાન કાળા પડે ને લાકડાની રાખ થાય. પાણીનાં નામે પેટ્રોલ છાંટવાની પ્રવૃતિનો વિરોધ કરીએ તો ચીસાચીસ થાય છે. જોયું, જોયું– આમને ટુકડા પાડવા છે. આમની પાસે વિશાળ દૃષ્ટિ જ નથી. એમને ઝઘડવામાં જ રસ છે. અરે, તમારે ફાંસી મરવું છે તો નારદજી કહે છે તથાસ્તુ. પણ બધાને શીંઢ બાળી મારો છો.

આ પુરાણ માંડવાનું કારણ સુજ્ઞ વાચક, શું હશે ? હમણાં ધાર્મિક વહીવટ વિચાર બીજી વખત બહાર પડી છે. આવૃત્તિ બીજી નકલ અમુક હજાર. આ ચોપડીએ ઠોઠ ઠરસ પહેલાં તહલકો મચાવેલો, જબરો વિરોધ થયેલો. એમ લાગતું હતું કે એક દિવસ રેલી નીકળશે, આ ચોપડી વિરૂધ્ધ નારા ગાજશે, ન કરે નારાયણ ને જુસ્સો ફાટી પડશે તો ચોપડીની નકલો બાળવામાં આવશે, છાજિયાં લેવાશે. પણ નારાયણ ચાલાક નીકળ્યો. એણે સસ્તામાં પતાવ્યું. ચેલેંજીસ થઇ, આહ્વાન થયા, રવીકાર થયો, ના પડી. પછી સમજાવટ થઇ. હા આવી મહિના વીત્યા મુલાકાતો થઇ, કોઇ જીતા કોઇ હારા. જીતવા વાળા માટે હારી ગયાની વાતો ઊડી, હારનારા માટે જીતી ગયાની વાતો થઇ. અસ્સલ રાજકારણ ખેલાયું. દીવો કરનાર ધુરંધરોની ધોલાઇ થઈ અને દાવો કરનાર ધુરંધરો સફાઇ કરી ગયા. બધી વખત બને છે એમ–સાચી વાત બુધ્ધે મેલી દીધી એમણે. બીજી અને બારમી વાતો ઊડવા માંડી. એમનો આક્રોશ જબરો છે તેઓ ભારતની મૂળ સંસ્કૃતિને પકડી રાખે છે અને એ માટે જબ્બરનાક વફાદારી રાખે છે. અને આવડી આ શાસ્તરની વાતોમાં નકરી દલીલો રમાડે છે. દલીલ તો લીલ છે. એના પર દોડનાર લપસી પડે છે. પણ પકકડ કોનું નામ ? મિયા પડે તો ય શરીરના અમુક ભાગને આકાશભણી અદ્ધર રાખી દે છે. અમે તો સાચ્ચા હાથછડના ચોખા માટે લાંબુ

વિવરણ કરનારા—વહીવટ માટે આડું વિવરણ કરી નાંખે છે—કહે છે—ગુરૂપૂજનના પૈસા ગુરૂ માટે કેમ ન વપરાય? ભલાદમી, દેવના મુગટની ઉછામણીના પૈસા શેમાં વપરાય છે? અહીં શાસ્તરમાંથી તેઓ કલીલમાં ઉતરી જશે. ત્યાંથી તેઓ ઇતિહાસમાં ફંટાય છે. ત્યાંથી પત્રોમાં છલાંગ લગાવે છે આટલેથી ન પતે તો તેઓ શું કહે છે? એ વાત આખ્ખી અલગ છે. શાબ્બાસ પાઠ મળે તો અર્થઘટનના વાંધા પડે છે અર્થઘટન આપો તો પાઠ ગુન થઇ જાય છે આખરે એ ટાઇમ જુદો હતો—થઈ જાય છે. સુધારો સ્વીકારવાની તૈયારી હોય અને સુધારો સમજવાની તૈયારી હોય અને સુધારો ન થાય એ બને? આ તો પાના ઠોઠા થઇ ગયા છે. ખુલાસો અજીબ છે, અધરો શબ્દ ઉલાળિયો કરાવે છે :

પરિષ્કાર આ વખતે સંવત્સરીનો ચોથ કે પાંચમનો ઝઘડો છે નહી એટલે ચોપડી ચોગાસું આખું ગજવશે. પાંચ પાંચ ગીતાર્થોના નામ લેવાશે. પરિમાર્જન થયું અને ઉમેરો થયો અને વધારો થયો અને ફેરફાર થયો અને નવેસરથી તૈયારી થઇ અને નવું નકકોર રજુ થયું અને ધરખમ ગોઠવણી થઇ અને મહેનતુ સંપાદન થયું. બોલો હવે, આમાં સમજવાનું શું? જુની આવૃત્તિમાં ફેરફાર થયો છે? પરિશિષ્ટો વાંચી લો. ડિટ્ટો-ડિટ્ટો. એજ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય અને દેવદ્રવ્યની ભેળંભેળા છે એજ સવાલો અને એજ જવાબો, એજ શંકા, એજ સમાધાન, એજ શરમુજી ને એજ પોઠિયો. રમૂજ એ છે કે તિકડમ આખું પોલિટિવ છે, આરાધકો માટે બિચ્ચારા ભોળાભટાક ભકતો નવાણિયા કુટાય છે. તેઓને કશ્શી ખબર નથી, અને ખબર પડતી નથી અને આખ્ખો ઘોંઘાટ તેમના ઉપકાર માટે છે, તેઓ સમજી જાય તે માટે લાંબુલચક લખાણ થયું છે. આમાનો એક ફકરો વખાણમાં બોલીએ તો શ્રોતાઓના માથા નિદ્રાદેવીના ખોળે ઝોલેઝોલામાં ઢળી પડે. તેઓ પરીક્ષા આપી દે છે અને પાસ થઇ જાય છે પણ એક સવાલ પૂછીએ તો તેમના માથે પરસેવો વળી જાય છે, ના, ભૈ આવી કોઇ અમને ખબર નથી. અમે તો ભંડારમાં પરચૂરણ નાખીએ એટલું જ બાકી આ બધી શી માથાકુટ. સવાલ અજ્ઞાનનો નથી. સવાલ અર્ધજ્ઞાનનો છે. તેમને સમજાતું નથી અને સમજવાનો ડોળ કરવો છે—તેઓ સમજાવી શકતા નથી અને સમજાવી દીધાનો ઢંઢેરો પીટે છે. આ બધું પાછું મૈત્રીભાવનું પવિત્ર ઝરણું બનીને વહ્યા કરે છે. આજકાલ અજવાળા ય ધૂમ મચાવે છે.

સુજ્ઞ વાચક, સજ્જનો અથવા અહુર્જનો મોતનો મલાજો જાળવતા હોય છે. મતલોહનો અંત ન આવે તો ખટરાગનો અંત તો લાવી જ દે છે તેઓ પણ આજે મોતનો

મલાને બાળવ્યા વિના હંસા, ઝીલ તું મૈત્રી સરોવરે–કહીને જય જયકાર બોલાવે છે તેઓ. વરસ પહેલાં એક નવી વાત સાંભળવા મળેલી–રામવિજયજી મહારાજે જુના જમાનામાં ભદ્રકાળીનો વધ અટકાવેલો તે બધી બોટી વાત છે. રામવિજયજી મ તો ફકત વખાણ આલેલા અને (તકતીમાં ન લખાયેલી) પ્રેરણા આપેલી બાકી બીજું બધું અને પહેલું બધું તો તેમના ગુરૂમહારાજે જ સંભાળેલું. પ્રેમવિજયજી મનુ નામ જાણી જોઇને આજ સુધી આમણે [પેટ ભીન્સ રામવિજયજીએ] ઢાંકી રાખ્યું. શાબ્બાસ, આ વાત છેક કયારે બહાર આવી ખબર છે ? રામવિજયજી મ. આચાર્ય થયા બાદ સતાવન વરસે કાળ કરી ગયા ને, ત્યાર પછી કજિયાનું મોં કાળું એમ કહેનારાનું મોં આજ લગણ રામવિજયજીને ગાળો આપવા માટે પોળું રહ્યું છે. બધાય શાંતિદૂતો રામવિજયજી બાપા સામે છેલ્લે સુધી ગાળો આપવામાં એક રહ્યા.

આજે આટલા વરસેય જુની વાતો સાવ ઢંગ વિના બહાર આવી રહી છે. રામ વિજયજી મહારાજે બાલદીક્ષાની રક્ષા કરેલી ? ઠીક હવે એ તો જરાક અમથા જ. તેમણે ઉત્સૂત્રનો પ્રતિકાર કરેલો ? અરે, એ પોતે જ (કાન પર અને આંખ પર હાથ. ઢાંકી દો) ઉત્સૂત્રભાષી હતા! તેમણે હિંસા રોકેલી. પૂછતા જ નહી. બધી વાતોનો આડો વળ બંધાઈ ચૂકયો છે. સાત્વિકતા અને નિસ્પૃહતા અને નિર્ભીકતા અને વિદ્વતા અને પ્રવચન કુશળતા અને અન્ય સદ્‌ગુણો મધ્યમકક્ષા સુધી માંડ હતા, કેમ ? સાવ સાચું. ફકત પુણ્યમાં એ જીતી જતા હતા આ પુણ્ય કયાંથી આવતું હતું ? અને પુણ્ય કાંઇ એકલું જ ઓછું હતું, આવા બધા અળવીતરા કરવાનું એમનું ગજું ન હતું. એ બિલકુલ સ્થિતપ્રજ્ઞ રહી શકતા હતા, પણ એ બધું નકામું. તેઓને સંઘની ચિંતા ન હતી તેમણે સંઘ સ્વરૂપના પ્રવચનો આપીને નવો ઇતિહાસ સર્જયો તે તો ઠીક બધું. તેમની જોઇએ એવી ઉપેક્ષા ન થઇ તેનો અફસોસ તેમના ગયા બાદ પણ છોડી નથી શકાતો.

બધી બોટી વિગતો ભલે બહાર આવે એની ફોજમાં ઉમેરો થતો જશે તેમ તેમ સચ્ચાઇ ખરેખરી બહાર આવતી જશે જમાનો એક બગડી ગયો છે, હશે. થોડા સારા આદમીઓ પણ છે. તમે એક માણસને બધી વખત મૂરખ બનાવી શકો બધા માણસને એક વખત મૂરખ બનાવી શકો પણ બધા માણસને બધી વખત મૂરખ ન બનાવી શકો, બર્નાડ શોએ કહ્યું હતું :

બોલ્યા કરો તમ તમારે, છેલ્લે તમારા બધા વટાણા વેરાઇ જવાના છે.



—: વિક્રમ રાજાની કથા :—

—રતિલાલ ઠી. ગુદકા, લંડન

૬ ઠ્ઠા સમકિતની ભાવના કુસુમપૂરમાં હરિતિલક રાજા રાજ્ય કરે ગૌરી નામક રાણી વિક્રમ પુત્ર પુત્રને ૩૨ કન્યાઓ પરણાવી થોડા સમય બાદ અશુભ કર્મના ઉદયે તેને શ્વાસ ૨ાસ જવર બીજા ઘણા રોગો થયા કયાંય શાંતિ કે ચેન મળે નહિ કર્મ એક યક્ષને સો પાડા ચડાવવાનો માનતા કરી ત્યાં ગામમાં કેવળજ્ઞાની મુનિ પધાર્યા રાજાને ભાવ જાગ્યો દર્શને ગયા વંદન કરી દેશના સાંભળી બાદ પૂછયું હે ભગવન્ મારા યુવાન પુત્રને એકા એક આવા વ્યાધિ શાથી ઉત્પન થયા કેવળજ્ઞાનીએ કહ્યું કરેક કાર્યોનો કારણ હોય છે આનો પૂર્વભવ સાંભળવાથી તે તમને જણાશે.

પૂર્વભવમાં પદ્મનામક રાજા હતો, જાણે જાણે અન્યાયનું તો ઘર જ જોઇ લો શિકારે નિકળ્યો ત્યાં વનમાં મુનિને ધ્યાનમાં જોઇ તેમને કાનસુધી ખેંચીને બાણમાર્યું પ્રધાન મંડળને આ વાતની ખબર પડી તેને પદભ્રષ્ટ કર્યો અને તેના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. મુનિરાજનું આયુષ્ય થોડું બાકી હતું શુભ ભાવનામાં મરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા પદ્મનાભ રાજાની ઘણી કુટેવો હતી પરિણામે સહુનો અલબામણો થઈ પડયો એક-વાર ફરી જ જલમાં આત્મ સાધના કરતા એક મુનિને જોઇ. તેને ક્રોધ ચઢનો ને દ્વેષથી મારવા દોડયો પણ જ્ઞાનબળથી તેને મુનિએ તેજોલેશ્યા મૂકી તેથી મરી તે સાતમી નર્કે ગયો ત્યાંથી સ્વયંભૂરમણમાં મત્સ્ય થયો ત્યાંથી ફરી સાતમી નરકે, પાછો છઠી નરકે એમ એક ૨કારમાં બે બે ત્રણ-ત્રણવાર ઉત્પન થયો. હલકી દેવની તિર્યંચની યોનીમાં ઉકલાવ મૃત્યુ પામ્યો, પૃથ્વી અપ તેઉ વાયુ અનંતકાય એમ એ પદમરાયના જીવે અનંત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી ઘોર વ્યથા ન કલ્પી શકાય તેવી વેદનાઓ સહી અકામનિર્જરાથી તે કોઇક વણીકને ત્યાં ઉત્પને થયો ત્યાં પણ દુભાગીએ દુઃખથી કંટાળી તાપસી સન્યાસ લીધો બાહ્યતપથી (અજ્ઞાનતપથી) હે રાજા આ તમારો પુત્ર થયો મુની હત્યાનું પાપ ઘણુજ દુઃખદાયી ઘાતક હોય છે આવ્યાધીની અવધી પૂરી થવા આવી છે, અને રોગો પણ થોડા સમયમાં શાંત થશે સાંભળતાં અરેરાટી થાય. તેવું પોતાનું ચરિત્ર જાણી વિક્રમને જાતિસ્મરણ જ્ઞાન થયું તેણે કેવળી ભગવંતના પગ પકડી કહ્યું દયાળુ હવે મને કોઇ માર્ગ બતાવો મને શરણ આપો જ્ઞાની ગુરૂએ કહ્યું તું ૬ એ ભાવના સહિત સમકિતને આઠર બારે વૃતનું સાવધાની પૂર્વક પાલનકર પછી વિધિથી પાલન કરતાં વ્યાધી શાંત થઇ ગયો. ધર્મ આરાધી તમે મોક્ષ સુખ પામશો.

વિજય શેઠ પત્નીને કહે છે. પશુ પક્ષીને વિષય તો સુલભ છે પણ આ જીવે દેવ વગેરેના ભવમાં અસંખ્યકાળ સુધી પાર વિનાના વિષયો ભોગવ્યા છે ગુરૂમહારાજે કહે છે કે કલ્પવાસી દેવોને એક વારના ભોગમાં વિષય સેવનમાં બે હજાર વર્ષ વીતી જાય છે નીચે નીચલા દેવોને જ્યોતિષ્ક દેવોને દોઢ હજાર વર્ષ વ્યંતર દેવોને હજાર વર્ષ અસુરકુમારાદિ ભુવનપતિ દેવોને એકવાર વિષય સેવનમાં ૫૦૦ વર્ષ વીતી જાય છે.

ચંપાનગરીમાં વિમળ નામના કેવળજ્ઞાની મુનિપધાર્યા દેશના ના અંતે ત્યાના નગરશેઠે જિનદાસે કહ્યું ભગવન્ મે એવો અભિગૃહ કર્યો છે કે ૮૪ હજાર સાધુ મહારાજોને પારણું કરાવવું આ મારી અભિલાષા કયારે પૂર્ણ થશે કેવળી ભગવંતે કહ્યું ભાગ્યશાળી આટલા બધા સુપાત્ર સાધુઓનો યોગ તમારા ઘરે કેવી રીતે થઇ શકે ? આનો કે કદાચ દેવયોગે એ સંભવિત થાય પણ એટલાં બધા મુનિરાજોને તમારા ઘરેથી શુદ્ધ આહાર-પાણી કયાંથી મળી શકે ? "આ સાંભળી ઉદાસ બનેલા શ્રાવકે પૂછયુ" મારી આ ભાવના દરીદ્રના મનોરથની જેમ નિષ્ફળ જશે ? તો મને સદા માટે અસંતોષ રહેશે કોઇ ઉપાય હોય તો કહો ને તે કેવળી ભગવંતે કહ્યું "ભલા શ્રાવક ! કચ્છ દેશમાં મહાભાગ્યશાળી વિજયશેઠ અને વિજયા શેઠાણી નામે પતિ પત્ની રહે છે તેમની તમે અહારાદિથી ભક્તિ કરશો તો ૮૪ હજાર સાધુ મહારાજના પારણા જેટલો લાભ મળશે કારણ કે શુદ્ધ અને કૃષ્ણ એમ બંને પખવાડીઆ બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર દંપતિને ભોજન કરાવ્યાથી ભક્તિભાવથી ચોરાશી હજાર સાધુઓનું પારણું કરાવ્યાનો લાભ મળે છે.

અહીંયા ખાસ સમજવાનું એ છે કે એક સંસારી આત્માઓ પણ ઉત્તમ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યવ્રત પાળનારા જેનું કેવળી ભગવંતે બતાવ્યું. ૮૪ હજાર સાધુઓ જેટલો લાભ એક દંપતિને જમાડવાથી. સાધુઓ સર્વ વિરતિ છે શ્રાવક ઉત્કૃષ્ટપણે પાળે તોય દેશ વિરતિ ૧૨ વસો છતાં સમજવાનું છે પછી તેઓ કચ્છમાં આવ્યા ઉત્તમ પ્રકારે ભક્તિ કરી અને જન સમૂહમાં પ્રગટ કરે તેમનો ગુણગાયા. વિજયશેઠના માત પિતા આ વાત જાણી આશ્ચર્ય પામ્યા. વિજયશેઠ વિજયા શેઠાણીએ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં દીક્ષા લીધીને સદ્ગતિ પામ્યા. આમ શીયળના વ્રતથી અને બ્રહ્મચર્યથી પતિ-પત્ની હજારો મુનિ કરતાં વિશેષતાને પામ્યા સર્વ સુખનું કારણ સર્વ દુઃખનું નિવારણ આ વ્રત છે.

—: માણેકચંદ શેઠ :—

—શ્રી પદ્માન્તિક

માલવ દેશના વિભૂષણ સમાન ઉજ્જયિની નગરીમાં માણેકચંદ શ્રેષ્ઠી વસતા હતા. જૈનધર્મમાં ખૂબજ રકત હતા પરતું તે કાળમાં યતિવર્ગમાં ક્રિયા ને આજ્ઞામાં અતિશિથિલતા જોઇને તેમને થયું કે આવા જૈન સાધુઓ આવા આચારો ? આ બધુ જોઇને તેમની ભાવના શ્રદ્ધેય જૈન ધર્મ ઉપરથી ઉડી ગઇ. સાધુ ભગવંતોને ઘૃણાની નજરે જોતા હતા. આમ છતા તેમના માતૃશ્રી પ્રભુ શાસન પ્રત્યે અવિચલ ભકિત ભાવના વાળા હતા. એવે આ બાજું એક મહામુનિવરને માસક્ષમણની તપશ્ચર્યા ચાલતી હતી પારણાનો દિવસ આવ્યો એટલે માતાએ વહાંલસોયા પુત્રને કહ્યું કે "બેટા મહાતપસ્વી મુનિવરને આપણે ઘેર વહોરવા માટે તેડી લાવજે" માતાની આજ્ઞા શિરોધાર્ય પારણાને માટે ગુરૂ ભગવંત ને તેડવા ગયા. પણ તેમની કુતુહલ અને ઘૃણાસ્પદ બુધ્ધિએ એક ટીખળ કર્યું.

ગુરૂ ગ. ની પરીક્ષા કરવા માટે તેણે સ્મશાનમાં અગ્નિ સળગાવીને મુનિવરની દાઢી પાસે ધરી એટલે દાઢી સળગતા છતા મુનિવરનું મુખ દાઝયું છતાં પણ પવનથી પર્વતો કંપે નહિ તેમ ગુરૂના મુખપર રજેજ માત્ર પણ ફેરફાર ન થયો. માણેકચંદથી આ કાર્ય થતા તો થઇ ગયું પણ પછી તો ખુબ જ પસ્તાવો થયો. આવું કાર્ય કરવા છતા મુનિવરને તેના પ્રત્યે કરૂણા ભાવ જ ઉત્પન્ન થયો. કારણ કે તેઓ મોહની વિલક્ષણતા અને કષાયોની કુટિલતા સમજતા હતા. ગુરૂના આવા અપૂર્વ વાત્સલ્યથી તેઓ શરમાઇ ગયા ને પછી તો માણેકચંદ ગુરૂભકત બની ગયા. અને સ્વઅપરાધ ખમાવ્યો.

માણેકચંદ ધંધા માટે પાલીમાં રહેતા હતા તેથી ગુરૂવરને પણ અત્યાગ્રહ પૂર્ણ વિનંતિ કરીને પાલી લઇ ગયા. ને ચાતુર્માસ દરમ્યાન શાશ્વત ગિરિવરનું માહાત્મ્ય સાંભળતા તે મહાતીર્થની યાત્રા કરવાની ભાવના ઉત્પન્ન થઇ. ઉત્કૃષ્ટ ભાવનાના યોગમાં "જ્યાં સુધી શાશ્વત તીર્થાધિરાજના દર્શન ન થાય ત્યાર સુધી ચોવિહાર ઉપવાસ" કર્યા પાલી ને કર્યા પાલીતાણા ? બીજા જ દિવસે સંઘનું પ્રયાણ થયું. દિવસો વહી રહ્યા છે ને સંઘ આગળ ચાલી રહ્યો છે. ને માણેકચંદ શેઠને ચોવિહાર ઉપવાસ ઉપર ચોવિહાર ઉપવાસ ચાલુ છે. સાત સાત દિવસના વાણા વહી ગયા છે સંઘ સિદ્ધપુર નજીક મગરવાડા પાસે આવી પહોંચ્યો છે. કોઇ જ વસ્તી નહિ સંઘ ડેરાતંબુ નાખીને

રહેલો છે. ચારે બાજુ ગાઢ ઝાડીઓને કારણે ભયંકર વનનું સ્વરૂપ ભાસતુ હતું ત્યાં તો અચાનક ભીલ્લ લોકોએ સંઘ ઉપર હુમલો કર્યો ને માણેકચંદ શેઠને બુબજ હથિયારોના ઘા લાગ્યા. તે પ્રાણ નાશક નીવડે તેવું લાગતા શ્રી શત્રુંજય તીર્થાધિરાજનું ધ્યાન કરવા લાગ્યા ને ધ્યાનમાને ધ્યાનમાં પરલોકની વાટે સિધાઈ ગયા. ને વ્યંતર નિકાયમાં માણિભદ્ર નામના વ્યંતરદેવ થયા.

દિવસે દિવસે ગચ્છ મમત્વ વધતું જતુ હતું. ખરતરગચ્છના સાધુઓને તપાગચ્છીય સાધુઓ ઉપર ભારે દ્વેષ હતો. તેથી ખરતરીય યતિઓને ભૈરવની સાધનાકરી તેના દ્વારા લગભગ ૫૦૦ મુનિવરોને યમસદન મોકલી દીધા. આ નિર્દય સમાચાર મળતાજ પૂજ્ય આણંદ વિમલસૂ. મ. સા. નું મન અત્યન્ત ખિન્ન બન્યું કારણ કે પોતે ગચ્છનાયક પદે હતા તપગચ્છની સાર સંભાળ રાખવાની જવાબદારી તેમના શિરે હતી આવા કૃત્યોની ઉપેક્ષા કરી ન શકાય પોતે પોતાનો પાલનપુર તરફ વિહાર લંબાવી મગરવાડાની ઝાડીમાં વાસ કર્યો રાત્રિયે ધ્યાન લગાવીને બેસી ગયા. માણિકચંદજીમાંથી બનેલા માણિભદ્ર દેવ પ્રગટ થયા. ને કહ્યું ગુરૂદેવ શી આજ્ઞા છે ? ફરમાવો ! આચાર્ય ભગવંતે કહ્યું કે ખરતરગચ્છીય યતિઓનો જુલ્મ કેવો છે ૫૦૦ સાધુઓને ખત્મ કરી નાખ્યા આવા જુલ્મ ને અટકાવો માણિભદ્રે કહ્યું "તહત્તિ" ને સાથે સાથે કહ્યું ભગવંત ? તપાગચ્છના ઉપાશ્રયોમાં મારી મૂર્તિની સ્થાપના કરાવો જેથી વિહારકરીને આવતા જતા મહાત્માઓના ધર્મલાભ મને મળતા રહે તે વાત સ્વીકારી ને ત્યારે તપાગચ્છીય સાધુઓ મરણાંત ઉપસર્ગો અટકી ગયા. ને ત્યારથી માણિભદ્ર દેવની મૂર્તિઓ ઉપાશ્રયમાં મૂકવાની પ્રથા ચાલુ થઇ. ને આજે તો એક ડગલુ આગળ વધીને તેમના મંદિરો તેમના નિત નવા હવનો લોભે આરતી માનતા આ બધુ કરવું તે બિલકુલ યોગ્ય નથી. આરતી તો ભગવાનની ઉતરે દેવની નહિ માણિભદ્રજીને ખમાસમણા અપાય નહિ તેમને તો માત્ર સવારે તેમના મસ્તકમાં અંગુષ્ઠથી તિલક ને બે હાથ જોડીને પ્રણામ જ કરવાના છે તેના સિવાય માનતા હવન આદિ કરવું તે તો એકપ્રકારનું મિથ્યાત્વ છે સુજ્ઞજનો આટલાથી સમજી જશે.

(તપાગચ્છ પટાવલીના આધારે)

卐

卐 જેમલ જન્યા – જિતવિજય દાદા 卐

ગ્રીષ્મઋતુનો સૂર્ય તપી રહ્યો હતો. વિક્રમ સંવત ૧૮૯૬ના ચૈત્ર સુદ ૨ ના મંગલકારી બીજના ચંદ્રમાની શીતલતા દિન દિન વૃદ્ધિમંત બને એવા મહા પવિત્ર દિને જેમલ ના જન્મ જન્મદાત્રી અલોડ ભાગ્યવંતી અવલ માતાની રત્નકુક્ષીએ ઉદાર દીલ ઉકાજી પિતાના ગૃહે થયો.

કચ્છ દેશના આભુષણરૂપ મહાન પ્રાચીન ભદ્રેસર ભવ્ય તીર્થ અને અતીપુરાણી પરમ ચમત્કારી અલૌકીક ધૃત કલ્લોલ પાર્શ્વનાથની ભવ્ય મૂર્તિ નયન રમ્ય જ્યાં બીરાજે છે તે તીર્થના પ્રભાવે અનેક ભવ્યાત્માઓ સ્વ કલ્યાણકર આરાધના કરી આત્મીન્નતી સાધે છે એવી આ ભૂમિમાં જે દાનવીર શેઠ જગડુશાહ કે જે બાર વર્ષી દુષ્કાળમાં અપૂર્વ દાનેશ્વરી અને કુબેર ભંડારી સમાન જન્મ્યા હતા તે ભૂમિના પ્રભાવ તૂલ્ય ભચાઉ તાલુકાના મનફરા ગામે જેમલ જન્મ્યા કે કુદરતી સમસ્ત મનફરામાં મનનો મોરલો હર્ષોલ્લાસથી નાચી ઉઠયો.

માત્ર માતા અવલને અને પિતા ઉકાજીને જ આનંદનો મહાસાગર નહિ પણ મનફરાના ઘર ઘરમાં સ્નેહિ સંબંધી આદિ સજજનોને ગ્રીષ્મ કાલે પણ શીતલાનો આનંદ છવાયો હતો.

જન્મથી જેમલના શરીરની સૌષ્ઠવતા સૌમ્ય પ્રકૃતિ સમતા અને સરલતાના પ્રકૃતિમય ગુણોના દર્શન નામ તેવા ગુણો થતાં હતાં પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય એ ન્યાયે.

"માતા હિંચોળી કહે, ધર્મી થાજે બાળ.
ધર્મ કરી મુજ આબરૂ વધાર જે બહુકાળ
એ ન્યાયે હિંચોળું બાળ, તું થાજે જગમાં મહાન"

માતા અવલના હૈયામાં હર્ષના મહાસાગર પ્રતિદિન પ્રગટતા હતા. પિતા ઉકાજીનો ઉભરાતો ઉર્મી પરોપકાર પરાયણતાના પ્રવેશ માટે ઉછરી રહ્યો હતો કારણ કે જેમલ તો જન્મથી જ પ્રભાવશાળી હતો સ્વભાવે શાંત હતો, રૂપ રેખાએ ગંભીર હતો, ભાગ્યથી ભવ્યતાની છાપ દ્રશ્યમાન બનતી હતી.

માતા-પિતાને અનુભવ થવા લાગ્યો કે આ બાળકે જ્યારથી જન્મ લીધો ત્યારથી પ્રતિકૂળ સંયોગો હંમેશાં અનુકૂળ થવા લાગ્યા છે ધન ધાન્યાદિથી પણ સાનુકૂળતા આરોગ્યવૃદ્ધિ અને ધર્મારાધના વિગેરે સંયોગો વૃધ્ધિમંત બન્યા છે સદેવ ધર્માનુષ્ઠાન દર્શન વંદન પૂજન રત્નત્રયીની આરાધનાદિમાં દિવસો પસાર થતાં

જેમલ જ્યાં નિશાળે ભણાવવા યોગ્ય બન્યો ત્યાં બુધ્ધિની કુશાગ્રતાથી વડો નિશાળીઓ બન્યો વાંચન લેખન અને મનનમાં સૌ નિશાળીઆઓ વચ્ચે અગ્રેસર બનતો હતો.

કર્મનો ઉદય દર્શનાવરણીયનો બાર વર્ષની ઉમરે થતાં જેમલની આંખોએ તીવ્ર અસહ્ય પીડા સતાવવા લાગી માતપિતાએ ઘણા ઉપચારો કરાવ્યા કોઇથી પીડા શાંત ન થઇ બન્ને નેત્ર બંધ થતાં વિચારે છે કે મહાપુરૂષો વ્યાખ્યાનમાં કહે છે કે પૂજાની ઢાળમાં પણ લખ્યું છે કે "બંધ સમય ચિત્ત ચેતીયે રે ઉદયે સંતાપ સહ્યુજા" હવે મારે સારી રીતે જયણા પળાય કોઇપણ જીવની હિંસા મારાથી ન થઇ જાય માટે જો મારી આંખો સારી થાય તો ચારિત્ર લઇ લઉં.

કેમકે પૂર્વભવે માંકણમુંડા અળસીયા-ઇયળ વિગેરે કે બીજા બે ઇંદ્રિય ત્રણ ઇંદ્રિય કે ચૌરિંદ્રિય જીવોને ચાંપ્યા હશે. જયણા પાળી નથી તેનું આ ફળ મને મલ્યું છે. માટે હવે મને આંખે દેખાવ શરૂ થાય તો જયણા માટે ચારિત્ર ગ્રહણ એજ ઉત્તમ ઉપાય છે, જેથી ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવી શકું.

મેં પૂર્વભવે ચીકણાં કર્મ કર્યાનું ફળ સંતાપ કરવાથી નાશ નહિ થાય પણ હે મન ! હે ચિત્ત ! હવે તો તું ચેતી જા કે ફરીને આવાં ચીકણાં કર્મો મારાથી ન બંધાય તેવું જીવન જીવવા તૈયાર થા આવો મનમાં શુભ સંકલ્પ પૂર્વક અભિગ્રહ નક્કિ કર્યો ત્યાં અંધકાર સૂર્યોદયથી ઉલેચાય તેમ શુભ ભાવનાના બળે અશુભ કર્મો ટળી જતાં બન્ને નયનોની અસહ્ય પીડા મટી અને જાણે નવો અવતાર ન લીધો હોય તેમ જણાવા લાગ્યું.

માત પિતા સ્નેહિ સંબંધી સગાં વહાંલા સર્વજનને ઘણોજ આનંદ થયો આંખો સારી થતાં સમ્યગ્જ્ઞાનરૂપી શાસ્ત્રોના અને સૂત્રો-અર્થોનો અભ્યાસ સુગુરૂઓના યોગને પામવાપૂર્વક શરૂ કર્યો ચિત્ત વૃત્તિ જ્ઞાન ધ્યાનમાં એકાગ્ર કરી બને દુનિયાની જંજાળમાંથી સદા અલીપી રહેવાનું શરૂ કર્યું પોતાના જ્ઞાનનો લાભ આડોસી પાડોસીને લેગા કરી આપે ત્યારે શ્રોતાવર્ગ તેમના જ્ઞાનની અનુમોદના કરતો.

માત પિતાદિની ભાવના સંસારના બંધનોમાં લગ્ન કરવાની થતાં જેમલ વિનય વિવેકથી જણાવે છે કે અપુદ્ગલરૂપ શરીરથી જો જીવ છુટો થઇ જાય તે તેની પરવા નથી પણ સ્વ પર બન્નેનું કાર્ય સુધારી અમુલ્ય માનવ જીવનને સફળ બનાવું તે માટે જ આ માનવભવ પામ્યો છું આ પ્રમાણે કહી પોતાની પ્રતિજ્ઞાની વાત જાહેર કરી.

વિનીત ભાવે માતા-પિતાની સમક્ષ સંસારમાં નહિ પડવાની અને ચારિત્ર લેવા ઉત્કટ ઇચ્છા પ્રગટ કરી ત્યારે માતા-પિતાદિના હૈયામાં જેમલની વૈરાગ્યમય ભરપુર ભાવનાઓના દર્શન થઇ ચુક્યાં અને અનુમતિ આપવી કે કેમ તેની ગડમથલ શરૂ થઇ.

ઉજ્જવળ દૃષ્ટાંત રૂપ જેમલના વિચારોનો વેગ ચારિત્રના પંથ તરફ વેગવંતો બન્યો છે. તેના મંગલરૂપે માત-પિતા સાથે શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાર્થે જવાનું થયું. પ્રથમ તીર્થાધિપતિ શ્રી ઋષભદેવ સ્વામીના દર્શન પૂજન વંદન કરીને દાદાની સન્મુખ ચતુર્થવ્રત અંગીકાર હૈયાથી કરી યાત્રા કરી સ્વ વતનમાં આવી પાંચ વર્ષ સતત સમ્યગજ્ઞાન સંપાદનપૂર્વક સમ્યગદર્શનના યોગે ચારિત્ર માર્ગે જીવન કેવા પ્રકારે સુંદર રીતે જીવવું એમ જ્ઞાનન ફળ વિરતિ સ્વરૂપ અધ્યયન કર્યું અને માત-પિતાદિની સંયમ માર્ગે જવા અનુમતિ મેળવી.

વિ સં. ૧૯૨૫ના વૈશાખ માસે અક્ષય તૃતીયા દિને અસાર સંસારનો સાપની કાંચળી જેમ ત્યાગ કરી શાસ્ત્ર વિશારદ મુનિરાજ શ્રી પદ્મવિજયજી મ. સા. પાસે પરમ ભાગવતી દીક્ષા અંગીકાર કરી જીવન ધન્ય બનાવ્યું અને જેમલ હવે જીવનમાં જય મેળવી જિતવિજયજી મુનિરાજ બન્યા જેઓ શ્રી જિતવિજયજી દાદા તરીકે સૌના હૈયે સ્થાન પામ્યા છે.

જેમલ-જિતવિજય દાદા એ તો માનપાનમાં લેપાય નહિ સત્કાર સન્માનમાં સંકોચાયા નહિ ઓચ્છવ મહોત્સવમાં મનાયા નહિ પણ જીવનભર શાસ્ત્ર ચક્ષુને સામે રાખી અનેક ભાઇ બહેનોને ચારિત્ર માર્ગે પ્રયાણ કરાવ્યું તેઓશ્રીના હસ્તે વિ. સં. ૧૯૩૮માં પલાસવામાં ત્યાંના રહિસ ચંદુરા હરદાસને દીક્ષા આપી મુનિ શ્રી હીર વિજયજી નામ રાખ્યું તેમના શિષ્ય શ્રી બુદ્ધિવિજયજી મ. સા. (ભાભરના વતની) તેમના શિષ્ય શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મ. સા. થયા પૂ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજ આદિ પૂ જિતવિજયજી દાદાના પરિવારમાં થયા આમ તેમનો સમુદાય જે શ્રી જિતવિજયજી દાદાના ઉપકારોની સ્મૃતિરૂપે વટવૃક્ષ સમાન અનેક ભવ્યાત્માઓને જિનાજ્ઞાના અમત પાન કરાવી શીતલ છાયા આપી રહયો છે.

એવા શ્રી સુશ્રાવક-જેમલ-શ્રી જિતવિજયજી દાદાને કોટી કોટી વંદના

પંડિતવર્ય શ્રી રમણીકલાલ મણીલાલ સંઘવી
એ-૨૦૨ રત્નપુરી ગૌશાળાલેન
દફતરી રોડ, મલાડ ઈસ્ટ

* વિરાગમૂર્તિ ચિલાતીપુત્ર *

—શ્રી ચંદ્રરાજ

'આમ-જનતામાં જૈન ધર્મની અવહેલના કરવાના ધંધા શું કરે છે? તારામાં તેવડ હોય તો ચાલ રાજસભામાં જઇને ચર્ચા કરી લઇએ. બાકી હવે પછી આ રીતે જૈન ધર્મની ખિંસા કરવાના ધંધા અખરદાર જો તેં કર્યા છે તો.

એક જૈન મુનિએ યજ્ઞદેવ નામના જૈન ધર્મના દુશ્મન બ્રાહ્મણને ચર્ચા માટે આહ્વાન કર્યું. ૧૪-૧૪ વિદ્યાના પારગામી યજ્ઞદેવે ચર્ચા કરતાં પહેલાં પોતે નક્કી કર્યું કે, 'મને જે હરાવે તેનો હું શિષ્ય બનીશ.' ચર્ચા કરતાં કરતાં સ્યાદ્વાદના અકાટય સિદ્ધાંતો સામે યજ્ઞદેવ હારી ગયો. ચરત મુજબ તેણે દીક્ષા લીધી. દીક્ષા તો લઇ લીધી, પણ શુદ્ધ ચારિત્ર પાળવા તત્પર ન બન્યો. શાસન દેવીએ આવીને પ્રતિબોધ પમાડયો. 'સૂરજ વિના આંખોવાળો માણસ પણ દેખી શકતો નથી. તેમ જ્ઞાનવાળો હોવા છતાં જીવ શુદ્ધ ચારિત્ર વિના આંધળો જ છે માટે તું ચારિત્રમાં સ્થિર થા.'

દેવીના વચનથી ચારિત્રમાં સ્થિર તો થયો પણ બ્રાહ્મણ હતો માટે દીક્ષા ઉપર તેને જે દુર્ભાવના હતી તે તેણે છોડી નહિ.

આ તરફ તેની પત્નીને યજ્ઞદેવ ઉપર અત્યંત સ્નેહ હતો. પણ દીક્ષા થઇ ગયા પછી પતિને મેળવી ના શકી. તેથી તેણે અન્નમાં કોઇ કામણ પ્રયોગ કરીને તેવું અન્ન યજ્ઞદેવ મુનિને વહોરાવ્યું. કાર્મણવાળા અન્નથી પીડા પામતા શરીરવાળા દ્વિજર્ષિ-બ્રાહ્મણ મુનિ સમ્યગ આરાધના કરી સ્વર્ગે ગયા. તેની પત્ની પણ કાર્મણ પ્રયોગથી પતિનું મૃત્યુ માનીને દુઃખ પૂર્વક વ્રત લઇને કરેલા પાપની આલોચના કર્યા વિના મૃત્યુ પામીને દેવલોકમાં ગઇ.

*

'હરામખોર! નાલાયક! ચાલ્યો જા આ ઘરમાંથી. આ ઘર તરફ હવે નજર પણ કરી છે તો તારી ખેર નથી.'

રાજગૃહનગર... ધનસાર્થવાહ. ધનસાર્થવાહની દાસી ચિલાતી નામની છે તેને એક પુત્ર જન્મ્યો. અને લોકોમાં તે ચિલાતીપુત્ર તરીકે પ્રસિદ્ધ થયો.

યજ્ઞદેવ બ્રાહ્મણનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને હવે ચિલાતીપુત્ર બન્યો છે.

યજ્ઞદેવની પત્નીનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને ધનસાર્થવાહના પાંચ પુત્રો ઉપર એકની એક અતિપ્રિય 'સુસુમા' નામની પુત્રી બની છે.

સંસારની આ ઘટમાળમાં જનમ-જનમના સાથી-સંગાથી જીવ કયાં અને કેવી રીતે જોડાય છે તે કશું નિશ્ચિત કહી શકાતું નથી. એક સમયમાં એકમીજા વિના

રહી નહિ શકનારા પતિપત્ની આજે અહીં દાસ અને શ્રેષ્ઠિપુત્રી બન્યા છે.

ધનસાર્થવાહે પુત્રીને રમાડવા માટે ચિલાતીપુત્રને રાખી લીધા.

રડતી સુંસુમાને ચિલાતીપુત્ર શાંત કરવાના પ્રયત્નો કરતો. એક વખત રડતી સુસુમાના ગુપ્ત સ્થાનમાં હાથ મુકતા સુંસુમા તદ્દન રડતી શાંત થઈ ગઇ. આથી સુંસુમાને રડતી શાંત કરવાના ઉપાય રૂપે જ્યારે જ્યારે સુસુમા રડતી ત્યારે ત્યારે તેના ગુપ્ત સ્થાન ઉપર ચિલાતી પુનઃ હાથ ફેરવતો.

એક દિવસ ધન સાર્થવાહને ચિલાતી પુત્રની આવી દુષ્ટ ચેષ્ટા જોવામાં આવી. અને રોષથી સળગી ઉઠેલા ધનસાર્થવાહે તે જ સમયે ચિલાતી પુત્રને કાઢી મુકતા કહ્યું કે– હરામખોર નાલાયક ! ચાલ્યો જા આ ઘરમાંથી... હવે પછી ફરી કયારે ય આ ઘર તરફ નજર પણ કરી છે તો તારી ખેર નથી.

ચિલાતીપુત્ર ચાલ્યો ગયો. રખડતો રખડતો સિંહગુફા નામની ચોરની પલ્લીમાં જઈ ચડયો ત્યાં મૃત્યુની નજીક પહોંચેલા પલ્લિપતિએ ચિલાતી પુત્રને પોતાના પુત્ર તરીકે સ્વીકારીને પલ્લિપતિ બનાવ્યો.

કામથી–વાસનાથી પીડાયેલા ચિલાતીપુત્રને તે સુંસુમા સાંભરી આવી.

પોતાના સાથીદાર ચોરોને કહ્યું–ચાલો રાજગૃહીમાં ધનસાર્થવાને લુંટી લઇએ. જેટલું ધન મળે તે બધું તમારું. મારી એક માગ સુંસુમા.

ધનસાર્થવાહના ઘરે રાતના સમયે ચોરો સાથે ચિલાતી પહોંચી ગયો. અવસ્વાપનિકા-ઉંઘતા રાખે તેવી વિદ્યાનો પ્રયોગ કરીને ચોરોએ ઘરાઈ ઘરાઇને ધન લુંટયું. ચિલાતીએ સુંસુમાને ઉપાડી. કૃતકૃત્ય થયેલા તેઓ ભાગ્યા. પણ ધનસાર્થવાહ જાગી ગયા. પોતાના પાંચે પુત્રો તથા રાજસુભટો સાથે ચોરોનો પીછો કર્યો. ભયભીત થયેલા ચોરો જીવથી બચવા ધનને રસ્તામાં છોડી દઇને પાછા ફર્યા. રાજસુભટો પણ ધન પાછું મળતા નગર તરફ પાછા વળી ગયા.

હવે ચિલાતી પુત્ર સુંસુમાને લઇને ભાગી રહ્યો હતો. શ્રેષ્ઠિ તથા પાંચે પુત્રોએ તેનો પીછો પકડયો. તદ્દન નજીક આવી ગયેલા ધનસાર્થવાહને જોઈને ચિલાતીપુત્રે તલવારના એક જ ઝાટકે સુંસુમાના મસ્તકને ધડથી છુટું કરી નાંખ્યું.

ધડ ને છોડીને લોહી ટપકતું મસ્તક હાથમાં લઇને ચિલાતીપુત્ર આગળ ચાલ્યો. સુંસુમાના ધડ પાસે આવીને ધન સાર્થવાહ હતાશ થઈ ગયા.

જીવતી સુંસુમા માટે આટલી દોડધામ કરી છતાં અંતે તેનું મરેલું ધડ જ હાથમાં આવ્યું. ધડ આગળ બેસીને કરૂણ વિલાપ કર્યો પછી તેની ઉચિત ક્રિયા કરીને ધન સાર્થવાહ રડતી આંખે પુત્રો સાથે ગમગીન પગલે પાછા ઘર તરફ ચાલ્યા. આખરે વિરાગ પામેલા ધનશ્રેષ્ઠિએ શ્રી વીરપ્રભુ પાસે સંયમ સ્વીકાર્યું. તીવ્ર તપ તપીને સ્વર્ગે

ગયા. પાંચે પુત્રોએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો.

આ તરફ સુંસુમાના મરેલા માથાને લઇને લોહીવાળ બનેલા ચિલાતીપુત્રે આગળ ચાલવા માંડ્યું. રસ્તામાં જતાં એક મુનિ મળ્યા. કાઉસગ્ગમાં રહેલા તે મુનિને ચિલાતીપુત્રે કહ્યું : મને જલ્દીથી ધર્મ બતાવ. નહિતર આ તલવારના પ્રહારથી આ સ્ત્રીના મસ્તકની જેમ તારૂ પણ માથું વાઢી નાંખીશ.

મોતની આવી ધમકીથી જરાય ડર્યા વગર ચિલાતીપુત્રને યોગ્ય જાણીને તે મુનિવર 'ઉપશમ વિવેક–સંવર' આ ત્રિપદીવાળો ધર્મ કહ્યો.

ચિલાતીપુત્રે વિચાર્યું–ઉપશમ તો ક્રોધની ઉપશાંતિમાં છે. ક્રોધના ચિન્હ રૂપ તલવારને તાણીને ફર્યા કરતા મારામાં ઉપશમ ક્યાં છે ? આમ વિચારીને તેણે તલવારને ત્યાગ કર્યો.

વળી વિવેક તો સત્કાર્યમાં પ્રવૃત્તિ અને દુષ્કાર્યમાં નિવૃત્તિ પામવા રૂપ છે. દુષ્ટ પ્રવૃત્તિમાં રાચનારા મારામાં સ્ત્રીનું મસ્તક છે ત્યાં સુધી વિવેક શેનો ગણાય ? આમ વિચારી સુંસુમાના મસ્તકનો ત્યાગ કર્યો.

અને સંવર તો ઇન્દ્રિયોના નિરોધ=સંયમ કરવામાં છે. સ્વચ્છંદી–સ્વેચ્છાચારી એવા મારામાં સંવર ક્યાં છે ? આમ વિચારીને ચિલાતીપુત્ર તે મુનિવરના જ્યાં ચરણો પડ્યા હતા તે સ્થાનમાં કાયોત્સર્ગ લઇને ઉભો રહ્યો. અને ભીષ્મપ્રતિજ્ઞા કરી કે–'જ્યાં સુધી આ સ્ત્રીહત્યાનું પાપ મને યાદ આવશે ત્યાં સુધી મારે કાઉસગ્ગ હો.' આ ભીષ્મપ્રતિજ્ઞા સાથે કાઉસ્સગ્ગની શરૂઆત થઈ.

સુંસુમાનો શિરચ્છેદ કર્યો હોવાથી લોહીથી ખરડાયેલા તેના શરીર ઉપર રૂધિરના ગંધથી ખેંચાઇ–ખેંચાઇને આવેલી ઢગલાબંધ તીક્ષ્ણ મોઢાવાળી કીડીઓએ ચિલાતીપુત્રના આખા શરીરને ચટકે ચટકા ભરી ભરીને કાળી વેદના પેદા કરી. આખા શરીરને ફોલી નાંખીને ચાળણી જેવું બનાવી દીધું. પગમાંથી પેસેલી કીડીઓ મસ્તકમાંથી નીકળવા લાગી. સતત બે–પાંચ કલાક નહિ પણ અઢી–અઢી દિવસ સુધી તીક્ષ્ણ કીડીઓના તીક્ષ્ણ પરિષહને ચિલાતીપુત્રે એવી શુભભાવનાથી સહન કર્યો કે–'મેં કરેલા કાળા પાપોની આગળ તો કીડીયોનો આ ઉપદ્રવ કશું નથી. મેં તો પ્રાણીઓના પ્રાણોને પતાવી દીધા છે. જ્યારે આ કીડીઓ તો મને માત્ર ચટકા જ ભરે છે.'

સતત અઢી દિવસ સુધી તીક્ષ્ણ–કાતિલ ઉપસર્ગ સહન કરતાં કરતાં આયુષ્ય પૂર્ણ થતાં ચિલાતીપુત્ર મૃત્યુ પામીને સહસ્રાર નામના આઠમા દેવલોકમાં દેવ થયો.

અઢી દિવસની ઘોર આરાધનાના આરાધકના ચરણોમાં કોટિ કોટિ વંદના...



મનઃશુદ્ધિ ઉપર આણંદ શ્રાવક કથા

—પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

મનની શુદ્ધિ વિના જેઓ મુક્તિ મેળવવા તેપોનુષ્ઠાન આદિ કરે છે. તેઓ ભરદરિયે વહાણ પડતું મૂકી બાવડાથી સાગર તરવા ઇચ્છે છે. માટે મુક્તિના અભિલાષીએ અવશ્ય મન શુદ્ધિમાં લક્ષ્ય રાખવું જોઇએ કારણ કે ઘણા આરંભશીલ આત્માને પણ મનશુદ્ધિથી મોક્ષ માર્ગ સુલભ બને છે. અને મુક્તિ મળે છે. તે સંબંધમાં આણંદ શ્રાવકનો પ્રબંધ આ પ્રમાણે છે.

આણંદ શ્રાવકની કથા

વાણિજ્ય ગ્રામ નગરના કોલ્લાક સંનિવેશમાં એક આણંદ નામક સદ્‌ગૃહસ્થ રહેતા હતા શ્રવણ માટે પરમાત્મા મહાવીરદેવ પાસે જતાં લોકોના સમૂહને જોઇને તે પણ ગયા. પ્રભુની સ્યાદ્વાદ જણાવતી કલ્યાણી વાણી સાંભળી તેઓએ પ્રભુ પાસે વ્રતો સ્વીકાર કર્યા, દ્વિવિધ-ત્રિવેધે સ્થૂળથી પ્રાણાતિપાત મૃષાવાદ આદિના ત્યાગ સ્વરૂપ પાંચ અણુવ્રત ગ્રહણ કર્યા ચોથા વ્રતમાં પોતાની પત્ની સિવાય અન્ય કોઇ પણ નારી સાથેના સંબંધનો ત્યાગ કર્યો પાંચમા વ્રતમાં ચાર કરોડ સુવર્ણ મુદ્રા ઘરે રાખવાની ચાર કરોડ વ્યાજે રોકવાની અને કરોડ વેપારમાં રોકવાની છુટ રાખી તે સિવાય નાણાનો ત્યાગ કર્યો. દસ હજાર ગાયનું એક એવા ચાર ગોકુળ રાખ્યા એક હજાર ગાડા પાંચસો હળ. પોતાના માટે ચાર વાહન ઇત્યાદિ પાંચમાં વ્રતમાં તેણે નિયમ કર્યો એમ છઠ્ઠા દિશાવ્રતમાં ગામના ગમનની ભૂમિની મર્યાદા કરી સાતમા ભોગ-ઉપભોગ વ્રતમાં અનંત કાય (કંદમૂળ) ત્રસભક્ષ્ય તેમજ પંદરે કર્માદાનનો સર્વથા ત્યાગ કર્યો.

જેઠી મધનું દાતણ મર્દન માટે શતપાક સહસ્રપાક તેલ ઉદ્વર્તન માટે ઉપલોટ અને કુષ્ટની પીઠી. નાહવા માટે ગરમ પાણીના આઠ ઘડા, પહેરવા માટે એક જોડ ચીનાં શુક [રેશમી] સફેદ કમળ અને માલતીના ફુલ અલંકારમાં નામવાળી વીંટી અને કુંડલની જોડ. ધૂપમાં દશાંગાદિ ખાવામાં પેયા. મિષ્ટાનમાં ઘેબર અને ખાજા. ભાતમાં કમળ શાલના ચોખા દાળમાં મગ ચણા-અડદની દાળ. શરદ ઋતુમાં તપાવેલું ગાયનું ઘી શાકમાં ડોડી આદિ ફળમાં આમળાદિ પાણીમાં આકાશથી પડતું સંચિત કરેલું પાણી અને મુખવાસમાં જાયફળ-લવીંગ ઇલાયચી કંકોલ અને કપૂરથી વાસિત તાંબૂલ એટલું રાખી બાકી બધો ત્યાગ કર્યો. આમ પ્રભુ પાસે બાર વ્રત અંગીકાર કરી નવતત્વાદિની સમજણ લઈને આણંદ ઘેર આવ્યા તેમને અતિ પ્રસન્ન જોઇ શિવાનંદાએ

કારણ પૂછતાં તેમણે કહ્યું આજે મને અપૂર્વ–અચિંત્ય લાભ મળ્યો છે. એમ કહી વ્રત-ધર્મ પ્રાપ્તિની વાત તેમણે કહી અને ઉમેર્યું કે તું પણ પરમાત્મા પાસે જઈ ધર્મ સાંભળ અને સ્વીકાર કર.

આ સાંભળી શિવાનંદા સરખી સન્નારીઓ સાથે રથમાં બેસી ભગવાન પાસે ગઇ વંદન આદિ કરી. ધર્મ સાંભળ્યો અને અહોભાવથી સ્વીકાર કર્યો અત્યંત નિષ્ઠા પૂર્વક ધર્મ પાળતાં આ દંપતિને ચૌદ વર્ષ વીતી ગયા એક પાછલી રાત્રિએ આણંદ જાગી-ગયા ને ધર્મનો વિચાર કરવા લાગ્યા ખોબામાં ભરેલા પાણીને જેમ સાચવી શકાતું નથી તેમ લાખ પ્રયત્ને પણ આ જીવન લાંબો કાળ સાચવી શકાતું નથી. અતિમોઘું આ જીવન સાવ સસ્તે ભાવે ચાલ્યું જાય છે. લોકો કુશળ પૂછે છે પણ જ્યાં આયુષ્ય ઓગળતું હોય ત્યાં કુશળ કયાંથી હોય ? જીવનનો મોટા ભાગ તો પૂરો થઇ ગયો માટે હું પ્રમાદ છોડી શ્રાવકની પ્રતિમા વહન કરૂં આ પ્રમાણે નિર્ણય કરી સવારે જ્ઞાતીય–ગોત્રીયજનોને નોતરી તેમને ભોજન કરાવી વસ્ત્રાદિની પહેરામણ કરી પોતાની શુભ ભાવના જણાવી મોટા પુત્રને વહેવાર વાણિજ્ય ભળાવી પોતે પૌષધશાળામાં આવી આ પ્રમાણે પ્રતિમા વહન કરી.

૧ પ્રથમ સમકિતની પ્રતિમા એટલે રાયાભિયોગેણું ઇત્યાદિ છ આગારનો પણ ત્યાગ કરી શંકા–કાંક્ષાદિ દૂષણ રહિત જરાય અતિચાર વિના એક મહિનો શુદ્ધ 'સમ્યક-ત્વનું પાલન કરવા રૂપ પહેલી પ્રતિમા વહી.

૨ બીજી વ્રત પ્રતિમા એટલે બારે વ્રત સમકિત સહિત અખંડ પણે બે માસ પર્યંત પાળવા તે.

૩ ત્રીજી સામાયિક પ્રતિમા ત્રણ માસની હોય છે. પૂર્વની બંને પ્રતિમાની આરાધનામાં બંને ટંકની નિયમિત યથા વિધિ સામાયિક મળે છે.

૪ ચોથી ચાર મહિનાની પૌષધ પ્રતિમા તેમાં પૂર્વની ત્રણે પ્રતિમાની આરાધના ઉપ-રાંત દરેક મહિનાની ચારે પર્વણીમાં ચોકકસ રીતે પૌષધ કરવાનો હોય છે.

૫ પાંચમી પાંચ માસની પ્રતિમામાં પહેલાની પ્રતિમાની ઉપાસના સાથે ચાર પર્વોના પૌષધમાં રાત્રિના ચારે પ્રહર કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૬ છઠ્ઠી છ મહિનાની બ્રહ્મચર્ય પ્રતિમામાં પૂર્વની પાંચે પ્રતિમાની ક્રિયા પૂર્વક છ મહિના પર્યંત શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનું હોય છે.

૭ સાતમી પ્રતિમામાં છ પ્રતિમાની વિધિ કરવા ઉપરાંત સાત માસ સુધી સચિત પદાર્થનો ત્યાગ કરવાનો હોય છે.

૮ આઠમી પ્રતિમામાં પૂર્વની સર્વ આરાધના સહિત આઠ મહિના આરંભનો સર્વથા ત્યાગ હોય છે.

૯ નવમી પ્રતિમામાં નવ માસ સુધી પૂર્વ આરાધના સાથે કોઇ નોકર વગેરે વ્યકિતને મોકલી કાર્ય કરવાનો પણ ત્યાગ હોય છે.

૧૦ દસમી પ્રતિમામાં પૂર્વની નવે પ્રતિમાની વિધિ સાચવવા ઉપરાંત પોતા માટે કરેલા આહારાદિનો પણ પરિહાર હોય છે.

૧૧ અગિયારમી પ્રતિમામાં તો પોતે અસ્ત્રા કે લોચથી મુંડ થઇ રજોહરણ તેમજ ઉપકરણ ગ્રહણ કરી શ્રમણની જેમ ધર્મને સ્પર્શી અગિયાર માસ સુધી વિચરે. સાધુની જેમ પોતે ઘેર ભિક્ષાએ જાય અને 'પ્રતિમા-પ્રતિપન્નાય ભિક્ષાં દેહિ, એમ કહી યોગ્ય ભિક્ષા ગ્રહણ કરે.

આવી રીતે આણંદ શ્રાવકે અગિયારે પ્રતિમા સત્વપૂર્વક વહન કરી પાંચ વર્ષ અને છ માસ આ પ્રતિમા પૂર્ણ થતાં આણંદ શ્રાવક ઘણાં જ કૃશ થઇ ગયેલા તેમનું શરીર નિર્બળ થયેલું, આત્મા તેટલો જ સબળ થયેલો. સત્વહીન શરીર જોઇ અતિ સાત્વિક આણંદ વિચારવા લાગ્યા આ શરીર હવે વધારે ચાલી શકે તેમ નથી. સંયમ પણ લેવાયું નથી મારા પરમ ઉપકારી પરમ ગુરૂ પરમાત્મા મહાવીર દેવ હજી આ પૃથ્વી પર વિચરે છે. ત્યાં સુધીમાં મારે પુરૂષાર્થ કરી લેવો જોઇએ કલ્યાકારી નિર્ણયને તેમણે ક્રિયા શીલ બનાવ્યો અને સંલેખના લઇ ધર્મ ધ્યાનમાં લીન થયા મનઃશુદ્ધિ સબળ થવાથી તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

એવામાં પરમાત્મા મહાવીર ભગવંત વાણિજ્ય ગ્રામમાં સમવસર્યા શ્રી ગૌતમસ્વામી ભગવંતને વંદન કરી છઠ્ઠને પારણે ગોચરી પધાર્યા. ત્યાં લોકોને મોઢે આણંદ શ્રાવકની સંલેખના આદિના સમાચાર જાણી તેઓ તેને દર્શન દેવા પૌષધ શાળામાં પધાર્યા.

ગૌતમ સ્વામી પધારેલા જોઇ આણંદ બોલ્યા ભગવન્ શારીરિક અશકિતને કારણે અભ્યુત્થાન આદિ કરી શકતો નથી માટે અવિનયની ક્ષમા આપજો આપ સમીપમાં પધારી મને લાભ આપો ચરણ વંદન કરી શાતા પૂછી પછી પૂછયું ભગવન્ શ્રાવકને

અવધિજ્ઞાન થઇ શકે મને અવધિજ્ઞાન થયું છે. તેથી હું ઉપર સૌધર્મ દેવલોક, લોલુક પ્રભા નામક પ્રથમ નર્કાવાસનો પાથડો તથા તીર્છો લોકમાં સમુદ્રમાં પૂર્વ દિશાએ પાંચસો યોજન તથા ઉત્તર દિશામાં ચુલ્લ હિમવંત સુધી હું જોઇ શકું છું.

આશ્ચર્ય પામેલા શ્રી ગૌતમ સ્વામી બોલ્યા આણંદ ગૃહસ્થને આટલી લાંબી મર્યાદાવાળું જ્ઞાન થઇ ન શકે. માટે તમારે મિચ્છામિ દુક્કડં આપવું જોઇએ

આણંદે પૂછ્યું હે સ્વામી અસત્ય બોલે તેણે મિથ્યા દુષ્કૃત દેવું જોઇએ કે બીજાએ 'જે અસત્ય બોલે તેણે' આણંદ બોલ્યા જો એમ હોય તો આપશ્રીએ મિથ્યા-દુષ્કૃત દેવું ઘટે આ સાંભળી સંદિગ્ધ થયેલા શ્રી ગૌતમ સ્વામી શ્રી મહાવીર પ્રભુ પાસે પાસે આવ્યા અને તેમને પૂછતાં તેઓશ્રીએ ફરમાવ્યું કે હે ગૌતમ આણંદ યથાર્થ બોલે છે. આ સાંભળી શ્રી ગૌતમ સ્વામી તરત જ પાછા ફર્યા અને આણંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દીધું. આણંદ શ્રાવક સારા ઉલ્લાસ પૂર્વક ધર્મ આરાધી પ્રથમ દેવલોકના અરૂણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્ય વાળા ઋદ્ધિશાળી દેવ થયા ત્યાંથી ચ્યવી મહાવિદેહે જન્મી મુક્તિ પામશે. આ પ્રમાણે પ્રવર્દ્ધમાન મનઃશુદ્ધિ વાળા આણંદ શ્રાવકનું વૃતાંત સાંભળીને શ્રાવકોએ આદર પૂર્વક મનશુદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઇએ.

યુગબાહુ અને મદનરેખા

રતિલાલ ડી. ગુદકા લડંન

માલવ દેશમાં સુદર્શન નગર તથા રાજા મણિરથ અને યુવરાજ નાનો ભાઇ યુગબાહુ હવે યુગબાહુની પત્નિ મદનરેખા એક એક અંગતો રૂપરૂપના અંબાર સરખો હતો તેના જેઠ મણીરથની મદનરેખા ઉપર કડવી નજર સારી ચીજો મોકલતો પ્રેમ પિતા જેવો બતાવતો પણ મદનરેખા ભોળી તેને ઉત્તમ ગણે છે આ બાજુ મોટા ભાઇએ નાના ભાઇને ઠાર મારી નાખવો પેરી ગોઠવી એક દિવસ ઉપવનમાં બંને સૂતા હતા મણીરથ આવ્યો ને યુગબાહુના ગળા ઉપર તલવાર ફેરવી દીધી નાસતાં મણીરથને ઓળખી ગઇ યુગબાહુના ગળાની નસો કપાતાં લોહીની ધારા વહી પત્નિ પતિના કાન પાસે મુખરાખી મીઠા સ્વરે પ્રિયતમ તમો ખોટો ખેદ ન કરતા પૂર્વના કર્મો એજ કરેલ છે તમારા મનને સમાધિમાં રાખો જિનેન્દ્ર પરમાત્માનું શરણુલો મમતા કષાય ન રાખજો પરમેષ્ઠીમહામંત્રનું ધ્યાન કરો તેથી તમારા બધા કર્મોનાશ થશે નમોઅરિહંતાણ નમો સિદ્ધાણ નવકારના ધ્યાનમાં પ્રાણ છોડયા પમાંસ્વર્ગમાં કાન્તીવાળો દેવ થયો,

વિરાગદૃષ્ટા અર્જુનમાલી

— શ્રી રાજુભાઇ પંડીત

'હે યક્ષ ! તું તો પત્થર છે પત્થર. તારી આટલા સમય સુધી કરેલી પૂજાનું મને આ જ ફળ મળ્યુ ને કે– 'મારી જ સગી આંખ સામે, તારા જ આ મંદિરમાં મારી જ રૂપ–યૌવના પત્નીની આ નરાધમોએ મન ફાવે તેમ આબરૂ લૂંટી. તું પત્થર છે પત્થર, રક્ષ !'

રાજગૃહીમાં અર્જુન નામનો એક માળી અર્જુનમાલી રહેતો હતો. તેને રૂપ અને યૌવનથી મનોહર બન્ધુમતી નામની પત્ની હતી.

નગરની બહાર પાંચ વર્ણના પુષ્પોનો બગીચો હતો. તેની નજીકમાં એક હજાર મણલોઢાના મુદ્ગરને ધારણ કરતા એક મુદ્ગરપાણિ નામના યક્ષનું મંદિર હતું. દરરોજ અર્જુન પત્ની સહિત તે કુલ દેવતાની પૂજા કરતો હતો.

એક વખત કોઇ મહોત્સવના દિવસે સ્વચ્છંદ ભટકનારા છ પુરૂષો મુદ્ગરયક્ષના મંદિરમાં ક્રીડા કરતા વિચારવા લાગ્યા. બરાબર તે જ સમયે પોતાની યુવાન પત્ની સાથે અર્જુન યક્ષની પૂજા કરવા આવતો આ છ પુરૂષોએ જોયો.

છ પુરૂષોએ અંદરોઅંદર નક્કી કર્યું કે– 'આ પુરૂષને તે અહીં આવે એટલે બાંધી દઇને તેની નજર સામે તેની આ અતિ સુંદર–મોહક કાયાવાળી યુવાન પત્નીની કાયાને સ્વચ્છંદપણે આપણે ભોગવીએ' આમ નક્કી કરીને યક્ષ–મંદિરના બારણાં પાછળ સંતાઇ ગયા.

આ બાજુ અર્જુન યક્ષની પુષ્પાદિ વડે પૂજા કરીને પંચાંગ પ્રણામ કરે છે ત્યાં જ છએ પુરૂષોએ એક સાથે આવીને અર્જુનને દોરડાઓ વડે બાંધીને તેની જુવાન–રૂપ–લાવણ્ય નીતરતી પત્ની સાથે છએ પુરૂષોએ સ્વેચ્છા પૂર્વક ભોગો ભોગવ્યા.

સમસમી ઉઠેલ અર્જુને વિચાર્યું– મારા જીવતરને ધિક્કાર છે કેમ કે– હજી કદાચ માતા કે પિતાના કોઇ દ્વારા થતાં અપમાનને માણસો સહી લેતા હોય તે પણ પોતાની પત્નીના આવા શીયલ સામેના દુષ્ટ ચેડાઓને તો ખુદ પશુઓ પણ સહન કરી શકતા નથી. આ નરાધમો તો મારી દેખતા જ જંગલી જેવાઓ મારી પત્નીનો ઉપભોગ કરી રહ્યા છે.

રોષથી સળગી ઉઠીને હવે અર્જુને–યક્ષને ઉપાલંભ દીધો કે– 'હે યક્ષ ! તું તો સાવ જડ જેવો પત્થર છે પત્થર. તારી આટલી સમય સુધી કરેલી પૂજાનું તે મને આ

જ ફળ આપ્યું ને કે તારા જ મંદિરમાં મરી જ સગી આંખ સામે મારો આ રૂપ-યૌવના પત્નીની કાયાને આ નરાધમોએ ચૂંથી નાંખી તું પત્થર છે યક્ષ ! પત્થર.'

આ દુષ્ટ પ્રસંગને કુલદેવ એવા યક્ષે જ્ઞાનથી જાણ્યો. અને અર્જુન માલીના તેવા રોષના હરકો સાંભળીને ક્રોધથી ધમધમતા તે યક્ષે અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો. અર્જુનના દોરડાના બંધનો તોડી નાંખીને લોઢાના હજારમણ ભારવાળા તે મુદ્ગરને ઉગામીને એક જ પ્રચંડ પ્રહારથી અર્જુનની પત્ની બંધુમતી સહિત છ એ છ પુરૂષોના ભૂકકા બોલાવી દીધા. ટુકડે ટુકડા કરી નાંખ્યા. ત્યારથી માંડીને દરરોજ જ્યાં સુધી એક સ્ત્રી તથા છ પુરૂષ સહિત સાત-સાતની હત્યા ન કરે ત્યાં સુધી યક્ષ યુકત અર્જુનનો ક્રોધ શાંત થતો નહી.

આવી રોજની સાત સાતની હત્યા સાંભળીને શ્રેણિક રાજાએ નગરજનોને જણાવી દીધું કે- જ્યાં સુધી અર્જુન માલી સાતની હત્યા કરી ના લે ત્યાં સુધી કોઇએ નગરની બહાર જવું નહિ.

હવે એક વખત ખુદ ભગવાન શ્રી મહાવીર સ્વામી જ પધાર્યા. તેમના વંદન માટે સુદર્શને પોતાના માતા-પિતાને જણાવ્યું. માતા-પિતાએ ભગવાન પાસે જતાં સુદર્શનને અટકાવતા કહ્યું હજુ અર્જુન માલીએ સાતની હત્યા કરી નથી. તું જઇશ તો તને તે હણી નાંખશે. માટે ત્યાં જઇશ નહિ. અહીં રહીને જ ભાવથી વંદન કરી લે.

સુદર્શન શેઠે કહ્યું ત્રિજગદગુરૂના ઉપદેશને સાંભળ્યા વિના તો હું જમી પણ નહિ શકું.' આ રીતે કહીને માતા-પિતાને સમજાવીને સુદર્શન શેઠ ભગવાનને વંદન કરવા તથા દેશના સાંભળવા ગયા.

રસ્તામાં લોઢાના મુદગરને ઉપાડીને અર્જુન માંલી સુદર્શન શેઠની સામે દોડયો. તરત જ સુદર્શન શેઠે જ્યાં ઉભા હતા ત્યાં ભૂમિ પ્રમાર્જન કરીને જિનેશ્વર ભગવંતને મનથી નમીને ચાર શરણ સ્વીકારી સાગાર અનશન સ્વીકાર્યું ઉપસર્ગ દૂર થશે પછી જ કાઉસ્સગ્ગ પારવાની પ્રતિજ્ઞા કરીને નમસ્કાર મહામંત્રનું સ્મરણ શરૂ કર્યું.

મંત્રના ઉદગારોથી ફફડી ઉઠેલા સર્પની જેમ આ મહામંત્રના સ્મરણ માત્રથી ફફડી ઉઠેલો યક્ષ અર્જુનમાલીના શરીરમાંથી નીકળીને લોઢાના પોતાના મુદગરને લઇને ભાગી ગયો.

અર્જુન માલી તેના શરીરમાંથી યક્ષ ભાગી જતાં જમીન ઉપર પછડાઇ ગયો. થોડી વારમાં મૂર્છા દૂર થતાં તેણે સુદર્શન શેઠને પૂછયું તમે કોણ છો ? કયા ભવ

છો ? શેઠે કહ્યું ભગવાન શ્રી મહાવીર સ્વામીને વંદન કરવા જાઉ છું તું પણ મારી સાથે ચાલ.

બન્ને ભગવાન શ્રી વીર પ્રભુની પાસે ગયા. દેશના સાંભળી. દેશના સાંભળીને નિયમને ગ્રહણ કરીને સુદર્શન શેઠ પોતાના ઘરે ગયા.

અર્જુન માલીયે પોતે કરેલા પાપના ઘાત માટે ઉત્કટ વિરાગ ભાવથી સંયમ સ્વીકાર્યું.

સંયમના દિવસથી અભિગ્રહ લીધો કે– હે પ્રભો ! આપની આજ્ઞાથી હું હંમેશા છઠ્ઠના તપથી મારા આત્માને ભાવિત કરવા ઇચ્છુ છું.

ભગવાને કહ્યું 'યથારુચિ કુરુ–તારી રૂચિ મુજબ કર.'

છઠ્ઠને પારણે છઠ્ઠ શરૂ થયા. પારણાના દિવસે ભિક્ષા માટે અર્જુનમુનિ નગરમાં ફરે છે. તેને જોઇને લોકો કહે છે આ મુનિએ મારી માતા મારા પિતાને, ભાઇ ભાયોને હણી નાંખ્યો છે અને આમ કહીને લોકો ભિક્ષાર્થે આવેલા મુનિ ઉપર આક્રોશ કરે છે. માર મારે છે. હેલના કરે છે. નિંદા કરે છે.

આવી દશામાં મનથી સ્હેજ પણ દુષિત થયા વિના મુનિ અર્જુનમાલી સર્વ ઉપસર્ગને સહન કરે છે. આવી દશામાં કયારેક પારણાનો દિવસે મળી ગયેલો આહાર પ્રભુને જણાવીને અમુચ્છિત પણે વાપરે છે.

આ રીતે છઠ્ઠ તપની કઠોર તપશ્ચર્યા કરતાં કરતાં અર્જુનમુનિના છ છ માસ વીતી ગયા. અંત સમયે પંદર દિવસની સંલેખના પૂર્વક અંતકૃત કેવલી થઈને મોક્ષ પદને પામ્યા

卐 પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કે દેવદ્રવ્યથી 卐

પ્રવચનકાર :– પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

પ્રભુપૂજા સ્વદ્રવ્યથી કરવા અંગે શાસ્ત્ર વિધાનો છે. પરંતુ પૂર્વગ્રહથી દેવ–દ્રવ્યથી કરાય તેમ નિરૂપણ હાલ થાય છે. પરંતુ સં. ૨૦૦૬ માં પૂ. શ્રીએ આપેલ પ્રવચનમાં આ વાત વર્ષો પૂર્વે સમજાવી હતી. તે પ્રવચન પુસ્તિકા પ્રગટ થયેલ છે.

પ્રાપ્તિસ્થાન :– સન્માર્ગ પ્રકાશન

C/o. કીર્તિલાલ બાબુલાલ
રતનપોળ, ગોલવાડ,
અમદાવાદ.

મે. બુદરલાલ ખેંગારલાલ
સ્વામીનારાયણ મંદિર રોડ, ઝાલુપુર,
અમદાવાદ.

: પ્રભુભક્તિ શું રંગ લાગ્યો : મંત્રીશ્વર પેથડશા :

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ભગવાન શ્રી જિનેશ્વર દેવના શાસનમાં મોક્ષના અસંખ્યાત યોગ બતાવ્યા છે. જેને જે યોગ રૂચે તેનો પૂરો આદરભાવ હોય અને બીજો યોગ કરવાની પૂર્ણ ઇચ્છા હોય પણ અનાદરભાવ ન હોય તો તે પણ આત્મકલ્યાણનો ભાગી બને છે.

ભગવાનના શાસનમાં વિધિ બહુમાન અને અવિધિ ડરને ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વિધિ કરતાં અવિધિ થાય તો તેની ક્ષમાપના માગવાની છે પણ વિધિનો પ્રેમ સરખો ન હોય અને અવિધિ ચાલુ જ રાખતો હોય–સમજાવવા છતાં પણ અવિધિનો ડર સરખો પણ પેદા ન થાય તો તે બિચારો 'કૃપાપાત્ર' જીવ છે. તેની ઉપેક્ષા કરવા જેવી છે. કેમકે, અયોગ્ય આત્માની ઉપેક્ષા પણ સ્વ–પરના કલ્યાણનું કારણ બને છે.

જેઓને પોતાનાં આત્મકલ્યાણનું જ લક્ષ્ય છે તે આત્માઓ રાજના મંત્રીપદે હોય તો પણ વિધિના રસિક અને ખપી હોય છે. કોઇપણ ક્રિયા તેના સમયે હોંશના બહુમાન પૂર્વક કરતા હોય છે. પ્રભુ શાસનના રંગથી રંગાયેલા ભક્તોને મન પ્રભુભક્તિ એજ જીવનનો પ્રાણ લાગે છે. પ્રભુભક્તિને જ મુક્તિની દૂતી માને છે. પ્રભુભક્તિ પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવા ઉદ્યમી હોય છે, નહિ કે પોતાની અનુકૂળતાએ મરજી આવે તેમ કરવી. પ્રભુભક્તિમાં પોતાનું દ્રવ્ય જેટલું વપરાય તેને જ સફળ માને છે, પારકા દ્રવ્યથી કે દેવદ્રવ્યથી ભક્તિ કરવાનો સ્વપ્નને પણ વિચાર તેવા પુણ્યાત્માઓને કયારે પણ આવતો નથી કારણ હૈયું પ્રભુ આજ્ઞાથી ઓતપ્રોત બન્યું હોય છે. એ તો આજ કાલની બલિહારી છે કે શાસનના ગણાતા, પંચપરમેષ્ઠીપદો પર બીરાજતા મજેથી બોલી–લખી શકે કે, 'દેવદ્રવ્યથી પૂજા કરવામાં વાંધો નહી.' તેવા લોકોને આજ્ઞાનો પ્રેમ તો નથી પણ પોતાનો સમુદાય વર્ગ વધારવાનું મન હોય છે અને જ્યારે પોતાને ફાવતી શાસ્ત્રબાહ્યો વાતોને યોગ્ય પ્રતિભાવ મલતો નથી ત્યારે એવી અકળામણ અનુભવે છે કે વર્ણન ન થાય અને પછી આજના રાજકીય પક્ષો જેવા ગોરખધંધા કરતા અચકાતા નથી અને શાસ્ત્રોનુસારી માર્ગદર્શન આપનારા તેમને આંખના કણાની જેમ ખુંચે છે તેમના માટે ઠગલાબંધ 'કૂકાઓ'ની મજેથી લહાણી કરે છે. શાંતિ અને એકતાના નામે શાસનને ડહોળવાનું, ઉશ્કેરાટ ફેલાવવાનું કાળું કામ એવી સીફત અને હોંશિયારીથી કરે છે કે વર્ણન ન થાય. પડદા પાછળથી બધો દોરીસંચાર કરી પોતાની જાતને નિર્દોષમાં ખપાવવાની મહેનત કરે છે. પરંતુ 'શાણા–સમજુ–સુજ્ઞ એવા શાસનરસિક આત્માઓ આ બધા

'મુત્સદ્દીઓને' સાંગોપાંગ-નખશિખ ઓળખે છે તેમના મનની બધી મેલી મુરાદો બરાબર સમજી ભોળા અને ભદ્રિક જીવો તેમાં ન ફસાય તેવા જ શુભ પ્રયત્નો કરી સ્વ-પરના કલ્યાણમાં અને શાસનના સત્યોનું રક્ષણ કરવા પ્રયત્નશીલ રહે છે.

વિધિરસિક આત્માઓ અલ્પ સંખ્યામાં જ મળવાના અને રહેવાના. આપણો નંબર તેમાં ટકી રહે તેવો જ પ્રયત્ન કરવા મહેનત કરવી તે દરેકે દરેક મુમુક્ષુ આત્માઓની અનિવાર્ય ફરજ છે. તેમાં જેટલી બેદરકારી તેટલી મુમુક્ષામાં ખામી !

આપણી મૂળ વાત એ ચાલે છે કે, પ્રભુભક્ત હંમેશા વિધિનો ખપી હોય છે. જે જે કાળે જે જે ક્રિયા કરવાની કહી તેમાં જ આદરવાળો હોય છે. ભગવાને, શ્રાવકને માટે ત્રિકાલપૂજા કરવાની કહી છે અને તે પણ પોતાના વિભવને અનુસારે તેનો જ અર્થ એ છે કે, શ્રાવક હંમેશા સ્વદ્રવ્યથી જ પ્રભુભક્તિ કરે પણ પારકા દ્રવ્યથી કે દેવદ્રવ્યથી નહિ. તે પણ દ્રવ્યની મૂર્ચ્છા ઉતારવા માટે નહિ કે દ્રવ્યની મમતા-મૂર્ચ્છા વધે માટે.

ભગવાનના આગમ પ્રત્યે હૈયામાં બહુમાન પેદા થયા વિના આ વાત સમજાવવી શકય નથી, પણ હૈયામાં જ આવ્યા વિના કલ્યાણ પણ સુનિશ્ચિત નથી એ પણ એટલી સત્ય હકીકત છે.

આ નો પ્રસંગ પામી વર્ત્તમાનમાં ચાલી રહેલા વિવાદનો નિર્દેશ માત્ર કર્યો છે. બાકી મારે તો શ્રી પેથડશાની અવિચલ પ્રભુભક્તિના પ્રસંગની જ વાત કરવી છે. તો ચાલો આપણે પ્રસંગનો સંગ માણીએ.

શ્રી પેથડશા માંડવગઢના મહામંત્રી છે. ધર્મરસિક આત્માઓની ઉદારતા, ધર્મચુસ્તતા, પ્રભાવિકતા આદિ ગુણોની કીર્ત્તિ વગર ફેલાવે-પ્રચારે-પ્રચારના માધ્યમોનો ઉપયોગ કર્યા વિના ચારે તરફ આપોઆપ ફેલાઈ જાય છે. પુણ્યાત્માઓ પોતાના ગુણોની પ્રશંસા પોતે કયારે પણ કરતા જ નથી પણ ગુણોની સુવાસ સુદૂર સુધી ફેલાયા જ જાય છે તેનો વિસ્તાર વ્યાપ વધતો જ જાય છે. આવા મોટા રાજયના સર્વમાન્ય સર્વપ્રિય મહામંત્રી હોવા છતાં પણ પોતાના ધર્મપાલનમાં એટલા જ મક્કમ છે. વિધિરસિક છે. રોજ પોતે ત્રિકાલપૂજા ઠાઠ-માઠથી કરે છે. ખરેખર તો પ્રભુશાસનના રંગથી આત્મા રંગાયો હોય તો તેના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં તેની જ છાંટ જોવા મળે જ. તેની પ્રત્યેક પ્રવૃત્તિ પછી શાસનની પ્રભાવનાનું જ કારણ બને. આ વાત આજના જીવોના હૈયામાં ઉતારવી અશકય-અસંભવ છે. સારી વાતો જાણવા-સાંભળવા જીવનમાં ઉતારવા યોગ્ય હૈયું પણ ઘણા પાસે નથી, ધર્માત્મા ગણાવવા છતાં પણ તે ય આ કલિકાલનો

જ પ્રભાવ માનવો રહ્યો.

ધર્મ જ જીવનનો આધાર લાગે તેને મન મંત્રીપદ કાંઇ જ વિસાતમાં નથી. એકવાર આ મંત્રીશ્વર મધ્યાહ્ન કાળની શ્રી જિનપૂજા કરી રહ્યો છે અને પ્રભુજીની પુષ્પોથી મનોહર અંગરચના કરવામાં એવા તલ્લીન અને એકાકાર બની ગયા છે જેનું વર્ણન ન થાય. 'સેડ્ડ'નો પોતે જાણે સાક્ષાત્કાર અનુભવી રહ્યા છે.

જ્યારે મંત્રીશ્વર પ્રભુભક્તિમાં તદાકાર અને લીન બની ગયા છે. તે જ વખતે રાજાને કોઇ મહત્ત્વના નિર્ણય માટે મંત્રીશ્વરની હાજરી અનિવાર્ય જણાઇ. મંત્રીશ્વરને બોલાવવા પોતાના સેવકને મોકલ્યો. સેવક મંત્રીશ્વરના ઘરે આવ્યો તો જવાબ મળ્યો કે, 'મંત્રીશ્વર હમણાં પૂજામાં છે તેથી કોઈને નહિ મળે!' પેલો સેવક પાછો આવ્યો. બીજીવાર બીજો રાજસેવક મોકલ્યો તે પણ તે જ રીતના જવાબ પામી વિલખો થઇ પાછો આવ્યો. મંત્રીશ્વરની પૂજાભક્તિની આવી દૃઢતા જોઇ ખુદ રાજાને વિચાર આવ્યો કે, મારે પણ તેમની પૂજા જોવી જોઇએ. તેથી ખુદરાજા પોતે મંત્રીશ્વર જ્યાં પૂજા કરે છે ત્યાં આવે છે. અને પ્રભુજીની જે રીતના પુષ્પોથી સુંદર અંગરચના કરે છે તે જોઇ અત્યંત આનંદ પામે છે. પુષ્પ આપનારા સેવકને ઇશારાથી ખસેડી તેમની પૂજાભક્તિમાં ખલેલ ન પડે તે રીતના પોતે બેસે છે અને પુષ્પ આપે છે પરંતુ દરરોજનો અભ્યાસ નહિ હોવાથી પુષ્પ આપવામાં ભૂલ થઇ જાય છે તેથી મંત્રીશ્વર જરાક પાછું વળી જુએ છે પણ રાજા ઇશારાથી જ તેમને શાંત રહેવા સમજાવે છે અને કહે છે કે–'તમારી પૂજા જોવા આવ્યો છું.' પછી તો રાજા નિર્ણય કરે છે કે, મંત્રીશ્વરના આ પૂજાના સમયે તેમને કયારે પણ બોલાવવા નહિ કે તેમની પૂજા ભક્તિમાં જરાપણ ખલેલ પાડવી નહિ.

દૃઢતાનું કેવું સુંદર પરિણામ આવ્યું તે તો જોયું. પણ જો આ જ જગ્યાએ આપણે હોઇએ તો પૂજા બાકી રહી જાય અને રાજાના સન્માનાદિ માટે દેરાસરની નિસિહીનો ભંગ કરી પ્રભુ આશાતનાના ભાગી પણ બનીએ ને? ભગવાનનું શાસન રોમેરોમ વસે, શાસનની વફાદારી આત્મસાત્ થાય, મરી જાઉં તે મંજુર પણ શાસનને બેવફા કદી ન બનું, શાસનના સત્ય સિદ્ધાન્તોનો દ્રોહ કદી ન કરું–આટલી પણ ટેક જો આપણામાં આવી જાય તો આપણે પણ આવા પુણ્યાત્માઓના ચરણમાં નંબર લખાવી શકીએ.

સૌ વાંચકો શાંતિથી વાંચી–વિચારી, વર્તમાનમાં શાસનનો નાશ કરનારા વિચાર-વમળોમાં અટવાયા વિના મહાપુરૂષોના માર્ગદર્શન મુજબ ચાલી આત્મ કલ્યાણને પામનારા બનો–તેવું બળ આપણને મળો તેવી શાસનદેવોને પ્રાર્થના!



—: ધર્મ પ્રદીપક—શ્રી સુવ્રતશેઠ :—

—સુશ્રાવિકા મંજુલાબેન રમણલાલ—અમદાવાદ

શ્રી જૈન શાસન એ અદભૂત સુંદર શાસન છે. તે શાસનને પામેલો આત્મા, કદાચ સંસારમાં રહ્યો હોય, સંસારની ય પ્રવૃતિ કરતો હોય તો પણ તેનું મન મોક્ષમાં જ હોય અને મોક્ષને પામવાની એવી લગની લાગી હોય કે, દરેક પ્રવૃત્તિમાં મોક્ષની જ આરાધના દેખાઇ આવે. પૂ. શ્રી સાધુ સાધ્વી મ. તો મોક્ષની જ આરાધનામાં લયલીન હોય છે પણ સુશ્રાવકો ય મોક્ષને માટે જ ઝંખતા હોય છે એટલે વાર-તહેવારે, તક મળે તો મોક્ષની આરાધના કરવાનું ચૂકતા નથી.

શ્રી મૌન એકાદશી એ શાસનનું બહુ મોટું પર્વ છે. જે મહાપવિત્ર દિવસે પરમ તારક એવા શ્રી તીર્થંકર પરમાત્માના ૧૫૦ કલ્યાણકો થયા છે. તે દિવસે અમે પૌષધોપવાસ કરીને, શ્રી સુવ્રત શ્રેષ્ઠીની કથા સાંભળીએ છીએ ખરેખર કથાનુયોગ પણ શ્રી જૈન શાસનનો જ છે. જેમાંથી આરાધનાનું અપૂર્વ બળ પ્રાપ્ત થાય છે.

શ્રી સુવ્રતશ્રેષ્ઠી મહાશ્રીમંત પરમ શ્રાવક છે. પર્વતિથિએ ધર્મની પુષ્ટિ કરે તેનું નામ જે પૌષધ તે પૌષધની ઉપવાસ કરીને આરાધના કરે છે અને સ્વાધ્યાય તત્વ ચિંતન આદિ આરાધનામાં તન્મય બની તે દિવસને પસાર કરે છે. એકવાર આ શ્રી સુવ્રત શ્રેષ્ઠી મૌન એકાદશી પર્વનો પૌષધોપવાસ કરી બીજા દિવસે પોતાના ઘરે આવે છે. તે વખતે પરિવારના સભ્યો બધા ઘરના આંગણામાં એકઠા થયા છે. આવ્યા પછી શ્રેષ્ઠીને જાણવા મળે છે કે, ગઇ રાત્રિમાં ચોરોએ ઘરમાં ખાતર પાડી, ઘણી મોટી મૂલ્યવાન રત્નાદિની ચોરી કરેલી પણ તે ચોરો મુદ્દામાલ સાથે પકડાઇ ગયા અને રાજાએ તે બધાને પકડીને કારાગૃહમાં પૂરી દીધેલ આ સમાચાર સાંભળી ધર્માત્મા શ્રેષ્ઠી વિચારે છે કે-"આ જ મારી કસોટીનો સમય આવ્યો છે. મારો ધર્મ સાચવવાનો આ પ્રસંગ આવ્યો છે !" તેથી પોતાની બીજી તિજોરીમાંથી રાજાને ભેટ ધરવા યોગ્ય ભેટણાનો થાળ તૈયાર કરાવી, પોતે પોતાના વિભવાનુસારે વસ્ત્રાલંકાર ધારણ કરી રાજાની પાસે જાય છે.

રાજાને નમસ્કારાદિ કરી, ભેટણું ધરે છે. રાજા પૂછે છે કે-"શ્રેષ્ઠી વર ! કેમ પધારવું થયું ?" ત્યારે કહે છે કે-મારા ઘરે ચોરી થઇ તે બાબતમાં આવ્યો છું. હજી પૂરી વાત કરે તે પહેલા જ રાજા કહે કે-તમારે ઘેર ચોરી કરનાર ચોરો પકડાઇ ગયા છે અને જેલમાં પૂરી દીધા છે. ત્યારે શ્રેષ્ઠી કહે કે—"રાજન્ ! તે ચોરોને છોડાવવા માટે જ આવ્યો છું." રાજા કહે કે-શ્રેષ્ઠીવર ! આ કયાંનો ન્યાય ? પકડાયેલા ચોરોને જો છોડી દઉં તો મારું રાજ કઇ રીતના ચાલે ? ત્યારે શ્રેષ્ઠી કહે કે-"રાજન્ ! આપનું રાજ નહિ ચાલે પણ મારો ધર્મ ન ચાલે જ્યાં સુધી આ ચોરો જેલમાં હોય ત્યાં સુધી મારાથી પારણું પણ થાય નહિ. ખરેખર સત્વશાલી આત્માની સાત્વિકતા શું અસર કરે છે તે આના પરથી સમજાય છે. રાજા કહે કે-ચોરોને છોડી તો મૂકું પણ ફરી ચોરી કરે તો ? તો શાસન જેમના રોમ રોમમા વસ્યું છે એવો ધર્માત્મા શ્રેષ્ઠી કહે કે-રાજન્ ! આ ચોરો ફરી ચોરી કરતાં પકડાય તો તેમની સજા તે મને કરશો.' ધર્માત્માનું ધૈર્ય અને શાસન પર શ્રદ્ધા કેવી અદ્ભૂત હોય છે.

રાજા જ્યારે ચોરોને છોડી મૂકે છે અને ચોરોને ખબર પડે છે કે જેના ઘરથી ચોરી કરેલી તે જ શ્રેષ્ઠીએ આપણને છોડાવ્યા તો તેમનાં પણ હૃદયપલટો થઇ જાય છે. આવીને સીધા શેઠના પગમાં પડે છે અને બધો મુદ્દામાલ રજૂ કરે છે ત્યારે શેઠ તેમને ઉભા કરી વાત્સલ્યથી પીઠ ઉપર હાથફેરવી કહે છે કે-"આ બધું તમે લઇ જાવ. પણ આજથી નિયમ કરો કે, હવેથી જીવનભર કયારે ય ચોરી કરવી નહિ. તમારે જરૂર પડે તો મારી પાસે વિના સંકોચે ચાલ્યા આવજો."

ધર્માત્માના હૈયાની ભાવના કેવી ઉદાર હોય છે તે આ દૃષ્ટાન્ત પરથી સારી રીતના સમજાય છે. આજના આપણા જીવનનો અનુભવ કરીએ તો લાગે કે, ભગવાનનું શાસન મળ્યું પણ હજી તેનો લાભ આપણે લેતા નથી.

શાસનને સમજી જીવનને ધન્ય બનાવીએ તે જ ભાવના.

* શાસન સમર્પક–મંત્રીશ્વર શ્રી ઉદયન *

–પૂ. સા. શ્રી અનંતદર્શિતાશ્રીજી મ.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પરમ તારક શાસનની આપણને સૌને મહાપુણ્યે પ્રાપ્તિ થઇ છે. આપણે બધા શાસનની આરાધના–સેવા–ભક્તિ પણ કરીએ છીએ અને શાસનના સેવક હોવાનો દાવો પણ ધરાવીએ છીએ. છતાં પણ પ્રામાણિક પણે આપણે વિચારીએ તો આપણે જ કબૂલ કરવું પડે કે આ શાસનની પ્રાપ્તિ થવા છતાં પણ શાસનને નહિ સમજવાની આપણી બેદરકારી પણ તેટલી જ છે અને તેથી જ આપણી ધર્મ ક્રિયાઓ મડદાની જેમ પ્રાણ વિહોણી દેખાય છે. જેમાં ચેતના–ઉત્સાહ–ઉમંગ હોવો જોઇએ તેવા પ્રાણભૂત તત્વોનો અભાવ દેખાય છે.

આ પાંચમા આરામાં જેમ આપણે શાસનને પામ્યા તેમ આ જ પાંચમાં આરામાં પણ એવા ઘણા પુણ્યાત્મા ભાગ્યશાલિઓ થઈ ગયા જેઓએ પુણ્યોદયે પ્રાપ્ત શાસનને સાચા અર્થમાં આત્મસાત્ કર્યું. શાસન હૈયામાં બરાબર જચાવ્યું–પચાવ્યું અને શાસનની રક્ષા ખાતર મરી ફીટવાની પણ તૈયારી બતાવી... આવા પુણ્યાત્માઓથી જ શાસન જગતમાં ઝળહળી રહ્યું છે. તેવા પુણ્યાત્માઓનું નામ પણ આપણામાં પણ સાચી ચેતના જગાવો, શાસનનો સમર્પિતભાવ પેદા કરે તે માટે પ્રસંગ પામેથી મંત્રીશ્વર ઉદયનના બે જીવન પ્રસંગોની સામાન્યથી વાત કરવી છે. આપણી સુષુપ્ત શક્તિઓનો શાસનની સેવા–ભક્તિ, રક્ષા–આરાધના માટે સદુપયોગ કરાય તો આપણું જીવન પણ સાર્થક થાય અને આપણે પણ સાચા આરાધક બની સાચું આત્મકલ્યાણ સાધીએ તેવી મંગલ કામના થી જ મારો આ અલ્પ પ્રયાસ છે. બાકી મારામાં તેવી શક્તિ નથી કે મહાપુરૂષોના જીવનનું સાંગોપાંગ આલેખન કરૂં. આ તો અનંતોપકારી પ્રાતઃ સ્મરણીય પરમ તારક નવોદધિતાતા સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પુણ્યકૃપા અને મારા પૂ. ગુર્વાદિ વડિલોના આશીર્વાદથી જ સહજ રીતે આ પ્રયાસ કર્યો છે.

મંત્રીશ્વર શ્રી ઉદયનને આપણે સૌ સારી રીતના જાણીએ છીએ. જેઓ ગુર્જરેશ્વર શ્રી સિદ્ધરાજ જયસિંહના પણ મંત્રી હતા અને પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાના સમયમાં પણ મંત્રીપદે હોવા હતાં પણ ભગવાનના શાસનના સાચા સેવક હતા. પ્રજાને પણ યોગ્ય ન્યાય મળે, પ્રજાનું અહિત ન થાય અને પ્રજા પણ ન્યાય–નીતિ માર્ગે ચાલે તેવા જ પ્રયત્નો કરતા હતા.

પૂ. કલિકાલ સર્વજ્ઞની જૈન શાસનને ભેટ ધરવામાં આ પુણ્યાત્માનો સિંહફાળો હતો તેમ કહેવું ખોટું નથી. પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞ સર્વતોમુખી પ્રતિભાના સ્વામી

આ. શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજની દીક્ષામાં મુખ્ય નિમિત્ત બના જ પુણ્યાત્મા હતા. તે પ્રસંગની વાત કરવી છે.

આ મનુષ્યભવમાં મોક્ષની જ આરાધના કરવા જેવી છે, તે માટે સાધુ જ થવા જેવું છે' આ ભાવના જેના રોમ રોમમાં પરિણામ પામી હોય તેવા પુણ્યાત્માઓ કદાચ કર્મ સંયોગે દીક્ષા ન પણ પામી શકે તો પણ અન્યોને દીક્ષામાં તેટલા જ સહાયક બને છે. તેના સ્વીકારમાં આવતા બધા જ અંતરાયો દૂર કરે છે.

બાલક ચાંગદેવને માતા પાહિણી દેવીએ તો સહર્ષ પૂ. આ. શ્રી દેવચન્દ્ર સૂ. મ ને સોંપ્યો. હજી તેના પિતા તે વખતે હાજર નથી. તેમની સંમતિ બાકી છે. તે વખતે ચાંગદેવના રક્ષણની જવાબદારી પૂ. ગુરૂભગવંતે આ મંત્રીશ્વર ઉદયનને સોંપી. ચાંગદેવના પિતાને જ્યારે ખબર પડી કે, મારો દીકરો મંત્રીશ્વરને ત્યાં છે તેથી તેને પાછો લેવા મંત્રીશ્વરના ગૃહે આવે છે. મંત્રીશ્વર તેમને ઓળખતા નથી પણ તેમની આકૃતિ અને ચહેરાના ભાવોથી સમજી જાય છે કે આ ચાંગદેવના પિતા હોવા જોઇએ. તેથી તેમની પોતાના પદને છાજે તે રીતના આગતા-સ્વાગતા કરે છે અને અવસરે ચાંગદેવની સાથે જ જમવા બેસાડે છે. તેથી તેમનો લગભગ બધો જ ગુસ્સો નાશ પામી જાય છે અને હૈયામાં ટાઢક વળે છે કે ના દીકરો હજી દીક્ષિત થયો નથી.

જમી પરવાર્યા પછી મંત્રીશ્વર તેમને સમજાવતા કહે છે કે 'તમે ભાગ્યશાલી છો માટે તમારો દીકરો પૂ. ગુરૂદેવની નજરમાં વસી ગયો. મારા ત્રણ-ત્રણ દીકરા છતાં એક પણ વસતો નથી. તો તમે તેને પૂ. ગુરૂદેવના ચરણે સોંપી દો.'

ત્યારે ચાંગદેવના પિતા એકદમ ઠંડા પડી, નરમાશથી કહે કે- 'મંત્રીશ્વર ! મારો દીકરો આપને જોઇએ તો સોંપીશ પણ તે જતિને તો નહિ જ સોંપુ'

ત્યારે મંત્રીશ્વર તેમને કહે કે-'મહા ભાગ! તારા દીકરાને વાનર જેવો બનાવવો તો મને સોંપ. કારણ મારા દીકરા મારા ઘેર આવેલાઓને 'આવો' 'પધારો' 'બેસો' 'આવજો' આવા પ્રકારની વાનરની જેવી ચેષ્ટાઓ કરે છે.' તો પણ હજી તેઓ જરાપણ પિગળતા નથી. ત્યારે મંત્રીશ્વર પોતાના ત્રણે દીકરાઓને વસ્ત્રાલંકારથી સુશોભિત કરી, ત્રણ લાખ સોનૈયાઓનો ઢગલો કરી તેમને કહે છે કે, મારા આ ત્રણ દીકરામાંથી જે જોઇએ તે લો અને સાથે ત્રણ લાખ સોનૈયા ગ્રહણ કરો' અને જગતપૂજ્ય બનાવવા તમારા દીકરાને પૂ. ગુરૂદેવના ચરણે સોંપો.

આવી ઉદારતા અને શાસનની અનન્ય ભક્તિ જોઇ ચાંગદેવના પિતાનું દિલ

પીગળ્યું. અને પોતાનો દિકરો પૂ. ગુરૂદેવને સોંપ્યો. અને જૈન શાસનને પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞ મળ્યા !

❀

હવે બીજો પ્રસંગ પણ તેમના જ જીવનનો છે. તે પ્રસંગ તો તેમની ખરેખર કસોટીનો છે. જો શાસન હૈયામાં પરિણામ ન પામ્યું હોત, શાસનનો સાચો સમર્પણ-ભાવ ન હોત તો આજે પરિણામ કદાચ બીજું મલત ! પરન્તુ શાસનને જ પ્રાણ-ત્રાણ માનનારા સમર્પિત આત્માઓ શાસન માટે સઘળું ય હસતાં મુખડે સહન કરે છે અને શાસનની શાનને ચાર ચાંદ લગાડે છે.

શ્રી સિદ્ધરાજ જયસિંહના ભયથી કુમારપાળ દેશ-વિદેશમાં ભાગતા ફરે છે. રાજાના સૈનિકો પણ તેમની પાછળ પડેલા છે. બધે છૂપાતા-છૂપાતા ફરે છે અને જીવને બચાવે છે. રાજાનો પણ હુકમ ફરી વળ્યો છે કે, 'કુમારપાળને જીવતો કે મરેલો ગમે ત્યાંથી પકડી લાવો.' શ્રી સિદ્ધરાજને એક પણ પુત્ર છે નહિ અને તેને જાણવા મળ્યું છે કે મારી ગાદીનો વારસ આ કુમારપાળ બનવાનો છે અને તેને ગાદી આપવી નથી તેથી તેમને મારવા ચારે બાજુ તપાસ કરાવે છે. સંસારમાં આવું બધું ચાલ્યા કરે. સારા ભાવથી કરેલા ધર્મથી બંધાયેલું પુણ્ય જ બધા પ્રસંગોમાં આત્માનું રક્ષણ કરે છે.

આ રીતના કુમારપાળ ભાગતા-ભાગતા ખંભાતમાં આવે છે. ત્યાં કલિકાલ સર્વજ્ઞનો ભેટો થાય છે.

આકૃતિ અને લક્ષણો પરથી જૈન શાસનનો મહાપ્રભાવક રાજા થશે જાણી તેને ઉપાશ્રયમાં આશરો આપે છે. મંત્રીશ્વર ઉદયન પણ પૂ. આચાર્ય ભગવંતને વંદન કરવા આવે છે. ભાગ્યશાલીઓ ! વિચારો કે આટલા મોટા રાજ્યના મહામંત્રી પદે છતાં પણ પોતાના તારક પૂ. ગુરૂદેવ માટે કેવો અહોભાવ છે. તેમને વંદન કર્યા વિના. પચ્ચકખાણ લીધા વિના મોંમા પાણી નથી મૂકતા ! અને આજે આપણા આગેવાનો...!

વંદન વિ વિધિ થયા પછી પૂ. આચાર્ય ભગવંત મંત્રીશ્વરને કહે છે કે– મંત્રીશ્વર ! એક કામ કરવાનું છે થશે ?' સત્ય હકીકત શું છે. તેનાથી અજાણ એવા મંત્રીશ્વર વિનય પૂર્વક પ્રત્યુત્તર આપે છે કે, 'આપ ફરમાવો અને ન કરૂં તેવું બને ખરૂં?' તો પણ તેમની ચકાસણી કરવા પૂ. આચાર્ય ભગવંત ફરીથી પૂછે છે કે–'મંત્રીશ્વર કામ થશે ?' ત્રીજીવાર પણ તે જ પ્રશ્ન પૂછે છે, ત્યારે મંત્રીશ્વરની આંખમાં ઝળ-ઝળીયા આવી જાય છે. અને નત મસ્તકે કહે છે કે–'જે હોય તે કામ વિના સંકોચે જણાવો. મારા પ્રાણના ભોગે કરીશ !

મારા વાચક મિત્રો ! વિચારો. આ એ જ મંત્રીશ્વર છે જેમના યોગે તો આ પૂ. આચાર્ય ભગવંત દીક્ષિત બન્યા છે. મંત્રીશ્વર આપણી જેમ શું શું કહી શકત તે આપણે હોત તો શું કહેત તે વિચારવાની જરૂર છે. પણ શાસન પ્રત્યેની સમર્પિતતાને કારણે ગદગદ સ્વરે કહે છે કે, ફરમાવો. તેમની બરાબર મક્કમતા નિહાળી, પાસે બેઠેલા માણસ તરફ અંગૂલી નિર્દેશ કરી, પૂ શ્રી કલિકાલ સર્વજ્ઞે કહ્યું કે–'મંત્રીશ્વર ! આ કુમારપાળ છે તેની રક્ષા કરવાની છે !'

'આ કુમારપાળ છે તેની રક્ષા કરવાની છે' આ શબ્દો તેમના કાનમાં ગુંજયા કરે છે અને રવિવાર તેમની આંખો મીંચાઈ જાય છે. કારણ તેમની પાસે પણ શ્રી સિદ્ધરાજ જયસિંહનો હુકમનામાનો પત્ર છે કે– 'કુમારપાળને જ્યાં હોય ત્યાંથી જીવતો કે મરેલો પણ પકડી લાવો !' કેવી કપરી કસોટીનો પ્રસંગ ઊભો થાય છે. એક બાજુ રાજાની આજ્ઞા છે. અને બીજી બાજુ ગુર્વાજ્ઞા છે. બંને આજ્ઞાના અનાદરનું પરિણામ પણ સ્વયં તેઓ સારી રીતના જાણે છે.

રવિવારમાં જ કૃત નિશ્ચયી બની, સ્વસ્થતા કેળવી હસતે મુખે નત મસ્તકે કહે છે કે–'આપની આજ્ઞા શિરસાવંદ્ય છે. આપની આજ્ઞાનું પાલન થઈ જશે. કુમારપાળના રક્ષણની જવાબદારી હવે મારી !'

રાજાની આજ્ઞા પર પરમતારક ગુર્વાજ્ઞાનો વિજય થયો એટલે કે શાસનની પ્રીતીનો જયજયકાર થયો. શાસનનો સમર્પણભાવ જીતી ગયો. અને સંસારમાં રખડાવનાર રાજાની આજ્ઞા વિલખી થઈ. આવી સાચી સમર્પિતતા આપણે કેળવીએ તે જ મંગલ ભાવના.

ધન્ય હો શાસન સમર્પક મહામંત્રીશ્વર ઉદયનનો

卐 આત્મસ્વભાવ ધર્મ પામવો અતિદુર્લભ છે. 卐

धम्मो पवत्तिरुवो, लब्भइ कइया वि निरयदुक्खतजा ।

जो निअवत्थुसहावो, सो धम्मो दुल्लहो लोए ॥

નરકનાં દુઃખથી પીડા પામીને કયારેક પ્રવૃત્તિ રૂપ ધર્મ તો પામી શકાય છે પણ જેમાં આત્મ વસ્તુનો સ્વભાવ રહેલો છે એવો જે ધર્મ તે આ લોકમાં દુર્લભ છે.

શ્રી જિનશાસન પ્રત્યેની અવિચલ શ્રદ્ધા યાને શ્રી મંડુક શ્રાવક

—પૂ. સાધ્વીશ્રી અરૂણશ્રીજી મ. (વાગડવાળા)

ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું પરમતારક શાસન લઘુકર્મી આત્માઓના હૈયામાં જ યથાર્થપણે પરિણામ પામે છે. "શાસન એ જ તારક છે. શાસનના સત્યો એ જ સાચા છે. કદાચ મારી બુદ્ધિ અલ્પ હોય હું ન સમજી શકું તો પણ ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ જે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું છે" આવી ભાવના નિરંતર તે પુણ્યાત્માઓના હૈયામાં વહ્યા કરે છે અને તેથી જ તેઓ દિન-પ્રતિદિન શાસનના રંગે રંગાતા જાય છે અને શ્રદ્ધા તો એવી અતૂટ હોય છે કે દુનિયાની કોઇ તાકાત તેમને ફેરવવા શકિતમાન બનતી નથી. જે વાત પોતે ન જાણે તો જાણવાનો ખોટો ડોળ જરાપણ કરતા નથી. આ જ ગુણના કારણે તેઓ બધાથી અર્ચ્ય બને છે. આવા જ એક પરમ શ્રાવક શ્રી મંડુક શ્રેષ્ઠીની સામાન્યથી વાત કરવી છે.

રાજગૃહી નગરીમાં શ્રી મંડુક નામે એક શ્રાવક રહેતો હતો. તે ઘણી મોટી સમૃદ્ધિવાળો, સર્વલોકમાન્ય પૂજ્ય, જીવાજીવાદિ તત્ત્વોના સ્વરૂપને જાણનાર હતો અને નિરંતર ધર્મની આરાધના વડે આત્માને ભાવિત કરતો પોતાના કાળને સુખે કરી પસાર કરતો હતો.

આ રાજગૃહી નગરીની પાસે આવેલા ગુણશીલ નામના ચૈત્યની સમીપના ભાગમાં કાલોદાયી, સેવાલોદાયી વગેરે ઘણા અન્ય તીર્થીઓ વસતા હતા. એક વખતે તેઓ બધા ભેગા થયા અને તેમની વચ્ચે પરસ્પર એવા પ્રકારનો આલાપ-સંલાપ થયો કે- "ભગવાન શ્રી મહાવીર સ્વામી ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાયોને પ્રરૂપે છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયને અચેતન અને જીવાસ્તિકાયને સચેતન પ્રરૂપે છે. તેમ વલી ધર્મ, અધર્મ, આકાશ, જીવ-અસ્તિકાયોને અરૂપી અને પુદ્ગલાસ્તિકાયને રૂપી પ્રરૂપે તે. એ પ્રકારે સચેતન અચેતનાદિરૂપે કરીને અદૃશ્યપણું હોવાથી તે શી રીતે મનાય ?"

હવે એકવાર આસન્નોપકારી ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્મા ગુણશીલ ચૈત્યમાં આવીને સમોસર્યા. પ્રભુનું આગમન કોના હૈયાને આનંદિત ન કરે. સર્વે ધર્મીજનો પોતપોતાની ઋધ્ધિને અનુસારે પ્રભુને વાંદવા માટે જવા લાગ્યા. આ

શ્રી મંડુક શ્રાવક પણ પ્રભુને વંદન કરવા માટે હર્ષથી જઇ રહ્યો છે. જેટલામાં તે શ્રાવક નગરની બહાર આવી, ઉપર્યુક્ત અન્ય તીર્થિકોની અત્યંત નજીક પણ નહિ અને અત્યંત દૂર પણ નહિ તેમ આવ્યો અને તે તીર્થિકોની દૃષ્ટિપથમાં આવ્યો. એટલે તે બધા ભેગા થઇ તેની પાસે આવ્યા અને આ પ્રમાણે બોલ્યા કે–"હે મંડુક ! તારા ધર્માચાર્ય જે પંચાસ્તિકાયાદિકની પ્રરૂપણા કરે છે, તે શી રીતે મનાય ? તેમને શી રીતે જણાય ?"

મંડુકે–"જે ધર્માસ્તિકાયાદિકે કરી પોતાનું કાર્ય કરાયછે, તે કાર્ય ઉપરથી તે ધર્માસ્તિકાયાદિકને અમે જાણીએ છીએ. જેમ ધૂમાડાથી અગ્નિ જણાય છે, તેમ તેના કાર્ય પરથી તે જણાય છે. વળી જો તેઓથી કાર્ય કરાતું ન હોય તો અમારાથી ન જાણી શકાય. એટલે કાર્યાદિક લિંગદ્વારે કરીને જ છદ્મસ્થ જીવોને અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન થાય છે; તેમ વલી ધર્માસ્તિકાયાદિકનું કાર્યાદિ લિંગ અમોને પ્રતીતવાળું દેખાતું નથી તે પ્રસંગે તેના અભાવથી અમે નથી જાણતા."

આ વખતે ધર્માસ્તિકાયાદિક સંબંધી અપરિજ્ઞાનને અંગીકાર કરતા મંડુકને ઉપાલંભ આપતાં તે અન્ય તીર્થિકો બોલ્યા–"હે મંડુક ! જો તું આ અર્થને જાણતો નથી તો તું શ્રાવક કેમ ?"

આવા ઉપાલંભથી તે મંડુક શ્રાવક જેમને અદૃશ્યમાનપણે ધર્માસ્તિકાયાદિકનો અસંભવ કહેલો છે, તેમનો તે વિષય ખંડન કરવા આ પ્રમાણે બોલ્યો–હે આયુષ્મંત! વાયુકાય વાય છે? ત્યારે તેમણે કહ્યું કે–હા વાય છે.

મંડુકે પૂછ્યું તમે તે વાયુકાયને વાતરૂપે દેખો છો ?

તેઓ – એ પદાર્થ સમર્થ નથી, એટલે રૂપ દેખતા નથી.

મંડુક – ગંધવાલા પુદ્ગલો છે ? તેઓ – હા છે.

મંડુક – ત્યારે તમે ઘ્રાણસહગત પુદ્ગલોના રૂપને દેખો છો ?

તેઓ – નથી દેખતા.

મંડુક – કાષ્ટ સહચારી અગ્નિકાય છે ?

તેઓ – હા છે.

મંડુક – ત્યારે તમે અગ્નિકાયના રૂપને દેખો છો ?

તેઓ – નથી દેખતા.

મંડુક – સમુદ્રનું રૂપ પારગત છે ?

તેઓ – હા છે.

મંડુક – તમે તે દેખી શકો છો ?

તેઓ – નથી દેખતા.

મંડુક – દેવલોક સંબંધી રૂપ છે ?

તેઓ – હા છે.

મંડુક – ત્યારે તમે તે રૂપને દેખો છો ?

તેઓ – નથી દેખતા.

મંડુક – "હે આયુષ્મંતો ! હું, તમે અને બીજા છદ્મસ્થજીવો જ્યારે તે દેખતા નથી તો શું તે સર્વ નથી ? તમારા મત પ્રમાણે તો ઘણા લોકો પણ ન હોય."

આવ પ્રશ્નોથી તે બધા અન્ય તીર્થિઓને નિરૂત્તર કરી દીધા. તે પછી તે શ્રી મંડુક શ્રાવક ગુણશીલ ચૈત્યને વિષે રહેલા શ્રી વીરસ્વામી પાસે જઇ વંદનાપૂર્વક યોગ્ય સ્થાને બેઠો. ત્યારે ભગવાને ખુદે તે શ્રી મંડુક શ્રાવકને કહ્યું કે–"હે ભદ્ર ! તું શોભનિક છે. કારણ કે તેં અસ્તિકાયોને ન જાણતાં છતાં અન્ય તીર્થિઓની આગળ હું નથી જાણતો એમ કહ્યું. જો તું અજાણતો છતો 'હું જાણું છું' એમ કહ્યું હોત તો તું શ્રી અરિહંતાદિકની આશાતના કરનારો થાત.' પ્રભુના આવાં વચન સાંભળી. શ્રી મંડુક શ્રાવક ખુશી થઇ ગયો. પછી પ્રભુને વંદના કરી, ધર્મદેશના સાંભળી પોતાને સ્થાને ચાલ્યો ગયો. ધર્મની આરાધનામાં તત્પર બની, આયુષ્યના ક્ષયથી અરૂણાભ નામના વિમાનમાં પહેલા દેવલોકે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઇ, સર્વજ્ઞ ભગવંતના ધર્મને આરાધી મોક્ષને પામશે.

આના ઉપરથી સૌ ભાગ્યશાલીઓએ વિચારવાની જરૂર છે કે, ધર્મના વિષયમાં આપણે જાણતા ન હોઇએ તો આપણે અભિપ્રાય ન આપવો પણ મૌન જ રહેવું તે જ શ્રેયસ્કર છે. પરન્તુ આજે તો એક માત્ર ધર્મમાં જ બધાને મનફાવે તેમ કરવાની જાણે છૂટ મલી તેમ મોટોભાગ વર્તે છે. એટલું જ નહિ જમાનાની હવામાં સારા સારા આત્માઓ પણ એવા તણાઇ ગયા છે કે સાચું કરવાની વાત તો દૂર રહી, પણ સાચું સાંભળવાની સમજવાની ધીરજ પણ ગુમાવી બેઠા છે. અને મન ઘડંત કલ્પનાના ઘોડાઓ

દોડાવી, મનફાવતા વિચારો ફેલાવે છે. પોતાના અકલ્યાણ સાથે અનેક ભોળા-ભદ્રિક આત્માઓના અકલ્યાણના હાથા બની જાય છે. સૌથી વધુ દુઃખદ વાત તો એ છે કે, જે પોતાના તારક માર્ગસ્થ ગુર્વાદિ શું કરતા હતા, પોતે પણ શું શું કર્યું છે તેનો જો શાંત ચિત્તે વિચાર કરે તો પોતાની ભૂલ પોતાને જ સમજાયા વિના રહે નહિ. પણ લોકૈષણા એવી ભયાનક ચીજ છે જેનો અર્થી બનેલો આત્મા સ્વ-પર અનેકના અધઃપાતમાં જ સહાયક બને. આજના આ વાયરામાં સારા સારા ચારિત્ર સંપન્ન નામાંકિત ગણાતા આવી ગયા છે અને ગમે તે કારણે પાછા વળતાં નથી તે કાલિકાલનો જ પ્રભાવ માનવો રહ્યો. જો પોતાના પૂર્વજ પુણ્યપુરુષોના પગલે ચાલવાનો વિચાર કરે તો આજે પણ શાસનને ડહોળાતું બચાવી શકે છે. હૃદયની વેદનાને આ 'અજાણતો છતો 'હું જાણું છું" એમ કહ્યું હોત તો તું શ્રી અરિહંતાદિકની આશાતના કરનારો થાત" આ ભગવાનનું વચન જાણી અત્રે મેં વાચા આપી છે.

શાસનદેવ સૌને સદ્‌બુદ્ધિ આપે અને હજી પણ થયેલ ભૂલનો સ્વીકાર-એકરાર કરી સૌ મૂળ સન્માર્ગે પાછા વળે અને પુણ્યયોગે મળેલી સઘળીય સુંદર શક્તિઓનો શાસનની સેવા-ભક્તિ, આરાધના રક્ષામાં જ સદુપયોગ કરે તે જ મંગલ કામના છે. કદાચ તેઓ ન સુધરે તો પણ શાસનરસિક આત્માઓ સન્માર્ગમાં સ્થિત થઇ, શાસનના સાચા શ્રદ્ધાલુ બની આ શ્રી મંડુક શ્રાવકની જેમ સ્વ-પર અનેકનું કલ્યાણ કરનારા બનો તે જ શુભ ભાવના.

—: શાસન સમાચાર :—

રાજકોટ : અત્રે શ્રી વર્ધમાન નગર પ. પૂ. મુનિરાજ શ્રી લાભવિજયજી મ. સા. તથા પ. પૂ મુનિરાજ શ્રી જોધિરત્ન વિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં શાહ ઇન્દુલાલ માધવજી તરફથી પૂ. પિતાશ્રી માધવજી ભાઇ તથા માતુશ્રી પ્રેમકુંવર બેનના આત્મ શ્રેયાર્થ જેઠ વદી-૯ થી શ્રી શાંતિ સ્નાત્ર સુકૃત પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયેલ દરરોજ પુજા, આંગી, પ્રભાવના, સંઘ પૂજન વિગેરે સારી રીતે થયેલ જેઠ વદી-૧૩ ના શાંતિ સ્નાત્ર ખૂબ ભવ્યતાથી ભણાવાયેલ, જીવદયાની ટીપ સુંદર થઇ હતી બાદ શ્રીફળ ની પ્રભાવના થઇ હતી. વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખુબ સુંદર રીતે કરાવેલા, સંગીતમાં શ્રી ચંદ્રકાંતભાઇ તથા પ્રતાપભાઇએ સારી જમાવટ કરી હતી.

卐 અમારિ' પ્રવર્તનની દિશા 卐

—નીલીમા શાહ

એક 'ટેકસી'માં 'ઓવરલોડ' થવાને કારણે ચારથી વધુ માણસ ન બેસી શકે એવો કાયદો જ્યાં પ્રવર્તી રહ્યો છે એ જ દેશમાં ચોપગાં મૂંગા અબોલ પ્રાણીઓને ચારેય પગે પેટ સાથે બાંધીને, કચકચાવીને શાકભાજીના ટોપલાંની જેમ એક ઉપર એક વીશ-પચીસ મોટા પ્રાણીઓને એક બટારામાં લઇ જતાં આરામથી જોઇ શકાય છે. એક સિંચાણાનો જીવ બચાવવા આખા શરીરને ત્રાજવે તોળાવનાર શાંતિનાથ ભગવાનનો જીવ હોય કે ઘોડા-ઓને યે ગળેલું પાણી જ પીવડાવતા કુમારપાળ મહારાજા હોય કે અમારિનું પ્રવર્તન કરાવનાર એ જાતે મુસલમાન પણ કર્મે દયાળુ એવો અકબર બાદશાહ હોય. એ દરેકના નામ ભારતનો તવારિખમાં ભલે સુવર્ણ અક્ષરે લખાયેલા મળે પણ એજ આર્યાવર્તમાં આજે પશુ-પંખીઓના માંસ ખાવા માટે ધૂમ વેચાણનું બજાર ચાલે, જ્યાં એકેન્દ્રિય જીવની યે રક્ષાના સંસ્કાર હતા ત્યાં સંજ્ઞી 'પંચેન્દ્રિય જીવોના હાડમાંસ' કાગળની નોટોના બદલામાં મટન-બીફ કે લેમ્બરગરના સુંવાળા નામે ફાઇવ-સ્ટાર હોટલોમાં છાશવારે આરોગી જતાં નબીરાઓ જરાયે ખિચકાટ અનુભવતા નથી.

મૂંગા બાળકની જેમ મૂંગા પ્રાણીઓ પ્રત્યે વધુ વાત્સલ્યભાવ હોવાને બદલે આજે મરઘા-બતકાંની ખેતી, માછલીનો ઉદ્યોગ, ઇંડા-માંસમાં પ્રોટીન હોવાની શબ્દછલનાથી આખા દેશને ભરમાવી રહ્યાં છે. માત્ર જીભના સ્વાદ માટે કાં તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવવા ગ્લોબલાઇઝેશનના નામે કાં તો માંસ નિકાસ દ્વારા વિદેશી હુંડિયામણ રળવા અથવા વધુ મશીનો ખરીદી વધારે ઔદ્યોગિકરણ કરવાના બહાના હેઠળ અથવા નિકાસ વચ્ચેની કટકી ખાટવા કતલખાનાના અધ્યક્ષ બની બેઠેલા રાજકારણીઓ બુદ્ધિશાળી ગણાતી ભારતની પ્રજાને ખુલ્લેઆમ ઉલ્લુ બનાવી રહ્યાં છે.

કતલખાના બોલતા કેટલાંયે બેકાર થયેલા બેડુતો અને કામદારોની બેકારી કે ગિરનારમાં રે પ-વે થતાં બેકાર બનારા પાંચસો ડોળીવાળાઓની બેકારીની ચિંતા ન કરનાર સરકાર જ્યારે કતલખાના બંધ થતાં બેકાર બનારા ખાટકીઓની ચિંતા કરતી જોવા મળે ત્યારે વિચારવું કે દાળમાં કંઇક કાળું છે! ખાટકીની ચિંતા છે કે કટકીની એ તો સૌ જાણે જ છે! પ્રોટીનને નામે મધ્યાહન ભોજનમાં ઇંડા બબડાવવાના કૂતરા બહાર કાઢનાર સરકાર દેશવાસીઓના મોંમાંથી છીનવેલા સંપૂર્ણ બોરાક ગણાતા ગાય-ભેંસના દૂધ, દહીં, ઘી, છાશને પીરસવાની વાત કેમ નથી કરતાં? પ્રાણીઓની કતલના લોભમાં દૂધ, દહીં ગયાં કુદરતી બાતર છાણ ગયું, ધરતી મા પર રાસાયણિક બાતરનો

મારો ચલાવ્યો ને કૃષિપ્રધાન દેશ અબજો રૂપિયા ખરચીને પરદેશનો કચરો–છાણ આયાત કરવા બેઠો એજ કેટલું હાસ્યાસ્પદ લાગે છે. ગાંડાને માથે કંઇ શીંગડા ઉગતાં હશે. જે દેશમાં માછલીને લોટ આપતાં ત્યાં હવે મત્સ્યપાલનને ઉદ્યોગનું રૂપાળું નામ આપી રસાયણથી બહુલ સંખ્યામાં ઉત્પન્ન કરી કેટલાકે ખોરાક બનાવ્યો છે. કૂતરાને યે રોટલી પહેલી અપાતી ત્યાં હવે એને મારીને એના હાડકાં–માંસનો ઉપયોગ કરાય છે, પંખીને ચણું નંખાતું તેને સ્થાને મોટા પાયા પર કાગડાંઓને બીજા દેશમાં બારોબાર મોકલી દેવાય છે. તેની પાંખને કલીપ કરી, મોં પર ટાંકા લઇ મોટા મોટા ટાયરોમાં કે બહારથી બીજું નામ લખેલા બોક્સોમાં ઠાંસીઠાંસીને ભરાય છે. ચીકનના કાર્ટેસર પેકીંગમાં બાજ, ગરૂડ, મોરને મારી–મચડીને ગોઠવી દેવાય છે.

પરદેશમાં સંઘરાયેલા આ પક્ષીઓને ગ્રાહક નક્કી કરે એટલે હોટલોમાં ત્યાં ને ત્યાં મારીને વાનગી બનાવીને પીરસાય છે. જ્યાં ગાયને નીર અપાતું ત્યાં હવે માલ-સામાનની જેમ ખટારામાંથી ફેંકાય છે. ટ્રેકટર સાથે બાંધી ઘસડવામાં આવે છે, 'સ્લોટર' કતલ માટે યોગ્ય બનાવવા આંખ–નાકમાં તમાકુ, નસકોરામાં એસિડ નંખાય છે, હટ્ટાકટ્ટા પશુઓને શીંગડા સાથે બટકાવી નાંખવામાં આવે છે, લોખંડના સળિયાથી પગ પર મારવામાં આવે છે, બીજા પશુઓને આ રીતે મરતાં, રીબાતા જોઇ પોતે ના ભયના માર્યા કીકીયારી કરી મૂકે છે. આંખના ડોળાં ફાટી જાય છે. કલુષિત થયેલા આ આભામંડળ અને કૂતરાના મોતે મરતાં પશુઓનું માંસ કેવી રીતે સુરક્ષિત–સલામત. હોઇ શકે ? તેમના તનાવ, ભય, ગભરાટથી માંસમાં ભળેલા એ કુસંસ્કારો ખાનારના મનને પણ કુર નિર્દયી, કલુષિત બનાવે છે.

દેવનારમાં ચાલતા યાંત્રિક કતલખાનામાં એક સાથે અગિયાર હજાર જાનવરને મારવાની વ્યવસ્થા છે. ત્યાં રોજના ૧૦૦૦ બળદ, ભેંસ ને પાડા જેવા અને ૭૦૦૦ ઘેટાં બકરાની કતલ થઇ રહી છે. અહિંસાથી આઝાદી મેળવનાર તરીકે દુનિયાભરમાં પ્રસિદ્ધિ પામનાર ભારત દેશ આજે સૌથી વધુ માંસની નિકાસ માટે પ્રખ્યાત બન્યું છે એજ ખેદજનક છે. ૩૦૦ કરોડનું હુંડિયામણ મેળવવા એક લાખ ટનથી વધુ માંસની નિકાસ થાય છે. જ્યારે અબજોનો ખર્ચ કરીને છાણ આયાત કરાય છે. ચીકનનું એક ખાણું તૈયાર કરવા ૪૦૦ ગેલન પાણી, એક હેમ્બર્ગર તૈયાર કરવા ૬૦ ગેલન પાણી એક રતલ ગાયનું માંસ પેદા કરવા એક ગેલન પેટ્રોલના જેટલી ઉર્જા અને ગાયને તગડી કરવા ૧૬ રતલ અનાજ ને સોયાબીન વપરાય છે. ખેતી કરવામાં એનાથી વીસમાં ભાગનો કાચો માલ જરૂરી છે. પીવાના પાણીની તંગીમાં જીવતા આ દેશવાસીઓને રોજ દિ' ઉગે ટેન્કરના પાણી માટે એક ઘડાના પાંચ રૂપિયા આપવા પડે છે જ્યારે

પરદેશીઓ મધ પાણી વાપરીને બનાવેલા આપણા માંસની વાનગીઓને લહેરથી આરોગે છે. છેલ્લા સમાચાર મુજબ રોજ ત્રણ લાખ છપ્પનહજાર એકસો ચોસઠ પશુઓની હત્યા થાય છે. અંગ્રેજો હતાં ત્યારે જે ગુલામી હતી એના કરતાં પોતપોતાના દેશમાં જ બેઠા બેઠાં ભારતનાં વિવિધ ક્ષેત્રોમાં ખરીદીને અમેરીકન રશિયન પાકિસ્તાની કે અરબો એ આપેલી ગુલામી વધુ ઘાતકજનક છે. આજ સુધી એક સજ્જન બીજા માણસને પોતાનો જાન બચાવવા માટે ઇનામ આપતો જોયો છે. પણ આજે કતલ માટે કાયદાઓ થયા છે. કતલખાના માટે કરમાફી, સબસીડી, નિકાસનું પ્રોત્સાહન અપાય છે. દેવનારમાં સો કરતાં વધુ કાયદાના ભંગ થાય છે સંસ્કૃતિનો નાશ કરનાર 'મેકડોનાલ્ડ' જેવી કંપનીઓએ બીડી સિગરેટ, ગુટકાની જેમ માંસાહારની જાળ બિછાવી છે. બહુરાષ્ટ્રીય કંપનીઓમાં થેચાઈ ગયેલા દેશને જોઈ 'ઇસ્ટ ઇન્ડિયા કંપની' સ્થપાયા પછીનો ઇતિહાસ ફરીથી દોહરાશે એવું જે અર્થશાસ્ત્રીઓ, કે રાજકારણીઓ, દેશભક્તો જોઈ શકતા નથી. અહિંસાથી આઝાદી અપાવનાર એ સાબરમતીના સંતની સમાધિ ઉપર રસાલા સાથે જઈ હાર તોરા કરનાર નેતાઓને એમની સમાધિ જોઈને જે પશુઓની કિકિયારીઓ કે ટાંચણીથી સતત ખુલ્લી રાખેલી સસલાઓની આંખ યાદ નથી આવતી મરઘાઓની ચાંચ કાપી, પીંછાઓ ખેંચી યાંત્રિક પ્રકાશમાં અપ્રાકૃતિક ગર્ભાધાન કરાવી સતત માનસિક તાણમાં રાખવામાં આવે છે. ઉંદરો ઉપર કેન્સર જેવા રોગો ઉત્પન્ન કરાવી ઇલાજ માટે દવાઓના અખતરા કરાય છે. કૂતરાઓને શોક આપી મારી નંખાય છે. દોરી પર પ્રાણીને ઉપર લટકાવી નીચે ભટ્ટા સળગાવવામાં આવે છે. આખું ને આખું પ્રાણી શેકાઈ જાય છે.

વનસ્પતિ જ ઘીમાં પ્રાણીઓની ચરબી વપરાય છે જે સ્વાસ્થ્ય માટે ઘણી જ નુકશાનકારી છે એવું સાબિત થઇ ચૂકયું છે કે પી. જિલેટીન્સ એન્ડ કેમીકલ્સ ઇન્ડિયા લીમીટેડના વાર્ષિક રીપોર્ટમાં સ્પષ્ટ જણાવ્યું છે કે જે જીલેટીન રંગરોગાન, કાગળો, સૌંદર્ય પ્રસાધનો, છાપવાની શાહીમાં વપરાય છે એ જ જીલેટીન ટુથપેસ્ટમાં આઇસ્ક્રીમ વગેરેમાં પ્રવાહીતા લાવવા વપરાય છે.

શ્રાવકનાં કર્તવ્યોમાં 'અમારી પ્રવર્તન'નું યે કર્તવ્ય છે. ભૂકંપ અને દુકાળના સમાચાર મળતાંની સાથે જ જૈનો પૈસાના ઢગલા કરે છે. આ અલકખીર અને દેવનારમાં રોજ ભૂકંપ અને દુકાળ છે. રાજકીય ઉથલપાથલો જે રીતે થઈ રહી છે. ચોરી, લુંટફાટ, મોંઘવારી જે રીતે વધી રહ્યા છે એ જોતાં લાગે છે કે 'બોમ્બબ્લાસ્ટ' ના ડરથી મુંબઇ કે પ્લેગના ભયથી સુરત નહીં પણ પ્રાણીનાશથી ઉભી થયેલી દૂધ-દહીં-ઘી-પાણીની અછતથી થઇને ભારત જ છોડવું પડશે. કતલખાનાનાં જીવોને કેવી રીતે મરાય છે અને કેવું બિહામણું દૃશ્ય સર્જાય છે. એ ફિલ્મ દિલ્હીમાં મેનકા ગાંધીએ

હાઇકોર્ટમાં રજૂ કરી તે જોઈ જજ બેહોશ થઇ ગયા. શાકાહારીઓએ માત્ર ભાષણો કરવાની અને સાંભળવાની રસમ જ ચાલુ રાખવાને બદલે નક્કર કાર્ય હાથ ધરવું જોઇએ. રોજ લાગતા વળગતા અધિકારીઓને, જજને, છાપાઓમાં, કતલખાનાના માંસ ભક્ષણના ગેરફાયદા બતાવતા કાગળો લખવા જોઇએ ચૂંટણી વખતે વોટ લેવા આવતા એમ. એલ. એ ને કતલખાના બંધ કરાવો નહીંતર વોટ નહીં મળેની ધમકી આપી શકાય. જેની આસપાસ માંસ રંધાતું હોય એ ચૂપચાપ બેસી ન રહેતા માંસની દુર્ગંધ ફેલાઇ છે, બિમારી ફેલાઈ રહી છે. પાણી ગંદુ આવે છે લોહી પાણીની ગટરમાં જાય છે ગીધો આવે છે વગેરે દરેક ફરિયાદના કાગળો અધિકારીઓ ઉપર મોકલી શકે છે. કમસે-કમ જૈનો જે કેટલાક કતલખાનાના ચેરમેન કે મેનેજર બની બેઠા છે એ તો રાજીનામું જરૂર આપે નહીંતર પ્રાણીમાત્રને અભયદાન આપવાની આપણી એ ભાવવાનું શું ? હોટલોમાં જઇ કમસેકમ જૈન થઇને તો બિનશાકાહારી ખાણું નહીં જ ખાઇએ એવો સંકલ્પ તો કરી જ શકીએ. જેટલી જેટલી જે જે વસ્તુમાં પ્રાણીજ પદાર્થો હોય એનો ઉપયોગ તો નહીં જ કરીએ એટલી ખુમારી તો કેળવી જ જોઇએ. મનને નિર્ભય કરીને ગમે તેને બચાવવા હું પ્રાણની હોમ આપીને પણ રક્ષા કરીશ એવી એક આંતરિક નૈતિક હિંમત, જુસ્સો ઉભો કરવાનો છે. નજીકના સગાઓ જો 'સત્કારમાં' કોઇ હોદ્દા ઉપર હોય તો એનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય. પોતે ન લખી શકે તો પોતાના મંતવ્યો, 'રીસર્ચ' કરી કટાર લેખકોને મોકલી એક જનજાગૃતિ કેળવી મેદુ આંદોલન ઊભું કરીશું ત્યારે જ કંઇક પણ ફેરફાર લાવી શકશું અને તો જ સમયે સમયે લાગતા પ્રાણી હત્યાની અનુમોદનાના પાપમાંથી બચી શકશું નહીંતર 'કરણ કરાવણ ને અનુમોદન સરખા ફલ નીપજાયે' ના સિધ્ધાંત પર સમયે સમયે આડકતરી રીતે યે એ જીવોની કતલની અનુમોદનાનું પાપ ચઢી જ રહ્યું છે. એવી કંપનીઓના શેર ખરીદનારને તો સીધેસીધું જ માથે કલંક ચોટી રહ્યું છે. માનવીય કાયદાઓમાં એક જીવની હિંસાનું પાપ ફાંસી છે તો કુદરતના કાયદાની સજામાંથી કોણ બચી શકવનું છે?

પર્યુષણ મહાપર્વના આ પ્રસંગે ચાલો હૃદયમાં સમસ્ત જીવો પ્રત્યે કરૂણાના ભાવ સાથે સ્વદયાના પરિણામને જાગૃત કરીએ અને હવે કીડીથી માંડી પંચેન્દ્રિય જીવની મન-વચન-કાયાથી રક્ષા કરવાનો સંકલ્પ કરીએ. એક આખો જુવાળ ભેગો કરી સરકાર પર દબાણ લાવીએ તો અલકબીરને તાળાં લગાવી શકીએ. નહીંતર વાઘ અને બિલાડીની જેમ ભારતવર્ષના ઇતિહાસમાંથી ગાય-ભેંસ-બકરીઓનું યે નામનિશાન નહી રહે. ને આજે મળતું પાણીવાળું દૂધ પણ મળતું બંધ થઇ જશે.

卐 પ્રભુભક્ત શ્રી રાવણ 卐

—શ્રી રાજુભાઇ પંડિત

યાદ કરો જરા એ અષ્ટાપદ મહાગિરિને.

જેની ભવિષ્યના દુષ્ટ બુદ્ધિવાળા જીવોથી રક્ષા કરવા માટે સગર ચક્રવર્તીના ૬૦-૬૦ હજાર પુત્રોએ ખાઇ ખોદાવી. જે તીર્થની રક્ષા માટે, ચારે તરફ ખાઈ ખોદાવનારા તે ૬૦-૬૦ હજાર પુત્રો ક્ષણવારમાં નાગકુમાર દેવની દૃષ્ટિજ્વાળામાં ભસ્મ થઈ ગયા. અને જે તીર્થને જ મૂળમાંથી જ ઉખાડીને લવણ સમુદ્રમાં ફેંકી દેવા માટે એક-એક હજાર વિદ્યાઓના બળથી રાવણે જડમૂળમાંથી ઉંચો કર્યો તે રાવણે એજ તીર્થના તીર્થંકરની અહોડ-અદ્વિતીય પ્રભુભક્તિ કરતાં કરતાં વીણાના તુટેલા તારને જોડી દેવા માટે જંઘની નસને ખેંચી કાઢીને ભક્તિમાં જરાય ભંગ પડવા નહિ દઈને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

તીર્થનું રક્ષા કરવા ગયેલા અહીં બળીને ભસ્મ થયા છે અને તીર્થનો ઉચ્છેદ કરવા તત્પર બનેલાને એજ મહાતીર્થે તીર્થંકર નામકર્મની ભેટ ધરી છે. કરમની કી ગત ન્યારી.

અષ્ટાપદના તીર્થના શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિમાં પોતાની જંઘની નસને ખેંચી નાંખનારા શ્રી રાવણ જ્યારે શ્રી રામચંદ્રજી સામે ખુંખાર સંગ્રામ ખેલી રહ્યા છે. ત્યારે ચાલુ સંગ્રામમાં જ ભગવાનની ભક્તિ-પ્રાર્થના કરતા કહે છે કે—

'ફરી ફરી પણ હે જગત્ વિભુ! મારી તને એજ પ્રાર્થના છે કે—તારા વિષે ભવો-ભવ મારી ભક્તિ થતી રહેજો.'

આખું લંકાના સીમાડાઓથી દૂર કોઇ રણસંગ્રામ ઉપર રામ અને રાવણના સૈન્યો ટકરાય.. ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું. યુદ્ધ વધુ ને વધુ રૌદ્ર સ્વરૂપ પકડતું ગયું. મેઘવાહન-ઇન્દ્રજિત જેવા ધુરંધર યોદ્ધાઓ રામચંદ્રજીની છાવણીમાં બંધન અવસ્થામાં ફસાઈ ગયા. રાવણનું મોટાભાગનું સૈન્ય નષ્ટ થઇ ગયું.

અમોઘવિજયા નામની શક્તિ કે જે રાવણે વિભીષણ ઉપર છોડેલી અને વિભીષણને કોઇ પણ ભોગે બચાવી લેવા માટે દોડી આવેલા લક્ષ્મણજી તે શક્તિના પ્રહારથી બેભાન થઇ ગયા. છતાં ભાગ્યયોગે જીવિત કથા પામી શકયા. આ સમાચારથી રાવણ દિગ્મુઢ બની ગયો છે

ચારે બાજુથી બરબાદીઓના જ સમાચાર મળે છે. રાવણના ભાઇઓ તથા પુત્રો

શત્રુના પક્ષમાં નજરકેદ થયા છે. લક્ષ્મણજી જીવતા થઈ ગયા છે. મહાસતી સીતાદેવીને પોતાના બનાવવામાં આજ સુધી તે રહેજ પણ ફાવી શકયા નથી. મંત્રીઓને સલાહ પૂછતા મંત્રીઓ રામચંદ્રજીને સીતાદેવીનું સન્માનપૂર્વક અર્પણ કરી દેવું કહેતા હોવા છતાં તીવ્ર વેદનાથી રાવણ ઘેરા પ્રત્યાઘાતો અનુભવી રહ્યા છે. આવી ચારે બાજુથી ધૂંધળા ભવિષ્યની વિષમ પરિસ્થિતિમાં ફસાઈ ગયેલા રાવણ આખરે બહુરૂપા નામની વિદ્યાને સાધવા નિમિતે શ્રી શાંતિનાથ ભગવાનના મંદિરમાં ગયા. ભગવાનની શાંત તથા પ્રસન્ન ચિતે પૂજા કરી. સ્તુતિ કરતાં કરતાં રાવણે છેલ્લે છેલ્લે ભગવાન પાસે (આટલી વિષમ-દુઃખદ દશામાં ફસાયા હોવા છતાં માંગણ તો યે જ કરી કે—'ફરી ફરી પણ હે ભગવાન ! કે જગતવિભુ ! મારી તને એજ પ્રાર્થના છે કે' ભવોભવ તારા વિષે મારી અત્યંત ભક્તિ થતી રહેજો.

भूयो भूयो प्रार्थये त्वामिदमेव जगद्विभो ।
भगवन् भूयसी भूयीस्त्वयि भक्तय भवे भवे ॥३३७॥

સંસારના સુખના ભિખારી બનીને ભગવાનની ભક્તિની સોદાબાજી કરી દેનાર કે કરી દેવાની વાતો કરનાર મહાનુભાવો ! ચેતો આ દૃષ્ટાંતને કંઈક વિચારો.



—: શાસન સમાચાર :—

વાવ (જી. બનાસકાંઠા) અત્રે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી ઓંકારસૂરીશ્વરજી મ. સા. ના સદુપદેશથી પાયાથી જીર્ણોદ્ધાર થયેલ શ્રી અજીતનાથસ્વામી જિનમંદિર તથા શ્રી વીસ વિહરમાન તીર્થંકર પરમાત્માની મૂર્તિની ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આ. શ્રી અરવિંદસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી યશોવિજય સૂ. મ. સા. તથા પૂ. આ. શ્રી નરદેવસાગર સૂ. મ. સા. ની શુભ નિશ્રામાં ચૈત્ર વદી ૧૪થી વૈશાખ સુદ ૮ સુધી ભવ્યાતિભવ્ય ઉજમણી ઊછામણી રેકર્ડબ્રેક થયેલ. વૈ. સુદ ૭ ના પ્રતિષ્ઠા થયેલ. બપોરે બૃહદ અષ્ટોતરી સ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ સુંદર થઈ હતી. વિધિવિધાન જામનગરવાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ. સંગીતમાં શ્રી જયંત રાહીએ ખુબ સારી જમાવટ કરેલી.

❋ શ્રાવકપણાનો સાચો અલંકાર : ઉદારતા ❋

-પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

આત્મ હિતૈષી મહાપુરૂષોએ ધર્મ પ્રાપ્તિનું પ્રથમ લિંગ 'ઉદારતા' કહ્યું છે. દુનિયામાં પણ જે ત્યાગ કરે ઉદાર બને તેના જ સાચાં માન-સન્માન થાય છે. તો લોકોત્તર શ્રી જૈન શાસનમાં તો વાત જ શી કરવી ? જો આત્મામાં સાચા ભાવે ઉદારતા આવી જાય તો બીજા ગુણો આપોઆપ ખેંચાઇ આવે છે. ઉદાર આત્માની સઘળીય પ્રવૃત્તિમાં સદ્વિચારોનું સિંચન દેખાઇ આવે. સદ્વિચારોનું સિંચન હોય એટલે દુન્યવી ઇચ્છાઓ ઉપર આપોઆપ કાબુ આવે અને સદાચારોનો સથવારો ગમે. જ્યાં ઉદારતા, સદાચાર, સદ્વિચાર અને સહિષ્ણુતાનો સુમેળ જામે પછી તો પૂછવાનું શું ?

મારે તો શ્રી આમ્રભટ્ટમંત્રિની પ્રાસંગિક વાત કરવી છે. ભગવાનના શાસનની છાયા જે જે આત્માઓ ઉપર પડી હોય અને તે આત્માઓ રાજ્યના મોટા મોટા અધિકારી પદ પર કે છેક રાજ્યમંત્રી પણ હોય તો પણ તેમના હૈયામાં ધર્મ જ પ્રધાન હોય. સંસારની-રાજ્યકાર્યની બધી પ્રવૃત્તિ ગૌણ હોય એટલું જ નહિ તેમાં પણ ધર્મની છાયા દેખાયા કરે.

આ મંત્રીશ્વરને એકવાર પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાએ ઇનામમાં કોટિ દ્રવ્ય, ત્રણ સુવર્ણ કલશ અને ચોવીસ જાતવાન ઘોડા આપ્યા. આ મંત્રીશ્વરની આખા નગરમાં ઉદાર તરીકેની અદ્ભૂત ખ્યાતિ છે. ઉદાર આત્માની આજુબાજુ યાચકો વીંટળાતા હોય તે પણ બધાને પ્રેમથી આપતો હોય. તે મંત્રીશ્વર ઇનામ લઇ રાજદરબારમાંથી પોતાને ઘેર જવા નીકળ્યા અને યાચકો ચારે બાજુ વીંટળાઇ વળ્યા, ઘેર પહોંચે તે પહેલાં તો કોટિ દ્રવ્ય-ચોવીસ જાતવાન ઘોડા આદિ ઇનામમાં મળેલ બધું દાનમાં દઇ દે છે. હરેક કાલની અંદર બીજાનું સારૂં ખમાય-જોઇ શકાય એવા આત્માઓ વિરલ જ મળવાના. મોટા ભાગ પોતે કરે નહિ અને બીજા સારૂં કરે તે જોઇ-સાંભળી શકે નહિ તેવો હોય. આપણા બધાના અનુભવની આ વાત છે ને ? વિદ્વત્સંતોષીએ રાજાના કાન ભંભેર્યા કે 'આપ રાજા ગણુ વ અને આખા ગામમાં નામના આમની ગવાય આ કયાનો ન્યાય ? રાજા-રાજા ને વાંદરા કયારે ય કોઇના થયા નથી અને થતા નથી. આથી રાજાને પણ ગુસ્સો આવ્યો. બીજા દિવસે મંત્રીશ્વર રાજ દરબારમાં આવ્યા અને રાજાના મોં પર ઉદાસીનત -મલીનતા જોઇ તેથી સમજી ગયા કે. રાજાના કાનમાં ઝેર રેડાયું છે. હૈયાના ભાવોની ચાડી મોં આપે જ જાય ! વિચક્ષણ માણસ તરત સમજી જાય. એટલે શ્રી આમ્રભટ મંત્રીશ્વર કહે કે- 'હે રાજન ! આપ તો બાર ગામના સ્વામી ત્રિભુવન-

પાલના પુત્ર છો. પણ હું તો અઢાર દેશના માલીક એવો આપનો પુત્ર છું. એટલે મારૂં આ કાન પણ થોડું છે.'

ભાગ્યશાલીઓ વિચારો કે, મંત્રીશ્વરે પોતાની આ હાજર જબાબતાથી રાજાને ખુશ કર્યા અને રાજા પોતે સિંહાસન પરથી ઉતરી તેમને ભેટી પડયા. આવા જવાબ આપતાં પણ ભગવાનના શાસનને પામેલા–સમજેલા આત્માનેજ આવડે.



આ જ મંત્રીશ્વરે ભરૂચમાં ગગનચૂંબી મનોહર શ્રી જિનમંદિર બંધાવ્યું પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞના હાથે પ્રતિષ્ઠા કરાવી અને તે પ્રસંગે શિખર ઉપર ચઢીને એ જે રીતના નાચ્યા છે અને નાચતા નાચતા છૂટા હાથે એટલા બધા સોનૈયા ઉછાળ્યા છે કે જેઓ ત્યાં મંદિર બંધાય તે ઇચ્છતા ન હતા તેઓને પણ થયું કે આવી પ્રતિષ્ઠા રોજ થાવ !

ભગવાનના શાસનને પામેલા પુણ્યશાલીઓ મંદિરાદિ બંધાવે તો તેમના હૈયામાં એક જ ભાવના હોય છે કે–'મારી લક્ષ્મીની સાચી સફળતા જ આ છે. સંસારસાગરથી તરવા જહાજ સમાન આ શ્રી જિનમંદિરમાં પરમતારક શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિના દર્શન કરી અનેક ભવ્યાત્માઓ બોધિબીજ પામશે, ત્યાગ–વૈરાગ્યના રંગે રંગાશે, પૌદ્ગલિક કામ–ભોગોની મમતાનો ત્યાગ કરી, સંયમ આરાધી મુક્તિને પામશે.'

કહેવાનો સાર એટલો જ છે કે, એક માત્ર આત્મકલ્યાણ ઇચ્છામ થી પેદા થયેલી ઉદારતા સાચી છે. આજે આત્મકલ્યાણની ઉપેક્ષા જોવાય છે માટે ઉદારત પણ મારી પરવારી દેખાય છે. માટે સૌ પુણ્યાત્માઓ દૃષ્ટાન્તનો એ બોધ લે કે–પુણ્ય યોગે મને મળેલી લક્ષ્મી મોક્ષ માર્ગની સાધના–આરાધનામાં સહાયક થાય તો જ કામની, પણ ભોગાદિમાં વપરાય તો નકામી' તો આજે પણ મૃતપ્રાયઃ તે ઉદારતા સાચા ભાવે દેખાય બીજી ટીપટીપ કરતાં ઉદારતા એ જ સાચો અલંકાર છે જેને પહેરી સૌ આત્માની અક્ષયગુણ સ્થિતિને પામો તે જ મંગલ ભાવના.



— પરમ શ્રદ્ધારત્ન ગોવીંદજી જેવંત ખોના —

અમારા કુટુંબના અસીમ ઉપકારી પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો અમારા આખા કુટુંબ ઉપર અગણ્ય ઉપકાર છે. જેઓશ્રીની 'સંસારના સુખ માત્રના વિરાગી. સંયમના જ રાગી અને મોક્ષના જ અનુરાગી' બનાવનારી, સુવિશુદ્ધ મોક્ષ માર્ગાનુસારી ધર્મદેશનાની પુનીત ગંગોત્રીના પાવન સ્પર્શે આખા કુટુંબમાં ધર્મ ભાવનાની હરિયાળી નવ પલ્લવિત થઈ છે– થઈ રહી છે. અને પૂ. ગચ્છાધિપતિશ્રીજીના નિકટતમ સુપુણ્ય પરિચયે શ્રી ગોવિંદજીભાઇ જેવતભાઇ ખોના ના હૃદયમાં સદ્ધર્મના બીજ વવાયાં અને ધર્મની શ્રધ્ધા સદૃઢ બની તથા પુણ્યયોગે મળેલી લક્ષ્મીના સદુપયોગ દ્વારા પોતાના જીવનને ઉજ્જવળ કરવા લાગ્યા. તેમાં પૂજ્યશ્રીના પરમવિનેયી શિષ્યરત્નો સ્વ. પૂ. ઉપા. શ્રી ચારિત્રવિજયજીના ગચ્છિવર્યની તથા સ્વ. પૂ. આ. ભ. શ્રી જિતમૃગાંકસૂ. મ. ની સત્પ્રેરણાની સ્મૃતિ પણ ભૂલાય તેમ નથી.

પિતાશ્રીની જેમ પૂ માતુશ્રી જયાબેન ગોવિંદજીભાઇ ખોના પણ પૂજ્ય સદ્ધર્મદાતા ગુરૂદેવેશશ્રીજીની માર્ગાનુસારી શુધ્ધદેશનાના શ્રવણથી તેમજ પૂજ્યશ્રીજીના આજ્ઞાવર્તિની સ્વ. પૂ સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. તથા પ્રવર્ત્તિની પૂ. સા. શ્રી જયાશ્રીજી મ. ના સત્સમાગમથી ધર્મની નિર્મળ શ્રધ્ધા સાથે શ્રાવિકાપણાની યથાશક્ય સુંદર આરાધના કરી રહ્યાં છે અને અમો સૌના હૈયામાં પણ સુંદર ધાર્મિક સુસંસ્કારોનું સીંચન કરી રહ્યાં છે, તથા ધર્મમાર્ગે આગળ વધારી રહ્યાં છે.

પોતાના પરમતારક, શ્રી જિનશાસનના સુસફળ સુકાની, શ્રી વીરશાસનના અણનમ સેનાની એવા સદ્ધર્મદાતા પૂ. ગુરૂદેવેશશ્રીજીના નિર્મળ સંયમજીવનના ૭૫ વર્ષની પુર્ણાહુતિ અને ૭૬ માં વર્ષમાં મંગલ પ્રવેશના દીક્ષાદિનની ઉજવાણીનો ભવ્ય સમારોહ નિહાળી 'સંયમ કબહી મીલે' ની ભાવનામાં તેઓશ્રી રમતા હતા પરન્તુ કાલપરિણતિવશ ૨૦૪૪ ના પોષ વદિ–૪ ને શુક્રવારના રોજ શ્રી અરિહંતાદિ ચારશરણાંનો સ્વીકાર કરી તે ચારેનું તથા પોતાના તારક પૂ. ગુરૂદેવેશ શ્રીમદ્ વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. નું સ્મરણ કરતાં કરતાં આખા સંસારને હૈયાથી વોસિરાવી, સુકૃતની અનુમોદના અને દુષ્કૃતની નિંદા કરી, શ્રી નમસ્કાર મહામંત્રાદિના શ્રવણ અને સ્મરણપૂર્વક પૂર્ણ જાગૃતિ સાથે સુંદર સમાધિમૃત્યુને માણી ગયા અને અમારા માટે સુંદર આદર્શ ખડો કરી ગયા

પૂ. પિતાશ્રીનો અમારા ઉપર અનંત–ઉપકાર છે તેઓશ્રીએ અમોને સુદેવ-સુગુરૂ સુધર્મની સુંદર પીછાન કરાવી સમ્યગધર્મ માર્ગે જોડયા–સ્થિર કર્યા. સંસારમાં રહેવું

પડે તો ય સંસારનો સ્પર્શ ન થઈ જાય અને ધર્મપ્રધાન જીવન જીવાય તેવા સંસ્કારો આ પૂ. પિતાશ્રીએ અમોને સિંચ્યા છે. આ પ્રસંગે તે સઘળાં ઉપકારોનું યત્કિંચિત ઋણ અદા કરતાં અમો આંશિક સંતોષનો અનુભવ કરીએ છીએ અને ભગવાનની આજ્ઞા મુજબ શાસન પ્રભાવતાનાં અનેક કાર્યો કરવા શક્તિમાન બનીએ એવી શાસન-દેવને પ્રાર્થના કરીએ છીએ.

❀ પૂ. પિતાશ્રી ગોવિંદજીભાઇના અનુમોદનીય સત્કાર્યોની યાદી ❀

ઇ. સં. ૧૯૪૭ : મુલુંડમાં ઘર દેરાસર કર્યું. સ્વ. કવિ કુલકિરીટ પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મ. ની તારક નિશ્રામાં શ્રી નવપદજીની શાશ્વતી ઓળી કરાવી. ભવોદધિતારક પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. નો ફોટો, મુલુંડના ઉપાશ્રયમાં સ્વ. પૂ. આ. શ્રી. મુક્તિચન્દ્ર સૂ. મ. ની (ત્યારે પૂ. મુ. શ્રી મુક્તિવિજયજી મ.) નિશ્રામાં મૂકાવ્યો.

ઇ. સં. ૧૯૫૨ : ચિ. રાજેન્દ્રની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે શ્રી અગાશી તીર્થની, રેલવેદ્વારા ૪૦૦ સાધર્મિકોને યાત્રા કરાવી.

ઇ. સં. ૧૯૫૪ પૂ. મુ. શ્રી રોહિતવિજયજી મ. ની નિશ્રામાં શ્રી વર્ધમાન તપનો પાયો નાખ્યો. તેના ઉદ્યાપન રૂપે ભણાવેલું– શ્રી સિદ્ધચક્રપૂજન હીરા, મોતી, સોનું, રૂપું, ચલન નાણું મૂકીને ભણાવ્યું.

પરમતારક પૂ. ગુરૂદેવેશ શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની તારકનિશ્રાના પ્રસંગો.

ઇ. સં. ૧૯૫૭ : પાવાપુરીમાં સમવસરણ મંદિરમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

ઇ. સં. ૧૯૫૮ : ચિ. રવિન્દ્રની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં શ્રી હઠીભાઇની વાડીની ચૈત્યપરિપાટી કરી. મુંબઇમાં ગોરીવલી, થાણા, વાલકેશ્વરની ચૈત્યપરિપાટી ૮ બસ દ્વારા ૪૦૦ સાધર્મિકોને કરાવી.

ઇ. સં. ૧૯૫૯ : પાલિતાણામાં ગિરિરાજ ઉપર ૨૪ નંબરની ટૂંકમાં બે ગોખલામાં, શ્રી નેમનાથસ્વામી ભગવાન અને શ્રી અભિનંદનસ્વામી ભગવાનની, લઘુ શાન્તિસ્નાત્ર સમેત અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

ઇ. સં. ૧૯૬૦ : સાદડીથી પંચતીર્થી સહિત રાણકપુરનો 'છ' રી પાલક સંઘ.

ઇ. સં. ૧૯૬૧ : પાલીતાણાથી કદમગિરિજી તીર્થનો ૧૨ ગાઉનો સંઘ, પાલીતાણામાં નવપદજીની ઓળી.

ઇ. સં. ૧૯૬૨ : ચતુર્વિધ સંઘ સાથે ખંભાતમાં દેરાસરોની ચૈત્યપરિપાટી કરાવી. ખાણમાંથી વિધિપૂર્વક પાષાણ મંગાવી અમારા ગ્રહમાં જ ધુપ-દીપક સહિત વિધિપૂર્વક ભગવાન ઘડાવ્યા.

ઇ સં. ૧૯૬૪ : મુંબઇ-માટુંગામાં પૂ. ગુરૂદેવશ્રીજીનો ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ તથા રચનાસહ અષ્ટાપદજીની પૂજા અને લઘુશાન્તિસ્નાત્ર સમેત અષ્ટાહ્નિક મહોત્સવ. ૦ ચાતુર્માસપરિવર્તન. ગ્રહમંદિરમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન પધરાવ્યા અને ૨૧ દિવસનો અંજનશલાકા પ્રતિષ્ઠાદિ મહોત્સવ.

ઇ. સં. ૧૯૬૫ : માટુંગામાં ગ્રહાંગણે નંદીશ્વર દ્વીપની રચના સહિત પૂજા ભણાવી. પૂ ગુરૂદેવની ફા. સુ. ૨ ની વડીદીક્ષાના ૫૩ માં વર્ષમાં મંગલપ્રવેશ દિવસની ઉજવણી.

ઇ. સં. ૧૯૬૬ : દીક્ષા-ચરપ્રતિષ્ઠા નિમિત્તો અઠ્ઠાઇ ઉત્સવ. તેમાં ફા. સુ ૩ ના પૂ. મુ શ્રી નરવાહન વિ. મ. ની દીક્ષા ફા. સુ ૪ ના ગ્રહમંદિરમાં ચરપ્રતિષ્ઠા.

ઇ સં. ૧૯૬૭ : શ્રુતભક્તિ નિમિત્તે ૪૫ આગમનો ભવ્ય વરઘોડો કાઢીને ગ્રહે પધરાવીને ૪૫ આગમની પૂજા ભણાવી.

ઇ. સં. ૧૯૬૮ : સિધ્ધગિરિજીની તળેટી ઉપરના ભાગમાં શ્રાવણમાસમાં શ્રી ધર્મનાથ જિનપ્રસાદનો ખનન તથા શિલાસ્થાપનવિધિ,

ઇ. સં. ૧૯૬૯ : મુંબઇથી ખંભાતનો બસ દ્વારા સંઘ અને તેમાં ગંધાર-પાદરાની યાત્રા ૦ ખંભાતથી પાલીતાણાનો 'છ'રી પાલક સંઘ. પાલીતાણામાં તળેટીએ સ્વદ્રવ્યથી નિમિતે શ્રી ધર્મનાથસ્વામી ભગવાનના સંગેમરમરના ભવ્ય જિનાલયમાં. અઠ્ઠાઇ મહોત્સવપૂર્વક વૈ. સુ. ૬ ના ૧૧ પરમતારક જિનબિંબોની પ્રતિષ્ઠા. તથા ચાતુર્માસની આરાધના. ચાતુર્માસમાં ગિરિરાજની તળેટીની નવાણું યાત્રા ચતુર્વિધ સંઘ સાથે કરી-કરાવી.

ઇ. સં. ૧૯૭૦ : જામનગરમાં મેરૂપર્વતની રચના સહિત ભવ્ય સ્નાત્ર મહોત્સવની ઉજવણી. મૂળવતન કચ્છ નલીયામાં શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા.

ઇ. સં. ૧૯૭૨ : પૂ. આ. શ્રી નવીન સૂ. મ. ની નિશ્રામાં સિકંદરાબાદમાં દેરાસરનું શિલાસ્થાપન ૦ શાંતાક્રુઝમાં ઉપાશ્રયનું ખનન. પૂજ્યશ્રીને આચારાંગસૂત્ર વહોરાવ્યું. ૦ મોટીવાવડી ગામના જિનાલયનો ખનન વિ.

ઇ સં ૧૯૭૩ : મહા વદિ-૬ ના શ્રી સીમંધરસ્વામી ભગવાનની ઘર પ્રતિષ્ઠા કરી ૦ ઘરે લહિયાપાસે વિધિપૂર્વક પાંચ આગમો (૧) સૂયગડાંગ સૂત્રસટીક ભા. ૧-૨-૩, (૨) અંતકૃતદશાંગસૂત્ર, (૩) અનુત્તરોવવાઇ સૂત્ર, (૪) ઔપપાતિક સૂત્ર અને (૫) અનુયોગદ્વાર સૂત્ર લખાવ્યા અને શાંતિસ્નાત્ર સમેત પાંચ છોડનું ઉલ્લાપન કર્યું.

ઇ. સં. ૧૯૭૪ : ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામી પરમાત્માન. ૨૫૦૦ માં નિર્વાણ કલ્યાણકનો ભવ્યાતિભવ્ય વરઘોડો.

ઇ. સં. ૧૯૭૯ : પાલીતાણામાં ગોરાંવાડી પ્લોટના દેરાસરનો ખનનવિધિ ૭ આણુમાં વિમલવસહીમાં દેરી નં. ૨૦ માં શ્રી મહાવીરસ્વામી ભગવાનની દેરી. નં. ૫૫ માં શ્રી મલ્લીનાથસ્વામી ભગવાનની, લુણવસહીમાં શ્રી આદિનાથ ભગવાનની દેરી નં. ૪૫ માં મૂળનાયક શ્રી શાંતિનાથ સ્વામિ ભગવાનની આજુબાજુ શ્રી અજીતનાથ ભગવાનની શ્રી પાર્શ્વનાથ, અને ચોમુખીજીમાં પહેલે માળે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ.

ઇ. સં. ૧૯૮૨ : પૂ ગુરુદેવેશશ્રીજીની તારકનિશ્રામાં પાલીતાણામાં ચાતુર્માસ કર્યું.

ઇ. સં. ૧૯૮૩ : શ્રી હસ્તગિરિજી તીર્થમાંદેરી નં. ૨૪ માં પધરાવવા માટે શ્રી કુંથુનાથસ્વામી ભગવાન ભરાવ્યા.

ઇ. સં. ૧૯૮૪ : અઢાર અભિષેક કરાવ્યા તથા શાન્તિસ્નાત્ર ભણાવ્યું.

— શ્રી ગોવીંદજી જેવંતભાઇ ખોના પરિવાર

* શાસન સમાચાર *

આષ્ટા (મધ્યપ્રદેશ) ના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાયેલો સર્વપ્રથમ ઐતિહાસિક ચાતુર્માસનો મંગલ પ્રવેશ

પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂ. મ. ના સમુદાયના પ. પૂ મારવાડદેશે સદ્ધર્મ સંરક્ષક ગચ્છિવર્ય શ્રી કમલરત્નવિજયજી મ. સા. ના શિષ્યરત્ન વ્યાકરણ-વિશારદ નૂતન ગચ્છિવર શ્રી દર્શનાવિજયજી મ. પ. પૂ. મુનિરાજશ્રી ભાવેશરત્નવિજયજી મ. પ. પૂ. પ્રશમરત્નવિજયજી મ., પ. પૂ. સાધ્વીજી ચંદ્રદર્શનાશ્રીજી આદિનો આષ્ટામાં અષાઢ સુદ ૨ દિ. ૩૦-૬-૯૫ નો ઐતિહાસિક સર્વપ્રથમ ભવ્ય ચોમાસાનો પ્રવેશ થયેલ. પ્રવેશમાં અમદાવાદ, ઇન્દોર, દેવાસ આદિ અનેક નગરોથી ભાવુકો પધારેલ આંબેલનો લાભ તથા ભાવુકોની સાધર્મિક ભક્તિનો લાભ પારસમલજી સિંઘવીએ લીધેલ. પ્રવેશમાં વડનગર આદિથી અનેક બેંડ આવેલ પ્રવેશ ૫-૩૦ કલાક ચાલ્યો. આખા નગરની શેરીઓમાં ચાલવાની જગ્યા નહોતી એવી ભીડ જામેલ ૨૦૦ ઉપરાંત ગહુંલિયો થયેલ નગરમાં ૨૦૦ બેનર (પડદાના કપડાના બોર્ડ) લગાડેલ પ્રવેશની જાહેરાત સ્વદેશ ઇન્દોર, સ્વદેશ ઇન્દોર) સ્વદેશ (ભોપાલ) ભાસ્કર, ચોથા સંસાર, લોક સંઘ ચેતના આદિ અનેક દૈનિક અખબારોમાં આવેલ. પ્રવેશના દિવસે કરીબન ૧૦૮ આંબેલ થયેલ દરેકને પ્રભાવના તથા પ્રવચનમાં શ્રીફલની પ્રભાવનાં થયેલ ૫૦૦-૭૦૦ જૈન જુલુસમાં સામેલ હતાં જૈનોએ પણ ૫૧) રૂપયા આદિ મુકી ગહુંલિયો કરી હતી.

પ્રગટ થઈ ચૂકેલ છે.

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ ૧ લો

મૂલ્ય રૂા. ૬૫૦/

બીજા ભાગ સાથે અગાઉથી મૂલ્ય રૂા ૧૦૦૦

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)
C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર

પહેલા ભાગમાં ગુજરાત, રાજસ્થાન અને લંડન. જાપાન, આફ્રિકાના તીર્થો આપેલ છે. બીજા ભાગમાં બાકીનું ભારત તથા અમેરિકામાં તીર્થો આવશે. ત્રીજો ભાગ સં. ૧૯૯૬ પજુસણ પહેલાં પ્રગટ થઇ જશે

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન—ભાગ ૨

આ ભાગમાં એક પેજમાં શુભેચ્છક બનવા રૂા. ૩૦૦/ ભરીને નકી કરી લો. કોઇપણ એક પેજમાં શુભેચ્છક બે હજાર નકલમાં લખાશે તથા એક સેટ ફોટ મળશે. પરદેશમાં પારસલ પોસ્ટ ખર્ચ અલગ થશે

— બીજા ભાગમાં આવનારા તીર્થોની યાદી —

બિહાર-૧૩ (૨) વરકાર ઋજુ વાલુકા શ્રી મહાવીર કેવલજ્ઞાન પાદુકા નદીમાંથી મળેલા શ્રી મહાવીર સ્વામી (૩) ભાગલપુર શ્રી વાસુપૂજ્ય સ્વામી (૪) ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય સ્વામી (૫) અયોધ્યા શ્રી આદીશ્વરજી (૫) પાવાપુરી તીર્થ (i) જુનાગામ

મંદિર શ્રી મહાવીર સ્વામી (૪૦૦ વર્ષ) (ii) પાવાપુરી તીર્થ જલમંદિર પાદુકા (iii) પુરાણા પગલા નંદિવર્ધન મૂર્તિપ્રતિષ્ઠિત (iv) (v) જુના સમવસરણ પગલા (vi) સમવસરણ મંદિર (vii) સમવસરણ મંદિર ચૌમુખ શ્રી મહાવીર સ્વામી (૯) બિહાર શરીફ શ્રી મહાવીર સ્વામી (૭) કુંડલપુર શ્રી આદીશ્વરજી શાંતિનાથજી મહાવીર સ્વામી શ્રી ગૌતમ સ્વામી પાદુકા (૮) કાકંદી શ્રી સંભવનાથજી (૯) ક્ષત્રીયકુંડ શ્રી ચ્યવન કલ્યાણક મંદિર શ્રી મહાવીર સ્વામી દીક્ષા કલ્યાણક મંદિર શ્રી મહાવીર સ્વામી (૧૦) રાજગૃહી (i) પ્રથમ પહાડ શ્રી મુનિ સુવ્રતસ્વામી (ii) બીજો પહાડ શ્રી ચંદ્રપ્રભુજી શ્રી શાંતિનાથજી સમવસરણ (vii) ત્રીજો પહાડ શ્રી પાર્શ્વનાથજી (iv) તલેટી મંદિરથી મુનિસુવ્રત સ્વામી આગળ પ્રાચીન શ્રી મુનિસુવ્રત સ્વામી રાજગૃહી બૌદ્ધ સ્તંભ (v) ચોથો પહાડ સ્વર્ણગિરિ યાત્રા માટે બંધ મૂલનાયક નીચે મંદિરમાં આદિનાથજી ડાબી બાજુ (vi) પાંચમો પહાડ (૧૧) પાટલીપુર (i) શ્રી વિશાલનાથજી (ii) પ્રાચીન મૂલનાયક પાર્શ્વનાથજી (iii) ઉપરના ભાગે પ્રાચીનશ્રી પાર્શ્વનાથજી (iv) ડાબી બાજુ નુગટ શ્રીફળ સાથે શ્રી અભિનંદન સ્વામી (૧૨) ગુણીયાજી જલમંદિર શ્રી મહાવીર સ્વામી તથા પાદુકા (૧૩) ક્ષત્રીયકુંડ લચ્છવાડ તળેટી મંદિર શ્રી મહાવીર સ્વામી (૧૪) સમેતશિખરજી તીર્થ શ્રી પાર્શ્વનાથજી.

(i) શ્રી ગૌતમસ્વામી ટુંક શ્રી ગૌતમસ્વામી પાદુકા (ii) ચોવીશ જિન પાદુકા (iii) શ્રી કુંથુનાથજી પાદુકા (iv) શ્રી ચંદ્રાનનજિન પાદુકા (v) શ્રી સુધર્માસ્વામી પાદુકા (vi) શ્રીઋષભદેવ પાદુકા (vii) શ્રી નેમિનાથજી પાદુકા (viii) શ્રી અરનાથજી પાદુકા (ix) શ્રી મલ્લિનાથજી પાદુકા (X) શ્રી શ્રેયાંસનાથજી પાદુકા (Xi) શ્રી સુવિધિનાથજી પાદુકા (Xii) શ્રી સમેત શિખર તીર્થ સમુહ દર્શન (Xiii) શ્રી પદ્મપ્રભસ્વામી પાદુકા (Xiv) શ્રી મુનિ સુવ્રતસ્વામી પાદુકા (Xv) શ્રી અનંતનાથજી પાદુકા (Xvi) શ્રી ચંદ્રપ્રભુજી ટુંક (Xvii) શ્રી શીતલનાથજી પાદુકા (Xviii) શ્રી સંભવનાથજી પાદુકા (xix) શ્રી વાસુપૂજ્યસ્વામી પાદુકા (XX) શ્રી અભિનંદનસ્વામી પાદુકા (XXi) શ્રી શુભગણધર પાદુકા (XXii) શ્રી જલમંદિર સ-મુખ દર્શન (XXiii) જલમંદિરશ્રી પાર્શ્વનાથજી (XXiv) શ્રી ધર્મનાથજી પાદુકા (XXv) શ્રી વર્ધમાન સ્વામી પાદુકા (XXvi) શ્રી સુમતિનાથજી પાદુકા (XXvii) શ્રી શાશ્વતા જિન વારિષેણજી પાદુકા (XXviii) શ્રી શાંતિનાથજી પાદુકા (XXix) શ્રી મહાવીરસ્વામી પાદુકા (XXX) શ્રી સુપાર્શ્વનાથજી પાદુકા (XXXi) શ્રી વિમલનાથજી

પાદુકા (XXXii) શ્રી અજિતનાથજી પાદુકા (XXXiii) શ્રી નેમનાથજી પાદુકા (XXXiv) શ્રી પાર્શ્વનાથજી પાદુકા (XXXv) શ્રી પાર્શ્વનાથજી પાદુકા [લોંયરામાં] [xxxvi] શ્રી લોમિયાજી (xxxvi) શ્રી મધુવન ઇસરજી પેઢી.

ઉત્તર પ્રદેશ [૧૧] ૧ મથુરા શ્રી પાર્શ્વનાથજી, ૨ આગ્રા શ્રી પાર્શ્વનાથજી ૩ શૌર્યપુરીતીર્થ શ્રી નેમનાથજી, ૪ હસ્તિનાપુરતીર્થ [i] શ્રી આદીશ્વરજી [ii] પારણું તથા પાદુકા [iii] મુલસ્થળ પારણું. ૫ મેરઠ શ્રી સુમતિનાથજી, ૬ કમ્પીલપુરતીર્થ શ્રી વિમલનાથજી, ૭ કાનપુર શ્રી , ૮ લખનૌ શ્રી, ૯ રત્નપુરીતીર્થ શ્રી ધર્મનાથજી પુરાનાશ્રી પાર્શ્વનાથજી, ૧૦ શ્રાવસ્તિતીર્થ શ્રી, ૧૧ અયોધ્યા શ્રી આદિશ્વરજી

(ઉત્તર પ્રદેશના છટે છે.)

બંગાળ-૫—[૧] કલકત્તા ભવાનીપુર શ્રી મનમોહન પાર્શ્વનાથજી, ૨ કલકત્તા બાબુ બદ્રીનાથજી શ્રી શીતલનાથજી, ૩ કઠગોલા શ્રી ~~આદિનાથજી~~, ૪ જીયાગંજ શ્રી વિમલનાથજી, ૫ અજીમગંજ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી.

હરિયાણા-૧. કાગડાતીર્થ શ્રી આદીશ્વર ભગવાન.

કાશ્મીર-૨. ૧ જમ્મુ શ્રી મહાવીર સ્વામી શ્રી મલ્લિનાથજી, ૨ ઉકોટા શ્રી

પંજાબ-૧૧. ૧ હોશિયાર સ્વર્ણમંદિર શ્રી વાસુપૂજ્યસ્વામી, ૨ માલર કોટલા ત્રિગડું શ્રી પાર્શ્વનાથજી, ૩ પટીયાલા શ્રી વાસુપૂજ્યસ્વામી, ૪ અંબાલા શ્રી , ૫ લુધીયાણા , ૬ અમૃતસર શ્રી ૭ ખડીયાલગુરૂ શ્રી , ૮ પટ્ટી શ્રી , ૯ જીરા શ્રી પાર્શ્વનાથજી શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ., ૧૦ જાલંધર શ્રી પાર્શ્વનાથજી, ૧૧ હોશિયારપુર શ્રી વાસુપૂજ્યસ્વામી.

દિલ્હી-૧ દિલ્હી શ્રી

મધ્ય પ્રદેશ-૨૭. ૧ અલિરાજપુર શ્રી આદીશ્વરજી, ૨ લક્ષ્મણીતીર્થ શ્રી પદ્મપ્રભુજી

૩ નાનપુર શ્રી મનમોહન પાર્શ્વનાથજી, ૪ તાલનપુર શ્રી આદીશ્વરજી શ્રી ગોડી પાર્શ્વનાથજી (જમીનમાંથી), ૫ કુક્ષીતીર્થ શ્રી શાંતિનાથજી, ૬ ભોપાવરતીર્થ શ્રી શાંતિનાથજી, ૭ રાજગઢ દેરાસરજી, ૮ મેહનખેડા શ્રી ઋષભદેવજી, ૯ અમીઝરાતીર્થ શ્રી અમીઝરા શ્રી પાર્શ્વનાથજી, ૭ ધાર દેરાસરજી, ૮ માંડવગઢતીર્થ શ્રી સુપાર્શ્વનાથજી, ૮ ઇન્દોર પીપલી બજાર શ્રી આદિનાથજી, ૯ દેવાસ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી, ૧૦ દેવાસ શત્રુંજય અવતાર શ્રી આદીશ્વરજી, ૧૧ મક્ષીતીર્થ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી, ૧૨ ઉજ્જૈન અવંતિતીર્થ શ્રી અવંતિ પાર્શ્વનાથજી, ૧૩ ઉન્હેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી, ૧૪ નાગેશ્વરજી નાગેશ્વર પાર્શ્વનાથજી શ્રી નાગેશ્વર સહસ્રફણા પાર્શ્વનાથજી, ૧૫ પરાસલી તીર્થ શ્રી આદીશ્વરજી, ૧૬ મંદસોર આદીશ્વરજી, ૧૭ વહીતીર્થ શ્રી વહોપાર્શ્વનાથજી ૧૮ પ્રતાપગઢ શ્રી ચંદ્રપ્રભુજી, ૧૯ રતલામ બાલામંદિર શ્રી આદીશ્વરજી (ii) શ્રી શાંતિનાથજી (બાવન જિનાલય) શ્રી આદીશ્વરજી શ્રી મલ્લિનાથજી ચોમખીપુલ.

૨૦. બિબડોડતીર્થ શ્રી આદીશ્વરજી, ૨૧ સાગોદીયા તીર્થ શ્રી આદિનાથજી, ૨૨ કરમદીતીર્થ શ્રી આદિનાથજી સિધ્ધાચલ રચના, ૨૩ બેતુલ શ્રી પાર્શ્વનાથજી, ૨૪ ભદ્રાવતીતીર્થ શ્રી આદીશ્વરજી, ૨૫ રાજનાદગાંવ શ્રી પાર્શ્વનાથજી, ૨૬ રામપુર શ્રી ઋષભદેવજી, ૨૭ પાંડુરના શ્રી શીતલનાથજી.

મહારાષ્ટ્ર-૮૧. ૧ નંદરબાર શ્રી અજીતનાથજી, ૨ ડોંડાઈચા શ્રી સંભવનાથજી ૩ અક્કલકુવા શ્રી વાસુપૂજ્યસ્વામી, ૪ બાપર શ્રી નમિનાથજી, ૫ શિરપુર શ્રી પદ્મપ્રભસ્વામી, ૬ ધુલીયા શ્રી શીતલનાથજી, ૭ નેર શ્રી મનવંછિત પાર્શ્વનાથજી, ૮ અમલનેર શ્રી શામળા પાર્શ્વનાથજી, ૯ પારોલા શ્રી શીતલનાથજી, ૧૦ ચાલીશગાંવ શ્રી પદ્મપ્રભુજી, ૧૧ પાંચોરા શ્રી સંભવનાથજી , ૧૨ જલગાંવ શ્રી સંભવનાથજી, ૧૩ મલકાપુર શ્રી સુમતિનાથજી, ૧૪ ખામગાંવ શ્રી આદીશ્વરજી, ૧૪ બાલાપુર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી, ૧૭ શીરપુર શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજી, ૧૮ કારંજા શ્રી આદીશ્વરજી. ૧૯ અમરાવતી શ્રી વાસુપૂજ્યસ્વામી, ૨૦ નાગપુર-નવું શ્રી મુનિસુવ્રતસ્વામી, ૨૧ નાગપુર શ્રી અજીતનાથજી શ્રી આદીશ્વરજી (૩૦૦ વર્ષ), ૨૨ ભદ્રાવતીતીર્થ શ્રી કેશરીયા પાર્શ્વનાથજી, ૨૩ ચંદ્રપુર શ્રી શાંતિનાથજી, ૨૪ વેરોરા શ્રી શ્રી ચંદ્રપ્રભુજી ૨૫ હિંગણઘાટ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી. ૨૬. વર્ધા શ્રી ચંદ્રપ્રભુજી ૨૬. દારવ્હા શ્રી ઋષભદેવજી ૨૭. દિગ્રસ શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી,

૨૮. શેગાલ પીપળી શ્રી શાંતિનાથજી ૨૯. હિંગોલી શ્રી શાંતિનાથજી ૩૦. પરભણી શ્રી ગોડી પાર્શ્વનાથજી ૩૧. નાંદેડ શ્રી ચંદ્રપ્રભુજી ૩૨. જાલના શ્રી ચંદ્રપ્રભુજી શ્રી નેમનાથજી (જુના) ૩૩. ઔરંગાબાદ શ્રી મહાવીરસ્વામી શ્રી ગોડીજી પાર્શ્વનાથજી ૩૪. પુના કેમ્પ શ્રી વાસુપૂજ્યસ્વામી શ્રી ચૌમુખાજી ૩૫ પુના સીટ ૩૬. સતારા શ્રી કુંથુનાથજી શ્રી આદીશ્વરજી ૩૭ કરાડ શ્રી સંભવનાથજી ૩૮. ઇસલામપુર શ્રી વાસુપૂજ્યસ્વામી ૩૯. સાંગલી શ્રી અમીઝરા પાર્શ્વનાથજી (મહાવીરનગર ૪૦. સાંગલી શીવાજીનગર શ્રી મહાવીર સ્વામી ૪૧. સાંગલી જવાહરનગર શ્રી ધર્મનાથજી ૪૨. સાંગલી માધવનગર શ્રી અમીઝરા પાર્શ્વનાથજી ૪૩ કવલાપુર જૈન દેરાસર મીરજ શ્રી વાસુપૂજ્યસ્વામી ૪૪. કુંભોજગિરિ તીર્થ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજી ૪૫. કોલ્હાપુર-શાહુપુરી શ્રી સંભવનાથજી શ્રી શાંતિનાથજી ૪૬. કોલ્હાપુર લક્ષ્મીપુરી શ્રી મુનિસુવતસ્વામી ૪૭. લાતુર શ્રી શાંતિનાથજી ૪૮. હિંગણઘાટ શ્રી વિમલનાથજી- ૪૯. સેલુ શ્રી આદિનાથજી ૫૦. વૈજાપુર ઔરંગાબાદ શ્રી સંભવનાથજી ૫૧. માલેગાંવ શ્રી તિલક રોડ શ્રી આદીશ્વરજી માલેગાંવ કેમ્પ શ્રી મુનિ સુવતસ્વામી માલેગાવ-મહાવીરનગર શ્રી વાસુપૂજ્યસ્વામી માલેગાંવ કેમ્પ રોડ શ્રી વાસુપૂજ્ય સ્વામી માલેગામ વસ્ત્રવાડી શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી માલેગામ રત્નસાગર ભાગ શ્રી સુમતિનાથજી ૫૨. ચાંદવડ શ્રી મહાવીરસ્વામી ૫૩. યેવલા શ્રી અવંતિ પાર્શ્વનાથજી ૫૪. કોપરગાંવ શ્રી મુનિસુવ્રત સ્વામી ૫૫. શિરડી શ્રી આદીશ્વરજી ૫૬ રંગમનેર શ્રી કુંથુનાથજી ૫૭. સિન્નર શ્રી કુંથુનાથજી ૫૮. નાસિક (પટવા) શ્રી સુવિધિનાથજી નસિક ટીંબકવાડી શ્રી મહાવીર સ્વામી નાસિક સુમતિ સોસાયટી શ્રી કુંથુનાથજી નાસિક સીટી શ્રી ધર્મનાથજી નાસિક સીટી શ્રી આદીશ્વરજી રાયણ પગલા ૫૯. વણી શ્રી સંભવનાથજી ૬૯. ગોલવાડ શ્રી મુનિસુવતસ્વામી ૬૦. ભાયંદર દેવચંદ્રનગર શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી ૬૧. ભાયંદર જુનું દેરાસર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ૬૨ કલ્યાણ શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથજી શ્રી નેમિનાથજી

મુંબઇ–૧. દહીંસર શ્રી શાંતિનાથજી ૨. બોરીવલી દોલતનગર શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ૩. બોરીવલી જમલીગલી શ્રી સંભવનાથજી ૪. મલાડ–રત્નપુરી શ્રી અજીત નાથજી ૫. મલાડ હેવચંદ્રનગર શ્રી શાંતિનાથજી ૬. મલાડ સ્ટેશન રોડ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજી ૭. કાંદીવલી પારેખગલી શ્રી મુનિસુવ્રત સ્વામી ૮. કાંદીવલી મહાવીરનગર શ્રી મહાવીર સ્વામી ૯. ગોરેગાંવ આરેરોડ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ૧૦. શાંતાક્રુજ શ્રી શાંતિનાથજી ૧૧. વાલકેશ્વર–ચંદનબાળા શ્રી મહાવીર સ્વામી ૧૨. વાલકેશ્વર શ્રી બાબુ પન્નાલાલ શ્રી આદીશ્વરજી ૧૩. વાલકેશ્વર શ્રી પાલનગર શ્રી આદીશ્વરજી ભોંયરામાં શ્રી મુનિસુવ્રતસ્વામી ૧૪. પાયધુની શ્રી શાંતિનાથજી ૧૫. પાયધુની શ્રી નમિનાથજી ૧૬. પાયધુની શ્રી ગોડી પાર્શ્વનાથજી ૧૭. પ્રાર્થના સમાન શ્રી ચંદ્રપ્રભસ્વામી ૧૮. કોટ શ્રી શાંતિનાથજી ઉપર–શ્રી મહાવીર સ્વામી ૧૯. ભાયખલા દેરાસરજી ૨૦. ઘાટકોપર નવરોજલેન શ્રી મુનિસુવ્રતસ્વામી ભોંયરામાં શ્રી આદીશ્વરજી ૨૧. ઘાટકોપર [illegible] શ્રી મહાવીર સ્વામી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

આંધ્ર–૧૮ નિઝામાબાદ શ્રી વાસુપૂજ્યસ્વામી ૨. હૈદ્રાબાદ શ્રી અજીતનાથજી શ્રી પાર્શ્વનાથજી ૩. હૈદ્રાબાદ કારવાન શ્રી ગોડીયા પાર્શ્વનાથજી ૪. હૈદ્રાબાદ બેગમબજાર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ૫. સિકંદ્રાબાદ શ્રી આદિનાથજી ૬. કુલપત્રકજી તીર્થ શ્રી આદીશ્વરજી ૭. વિજયવાડા શ્રી સંભવનાથજી ૮. ગુડીપાડા શ્રી પાર્શ્વનાથજી ૯. પેડ અચીરત્ન શ્રી આદિનાથજી ૧૦. રાજ મહેન્દ્રી શ્રી વાસુપૂજ્યસ્વામી ૧૧. હીંકાર તીર્થ શ્રી કલ્પતરુ ચિંતામણિ પાર્શ્વનાથજી ૧૨. તેનાલી શ્રી વાસુપૂજ્ય સ્વામી ૧૩. ગંતુર શ્રી પાર્શ્વનાથજી ૧૪. અમરાવતી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ૧૫. નેલ્લુર શ્રી શ્રેયાંસનાથજી ૧૬. અનંતપુર શ્રી વાસુપૂજ્ય સ્વામી ૧૭. કર્નૂલ શ્રી શાંતિનાથજી ૧૮. અનોદી શ્રી વાસુપૂજ્ય સ્વામી

તામીલનાડુ–૧૫–૧ મદ્રાસ મામલમ્ શ્રી શાંતિનાથજી ૨. મદ્રાસ સાવકાર પેઠ શ્રી ચંદ્રપ્રભુજી ૩. મદ્રાસ ચૂલઇ સુલેહ શ્રી ચંદ્રપ્રભુજી ૪. મદ્રાસ દાદાવાડી શ્રી સુમતિનાથજી ૫. મદ્રાસ રેડહિલ્સ શ્રી ઋષભજી દેવજી (૨૫૦૦ વર્ષ જુના) ૬. આરકોટ શ્રી વાસુપૂજ્ય સ્વામી ૭. વેલોર શ્રી સંભવનાથજી ૮ તિરુવાન મલાઇ શ્રી પાર્શ્વનાથજી ૯. સેલમ શ્રી પાર્શ્વનાથજી ૧૦. ત્રિચીનાપલ્લી શ્રી મુનિસુવ્રત સ્વામી ૧૧. ઇરોડ શ્રી વાસુ-

પૂજ્યસ્વામી ૧૨. તિરુપુર શ્રી સુવિધિનાથજી ૧૩. કોઇમ્બતુર શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી શ્રી મુનિસુવ્રત સ્વામી ૧૪. કોંનુર શ્રી મુનિસુવ્રતસ્વામી ૧૫. કોઇમ્બતુર શ્રી વિમલનાથજી.

કેરાલા—૩ ૧ કોચીન શ્રી ધર્મનાથજી મેડા ઉપર શ્રી મુનિસુવ્રત સ્વામી શ્રી ચંદ્રપ્રભુજી શ્રી શાંતિનાથજી પાછા આવેલા ૨. અલેપ્પી શ્રી વાસુપુજ્ય સ્વામી ૩. કલિકટ શ્રી કલિકટ પાર્શ્વનાથજી બાજુના દેરાસર શ્રી આદીશ્વરજી

કર્ણાટક—૧૪ ૧. બેંગલોર શ્રી વાસુપુજ્ય સ્વામી ૨. ચિકમંગલુર શ્રી નમિનાથજી ૩. મૈસુર શ્રી સુમતિનાથજી ૪. મંડિયા શ્રી સુમતિ નાથજી ૫. બેંગલોર-ગાંધીનગર શ્રી પાર્શ્વનાથજી ૬. બેંગલોર ચિકપેઠ શ્રી આદીશ્વરજી ૭. દેવન હેલી શ્રી નાકોડા પાર્શ્વ નાથજી ૮. કોલાર શ્રી મુનિ સુવ્રતસ્વામી ૯. તુમકુર શ્રી અનંતનાથજી ૧૦. ચિત્રદુર્ગ શ્રી ગોડીપાર્શ્વનાથજી ૧૧ બલ્લારી શ્રી પાર્શ્વનાથજી ૧૨. ગુલબર્ગ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી ૧૩. હુબલી શ્રી અજીતનાથજી શ્રી શાંતિનાથજી ૧૪. બીજાપુર શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજી.

આગાઉથી ગ્રાહક થવા તથા શુભેચ્છક નામ લખાવાના સ્થળો —:

૧ હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ, ઠે. શ્રુતજ્ઞાન ભવન ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર

૨ મહેતા મગનલાલ ચત્રભુજ શાક માર્કેટ સામે જામનગર ફોન : ૭૫૩૨૯

૩ પ્રકાશકુમાર અમૃતલાલ દોશી ૧૦/૧૩ જયરાજ પ્લોટ રાજકોટ

૪ મુકુંદભાઇ રમણલાલ શાહ ધરતી ટેક્ષટાઇલ્સ પાનકોરનાકા અમદાવાદ

ફોન ૪૧૪૨૪૨ ૬૧૧૮૦૫

૫ લાલજી પદમશી ગુઢકા ઠે. પરેશ પ્રોવીઝન સ્ટોર ૬૬ ફીફ્થ રોડ ગાંધીનગર
બેંગલોર ફોન ૩૨૫૧૦૨

૬ મગનલાલ લક્ષ્મણ મારૂ થાણા નવપાડા મહાત્માગાંધી રોડ
ફોન ૫૦૧૪૧૩ ૫૩૪૧૫૧૪

૭ પ્રેમચંદ મેઘજી ગુઢકા (/૦ ચુનીલાલ પોપટલાલ પરેલ પોય બાવડી શેઠે બિલ્ડીંગ
મુંબઈ–૧૨ ફોન ૪૧૩૨૮૨૯

૮ ચંદુલાલ જેસંગભાઇ શાહ કડાવાળા શાંતિનગર નેપીયન્સી રોડ વાલકેશ્વર
ફોન ૦–૩૪૪૭૫૭૩ ૩૬૨૬૩૦૪

૯ બાબુભાઇ પોપટલાલ શાહ લાલબાગ;ભુલેશ્વર

૧૦ પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ (/૦ ભારતી ટ્રેડર્સ ૨૦૯ દાદી શેઠ અગીયારી લેન
મુંબઇ—૨ ફોન ૦–૮૮૯૫૪૧૯ ૮૮૩૨૬૦૧

૧૧ હરખચંદભાઇ મારૂ ઘાટકોપર (/૦ આશીષ કો. ૨૭–૩૧ ખોટાવાળા બિલ્ડીંગ
જુની હનુમાનગલી મુંબઇ—૨ ફોન ૨૦૬૧૫૮૮

૧૨ મહેશભાઇ કેશરીમલ ઝવેરી શુભલક્ષ્મી ગૌશાળા લેન મલાડ ઇસ્ટ
ફોન ૮૪૦૫૬૦૫ ૮૪૦૫૦૨૬

૧૩ છગનલાલ નેમચંદ શાહ હેમછાયા રૂમ નં, ૧૩ ત્રીજા માળે કસ્તુરબા રોડ
મલુંડ વેસ્ટ

૧૪ નેમચંદ રાયશી શાહ હરિમન એપા. ઉપાસની હોસ્પીટલ ઉપર ૬ એલ રોડ મલુંડ વે.

૧૫ મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારાબજાર ગાંધી રોડ અમદાવાદ

૧૬ રતિલાલ દેવચંદ ગુઢકા ૧૧૭ સડબરી એવન્યુ નોર્થ વેમ્બલી મડલ એકસ
HAO 3AW TeleX No. 24442

૧૭ મોતીચંદ એસ. શાહ ૨૬ રીગલ બે કેન્ટન હેરો
HA3 QRZ Te. 081907-5392

૧૮ શાહ મેઘજી વીરજી ઢોઢીયા નાઇરોબી



આપણા જીવન, સંસ્કૃતિ, નીતિ મૂલ્યતા, પ્રાણીઓ સાથેનો આપણો સબંધ વિગેરે... બાબતના દિલ્હીના પ્રથમ કક્ષાના ન્યાયાધીશ.

શ્રી સી. કે. ચતુર્વીધિ ના

અગત્યના ચુકાદાઓ.

૧. કૂતરાઓ ન મારવા બાબત :

દીલ્હીમાં કુતરાઓની આડેધડ હત્યાઓ થતી હતી. તે સામે શ્રીમતી મેનકાગાંધીએ દિલ્હી મ્યુનસીપાલ કોર્પોરેસન ઉપર કેસ કરેલો. નામદાર ન્યાયાધીશે જણાવ્યું કે અજાણ્યા નધણીયાતા કૂતરાઓને મારવાથી તેમની સંખ્યામાં ઘટાડો થવાનો નથી અથવા તો હડકવાના કિસ્સાઓ ઘટશે નહિં ઉપરાંત કાયદામાં કુતરાઓને આ પ્રમાણે મરાય પણ નહિ. પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવાના કાયદાઓનું ખોટુ અર્થઘટન કરી કૂતરાઓને જંગલીમાં ખપાવવાનું કામ બરાબર નથી. પ્રાણીઓ પ્રત્યે નિર્દયતા ન આચરવા બાબતને કાયદો, કૂતરાઓને લાટ મારવા અને મારવા બાબત મનાઇ કરે છે; તો તો પછી મારી કેમ નખાય ? અને છેલ્લે જણાવ્યું કે દિલ્હી મ્યુનીસીપલ કોપરેસનને દયાની ભલી લાગણી બતાવી નિર્દયતા આચરેલ છે. માટે આવી હત્યાઓ બંધ કરવી.

૨. બિનકાયદેસર ચાલતા કતલખાના બંધ કરવા બાબત :

આવા કતલખાનાઓ રહેનારની જગ્યાઓને નજીક હોવાથી ત્યાના રહેવાસીઓને ઘણી જ દુર્ગંધો સહન કરવી પડે છે. લોકો મુંગે મોઢે આવી દુર્ગંધો લાંબો સમય સહન કરે તેનો અર્થ એવો નથી કે તે કાયદેસર બની જાય છે. ઉપરાંત આ બાબત એ સામાન્ય લોકજનનો પર્યાવરણનો પ્રશ્ન છે. થોડા માણસોના વ્યાપારિક લાભ માટે બહુજનહિતોનો ઉલ્લંઘન થાય નહિં. ઉપરાંત આવા બિનકાયદેસરના કતલખાનાઓ બંધ કરવાથી તેના માલિકોને ઘણું નુકશાન થાય છે. એવી દલીલ કરી આમ જનતાના સ્વાસ્થ (તંદુરસ્તી) ને ઘણુ નુકશાન પહોંચાડી શકાય નહિં. આવા કતલખાનાઓથી મ્યુનીસીપાલ્ટી ને મળતી કાચી આવકની બાબત આગળ કરી રાષ્ટ્રીય તંદુરસ્તીની બાબત ગૌણ કરી મોટું નુકશાન કરી શકાય નહિં. રાષ્ટ્રના લોકો માટે શુધ્ધ હવા અને ઓછા પર્યાવરણ વાતાવરણને જરુર છે. માટે આવા કતલખાનાઓ સત્વરે બંધ કરવા.

જાહેરમાં રામલીલા વગેરે ચોજી બિનધાર્મિક કહેવાતા મનોરંજન બાબત :

દીલ્હીના એક બગીચામાં રામલીલા યોજવા માટે છૂટ અપાતી પરંતુ લોકશાહી

અને બિનસંપ્રદાયિકતા ના નામે અશ્લીલતા સામે વિરોધ ઊઠેલ હોય છે. પરંતુ નામદાર ન્યાયાધીશે જણાવ્યુ કે આવા મનોરંજનના કાર્યક્રમાં એવા ન હોવા ઘટે કે જેમાં ગીતો અને નાચ બિભત્સ હોય કારણ કે ઘણા કુટુંબના બાળકોને જવાની મનાઈ કરવી પડે અને બાળકોના મન ઉપર ખરાબ અસર થાય. ઉપરાંત આવા કાર્યક્રમોમાં અવાજનું પ્રદુષણ આપણી શ્રવણશકિતને નુકશાન પહોચાડે છે. છેલ્લે ચુકાદામાં જણાવ્યું કે રામલીલા ભજવવા માંગે તેઓની પાસેથી સત્તાવાળાઓએ બાહેંધરી લેવી કે રામલીલાના ભજવતી વખતે ફિલ્મી ગીતો, ફિલ્મ આધારિત નૃત્યો કરશે નહિં અને ફકત ભકિતગીતો ધીમા લાઉડસ્પીકરથી જ વગાડશે.

૪. ડાંસ હોલમાં થતા બિભત્સ ચેન ચાળા તથા અસાંસ્કૃતિક કહેવાતા મનોરંજન બાબત :

દિલ્હીના કૃષ્ણાપાર્ટના પંચાવન રહીશોએ બિનકાયદેસરના ડાંસ હોલમાં ચાલતી દારૂ વગેરે પીવાની બિભત્સ અને અસાંસ્કૃતિક ખડતી બાબત કેસ કરેલ. આવા કહેવાતા મનોરંજન પ્રયોગમાં અસાંસ્કૃતિક ભાષણનો ઉપયોગ થતો હતો. અને અર્ધનગ્ન અવસ્થામાં નાચગાન ચાલતા હતા. આવી પ્રવૃત્તિઓ યુવાન છોકરા છોકરીઓને બહેકાવે છે. અને જીવન શાંતિ જોખમમાં મૂકે છે. નામદાર ન્યાયાધીશે જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓ સાંસ્કૃતિક મુલ્યો ઉપર આક્રમણકારી છે અને ભારતીય સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસો અને લોકોના નૈતિક જીવન ઉપર ઘાત સમાન છે. આવી પ્રવૃત્તિઓ આપણા મુલ્યવાન વારસાનું ગ્રહણ કરી જાય તે ચલાવાય નહિં. જીવન જીવવાનો હકક બીજાના સ્વાસ્થમય [શારિરિક અને માનસિક] જિંદગીને અવરોધ રૂપ ન થાય તેમ જીવવાનું છે. સાંસ્કૃતિક દ્રોહાત્મક પ્રવૃત્તિઓ ચલાવાય નહિં. ફરીયાદીઓએ એમના મહોલ્લાના સાંસ્કૃતિક જીવનની સાચવણી માટે ફરીયાદ કરી છે. મનોરંજનના નામે મનોભંજન પ્રવૃત્તિઓ ચલાવા દેવાય નહિં. આવી પ્રવૃત્તિઓ ફરી કરવા દેવી નહિ.

૫. પાન મસાલા બાબત ચુકાદો :

રજની ગંધા છાપ પાન મસાલાનું વેચાણ વાર્ષિક પચ્ચીસ કરોડ રૂપિયાનું છે. આ કેસમાં ઉત્પાદક કંપનીએ નકલી માલ બીજા કોઇ બનાવે એ માટે કેસ કરેલ. પરંતુ નામદાર ન્યાયાધીશે પાન મસાલાની બનાવટ બાબત ઉંડા ઉતરી જણાવ્યું કે પાન મસાલા ચાવવાનું તબીયતને નુકશાન કર્તા છે એવું લેબલ ઉપર છાપવાનું ફરજિયાત છે. આમ છતાં આ શરતોનું પાલન જાહેરાતો વગેરેમાં ચુસ્તપણે કરવાનું હોવા છતાં

પાલન થતું નથી, પરિણામે વિદ્યાર્થીઓ, ગરીબ કામે જતો હોય વિગેરેમાં પૂરજોશથી ઉપયોગ થાય છે.

આવું લેખિત ચેતવણી ફકત લખવા પૂર્તિ નથી પરંતુ તેના હાર્દને સમજવાની જરૂર છે. ઉદાહરણ, કાયદો ભેળસેળ વાળા પદાર્થો વેચવાની મનાઇ કરવી પડે ચુકાદામાં જણાવ્યું કે ઉપાદક કંપની સાચા અને બનાવટી પાન મસાલા બાબત પૂર્તિ માહીતી પ્રકાશિત કરતી નથી. જાહેરાતો પાનમસાલા સ્વાસ્થને હાનિકારક છે. તેમ પ્રસ્તુત કરતા નથી. બાળ યુવા વર્ગ અને અભણ માણસો સમજી શકે તેવી માહિતી પ્રસારણ કરી નથી. પાઉચમાં વપરાતા પ્લાસ્ટિકને વિનાશ કરવાની કોઇ યોજના ન હોવાના કારણે પર્યાવરણનો કોયડો અણઉકેલ છે. ઉપરોકત કારણોના કારણે રજની ગંધા છાપ-પાન મસાલા ઉત્પાદન કરવાની અને વેચવાની મનાઈ કરવામાં આવે છે.

-અંગ્રેજી પરથી બાબુભાઇ હઠીચંદ દીઓરા
-ભલાડ

નોંધ : આ મનાઇ હુકમો છતાં અજ્ઞાન લાલચુ કે સ્વાર્થીઓ વિરામ ન પામે તો આ કાયદાનો પ્રબળ પ્રચાર કરવા પૂર્વક આ પાપથી બચાવવા જોઇએ

-: શાસન સમાચાર :-

સુભાનપુરા-વડોદરા : પૂજ્ય મુનિરાજ શ્રી મુક્તિધન વિ. મ. પૂ. મુ. પુન્યધન વિ. મ. ની નિશ્રામાં પૂ. ગચ્છાધિપતિ આ. ભ. વિ. રામચંદ્ર સૂ. મ. ની ૪ થી પુણ્યતિથિ પ્રસંગે સવારે ૮-૩૦ કલાકે ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળેલ. વરઘોડો સુભાનપુરા વિમલનાથ ચાર રસ્તા, ગોલ્ડન સીલ્વર, મેહુલ થઇ પરત સુભાનપુરા ઉપાશ્રયમાં આવેલ. વરઘોડામાં ડાથી ઉપર વર્ષીદાન માપતા હતા. તેમજ ચાંદીનો રથ ઓડાવાળી બહેનો બગી-બેન્ડવાજા સાથે તેમજ બગીમાં પૂ. આ. મ. સા. ની પ્રતિકૃતિ મૂકેલ હતી. વરઘોડામાં બાજુબાજુથી પણ માનવ સમુદાય આવ્યો હતો. રસ્તામાં ઠેર ઠેર ગહુલી થયેલ. વરઘોડો ઉતર્યા બાદ ૧૦-૧૫ કલાકે જૈન ઉપાશ્રયમાં પૂ. આ. મ. સા. ની પ્રતિકૃતિ સામે સ્તુતિઓ પછી માંગલીક, ગુરૂ ગુણગીત બાદ નવ અંગે ગુરૂપૂજનની ઉછરામણી બોલાઇ હતી બોલી-બોલીને તેનો લાભ શ્રીમુત આશાભાઇ સોમાભાઇ પટેલ પરિ-

વારે લીધો હતો. ત્યારબાદ ગુરૂભક્તો ગુણાનુવાદ કરેલ પછી પૂ. પુન્યધન વિ. મ. પોતાની શૈલીમાં પૂ. શ્રીજી કેવા હતા કે તેઓ પાદરા ગામના વતની અને જન્મથી સ્વર્ગવાસ સુધીની માહીતિ આપી હતી, ૧૭ વર્ષથી ૯૬ વર્ષના દીક્ષા પ્રયાણમાં કેવા કેવા ઝંઝાવતોનો સામનો કર્યો હતો તેમજ ૨૦ થી વધુ વખત શાસન માટે કોર્ટમાં ગયેલ અને તેમાં તેમનો વિજય થયો હતો. હંમેશા શાસ્ત્રને અગળ રાખીને વાત કરતા હતા. બહુમતી ન જોતા શાસ્ત્ર મતી જોતા હતા. અમદાવાદમાં ભદ્ર પાસે બકરાનો વધ થતો તે પણ બંધ કરાવેલ હતો.

તેઓ પોતાના જીવનમાં શાસ્ત્રોની વાતો એવી એક મેક કરી હતી કે તેઓ કહેતા હતા કે તમો પણ હવે શાસ્ત્રનો અભ્યાસ કરો અને અમારી સાથે ચર્ચા કરો તો તેમાં તમોને મઝા આવશે. આવા ભૌતીક સુખનાં જમાનામાં પણ શાસ્ત્રોની વાત કરવી અને સમજવી બહું દુર્લભ છે છતાં પણ તેઓ એવી રીતે સમજાવતા કે સામે વાળા માણસ ના હૈયામાં-વાત સોંસરી ઉતરી જતી હતી. અંતિમ શ્વાસ પણ તેઓએ અમદાવાદમાં પરિમલ કોમર્સીંગ પાસે દર્શન બંગલામાં અરિહંતનું જાપ કરતા કરીધેલ. તેઓ બધા માટે સમતા ભાવ રાખતા હતા, તેઓનું પહેલું પ્રવચન થીનોર ગામ સમ્યગદર્શન ઉપર આપેલ. તેમના વિરોધીઓ પણ તેમના ભકત બનીને જતા હતા. બપોરે ૨-૦૦ વાગે પૂજા ભણાવેલ છે. તેમજ વડોદરા તમામ દહેરાસરમાં ભવ્ય આંગી થયેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. આ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂ. મ સા. ભારતભરમાં વિચરીને અનેક જૈન સંઘોમાં શાસન પ્રભાવનાના કાર્યો કરેલ. ભારતભરમાં જૈન સંઘો પર તેઓશ્રી નો મહાન ઉપકાર હોવાથી આજના દિવસે દેશભરના સંઘોમાં આ મહાન ઉપકારી જૈનાચાર્યની ગુણાનુવાદ સભાઓનું આયોજન થયેલ હતું.

ગુરૂગુણાનુવાદ બાદ રૂા. ૧૫ નું સંઘ પૂજન થયેલ તેમજ લાડુ તથા ખાંડીયાની પ્રભાવના થયેલ. આ પ્રસંગ ઉપર છાણી-પાદરા-બીલ-બોરસદ-વાસદ વિગેરેથી ભાવિક ભકતોએ લાભ લીધો હતો.

અત્રે ચાતુર્માસમાં પ્રવચનો તથા ૬૨ રવિવારે અનુષ્ઠાનો, ૬ પક્ષ એકાસણુ ટીફીન એકાસણુ અને અષાઢ વદ ૧૪ થી અષ્ટ પ્રાતિહાર્ય તપ, અને શ્રા. વ. ૩ ના વામા માતાનો થાળ. વિગેરે આરાધના સુંદર ચાલી રહી છે હોકો લાભ લઈ રહ્યા છે.

ડીસાના ફર્સ્ટક્લાસ જ્યુ. મેજીસ્ટ્રેટ સાહેબ કહે છે;

પાંજરાપોળો ધંધાદારી છે !

—અમૃતલાલ શેઠ

ડીસા ખાતે જ્યુડીશીયલ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં આજે તા. ૨૦-૭-૬૫ ના રોજ ઘેટાં-બકરાંનો કેસ ચાલતો હતો, નામદાર કોર્ટના વિદ્વાન મેજીસ્ટ્રેટ શ્રી પટેલ સાહેબ બોર્ડ ઉપરથી આ કેસ અંગે વકીલોની દલીલો સાંભળતા હતા અને જેઓનાં ઘેટાં-બકરાં છે તેવા માલીકોએ તેમનો માલ છે. તેવી નામદાર કોર્ટને ખાત્રી આપ્યા બાદ સરકારી વકીલ શ્રી ખુલ્લી કોર્ટમાં ચાલતા કેસમાં પોતાની દલીલો કરી રહ્યા હતા ત્યારે પાંજરાપોળ અંગેની દલીલો થતાં નામદાર ન્યાયાધીશશ્રીએ બોર્ડ ઉપરથી બોલતાં જ્યાં એમ જણાવ્યું કે "પાંજરાપોળો ધંધાદારી સંસ્થાઓ છે અને ચામડું વેચે છે" તેવો ઘટસ્ફોટ કરતાં હાજર રહેલ પ્રેક્ષક ગણમાં ભારે ગમગીની છવાઇ ગઇ હતી.'

આજે ચાલતા આ કેસમાં બંને પક્ષે રજુઆતો થતાં એક સીનીયર વકીલશ્રી રજુઆત કરવા ગયા ત્યારે બોર્ડ ઉપરથી જ નામદાર કોર્ટે 'સીટ ડાઉન' કહી બેસી જવાની ફરજ પાડી હતી અને 'મારે તમારી રજુઆતો સાંભળવી નથી' તેવું કહેતાં તે વકીલશ્રી તેમનું સ્થાન છોડી બહાર નીકળી ગયા હતા.

આજે બંને પક્ષકારોની રજુઆતો શાંતિથી સાંભળવાનો મોકો મળ્યો ત્યારે મને પણ કેટલીક વાતો ન્યાયતંત્ર માટે સુસંગત જણાઇ નહી કારણ કે ભારત ભરમાં જીવદયાનું કામ કરતી પાંજરાપોળો આદિ અનાદિકાળથી ચાલતી સંસ્થાઓ છે અને ભારતીય સંસ્કૃતિમાં જીવદયાનું મહત્વ છે તેવી સંસ્થાઓ માટે 'ધંધાદારી અને ચામડું વેચનારી સંસ્થા' જેવા શબ્દોનો ઉપયોગ ન્યાયની અદાલતમાં બોર્ડ ઉપરથી થાય તે શું ભારતના ન્યાયતંત્ર અને બંધારણ માટે બરાબર કહી શકાય ? લોકલાગણીને કયાંય અસર પહોંચે તેવી વાત બરાબર છે ?

અત્રે નોંધવું જરૂરી છે કે માનવીને સાચો ન્યાય મેળવવા માટે ન્યાયતંત્ર સિવાય કોઇનો ઉપર વિશ્વાસ નથી અને ન્યાયતંત્રમાં અકલ ઇન્સાફ છે, સત્યને ત્રાજવે તોળી તોળીને વાત થાય છે હજારો ગુનેગાર છૂટી જાય તો ભલે પણ, એક નિર્દોષ માનવી માર્યો ન જાય તેવી કાળજી અદાલતમાં લેવાય છે ત્યારે ડીસાની નામદાર કોર્ટમાં ફરીયાદ પક્ષે સરકારી વકીલશ્રીને દલીલો કરતાં તેમને પણ ન સાંભળવા હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના રૂલીંગો બંને પક્ષનાં સ્વીકારવા માટેની સ્પષ્ટ અવહેલના કરવામાં આવી હતી, છેલ્લે છેલ્લે નામદાર ન્યાયધીશ શ્રી પટેલ સાહેબે વકીલોની રજુઆતો વખતે 'જાંપા જીવસ્સ ભોજનમ' એવું પણ કહ્યું હતું. (રખેવાળ તા. ૨૧-૭-૬૫)

પાલડીમાં આચાર્ય શ્રી રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળ નાં ૨૨ પુસ્તકોનો ભવ્ય વિમોચન સમારોહ ઉજવાયો.

અમદાવાદના સન્માર્ગ પ્રકાશને સ્વ આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ.ની સ્મૃતિ નિમિત્તે એક ગ્રંથમાળાનું આયોજન કર્યું છે. જેમાં તેઓશ્રીનાં વ્યાખ્યાનોનાં ૧૦૮ પુસ્તકો તેમની વાર્ષિક સ્વર્ગારોહણ તિથિને અનુલક્ષીને પ્રકાશિત કરવાના છે. દર વર્ષે ૨૧–૨૨ આ ક્રમે પુસ્તકો પ્રકાશિત થઇ રહ્યાં છે. આજ સુધી ત્રણ વર્ષમાં કુલ ૬૫ પુસ્તકો છપાઇ ગયા છે જે ખુબ જ લોકાદરને પામ્યા છે. ચાલુ વર્ષના ૨૨ પુસ્તકોનું દબદબાભેર વિમોચન દશા પોરવાડ સોસાયટીના આંગણે કરવામાં આવેલ. જેમાં નિશ્રા પ્રદાન કરવા કાળુપુરથી વૃદ્ધ આચાર્ય શ્રી સુદર્શનસૂરિ મહારાજ પધારેલ. સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજને સમસ્ત જૈન–જૈનેતર સમાજ અત્યંત આદરથી જોતો આવ્યો છે. વર્ધમાન તપના આરાધક ગણિશ્રી ગુણયશવિજયજી મહારાજના શિષ્યરત્ન અધ્યાત્મિક પ્રવચનકાર ગણિશ્રી કિર્તીયશવિજયજી મહારાજે સન્માર્ગ પ્રકાશનના આગેવાનોની વિનંતિથી આ પુસ્તકોનું સંકલન–સંપાદન કરી આપ્યું હતું.

આજે કાર્યક્રમની શરૂઆતમાં ધનવંતભાઇએ રામ–શ્રુત–ગુણાનુવાદનું ગીત રજુ કર્યું હતું. ત્યારબાદ ટોરેન્ટ ફેમવાળા ઉત્તમભાઇ મેહતા, જાણીતા સાહિત્યવિંદ કુમારપાળ દેસાઇ આદિ અગ્રગણ્ય મહાનુભાવોએ બાવીશ ગ્રંથોનું ક્રમશઃ વિમોચન કરી પૂજ્યોના કરકમળમાં અર્પણ કર્યા હતાં આ પ્રસંગે પૂજ્ય ગણિવર્યશ્રીનું ટુંકુ ઉદ્બોધન પણ થયેલ. શ્રી કુમારપાળ દેસાઇએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે રામચંદ્ર સૂ. મ. ના એક એક વચનો એ આગમનો અર્ક છે. તેમના એક એક વાક્યપર એક એક પુસ્તકની રચના થાય તેમ છે. તેમણે જૈનશાસનના વિરાટ આકાશનું દર્શન સમગ્ર દુનિયાને કરાવ્યું હતું.' બીજા પણ બે ત્રણ પ્રસંગો એમણે સારી રીતે વર્ણવ્યાં હતા. આ પ્રસંગે હાઇકોર્ટના નિવૃત્ત જજ શ્રી સાકળચંદ શેઠ પણ આવ્યા હતા. તેમણે પણ એક ગ્રંથ વિમોચીત કર્યો હતો. ૨૨ પુસ્તકો આકર્ષક ગેટઅપ–ફોર કલર ટાઇટલ–ચીકણો કાગળ ઓફસેટ મુદ્રણ અને જેકેટ સાથે હોવા છતાં કિંમત માત્ર રૂા. ૧૨૫ રાખી છે.

દાદર–મુંબઇ–અત્રે આરાધના ભવનમાં જેઠ સુદ ૧૨ના પૂ. ગણિવર્યશ્રી શિવાનંદવિજયજી મ. તથા પૂ. તપસ્વી મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મ. આદિનો પ્રવેશ ઉત્સાહથી થયો. તે નિમિત્તે આંબેલ થયા પં. શ્રી નાનાલાલભાઇ નવતત્વ અને પ્રતિક્રમણ સૂત્ર એ વિષય ઉપર સમજાવે છે ઘણા ભાઇ બહેનો લાભ લે છે.

વસ્તુપાલ તેજપાલની ગુરૂસેવા

—પૂ. મુ શ્રી ધ્રુવસેનવિજયજી મ. રતલામ

ગુજરાત રાજ્યમાં જ્યારે રાજા વીરધવલ રાજ્ય કરતો હતો ત્યારે એના મહામંત્રી હતા વસ્તુપાલ અને સેનાપતિ હતા તેજપાલ, વસ્તુપાલ અને તેજપાલ બેઉ ભાઇઓ હતા. આ બંને ભાઇઓએ નોકરી સ્વીકારતી વખતે રાજા સાથે શરત કરેલી કે અમે સૌથી પહેલ સેવક અમારા પરમાત્માના અને ગુરૂદેવોના પછી તમારા એટલે કે મહારાજાના! એક વખત નાના સાધુ ભગવંતે ઉપાશ્રયમાંથી કચરો કાઢી બહાર ફેંકયો તે વખતે રાજાના મામો ત્યાં થઇને જતો હતો કચરો ઉડીને એના પર પડયો એટલે એ બગડી બેઠો ઉપાશ્રયમાં જઇને એણે સાધુઓને ન કહેવાના વેણ કહ્યા.

સાધુ તો ક્ષમા શીલ હતા એથી પોતે વેણ સાંભળી લીધા પરંતુ ઉપાશ્રયમાં તે વખતે એક શ્રાવક સામાયિક કરતો હતો તેણે જઇને વસ્તુપાલ અને તેજપાલને બધી વાત કરી દીધી. વાત સાંભળીને બંને ભાઇઓએ અંદર અંદર મસલત કરી કે આજે સાધુઓને ગંદા વેણ રાજાના મામાએ કીધાં તો કાલે સાધુઓને સતાવે પણ ખરો.

આને અભદ્ર વ્યવહાર જોઇને બીજા લોકો આપણા સાધુઓનું અપમાન કરે, સતાવે એવું એ બને માટે રાજાના મામાને સજા થવી જોઇએ. બંને ભાઇઓએ પોતાના સૈનિકોને ભેગા કર્યા બેઉ ભાઇ રાજમહેલ તરફ જવા નીકળ્યા. રાજા વીરધવલને બધા મામલાની જાણ થઇ ગઇ. તેજપાલની પત્ની અનુપમાદેવી તેની પણ ગુરૂભકિત અજોડ હતી. અનુપમ દેવી પણ રાજસભામાં આ વખતે પહોંચી ગઇ. કોઇ અનર્થ થતો હોય તો અટકાવવા તેજપાલ અનુપમા દેવીના વચન કદી ટાળતા નહી.

વસ્તુપાલ તેજપાલે રાજા વીરધવલ પાસે ન્યાયની માગણી કરી. વીરધવલે કહ્યું. ગુનેગાર અહીં હાજર છે એને સજા કરવી હોય તો કરી શકો છો મ્યાનમાંથી તલવાર ખેંચી તેજપાલ રાજાના મામાના સામે ધસી ગયો. અનુપમા દેવી સાવધ હતી. બેઉની વચમાં જઇને ઉભી રહી. નમ્રતા પૂર્વક હાથ જોડી એણે પોતાના સ્વામીનાથને કહ્યું :

નાથ, મામાને અભયદાન દેવાની કૃપા કરો. તેણે મામાને માર્યો નહીં પણ એમના જમણા હાથના આંગળનું એક ટેરવું ઉડાડી દીધું. જેથી જમવા બેસે ત્યારે તેજપાલ યાદ આવે અને જીંદગીમાં કદી પણ સાધુ પુરૂષોનું અપમાન કરે નહી. સાધુપુરૂષોની સેવાથી વર્તમાન જીવનમાં શાંતિ પરલોક સુધરે, જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ થાય. આવા હતા આપણા આગળના શ્રમણોપાસક રત્નો.

હાવડા મેં અલ કબીર સમૂહ કા માંસ પ્રસંસ્કરણ સંયંત્ર લગેગા

જનસત્તા સંવાદદાતા

કલકત્તા, ૨૭ મઇ । માંસ નિર્યાત કે લિએ મશહુર અલ કબીર સમુહને હાવડા મેં માંસ પ્રસંસ્કરણ, પૈકેજિંગ ઔર નિર્યાત કી ઇકાઇ લગાને કા ફૈસલા કિયા હૈ । ઇસ પરિયોજના પર ૭૦ કરોડ રૂપિયે ખર્ચ હોંગે । પશ્ચિમ બંગાલ રાજ્ય ઔદ્યોગિક વિકાસ નિગમ જમીન ઔર ઢાંચાગત સુવિધાએ મુહૈયા કરાએગા । નિગમ કે અધ્યક્ષ સોમનાથ ચટર્જી ઔર અલ કબીર કે સમુહ અધ્યક્ષ સુરેશ સબવાલા ને ઇસ મકસદ કે લેકર સહમતિ પત્ર પર આજ દસ્તખત કિએ હૈ ।

સહમતિ પત્ર પર દસ્તખત કે બાદ શ્રી સબવાલા ને પત્રકારોં કો બતાયા કિ યહ સંયંત્ર અપને આપ મેં પૂરા હોગા ઔર યહાં હર તરહ કી સુવિધાએ મૌજુદ હોંગી । જાનવરોં કે કત્લ, માંસ કો ઠંડા રખને, પૈકેજિંગ કરને ઔર નિર્યાત કે લિએ તૈયાર કરને કા કામ યહાં કિયા જાએગા । ઇસકે લિએ આધુનિકતમ તકનીક કી વ્યવસ્થા હૈ । યહ સંયંત્ર પૂરી તરહ સે સાફ સુથરા રખા જાએગા ઔર સ્વાસ્થ્ય કા ધ્યાન રખા જાએગા । અલ કબીર સમુહ કી કંપની કૈસકેડ ઇનવેસ્ટમેંટ કંપની યહ સંયંત્ર લગાએગી ।

ઉન્હોંને બતાયા કિ ઇસ સંયંત્ર કી ઉત્પાદન સાલાના ક્ષમતા ૩૦,૦૦૦ ટન હોગી । ઇસકા ૬૫ ફીસદી નિર્યાત કર દિયા જાએગા । ઇસકે નિર્યાત કા બાજાર મુખ્ય રૂપ સે મધ્ય પૂર્વ, મલેશિયા, જુનેઇ ઔર પૂર્વ સોવિયત ગણરાજ્ય કે દેશ હોંગે । ઇસ પરિયોજના સે ૧૮૦૦ લોગોં કો સીધે ઔર ૫,૦૦૦ લોગોં કો પરોક્ષ રૂપ સે રોજગાર મિલેગા । ઇસકે અલાવા ચમડા ફાંપ્લેક્સ મેં એક ટૈનરી ભી ખોલા જાએગા । પરિયોજના કે પૂરા હોને મેં દો–ઢાઇ સાલ કા સમય લગેગા ।

અલ કબીર સમુહ માંસ પ્રસંસ્કરણ કે ક્ષેત્ર મેં પૂરી દુનિયા મેં મશહુર હૈ । ઇસકે અધ્યક્ષ શ્રી સબવાલા અનિવાસી ભારતીય હૈ ઔર દુબઇ મેં રહતે હૈ । યહ દુબઇ મેં ૮,૦૦૦ દુકાનોં મેં માંસ સપ્લાઇ કરતા હૈ । ઇસકી એક ઇકાઇ હૈદરાબાદ મેં હૈ । યહ ઇકાઇ સાલાના ૮૦ કરોડ રૂપએ કા નિર્યાત કરતી હૈ । કલકત્તા કી ઇકાઇ ૧૦૦ કરોડ રૂપિએ સાલાના કા નિર્યાત કરેગી ।

પત્રકારોં સે બાત કરતે હુએ શ્રી ચટર્જી ને કહા કિ પશ્ચિમ બંગાલ કી છવિ

સુધર ચુકી હૈ । બાત સિર્ફ સહમતિ પત્ર પર દસ્તખત કરને તક હી સીમિત નહીં હૈ, ઉસ પર કામ ભી હો રહા હૈ । કઇ વિદેશી કંપનિયોં ને રાજ્ય મેં બિજલીઘર બનાને કી ઠોસ પેશકશ કી હૈ । જલ્દ હી કઇ પરિયોજનાઓ પર નિર્ણય લિયા જાએગા ઇસકે બાદ રાજ્ય પડોસ કે રાજ્યોં કો બિજલી દેગી । રાજ્ય કી અપની જરૂરતોં કે મુતાબિક કાફી બિજલી હૈ । જો બિજલી બનેગી ઉસે બેચ કર રાજ્ય મુનાફા કમાએગા ।

ઉન્હોંને કહા કિ સિતંબર ૧૯૯૪ સે લેકર અબ તક કુલ ૨૪ સહમિત પત્રોં પર દસ્તખત કિએ ગએ હૈ । ઇનમેં સે ૨૨ સહમતિ પત્રોં કે મુતાબિક કામ કી પ્રગતિ કાફી હો ચુકી હૈ । કુછ પરિયોજનાએ ઉત્પાદન કે કરીબ પહુંચ ચુકી હૈ । રાજ્ય સરકાર યહ ભી દેખ રહી હૈ કિ સહમતિ પત્ર પર દસ્તખત કરને કે બાદ પ્રમોટર કિતની દિલચસ્પી લેતે હૈ । જો પ્રમોટર પરિયોજના પૂરી કરને મેં દિલચસ્પી નહીં લેંગે, ઉન્હેં નિગમ સે મિલી જમીન વાપસ લે લી જાએગી ।

શ્રી ચટર્જી ને કહા કિ જલ્દ હી ઇટલી કે રાજદૂત ખુદ પશ્ચિમ બંગાલ કા દૌરા કરને વાલે હૈ । વે યહાં ઉદ્યોગ વ્યાપાર સે જુડી સુવિધાઓ કા મુઆયના કરેગે । ઇસી તરહ ૩૧ તારીખ કો બ્રિટેન કે કૌંસિલર ભી યહાં આ રહે હૈ । ઇન બાતોં સે સાફ હૈ કિ રાજ્ય મેં કામ હો રહા હૈ । (જનસત્તા તા. ૨૮-૫-૯૫)

[શ્વે. સ્થા. જૈનસભા ૧૮ ડી, સુકિયસ લેન, કલકતા ૭૦૦૦૦૧ થી કટીંગો મલ્યા છે. આ જ ગૃપે હૈદ્રાબાદ પાસે અલકબીર યોજના કરી હતી જે વિરોધ થવાથી અટકયું છે અને તેમાં પણ કલકત્તા હાઇકોર્ટના પૂર્વના ચુકાદાથી સારો ટેકો મળેલ તો કલકત્તા અને ભારતના સંઘોએ તે માટે જોરદાર પ્રયત્ન કરવો જોઇએ. વધુમાં કલકત્તાની સર્વ જીવદયા પ્રેમી જનતા અને જૈન સંઘોએ આ અંગે સક્રિય કાર્યવાહી કરવા ઉદ્યમ કરવો જોઇએ]

સમાચાર : નવસારીમાં અષાઢ વદ ચૌદશની ભવ્ય ઉજવણી

જૈન શ્રમણ પરંપરાના પરમ તેજસ્વી ઇતિહાસપુરૂષ સ્વ. પૂ.આ. ભ. શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.ના ચતુર્થ સ્વર્ગારોહણ દિવસની ભવ્ય ઉજવણી રત્નત્રયી આરાધક સંઘના ઉપક્રમે શ્રી રમણલાલ છગનલાલ આરાધના ભવનમાં થઈ હતી. સ્વર્ગસ્થ સૂરિદેવના શિષ્યરત્નો પૂ. મુનિશ્રી વૈરાગ્યરતિ વિ. મ., પૂ મુનિશ્રી પ્રશમરતિ વિ. મ. ની નિશ્રામાં યોજાયેલી આ સભાની શરૂઆતમાં ગુરૂગુણસ્તુતિ અને સ્મૃતિગીત ગવાયા હતા. ત્યારબાદ અત્રેના અનેક મહાનુભાવો દ્વારા સ્વર્ગસ્થ સૂરિદેવના જીવન પ્રસંગો, આદર્શો, ઉપદેશોની ભાવભરી ગુંથણી કરતા વકતવ્યો રજુ થયા હતા. પૂ. મુનિભગવંતોએ સ્વર્ગસ્થ સૂરિદેવની જવલંત સત્યનિષ્ઠા અને અનુપમ સમાધિનિષ્ઠાનું વિશદ વર્ણન કર્યું હતું.

卐 પરમાર્હત્ રત્ન શ્રાવક 卐

શ્રી જૈનેન્દ્ર

પૃથ્વીપરની સ્વર્ગભૂમી કાશ્મિરમાં ઇંદ્રપુરી સમાન નવહુલ્લનગરમાં રૂપે દેવકુંવર છતાં ધર્મરંગે રંગાએલ નવહંસ રાજા હતો રૂપ લાવણ્યવંતી હોવા છતાંય સતીઓમાં અગ્રેસરી વિજય નામે પટ્ટરાણી કે જે પ્રજા માટે માતૃવત્સલા હતી. આજ નગરમાં વૃતધારી પૂર્ણચન્દ્ર શ્રેષ્ઠી કે જેને રત્ન–મહન અને પૂર્ણસિંહ નામે ત્રણ પુત્ર રત્નો હતાં કે જેઓ રાજપુજ્ય ધનેશ્વરી અને કુબેર જેવા ધન સમૃદ્ધ હતાં ધર્મધને ભારતમાં પ્રખ્યાતીને પામેલા સાધર્મિકો માટે તો કલ્પવૃક્ષ જેવાં, એમાં રત્નશ્રાવકને નામે અને ગુણે કરીને પદ્મિની નામે ધર્મપત્ની હતી ઉભયને વિનયાદિગુણયુકત સત્વ શિરોમણી પાંચ વર્ષનો કોમલ નામે પુત્ર હતો કે જેણે ગુણવૈભવથી માતા–પિતાદિને પ્રમોદ ભાવમાં રમતાં કરી દીધેલ, આ વાત શ્રી નેમિનાથ ભ.ના નિર્વાણ પછી ૧૮૦૦ વર્ષે સુવર્ણાક્ષરે ઇતિહાસનાં પાને અલંકૃત થએલી.

પરમ ભાગ્યોદયે પટ્ટમહાદેવ' નામે કેવલી ભગવન્ત નગરનાં ઉદ્યાને પધાર્યા. ઉદ્યાન પાલકે સમાચાર આપતાં રાજા સાથે નગરજનો કેવલી ભગવન્તને વંદન કરવાં અને દેશના સાંભળવાં આડંબરપૂર્વક નગરઉદ્યાને ગયાં. ચારે ય નિકાયનાં દેવતાઓ વિદ્યાધરો પણ આવી પહોંચ્યાં. સુવર્ણકમળે બિરાજમાન કેવળી ભગવંતે દેશના પ્રરૂપતાં શ્રી સિદ્ધગિરીરાજનો અદ્‌ભુત મહિમા વર્ણવ્યો અને ફરમાવ્યું કે શ્રી સિધ્ધક્ષેત્ર કરતાં પણ શ્રી ગિરનારતીર્થની યાત્રા મહાફળવતી છે કારણ કે આ ગીરીએ શ્રી નેમનાથ ભ.ના મહાકલ્યાણકો થએલા છે અને આવતી ચોવિશીનાં તીર્થંકરો આ ક્ષેત્ર મુક્તિરમાને વરવાનાં છે. જે ભાવથી વિધિપૂર્વક આ તીર્થની યાત્રા કરે એ મુક્તિને પામ્યો જ જાણવો.

આ દેશનાને સાંભળી રત્નશ્રાવકે કેવલીભગવન્ત પાસે પ્રતિજ્ઞા કરી કે 'છ'રિ પાલક સંઘ સાથે આ તીર્થની યાત્રા કરૂ પછી જ વિગઇ વાપરૂં. એકાંતણું કરવું. નિર્મળબ્રહ્મચર્ય પાલન સાથે સંથારા ઉપર શયન કરવું. પ્રાણાન્તે પણ મારે આ પ્રતિજ્ઞાનું પાલન કરવું પછી તો રાજા પાસે ભેટણું ધરી શ્રી સંઘયાત્રાની અનુમતિ માગતાં શ્રી નવહંસ રાજાએ કહ્યું કે, આનંદપૂર્વક સંઘ કાઢો જે સામગ્રી જોઇએ એ ખુશીથી લો અને સંઘરક્ષાર્થ ચતુર્વિધ સૈન્ય પણ લઇ જાવ, સાંભળી રત્નશ્રાવક પરમહર્ષને પામ્યો પામ્યો. ભારતભરમાં ઠ.મે ગામ આમંત્રણ આપી સંઘને એકઠો કર્યો. શ્રી સંઘ પ્રયાણપૂર્વે અષ્ટાહ્નિક મહોત્સવ ગામ જનપદ સાથે અમારિ પ્રવર્તન કરાવ્યું રાજાએ સર્વકેદીઓને છોડી મૂક્યાં.

અવસર પામીને શ્રેષ્ઠિની પદ્મિની બાલ સખી વિજયા પટ્ટરાણીને મળવાં જતાં બન્ને સખિઓ ભેટી પડી, આનંદ આસુએ વિજયા રાણીએ કહ્યું કે, મુક્તિપુરીનો સંઘ કાઢે છે તો કરકસર કરી મને લજ્જાની ન પમાડતી ધનને એવી રીતે વાપર કે જેથી એ લક્ષ્મી કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી અપાવેજ એમ કહી અમૂલ્ય અલંકારો સાથે દેવતાઇ વસ્ત્રો ભેટ આપ્યાં અને કહ્યું કે તીર્થયાત્રામા આ સખિને ભૂલતી મા... શુભમુહુર્તે સંઘે પ્રયાણ કર્યું રાજા-રાણી પણ ખુબ્લે પગે ચાલી વિદાય આપવાં સીમાડા સુધી ગયેા. શુભ શુકનો સામેથી આવતાં રત્નશ્રાવકનો આનંદ ઉદધિ ઉછળવા લાગ્યેા. ધનથી લદાએલ શેંકડો ઉંટ, લાખ ઉપરાંત તો ક્રોટીશ્વરો, લાખ ઉપરાંત તો સંઘ રખાર્થે સૈનિકો શેંકડો રાજપુત્રો પણ સંઘ સાથે આ ઉપરથી સંઘની ભવ્યતાનો ખ્યાલ આવશે.

ગામે ગામ ભવ્ય સ્નાત્ર મહોત્સવ, સંઘપૂજા તીર્થોદ્ધારો સાધર્મિકવાત્સલ્યો આદિથી શ્રી સંઘ એવી સુંદર આરાધના કરે છે કે, દેવતાઓ પણ શ્રી સંઘના દર્શનથી જીવનને ધન્ય કરવાં દોડયાં દોડયાં આવે છે. આ રીતે માર્ગમાં આવતાં તીર્થોને વંદન કરતો અપૂર્વ શાસન પ્રભાવના કરતો સંઘ સૌરાષ્ટ્ર દેશમાં સમહોત્સવ પ્રવેશી શેલા-તોલા નામના જે બે પર્વતો શ્રી પાલિતાણાથી ગિરનાર તરફ જતાં રસ્તામાં નથી આવતાં પણ ભુદ્રેશ્વરતીર્થથી ગિરનાર તરફ જતાં વચ્ચમાં આવે છે. ત્યાં શ્રી સંઘે સ્થિરતા કરી આખો દિ' સ્નાત્રમહોત્સવ, સંઘપૂજા જિનવાણી શ્રવણ આદિ ધર્મકરણીમાં પસાર થયેા. રાત્રી ધર્મજાગરીકમાં સુખ પૂર્વક પસાર થઇ. પ્રભાતે પ્રતિક્રમણાદિ ધર્મકર્મ સાનંદ કરી શ્રી સંઘ આગળ પ્રયાણ કરતાં બારે વિઘ્ન ઉત્પન્ન થયું.

જોયું કે સામે અટ્ટહાસ્ય કરતો નર સિંહરૂપે સાક્ષાત્ યમરાજ જેવો શ્યામવર્ણી વિકરાળ એવો પિશાચ શુકા જેવું ભયંકર મુખ ઉઘાડી યાત્રિકોને જગવતાં દાંતવડે કચક કચક ખાઇ રહ્યો છે અને ગર્જના કરે છે કે આજે તો હું સૌને ખાઇ જઇશ ! સાંભળી શ્રી સંઘ ડરી ગયેા. પણ સંઘના રાજપુત્રો એ ધૂપાદિ કરીને પુછયું કે 'તું કોણ છે ? શા માટે ઉપદ્રવ કરે છે ? અને તું શું ધરછે છે ? કાલપિશાચે કહ્યું કે, શું પુછો છો ? આજે તો એક એકને ખાઇ જવાનો છું. ત્યાં સુભટો એ પાછા વળીને રત્નશ્રાવકને કહ્યું કે 'કાલપિશાચનો ઉપદ્રવશરૂ થયેા છે. શું કરીએ ? યાત્રિકો તો કહે છે કે, ભલે યમશરણ થઇએ, નેમનાથ ભ. ના ધ્યામાં મરીશું પણ પાછા વળશું નહિ.

તીર્થયાત્રામાં મરણ પણ ભેલી સિદ્ધિ આપશે. આ સાંભળીને ધીર-ગંભીર અને સાત્વિક શિરોમણી સંઘપતિએ કહ્યું કે, પુષ્પ-ધૂપ-દિપાદિ સામગ્રી લઇને જાવ અને પૂછો કે તું કેમ કરી પ્રસન્ન થાય અને સકલસંઘ નિર્વિઘ્ને તીર્થયાત્રા કરે ? સુભટો સર્વ

સામગ્રી લઇને રાજપુત્રો સાથે ગયાં અને વિનંતી કરતાં કાલપિશાચે કહ્યું કે હું આ ગિરિભૂમીનો સ્વામી છું... મારી રજા લીધા વિના અને મને બળી આપ્યાં વિના હું તૃપ્ત ન થાવું તેથી સંઘપ્રધાન એકનું બલિદાન આપો તો સૌને આગળ જવા દઉં! આ વાત રત્નશ્રાવકને કરતાં રત્નશ્રાવકે કહ્યું કે ' આ તો મારો પરમ ભાગ્યોદય છે તમો સૌ આનંદ પૂર્વક યાત્રા કરો મારા બન્ને બન્ધુઓ સંઘની સંભાળ કરશે.. સંઘની રક્ષામાં અસાર દેહ આપવાની તક મને મળી છે. શ્રી નેમનાથ ભ. તો મારા હૃદયમંદિરમાં જ છે. એમનાં ધ્યાનમાં પ્રાણનો ત્યાગ ચૈક્ષસ મને અક્ષય સુખ આપશે.

તે સાંભળી રાજપુત્રો કહે છે કે 'સંઘપતિ? અમે આપનાં સેવકો છીએ સેવકનો ધર્મ છે કે, પ્રાણભોગે પણ સ્વામિનું રક્ષણ કરવું. આથી અમને રજા આપો. સંઘરક્ષાર્થે પ્રાણાર્પણ એ તો અમારા માટે મહોત્સવ છે. ત્યાં સંઘશ્રેષ્ઠ શ્રેષ્ઠિએ કહ્યું છે કે, સંઘરાજ આપ તો લાખોનાં તારણહાર અને ધર્મદાતા છો. આપ સંઘને યાત્રા કરાવો અને સંઘરક્ષાનું પુન્ય અમને આપો. તીર્થરક્ષા અને સંઘરક્ષા તો પરમ ભાગ્યોદયે પ્રાપ્ત થાય... ત્યારે રત્નશ્રાવકે સૌને હાથ જોડીને કહ્યું કે, તમોને સંઘ સાથે આવીને યાત્રા કરવાં અને શ્રી સંઘની સંભાળના કરવાં પ્રેમથી નિમંત્ર્યા છે, તમારૂં બલિદાન સ્વીકારૂં તો મારી માતાના દુધને કલંક લાગે... શાસનની અપ્રભાજના થાય તેથી હુ કોઇની પણ વિનંતી નહિ જ સ્વીકારૂં. ત્યારે વડીલબંધુ ઉભા થઇને વિનંતી કરે છે કે ભાઇ! તું તો શાસનપ્રભાવક છે. હું તો બધું પાપ કહેવરાવું. મને રજા આપ મારૂં બલિદાન સૌને તીર્થયાત્રાનું સૌભાગ્ય અર્પી મુક્તિપુરીના વાહક બનાવશે.

આ સાંભળી રત્નશ્રાવકે કહ્યું કે, વડિલબન્ધુ તો પિતાના સ્થાને કહેવાય. હું આપને હા' પાડી કુલાંગાર બનવા માંગતો નથી. ત્યારે પૂર્ણચન્દ્ર લઘુબન્ધુ પ્રણામ કરી વિનંતી કરે છે કે, મોટા ભાઇ આપ મને રજા આપો. મારા બલિદાનથી શ્રી સંઘરક્ષા સાથે આપ બન્ને વડિલ બન્ધુઓને તીર્થયાત્રા કરાવવાનો મને અપૂર્વ લાભ પ્રાપ્ત થશે આ કાર્યમાં આપ અન્તરાય ન કરો... રત્નશ્રાવકે કહ્યું કે, ભાઇ! નાનો ભાઇ તો પુત્ર સમાન કહ્યો છે. અને હું પુત્રનું બલિદાન આપુ? ચાંડાળ પણ કહાવી પુત્રબલિદાન ન આપે. માટે કશું બોલ મા; એ વખતે પદ્મિનીદેવી કહે છે કે, સ્વામિનાથ! કુલવતીના પ્રાણો પતિ આધીન કહ્યાં છે. તેથીતો પતી પાછળ સતી સ્ત્રીઓ હસતાં મોઢે ચિતામાં પ્રાણ અર્પે છે. તેથી મારા દેહના બલિદાનથી આપ જીવો તો મને શું નથી મળ્યું? અર્થાત્ સર્વ સિધ્ધિ પ્રાપ્ત થઇ કહેવાય... આપ મને ના પાડશો તોય હું મારૂં શરીર કાલપિશાચને અર્પણ કરીશ જ.

આ સાંભળીને પાંચવર્ષીય નાજુક દેહયષ્ટિ ધારક કોમલ કહે છે કે, બા--બાપુજી

હું તો સાવ બાળક છું-ધર્મની ઝાઝી સમજ નથી. પણ એટલું સમજું છું કે, આ કાલપિશાચ મારા કોમળ શરીરના ભક્ષણથી ખુબ જ તૃપ્ત થશે. એથી મને શ્રી સંઘરક્ષા સાથે બીજા અણિના અવસરે આપ બંનેને જીવાડવાનો અને શ્રી નેમનાથ દાદાના ધ્યાનમાં મરીને ભગવાન પાસે જવાનો સરસ લાભ મળશે. મારી દયા ખાતા મા, એમ કહીને નાનકડો કોમળ બલિદાન આપવા ચાલવા માંડયો. મા, પદ્મિની પણ ચાલવા લાગી, સૌ સંઘ સ્તબ્ધ બની ચોધાર આંસુએ પોકાર કરવા લાગ્યો. એજ વખતે રત્નશ્રાવક વીરતા પૂર્વક શીઘ્ર ચાલીને કાલપિશાચ તરફ પહોંચી ગયો. ત્યાં ભયંકર ગર્જના કરતાં કાલ પિશાચે રત્ન શ્રાવકને ઉપાડી ગુફામાં લઈ જઈને ભયંકર ઉપસર્ગ કરવાં લાગ્યો તે જોઈને પદ્મિની દેવી અને પુત્ર કોમલ ચારે ય આહારનો ત્યાગ કરીને શ્રી નેમનાથ ભ. ના ધ્યાનમાં કાયોત્સર્ગ કરી રહ્યાં.

આ તરફ સિંહનાદ કરીને વિવિધ યાતનાઓથી રત્નશ્રાવકને ચલાયમાન કરવાં ધમપછાડા કરવાં છતાંય રત્નશ્રાવક ધ્યાનમાં વધુને વધુ લીન અને મેરૂ પર્વતની જેમ અચલ બની ગયાં.

એટલામાં અંબામાતાને વંદન કરવા કાલમેઘ મેઘનાદ ગિરિવિહારણ કપાટ-સિંહનાદ, ખોટિક અને રૈવત નામના ૭ ક્ષેત્રપાલો આવી પહોંચ્યા અંબામાતાને વંદન કરી કહ્યું કે સ્વામિન ! પર્વત કંપી રહ્યો છે-જેથી જણાય છે કે કોક ક્રુર વડે કોક મહાપુરૂષ હેરાન કરાઇ રહ્યો છે. અંબા માતાએ જ્ઞાનથી જાણીને કહ્યું કે, તમો કોમલ અને એની માતા પદ્મિનીની રક્ષા કરો, હું મહાત્મા રત્નશ્રેષ્ઠિને ઉપસર્ગથી મુક્ત કરૂં છું. એમ કહીને અંબાદેવી ગુફામાં પહોંચી ગઇ. ૭ ક્ષેત્રપાલો મા, દિકરાની રક્ષા કરે છે. સકલ સંઘ પણ શ્રી નેમનાથ ભ.ના ધ્યાનમાં મગ્ન બની ગયો.

અંબાએ કાલપિશાચને કહ્યું કે, રત્નશ્રાવકને મુક્ત કર. તારામાં એ શક્તિ હોય તો મારી સાથે યુદ્ધ કર. આહ્વાન સ્વીકારી બંને યુધ્ધે ચઢયાં. અંબાદેવીએ કાલપિશાચના બે પગ પકડી જ્યાં પત્થર ઉપર પછાડે છે ત્યાં દીવ્યરૂપે દેવ પ્રગટ થયો. રત્ન શ્રાવક ઉપર રત્ન-પુષ્પવૃષ્ટિ કરી દિવ્ય અલંકારમય બનાવી કહ્યું કે હે અંબે ! હું શંકર નામે વૈમાનિક દેવ છું. આ રત્નની પરીક્ષા અને સત્વ જોવા જ મેં આ સઘળી માયા રચી છે. બાકી મને કોણ જીતી શકે ! રત્નશ્રેષ્ઠી, પદ્મિનની શ્રેષ્ઠિની, કોમલ, શ્રી સંઘ અને સહાય કરનારા તમે સૌ ધન્ય છો એમ કહી સૌને વંદન કરી દેવલોકમાં ચાલ્યો ગયો. અંબાદેવી અને ક્ષેત્રપાલો સ્વસ્થાને ગયાં અને શ્રી સંઘ મહોત્સવ પૂર્વક ક્રમશઃ ગિરનાર તીર્થે પહોંચ્યો. શ્રી સંઘે ભૂરિભાવે ગિરિ ઉપર ચઢી શ્રી નેમનાથ ભ.ના દર્શન કર્યા. ભારે ભાવોલ્લાસ પૂર્વક સ્નાત્ર મહોત્સવ કરતાં સેંકડો શ્રાવકોએ કરેલા અભિષેકથી લેપમય શ્રી નેમનાથ ભ. ની પ્રતિમા ઓગળી ગઇ. આ દૃશ્ય જોઇને શ્રી રત્નશ્રાવક ભારે

દુઃખી થયો. મારાથી આ તીર્થનાશ પામ્યું. હવે શું કરું ?

શ્રી સંઘ પણ ભારે દુઃખ સાથે ચિંતામાં પડયો... તુરત જ અભિગ્રહ કર્યો કે જ્યારે ફરીથી આ તીર્થ સ્થપાશે ત્યારે જ પારણું કરીશ. એમ કહીને બંને બંધુઓને સંઘરક્ષાની જવાબદારી સોંપીને પટ્ટમાસને અંબામાતાનું ધ્યાન શરૂ કર્યું. દિવસો ઉપર દિવસો પસાર થતાં ૬૦ માં ઉપવાસે અંબાદેવી પ્રત્યક્ષ થઈ. અને રત્નશ્રાવકને કહ્યું હે વત્સ ! મારી સાથે ચાલ, તને હું ભવ્ય પ્રતિમા તીર્થસ્થાપનાર્થે આપું. એમ કહીને ઇન્દ્ર મહારાજાએ બનાવેલ કાંચન બલા' નામે દેવરક્ષિત ગુપ્ત ભોંયરામાં લઇ ગઇ. ત્યાં શ્રી નેમનાથ ભ. ની ૧૮ પ્રતિમા રત્નની, ૧૬ સુવર્ણની, ૧૬ રજતની અને ૧૮ પાષાણની એમ દેદીપ્યમાન ૭૨ પ્રતિમાઓનાં દર્શન કરાવી કહ્યું કે વત્સ તું જે પસંદ કરે તે પ્રતિમા આપું ?

રત્ન શ્રાવકે નામ સાધર્મથી રત્નની પ્રતિમા માગતાં અંબાદેવીએ કહ્યું કે હે વત્સ ! આ મહાન્ તીર્થ છે ધીમે ધીમે કલિકાલનું વાતાવરણ જામશે. તેમાં હોકા હીનસત્વવાળા ધનલુબ્ધ પાપકારી અને સર્વધર્મથી વિમુખ બનશે તેઓ આ પ્રતિમાને પણ નહિ છોડે તેથી ભયંકર આશાતના થશે માટે તું આ ચમત્કારિક પાષાણબિંબ ને લે. રત્ન શ્રાવકે ભાવિનો વિચાર કરી હા' પાડી અને કહ્યું કે માં ! આ બીંબને કેવી રીતે લઈ જાઉ ?

કહ્યું કે કાચાસુતરના તાંતણાથી પ્રતિમાને ૭ આંટા મારીને છેડો હાથમાં રાખ, પ્રતિમાજી અદ્ધર આવશે પણ જો તું પાછળ જોઇશ તો આ પ્રતિમાજી ત્યાંજ સ્થિર થઇ જશે. રત્નશ્રાવકે તે રીતે કરીને ચાલવાં માંડયું. દેરાસરનાં કમરા આળળ આવતાં શંકા થઇ કે પ્રતિમાજી આવે છે નહિ ? પાછળ જોતા જ બિંબ ત્યાંજ સ્થિર થઇ ગયું.

રત્નશ્રાવકે તેજ રીતે દ્વાર અને મંદિરની રચના કરી, જે આજે પણ તેજ રીતે છે. ત્યાં મહોત્સવ કરી શ્રી સંઘ સાથે પ્રયાણ કરી શ્રી સિદ્ધગિરીજી તીર્થની યાત્રા કરી કાશ્મિર તરફ જતાં બીજા પણ તીર્થની યાત્રા કરતાં નવહુલ્લ પોતાના નગરીએ શ્રી સંઘ સાથે આવ્યો. રાજાએ ભવ્યપ્રવેશ મહોત્સવ કર્યો. પ્રત્યેક ઘેરે મંગલ મહોત્સવ અને સંઘ પૂજનાદિ સાથે સાધર્મિક વાત્સલ્યો થયાં આ રીતે સંઘરક્ષા કરીને શ્રી રત્નશ્રાવકે યાવચ્ચન્દ્ર દિવાકર સુધી યશને પ્રાપ્ત કર્યું અને જીવનને ધન્ય બનાવ્યું. વ્રતમય શ્રાવક ધર્મનું યથાર્થપાલન કરીને વહેલીતકે મુક્તિપ્રાપ્તિનું હોકોત્તર સૌભાગ્ય સુનિશ્ચિત કર્યું.

આ દૃષ્ટાંતને વાંચી કરેલી પ્રતિજ્ઞામાં દૃઢ બની સૌ શાશ્વત મુક્તિ સુખના સ્વામી બને એજ એક શુભાભિલાષા.

—: અનુક્રમણિકા :—

ક્રમ	લેખ	લેખક	પેજ નં.
૧	સાત્ત્વિક શિરોમણિ શ્રી સુદર્શન શેઠ	પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ.	૧
૨	વિજય પ્રસ્થાનને અપશકનરૂપ સમજો	પૂ. મુ. ,, જયદર્શન વિ. મ.	૨૬
૩	ભ.ગૌતમ સ્વામિ મ. અને આનંદ શ્રાવક	,, ગુણરાત્રી	૩૧
૪	આઠમા વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે	—	૩૩
૫	આભાર દર્શન	—	૩૬
૬	કાર્તિક શેઠનું સમકિત	શ્રી ર. ઢે. ગુદક્ષ	૩૭
૭	સાંવત્સરિક ક્ષમાપના (ગીત)	,, ચન્દ્રરાજ	૩૯
૮	શાસન ગીત	પૂ. આ. શ્રી વિ. જંબૂસૂ. મ.	૩૯
૯	સુપાત્ર દાન મૂળદેવ	,, ર. ઢે. ગુદક્ષા	૪૯
૧૦	ખમાવું હું સહુને...	,, પ્રજ્ઞાંગ	૪૧
૧૧	શ્રી વંકચૂલ અને શ્રી જિનદાસ	,, ગુણપરાગ	૪૩
૧૨	શ્રી શ્રેષ્ઠિ મહણસિંહ	—પૂ. આ. શ્રી વિ. રત્નભૂષણસૂ. મ.	૪૫
૧૩	છવાયા છો તમે ચોમેર (ગીત)	—	૪૮
૧૪	શુભેચ્છકોની નામાવલી		૪૯ શ્રી ૬૪
૧૫	ધર્મચુસ્ત સાધનામાં ફરક	પૂ.આ. શ્રી વિ. વારિષેણ સૂ. મ.	૬૫
૧૬	પુણિયા શ્રાવક	,, કિશોર શાહ	૬૭
૧૭	શ્રી લોગસાર	પૂ.સા. ,, હર્ષપૂર્ણાશ્રીજી મ.	૬૯
૧૮	સમકિત ઉપર ના થાય છે.	,, પ્રાણલાલ શેઠ	૭૩
૧૯	શ્રી સૂર્યયશા રાજા	પૂ. મુ. ,, પ્રશમન્તદર્શન વિ. મ.	૭૫
૨૦	મહાશતક મહાશ્રાવક	,, ર. ઢે. ગુદક્ષા	૮૩
૨૧	સન્માર્ગસખી—શ્રાવક ર્ડંક	,, ગુણદર્શી	૮૪
૨૨	કાલસૌરિક કસાયનો હિકરો સુલસ	,, ર. ઢે. ગુદક્ષા	૮૯
૨૩	દેવદ્રવ્ય ગુરૂદ્રવ્ય કયાં વપરાય	પૂ.આ. ,, કલ્યાણસાગર સૂ. મ.	૮૭
૨૪	જૈન શ્રમણોપાસક રત્નો	,, અમૃતલાલ દોશી	૯૫
૨૫	મુનિદાનનો પ્રભાવ—સંગમક	,, ર. ઢે. ગુદક્ષા	૯૬
૨૬	મંત્રીશ્વર વામભટ્ટ	,, પ્રજ્ઞાંગ	૯૭
૨૭	કામદેવ શ્રાવક	,, ર. ઢે. ગુદક્ષા	૯૯
૨૮	જ્ઞાનગુણ મંજરી	,, પ્રજ્ઞાંગ	૧૦૦
૨૯	હરણ ફાળ	જોયેલું અને અનુભવેલું	૧૦૧

૩૦ વિચાર વસંત	પૂ મુ. શ્રી જયદર્શન વિ. મ.	૧૦૩
૩૧ ભરતજી અને કુમારપાળ	,, ૨. ઢે. ગુઢકા	૧૦૮
૩૨ અગત્યની સૂચના	પૂ આ. ,, વિબુધપ્રભ સૂ. મ.	૧૧૨
૩૩ પુસ્તકની સમાલોચના	—	૧૧૫
૩૪ શાસન સમાચાર	—	૧૧૬
૩૫ નિંદાનું નવું કોમિક	,, તૃષ્ણ તલાટી	૧૨૩
૩૬ વિક્રમ રાજાની કથા	,, ૨. ઢે. ગુઢકા	૧૨૭
૩૭ વિજય શેઠ-વિજયા શેઠાણી	,,	૧૨૮
૩૮ માણેકચંદ શેઠ	શ્રી પદ્મનિક	૧૨૯
૩૯ જેમલ બન્યા જિતવિજયદાદા	પં. ,, રમણીકલાલ સંઘવી	૧૩૩
૪૦ વિરાગમૂર્તિ ચિલાતીપુત્ર	,, ચન્દ્રરાજ	૧૩૪
૪૧ આણંદશ્રાવક કથા	પૂ. સા. ,, સુવર્ણપ્રભાશ્રીજી મ.	૧૩૭
૪૨ યુગબાહુ અને મદનરેખા	,, ૨. ઢે. ગુઢકા	૧૪૦
૪૩ વિરાગદૃષ્ટા અર્જુનમાલી	,, રાજુભાઇ પંડિત	૧૪૧
૪૪ મંત્રીશ્વર પેથડશા	પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.	૧૪૪
૪૫ શ્રી સુવ્રત શેઠ	,, મંજુલાબેન રમણલાલ	૧૪૭
૪૬ મંત્રીશ્વર ઉદયન	પૂ. સા. ,, અનંતદર્શિતાશ્રીજી મ.	૧૪૯
૪૭ શ્રી મંડુક શ્રાવક	પૂ. સા. ,, અરૂણશ્રીજી મ.	૧૫૩
૪૮ અમારી પ્રવર્તનની દિશા	,, નીલીમા શાહ	૧૫૭
૪૯ પ્રભુભક્ત રાવણ	,, રાજુભાઇ પંડિત	૧૬૧
૫૦ શ્રાવકપણાનો અલંકાર-ઉદારતા	પૂ. સા. ,, અક્ષયગુણાશ્રીજીમ.	૧૬૩
૫૧ શ્રદ્ધારત્ન ગોવિંદજી ખોના	—	૧૬૫
૫૨ તિર્થદર્શન	—	૧૬૯
૫૩ વસ્તુપાલ તેજપાલની ગુરૂસેવા	પૂ. મુ. શ્રી ધ્રુવસેન વિ. મ.	૧૮૩
૫૪ પરમાર્હત્ રત્નશ્રાવક	,, જૈનેન્દ્ર	૧૮૬

સુચના : આ પછીનો અંક તા. ૯-૯-૯૫ ના પ્રસિદ્ધ થશે.

Regd. No. G. SEN 84 Date : 29-8-95

શ્રી જૈન શાસન અઠવાડિક

હાલારદેશોદ્ધારક કવિપ્રભાવક પૂજ્ય આચાર્યદેવેશ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પરમ ઉપકારી ગુરૂદેવ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પરમ ઉપકાર અને પરમ ઉપદેશથી વિવિધ પ્રકારના શાસનના ધર્મના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, યાત્રા સંઘો, શ્રુતજ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે. તેઓશ્રીના પરમ સદુપદેશથી.

જૈન શાસન અઠવાડિક ને હાર્દિક શુભેચ્છા.

વિશેષાંક સૌજન્ય ધન્ય દાતાઓ

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા

(૨) સ્વ. શ્રીમતી જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા

(૩) સ્વ. ભાઇ વેલજી વીરજી હેમરાજ દોઢીયા

(૪) સ્વ. શ્રીમતી ગંગાબેન હીરજી પેથરાજ

(૫) સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયા

(૬) ભાઇ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા
શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર.
કનસુમરા (હાલાર) બૉક્સ નં. ૪૯૬૦૬ નાઇરોબી (કેન્યા)

જૈન શાસન અઠવાડિક માલિક:- શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવલ) C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક મુરેશ કે. શેઠ મુરેશ પ્રિન્ટરીમા છાપીને વડવાળા ચોક (સૌરાષ્ટ્ર) થી પ્રસિધ્ધ કર્યું. ફોન ૨૪૫૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

ભવવૃદ્ધિ-નાશનું કારણ

સુહિસયણમાઇયાણં ઉવયરણં,
ભવપબંધ વુડ્ઢિકરં ।
જિણધમ્મપવન્નણં તં ચિય ભવભંગમુવણેઇ ।।

સ્નેહી-સ્વજનાદિનું ઉપકરણ-સન્માનાદિ, ભવપ્રબંધ-ભવપરંપરાની વૃદ્ધિ કરનારૂં બને છે. જ્યારે શ્રી જિનધર્મને પામેલાઓનું સાધર્મિકપણાની બુદ્ધિથી કરેલું સન્માનાદિ ભવનાશનું કારણ બને છે.

વર્ષ ૮

અંક ૫

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન



પ્યારા ભૂલકાંઓ,

શ્રી પર્વાધિરાજ મહાપર્વ આવીને પાણીની જેમ સરી ગયા શ્રી પર્યુષણ પર્વ એટલે આરાધનાની મોસમ. આ મોસમને સફળ બનાવવા પધારેલ સુગુરુઓના પાવન પરિચયમાં તમે સૌ આવ્યા હશો. તેઓશ્રીની ધન્ય વાણી સાંભળીને તમે સૌ શુભાચારોને આચરનારા થયા હશો. સામાયિક, જિનપૂજા, તપ, જાપ, પ્રતિક્રમણાદિ કૃત્યો આરાધવામાં તત્પર બન્યા હશો. પાંચ આશ્રવો અને ચાર અપ્રશસ્ત કષાયોનો રોધ કરવા પ્રયત્નશીલ બન્યા હશો. તમારા આત્માને કર્મથી હળવો બનાવવાની કળા હસ્તગત કરી હશે.

તે કળા દ્વારા સાંવત્સરીક પ્રતિક્રમણ કરતી વખતે સર્વે જીવોની સાથે રાગ-દ્વેષ ભૂલી જઈને ખમતખામણા કર્યા હશે અને મને ખમાવ્યો હશે. મેં પણ સાંવત્સરીક પ્રતિક્રમણ કરવાની પૂર્વ સંધ્યાએ મારા પ્યારા ભૂલકાંઓને યાદ કરીને ખમાવ્યા છે.

કરેલ સુંદર આરાધનાને સુંદર અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલશો તો અન્ય ભૂલકાંઓ તમારી ભૂરી ભૂરી અનુમોદના કરશે. માટે જરૂર લખી મોકલવા ભલામણ.

વર્ષ દરમ્યાન જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ લખાણ થયું હોય તો તેની ક્ષમા યાચું છું.

રવિશિશુ.
(/૦. જૈન શાસન કાર્યાલય
જામનગર

આજનો વિચાર

વિશ્વાસ જીવન છે. શંકા મૃત્યુ છે.

કથાનક

દૂરકરો

તમે હંમેશાં સફેદ દૂધ જેવા કપડા પહેરો છો ને! કપડાં પર જરા પણ ડાઘ લાગ્યો હોય તો તમને ગમતું છે કે ખરો? રસ્તામાં જતાં કોઇ તમારા કપડાને ડાઘ લગાડી દે તો બે ચાર ચોપડાવી દેવા પણ તૈયાર થઇ જાવ છો, શક્તિ હોય તો બે-ચાર ધોલ-ધાપટ આદિ પણ ચખાડી દો છો? કદાચ તમે પાછા વળીને કપડાં પણ બદલી કરી લો છો કે નહિ.

તેમ તમારે ચોકકસ ખ્યાલ-ધ્યાન રાખવું જોઇએ કે જેમ કપડાં ચોકખ્ખા જોઇએ તેમ આપણું જીવન પણ ચોકખ્ખું જોઇએ. આપણા જીવનમાં કોઇ દુર્ગુણનો ડાઘ લાગવો ન જોઈએ. જો લાગ્યો હોય તો તેને દૂર કરવાની મહેનત કરવી જોઇએ દોષ લગાડનારો જો કોઇ ભેટી જતો હોય

[અનુ. ટાઇટલ ૩ ઉપર]

કલ્યાણદેશોદ્ધારક પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન ભક્તિ અર્થે શિક્ષણ દ્વારા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદરા (મુલુન્દ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘ (વઢવાણ)
ધનાચંદ ધરમશી ગુંદરા (થાણા)

વર્ષ: ૮] ૨૦૫૧ ભાદરવા વદ-૧૦ મંગળવાર તા. ૧૯-૯-૯૫ [અંક ૫

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૮ શનિવાર, તા. ૪-૭-૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન ચોથું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુધ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના— —અવ૦)

પ્ર૦-- જો લાખ હોય તો દુઃખ આવે તો પ્રતિકાર કરી શકે ને ?

ઉ૦--ડોકટર કહે ઉપાય નથી તો શું કરશો ? ડોકટર મળે ને રોગ જાય તેમ માને તે ગાંડાના લક્ષણ છે.

સંસારમાં પૈસો હોય તો સુખ થાય પણ જેટલા પૈસાવાળા છે તે બધા સુખી છે ? ઘણા તો આપઘાત-પી શકતા નથી. પૈસા માટે અને સુખ માટે જે પાપ કરેલ તેનો ઉદય આવ્યે છે. તમે બધા આવા અજ્ઞાન કયાં સુધી રહેશો ? દુઃખ આવે તે શાથી આવે-છે ? એવા એવા દર્દો થાય કે ડોકટર કહે મારી પાસે દવા નથી, તે દર્દ ભોગવે જ છૂટકો છે, બીજો કોઇ ઉપાય નથી. તે પણ ડોકટર સાચો હોય તો આવું કહે, બાકી તો પૈસા પડાવી લે. ડોકટર મોટી મોટી ફી માગે, તમે આપો અને કાંઇ ફેર ન થાય તો તમારા મનમાં શું થાય ? પૈસા પડાવી ગયો. માટે કહું છું કે જ્ઞાનીની કહેલી આ વાત સમજો કે, દુઃખ શાથી આવે ? પાપથી જ. પાપ શાથી બંધાય ? દુનિયાના સુખની ઇચ્છાથી. તો દુનિયાના સુખની ઇચ્છા થાય, તે મેળવવાનું મન થાય તે પાપો-

દયથી કે પુણ્યોદયથી થાય ?

પ્ર૦– ગૃહસ્થ છે માટે અનર્થદંડમાં ન જાય પણ અર્થદંડમાં તો રહે ને ?

ઉ૦– અર્થદંડને ય તે પાપ માને કે પુણ્ય માને ? તમારી સાધુ થવાની શક્તિ નથી માટે ઘરમાં બેઠા છો પણ ઘરમાં રહેવું તે પાપોદય કહેવાય કે પુણ્યોદય કહેવાય?

પ્ર૦– મોહનીયમાં ફાટ ન પડે તો ?

ઉ૦–મોહનીયમાં ફાટ આપણે પાડવાની છે. તે માટેની મહેનત પણ આપણે જ કરવાની છે.

દુનિયાના સુખની ઇચ્છા શાથી થાય છે ? સારૂં સારૂં ખાવા–પીવાની, પહેરવા–ઓઢવાની, મોજમજાદિની ઇચ્છા શાથી થાય છે ? મોહથી ને ? તે મોહ કેવો લાગે છે? તમે કહો છો કે બહુ મીઠો લાગે છે. પૈસા મેળવવા તમારે મન નીતિ શું કે અનીતિ શું સાચું શું ને ખોટું શું ? પૈસા મેળવવા તો જે કરવું પડે તે કરાય. સગા મા–બાપને પણ ઠગો છો. કારણ તમને ભાન જ નથી ! ભાન હોત તો ખબર પડત કે– મોહે અમને કેવા ગાંડા બનાવ્યા છે ! જે દરિદ્રી હોય અને સંતોષી હોય કે મારે કાંઇ જોઇતું નથી તો તેને મહાપુણ્યશાલી કહીએ છીએ. શ્રીમંત હોય અને પૈસા કમાવવા ધાંધલીયા કરે તો તેની દયા આવે કે તે સુખી લાગે ? આજની દુનિયા જે દોડા દોડ કરે છે તેથી સુખી લાગે છે કે દુઃખી લાગે છે ? તમને કેટલા પૈસા મળે તો શાંતિ થાય ? તમે બધા વેપાર ન કરો તો ભુખે જ મરો ! ! તમારી પાસે આજીવિકા હોવા છતાં ખૂબ પૈસાવાળા થવા વેપાર કરો છો તે પ્રતાપ કોનો છે ? મોહનો. તેને મોહનો ભય લાગ્યો છે તેમ કહેવાય ?

પ્ર૦– મોહને નરમ કરવાનો સરળ ઉપાય શો ?

ઉ૦– આજે કહું છું તે સમજી જાવ તો મોહ નરમ પડે. તે માટે મોહને બરાબર ઓળખી લેવો પડે. મોહ અનેક રૂપે આપણમે વળગેલો છે, તેનો ભય લાગવો જોઈએ. આજે ઘણા જીવો મોહથી ધર્મ કરે છે અને ધર્મ કરી કરીને મોહને જ પુષ્ટ કરે છે.


દુનિયાનું સુખ ગમે તે મોહ છે. દુનિયાની સંપત્તિ ગમે તે ય મોહ છે. તે સંપત્તિ મેળવવાનું મન થાય તે ય મોહ. તે સંપત્તિ મળે અને આનંદ થાય તે ય મોહ ! તો દુનિયાનું સુખ અને સંપત્તિ મેળવવા જ ધર્મ કરે તે મોહથી જ ધર્મ કર્યો કહેવાય ને ? તેનાથી મોહની જ પુષ્ટિ થાય ને ? દુનિયાના સુખ–સંપત્તિ ઇચ્છા થાય,

મેળવવાનું મન થાય, મળી જાય અને આનંદ થાય તો વિચારવું જોઇએ કે–'આ બધો મોહ છે. તે મોહ મને જ નુકશાન કરશે. ઘણાં ઘણાં પાપ બંધાવશે. એવો દુઃખી બનાવશે કે ભીખ માગતા ય આવા નહિ મળે, મળેલી ભીખ પણ કોઇ પડાવી લેશે. તે ભીખ ખાઇશ તો એવા રોગ થશે કે વધુને વધુને વધુ દુઃખી થઇશ.' આજે પણ એવા સુખી છે જેની પાસે પૈસાની ખોટ નથી છતાં ખાઈ–પી શકતા નથી. ખાવા–પીવાની ભૂલ કરે છે તો વધુ પીડાય છે. બેસી–ઊઠી શકતા નથી. શાથી ? દુનિયાનું સુખ મેળવવા અને ભોગવવા જે પાપ કરેલાં તેનું ફળ છે.

દુઃખ શાથી આવે ? પાપથી. કોઇપણ આપણને મારી જાય તેનો પાપોદય જુદો. પણ મારા જ પાપના યોગે તેને મને મારવાનું મને થયું તેવો વિચાર આવે ? કોઇ મારે તો તેના પર ગુસ્સો આવ કે જાત ઉપર ગુસ્સો આવે ? આપણને કોઇ દુઃખ આપે તેમાં પણ આપણું કર્મ નિમિત્ત થાય છે. કોઇને આપણા પર રોષ આવે તો સમજવું કે આપણો પાપોદય તેમાં કારણ છે. બીજાને દુર્બુદ્ધિ આવી તેય આપણા પાપના ઉદયે આવે આ વાત નથી સમજાઇ તેથી કોઇ એક કહે તેને ચાર સંભળાવો છો અને તેમાં ડહાપણ માનો છો. અને ઉપરથી કહો છો કે 'થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ' આવા નાગાઓને તો ભગવાન પણ ન સમજાવી શકે ! કોઇ એક કહે તેને ચાર સંભળાવો તે ડાહ્યો કહેવાય કે ગાંડો કહેવાય ?

ભલો ગ્રાહક આવે અને તેને ઠગી લો તો તમને આનંદ થાય કે દુઃખ થાય ? તેને ય ઠગો તે શાનો પ્રતાપ છે ? પૈસાના લોભનો. તે લોભ પાપ છે કે પુણ્ય છે ? માટે સમજો કે, દુનિયામાં દેખાતો મહાપુણ્યવાન પણ મહાપાપી હોય ! ગરીબડો આદમી ય સારામાં સારો હોય ! તમે તો માનો કે, પૈસાવાળો એટલે સારો અને ગરીબ એટલે ખરાબ. ગરીબ આવે તો તમે તેને હડસેલો. તાકાત હોય તો હેરાન કર્યા વિના રહો ? તમે સારો કોને માનો ? નીતિના માર્ગે, ધર્મના માર્ગે શાંતિથી જીવે તે તમને કેવો લાગે ? 'બચારો' પેલા ઘોર પાપ કરી ગાડીમાં ફરે, પ્લેનોમાં ઊડે, જે વચ્ચમાં આવે તે ગયો–તેને સારો માનો તો તે ય તમારો પાપોદય છે. સુખીને ઔચિત્ય ખાતર આગળ બેસાડો તે જુદી વાત છે. તમે બધા સુખીનું સન્માન કરો તે ય સ્વાર્થ માટે કરોને ? તમારે ત્યાં સન્માન સુખીનું હોય કે ધર્મીનું હોય ? તમારી પાંચ માણસને જમાડવાની તાકાત હોય તો પાંચ સારા ધર્મી હોય પણ ગરીબ હોય તો તેને બોલાવો કે તમારા જેવાને બોલાવો ?

(ક્રમશઃ)



પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણિ. લિખિત

ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

પ્ર૦– સ્વપ્નદ્રવ્ય અંગે કોઇ શાસ્ત્રપાઠ નથી તો આટલો વિવાદ કરવા પાછળનું રહસ્ય શું ? [પૃ.૮૯]

ઉ૦– શાસ્ત્રપાઠ સીધો અક્ષરરૂપમાં ન મળે તોય તાત્પર્ય રૂપે તો મળે જ છે. વધુમાં આજ સુધીની સુવિહિત ગીતાર્થોએ માન્ય કરેલી પરંપરાથી ય સ્વપ્નાદિ દ્રવ્ય જીર્ણોદ્ધાર આદિમાં વપરાય છે. તેનાથી દેરાસર ચલાવવાની કે જિનપૂજા કરવાની સુવિહિત પરંપરા નથી. અહીં 'ઘણા બધા ગીતાર્થ આચાર્યો એકમતે જે નિર્ણય આપે તે માન્ય રાખવા' ની વાતો કરનારા આવા એકમતે નિર્ણય કરનારા આચાર્યોમાંથી કેટલા આચાર્યો વિરોધ કરીને ખસી ગયા તે જાહેર કરતા ગભરાય છે. ખરેખર તો ઘણા બધા આચાર્યોની એકમતીની સામે ઘણા બધા ગીતાર્થ આચાર્યોની અસંમતિની ઉપેક્ષા કેમ થાય છે ?

પ્ર૦– 'સ્વપ્ન દ્રવ્ય, ઉપધાનની માળા વગેરે કલ્પિત દેવદ્રવ્યની રકમમાંથી દરેક સંઘ પૂજારીને પગાર, ગોઠીનો પગાર વગેરે કાર્યો કરે તો જે આજે અમુક દેવદ્રવ્યમાંથી કેટલાક સંઘોમાં પગાર અપાય છે તે મોટું નુકશાન દૂર થઇ જાય ને ?' [પૃ. ૯૫]

ઉ–૦ સ્વપ્નદ્રવ્ય, ઉપધાનની માળ વગેરેની રકમ કલ્પિત દેવદ્રવ્ય નથી. જિનમંદિરના નિર્વાહની બુદ્ધિથી અર્પણ કરાયેલા દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્ય કહેવાય છે. આવા દ્રવ્યથી ગોઠીને પગારાદિ આપી શકાય. બાકી તો બોલીની રકમમાંથી કે દેવદ્રવ્યમાંથી પગાર વગેરે આપો એ તો બધું દેવદ્રવ્યં જ થયું. બન્નેમાં કોઇ તફાવત નથી એટલે મોટું નુકશાન દૂર થવાની તમારી વાત બરાબર નથી. દેવદ્રવ્યમાંથી અપાતા પગાર કરતાં, દેવદ્રવ્યને કલ્પિતદ્રવ્યનું નામ આપીને તેમાંથી અપાતા પગારનું નુકશાન મોટું છે. કારણ કે ભૂલને નિયમ બનાવી દેવાથી સુધરવાનો રસ્તો રહેતો નથી. સંમેલનીય ગીતાર્થ આચાર્યોએ બોલીના દ્રવ્યને કલ્પિતમાં ગણવાનું સર્વાનુમતે માન્ય રાખ્યું નથી. પ્રવર સમિતિના મુખ્ય ગણાતા આચાર્ય પણ સંમેલનનો વિરોધ કરીને સંમેલનમાંથી ખસી ગયા છે આ બધી જાહેર વાત શા માટે છુપાવવામાં આવે છે ? મોટા–મોટા સર્વાનુમતિ કે સર્વસંમતિનો ઢોલ વગાડયા કરવાનો શો અર્થ છે ?

પ્ર૦- કલ્પિતદ્રવ્યને તમે પણ જિનભક્તિ સાધારણ કહો છો, તેમાંથી જિનમંદિર સંબંધી અર્ચ કરી શકાય તેમ કહો છો. સંમેલનવાદીઓ પણ આમ જ કહે છે તો બન્નેમાં ફરક શું છે?

ઉ૦- મોટો ફેર છે. સંમેલનના સમર્થકો કલ્પિતદ્રવ્યમાં સ્વપ્નાદિ બોલીનું દ્રવ્ય પણ લઇ જવાનું કહે છે. અને તેનાથી જિનમંદિર સંબંધિ સર્વકાર્ય કરવાનું કહે છે. અમે સ્વપ્નાદિ બોલીના દ્રવ્યને જિનભક્તિ સાધારણ માનતા નથી. સંબોધ પ્રકરણકારે પણ એવી વાત લખી નથી. માટે સંમેલનવાદીઓથી આ રીતે અમારી વાત અલગ પડે છે. સંમેલનના સમર્થકો સ્વપ્નાદિ બોલીના દ્રવ્યને જિનભક્તિ સાધારણ માને છે, અમે તે દ્રવ્યને દેવદ્રવ્ય માનીએ છીએ તેમની અને અમારી વચ્ચે આ તાત્ત્વિક ફેર છે.

પ્ર૦- દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય વગેરેની વ્યવસ્થામાં એક મહાત્મા જુદી પ્રરૂપણા કરે અને બીજા મહાત્મા જુદી પ્રરૂપણા કરે તો ત્યારે મુંઝવણ થાય છે. આ વખતે શું કરવું? [પૃ.૯૯]

ઉ૦- આવી અવસરે બહુસંખ્યક ગીતાર્થોની વાત સામે બીજા સુવિહિત ભવભીરૂ ગીતાર્થ ભગવંતોના વિરોધ કે અસંમતિને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. મહાત્માઓની જુદી પ્રરૂપણાથી વિચલિત બનવા જેવું નથી. પૂર્વના સુવિહિત ગીતાર્થ મહાપુરૂષો જે શાસ્ત્રીય માન્યતાનુસાર ચાલતા આવ્યા તે માર્ગે ચાલવું જોઇએ. બહુ સંખ્યકોને કે બહુમતિઓને માન્ય રાખવી જ જોઇએ એની જૈન શાસનની મર્યાદા નથી.

એવા પ્રસંગે 'શક્તિ પરિવર્જયેત્' આ નિયમનું અનુસરણ કરવું જોઇએ. ઉદા. કોઇ વસ્તુ ભક્ષ્ય કે અભક્ષ્યનો વિવાદ ઉભો હોય ત્યારે એનો ઉકેલ ન આવે ત્યાં સુધી એ વસ્તુ ન વાપરવી એ જ સાચો માર્ગ છે. વાપરવામાં એક માન્યતા પ્રમાણે (જે સાચી હોઇ શકે છે,) દોષ લાગે છે. જ્યારે નહિ વાપરવામાં તો બન્ને માન્યતા પ્રમાણે દોષ લાગવાનો સંભવ નથી. આવા પ્રસંગે કરવું કરવા માટે એક પક્ષને (ભક્ષ્ય ગણનારને) પકડી રાખનાર મહાદોષનો ભાગી બને છે. દ્રવ્યવ્યવસ્થામાં ય સાચો ઉપાય આ જ છે. એક રકમ સાધારણ દ્રવ્ય હોવાની કે દેવદ્રવ્ય હોવાની ચર્ચા ચાલતી હોય ત્યારે એને દેવદ્રવ્ય માનીને ચાલવામાં જ સાચી આરાધના છે. કારણ કે સાધારણદ્રવ્ય પણ દેવદ્રવ્યના કાર્યમાં તો બન્ને પક્ષની માન્યતા પ્રમાણે આવી જ શકે છે જ્યારે આવા પ્રસંગે કરવું પકડી લેવાના આશયથી એને સાધારણદ્રવ્ય તરીકે વાપરવાથી મહાદોષ લાગે. કારણકે દેવદ્રવ્ય સાધારણદ્રવ્યના કાર્યમાં વાપરી જ ન શકાય.

વર્તમાન વિવાદમાં ભવભીરૂ વહીવટદારો આવો નિર્દોષ માર્ગ અપનાવે તે જ હિતાવહ છે. તેને બદલે 'સાધારણની આવક ઉભી કરવાના ભારમાંથી છૂટવા' ના હોસે સંમેલનના રવાડે ચઢવા માંગતા

વહીવટદારોને, દેવદ્રવ્યની ઘોર વિરાધનાનો ભાર માથે લઈને ભવોભવ દુર્ગતિમાં રખડવું પડશે. ત્યારે આ 'ગીતાર્થો' બચાવવા નહિ આવે.

પ્ર૦– વળી જે સ્વામીવાત્સલ્યની ટીપ કરી હોય તેની રકમ પણ જૈન ધર્મની હીલનાને નિવારવા માટે અને જૈન શાસનની સર્વત્ર પ્રશંસા (પ્રભાવના) કરાવવા માટે અનુકંપામાં વાપરવી જોઇએ. ખાસ અનુકંપા માટે કરાયેલી ટીપથી કામ નભી જતું હોય તો આમ કરવાની જરૂર નહિ' સાતેય ક્ષેત્રોથી–સૌથી ચડિયાતું ખાતું જિનશાસન પ્રભાવના છે. એટલે સ્વામીવાત્સલ્યની રકમ તેની નીચેનાં અનુકંપા ખાતે કેમ થઇ શકે ? તે સવાલ કરવા જેવો નથી' [પૃ.૧૩૩] આ વાત બરાબર છે ?

ઉ૦– ના, જૈન ધર્મની હીલના થાય તેમ હોય તો સાધર્મિક વાત્સલ્યની ટીપની રકમ તે ખાતે જ રહેવા દેવી. સમય–સંયોગ અનુકૂળ થાય ત્યારે તે રકમ માંથી સાધર્મિકવાત્સલ્ય કરી શકાય. પણ તે રકમને અનુકંપા ખાતે લઇ જઇને 'શાસન પ્રભાવના' કરવા જેવી નથી. રકમની અયોગ્ય ખાતા બદલી કરીને શાસન પ્રભાવના કરવાની નથી પોતાની લક્ષ્મીનો ઉપયોગ કરીને કરવાની છે. અનુકંપા માટે અલગ ટીપ કરીને તે કાર્ય કરવું હિતકર છે. સાધર્મિક વાત્સલ્યની રકમ 'પ્રભાવના'ના નામે અનુકંપામાં લઇ જવી હિતકર નથી. જે તે ખાતાની રકમ શાસ્ત્રીય મર્યાદામાં રહીને વાપરવામાં આવે તો પ્રભાવના થાય. મર્યાદા મૂકીને વપરાય તો વાહ–વાહ થાય પ્રભાવના નહિ. જિન શાસનની પ્રભાવનાને સાતેય ક્ષેત્રોથી–સૌથી ચડિયાતા ખાતામાં ગણવી અને દેવદ્રવ્યથી તેવી પ્રભાવના કરવાનો નિષેધ કરવો એ પદાર્થની અસ્પષ્ટતા સૂચવે છે. મારા ખ્યાલ મુજબ કદાચ લેખક પંન્યાસજીને પોતાના હાથે થઇ ગયેલા કાર્યના બચાવ માટે આ બધી અપૂર્ણ દલીલો અર્થહીનપણે કરવી પડી છે સાધર્મિક વાત્સલ્યની વધી પડેલી રસોઇને સાધર્મિક વાત્સલ્યની ટીપ સાથે સરખાવીને (એ ટીપ વધી પડેલી છે ?) લેખકશ્રીએ પોતાની 'તાર્કિકતા'નું પ્રદર્શન કર્યું છે. આલોગથી કે અનાલોગથી એકવાર ભૂલ કરી દીધી હોય તોય કોઇ ભૂલ બતાવનાર મળી જાય તો સમજીને ભૂલ સુધારવી જોઇએ, આમ ઢાંકપીછોડો કરવો હિતકર નથી. વધેલી રસોઇ–કે જે સાચવી રાખવાનું શક્ય નથી–અને સાધર્મિક વાત્સલ્યની ટીપનું મૂળ દ્રવ્ય–કે જે સાચવી રાખવાનું અને સમય જતાં તેમાં વધારોજ થવાનું શક્ય છે–તે બન્નેને સરખાં ગણવા પાછળ પોતાના મતાગ્રહ સિવાય બીજું કશું નથી. અને ઘણે સ્થળે જાગૃત વહીવટદારો તો વધેલી મીઠાઇ વગેરે વેચીને તેની રકમ ફરી સાધર્મિક વાત્સલ્ય ખાતે જમા કરતા હોય છે. પંન્યાસજી આવા વ્યવહારિક અનુભવોથી અજાણ રહ્યા લાગે છે.

(ક્રમશ:)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક—૩]

શ્રી નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામિ મહારાજાએ 'મિચ્છામિ દુક્કડં' પદનો અર્થ આ પ્રમાણે કહ્યો છે.

"'મિ'ત્તિ મિઉમદ્દવત્તે, 'ચ્છુ' ત્તિ ય દોસાણુ છાયણે હોઇ. 'મિ' ત્તિ ય મેરાએ ઠિઓ, 'દુ' ત્તિ દુગંચ્છામિ અપ્પાણું. 'ક્ક' ત્તિ કઇમે પાવં, 'ડ' ત્તિ ય ડેવેમિતં ઉવસમેણું. એસો મિચ્છાદુક્કડપયક્ખર ત્થો સમાસેણું.'

'મિ'-મૃદુ-કોમળપણાથી 'ચ્છા'-દોષોને ઢાંકનારો-દોષોથી પાછો ફરીને, 'મિ'-મર્યાદામાં રહેલો, 'દુ'- આત્માની દુગંછા કરું છું, કેવા આત્માની ? 'ક્ક'- મેં જે પાપ કર્યું છે તેવા. કેવી રીતે 'ડમ'-ઉપશમભાવ પામીને આ 'મિચ્છામિ દુક્કડ" પદાક્ષરોનો સંક્ષેપથી અર્થ છે.

હોઉ મે એસા સમ્મં ગરિહા. હોઉ મે અકરણનિઅમો. બહુમયં મમેઅંતિ, ધમ્મગમિ આણુસટ્ઠિઠં, અરહંતાણું ભગવંતાણું, ગુરુણું કલ્લાણમિત્તાણંતિ. હોઉ મે એ એ હિં સંજોગો. હોઉ મે એસા સુપત્થણા. હોઉ મે ધ્રુવ બહુમાણો. હોઉ મે ઈચ્ચો સુકખણીઅંતિ.

ઉપર જણાવેલી મારી એ ગર્હા ભાવરૂપ થાઓ અને મારે ફરીથી તેવું પાપ ન કરવાનો નિયમ હો. આ બન્ને બાબત મને બહુ સંમત છે અને એથી જ હું અનંત ઉપકારી શ્રી અરિહંત ભગવંતોની તથા કલ્યાણમિત્ર એવા ગુરુ ભગવંતોની હિતશિક્ષાને વારંવાર ઇચ્છું છું.

આ શ્રી અરિહંત પરમાત્માદિની સાથે મને ઉચિત યોગ પ્રાપ્ત થાઓ. મારી આ શ્રી અરિહંતપરમાત્માદિના સંયોગવાળી પ્રાર્થના સારી રીતે સફળ થાઓ. આ પ્રાર્થનાને વિષે મને બહુમાન-હર્ષ ઉત્પન્ન થાઓ. તથા આ પ્રાર્થનાથી મને મોક્ષના બીજરૂપ શુભાનુબંધી કર્મ અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાઓ.

પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ. આણારિહે સિઆ. પડિવત્તિજુત્તે સિઆ. નિરઇઆરપારગે સિઆ.

તે શ્રી અરિહંત પરમાત્માદિની પ્રાપ્તિ થવાથી હું તેઓની સેવાને યોગ્ય–લાયક થાઉં. તેઓની પરમતારક આજ્ઞા પાળવાને લાયક થાઉં, તેઓની ભક્તિ વડે યુકત થાઉં અને અતિચાર રહિતપણે તેમની આજ્ઞાનો પારગામી થાઉં. અર્થાત્ તેમની આજ્ઞાનું નિરતિચાર પણે પાલન કરી ભવના પારને ઉતરનારો થાઉં.

આ પ્રમાણે દુષ્કૃતની ગર્હા કહી. હવે સુકૃતની અનુમોદનાને કહે છે.

સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુકડં. અણુમોએમિ સવ્વેસિં અરહંતાણું અણુટ્ઠાણું. સવ્વેસિં સિદ્ધાંણું સિદ્ધભાવં. સવ્વેસિં આયરિઆણું આયારં. સવ્વેસિં ઉવજ્ઝાયાણું સુત્તપ્પયાણું સવ્વેસિં સાહુણું સાહુકિરિઅં. સવ્વેસિં સાવગાણું સુકખસાહણજોગે. સવ્વેસિં દેવાણું, સવ્વેસિં જીવાણું, હોઉકામાણું કલ્લાણાસયાણું મગ્ગસાહણ જોગે.

સંવિગ્ન એટલે કે મોક્ષનો જ અર્થી થયેલો એવો હું મારી શકિત પ્રમાણે સુકૃતને સેવું છું. તે આ પ્રમાણે–સર્વે શ્રી અરિહંત પરમાત્માના ધર્મકથાદિ અનુષ્ઠાનોની હું અનુમોદના કરૂં છું. તે જ રીતે સઘળાય શ્રી સિધ્ધ ભગવંતોના અવ્યાબાધાદિ સિધ્ધપણાને, સઘળાય શ્રી આચાર્ય ભગવંતોના જ્ઞાનાચારાદિ આચારોની, સઘળાય શ્રી ઉપાધ્યાય ભગવંતોના દ્વાદશાંગી રૂપ સૂત્ર પ્રદાનની, સઘળાય શ્રી સાધુ ભગવંતોની સ્વાધ્યાય–ધ્યાનાદિ શુભ ક્રિયાઓની, તથા સઘળાય શ્રાવકોના વૈયાવચ્ચાદિ મોક્ષ સાધનના યોગોની હું અનુમોદના કરૂં છું. તે જ રીતે સઘળાય ઇન્દ્રાદિ દેવોના અને આસન્નભવ્ય (જેનો મોક્ષ નજીકમાં છે) અને શુધ્ધ આશયવાળા સઘળા ય જીવોના કુશલ અનુષ્ઠાનની એટલે કે માર્ગાનુસારીપણાના અનુષ્ઠાનોની હું અનુમોદના કરૂં છું. તેવી રીતે ગુણઠાણાને પામતા કે પામવાનો પ્રયત્ન કરતા અનભિગ્રહી એવા મિથ્યાદૃષ્ટિ જીવોના માર્ગ સાધન યોગોની પણ અનુમોદના કરૂં છું.

હોઉ મે એસા અણુમોઅણા સમ્મં વિહિપુવ્વિઆ, સમ્મં સુદ્ધાસયા, સમ્મં પડિવત્તિરુવા, સમ્મં નિરઇઆરા, પરમગુણજુત્તઅરહંતાઇ સામત્થઓ. અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો વીઅરાગા સવ્વણુ, પરમકલ્લાણા પરમકલ્લાણહેઉ સત્તાણું. મૂઢે અ સ્નિહ પાવે અણાઇમોહવાસિએ, અણુલિમ્પે ભાવઓ, હિઆહિઆણું અલિમ્પે સિઆ, અહિઅનિવિત્તો સિઆ, હિઅપવિત્તે સિઆ આરાહગે સિઆ, ઉચિઅપડિવત્તીએ સવ્વસત્તાણું સહિઅંતિ ઇચ્છામિ સુકકડં, ઇચ્છામિ સુકકડં; ઇચ્છામિ સુકકડં.

પરમ ઉત્કૃષ્ટ ગુણોથી યુકત એવા શ્રી અરિહંત પરમાત્માદિના શ્રેષ્ઠ સામર્થ્યથી મારી આ અનુમોદના, સૂત્રમાં–આગમમાં કહેલી સમ્યક્ વિધિ મુજબની થાઓ, કર્મનો

નાશ થવાથી શુદ્ધ આશયવાળી થાઓ, સમ્યક્ પ્રતિપત્તિ રૂપ એટલે કે અનુમોદનીય તે તે અનુષ્ઠાનોને સારી રીતે ભાવથી કરવાવાળી થાઓ, અને તેનો સારી રીતે નિર્વાહ કરવા પૂર્વક અતિચાર વિનાની થાઓ. કેમકે અચિન્ત્ય શક્તિથી યુક્ત એવા તે શ્રી અરિહંતપરમાત્માદિ રાગ-દ્વેષથી રહિત છે, સર્વજ્ઞ છે અને તે તે ઉપાયો વડે દરેક પ્રાણિઓને પરમ કલ્યાણના કારક અને પરમ કલ્યાણના હેતુભૂત છે. જ્યારે હું તો મૂઢ છું, પાપી છું, અનાદિમોહથી વાસિત છું, અને પરમાર્થથી હિતાહિતનો અજાણ છું. તેથી તે શ્રી અરિહંત પરમાત્માદિના સામર્થ્યથી હિતાહિતનો જાણ થાઉં એટલે કે અહિતથી પાછો ફરું અને હિતમાં પ્રવૃત્તિ કરનારો થાઉં. અને પોતાનું હિત જાણીને સર્વ પ્રાણીઓની ઉચિત સેવા વડે આરાધક થાઉં. એટલા માટે હું સુકૃતનું ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું.

આવી રીતે સુકૃતનું આસેવન-કરવા રૂપે કરાવવા રૂપે અને અનુમોદવા રૂપે ઉત્તમ જ છે અને શ્રી બળદેવમુનિ, રથકાર અને મૃગના દૃષ્ટાંતથી વિશેષથી તેનું પરિભાવન કરવું જોઈએ.

હવે આ સૂત્રનો પાઠ કરવામાં ફલને કહે છે.

એવમેઅં સમ્મં પઢમાણસ્સ સુણમાણસ્સ અણુપ્પેહમાણસ્સ, સિઢીલીભવંતિ પરિહાયંતિ ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા. નિરણુબંધે વાઽસુહકમ્મે ભગ્ગસામત્થે સુહપરિણામેણં, કણગબદ્ધે વિઅવિસે, અપ્પફલે સિઆ, સુકાવણિજ્જે સિઆ, અપુણભાવે સિઆ.

આ પ્રમાણે આ સૂત્રનો સંવેગ સહિત સારી રીતે પાઠ કરનાર અથવા બીજા પાસે સાંભળનાર અથવા તેના અર્થનું બરાબર ચિંતવન કરનાર મનુષ્યના અશુભ કર્મના અનુબંધો; મંદવિપાકને લીધે શિથિલ થાય છે, તેના પુદ્ગલો દૂર થવાથી હાનિને પામે છે. મંદ થાય છે અને વિશેષપ્રકારના તીવ્ર ઉત્તમ અધ્યવસાયને લીધે મૂળમાંથી પણ નાશ થાય છે. ત્યાર પછી અનુબંધ રહિત એવું જે કાંઇ અશુભ કર્મ બાકી રહ્યું હોય તે આ સૂત્રના સારી રીતે પાઠ કરવાથી, સાંભળવાથી કે ચિંતનથી ઉત્પન્ન થયેલા શુભ પરિણામથી સામર્થ્યરહિત ભગ્ન સામર્થ્યવાળું થાય છે. એટલે કે પોતાના અશુભકર્મને વિપાક બતાવવા શક્તિમાન થતું નથી. જેમકે મંત્રના પ્રભાવથી વિષયુક્ત ભાગને દોરીથી બાંધવામાં આવે તો તે વિષનો વિકાર આગળ વધતો નથી તેમ શુભ પરિણામથી સામર્થ્ય હીન બનેલું તે અશુભ કર્મ અલ્પફળવાળું બને છે, સુખે કરીને સંપૂર્ણ વિનાશ કરવા લાયક થાય છે. તથા ફરીથી તેવા પ્રકારનો ઉત્કૃષ્ટ કર્મબંધ ન થાય તેવું અપુનર્ભાવવાળુ થાય છે. આ પ્રમાણે અશુભની નિવૃત્તિરૂપ ફલ કહ્યું. (ક્રમશઃ)

લઘુકથા

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

'આપે તેવું પામે'

આપે તેવું પામે' આ કહેતી અનુસાર જેવું અપાય તેવું પમાય દુનિયામાં પણ કહેવાય કે 'આડો ઓઢે તે પડે' 'વાવે તેવું લણે' આજે હજી દાન દુનિયામાં ગાજતું છે. વાર-તહેવારે દાનના પ્રસંગો છલકાય છે પણ જો તેમાં વિવેક ભળે તો તે દાન હૈયે લાગે વિવેક રહિત પણે અપાતું લાગ્યોનું દાન પણ માત્ર નામના કીર્તિ વિના બીજું ફળ આપતું નથી. લક્ષ્મીની મૂર્છા ઉતારવા, મમત્વ મૂકવા અપાતું રાતી પાઇનું દાન પણ વાસ્તવિક દાન ધર્મ બને છે. માટે સૌ સુજ્ઞજનોએ દાન દઈને પણ તે સફળ બને પણ નિરર્થક ન બને તેવો પ્રયત્ન કરવો જોઇએ.

અજ્ઞાનપણાથી ભૂલ થઇ જવી સંભવ છે પણ ભૂલ જણાયા પછી તેને સુધારવી તે જ સાચો હિતકર માર્ગ છે. આ અંગે એક નાનકડું દૃષ્ટાન્ત પણ 'દાનવીરો' માં જો 'ચેતના' હોય તો જગાડવા સમર્થ છે.

કોઇ એક નગરમાં એક દાનપ્રેમી શ્રેષ્ઠી રહેતો હતો પણ વિવેકરહિતપણાથી દાન આપતો હોવાથી લોકોમાં સન્માનીય ન હતો બની શકતો તે હંમેશ ગરીબ-ગુરબાં દીન-દુઃખીને દાન આપતો પણ દાનમાં સડેલા કોહવાયેલાં જવ આપતો લોકો જાણવા છતાં પણ શ્રેષ્ઠીને મોઢા મોઢ કહી શકતા ન હતા. 'વાઘને કોણ કહે કે તારૂં મોં ગંધાય છે.'!

હવે તે શેઠે પોતાના દીકરાને ધામ-ધુમથી પરણાવ્યો અને ઘરમાં નવી નવી વહુ આવી પોતાના સસરાની આવી ચેષ્ટા જોઇ તે દુઃખી થઇ કે- "મારા સસરા ઉદાર દાની છે પણ પરમાર્થને જાણતા નથી માટે આવું દાન આપે છે તો મારે અવસરે તેમને સમજાવવા જોઇએ.'

થોડા દિવસ પછી એકવાર રસોઇયાને બોલાવીને વહુએ કહ્યું કે- આજે જ્યારે મારા સસરા જમવા આવે ત્યારે તેમના થાળામાં આ સડેલા કોહવાયેલા જવના લોટનો રોટલો પીરસજે અને પૂછે તો મારૂં નામ જણાવજે.

શેઠ જમવા આવ્યા ત્યારે રસોઇયાએ વહુના કહ્યા પ્રમાણે શેઠના થાળામાં તેવા જવનો રોટલો મૂક્યો. રસોઇયા પાસેથી આ વહુનું કારસ્તાન જાણી શેઠે વહુને બોલાવી.

ત્યારે વહુએ વિનયપૂર્વક કહ્યું કે- "હે પૂજ્ય સસુર! જેવું દાન અપાય છે તેવું જ ભવાંતરમાં પ્રાપ્ત થાય છે. જે કારણથી તમો સડેલું કહેવાયેલું જવના ધાન્યનું દાન દો છો તો ભવાંતરમાં પણ તેવું જ પ્રાપ્ત થશે. તેથી હવ્યાંથી જો આવા નિરસ અસાર એવા જવના રોટલાનો

(અનુ. પેજ ૨૩૨ ઉપર)

પૂ. પં. ચન્દ્રશેખરવિજયજી મહારાજના આવેશના પ્રતાપે એમના અનુયાયીઓએ કરેલ અન્યાયીવર્તન !

(૨)

—સુરેશ વી. શેઠ [સુરત]

પૂર્વના જૈન શાસનમાં સુરતના પં. ચન્દ્રશેખરવિજયજીના મહાપુરૂષોને માટે ઝેરીલા ડંખીલા– ટીકાત્મક– નિંદાત્મક– આક્ષેપાત્મક પ્રવચન અંશો અંગે આપે વાંચ્યા. એ પંન્યાસજી મ. ઘણી વખત પૂજ્યશ્રીના ભક્તવર્ગને સંભળાવતા હોય છે કે મારી નસેનસમાં એ મહાપુરૂષનું લોહી વહે છે પણ આ દાવો તેમનો કેવો પોકળ છે, એ મહાપુરૂષ પ્રત્યે હૈયામાં કેવી વેરભાવના બેઠી છે તે સુરતના સાત દિવસના પંન્યાસજી મ.ના પ્રવચનો જ પ્રકાશ પાડે છે. માટે તેમની માયા– કાવાદાવા– પ્રપંચ-ભરી યુક્તિમાં પૂજ્યશ્રીનો ચાહક વર્ગ હવે નહિ ફસાય તે નિર્વિવાદ છે.

આટલું બન્યા પછી પણ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનો કોઇ ભક્ત તેમના પ્રવચનમાં ગયો નથી. તેમને વ્યાખ્યાનમાં આગ ઓકતા અટકાવ્યા નથી. તેમની સભામાં ઝઘડવા ગયા ન હતા. હકીકતમાં ગુરૂભક્તિને લઇને આવા પ્રવ-ચનોની ચર્ચા સાંભળતા ત્યારે ગુરૂ ભક્તોનો લાગણીને ઘણો ધક્કો પહોંચતો હતો છતાં તેઓ ગમ ખાઇ ગયા અને સુરતમાં ઝઘડો ન પ્રસરે તે માટે જ મૌન રહ્યા.

પણ આ પક્ષના મૌન ને તે કોકો કાયરતા સમજતા હશે જેથી જ્યારે રામ-ચન્દ્રસૂરીશ્વરજી આરાધના ભવનના ટ્રસ્ટીગણે પૂ. મુ. શ્રી દિવ્યકિર્તિવિ. મ. સા.ના પ્રવેશ દિને ત્રણ દિવસ પછી રવિવારે ધર્મદ્રવ્ય વ્યવસ્થાની શાસ્ત્રીય સમજણ આપતી સભાનું આયોજન કર્યું જેમાં બહારગામથી નરેશભાઇ નવસારીવાળાને પણ આમંત્રણ અપાયુ હતું.

રવિવારે સભા શરૂ થઇ એ પૂર્વે જ નરેશભાઇ નવસારીથી સુરત આવી જ શકે તે માટેના પ્રયત્નો થયા છતાં પણ તેઓ આવ્યા પૂ મ. સા. પ્રવચન કર્યું વિરોધીઓએ ઘણા ઘણા પ્રશ્નો કર્યા પણ પૂજ્ય મુનિરાજશ્રીએ તમામ પ્રશ્નોના શાસ્ત્રધારે ખુલાશા કર્યા ત્યારે વિરોધીઓનો અહં ઘવાયો.

ત્યારબાદ નરેશભાઇ પોતાનું વકતવ્ય આપવા ઉભા થયા. જેવું નરેશભાઇનું વકતવ્ય શરૂ થયું કે સભાને તોડવા જ આવેલા ટોળાએ હોહા શરૂ કરી પણ ટ્રસ્ટીગણ સભા તુટે તેવું ન ઇચ્છતો હોવાથી શાંતિ રાખવાની અપીલ પ્રમુખ શ્રી ડો. રમેશભાઇએ કરી અને ફરીથી સભા શરૂ થઇ.

નરેશભાઇની વકતવ્ય શકિત ઉપર સમગ્ર સુરતની જનતા આફ્રિન પુકારી ગઇ જેમ જેમ વકતવ્ય આગળ વધતું ગયું તેમ તેમ વિરોધીઓ ખુલ્લા પડતા ગયા વિરોધી પ્રશ્ન કરે એ પહેલા એવી ભૂમિકા નરેશભાઇ કરતા કે વિરોધીઓને શું પુછવું તે જ સમસ્યા થઇ ગઇ.

વિરોધીઓનું એક જ નિશાન હતા નરેશભાઇ. તેમનું એક જ લક્ષય હતું નરેશભાઇની સભા તોડવાનું આગલા દિવસે પ્રીપ્લાન થઇ ગયો હતો કાં તો નરેશભાઇને પ્રશ્નો પૂછી મુંઝવીને ચૂપ કરી હુરીયો બોલાવવો કદાચ બુદ્ધિનાં નરેશભાઇ આગળ હોય તો બળ તો આપણી પાસે છે જ ટોળું જેટલું કરવું હોય તેટલું થઇ શકે તેમ છે ટોળાશાહી પર મુસ્તાક એવા બુદ્ધિનાં અને શાસ્ત્રના બળ આગળ એમના બુઠ્ઠા શસ્ત્રો ચાલ્યા નહિ એટલે બળ પ્રયોગ અજમાવવા બુદ્ધિશાળી ગણાત પ્રશ્નકારકો સભા છોડી જવા લાગ્યા અને એમના સ્થાને તોફાની વર્ગ ગોઠવાતો ગયો

નરેશભાઇને સભા પ્રશ્નો પુછે એના બદલે નરેશભાઇ સભાને પુછવા લાગ્યા કે બોલો હવે કંઇ પુછવાનું છે ! દ્રવદ્રવ્ય ભક્ષણની વાત પં. ચન્દ્રશેખર મહારાજના પુસ્તકમાંથી વાંચી સંભળાવી એટલે દ્રવદ્રવ્ય ભક્ષણનો પાઠ માંગવાના બોરતા જ અધૂરા રહ્યા. સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ એ વાત પણ પંન્યાસજીના પુસ્તકના આધારે જ સિધ્ધ કરી બતાવ્યું એટલે સાવ હવા જ નીકળી ગઇ. એટલે ટોળું તોફાને ચડયું– "નરેશભાઇ બેસી જાવ, તમે બહારથી કેમ આવ્યા છો ? અમારે મ. સા.ને સાંભળવા છે તમને નહિ..."વગેરે વગેરે બકવાસ– ઘોંઘાટ શરૂ કરીને સભા અશાંત કરાવી મોટો વાઘ મારો.

આમાં પણ આવા ટોળાશાહીમાં સ્વભાવે સુંદર અને શાંત પ્રકૃતિ ધરાવતા, સુરતમાં આગળ પડતો માન– મોભો ધરાવતા, ઉદાર દાનવીર તરીકે પ્રખ્યાતી પામેલા વાવ જૈન સમાજના પ્રમુખ અગ્રણી પણ ભળી ગયા અને એઓ જયારે આ ઉપાશ્રયમાં મોડેથી આવીને ટોળાની સાથે હાજરી પુરાવી તે ખૂબ જ વખોડાઇ ગયું તેમના માટે આ ઉચિત ન હતું તે સુરતના આ ઉચિત ન હતું તે સુરતના અનેક સમાજ કહેવા લાગ્યા

એમની સાથે સાથે સેવંતીભાઇ અમથાલાલ મહેતા પણ આવ્યા એઓ ત્રણસો જેટલા સમાજના યુવાનોને ઉશ્કેરીને સાથે લઇને આવ્યા અને ઉપાશ્રયમાં આવી માઇક પકડી લીધું અને શાંતિ રાખવાની સલાહ સાથે સાથે બીન જરૂરી અને અસ્થાને અયોગ્ય ભાષામાં એમના બકવાદ શરૂ થયો. ત્યાં જ રાધનપુર સમાજના અગ્રણીઓ શ્રી સુબોધભાઇ કે શેઠ અને વસંતભાઇ રાઓ પડકાર કર્યો તમારી સલાહ અમને નથી જોઇતી ચૂપ થઇ જાવ. સેવંતીભાઇને કલ્પના પણ નહિ હોય કે આવા શબ્દો

સાંભળવા પડશે અને ત્યાંજ તેમના ટાંટીયા ઢીલા થઈ ગયા. રોષમાંને રોષમાં બહાર નીકળી ગયા તેમની સાથે તેમનું ટોળું પણ નીકળી ગયું. એમનું કામ નરેશભાઈની સભા બંધ રાખવાનું હતું. તે સફળ થઈ ગયું. છતાં આટલેથી તેઓને અટકવું ન હતું. તેઓ જાણતા હતા કે સુરતમાં નરેશભાઈને ચુપ કર્યા પણ આતો બધેય સભાઓ ભરશે અને આપણા ચન્દ્રશેખર મહારાજને ખુલ્લા પાડશે એટલે નરેશભાઈને બોલતા કાયમને માટે ચૂપ કરવા હતા. એટલે ટોળું ઉપાશ્રયની બહાર ઉભું રહયું. નરેશભાઈનો હુરીયો બોલાવવા લાગ્યું. એમના સંસ્કારો મુજબનું વર્તન ચાલુ રાખ્યું. એમની સંસ્કૃતિ મુજબનું વર્તન દેખાતા લાગ્યું કે આ બધા કંઈ સંસ્કૃતિની રક્ષા કરવાના હશે?

અન્યને ઝઘડાખોર ચીતરનાર પોતે કેવા છે તેનું વરવું પ્રદર્શન તેમનું જોનારાઓએ જોયું નરેશભાઈને બહાર કાઢોની એક જ માગણી અને સૂત્રોચ્ચાર થયો. તે ટોળું નરેશભાઈને સલામત નવસારી પહોંચવા ન દેવાના નિર્ધાર સાથે એક કલાક સુધી હટયું નહિ. ધર્મસ્થાનો ઉપરં હુમલો કર્યો, સંઘના પ્રમુખ ડો. રમેશભાઇ ઉપર ચંપલો ફેંકી. આ બાજુના યુવાનો પણ પોતાના સંઘના પ્રમુખનું અપમાન જોઇ અકળાઈ ઉઠયા બધા બહાર નીકળી જે થવાનું હોય તે થાય એ નિર્ધાર સાથે જવાબ આપવા તૈયાર થઈ ગયા. ત્યારે ડોકટરે હાથ જોડી સમજાવ્યા કે પશુ જેવું વર્તન આપણાથી ન થાય અને બધા શાંત રહયા.

ધર્મસ્થાનોમાં પોલીસ બોલાવવી પડે તેટલી હદ સુધી ના છુટકે જવું પડયું આમંત્રણ આપી બોલાવેલા મહેમાનને કંઇ પણ થાય તો સંઘને કલંક લાગે. સામાવાળાઓને તો કલંક કલગી બનવાની હતી એટલે ન છુટકે પોલીસ બોલાવી. ત્યાંથી નરેશભાઇને સમેતશિખર એપાર્ટમેન્ટમાં અનિલભાઇના ઘેર જમવા લઈ ગયા. સાથે પોલીસ હતી. જેથી સહીસલામત ત્યાં પહોંચ્યા પોલીસ ગઇ અને દશ જ મીનીટમાં ઝનુની ટોળું સમેતશિખર પર હલ્લો લઇને આવી ગયું લલુપ્રસાદના તથલખી નિર્ણયોને પડકારવા પેલા બીહારના સમેતશિખર સુધી જવાની હામ નહી ધરાવતાઓએ આ સમેતશિખર એપાર્ટમેન્ટ ઉપર હલ્લો લઇને હૈ શો–હૈ શો કરીને આવી ગયા. નરેશભાઈને બહાર કાઢો, અમારા ગુરુદેવનું અપમાન કરનારને અહીંજ સજા મળશે. 'મારી નાખોને કાપી નાખો,'ની ભાષા કીડીને બચાવનારા આપણા માર્ગ ભૂલેલા જૈન ભાઇઓ ઉચ્ચારી રહ્યા હતા.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ ફોનના ચકરડા ઘુમાવી ઘુમાવીને અડધો કલાકમાં બે હજાર માણસોને એકઠા કરી દીધા બધાને એક જ ઝેર પીવડાવીને બોલાવ્યા કે નરેશભાઈએ ચન્દ્રશેખર મહારાજને ભાંડયા છે. વાસ્તવમાં એ સભાની કેસેટ અક્ષરે–

અક્ષર ટેપ કરી છે. કયાંય ચન્દ્રશેખર મહારાજની ઠેકડી ઉડાડી નથી, નિંદા કરી નથી. છતાં આવો જુઠો પ્રચાર કરીને પબ્લીકને ઉશ્કેરી.

ફરીને પોલીસ બોલાવી આ વખતે ટોળું એટલું બે કાબુ હતું કે સમેતશિખર એપાર્ટમેન્ટનો લોખંડનો મજબુત ગેટ પણ આ ટોળું તોડીને ઉપર ધસી આવે તેમ હતું. એટલી જ વારમાં પોલીસની મોટી ફોજ જીપ અને ગાડીઓ આવી ગઇ ટોળાની સામે જેવો ડંડો ઉગામ્યો કે ઘડીમાં તો આ બધા બહાદુરો દોડીને ભાગી ગયા. કેટલાંકને પકડીને લોકઅપ કરી દીધા જેમાં સેવંતીભાઇ જેવા અગ્રણી પણ ઝપટમાં આવી ગયા અને એ બધાને પકડીને પોલીસ સ્ટેશન લઇ ગયા.

પછી નરેશભાઈને પણ ત્યાં બોલાવ્યા. તેમના સાથીદારો સાથે નરેશભાઈ પણ ગયા. બંને પક્ષની વાતો પોલીસ ઇન્સ્પેકટરે સાંભળી. એઓ પણ સમજી ગયા કે કોની વાતમાં તથ્ય છે. સાંજ સુધી બધી ચર્ચાએ ચાલી સાંજે ચાર વાગે સામા પક્ષ તરફથી સમાધાનની ફોર્મ્યુલા આવી નરેશભાઇ માફી માગે તો બધું પતી જાય.

નરેશભાઈના સાથીદારોએ સ્પષ્ટ જણાવી દીધું જે થવું હોય તે થાય. જેલમાં જવું પડે તો પણ એમાં શું છે ? શાસનના પ્રશ્ને દેવદ્રવ્યની રક્ષા કરતાં કરતાં શહીદ થઈએ તો પણ એ સૌભાગ્ય કયાંથી ? માટે નરેશભાઇ અને એમના સાથીદારોએ ના કહી દીધી. તોફાન તમે કર્યું, ગાળાગાળી તમે કરી, ચંપલો તમે ફેંકી, ઘર પર પત્થરો તમે ફેંકયા. અને માફી નરેશભાઇ માગે ? આવી માગણી કઇ રીતે ઉચિત છે. કર્તા પછી વિવિધ સમાજના અગ્રણીઓ આવ્યા. ઘણી સમજાવટ કરી. સંઘના નગરશેઠ જેવા મધ્યસ્થી એ લોકોને ન મળ્યા જેથી પટેલ કોમના હીરાના અગ્રણી વેપારી જીવરાજભાઇ ધારૂકાને અને કેશુભાઇ પટેલના વેવાઇને એ લોકો દબાણ મુકવા વચ્ચે લાવ્યા. પણ જેના હૈયે જૈન શાસન હોય પછી એ કેશુભાઇના નરસિંહરાવના શાસનના ગમે તેવા દબાણો લાવે તો પણ દબાય ખરા ?

સામા પક્ષને પણ આ લોકોની ખુમારી નૈતિક હિંમતના દર્શન આ રૂપે થયા હશે. એક બાજુ ચંદ્રશેખર મહારાજના દાવા પ્રમાણે સાડા પંદર આની (!) અને આપણે અડધી આની (!) માં છતાં જે મક્કમતા જોઇ અને દબાણને વશ ન થયા એટલે માફી પરથી ક્ષમા ઉપર આવ્યા. ત્યાંથી સમાધાન ન થયું એટલે પછી મિચ્છામી દુક્કડમ્ પર આવ્યા અંતે નરેશભાઇએ કહ્યું કે 'મારાથી શાસ્ત્ર વિરૂદ્ધનું જીવનભરમાં કયારેય પણ આચરણ થયું હોય તો મિચ્છામી દુક્કડમ્' આ શબ્દો બોલવા માટે તૈયારી બતાવી. અને આ રીતે શાંતિ થઇ.

આટલી એમની પીછે હઠ પણ ટંગડી અધર રાખવા ગયા. કેટલાક બોલ્યા કે હવે દસ વરસ સુધી પણ આ લોકો ઉંચા નહિ થાય એટલા દબાવ્યા છે. એમને ખબર નથી કે રામનો એક શ્રાવક કે એક ઘર જે સમાજમાં–જે ગામમાં હોય છે તે બધાથી શ્રદ્ધામાં અને સમર્પણમાં અલગ તરી આવે છે. એ માત્ર વાતોમાં આગળ નથી હોતો. જીવન પણ એવા જીવે છે એ ભૂલી ગયા કે દબાય તે બીજા દસ વરસ તો શું પણ દસ દિવસ પણ નહિ દબાય. અને બીજા જ રવિવારે નરેશભાઈની સભા એ જ સ્થાનમાં એ જ સમયે ગોઠવી પુરા માન સન્માન અને સ્વમાન સાથે. ટીપટોપ શાંતિ સાથે.

ફરીથી એઓએ વિચાર કર્યો કે હવે શું કરવું ? પણ ઠેર ઠેર બદનામ થયા બાદ એમને પણ લાગ્યું કે આમ ઝઘડવાથી એ લોકો શાંત નહિ થાય. અને આપણે બદનામ થઈએ છીએ. એમણે રાહ જ એવો લઇ લીધો હતો કે સામે ચાલીને બદનામી વહોરી હતી અને નરેશભાઈને વધુ પ્રખ્યાત કર્યા જો પ્રથમ સભામાં જ તોફાન ન કર્યું હોતતો આટલી બદનામી એમની ન થાત પછી તો નરેશભાઈને ઠેર ઠેરથી સભાના આમંત્રણો મળ્યા. લાલબાગ મુંબઇમાં પણ પછીના રવિવારે જબર જસ્ત સભા ભરાઈ. છેક બહાર સુધી ચીકકાર માનવ મેદની થઈ નવ વાગ્યે શરૂ થયેલી સભા દોઢ વાગે પૂરી થઈ.

આમ સુરતની તોફાની સભાઓનો અહેવાલ આ રીતનો છે. તોફાનો પછી ખરેખર લોકો પણ બહુતા થયા. આ ઝઘડો માત્ર ઝઘડવા ખાતર નથી. પણ દેવદ્રવ્યની રક્ષા ખાતર છે. વરસે વરસે નવા વિવાદમાં ચમકવા ઇચ્છતા અને એ રીતે સતત પ્રસિદ્ધિમાં રહેવાની ભૂખ ધરાવતાઓએ હવે જૈન સંઘના હિત માટે નવા વિવાદો ઉભા કરવાની જરૂર નથી. વિવાદો વકરાવવામાં નિમિત્ત બનવાની જરૂર નથી.

સંઘ એકતા અને મૈત્રી ભાવના વધારવા કરેલું સંમેલન બધી રીતે તો નિષ્ફળ છે જ પણ મૈત્રી ભાવના વિકસાવવા જેટલું પણ સરળ–સાહજીક નથી તે ઘણા દુઃખની વાત છે. (સમાપ્ત)

: સર્વજ્ઞ ભાષિત ધર્મની સર્વોત્તમતા :

સવ્વં બલં ધમ્મબલં જિણાઇ, સવ્વા કહા ધમ્મકહા જિણાઇ ।
સવ્વા કલા ધમ્મકલા જિણાઇ, સવ્વં સુહં મુત્તિસુહં જિણાઇ ॥

સઘળાય બળોને ધર્મબળ જીતે છે, સઘળી ય કથાઓમાં ધર્મકથા શ્રેષ્ઠ છે, સઘળી ય કલાઓમાં ધર્મકલા શ્રેષ્ઠ છે અને સઘળાય સુખોને મુક્તિનું સુખ જીતે છે.

શાસન સમાચાર

મલાડ ઇસ્ટ–અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્યુષણ રૂડી રીતે ઉજવાયા મેરુ મંદિર તપમાં ૧૪૦ સંખ્યા થઇ. શાહ કેશવજી રવજી છેડા તથા જયંતિલાલ મણિલાલ મહેતાએ તપના બિયાસણા કરી લાભ લીધો તપસ્વીઓને પ્રભાવના થતાં ૩૦૦રૂા.ની પ્રભાવના થઇ.

શ્રીમતી દેવકુંવરબેન મૂળજી જીવરાજ છેડા (પ્રભાદેવી)એ મેરૂ મંદિર તપ સાથે માસ ખમણ કરતાં સુદ ૫–૬ના સવારમાં રથયાત્રા વરઘોડો રાખેલ સંઘ તરફથી પારણા તથા ૧૦ વાગ્યે સંઘ જમણ થયું. પર્યુષણના આઠે દિવસ પ્રભુજીને ભવ્ય આંગી તથા જન્મ વાંચન વખતે સૌ પ્રથમ લાડુની પ્રભાવના લંડન બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ ચંદ્રિકાબેન તથા દેવકુંવરબેન તરફથી હ: રતિલાલ દેવચંદ ગુદકા દ્વારા થઇ સુદ ૭ના રથયાત્રા વરઘોડો તથા સુદ ૧૧–૧૨–૧૩ જિન મંદિરો ચૈત્ય પરિપાટી સારી રીતે થઇ સ્વપ્નની ઓલી તથા જીવદયા ફંડ તથા સર્વસાધારણ ટીપ સારી થઇ.

ધનજીવાડી–અત્રે આઠે દિવસ પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. પ્રવચન આપવા પધાર્યા હતા ઉપજ વરઘોડા વિગેરે સારા થયા.

ગોરેગાંવ શ્રીનગર– અત્રે મલાડથી પૂ. મુ. શ્રી દિવ્યાનંદવિજયજી મ. તથા પાલીથી પૂ. મુ. શ્રી નયવર્ધન વિજયજી મ.ના શિષ્ય પૂ. મુ. શ્રી પુન્યવર્ધનવિ. મ. આદિ પર્યુષણ માટે પધાર્યા હતા. ઉપજ આરાધના સુંદર થઇ સુદ ૧૦ના રથયાત્રા પ્રસંગે પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂ મ., આદિ સર્વે પધાર્યા હતા.

અભ્યાસ નહિ કરો તો પરલોકમાં તમને આવું ધાન્ય કઇ રીતના રૂચશે એમ માનીને મારા વડે આવું કરાયું છે” તેણીની બુદ્ધિ પ્રતિભા, વાકચાતુર્ય અને હૃદયગત ભાવોને જાણીને આનંદિત થયેલા શ્રેષ્ઠીએ ત્યારથી પોતાની ભૂલ

(અનુ. ૨૨૬ નું ચાલું)

સુધારી અને ઉભમજાતિનું દાન આપવાનું શરૂ કર્યું.

આ કથાનો સાર એટલો જ છે કે પરલોક સુધારવા માટે આપણે આપણી બધી કુટેવોને જલાંજલિ આપવી જોઇએ અને વિવેકપૂર્વક દાનાદિ ધર્મોના સમારાધક બનવું જોઇએ.

[ટાઈટલ રનું ચાલું]

તો તેને બે–ચાર ચોપડાવીને દૂર કરવો જોઈએ તેમ પણ તે દૂર ન થાય તો તેને ગરમાગરમ ભજીયાં ચખાડીને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

આપણા દોષો દૂર કરવા ચોકકસ ગુસ્સો કરજો પરંતુ પરદોષોને જોઈને ગુસ્સે થતાં નહી કોઈની ઉપર ગુસ્સે થયા વગર હૃદયમાં ક્ષમા ધરીને સ્વચ્છ ગુણોની છાયા પ્રગટ કરીને જીવન ધન્ય બનાવીએ.

ઉર્મીલાબેન યુ. શાહ

જગ્યા પૂરો

(૧) ગિરિરાજ ઉપર પાંચ કરોડ મુનિની સાથે.....મોક્ષે ગયા હતા.

(૨) આગે અનંતા સિદ્ધશે પૂજા ..... ભગવંત

(૩) યાત્રા નવ્વાણું કરીએ વિમલગિરિના રચિતા.....છે.

(૪) નવાણું કરનારે ઓછામાં ઓછી નવયાત્રા.....કરવી જોઈએ.

— ભકિતના નવ પ્રકારો —

૧ સત્સંગ–ઈશ્વરની આસ્થાવાળા મહાપુરૂષોની સોબત.

૨ પ્રભુ કથા પ્રીતિ–પ્રભુની કથા ઉપર અનહદ પ્રેમ.

૩ ગુરુ ચરણ સેવા–અમાપ ભકિત

૪ નિષ્કપટ–ઈશ્વર ગુણ સંકીર્તન

૫ મંત્રજાપ–પ્રભુમાં અતુટ વિશ્વાસ સાથે ભજન

૬ સદાચાર–શીલ–વિરતિ પ્રેમ–સદ્‌ગુરુ સેવા

૭ ઈશ્વરમય વિશ્વ દર્શન–સંત તરફ અનહદ પ્રેમ

૮ યથા લાભ સંતુષ–પરદોષનું સ્વપ્નમાં પણ અદર્શન.

૯ પ્રાણિમાત્ર તરફ પ્રેમ–સરલતા, અભય, અદ્વેષ, અખેદ,

(ચિત્તના મલને દૂર કરવા માટે શાસ્ત્રે જણાવેલ ૯ પ્રકારો)

પુન્યપાલ એસ. મહેતા
(ગોરેગાંવ)

જંબુદ્વિપની જગતિ

૧ મેરૂ પર્વતથી પૂર્વદિશાએ ૪૫,૦૦૦ યોજન જઈએ ત્યારે પ્રથમ વિજય નામનું દ્વાર આવે છે.

૨ મેરૂ પર્વતથી દક્ષિણ દિશાએ ૪૫,૦૦૦ યોજન જઈએ ત્યારે દ્વિતીય વૈજયંત નામનું દ્વાર આવે છે.

૩ મેરૂ પર્વતથી પશ્ચિમ દિશાએ ૪૫,૦૦૦ યોજન જઈએ ત્યારે ત્રીજું જયંત નામનું દ્વાર આવે છે.

૪ મેરૂ પર્વતથી ઉત્તર દિશાએ ૪૫,૦૦૦ યોજન જઈએ ત્યારે ચોથું અપરાજિત નામનું દ્વાર આવે છે.

આ ચારે દ્વારો ચાર યોજન પહોળાં તથા ૮ યોજન ઉંચા અને બન્ને બાજુ ૧–૧ યોજન શાખ હોય છે.

સંકલિત : હરેશ એચ. મહેતા, રાજકોટ

દર્શન એ. શાહ પુના,



- પૈસા–ટકા, બંગલા–બગીચા, સુખ સામગ્રી જોઇ રાજી થાય તે અસલમાં સાધુ જ નથી. કોઇના પૈસા, કોઇની શેઠાણી, કોઇની સુખ સામગ્રી અને કોઇની ભક્તિ જો અસર કરે તો સાધુનું ગુરૂપણું ભાગી જાય.
- શ્રાવકપણું એ મામૂલી ચીજ નથી. શ્રાવક એટલે સાધુ પાછળ મરવા તૈયાર હોય, પણ સાધુની ખોટી વાતમાં 'હા' કદી પાડે નહિ.
- જીવને ધર્મ પામવામાં, ધર્મ કરવામાં, અંતરાય કરનાર જ સુખનો લોભ છે.
- ધર્મ દેખાવ માટે કરવાનો નથી. હૈયામાં આનંદ ન સમાય તેનું પ્રદર્શન એ જ ભગવાનનો મહોત્સવ છે.
- નિઃસીહિ એ ભગવાનના મંદિરમાં પેસવા માટે પહેલા નંબરનો પહેરગીર છે. પ્રથમ નિઃસીહિ બોલતાં વિચારવાનું છે કે– 'હે આત્મન્! તું સંસારના મોહમાં પડેલો છે, તને ઘર–બાર, પૈસા–ટકા, મોજ–મજાદિ બહુ ગમે છે. ભગવાનના મંદિરમાં ઘરબારાદિનો જરાપણ વિચાર આવવો ન જોઇએ, તેની વાત પણ ન કરાય કદાચ ઘરબાર છોડવાની વાત કરવી હોય તે છૂટ છે. પરંતુ ઘરબારાદિને સારા બનાવવાની ઇચ્છા હોય તો તું ઘેર પાછો જા' આ રીતે નિઃસીહિ ન બોલે તો તે પહેલા નંબની ભગવાનની આશાતના છે.
- જ્યાં સુધી પાપથી દુઃખ આવે છે. ધર્મથી સુખ આવે છે. દુઃખ એ મજેથી ભોગવવા જેવું છે, સુખ તાકાત હોય તો ફેંકી દેવા જેવું છે. તાકાત ન હોય અને કદાચ સુખ ભોગવવું પડે તો સાચવી સંભાળીને ભોગવવા જેવુ છે. ખરેખર સુખ તો મોક્ષમાં જ છે. મોક્ષ તેને જ મળે જે આત્માને ઓળખે અને આત્માનું સ્વરૂપ જાણે આત્માના સ્વરૂપને પ્રગટ કરવાના ઉપાયો શીખવે તેનું નામ જ સાચું જ્ઞાન છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લા ખાભાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

પ્રત

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

જૈન શાસન

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

સંસારમાં કશું નિશ્ચિત નથી

किं नास्ति मरणं तस्मिन्शरणं
वास्ति किञ्च ।
किं नानित्याश्च संयोगा निश्चन्तैः
स्थयते कथम् ? ॥

આ સંસારમાં મૃત્યુ કોને નથી, તથા શરણે જવા લાયક કોણ છે અને સ્ત્રી-પુત્ર-પરિવાર-ધનાદિ સંયોગો અનિત્ય છે તો નિશ્ચિત-પણે કેમ રહેવાય ?

卐

અઠવાડિક

વર્ષ	અંક
૮	૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
શિ. મુર્ધનગર, પિન-382009.

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- ભગવાનની સેવા-ભક્તિ કરવા છતાં પણ ભગવાને જે કહ્યું તે જાણવાનું-સમજવાનું મન ન થાય તો તે બધા ભગવાનના ભગત નથી.
- ધર્મથી જે સુખ મળે તે જીવ સાવચેત હોય તો મુંઝવે નહિ. ધર્મ પાસે જે સુખ માંગે, તે આપ્યા વિના રહે નહિ !
- પોતે કરેલા કર્મોની સજા મજેથી ભોગવવી તે જ દુઃખ મુક્તિનો ઉપાય છે.
- જેને દુનિયાનું સુખ જ સારૂં લાગે છે અને દુઃખ ભૂંડું લાગે છે, તે કદિ સુધર્યો નથી, સુધરતો નથી, સુધરવાનો નથી !
- કોઈને દુઃખ આપીને, કોઈનું સુખ ઝુંટવીને કદિ મજા ન કરે તેનું નામ જ સાધુ જીવન !
- ગમે તેવા ય કાળમાં અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ જ ચલાય. જીવાય પણ સમય-કાળ મુજબ ન ચલાય !
- મોતને મારવાની કળા શીખવાડનાર ભગવાનનું શાસન છે.
- સંસાર સુખમાં મજા તે દુર્ગતિનું દ્વાર ! દુઃખમાં મજા તે સદ્‌ગતિની ટૂંચી-ચાવી !
- ભગવાન શ્રી જિનેશ્વર દેવોનાં જન્મ કલ્યાણકનો એક જ સંદેશ છે કે-'આપણે હવે જન્મ જોઈતો નથી. જન્મ ન જોઇએ તેને જન્મ ઘટાડવા સારી રીતના મરવું પડે, તે માટે સારી રીતના જીવવું પડે. તે માટે દુઃખ મજેથી વેઠવાનું અને સુખ ન છૂટી શકે તો કર્મને ભોગવવાનું અર્થાત્ અજન્મા થવા મહેનત કરવી તે જ તેનો સંદેશ છે.
- હરપળ કર્મથી સાવધ રહે તેનું નામ ભગવાનનો શ્રી સંઘ !
- આત્મા બળીયો બને અને કર્મ નબળા પડે તેનું નામ ગુણઠાણું !
- ખોટું કરવાનું મન ન થાય અને શકિત મુજબ સારૂં કરવાનું મન થયા કરે તેવો જીવ દેવ-ગુરુની કૃપા બોલે તે સાચી !
- મરજી મુજબ જીવવું તે જ મોટામાં મોટું પાપ !
- જેને પાપ કરવું તે તે બધા 'સ્વતંત્ર' નથી પણ કર્મના ગુલામ છે. જેને પાપ નથી કરવું તે જ સ્વતંત્ર છે.
- જે વડિલ હોય તેને પૂછયા વિના એક પણ કામ ન કરવું તે જ સાચી સ્વતંત્રતા છે !
- આજે મનમાં આવે તે ખાવા-પીવાથી, જ્યાં-ત્યાં જ્યારે-ત્યારે રખડવાથી અને ખોટી વાસનાઓથી રોગ ફાટી નીકળ્યા છે.
- સંયમયાત્રા મેળવવા તીર્થયાત્રા છે.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ:
પ્રેમચંદ મેઘાજી ગુંદા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુંદા (થાનગઢ)

વર્ષ: ૮] ૨૦૫૧ આસો સુદ-૨ મંગળવાર તા. ૧૬-૯-૯૫ [અંક ૬

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૮ શનિવાર, તા. ૪-૭-૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ

(પ્રવચન ત્રેપનમું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુધ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના— —અ૨૦)

પ્ર૦-પાંચ ગરીબને બોલાવીએ તો બીજાને ખબર શી પડે ?

ઉ૦-તમે તો જે કરો તેથી પાપ જ બાંધો છો. ભગવાન...તોબા છો. સારૂં દેખાડવા જમડો છો અને અવસરે મને પણ કામ આવે તે માટે જમાડો તો પાપ બંધાય કે પુણ્ય બંધાય ?

આ નહિ સમજો તો મર્યા જશો. ભૂતકાળમાં ધર્મ કરેલો તેથી આજે સારી સામગ્રી મલી છે. અહીંથી મરીને કયાં જવું છે ? મોહથી, કર્મથી ગભરાતો હોય, તે બે થી બચતો હોય તેની સદ્ગતિ થાય. મોક્ષ તો મોહ મરે પછી થાય. મોક્ષમાં ગયા પછી દુઃખનું નામ નિશાન નથી અને સુખ પૂરેપૂરૂં છે. તે સુખ કેવું છે ? જે આવ્યા પછી કદી જાય નહિ. કાયમ રહેવાવાળું અને પૂરેપૂરૂં છે. ત્યાં બધા આત્મા એક સરખા છે ! અહીં તો શ્રીમંતોમાં પણ ભેદ પડે ત્યાં કોઇ ભેદ નહિ. આજના તો શ્રીમંતો પણ દુઃખી છે. આજના મોટા શ્રીમંતોને પોતાના પૈસા કયાં મૂકવા તેની ચિંતા છે તે ખબર નથી ! તમારો ય અનુભવ નથી ? તમારી પાસે કેટલા પૈસા છે

તે બહેક કરી શકો તેમ છો ? તમે કોઇ સાધુને પણ એમ કહ્યું છે કે 'શાસનનું કોઇ કામ પડે તો મને યાદ કરજો મારી પાસે ઘણા પૈસા છે' ! આજે કોઇ શ્રીમંતના વખાણ કરવા હોય તો અમને ભય લાગે કેમકે આજે જેટલા શ્રીમંત તે મોટામાં મોટા ચોર છે. તમે બધા આનો વિરોધ કરો કે- શ્રીમંતને ચોર કહો છો ? તો મને આનંદ થાય. આજે તમે બધા મારી વાત સ્વીકારી લો છો પણ કોઇ એમ નથી કહેતું કે, શ્રીમંત તે વળી ચોર હોતા હશે ! તમારા જોગી તમને સરકાર મલી છે. માટે મોટરોમાં દોડી શકો છો અને પ્લેનોમા ઉડી શકો છો. આજના ખુરશી ઉપર બેઠેલાને સાચવી લો તો ખોટું કામ કરો તો ય કોઇ પકડે નહિ, કદાચ કોઇ અધિકારી આવી ગયો હોય તો તેને ય તમારા જેવો બનાવ્યા વિના રહો નહિ, આજે જેની પાસે ઘણા પૈસા છે તેણે ઘણો ખોટો ધંધો કર્યો હશે, ઘણા ખોટા ચોપડા બનાવ્યા હશે તેમ કહીએ તે ખોટું છે ? આવી રીતે પૈસા ભેળવીને મજા કરતો કરતો મરે તે મરીને ક્યાં જાય ? તમને તેમની દયા આવે છે કે તેમના જેવા થવાનું મન થાય છે ?

સભા૦–સરકાર સારી હોત તો અમે સારા હોત.

ઉ૦–આજે લોકશાહીમાં સરકાર તમે છો. સરકાર તમે લાવ્યા છો. તે તો (ખુરશી ઉપર બેઠેલા) તમારા નોકરો છે, તમે માલિક છો. પણ તમે તેને એવા માલિક બનાવ્યા છે કે, તે જે માગે તે આપવું અને તેની પાસે લુંટના પરવાના લખાવી લેવા. આજનો મોટામાં મોટો સુખી કહે છે કે. ગમે તેવો સત્તાધીશ હોય મારે ચિંતા નથી. બધા પ્રધાનો મોઢે લાગે આજે ખરીદાયેલા છે.

આજના સુખીને સુખ ભોગવવું હોય તો મહાપાપ કરવાં પડે તેમ છે, તે ખબર છે ? તમે બધા પણ જો તે સુખના અર્થી મટી જાવ, જે મળે તેમાં જીવો તો ઘણા પાપથી બચી જાવ તેમ છો ! તમે રોજ કેટલાં પાપ કરો છો ? તે પાપ કેમ કરો છો ? આવા ડાહ્યા, સમજુ જીવો પાપ કરે તેમ ચાલાય ? પાપ તો સમજો છો ને ? જુઠ બોલવું, ચોરી કરવી, કોઇને ઠગવો, વિશ્વાસઘાત કરવો વગેરે પાપ છે ! જ્યારે ધર્મી એટલે પાપથી ભાગે અને ધર્મ કરવા દોડે ! આજના સુખી મોટે ભાગે મોટી દુર્ગતિમાં જવાના હોય તેમ લાગે છે. દુઃખી ઓછી દુર્ગતિમાં જશે કેમકે, તેમની પાસે પાપ કરવાની સામગ્રી નથી, પણ પાપ કરવાનું મન છે માટે ! મોટા બંગલામાં વસનારા પણ જુઠ મજેથી બોલે છે. ચોરી પણ કરે છે. તેમાં સરકારની ચોરી ખાસ કરે. રાજની ચોરી તે મોટું પાપ ખરું ને ? મોટા સુખીને હાથમાં બેડી નાંખીને બજાર વચ્ચેથી પકડીને લઇ જાય તો ય લોક કહે કે- 'સાલો તે જ દાવનો

હતો.' કોઇને તેના ઉપર દયા ન આવે. બધા જ કહે સારૂં થયું તે પકડાઇ ગયો. અનેકનું લોહી ચુસનારો હતો.

૫૦–નીતિનું ધોરણ મરી ગયું છે. બીજો ઉપાય નથી.

૬૦–તમે બધા સમજુ થઇ જાવ તો આ જ ઉપાય છે કે સુખ મોક્ષ વિના બીજે નથી ભય મોહ વિના બીજો એક નથી.

મોહ જ આત્માને ગાંડો બનાવે છે. તમે ડાહ્યા છો કે ગાંડા છો ? ડાહ્યો માણસ જૂઠ બોલે ? ચોરી કરે ? કોઇને ઠગે ? કોઇને ય હેરાન કરે ? આજના સુખીની સામે જે થયો તેનું ચાલે તો પાયમાલ જ કરે. તે ગમે તેવાં ખોટાં કામ કરે તો પણ તમારે તેમાં સંમતિ આપવી પડે, તેને હાથ જોડવા પડે, સલામ ભરવી પડે. મારો માલિક ઘણા ખોટાં કામ કરે છે તેમ જાણવા છતાં તમે તેને સાચું કહી શકો કે તેના ખોટામાં સહી કરો ? ખોટા ચોપડા લખવાનું કહે તો લખો ને ? એક કાળ એવો હતો કે મુનિમ શેઠને ય કહી શકતો કે, આવું આવું ચોપડામાં ન લખાય ! શેઠ બહારગામ ગયા હોય અને જેટલા પૈસા લઇ ગયા હોય તે પછી તેનો પાઇએ પાઇનો હિસાબ મુનીમને આપવો પડતો તેમાં બીડી–સીગરેટનો સીનેમા–નાટકનો ખર્ચો લખ્યો હોય તો મુનીમ કહેતો કે, આવા ખર્ચા ચોપડામાં ન બતાય ! (ન લખાય) જ્યારે આજે તે ખોટું લખનારા ભાડે મળે છે. તમે સેલ્સમેન કોને રાખો ? છોકરાને પણ કહી દો ને કે પેઢી ઉપર જાયતો મેનેજરને પૂછી પૂછીને કરજે. તેવાને મહિને બે–પાંચ હજારનો પગાર આપો. અડધી ય રાતે માગવા આવે તો તરત કાઢી આપો પણ ગરીબ નોકરનો પગાર વધારો કરો ?

તમે બધા આ વિચારતા કેમ નથી ? તો તેનું એક જ કારણ છે કે, મોક્ષમાં જ સુખ છે તે વાત હજી બેઠી નથી, મોહનો ભય લાગ્યો નથી, કર્મો વળગેલાં ભયંકર છે તે વાત સમજાઇ નથી. કર્મોથી છૂટવું જોઇએ, નવાં કર્મ ન બંધાય તેમ જે ઇચ્છે નહિ તે ધર્મી જ નથી. ગમે તેટલી સારામાં સારી ધર્મક્રિયા કરે તો પણ !

આપણે સૌએ મોહથી ડરવાનું છે. કર્મો વળગ્યા છે માટે મોહ વળગ્યો છે. કર્મ જે સુખ આપે છે તે પણ દુઃખ માટે આપે છે. કવિઓએ ભગવાનની સ્તવનામાં પણ ગાયું કે– "કર્મજનિત સુખ તે દુખ–રૂપ" કર્મજનિત જે સુખ છે તે દુઃખરૂપ છે, દુઃખનું આપનાર છે.

બહુ પૈસાવાળો લોભ ખૂબ કરે તો લોક પણ કહે કે બહુ લોભિયો છે. શાસ્ત્રે લોભને પાપનો બાપ કહ્યો છે. લોભી માયાવી જ હોય. લોભીને જૂઠ બોલ્યા વિના

ચાલે નહિ. તમે લોભી છો તો લોભને પાપ માનો છો કે પુણ્ય માનો છો ? દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મ છે. તો તમને દાન ગમે કે પૈસો કમાવાનું ગમે ? ઘણા ય ભાગ્યશાલીઓ ! અમને કહી જાય છે કે, બહુ ટીપવાળાને ઉભા ન કરો, નહિ તો અમે નહિ આવીએ ટીપ કરવા આવનારો તમને બહુ ગમે ? ટીપ કરવા આવનારો અમને દાન ધર્મ કરવાની તક આપે છે તેમ માનો ? તમારે ત્યાં સારો આડતિયો આવે તે તમને ગમે ને ? બાઇઓ પણ સમજી જાય. સારામાં સારી રસોઇ કરે તેમ અહીં દાન દેવાનો પ્રસંગ આવે તે ગમે ? શક્તિ મુજબ દાન દો ખરા ?

હજી તમને સુખની ઇચ્છા થાય છે. સુખ મળે તો મજા ય આવી જાય છે. તેને માટે સંપત્તિનું ય મન થાય છે; સંપત્તિ મેળવવા મહેનત પણ કરો છો તે વખતે હું પાપ કરું છું તેમ લાગે છે ? ધંધો કરું તે પાપ કરું છું તેમ લાગે છે ? જેઓ ધંધો ન કરે તો ય મજેથી જીવી શકે, સારી રીતે ધર્મ કરી શકે અને બે-પાંચ પૈસા ધર્મમાં ખર્ચી શકે; તેવા પણ વેપાર કરે છે ને ? તેને કર્મનો ભય છે ? મોહનો ભય છે ? અહીંથી મરવાનું નકકી છે તો મરીને કયાં જવું છે ? સદ્ગતિમાં જવાની ઇચ્છા પણ થઇ છે ?

પ્ર૦–દુર્ગતિમાં જવાની ઇચ્છા નથી.

ઉ૦–ચોરી કરનારને જેલમાં જવાની ઇચ્છા હોય ?

આજે પાપ કરતાં કોઇને ડર લાગતો નથી. **પાપ કરતાં જેને ડર ન લાગે તે તો ધર્મી જ નહિ.** તેનો ધર્મ સ્વાર્થ માટે હોય, સારા થવા માટે નહિ ! ધર્મી જુઠ બોલે ? આજીવિકાનું સાધન હોય તો વેપાર કરે ?

બહુ સુખી જૈનોના દર્શન અમને થતા નથી. ભગવાનને ય થતા નથી ! તેની તો મંદિર જોઇને આંખો સળગે છે. સાધુને જોઇને થાય કે, નવરા લોકો છે. કામધંધો આવડયો નહિ માટે નીકળી પડયા છે. ધર્મ કરનારા બધા વેવલા ને વેઢિયા લાગે છે ! કોઇવાર તે અહીં આવી ગયો હોય અને વ્યાખ્યાન વધારે ટાઇમ ચલે તો કહે કે, મહારાજને સમયનું ભાન નથી !

તમારે જે સુખ જોઇએ છે તે મોક્ષમાં જ છે, સંસારમાં છે જ નહિ આ વાતની ખબર છે ? તમારે દુઃખના લેશ વિનાનું, તમારા કરતાં બીજા પાસે અધિક ન હોય તેવું અને સદા રહે તેવું સુખ જોઇએ છે, તેમ હું માનું છું. તમારે તમારા સુખમાં દુઃખનો અંશ પણ જોઇતો નથી; તમારા કરતાં બીજે અધિક સુખી હોય તો તેની ઇર્ષ્યા થાય છે, તે સુખ ચાલ્યું જાય તો માથાં પછાડો છો.. ! સુખ જોઇતું હોય તો મોક્ષમાં જ જવું જોઇએ તો મોક્ષે જવું છે ? ઝટ મોક્ષે જવું છે, સંસારમાં રખડવું નથી તેમ પણ મનમાં છે ? તમે સંસારમાં રખડવું પડે તેવી રીતે જીવો છો કે મોક્ષે પહોંચાય તેવી રીતે જીવો છો ? તમે સંસારમાં જે સુખ છે તેના લોભી છો કે મોક્ષમાં જે સુખ છે તેના લોભી છો ?

(ક્રમશઃ)

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૪૬] શૂર્પણખાનો સર્વનાશ

'યમરાજ–મૃત્યુરાજને તારી ભેટ ધરી દઈને આ વનમાં પણ હું કાનેશ્વરી બનીને યમરાજને પ્રસન્ન કરવા ઇચ્છું છું. તારા પુત્ર શમ્બુક અને તારા ભાઇ ત્રિશિરાને મેં જે રસ્તે મોકલ્યા છે તે રસ્તો ચાલ આજે તને પણ દેખાડી દઉં. ચાલ સંગ્રામ માટે સજ્જ થા'.

સીતાનું હરણ કરીને રાવણ લંકામાં હેમખેમ પહોંચી ગયો.

આ તરફ સિંહનાદ સાંભળીને તથા સીતાદેવીના કહેવાથી રામચંદ્રજી ધનુષ–બાણ ધારણ કરીને ત્યાં પહોંચ્યા, જ્યાં શત્રુસૈન્ય સામે સિંહ–શૂરાવનથીએકલે હાથે સૌમિત્રી–લક્ષ્મણ ઝઝુમી રહ્યા હતા.

રામચંદ્રજીને આવેલા જોઇને તરત જ લક્ષ્મણે કહ્યું–અરે આર્ય! સીતાદેવીને એકલા મૂકીને તમે અહીં કેમ આવ્યા?

'તારા સંકટના સંકેતવાળા સિંહનાદને સાંભળીને હું તો આવ્યો છું"

'પણ મેં તો સિંહનાદ કર્યો જ નથી બંધુ! શોકકસ આપણને કોઇ છેતરપીંડાએ છેતર્યા છે. સીતાદેવીનું અપહરણ કરવા માટે જ તમને દૂર ખસેડવા કોઇએ આ ષડયંત્ર રચ્યું છે. બાકી મારે તો સિંહનાદ કરવાની જરા જેટલી પણ જરૂર નથી. (આવા શત્રુઓ તો મારા માટે તણખલા જેવા છે. માટે મારે સિંહનાદની જરાય જરૂર નથી પડી.) માટે હું આર્ય બંધુ! જલ્દીથી તમે સીતાદેવીનું રક્ષણ કરવા પાછા ફરો. અને હું પણ આ દુશ્મનોને અતમ કરીને તમારી પાછળ જ આવું છું.'

રામચંદ્રજી પોતાના સ્થાને પાછા ફર્યા. પણ હવે તો ઘણું બધું મોડું થઇ ગયું હતું. પોતાના સ્થાને જલ્દીથી પાછા ફરેલા રામચંદ્રજીએ જોયું તો ત્યાં સીતાદેવી હતા નહિ. અને સીતાદેવીને ન જોતાં જ રામચંદ્રજી મૂરછા ખાઇને જમીન ઉપર પછડાઇ ગયા. થોડી વારે કળ વળતાં ઉઠીને રામચંદ્રજીએ મૃત્યુની તદ્દન નજીક આવી પહોંચેલા તરફડીયા મારતાં પક્ષીરાજ જટાયુને જોયો. આથી તીક્ષ્ણબુદ્ધિશાળી રામચંદ્રજી તરત જ સમજી ગયા કે સીતાનું અપહરણ કરનારા કોઇ છેતરપીંડા ઉપર ક્રોધાયમાન થયેલા આ જટાયુની બન્ને પાંખો છેદી નાંખીને તે પાપીએ જ આ મહાત્મા જટાયુને હણી નાંખ્યો લાગે છે.

આથી પ્રત્યુપકાર કરવા માટે તે શ્રાવક જટાયુની અંતિમ વેળામાં રામચંદ્રજીએ પરલોકના માર્ગના ભાથા રૂપ નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. મૃત્યુ પામીને જટાયુ માહેન્દ્ર દેવલોકમાં દેવ થયો. ઉડ ગયા પંછી પડ રહા માલા.

સીતાદેવીના કારમા વિરહ શોકમાં પણ પક્ષીરાજ જટાયુની અંતિમ પળે નમસ્કાર મહામંત્ર સંભળાવી સીતાદેવીને બચાવવાના ઉપકારનો પ્રત્યુપકાર કર્યો.

હવે પક્ષીરાજના મૃત્યુ પછી ત્યાંથી ઉઠીને રામચંદ્રજી સીતાજીની શોધમાં જંગલમાં આમ તેમ ભટકવા લાગ્યા.

આ બાજુ જેને સખાના સહાયની જરૂર નથી એવો સિંહ-પરાક્રમી સૌમિત્રિ લક્ષ્મણ ખર ખેચર સામે ઘોર સંગ્રામ કરવા પ્રવર્ત્યો. એટલામાં ખર-ખેચરનો નાનો ભાઇ ત્રિશિરા યુદ્ધ કરવા આવી ચડયો. અને કહેવા લાગ્યો કે હે ભાઇ! આવાની (લક્ષ્મણની) સામે તમે યુદ્ધ કરવા કયાં આવ્યા? આ તો મારા એક જ શસ્ત્રનો ખરાક છે.' આમ કહી લક્ષ્મણ સામે સમરાંગણમાં સંગર-યુદ્ધ ખેલવા રથારૂઢ થઇને ત્રિશિરા આવ્યો.

પણ હજી તો સંગ્રામમાં આવીને કંઇ કરે તે પહેલાં જ લક્ષ્મણજીએ ત્રિશિરાની હત્યા કરી નાંખી.

આ જ સમયે સજજ થયેલા વિશાળ સૈન્ય સાથે વિરાધ લક્ષ્મણ પાસે આવ્યો. અને નમસ્કાર કરીને લક્ષ્મણને કહ્યું કે-હું તમારો સેવક છું. આ સામે રહેલા તમારા શત્રુઓનો હું દુશ્મન છું. મારા પિતા ચંદ્રોદરને કાઢી મૂકીને ખર-ખેચરે પાતાલ લંકા અમારી પાસેથી ઝુંટવી લીધી છે. તમને સહાયની જરા પણ જરૂર ન હોવા છતાં એક સેવક જેવા મને આ રણ-સંગર માટે તમે આદેશ આપો.'

હસીને લક્ષ્મણજી બોલ્યા-તું જો વિરાધ! હમણાં જ આ શત્રુઓનો હું ખાત્મો બોલાવી દઉં છું. બાકી હું એટલું સમજયો છું કે અન્યની સહાયથી શત્રુ ઉપર વિજય મેળવવો શક્તિશાળીને માટે શરમજનક વાત છે. આજથી તારા વડીલ બંધુ રામચંદ્રજી તારા દેવામી છે. અને તને મેં આજે જ પાતાલલંકાની ગાદી ઉપર સ્થાપન કર્યો છે.

પોતાના જનના દુશ્મન વિરાધને બીજા શત્રુ લક્ષ્મણ પાસે ગયેલો જોઇને ખર-ખેચરનો ક્રોધ તીવ્ર વેગવાળો બનતાં ધનુષ્ય ઉપર પણછ ચડાવીને આવી પહોંચ્યો. અને લક્ષ્મણજીને કહેવા લાગ્યો કે-હું વિશ્વાસઘાતી! મારો પુત્ર શમ્બુક કયાં છે? અને આ માયકાંગલો વિરાધ તને મરતો કયાંથી બચાવી શકવાનો છે?

ઉપહાસ પૂર્વક હાસ્ય કરીને લક્ષ્મણજી બોલ્યા- 'તારા પુત્ર શમ્બુકને મળવાની ઉત્કંઠાવાળા તારા ભાઇ ત્રિશિરાને તો શમ્બુકના રસ્તે શમ્બુકને મળવા પહોંચાડી દીધો છે. હવે જો તારી ત્રિશિરા અને

શમ્બુક બન્નેને મળવાની તીવ્ર તમન્ના હોય તો તને પણ જલ્દી ત્યાં મોકલવા હું આ ધનુષ્યને ધારણ કરીને સજ્જ થયેલો જ છું હે ભૂરખા ! પંગ પડતાં કુંથવો મરી જાય તેમ તારો પુત્ર શમ્બુક તો મારા પ્રમાદની ભૂલથી મરી ગયો હતો. અને તેમાં મારું કોઇ પુરૂષત્વ ન હતું. પણ તારી જાતને શૂરવીર સમજતો તું જો મારી તને હલુવાની ચળને પૂરી કરીશ તો આ યમરાજ-મૃત્યુરાજને તારી ભેટ ધરી દઇને આ વનમાં પણ હું જાનેશ્વરી બનીને યમરાજને પ્રસન્ન કરવા ઇચ્છું છું. ચાલ તારા પુત્ર શમ્બુક અને તારા ભાઇ ત્રિશરાને મેં જે રસ્તે મોકલી દીધા છે અને તારે પણ જે રસ્તે જવાની તીવ્ર-તમન્ના છે તે રસ્તો ચાલ તને પણ દેખાડી દઉં. સંગ્રામ માટે સજ્જ થા.'

સૌમિત્રીના આવા હાડોહાડ પેસી જાય તેવા શબ્દો સાંભળીને ખર ખેચર પ્રહારો કરવા લાગ્યો. લક્ષ્મણજીએ બાણોનો મારો ચલાવીને આકાશને ઢાંકી દીધું. ભયંકર સંગ્રામ શરૂ થયો. ખર-ખેચરે લક્ષ્મણજીનો પુરેપૂરો સામનો કર્યો. અને જરાપણ મચક ના આપી.

આથી 'વિષ્ણુ લક્ષ્મણજી સામે પણ જે ખર-ખેચરની આવી પ્રચંડ તાકાત છે તે તો અહો ! પ્રતિવિષ્ણુ કરતાં પણ ચડીયાતો છે. આવી દેવ-વાણી થઇ.

આવાના વધમાં મારે આટલો બધો સમય ગયો ? આમ વિચારીને લજ્જા પામેલા લક્ષ્મણજીએ ખર-ખેચરને સમેટી લેવા ક્ષુરપ્ર નામનું તીક્ષ્ણ શસ્ત્ર ફેંકયું અને ક્ષણમાં જ ખર-ખેચરના માથાનો ધડથી ઉચ્છેદ કરી નાંખ્યો.

એટલામાં તો ખરખેચરનો બીજો ભાઇ દૂષણ લક્ષ્મણ સામે યુદ્ધ કરવા આવી ચડયો. તેનો પણ લક્ષ્મણજીએ જતાં જતાં સંહાર કરી નાંખ્યો. શૂર્પણખાના લગભગ આખા કુટુંબનો સર્વનાશ વેરાઇ ગયો. ચૌદ ચૌદ હજાર વિદ્યાધરોનો પણ સંહાર થઇ ગયો.

ભ્રાતરાજની ભલામણ પૂરી કરીને વિરાધ સાથે લક્ષ્મણ રામચંદ્રજી તરફ જવા નીકળ્યા. [ક્રમશઃ]

શાસન રક્ષા અને પ્રચારનું માસિક

શ્રી મહાવીર શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૧)
આજીવન સભ્ય રૂા. ૪૦૧)
(૬૨ મહિનાની ૧લી તારીખે પ્રગટ થાય છે.

—*—

જૈન શાસનની રક્ષા અને પ્રચારનું અઠવાડિક

જૈન શાસન

૬૨ મંગળવારે પ્રગટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂા. ૫૧)
આજીવન સભ્ય રૂા. ૫૦૧)
આજીવન વિશેષાંક યોજના
૧. શુભેચ્છક સૌજન્ય રૂા. ૧૬) હજાર
૨ શુભેચ્છક સહાયક રૂા. ૫) હજાર
૩ શુભેચ્છક રૂા. ૧) હજાર
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર. (સૌરાષ્ટ્ર) ઇન્ડિયા
ફોન : ૭૫૩૨૯ (મગનલાલ મહેતા)

❋ ગોવંશ હત્યા પ્રતિબંધ ❋

મહારાષ્ટ્ર સરકારનું આવકાર્ય પગલું

મહારાષ્ટ્રમાં સંપૂર્ણ ગોવંશ કતલ પ્રતિબંધ માટે કાનુની જોગવાઇ કરતો ખરડો મંગળવાર, તા. ૮ મી ઓગસ્ટ ૧૯૬૫ના મધરાત બાદ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો છે.

ગોવંશ પ્રતિબંધનો જૂનો ખરડો બુધવાર, તા. ૨–૮'૬૫ ના રાજ્ય સરકારે પાછો ખેંચી લીધો હતો. યુતિ સરકારના પશુસંવર્ધન પ્રધાન નારાયણ રાણેએ યોગ્ય સુધારા સાથે ખેલદિલીપૂર્વક આ સુધારેલો ખરડો રજૂ કર્યો હતો અને મહારાષ્ટ્ર વિધાનસભાએ ગોવંશ હત્યા પ્રતિબંધક કાયદાને વધારે સખત અને વધારે વ્યાપક બનાવતા આ ખરડાને મંજૂરી આપી દીધી છે.

આ ખરડો બીજા ગૃહવિધાન પરિષદમાં પણ પસાર થવો જરૂરી છે. કોંગ્રેસ સહિતનાં કેટલાક વિપક્ષો આ ખરડાના વિરોધી હોવાને કારણે યુતિ સરકારનું કામ થોડું દુષ્કર બનશે. રાષ્ટ્રીય રાજકારણમાં સર્વ સંમતિની વાત કરનાર કોંગ્રેસપક્ષ અને હાલુચોરા સાથે સંબંધ રાખનાર તેમના પક્ષના નેતાઓ રાજ્યપાલ સમક્ષ આ ખરડાને મંજુરી ન આપે તેવી વિનંતી કરવાના છે ! કોંગ્રેસ પક્ષના નેતાઓ હીણી અને આવી છીછરી બુદ્ધિ ધરાવે છે તેનો આ ઉપરથી ખ્યાલ આવે છે.

ભારતના બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતોમાં જ રાજયોને ગોરક્ષા માટે કાનુન ઘડવાનો અધિકાર આપવામાં આવ્યો છે. બંધારણ અમલી બન્યે ૪૫ વર્ષ થઇ ગયા છે તેવે વખતે મહારાષ્ટ્રમ. ગોરક્ષાના મુદ્દે શાસક પક્ષ અને વિરોધપક્ષ વચ્ચે રાજકારણ ખેલવામાં આવે છે, તે યોગ્ય નથી.

પ્રજાની લાગણી સાથે ચેડાં કરનાર પ્રજાની લાગણીને ઠોકરે મારનાર કોઇપણ પક્ષનાં આવા ઉમેદવારોને ચૂંટણી વખતે પદાર્થ પાઠ શીખવવા મતદારોએ જાગૃતિ દાખવવી જ રહી.

મહારાષ્ટ્ર સરકારે મંજુર કરેલ આ ખરડામાં સુધારા આમેજ કરવામાં આવ્યા છે, જેથી કોઇપણ હોટલમાં ગોવંશનું માંસ પીરસી નહીં શકાય. અન્ય રાજ્યોમાંથી પણ કોઇપણ માંસ લાવી નહિ શકાય. ટ્રાન્સપોર્ટરો તથા વેપારીઓ પણ આંતર રાજ્ય ગેરકાયદેસર માંસની હેરફેર નહીં કરી શકે. આવાં ગેરકૃત્યોમાં જે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે તેને જપ્ત કરવામાં આવશે. પશુઓ કસાઇને વેચી નહિ શકાય તેમજ કેસ ચાલતો હોય ત્યારે વચગાળામાં પશુઓ સેવાભાવી સંસ્થાઓને સોંપવામાં આવશે તેમજ તે અંગે યોગ્ય વળતર પણ અપાશે. આ

કાયદાનો ભંગ કરવામાં આવે તો ઓછામાં ઓછી ૬ મહિનાથી લઇ ૫ વર્ષ સુધીની સજા તથા ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦ થી લઇ રૂા. ૧૦,૦૦૦ સુધીનો દંડ કરવામાં આવશે. આ ગુનો કૉગ્નીઝેબલ અને બીન જામીનપત્ર નક્કી કરવામાં આવ્યો છે.

જુના કાયદાની છટકબારીઓ બંધ થઇ જવાથી મીટલોબી સાથે સાંઠગાંઠ ધરાવતા કહેવાતા નેતાઓ વિધાન પરિષદમાં આ ખરડો પાસ ન થાય તે માટે પ્રયત્નો કરી રહેલ છે તે ટીકાને પાત્ર છે. મટન ઉદ્યોગની લોબી કેટલી મજબુત છે તે આમાં જોઇ શકાય છે.

ગોવંશની કતલ આર્ય સંસ્કૃતિ ઉપર એક ભયંકર કલંક છે. તેટલી જ ભયંકર ગૌરવ-હાણી દેશમાંથી થતી માંસની નિકાસની છે. ઘટતી જતી દુગ્ધાલ પશુ સંખ્યાને પરિણામે દૂધ અને દૂધની પેદાશોનું ઉત્પાદન ઘટી રહ્યું છે અને તેથી જ દૂધના ભાવ આસમાને ચઢી રહ્યા છે. પરિણામે દેશમાં દરેક ક્ષેત્રે મોંઘવારી વધી રહેલ છે.

મહારાષ્ટ્રમાં ગોવંશ પ્રતિબંધ વિધાન પરિષદમાં પસ થાય તેવી શાસનદેવને પ્રાર્થના કરીએ અને સમસ્ત ભારતમાં ગોવંશની કતલ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે તેવા પ્રયત્નોમાં પ્રજા જાગૃતિ દાખવે તેવી વિનંતી આ સ્થાનેથી કરીએ છીએ.

ગોવંશ પ્રતિબંધ ખરડો વિધાન સભામાં મંજુર કરવામાં યુતિ સરકારના મુખ્ય મંત્રીશ્રી મનોહર જોષી, ઉપપ્રમુખ મંત્રી ગોપીનાથ મુંડે તથા શ્રી બાલા-સાહેબ ઠાકરેને તેમજ વિધાન સભ્યો રાજ કે. પુરોહિત, મંગળપ્રભાત લોઢા વિગેરેને અભિનંદન આપીએ છીએ અને સરકારે લીધેલા નિર્ણયનો આપણે સ્વાગત કરીએ.

[કૉન્ફરન્સ સંદેશ]

-: વિવિધ વાંચનમાંથી :-

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

પાંચે સ્થાવર જીવોનું પ્રમાણ

૧ પૃથ્વીકાય : લીલા આંબળા જેટલા પૃથ્વીકાયને વિષે જે જીવો રહેલા છે, તે દરેક જીવો મારવા જેવડું પોતાનું શરીર બનાવે તો આખા જંબુદ્વીપમાં ન સમાય.

૨ અપ્કાય : પાણીના એક બિંદુમાં જેટલા જીવો રહેલા છે તે જીવો સરસવ જેવડું પોતાનું શરીર બનાવે તો આખા જંબુદ્વીપમાં ન સમાય.

૩ તેઉકાય : ચોખા જેટલા અગ્નિના કણીયામાં રહેલા જીવો ખસખસના દાણા જેવડું પોતાનું શરીર બનાવે તો આખા જંબુદ્વીપમાં ન સમાય.

૪ વાઉકાય : લીંબડાના પાન જેટલી જગ્યામાં રહેલા વાઉકાયના જીવો માથાની લીખ જેવડી કાયા કરે તો-બનાવે તો આખા જંબુદ્વીપમાં સમાય નહિ.

૫ સાધારણ વનસ્પતિકાય : સોયના અગ્રભાગ જેટલા અનંતકાયને વિષે અનંતા જીવો રહેલા છે.

સંઘ અને શાસનના ગૌરવ પર કુઠારાઘાત કરનારા 'મુક્તિદૂત' માસિકના આવા લખાણો અંગે "મુક્તિદૂત' પાસેથી જવાબ માંગવાની પળ શું પાકી ગઇ નથી ?

મકરાણાનો પત્થર અને મૂર્તિ પણ પત્થર છે !

...કમાલ તો એ છે કે દેરાસરના પત્થરને શિલ્પી ઘસે તો તેને દેવદ્રવ્ય આપી શકાય છે. અને તે પત્થર ને ધોઇને પૂજારી સાફ કરે તો તેને દેવદ્રવ્ય આપી શકાતું નથી. —'મુક્તિદૂત' ઓગષ્ટ ૧૯૯૫, પેજ ૧૧

સકળ સંઘને નમ્ર નિવેદન પં. ચન્દ્રશેખર વિજયજી

વિ. સં. ૨૦૫૨ની સાલનું ચાતુર્માસ હું અને મારા શિષ્યો (૩૫ થી વધુ) તપોવન (સાબરમતી પાસે) કરવાના હોવાથી, કોઇપણ સંઘે ચાતુર્માસ અંગે વિનંતિ કરવા માટે મારી પાસે આવવું નહીં. વિશિષ્ટ સંયમપાલન અને શાસ્ત્રીય સ્વાધ્યાયની ધુમ મચાવી દેવાનો હલ્લાબોલ માણવાની અમારી સહુની ભાવના છે. એ રીતે અમે સહુ વિશિષ્ટ સંયમપાલન અને શાસ્ત્રીય સ્વાધ્યાયની વિશિષ્ટ રીતે અન્તર્મુખતાની મસ્તી અનુભવીશું.

—મુક્તિદૂત, સપ્ટેમ્બર, ૧૯૯૫, પેજ ૧૯

વાચકો ને નમ્ર સૂચન, પં. ચન્દ્રશેખર વિજયજી

મારા લખાણોમાં ક્યાંય એવું જોવા મળે કે એક વિચાર રજુ કરાયા બાદ તેનો વિરોધી વિચાર રજુ કરાયો હોય આવું બનવામાં તે વખતના મારા સન્દર્ભો કારણભૂત બન્યા હોય છે. ક્યારેક રાજકારણાદિના વિષયમાં પલટાતા દેશકાળનો સન્દર્ભ અથવા ક્યારેક પાછળથી પ્રાપ્ત થતું શાસ્ત્રીય ચિંતન મને વિચાર બદલવાની ફરજ પાડતા હોય છે.

આવા વખતે વાચકોને મારો પછીનો વિચાર માન્ય રાખવો પૂર્વનો વિચાર રદ કરવો તે અંગે મારી ક્ષમાપના જાણવી. મને લાગે છે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરવા માટેની મારી તૈયારીને કારણે પ્રથમ રજુ થયેલા વિચારથી મારે પીછેહઠ કરવી પડતી હોય તો તે કોઇ અઘટિત કૃત્ય બની જતું નથી. તપોવન : તા. ૧૫-૮-૯૫

[ઉપરોક્ત મુક્તિદૂત અંક પેજ ૨૦]

'મુક્તિદૂત' માં પૂ. પંન્યાસજી શ્રી ચન્દ્રશેખર વિજયજી ગણિવરે ઉપર મુજબના લખાણ-નિવેદનો પ્રસિદ્ધ કર્યા છે. લખાણ નિવેદનો જે કહેવા માંગે છે, એ એકદમ સ્પષ્ટ છે. એથી એની પર વધુ પિષ્ટ-પોષણ કરવાની જરૂર જણાતી નથી. આનાથી શાસન સંઘની ગરિમા કેટલી બધી કલંકિત થઇ છે, એ વિષયમાંય કઇ કહેવા જેવું નથી. આ બધું એકદમ સ્પષ્ટ છે. છતાં આમાંથી નીચેના જે ફલિતાર્થો

પ્રગટ થાય છે, એ તરફ સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જ રહ્યું.

–"દ્રવ્યથીય દ્રવ પૂજા થઇ શકે" આ પકડાઇ ગયેલા ખોટા કક્કાને સાચો ઠેરવવા પરમાત્માની પૂજનીય પ્રતિમાજીને ઉપાસરાની દીવાલના પથ્થર જેવી કક્ષામાં અને પ્રશાલ પૂજાને 'ધોવું-સાફ કરવું' જેવી કક્ષામાં મૂકવા સુધીની મનોવૃત્તિ ધરાવનાર પૂ. પંન્યાસજી મ.ની સામે, આટલી હદ સુધીની ધૃષ્ટતા અંગે કોઇ પગલા લેવાની વાત તો હાલ દૂર રહી, પણ આ અંગે સકળ સંઘે જવાબ માંગવાની પળ હવે એકદમ પાકી ગઇ હોય એમ નથી લાગતું શું ?

– ચાતુર્માસ આદિની વિનંતી કરવાનું કર્તવ્ય બજાવતા સંઘ સામે 'આવવું નહીં' આ જાતનું ફરમાન શું સિદ્ધાંતદિવાકર ગણાતા પૂ. આ. જયઘોષસૂરિજી મ.ની અનુજ્ઞાપૂર્વક પૂ. પંન્યાસજી મહારાજે જાહેર કર્યું છે ? આવી અનુજ્ઞા આપવાનો ગચ્છાધિપતિને પણ અધિકાર ખરો ? તપોવનમાં ચાતુમાસ કરવાનો માત્ર નિર્ણય જ સકળસંઘને હજી જણાવી શકાય. એનો ફલિતાર્થ સમજી ન શકનારો કોઇ સંઘ વિનંતી માટે ઉપસ્થિત થાય, તો એને શાંતિથી સમજાવી શકાય. પણ 'આવવું નહિ' આ જાતનું ફરમાન તો કેમ કાઢી શકાય ? શું બધા મુનિઓ ઉપવાસી હોય એટલા માત્રથી ગોચરીની વિનંતી જ કરવા ન આવવાનો હુકમ જાહેરમાં છોડી શકાય ખરો ? વિશિષ્ટ સંયમપાલન અને સ્વાધ્યાયની ધુમ, શું આટલી દીર્ઘ સંયમયાત્રા પછી "હવા" ફેરે માણવાની હજી બાકી છે ? વિશિષ્ટ રીતે અન્તર્મુખ બન્યા બાદ શું તપોવનની કડાકૂટ અને દ્રવદ્રવ્યાદિના નિર્હેતુક વિવાદની વણઝાર સરજી જનારા સંમેલનની પકડમાંથી મુક્ત બનવાના મનોરથ છે ? સમૂળ ચાતુર્માસના પ્રયોગ પાછળ આવી કોઇ ભાવના હોય, તો તો આવા ચાતુર્માસ દરમિયાન વિશિષ્ટ સંયમ પાલનની ભાવના હોવા છતાં ગોચરી-પાણી આદિના લાગનારા અનેક દોષો કંઇક અંશે ક્ષંતવ્ય ગણાય ?

– વાચકોને કરાયેલ નમ્ર સૂચનને સૌ પ્રથમ તો ખુદ પૂ. પંન્યાસજી મહારાજે જ ધ્યાનમાં લેવાની આવશ્યકતા છે. ગઇ કાલની એમની શાસ્ત્રીય વિચાર ધારા સંમેલનના સંમોહન પછી આજે વિકૃત બની ગઇ છે. એ તો જગ જાહેર જ છે.


પ્રસ્તુત નિવેદન મુજબ આવતી કાલે પણ તેઓ આ જ વિચારધારામાં સ્થિર રહી શકે, એ સંભવિત નથી. પછી આજની વિચારધારાને 'સત્ય' તરીકે સ્થાપિત કરવા તેઓ કેમ આટલા બધા ઝનુને ચડયા છે ? શું એમના અસ્થિર અંતરમાં સ્થિર થયેલી આજની વિચાર ધારા હવે પલટાવાની જ નથી ! આ એમનો આવતી કાલે "રદ" ન કરવો પડે એવો નક્કર વિચાર છે, એવું છાતી ઠોકી કહેવાની એમની તૈયારી છે ? શાસ્ત્રોને સામે રાખીને ચિંતન-મનન કરનારો જ આવું જરૂર છાતી ઠોકીને કહી શકે. માટે આ નિવેદન મુજબ પૂ. પંન્યાસજી મ. પોતાની આજની વિચાર-

ધારાને અંતિમ સત્ય માનવાનું મૂકી દે, અને એને સત્ય તરીકે ઠસાવીને સંઘો પર ઠોકી બેસાડવાનું ઝનુન પણ છોડી દે, તો સંઘમાં શાંતિ સ્થપાતા પળનોય વિલંબ ન થાય. આજે ઠેર ઠેર જાગેલી અશાંતિની આગના મૂળમાં છેલ્લું સંમેલન છે. અને વિશેષ કરીને તો પોતાની જાતને એ સંમેલનના પ્રવકતા માની બેઠેલા પૂ પંન્યાસજી મ.ની ઝનુની પ્રવૃતિઓ છે, આ તો દીવા જેવું એક જગ જાહેર સત્ય નથી શું ?

રાજકારણમાં તો હજી બદલાતા સંદર્ભો મુજબ વિચાર ફેરવાની વાતને થોડો પણ અવકાશ રહે, પણ તાત્વિક અને સૈધ્ધાંતિક બાબતોમાં આવો સંભવ બહુ ઓછો રહે છે. અપરિપકવ અને અતલસ્પર્શી અભ્યાસ હોય, તો અલગવાત ! જો પૂ. પંન્યાસજી મ. સ્વદ્રવ્યથી પ્રભુપૂજા, દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર નહીં, ધનની મૂરછા ઉતારવા જ જિનપૂજા, આદિ પોતાની વિચારધારાને રદ કરાવીને ક્ષમાયાચના કરવા માગતા હોય તો આમ કોથળામાં પાંચ શેરી ન કુટે જેથી સંમેલન તરફીઓને પણ જવાબ માંગવાની ખબર પડે. વાસ્તવિકતાના સ્વીકાર માટેની પીછેહઠ તો આવકાર્ય જ ગણાય. પણ સવાલ એ વાસ્તવિકતા સાચી હોવાનો છે. પોતે માની લીધેલી વાસ્તવિકતાને સાચો પુરવાર કરી આપવાની જવાબદારીમાંથી છટકી જવા થતી પીછેહઠ આવાં લુલા-લંગડા નિવેદનો દ્વારા કોઈ દાહડો ઘટિત કૃત્ય તરીકે સાબિત થઈ શકતી નથી, એટલું શું પૂ. પંન્યાજી મહારાજ જેવા પણ નહી સમજી શકતા હોય ?

આપણે-અંતે એટલું જ ઇચ્છીએ કે આ નિવેદન મુજબ પૂ. પંન્યાજી મ.ની સંમેલન તરફી વર્તમાનની વિકૃત વિચારધારા પણ અસ્થિર જ સાબિત થાય. અને તેઓ પુનઃ પોતાની ગઈકાલની શાસ્ત્રીય વિચારધારામાં સ્થિર બને.

તા.ક. : પૂ. પંન્યાસજી મ. ભલે ઉપરના પોતાના નિવેદનનો બોધપાઠ પોતે ગ્રહણ ન કરે. પણ એમના ભક્તવર્ગે અને એમના રાગી સંઘોએ તો આની પરથી બોધપાઠ લઈને એમની આજની વિચારધારાને અંતિમ સત્ય માનીને એના પ્રચાર-પ્રસાર માટે મેદાનમા કુદી પડવાની ઝનુની ઘેલછાનો ત્યાગ જ કરી દેવો જોઈએ. કેમકે આ નિવેદન જ પછીનો વિચાર માન્ય રાખવા પૂર્વક પૂર્વનો વિચાર રદ કરવા સૂચવે છે. એથી આજની એમની વિચારધાર કાલે પલટાઇ જતા અશાસ્ત્રીય-ઉત્સૂત્ર વિચાર-ધારાના સમર્થક બનવાના પાપથી કપાળને કલંકિત બનવા દેવું ન હોય તો પૂ. પંન્યાસજી મ.ના ભકતવર્ગે કોઇપણ વિષયમાં અંતિમ-નિર્ણય જાહેર ન થાય, ત્યાં સુધી એ વિષયમાં મૌન રહેવું જ હિતાવહ ન ગણાય શું ? અને એ અંતિમ નિર્ણયને પણ બધા ગીતાર્થો માન્ય રાખે, એ પછી જ માન્ય રાખવો, એ જ સમજણ પૂર્વકનું પગલું ગણાય.



પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણિ. લિખિત

ધાર્મિક વહીવટ વિચાર

[બીજી આવૃત્તિ]

પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

પ્રં૦– જો દેવદ્રવ્યના ત્રણ પેટા ખાતાઓ વહીવટી ઓપડે જુદાં પાડી દેવામાં આવે તો આ અંગેના વિવાદોનું શમન થઇ જાય' [પૃ ૧૬૨] 'હાલ તો દેવદ્રવ્યની એક જ કોથળી રાખીને જિનભક્તિ માટે ઉપયોગ કરાય છે. પણ, આથી તો નિર્માલ્ય દેવદ્રવ્યની રકમમાંથી પણ જિનપૂજા થવાનો સંભવ રહે, જેનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે એટલે આવી ત્રણ કોથળીઓ કરાય અને કલ્પિત દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર અપાય. જિનપૂજાની સામગ્રી લવાય તો તો શાસ્ત્રવ્યવસ્થા બરોબર જળવાઇ રહે' [પૃ. ૧૬] 'પૂજ્યપાદ હરિભદ્ર સૂરિજી આદિ પૂર્વના આચાર્યોએ દેવદ્રવ્યના ત્રણ પેટા વિભાગો વિષે વાત કરી પણ તેઓએ કોઇ સંઘમાં અમલ કરાવ્યો હોય તેવું કેમ નથી લાગતું ?' [પૃ. ૬૪] 'આજની તારીખમાં મારા પુસ્તકની દેવદ્રવ્ય સંબંધી વાતો સામે જેઓ તીવ્ર વિરોધ કરી રહ્યા છે તેઓ આ પેટા ભેદોની વ્યવસ્થા ચાલુ કરવા બાબતમાં સાવ ચૂપ કેમ છે ? તે સમજાતું નથી. આવા પેટાભેદો નહિ પાડવાથી જે એકબીજાના ખાતાની રકમ એકબીજામાં ન વાપરી શકાય. તે વપરાઇ જવાનો દોષ સ્પષ્ટ છે. છતાં તેઓ મૌન રહ્યા છે. ખેર... તેમના દિલની વાત શી રીતે સમજી શકાય ? [પૃ. ૬૫] હવે તમારા દિલની વાત લેખકશ્રીને સમજાવી દો ને ?

ઉ૦– ઉપરના ચારે અવતરણોમાં શ્રી સંબોધપ્રકરણ ગ્રન્થના નામે દેવદ્રવ્યની ત્રણ કોથળી અલગ રાખવાની વાતમાં લેખક પંન્યાસજી નકામી ધમાધમ કરી રહ્યા છે. આજે બધા સંઘોના વહીવટમાં શ્રી સંબોધ પ્રકરણમાં જણાવેલ વ્યવસ્થાનું પાલન થઇ જ રહ્યું છે. શ્રી જિનપૂજાની સામગ્રી લાવવા માટે મળેલી રકમ અને શ્રી જિનમંદિરના સમસ્ત કાર્યમાં વાપરવા માટે આવેલી રકમને કોઇ સંઘ દેવદ્રવ્યમાં જમા કરતો નથી–તે રકમને જિનભક્તિ સાધારણ ખાતે જમા કરે છે. આ રકમનો ઉપયોગ શ્રી જિનપૂજાની સામગ્રી લાવવા અને જિનમંદિરના નિર્વાહ માટે ક્રમશઃ કરવામાં આવે છે. (આ રકમ અવસરે જરૂર પડે જીર્ણોદ્ધારમાં પણ વાપરી

શકાય.) સ્વપ્નાદિ બોલીની રકમ, જિન-પૂજનાદિ સ્વરૂપે આવેલ રકમ વગેરેને દેવ-દ્રવ્યમાં જ જમા કરવાની હોય છે. આ રકમ સાધારણ ખાતે કે જિનભક્તિસાધારણ ખાતે જમા ન કરાય. આ રકમનો ઉપયોગ જીર્ણોદ્ધારાદિમાં થાય. ગીતાર્થ ગુરૂભગવંતો પાસે શાસ્ત્ર સાંભળીને સમજુ બનેલા વહીવટદારો આ વ્યવસ્થાનું ચુસ્તપણે પાલન કરે જ છે. આ રીતે ચાલતી વ્યવસ્થામાં શ્રી સંબોધપ્રકરણમાં જણાવેલ દેવદ્રવ્યના ત્રણ પેટાભેદની વ્યવસ્થાનું બરાબર પાલન થઇ જ જાય છે. વિ. સં. ૨૦૪૪ના સંમેલને શ્રી સંબોધપ્રકરણની આ વ્યવસ્થામા અવ્યવસ્થા ઉભી કરી છે. સ્વપ્નાદિ બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જાય તેવી શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરા છે. આ પરંપરાનો લોપ કરીને ૨૦૪૪ના સંમેલનવાદીઓ સ્વપ્નાદિ બોલીના દ્રવ્યને જિનભક્તિ સાધારણ દ્રવ્ય બનાવી રહ્યાં છે. પંન્યાસજી સંમેલનની આ પોલ ઢાંકવા માટે જ વારંવાર દેવદ્રવ્યની ત્રણ કોથળીની વાત આગળ ધરી રહ્યા લાગે છે. ત્રણ કોથળી જુદી ન રાખવાથી 'અશક્ત સ્થળોમાં દેવદ્રવ્યથી પૂજા કરાવતા, નિર્માલ્ય દ્રવ્યથી પ્રભુપૂજા થવા'નો દોષ પંન્યાસજીને સ્પષ્ટ દેખાય છે. આ જ પંન્યાસજી પાછા 'ધાર્મિક વહીવટ વિચાર'ના પૃ. ૨૦ ઉપર' અક્ષતાદિ નિર્માલ્યદ્રવ્યથી પણ પૂજા થઇ શકે' એમ ફરમાવે છે. 'અશક્તસ્થળોમાં નિર્માલ્ય દ્રવ્યથી પણ પૂજા થઇ શકે' આવી છૂટ આપનારા પંન્યાસજીને વિ. સં. ૧૯૯૦ના સંમેલના 'દેવદ્રવ્યથી પણ અશક્ત સ્થળોમાં પૂજા કરાવવી' એવા ઠરાવમાં 'નિર્માલ્યદ્રવ્યથી પૂજા થવાનો દોષ' કેમ દેખાય છે? ૨૦૪૪ ના સંમેલનની સંઘ-ભક્તિ પંન્યાસજીને ૧૯૯૦ ના સંમેલનના પૂજ્યોની આશાતના કરાવી રહી છે. કોના દિલમાં શું રમી રહ્યું છે? તે આટલા જાણ્યા પછી સુજ્ઞવાચક પોતે જાણી શકશે.

શાસન સમાચાર

સાવરકુંડલા–જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની ચતુર્થ વાર્ષિક સ્વર્ગારોહણતિથીની ભવ્ય ઉજવણી થઇ પૂજ્ય મુનિરાજશ્રી હિતપ્રજ્ઞવિજયજી મ. આદિ ઠા–૪ તથા પૂ સાધ્વીજી જ્યોતિપ્રભાશ્રીજી મ. આદિ ઠા–૬ ની નિશ્રામાં સ્વ અનોપબેન નરોત્તમદાસ હસ્તે લલેરૂભાઇ તરફથી દરેક કાર્યક્રમમાં પ્રભાવના વગેરેનો સારો લાભ લીધો.

ભવ્યસ્નાત્ર મહોત્સવ–પ્રભાવના :–

તેમના તરફથી સામુદાયિક આયંબિલની આરાધના કરવામાં આવેલ. આયંબિલ ઘણી જ સારી સંખ્યામાં થયેલ જેમાં ઓડિંગના તથા ગામના બાળકોની સંખ્યા સારી હતી.

આયંબિલ કરનાર દરેકને અલગ અલગ ભાઇઓ તરફથી રૂા. ૧૦ ની પ્રભાવના તથા એક ભાઇ તરફથી રૂમાલની પ્રભાવના કરવામાં આવેલ.

સવારના ભવ્યસ્નાત્ર મહોત્સવ તેમાં પ્રભાવના. : સવારનાં વ્યાખ્યાનમાં પૂજ્ય-પાદશ્રીજીના ગુણાનુવાદ કરવામાં આવેલ તથા ગુરૂપૂજનનો ઘીની બોલી કરીને લાભ લીધેલ. વ્યાખ્યાન બાદ અલગ-અલગ આરાધકભાઇઓ તરફથી રૂા. ૧૦ નું સંઘ-પૂજન થયેલ.

બપોરના બહેનોની પૂજા તથા સામુ-દાયિક સામૂહિક પ્રભાવના ગામના તથા બોર્ડિંગના જિન મંદિરમાં આરાધક બહેનો તરફથી તેમજ સ્વ. અનોપબેન નરોત્તમદાસ તરફથી ભવ્ય અંગરચના કરવામાં આવેલ. તેમના તરફથી ભાઇઓ તથા બહેનોના પ્રતિક્રમણમાં તેમજ બાળક બાલીકાઓની પાઠશાળામાં પ્રભાવના કરવામાં આવેલ.

નગીનદાસ પ્રેમચંદ શેઠ તરફથી સકલ સંઘમાં પીરસાણા કરવામાં આવેલ.

અમીચંદ ગુલાબચંદ ઢોશી તરફથી આયંબિલ કરનાર દરેકને બીજા દિવસે પારણા કરવામાં આવેલ.

સકલ સંઘનો ઉત્સાહ સારો હતો.

જેતાવાડા (રાજ.)-માં જામેલો ભેર-દાર ધર્મરંગ, પર્યુષણા મહાપર્વમાં થયેલ અભૂતપૂર્વ ધર્મ આરાધના રેકર્ડ રૂપ તપશ્ચર્યા રેકર્ડરૂપ દેવદ્રવ્યાદિની બોલી સિદ્ધાંતનિષ્ઠ પૂ. આ. ભ. શ્રી સોમચંદ્ર સૂ. મ. ના પટ્ટધરરત્ન પ. પૂ. આ. ભ. શ્રી સોમસુંદર સૂ. મ. સા. આદિઠાણા-૫ તથા પૂ શ્રી ના આજ્ઞાવર્તિ સા. શ્રી સુવર્ણપ્રભા શ્રીજી મ. ના શિષ્યાઓ સા. શ્રી પુનીત-યશાશ્રીજી મ. તથા સા. શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી મ. આદિઠાણા-૧૧ જેતાવાડા જૈનસંઘની આગ્રહભરી વિનંતિથી ચાતુર્માસ પધારેલ છે.

પૂ. શ્રી ના પ્રવેશ નિમિત્તે શા. પન્ના લાલ ઉમાજી પરિવાર તરફથી આકર્ષક આમંત્રણ પત્રિકા દ્વારા પ્રવેશ પ્રસંગે પધારવા ભાવિકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પત્રિકા પ્રાપ્ત થતાં અમદાવાદ પાલનપુર-ડીસા-થરાદ વિ. શહેરો તથા આજુબાજુના ગામડાઓમાંથી પણ ભાવિકો પધાર્યા હતા. અષાઢ સુદ ૧૦ સવારે પૂ. શ્રી પધારી જતાં સામૈયાનો શુભારંભ થયો હતો. જે બેડાવાળી બાલીકાઓ, નાશીકના ઢોલીઓ, અમદાવાદ ડીસાના સુપ્રસિદ્ધ બે બેન્ડ પાર્ટીથી શોભતું હતું. જેમાં વિશાળ પ્રમાણમાં શ્રી ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિ હતી. સામૈયુ ગામમાં ફરીને જિનાલય ઉપાશ્રય આગળ બાંધેલ પ્રવચન મંડપ પાસે ઉતર્યું હતું. વિશાળ પ્રવચન મંડપ ભાગ્યશાળીઓથી ભરાઇ ગયો હતો. શ્રી જિનાલયમાં દર્શન કરી પૂ. શ્રીએ માંગલિક તથા આસંગિક પ્રવચન ફરમાવ્યું હતું. પ્રવચન પૂર્ણ થયા બાદ શ્રી સંઘ તરફથી શા. પન્નાલાલ ઉમાજી પરિવાર તરફથી તથા અન્યપણ ગામના અને બહાર ગામના ભાગ્યશાળીઓ

તરફથી સંઘપૂજન કરવામાં આવ્યું હતું. કુલ મળીને ૧૦૧ રૂા. નું સંઘપૂજન તથા શ્રીફળની પ્રભાવના થયેલ. બપોરે શ્રીસંઘ-જમણ તથા ૧૦૮ શ્રી પાર્શ્વનાથ મહાપૂજન ભણાવવામાં આવ્યું હતું. જેમાં સંગીતકાર બળવન્ત ઠાકુર એન્ડ પાર્ટી દ્વારા પ્રભુ-ભક્તિ કરવામાં આવી હતી. પ્રભુજીને ભવ્ય મનહર આંગી કરવામાં આવી હતી. આજના દિવસે પૂ. શ્રી નો સામૈયાનો શ્રી સંઘજમણ તથા પૂજન વિ.નો સઘળો લાભ શાહ પન્નાલાલ ઉમાજી પરિવારે શ્રી સંઘ પાસે આગ્રહપૂર્વ વિનંતિ કરી મેળવ્યો હતો. ચાતુર્માસ દરમ્યાન શ્રી સાધર્મિક ભક્તિ તથા પ્રવચન મંડપ વિ. નો લાભ પણ (શાહ પન્નાલાલ ઉમાજી) ઉપરોક્ત પરિવારે શ્રી સંઘ પાસે આદેશ મેળવી લીધેલ છે. આ રીતે આનંદ-ઉલ્લાસ પૂર્વક પૂ શ્રી નો પ્રવેશ થયો હતો. ત્યાર બાદ પૂ. શ્રી ની પ્રભાવક ધર્મવાણીથી સુંદર એવી ધર્મજાગૃતિ આવવા પામી હતી જેના યોગે શ્રી પર્યુષણા મહાપર્વમાં અભૂતપૂર્વ ધર્મરંગ જામ્યો હતો. ૪૦ ઘરની વસતિ ધરાવતા આ નાનકડા ગામમાં તપશ્ચર્યાની હેલી વરસી હતી. સિદ્ધિતપ ૨૭, માસ-ક્ષપણ-૪, ૧૬ ઉપવાસ ૧૬ ૧૦ ઊ. ૨૬ ચટ્ટાઈ ૧૦૮ થવા પામેલ. તપશ્ચર્યા ૨૬૬૩૫ થઈ હતી તો દેવદ્રવ્યાદિની બોલી પણ લાખો રૂા. માં થઇ હતી બોલીઓમાં સૌથી અધિક બોલીઓ આઠમે થઇ હતી (૧) પ્રભુજીનું પારણું ઘેર લઈ જવાની બોલી (શા. પન્નાલાલ પ્રતાપજી પરિવાર) (૨) તપસ્વીઓને પારણુ કરવવાની બોલી (શા. પન્નાલાલ ઉમાજી પરિવાર) (૩) તપસ્વીઓનું સન્માન કરવાની બોલી (શા. મયાચંદ વરમીચંદ પરિવાર) પૂ. શ્રી નું ગુરુપૂજન કરવાની બોલી (શા. પન્નાલાલ પ્રતાપચંદજી પરિવાર) પ્રભુજીને વરઘોડામાં રથમાં લઇને બેસવાની બોલી શા. ચંદુ-લાલ જવાનમલ પરિવાર વિગેરે બોલીઓ લાખો રૂા. માં થઇ હતી. અન્ય બોલીઓ પણ હજારો તથા લાખો રૂા. માં થઈ હતી. આરાધકો ઉલ્લાસપૂર્વક આરાધના કરી શકે માટે ગામના તથા બહારગામના પધારેલ સૌ કોઇ આરાધકો માટે આદેય દિવસ શ્રી સંઘ તરફથી સાધર્મિકભક્તિ રાખવામાં આવી હતી. શ્રી પર્યુષણ પર્વ દરમ્યાન પચ્ચક્ખાણ પચ્ચક્ખવાના દિવસોમાં વિવિધ ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૦૧ તથા ૫૧ રૂા. નું સંઘપૂજન થયા હતાં જન્મવાંચન દીને બે રૂા. ના નીકળા સાથે લાડવાની પ્રભાવના થયેલ. તેમજ સંવત્સરિ પ્રતિકમણમાં [શ્રાવકોના] લગભગ ૧૨૦૦ ની સંખ્યામાં પધારેલ આરાધકોને ૫૧ રૂા. તથા શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. ભા. સુ. ૫+૬ ના દિવસે વાર્ષિક કર્તવ્ય તરીકે અતિભવ્ય રથયાત્રા [વરઘોડો] નીકાળવામાં આવી હતી. બે ગજરાજ, ઘોડાઓ, વિકટોરીયા જીપો-૫, તપસ્વિઓની ગાડીઓ, તેમજ વિશાળ શ્રી ચતુર્વિધ સંઘથી શોભતી હતી. તથા સુપ્રસિદ્ધ બેન્ડ પાર્ટીના મધુર ગાયન-વાદન સાથે શ્રી જૈનશાસનનો જયજયકાર જગા-

કમંદિર

વતી હતી. ત્યારબાદ ભા. સુ. ૭ દિવસે તપસ્વિઓના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઉછળતા ઉલ્લાસપૂર્વક અને અનુમોદનીય ઉદારતાથી યુક્ત એવું સન્માન [ભક્તિ] કરવામાં આવ્યું હતું. જેમાં (૧) સિદ્ધિતપ તથા માસક્ષપણ તપસ્વિઓનું ૧ તોલા પ્રમાણ સુવર્ણ ચેઇનથી, (૨) સોળ ઉપ. ના તપસ્વિઓનું ૬ ગ્રામ પ્રમાણ સુવર્ણની ચેઇનથી, ૬૪ ઉપ. ના તપસ્વીઓનું ૨૫૦ ગ્રામ પ્રમાણ ચાંદીના સિક્કાથી તથા અટ્ઠાઇ તથા ચૌપઠપહોરી પૌષધવાળાઓનું ૨૦૦ ગ્રામ પ્રમાણ ચાંદીના સિક્કાથી સન્માન (ભક્તિ) કરવામાં આવ્યું હતું પૌષધમાં રહેલ ૫. નાના બાળકોનું એક સદ્ગૃહસ્થ તરફથી ૫૦૦૧ રૂા. અર્પણ કરવા દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. સઘળાય તપસ્વિઓનું બહુમાન શ્રી સંઘ તરફથી કરવામાં આવ્યું હતું. અર્પણ કરવાનો લાભ તપસ્વિઓના સન્માન કરવાની બોલી બોલીને આદેશ લેનાર શાહ મયાચંદજી વરધીચંદજી પરિવારે કરેલ.

આમ અભૂતપૂર્વ આનંદ ઉલ્લાસ તથા ધર્મપરિણામ પૂર્વક આ સઘળાય કાર્યક્રમો સંપન્ન થયા હતાં. તપધર્મની અનુમોદના નિમિત્તે વિશિષ્ટ શ્રી જિનભક્તિ મહોત્સવ પ્રાયઃ દીવાળી આસપાસ થવા ગણત્રી છે. તથા ત્યારબાદ શાહ પન્નાલાલ ઉમાજી પરિવાર તરફથી આસો માસમાં ઉપધાનતપ કરાવવાનો નિર્ણય કરેલ છે.

વિશેષ જૈનેતરોમાં પણ ધર્મભાવના જાગતાં નવ જણાએ અટ્ઠાઇતપ કરેલ. જુદા જુદા ભાગ્યશાળીઓ પણ તપસ્વીઓના બહુમાન જુદી જુદી વસ્તુઓ દ્વારા કરેલ. જેની નોંધ કરવી અશકય છે. આસોમાસની ઓળીની આરાધના પણ કરવામાં આવશે.

મુંબઇ ગોરેગાંવ- પ. પૂ. આ. ભ. પદ્મસાગર સૂ. મ. સા. ના પરમ વિનય શિષ્યરત્ન નીડરવકતા પ. પૂ. **અરૂણોદય સાગર** મ. સા. ની આદિ નિશ્રામાં સ્વ. પ. પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરિશ્વરજી મ. ની ૪ થી સ્વર્ગારોહણ તિથી નિમિત્તે ગુણાનુવાદ સારી રીતે ઉજવાયેલ. તે નિમિત્તે જુદા જુદા પુન્યશાળીઓ તરફથી ૨૫ રૂા. નું સંઘપૂજન તથા ગુરૂપૂજન થયેલ. તે નિમિત્તે આયંબિલ તપ પણ સારા પ્રમાણમાં થયેલ પ્રભુજીને સુંદર અંગરચના થયેલ તેમજ વિવિધ તપધર્મ વગેરેના કાર્યો સુંદર રીતે થાય છે તેમાં સારી સંખ્યામાં ભાવિકો લાભ લઇ રહ્યા છે.

છેદી ભેદી નાખે છે.

ગાઢ કાળાશને
એકજ દીપક
છેદી નાખે છે
એ જ રીતે
ગમે તેવા મોટા પાપોને
ધર્મની કરવત
છેદી ભેદી નાંખે છે.

—લઘુ ગોવિંદ



- રાગ જેટલો ભૂંડો લાગે, તેટલો વિરાગ ઉંચો હોય પણ રાગની ભયંકરતા સમજાયા વગર વિરાગ આવે નહિ. તે રાગ પર દ્વેષ જાગે તેને વિરાગ આવે જે ચીજો સારી લાગે છે તે ચીજો ભૂંડી લાગે ત્યારે વિરાગ આવે.
- સુખ માત્રનો જેમાં ત્યાગ હોય અને દુઃખ માત્રનો જેમાં સ્વીકાર કરાય તેનું નામ જ સાધુપણું !
- રાગ એ દ્વેષ છે, વિરાગ એ આત્માનો ગુણ છે અને વીતરાગતા આત્માનું સંપૂર્ણ સ્વરૂપ છે.
- દુનિયાનું જ્ઞાન એ વાસ્તવિક કોટિનું જ્ઞાન નથી, પણ આત્માને હેવાન બન વનાર છે. જે વસ્તુ જેવી હોય તેવી બતાવે તેનું નામ જ્ઞાન.
- દુઃખથી ડરે તે બધા જીવો ધર્મ કરવા માટે નાલાયક છે. પાપથી ડરે તેવા જ જીવો ધર્મ કરવા માટે લાયક સજ્જન કોટિના જીવ છે. જેને થોડું પણ ખાવા-પીવા માટે પાપ કરવું પડે તો મરવા કરતાં પણ ભૂંડુ લાગે તેનું નામ સજ્જન છે. અને આવો જીવ જ સાધુ થવા લાયક છે.
- સાધુ થવું એટલે દુઃખની સામે જવું અને સુખને લાત મારવી.
- જેને જરૂર પડે તો મેળવવાની ઇચ્છા થાય, પણ સીધી રીતે મળે તો લેવાનું મન થાય પરંતુ ખરાબ રીતે એટલે કે અન્યાયના માર્ગે મેળવી ખાવાપીવાની મોજ મજા કરવાની ઇચ્છા ન થાય તે સજ્જનનું લક્ષણ છે.
- મોહ જેને પકડીને ઘરમાં બેસાડે પણ ઘરમાં બેસવાનું જેનું મન નહિ તેનું નામ "જૈન"
- પૈસાને સારો માનનાર ગમે તેટલું દાન દે પણ તેનું કલ્યાણ થાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૦ નિરાશંસ ભાવનું દાન જ મુક્તિનું કારણ બને છે ?

વર્ષ ૮ અંક ૭

भयं लोभस्अथा स्नेह
स्त्रयो दानस्य हेतवः ।
ये दातारस्त्रयं मुत्क्धा
धन्यास्ते मुक्तिगामिनः ।।

ભય-લોભ તથા સ્નેહ-પ્રેમ એ ત્રણ દાનના હેતુઓ છે. જે દાનવીરો આ ત્રણે હેતુ-કારણો મૂકીને દાનને આપે છે. ધન્ય એવા તેઓ મોક્ષમાં જાય છે.

卐

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009.

❀ જ્ઞાન ગુણ ગંગા ❀

— પ્રજ્ઞાંગ

- નીચેની વસ્તુઓ ૪૫ લાખ યોજન પ્રમાણ છે.
  - ૧ અઢી દ્વીપ
  - ૨ પહેલી નરકનો સીમંતક નામનો પાટડો.
  - ૩ સિદ્ધશિલા.
  - ૪ સૌ ધર્મેન્દ્રની સભા.
- નીચેની વસ્તુઓ એક લાખ યોજન પ્રમાણ છે.
  - ૧ જંબૂદ્વીપ
  - ૨ સૌ ધર્મેન્દ્રનું પાલક નામનું વિમાન.
- શ્રી તીર્થંકર પરમાત્માનું બળ :

ઘણા માણસોને હંફાવી શકે તે યોધ્ધો કહેવાય, તેવા બાર યોદ્ધાનું બળ એક ગોધા બળદમાં હોય. દશ ગોધાનું બળ એક ઘોડામાં, બાર ઘોડાનું બળ એક પાડામાં, પંદર પાડાનું બળ એક ઉન્મત્ત હાથીમાં, પાંચસો હાથીનું બળ કેશરી સિંહમાં, બે હજાર સિંહનું બળ એક અષ્ટાપદ નામના પ્રાણીમાં, દશ લાખ અષ્ટાપદનું બળ એક બળદેવમાં, બે બળદેવનું બળ એક વાસુદેવમાં, બે વાસુદેવનું બળ કોક ચક્રવર્ત્તિમાં, એક લાખ ચક્રવર્ત્તિનું બળ એક નાગેન્દ્રમાં, કોડ નાગેન્દ્રનું બળ એક ઇન્દ્રમાં એવા અનંતા ઇન્દ્રોનું બળ એક શ્રી તીર્થંકર ભગવાનની ટચલી આંગળીમાં હોય છે. જેથી શ્રી અરિહંત પરમાત્માઓ અતુલ બળના ધણી અને અનંતવીર્ય પરાક્રમવાળા કહેવાય છે.

- દરેક જીવોને આહાર લેવાની ઇચ્છા કયારે થાય તે અંગે –
  - ૧ નારકી, વિકલેન્દ્રી, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને જઘન્યતાથી સમયે સમયે અને ઉત્કૃષ્ટથી અંત મુહુર્તે આહાર લેવાની ઇચ્છા થાય.
- સ્થાવરને હંમેશા સમયે સમયે ઇચ્છા થાય.
- પલ્યોપમ પ્રમાણ આયુષ્યવાળાઓને ૨ થી ૯ દિવસ સુધીમાં ઇચ્છા થાય.
- એક સાગરોપમના આયુષ્યવાળાને એક હજાર વર્ષે એમ દર સાગરોપમે એકેક હજાર વર્ષ વધે એટલે ૩૩ સાગરોપના આયુષ્યવાળાને ૩૩ હજાર વર્ષે આહાર લેવાની ઇચ્છા થાય.

વિ. ગાંધીનગર, પિન–382009.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

-: સંરક્ષકશ્રી :-
પ્રેમચંદ મેઘજી ગુદકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ખીમચંદ પદમશી મુદકા (ધ્રાંગધ્રા)

વર્ષ : ૮] ૨૦૫૧ આસો સુદ-૧૦ મંગળવાર તા. ૩-૧૦-૯૫ [અંક ૭

પ્રકીર્ણક ધર્મોપદેશ

–પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૮ શનિવાર, તા. ૪-૭-૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઇ

(પ્રવચન ચોથું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુધ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના— —અવ૦)

પ્ર૦– આ સુખમાં મોક્ષ યાદ જ નથી.

ઉ૦– તે યાદ કરાવવા માટે તો આ ગ્રન્થ છે. ગ્રન્થકાર સમજાવી આવ્યા કે– 'મોક્ષ એવ સૌખ્યમ્' તે વાત હજી બેઠી નથી ને ?

જે સુખનો અર્થી હોય તે મોક્ષનો અર્થી ન હોય તો ઘણો દુઃખી થવાનો છે. તે તો ધર્મ કરવા નાલાયક છે.

પ્ર૦–હજી આત્માની શુદ્ધાવસ્થાનો અનુભવ નથી થયો અંશ પણ નથી આવ્યો.

ઉ૦– તે અનુભવ કરાવવો છે. તે માટેની મહેનત છે. આ વાત સમજે તે બધાને અનુભવ થાય. શાસ્ત્રે કહ્યું છે કે, આજ્ઞા મુજબ જીવનારો સારો સાધુ કે શ્રાવક અહીં જ મોક્ષ સુખનો અનુભવ કરી શકે છે.

પાપથી દુઃખ અને ધર્મથી સુખ તે વાત પણ યોગ્યને જ સમજાય, બધાને સમજાય પણ નહિ. તે સમજવા માટે ભગવાનના વચન ઉપર શ્રદ્ધા થવી જોઇએ. ભગવાને કહ્યું છે કે, 'આ સંસાર ભૂંડો તે માટે છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે. તે માટે સાધુ જ થવા જેવું છે.' આ વાત સાંભળતા સાંભળતા કે વિચાર

કરતા કરતા જેને ગમે તે ધર્મ પામવા લાયક છે. આ વાત ગમી હોત તો આટલાં પાપ કરત ! આજે પાપ વધારે કરો છો કે ધર્મ ? તમે બધા પાપ ન કરો તો જીવી શકો તેમ નથી ? અધિક સુખ મેળવવા પૈસા માટે જ પાપ થાય છે અને તે પાપ મજેથી થાય છે. આ બધું નહિ સમજો તો આ વાત નહિ સમજાય.

આ ગ્રન્થકારે શ્રી ઉપદેશરત્નાકર નામનો ગ્રન્થ બનાવ્યો છે અને તેમાં પહેલો જ શ્લોક લખ્યો કે– આ ધર્મ જય આપે, લક્ષ્મી આપે, વાંછિતને ય આપે, અનિષ્ટોનો નાશ કરે અને અર્થ-કામ પણ ધર્મથી મળે માટે ધર્મમાં જ સારી રીતે ઉદ્યમ કરવો જોઈએ. પછી તેમને લાગ્યું કે આ ધર્મ સમજ્યા વિના કરશે તો કાંઇ નહિ મળે અને જે મળશે તે ય મારી નાંખનારૂં મળશે–તે સમજાવવા માટે આ નવો ગ્રન્થ બનાવ્યો.

આપણે બધા ધર્મ કરીએ છીએ. અમને કે તમને કોઇ પૂછે કે ક્યાં જવું છે તો શું કહીએ ? મોક્ષમાં. મોક્ષમાં ન જવાય ત્યાં સુધી જવું છે સદ્ગતિમાં. તે ય ત્યાં સુખની સામગ્રી મળે માટે નહિ પણ ધર્મની સામગ્રી મળે અને શક્તિ મુજબ મોક્ષ માર્ગની આરાધના ચાલુ રહે માટે. અમારે દુર્ગતિમાં નથી જવું તે દુઃખથી ડરીને નહિ પણ ત્યાં મોક્ષમાર્ગરૂપ ધર્મની આરાધના ન થઇ શકે માટે.

પ્ર૦– સમકિત થાય તે આમ કહે.

ઉ૦– સમકિત પણ કોને થાય ? આ સમજવાનું મન થાય તેને.

તમે બધા આ સમજવાની વાત જ કરતા નથી. અમને ન સમજાય તેમ કહો છો. અમારા અનુભવમાં નથી, અમને અનુભવ થતો નથી તેમ કહો છો તો શું થાય ?

આજના મોટા ભાગના સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાને ય આ સમજવાની ચિંતા જ નથી. આજે તમને પૈસા-ટકાદિમાં સુખ દેખાય છે, અમને ખાવા-પીવા, માન-પાનાદિમાં સુખ દેખાય છે પણ ધર્મમાં સુખ દેખાતું નથી.

ધર્મી ગરીબ હોય તે બને. તે લુખો રોટલો ખાય તો ય મજામાં હોય. તું શાથી મજામાં છું એમ પૂછે તો કહે કે-આવા દેવ-ગુરુ-ધર્મ મળ્યા છે માટે જેમ રીતે ધર્મી મોટો શ્રીમંત હોય અને બજારમાં જતો હોય એને કોઇ પૂછે કે તમે બજારમાં જાવ છો ? તો તે કહે કે, 'નશીબ ફુટયું છે માટે.' મારે તમારા બધાની પાસે આ સાંભળવું છે. તેના પરથી તમારા ધર્મીપણાનું માપ નીકળે છે. આજે એટલા પાપ ચાલે છે કે તમે પકડાવ અને સારો ન્યાયધીશ હોય તો સજા કરવા વર્ષો પૂરા ન મળે. આજે જે આખો દા'ડો ધર્મ કરી શકે તેવા છે તે લોકો ભટકતા ભૂતની જેમ ભટકે છે તેવાને કેવા કહેવાય ? તમે જે સંસારમાં દોડાદોડ કરો છો તે મોટામાં મોટું પાપ કરો

છો તેમ માનો છો ? સુખી થવા બહુ પાપ કરવાની જરૂર છે ? જેટલા પાપ કરો છો તે કર્યા વિના ચાલે તેમ નથી તેમ પૂરવાર કરી શકો ?

શ્રાવિકા ચૂલો સળગાવે તો માને કે, સાધ્વી ન થવા માટે આ પાપ કરવું પડે છે.' ચૂલો સળગાવતા દુઃખ ન થાય તે શ્રાવિકા નહિ. તેમ મજેથી ચૂલો સળગાવે તે ય શ્રાવિકા નહિ. આજે તો જેમ જેમ સગવડ મળતી ગઈ તેમ તેમ પાપને પાપ માનતા મટી ગયા. વહુને વધુ ખરાબ થવા લાગ્યા.

ઘણા શ્રાવકો ઘણું પાપ કરે છે. ઘણા સુખી ધર્મ કરે છે તે પાપ કરવા કરે છે. ધર્મ કરનારને મોટી પેઢી ડંખે છે ? મોટો પાપનો ધંધો કરનારને તે ધંધો અટકે છે કે હજી ધંધો વધારવાનું મન છે ? ધંધો કરવા જેવો છે તેમ માનો છો ? ધંધો છોડવાનું નથી ગમતું તો જેને છોડવાનું મન ન હોય તે જૈન હોય ખરો ? બહુ સુખમાં મજા કરનારાની અમને દયા આવે છે. તે મોટે ભાગે ધર્મ માનપાન ખાતર કરે છે. તેને ટ્રસ્ટી થવાનું ગમે પણ મંદિર ઉપાશ્રય સાચવવાનું ન ગમે. નહિ તો આજે સો ઘરની વસ્તીમાં મંદિર નભાવવું પડે ! કેસર–સુખડની ટીપ કરવી પડે ! મંદિરમાં પૂજારીને પગાર આપી શકે તેવા જીવે છે ને ? કેટલા આપે છે ? વેપારની વાત આવે તો પોતે જ ગામે ગામ પેઢી ખોલે. તો તેને ધર્મી કહેવાય કે અધર્મી કહેવાય ?

સુખ મોક્ષમાં જ છે, સંસારમાં છે જ નહિ. અમારે તો આ જ વાત સમજાવવાની છે કે, મોક્ષનું જ સુખ મેળવવા જેવું છે, તેના વખાણ કરવાના છે. સંસારનું સુખ તો છોડવા જેવું જ છે, તેથી તેને તો ખરાબ જ સમજાવવાનું છે. અહીં આવનારા તો બાળ અને મૂરખ છે, કાંઈ સમજે તેવા નથી તેમ જે ઉપદેશક સાધુ માને તે જ પહેલા નંબરનો બેવકૂફ સાધુ છે. તેને તો આ પાટ ઉપર બેસવું જોઈએ નહિ, પાટને અભડાવવી જોઈએ નહિ. આ સંસારનું સુખ કોઇ રીતે સારૂં નથી. આ સુખે જ તમને પાપી બનાવ્યા છે, હરામખોર બનાવ્યા છે, અનીતિખોર બનાવ્યા છે. આ સુખ જ તમને વધારે દુઃખી બનાવનાર છે. ઘણા સુખીને મર્યા પછી એવી દુર્ગતિ મળશે કે ભીખ માગતા ય પેટ નહિ ભરાય. કોઇ ભીખ પણ નહિ આપે. તમને બધાને ભિખારી નથી ગમતા પણ અવસર આવે ભીખ માગવી ગમે છે. ભગવાન પાસે દુનિયાની સુખ–સંપત્તિ માંગવી તે મોટામાં મોટો ભીખનો ધંધો છે ! ભગવાન તો મોક્ષે ગયા છે. મોક્ષે આવવાનું કહી ગયા છે તો તેમની પાસે મોક્ષ વિના બીજું મંગાય ? રોટલાના ભિખારી કરતાં સંસારના સુખના ભિખારી તે મોટામાં મોટા ભિખારી છે. તેને કદિ સંતોષ થાય નહિ.

સમજો કે, સુખ મોક્ષમાં જ છે. ભય મોહનો છે. મોહ કર્મથી પેદા થાય છે. તેનો નાશ થઇ શકે છે. આત્મા જ શાશ્વત છે. મોક્ષ ન મળી શકે ત્યાં સુધી મોક્ષ-સાધક ધર્મ થઇ શકે તેવી સદ્ગતિ જોઇએ છે. અને દુર્ગતિ નથી જોઇતી તે દુઃખથી ડરીને નહિ પણ મોક્ષસાધક ધર્મ ન થાય માટે. તે માટે શું કરવું તે હવે પછી

(ક્રમશઃ)

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- વિષય-કષાયરૂપ સંસારની પુષ્ટિ માટે ધર્મ છે જ નહિ. ધર્મ તો વિષય-કષાયરૂપ સંસારને મારવા અને આત્માની પુષ્ટિ માટે છે.
- મોક્ષ માર્ગ સ્થાપીને મોક્ષે ગયેલા અને મોક્ષે જવાનો સંદેશ આપીને ગયેલા ભગવાનના મંદિરમાં મોક્ષ વિના બીજા હેતુથી જવું તે જ ગુનો !
- ભૂતકાળમાં મોટો ભાગ વિરાધના કરી કરીને આવ્યો લાગે છે, જેથી ધર્મ મળવા છતાં, સાચો ધર્મ સમજાવનારા સદ્ગુરૂઓ મળવા છતાં, સમજવાની બુદ્ધિ પણ હોવા છતાં, અને સમજ્યાનો દાવો કરવા છતાં પણ વિરાધનાનો ડર નથી અને ધનાનો ભાવ નથી
- શ્રી વીતરાગદેવના શાસનને માનનારા જીવ, દુનિયાની કોઇ ચીજ પર કદિ હક રાખતો નથી.
- સંસારના સુખની-પૈસાની લાલચ રાખીને-આપીને ધર્મ કરાવવો તે સાધુ માટે મહાપાપ છે.
- સંસારની ચીજો ઉપર પ્રેમ થાય એટલે ધર્મમાં વાંધા પડે ધર્મ બરાબર થાય જ નહિ પણ ધર્મ અણગમતો થાય.
- ખોટાં કામમાં મરતાં ય સહાય ન કરવી તે 'વિવેક' છે. ખોટાં કામમાં ગમેથી સહાય કરવી તે 'અવિવેક' !
- અવિરતીને દ્વેષી અને વિરતિનો પ્રેમી તેનું નામ સમકિતી !
- ભગવાનના ભગત કહેવરાવવું અને કર્મના હુકમ મુજબ જીવવું તેના જેવી અયોગ્યતા બીજી એક નથી. ઉદયભાવને જીવવાનો ધંધ અને ક્ષયોપશમ ભાવમાં જીવવાનો નિર્ધાર તે જ ભગવાનના ભગતનું સાચું લક્ષણ !

શ્રી વિંછીયા મહાજન (પાંજરાપોળ) ટ્રસ્ટ

પાંચાલની અબોલ જીવ સાચવનારી સંસ્થા

વિંછીયા–૩૬૦૦ ૫૫. (તા. જસદણ) જી. રાજકોટ.

ટેલી નં. STD. ૦૨૮૨૧૯–૭૬૪૫ રે. ૭૫૧૬

નમ્ર અપીલ

શ્રીમાન જીયદયા પ્રેમી, સવિનય જણાવવાનું કે જસદણ તાલુકાના ૧૦૮ ગામોમાં ફક્ત વિંછીયા ગામમાં જ પાંજરાપોળ સંસ્થા છે. ફક્ત ૧૦ હજારની વસ્તી ધરાવતા આ ગામમાં આ સંસ્થાનું સંચાલન ગામના જૈન ભાઇઓ દ્વારા છેલ્લા ૧૫૦ વર્ષથી અવિરત પણે થઇ રહ્યું છે. જેમાં (૧) પક્ષીઓને ચણ માટે બે ચબુતરા (૨) અલગ અલગ પશુઓ માટે સ્વચ્છ સુઘડ પાકા R.C.C. શેડ–૨૬ ચો. ફુટ ૧૨૫૦૦ (૩) લીલો તથા સુકો ઘાંસચારો દરરોજ (૪) અદ્યતન દવાઓ તથા પશુ ડો. ની દેખરેખ (૫) મધુર ગીત સ્તવન શ્લોકનું શ્રવણ (૬) અંત સમય નવકાર મહામંત્રનો જાપ (૭) વટેમાર્ગુ માટે ઠંડુ પાણી (૮) કુતરાને રોટલાની વિશિષ્ટ વ્યવસ્થા (૯) મુંગાજીવોને સ્વચ્છતા સંપળતા સુંદરતા અને તંદુરસ્તી તથા સ્નેહનો સમન્વય જોય પૂ. સાધુ ભગવંતો તથા માલધારીઓ તથા મુલાકાતીઓ ખુબ સારો અભિપ્રાય આપે છે. વિશાળ એ ફીસ ૨૫×૩૦ રાત્રે પશુઓને આરામ માટે ખુલ્લા શેડ નંગ–૫ ચો. ફુટ ૧૨૬૦૦

સંસ્થામાં ઢોરોની સંખ્યા હાલ ૨૫૦ છે. દરરોજનું રૂા. ૫૦૦૦/નું ખર્ચ છે. તેની સામે આવક ખુબજ મર્યાદિત છે. તેમાંથી ૨૫૦ અબોલજીવોને નીભાવવામાં આવે છે તથા પારેવાને દરરોજ ૧૦૦ કીલો જુવાર, કુતરાને રોટલા તથા બોકડાને દુધ વિગેરે પ્રતિદિન આપવામાં આવે છે. બીમાર તથા અશક્ત ઢોરોને ડોકટરી સારવાર અપાય છે. તેમજ લીલો ઘાંસચારો બહારગામથી મંગાવી નાખવામાં આવે છે. અમારી આજુબાજુ ૧૦ કી.મી. માં ૨૦ જેટલા ચબુતરા છે. જેમાં પારેવાને જુવાર નખાય છે. પરંતુ સ્થાનિક લોકો પુરેપુરી જુવારનો ખર્ચ ઉપાડી શકતા નથી તેથી ૨૫ ટકા જુવાર આપવાની સંસ્થાએ તા. ૧–૧૧–૯૪ થી શરૂ કરેલ છે.

પ્રસંગની કાયમી યાદગીરી માટે નીચે મુજબ દાન સ્વીકાર્ય છે.

કાયમી તિથિ : મુદ્દલ રકમ અનામત રાખી તિથીના દિવસે વ્યાજ વાપરવામાં આવે છે તથા બોર્ડમાં જાહેરાત થાય છે. ૧. ગાયોના ઘાંસની તિથી રૂા. ૫૦૧/ ૨. પારેવાની જુવારની તિથી રૂા. ૩૦૧/ ૩. બોકડાના દૂધની તિથી રૂા. ૧૫૧/ ૪ કુતરાના રોટલાની તિથી રૂા. ૧૫૧/ ટોટલ રૂા. ૧૧૦૪/ ૨. સંસ્થાના અબોલ જીવોને એક ટંકનો આહાર રૂા. ૧૧૧૧/ ૩. સંસ્થાના મુંગા પશુઓને ૧ ટંક નવકારશી (લાપસી) જમણ માટે મુદ્દલ અનામત રાખી વ્યાજ વાપરવાની શરતે રૂા. ૫૦૦૧/ ૪. સંસ્થાના અબોલ

જીવોને એક ટંક લાપસી રૂા. ૨૦૦૧) ૫. ઘાસના શેડ ૪૦×૩૦ નો નકરો (આવા બે શેડ બાકી છે. રૂા. ૩૧૧૧) ૬. ઘાસના ગોડાઉન કીવાલ ૧૦×૬।। (આવા ચાર ગોડાઉન બાકી છે) રૂા. ૩૧૧૧) ૭. રૂા. ૧૧૧૧) કે ઉપરની રકમ આપનારનું આરસના જનરલ બોર્ડમાં નામ આવશે વ્યાજ બાકી વપરાશે.

મુંબઇ પ્રતિનિધીઓ :

૧. શ્રી જસવંતલાલ મગનલાલ અજમેરા,–૭૯, પ્રીન્સેટ સ્ટ્રીટ, મુંબઇ–૪૦૦ ૦૨૦. ફો. ૨૦૬૨૬૬૫–૨૦૬૭૧૨૭–૩૬૩૨૩૮૮–૩૬૨૦૧૧૯ ૨. શ્રી કાન્તીલાલ મગનલાલ દુધવાલા– ફો. ૫૧૩૮૨૫૯, (૨૪ કલાક), ઘાટકોપર (ઇસ્ટ) ૩. શ્રી કીનેશકુમાર ચુનીલાલ માથુ– કીયા–ઓફીસ : ૮૮૨૧૫૪૯, ઘર : ૮૪૦૬૫૪૫, મલાડ [વેસ્ટ] ૪. શ્રી અનોપચંદ વોરા, ઘર : ૫૧૫૧૩૮૭, ઓફીસ : ૫૧૪૨૦૨૦, ઘાટકોપર [વેસ્ટ] ૫. શ્રી હીંમતલાલ સીવલાલભાઇ શાહ [નડાળાવાળા] ઘર : ૮૦૫૭૩૬૩ ઓ. : ૩૭૫૨૬૮૯ બોરીવલી [વેસ્ટ] ૬. શ્રી રાજેશભાઇ લીલાધરભાઇ શાહ ટે. નં. ૬૪૬૦૬૪૬ ૭. શ્રી મોતીલાલ જે અજમેરા ટે. નં. ૨૪૨૫૧–રાજકોટ.

વિવિધ વાંચનમાંથી

–પૂ. સા. શ્રી. હર્ષપૂર્ણાશ્રીજી મ. સા.

આઠ સિદ્ધિઓ (અષ્ટ મહાસિદ્ધિ)

૧ અણિમા... આ લબ્ધિથી શરીર એટલું બધું સૂક્ષ્મ કરી શકાય કે સોયના નાકામાંથી પોતે પસાર થઇ શકે.

૨ મહિમા... આ લબ્ધિથી મેરૂ પર્વત કરતાં પણ મોટું શરીર કરી શકે.

૩ લઘિમા... આ લબ્ધિથી પોતાનું શરીર વજનમાં પવન કરતાંય હલકું કરી શકાય.

૪ ગરિમા... આ લબ્ધિથી પોતાનું શરીર એટલું બધું વજનદાર બનાવી શકાય કે વજ્ર કરતાંય ભારે થઇ જાય.

૫ પ્રાપ્તિ શક્તિ... આ લબ્ધિથી પોતાના શરીરની એટલી બધી ઉંચાઇ કરી શકે કે પોતે ભૂમિ ઉપર રહ્યા છતાં અંગુલીના અગ્રભાગ વડે મેરૂપર્વતની ટોચને સ્પર્શ કરી શકે. અને ગ્રહાદિકને પણ સ્પર્શ કરી શકે. (વૈક્રિય શરીર નહિં.)

૬ પ્રાકામ્ય શક્તિ... આ લબ્ધિથી પાણીની માફક જમીનમાં ડુબકી મારી શકે અને જમીનની માફક પાણી ઉપર ચાલી શકે.

૭ ઇશિત્વ શક્તિ... આ લબ્ધિથી તીર્થંકર ભગવાન તથા ચક્રવર્તીની અને ઇન્દ્રની ઋદ્ધિ પ્રગટ કરવા શકિતમાન થઇ શકે.

૮ વશિત્વ શક્તિ... આ લબ્ધિથી સિંહાદિક ક્રૂર વિકરાળ જાનવરો પણ પોતાને વશ થઇ જાય.

જ્ઞાની ગુરૂના ઉપદેશો શા ?

–રતિલાલ ડી. ગુઢકા (લંડન)

પ્રભુ દર્શન કરવા જઇએ ત્યારે શું (માંગવું) શું ભાવના ભાવવી કે ભવનો નિર્વેદ–માર્ગાનુસારીતા–ઇષ્ટફળની સિધ્ધિ લોક વિરૂદ્ધ કાર્યોનો ત્યાગ ગુરૂજનપૂજા–પરાર્થકરણ શુભ ગુરૂનો યોગને તારા વચનની ભવે ભવે અખંડ સેવા તેમજ દુઃખક્ષય કર્મક્ષય સમાધિ મરણ ને બોધિ લાભ ભવોભવ તારૂં શાસન (જૈનશાસન) વિતરાગનો ધર્મ, બાકી બીજું કંઇ ન મંગાય, અને માંગીએ તો મિથ્યાત્વ લાગે અને સમ્યક્ત્વ ભાગે ? માટે જ કહેવાય છે કે ધર્મના ફળ તરીકે પૈદ્ગલિક સુખ માગવાથી સમ્યક્ત્વ કલંકિત થાય, અને પરિણામે ચાલ્યું પણ જાય.

જેમ શરીરમાં લોહી સુકાઇ જાય કે,– ઓછું થવા માંડે તો પરિણામ શું આવે– અગરતો એની દવા તો હોસ્પીટલમાં જ થાય એમ સાચી સમકિતની ખરી દવા કિંમત પૌષધશાળામાં વૃત વખતે થાય છે.

માટે હે આર્યો વિચારો શોભતું ઉત્તમ મનુષ્યભવ ઉત્તમ ગોત્ર પંચેન્દ્રિયપણું સર્વજનોનો વાત્સલ્યભાવ સર્વજનો વ્હાલા પ્રિય તથા આરોગ્યતા દીર્ઘાયુષ્ય સંપદા ધન કુટુંબપરિવારરૂપ પ્રભુના આનંદ રૂપ યશ આ બધી જ વસ્તુઓ પ્રાણીઓ પુણ્ય પ્રતાપથી મેળવે છે (મળે છે)

એટલે મયણા સુંદરી ગુરૂને શું કહે છે ? પિતા નારાજ થયા કે રાજ્ય મુકવું પડયું સુખ સંપતિ છોડવી પડી, કોઢીયો પતિ મળ્યો, એમાનુ મને કંઇજ દુઃખ નથી અને ખરેખર લેશ પણ દુઃખ નથી, પણ આ કાર્યવાહિના પરિણામે મિથ્યાદૃષ્ટિ લોકો શ્રી જિનેશ્વર દેવના ધર્મને નિંદે છે અને વળી મિથ્યા ધર્મને વખાણે છે, એ દુઃખ મને મોટું થાય છે. કે હે સ્વામિ આપ કૃપા કરો અને એનો ઉપાય મને કહો કે જેથી મારા પતિનો આ કુષ્ટ વ્યાધિ નાશ પામે અને ધર્મની નિંદા સમેટાય. એટલે કે આવી જાતિના લોકાપવાદનો ક્ષય થાય.

વૈદક વિદ્યા મંત્ર તંત્ર આ બધી વસ્તુઓ પાપ રૂપે છે. માટે એનો ઉપદેશ કરવો એ પણ પાપનો જ ઉપદેશ કરવા બરાબર છે. બારવૃતધારીનો ધર્મ પણ મુનિ ધર્મરૂપ મેરૂ પાસે સરસવ જેટલો જ કહ્યો છે.

ઉપર શું આવ્યું કે વૈદક વિદ્યા મંત્ર તંત્ર જડીબુટી આ બધી જ વસ્તુઓ પાપરૂપ છે. એનો ઉપદેશ કરવો એ પણ પાપનો જ ઉપદેશ કરવા બરાબર કહ્યું. અંહીંયા ઘણું જ સમજવાનું છે. અને ભાવાર્થ તો બહુ જ મોટો થાય છે અને પાના ભરાય વળી ગુરૂએ કહ્યું કે સાધુઓનો આ આચાર પણ નથી તો સંતપુરૂષો

વિદ્વાનો નો આચાર નથી, તો શું શ્રાવકનો આચાર ધૈર્મ છે ? ના બીલકુલ નહિ.

જો સાધુઓનો આચાર નથી તો પછે આજકાલ ઘણા એવા વિદ્વાનો કે પંડિતો કે શ્રાવકો આજે બતાવી રહ્યા છે મંત્ર તંત્ર જંત્ર અને આ ચમત્કાર થયો આનાથી આમ થયું રક્ષક દેવોને મોટા અધિષ્ટાયક દેવોને આજે દેવાધિદેવ દાદાની ઉપમા આપી અને લોકોને ભ્રમમાં નાખી અને થડને મુકી ડાળને વળગવા કહી રહ્યા છે. મોટા સર્જન ડોકટરને મુકી કમ્પાઉન્ડરને મળવા જેવું બતાવી રહ્યા છે. રાજાને મુકી સિપાઇને મળવા જેવું થઇ રહ્યું છે. અને આને માટે ખુલે આમ બહાર પાડી અને શાસનનં રગદોળવા જેવું થાય છે.

અહીંઆ ગુરૂએ મયણા સુંદરીને કહ્યું કે અમારો આચાર નથી તો પણ એક યંત્ર જે ચૌદ પૂર્વનો સાર છે એવા નવ પદનું આરાધન કરવા ને આસો માસથી થતી શરૂ નવપદ તપની આયંબિલ ઓળી વિધિપૂર્વક આરાધન કરવાથી સર્વરોગ નાબુદ થઇ જાશે સુખ સંપત્તિ અને આનંદને પામશો અને જેના કારણે જૈન ધર્મની નિંદા થઇ છે તે દૂર થઇ જશે.

બાકી વૈદક વિદ્યા મંત્ર તંત્ર આ બધી વસ્તુઓ પાપ રૂપ જ છે માટે એનો ઉપદેશ કરવો એ પાપનો જ ઉપદેશ કરવા બરાબર છે.

આપણા જીવનમાં જીવન નિર્વાહ અને જીવન ટકાવવા અન્ન પાણી નિદ્રા આનંદ વિના જીવનમાં મજા નથી આવતી એના વિના ચાલતું નથી. તેમ આપણા જીવાત્મ માટે ધર્મ ધ્યાન દર્શન પૂજા ભક્તિ ધર્મ ધ્યાન સ્વાધ્યાય સામાયિક પ્રતિક્રમણ આ બધી વસ્તુ એક જાતની દવા છે જરૂરીયાતની છે. ટુંકમાં એ બધાનો સમાવેશ ધર્મમાં જ થાય છે અને ધર્મથી સુખ આનંદ શાંતિ શરીરે નિરોગી પણું. ધન લક્ષ્મી બધું જ ધર્મથી (પુણ્યથી જ) મળ્યું છે ને વધારે મળે. અને એનું મૂળ ભાવ ધર્મ છે ટુંકમાં જીવન જરૂરીયાતની ચીજો જેમ કામ કરવાથીઃ બધુ જ મળે છે તેમ ધર્મ ધ્યાન કરવાથી આત્માને બધું જ મળે છે ને અંતે એક દિવસ સાચું સુખ મોક્ષ પરમ આનંદ મળી જાય છે.

જેમ કે શાસ્ત્રના પાને આવે છે કે– આંખમાં કીકી સાર, કુલમાં સુંગધ સાર ને સઘળાં ધર્મોમાં સમ્યગ્ દર્શન સારભૂત છે.

જેમ ગુરૂ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી (ગુરૂવિના) જેમ દીવા વિનાનું ઘરમાં અંધારૂં લાગે તેમ મન ઘરમાં મન મંદિરમાં ગુરુ વિણ અંધારૂં જ છે. ગુરૂ તો દીવો છે. ને ગુરુ ચંદ્રમાં છે. ગુરૂ જ્ઞાનના દરિયા છે અને જીવ દ્રવ્યમાં ગુરૂ વિના ગુણની ઉત્પત્તિ થતી નથી.

જેમકેઃ ગુરૂને હીરા રત્નની ઉપમા આપી છે. જેમ હીરો રત્ન જ્યાં પણ હોય ત્યાં એનું તેજ પ્રકાશ છાનું નથી રહેતું એટલું જ નહિ હીરાના પ્રકાશથી જ્ઞાન

સાધના થઇ શકે છે તેવીજ રીતે ગુરૂ પાસે ગ્રહણ કરેલા જ્ઞાનથી આત્મ સાધના ઉત્તમ પ્રકારે થઇ શકે છે ગુરૂગમથી પામેલા જ્ઞાન ગંગાથી આત્માને પખાળી પાવન બનાવવો એજ ગુરૂ ગંગા છે.

જેમકે પહેલું જ્ઞાન અને પછી ક્રિયા છે. જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે. જેમ રથના બે ચક્રથી રથ સુસ્થાને પોંચે છે તો પણ રથનો ચલાવનાર (રથકાર) કે તાં સારથી કહો રથનો ડ્રાઈવર કહો તે જોઇએ છે તેમ જીવન રથના બે પૈડા જ્ઞાન અને ક્રિયા છે. ધર્મ અને કર્મ છે. તપ અને ત્યાગ છે અને બધાનો માલિક મન છે (આત્મા છે) એટલે કે જીવનરૂપી રથને ચલાવનાર મન છે (આત્મા)

આ બધા કાર્યોમાં મનની મકકમતા મન સ્થિર રહેવું જોઇએ મોક્ષ મેળવવા માટે અત્યારથી સુંદર સાધના કરશું તો જેમ કે દૂર દૂર દેશાવર કે અહીંઆ પાંચસો હજાર માઇલ જાવું હોય તો ઘણા સ્ટેશનો કરવા પડે છે. અને વિશ્રામા લેવા પડે છે એમ તૈયાર થશું તો સ્ટેશનો કરવા પડશે વિશ્રામા પણ લેશું પણ ખરો માર્ગ લીધો હશે તો અવશ્ય જે સ્થાને પોંચવું છે તો સ્થાન મળી જવાનું.

એમ આપણે હજુ ઘણા સ્ટેશનો તો કરવા જ પડશે. આયુષ્ય પુરૂં થયે ફરી દેહ ધારણ કરી ચારિત્ર લઇ સુંદર સાધના કરી આગળ વધીશું અને એમ કરતાં કરતાં મુખ્ય સ્થાન નજીક પહોંચી શકીશું.

પ્રભુ સાથે પ્રીતિ પ્રેમથી ભક્તિથી કરવી પડશે ખોટી ખટપટો છોડવી પડશે. પુણ્યદાન કયા ધર્મ પુરેપુરૂં જીવનમાં અપનાવું પડશે માયાથી મનડું વારવાઃ પુરૂષાર્થ કરવો પડશે અને એના માટે ઘણી જ સાધના કરવી પડશે આરાધનામાં ઉજમાળ રહેવું પડશે ઉપાસનામા ઉંચા-ભાવ લાવવા પડશે. ભક્તિના રસમાં સ્નાન કરવું પડશેઃ દરેક જીવો પ્રત્યે અંતરની મૈત્રી સેવવી પડશે લાખ ચોરાંશી ખમા-વીને એક દિવસ ત્યાગના માર્ગે સંચરવું જ પડશે ચારિત્ર વાહનમાં બેસશું તો જ મોક્ષનગર આવશે. એજ.

પ્રેાપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસનતથા
હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ

આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ બોટાદવાલા
બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨

ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૬

,, ઘર :- ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર
—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક—૪]

હવે સારા ઉપાયની પ્રાપ્તિરૂપ ફલ કહે છે.

तहा आसगलिज्जंति परिपोसिज्जंति निरुभविज्जंति सुहकम्माणुबंधा. साणुबंध च सुहकम्मं पगिट्ठं पगिट्ठंभावजिज्जअं नियमफलयं. सुप्पउत्तो विअमहागएे सुहफले सिआ, सुहपवत्तगे सिआ, परमसुहसाहगे सिआ. अपडिबंधमेअं असुहभावनिरोहेणं सुहभावबीअंति,सुप्पणिहाणं सम्मं पढिअव्वं, सम्मंसोअव्वं आणुवेहिअव्वंति.

તેમજ સંવેગ પૂર્વકનાં આ સૂત્રનાં પાઠાદિથી શુભકર્મોના અનુબંધ ખેંચાય છે, ભાવની વૃધ્ધિને લીધે પુષ્ટ થાય છે, અને પરિસમાપ્તિને પામે છે અર્થાત્ પોતાના શુભ વિપાકને આપવા યોગ્ય બને છે. આ અનુબંધ સહિત કર્મ શ્રેષ્ઠ છે, એ શુભ કર્મ શ્રેષ્ઠ ભાવથી ઉપાર્જેલું છે તેથી તે નિયમે કરીને સુંદર ફળને આપનારું છે સારી રીતે સેવેલા ઉત્તમ ઔષધની જેમ એકાન્તે કલ્યાણ કરનારૂં અને શુભ ફળને આપનારૂં છે. અનુબંધે કરીને પણ શુભ કર્મોમાં જ પ્રવૃત્તિ કરાવનારૂં છે અને પરંપરાએ પરમસુખ સ્વરૂપ નિર્વાણ પદ—મોક્ષને પ્રાપ્ત કરાવનારૂં થાય છે. તેથી જ કરીને કોઇપણ જાતના પ્રતિબંધ એટલે કે નિયાણા રહિત, અશુભ ભાવને રોકવા વડે અને આ સૂત્ર શુભભાવનું બીજ છે એમ સમજીને સુંદર કોટિના પ્રણિધાન—સારી રીતે પ્રશાન્ત મન-વચન કાયાની એકાગ્રતા વડે આ સૂત્ર ભણવું જોઇએ, સારી રીતે બીજા પાસે સાંભળવું જોઇએ અને તેના અર્થનું ચિંતન કરવું જોઇએ.

'होउ मे एेसा आणुमोआणा सम्मं रिद्धिपुव्विआ' ઇત્યાદિ પદોના કારણે આ નિયાણા સ્વરૂપ છે એ પ્રમાણે નહિ માનવું જોઇએ. કેમકે, ધર્મના ફળ તરીકે સંસારના સુખોની, રાજા—મહારાજા—ચક્રવર્તીપણાની કે દેવ—દેવેન્દ્રપણાની ઇચ્છા કરવી. કરેલો ધર્મ વેચીને ભવાંતરમાં મને આવું આવું સુખ કે આવી આવી પદવીની પ્રાપ્તિ થાવ તેમ માગવું તેનું નામ નિયાણું છે. કહ્યું પણ છે કે—

'क्लिस्टकर्मबन्धहेतोर्भवानुबन्धिनः संवेगशून्यस्य महर्द्धिभोगगृद्धावध्यसानस्य निदानत्वात.'

અર્થાત્ ક્લિષ્ટ કર્મબંધનું કારણ, ભવની પરંપરાને વધારનારો સંવેગશૂન્ય અને મોટાઋધ્ધિ, કામભોગાદિની ગૃધ્ધિ સ્વરૂપ જે અધ્યવસાય તેને નિયાણા તરીકે કહ્યો છે.

નિયાણાનું આ લક્ષણ આ પ્રાર્થનામાં ઘટી શકતું નથી માટે આ પ્રાર્થના એ નિયાણા સ્વરૂપ નથી. છતાં પણ જે કદાગ્રહીઓ આ પ્રાર્થનાને પણ જો નિયાણા તરીકે જ કહેવા માગતા હોય તે 'આરોગ્ગબોહિલાભં સમાહિવરમુત્તમં દેંતુ' ઇત્યાદિને પણ નિયાણા તરીકે માનવાનો પ્રસંગ આવશે. અને એવું માનશે તો પ્રત્યક્ષ આગમનો વિરોધ આવશે. માટે આ પ્રાર્થના એ નિયાણા સ્વરૂપ નથી. તે સુજ્ઞજનો સારી રીતના સમજી શકે છે.

આ સૂત્રની પૂરિસમાપ્તિ કરતાં અંત્ય મંગલને કહે છે.

નમો નમિઅનમિઆણું પરમગુરુવીઅરાગાણું નમો સેસનમુક્કારારિહાણું. જયઉ સવ્વણુસાસણું. પરમસંબોહીએ, સુહિણો ભવન્તુજીવા, સુહિણો ભવન્તુ જીવા, સુહિણો ભવન્તુ જીવા.

'ઇતિ પાપપડિઘાય-ગુણબીજાધાનસુત્તં સમ્મત્તં [૧]

દેવ-દેવેન્દ્રો, માનવો માનવેન્દ્રોથી પણ નમસ્કાર કરાયેલા એવા પરમગુરૂ શ્રી તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર થાઓ. નમસ્કાર કરવા યોગ્ય ગુણાધિક એવા શ્રી આચાર્ય ભગવંતો, શ્રી ઉપાધ્યાય ભગવંતો, શ્રી સાધુ ભગવંતોને પણ નમસ્કાર થાઓ. સર્વજ્ઞ એવા શ્રી જિનેશ્વરદેવોનું શાસન અન્ય કુતીર્થીઓના નાશ વડે જગતમાં જયવંતુ વર્તો! શ્રેષ્ઠ બોધિરત્ન એટલે કે સમ્યક્ત્વરત્નના લાભ વડે અને મિથ્યાત્વ દોષની નિવૃત્તિ થવાથી જગતના સઘળાય જીવો સુખી થાઓ... સુખી થાઓ... સુખી થાઓ...

આ પ્રમાણે પાપના પ્રતિઘાત-નાશ વડે એટલે અકુશલ-અશુભ અનુબંધવાળા આશ્રવના વિનાશ વડે ગુણબીજનું આધાન-ધારણ કરનારૂં આ 'પાપપ્રતિઘાત અને ધર્મગુણ બીજાધાન' નામનું પ્રથમ સૂત્ર સમાપ્ત થયું.

૨-સાધુધર્મપરિભાવના સૂત્ર :-

જમીનમાં બીજ વાવવા માટે સૌ પ્રથમ ભૂમિશુધ્ધિ કરવી પડે છે. તે કર્યા પછી બીજ વાવવામાં આવે, તેને યોગ્ય વર્ષાદિ સહકારી કારણોની પ્રાપ્તિ થયા પછી તેની યોગ્ય માવજત કરવામાં આવે તો તે બીજ ફળદાયી બને છે. તેવી રીતે પ્રથમ 'પાપ પ્રતિઘાત ગુણ બીજધાન' સૂત્રમાં ધર્મના બીજનું સાધન કર્યું. આત્મશુધ્ધિ કર્યા બાદ તે ધર્મબીજ વવાયા બાદ; તથા ભવ્યત્વાદિકના વિચિત્રપણાને લીધે તે તે કાલાદિ નિમિત્તના

વિશેષે કરીને તેના વિપાકને પામે છે અર્થાત્ ફલની સંમુખ થાય છે. તેથી જીવને ધર્મગુણ અંગીકાર કરવાની શ્રધ્ધા ઉત્પન્ન થાય છે. શ્રી જૈન શાસનમાં સાધુપણાને જ ધર્મ કહ્યો છે. તે ધર્મગુણને અંગીકાર કરવાની શ્રધ્ધા ઉત્પન્ન થાય તો શું કરવું જોઇએ તે કહેવા માટે આ બીજા 'સાધુધર્મપરિભાવના' સૂત્રનો ઉપન્યાસ કરે છે.

જાયાએ ધમ્મગુણપડિવત્તિ સદ્ધાએ ભાવિજ્જા એએસિં સરુવં પયઇ-સુંદરત્તં આણુગામિત્તં પરોવયારિત્તં પરમત્થહેઉત્તં. તહા દુરણુચરત્તં, ભંગે દારૂણત્તં, મહામોહજણુગત્તં, ભુઓ દુલ્લહત્તંતિ. એવં જહાસત્તીએ ઉચિઅ-વિહાણેણું અચ્ચંતભાવસારં પડિવજ્જિજ્જા. તં જહા-થુલગપાણાઇવાયવિર-મણું ૧, થુલગમુસાવાયવિરમણું ૨ થુલગઅદત્તાદામવિરમણું ૩, થુલગ-મેહુણ-વિરમણું ૪, થુલગ-પરિગ્ગહવિરમણું ૫ મિચ્છાઇ.

જગતમાં બુધ્ધિમાન પુરૂષો કોઇપણ પ્રવૃત્તિ કરતાં પૂર્વે તેના ગુણ-દોષનો વિચાર કરીને પછી તેમાં પ્રવૃત્તિ કરતા હોય છે. જ્યારે મુગ્ધ જીવો આપ્તપુરૂષોના વચન ઉપ-રની શ્રધ્ધાથી પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી જ પ્રથમ સૂત્રના વારંવાર શ્રવણ-મનન-ચિંતવન અને પરિભાવનથી તથા ભવ્યત્વાદિના પરિપાક બાદ-તથા પ્રકારનાં કર્મના ક્ષયોપશમથી જીવને સાચા ભાવથી ધર્મગુણોને અંગીકાર કરવાની સાચી શ્રધ્ધા ઉત્પન્ન થાય છે. શાસ્ત્રકાર પરમર્ષિઓએ 'કરણાભિલાષ-કરવાની આકંઠ ઇચ્છા' ને શ્રધ્ધા કહી છે. આવી શ્રધ્ધા પેદા થાય ત્યારે તે તે ધર્મગુણોનું સ્વરૂપ વિચારવું જોઇએ. કેમકે, કોઇપણ વસ્તુની સાચી પરિક્ષા કર્યા વિના સાચું તત્વ હાથમાં આવતું નથી. જે વસ્તુ સ્વીકારવી હોય તેના લાભાલાભનો વિચાર કરવો પણ જરૂરી છે. તેથી જ આ ધર્મગુણો કેવા એકાન્તે હિતકારી અને લાભદાયી છે તેનું વર્ણન કરતાં કહે છે કે-

'પયઇ સુંદરત્ત'-આત્માના રાગ-દ્વેષાદિ સંકલિષ્ટ પરિણામને શુધ્ધ કરનારા હોવાથી સ્વભાવથી જ સુંદર છે. 'આણુગામિત્ત'-વારંવાર તેનું આસેવનાદિ કરવાને કારણે આત્મામાં તેના ગાઢ અને દૃઢ સંસ્કાર પડવાથી, ભવાંતરમાં પણ તેની જ વાસના ઉત્પન્ન થાય છે તેથી તે ધર્મગુણો અનુગામી-ભવની સાથેને સાથે જ જનારા છે. 'પરોવયારિત્ત'-ભગવાનની આજ્ઞા મુજબ વર્ત્તવાથી સ્વ-પર કોઇને પણ તે ગુણો જરાપણ દુઃખ-પીડાદિને નહિ કરનારા હોવાથી પરોપકારી છે.

'પરમત્થહેઉત્ત'-અને પરંપરાએ આત્માના શુધ્ધ, સાચા અને વાસ્તવિક સ્વરૂપ મોક્ષના હેતુભૂત થવાથી પરમાર્થના હેતુભૂત છે.

(ક્રમશઃ)

શાસન સમાચાર

વણીમાં ભવ્ય શાસન પ્રભાવના

વણી (નાસિક) માં ધર્મોલ્લાસ :

૪૧ વર્ષ પૂર્વે વણીમાં જ દીક્ષિત થયેલ પૂ. ગ્રા. શ્રી પુણ્યપાલ સૂ. મ. ને વણી સંઘ કેઈ વર્ષોથી વણીમાં ચાતુર્માસાર્થે વિનંતિ કરતો હતો. તેનો સ્વીકાર થતા વણી આદિ સંઘોમાં આનંદના પૂર ઉમટયા. ફા. વ. ૧૧ ના પાલીતાણાથી વિહાર કરી ભાત ઓળી કરાવી જગડીયા પધાર્યા ત્યાં ત્રણ દિવસના ભવ્ય ઓચ્છવ પૂર્વક વડોદરા નિવાસી મનસુખભાઈએ ધર્મપત્ની ઉષાબેન વ. ના પારણા કરાવ્યા. ૨૫૦ માણસો સાથે આવેલ તેમની સાધર્મિકભક્તિ સંઘપૂજનાદિ કર્યું ત્યાંથી વાંસદા પધાર્તા સંઘે મંદિરમાંથી લાઇટો કાઢી નાંખી ઘીના દીપકો રાખવાનો નિર્ણય કર્યો. તેમાં અનેક તિથિઓ નોંધાઇ ગઇ.

વૈ. વ. ૧૪ ના નાસિક પધાર્યા. ૧ માસની સ્થિરતા દરમ્યાન અટ્ઠાઇ મહોત્સવ પૂર્વક આદીશ્વર સોસાયટી આદિમાં બે ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ થયા. રમેશભાઇ વકીલે નૂતન જિનમંદિરનો શિલાસ્થાપન વિધિ કરાવ્યો. સોસાયટીઓમાં ઘણા સંઘપૂજનો, સાધર્મિક વાત્સલ્યો આદિ થયા. રોટરી કલબમાં વ્યાખ્યાનો થતા લોકોએ સુંદર લાભ લીધો.

વણી ગામમાં શ્વે. મૂ. પૂ. ના ૪૦ જ ઘર હોવા છતાં ઉલ્લાસ અમાપ હતો. આખું ગામ ઊભરાયું હતું. ઉપાશ્રય નાનો હોઇ ૧૫ દિવસ રાતદિવસ જોયા વિના સંઘના યુવાનોએ કારસેવાના ભગીરથ કામે લાગી ડબલ કર્યા. હોલ લાંબો કરી નાંખ્યો.

અ. શુ. ૨ના પ્રવેશ હોઇ ગાંવકરી કૈનિકની પૂર્તિ કાઢવામાં આવેલી. બહારની સામગ્રીથી વરઘોડો ૨॥ કલાક ઉપર ફર્યો. માંગલિક પ્રવચન થયું. ગુરૂપૂજન ૧૧ હજારમાં તથા કામળીનો ચઢાવો ૩૧ હજારમાં ગયો. વણીના શ્રાવકે વણી સંઘને ૩ એકર જમીન ભેટ આપી ૩. ૫ ૩. ૭ સંઘપૂજન, શ્રીફળની પ્રભાવના બાદ બે હજાર ભાઇઓનું નવકારશી જમણ થયું. દુકાન બંધ રાખવાના નિર્ણય પૂર્વક સંઘ સાથે રહ્યા. ભાઇઓ તથા અન્ય લોકો ખૂબ મોટી સંખ્યામાં વ્યાખ્યાનનો લાભ લઇ રહ્યા છે. ધર્મરત્ન પ્રકરણ તથા જૈન રામાયણનો ચઢાવો ૧૨ તથા ૧૩ હજાર રૂા. માં ગયો. વ. ૬ થી વાંચન શરૂ થયેલ. વદ ૭ થી સામુહિક બેસણા સહિત સામુહિક ૭૦ ઉપર સિદ્ધિતપ તથા માસખમણો વિ. તપ ચાલી રહ્યા છે. સ્વ પૂ. ગચ્છાધિપતિ વિ. રામચંદ્ર સૂ. મ. શ્રી ની અ. વ. ૧૪ની સ્વર્ગતિથિ નિમિત્તે ૩

દિવસનો ભવ્ય ઓચ્છવ થયેા. ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, ભવ્ય વરઘેાડેા, નવકારશી, રા॥ કલાક ગુણાનુવાદસભા, પૂ. ગચ્છાધિપતિના ફેાટાનું રૂા. ૧૧ હજારમાં ગુરૂપૂજન, રૂા. ૧૨–૧૨નું સંઘપૂજન વિ. થયેલ. બીજે દિવસે બાળકેાની પૂ. શ્રીજીના ગુણાનુવાદ વકતૃત્વ સ્પર્ધા થયેલ. ઈનામેા અપાયા. રાત્રે પૂ. મુ. શ્રી ભુવનભૂષણ વિ. મ. મરાઠીમાં પ્રવચન આપે છે. દર શનિ-રવિ બપેારે બે થી ચાર શિશુ સામાયિકમાં પૂ. ભુવનભૂષણ વિ. મ. તથા પૂ. વજ્રભૂષણ વિ. મ. બાળક–બાલિકાઓને વાચના આપે છે. બાદ અલ્પાહાર અપાય છે. ચારેય મહિના સાધર્મિક ભક્તિનેા લાભ ૩ ભાઇઓએ લીધેા. વિજય બેારાએ સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીનેા ૬ા ફુટ ઊંચેા ભવ્ય લેમીનેટેડ ફેાટેા ઉપાશ્રયમાં મૂકાવ્યેા. દર શુક્રવારે જૈન ઈતિહાસની ઝલક, શનિવારે પ્રશ્નેાત્તરી તથા રવિવારે જૈન સમાયણ ઉપર તેમજ રેાજના ધર્મરત્ન પ્રકરણ પર પ્રવચનેા ચાલુ છે. સાંકળી અઠ્ઠમ, શુદ્ધ આયંબિલ સંઘમાં નિયમિત ચાલુ છે. રૂા. ૭૭ની પ્રભાવના અપાય છે. એક–દરે સુંદર ધર્મારાધના ચાલી રહી છે.

અ. વ. ૭ થી સામુહિક સિદ્ધિતપ પૂ. આ. ભ. વિ. પુણ્યપાલ સૂ. મ. ની નિશ્રામાં શરૂ થયા સામુહિક આ તપમાં તથા બેઆસણા કરાવવામાં સ્થા. વા. ભાઇ બહેનેાએ પણ ખૂબ સુંદર લાભ લીધેા સંભવનાથ શ્વે. મુ. પૂ. ટ્રસ્ટની સ્થાપના સાથે સાત ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા $\frac{૫૧}{૧}$ $\frac{૪૫}{૩}$ $\frac{૩૧}{૧}$ $\frac{૩૦}{૪}$ સિદ્ધિતપ ૭૩ $\frac{૧૯}{૮}$ ઉપ. $\frac{૧૧}{૬}$ $\frac{૬}{૧૩}$ $\frac{૮}{૩૨}$ ૫૮ દસ દસ વરસની ઉમરના બાલક બાલિકાઓ પણ તપમાં જોડાયા હતા દર બેસણા જાદી જુદી વ્યક્તિ તરફથી થતાં ને સુંદર પ્રભાવનાઓ થતી થે. મૂ. પૂ. સંઘના પ્રમુખ કમરૂભાઇ તથા સ્થા. સંઘના પ્રમુખ રતનચંદ ઓપડા આદિ ભાઇઓએ સૂભ સહકાર આપેલેા સુશ્રાવક મનસુખભાઇ (માલેગાવવાળા) સંગમનેરનાં મંડળ સાથે પર્યુષણ કરવા આવી પહેાંચતા ઉલ્લાસ ખૂબ વધી ગયેલ. જ્ઞાનદ્રવ્ય દેવદ્રવ્ય અષ્ટપ્રકારી પૂજાના વાર્ષિક ચડાવા રેકર્ડ રૂપ થયેલા. તપસ્વિઓના પારણા જુદા જુદા દિવસે આવતાં રેાજ અન્ય અન્ય સ્થળે વાજતે ગાજતે પધરામણી ગુ. ભ. ની થતી સંઘ પૂજનેા થતા. ભા. સુ. ૫. સવારે ૭ ભાઇઓ તરફથી ૨૦૦ તપસ્વિઓને પારણા કરાઇ પૂ. શ્રીજી સાથે સૌ વાજતે ગાજતે મંદિરે ચૈત્યવંદનાદિક કરી ઉપાશ્રયે માંગલિક સાંભળવા જૈન ભુવનમાં પારણાં માટે પધાર્યા સૌના દર બેલણે દૂધથી પગ ધેાઇ સંઘ પૂ. થતા તેમ આજે પણ તે વિધિ સાચવી ૨૫–૨૫ રૂા. થી સં પૂ. થયા.

જૈનેતરેા સાથે સ્થા. વાસી ભાઇઓએ પણ પ્રવચન આદિમાં ખૂબ ઉલ્લાસથી લાભ લીધેા.

આવતી કાલે ભવ્ય વરઘેાડેા વિ. કરાઇ માનવ મેદની ખુબ ઉમટી હતી સુદ ૭ આજે સવાર સાંજ બન્ને ટાઇમના નવકારશીનેા લાભ એક સ્થા. વાસી ભાઇએ લીધેલ

પુણ્ય ઉદારતથી ઉમટેલા ૧૦,૦૦૦ (દસ હજાર) માણસની ભક્તિ કરેલી ત્રણ બેન્ડો ત્રણ મંડળો રથ અનેક શણગારેલા વાહનો સાથે ભવ્ય તપસ્વિનો વરઘોડો ચડયો હતો. ૧ કિ. મી. લાંબા વરઘોડાને નીહાળવા નાસિક, યેવલા, પંચોરા, અમલનેર, માલેગામથી સેંકડો બસો આવી પહોંચી હતી. રા॥ કલાક વરઘોડો ફરી ઉપાશ્રય પાસે વિશાળ બાંધેલા ભવ્ય મંડપમાં સ્ટેજ પર તપસ્વિઓનો સત્કાર સમારોહ યોજાયો. બહુમાનના ત્રણ ચઢાવા ૨૦ હજાર, ૧૧ હજાર, નવ હજારમાં ગયેલ. એનો લાભ અનુક્રમે ગુલાબચંદ ઓથરા પરિવાર વણી ભુપેન્દ્ર સંઘવી પરિવાર નાસિક શશિકાંત મોતીલાલ નાસિકવાળાએ લીધો હતો. સુમતિભાઇ ચંદુલાલના હસ્તે તમામ તપસ્વિને અનુમોદન પત્ર અપાયેલ. સંઘ તરફથી ૮૧, મોટા તપસ્વિને સોનાની વીંટી તેમજ માલેગ મવાળા જગદીશભાઇ તરફથી પણ ૮૧, મોટા તપસ્વિઓને સોનાની વીંટીની પ્રભાવના થયેલ ઉપરાંત સંઘ તરફથી ૧૬--૧૧ ઉપરના તપસ્વિઓને ચાંદીના ગ્લાસ ૬-૮ ઉપરના તપસ્વિઓને ચાંદીની કંકાવટી મોક્ષદંડકવાળાને ચાંદીની વાટકી તથા ૨૬-૬૪ પ્રહરી પોષધથી ચાંદીની દીવી તથા અમલનેરના મંડળના તમામ સભ્યને પણ તે દીવી આપેલ ઉપરાંત ૨૦૦ રૂા. રોકડાની પ્રભાવના ઉપરાંત ત્રણ ભાઇઓ તરફથી જુદી જુદી તમામ ૨૫૦ તપસ્વિઓને ૧૦-૧૦ ગ્રામ ચાંદીના સિક્કાની પ્રભાવના થયેલ.

સાંજે અતિભવ્ય મહાપૂજા (મંદિર શણગાર-આંગી) ભુપેન્દ્રભાઇ સંઘવી પરિવાર નાસિકવાળા તરફથી હોઇ સાંજે વાજતે ગાજતે રાજશાહી ડ્રેસમાં ઘોડાપર બેસી વર્ષીદાન દેતા દેતા પૂજ્યશ્રી આદિ ચતુર્વિધ શ્રી સંઘ સાથે મંદિરે ચૈત્યવંદનાદિ કરી ભવ્ય આરતિ ઉતારી હતી, સત્રે ભવ્ય ભાવના થઇ હતી.

સકાળ દૈનિકની પૂર્તિ નીકળી હતી જેમાં તમામ ઉપકારી પૂ. ગુરૂ ભ.ની પ્રતિકૃતિ સાથે ૬૦(નેવું) મોટા તપસ્વિના ફોટા સાથે તપધર્મની મહત્તા સમજાવતી વાર્તા અંકિત કરવામાં આવી હતી.

ભાદરવા વદમાં તપશ્ચર્યા ઉજવણી નિમિત્તે ભવ્ય પંચાન્હિકા મહોત્સવ થશે બાદ ગુલાબચંદજી ઓથરા (વણી) પરિવાર તરફથી આસો સુદ ૧૪ ના ઉપધાન તપ શરુ થશે.

ઉપરોક્ત પ્રસંગ મહારાષ્ટ્રભરમાં સુવર્ણ પૃષ્ઠ ઉમેરી ગયો. આખાયે મહારાષ્ટ્રભરમાં અત્રે તપશ્ચર્યા રેકર્ડરૂપ થઇ હતી.

ઉંટી (ઉટકામંડ) પૂ. આ. દેવ શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ. ઠા. ૪ સાથે પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠાણા ૯ ને અષાઢ શુદ ૨ ના ચાતુર્માસાર્થે પ્રવેશ શુદ ૧૪ થી સાંકળી અઠ્ઠમ અને આયંબિલ શ્રી ગૌતમસ્વામીજીના છઠ્ઠ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ.ના અઠ્ઠમ પારણા સન્માન વ્યાખ્યાનમાં શ્રી અમરસેન વિ. મ.

શ્રી આત્મપ્રબોધ અને ધન્ય ચરિત્ર અંગે વ્યાખ્યાન આપી રહ્યા છે. પૂ. આ. દેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ની શ્રાવણ સુદ ૫ ની પુણ્યતિથિ નિમિતે શ્રી ભકતામર પૂજન વ્યાખ્યાનમાં ગુણાનુવાદન તપશ્ચર્યા નિમિતે શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન શ્રી નમિઉણ મહાપૂજન આદિ શ્રી પર્યુષણા પર્વની આરાધના તપશ્ચર્યા અને ઉપજ ઘણી સારી.

માસક્ષમણ ૪ ૧૬–૨, ૧૫–૨, ૧૧–૯, ૯–૯, ૮–૨૧, સિધ્ધિતપ–૬, મોક્ષદંડ–૧૧, ૩–૧૦૦ સોના પારણા અને સન્માન. પ રવાની વાત્સલ્ય શ્રી કલ્પસૂત્ર શ્રી વીર ભગવાનના પારણાનો અને રથયાત્રાનો ભવ્ય વરઘોડો દેવદ્રવ્ય સાધારણ દ્રવ્યમાં ઉપજ સારી બાર મહિનાના સાધારણના ચઢાવા સારા.

પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની વર્ધમાન તપની ૬૬ મી ઓળી પૂ.સાધ્વીજી શ્રી પૂર્ણયશાશ્રીજી મ. ની ૬૬ મી ઓળી પૂ. સા. શ્રી રત્નકીર્તિશ્રીજી મ. ની ૨૫ મી ઓળી પૂ. સા. શ્રી પાવનશીલાશ્રીજી મ. ને ૧૦ મી ઓળી અન્ય પૂ. સાધ્વીજી મ. ને વીશ સ્થાનક તપની આરાધના આસો મહિનામાં આયંબિલની ઓળી પારણા શ્રી ઋષિમંડળ પૂજન શ્રી ગૌતમસ્વામી પૂજન શ્રી કલ્યાણ મંદિર અને શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા સાથે પાંચ દિવસનો મહોત્સવ આસો મહિનામાં ઉજવાયો.

❋ નવો મળેલો સહકાર ❋

૧૦૧) શાહ પ્રેમચંદ પાનાચંદ તરફથી અઠ્ઠાઇ નિમિતે પૂ.સા. મ. શ્રી અનંતપ્રભાશ્રીજી મ.ના શિષ્ય સા. મ. કુલદર્શનાશ્રીજી મ. ના ઉપદેશથી ભેટ જામનગર

૧૦૦) શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ પૂ. મુનિરાજ શ્રી અમરસેનવિજયજી મ.ના ઉપદેશથી ઉટાકામંડ

૧૦૧) શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ પૂ. મુનિરાજ શ્રી દર્શનરત્નવિજયજી ગ.ના ઉપદેશથી આષ્ટા

૧૦૦૦) પૂ. સા. મ. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.ના શિષ્યા ચારિત્રાશ્રીજી મ. ના માસક્ષમણની તપસ્યા નિમિતે શ્રી ઇન્દોર હાલારી વીશા ઓસવાળ સમાજ તરફથી ભેટ.

૧૦૦) શ્રી છાણી જૈન સંઘ શતાબ્દી મહોત્સવ તથા દિક્ષા પ્રસંગે પૂ. આ. મ. શ્રી પૂર્ણાનંદ સૂ. મ. ના ઉપદેશથી.

જૈન સંઘ અદ્‌ભુત ઉપયોગી ગ્રંથ

પ્રગટ થઈ ચૂકેલ છે.

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

ભાગ ૧ લો મૂલ્ય રૂા. ૬૫૦/

ભાગ ૨ જો મૂલ્ય રૂા. ૬૫૦/

બીજા ભાગ સાથે અગાઉથી મૂલ્ય રૂા. ૧૦૦૦

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર

પહેલા ભાગમાં ગુજરાત, રાજસ્થાન અને લંડન, જાપાન, આફ્રિકાના તીર્થો આપેલ છે. બીજા ભાગમાં બાકીનું ભારત તથા અમેરિકાના તીર્થો આવશે. બીજો ભાગ સં. ૧૯૯૬ પજુસણ પહેલાં પ્રગટ થઇ જશે.


શ્વેતાંબર જૈન તીર્થ દર્શન—ભાગ ૨

આ ભાગમાં એક પેજમાં શુભેચ્છક બનવા રૂા. ૩૦૦/ ભરીને નકી કરી લો કોઇપણ એક પેજમાં શુભેચ્છક બે હજાર નકલમાં લખાશે[redacted] ભેટ મળશે. પરદેશમાં પારસલ પોસ્ટ ખર્ચ અલગ થશે.

લખો :—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) ગુજરાત



- સંસારનું વાતાવરણ હંમેશા ખરાબ રહેવાનું. સારા માણસો વાતાવરણ સુધારે કદાચ સારા માણસોની સંખ્યા ઓછી હોય તો વાતાવરણ ન સુધરે. પણ સારા માણસોને વાતાવરણની અસર ન થાય. જેમ ગામમાં મરકી આદિ રોગચાળો ફેલાયો હોય, ત્યારે ઇંજેકશન લઇને ડોકટરો જેમ મઝેથી ફરે છે– તેમ સંસારમાં મરકી સદા ફેલાયેલ છે. તેમાં આપણે ડોકટરની જેમ શુદ્ધ ભાવપૂર્વકની ધર્મક્રિયા-રૂપી ઇન્જેકશન લઇને ફરવાનું છે. જેથી ખરાબ વાતાવરણની આપણને અસર ન થાય.
- હે વીતરાગ ! તારી સેવા ઘણી સારી છે. પણ તારી સેવા કરતાં તારી આજ્ઞાનું પાલન અનંતગણું ઉચું છે. તારી સેવા મરતાં સુધી કરે, પણ તારી આજ્ઞાને સમજે નહિ, આજ્ઞા સમજીને તે મુંજબ ચાલે નહિ, ઉપરથી આજ્ઞાની વિરાધના થાય તે રીતે વર્તે, તો તેની કદિ મુકિત થાય નહિ.
- પોતાની જાતને જે ઓળખે નહિ, તે કદિ સારો બને નહિ.
- જેની તિજોરી ચોકખી હોય, જેના ચોપડા ચોકખા હોય, જેનો વ્યવહાર ચોકખો હોય, જેની ભાવના ચોકખી હોય, જેની ચાલ ચોકખી હોય, અને જેનું હૈયું ચોકખું હોય તેનું નામ સજ્જન !
- શ્રી જૈન શાસનમાં બાર પ્રકારના તપનું વિધાન દુઃખને આમંત્રણ આપવા માટે છે.
- કોઇનું પણ ધીન– હકનું ગમે તે રીતે લઇ લેવું તે પાપ છે. પોતે નહિ કર્યો છતાં મેં કર્યું તેમ કહેવું તે મહાપાપ છે.
- પ્રમાણિકપણે લુખ્ખો રોટલો ખાઇને સૂઇ જવું તે સારૂં છે, પરંતુ અપ્રમા-[redacted]ની માં ઝબોળી રોટલો ખાવો તે ભૂંડામાં ભૂંડુ છે.
- જે જીવને સુખની સામગ્રી આંખે ચઢે તો ભય લાગે અને દુઃખની સામગ્રી આવે તો આનંદ આવે તેનું નામ જ વિરતિનો પરિણામ !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनं पत्र

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તો બન્ને સમાન દોષના ભાગી છે

જે સાહુજ્જે વટ્ટઇ આણાભંગે પવટ્ટમાણાણં ।
મણવાયાકાયેહિં સમાણદોસં તયં વિંતિ ।।

શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞાના ભંગમાં પ્રવૃત્ત કરનારાઓને મનથી, વચનથી કે કાયાથી સહાય દેનારા સમાન દોષના ભાગીદાર છે,

વર્ષ ૮

અંક ૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

અનુપમ સૌભાગ્યના સ્વામી પૂ. મુનિરાજ શ્રી જયભૂષણવિજયજી મ. સા.

સૌભાગ્યવંતો સોરઠ દેશ તેમાં મોટી મારડ (ધોરાજી) ગામ મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી શીખરબંધી દહેરાસરમાં બિરાજે. તેમાં વીસા શ્રીમાળી જ્ઞાતિમાં દોશી સોમચંદ જગજીવનદાસ તથા શ્રીમતી કપુરબેનનો વસવાટ. બંને સીધા સાદા અને ધર્મી જીવ તેમના ત્રીજા પુત્રરૂપે વિ.સં. ૧૯૬૧ના કા. શુ.–૫ જ્ઞાન પંચમીના શુભ દિને જન્મેલા જીવનલાલભાઇ એ જ આપણા પૂજ્ય મુનિરાજ શ્રી જયભૂષણવિજયજી મ. સા. તેઓને નાનપણથી જ માતા–પિતા તરફથી ધાર્મિક સંસ્કારોનો વારસો મળેલ. અભ્યાસ તો ગુજરાતી બે ધોરણનો જ. પણ કોઠસૂઝ એવી કે વેપાર ધંધાના હિસાબ કિતાબ અને સરકારી કામકાજમાં પણ કયાંય પાછા ન પડે. ધાર્મિક અભ્યાસ પાંચ પ્રતિક્રમણનો પૂરો એટલે વતનમાં હોય ત્યારે પોતે ઉપવાસી હોય કે, છઠ્ઠ કરેલો હોય તો પણ આખા સંઘને પકખી પ્રતિક્રમણ આદિની આરાધના કરાવે. સંઘના નાના/મોટાં સૌ એમનું માન સાચવે.

વડીલ બન્ધુના પગલે ૧૪ વર્ષની વયે વ્યવસાય અર્થે તેઓ કલકત્તા ગયા. ત્યાં ધંધો સારો વિકસાવ્યો, તેની સાથે સાથે ધર્મમાં પણ ખૂબ આગળ વધ્યાં. પિતાશ્રીની બધી અંતિમ ઇચ્છાઓ પૂરી કરી મનડું તે સંસારમાં ન માને, તેમ છતાં પણ લગ્ન કરવા પડયાં અને પરિવાર પણ થયો. સાંસારિક જવાબદારીઓ એક પછી એક આવતી ગઇ અને ઉચિત કર્તવ્યરૂપે તેઓએ તે બધી પૂરી કરી.

સિદ્ધગિરિની શીતલ છાયામાં સં. ૧૯૮૦ માં પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મ. સા.ની પાવન નિશ્રામાં ચોમાસુ-ઉપધાન તપ–માળ વખતે સત્તરે ચતુર્થ વતનો સ્વીકાર, આદિ આરાધનાઓ કરીને દીક્ષા લેવા માટે સજ્જ થયા. તે વખતે જ અચાનક ટુંકી માંદગીમાં ધર્મપત્ની છબલબેનનો સ્વર્ગવાસ થયો. જેના પરિણામે નાની ઉપકારના બંને પુત્રો રમેશચંદ્ર અને છબીલદાસની જવાબદારી એમના ઉપર આવી પડી અને દીક્ષા લઈ ન શકયા. આ બંને પુત્રોને પણ સંયમ માર્ગે વાળવાની તેઓની ભાવના પ્રબળ બની અને તે માટેનો પુરુષાર્થ પણ તેઓએ ચાલુ રાખ્યો.

સં. ૨૦૦૨ માં પૂજ્યશ્રીનું ચાતુર્માસ જુનાગઢમાં થયું, તે વખતે આખું ચોમાસુ અખંડ પૌષધ વ્રતમાં હોય, તપશ્ચર્યા આદિ આરાધના સભર પૂરું કર્યું, ત્યાર બાદ ફરીથી કલકત્તા જવાનું થયું. સં. ૨૦૦૬ માં પૂજ્યપાદશ્રીનું ચોમાસું કલકત્તા થયું,

(અનુ. પેઇજ ૨૮૮ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

• સંરક્ષકો •
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ લાલ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ચાંદાચંદ પદમશી ગુડકા (ધ્રાંગધ્રા)

વર્ષ : ૮] ૨૦૫૧ આસો સુદ-૧૦ મંગળવાર તા. ૧૦-૧૦-૯૫ [અંક ૮

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, આસો સુદિ-૯ ને રવિવાર, તા. ૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૬. (પ્રવચન પાંચમું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધ ક્ષમાપના— -અવ૦)

- જેને આ સંસારનો ભય ન લાગે, મોક્ષનું મન ન થાય તે જીવ માટે શાસ્ત્રે કહ્યું છે કે તે ધર્મને ધર્મ તરીકે આરાધવા લાયક નથી. તે તો સમજવા છતાં ધર્મ કરીને સંસાર વધારે છે.
- આ ધર્મ તે સંસાર રૂપી રોગની દવા છે. તે ધર્મ શા માટે કરવાનો છે ? આત્મા અનાદિથી સંસાર રૂપી રોગમાં ફસાયેલો છે. તે સંસારની રિબામણથી છૂટી જાય અને મોક્ષ રૂપી આરોગ્યને પામે તે માટે.
- ભગવાન પાસે તો મોક્ષ જ મગાય, મોક્ષસાધક ધર્મ મગાય પણ પૈસો ટકો તો ન જ મંગાય.

तदनन्तमभिश्रमव्ययं, निरूपाधिव्यपदेशवर्जितम् ।
परिचिन्तितसुन्दरस्क्रद्विषयाद्यौपयिकोद्भवं परम् ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર

પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે, ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો ધર્મ ઊંચામાં ઊંચી કોટિનો છે. જે જોઇએ તે બધું ધર્મથી મળે પણ ધર્મ પાસે શું મંગાય, શું ન મંગાય તેવી સમજ ન આવે તે જીવો ગમે તેટલો સારામાં સારો ધર્મ કરે તો પણ તેમનો સંસાર વધે. ભગવાને ધર્મ શા માટે કરવાનો કહ્યો છે ? મોક્ષ માટે જ. મોક્ષ માટે જે જીવ ધર્મ કરે તો જ સાચો ધર્મી છે. બાકી સંસારના સુખ માટે ધર્મ કરે તો જે ધર્મ તારનારો હતો તે જ ધર્મ ડૂબાડનારો બને. આ એક બહુ મહત્ત્વની વાત છે. જે શ્રી અરિહંત પરમાત્માને માને, શ્રી અરિહંત પરમાત્માના સાધુને માને, શ્રી અરિહંત પરમાત્માએ ફરમાવેલા ધર્મને માને તે આ સંસારના સુખને કેવું માને ? સંસારમાં સારામાં સારું સુખ આપનાર, ઊંચામાં ઊંચી ઇન્દ્રપણાની કે મનુષ્યલોકમાં ચક્રવર્તીપણાની પદવી આપનાર અને મોક્ષ આપનાર આ જ ધર્મ છે.

માટે જ આ મહાપુરુષ સમજાવી રહ્યા છે કે, મોક્ષસાધક ધર્મને મોક્ષની સાધના માટે જ કરવો જોઇએ. આવી રીતે ધર્મ જેનામાં જ્ઞાન હોય તે કરી શકે. જ્ઞાન આપવા માટે કહે છે કે, મોક્ષ જ ખરેખર સુખ છે. 'મોક્ષ એવ સૌખ્યમ્'. દુનિયાનું જે સુખ છે તે સુખ જ નથી, મિથ્યાદૃષ્ટિને જ તે સુખ લાગે.

સંસારનું વિષય-કષાય જનિત જે સુખ છે તેની ઇચ્છા પાપના ઉદયવાળાને થાય, પાપનો ઉદય હોય તેને જ સુખ ગમે, પાપના ઉદયવાળો જ તે સુખની સામગ્રી મળે તો રાજી થાય, પાપનો ઉદય હોય તે જ તેને ભોગવી શકે. દુનિયાની સુખ-સામગ્રી મળે પુણ્યથી જ પણ તેને મેળવવાની ઇચ્છા શાથી થાય ? પાપથી જ. આ વાત નહિ સમજો તો ઠેકાણું નહિ પડે.

આજે તો ઘણા લોકો-શ્રાવકો પણ કહે છે કે, 'અમે તો વ્યવસ્થામાં રહ્યા છીએ. અમારે આ-તે જોઇએ તેની ઇચ્છા પણ થાય, તે મેળવવા મહેનત પણ કરીએ અને સફળ થઇએ તો રાજી પણ થઇએ તેમાં તમારા બાપનું શું જાય છે ?' વળી એવી પણ માન્યતા ફેલાવે છે કે-'અમારા પુણ્ય મુજબ જે મળે તે મજેથી ભોગવીએ તો વાંધો શું ?' મારે તમને એ વાત સમજાવવી છે કે, ભગવાનને માને, ભગવાનના સાધુને માને, ભગવાનના ધર્મને માને તેને સંસારમાં રહ્યો છે તેથી સુખની ઇચ્છા પણ થાય. પણ જે ઇચ્છા પાપના ઉદયથી થાય છે એમ જે સમજે તે, તે ઇચ્છાને મારવાની મહેનત કરે કે વધારવાની મહેનત કરે ?

જ્ઞાનિઓ કહે છે કે, મનુષ્ય જનમ જેવો ઉત્તમ જનમ બીજો એકે નથી. દેવ જનમમાં વધુ સુખ છે પણ ભગવાને જેને ધર્મ કહ્યો છે તે ધર્મ દેવતા કે ઇન્દ્રો પણ કરી શકવાને શક્તિમાન નથી. ભગવાને ધર્મ કોને કહ્યો છે ? સાધુપણાને. તે સાધુપણાં રૂપ ધર્મ મનુષ્ય જ કરી શકે છે. મોક્ષ પણ મનુષ્યપણામાંથી જ મળે છે માટે આ જનમ ઊંચો છે.

જેને સંસારનું સુખ બહુ ગમે, મળે તો ખુશી થાય, મજેથી ભોગવે અને ભોગવતાં આનંદ કરે તે જીવ મરીને જાય કયાં ? જે મનુષ્યભવ મોક્ષે મોકલે મોક્ષે જવા સહાય કરે, તે જ ભવમાંથી નરક અને તિર્યંચમાં પણ જવાય ! સમજવાળો આત્મા દેવગતિ પણ જે સુખ માટે ઇચ્છે તો તેય તેને નુકશાન કરે.

શાસ્ત્રે તે કોલ આપ્યો છે કે, ધર્મી આત્મા માટે બે જ ગતિ છે જો તે મોક્ષે ન જાય તો મનુષ્યગતિમાંથી વૈમાનિક દેવલોકની ગતિ અને ત્યાં પણ તે ધર્મ સાચવે તો ત્યાંથી ધર્મની સામગ્રીવાળી મનુષ્યગતિ. ધર્મ કરનારો મનુષ્ય કાં વૈમાનિક દેવ વિના બીજે જાય નહિ અને ત્યાં ય સમ્યકૂત્વને જીવે સાચવે તો મનુષ્ય થયા વિના રહે નહિ. દેવલોકમાં જઈને જે ભાન ભૂલે તેનો સંસાર વધ્યા વિના રહે નહિ. વખતે અનંતકાળ પણ કાઢવો પડે. ત્યાં જઈને વિમાનોમાં પાગલ બને તો પૃથ્વીકાયમાં પેદા થાય, વાવડીઓમાં મૂંઝાઈ જાય તો અપકાયમાં પેદા થાય અને બગીચાઓ બહુ ગમી જાય તો વનસ્પતિકાયમાં પેદા થાય.

જેને આ સંસારનો ભય ન લાગે, મોક્ષનું મન ન થાય તે જીવ માટે શાસ્ત્રે કહ્યું કે તે ધર્મને ધર્મ તરીકે આરાધવા લાયક નથી તે તો સમજવા છતાં ધર્મ કરીને સંસાર વધારે છે. જ્ઞાનિઓ કહે છે કે, આ સંસારનું સુખ તે દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે. તે સુખને સુખ કેમ કહેવાય ? સારામાં સારી ખાવાની ચીજ હોય તણ તમને વૈદ્યો કે ડોકટરે એમ કહ્યું હોય કે, આ ચીજ તમારા રોગને વધારનાર છે, તે ખાશો તો પછી અમારી પાસે તમને જીવાડવાનો કોઈ ઉપાય નથી તો તમે ખાવ ખરા ? આગળના વૈદ્યો માત્રા પણ આપતા પણ કોને ? જે તેમનું માને તેને. તે માત્રાઓ એવી હતી કે વૈદ્યે કહ્યા મુજબ બરાબર ચસી પાળે તો શરીરને તાંબા જેવું બનાવે. વૈદ્યો તેને કહેતા કે તારી રસોઈ પણ તારે હાથે બનાવીનેને ખાવી પડશે. તેલનો કે ચીકાશનો હાથ લાગ્યો તો મારી દવા ફૂટી નીકળશે. પછી મારી પાસે કોઈ ઉપાય નથી. તો શરીરના પ્રેમીઓ તેમનું માને છે. અને જે બરાબર કરે છે તે નિરોગીય થાય છે. અને જે ન માને તે હેરાન પણ થાય છે!

[ક્રમશઃ]



પ્યારા ભૂલકાંઓ,

ચોમાસું આવ્યું ને લાવ્યું મુશળધાર વરસાદ.

ધરતીમાતાએ લીલી લીલી મુલાયમ ચાદર માથે ઓઢી લીધી ને વરસતા વરસાદમાં નાના નાના ભૂલકાંઓ છબછબીયા કરવા લાગ્યા,

આવ રે વરસાદ, ઢેબરીયો વરસાદ;
ઉની ઉની રોટલી ને મરેલાનું માઠ.'

કો'ક જોળાં ભૂલકાંઓ શેરીમાં છૂપી-છૂપી રમી રહ્યાં છે ને કો'ક મીની માટીથી અનેક પ્રકારની રચનાઓ બનાવી રહ્યાં છે. કો'ક વળી પત્તાના મહેલ જેવો માટીનો મહેલ બનાવી રહ્યાં છે.

ત્યાં તો જોરદાર પવનનો ઝપાટો આવ્યો ને સાથે લેતો આવ્યો મુશળધાર વરસાદ. નાના-નાના ઝુંપડાંઓ તુટી પડયા. નાના-નાના ગલુડીયાંઓ રમત-ગમત છોડીને ભરાઈ પેઠાં પોતપોતાના ઘરોમાં.

પ્યારાં ભૂલકાંઓ, તમે પણ આવી રમતો રમતા હશો ને ! પરંતુ,

તમને ખ્યાલ હશે જ કે આપણું જીવન પણ આ ભૂલકાંઓની ઘર-ઘર રમત જેવું છે.

જીવન ક્ષણ ભંગુર છે. કયારે કાળનો ઝપાટો આવશે તેની ખબર નથી જો સાવચેત ન બન્યા તો આવ્યો કર્મરાજાનો જોરદાર ઝાંપટો ને સાથે લેતો આવ્યો પાપોની વણઝર. કાંઈક આશાઓ ને મહેચ્છા કકડભૂસ થઈને તુટી પડશે. ખોળીયું છોડીને ૮૪ લાખ યોનિમાં ભટકવા ચાલ્યા જવું પડશે.

ખરેખર, કર્મરાજાનો મેથીપાક ખાવો ન હોય અને આઠ-આઠ સાંકળોના બંધનથી છુટવું હોય તો આપણે સૌ સત્કાર્યો, ધાર્મિક અનુષ્ઠાનો, તપ, જપ અને નિસ્વાર્થ ભાવે ભગવાનની ભકિત કરતાં થઈ જઈશું તો જ જીવન ધન્ય બનશે. પાપોની વણઝર કકડભૂસ થઈને તુટી પડશે.

ક્ષણભંગુર જીવનની કિંમત સમજી આજથી, અત્ર ઘડીથી સુશ્રધ્ધાપૂર્વક સત્કાર્યો આદિ કરવા લાગી જશો ને ? કયા કયા સત્કાર્યો તમે કર્યાં તે મને જણાવવા નોંધી લો મારૂં સરનામું....

'રવિશિશુ' જૈન શાસન કાર્યાલય, જામનગર-૫

આજનો વિચાર

નમ્રતા એ દૈવી સદ્‌ગુણ છે.

શાસ્ત્ર એટલે શું ?

૦ એ દિવો છે–એનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો એ આપણા આખા જીવનને અજવાળી શકે છે. વિવેક પૂર્વક એનો તમામ ક્ષેત્રોમાં ઉપયોગ થઈ શકે.

૦ એ ઘણુ છે–આપણા ઉપર જડતાના જામી ગયેલા અનેક કોચલાંને તોડવાનું કામ એ સરસ રીતે કરી શકે છે, એ આપણને નવજીવન આપી શકે તેમ છે.

૦ એ બીજ છે–એને આપણી અંત: ભૂમિમાં યોગ્ય રીતે ધર્મને રોપીને એની બરાબર માવજત કરવામાં આવે તો આપણે ગિળ ફૂળફૂલથી લચી પડીએ છીએ.

૦ એ અરિસો છે–શાસ્ત્રમાં જોઇ આપણે પોતાના વ્યવહારની શુધ્ધતા નક્કી કરી શકીએ તેમ આપણે કેટલામાં છીએ, યોગ્યતા કેટલી છે તેની ખબર શાસ્ત્ર દ્વારા પડે છે.

૦ એ અગ્નિ છે–આ ધરતી ઉપરની આપણી યાત્રા દરમિયાન આપણે કેટલોય નકામો કર્મ ભાર (કચરો) એકઠો કરીએ છીએ, શાસ્ત્રો તેને બાળવામાં મદદ કરે છે.

૦ એ ઔષધ છે–વાતાવરણમાં અનેક પ્રકારનાં એવા સૂક્ષ્મ કીટાણુઓ છે જે જીવનને ચેપ લગાડે છે તેમ જીવનમાં પેશેલા દુષણો એ શાસ્ત્રો દૂર કરીને આપણને નિરામય બનાવે છે.

૦ એ પ્રસાદ છે–આપણે ત્યાં અપવિત્રતાની કોઇ ખોટ નથી. એક ઇંચ જેવી જગ્યા નથી કે જ્યાં અશુદ્ધિ ના હોય, શાસ્ત્રો આપણને એવો પ્રસાદ આપે છે જે બધાનું નિરસન કરે છે.

–ગજજર રમણલાલ વિરલભાઇ
(ઉના)

શબ્દ સંશોધન જવાબ

(૧) મોહ (૨) ક્ષય (૩) મેળ (૪) નળ (૫) વમન (૬) વાક (૭) જેમતેમ (૮) વોરંટ (૯) છેતરપીંડી.

–યતિન ઓ. શાહ
(ડભોઇ)

હાસ્ય હોજ

પત્નિ : આજે તો શી વાત કરૂં ?

પતિ : કેમ શું થયું ?

પત્નિ : આપણી આ ઘડિયાળ ભીંત પરથી પડી ગઇ પરંતુ એ એક મિનિટ વહેલું પડયું હોત તો મને ગંભીર ઇજા થાત.

પતિ : એમ, ને શું નવું કહ્યું, મને ખબર જ છે કે આપણી ઘડિયાળ હંમેશાં મોડું જ પડે છે.

–વિલાસ આર. શાહ
નાસિક

(સમજે પછી જોડો)

કથાનક

જેવી કરણી તેવી ભરણી

આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાની આ સત્ય ઘટના છે. એક શહેરમાં મગનભાઇ ઝવેરી રહેતા હતા. ઝવેરાતનો ધંધો ધીકતો ચાલતો હતો, એક વખત ધર્ષાળુ ચમચાઓએ આ શેઠને ગુનેગાર ન હોવા છતાં ગુનેગાર ઠેરવીને પોલીસમાં પકડાવી દીધા.

સવારના પકડેલા શેઠનો સમી સાંજ સુધી છુટકારો ન થયો સંધ્યા વ્યતીત થાય તે પહેલાં શેઠ ચૂંઅવણમાં આવી ગયા. પ્રતિક્રમણનો સમય થવા આવ્યો. પ્રતિક્રમણ કરવું છે. જો ન કરું તો મારો નિયમ તુટે ચિંતા થવા લાગી, સંયોગો પ્રતિકુળ છે કાંઇક ઉપાય કરીને પ્રતિક્રમણ તો કરવું જ છે.

મનની અડગતાએ ઉપાય શોધી આપ્યો પટ્ટાવાળાને નજીક બોલાવી કાનમાં કહ્યું, ભાઇ ! મારી ધર્મક્રિયાના સાધનો લાવી આપીશ અને એક કલાક નિરાંતે બેસવાનું કોઇ સ્થળ બતાવીશ તો તને રોજના દશ રૂપિયા આપીશ.

રખેવાળ મૌન રહ્યો. શેઠે કલમ ઉપાડી શેઠાણી ઉપર ચીઠ્ઠી લખી આપી. અન્ય રખેવાળને બેસાડી તે પટ્ટાવાળો શેઠના ઘરે પહોંચ્યો. શેઠાણીએ પ્રેમથી આવકાર્યો. ચા-પાણી, નાસ્તો કરાવ્યા, શેઠના ધાર્મિક ઉપકરણો આપ્યા ને કડકડતી દશની નોટ પકડાવી.

હવે, આ બાજુ શેઠ એકાંતમાં બેસી ધાર્મિક ક્રિયા કરવા લાગ્યા સૂત્ર-અર્થના ચિંતન સાથે ભાવોલ્લાસ પણ વધવા લાગ્યો. દોષો-પાપોનું પ્રાયશ્ચિત થવા લાગ્યું મન-વચન-કાયાથી જે કાંઇ દુષ્કૃતો થયા હોય તેની ક્ષમાપના કરવા લાગ્યા. શેઠને મન ધન કરતા ધર્મની વધુ કિંમત હતી.

દિવસો વહેવા લાગ્યા, શેઠ બે ટાઇમની આવશ્યક ક્રિયા ખુબ જ ઉલ્લાસ પૂર્વક કરે જાય છે. શેઠાણી નિત્ય નવી નોટ આપે છે. જે તમામ પંચ શેઠને નિર્દોષ જાહેર કરે છે.


સરકાર શેઠનું જાહેરમાં બહુમાન કરે છે સત્યના અને પવિત્રતા જગમાં જાહેર કરી માનભેર શેઠને મહેલે મોકલી આપ્યા.

આ દૃશ્ય જોઇ પટાવાળાને પશ્ચાતાપ થવા લાગ્યો. મોટી ભૂલ કરી, ધનની લાલચે હું ખોટું કામ કરવા પણ શરમાયો નહીં. હવે શેઠના મહેલ જઇ, આંસુ અનરાધાર વહાવીને આ રૂપિયા શેઠના ચરણે ધરી દઉં.

શેઠના ચરણો પખાળતો તે રખેવાળે શેઠના ખોળામાં રૂપિયા મુકયા. શેઠે તે રૂપિયા પાછા આપવા ઉપરાંત રૂપિયા સોની બક્ષીશ આપી.

રખેવાળ આનાકાની કરતો રહ્યો ને શેઠે બોલ્યા ભાઇ ! મારે મન ધન કરતાં ધર્મની કિંમત વધુ છે તે જે મને બે ટાઇમ મારી ધાર્મિક ક્રિયા કરવાની સગવડ કરી આપી તેનાથી મારો નિયમ અડગ રીતે જળવાઇ રહ્યાથી તેની આગળ પૈસાની શી કિંમત છે ? શેઠની આ ધર્મભાવના જોઇ પટ્ટાવાળો પણ ધર્મ પામી ગયો.

—મેઘા ઝોટકસી [ખંભાત]



શ્રી અભયશેખરજી ગણીનું 'તત્ત્વનિર્ણય'ના નામે તત્ત્વખંડન

[સુજ્ઞ વાચકોને મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ –લેખક]

શ્રી અભયશેખર વિજયજીએ તાજેતરમાં 'તત્ત્વનિર્ણય' નામનું પુસ્તક બહાર પાડીને પોતાના કદાગ્રહી વ્યક્તિત્વનો આંશિક અણસાર આપ્યો છે. મધ્યસ્થબુદ્ધિનો ડોળ કરીને પક્ષઝનૂનથી કેવા કુતર્કો થઇ શકે છે–તે જાણવા માટે આ પુસ્તક ઉત્તમ નમૂનો ગણાય. તેમના વડિલો પાસેથી વારસામાં મેળવેલી આ ગાયાનો અનુભવ, તેઓ આ અગાઉ પણ કરાવી ગયા હોવાથી અમને એનું કોઇ આશ્ચર્ય નથી. પૂજ્યપાદ પરમગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિના શ્રીય માર્ગદર્શનને પોતાના કુતર્કના ચશ્મા પહેરાવીને લોકોને બતાવવાનો તેમણે 'ભવ્ય' પુરૂષાર્થ કર્યો છે. પરંતુ પોતાની જાતને મહાન તર્કવાદી સમજતા આ ગણીજી વંચાવે એમ જ પૂ. પરમગુરૂદેવશ્રી આદિનાં વાકયો વાંચવા જોઈએ એવો નિયમ નથી. પોતાની સમજશક્તિનો ઉપયોગ કરીને તેઓશ્રીનાં વાકયોને વાંચનાર માણસ, લેખક ગણીજીની વકજાડતા તુરત સમજી જાય છે. ખરેખર તો ગણીજીના પક્ષવાળાની જુની અને નવી ચોપડીઓમાં રહેલો ભયંકર વિરોધ લોકોની નજરે ચડી ગયો છે. એ તરફથી લોકોનું ધ્યાન બીજે દોરવા માટે, ગણીજીએ, અમારા પૂજ્યપાદપાદશ્રીજીનાં સીધા–સરળ વાકયોને પોતાના કુતર્કનો ચેપ લગાડવાનો નિષ્ફ પ્રયાસ કર્યો છે. આ પંડિતની 'તાર્કિકતા' જોયા પછી, એમનામાં અને પૂ. મહોપાધ્યાયશ્રીએ વર્ણવેલા પેલા 'બઠર પંડિત' માં કોઇ ફેર જણાતો નથી. (દૂર નજીક હાથી હણેજી, જેમ એ બઠર વિચાર.)

• અભયશેખર વિ. એ પોતાના 'તત્ત્વનિર્ણય' માં પૃષ્ઠ ૬૭ ઉપર 'જૈનશાસન' સાપ્તાહિકના તા. ૨૮–૯–૯૩ના અંકમાં પૃષ્ઠ ૩૨૧ ના મારા લેખને યાદ કર્યો છે. તર્કજડ માણસોની ખાસિયત અહીં સ્પષ્ટ જોવા મળી. અઢારપાનાનાં અભયશેખર વિ. ના લખાણ માટે મેં ખાસ લખ્યું હતું કે 'સ્વદ્રવ્યથી જિનપૂજા કરવી જોઇએ એમ કહીને પણ, દેવદ્રવ્યથી જિનપૂજા શા માટે ન થાય? આ સવાલ ચીપીચૈ પછાડીને અઢાર પાનાનું લખાણ લોકોને

પૂછી રહ્યું છે.' અઢાર પાનાની ચોથે છૂપાધને જેમ તેમ ગણગણાટ કરતા સંમેલન ભક્ત પઠિતમૂર્ખોને ઠેકાણે લાવવા માટે મેં આગળ લખ્યું કે 'આજે કોઇ પણ માણસ લોકોને પૂછી શકે છેઃ સ્વદ્રવ્યથી જિનપૂજા થાય તો દેવદ્રવ્યથી થા માટે ન થાય, બોલો જોઉં ?' આ લખાણને આગળ કરીને ગણીજીએ છણકો કર્યો છે. આવી માન્યતા અમારી છે જ નહિ. અને પછી શાસ્ત્રપાઠોની શેખી કરી છે. આપણે એમના શાસ્ત્રપાઠોને જરા ચકાસીએ.

વારંવાર 'સામોપક્ષ શાસ્ત્રપાઠ અધૂરો રજુ કરે છે' એવી બૂમો મારનારા આ ગણીજી, પોતાની શાસ્ત્રોત્તીર્ણ માન્યતાને સિદ્ધ કરવા માટે શાસ્ત્રપાઠ કેવો અધૂરો રજુ કરે છે, તેનો એક નમુનો બતાવું:

'ધાર્મિક વહીવટ વિચાર' માં પૃષ્ઠ ૧૯૭ ઉપર શ્રી વસુદેવહિંડીનો પાઠ રજૂ કરીને તેમણે લખ્યું છે કે 'જે ચૈત્યદ્રવ્યનો નાશ કરે છે તે, જિનપ્રતિમાની પૂજા જોઇને આનંદિત હૃદયવાળા થનારા ભવ્ય જીવોને એ દ્વારા થનારી સમ્યગ્દર્શન–શ્રુત-અવધિ–મનઃ પર્યવ–કેવલજ્ઞાન અને યાવત્ નિર્વાણ–મોક્ષની પ્રાપ્તિને રૂંધે છે–આ શાસ્ત્રપાઠ પરથી પણ સ્પષ્ટ છે કે દેવદ્રવ્યથી જિનપ્રતિમાની પૂજા–ભક્તિ વગેરે થાય છે.

ગણીજીએ રજુ કરેલો આ શાસ્ત્રપાઠ અને તેનું અર્થઘટન ગેરમાર્ગે દોરનાર અને અધૂરું છે. ખરેખર તો 'શ્રી વસુદેવ-હિંડી'માં સમગ્ર અધિકાર આ પ્રમાણેનો છેઃ

'અંધકવૃષ્ણિ રાજા પૂછે છે કે 'હું પ્રથમ સમ્યક્ત્વ પામેલો હું ? હું કોણ હતો ?' સાધુએ અવધિજ્ઞાનથી જાણીને કહ્યું કે સાંભળઃ શ્રી ઋષભદેવસ્વામીના તીર્થમાં સાકેત નામના નગરમાં ધનદત્ત નામનો સાર્થવાહ કે જે શ્રાવક હતો, તેની નંદા નામની સ્ત્રી હતી. અને તેને સુરેન્દ્રદત્ત નામનો પુત્ર હતો. સુરેન્દ્રદત્તને ઇન્દ્રદત્ત નામનો બાળમિત્ર હતો. વાહન (નાવ) દ્વારા સમુદ્રયાત્રા કરવાની ઇચ્છા-વાળા સુરેન્દ્રદત્તે 'પ્રવાસ ઘણાં વિઘ્નવાળો છે' એમ વિચારીને ઇન્દ્રદત્તના હાથમાં ત્રણ કોટિ દ્રવ્ય આપીને કહ્યું કે 'આ ત્રણ કોટિ દ્રવ્યને દેરાસરના અને પ્રભુ-પૂજાના ઉપયોગમાં લેજે.' આ પ્રમાણે કરી વ્યાપાર માટે તે દ્વીપાંતરમાં ગયો. હવે ઇન્દ્રદત્ત તે ધનનો દ્યુતવ્યસને કરીને નાશ કર્યો. પછી ચોરી કરવા લાગ્યો. અને લોકોએ જોયો એટલે ભાગીને 'ઉલ્કામુખ' નામની ચોરપલ્લીમાં પેઠો. કાળે કરીને તે, તે પલ્લીનો અધિપતિ થયો. ત્યાર પછી નિર્લજ્જ અને ક્રૂર એવા તેણે પોતાના પરિવારની સાથે આવી સાકેતનગરને પીડીત કર્યું. રાત્રિમાં તે ગામના ઘરો સળગાવ્યાં. નગરના લોકોએ તેને જોયો અને જાણ્યું કે આ ઇન્દ્રદત્ત અમારો નાશ કરવા માટે ઉપસ્થિત થયો છે. માટે તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી–આ પ્રમાણે નિશ્ચય કરીને નગરના લોકોએ તેનો નાશ કર્યો. દેરા-સરને માટે સુરેન્દ્રદત્તે આપેલા ધનનો નાશ કરવાથી તેણે

શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજા અને તેના દર્શનથી આનંદિત હૃદયવાળા ભવ્ય જીવોને થતાં સમ્યગ્ દર્શન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન અને નિર્વાણરૂપ લાભોનો પ્રતિષેધ કર્યો યાવત્ તેનાથી પ્રાપ્ત થતી દેવસંબંધી અને મનુષ્ય સંબંધી ઋદ્ધિ, આગમનો મહિમા, સાધુજનનો ધર્મોપદેશ અને તીર્થની ઉન્નતિનો પણ તેણે નાશ કર્યો અને તેથી તેણે દીર્ઘસ્થિતિવાળા દર્શન મોહનીય અને અશાતાવેદનીય કર્મનો બંધ કર્યો, અને રૌદ્રધ્યાનના પ્રતાપે નરકનું આયુષ્ય બાંધીને સાતમી નરકે ગયો.'

'શ્રી વસુદેવહિંડી'ના આ સમગ્ર અધિકારથી સ્પષ્ટ જણાય છે કે, 'સુરેન્દ્રદત્તે ત્રણ કોટિ દ્રવ્ય દેરાસર અને પ્રભુપૂજાના ઉપયોગમાં લેવા માટે આપ્યું હતું. આ દ્રવ્યને શાસ્ત્રીય પરિભાષામાં ચૈત્યદ્રવ્ય-દેવદ્રવ્ય કહેવામાં આવ્યું છે. 'દેરાસર અને પ્રભુપૂજાના ઉપયોગ'માં લેવા માટે ભેટ અપાયેલું દ્રવ્ય હોવાથી આજની ભાષામાં આ દ્રવ્યને 'દેવકું સાધારણ' કે 'શ્રી જિનભક્તિ સાધારણ' દ્રવ્ય કહેવાય. અને એનો ઉપયોગ પણ શ્રી જિનભક્તિ સાધારણ દ્રવ્ય તરીકે થઇ શકે. આ વાતમાં કોઇએ કશો વિરોધ કરવા જેવું નથી.

આપણા અભયશેખરજી ગણીએ આ શાસ્ત્રપાઠમાંની 'દેરાસર અને પ્રભુપૂજાના ઉપયોગ માટે ભેટ અપાયેલ ચૈત્યદ્રવ્ય છે' આવી વાત જણાવતી શાસ્ત્રપંક્તિઓ ઇરાદા પૂર્વક છુપાવી છે. કારણ કે આ શાસ્ત્ર પંક્તિઓ પ્રગટ કરી દે તો, 'ઉત્સર્ગમાર્ગે દેવદ્રવ્યથી પ્રભુપૂજા થઇ શકે છે' એવી પોતાની શાસ્ત્રવિરૂદ્ધ માન્યતા તુટી પડે તેમ છે. સંમેલનવાદીઓની પકડાઇ ગયેલી શાસ્ત્ર વિરૂધ્ધ માન્યતાને સિદ્ધ કરવા માટે તેઓએ શાસ્ત્રપાઠ અધુરા રજુ કર્યા વિના ચાલે તેમ નથી. 'પ્રભુપૂજા માટે ભેટ મળેલ રકમથી પ્રભુપૂજા થઇ શકે એવી શાસ્ત્રીય વાત રજુ કરતા આ શાસ્ત્રપાઠને, 'સ્વપ્નાદિ દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરવા'ની પોતાની અશાસ્ત્રીય વાતને સિદ્ધ કરવા માટે રજુ કરી દેનારા આ ગણીજીની સાહસિકતા ઉપર ભારે કરૂણા ઉપજે છે, અને પોતાની આવી સાહસિકતાનો આરોપ સામાપક્ષ ઉપર ચડાવતા રહેવાની તેમની કુટિલતા માટે તો કશું કહેવા જેવું રહેતું નથી. જો કે ઘટ-પટની ખટપટ કરતાં જ મોટા થયેલા આ ગણીજીની દેવદ્રવ્યને સમજવા જેટલી કક્ષા ન હોય તે સ્વાભાવિક છે. તેથી તેઓ બિચારા આવા પ્રપંચો વિના બીજું શું કરી શકે? તેમનું આવું અજ્ઞાન તેમના વડીલોની માયા નીતિને જાહેર કરે છે. ખરેખર તો અજ્ઞાન શેખરોએ દેવદ્રવ્ય જેવા ગંભીર વિષયમાં માથું મારવું જ ન જોઇએ.

આટલી વિચારણાથી સુજ્ઞવાચકો સમજી શકશે કે 'શ્રી વસુદેવહિંડી'નો આ પાઠ પ્રભુપૂજા માટે ભેટ મળેલ ચૈત્યદ્રવ્ય સ્વરૂપ શ્રી જિનભક્તિ સાધારણ દ્રવ્યની વાત કરનાર છે. તેથી આવા દ્રવ્યનો નાશ થતાં, પ્રભુપૂજાથી માંડીને નિર્વાણ પ્રાપ્તિનો લાભ

આદિ રૂંકાય–એ વાત સ્પષ્ટ સમજી શકાય તેવી છે. અહીં સ્વપ્ન દ્રવ્ય બોલી દ્રવ્ય આદિ બધા દેવદ્રવ્યથી શ્રી જિનપૂજા કરવાની વાત, આ શાસ્ત્રપાઠને આગળ ધરીને કરી રહેલા સંમેલનવાદીઓ લોકોને ઉન્માર્ગે લઇ જાય છે. જેઓ પોતાની જીદ અને અશાસ્ત્રીય માન્યતાને સિધ્ધ કરવા માટે શ્રી વસુદેવહિંડી જેવા અતિપ્રાચીન શાસ્ત્રનો આવો ખુલ્લો દ્રોહ કરતા પણ અચકાતા નથી, તેઓની શાસ્ત્રપાઠના નામે થતી અન્ય વાતો પણ કયો સુજ્ઞજન સ્વીકારી લે ? અહીં જો કે ગણીજી પોતાની આદત મુજબ શેખી કરશે કે મારી વાતને ખોટી સિધ્ધ કરવા માટે એક પણ પાઠ રજુ કર્યો નથી. તેમની આવી જડતાની હું ઉપેક્ષા જ કરું છું. કારણ કે દરેક વિદ્વાનો મારી ઉપરની રજુઆત વાંચીને 'શ્રી વસુદેવહિંડી'નો પાઠ જોઇ શકે છે. અને અભયશેખર વિ. કેવા ખોટા છે, તે સમજી શકે છે. સામા પક્ષ પાસે શાસ્ત્રપાઠોની ઉઘરાણી કરનારા આ પંડિતો, પહેલાં આપેલા શાસ્ત્રપાઠોનો અભ્યાસ કરે અને શાસ્ત્રલોપના પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત કરે, સામા પક્ષને શાસ્ત્રપાઠો સાથે રમત કરનાર કહી નાંખવાથી પોતાનાં પાપ ઢંકાઇ નહિ જાય. દેવની ભક્તિ માટે આવેલા દેવદ્રવ્યથી પ્રભુપૂજા થઇ શકે–એવા ભાવના શાસ્ત્રપાઠોને, સંમેલનવાદીઓ દેવની ભક્તિરૂપે આવેલા દેવદ્રવ્યથી પ્રભુપૂજા કરાવવા માટે રજુ કરી રહ્યા છે. આવી અમારી રજુઆત સાચી હોવાનું આ રીતે પૂરવાર થાય છે. શાસ્ત્રો માટેના બનાવટી બહુમાનનું પ્રદર્શન કરનારા આ સંમેલનવાદીઓ શાસ્ત્રોનો દ્રોહ અને અપલાપ કરવામાં કેટલા કાબેલ છે એ પણ જોઇ શકાય છે.

પોતાના 'તત્વનિર્ણય' (આ પુસ્તકનું સાચું નામ 'અતત્વાભિનિવેશ' છે.) માં અભયશેખર વિ.એ કેવું પોતાની અક્કલનું પ્રદર્શન કર્યું છે તેનો પણ નમૂનો બતાવું :

પૂ. આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મહારાજાએ આ લોકના સુખના ઇરાદે કરાતા ધર્મને વિષાનુષ્ઠાન (વિષ જેવું ઝેરી અનુષ્ઠાન) કહ્યું છે અને આ અનુષ્ઠાનને ત્યાજ્ય જ જણાવ્યું પૂ આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂ મ. સા. પણ આ જ વાતને દૃઢ બનાવતા કહે છે કે 'અર્થ–કામની ઇચ્છાથી કરાતો ધર્મ મહાભૂંડો છે' કોઇ પણ સમજુ વિવેકી માણસ વિષાનુષ્ઠાનને 'મહાસારૂ' માની શકે નહિ. તેને 'મહાભૂંડું' જ માનવું પડે. છતાં 'મહાભૂંડો' શબ્દ ભાળીને ભડકેલા અભયશેખરજી ગણીએ પૃષ્ટ ૨૫–૨૬ ઉપર બહું લવારો કર્યો છે. પૃષ્ઠ ૨૪ ઉપર તેઓ લખે છે : "જેઓ લૌકિક અપેક્ષાથી આરાધાયેલા ધર્મને ભૂંડો કહે છે તેઓ પોતાના ગુરુ અને દેવને ભૂંડા કહેશે ?"

ગણીજીના આ સવાલથી લાગે છે કે હજી તેમને તેમના ગુરૂઓએ દેવ–ગુરૂ–ધર્મની સાચી સમજ જ આપી નથી. પૂ. આ. શ્રી હરિભદ્રસૂ. મ. સા.એ ધર્મને 'ચિત્તમાં ઉત્પન્ન થનારો' કહ્યો છે. અને એટલે જ

જ્યારે દુષિત ચિત્તથી ધર્મમાં આરાધવામાં આવે છે ત્યારે, આરાધાતો ધર્મ પણ દૂષિત બને છે. માટે જ શાસ્ત્રકારોએ ધર્માનુષ્ઠાનોની ઓળખાણ વિષાનુષ્ઠાન-ગરલાનુષ્ઠાન-અમૃતાનુષ્ઠાન વગેરે રૂપે આપી છે. એથી જ ભૌતિક અપેક્ષાથી આરાધાયેલા વિષાનુષ્ઠાનને ભૂંડું કહેવાય, મહાભૂંડું કહેવાય. જ્યારે ભૌતિક અપેક્ષાથી દેવ કે ગુરૂની આરાધના કરનારો આત્મા, વિષાનુષ્ઠાનના કારણે પોતાની આરાધના-ધર્મને ભૂંડો બનાવે છે પણ તેથી દેવ-ગુરૂ ભૂંડા બની શકતા નથી. કારણ કે ધર્મ જેમ ચિત્તમાં ઉત્પન્ન થાય છે તેમ દેવ-ગુરૂ ચિત્તમાં ઉત્પન્ન થયેલા નથી. આત્માથી અલગ છે. તેથી આત્માના સારા-નરસા પરિણામથી દેવ-ગુરૂ સારા નરસા બની શકતા નથી. દેવતત્ત્વ કે ગુરૂતત્ત્વ સ્વભાવથી જ શુદ્ધ હોય છે ત્યારે, આરાધકના મલીન આશયથી દેવ-ગુરૂ મલીન બની જતાં નથી. એની જેમ જ દેવ કે ગુરુ સ્વભાવથી અશુદ્ધ હોય છે ત્યારે આરાધકના સારા આશયથી તે અશુદ્ધ દેવ-ગુરૂ શુદ્ધ બની જતાં નથી. માટે જ શાસ્ત્રકારોએ ધર્મની બાબતમાં વિષાનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન- એવા ભેદ બતાવ્યા (કારણ કે ધર્મચિત્તમાં રહેતા થાય છે.) જ્યારે દેવ-ગુરૂના સ્વરૂપને આરાધકની મલીન આરાધના દૂષિત કરી શકતી ન હોવાથી દેવ-ગુરૂ તત્ત્વમાં ધર્મ જેવા બે ભેદ શાસ્ત્રકારોએ બતાવ્યા નથી. આથી, ભૌતિક અપેક્ષાથી આરાધાયેલા વિષાનુષ્ઠાન સ્વરૂપ ધર્મને અવશ્ય ભુંડો કહી શકાય. પણ પવિત્ર એવા પોતાના દેવ-ગુરૂને કહેવાની જરૂર રહેતી નથી.

આજે પૂ. આ. શ્રી હરિભદ્ર સૂ. મ. સા. હયાત નથી. નહિ તો આ અભયશેખરજી ગણી તેઓશ્રીને પણ પૂછત કે "જેઓ ભૌતિક અપેક્ષાથી આરાધાયેલા ધર્મ (વિષાનુષ્ઠાન) ને ઝેરી કહે છે તેઓ પોતાના ગુરુ અને દેવને ઝેરી કહેશે."

અજ્ઞાન શેખરો જ્યારે દેવ-ગુરૂ-ધર્મની સમજ મેળવ્યા વિના જેમ તેમ લવારો કર્યા કરે ત્યારે બહુશ્રુત ગીતાર્થો એની ઉપેક્ષા કરે છે. અહીં અજ્ઞાનશેખરો છાતી ફુલાવીને કહી શકે છે કે મને જવાબ આપી શકતા નથી. तुष्यन्तु बुधजडाः । અભયશેખર વિ.એ અહીં દંભશેખર બનીને જે ગાળા ગાળી કરી છે તે તેમની 'ખાનદાની' ને શોભે તેવી હોવાથી, તેનો અનુત્તર એ જ ખરો ઉત્તર છે. અભયશેખર વિ.ની આવી બિભત્સ મનોવૃત્તિ બદલ સૌ સજ્જનો આ અજ્ઞાનશેખરની ભાવકરૂણા ચિંતવે !

અભયશેખર વિ. જેને તર્કસમ્રાટ કહીને ઓળખાવે છે તે પં. જયસુંદર વિ. (ઓળખ્યાને ? પેલા 'લાલબત્તી' વાળા) એ આ અજ્ઞાનશેખરના પાગલતુક્કાઓને 'લીલીબત્તી' બતાવીને પાસ કરી દીધા. આ ઘટના તેમને 'તુક્કાસમ્રાટ' સિદ્ધ કરવા પર્યાપ્ત છે. [પં. જયસુંદર

અને મોટા પુત્ર રમેશચંદ્રની દીક્ષાની ભાવના થઇ. માતુ શ્રી કપુરબેનના સમાધિમય સ્વર્ગવાસ પછી સં. ૨૦૧૩ ના અષાડ શુદિ ૩ ના જબલપુર મુકામે પૂ. ગણિવર શ્રી માનતુંગ વિજય મ. સા. ના શિષ્ય મુનિ જયભૂષણ વિજયજી મ. સ. રૂપે દીક્ષિત બન્યાં ચોમાસા બાદ સં ૨૦૧૪ નાં માગ. વદિ ૯ ના નરસિંગપુર (મ પ્ર.) ગામમાં તેઓની વડી દીક્ષા થઇ. દીક્ષા દિનથીજ મુળથી બે વિગઇનો ત્યાગ લીલોતરીનો ત્યાગ વર્ધમાન તપની ઓળીઓ ૬૪ સુધી પહોંચ્યા જ્ઞાનપંચમી નવપદજીની ઓળી કલ્યાણક-ની આરાધના તો એમનો જીવન પ્રાણ બનીગઇ. મોટી ઉંમર હોવા છતાં ગ્લાનની વૈયાવચ્ચ અંતિમ સમાધિ આપવી, વિગેરેમાં પણ તૈયાર જ હોય ભગવાનની ભકિત જીવદયા જયણા આ બધામાં પણ તેઓ અપ્રમત્ત ભાવે લયલીન બની જતાં દીક્ષા પહેલાં પણ વર્ષો સુધી ચોસઠ પહોરી પૌષધ સાથે અઠ્ઠાઇ કરી હતી. આ સાથે જ્ઞાનની આરાધના પણ ચાલુ જ હતી. આ બધામાં શરીરની પરવા પણ ન કરી. પરિણામે સં. ૨૦૨૧ માં જામનગરમાં આખા શરીરે જીવલેણ વ્યાધિ થયો. તે સમાધિથી ભોગ-વીને અપૂર્વ કર્મનિર્જરા કરી. વૈદ્ય સારવારથી રોગમુકત બન્યા. પરંતુ અવસ્થાએ પોતાનો પરચો બતાવવા માંડયો.

તેઓનું સૌભાગ્ય પણ એવું કે તેઓના પગલે મોટાપુત્ર રમેશચંદ્ર સં. ૨૦૧૪ માં પૂ. ગણિવર શ્રી મૃગાંક વિજયજી મ. સા. ના શિષ્યરૂપે દીક્ષા લઇને મુનિ રત્ન-ભૂષણ વિજયજી મ. સા. બન્યાં અને નાના પુત્ર છબીલદાસ પૂ. મુ. રત્નભૂષણવિજયજી મ. ના શિષ્ય મુનિ કુલભૂષણ વિજયજી મ. સા. બન્યાં. જીવનભર પોતે ભાવેલી ભાવનાઓની સફળતા નજરે જોઇ અને તેઓના સહારે સંયમની સાધનામાં આગળ વધતા ગયા.

વૃદ્ધાવસ્થામાં પ્રાયઃ સ્થિરવાસ કરવો પડે એવી ૮૩ વર્ષની પાકટ વયે પૂ. દાદા ગુરુની આજ્ઞા અને આશીર્વાદથી પૂર્વભારતનો ઉગ્રવિહાર કર્યો. ત્યાંના પાંચ વર્ષના વિચરણ દરમ્યાન છરી પાલિત સંઘ, કલ્યાણક ભૂમિઓની સ્પર્શના શીખરજીનું યાદ-ગાર ચોમાસુ, અંજનશલાકાના બે મહોત્સવો, ૧૫ પ્રતિષ્ઠાઓ, કલકત્તામાં ના ભવ્ય ચાતુ-માસો આદિ શાસન પ્રભાવનાના અનેકવિધ કાર્યો થયાં તે સૌમાં તેઓએ અપ્રમત પણે હાંજરી અને નિશ્રા આપી. સં ૨૦૪૯ માં કલકત્તાથી ૨૬૦૦, કી. મી. નો ઉગ્રવિહાર કરીને મુંબઇ પધાર્યા અને ચોપાટી શ્રી કલ્યાણ પાર્શ્વનાથમાં ચોમાસુ કર્યું. ચોમાસા બાદ સં. ૨૦૫૦ માં પૂ. ગચ્છાધિપતિ માલવદેશે સદ્ધર્મસંરક્ષક આ. શ્રી. વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાથી પૂ. પંન્યાસજી મ. શ્રી રત્નભૂષણ વિજયજી ગણિવરને આચાર્ય પદ પ્રદાન કર્યું તે વખતે બોરીવલી કાર્ટર રોડમાં ભવ્ય શાસન પ્રભાવના

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

વાંચો વિચારો સત્ય સામે દેખાશે

આજે દેવદ્રવ્ય, ગુરુપૂજન દ્રવ્ય, સિધ્ધાંતથી વિપરીત ર્ં તે વાપરવાનો જે ઉપદેશ અપાય છે, પુસ્તકો છ ાય છે એનો વિરોધ કરનારને યેનકેન રીતે હલકા કરવા નનામી પત્રિકાઓ છપાય છે, સંઘના બંધારણમાં ફરજીઆત ફેરફાર કરાવવો, વ્યાખ્યાનો એના સિધ્ધાંતથી વિરૂધ્ધ દેવાય કે આ વાત શાસ્ત્ર વિરૂધ્ધ છે, એની સામે વ્યાખ્યાન બંધ કરવા સાધુ ભગવંતને કહેવું કે અહિં આવા વ્યાખ્યાન આપવા નહીં. નહીંતર અજુગતું થશે, પછી અજુગતું સુરતની જેમ કરી બતાવવું. જે આચાર્ય ભ ંવત શાસ્ત્ર સિધ્ધાંત શિરોમણી છે, જે વર્ષો થયા. 'દેવદ્રવ્યથી શ્રાવક પૂજા કરી શકે,' 'ગુરૂપૂજન સાધુ વૈયાવચ્ચમાં જાય'- એ શાસ્ત્ર સિધ્ધાંતથી ખોટું છે, આવો ઉપદેશ આપે છે અને 'જૈનશાસન' અંકમાં શાસ્ત્રોકિત સિધ્ધાંતથી એનો વિરોધ કરે છે, તે આચાર્ય ભગવંતે અમારી માફી માગી અને તમારા સિધ્ધાંતને હું સહમત છું એમ આચાર્ય ભગવંતના નામથી પેપરમાં આપીને છેલ્લે તો વિરોધની પરાકાષ્ટા કરી છે. દેવદ્રવ્યથી શ્રાવક પૂજા કરે તો શ્રાવકને દેવદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે એમ શાસ્ત્રની વાત સમજાવે, તો તેઓ ભક્ષણનો દોષ લાગે એમ શાસ્ત્ર પાઠ બતાવો એમ કહે છે. પણ શાસ્ત્રમાં સ્વદ્રવ્યથી કરવાનું કહ્યું છે તે કામ દેવદ્રવ્યથી કરે તો ભક્ષણ દોષ લાગે એ સહેલાઈથી સમજાય તેમ છે. વળી ઉપદેશ તો કડક શબ્દમાંજ અપાય. સાધુ ભગવંતો વ્યાખ્યાનમાં બોધ આપે છે કે. ખરાબ કૃત્યો કરશો તો તમારી નરક ગતિ થવાની.

હવે લડાઈમાં લડતા રાજાએ ઘણાને હણી નાખ્યા,

દ્રઢ પ્રહારીએ, સ્ત્રી હત્યા, બાળ હત્યા, ગૌ હત્યા કરી બીજા ઘણાએ દેખાવે ભયંકર એવા દુષ્ટ કૃત્યો કર્યા તેઓ પણ નીચ ગતિમાં ગયા નથી પણ. સારી ગતિએ ગયા છે ત્યાં તેના સંજોગો, કૃત્ય કરતી વખતે, તેમને અધ્યાવસાય બગડેલા પણ કૃત્ય કર્યા પછી પસ્તાવો થયો. આવા સંજોગોમાં એ નીચ ગતિ નં પામ્યા પણ એવા કૃત્યોથી નીચ ગતિ થશે તેજ ઉપદેશ અપાય. એમ દેવદ્રવ્યથી પૂજા કરનાર ભવ ભીરૂ મનમાં એવો પસ્તાવો કરે કે હું કેવો ભાગ્યહીન કે હું - મારા દ્રવ્યથી પ્રભુ ભક્તિ નથી કરી શકતો. એવા મન દુઃખે પૂજા કરે અને બીજો 'મફતકા ચંદન ઘસ બે લાલીયા' એવી ભાવના રાખી પ્રભુ પૂજા કરે તો બંને પૂજાના લાભ ફરક પડે જ.

પહેલી પૂજાવાળો સ્વદ્રવ્યથી પૂજા કરનાર કરતાં પણ વધુ પામી જાય પણ મફતકા ચંદન ઘસ બે લાલીયાવાળાને માટે દેવદ્રવ્ય ભક્ષણ શબ્દ પણ હલકો પડે.

તમો બાર મહીને પૂજાની સામગ્રીના બહુ બહુ તો બે હજાર લાગે તે છતી શક્તિ યે ન વાપરો અને ઘસ બે લાલીયાની જેમ પૂજા કરો તો એ બચેલી

રકમ તમારા ઘર વહેવારમાં વપરાઈ તે દેવદ્રવ્ય ભક્ષણ થયું કે નહીં ? આ સાધારણ સમજણની વાત છે. શાસ્ત્રોકત પાઠની વાત બાજુએ મૂકો. ઉછીના પૈસા લાવી ઘરનો પ્રસંગે ઠાઠમાઠથી કરો તો લોક શું કહે? વ્યવહેવાર નય શું કહે ?

દેવદ્રવ્યથી પૂજા કરવાનો સિદ્ધાંત નક્કી કરવા માટે એમના તરફથી દલીલ થાય છે કે હિંદુસ્તાનના ઘણા ગામડાઓમાં શ્રાવકોના ઘર ચાર-પાંચ કે દસની અંદર છે અને તે પણ સાધારણ સ્થિતિના છે. ત્યાં બીજું દ્રવ્ય ક્યાંથી લાવવું એટલે દેવદ્રવ્યમાંથી પૂજા કરવાનો સિધ્ધાંત કરીયે તો તેઓ પૂજાથી વંચિત ન રહે.

હવે આ બાબત આગમ સિધ્ધાંત રક્ષક સ્વ. ગચ્છાધિપતિ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. કહેતા હતાં કે આવી પરિસ્થિતિ હોય ત્યાં ભગવાન પૂજ્યા વગરના ન રહે તે જોવું. બાકી શ્રાવકે તો યથાશકિત પૂજા કરવાની એમ કહ્યું છે. એટલે ચપટી ચોખા મૂકીને કે દેરાસરનો કાજો કાઢીને અથવા પાણી ભરીને કે કોઇના ફૂલ ગુંથીને પણ લાભ લઇ શકે તેમ શાસ્ત્રોમાં કહ્યું છે.

વળી કહે છે કે મોટા શહેરોમાં દેવદ્રવ્યની લોન લઇને ઘણા સાધારણના ખર્ચ થાય છે અને લોન લીધેલી રકમ વર્ષે વર્ષે વધે છે. ચોપડામાં શોભા પુરતી દેવદ્રવ્યની લોન દેખાડે છે. હકીકતમાં દેવદ્રવ્યથીજ બધા ખર્ચા થાય છે. આ પરિસ્થિતિ છે તે સત્ય છે. પણ તે પરિસ્થિતિ થવાનું કારણ સંઘના મન ફાવતા ખર્ચની છે. કોઇપણ ઉત્સવની ટીપ થઇ હોય એથી વધારે ખર્ચ કરી નાખે. સંઘના ટ્રસ્ટીઓને મોટાઇ જોઇએ છે. પૈસા ખૂટે એટલે દેવદ્રવ્ય પડ્યું છે તેમાં નજર જાય અને સાધુ ભગવંતોએ પણ એ બાબત વિચારવાનું છે. ઉત્સવોની હારમાળ કરવી મંડપો લાઇટો, ગવૈયા બેન્ડબાજા, જમણવાર, આ બધું સંઘની શકિત હોય એ પ્રમાણે થવા જોઇએ. દેખા દેખી ન ચાલે આજે મંડપની લાઇટના ખર્ચા કેટલા બધા વધ્યા છે ? સાધુ ભગવંતો. જ્યાં ચોમાસુ આરાધના કરવા જાય ત્યાં ત્યાંના સંઘની શકિત પ્રમાણે. ઉત્સવો કરવાનો ઉપદેશ આપવો જોઇએ. જો કે આમાં ટ્રસ્ટી મંડળ પોતાની વાહ વાહ કરાવવા વધારે ઉત્સાહી હોય છે. એટલે આ પરિસ્થિતિ થાય છે.

આ પરિસ્થિતિને સુધારવા માટે જે સંઘ ચોમાસું માટે સાધુ ભગવંતની માગણી કરવા, વિનંતી કરવા આવે ત્યારે પૂછવું કે તમારે ત્યાં દેવદ્રવ્યનો ઉપયોગ બીજા ખાતામાં વપરાતો હોય કે લોન રૂપે હોય તો સાધુ ભગવંત નહીં મલે. જુનું દેવું ભરે અને નવી લોન લેવી નહીં, આ વચન આપો તો સાધુ ભગવંત મલશે. આમ કરવા વલણ થાય તો બે ચાર વર્ષે ઠેકાણે પડી જાય. બાકી જે પરિસ્થિતિ છે તેમાં આવું કાંઈ ન કહે તો સંઘના વહીવટદાર સાથે સાધુ ભગવંતો પણ દોષમાં પડે.

આ બાબત સાધુ ભગવંતોના અંકુશની છે. પણ એના માટે સિધ્ધાંત ફેરવવાની મથામણી કરવી તેમાં વધુ દોષ છે. ભગવાનની પૂજામાં સાધારણના તોટાથી દેવદ્રવ્ય નથી વપરાતું.

સાધારણની ટીપ થાય છે ત્યારે તો કેસર-સુખડ બરાસ, અગરબત્તી, ઘી, પૂજારીનો પગાર અને બીજી જોડાતી વસ્તુના બાર માસના ખર્ચનો અંદાજે, ખર્ચ થાય તેનાથી ટીપમાં રકમ વધારે મલે છે. દેવદ્રવ્યની રકમ તો બીજા ખર્ચાઓમ વપરાઇ જાય છે. તે ઉપર હકીકતથી જણાવી છે. તે ખર્ચનો વિવેક રાખવાની જરૂર છે. બીજા ખર્ચા ઓછા કરવા નથી ને. શ્રાવકોને પૂજા દેવદ્રવ્યથી કરાવવી તે રસ્તો ખોટો છે. પૂજાની સામગ્રીની સાધારણ ટીપમાંતો પૈસા વધે છે.

ગામડાના ખોટા દાખલા આપી આખો જૈન સમાજ દોષમાં પડે એવા સિધ્ધાંતો નક્કી કરવા તે ઉચીત નથી. સિધ્ધાંતમાં ફેરફાર કરવા ઉહાપોહ કરનારા પૂજ્ય મુનિરાજ શ્રાવકોને પોલીસકક્ષમાં મોકલવાના અને સ્વરક્ષણ માટે કરાટે શિખડાવવાની વિચાર સરણી ધરાવે છે. તે સાધુ જીવનમાં ઉચિત છે'

સં. ૨૦૪૪ના અમદાવાદમાં થયેલ મુનિ સંમેલનમાં થયેલા ઠરાવો (આશાસ્ત્રીય સિધ્ધાંતો)નો પૂજ્ય પં. ચંદ્રશેખર વિજયજી આજે જોરશોરથી પ્રચાર કરે છે ત્યારે તે સાલ દેવકરણ મુળજી જૈન દહેરાસર માલાડમાં આચાર્ય ભગવંત કલ્યાણ સાગરજી મ. સા. (ચોમાસું) બીરાજમાન હતા એમણે. ૨૦૪૪ના સંમેલનમાં સિધ્ધાંત ફેરફાર કરી નવા ઠરાવો કર્યા તેનો વિરોધ કર્યો. આચાર્ય ભગવંત કલ્યાણ સાગરજી સિધ્ધાંતિક વિચારો અને સ્વ. આચાર્ય ભગવંત વિજય રામચંદ્ર સૂરીશ્વરજીના વિચારો એકમત હતા. બન્નેની એક સરખી સિધ્ધાંતિક વિચારસરણી હતી એટલે અમે સહેજે આચાર્ય ભગવંત પાસે દેવકરણ મુલજી જૈન ઉપાશ્રયે ગયા. એમણે ૨૦૪૪ના મુનિ સંમેલનનાં ઠરાવોની વિરુધ્ધમાં, ઠરાવો અશાસ્ત્રીય છે તેની દલીલ સહીત બુક છપાવેલી. તે અમોએ ૧૦૦ બુક લીધી અને અમોએ વંદન કરી પૂછ્યું સાહેબ આપના સિધ્ધાંત અને આચાર્ય ભગવંત વિજય રામચંદ્ર સૂરીજી મ.ના સિધ્ધાંત એક જ છે. ફકત તિથિ પ્રશ્ને ફરક છે. આ બાબત કાંઈ વિચારો તો જૈન સંઘ હવે ઉલ્લાસમાં આવે. ત્યારે એ આચાર્ય ભગવંતે કહ્યું કે તિથિ બાબત અમારા ગુરૂ ભગવંત માનતા કે સ્વ.આ.ભ.સાગરાનંદ સૂરીજીની પ્રણાલિકા હોય તેજ અમારી પ્રણાલિકા બાકી શાસ્ત્રો સિધ્ધાંતનો ધ્વંશ થતો હોય ત્યારે ભાગારાથી ચૂપ ન રહેવાય તેથી જ આ બુકો છપાવી અમારો વિરોધ જાહેર કરીએ છીએ.

આ લખવાનું પ્રયોજન આ છે કે ૨૦૪૪ના સાધુ સમ્મેલનમાં પોતાના ગુરૂ, દાદા ગુરૂના સિધ્ધાંત જાળવવાની મહેચ્છા હોત તો એકતાના નામે જૈન શાસ્ત્રોક્ત સિધ્ધાંત, દાદા ગુરુના સિધ્ધાંત, બધું છોડી દીધું તે ન છોડવું પડત. પણ સ્વ. આચાર્ય ભગવંત વિજય રામચંદ્ર સૂરીશ્વરજીને એકલા પાડો, એ સિધ્ધાંત પહેલો બાકી સિધ્ધાંત પછી, એટલે ન મૂકવાના સિધ્ધાંત મૂકી દીધાં. એકતા જેની જેની સાથે કરી તે બધાને કાંઈ ગુમાવવાનું હતું નહિ એ બધા મનમાં સમજતા હતા અને હજી સમજે છે.

એનો હવે મુનિ સંમેલનનાં ઠરાવોનો વિરોધ કરે છે. સ્વ. આચાર્ય ભગવંત વિજય રામચંદ્ર સૂરીશ્વરજીને ગમે તેટલા હલકાં ચિતરવામાં આવે તો પણ સૂર્ય ઢાંકયો ઢંકાઈ નહિ. એમની અંતિમ યાત્રા જેણે જોઈ તેને થયું કે એક વીર પુરુષે વિદાય લીધી. ગમે તેમ હલકાં ચિતરવાની કોશીષ કરો પણ પુણ્ય પુણ્યનું કામ કરે. અને એ પુણ્ય આખી જીંદગી ઝળકતું વધુ વધુને થયું, તે ક્યારે બને ? સચ્ચાઈ હોય તો જ.

બીજું હમણાં મુંબઈ સમાચારમાં 'ધન્યવાદ આચાર્ય ભગવંત જિનેન્દ્ર સૂરીશ્વરજી' આ શિર્ષકથી એડવર્ટાઈજ આપી, તેમાં આચાર્ય ભગવંત પોતાની ભૂલ કબૂલ કરતાં માફી માંગે છે અને હવે અમારા ૨૦૪૪ના મુનિ સંમેલનનાં ઠરાવો માન્ય રાખે છે તેમ જણાવ્યું. એમાં આજથી ૧૮ વર્ષ પહેલાની સાલનું મહાવીર શાસનમાં છપાએલું ૨૦૩૩ની સાલમાં આચાર્ય ભગવંત શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજીની નિશ્રામાં ભીવંડીમાં પ્રતિષ્ઠા મહોત્સવ થયેલ ત્યારે ગુરુ મહારાજને કામલી વહોવરાવવાના ઘી (ઉછામણી)ની બોલીના પૈસા દેવદ્રવ્યને બદલે ગુરૂવૈયાવચ્ચમાં જાય છે અને તેમાં સાક્ષી તરીકે મહાવીર શાસન એક નંબર પાનાં નંબર બન્ને જાહેર કર્યાં. આચાર્ય ભગવંત અમારા સિધ્ધાંતના થઈ ગયા. એમ જાહેર કરી દીધું.

હવે આ બાબત ખુલાસો એ છે કે મહાવીર શાસનમાં પ્રીન્ટ ભૂલ થઈ હોય પણ એ રકમ દેવદ્રવ્યમાંજ જાય. છતાં તમોને આ જણાવાનું મલ્યું. મહાવીર શાસન અંકમાં પુરાવો મલી ગયો. તો પેપરમાં ધન્યવાદ આપવાને બદલે પ્રથમ તમને ખબર છે કે આચાર્ય ભગવંત રત્નપુરી મલાડમાં બીરાજમાન છે. ત્યાં જઈને હકીકત જણાવવી હતી ને ? અથવા મુંબઈ સમાચારમાં આચાર્ય ભગવંતને ધન્યવાદ આપવાની એડવર્ટાઈજ આપવા પહેલાં રૂબરૂ આભાર તો માનવો તો? રત્નપુરી વ્યાખ્યાનમાં પ્રથમ ધન્યવાદ આપવા હતા ને? પણ દાનત બદનામ કરવાની હતી ત્યાં આ વિચારો કયાંથી આવે ?

ભીંવડીના સમાચારની વાત આગળ કરી છે પરંતુ પૂ. જિનેન્દ્ર સૂ. મ. જી જેમ **ભીંવડી શ્રી હાબારી વિશા ઓશવાળ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ** (૪૮૫ અજન્ટ કંપાઉન્ડ ધામણ કરનારા / ભીંવડી. જી થાણા) ના **ધારધોરણ અને બંધારણમાં** જે ૭-૫-૮૩ની સંઘની જનરલ સભા મંજુર થયું છે તેમાં પણ પેજ-૨ ઉપર કલમ નં. (૪) માં તેમજ લખેલું છે. **" (૪) ગુરુ આગળ ગહુંલી કે ગુરૂ પૂજન આદિનું દ્રવ્ય જિનમંદિર જિર્ણોદ્ધારમાં વપરાશે."**

આ બંધારણ પણ આદિ શબ્દથી કોઈ પણ બોલીનું ગુરુ દ્રવ્ય હોય તે જિન મંદિર તથા જિર્ણોદ્ધારમાં જાય - એમ સ્પષ્ટ પૂ. જિનેન્દ્ર સૂ. મ. ના પણ વિચારો છે.

અરે ૨૦૩૩ ની સાલના મહાવીર શાસનના પુરાવા પછી તો અત્યાર સુધી આચાર્ય ભગવંત

તમારા સિધ્ધાંતો અશાસ્ત્રીય છે એમ ખુલ્લેઆમ વ્યાખ્યાનમાં કહે છે, અને એ વ્યાખ્યાનો ડોળવાના પ્રયાસ કર્યા. લાલબાગ ઉપાશ્રાય, ઘાટકોપર, ઉપાશ્રયમાં તો ધમકી પણ આપેલી. ભીવંડી વ્યાખ્યાનમાં અરે, રત્નપુરી ચોમાસું પ્રવેશ પછી. ત્રણ મહીના સુધી એજ વિરોધના વ્યાખ્યાનો ચાલતા હતાં ત્યારે તમારે બુધ્ધિ લગાડવી હતી કે ૨૦૩૩ની સાલના મહાવીર શાસનમાં જે હકીકત છે એથી તો આ વાત વિરુધ્ધ જાય છે. ત્યારે આચાર્ય ભગવંત પાસે એમ ખુલાસો માંગવો જોઈએ કે સાહેબ ૨૦૩૩ની સાલમાં જે મંતવ્ય હતું એથી વિરૂધ્ધ અત્યારે કેમ છો ? ૨૦૪૪નાં મુનિ સંમેલનમાં થયેલ અશાસ્ત્રીય ઠરાવોનો વિરોધ આચાર્ય ભગવંતે ત્યારે વધુમાં વધુ કરેલો છે. ત્યારના શ્રી મહાવીર જૈન શાસનમાં કામલીની બોલી દેવદ્રવ્યમાં જાય તેવા અનેક તેમના લેખો પુરાવા રૂપે છે. આ બધું તમો જાણો છો. પછી તમારા સિધ્ધાંતનો વિરોધ કરે છે એટલે બદનામ કરવાજ. આવી ખોટી એડવર્ટાઈઝ આપી છે. સાહેબ તમારા મતના તો નહિ થાય. તમારે સાચું આચરવું હશે તો આચાર્ય ભગવંતના મતનું થવું પડશે.

જ્યારે જ્યારે તમારા સિધ્ધાતનું ખંડન આચાર્ય ભગવંત કરે છે ત્યારે ત્યારે તમારા તરફથી કહેવાય છે કે શાસ્ત્રોકત પાઠ આપો. તે શાસ્ત્રોકત પાઠો જાહેરમાં મૂકવા આ.ભ.નું પુસ્તક પ્રકાશ છે. જેના માટે ત્રણ મહિના થયા મહેનત ચાલુ છે. ત્યારે તમારાં સિધ્ધાંત કયારે માન્યા ? કયારે કબૂલ કર્યા? કયારે ભૂલ કબૂલ કરી ? આટલાં બધા હડહડતાં જુઠાણાનો આસરો કયારે લેવાય ? એ સમસ્ત હિન્દુસ્તાનનો જૈન સંઘ સમજે છે કે પોતાના સિધ્ધાંતો તો ખોટો છે તે યેનકેન કરીને સાચાં ઠરાવવા છે, ભાગ્યશાળી માણસમાં થોડી સમજદારી તો હોય જ કે આવો જુઠો આસરો તો ખોટા સિધ્ધાંત વાળા જ લે.

સાચા સિધ્ધાંત સમજાવવા બોધ અપાય. એમાં શામ, દામ અને દંડનો ઉપયોગ ન થાય. હા, ખોટું કરવું હોય ત્યાં બધું થાય.

તમારી આવી વર્તણુકથી તમોને ખ્યાલ નથી કે તમોને કેટલું નુકશાન થયું છે ! અરે તમને માનવાવાળો અનુયાયી વર્ગ જે ભાવિક છે તે હવે વિચાર કરતો થઇ ગયો છે કે આપણે ખોટી આરાધના કરીયે છીયે તેમ લાગે છે. તમારા તરફની લાગણીમાં ઓટ આવી છે. અને હજી વધુ આવશે. તમારા સાધુઓમાં વિશ્વાસ ઘટયો છે જેથી સ્વપ્ના ઉતારતાં શાસ્ત્ર મુજબ દેવદ્રવ્યમાં બોલી જશે તેમ પ્રવચનમાં વારં વાર બોલવું પડે છે. જે વિવાદ સિધ્ધાંતનો ચાલે છે તેના શાસ્ત્રોકત સિધ્ધાંતનું પુસ્તક છપાએલું છે. તેમાં પુરવાર કર્યું છે કે જિનપૂજા સ્વદ્રવ્યથી જ કરવી જોઇએ.

તમોને શાસ્ત્રોકત સિધ્ધાંત સાથે જ નિસ્બત હોય તો હવે ઝઘડો ન રહે પણ એવું નથી તમારી તો બીજી ભાવના છે ત્યાં ઉપાય નથી. હિન્દુસ્તાન ભરના જૈન શ્રાવક સંઘને મારી વિનંતી છે કે

શાસ્ત્રોકત સિધ્ધાંતના પુરાવા સાથે આચાર્ય ભગવંત જિનેન્દ્ર સૂરીશ્વરજી એ. 'રાય હોય કે રંક, યથા શકિત' 'સ્વદ્રવ્યથીજ પૂજાના અધિકારી' આ મથાળાથી પુસ્તક બહાર પાડયું છે તે જરૂર વાંચશો જેથી ખોટા પ્રચારથી (સિધ્ધાંતના નામે) ખોટી આરાધનાથી આપણી જાતને બચાવી શકીયે અને સત્ય પણ સમજાઇ જશે. વર્ષો પહેલાંના પોતાના સંઘાડાના સ્વ. ગચ્છાધિપતિ સિધ્ધાંત ચુસ્ત આચાર્ય ભગવંત ભુવન ભાનુ સુરીશ્વરજી મ. ના આ વિષયમાં મંતવ્યો, બીજા સાધુઓએ, અરે પોતે જ આ બાબત શું સિધ્ધાંત ધરાવતા હતા તે તેમના દરેકના લખેલા પુસ્તકના પુરાવા છે તે સિધ્ધાંત શાસ્ત્રોકત હતાં અમે સહમત હતાં. એના પુરાવા નીચેના લખાણ વાંચો.

૧. હમેશાં અર્હત પ્રતિમાની સ્વ વૈભવાનુસાર સ્નાન, વિલેપન, પુષ્પ ધૂપાદિથી વિધિપૂર્વક કાળે પૂજા કરવી. પુસ્તક 'ધર્મ આરાધનાનાં મૂળ તત્વ' શ્રી ષોડશક શાસ્ત્રના આધારે લેખક પૂ. પં. ભાનુ વિજયજી મ. પાના નં. ૪૪ ષોડશક ૯ જિનબિંબપૂજા

૨. પ્રતિદિન જિનદર્શન જિનભકિત પૂજા પૂજામાં પોતાના પૂજન દ્રવ્યનું યશાશકિત સમર્પણ. પાના નં. ૧૦૨

૩. માત્ર પ્રભુદર્શનથી કેમ પતે ? પૂજા પણ અવશ્ય કરવી જોઇએ. એમની ભકિતમાં કાંઇને કાંઇ રોજનો ખર્ચ રોજ દૂધ, ઘી, વગેરેનું સમર્પણ કરવું અતિ જરૂરી છે. (પાના નં. ૧૩૫) 'જૈન ધર્મ સરળ પરિચય' લેખક પૂ. પં. ભાનુ વિજયજી ગણીવર્ય. વિધિ વિધાનપૂર્વક મન, વચન અને શરીરની પ્રવિત્રતા કરીને તીર્થકર દેવની મૂર્તીને જળ, ચંદન ધુપ, દીપ, ફળ ફૂલ યથાશકિત નૈવેધ વિગેરે આઠ દ્રવ્યોથી પૂજા કરવી.

પુસ્તકઃ બાર વ્રત અને સિધ્ધ શિલાના સોપાન

લેખકઃ પંન્યાસ શ્રી પૂર્ણાનંદ વિજયજી. મા. સા.

(કુમાર શ્રમણ. પાના નં. ૪)

અર્થઃ હે ગોતમ દેવદ્રવ્યના ભક્ષણથી અને પર સ્ત્રી ગમ નથી મનુષ્ય સાતવાર સાતમી નરકે જાય

(અહિંયા ભક્ષણ શબ્દ આવે છે.)

આગમ અનુપ્રેક્ષા :

લેખકઃ પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મા. સા. પાના નં. ૧૫

ગુરૂ પૂજનના પૈસા કયા ખાતામાં જાય તે. પૂજ્ય. શ્રી. પન્યાસજી ચંદ્રશેખર વિજયજી વર્ષો પહેલાંનું મત શું હતો ?

પત્ર લખનાર પૂ. શ્રી ચંદ્રશેખર વિજયજી ભાદરવા વદી શાંતાક્રુઝ

વિન્યાદિ ગુણાલંકુત મુનિવર્ય હિતપ્રજ્ઞ વિજયજી જોગ અનુવંદના સુખ શાતામાં હશો.

વિ. જણાવાનું કે ગુરૂપૂજનના પૈસા દેવદ્રવ્યમાંજ લઇ જવા એવી પરંપરા છે માટે દેવદ્રવ્યમાંજ લઇ જવા જોઇએ.

તથા જો તે પૈસા મુનિયોના વૈયા વચ્ચમાં લઇ જવાય તો મુનિયોને તે પૈસા ઉપર પોતાના પૈસા એ રીતે આસક્તિ થવાની શક્યતા છે. માટે પરંપરા યથાયોગ્ય જણાય છે. લી. ચંદ્રશેખર વિજય.

પૂ૦૪ય હિતપ્રજ્ઞ વિજયજી મ. જૈન ઉપાશ્રય
મહાવીર ચોક વલસાડ

પૂ૦૪ય સિધ્ધાંત રક્ષક સ્વ. આ. ભ. ભુવન ભાનુ સૂરિશ્વરજી ના. તથા પૂ. મૂનિરાજ શ્રી ધર્મગુપ્ત વિજયજીના લખેલા દરેક પુસ્તકમાં લખ્યું છે કે **'ધર્મ સંસાર માટે ન થાય ધર્મ મોક્ષ મેળવવાના ભાવથી થાય'** એ દેશનામાં પણ લોકવાહના માટે દેશના ફેરવીને સંસાર માટે ધર્મ થાય આમ ઉપદેશ અપાય છે આમ બધા શાસ્ત્રોક્ત સિધ્ધાંત ફેરવવા એજ પ્રવૃત્તિ ચાલે છે.

આ રીત ઉપર મુજબ

એમના લખેલા સિધ્ધાંત: અત્યારે એમને માન્ય નથી સિધ્ધાંત ફેરવી નાંખ્યા. કારણ એ સિધ્ધાંત સ્વ. આ વિજય રામચંદ્ર સૂરીશ્વરજીને માન્ય હતા. આપણે એથી ઉલટું કરવું તે પહેલો સિધ્ધાંત.

બીજું દુ:ખ એમને એ છે કે અમારા સંઘાડાના ૫૦ સાધુ ભગવંતો સ્વ. આ વિજય રામચંદ્ર સુરીશ્વરજી લઇ ગયા. પણ સાધુ ભગવંતો કોઇના બોલાવ્યા આવે નહિ પણ એમને લાગે કે અહિંઆ તો સિધ્ધાંતનો ધ્વંશ થવા માંડયો છે વર્ષો પહેલાં શું કહેતા હતાં અત્યારે કહે છે, કરાવે છે, ત્યારે સિધ્ધાંત ચુસ્ત સાધુ ભગવંતને સહેજે દુ:ખ થાય અને હિંમતવાન હોય તે સાચો રાહ [illegible] હજીપણ જોઉં છું કે ઘણાં સાધુ સાધ્વીજી ભગવંતોને તમારી આ શાસ્ત્ર વિરૂધ્ધ પ્રરૂપણાથી મનમાં દુ:ખે છે. અત્યારે જો સ્વ. આચાર્ય ભગવંત વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મા.સા. હૈયાત હોત તો તમને ખ્યાલ આવત કે તમને છોડીને કેટલા ગયા.

જોકે હજી શું બને તે કહેવાય નહીં.

આપને વિનંતી છે કે જે સંઘાડાના દાદા ગુરૂ, ગુરૂ, સંઘાડો, સિધ્ધાંત ચુસ્ત કહેવાતો, જૈન સંઘે જેને ચુસ્ત સિધ્ધાંતવાદી સંઘાડો માનતો હતો, જે બધા સંઘાડાથી વધુ માન ધરાવતો હતો, દીક્ષા લેનાર તથા તેના વડીલો દીક્ષા લેવીજ છે તો. આ સંઘાડામાં જ લેવાય, એ વિચાર ધરાવતાં હતાં, જે ગૌરવ હતું તે ક્યાં ગયું ? તે વિચારો.

ઇર્ષ્યા અને ઝગડામાં ગયું તેમ લાગશે. છેલ્લાં વર્ષો થયા. ગુરૂદ્રવ્ય અને દેવદ્રવ્ય કયાં કેવી રીતે વાપરવું એનો જ ઉહાપોહ ચાલે છે. ધાર્મિક વહીવટ વિચારના નામથી પુસ્તકો બહાર પાડે છે. એની સામે આ ખોટા સિધ્ધાંતની પ્રરૂપણા છે, એમ સ્વ. આ વિજય રામચંદ્ર સૂરીશ્વજીના સંઘાડાના આચાર્ય ભગવંતો વ્યાખ્યાનમાં જાહેર કરે છે, સમજાવે છે. હવે એમના તરફથી સિધ્ધાંતો જાહેર થાય છે તે ખોટા છે. તેની દલીલ સાથે કેટલાક આચાર્ય ભગવંતોના અને ઘણા શ્રાવકોના સાધુ-ઓના લેખ આવે છે તે જૈન શાસનમાં બહાર પાડીયે છીએ. એ લેખની સંખ્યા ભેગી કરી

બાઇન્ડીંગ કરીયે તો મોટો ચોપડો થાય. જ્યારે અમો. (આ.ભ.વિ.રા.) તે સિધ્ધાંતો ખોટા અશાસ્ત્રીય છે તે જાહેર કરીયે છીએ. એના વિરોધમાં કે આ ખોટું છે તેના એક લેખ તો શું એક કાગળ પણ નથી આવ્યો આમાં સત્ય શું છે તે દેખાઇ આવે છે.

મુંબઇ સમાચાર ઉપરની હકીકતથી આવેલ એડવર્ટાઇઝ આચાર્ય ભગવંત જિનેન્દ્ર સૂરીશ્વરજી નેં બદનામ કરવા માટે છે. તે બાબત પૂજ્ય પંયાસજી ચંદ્રશેખર વિજયજીએ વિચારવું જોઇકે મને બદનામ કરવાનો ઇરાદે મારા સંઘાડાના મારા કોઇ વિરોધીયો સાધુ ભગવંતો આવી મીઠી લાગે તેવી પ્રવૃત્તી કરતાં નથી ને ? અને ભોગવવું પન્યાસજીને પડે.

પન્યાસજીના મલાડમાં થયેલ પ્રવર્ચનાથી તો હું પ્રભાવીત છું એટલે દુઃખ થવાથી આટલું લખવું પડે છે.

કાંઇ અવિનય થયો હોયતો માફી માંગું છું.

નોંધ :- આ લેખમાં ધાર્મિક ઉત્સવો, જમણવાર, અને ડેકોરેશન મંડપ, વિગેરેમાં ખોટા ખર્ચા થાય છે એ લખાણથી એમ ન થવું જોઇ કે આ કોઇ સુધારાવાદી લાગે છે. ધર્મ પમાડવા ઉત્સવો થાય.

ધર્મ ઉત્સવોથી જ શોભે પણ એના માટે વિવેકની જરૂર છે.

જે ફંડ ભેગું થઇ શકે તે ફંડના બજેટ ઉપરાંત ખર્ચ કરી પૈસાનો ખાડો થાય છે. જેથી દેવદ્રવ્યની રકમ ઉપર નજર જાય છે. અને અશાસ્ત્રીય રીતે વપરાય છે. દેવદ્રવ્યની શોભા પુરતી લોન બતાવે છે. આમાં પહેલાં સંઘનાં ટ્રસ્ટીઓ અને ચોમાસું રહેલા સાધુ ભગવંતોએ વિવેક સમજાવવાની જરૂર છે. પોતાની વાહ વાહ કહેવરાવાનો મોહ છોડવોજ પડશે.

શું શ્રાવકો બીજી જ્ઞાતિના ધર્મની પ્રણાલીકાની જેમ ભગવાનને ધરેલું પોતે ખાશે ? નહિ, કદી નહિ ભગવાનને અર્પણ થયેલ કે ભગવાનનાં નામથી ઉત્પન્ન થયેલ દ્રવ્યથી પોતે પ્રભુ પૂજા કરશે ? નહિ કરે, નહિ કરે.

યથાશક્તિ સ્વ દ્રવ્યથીજ પ્રભુ ભક્તિ કરશે આજ રાજમાર્ગ છે તેમજ કરશે તેમજ કરશે.

૧૯, બોમ્બે કમ્પાઉન્ડ,
મલાડ (વેસ્ટ),
મુંબઇ -૪૦૦ ૦૬૪.

પ્રાણલાલ સી. શેઠ.

— 'વિચાર વસંત' લેખ —

(અનુસંધાન પેજ ૨૮૭ નું ચાલું)

વિ. ના લાલળનાંવાળા લેખો જોતાં તો એમ જ લાગે છે કે અભયશેખર વિ. એ ઉપરનો તુકકો તેમની પાસેથી ઉછીનો લીધો હશે ?] જે હોય તે. મુદ્દે વાત એટલી છે કે અમારા આરાધ્યપાદ ગીતાર્થ ગુરૂદેવ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સાહિત્યને વાંચવાની પાત્રતા ગણી કે પંન્યાસ : બંન્નેમાંથી એકેયની નથી.

અમારા પરમગુરૂદેવશ્રીએ કયાંય ક્યારેય સમ્યગ્દૃષ્ટિ કે મુગ્ધજીવોના અન્યભાવે થતાં અનુષ્ઠાનોનો એકાંતે નિષેધ કર્યો નથી. છતાં તેવી અસત્કલ્પના ઉભી કરીને ગણીજીએ જે દંભી કલમ ચલાવી છે. તે તેમની 'મધ્યસ્થતા'ને ઉઘાડી પાડે છે. સ્વ. ભુવનભાનુ સૂ. મ. ના 'દિવ્યદર્શન'ના વાંધાજનક પ્રતિપાદનો ખુલ્લા ન પડી જાય તેની તકેદારી રાખીને ચોપડી લખવાનું કામ ગણીજીએ કર્યું છે. લાગે છે કે મારે 'દિવ્ય દર્શન'માંથી સ્વ. ભુવનભાનુ સૂ. મ. ની અસલી માન્યતા બહાર પાડવી પડશે.

(લખ્યા તારીખ ૧૬-૬-૯૫)



(અનુ. પેજ ૨૮૮ નું ચાલું)

થઇ, માનવમેદની પણ હજારોની હતી. એ ચોમાસુ પણ ત્યાં જ કર્યું તે પછી વડાલામાં ભવ્ય અંજન શલાકા મહોત્સવમાં પણ ચાર ચાર કલાક બેસતા. શેષ કાળમાં પરાંઓમાં વિચરીને વાલકેશ્વર શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘમાં ચોમાસાનો પ્રવેશ કર્યો. પ્રવેશદિને અને ચૌમાસીદિને તેઓએ ઉપવાસ કર્યો. ૯૨ વર્ષની આ વૃદ્ધાવસ્થામાં પણ પ્રતિક્રમણ-જિનદર્શન-વ્યાખ્યાન શ્રવણ આદિ આરાધનાઓ છેલ્લે સુધી બરોબર અપ્રમત્તપણે ચાલુ હતું તેઓની સમગ્ર સાધનામાં મુ. શ્રી કુલભૂષણવિજયજી મ. સા. ની અખંડ વૈયાવચ્ચ એ અજોડ સહાયક પરિબળ હતું.

માનવ-જીવનમાં જન્મ અને મરણ એ બે આપણા હાથની વાત નથી તેમ છતાં પણ તેઓનું સૌભાગ્ય એવું કે જન્મ જ્ઞાનપંચમીએ અને મૃત્યુ પર્યુષણાના પ્રથમ દિને. બંને ઉત્તમ દિવસો. સમય પણ વિજય મુહૂર્ત. પરમ સમાધિ પૂર્વક, કોઇ પણ જાતની પીડા વિના આયુષ્ય પૂરું કરીને પરલોક પંથે પ્રમાણ કર્યું. જીવન ભરની ઉચ્ચ કોટિની આરાધનાના પ્રભાવે પંડિત મરણ પામ્યાં. એવી જ રીતે એમની પાછળ પણ જિનભક્તિના મહોત્સવો જીવદયા અનુકંપા આદિના કાર્યો પણ અનુપમ થયાં.

સદ્ગતિને પામેલા તેઓનો આત્મા ક્રમશઃ આગળ વધીને વહેલું વહેલું શિવપદ પામે, એવી અંતરની શુભભાવના પૂર્વક એમનું ટૂંકું જીવન ચરિત્ર પૂરું કરું છું.

પ્રેષક : ગીરીશ ભણસાલી, મુંબઇ



- પરભાવમાંથી રમણુતા છોડી આત્મભાવમાં રમણુતા કરવી તેનું નામ જ ખરેખર બ્રહ્મચર્ય છે. આવા બ્રહ્મચર્યને પામેલા આત્માને પોતાનું શરીર પણ પર લાગે, એટલું જ નહિ પણ એવા આત્માને પોતાના આત્મા અને આત્માના ગુણો સિવાય કશું પોતાનું લાગતું નથી.
- ચારિત્રની ઇચ્છા એટલે પૌદ્‌ગલિક સુખ છોડવાની ઇચ્છા અને દુઃખને આનંદપૂર્વક વેઠવાની ઇચ્છા.
- પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર એવું જે જીવન, તેનું નામ જ સમ્યક્ ચારિત્ર છે.
- મન-વચન અને કાયાના યોગોને કાબૂમાં રાખવા તેનું નામ ગુપ્તિ.
- સમિતિ અને ગુપ્તિમય જીવન એજ વાસ્તવિક જીવ જીવન છે, તે સિવાયનું બધું જીવન જડજીવન છે, કર્મના હુકમથી ચાલતું જીવન છે. ભગવાને કહ્યું છે કે- જે સમિતિ અને ગુપ્તિમય જીવન જીવે છે. તે જ પોતાનું જીવન જીવે તેને પોતાનું શુદ્ધ સ્વરૂપ પેદા થાય.
- ચેતન પણ જડની આજ્ઞા મુજબ જીવે તો તેનું પણ જીવન જડજીવન કહેવાય !
- પુણ્યથી મળેલી સુખની સામગ્રી ઉપર રાગ કરવો તે પાપ છે. અને પાપથી મળતી દુઃખની સામગ્રી ઉપર દ્વેષ કરવો તેય પાપ છે.
- 'પૌદ્‌ગલિક સુખનો રાગ અને દુઃખનો દ્વેષ' તે જ બધા પાપનું મૂળ છે
- સાધુપણું તે ખરેખર જગજીવન છે, શ્રાવકપણું તે આંશિક જગજીવન છે, સમકિત એ સાવચેત જડજીવન છે. અને બાકી આખા જગતનું જડજીવન છે.
- દુઃખને મઝેની વેઠતા આવડે અને સુખની જેને જરૂર ન પડે તેને કોઇ પાપ કરવા ન પડે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (સાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

૫૧૦૪ ૨૮-૬૫-૮

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

તેનું બધું નિરર્થક છે.

किं ताए पढियाए, पयकोडीए पलालभूयाए ।
जं इत्तियं न नायं, परस्सपीडा न कायव्वा ।।

'પરને-બીજાને-પીડા ન કરવી જોઇએ' આટલું પણ જે જાણવામાં ન આવે તો પલાલભૂત-નિરર્થક કરે તો પઢો ભણવાથી પણ શું ?

વર્ષ ૮

અંક ૯

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

જૈન શાસનની કાયમી રક્ષા કરો

—પંડિતવર્યશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

જૈનધર્મને હવે પછીના ૭૫ થી ૧૦૦ વર્ષમાં અદૃશ્ય કરી દેવની પાશ્ચાત્ય મુરબ્બીઓની યોજના છે એમ મારી જ માન્યતા છે એમ નથી. પાશ્ચાત્ય આગેવાનોએ તેમ કરવા માટે જે કાર્યક્રમો ગોઠવ્યા છે તેનો જે કોઈ પણ રીતસર અભ્યાસ કરે, તેની પણ એજ માન્યતા બંધાશે. જર્મન પ્રોફેસર મી. ગ્લાઝનેપે પોતાના એક નિબંધમાં લખ્યું છે, 'જૈનધર્મ ૧૦૦ વર્ષમાં પોતાના મૂળ હિંદુધર્મમાં દાખલ થઇ જશે.' તે પુસ્તિકા ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી છપાઈ હોવાનું યાદ છે.

જૈન ધર્મને જગતમાંથી અદૃશ્ય કરવામાં પ્રભુ મહાવીર દેવની ૨૫૦૦ મા વર્ષની વ્યાખ્યા ઉજવણી પાશ્ચાત્ય બળોને ખાસ સહાયક થાય તેમ છે. તેની સહાય ન મળે અને આપણે રીતસર જાગ્રત થઇ જઈએ તો જૈનધર્મ અને બીજા ધર્મો પણ બચી જવાની સંભાવના રહે છે. નહીંતર બચવાનો કોઈ રસ્તો દેખાતો નથી. પાછી તો ભવિષ્યમાં કોઇ મહાપુરૂષ જાગવા ઉપર કદાચ આધાર રહે છે.

પાશ્ચાત્ય બળોનું લક્ષ જગતમાં એક જ પ્રજા તથા એક જ ધર્મ રાખવાનું છે. અહીંના બિશપનું ભાષણ વાંચવામાં આવે, તો સમજી શકાય તેમ છે કે તેમણે ખ્રીસ્તી ધર્મને જગતનો એક ધર્મ થવા લાયક છે' એમ એક યા બીજી રીતે બતાવ્યું છે. તથા 'જગતના અગિયાર ધર્મો' પુસ્તકમાં પણ તે બતાવ્યું છે.

આ બધી બાબતોના ઘણા લંબાણ હેવાલો છે. મારો ઘણા વર્ષોથી તે બાબતોનો અભ્યાસ હોવાથી હું આ બાબતમાં જે પ્રશ્નો થાય તેની લગભગ બહારની તથા ભારતમાં બનતી બાબતોની ઘણી માહિતી આપી શકું તેમ છું. તથા તેને એક પછી એક પરિણામો મારા ધ્યાનમાં લગભગ આવી જાય તેમ બનતું હોય છે. માટે હું બોલું છું, લખું છું, બુમરાણ પાડું છું, જગાડું છું.

આ વિષયમાં જાણવા ઇચ્છનારને ઘણીખરી વિગતો પૂરી પાડી શકાય તેમ છે. મારા આ વિષયના ૫૦ વર્ષ ઉપરાંતના અભ્યાસના કારણે મને જે વાત તરત ધ્યાનમાં આવી જાય, તે આ વિષયના અભ્યાસ વિના બીજાના ધ્યાનમાં કયાંથી આવે ? એ વિષયના અભ્યાસ તરફ ઉપેક્ષા જ સેવવામાં આવી છે. હવે તેના કટુ પરિણામો આવવા લાગ્યા છે. છતાં આંખ ખુલતી નથી.

મુદ્દો એ છે કે જો આપણે જૈનશાસનની કાયમી રક્ષા કરવી હોય, તો ડેમોક્રેસીના

(જુઓ અનુ. પાન ૩૧૬ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

-: સંરક્ષકો :-
પ્રેમચંદ મેઘજી ગુંદાણા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વઢવાણ)
ચાંદમલ ધનમલ ગુંદા
(ચાંદગઢ)

વર્ષ : ૮] વિ.સં.૨૦૫૧ આસો વદ-૯ મંગળવાર તા. ૧૭-૧૦-૯૫ [અંક ૯

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, આસો સુદિ-૯ ને રવિવાર, તા. ૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૧. (પ્રવચન પાંચમું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના— —અવ૦)

તેમ આ ધર્મ તે સંસારરૂપી રોગની દવા છે. તે ધર્મ શા માટે કરવાનો છે ? આત્મા અનાદિથી સંસારરૂપી રોગમાં ફસાયેલો છે. તે સંસારની રિબામણથી છુટી જાય અને મોક્ષરૂપી આરોગ્યને પામે તે માટે.

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા. એક એક શ્રી અરિહંત પરમાત્માની પાછળ બીજા સંખ્યાતા, અસંખ્યાતા આત્માઓ મોક્ષે ગયા. આપણો નંબર કેમ ન લાગ્યો ? શું આપણને ભગવાન નહિ મળ્યા હોય ? ભગવાન તો મળ્યા હશે પણ ગમ્યા નહિ હોય. સંસારના જ રસિયા જીવોને ભગવાન મળે તો ય ગમે નહિ. કદાચ ગમે તો દુઃખ ટળે ને સંસારનું સુખ મળે માટે ગમે.

પ્ર૦-ધર્મ કરવા માટે આલંબન કામ કરે ને ?

ઉ૦-તમને આલંબન નથી મળ્યું ?

પ્ર૦-અજે સારૂં આલંબન નથી મળતું,

ઉ૦-તમને મંદિર-ઉપાશ્રય બી મળ્યા ? આ મંદિરમાં કયા ભગવાનને બેસાડયા છે ? મોક્ષે ગયેલા કે મોક્ષે જનારા. રોજ મંદિરે જનારા ધર્માત્મા એવા

તમને મોક્ષે જવાનું મન ન થાય તે બને ખરૂ ? તમે બધા કહેા કે, અમને આલંબન તેા સારૂં મળ્યું છે પણ અમે સારા નથી માટે આલંબનને ઓળખી શકયા નથી.

મંદિરમાં પા કલાક પણ એટલા માટે જવાનું છે કે બાકીના ચોવીશ કલાક તે રક્ષણ કરે. મંદિરમાં જવું, ભગવાનનાં દર્શન-પૂજન કરવા તે શા માટે ? આ ભયંકર સંસાર મરણી ન જાય તે માટે, સમજવા છતાં જેને સંસાર મજેનેા લાગે તેને મંદિર તારે નહિ પણ ડૂબાડે. જહાજમાં બેસેા અને કાણું પાડેા તેા શું થાય ? રેલ્વેમાં મુસાફરી કરતા હેા અને વારંવાર બારણું ઉઘાડવાસ કરેા તેા શું થાય ? તેમ જ્ઞાનિએ જે નિયમ બાંધ્યા તે ન પાળેા તેા શું થાય ?

ધર્મનેા મહિમા આ મહાપુરુષ બતાવી ગયા કે ધર્મ આવેા આદેા મહિમાવંતેા છે. જય આપે, જ્ઞાનાદિ લક્ષ્મી આપે, વાંછિત સુખને આપે, આપત્તિ આવે તેા ટાળે, અર્થ અને કામ પણ ધર્મ વિના કોઇને મળતાં નથી. પરન્તુ ધર્મ પાસે જો તે બે-અર્થ, કામ માગે તેા તેનેા નાશ થયા વિના રહેતેા નથી. મનુષ્યને છેક નરક અને તિર્યંચમાં લઇ જાય. દેવને પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં લઇ જાય. દેવ અને મનુષ્યલેાક તેને ફળે નહિ પણ કુટી નીકળે.

આપણને આ ઊંચામાં ઊંચેા મનુષ્ય જન્મ આર્યદેશ, આર્યજાતિ, આર્યકુળમાં મળ્યેા છે. તેમાં ય જૈન જાતિ અને જૈન કુળમાં મળ્યેા છે. તે પણ જ્યાં અનેક મંદિરેા છે, સાધુઓનું આવાગમન છે. ધર્મની ચર્ચા કરનારાઓ છે તેવા સ્થાનમાં મળ્યેા છે. બધેા યેાગ સારેા છે સારૂં જાણવા પણ મળે છે અને સમજાય છે છતાં પણ હજી અમને માન પાનાદિમાં, દુનિયાના સુખમાં મજા આવે અને તમને પૈસા ટકાદિમાં મજા આવે તેા આ જનમ ફળે કે કુટે ? લાભ આપનાર ધર્મ નુકશાન કરનાર બને ને ? આત્માનું ભલું કરનાર ધર્મ હાનિ કરે ને ? માટે જ કહ્યું કે સમજદારને ધર્મ બધું આપે- લાભ કરે અને જાણવા છતાં અણ સમજદારની માફક વર્તે તેા સંસારમાં રખડાવે. સાચું સુખ કયાં છે ? સાચું સુખ મેાક્ષમાં જ છે. સંસારનું સુખ તેા ઇચ્છવા જેવું નથી. તેના સાધન પણ ઇચ્છવા જેવા નથી.

પ્ર૦-મેાટરને જેમ પેટ્રોલની જરૂર પડે તેમ શરીર મળ્યું છે તેા કોઇને કોઇ ચીજની જરૂર પડે ને ?

ઉ૦-જ્ઞાનિને ખબર છે કે, જે મનુષ્ય સાધુ ન થઇ શકે તેને સંસારમાં જીવવા માટે ચીજ-વસ્તુ જોઇએ. રહેવા ઘર જોઇએ, પહેરવાં કપડાં જોઇએ, ભીખ માંગીને

જીવાય નહિ માટે આજીવિકા માટે મહેનત પણ કરે. તે પણ નીતિપૂર્વક શાસ્ત્રે તો કહ્યું છે કે, સાંધા વિનાનું વસ્ત્ર અને અતિઉના ઘીથી ચોપડેલ અનાજ તેથી અધિકની જે ઇચ્છા કરે તે 'ધર્માત્ પતતિ' અર્થાત્ 'ધર્મથી પતન પામે છે.' તમે તો કહો છો કે અમારે ઘર, પેઢી સારૂં સારૂં ખાવા પીવા જોઇએ છે તો તે બધું ઇચ્છવા જેવું છે ખરૂં ?

પ્ર૦–જરૂરિયાત પૂરતી ઇચ્છા થાય ને ?

ઉ૦–જરૂરિયાત તે પાપનો ઉદય છે એમ માનો છો ને ? ભગવાને અમને ય ખાવા, પીવા, સૂવાની છુટ આપી. પણ અમે મજેથી ખાઇએ, પીઇએ, ટેસ કરીએ તો મરીને કયાં જઇએ ? સંયમ કેવું છે ? તપોમય છે. સાધુ જીવન સ્વીકાર્યું તપસ્વી બન્યો તે ખાવા માટે ખાય નહિ, સંયમની સાધના માટે ખાય. ખાય પણ સ્વાદ કરે નહિ.

તમારે પૈસો કમાવવો પડે તો કમાવ પણ અનીતિ કરો ? જૂઠ બોલો ? જૂઠા ચોપડા લખો ? તેવા બદમાશ થયેલા છોકરાને બાપે કાઢી મૂકયા અને પેપરોમાં જાહેરાત આપી તે ખબર નથી ? તમે બજારમાં જાવ છો તો આજનું બજાર જવા જેવું છે ખરૂં ? આજે બજારમાં મોટા ભાગે શેતાનો વસે છે. લુચ્ચાઓ અને ચોર-ટાઓ ભલા લોકોને ઠગ્યા વિના રહે નહિ. તમે બધા વેપારી છો. બોર્ડ મારો ને કે 'તાજો માલ ને એક જ ભાવ.' તે લોકોને ઠગવા માટે છો કે ખરેખર સાચાં છે ? દિવાળી આવે ત્યારે કંદોઇઓ મીઠાઇઓ એવી રીતે ગોઠવે અને તાજો માલ કહીને બધો કચરો કાઢી નાંખે. તાજો માલ બતાવીને બોટો માલ આપે તેવો માણસ બજારમાં બેસવા લાયક કહેવાય ખરો ?

આગળના કાળમાં લોકો શ્રીમંતને જુએ ને હાથ જોડતા અને પ્રેમથી કહેતા કે– અમારા ગામનો અલંકાર છે, અમારી શેરીનો રક્ષક છે, મેઢીભૂત છે. દુઃખ આવ્યું અને તેને ત્યાં જઇએ તો સહાય મલી જાય. કોઇ ચીજની જરૂર પડી અને અડધી રાતે તેને ત્યાં જઇએ તો ય આપ્યા વિના રહે નહિ. તેની પેઢી પર નાના છોકરાને મોકલીએ તો ય ઠગાય નહિ. કહ્યું હોય તે જ માલ આપે અને વ્યાજબી ભાવે લે એવી તેની આબરૂ હતી. જ્યારે આજે તમારી આબરૂ શી છે ? (ક્રમશઃ)

"મંત્ર કેમ ફળતો નથી ?"

આજે જગતમાં, દુનિયામાં, સંસારમાં ધર્મની બાબતમાં આરાધનાની બાબતમાં અભ્યાસની બાબતમાં શિક્ષણની બાબતમાં સ્વાધ્યાયની બાબતમાં, ઉપાસના, તપ, સાધના, પ્રાર્થના, ભકિત-પૂજા-પૂજન, વિધિની સફળતાની સિદ્ધિની બાબતમાં દરેક જગ્યાએ સ્થાને એક જ પ્રકારની ફરિયાદ- શિકાયત- જોવા- સાંભળવા વાંચવા મળે છે કે અમે- ગમે- તેટલી ઉપાસના સાધના સિદ્ધ કરવા માટે "મંત્ર-જપ-તપ" કરીએ છીએ ? પણ તેમાં મનની સ્થિરતા એકાગ્રતા ધ્યાન કેન્દ્રિત રહેતું નથી અને ધાર્યું પરિણામ સિદ્ધ થતું નથી અને તેમાં રસ પણ ઉત્પન્ન થતો નથી આનંદ- ગૌરવ- અહોભાવ થતો નથી જોઇએ તેવી અસર- પ્રભાવ- મજા- આનંદ- સુખ- ચેન- પ્રેમ- ભાવ જામતો નથી આવતો નથી તેનું શું કારણ ?

"મંત્ર-જપ-તપ" ની શકિત-ચમત્કાર પ્રભાવ- જૈન-દર્શન- જૈન-શાસ્ત્ર તેમજ અનેક અન્ય ધાર્મિક ગ્રંથોમાં અદ્ભુત- અલૌકિક શક્તિના સચોટ- સિદ્ધિના ઉદાહરણ- દાખલા- પ્રસંગ- ઘટના- પરચાના પૂરાવા સાબિતી વાંચવા સાંભળવા મળે છે પરંતુ આજે જગતમાં તેના પ્રત્યક્ષ પ્રભાવ લાભ- અનુભવના ચમત્કાર બહુ જ ઓછા માનવને થાય છે તેથી ઘણી વખત માનવને ધર્મ અને આરાધનામાં શંકા - કુ - શંકા, વહેમ, અવિશ્વાસ, અશ્રધ્ધા જેવા દુષ્ણે- વર્તન- જોવા- સાંભળવા અનુભવવા મળે છે.

ત્યારે આવા કપરા-ધર્મ-સંકટના સમયે ઘણી વખત ગુંચવાણ- મુશ્કેલ- આપત્તિ વખતે સમસ્યા- પ્રશ્ન- કોયડા જેવી પરિસ્થિતિનું નિર્માણ સર્જાય છે, સર્જન થાય છે ત્યારે શું કરવું ? ઘણા બધા વિચારોના ચિંતન- મનન મંથન પછી એક પ્રશ્ન ઉભો છે, પેદા થાય છે કે " મંત્ર - જપ - તપ " આરાધના શકિત "વિતરાગ વાણી" 'પ્રભુ દેશના' 'પ્રભુવાણી' 'જિનવાણી' માં કોઇ દોષ- ખામી નથી તો સફળતા મળતી નથી કેમ ?

તેના જવાબદાર કોણ ? જવાબમાં આપણે પોતે જ છીએ જાતે જ, પંડે, સ્વંયમ્ છીએ તેના ઉપાય માટે આપણે જ, પોતે જ શોધક રૂપે શોધ કરવી પડશે, તેના પાયાના ઉપાય માટે કયાં ? કેવી રીતે ? કોની પાસે ? શું કરશો ? તે સમજવા- જાણવા- શીખવા માટે કેવા પ્રયત્ન કરવા પડશે ? મારી ભૂલ કયાં થાય છે ? મારામાં કયાં ખામી છે- દોષ છે ? મારી વિધિ-રીતમાં કર્યમાં- પદ્ધતિમાં કયાં ભૂલ દોષ છે ? કયાં ખામી છે ? તેની શોધ કરી સમજી-વિચારી- જાણી- સુધારવા પ્રયત્ન કરવો જોઇએ

જે જે મહાન ઉપાસક- સાધક- સિધ્ધિગત પુરુષ- તપસ્વી. ગીતાર્થ, શાસ્ત્ર જ્ઞાની, સ્વયં પણે સિધ્ધિ હાંસેલ કરી હોય તેવા મહાન પુરુષ, મહાન આત્માઓની, મહાત્માઓની ખોજ કરી- શોધ કરી તેમના સૂચવેલા માર્ગો- સૂચનાઓનો વિધિસર- સ્વાધ્યાય, અભ્યાસ કરવો જોઇએ, તેમણે અપનાવેલી ક્રિયા પ્રમાણે સ્વપરિશ્રમ કરી સિધ્ધિ માટે 'શરણા ગતિ' 'સમર્પણ' ભાવના સ્વીકાર કરી શ્રદ્ધાપૂર્વક, વિશ્વાસ-પૂર્વક અડગતાપૂર્વક દૃઢ બની તેની પાછળ ભોગ, વિલાસ, મોજ, આનંદ, વૈભવ, આળસ, પ્રમાદ, સુખ, ચેન, શાંતિનો, અમન, ચમનનો રાગદ્વેષ, ઇર્ષા અભિમાન ઘમંડ, લોભ, મોહ, માયાનો ત્યાગ કરી છોડી એક જ લક્ષ ધ્યાન રાખી 'મંત્ર-જપ તપ' ની વિધિપૂર્વક આરાધના કરશો તો જરૂર તમને લાભ થશે સિધ્ધિ પ્રાપ્ત થશે.

તમે દુનિયામાં, જગતમાં, સંસારમાં, ડોકટર, ન્યાયાધીશ, અર્થશાસ્ત્રી, વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક, ધારાશાસ્ત્રો, કેળવણીકાર, સંગીતકાર, શિક્ષણકાર, કલાકાર, વકીલ, એન્જિનીયર, સંત, મહંત, સંન્યાસી, ફિલોશોફર, તત્વ ચિંતક, પંડિત, વિદ્વાન, શિક્ષક, ઉપાસક ક્રિકેટર વગેરેથી તમે પરિચિત માહિતગાર તો હશો જ ? તેમણે તેમના વ્યવસાય- ધંધા- વિષયમાં કઇ કઇ રીતે ? કેવી રીતે ? કેવા પ્રકારે ? કોની પાસેથી ? સિધ્ધિ પદવી, સત્તા, ડીગ્રી પ્રાપ્ત કરી છે એ બાબતમાં આપણે પોતે જ ઊંડો અભ્યાસ રસપૂર્વક ખંતપૂર્વક વફાદારીપૂર્વક, જીજ્ઞાસાપૂર્વક, વૃત્તિ રાખીને અભ્યાસ કરીએ તો તેમના જેવી સિધ્ધિ પદવી સત્તા પ્રાપ્ત કરી શકીએ તેમણે જે જે વસ્તુઓની પદાર્થોનો ત્યાગ- ભોગ- છોડીને સિધ્ધિ હાંસેલ કરી છે તે જ સૂત્રના આધારે આપણે પણ 'મંત્ર-જપ-તપ' માં સફળતા માટે સિધ્ધિ માટે 'ભૌતિક સુખ' ભૌતિક સંસારી સામગ્રીનો ત્યાગ કરી છોડીને આપણા 'મનને' 'બુધ્ધિ' ને મંત્ર-જપ-તપ' ના તાલના સૂત્રના તાંતણા વડે બાંધી દઇએ તો મને લાગે છે કે આપણે જે ફરિયાદ- શિકાયત કરીએ છીએ તે કાયમ માટે દૂર થઇ જશે અને 'આત્મા' ની ઉન્નતિ-પ્રગતિ 'મોક્ષમાર્ગી' 'ધર્મમાર્ગી' 'સંયમીમાર્ગી' કાર્ય સિધ્ધિ જરૂર સફળ અને ફળ્યા વગરની વાંઝણી નહીં રહે અને ભવિષ્યમાં પણ ધર્મશાસ્ત્રમાં ગુરૂ વચનમાં, ગુરૂ આજ્ઞામાં, 'જિનવાણી' 'વીતરાગવાણી' માં શંકાનું- અવિશ્વસનું- અશ્રદ્ધાનું સ્થાન જ નહીં રહે અને ધર્મના ક્ષેત્રે સફળતાના સિધ્ધિના સોપાન એક પછી એક સર કરી સિદ્ધિના શિખરે પહોંચ્યા વગર નહીં રહે એ જ છે 'મંત્ર-જપ-તપ' ની સફળતાની સાચી ચાવી છે.

સુદેવ...સુગુરૂ....સુધર્મનો જય...હો... જય...હો...જય...હો....

લેખનકાર : રસિકલાલ છ. ભાવસારના વંદન પ્રણામ સ્વીકારજો.

૫-સી. ગાલા એપાર્ટમેન્ટ. જીતેન્દ્ર રોડ, મલાડ પૂર્વ મુંબઇ-૪૦૦૦૯૭

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૫]

આ ગુણોને આરાધવાથી જેમ એકાન્તે કલ્યાણ થાય છે તેમ તે ગુણોને પામ્યા પછી તેમાં બેદરકાર થવાથી કે તે તરફ દુર્લક્ષ કરવાથી તેનાથી જે નુકશાન થાય છે તે જણાવે છે. 'દુરણુચરત્ત' અનાદિકાળથી જીવને મિથ્યાત્વાદિના કારણે ખોટા સંસ્કારોરોની વાસના ગાઢ બની હોય છે. તેથી સારા સંસ્કારો પેદા કરવા અને પેદા કર્યા પછી તેને પાળવા ઘણા જ દુષ્કર હોય છે. કેમકે આ ગુણોનો નિરંતર અભ્યાસ નહિ હોવાથી પાળવા દુષ્કર હોય છે.

'ભંગે દારુણુત્ત'– તેથી આ ગુણો પામ્યા પછી પણ જો તેનો ભંગ થાય તો ભગવાનની પરમતારક આજ્ઞાનો જ ભંગ કર્યો કહેવાય છે. ભગવાનની આજ્ઞાનું ખંડન કરવાથી તે ગુણો દારૂણ એટલે કે મહાભયંકર ફળને આપનારા બને છે. અર્થાત્ વ્રતભંગ થવાથી ભયંકર દુર્ગતિમાં ભટકવું પડે છે. કેમકે ભગવાનની વિરાધેલી આજ્ઞા સંસારમાં ભટકાવનારી બને છે. 'મહામોહજણુગત્ત'– તેથી તે ગુણોનો ભંગ કરનાર જીવ ધર્મને દૂષણ લગાડનાર થવાથી અનેકને ધર્મની નિંદા કરાવનાર થવાથી મહા-મોહનીય કર્મને બાંધે છે. કેમકે ધર્મની હીલના કે અપભ્રાજના કરનાર કે કરાવનારને શાસ્ત્રે મહાપાપી દુર્લભબોધિ કહ્યો છે.

'ભૂઓ દુલ્લહત્ત'– તેથી જ વિપક્ષ અધર્મના અનુબંધની પુષ્ટિને કરનાર થવાથી ભવાંતરમાં પણ તે ગુણો પામવા ઘણા દુર્લભ બને છે. માટે જ

આ પ્રમાણે ધર્મગુણોના ગુણ-દોષનો વિચાર કરીને પોતાની શક્તિ પ્રમાણે અર્થાત્ પોતાની શક્તિને જરાપણ છુપાવવી નહિ કે શક્તિથી અધિક પણ કરવું નહિ– શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે, અત્યંત ભાવની વૃદ્ધિપૂર્વક તે ધર્મગુણોને અંગીકાર કરવા જોઇએ, પણ ઉતાવળિયાપણાની તેને અંગીકાર કરવા નહિ. કેમકે ઉત્સાહમાં આવીને એકવાર ગુણોને સ્વીકારી લે અને પછી ઉત્સાહ મંદ થાય તો તેમાં બેદરકાર બને, મેં આ શું કર્યું ? ઇત્યાદિ વિચારો કરી તેને બરાબર પાળે નહિ તો તેનો ભંગ થતાં ભયંકર વિપાકને આપનારા હોવાથી વગર વિચારે પ્રવૃત્તિ કરવી નહિ.

તે ધર્મગુણો આ પ્રમાણે છે.

૧. સ્થુલ હિંસાથી વિરામ પામવું, ૨. સ્થુલ અસત્યથી વિરામ પામવું, ૩. સ્થુલ ચોરીથી વિરામ પામવું, ૪. સ્થુલ મૈથુનથી વિરામ પામવું, ૫. સ્થુલ પરિગ્રહથી વિરામ પામવું. અને આદિ શબ્દથી ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને પણ ગ્રહણ કરી લેવાં.

સમ્યક્ત્વપૂર્વક જ ભાવથી આ ધર્મગુણો પ્રથમ પ્રાપ્ત થાય છે. માટે પ્રથમ તેનો ઉપન્યાસ કર્યો છે. તે માટે મહાભાષ્યકાર પરમશ્રદ્ધેય પૂજ્યપાદ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ શ્રી વિશેષાવશ્યક મહાભાષ્ય' માં ફરમાવે છે કે–

સમ્મત્તમ્મિ ઉ લદ્ધે પલિયપુહત્તેણ સાવઓ હોજ્જા ।
ચરણોવસમખયાણું સાગરસંખંતરા હોંતિ ॥૧૨૧૯॥
એવં અપ્પરિવડિએ સમ્મત્તે દેવ માણુયજમ્મે સુ ।
અણુયરસેઢીવજ્જં એગભવેણુ વ સવ્વાઇં ॥૧૨૨૦॥

ગાથાર્થ : આ પ્રમાણે સમ્યક્ત્વગુણ પ્રાપ્ત થયા પછી પલ્યોપમ પૃથક્ત્વ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થયે છતે શ્રાવકપણું પ્રાપ્ત થાય છે, ત્યારપછી સંખ્યાતા સાગરો પમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થયે છતે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય છે અને ત્યારપછી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે.

આ પ્રમાણે સમ્યક્ત્વથી નહિ પડેલો જીવ દેવ અને મનુષ્ય જન્મને પામે છે અને મનુષ્ય જન્મમાં ઉપરના કહેલા બધા જ ગુણો પામી શકે છે બે શ્રેણિ એક સાથે પામતો નથી. કેમકે, એક મનુષ્ય ભવમાં ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી બે માંથી માત્ર એક જ શ્રેણિની પ્રાપ્તિ થઇ શકે છે.

ધર્મના ગુણ એવા આ અણુવ્રતાદિ પામ્યા પછી શું કરવું જોઇએ તે વાત કહે છે.

પડિવજ્જિઉણ પાલણે જઇજ્જા, સયાણુગાહગો સિઆ, સયાણુ ભાવગો સિઆ, સયાણુ પરત તે સિઆ । "આણા" હિ મૌહં વિસંપરમમં તો, જલં રેસાઇજલણસ્સ, કમ્મ વાહિ તિગિચ્છાસત્થં, કપ્પપાયવો સિવફલસ્સ ॥

તે ધર્મગુણોને ભાવથી અંગીકાર કર્યા પછી તેના પાલનમાં જ યત્ન કરવો જોઇએ. કેમકે, કરેલી પ્રતિજ્ઞાનું પ્રાણના ભોગે પણ પાલન કરવું તે જ હિતાવહ છે. તે પરમ તારક આજ્ઞાના પાલનનું બળ મેળવવા માટે આજ્ઞા એકાન્તે કલ્યાણ કારી, હિતકારી છે તેનો જ વિચાર કરવો. કેમ કે, સ્તવકારે કહ્યું છે કે– "આરાધેલી આજ્ઞા તે જ મોક્ષને માટે થાય છે.

ભગવાનની આજ્ઞા શું છે તે જાણવા માટે, આજ્ઞા ઉપર બહુમાન પ્રગટે તે માટે હંમેશા સદ્‌ગુરૂ મુખે આગમનું–આગમને અનુસરનારા પ્રકરણ ગ્રન્થોનું પણ અધ્યયન અને શ્રવણ કરવાં વડે ભગવાનની પરમતારક આજ્ઞાને ગ્રહણ કરનારા થવું જોઇએ, તેના અર્થનું ચિંતવન અને મનન કરવા વડે આજ્ઞાના ભાવુક થવું જોઇએ અર્થાત્ તે આજ્ઞાનો– આગમાદિ ગ્રન્થોનો પરમાર્થ– મર્મ જાણનારા થવું જોઇએ. અને દરેક દરેક પ્રવૃત્તિમાં– અનુષ્ઠાનમાં ભગવાનની આજ્ઞાનો વિચાર કરીને, આગમમાં કહ્યા પ્રમાણે કરવા વડે ભગવાનની આજ્ઞાને આધીન થવું જોઇએ.

કેમકે

ભગવાનની આજ્ઞા મોહ રૂપી વિષને દૂર કરવા માટે પરમ મંત્ર સમાન છે, દ્વેષાદિ રૂપી અગ્નિને શાંત કરવા માટે શીતલ જલ સમાન છે, કર્મરૂપી રોગનો નાશ કરવા માટે વૈદ્યક શાસ્ત્ર સમાન છે અને મોક્ષરૂપી ફળને આપવા માટે કલ્પવૃક્ષ સમાન છે.

वज्जिज्जा अधम्म मित्तजोगं, चिंतिज्जा भिण्णवयाविचित्ते गुणे,
अणुट्ठ भव संगचित्ते अ अगुणे, उद्दग्ग- सहकारित्तं अधम्ममित्ताणुं,
उभयलोगगरहिअत्तं असुहजोगपरंपरं च ॥

આત્માના હિતથી છોડાવી આત્માને પાપમાર્ગમાં જોડનાર એવા અધર્મ– અકલ્યાણમિત્રોના સંબંધનો ત્યાગ કરવો જોઇએ. નવા પ્રાપ્ત થયેલા અણુવ્રતાદિ ધર્મ ગુણોનો વારંવાર વિચાર કરવો. પ્રાપ્ત થયેલા તે ગુણોથી પડી ન જવાય તે ગુણો હારી ન જવાય માટે અવિરતિપણાને લીધે અનાદિભવોની સંગતિથી સાહચર્યરૂપ બની ગયેલા અનાદિ મલીન તે તે અગુણો– દુર્ગુણોનો, અકલ્યાણ મિત્રોની સંગતિથી જેમની પાપ ક્રિયાની અનુમતિનો, તેથી જ આ લોકમાં અને પરલોકમાં ગર્હિતપણાનો, તેમજ અકુશલ અનુબંધના કારણે અશુભયોગોની પરંપરાનો વિચાર કરીને તે બધાનો ત્યાગ કરવો જોઇએ.

જીવ એ ભાવુક દ્રવ્ય છે અને અનાદિ કાલીન કુસંસ્કારોને કારણે ખોટી સોબતનો સંગ ઝટ લાગી જાય છે. લોકમાં પણ કહેવાય છે કે 'સોબત તેવી અસર' માટે આત્માના કલ્યાણને ઇચ્છનારે અકલ્યાણમિત્રોની સોબતનો ત્યાગ કરવો જોઇએ. તે માટે શાસ્ત્ર પ્રસિધ્ધ તાપસના આશ્રમમાં રહેલ અને લુંટારાઓની પલ્લીમાં રહેલ પોપટનું દૃષ્ટાન્ત વિચારવું. તાપસોની પાસે રહેલો પોપટ ધર્મની વાતો કરતો અને લુંટારુંઓની પલ્લીમાં રહેતો પોપટ લુંટારુંઓ જેવી જ ભાષા બોલતો હતો.

(ક્રમશઃ)

'સમકિત શ્રદ્ધાવંતને ઉપન્યો જ્ઞાનપ્રકાશ'

—નીલીમા શાહ

અંતરના અંધિયારા ઓરડાનાં અજ્ઞાનનાં અંધારા ઉલેચી જ્ઞાનનો પ્રકાશ રેલાવનારૂં પર્વ એટલે જૈનોનું જ્ઞાનપંચમી પર્વ. પંચમકાલમાં આત્માને પૌદ્ગલિક ભાવના રસમાંથી બહાર કાઢી આધ્યાત્મિક ભાવમાં જોડનાર સર્વશ્રેષ્ઠ આલંબનરુપ શ્રી જિન પ્રતિમા અને શ્રી જિનાગમ જ છે. સમ્યગ્દર્શન ગુણને ખીલવવા કે નિર્મળ કરવામાં પરમ આલંબનરૂપ એવી જિનપ્રતિમાઓ ભરાવવી કે જિનમંદિરોના નિર્માણની પ્રવૃત્તિ હજીયે આ કાળમાં કંઈક અંશે ટકી રહેવા પામી છે. પણ સમ્યગ્જ્ઞાનને નિર્મળ કરવામાં શ્રેષ્ઠ આલંબનરૂપ, સર્વદેશ કાળમાં અજોડ સાહિત્ય ગણાતા એવા 'જિનાગમ'ના સંરક્ષણ કે સંવર્ધન તરફ દુર્લક્ષ્ય સેવાઇ રહ્યું છે.

'જ્ઞાનપંચમી' પર્વ જ્યારે નજીક આવી રહ્યું છે ત્યારે એની મહત્તાને સમજીએ તો કંઈક અજ્ઞાનના અંધારા ઉલેચી શકવા સમર્થ બનીશું.

દ્વાદશાંગીની રચના થયા બાદ પૂ. ગૌતમસ્વામી મહારાજની પાટપરંપરામાં પૂ. સુધર્માસ્વામીથી માંડીને છેક પૂ. દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણ સુધી આ જ્ઞાનવારસાને સાચવવા માટે મુખપાઠની પરંપરા હતી. ગુરૂ પોતાના યોગ્ય શિષ્યને મુખેથી જ સૂત્ર અને અર્થની વાચના આપે અને શિષ્ય પણ કંઠસ્થ કરી એ જ્ઞાનવારસાને આગળ ધપાવે. પણ પછી કાળના પ્રભાવે ભૂલાઇ જવાવા માંડેલા જ્ઞાનના વારસાને ગ્રંથારુઢ કરવાનો પ્રયાસ 'વલ્લભી'માં પાંચસો આચાર્યોની હાજરીમાં પૂજ્ય દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણે કર્યો. જેમને જેમને જે જે યાદ હતું એ બધું જ કાં તો કલમ દ્વારા તાડપત્રો પર, કાં તો કાગળપત્ર, તામ્રપત્ર કે રૂપ્ય ને સુવર્ણપત્રો પર લખાવા માંડ્યું.

અરિહંત પરમાત્માના શાસનના શ્રમણ અને શ્રમણીઓએ એ શ્રુતવારસાને જાળવવા અપાર પ્રયત્ન કર્યો છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજે ૧૪૪૪ ગ્રંથો રચ્યાં, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજે સાડા ત્રણ કરોડ શ્લોકની રચના કરી કે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે હજારો ગ્રંથોની રચના કરી છે. જેમના એકાદ શ્લોકને સમજાવવા બીજો એક ગ્રંથ બને એવી અપાર બુધ્ધિના પ્રતીક સમાન યશોવિજયજી મ.ના અમૃતમાંથી સાર કાઢીને રચાયેલાં એ ગ્રંથોને જોવા જો આપણે ભાગ્યશાળી બન્યા હોઇએ તો એ જૈન શાસનના એ સાધુ-સાધ્વીની અપાર મહેનતનું ફળ છે. અરે, જૈન શાસનની તવારિખમાં જ્ઞાનવારસાની જાળવણીમાં રાજા-મહારાજાઓનું યે યોગદાન ઓછું નથી. કુમારપાળ મહારાજાએ એમના ગુરૂ પૂ. હેમચંદ્રસૂરિ મ.ની તહેનાતમાં સાતસો લહિયા-

એને તાડપત્રો, કલમો, સહી વગેરે સામગ્રી સહિત રોકેલાં હતાં જેમને દિવસ-રાત એક સાથે કલિકાલ સર્વજ્ઞ આગમોના રહસ્યો, સૂત્રો, અર્થો લખાવતા તા કોઈપણ સામગ્રી ખુટી તો નથી ને એની સંભાળ પણ અઢાર દેશનો એ માલિક રાખતો હતો. વસ્તુપાળ-તેજપાળે યે મંત્રી તરીકેની ફરજ બજાવતાં બજાવતાં યે ૭૦૦ જેટલા જ્ઞાનભંડાર ભરાવેલા. અપ્રાપ્ય એવા ગ્રંથો મળી જાય તો પૂર્વાચાર્યો પોતે યે સવારથી સાંજ સુધી મોઢામાં પાણીનું ટીપું યે નાંખ્યા વિના લખવા બેસી જતાં ને ગ્રંથોના ઉતારા કરતાં મહોપાધ્યાય યશોવિજયજી જેમના પોતાના રચેલા શ્લોકો પણ જ્યારે આજે આપણે સમજવા અસમર્થ બનીએ છીએ. એમણે પોતે યે આવો જ અપ્રાપ્ય દળદાર મળી આવેલો ગ્રંથ ત્રણ દિવસમાં રાતોરાત લખીને જ્ઞાનવારસો જાળવ્યો છે.

જે શ્રુતને સાચવવા મહાપુરૂષોએ લોહીનું પાણી કર્યું એમાંની હજારો પ્રતોનું મોગલ સામ્રાજ્યના કાળમાં રસોઈમાં ઈંધણ તરીકે નિલામ થયું છે. હજારે ગ્રંથો નદીમાં પધરાવવામાં આવ્યા. હજારો ગ્રંથો પરદેશ મોકલાવાયા. યતિઓના કાળમ વેંત-વેંત માપીને પૈસાથી હજારો પ્રતો વેચી દેવાઈ. પરદેશના પુસ્તકાલયોમાં હજી આજેય પ્રતો જોવામાં આવે છે. જેને પાછી મેળવવા આજે કરોડો ડોલર ખર્ચીએ તોયે મળી શકે એમ નથી. હજારો ગ્રંથો ચોરાઈ ગયા ને કેટલોક ફેણીધર જેવા આગેવાનોએ મહિનાઓ સુધી સંભાર્યો નહીં એટલે ઉધઈનો ખોરાક બન્યા.

મહાપુરૂષો જે લખી ગયા'તા, આપી ગયા'તા એમાંનું અંશ જેટલું જ બચ્યું છે પણ એ અંશનેય સાગર માની આપણે જો સાચવશું તો કંઈક અંશે એમનું ઋણ ચુકવી શકવા સમર્થ બનીશું.

સંરક્ષણનો ઉત્તમમાં ઉત્તમ રાજમાર્ગ તો એના કંઠસ્થીકરણની ક્રિયા જ છે. એ ઉપરાંત એના પ્રવાહને કાયમ રાખવા એનું હસ્તલેખન થાય તો સોનામાં સુગંધ ભળવા જેવું થાય. તાડપત્રોમાં કે પોંડીચેરીના સેંકડો વર્ષો સુધી ટકે એવા કાગળોમાં, તલના તેલના કાજળમાં હીરાબોળ અને બાવળનો ગુંદર વગેરે જોઈતા પ્રમાણમાં નાંખી કલાકો સુધી ઘુંટીને તૈયાર કરેલી સહી દ્વારા, તદ્દન અલ્પ આરંભથી બનાવેલી લાકડાની કલમો દ્વારા જ્ઞાનસાહિત્ય જો લખવામાં આવે તો ખરા અર્થમાં શ્રુત આરાધના થાય. પૂર્વાચાર્યોએ કાગળનું ચલણ થોડું ઘણું પ્રચલિત હોવા છતાં તાડપત્રોનો ઉપયોગ કર્યો એની પાછળનું મુખ્ય કારણ એનું ટકાઉપણું જ છે. આજનો અર્થશાસ્ત્રી કે બુદ્ધિજીવી એમ જ વિચારશે કે છાપખાના મશીનો હોવા છતાં સમયની બરબાદીરૂપ આ હસ્તલેખન કઈ સદીની વાત છે ? એના જવાબમાં એ જ કહી શકાય કે આજે સાહિત્ય વધ્યું છે, પુસ્તકો હજારોની સંખ્યામાં મશીનમાં છપાયેલાં જોઈએ ત્યારે મેળવી શકીએ છીએ પણ

બહુમાન ઘટ્યું છે. ત્યારે જથ્થો ઓછો હતો છતાં જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે ભક્તિ અને પ્રેમ અપાર હતાં. મહાનપુરૂષોએ પોતે અંતરની ઉલટથી ભાવપૂર્વક લખેલા એ ગ્રંથો હાથમાં આવત અનેરો આહલાદ થતો એમની પવિત્રતાની છાંટ વર્તાતી. છાપેલું પુસ્તક ખોવાઇ જશે તો બીજું મળશે એવી ભાવનાથી એના બહુમાનનો ભાવ ચાલ્યો ગયો છે જ્યારે હાથે લખેલા પુસ્તકને સાચવવાની ચીવટ રહે છે. એ મહાપુરૂષોએ જુદી જુદી પદ્ધતિઓ વિકસાવીને લખેલ પુસ્તકને વાંચવામાં બુદ્ધિ કસવી પડે છે જે બુદ્ધિવિકાસમાં અનેરૂં મહત્વ ધરાવે છે. છાપવાને કારણે જે કાગળ વપરાય છે એનાથી તેમજ રાસાયણિક સહીથી કાગળનું આયુષ્ય ઘટે છે, સમય જતાં કાગળ ખવાય છે. એક છાપેલા પુસ્તકમાં રહી ગયેલી ભૂલ તેની હજારો નકલમાં કાયમ રહે છે જ્યારે લખાયેલા થોડા ગ્રંથોની ભૂલ સુધારી શકાય છે, વૈરાગ્ય, ત્યાગ, તત્ત્વજ્ઞાન અને ધર્માનુષ્ઠાનો વડે અધ્યાત્મ રસમાં ઝીલનારા મુનિજનોના પવિત્ર હાથના પરમાણુઓનો સ્પર્શ થતાં જ વૈરાગ્ય અને ધર્મશ્રદ્ધા ઉત્પન્ન થાય છે. અને પ્રચાર માટે યાંત્રિક સાધનોનો ઉપયોગ થાય પણ એમાં આરંભાદિ પાપ છે. યંત્રવાહનું પેપણ થાય છે. લખવાથી મનની એકાગ્રતા રહે છે. દશવાર વાંચવાથી જેટલું જ્ઞાન થાય એટલું એકવાર લખવાથી થાય છે. પૂર્વના મહાપુરૂષોના હાથે લખેલી એકાદ પણ પ્રત જો હાથમાં આવે તો એમને પ્રત્યક્ષ મળવા જેટલી પ્રસન્નતા થાય છે. અને ગુરૂશિષ્ય ભાવ ટકી રહી છે. આજે તો નક્કર બોધ થતો નથી ને માત્ર આડંબર જ વધ્યો છે. જથ્થો વધ્યો છે ગુણવત્તા ઘટી છે.

મંત્રી-ઠક્કર વસ્તુપાળ-તેજપાળ જેવા જો આટલી કાર્ય વ્યસ્તતામાંથે પોતે આગમો લખતા'તા એવો આધાર 'પ્રશસ્તિ'માંથી મળી આવે છે તો નવરા જેવા આપણે તો લખી જ શકીએ. 'જૈનચિત્રકલ્પદ્રુમ' પુસ્તકની પ્રસ્તાવના રૂપે પુન્યવિજયજીનો 'લેખનકળા' વિભાગ વાંચીએ ત્યારે જૈન ઇતિહાસની એ ભવ્ય કળાસૂઝ અને સાહિત્યરુચિ પર ઓફરીન પોકારાઇ જવાય એવા ચિત્રો ને એટલી ભવ્ય લેખનકળા સામગ્રીનો તાગ મળે છે. શ્રુતભક્તિ કરવા દ્વારા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા ઇચ્છનાર માટે માત્ર હસ્તલેખન એક જ માર્ગ નથી. લખી ન શકે એ લખાવીને યે જ્ઞાનભંડાર ઊભો કરી શકે. ગૃહ મંદિરની જેમ ગૃહજ્ઞાનભંડાર ઊભો કરી શકાય છે. બેહિસાબ આરંભસમારંભથી ગોદરેજ જેવી કંપનીઓના કારખાનામાં બનેલા લોખંડના કબાટોની બદલે જાડા પાટિયાના ભોજ વગેરે હવામાનના ફેરફારોને ઝીલી શકે એવા સાગ-સીસમના કોતરણીવાળા કબાટો જ્ઞાન ભંડારોને અર્પણ કરી શકાય. સેંકડો વર્ષો સુધી ટકે એવા હાથબનાવટના કાગળોનાં લહિયાઓ પાસે આગમો લખાવી શકાય. પ્રતની બંને બાજુ સુરક્ષા માટે રાખવામાં આવતી પાટીરૂપે ખાદી ભંડારના હાથબનાવટના ઓછા આરંભથી તૈયાર થયેલા પૂંઠા; એની ઉપર 'અનબ્લીચ્ડ' સફેદ જાડું કપડું ઘરે બનાવેલી આટાની લાહીથી ચીટકાવીને

તૈયાર કરેલા પૂંઠિયા જ્ઞાનભંડારોમાં અર્પણ કરીને વિધિપૂર્વક જ્ઞાનની આરાધના કરવાનો લ્હાવો અને સંતોષ લઇ શકાય. 'તજિયા બરુ'ને નામે ઓળખાતી કલમો કે જેમાં શાહી ચુસવાની ક્ષમતા વધુ હોય અને એકવાર શાહીમાં બોળીને ઘણું લખી શકાય તેમજ ઘસાય તો રીફીલની જેમ ફેંકી ન દેતાં છોલીને તરત તૈયાર કરી શકાય એવી કલમોની ભેટ ધરી શકાય. નકામી પેન્સિલો અને નોટબુકોના ઢગલા જ્ઞાનપાંચમને દિવસે જ્ઞાન પાસે આવીને કરવા કરતાં આવી ઉપયોગી કલમો કે પૂંઠિયા કે ઓળિયાંનો એ ભવ્ય વારસો કરી જીવંત કરવા જેવો છે. 'ઓળિયું' કે 'કાંટિયા' તરીકે ઓળખાતું એ સાધન જેમાં ચોક્કસ અંતરે દોરીઓ એવી રીતે ગોઠવેલી હોય છે કે એની પર કાગળ મુકીને દબાવવાથી લાઇન એની મેળે પડી જાય છે જેથી સાહીથી ખવાતા કાગળોનો ભય દૂર કરી શકાય છે. કાગળ કે કબાટમાં જીવાત ન પડે એ માટે રસાયણોથી બનેલી ડામરની ગોળીઓને બદલે ગાંધીને ત્યાંથી ઘોડાવજનું ચુર્ણ કરીને રાખવામાં આવે તો જીવાતનો ભય ટળી શકે છે. સામાન્ય સ્થિતિ ધરાવતો અને છતાંયે જ્ઞાનભક્તિથી છલકતાં હૃદયવાળો શ્રાવક પણ આ રીતે તો ભક્તિ કરી શકે છે. પ્લાસ્ટિકના સાપડાઓને બદલે સુખડ–સાગ સીસમના સાપડા કે માટીના ખડિયા દ્વારાયે જ્ઞાનભક્તિ થઇ શકે છે. સરકારની નજરનો આજે જ્યારે દેવદ્રવ્યની જેમ જ્ઞાનભંડારો પર પણ ભય રહેતો હોય ત્યારે મકાનોની અંદર, નીચે અંડર ગ્રાઉન્ડ પુસ્તકાલયો તૈયાર કરવાની તાતી જરૂર છે. જે હસ્તલેખન કરી શકે એ લેખન દ્વારા વારસો જાળવે. જે એ ન કરી શકે અને લાભાંતરાયનો ક્ષયોપશમ હોય એ ધનનો સન્માર્ગે ઉપયોગ કરી જ્ઞાનભંડારો ઊભા કરાવી શકે, લહિયાઓ બેસાડી શકે, માત્ર ભારતદેશના દસ હજાર જૈનો દરરોજ ઓછામાં ઓછાં પાંચ શ્લોક પણ જાતે લખવાનો સંકલ્પ કરે તો વરસે દોઢથી બે કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યનું હસ્તલેખન થઈ શકે ને એ સાહિત્યમાંથી આવનારી પ્રજામાંથી એકાદ વ્યક્તિ પણ જો જ્ઞાન ભણી આત્માનો ઉદ્ધાર કરશે તો એ પરંપરા ટકાવવાનો લાભ એ લખનારને અવશ્ય મળવાનો જ છે. તો ચાલો આ વર્ષે પારંપરિક નોટ પેન્સિલ લાવી જ્ઞાનપાંચમની ઉજવણી કરવા કરતાં ભંડારોમાં પેસી ગયેલા જોજને દૂર કરવા નજીકના જ્ઞાનભંડારને ખોલી પવિત્ર પ્રતોને ખોલી તડકો વગેરે આપી જોજ દૂર કરવાનો કે નવી ઘોડાવજની પોટલીઓ મુકવાનો કે એકાદ સીસમનું કબાટ અર્પણ કરવાનો કે નવા પુસ્તક કે પ્રતને નવા પોથીબંધન લગાવવા દ્વારા જ્ઞાનની આરાધના કરવાનો સંકલ્પ કરીએ.

❁

સુધારો : વર્ષ ૮ વિશેષાંકમાં પેજ ૩૭ ઉપર કાર્તિક શેઠની કથામાં છેલ્લી લીટીમાં કાર્તિક શેઠ ચારિત્ર પાળી ૧ લા દેવલોકમાં ઇન્દ્ર થયા અને ગૈરિક તાપસ મૃત્યુ પામીને તે જ દેવલોકમાં ઇન્દ્રના વાહન હાથી પણે ઉત્પન્ન થયો' સુધારીને વાંચવું.

શાસન સમાચાર

રતલામ–અત્રે પૂ. મુનિરાજશ્રી ધ્રુવસેનવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી સુવ્રતવિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસની તથા પર્યુષણની સુંદર આરાધના થઇ. પૂ. શ્રી સુંદર વૈરાગ્યમય પ્રવચન ઉત્તરાધ્યયન સૂત્ર તથા ધન્ય ચરિત્ર ઉપર આપે છે.

અષાડ વદ ૧૪ પૂ. પાદ આ. ભ. શ્રી વિ.રામચંદ્રસૂરીશ્વરજી મ. ની સ્વર્ગતિથિની ભવ્ય ઉજવણી થઇ હતી. ગુણાનુવાદ તથા શ્રીફળની પ્રભાવના થઇ.

પૂ. સા શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.ને અખંડ ૫૦૦ આંબેલ ચાલે છે પૂ. સા. શ્રી તત્ત્વમાલાશ્રીજી મ.એ ભાવનમી વર્ધમાનતપ ઓળી કરી. પૂ. સા. શ્રી ચારિત્રશ્રેયાશ્રીજી મ.એ માસક્ષમણની ભવ્ય મહાન તપસ્યા કરી. આ નિમિતે તથા પર્યુષણની આરાધનાની ઉદ્યાપન નિમિતે ભા. સુદ ૭થી૧૧ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ થયા. ગુલાબબેન તાતેડના ૫૦૦ આંબેલ નિમિતે નવાણું પ્રકારી પૂજા ભણાવી. શાંતિસ્નાત્ર હંશરાજજી ધુલચંદજી તરફથી ભણાયું. રથયાત્રા તથા મહાવીર પંચકલ્યાણક પૂજા સમીરમલજી લુણીયા તરફથી તથા સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. શાહ ખેતશી વેરશી હરિયા રાસંગપુરવાળા તરફથી પંચકલ્યાણક પૂજા.

પારલા પ્રસંગે મુંબઇ ભીવંડી તથા ઇંદોર શ્રી ડા. વી. ઓ. સમાજના ભાવિકો આવેલ. શાહ ખેતશી વેરશી તથા શાહ મુળજી ખીમજી ગુઢકા તરફથી સંઘપૂજન થયા.

પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવર્ય લિખિત

–: અનુપ્રેક્ષાનું અમૃત :–

મૂલ્ય રૂા. ૨૫ પરંતુ હાલ રૂા. ૧૫માં મલશે.

અનુપમ બોધ અને ધર્મ ચિંતવનથી સભર આ ગ્રંથ તમારે વાંચવો જ પડશે મળવાનું સરનામું :-રસીકલાલ જેજન ઠે. શેઠશ્રી નગીનદાસ કરમચંદ પૌષધશાળા શ્રી પંચાસરજી મંદિર પાસે, પાટણ–૩૮૪૨૬૫ (ઉ. ગુ.)

વિ. સં. ૨૦૫૨ કે

રાષ્ટ્રભાષા મેં પંચાંગ મુફ્ત મંગાએ

વિશ્વસ્ત સૂત્રોથી જાણવા મળેલ છે કે રાષ્ટ્રભાષા હિંદીમાં વિ. સં. ૨૦૫૨ના નવા વર્ષના પંચાગ, અશોક ફેશલહરા, બંડા બાજાર, આષ્ટા (મ.પ્ર.) જિ. શિહોર–૪૬૬૧૧૬ થી મફત મંગાવો. એ પંચાગ પૂ.આ.ભ.શ્રી વિ. રામચંદ્ર સૂ. મ.ની આજ્ઞા મુજબ જન્મભૂમિ પંચાગના આધારે તૈયાર કરેલ છે. એમાં ઇન્દોર, સિરોહીના પચ્ચકખાણની સલિકા પણ આપવામાં આવેલ છે. ચોઘડિયા, દેવદર્શન, ચૈત્યવંદન તથા ગુરૂ વંદનની વિધિ પણ આપવામાં આવેલ છે.

આષ્ટા (મ.પ્ર.)માં જાહોજલાલી

પ. પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ.દેવ શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂ. મ.ના પ. પૂ. ગચ્છિવર્ય શ્રી કમલરત્ન વિ. મ. સા.ના શિષ્ય-પ્રશિષ્ય રત્ન પ. પૂ. ગચ્છિવર્યશ્રી દર્શનરત્ન વિ. મ. તથા પ. પૂ. મુનિશ્રી ભાવેશરત્નવિજયજી આદિ ઠાણાની આષ્ટા નગરમાં પધરામણી થતા જ જયજયકાર થયાં છે તપસ્યાના તોરણ બંધાયા છે. લાખ રૂપિયા ઉપરના શ્રીફલ (નારિયલ)ની પ્રભાવના થઈ ચુકેલ છે. ૨૧ જિનેશ્વર ભગવંતના વરઘોડા નીકલી ચુકેલ છે. ૫ સ્વામિવાત્સલ્ય થઈ ગયા છે.

બધાના મોઢામાંથી એક જ શબ્દ નીકળે છે કે આવું ચોમાસું કયારેય જોયું નથી. આટલી તપશ્ચર્યા, આટલા વરઘોડા આટલા સ્વામિવાત્સલ્ય કયારેય જોયા નથી, ૧૭-૮-૯૫ ને માસખમણ નિમિતે ભવ્ય જિનેશ્વરદેવનો વરઘોડો થયો.

મુંબઇ-ચંદનબાળા, અત્રે પ. પૂ.આ. દેવ શ્રી રાજશેખર સૂ. મ. સા. ની શુભ નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણા પર્વની આરાધના ખુબ સારી રીતે થવા પામી. ચતુર્વિધ સંઘમાં થયેલ તપશ્ચર્યાના ઉદ્યાપનાર્થે ભાદરવા સુદ ૧૨ થી શ્રી અષ્ટાપદજીની મહાપૂજા, અઢાર અભિષેક તથા શાંતિસ્નાત્ર યુક્ત પંચાન્હિકા મહોત્સવ ખુબ ભવ્ય રીતે ઉજવાયો ભાદરવા વદ-૧ ને રવિવારે બપોરે વિજય મુહુર્તે શાંતિસ્નાત્ર કળશથી ભણાવાયેલ બાદ પેંડાની પ્રભાવના થયેલ, જીવદયાની ટીપ સુંદર થઇ હતી. વિધિવિધાન જામનગરવાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખુબ સુંદર રીતે કરાવેલ સંગીતમાં બંસીભાઇ ખંભાત વાળા તથા પોપટભાઇ મલાડવાળાએ સારી જમાવટ કરી હતી.

પહેલી વખત વડોદરા સુભાનપુરામાં મહાપૂજાનું આયોજન

પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામાં આરાધના ખુબ સુંદર થઇ રહી છે ને લોકો લાભ સુંદર લઇ રહ્યા છે. મહાપૂજા ભા. વદ ૦)) ના તા. ૨૪-૯-૯૫ ના રવિવારે સુદ્ધનલક્ષ્મી સો. ના દેરાસરે હતી વ્યવસ્થા માટે મુંબઈથી રાજુભાઈ સંઘવી આદિએ કરેલ ને વરઘોડો દ્વારોદ્ઘાટનનો આશાભાઇના ઘરેથી નીકળેલો તેમાં હાથી ઘોડા એક બગી બે ઘોડાની તથા એક બગી-૬ હાથી ઉપર વરસીદાન તથા પોલીસબેંડ સાથે સંઘપૂજન કરેલ ને અત્રે જ ઓછામાં ઓછા લગભગ ૨૦૦૦ થી ૨૫૦૦ માણસ હતું ને ત્યાં પહોંચતા તો ખુબ માણસ હતું ને લાખેણી આંગી કરવા ખંભાતથી કનુભાઇ આવેલ. રંગોળીઓ ફોટા પ્રદર્શન તથા અવનવા રથો, ઝુમ્મરો, ફુગ્ગા, અવનવી ગાડીઓ ને સંસારચક્રની તથા મોક્ષ સુધી પહોંચાડતાની ગાડી આદિનું ખુબ જ આકર્ષણ હતું ને જીવદયાનો સ્ટોલ હતો તેમાં પણ ખુબ જ મોટો ફાળો લેગો થયો છે, વડોદરા શહેરમાં પહેલવેલી મહાપૂજા આવી થયેલ ને લોકો ખુબ જ આવેલ ને લાભ

લીધેલ બીજી શ્રા. વ. ૮ના ચૈત્યપરીપાટી અત્રેથી નીકળીને ડાહ્યાભાઇના દેરાસરે ત્યાંથી ડો.ના દેરાસરે, ત્યાંથી કુમુદભાઈને ત્યાં ને ત્યાંથી હિંમતભાઈના દેરાસરે ત્યાંથી આકોટાના દેરાસરે ચૈત્યવંદન કરીને પ્રવચન થયેલને બધાને નવકારશી કરાવેલ ડાહ્યાભાઇ તરફથી લગભગ ૬૦૦ થી ૭૦૦ માણસ થયેલને સંઘપૂજનો ૧૧) રૂા.નું થયેલ લોકોનો ઉત્સાહ ખુબ હતો.

દાદર આરાધના ભવન મુંબઈ-અત્રે પૂ. આ. શ્રી ધનેશ્વરસૂરીશ્વરજી મ. શિષ્ય રત્ન પૂ. ગણિવર શ્રી શિવાનંદ વિજયજી મ. તથા પૂ. આ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. શિષ્યરત્ન પૂ. મુ. શ્રી નંદીશ્વર વિજયજી મ. આદિની નિશ્રામાં ચોમાસાની સુંદર આરાધના ચાલે છે પર્યુષણની ભવ્ય ઉજવણી થઇ તપસ્યા ઉપજ સુંદર થઇ.

અંતરિક્ષ એપાર્ટમેન્ટમાં મોટા સમુદાયને પૂ મુ. શ્રી નંદીશ્વરજી મ.ને પ્રતિક્રમણ ભણાવી ખૂબ શાંતિથી કરાવ્યો અને કળશ : ૫ અપૂર્વ રથયાત્રાનો વરઘોડો ચડયો અનુકંપામાં પણ ૩૦૦૧) થી વધુ અપાયા માસખમણ સિદ્ધિતપ આદિ તપસ્વીઓને પણ સારી પ્રભાવના થઇ.

મુંબઇ--શ્રી બાબુલાલ જૈન સંપાદિત સમગ્ર જૈન ચાતુર્માસ યાદી ૧૯૯૫નું વિમોચન.

આ. શ્રી વિજય યશોદેવસૂ. મ.ની નિશ્રામાં કાંતિલાલ મુખાલાલ શાહના હસ્તે વાલકેશ્વરમાં થયું. કોન્ફરન્સના મંત્રી શ્રી શાંતિલાલ છાજેડ અચલગચ્છના પ્રમુખ શ્રી વસંતભાઇ તેમજ તારાચંદભાઇ ભણશાળી શ્રી પ્રશાંતભાઇ ઝવેરીએ પ્રાસંગિક કરેલ. ૧૧) હજારથી વધુ સાધુ-સાધ્વીજીની યાદી તેમાં છે જયંતિભાઇ એમ. શાહે સંચાલન અને દિનેશભાઇ શાહે આભાર વિધિ કરી.

પાલઘર-પૂ. સા શ્રી ધર્મલક્ષ્માશ્રીજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન વિવિધ આરાધનાઓ થઇ ભાવિકો જોડાયા પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ની તિથિ નિમિત્તે આંબેલ સંઘ પૂજન ગુરુપૂજન તથા બહેનોમાં ગુરુગુણસ્મૃતિ ગુણાનુવાદ તથા બહેનોમાં પૂ. સા. શ્રી ભીમસેન ચરિત્ર વાંચે છે. આ. સુદ ૧થી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો પૂજન ભણાવવા પં. શ્રી રમણિકલાલ સંઘવી ભાભરવાળા મુંબઇથી પધારેલ મહેમાનોની ભક્તિ સંઘ તરફથી થઇ.

વડોદરા-સુભાનપુરા અત્રે પૂ. મુનિરાજ શ્રી મુક્તિધન ભ. મ. તથા પૂ. મુ. શ્રી પુન્યધનવિ. મ.ની નિશ્રામાં શ્રી મેહુલ સોસાયટીમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી ૧૦મી સાલગિરિ નિમિત્તો ધ્વજારોપણ તથા ૧૮ અભિષેક પૂ. પં. શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર શ્રી ૧૦ મી પુણ્ય તિથિ નિમિત્તો શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ જિનભક્તિ મહોત્સવ શ્રા. સુદ ૧૦ થી ૧૨-૧૩ સુધી ત્રણ દિવસ ઉજવાયો.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

સિદ્ધાંતને વહેલી તકે તિલાંજલી આપી દેવી જોઇએ. બહુમતના સિદ્ધાંતવાળી કોઇ પણ સંસ્થામાં આપણે દાખલ થવું ન જોઇએ–એ સિદ્ધાંતવાળી કોઇ પણ સંસ્થા ચલવી ન જોઇએ. અળશિયાની જેમ ઉભરાઇ આવેલી તમામ સંસ્થાઓ બંધ કરી આજ્ઞાસિધ્ધ પરંપરાગત શ્રી સંઘમાં સૌએ કેન્દ્રિત થવું જોઇએ. વળી બહુમતની ધોરણની કોઇ પણ જૈનેતર સંસ્થામાં પ્રતિનિધિ તરીકે કોઇ જૈનને મોકલવા ન જોઇએ, ન કોઇ જૈને આગળ પડીને જવું જોઇએ. તેની પાકી ગોઠવણ તુરત જ કરવી જોઇએ.

આજસુધી ભોળપણથી–વિશ્વાસથી–સરળતાથી જે કાંઇ થયું, પણ હવે જલ્દી ચેતી જવું જોઇએ.

હું નીચે જે ગાથા આપું છું છે તે ગાથા 'સ્તવપરિજ્ઞા' ગ્રંથની ૧૨૯ મી ગાથા છે. ૨૦૩ ગાથાનો તે આખો ગ્રંથ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે 'પંચવસ્તુ'નાં મુકયો છે. અને તેના ઉપર તેમની નાની માર્મિક ટીકા પણ છે. તે જ ગ્રંથને શ્રી ઉપાધ્યાયજી મ. શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ 'પ્રતિમાશતક' ગ્રંથમાં આખો મૂકયો છે. તેના ઉપર ઉપાધ્યાયજી મહારાજશ્રીની પોતાની સુંદર અવચુરિ પણ છે. ઉપાધ્યાયજી મ.શ્રી તો તેણે પૂર્વધરોના રચેલા ગ્રંથ તરીકે જણાવે છે. અને

"ઇય' અલુ સમુધ્ધૃતા સરસ દ્રષ્ટિવાદાદિતઃ ।'

આ સ્તવપરિજ્ઞા ખરેખર સરસ દ્રષ્ટિવાદ નામના બારમાં અંગ વિગેરેમાં ઉધ્ધૃત હોવાનું જણાવે છે. પંદરસો કે સત્તરસો વર્ષ લગભગ જૂનો પ્રાચીન ગ્રંથ લાગે છે. કદાચ વધારે પણ થયા હોય. પરંતુ શ્રી ઉમાસ્વાતિ મ.શ્રીની પછીનો છે એ વાત નક્કી છે.

એવા એ 'સ્તવપરિજ્ઞા' ગ્રંથની આ ગાથા છે–

'ન ય બહુગાણું પિ ઇત્થ અવિગાણું સોહણું તિ નિયમોડય' ।
ન ય ણો થોવાણું પિ હુ મુઢેતર ભાવ જોગેણ''

ભાવાર્થ :– ઘણાઓને–બહુઓનો એક મત (અવિગાન) શોભન જ હોય એવો પણ અહીં નિયમ નથી. થોડાઓને એકમત ન જ હોય એવો પણ નિયમ નથી થોડાઓનો એકમત શોભન ન જ હોય એવો પણ નિયમ નથી. (એકનો પણ નિર્ણય શોભન હોઇ શકે છે) અર્થાત એકમત–લઘુમત બહુમત કે સર્વાનુમતને સત્ય અને હિતકારી નિર્ણય લેવામાં નિયમપૂર્વક સ્થાન નથી. તેથી એ મજબૂત સિદ્ધાંત નથી. ત્યારે શું કરવું ?

"મુઢેતર ભાવ જોગેણ" એટલે મૂઢેતર ભાવના યોગે જે નિર્ણય કરાય તે

શોભન એવો નિયમ છે એમ જણાવેલ છે. એથી એ નક્કી થાય છે કે એકનો મત, કે સર્વનો મત સાચો હોય જ એવો નિયમ નથી. સાચો પણ હોય, અને ખોટો પણ હોય, અને ખોટે પણ હોય પરંતુ મૂઢેતર ભાવ યોગે થયેલો નિર્ણય શોભન જ હોય એવો નિયમ છે એ તાત્પર્યાર્થ નિકળે છે.

મૂઢ ભાવમાં મોહનીય કર્મોની ૨૮ કર્મ પ્રકૃતિઓ સમાય છે, અથવા ૧૮ પાપ સ્થાનક પણ સમાવેશ પામે છે. તેને આધારે કરાતા વિચાર મૂઢ ભાવથી કરાયા ગણાય તે શોભન-સારા-સાચા હિતકારક હોય જ એવો નિયમ નથી. ત્યારે મૂઢેતરભાવ-મૂઢભાવ શિવાયના-સમ્યગ રત્નત્રયીના યોગે જે નિર્ણય લેવાય, તે શોભન હોય.

અર્થાત નિઃસ્વાર્થભાવથી, હિત કરવાની બુદ્ધિથી, દીર્ઘદૃષ્ટિપૂર્વ-આગળ પાછળની યોગ્ય સમજથી, અજ્ઞાન ગેરસમજ-રાગદ્વેષ-કષાયો-આવેશો વિગેરેથી રહિત, આજ્ઞા મુજબના ધોરણનો નિર્ણય લેવાય તે શોભન હોય જ એવો નિયમ છે.

આ ગાથાનો આધાર લઇ બહુમતના ધોરણની સંસ્થાઓ તુરત બંધ કરી શ્રી સંઘમાં જ કેન્દ્રિત થઇ જવું જોઇએ. આપણે ચમત્કારોથી વિરૂધ્ધ જઈને અજ્ઞાનથી બહુમતમાં ફસાયા છીએ. આ ગાથા બહુમત ઉપર ભાર આપતી નથી. એટલું જ નહીં પણ તેની તરફ ઉપેક્ષા ભાવ રખાવીને મુઢેતર ભાવના યોગ પર ખાસ ભાર મુકે છે.

આ ગાથા આપણા માટે તરણતારણ જેવી બની રહે છે. ડુબતા બચાવવા માટે જ આ ગ્રંથ મારફત મળી હોય તેમ લાગે છે. પ્રભુના શાસનના પુન્યનો હજી પ્રકર્ષ સૂચવતી હોય તેમ લાગે છે, આવી સાક્ષાત વસ્તુ પણ જમાનાવાદી વ્યવહારના પક્ષકારો સમજવા અને કબૂલ કરવા માગતા નથી ? કેટલો દુરાગ્રહ ? બહુમતવાદના સિદ્ધાંતને તિલાંજલી આપવાથી જૈનશાસનનું રક્ષણ થઇ શકે તેમ છે. બહુમતવાદના સિધ્ધાંતને તિલાંજલી આપવાથી કોન્ફરન્સ વિગેરે તે ધોરણની સંસ્થાઓ, અને તેના ઉપક્રમે થતા કાર્યક્રમોમાં ભાગ લેવાનું બંધ પડશે. એજ રીતે ૨૫૦૦ વર્ષની ઉજવણીમાં પણ ભાગ લેવાનું બંધ થશે. અને તેમ થતાં પાશ્ચાત્ય બળોના જૈનશાસનને અદ્રશ્ય કરવાની યોજના ઉપર મોટો જીવલેણ ફટકો પડશે.

જૈન શાસનને જગતમાં અદ્રશ્ય કરાવવા માટે પાશ્ચાત્ય બળોનું મોટામાં મોટું હથિયાર જૈનસંઘમાં બહુમતવાદના ધોરણનો પ્રચાર છે. એ ધોરણનો આશ્રય લઇ જેમ જેમ નવી નવી સ્વતંત્ર સંસ્થાઓ અસ્તિત્વમાં આવતી જાય તેમ તેમ પ્રભુનો શ્રી સંઘ અને શ્રી શાસન નબળાં પડતાં જાય, અને છેવટે અદ્રશ્ય થવાની સ્થિતિમાં મૂકાઇ જાય. માટે બહુમતવાદના ધોરણનો ત્યાગ એ જ આપણો મોટામાં મોટો બચાવ છે. મૂઢેત્તર ભાવ યોગેનું સિદ્ધાંતને આપણે ચુસ્તપણે વળગી રહીએ તો પાશ્ચાત્યોની જૈનશાસનને જગતમાં અદ્રશ્ય કરી દેવાની કોઇ કારી ફાવવાની નથી. (જૈન શાસન સંસ્થા)

સુચના-આ મહિનામાં પાંચ મંગળવાર હોવાથી આ પછીનો અંક તા. ૩૧-૧૦-૯૫ના પ્રગટ થશે.

॥ श्री पार्श्वनाथाय नमः ॥ पी.टी.आर. न. ओ. १४६६

श्री आनंदजी कल्याणजी-जैन श्वेतांबर मंदीर ट्रस्ट

जेहरीवाडा, औरंगाबाद-४३१००१ (यह ट्रस्ट औरंगाबाद तक सिमीत है)

चेथड शाह की कर्मभूमि आ. हीरसूरि की पदार्पण भूमि तीर्थ स्वरूप

औरंगाबाद चार मंदिरना जीर्णोद्धार निमित्ते सकल संघने नम्र विनंति

श्रीमान शेठजी,

श्री आनंदजी कल्याणजी जैन श्वेतांबर मंदिर ट्रस्ट के ट्रस्टीयो का सादर प्रणामां महाराष्ट्र की ऐतिहासिक नगरी औरंगाबाद के जेहरीवाडा में चार प्राचीन जिन मंदिर है जिसमे श्री गोडीजी पार्श्वनाथ का बडा मुख्य मंदिर है ! तथा दो अन्य मंदिर श्री धर्मनाथजी तथा श्री महावीर स्वामीजी के है ! यह मंदिर प्राचीन है तथा जीर्ण-शीर्ण अवस्था में है ! यहां चातुमांस हेतु बिराजमान प. पू. आ. भगवन्त श्री विजय प्रभाकरसूरिजी म. सा. आदीठाणा पांच की निश्रा मे धर्म आराधना अत्यंत आनन्द और उल्हासपूर्वक हो रहा है !

पूज्यश्री की निश्रा एवं मार्गदर्शन मे पार्श्वनाथ मंदिर के बाजु मे खाली जगह खरीद कर पार्श्वनाथजी के मंदिर मे ही अन्य चार मंदिरो क समावेश कर उस मंदिर को पंचतीर्थी स्वरूप बडा मंदिर बनाने का तय हुआ है !

इस जीर्णोद्धार कार्य का अंदाजित खर्च रु. ४५,००,००० (रु. पैतालीस लाख) पूज्यश्री के मार्गदर्शन अनुसार इस खर्च को पुरा करने के लिये अलग अलग योजनाओ बनाइ गइ है ! जिनका विवरण नीचे लिखा है ! आपश्री से विनन्ती है की इस योजना में सहभागी होकर मंदिर जिर्णोद्धार कार्य में आर्थिक सहयोग प्रदान करे शासन सेवा का लाभ ले तथा जिन शासन के कार्य मे अनुमोदनीय सुकृत करे यही आशा !

योजना का विवरण :-

(१) श्री धर्मनाथजी के गभारे का नकरा	५,०१,०००/-
(२) श्री महावीर स्वामीजी के गभारे का नकरा	५,०१,०००/-
(३) श्री मंदिरजी के मुख्य तीन द्वारो का नकरा	४,५१,०००/-
(४) श्री मंदिरजी के रंग मंडप का नकरा	३,५१,०००/-
(५) श्री अजीतनाथ भगवन के सामरन व ध्वजादंड का नकरा	२,५१,०००/-
(६) आदेश्वर भगवान के सामरन व ध्वजादंड का नकरा	२,५१,०००-
शुभ दान (आरसनी तख्तिमां आवे)	११११९-

नोट : अन्य सामान्य योजनाओ का विवरण यहा नही दिया है ! योजना मे सहभागी होने वाले दाता का नाम संगेमरमर की तकती पर लिखकर लगाया जायेगा,

૫૧૦૬

૧૬-૮-૫૦

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૧૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ધર્મ કેવો છે ?

धर्मो मङ्गलमुत्कृष्ट,
धर्मः स्वर्गापवर्गदः ।
धर्म संसार कान्ता,
रोल्लंघने मार्गदेशकः ।।

ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ સ્વર્ગ અને અપવર્ગ—મોક્ષ આપનારો છે અને ધર્મ જ આ સંસાર રૂપી અટવીનું ઉલ્લંઘન કરવા માર્ગદેશક છે.

卐

॥ श्री पार्श्वनाथाय नमः ॥ पी.टी.आर. न. ओ. १४६६

श्री आनंदजी कल्याणजी-जैन श्वेतांबर मंदीर ट्रस्ट

जोहरीवाडा, औरंगाबाद-४३१००१ (यह ट्रस्ट औरंगाबाद तक सिमीत है)

चेथड शाह की कर्मभूमि आ. हीरसूरि की पदार्पण भूमि तीर्थ स्वरूप

औरंगाबाद चार मंदिरना जीर्णोद्धार निमित्ते सकल संघने नम्र विनंति

श्रीमान शेठजी,

श्री आनंदजी कल्याणजी जैन श्वेतांबर मंदिर ट्रस्ट के ट्रस्टीगो का सादर प्रणामां महाराष्ट्र की ऐतिहासिक नगरी औरंगाबाद के जोहरीवाडा में चार प्राचीन जिन मंदिर हो जिसमे श्री गोडीजी पार्श्वनाथ का बडा मुख्य मंदिर है। तथा दो अन्य मंदिर श्री धर्मनाथजी तथा श्री महावीर स्वामीजी के है। यह मंदिर प्राचीन है तथा जीर्ण-शीर्ण अवस्था में है। यहां चातुमांस हेतु बिराजमान प. पू. आ. भगवन्त श्री विजय प्रभाकरसूरिजी म. सा. आदीठाणा पांच की निश्रा मे धर्म आराधना अत्यंत आनन्द और उल्हासपूर्वक हो रहा है।

पूज्यश्री की निश्रा एवं मार्गदर्शन मे पार्श्वनाथ मंदिर के बाजु मे खाली जगह खरीद कर पार्श्वनाथजी के मंदिर मे ही अन्य चार मंदिरो का समावेश कर उस मंदिर को पंचतीर्थी स्वरूप बडा मंदिर बनाने का तय हुआ है।

इस जीर्णोद्धार कार्य का अंदाजित खर्च रू. ४५,००,००० (रू. पैतालीस लाख) पूज्यश्री के मार्गदर्शन अनुसार इस खर्च को पूरा करने के लिये अलग अलग योजनाओ बनाइ गइ है। जिनका विवरण नीचे लिखा है। आपश्री से विनन्ती है की इस योजना में सहभागी होकर मंदिर जिर्णोद्धार कार्य में आर्थिक सहयोग प्रदान करे शासन सेवा का लाभ ले तथा जिन शासन के कार्य मे अनुमोदनीय सुकृत करे यही आशा!

योजना का विवरण :-

(१) श्री धर्मनाथजी के गभारे का नकरा	५,०१,०००/-
(२) श्री महावीर स्वामीजी के गभारे का नकरा	५,०१,०००/-
(३) श्री मंदिरजी के मुख्य तीन द्वारो का नकरा	४,५१,०००/-
(४) श्री मंदिरजी के रंग मंडप का नकरा	३,५१,०००/-
(५) श्री अजीतनाथ भगवन के सामरन व ध्वजादंड का नकरा	२,५१,०००/-
(६) आदेश्वर भगवान के सामरन व ध्वजादंड का नकरा	२,५१,०००-
शुभ दान (आरसनी तख्तिमां आवे)	११११९-

नोट : अन्य सामान्य योजनाओ का विवरण यहा नही दिया है। योजना मे सहभागी होने वाले दाता का नाम संगेमरमर की तकती पर लिखकर लगाया जायेगा,

કલાપૂર્ણસૂરિ-સમુદાયવર્તી પૂ. આ.શ્રી વિજયસમતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ ક્ષેત્રે તથા પ્રચારાર્થે પ્રગટ.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદાચંદ પદમશી મુઢકા (થાણા)

વર્ષ : ૮] ૨૦૫૧ કારતક સુદ-૮ મંગળવાર તા. ૩૧-૧૦-૯૫ [અંક ૧૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, આસો સુદિ-૯ ને રવિવાર, તા. ૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૬. (પ્રવચન પાંચમું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધ ક્ષમાપના— -અવ૦)

જેને દુનિયાનું સુખ સારૂં માન્યું, સંપત્તિ સારી માની તે મોટે ભાગે પાપી જ હોય. તે એને મેળવવા કોઇપણ પાપનો નિયમ નહિ! આજે પૈસો મેળવવા ભણેલા ગણેલા પણ તમે શું શું કરો છો? એક કાળે વેપારી જૂઠું બોલે છે, ચોરી કરે છે એમ અમે કહીએ તો વેપારી ઉલ્ટો થતો અને કહેતો કે-સાહેબ! કોની વાત કરો? છો? વેપારી જુઠું બોલે નહિ, ચોરી કરે નહિ, ખોટું લખે નહિ. દુશ્મન પણ તેના ચોપડા માગે તો તે આપતો અને કહેતો કે ભૂલ કાઢે અને ન સુધારૂં તો મારૂં નામ વેપારી નહિ! આજે ઘણા વેપારીઓના ચોપડા સાચા કે ખોટા? જે ચોપડા બીજાને બતાવો તે પણ સાચા કે ખોટા? પાછા તેમાં રાજી થાય, હોંશિયારી માને તો લાયક કહેવાય કે નાલાયક? આંગળનો સારો વેપારી લુખ્ખો રોટલો મજેથી ખાય પણ ચોપડ્યું ખાવા ય અનીતિ કરતો ન હતો.

પ્ર૦ કોકરાને નોકરીએ મૂકવો હોય અને લાગવગથી મળે તેમ હોય તો લાગવગ લગાડે કે નહિ?

ઉ૦ લાગવગ લગાડે પણ બેવકૂફને નામું લખવા બેસાડે? જે ભાવતાલ ન જાણે તેને સેલ્સમેન બનાવે? ઓછી અક્કલવાળાને આંટાફેરા ખાશે તેમ કહીને રખાવો

કે હોંશિયાર કહીને ?

પ્ર૦ નોકરી માટે લાગવગ લગાડે તેમ સંસારમાં જરૂરિયાત સીધી ન મળે તો ભગવાન પાસે માગે.

ઉ૦ શા માટે માગે ? ધર્મ કરવા માગે કે મોજ માટે માગે ? મોજ કરવા જોઇએ તો મગાય ?

પ્ર૦ લોભનો ઉદય સતાવે. સીધું ન મળે અને પાપ કરવું તેના કરતા ભગવાન પાસે માગે તો શું ખોટું ?

ઉ૦ ભગવાન પાસે તેવો નાલાયક માગે અને તેને મળે તો ભગવાનની ફજેતી થાય. આજે ચાંલ્લાવાળાની લોક નિંદા કરે છે કે તેના ભગવાન પણ આવા હશે, સાધુ પણ આવા હશે, ધર્મ પણ તેવો જ હશે. તમે બધા ખરાબ રીતે વર્તીને દેવ-ગુરુ-ધર્મની નિંદા કરાવો છો.

શાહુકાર કોણ ? મરી જાય પણ જુઠ ન બોલે. શેઠ કોણ ? કદી ખોટું કામ ન કરે. સત્તાધીશ કોણ ? મરી જાય પણ કદી અન્યાય ન કરે તે. તે તો ન્યાયમાર્ગે ચાલતો હોવો જોઇએ. આ ત્રણે પદવી શ્રેષ્ઠ છે પણ તે ગુણોથી શોભે છે. ગુણ ન હોય તો તેના જેવા નાલાયક, હરામખોર એક નથી !

આજે તમે ચોપડો બતાવી શકો ? તમારો બતાવવાનો ચોપડો કોને લખ્યો ? પહેલા નંબરનો હોંશિયાર, મજેથી સત્યને જુઠ અને જુઠને સત્ય કહી શકે તેને. તે બહારથી ગાતે પાંચ હજાર માગે તો તરત આપી દો અને અહીં ટીપમાં તે એકાવનથી શરૂઆત કરે. આટલા શ્રીમંતો અહીં હાજર હોય તો સાધર્મિક દુઃખી રહે ? ભગવાન ની પૂજા માટે ટીપ કરવી પડે ? આવા પૈસાવાળાનું તો અમારે મોંય જોવું નથી.

અમારે જરૂર પડે છે માટે ભગવાન પાસે કેમ ન માગીએ એવો ખોટો બચાવ ન કરો. તમે કહો કે અમારી મોજમજા વધી ગઇ અમે પાપી બની જઇ માટે માગીએ છીએ.

પ્ર૦ મોટા સુખી તો નવા નવા ધંધા કરે છે. પંચાણું ટકા દુઃખી છે તે ધંધા કરી શકે તેમ નથી માટે ભગવાન પાસે માગે છે.

ઉ૦ ઘણા દુઃખી પારકાના સુખને જોઇને દુઃખી થાય છે. આ ગપ્પા મારે છે.

તમે બધ દુઃખી છો ? ભુખે મરો છો માટે ભગવાન પાસે પૈસા માગવા જાવ છો ? હોંશિયાર છોકરો બાપા પાસે પૈસા માંગે ? લફંગાઇ અને ખોટાં કામ માટે માગે તો બાપ આપે ? કદાચ મુશ્કેલીમાં આવ્યો તો બાપ તેને પૂછે નહિ કે શી અગવડ પડી ? કદાચ ખોટા ધંધામાં ફસાઈ ગયો તો પૂછે ને કે, ખોટા ધંધામાં ફસ્યો કેમ ? હવે ફરી કદી તેવા ધંધા કરીશ નહિ તેમ કહ્યા પછી આપે ને ? તમને સંસારના વ્યવહારની ય ખબર નથી !!

આજે તમે છોકરાને પૈસા આપ્યા પછી તેને કયાં વાપર્યા તે પૂછી ન શકો ? આવા બાપ ન થાય તે સારા ! આપ્યા પછી કયાં વાપર્યા તે પૂછી ન શકે તે બાપ પાપી કહેવાય ! અમારા વખતમાં પાઇઓ આવતી. એક રૂપિયાની એકસોને બાણું પાઇ થતી. તે પાઇ પણ ગોળ મટોળ જોવા જેવી હતી. તેવી એક રાતીપાઇ પણ વાપરવા આપે તો કયાં વાપરી તે પૂછતા. સીધો જવાબ ન આપીએ તો ઘરની બહાર ન જવા દે અને ચાર થપ્પડ મારે. ભગવાન તમારા જેવાને પૈસા આપે ?

પ્ર૦ પોતાના ભગતને આપે ને ?

ઉ૦ ભગવાનનો ભગત કહી લુચ્ચો હોય ? ચોરટો હોય ? જુઠ્ઠો હોય ? ખોટા બચાવ ન કરો પ્રશ્ન કેમ પૂછાય તેય આવડતું નથી.

સજ્જન માણસ વખતે ભૂખ્યો સૂઇ જાય, અડધું ખાય, પણ ખોટું કામ ન કરે. આજે પણ તેવા માણસો છે. લુખ્ખો રોટલો મજેથી ખાય છે અને કહે છે કે, મારી જીંદગીમાં ખોટું બોલ્યો નથી, ખરાબ માલ સારો કહી આપ્યો નથી.

પ્ર૦ દુઃખીને એમ થાય કે મેં ગયા ભવમાં ધર્મ ન કર્યો માટે આ ભવમાં સારી રીતે ધર્મ કરું જેથી બધું બરાબર બની રહે.

ઉ૦ તેવા જીવો અસલ ધર્મના અધિકારી નથી. તે ધર્મ કરીને કાંઇ પામશે નહિ ઉપરથી વધારે ખરાબ થશે.

ધર્મ કરે તો સુખ મળે તેમ જાણવા છતાં પણ અધર્મ મજાથી કરે છે તો તે બેનો મેળ જામે ? જુઠ બોલે, ચોરી કરે, ઊંઠા ભણાવે તે અધર્મ નથી ? આજે તો દરિદ્રી જ જુઠ બોલે છે એવું નથી ! આજે તો જુઠ બોલવામાં કોઇને ય પાપ નથી લાગતું 'અધર્મથી દુઃખ અને ધર્મથી સુખ' તેમ જે સમજે તે તો અધર્મથી કંપે.

પ્ર૦ સંસારના સુખ માટે અધર્મને અનીતિ કરે છે તો સુખ જોઇએ તો અધર્મ

અને અનીતિ ન કર તેમ કહેવાય !

ઉ૦ રોજ આ જ કહીએ છીએ કે સુખ જોઇએ તો અનીતિ ન કરો. કમમાં કમ માર્ગાનુસારી થાવ.

લોકો કહે છે કે, પરદેશમાં કૂતરાના ગળે જે માલ લાવવો તેની ચિઠ્ઠી અને પૈસા મૂકયા હોય તો કૂતરૂં જઇને બરાબર માલ લઇ આવે છે. જેવો માલ લખ્યો હોય તેવો જ માલ આવ્યો હોય, પૈસા પણ વ્યાજબી લીધા હોય અને વધારાના પૈસા હોય તો તે પાછા મૂકી દીધા હોય– આવી નીતિ પરદેશમાં ચાલે છે. આવું આ દેશમાં બને ખરૂં ? કૂતરાને મોકલ્યો હોય તો સાચો જ માલ લઇને આવે ?

પરદેશમાં જઇ આવેલા જૈનો કહે છે કે, ત્યાં જેટલો ન્યાય છે તેટલો અહીં નથી. આ બધા ધર્માત્મા છે ને ? ધર્મથી સુખ અને પાપથી દુઃખ માનનારો પાપ કરે ? કદાચ તેને પાપ કરવું પડે તો મજાથી કરે કે રોતે રોતે કરે ? તમે કોઇની પાસેથી પૈસા લાવ્યા હોય અને તે માગવા આવે તો 'મળશે તો આપીશ' આમ જવાબ આપે તો તે શાહુકાર કહેવાય ? ચાર ડિ'માં દૂધે ધોઇને આપી જઇશ એમ કહીને પૈસા લાવ્યા અને આવો જવાબ આપો તે ચાલે ? 'હજી મારી સ્થિતિ નથી આવશે તો તરત આપી જઇશ' આમ કહો તો હજી ક્ષંતવ્ય ગણાય. તમે તો ધર્મમાં ય મજેથી અધર્મ કરો છો અને જાતને ધર્મી ગણાવો છો તો તે ચાલે ? તમે અધર્મ મજેથી કરો છો કે દુઃખી હૈયે કરો છો ? ધર્મ આનંદથી કરો છો કે દેખાવ માટે કરો છો ? સાચો ધર્મી તો આ દુનિયાના સુખને સુખ જ માનતો નથી તે તો આ સુખને વિટંબણા માને છે !

પ્ર૦ અહીં આવે તો આ વાત સાંભળે ને ?

ઉ૦ કોણ ના પાડે છે ! અજ્ઞાન આવે તો પામી જાય પણ તમે નહિ પામો તેની આ વાત છે.

જે અધર્મથી દુઃખ માને તે અધર્મ મજેથી કરે ? અધર્મ ખોટો છે તેમ જાણવા છતાં મજેથી અધર્મ કરનારો મોટો વર્ગ છે !

પ્ર૦ ઉંડે ઉંડે દુઃખ રહે તો ?

ઉ૦ અધર્મ મજેથી કરે ને તેનું દુઃખ રહે છે તેમ કહે તે બેનો મેળ જામે ? ઉંડે ઉંડે દુઃખ લાગે તો તેને તો ગણકારતા જ નથી ને ? પછી દુઃખ તો ધર્મને કલંક આપો છો !

(ક્રમશઃ)

'તત્ત્વનિર્ણય' પુસ્તિકા પર એક ઝાંખી'

— 'જયમજ્ઞ' !

અનંત ઉપકારી પરમ તારક શ્રી તીર્થંકર પરમાત્માઓએ સ્થાપેલું 'જૈન શાસન' જગતમાં સદૈવ જયવંતુ રહેવાનું છે. તેને જયવંતુ રાખવા ભગવાનની તારક આજ્ઞા મુજબ જીવતો શ્રી સંઘ સદૈવ પ્રયત્નશીલ હોય છે. પરન્તુ વિષમકાળના પ્રભાવે શ્રી સંઘની 'શાંતિ' 'એકતા' 'ભાઇચારો' જેવા સુંદર શબ્દોનો ઓથા દુરુપયોગ પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે પંચ પરમેષ્ઠિમાં ગણાતા કરે છે ત્યારે સખેદ દુઃખ થાય છે. ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને પ્રતિબદ્ધ–આધીન એવા શ્રી સંઘમાં અશાંતિ–અનેકતા કયારે પણ હોતી જ નથી કે હોય પણ નહિ. પરન્તુ પોતાની ખીચડી પકાવનારા, મનઘડંત સ્વેચ્છાચાર પ્રમાણે પ્રવૃત્તિ કરનારા તક સાધુઓને, આજના રાજકારણીઓની જેમ કોઇ જ 'સિદ્ધાન્તનિષ્ઠા' હોતી જ નથી. પોતાનો કક્કો ખરો થાય તે જ 'સિદ્ધાન્ત' ! પોતાની વાહ વાહ નામના–કીર્ત્તિ ફેલાય એટલે ભયો ભયો. બીજાનું જે થવું તે થાય તેની સાથે અમારે કાંઇ સ્નાનસૂતક નહિ. અમે કહ્યું તેમ કરે એટલે તે બધા 'સિદ્ધાન્ત પ્રેમી !' પછી બધી આચાર સંહિતા નેવે મૂકે; જે કરવું તેમ કરે પણ અમારામાં આંગળી ઉંચી કરે એટલે બધે જ પરવાનો મલી ગયો ! વ્યક્તિગત તેજોદ્વેષ, માણસને કેટલો નિમ્ન-કક્ષાનો, અધમાધમ પણ ન કરે તેવા વિચારવાળો બનાવે છે તેનો નમુનો જોવો હોય તો વર્તમાનમાં પ્રગટ થયેલ 'તત્વ નિર્ણય' પુસ્તિકા છે, જે મુ. શ્રી. અભયશેખર વિ. ગણિ આલેખિત છે. હું જ ડાહ્યો (!). સમજુ અને શાસ્ત્રજ્ઞાની ! બીજા બધા જ મૂરખના સરદાર, અણસમજુ અને પોપટી જ્ઞાનવાળા ! અમે તો ભાષા પર કેટલો કાબુ રાખીએ તેમ ડીમ ડીમ પીટે જવું અને 'બેકાબુ' બનીને 'બેફામ' 'બેલગામ' લખવું તે તેમની એક લાક્ષણિકતા છે. તેમાં તેમનો પણ વાંક જ નથી. કારણ તે એવા કુળમાં ઉછર્યા છે કે જ્યાં તેમને વીશમી સદીના અનુપમ શાસન પ્રભાવક, વીર શાસનના અણનમ સેનાની વિરોધીઓ (ખુદ તેમના જ ગુર્વાદિ વડિલો કહેતા કે અમે વૈરાગ્ય આમની વાણીથી પામ્યા છીએ) પણ જેમની વાણી સાંભળી મસ્તક ડોલાવતા તે વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા વિષે. પહેલેથી વિષપાન કરાવવામાં આવતું. પછી આવું ન લખે–બોલે–પ્રચારે તે નવાઇ ! પૂ. શ્રીની વાણીમાં દૂધમાંથી પોરાની જેમ સંદર્ભહીન ફાવતી, વાતો કે ફકરા લેવા તે તેમની આસીયત છે પછી આસડા મારવા તે ય તેમના જ કુલની રીતિ–નીતિ છે. તેથી તેમને 'ભૂંડા' કહેવાને બદલે તેમનાં વડીલો સુધી પહોંચે તેમાં નવાઇ નથી.

સૂરજ સામે ધૂળ ઉડાવવા જેવી હાલત આપણી થાય છે તે ખ્યાલ જો આવતો હોત તો આવો પ્રયત્ન કરત નહિ.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ આત્માના એકાન્તે કલ્યાણને માટે અને આત્મા વહેલામાં વહેલો મુક્તિપદને પામનારો બને તે માટે જ આ ધર્મશાસનની સ્થાપના કરી છે. ખરેખર સાચું વાસ્તવિક અને આત્યંતિક એકાન્તિક સુખ એક માત્ર મોક્ષમાં જ છે. આ સંસારના સુખને સુખ કહેવું તે સુખ શબ્દનો 'વ્યભિચાર' છે. આ સંસારના સુખને તો દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખ નુબંધી જ કહેલું છે. આવાં સુખથી આત્માને છોડાવી પારમાર્થિક સુખને પામવાનો 'રાજમાર્ગ' એકાન્તે હિતૈષી મહાપુરુષો બતાવે, તે જ સાચો પરોપકાર છે. અનાદિ કાલીન પાશવી-વૃત્તિઓમાં આનંદ માનનારા આત્માને સાચે માનવ બનાવી આત્મામાંથી પરમાત્મા બનાવવાનો સદુપદેશ આપવો તે ઉપકારીઓનું અનિવાર્ય કર્તવ્ય છે. આ સંસારના સુખ માત્રને પરમહિતૈષિઓએ ધાન્યની ઉત્પત્તિમાં આનુષંગિક રીતે થતાં ઘાસની જેવા કહ્યા છે અને ઘાસ તો પશુઓ ખાય, માનવો નહિ. તેને બદલે માનવોને ઘાસ ખાતા કરવા પશુ જેવા બનાવવા તેવું કામ તો આજના આવા સ્વાર્થી– તકસાધુઓ જ કરી શકે, પરમાર્થિક હિતૈષીઓ નહિ. માનવને પશુ બનાવવા ઉપદેશ નથી પણ પશુ જેવી વૃત્તિઓવાળાને સાચા માનવ બનાવવા માટે ઉપદેશ છે. આ દીવા જેવી ૨૫૮ હકીકત હોવા છતાં પણ એક માત્ર તે પૂ. મહાપુરૂષ ઉપરની વ્યક્તિગત ઇર્ષ્યા આદિથી, મળેલી પુન્યાઈ અને સામગ્રી શક્તિઓનો ઉપયોગ શાસન સંરક્ષક મહાપુરુષને ભાંડવામાં જ કરવો તેમાં તે બધાની કઇ બુદ્ધિમત્તા છે તે જ સમજાતું નથી.

તે પુસ્તકમાં પોતાની ફાવતી– અનુકુળ વાતોને સિદ્ધ કરવા જે રીતના પ્રયત્ન કરાયો છે તે મુનિશ્રીનું અજ્ઞાન છતું કરે છે. મુનિશ્રી જો પોતાની જાતને 'ન્યાયી' 'તાર્કિક શિરોમણિ' માનતા હોય તો તેમને આપ્તભાવે નમ્ર સૂચન છે કે, તમારા ગુર્વાદિ વડિલોએ આ પુણ્ય-પુરુષ માટે જે જે અભિપ્રાયો આપેલ તે બધો પત્રવ્યવહાર મોજુદ છે તે એકવાર શાંત ચિત્તે પૂર્વાગ્રહથી રહિત બની, મનન કરવો જરૂરી છે.

સં. ૨૦૩૨માં સ્વ. પૂ. આ. શ્રી હીરસૂ. મ. એવા ભાવનું લખેલ કે 'તિથિ અંગે આપશ્રીએ જે માર્ગદર્શન આપ્યું છે તે ભાવિ પેઢી માટે ખૂબ જ ઉપકારક બનવાનું છે.

સં. ૨૦૩૩ માં અમલનેરનો પ્રસંગ પણ મુનિશ્રી ભૂલ્યા તો નહિ જ હોય કે પૂજયશ્રીની પરીક્ષા માટે ન્યાયની પંક્તિઓ પૂછેલ અને શો જવાબ મળેલ.

'ગુરુ પૂજન' અંગે શ્રી આચારાંગ સૂત્રના પાઠમાંથી શબ્દ કાઢી નાખવાની રાડા રાડ મચાવનાર મુનિશ્રીએ ૨૦૩૫માં સ્વ. પૂજયશ્રીજી તથા સ્વ. પૂ. આ. શ્રી

ભુવનભાનુસૂ મ. સાથેનો પત્રવ્યવહારનું પુનઃ મનન કરવું જરૂરી છે.

હકીકતમાં જો પ્રામાણિક હો તો આ બધો પત્રવ્યવહાર શ્રી સંઘના હિતખાતર અક્ષરશઃ પ્રગટ કરો તો લોકોને ખરેખર સત્ય જાણવા મળશે. બાકી આજના રાજકીય પક્ષો જેવા ચાળા કરવાથી કે ખોટી કાગારોળ મચાવવાથી કે સત્યને ઢાંક પિછોડો કરવાથી સ્વ– પર અનેકનું અકલ્યાણ– અહિતના ભાગી બનો છો તેમાં બે મત નથી.

બેશક ! આવી હિંમત આજે કોઇનામાં નથી. તેની હિંમત – મર્દાનગી એક જ મહાપુરૂષમાં હતી ! તે ખુમારી તેમની સાથે ગઇ બાકી રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી ભગવાન શ્રી મહાવીરદેવની ૨૫૦૦ મી નિર્વાણ તિથિનો તેઓ પૂ. શ્રીએ જે રીતના વિરોધ કોલ અને તે સંદર્ભમાં ત્યારના શ્રી આણંદજી કલ્યાણજીના પેઢીના પ્રમુખ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સાથેનો સંપૂર્ણ પત્ર વ્યવહાર શ્રી સંઘના હિત ખાતર જેઓએ પ્રગટ કરેલો જે આજે દસ્તાવેજી પૂરાવો બની ગયેલ છે. વાત વાતમાં આવી રીતના ફરતા પત્રો પ્રગટ કરનારાએ આ બાબત પર ગંભીર પુણ્ત વિચારણા કરી સંપૂર્ણ પત્ર વ્યવહાર પ્રગટ કરવો જરૂરી લાગે છે.

આ વાત ઘણાને કડવી દવા જેવી મોઢું બગાડનાર લાગવાની છે. પણ જો જેમ ભયંકર પાપ કર્યું તો તેની શુદ્ધિ માટે તેના કરતાં પણ વધારે ઉમદા વિચારણા અને ઉપાયોનું સેવન કરવું પડે છે. રોગ વધુ વકરેલો હોય તો તેને નાથવા જેમ જલદ ઉપાયો કરવા પડે છે તેમ આવા ચેપી રોગીઓના ભયંકર જીવાણુઓ ફેલાવનારાથી ભદ્રિક લોકોને બચાવવા ઉપાયો પણ આકરા જ લેવા પડે જેમ કદી પોતે જાતે જ બચવા માટે દામ પણ દેવરાવે ને નસ્તર પણ મૂકાવે તેમ ભોળા જીવોને બચાવવા જે ઉપાય જલદ તો જલદ પણ કરવો ખૂબ જ જરૂરી છે. બાકી રોગ જો એવો વકરશે તો કોઇ જ બાજી હાથમાં નહિ રહે ત્યારે પસ્તાવાનો વખત આવશે કે આપણી પાસે બધી જ સાધન સામગ્રી છતાં ય પીછે હઠ થઇ કે હાર થઇ. તેમાં કાળનો દોષ કાઢવા કરતાં આપણી અણ ઘડનીતિ–અણ આવડતનો દોષ કાઢવો જરૂરી છે. પણ આ વાત તો શાસનપ્રેમી આત્માઓને જ ગમવાની છે, બીજા તો ધુત્કારા કાઢવાના છે. સાચા વફાદારો વારસદારો ગણનારાઓની નિષ્ક્રિયતાથી જે નુકશાન થયું છે, થાય છે તે કોઇ રીતિએ ઇતિહાસકારો કે ભાવિ સુજ્ઞ પેઢી માફ નહિ જ કરે.

જે શાસ્ત્રકાર પરમર્ષિઓ ૮૪–૮૪ ચોવીશી સુધી જે પુણ્યાત્માનું નામ અમર રહેવાનું છે તેવા ચૌદપૂર્વી મહાત્મા શ્રી સ્થુલિભદ્રજી મહામુનિની એક ભૂલને પણ ભૂલ તરીકે જણાવે છે. શાસ્ત્રમાં નોંધે છે. અને બધા જ લોકો વાંચે–સાંભળે છે તો આપણી ભૂલોને માફી મળશે તેમ માનવું તે આત્માની ઘણી જ અયોગ્યતા અને અપાત્રતા છે.

શાસ્ત્રના સત્ય સિદ્ધાન્તોના સંરક્ષણ સમયે માત્ર પોતાની જાતનો જ વિચાર કરવો તે તો શાસનની સામેનો ભયંકર દ્રોહ છે. આવું ભયંકર પાપ તો કોઇ શાસનપ્રેમી ન જ કરે અને કરે તો તે 'શાસનપ્રેમી' 'વફાદાર' કહેવાય પણ નહિ, આપો આપ તે શુભ નાશ થઈ જાય છે.

મુનિશ્રીએ પોતાના પુસ્તકમાં છેલ્લે જે 'ઇન્ટરલસિદ્ધે' અંગેનો પરિપત્ર છાપ્યો છે તે અંગે હાલ એટલું જ જણાવું છું કે– તેમાં જે રીતના છલના કરાયેલી રાજ રમત રમાયેલી તેના સાક્ષી રહ્યા છે તે હાથે કરીને પોતાની આંધ ઉઘાડવા સમાન છે. ભલે તે બધા પોતાની જાતે પોતાની પીઠ થાબડી રાજી થાય ! બાકી આ પુસ્તિકામાં મુનિશ્રીએ વર્ષોનો દાબેલો આક્રોશ જે કાઢયો છે, જે રીતના હૈયા-વરાળ કાઢી છે તે કોઇપણ સજ્જનને પણ ઉચિત કે યોગ્ય નથી. આવી પ્રવૃત્તિ માટે તેમની જ લેખની પ્રવૃત્ત થાય બીજાની નહિ.

તેજોદ્વેષ, માન–પાનાદિની ઝંખના માણસને ક્યાં સુધી લઇ જાય તેની ગરજ આ પુસ્તિકા સારે છે. કોઇ પણ પ્રામાણિક, ભવભીરૂ સંવિગ્ન આત્મા આવી વાતો ને જરાય વજૂદ ન આપે અને પોતાની આત્મકલ્યાણની આરાધનાના માર્ગેથી પતિત ન થાય તે માટેનો આ એક પ્રયત્ન છે. બાકી વાણી સ્વાતંત્ર્યના આ જમાનામાં કોઇનું કાંડુ પકડાય તેવું નથી કે મોઢું બંધ કરાય તેવું નથી. એટલું નહિ સિંહને પણ ન કહેવાય કે તારૂં મોં ગંધાય છે ! તેવા કાળમાં આત્માર્થી આત્માઓને બચાવવા પ્રયત્ન કરવો તે જરૂરી છે. તે પૂરતો આ પ્રયાસ કર્યો છે. બાકી પુસ્તકની દરેક બાબતોનો વિગતવાર વિચાર કરીએ તો બીજું મોટું પુસ્તક લખાય તેમ છે. મોટું સાફ કરવું તેને માટે આરિસો ઉપકારક બને પણ આરિસા પર કાદવ જ નાંખવો કે આરિસો જ ફોડી નાંખવાનું કહે તેને શું કરવું ? તો તેવાને આરિસો ન જ અપાય. તેવું જ શાસ્ત્ર પાઠોનું છે. ન જાણે તેને અપાય પણ જાણતા અને ઢોઢડાહ્યાને કોઇ શાસ્ત્ર ન અપાય નહિ તો તે શાસ્ત્રને જ શસ્ત્રરૂપે બનાવે પોતા સાથે અનેકનું કારમું અહિત કરે જેમ કે આ પુસ્તિકાના લેખકશ્રી !

માટે સૌ વાચકો શાંત ચિત્તે વાંચી સાચા આરાધક ભાવને કેળવી આત્માની મુક્તિ નજીક બનાવો તે જ અભ્યર્થના.

પ્રગટ થઇ ચુકેલ છે.

– અતિચારોની વ્યવસ્થા –

(પંચ પ્રતિક્રમણ વિવરણ અંતર્ગત)

લેખક : પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

પેજ : ૨૮૮ — મૂલ્ય રૂા. : ૨૫

બે પ્રતિક્રમણ સૂત્ર

અંગ્રેજી મૂલ્ય રૂા. ૨૮

સામાયિક સૂત્ર અંગ્રેજી

મૂલ્ય રૂા. ૮–૦૦

લખો શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુત જ્ઞાન ભવન,

૪૫ દિગ્વિજય પ્લોટ–જામનગર

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૪૭] રામચંદ્રજી પાતાળ લંકામાં...

સૂર્પણખાના શોણિતની સગાઇના સંબંધી શત્રુકના નિમિત્તે ત્રિશિરા–ખર–અને દૂષણના જીવતાં શરીરને સંગ્રામમાં શબમાં સમાવી દઇને શત્રુના શત્રુ વિરાધની સાથે સૌમિત્રિ –લક્ષ્મણ રામચંદ્રજીની તરફ જલ્દી ઉપડયા.

એજ સમયે લક્ષ્મણની અશુભ સૂચક ડાબી આંખ ફરકી.

લક્ષ્મણજીએ ફર જઇને જોયું તો વૃક્ષની આગળ સીતાથી વિરહિત બનેલા સીતા વિનાના માત્ર રામચંદ્રજીને જોયા. અને તે શોકના સાગરમાં ડૂબી ગયા.

લક્ષ્મણજી રામચંદ્રજીની તદ્દન નજીક જઇને ઊભા રહ્યા છતાં તેને ન જોઇ શકતાં સીતા વિરહની કારમી વેદનાથી વલોવાઇ ગયેલા રામચંદ્રજી આકાશ તરફ નજર કરી બોલવા માંડયા કે– "હે વનદેવતાઓ! સીતની શોધમાં હું આખુ જંગલ ભમ્યો છતાં સીતાને શોધતી મારી આંખો કયાં ય સીતાને શોધી ના શકી. હે વનદેવીઓ! શું તમે કયાંય મારી સીતાને જોઇ છે? (જોઇ હોય તો મહેરબાની કરીને) મને કહો.

ભૂત અને જંગલી પશુઓથી ભેંકાર આ જંગલમાં મારી સીતાને એકલી–અટુલી મૂકી દઇને અરેરે! હું લક્ષ્મણને સહાય કરવા દોડયો. અહો દુર્બુદ્ધિ એવા મારી બુદ્ધિ તો જુઓ હજારો રાક્ષસોના સંગ્રામમાં લક્ષ્મણને એકલો મૂકીને હું અહીં (સીતાનું રક્ષણ કરવા) પાછો ફર્યો.

અરે રે! હે સીતે! આવા નિર્જન ભેંકાર અરણ્યમાં હે પ્રિયા! હું તને એકલી શી રીતે મૂકી શકયો? હે વત્સ લક્ષ્મણ તને પણ મેં ભીષણ રણ–સંકટમાં એકલાં મૂકી દીધા. અરે રે! "આવો વિલાપ કરતાં રામચંદ્રજી મૂર્છા ખાઇને જમીન ઉપર પટકાઇ ગયા. રામચંદ્રજીના કરૂણ–ક્રંદન કરવા લાગ્યા.

લક્ષ્મણે કહ્યું– હે આર્ય બંધુ! આ શું? સંગ્રામમાં શત્રુઓના શરીરના ટૂકડા ઢાળી દઇને તમારો ભાઇ લક્ષ્મણ અહીં આવી ગયો છે.

આ સાંભળતાં મૂર્છા મુકત બનેલા રામચંદ્રજીએ લક્ષ્મણને નજર સામે જોયો અને વળગી પડયા.

અત્યાર સુધી મકકમ રહેલા લક્ષ્મણજી પણ ઢીલા પડી ગયા. આંખમાંથી ચોધાર આંસુડા પડવા લાગ્યા. અશ્રુભીની આંખે જ લક્ષ્મણ બોલ્યા કે– ચોકકસ કોઇ ઠગારાએ જ સિંહનાદ કરીને સીતાદેવીનું અપહરણ કર્યું છે. પણ તે ઠગારા છેતર પિંડાના

શરીરમાંથી તેનાં પ્રાણોને ખેંચી કાઢયા વિના અને સીતાદેવીને પાછા મેળવ્યાં વિના મને હવે ચેન નહિ પડે. અત્યારે તો સીતાદેવીના સમાચાર મેળવવા માટે જ પ્રયત્ન કરીએ.

"હે બંધો ! પાતાલ લંકાના પિતૃ-રાજ્ય ઉપર ખર ખેચર સાથેના સંગ્રામ સમયે આ વિરાધને સ્થાપન કરવાનું મેં વચન આપ્યું છે. માટે તેને પાતાલ લંકામાં સ્થાપના કરો."

હવે વિરાધે એક સેવકની છટાથી રામચંદ્રજીની સેવા કરવા માટે તાત્કાલિક વિદ્યાધર ભટોને સીતાદેવીના સમાચાર મેળવી લાવવા માટે દશે દિશામાં રવાના કર્યા.

સીતાદેવીના અપહરણથી સૂન મૂન બની ગયેલા રામ-લક્ષ્મણ શોકાનલથી સંતપ્ત બનીને વારંવાર નિઃસાશા નાંખતા અને ક્રોધથી વારંવાર હોઠ કરડતાં રહ્યા. (એક થોડા જ સમયમાં બની ગયેલી આ દર્દનાક દુર્ઘટના વારંવાર નજર સામે ઉપસ્થિત થયા કરે છે અને શોક તથા ક્રોધ થયા કરે છે.)

વિરાધે મોકલેલા બધાં જ વિદ્યાધર ભટો દૂર દૂર સુધી તપાસ કરીને આવ્યા. પણ કયાંય સીતાદેવીની ભાળ મળી નહિ. આથી સીતાદેવીની ભાળ મેળવવાનું કામ કરી ના શકવા બદલ શરમથી ગમગીન બની ગયેલા તે દરેક સુભટો રામચંદ્રજીની સન્મુખ આવીને નીચું મુખ રાખીને ઊભા રહ્યા.

નીચું મુખ રાખીને રહેલા તેઓને જોઇને કામ થઇ ન શકયાનું જાણીને રામચંદ્રજીએ તે દરેક સુભટોને પ્રેમ ભરી વાણીથી કહ્યુ– તમે સ્વામીના કાર્યમાં તમારી શકિત મુજબ પૂરે પૂરો પ્રયત્ન કર્યો તે સુંદર કર્યું છે. અને છતાં તમે કોઇ સીતાદેવીની ભાળ મેળવી નથી શકયા તેમાં હે સુભટવીરો ! તમારો કશો વાંક નથી. ભાગ્ય વિધાતા જ રૂઠયો હોય ત્યારે તમે કે બીજો પણ કોઇ શું કરી શકવાના હતા ?

પાછી રામચંદ્રજીની વાણીમાં સીતા વિરહની વ્યથાથી પીડાયેલા શબ્દો સાંભળીને વિરાધે વિનંતી કરી કે- હે સ્વામિન્ ! નિર્વેદ કરવો આપને ના શોભે અનિર્વેદ તો કલ્યાણનું મૂળ છે પ્રભો ! હું તો એક માત્ર આપનો સેવક છું. મને પાતાલ લંકા ઉપર સ્થાપન કરવા ચાલો સ્વામિન્ ત્યાં આપણને સીતાદેવીના સમાચાર મેળવવા ઘણું સરળ થઇ શકશે.

સૈન્યયુકત વિરાધ સાથે રામ-લક્ષ્મણ પાતાલ લંકા તરફ ગયાં.

ત્યાં પિતા ખર ખેચરના રણ મૃત્યુ થી રોષાયમાન થઇ ઉઠેલા ખર પુત્ર સુંદે વિરાધ સાથે ભીષણ યુધ્ધ શરૂ કર્યું. પણ સગ્રામમાં જેવા લક્ષ્મણજી તૈયાર થયા કે તરત જ સૂર્પણખાના કહેવાથી જલ્દીથી ભાગી જઇને સુંદ લંકા નગરીમાં રાવણના શરણે ગયો.

વિરાધનો પિતૃરાજ્ય ઉપર અભિષેક કર્યો છતાં વિરાધે રામ-લક્ષ્મણજીને રાજમહેલમાં જ રહેવા વિનંતી કરી અને પોતે યુવરાજ ની જેમ યુવરાજ મહેલમાં રહ્યો.

(ક્રમશઃ)

કુંભોજગિરિ તીર્થ કમિટિનું પૂજનીય સાધુ સંસ્થા માટે
શાસ્ત્રાનુસારી માર્ગદર્શન અંગે તીર્થ કમિટીને

સચોટ માર્ગદર્શક બનવાના માર્ગો

— પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ.

C/o. જૈન ઉપાશ્રય પારેખ પોળ,
મુ.પો. વિસનગર (ઉ. શુ.)

૨૦૫૧ ભાદરવા સુદ-૧૧
મંગળવાર તા. ૫-૯-૯૫

દેવ-ગુરુ ભક્તિકારક

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, શ્રી કુંભોજગિરીતીર્થના ટ્રસ્ટીગણ આદિ યોગ.

ધર્મલાભ સાથે જણાવવાનું કે- તમોએ મોકલેલ 'પૂજનીય સાધુ સંસ્થા માટે શાસ્ત્રાનુસારી માર્ગદર્શન' મળ્યું.

તમારી શાસન સેવાની ભાવના જાણી પણ જો સમ્યગ્જ્ઞાન અને માર્ગનું સાચું જ્ઞાન મેળવ્યું હોત તો તમારો પ્રયત્ન વધુ સચોટ- માર્ગસ્થ બનત.

જે આવીં જ નાશ પામવાનું છે તે શરીરના આરોગ્યાદિ માટે તમે જેની પાસે ચિકિત્સા કરાવો છો તેની પાસે પણ પ્રામાણિકતા અને વિશ્વાસનીયતા ઇચ્છો છો. તો જે સદ્ગુરુથી આત્માના ભાવ આરોગ્યની પ્રાપ્તિ થવાની છે, તે માટેનો માર્ગ સમજવો છે આત્માના સાચાં સૌંદર્યને પામવાનું છે તેના માટે ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં જે આચાર સંહિતાનું વર્ણન કર્યું છે તેવું આ દુનિયામાં કશે જોવા નહિ મળે. શરીરના રોગો માટે જેટલી ચિંતા શરીરના પ્રેમી જીવો કરે છે તો આત્માના રોગો વકરી ન જાય તેના માટે આત્માના પ્રેમી જીવો અનેકગણી ચિંતા કરે તે સહજ છે. શરીરના રોગો તો બહુ બહુ તો માત્ર આ એક જ ભવનો નાશ કરે જ્યારે આત્માના રોગો અસાધ્ય બને- બનાવવામાં આવે તો વખતે ઘણા બધા જન્મ-મરણ વધારી લે. માટે જ આત્મહિતેચ્છુક જીવો પોતાના જન્મ-મરણની પરંપરા વધી ન જાય તે માટે હંમેશા 'સુગુરુ'ની પ્રાપ્તિ ઇચ્છે છે.

પ્રાર્થના સૂત્ર શ્રી 'જય વીયરાય' માં 'સુહગુરુ-જોગો' ની પ્રાર્થનાને ઉપાદેય માનવામાં આવી છે.

મુહપત્તિના પચ્ચાસ બોલમાં "સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું, કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું" નામનો બોલ આવે છે.

'ગુરૂવંદનભાષ્ય' માં શ્રી જૈન શાસનમાં પાંચ વંદનિક અને પાંચ અવંદનિકનું વર્ણન આવે છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે 'શ્રી ગુરૂ તત્ત્વ વિનિશ્ચય' ગ્રન્થમાં સુગુરૂ અને કુગુરૂનું વિસ્તારથી વર્ણન કરેલ છે. તે જ મહાપુરૂષે શ્રી સીમંધર સ્વામિ ભગવાનને વિનંતી રૂપ સવાસો (૧૨૫) ગાથાના સ્તવનની પહેલી ઢાળમાં કહ્યું છે કે—

"અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે,
પરમ પદનો પ્રગટ ચોર તે, તેહથી કિમ વહે પંથ રે ? સ્વામિ૦...૬

વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂ મદપૂર રે,
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે. સ્વામિ૦...૭

કલહકારી કદાગ્રહ ભર્યા, થાપતા આપણા બોલ રે,
જિનવચન અન્યથા ભાખવે, આજ તો વાજતે ઢોલ રે. સ્વામિ૦...૮

કેઇ નિજ દોષને ગોપવા, કેઇ મત કંદ રે,
ધર્મની દેશના પાલટે, સત્ય ભાષે નહિ મંદ રે." સ્વામિ૦...૯

વળી 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' તથા 'શ્રી પ્રવચન સારોદ્ધાર' આદિ અનેક ગ્રન્થોમાં સુગુરૂ કુગુરૂનું સ્વરૂપ વર્ણવામાં આવ્યું છે.

'નમો હોએ સવ્વસાહૂણ" પદનો અર્થ 'શ્રી આવશ્યક સૂત્ર' માં જે રીતના કરવામાં આવેલ છે તે પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છે.

શ્રી જૈન શાસનમાં 'વેષ' પૂજનીય—નમસ્કરણીય છે પણ જ્યાં વંદન કરવું હોય તો ઓળખીને કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. સુદેવ—સુગુરૂ અને સુધર્મની પરીક્ષા કરીને માનવાનો વિધિ શાસ્ત્રોમાં બતાવેલ છે.

શાસ્ત્રોમાં ઉપાસક એવા શ્રાવકોને ભગવાનના શાસન—માર્ગના સુજાણ,' 'પરમાર્થને પામેલા' 'લબ્ધાર્થા' 'ગહિયટ્ઠા' આદિ વિશેષણોથી નવાજવામાં આવ્યા છે.

ટુંકમાં કહેવાનો સાર એક જ છે કે— ચારે પ્રકારનો શ્રી સંઘ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞાથી યુકત— જોડાયેલો હોવો જોઇએ. સુવિહિત શિરોમણિ, શાસ્ત્રકાર પરમર્ષિ પ. પૂ. આ. શ્રી વિ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'શ્રી સંબોધ પ્રકરણ' ગ્રન્થમાં 'આણાજુત્તો સંઘો.' કહેલો છે. પચ્ચીશમાં તીર્થંકર સ્વરૂપ શ્રી સંઘ પણ તે જ કહેવાય જેના માથે ભગવાન શ્રી તીર્થંકર પરમાત્માની પરમ તારક આજ્ઞાનો અંકુશ હોય. જે શ્રી સંઘ વૈરાગ્યનો પોષક હોય, વૈરાગ્યની ભાવનાઓને પેદા કરવામાં સહાયક હોય અને વિષય—કષાય રૂપ આખા સંસારનો શોષક હોય.

તમે સૌને તમારા ઘર—પેઢી અને દુનિયાના પદાર્થોના નુકશાનમાં, તે બધાનું

સંરક્ષણ કરવાનું, નાશ કે નુકશાનકારકનો - પ્રતિકાર કરવાનું મન થાય છે- શક્તિ મુજબ કે તેથી અધિક પણ પ્રયત્ન કરી, રોકવા બધો જ પ્રયત્ન કરે છે.

તેવી રીતના ભગવાનના શાસન સામે, શાસનના સત્ય સિદ્ધાન્તો સામે, સન્માર્ગ સાથે ચેડાં કરાય, વિપરીત પ્રરૂપણા કરાય તો પોતાના પ્રાણથી પણ અધિક મૂડીરૂપ શાસનને- સત્ય સિદ્ધાન્તો લાગે તે આત્માઓ તેનું સંરક્ષણ કરવા પ્રયત્ન કરે જ અને જરાપણ પાછી પાની ન જ કરે તે પણ સ્વાભાવિક વાત છે.

ગુરૂ એટલે તત્ત્વમાર્ગના જાણુ, તત્ત્વમાર્ગનું જ નિરૂપણ કરનારા 'નિર્ગ્રંથ' પણ ગોટાળા વાળીને સ્વાર્થ સાધનારા 'ગોર' નહિ. સ્વયં નિષ્પાપ જીવન જીવે અને જે અર્થી આત્મા આવે તેને નિષ્પાપ જીવનપંથ બતાવે, તે માર્ગે ચલાવે તેનું નામ ગુરૂ! અવસર આવે સન્માર્ગ અને ઉન્માર્ગનો વિભાગ કરવમાં ગોટાળા વાળે, લોકોથી ડરે, ગોળ ગોળ બોલે, ફેરવ્યું તોલે તે શ્રી જૈન શાસનના ગુરૂ નથી પણ 'ગોર' કરતાં ય હલકી જાતના નામના વેષધારી છે. કેમકે, ગુરૂ શબ્દની વ્યુત્પત્તિ કરતાં પૂ. શ્રી ઉદયસોમસૂરિજી મ. વિરચિત 'શ્રી પર્યુષણા-પર્વાષ્ટાહ્નિકા-વ્યાખ્યાનમ્' માં કહ્યું છે કે-

"'ગુ' શબ્દ સ્ત્વંધકારાખ્યો, 'રુ' શબ્દસ્તન્નિરોધકઃ ।
ઉભયોઃ સંમિલિત્વા ચ, 'ગુરુ' રિત્યભિધીયતે ।।"

'ગુ' શબ્દ અંધકાર વાચી છે અને 'રુ' શબ્દ અંધકારનો નિરોધ વાચક એટલે કે પ્રકાશ વાચી છે. તે બન્ને લેગા મળીને 'ગુરૂ' એ પ્રમાણે કહેવાય છે.

અર્થાત આત્માના, અજ્ઞાન-મિથ્યાત્વાદિજનિત અંધકારને દૂર કરી, આત્મામાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ આપી, આત્માને સન્માર્ગે ચલાવે તે ગુરૂ કહેવાય છે.

આ બધી વાતોનો ખૂબ જ શાંત ચિત્તે, યુક્ત રીતે, વિચાર કરવા ભાર પૂર્વક ભલામણ છે.

અને સમાજના રાજકીય પક્ષોની જેમ માત્ર કાગળ ઉપર ઠરાવો કરવાને બદલે નક્કર પરિણામ આવે તેવા પ્રયત્નો કરવા જરૂરી છે. તે માટે વર્ત્તમાનમાં વિદ્યમાન દરેકે દરેક સમુદાયના નાયકો, મુખ્ય ગીતાર્થ મહાત્માઓને રૂબરૂ મલી, વર્ત્તમાનમાં વિવાદાસ્પદ બાબતોનો શાસ્ત્રાધારે શાસ્ત્રપાઠોનો પૂરતો વિચાર-વિમર્શ કરી, સત્યનિર્ણય કરવો ખૂબ જ જરૂરી છે. દરેકે દરેકની પાસે લેખિત સહી સાથે લખાણ કરાવાય અને બધાને મલી યોગ્ય માર્ગસ્થ નિર્ણય કરાય તે જ સમુચિત માર્ગ છે. તો તમારો પ્રયત્ન પ્રશંસનીય બને.

આ અંગે અમારા પરમ તારક, ભવોદધિત્રાતા, પરમ ગુરુદેવેશ પ. પૂ. સ્વ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ લગભગ ૬૪-૬૫ વર્ષો પૂર્વે., જાહેર વ્યાખ્યાનમાં જે ઉપાય બતાવેલો તે અક્ષરશઃ તમારી જાણ માટે 'શ્રી જૈન પ્રવચન'

માંથી ઉતારો કરી મોકલું છું. તે વાત આજે પણ તેટલી જ સત્ય અને જરૂરી છે તેમ કોઇ પણ સુજ્ઞ વિચારકને લાગ્યા વિના નહિ રહે.

"સમાધાન, શાન્તિ, એકતા, પરસ્પર મૈત્રી અને ધર્મ સહકાર– એ વિગેરે એવી વસ્તુઓ જ છે કે જેની હર હંમેશ ધર્મી માત્રને ચાહના હોય. કલેશ, કંકાસ, વિરોધ, ધમાલ વિગેરે કોને પસંદ હોય? હું તો ફરી ફરીને કહું છું કે– આપણે આત્મ શાન્તિના અર્થી છીએ. આપણે જીવનને સાત્વિકતામયું બનાવવું છે. આપણને વ્યક્તિ-દ્વેષ નથી. પરન્તુ આજની ધમાલો જુદી જ પ્રકારની જણાય છે. જેઓ શાંતિને સમાધાન ઇચ્છતા હોય, તેઓ કદિ જ શાંતિને સમાધાનને નામે પ્રતિવ્યકિતની પ્રતિષ્ઠા સામે કાદવ ન ઉડાડે પરન્તુ જેઓ આ અશાન્તિ અને અસમાધાનીનાં મૂળીયાં છે, તેઓ પોતાની તે વિકૃત હાલતને, આ શાન્તિની અને સમાધાનીની સફેદ ચાદર નીચે છૂપાવવા મથી રહ્યા છે.

તમે જ કહોને કે– આજે સાધુઓમાં શા માટે આ દશા છે? નથી છોકરા-છોકરી પરણાવવાનાં, નથી પૈસા કમાવાના કે નથી લક્ષ્મીના વારસા લેવાનાઃ નથી વ્યાપાર રોજગાર કે નથી કોઇ પણ જાતિની લેવડ દેવડનો સંબંધ! ત્યારે અત્યારે જેને અશાન્તિ–અસમાધાની–વિરોધ કે કલેશ કહેવામાં આવે છે એની જડ કઇ? કોઇ પણ સુજ્ઞ વિચારક કબૂલશે કે– 'આનો હેતુ જુદો જ હોવો જોઇએ.' જો હેતુ જુદોન હોય તો આ શાસન જ એવું છે કે– સમાધાની ઇચ્છનારા સહેજે સમાધાની કરી શકે કારણ કે– **દરેકની ઉપર શ્રી જિનાજ્ઞાનો અંકુશ તો રહેલો જ છે.**

આજે જો બધા એમ કબૂલ કરી લે –કે પંચાગી સહિત શ્રી જિનાગમો અમને શિરસાવંદ્ય છે અને એ રીતિની કબૂલાત પછી, જો દરેક વસ્તુને શ્રી જિનાજ્ઞાની કસોટીએ કસાય, તો સહેજે શાન્તિ સ્થપાય. પરન્તુ આજે તો દશા એ છે કે– એમની સ્વેચ્છા-ભરી વાણીને શ્રી જિનાગમનો અંકુશ પરવડતો નથી ઉત્સૂત્ર કથનને ય સત્સૂત્ર મનાવવું છે. અને એના ઉપર 'સમાજ પ્રીતિ' ને 'સમાજોન્નતિ'ના ઓપ ચઢાવવા છે. પરન્તુ વિચારતાં તમને ખ્યાલ આવશે કે– પુણ્યાત્માઓના સદ્ભાગ્યે એ મોહક ઓપ નીચે છુપેલી ભયંકરતા ખુલ્લી પડી જવા પામી છે અને એથી અનેક આત્મકલ્યાણના અભિલાષી આત્માઓ પોતાના આત્મહિતનું સંરક્ષણ કરી શકયા છે. છતાં શ્રાવક પણાની ભાવનાને સંસ્કારોથી અજાણ અને રહિત શ્રાવકો, હજી વ્યક્તિ મોહના પ્રતાપે એવાઓનાં હથીયાર બની રહેલ છે અને આજના ઝઘડાની જડતો ત્યાં છે. જો આ ગેરસમજ દૂર થાય તો સમાધાની કયાં છેટી છે? કયાં લેવા જવી પડે તેમ છે?

આજે એવાઓને સમાધાનીની વાતો કરવી પડે છે, તેનું કારણ પણ સ્પષ્ટજ છે કે– એમનું આંતર સ્વરૂપ લોહી આડ ચીરી ડોકીયાં કરી રહ્યું છે અને એના પ્રતાપે આવી વાતોનો આશ્રય શોધવો પડે છે. છતાં ય તમે જો તમારાપણું કેળવી લો, સાચા શ્રાવક બની ભવ સંસારરાગને સ્થાને સંયમરાગને મહત્તા આપતાં શીખો અને પ્રભુવચનની પ્રત્યેક આજ્ઞાની પાલનાની તમન્ના જાગે, પાલના ન થાય તો પણ વિચાર અને વાણીમાં જો એની તન્મયતા આવી જાય, તો પછી આવા પ્રશ્નોને માટે લેશ પણ અવકાશ નથી જ રહેતો. તમે સમાધાની અને શાન્તિના નામે મુંઝાવો નહિ. સમાધાની અને શાન્તિના જાપ કરનારાઓને કહો કે પૂછો કે– "તમને પંચાંગી સહિત શ્રી જિનાગમો માન્ય છે ? તેમાંની પ્રત્યેક આજ્ઞા સ્વીકારવા તૈયાર છો ?" અને તમે એમ પણ કહો કે–

અત્યારના દરેક વિચાર ભેદનો અંત શ્રી જિનાજ્ઞાને શરણે રહી લાવવો કબુલ છે ? " જો તેઓ 'હા' કહે તો અને એ 'હા' જો સાચી જ હોય તો– હું તમને કહું છું કે– સમાધાની તો હથેલીમાં પડી છે. ખરો વિરોધ તો ઉત્સૂત્ર પ્રરૂપણાનો છે, પરન્તુ એ વાત. છુપાવનારાઓ બીજી બીજી ભળતી વાતોને લેળવી, સમાજને ભરમાવે છે. શ્રી જૈન શાસનના સેવકની, સાધુની કે શ્રાવકની સમાધાની ને શાન્તિની આતુરતા હોય જ. અને ઉપરની શરતોએ આપણે સર્વ સર્વથા સમાધાન કરવા તૈયાર જ છીએ."

છેલ્લે, શ્રી જૈન શાસનમાં સમ્યકત્વ અને મિથ્યાત્વનું જે સ્વરૂપ બતાવાયું છે તેને સારી રીતના સમજનારા આત્માઓ જ શાસનની સાચી સેવા– ભક્તિ કરી શકે છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે., અઢારે પાપસ્થાનકની અઢાર સજ્ઝાયો ગુજરાતી ભાષામાં બનાવેલી. તેમાં અઢારમા પાપ સ્થાનકની સજ્ઝાયની જરૂરી વાતો– અર્થ સાથે મોકલું છું. તેના પર પણ પુષ્કળરીતના વિચાર વિનિમય કરવા ભલામણ.

પુણ્યયોગે મળેલી સઘળી ય સુંદર સામગ્રી અને શક્તિઓનો પરમ તારક શ્રી જૈન શાસનને યથાર્થ સમજવામાં સદુપયોગ કરી– કરાવી, શાસનના સાચા સિદ્ધાન્તોના પરમાર્થને પામી, શક્તિ પ્રમાણે શાસનની સેવા–ભક્તિ–આરાધનાદિમાં ઉજમાળ બની આત્માની મુક્તિ નજીક બનાવો એ જ અભ્યર્થના.

'ઃ પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ,
સ્વ. પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાધિરાજના શિષ્યાણુ
મુનિ મહાનન્તદર્શન વિજયના ધર્મલાભ.

卐 'અગત્યની વાત' 卐

અમારું આ પુસ્તક છપાતુ હતું ત્યારે જ અમને 'ધાર્મિક વહીવટ વિચાર' આવૃત્તિ–૩જી અને લે.ગચ્છ શ્રી અભયશેખર વિ. નું 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તક જોવામાં આવ્યું. તે અમે પૂ. મુ. શ્રી યોગતિલક વિ. મ. ને જણાવતાં તેઓશ્રીએ નીચે મુજબ નિવેદન આપી અમને કૃતાર્થ કર્યા છે. —પ્રકાશક

'નિવેદન'

'ધાર્મિક વહીવટ વિચાર' આ. ૩જી લગભગ રજી આવૃત્તિનું પુનરાવર્તન જ છે. તેથી એ વિષયમાં વધુ કશું કહેવાનું રહેતું નથી. તેઓશ્રીએ આવૃત્તિ બીજીનો 'સાધર્મિકનું ફંડ વિશિષ્ટ કારણોસર અનુકંપામાં વાપરી શકાય.' એવી માન્યતા ધરાવતો સવાલ નં. ૧૨૫ (પે. ૧૩૩) ત્રીજી આવૃત્તિમાં કાઢી નાખ્યો છે તે ખૂબ ખૂબ અનુમોદનીય છે.

લેખકશ્રીને પણ મારી નમ્ર વિનંતી છે કે 'શાંતચિત્તે પોતાના હૃદયના ઊંડાણમાં પહોંચી 'હૃદય શું બોલે છે?' એ વિચારે! તો આ વિવાદનો સુખદ ઉકેલ જરૂરથી આવી જાય.

શાસનદેવને પણ એજ પ્રાર્થના છે કે તેઓશ્રીને આમાં સહાય કરે.

ગચ્છશ્રી અભયશેખર વિ. મ. એ લખેલ 'દેવદ્રવ્ય અને જિનપૂજા' પુસ્તકમાં લગભગ થોડા ઉમેરા સિવાય વિશેષ કંઈ નથી. તેથી તેનો જવાબ પણ આ પુસ્તકમાં લગભગ આવી જાય છે. છતાં ઉત્સર્ગ–અપવાદ, એકાંતઅનેકાંત, નય–પ્રમાણ વગેરેની ચર્ચા કરી પોતાની વિદ્વત્તા બતાવવાનો પ્રયત્ન કર્યો છે તે અંગે જિજ્ઞાસુવર્ગની ઇચ્છા હશે તો એનો પણ જવાબ રૂપે લખાણ કરી આપવાનો પ્રયત્ન કરીશ.

ગુરૂભક્તિ હૈયે વસેલી છે એવો દાવો કરનાર ગચ્છશ્રીને પૂછવું છે કે 'કહેવાતો મધ્યસ્થ સંઘને લખેલ પત્ર જે કાચો ખરડો હતો, નિર્ણય રૂપે નહોતો છતાં એ વિચારો તો પરમગુરૂદેવના હતા. માટે સ્વીકારવામાં જ ગુરૂભક્તિ કહેવાય, તો જે પત્ર નિર્ણય રૂપે હતો, જેમાં 'સ્વપ્નદ્રવ્ય એ દેવદ્રવ્ય છે અને કેસર સુખડમાં ન વપરાય' એવા સ્પષ્ટ અક્ષરો છે. એવા પરમગુરૂદેવના વિચારો ન સ્વીકારવામાં કયા પ્રકારની ગુરૂભક્તિ કહેવાય? કઇ શ્રદ્ધા કહેવાય? એ જણાવવા કૃપા કરે જેથી વાચકોને સાચી વાતનો ખ્યાલ આવે પછી જમાલીની જમાતમાં પેસાડવાનો વિચાર કરજો.

વળી ગચ્છશ્રીએ એટલું પણ વિચારવું જરૂરી છે કે બન્ને પ્રકારના વિચારો પરમ ગુરૂદેવના હોવા છતાં તેઓશ્રીએ પોતાના જીવનમાં કયારે પણ પ્રથમ પ્રકારના વિચારનો અમલ કેમ ન કરાવ્યો? અને બીજા પ્રકારના વિચારનો જ અમલ કરાવવા માટે જેહમત શા માટે ઉઠાવી?

શાસનદેવ તેઓશ્રીને સાચા અર્થમાં વિચારક બનાવે એજ ઇચ્છા.

—ગુરૂપાદપદ્મરેણું યોગતિલક વિ.

– વચનની કિંમત –

— શ્રી વિરાગ

વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડના પાટલીપુત્ર કુમાર ફતેહસિંહરાવ કુમાર અવસ્થામાં પરલોકે ચાલ્યા ગયા હતા. પરંતુ બાળકાળમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે એક સાચા મોતી અને હીરાથી ભરેલી ટોપી કરાવી આપી હતી. તે કાળમાં તે ઘણાં કીમતી હતી. અને તેઓ હંમેશા પહેરતા હતા.

કુમાર અવસ્થામાં આ ટોપી ઘણા વર્ષો સુધી વાપરી.

એક દિવસ કુમારના મસ્તક ઉપર ટોપી ન દેખાતાં અને બીજા માણસો દ્વારા ટોપી ખોવાઇ ગયાના સમાચાર મળતાં મહારાજાએ કુમારને પૂછયું. ટોપી કેમ નથી પહેરતો ?

કુમારે ઉત્તર આપ્યો બાપુ ! આ ટોપી તો મેં મારા મિત્રને ઇનામ તરીકે આપી દીધી છે.

મહારાજાનો આવેશ પૂર્વક પ્રશ્ન : અરે મુર્ખ ! આવી મહા કીમતી ટોપી ઇનામમાં અપાય ?

કુમારનો ઉત્તર : રાજા મહારાજાઓના બાળકો તો ઇનામ આપે એ કીમતી જ હોય ને ?

મહારાજાનો પ્રશ્ન : ભાઇ હું રાજા છું મેં કયારે પણ આવી કીમતી વસ્તુ દાન કે ઇનામમાં આપી નથી અને તું તો બાળક ગણાય, તારા હાથે આવું કીમતી ઇનામ ?

કુમારનો ઉત્તર : બાપુજી ! આપ એક ગરીબ ખેડૂતના પુત્ર હતા. ગરીબ પિતાના પુત્રમાં ઉદારતા આવે કયાંથી ? જયારે હું તો બાવન કિલ્લાના ધણી મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારનો કુમાર છું. આપના માત-પિતામાં અને મારા માત પિતામાં એક કપર્દિકા અને કોડ સોનામહોર જેટલું અંતર છે.

કુમારનું આવું કાલું ઘેલું પણ ઘણું જ અર્થપૂર્ણ વાકય સાંભળી મહારાજા ખુબ જ ખુશી ખુશી થઇ ગયા. અને હસી પડયાં.

પ્રોપર મુંબઇમાં

જૈનશાસન–શ્રી મહાવીર શાસનતથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ


શ્રી હરખચંદ ગોવિંદજી માટ

આશીષ કોર્પોરેશન ૨૩–૩૧ બોટાદવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલ્લી, મુંબઇ–૨

ફોન :– ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૬

,, ઘર :– ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)



- સારી રીતે જીવવું હોય તો ઘણો પરિશ્રમ કરવો પડે. પરિશ્રમ કરીને સારી રીતે જીવવું તેનુ નામ ધર્મ
- સંસારના જીવો શોધે છે સુખ પણ તેમની દોટ છે દુઃખ તરફ
- જેને દુનિયાનું સુખ ગમે અને દુઃખ ન ગમે તે બધા સદાકાળ સંસારમાં રહેવાના, મોટે-ભાગે દુઃખી રહેવાના.તે કદાચ સુખી થશે તો ય દુઃખી રહેવાના કેમકે બીજા પાસે અધિક સુખ જોશે તેનું તેને મન થવાનું અને તેવું સુખ નહિ મળવાથી દુઃખ જ રહેવાના.
- સંસારમાં રહેલો વિરાગી કર્મનિર્જરા સાધે અને સાધુપણામાં રહેલો રાગી કર્મ-નિર્જરા ન સાધે.
- જેટલા જીવો દુઃખના અતિશય દ્વેષી બને અને ભૌતિક સુખ ના અતિશય રાગી બને તે બધા સંસારમાંજ રખડવા સર્જાયેલા છે. પછી તે ભલેને ભગવાનની ઊંચામાં ઊંચી ભક્તિ કરતા હોય તો પણ તેમને ભગવાન ગમે નહિ, સાધુની સુંદર સેવા કરતા હોય તો પણ સાધુને સાચી રીતે માને નહિ, ધર્મની બધી ક્રિયાઓ સારી રીતે કરે તો પણ તેમને ધર્મ નો ઋષ નથી– કેમકે જગતના તે બધા જીવો મોહથી અંધ બનેલા છે. તેમને વાસ્તવિક સુખદુઃખના સ્વરૂપની ખબર જ નથી.
- શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને નેવે મૂકીને ધર્મ કરવો તેમાં સમ્યગ્દર્શન, સમ્યકજ્ઞાન કે સમ્યકચારિત્ર નથી પરંતુ તે ત્રણેની આશાતના છે અને તે ત્રણે અનંતકાળ સુધી ન મળે તેવું પાપ બંધાય છે.
- સુખને ભોગવવાનુ છોડીને, દુખને ભોગવવાનો ઉદ્યમ કરવો તેનુ નામ જ ખરેખર ધર્મ છે.
- જેને પૈસા ટકાદિ સામગ્રી સારી લાગતી હોય, તેનાથી જ પોતાની મોટાઈ સમજતાં હોય તો તે બધા જૈન કુળમાં જનમવા છતાં જૈન આગેવાન તરીકે ગણાતા હોવા છતાં અસલમાં જૈન નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૮ | અંક ૧૧

મોક્ષદાયક ધર્મમાં જ ઉદ્યમ કરો.

असारमेव संसार-
स्लरूपमिति चेतसि ।
विभाव्य शिवदे धर्मे,
यत्नं कुरुत हे जनाः ।।

હે ભવ્ય જીવો ! 'આ સંસાર અસાર જ છે' એમ ચિત્તમાં-હૈયામાં જાણીને, મોક્ષને આપનારા ધર્મને વિષે– મોક્ષને માટે જ પ્રયત્ન કરો.

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

જાહેર નિવેદન અને અગત્યનો ખુલાસો

હમણાં થોડા સમય પહેલા એક ત્રણ પાનાની નનામી પત્રિકા 'ભારતભરના તમામ (કહેવાતા) જૈન સંઘો ને‌ગે તાકીદનું ફરમાન,' 'ઇસ્લામ ખતરે મેં હૈ' વગેરે મથાળા સાથે કોઇ ફળદુપ ભેજાંબાજે કોઇના હાથા બનીને બહાર પાડી છે, આમ તો કોઇ નનામી બેજવાબદાર પત્રિકાનો જવાબ આપવાનો હોય નહિ તેથી અમે તેની ઉપેક્ષાજ કરી હતી પરન્તુ અમને જાણવા મળ્યું છે કે કેટલાક ભલા અને સજ્જન માણસોમાં પણ આ પત્રિકાએ ગેરસમજ ઊભી કરવાનું કામ કર્યું છે. તેથી અમારે ખુલાસો કરવો પડે છે કે પત્રિકામાં જે સાત સંઘોના નામોનો ઉલ્લેખ કર્યો છે તેમની પાસેથી સત્તાવાર રીતે અમને જાણવા મલ્યું છે કે તેઓ આ અંગે કશું જાણતા નથી અને તેમને આવી બેજવાબદાર પત્રિકા સાથે કોઇ સંબંધ નથી. આ સંઘોના આશ્રયે શાંતિથી આરાધના કરી રહેલા વર્ગ પ્રત્યે ધિક્કાર અને તિરસ્કારની લાગણી ફેલાવવા માટે કોઇ અધમ આત્માએ આ હિચકારું કૃત્ય કર્યું હોય તેમ જણાય છે. આવું અપકૃત્ય કરનાર તે ભાઇ હિંમત પૂર્વક ખુલ્લા બહાર આવે જેથી સૌ કોઇ તેમને ઓળખી શકે તેવું અમે ઇચ્છીએ છીએ.

ઉપરોકત પત્રિકાના પ્રતિકાર રૂપે કોઇ બુધ્ધિશાળીએ એવી પણ પત્રિકા બહાર પાડી છે, જેમાં તેમણે આ કૃત્યનું પગેરું નાસિકમાં રહેલા પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિ. મ.ના શિષ્ય સુધી પહોંચે છે એમ સી. બી. આઇ દ્વારા તપાસ કરાવતા જાણવા મલ્યું છે

અને મુંબઇના આગેવાન શ્રી પ્રકાશભાઇ ઝવેરીએ પૂ. આ. શ્રી જયઘોષ સૂરિ મ. ને વાત કરી તે મહાત્માને ઠપકો અપાવ્યો અને હવે પછી આવું કાર્ય ન કરવા ફરમાવ્યું' વગેરે હકીકત જણાવી છે તે નનામી પત્રિકા પણ અમને સાચ. જણાતી નથી,

આથી અમે શ્રી સંઘને જણાવીએ છીએ કે આવી પત્રિકાઓ બહાર પાડનારા તત્વો શ્રી સંઘની સેવા નહિ પણ કુસેવા કરે છે અને શ્રી સંઘનું વાતાવરણ ખોટી રીતે ડહોળે છે. અમે તેમની આવી પ્રવૃત્તિને સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને લાગતા વળગતા સૌને આવી નનામી બેજવાબદાર પત્રિકાઓના રાજકારણથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ.

: સરનામું :

૨૧૨એલ; પાંજરાપોળ કમ્પાઉન્ડ,
ભૂલેશ્વર–મુંબઇ ૪૦૦ ૦૦૪.

લી.

શેઠ મોતીશા લાલબાગ જૈન સંઘ
શ્રી જિનશાસન રક્ષા સમિતિ (લાલબાગ)

પ્રેરણા મુજબ લાયણ બંધે સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુદ્કા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલીતાણા)
ચંપાલાલ પદમશી મુદ્કા (થાણા)

વર્ષ: ૮] ૨૦૫૨ કારતક સુદ-૧૫ મંગળવાર તા. ૭-૧૧-૯૫ [અંક ૧૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, આસો સુદિ-૯ ને રવિવાર, તા. ૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૬. (પ્રવચન પાંચમું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જૈનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના— -અવ૦)

આજે ઘણા શ્રીમંતો ભીખારી થઈ ગયા તે તમે જોયું નથી. તેમાં જે ડાહ્યા હતા તે કહેતા કે, 'મેં સમજવા છતાં ખોટું કર્યું' માટે મારી આ હાલત થઇ.' બીજા કહે કે, આ દેશકાળ ખરાબ છે, લોકો ખરાબ છે. પણ પોતાની ભૂલ ન જુએ. **પોતાની ભૂલ જુએ તે મુંઝાયા વિના ન રહે.** અધર્મ મનેથી કરે તે તો લુચ્ચો કહેવાય ને ? તેવાના વખાણ અમે ન કરીએ. 'અનીતિ કરવી પડે છે' તેમ કહે તો હજી તેને નભાવાય પણ 'અનીતિ વગર તો જીવાય જ નહિ, ચાલે જ નહિ' આમ કહે તે ચાલે ? જે નીતિપૂર્વક ધંધો કરે તો ભુખ્યોજ મરે તેમ જો પૂરવાર કરો તો હું તમારી દીક્ષા લઉં !

પ્ર૦ આજે ધર્મ સંભળાવવાનું માધ્યમ બદલાયું તેમ વેપારીનું પણ માધ્યમ બદલાયું છે.

ઉ૦ આજે વેપારી જુઠ ન બોલે, અનીતિ ન કરે તો ચાલે નહિ, આ બધા જે કરે છે તે સારું કરે છે તેમ જે સાધુ કહે તો તે સાધુની જીભ કપાઇ જાય, તેને બેઇન્દ્રિયમાં જવું પડે. તમારી વાતમાં હા બે.હા કરે તેને પાટ ઉપર ન બેસવું

તેવાને તો ઉપદેશ આપવાનો અધિકાર પણ નથી. તમે ગમે તેવા હજાર પ્રશ્નો કરો પણ સાધુ માર્ગથી ખસે નહિ. વેપાર અનીતિથી થાય જ નહિ. જે અનીતિ કરું તેનું હૈયું દુભાતું જ હોવું જોઈએ. તમારા પૈસા જાય તો માનવું જોઈએ કે—પૈસા જાય એવી અનીતિ કરી માટે ગયા છે. ડેવાળું કાઢનારા આજે હાથમાં હિરાની વીંટી પહેરે મોટરમાં ફરે અને લેણદારને ડીકો બતાવે તેવા આત્માઓને પોષણ આપવું છે? અનીતિ વિના જીવાય જ નહિ તેવો આ દેશકાળ છે? તમે આમાં સંમત છો? જો સંમત હો તો અહીં આવવાની યોગ્યતા નથી. અહીં આવી અમારી આબરૂ બગાડો છો. અનીતિ લોભના કારણે કરવી પડે છે. એકના બાર કરવા છે માટે કરો છો. એકનો સવા રૂા. કરવો હોય તો અનીતિ ન કરવી પડે. આગળ તો એક રૂપિયે આનો કે પૈસો મળે તો ય સંતોષ માનતા હતા. 'તમારે તો અનીતિ કર્યા વગર ચાલે જ નહિ' આ વાત હું માની લઉં તો આ પાટ ઉપર બેસવા લાયક નથી. તમે ભુખ્યા મરો છો માટે અનીતિ કરો છો? નીતિથી પેટ ન ભરાય તેવી ખાત્રી છે? પેટ ભરવું છે કે મજેથી ખાવું છે? પેટ ભરવા કદી અનીતિ ન કરવી પડે. કોઈની પગચંપી કરો, બુટ પોલીશ કરો તો ય પેટ ભરવા પૂરતું મલી જાય.

પ્ર૦ તે રીતે જીવવું તે જીવન છે?

ઉ૦ હાજી. હરામખોરી કરી જીવવું તેના કરતાં તે રીતે જીવવું સારું. કોઇ ન કહે કે લુચ્ચો છે! આજે તમારી આબરૂ શી? તમારી સગી સ્ત્રીને તમારી ઉપર વિશ્વાસ નથી. તેના પહલાની રકમ તમારી પેઢી ઉપર ન મૂકે.

જ્ઞાની કહે છે કે, મોક્ષ એજ સુખ છે. આ સંસારનું સુખ તો પાપરૂપ છે, પાપ કરાવનાર છે. જે આ વાત સમજે નહિ, સાવચેત ન હોય તે સુખ અને સંપત્તિ માટે અધિકને અધિક પાપ કર્યા વિના રહે નહિ. વગર કારણે પણ પાપ કર્યા જ કરે. તેને ગમે તેટલું સુખ મળે, ગમે તેટલા પૈસા મળે પણ તેનો લોભ શમે જ નહિ. નહિ તો આજના સુખી બજારમાં ભટકતા હોત! ધર્મ કરતા નથી, પાડોશીનાં ખબર લેતા નથી તેવા પાપી હોત! ધર્મીની પાસે રહેલો પાડોશી દુઃખી હોય ખરો? આગળ એક શેરીમાં એક સુખી હોય તો આજુબાજુના તેને આધારભૂત માનતા, મેઢીભૂત માનતા. જ્યારે આજે કોઇ આમ કહે કે, આ અમારો આધારભૂત છે!

પ્ર૦ આજે ચોકખા ઘી-દૂધના દર્શન થતા નથી પછી અમે મજા કરીએ તેમ કઇ રીતે કહેવાય?

ઉ૦ ગમે તેટલું મળે ઘણા એવા હીન કર્મી છે કે તે બીચારા દુઃખી જ રહેવાના

છે. ધણુ ને ગમે તેટલા પૈસા હોય તોય પોક જ મૂકનારા છે. સુખી પણ કહે છે કે મારા માથે કેટલા હથોડા ઠોકાય છે!

મોક્ષ વિના સાચું સુખ નથી. તે સુખ કેવું છે? તો કહે કે, તે સુખનું વર્ણન કેવળજ્ઞાની પણ કરી શકે નહિ તેવું છે. કેવળજ્ઞાની જાણી શકે પણ વર્ણન ન કરી શકે તે માટે એક જંગલના ભીલનું દૃષ્ટાંત આપે છે.

એક રાજા નવા શીખાઉ ઘોડાથી જંગલમાં ભૂલો પડયો. ઘોડો વિપરીત શિક્ષા પામેલો હોવાથી જેમ જેમ લગામ ખેંચે તેમ તેમ ઘોડો વધુને વધુ દોડે. અત્યંત થાકી જવાથી ઘોડો મરી ગયો. રાજાને રસ્તામાં એક ભીલ મળ્યો. રાજાને પોતાની ઝુંપડીમાં લઇ જઈ ખવરાવે-પીવરાવે અને સ્વસ્થ કરે છે. રાજાને પગલે પગલે રાજાનું સૈન્ય પણ પાછળથી આવેલું રાજાને મળ્યું. બધા નગરમાં પાછા ફર્યા. રાજાએ પણ તે ભીલને પોતાની સાથે નગરમાં લીધો અને પોતાના મહેલમાં રાખ્યો. ત્યાં સારૂં સારૂં ખવરાવે-પીવરાવે અને મોજ મજા કરાવે છે. થોડા દિવસ પછી ભીલને જંગલમાં જવાનું મન થયું. એટલે તે ત્યાં ગયો એટલે બીજા ભીલો અને સંબંધીઓ તેને પૂછવા લાગ્યા કે તું કયાં જઇ આવ્યો? શું કરી આવ્યો? તો તે પોતે જે સુખ ભોગવ્યું તેનું વર્ણન કરી શકતો નથી. તેવી રીતે મોક્ષમાં જે સુખ છે તેનું વર્ણન કેવળજ્ઞાની પણ કરી શકતા નથી જાણે બધું પણ વર્ણન ન કરી શકે. તે તો જે ભોગવે તે જાણે. તેવું અદ્‌ભુત સુખ મોક્ષમાં છે. મોક્ષમાં જ સાચું સુખ છે આમ માનો તો મોક્ષમાં જ જવાનું મન થયા વિના રહે નહિ. મોક્ષ વિના બીજે સુખ નથી આમ જે ન માને તે તો ભગવાનને પણ માનતો નથી.

આ જનમમાં સાધુ જ થવા જેવું છે તે ખબર નથી! તમે આપણા બધા મહાપુરુષોની પરંપરા જુઓ. અહીંના આ મંદિરમાં મૂળનાયક આ અવસર્પિણીના પહેલા તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે. તેમની પાટ ઉપર અસંખ્યાત રાજાઓ થયા. તેમાંનો એક પણ રાજા એવો નહિ જે સાધુ થયા વિના રહ્યો ન હોય! સાધુ થઇને મોક્ષે કે સર્વાસિદ્ધમાં ગયો ન હોય! જે રાજા સાધુ થાય તે પોતાના દિકરાને કહીને જ જતો કે, તારે પણ આજ માર્ગે આવવાનું છે-અર્થાત્ સાધુ થવાનું છે.

તમે તમારા દિકરાને કહ્યું છે કે-'દિકરા! આ મનુષ્ય જન્મમાં સાધુ જ થવા જેવું છે-સાધુ ન થવાય તો શ્રાવક થવા જેવું છે.' શ્રાવક જ તેનું નામ જે સાધુ થવાને જ ઇચ્છે. વખતે ભુખ્યા સૂવું પડે તો સૂવે પણ અનીતિથી મેળવેલ ખાય નહિ. માર્ગાનુસારી જીવો તેવા હતા જે અનીતિથી મળેલું કાંઇ લેતા ન હતા. આજે તમે કહો છો કે અનીતિ કર્યા વિના ચાલે તેમ નથી. તો તમારી વાત સાચી માનું?

રાજા ભોજની વાતો

ઈંટનો જવાબ પથ્થરથી

ભોજ માળવાનો રાજા હતો. તે વિદ્વાનો તથા બુદ્ધિશાળી માણસોની કદર કરતો હતો. વળી તેના સમયમાં બીજા પણ એવા રાજાઓ હતા કે જેઓ અવનવી સમસ્યાઓ રજુ કરીને એક બીજાના બુદ્ધિ ચાતુર્યની પરીક્ષા કરતા હતા.

રાજા ભોજ અને ગુજરાતના રાજા ભીમદેવની વચ્ચે તો તે વખતે કાયમી હરીફાઇ જેવું રહેતું હતું.

ગુજરાત રાજ્યનો એક દૂત રાજા ભોજની સભ્યસભામાં હતો. આ દૂતનું નામ દામોદર મહેતા હતું. તે ઘણો જ બુદ્ધિશાળી હતો, પરંતુ દેખાવમાં બહુ કદરૂપો હતો.

રાજા ભોજનો સ્વભાવ મોજીલો હતો. તે બીજાની મશ્કરી જરૂર કરતો, પરંતુ જો કોઇ તેની સામી મશ્કરી કરે તો તેનાથી તે કદી ખીજાતો ન હતો, એટલે બીજાઓ પણ તેની વળતી મશ્કરી કરી શકતા હતા.

દામોદર મહેતા પ્રથમ વખત ભોજની રાજસભામાં આવ્યા અને ગુજરાતના રાજદૂત તરીકે પોતાની ઓળખાણ આપી તે વખતે તેનો કદરૂપો દેખાવ જોઇને ભોજ રાજાએ હસીને પૂછ્યું, 'તમારા જેવા બીજા કેટલા રાજદૂતો તમારા રાજાના દરબારમાં છે ?


દામોદર મહેતા રાજાનો વ્યંગ સમજી ગયો. તે ઘણો વિચક્ષણ રાજપુરૂષ હતો. તેણે પણ રાજાના પ્રશ્નનો હસીને, બુદ્ધિપૂર્વક જવાબ આપ્યો, 'અમારા રાજા પાસે ત્રણ પ્રકારના રાજદૂતો છે. સૌથી સારાં સારાં અને નીચલી કક્ષાના. જે રાજ્યમાં જેવી કક્ષાના રાજા હોય છે તે રાજ્યમાં તેવી કક્ષાના રાજદૂતો અમારા રાજા મોકલે છે હવે તમે તમારી જાતે જ ન્યાય કરી લેજો કે હું કઇ કક્ષાનો છું.

તમે જો પોતાને ઉત્તમ માનતા હો તો હું પણ ઉત્તમ છું, સામાન્ય માનતા હો તો સામાન્ય અને ઉતરતી કક્ષાનો માનતા હો તો હું પણ તેવો જ છું.'

દામોદર મહેતાનો આવો બુદ્ધિપૂર્વકનો જવાબ સાંભળી રાજા ભોજ આફરીન પોકારી ગયા. દામોદર મહેતાએ રાજાની બોલતી બંધ કરી દીધી.

પરંતુ ભોજ કદરદાન અને મોજીલો રાજા હતો. તેણે આ રાજદૂતને રૂા હજાર સોનામહોરો ઇનામમાં આપી તેનું બહુમાન કર્યું.

—પ્રભુલાલ દોશી



પં. શ્રી ચંદ્રશેખર વિ ગણિ લિખિત

ધાર્મિક વહીવટ વિચાર પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

[બીજી આવૃત્તિ]

[સુજ્ઞ વાચકોને મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ –લેખક]

પ્ર૦ ઉપદેશ પદ અને શ્રાદ્ધદિન-કૃત્યમાં, સંકાશ શ્રાવકના દૃષ્ટાંતમાં, 'ચૈત્યદ્રવ્ય (દેવદ્રવ્ય) ને જિનમંદિર, જિનપ્રતિમાની યાત્રા (અઠ્ઠાઇ મહોત્સવ), સ્નાત્ર વગેરે પ્રવૃત્તિઓ ચાલુ રહેવામાં કારણભૂત ગણાવ્યું છે.' [પૃ. ૧૯૫] તો પછી દેવદ્રવ્યથી જિનપૂજા-મહોત્સવ વગેરે કરવાની તમે ના કેમ પાડો છો ?

ઉ૦ આ ગ્રન્થોમાં, દેવદ્રવ્યના સર્વપ્રકારોથી થતાં કાર્યોનો સંગ્રહ હોવાથી કલ્પિત અને પૂજા દેવદ્રવ્યમાંથી [સંબોધ પ્રકરણની વ્યાખ્યા મુજબના, પણ સંમેલનના ખોટા અર્થવાળા કલ્પિત–પૂજાદ્રવ્ય નહિ.] ઉપરોક્ત કાર્ય થઇ શકે છે, તેથી 'દેવદ્રવ્યથી ઉપરોક્ત કાર્યો થાય' એમ શાસ્ત્રકારોએ જણાવ્યું છે., પણ એટલા-માત્રથી જીર્ણોદ્ધારાદિમાં જ વાપરી શકાય તેવા સ્વપ્નાદિ દેવદ્રવ્યથી પણ જિનપૂજાદિ કાર્ય કરવાની છૂટ આપનારા આ બન્ને પાઠો છે એમ માની શકાય નહિ, તેમ માનવામાં નરી અજ્ઞાનતા છે. શાસ્ત્ર-પંક્તિનો ઉપલકીયો અર્થ કાઢનારા અર્ધ પંડિતો જ આવો અધૂરો અને અહિતકર અર્થ કાઢે. માટે આ બન્ને પાઠો શ્રી જિનભક્તિ માટેના સ્વદ્રવ્યરૂપ દેવદ્રવ્યની રકમમાંથી ઉપરોક્ત કાર્યો કરવાની છૂટ આપનારા છે.

પ્ર૦ શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, દ્રવ્યસપ્તતિકામાં 'સતિ હિ દેવદ્રવ્યે' વાળા પાઠથી, ચૈત્યનું સમારકામ, મહાપૂજા, પૂજા-સત્કાર, સન્માનાદિને ટેકો આપનારું દેવદ્રવ્ય છે એમ જણાવ્યું છે. [પૃ.૧૯૫-૧૯૬] તમે આ શાસ્ત્રો નથી માનતા ?

ઉ૦ અમે આ શાસ્ત્રોને બહુમાનપૂર્વક માનીએ છીએ. પણ સંમેલનના સમર્થકોની જેમ લોકોને દેવદ્રવ્યથી પૂજાદિ કરાવવાના કદાગ્રહની પુષ્ટિ માટે નહિ અમે તો સુવિહિત પરંપરા મુજબની ધાર્મિક વ્યવસ્થાને સિદ્ધ કરવા માટે માનીએ છીએ. ઉપરના જવાબમાં જણાવ્યા મુજબ આ ચારેય પાઠો પણ દેવદ્રવ્યના સર્વ પ્રકારોને સમાવીને તેના ઉપયોગનું સામૂહિક માર્ગદર્શન આપવા માટેના છે. પણ દેવદ્રવ્યના બધા પ્રકારોના ઉપયોગની ભેળસેળ કરવા માટેના નથી. દેવની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આવેલા દેવદ્રવ્યથી

જીર્ણોદ્ધારાદિ (જિનમંદિરનું સમારકામ) થઈ શકે છે. અને દેવની ભક્તિ માટે આવેલા દેવદ્રવ્ય (દેવકું સાધારણ) થી મહાપૂજા, પૂજા આદિ થઈ શકે: આવો સ્પષ્ટ વિવેક કરી શકો તે માટે આ બંને કાર્યોને 'સતિ હિ દેવદ્રવ્યે' વાળા પાઠમાં સમાવ્યા છે આ પાઠોથી 'જીર્ણોદ્ધારની જેમ જ દેવદ્રવ્યથી ઉત્સર્ગમાર્ગે જિનપૂજા મહાપૂજાદિ કરવાની છૂટ મળે છે' એવા પોતાના કદાગ્રહને પુષ્ટ બનાવવાનો સંમેલનવાળાનો પ્રયાસ અન્ય શાસ્ત્રકારોની મહા આશાતના કરનારો છે. કારણ કે જો બધા જ દેવદ્રવ્યથી જિનપૂજાદિ થઈ શકતું હોત (ઉત્સર્ગપદે), તો પછી સંબોધપ્રકરણકારાદિને દેવદ્રવ્યના જુદા જુદા પ્રકારો પાડી, તેની જુદી જુદી વ્યવસ્થા બતાવવાની જરૂર જ ન હતી. છતાં તે શાસ્ત્રકારોએ તેવી અલગ અલગ વ્યવસ્થાદિ બતાવી એથી સિદ્ધ થાય છે કે 'દેવદ્રવ્ય સામાન્યથી જ જીર્ણોદ્ધાર, જિનપૂજા વગેરે સર્વકાર્યો થઈ શકે' તેવું શાસ્ત્રકારોને ઇષ્ટ નથી. અને તેથી જ, ઉપરના ચારેય પાઠો પણ અન્ય શાસ્ત્રોમાં જણાવેલ વ્યવસ્થાને અમાન્ય કરવા માટેની વાત કરનારા નથી જ. અન્ય શાસ્ત્રોની વ્યવસ્થાને તોડવા માટે આ શાસ્ત્રપાઠોનો હાથા તરીકે ઉપયોગ કરવાનું કામ પેલા સંમેલનવાળાઓનું છે. આ ચારેય શાસ્ત્રપંક્તિઓની આશાતના કરવાના તેઓના કૃત્યમાં કોઈ પણ કલ્યાણકામી આત્માઓએ સાથ આપવા જેવો નથી.

પ્ર૦ તમારી વાત બે ઘડી માની લીધી પણ આજે દેવકા સાધારણ સ્વરૂપ દેવદ્રવ્યમાંથી દેરાસરના સર્વકાર્યો કરવામાં પણ રકમ ઓછી પડે છે તો તેમાંથી મહાપૂજા જેવા અતિધનસાધ્ય કાર્ય તો ક્યાંથી થઈ શકે ? એટલા માટે તો દેવદ્રવ્યમાંથી દેરાસર ચલાવવાની વાત કરવી પડી છે. 'સતિ હિ દેવદ્રવ્યે' પાઠથી દેવકું સાધારણ જ મહાપૂજામાં વાપરી શકાય. જીર્ણોદ્ધારાદિમાં જ વાપરી શકાય તેવી દેવદ્રવ્યની રકમ ન વપરાય આ તમારી વાત બેસતી નથી આટલું બધું દેવકું સાધારણ લાવવું ક્યાંથી ?

ઉ૦ પૂર્વ કાળમાં જિનમંદિરમાં જિનપૂજાદિ કાર્યો બરાબર થતાં રહે તે માટે ગ્રામ–નગર–ઉદ્યાન–ઘર કે દુકાન વગેરે દેરાસરને ભેટ અપાતા હતા. આવું વિધાન પ્રાચીન ગ્રંથોમાં જોવામાં આવે છે. હવે ગ્રામ–નગર વગેરેની આવક કેટલી આવતી હશે ? તેની તમે જ કલ્પના કરી લો. એ આવક બધી દેવકા સાધારણની આવક કહેવાય. [જેને શાસ્ત્રકારો દેવદ્રવ્ય કહીને ઓળખાવે છે.] તેનાથી મહાપૂજાદિ અતિધનવ્યયસાધ્ય કાર્યો પણ સરળતાથી થતાં રહે તેમાં કોઇ આશ્ચર્ય નથી. અને આ વાતમાં ન માનવા જેવું પણ કશું નથી. મોટા પર્વના દિવસો વગેરેમાં ઘણાં બધાં શ્રાવકો ભેગા મળી જેમ ત્યારે આંગી રચાવે છે, તેમ ઘણાં બધાં શ્રાવકો ભેગા

મહાપૂજા પ્રભુ રચાવી શકે છે. ઘણાં બધાં શ્રાવકો જો કાયમી આંગીની જેમ કાયમી મહાપૂજા થતી રહે તે માટે મોટી રકમ એકઠી કરીને રાખી મૂકે તો પણ શાસ્ત્રકારો તે રકમને જિનભક્તિ સાધારણ સ્વરૂપ દેવદ્રવ્ય કહેશે. અને 'સતિ હિ દેવદ્રવ્યે' વાળો પાઠ આવા દ્રવ્યમાંથી મહાપૂજા થઈ શકે તેમ કહે જ છે. અને મહત્ત્વની વાત તો એ છે કે શાસ્ત્રવિધિ મુજબ થાય તેટલી જ શોભા શ્રી જિનમંદિરોમાં કરવાની છે. નીતિના દ્રવ્યથી રોટલા જ મળતા હોય તેથી મીઠાઈ ખાવા જેમ અનીતિ ન કરાય, તેમ દેવદ્રવ્યથી કે ઉચિતદ્રવ્યથી થતી થોડી શોભા પણ મહાલાભદાયી છે. અશાસ્ત્રીયવિધીથી થતા મહાડંબરની કોઈ કિંમત નથી.

પ્ર૦ દર્શન શુદ્ધિ ગ્રન્થમાં ૧૫૨ મા પાને લખ્યું છે કે 'દેવદ્રવ્યથી શ્રાવકો પૂજા-મહોત્સવ વગેરે કરતા હોય તો જ્ઞાન-દર્શન-ચારિત્રના ગુણો દીપી ઉઠે છે' [પૃ. ૧૯૬] તમે શ્રાવકોને આવા લાભથી વંચિત કેમ રાખો છો?

ઉ૦ અમે શ્રાવકોને લાભના નામે મહાપાપમાં પાડવા માંગતા નથી. અહીં દેવદ્રવ્ય એટલે પૂજા-મહોત્સવાદિ માટે નિશ્ચિત કરેલું શ્રાવકનું પોતાનું ધન સમજવાનું છે. (દ્રવ્ય સપ્તતિકાકાર તેને દેવદ્રવ્ય કહે છે.) આવા ધનથી પૂજા-મહોત્સવાદિ શ્રાવકો કરે તો તેથી સ્વપરના જ્ઞાનાદિ ગુણો દીપે એમાં અમારો કયા વિરોધ છે ? પૂજાની બાબતમાં કયાંક કયાંક હજી ગરબડો ચાલુ થઈ હશે ! પણ મહોત્સવની વાતમાં તો અમારી જાણકારી મુજબ શ્રાવકોના પૈસા સિવાય દેવદ્રવ્યથી મહોત્સવ કોઈ સંઘમાં થયો નથી, થતો નથી. છતાં દેવદ્રવ્યથી મહોત્સવ કરાવીને શ્રાવકોના રત્નત્રયી ગુણોને દીપાવવાની વાત કરનારા મહા સુધારકોને અને તેમની 'હિંમત' ને 'ધન્યવાદ' દેવા પડે ! આજે સંઘોમાં ટીપ કરીને કે દિવસો નોંધીને જે અઠ્ઠાઇ મહોત્સવાદિ થાય છે, તે ભગવાનની ભક્તિ માટે નિશ્ચિત બનેલું ધન હોવાથી શાસ્ત્રકારોની પરિભાષામાં તે અપેક્ષાએ દેવદ્રવ્ય કહેવાય. છતાં વ્યવહારમાં તે દેવકા સાધારણ જેવું છે. ઉપરમાં જણાવેલ દેવદ્રવ્ય શબ્દ ખરેખર તો આ અર્થમાં વપરાયો છે. હા, જૈન દર્શનની પરિભાષા ગુરૂગમથી ન સમજી હોય તેવો અજૈન પંડિત ઉપરના પાઠનો પોતાની રીતે અર્થ કરે, અને દેવદ્રવ્યમાંથી પૂજા-મહોત્સવ કરવાની છૂટ આપી દે એ બનવા જોગ છે પણ એવો અનર્થ ગીતાર્થ ગણાતાઓ કરે ત્યારે ખેદ થાય છે. (ક્રમશઃ)

પ્રગટ થઇ ચુકેલ છે.

— અતિચારોની વ્યવસ્થા —

(પંચ પ્રતિક્રમણ વિવરણ અંતર્ગત)

લેખક : પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

પેજ : ૨૮૮ — મૂલ્ય રૂા. : ૨૫

બે પ્રતિક્રમણ સૂત્ર

અંગ્રેજી મૂલ્ય રૂા. ૨૦

સામાયિક સૂત્ર અંગ્રેજી

મૂલ્ય રૂા. ૮-૦૦

લખો શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુત જ્ઞાન ભવન,

૪૫ દિગ્વિજય પ્લોટ-જામનગર

– ખોટું ન લગાડતા હોં ને.... –

—શ્રી ભદ્રંભદ્ર

* સુવર્ણ સ્વપ્ન ત્રિપુટીની સફળતા *

હું આમ રાતે તો ઉંઘુ જ છું પણ આજે દિવસે પણ સૂતેલો. ઉંઘ આવી ગઈ. અને આનંદની વાત છે કે–મને ત્રણ–ત્રણ સોનેરી સ્વપ્નો આવ્યા. આ સપનાય પાછા જેવા તેવા નહિ હોં. દેવ–ગુરૂ અને ધર્મના જ સપના. મારા કરોડે કરોડ રૂવાડા કરોડ રજજુ સાથે બેઠા થઇ ગયા.

પ્રહેલુ સપનું દેવનું આવ્યુ. મેં જોયુ કે કોઇ એક મહાસંતે દેવદ્રવ્યથી ભગવાનની પૂજા કરવામાં પાપ તો નહિ પણ ઉલટાનું સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ફાયદો શાસ્ત્રથી સિધ્ધ કરી બતાવ્યો. એટલે હવે હું કયારેય પણ ભગવાનની પૂજાથી વંચિત નહિ રહી શકુ કેમ કે પહેલાં તો આ જ સત્પુરૂષોએ દેવની પૂજા સ્વદ્રવ્યથી જ કરવાનો અમને આગ્રહ રખાવેલો શરમના માર્યા અમે કશું બોલી નો' તા. શકતા કે સ્વદ્રવ્યથી જ પૂજા કરવાનો આગ્રહ શું કામ કરાય છે? પણ હવે તો તેઓએ જ દેવદ્રવ્યથી, પરદ્રવ્યથી અને સ્વદ્રવ્યથી પૂજા કરવાના શાસ્ત્રીય લાભો બતાવ્યા છે. [જો કે મને એમ પણ થયું કે– જો દેવદ્રવ્યથી પૂજા થઇ શકતી હતી તો અત્યાર સુધી ખોટા જ ભ્રમમાં રહીને મેં મારો પરસેવો પાડીને જોગા કરેલા ગાંઠના પૈસા ખોટા જ વેડફી નાંખ્યાને? પણ પાછું પેલા મગ્મલ્લ શેઠની જેમ લાડલા વહોરાવીને પસ્તાયા તેમ પસ્તાવો કરવો ઉચિત ન લાગ્યો. જે થાય તે સારા માટે' આ કહેવતને મારૂં જીવન–સૂત્ર બનાવીને હવે પછી ભગવાનની પૂજામાં સ્વદ્રવ્ય વેડફાઇ તો ન કહેવાય પણ વપરાઇ ન જાય તેવી કાળજી રાખવા મનથી જ નક્કિ કરી લીધુ. (હજી આ સપનું ચાલુ જ છે હોં ને. પાછા મને ઘેનમાં ના સમજી લેતા કયાંક).

આ સપના અનુસારે હું [હવે જાગી ગયો છું. કયાંક પાછો મને ઘેનમાં નો સમજી લેતા.] પૂજાના કપડા પહેરીને ખાલી જ હાથે હોં... કેમ કે હવે તો આઠે આઠ તો શું ૬૪ પ્રકારી પૂજા પણ દેવદ્રવ્યથી કરવાની છૂટ છે. [પૂજાની જોડ તો દેવદ્રવ્યની નહિ ચાલતી હોય એમ માનીને મેં સાડી બસ્સો રૂપિયા ખર્ચીને પૂજાની જોડ ખરીદી. થોડું તો સ્વદ્રવ્ય વાપરવાની ટેવ પણ રાખવી જોઇએ ને. એટલે.] ઘરમાંથી નીકળ્યો તો ખરો પણ સાલી પેલી કાળી ભમ્મર બિલાડી મને આડી ઉતરી. શકનમાં માનનારા મેં થોડું કહી વાંધ્યું ગોળની કણી ખાધી. નવકાર ઉપસ્સગ્ગહરં ગણ્યા. ફરી નાહ્યો તૈયાર થઇ આગળ ચાલ્યો. ફરી પાછી એ જ બિલાડી હામી મળી. મને થયું કયારે ય

નહિ ને આજે જ કેમ ? મને જવાબ તરત મળ્યો કે-'દેવદ્રવ્યથી પૂજા કરવા જવાના દુષ્ટ ઇરાદાના કારણે જ આવું થયું. મફતીયા પૂજાના લાભથી હું વંચિત રહ્યો. પણ આવા બબ્બે અપશુકનો કેવા કહેવાય ? મેં તો દેવદ્રવ્યથી પૂજા કરવાનું તો શું વિચારવાનું ય મુલતવી (અરે! મુલતવી નહિ) બંધ રાખી દીધું. મારું દિવસનું આવેલું આ દેવદ્રવ્યથી પૂજા કરવાનું સપનું ના ફળ્યું તો સંમેલનવાળાઓનું તો એ સપનું ફળશે જ કયાંથી ? કેમકે એ તો દિવા સ્વપ્ન દિવસે આવેલું સપનું છે. આપણા શ્રી કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે- દિવસે આવેલું સપનુ ફળતું નથી એટલે આ સંમેલન દિવસે જ ભરાતું હતું. અને આ બધા નિર્ણયો દિવસે આવેલા સપના જેવા જ જાણવા.

એટલે એ મહાસંતનું સપનુ નહિ ફળવાનું મૂળ કારણ એ છે કે તે દિવા-સ્વપ્ન દિવસનું સપનું છે.

પછી બીજું સોનેરી સપનુ એ જોયુ કે- મેં ચોથા સુપનામાં આવતા શ્રી લક્ષ્મીદેવીની ઉછામણી લીધી. તેની રકમ સંઘ ખાતે જમા કરાવવા જતાં પહેલા મને વિચાર આવ્યો કે-'આ દેવદ્રવ્યની જ રકમ ગણાય છે અને હમણાં હમણાં એવો ઠરાવ થયો જ છે કે-સપનાની જ પહિ પણ દરેક પ્રકારની દેવ સાથે સંબંધ ધરાવતી ઉછામણીની રકમ ભગવાનની પૂજામાં, પૂજારીના પગારમાં, ભગવાનની ભવ્ય આંગી રચનામાં ચાલી શકે, 'તો પછી સંઘમાં જમા કરાવવા જવાની જરૂર જ કયાં છે ? હવેથી હું જે પૂજા, પાઠ કરીશ તેના ખર્ચમાં ગણી લઇશ. અને ફરીથી ભગવાનની પૂજાનો ચડાવો બોલીશ, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા બોલીશ તેમાં પહેલાની ઉછામણીની રકમમાંથી જ આપી દઇશ. એટલે જમા કરાવવા જવાની જ જરૂર નથી. રકમ જમા કરાવવા જાઉં તો તેમને ચોપડા ચીતરવા પડે. આવા સંઘના ચોપડા-પેન બગાડાવવાની એક મારા રકમ જમા કરાવવા જેવા તુચ્છ કારણે મને જરૂર નથી લાગતી.

એટલે આવા બધા સદ્‌વિચારોને લીધે હું પૈસા જમા કરાવવા જતો અટકી ગયો. પણ પછી [હજી સપનુ ચાલુ જ છે] તો મારે ઘેર ઉધરાણી વાળા આવ્યા. મને કહે પેલા પૈસા ભરી દો મેં ઉપરની ધારદાર દલીલો કરી અને કીધું કે 'હમણાં સંમેલને ઠરાવ કર્યો જ છે ને કે સુપના વગેરેની બોલીની રકમ શ્રાવકો પૂજામાં વાપરી શકશે. તો હું તેમાં વાપરી નાંખીશ. તમે મારૂં નામ કાઢી નાંખો. મારા ખાતે રકમ જમા કરી દો.'

એટલે તેમને મને કીધુ કે- 'હવે સંમેલનની પૂછડી, પૈસા ભરી દે. છાની માની નહિ તો તારૂ નામ જાહેરમાં મૂકી દઇશ. સંમેલનવાળા તો કીધા કરે. દેવદ્રવ્યથી પૂજા કરાવવાનું ચાલુ કરીએ ને તો

દેવદ્રવ્યના જ તળિયા સાફ થઇ જાય. એવું સંમેલનવાળાઓ કયારેય વિચાર્યું છે ખરૂં ? અત્યારે લોકો પોતાના દ્રવ્યથી કે સાધારણના પૈસાથી પૂજા કરે છે તો ય ખોટ આવે છે. તો દેવદ્રવ્યથી પૂજા કરવામાં જતે દહાડે તળિયા સાફ થઇ જશે તેનું શું ? એટલે ડાહ્યા થઇને પેઢી ઉપર પૈસા જમા કરાવીને પાવતી લેતા જાઓ, સમજ્યા. હું તો ડઘાઇ જ ગયો. સંમેલનનું આવું હાડોહાડ ઘા કરે તેવું અક્ષરશ્ય અપમાન સાંખી જ કેમ શકાય. પણ આખરે મારે રકમ ભરીને પાવતી કઢાવવી જ પડી. આમ આ બીજું સપનું પણ નિષ્ફળ જ ગયું.

ત્રીજા સપનામાં તો મને ગુરૂપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતે જ નહિ પણ વૈયાવચ્ચ ખાતે પણ જાય. આવું કહેનાર એક સંત પુરૂષના દર્શન થયા. પણ આમાં બન્યું એવું કે મે ૧૦૦ રૂપિયાની સાચી નોટથી તે સંતપુરૂષનું નવાંગીની ચોકખી ના પાડી એટલે એકાંગી ગુરૂપૂજન કર્યું. [પોતે પોતાને નવાંગે પૂજન માટે યોગ્ય ન ગણે તેમાં આપણને વાંધોય નથી ને. હા નવાંગી ગુરૂપૂજન ન જ કરાય એવું કીધુ હોત તો મજા આવત. નવાંગી ગુરૂપૂજન શાસ્ત્રોકત હોવાથી તેની ના પાડે તેવું બની શકે તેમ જ ન હતુ.] પછી બે-ચાર ડોળીવાળા આવ્યા. તેમને નાસ્તા પાણી માટે મને તે સંતપુરૂષે પૈસા આપવાનું કીધું. તો મે સંમેલનના ગુરૂદ્રવ્યના ઠરાવ અનુસાર મેં મૂકેલા રૂપિયા ઉઠાવ્યા. અને ડોળીવાળાને આપી દીધા.

પેલા સંતપુરૂષ અંદરથી તો ધૂંધવાયા કે આ બરાબર ન થયું. પણ શું કરે તે પોતે જ ગુરૂદ્રવ્ય-ગુરૂજનાદિના ગુરૂદ્રવ્યને વૈયાવચ્ચમાં વાપરવાનું જોર શોરથી બોલ્યા હતા. ગુરૂદેવને અંદરથી ધૂંધવાયેલા જાણીને મને થયું તો ખરૂ કે- પૂ. ગુરૂદેવને ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં લઇ જવું ગમતું નથી પણ હવે બોલેલું ગમે તેવું સાચું કે ખોટું બોલેલું) ફેરવાય તેમ ન હતુ. પણ મે પૂ. ગુરૂદેવની ગુરૂભકિત ખાતર હવે પછી ગુરૂદ્રવ્યને વૈયાવચ્ચમાં નહિ લઇ જવાનું જ નકકી કર્યું છે.

આમ ત્રીજું સોનેરી સપનુ પણ ફળ્યું નહિ.

દિવા સપનાઓ ફળે પણ શાના ? કેમ ભૈ બરાબરને ! હું ત્યારે પછી દે તાલી.

બોલો નિષ્ફળ ગયેલા ત્રણ-ત્રણ સોનેરી દિવા સ્વપ્ના ફળાદેશને કહેનારા ભદ્રંભદ્રકી જય.

ગુરુ વિરહમાં ગુરુ સ્થાપના જરૂરી જ છે.

જં કિંચિ અણુટ્ઠાણું,
આવસ્સય- માઇયં ચરણહેઉ ।
તં કરણું ગુરુમૂલે,
ગુરુવિરહે ઠવણાપુરઓ ।

સમ્યક્ત્વ ચરિત્રના હેતુભૂત જે કાંઇ આવશ્યકાદિ અનુષ્ઠાન કરવું હોય તે ગુરૂની સમક્ષ કરવું. ગુરૂના વિરહમાં- ગુરૂ મહારાજનો યોગ ન હોય ત્યારે ગુરૂની સ્થાપના પૂર્વક સ્થાપનાચાર્ય પાસે કરવું જોઇએ.

શાસન સમાચાર

લબ્ધિસૂરિ જ્ઞાન મંદિર દાદર : પૂ. આ. શ્રી વારિષેણ સૂરિજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ

૦ આરાધનાઓ ઉવસગ્ગહરં ૨૧ દિન ની આરાધના સમુહ વીશ સ્થાનકના ૪૭૫ ઉપવાસ પૂજનસહ સમુહ ૨૧૦૦ સામયિક.

૦ કુમારપાળ આરતી સમુહ ૪૦૦ બાળકોની અષ્ટપ્રકારી પૂજા, સામાયિક સ્પર્ધાઓ, શત્રુંજય ભાવયાત્રા એકાશનાસહ લેખીત મૌખિક સ્પર્ધાઓ સંઘ પૂજનો પ્રભાવનાઓ.

૦ પર્યુષણમાં ૩૦ ઉપ-૩,-૧૩-૪, ૧૧-૩, ૯-૩, ૮-૫૦, ચૌ પૌ. ૬ આદિ થયેલ ચૈત્ય પરિપાટી, સ્વામી વાત્સલ્યો-૩ રથયાત્રા, ચઢાવા આદિ સુંદર થયેલ. પારણા પ્રભાવનાઓ.

૦ વર્ધમાન તપપાયા ૧૭ ઓળીઓ ૧૫૦ થયેલ, પારણા, ચાંદિના સિક્કાથી બહુમાન સમુહ ૫૩૦ આયંબિલ, બહુમાન થયેલ.

૦ માટુંગા બી-બી પં. વિનયસેનવિ.મ. વજ્રસેન વિ.મ. ભારતનગર મુનિ વલ્લભસેન વિ. મ. મુનિ વીરાગસેન મ. પર્વારાધના કરાવવા પધારેલ સુંદર આરાધના પ્રભાવના થયેલ. ચૈત્યપરિપાટી સ્વામિ વાત્સલ્યો.

૦ પૂ. આ. શ્રી વારિષેણ સૂરિ મ. જે ૩૮ વર્ષમાં ૮૦૦૦ આયંબિલ કરેલ જેમાં ઠામ ચૌવિહારી એક દત્તી ૯૬ મી ઓળીનું પારણું ૬-૧૦-૬૫ ના થતા દશાન્હિકા ઉત્સવ સિદ્ધચક્ર પૂજન સહ ઉજવાયેલ. રોજ પૂજા આંગી ગીત ગાવાનું પ્રભાવના સંઘપૂજનો થયેલ મુનિ નંદીશ્વર વિ. મ. ની ૮૧ મી ઓળીનું પારણું પણ સાથે જ ઉજવાયેલ. પ્રભાવના સારી થયેલ ભાવિકો બહારથી ઘણા આવેલ હતા. તપસ્યાના નિયમો ઘણા થયા.

૦ પૂ, લબ્ધિસૂરિ મ. જયંતસૂરિ મ. હિરસૂરિજી મ. વિક્રમસૂરિજી મ. વીરસેન સૂરિજી મ. ની પુણ્યતિથી ઉત્સવો ઠાઠથી ઉજવાયેલ ગુણાનુંવાદ સભા થયેલી.

૦ ૧૦૮ પાર્શ્વ પૂજન ગૌતમસ્વામિ, ભક્તામર, ઉવસગ્ગહરં પૂજનો થયેલ.

૦ ધાર્મીક શિક્ષણ સંઘ યોજિત, બૃહદ મુંબઇ બાળ આરાધકોના સન્માન સમર્હિત ૬૭ બાલ સ્પર્ધા ઇનામ, લક્ષ્મણ-સૂરિ પાઠશાળા મેળાવડો સુંદર થયેલ. બે વર્ષના ભાવિક શેઠે ને ૧૧ વર્ષની કોમલ પટ્ટણીએ ઉપવાસની આરાધના કરેલ.

ઔરંગાબાદમાં ભવ્ય ચાતુર્માસ : ઔરંગાબાદમાં આ. પ્રભાકર સૂરિ મ. નું

ચોમાસાનું સામેયું સંઘપૂજન થયેલ. બપોરના ૧૦૮ પાર્શ્વનાથનું પૂજન થયેલ અને અષાઢ સુદ બીજના પ્રભુ રક્ષિત મની વડીદીક્ષાની કાંબળીની ઉછામણી તથા જીવદયાની ટીપ તથા વીશ સ્થાનક મહા-પૂજન સારી રીતે થયેલ.

વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં લોકોએ લાભ લીધેલે. અને દરશનિવારે નવપદજીના ઓગણસો ૨૦૦ ની સંખ્યામાં થતા બપોરના પૂજામાં અનુમોદના પ્રભાવના થતા દર રવિવારે સવારના સ્નાત્ર પાઠ થતો અને બપોરના જ્ઞાન સત્રમાં ૧૫૦ જન લાભ લે છે. પાઠશાળાની શરૂઆતમાં થતા દરરોજ આઠ આનાની પ્રભાવના ૮૦ છોકરા લાભ લે છે.

પર્યુષણ આગમન થતાં ચોમાસાની શરૂઆતમાં સિદ્ધિતપ નિગોદતપ ચારમાસ-ક્ષમણ આદિ થયેલ કુલ મોટી તપસ્યા ૨૦૦ આસપાસ થયેલ ૬૪ હોરી પૌષધ ૪૫ થયેલ, આ બધી તપસ્યા નિમિત્તે આઠ દિવસના સાધર્મિક વાત્સલ્ય મહા-પૂજનો સહિત થયેલ સમસ્ત સંઘના સંવત્સરી પારણા પુનમ વખતે થયેલ છે ભવ્ય ચૈત્ય પરિપાટી નીકળી તેમજ સાધા-રણની ટીપ સારી થયેલ. દેવદ્રવ્યની ઉછા-મણી દર સાલ કરતાં ડબલ થયેલ છે. ઉપધાનની શરૂઆત આસો મહિનામાં ૬૧ ની સંખ્યા છે. જીર્ણમંદિરનો જીર્ણોદ્ધાર ૩૦ લાખના ખર્ચે શરૂ થયેલ છે. આમ ઔરંગાબાદનું ચોમાસુ ઘણું અનુમોદનીય થયેલ છે. પૂ. સાધુ ભગવંતના જોગ ચાલુ છે. જીર્ણોદ્ધારનું કામ મુંબઇના ધોરણે ચાલે છે માગશર મહિનામા પ્રતિષ્ઠા ઉપ-ધ્રાનની માળ પહવી થશે.

થાનગઢ : અત્રે ઓસવાળ કોલોનીમાં શ્રી પર્યુષણની આરાધના સુંદર થઇ તે માટે જામનગરથી શ્રી વિધિકાર શ્રી સુરેશ-ભાઇ હીરાલાલ શાહ પધાર્યા પ્રતિક્રમણ વ્યાખ્યાન સારી રીતે થયા ૩ અટ્ઠાઇ આદિ તપસ્યા થઇ દેવદ્રવ્યની ૫૫ હજાર ઉપજ થઇ. રથયાત્રા વરઘોડો ઉત્સાહથી ચડયો હતો. જન્મ વાંચન દિને શાહ લખમણ વિરપાર તરફથી રવિવારે શાહ શાંતિલાલ પાનાચંદ તરફથી તથા વરઘોડા પછી શાહ હીરજી કાનજી નગરીયા તરફથી તથા શાહ ચંદુલાલ મેઘજી ચેલા પરિવાર તથા શાહ કાલીદાસ હંસરાજ તરફથી ઓમ ચાર સાધર્મિક વાત્સલ્ય થયા હતા.

જામનગર : અત્રે દિગ્વીજય પ્લોટમાં પૂ. વિદ્વાન મુ. શ્રી તપોરત્ન વિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણ પર્વ પ્રવચનો વિ. સુંદર લાભ મળ્યો. સ્વપ્નાની બોલી સર્વ શ્રેષ્ઠ અપૂર્વ થઇ વરઘોડો ભવ્ય ચડયો. તા. ૧૦-૯-૯૫ના શહેરના મંદિરોની ચૈત્ય પરિપાટી થઇ હતી.

ઓસ્વાળ કોલોનીમાં પૂ. મુ. શ્રી કુલ-રત્ન વિ. મ. ની નિશ્રામાં પર્યુષણના પ્રવચનો વિ. થયા સ્વપ્નાની ઉપજ વરઘોડો વિ. સારી રીતે થયા.

પિંડવાડા (રાજસ્થાન) : સૂરિપ્રેમની પુણ્યભૂમિ ઉપર સૂરિપ્રેમના પટ્ટ પ્રભાવક

તપસ્વી સમ્રાટ પૂ. આ. દેવ શ્રી રાજતિલક સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા સૂરિરામના પટ્ટ પ્રભાવક પૂ. ગચ્છાધિપતિ આ. દેવ શ્રી મંડોદય સૂરીશ્વરજી મહારાજ સાહેબની પૂણ્ય શુભ નિશ્રામાં આસો માસની શાશ્વતી નવપદજીની આયંબિલની ઓળી તથા પારણા શા. સમરથમલ ભભુતમલજી સાકડીયાં પરીવાર તરફથી થયેલ સાથે ૧૦ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ વિવિધ પૂજા ૧૮ અભિષેક શ્રી બૃહત સિધ્ધચક્ર મહાપૂજન તેમજ શાંતિસ્નાત્ર યુકત ઉજવાયેલ દરરોજ પરમાત્માને ભવ્યાતીભવ્ય અંગ રચનાઓ ફળ–નૈવેદ્યની વિવિધ પ્રકારે ગોઠવણી પૂજા–પૂજનમાં વિવિધ પ્રભાવનાઓ સવાર–સાંજ શરણાઇવાળા અત્રે જિનમંદિરમાં દિપકની રોશની વગેરે થતું હતું. આસો વદી ૧ નાં રોજ સવારે ઓળીનાં આરાધકોને પારણા કરાવવામાં આવેલ. તથા ચાંદીની નોકારવાળીની પ્રભાવનાં તેમજ જુદા જુદા ભાવિકો તરફથી રોકડા રૂપિયાની પ્રભાવનાં કરેલ બપોરે વિજય મુહુર્ત શાંતિસ્નાત્ર ખૂબ જ ઉમંગ અનેઉત્સાહ પૂર્વક ભણાવાયેલ સાંજે સંઘ સ્વામિવાત્સલ્યનું જમણ થયેલ. વિધિ વિધાન માટે જામનગરવાળા શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહની મંડળીયે કરાવેલ સંગીત માટે ઓટાદથી હરેશકુમાર નાયક પધારેલ અત્રેના વેલ્સ મંડળે દરેક પ્રસંગોમાં ખૂબ જ સાથ અને સહકાર આપેલ.

રાજકોટ– અત્રે શ્રી વર્ધમાનનગરે પ. પૂ. મુનિરાજ શ્રી લાભવિજયજી મ. સાહેબ તથા પ. પૂ. મુનિરાજ શ્રી હિત દર્શનવિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં પટ્ટણી પ્રવિણચંદ્ર ગીરધરલાલ તરફથી તેમના ધર્મપત્નિ વિણાબેનના આત્મ શ્રેયાર્થે આસો સુદ ૭ થી ત્રણ દિવસની પરમાત્મા ભક્તિ મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયેલ આસો સુદ ૧૦ ને મંગળવારે બપોરે વિજય મુહુર્તે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ ખુબ સુંદર થઈ હતી. બાદ શ્રીફળની પ્રભાવના થયેલ વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખૂબ સુંદર રીતે કરાવેલા સંગીતમાં શ્રી જિનેન્દ્ર ભક્તિ મંડળે સારી જમાવટ કરી હતી.

પીંડવાડા, (રાજસ્થાન) – તપસ્વી સમ્રાટ પૂ. આ. દેવ શ્રી રાજતિલક સૂ. મ. સા. તથા ગચ્છાધિપતિ પૂ. આ. દેવ શ્રી મહોદય સૂ. મ. સા. ચાતુર્માસ બીરાજમાન છે, ચતુર્વિધ સંઘમાં આરાધના આદી સારી રીતે ચાલી રહી છે. પૂ. આ. દેવ શ્રી રાજતિલક સૂ. મ. સા. ને ૨૦૦+૮૨ મી વર્ધમાન તપની ઓળીનું પારણું ભાદરવા વદી ૦૧ રવીવારના ખુબ જ શાતા પૂર્વક થયેલ, આ નિમીતે ભાદરવા વદ ૧૧ થી પાંચ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ, નવપદપૂજન, સ્નાત્ર પૂજન મહોત્સવ, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા બૃહદ અષ્ટોતરી શાંતિસ્નાત્ર યુકત ખુબ જ ભવ્યતાથી ઉજવાયેલ.

દરરોજ પરમાત્માને ભવ્ય અંગરચના રાત્રે જિનમંદિરમાં દીપકની રોશની ફળ નૈવેદની ભવ્ય ગોઠવણી, જુદી જુદી પ્રભાવના, સંઘપૂજનો વગેરે થયેલ, જીવદયાની ટીપ પણ ખૂબ સારી થઇ હતી. વિધિ વિધાન જામનગર વાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખૂબ સુંદર રીતે કરાવેલા સંગીતમાં પાટણના આસુતોષ વ્યાસની મંડળીએ સારી જમાવટ કરેલી મહોત્સવ નીચેના છ ભાગ્યશાળીઓ તરફથી ઉજવાયેલ (૧) શાહ લાલચંદજી છગનલાલ (૨) શાહ મિલાપચંદજી હીરાચંદજી (૩) શાહ કુંદનમલજી તારાચંદજી મહેતા (૪) શાહ ધરમચંદજી તિલોકચંદજી ડોશી (૫) શાહ હંજમેન ભુરમલજી સરેમલજી સાદરીયા પરીવાર (હઃ લલીતકુમાર) (૬) શાહ ચંદનમલજી હંજારીમલજી (બેડાવાલા) પરિવારે લાભ લીધો હતો. બે સ્વામિ વાત્સલ્ય જમણ પણ થયા હતા.

શ્રી બ્રાહ્મણવાડાજી તીર્થ : અત્રે પ. પૂ. તપસ્વીસમ્રાટ આ. દેવ રાજતિલક સૂ. મ. સા. તથા ગચ્છાધિપતિ આ. દેવ મહોદય સૂ. મ. સા. તથા પ્રવચન કુશલ પૂ. આ. દેવ શ્રી હેમભૂષણ સૂ. મ. સા. ની શુભ નિશ્રામાં આ. સુદી ૧૪ થી સંઘવી પૃથ્વીરાજ ચીમનલાલ કોઠારી વાંકલીવાળા પરીવાર તરફથી ઉપધાન તપની મંગલ પ્રારંભ થયેલ છે. ૩૫૦ આરાધકો એ પહેલા મુહુર્તમાં પ્રવેશ કરેલ છે. આ નિમીતે ત્રણ દિવસનો જિને-દ્રભક્તિ મહોત્સવ ઉજવાયેલ આ. સુદ ૧૩ ના શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ સારી થઇ હતી. વિધી વિધાન જામનગરવાળા નવિનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સારી રીતે કરાવેલ સંગીતમાં અમદાવાદના વાસુદેવભાઈ આવ્યાં હતા.

પ્રવેશના દિવસે આરાધકોને આયોજક સંઘવી પરીવાર તરફથી કાંસાની થાળીનો સેટ તથા ચરવળો, મુહપત્તી, કટાસનાની પ્રભાવનાં થયેલ માળનો મહોત્સવ મા. સુદી ૩ નાં ભવ્ય રીતે ઉજવાશે.

પાર્લા (વેસ્ટ) માં શાસન પ્રભાવના

પૂ. જૈન શાસન શિરતાજ આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન અને પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. નિશ્રાવર્તી પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિ. મ. સા. આદિ ઠાણા તથા પૂ. સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. આદિ ઠાણા ભવ્ય સામૈયા સાથે આ. સુ. ૨ ના પાર્લા (વેસ્ટ) જૈન સંઘના આંગણે ચાતુર્માસાર્થે પધાર્યા ત્યારથી જ સંઘમાં આરાધનાની હેલી વરસી રહી છે. સ્વાગત પધરામણિ થતાં પ્રવેશના દિવસે ઉમટેલા માનવમહેરામણને ચાંદીના સિક્કા તથા રૂા. ૧૦ ની પ્રભાવના પ્રવચનોમાં શ્રાવકધર્મ વિધિ, પ્રકરણ, 'સમ્યગ્દર્શન', પ્રશ્નોત્તરી, રામાયણના આદર્શ પાત્રો તથા વિવિધ વિષયક પ્રવચનોમાં જૈન શાસનના રહસ્યોના

ઉદ્‌ઘાટન સાથે શાસ્ત્રીય સત્યોના ટંકાર, પ્રતિરવિવારીય બાલ સામાયિક શ્રેણી, શ્રાવિકા વર્ગમાં પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. ના પ્રેરણાદાયી પ્રવચનો, સામુદાયિક શ્રી શત્રુંજય તપ, પંચપરમેષ્ઠી તપ, સાંકળી અટ્ઠમ, સાંકળી અઠ્ઠાઈ વગેરે વિવિધ તપો પર્વાધિરાજમાં પણ ૩૧, ૨૧, ૧૬, ૧૫, ૧૧, ૧૦, ૯, ૭ ઇત્યાદિ ઉપવાસો ઢગલાબંધ અઠ્ઠાઇઓ વગેરે તપશ્ચર્યા, પૂ. ત્રપાગચ્છાધિપતિ સ્વર્ગીય ગુરૂદેવશ્રીની ચતુર્થ સ્વર્ગારોહણ તિથિ નિમિતે પંચાન્હિક મહોત્સવ, મહોત્સવમાં રોજ સ્વર્ગતશ્રીના ગુણાનુવાદ અ. વ. ૧૩ ના સ્વર્ગીય પૂ. મુનિરાજ શ્રી નયદર્શન વિ. મ. ની પંચમ સ્વર્ગતિથિ નિમિતે વ્યાખ્યાનમાં તેઓશ્રીના ગુણાનુવાદ વિરહગીત રૂા. ૨૧ થી સંઘપૂજન, શ્રી નવિનચંદ્ર મનસુખલાલ મહેતા તરફથી શ્રી વીશ સ્થાનક મહાપૂજન, અ. વ. ૧૪ પૂ. સ્વ. ગુરુદેવશ્રીના ગુણાનુવાદ, વિરહગીત, મીઠાઇ ઓક્ષની પ્રભાવના શેઠ શ્રી મણીલાલ ભોચરદાસ પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર ઇત્યાદિ પ્રસંગોથી ભર્યો ભર્યો મહોત્સવ, આવી ઐતિહાસિક આરાધનાઓ પાલીતાણા ઇતિહાસને સોનાની શાહીથી લખી રહી છે. પર્વાધિરાજની આરાધનાઓએ પણ વિક્રમ સ્થાપ્યો છે. મનનીય અને માર્ગદર્શક, પૂરક અને પ્રેરક એવા પ્રવચનો, તથા સ્તવન સજ્ઝાયોમાં કલાકો સુધી પણ આરોધકોની તન્મયતા, દેવદ્રવ્ય–જ્ઞાનદ્રવ્યનો તથા ગુરુપૂજનની ઉછામણિનો અભૂતપૂર્વ પ્રસંગ, ઇત્યાદિ બહુવિધ આરાધનાઓ દ્વારા ચાલુ ચાતુર્માસ પાલીતાણા ઇતિહાસમાં ચિરસ્મરણીય બની રહેશે. આ બધી આરાધનાઓની અનુમોદનાર્થે ભા. વ. ૮થી એક નવાન્હિક મહોત્સવ શરૂ થનાર છે. અને આસો સુ. ૧૪ થી શ્રી ઉપધાન તપનોય શુભારંભ થનાર છે. આ બધી આરાધનાઓથી ચાલુ ચાતુર્માસ એક સુવર્ણ ચાતુર્માસ બની રહી છે.

પૂ. આ. લ. શ્રી વિજય અશોકચંદ્ર સૂ. મ. ની તીર્થ આશાતના બોધ દુઃખભરી સૂચના – પાલીતાણા જેઠ વ. ૧૦ ના આવ્યા હતા ત્યારથી અત્રેનું વાતાવરણ જોતા દુઃખ થઈ જાય છે. યાત્રાળુઓ કર્મ છોડવા માટે પવિત્ર ધરતી પર દયાળુ દાદાની યાત્રા કરવા આવે વિશિષ્ટ જ્ઞાનના અભાવે ગિરીરાજ પર દહીં આદિ વાપરવા થુકવું શંકા દૂર કરવી તેમ નીચે ઉતર્યાબાદ પાઉભાજી તેમ અન્ય વસ્તુ રાત દિવસ જોયા વગર વાપરવાથી (ખાવાથી) પોતાના આત્માને ભારે બનાવે છે. તીર્થમાં બંધાયેલો કર્મ કયારે છૂટશે ? તે જ્ઞાની જાણે પરંતુ તમો ભાવીમાં પાલીતાણા આવો ત્યારે જરૂરથી ઉપર લખેલ પાપથી બચવું તેમજ ઘેર ગયા બાદ પણ ઉપયોગ પૂર્વકનું જીવન જીવવું જે જીવ ! તારું કલ્યાણ કયારે કરીશ ?

લી. અશોક વિ. ના અનુવંદના–વંદના.

(ખાસ ધ્યાનમાં લો લેશો–પૂ. જિનેન્દ્ર સૂ. મ. ઉપર લખેલા પત્રમાંથી)

જૈન આચાર્ય જિનેન્દ્રસૂરિની બદનક્ષી કરનારને શોધી કાઢવાનો મેજિસ્ટ્રેટનો પોલીસને આદેશ

—બિમલ અહેશ્વરી

મુંબઈ, તા. ૨૫ : અંદાજે ૪૨ વર્ષ પૂર્વે દીક્ષા લેનાર જૈન આચાર્ય જિનેન્દ્રસૂરિને બદનામ કરવાના તથા તેમને ઉતારી પાડવાના ઇરાદાથી મુંબઈનાં બે ગુજરાતી અખબારોમાં (સમકાલીન નહીં) બનાવટી નામે જાહેરખબર આપનાર કાવતરાખોરોને શોધી કાઢવાનો બોરીવલી કોર્ટના એડિશનલ ચીફ મેટ્રોપોલિટીન મેજિસ્ટ્રેટે પોલીસને આદેશ આપ્યો છે.

રાકેશ અને હિતેશ નામની બે અજ્ઞાત વ્યકિતઓની સહી સાથે ગયા મહિને પ્રગટ થયેલી આ જાહેરખબરમાં આચાર્ય જિનેન્દ્રસૂરિએ ન કર્યા હોય તેવાં નિવેદનો તેમને નામે મૂકવામાં આવ્યાં હતાં. જાહેરખબરમાં ગોરેગામનું અને સુરતનું જે સરનામું આપવામાં આવ્યું હતું તે પણ બનાવટી હોવાનું તપાસમાં માલૂમ પડયું હતું. જિનેન્દ્રસૂરિને લાખ લાખ ધન્યવાદ અને જાહેર ક્ષમાપના એવા શીર્ષક હેઠળ પ્રસિધ્ધ થયેલી આ જાહેરખબરમાં દેવદ્રવ્ય, ગુરુપૂજન તથા કામળી વહોરાવવાની રકમ વિશેના વિવાદનો ઉલ્લેખ કરાયો હતો. જાહેરખબરથી શરૂઆતમાં આચાર્ય જિનેન્દ્રસૂરિને એમ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે માત્ર ઇર્ષ્યા અને પક્ષરાગથી પ્રેરાઈને મેં શાસ્ત્ર વિરુધ્ધ ઘણાં મંતવ્યો સંઘ સમક્ષ શાસ્ત્રોને નામે મૂકયાં છે. જે મારી ભૂલ છે. શ્રી સકલસંઘ એ માટે મને ક્ષમા કરે.

હાલ મલાડ પૂર્વમાં રત્નપુરી દેરાસરમાં ચાતુર્માસ કરવા પધારેલા આચાર્ય જિનેન્દ્રસૂરિનો સંપર્ક સાધવામાં આવતા તેમણે કહ્યું હતું કે આખી જાહેરખબરમાં મારે નામે બાર જુઠ્ઠાં વાકયો મૂકવામાં આવ્યાં હતાં. તેમણે કહ્યું હતું કે આ જાહેરખબર છપાઈ ત્યારબાદ અમે પેપરોમ ખુલાસો કરતી જાહેરખબર આપી હતી. સાધનોએ કહ્યું હતું કે સંવત ૨૦૪૪માં મળેલા અધિવેશનમાં અનેક અશાસ્ત્રીય ઠરાવો મંજૂર કરાયા હતા અને આ ઠરાવો સામે આચાર્ય જિનેન્દ્રસૂરિના આજદિવસ સુધીના વિરોધને લીધે કદાચ તેમના વિરૂધ્ધ આ જાહેરખબર અપાઈ હશે. આચાર્ય જિનેન્દ્રસૂરિ માને છે કે દેવદ્રવ્યનો ઉપયોગ માત્ર દેરાસર બાંધવામાં અને જીર્ણોધ્ધાર કરવામાં જ થવો જોઇએ. આ ઉપરાંત કામળી વહોરાવવાની રકમ ભંડારામાં જમા કરાવવાનું અને ગુરૂપૂજનનું દ્રવ્ય વેયાવચ્ચમાં ન વાપરવું જોઇએ એવું આચાર્ય જિનેન્દ્ર માને છે. શ્રાવક ન હોય તો મંદિરમાં પૂજા બંધ કરી દેવી જોઇએ એવો પણ એક અશાસ્ત્રીય ઠરાવ અધિવેશનમાં પસાર કરાયો હતો, જેની સામે

પણ આચાર્યને વાંધો છે, એમ પણ સાધનોએ કહ્યું હતું.

જાહેરખબરના પ્રકાશન બાદ મલાડ-પશ્ચિમમાં માર્વે રોડ ઉપર રહેતા ચુસ્ત જૈન શ્રાવક હમીરમલ માણેકચંદ બોરીવલીની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. અરજીમાં તેમણે કહ્યું હતું કે જાહેરખબરમાં આચાર્ય વિરૂધ્ધ કપોળકલ્પિત અને પાયા વગરના આક્ષેપો કરાયા છે. ૨૪ નંબરની કોર્ટના અડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ નાયક નવેરેએ ક્રિમિનલ પ્રોસીજર કોડની ૧૫૬ (૩) મી કલમ હેઠળ દિંડોશી પોલીસને આ જાહેરખબર આપનારા કાવતરાખોરોને શોધી કાઢવાનો હુકમ કર્યો છે. આજે દિંડોશી પોલીસને જજના ઓર્ડરની નકલ સુપરત કરાઇ હતી. દરમિયાન સાધનોએ કહ્યું હતું. કે દિંડોશી પોલીસ એફ આઇ આર તૈયાર કરી આ જાહેરખબર બુક કરનાર કામદાર પબ્લિસિટીના માલિક મહાસુખ ભાઇ કામદાર અને નોબેલ પબ્લિસિટી સર્વિસીસ લિમિટેડના માલિક ભગવાન ભાટિયા તથા જાહેરખબર છાપનાર અખબારોના તંત્રી, મુદ્રક અને પ્રકાશક સામે પગલા લેશે. જાહેરખબર આપનારા કાવતરાખોરો સામે બદનક્ષીપેટે ૨૫ લાખની માગણી કરાઇ છે. એ ઉપરાંત તેમની સામે બનાવટનો કેસ પણ કરાયો છે.

સાધનોએ કહ્યું હતું કે જાહેરખબર છપાવા પાછળ જૈનોમાંના કયા જૂથનો હાથ છે તેની તપાસ પણ પોલીસ કરશે. ફરિયાદી હમીરમલ માણેકચંદ જૈન વતી જાણીતા એડવોકેટ રશ્મિકાંત મહેતા હાજર રહ્યા હતા.

[સમકાલીન તા. ૨૫-૧૦-૯૫ પેજ૧]

શાસન સમાચાર

લિવંડી નગરે : શ્રી લીડ ભંજન સંઘના આંગણે પૂ. સ્વ. પ્રભાવક પ્રવચનકાર, લેખક આચાર્યદેવ શ્રીમદ્ વિજય વીરસેનસૂરીશ્વરજી મ.સા. ની દ્વિતીય પુણ્યનિમિત્તે સંતિકરંપૂજન, ભક્તામરપૂજન સહપંચકલ્યાણ મહોત્સવ પૂ. શાંતિમૂર્તિ આ. શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં આ. વ. ૭ રવિવાર તા. ૧૫-૧૦ આ. વ. ૧૧ સુધ ઉજવાયો.

અંધેરી : ઇસ્ટ- અત્રે શાહ વીરપાર સામત પરિવાર તરફથી તેમના ચિ. પાનાચંદભાઇના ધર્મપત્ની પાનીબેનના એકાંતર ૫૦૦ આંબેલની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન પૂ. આ. શ્રી વિજય મહાનંદસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂ. મ. ની નિશ્રામાં રાખેલ. પૂજન શ્રી પાનાચંદભાઇ તથા સંગીતકાર શ્રી મનુભાઇ પાટણવાળા પધારેલ આમંત્રિતની સાધર્મિકભક્તિ રાખેલ.



- ભૌતિકસુખ અને પૈસો એ બે ચીજ જે જગતમાં કિંમતી થાય તે જગત ધર્મ માટે નાલાયક કહેવાય !
- ધર્માત્માને કદાચ સંસારમાં રહેવું પડે અને રહે તો તે ઘરને પણ દેવતાઈ બનાવે અને સુખી બનાવે.
- વીતરાગનો સાધુ જગતથી નોખો હોય, જગતના સાધુથી નોખો, જગતના સાધુને ગામ હોય– દેશ હોય, જમીન હોય જાગીર હોય, જ્યારે વીતરાગના સાધુને તેમાંનું કાંઇ ન હોય ! વીતરાગનો સાધુ એટલે જેને ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ અને પાસે કુટી કોડિ નહિ.
- અનાદિથી અનંત આત્માઓ કર્મથી સહિત છે, તે બધા આત્માઓ પર કર્મનું સામ્રાજ્ય ચાલે છે. તેથી તે બધા જીવો કર્મ જે વિચાર આપે તે કરે છે, જેમ બોલાવે તેમ બોલે છે અને જેમ કરાવે તેમ કરે છે. સુખની લાલચમાં અનેક જાતિના પાપ કરે છે, ધર્મને અધર્મ બનાવી કરે છે અને મોટેભાગે દુઃખમાં સબડે છે
- કોઇપણ જાતિની ઇચ્છાનો અભાવ તેનું નામ જ વાસ્તવિક સુખ.
- ભગવાન શ્રી જિનેશ્વર દેવના ધર્મના આરાધક આગળ મોહ કુતરા જેવો છે.
- દુનિયાના સુખીનો અને ધર્મભાવ પેદા ન થાય તેવા જીવનો પુણ્યોદય મામુલી છે. અને પાપોદય ભારે છે.
- જીવને ધન જ્યાં સુધી ખરાબ ન લાગે ત્યાં સુધી સમજી લેવું કે– તેનું મિથ્યાત્વ ગાઢ છે, અવિરતિ ભારે છે, કષાયો નાચાનાચ કરી રહ્યા છે. તેવા જીવને ભગવાનનું દર્શન દર્શન રૂપે ફળે નહિ.
- પૈસો જેને વહાલો લાગે અને તેનું દુઃખ ન થાય તે અસલમાં જૈન જ નથી.
- જેને દુઃખ ખરાબ લાગે છે તેને જો પાપ ખરાબ ન લાગતું હોય તો તે ભારેમાં ભારે મોહાંધ છે.
- ધર્મ સાધુપણામાં જ તેનો તમને લાભ થાય એ જ 'ધર્મલાભ' નો અર્થ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે.શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૮ | અંક ૧૨

ઇન્દ્રિયોનો સાચો જય શું ?

न चेन्द्रियाणां विजमः
सर्वथैवा प्रवर्तनम् ।
रागद्वेष विमुक्त्था तु
प्रवृत्तिरपि तज्जयः ॥

ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓનો સર્વથા રોધ કરવો તે જ કાંઇ ઇન્દ્રિયોનો જય નથી પરન્તુ રાગ- દ્વેષનો ત્યાગ કરીને ઇન્દ્રિયોની પ્રવૃત્તિ કરવી તે પણ ઇન્દ્રિયોનો જય કહેવાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જય, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

૦ જાગરિકા– સારી રીતે ધર્મ ધ્યાનમાં પ્રવર્ત્તવું તે. તે જાગરિકા ત્રણ પ્રકારની છે.

શ્રી ગૌતમ મહારાજાએ પ્રશ્ન કર્યો કે– " હે ભગવન ! જાગરિકા કેટલા પ્રકારની છે ? ભગવાને કહ્યું કે– "હે ગૌતમ ! જાગરિકા ત્રણ પ્રકારની છે પહેલી બુદ્ધ જાગરિકા તે કેવલી ભગવંતને હોય છે. બીજી અબુદ્ધ જાગરિકા, તે છદ્મસ્થ અનગાર-મુનિને હોય છે. અને ત્રીજી સુદક્ષ જાગરિકા, તે શ્રમણોપાસક–શ્રાવકોને હોય છે.

૦ ક્રોધાદિકનું ફલ શું ? ભગવાને કહ્યું– "ક્રોધ, માન વગેરે કષાયો આયુષ્ય કર્મ સિવાયના સાત કર્મની શિથિલ બંધનવાલી પ્રકૃતિઓને દૃઢ બંધનવાલી કરે છે.

૦ કોણ કયો સ્વર બોલે અને તે સ્વની ઉત્પત્તિ કયાંથી તે અંગે– મયુર 'ષડજ' સ્વર બોલે છે. કુકડો' 'ઋષભ' સ્વર બોલે છે, હંસ 'ગાંધાર' સ્વર ઉચ્ચારે છે, ગવેલક 'મધ્યમ' સ્વર બોલે છે, વસંતઋતુમાં પુષ્પ ખીલવાના સમયે કોયલ 'પંચમ' સ્વર બોલે છે અને હાથી સાતમો નિષાદ સ્વર બોલે છે.

કઠમાંથી ષડ્જ સ્વર ઉત્પન્ન થાય છે, હૃદયમાં ઋષભ ઉદ્ભવે છે, નાસિકામાંથી ગાંધાર પ્રગટે છે, નાભિમાંથી મધ્યમ થાય છે, ઉરસ્થલ અને કંઠમાંથી પંચમ થાય છે, લલાટમાંથી ધૈવત થાય છે અને સર્વ સંધિમાંથી નિષાદ ઉદ્ભવે છે. આ પ્રમાણે સાતે સ્વરોની ઉત્પત્તિ છે.

શ્રાવકના બાર વ્રતોનો વ્યવહાર અને નિશ્ચયથી વિચાર કરત બીજા વ્રતમાં જણાવ્યું છે કે– અસત્ય ભાષણથી નિવૃત્ત થવું તે વ્યવહારથી બીજું વ્રત છે અને શ્રી જિનેશ્વરદેવે કહેલ જીવ-અજીવનું સ્વરૂપ અજ્ઞાન વડે વિપરીત કહેવું અને પરવસ્તુ જે પુદ્ગલાદિક છે તેને પોતાની કહેવી તે જ ખરેખરૂં મૃષાવાદ છે. તેનાથી જે વિરમવું તે નિશ્ચય નયથી બીજું વ્રત છે. આ વ્રત વિના બીજા વ્રતોની વિરાધના કરે તેનું ચરિત્ર જાય છે પણ જ્ઞાન અને દર્શન એ બે રહે છે. પરન્તુ નિશ્ચય મૃષાવાદથી વિરાધિત થતાં જ્ઞાન, દર્શન અને ચરિત્ર ત્રણે જાય છે. આગમમાં પણ કહેલ છે કે– "એક સાધુએ મૈથુન વિરમણવ્રત ભાંગ્યું અને એકે બીજું–મૃષાવાદ વિરમણ વ્રત ભાંગ્યું છે, તો તેમાં પહેલો સાધુ આલોચના વિગેરેથી શુદ્ધ થાય છે પણ બીજો મૃષાવાદ વિરમણ વ્રતનો ભંગ કરનાર સ્યાદ્વાદ માર્ગનો ઉત્થાપક હોવાથી આલોચનાદિક વડે શુદ્ધ થતો નથી."

(અનુ. દાઈ. ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ. આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

• સંરક્ષકો •

પ્રેમચંદ મેઘજી મુકડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
મુકુંદરાયચંદ વીરચંદ શેઠ (વઢવાણ)
ચીમનચંદ ધરમશી મુકડા (ધ્રાંગધ્રા)

વર્ષ: ૮] ૨૦૫૨ કારતક વદ-૭ મંગળવાર તા. ૧૪-૧૧-૯૫ [અંક ૧૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, આસો સુદિ-૯ ને રવિવાર, તા. ૫-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ -૯. (પ્રવચન પાંચમું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— —અવ૦)

પ્ર૦ સ્વાર્થ નીતિ–અનીતિ ઉપર આટલો પ્યાર કેમ મુકો છો ?

ઉ૦ ચાર્વાકો નથી સમજ્યા તેથી સત્યાનાશ નીકળી ગયું. આ વાત ન રૂચે તે તો ઢાંગી હોય. રોજ મજેથી અનીતિ કરનારો હૈયેનો સારો ન જ હોય તેવા નરફેટનું અહીં કામ નથી.

જીવવા માટે અનીતિ કરવી જ પડે તેમ છે તેમ માનો છો ? અનીતિ કરનારા છતે પૈસે દુઃખી ઘણા છે. તમારો ચોપડો તમે કોઇને બતાવી શકો તેમ નથી. તમારા ચોપડા લખનારા નોકરના તમે નોકર થઈ ગયા. અનીતિ–અન્યાય કરવો તે તો મહા બેવકૂફી છે, સંતાનનું સત્યનાશ કાઢવાનો ધંધો છે. તમે ખરાબ થયા માટે છોકરા ખરાબ થયા. જેનો છોકરો ભૂંડો તેના માબાપ ભૂંડા જ. તમે છોકરાને પૈસા વાપરવા આપ્યા તમને કયાં વાપર્યા તે પુછી પણ ન શકો તેવો પ્રેમ હોય ? અયોગ્ય છોકરાને ઘરમાંથી કાઢી મૂકવાનો બાપનો હક છે. અનીતિથી બંગલામાં રહેવા કરતાં ઝુંપડામાં રહેવું સારૂં.

પ્ર.– ભગવાન પાસે માગીએ તો વાંધો શો ?

૭૦– આવાને અમારી વાત અમે ખરી ? તો આ ગ્રન્થ ન વાંચું ને ?

સભા : આપ વાંચો. આજથી વીશ વર્ષ પહેલાં અમે ફુટપાથ ઉપર સૂઈ રહેતા હતા પણ તે વખતે કર્મની થીયરી માનતા હતા. પણ આજે તો અમારે કાંઇ કરવું નથી અને ભગવાન પાસે જ માગવું છે અને તેમાં આપની મહોરછાપ મરાવવી છે.

આવા આત્માઓ તો ભિખારી થઈ ચુકયા છે અને હજી તેઓને ભિખારી જ રહેવું છે એવા આત્માઓને સંભળાવું તો હું ય મૂરખમાં ખપું. ભગવાને કહેલી વાત કહેવા હું બેઠો છું. અમારું માનતા હો તો સંભળાવીએ. બાકી બળાત્કારે સંભળાવવું છે તેમ નથી. અમારી પાસે જે આવે તેને ભગવાને કહેલી વાત જ કહેવાના છીએ.

જે કહે કે ભગવાન પાસે માગીએ તો વાંધો શું ? તો તમારા બાપ ભગવાન ના પાડી ગયા છે કે, ભગવાન પાસે ન જ મંગાય ! ભગવાન પાસે તો મોક્ષ જ મંગાય, મોક્ષ સાધક ધર્મ માગાય પણ પૈસો ટકો તો ન જ માગાય. ન માગનાર ભગવાનના ભક્ત પાછળ ધનના ઢગલા થયા કરે.

ભગવાનની આજ્ઞા મુજબ મોક્ષ માટે જ ધર્મ કરનારની પાછળ પૈસો ભમે છે. ધનાજી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સુખના ઢેરના ઢેર મળતા હતા. શ્રી જૈન શાસનની કથાઓમાં ય આજ વાત આવે છે પણ સારી કથા તમે એક પણ યાદ રાખતા નથી. ધર્મી જીવ પૈસા માટે અનીતિનું પાપ મજેથી કરે ? ધર્મી જીવ ભુખનું દુઃખ વેઠે પણ પૈસા ટકાદિ માટે પાપ ન કરે ! જો તે પાપ ન કરે તો, 'પૈસા–ટકાદિ માટે ધર્મ ન કરે તો શું અધર્મ કરે ?' એમ તે બોલે ? આવું જે બોલે તેને ભગવાનનું શાસન સમજેલો કહેવાય ? ધર્મીને પૈસો માગવો ન પડે પણ પૈસો તો તેની પાછળને પાછળ દોડતો આવે.

શ્રી શાલીભદ્રજીના બાપ સાધુપણું પાળીને દેવ થયા છે. રોજ શાલીભદ્રજી અને તેની બત્રીશ સ્ત્રીઓ માટે, વસ્ત્રની, અલંકારની અને ખાવા પીવાદિની તેત્રીશ તેત્રીશ એમ નવાણું પેટી મોકલે છે. આજના પહેરેલા વસ્ત્ર અને અલંકાર બીજે દિવસે ન પહેરે. તેને ખબર પડી કે મારા માથે રાજા ય છે. તેથી વિચારે કે– "જેના માથે સ્વામી તેના પુણ્યની ખામી." મારા માથે તો ભગવાન જોઇએ. આખો સંસાર ભયંકર લાગ્યો. વિરાગ પૂર્વક દીક્ષા લીધી. ધર્મ પામેલ જીવ શું કરે ? અધર્મનો બચાવ કરે તે સહન કરાય ? સાધુ થઈને તમારી વકીલાત કરે. અધર્મનો બચાવ કરે તો તેને કેવો કહેવાય ? આવા જીવો તો મરી જાય પણ ભગવાનનો ધર્મ ન પામે. આજે ઘણા કહે છે કે –'સાધુની

વાત સારી પણ માનીએ તો આપણા ઘર–બારાદિ ન ચાલે. મહારાજની વાતમાં હા પાડવી પણ જેમ જીવતા હોઇએ તેમ જીવવું.

આજે ઘણા મારી પાસે કહેવરાવવા માગે છે કે, ભગવાન પાસે બધું જ મગાય તેમ કહો. આવું ઇચ્છે તે કલંક નથી ! વેશ્યાગામીને સારી વેશ્યા મલે તે ય ધર્મથી. પણ વેશ્યા ભગવાન પાસે મગાય ? બાપ પાસે મગાય ? જાતવાન હોય તે બોલે ? બાપ પાસે વેશ્યા માગે તો બાપ કહે કે વેશ્યાને ઘેર ખુશીથી જા ! પૈસા લઇ જા તેમ કહે ? કહે તો તે બાપ કહેવાય ? બાપ છોકરાને વેશ્યાવાડે જવા દે ? બાપને નીચું જ જોવું પડે ને ? વેશ્યાગામી છોકરા માટે બાપને કોઇ ફરિયાદ કરે તો બાપ ખુશ થાય કે નારાજ થાય ? તમે બધા કેવા બાપ છો ? કેવો છોકરો જોઇએ છે ? હરામખોર કે સારો ? છોકરો અનીતિ, લુચ્ચાઇ, લફંગાગિરિ કરે તો આબરૂ વધે ?

જે અનીતિ કરે તે ય મજાથી કરે તો તે ધર્મ સાંભળવા ય લાયક નથી. માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ છે તે ગુણ ન હોય અને જે દોષ હોય તેય રાજીથી કરે તો તે ધર્મ સાંભળવા માટે ય લાયક નથી. સંભળાવનાર થાકે પણ તે ન સમજે. સાધુને સાંભળવાના ખરા પણ કહેલ કરવાનું નહિ. ભગવાનના ગુણ ગાય પણ ભગવાને કહેલ ન માને તે ચાલે ? ભગવાનની પૂજા કરે અને ભગવાનની આજ્ઞા ન માને તો તે ભગવાનનો ભક્ત કહેવાય ખરો ? તમારો છોકરો તમારું કહેલ ન માને, ન કરે અને પૈસા ઉડાવ્યા કરે તો તેને ઘરની બહાર કાઢી મુકો ને ? સગાભાઇ લખેલી જાહેર ખબરો આવે છે ને કે– મારા નામે આની સાથે કોઇએ કશી લેવડ દેવડ કરવી નહિ ?

પ્ર૦ આ પેઢીની આબરૂનો પ્રશ્ન છે ?

ઉ૦ તમારી પેઢીની આબરૂ છે ? તમારો સગોભાઇ કહે કે, સાચવવા જેવું છે. ભાઇ સુખી છે માટે વિશ્વાસમાં ન અવાય. મને ય ઠગ્યો છે.

આજે તો ઘણાના ઘરમાં કોઇ મુરબ્બો પાકે તો તે બિચારો રોઇને જ જીવે. એવાઓ પાસેથી તો હોંશિયાર જ પોતાનો ભાગ લઇ શકે એવા આત્માઓ તો પોતાના ભાગીદારને ય સરખો ભાગ ન આપે. ભલા ભાગીદારનું ય લઇ લે એવા ઘણા છે. બાકી શ્રાવકો તો સ્પષ્ટ પણે કહે કે– અમે આવું કરતા નથી. કદાચ કર્યું હોય કે કરતા હોઇએ તો તે ખોટું જ છે.

તમારી બધી ખરાબીનું મુળ કારણ એકજ છે કે, ધર્મ જોઇએ તેવો ગમ્યો નથી. અધર્મથી દુઃખ તે માનતા નથી. મજેથી અધર્મ કરો છો અને અધર્મ કરો છો

તે ખોટું કરું છું એમ પણ માનતા નથી. તમને અધર્મ કરતાં દુઃખ થતું હોય કે એ વાત શકય નથી.– 'હું કેવો પાપી છું ! રોજ વ્યાખ્યાન સાંભળું છતાં હજી મને જચતું કેમ નથી ?' વળી. 'અધર્મ કરતાં દુઃખ થવું જ જોઈએ, હું ખોટું કરું છું તેમ લાગવું જ જોઇએ તો જ ધર્મ જચશે અને સાચી રીતે કરવાનું મન થશે.'

માટે જ આ મહાત્મા કહી રહ્યા છે કે, સુખ મોક્ષમાં જ છે. સંસારમાં સુખ છે જ નહિ, સંસારના સુખને સાચું સુખ કહેવું તે સુખ શબ્દનો વ્યભિચાર છે. સંસારના સુખમાં મજા કરે તે મરીને કયાં જાય ? સંસારનું સુખ ભોગવવા અને પૈસા મેળવવા પાપ કરે અને તેનુ દુઃખ પણ ન હોય તે મરીને કયાં જાય ? 'હું આ ખોટું કરું છું' આવું દુઃખ હોય તો હજી સદ્ગતિ થવાની સંભાવના છે.

પ્ર૦ અનીતિ કરે અને તેનું દુઃખ રાખે તે બે સાથે કયાં સુધી ચાલે ?

ઉ૦ નફ્ફટને તેનો બાપ પણ કહે કે, આને શિખામણ પણ ન અપાય. ઘરમાં ય ન માને તેને 'નઘરોળ' કહેવાય છે. તો હું તમને એવા કહું?

આ કાળમાં અનીતિ વગર ચલે તેમ નથી તેમ મારી પાસે હા પડાવવા આવે તો તેની વાતમાં હું હા ન કહું. તે તો મને પણ બનાવવા આવે છે. તેને ધર્મ ન જચે તો મારો વાંક નથી. તે તો ભગવાનનું ય માનતો નથી તો અમારું ન માને તેમાં નવાઇ નથી.

મોક્ષે જ જવું જોઇએ આમ સમજાવવા છતાં ય મોક્ષમાં જવાની ઈચ્છા ન થાય તો તે માને કે હું ભારે કર્મી છું. મારું ભારે કર્મ હલકું ન થાય તે ધર્મ લાભ ન કરે આટલું પણ જો સમજી જાય તો જીંદગી કાલથી સુધરી જાય. આજ સુધી કર્યું તે કર્યું. હવે ખોટું નથી કરવું હાથથી ખોટું કરતાં હાથ કંપે, હૈયાથી ખોટું કરતાં હૈયું કંપે તેને આસ્તિક કહ્યો છે. જે હાથથી દાન દેવાનું તે હાથે કોઇને લુંટાય ? જે જીભથી ભગવાનના ગુણ ગાઇએ તે જીભથી ખોટું બોલી શકાય ? તમે કહો કે, અમે ખોટું બોલીએ તે ખોટું કરીએ છીએ માટે અમારો ધર્મ દીપતો નથી. અમારા ધર્મે તેમ કહ્યું નથી. અમે તો પાપી છીએ આવું જો બોલશો તો ધર્મનો મહિમા વધશે ધર્મનો મહિમા ઘટારો નહિ તેટલી ભલામણ.



પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણિ. લિખિત

ધાર્મિક વહીવટ વિચાર પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

[બીજી આવૃત્તિ]

[સુજ્ઞ વાચકોને મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ—લેખક]

પ્ર૦ દ્રવ્યસપ્તતિકા અને વસુદેવ-હિંડી ગ્રન્થમાં તો સ્પષ્ટ જણાવ્યું છે કે 'ચૈત્યદ્રવ્યનો નાશ થવાથી પૂજા વગેરેના નાશથી માંડીને યાવત મોક્ષ-પ્રાપ્તિ પણ રૂંધાય છે' [પૃ. ૧૯૭ ૧૯૮] પ્રચુર દેવદ્રવ્ય પડ્યું હોવા છતાં તેમ થી પૂજા મહોત્સવાદિ કરવાની ના પાડીને તમે શ્રાવકોની ગુણ પ્રાપ્તિમાં રૂકાવટ નથી કરતા ?

ઉ૦ ના, જરાય નહિ. અમે તો દેવ-દ્રવ્યથી પૂજાદિ કરવાની ના પાડીને અવ-ગુણ પ્રાપ્તિમાં રૂકાવટ કરીએ છીએ. આ બન્ને ગ્રન્થોની વાતો તો એકદમ સ્પષ્ટ છે. ચૈત્યદ્રવ્ય એટલે ચૈત્ય સંબંધી દ્રવ્ય. પછી એ ભક્તિ માટે આવેલું હોય કે ભક્તિ સ્વરૂપે આવેલું હોય. દેવદ્રવ્યનો અર્થ પણ આવો જ થાય. દેવની ભક્તિ માટે કે દેવની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આવેલું દ્રવ્ય-દેવ સંબંધી દ્રવ્ય-દેવદ્રવ્ય કહેવાય. આમાંથી, દેવની—ચૈત્યની ભક્તિ માટે આવેલું દ્રવ્ય નાશ પામે તો પૂજા-દિનો નાશ થાય. અને પરંપરાએ મોક્ષ-પ્રાપ્તિ પણ રૂંધાય. આમાં વળી દેવદ્રવ્યની કોથળીમાંથી પૂજાદિ કરવાની વાત ક્યાંથી આવી ગઇ ?

પ્ર૦ ઉપદેશપદ અને મૂલશુદ્ધિ-પ્રકરણના સંકાશ શ્રાવકના દૃષ્ટાંતમાં એવું આવે છે કે ' સંકાશ શ્રાવકે ભોજન-વસ્ત્રની આવશ્યકતાથી અધિક પોતાના બધા દ્રવ્યને દેવદ્રવ્ય બનાવ્યુ હતું અને તેમાંથી મહોત્સ-વાદિ કરાવ્યાં હતાં' [પૃ. ૧૯૯] આ પાઠ તો દેવદ્રવ્યથી મહોત્સવાદિ કરવાની સ્પષ્ટ છૂટ આપે જ છે ને ?

ઉ૦ સંકાશ શ્રાવકે દેવદ્રવ્ય ભક્ષણથી બંધાયેલ પાપના નાશ માટે કેવલી ભગ-વંત પાસે આવો અભિગ્રહ ધારણ કર્યો આ વાત યાદ રાખી. પણ, 'જે રીતે ચૈત્યના ઉપયોગમાં આવશે તે રીતે તેનો ઉપયોગ કરીશ.' એવી ભાવનાથી બધું દેવદ્રવ્ય બનાવવાનો અભિગ્રહ લીધો હતો. આ મહત્વની વાત કેમ ભૂલી જવાય છે ? આ દ્રવ્યને આજની ભાષામાં દેવકા સાધારણ જેવું દેવદ્રવ્ય બનાવ્યુ કહેવાય. આટલો વિવેક કરતાં પણ નથી આવડતું ?

આજે આવી રીતે થતું હોય તેની સામે અમારો કોઇ વિરોધ નથી. પણ આ સંદર્ભને મરડીને દેવદ્રવ્યની કોથળી ઢીલી કરીને મહોત્સવાદિ કરવાની વાત કરનારાઓની અમે ભાવદયા ચિંતવીએ છીએ. શાસનદેવ તેઓને સંઘના શ્રાવકના અભિગ્રહ જેવી સદ્‌બુદ્ધિ આપે !

પ્ર૦ 'દેવદ્રવ્ય તરીકે ઓળખાતા, દેવદ્રવ્ય તરીકે ગણાતા, જેને શાસ્ત્રકારો દેવદ્રવ્ય કહે છે...' ઇત્યાદિ તમારા વાક્યો ઉપરથી અમને શંકા પડે છે કે ખરેખર આને તમે દેવદ્રવ્ય માનો છો કે નહિ ? [પૃ ૨૦૦]

ઉ૦ મુદ્દાની વાત કરી તમે. ખરેખર તો શાસ્ત્રકારોએ જિનભક્તિમાં વાપરી શકાય તેવા અને જીર્ણોદ્ધાર વગેરેમાં વાપરી શકાય તેવા બન્ને પ્રકારના દ્રવ્યને દેવદ્રવ્ય જ કહ્યું છે, પણ તે બ-નેના ઉપયોગની ભેદરેખા જીવંત માનીને ! તે સમયના શ્રાવકો પણ આ ભેદરેખા બરાબર સમજતા હોવાથી શાસ્ત્રકારોએ બન્ને પ્રકારના ઉપયોગમાં આવતા દ્રવ્યને ફક્ત 'દેવદ્રવ્ય' શબ્દથી જ ઓળખાવ્યું છે. (મને લાગે છે કે સમય જતાં એવી સમજમાં ઢીલાસ આવવાના કારણે જ 'દેવકું સાધારણ' જેવો શબ્દ પ્રચલિત બન્યો હોવો જોઇએ. શ્રાવકો વહીવટમાં જરાપણ ગરબડ ન કરે કે ગેરસમજ ન કરે તે માટે દેરાસર સંબંધી દ્રવ્યના બે વિભાગ પડાયા : (૧) દેવદ્રવ્ય. (૨) દેવકું સાધારણ. આ દ્રવ્યોનો ઉપયોગ [૧] દેવદ્રવ્ય જીર્ણોદ્ધારાદિમાં વપરાય. [૨] દેવકું સાધારણ જિનભક્તિના કાર્યમાં વપરાય. આમ, દેરાસર સંબંધી વહીવટમાં મુખ્ય આ બે ખાતાં જ પ્રચલિત બનાવ્યા [આમાં શ્રી સંબોધ પ્રકરણમાં દર્શાવેલાં ત્રણે પ્રકારના દેવદ્રવ્યનો સમાવેશ થઇ જાય છે. અને વ્યવસ્થાની મર્યાદા પણ તેમાં જણાવ્યાનુસાર જળવાય છે.] જરૂર મુજબ તેમાં પેટાભેદો ઉભા થઇ શકે. જેમકે— દેવકું સાધારણ – (૧) આંગી ખાતું (૨) જિનપૂજા સામગ્રી ખાતું (૩) દેરાસરના માણસોને આપવાનું પગાર ખાતું વગેરે વગેરે...) દેવદ્રવ્ય અને દેવકા સાધારણના ઉપયોગ અંગેની શ્રદ્ધા દૃઢ રહેવાના કારણે સંઘના વહીવટની વ્યવસ્થા સંબોધ પ્રકરણમાં જણાવેલ વ્યવસ્થા મુજબ બરાબર જળવાય રહેતી હતી. વિ. સં. ૨૦૪૪ના સંમેલને આ શ્રદ્ધા અને વ્યવસ્થા ઉપર કુઠારાઘાત કર્યો, તેથી હવે અમારે 'દેવદ્રવ્ય તરીકે ઓળખાતા' વગેરે શબ્દો વાપરવા પડે છે; બાકી સંબોધપ્રકરણ આદિમાં જણાવેલ વ્યવસ્થાને ચુસ્તપણે સ્વીકારતી વ્યાખ્યા મુજબનું દેવદ્રવ્ય અમે માનીએ જ છીએ. 'શબ્દછળ' ના રસ્તે જવાનો કોઇનો ઇરાદો હોય તો એમાં અમારો ઉપાય નથી.

પ્ર૦ 'જિનપૂજા સ્વદ્રવ્યથી જ થાય' ઇત્યાદિ કહેનારા પાછા એમ પણ કહે છે કે 'સાધુની અગ્નિસંસ્કારની ઉપજમાંથી પૂજા મહોત્સવાદિ

કરી શકાય'. આ શું પોતાના જ વચનને પોતાના જ અન્ય વચનથી હણવાનું નથી? [પૃ. ૨૦૨]

ઉ૦ ના, બિલકુલ નહિ. 'રસત્યાગ યથાશક્તિ કરવો જ જોઈએ' એમ કહેનારા શાસ્ત્રકારો પછી એમ પણ ફરમાવે છે કે 'સાધર્મિકોની ભક્તિ ઉત્તમોત્તમ દ્રવ્યોથી કરવી જોઈએ. શું શાસ્ત્રકારોનું આ વચન પોતાના જ અન્ય વચનથી હણાય છે એમ માનો છો? ના, ન જ માની શકાય. હા, 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઈએ' એ શાસ્ત્રીય નિયમની સામે પડેલા એવું માનતા હોય તો કમભાગ્ય તેઓના! આપણે શું કરશું?

પ્ર૦ શ્રાદ્ધવિધિનો 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવાનો' પાઠ ભોળા લોકોને ઉંધે માર્ગે ચડાવવા માટે જ તમે અધૂરો રજુ કર્યો છે? આખો પાઠ જોતાં કોઇને આવી શંકા પડે છે! [પૃ. ૨૦૨, ૨૦૩]

ઉ૦ અમને તો શંકા જ નહિ, ચોકકસપણે લાગે છે કે તેમણે કદાચ આખો પાઠ જોયો નહિ હોય, કાં તો પાઠ રજુ કરતી વખતે મહત્વની પંકિતઓ છૂપાવી છે. આ કામ શ્રાવકોને ઉંધે રસ્તે ચડાવવા તો નથી થયું ને?

પ્ર૦ એમણે કયાં અધૂરો પાઠ રજુ કર્યો છે? 'વૃથાજન પ્રશંસાદિ-દોષવાળો' આખો પાઠ રજુ કર્યો નથી?

ના, આખો પાઠ રજુ કર્યો નથી. કારણ કે સ્વદ્રવ્યથી જિનપૂજા કરવાના પાઠમાં આવતા 'પ્રાગુકતદોષાત'થી બહુ જ આગળ કહેલા 'વૃથાજન પ્રશંસાદિ દોષ' ને તેઓ પકડે છે. પણ 'પ્રાગુકતદોષાત' થી નજીકમાં રહેલો 'અનાદરાવજ્ઞાદિદોષ' વાળો પાઠ કેમ છાપતા નથી? આ નજીક રહેલો પાઠ તેમની માન્યતામાં વાંધો લાવે છે એટલે તે છૂપાવાય છે? ભોળા લોકોને ઉંધે માર્ગે કોણ ચઢાવે છે તે ફરી વિચારવા જેવું છે.

પ્ર૦ 'અનાદરાવજ્ઞાદિદોષ' વાળો પાઠની ખબર છે. પણ 'પૂર્વોકતદોષ' તરીકે એ ન લેવાય 'વૃથાજનપ્રશં-સાદિદોષ' જ લેવો પડે એમ માનવું ઠીક લાગે છે.

ઉ૦ કારણ કે દેવદ્રવ્યથી જિનપૂજા કરે તેને 'જિનેશ્વરદેવનો અનાદર-અવજ્ઞા કરવી વગેરે દોષ લાગે' એવું જાહેર થઇ જાય તો ગમે તેટલું સમર્થન કરવા છતાં, શ્રાવકો જિનેશ્વરદેવનો અનાદર-અવજ્ઞા વગેરેનો દોષ પોતાના માથે લેવા તૈયાર ન થાય. આટલા માટે જ આ દોષ નથી માનવોને? બાકી 'ગૃહચૈત્યથી જ ગૃહ-ચૈત્યને પૂજે પણ સ્વદ્રવ્યથી ગૃહચૈત્યને ન પૂજે તો અનાદર અવજ્ઞાદિ દોષ લાગે' તો પછી 'સંઘ ચૈત્યના દેવ-દ્રવ્યથી સંઘ ચૈત્ય પૂજે પણ સ્વદ્રવ્યથી સંઘચૈત્ય ન પૂજે' તો અનાદર અવજ્ઞાદિ દોષ કેમ ન લાગે? વાસ્તવમાં લાગે જ. પરંતુ કહેવું આવે તેવું નથી માટે તે સ્વીકારવા તૈયાર થતા નથી. આ રહ્યા તેમના શબ્દો : 'સંઘમંદિરમાં જયાં સંઘ દ્વારા જ યોગ્ય રીતે દેવદ્રવ્યમાંથી કેસર-સુખડ વગેરેની વ્યવસ્થા થઇ હોય ત્યાં કોઇ શ્રાવક એ કેસર-સુખડ વગેરેથી પ્રભુ

પૂજા કરે. તો ત્યાં સંઘ જાણતો જ હોય છે કે આ કેસર-સુખડ વગેરે દેવદ્રવ્યનું છે આ શ્રાવકનું પોતાનું નથી. તેથી તેની વૃથાપ્રશંસા વગેરે વગેરે થવાના દોષની સંભાવના રહેતી નથી. તો પછી શા માટે શ્રાવક એ દ્રવ્યથી પૂજા વગેરે ન કરી શકે ? આ દોષ ન રહેતો હોય તો, ગૃહ-મંદિરવાળા શ્રાવકને પણ એમાંથી મુખ્ય મંદિરમાં પૂજા કરવાનું વિધાન છે, તો સર્વશ્રાવકો માટે પણ એ પૂજાને વિહિત માનવી જ પડે. [પૃ. ૨૦૪, ૨૦૫]

અહીં આ લખાણમાં જે શ્રાદ્ધવિધિના પાઠની વાત કરીને સંમેલનના સમર્થકો સર્વશ્રાવકો માટે દેવદ્રવ્યથી પૂજા વિહિત છે એમ મનાવી રહ્યા છે. તે પાઠ જ અધૂરો છે. વચમાંનો 'દેવદ્રવ્યથી પૂજા કરે તો અનાદર-અવજ્ઞા વગેરે દોષ લાગે' આ શ્રાદ્ધવિધિનો જ પાઠ છુપાવીને પાપભીરુ આત્માઓ સાથે તેઓ પદ્ધતિસરનો પ્રપંચ ખેલી રહ્યા છે. આમ, શ્રાદ્ધવિધિનો સમગ્ર પાઠ વિચારતાં 'વૃથાજન-પ્રશંસાદિદોષ' જ નહિ, અનાદર-અવજ્ઞા વગેરે દોષ પણ દેવદ્રવ્યથી પૂજા કરનારને લાગે જ છે. કેવળ વૃથાપ્રશંસાના દોષનો પરિહાર કરવાના તર્કો લગાડવાથી નહિ ચાલે. હવે અનાદર અવજ્ઞા વગેરે લાગતા દોષનો પરિહાર કરવા માટે કુતર્કો શોધવા તેઓ કાશીના પંડિતોની મદદ લે તો એમના જેવા માટે નવાઈની વાત નથી,

[ક્રમશઃ]

થાણા-નવપાડામાં ઉપધાન

—: તપમાં જોડાવા માટે આમંત્રણ :—

થાણા નવપાડા ખાતે શેઠ ભગવાનજીભાઈનો બંગલો હરિ નિવાસ ચોક પાસે પૂ. હાલારદેશોદ્ધારક પૂ. આ. વિ. અમૃતસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ભાવિકો તરફથી ઉપધાન થશે. તેમાં જોડાવા આમંત્રણ આપવામાં આવેલ છે.

પ્રવેશ મુહુર્ત

પ્રથમ :- માગશર સુદ ૧૫ બુધવાર તા. ૬-૧૨-૬૫
બીજું :- માગશર વદ બીજ એકમ શુક્રવાર તા. ૮-૧૨-૬૫
નામ લખી મોકલશો પછી પ્રવેશ કાર્ડ મોકલાશે.

નામ લખવાના સરનામા

૧) શાહ મગનલાલ લખમણ માર્ફ : પારસમણિ, મહાત્મા ગાંધી રોડ, નવપાડા થાણા.
૨) શાહ નેમચંદ રાયશી : અવંતિકા, દેવીદયાલ રોડ, મુલુંડ વેસ્ટ.
૩) પ્રવીણચંદ્ર લીલાધર હરિયા : ગોપાલનગર, ભીવંડી.
૪) પ્રેમચંદ મેઘજી ગુઢકા : પરેલ, પોયબાવડી, શેઠે બિલ્ડીંગ મુંબઇ-૧૨.
૫) શ્રી વિમલનાથ દેરાસરજી : ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
૬) શ્રી ઓસવાળ કોલોની જૈન દેરાસરજી : સુમેર કલબ રોડ, જામનગર.
૭) શ્રી કામદાર કોલોની જૈન દેરાસર : પેથરાજ રાયસી રોડ, જામનગર.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૪૮] સુગ્રીવનો શલ્ય-સંહાર.

'પ્રચંડ પરાક્રમી વાનરરાજ મહારાજા વાલિના નામને બદનામ કરનારા મને ધિક્કાર છે.'

રામચંદ્રજી પાતાલ લંકામાં આવી પહોંચ્યા છે.

એ જ વારસામાં કિષ્કિંધા નગરીમાં એક ભયંકર આફત આવી પડી.

વાનરેશ્વર સુગ્રીવની પટ્ટરાણી તારાદેવી ઉપર ગાઢ અનુરાગી બનેલા કોઇ સાહસ-ગતિ નામનો વિદ્યાધર તારાદેવીને પોતાની પત્ની બનાવવાના ઇરાદાથી હિમવંત પર્વતમાં 'પ્રતારણી' વિદ્યાને સિદ્ધ કરીને આવ્યો.

મનફાવે તેવા રૂપો બનાવવાની આ વિદ્યાની તાકાતથી સાહસગતિએ આબેહુબ સુગ્રીવનું જ રૂપ ધારણ કર્યું. અને જ્યારે એકવાર સુગ્રીવ ક્રીડા કરવા માટે બહારના ઉદ્યાનમાં ગયો ત્યારે નકલી સુગ્રીવ (=સાહસગતિ) તારાદેવીના અંતઃપુરમાં પ્રવેશ કરવા માંડયો.

આ બાજુ સાચો સુગ્રીવ રાજમહેલે પાછો ફરતાં 'સુગ્રીવ રાજાતો હમણાં જ અંદર ગયા છે.' આમ કહીને તેને દ્વારપાળોએ અટકાવી દીધો.

બે-બે સુગ્રીવને જોઇને પ્રચંડ પરાક્રમી વાલિપુત્ર ચંદ્રરશ્મિએ તરત જ અંતઃપુરનું રક્ષણ કરવા દ્વાર ઉપર ઉભા રહીને અંતપુરમાં પ્રવેશવાની તૈયારી કરી રહેલા ખોટા સુગ્રીવને અટકાવી દીધો.

બન્ને સુગ્રીવમાંથી સાચા સુગ્રીવને ઓળખી નહિ શકતા ૧૪-૧૪ અક્ષૌહિણી સેના પણ બન્ને પક્ષમાં વહેચાઇ ગઇ.

સાચા સુગ્રીવે 'બીજાના ઘરમાં પેશી જનારા લુચ્ચા તું ઉભા રહેજે' આમ કહીને ખોટા સુગ્રીવને યુદ્ધ માટે લલકાર્યો. અને બન્ને સુગ્રીવો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. પરાક્રમશાલી બન્નેમાંથી કોઇ એકબીજાને જીતી નહિ શકતાં બે બળદોની જેમ બાખડીને બન્ને દૂર થઇ ગયા.

ખોટા સુગ્રીવને તો કશુ નુકશાન ન હતું જે કાંઇ પણ ચિંતા હતી તે સાચા સુગ્રીવને જ હતી. ખોટાને તો આખું સૈન્ય વગર મહેનતે મળી ગયુ હતુ. આથી પોતાની આફત દૂર કરવા માટે સાચા સુગ્રીવે મદદ માટે હનુમાનને બોલાવ્યા. અને હનુમાનની સહાય મળવાની આશાથી સાચા સુગ્રીવે ખોટાને ફરીવાર યુદ્ધ માટે આહવાન કર્યુ. પરંતુ બન્નેમાંથી સાચા સુગ્રીવને ઓળખી ના

શકતા આવ્યા હોવા છતાં હનુમાન સહાય કરી ના શકયા એટલું જ નહિ પણ હનુમાનના દેખતાં જ બેાટાએ સાચા સુગ્રીવને ઉત્કટ રીતે કૂટી નાંખ્યેા.

બીજી વખતના યુધ્ધથી તેા હતાશ-હતાશ થઇ ગયેલેા સાચેા સુગ્રીવ કિષ્કિન્ધા નગરીની બહાર જઇને રહ્યા.

જે તારાદેવીને પ્રાપ્ત કરવા સાહસ-ગતિએ આ સાહસ કર્યું હતુ તે તારાદેવીને જોઇ તેા શું પણ તેના અંતપુરના દ્વાર સુધી પણ વાલિપુત્ર પરાક્રમી ચંદ્રરશ્મિના કારણે જઇ શકયેા ન હતેા. તેથી તે પણ અત્યંત ઉદ્વિગ્ન જ હતેા.

આ બાજુ સાચેા સુગ્રીવ વિચારવા લાગ્યેા કે- 'આ કેાઇ સ્ત્રીલંપટ શત્રુ અહીં ઠગારેા બનીને આવ્યેા છે. મારા ગણાતા લેાકેાને પણ માયાથી તેણે પેાતાના બનાવી દીધા છે. આ છેતરપિંડા શત્રુને મારે શી રીતે હણવેા તે મને સમજાતુ નથી. પ્રચંડ પરાક્રમશાલી વાનરરાજ મહારાજા વાલિના નામને પરાક્રમથી ભ્રષ્ટ થઇને બદનામ કરનારા મને ધિક્કાર છે. એ મહાબલી વાલિરાજને ધન્ય છે કે જે અખંડ પુરૂષ-વ્રતવાળા જ રહીને તણખલાની જેમ રાજ્યને તજીને મેાક્ષમાં ગયા.

આ દુનિયામાં ચંદ્રરશ્મિ બળવાન હોવા અમારા બે સુગ્રીવના ભેદને જાણ્યા વગર કેાને હણે અને કેાનું રક્ષણ કરે? પરંતુ તેણે આ પાપી વેશધારી સુગ્રીવને અંતપુરમાં જતેા અટકાવી દઇને તેા અત્યંત સુંદર કામ કર્યું છે.

શત્રુઓને પેાતાની શક્તિથી કે અન્યની સહાયથી હણી જ નાંખવા જોઇએ. પણ હું આ લંપટ વેશધારીના વધ માટે તેનાથી બળવાન કેાનું શરણું લઉ?

જો કે ત્રણ ખંડના વણી રાવણનું શરણું સ્વીકારૂ પરંતુ તે તેા સ્વભાવથી જ સ્ત્રીલંપટ છે માટે તેતેા મને બન્નેને હણી નાંખીને પેાતે જ તારાદેવીને ઉઠાવી જશે.

આમ તેા આવા સંકટમાં ખરેખર સહાય કરવા સમર્થ હેાય તેા ખડતલ ખેચરેશ્વર ખરખેચર હતેા પણ હજી હમણાં જ સંગ્રામમાં સૌમિત્રિએ તેને હણી નાંખ્યેા છે.

હા... આ રામ લક્ષ્મણનું શરણું લેવા જેવું છે. જેણે હમણાં જ વિરાધને તેનું પિતૃરાજ્ય (પાતાલલંકા) પાછું અપાયું છે પણ મારી તેમની સાથે કેાઇ મૈત્રી નથી. પણ કઇ નહિ.... હમણાં જ દૂતને મેાકલી તેમનું શરણ સ્વીકારવાનું હું જણાવું" આવું નીચું મુખ રાખીને વિચારતાં સુગ્રીવે તરત દૂતને વિરાધ પાસે પાતાલ-લંકામાં મેાકલી બધી હકીકત જણાવતાં વિરાધે દૂતને કહ્યું કે- સુગ્રીવ અહીં ખુશીથી આવે. તરત જ દૂતના સમાચાર સાંભળીને સુગ્રીવે પાતાલલંકામાં જઇ પેાતાની વિતકકથા કહી. રામચંદ્રજી સ્વયં આવી જ કે'ક આફતમાં ફસાયેલા હેાવા છતાં શરણાગતનું રક્ષણ કરવા કિષ્કિંધા

આવ્યા. સુગ્રીવે રાજ્ય મળતાં જ સીતા-દેવીની શોધ કરવાનું વચન આપ્યું.

રામચંદ્રજીના પ્રબળ સહારાથી સુગ્રીવે વેષધારી દંપટ સુગ્રીવને યુધ્ધ માટે પડકાર્યો. બન્નેનું યુદ્ધ થતાં રામચંદ્રજી પોતે પણ પોતાના શરણાગત સુગ્રીવને ઓળખી ના શકયા. આથી ઘડીભર સંદિગ્ધ બન્યા. પણ પછી તરત જ વજ્રાવર્ત ધનુષ્યનો ટંકાર કરતાં પેલી પ્રતારણી વિદ્યા ફફડીને ભાગી જતાં સાહસગતિ છેવાડો પડી ગયો.

રામચંદ્રજીએ કહ્યું પાપી! છળ–કપટ કરીને પરસ્ત્રીને શીયળથી ભ્રષ્ટ કરવાના ધંધા કરે છે. રડાવ બાણ પાપી!' આમ કહીને સાહસગતિનો ભયંકર તિરસ્કાર કરીને એક જ બાણથી સાહસ-ગતિનો વધ કરી નાંખ્યો.

સુગ્રીવને કિષ્કિંધા ઉપર સ્થાપન કર્યો સુગ્રીવ પોતાની અત્યંત સુંદર તેર–તેર કન્યા રામચંદ્રજીને આપવા લાગ્યા ત્યારે રામચંદ્રજીએ કહ્યું– 'સીતાની ભાળ મેળવવા પ્રયત્ન કરો સુગ્રીવ! મારે બીજી કોઇ વસ્તુની જરૂર નથી.'

આમ કહી રામચંદ્રજી બહાર ઉદ્યાનમાં રહ્યા.

અને સુગ્રીવ કિષ્કંધાનગરીમાં ગયો.

શ્રી દાન–પ્રેમ–રામચંદ્ર–હીર–રાજતિલક–મહોદય સૂરિભ્યો નમઃ

દહાણુ રોડ નજીક સામટા બંદરે ચારિત્ર જીવનની પ્રાથમિક તાલિમ સ્વરૂપ મહામાંગલિક

શ્રી ઉપધાન તપની આરાધના પ્રસંગે

પધારવા ભાવભર્યું શ્રી સંઘ આમંત્રણ

શુભનિશ્રા :– પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિજયલલિતશેખર સૂ. મ.
પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિજયરાજશેખર સૂ. મ.
પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વીરશેખર સૂ. મ. આદિ

પ્રથમ મુહુર્ત : માગસર સુદ–૧૫ બુધવાર તા. ૬–૧૨–૬૫
બીજું મુહુર્ત : માગસર વદ દ્વિતીય–૧ શુક્રવાર તા. ૮–૧૨–૬૫

આયોજક : શ્રી સામટા શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ.

નમસ્કાર મહામંત્રાદિ મૌલિક સૂત્રો ગુરુ મુખેથી વિધિપૂર્વક લેવા જોઇએ. તે માટે દરેક શ્રાવકે અવશ્ય ઉપધાન તપ કરવો જોઇએ.

* સામટામાં નિર્દોષ પવિત્ર ભૂમિ હોવાથી આરાધના સુંદર થશે.
* સ્થંડિલ માતરુ વગેરે પરઠવવા માટે નિર્દોષ ભૂમિની સગવડ હોવાથી વાડાનો દોષ લાગવાની સંભાવના નથી.

ઉપધાન તપ કરાવનાર
શ્રીમતી હિવાળીબેન કિશનલાલ ઘોડાવત પરિવાર સામટા

સ્થળ :– મુ. પો. સામટા, સ્ટેશન–દહાણુરોડ, જિ. થાણા (મહારાષ્ટ્ર)

૦ દહાણુરોડ સ્ટેશનથી સામટા ૫ કિ. મી. ના અંતરે છે. સ્ટેશનથી બસ, રીક્ષા વગેરે સાધનો મળી શકશે.

એક ચિંતન

—પ્રજ્ઞાંગ

'धम्म समो नत्थि निहि, कोहसमो वेरिणो नत्थि ।'

આત્માનુ એકાન્તે કલ્યાણ ઇચ્છનારા પરમોપકારી પરમર્ષિઓ ભિન્ન ભિન્ન પ્રકારે હિતશિક્ષારૂપી પ્રસાદને આપવામાં જરાપણ કમીના રાખતા નથી અને જે આત્માઓ તે પ્રસાદને ઝીલે છે તેઓ કૃતકૃત્ય થઇ આત્મ કલ્યાણને સાધે છે. આવી જ સુંદર શિખામણની સુખડી આપતા ઉપકારી મહાપુરુષ અલ્પ શબ્દોમાં સમજાવે છે કે– "ધર્મ સમાન નિધિ નથી અને ક્રોધ સમાન બીજો શત્રુ નથી.

આ અસાર એવા સંસારમાં જો સારભૂત વસ્તુ હોય તો તે એક માત્ર શ્રી જિનેશ્વર દેવ કથિત ધર્મ જ છે. પુણ્યયોગે પ્રાપ્ત થતાં દુનિયાના નિધિ તો ક્ષય પણ પામે અને તે અહીં રહીં જાય અને તેને મૂકીને આત્મા એકલો ચાલ્યા જાય છે. ચક્રવર્ત્તીના નવનિધિ પણ અહીં જ રહી જાય છે અને ચક્રવર્ત્તીને પણ મરવું પડે છે તો તેવા અસ્થિર–ક્ષણિક એવા નિધિને માટે કોણ પ્રયત્ન કરે ? જ્યારે ભગવાનની આજ્ઞા મુજબ કરાતો એવો જે ધર્મ એવો અક્ષય નિધિ બને છે જે કયારે ય ખાલી થતો નથી કે નાશ પામતો નથી પણ જીવની સાથેને સાથે જ રહે છે. તો ખરેખર બુદ્ધિશાલી તે જ કહેવાય જે શાશ્વત એવા નિધિને મેળવવા પ્રયત્ન કરે.

ધર્મ નિધિ ત્યારે જ પેદા થાય કે જેથી ધર્મ ઉપર સાચી પ્રીતિ જન્મે કે– 'આ ભગવાનનો ધર્મ જ મારા માટે આધાર છે, શરણ છે, રક્ષણહાર છે.' આવી પ્રીતિ ઉત્પન્ન કરવામાં જો શત્રુભૂત હોય તો ક્રોધ છે. કેમકે, કહ્યું છે કે– 'कोहो पीइं पणासेइ' અર્થાત ક્રોધ એ પ્રીતિનો નાશ કરે છે. દુનિયામાં પણ બહુક્રોધીને લોક 'દુર્વાસા' ની ઉપમા આપે છે અને ચંડપ્રકૃતિવાળાને લોકો સો ગજ છેટેથી નમસ્કાર કરે છે અર્થાત તેનાથી દૂર જ રહે છે. ક્રોધી માણસના શત્રુ કોણ નહી હોય તે જ કહેવાય નહિ. તેવો આત્મા વાત–વાતમાં શત્રુઓને વધારી મૂકે છે. ક્રોધી આત્મા શારીરિક અને આત્મિક બંન્ને રીતના નુકશાન પામે છે માટે ક્રોધ સમાન કોઈ જ શત્રુ નથી. શત્રુને શત્રુ ઓળખી તેની પાસેથી પોતાનું કામ કઢાવે તે જ સાચો સમજુ કહેવાય અને આવી સમજ આપવાનું કામ ધર્મ કરે છે. માટે ધર્મરૂપ અક્ષય નિધિને પામવા ક્રોધ રૂપી શત્રુને વશ નહિ થતા તેને વશ કરી આપણું કાજ સિદ્ધ કરવું તેમાં જ બુદ્ધિ મત્તા છે. સૌ આવી બુદ્ધિમત્તાને કેળવી ધર્મ નિધિના સાચા સ્વામી બનો તેજ

કર્મોની સાથે કોઇની ભાગીદારી નથી

આત્મા ચેતન કર્મો જડ છે.

—શાહ રતીલાલ ડી. ગુઢકા (લંડન)

અનંતજ્ઞાની, વીતરાગ ભગવંતો ભવ્ય-જીવોને ઉપદેશ આપતાં ફરમાવે છે કે, હે ભવ્ય જીવો ! તમો સૌ પ્રથમ આત્માને નિહાળો. આત્માને દર્પણ જેમ જુઓ. આત્માને પીછાણો. આત્મા ચેતન છે ને કર્મો જડ છે. એ જડ હોવા છતાં ચેતન. એવા આત્માને હેરાન કેમ કરે છે ? તેનું એક જ કારણ છે કે આપણે આત્મા મોહને વશ થઈને કર્મ રાજાની કેદમાં પૂરાઇ ગયા છે ને તેથી તેને પોતાની શક્તિનો ખ્યાલ આવતો નથી.

આઠ કર્મો દ્રવ્ય કર્મો છે. એ દ્રવ્ય-કર્મની જડ જો કોઇ હોય તો ભાવ કર્મ એટલે તેનું મૂળ છે રાગ અને દ્વેષ. રાગ અને દ્વેષ એ બંને કર્મોના બીજ છે. નાનકડા બીજમાંથી મોટું વટવૃક્ષ થાય છે, ને ? એટલે જ્યાં લગી રાગ અને દ્વેષ એ બન્ને કર્મનાં બીજ છે તે બીજ નાબુદ નહિ થાય કે બીજ મૂળથી નહિ નીકળે ત્યાં સુધી દ્રવ્યકર્મ આત્માને કનડગત કરવાના છે. માટે જો આપણે સાચું સુખ મેળવવું હોય તો એવા ભાવને કેળવવો કે આપણા (મારા–તમારા) પુરાણા કર્મોને જલ્દી અપાવી શકીશું અને, નવા કર્મો ન બંધાય તે માટે સતત ઉપયોગ રાખીશું જાગતા રહેવું કે સજાગ રહેવું.

સુખતો દરેકને જીવ માત્રને જોઇએ છે પણ કર્મ બાંધતી વખતે જીવ ખ્યાલ નથી રાખતો કે હું કર્મ બાધું છું તે મારે એકલાને ભોગવવા પડશે. કર્મનો ઉદય થશે ત્યારે તે કર્મોની સાથે કોઇની ભાગીદારી કરાવવાનું નથી. કર્મનો કાયદો અટલ છે. અત્યાર સુધી બન્યું નથી. કે કર્મ ભોગવવામાં કોઇએ ભાગીદારી કરી હોય ને બનશે પણ નહિં. કર્મ તો જે છે તેને જ ભોગવવા પડે છે,

શુભાશુભ કર્મ અનુસાર જીવને શુભા-શુભ ગતિ મળે છે. નરકમાં જાય ત્યારે તેને કેવી સજા ભોગવવી પડે છે ? પરમ ધામીઓ તાડન, માડન, છેદન ભેદન કરે છે ભડભડતી અગ્નિમાં નાંખે છે. તે સમયે નારકો કેવો કરૂણ કલ્પાંત કરે છે. તે સમયે કોઇ તેને દુઃખમાં ભાગ પડાવવા તો શું પણ દુઃખમાં દિલાસો દેવા પણ કોઇ જતું નથી. સમજો કે નરકનાં દુઃખો પ્રત્યક્ષ દેખાતાં નથી પણ તિર્યંચોને તો આપણે સગી આંખે પ્રત્યક્ષ પશુ, પક્ષીને તો દેખી શકીએ છીએને ? કે આપ બધા નજરે દેખો છો ને ? બિચારા તિર્યંચોને પરાધીનપણે કેટલી ભૂખ તરસ વેઠવી પડે છે. કેટલો બોજો ઉપાડવો પડે છે. કયારેક કસાઇના હાથે કપાવું પડે છે.

સિવાય ટાઢ તાપ ભૂખ સહન કરવા પડે છે અને તેઓને જ્યારે અતિ પગમાં વેદના થાય છે કે પેટમાં કે બિચારા હેરાનગતિ-પામતાં પેટમાં શરીરમાં ભાંદા પડે છે પણ આ બધું દુઃખ અબોલપ્રાણી વધારે સહે છે. હવે આપણે કહીએ કે, દેવલોકમાંનો સુખ છે, પણ એ સુખ ભૌતિક છે. આત્માનું સુખ નથી. મનુષ્યમાં પણ, કોઇને ધનનુ, કોઇને સંતાનનું દુઃખ છે. કોઇનું શરીર સારૂં નથી. કોઇ સંપૂર્ણ સુખી નથી. કોઇને મનની વેદના તો, કોઇને તનની વેદના પણ પૂર્ણ સુખતો સિદ્ધ ભગવંતને છે. ત્યા દુઃખનો અંશ પણ નથી. અને તે સુખ આવ્યા પછી કદી જવાનું નથી. તેવું એકાંત અને શાશ્વત સુખ તેમને છે. આવા શાશ્વત સુખને જીવ કેમ પામી શકતો નથી? તેનું એક જ કારણ છે. રાગ અને દ્વેષ કરીને જીવ વિવિધ પ્રકારનાં કર્મો બાંધે છે એના માટે આપણે વિચાર કરવાનું સુખ અને દુઃખ શું છે? જીવને પદાર્થ મેળવવાની ઇંખના જાગે એટલે દુઃખનો પ્રારંભ થયો. કારણ કે જ્યાં ઇચ્છા છે ત્યાં દુઃખ છે ને જેની ઇચ્છા દુર થઇ તે સુખી છે, સંતોષી નર સદા સુખી. અનાદી કાળથી જીવ ઉદ્યમ કરતો આવ્યા છે. કોઇ પણ જીવ ઉદ્યમ વિનાનો નથી. પણ જીવોની રૂચિ ભિન્ન ભિન્ન હોય છે પણ સરવાળે મત એક હોય છે. જેમ ચોપડામાં ખાતા ઘણા હોય છે તેનો સરવાળો એક હોય છે તેમ જગતમાં જીવો જુદા જુદા પ્રકારની રૂચી-વાળા હોય છે. છતાં દરેકની ઇંખના એક હોય છે. તે ઇંખના કઇ? આપ દરેક સમજી ગયા હશો કે આપ દરેકની આટલી સમજણ તો હશે જ કે દુઃખ કેમ જાયને સુખ કેમ મળે અને એ સુખ માટે આપણે પુરૂષાર્થ કરીએ છીએ. દરેક જીવો પુરૂષાર્થ કરે છે. છતાં સુખ મળતું નથી, ને દુઃખ ટળતું નથી. હવે આપણને બધાને તમને અમને સમજાય છે કે સાચું સુખ આત્માના ઘરમાં છે.

આવા સમયે કોઇને પ્રશ્ન ઉપસ્થિત થાય ખાતો કોઇ સાધુ સંતોને પૂછે કે પરદેશમાં કોઇ વૃતધારી કે ધર્મી શ્રાવક શ્રાવિકાને પ્રશ્ન કરે કે તમો ધર્મીઓ અગર તો આ જગતમાં ઘણાં મનુષ્યો શાસ્ત્રોનું વાંચન કરે છે. શ્રવણ અને મનન કરે છે. તપ જપ ધ્યાન અનેક ધર્મો ક્રિયા ઓ કરે છે, છતાં તેમને કેતાં આપણને ખરા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કેમ નથી થતી? એના ઉત્તરમાં સંતપુરૂષો જ્ઞાનીઓ દૃષ્ટાંત આપે છે કે જેમકે સમડી આકાશમાં ઘણે ઉંચે સુધી ઉડે છે પણ તેની દૃષ્ટિ તો આ પૃથ્વી ઉપર કયાં અભક્ષ્ય (માંસનો) લોચો પડયો છે. તે તરફ હોય છે. એ ગમે તેટલી ઉંચે જવા છતાં માંસના લોચાને શોધતી હોય છે એક બીજો દાખલો જેમ કે આપણને શેઠ દૂર દૂર સુધી કામ માટે કે વસ્તુ લઇ આવવા કે મુકવા માટે મોકલે ત્યારે આપણને એક જ ધ્યેય હોય છે. કે કયારે આ કામ પુરૂ થાય અને જલ્દી ઘરે જાઉ. (ક્રમશઃ)

વય વૃદ્ધસ્થવિર પૂ. મુનિરાજ શ્રી જય ભૂષણ વિજયજી મ. નો કાલધર્મ

પૂજ્ય આ. શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂજ્ય તપસ્વી વયોવૃદ્ધ મુનિરાજ શ્રી જયભૂષણ વિજયજી મ. સા. શ્રા. વ. ૧૨ બુધવાર, (પર્યુષણ પ્રથમ દિન) તા. ૨૩-૮ ૯૫ બપોરના ૧૨.૩૦ કલાકે પૂ. આ. શ્રી વિ. રત્ન ભૂષણ સૂ મ સા. આદિના મુખે નમસ્કાર મહામંત્રનું શ્રવણ-સ્મરણ કરતા કરતા પરમ સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે.

પૂ. મુનિરાજ શ્રી જયભૂષણ વિજયજી મ. સા. ની તબીયત આમ તો છેલ્લા પાંચેક વર્ષથી કથળેલી હતી. જેમ જેમ તબીયત બગડતી તેમ તેમ તેઓની આરાધના વધુ સતેજ થતાં હતી. અહીં પ્રવેશના દિને તથા ચોમાસી ચૌદશે ડોકટરની ના હોવા છતાં પણ ઉલ્લાસપૂર્વક ઉપવાસ કરેલ. તે પછી પેશાબની તકલીફથી પાંચેક દિવસ વધુ ગંભીર ગયા નળીથી પેશાબ કરાવતા થોડોક સુધારો થયો. પરંતુ કોને ખબર-એ સુધારો આભાસી હશે. શરીર ધીમેધીમે ઘસાઈ રહેલ, ડાયાબીટીસ -બ્લડપ્રેશર- હાર્ટ-કીડની આ બધું નોર્મલ હતું. આવી અવસ્થામાં પણ વાંચીને (ચશ્મા વિના) સ્વાધ્યાય કરતા. દરરોજની બધી ક્રિયાઓ પૂબજ ઉપયોગપૂર્વક કરતા. વ્યાખ્યાન-પ્રતિક્રમણ આદિ પણ બેસીને કરતાં. ઠેઠ છેલ્લી ક્ષણ સુધી ભાન પણ બરોબર હતું. છેલ્લા દિવસે ૯.૩૦ વાગે શૌચ પણ કરાવ્યો. તે પછી બે વાર મુ. કુલભૂષણવિજયજીએ દવા આપી, વ્યાખ્યાન પુરું થયે સકલ સંઘને આશીર્વાદ આપ્યાં. લગભગ ૧૨.૦૦ વાગે પરિસ્થિતી તદ્દન બદલાઇ ગઈ. ડો. નિતીનભાઇ પણ આવી ગયા. નવકાર મંત્રનું શ્રવણ-સ્મરણ ચાલુ જ હતું. સર્વ જીવો સાથે ભાવ પૂર્વક ક્ષમાપના કરી. છેલ્લે બે ચમચી પાણી પણ વપરાવ્યું. ધીમે ધીમે શ્વાસ મંદ પડતો ગયો અને કોઇ પણ જાતની જરાપણ તકલીફ વિના જાણે કે પોતે તૈયાર થઇને સૂતા હોય એ રીતે ૧૨' ૩૦ સમયે ચિરનિંદ્રામાં પોઢી ગયા.

આજીવન વૈયાવચ્ચ ગુણસંપન્ન મુ. કુલભુષણ વિજયએ તેઓશ્રીની જીવનભર ખુબજ કાળજીભરી સેવા કરી છે. જેનો જોટો મળવો મુશ્કેલ છે.

પૂજ્યશ્રી કાલધર્મ પામ્યાના સમાચાર ઝડપથી બધે ફરી વળ્યા. ઠેક ઠેકાણે સંઘોમાં ઓર્ડ ઉપર લખાઇ ગયું અને શોકની ઘેરી લાગણી ફરી વળી. સુંદર પાલખી તૈયાર થઇ ગઇ, અંતિમ દર્શન માટે લોકોનો ધસારો ચાલુ થયો. બીજા દિવસે ગુરુવારે સ્મશાન યાત્રાની બધી તૈયારીઓ થઇ ગઇ. ઉછામણીઓ પણ ન ધારેલી થઇ, અને બાણગંગામાં પૂજ્યશ્રીના અંતિમ સંસ્કાર થયા. એ વખતે ત્યાં પણ વિશાળ માનવમેદની ઉમટી હતી. ચારસી દાન- જીવદયા- અનુકંપાના પણ કાર્યો સારી રીતે થયા.

અહીંના સંઘના ટ્રસ્ટીઓ શ્રી કીર્તિભાઇ ચોકસી, શ્રી અમરચંદભાઇ ઝવેરી, શ્રી હિમ્મતભાઇ આદિ દરેક કાર્યકર્તાઓએ તેમજ યુવાન વર્ગે ખુબજ ઉલ્લાસથી લાભ લીધો. સંઘના દરેકે જે ભક્તિ કરી છે તે તો સદાયે યાદ રહેશે.

-: પૂ. મ. શ્રી જયભૂષણ વિજયજી મ. સા. ની જીવન ઝરમર :-

વંથલી (સોરઠ) ગામમાં, સોરઠ વિશાશ્રીમાળી જ્ઞાતિમાં, વિ. સં. ૧૯૬૧, કાર્તિક શુદિ ૫ (જ્ઞાનપંચમી) દિને જન્મ, વતનમોટીમારડ (ધોરાજી). પિતાશ્રી સોમચંદ જગજીવન દોશી અને માતુશ્રી કપુરબેનના ત્રીજા (સૌથી નાના) પુત્ર હતા. ૧૪ વર્ષનો વયે વ્યવસાયાર્થે કલકત્તા ગયા. ધર્મ-પત્ની છબલબેનને ૧ પુત્રના સ્વર્ગવાસ પછી બે પુત્રોનો જન્મ સં. ૧૯૯૮ માં પૂજયભાઇશ્રીની નિશ્રામાં સિદ્ધગિરિ સાહિત્ય મદિરનાં ચોમાસાની તથા ઉપધાનની માળ પહેરી અને સજોડે ચતુર્થ વ્રત ઉચ્ચર્યું. પૂજયભાઇ શ્રી ના જુનાગઢના ચોમાસામાં આખું યે ચોમાસું (અખંડ) પૌષધ, વર્ષો સુધી ચોસઠ પહોરી પૌષધ સાથે અટ્ઠાઇ સં. ૨૦૧૩, અષાઢ શુદિ ૩ ના જબલપુરમાં દીક્ષા ગ્લાનની વૈયાવચ્ચ અને નિર્યામણા કરવા- કરાવવામા એક્કા. ભગવાનની ભક્તિ-જીવદયા-જયણા એ તો એમનો પ્રાણ, વર્ધમાન તપની ૬૪ ઓળી, વર્ષો સુધી નવપદજીની ઓળી, જ્ઞાનપંચમી અને કલ્યાણકની જીવનપર્યંત આરાધના. સં. ૨૦૫૧ શ્રા. વ. ૧૨, મુંબઇ, વાલકેશ્વર, સુપાર્શ્વનાથ ઉપાશ્રયમાં કાલધર્મ...

સૂર્યગ્રહણને જોવું જૈનો પાપ માને છે તે ખોટી વાત છે.

ગુજરાત સમાચાર તા. ૨૧-૧૦-૯૫ પેજ ૨૦ ઉપર 'આસ પાસ' મા સિદ્ધાર્થ શાહ લખે છે કે જૈનો જેને પાપ માને છે કે ભયંકર દશ્ય માને છે.'

આ વાત સત્યથી વેગળી છે લેખક લખે છે અમારી ભલામણ છે કે આ અદભુત દશ્ય જોવું.

લેખક સૂર્ય ગ્રહના વિષયમાં જાણકાર હોત તો આવું લખત નહિ સૂર્ય ગ્રહણ તે જયોતિષનો વિષય છે જૈનો ગ્રહણને માને છે તેથી ગ્રહણ વખતે સ્વાધ્યાય કરાતો નથી. પણ જિન દર્શન પૂજન પ્રતિક્રમણ જાપ વિ. થાય છે.

પરંતુ ગ્રહણને ધર્મ તરીકે જે માને છે તે તો આહાર પાણી પણ તે વખતે ઘરમાં રાખતા નથી. જૈનોમાં તે વખતે મંદિર જેઓ બંધ કરાવે છે. તેઓનો હેતુ ધાર્મિક હોય તો આહાર પાણી પણ કાઢી નાખવા જોઇએ અને અસજઝાય હોય તો અસજઝાયમાં જિન ભક્તિ થાય છે તો મંદિર બંધ કરાવવાની જરૂર રહેતી નથી.

• કયાંથી આવેલો જીવ કઈ લબ્ધિ પ્રાપ્ત કરે તે અંગે –

પહેલી નારકીમાંથી નીકળેલા ચક્રવર્તી થઇ શકે. બીજી નારકીમાંથી નીકળી વાસુદેવ બલદેવ થઇ શકે. ત્રીજી નારકીમાંથી નીકળી શ્રી જિનેશ્વર દેવ થઇ શકે ચોથી નારકીમાંથી નીકળી ભવાન્ત કરી શકે અર્થાત કેવળજ્ઞાન પામી મોક્ષે જઇ શકે. પાંચમીમાંથી નીકળી મનુષ્યપણું અને સાધુપણું પામી શકે. છઠી નારકીમાંથી નીકળેલાને અનંતરભવે મનુષ્ય થવાની ભજના છે એટલે કે કોઇ મનુષ્ય થાય પણ ખરા અને કોઇ મનુષ્ય ન પણ થાય. પણ જે મનુષ્ય થાય તે સર્વવિરતિ ન પામે પણ દેશવિરતિ પામી શકે. સાતમી નારકીમાંથી નીકળેલા ચોક્કસ મનુષ્યપણું પામતાજ નથી પણ તિર્યંચપણું પામે છે અને ત્યાં સમકિત પામી શકે છે.

તેવી રીતના વૈમાનિકમાંથી આવેલા જ શ્રી અરિહંત અને વાસુદેવ થઇ શકે છે. જ્યારે બલદેવ અને ચક્રવર્તી સર્વ દેવનિકાયમાંથી આવેલા થઇ શકે છે. શ્રી વાસુદેવહિંડિમાં તો નાગકુમારમાંથી નીકળી અનંતભવે ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં શ્રી જિનેશ્વર દેવ છે એમ જે કહ્યું છે ત્યાં તત્ત્વ તો શ્રી કેવલી જાણે.

卐

"કીમત સમજાશે."

–વિરાગ

ભાઇ ! કે તારી માતાને એક વરદાન આપેલું હતું. તેણી આજે તને રાજ્ય અપાવી, વરદાનની વસુલાત કરવા ઇચ્છે છે. જે કુટુંબોમાં- કાયમને માટે સંપ છે, ત્યાં આવા પ્રસંગો નિન્દનીય ગણાતા નથી. હવે તું રાજ્ય નહીં લે તો, તારી જન્મદાત્રી માતાનો અનાદર થાય છે, અને મારા વચનનો વિઘાત થવાથી કૈકેયીનું દેવું રહી જવાનું કલંક ઉભું રહે છે, હવે તો તારે મારી પ્રતિજ્ઞા, પોતાની માતા પ્રત્યેની ભક્તિ, અનેતારા મોટાભાઇ રામચંદ્રની ઉદારતાને, આદર આપવો તે જ ઉચિત છે.

ભાઇ ! જો તું હઠીલો બનીશ તો મારી ઉપર પ્રતિજ્ઞા ભ્રષ્ટતાનું કલંક ઇતિહાસમાં લખાઇ જશે; માટે દિકરા, સમજીજા. સુપુત્રોએ, પોતાના માતા–પિતા અને વડીલ બંધુની આજ્ઞા માન્ય રાખવી જ જોઇએ. તારી ઉદારતા કરતાં પણ, વડીલોનાં વચનોની કીંમત ઘણી મોટી છે.



- બાહ્યત્યાગ કરવો એ ખરેખર ત્યાગ નથી, આંતર ત્યાગ કરવો એજ ખરેખર ત્યાગ છે !
- ધર્મક્રિયામાં બરાબર તન્મયતા આવે તેનું નામ ધ્યાન !
- એષણા સમિતિ સાધુને પાળવી હોય તો તેના મનમાં હોવું જોઇએ કે–ખાવું–પીવું, પહેરવું–ઓઢવું, આરામ કરવો એ કરવા જેવી ચીજ નથી. પણ આ શરીર દ્વારા સંયમની સાધના કરવી છે. અને ઝડ મોક્ષે જવું છે. માટે સંયમ સાધક શરીર દ્વારા સંયમ સાધવા પૂરતાં જ આહાર આદિ જરૂરી છે. આવી ભાવનાવાળો જીવ દોષ રહિત ભિક્ષા મેળવવા પ્રયત્ન કરે.
- એષણા સમિતિ સંયમ અને તપની જેને ચિંતા હોય તે જ પાળી શકે. મોક્ષની ઇચ્છાવાળાને સંયમ અને તપની ચિંતા હોય ! આવી ચિંતાવાળો હોય તે જ દોષથી બચે.
- અનાદિથી આપણે આપણી જાતને મોહને સોંપી છે. તે મોહે આપણને ઊંધા માર્ગે ચઢાવ્યા છે, દુઃખના કાયર અને સુખના ભિખારી બનાવ્યા છે. આપણા પર મહા અનર્થ કર્યો છે. હવે આપણે આપણી દુઃખની કાયરતા નિકળી જાય અને સુખનો રાગ ઊઠી જાય.
- એષણા એટલે શોધવાની ક્રિયા અને તેમાં સામયક ઉપયોગ પૂર્વકની પ્રવૃત્તિ તેનું નામ એષણા સમિતિ.
- સાચા–ખોટાનો વિવેક કરવાની જેને ઇચ્છા નથી તે ધર્મ પામવા લાયક નથી.
- શ્રાવક ઘરમાં બેઠો છે તો પણ તે ઘરને જેલ માને છે, પેઢીને પાપનું સ્થાન માને છે, આખા કુટુંબને બંધનરૂપ માને છે અને ધનને અનર્થકારી માને છે. માટે જ તે ઘરપેઢી ચલાવતો મરે તો વૈમાનિક જ થાય છે !
- ભગવાનનું શાસન જેના રોમ રોમમાં વસી ગયું છે તેવો જ જીવ શાસનની રક્ષા કરી શકે. જેના હૈયામાં શાસન નથી અને જેઓ શાસન કરતાં પોતાની જાતને મોટી માને છે તેઓ કદિ શાસનની રક્ષા કરે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (સાપાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે.શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૪૨૦૦

१८-८-२३

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૮

અંક ૧૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જ્યુ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ઉપદેશ માટે અયોગ્ય કોણ !

उपदेशो हि मूर्खाणां,
प्रकोपाय न शान्तये ।
पयःपानं भुजंगानां,
केवलं विषवर्धनम् ।।


મુર્ખને ઉપદેશ આપવો તે તેને કોપ ઉત્પન્ન કરવા માટે થાય છે પણ શાંતિને માટે થતો નથી. જૂઓ ! સર્પને દુગ્ધપાન કરાવવું તે કેવલ વિષની વૃદ્ધિને માટે થાય છે.

卐


પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- કર્મની આજ્ઞા મુજબ ન જીવવું અને ભગવાનની આજ્ઞા મુજબ જીવવું તે જ ખરેખર જૈન પણું છે.
- રાગી તે ચેતનાહીન મડદા છે, વિરાગી તે ચેતનાવાળા છે.
- પાપથી બચવા, પાપ ઓછા કરવા, પાપ ઓછા કરવા. પાપથી પાછા હઠવા, સારા બનવા માટે ભગવાન પાસે અને સાધુ પાસે જવાનું છે.
- ગરીબાઈ તે કલંક નથી. શ્રીમંતાઈ ને ભૂષણ નથી. કલંક તો માણસ ખોટો-ખરાબ છે તેમ કહે તે છે.
- કર્મથી મળેલાં સુખ મજેથી ભોગવવા તે દુઃખી થવાનો ઉપાય છે. કર્મથી મળેલાં સુખ ફેંકી દેવા જેવા છે, તેની સામે પણ જોવા જેવું નથી તે સુખી થવાનો રાજ-માર્ગ છે. આજ સાચી સમજ છે. આ સમજ ન આવે તો મોહનીય કર્મ પાપ કરાવનાર છે અને જ્ઞાનાવરણી-દર્શનાવરણી અંતરાયકર્મ તેમાં સહાય કરનાર છે.
- પાપ કરાવનાર કર્મ મીઠાં લાગવા તે જ કર્મની ગુલામી !
- 'સુખ કડવું લાગે-દુઃખ મીઠું લાગે' તેને જ ભગવાનું શાસન સમજાય. શાસન સમજવાની આ જ ચાવી છે.
- દુઃખથી ત્રાસેલા જીવોને સુખની લાલચ આપીને થોડો ધર્મ કરાવવો તેમાં શું. ઘાડ મારવા જેવું છે, દુનિયાનું સુખ ભૂંડું છે અને દુઃખ સારું છે' આ સમજાવી ધર્મ કરાવવો કઠીન છે.
- સારા થવા સાધુ પાસે આવે તે કામના છે. સુખી થવા સાધુ પાસે આવે તે. સાધુને ય ખરાબ કરનારા છે.
- આપણા બધાજ ભગવાન સુખના વૈરી અને દુઃખને ઊભા કરી કરીને મજેથી વેઠનારા. જ્યારે તેમના ભગત એવા આપણે દુઃખથી ભાગાભાગ કરીએ અને સુખની પાછળ દોડાદોડ કરીએ તો મેળ જામે ?
- ધર્મ પહેલા અમારે પચાવવો પડે, આત્મા સાથે એકમેક કરવો પડે. ધર્મ વિના કશું જ ગમવું ન જોઈએ. ધર્મ સમજાવનાર જો મક્કમ ન હોય આજ્ઞાને સમર્પિત ન હોય તો તેના હાથે ય અધર્મ થતાં વાર લાગે નહી.
- પારકાને ખવરાવવા 'કૃપણ' નહી અને જાતને ખવરાવવા 'ઉદાર' નહિ તે સદગૃહસ્થ!
- જેને અજન્મા થવાનું મન તેનું નામ જ જ્ઞાની !



હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર



વર્ષ : ૮] ૨૦૫૨ કારતક વદ-૧૪ મંગળવાર તા. ૨૧-૧૧-૯૫ [અંક ૧૩

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ–૧૦ ને સોમવાર, તા. ૯–૭–૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ –૬. (પ્રવચન ૬ ઠું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— –અવ૦

तदनन्तममिश्रमक्षयं, निरुपाधिव्यपदेशवर्जितम् ।
परिचिन्तितसुन्दरस्फुरद्विषयाद्यौपयिकोज्दवं परम् ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે જેણે ધર્મ સાધવો હોય, તે ધર્મથી સિદ્ધ થતાં ફળને મેળવવું હોય તો તેણે સમજવું જોઈએ કે, કયું સુખ માગવા જેવું છે અને કયું સુખ માગવા જેવું નથી. માગવા જેવું સુખ હોય તો મોક્ષનું જ છે. સંસારનું સુખ તો ઈચ્છવા જેવું પણ નથી. ભોગવવા જેવું પણ નથી. મળે અને ભોગવવું પડે તેમ હોય તો રાગથી ભોગવવા જેવું નથી, શક્તિ આવે તો છોડી દેવા જેવું છે અને સાધુપણું જ પામવા જેવું છે.

સમકિતી દેવો સાધુ થવા તરફડે છે પણ તે ભવમાં સાધુપણું કે શ્રાવકપણું પામી શકતા જ નથી. તે જ રીતે તિર્યંચો સમજ્યા પછી સાધુપણું પામી શકતા નથી પણ સમ્યકત્વ અને દેશવિરતિપણું પામી શકે છે. તેવા અસંખ્યાત તિર્યંચો

આજે સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર છે. મનુષ્યભવ પામેલા અને સાધુપણું પામે તેવા જીવોને ય જો સાધુપણું, શ્રાવકપણું કે સમ્યક્ત્વ પામવાની ઇચ્છા ય ન થાય તો તેવા જીવો આવું મનુષ્યપણું શા માટે પામ્યા ? તો કહેવું જ પડે કે, સંસારમાં રખડવા માટે ! જે મનુષ્યભવથી મોક્ષ મેળવાય તે ભવમાં સંસારની જ ઉપાદેયબુદ્ધિથી સાધના કરે તે કયારે બને ? મિથ્યાત્વ ગાઢ હોય તો. તે મિથ્યાત્વ પણ કેવું ? સમજાવવા છતાં ય મંદ ન પડે તેવું. આજે તો ઘણા મનુષ્યો– અહીં આવનારા પણ એવા છે કે જેમને મોક્ષની વાત પણ બેસતી નથી. મંદિરમાં શા માટે જાવ છો ? ઉપાશ્રયમાં શા માટે જાવ છો ? આમ તમને પૂછે તો કેટલા એવો જવાબ આપે કે– 'મંદિરમાં ભગવાન થવા જઈએ છીએ ભગવાન થવું હોય તો સાધુ થવું પડે તે માટે સાધુ પાસે જઈએ છીએ.' સાધુપણું પામવા સંસારની અસારતાદિની રોજ ચિંતા કરીએ છીએ. છતાં પણ હજી આ સંસાર છૂટતો નથી તેનું દુઃખ છે. આવા મનુષ્યો કેટલા મળે ? ન મળે તો તે કેવા કહેવાય ?

માટે જ આ આચાર્ય મહારાજ ફરમાવી રહ્યા છે કે– 'મોક્ષ એવ સૌખ્યમ્' મોક્ષના જેવું સુખ બીજે નથી. મોક્ષનું સુખ કેવું છે ? આવ્યા પછી કદિ જાય નહિ અને અનંતકાળ સુધી સાથેને સાથે રહે તેવું છે. મોક્ષમાં ગયેલા સંસારમાં પાછા આવે ? તે સુખી બનેલા દુઃખી થાય ? કદી નહિ. ત્યાં ગયેલા સદા માટે સુખી જ હોય તેમ જાણવા છતાં ય તમને ત્યાં જવાનું મન પણ થતું નથી તો તમને કેવા કહેવાય ? તમને અહીં જે સુખ મળ્યું છે તે કેવું લાગે છે ? તે મજેનું લાગે અને ભોગવવામાં આનંદ આવે તે બધા મરી મરીને જાય કયાં ? મનુષ્યો જ નરક–તિર્યંચમાં જાય. દેવોને દેવલોકમાં મજા આવે તો એકેન્દ્રિયમાં જવું પડે છે. તમારે કયાં જવું છે તે નિર્ણય કર્યો છે ?

તમે કહો કે અમારે તો મોક્ષમાં જ જવું છે. આજે અહીંથી મોક્ષમાં જવાય તેમ નથી માટે સદ્ગતિમાં જવું છે તે પણ મોજમજા માટે નહિ પણ મોક્ષસાધક ધર્મ સારી રીતે થઇ શકે માટે. આ ભાવનાવાળા છો ? નથી તો તેનું કારણ શું ? મોક્ષ સુખને સમજતા નથી અને સંસારના સુખને સમજો છો માટે સંયમ દુઃખરૂપ લાગે છે. સાધુ થવું છે ? અમારું કામ નહિ તેમ કહો છો સાધુપણાનું કષ્ટ ન વેઠાય તો આ સુખમાં પડેલા અને તેમાં જ મજા માનનારા તમે મરીને કયાં જશો ? સાધુપણાનું કષ્ટ ન વેઠાય તો નરક–તિર્યંચના કષ્ટ વેઠાશે ? તમે બધા સંસારનું સુખ મજેથી ભોગવો છો. તેમાં લહેર કરો છો, તે માટે બધા જ પાપ કરો છો તો મારું

થશે પણ શું આવો વિચાર પણ આવતો નથી તેનું કારણ ? ગાઢ મિથ્યાત્વનો ઉદય છે માટે તમારા થોડો ઘણો શુભોદય છે માટે મજા છે. બાકી ઘણા જીવો જીવે છે પણ રોઇ રોઇને. એવા શ્રીમંતો છે જેમનાથી ખવાતું નથી, પીવાતુ નથી, ઉઠાતું નથી.

મનુષ્યપણામાં સૌથી સુખી પહેલે નંબરે સાધુ છે. બીજે નંબરે શ્રાવક અને સમકિતી છે, બાકી બધા દુઃખી છે. 'સાધુ સૌથી સુખિયા' તેમ બોલો છો અને તમને પૂછે કે સાધુ થવું છે ? તો ના કહો છો તો આ અજ્ઞાન છે ને ? સાધુ ન થવાય તે બને ? જેને સાધુ થવાની ઇચ્છા ન હોય તે શ્રાવક કે સમકિતી હોય ? આ સાંભળ્યા જાણ્યા પછી તમે શ્રાવક કે સમકિતી નથી તેમ જાણતા હો તો તમને દુઃખ થાય છે ? તમારી પાસે પૈસા ઓછા હોય તો તેનું તમને દુઃખ છે, સુખ ધાર્યું ન મળે તો તેનું ય દુઃખ છે તેમ આ સાધુપણું ન મળે તેનું દુઃખ છે ? શ્રાવકને સાધુ ન થઈ શકે તેનું તેના હૈયામાં દુઃખ હોય તો શ્રાવકપણું કે સમ્યકત્વ ટકે. બાકી જેને સાધુ નથી થવાતું તેનું દુઃખ નથી, સાધુ થવાની લાલસા પણ નથી તે શ્રાવક કે સમકિતી નથી. તે શા માટે ભગવાન પાસે જાય છે, સાધુ પાસે જાય છે, અને ધર્મક્રિયા કરે છે તેની ખબર પડતી નથી. દુનિયાના સુખની ભીખ માગવા તે મંદિરમાં જાય છે. તેવાઓએ સાધુનું સાધુપણું ભૂલાવ્યું. સાધુ પાસે વેપારનાં, લગ્નનાં મુહુર્ત માગે અને સાધુ તેને આપે તે બે કેવા કહેવાય ? તમે તેમાંના ન હો તો સારી વાત છે બાકી આજે તો ઘણાનો દા'ડો ઊઠી ગયો છે.

તમે બધા રોજ અહીં આવો છો માટે ભાગ્યશાલી છો. ભગવાનની કહેલી વાત સાંભળો છો તો તમારી ઇચ્છા શી છે ? સાધુપણાની ને ? મોક્ષ વિના સાચું સુખ નથી, મોહ જેવો ભયંકર ભય નથી. આ ન સમજે તે બધા અજ્ઞાન છે. સંસારના સુખનો, સંસારની સંપત્તિનો શરીરનો મોહ સંસારમાં રખડાવનાર છે. મોહ શાથી છે ? આપણને કર્મો વળગ્યાં છે તેથી છે. મોહનો અને કર્મનો નાશ કરવા ઇચ્છો છો ? ધારો તો તેનો નાશ કરી શકાય તેમ છે. મોહનીય કર્મથી સંસારના મોહથી જે ગભરાય નહિ તે ધર્મ માટે લાયક નથી. આજે તો મોહ માટે મોહના પોષણ માટે ધર્મ કરનારા ઘણા છે. ઘણા પૈસા મળે, સારૂં સુખ મળે, મજેથી ભોગ કરીએ : આવી બધી ઇચ્છાથી મંદિરમાં જનારા ઘણા છે. આવી ઇચ્છાને પૂરી કરવા માટે મંદિરમાં જાય તો મંદિર ફળે કે કુટે ?

મંદિર અને ઉપાશ્રયમાં પેસતા નિસિહી બોલવાની છે. કેમ ? સંસારની કોઇપણ ચીજ મંદિર–ઉપાશ્રયમાં યાદ ન આવવી જોઇએ, તેની ઇચ્છા પણ ન થવી જોઇએ, તેને છોડવાની જ ઇચ્છા થવી જોઇએ, આખો સંસાર ભૂલવા માટે મંદિર ઉપાશ્રયે જવાનું છે. આવી ઇચ્છા જેને ન થાય, તે બધું સારૂં મળે તેવી ઇચ્છાથી મંદિર–ઉપાશ્રયે જાય તે બધા ભારેકર્મી છે. (ક્રમશઃ)

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ) ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા,

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા– જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરુ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલક વિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાન્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા. ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મુ. ભાભર,, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન નં ૮૪૨૬૯૭૧

કર્મોની સાથે કોઇની ભાગીદારી નથી

આત્મા ચેતન કર્મો જડ છે.

—શાહ રતીલાલ ડી. ગુઢકા (લંડન)

[ગતાંકથી ચાલુ]

એક બીજો દાખલો જેમ કે આપણને શેઠ દૂર દૂર સુધી કામ માટે કે વસ્તુ લઇ આવવા કે મુકવા માટે મોકલે ત્યારે આપણો ધ્યેય એક જ હોય છે કે કયારે આ કામ પૂરું થાય અને જલ્દી ઘરે જાઉં અને જલ્દી ફ્રી થાઉં. તેમ માનવ આપણે ગમે તેટલાં શાસ્ત્રોનું શ્રવણ મનન, ચિંતન કરીએ કે તપ જપ કરીએ. 'અગરતા કરતા હોઇએ પણને આપણું મારૂં તમારૂં કે ગમે તેનું લક્ષ્યબિંદુ કંચન કામીનીને મેળવવા માટે કેતા સંસારના દ્રવ્ય પદાર્થો. લાલસા રૂપી પદાર્થો મેળવવાના હોય તો આત્મિકજ્ઞાન કયાંથી મળે ? ગુરૂ કહે છે સંતપુરૂષો કહે છે ન જ મળે, અજ્ઞાનના તિમિર ટળે તો આત્મિક પ્રકાશ મળે અજ્ઞાનરૂપી અંધકાર ટળે તો જ્ઞાનરૂપી દીવડો ઝળહળે વળી અજ્ઞાનના અંધકારમાં આત્મિકજ્ઞાનનો પ્રકાશ ઢંકાઇ ગયો છે વિવેક વિસરાઇ ગયો છે આચાર વિચાર ધારા તૂટી તૂટતી જાય છે જેના કારણે જીવ જેમાં સુખ નથી તેમાં સુખ માનીને તેને સાચવવામાં પડી ગયો છે.

જે વસ્તુ સાથે નથી આવવાની તેને મેળવવા માટે આપણ કેટલા કર્મો કરીએ? પણ આપણને હજુ સાચી સમજણ પડી નથી કે, સાચું સુખ તો ત્યાગમાં છે. સંસાર સુખનો ત્યાગ છૂટે કે તાં રાગ ઘટે તો ત્યાગના સુખનો સ્વાદ માણી શકાય ને ? જેમ કીડી કણને પકડી રાખે તો સાકરના ઢગલા છે છતાં એના સ્વાદની એને ખબર પડે ? ના. તેમ આપણે દાખલા રૂપે વાત છે કે આપણે મોઢામાં પાન સોપારાના કુચા ભરી રાખીએ તો સુતરફેણી હલવાનો સ્વાદ શું છે કેવો છે તે ના જાણી શકીએ; કયાંથી ખબર પડે ન જ પડે ને :

તેમ આપણે બધાએ સંસારના સુખને સાચું માની લીધું છે તેમાં વધારે રચ્યા પચ્યા પડયા છીએ એથી આપણને ખરા આત્મિક સુખની અનુભૂતિ થતી નથી.

માટે ખાસ ધ્યાનમાં લેવા જેવું છે અરજ છે કે, આપણે જે સાધના કરીએ તે ખાસ આત્માના લક્ષરૂપે જ કરીએ તો આત્મા એક દિવસ અજરામર પદ બાંધે લક્ષમાં શું લેવાનું છે કે સાધના આરાધના સામાયિક પ્રતિક્રમણ શા માટે શું જરૂર છે કેમ કરીએ છીએ એનું લક્ષ્ય શું છે સત્સંગમાં જઇએ તો લક્ષ્ય શું હોવો જોઇએ કે ત્યાં મજા આવશે એવો નહિં પણ પ્રભુ સત્સંગ કરીશ એટલીવાર આરંભ

સમારંભને સંસારના કાર્યોથી અલિપ્ત રહીશ પ્રભુ ધ્યાનમાં રહીશ પ્રભુના ગુણોના વર્ણન સાંભળી મારો આત્મા લીન બનશે અને સત્ય વસ્તુનું મને ભાન થશે આવા ભાવનાથી કરવાનું છે.

દૂર દેશાંતરમાં રહેલા પણ આત્માથી આર્ય જેમ દેવગુરૂની દૃષ્ટિમાં જ જીવતા હોય જેમ માતા ઘરનું કામ કરતાં હોવા છતાં પોતાના વ્હાલસોયા પુત્રનું ધ્યાન રાખે છે. તેમ આપણે સંસારની પ્રવૃતિ આત્મા બાજુ લક્ષ રાખી કે આપણો આત્મા મારો તમારો આત્મા વિષય કષાયમાં જોડાઇને કર્મ બંધન નથી કરતો ને ?

આપણે જે કાંઇ પ્રવૃતિ ધર્મક્રિયા કરીએ તે આત્મા હિત માટે કરીએ છીએ કે, અહિત માટે અગર જો આપણે પાપમય પ્રવૃતિ કરતા હોય તો તે પાપ કોના માટે કરીએ છીએ (કોતાડ્રું છું) પાપ કરીને હું ક્યાં જઇશ ? આવો જો વિચાર (આવે તો) આવતો હોયતો કોઇક દિવસ પણ આત્મા ભારે પાપ કરતાં પાછો ફરશે. અને આવો વિચાર ન આવતો હોયતો સમજવાનું કે આપણે ચતુર્ગતિ સંસારમાં ભમવાનું છે.

મહાનુભાવો ? મનને શાંત કરી એકાગ્ર ચિત્તે ઉપરોકત વિચાર કરવામાં મગ્ન બનશું તો જરૂર અંતરમાં ભાવરૂપી પ્રકાશનું તેજ કિરણ ઝળહળી ઉઠશે. આત્મભાવ જાગતાં પરમ સુખની ઝંખના થશે. (આપણું) આજ પરમ સુખ કયાં છે ને હું કયાં શોધી રહ્યો છું. તેનું ભાન થશે. સુખ ભર્યું છે મારા અંતરમાં અને શોધી રહ્યો છું. બહાર તો કયાંથી મળે ? આત્માની અનંત શક્તિ નજીવા સંસારના સુખોમાં વેડફી નાંખવી તે મૂર્ખાઇનું કામ છે.

(આજનો માનવી) આપણે આપણી પોતાની અનંત શક્તિને મોટે ભાગે વિષય-કષાયમાં એશ આરામમાં ઇન્દ્રી સુખમાં વેડફી નાખીએ છીએ કેતાં વેડફી રહ્યા છીએ અને એથી તો આત્મ સાધના કરવામાં આપણું ચિત્ત લાગતું નથી. અને એથી કયારેક સત્સંગમાં આવે પ્રવચન સુંદર વાંચન થતું હોય ભાગ્યશાળી આવે ખરો પણ ઝોકા ખાતા હોઇએ. કેતા ખરા સમયે ઉંઘ આવે (નિંદર) અને ઘેર જઇ ઉંઘવા પ્રયત્ન કરે છે તો ત્યારે ઉંઘ નથી આવતી પણ ઉલટું મન ચગડોળે ચડે છે. કર્મની ગતિ કેવી ન્યારી છે જ્યાં આવીને જાગવાનું છે ત્યાં આપણને ઉંઘ આવે છે. ઉંઘવાના સમયે ચિત્ત ચગડોળે ચડે છે. આજે હજારમાં ૯૮૦ માણસોના કેતા ૯૦ ટકા માનવીના મન ચિંતામાં ડુબેલા છે ચિંતા સતાવી રહી છે ને ચિંતામાં માનવ રાત દિવસો પસાર કરી અમુલ્ય જીંદગી પુરી કરે છે.

આપણે જેટલા પુદ્ગલના પથારા વધારતા જશું તેટલું મન તેમાં રોકાયેલું રહેશે. પછી ધર્મધ્યાનમાં ધર્મશ્રવણમાં ને પ્રભુ સ્મરણમાં મન સાથે મેળ નહિં મળે ? આપણને પુદ્ગલનો મોહ ધર્મધ્યાન રૂપી ધોરાથી અટકાવે છે ધર્મથી છૂટો

પાડે છે ભલે આપણે તમો વ્યાખ્યાનમાં બેઠા હો કે સત્સંગમાં બેઠા પણ પુદ્ગલના પથારામાં રમ્યુ કેતા ત્યા રમતું હશે. પુદ્ગલની વિચિત્રતા જોઇને જ્ઞાની પુરૂષોએ વિચાર કર્યો કે પુદ્ગલ આપણને ગમે ત્યારે ને ગમે તેમ નચાવે છે. તો હવે તેના નચાવ્યા પ્રમાણે નાચવું નથી. જ્ઞાનીના.

આપણુ જીવનમાં જેટલું બને તેટલું ધર્મધ્યાન સાધના આરાધના ઉપાસના પ્રાર્થના એજ શકય તેટલું વધારે જરૂરી છે જેમ જીવનમાં અનાજ પાણી મુખ્ય જરૂરી છે કે તા શરીરને ટકાવવા અને વધારે સાધના કરવા માટે તેમ સત્સંગ સમાગમ પ્રભુભક્તિ પ્રભુપૂજા શાસ્ત્રોનુ શ્રવણ જેટલું બને તેટલું વિશેષ કરવાથી આત્માના ગુણો વધારે ખીલે છે અને આત્માને ઓજસ મળે છે સમકિત નિર્મળ બને છે. એજ શિવમસ્તુ સર્વ જગતઃ જગત માત્ર સુખી થાઓ સર્વ જીવો સુખમય પામો એજ શુભ ભાવના સાથે

(સંપૂર્ણ)

આકળા ના થવું, ઉતાવળા ના થવું.

—પૂ. સા. હર્ષપૂર્ણાશ્રીજી મ. મુંબઇ

પરમાત્માએ કહેલા દરેક તત્વોને હૈયાની કોટડીમાં કંડારી શ્રદ્ધાના સુમનોથી વધાવી સમત્વની સાધનાનાં રક્ષક બનવું. પણ કટીય સંસારના કોઈ પદાર્થોમાં ભીંજાઇ આકળા કે ઉતાવળા ન થવું.

આમ પર્યુષણ પર્વનો શુભ સંદેશ.

હૈયાનાં કોતરશો ?

જીવનમાં ઉતારશો ?

આતમમાં વિકસાવશો ?

*

અહંને રોકો !

અહંમાંથી જન્મે છે કોપ.

અહંમાંથી જન્મે છે રોફ.

ધાર્યું ન થાય ત્યારે ક્રોધ જન્મે –

ક્રોધમાંથી વૈર ઇર્ષ્યા અસુયા વગેરે જન્મે. પછી શું થાય ?

પરિણામે ભવની દુઃખમય પરંપરા... તો પર્વ દિવસોમાં અહં આદિ દુર્ગુણોને તજવા આપણે પ્રયત્ન કરશું ?

*


લાભ અને અલાભ.

જય અને અજય.

સુખ અને દુઃખ.

આ દ્વન્દોના હર્ષ–શોકથી મુકત થઇ જે આત્મા દુઃખોમાં ઉદ્વેગ વિનાનો બને છે–તે આત્મા સ્થિતપ્રજ્ઞ બને છે.

આપણે આવા પર્વોમાં આવી ગુણ–વેલડીઓને હૈયાના કયારામાં વાવવી છે ?



પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણિ. લિખિત

ધાર્મિક વહીવટ વિચાર પુસ્તક ઉપર પ્રશ્નોત્તરી

[બીજી આવૃત્તિ]

[સુજ્ઞ વાચકોને મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ-લેખક]

પ્ર૦ વિ. સં. ૧૯૭૬ માં ખંભાતમાં અનેક આચાર્ય ભગવંતાદિએ ભેગા થઇને ઠરાવ કર્યો હતો તેમાં 'જિનપૂજાદિ માટે દેવદ્રવ્યનાં વૃદ્ધિ સંરક્ષણ કરવું' એવું સ્પષ્ટ લખેલું છે. આ ઠરાવ પર પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ. મ. સા. ની પણ સહી કરેલી છે તે તમે કેમ ખ્યાલમાં નથી રાખતા ? [પૃ. ૨૦૫]

ઉ૦ અમે બધું જ ખ્યાલમાં રાખ્યું છે. અહીં તે આચાર્ય ભગવંતાદિએ જિનપૂજાદિ અને ચૈત્યો સમારવાદિ : એવા બન્ને કાર્યોના ઉપયોગમાં આવી શકે તેવાં બન્ને પ્રકારના દેવદ્રવ્યોને અનુલક્ષીને જણાવેલ છે. પ્રભુની ભક્તિ માટે આવેલ દેવદ્રવ્યથી (દેવકા સાધારણથી) જિનપૂજાદિ અને પ્રભુની પૂજનાદિ ભક્તિ સ્વરૂપે આવેલ સ્વપ્નાદિ દેવદ્રવ્યથી ચૈત્ય સમારવા આદિ કાર્યો થઇ શકે. આટલો જ આ ઠરાવનો પરમાર્થ છે.

પ્ર૦ તમે કહો એટલે માની લેવાનું ? તેઓએ જ આવી ચોખવટ શા માટે નથી કરી ? માટે અમે તો સમગ્ર દેવદ્રવ્યથી (બધાં પ્રકારોથી) જિનપૂજાદિ કરવાનું જ માનીએ છીએ.

ઉ૦ હું કહું તે નહિ, શાસ્ત્ર કહે તે જ માનવાનું. હું તમને શાસ્ત્ર કહે છે તેની વાત કરું છું. 'સતિ હી દેવદ્રવ્ય' જેવા પાઠોને આગળ કરીને જો તમે તે વખતે તમારા મુદ્દા ઉપસ્થિત કર્યા હોત તો વિ. સં. ૧૯૭૬ની સાલમાં જ તમારી વાતનો નિકાલ આવી ગયો હોત. પણ તમારા જન્મ્યા પહેલા તે મહાપુરૂષોએ ઠરાવ કરી લીધો એટલે શું થાય ?

શાસ્ત્રમાં એવી પંક્તિ કે 'જિનપૂજા, સ્નાત્ર, મહોત્સવ આગમ અધ્યન, સામાયિક પૌષધ, ચારિત્રપાલન, પંચમહાવ્રતધારણ, તપશ્ચર્યા વગેરે ધર્માનુષ્ઠાનો સંઘ હોય છતે થાય' તો એનો અર્થ શું થાય? તમારા મતે તો ચતુર્વિધ સંઘના પ્રત્યેક સભ્યે ઉપરોક્ત બધા કાર્યો કરવાના ને? સાધુએ પણ જિનપૂજા-સ્નાત્રાદિ કરવાનું ને ? તમારા મતે તો આવો જ અર્થ થાય. પણ વિવેકી આત્મા અહીં વિચારે કે સાધુ-સાધ્વીઓથી થઇ શકે તેવા જ કાર્યો તેમણે કરવાના, શ્રાવક-શ્રાવિકાથી જ થઇ શકે તેવા ધર્માનુષ્ઠાનો સાધુ-સાધ્વીએ

કરવાના ન હોય. આટલો વિવેક ન જાળવે તો એ પંક્તિનું સાચું અર્થઘટન કર્યું ન કહેવાય. બસ, આવો જ વિવેક 'સંતિ હિ દેવદ્રવ્યે' વાળા પાઠોમાં કરવાનો હોય છે. ઠરાવો કે પાઠોનો આવો રહસ્યાર્થ કરવામાં ન આવે તો અનર્થ થઇ જાય.

પ્ર૦ 'અમે તો સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ' એવો આગ્રહ રાખે છે તેઓની જ નિશ્રામાં અનેક સંઘોમાં કેસર-સુખડ વગેરેના વાર્ષિક ચઢાવા કે સાધારણના ચઢાવા કરી એમાંથી કેસર-સુખડ વગેરે સામગ્રી લાવવામાં આવે છે જેનાથી અનેક શ્રાવકો પૂજા વગેરે કરે છે.' [પૃ. ૨૦૬] શું આ રીતે તમે લોકોને પરદ્રવ્યથી પૂજા કરાવી રહ્યા નથી ?

ઉ૦ આગ્રહ તો સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવાનો રખાય. પરદ્રવ્યથી જ જિનપૂજા કરવાનો આગ્રહ રાખનારો કે આવો આગ્રહ રાખવાની સલાહ આપનારો ખોટા છે. અમે 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ' એવો આગ્રહ રાખવાનું લોકોને સ્પષ્ટ શબ્દોમાં કહીએ છીએ પરદ્રવ્યથી પૂજા ન થાય તેવો એકાંત અમે માનતા નથી. અને એથી જ અમારી નિશ્રામાં 'જિનભક્તિ સાધારણ'ની રકમમાંથી કેસરની પૂજાની સામગ્રી લાવવાની વ્યવસ્થા સંઘ દ્વારા ગોઠવાય છે. સ્વપ્નાદિ દેવદ્રવ્યમાંથી જિનપૂજાની સામગ્રી લાવવાનું કામ કરવાની અમે તેઓને ના પાડીએ છીએ. સંઘની વ્યવસ્થાનો લાભ લઇને જિનપૂજાદિ કરનારા શ્રાવકોને પણ અમે 'સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ' એ શાસ્ત્રીય વાત બરાબર સમજાવીએ જ છીએ. સંમેલનવાદીઓ 'પરદ્રવ્યથી... અરે, દેવદ્રવ્યથી પણ કેમ પૂજા ન થાય' એ વાત ઠસાવવા લાંબી કસરત કરે છે. અમે 'જિનભક્તિ સાધારણ'થી પૂજા કરનારાઓ પણ 'સ્વદ્રવ્યથી જ પૂજા કરતા થાય' તે માટે મહેનત કરીએ છીએ. સ્વદ્રવ્યથી પૂજા કરનારાને પરદ્રવ્યથી પૂજા કરાવવા માટે અમે મહેનત કરતા નથી.

પ્ર૦ 'કેસર-સુખડ વગેરે સામગ્રીના ચઢાવાથી ઉત્પન્ન થયેલ દ્રવ્ય પણ નિયમથી પ્રભુજીની ભક્તિમાં જ વાપરવાનો નિર્ણય હોય છે, એટલે ચઢાવા કરતી વખતે જેટલું દ્રવ્ય નિશ્ચિત થયું એ, એ જ કાળથી દેવદ્રવ્ય બની જ ચૂક્યું.' આવું 'દ્રવ્ય સપ્તતિકા' ના પાઠથી સિદ્ધ થાય છે, ત્યાં જણાવ્યું છે કે 'નિયમ બુદ્ધિથી દેવાદિકને માટે જે ધન-ધાન્ય વગેરે જે કાળે નિશ્ચિત કરેલા હોય તે દેવાદિદ્રવ્ય જાણવું' [પૃ ૨૦૬ ૨૦૭] આ રીતે તો તમે પણ લોકોને દેવદ્રવ્યથી જ પૂજા કરવો છો એમ સિદ્ધ થતું નથી ?

ઉ૦ તર્કની એક હદ હોય છે. એ હદ વટાવીને તર્ક કરવા આગળ વધનારા કુતર્કના પ્રદેશમાં પહોંચે છે. કોઇ વ્યક્તિએ હસલાખ રૂપિયા નિયમ બુદ્ધિથી

જિનાલય બાંધવા માટે નિશ્ચિત કર્યા અને જિનાલય બનાવ્યું ઉપરના પાઠ મુજબ તો દસલાખ દેવદ્રવ્ય બની ગયા તો પછી એ જિનાલય સ્વદ્રવ્યથી બનાવ્યું કહેવાય કે દેવદ્રવ્યથી ? તમારા મતે તો દેવ-દ્રવ્યથી બાંધ્યું જ ગણાયું ને ? એ જ રીતે કોઇએ ઉપાશ્રય, તીર્થયાત્રા સંઘ, મહોત્સવ, ઉજમણું, ઉપધાન, જીર્ણોદ્ધાર ગુરૂ વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ, તીર્થોદ્ધાર વગેરે કાર્યો માટે પોતાનું ધન નિશ્ચિત કરેલું હોય તો તે કાર્ય માટેનું એ ધન કહેવાશે (દ્રવ્યસપ્તતિકા મુજબ) તો પછી સ્વદ્રવ્યથી કોઇ પણ કાર્ય દુનિયામાં કોઇ કરી જ શકશે નહિને ? પછી તો 'દેવગૃહે દેવપૂજાપિ સ્વદ્રવ્યેણૈવ યથાશક્તિ કાર્યો આ શાસ્ત્રવચન તમારા મતે અસત્ય જ ગણાય ને ? કારણકે દેવદ્રવ્યથી કેસરની વાટકી ભરીને પૂજા કરતો શ્રાવક, નિયમ બુદ્ધિથી કેસર ભગવાનને ચઢાવવાનો નિશ્ચય કરે જ છે. તેણે તમારા મત મુજબ તો દેવદ્રવ્યથી પૂજા કરી તો સ્વ-દ્રવ્યથી પૂજા કોણ કરશે ? સ્વદ્રવ્યપૂજાની સામે પડવામાં તમારે આટલા બધા નીચે ઉતરવું પડે છે ?

દ્રવ્ય સપ્તતિકાનો પાઠ એમ કહે છે કે એકવાર તમે દેવાદિકને માટે નિયમ બુદ્ધિથી ધન ધાન્યાદિ નિશ્ચિત કરો એટલે એ દેવાદિદ્રવ્ય થયું એટલે હવે તમે એ ધનાદિ દેવાદિ માટે જ વાપરી શકો. બીજા નીચેના ક્ષેત્રે વાપરી શકો નહિ. એટલા પૂરતો જ દેવાદિદ્રવ્યનો અર્થ થાય. બાકી એ ધન તો શ્રાવકનું સ્વધન જ કહેવાય. દેવદ્રવ્યથી તે શ્રાવક તે કાર્ય કરી રહ્યો છે એમ ન કહેવાય. પંડિત મૂર્ખોને રવાડે ચડનારાનું અહિત જ થાય. અમે 'જિન ભક્તિ સાધારણ' ને દેવની ભક્તિ સિવાય બીજા નીચેના કાર્યમાં ન વપરાય તેવા અર્થમાં વપરાતું દેવકું સાધારણ માનીએ છીએ. માટે 'તમે પણ હોકાને દેવદ્રવ્યથી જ પૂજા કરાવો છો ને ? એવી જડતા વહેલી તકે દુર થાય તો સારું.

(ક્રમશઃ)

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું કલ્યાણને માટે આરાધન કરો.

ભો ભવ્યા ભવવારિધૌ નિરવધૌ। નક્રોધવત સંભ્રમાત ।
ભ્રામ્યન્તઃ કથમપ્યવાપ્ય સુકૃતાત્માનુષ્યજન્માદ્ભુતં ॥
તત્સાફલ્યકૃતે વિધત્ત વિનયેનારાધનં સાધનં ।
શ્રી સિદ્ધં પરમેષ્ઠિનામતિતરાં શર્મદ્રુમાંભોધરમ્ ॥

હે ભવ્ય જીવો ! અપાર એવા ભવ સમુદ્રમાં જળજંતુની પેઠે સંભ્રમથી ભમતાં ભમતાં કોઇપણ પુણ્યના ઉદયથી આ ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવને પામીને, તેને સફળ સાર્થક કરવા માટે સાચા આત્મિક સુખ રૂપી વૃક્ષને વૃધ્ધિ કરવામાં મેઘ સમાન, સિધ્ધ એવા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોનું વિનય વડે આરાધન કરો.

ઉચિત વૃત્તિ

: શ્રી વિરાગ

એક રાજા હતો. એક વખત અનેક અધિકારીઓને જમવાનું આમંત્રણ આપ્યું. નિમંત્રણના દિવસે રાજ ભવનમાં દોડાદોડ શરૂ થઇ ગઇ સૌની અગતા સ્વાગતા થવા લાગી, ૩૨ પકવાનો અને ૩૩ પકૂરસ ભોજનો તૈયાર થવા લાગ્યા રાજ ભોજનમાં કંઇ ખામી હોય ? રાજા સહિત સૌ અધિકારીઓ ભોજન ખંડમાં પોતપોતાના સ્થાને ગોઠવાઇ ગયા. ષટ્માધુરીઓ પીરસાવા લાગી. સૌ રસજ્ઞ બનવા લાગ્યા. ધીરે ધીરે રસવાણી પ્રગટ થવા લાગી. સૌ એકી અવાજે રસમાધુરીનો આસ્વાદ પોકારી રહ્યા હતા. પરંતુ મહા મંત્રીશ્વર મૌન પૂર્વક રસોઇ આરોગી રહ્યા હતા. તે જોઇ રાજાનું ચિત્ત ચગોડોળે ચઢયું. સૌ કોઇ આરી તથા રસમાધુરીના વખાણ કરી રહ્યા છે પરંતુ આ મંત્રીશ્વર કેમ કાંઇ બોલતાં નથી, શું તેઓ મુઢ છે ? તેઓને ષટ્રસનો આ સ્વાદ નથી આવતો ? મોઢા પરની કોઇ રેખાઓ પણ ફરકતી નથી વેધક દૃષ્ટીથી રાજા મંત્રીશ્વર તરફ જોયા કરે છે અને મંત્રીશ્વરે તીરછી નજરે પ્રજાપતિ સામું જોયું. મંત્રીશ્વરે રાજાના ભાવ પારખ્યા ઇશારાપૂર્વક મંત્રીશ્વર મૌન હતા કારણ કે રાજાને ધર્મ પમાડવાની મહેચ્છા હતી.

કંટાળીને રાજાએ મૌન તોડાવ્યું, મંત્રીશ્વર " ભોજન કેવું છે ? "

મંત્રીશ્વર બોલ્યા "જેવું છે તેવું છે."

રાજા મનમાં વિચારે છે કે– એ રાજકારણમાં હુંશીયાર છે. બાકી ભોજન સામગ્રી પારખવામાં બોઠ છે. ખરેખર, આ મંત્રીશ્વર કોઇકવાર મારું નામ બોળશે.

અહીં રાજાએ મોઢું બગાડયું. મંત્રી અપ્રિય બન્યે. સૌ અધિકારીઓને ખ્યાલ આવી ગયો.

પરંતુ

" વલ્લભપણું ઉચિતવૃત્તિથી જ મેળવવું છે "

"હાજીયા" બનીને, લોક કહે તેમ જ વર્તીને, બધાને ઠીક લાગે એમ વર્તીને સર્વજન વલ્લભ બનવાનું નથી, પણ ઉચિતવૃત્તિથી વર્તીને સર્વજનવલ્લભ બનવાનું છે જેને ઉચિતવૃત્તિતા પ્રિય હોય, જેઓ ઉચિતવૃત્તિતાથી વર્તવું એજ યોગ્ય છે એમ માનતા હોય, તેઓને ઉચિતવૃત્તિથી વર્તનાર પ્રિય લાગતા હોય અને ઉચિતવૃત્તિ તરફ પણ દુર્ભાવવાળા આત્માઓને ઉચિતવૃત્તિ પ્રિય લાગતી ન હોય તેવાની કોઇ ગણત્રી નથી.

સર્વજનવલ્લભ પણાના નામે આજે ઉન્માર્ગે ઘસડી જનારા ઘણા છે. "ધર્મી સર્વજનવલ્લભ હોવો જોઇએ, માટે જે જે કાર્ય લોકને અપ્રિય હોય તે ધર્મે કરણીય

કહ્યાં હોય તો પણ તજવાં જોઇએ" એવું ઊંધું સમજાવનારા પણ આજે ઘણા છે.

સર્વજન વલ્લભ બનાવાનું એ સાચું પણ તે ઉચિતવૃત્તિથી વર્તિને ! અનુચિતવૃત્તિથી વર્તિને સર્વજનવલ્લભ બનવાના કોઠે ખોટાં છે મનોરથ ખોટાં છે.

એક દિવસ નગર ચર્યા જોવા નીકળેલા રાજા અને મંત્રી બન્ને નગરની બાળ નજીક આવી પહોંચ્યાં બાળમાંથી ભયંકર દુર્ગંધ છૂટતી હતી રાજાએ તો રૂમાલ દબાવ્યો, ઘોડાને દોડાવી પેલે પાર ચાલ્યો ગયો. મંત્રીશ્વરે મજેથી ઘોડો હંકાર્યો અને મોઢું મચકોડયા વિના બાળ પાર કરી.

વિચિત્ર આચરણ જોઈને રાજાએ પૂછયું "કેવી દુર્ગંધ છે ?"

મંત્રીશ્વરે કહ્યું "જેવી છે તેવી."

રાજાને થયું મંત્રીશ્વરની હવે ઉંમર થઇ લાગે છે તેની સારા કે નરસા પારખવાની શક્તિ નાશ પામી લાગે છે. હવે ચેતવું પડશે નહીંતર મુશ્કેલીમાં મુકાઇશું.

ઘરે આવ્યા પછી મંત્રીશ્વરે ભૃત્ય પાસે તે બાળનું જળ મંગાવ્યું. એને ગાળી, કચરો કાઢી એમાં ફટકડીનું ચૂર્ણ નખાવી પાણી શુધ્ધ કરાવ્યું. પછી એમાં સુગંધી દ્રવ્યોનું મિશ્રણ કર્યું. મહેક મારતા દ્રવ્યોની સાથે ખાટા-મીઠા રસોનું મિશ્રણ કર્યું, સ્વાદિત જળ તૈયાર પડયું અને નાસિકા તરફ આવતો પવન જો તેને સ્પર્શીને આવે તો નાક ખેંચવાનું ભુલાય નહિ.

મધુર જળને તૈયાર કરી રાજાના રસોઈઘર ઉપર મોકલ્યું અને સાથે કહેડાવ્યું. "મહારાજા જ્યારે જમવા બેસે ત્યારે આજ પાણી મૂકવું."

રાજા ભોજનગૃહમાં પ્રવેશે ત્યાં તો મહક મહક મહેક આવવા લાગી. રાજાનું મન ચગડોળે ચઢયું, આજે તો વળી કયી એવી વસ્તુ બનાવી છે કે ચાટલી સુગંધ આવે છે; રાજા જીજ્ઞાસાને રોકી ન શકયો. રસોયાને પૂછતાં તેની આંખો પેલા નીર્મળ રંગીન જળ ઉપર પડી.

અહો ! "સુગંધ પાણીમ થી આવે છે."

એય રસોઇયાજી, આવું પાણી આજે કયાંથી આવ્યું છે. આવું સુગંધીદાર પાણી તું રોજ કેમ નથી બનાવતો ? તારી કળાનું પ્રદર્શન કેમ નથી કરતો ? આ સિવાય તેને ચટકેદાર કઇ કઇ વાનગીઓ આવડે છે ?

પૃથ્વીપતિ, હે નાથ ! આજે જ આ સુગંધી જળ મંત્રીશ્વરે મોકલ્યું છે. અને કહેડાવ્યું. છે કે રાજાજી જમવા બેસે ત્યારે જ આપવું.

"હં" મંત્રીશ્વરે મોકલ્યું છે. રાજા વિચારે ચઢયો. જે આવું ચટકેદાર પાણી પીનારો હોય તે મારા ષટ્રસ ભોજનને કયાંથી વખાણે ? જેનું પીવાનું પાણી આવું સુગંધીદાર તેની રસોઇ કેવી હશે ? તેના પકવાનો કેવા હશે ? હવે મંત્રીશ્વરની વાત સમજાય છે ને કાંઇ ભોંઠ નથી તે હોંશીયાર જ છે.

"છે કોઇ ?" "હાજર થાવ." રાજાએ બુમ મારી.

સેવક હાજર થયો. જી રાજન સેવક યોગ્ય કાર્ય સેવા ફરમાવો.

જાવ, મંત્રીશ્વરને તરત જ તેડી આવો.

તૈયાર થઈને બેઠાણા મંત્રીશ્વર તરત જ રાજ ભોજન ગૃહે પધાર્યા.

મહારાજાધિરાજની જય હો... જય હો... !! બોલતાં મંત્રીશ્વર ભોજન ગૃહમાં આવ્યા.

સ્વાગતં... સ્વાગતમ્... સ્વાગતમ... મંત્રીશ્વર પધારો અને આસન ગ્રહણ કરો

ભાઇ, આવું મીઠું મધુરું જળ કયાંથી ?

રાજન્, અભયદાન આપો તો વિસ્તારથી વાત કરું ?

ખીલખીલાટ હસતાં રાજા બોલ્યા, એમાં અભયદાનની માગણી કરવાની શી જરૂર ? જા, મારું વચન છે તું અભય છે.

મંત્રીશ્વર નમ્રતાથી બોલ્યા, મહાધિરા આપણે નગર ચર્યા જોવા નીકળેલા તે વળતો રસ્તામાં દુર્ગંધમય ખાળ આવેલી, આપશ્રીએ નાક દબાવ્યું. ઘોડો દોડાવ્યો અને ઝડપભેર પેલે પાર પહોંચી ગયા હતા. યાદ આવ્યું. તેજ ખાવાનું આ પાણી છે.

શું વાત કરે છે મને વિશ્વાસ બેસતો નથી તું કરીને બતાવ.

મંત્રીશ્વરે તે ખાળનું પાણી મંગાવું. તેમાં ચૂર્ણાદિ મેળવીને શુધ્ધ કર્યું. સ્વાદિત પદાર્થો મેળવી રોચક બનાવ્યું. સુંગધી દ્રવ્યો મેળવી મજેદાર બનાવ્યું.

રાજન્ " જેવો યોગ મળે તેવાં પુદ્ગલ થાય."

અશુભ યોગમાં અશુભ થાય અને શુભ યોગમાં શુભ થાય (સમજનારને ઇશારો કાફી છે.) વિશેષ વિવેચન અવસરે.)

મંત્રીશ્વર બોલ્યા હે મહાકૃપાળુ ! આવા પુદ્ગલોમાં રાચવું શું ?

રાજાની વિચારધારા તુટી તેઓ બોલ્યા હે મહાન બુદ્ધિશાલી, આવું તું કોની પાસે શીખ્યો ?

મંત્રીશ્વર હાથ જોડીને હે કૃપાળુ, અમારા નિર્ગ્રંથ ધર્મગુરૂઓ પાસેથી.

ભાઇ, તમારા ધર્મગુરૂઓનો ભેટો મને કરાવીશ ?

હાજી. રાજાધિરાજ, આપશ્રીને ચોક્કસ સુગુરૂઓનો ભેટો કરાવીશ એ સુગુરૂઓ દેશના સંભળાવશે. તે સાંભળી આપશ્રી સુધર્મમાં સ્થિર બનજો

જો મંત્રીશ્વરને લોકવલ્લભ બનવાનો લોભ જાગ્યો હોત, બધાની માફક રાજ ભોજનની પ્રશંસા કરી હોત તો ? બધાની " હા " માં " હા " મેળવી હોત તો ? આવું સુંદર પરિણામ આવત ? ન જ આવત.

ઉચિત વૃત્તિથી વર્તિને વલ્લભ થવાનું, પણ "હાજીયા" બનીને નહિ. ઉચિતવૃત્તિથી વર્તવું એટલે હાજીયાપણું બંધ, ભયંકર પાપ બંધ, કોઇનું બુરૂં કરવાનું બંધ અને કોઇનું બુરૂ ઇચ્છવાનું પણ બંધ, ફકત સૌનું સારું થાઓ એવી ભાવના અને શક્તિ મુજબ સૌનું ભલું કરવાની પ્રવૃત્તિ એ ઉચિતવૃત્તિનું લક્ષણ છે.

મારું સારું થાઓ અને પરતું ભૂંડું થાઓ એ અનુચિતિ વૃત્તિનું લક્ષણ છે.

આ લક્ષણ સ્પષ્ટ જાણી, સમજી ને પછી સર્વજન વલ્લભ બનવાની મહેચ્છા રાખીએ તે વધુ યોગ્ય લાગે છે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૪૯] ખસી જા, ભસ્મ થઇ જઇશ.

'હે પાપી ! રામચંદ્રજીની પત્ની એવી મારૂ અપહરણ કરતી વખતે જ તું તો યમરાજની નજરે ચડી ચૂકયો છું. મારા રામ તેના ભાઇ સાથે અહીં આવે તેટલા દા'ડા સુધી જ હવે તો તું જીવી શકવાનો છે. તારે ને મોતને હવે બહુ છેટું નથી, પાપી !'

એક તરફ રામચંદ્રજીએ સુગ્રીવના ખતરનાક શત્રુનો એક જ શર-સંધાન કરીને સંહાર કરી નાંખ્યો અને કિષ્કિંધાના ઉપવનમાં સ્થિર થયા.

જ્યારે બીજી તરફ લંકામાં દેવરમણ ઉદ્યાનમાં રહેલા સીતાદેવીની વિષમદશામાં પણ સતીત્વના સંરક્ષણ માટે અણનમ સાત્વિકતા સોળે કળાએ પૂરબહાર ખીલી ઉઠી છે.

સૌમિત્રિ દ્વારા શમ્બુક-ત્રિશિરા-ખરજેચર અને દૂષણ સહિત ચૌદ-ચૌદ હજાર વિદ્યાધરોનો સંગ્રામમાં સનસનાટી ભર્યો સંહાર થઇ જતાં રાવણના અંતપુરમાં મંદોદરી આદિ કરૂણ કદર્પાત કરવા લાગ્યા. અને પતાલલંકામાંથી લક્ષ્મણને સંગ્રામમાં જોતાં જ જીવ લઇને નાસી છૂટેલા સુંદ અને શુર્પણખા પણ રાવણના ખંડમાં જઇને કાગારોળ કરવા લાગી. અને છાતી કુટતી કુટતી જ રાવણને જોઇને વળગી પડી અને વધુ છાતીફાટ રૂદન કરવા લાગી.

શૂર્પણખાને આશ્વાસન આપતાં દશકંધર બોલ્યો કે– તારો સર્વ સંહાર કરી નાંખનારનો હું થોડા જ સમયમાં સંહાર કરી નાંખીશ.'

પોતે ત્રણ ત્રણ ખંડનો ધણી હોવા છતાં પોતાની સગી બેનનો એકલા સૌમિત્રીના હાથે સર્વનાશ થઇ ગયાના કારમા શોકથી અને સીતાદેવીના સંયોગની અપ્રાપ્તિના તરફડાટથી તે રાવણ પથારીમાં પડયો પડયો તરફડીયા મારતો હતો.

'આમ ગમાર માણસની જેમ નિશ્ચેષ્ટ કેમ થઇ ગયા છો, નાથ ?' મંદોદરીએ આમ પૂછતાં રાવણે કહ્યું વૈદેહી–સીતાની અપ્રાપ્તિની વિરહ-વેદનાથી પીડાયેલો મને ન તો કંઇ ચેષ્ટા કરવી ગમે છે, ન તો કશું બોલવું ગમે છે. કે ન તો કશું જોવું ગમે છે. હે પ્રાણેશ્વરી ! જો તું મને જીવતો જોવા ઇચ્છતી હોય તો માન છોડીને સીતા પાસે જઇને તેનો અનુનય કર, તેને એવી વિનવાણીઓ કર કે જેથી

તેને મારી સાથે સંભોગ કરવાની ઇચ્છા જાગે.

કેમ કે 'અને' ન ઇચ્છતી પરનારીને મારે કયારેય પણ નહિ ભોગવવાની' ગુરુ-સાક્ષીની પ્રતિજ્ઞા છે. અત્યારના આવા સમયે આ નિયમ મને નડતરભૂત બની રહ્યો છે'

લંકાના રાજમહેલથી દંડકારણ્ય ઘણુ બધુ દૂર હતું. પણ દેવરમણ ઉદ્યાન તો બસો-પાંચશો ડગલા જ દૂર હતું. રાવણને સીતાદેવી દિલથી તો જરા ય દૂર ન હતા. પણ મહાસતીના સતીત્વના સાત્વિક સત્વ અને શૌર્યના કારણે મહાસતી સીતાદેવીનું જીવતું શરીર તો એ લંપટ રાવણથી આ જનમમાં તેના છેલ્લા શ્વાસ સુધી દૂર જ નહિ પણ પરાઙમુખજ રહેવાનું છે.

'દશકંધર રાવણના ન ઇચ્છતી પરસ્ત્રીને નહિ ભોગવવાના' નિયમના કારણે જ સીતાદેવી શીયળનું પાલન કરી શકયા હતા' આવું કહેવાય કે વિચારતાય પહેલા વિચારો કે સીતાદેવીને તો એ વાસના લંપટ કામીના નિયમની ખબર પણ નથી. અને કદાચ નિયમ તોડીને જો રાવણ મહાસતી સીતાદેવીના શિયળ સામે રહેજ પણ અડપલું કરવા ગયા હોત તો તો સીતાદેવી જેવા મહાસતી પળનો પણ વિચાર કર્યા વિના જીભ કચડી નાંખીને કે અન્ય રીતે પોતાના પ્રાણને તજી દેત. પણ શીયળ મહારત્નનું અણુદાગ સંરક્ષણ જ કરત.

પ્રાણ જાય પણ શિયળ ન જાય

મહાસતીના શરીરને હજી કોઇ ચુંથી ના શકયો.

લંકેશ્વર રાવણ જેવા પતિની પીડાથી દુઃખી થયેલી કુળવાન મંદોદરી જેવો મંદોદરી પણ રાવણના કહેવાથી તત્ક્ષણે જઇને દેવરમણ ઉદ્યાનમાં રહેલા સીતાદેવીને કહેવા લાગી કે-'હું લંકેશ્વર રાવણની અગ્ર પટ્ટરાણી છું પણ તું રાવણને ભજ તો હું તારી જનમની દાસી થઇને રહીશ.

હે સીતા! ખરેખર તું જ ધન્ય છે કે જેથી વિશ્વને પૂજ્ય મારા મહાશક્તિશાળી પતિ રાત દા'ડો તને જ સેવવાને ઝંખ્યા કરે છે. જો તને દશાનન જેવો પતિ મળતો હોય તો તારા જમીન ઉપર ભટકનારા બિચારા એક સેવક જેવા તારા રામની હવે તારે જરૂર પણ શી છે? (થોડોક તો વિચાર કર)

આ શબ્દો સાંભળીને રોષથી રોમ-રોમ સળગી ઉઠેલા સતી શિરોરત્ન સીતાદેવીએ રોષ સાથે મંદોદરીને સંભળાવવા માંડયું. કે-'ક્યાં મારા સિંહ ને કયાં તારો લુચ્ચો શિયાળીયો? કયાં મારો ગરૂડરાજ અને કયાં તારો તે કાગડો. (લંપટ વાસનાથી રોમ-રોમ ગંધાઇ ઉઠેલા તારા ધણીની મારા સદાચારના સુખડની સુંગંધ ફેલાવતા પ્રાણનાથ સાથે સરખામણી કરવાની ભૂલ હવે પછી કદિપણ ના કરીશ)

તારૂં અને તારા તે પાપીયા ધણીનું

જોડકું પણ બરાબર જ જોડાયું છે. તારો ધણી અન્યની સ્ત્રીઓમાં તેની દુષ્ટ હવસ (વાસના) પુરી કરવાની દાનતનો છે અને તું તેની પત્ની બનીને તારા પતિની આવી હવસ પૂરી કરવામાં નોકરાણીના ધંધા કરે છે.

અરે! વધુ તો શું કહુ પણ તારૂ તો મોઢું ય જોવું પાપ છે પાપ, તો પછી તારી સાથે વાત તો થાય જ કયાંથી? જા, અહીંથી આઘી, હટ. મારી નજર સામે (હવે પછી કયારેય આવતી નહિ.)

ત્રણ ખંડના ધણીની એક સામાન્ય જેવી સામાન્યીનો શીયળ રત્નના પ્રેમનો અપૂર્વ પક્ષપાત કરીને મહાસતી સીતા-દેવીએ રોષના હડફેટા ઉચ્ચારી ઉચ્ચારીને ઉધડો લઈ નાંખ્યો.

જ્યારે મંદોદરીને રોષ ભર્યા શબ્દો સંભળાવતા હતા ત્યારે જ રાવણ ત્યાં આવી ચડયો અને સાવ નરમાશથી કહેવા લાગ્યો કે– હે સીતા! મંદોદરી તો તારી દાસી છે તેના ઉપર કોપ શા માટે કરે છો? ખુદ હું પોતે પણ તારો દાસ જ છું હે દેવિ! મારા ઉપર મહેરબાની કરો હે, જાનકી! તારા દાસ બનેલા આ મારી જેવા માણસ તરફ નજર નાંખવા વડે પણ તેને ખુશ કેમ નથી કરતી?

આવા લંપટ સામે પરાઙ્મુખ બની જઈને મહાસતી સીતાદેવી બોલ્યા કે– યાદ રાખજે, હે પાપી! રામચંદ્રજીની પત્ની એવી મારૂ અપહરણ કરતી વખતે જ તું તો યમરાજની નજરે ચડી ચૂકયો છો વગર બોલાવ્યે ભીખ માંગનારા ભીખારા! વાસનાની લાલસાથી ખરડાયેલા! તારી લંપટ લાલસાને ધિક્કાર છે. મારા રામ તેના ભાઈ સાથે અહીં અ વે એટલી જ વાર છે. એ અહીં આવ્યા નથી ને તારી ચિતા સળગી નથી. જોઈ લે જે.'

સતી રત્ન સીતાદેવીના આવા આક્રોશને પણ લંપટ રાવણે સાંભળી લઈને ફરી ફરી એ જ વાસનાની ભીખ માગ્યા કરી.

ધિગહો કામાવસ્થા બલીયસી

અહો ધિક્કાર છે, વાસનાની અવસ્થા બળવાન છે અને એ વાસનાને વશ થયેલાઓ તો ધિક્કારને પાત્ર છે. (ક્રમશઃ)

શાસન સમાચાર

ચંદનબાલા–વાલકેશ્વર–શે.ઠશ્રી ભેરૂ-મલજી કનૈયાલાલજી કો. રિ. ટ્રસ્ટ આર. આર. માર્ગ વાલકેશ્વર મુ. ૬ અત્રે પૂ. આ. શ્રી વિજયરાજશેખર સૂ. મ. ની પ્રેરણાથી થાણાનો છ'રી પાળતો સંઘ કા. વ. ૭ના નીકળશે. દાહર હાલારી વીશા ઓસવાળ વાપી, ઘાટકોપર નવરોજ લેન, મુલુંડ અને થાણા એમ. મુકામ રહેશે ૧૧ સંઘપતિઓ છે. આ સંઘમાં પધારવા પૂ. જિનેન્દ્ર સૂ. મ. પૂ. લલિતશેખર સૂ મ. પૂ રાજશેખર સૂ. મ. પૂ. વીરશેખર સૂ. મ. પૂ. જયકુંજર સૂ મ. પૂ મુક્તિપ્રભ સૂ. મ. પૂ. ચંદ્રોદય સૂ. મ. પૂ. કનકશેખર પૂ. પં. શ્રી નરવાહન વિ. મ. પૂ. મુ. શ્રી જિનસેન વિ. મ. પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ. પૂ. મુ. શ્રી વિશ્વદર્શન વિ. મ. આદિ સાધુ સાધ્વી મંડળને વિનંતી કરી છે

❋ શાસન સમાચાર ❋

વડોદરા–સુભાનપુરાના આંગણે પૂ. મુનિરાજ શ્રી મુક્તિધન વિ. મ. પૂ. મુ. શ્રી પુન્યધન વિ. મ. તથા પૂ. સાધ્વીજી સૂર્યપ્રભાશ્રીજી આદિઠાણા-૬ અત્રે પધાર્યા ત્યારથી શ્રી ધર્મ બીન્દુ ગ્રંથ તથા સમરાઇચ્ચ કહા ઉપરનાં પ્રવચનો ચાલી રહ્યા છે અને લોકો સુંદર લાભ લઇ રહ્યા છે. ઉત્સાહ અમાપ છે. પ્રવચનમાં રોજ સંઘપૂજન થાય છે.

પહેલા રવિવારે દીપક એકાસણા બીજા રવિવારે ટીફીન એકાસણા;

અષાઢ વદ-૧૪ ના પૂ. શ્રીજીની તિથિની ઉજવણી ભવ્ય થયેલ. તે દિવસથી અષ્ટ પ્રાતિહાર્ય તપ શરૂ થયેલ. તેમાં ૩૬ જણાએ ભાગ લીધેલ. સામુદાયીક એકાસણા, બેસણાં અત્રે થતા હતા. ચોથો રવિવાર-વામા માતાનાં થાણાના એકાસણા. શ્રાવણ સુદ ૧૦-૧૧-૧૨-૧૩ના મેહુલ સો.માં સાલગિરી તથા પૂ. પન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ. મ.ની ૧૦ મી પુન્યતિથિ પ્રસંગે શ્રી સિધ્ધચક્ર પૂજન સ્વામીવાત્સલ્ય સાથે ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાયેલ.

શ્રાવણ વદ-૧૨થી મહાપર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી શરૂ થયેલ. રોજ પ્રવચનોમાં બે-ત્રણ સંઘ પૂજન, આંગી, ભાવના થતી હતી દેવદ્રવ્યની ઉપજ પણ સારામાં સારી થયેલ. તપશ્ચર્યા : માસક્ષમણ-૧, સોલ ઉપવાસ-૪, ૧૧ ઉપવાસ-૩, ૯ ઉપવાસ-૩, અઠ્ઠાઇ-૩૦

ભાદરવા સુદ-૬ સવારે ૮-૩૦ કલાકે ભવ્યાતિભવ્ય વરઘોડો તથા સ્વામીવાત્સલ્ય ભાદરવા વદ-૧ સવારે સુભાનપુરા વિસ્તાર ચાર દેરાસરોની ચૈત્ય પરિપાટી તથા નવકારશી ભાદરવા વદ-૮ તા. ૧૭-૯-૬૫ સવારે અલકાપુરી, અકોટા તથા સંપતરાવ કોલોનીના દેરાસરની ચૈત્ય પરિપાટી તથા નવકારશી. ભાદરવા વદ-અમાસ તારીખ ૨૪-૯-૬૫ બપોરે સ્વામીવાત્સલ્ય તથા સાંજે ૬ કલાકે ભવ્યાતિભવ્ય મહાપૂજનનું આયોજન થયેલ છે. આસો સુદમાં ઓળીની ભવ્ય આરાધના થઇ.

આકોટા અલકાપુરી જૈન સંઘમાં પણ પર્યુષણ પર્વની આરાધના કરાવવા ગયેલ ત્યાં પણ દેવદ્રવ્ય સાધારણની ઉપજ રૂા. ૧૭ લાખની થયેલ. વડોદરામાં પહેલો નંબર આવેલ.

લાખાબાવળ અત્રે પર્યુષણની આરાધના થઇ ચિ. મેહુલકુમાર દેવચંદ પદમશી ગુઢકાએ અઠ્ઠાઇ કરતાં ભા. સુ. ૬ રવિવારે તે નિમિત્તે સંઘ જમણ રાખેલ. વરઘોડાનું ઘી પણ ૧૩૩૦ થયું.

ભોપાલ (મ.પ્ર.) અત્રે મધ્ય પ્રદેશમાં પશુ હિંસા સામે અહિંસા માટે ૭-૮ ઓકટોબરના પ્રાણી રક્ષા સંમેલન મુનિ શ્રી સમતાસાગરજીના સાનિધ્યમાં બોલાવવામાં આવ્યું છે જે વિરોધ અને વિશાલ રેલી કાઢી હિંસા નિષેધ માટે પ્રેરણા આપશે.



- દીક્ષા સિવાય મોક્ષ નહિ. સંસારમાં દુઃખ સિવાય કાંઇ નહિ. જે સુખ છે તે દુઃખ સ્વરૂપે છે. સંસારમાં સુખ હોય તો સાધુપણામાં છે. કાં જેને સાધુજ થવા જેવું છે તેમ જેના હૈયામાં છે તેને સુખ છે.
- પાપથી ડરે તે નાનો હોયતો ડાહ્યો છે. પાપથી ન ડરે તે મોટી ઉમરનો હોય તોય ગાંડો છે. પાપથી ડરે તે ઓછું ભણેલો હોય તોય પંડીત છે. અને પાપથી ન ડરે તે ગમે તેટલું ભણેલો હોય તોય મુરખ છે.
- જીવ માત્ર દુઃખના દ્વેષી બની ગયા છે કેમકે વાસ્તવિક ગુણ દોષની તેમને ખબર નથી કરાણ કે મોહનો અંધાપો વ્યાપક છે. તેને લઇને તેને ખબર નથી કે દુઃખ શાથી આવે છે ? દુઃખનું નામ સાંભળતા તેને ગુસ્સો આવે છે. કયારે દુઃખ જાય તેની ચિંતામાં મરે છે. તે દુઃખ કાઢવા શું શું કરે તેનું વર્ણન થાય તેમ છે ? તે જીવ અજ્ઞાન હોવાથી, વસ્તુના ગુણ-દોષો નહિ સમજવાથી, જગતના સઘળા સુખ પર અતિશય રાગ છે. તે રાગને લઇને તેની ભયંકર પાયમાલી થઇ રહી છે. આવા સ્વભાવને લઇને તે અધર્મ કરે તો તો દુઃખી થવાનો જ છે. પરંતુ ધર્મ કરે તોય દુઃખીજ થવાનો છે. તે જે જે કરે તેથી દુઃખ અને દુઃખ જ પામે છે.
- આત્માની મલિનાવસ્થા તેનું નામ સંસાર આત્માની શુદ્ધાવસ્થા તેનું નામ મોક્ષ.
- જે આવામાં પાપ ન માને તે કદિ અણાહરી પદ પામે નહિ.
- શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવાવાળાને મુક્તિમાં શંકા હોય નહિ. જેને મોક્ષમાં શંકા હોય તે અનંતા નવકાર ગણે તોય તેનું કલ્યાણ થાય નહિ.
- જ્યાં સુધી મોક્ષની ઇચ્છા ન થાય ત્યાં સુધી સાચી ઉદારતા આવે નહિ અને તેવો જીવ ભગવાનની સાચી ભક્તિ અને સાધુની સાચી સેવા કરે નહિ.
- પાપરૂપ સંસારને અધર્મ માની તેના પર અરૂચિ પેદા થાય અને ત્યાગ રૂપ ધર્મ પર રૂચિ પેદા થાય તેનું નામ જ ધર્મરૂચિ !
- પાપથી દુઃખ આવે છે આ વાત જેને ખબર ન હોય તે બધા અનાર્ય છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनुं पत्र

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તેઓ જ ખરેખર અનાથ છે.

प्रवज्य ये पञ्च महाव्रतानि,
न पालयन्ति प्रचुर प्रमादात् ।
रसेषु गृद्धा अजितेन्द्रियाश्च,
जिनैरनाथाः कथितास्त एव ॥

જેઓ પ્રવજ્યાને ગ્રહણ કરીને અતિ પ્રમાદથી પાંચે મહાવ્રતોનું પાલન કરતા નથી, રસોને વિષે ગૃદ્ધ રહે છે, ઇન્દ્રિયોનો સંયમ કરતા નથી તેઓને જ શ્રી જિનેશ્વર દેવોએ અનાથ કહેલા છે.

વર્ષ ૮ અંક ૧૪

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- સાધુ– સાધ્વીના બળે જીવે તે જ શ્રાવક ! તેમનો જેને ખપ નહિ તે વળી શ્રાવક કેવા !
- કર્મ ધૂનન માટે મા–બાપનો ત્યાગ કરે તે ધર્મ ! પોતાના સ્વાર્થ માટે મા–બાપનો ત્યાગ કરે તેના જેવો અધર્મ બીજો એક નથી !
- ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું અને લોકોને પણ તે જ માર્ગે ચલાવવા તે જ આપણું રચનાત્મક કામ છે.
- ગુરૂ તે જ કહેવાય, જે શાસ્ત્રની આજ્ઞા મુજબ જ વર્તે પ્રાણના ભોગે પણ શાસ્ત્રથી આઘા–પાછા ન થાય. શાસ્ત્ર મુજબ જીવવામાં આબરૂ જતી નથી પણ વધે છે. મૂર્ખાઓ ન સમજે તેની કિંમત નથી !
- ખોટી વાતને રોજ ખંખેર્યા કરે એક ખોટી વાત ચાલવા ન દે તે સુરૂ !
- સાચી વાત જાહેર કરતા અયોગ્યને કલેશ થાય અને યોગ્યને લાભ થાય તો તે કલેશની કિંમત ન અંકાય !
- ધર્મ પામવાનો મહત્ત્વનો ગુણ આજ છે કે– 'અસત્યનો ત્યાગ અને સત્યનો સ્વીકાર' અસત્ય સમજાયા પછી પણ ન છોડે અને સત્ય જાણવા છતાં ય ન સ્વીકારે તે ધર્મ પામે નહિ.
- સાધુ પણું પાળવા, શરીરની પણ પરવા છોડવી પડે.
- સર્વજ્ઞને જ સર્વજ્ઞ કહેવાય બીજાને સર્વજ્ઞ કહેવાય નહિ. બધાને સરખા મનાય નહિ. અનંતા શ્રી અરિહંત પરમાત્માઓનો એક જ મત હોય તે જ જિનમત છે તેથી જ શ્રી જિનમત ચૂચવે છે કે,– સર્વ ધર્મ સમ અને સર્વધર્મ મમ એમ મનાય જ નહિ. આ નિરૂપણ મહાપુરૂષોએ કર્યું છે માટે સર્વધર્મ સમ અને સર્વ-ધર્મ મમ એમ માનવું કે બોલવું તો પણ મહાપાપ લાગે.
- મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્ય છાતી ઠોકીને કહી ગયા છે કે આપણે મહાપુણ્યશાલી છીએ કે તપાગચ્છની પ્રાપ્તિ થઇ છે. તપાગચ્છમાં આપણો જન્મ થયો. તપાગચ્છના આગમો આપણા હાથમાં આવી ગયા ભગવાનના શાસનનુ સત્ય તપાગચ્છને જ મળ્યું છે. આવા તપાગચ્છમાં અમને સાધુપણું મળ્યું, આગમો વાંચવાની તાકાત આવવી દીવાની જેમ સ્પષ્ટ દેખાય કે 'આ સત્ય છે, આ અસત્ય છે.' આમ સત્યાસત્ય સમજાયા પછી પણ જો સત્યા સત્યને કહેવામાં લોચા વાળવા તે ભગવાનના શાસનને દગો દેવા જેવું છે. અને આ રીતે શાસનને દગો દેવો એના જેવું ભયંકર પાપ એક નથી.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેલાજી ગુરુકુ
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(પાલનપુર)
ચાંદાચંદ પદમશી ગુરુકુ
(ચાંદાગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ માગસર સુદ-૭ મંગળવાર તા. ૨૮-૧૧-૯૫ [અંક ૧૪

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૦ ને સોમવાર, તા. ૯-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ -૬. (પ્રવચન ૬ ઠું) [ગતાંકથી ચાલુ]

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— —અવ૦

અહીંથી-મંદિર-ઉપાશ્રયેથી-ઘરે જવું પડે તો દુઃખ થાય છે ? ઘરથી મંદિર-ઉપાશ્રયે આવો તો આનંદ થાય છે ? ઘરથી મંદિરે આવવા નીકળ્યો તો પગલે પગલે ઉપવાસ આદિનાં ફળ લબ્યાં તે કોને માટે લબ્યાં છે ? તમે દર્શનાદિ કરવા નીકળ્યા, રસ્તામાં સ્નેહી મળે અને ઊભા રાખે, બોલાવે અને તમે ઊભા રહો, બોલો અને વખતે કામ પડે તો દર્શનાદિ કર્યા વિના જ પાછા આવ તેના માટે તે ફળ લબ્યાં છે ?

જ્ઞાની કહે છે કે, મોક્ષ વિના સુખ નથી. આમ માનનારો સંસારના સુખનો વિરાગી હોય કે રાગી હોય ? તેને સુખ મળે તો આનંદ આવે ? તે આત્મા તો આ દુનિયાના સુખને શત્રુ માને. તેમાં જો સાવચેત ન રહું તો મને પકડીને દુર્ગતિમાં લઇ જાય એમ માને. પૈસા-ટકા, કુટુંબ-પરિવાર કયાં મોકલી આપે ? તમે મરતા સુધી ધંધો કરો તો તમારા ઘરમાં કોઇ કહેનાર છે કે-'કયાં સુધી આ પાપ કરવું છે ? આપણા ઘરમાં શું ઓછું છે ? ઓછું હશે તો ઓછાથી ચલાવીશું' તમને તમારા સંબંધી પર બહુ પ્રેમ છે તો તે સંબંધી તમને કયાં મોકલવા માગે છે ? દુર્ગતિમાં કે સદ્ગતિમાં ? દુર્ગતિમાં મોકલવા માગે તે કુટુંબી કહેવાય ?

તમે રોજ તમારા છોકરા-છોકરીઓને શું સમજાવો છો ? શું ભણાવો છો ? શું કહો છો ? દુનિયાનું ભણાવી-ગણાવીને હોશિયાર કર્યા, પરદેશ મોકલ્યા, પરણાવીને ઠેકાણે પાડયા પણ ભૂલેચૂકેય ધર્મ ન કરે તેની કાળજી રાખો છો તો તમારે ઘેર જન્મવું તે પાપ કહેવાય કે પુણ્ય કહેવાય ? શાસ્ત્રે જૈનજાતિ અને જૈન કુળમાં જન્મે તેને મહાપુણ્યશાલી કહ્યો છે. તો આજે તમારા કુળમાં જે જન્મે તેનો મોટો પ્રમોદય હોવો જોઇએ તેમ કહું તે ખોટું છે ? છોકરા-છોકરીને ભણાવી-ગણાવી પરણાવી દીધા એટલી જ તમારી ફરજ છે ? તે સાધુ પાસે જાય છે કે, નહિ, ધર્મ કરે છે કે નહિ તેની ચિંતા રાખો છો ?

પ્ર૦ તેમનામાં યોગ્યતા ન હોય તો તેવી ચિંતા ન હોય.

ઉ૦ તમને શી ખબર કે યોગ્યતા ન હતી ? શું કાળજી રાખી છે ? તમારૂં સંતાન નાનું હતું ત્યારથી અયોગ્ય હતું ? નાના છોકરાને રમાડો પણ તે ખોટે માર્ગે ન જાય, સારા માર્ગે જ જાય તે ચિંતા કરી છે ખરી ?

માટે જ આ આચાર્ય મહારાજ સમજાવી રહ્યા છે કે 'મોક્ષ જ સુખ છે', 'સાચું સુખ મોક્ષમાં જ છે' સંસારના સુખને સાચું સુખ કહેવું સુખ શબ્દનો દુરૂપયોગ છે' જે સુખ સુખના કાળમાં દુઃખી કરે, ભોગવટામાં ય દુઃખી કરે અને પરંપરાએ ય દુઃખી કરે તેને સાચું સુખ કહેવાય ? જે ચક્રવર્તીઓએ ચક્રવર્તીપણાંના સુખને મજેનું માન્યું, મરતા સુધી ન છોડયું તે બધા નરકે ગયા. તો તમે તમારા કંગાળ સુખમાં મહાલો તેમાં જ મજા કરતા કરતા. મરો તો કંઇ જતિમાં જશો ? તમે પરલોકને માનો છો ? સ્વર્ગ-નરક માનો છો? નરકમાં ન જવાય તેની મહેનત ચાલુ છે? રોજધર્મ સાંભળનારા આનો જવાબ ન આપે કે 'અમારે નરકમાં તો જવું જ નથી. નરકમાં જવાય તેવાં કામ મરી જઇએ પણ કરીએ નહિ' તો તેને ધર્મ સાંભળનારો કહેવાય ?

પ્ર૦ શું કરવાથી નરક મળે ?

ઉ૦ ઘણા પૈસા મેળવવાની ઇચ્છા, ઘણા મોટા ધંધા કરવાની ઇચ્છા નરકમાં લઇ જાય. શાસ્ત્રે મહારંભ, મહાપરિગ્રહ, રાત્રિ ભોજન અને માંસાહાર તથા પંચેન્દ્રિયઘાતને નરકનાં કારણ કહ્યાં છે.

શ્રાવક રાત્રિભોજન કરે ? અભક્ષ્યનું ભક્ષણ કરે ?

પ્ર૦ આવા શ્રાવક કેટલા ?

ઉ૦ તમે શ્રાવક નથી ? શ્રાવક હો તો તમારા ઘરમાં રાત્રિભોજન હોય ?

એક વર્ષીતપ કરનારી બાઇ છોકરાને રાતે જમાડતી હતી. તો કોઈ કે તેને પૂછયું કે તું રાતે જમાડે છે? તો તેણી કહે કે-'તેણે બિચારાએ શું પાપ કર્યું કે રાતે ન જમે? પાપ કર્યું હોય તે રાતે ન જમે ને? રાતે ખાય તે તો પાપ કરીને જન્મ્યા છે. જૈનકુળમાં જન્મેલા રાતે ખાય તે તો મહા પાપનો ઉદય કહેવાય. જૈનકુળમાં જન્મેલા મંદિરે ન જાય, ઉપાશ્રયે ન જાય, રાતે મજેથી ખાય, અભક્ષ્ય ખાય, મોટા વેપારાદિ આનન્દપૂર્વક કરે તો તે બધા દુર્ગતિમાં જાય કે સદ્ગતિમાં જાય?

અમને મોટા વેપારીની દયા આવે તે અમારી ભૂલ કહેવાય કે અમારો ગુણ કહેવાય? તમે સુખમાં મહાલતા હો તોય તમારી પ્રશંસા કરીએ પણ તમને ચેતવીએ નહિ તો અમારી પણ દુર્ગતિ થાય. અમારી પાસે આવનારો મહાપરિગ્રહી અને મોટા મોટા વેપાર કરનારો અને તેમાં જ મજા માનનારો પણ મરીને ક્યાં જાય? રોજ અહીં આવતા છતાં તેવોને તેવો રહે, પોતે જે કરે તેનું દુઃખ પણ ન હોય તો તેની દયા ન આવે? આજે ઘણા સુખી માણસો મોડા આવી આગળ આવે છે તો તેની દયા આવે છે કે- આ બિચારા! શું કામ મોડા આવતા હશે?

સભા: આપને એમ ન થાય કે, આવો સુખી ને કામગરો છતાં અહીં આવ્યો.

ઉ૦ જરા ય ન થાય. તેને સુખી કોણ કહે? તે તો દુઃખી મૂઓ છે! કરવા જેવું કામ કોણ ન કરે? દુઃખી હોય તે. ટાઇમ ન હોય તે. આમને ટાઇમ નથી? વ્યાખ્યાનના ટાઇમે આવવું જોઇએ પહેલેથી આવવું જોઇએ અને પૂર્ણ થયા પછી ઊઠવું જોઇએ. મોડા આવે, વચમાં ઊઠે તે બધા તો કિંમત વગરના છે.

પ્ર૦ તેવા શાસનની પ્રભાવના કરે ને?

ઉ૦ પોતાની નામના કરે પણ મોટે ભાગે પ્રભાવના તો કરે જ નહિ. આજે મોટું જમણ કરે તો કેટલી ફજેતી થાય છે તે ખબર નથી?

પ્ર૦ ઘણા માણસો હોય અને પહોંચી ન શકે તો શું કરે?

ઉ૦ પહોંચી ન શકે!! લગ્નમાં જગ્યા મેળવવાને? વગ્ન માટે માટે જૈનો વાડીઓ બાંધે, ન હોય તો ભાડે લે. કેટલા પૈસા આપો છો? શું કામ આવા ગપ્પા મારો છો? આજે સાધર્મિક વાત્સલ્યમાં ભક્તિ જ રહી નથી. તેવાને ત્યાં જમવા જનારા ખરેખર શ્રાવકો નથી.

સાધર્મિક વાત્સલ્ય કરનારા આવનારાને હાથ જોડે, ઢૂંધે પગ ધૂએ, પાટલા ઉપર બેસાડે, અને એવી રીતે જમાડે કે નાસ્તિક પણ આસ્તિક થઈ જાય. તમને તો સાધર્મિક ભક્તિ કરતાં પણ આવડતી નથી. ભક્તિ કરતાં આશાતના વધુ કરો છો.

પ્ર૦ આપની વાત આદર્શ રૂપે ઉંચી છે પણ વ્યવહારમાં બને નહિ.

ઉ૦. તમારે કરવું નથી માટે આમ કહો છો. તમારે ધર્મ કરવો નથી અને અમારી પાસે ય ધર્મ ભૂલાવવો છે. છાંડવાનું કયારે બને ? સારા પીરસનારા ન હોય ત્યારે. સારા પીરસનારા હોય તો છાંડે શેના ? તમારે તો પીરસનારા મજુર હોય એટલે છાંડવાનું વધ્યું છે અમે આટલું સમજાવીએ છતાં ય સુધારવાનું મન નહિ. મહારાજ તો કહ્યા કરે, શાસ્ત્રમાં લખ્યું" આજે પાલવે નહિ આવું કહે–માને તેને કેવા કહેવાય ? આવું કહીને જે અવિધિ કરે અને તેનું પોષણ કરો છો એ સારૂં નથી 'ધર્મ વિધિ–પૂર્વક કરવો જોઇએ' એમ સમજાવવા છતાં ય અવિધિથી, જેમ તેમ કરે તેને ધર્મ ફળે નહિ પણ ફૂટી નીકળે.

પ્ર૦. આવી વાતોથી ધર્મ કરવાનું છોડી દેશે.

ઉ૦ આવા તો ન કરે તે સારા. તેવા અયોગ્ય પાસે ધર્મ કરાવાય ? તમારે તમારી પગચંપી પણ કરાવનાર કેવો જોઇએ ? પગચંપી કરાવનારથી જ તમને પીડા થાય તો કહેવું પડે ને કે–હવે બંધ કર.

આજે ધર્મની બાબતમાં બધે અવિધિ ઉભી કરી દીધી. આ બધાનું મૂળ આજના ધર્મી વર્ગને ય મોક્ષ જોઇતો નથી, સંસારનું સુખ ગમે તે રીતે મેળવવું છે અને ભોગવવું છે તે છે.

દુર્ગતિમાં લઇ જનારો મોહ હજી તમને મીઠો લાગે છે. સંસારનું સુખ સારૂં લાગે છે તો તમારે આવાને આવા રહેવું છે કે સુધારો કરવો છે ? જેને મોક્ષસુખ જોઇતું ન હોય તે ધર્મી જ નથી. અજ્ઞાન જીવ ન સમજે તો તેને છોડી દો પણ તમારા જેવા સમજદાર જો આવાને આવા રહે તો મરી જશો પણ ઠેકાણું નહિ પડે. આજનો સંમજદાર તેની મરજી મુજબ ચાલનારો છે. જ્ઞાનિઓએ આજ્ઞામાં ધર્મ કહ્યો છે. 'આણાએ ધમ્મો' ભગવાનની આજ્ઞા ન માને તે ધર્મી જ નહિ. ભગવાનની આજ્ઞા સમજવાની ઇચ્છા ન હોય તેને ધર્મી કોણ કહે ? સમજાવો તો ય મશ્કરી કરે, અમને ફાવે તેમ કરીએ' આવું બોલે તેવાના સાધર્મિક વાત્સલ્યની કુટી કોડિની કિંમત નથી. શ્રાવકો જીવતાં હોત તો તેના સાધર્મિક–વાત્સલ્યમાં તે સાચા સાધર્મિકો બનત નહિ. [ક્રમશઃ]

卐 જૈનશાસન અને કાયોત્સર્ગની ભવ્ય આરાધના 卐

પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂ. મ.

એક વૈદ્યરાજે એક મહાન જૈનાચાર્યને કહ્યું ગુરુદેવ ! મારી પાસે એક સાથની હજાર હજાર દવાઓ છે. કાંઇ લાભ આપો.

જૈનાચાર્યે કહ્યું: વૈદ્યરાજ ! અમારી પાસે હજાર-હજાર રોગની એક દવા-રામબાણ ઔષધ છે. એ છે તપ-નિત્ય એકાશનનો તપ, બાર પ્રકારનો તપધર્મ

કેટલાક ઔષધો રોગને કાઢે છે, રોગ જન્મ પીડને મિટાવે છે અને શરીરમાં કાંતિ, તુષ્ટિ-પુષ્ટિ વધારે છે.

એવું જ એક ઔષધ, એવીજ એક આરાધના જૈનશાસનમાં કાયોત્સર્ગની છે. જે કર્મ રોગને કાઢે છે. રોગ જન્ય દોષો અને દુર્ગુણોને દૂર કરે છે, તેમજ આત્મગુણોની વૃદ્ધિ કરે છે.

સામાયિક વગેરે ઉપાયોથી આત્માદોષોનું શોધન કર્યા પછી બાકી રહેલું શુદ્ધિનું કાર્ય કાયોત્સર્ગથી થાય છે, તેથી આત્મશુદ્ધિના સર્વ ઉપાયોમાં કાયોત્સર્ગનું પણ એક શ્રેષ્ઠ સ્થાન છે. કાયોત્સર્ગ જેમ આત્મશુદ્ધિ કરે છે, તેમ પ્રશસ્ત અધ્યવસાયોની વૃદ્ધિ પણ કરે છે. ઉત્તરોત્તર શુદ્ધિની વૃદ્ધિ થાય તો સર્વ દુઃખોમાંથી સદા માટે મુક્તિ પણ થાય છે.

ચઉસરણ પયન્નામાં કહ્યું છે કે-

'પ્રતિક્રમણથી શુદ્ધ નહિ થયેલા અતિચારદોષોનું વ્રણ-ચિકિત્સાની જેમ અર્થાત્ ગુમડાને ડ્રેસીંગ ની જેમ કાયોત્સર્ગથી શુદ્ધિકરણ થાય છે'.

ઉત્તરાધ્યયનના ૨૯માં અધ્યયનમાં કહ્યું છે કે—

'હે ભગવન્ ! કાયોત્સર્ગથી જીવને શું પ્રાપ્ત થાય ?

'હે આયુષ્મન્ ! કાયોત્સર્ગથી ભૂતકાળના તેમજ વર્તમાનકાળના અતિચારોનું પ્રાયશ્ચિત થાય છે, અતિચારોની શુદ્ધિ થાય છે. અતિચારોની શુદ્ધિ થતાં જીવ, ભાર ઉતારીને હળવા બનેલા મનુષ્ય-મજુરની જેમ કર્મના ભારથી હળવો બને છે. એથી પ્રશસ્ત અધ્યવસાયોમાં વર્તતો જીવ સુખપૂર્વક વિચરે છે.

ઉત્તરાધ્યયનના ૨૬મા અધ્યયનમાં કહ્યું છે કે—

'...ત્યારબાદ સર્વદુઃખમાંથી મુક્ત કરાવનાર કાયોત્સર્ગ કરવો.

કાયોત્સર્ગનો અર્થ :-

કાય-શરીર, ઉત્સર્ગ-ત્યાગ અર્થાત્ શરીરના વ્યાપારનો હલનચલનાદિ પ્રવૃત્તિનો અને તેના મમત્વનો આગમ-શાસ્ત્રમાં કહેલી રીતે ત્યાગ કરવો.

સ્થાનથી-મૌનથી અને ધ્યાનથી મલિન અધ્યવસાયોવાળા આત્માનું વિસર્જન કરવું તે કાયોત્સર્ગ.

(૧) સ્થાનમાં કાયાને જિનમુદ્રામાં સ્થિર કરવી બેઠા બેઠા કાયોત્સર્ગ કરવો હોય તો પદ્માસનાદિથી સ્થિર થવું. અને સુતા સુતાં કાયોત્સર્ગ કરવો હોય તો દંડાસનાદિથી સ્થિર થવું. (દંડાસન એટલે દંડની જેમ ચત્તા અને લાંબા સુવું.)

(૨) મૌનમાં વચનનો વ્યપાર બંધ કરી મૌન ધારણ કરવું અને–

(૩) ધ્યાનમાં મનને નિયત શુભ ધ્યાનમાં જોડવું.

તાત્પર્ય એ થયું કે કાયોત્સર્ગમાં કાયા, વાણી તેમજ મનની અશિન પ્રવૃત્તિઓનો તથા અનિયત શુભ પ્રવૃત્તિઓનો પણ ત્યાગ કરવાનો હોય છે.

કાયોત્સર્ગના પ્રકારો :–

(૧) **ચેષ્ટા કાયોત્સર્ગ :** ગમનાગમન કર્યા પછી વિહાર કર્યા પછી, દિવસ, રાત્રિ, પક્ષ, ચાતુર્માસ અને સંવત્સરને અંતે જે કરવામાં આવે છે તે ચેષ્ટા કાયોત્સર્ગ. આ કાયોત્સર્ગ તે તે નિયત પ્રમાણ શ્વાસોશ્વાસ વાળો હોય છે.

(૨) **અભિભવ કાયોત્સર્ગ :** સહન શક્તિ કેળવવા માટે, પરિષહોને જીતવા માટે, ખંડિયેર મકાનમાં, સ્મશાનભૂમિમાં, અરણ્યમાં, ગિરિ ગુફામાં કે તેવી જ કોઇ વિકટ જગ્યાએ જઇને આ કાયોત્સર્ગ કરવામાં આવે છે. એનું કાળમાન જઘન્યથી અંતમુહુર્ત ઉત્કૃષ્ટથી બારમાસ છે.

* **કાયોત્સર્ગની સિદ્ધિ :** કાયોત્સર્ગનો પ્રાણ, નૂર, હીર કે આત્મા હોય તો તે ધ્યાન છે. ધ્યાન થાય તો જ કાયોત્સર્ગની સિદ્ધિ થઇ ગણાય. એટલે કાયોત્સર્ગ કરનારે ધ્યેય અને ધ્યાનનું સ્વરૂપ પણ સમજી લેવું જોઇએ અને ધ્યાનમગ્ન થવું જોઇએ.

* **કાયોત્સર્ગનું હાર્દ :–** શરીરને કોઇ છરીથી છોલી નાખે કે, તેના ઉપર ચંદનનો લેપ કરે, જીવન ટકે કે એનો અંત આવે છતાં જે દેહની મમતાથી ખરડાય નહિ મનને સમભાવમા રાખી શકે તેને કાયોત્સર્ગ સિધ્ધ થયો કહેવાય.

વ્યંતરાદિ દેવો વડે, ભલેચ્છાદિ મનુષ્યો કે સિંહાદિ પશુઓ વડે થતા ઉપસર્ગોને મધ્યસ્થભાવે સહન કરવામાં આવે તો કાયોત્સર્ગ શુદ્ધ થાય છે.

કાયોત્સર્ગમાં તહલીન આત્માદેહની જડતા અને મતિની મંદતા દૂર કરે છે તેમજ સુખ–દુઃખની તિતિક્ષા પૂર્વક અનુપ્રેક્ષા અથવા તત્ત્વચિંતન કરે છે અને શુભ ધ્યાનને ધ્યાવે છે. અર્થાત્ દેહાધ્યાસને ટાળી સમભાવને લાવી શુભધ્યાનમાં સ્થિર થવું તે કાયોત્સર્ગનું હાર્દ છે.

–શ્રી આવશ્યક નિર્યુક્તિ.

કાયોત્સર્ગના હેતુઓ :–

જૈન શાસનમાં અનેક કારણોસર કાયોત્સર્ગ કરવાનું ફરમાન છે તે વિવિધ કારણો નીચે મુજબ છે.

(૧) અરિહંતાદિ નવપદોની અથવા

વીશ સ્થાનકના પદોની આરાધનાર્થે કાયોત્સર્ગ કરાય છે.

(૨) સૂરિમંત્ર તથા સૂરિમંત્રના અધિષ્ઠાયકોની આરાધનાર્થે કાયોત્સર્ગ કરાય છે.

(૩) શ્રી ઉપધાન તપમાં પંચમંગલ મહાશ્રુતસ્કંધ, પ્રતિક્રમણ શ્રુતસ્કંધ, શક્રસ્તવ, નામસ્તવ, ચૈત્યસ્તવ તથા શ્રુતસ્તવ સિદ્ધસ્તવની આરાધનાર્થે કાયોત્સર્ગ થાય છે.

(૪) શ્રી કલ્પસૂત્ર, શ્રી બારસાસૂત્ર કે આગમની વાચના પહેલાં અનુયોગ આઢવવાનો તથા પૂર્ણાહુતિમાં અનુયોગ વિસર્જનનો કાઉસ્સગ્ગ થાય છે.

(૫) શ્રાવકના છએ ઉપધાનના ઉદ્દેશ સમુદ્દેસ, અનુજ્ઞાના તથા સાધુ મહારાજને યોગોદ્વહન વખતે તે તે સૂત્રોના-શ્રુતસ્કંધના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞાના કાયોત્સર્ગ થાય છે. કાલગ્રહણ લેવા માટે કાયોત્સર્ગ થાય છે. સજ્ઝાય પ્રસ્થાપન માટે કાયોત્સર્ગ થાય છે. કાલના પ્રતિક્રમણ માટે કાયોત્સર્ગ થાય છે.

(૬) દીક્ષાની ક્રિયામાં, દેવવંદનમાં મુખ્ય એક તીર્થંકરનો, સર્વતીર્થંકરનો, શ્રુતનો, શાંતિનાથ પ્રભુનો, હરિહરાંગીનો, શ્રુતદેવતાનો, શાસનદેવતાનો અને સંઘમાં વૈયાવચ્ચ, શાંતિ અને સમાધિ કરનાર સમ્યગ્દૃષ્ટિ દેવોનો એમ અનેક કાયોત્સર્ગ થાય છે.

નંદીસૂત્ર સાંભળવા માટે, નંદીસૂત્ર બોલવા માટે, સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક, દેશવિરતિસામાયિક, સર્વવિરતિસામાયિકના આરોપણ માટે તેમજ સ્થિરીકરણ માટે કાયોત્સર્ગ કરાય છે.

(૭) પંન્યાસપદવી, ઉપાધ્યાયપદવી, આચાર્યપદવી પ્રદાન કરતી વખતે સર્વાનુયોગનો તેમજ તીર્થના અનુયોગનો કાયોત્સર્ગ થાય છે.

(૮) લોચ કરાવતાં રડયા હોય, હાય વોય કરી હોય, છીંક આવી હોય, બગાસું આવ્યું, ઉંકારા-ચૂકારા કર્યા, બરાબર સહન ન કર્યું હોય, એ બધા દોષોના નાશ માટે કાયોત્સર્ગ થાય છે.

(૯) સર્વલોકમાં રહેલા જિનેશ્વર દેવોના બિંબોને થઇ રહેલા વંદન, પૂજન, સત્કાર, સન્માનનો લાભ મેળવવા માટે, એના અનુમોદન માટે, બોધિલાભની પ્રાપ્તિ માટે, નિરૂપસર્ગ-મોક્ષ મેળવવા માટે કાયોત્સર્ગ થાય છે.

(૧૦) પુક્ખરવરદી સૂત્ર પછી શ્રુતભગવાનની આરાધના માટે કાયોત્સર્ગ થાય છે.

(૧૧) છીંક વગેરેથી થતાં ક્ષુદ્રોપદ્રવના નાશ માટે કાયોત્સર્ગ થાય છે.

(૧૨) સાધુ સાધ્વીજી મ. ના મૃતકની મહા પારિષ્ઠાપનિકા કરવા માટે કાયોત્સર્ગ થાય છે.

[૧૩] પ્રતિક્રમણમાં શ્રાવક પંચાચારની ૮ ગાથા દ્વારા અતિચાર વિચારવા-યાદ

કરી લેવા માટે, સાધુને એક ગાથા દ્વારા સાધુના અતિચારની યાદી માટે કાયોત્સર્ગ થાય છે.

[૧૪] તપ ચિંતવણી માટે કાયોત્સર્ગ થાય છે.

(૧૫) જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લાગેલા અતિચારના શોધન માટે કાયોત્સર્ગ થાય છે.

(૧૬) શ્રુતદેવતા, ભુવનદેવતા, ક્ષેત્ર-દેવતાના નિમિત્તે કાયોત્સર્ગ થાય છે.

(૧૭) દૈવસિક પ્રાયશ્ચિત માટે કાયોત્સર્ગ થાય છે.

(૧૮) દુઃખક્ષય કર્મક્ષય માટે કાયોત્સર્ગ થાય છે.

[૧૯] ઉત્તરીકરણ દ્વારા, પ્રાયશ્ચિત કરવા દ્વારા, વિશુદ્ધિ (નિર્મળતા) દ્વારા, શલ્ય દૂર કરવા દ્વારા પાપ કર્મોનો નાશ કરવા માટે કાયોત્સર્ગ થાય છે.

(૨૦) વિઘ્નનાશ માટે કાયોત્સર્ગ થાય છે.

(૨૧) શાસનદેવ-દેવીને બોલાવવા માટે કાયોત્સર્ગ થાય છે.

(૨૨) ગોચરીના દોષ આલોચવા માટે કાયોત્સર્ગ થાય છે.

(૨૩) દુસ્વપ્ન દુઃસ્વપ્નને નિષ્ફળ કરવા માટે કાયોત્સર્ગ થાય છે.

[૨૪] ચૈત્ર સુદ ૧૧-૧૨-૧૩ અથવા ૧૨-૧૩-૧૪ અથવા ૧૩-૧૪-૧૫ આ ત્રણ દિવસોમાં પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતોએ અચિત્ત રજ ઉડાવણીનો કાઉસ્સગ્ગ ચાર લોગસ્સનો સાગરવર ગંભીરા સુધીનો કરવાનો હોય છે. સાંજના પ્રતિક્રમણ પછી આ કાઉસ્સગ્ગ થાય છે. આ કાઉસ્સગ્ગ કર્યો હોય તો જ પછીના બાર મહિના સુધી યોગોદ્વહન કરવા, કરાવવા, દીક્ષા-વડીદીક્ષા પ્રદાન તથા કલ્પ સૂત્ર વગેરે આગમસૂત્રોનું વાંચન કરી શકે

(૨૫) પ્રતિષ્ઠા, અંજનશલાકા વગેરે વિધિઓમાં પણ શાંતિદેવતા, શાસનદેવતા, અનુપ્તાદેવી, જલદેવતા, ક્ષુદ્રોપદ્રવ શમાવવા, અંબાદેવી, અધિવાસનાદેવી, પ્રતિષ્ઠા દેવતા વગેરેના કાઉસ્સગ્ગ થાય છે.

❀

પ્રગટ થઈ ચુકેલ છે.

— અતિચારોની વ્યવસ્થા —

(પંચ પ્રતિક્રમણ વિવરણ અંતર્ગત)

લેખક : પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

પેજ : ૨૮૮ — મૂલ્ય રૂા. : ૨૫

બે પ્રતિક્રમણ સૂત્ર

અંગ્રેજી મૂલ્ય રૂા. ૨૦

સામાયિક સૂત્ર અંગ્રેજી

મૂલ્ય રૂા. ૮-૦૦

લખો શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુત જ્ઞાન ભવન,

૪૫ દિગ્વિજય પ્લોટ-જામનગર

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

આ જગતમાં વસ્તુની અનુપલબ્ધિ-અપ્રાપ્તિ બે પ્રકારે હોય છે.

૧. સત્-છતી વસ્તુની અપ્રાપ્તિ.

૨. અસત્-અછતી વસ્તુની અપ્રાપ્તિ. તેમાં શશશૃંગ-સસલાના શિંગડા, ખપુષ્પ આકાશનું પુષ્પ વગેરે અસત્ વસ્તુની અપ્રાપ્તિ કહેવાય છે અર્થાત આ વસ્તુઓ દુનિયામાં જ નથી.

સત-છતી વસ્તુની અપ્રાપ્તિ પણ આઠ પ્રકારની છે.

૧. વિપ્રકર્ષ-અતિ દુર રહેલી વસ્તુની પ્રાપ્તિ ન થાય તે. તેના દેશ, કાળ અને સ્વભાવ એમ ત્રણ ભેદ પડે છે.

(૧) દેશ થકી અપ્રાપ્તિ- કોઈ માણસ અન્ય ગામ ગયો તેથી તે દેખાતો નથી. તેથી માણસ શું નથી ? છે જ. પણ દેશ થકી અતિદુર રહેલો હોવાથી તેની પ્રાપ્તિ થતી નથી. એ પ્રમાણે મેરૂ વગેરે સત્ હોવા છતાં પણ અતિ દુર હોવાથી દેખાતા નથી.

(૨) કાલ થકી અપ્રાપ્તિ- કાલથી દુર હોય તે પણ દેખાતા નથી. જેમ મૃત્યુ પામેલા પોતાના પૂર્વજો કે હવે પછીની ચોવિશીમાં થનારા શ્રી પદ્મનાભ આદિ શ્રી જિનેશ્વર દેવો.

(૩) સ્વભાવથી અપ્રાપ્તિ-સ્વભાવથી દુર હોય તે પણ દેખાતા નથી જેમકે, આકાશ, જીવ, ભૂત, પિશાચ આદિ તે બધા પદાર્થો છે પણ ચર્મચક્ષુ ગોચર થઇ શકતા નથી.

આ ત્રણ ભેદ પહેલા વિપ્રકર્ષ નામના પ્રકારના છે.

(૨) અતિ સમીપ પ્રકાર અતિ સમીપ હોય તે વસ્તુ પણ દેખાતી નથી. જેમ કે, નેત્રમાં રહેલું કાજલ દેખાતું નથી તો તે શું નથી ? છે જ

(૩) ઇન્દ્રિયોનો ઘાત થવાથી જે વસ્તુ દેખાય નહિ તે ત્રીજો પ્રકાર છે. જેમ અંધ, બધિર વગેરે માણસ રૂપ, શબ્દ આદિને જોઇ કે સાંભળી શકતા નથી તો તેથી શું રૂપ, શબ્દ વગેરે નથી ? છે જ

(૪) મનના અસાવધાનપણાથી વસ્તુ દેખાય નહિ તે ચોથો પ્રકાર છે. જેમ અસ્થિર ચિત્તવાળો મનુષ્ય પોતાની પાસે થઇને જતા હાથીને પણ જોઇ શકતો નથી. તો શું હાથી ત્યાંથી ગયો નથી ? ગયો છે.

(૫) અતિસૂક્ષ્મપણાથી વસ્તુ દેખાય નહિ તે પાંચમો પ્રકાર છે. જેમકે જાલીની અંદર પડતા સૂર્યના કિરણોમાં રહેલી ત્રસરેણુરજકણો, તથા પરમાણુ, દ્વયણુક આદિ તેમજ સૂક્ષ્મ નિગોદના જીવો પણ દેખાતા નથી તો તે શું નથી ? છે જ

(૬) કોઈ વસ્તુના આવરણથી કોઈ વસ્તુ દેખાય નહિ તે છઠ્ઠો પ્રકાર છે. જેમ ભીંતને અંતરે રહેલી વસ્તુ દેખાતી નથી તો તે વસ્તુ શું નથી ? છે જ. ચંદ્ર મંડલનો પાછળનો ભાગ દેખાતો નથી કેમકે તે આગળના ભાગથી વ્યવહિત થયેલો છે. તેમજ શાસ્ત્રના સૂક્ષ્મ અર્થ પણ મતિની મંદતાને લીધે જાણી શકાતા નથી.

(૭) એક વસ્તુ વડે બીજી વસ્તુનો પરાભવ થવાથી તે બીજી વસ્તુ દેખી શકાતી નથી તે સાતમો પ્રકાર છે. જેમ સૂર્યાદિકના તેજથી પરાભવ પામેલા ગ્રહ, નક્ષત્રો આકાશમાં પ્રકટ છતાં પણ દેખાતા નથી.

તેમજ અંધકારથી પરાભવ પામેલો ઘડો દેખાતો નથી, તો શું તે વસ્તુ નથી ! છે જ.

(૮) તથા સમાન વસ્તુ સાથે મળી જવાથી જે દેખાય નહિ તે આઠમો પ્રકાર છે. જેમ ઘીના ભરેલા ઢગલામાં એક મુઠ્ઠી આપણે મગ નાંખ્યા અથવા કોઈના તલના ઢગલામાં આપણે તલ નાંખ્યા તે આપણે જાણીએ તો પણ આપણે નાંખેલા મગ કે તલ દેખાતા નથી (જુદા પડી શકતા નથી) તેમજ પાણીમાં નાંખેલું મીઠું કે સાકર વગેરે જુદુ દેખી શકાતુ નથી તો તેથી શું જગતમાં મીઠું કે સાકર નથી ? છે જ.

આ પ્રમાણે આઠ પ્રકારે છતી વસ્તુની પણ અપ્રાપ્તિ થાય છે.

વિવિધ વાંચનમાંથી

–પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. સા.

મેઘ ૪ પ્રકારના

૧. પુષ્કરાવર્ત મેઘ... એક જ વાર વરસવાથી દસ હજાર વર્ષ સુધી ભૂમિ સ્નિગ્ધ રહે. તે પહેલા આરામાં વરસે છે.

૨. પ્રદ્યુમ્ન મેઘ... એક જ વાર વરસવાથી એક હજાર વર્ષ સુધી ભૂમિ સ્નિગ્ધ રહે છે. તે બીજા આરામાં વરસે છે.

૩. જિમૂત મેઘ... એક જ વાર વરસવાથી દસ વર્ષ સુધી ભૂમિ સ્નિગ્ધ રહે છે. તે ત્રીજા આરામાં વરસે છે.

૪. નિર્જલમેઘ... ઘણી વાર વરસે તો ય કૂંપળ માત્ર આણે છે. તે પાંચમા આરામાં વરસે છે,

આ ક્રમ અવસર્પિણી કાળનો છે.



પ્યારા ભૂલકાંઓ,

બાલવાટિકા દિવસે દિવસે તમારી સમક્ષ અવનવી સામગ્રી લઇને ઉપસ્થિતિ થાય છે. તમને પણ ગમે છે તે તમારા પ્રશંસાના પુષ્પોથી જાણી શકાય છે.

બાલવાટિકામાં ઘણા બાળકોના લખાણો આવે છે છતાં પણ ઘણા બાળકોના લખાણો રહી જાય છે તે બદલ ક્ષમા યાચુ છું.

મારૂં ધ્યેય ભુલકાંઓમાં સંસ્કારનું સિંચન કરવાનું સિંચન થાય તેવું હળવું જ્ઞાન આ વિભાગમાં પીરસાય છે. ધર્મના હળવા તત્વો પીરસવા માટે હરહંમેશ જાગૃત રહું છું. બાલવાટિકા ને અનુરૂપ લખાણો, મોકલવા સહુ ભૂલકાંઓને ફરી ફરીથી ભલામણ કરું છું. –આમંત્રણ પાઠવું છું.

હવે, આ બાલવાટિકામાં તમને શું ગમે છે ? શું નથી ગમતું ? કયું તત્વ ખૂટે છે. તે ઉમેરવા લાયક છે તે પણ જણાવશો.

જરૂર તમારી રુચિ પ્રમાણેના લખાણો પીરસાશે, માટે અવશ્ય લખાણો, ટૂંકા, હાસ્ય કરુણ ગજલ–ચોકઠા ચતુર આદિ લખી મોકલશો.

અવસરે પ્રગટ કરવા પ્રયત્નશીલ બનીશ

એજ રવિશંકર

આજનો વિચાર

ગરજ વિના ધર્મ ન ઢંકાય.

કથાનક.

ભારે પડી

અમે બે મિત્રો ગપ્પાં મારવામાં હોશીયાર. બન્ને એક બીજાના ઘરે આવ જાવ કરીએ ને બેઠાં બેઠાં કલાકો ના કલાકો સુધી ટાઢાં પહોરના ગપાટા મારી કરીએ વાતોના વડા કરવામાં હોશીયાર એવા અમે ભણવામાં બારખડીનો ચોથો અક્ષર હતા.

જ્યારે અમે ગપાટા મારતા હોઇએ ત્યારે અમારા માત પિતાજી અમારી ઉપર લાલ–પીળા થઇ જાય, ધમકાવે, કાનની બુટ પકડીને ભણવા બેસાડે. અમને ભણવામાં રસ નહી તેથી અમે નક્કી કર્યું કે હવે બહાર જ મળવું અને બહાર જ બેઠાં–બેઠાં ગપાટા મારવા

મારો મિત્ર જ્યારે મારા ઘર નીચે આવે ત્યારે તે મને "સુકુ–સુકુ" કહીને બોલાવે. આ પધ્ધતિથી અમારી ગાડી ચાલવા લાગી. બરોબર હવે જાહેર રસ્તે

થવા લાગ્યો નહી કોઇની રોકટોક કે નહી કોઇનો ઠપકો.

એક દિવસ અમે બીજા મીત્રો ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં કોઇ સિનેમા ગૃહ પાસે આવી પહોંચ્યા સિનેમાની છબીઓ નિહાળતાં તેને જોવાની ઇચ્છા થઇ આવી. મઝાના સિનેમાની બે ટિકીટો અમે ખરીદી લીધી.

આવતી કાલે સિનેમા જોવા જવાનું હોવાથી ઘરે કઇ રીતે વાત કરવી અને કેટલા વાગે નીકળવું તેની ગોઠવણ કરતાં કરતાં અમે અમારા સ્થાને આવી પહોંચ્યા બીજે દિવસે સમય થતાં મારો મિત્ર મારા ઘર નીચે આવી પહોંચ્યો.

નીચે ઉભો ઉભો તે મિત્ર સુકુ-સુકુ બોલવા લાગ્યો. અચાનક એ સમયે ઉપરના માળે એક છોકરી ઉભી ઉભી પોતાના વાળ સમારતી હતી. તેની બાજુમાં તેનો યુવાન ભાઇ પતંગ ચગાવી રહ્યો હતો. આ બહેનનું નામ સુકીતા હતું. મકાનના સર્વે રહેવાસીઓ તેને સુકુ-સુકુ કહીને બોલાવતાં હતા.

મારા મિત્રોનો અવાજ તેઓના કાને અથડાયો તેઓ ચોંકી ગયા. વાંકા વળીને કાતરી નજરે તેની સામે જોવા લાગ્યા.

ફરી મારા મિત્રે સુકુ-સુકુ બોલવા માંડયું. તે બહેન ગુસ્સે ભરાણાં પોતાનાં પિતાશ્રીને બોલાવી લાવ્યાં.

હું નીચે ન આવ્યો તેથી તે મિત્ર હાકરા ચઢવા લાગ્યો વાળ સમારતી તે બહેને આંગળી ચીંધીને મારા મિત્રને બતાવ્યો અને કહ્યું આ છોકરો મારી મશ્કરી કરે છે.

તે સાંભળી છોકરીના પિતાશ્રી તાડુકયા, એય ! છોકરા ઉભો રહે, છે કરીની છેડતી કરે છે. મશ્કરી કરે છે. પોલીસને પકડાવી દઉં.

છોકરીનો ભાઇ બોલ્યો, હવે નીચે ઉતર તારા હાડકાં ભોખરાં કરી નાખું.

આ શબ્દો સાંભળતાં જ મારો મિત્ર ધ્રુજવા લાગ્યો શરીરે પસીનો છૂટી ગયો.

મારું ઘર બંધ હતું અમે બધા બહાર ગયા હતા. મારા મિત્રને બચાવી શકે એવું કોઇ હતું નથી. વહીલે સારો એવો મેથીપાક ચખાડયો છટકબારી ગોતતો મારો મિત્ર મહામહેનતે છૂ થઇ ગયો.

જોયું, સમજણ મેળવ્યા વગર સિનેમાના ગીતો તથા શબ્દો બોલવાથી શું લાભ થાય છે.

સિનેમા, ટી.વી. વગેરે જોશો નહિ અને તેના શબ્દોનો પ્રયોગ કરશો નહિં નહિં તર કોઇવાર જાણે-અજાણે મારા મિત્ર જેવી હાલત તમારી થઇ જશે.

વીકી એમ. મણીયાર
રાજકોટ

શ્રેષ્ઠ – શ્રેષ્ઠ – શ્રેષ્ઠ...!

જીવન તો સાધુનું શ્રેષ્ઠ
મરણ તો સમાધિવાળું ,,
શરણ તો અરિહંતનું ,,

ફળ તો મોક્ષનું શ્રેષ્ઠ
બહુમાન તો સજ્જનનું ,,
દહેરાય તો દેલવાડાનું ,,
તીર્થ તો પાલીતાણાનું ,,
કાવ્ય તો શાન્તરસનું ,,
ભક્તિ તો તીર્થંકરોની ,,
સ્થાન તો ધર્મારાધનાનું ,,
ગાન તો વીતરાગનું ,,
ધ્યાન તો નવકારનું ,,
વાંચન તો બાલવાટિકાનું ,,

અંકિત એમ. મસાલિયા

શું કાઢીને વાંચશો...

ચપલ પલ રામને સમરાય
નિખિલ ખિલાટ ન હસાય
પ્રભાવ વિનાની ક્રિયા નકામી
વિદેહ વિના આરાધના નથી
સૌ ધર્મનું આચરણ કરાય
વિહિત સૌનું ચિંતવાય

રીન્કી પી. શાહ

સાધુ જીવનની શુદ્ધિ

ઉપાધિ ત્યાગ, પરિગ્રહ ત્યાગ,
ગૃહ ત્યાગ, સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ,
ભૂમિ શય્યા, અપ્રતિબદ્ધવિહાર,
કેશનો લોચ અને ગાય ચરે તેમ
ભીક્ષા ગ્રહણ વગેરે કરણથી સાધુ જીવન
શુધ્ધ જીવાય છે.

અનીલ ઉમરીગર

મે...મેં...મેં...!!!

દને મેં અભયદાન
લેને મેં જિનનામ
તરને મેં લીનતા
દુખને મેં અભિમાન

જિતુ એન. સંઘવી

કોયડો...?

પાપનો બાપ કોણ ? ... લોભી
પાપની માતા કોણ ... તૃષ્ણા.
પાપનો પુત્ર કોણ ? ... જુઠ.
પાપની સ્ત્રી કોણ ? ... અશાંતિ–ઈર્ષ્યા
પાપનો ભાઇ કોણ ?... મનનો અસંયમ
પાપની પુત્રી કોણ ? ... માયા અવિરતિ
પાપની બહેન કોણ ?...હિંસા–અજયણા.

રાકેશ અચલભલજી

વિના — વિના — વિના

તળાવ વિના કમળ શોભતુ નથી
મસ્તક વિના મુગટ શોભતો નથી
મંદિર વિના દેવ શોભતો નથી
સદાચાર વિના માનવી શોભતો નથી
વિનય વિના વિદ્યા શોભતી નથી
બાલવાટિકા વિના જૈન શાસન શોભતું નથી.

આર. ડી. સંઘવી (ચંદનબાળા મુ. ૬)

'અ' ની કરામત

૧ 'અ'થી શરૂ થતું એક તીર્થનું નામ ?
૨ 'અ'થી શરૂ થતું એક તીર્થંકરનું નામ ?
૩ 'અ'થી શરૂ થતું એક પાર્શ્વનાથ ભગવાનનું નામ ?
૪ 'અ'થી શરૂ થતું એક શત્રુંજય ગિરરાજનું નામ ?
૫ 'અ'થી શરૂ થતું એક સૂત્ર

સુલક્ષા એન. શાહ

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૬]

પરિહરિજ્જા સમ્મં લોગવિરુદ્ધે કરુણાપરે જણાણું, ન ખિંસાવિજ્જ ધમ્મં, સંકિલેસો ખુ એસા, પરમબોહિ બીઅમબોહિ ફલમપ્પાંતુ ત્તિ । એવમાલોએજ્જા-નં બહુ દુત્તો પરો અણુત્થો, અંધત્તમેઅં સંસારાડવીએ, જણુગમણિદ્ઠાવાયાણું, અદ્ધદારુણું સરુવેણું, અસુહાણુબંધમંચત્થં ॥

લોકો ઉપર અનુકંપા રાખતો થકો તેઓ અધર્મ ન પામે તે માટે લોક વિરુદ્ધ કાર્યો કરવાં નહિ. અને લોકવિરુદ્ધ કાર્યો કરીને લોકોમાં ધર્મની નિંદા કરાવવી નહિ. કેમકે નિંદાદિ અશુભ અધ્યવસાયનું કારણ હોવાથી સંકલિષ્ટ પરિણામ રૂપ છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ લોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ કરવાનું કહ્યું છે પણ લોક વિરોધ કરે તેવાં કાર્યોનો ત્યાગ કરવાનો નથી. કેમકે અજ્ઞાન લોક ધર્મનો-સારાં કામોનો વિરોધ કરનાર જ હોય છે. તેમાં લોક વિરૂદ્ધ કાર્યોનો આ લોક વિરૂદ્ધ કાર્યો, પરલોક વિરૂધ્ધ કાર્યો અને ઉભયલોક વિરૂદ્ધ કાર્યો એમ ત્રણ ભેદમાં સમાવેશ કર્યો છે.

શ્રી 'પંચાશકજી' માં લોક વિરુદ્ધ કાર્યો આ પ્રમાણે કહ્યાં છે.

સવ્વસ્સ ચેવ નિંદા, વિસેસઓ તહ ય ગુણસમિદ્ધાણું ।
ઉજ્જુધમ્મકરણ હસણું, રીહા જયાપૂયણિજ્જાણું ॥ ૧ ॥
બહુજણવિરૂદ્ધ સંગો, દેસાદાવાચારલંઘણું ચેવ ।
ઉવ્વણલોગો ય તહા, દાણાઇ વિ પગતમણે તુ ॥ ૨ ॥
સાહુવસણુમ્મિ તોસો, સહ સામત્થંમિ અપડિયારો ય ।
એવમાઇયાણિ એત્થં, લોગવિસદ્ધાણિ ણેયાણિ ॥ ૩ ॥

સર્વ કોઇની નિંદા કરવી-વિશેષે કરીને જ્ઞાનાદિગુણોની ઋદ્ધિને ધરનારા પૂ. આચાર્ય ભગવંતાદિ મહાપુરુષોની નિંદા કરવી, સરળ આત્માઓ ધર્મ કરતાં હોય અને તેમાં પોતે વધુ ન સમજવાથી ખામી રહેતી હોય તો તે જોઇને અથવા બીજી રીતિએ પણ સરળ આત્માઓનાં ધર્મકરણની હાંસી-મશ્કરી કરવી, બહુજન વિરુદ્ધનો સત્સંગ કરવો, દેશ-કુળ-જાતિના આચારોનું ઉલ્લંઘન કરવું, ઉદ્ભણ ભોગ ભોગવવા તથા અનુચિત દાન કરવું અથવા તો દાનાદિનું સ્વમુખે પ્રકાશન કરવું, સાધુ પુરૂષો ઉપર દુષ્ટ રાજા

આદિ દ્વારા કરવામાં આવેલી આપત્તિથી તોષ પામવો અને પોતાની શક્તિ હોવા છતાં પણ એ આપત્તિનો પ્રતિકાર નહિ કરવો.

પરલોક વિરૂદ્ધ કાર્યો અકર્માદિ છે.

વિશેષ પાપમય વ્યપારાદિને અકર્મ કહેવાય છે. જે કાર્યો આત્માને ક્લિષ્ટ પરિણામી-પાપના ભય વગરનો બનાવે તેવાં કાર્યોની ગણના કઠોર કર્મમાં થાય છે જેથી પરલોક બગડે છે. અનેક જીવોના ઘાતક અને અનેક જીવોનો કારમો સંતાપ ઉપજાવનારા જે કોઇ ધંધા હોય તે પણ અકર્મ કહેવાય છે. રાજ્યપણું, હલપતિપણું, શુદ્રકપાલપણું પણ પરલોક વિરૂદ્ધ કાર્યો છે.

અને ઉભયલોક વિરૂદ્ધ કાર્યો, તે સાત વ્યસન છે. તે આ પ્રમાણે : ૧-જુગાર ખેલવો, ૨-માંસ ભક્ષણ કરવું, ૩-મદિરાપાન કરવું, ૪-વેશ્યાગમન કરવું, ૫-શિકાર ખેલવો, ૬-ચોરી કરવી અને ૭-પરસ્ત્રીનું સેવન કરવું.

આ રીતે લોક વિરૂદ્ધ કાર્યોને જાણીને તેનો ત્યાગ કરવો જોઇએ. ધર્મી માણસ પણ જો આવાં કાર્યોને મજેથી, રાચી-માચીને, કરવાં જેવાં માનીને કરે તો લોકમાં દેવ-ગુરુ અને ધર્મની નિંદા થાય છે. લોક પણ કહે કે-'ધર્મ કરનારો પણ જો આવો હશે તો તેના દેવ પણ એવા હશે! તેના ગુરૂ પણ તેવા હશે અને તેનો ધર્મ પણ તેવો હશે? ધર્મ ઉપરનો દ્વેષ એ જ અબોધિના બીજ રૂપ છે અર્થાત્ અબોધિ-મિથ્યાત્વને પમાડનાર છે, સમકિતથી પાડનાર છે. તથા પોતાના આત્માને અબોધિફલરૂપ એટલે કે મિથ્યાત્વથી વાસિત કરનાર છે. આ પ્રમાણે વિચારીને પોતે પણ ધર્મની નિંદા ના કરવી અને બીજાઓ પણ આવા તારક ધર્મની નિંદા કરે તેવું વર્તન ન કરવું. આવું ન થાય માટે વિચારવું કે-'આ અબોધિફલ એટલે કે મિથ્યાત્વ સમાન બીજો કોઇ જ મોટામાં મોટો અનર્થ નથી. આ મિથ્યાત્વ જ સંસાર રૂપી અટવીમાં હિતનો માર્ગ નહિ બતાવનારૂં હોવાથી અંધત્વરૂપ છે, નરકાદિ દુર્ગતિનું કારણ હોવાથી અનિષ્ટનું જનક છે, સમાધિ સંક્લેશોને ઉત્પન્ન કરનાર હોવાથી સ્વરૂપે કરીને અતિદારૂણ છે તથા પરિણામે સદ્ગુણોનો ઉપઘાત કરનાર હોવાથી અત્યંત અશુભનો અનુબંધ કરનાર છે'. આવો વિચાર કરીને લોક વિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરવો જોઇએ.

તે માટે વાચકવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજા 'શ્રી પ્રશમરતિ' માં ફરમાવે છે કે

'लोकः अलम्बाधारः सर्वेषां धर्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्यजेयम् ।।१३३।।

જે કારણથી ધર્મને આચરનારા સર્વેનો આધાર લોક જ હોય છે તે કારણથી લોક વિરૂદ્ધ અને ધર્મવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરવો જોઇએ.

સેવિજ્જ ધમ્મ મિત્તે વિહાણેણું, અંધો વિવાણુકટ્ટએ, વાહિએ વિવ વિજ્જે, દરિદ્રો વિવ ધણસરે, ભીઓ વિવ મહાનાયગે । ન ધએ સુંદર-તરમન્ન તિ બહુ માણુજુત્તે સિઆ, આણાકંખી, આણાપડિચ્છગે, આણા અવિ-રાહગે, આણાનિપ્ફાયગોત્તિ ।।

જેમ આંધળો માણસ પડી જવાના ભયથી પોતાને દોરનારનો આશ્રય કરે છે, જેમ વ્યાધિવાળો માણસ દુઃખના ભયથી વૈદ્યનો આશ્રય કરે છે, જેમ દરિદ્ર માણસ આજીવિકાદિને માટે ધનવાનનો આશ્રય કરે છે, અને ભયભીત થયેલો માણસ શરણને માટે મહા પરાક્રમી એવા નાયકનો આશ્રય કરે છે તેમ ભક્તિ-બહુમાનાદિ વડે, શાસ્ત્રમાં કહેલ વિધિ પ્રમાણે કલ્યાણ એવા ધર્મ મિત્રોનો આશ્રય કરવો જોઇએ. કેમકે, કલ્યાણ મિત્ર તેનું નામ છે. જે પાપથી છોડવિ, ધર્મમાં જોડે કહ્યું છે કે-

"પાપાન્નિવારયતિ યોજયતિ હિતાય,
ગુહ્યં નિગુહતિ ગુણાન્ પ્રકટીકરોતિ ।
આપદ્ગતં ચ ન જહાતિ દદાતિ કાલે,
સન્મિત્રલક્ષણમિદં પ્રવદન્તિ સન્તઃ ।।"

"જે પાપથી નિવારણ કરે, હિતના માર્ગે જોડે. મિત્રની ગુહ્યવાતોને છૂપાવે, નાના પણ ગુણોનું પ્રકાશન કરે, આપત્તિમાં મિત્ર આવ્યો હોય તો ત્યાગ ન કરે અને અવસરે બધી જ મદદ કરે તે સન્મિત્રનું લક્ષણ છે. એમ સજ્જનો કહે છે."

આત્માનું એકાન્તે હિત અને કલ્યાણ કરનાર એવા કલ્યાણ મિત્રોની સેવા-ભક્તિથી બીજું કાંઇ રૂડું નથી, એમ માનીને તે ધર્મ મિત્રોની ઉપર ભક્તિ અને બહુમાનવાળા થવું જોઇએ, તેઓ ન આપે તો પણ તેમની આજ્ઞાની ઇચ્છા કરવી, તેઓ આજ્ઞા આપે ત્યારે રોમાંચિત થઇને, પોતાની જાતને બડભાગી માનીને તેમની આજ્ઞાના અવિરાધક થવું અર્થાત્ પ્રાણના ભોગે પણ તેમની આજ્ઞાને વિરાધવી નહિ પણ ઉચિતપણાએ કરીને તેમની આજ્ઞાના નિષ્પાદક થવું અર્થાત્ આજ્ઞા મુજબનું અનુષ્ઠાન કરવું.

પડિવન્નધમ્મગુણારિહં ચ વટ્ટિજ્જા, ગિહિસમુચિએ સુગિહિસમાયારેસુ, પરિસુદ્ધાણુટ્ઠાણે, પરિસુદ્ધમણુકિરિએ પરિસુદ્ધવઇકિરિએ પરિસુદ્ધ કાયકિરિએ ।

તથા સ્વીકાર કરેલા શ્રાવક ધર્મના ગુણને અર્થાત્ શ્રાવકપણાના ગુણોને લાયક એવા જીવનને જીવનને જીવનારા થવું જોઇએ. એટલે કે ગૃહસ્થપણાને ઉચિત એવા સામાન્ય રીતે વિવિધ પ્રકારના ગૃહસ્થપણાના સર્વ આચારમાં સામાન્યપણે જ વિશુદ્ધ


મન, વચન અને કાયાના વ્યાપારમાં સાવધાન રહીને અત્યંત વિશુધ્ધ અનુષ્ઠાન કરનારાં થવું જોઇએ. કેમકે ગૃહસ્થપણામાં વ્યવહાર શુદ્ધિ પણ સામાન્યથી બીજાને ધર્મ પમાડવાનું અંગ છે. ઉચિત વ્યવહાર એ ગૃહસ્થ જીવનનો અ[redacted]છે.

આ જ વાતને વિશેષથી સ્પષ્ટતા કરતા કહે છે કે—

વજ્જિજ્જા ડણેગોવઘાયકારગં ગરહણિજ્જં બહુકિલેસં આયઇવિરાહગં સમારંભ । ન ચિંતિજ્જા પરપીડં । ન ભાવિજ્જા દીણયં । ન ગચ્છિજ્જા હરિસં । ન સેવિજ્જા વિત્તહાસિનિવેસં । ઉચિઅમણુપવત્તગે સિઆ । ન ભાસિજ્જા અલિઅં, ન ફરુસં, ન પેસુન્નં, નાણિબદ્ધં । હિઅમિઅભાસગે સિઆ । એવં ન હિંસિજ્જા ભૂઆણિ । ન ગિહિહજ્જ અદત્તં । ન નિરિદ્ધિઅજ્જ પરદારં । ન કુજ્જા અણત્થદંડં । સુહકાયજોગે સિઆ ।

સાધુપણાનો ઉમેદવાર એવા શ્રાવકનું ગૃહસ્થપણાનું જીવન પણ લોકમાં પ્રશંસનીય હોય છે. તેના આચારો જ એવા ઉમદા હોય કે દુશ્મનને પણ તેના પ્રત્યે બહુમાન થાય. માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ જૈન કુલાદિની ઘણી જ મહત્તા ગાઇ છે. બીજો વિશેષ ધર્મ કદાચ ન કરી શકે તો પણ જો જૈનાચારોને જીવનમાં જીવે તોય તેની દુર્ગતિ ન થાય. શ્રાવક ગૃહસ્થપણામાં પણ કેવી રીતે જીવે તે જ વાતને વિશેષ સ્પષ્ટ કરીને જણાવે છે.

સામાન્ય રીતે અનેક જીવોનો ઉપઘાત-નાશ કરનાર, સ્વાભાવિક રીતે જ નિંદા કરવા લાયક, જેની પ્રવૃત્તિમાં પણ ઘણો કલેશ શ્રમ થાય છે અને પરલોકમાં દુર્ગતિ આદિને આપનાર એવી અંગારકર્માદિ કર્માદાનોનો ત્યાગ કરવો જોઇએ. મહારંભ અને મહાપરિગ્રહને નરકનું કારણ માનનાર શ્રાવક મહારંભાદિ બને ત્યાં સુધી કરે જ નહિ અને કદાચ કર્મયોગે કરતો હોય તો દુઃખપૂર્વક, કયારે તેનાથી છૂટું તેવી ભાવનાથી કરે પણ તેમ ઉપાદેયપણાની બુદ્ધિતો રાખે જ નહિ. (ક્રમશ:)



- દુનિયાના સુખના જેટલા ભૂખ્યા હોય, તેના જેવા પાપી બીજા એકે નથી, કેમકે તે બધા સુખ મેળવવા શું શું ન કરે તે જ પ્રશ્ન છે ?
- જેને આત્મિક સુખમાં આનંદ આવે તેની મુક્તિ થાય.
- શ્રી જિનેશ્વરદેવને, નિર્ગ્રંથ સાધુને અને ધર્મને વાસ્તવિક રીતે માનનારો તે જ કહેવાય જેને મોક્ષસુખની જ લાલસા હોય.
- જૈનોને સુખ ભૂંડું છે એ વાત ન ગમે તો તે જૈનપણાંનું કલંક છે.
- સંસારનું સુખ જ ભયંકર છે. આટલી વાત જેને હૃદયંગમ થાય તેના જેવું બીજું જ્ઞાન જ શું છે ?
- અનંત ઉપકારી શ્રી મહાપુરૂષો ફરમાવે છે કે– મહાપુણ્યનો યોગે જેએ ને આર્ય દેશમાં, તેમાંય આર્યકુલમાં–આર્યજાતિમાં તેમાંય જૈન જાતિ અને જૈનકુળમાં મનુષ્ય જન્મ મળે; જન્મથી જ શ્રી નવકાર મહામંત્રની પ્રાપ્તિ થઇ હોય, શ્રી જિનેશ્વરદેવ જેવા દેવ મળે, ત્યાગી નિર્ગ્રંથ સુગુરૂનો સુયોગ થાય, સર્વ ત્યાગમય ધર્મનું સ્વરૂપ સાંભળવા મળે– જોવા મળે; વારંવાર સુસાધુઓના મુખેથી 'આ સંસાર અસાર છે, અનંત દુઃખમય મોક્ષ જ અનંત સુખમય છે, તેનું કારણ સાધુપણું જ છે. અને તે આ મનુષ્ય જન્મમાં જ પામી શકાય તેમ છે.' આવું જેને સાંભળવા મળે, છતાં પણ સંસાર પરથી અભાવ ન થાય, મોક્ષની ઇચ્છા પણ જાગૃત ન થાય તો સમજવું કે, આ બધી સામગ્રી જે પુણ્યથી મળી છે. તે પુણ્ય માટે જે ધર્મ આરાધેલો તે ધર્મ મેલો કરીને આરાધેલો જે ધર્મ મોક્ષ મેળવવા માટે કરવાનો હતો તે ધર્મ સંસારના સુખ માટે કર્યો માટે જ આટલી સામગ્રીના કાળમાંય ધર્મ કરવાનું મન થતું નથી.
- જો અમે દુઃખને જ ભૂંડું કહેતા હોઇએ, દુઃખને જ ભૂંડુ સમજાવતા હોઇએ તો અમે લોકો હજી ઉન્માર્ગે છીએ, સન્માર્ગે નથી અને તમને લોકોને ઉન્માર્ગે દોરી જનારા છીએ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૨૬૯ ૧૯-૧૧-૨૫

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તેનું જ સમ્યક્ત્વ વિશુદ્ધ કહેવાય

જસ્સારિહંતે મુણિસત્તમેસુ,
મોત્તુ ન નામેઇ સિરો પરસ્સ ।
નિવ્વાણ સુક્ખાણ નિહાણગણં,
તસ્સેવ સમ્મત્તમિણં વિસુદ્ધં ॥

શ્રી અરિહંત પરમાત્મા અને તે પરમ તારકોની આજ્ઞા મુજબ જીવતા ઉત્તમ શ્રી સાધુ ભગવંતોને મૂકીને બીજા કોઇને પણ જે મનુષ્ય પોતાનું મસ્તક નમાવતો નથી, તેને જ નિર્વાણ મોક્ષ સુખના નિધાન– સ્થાનરૂપ વિશુધ્ધ એવું સમ્યક્ત્વ છે એમ જાણવું.

વર્ષ ૮

અંક ૧૫

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨ શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા,

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા– જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલક વિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાન્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા. ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વ –ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મુ. ભાભર,, તા. દીયોદર જી. બનાસકાંઠા ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઈ ફોન નં. ૮૪૨૬૯૭૧

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ શિવાય ચ ભવાય ચ

સંપાદકીય
પ્રેમચંદ મોહનજી ગુંદા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ દામાણી
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મોદી
(વઢવાણ)
ચુનીલાલ પ્રેમજી મુરુકા
(થાણા મહા)

વર્ષ : ૮] ૨૦૫૨ માગસર સુદ-૧૪ મંગળવાર તા. ૫-૧૨-૯૫ [અંક ૧૫

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૦ ને સોમવાર, તા. ૬-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ -૬. (પ્રવચન ૬ ઠું) [ગતાંકથી ચાલુ]

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— —અવ૦

એક ગામમાં અમે ચોમાસુ હતા. સાધર્મિક વાત્સલ્ય થવાનું હતું તો તેની મારી હાજરીમાં જાહેરાત કરી અને સાથે સાથે કહ્યું કે-ગરમપાણી પીવાવાળાએ ગરમ પાણી સાથે લઈને આવવું. મેં કહ્યું કે તમે ખરા ભગત છો...! જેને જમાડવા માગે છે, જેની ભક્તિ કરવી જોઈએ તેને પાણી સાથે લાવવા કહે છે. તે ઠાલ્હા હતા માટે પોતાની ભૂલની માફી માગી અને બધી વ્યવસ્થા જુદી કરી તમે તો કહેતા છો કે, ગરમ પાણીની વ્યવસ્થા કયાં કરીએ ? આજે ધર્મ કરનારને ધર્મ મરજી મુજબ કરવો છે પણ આજ્ઞા મુજબ કરવો નથી. તમારે ધર્મ આજ્ઞા મુજબ કરવો છે મરજી મુજબ કરવો છે ? આજે તમે જે રીતે જમાડો છો તે જોઈએ તો લાગે કે અપમાન જ કરો છો. આવી રીતે ભક્તિ કરવાનું તમને કોને કહ્યું છે ? શક્તિ હોય તે પ્રમાણે ભક્તિ કરો. શક્તિ હોય તો એક સાધર્મિકને જમાડો, બેને જમાડો પણ અધિક જમાડો એવું કોઈ કહેતું નથી. તેવી ય શક્તિ ન હોય તો કરવાની જરૂર પણ નથી. ગરીબ પણ શક્તિ મુજબ સાધર્મિકને બોલાવે અને જમાડે છે. માટે તમે ખોટી વાતો ન કરો કે વિધિપૂર્વક સાધર્મિક વાત્સલ્ય આજે થઈ શકે તેમ નથી.

જ્ઞાનમન્દિર

ભગવાને શક્તિ ઉપરાંત ધર્મ કરવાનું કહ્યું જ નથી. તેમ ધર્મમાં શક્તિ ગોપવવાનું પણ કહ્યું નથી. સ્વદ્રવ્યથી પૂજા કરવાની ન હોય તે માત્ર ભગવાનના દર્શન કરે તોય તેને વખાણીએ. તે જે રીતે મંદિરમાં આવે, જે રીતે દર્શન કરે તે જોતાં જ લાગે કે, ભગવાન ઉપર કેટલું બહુમાન છે, કેટલો ભક્તિ ભાવ છે !

આજે તમે મંદિરમાં એવી રીતે પેસો છો કે વચમાં જે આવે તેને લાત મારો, હડસેલો. કોઇ સારી રીતે સ્તવનાદિ કરતું હોય તો એવો ધંટનાદ કરો કે બધાને વિક્ષેપ પડે. આવા બધા ધર્મ માટે લાયક કહેવાય ખરા ?

માટે જ આ ગ્રંથકાર પરમર્ષિ સમજાવી રહ્યા છે કે મોક્ષ વિના બીજું સુખ જ નથી. સંસારનું સુખ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે. આવું જે માને તે ધર્મ માટે લાયક છે. ભગવાને ધર્મ શા માટે બતાવ્યો છે ? મોક્ષ માટે. ડરવાનું શાથી છે ? મોહથી. મોહ શાથી છે ? કર્મથી. માટે કર્મનો નાશ કરવા જે મહેનત કરે તે ધર્મ કરી શકે.

કર્મ સાથે રોજ કજિયો કરે તે ધર્મી. કર્મને કાઢવા માટે ધર્મ કરવાનો છે તેને બદલે મોટો ભાગ કર્મને આધીન થઇને ધર્મ કરે છે.

કર્મક્ષય માટે જે ધર્મ કરવાનો છે તેનાથી કર્મબંધ થાય તે ચાલે ? નાનામાં નાના ધર્મનું પણ ફળ શું ? નિર્જરા. કર્મબંધ થાય તો સારા પુણ્યનો. શુભસ્થાનક પ્રત્યયિક જે પાપબંધ થાય તે અલ્પસ્થિતિવાળો અને રસ-કસ વગરનો થાય.

આજનો મોટોભાગ ધર્મ કરીને ય ભારેમાં ભારે કર્મ બાંધે છે. ભગવાનનું દર્શન કરે અને મિથ્યાત્વ બાંધે. સંસારના સુખ માટે ભગવાનના દર્શન કરવા જાય તો મિથ્યાત્વ બંધાયને ? સંસારના સુખની ઇચ્છા થાય તે અવિરતિ છે અને તે સુખની ઇચ્છાને સારી માનવી તે મિથ્યાત્વ છે. જે સાવ અજ્ઞાન છે, કશી ખબર નથી તેની ટીકા નથી ચાલતી. નાનું બચ્ચું પથારીમાં પેશાબ કરે તો તેને ધમકાવાય ખરૂ ? આ તો જાણવા છતાંય પોતાને જાણકાર અને સમજદાર માને છે તેની વાત છે. જેને સમજાવવા છતાં ય સમજવું જ નથી તેવાને તો ખુદ ભગવાન પણ નહિ સમજાવી શકે. ખરેખર અણસમજુ હોય તે સમજ્યા પછી કદી ખોટું ન કરે, જ્ઞાનિને પૂછી પૂછીને કરે તે તરી જાય અને વાતડાહ્યા ડૂબી જાય. આ બધા સમજદાર છે કે અણસમજદાર છે? સમજી શકે તેવા છે કે મૂરખ છે ? જો આ બધા મૂરખ હોય તો તેને સમજાવનાર

પાટે બેસેલો મહામુરખ ગણાય ને ? આ બધાને મુરખ માને તે મુરખ છે ! આ બધા તો જે સમજાવીએ તે સમજી શકે તેવા છે પણ નહિ સમજવાનો નિર્ણય કરીને આવે છે. જેને સાચું ન સમજવું હોય તેવા અહીં આવે તો તેવાની કિંમત પણ શી છે ? આ લોકો અણસમજુ નથી. બજારમાં બધું સમજે છે. પગલાં પરથી ગ્રાહકને ઓળખે છે. માટે આ લોકોના ખોટા બચાવ ન કરો.

ભગવાનની આજ્ઞા મુજબ જ ધર્મ કરવાનો છે, મરજી મુજબ ધર્મ થાય નહિ આ વાત તમે સમજી શકો છો ને ? તો આજ્ઞા સમજવાની ઇચ્છા થવી જોઇએ ને ? તેવી ઇચ્છા ન થાય અને સમજાય તો પણ ન માને તેવા મુરખાને સમજાવવા બેસવું તે પાપ કહેવાય ને ?

સભા : શિક્ષક તેનું નામ જે મુરખાને ડાહ્યો બનાવે.

૭૦ વિદ્યાર્થીને ઓળખવો તો પડે ને ? જે વિદ્યાર્થી પૂછી પૂછીને કરે તે ડાહ્યો બની જાય. શેઠને પૂછી પૂછીને કરનારો નોકર શેઠ બની જાય છે. પણ આજે આખી વાત ફરી ગઇ છે. આજે શિક્ષકનો ક્લાસ નથી વિદ્યાર્થીનો ક્લાસ છે.

આજે તમે તમારાં સંતાનોને એવું ભણાવ્યું કે તમારા દિકરા મટી ગયા. આજના ભણેલા બાપને બાપ કહેતાં શરમાય છે. મા-બાપને પગે લાગતાં શરમાય છે. છોકરો જેમ જેમ મોટો થાય તેમ તેમ સારો બને કે ખરાબ બને ? તેની આજ્ઞામાં તમારે રહેવાનું કે તમારી આજ્ઞામાં તે રહે ?

અહીં આવનારને ભગવાનની આજ્ઞા શું તે સમજવું પડે ને ? ધર્મ કેમ કરાય, શા માટે કરાય તે સમજવું પડે ને ? સંસાર કેવો છે તે સમજવા અહીં આવો છો કે નાટક કરવા અહીં આવો છો ? તમે બધા સમજી શકો તેવા છો. હું બોલું છું તે સ શમજી ા છો ને ? ના સમજાય તો ના પાડો. બહાર જઇને ગમે તેમ બોલતા નહિ. સમજ્યા પછી સાચું કરવાનું મન થાય છે ખરૂં ? રોજ અહીં આવનારા સમજતા નથી તેવું નથી. અહીં રોજ આવવું જોઇએ માટે આવે છે પણ સમજવાની દરકાર નથી અને સમજેલું કરવાની ઇચ્છા નથી. આ મારો આક્ષેપ છે. તમે બધા કહો કે આવું નથી, ધર્મ સમજવા આવીએ છીએ તો હું રાજી થઉં.

મારે તમારી પાસે ખાલી ધર્મ નથી કરાવવો. ધર્મ મોક્ષ માટે કરાવવો છે, સંસાર માટે નથી કરાવવો. ૧૯૮૫ માં આ મુંબઇમાં એકવાર હું એમ બેસેલો. એક

યુવાન મારી પાસે આવ્યો અને મને કહે કે, 'સાહેબ ! આયંબિલનું પચ્ચક્ખાણ કરાવો'. મને ય તેને પૂછવાનું મન થયું કે, 'આજે કોઇ તિથિ નથી છતાં આયંબિલ કેમ કરે છે ?' તો તે મને કહે કે, 'આપને શું કામ છે ? મારે નથી કહેવું'. 'તો મેં કહ્યું કે– 'તું નહિ કહે તો હું પચ્ચક્ખાણ નહિ કરાવું.' તો મને કહે કે–'હું છાપામાં છપાવીશ કે આ સાધુ પચ્ચક્ખાણ નથી કરાવતા. મેં કહ્યું કે–'ખુશીથી છાપજે. જાણ્યા વિના માત્રથી પચ્ચક્ખાણ કરાવાય નહિ.' પછી તે નરમ પડયો અને મને કહે કે– 'સાહેબ ! મને મંગળ નડે છે.' મેં કહ્યું 'તો માત્રથી પચ્ચક્ખાણ કરાવાય નહિ'. પછી મેં તેને સમજાવ્યો કે આના માટે ધર્મ કરાય નહિ. ધર્મમાં વિઘ્ન આવે છે તે ન આવે માટે ધર્મ કરાય. તે ડાહ્યો હતો તો વળી મારી વાત સમજી–માની ગયો. તમે બધા માનો ? ગમે તે માટે ધર્મ કરવા આવો તો ધર્મ કરાવાય ? તમે સંસારના હેતુથી ધર્મ કરવા માગો તો ન જ કરાવાય !

ગમે તે ઇરાદે ધર્મ કરે તો ભલે કરે, ધર્મ તો કરે છે ને; આવું અમારાથી બોલાય ? બોલે તો તે અજ્ઞાનના શિરોમણિ કહેવાય ને ? ધર્મ તો મોક્ષ માટે જ કરાય સંસાર માટે તો કરાય જ નહિ; આ વાત સાંભળવી ગમે છે ખરી ? સંસારના સુખ માટે ધર્મ કરે તો તે ધર્મ કેવો કહેવાય તે ખબર છે ?

આલોકના સુખ માટે ધર્મ કરે તો તે ધર્મ 'ઝેર' જેવો બને. જે તત્કાલ મારે. પરલોકના સુખ માટે ધર્મ કરે તો તે ધર્મ 'ગરલ' જેવો બને. જે ધીમે ધીમે રિબાવી રિબાવીને મારે. સમજ્યા વિના ધર્મ કરે તો તે ધર્મ 'સંમુચ્છિમ' જેવો કહેવાય. સાવ નકામો કહેવાય આ વાત અમે ગોઠવી કાઢી છે કે ભગવાને કરી છે ?

તમે બધા કહો કે કે, હવે અમે સમજી ગયા છીએ. અમારે આ સંસારમાં રહેવું નથી, ઝટ મોક્ષે જવું છે. માટે મરી જઇએ પણ સંસારના સુખ માટે તો ધર્મ કદી ન કરીએ. ધર્મી માત્ર મોક્ષના જ અર્થી હોય. સંસારનું સુખ ભોગવવું પડે તેનું દુઃખ હોય— શ્રાવક સંસારનું સુખ ભોગવે તે દુઃખથી ભોગવે આનંદથી ભોગવે ? શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ ભોગવે છે પણ તે રોગની જેમ ભોગવે છે, રાગ નિવારીને, અવિકારીપણે ભોગવે છે. માટે જ શ્રી રૂપવિજયજી મહારાજાએ ભગવાનની સ્તવના કરતાં પૂજામાં ગાયું કે–

'ભોગ કરમ ફળ રોગ તણી પરે, ભોગવે રાગ નિવારી રે;
પરવાળા પરે બાહ્ય રંગ ધરે, પણ અંતર અવિકારી રે.'

ખોટું ન લગાડતા હો ને....

—શ્રી ભદ્રંભદ્ર

※ શું ભદ્રંભદ્રના લેખો શાસ્ત્ર-વિરૂદ્ધ છે ?

※ [ન ભૂતો ન ભવિષ્યતિ]

મને તો એમ જ હતું કે-મારા લેખથી કોઇને ખોટું નહિ લાગે. મે એટલા માટે તો હેડીંગ પણ 'ખોટું નો લગાડતા હો ને.!' આવું આપેલું છે. આમ છતાં ય કોઇ ખોટું લગાડે તેમાં હું શું કરું ? ઘુવડ સૂરજને જોઇ ના શકે તેમાં સૂરજ શું કરે ?

વાત બાકી એમ હતી કે-આજ દિવસ સુધી જૈનશાસનમાં ભદ્રંભદ્રના લેખો આવ્યા કરેલા. તેના કોઇક નિયમિત વાંચકે તેની હૈયાવરાળ ઠાલવતા જૈનશાસન કાર્યાલય ઉપર એવા ભાવની ઝેરોક્ષ નકલ મોકલી કે-'ભદ્રંભદ્રના લેખોમાં શાસ્ત્ર-વિરૂદ્ધ લખાણ આવે છે' આ સમાચાર મારી પાસે આવ્યા. મારા કરોડે કરોડ રૂંવાડા ક્રોધથી સળગી ઉઠયા. ભદ્રંભદ્રંના લેખો અને તે શાસ્ત્ર-વિરૂદ્ધ હોય એમ. ન ભૂતો ન ભવિષ્યતિ.

મારે જુના વિચારો કે નવા વિચારો જેવી અલગ-અલગ પંચવર્ષીય કે વાર્ષિક યોજના છે જ નહિ, કે જેથી એકાદ વરસના કે પાંચેક વરસના મારા જ જુના વિચારોને હું શાસ્ત્ર-વિરૂદ્ધ ગણીને તેની ક્ષમાપના માંગુ. એમ કરવા જઉને તો તો દર પાંચ વરસે મારે વર્તમાનકાળના શાસ્ત્રીય ગણાતા વિચારોને શાસ્ત્ર-વિરૂદ્ધ કહી દેવા પડે. એટલે દ્રવ્ય-ક્ષેત્ર કાળ કે ભાવની શરમમાં તણાઇ જઈને મેં મારા જૂના કે નવા વિચારોનો મારા જ મનમાં કોઇ ભેદભાવ ઊભો નથી કર્યો. એમ કરૂં તો મારા જ વિચારોની એકતા ના ગણાય તો પછી બધાં ફિરકાની એકતાની વાતો હું કયા મોઢે કરી શકું ?

મે બહું જ ગડમથલ કરી ઉપયોગ મૂકયો. 'મારા વિચારોને શાસ્ત્ર-વિરૂદ્ધ કહેવાનું દુસાહસ કરવાનું સૂઝયુ કોને ?' મને બાળ બ્રહ્મચારીને (બાળ બ્રહ્મચારી એટલે બધી રીતે હોં કેમ કે મારે કોઇ સંતાન પણ નથી. અને મારે કોઇ શિષ્ય પણ નથી. જો કે શિષ્ય નથી તે જ સારૂં છે. હમણાં હમણાં શિષ્યો એવી બનાવી પત્રિકાઓ બહાર પાડયા કરે છે ને કે જેથી પાડના વાંકે પખાલીને ડામ જેવું થાય છે. પરાક્રમ કરી આવે ચેલાજી. અને તે દુષ્કાર્યની માફી ગુરૂદેવે માંગવી પડે. આવું હમણાં હમણાં બહુ ચાલી પડયું છે. ગુરૂદેવે જ પહેલેથી જ ચેલાજી ઉપર દાબ રાખવો જોવે. જેથી ચેલાજી તેવા પરાક્રમો કરી જ ના શકે. ચેલાજી વતી ગુરૂદેવ માફી માંગે તેમાં ગુરૂદેવની તો મહાનતા જ

ગણાય. પણ ચેલાજીની શાન ઠેકાણે લાવવા ગુરૂદેવે છે ને ચેલાજીના નામને અને કામને પણ જાહેરમાં મૂકી દેવા જોઇએ. જુઓ પછી બાપુ ! ચેલાજી સીધા દોર થઇ જાય છે કે નહિ ? કંઇ નહિ તોય એટલું તો સારૂં જ કહેવાય કે ચેલાજીની ભૂલ બદલ નૈતિક ફરજ સમજીને ગુરૂદેવ નમ્રતા-નિખાલસતા પૂર્વક જાહેરમાં નહિ તો ય અમુક ચોકકસ લોકો પાસે ચેલાજી વતી ગુરૂદેવ માફી માંગે છે.' આવું ય અત્યારે કોણ કરે છે ? ધન ધન ગુરૂદેવ ! આમેય આપણે ગુણો લેતા જ શીખવું') માથે કદાચ વ્યભિચારીનો આક્ષેપ મૂકયો હોત તો તે એટલી પીડા ના કરત કે જે આ શાસ્ત્ર-વિરૂદ્ધ લેખો લખવાના આક્ષેપથી થઇ છે કેમકે આપણે ત્યાં શાસ્ત્ર પાઠ છે કે- 'પાપ નહિ કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો...'

હવે મારે કરવું શું ? મારૂં કયું લખાણ શાસ્ત્ર-વિરૂદ્ધ છે તે તો પાછા તે લોકો કહેવાની હિંમત કરી શકતા નથી.

ઓહો.... હવે સમજાણું આ લોકો મારા લેખને શાસ્ત્ર વિરૂદ્ધ કહે છે જેનું કારણ એ છે કે-તે લોકો સામા પક્ષના લોકો-મારા વિરોધી લોકોએ પોતે પોતાની મતિથી નકકી કરી રાખેલા જે શાસ્ત્રના ગ્રંથો છે તેની વિરૂધ્ધમાં મારૂ લખાણ થાય છે માટે તે લોકો તેમના કલ્પિત શાસ્ત્રથી વિરૂદ્ધ મારા લેખો છે તેવું કહે છે. અને આવું તો એકવાર શું હજારવાર ભલેને કહે, 'સામો માણસ રાજી પામે કે ખુશ થાય તો પણ હિતકારી વાત તો કહેવી જ જોઇએ.' આવો શાસ્ત્રપાઠ છે.

હાશ. હવે મને ચેન પડયું આ ચોખવટ ન થઇ હોત તો હું અમદાવાદના કાંકરીયા તળાવમાં કાં તો બોમ્બેની લોકલ ટ્રેનમાં આપઘાત કરવા જ જતો રહેત. ઓ વિરોધ પક્ષીઓ ! ભદ્રંભદ્ર શાસ્ત્ર-વિરૂધ્ધ લખે કે બોલે છે તેવું તો સપનામાં ય કે ઉંઘમાંય ના બબડતા.

હવે જુઓ મેં શું શું લખેલું છે.

(૧) વિરોધપક્ષ કહે છે કે દેવદ્રવ્યથી કે પરદ્રવ્યથી પણ પૂજા થઇ શકે.

(૧) ભદ્રંભદ્ર કહે છે કે ગમે તેવા હોય કે રંક હોય સ્વદ્રવ્યથી જ પૂજા કરી શકે.

શક્તિ મુજબ છેવટે માત્ર ચરણે જ પૂજા કરે પણ દેવદ્રવ્યથી કે પરદ્રવ્યથી તો ન જ કરાય.

(૨) વિરોધપક્ષ કહે છે કે સંબોધ પ્રકરણ ગ્રંથના આધારે સપનાદિની તમામ પ્રકારની બોલી કલ્પિત દેવદ્રવ્યમાં જાય.

(૨) ભદ્રંભદ્રપક્ષ કહે છે કે સંબોધ પ્રકરણ જ નહિ કોઇ પણ ગ્રંથ ભગવાનને ઉદ્દેશીને બોલાયેલી તમામે તમામ પ્રકારની બોલીની રકમને કલ્પિત દેવદ્રવ્યમાં તો નહિ જ પરંતુ જીર્ણોદ્ધારાદિ દેવદ્રવ્યમાં જાય તેવા ભાવનું જણાવે છે.

(૩) વિરોધપક્ષ કહે છે કે ગુરૂ-

પૂજનનું દ્રવ્ય સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં જાય.

(૩) ભદ્રંભદ્ર કહે છે ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં ન જ જાય. જિનમંદિર નિર્માણ તથા જીર્ણોદ્ધારના દેવદ્રવ્યમાં જ જાય.

મારી આવી વાતોને તો દ્રવ્યસપ્રતિકા-ધર્મસંગ્રહાદિ શાસ્ત્રોનો આધાર છે. સામા પક્ષની વાતને તો કશો જ આધાર નથી. અને છતાંય મારી વાતને તે લોકો શાસ્ત્ર વિરૂધ્ધ કહેવા જાય છે. લો ડીકટો ! બહુ ડહાપણ કરતાં તા તે હવે પછી મને શાસ્ત્ર વિરૂદ્ધ કહેવાની ભૂલ ખબરદાર જો કરી છે તો.

આટલું સાંભળીને કેટલાંક યુવાનો મારી પાસે દોડી આવ્યા. મને કહે શું બોલ્યા ? મેં કીધું 'કંઈ નહિ.' મારા તો ટાંટીયા જ થથરવા લાગ્યા. મેં મનમાં કીધું સાચી વાત પણ ટોળાબંધી આગળ છૂપાવી દેવી પડે છે. અરેરે ! હે પ્રભુ ! શું થશે આ જગતનું.

ભદ્રંભદ્રના લેખોની આટલી બધી અસર થઈ તે જ તો ભદ્રંભદ્રની સફળતા છે. હજી આ લેખમાળા કંઈ અટકી નથી. આ તો મને કયા વિષય ઉપર લખવું તેની મોટી મુંઝવણ હતી. પણ હવે તે દૂર થઇ છે.

કુરૂક્ષેત્રના સમરાંગણમાં યુદ્ધના પહેલા જ દિવસે ગાંડીવ ધનુષધારી અર્જુન પણ મુંજવણમાં જ મુકાઇ ગયેલો ને કે આ ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય શકુની મામા જેવા વડીલોની સામે શસ્ત્રો શી રીતે ઉગામાય ? બસ મને પણ મારા આવા જ વડીલ મહાપુરૂષો સામે કશું લખતા સંકોચ થતો હતો, પણ અર્જુનને સલાહ આપનાર શ્રી કૃષ્ણનો ઉપદેશ મને કલમ ઉઠાવવા પ્રેરવા લાગ્યો. આમેય 'જૈન શાસનમાં' લેખોની થોડી ભીડ પણ વધી ગયેલી. અને પેલા યુવાનોનો થોડો ડર પણ હતો. જ. જો કે એ તો હવે હમજ્યા.

મેં ભદ્રંભદ્રમાં કહેલા શાસ્ત્રથી વિરૂધ્ધ એક એવી પણ વાત કરી છે કે-
(૧) સામો પક્ષ કહે છે કે- સંસારના સુખો માટે ધરમ નો થાય તો શું પાપ કરાય ? (૧) ભદ્રંભદ્ર કહે છે કે- મોક્ષ માટે ધરમ નો કરાય તો શું સંસાર માટે કરાય ?

(૨) સામો પક્ષ કહે છે કે- દેરાસરમાં સંસારના સુખો મંગાય.

(૨) ભદ્રંભદ્ર કહે છે કે- દેરાસરમા જરીબેન કારીબેન પાસે પણ ભીંડા કારેલા કે વટાણા માંગી નો શકે તો ભગવાન પાસે આવી ભીંડા જેવી તુચ્છ ગણાતી સંસારનાં સુખની માંગણી તો કેમ જ કરાય ? નો જ કરાય ને.

(૩) સામો પક્ષ કહે છે કે- પુસ્તકોના વિમોચન સમારોહ ઉજવાય.

(૩) ભદ્રંભદ્ર કહે છે કે જેનાથી

વિવિધ વાંચનમાંથી

તપ ધર્મની મહત્તા

પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

આત્માને તપાવે તે તપ. કર્મરજને સર્વથા સાફ કરાવી ઇન્દ્રિય મન અને બુદ્ધિને પવિત્ર બનાવી આત્માને સ્વરછ પવિત્ર બનાવે તે તપોધર્મ છે.

આવા ધર્મની આરાધના જેમ જેમ આગળ વધતી જશે તેમ તેમ તે આરાધક જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયકર્મ અને અંતરાયકર્મ મૂળીયાને કાપતો જશે. અને છેવટે આવતા ભવમાં કે ભવાંતરમાં ઘણી ઘણી આત્માની લબ્ધિઓ ઉપરાંત ઉચ્ચ-કુળ-ખાનદાન કુટુંબ, સુંદર રૂપ ઋદ્ધિ સમૃદ્ધિની પૂર્ણતા અને છેવટે સંયમ માર્ગે પ્રયાણ કરાવી આત્માને સ્વચ્છ-અને શુધ્ધ બનાવશે.

જીવ માત્રને પરમાત્મપદ પ્રાપ્ત કરવાની પૂર્ણ ક્ષમતા રાખનાર જૈન શાસનમાં તપના બે ભેદ બતાવ્યા છે.

અભ્યંતર તપની સર્વોપાદેયતા સૌ કોઇને સ્વીકાર્ય હોવા છતાં પણ બાહ્યતપની સર્વશ્રેષ્ઠતા શ્રી તીર્થંકર ભગવંતોએ પણ માન્ય રાખીને પોતાના જીવનમાં તેની આચરણા કરી છે. ત્યાર પછી જ તેઓ કેવલજ્ઞાનના માલિક બનવા પામ્યા છે. પરમપૂજ્ય દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામી ભગવંતે પણ એક બે ત્રણ ચાર અર્ધમાસ માસ ખમણો અને છેવટે છ મહિના સુધીની અખંડ તપશ્ચર્યા કરી છે.

શ્રી ઋષભદેવ ભગવંતે ૧૨ મહિના ઉપરાંતના દિવસો સુધી એકધારાએ ઉપવાસ કર્યા છે. એટલે તપશ્ચર્યારૂપી અગ્નિમાં કર્મોના લાકડાને બાળી નાંખ્યા છે. સુવર્ણની છેલ્લી પરીક્ષા અગ્નિ જ છે. તેમ આત્માની પણ છેલ્લી પરીક્ષા તપ છે.

માટે પોતાના નિકાચિત-ગુપ્ત-અગુપ્ત-પાપોને ધોવા માટે તથા નવા પાપોને રોકવા માટે પોતાની શક્તિ ભાવના અને પરિસ્થતિનો ખ્યાલ રાખી તપધર્મનો સ્વીકાર કરવો.

કારણકે, માનવ માત્રના માથા ઉપર જે કંઇ વિપત્તિઓ જે કોઇ રોગો કે જે કોઇ કૌટુંબિક કલેશો કે વાંઝણી-વિધવાપણું આદિના દુઃખો ભગવા કરે છે તેમાં પોતાના જ કરેલાં અંતરાય કર્મો અને અશાતાવેદનીય કર્મો કામ કરી રહ્યા હોય છે.

પોતાના માન-કષાયની લાલસા પોષાય તેવું કશું ના ઉજવાય. ગ્રંથ રત્નોને પહેલા બેડી પહેરાવીને પછી મુકિત આપવાની રમત ગ્રંથરત્નો સાથે નો કરાય. ગ્રંથ-રત્નોને તો હાથીની અંબાડીમાં ચડાવી ગામ, આખામાં ફેરવ્યા પછી પાંચ-પાંચ પૂજા કરવાની હોય. (જો જો બાપા ! તમારા

૧૦-૨૦ રુપિયાની કિંમતના પુસ્તકની પાચ પૂજાની ઉછામણીઓ કર્યાંય ચાલુ નો કરી દેતા.

આવું તો ઘણું બધું છે. હવે અવસરે વાત લ્યો ત્યારે રામ રામ.

આવજો રામ રામ એ રામ રામ

રામ રામ

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૭]

ફરુસં, ન પેસુન્નં, નાણિબદ્ધં । હિઅમિઅભાસગે સિઆ । એવં ન હિંસિજ્જા ભૂઆણિ । ન ગિણ્હિજ્જ અદત્તં । ન નિરિખિજ્જ પરદારં । ન કુજ્જા અણુત્થદંડં । સુહકાયજોગે સિઆ ।

સાધુપણાનો ઉમેદવાર એવા શ્રાવકનું ગૃહસ્થપણાનું જીવન પણ લોકમાં પ્રશંસનીય હોય છે. તેના આચારો જ એવા ઉમદા હોય કે દુશ્મનને પણ તેના પ્રત્યે બહુમાન થાય. માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ જૈનકુલાદિની ઘણી જ મહત્તા ગાઇ છે. બીજો વિશેષ ધર્મ કદાચ ન કરી શકે તો પણ જૈનાચારોને જીવનમાં જીવે તોય તેની દુર્ગતિ ન થાય. શ્રાવક ગૃહસ્થપણામાં પણ કેવી રીતે જીવે તે જ વાતને વિશેષ સ્પષ્ટ કરીને જણાવે છે.

સામાન્ય રીતે અનેક જીવોનો ઉપઘાત-નાશ કરનાર, સ્વભાવિક રીતે જ નિંદા કરવા લાયક, જેની પ્રવૃત્તિમાં પણ ઘણો કલેશ શ્રમ થાય છે. અને પરલોકમાં દુર્ગતિ આદિને આપનાર એવા અંગારકર્માદિ કર્માદાનોનો ત્યાગ કરવો જોઇએ. મહારંભ અને મહાપરિગ્રહને નરકનું કારણ માનનાર શ્રાવક મહારંભાદિ બને ત્યાં સુધી કરે જ નહિ કદાચ કર્મયોગે કરતો હોય તો દુઃખપૂર્વક, કયારે તેનાથી છૂટું તેવી ભાવનાથી કરે પણ તેમાં ઉપાદેયપણાની બુદ્ધિ તો રાખે જ નહિ. મોક્ષને માટે નિરંતર સાધુપણાની ભાવનાવાળો જીવ જેમ પોતાને કોઇ પીડા આપે તેમ ન ઇચ્છે તેમ મારાથી બીજાને પીડા થાવ હું બીજાને પીડારૂપ બનું આવો વિચાર સરખો પણ ન કરે. ગમે તેવી આપત્તિમાં દીનતાને ધારણ ન કરે પણ 'મેં કોઇને પીડા આપી હશે માટે મને પીડા આવી' એમ વિચારી ધીરતાપૂર્વક મજેથી આપત્તિ આદિને વેઠી લે. તેમ ઇચ્છિત આદિ વસ્તુની પ્રાપ્તિ પણ ન થાય દીનતા ન કરે. આ તો સંસાર છે તેમાં ધાર્યું કશું પાર ન ઉતરે પણ જેવા સંયોગો, જેવી સ્થિતિ હોય તેને અનુકૂળ થઇને ધર્મ ન હારી જવાય તેમ જીવવું એમ વિચારી દીનતાને દૂર કરે. તેવી રીતે ધારી ઇચ્છિત ચીજ-વસ્તુઓની પ્રાપ્તિ થાય તો હર્ષના ઉત્સેકને ધારણ ન કરે. પુણ્ય હોય તો પાસા સીધા પડે તેમાં હર્ષ પામવા જેવું શું છે ? એમ વિચારી ખોટો ગર્વ ન કરે. તથા અતત્ત્વના અધ્યવસાયરૂપ કદા-

ગ્રહને ન કરે. 'મારું તે જ સાચું' એમ નહિ પણ 'સાચું તેજ મારું' એમ માને. અને કદાચ ગહન તત્ત્વોની વાત ન સમજાય તો પણ ભગવાનના વચનને અનુસારે ઉચિત રીતે મનને પ્રવર્ત્તાવે. તેવે વખતે વિચારે કે-'રાગ-દ્વેષ અને મોહ જેમોના નાશ પામ્યા છે તેવા શ્રી વીતરાગદેવોને કશું જ ખોટું બોલવાનું પ્રયોજન નથી. મારી બુદ્ધિ અલ્પ હોય, મતિ મંદતાદિને કારણે તાત્વિક રહસ્યભૂત વાત કદાચ મને ન પણ સમજાય મારી બુધ્ધિમાં ન પણ ઉતરે તો પણ **तमेवसच्चं निःशंकं जं जिणेहिं पव्वेइयं** અર્થાત **શ્રી** જિનેશ્વરદેવોએ જે ફરમાવ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું છે' એમ માનીને ખોટા કદાગ્રહને ન પામે પણ મનને સ્થિર કરે.

જે બીજા કોઇને પીડા આપવા પણ ઇચ્છતો નથી તેવો જીવ અભ્યાખ્યાનાદિ ખોટા આળ રૂપ અસત્ય, પરૂષ-કઠોર, ચાડી ચૂંગલી સ્વરૂપ બીજાની પ્રીતિનો નાશ કરનારૂં પિશૂનતા વાળું, રાજકથા-ભક્તકથા-સ્ત્રીકથા અને દેશકથા એ રૂપ વિકથાદિથી અસંબંધવાળું વચન પણ બોલે નહિ. અને જરૂર પડે તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે બીજાને હિત કરનાર, પ્રીતિ પેદા કરનાર અને બે શબ્દથી ચાલે તો ચાર શબ્દ ન બોલે એવી રીતે પ્રમાણોપેત-મિતભાષી-વચન બોલે. એવી જ રીતે પૃથ્વીકાયાદિ પ્રાણીઓની હિંસા ન કરવી જોઇએ. બીજાએ નહિ આપેલી તૃણ જેવી ચીજ પણ ગ્રહણ ન કરવી જોઇએ. પરસ્ત્રી સામે સરાગદૃષ્ટિથી જોવું જોઇએ નહિ તે રીતે સ્ત્રીએ પણ પરપુરૂષ સામે સરાગદૃષ્ટિથી ન જોવું જોઇએ. અપધ્યાન-પાપોપદેશ-કંદર્પચેષ્ટા સ્વરૂપ અનર્થદંડ આચરણ ન કરવું પરંતુ હમ કાયયોગ સુંદર આચરણવાળા થવું જોઇએ. આ પ્રમાણે મન, વચન અને કાયાની શુધ્ધિ બતાવવી.

तहा लाहोचिअदाणे, लाहोचिअभोगे, लाहोचिअपरिवारे, लाहोचिअनिहिकरे सिआ। असंतवगे परिवारस्स, गुणकरे जहासत्तिं, आणुकंपावरे निम्ममे भावेणं। एवं खु तप्पालणेवि धम्मो, जह अन्नपालणेत्ति। सव्वे जीवा पुढो पुढो। ममत्तं बंधकारणं॥

તથા લાભને ઉચિત એટલે પોતાની આવકનો ચોથો ભાગ વિગેરે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દાન દેવું, લાભને ઉચિત પોતાના ભોગમાં વાપરવું, લાભના પ્રમાણમાં પરિવારનું ભરણ-પોષણ કરવું અને લાભના પ્રમાણમાં નિધાનમાં રાખવું જે ચાસમાની-મુલતાની વખતે કામમાં આવે, કોઇની પાસે હાથ લાંબો ન કરવો પડે અર્થાત પોતાની આવકના પ્રમાણમાં વ્યય કરવો. [ક્રમશઃ]

શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કરનારા સાધુ ભગવંતોની હીલના કરવાના
મહાપાપથી દુર રહેવા માટે

મહારાષ્ટ્રના છત્રીસ શ્રીસંઘોને : જાહેર ભલામણ :

દેવગુરૂભક્તિકારક મહારાષ્ટ્રના છત્રીસ શ્રી સંઘો યોગ ધર્મલાભ સાથે જણાવવાનું કે– તમારી સાથે 'કયાંક તો કોક તો જૈન શાસનની હીલનાને અટકાવો' આવા હેડીંગવાળી છપેલી પત્રિકા મળી, વાંચી, જે અક્ષરશઃ નીચે મુજબ છેઃ

– કયાંક તો કોક તો જૈન શાસનની હિલનાને અટકાવો –

વર્તમાનકાલમાં કેટલાક સાધુ ભગવંતો, તેમજ કેટલાક સાધ્વીજી મહારાજો સુધર્માસ્વામી ભગવાનની પાટ પર બેસી વ્યાખ્યાનો, વર્તમાનપત્રો દ્વારા કે અંગતમાં સાચા અને સારા સાધુ ભગવંતોને ઉત્સુત્રભાષી, કુગુરૂ, કુપાત્ર, મિથ્યાત્વી, અવંદનીય કહે છે. તેમજ જણાવે છે કે

તેમને વંદન કરવા નહી, તેમને ગોચરી વહોરાવી નહી, તેમજ ન છુટકે વહોરાવી પડે તો અનુકંપા દાનની જેમ વહોરાવી, તેમને ઉપાશ્રયમાં ઉતારવા નહી તેમની નિશ્રામાં ચાલતા મહોત્સવ વિગેરેની પત્રિકા દેવસર ઉપાશ્રયમાં લગાડવી નહી, તેમના વ્યાખ્યાન શિબિરમાં જવાથી પાપ બંધાય માટે જવું નહી, ચોમાસા માટે કે શેષકાળમાં તેમને બોલાવાય નહી વગેરે વાતો કરી શાસ્ત્રના નામે ફાટફુટ કરી જૈન શાસનના બદલે પોતાના પક્ષને મજબુત કરવા સ્વશાસનને બચાવાની હલકી પ્રવૃત્તી પૂર જોરમાં કરી રહ્યા છે.

આવી વાતો જાણી અમારા સંઘને ઘણું જ દુઃખ થયેલ છે. અમો તો માનીએ છીએ કે, 'પોતાની માને મા જરૂરથી કહેવાય પણ બીજાની મા ને ડાકણ કેવી રીતે કહેવાય.' તે રીતે પોતાના સિવાય બીજા ગુરૂ ભગવંતોને કુગુરૂ કેવી રીતે કહેવાય ? આવી પ્રવૃત્તને અટકાવવા દરેક સંઘોએ જાગવાની જરૂર છે. તેના માટે બધાએ મળી યોગ્ય પગલા લેવાનો સમય આવી ગયો છે.

હવે તો જાગો ! જૈન શાસનને નુકસાન કરનાર આવા તત્વોને કોઇપણ સંઘ કે શ્રાવકોએ પ્રોત્સાહન આપવું નજ જોઇએ. પરંતુ બધાએ લેગા મલી તેમને પ્રેમથી સમજાવી અટકાવવા જોઇએ. તે માટે શ્રી કુંભોજગીરી ટ્રસ્ટે જે અપીલ કરેલ છે. તેમજ નિપાણી સંઘે પણ જે ઠરાવ બહાર પાડેલ છે તેને અમારા સંઘની અનુમોદના સાથે સંપૂર્ણ સાથ સહકાર છે. પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે આ પ્રવૃત્તી જલ્દી અટકે જાય.

દરેક સમુદાયના સાધુ–સાધ્વીજી ભગવંતોનો અમો આદર સત્કાર કરીએ છીએ. અમારા સંઘમાં કોઇ ભેદભાવ નથી. અમારા દરેકની ભાવના છે કે સાધુ સંસ્થામાં પરસ્પર મતભેદોનું સાથે બેસીને સમાધાન જલદીથી કરે, જેના કારણે અમારા સંઘોમાં એકતા કાયમ ટકી રહે.

– તેવી શુભ ભાવના સાથે –

– લિખિતમ –

૧) શ્રી રાજસ્થાની જૈન શ્વે. મૂ.પૂ. સંઘ	કરાડ	૧૯) શ્રી જૈન શ્વે. મૂ.પૂ. સંઘ	વિટા
૨) ,, જૈન સાંસ્કૃતિક ભવન શિવાજી માર્કેટ	,,	૨૦) ,, ,,	આરગ
૩) ,, મહાવીર સ્વામી જૈન મંદિર,	,,	૨૧) ,, ,,	પલુસ
૪) ,, સુમતીનાથ ભગવાન ટ્રસ્ટ,	મસુર	૨૨) ,, ,,	માધવનગર
૫) ,, મહાવીર સ્વામી ભ. ટ્રસ્ટ,	રહિમતપુર	૨૩) ,, ,,	કાસેગાંવ
૬) ,, મુ.સુવ્રત ભ. જૈ. શ્વે. મંદિર ટ્રસ્ટ,	કોરેગાંવ	૨૪) ,, ,,	શિરાલા
૭) ,, ગુણવર્ધક શ્વે. મૂ.પૂ. સંઘ,	પુસેસાવલી	૨૫) ,, ,,	મુરગુડ
૮) ,, જૈન શ્વે. મૂ. પૂ. સંઘ,	વાઠાર	૨૬) ,, ,,	મલ્હારપેઠ
૯) ,, ,,	ઉપ્રજ	૨૮) ,, ,,	ગારગોટી
૧૦) ,, ,,	ફલટણ	૨૮) ,, ,,	શિરોલી
૧૧) ,, ,,	નાગઠાણા	૨૯) ,, ,,	પેઠ વડગાવ
૧૨) ,, ,,	બારામતી	૩૦) ,, ,,	કુરૂંદવાડ
૧૩) ,, ,,	કડેગાંવ	૩૧) ,, ,,	સાલભાગ ઇચ
૧૪) ,, ,,	ઇસ્લામપુર	૩૨) ,, ,,	જયસિંગપુર
૧૫) ,, ,,	તાંકારી	૩૩) ,, ,,	ચિકોડી
૧૬) ,, ,,	ભવાનીનગર	૩૪) ,, ,,	એકસંબા
૧૭) શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વે. મૂ.સંઘ	મિરજ	૩૫) શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈ.શ્વે.સંઘ	આષ્ટા
૧૮) શ્રી રાજસ્થાની જૈન શ્વે. મુ. સંઘ,	મિરજ	૩૬) શ્રી ઋષભદેવ જૈ શ્વે. મૂ. સંઘ,	તાસગાંવ

આના અનુસંધાનમાં જણાવવાનું કે પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ રચેલી દ્વાદશાંગી/આગમ અને આગમને અનુસરીને પૂર્વના મહાપુરૂષોએ રચેલા શાસ્ત્રોમાં; સ સૂત્રભાષી–ઉત્સૂત્રભાષી, સુગુરૂ કુગુરૂ, સુપાત્ર–કુપાત્ર–અપાત્ર, મિથ્યાત્વ–સમ્યક્ત્વ, વંદનીય–અવંદનીય વગેરે વિષયોનું સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે. ધર્મ કરવાની ઇચ્છાવાળા

આત્માને આ વિષયોની સમજ મેળવીને ધર્મ કરવાનું શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે. અને ધર્મના અર્થી આત્માઓને આ વિષયોની સમજ ધર્મોપદેશક સાધુ ભગવંતોએ અવશ્ય આપવી એવું પણ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે. જે સાધુઓ આ વિષયો શ્રાવકોને સમજાવવાની ના પાડે છે, તેઓ સ્પષ્ટ રીતે શાસ્ત્ર અને શાસ્ત્રકારોની આશાતના કરે છે.

જેને તમો 'કેટલાક સાધુ ભગવંતો' કહીને ઓળખાવો છો તે સાધુ ભગવંતો પણ ઉપર મુજબની શાસ્ત્રકારોની આજ્ઞા મુજબ જ ધર્મના અર્થીઓને સસૂત્ર-ઉત્સૂત્ર, સુગુરૂ-કુગુરૂ, સુપાત્ર-કુપાત્ર-અપાત્ર, મિથ્યાત્વ-સમ્યક્ત્વ, વંદનીય-અવંદનીય વગેરેની શાસ્ત્રીય સમજ આપે છે. આવી શાસ્ત્રીય સમજ આપવાના કાર્યને "શાસ્ત્રના નામે સંઘમાં ફુટફાટ કરવાની હલકી પ્રવૃત્તિ' ન કહેવાય અને આવી શાસ્ત્રીય સમજ આપનારા સાધુ ભગવંતોને 'જૈન શાસનને નુકસાન કરનાર તત્ત્વો' પણ ન કહેવાય. છતાં તમારી ઉપરની પત્રિકામાં તેવા શબ્દો હોવાથી શાસ્ત્રકારોની મહાઆશાતના થાય છે અને માર્ગની અજ્ઞાનતા પ્રગટ થાય છે.

એક બાજુ પત્રિકામાં લખ્યું છે કે 'દરેક સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતોનો અમે આદર-સત્કાર કરીએ છીએ' અને બીજી બાજુ એક ચોકકસ સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતોને 'શાસ્ત્રના નામે સંઘમાં ફાટફૂટ પડાવનારા, હલકી પ્રવૃત્તિ કરનારા અને જૈન શાસનને નુકસાન કરનારા તત્ત્વો' તરીકે ઓળખાવ્યા છે. સાધુ-સાધ્વીજી ભગવંતોનો આદર-સત્કાર કરવાની આ રીત અતિવિલક્ષણ છે. જૈન શાસનની હીલના અટકાવવાના નામે એક ચોકકસ સમુદાયના સાધુ-સાધ્વીજી ભગવંતોની હીલના કરવાથી શ્રી સંઘ તરીકેની શોભા રહેતી નથી.

કોઈ શાસ્ત્રકાર ભગવંતોએ સાચા અને સારા સાધુને અવંદનીય કહ્યા નથી કે તેમને ગોચરી ન વહોરાવવી, અનુકંપાથી વહોરાવવી એમ ફરમાવ્યું નથી. એટલે જ તમે જણાવેલા 'કેટલાક સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ સાચા અને સારા સાધુ-માટે આવું કહેવાનું કોઇ પ્રયોજન નથી. અન્ય સંપ્રદાયના સાધુ-સાધ્વીજીને પણ વહોરાવવાનો વ્યવહાર પ્રચલિત છે તે સૌ કોઇ જાણે છે. છતાં ગમે તેવી વાત ફેલાવવામાં 'શ્રી સંઘ' તરીકે ઓળખાતા સહકાર આપે તે સર્વથા અનુચિત છે.

કુંભોજગિરિ ટ્રસ્ટની અપીલ અને નિપાણી-સાંગલી સંઘના ઠરાવની પણ પ્રાસંગિક વાત કરીએ : આજે શ્રી સંઘમાં જે વાતાવરણ ઉભું થયું છે તે વિ.સં. ૨૦૪૨ અને ૨૦૪૪ની સાલથી ચાલતું આવ્યું છે. આટલા વર્ષોમાં કોઇ સંઘને ઠરાવ કે અપીલ કરવાની જરૂર પડી નથી. કુંભોજગિરિ ટ્રસ્ટ કે નિપાણી-સાંગલી સંઘ પણ મૌન હતો. તાજેતરના થોડા સમયમાં જ 'ઈસ્લામ ખતરેમેં હૈ' જેવી ઢંગઢડા વગરની

નનામી પત્રિકા બહાર પડી હતી. નાનું બાળક પણ સમજી શકે તેમ છે કે આ નનામી પત્રિકા પૂ. આ. ભ: શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયને બદનામ કરવા માટે તેમના વિરોધીઓએ બહાર પાડેલી છે. આ પત્રિકની પાછળ પાછળ જ કુંભોજ ગિરિ ટ્રસ્ટની અપીલ અને નિપાણી-સાંગલી સંઘનો ઠરાવ બહાર પડયો તેમાં જેના ઉપકારને યાદ કરવામાં આવ્યો છે અને આ સંઘોના એક પરમઉપકારી મહાપુરૂષને ભૂલી જવામાં આવ્યા છે- આ બધું વિચારતા, આ બધા વચ્ચે કડી જોડાયેલી છે. એમ કોઇપણ વિચારક માણસ અનુમાન કરી શકે છે. એક સ્વ. મહાપુરૂષ અને તેમના અનુયાયી ચતુર્વિધ શ્રી સંઘને ઉતારી પાડવાના એકમાત્ર ઉદ્દેશથી કાદવ ઉછાળતા અમુક વર્ગના ટેકામાં, પોતાને શ્રી સંઘ તરીકે ઓળખાવતાં તત્વો આવી શાસનહીલનાની પ્રવૃત્તિ કરે તેમાં શ્રી સંઘની આશાતના સિવાય બીજુ કશું જ નથી. ઉત્સૂત્ર ભાષણ કરવું, સમુદાયના વડિલોની મર્યાદા લોપવી અને ભૂલ બતાવનારને ભાંગફોડિયા કહેવા: આ બધામાં શાસનની પ્રભાવના માનનારાને ભગવાનના શાસનની નહિ પણ પોતાના શાસનની પડી છે. સાચા શ્રી સંઘો આવા 'શાસન પ્રભાવકો'ને આશરો આપે નહિ. પત્રિકા પ્રગટ કરનારા તત્વો જે ઉપકારી મહાપુરૂષના ઉપકારને ભૂલી ગયા છે- તે મહાપુરૂષે શ્રીસંઘનું સાચું સ્વરૂપ સમજાવેલું તેને વર્તમાન શ્રી સંઘો લક્ષ્યમાં રાખે શ્રી સંઘ તરીકે ગૌરવ લેનારાએ શ્રી સંઘ તરીકેની મર્યાદા પણ પાળવી જોઇએ. ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકનારનો પક્ષ લેવો અને ભગવાનની આજ્ઞાની વાત કરનારને ભાંગફોડિયા કહેવા- આ શ્રી સંઘના લક્ષણ નથી. શ્રી સંઘ તો ઉન્માર્ગે ગયેલાને માર્ગે આવવાની ફરજ પાડે. ઠેકાણે ન આવે તેને ફેંકી દે. સાગર મડદાને સંઘરે નહિ, ફેંકી દે. કૂવામાં મડદું સડે તો ય ફેંકાય નહિ માટે આપણે કાઢવું પડે. સાચા શ્રી સંઘમાં અને કહેવાતા સંઘમાં આવો સાગર અને કૂવા જેવોજ જ ફેર છે. પત્રિકા બહાર પાડનારા અને અન્ય પણ કોઇને વર્તમાન વિવાદમાં સત્ય શું છે તે સમજવું હોય તો સમજાવવાની મારી તૈયારી છે. સમજ્યા વગર અથવા તો સમજવા છતાં કોઇને ખોટી વાતો કરવામાં જ રસ હોય તો તેવાની ઉપેક્ષા કર્યા વિના બીજો ઉપાય નથી.

વિજય લબ્ધિસૂરિ જ્ઞાનમંદિર
નહેરૂ સ્ટ્રીટ, વાપી
વિ.સં. ૨૦૫૨ કારતક સુદ ૫ તા. ૨૮-૧૦-૯૫

મુનિ જયદર્શન વિજયના ધર્મલાભ

(મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ - લેખક)

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

૦ આવશ્યકના પર્યાયવાચી નામો : શ્રી અનુયોગદ્વાર સૂત્ર પ્રમાણે :

૧ આવશ્યક, ૨-અવશ્યકરણીય, ૩-ધ્રુવ, ૪-નિગ્રહ, ૫-વિશોધિ, ૬-અધ્યયનષટક, ૭-વર્ગ, ૮-ન્યાય, ૯-આરાધના અને ૧૦-માર્ગ.

૧-આવશ્યક :— અવશ્ય કરવા યોગ્ય હોવાથી આવશ્યક કહેવાય છે અથવા તે મર્યાદા વડે અહોનિશ વિધિ વડે ગુણોને આત્માને વશ કરનાર છે. અથવા આત્માને જ્ઞાનાદિ ગુણો અવશ્ય સંપાદન કરી આપે છે, તેથી આવશ્યક કહેવાય છે. અથવા આત્માને ગુણ સન્નિધેય- ગુણની નજીક કરે છે માટે આવાસક કહેવાય છે. અથવા જેમ વસ્ત્રને ધૂપાદિ વડે વાસિત- સુગંધિત કરવામાં આવે છે તેમ આત્માને ગુણોથી વાસિત કરે છે, ભાવિત કરે છે, રંજિત કરે છે તેથી આવાસિત પણ કહેવાય છે.

૨-અવશ્યકરણીય :— મુમુક્ષુઓએ અવશ્ય કરવા યોગ્ય હોવાથી અવશ્ય-કરણીય કહેવાય છે.

૩-ધ્રુવ :— અર્થથી ધ્રુવ-શાશ્વત હોવાથી તે ધ્રુવ કહેવાય છે.

૪-નિગ્રહ :— ઈન્દ્રિયો અને કષાયાદિ ભાવ શત્રુઓનો તેનાથી નિગ્રહ થાય છે માટે તે નિગ્રહ કહેવાય છે.

અન્ય, અન્ય આચાર્યો તો પ્રવાહ વડે અનાદિ હોવાથી ધ્રુવ એવા જે કર્મ તેનો નિગ્રહ કરનાર હોવાથી ધ્રુવ નિગ્રહ એવું પદવાળું પર્યાય નામ પણ કહે છે.

૫-વિશોધિ :— કર્મથી મલિન એવા આત્મા વિશુદ્ધિ કરનાર હોવાથી- તેના હેતુભૂત હોવાથી- વિશોધિ-વિશુદ્ધિ કહેવાય છે.

૬-અધ્યયન ષટક :— સામાયિકાદિ ૭ અધ્યયનાત્મક હોવાથી અધ્યયન ષટક કહેવાય છે.

૭-વર્ગ :— દૂરથી જ રાગાદિ જ દોષ તેનાથી પરિહરાય છે. માટે તે વર્ગ કહેવાય છે.

અન્ય અન્ય આચાર્યો ષડ અધ્યયનના સમૂહ રૂપ હોવાથી અધ્યયન ષડવર્ગ એવું એક પદવાળું પર્યાયવાચી નામ પણ કહે છે.

૮-જ્ઞાત (ન્યાય) :- વાંછિત અર્થની સિદ્ધિ કરવાનો સમ્યક ઉપાય હોવાથી જ્ઞાત કહીએ અથવા જીવ અને કર્મના સંબંધ દૂર કરવા રૂપ ન્યાય કરનાર હોવાથી ન્યાય પણ કહેવાય છે.

૯–આરાધના :– મોક્ષ માર્ગની મોક્ષની આરાધનાનો હેતુ હોવાથી આરાધના કહેવાય છે.

૧૦–માર્ગ :– મોક્ષપુરને પમાડનાર હોવાથી માર્ગ કહેવાય છે.



શ્રાવકના અનર્થદંડ વિરમણ નામના ગુણવ્રતમાં 'પ્રમાદાચરણ' ની વાત કરતાં એમ પણ કહ્યું છે કે– પ્રમાદાચરણ એટલે આપણની વ્યક્તિ નહિ શોહેલા ઘન, ધાન્ય, તથા જલાદિકનો વ્યાપાર કરવાથી, ચૂલા–પાણીયારા આદિ ઉપર ચંદરવા નહિ બાંધવાથી અને ઘી, દહીં, દુધ અને છાશ આદિના પાત્રો નહિ ઢાંકવાથી તેમાં પોતાનો તથા પરને ઉપઘાત થવાથી તે બહુ અનર્થના કારણો છે એમ જાણવું. તે કારણને લઈને પરમ ગુરૂએ શ્રાવકને ઘેર સાત ગરણા અને નવ ચંદરવા કહેલા છે. (કેટલેક ઠેકાણે દશ ચંદરવાની પણ વાત આવે છે.)

"ઘીનું જલ, ખારૂં પાણી, ગરમપાણી, છાસ, ઘી, તેલ અને લોટ એ સાતને ગળવા માટે શ્રાવકે સાત ગરણા રાખવા. લોટનું ગળવું એટલે તેને ચાલણીથી ચાળવો અને ઉપલક્ષણથી દુધ આદિને ગળવા માટે પણ ગરણું રાખવું.

ચંદરવા કયાં કયાં રાખવા તે માટે કહ્યું કે, જલસ્થાનો દુખલ, પાણીયારે, માંડણીએ, ઘંટીએ, ચૂલે. ધાન્યની ભૂમિને વિષે, દહીંનું જ્યાં માખણ કરવામાં આવે ત્યાં ભોજન કરવાના ઠેકાણે, સૂવાની જગ્યાએ અને ઉપાશ્રયે એ નવ સ્થાને સુંદર વસ્ત્રથી બનાવેલા ચંદરવા શ્રાવકે રાખવા. જો ન રાખે તો અનર્થદંડ થાય.

– સહકાર અને આભાર –

૧૦૧) શ્રી સીમંધર સ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
પૂ. આ. મ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજના ઉપદેશ
અમદાવાદ–૧૩

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ શાસનને સમર્પિત થવું એટલે શાસનના મર્મો બરાબર સમજી, શક્તિ મુજબ શાસનને જીવનમાં જીવવું અને એમ કરતાં કરતાં પોતાનામાં અધિક શક્તિ આવે તો જગતના જીવોને શાસન સમજાવવું અને યોગ્ય આત્માઓને શાસન જીવાડવું.

૦ જે જીવ શરીરને ય મારું ન માને, તે જીવ, જે ભગવાનના શાસનનો ન હોય તેને પોતાનો માને ?

૦ શાસ્ત્ર ન હોય તો અમે હોઈએ ? ભગવાનનો–સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા રૂપ ચતુર્વિધ શ્રી સંઘ કોને આભારી છે ? શાસ્ત્ર કોઈ દા'ડો પોતાની બુદ્ધિથી વિચારાય ? શાસ્ત્ર પોતાની મતિ કલ્પનાથી વિચારવાનું નથી. તે માટે તો શાસ્ત્રાનુસારી બુદ્ધિ બનાવવી પડશે, ગીતાર્થ ગુરુઓના ચરણે બેસવું પડશે, શાસ્ત્રોનો શાંતિથી અભ્યાસ કરવો પડશે. ગીતાર્થોએ જ શાસ્ત્રો વાંચવાના છે, વિચારવાના છે. શાસ્ત્ર સુસંગત અને પરસ્પર બાધ ન આવે તેમ બોલવાનું છે. એક શાસ્ત્રનો અર્થ બીજા શાસ્ત્રને બાધ ન આવે એ રીતે સમજવાની અને કરવાની બુદ્ધિ આવશે ત્યારે ભગવાનનું શાસન સમજાશે. ભગવાનના શાસનથી વિરુદ્ધ આત્મા સાથે આપણો મેળ જામે નહિ. જે લોકો એમ કહે કે, વાત–વાતમાં શાસ્ત્રનું શું જોવાનું ? તો તેવાઓનું મોં જોવું તે પણ પાપ છે.

૦ જેને મોક્ષે જવાનું મન ન થાય, તે માટે ધર્મ કરવાનું મન ન થાય તો તે પોતાની જાતનો 'ઘાતક' છે. પોતાનું ભૂંડું પોતે જ કરે છે.

૦ જે લોકો સાધુ પાસે દુનિયાના સુખ માટે જાય તે તો શ્રાવક જ નથી પણ દુર્ગતિ ખરીદવા સાધુ પાસે જાય છે. જે સાધુ પણ આવાને એમ કહે છે કે, 'આવું આવું કરતો આ આ સુખ મળશે' તો તે સાધુ કસાઈ કરતા ય ભૂંડો છે. પોતે ય દુર્ગતિમાં જવાનો છે અને પેલાને ય દુર્ગતિમાં મોકલનારો છે.

૦ 'આ સંસાર ભૂંડો જ છે. મોક્ષ જ મેળવવા જેવો છે. તે માટે સાધુ જ થવા આ વાત સમજાવવા માટે જ વ્યાખ્યાન છે.

૦ પોતાના ધર્મમાં સ્થિર રહેવું અને બીજાને ધર્મમાં સ્થિર રાખવા તે જ મોટામાં મોટી ઉંચી ભાવકરુણા છે. પડતાને પાડું મરાય કે હાથ ઝલાય ?

૦ આજના શ્રીમંતોનો મોટો વર્ગ ધર્મમાં "ભિખારી" અને સંસારમાં "ઉડાઉ" છે.

Licence No. 582009,



- પાપબુધ્ધિ ટાળવા અને સદ્બુધ્ધિ પેદા થાય તે માટે મંદિરમાં જવાનું છે. પાપબુધ્ધિ મજબૂત થાય તે માટે મંદિરમાં જવું તે પાપ છે.
- પાપ બુદ્ધિ ટાળવાનો વિચાર- મહેનત કર્યા વગર ભગવાન હૈયામાં ન આવે ભગવાન હૈયામાં ન હોય તો દર્શન-પૂજનાદિ કરવા છતાં લાભ ન થાય.
- 'મારી દુર્બુધ્ધિ ટળે, મારી મેલી વાસનાઓ નાશ પામે, મારો લોભ ટળે' તે માટે ભગવાન પાસે સહાય માગવાની છે. પરંતુ 'મારો લોભ વધે, મારી દુર્બુધ્ધિ ખીલે, મારી વાસનાઓનો વેગ વધે' તે માટે ભગવાન પાસે સહાય માગું તો પાપ જ થાય. આવી ભવનાથીય દર્શન કરે તોય લાભ થાય !
- અનંતજ્ઞાનીઓ એ ફરમાવેલી કોઇપણ ધર્મક્રિયાને જે કોઈ ખરાબ કહે, ઊતરતી કહે, જરૂરી નથી તેમ કહે, તો તેને ભવાંતરમાં બોધિ ન મળે તેવું પાપ બંધાય છે.
- આ સંસારમાં સિવાય મોક્ષ સુખી થવાનો કોઇ સાચો રસ્તો નથી. સંસારનું સુખ તો આપણને ભૂલ ભૂલામણીમાં નાખી દુઃખના દરિયામાં ડુબાડનાર છે.
- જેને ઘરમાં રહેવું ફાવતું ન હોય અને સાધુ થવાની જ તલ પાપડતા હોય તેનું નામ જ જૈન ! જૈન કુળમાં જન્મેલા જુદા અને જૈનપણું પામેલાં જુદા !
- તમને લોકોને તમારા ઘર બાર પૈસા ટકા, સુખ-સાહ્યબી કુટુંબ-પરિવારાદિ એ દુર્ગતિનું કારણ છે. તેમ પણ તમારા મનમાં ન હોય તો તમારામાં જૈનત્વનો છાંટો પણ નથી.
- સંસાર એટલે વિષય અને કષાય ! વિષયજનિત અને કષાયજનિત સુખ માટે આખું જગત પાગલ છે અને તેની મહેનત કરી કરીને નરક નિગોદમાં રખડયા કરે છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

ઈન્દ્રિયોના જય અને અજયનું ફળ

अनिर्जितेन्द्रियग्रामो, यतो दुखैः प्रबाध्यते ।
तस्माज्जयेदिन्द्रियाणि सर्व दुःखविमुक्तये ।।

જેણે પોતાની ઇન્દ્રિયોનો સમૂહ જીત્યો નથી તે આત્મા સઘળા ય દુઃખોથી પીડાય છે માટે સર્વ દુઃખોથી મુક્ત થવા માટે ઇન્દ્રિયો જય કરવો જોઈએ.

વર્ષ ૮ અંક ૧૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

❀ એક ચિંતન ❀

ઉત્તમા સ્વાત્મચિન્તા ચ, મોહચિન્તા ચ મધ્યમા ।
અધમા કામચિન્તા ચ, પરચિન્તાડધમાધમા ।।

આત્મ હિતૈષી પરમર્ષિઓએ, આત્માર્થી મુમુક્ષુઓને દોષથી દૂર રહી ગુણ સન્મુખ થવા માટે જગતના મનુષ્યોની ઓળખ આ સુભાષિતમાં બહુ જ સુંદર રીતે કરાવી છે. જગતમાં જઘન્યપદે ગર્ભજ પર્યાપ્ત મનુષ્યોની સંખ્યા માત્ર ઓગણત્રીશ આંકડાની છે. અર્થાત સંખ્યાતા જ ગર્ભજ પર્યાપ્ત મનુષ્યો છે. તે બધાનું વર્ગીકરણ આ એક જ સુભાષિતમાં કરવામાં આવ્યું છે. તે કરતાં પરમર્ષિ કહે છે કે– "ઉત્તમ જીવો આત્મચિંતામાં મગ્ન હોય છે, મધ્યમ જીવો મોહ ચિંતાથી ગ્રસ્ત હોય છે, અધમ જીવો કામચિંતાથી બળે છે અને અધમાધમ જીવો પરચિન્તામાં જીવે છે." આના પરથી જીવોની કક્ષા ઓળખી શકાય છે. અહીં ચાર પ્રકારના જીવોની વિચારણા કરાઇ છે, અન્યત્ર ઉત્તમ, મધ્યમ અને અધમ એ રીતના જીવોના ભેદ પાડવામાં આવ્યા છે. જ્યારે શ્રી ષટપુરૂષચરિત્રમાં 'ઉત્તમોત્તમ, ઉત્તમ, મધ્યમ, વિમધ્યમ, અધમ અને અધમાધમ એમ છ પ્રકારે જીવોનું વર્ગીકરણ કરાયું છે.

ટુંકમાં આ વર્ગીકરણથી આપણે ઢાળ, આપણી વિચારણા કઇ તરફ છે તેના પરથી આપણે જાતે જ આપણી જાતને ઓળખી શકીએ. આજે હાલત એ છે કે બધાને બરાબર નખશિખ ઓળખવાનો દાવો કરનારો આત્મા, હકીકતમાં પોતાની જાતને પણ ઓળખતો નથી !

જેઓને એક માત્ર પોતાના આત્માના હિત સિવાય બીજી કોઇ જ ચિંતા હોતી નથી. જેમની બધી જ પ્રવૃત્તિ પોતાના આત્માના હિતને માટે જ હોય છે અને ઉપલક્ષણથી પોતાના પરિચિતો–આશ્રીતોના આત્માના હિતને માટે જ હોય છે તેને ઉત્તમ જીવો કહેવાય છે. કેમકે, કહ્યું છે કે, "આત્માને ઓળખ્યો તેને બધું જ ઓળખ્યું અને આત્માને જ ન ઓળખ્યો તેને કશું જ જાણ્યું નથી ભલે દુનિયામાં જાણકાર તરીકે ગણાય પણ વાસ્તવમાં તે અજ્ઞ જ છે." માટે ઉત્તમતાને પામવા આત્મચિન્તા કરવી– આત્માના હિતકર માર્ગે જ પ્રવૃત્તિ કરવી તે શ્રેયસ્કર છે.

મધ્યમ કક્ષાના જીવો કુટુંબ–પરિવારાદિના મોહના કારણે તેમના ભરણ–પોષણ, પાલનાદિની ચિંતામાં મગ્ન હોય છે. મોહ જેમને મૂંઝાવે, મોહના કહ્યા મુજબ બધી પ્રવૃત્તિ કરે, મોહની આજ્ઞા મુજબ જીવે તે મધ્યમ કક્ષાના જીવો છે. મોહને શત્રુ જાણી આત્માની ચિંતા કરનારા બને તો તે જીવો પણ ઉત્તમ બની જાય.

એક માત્ર કામ–ભોગો પાંચે ઇન્દ્રિયોના અનુકુળ વિષયોને મેળવવાની અને મજેથી ભોગવવાની ચિંતામાં જ મગ્ન હોય તે અધમ જીવો કહેવાય છે. આના પરથી જ નક્કી થાય છે કે કામ અને કામને માટે જરૂરી અર્થ આત્માને અધમ કોટિમાં લઇ જાય છે. તો તેવા અર્થ–કામને માટે ધર્મ પણ કરાય આવી વાતો કરવી તે કેટલી બધી નિમ્ન કક્ષા કહેવાય.

(જુઓ ટાઇટલ ઉજુ)

હજારો રોગોના ઉપચારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસ્ત્ર અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
ચુનીલાલ મોહનલાલ ગુંદી (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણલાલ પદમશી મુકીમ (પ્રાગપર)

વર્ષ : ૮] ૨૦૫૨ માગસર વદ-૧૨ મંગળવાર તા. ૧૯-૧૨-૯૫ [અંક ૧૬+૧૭

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૦ ને સોમવાર, તા. ૯-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ -૯. (પ્રવચન ૬ ઠું) [ગતાંકથી ચાલુ]

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— -અવ૦)

આ સંસારનું સુખ કેવું છે ? નરકમાં અને તિર્યંચમાં લઈ જાય તેવું છે. તે સુખ મજેથી ભોગવે, મરતાં સુધી ન છોડે તો તે નરકે કે તિર્યંચગતિમાં પણ જાય તેમ ખબર છે ? તમે જે સુખ ભોગવો છો તે દુર્ગતિનું કારણ બને તેવું છે કે સદ્ગતિનું કારણ બને તેવું છે ? શ્રાવક સંસારનું સુખ ભોગવવાં છતાં ય દુર્ગતિમાં ન જાય તેનું કારણ શું ? તે સુખ ભોગવવા માટે નથી ભોગવતો પણ કર્મયોગે ભોગવવું પડે માટે ભોગવે છે તે પણ રાજીથી નહિ પણ નારાજીથી. આ વાત સમજવા આજ્ઞા સમજવી પડે ને ?

ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરે તે બધા મોક્ષના જ અર્થી હોય. તેને ગમે તેટલું સંસારનું સુખ મળે તો ય તેના ઉપર રાગ ન થાય. કર્મયોગે તે સુખ ભોગવવું પડે તો રાગથી ન ભોગવે પણ દુઃખપૂર્વક ભોગવે. આ વાત તમે સમજી શકો છો ને ?

તમે સંસાર છોડતા નથી તે છોડવો નથી માટે કે છૂટતો નથી માટે નથી છોડતા ? જે શ્રાવક હોય તેને માટે કહી શકાય કે તેનાથી સંસાર છૂટતો નથી માટે

નથી છોડતા તમારામાં સંસારનું સુખ છોડવાની શકિત નથી માટે સંસાર નથી છોડતા એમ હું માનું છું. ભગવાને ધર્મ સાધુ ધર્મને જ કહ્યો છે સાધુ ધર્મની શક્તિ ન હોય તેના માટે શ્રાવક ધર્મ કહ્યો છે. માટે જેટલા શ્રાવક તે બધા સાધુપણાના અર્થી હોય, મોક્ષના અર્થી હોય. સાધુ ન થવાય માટે ઘરમાં રહેતા હોય તે પણ દુઃખથી રહેતા હોય. તમે બધા ઘરમાં રહો છો તે દુઃખથી રહો છો કે આનંદથી રહો છો ?

સભા૦ આ યાદ જ નથી આવતું.

ઉ૦ કાં અમે સમજાવ્યું નહિ હોય. કાં તમે સમજ્યા નહિ હો.

તમે બધા સમજ્યા નથી કે સંસારમાં મજેથી રહેવાય નહિ.

સભા૦ સમજણની અસર નથી થતી.

ઉ૦ જે સમજણની અસર ન થાય તે સમજણ કહેવાય ?

મજેથી અનીતિ કરો, જૂઠું બોલો ચોરી તે પણ રાજ્યની કરો તો પાપ નથી તેમ બોલવું છે ? જે સાધુ પણ આવું બોલશે તો તેને ય હાથકડી કરી પકડી લઇ જશે તો કાંઇ કરી શકશો નહિ. ઉપરથી આ લોકો જ કહેશે કે– મહારાજ બેવકુફ હતા માટે આવું બોલ્યા. તમે બધા તમારી પેઢી ઉપર બોર્ડ મારો કે સરકારના ટેક્ષની ચોરી કરીએ છીએ, બીજી નથી કરતા તો ઘરમાં રહી શકો તો મને કહેજો. તમે ટેક્ષની ચોરી કરો છો તે દુઃખથી કરો છો કે મજાથી કરો છો ? મજેથી ટેક્ષની ચોરી કરે તે મરીને કયાં જાય ? ચોરી કરવા જેવી નથી તેમ લાગે તે છડેચોક ચોરી કરે ?

સભા૦ માલદાર ન બને.

ઉ૦ સારો માણસ હોય તો કહે કે– મારે તો તેવા માલદાર નથી બનવું. આજના માલદારને પૂછો કે તે ખરેખર સુખી છે ? તારી પાસે કેટલા પૈસા છે એમ કોઇ પૂછે તો કહી શકો તેમ છો ? આજના શ્રીમંતોની શી આબરૂ છે તે ખબર નથી ?

આજનો મધ્યમવર્ગ દુઃખી શાથી છે ? પોતાની ભૂલથી. જો તે સંતોષી બની જાય અને શ્રીમંતોના ચાળા છોડી દે તો તેના જેવો સુખી એક નથી ! સંતોષથી જીવનાર દુઃખી હોય નહિ. આજના મોટા શ્રીમંતો બજાર છોડી દે તો મોટો ભાગ સારી રીતે જીવી શકે. આ અતિલોભી લોકો બજાર ઘડીમાં ઊંચો લઇ જાય અને ઘડીમાં નીચો લઇ આવે. આજના આવા શ્રીમંતો મહાપાપી છે. જેને મહાપુણ્યશાલી કહેવા જોઇએ તેને મહાપાપી કહેવા પડે છે !

માટે જ આ ગ્રન્થકાર મહર્ષિ ફરમાવી રહ્યા છે કે, જે જીવ મોક્ષનો અર્થી નહિ તે ધર્મી જ નહિ. તેનો ધર્મ જ તેને પરંપરાએ દુર્ગતિમાં લઇ જાય. તેવો ધર્મી સદ્ગતિમાં જશે તે ય મોટી દુર્ગતિ માટે થશે. આજના મોટાભાગે આ મનુષ્યગતિરૂપી સદ્ગતિ બગાડી નાખી. મનુષ્ય અનીતિ કરે? જૂઠ બોલે? ચોરી કરે? તમને કોઇ ચોર કહે તો સહન કરો? જૂઠો કહે તે સહન કરો? તમારે ચોર કહેવરાવવું નથી ને ચોરી કરવી છે. જુઠ્ઠા કહેવરાવવું નથી ને જૂઠ બોલવું છે તે ચાલે?

તમે બધા સમજી જાવ કે ધર્મ શા માટે કરવાનો છે? મોક્ષ માટે. કરવાનું શાથી છે? મોહથી. મોહ શાને લઇને છે? કર્મથી. તે કર્મનો નાશ કરવા શું કરવું તે હવે પછી- (ક્રમશઃ)

અંકમાં જવાબ આપો

૧ નિગોદનો જીવ આંખના પલકારામાં ... ભવ કરે છે. (૧૭૧૧૨૫૧૧)

૨ ચક્રવર્તીના રસોડમાં લાખ મણ ... નીમક વપરાતું હતું. (૨૫ ૧૫ ૧૦)

૩ નેમ-રાજિમતી ... ભવમાં શંખરાજા જસુમતી રાણી હતા. (૫ ૬ ૭)

૪ ધૃતરાષ્ટ્રને ... પુત્ર હતા. (૫૦ ૧૦૦ ૯૯)

૫ દુર્યોધન માતાના ગર્ભમાં ... વર્ષ રહ્યા (૨ ૧ ૧૨)

૬ અર્જુનના મામા ... હતા. (૫ ૧૫ ૧૦)

૭ ચક્રવર્તીને ... પત્નીઓ હોય છે. (૬૪૦૦૦ ૬૪૦૦ ૬૪૦૦૦૦)

૮ સુબાહુકુમારને .... પત્નીઓ હતી (૩૨ ૫૦૦ ૮)

૯ પૂ. ગચ્છાધિપતિ રામચંદ્રસૂરિશ્વરજી મ. સા. ... શિષ્યો હતો. (૧૦૦ ૧૧૭ ૫)

—પૂ. સા. શ્રી સૌમ્યશ્રેયાશ્રીજી મ., રતલામ

ત્રણ મહાનુભાવોને ખુલ્લો પત્ર

ધર્મપ્રેમી શ્રી લલિતકુમાર રતનચંદ કોઠારી
ધર્મપ્રેમી શ્રી અમૃતલાલ મોહનલાલ શાહ (ગોળાવાળા)
ધર્મપ્રેમી શ્રી કેશવલાલ મોતીલાલ

સાદર પ્રણામ–

વિશેષ આપના તરફથી પ્રસિદ્ધ થયેલો પૂજ્ય ગુરૂભગવંતો પરનો પત્ર અને ચંદનબાળામાં થયેલા જાહેર શાસ્ત્રાર્થનો ટુંકો અહેવાલ હમણાં જ અમારા વાંચવામાં આવ્યો. આપની સમજ પ્રમાણેની જુઠી વિકૃત રજુઆત સામે સાચી અને અવિકૃત રજુઆત માટે આપ મહાનુભાવો તરફથી બહાર પાડવામાં આવેલ એ પત્રિકાથી આપ એ વાત તો સ્વીકારો છો કે જુઠી અને વિકૃત હકીકત સામે સાચી અને અવિકૃત હકીકત બહાર મૂકવી તેમાં કોઇ પણ પ્રકારનો અપપ્રચાર કે શાસનની હીલના થતી નથી, તેથી અમે આનંદ અનુભવીએ છીએ. જે એક પક્ષનો આપ ના પત્રમાં નિર્દેશ કરી તેના ઉપર અપપ્રચારનો અને શાસનહીલનાનો આપે આક્ષેપ મૂકયો, તે પક્ષે પણ આપે આ જે કર્યું તેનાથી જુદું કયારે પણ કશું કર્યું નથી, છતાં તેના પર જાહેરમાં આવો આક્ષેપ મૂકવો તે આપ જેવા સજ્જનો માટે શોભાસ્પદ ન ગણાય.

છેલ્લા એક દાયકાના ઇતિહાસ સામે નજર નાંખી કોઇ જાતના પૂર્વગ્રહ વિના આપ તટસ્થતાથી વિચારશો તો જણાશે કે– વિ. સં. ૨૦૪૨ નો પટ્ટક, વિ. સં. ૨૦૪૪ ના સંમેલનીય નિર્ણયો, 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તકની પ્રથમાવૃત્તિ, ત્યા બાદ બીજી અને ત્યારબાદ ત્રીજી– આમ લગભગ દર બબ્બે યા એકાદ વર્ષના અંતરે અસત્ય અને અશાસ્ત્રીય નિર્ણયોના પ્રચારના હુમલા કરવામાં આવ્યા, તે તે સમયે જે પક્ષને તમે હલકા શબ્દોથી નવાજો છો તે પક્ષે તમારી જેમ જ સભ્યતા પૂર્વક અસત્યના પ્રતિકાર સિવાય બીજું કશું કર્યું નથી. દરેક વખતે વિવાદની પહેલ કોણે કરી, તે આપ શાંતિથી વિચારશો.

ચંદનબાળા વાર્તાલાપના અહેવાલમાં આપે લખ્યું છે કે ત્રણ મુદ્દા નકકી કર્યા તેમાં પહેલાં મુદ્દાની ચર્ચામાં જ મીટીંગ પૂરી થઇ ગઇ અને આ વાત આપની સાચી જ છે. પરન્તુ, ગુરૂ ભગવંતો પરના પત્રમાં આપે જણાવ્યું છે કે "આખા વાર્તાલાપના અંતે તટસ્થપણે વિચારનાર સૌ કોઇને એ વાત સ્પષ્ટ થઇ ગઇ હતી કે દેવદ્રવ્ય વગેરે

બાબતના વિ સં. ૨૦૪૪ ના સંમેલનના ઠરાવો સંપૂર્ણ શાસ્ત્રીય અને સાચા છે.' આમ મીટીંગમાં જ્યારે એક મુદ્દાની ચર્ચા પણ પૂરી થઇ નથી, ત્યારે બધા ઠરાવોની શાસ્ત્રીયતા અને સચ્ચાઇ તમને કઇ રીતે સમજાઇ ગઇ તે આશ્ચર્યજનક છે. આપની આ વાત કોણ સાચી માની શકે ? હૈયાની પ્રમાણિકતા પૂર્વક આપ પોતે પણ આ વાત વિચારી જો સાચું હોય તે સ્વીકારજો.

ચંદનબાળાની બેઠકનો કોઇ અહેવાલ અમે જાહેરમાં મૂકવા માગતા ન હતા, કારણ કે એનાથી શાસનની શોભા વધવાને બદલે ઘટે તેવો ભય હતો. પરંતુ, હવે જ્યારે આપ મહાનુભાવો આપની રીતે ગોઠવીને એ અહેવાલ બહાર મુકો છો ત્યારે અમને ન છૂટકે સત્ય હકીકત રજુ કરવી પડે છે. ચંદનબાળાની તે બેઠકમાં તમારી જેમ અમે પણ હાજર હતા તેથી આ અહેવાલ પણ આંખે દેખ્યો, સ્પષ્ટ અને સત્ય સમજશો, સિવાય કે છદ્મસ્થતાના કારણે તેમાં કયાંક ત્રુટિ રહી ગઇ હોય. એવી ત્રુટિ કોઇ અમને જણાવશે અને તે સાચી પ્રતીત થશે તો તે તેમના આભાર પૂર્વક અમે સુધારી લઇશું.

બેઠકમાં શરૂઆતથી જ સ્વદ્રવ્યથી પૂજા અંગે ચર્ચા શરૂ થઇ, તેમાં શાસ્ત્રપાઠોની વિચારણા તો બાજુ પર રહી ગઇ. ચર્ચાનો દોર પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સાથે પધારેલા બે ત્રણ નાના મહાત્માઓએ હાથમાં લઇ લીધો અને કુતર્કોના જોરે ચર્ચાની ગાડી વિતંડાવાદના પાટે ચઢાવી દીધી. કેખીતી રીતે જ ચર્ચામાં શિસ્તનો અભાવ જણાઇ આવતો હતો. શાસ્ત્રપાઠ રજુ થતાંની સાથે તે અંગે કાંઇ પણ વિચારણા થાય તે પહેલા જ 'અમારે તો દેવદ્રવ્યભક્ષણનો શબ્દશઃ સોળો પાઠ જોઇએ' એવી મોટા અવાજે હોહા મચાવી શાસ્ત્રીય વિચારણાને તે નાના મહાત્માઓએ લગભગ અશકય બનાવી દીધી હતી. વિતંડાવાદની પરાકાષ્ટા તો ત્યારે થઇ, કે જ્યારે પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. જેવા ગીતાર્થે પણ એમ જ કહ્યું કે મારે તો 'શ્રીમંત પણ કૃપણતાના દેવદ્રવ્યથી પૂજા કરે તો તેને કારણે દેવદ્રવ્યભક્ષણનો દોષ લાગે' એવા શાસ્ત્રના સ્પષ્ટ અક્ષરો જ જોઇએ, તે સિવાયના બીજા શાસ્ત્રપાઠો ન ચાલે.' જૈનશાસનમાં જાણે કેવળ શબ્દાર્થ સિવાય ભાવાર્થ, તાત્પર્યાર્થ, ઐદંપર્યાર્થ કે અર્થાપત્તિથી પ્રાપ્ત થતા ફલિતાર્થને કોઇ સ્થાન જ ન હોય એવા પ્રકારની તેઓશ્રીની રજુઆતની યોગ્યતા વિચારણીય જણાય.

ચર્ચા સમયે લગભગ ચાલીસેક જેટલા શ્રાવકો ત્યાં ઉપસ્થિત હતા, તેમાં શાસ્ત્ર દૃષ્ટિએ ભણેલા ગણાય તેવા મોટા ભાગે ઓછાં હતા. તેમાંના કેટલાકને આવા વિતંડાવાદમાં જે ઉત્સાહ થઇને મોટા અવાજે બોલે તેમનું પલ્લું નમતું લાગે અને પૂ. નયવર્ધન વિજયજી મ. જેવા બેઠા બેઠા ગંભીરતા પૂર્વક ધીમા અવાજે બોલે, તેમનું પલ્લું ઊંચું લાગે તે સ્વાભાવિક છે; પણ હકીકતમાં તેવું હોતું નથી.

બીજા દિવસથી જ ઘણો પરિશ્રમ લઈ અનેક ગ્રંથો કઢાવી પૂ. આચાર્ય ભગવંત શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજે ચાલીસ જેટલા શાસ્ત્રપાઠો ત્રણેક દિવસમાં તૈયાર કરી જ્યારે પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજને મોકલ્યા ત્યારે તેમણે ઉપર ઉપરથી જ નજર કરી તરત જજમેંટ આપી દીધું કે આમાં અમે માગ્યો છે તેવો એકે ય શાસ્ત્રપાઠ નથી. માટે શ્રાવકો સમજી શકે તે રીતે આ બધા પાઠોનું ભાષાંતર કરીને મોકલો. આવી પરિસ્થિતિમાં રૂબરૂ બેસવાથી ચર્ચાનો નિકાલ આવવાની શક્યતા ન જણાતા પૂ. આચાર્ય ભગવંતે જણાવી દીધું કે આવા સંયોગોમાં સ થે બેસી ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી.

સ્વદ્રવ્યથી પ્રભુ પૂજા અંગે, શાસ્ત્રનું ભલે આપણને લાંબુ જ્ઞાન નથી પરન્તુ, સામાન્ય વ્યવહાર દૃષ્ટિએ પણ વિચારીએ કે ધર્મ, સમાજ અને વ્યવહાર ક્ષેત્રમાં મોભાદાર અને આગળ પડતું સ્થાન ધરાવતા ગૃહસ્થો માટે કોઇ એમ કહે કે તેઓ તો પારકા પૈસે કે ધર્માદાના પૈસે પોતાનો વ્યવહાર ચલાવે છે તો તે હીણપતભર્યું મનાય છે અને આવા ખોટા આક્ષેપો કરનાર માણસની અધમતાની કોટિમાં ગણના થાય છે. કોઇ સ્વમાનશીલ માણસ આવું વચન સાંભળી લેવા તૈયાર નથી હોતો, તો પછી કરોડપતિ માણસ પારકા પૈસે કે દેવદ્રવ્ય જેવા ધર્માદાના પૈસે પોતાની શ્રી જિનપૂજા જેવું શ્રેષ્ઠ કર્તવ્ય કરે છે એમ કોઇ કહે તો તે કેટલું હીણપતભર્યું ગણાય ? આવો હીણપતભર્યો માર્ગ કોઇને ઉપદેશી શકાય ખરો ? આ વાત આપ ગંભીરતા પૂર્વક વિચારો !

આમ હોવાથી જ બધા શાસ્ત્રોનો નિચોડ કાઢી દરેકને સમજાય તેવી સ્પષ્ટ અને શુદ્ધ ગુજરાતી ભાષામાં પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે પોતે જ લખ્યું છે કે–

'પાંચ રૂપીયા દર વર્ષે તમે કેસર-લાગો ભરો છો એ વાત મારી જાણ બહાર નથી પણ તેની સામે ધર્મસ્થાનોની ૪૦ રૂા. જેટલી વસ્તુઓ વાપરો તે શું જરાય ઉચિત છે ? યાદ રાખજો કે જો આ રીતે 'મફતીયા' ધર્મની વૃત્તિ વ્યાપક બનશે તો દરેક ખાતાઓમાં પડતા તોટા પૂરા કરતાં જે વર્ષે થાકી જવાશે તે વખતે દેવદ્રવ્યમાંથી પૂજારીના પગાર વગેરે ચાલુ થઇ જશે. ધર્માદાનું મફત વાપરનારો આ રીતે દેવદ્રવ્યના ભક્ષણનો જ ભાગી બનશે. (પુસ્તક આંધી આવી રહી છે પૃ. ૧૨૭ માંથી)

સ્વદ્રવ્યથી પૂજા અને દેવદ્રવ્યભક્ષણ અંગેની સંપૂર્ણ ચર્ચાનો ઉત્તર પૂ. પં. મ.ના આ ફકરામાં આવી જાય છે, જે આપ મહાનુભાવોને શાંત ચિત્તે વાંચવા, વાંચીને વિચારવા અને વિચારીને અમલમાં મૂકવા વિનંતિ. (અનુ. ટાઇટલ ૩ ઉપર)

શ્રીરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-
—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક–૮]

લૌકિકાગમે પણ કહ્યું છે કે—

'પાદમાયાન્નિધિં કુર્યાત્પાદં વિત્તાય વર્દ્ધયેત ।
ધર્મોપભોગયોઃ પાદં, પાદં ભર્ત્તવ્યપોષણે ।।'

અર્થાત 'આવકનો ચોથો ભાગ નિધાનમાં રાખવો, ચોથો ભાગ ધનની વૃદ્ધિમાં–વ્યાપારાદિમાં રોકવો, ચોથો ભાગ ધર્મ કાર્યમાં અને પોતાના ઉપભોગમાં વાપરવો અને ચોથો ભાગ પરિવારના ભરણ પોષણમાં વાપરવો જોઇએ.'

તથા અન્ય ગ્રન્થોમાં પણ કહ્યું છે કે–

પાયાદર્દ્ધં નિયુઞ્જીત, ધર્મે યદ્વાઽધિકં સતઃ ।
શેષણ શેષં કુર્વીત, યત્નતસ્તુચ્છમૈહિકમ ।।'

'પોતાની આવકનો અર્ધો ભાગ કે તેથી પણ અધિક ભાગનું ધન ધર્મમાં વાપરવું જોઇએ અને જે બાકી રહે તે ધનથી, યત્નપૂર્વક–ઉચિત રીતે આ લોકના સર્વે તુચ્છ કાર્યો કરવાં જોઇએ.'

પોતાનો સઘળો પણ પરિવાર સુંદર મનોવૃત્તિવાળો થઇને ધર્મ કરે, ધર્મથી જરા પણ આઘો ન થાય તે માટે પરિવારને ઓછો સંતાપ ન થાય, ઓછું દુર્ધ્યાનાદિ ન થાય, ધર્મને પણ હંમેશા ન માને તેવી રીતે વર્ત્તવું. તથા પોતાની સમજશક્તિ પ્રમાણે 'સંસારની અસારતા સંયમની સુંદરતા મોક્ષની મનોહરતા–' સંસારનું સ્વરૂપ સમજાવી તેમને સાચો હિતનો–કલ્યાણનો માર્ગ બતાવવા વડે ગુણકારક થવું. તથા બહેનની ઇચ્છા રાખ્યા વિના તેમના ઉપર અનુકંપા કરવી અર્થાત્ જરૂર પડે દ્રવ્યાદિની સહાય કરવી અને ભાવથી સંસારનું સ્વરૂપ વિચારી તેમના ઉપર મમતારહિત થવું. કારણ કે જેમ પોતાના પરિવારનું પાલન કરવામાં – જીવો ઉપરના ઉપકારની બુદ્ધિ હોવાથી ધર્મ છે તેમ બીજા જીવોને પણ પાળવામાં ધર્મ જ છે કેમકે જીવ વિશેષથી એટલે કે દરેકમાં જીવત્વ-જીવપણું હોવાથી બધા જીવો સમાન છે. જો કે પોતપોતાના

લક્ષણના ભેદથી દરેકે દરેક જીવો જુદા જ છે પરન્તુ મોહથી 'આ મારો જ છે' 'આ પારકો છે' આવી મમત્વ બુદ્ધિ રાખવી તે જ કર્મબંધનું અને પરિણામે સંસાર વૃદ્ધિનું કારણ છે. ઉપકાર બુદ્ધિથી કુટુંબ-પરિવારાદિનું પાલન કરવું તે ધર્મ છે પણ મારાપણાંની મમત્વ બુદ્ધિથી પાલન કરવું તે તો અધર્મ જ છે. તે મમત્વ બુદ્ધિ નાશ પામે માટે વીચારવું કે- 'આ સંસાર રૂપી સમુદ્રમાં સઘળા ય પ્રાણીઓ, કર્મરૂપી તરંગોથી અથડાઈને ભેગા થાય છે અને પાછા જુદા પણ થાય છે ત્યાં કોને કોનો બાંધવ જાણવો ?' અર્થાત્ કોઇ કોઇનો બંધુ પણ નથી અને શત્રુ પણ નથી. તથા 'જેમાં વારંવાર, જન્મ-મરણાદિ થયા કરે છે તેવા અનાદિ એવા આ સંસારમાં કોઇ એવો પ્રાણી નથી કે જે અનેકવાર બંધુ ન થયો હોય.'

'એવી કોઇ યોનિ નથી, જાતિ નથી, એવું કુલ નથી જેમાં જીવે અનંતીવાર જન્મ-મરણ કર્યા ન હોય.' તથા અનાદિકાલીન એવા આ સંસારમાં જીવે દરેકની સાથે માતા-પિતા, પુત્ર, પત્ની, ભાઇ-બહેન આદિ સંબંધો બાંધ્યા છે. માત્ર ઠાંડેવા પૂરતા, સંબંધ પૂરતા જ આ સ્વજન છે પણ વાસ્તવિક રીતે કોઇ કોઇના સ્વજન નથી. ઇત્યાદિ વિચારણા કરીને કર્મબંધના કારણભૂત મમત્વભાવને દૂર કરવો જોઇએ.

तहा तेसु तेसु समायारेसु अइसमणुन्नएसिआ, असुगेहं, असुगकुले असुगसिस्से असुग धम्मट्ठाणुट्ठिएसि । न मे तव्विराहणा, न मे तदारंभो, वुड्ढी मेएअस्स, एअमित्थ सारं, एअमायबूअं, एअं हिअं, असारमणुं सव्वं, विसेसओ अविहिगहणेणं । एवमाह तिलोगबंधू परमकारुणिओ सम्मं संबुद्धे भगवं अरहंतेत्ति । एवं समालोचिअ तदविरुद्धेसु समायारेसु सम्म वट्टिज्जा, भावभंगलमेअं तन्निप्फत्तीए ।।

તથા ગૃહસ્થને ઉચિત એવા તે તે સમ્યક્ આચારોને વિષે ઉપયોગવાળા થવું જોઇએ. તે આ રીતે કે- 'હું અમુક નામનો છું, અમુક ઇક્ષ્વાકુ આદિ કુળમાં ઉત્પન્ન થયેલો છું, જેનાથી પોતે ધર્મ પામ્યો હોય તે અમુક નામના ધર્મગુરુનો હું શિષ્ય છું, અણુવ્રતાદિ અમુક ધર્મસ્થાનમાં રહેલો છું અર્થાત્ મેં આ આ વ્રતાદિનો સ્વીકાર કરેલો છે. તેથી અત્યારે મારે તે ધર્મસ્થાનની વિરાધના તો નથી થતી ને ? ના. તેમજ તેની વિરાધનાનો આરંભ પણ કરતો નથી. પરંતુ ઉપરથી તે ધર્મસ્થાનની વૃદ્ધિ થયા કરે છે અર્થાત્ હૈયાના ઉલ્લાસ અને સાચા ભાવથી તે તે અનુષ્ઠાનોમાં પરિણામની ધારા ચઢતી રહે છે. આ ધર્મસ્થાન-ધર્મ-જ જગતમાં સારભૂત છે, વળી ધર્મ જ આત્માની સાથે પરભવમાં જતો હોવાથી આત્મભૂત છે અને ધર્મ જ સુંદર પરિણામરૂપ હોવાથી સાચો હિતકારક છે જ્યારે બીજું બધું ધનાદિક સર્વે અસાર જ છે.' વિશેષથી તે બધું જો અવિધિથી એટલે કે અનીતિ-અન્યાયાદિથી મેળવવામાં આવે તો તેનાં વિપાકો

ભયંકર ભોગવવા પડે છે, ભવાંતરમાં તેનો યોગ પણ ન થાય તેવું પાપ બંધાય છે. તે અંગે કહ્યું પણ છે કે– 'ધન મેળવવામાં જ અંધ થયેલ પ્રાણી, પાપાનુબંધી પુણ્ય વડે કદાચ ધન પ્રાપ્તિ રૂપ ફળને પામે તો પણ તે બડિશામિષની જેમ જાળના કાંટામાં ભરાવેલું માંસ જેમ મત્સ્યનો વિનાશ કરે છે તેની જેમ તે પાપથી મેળવેલું ધન, તે પ્રાણીનો નાશ કર્યા વિના રહેતું નથી.'

આ પ્રમાણે અનુપમ પુણ્યના સમુદાયવાળા ત્રિલોકબંધુ, વિશિષ્ટ કોટિના શ્રેષ્ઠ એવા તથા ભવ્યત્વના કારણે સકળાય જીવોને વિષે ભાવથી પરમ કરૂણાવાળા, વર-બોધિબીજના કારણે બીજની અપેક્ષા વિના સ્વયંબોધને પામેલા–સ્વયંબુદ્ધ એવા શ્રી અરિહંત ભગવંતો કહે છે.

આ પ્રમાણે વિચારીને પ્રસ્તુત ધર્મસ્થાનમાં પોતે સ્વીકારેલા ધર્મગુણોમાં વિરોધ ન આવે તેવા સમ્યક્ આચારોને વિષે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક વર્ત્તવું જોઈએ. આવી રીતે વર્ત્તવું તે જ ભાવમંગલ છે. આ ભાવમંગલની પ્રાપ્તિથી જ અધિકૃત સમાચારની પ્રાપ્તિ છે. અર્થાત્ બન્નેને પરસ્પર કાર્ય-કારણ સંબંધ છે.

तहा जागरिज्ज धम्मजागरिआए, को मम कालो ? किमेअस्स उचिअं ? असारा विसया, निअमगामिणो विरसावसाणा । भीसणो मच्चू, सव्वाभावकारी, अविन्नायागमणो, अणिवारणिज्जो पुणो पुणोऽणुबंधी। धम्मो एअस्स ओसहं, एगंतविसुद्धो, महापुरिससेविओ, सव्वहिअकारी निरुज्झामो परमाणुंदहेज्ज ॥

તથા પ્રમાદાદિ ભાવનિદ્રાનો ત્યાગ કરીને તત્ત્વની વિચારણારૂપ ધર્મજાગરિકા વડે જાગૃત થવું એટલે કે આત્માની જાગૃતિને માટે આત્મા સાથે વાત કરવી કે— 'હાલ મારી કઈ અવસ્થા વર્તે છે ? અર્થાત્ મારી ઉંમર કેટલી થઇ ? આ અવસ્થાને કયું ધર્માનુષ્ઠાન ઉચિત છે ?

આજ સુધી મેં વિષયભોગ કર્યા છતાં પણ હજી તૃપ્તિ નથી થઇ. આ વિષયો પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તો પણ અસાર છે, વિયોગના અંત-વાળા છે અર્થાત્ સદાકાળ ભોગવી શકાતા જ નથી અને ભોગવ્યા પછી વિરસ છે અત્યંત બીભત્સ ધૃણા-લજ્જાસ્પદ છે અને પરિણામે ભયંકર કટુ વિપાકને આપનારા છે.

તથા મહાભયને ઉત્પન્ન કરનાર, પ્રાપ્ત થયેલ બધી બીજ વસ્તુઓનો અભાવ કરવાવાળું, અણચિંતવ્યું આવનાર, સ્વજનાદિના બળ વડે પણ જેનું નિવારણ ન કરી

શકાય તેવું અનિવાર્ય, વારંવાર જન્માદિનો અનુબંધ કરાવનારૂં એવું આ મૃત્યુ મહાભયંકર છે.

વ્યાધિ સમાન આ મૃત્યુનું ઔષધ એક માત્ર શ્રી જિનેશ્વરદેવ કથિત ધર્મ જ છે. જે ધર્મ નિવૃત્તિ રૂપ હોવાથી એકાન્તે વિશુદ્ધ છે, શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરુષોએ સેવેલો છે, મૈત્યાદિ ભાવના વડે સર્વજીવોને હિતકારક છે, ગ્રહણ કર્યા પ્રમાણે પાલન કરવાથી અતિચાર રહિત અને નિર્દોષ છે તથા આત્માના સાચા અને વાસ્તવિક સ્વરૂપનિર્વાણ પદનું કારણ પરમાનન્દના હેતુભૂત આ ધર્મ જ છે.

નમો ધમ્મસ્સ ધમ્મસ્સ । નમો એઅધમ્મ પગાસગાણં । નમો એઅધમ્મપાલગાણં । નમો એઅધમ્મપરુવગાણં । નમો એઅધમ્મપવજ્જગાણં । ઇચ્છામિ અહમિણં ધમ્મં પડિવજ્જિત્તએ, સમ્મં મણુવયણુકાયજોગેહિં । હોઉ મમેઅં કલ્લાણં પરમકલ્લાણાણં જિણાણમણુભાવઓ । સુપ્પણિહાણમેવં ચિંતિજ્જા પુણો પુણો, એઅધમ્મજુત્તાણુભવવાયકારી સિઆ । પહાણં મોહચ્છેઅણુમેઅં એવં વિસુજ્જમાણે ભાવણાએ, કમ્મોપગમેણં ઉવેઇ એઅસ્સ જુગ્ગયં । તહા સંસારવિરત્તો સંવિગ્ગો ભવઇ, અમમે અપરોવતાવી, વિસુદ્ધે વિસુદ્ધમાણુભાવે ॥

॥ ઇતિ સાહુધમ્મપરિભાવણાસુત્તં સમ્મત્તં ॥૨॥

સાચો મુનિ કોણ ?

વંદિજ્જમાણા ન સમુક્કસંતિ, હિલિજ્જમાણા ન સમુજ્જલંતિ ।
દમંતિ ચિત્તેણ ચરંતિ ધીરા, મુણી સમુગ્ઘાઇય રાગદોસા ॥

જેઓ વંદન કરાયા સતા આનંદિત થતા નથી અને હીલના કરાયા સતા ખેદ પામતા નથી તથા જેઓ ચિત્તથી ઇન્દ્રિયોનું દમન કરે છે, ધીરતાને ધારણ કરે છે, રાગ-દ્વેષનો નાશ કરે છે તેઓ જ મુનિ કહેવાય છે.

શ્રી મહાવીર શાસન માસિક રજુ કરે છે એક અદ્વિતીય ઐતિહાસિક વિશેષાંક

ન્યાયાંભોનિધિ, પાંચાલદેશોદ્ધારક, સૂરિસાર્વભૌમ, વર્તમાન આદ્યાચાર્ય

વીશમી સદીના વિશિષ્ટ વિરલ મહાપુરૂષ,

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ

--: સ્વર્ગારોહણ શતાબ્દિ વિશેષાંક :--

(સંપાદક :- પૂ આ. દે. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.)

વિ. સં. ૨૦૫૨ જેઠ સુદ ૮ રવિવાર તા. ૨૬-૬-૯૬ ના પ્રગટ થશે.

ભારતવર્ષમાં સિધ્ધાંતિક ક્રાંતિ કરીને જેમણે દેશ અને વિદેશમાં જૈન ધર્મનો વિજય ધ્વજ ફરકાવીને અદ્વિતીય ગૌરવભરી જૈન શાસનની પ્રભાવના કરી હતી

આ મહાપુરૂષનો સ્વર્ગવાસ વિક્રમ સવંત ૧૯૫૩ માં જેઠ સુદ ૮ ના થયો છે તેમની સ્વર્ગારોહણ શતાબ્દિ ૨૦૫૨ જેઠ સુદ ૮ ના પૂર્ણ થાય છે. તે પ્રસંગે તેમના અગણિત અવદાતોને આલેખવા અને લોક હૃદયમાં સ્થાપવા, તથા લોક જીભને ટેરવે ટગમગતા કરવા આ સ્વર્ગારોહણ શતાબ્દિ વિશેષાંકનું આયોજન કર્યું છે.

- વિશેષાંક માટેના વિષયો નીચેની કોલમમાં આપ્યા છે.
- કોઈ પણ એક વિષય ઉપર ચાર ફુલસ્કેપ પેજ જેટલું લખાણ એક લેખમાં કરવાનું રહેશે. વધુ વિષયો માટે જુદો લેખ લખી શકાશે. લાંબા લેખોને સ્થાન આપવા કાપવા પડશે.
- ગુજરાતી, હિંદી, અંગ્રેજી ત્રણ ભાષામાં લખી મોકલવા.
- તેઓશ્રીના નામે સિદ્ધાંતિક જ્ઞાન દર્શન ચારિત્રના લેખો લખવા તેને બદલે આધુનિક વિચારો તેમને નામે ચડાવીને લેખો આવશે તેને સ્થાન અપાશે નહિ.
- તેમના જીવનના કે પ્રાસંગિક ફોટાઓ હોય તે મોકલવા અને તેનું કામ પતાવી સાદર તે પાછા મોકલવામાં આવશે.
- લેખો કાગળની એક બાજુ સારા અક્ષરથી લખીને કે ટાઇપ કરાવીને મોકલવા.
- લેખો ૨૦૫૨ વૈશાખ સુદ ૮ તા. ૨૬-૫-૯૬ સુધીમાં મોકલી આપવા.
- આ વિશેષાંક ઘર ઘર પહોંચે તે માટે રૂા. ૧૦૦/- માત્ર એક વિશેષાંકની ગ્રાહક યોજના રાખી છે. આ નામો પણ વિશેષાંકમાં છપાશે.
- આવો. આપણે વિશેષાંકને સમૃધ્ધ બનાવીએ.

- સહભાગી બનશો. :- લેખો મોકલીને, માહિતી મોકલીને, ફોટા મોકલીને, નોંધ નિબંધો મોકલીને.
- સહકાર આપવા–ગ્રાહકો, શુભેચ્છા અંજલીઓ જાહેરાતો, શુભેચ્છકો મોકલો.
- ચાર માસના ગાળામાં થોડો પણ પ્રયત્ન થશે તો ઘણું બધું ફળ આવશે.

ઐતિહાસિક સિધ્ધાંતિક મહાપુરુષને અંજલિ આપવાનું ભૂલશો નહિ.

* લેખના વિષયો *

૧ ન્યાયાંભોનિધિ
૨ પાંચાલ દેશોધ્ધારક
૩ વીશમી સદીના રત્ન
૪ નવયુગ સર્જક
૫ વર્તમાન તપાગચ્છાધ્ય આચાર્ય
૬ સ્થાનકવાસીઓના ઉધ્ધારક
૭ વિવિધ ગ્રંથોના પ્રણેતા
૮ તેમના કોઈપણ એક ગ્રંથની સંકલના
૯ તેમનો વિહાર
૧૦ શ્રાવકોનો આચાર્ય છું
૧૧ ઓપરેશનમાં સહનશીલતા
૧૨ પંજાબમાં વિહાર
૧૩ સત્ય માર્ગની શોધના સહાયકો
૧૪ સ્થાનકવાસી ગુરૂઓની સાચી સલાહ
૧૫ વ્યાકરણ વ્યાધિકરણ
૧૬ સિધ્ધગિરિમાં આરજુ
૧૭ મૂર્તિ ખંડનનો પશ્ચાતાપ
૧૮ હરાવ્યા તેમને જીતાવ્યા
૧૯ દેવદ્રવ્ય સત્ય પક્ષ
૨૦ પર્વતિથિ સંવત્સરી સત્ય પક્ષ
૨૧ ચતુર્થ સ્તુતિ સત્ય પક્ષ
૨૨ અમેરિકા પરિષદમાં આમંત્રણ
૨૩ પુ. શ્રી અને શિકાગો પરિષદ
૨૪ પૂ. શ્રી અને શ્રી વીરચંદ રાઘવજી
૨૫ પૂ. શ્રી ની શિષ્ય સંપત્તિ
૨૬ પ્રભાવક પુરૂષોના પ્રણેતા
૨૭ સાથીઓ સાથે તપાગચ્છમાં પ્રયાણ
૨૮ વડિલોનું વિવરણ
૨૯ સમકાલિન પ્રભાવકો
૩૦ સાહિત્યની સમૃધ્ધિ
૩૧ તેમનો અદ્વિતીય ગ્રંથ
૩૨ પંજાબીઓના પ્રાણાધાર
૩૩ ઉપસર્ગ અને અડગતા
૩૪ વિહાર અને પ્રભાવના
૩૫ ચાતુર્માસ સ્થળો
૩૬ પ્રભાવનાની તવારીખ
૩૭ વીશ વર્ષમાં યુગસર્જક
૩૮ આગમ મુખપાઠ
૩૯ આગમોનું દોહન
૪૦ ગ્રંથોની ઓજસ્વીતા
૪૧ હિંદીમા જૈન સાહિત્યનો મેધ
૪૨ પ્રાસંગિક વિવેચનો
૪૩ સાધ્વીજી ગ્રંથ રચના અને વ્યાખ્યાન
૪૪ તેમના પત્રો
૪૫ તેમના પ્રભાવિક પ્રવચનો
૪૬ વડિલોનો વિનય
૪૭ મણીવિજયજી દાદા
૪૮ બુધ્ધિવિજયજી ગુરૂદેવ

૪૯ મૂલચંદજી વડિલ ગુરૂબંધુ
૫૦ વૃધ્ધિચંદજી વડિલ ગુરૂબંધુ
૫૧ પં. આણંદવિજયજી વડિલ ગુરૂબંધુ
૫૨ આચા સિધ્ધસૂરિજી
૫૩ ચર્ચાઓ અને વિવાદો
૫૪ વિવિધ સામાચારીઓ અને સમાધાનો
૫૫ સમર્પિત શ્રાવકો
૫૬ ઐતિહાસિક સ્થાનો
૫૭ પૂ. શ્રીની મુર્તિઓ તથા ઈતિહાસ
૫૮ તે મુર્તિના ફોટાઓ તથા વિશિષ્ટતાઓ
૫૯ પંજાબના વિહારોની વિશિષ્ટતાઓ
૬૦ અંતિમ ચાતુર્માસ
૬૧ અંતિમ આરાધના
૬૨ અંતિમ સમાધિ
૬૩ અંતિમ ઉપસર્ગ
૬૪ અંતિમ શ્વાસોશ્વાસ
૬૬ જીવનનો અંત
૬૭ અગ્નિ સંસ્કાર
૬૮ સંસ્મરણો

આ છે આપના હૈયા અને ભાવને પ્રગટ કરવાનું સાધન
સત્વર નિર્ણય કરીને નામ સરનામા સાથે મોકલી આપો

(૧) ટાઈટલ ૪ રંગીન છપાઈ રૂા. ૩૧ હજાર
(૨) ટાઈટલ ૨ ,, રૂા. ૨૫ હજાર
(૩) ટાઈટલ ૩ ,, રૂા. ૨૧ હજાર
(૪) વિશેષાંક રંગીન છપાઈ રૂા. ૫ હજાર
(૫) આર્ટ પેજ રંગીન છપાઈ એક પેજ રૂા. ૨ હજાર
(૬) ચાલુ પેજ રંગીન છપાઈ એક પેજ રૂા. ૧ હજાર
અડધુ પેજ રૂ. ૫૦ તથા ¼ પેજ રૂા. ૨૫)
(૭) વિશેષાંક ગ્રાહક રૂા. ૧૦)
(૮) ૨૫ કે તેથી વધુ ગ્રાહક બનાવનારની ખાસ અનુમોદન સહિત નોંધ લેવાશે.

સહભાગી બનો : દેશ-પરદેશમાં ઘૂણે ઘૂણે આ વિશેષાંકનો પ્રચાર કરીને ૫-૨૫-૫૦ ૧૦૦ ગ્રાહકો બનાવો અને ઘેર ઘેર પૂ. શ્રી ના ગુણજ્ઞાન વૈભવ પહોંચાડો.

લેખો, નોંધો, રકમો [ડ્રાફ્ટ] વિ. મોકલવાનું સરનામું.

શ્રી મહાવીર શાસન કાર્યાલય

શાક માર્કેટ સામે, નિશાળ ફળી, જામનગર. [સૌરાષ્ટ્ર] ગુજરાત ઈન્ડીયા.

અમારા માનદ્ પ્રચારકો તથા પ્રતિનિધિઓ
તેમને સહકાર આપશો, પ્રયત્નમાં સહભાગી થશો.

૧ શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર
C/૦. શ્રુતજ્ઞાન ભવન
૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર.

૨ મહેતા મગનલાલ ચત્રભુજ
શાક માર્કેટ સામે જામનગર.

૩ શાહ કાનજી હીરજી મોદી
૫ ગ્રેન માર્કેટ જામનગર

૪ ભરતકુમાર હંસરાજ દોઢિયા
૧૦ કામદાર કોલોની જામનગર.

૫ સમીર કેશવજી પારેખ
ગ્રેન માર્કેટ જામનગર.

૬ રતિલાલ ડી. ગુઢકા લંડન
ફોન ૦૮૧ ૬૦૪ ૬૮૫૧

૭ મોતીચંદ એસ. શાહ–લંડન
ફોન : ૦૮૧ ૬૦૭ ૫૩૬૨

૮ બાઉન્સ ગ્રીન સ્તસંગ મંડળ–લંડન
[ચંદ્રિકાબેન, દેવકુંવરબેન]

૯ જયાબેન પી. શાહ ફ્રીન્ચલી લંડન

૧૦ શાહ મેઘજી વીરજી દોઢીયા–નાઇરોબી.

૧૧ શાહ છગનલાલ ખીમજી ગુઢકા નાઇરોબી

૧૨ ગુલાબચંદ ગુઠાલાલ હરિયા મોંબાસા

૧૩ રાજુભાઇ પ્રેમચંદ નાંગપાળ નકુરૂ

૧૪ જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિયન
પો.બો નં. ૭૨૫૫૨ ચિકાગો યુએસએ

૧૫ દીપક એમ. શાહ
ઓલેન્ડો ફ્લોરિડા યુ.એસ.એ.

૧૬ હરિલાલ અમૃતલાલ શાહ
૬૦ કૂપર કીચેરોડ કેનોટ ટ્રેમ્બુલ યુ.એસ.એ.

૧૭ પ્રેમચંદ બી. ગડા
૪૪૧૦ ૫૦મી સ્ટ્રીટ હ્યુબોક્ક ટેકસાસ
૭૯૪૦૧૪ યુ.એસ.એ.

૧૮ અનંત કોરડીઆ
૫૯૨૬ ઠલીન ઇગલેર ડો. માઇક
૪૮૦૩૩ બલુમ ફીલ્ડ યુ.એસ.એ.

૧૯ એચ. વી. ઓસવાલ્સ ઓફ અમેરીકા
(૧૦. વેણીલાલ હંશરાજ કે. સુમરીઆ
૨૬૬ લોવેલ્લ સ્ટ્રી. એમ.એ.૦૧૮૬૭
રીલીંગ યુ. એસ. એ.

૨૦ ડો. અરૂણ શાહ [એમ. ડી.]
૪૩ સરાહલેંગ નાઇ. ૧૦૯૪૦ યુએસએ

૨૧ મલાડ–ઇસ્ટ ૧. અશોકભાઇ કાંતીલાલ પટવા ૨. પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ

૨૨ મલાડ વેસ્ટ – હમીરમલ માણેકચંદ પાલરેચા.

૨૩ બાબુલાલજી રાંકા, વાંકરા

૨૪ દેવરાજજી રાંકા, બેંગલોર

૨૫ લાલજી પદમશી ગુઢકા
પરેશ પ્રોવીઝન સ્ટોર્સ ૬૧-૬ઠો મેઈન રોડ બેંગલોર–૯

૨૬ મુંબઇ ૧. દીલીપભાઇ એચ. ઘીવાળા ૨. મણીલાલ હરખચંદ ૩, મિશ્રીમલજી ગણેશમલજી સાચોરવાળા લાલબાગ મુ.–૪ ૪. ચંદુલાલ જેસંગભાઇ ૧૯એ ૧લી અગ્યારીલેન ૫. મનસુખલાલ વીઠલજી ગુલાલવાડી ૫૭–૫૯ વ્યાસ ભવન ૬. પ્રેમચંદ મેઘજી ગુઢકા, પરેલ

૨૭ ૧. મગનલાલ લક્ષ્મણ માર્ફ - નવપાડા થાણા ૨ હરખચંદ ગોવિંદજી માર્ફ ઘાટકોપર ૩. છગનલાલ નેમચંદ શાહ મુલુંડ ૪. પ્રવીણ લીલાધર હરિયા ગોપાલનગર ભીવંડી ૫. વેલજી પાનાચંદ ગલેયા-ઘાટકોપર

૨૮ હજારીમલજી અદીંગજી તાતેડ, ઠાંતરાઇ (આબુરોડ.)

૨૯ ગોકુળભાઇ પોપટભાઇ આશીષ રોડ, પાટણ.

૩૦ અમદાવાદ-૧. મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા બજાર ગાંધીરોડ ૨. ચીમનલાલ પોપટલાલ ઘડિયાળી મંગળ ખડી ૧૭૧૦૧૫ ગાંધીરોડ ૩. મુકુંદભાઇ રમણલાલ શાહ વૃંદાવન શોપીંગ સેન્ટર પાનકોર નાકા ૪. જે.વી. શાહ બી-૨ પંચરત્ન ૧ લે માળે એ. વી. શોપીંગ સેન્ટર પાછળ ૫. હર્ષદ બારભાયા-સોલારોડ

૩૧ વડોદરા ૧. પ્રવીણચંદ્ર નાથાલાલ હરણી રોડ ૨. કુમારપાળ ગજપાલ ઘડિયાળી પોળ.

૩૨ રાજસ્થાન મેડી કો. ન્યુ હનુમાલ મલી ૨૮ મહેન્દ્ર નિવાસ ત્રીજે માળે રૂમ નં. ૨૩ મુંબઇ

૩૩ સતીષકુમાર જૈન બી ૨૦૦ ડેરાવલે નગર દિલ્હી-૬

૩૪ ફાલના ઓમપ્રકાશ આચાર્ય નિલકંઠ માર્ગ (રાજસ્થાન.)

૩૫ સોહનલાલ પુખરાજ જૈન સાગર ત્રીજે માળે જેપી રોડ, અંધેરી વેસ્ટ

૩૬ શાંતિ સ્વરૂપ જૈન મોવેલ્ટી સ્ટોર કાશ્મીરી બજાર હોશિયારપુર પંજાબ

૩૭ ધનકુમાર ઓસાલોયા રાજકુપા પેપર ૫૮૧૪ એમ. જી. માર્કેટ હુબલી

૩૮ ઇન્દોર-૧ શાંતિલાલજી બમ ૫૪-૫૫ ચાબુકથ કોલોની ૨. પાનાચંદજી ત્રિલોકચંદ્ર ૭૫ લોધીપુરા.

૩૯ રાજકોટ ૧. હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ ૨. પ્રકાશભાઇ અમૃતલાલ હોશી ૩. ભરતભાઇ ગેલેક્સી પ્રિન્ટર્સ ૪. સુમનભાઇ કામદાર.

૪૦ સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરી વઢવાણ શહેર

૪૧ શાંતિલાલજી મરડીયા મોતીચોક જોધપુર (રાજ.)

૪૨ ટેકચંદ ગુલાબચંદ ૫૫, આઝાદ ગલી, કોલ્હાપુર

૪૩ હિંમતભાઇ સી. મહેતા ૩૫ ડી. રાજેન્દ્ર રોડ, કલકત્તા-૨૦

૪૪ રાજબાબુ જોહરી, ચોક લખનો

૪૫ દિનાનાથ બાબુલાલજી જૈન શિવપુરી રોડ, વલ્લભભાઇ લુધીયાણા [પંજાબ]

૪૬ ડી. સી. જૈન [એમ.ડી.] ગીરનાર ફાઉન્ડ્રસી વેઇટ ગંજ લુધીયાણા [પંજાબ]

૪૭ મદ્રાસ ૧ પંડિત કુંવરજી મૂલચંદ હોશી ૬૧ તિરુપલ્લી સ્ટ્રીટ મદ્રાસ-૧ ૨ ખીમરાજજી ગઢ શિવાણાવાલા C/o. રૂપચંદ જયંતિલાલ નં. ૧૨ K કાશી ચેટ્ટીલેન રામાનુજમ કોમ્પલેક્ષ મદ્રાસ-૭૯

૪૮ રવિચંદ્ર પ્રેમચંદ સુખડીઆ
બજ્જરમાં મોરબી સૌરાષ્ટ્ર
૪૯ માધવજી તારાચંદ મહેતા
દીપક સ્ટોર્સ ૪૬ મેઈન રોડ,
નાસિક-૪૨૨૦૦૨
૫૦ ભૂપેન્દ્રભાઈ ગલરૂચંદ ઠોઠારી
નાગતલાવડી જયશાલી એપાર્ટમેન્ટ
નવસારી
૫૧ વસંતલાલજી હરોડ
ઠે. મંડી [મંદસોર] એમ.પી.
૫૨ હેવરચંદજી સંઘવી પ્લોટ નં. ૧૨૩
સેક્ટર ૮ ન્યુ બોમ્બે વાસી મહારાષ્ટ્ર
૫૩ હોગીલાલભાઈ ખીમચંદ કયાલજી
૫૩૮ સરદાર પટેલ સ્ટ્રીટ પુના કેમ્પ
૫૪ રામલાલ વીરચંદભાઈ
ભવાની પેઠ પુનાસીટી
૫૫ ગોકળભાઈ પોપટભાઈ રાજમહેલ રોડ
આશીષ સોસાયટી ચિંતામણિ પાર્શ્વનાથ
પોળ પાટણ ઉ.ગુ.
૫૬ કપુરચંદ હાથાભાઈ ગુઢકા પાંદુરના
વાયા નાગપુર એમ.પી.
૫૭ હૃદયચંદ મહેતા ૮-૫૭ વીરદુર્ગાદાસ
નગર પાલી (રાજસ્થાન)
૫૮ સુંદરલાલ સુમતિલાલ શ્રીહ
રાજુર અહમદનગર મહારાષ્ટ્ર
૫૯ પારસ ઈલેકટીક
૬, રોડ, રાજમુદ્રી (એ.પી.
૬૦ મનમોહનચંદ જૈન
સદર બજાર, રાયપુર (એમ.પી.)
૬૧ રમેશભાઈ સંઘવી
કાળુનું મેદાન ૪૪૧ સમેત શિખર
એપાર્ટ ગોપીપુરા સુરત
૬૨ કાંતિલાલ ભીમાભાઈ
સિન્નર નાસિક મહારાષ્ટ્ર
૬૩ શ્રેયાંસ સુમતિલાલ દલીચંદ
૬૯૭ ગાંધીરોડ, સંગમનેર મહારાષ્ટ્ર
૬૪ રતિલાલ પદમશી ગુઢકા
થાનગઢ તરણેતર રોડ, સૌરાષ્ટ્ર
૬૫ ચંદુલાલ ગલરૂભાઈ હરિનગર
બ્લોક નં. ૨ ઉધના સુરત

— અવશ્ય મંગાવો —

હાલમાં સ્વદ્રવ્ય પૂજા, દેવદ્રવ્ય, કલ્પિત દેવદ્રવ્ય, ગુરૂ પૂજન દ્રવ્ય, અંગે જે વિપરીત વિધાનો થઈ રહ્યા છે તેના શાસ્ત્ર પાઠો સાથે સમાધાનો અપાય છે તથા

૧૯૭૬, ૧૯૯૦, ૨૦૦૭, ૨૦૧૪ ના મુનિ સંમેલનોના ઠરાવો તથા શ્વે. જૈન કોન્ફરન્સના ઠરાવો વિ. સહિત આ પુસ્તક સર્વ માન્ય છે. જેમાં પાંચ પરિશિષ્ટ આપેલ છે તે પુસ્તક-

રાય કે રંક યથાશક્તિ
સ્વદ્રવ્યથી જ પૂજાના અધિકારી
લેખક :- પૂ.આ.શ્રી વિજયજિનેન્દ્ર સૂ.મ.
મૂલ્ય રૂા. ૧૫-૦૦
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

—: એકવીશ (૨૧) પ્રકારના મિથ્યાત્વની સમજ :—

ધર્મે અધર્મ અધર્મે ધર્મહ, સન્ના મગ્ગ ઉમગ્ગાજી,
ઉન્માર્ગે મારગની સન્ના, સાધુ અસાધુ સંલગ્ગાજી;
અસાધુમાં સાધુની સન્ના, જીવ અજીવ જીવ વેદ્યો જી,
મુત્તો અમુત્ત અમુત્તે મુત્તહ, સન્ના એ દશ ભેદ્યો જી ૩
અભિગ્રહિક નિજનિજ મત અભિગ્રહ, અનભિગ્રહિક સહુ સરિખાજી,
અભિનિવેશી જાણતો કહે જૂઠું, કરે નહીં તત્વ પરિખ્ખાજી;
સંશય તે જિનવચનની શંકા, અણાભોગાજી,
એહ પાંચ ભેદ છે વિશ્રુત, જાણે સમજુ લોગાજી ૪
લોક લોકોત્તર ભેદે બહુવિધ, દેવ ગુરૂ વણી પર્વજી,
શકતે તિહાં લૌકિક ત્રણ આદર, કરતાં પ્રથમ નિર્ગવજી;
લોકોત્તર દેવ માને નિયાણે, ગુરુ તે લક્ષણહીણા જી,
પર્વનિષ્ઠ ઇહલોકને કાજે, માને ગુરુપદ લીનાજી ...૫
એમ એકવીશ મિથ્યાત્વ તજે જે, ભજે ચરણ ગુરૂ કેરાજી,
સજે ન પાપે રજે ન રાખે, મત્સર દ્રોહ અનેરાજી;
સમકિતધારી શ્રુત આચારી, તેહની જગ બલિહારી જી,
શાસન સમકિતને આધારે, તેહની કરો મનોહારીજી ...૬

[મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યકૃત અઢાર પાપ સ્થાનકમાંની અઢારમા પાપસ્થાનક-મિથ્યાત્વશલ્યની સજઝાયમાંથી]

સામાન્ય ગાથાર્થ : મિથ્યાત્વના ભિન્ન ભિન્ન પ્રકારો શાસ્ત્રાનુસારે બતાવતા મહામહોપાધ્યાયશ્રી જણાવે છે કે- ૧ ધર્મમાં અધર્મ બુદ્ધિ, ૨ અધર્મમાં ધર્મબુદ્ધિ, ૩ સન્માર્ગમાં ઉન્માર્ગ બુદ્ધિ, ૪ ઉન્માર્ગમાં સન્માર્ગ બુદ્ધિ, ૫ સાધુમાં અસાધુબુદ્ધિ, ૬ અસાધુમાં સાધુબુદ્ધિ, ૭ જીવમાં અજીવબુદ્ધિ, ૮ અજીવમાં જીવબુદ્ધિ, ૯ મૂર્તમાં અમૂર્ત બુદ્ધિ, ૧૦ અમૂર્તમાં મૂર્તબુદ્ધિ.

(અન્યત્ર મુક્તમાં અમુક્ત બુદ્ધિ અને અમુક્તમાં મુક્તબુદ્ધિ એમ પણ કહ્યું છે.)

આ મિથ્યાત્વની દશ સંજ્ઞા કહી છે...૩

પોત પોતાના મતને આગ્રહ સહિત સાચો માનવા રૂપ તે અભિગ્રાહિક, અને બધા મતોને સરખા કરી લેખવા રૂપ તે અનભિગ્રહિક, જાણી જોઇને સમજવા-જાણવા છતાં જુદું સ્થાપવા રૂપ અભિનિવેશિક, તત્વની પરીક્ષા ન કરે અને જગત ઉપકારી સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી જિનેશ્વરદેવના વચનમાં શંકા કરવા રૂપ તે સાંશયિક અને એકેન્દ્રિય પ્રમુખને જે અવ્યકત મિથ્યાત્વ હોય છે તે અનાભોગિક એમ મિથ્યાત્વના પાંચ પ્રકાર પણ પ્રખ્યાત છે. તેને સમજુ લોકો જાણે છે.... ૪

વળી લૌકિક દેવ, ગુરુ અને પર્વગત તેમ જ લોકોત્તર દેવ, ગુરુ અને પર્વગત એમ છ પ્રકાર પણ મિથ્યાત્વના કહ્યા છે. લૌકિક દેવ હરિહરાદિક, લૌકિક ગુરૂ બાવા સંન્યાસી પ્રમુખ, અને લૌકિક પર્વ હોળી, બળેવ, નવરાત્રિ વગેરે જાણવા.

લોકોત્તર દેવ શ્રી તીર્થંકર પરમાત્મા અને શ્રી સિદ્ધ ભગવાનની માનતા માનવી, લોકોત્તર-ગુરુ-ઉત્તમ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુજનોને આ લોક પરલોકના સુખની ઇચ્છાથી સેવવા, તેમજ યથાર્થ ગુણરહિત-લક્ષણહીન વર્તતા હોય છતાં ય તેવા ગુરુને ઉ-તમ માનવા અને આઠમ-અગિયારસ-ચૌદશ, પર્યુષણા વગેરે લોકો-તર પર્વને કેવળ આ લોકના સુખની ઇચ્છાથી આરાધવા-સેવવા તે સર્વ મિથ્યાત્વ રૂપ હોવાથી બન્ને મળીને મિથ્યાત્વના છ પ્રકાર છે....૫

ઉપર જણાવેલા બધા પ્રકાર મેળવતાં મિથ્યાત્વના એકવીશ (૨૧) ભેદ થાય છે તે તમામનો ત્યાગ કરી સદ્‌ગુરુ-શુદ્ધ ઉપદેશકના ચરણકમળને જે સેવે, પાપબુદ્ધિનો પરિહાર કરે, તેમ જ ઇર્ષ્યા અદેખાઇ અને પરદ્રોહાદિક ન કરે, એવી રીતે યથાશ્રુત સદા ચરણ સેવે તેવા સમકિતવંત જનોની બલિહારી છે. શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મમાં શ્રદ્ધાન રૂપ સમકિત જ સકળ ધર્મનો મૂળ પાયો છે એમ સમજી જેમ બને તેમ તેની આરાધના જ કરો....૬

વિશેષાર્થ : મિથ્યાત્વના એકવીશ (૨૧) પ્રકારો પૈકી પ્રથમ સંજ્ઞાને આશ્રીને દશ (૧૦) ભેદ કહે છે.

સંજ્ઞા મિથ્યાત્વ એટલે વસ્તુ અમુક છતાં તેને બીજા રૂપમાં કહેવી માનવી તે.

(૧) ધર્મ : સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ રૂપ જે ધર્મ તેને અધર્મ માનવો.

(૨) અધર્મ : હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહાદિ રૂપ જે અધર્મ તેને ધર્મ માનવો. (યજ્ઞ-યાગાદિમા કે કન્યાદાનાદિમાં જે પુણ્ય માનવામાં આવે છે તેનો આ પ્રકારના મિથ્યાત્વમાં સમાવેશ થાય છે.)

(૩) સન્માર્ગ : શ્રાવકપણાના અને સાધુપણાના વ્રત-નિયમાદિ રૂપ જે સન્માર્ગ તેને ઉન્માર્ગ માનવો તે.

(૪) ઉન્માર્ગ : કાયકલેશ રૂપ પંચાગ્નિ તાપ, અભક્ષ્ય ભક્ષણ, રાત્રિભોજનાદિરૂપ જે ઉન્માર્ગ તેને માર્ગ માનવો તે.

(૫) અસાધુ : કંચન-કામિનીના ભોગી, ઘરબારી, સંસારમાં જ આસક્ત એવા બાવા-સન્યાસી વ. અસાધુને સાધુ માનવા તે.

(૬) સાધુ : પાંચમહાવ્રતધારી, સંયમી એવા સાધુ મહાત્માને અસાધુ માનવા તે.

(૭) જીવ : ચેતના લક્ષણવાળા જીવને અજીવ માનવો. પૃથ્વી આદિ પાંચ મહાભૂતનું કાર્ય માનવું, જીવનું અસ્તિત્વ જ ન માનવું તે.

(૮) અજીવ : અજીવ જડ રૂપ પૌદ્ગલિક પદાર્થોમાં કોઈ કારણ લઇને થતી બુદ્ધિ-હાનિ દેખી તેને જીવ રૂપ માનવા તે

(૯) મૂર્ત્ત : મુર્તિમાન-રૂપી એવા કર્મ વગેરેને અમુર્ત્ત માનવા તે.

(૧૦) અમૂર્ત્ત : જીવ, આકાશ રૂપ અમૂર્તોને મૂર્ત્ત માનવા તે.

અથવા મુક્ત : સર્વ કર્મો ખપાવી મોક્ષને પામેલા શ્રી સિધ્ધ પરમાત્માને અમુક્ત માનવા.

અમુક્ત : હરિહરાદિ મુક્તિને નહિ પામેલા, સંસારમાં જન્માદિ લેનારાને મુક્ત માનવા તે (ક્રમશઃ)

શાસન સમાચાર–અત્રે શ્રી વર્ધમાનનગરે શ્રી સંભવનાથ સ્વામી પ્રાસાદે પૂ. મુનિરાજ શ્રી લાભવિજયજી મા. સા. તથા પૂ. મુનિરાજશ્રી હિતદર્શન વિ. મ. સા. ની શુભ નિશ્રામાં શાહ માણેકલાલ મણીલાલ પટ્ટણી તરફથી તેમને મોટી ઉંમરે કરેલ સીહાસન તપ તથા સિદ્ધિતપના પારણા નિમિત્તે આસો સુદ ૧૫ ના વ્યાખ્યાનમાં સંઘ પૂજન થયેલ. શ્રી સંઘ તરફથી તેઓશ્રીનું બહુમાન કરવામાં આવેલ. આસો વદ ૧ ના સવારે ૬-૩૦ કલાકે વાજતે ગાજતે ચતુર્વિધ સંઘ તેમના નીવાસ સ્થાને પધારેલ તથા ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ આ નિમિત્તે આસો વદ ૩ ના સવારે શ્રી બૃહદ સિદ્ધ-ચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયેલ બાદ શ્રીફળની પ્રભાવના થયેલ જીવદયાની ટીપ સુંદર થયેલ વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખૂબ સુંદર રીતે કરાવેલા સંગીતમાં અત્રે ના શ્રી અનંતકુમાર નગીનદાસે સારી જમાવટ કરી હતી.

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦વર્ષ) ૨ શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા,

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા– જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરુ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલક વિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાન્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજાનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા. ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

(મુ. ભાભર,, તા. દીયોદર જી. બનાસકાંઠા ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન નં ૮૪૨૬૭૭૧

વિશાલ પરિવારને ધારનારા પ્રવર્તિની પૂ. સા. શ્રી જયાશ્રીજી મ.નો કાલધર્મ

પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં પરમપૂજ્ય પ્રવર્તિની પૂ. સા. શ્રી જયાશ્રીજીમહારાજ છેલ્લા અઠવાડિયાથી અચાનક આવેલ હાર્ટએટેકના હુમલાના કારણે શારીરિક દૃષ્ટિથી કાંઇક અસ્વસ્થતા અનુભવતા હતા. તાત્કાલિક સારવાર માટે કશા પોરવાડ સોસાયટીની નજીકમાં જ આવેલ પટવા નર્સિંગ હોમમાં એડમીટ કરવામાં આવ્યા હતાં. જયાં ઈન્ટેન્સિવ કેઅર યુનીટમાં સારવાર આપતા એમનું સ્વાસ્થ્ય ઘણે અંશે સુધર્યું હતું. હોસ્પિટલમાં પણ પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં એમનો ઉપયોગ અકબંધ રહ્યો હતો. પૂજ્ય ગણિવર્યશ્રી ગુણયશવિજયજી મહારાજ તથ પૂજ્ય ગણિવર્ય શ્રી કીર્તિયશવિજયજી મહારાજે અવારનવાર પધારી એમની સમાધિ-આરાધનાને જવલંત બનાવી હતી. ચાલુ વર્ષે પિંડવાડા તરફ ચાતુર્માસાર્થ વિહાર કરતા સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજને એઓશ્રીએ વિનંતિ કરી હતી કે 'ચાલુ વર્ષ મારા માટે ભારે છે માટે આપશ્રીને મારી આરાધના-સમાધિ જળવાય તે રીતે સુયોગ્ય વ્યવસ્થા કરવાની વિનંતી છે.' એઓશ્રીની વિનંતિ સ્વીકારીને જ બન્ને પૂજ્ય ગણિવર્યશ્રીજીનું ચાતુર્માસ અત્રે નકકી કરવામાં આવેલ અને એમની તારક નિશ્રામાં એઓશ્રીએ સમાધિ સાધના સિદ્ધ કરી હતી. પૂજયોના આગમન પ્રસંગે જાતે અબ્ભુટ્ઠિઓનો પાઠ બોલવાપૂર્વક એમણે વંદન કર્યું હતું. અને અને પોતાના નિત્ય નિયમાદિ અંગે દૃઢતા દર્શાવી હતી. 'આપ પૂજ્યો શાસનની ઘણી પ્રભાવના કરો છો, હું તો કાંઇ પણ કરતી નથી' આવા આત્મ-લઘુતાદર્શક ઉદ્ગારો એઓશ્રીની પરિણતિ દર્શાવતા હતા.

ચારેક ટ્રીટમેંટ બાદ સારું લાગતા એકાદ દિવસ પછી ઉપાશ્રયે લઇ જવાની રજા આપશે એમ લાગતું હતું. પરંતુ કાર્તિક પૂર્ણિમાના પરમ પવિત્ર દિવસે બપોરના ૩-૫૮ની વેળા સૌ માટે કારમી નીવડી. એ સમયે હાર્ટએટેકનો છેલ્લો હુમલો આવ્યો અને કમનસીબે એ જીવલેણ નીવડયો. મુખારવિંદ પર અપૂર્વ સમાધિની જ્યોત રેલાવતો એમને શાશ્વત આત્મા પોતાની અધુરી સાધના પૂરી કરવા દિવ્યલોક ભણી પ્રયાણ કરી ગયો. એક વેધુર વડલાની જેમ પ્રસરેલ સુવિહિત સમુદાયને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. એમના કાળધર્મના સમાચાર વિજળીવેગે રાજનગરમાં અને દેશ-દેશાવરમાં પહોંચી જતાં એક સરખી રીતે માનવ મહેરામણ ઉમટયો હતો. પૂજ્ય ગણિવર્યોએ મહાપારિઠાવણીયાની વિધિ કરી એમનો દેહ સંઘને સમર્પ્યો હતો. કા. વ. ૧ની સવારે હજારો ભાઇ-બહેનોએ એમના પવિત્ર પાર્થિવ દેહના દર્શન કર્યા હતા.

કા. વ. ૧ના વિશાળ મેદનીની હાજરીમાં એમની સ્મશાનયાત્રા અંગેના વિવિધ ચઢાવાઓના આદેશ અપાતા સારી ઉપજ થવા પામી હતી. બપોરે ૧૧ વાગે એઓશ્રીની જરીયન પાલખી ઉપાડવામાં આવી હતી અને અમદાવાદના વિવિધ ઉપનગરોમાં ફરી મધ્યાહન બાદ વાસણા ખાતે આવેલા સુશ્રાવક સી. એમ. શાહ ચેરીટેબલ ટ્રસ્ટના વિશાળ પ્લોટની સુયોગ્ય ભૂમિ પર એમના સાંસારિક પરિવારજનોએ એમના સંયમપૂત દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો. એ અવસરે જીવદયાદિની ટીપ પણ સુંદર થઇ હતી.

એઓશ્રીએ પોતાના ૬૮-૬૮ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયમાં સર્જેલ ૨૫૦-૨૫૦ સુવિહિત શ્રમણીઓનો સંઘ એમના કાળધર્મથી આજે નોંધારો બની જવા પામ્યો છે.

પૂ. સા. શ્રી કાંતાશ્રીજી મ. પૂ. સા. શ્રી ચંદ્રોદયાશ્રીજી મ. આદિ સાધ્વીવૃંદ તેમની સેવામાં ખડે પગે ઉપસ્થિત હતો.

એઓશ્રીના જીવનની તેજસ્વી તવારીખોની ટુંકમાં નોંધ કરી છે.

- સંસારિક નામ – જાસુદબેન – દીક્ષા સમયે વય : ૨૧ વર્ષ
- પિતા : શ્રી નાનાલાલ ડાહ્યાભાઇ – માતા : અ.સૌ. જીવીબહેન નાનાલાલ
  ધર્મપતિ : શ્રી મોહનલાલ ડાહ્યાભાઇ શેર દલાલ
- વડી દીક્ષા દાતા ગુરૂદેવ : સકલાગમ રહસ્યવેદી સ્વ. પૂજ્યપાદ આ.દેવ શ્રીમદ્ વિજય હાનસૂરીશ્વરજી મહારાજા
- આજીવન સમર્પણ : વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ આ.દેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
- અંતિમ આજ્ઞા : પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આ.દેવ શ્રીમદ વિજય મહોદયસૂરીશ્વરજી મ
- ગુરૂવર્યા : પ. પૂ. સ્વ. પ્રવર્તિનીરત્ના પરમ વિદુષી સા. શ્રી લક્ષ્મીશ્રીજી મહારાજ
- શ્રમણી પરિવાર : ૨૫૦
- દીક્ષા : સં. ૧૯૮૩ વૈશાખ વદ ૬ (શેરીસા તીર્થ)
- વડી દીક્ષા : સં. ૧૯૮૪ ફાગણ સુદ (સુરત)

એઓશ્રી તો એમનું મુક્તિ સાધક કાર્ય સિદ્ધ કરવા ચાલી ગયા. એમનો લઘુકર્મી આત્મા વધારે ને વધારે આરાધક ભાવને પામે વધારે ને વધારે પ્રભાવના સર્જનારો બને અને સૌને પણ આ ભવની જેમ ભવોભવમાં હાથ પકડી ભવસાગરથી ઉગારી મુક્તિમાર્ગમાં સ્થિર કરાવનારૂં બને એ જ અભિલાષા.



પ્યારા ભૂલકાઓ,

આપણે દરેક અંકે મળીએ છીએ. આપણી ધર્મગોષ્ઠી તમારા તરફથી આવતા પત્રોને કારણે અવિરત ચાલી રહી છે. એના કારણે આપણી મૈત્રી ભાવના એક તાંતણે બંધાયેલી છે. જૈન શાસન કહે છે 'તમે સહુને ચાહો-તમને સહુ ચાહશે.' કયારે પણ કોઇની સાથે-

આંખોની મીઠાશ, વચનની મીઠાશ, અને વર્તનની મીઠાશ ભગાડશો નહી. કયારેય કોઇની સાથે કડવી કારેલી જેવી કડવાશ ઉભી કરવાની જરૂર નથી 'મૈત્રી' એ જૈન શાસનનો પરમ શ્રેષ્ઠ મંત્ર છે મિત્રતા સહુને ચાહવાનું આમંત્રણ આપે છે આ જગતમાં કોઇ આપણું દુશ્મન નથી અને આપણે પણ કોઇના દુશ્મન નથી.

ભૂલકાઓ, બુદ્ધિથી જીવશો તો ચોકકસ તકરાર થશે. પરંતુ હૃદયથી જીવશો તો એકરાર થશે. દુશ્મનાવટનો કાવો દોસ્તીમાં પલટાઇ જશે.

ઘરમાં કે બહાર તમે કોઇની સાથે દુશ્મનાવટ કરશો નહિ. કલેશ થાય તેવી વાણીનું વાગ્દાન કરશો નહિ. અઘડો થાય તેવું વર્તન કરશો નહીં. કોઇને અપશબ્દ બોલશો નહિ. નાની ઉંમરમાં તમે જો ઉદ્ધત વર્તન કરશો તો સહુના અંતરમાંથી ઉતરી જશો. સત્ય પ્રમાણિકતાથી જીવશો તો સફળ થશો.

પ્રિય બનવા માટે સહુની સાથે પ્રેમથી વર્તો. પ્રિય વચન બોલો. હિતમિતભાષી બનો. સેવા કરવામાં કયારે પણ પાછા ન પડો. નાની ઉંમર મીઠું મીઠું કોમળતા ભર્યું બોલવાનું રાખશો તો ભવિષ્યમાં સહુના લાડકવાયા બની જશો.

ભૂલકાઓ જે લખાણો મોકલો તે જૈન શાસનના કાર્યાલય ઉપર 'બાલવાટિકા' લખીને મોકલવા.

એજ રવિશિશુ

(૧૦. જૈન શાસન કાર્યાલય.

આજનો વિચાર

જેવા તર્ક તેવો તમારો સંસાર

આત્મા મને શોધી રહ્યો,
હું આત્માને શોધી રહ્યો.

ગઝલ

તારી ગલીમાં આવીને,
અમે બન્ને ખોવાઇ ગયા,

કોઇ મુફલિસ થઇ ગયા,
કોઇ ધનવાન થઇ ગયા

રાહમાં જ્યારે મળી ગયા,
બન્ને બરાબર થઇ ગયા.

※

કિસીકી ચાર દિનકી જિંદગી,
સો કામ કરતી હૈ!
કિસીકી સો વર્ષકી જિંદગીસે
કુછ નહી મિલતા

—ઝુલસા

નથી... નથી... નથી

જગતમાં મિથ્યાત્વ જેવો કોઇ શત્રુ નથી
જગતમાં મિથ્યાત્વ જેવું કોઇ વિષ નથી
જગતમાં મિથ્યાત્વ જેવો કોઇ રોગ નથી
જગતમાં મિથ્યાત્વ જેવો કોઇ અંધકાર નથી

—હર્ષિત એન. શાહ

કહેવતનો રસાલંકાર

દેવ ગયા ડુંગરે ને પીર ગયા મકકે
અત્યારના રાજ્યમાં સૌ મારે ધકકે
નામે ભકકે ઠિવાળી ને મોટે ભકકે હોળી,
શહેરમાં લૂટે શાહુકાર ને વનમાં લૂટે કોળી

—અમીષ

કથાનક

સર્વોત્તમ ક્ષમા

રાજા રણજીતસિંહ પંજાબનાં કેસરી ગણાતા હતા. રાજ્ય વિશાળ હતું તેવું હૃદય પણ વિશાળ હતું. એક વખત ફરતી સૌંદર્ય જોવા નિકળેલા મહારાજા ના કપાળે એક પથ્થર વાગ્યો. લોહીની ધારા વછૂટી ઉઠી અંગરક્ષકોએ દોડધામ શરૂ કરી. મંત્રીશ્વરોએ પાટાપીંડી ચાલુ થોડે દૂરથી એક ઘરડી ડોશી મળી આવી. ફરીથી પથ્થર ઉગામતી તે ડોશીને પકડી રાજા રણજીતસીંહ પાસે લઇ આવ્યા ડોશીમા થરથર કાંપવા લાગ્યા.

ધ્રુજતી ડોશીને રાજાએ પૂછયું: કેમ તમે પત્થર ફેંકેલો ?

જી, બાપુ ! મારો પૌત્ર ગણ દિવસથી ભૂખ્યો છે કાંઇ ન મળતાં છેવટે ફેરી આપવાનું મન થઇ ગયું. આંબાના ઝાડ ઉપર કેરીઓ જોઇને 'ઘા' કર્યો પણ નિશાન ચૂકી ગઇ અને બાપુ તે પત્થર આપને વાગ્યો. બાપુ ! આમાં આપને મારવાનો મારો કોઇ ઇરાદો નહોતો. બાપુ મને માફ કરો.

રડતીકકડતી ડોશીને જોઇને રાજા રણજીતસિંહે અંગરક્ષકને ફરમાન કર્યું, જાવ, આ ડોશીને એક હજાર રૂા. અને ભોજન માટે સીધું સમાન આપો. અને સહી સલામત એને ઘરે પહોંચાડી દો.

મહારાજાની આ વાત સાંભળી અંગરક્ષક ત્યાં જ થીજી ગયો, મહારાજ, મહારાજ, આ ડોશીએ આપને પથ્થર માર્યો, એ ધૃષ્ટતા બદલ એને કઠોરમાં કઠોર સજા થવી જોઇએ.

ત્યારે વિચારક અને સમજુ રણજીતસિંહ બોલ્યા, ક્ષાઇ ! તું નહી સમજે. એનો મને મારવાનો ઇરાદો નહોતો પણ

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ભગવાનની આજ્ઞાનો પાલક તેનું નામ જ ભગવાનનો ભગત !
- તમે પણ ભગવાનના ભગત કયારે કહેવાવ ? પુણ્યયોગે મળેલ ઘર-બારાદિ પણ છોડવા જેવા છે તેમ લાગે તો નથી છૂટતું તે અમારો પાપોદય છે તેમ સમજો તો તે પાપોદય ટાળવા પુરૂષાર્થ કરો તો તે ભક્તિ લેખે લાગે. બાકી ભક્તિ પણ મોટો ઢોંગ ! સ્વાર્થની ક્રિયા !
- પૈસાના પૂજારી તો ધર્મને ઠગનારા છે.
- ભગવાનના શાસનને ધક્કો લાગે તેવું કોઇપણ કામ કરે તે ભગવાનનો ભગત કહેવાય
- શ્રી જૈન શાસનમાં આજ્ઞાની પ્રધાનતા છે, મરજી મુજબ જીવવાની વાત જ નથી.
- આચાર્યપદને પામીને ભગવાનના શાસનની દરકાર ન કરે, ભ્રુતની પ્રભાવના માટે મથે, મરજી આવે તેમ બોલે-વર્તે, શાસ્ત્ર સિધ્ધાંતને બાજુએ રાખી, લોકની વાહ વાહ ખાતર ખોટી એકતાની મહેનત કરે તે બધાં શાસનનો નાશ કરનારા છે પણ ભક્તિ કરનારા નથી.
- મજા તો જુદી ચીજ છે. મજા તો આત્માની સ્વતંત્ર મૂડી છે. આત્માની ખરેખરી મજા અજરામર થયા પછીની છે.
- જેને પૈસા પર ધૃણા હોય તેને જો પૈસા મળે તો તે પોતાનું અને બીજાનું કલ્યાણ કરે. જેને પૈસો જ સારો લાગે તેને જો પૈસા મળે તો તે પોતાનું અને બીજાનું ભૂંડું કરે.
- પૈસાથી કે દુન્યવી સુખથી જીવન સુધરતું નથી પણ સારી વૃત્તિથી જીવન સુધરે છે અને મનની શાંતિ પણ રહે છે.
- મોક્ષ વિના સાચું સુખ નથી, મોહ જેવો ભયંકર ભય નથી-આ ન સમજે તે બધા અજ્ઞાન છે.

આ તો અકરમાત બની ગયું છે. જરા વિચારો તો મરા... જ્યારે બુદ્ધિ વિહોણું આમ્રવૃક્ષ પથ્થર મારનારને મુંઢર મજાનું અમૃતફળ આપે છે ત્યારે આપણે બુદ્ધિ નિધાન કહેવાઇએ, બુદ્ધિશાળી માનવી કેમ દંડ આપી શકે ?

મંત્રીશ્વરાદિ રાજવીની બુધ્ધિ, હૃદય વિશાળતા અને ક્ષમાની ખુબ ખુબ પ્રશંશા કરવા લાગ્યા.

—અંકિત એમ. શાહ સુરત

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૫૦] કિન ભી અંધેરી રાત હૈ !

"બાયલા ! તું આ શું ભસે છે ? હજી તે મને ઓળખ્યો નથી લાગતો. સીતા તો મારી જ પત્ની બની જશે. રામ-લક્ષ્મણના તો હું રામ રમાડી દઈશ"

ત્રણ-ત્રણ ખંડોનો નાથ પોતાની પટ્ટ સાઆઝી મંદોદરીની સાથે જ આવીને સીતાદેવી પાસે ભીખારી બનીને વારંવાર સંભોગની ભીખ માંગી રહ્યો છે ત્યારે મહાસતી સીતાદેવીની મનોવેદનાને જોઇ ન શકતા સૂર્યએ લવણ સમુદ્રમાં ડુબી જઈને આપઘાત કર્યો.

અંધકાર થવા લાગ્યો ધીરે ધીરે રાત્રિ વધુ અંધારી અને ઘોર ભયંકર બનવા લાગી શીયળ મહારત્નના રખવાળા કરતાં કરતાં સીતાદેવીની એકે રાત્રિ મીંચાયેલી આંખે વીતી નથી. શીયલ રત્નના રખેવાળ બનીને મહાસતીએ ઉજાગરાના ઉજાગરા વેઠી લઇને ક્ષણ-ક્ષણ જાગતી દશામાં જ વીતાવી છે. અન્નનો એક કણ પણ મુખમાં નાંખ્યો નથી. ભૂખ અને ઉજાગરાનો થાક શરીરમાં તો ભર્યો જ છે. અને હજી આટલી મોડી અંધારી રાત વીતી છતાં લંપાટ રાવણ સીતાદેવી પાસેથી ખસતો નથી. અને વારંવાર ભોગની ભીખ માંગ્યા કરે છે. લંપટ-વાસનાનું અંધારૂં શીયલ રત્નના ઝળહળતા કાંતિલ તેજ સામે ટકી શું શકવાનું હતું ?

આથી જ શીયળધર્મના અણનમ રખેવાળ સીતાદેવીની સામે રામાંધ બનેલો લંપટ રાવણ હવે ક્રોધાંધ પણ બન્યો. રાતભર રાવણે ત્યાં જ રહીને. સીતાદેવીને ડરાવી દઈને પોતાને આધીન બનાવવાની બૂરી દાનતથી સીતાદેવી ઉપર ડરામણાં ઉપસર્ગોની ઝડીઓ વરસાવી.

રાત્રિના અંધકારમાં ક્રોધાંધ બનેલા રાવણે પોતાની વિદ્યાના બળે- ભયંકર અવાજથી રડતાં વરૂઓને, અને પરસ્પર મિયાંઉ મિયાંઉના ભયાનક અવાજથી ઝગડતાં બિલાડાઓને તેમજ પૂછડાંને પછાડતાં અવાજ કરતાં વાઘોને તથા ફૂંફાડા મારતાં ફણિધરોને વિકુર્વી વિકુર્વીને સીતાદેવીને ડરાવી દેવા સીતાદેવી પાસે મોકલ્યા.

અંધારી રાત છે. ચારે બાજુથી ઉઘાડા એક વૃક્ષ નીચે સીતાદેવી બેઠેલા છે. અને સામે ઉભેલો વિકરાળ લંપટ રાવણ ભયંકર જંગલી પ્રાણીઓને વિકુર્વી વિકુર્વીને. એક મહાસતીના શીયળ ભ્રષ્ટ કરવાની ભૂંડી દાનતથી ડરાવી રહ્યો છે.

આટલેથીન અટકતાં તે વારાનાંધ બનેલાએ

પિશાચ, પ્રેત, વેતાલ, ભૂતને ઉગામેલી ખતરનાક કાતર સાથે યમ જેવાં ભયંકર રૂપવાળા વિકૃર્વીને સીતાદેવી તરફ મોકલ્યા અને આ બધાં જ પિશાચાદિએ સીતાદેવીને હેરાન-પરેશાન કરવા માંડયા.

પણ...'જેના મનમાં શ્રી નવકાર તેને શું કરશે સંસાર ?'

સંસારના સમસ્ત ભયંકરમાં ભયંકર ઉપસર્ગોને ચટકી નાંખવાની તાકાતવાળા શ્રી પંચપરમેષ્ટિ મહામંત્રનું મનથી ધ્યાન ધરતી મહાસતી સીતાદેવીની પાસે આ ઉપસર્ગોનું કશું ઉપજ્યું નહિ. શીયલ મહાધર્મના પ્રચંડ શૌર્ય અને પરમેષ્ટિ મહામંત્રની અનહદ તાકાતથી રક્ષાયેલા સીતાદેવીને આ અંધારી રાતના આંધળા બનેલાઓ વિકુર્વેલા ઉપસર્ગો એક ક્ષણ પૂરતા પણ ડરાવી ના શકયા. (ઉપરથી તે ઉપસર્ગોને જ ડરાવી દીધાં)

મોતના ડરથી ડરી જઈને આ સ્ત્રી તેના શરીરને મારે હવાલે કરી દેશે તેવી ભ્રામક ભ્રમણા થી ભરમાઈ ગયેલા રાવણે ઉપસર્ગો કરેલા. પણ એને કયાં ખબર છે કે- મહાસતીઓ શીયળ મહાધર્મને સલામત રાખવા માટે તો મોતને મહોત્સવ સમજતી હોય છે.

અંધારી-- ઘોર રાત તો ઉપસર્ગોનો સામનો કરવામાં જ વીતી ગઈ. આથી મહાસતી સીતાદેવીના પરમ પવિત્ર દર્શનાર્થે જાણે આકાશમાં સહસ્રકિરણે ડોકીયું કર્યું.

ધરતી ઉપર તો અંધારૂ દૂર થઈને અજવાળું ફેલાયું હતું પણ રાત કે દા'ડાને જોઈ નહિ શકનારા કામાંધો- વાસનાંધોના માટે તો અજવાળા ભર્યા દિવસો પણ અંધારી રાત જ હોય છે.

રાતના રાવણે ગુજારેલા અમાનુષ સીતમ- અત્યાચારના સમાચાર સાંભળતાં જ સત્વરે વિભીષણ દેવરમણ ઉદ્યાનમાં રાવણ પાસે આવ્યા અને મહાસતી સીતાદેવીને પૂછયું કે-"હે ભદ્રે ! આપ કોણ છો ? આપ કોના પત્ની છો ? અને અહીં આપ કયાંથી ? આપ ડરશો નહિ. પરસ્ત્રી સહોદર એવા મને વિના સંકોચે બધું જ જણાવો.'

વિભીષણને મધ્યસ્થ પુરૂષ તરીકે જાણીને સીતાદેવીએ નીચું મુખ રાખીને પોતે રામચંદ્રજીની પત્ની હોવાની વાત કરી, પોતાના ભાઈ-પિતા-સસરા દરેકની ઓળખ આપ્યા પછી લક્ષ્મણથી ભૂલથી દંડકારણ્યમાં થઈ ચંદ્રહાસ ખડગના સાધક શમ્બૂકના વધથી માંડીને શૂર્પણખાની ૧૪ હજાર વિદ્યાધરોના સંગ્રામની તથા સિંહનાદની સંપૂર્ણ હકિકત કહીને છેલ્લે વાત પૂર્ણ કરતાં કહ્યું કે આ દુષ્ટ જ્ઞાનથી ગંધાઈ ઉઠેલા રાક્ષસે તેના પોતાના મોતને માટે મારૂ અપહરણ કર્યું છે.'

આ સાંભળીને રાવણને નમીને વિભીષણે કહ્યું કે- 'હે સ્વામિન્ ! તમે આ કુળને કલંક લગાડનારૂ કામ કર્યું છે. જયાં સુધીમાં લક્ષ્મણ સાથે રામચંદ્રજી આપણને હણી નાંખવા આવે તે પહેલા બનતી ઝડપે

પાછા લઇ જઇને આ સીતાદેવી તેમને સોંપી દો.'

આટલું સાંભળતાં જ ક્રોધથી લાલચોળ થઇ ગયેલા રાવણે રાડ નાંખતા કહ્યું કે- 'બાયલા ! આ તું શું બકે છે ? અને કોને કહે છે ? તેં મને ઓળખ્યો નથી ? મારી તાકાતની હજી તને ભાન નથી ?

વારંવાર પ્રાર્થના કરીશ એટલે આ સીતા તો મારી જ પત્ની બની જશે. (અને રામને તો થોડા દા'ડામાં જ ભૂલી જશે) અને તે રખડેલ રાંકડા રામ-લક્ષ્મણ અહીં આવશે ને હું જ તેમને ખતમ કરી નાંખીશ.

વિભીષણે કહ્યું કે- હે બંધો ! જ્ઞાનીનું તે વચન સાચુ જ છે કે- રામચંદ્રજીની પત્ની સીતાદેવીના કારણે આપણાં સમગ્ર કુળનો સંહાર થશે." નહિતર તમારા હિતકારી ભાઇ એવા મારી સલાહ તમે કેમ ન માનો ? અને મેં હણી નાંખેલા રાજા દશરથ જીવતા શી રીતે રહ્યા હોત ? અલબત્ત હે મહાભુજ ! ભાવિ જે થવાનું છે તે જ થઇને રહેશે. છતાં મારી નમ્ર વિનંતી છે કે- આવનારા દિવસોમાં આપણાં સંપૂર્ણ કુળનો વિનાશ વેરનારા આ મહાસતી સીતાદેવીને મુક્ત કરો.'

વિભીષણની વાતને અવગણીને કામાંધ બનેલા રાવણે સીતાદેવીને પુષ્પક વિમાનમાં બેસાડીને લંકાનાં રમ્ય સ્થળો બતાવવા માંડયા.

જુઓ દેવિ ! આ રત્નના પર્વતો છે. જ્યાંથી મીઠાં જળના ઝરણાં સતત ખળ-ખળ નાદ કરતાં વહ્યા કરે છે. એવા આ ક્રીડા કરવા માટેના રત્ન પર્વતો છે.

પેલા દેખાય છે તે નંદનવન જેવા અતિ રમણીય ઉપવનો છે.

આ સામે છે તે ઇચ્છા મુજબ વૃષ્ટિ કરનારા ધારાગૃહો છે.

હે હંસ ગામિની ! આ ક્રીડા કરવા માટેના હંસોથી શોભતા સુંદર તળાવો છે.

આ બધાં જ ધરતી ઉપર ઉતરી આવેલા સ્વર્ગના ખંડ જેવા ઇચ્છા મુજબ કામક્રીડા કરવાના કામગૃહો છે. હે દેવિ ! આમાંથી તમારી જ્યાં પણ ઇચ્છા હોય ત્યાં જઇને આપણે કામક્રીડા કરીએ. (બોલો દેવિ ! મારી સાથે ક્રીડા કરવા ક્યાં આવો છો ?)

બિચારો રાવણ એનો ગંધાતો બકવાસ કર્યા કરતો જ હતો. પણ મહાસતી સીતા દેવી તો હંસીની જેમ રામચંદ્રજીના બન્ને ચરણ-કમળનું જ ધ્યાન ધરતા હતા. રાવણના આવા બકવાસની સીતાદેવી ઉપર કોઇ જ જાતની અસર ના થઇ આથી ફરી ફરીને એના એ જ સ્થળો બતાવી બતાવીને આખરે થાકેલા કંટાળેલા રાવણે સીતાદેવીને દેવરમણના અશોકવૃક્ષ નીચે મૂકી દીધા.

ઉન્મત્ત થયેલા રાવણની દશા ઉપ-હાસ્ય બની ગઇ હતી.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ.ને
ટપાલ લખવાનું સરનામું
ઉપધાન તપ સમિતિ
(/૦. ભગવાનજી કચરાભાઈનો બંગલો
થાણાવાલા ગેરેજની સામે, નવપાડા,થાણા(વે.)
ફોન : ૫૩૩૪૩૬૦ (મહારાષ્ટ્ર)
મહા સુદ ૫ તા. ૨૪-૧-૯૬ ઉપધાનમાળ છે
ત્યાં સુધી અત્રે સ્થિરતા છે.

શાસન સમાચાર

જૈન મુનિ ભુવનચંદ્ર વિજયજી કાળધર્મ પામ્યા : ભવ્ય અંતિમયાત્રા

વડોદરા–શનિવાર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ ના વિદ્વાન શિષ્ય મુનિરાજ ભુવનચંદ્ર–વિજયજી મહારાજ ૮૪ વર્ષની ઉમરે અરિહંત પરમાત્માના ધ્યાનમાં સમાધિ–પૂર્વક આરાધના ભુવન પીપળાશેરીમાં કાળધર્મ તા. ૧૮ શુક્રવારે રાત્રે ૮–૩૦ કલાકે પામ્યા હતા આ સમાચારથી જૈન સમાજમાં દેરા દુઃખની લાગણી ફેલાઇ ગઇ સંસારીપણામાં સુંદરલાલ ચુનીલાલ કાપડીયા તરીકે શાસન સેવાના અનેક કાર્યો કરી શાસનના આધારસ્થંભ બનેલ પંચા–વનમાં વર્ષે દીક્ષા ગ્રહણ કરી પૂ. આ. રામચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય બન્યા. ૩૦ વર્ષના સુદીર્ઘ સંયમ જીવન દરમ્યાન શાસન સિધ્ધાંતની સુરક્ષા, જૈન શાસનની પ્રભાવનાના અનેક કાર્યો કરી ગામેગામના જૈન સંઘો ઉપર ઉપકાર કરી હજારો પુણ્યાત્માઓને ધર્મમય બનાવેલ છે. વિવિધ વિષયો પર વીસ પુસ્તકોનું લેખન કરેલ છે.

આવા મહાન ગુરૂદેવની અંતિમ ક્રિયામાં ભાગ લેવા વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભાવિકો એકત્ર થયા હતા. પૂ. મુ. મુક્તિધન વિ. મ. સા. તથા પૂ. મુ. પુણ્યધન વિ. મ. સા. તથા પૂ. સાધ્વીજી મ. સા. ની નિશ્રામાં વિધિ શરૂ થઇ. પૂ. શ્રીનું નવાંગી ગુરૂપૂજન સુરેશચંદ્ર હીરાલાલ શાહ પરિવારે કરેલ પાલખીમાં પધરાવવાનો લાભ જીવણલાલ દેવચંદ શાહ પરિવારે લીધેલ ભવ્ય અંતિમયાત્રાનો પ્રારંભ સવારે ૧૦–૩૦ કલાકે થયો હતો. જે પીપળાશેરી આરાધના ભુવનથી નીકળી કોલાખાડી વડીયાળી પોળ થઇ માંડવી ચોખંડી થઇ ગાજરાવાડી અગ્નિસંસ્કાર ભૂમિ પર પહોંચી હતી. અંતિમયાત્રાના પ્રારંભે ટૂકમાં વર્ષીદાન જીવણલાલ દેવચંદ પરિવાર માલવેાડવાળા આપતા હતા. તેમજ અનુકંપાદાન ઉદારતાથી અપાતું હતું. વિશાળ જન–મેદની સાથે અગ્નિસંસ્કાર ભૂમિમાં અગ્નિ-દાહની બોલી બોલીને પૂજ્ય ગુરૂદેવને અંતિમ સંસ્કાર સુંદરલાલ ચુનીલાલ કાપડીયા પરિવારે કર્યા હતાં.

ચંદનબાળા એપાર્ટમેન્ટથી થાણા છ'રી પાલિત ભવ્ય સંઘ

વાલકેશ્વર મુંબઇ ખાતે શ્રી ચંદન–બાળા એપાર્ટમેન્ટ મધ્યે પૂ. આ. ભ. શ્રી વિજયરાજશેખર સૂ. મ. ના ચાતુર્માસથી

પ્રભાવક આરાધના થઇ અને તેઓશ્રીનો ઉપદેશ ઝીલીને ભાવિકોએ થાણા તીર્થનો સંઘ કાઢવાનું નક્કી કર્યું. શેઠ શ્રી ભેરૂ-મલજી કનૈયાલાલજી કોઠારી રીલીજીયસ ટ્રસ્ટ તથા આયોજકો તરફથી આમંત્રણ પત્રિકા મોકલાઇ અને તૈયારીઓ થવા લાગી.

યાત્રા સંઘનો લાભ લેનાર ૧૧ ભાવિકો (૧) રતનચંદ હેમચંદ સુખડીઆ (૨) રસીકલાલ બાપુલાલ પરીખ (૩) ઉલપતભાઇ ચમનલાલ શાહ (૪) વીરચંદ પૂનમચંદ બાવલાવાળા (૫) સેવંતિલાલ મોતીલાલ શાહ (૬) ચીમનલાલ ચત્રભુજ શાહ (૭) નગીનદાસ ડુંગરશીભાઇ શાહ (૮) મહાસુખભાઇ રીખવચંદ શાહ (૯) મોહનલાલ મંગળજી ગોળાવાળા (૧૦) પ્રેમચંદ ઇશ્વરલાલ સંઘવી (૧૧) એક સદ્‌ગૃહસ્થ.

કાર્તિક વદ ૬ ના સવારે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. આ શ્રી વિજયલલિતશેખર સૂ. મ. પૂ.આ., શ્રીવિ. રાજશેખર સૂ. મ. તથા પૂ.આ. શ્રી વિ.વીર-શેખરસૂ.મ. આદિનું સવારે ૯ વાગ્યે સામૈયું થયું. આ. દે. ના પ્રવચન બાદ ૫-૫ રૂા. નું સંઘપૂજન સંઘપતિઓ તરફથી થયું. બપોર પછી પૂ. આ. શ્રી વિજયજયકુંજર સૂ. મ. પૂ. આ શ્રી વિજયમુકિતપ્રભ સૂ. મ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદય સૂ. મ. તથા પૂ. આ. શ્રી વિજયકનકશેખર સૂ મ. આદિની પણ પધરામણી થઇ હતી.

પૂ. સા. શ્રી પીયુષપૂર્ણાશ્રીજી મ. આદિ તથા પૂ.સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ સંઘમાં પધાર્યા હતા. કલ્યાણથી પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ આદિ પધાર્યા હતાં.

કા. વ. ૭ ના સવારે ૬ વાગ્યે શ્રી સંઘનું પ્રયાણ આઠ પૂ. આ. દેવોના સાનિધ્યમાં થયું હતું. ગાર્ડન પાસે માંગલિક થયું. પછી ગોવાલીયા ટેંક જૈન દેરાસર તથા ફોરજેટ હીલ કુશુદ મેન્શન દેરાસર દર્શન કર્યા બંને જગ્યાએ સંઘ-પૂજન થયા. દાદર હાલારી વીશા ઓસવાળ સમાજ વાડી પાસે આવતાં સમાજના વડા આગેવાનો સ્વાગત માટે આવ્યા હતા. વાડીમાં મુકામ કર્યો માંગલિક થયું. બપોરે પૂ. આ. ભ. નું પ્રવચન થયું. સમાજના ભાઇઓ તરફથી સંઘપતિઓનું બહુમાન થયું. તથા સંઘમાંથી ૪-૪ રૂા. અને ઓસવાળ સમાજના ભાવિકો તરફથી ૧૧-૧૧ એમ ૧૫-૧૫ રૂા. નું સંઘ-પૂજન થયું. ઓસવાળ સમાજમાંથી થયેલા ચારે આચાર્યોની નિશ્રામાં સંઘ આવેલ હોવાથી સમાજના ભાવિકોમાં ઘણો ઉત્સાહ હતો. સાંજે પૂનમ બાબુના મંદિરે દર્શન કરવા ગયા. તેમના પરીવાર તરફથી સંઘ-પૂજન થયું.

કા. વ. ૮ ના પ્રયાણ કરી માટુંગા ચોમુખજી દર્શન તથા શ્રી વાસુપૂજ્યસ્વામી દેરાસરે ચૈત્યવંદન થયું સંઘ તરફથી સંઘપતીઓનું સન્માન તથા સંઘપૂજન થયું. ત્યાંથી ગોવીંદજીભાઇ જેવંત ખોનાના જીન મંદીર દર્શન કર્યા શેઠશ્રી ખોના

તરફથી સંઘપૂજન અને સંઘપતિઓનું બહુમાન થયું. સાયન અભિનંદન સ્વામી દર્શન કરી કુર્લા દર્શન કરી ત્યાં ધર્મેશભાઇ તરફથી સંઘપૂજન થયું. ઘાટકોપર આવતાં સંઘ બેંડ સાથે સ્વાગત કરવા આવેલ નવરોજ લેન દર્શન કરી પ્રવચન થયું ત્રણ તીર્થમાળની બોલી થઇ હતી જેમાં ઘણો ઉત્સાહ હતો. (૧)૧લી માળ રીખવચંદભાઇ ખાટણવાળાની પુત્રીઓ (૨) બીજી માળ સેવંતિલાલ મોતીલાલ શાહ (૩) ત્રીજી માળ રતનચંદ હેમચંદ સુખડીઆએ લીધી.

બપોરે ૩ વાગ્યે પૂ. આચાર્યદેવનું પ્રવચન થયું સંઘ તરફથી સંઘપતિઓનું બહુમાન તથા સંઘપતિ તથા સ્થાનિક સંઘ તરફથી સંઘપૂજનો થયા. સાંજે દેરાસર લેન શ્રી સંઘ દર્શન કરવા ગયો.

વદ-૯ પ્રથમના સવારે સંઘાણી દેરાસરે દર્શન થયા સંઘાણી સંઘે સંઘપૂજન કર્યું. વિક્રોલી સંઘવી વીરચંદ પૂનમચંદ તરફથી બેંડ સાથે સામૈયું તથા યાત્રિકોના કુમકુમથી પગધોઇ સંઘપૂજન થયું દર્શન કર્યા પછી માંગલિક તથા સંઘપતિઓનું બહુમાન તથા સંઘપૂજન થયા. ભાડુંપ કરાડી દેરાસરે દર્શન કરી મુલુંડ આવતાં સર્વોદયનગર સંઘ બેંડ સાથે સ્વાગત કરવા તૈયાર હતા. દર્શન કરી ઉપાશ્રયમાં પૂ. આ. દેવેનું પ્રવચન થયું. અને સંઘના ભાવિકો તથા સંઘપતિઓ તરફથી રૂા. ૩૦ નું સંઘ પૂ. થયું. બપોરે પ્રવચન થયું સંઘપતિઓ તરફથી રૂા. ૫ નું સંઘપૂજન થયું. પૂ. મુ. શ્રી ભુવનરત્ન વિ. મ. ઠા. ૨ અત્રે પધાર્યા હતા.

ઠા. વદ બીજી નોમ સવારે વિહાર થયો રસ્તામાં ભાઇશ્રી રામજી વેલજી તરફથી સંઘપૂજન થયું. ઝવેરરોડ દર્શન કર્યા ત્યાં સંઘપૂજન થયું ત્યાંથી ધર્મેશભાઇને ત્યાં સંઘપૂજન થયું. થાણા નવપાડા સંઘ બેંડ સાથે સ્વાગત કરવા ઉભો હતો સ્વાગત થયું ત્યાંથી ટીંબીનાકા શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસરે દર્શન ચૈત્ય વંદન કરી. કપૂરબાવડી શ્રી સંઘ આવ્યો પૂ. મુનિ શ્રી જિતસેન વિ. મ. આદિ અત્રે પધાર્યા હતા.

આજના મુલુંડથી નીકળેલા વરઘોડામાં બગીચો, રચના, હાથી ઘોડા વિ. અનેક સુશોભિત સામેલા હતા. દરરોજ વિહારમાં રથમાં બેસવા આદિની સારી બોલીઓ થતી હતી.

માળારોપણ વિધિ થયો પ્રથમ માળ શ્રીમતી નિર્મળાબેન મહાસુખલાલ રીખવચંદ ભાઇએ તથા બીજી માળ શેઠશ્રી સેવંતીલાલ મોતીલાલ શાહે તથા ત્રીજી માળ શ્રીમતી નીર્મળાબેન સુરચંદભાઇ રતનચંદ સુખડીઆએ પહેરી. જીવદયાની ટીપ માટે પ્રેરણા થતાં સંઘપતીઓએ સારી રકમો લખાવી સૌનો ઉત્સાહ વધ્યો અને ભાવિકોએ પણ સારી રકમો લખાવતાં લાંખ ઉપર આંક પહોંચી ગયો હતો. આ પ્રસંગે અનેક સહાયકો આદિના બહુમાન થયા હતા સંઘપતિઓ તથા

ભાવિકો તથા નવપાડા સંઘ તરફથી ૩૨–૩૨ રૂા. નું સંઘપૂજન થયું સંઘપતિએ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયુ. હંજારેક ભાવિકોની હાજરી આજના પ્રસંગમાં હતી. કાર્યકર્તાઓએ શ્રમ કે સમય જોયા વિના પરિશ્રમ ઉઠાવી સંઘને સફળ બનાવ્યો હતો.

જામનગર–અત્રે શ્રી ઓશવાળ કોલોની મધ્યે પ. પૂ. હાલાર કેશરી આ. દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ. સાહેબના મંગલ આશિર્વાદથી તથા અત્રે શ્રી શાંતિભુવન ઉપાશ્રયમાં ચાતુર્માસ બીરાજમાન પૂ. મુ. શ્રી જોધિરત્ન વિ. મ. સાહેબની શુભ નિશ્રામાં શાહ કાનજી જેઠાભાઇ તરફથી પૂ પિતાશ્રી તથા પૂ. માતૃશ્રીના આત્મશ્રેયાર્થે કારતક સુદ ૧૧ ગુરૂવારના રોજ શ્રી બૃહદ્ સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયેલ પૂજનબાદ લાડુની પ્રભાવના થયેલ. જીવદયાની ટીપ સુંદર થઇ હતી. પ્રભુજીને ભવ્ય અંગરચના કરાવવામાં આવેલ. વિધિવિધાન શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ સંગીતમાં શ્રી વિમલજિનેન્દ્ર સંગીત મંડળે સારી જમાવટ કરી હતી.

જાહેર વિનંતિ પાલિતાણા શત્રુંજય તીર્થ

સંવત ૨૦૫૨ માં અષાઢ અધિક માસ આવતો હોવાથી પ્રથમ અષાઢ માસ એટલે કે તા. ૧૭–૬–૯૬ થી તા. ૧૫–૭–૯૬ ના સમય માટે પવિત્ર શત્રુંજય ગિરિરાજ તીર્થ ઉપર

(૧) પૂજ્ય શ્રી આદેશ્વર ભગવાનની આંગી રચાવવા
(૨) જયતળેટીએ ભાતાઘરે યાત્રિકોને ભાતુ
(૩) અને ચા–ઉકાળો

આપવાની તિથિઓ લેવાનું નક્કી થયેલ છે.

જે ભાવિકોને ઉપરોક્ત તિથિઓએ લાભ લેવાની ઇચ્છા હોય તો તેમણે પોતાનું પુરૂં નામ–સરનામું, કોના નામે તિથી લખાવવી, કયા પ્રકારની તિથી જોઇએ છે વિગેરે વિગત સાથે અલગ અલગ શેઠ આણંદજી કલ્યાણજી પાલિતાણા. જી. ભાવનગર, પીન નં. ૩૬૪૨૭૦ એ સરનામે મોડામાં મોડાં તા. ૩૧–૩–૯૬ સુધીમાં અરજી મોકલી આપવી.

જો ઉપર જણાવેલ ત્રણે બાબતો પૈકી કોઇપણ બાબત માટે ૨૬ થી વધુ અરજીઓ આવશે તો ચીઠી ઉપાડીને આદેશ આપવામાં આવશે.

ઝવેરીવાડ પો.બો. નં. ૫૧ શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ

સુધારો : આ અંકના મુખપૃષ્ઠ ઉપર અંક ૧૬+૧૭ વાંચવું.

(અનુ. ટાઈટલ ૨ નું ચાલુ)

અને પારકી પલોજણમાં, પારકી પંચાતમાં જ પડે તેમે અધમાધમ જીવો કહ્યા છે. આજે તો આમાંથી કોણ બાકાત હોય તે જ કહી શકાય નહિ. પારકી ચિંતાનો બોજો લેનારાને આ લપડાક જો લાગે તો ય કામ થઇ જાય. પણ પરનિંદાનો રસ એવો છે કે બધા રસોને ભૂલાવી દે છે !

માટે આત્મન્ ! તું જ દર્દી અને તું જ ડોકટર, તું જ વકીલ અને તુ [redacted]. માટે પ્રામાણિકપણે તારી જાત કયાં છે તે વિચારી લે અને ઉત્તમ કક્ષાને માર્ગે ચાલવા પ્રયત્નશીલ બની ઉત્તમોત્તમ બની જા. તે જ આ સુભાષિતનો પરમાર્થ છે. તેને આત્મસાત કરી આગે કૂચ કર... સફળતા સાથ... – પ્રજ્ઞાંગ

(અનુ. પેજ ૪૪૬ નું ચાલું)

આપનું લખાણ વાંચી લાખાબાવળની ચોપડી અમે ફરીથી ધ્યાન પૂર્વક વાંચી ગયા. તેમાં ચંદનબાળા બેઠકનો આપે જણાવ્યો છે તેવો જુઠો કે વિકૃત અહેવાલ અમારા વાંચવામાં આવ્યો નથી. આપે તેમાંના કયા લખાણને ઉદ્દેશીને આવું લખ્યું છે તે આપે સ્પષ્ટ જણાવવું જરૂરી હતું. આ ચોપડીમાં પૂજ્ય પંન્યાસજી મ.ની માગણી પ્રમાણે દરેક મૂળ પાઠો, તેના ગુજરાતી અર્થ અને તેનો ભાવાર્થ સ્પષ્ટ રીતે રજુ કર્યો છે, જે દરેક જિજ્ઞાસુઓએ ધ્યાનપૂર્વક વાંચી અત્યંત મનન કરવા યોગ્ય છે.


અહેવાલમાં આપે પૂ. આચાર્યદેવ શ્રી જિને-દ્રસૂરિ મ. તથા પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ.ના શબ્દો ટાંકયા છે તે અમને બરાબર જણાતા નથી. તે માટે આપ તે બંને પૂજ્યોને મળી ખુલાસો કરી લો અને તેમાં કાંઇ કાંઇ ભૂલ જણાય તો સુધારી લેશો. તેવી આપ સજ્જનો પાસે અપેક્ષા રાખીએ તો તે વધારે પડતી નથી.

એ જ આપના અહેવાલના ઘણા મુદ્દા વિચારણા માગે છે પણ પત્ર લાંબો થવાનો ભયે જણાવતા નથી. લિ. આપના સાધર્મિકો

વિચાર કરતાં મને ઉપરનું લખાણ સાચું લાગ્યું છે. કાંતિલાલ ચુનીલાલ શાહ
કેશવલાલ મોતીલાલ નરેશભાઇ ડાહ્યાભાઇ
રાજુ ભાઇલાલ શાહ

નોંધ : સાડા ત્રણ કલાકની સર્ચાના ઉપસંહારમાં પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારજે કહ્યું કે 'આપણે નીચલા લેવલે રહેલા ગમે તેટલી ચર્ચા કરીએ પણ કાંઇ પરિણામ આવવાનું નથી. એ તો જયારે ચાર તમારા વડીલો અને ચાર અમારા વડીલો બેસે અને એક લવાદ બેસાડવામાં આવે તો જ નિર્ણય આવી શકશે. તેઓશ્રીના આ અભિપ્રાય મુજબ સાડા ત્રણ કલાકની ચર્ચાનું પરિણામ શુન્ય હતું અને આપના અભિપ્રાય મુજબ ચર્ચાનો સંપૂર્ણ નિર્ણય આવી ગયો અને સંમેલનના ઠરાવો સંપૂર્ણ શાસ્ત્રીય અને સાચા સાબીત થઇ ગયા. આ બે અભિપ્રાયમાં કયા અભિપ્રાયને વજન આપવું તે આપ જ સ્વયં વિચારી લેશો. (કા. વદ ૧૦ શુકવાર તા. ૧૮-૧૧-૬૫)

(નોંધ :- ભાઇ કેશવલાલ મોતીલાલે પૂર્વની પત્રિકામાં સહી કરી હતી હવે આ લખાણ તેમને બરાબર લાગ્યું અને સહી આપી છે તે આનંદની વાત છે અને તે રીતે સૌ સમજે તો વિવાદ સંકેલાઇ જાય અને શ્રી જૈન શાસન જય પામે) સં.



- જે શ્રીમંત 'હું શ્રીમંત છું' તેમ માની ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં આવે તો તે ઝેરીલો નાગ છે ?
- જગતના કોઇપણ જીવને દુઃખ ગમતું નથી. કોઇ જીવને દુઃખ ન આપવું તે ઊંચામાં ઊંચી કોટિના ધર્મ છે. આ વાત બધાને ગમે તેવી છે ! કોઇપણ પાપ ન કરવું તે ધર્મ છે. પાપ કરવા લાયક છે ? પાપ કરાય ? હિંસા કરાય ? જુઠ બોલાય ? ચોરી કરાય ? વિષયનું સેવન થાય ? પરિગ્રહ રખાય ? માટે જ પાપ નહિં કરવું તે મોટામાં મોટો ધર્મ છે. આવા ધર્મનું વર્ણન સાંભળી નાસ્તિકને પણ તે વાતમાં માથું હલાવવું પડે !
- મોક્ષનો કાં તો મોક્ષ માટે સાધુપણાંનો અર્થી બને તે જ સાચો જૈન !
- મોહને વધારનારા નિર્દય છે અને મોહને ઘટાડનારા જ દયાળુ છે.
- દેવલોકના અને મનુષ્યલોકના જે ભૌતિક સુખ છે તે બધાય આત્માના ભાવપ્રાણના નાશ કરનાર છે માટે જ તે દુઃખ કરતાં પણ મહાભૂંડા છે.
- ગમે તેટલાં દુઃખ આવે તો પણ હૈયા પર અસર ન થાય અને કોઇપણ સુખ લલચાવી શકે નહિ તેવો જ જીવ આ સંસારમાં સુખી છે.
- એકલાં અર્થની પાછળ પાગલ બનેલાં જીવો એ જગતમાં શો કેફ જગાવ્યો છે. તે જાણો છો ? આ પૈસાએ ભણેલાં ગણેલાં માણસોને હરામખોર બનાવ્યાં છે. ઉજળાં વસ્ત્રોમાં સફાઇપૂર્વક જુઠ બોલનારા કર્યા છે ? અને ખોટું કેમ લખવું તે કળામાં નિષ્ણાત બનાવ્યા છે ?
- અર્થકામ માટે ધર્મ કરવો એટલે અમૃત જેવા ધર્મને ઝેર રૂપ કરવો.
- જે અર્થ-કામ જીવના વિવેકને ભૂલાવે, ડહાપણને ભૂલાવે, સાચી સમજને લુંટી લે: તે અર્થ-કામને સારા મનાય ? અને જો તે બે ભૂંડા ન લાગે તો જીવને ભૂંડો બનતા વાર લાગે ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૬૦૦૩૬
૧-૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

આ જીવિત ક્ષણભંગુર છે. માટે ધર્મ કરી લો !

कुशकोटिगतोदकबिन्दुवत्
परिपववद्रुमपत्रवृन्दवत् ।
जलबुद्बुद्वच्छुरोरिणां,
क्षणिकं देहमिदं च जीवितम् ॥

દર્ભ નામના તૃણના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુની જેમ, વૃક્ષના પરિપકવ થયેલા પત્રસમૂહની જેમ અને જલના પરપોટાની જેમ પ્રાણીઓનો આ દેહ અને જીવિતવ્ય ક્ષણભંગુર છે- તો આ જાણી ધર્મની આજ્ઞા મુજબની આરાધનામાં ઉજમાળ બનવું જોઇએ.

વર્ષ ૮ અંક ૧૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009.

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- આરાધના સ્વ કલ્યાણ માટે છે. રક્ષા તે કાળના અને ભવિષ્યના જીવોના ઉપકાર માટે અને શાસન જીવંત રહે તે માટે છે. પ્રભાવના એટલા માટે છે કે શાસનને અભિમુખ થનારા જીવો શાસનને પામે.
- આજ્ઞા આંખ સામે રાખીને શાસન જીવીએ તો આપણું પણ ભલું થાય. કાળ ગમે તેવો હોય. ખરાબ કાળમાં પણ સારા રહેવું હોય તો સત્ત્વ જોઇએ, શ્રદ્ધા જોરદાર જોઇએ.
- ધર્મ જીવતા આવડે તો ગમે તે કાળમાં આ સંસાર આત્માનું કાંઇ જ બગાડી શકે તેમ નથી.
- તમારે જો ધર્મનો બચાવ હોય અમારે ધર્મની રક્ષા કરવાનો ભાવ હોય તો તમારે ઉદ્ધાર બન્યા વગર ચાલે તેમ નથી અને અમારે માર્ગસ્થ બન્યા વગર ચાલે તેમ નથી.
- આજ્ઞા મુજબ જીવવાનો નિયમ કરો તો જ આ કાળમાં ધર્મ જીવી શકાય તેવો છે, બાકી તો ઘણા ધર્મ લુંટાવી રહ્યા છે.
- ધર્મ સાચવવા જેમ સારા માર્ગસ્થ ધર્માચાર્યોની જરૂર છે તેમ સારા શ્રદ્ધા સંપન્ન અને વિવેકી શ્રાવકોની પણ જરૂર છે.
- શાસનના સિધ્ધાન્ત પ્રેમી જીવો કદિ કજીયો કરતા નથી. આવે તે વેઠી લે છે. નવું પણ કરતા નથી આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જૂનાનો ઉદ્ધાર કર્યો છે.
- સિધ્ધાન્તમાં કદિ બાંધ છોડ કરાય જ નહિ. સિધ્ધાન્તમાં સ્થિરતા કેળવીએ અને તેમાં જ મરીએ તો જ હિત થાય તેમાંથી તસુભર પણ ખસ્યા તો અહિત જ થાય.
- અમે પણ મહાત્માઓના ભગત કે પ્રેમી નહિ બનીએ, ગૃહસ્થોના પ્રેમી બનીએ, તમારા આદર-સત્કાર વખાણ કરીએ, તમારા કહ્યા મુજબ ચાલીએ તો માર્ગસ્થ મહાપુરૂષોની આશાતના કરનારા છીએ.
- ધર્મ ઓછો-વધતો બને તે ચાલે, પણ મહાપુરૂષો જે કહી ગયા તેથી ઊંધું બોલે તે ન જ ચાલે- આ જ આપણી આબરૂ છે,

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલજી ગુડકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલડીયા)
પ્રાણલાલ પદમશી મુડકા (થાણા-ગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ પોષ સુદ-૫ મંગળવાર તા. ૨૬-૧૨-૯૫ [અંક ૧૮

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૧ ને મંગળવાર, તા. ૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ -૬. (પ્રવચન ૭ મું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— -અવ૦)

सुरगणसुहं समग्गं, सव्वद्धापिंडियं अणुन्तगुणं ।
वि पावइ मुत्तिसुहं, णंता हि वि वग्गवग्गूहिं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા એક મહત્ત્વની વાત સમજાવવા માગે છે કે, ધર્મ શું છે ? ધર્મ શા માટે કરવાનો છે તે વાત સમજો. દુનિયામાં કોઇપણ કામ કરવું હોય તો સમજ્યા વિના કરો ખરા ? ત્યાં જે કામ કરવું હોય તેની સમજ જરૂર મેળવવી પડે. તેમ અહીં જો સમજ ન મેળવે તો કામ ન થાય. આત્માને એ વાતની સમજણ ન પડે, સાચું જ્ઞાન ન થાય કે, વાસ્તવિક સુખ શું છે ? જગતમાં ભટકતા એવા મને ભય કોનો ? છે. તે ભય શાને આભારી છે ? આ વાત ન જાણે તો ગમે તેવી સારામાં સારી ધર્મક્રિયા કરે તો પણ તે ધર્મક્રિયા તેને સંસારથી બચાવી મોક્ષે પહોંચાડવા સમર્થ ન બને, ઉપરથી સંસારમાં ભટકાવનારી પણ બને.

સંસારના સુખના કાળમાં તેની પાસે અનેક પાપ કરાવી તેને નરકાદિ દુર્ગતિમાં મોકલે. કદાચ દેવલોકમાં તે જીવ ગયો હોય તો ત્યાંના વિમાનમાં, વાવડીમાં અને બગીચામાં મૂંઝાય તો પૃથ્વીકાયમાં, અપ્કાયમાં અને વનસ્પતિકાયમાં પણ જવું પડે અને વખતે અનંતકાળ પણ ત્યાં કાઢવો પડે.

આપણે બધા સારામાં સારી ધર્મસામગ્રી પામ્યા છીએ. દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા ય કરીએ છીએ. પણ કોઇ પૂછે કે સાચું સુખ શું છે તો શું કહીએ? જો જીવ સમજદાર હોય તો તે કહે કે મોક્ષ વિના સાચું સુખ જ નથી. સંસારનું સુખ તો વિષય-કષાય જનિત છે માટે દુઃખરૂપ, દુઃખ ફલક અને દુઃખાનુંબંધી છે? પુણ્યયોગે સંસારનું સુખ પામી ઘણી ઘણી મઝા કરે, ઘણુ ઘણા પૈસા મેળવે અને તેમાં જ આનંદ પામતા પામતા મરે તો કઇ ગતિમાં જાય?

આ સંસારની સુખ સામગ્રીનો અને સંસારના સુખનો ભય લાગે તે જીવ ધર્મ પામવા લાયક છે. તે બે ઉપર જરાપણ રાગ ન થાય તેની કાળજી રાખે તે હજી બચી શકે. અવસર આવે તે બધાની વાતમાં આવ્યા વિના સાધુ થઇ આત્મકલ્યાણ સાધી શકે. આમાં શ્રી અરિહંત પરમાત્માનાં આત્માઓ ઉત્તમ દૃષ્ટાંતભૂત છે. તે પરમતારકોના આત્માઓને ભોગકર્મ બાકી હોય તો જ રાજ્ય લેવું પડે છે, લગ્ન કરવા પડે છે અને વર્ષો સુધી સંસારનું સુખ ભોગવવું પડે છે પણ જેવું તે કર્મ પૂરું થાય કે તરત જ સાધુ થાય છે. શ્રી ઋષભદેવ ભગવાન ૮૩ લાખ પૂર્વ વર્ષ સુધી સંસારમાં રહ્યા. કલ્પવૃક્ષનાં ફળ આરોગ્યાં. જેવું તે કર્મ પૂરું થયું કે સાધુ થઇ ધ્યાનમાં ઉભા રહ્યા. એક વર્ષ સુધી આહાર-પાણી નિર્દોષ ન મળ્યા તો ઉપવાસ કર્યા. તે કોના બળે? તો માનવું જ પડે કે, તેમણે જે સુખ ભોગવ્યું તે નારાજીથી જ ભોગવેલું. દરેકે દરેક શ્રી અરિહંત પરમાત્માઓ સાધુ થયા વિના મોક્ષે જાય જ નહિ. બીજા આત્માઓ દ્રવ્ય ચારિત્ર પામ્યા વિના મોક્ષે જાય પણ ભાવચારિત્ર પામ્યા વિના મોક્ષે ન જાય. જે શ્રી અરિહંત પરમાત્મા તે જ ભવમાં ચક્રી પણ થાય પણ ચક્રીપણાનું કર્મ પૂરું થાય કે તરત જ સાધુ થાય. તમારે બધાને સાધુ થવું છે? સાધુ થવાનું મન પણ છે ખરૂ? તમે બધા તો કહેશો કે હજી અમને સાધુ થવાનું ય મન જ નથી થતું. કારણ કે, આ સંસારના સુખ ઉપર રાગ છે અને મારા જ પાપથી આવતા દુઃખ ઉપર દ્વેષ છે.

આ સંસારમાં દુઃખી કેટલા છે? મનુષ્યોમાં પણ દુઃખી કેટલા છે? જે દુઃખી છે તે બધાને સુખ નહિ જોઇતું હોય? તે બધા સુખ માટે મહેનત નહિ કરતા હોય?

ઘોર પાપ નહિ કરતા હોય ? છતાં સુખ મળે છે ? પાપ કરીને આવેલા ગમે તેટલી મહેનત કરે, પ્રપંચ કરે છતાં ય તેમને પેટ પૂરતું આવા મળતું નથી, આવા મળે તો ખાઇ શકતા નથી. જેનું કામ કરે છે તે ય ગાળો દે છે, અપમાન-તિરસ્કાર કરે છે, નારાજ થઈને કહેલો પગાર પણ આપતા નથી, ઉપરથી માર મારે છે. જે પાપ કરે તેને દુઃખ આવે. તો તે દુઃખ ઉપર નારાજ થાય તે ચાલે ?

ભૂતકાળમાં ધર્મ કર્યો હોય તેથી પુણ્ય બંધાયું હોય તો અહીં સુખ મળે તેની ના નથી. પણ તે સુખ સારું લાગે, ભોગવવા જેવું લાગે તો સમજી લેવું કે તેણે જે ધર્મ કરેલો તે ધર્મ સારો નથી કર્યો પણ મેલો કર્યો છે. જેથી સંસારનું સુખ મળ્યું અને ધર્મ ભાગી ગયો. અભવી, દુર્ભવી અને ભારે કર્મી ભવી જીવ, નવમા ગ્રૈવેયકે જાય તો ય ત્યાં અંતરથી દુઃખી જ હોય. ત્યાંથી મનુષ્યમાં આવી, પાપ કરી સંસારમાં ભટકવા ચાલ્યો જાય. નવમા ગ્રૈવેયકે સાધુ જ જાય. અભવી જીવ અનંતીવાર સાધુ થાય છે પણ શા માટે ? સંસારનું સુખ મેળવવા માટે. તે તો મોક્ષને માનતો જ નથી. તમે બધા મોક્ષ માનો છો ? ધર્મ કરનાર જીવ મોક્ષ માનતો ન હોય, તેને મોક્ષે જવાનું મન ન હોય તો તે મેલો ધર્મ કરીને આવ્યો છે તેમ સમજાય છે ? ભૂતકાળમાં તમે બધાએ ધર્મ જરૂર કર્યો હશે, જેથી આવી ધર્મસામગ્રીવાળો મનુષ્યભવ મળ્યો છે, સદ્‌ગુરુનો યોગ મળ્યો છે, રોજ સદ્‌ગુરુ મુખે ભગવાનની આ વાત સાંભળે તે ચોંકી ઊઠે. 'ધર્મ મોક્ષ માટે જ થાય, સંસાર માટે તો થાય જ નહિ.' બુદ્ધિ હોવા છતાં, સમજવનાર હોવા છતાં, સમજવા છતાં ય આ વાત હૈયામાં ન બેસે, મોક્ષે જવાનું મન પણ ન થાય, ભગવાન પાસે પણ સંસારની જ ભીખ માગવાનું મન થાય તો તે બધા મેલો ધર્મ કરીને આવ્યા છે તેમ સમજાય છે ? તમે બધા રોજ સાંભળો છો કે— 'ધર્મ મોક્ષ માટે જ થાય.' તો તમે બધા મોક્ષ માટે જ ધર્મ કરો છો ને ? તેમાં હા પાડવામાં પાપ લાગે છે ?

સભા૦ આપને શંકા છે ?

ઉ૦ તમે બધા એકી અવાજે બોલતા નથી તેથી શંકા પડે છે. ભગવાનનો ધર્મ સમજેલો જીવ મોક્ષ માટે જ ધર્મ કરે.

ભગવાનની પૂજા ભગવાન થવા કરવાની છે. સાધુની સેવા સાધુ થવા કરવાની છે. દર્શન-પૂજન-સામાયિકાદિ બધી ધર્મક્રિયાઓ આગળ આગળનો ધર્મ પામવા માટે કરવાની છે. શ્રાવક, શ્રાવકપણું પણ કેમ પાળે છે ? સાધુપણું પામવાની શક્તિ મેળવવા

માટે. સાધુપણું પામવાની ઇચ્છા નહિ તે ગમે તેટલો ધર્મ કરે તોય ધર્મી નહિ. ધર્મ કરવા છતાં ય આગળને આગળ વધવાની ઇચ્છા નહિ તે ધર્મી જ નહિ. પછી સાધુ હોઇએ તો અમે પણ અને શ્રાવક હોય તો તમે પણ. સાધુવેષમાંથી મરીને નરકેય જાય, તિર્યંચમાં પણ જાય. વખતે એકેન્દ્રિયમાં પણ જાય અને અનંતકાળ સંસારમાં ભટકે. આપણે સંસારમાં ભટકવું છે કે ઝટ મોક્ષે જવું છે? તમે બધા હૈયાથી બોલી શકો કે 'અમે મોક્ષે જવા માટે જ ધર્મ કરીએ છીએ. ધર્મ કરતી વખતે સંસારના સુખની લેશ પણ ઇચ્છા નથી. હજી સંસારનું સુખ પણ ભોગવીએ છીએ તે પણ કર્મે વળગાડયું છે માટે ભોગવીએ છીએ. પણ તે સુખ ભોગવવાની ઇચ્છા નથી. તે સુખ ભોગવતી વખતે પણ કયારે ઝટ આનાથી છૂટું તે જ ભાવનામાં રમીએ છીએ. અને કોઇ દુઃખ આવે તો માનીએ છીએ કે અમે પાપ કર્યું માટે દુઃખ આવ્યું છે તો તે દુઃખનું સ્વાગત કરવું જોઇએ અને મજેથી ભોગવવું જોઇએ.' આપણે પાપ કરીએ તો જ દુઃખ આવે ને? તો તે દુઃખનું સન્માન કરવું જોઇએ કે તેનાથી દૂર ભાગવું જોઇએ?

પ્ર૦ કડવી દવા કડવી લાગે ને?

ઉ૦ તો ય કડવી દવા સમજુ પ્રેમથી પીવે છે ને? નાના બચ્ચાને તે રોતું હોય તો ય મા પાય છે, મોં ન ખોલે તો વેલણ ઘાલીને મોં પહોળું કરીને પાય છે. તો તમે મૂરખ છો?

તમે કહો કે, અમે જે ધર્મ કરીએ છીએ તે સંસારથી છૂટવા અને મોક્ષે જવા કરીએ છીએ. આ સંસારના સુખનો રાગ ઘટે તે માટે કરીએ છીએ. દુઃખ આવે તે ય મજેથી વેઠીએ છીએ. ધર્મ માટે કોઇ પણ કષ્ટ આવે તો તે મજેથી વેઠીને પણ ધર્મ કરવો છે. જો તમારી આવી મનોદશા હોત તો આજે બેઠા બેઠા પ્રતિક્રમણ કરો છો તે કરત? આજનો ધર્મ કરનારો વર્ગ ધર્મ કરતાં મજેથી ઊંઘે છે, સ્નેહી આવે તો તે વખતે ય સ્નેહી સાથે મજેથી વાત કરે.

(ક્રમશઃ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૯]

નમો ધમ્મસ્સ ધમ્મસ । નમો એઅધમ્મ પગાસગાણું । નમો એઅ-ધમ્મપાલગાણું । નમો એઅધમ્મપરુવગાણું । નમો એઅધમ્મપવજ્જગાણું । ઇચ્છામિ અહમિણું ધમ્મં પડિવજ્જિત્તએ, સમ્મં મણુવયણુકાયજોગેહિં । હોઉ મમેઅં કલ્લાણું પરમકલ્લાણાણું જિણાણુભાવઓ । સુપ્પણિહાણમેવં ચિંતિજ્જા પુણો પુણો, એઅધમ્મજુત્તાણુભવવાયકારી સિઆ । પહાણું મોહચ્છેઅણુબંધમેઅં એવં વિસુજ્ઝમાણે ભાવણાએ, કમ્માપગમેણું ઉવેઇ એઅસ્સ જુગ્ગયં । તહા સંસારવિરત્તે સંવિગ્ગો ભવઇ, અમમે અપરોવ-તાવી, વિસુદ્ધે વિસુદ્ધમાણુભાવે ॥

॥ ઇતિ સાહુધમ્મપરિભાવણાસુત્તં સમ્મત્તં ॥૨॥

આ ઉપર કહેલા ધર્મને નમસ્કાર થાઓ. આ ધર્મના પ્રકાશક- પ્રરૂપક એવા શ્રી અરિહંત પરમાત્માઓને નમસ્કાર થાઓ. શ્રી અરિહંત પરમાત્માઓની પરમતારક આજ્ઞા મુજબ આ ધર્મનું પાલન કરનારા શ્રી સાધુ ભગવંતોને નમ કાર થાઓ. આ ધર્મનું જગતમાં યથાસ્થિત પ્રરૂપણ કરનાર એવા શુદ્ધ પ્રરૂપક શ્રી સાધુ ભગવંતાદિને નમસ્કાર થાઓ. તથા આ ધર્મને પોત-પોતાની ભૂમિકાનુસાર અંગીકાર કરનારા શ્રાવકા-દિને નમસ્કાર થાઓ. તેથી એકાન્તે કલ્યાણકારી એવા આ ધર્મને હું પણ મન-વચન-કાયાના વ્યાપાર વડે સુંદર પ્રણિધાનવાળો થઈને ગ્રહણ કરવાને ઇચ્છું છું પરમ કલ્યાણ રૂપ શ્રી જિનેશ્વરદેવોના અનુગ્રહ વડે હું પણ આ ધર્મને પામું અને મારું કલ્યાણ થાવ. શ્રી જિનેશ્વરદેવો તો વીતરાગ હોવાથી કોઇના ઉપર ઉપઘાત કે અનુગ્રહ કરતા નથી. પરન્તુ વારંવાર સુપ્રણિધાનનું ચિંતન કરવાથી આપણા પોતાના જ શુભ આશયની વૃદ્ધિ થાય છે અને તેથી ધર્મના નિમિત્તવાળો અનુગ્રહ થાય છે. તેનું મૂળ કારણ શ્રી જિનેશ્વરદેવો હોવાથી તેઓના અનુગ્રહ વડે હું આ પામી શક્યો છું એમ કહેવાય છે તેથી તેમાં કાંઇ જ દોષ નથી. આ રીતે તો ઉપકારીઓ પ્રત્યે સાચું બહુમાન અને ભક્તિભાવ પેદા થાય છે. તેથી ગુણગ્રાહી બનેલો આત્મા પોતાનું કલ્યાણ સાધે છે.

જેઓના રોમ રોમ શ્રી જિનેશ્વરદેવોની તારક આજ્ઞા વસી છે, જેઓ આજ્ઞાથી

ઓતપ્રોત છે અને જગતના સઘળા ય જીવો કલ્યાણકારી આજ્ઞાને સ્વીકારનારા બને તેવા પ્રયત્નો કરે છે તેવા શ્રી આચાર્ય ભગવંતાદિની આજ્ઞાને સ્વીકારનારો હું થાઉં. કેમકે ભગવાનની આજ્ઞાનું પાલન એ જ અનાદિ કાળથી આત્મા ઉપર એકચક્રી રાજ કરનાર મોહનો નાશ કરવાનું શ્રેષ્ઠ સાધન છે. જેમ જેમ આત્મા ઉપરથી મોહનો અધિકાર ઊઠતો જાય છે તેમ તેમ આત્મા અધ્યાત્મથી વાસિત થતો જાય છે અને જેમ જેમ નિઃસંગાવસ્થાને પામે છે તેટલા તેટલા પ્રમાણમાં અહીં જ આત્માના સાચા સુખનો અનુભવ કરનારો થાય છે.

આ પ્રમાણે કુશલાનુષ્ઠાનના અભ્યાસની વૃદ્ધિ થવાથી વિશુદ્ધ વિશુદ્ધ પરિણામની ધારા વડે કર્મોનો નાશ થવાથી આ સાધુ ધર્મની યોગ્યતા પ્રાપ્ત થાય છે. સંસારની સાચી અસારતા અને સંયમની સુંદરતાનું સાચું ભાન થવાથી આત્મા સંસારથી વિરકત થાય છે અને સંયમની અભિમુખ થાય છે. સંસાર ઉપરથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થવાથી જીવ સઘળા ય બાહ્યપદાર્થો– સંયોગોની મમતાથી રહિત, કોઇને પણ પીડા નહિ કરનારો, અનાદિ કાલીન રાગ–દ્વેષ રૂપ કર્મોની ગાઢ ગાંઠને શુધ્ધયર્થા પ્રવૃત્તિ કરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણવડે ભેદીને, વિશુદ્ધ અને શુભ કંડકની વૃધ્ધિ વડે વિશુદ્ધ વિશુદ્ધ પરિણામવાળો થઈ સંવિગ્ન એટલે મોક્ષનો અર્થી થાય છે.

આ પ્રમાણે ભાવથી સાધુ ધર્મની પ્રાપ્તિના ઉપાયભૂત અર્થને સૂચવનારૂં બીજું 'સાધુ ધર્મ પરિભાવના' નામનું સૂત્ર પૂર્ણ થયું.

॥ ઇતિ સાધુધર્મપરિભાવનાસૂત્રમ્ ॥

(ક્રમશઃ)

※ શ્રી મહાવીર પ્રભુને અનંતશઃ વન્દના !

મોહમલ્લબલમર્દનવીર, પાપપંકગમનામલનીર ।
કર્મરેણુહરણૈકસમીર, ત્વં જિનેશ્વરપતે જય વીર ॥

મોહ રૂપી મલ્લના સૈન્યનું મર્દન કરવામાં શુરવીર, પાપ રૂપી પંક–કાદવને ધોવામાં નિર્મલ નીર–પાણી સમાન, અને કર્મ રૂપી રજનું હરણ કરવામાં વાયુ સમાન એવા શ્રી જિનેશ્વર પતિ શ્રી વીર પરમાત્મા આપ જય પામો.

— જ્ઞાન ગુણ ગંગા —

(ગતાંકથી ચાલું) —પ્રજ્ઞાંગ

મિથ્યાત્વના મુખ્ય જે પાંચ ભેદો છે તે કહે છે.

૧–અભિગ્રહિક મિથ્યાત્વ :– પોત પોતાના મતનો આગ્રહ અર્થાત્ અમે જે ધર્મ ગ્રહણ કર્યો તે જ સાચો છે, બીજા બધા જ ધર્મો ખોટા છે એમ માનવું તે.

(અત્રે એટલો ખ્યાલ રાખવો કે જૈન ધર્મીને જૈનધર્મ પ્રત્યે જે આગ્રહ હોય છે તે મિથ્યાત્વ ગણાતું નથી. કારણ કે તે તો રાગાદિ અઢારે દોષોથી રહિત એવા શ્રી વીતરાગદેવ– પછી નામથી તે ગમે તે હોય– ને જ સુદેવ માને છે, પાંચ મહાવ્રતના ધારક, તેના પાલનમાં ધીર, બેંતાલીસ ભીક્ષાના દોષોથી રહિત એવી ભીક્ષાથી આજીવિકા ચલાવનારા, આત્માના કલ્યાણને માટે જ ઉપદેશ આપનારા ગુરુના ગુણોથી યુક્ત એવા ગુરૂને સુગુરૂ માને છે અને અહિંસા, સંયમ અને તપરૂપ જે ધર્મ તેને જ સુધર્મ માને છે. આવી સ્પષ્ટ અને પ્રગટ માન્યતા હોય છે. પણ આ જ દેવ, આ જ ગુરુ અને આ જ ધર્મ: એવો ખોટો આગ્રહ હોતો નથી પણ આવા ગુણવાન હોય તે સુદેવ, આવા હોય તે સુગુરુ અને આવા હોય તે સુધર્મ: આવી ગુણસંપન્ન માન્યતાના કારણે તેને મિથ્યાત્વ ગણાતું નથી.)

૨–અનભિગ્રહિક મિથ્યાત્વ :– બધા જ દેવને માને, બધા જ ગુરુને માને, બધા જ ધર્મને માને અર્થાત્ બધા જ દેવ–ગુરુ–ધર્મને સમાન માને– સારા માને, કોઇને પણ નિંદે નહિ– ખોટા કહે નહિ. ગોળ–ખોળ બંનેને સમાન માને. સુવર્ણ અને લોઢાની પરીક્ષા પણ કરી શકે નહિ. આવી મૂઢતાવાળી જે માન્યતા તેને અનભિગ્રહિક મિથ્યાત્વ કહ્યું છે.

૩–આભિનિવેશિક મિથ્યાત્વ :– સત્ય સન્માર્ગ જાણવા–સમજવા છતાં, વર્ષો સુધી સ્વીકારવા– પ્રરૂપવા છતાં પણ કોઇપણ કારણથી કદાગ્રહમાં પડી જવાથી સત્ય માર્ગનો અપલાપ કરે અને અસત્ય–ઉન્માર્ગની જ જોરશોરથી પ્રરૂપણા કરે, પોતાની બધી જ શક્તિ તેમાં ખરચે. જાણી બૂઝીને સમજવા છતાં ઉન્માર્ગની પ્રરૂપણા કરનારો કોઇથી પણ સમજાવ્યો સમજતો નથી તે આ મિથ્યાત્વનો કારમો પ્રભાવ છે. નિહ્નવો આ મિથ્યાત્વ ઉદયથી જ પાકે છે.

૪–સાંશયિક મિથ્યાત્વ :– સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી જિનેશ્વર દેવના વચનમાં શંકા કરવી કે 'આમ હશે કે નહિ' તે સાંશયિક મિથ્યાત્વ છે.

(સદ્‌તત્ત્વને જાણવા-સમજવાની આકાંક્ષારૂપ શંકા તે આ મિથ્યાત્વરૂપ નથી તે યાદ રાખવું)

૫-અનાભોગિક મિથ્યાત્વ :- અવ્યક્ત એવા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જે મિથ્યાત્વ હોય છે તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય છે.

હવે લૌકિક અને લોકોત્તર દેવ-ગુરૂ-પર્વગત મિથ્યાત્વના છ ભેદો બતાવે છે.

૧-લૌકિક દેવગત મિથ્યાત્વ :- રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનાદિ દોષવાળા બ્રહ્મા, વિષ્ણુ, શંકર, કાર્ત્તિકેય આદિ દેવોને દેવ માનવા તે.

૨-લૌકિક ગુરૂગત મિથ્યાત્વ :- કંચન-કામિનીના ભોગી, ઘરબારી, સંસારમાં જ આસકત, અભક્ષ્ય-અપેયાદિનું ભક્ષણ કરનારા, રાત્રિ ભોજનાદિ પાપક્રિયામાં રક્ત એવા બાવા, જોગી, સંન્યાસી આદિ કુલિંગીઓને ગુરુ તરીકે માનવા તે.

૩-લૌકિક પર્વગત મિથ્યાત્વ :- હોળી, બળેવ, નવરાત્રિ આદિ અનેક મિથ્યાત્વીઓના પર્વને પર્વ તરીકે માની તેનું આરાધન કરવું તે.

૪-લોકોત્તર દેવગત મિથ્યાત્વ :- સર્વજ્ઞ, સર્વદર્શી, સઘળા ય દોષોથી રહિત, સઘળા ય ગુણોથી યુક્ત એવા દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્માની આ લોકની સુખ-સાહ્યબી માટે, સ્ત્રી-પુત્ર-પરિવાર ધનાદિની પ્રાપ્તિને માટે તેમજ પરલોકમાં દેવ-દેવેન્દ્ર-ચક્રવર્તી આદિની ઋદ્ધિને માટે સેવા-પૂજા-ભક્તિ કરવી માનતા માનવી તે.

૫-લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ :- પંચ મહાવ્રતધારી, નિર્મલ સંયમી, સુગુરૂના ગુણે કરી યુક્ત એવા સદ્‌ગુરૂની આ લોક સંબંધી સુખ-સાહ્યબી આદિની પ્રાપ્તિ માટે ભક્તિ-ઉપાસના કરવી તે. અથવા પાસત્થાદિ જે પાંચ જૈન શાસનમાં અવંદનિક કહ્યા તે માત્ર યતિવેષધારીને સદ્‌ગુરૂ તરીકે માની તેમની સેવા-ભક્તિ-પર્યુપાસના કરવી તે.

૬-લોકોત્તર પર્વગત મિથ્યાત્વ :- જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ષોષ દશમી, શ્રી પર્યુષણા મહાપર્વ આદિ પર્વોનું આરાધન અથવા એકાશન, આયંબિલ, ઉપવાસાદિ તપ આ લોકના સુખની ઇચ્છાએ તે તે પર્વાદિકને દિવસે કરવા તે.

આ પ્રમાણે એકવીશ (૨૧) પ્રકારના મિથ્યાત્વના ભેદોને જાણી, તેનાથી દૂર રહી, આ લોક કે પરલોક સંબંધી પૌદ્‌ગલિક સુખોની ઇચ્છા માત્ર ત્યજીને એક માત્ર મોક્ષ સુખની જ ઇચ્છાએ શુદ્ધદેવ-ગુરુનું અને લોકોત્તર પર્વનું આરાધન કરવું તે જ હિતકર અને શ્રેયસ્કર છે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૫૧. તે રાવણનો હત્યારો થશે.

'સૌમિત્રિના શર-સંધાન થયેલા કંક-પત્રો=બાણો એ પરસ્ત્રી લંપટ રાવણના કંઠના રૂધિરને પીવા તલસી રહ્યા છે. તમે અમને માત્ર લંકાનો રસ્તો જ બતાવો.'

લંકાનગરીમાં દશ-પંદર દિવસ વીતી ગયા છતાં ય લંકાનો લંપટ રાજા રાવણ શીયલધર્મના ગૌર્ય અને ખમીરની ખુમારીના સાગર જેવા મહાસતી સીતાદેવીના શરીરના એક વાળને પણ સ્પર્શી શકયો નથી. હાથ ઘસતો જ રહી ગયેલો લંકેશ્વર રાત આખી પથારીમાં પડખા જ ઘસતો થઇ ગયો છે. ત્રણ-ત્રણ ખંડના નાથની હાલત તો હવે ઉપહાસ્ય બની ચૂકી છે.

આઠ-આઠસો કરોડો દુઃશ્મા સર્જાવા છતાં ગમે તેટલું કામવાસનાથી પાછા વાળવા અને મહાસતી સીતાદેવીને મુક્ત કરવાનું સમજાવવા છતાં હવે સમજવાના પણ નથી આવી દૃઢ ખાત્રી થઇ જતાં પરનારી સહોદર રાવણબંધુ વિભીષણે તરત જ કુલમંત્રીઓને લેગા કર્યા. અને કહ્યું કે- 'આવનારા વખતમાં બહુ જલ્દીથી લંકાનો નાથ ખતરનાક સંકટના સમુદ્રમાં ડૂબી જશે. કામલાલસા પોતે જ ખતરનાક છે. અને તેને પરસ્ત્રી સંભોગના ઇચ્છાનો સહારો મળતાં તો તે વાસનાને વશ થયેલો તેમાંથી કયારે છૂટશે તે કહેવું અશકય છે.

મંત્રીઓએ પણ કહ્યું કે- અમે તો નામના જ મંત્રીઓ છીએ ખરા દીર્ઘદૃષ્ટા તો તમે જ છો. મિથ્યાદૃષ્ટિ માણસને જૈન ધર્મનો ઉપદેશ અસર ન કરે તેમ કામાધીન બનેલા આપણા સ્વામીને હવે કશું કહેવું તે નકકામુ છે. (હુતાશણીમાં હાડકા નાખવા જેવું જ છે.)

સુગ્રીવ-હનુમાન આદિ પ્રબળ વાનર-રાજાઓ રામચંદ્રજીના પક્ષમાં છે. ન્યાયવાન મહાભાગનો પક્ષ કોણ ન સ્વીકારે?

સીતાના નિમિત્તે આપણા કુળનો સર્વનાશ થવાનો છે છતાં પુરૂષને આધીન જેટલું શકય છે તેટલું સમયોચિત કરવું જ જોઇએ.'

આમ સાંભળીને વિભીષણે લંકાના કિલ્લા ઉપર યન્ત્રાદિનું સંરક્ષણ ગોઠવી દીધુ.

આ બાજુ સાહસગતિનો સંહાર થયા પછી રાજમહેલમાં આવેલા સુગ્રીવ રાજા રામચંદ્રજીને કરેલી સીતાની શોધ કરવાની વાત ભૂલી ગયા.

આટલા દિવસો તો સીતાની શોધમાં

સુગ્રીવ આજે જશે કાલે જશે એમ સમજીને સીતાદેવીના ઠારમા વિરહમાં કેમે કરીને રામચંદ્રજીએ લક્ષ્મણજીના આશ્વાસનના સહારે પસાર કરી દીધાં.

પરંતુ હવે સમય વધુ વીતતો જતો હતો આથી રામચંદ્રજીએ શિખામણ આપીને લક્ષ્મણજીને મોકલ્યા. આથી ધનુષ-બાણ લઇને ક્રોધથી ધમધમતા અને પગ પછાડીને ચાલવાથી ધરતીને ધ્રુજાવતા લક્ષ્મણજી સીધા સુગ્રીવના મહેલે પહોંચ્યા.

લક્ષ્મણજીને આવેલા સાંભળીને ભયથી થર-થર ધ્રુજતા સુગ્રીવ જલ્દીથી અંતઃપુરમાંથી બહાર આવ્યો.

ક્રોધથી ધ્રુમાં પૂમાં થઇ ગયેલા લક્ષ્મણજીએ કહ્યું કે- ત્યાં સ્વામી ગાદ નીચે બેઠા બેઠા વરસ-વરસ જેવડા દિવસો પસાર કરે છે અને તું અહીં અંતઃપુરમાં હેહેર કરી રહ્યો છે નહિ ? તે સ્વામીને શું વચન આપેલું તે તને યાદ છે ? ઉઠ, ઉભો થા હજી પણ સીતાદેવીની શોધ કરવા માટે તૈયાર થા. નહિતર સાહસગતિના રસ્તે તને ધકેલી દઇશ. મોતની ગલી સાંકડી નથી, સમજ્યો, ને ?'

રોષાયમાન થયેલા લક્ષ્મણજીના પગમાં પડીને માફી માંગતા સુગ્રીવે કહ્યું કે- 'મારી ભૂલ થઇ ગઇ. આ એક ભૂલ હે મહાબાહુ ! માફ કરી દો. હવે આવી ભૂલ નહિ થાય. અને સીતાદેવીની શોધમાં હું અત્યારથી જ પ્રવૃત્ત થાઉ છું'' એમ કહીને રામચંદ્રજી પાસે આવીને સુગ્રીવે વિદ્યાધર સુભટોને સીતાદેવીની શોધમાં મોકલ્યા. અને પોતે પણ સીતાદેવીની શોધમાં નીકળ્યો.

સીતાનું હરણ સાંભળીને દુઃખી દુઃખી થઇ ગયેલો ભામંડલ રામચંદ્રજી પાસે આવ્યો. વિરાધ પણ સૈન્ય સહિત રામની સેવામાં ઉપસ્થિત થયો.

'સીતાની શોધમાં નીકળેલા સુગ્રીવ કરુણાદ્રિપ તરફ આવ્યો. સુગ્રીવને આવતા જોઇને રત્નજટી ગભરાઇ ગયો. એમ માનીને કે 'સીતાનું હરણ કરતાં રાવણ સામે મેં પડકાર ફેંક્યો હતો તેથી તે વાત યાદ કરીને રાવણે આ સુગ્રીવને મારા મૃત્યુ માટે તો નહિ મોકલ્યો હોય ને ''

હજી તો આવું વિચારે છે ત્યાં જ સુગ્રીવ તદ્દન નજીક આવી ગયો આથી સુગ્રીવે સીધું જ પૂછ્યું કે - 'હે રત્નજટી ! હું તારી તદ્દન નજીક આવ્યો છતાં તું ઉભો કેમ ના થયો ? આકાશમાં ગમન કરવામાં આળસ કેમ કરે છે ?'

રત્નજટીએ કહ્યું કે- 'સીતાદેવીનું અપહરણ કરતાં રાવણની સામે મેં યુદ્ધનું આહ્વાન કર્યું પણ તે દુરાત્માએ મારી બધી જ વિદ્યા હરી લીધી છે. માટે હું ન તો ઉભો થઇ શકું છું ન તો કૂદી શકું.

તરત જ કિષ્કિંધા નરેશ સુગ્રીવ રત્નજટીને ઉપાડીને રામચંદ્રજી પાસે લઇ આવ્યા. અને રત્નજટીએ રામચંદ્રજીને કહેવા માંડયું કે- 'હે દેવ ! નરાધમ

દુરાત્મા રાવણે સીતાદેવી અને મારી વિદ્યા બન્ને હરી લીધા છે. હા રામ ! હા વત્સ લક્ષ્મણ ! હે ભાઇ ભામંડલ ! આ રીતે પોકાર કરી કરીને કરૂણ રૂદન કરતા સીતાદેવીને સાંભળીને હું રાવણ ઉપર ગુસ્સે ભરાયેા. (પણ તે નરાધમ પાપીએ મારી વિદ્યાનેા સંહાર કરી નાંખતા હું રાવણ સામે યુદ્ધ કરી ના શકયેા)

સીતાદેવીના કેટલાંયે દિવસ પછી મળેલા આ સમાચારથી રામચંદ્રજી અત્યંત આનંદિત થયા. અને રત્નજટીને ભેટી પડયા.

રામચંદ્રજી વારંવાર રત્નજટીને સીતાદેવીના સમાચાર પૂછતા હતા. અને સમજદાર રત્નજટી પણ વારંવાર રામચંદ્રજીની મનની પ્રસન્નતા માટે કહેતા હતા.

રામચંદ્રજીએ સુગ્રીવાદિને પૂછયું કે– 'તે રાક્ષસની લંકા અહીંથી કેટલી દૂર છે?'

સુગ્રીવાદિએ કહ્યું– 'લંકા નગરી અહીંથી ગમે તેટલી દૂર હોય કે નજીક હોય પણ શું કામનું ? જગત્ વિજેતા તે પ્રચંડ પરાક્રમી રાવણની પાસે તેા આપણે બધાં જ મેક તણખલા જેવા છીએ. સ્વામિન્ !'

રામચંદ્રજીએ શક્તિના જરા પણ ઉશ્કેરાટમાં આવ્યા વિના પણ મક્કમતાથી કહ્યું કે– 'આ સૌમિત્રિના શર-સંધાન થયેલા કંકપત્રેા=બાણેા એ પરસ્ત્રી લંપટના કંઠના શોણિતને પીવા માટે તલસી રહ્યા છે તમે માત્ર અમને લંકાનેા રસ્તેા જ બતાવેા.'

લક્ષ્મણજીએ પણ કહ્યું કે– 'એ રાવણ મારી આગળ છે કેાણ ? ક્ષાત્રવટથી એ છળકપટીના શિર્ષને– મસ્તકને હું સંગ્રામમાં છેદી નાંખીશ. તમે આ સંગ્રામનું નાટક પ્રેક્ષક બનીને માત્ર જોયા જ કરજો. પણ અમને લંકાનેા રસ્તેા દેખાડેા.

જાંબવાને અનંતવીર્ય નામના મુનિવરે કહેલી વાત કરતાં કહ્યું કે– 'આ કેાટિશિલાને જે ઉપાડશે તે રાવણનેા હત્યારેા થશે.' આથી હે પ્રભુ ! તે શિલાને ઉપાડીને અમને વિશ્વાસ બેસાડેા. (નહિતર લંકા તરફ જાનનું જોખમ ખેડવા આપને કેાઇને ન મેાકલાય. બાકી લંકાનેા રસ્તેા બતાવવામાં અમને કશેા જ વાંધેા નથી.)

તે સ્થળે જઇને લક્ષ્મણજીએ વેલડીની જેમ કેાટિશિલાને ઉપાડી લીધી. દેવેાએ ત્યારે લક્ષ્મણજી ઉપર પુષ્પવૃષ્ટિ કરી. વિશ્વાસનેા શ્વાસ લઇને હરેક રામચંદ્રજી પાસે પાછા ફર્યા.

વાનરસુભટોએ કહ્યું કે– 'હે સ્વામિન્ ! રાવણનેા વિનાશ રાક્ષસપણે આપનાથી જ થશે. પરંતુ પહેલાં દુશ્મન તરફ દૂતને મેાકલવેા નીતિમાનેાની મર્યાદા છે. દૂતથી જ કામ પતી જતું હોય તેા આપે સ્વયં તે માટે મહેનત કરવાની જરૂર નથી.

આખરે... દુશ્મન તરફ દૂત તરીકે પ્રચંડ વીર્ય–પરાક્રમી અંજનાપુત્ર હનુમાનને મેાકલવાનેા નિર્ણય લેવાયેા.

[ક્રમશઃ]

❋ કાયશુદ્ધિ ❋

—પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

અનંત ઉપકારી પરમાત્માઓએ આ સંસારમાંથી મુક્ત થવા માટે અનેક રસ્તાઓ બતાવ્યા છે. સંસારમાંથી છુટવા માટે ધર્મ એ જ શરણભૂત છે. તે ધર્મ સુદેવ સુગુરુ સુધર્મ, સમ્યકત્વની હાજરી હોય તો જ બની શકે છે.

ઉત્તમ કોટિના ગુણો સુદેવ અરિહંત દેવમાં જ હોય છે. તેથી તે જ દેવ વંદન પૂજનને યોગ્ય છે. તેને કરેલ વંદન પૂજનથી દુઃખના કારણો નાશ થાય છે. અન્ય દુઃખનું કારણ અને સ્વરૂપ પણ જાણતા નથી. વજ્રકર્ણની કાયશુદ્ધિ સંસારમાં વખણાએલી છે.

અયોધ્યાના મહારાજા દશરથના સુપુત્ર શ્રી રામચંદ્રજી. રાજરાણી કૈકયીના વચનથી પત્ની સીતા અને ભાઇ લક્ષ્મણ સાથે વનમાં ચાલ્યા. પંચવટીથી અવંતી-નગર જતાં વચમા તેણે અતિસમૃદ્ધ પણ મનુષ્ય વગરનું એક નિર્જન નગર જોયું.

શ્રી રામચંદ્રે લક્ષ્મણને પૂછતાં એક વટેમાર્ગુ માણસને શોધી શ્રી રામચંદ્રજી પાસે લઇ આવ્યા. તેણે બન્નેને પ્રણામ કરી નગરની નિર્જનતાનું કારણ જણાવતાં તેણે કહ્યું.

આ નગરનું નામ દશપુર છે. અહિંના રાજા વજ્રકર્ણ હતા. તે સમજુ અને સાત્વિક હતા પણ તેમને શિકારનું વ્યસન હતું. તેઓ એકવાર પોતાના સાથીઓ સાથે શિકારે ગયા. મૃગના ટોળા તો ભય નાઠાં પણ એક સગર્ભા હરણી રાજાના બાણની ઝાપટમાં આવી ગઇ. તેનો ગર્ભ પડી ગયો. તે અતિવ્યાકુળ થઇ તરફડવા લાગી. આ દૃશ્ય એટલું કરૂણ હતું કે રાજાને પણ કમકમા આવ્યા દયાની લાગણી ઉત્પન્ન થઇ. તે પોતાની જાતને ધિકારવા લાગ્યો અરેરે મેં અતિઘોર પાપ કર્યું હવે આ પાપથી છુટકારો કેમ થશે? નિરાશ થઇ આમતેમ ફરવા લાગ્યો.

ત્યાં એક શિલા પર ચંદ્રસમાન સૌમ્ય એવા એક મુનિરાજને જોયાં તેમની પાસે ગયો. વંદન કરી પૂછવા લાગ્યો તમે આવા ઘોર જંગલમાં એકલા એકલા શું કરો છો? મુનિએ કહ્યું મારૂં હિત કરૂ છું.

ત્યારે રાજા બોલ્યો તો મારૂં પણ હિત થાય તેવું કહોને મુનિએ કહ્યું કે હે ભદ્ર! સમ્યકત્વપૂર્વકની અહિંસામાં જ આત્મહિત સમાયેલું છે.

રાગદ્વેષ રહિત એવા જિનેન્દ્રદેવને તરણતારણ ભગવાન માનવાં ચારિત્ર રહસ્યના નિધાન એવા ગુરૂને ગુરૂ જાણવા અને જીવ-અજીવ તત્વોની શ્રદ્ધા રાખવી તેને સમ્યકત્વ કહેવામ આવે છે.

પરમાત્માએ આને જ પ્રધાનતા આપેલ છે. જેઓના ભરતક શ્રી અરિહંત પરમાત્મા તથા તેમના આજ્ઞાધીન મુનિઓ સિવાય કયાંય નમતું નથી. તેનું સમ્યકત્વ નિર્વાણ સુખના નિધાન જેવું વિશુદ્ધ કહેવાય.

ઇત્યાદિ ઉપદેશ સાંભળી રાજાએ બોધ પામી. સમ્યકત્વયુક્ત ૧૨ વ્રત ગ્રહણ કર્યા અને એવી પ્રતિજ્ઞા કરી કે શ્રી વીતરાગદેવ અને તેમના સાધુઓ સિવાય કોઇને નમસ્કાર કરવા નહિં.

એકવાર મહેલમાં બેઠો વિચાર કરે છે કે હું અવંતી નરેશ સિંહરથ રાજાનો ખંડીયો રાજા છું એની પાસે જવાનું થાય ત્યારે નમસ્કાર કરવા પડે અને મારો નિયમ જાય. માટે રસ્તો શોધી વીંટીમાં રત્નમય મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા જડાવી. જ્યારે નમવાનો વખત આવે ત્યારે વીંટીમાં રહેલા ભગવાનને માથું નમાવે.

એક વખત કોઇ ચાડીયાએ આ વાત સિંહરથ રાજાને કહી. આથી રાજાને ગુસ્સો આવ્યો કે મારા તાબાનું રાજ્ય ભોગવે છે. ને નમન કરવામાં કપટ કરે છે. તે દુષ્ટતાનું ફળ મળવું જોઇએ. એમ વિચારી તેણે તેણે વજ્રકર્ણના નગર ઉપર આક્રમક પ્રસ્થાન કર્યું યુદ્ધવાદ્ય વગાડતું સૈન્ય આંધીની જેમ આગળ વધ્યું.

આ તરફ વજ્રકર્ણ રાજાને કોઇકે આવીને કહ્યું કે હે સહધર્મી! સિંહરથ રાજા મોટા સૈન્ય સાથે તમારા ઉપર ચઢાઇ કરવા આવે છે. માટે સાવધાન થઇ જે ઉપાય લેવો હોય તે લો.

રાજાએ પૂછ્યું તમે કોણ છો? રાજા મારી વાત તથ્યહીન છે સાંભળો હું કુંડનપુરનો વાસી વણિક અને ધર્મી શ્રાવક છું. એકવાર ઘણો માલ લઇ વેપાર માટે ઉજ્જૈનની નગરીમાં ગયો ત્યાં વસંતઋતુમાં વનોત્સવ જોવા ઉપવનમાં ગયો તે વખતે ત્યાં અનંગલતા નામની સુંદર વેશ્યાના પરિચયમાં આવ્યો. એના સહવાસમાં હું જડ બની ગયો. એના વિના કાંઇ દેખાય નહિં. એ જે કહે તે પ્રમાણે કરું. બધું ખલાસ કરી નાંખ્યું એવો અશુભોદય થયો મારી સમજણ ચતુરાઇ બધું હવા થઇ ગયું. એકવાર ગણિકાએ ત્યાંની રાણીના ઘરેણાં જોઇ ગેલ કરતાં મને કહ્યું, રાણી ઘરેણાથી સુંદર લાગે છે મને આ ઘરેણા લાવી આપો તમે ય મારા રાજા જ છો.

મેં એને કહ્યું કે તને એના જેવા જ દાગીના કરાવી આપીશ પણ તેણે તો જીદ જ લીધી પણ મને તો રાણીના દાગીના જ લાવી આપો તો જ તમારો પ્રેમ સાચો. એની વાતમાં અંધ બનેલો હું રાજમહેલે ચોરી કરવા પહોંચ્યો. રાજારાણી જાગતા પલંગમાં પડયા હતા. રાત ઘણી વીતી ગઇ હતી હું સંતાઇને અવસરની વાટ જોતો હતો. ત્યાં રાણી બોલી આજ મહારાજને અકળામણ છે! ઊંઘ આવતી નથી? તેણે કહ્યું રાણી! જગતમાં કેવા કેવા લોકો હોય છે.

પહેલો વજ્રકર્ણ મોટો ધર્માત્મા થયો છે. અને મને નમસ્કાર કરવામાં એનો ધર્મ ચાલ્યો જાય. માટે એ પ્રપંચીએ એની વીંટીમાં એના ભગવાનને જડયા છે. માથું તેમને નમાવે અને નમન અમને જણાવે. હું એને મારી એનું માથું મારા પગમાં ઝુકીશ ત્યારે જ મને ચેન પડશે. કાલ સવારે જ પ્રસ્થાન કરવા આજ્ઞા આપી છે. એ વજ્રકર્ણ રાજા! ઉજ્જયિની નરેશના આ શબ્દો સાંભળી મને વિચાર આવ્યો અહો કયાં એ દૃઢધર્મી મહારાજ વજ્રકર્ણ અને કયાં એ બજારૂ બાયડીના કહેવાથી દુઃસાહસ કરનાર હું કુળવાન ગૃહસ્થ છતાં ચોર? કેટલી હદ સુધી હું ગબડી ગયો? ધિક્કાર છે મારી દુબુદ્ધિને? પછી હું તરત ત્યાંથી નીકળી ગયો. અનંગલતા પાસે આવીને વિદાય માંગી તેણે મને ખુબ મનાવ્યો મમતા બતાવી પણ મેં મારો નિર્ણય કરી લીધો હતો હું સાંઢણી ઉપર બેસી ઉતાવળે તમને ચેતવવા આવ્યો છું.

તમારી દૃઢતાની વાતે મને પણ સાબદો કરી „ધર્મકર્તવ્યનો સાદ આપ્યો છે સારૂં પ્રણામ હવે જાઉંશ. તમારે ધર્મની રક્ષા ખાતર જે ઉપાય લેવો હોય તે લો આ સાંભળી વજ્રકર્ણે પ્રસન્ન થઈ વૃશ્ચિક વણિકને ઉચિત સત્કાર કરી પહેરામણી પૂર્વક વિદાય આપી.

વજ્રકર્ણ રાજાએ નગર બહારના ઉપનગરો ખાલી કરાવી લોકોને નગરમાં બોલાવી લીધા. નગરમાં બધી સગવડ કરાવી દરવાજા બંધ કરાવી દીધા. એવામાં સિંહરથ રાજાએ નગર ઘેરી લીધું ને પડાવ નાંખી પડયો. દૂતમુખે વજ્રકર્ણને કહેવડાવ્યું કે હજી બગડયું નથી. તું અમને નમસ્કાર કરી જા અને સુખે તારૂં રાજય ભોગવ. નહિં તો મૃત્યુ સિવાય તારી ગતિ નથી એ નકકી વાત છે.

વજ્રકર્ણે ઉત્તરમાં કહેવડાવ્યું કે મને ધર્મમાં સુખ અને શાંતિ છે તેથી વધીને કાંઇ રાજય વૈભવ નથી માટે મને ધર્મમાર્ગ આપો તો બીજે જઇ ધર્મ આરાધું રાજય તમે રાખો પરંતુ સિંહરથે જવાનો માર્ગ ન આપ્યો તે વજ્રકર્ણને મારવાની પેરવીમાં પડયો છે તેથી આ ઉપનગરો ઉજ્જડ થઇ ગયા છે વસ્તી ચાલી ગઇ છે.

આ સાંભળી રામચંદ્ર લક્ષ્મણ સાથે ત્યાં આવ્યા. છેવટે રામલક્ષ્મણ સિંહરથને જીતી વજ્રકર્ણ સાથે સંધિ કરાવે છે. નિયમ જરાય બગાડયો નહિં તેઓ એકાવતારી દેવ થઇ ત્યાંથી આવી મનુષ્ય થઇ મુક્તિમાં જશે. શ્રી વજ્રકર્ણની અડગતા સાંભળી ભાવુક શ્રાવકોએ શ્રી જિનેન્દ્ર પ્રભુ સિવાય અન્યને નમસ્કાર ન કરવા જોઇએ અને કાયશુદ્ધિવાળા થવું જોઇએ જેથી શિઘ્રતાથી મુકિત પ્રાપ્ત થાય.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ.ને
ટપાલ લખવાનું સરનામું
ઉપધાન તપ સમિતિ
(/૦. ભગવાનજી કચરાભાઈનો બંગલો
થાણાવાલા ગેરેજની સામે, નવપાડા,થાણા(વે.)
ફોન : ૫૩૩૪૩૬૦ (મહારાષ્ટ્ર)
મહા સુદ ૫ તા. ૨૪-૧-૬૯ ઉપધાનમાળ છે
ત્યાં સુધી અત્રે સ્થિરતા છે.

શાસન સમાચાર

ઉંટી– પૂ. આ. દેવેશ શ્રી વિજય-ભુવનતિલક પૂ. મ. ના શિષ્ય પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂ. મ. ઠા. ૪ અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠા. ૯ ની નિશ્રામાં વિવિધ તપશ્ચર્યા નિમિત્તે શ્રી જિનેશ્વર ભગવંતના ૧૮ અભિષેક નમિઉણ પૂજન શ્રી ગૌતમ સ્વામી પૂજન શ્રી ઋષિ-મંડલ પૂજન અને શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા સાથ મહોત્સવ ઉજવાયો હતો. બેસતા વર્ષે માંગલિક બે સંઘપૂજન અને અલ્પાહાર રાખવામાં આવ્યો હતો.

કારતક સુદ ૧૫ ના મૈસુરના બેન્ડ સાથે ચતુર્વિધ સંઘ સાથે વરઘોડો આનંદ ગિરી પહાડ ઉપર ગયો હતો ત્યાં શત્રુંજય પટ્ટ દર્શન વિધિ પછી બે સંઘ પૂજન ભાતુ આપવામાં આવ્યું હતું.

શ્રી આદોની જૈન સંઘે ગુરુ વંદનાર્થે આવી સંઘ પૂજન કરી આ. મ. અને સા. મ. ને ચતુર્માસની વિનંતી કરી હતી જવાબમાં જૈન વૈશાખમાં નિર્ણય થતાં જણાવામાં આવશે તમારી વિનંતી ખ્યાલમાં રાખી છે.

ફા. વ. ૬ ના વિહાર કરી મૈસુર હિરીયુર ચિત્ર દુર્ગ દાવણગિરી થઇ મહા સુદ ૧૧ ના હુવિનહાડગલી કુંવારી લલિતાબહેનને દીક્ષા પ્રદાન અંગે પધારી ફાગણ સુદ ૩ ના લક્ષ્મીશ્વર અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે.

પીંડવાડા–અત્રે પરમ પૂ. તપસ્વી સમ્રાટ આ. દેવશ્રી વિજયરાજતિલક સૂ. મ. તથા પ. પૂ. ગચ્છાધિપતિ આ. દેવશ્રી વિજયમહોદય સૂ. મ. ની શુભ નિશ્રામાં પીંડવારા નિવાસી હાલ મુંબઈ વાલકેશ્વર શ્રીમાલનગર વાસી શ્રેષ્ઠીવર્ય શ્રી લાલ-ચંદજી છગનલાલની પ્રથમ વર્ષિક સ્વ. તિથી નિમિત્ત કારતક સુદ ૪ થી શ્રી અષ્ટાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ખુબ જ ભવ્યતાથી ઉજવાયેલ દરરોજ જુદી જુદી પૂજાઓ રચના સાથે ફળ નૈવેદ્ય ધરી વિવિધ પ્રકારે ગોઠવણી સાથે શ્રી નવાણુ અભિષેક પૂજા, અર્હદ અભિષેક પૂજન, શ્રી શાંતિસ્નાત્ર, બે વખત સ્વામિ વાત્સલ્યનું જમણ. દરરોજ જુદી જુદી પ્રભાવનાઓ છેલ્લા દિવસે જિનમંદિરના વિશિષ્ટ ચણગાર રૂપ મહાપૂજા પણ પીંડવાડાના ઇતિહાસમાં સર્વ પ્રથમવાર થયેલ.

વિધિ–વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળી તેમજ માલેગામવાળા શ્રી મનહરલાલ રીખવ-ચંદભાઇએ સુંદર રીતે કરાવેલા, સંગીતમાં મુકુન્દભાઇ મહેતા અમદાવાદ, રાજેન્દ્ર

કરનપુરીયા અનંતભાઇ નગીનદાસ રાજકોટ, નીકેશભાઇ સંઘવી સુરતવાળા પધારતા સારી જમાવટ થઈ હતી જીવદયાની ટીપ ખુબ સુંદર થવા પામી હતી.

કારતક સુદ ૧૧ થી જયચંદ્રજી મુલતાનજી પરિવાર તરફથી ચાતુર્માસ પરિવર્તન નિમિતે તથા કુટુંબીજનોના આત્મ કલ્યાણર્થે ભવ્ય અષ્ટાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયેલ.

કારતક સુદ ૧૫ ના સવારે ચાતુર્માસ પરિવર્તન નિમિતે ભવ્ય વરઘોડા સાથે તેમના ગૃહ આંગણે પૂ. શ્રી પધાર્યા હતા માંગલિક પ્રવચન બાદ ચતુર્વિધ સંઘનું પૂજન ચાંદીના સીક્કા વડે પૂજન કરવામાં આવેલ, કારતક વદ ૧ ના સ્નાત્ર મહોત્સવ ખુબ ઠાઠથી ઉજવાયેલ સંગીતમાં ગજાજન ઠાકુર આવતા સારી જમાવટ થઈ હતી બાદ શ્રીફળની પ્રભાવના થયેલ સુદ ૧૫ ના સ્વામિ વાત્સલ્યનું જમણ થયેલ સાંજના મહાપૂજાનું આયોજન લાલબાગ મુંબઇના યુવાનોએ સુંદર રીતે કરેલ કા. વદ ૨ ના વીસ સ્થાનક પૂજન ભણાવાયેલ. કા. વદ ૩ ના શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ બાદ સુકા મેવાની પ્રભાવના થયેલ. જીવદયાની ટ્રીપ સુંદર થયેલ બપોરે સંઘ જમણ પણ વિવિધ વાનગી વડે કરવામાં આવ્યું હતું. દરરોજ પરમાત્માને ભવ્યાતિ ભવ્ય અંગરચનાઓ, રાત્રે દિપકની રોશની ફળ, નૈવેધ તથા અષ્ટમંગલની વિવિધ રચનાઓ મુંબઇ લાલબાગના યુવાનોએ સુંદર રીતે કરેલી.

વિધિ-વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલા સંગીતમાં શંખેશ્વરવાળા દિલીપભાઇ ઠાકુર પધારતા સારી જમાવટ થઇ હતી કા. વદ ૪ ના સવારે પૂ. શ્રી સહ પરિવાર અત્રેથી વિહાર કરી બ્રાહ્મણવાડાજી તીર્થ પધાર્યા છે ત્યાં માગશર સુદ ૩ ના ઉપધાન માળારોપણ છે.

પૂ. શ્રી રાણકપુર સંઘ તથા જીરાવલાજી થઇ મહાસુદ ૧૩ સાબરમતી અમદાવાદ પધારશે.

'કુલ ગયું ફોરમ રહી' સાબરમતીના સુશ્રાવક શ્રી પુખરાજજી રાયચંદજી બેઠાવાળા, ઉચ્ચ જીવન જીવી સ્વર્ગે સંચર્યા

તા. ૧૮-૧૧-૯૫ શનિવારે તીર્થભૂમિ શ્રી સાબરમતીમાં ૭૮ વર્ષની વયના તન-મન અને ધનથી જૈન શાસનની અનુપમ સેવા બજાવનાર સુશ્રાવક શાહ પુખરાજજી રાયચંદજી બેઠાવાળાનું આકસ્મિક હૃદયગતિ બંધ પડવાથી થયેલા દુઃખદ અવસાનથી ગુજરાત-રાજસ્થાન-મહારાષ્ટ્ર આદી ગામોના જૈન સંઘો, તેમજ જૈન-જૈનેતર સમાજમાં ઘેરા દુઃખની લાગણી પ્રસરી ગઇ

સ્વ. શ્રી પુખરાજજી જીવદયા અને માનવસેવા તથા જૈનશાસનની અનુપમ સેવાના પ્રખર પુરસ્કર્તા હતા. તેઓશ્રીએ તેમના પરિવારે જૈન દેરાસરો, ભવ્ય અને વિશાળ એવું શ્રી પુખરાજજી રાયચંદજી આરાધના ભવન સાબરમતી ઉપાશ્રયો, ગુરૂમંદિર, હોસ્પીટલ અને શિક્ષણ

સંસ્થાઓ તથ પાઠશાળાઓમાં ઉદાર સખાવતો કરી છે. તેઓનું સમગ્ર જીવન ધર્મ આરાધના શ્રી શત્રુંજય તીર્થનો છ'રી-પાલીત સંઘ, નવ્વાણું યાત્રા, વિશસ્થાનક તપ, વરસી તપ, નિત્ય સેવા પુજા તેમજ સામાયિક પ્રતિક્રમણ અને સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ તથા સાધર્મિક ભક્તિથી ભરપુ: તેમનું જીવન હતું. જીવનના અંતિમ કાળ સુધી દેવ–ગુરૂ અને ધર્મની ભક્તિમ. સદેવ તત્પર રહી 'અરિ-હંત અરિહંત' ના મંગલમયી શબ્દો સ્વ-મુખે ઉચ્ચારી તેઓએ આ નશ્વરદેહનો સાંજના ૪–૪૫ વાગે ત્યાગ કર્યો હતો. નવી પેઢીમાં ધાર્મિક જ્ઞાન અને સંસ્કારોનું સિંચન કરવા માટે પાઠશાળાની સ્થાપના અને પ્રગતિમાં તેઓએ ઉદાર ફાળો આપ્યો છે. જન્મભૂમિ રાજસ્થાનના પાલી જીલ્લાના બેડા ગામમાં તેઓશ્રીએ ઉત્તમ સખાવતો કરી હતી. પ્રતાપી પિતાના ભાગ્યશાળી પુત્રો શ્રી ઇન્દ્રમલજી, શ્રી ચંપકલાલજી, શ્રી દિનેશકુમાર શ્રી રોહિતકુમાર અને શ્રી અશ્વિનકુમાર પણ પિતાના પગલે શાસનની સુંદર સેવાઓ બજાવી રહ્યા છે.

ધુપસળી સળગી ગઇ જીવનની સુવાસ પ્રસરાવીને, દીપક બુઝાઇ ગયો પ્રકાશ રેલાવીને, પુષ્પ કરમાઇ ગયું. સૌરભ ફેલાવીને જનાર તો જતા રહ્યા, સદ્‌ગુણ એના સાંભળે.

શ્રી વીર પરમાત્મા સ્વ. શ્રી ના અમર આત્માને શાશ્વત શાંતિ આપો એજ અભ્યર્થના.

શ્રી ગઢસિવણા (રાજ.) નગરથી શ્રી જૈસલમેર મહાતીર્થ છ'રી પાલિત પદ યાત્રા સંઘ.

પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતોને હાર્દિક આમંત્રણ.

પાવનનિશ્રા–સિધ્ધાંત મહોદધિ. સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂરિ મ.ના શિષ્ય પૂ. પન્યાસપ્રવર શ્રી કુલચન્દ્રવિજયજી મ. તથા પૂ. ગણિવર શ્રી નિપુણચંદ્ર વિ. મ. આદિ

મંગલ–પ્રયાણ મહા સુદ–૭ શુક્રવાર તા. ૨૬–૧–૯૬. પૂર્ણાહુતિ ફાગણ સુદ–૪ ગુરૂવાર તા. ૨૨–૨–૯૬.

સંપર્ક તપા ચૌમુખ મંદિર સંઘ ગઢસિ-વાણા–૩૪૪૦૪૪ જી. બાડમેર (રાજ.)

થાણા–અત્રે નવપાડામાં પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. પૂ. આ. શ્રી વિજય-રાજશેખર સૂ. મ. પૂ. આ. શ્રી [redacted] શેખર સૂ. મ. આદિની નિશ્રામાં માગશર સુદ ૧૫ થી ઉપધાન શરૂ થયેલ છે ૭ ભાઇઓ અને ૭૦ બહેનો કુલ ૭૭ ની સંખ્યાથી આરાધના સુંદર ચાલે છે મહા સુદ ૫ ને તા. ૨૪–૧–૯૬ ના માળ મહોત્સવ છે તે નિમિતે પંચાન્હિકા મહોત્સવ વિ. નુ આદિનું આયોજન થયેલ છે.



- સાધુઓએ અર્થ– કામનો ત્યાગ કર્યો છે, શ્રાવકો તે બેનો ત્યાગ કરવાનો અભ્યાસ કરે છે, સમકિતી જીવો તે બેનો ત્યાગ કરવાની લાલસા રાખે છે. અને માર્ગાનુસારી જીવો તે બે અનીતિથી મળતા હોય તો તેને ઝેર જેવા માને છે.
- જેનું હૈયું ન સુધરે તે ગમે તેટલું ભણો તોય ભયંકર થાય. પોતે ય ડુબે અને બીજા અનેકનેય ડુબાડે.
- જ્યાં સુધી અર્થ–કામ ભૂંડા ન લાગે, અનુકૂળતા પર દ્વેષ ન જાગે, પ્રતિકૂળતા પર રાગ ન થાય ત્યાં સુધી કોઈનો નિસ્તાર થાય નહિ.
- જગતમાં કોઈપણ પાપ થાય છે તેના મૂળમાં અર્થકામ જ છે. તે બે પર ગુસ્સો ન આવે તે જૈન થવા લાયક નથી. અને તે બે માટે ખોટું કામ કરવું પડે અને ગુસ્સો ન આવે તે આર્ય કહેવરાવવા પણ લાયક નથી.
- જન્મેલાને દુનિયાનું સુખ અને સુખ સામગ્રીની જરૂર પડવાની પણ તે ચીજો ભ�ૂંડી છે. તેમ માને તે ધર્મ પામવા માટે લાયક છે.
- જૈન જાતિ– કુળમાં જન્મે તે જૈન નહિ પણ ઘર–બાર, પૈસા–ટકા, કુટુંબ–પરિવારાદિ છોડવા જેવા છે. એમ માને તે જૈન !
- અન્યાયથી પૈસા કમાનાર, મળે તો મૂછ પર હાથ ફેરવનાર મોટા થઈને ફરનારા જૈન તો નથી પણ આર્ય પણ નથી.
- જેને મોક્ષની ઈચ્છા હોય તે આર્ય કહેવાય, જેને મોક્ષની જ ઇચ્છા હોય તેને જૈન કહેવાય.
- કશું છૂપાવવા જેવું જેની પાસે ન હોય તે માર્ગાનુસારી !
- જેને દુર્ગતિમાં ન જવું હોય અને સદ્‌ગતિમાં જવું હોય તેને પોતાનું જીવન બદલવું પડે. જીવન બદલવું તેનું નામ જ સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાપણું !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું.

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

જીવ એકલો આવ્યો ને એકલો જવાનો છે.

गृहं सुहृत्पुत्रकलत्रवर्गो,
धान्यं धनं में व्यवसायलाभः ।
कुर्वाण इत्थं नहि वेत्ति मूढो,
विमुच्च सर्वं व्रजतीह जन्तुः ।।

મનુષ્ય એમ જાણે છે કે– આ ઘર, મિત્ર, પુત્ર, સ્ત્રી પરિવાર ધન–ધાન્ય આદિ સઘળાય મારા ઉદ્યોગની કમાણી છે. પણ તે મૂઢ સમજતો નથી કે આ સર્વે અહીં મૂકીને જ પ્રાણી પરલોકમાં એકલો જાય છે.

વર્ષ ૮

અંક ૧૯

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા,

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા– જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તથાકે ધર્મદાતા પરમોપકારી પૂ બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલક વિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાન્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા. ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર- ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મુ. ભાભર,, તા. દીયોદર જી. બનાસકાંઠા ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન ન ૮૪૨૬૯૭૧

ભારતદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોદાજી ગુજરા (ભુવડી)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (ચકવાળા)
ચાંદાચંદ પદમશી મુકીમ (થાણાગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ પોષ સુદ-૧૨ મંગળવાર તા. ૨-૧-૯૬ [અંક ૧૯

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૧ ને મંગળવાર, તા. ૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ -૬. (પ્રવચન ૭ મું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના— -અવ૦)

પ્ર૦-સામાયિકમાં હવાવાળી ઠંડકવાળી જગ્યાએ બેસે તો જાપ ધ્યાન સારૂં થાયને ?

ઉ૦-સામાયિકના કાળમાં હવા આવવી જ જોઇએ, હવા ન આવે તો પોતે રૂમાલાદિથી પંખો નાંખે તો તેનું 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' તે પચ્ચક્ખાણ કયાં રહ્યું ? હવાની જગ્યામાં બેસાય તો નહિ. હવા ન આવે તો કહે કે, હવા જ બંધ થઇ ગઇ.

સંસારના સુખનો ભુખ્યો જીવ ધર્મ સાચો કરતો જ નથી. તપમાં પારણાની ચિંતા કરો તો ય પાપ લાગે તે ખબર છે ? તપ કરનારાને આવાની ઇચ્છા ન થવી જોઇએ. ઉપવાસાદિમાં પારણાની ચિંતા કરે તો ય દોષ લાગે. આજે તો ઉપવાસ કરનારો મોટો ભાગ આગળ – પાછળ બધું બરાબર ગોઠવીને કરે છે. તેનો ઉપવાસ ઉપવાસ નથી રહેતો. તે તો ઉપવાસ બગાસા આઇ આઇને ઊંધી ઊંધીને પૂરો કરે છે ઘણીવાર ઉત્તર પારણામાં એવું ઠોકે કે ઉપવાસમાં માંદો પડે. સંસારના સુખનો અર્થી બન્યો તે મર્યો સમજો.

આ સંસારનું સુખ મળે પુણ્યોદયથી પણ તેની ઈચ્છા શાથી થાય ? પાપોદયથી. અને તે પાપ. તેને મેળવવાની મહેનત કરવી તે ય પાપ અને તેનાથી પાપ જ બંધાય છે આ વાત બરાબર સમજાય છે ? સંસારના સુખમાં મજા કરતો કરતો મરે તો તે મરીને ક્યાં જાય ? જે ચક્રવર્તિઓએ ચક્રિપણાને મરતા સુધી ન છોડયું તે બધા નરકે ગયા. સાધુવેષમાં રહેલા પણ જો સંસારના સુખના ભુખ્યા બને તે તે ય નરકાદિ દુર્ગતિમાં જાય છે. સંસારના સુખમાં રાચીમાચીને મજા કરનારા, દુઃખના કાયર ધર્મ પામવા લાયક નથી. અનંતીવાર ધર્મ કરે તો ય તે ધર્મ પામે નહિ. બાલવી સારામાં સારું નિરતિચાર એક પણ દોષ ન લાગે તેવું સાધુપણું પાળે છે. પણ તે મોક્ષને માનતો નથી. તેને સંસારનું સુખ જ જોઇએ છે. તેથી તે ધર્મના પ્રતાપે સુખ મળ્યા પછી ગાંડો જ થાય. અધિકને અધિક તે સુખ મેળવવા પાપ કર્યા જ કરે અને મળેલું તે સુખ મજેથી ભોગવે અને પછી દુર્ગતિમાં ચાલ્યો જાય. અભવી જીવો નવમું ગ્રૈવેયક પામ્યા તે યાદ છે પણ તે પછી દુઃખી થયા, કેટલો કાળ સંસારમાં કાઢયો તે યાદ છે ?

માટે જ આ આચાર્ય મહારાજ સમજાવી આવ્યા કે મોક્ષના સુખ વિના બીજું સુખ જ નથી. સંસારના સુખે સુખી તો મહાદુઃખી છે. સંસારમાં તો દુઃખ હોય જ શ્રી કૃષ્ણજીને આઠ મુખ્ય પટ્ટરાણીઓ હતી. બધાના મન રાખવા પડે. જ્યારે તેઓ એકની પાસે જાય તો તે બીજી બધીના દોષ ગાયા કરે. છતાં તેઓ સમજતા કે સંસાર તો આવો જ હોય. એકની વાત બીજીને નહોતા કહેતા. ક્ષાયિક સમકિતી છતાં નિયાણું કરીને આવેલ સમકિત પામતા પહેલા આયુષ્ય બંધાયેલ માટે નરકે ગયા. ધર્મના ફળ તરીકે સંસારનું સુખ માગે તો તે ધર્મ તેની આબરૂ ખાતર સુખ આપે પણ ધર્મ ભાગી જાય. તે સુખના કાળમાં એવાં એવાં પાપ કરે કે મરીને દુર્ગતિમાં જ જાય.

આજે તમે મજેથી જીવી શકો તેટલું તમારી પાસે છે તે છતાં તમે દુઃખી હો તો તે બીજા કરતાં તમારી પાસે ઓછું છે તે જ દુઃખ છે. તમારી પાસે આજીવિકા હોવા છતાં વેપારાદિ કેમ કરો છો ? હજી અધિક જોઇએ છે, બંગલો મોટો કરવો છે. મોટર વસાવવી છે માટે. આજના મોટા શ્રીમંતને મંદિરે જવાનો, સાધુ પાસે જવાનો ટાઇમ નથી. કદાચ ભૂલથી અહીં આવી ગયો તો ઘડિયાળ જોયા કરે. ટાઇમથી વધારે થાય તો ઊઠીને ચાલવા ય માંડે કોઇ બોલાવવા આવે તો વચમાંથી ઊઠીને ય જાય તેવા છે ને ? તમે વ્યાખ્યાનમાં બેઠા હો ને ગમે તેવા સમાચાર આવે તો જાવને ? એટલે તમને સમજાય છે ને કે– ઘણાએ ભૂતકાળમાં ધર્મ કરેલો પણ સંસારના સુખ માટે જ કરેલો ! જો જીવ પોતે સમજી જાય તો ડાહ્યો થઇ જાય. (ક્રમશઃ)

નિદાન એટલે શું ?

—પૂ. આ. શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

દેવિંદ ચક્કવટ્ટિત્તણાઇ-ગુણરિદ્ધિપત્થણમઇયં ।
અહંમ નિયાણચિંતણ-ગુણ્ણાણગયચ્ચંતં ॥૯૦॥

અર્થ : દેવેન્દ્ર અને ચક્રવર્તીના ગુણ અનેવિભૂતીની પ્રાર્થના સ્વરૂપ જે અધમ-નિયાણું કરવું તે (અત્યંત અજ્ઞાનથી અનુગત ચિત્તવાળું જે ધ્યાન તે) આ નિયાણું સ્વરૂપ ચોથું આર્ત્તધ્યાન છે.

સુખો મેળવવા માટેનો ધંધો નુકસાનનો છે ?

સંસારના સુખની અભિલાષાને અંતરમાંથી દેશવટો દેવા માટે ધર્મની આરાધના જ્ઞાનીઓએ ઉપદેશેલી છે. અંતરમાં સુખની લાલસાની સળગતી સગડી ચાલુ હોય; એને જે મેળવવાની તમન્ના હોય એ જીવ સુંદર ધર્મસાધના કરી શકતો નથી.

સંસારની સમસ્ત કામનાઓને દુર કરવા માટે જ ધર્મની આરાધના કરવાની છે વસ્તુ મેળવવા માટે જે ધર્મ સાધના કરે છે એ કદાચ ધર્મના પ્રતાપે કષ્ક મેળવે પણ પરિણામે ધર્મના સુંદર ફળને હારી જાય છે.

દાન–લોકોમાં માન મળે–કીર્તિ મળે નથી માટે આપવાનું.

શીલ–શરીરના સૌષ્ઠવ માટે પાળવાનું નથી.

તપ–લોકો પ્રશંસાના પુષ્પો વરસાવે માટે નથી કરવાનો. ઐહિક એટલે આ ભવના અને આમુષ્મિક–એટલે પરભવના–સુખો માટે જે ધર્મ કરે છે તે નુકશાનનો ધંધો આપણને પાલવે નહિ.

ધનના મોહને ઉતારવા દાન દેવાનું છે.

વાસના અને વિકારોથી બચવા શીલ પાળવાનું છે.

આહાર સંજ્ઞાને કાબૂમાં રાખવા તપ કરવાનું છે.

આ સિવાયની ભાવનાથી–(સુખો મેળવવાની ઇચ્છાથી) ધર્મ કરવા તે નુકશાનનો ધંધો તમે કરો તો તે સહ્ય ગણાય ખરૂં ?

સભા૦ આજ સુધી ધર્મ, સુખો મેળવવા કર્યો એમ લાગે છે ? માટે તો ભવને પેલે પાર પહોંચી શકયા નથી. સમુદ્રમાં પેલે પાર જવા સ્ટીમરમાં બેસો પણ એ જ

સ્ટીમરમાં 'કાણું' પાડવાની યોજના અમલમાં મુકો તો તમારું શું થાય ? છેક સમુદ્રના તળિયે જ જઇને બેસી જાઓ ને ? થોડીવાર સહેલગાહ કરી એટલું જ.

ધર્મની નાવમાં બેઠા પછી આ ભવ અને પરાભવનાં સુખો મેળવવા સ્વરૂપ કાણાં નાવમાં પાડો છો, પછી ભવને પેલે પાર નહિ પહોંચી શકાય.

સુખની ઇચ્છા વિનાનો ધર્મ તારે ?

ધર્મની આરાધના ફળની આકાંક્ષા વિના કરવી જોઇએ. આ ભવમાં કે પરભવમાં મને સુખો મળે–સારો અવતાર મળે એ આશા વિના ધર્મની આરાધના કરવી જોઇએ. ગીતાકારે પણ એ જ વાત કહી છે.

કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન.

કર્મ કરવામાં તારો અધિકાર છે, ફળમાં તારો અધિકાર નથી.

અજ્ઞાની જીવ જ ધર્મ કરતાં સંસાર સુખની ઇચ્છા કરે.

જ્ઞાની તો આત્મકલ્યાણની કામના સાથે જ ધર્મ સાધના કરતો હોય છે.

અજ્ઞાનથી અંધ થયેલા મનુષ્યો સ્ત્રીના હાવભાવ અને અધમ અંગોમાં આસક્ત ચિત્તવાળા કામ ભોગમાં અને ધન–વૈભવ વગેરે ઉપાર્જન કરવામાં તન્મય બનતા ફેળવે છે. વિદ્વાન પુરૂષોનું મન તો મોક્ષની આકાંક્ષાથી ભરપૂર હોય છે. નાનકડા–કાંડ સાથે હાથી કદી પોતાના શરીરને ઘસાવા ઇચ્છતા નથી.

સુખ–ભોગની આકાંક્ષાથી કરાતો ધર્મ ભવોભવમાં મારે. મોક્ષની ઇચ્છાથી થતી ધર્મ સાધના આત્માને ઉગારે. ધર્મીજનો થોડા સમય માટે સુખ આપનાર વૈભવને કદી ઇચ્છતા નથી.

ધર્મમાં નિયાણું કરવાનો બરોબર નિષેધ છે. ધર્મ દ્વારા સુખભોગ મેળવવા માટેનો મનનો દૃઢ નિર્ધારરૂપ નિયાણું ચોથું આર્ત્તધ્યાન છે. જે સર્વથા છોડવા જેવું છે.

વો સાધુ–વો શ્રાવિકા

એક માસોપવાસી મુનિ ઉત્તમ ધર્મ આચરણ કરનાર એક શ્રાવિકાને ત્યાં ગોચરી વહોરવા પધાર્યા. એ દિવસે એમને માસક્ષમણનું પારણું હતું. શ્રાવિકાએ કોઇપણ જાતની અપેક્ષા વિના મુનિને ગોચરી વહોરાવી. મુનિના તપ તેજના પ્રતાપે સોનૈયાની વૃષ્ટિ થઇ. આ જોઇ બાજુમાં રહેનાર એક વેશ્યા નિશ્ચય કરે છે, આવા મુનિને લાડવા વહોરાવવાથી સોનૈયા મળે. બહુરૂપીએ આ દૃશ્ય જોયું ને વિચારે છે, આવો સાધુનો વેશ પહેરવાથી માલ મિષ્ટાન્ન મળે. હવે પૂછવાનું શું રહ્યું. બહુરૂપીએ બરાબર સાધુનો વેશ સજ્યો.

(અનુ. પેજ ૧૦૩ ઉપર)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૦]

૩-અથ પવ્વજ્જાગહણવિહિસુત્તં ॥

ધર્મગુણોનો અંગીકાર કરવાની શ્રદ્ધા પેદા થયા પછી શ્રાવકપણાનો અણુવ્રતાદિ વ્રતોને ગ્રહણ કરીને સાધુધર્મને સ્વીકારવાની યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ તે વાત દ્વિતીય સૂત્રમાં સમજાવી આવ્યા.

જે જીવ સાધુપણાને માટે જ તરફડતો હોય તેનું નામ જ સાચો શ્રાવક છે.

'સર્વવિરતિલાલસઃ અલુદેશવિરતિપરિણામઃ'

અર્થાત : સર્વવિરતિની તીવ્ર ઇચ્છાવાળાને જ દેશવિરતિનો પરિણામ હોય છે.

તેથી સાધુ થવાની યોગ્યતા પ્રાપ્ત કર્યા પછી શું કરવું જોઈએ તે સમજાવવા માટે આ ત્રીજા પ્રવ્રજ્યા ગ્રહણવિધિ' નામના સૂત્રનો પ્રારંભ કરે છે.

પરિભાવિએ સાહુધમ્મે જહોદિઅગુણે જહજ્જા સમ્મમેઅં પડિવજ્જિજ-ત્તએ અપરોવતાવં । પરોવતાવો હિ તપ્પડિવત્તિવિગ્ઘં, અણુપાઓ ખુ એસો, ન ખલુ અકુસલારંભઓ હિઅં । અપ્પડિબુદ્ધે કહિંચિ પડિબો-હિજ્જા અમ્માપિઅરે । ઉભયલોગસફલં જીવિઅં । સમુદાયકડા કમ્મા સમુ-દાયફલત્તિ । એવં મુદીહો અ વિઓગો અણણુહા । એગરુક્ખનિવા-સિસઉણુતુલ્લમેઅં । ઉદ્દમો મચ્ચ પચ્ચાસણ્ણો અ । દુલ્લહં મણુઅત્તં સમુદ્દપડિઅરયણુલાંભતુલ્લં । અઇપ્પભૂઆ અણેભવા દુક્ખબહુલા મોહંધ-યારા અકુસલાણુબંધિણો અજુગ્ગા સુદ્ધધમ્મસ્સ । જુગ્ગં ચ એઅંપોઅ-ભૂઅં ભવસમુદ્દે । જુત્તં સક્કજ્જે નિઉંજિઉં સંવરદ્ધ ઇ અછિદ્દં નાણુકણણુ-ધારં તાવપવણજવણું । ખણે દુલ્લહે સવ્વકજ્જનેવમાઇએ સિદ્ધિ સાહગધમ્મ-સાહગત્તેણ । ઉવાદેઆ ય એસા જીવાણું, જં ન ધમીએ જમ્મો, ન જરા, ન મરણું, ન ઇટ્ઠવિઓગો, નાણિટ્ઠસંપઓગો, ન ખુહા, ન પિવાસા, ન અણ્ણો કોઇ હોસો, સવ્વહા અપરતંતં જીવાવત્થાણું અસુભરાગાઇરહિઅં સંતં સિવં અવ્વાબાહં તિ ॥

સાકુધર્મની ભાવના થવાથી સંસારથી વિરક્ત, સંવિગ્નમોક્ષમાં જ અનુરક્ત–, સર્વત્ર મમતા રહિત, કોઇને પણ પીડા ન થાય તેમ વર્તનારો તેથી જ વિશેષ વિશેષ વિશુધ્ધ થતા પરિણામથી યુક્ત એવા ગુણવાળો થઇ; માતા–પિતા, વડિલાદિ કોઇને પણ જરાપણ દુઃખ ન થાય તેમ વિધિ પૂર્વક સમ્યક્ ચારિત્ર ધર્મનો સ્વીકાર કરવા માટે યત્ન કરે. પરોપતાપ એ ચારિત્ર ધર્મને અંગીકાર કરવામાં વિઘ્નરૂપ છે. તેથી એ પરોપતાપ, ધર્મનો સ્વીકાર કરવામાં ઉપાયભૂત નથી. કેમકે, પરોપતાપ એ અકુશલ આરંભરૂપ છે અને અકુશલ આરંભથી કયારે પણ સાચું હિત થાય જ નહિ. એટલે કે ધર્મનો સ્વીકાર કરવામાં પરોપતાપ કરવો તે જ અકુશલ આરંભ છે અને તેના વિના મોટે ભાગે બીજું વિઘ્નભૂત સંભવી શકતું નથી.

જો પરોપતાપને આગળ ધરવામાં આવે તો કયારે પણ કોઇ જીવ પોતાનું સાચું આત્મહિત સાધી શકશે જ નહિ. તેથી તે પરોપતાપને દૂર કરવા માટે કહે છે કે– કોઇપણ પ્રકારે કર્મની વિચિત્રતાને લીધે માતા–પિતાદિ જો પ્રતિબોધ ન પામ્યા હોય તો પ્રથમ તેમને પ્રતિબોધ પમાડવા જોઇએ. જો કે મોટે ભાગે મહાસત્ત્વશાળી એવા જીવોના માતા–પિતાદિ ધર્મ સમજેલા જ હોય છે. છતાં ય કર્મની વિચિત્રતાથી તેઓ પ્રતિબોધ ન પામ્યા હોય તો અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ પ્રતિબોધ પમાડવા કહેવું કે–

" હે માતા–પિતા ! આ મનુષ્યભવનું જીવિત ઉભયલોકમાં સફળ થાય તો જ પ્રશંસા કરવા લાયક બને છે. તથા સમુદાયે કરેલાં–બધાએ ભેગા થઇને કરેલાં શુભ કર્મો બધાને સાથે જ ફળ આપનાર થાય છે. જો આપણે બધા સાથે મળીને શુભ કર્મો નહિ કરીએ તો આ સંસારમાં ભવોની પરંપરા વડે આપણા બધાનો લાંબા કાળનો વિયોગ થશે. અર્થાત એક વૃક્ષ ઉપર રહેનારા પક્ષીઓની સમાન આપણું ચેષ્ટિત થશે. કહ્યું છે છે–"એક વૃક્ષ ઉપર રાત્રે આવીને નિવાસ કરતાં અને પ્રાતઃકાળે ઉડીને જતા રહેતા પક્ષીઓની જેમ આ સંસારમાં જીવોનો સંયોગ થાય છે."

આ જ વાતને વધુ સ્પષ્ટ કરતાં કહે કે– "મૃત્યુ ભયંકર છે, આયુષ્ય પૂર્ણ થયે બુદ્ધ શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ તેને એક ક્ષણ પણ રોકી શકવા સમર્થ નથી, વળી આ કાળમાં તો જીવોના આયુષ્ય અલ્પ હોવાથી આપણી નજીકને નજીક રહેલું છે. શાસ્ત્રે આ મનુષ્યભવને ફરીથી મળવો અતિ દુર્લભ કહ્યો છે. સમુદ્રમાં પડી ગયેલું ચિંતામણિરત્ન મળવું દુર્લભ છે–કદાચ દેવની સહાયથી તે રત્ન મલી પણ જાય. જયારે એકવાર આ મનુષ્યભવ હારી ગયા પછી તો કયારે ફરી આવી ધર્મસામગ્રીવાળો મળે તે કહેવાય નહિ. વખતે અનંતોકાળ પણ નીકળી જાય માટે આ ભવ મહા દુર્લભ છે. મનુષ્યભવ વિના બીજા પૃથ્વીકાયાદિ ભવોમાં જ જીવનો મોટો ભાગ પસાર થયો છે.

કેમકે ત્રસપણાની કાયસ્થિતિ બે હજાર સાગરોપમની છે. જ્યારે પૃથ્વીકાય-અપ્કાય, તે ઉકાય અને વાઉકાયની કાયસ્થિતિ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી છે અને વનસ્પતિ પણાની કાયસ્થિતિ અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી છે. તે અંગે કહ્યું પણ છે કે–

"અસંખોસપ્પિણિ-સપ્પિણિઓએગિન્દિયાણ ઉ ચઉણ્હં ।
તા ચેવ ઉ અણુંતા, વણસ્સતીએ ઉ બોધવ્વા ।।

આ બધા જ ભવો અત્યંત દુખવાળા, ઉત્કૃષ્ટ અશાતા વેદનીયવાળા, ગાઢ મોહાંધકારવાળા–જેમાં જીવની સાચી ચેતના જ નષ્ટપ્રાયઃ હોય છે એવા અને સ્વાભાવિક રીતે જ અસત્ પ્રવૃત્તિઓ જેમાં બહુલતયા હોવાથી અશુભકર્મોનો જ અનુબંધ કરાવનારા હોય છે. તેથી જ તે બધા ભવો સમ્યક્ચારિત્રરૂપ શુદ્ધ ધર્મને પામવાને-કરવાને માટે અયોગ્ય છે. જ્યારે એક મનુષ્યપણું જ સમ્યક્ચારિત્ર રૂપ ધર્મ પામવાને અને આરાધવાને માટે યોગ્ય છે.

મનુષ્ય જન્મ એ પાપનું અને દુઃખનું નિમિત્ત હોવા છતાં ય આ મનુષ્ય જન્મને દશ દૃષ્ટાન્તે દુર્લભ કહ્યો છે. કેમકે મોક્ષની સાધના માટે જરૂરી એવું સાધુપણું. આ મનુષ્ય જન્મ વિના બીજા એક પણ જન્મમાં મળી શકતું જ નથી માટે.

(અનુ પેજ ૫૦૦ નું ચાલુ)

વેશ્યાએ ઘીથી લચપચતા લાડવા તૈયાર કર્યા. યોગાનુયોગ પેલો બહુરૂપી વેશધારી સાધુ વેશ્યાને ત્યાં ધર્મલાભ આપી પહોંચી ગયો.

પાત્રમાં લાડવા પડવા માંડયા. લાડવા મૂકતી જાય છે અને વેશ્યા ઉંચે જોતી જાય છે. છેલ્લો લાડવો હાથમાં જ રહી ગયો, અને આકાશ સામે તાકી જ રહી. પેલો બહુરૂપી એના ભાવને પારખી ગયો... એનાથી ન રહેવાયું છેવટે એ બોલ્યો.

વો સાધુ વો શ્રાવિકા મે ભૂવા તે ભાંડ મારા તારા ભાગ્યથી પથ્થર પડેશે રાંડ.

ઉંચે જોઈશ નહિ કદાચ દેવતા કોઇ આવશે તો પણ મારા તારા ભાગ્યથી પથરા જ પડવાના છે... ધર્મ માર્ગમાં આવી જ ફળની ઇચ્છા અંતરમાં બેઠી હોય તો કલ્યાણકાર માર્ગને કઈ રીતે મેળવી શકાય?

માટે જ આ ભવમાં કે પરભવમાં દેવેન્દ્રો ચક્રવર્તીઓની ઋદ્ધિ અથવા રૂપગુણ મેળવવા માટે કરાતા ધર્મથી આત્મકલ્યાણ થઇ શકતું નથી. નિયાણાનો વિચાર એ જ આર્ત્તધ્યાનનો ચોથો ભેદ છે. એનો ત્યાગ કરવાથી આત્મહિત સાધી શકાય છે.

('રખેવાળ' ૩-૧૦-૬૫ માંથી)



પ્યારા ભૂલકાંઓ,

તમારી બાલવાટિકા દિવસે-દિવસે આગળ વધી રહી છે. અવનવી સામગ્રીઓ લઈને ઉપસ્થિત થતી બાલવાટિકા તમને ખુબ જ ગમે છે. તમારા પ્રશંસાના પુષ્પોની મહેક સુંઘીને આનંદ થાય છે.

અનેક ભૂલકાંઓ તથા વડિલોના શુભાભિલાષાથી આ બાલવાટિકા દિનપ્રતિદિન આગળ વધી રહી છે. તેમાં તમારા સૌનો ફાળો ઘણો મોટો છે. તમારા લખાણો નથી છપાતા તે બદલ તમને ક્ષોભ થાય છે તે હકીકત છે પરંતુ,

મારૂં ધ્યેય તમને સંસ્કારોનું સિંચન કરવાનું છે, સિંચન થાય તેવું હળવું જ્ઞાન થોડીક જગ્યામાં મારે પિરસવાનું છે. ધર્મના હળવા તત્ત્વો પીરસવા માટે હું જાગૃત રહું છું. છતાં પણ તમારી ભાવનાને ન્યાય અપાશે. તમારી રૂચિ પ્રમાણે લખાણો પીરસાશે.

હવે આ બાલવાટિકામાં તમને શું ગમ્યું ? શું ન ગમ્યું તે મને જણાવશોને ?

તમારા તત્ત્વથી ભરેલા બોધદાયક ટૂંકા લખાણો મોકલવા ભલામણ છે. જો જો ભૂલાય નહી. —લિ. રવિશિશુ, (૧૦. જૈન શાસન કાર્યાલય.

આજનો વિચાર

શરીર ચાલે શ્વાસથી...
કુટુંબ ચાલે વિશ્વાસથી...

શોધખોળ

સંયમ લેવા જેવું છે.

(૧) સંપ્રદાય (૨) યત્ના (૩) મરત (૪) લેણાણુ (૫) વાંયુ (૬) જેયેષ્ઠ (૭) ગુમાન (૮) છેડો.

યતિન ઓ. શાહ
હલોલ

હાસ્ય દરબાર

શિક્ષક : અલ્યા, અંકિત ઉભો થા !

અંકિત : (બેઠાં બેઠાં) કેમ સાહેબ !

શિક્ષક : (આંખ લાલ કરતાં) આંધળો કાંઇ જોઇ શકે ખરો ?

અંકિત : (ઉભો થતાં) હા જી, તે જોઇ શકે

શિક્ષક : તો બોલ જલ્દી

અંકિત : સાહેબજી તે ઉંઘમાં પણ સ્વપ્ન જોઇ શકે છે.

(આનું નામ-વિપરીત બુદ્ધિ)

મનીલ વાય. ચોરડિયા
(ખેતવાડી)

મીઠાસ

આંખોની મીઠાશ છે-કરૂણા અને વાત્સલ્ય
વચનની મીઠાસ છે-બધાને શાતા ઉપજાવે
વર્તનની મીઠાસ છે-કોઇને દુઃખ ન થાય
તેવો વ્યવહાર

સાગર એ. શાહ

કથાનક

ચેતજો ગુલાંટવીરોથી (!)

એક શહેર હતું. પદ્મશેખર નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા સુખી અને સંતોષી હતો પ્રજા પણ તેને અનુસરનારી હતી. પ્રજાને સુખી અને સંતોષી જોઈ રાજા આનંદિત થતો.

એક વખત આ શહેરમાં એક સરકસ આવ્યું. સરકસમાં જોડાયેલા કલાકારો અવનવા ખેલ બતાવીને લોકોના મનનું મનોરંજન પૂરું પાડતા હતાં, ચારે અને ચૌટે થતી પ્રશંસાના પુષ્પો વેરાવા લાગ્યા તેની રજકણો ઉડતી ઉડતી રાજસભામાં પહોંચી. પુષ્પોની મહેક માણતાં એક સજ્જને રાજાજી આગળ સરકસના કલાકારોની પ્રશંસા કરી, કલાકારોની કળા જોવાનું મન રાજાને થઈ ગયું. સમય પારખું મંત્રીશ્વરે સઘળો બંદોબસ્ત કરી, રાજાને સરકસના ખેલ જોવા લઈ ગયો.

સરકસનો એ ગુલાટવીર, ઉંચે ઉંચેથી ગુલાંટ ખાય. કે રાજા અને પ્રજા ખુશખુશાલ થઈ જાય, તેની કળા પર આફરીન બની ગયા.

હે ગુલાંટવીર ! આપણા રાજ્યમાં આવો, હું તમને મોટી પદવી આપું. મારા મંત્રીઓ સાથે બિરાજો !

ગુલાંટવીર બોલ્યો ! મહારાજ, આપ એકવાર ઝુલા ઉપર જશો ?

શું કામ' રાજાએ પૂછયું.

ઉપર જઈને મારો એક ગુલાંટ નીચે. ગુલાંટવીરે રાજાને કહ્યું.

રાજા હસવા લાગ્યા તેઓ બોલ્યા, અરે દોસ્ત, મને ગુલાંટ ખાતાં આવડતી હોત તો જોઇતું તું જ શું' એ તો તારું કામ, હું ગુલાંટ ખાવા જાઉં તો મારા હાડકાંય ખોખરા થઈ જાય.

ગુલાંટવીર કહે, મહારાજ ! તો એ જ વાત મારી બાબતમાં પણ સમજશો. મારૂં કામ ગુલાંટ ખાવાનું, જો રાજગાદીએ બેસી રાજ કરવા જાઉં તો કયાંય આખું રાજ્ય જ ગુલાંટ ખાઈ જાય, માટે આપની કૃપા જ બસ છે.

બાકી મને તો મારી ગુલાંટ ખાવા દો. રાજા તો તેની વાત સાંભળી ઓર ખુશ થયાં. મોટું ઇનામ આપી રાજી કર્યો !

ભૂલકાઓ, અત્યારે આવા ગુલાંટવીરો ઘણાં જોવા મળે છે. તેઓના પરાક્રમોથી અંજાઇ જતા નહી આપણે આપણાં જીવનમાં સ્થિર કરેલ ધર્મકરણીમાં સ્થિર બનજો. ખોટાં પ્રલોભનોથી દુર રહેજો. આ વાત જરા પણ ભૂલશો નહિ.

-ઉપેન્દ્ર અં. શાહ [ઝરૂચ]

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૫૨. મેરા સહારા હૈ તું

"મને પાકકી ખાત્રી હતી કે- સીતા આજ નહિ તો એક દિવસ રામને ચોકકસ ભૂલી જશે. આજે તે રામને ભૂલી જઇને મારી સાથે સંભોગ-ક્રીડા માટે ઉત્કંઠ બની લાગે છે, મોટે મંદોદરી ! હવે તું જલ્દી જા. અને જઈને સીતાને મારી સાથે જે સંભોગની ઇચ્છા હોય તે પૂરી કરવા માટે તું સમજાવ.'

રામચંદ્રજીના દુશ્મન તરફ દૂત તરીકે હનુમાનને મોકલવાનો નિર્ણય કરીને સુગ્રીવે દૂતને મોકલીને હનુમાનને તેડાવ્યા.

સીતાહરણ સંબંધી બધી વાત જાણીને હનુમાને કહ્યું કે-"હે સ્વામિન્ ! રાક્ષસદ્વિપ સહિત આખી લંકાને ઉપાડીને અહીં લઇ આવું ? અથવા તેના ભાઇઓ સાથે જ બાંધીને રાવણને અહીં લઇ આવું ? કે પછી કુટુંબ સહિત રાવણનો તત્કાલ ત્યાં જ સંહાર કરી નાંખીને સીતા-દેવીને વિઘ્ન વિના લઇ આવું ?"

"હે વત્સ ! તું આ બધું જ કરી શકે તેમ છે જ. પરંતુ અત્યારે માત્ર લંકા જઇને સીતાને શોધજે. અને મારી ઓળખની નિશાની માટે મારી આ વીંટી તેને આપજે અને તેનો ચૂડામણિ=મુગટ અહીં લઇ આવજે. અને મારો આટલો સંદેશો આપજે કે-

તારી વિરહની વેદનાથી અત્યંત દુઃખી થયેલા રામ તમારી જ યાદમાં ઝુરી ઝુરીને દિવસો વીતાવે છે. હે પ્રાણેશ્વરી ! મારા વિરહથી વલોવાઇ જઇને તું જીવનનો ત્યાગ કરી ના દઇશ. હવે થોડાં જ સમયમાં લક્ષ્મણના હાથે હણાઇ ગયેલા રાવણને તું જોઇશ.'

રામચંદ્રજીનો આટલો સંદેશો લઇને હનુમાનજીએ કહ્યું-હે પ્રભો ! હું લંકા જઇને પાછો ફરું ત્યાં સુધી આપ અહીં જ રહેજો'. આમ કહીને રામચંદ્રજીને નમસ્કાર કરીને હનુમાન આકાશ માર્ગે લંકા તરફ ચાલ્યા.

રસ્તામાં પોતાનું મોસાળ આવતા પોતાની નિર્દોષ માતા અંજનાને હેરાન-હેરાન કરી મુકવાની વાત યાદ આવતાં નીચે ઉતરીને રોષાયમાન થયેલા હનુમાનને ભયંકર યુદ્ધ કરીને દાદા તથા મામાને જીવતા જ પકડી લીધા પછી બન્નેને નમસ્કાર કરીને પોતાની ભાણેજ તરીકે ઓળખ આપી તેથી ખુશ થયેલા દાદા/મામાને જલ્દી રામચંદ્રજીની સેવામાં મોકલ્યા.

આગળ જતાં દધિમુખ દ્વીપમાં એક મુનિવર અને તેમની નજીકમાં વિદ્યા સાધનામાં તત્પર રહેલી ત્રણ કુમારી કન્યાઓને અગ્નિના ઉપદ્રવમાં ફસાયેલા

જોઇ વિદ્યાબળે જળવૃષ્ટિ કરી તે ઉપદ્રવથી મુક્ત કર્યા રામચંદ્રજી સાથે જ પરણવા માટે મનોગામીની વિદ્યા સાધતી કુમારી ઓને છ મહિને સિદ્ધ થનારી વિદ્યા તત્કાળ સિદ્ધ થઇ.

હનુમાન પાસેથી રામચંદ્રજીના સમાચાર મેળવીને પિતા સાથે ત્રણેય રાજકુમારીઓ રામચંદ્રજી પાસે પહોંચી ગઇ. ભવિષ્યમાં ત્રણેય રાજપુત્રીઓ રામચંદ્રજીની પત્ની બનવાની છે.

(હનુમાને માત્ર સીતાજીને જ રામચંદ્રજીના સમાચાર નથી આપ્યા. પરંતુ ભાવિમાં બનનારી ત્રણ પત્નીઓને પણ રામચંદ્રજીના સમાચાર જણાવ્યા છે.)

હવે ત્યાંથી ઉડીને હનુમાન તદ્દન લંકાનગરીની નજીક આવી પહોંચ્યા. અને દૂરથી ભયંકર કાળરાત્રિ જેવી આશાલિકા વિદ્યાથી સુરક્ષિત લંકા નગરીને જોઇ.

વિકરાળ આશાલિકા વિદ્યા મોઢું ફાડીને હનુમાનનો કોળીયો કરી જવા તૈયાર થઇ અને હનુમાન પોતેજ ગદા સાથે તેના મુખમાં પ્રવેશી ગયા. અને ગદાથી તેને ચીરી નાંખીને હનુમાન બહાર આવ્યા. અને લંકાનગરીના કિલ્લાનો ઘડાના ઠીકરાની જેમ ભાંગીને ભૂકકો કરી નાંખ્યો. આથી સામે આવેલા કિલ્લાના વજ્રમુખ નામના આરક્ષકનો ત્યાં જ વધ કરી નાંખ્યો. તેથી તેની લંકાસુંદરી નામની પુત્રી હનુમાન સાથે યુદ્ધ કરવા લાગી. પણ થોડી જ વારમાં હનુમાનને જોતાં જ કામાતુર બની ગઇ. 'પોતાના પિતાનો હત્યારો ભર્તા થશે' આ વચન કહીને લંકાસુંદરીએ હનુમાનને પોતાનો સ્વીકાર કરવા કહ્યું.

હનુમાને લંકાસુંદરીને પરણ્યા પછી રાત તેની સાથે જ કામક્રીડામાં પસાર કરી. સવારે સુંદર-મૃદુભાષાથી લંકાસુંદરીને પૂછીને હનુમાન લંકામાં પ્રવેશ્યા.

વિભીષણના મહેલે જઇ વિભીષણને કહ્યું કે-જો તમે રાવણના ખરેખર ભાઇ હો તો શુભ પરિણામનો વિચાર કરીને રાવણ પાસેથી અહીં લવાયેલા રામપત્ની સીતાદેવીને જલ્દીથી છોડાવો.

રામચંદ્રજીના પત્નીનું અપહરણ માત્ર આ લોકમાં જ નહિ આવતાં જનમમાં પણ તમારા ભાઇને દુઃખ દેનારૂં થશે. ભલેને પછી તે ગમે તેટલી શક્તિવાળા કેમ ના હોય ?'

વિભીષણે કહ્યું 'હે હનુમાન ! તે કહ્યું છે મેં પહેલાં પણ મારા ભાઇને સીતાદેવીને મુક્ત કરવા કહ્યું જ છે. હજી પણ ફરીવાર કહીશ. એમ કરતાં કદાચ સમજી જાય તો તો બહુ જ સારૂ.''

ત્યાંથી હનુમાન સીધા જ દેવરમણ ઉદ્યાનમાં જ્યાં મહાસતી સીતાદેવી હતા ત્યાં આવ્યા.

અશોક વૃક્ષની નીચે જોયું તો-ગાલ ઉપર વિખરાયેલા વાળવાળા, સતત પડતી અશ્રુધારાથી પૃથ્વીને ભીંજવી દેનારા, હીમથી પીડિત કમલિની જેમ ગ્લાનમુખ કમળવાળા, બીજના ચંદ્રની જેમ કૃશ શરીરવાળા, ઉના નિઃસાસાથી વિધુર થયેલા હોઠોવાળા, 'રામ, રામ'નું જ સતત ધ્યાન ધરતાં, અને મલિન વસ્ત્રોવાળા શીયળની

સુરક્ષા કાજે સતત જાગૃત સીતાદેવી તેના જોવામાં આવ્યા.

અને હનુમાને વિચાર્યું કે- જે મહાસતીના દર્શન માત્રથી જ માણસો પવિત્ર થાય છે. તેવા સીતાદેવીના વિરહમાં ઝુરી ઝુરીને રામચંદ્રજી દા'ડા વીતાવે છે તે તદ્દન યોગ્ય જ છે.

અને આ પાપી લંપટ રાવણ તો રામચંદ્રજીના પ્રતાપથી અને તેના પોતાના હાથે જ કરેલા આ પાપથી વિનાશ જ પામવાનો છે.

ત્યાર પછી વિદ્યાર્થી અદૃશ્ય થઇ જઇને હનુમાને સીતાદેવીના ખોળામાં રામચંદ્રજીની વીંટી નાંખી. અને રામની વીંટી જોતાં જ સીતાદેવી અત્યંત આનંદિત થઇ ગયા.

સીતાદેવીના આ આનંદને જોતાની સાથે જ ત્યાં રહ્યા કરી રહેલી ત્રિજટાએ જલ્દીથી જઇને રાવણને જણાવ્યુ કે- અત્યાર સુધી દુઃખી દુઃખી રહેલા સીતા આજે આનંદમાં દેખાય છે.

અને રાવણ બોલ્યો કે- 'મને પાકકી ખાત્રી હતી કે સીતા આજે નહિ તો એક દિવસ ચોકકસ તે રામને ભૂલી જશે. અને આજે તે રામને ભૂલી જઇને મારી સાથે સંભોગ-ક્રીડા માટે ઉત્કંઠ બની લાગે છે. માટે મંદોદરી! હવે તું જલ્દી જા. અને સીતાને મારી સાથે જે સંભોગની ઇચ્છા હોય તે (વિના સંકોચે) પૂરી કરવા માટે તું સમજાવ.'

અને સીતાદેવી પાસે જઇને પતિની દૂતી બનીને સીતાને લલચાવા માટે વિનીત બનેલી મંદોદરી બોલી કે-'રાવણ પણ ઐશ્વર્ય અને સૌંદર્યથી સમૃદ્ધ છે. અને તું પણ લાવણ્યથી અપ્રતિમ સ્ત્રી છે. પહેલાં ભાગ્ય વિધાતાએ મૂર્ખાઇ કરીને તમારા બેનો યોગ કરી ના આપ્યો. પણ કંઇ વાંધો નહિ હવે તે યોગ થશે. ઉઠ સીતા! આવીને ભજવા લાયક અને તને ઝંખતા તે રાવણને તું સેવ. હું અને બીજી રાણીઓ તો તારી દાસીયો થઇને રહીશું'

સીતાદેવીએ સાફ સાફ શબ્દોમાં સંભળાવતા કહ્યું કે- હે પાપીણી તારા ધણીની નોકરાણી! તારા ધણીની જેમ કાળા મોઢાળી તારૂ મોઢું ય જોવા કયો અભાગીયો રાજી છે? હવે તો તું મને મારા રામની પાસે જ છું તેમ સમજ. શૂર્પણખાના સર્વનાશની જેમ ભાઇઓ સાથે તારા ધણીને હણી નાંખવા માટે સૌમિત્રિને તો હવે તું આવ્યો જ સમજ. ઉઠ પાપણી! ઉઠ હવે પછી (મારી સાથે ફરીવાર તારો ગંધાઇ ઉઠેલો બકવાસ કરવા કરવા આવતી નહિ) તારી સાથે વાત કરવા પણ નથી ઇચ્છતી.'

આ રીતે સતીરત્ના સીતાદેવીએ ત્રણ ખંડના સમ્રાટની સામ્રાજ્ઞીનો રોષાયમાન હરફેરથી ઉધડો લઇ નાંખ્યો.

સીતાદેવીથી તર્જના પામેલ મંદોદરી ક્રોપાયમાન થઇ જઇને ત્યાંથી ચાલતી રહી.

હવે હનુમાન પ્રગટ થયા.

(ક્રમશઃ)

— જ્ઞાન ગુણ ગંગા · —

(ગતાંકથી ચાલુ) —પ્રજ્ઞાંગ

૦ સમવસરણ આગે :

પરમતારક શ્રી તીર્થંકરદેવો જ્યાં ઉપદેશ દેવાના હોય ત્યાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવો એક જોજન લાંબુ, પહોળું ચોરસ અથવા ગોળ સમવસરણ રચે છે.

પ્રથમ વાયુકુમારના દેવો એક જોજન પ્રમાણ પૃથ્વીને વાળી-કચરો કાઢી શુધ્ધ કરે છે. પછી મેઘકુમારના દેવો સુગંધી જળ વૃષ્ટિ કરી ઉડેલી રજ-ધુળને શાંત કરે છે. પછી વ્યંતર દેવો સમવસરણના ભૂતળમાં રત્નની શીલાઓ પાથરે છે તથા છત્ર, ધ્વજા યુક્ત ચાર તોરણો ચારે દિશાએ બાંધે છે. પછી વૈમાનિક દેવો મધ્ય ભાગમાં મણીના કાંગરાવાળો ગઢ રચે છે તેની આસપાસ જ્યોતિષી દેવો રત્નનાં કાંગરા વાળો સુવર્ણનો ગઢ રચે છે. તેની આસપાસ ભવનપતિ દેવો સુવર્ણના કાંગરા વાળો રૂપાનો ગઢ રચે છે અને માણેકની પૂતલીઓ વાળા ચાર દરવાજા ચારે દિશાએ કરે છે. વ્યંતર દેવો ચારે દિશાએ બે – બે એમ કુલ આઠ વાવડીઓ કરે છે. તથા વચલા સોનાના ગઢમાં ઇશાન ખૂણે ભગવાનને પહેલી પોરિસી પૂર્ણ થયા પછી વિશ્રાન્તિને માટે દેવચ્છંદો કરે છે ભગવાન દેવચ્છંદામાં પધારે ત્યારે મુખ્ય ગણધર પ્રભુના પાદપીઠ ઉપર બેસીને દેશના આપે છે.

ત્યારબાદ રત્નના ગઢ વચ્ચે ચૈત્ય વૃક્ષશ્રી શોભતું રત્નનું સિંહાસન કરે છે તથા શ્વેતવર્ણા ત્રણ છત્રો કરે છે અને પાદપીઠ કરે છે તેની પાસે માણેકનો ધ્વજ કરે છે

ત્યારબાદ છ યે ઋતુના અધિષ્ઠાયક વ્યંતર દેવો જળ, સ્થળનાં પુષ્પોની વૃંત-દીંટુ નીચે રહે તેવી રીતે વૃષ્ટ કરે છે.

તે પછી શ્રી તીર્થંકર ભગવાન દેવતાંઓએ રચેલા સુવર્ણના નવકમલો ઉપર પગ મૂકતા મૂકતા સમવસરણમાં પધારે છે અને બારે પર્ષદા મધ્યે ધર્મ દેશના આપે છે.

બાર પર્ષદા આ રીતના કહી છે.

૩-પૂર્વ અને દક્ષિણ વચ્ચેના અગ્નિકોણે છેક અંદરના ગઢમાં પ્રથમ ગણધરો બેસે, તેની પાછળ કેવળજ્ઞાનીઓ બેસે તેમની પાછળ મનઃ પર્યવ જ્ઞાનીઓ, અવધિ-જ્ઞાનિઓ અને સામાન્ય મુનિઓ બેસે છે. તેમની પાછળ વૈમાનિક દેવીઓ અને સાધ્વીજીઓ એમની પર્ષદા બેસે છે.

૩–દક્ષિણ તથા પશ્ચિમ વચ્ચે નૈઋત્ય કોણમાં ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવોની દેવીઓ બેસે છે.

૩–પશ્ચિમ તથા ઉત્તર દિશા વચ્ચે વાયવ્ય ખૂણામાં ભવનપતિ જ્યોતિષી અને વ્યંતર દેવો બેસે છે.

૩–ઉત્તર તથા પૂર્વ વચ્ચેના ઇશાન ખૂણામાં વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓ બેસે છે.

આ પ્રમાણે બાર પર્ષદાઓ પ્રથમ ગઢમાં બેસે છે અને બીજા ગઢમાં તિર્યંચો બેસે છે અને ત્રીજા ગઢમાં બધાના વાહનો રહે છે.

(શ્રી આવશ્યક વૃત્તિ પ્રમાણે ચાર પ્રકારની દેવીઓ તથા સાધ્વીજીઓ એ પાંચ પર્ષદા ઉભી રહીને દેશના સાંભળે છે. પણ શ્રી આવશ્યક ચૂર્ણિને આધારે વૈમાનિકની દેવીઓ તથા સાધ્વીજીઓ એ બે પર્ષદા ઉભી રહે છે. બાકીની પર્ષદા બેસીને દેશના સાંભળે છે. तत्त्वं तु केवलि गम्यं)

સમવસરણ જમીનથી વીશ હજાર હાથ ઊંચું હોય છે. સૌથી બહારના ગઢને ચઢવાના દસ હજાર પગથીયા હોય છે. દરેક પગથીયા એક હાથ ઊંચા તથા પહોળાઇના હોય છે. ત્યારબાદ પચાસ ધનુષ્યની સમભૂમિ આવે છે તે પછી બીજા ગઢ પર ચઢવાના પ્રથમની જેમ પાંચ હજાર પગથીયા હોય છે. પછી પચાસ ધનુષ્યની બીજી સમભૂમિ આવે છે. પછી ત્રીજા ગઢ પર ચઢવાના પાંચ હજાર પગથીયા આવે છે. આ રીતે કુલ વીશ હજાર પગથીયા ચારે દિશામાં હોય છે. ભગવાનના અચિંત્ય પુણ્ય પ્રભાવથી કયારે ચઢી જવાય તેની ખબર પણ પડતી નથી.

સૌથી ઊંચા ગઢના મધ્ય ભાગમાં ત્રણ પગથીયાની બસો ધનુષ્ય લાંબી તથા પહોળી અને શ્રી તીર્થંકરોના શરીરના પ્રમાણમાં ઊંચી મણીની વેદિકા હોય છે. તે વેદિકાના મધ્ય ભાગમાં ભગવાનના શરીરથી બારગણું ઊંચુ અશોકવૃક્ષ દેવો રચે છે તે ચૈત્યવૃક્ષ કહેવાય છે.

ચોરસ સમવસરણને દરેક ખૂણે બે – બે વાવો હોય છે. જ્યારે ગોળ સમવસરણને દરેક ખૂણે એકેક વાવ હોય છે.

જ્યોતિષદેવોએ રચેલું સમવસરણ, પંદર દિવસ સુધી, સૌ ધર્મેન્દ્રે રચેલું આઠ દિવસ સુધી, ઇશાનેન્દ્રે રચેલું પંદર દિવસ સુધી, સનતકુમાર દેવે રચેલું એક માસ, માહેન્દ્ર દેવોએ રચેલું બે માસ, બ્રહ્મેન્દ્ર દેવોએ રચેલું ચાર માસ અને સામાનિક દેવોએ રચેલું ત્રણ દિવસ સુધી રહે છે. આ તમામ ઉત્કૃષ્ટથી સમજવું. અને જઘન્યથી તો સર્વ દેવોએ રચેલું એક અહોરાત્રી રહે છે.

કોઇ મહર્દ્ધિક દેવ અથવા ઇન્દ્ર પોતે સમવસરણ રચવા ધારે તો તે પોતે એકલા પણ રચી શકવા સમર્થ છે.

સમવસરણની આસપાસ બાર જોજન ફરતાં કોઇપણ સાધુ હોય તે તે જો ભગવાનને વંદન કરવા સમવસરણમાં ન આવે તો તેને પ્રાયશ્ચિત લાગે છે.

આવ સમવસરણમાં શ્રી તીર્થંકર પરમાત્મા 'નમો તિત્થસ્સ' કહી પૂર્વ દિશાનાં સિંહાસન પર બેસે છે તે જ સમયે વ્યન્તરેન્દ્રો બાકીની ત્રણ દિશામાં સિંહાસન ઉપર સાક્ષાત્ તીર્થંકર જેવા જ ત્રણ પ્રતિબિંબો વિકુર્વે છે. તે ભગવાનનો જ અચિન્ત્ય પ્રભાવ છે. જેથી દરેક દિશાની પર્ષદાઓ ભગવાન અમારી તરફ બેસીને જ દેશના આપે છે તેમ માને છે.



-: શ્રી સિદ્ધપ્રાભૃત ગ્રન્થમાં કહેલ સિદ્ધજીવોના અલ્પ-બહુત્વનો વિશેષ વિચાર :-

૧-વેદદ્વાર :- નપુંસક સિદ્ધ-૧૦, તેથી સ્ત્રી સિદ્ધ સંખ્યાત ગુણ-૨૦ (સિદ્ધ-પ્રાભૃતની પ્રાચીન ટીકાકારના મતે-૧૦), તેથી પુરુષસિદ્ધ સંખ્યાત ગુણ-૧૦.

૨-નિરન્તર સમયદ્વાર :- આઠ સમય સુધી સિદ્ધ થયેલા અલ્પ, તેથી સપ્ત સામયિક સિદ્ધ સંખ્યાતગુણ, તેથી છ સામયિક સિદ્ધ સંખ્યાતગુણ, તેથી પંચ સામયિક સિદ્ધ સંખ્યાતગુણ, ચતુઃ સામયિક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ત્રિસામયિક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી દ્વિસામયિક સિદ્ધ અનંતગુણ.

૩-એક સમયસિદ્ધ સંખ્યા દ્વાર :- ૧૦૮ સિદ્ધ અલ્પ, ૧૦૭ સિદ્ધ અનંતગુણ, યાવત્ ૫૦ સિદ્ધ અનંતગુણ ત્યારબાદ ૪૯ સિદ્ધ અસંખ્ય ગુણ, તેથી ૪૮ સિદ્ધ અસંખ્ય ગુણ યાવત્ ૨૫ સિદ્ધ અસંખ્યગુણ તેથી ૨૪ સિદ્ધ સંખ્યગુણ તેથી ૨૩ સિદ્ધ સંખ્યા ગુણ યાવત્ ૧ સિદ્ધ સંખ્યગુણ.

૪-અનન્તરાગતસિદ્ધ સંખ્યા દ્વાર :- મનુષ્ય ગતિથી આવેલ અલ્પ, તેથી મનુષ્યથી આવેલ સંખ્યાતગુણ, તેથી નારક સિદ્ધ સંખ્યગુણ, તેથી તિર્યંચસિદ્ધ સંખ્ય-ગુણ, તેથી તિર્યંચસિદ્ધ સંખ્ય ગુણ, તેથી દેવી સિદ્ધ સંખ્ય ગુણ. તેથી દેવસિદ્ધ સંખ્યગુણ,

૫-ઇન્દ્રિય દ્વાર :- એકેન્દ્રિયાગત સિદ્ધ અલ્પ, તેથી પંચેન્દ્રિયાગત સિદ્ધ સંખ્યાત ગુણ.

૬-કાયદ્વાર :- વનસ્પતિસિદ્ધ અલ્પ, તેથી પૃથ્વીકાયસિદ્ધ સંખ્યગુણ તેથી અપ્કાય સિદ્ધ સંખ્યગુણ, તેથી ત્રસકાયસિદ્ધ સંખ્ય ગુણ.

શાસન સમાચાર

પાલ્લામાં ભવ્ય ઉપધાન અને પ્રભાવક માળારોપણ મહોત્સવ

પાલ્લા વેસ્ટમાં શ્રી મહાસુખ ભુવનમાં પ. પૂ. પરમ શાસન પ્રભાવક આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂ. મ. ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિ.મ.નું પ્રભાવક ચાતુર્માસ થયું અને તેમાં સોનામાં સુગંધ ભળે વિશાળ પાયા પર ઉપધાન તપનું આરાધન મ્યુનિ. ગ્રાઉન્ડ એલ. આઇ. સી. ની બાજુમાં થયું આ ઉપધાન તપ કરાવવાનો ભવ્ય લાભ વિજાપુર (ઉ.ગુ.) નિવાસી શેઠ શ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવારે લીધું ચંદુલાલભાઇના ઉદાર અને કર્તવ્યનિષ્ઠ સુપુત્રો શ્રી ભાનુભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી બાબુભાઇ, શ્રી મહેન્દ્રભાઇએ ઘણી ખંતથી ભવ્ય વ્યવસ્થા સાથે આ ઉપધાન કાર્યને સફળ બનાવ્યું.

માળારોપણ માગશર સુદ ૬ ના હતું તે પ્રસંગે શાંતિસ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન અર્હદ અભિષેક તથા બે સાધર્મિક વાત્સલ્યો અને માળાનો ૬૭ છોડનું ભવ્ય ઉજમણું ભવ્યાતિભવ્ય આકર્ષક વરઘોડો વિ. કાર્યક્રમ યોજાયો હતો વિધિ માટે પંડિતવર્ય શ્રી રમણિકલાલ મણિલાલ ભાભરવાળા તથા સંગીત માટે ભાઇ શ્રી અનંતરાય નગીનદાસ શાહ રાજકોટવાળાએ સુંદર રંગ જમાવ્યો હતો.

માળારોપણ મહોત્સવ પ્રસંગે પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. આદિ તથા પૂ. આ. શ્રી વિજયવિચક્ષણ સૂ. મ. આદિ તથા પૂ. પં. શ્રી નરવાહન વિ. ગણિવર આદિ મુનિરાજોની પધરામણી થઇ હતી.

મહા સુદ ૬ ના ૬૬ માળાનું માળારોપણ ખુબ શાંતિથી વિશાળ મેદની વચ્ચે થયું હતું. માળ તથા મહોત્સવની ઉપજ ઘણી સુંદર થઇ હતી.

ઉજ્જૈન (મ. પ્ર.)–માલવ ભૂષણ આ. ભ. શ્રી નવરત્નસાગર સૂ. મ. ની ૧૦૦ મી વર્ધમાન તપની ઓળી ૨–૨–૯૬ ના પૂર્ણ થાય છે તેને અનુસરીને લોપાવર તીર્થમાં વર્ધમાન તપ મહોત્સવનું આયોજન સમિતિએ કર્યું છે ઉપરાંત ૫૦૦ આયંબિલવાળા પૂ. સાધ્વીજી મ. નો તપનો પણ મહોત્સવ થશે.

તે માટે સુભાષ જૈન ૪૬ સખીપુરા ઉજ્જૈન (મ. પ્ર.) માં સંપર્ક સાધવો.

પાંચોરા–પૂ. પં. શ્રી રઘુવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ. ની નિશ્રામાં અત્રે સુંદર આરાધના થઇ વિવિધ આરાધનાઓ તથા તેઓશ્રીના ૫૦ વર્ષના દીક્ષા પર્યાયની અનુમોદનાર્થે અઠ્ઠાઇ મહોત્સવ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સાથે આસો વદમાં થયો.

ધર્મ ચિંતવણી

'विषयासुहेंसु य रज्जइ, सो दोसोराग साण'

'અનર્થથી જીવ વિષય સુખોમાં રાગી થાય છે તે રાગ–દ્વેષનો જ દોષ છે.'

જે વિષયસુખો અતિગોપનીય–લજ્જાકર–નિંદનીય, બીભત્સક–જુગુપ્સનીય છે તેમ જાણવા–અનુભવવા છતાં પણ જીવ તેમાં જ આસક્ત બનતો હોય, તેમાં જ સુખ માનતો હોય તો તે સંસારના સુખો ઉપરનો અતિ ગાઢ રાગ જ કારણ છે. જો જીવ મોહના કારણે આંધળો ન બન્યો હોય અને રાગાદિમાં જ સુખ ન માનતો હોત તો તેવી વિષમદશા કયારેય ન થાત. આ રાગાદિનું આત્મા ઉપર એટલું બધું પ્રબલ આધિપત્ય છે કે જીવ સાચું સમજી શકતો જ નથી. જન્મથી અંધ માણસને કદાચ જેટલું નુકશાન નથી થતું તેટલી ભયંકર પાયમાલી રાગાદિથી આંધળા બનેલા જીવોની થાય છે. આત્માને ગુણોની સન્મુખ નહિ થવા દેનાર અને પ્રાપ્ત ગુણોથી વિમુખ કરાવનાર જો કોઈ દુષ્ટ પરમાત્મા જેવા હોય તો આ રાગાદિ જ છે.

સમર્થ શત્રુ પણ જેટલું નુકશાન નથી કરતો તેનાથી કંઈગણું અધિક નુકશાન અનિગૃહિત–બેકાબુ બનેલા રાગ–દ્વેષ કરે છે. રાગાદિને આધીન બનેલાની કેવી દયા–જનક સ્થિતિ થાય છે તે સૌના અનુભવમાં છે. રાગાદિ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મેળવવાના મનોરથો અને પ્રાપ્ત થયા પછી તેનો વિયોગ ન થઇ જાય તેની ચિંતા. જેની આધીનતા એક માત્ર ચિંતા વિના બીજું કાંઇ જ ફળ આપે તેમ નથી તો તેને કયો પંડિતજન આધીન થાય ? જો તેને જ આધીન થાય તો તેને પંડિતજન કંઈ રીતના કહેવાય ! દુનિયામાં પણ કહેતી છે કે–'ભુખ ન જુએ એંઠો ભાત, રાગ ન જુએ જાત–કજાત' રાગાદિની પરવશતાથી જીવ કેવી કેવી આજીજી–ચાપલુસી–મશ્કા પોલીશ કરે છે તે તો સૌના અનુભવમાં છે. જ્યાં સુધી આ રાગ જ ભયંકર છે, મને નુકશાન કરનાર છે તેમ ન સમજાય ત્યાં સુધી સાચી સમજ આવી સુદુર્લભ છે, માટે જ જ્ઞાનીઓ કહે છે કે– જો આ રાગાદિ ન હોત તો કોણ દુઃખોને પામત ! કોણ આ નાશવંત–અનિષ્ટ અપાય બહુલ સુખોથી અંજાઇ જાત ! અને કોણ મોક્ષને ન પામત !

માટે હે આત્મન્ ! આંતરચક્ષુઓના અજ્ઞાનના પડલ દુર કરી, રાગાદિના વિપાકોને વિચારી, તેનાથી મુક્ત થવા પ્રયત્ન કરીશ તો રાગાદિ જે શત્રુભૂત હતા તે જ સાચા મિત્રની ગરજ સારશે અને તેની જ સહાયથી તું તારી સિદ્ધિને નજીક બનાવીશ– પ્રજ્ઞાંગ

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ખરાબ માણસ પાસે સારું હૈયું હોય નહિ. જે જીવ પાપથી ડરે નહિ તે ખરાબ જ હોય. જેના હૈયામાં પાપનો ડર નથી તેનું હૈયું પત્થર કરતાંય ભૂંડું હોય.
- દુઃખ ભૂંડુ નથી કેમકે તે આપણાં પાપથી આવે છે માટે તેના પર દ્વેષ કરાય નહિ, બેવકૂફ હોય તે જ દ્વેષ કરે. ભૂંડામાં ભૂંડુ પાપ જ. માટે તેના પર ભયંકર દ્વેષ ન થાય તો માણસાઈ આવવાના પગરણ મંડાય નહિ.
- જેને દુઃખ ન જોઈતું હોય અને પાપ ચાલુ રાખવું હોય તે જીવ ઉપદેશ માટે લાયક જ નથી. તે તો નકામા માં નકામો જીવ છે.
- સમજુ જ તેનું નામ કે- મારે દુઃખ ન જોઇએ તેમ કદિ બોલે નહિ અને દુઃખ વેઠવા હંમેશા તૈયાર હોય!
- દુઃખ વેઠવાને સમર્થ તેનું નામ માણસ! ગમે ત્યારે ગમે તે દુઃખ આવે તે વેઠવાની જેની તૈયાર હોય તે માણસ! અને દુનિયાના સુખ માટે કોઇપણ પાપ નહિ કરવાની તૈયારી તેનું નામ માણસ!!!
- જેને દુઃખ ન વેઠવું હોય, તે ગમે તેટલો ધર્મ કરે તો પણ તેને તે ધર્મ સંસારથી બચાવી શકે નહિ.
- પુણ્યથી મળેલું સુખ સારું નથી આ વાત જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી ભગવાન શ્રી અરિહંતદેવ ઓળખાય નહિ.
- દુનિયાદારીના સુખનો જ અર્થી, સુખનો જ રાગી, સુખનો જ પ્રેમી, સુખમાં જ આનંદ માનનારો, જરાક સુખ ઘટે તો રોનારો, સુખ ચાલ્યું જાય તો ય રોનારો અને સુખને મૂકીને જવું પડે તો દુઃખી, દુઃખી થનારો જીવ મોટે ભાગે દુર્ગતિમાં જ જાય!

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શુદ્ધ સમ્યક્ત્વનું સ્વરૂપ

દેવો જિણંદો ગયરાગદોસો,
ગુરુ વિ ચારિત્તરહસ્સ કોસો ।
જીવાઇ તત્તાણ ય સદ્દહાણં,
સમ્મત્તમેવં ભણિયં પહાણં ।।

રાગ-દ્વેષાદિથી રહિત એવા શ્રી જિનેશ્વરદેવ તે જ સુદેવ, ચારિત્ર રહસ્યના ભંડાર સમાન સાધુઓ તે જ સુગુરુ, અને જીવાદિ નવતત્ત્વોનું શુદ્ધ સ્વરૂપ તે જ ધર્મ-તેની જે સદ્દહણા-શ્રદ્ધા રાખવી તે સર્વમાં મુખ્ય એવું સમકિત કહેવાય છે.

વર્ષ ૮

અંક ૨૦

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

ચિંતન

इहलोए परलोए हवन्ति बुक्खाइं जाइं चिरकालं ।
सव्वाइं ताइं जीवा इंदिअवसगय अणुहवन्ति ।।

આલોક તથા પરલોકમાં જે દુઃખો છે, તે સઘળાં ય દુઃખોને, ઇન્દ્રિયોને પરવશ બનેલા જીવો લાંબો કાળ અનુભવે છે.'

આ સંસારનું સર્જન ઇન્દ્રિયોની આધીનતામાં જ છે. કેમકે, ઇન્દ્રિયોને આધીન બનેલા જીવો માટે એવું એક કાર્ય નથી, જે અકાર્યરૂપ હોય! પંચેન્દ્રિયપણું પુણ્ય યોગે પ્રાપ્ત થવા છતાં પણ જેઓ પોતાની ઇન્દ્રિયોને કાબુમાં નથી રાખી શકતા તેમના માટે ઇન્દ્રિયોને મોહની દૂતી કહી છે તે વખતે યથાર્થ બને છે. કેમકે કહ્યું છે કે— ત્રણે જગતમાં કર્મને જ પરવશ એવો કોઇ જીવ જોવામાં આવતો નથી કે જે, ઇન્દ્રિયોના વિકારથી મોહીત ન થયો હોય. તેથી જ ઉત્તમ મર્યાદાના નાશ પૂર્વક જગતને નાશ પમાડનાર હોય તો આ ઇન્દ્રિયોની આધીનતા જ છે.


દુનિયામાં પણ સજ્જન તરીકે તે પૂજાય છે જે પોતાની ઇન્દ્રિયોને સંયમમાં રાખે છે બાકી ઇન્દ્રિયોનો અસંયમ કરનારથી સૌ સો ગજના નમસ્કાર કરે છે. માટે જ જેમનું મન ઇન્દ્રિયોના વિકારોથી જરા પણ મોહિત થતું નથી. તેવા જ આત્માઓ દેવો–અસુરો અને મનુષ્યોથી પૂજનીય બને છે.

જે આત્માઓ ઇન્દ્રિયોના માલિક બને છે તેઓ જ મુક્તિ સ્ત્રીના અધિકારી બને છે. કેમકે, આ પૃથ્વી પર સમય રૂપ ચોપાટ નામની રમતનું પાટીયું છે જેમાં દિવસ તથા રાત્રિ રૂપ સોગઠાં છે અને શુકલપક્ષ તથા કૃષ્ણપક્ષ રૂપ તે સોગઠાને ચલાવનારા ધરો છો. તેમાં સાચો બુધ્ધિશાળી આત્મા જ વશ કરેલ ઇન્દ્રિયોરૂપી પાશાઓથી મોક્ષને મેળવે છે અર્થાત્ રમતમાં જય પામે છે અને બીજા મૂર્ખ લોકો ઇન્દ્રિયોને વશ બની પ્રાપ્ત થયેલા મોક્ષને પણ હારી જાય છે.

ઇન્દ્રિયોનો જય એ જ સદ્ગતિ–મુક્તિનો રાજમાર્ગ છે અને ઇન્દ્રિયોથી જય એ દુર્ગતિ–સંસારનો માર્ગ છે.

માટે હે આત્મન્! તારે તારું એકાન્તે કલ્યાણ સાધવું તો ઇન્દ્રિયોને જીતવા માટે જ બધી મહેનત કરે. તેમાં જ સાચી પ્રજ્ઞાશીલતા છે. શુભાસ્તે પન્થાનઃ!

—શ્રી મજ્ઝાંગ



વર્ષ : ૮] ૨૦૫૨ પોષ વદ-૩ મંગળવાર તા. ૯-૧-૯૬ [અંક ૨૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૨ ને બુધવાર, તા. ૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૬. (પ્રવચન ૮ મું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

जह नाम कोइ मिच्छो, नगरगुणे बहुविहे वियाणंतो ।
न चएइ परिकहेउं, उवमाइं तहिं असंतीए ॥१॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા સમજાવી રહ્યા છે કે, જ્યાં સુધી જીવને 'મુક્તિ વિના બીજે સાચું સુખ નથી' તેમ સમજાય નહિ ત્યાં સુધી તે ગમે તેટલો ધર્મ કરે તો પણ તે ધર્મ વાસ્તવિક કોટિનો બનતો નથી. આપણે બધા ધર્મ કરીએ છીએ. કોઈ આપણને પૂછે કે શા માટે ધર્મ કરે છો તો શું જવાબ આપીએ ? આપણે મોક્ષે જવા માટે જ ધર્મ કરીએ છીએ એમ કહીએ ખરા ? આજે મોટો ભાગ 'મૂર્ચ્છિમની જેમ ધર્મ કરે છે. બજારમાં જનારા, મહેનત મજુરી કરનારા બધાને પૂછીએ તો એક જ જવાબ આપે કે, પૈસા કમાવવા છે અને તેનાથી મળતું સુખ ભોગવવું છે. તેમ ધર્મ શા માટે કરો છો—એમ પૂછીએ તો—'મારે સંસારનું સુખ જોઈએ છે તે માટે પૈસા જોઈએ છે માટે ધર્મ કરું છું" એમ જવાબ આપનારા હજી

મલે પણ 'મારે મોક્ષ જ જોઇએ છે તે માટે હું ધર્મ કરું છું" આવો જવાબ કેટલા આપે ?

ધર્મથી બધું જ સારું સારું મળે તેમ સમજાવવું છે, પણ જીવો સંસારના સુખના જ લાલચુ ન બને માટે દુનિયાનું સુખ ભૂંડામાં ભૂંડું છે તે વાત સમજાવી રહ્યા છે. સંસારનું સુખ તો દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખની જ પરંપરાને વધારનારું છે. તે સુખની ઇચ્છા પણ પાપથી જ થાય પણ મલે પુણ્યથી. સંસારનું દુઃખ મળે ધર્મથી જ પણ તેના માટે ધર્મ કરાય જ નહિ. આ એક બહુ જ મહત્ત્વની વાત છે. આ વાત ન સમજાય ત્યાં સુધી ઠેકાણું પડે નહિ. જગતને આ વાત કહેનારા શ્રી અરિહંતપરમાત્મા છે અને તેમનું શાસન છે.

આજ સુધી આપણે સંસારમાં કેમ રખડયા ? 'અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા. બીજા પણ અનંતા આત્માઓ મોક્ષે ગયા, છતાં આપણો નંબર કેમ ન લાગ્યો' તેમ શ્રી નવકાર મંત્ર ગણનારા આપણને વિચાર આવે છે ? 'મારે ઝટ મોક્ષે જવું છે તે માટે જ ધર્મ કરવો છે' તેવા વિચારવાળા કેટલા ? આવો વિચાર ન આવે તો ધર્મ શા માટે થાય છે તે નક્કી કરો. તે રીતે ધર્મ કરનારા જીવો સંસારમાં ભટકતા કરે તેમાં નવાઇ છે ? તે ધર્મથી થોડું સુખ મળે અને તેના ફલ તરીકે અનંતુ દુઃખ મળે તે ખબર છે ? આ વાત ન બેસે તો ચાલે ? જે સાધુ એમ કહે કે, મારે મોક્ષે જ જવું છે તો તે સાધુ સાચો બાકી બીજા વેષધારી ! **સાધુ પણ સંસાર છોડયા પછી સંસારના સુખમાં જ ફસે, માન-પાન, ખ્યાતિ-પ્રતિષ્ઠાદિમાં પડી જાય તો તેનું સાધુપણું ટકી શકે ખરું ? તે ય મરીને ક્યાં જાય ?** તમે બધા પણ સંસારના સુખ માટે શું શું કરો છો ? રોજ કેટલા પાપ કરો છો ?

સભા :-પાપમાં જ બેઠા છીએ.

ઉ૦ : તે ય પાછા મઝામાં બેઠા છીએ તેમ કહો.

અમે પાપમાં જ બેઠા છીએ તેમ જાણો તો તેનું દુઃખ છે ? અરે પાપમાં બેઠા છીએ તેમ સમજ્યા હોય તે દુઃખી હોય કે સુખી હોય ? પાપથી દુઃખ જ આવે તેની શ્રદ્ધા છે ? આ શ્રદ્ધા હોય તો માણસ મઝેથી પાપ કરી શકે ખરો ? તમે બધા ચોરી કરો છો તો કેવી રીતે કરો છો ? સરકારની ચોરી કોઇ નહિ કરતું હોય તેમ નહિ હોય. છતાં ય મોટા શ્રીમંતો મારી પાસે કાંઇ જ નથી તેમ બોલ્યા કરે છે તે શાથી ? આજે સરકારના માણસો ય મોટે ભાગે પ્રામાણિક રહ્યા નથી. તે પણ તમારી જેમ પૈસાના

ભુખ્યા છે. તેથી તમે ગમે તેવા પાપ કરો અને તમારે ઘેર આવે તો તેને તમે પૈસા આપો તો કામ પૂરું.

સભા :-આમ થવા છતાં ય ચોરી બંધ નથી કરતા.

ઉ૦ :-કેમ તે ચોરી બંધ નથી કરતા ? તે ચોરી કરવાથી કદાચ અહીં બચી જશો પણ પછી તેની શી સજા થશે ? શું ફળ મળશે ? તેની ચિંતા જ નથી માટે.

પાંચ-પચાસ વર્ષના સુખ માટે મજેથી ન કરવા જેવાં પાપ કરે તેને ધર્મી કોણ કહે ? આજે તો ધર્મ મોટે ભાગે સારી રીતે પાપ કરવા માટે થાય છે તેમ કહેવું પડે તેમ છે. જે ધર્મી મજેથી પાપ કરે તે સારી રીતે પાપ કરવા માટે જ ધર્મ કરે છે તેમ કહું તે ખોટું છે ? તે ધર્મ એટલા માટે જ કરે છે કે, મારું પાપ ખુલ્લું ન પડે, લોકોમાં મારો વિશ્વાસ થાય, ખોટું બોલું તો ય સાચું માને આવા બધા વિચારો જીવતા હોય તે કેવો કહેવાય ? ધર્મ કરનારો મજેથી ટેક્ષની ચોરી કરે, જૂઠ બોલે, ખોટા ચોપડા લખે તે બધું શક્ય છે ?

સભા :-અહીં ટીપમાં ભરીએ એટલે માનીએ કે પાપ ધોવાઇ ગયું.

ઉ૦ :-આવું જે માનતા હોય તે પહેલા નંબરના અજ્ઞાન છે. આગળના પાપનો પશ્ચાત્તાપ કર્યો નથી અને પાપ ધોવાઇ ગયું આવું માનવું તે કેટલી ખરાબી કહેવાય ?

માટે જ આ આચાર્ય મહારાજા ફરમાવી રહ્યા છે કે, 'સાચું વાસ્તવિક સુખ મોક્ષ વિના બીજે કશે છે જ નહિ. આ સંસારનું સુખ તો ભયંકરમાં ભયંકર છે' આ વાતનું જ્ઞાન ન થાય તો ધર્મનો સાચો પ્રેમ થાય નહિ. તમને બધાને ધર્મનો બહુ પ્રેમ છે ? ધર્મ ખાતર શું શું છોડો ? શું શું કરો ? સગા બાપનો પણ સંબંધ છોડો ને ? ગમે તેવો પ્રેમી હોય તેને ઘર બહાર કાઢી મૂકો ને ? છોકરો ધર્મ ન કરે તો ચાલે પણ તે જ છોકરો પૈસા મેળવવા મહેનત ન કરે અને ગમે તેમ પૈસા ઉડાવે તો ઘરમાં રાખો ખરા ? કમાતો છોકરો ગમે તેટલો અધર્મ કરે તેને ફાવે તેમ કરે તો ય તેને કાંઇ કહેવાય નહિ. આ વાત ખરી છે ને ?

આજે તો મોટે ભાગે ધર્મીનાં સંતાનો ધર્મથી વિમુખ છે. મોટે ભાગે ધર્મ કરતાં નથી. તમારા છોકરા ધર્મ ન કરે તેનું દુઃખ પણ છે ખરું ? તે બધા પાપથી પૈસો કમાય તેનું પણ દુઃખ છે ખરું ? તમને ય પાપથી પૈસા કમાતા પીડા થાય છે ખરી ?

[ક્રમશઃ]

卐

કામરાગનો નાચ કરાવે કર્મ તમાચ.

પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી (જયશિશુ) નવસારી

સંસાર ચક્રમાં આ જીવ અનાદિકાળથી રઝળપાટ કરે છે. નાના બાળકો પૈસા આપી ચકડોળ પર બેસી રાજી થાય. સ્થિર જમીન પર રહેતો હતો, છે કરતાં અસ્થિર ઉપર ગયો. ચક્કર ભમવામાં ગયો છે. પૈસા ખરચી બાળજીવ આનંદ માને તે શોભે પણ સમજુને શોભે? ના... તેમ આ જીવ સંસાર ચક્રના ચકડોળે ચઢયો છે. બાળક ચકડોળમાં હસે, આનંદ માને તેમ આ જીવ ચારે બાજુની નારકી, તિર્યંચ, દેવતા મનુષ્યની બેઠકોમાં બેસી આનંદ માને છે. કૂતુહળવૃત્તિથી બાળ-જીવ આનંદ પામે તેમ આ જીવ સંસાર ચક્રમાં ચડયો છે. તેમાં જ આનંદ માને છે ૧૫-૨૦ માંય જોરમાં ચાલે તો બિચારાને ચક્કી આવે છે પણ આ જીવ તો બાળજીવ કરતાં પણ ચડયો. અનંતકાળ સુધી ચક્રમાં ચડયો છતાં ચક્કી આવતી નથી ધાંચીનો બેલ એને એ જગ્યાએ ફરે પણ ચક્કી ન આવે. મનુષ્યને ત્યાં ચક્કી આવે, કારણ એક જ આંખે પાટા બાંધેલા હોય તેથી ધાંચીના બેલને ચક્કી નથી આવતી. મનુષ્યની આંખ ખુલ્લી હોય ચક્કી આવે છે. તેમ સંસાર ચક્રીની ચક્કી માનવને હોય. જ્યાં સુધી જીવ અજ્ઞાનથી અંધ છે. જ્ઞાન-નેત્ર ખુલ્યાં નથી. ત્યાં સુધી સંસાર ચકડોળમાં ચક્કી પામતો નથી. ચક્કી આવવાનું કયા ભવમાં બને? જ્ઞાન હોય તે ભવમાં.

જ્ઞાન કેવળ મનુષ્યભવમાં, મનુષ્યભવ સિવાય જન્મ લેવો તે માથાકૂટની મજુરી કરવી. પેટમાં ઓરવું, જીંદગી પૂરી થાય કે ચાલતા થવું. કૂતરા, ઘોડા, ગ્રેટ વગેરેને જ્ઞાનરૂપી ચક્ષુ ખોલવાનો વખત જ કયાં છે? લાયકાત કયાં? કેટલીક વસ્તુઓ લાયકાત ઉપર જ આવે. ગધેડાને ગાયન શીખવાડે પણ એનામાં લાયકાત જ કયાં છે કે એને આવડે? તેમ માનવભવ સિવાય બીજા ભવમાં આત્માના ગુણો-અવગુણો, સ્વરૂપ જાણવાની, ગુણો વધારવાની, અવગુણોને દૂર કરવાની શકિત જ નથી. દેવતા એટલે શિકાર નીકળેલો શહેનશાહ, રખડયા જ કરે. માનવભવ સિવાયના જે ભવો તે ભવોમાં જ્ઞાનશકિત એવી નથી. કાંઇક જ્ઞાન શકિત જાગે તો પશ્ચિમની કે ઉંચની સીટ પર બેઠેલો હોય તો પણ ચુંબાઇને બેસી રહેવું પડે. જમીનની પાસે બેઠેલો હોય તેને જ ઉતરવાનો વિચાર કામ લાગે.

નારકી, તિર્યંચ, દેવભવમાં કદી ભવ-ચક્રથી કંટાળો આવે પણ તે ભવચકડોળમાંથી નીચે ઉતરી શકાય નહીં. ચકડોળમાંથી નીચે ઉતરવું હોય તો નીચેની બેઠકમાં બેઠેલો હોવો જોઇએ. આત્માના ગુણો જાણવા, મેળવવા, અવગુણ દૂર કરી

ગુણોત્પન્ન કરવા હોય તો માનવભવ સિવાય બીજે મળતા નથી.

આ માનવભવમાં જ જીવને સંસાર પરિભ્રમણની વિચારણા કરવાની શક્તિ મળે છે. સંસાર નિવાસી સંસારી જીવોના પરિભ્રમણની વિચારણા કરીએ તો સહેજે માનવમસ્તિષ્કમાં પ્રશ્નોત્પત્તિ થયા વિના રહેતો નથી. અને તે પણ સાહજિક અને આશ્ચર્યજનિત. આ છે પ્રશ્નોત્પત્તિ જીવના પરિભ્રમણનો અંત કેમ નહિ ? એવા કયા કારણોનું સેવન જેથી ભવપરિભ્રમણ. હાં... ચાલો વિચારીએ. મુખ્ય કારણો છે જીવની રાગદશા, પરભાવદશા, જેથી દૂર રહી પરમાત્મદશા-સ્વભાવદશા. સ્વભાવદશામાં અવરોધ ભૂત રાગદશા, જીવની મનોદશા કેવી બનાવે છે. તેને રજૂ કરતી કથા એટલે જ કામરાગનો નાચ, કરાવે કર્મંતમાચ.

મગધ સમ્રાટ શ્રેણિક વૈરના કરૂણ અંજામની અનુભૂતિ કરી રહ્યા છે. એકદિન ચેલ્લણાદેવીના વચનથી હૃદય પરિવર્તન પામેલો કૂણિક પિતાનાં ચરણોમાં નાંખેલી બેડી લાંબી નાંખવા માટે લોહદંડને લઇને કારાગૃહ તરફ જઇ રહ્યો છે. પણ એનામાં હૃદય પરિવર્તનથી અનભિજ્ઞ શ્રેણિક મહારાજા તો આવી પહોંચે તે પહેલા પોતાની તાલપુટ મુદ્રિકાને ચૂસી પ્રાણત્યાગ કરે છે.

જુઓ તો ખરા કેવી વિચિત્ર સંયોગ છે ! કેટલીક વાર કલ્પનાઓ ઠગારી નિવડે છે. તેનો આ એક નમુનો છે ને ? આપણી પાસે દુખીતો પુરાવો હોય એના આધારે આપણે કલ્પના કરી હોય તે છતાં પણ તે તદ્દન મિથ્યા કલ્પના હોય, એવું ય બને ને ? કૂણિકને ગોળના લાડુનો દુખીતો પૂરાવો મળ્યો હતો છતાં તેની કલ્પના ખોટી હતી ને ? કૂણિક લોહદંડ લઇને દોડયો આવે છે. એવો દુખીતો પુરાવો હતો. છતાં શ્રી શ્રેણિક મહારાજાની કલ્પના ખોટી હતી ને ? એવી કલ્પનાઓના તરંગમાં તરંગિત બની કોઇ વ્યક્તિ ઉપર દોષારોપણ કરવામાં કેટલીકવાર અનર્થકારી પરિણામ નિપજે એ સ્વાભાવિક છે.

આપણા આગમોમાં જ્યાં પરસ્પર વિરોધાભાવ લાગે તેવી વાત આવે અને જ્યાં સુધી યથાયોગ્ય નિર્ણય કરવા જેટલી શક્તિ ન હોય, ત્યાં સુધી 'तत्त्वं तु केवलिगम्यम' એમ કહી બન્નેય વાતોને ત્રાજી રખાય છે ને ? આ વાતની વિચારણા જો વર્તમાનકાલીન શાસનધૂરા ધારણ કરનારા, કહેવાતા ધૂરંધરો જો વિચારે તો ? આજની જૈન શાસનની હિલના સ્વરૂપ સમસ્યાનો ઉકેલ શું ન આવે ? 'तत्त्वं तु केवलिगम्यम' ઇત્યાદિ શાસ્ત્રપાઠો ભણવા છતાં મતિ-કલ્પનામાં રાચતા આત્માને કેમ એમ ન થાય કે હું પૂર્ણજ્ઞાની હોઉં, તો કેવું સારૂં ? હું અધૂરો જ્ઞાની છું માટે જ આનો યથાયોગ્ય નિર્ણય કરી શકતો નથી ને ? જો આવો વિચાર આવે તો પોતાના કેવલજ્ઞાનરૂપ ગુણને પ્રગટાવવાની ભાવના

પણ સતેજ બને.

આ બાજુ કૂણિકે ત્યાં આવીને જોયું તો પિતાને મૃત્યુશય્યાએ પોઢેલા જોયા તેની દુઃખાવધિ ન રહી. તેના હૈયામાં છવાયેલી હતાશાના નિવારણ માટે મંત્રિ-ઓએ પિંડદાનનો બનાવટી ઉપાય શોધી કાઢયો. એથી એને કાંઇક શાંતિ મળી તો પણ જ્યારે જ્યારે જ્યારે તેના દૃષ્ટિપથમાં પિતૃશય્યા, પિતાનું આસનાદિ આવતું ત્યારે હૈયામાં શોક ઉત્પન્ન થયા વિના રહેતો નહિ અને તેથી જ રાજગૃહીમાં વસવાટ અસહ્ય લાગતાં ચંપાનામની નૂતનનગરી વસાવી ત્યાં સપરિવાર રહેવા લાગ્યા.

શ્રી અભયકુમાર અને શ્રીમતી નંદાએ દીક્ષા લેતી વખતે શ્રી હલ્લ-વિહલ્લને દિવ્યકુંડલ જોડી અને દિવ્યવસ્ત્ર યુગ્મ અર્પણ કર્યા હતા. ત્યારબાદ કૂણિકને રાજ્ય આપવાની ઇચ્છાથી શ્રી શ્રેણિકે શ્રી હલ્લ-વિહલ્લને સેચનક હાથી તથા અઢાર સરકો હાર અર્પણ કર્યા હતા. એકવાર શ્રી હલ્લ વિહલ્લ સેચનક હાથી ઉપર બેસી ફરવા નીકળેલા તે સમયે તેમણે દિવ્યકુંડલ, દિવ્યવસ્ત્ર, દિવ્યહારને પણ ધારણ કરેલ અને તેથી તેઓ જાણે પૃથ્વી-તલ ઉપર કુમારરૂપ ધારી દેવો જ ન હોય તેવા શોભતા હતા.

આ રીતે સેચનક હાથી ઉપર આરૂઢ થઇ ફરતા દેવચેને કૂણિકની રાણી પદ્મા-વતીએ જોયા. દેવરને સુખપૂર્વક વિચરતા જોઇ આનંદિત થવાને બદલે રાણી પદ્મા-વતીને કાંઇ જુદી વિચારણા થઇ ? એના હૈયામાં ઇર્ષ્યાભાવ પ્રગટયો. હૈયામાં ઇર્ષ્યાની હતાશને પ્રગટી ઊઠી જેના પરિ-ણામે મનોવૃત્તિ એવી થઇ કે આવા હાથી આવા કુંડલો, વસ્ત્રો અને હારને યોગ્ય તો મારા પતિ છે. મારા પતિ ભલે રાજ્યના સ્વામી રહ્યા પણ હાથી વિગેરે વિનાનું પતિનું રાજ્ય એ તો નેત્રો વિનાના મુખ જેવું છે.

આવી મનોવૃત્તિ જન્મી તે ખરી પણ એને દાબી ન શકી. અને તેને જોર પકડયું અને તેના પરિણામે પોતાના સ્વામીને શ્રી હલ્લ વિહલ્લની પાસેથી એ હાથી, હાર, કુંડલ વસ્ત્ર આંચકી લેવાનું કહ્યું. એટલું જ નહિ પણ એ માટે આગ્રહ પણ કર્યો. આ ચિત્તવૃત્તિ ઇર્ષ્યા-જન્ય હતી. ખરેખર દુર્જન માણસની મનોવૃત્તિ આવી જ હોય છે. ખરે જ કવિએ કહ્યું છે કે, (ક્રમશઃ)

મોપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસનતથા

હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી ભારૂ

આશીષ કોર્પોરેશન ૨૩-૩૧ ખોટાદવાલા

બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨

ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૬

,, ઘર :- ૫૧૩૨૨૨૩

(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

૫૩. લંકા એદાન-મેદાન

'હું, અને વળી તારો સેવક ? રાવણ તારું ઠેકાણું તો છે ને ? અને તું મારો સ્વામી ! હા...હા...હા... કરતાં મશ્કરીમાં જાણે હસીને હનુમાને કહ્યું—યાદ કર રાવણ ! કે વરૂણ રાજાના સંગ્રામમાં હું તારી મદદે આવ્યો ન હોત તો તું અત્યાર સુધી જીવતે ય ના હોત. પણ હવે પાપી! તારો કાળ તારે માથે ભમે છે એટલું સમજી રાખજે'

સતી શિરોમણી સીતા મહાદેવીએ મંદોદરી જેવી મંદોદરીને સાફ સાફ શબ્દોમાં ઝાટકી નાંખતા ક્રોધાયમાન થયેલી મંદોદરી ત્યાંથી ઉઠીને સીધી રાવણ પાસે જતી જ રહી.

હવે પ્રગટ થઇને પવનનંદન મારૂતિ હનુમાને મહાસતી સીતાદેવીને નમસ્કાર કરીને અંજલિપૂર્વક કહ્યું કે- "હે દેવી ! સદ્ભાગ્યથી લક્ષ્મણ સહિત રામચંદ્રજીનો જયજયકાર વર્તે છે આપનો સંદેશો લાવવા રામચંદ્રજી વડે મોકલાયેલો હું અહીંથી પાછો જઇશ એટલે રામચંદ્રજી સ્વયં રિપુ રાવણને રણમાં રગદોળવા આવી જશે."

આંસુભરી આંખે સીતાદેવીએ પૂછ્યું કે "હે વત્સ ! તું કોણ છે ? આ દુર્લંઘ્ય સમુદ્રને તે શી રીતે ઓળંગ્યો ? સૌમિત્રિ સાથે મારા પ્રાણનાથ કેવી રીતે સમય પસાર કરે છે ? તેં તેમને ક્યાં જોયા ? અને તે ખુશીમાં તો છે ને ?"

હનુમાને પણ કહ્યું કે-"હું પવનંજય અને અંજના સુંદરીનો પુત્ર હનુમાન છું. વિદ્યાની તાકાતથી આ અલંઘ્ય-અર્ણવ ઉલ્લંઘ્યો છે. હાલ સમસ્ત વાનરાધીશ સુગ્રીવના શત્રુનો સંહાર કરીને સેવક સુગ્રીવની કિષ્કિંધા નગરીમાં રામચંદ્રજી બિરાજમાન છે. આપના વિરહથી તડપતા લક્ષ્મણ ગાય વિનાના વાછરડાની જેમ સતત દુઃખનો અનુભવ કરે છે. ક્ષણમાં શોકવાળા અને ક્ષણમાં ક્રોધવાળા બનતાં આપના પતિદેવ અને દિયરને સુગ્રીવાદિ આશ્વાસન આપવા છતાં આનંદ ખુશી નથી. હે દેવિ ! રામચંદ્રજીએ તેમની વીંટી આપીને મને અહીં મોકલ્યો છે અને આપનો ચૂડામણિ (મુગટ) ત્યાં લઇ આવવા કહ્યું છે. તે મુગટ જોતાં મને અહીં આવેલો જાણી શકશે.'

પછી હનુમાનના આગ્રહથી અને રામચંદ્રજીના સમાચારની ખુશીથી હર્ષ

વિશેાર બનેલા સીતાદેવીએ એકવીશ રાત-દિવસને અંતે ભેાજન કર્યું.

અને કહ્યું કે, 'હે વત્સ! લે આ મારેા ચૂડામણિ લઈને હવે તું અહીંથી જલ્દી જતેા રહે નહિતર અહીં વધુ રહેવામાં તારા ઉપર આફત આવશે. તને અહીં આવેલેા જાણીને આ નીચકર્મી રાક્ષસ યમરાજની જેમ તને હણવા આવી ચડશે.

હસીને હનુમાને કહ્યું-'હે માતા! તમે મારા ઉપરના વાત્સલ્યથી આ રીતે ડરી જઈને ભેાલી રહ્યા છેા. પણ હું રામ-લક્ષ્મણનેા સેવક છું, સૈન્ય સાથે આવે તેા પણ આ બરીબડેા રાવણ મારી આગળ કાંઈ નથી. હું તેા સૈન્ય સહિત રાવણનેા સંહાર કરી નાંખીને મારા સ્કંધ ઉપર આરૂઢ કરીને આપને પણ સ્વામી રામચંદ્રજી પાસે લઈ જાઉં.'

સીતાદેવીએ પણ હિમત કરીને કહ્યું, 'હે વત્સ! તું આ પ્રમાણે ભેાલીને ખરેખર તારા સ્વામી રામચંદ્રનું નામ રેાશન જ કરે છે. રામ-લક્ષ્મણનેા સેવક એવેા તું આ બધું કહી અને કરી બતાવે તેવેા જ છે. પરંતુ વત્સ! પર પુરૂષનેા જરા સરખેા પણ સ્પર્શ મને ન ચાલે. તેથી હવે તું અહીંથી જલ્દી જા કે જેથી આર્યપુત્ર હવે આગળ જે કરવાનું હેાય તે કરી શકે.'

હનુમાને કહ્યું સારૂં માતા! હું અહીંથી જલ્દી જાઉં છું પણ જતાં જતાં આ રાક્ષસેાને મારૂં થેાડુંક પરાક્રમ દેખા-ડતેા જઉં બીજા બધાને શક્તિહીન ગણુ-નારેા આ રાવણ પણ ભલે જાણે કે-રામ લક્ષ્મણના માત્ર એક જ સેવકમાં કેટલી બધી તાકાત છે.'

'સારૂં એમ કહીને સીતાએ પેાતાનેા ચૂડામણિ હનુમાનને આપ્યેા.

અને પગ પછાડીને ધમ-ધમતાં ચાલતાં હનુમાને ધરતીને ધ્રુજાવવા માંડી, અને એ જ દેવરમણ ઉદ્યાનના રક્ત અશેાક, લકુમ, સહકાર, ચંપક, મંદાર, કદલી, વૃક્ષેા સહિત અન્ય વૃક્ષેાને જડમૂળમાંથી ઉખાડી-ઉખાડીને ફેંકી દઇ નંદનવનને ઉજ્જડ વેરાન વન બનાવી દીધુ.

હનુમાનને મુદ્ગર લઈને મારવા આવેલા દ્વારપાળેાને તરફ ઝાડ ફેંકી ફેંકીને હનુમાને હણી નાંખ્યા.

કેટલાંકે જઈને રાવણને જણાવતાં રાવણે સૈન્ય સહિત અક્ષકુમાર નામના પેાતાના પુત્રને હનુમાનને હણવા મેાકલ્યેા. શરાશરી અને શસ્ત્રાશસ્ત્રીનેા લાંબા સમય સુધી સંગ્રામ ખેડીને હનુમાને આખરે કૌતુકથી જ રમતેા અંત લાવવા અક્ષય-કુમારને પશુની જેમ વધેરી નાંખ્યેા.

આથી ભાઇના વધથી રેાષાયમાન થયેલેા ઇન્દ્રજિત ત્યાં આવી ઘેાર-સંગ્રામ ખેલવા લાગ્યેા. સંગ્રામ વધુને વધુ ભીષણ બનતેા ચાલ્યેા. છેવટે ઇન્દ્રજિતે નાગાસ્ત્ર છેાડીને હનુમાનને બાંધી લીધા. પણ

દુશ્મને એક-બે ક્ષણ માટે જયનો આનંદ આપવા હનુમાને હાથે કરીને તે બંધન તોડયું નહિ.

ખુશ-ખુશ થયેલો ઇન્દ્રજિત હનુમાનને રાવણ પાસે લઈ ગયો,

અને રાવણે કહ્યું- 'અરે! દુર્બુદ્ધિ! જનમથી માંડીને મારા સેવક હોવા છતાં તે બે ગરીબડાઓનું શરણું લઈને તે આ શું માંડયું છે? વનમાં રહેનારા, વનના જ ફળોથી પેટ ભરનારા, મેલા-ગંધાતા, અને મેલા કપડાંવાળા ભીલ જેવા તે બન્ને ખુશ થઈને જ તને આપી આપીને કેટલી લક્ષ્મી આપી શકવાના છે? એમનો ચડ્યો તું અહીં આવ્યો અને અત્યારે પ્રાણના જોખમમાં પડયો, મુરખ છે તું મુરખ! ધૂતારા એ હંમેશા બીજા પાસે જ સળગતા અંગારા ઉપડાવે છે તેમ તે ધૂતારાઓએ તારી જ પાસે આવા ધંધા કરાવ્યા. તું મારો એક વખતનો શ્રેષ્ઠ સેવક હતો અને અત્યારે શત્રુનો દૂત બનીને આવ્યો છે માટે દૂતના નાતે તું અવધ્ય હોવા છતાં તને આ નાગપાશમાં બાંધીને માત્ર શિક્ષા જ કરું છું.'

શાંત રહેલા હનુમાન હવે બોલ્યા કે- હું અને વળી તારો સેવક? હું કયા દાડે તારો સેવક અને તું મારો સ્વામી હતો? તું બોલતા શરમાતો ય નથી. (તારું માથું તો ઠેકાણે છે ને?) યાદ કર, રાવણ! કે વરૂણરાજા સાથેના સંગ્રામમાં જ્યારે મારો જન્મ પણ ન્હોતો થયો ત્યારે પોતાની જાતને હોંશિયાર સમજતા તારા ઘમંડી સુભટ ખર-ખેચરને વરૂણરાજાના સકંજામાંથી મારા પિતાએ જીવતો છોડાવ્યો હતો. અને બીજી વખત એ જ વરૂણરાજાના સંગ્રામમાં તને મદદ કરવા આવેલા મેં પોતે જ વરૂણના પુત્રો સામે મોતની અણી ઉપર ચડી ગયેલા તને જીવતો બચાવેલો. (હું ત્યારે ત્યાં ન હોત તો તું અત્યારે અહીં જીવતો ય ના હોત.)

પણ હવે પછી તો પરસ્ત્રીના હરણનું પાપ કરનારા પાપી! પાપમાં પડેલો તું હવે મારી મદદ માંગવા માટે પણ લાયક નથી રહ્યો તારી સાથે હે પાપી! વાત કરવી પણ પાપ છે.

રામ તો શું અદ્વિતીય શક્તિના ધણી એક માત્ર સૌમિત્રિથી પણ તને જીવતો બચાવી શકે એવો કોઇ તારે ત્યાં નથી.'

હનુમાનના સણસણતા શબ્દોએ રાવણ ઉશ્કેરાયો અને હોઠોને દાંતથી કરડતો જ બોલ્યો કે-એક તો મારો સેવક થઈને શત્રુમાં ભળ્યો છે અને મને દુશ્મન બનાવ્યો છે. એટલે સમજી રાખ હનુમાન કે હવે તું મરવાનો થયો છે. જીંદગીથી તને વૈરાગ્ય (નફરત) થઈ ગયો છે કેમ? મરવા ઇચ્છતા કોઢીયાને કોઇ હત્યાના ભયથી જ નથી હણતું એમ તારો હમણાં જ વધ કરી નાંખુ પણ શું કરું? તું એક દૂત બનીને આવ્યો છે. પણ તને ગધેડા ઉપર બેસાડીને પાંચ ચોટલીઓ વાળો કરીને લંકાના ચોરે-ચૌટે તને હમણાં જ

ફેરવાવુ તો તુ જોજે.'

આટલું સાંભળીને રોષાયમાન થયેલા હનુમાને નાગપાશને ક્ષણવારમાં તોડી નાંખીને ઉછળીને રાવણના માથામાં એવી લાત લગાવી કે રાવણનો મુગટ પડતાની સાથે જ ચૂરેચૂરા થઇ ગયો.

'પકડો આને હણી નાંખો' આમ રાવણ બરાડા પાડતો રહ્યો ને હનુમાને લંકાનગરીને પગ પચાડી પછાડી બેહાન-બેદાન કરી નાંખી.

આટલી રમત કરીને હનુમાન ગગન-માર્ગે આવ્યા તે જ રસ્તે પાછા ગયા. રામચંદ્રજી પાસે આવીને નમીને સીતાનો ચૂડામણિ અર્પણ કર્યો. સાક્ષાત સીતા આવ્યા સમજીને રામે ચૂડામણિને વારંવાર છાતીએ લગાડયો.

અને હનુમાને લંકા ભંગ સુધીની બધી હકીકત કહી.

શાસન સમાચાર

ચોપાટી-મુંબઇ-અત્રે પૂ. આ. શ્રી વિ. વારિષેણ સૂ. મ. આદિની નિશ્રામાં પોષ-દશમી આરાધના પૂજા પાર્શ્વનાથ મહાપૂજન પૂજાઓ આંગી સમૂહ ઓજાસણા પૂર્વક સારી રીતે થઇ છે.

પૂ. શ્રી અહીંથી છાણી ભદ્રંકરનગર ઓમકારતીર્થ શીલા સ્થાપન પ્રસંગે પધારશે.

ઉજ્જૈન નગરીમાં ગણિવર્યશ્રીનું પદાર્પણ- પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. વિજયરામચંદ્ર સૂ. મ. સા ના સમુદાયવર્તી પ. પૂ. વર્ધમાનતપોનિધિ ગ. શ્રી કમલરત્ન વિ. મ. ના શિષ્યરત્ન પ. પૂ. પ્રવચન-પ્રભાવક ગ. શ્રી દર્શનરત્ન વિ મ. એવં તેમના શિષ્ય-પ્રશિષ્યરત્ન પ. પૂ. ભાવેશરત્ન વિ. મ. તથા પ. પૂ. પ્રશમરત્ન વિ. મ. નું શ્રી અવંતી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મારવાડી સમાજના આગ્રહથી ઉજ્જૈનમાં છોટા સરાફા શાંતિનાથજી ગલીના ઉપાશ્રયે પદાર્પણ થયેલાં.

બે દિવસ સ્થિરતા દરમ્યાન ઘણાં ભાવિકોએ વ્યાખ્યાન આદિનો લાભ લીધેલ ત્યાર પછી ગણિવર્ય શ્રી આદિ હસામપુરા તીર્થ પધારેલ ત્યાં નાગદા, ઉજ્જૈન આદિથી સારા ભાવુકો અઠ્ઠમ કરવા પધારેલ. ત્રણે દિવસ સંગીતકારે પૂજા-ભક્તિમાં રમઝટ મચાવેલ. ધારણા-પારણા તથા ત્રણે દિવસ વ્યાખ્યાન થયેલ.

અલકાપુરી વડોદરા – અત્રે પોષ દશમના અઠ્ઠમની આરાધના તથા ૧૮૮ પાર્શ્વનાથ પૂજન ભવ્ય મહાપૂજન તથા સ્નાત્ર મહોત્સવ ભવ્ય રીતે પૂ મુ. શ્રી મુક્તિપ્રભ વિ. મ. પૂ. મુ. શ્રી પુન્યધન-વિ. મ.ની નિશ્રામાં ઉજવાયો.

પૂજન શ્રી બીપીનભાઇ ધીરજલાલ તરફથી સ્નાત્ર મહોત્સવ જયેશભાઇ રૂમલીકલાલ દાવજી તરફથી પારણા શ્રીમતી નયનાબેન રમેશભાઇ શાહ તરફથી મહાપૂજા અલકાપૂરી સંઘ તરફથી થયા.

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર
—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૧]

તેથી જ આ સંસાર રૂપી સમુદ્રને પાર પમાડવા અને મુક્તિનગરીને કિનારે પહોંચાડવા માટે આ મનુષ્યપણું એ નાવ સમાન છે. ગમે તેવા દરિયાઇ તોફાનોમાં જરાયપણ ગભરાયા વિના પોતાનો વેગ ચાલુ રાખીને ઇચ્છિત મંજિલે પહોંચાડવાનું કુશલ નાવિક કરે છે. તેની જેમ આત્મામાં પ્રાણાતિ-પાતાદિ અવતોથી આવતા કર્મોને શુભ સંવર વડે રોકીને, સતત ઉપયોગવાળો થઇને જ્ઞાનોપાર્જનમાં જ મસ્ત બનેલો સુકૃળ કર્ણધાર, અનશનાદિ બારે પ્રકારના તપરૂપી પવનના વેગથી આ મનુષ્યભવરૂપી નાવને ઇચ્છિત સ્થાને પહોંચાડી દે છે. માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ ધર્મની આરાધનામાં જ આ મનુષ્ય ભવનો ઉપયોગ કરવો તે શ્રેષ્ઠ છે. સંસારના કાર્યોમાં આ જન્મનો ઉપયોગ કરવો તે તેનો દુરૂપયોગ છે, સુવર્ણના પાત્રમાં મદિરા ભરવા સમાન છે તે અંગે કહ્યું પણ છે કે-

"જ્ઞાન-દર્શન-ચારિત્ર-રત્નત્રિતયભાજને ।
મનુજત્વે ભોગકર્મ-સ્વર્ણપાત્રે સુરોપમા ।।"

માટે આવો અવસર ફરી ફરીને મળવો દુર્લભ છે. મોક્ષ એ જ જીવનું સાચું સ્થાન છે. મોક્ષ અને મોક્ષનું સાધન એવો સાધુપણારૂપી ધર્મ આ મનુષ્ય જન્મ વિના બીજા કોઇ જ જન્મમાં મલી શકતો નથી માટે આ મનુષ્યજન્મ ઘણો જ દુર્લભ છે.

જગતના સઘળાય જીવો દુઃખના લેશ વિનાનું પરિપૂર્ણ અને આવ્યા પછી કદી નાશ ન પામે તેવું સુખ ઇચ્છે છે અને તેવું સુખ મોક્ષ વિના બીજે કશે- આ સંસારમાં નથી. કેમકે, સંસારનું જે સુખ છે તે દુઃખરૂપ છે, તેનું ફલ પણ દુઃખ જ છે અને તેની પરંપરા પણ દુઃખને જ જ સર્જનારી છે. જ્યારે આત્માનું વાસ્તવિક સ્વરૂપ મોક્ષ જ છે. તેથી તે મોક્ષ મેળવવા માટે જ યત્ન કરવો તે જ બુધ્ધિમાનનું કર્તવ્ય છે. કેમકે મોક્ષે ગયા પછી જન્મ, જરા, મરણ, રોગ-શોક, ઇષ્ટવિયોગ, અનિષ્ટ સંયોગ, ભુખ, તરસ કે શીત-ઉષ્ણાદિ કોઇ જ પીડાઓ નથી કેમકે આ શરીર નથી તેથી કોઇ ઉપાધિ નથી, સદા કાળ પોતાના આત્મગુણોમાં જ રમવાનું માટે સાચી સ્વતંત્રતા પણ ત્યાં જ છે. અશુભ રાગાદિથી રહિત, ક્રોધાદિનો અભાવ હોવાથી

સર્વથા શાંત–પ્રશાંત, બધા જ અશિવાદિનો અભાવ હોવાથી સાચું શિવપણું, બધી જ કર્મજન્ય પીડાઓનો અભાવ હોવાથી સાચું અવ્યાબાધપણું એવું જીવનું અવસ્થાન તે મોક્ષ જ છે. માટે તે મોક્ષને મેળવવા માટે સાધુપણાનો સ્વીકાર કરી, આજ્ઞા મુજબ પાલન કરવું તે જ આ મનુષ્યજન્મની સાચી સાર્થકતા છે.”

આ સંસાર કેવો છે તે વાત કરે છે–

વિવરીઓ અ સંસારો ઇમીણ અણુવદ્ધિઅસહાવો ।

“ઇત્થ ખલુ સુહીવિ અસુહી, સંતમસંતં, સુવિણુવ્વ સવ્વમાલમાલંતિ । તા અલમિત્થ પડિબંધેણું । કરેહ મેં અણુગ્ગહં” ઉજ્જમહ એઅં વુચ્છિદિત્તએ । અહંપિ તુમ્હાણુમઈએ સાહેમિ એઅં । નિચ્ચિણ્ણો જમ્મ-મરણેહિં । સમ્મિજ્જઇ અ મે સમીહિઅં ગુરૂપભાવેણું । એવં સેસેવિ બોદ્ધિજ્જા । તઓ સમમેએ હિં સેવિજ્જ ધમ્મં । કરિજ્જોચિઅકરણિજ્જં, નિરાસંસો ઉ સવ્વદા, એઅં પરમમુણિસાસણું ।।

“જ્યારે આ સંસાર મોક્ષથી વિપરીત અને સઘળા ય ઉપદ્રવોનાં સ્થાનભૂત છે. છે, કહ્યું છે કે– જન્મ એ જ સઘળા ય દોષોનું મૂળ છે.” જરા–મરણ–દૌર્ભાગ્ય–રોગ–શોક–દુર્ગતિપણું તો દૂર રહો પણ વીર પુરુષોને માટે પણ વારંવાર જનમવું એ લજ્જાકર છે એમ હું માનું છું.” માટે જ આ સંસાર અસ્થિર સ્વભાવવાળો છે કેમકે “આ સંસારમાં પર્યાયે કરીને સુખી પણ દુઃખી થઈ જાય છે, વિદ્યમાન વસ્તુ પણ ક્ષણવારમાં નાશ પામી જાય છે, સ્વજન–કુટુંબ–પરિવારાદિ પણ સ્વપ્નની જેમ ક્ષણવિનશ્વર છે તેથી આ સંસારમાં બધું જ અનિત્ય છે માટે કોઇના ઉપર પણ ખોટો મમત્વભાવ–રાગ કરવા જેવો નથી. માટે આ સંસારનો ઉચ્છેદ કરવા માટે સાધુપણાને સ્વીકારવા માટે મારી ઉપર કૃપા કરીને મને અનુજ્ઞા આપો.” હું તો ઇચ્છું છું કે આ સંસારનો વિચ્છેદ કરવા માટે તમે બધા પણ ઉદ્યમવંત થાઓ– આત્માના વીર્યને ફોરવનારા થાઓ. તમારા બધાની હાર્દિક અનુમતિથી હું પણ આ સંસારનો ઉચ્છેદ કરવાને ઇચ્છું છું કેમકે આ સંસારમાં વારંવાર કરવાં પડતાં જન્મ–મરણાદિથી ગળિયા બળદની જેમ હું થાકી ગયો છું સદ્ગુરુની કૃપા અને મંગલ આશિષથી મારું ઇચ્છિત જરૂર નિર્વિઘ્ને પૂર્ણ થશે જ.”

આ પ્રમાણે માતા–પિતાદિની જેમ સ્ત્રી–પુત્ર–પરિવારાદિને ઉચિત રીતે પ્રતિબોધ પમાડી, બધાની સાથે શ્રી જિનેશ્વરદેવની પરમતારક આજ્ઞા મુજબ વિધિપૂર્વક ચારિત્ર-ધર્મને ગ્રહણ કરે અને આ લોકની કે પરલોકની સુખ–સાહ્યબી, ઋધ્ધિ–સિધ્ધિ આદિની આશંસા–ઇચ્છા વિના માત્ર મોક્ષને માટે જ આજ્ઞા મુજબ ચારિત્ર ધર્મનું પાલન કરવું જોઇએ; એમ પરમમુનિ શ્રી જિનેશ્વરદેવનું વચન–આજ્ઞા છે. [ક્રમશઃ]

— જ્ઞાન ગુણ ગંગા —

(ગતાંકથી ચાલુ) —પ્રજ્ઞાંગ

૭–અનન્તરગતિ દ્વાર :—ચતુર્થ પૃથ્વીસિદ્ધ અલ્પ, તેથી તૃતીય પૃથ્વી સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી દ્વિતીય પૃથ્વી સિદ્ધ સંખ્યગુણ, તેથી પ્રત્યેક બાદર પર્યાપ્ત વનસ્પતિ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયસિદ્ધ સંખ્યાતગુણ, તેથી બાદર પર્યાપ્ત અપકાય સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ભવનપતિ દેવી સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ભવનપતિ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી વાણવ્યન્તરસિદ્ધ સંખ્યાતગુણ, વાણવ્યંતરસિદ્ધ સંખ્યાતગુણ તેથી જ્યોતિષદેવી સિદ્ધ સંખ્યાતગુણ, તેથી જ્યોતિષ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી માનુષી સિદ્ધ સંખ્યાતગુણ, તેથી મનુષ્ય સિદ્ધ સંખ્યાતગુણ, તેથી પ્રથમ તારક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી તિર્યંચી સિદ્ધ સંખ્યગુણ, તેથી તિર્યંચ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી અનુત્તર સિદ્ધ સંખ્યાતગુણ, તેથી અધઃ અધઃ યાવત સનત્કુમાર સુધી સંખ્યાતગુણ, સંખ્યાતગુણ, તેથી ઇશાનદેવી સિદ્ધ સંખ્યાતગુણ, તેથી સૌધર્મદેવી સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ઇશાનદેવ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી સૌધર્મદેવ સિદ્ધ સંખ્યાતગુણ.

(જો કે દેવ કરતાં દેવીની સંખ્યા વધારે હોય છે. તો પણ પુરૂષમાંથી આવી મોક્ષે જનાર સંખ્યા ઘણી હોવાથી અલ્પ બહુત્વ સંભવતિ છે.)

૮–ક્ષેત્રવિભાગદ્વાર :—જંબુદ્વીપમાં, ભરત–ઐરાવતમાં સિદ્ધ થયા તે સર્વથી અલ્પ, તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાતગુણા.

તથા સંહરણની અપેક્ષાએ ચુલ્લહિમવંત અને શિખરી પર્વત સિદ્ધ થયા તે સર્વથી અલ્પ, તેથી હેમવંત–હિરણ્યવંત ક્ષેત્રસિદ્ધ સંખ્યાતગુણા, તેથી મહાહિમવંત–રૂકમીગિરિ સિદ્ધ સંખ્યાતગુણા, તેથી દેવકુરૂ–ઉત્તરકુરૂ સિદ્ધ સંખ્યાતગુણા, તેથી હરિવર્ષ–રમ્યકસિદ્ધ વિશેષાધિક તેથી નિષધ નિલવંત સિદ્ધ સંખ્યાતગુણ, ભરત–ઐરવત સિદ્ધ સંખ્યાતગુણ તેથી મહાવિદેહસિદ્ધ સંખ્યાતગુણ.

તથા ધાતકીખંડને વિષે ચુલ્લહિમવંત–શિખરીસિદ્ધ સર્વથી અલ્પ, તેથી મહાહિમવંત–રૂકમીસિદ્ધ સંખ્યાતગુણ, તેથી નિષધ–નીલવંત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી હિમવંત–હિરણ્યવંત સિદ્ધ વિશેષાધિક, તેથી દેવકુરૂ–ઉત્તરકુરૂસિદ્ધ સંખ્યાતગુણ, તેથી હરિવર્ષ–રમ્યકસિદ્ધ વિશેષાધિક, તેથી ભરત–ઐરવત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણ.

તથા પુષ્કરાર્ધ દ્વીપમાં ચુલ્લહિમવંત–શિખરિસિદ્ધ સર્વથી અલ્પ, મહાહિમ-

વંત-રુકિમસિદ્ધ સંખ્યાતગુણ, તેથી નિષધ નિલવંત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી હિમવંત હિરણ્યવંત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી દેવકુરુ-ઉત્તરકુરુ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી હરિવર્ષ રમ્યક સિદ્ધ વિશેષાધિક, તેથી ભરત ઐરાવતસિદ્ધ સંખ્યાતગુણ, તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાતગુણ, [આ અઢી દ્વીપની સમુચ્ચિત વિચારણા એ અલ્પબહુત્વ થયું]

અથવા શ્રેણિબદ્ધ અલ્પબહુત્વની અપેક્ષાએ જંબુદ્વીપમાં ચુલ્લહિમવંત-શિખરી સિદ્ધ સર્વથી અલ્પ, તેથી હિમવંત હિરણ્યવંત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી મહાહિમવંત-રુકમી સિદ્ધ સંખ્યાતગુણા, તેથી દેવકુરુ-ઉત્તરકુરુ સિદ્ધ સંખ્યાતગુણા, તેથી હરિવર્ષ-રમ્યક સિદ્ધ વિશેષાધિક, તેથી નિષધ નીલવંત સિદ્ધ સંખ્યાતગુણા, તેથી ધાતકીખંડના ચુલ્લહિમવંત-શિખરિસિદ્ધ વિશેષાધિક, તેથી ધાતકીખંડના મહાહિમવંત રુકમી સિદ્ધ અને પુષ્કરાવર્ધના ચુલ્લહિમવંત-શિખરી સિદ્ધ એ ચાર સંખ્યાતગુણા છે, પરંતુ પરસ્પર તુલ્ય છે. તેથી ધાતકી ખંડના નિષધ-નીલવંત સિદ્ધ અને પુષ્કરાર્ધના મહા હિમવંત-રુકિમ સિદ્ધ એ ચારે સંખ્યાતગુણ, પરંતુ પરસ્પર તુલ્ય, તેથી ધાતકીખંડના હિમવંત હિરણ્યવંત સિદ્ધ વિશેષાધિક, તેથી પુષ્કરાર્ધના નિષધ-નીલવંત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ધાતકીખંડના દેવકુરુ-ઉત્તરકુરુ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ધાતકીખંડના હરિવર્ષ રમ્યક સિદ્ધ વિશેષાધિક, તેથી પુષ્કરાર્ધના હિમવંત હિરણ્યવંત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી પુષ્કરાર્ધના દેવકુરુ-ઉત્તરકુરુ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી પુષ્કરાર્ધના દેવકુરુ-ઉત્તરકુરુ સિદ્ધ સંખ્યાતગુણ, તેથી પુષ્કરાર્ધના હરિવર્ષ-રમ્યક સિદ્ધ વિશેષાધિક, તેથી જંબુદ્વીપના ભરત ઐરાવતસિદ્ધ સંખ્યાતગુણ, તેથી ધાતકીખંડના ભરત-ઐરવત સિદ્ધ સંખ્યાતગુણ, તેથી પુષ્કરાર્ધના ભરત-ઐરવતસિદ્ધ સંખ્યાતગુણ, તેથી જંબુદ્વીપના મહાવિદેહ સિદ્ધ સંખ્યાતગુણા, તેથી ધાતકીખંડના મહાવિદેહ સિદ્ધ સંખ્યાતગુણા તેથી પુષ્કરાર્ધના મહાવિદેહ સિદ્ધ સંખ્યાતગુણા.

(૯) કાલથી અલ્પબહુત્વ :—

અવસર્પિણીમાં દુઃષમ-દુઃષમ આરામાં થયેલા સિદ્ધ સર્વથી અલ્પ, તેથી દુઃષમ આરામાં થયેલા સંખ્યાતગુણ, તેથી સુષમ-દુઃષમ આરામાં થયેલ સિદ્ધ અસંખ્યગુણ, તેથી સુષમા આરક સિદ્ધ વિશેષાધિક, તેથી સુષમ-સુષમ આરાના સિદ્ધ વિશેષાધિક, તેથી દુઃષમ-સુષમ આરાના સિદ્ધ સંખ્યાતગુણ [ઉત્સર્પિણીના ૬ આરાનું અલ્પબહુત્વ પણ એ પ્રમાણે જ જાણવું.]

(૧૦) કાલથી શ્રેણિબદ્ધ અલ્પબહુત્વ :—

ઉત્સર્પિણી અવસર્પિણીના દુઃષમ-દુઃષમ આરક સિદ્ધ સર્વથી અલ્પ (પરંતુ

[જુઓ ટાઇટલ ૩ ઉપર]

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦વર્ષ ૨ શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા,

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા– જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરુ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલક વિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાન્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજાનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા. ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

(મુ. ભાભર,, તા. દીયોદર જી. બનાસકાંઠા ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન નં ૮૪૨૬૭૧

શાસન સમાચાર

૪-૪-આચાર્ય ભ. તેમજ પંન્યાસ ભ. ની પધરામણી

બોરીવલી ચંદ્રાવકર લેન મધ્યે- એક પછી એક પ્રસંગોની હારમાળા સુંદર રીતે ઉજવાઈ ગઈ. સંઘમાં અનેરો આનંદ.

સૌ પ્રથમ મા. સુદ-૨ શ્રી મહાવીર જિનાલયની ૭મી સાલગીરી દિન પ. પૂ. પં. વર્ધમાન તપોનિધિ શ્રી નરવાહન વિ. મ. સા. આદિની નિશ્રામાં શેઠ શ્રી સંઘવી કાંતીલાલ ગીરધરલાલ વોરાના નિવાસ સ્થાનેથી ધજાને સંઘ સાથે વાજતે ગાજતે જિનાલય પધાર્યા. ત્યારબાદ શુભ મુહુર્તે ધજા ચઢાવવામાં આવી. ત્યારબાદ નૌકારશી તેમજ પાંચ રૂા. ની પ્રભાવના એક સદ્‌ગૃહસ્થ તરફથી થયેલ. તેમજ ભવ્યાતિભવ્ય અંગ-રચના કરવામાં આવેલ.

મા. સુદ ૮ ના રોજ પ્રવચનકાર પ. પૂ. આ. ભ. જનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ સવારે કાંતીલાલ ગીરધરલાલ સંઘવી (જવાન-નગર) ના નિવાસસ્થાને પધાર્યા. ત્યાં મંગલાચરણ બાદ ગુરૂપૂજન તથા સંઘ પૂજન થયેલ. ત્યાંથી વાજતે ગાજતે જિના-લયે પધારેલ, પ્રવચન થયેલ. પ્રવચન બાદ પાંચ ભાગ્યશાળીઓ તરફથી ગુરૂપૂજન થયેલ. પ્રવચન બાદ પાંચ ભાગ્યશાળીઓ તરફથી ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ. આજથી ૮-૯-૧૦ તપસ્વી વર્ધમાન તપોનિધિ પ. પૂ. મુનિરાજ શ્રી દિવ્યાનંદવિજય મ. સા.ની ૧૦૦+૮૯ ની ઓળીની પૂર્ણાહુતિ નિમિતે ૩ દિવસનો સુંદર મહોત્સવ ત્રંબકલાલ શાહ તરફથી યોજાયેલ. પૂજન તથા પૂજાઓ તથા ભવ્ય અંગરચનાઓ થતી.

મા. સુદ ૯ ના રોજ સવારે પ. પૂ. મુ. તપસ્વી દિવ્યાનંદ વિ.મ. સા. ઓળીની પૂર્ણાહુતિ નિમિતે પૂ. આ. મ. આદિ સંઘ સાથે સસ્વાગત કનકભાઈ શાહના ગૃહે પધારેલ. તથા લાડવાની પ્રભાવના થયેલ ત્યાંથી કાંતીભાઈના ગૃહે પધારેલ ત્યાં રૂા. નું ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ. આ દિવસે નવાણું અભિષેકની પૂજા તેમજ અંગરચના થયેલ.

મા. સુદ ૧૦ ના રોજ સિંહગર્જનાના સ્વામી સ્વ. પ. પૂ. આ. ભ. મુક્તિચંદ્ર સૂ. મ. ના પરમવિનય શાંતમૂર્તિ પ. પૂ. આ. ભ. વિચક્ષણસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. ભ. જયકુંજરસૂરીશ્વરજી મ. તથા પ્રવચનકાર પ. પૂ. આ. ભ. મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. આદિ ઠાણા વાજતે ગાજતે જિનાલયે પધાર્યા ત્યારબાદ પૂ.શ્રીએ સુંદર પ્રવચન ફરમાવેલ. પ્રવચન બાદ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી ૧ રૂા. નું ગુરૂપૂજન તથા સંઘપૂજન

થયેલ. ઉગ્રે વિહાર કરી ગુજરાત તરફ વિહાર કરી રહ્યા છે. મા. સુદ ૧૧ મૌન એકાદસી પર્વ સુંદર રીતે થયેલ. સંઘપૂજન થયેલ.

મા. સુદ ૧૨ રવિવારના રોજ શાસન સમ્રાટ સ્વ. આચાર્ય ભ. રામગંદ્રસૂરીશ્વરજી મહારાજના પરમવિનય શાંતમૂર્તિ પ્રવચનકાર પ. પૂ. મુ. નયવર્ધનવિજય મ. સા. આદિ પ. પૂ. સા. હર્ષપૂર્ણાશ્રીજી મ. આદિ પાલાંથી અગાશી તીર્થનો છ'રી પાલિત સંઘનો આંશિક લાભ ચંદાવરકર લેનના સંઘે વારંવાર વિનંતિ કરતા વાજતે ગાજતે જિનાલયે પધારતાં દર્શન કર્યા બાદ ટુંકમાં સુંદર પ્રવચન ફરમાવેલ ત્યારબાદ દૂધથી પગ ધોઇ દરેક ભાગ્યશાળીઓને ૧૦ રૂા.નું સંઘપૂજન થયેલ તથા સંઘવી પરિવારનું સંઘ તરફથી બહુમાન થયેલ.

આમ થોડા દિવસોમાં એક પછી એક સુંદર પ્રસંગો સંઘમાં ઉજવવા સંઘમાં અનેરો ઉત્સાહ આનંદ-હર્ષ ઉભરાતો હતો. આવા આચાર્ય ભગવંતો તથા સંઘો વારંવાર આ સંઘને લાભ મળ્યા કરે આ સંઘ ઉન્નતિમાં વધી વહેલા વહેલા સર્વ જીવો મોક્ષ પામે.

લોંયરા-અત્રેના શ્રી મલ્લિનાથજી જૈન દેરાસરની પાંચમી વર્ષગાંઠ માગશીર્ષ સુદ ૧૫ ના રોજ ધાર્મિક ભાવનાથી ઉજવવામાં આવી. વિંછીયાથી જૈન સંગીત મંડળના ભાઇઓએ આવીને પૂજા ભણાવી. જામનગર કામદાર કોલોનીવાળા શ્રી પ્રેમચંદભાઇ પાનાચંદભાઇ તરફથી પ્રભાવના તથા પુજારીને એક જોડ કપડાં આપવામાં આવેલ. શાળાના બાળકોએ ભક્તિ ગીતો રજુ કરેલ.

(અનુ. પાના નં. ૫૩૦ નું ચાલુ)

પરસ્પર તુલ્ય), તેથી ઉત્સર્પિણીના દુઃષમારક સિધ્ધ વિશેષાધિક, તેથી અવસર્પિણીના દુઃષમારક સિધ્ધ સંખ્યાતગુણ, તેથી ઉત્સર્પિણી-અવસર્પિણી સુષમ-દુઃષમારક સિધ્ધ અસંખ્યગુણ, તેથી ઉત્સર્પિણી અવસર્પિણીના સુષમારક સિધ્ધ વિશેષાધિક, તેથી ઉત્સર્પિણી-અવસર્પિણીના સુષમ-સુષમારક સિધ્ધ વિશેષાધિક.

(૧૦) સંખ્યાદ્વાર :— અનેક સિધ્ધ થોડા, એક સિધ્ધ સંખ્યાતગુણા.

(૧૧) જ્ઞાનદ્વાર :— મતિ-શ્રુતજ્ઞાની-૪, મતિશ્રુત અવધિજ્ઞાની-૧૦૮, મતિશ્રુત [redacted] પર્યવજ્ઞાની-૧૦, મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાની-૧૦.

(સર્વ ભાગે કેવળજ્ઞાન પામી સિધ્ધ થાય.)

[ક્રમશઃ]

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- પુણ્યથી જે સુખ મળ્યું હોય તે સુખ પણ જેને ન ગમે તો તેનું પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. અને પુણ્યથી મળેલું સુખ જેને ગમે- સાચવવા જેવું લાગે તેનું પુણ્ય પાપાનુબંધી પુણ્ય કહેવાય !
- સુખ માટે કરાતો ધર્મ એટલે અવિવેકનો ધર્મ હિત માટે કરાતો ધર્મ તે વિવેક-પૂર્વકનો ધર્મ !
- જેને મરવાનો ભય ન હોય પરંતુ મરણ સમયે આનંદ હોય તેનું નામ હિત !
- સુખનો અર્થી જીવમરણથી ડરે, જ્યારે હિતનો અર્થી જીવ મરણથી ડરે નહિ.
- ધર્મ ક્રિયાઓ આપણું અંતર સારૂં હોય તો જ ધર્મ છે.
- જૈન એટલે સુખનો ભિખારી નહિ તેને અહિત દેખાય તો લાખો રૂપિયા મળતાં હોય તોય લાત મારે ! તેને કદાચ સુખની જરૂર પડે અને મેળવવું પડે તો અહિત ન થાય તે રીતે મેળવે !
- જગતની આંખ સામે પાંચે ઈન્દ્રીયોથી અને કષાયોથી પેદા થતાં સુખ છે. તેને લઈને જ જગતની હિતબુધ્ધિ હણાઈ ગઈ છે.
- ધર્મ અને પુણ્ય એ બે જુદી ચીજ છે. ધર્મ એ આત્માનો ગુણ છે. જ્યારે પુણ્ય એ પુદ્ગલનો વળગાડ છે.
- વર્તમાનમાં દુઃખ મળવાનું હોય પણ ભવિષ્ય સુંદર થતું હોય તો તે હિત છે. અહીં ગમે તેટલું સુખ હોય પણ ભવિષ્ય બગડતું હોય તો તે અહિત જ છે.
- દુનિયાનાં સુખ-માન-પાન સન્માનાદિ જેને બહુ ગમે છે તે કદિ પોતાના હિતનો ચિંતક થતો નથી.
- જેના ઘરમાં કોઈપણ ચીજ એવી ન હોય કે જે છુપાવવી પડે, તેનું નામ માર્ગાનુસારી !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧૧૧૯૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

શ્રી. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

વર્ષ ૮

અંક ૨૧

સાચો સંયમી જ ઈન્દ્રિયોનો સદુપયોગ કરે.

हताहतानीन्द्रियाणि, सदा संयमयोगिनाम् ।
अहतानि हितार्थेषु, हतान्यहितवस्तुषु ।।

સંયમધારી સાચા યોગીઓની ઇન્દ્રિયો હત-રુંધેલી અને અહત-પ્રવર્ત્તાવેલી- બંન્ને પ્રકારની હોય છે. તેમાં હિતકારી કાર્યને વિષે અહત-પ્રવર્ત્તાવેલી હોય છે અને અહિતકારી કાર્યને વિષે હત-રોકેલી હોય છે.

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

સાધુની મર્યાદા શું ?

—પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂ. મ.

પ્ર૦– શ્રાવકો બેદરકારી કરે તો સાધુએ કામ ઉપાડાય ?

ઉ૦– સાધુએ જરૂરી કામ ઉપાડવાનું કે બીનજરૂરી ? આજે જેણે જેણે કામ ઉપાડયા છે તે જરૂરી છે તેમ પૂરવાર કરે. આજે સાધુઓ એવા કામ કરે છે જેનું વર્ણન ન થાય. તેથી તો ધર્મ રસાતલ જઇ રહ્યો છે.

આજે શ્રાવકોને સીદાતા તમે જ કર્યા છે. ખરેખર શ્રાવક તો સુખી રોટલી ખાઇને જીવે અને તેમાંય મજા માને. તે તો માને કે મારા પુણ્ય મુજબ મળે તેમાં જીવવાનું સૌને સૌના પુણ્ય મુજબ મળે.

પ્ર૦– બત્રીશ પકવાન ખાનાર આમ બોલે તો !

ઉ૦– તે બોલે તો તે નરાધમ છે. ખાઇને પેટે હાથ ફેરવે અને દુઃખી સામે જોતા નથી તે હરામખોર જાતના છે. તેના તો વખાણ પણ કરવા જેવા નથી. તેવાની તો કાંઇ કિંમત નથી. તે તો જગતના લુંટારા છે.

શ્રાવક તો દીન–અનાથ–અતિથિ આદિને જમાડીને જમે. આર્યદેશનો સદ્‌ગૃહસ્થ પણ ભુખ્યાને જમાડીને જમે. જ્યારે શ્રાવક તો સાધુ–સાધર્મિક આવ્યા કે નહિ તે જાણીને જમે. તે તો પોતાના પરિવારને પણ સમજાવે કે, સાધર્મિકનું સન્માન ન કરીએ તો શ્રાવકપણાની આબરૂ જાય.

પ્ર૦– આબરૂ માટે ભક્તિ કરાય ?

ઉ૦– હા. શ્રાવકપણાની આબરૂ જાળવવા ભક્તિ કરાય.

પ્ર૦– શ્રાવકો આવું ઔચિત્ય ચૂકયા તો સાધુ ચિંતા કરે કે નહિ ?

ઉ૦– કરે જ છે ને. શ્રાવકોને રોજ સમજાવીએ છીએ કે આમ આમ કરાય. આમ આમ ન જ કરાય. અમે તેને મંત્ર આપવા જઇએ ? શ્રી અરિહંત પરમાત્માની વાણી તે જ મંત્ર છે.

અમારો ધર્મ જુદો છે. તમારો ધર્મ જુદો છે. અમારી ફરજ જુદી છે તમારી ફરજ જુદી છે. અમારે અમારી રીતે જેટલું બોલાય તેટલું જ કહેવાય. ઘર વેચીને વરો ન કરાય. અમારી ફરજ ભૂલાવવા માંગી કામ કરાવવા માંગે તો ન જ કરાય.

પ્રેરણા મુખ્ય શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીશ્રી
પ્રેમચંદ મોહનલાલ ગુજર (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
ચુનીલાલ વીરચંદ દોશી (પાલીતાણા)
પ્રાણલાલ પદમશી મુંદરા (થાણા ગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ પોષ વદ-૧૦ મંગળવાર તા. ૧૬-૧-૯૬ [અંક ૨૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

–પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ–૧૧ ને મંગળવાર, તા. ૭–૭–૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય

ક્રમાંક –૬. (પ્રવચન ૭ મું) (અંક ૧૯નું ચાલુ

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— –અવ૦)

પ્ર૦–આજે અમને સુખ ભોગવવાનું મન થાય છે. ધર્મ કરવાનું મન નથી થતું, તો એમ જ સમજવું કે, ધર્મ કરેલો તે સુખ માટે જ કરેલો.

ઉ૦–હા એમ જ સમજવું કે ધર્મ સંસારની લાલસાથી જ કરેલો.

પ્ર૦–તે પાપાનુબંધી પુણ્ય કહેવાય?

ઉ૦–હા. તેમાં જરા ય શંકા રાખવાની નહિ.

પ્ર૦–તે ધર્મ વિરાધક ભાવે કરેલો કહેવાય?

ઉ૦–હા. ભગવાને ધર્મ મોક્ષ માટે જ કરવાનો કહ્યો છે. તે ધર્મ સમજવા છતાં સંસારના સુખ માટે કરે તો ભગવાનની આજ્ઞાનો ભંગ કર્યો કહેવાયને? જેમાં ભગવાનની આજ્ઞાનો ભંગ હોય ત્યાં આરાધક ભાવ ટકી શકે ખરો?

શાસ્ત્રે કહ્યું છે કે, સંસારના આલોકના સુખ માટે ધર્મ કરવો. એટલે ધર્મને વિષ જેવો કરવો તે વિષ જીવને તત્કાળ મારે. ધર્મના ફળ તરીકે સંસારનું સુખ માગવું તેને શાસ્ત્રે નિયાણું

કહ્યું છે. ધર્મના ફળ તરીકે સંસારના સુખની ભીખ માગીને થયેલા વાસુદેવો અને પ્રતિવાસુદેવો નિયમા નરકે જાય છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આત્માએ વિશ્વભૂતિના ભવમાં સારામાં સારો ધર્મ કરીને અંતે તે ધર્મને વેચી મારીને ત્રિપૃષ્ઠ નામના પહેલા વાસુદેવ થયા અને ત્યાંથી સાતમી નરકે ગયા. તમે બધા શ્રી મહાવીરદેવનું ચરિત્ર કઈ પર્યુષણમાં સાંભળો છો પણ યાદ રાખતા લાગતા નથી. ભગવાનના આત્માને પણ જો કર્મ છોડે નહિ તો તમને અને અમને પણ કર્મ છોડશે ખરું ?

આજના મોટા મોટા શ્રીમંતો અહીં ઉપાશ્રયમાં આવનારા તમને બેવકૂફ કહે છે, નવરા માને છે. મારા જ અનુભવની એક વાત કહું. એક સામાન્ય જૈન માણસ મીલમાં નોકરી કરતો હતો. તેમાં પર્યુષણના પહેલે દિવસે વ્યાખ્યાનમાં ગયો. ઉપાશ્રય આખો ભરાઇ જવાથી સમયસર બહાર ન નીકળી શકયો. તેથી મીલમાં મોડો પહોંચ્યો. તેથી શેઠે તેને પૂછ્યું કે– "કેમ મોડો આવ્યો ? તો તે કહે કે- "આજે પર્યુષણ-પર્વનો પહેલો દિવસ છે. તેથી હું વ્યાખ્યાન સાંભળવા ગયો પણ ઉપાશ્રયે એટલો ભરાઇ ગયો કે હું બહાર નીકળી ન શકયો." ત્યારે તે શેઠ કહે કે- "હજી આટલા બેવકૂફો વસે છે !"

સંસારના સુખનો પિપાસુ એટલે હંમેશનો દુઃખી. ગમે તેટલું હોય તો ય મજામાં ન હોય. 'હજી ઓછું છે, હજી ઓછું છે' તેમ તે કર્યા કરે. ધર્મ કરતાં દુઃખ આવે તો ધર્મ અટકી જાય. ધંધો કરતાં કેટલાં દુઃખ આવે છે ! કેટલી તકલીફ આવે છે ? તો ધંધો બંધ કયો ? ત્યાં તો માંદો માણસ પણ લાકડી લઇને બજારમાં જાય છે.

તમે બધા રોજ ધર્મ સાંભળો છો તો તમારે મોક્ષમાં જવું છે કે સંસારમાં રહેવું છે ? મોક્ષમાં જવાની ઉતાવળ છે ? મોક્ષે વહેલા જવું છે કે જવાય ત્યારે જવું છે ?

પ્ર૦–જવું છે તો વહેલા પણ જીવન જોતાં વહેલો મળે તેમ લાગતો નથી.

ઉ૦–તમારું જીવન તેવું કેમ છે ? સંસારના સુખના અતિશય રાગી થયા, તેમાં જ ફસી ગયા માટે. તમે બધા જો સંસારના સુખના રાગી હોત નહિ તો તમારું જીવન આવું હોત નહિ. આ બધું સાંભળવા છતાં ય હજી મોક્ષે જવાનો ઉતાવળ થઇ છે કે સંસારના સુખમાં જ મઝા છે ?

માટે જ્ઞાનિઓ કહે છે કે, ધર્મ સમજેલા જીવને કર્મયોગે સંસારનું સુખ ભોગવવું પડે તો પણ તે રાગથી ન ભોગવે પણ વિરાગથી ભોગવે અને તે વખતે ય

હૈયામાં દુઃખ હોય કે 'મારૂં કર્મ કેવું છે ! આ નહિ કરવા જેવું કામ મારે કરવું પડે છે.' અને પાપના યોગે દુઃખ આવે તો તે મઝાથી ભોગવે છે. માટે જ શાસ્ત્રે કહ્યું કે, ઊંચામાં ઊંચો ધર્મી જીવ સંસારના સુખમાં વિરાગી હોય, દુઃખમાં સમાધિવાળો. હોય તમારી શી હાલત છે ? સંસારનું સુખ મજેથી ભોગવો છો કે દુઃખી થઈને ભોગવો છો ? સારૂં સારૂં ખાવા મળે તો શું વિચારો ? 'જો આમાં મઝા આવી તો મહાપાપ બંધાશે અને તે વખતે જો આયુષ્યનો બંધ થશે તો દુર્ગતિમાં જવું પડશે' આમ વિચાર આવે છે ? સારૂં સારૂં ખાવા-પીવામાં મઝા આવે અને તે વખતે દુઃખ પણ ન થાય તે ધર્મી જ નહિ. સાધુ હોય તો સાધુ પણ અને શ્રાવક હોય તો શ્રાવક પણ. ધર્મીને તો ખાવ-પીવાદિમાં મઝા ન આવે તેની ચિંતા હોય, મઝા આવી જાય તો દુઃખ થાય કે- 'આની મઝાથી તો પાપ બંધાય તેમાં મઝા કેમ આવે ? ધર્મ સમજેલા જીવને સંસારનું સુખ ભોગવવું પડે તો તેમાં મઝા ન આવે- તેમ ભોગવે અને તેને ભોગવીને કર્મનો ક્ષય કરે. તમારી શી હાલત છે. 'આ ખાવા-પીવામાં મઝા કરવા જેવી નથી.' આ શરીર પાસે ધર્મ કરાવવા તેમાં થોડું નાંખવું પડે તે જુદી વાત' આવું જેને ન થાય તે બધા પહેલે ગુણઠાણે પણ નથી. પણ નિર્ગુણ મિથ્યાત્વ ગુણ ઠાણે જ છે. સમજદાર આદમી આ બધું વિચારે નહિ તો ઠેકાણું પડે નહિ. ખરેખર હૈયાથી ખોટું લાગે તો તેમાં વારંવાર મઝા આવે નહિ. સાચી વાત એ છે કે આજના ધર્મીવર્ગના મોટાભાગને જોઈએ તેવો પાપનો ભય જન્મ્યો નથી, આ બધામાં મઝા કરવાથી મારી દુર્ગતિ થશે તેવો વિશ્વાસ પણ જન્મ્યો નથી. આપણે સદ્ગતિ જોઈએ છે તો મનને બદલવું જ પડશે. ખોટી ઈચ્છાઓમાંથી મનને પાછું ખેંચવું જ પડશે. બાકી જે એમ કહે કે, 'મને તો ઘણું દુઃખ થાય છે અને તેમાં મઝા ય આવી જાય છે.' આવું કહેનારને એવું કહેતાં જો લજ્જા ન આડતી હોય તો તે તો નફ્ફટ કહેવાય ! જો ખોટું લાગે તે કરવું પડે તો તેમાં મઝા આવે ખરી ? અને કદાચ મઝા આવી જાય તો તેનું દુઃખ ન થાય એવું બને ? મહા સમકિતી જીવોને કર્મયોગે સંસારના સુખ ભોગવવાં પડે તો ભોગવે પણ વિરાગથી ભોગવે. વિકારની ક્રિયા કરતાં દેખાય તો ય અંતરથી નિર્વિકારી જ હોય.

માટે જ જ્ઞાની કહે છે કે, સુખ મોક્ષમાં જ છે, સંસારમાં સુખ સાચું છે જ નહિ. મોક્ષનું સુખ કેવું છે ? દુઃખના લેશ વિનાનું, આવ્યા પછી કદી નાશ ન પામે તેવું અનંતકાળ સુધી રહેવાવાળું અને પરિપૂર્ણ જેનું વર્ણન શબ્દમાં પણ ન થઈ શકે તેવું છે. કેવળજ્ઞાની જાણે ખરા પણ બોલી ન શકે તેવું છે. જ્યારે સંસારનું સુખ કેવું છે ? દુઃખ રૂપ છે, જેનું ફલ પણ દુઃખ જ છે અને જે દુઃખની પરંપરાને

આપનારૂં છે. આ વાત બરાબર જચી ? હૈયાને અડી ? તેના પર શ્રદ્ધા થઇ ? મોક્ષ જ ઇચ્છવા જેવો અને સંસાર ઇચ્છવા જેવો નહિ ને ? તમે બધા જે ધર્મ કરો છો તે મોક્ષમાં જવા જ કરો છો સંસારના સુખ માટે કરતા જ નથી તેમ હૈયાથી બોલી શકો છો ?

આજે ત્રિકાલપૂજા શાસ્ત્રોમાં રહી તમારામાંથી તો ગઇ ને ? બધી પૂજા એક કાળે થાય. તેમાં ય ગોટાળા તો હોય. તે ય પોતાની ચીજથી નહિ. પૂજાની બધી સામગ્રી તમારા ઘરમાં છે ખરી ? સંસારની બધી સામગ્રી તમારા ઘરમાં મળે પણ ધર્મની કોઇ સામગ્રી તમારા ઘરમાં મળે ખરી ? તમને વળગેલી મોંઘી લક્ષ્મીની મૂર્છા ઉતારવા માટે દ્રવ્યપૂજા છે. જ્યારે આજે મોટાભાગને પૂજા કરીને ય લક્ષ્મીની મૂર્છા ઉતારવી નથી. ભગવાનની પૂજામાં એક પૈસો ખરચવો નથી પણ પૂજાથી પૈસો મેળવવો છે ! મંદિરમાં જો પૂજનું કેસર ન રાખો તો આ બધામાંથી કેટલા પૂજા કરે ? મંદિરના દ્રવ્યથી પૂજા કરનારો મોટોભાગ છે. મંદિરમાં જો વ્યવસ્થા ન રાખે તો મારામારી કરે, ટ્રસ્ટીઓને ગાળો દે.

આ જ મુંબઇમાં ૧૯૮૫માં મેં એક પૂજા કરનારો જોયેલો. તેની પૂજાની સામગ્રી જોઇ, તેને ભગવાનની પૂજા કરતો જોઇ તે જીવ મને સારો લાગેલો. ભગવાનની મૂર્તિનાં અંગલુછણાં જુદાં. તેમ શ્રી સિદ્ધચક્રજીના ગટ્ટાના ય અંગલુછણાં જુદાં પણ તેમને વ્યાખ્યાનમાં નહિ આવતો જોઇ મને તેને પૂછવાનું મન થયું. તેથી એકવાર તેની પૂજા થઇ રહી ત્યાં સુધી હું તેને મળવા માટે મંદિરની બહાર ઊભો રહ્યો. જેવો તે બહાર નીકળ્યો કે મેં તેને પૂછ્યું કે– "તમે પૂજા તો સારી કરો છો પણ વ્યાખ્યાનમાં કેમ દેખાતા નથી ?" આટલું સાંભળતા તો મારી ઉપર એકદમ ગુસ્સે થઇ ગયો અને મને કહે કે– "તમારે તો બધાને સાધુ બનાવવા છે મારે સાધુ થવું નથી." પછી મેં તેને પૂછ્યું કે– "તમે આવી સારી પૂજા કેમ કરો છો ?" તો મને કહે કે– "મને મંગળ નડે છે માટે આવી પૂજા કરૂં છું." માટે મારી વાત સમજાય છે કે, જે સારી પૂજા કરતા હશે તે મોટે ભાગે આવા છે. બાકીના કશું કરતાં નથી.

(ક્રમશઃ)

કામરાગનો નાચ કરાવે કર્મ તમામ.

પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી (જયકિરણ) નવસારી

(ગતાંકથી ચાલુ)

દુર્જન તે દુર્જન હોય,
સજ્જન કેમે ન હવંત;
ઓળે રાંધો લીંબડો,
કડવો નહિ મીટંત.

પાવકકું જલબુંદ નિવારન,
સૂરજ તાપકો છત્ર કિયો હે,
વ્યાધિકું વૈદ્ય, તુરંગકું ચાબુક,
ચોપગકું બખદંડ કિયો હે,
હસ્તી મહામદકું અંકુશ હે,
ભૂત પિશાચકું મંત્ર કિયો હે,
આખદ હે સબકો સુખકારક,
સ્વભાવકો આખદ નહીં કિયો હે,

એ વખતે રાજા કૂણિકે તેણીને કહ્યું પણ ખરું કે, હલ્લ વિહલ્લને પિતાએ જે આપ્યું છે. તે મારે પાછું લઇ લેવું યોગ્ય નથી પિતાના સ્વર્ગગમન બાદ આ બંનેય ભાઇઓ માટે વિશેષ પ્રાસાદ કરવા યોગ્ય છે. કૂણિકના અંતઃકરણમાં પિતા પ્રત્યે સદ્‌ભાવ હતો તેથી જ તે પિતાના નામે પણ પદ્મમાવતીની વાતનો નિષેધ કરે છે.

એ પ્રમાણે નિષેધ કરવા છતાં પણ રાણી પદ્મમાવતી માનતી જ નથી. પોતાનો આગ્રહ છોડતી નથી. મરેમર દુર્જનની રીત આવી જ હોય છે. તેથી જ....

બાર કોષી ભાષા બદલે,
તરૂવર બદલે શાખા,
અંતે દહાડે કેમ બદલે,
પણ સભાવ ન બદલે લાખા.
કડવી વેલડી કડવી તુંબડીયા,
અડસઠ તીરથ ફિરકે આઇ,
ગંગા નાહી, ગોમતી નાહી,
તો ભી ન મીટી કડવાઇ.

કૂણિકને જેમ શ્રી હલ્લ વિહલ્લ પાસેથી એ હાથી વિગેરે લેવું ગમતું ને હોતુ તેમ રાણી પદ્મમાવતી નારાજ રહ્યા કરે તે પણ ગમતું નથી. આ બેય અણગમતાં છે. છતાં એક અણગમતું પ્રભાવવંતુ બની જાય છે. જેથી કૂણિક બીજું અણગમતું કરવા તૈયાર થઇ જાયછે. આખર રાજા કૂણિક રાણી પદ્મમાવતીના આગ્રહવશ થઇ શ્રી હલ્લ વિહલ્લની પાસેથી સેચેનક હાથી વિગેરે માંગી લેવાની કબૂલાત કરે છે.

આ કબૂલાત રાણીની માંગણીની વસૂલાત ખાતર જ હતી. અહીં કાંઇ જ આશ્ચર્યકારી નથી ખરેખર જ્ઞાનીઓએ ત્રણ પ્રકારના રાગ બતાવ્યા છે. (૧) કામ-રાગ, (૨) સ્નેહરાગ (૩) દૃષ્ટિરાગ, આ

કોઇપણ રાગને પરવશ બનેલો આત્મા હિતાહિતની વિચારણા કરી શકતો નથી. અહીં પણ કામરાગની પ્રબળતા છે. જેથી દઢ એવો સ્નેહરાગ નબળો પડી જાય છે. કદાચ નષ્ટ પણ થઇ જાય આવું તો આપણે શાસ્ત્રના પાને પાને જોયું છે. જગતના જીવોને આ રાગની અનુભૂતિ હોય જ છે. ગમતી બાયડી ખાતર માતા-પિતાની અવજ્ઞા કરનારને જોયા છે ને ? સ્ત્રીના રાગથી સ્નેહી બંધુજનોનો પણ તિરસ્કાર કરનારાઓ છે. એવું શું નથી સાંભળ્યું ? અરે એટલું જ નહિ કોઇ સ્ત્રી ઉપર રાગી થઇ જાય, જેને પોતે પરણીને લાવ્યા હોય, સંસાર સુખ ભોગવ્યું હોય, જેને જીવનભર પોતાની પાસે, પોતાના હૈયામાં રાખવાનું વચન છતાં તેને પણ દગો દેનારા આ સંસારમાં હોય છે ?

ખરેખર વિચારણીય છે કે કામરાગ જ્યારે નચાવતો હોય છે અને તેને આધીન બની માનવ જ્યારે નાચતો હોય છે. ત્યારે વિવેક શૂન્ય બનેલો હોય છે. એટલું જ નહિ પણ સામાન્ય સદ્વ્યવહારથી પણ વિકલ બની જાય છે. ચાહે ભણેલો ગણેલો બુદ્ધિશાળી હોય તો પણ પાગલની જેમ ચેષ્ટા કરે છે. કામરાગનો નાચ સ્નેહરાગને આંચ લગાવે છે. અને કૂણિક જ્યારે રાણી પદ્માવતીના આગ્રહને નિવારી ન શક્યો ત્યારે શ્રી હલ્લ વિહલ્લ પાસેથી હાથી વિગેરેની માંગણીરૂપ કબૂલાત કરી લીધી તે અનુસાર તેણે પોતાના સૌભ્રાતૃપણાના ભાવને દબાવી દઈ શ્રી હલ્લ વિહલ્લ પાસે માંગણી કરી. પોતાની જાતને વામણી બનાવી. કૂણિકની આવી માંગણી છતાં શ્રી હલ્લ વિહલ્લ કાંઇ જ બોલ્યા નહીં તેમણે તો માત્ર એટલું જ કહ્યું કે, 'જેવી આપની આજ્ઞા' એમ કૂણિકને કહી તે બન્ને પોતાના નિવાસે ગયા. ત્યાં જઈ તેઓ 'હવે શું કરવું ?' તે વિચારવા લાગ્યા. શ્રી હલ્લ વિહલ્લને પહેલાં એવો વિચાર આવ્યો તો ખરો કે, 'કૂણિકનો આ અભિપ્રાય સારો નથી.' પણ તુર્ત જ તેમણે વિચાર કર્યો કે આપણે આવો વિચાર કરવાનું પ્રયોજન શું છે ? કેવી છે તેઓની ઉત્તમતા અને તેથી તેમને હાથી વિગેરેની માંગણી કરનાર કૂણિક પ્રત્યે કોઇનો ભાવ નહિ આવ્યો હોય ?

જે વસ્તુની મમતા જોરદાર, તેમ તેના ઉપરનો રાગ વધુ ક્રોધ ઉત્પન્નવે. અહીં શ્રી હલ્લ વિહલ્લને હૈયે સેચનક હાથી આદિની મમતા સર્વથા ન હોતી એમ તો નહિ જ, પરંતુ એ મમતા એવી તો નહોતી કે એની માંગણી વડિલ બાંધવ કરે, અને એમને મોટાભાઇ પ્રત્યે ગુસ્સો આવે. વિચારણા રહસ્યમય અને સત્યતા અને વિવેકના દર્શન કરાવનારી હતી.

બંનેએ વિચાર્યું કે પિતા-માતા અને વડિલભાઇએ આપણને ચાહીને આપેલ વસ્તુ કૂણિકના માંગવાથી આપી દેવી એ પણ યોગ્ય નથી. તેમ કૂણિક સાથે લડવું તે પણ યોગ્ય નથી તેમ ચંપા નગરીમાં રહેવાથી પરિણામ ખરાબ આવે તેથી

અન્યત્ર ચાલ્યા જવું હિતાવહ છે. એમ વિચારી ત્યાંથી ચાલી વૈશાલી નગરી તરફ ગયા. તે સમયે વૈશાલી નગરીમાં શ્રી ચેટક નામે મહાપરાક્રમી રાજાનું શાસન ચાલતું હતું જે શ્રી હલ્લ-વિહલ્લના માતામહ થતા હતા. તેઓ ત્યાં જતાં શ્રી ચેટક રાજાએ તેમનો સત્કાર કર્યો અને પોતાને ત્યાં જ પોતાના યુવરાજોની જેમ રાખ્યા.

આ બાજુ શ્રી હલ્લ-વિહલ્લ રાતોરાત ચંપા તજી ચાલ્યા ગયાના સમાચાર મળતાં કૂણિકને પોતાની સ્વાર્થ-વૃત્તિના પાયા અવળા પડતા લાગ્યા. અને વિચારણા થઇ કે સાચે જ શ્રીની સલાહ મુજબ ચાલવાથી હું ઉભયભ્રષ્ટ થયો. કેમકે હાથી અને રત્નો પણ મળ્યા નહિ, અને મેં મારા ભાઇઓને પણ ગુમાવ્યા.

પરંતુ કૂણિક એવો વિચાર કરી મનને મનાવી લે તેવો પણ નહોતો અને પોતાની થઇ ગયેલી ભૂલનું પ્રમાર્જન કરવાની ઇચ્છા પણ નહોતી. પણ તેણે વિચાર્યું કે 'ભલે જે થવાનું તે થઇ ગયું. પણ હવે તો આવી પડેલા કષ્ટને નિવારવું જ જોઇએ. કોઇપણ ભોગે મારા ભાઇઓને પાછા લાવવા જ જોઇએ પણ જો તેઓને લાવું નહિ અને આ પરાભવને સહન કરું તો તો મારામાં અને વાણિયામાં શો ફેર ?

ખરેખર અહીં સમજવા જેવું છે કે જિનવાણી જિનવચનનો રસ તારે, સ્વ-વચનનો રસ ડુબાવે. મૌનીન્દ્ર શાસનમાં પાંચ પ્રકારના મિથ્યાત્વ બતાવેલા છે. તેમાં આભિનિવેશ નામનો પણ એક પ્રકાર છે. પહેલાં શ્રી જિનવચનનો રસ હોય પરંતુ સંયોગવશાત શ્રી જિનવચનના રસમાં મંદતા, પોતાના વચનના રસની પ્રધાનતા બની જાય તો સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દર્શન ગુણ વમી, અભિનિવેશ મિથ્યાત્વનો સ્વામી બની જાય. તેનાથી બચવા સ્વવચનના રસ ઉપર કાબૂ મેળવવો જોઇએ. અને જિન-વચનનો રસ કેળવવો જોઇએ.

શ્રી જિનવચનનો રસ, ઓછું ભણેલા આત્માઓને પણ તારી દે છે. જ્યારે સ્વ-વચનનો રસ ઘણું ભણેલા, તાર્કિકોને પણ ભયંકર સંસાર સાગરમાં ડૂબાવી નાંખે છે. અને તેથી જ ચારિત્રાચારનું નિરતી-ચારપણે સેવવાના પ્રયત્નવાળા શ્રાવકને પણ જો શ્રી જિનવચનનો રસ મંદ પડી જાય, તો તેમને સ્વવચનનો રસ મિથ્યાદૃષ્ટિ અને ઉત્સૂત્રપ્રરૂપક બનાવીને ભયાનક અનંતકાલ સંસારમાં પરિભ્રમણ કરાવનારો બની જાય.

જો સ્વવચનનો રસ મહાત્માઓને મૂંઝવે તો બીચારા કૂણિકનું તો શું ગજું ? એ તો ક્રોધાદિ કષાયોની જેમ માન કષાયોને આધીન થયેલો છે. એના કષાયો જોરદાર છે. તેમજ કષાયોની પુષ્ટિ કરે તેવા સાધનો પણ છે. એટલે એની માન્યતા છે કે મારૂં ધાર્યું બધુ જ થાય અને મોટે ભાગે એનું ધાર્યું થાય છે પણ ખરૂં ? પરિણામે પ્રતિદિન કષાયોની પુષ્ટિ થતી જાય તેમાં આશ્ચર્ય નથી. [ક્રમશઃ]

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૫૪. ના છૂટકે વિભીષણનો લંકા ત્યાગ

"અને પ્રસ્થાન (=ચ્યવન) માંથી ખડગને ખેંચી કાઢીને વિભીષણના ખોળીયાને આ પલકમાંથી ખતમ કરી નાંખીને સ્મશાનનશીન કરી નાંખવા માટે લંકેશ્વર રાવણ તલવાર તાણીને વિભીષણ તરફ દોડયા.

અને થક્ષ [illegible]ના વિભીષણે રાજ-સભાના સાંસદોને ઉખાડી નાંખીને ત્રણ ખંડના સમ્રાટના [illegible] એ સો વર્ષ પૂરા કરી નાંખવા માટે એ રતંજ રાવણની સામે ઉભા રહ્યા."

જન્નતના જરમીન જેવી ખૂબસુરત લંકા નગરીને તોડી-ફોડીને ઉજાડી નાંખીને મારૂતિ-હનુમાન રામચંદ્રજી પાસે આવ્યા. અને બધાં જ સમાચાર કહી સંભળાવ્યા. ત્યાર પછી અજેય લંકા ઉપર વિજય મેળવવા માટે રામચંદ્રજીએ ભામંડલ, નલ, નીલ, મહેન્દ્ર, હનુમાન, વિરાધ, સુષેણ, જાંબવાન, અંગદ આદિ કરોડો વિદ્યાધરાધીશો સાથે લંકા તરફ ગગન માર્ગે પ્રયાણ કર્યું.

રસ્તામાં નલ અને નીલે સમુદ્ર તથા સેતુ નામના બે રાજાઓને હરાવીને સેવક બનાવ્યા. આગળ જતાં સુવેલ નામના રાજાને રામચંદ્રજીએ હરાવીને સેવક બનાવ્યો. આગળ જતાં લંકાની નજીક આવી જઈને હંસદ્વીપના હંસરથ રાજાને હરાવીને રામે સેવક બનાવ્યો.

લંકાની લગભગ નજીક કરોડો વિદ્યાધરેશ્વરો સાથે રામચંદ્રજીને આવી પહોંચેલા સાંભળીને લંકા નગરી ખળભળી ઉઠી.

રાવણે કિંકરો પાસે કરોડો રણભેરીઓ વગડાવી, આથી લંકાની ધરતી અવાજોના પ્રચંડ તરંગોથી ધણધણી ઊઠી. યુદ્ધની નોબતોના નાદ-ટંકારો શરીરમાં ઝણઝણાટી પેદા કરવા લાગી. રણશિંગા ફૂંકાવા લાગ્યા.

બરાબર આવે જ ટાણે નમસ્કાર કરીને વિભીષણ ત્રણખંડના સમ્રાટ દશકંધરની સામે હાથ જોડીને ઉભા રહ્યા. અને કહેવા લાગ્યા કે- "હે સ્વામિન ! ભવિષ્ય માટે લાભ કરનારા મારા વચનને સાંભળો. બહેરખાની કરીને માત્ર એક ક્ષણ પૂરતોય તેના ઉપર વિચાર કરો.

વિચાર્યા વિના જ પહેલાં તો તમે આલોક અને પરલોકનું સત્યનાશ કાઢી નાંખનારૂં પરસ્ત્રી હરણનું પાપ કરીને તમે

કુળને માટે એક શરમ બની ગયા છો. અત્યારે પોતાની પત્નીને લેવા માટે ખુદ રામચંદ્રજી સ્વયં અહીં સુધી આવ્યા છે તો તેમનું આતિથ્ય સ્વાગત કરી તેમની પત્ની તેમને અર્પણ કરી દો. આમ નહિ કરો તો પણ રામ તમારી પાસેથી સીતાને તો ગ્રહણ કરી જ લેશે અને તમારા કારણે તમારી સાથે આખા આ કુળનો સંહાર કરી નાખશે. અરે! રામને લક્ષ્મણ તો દૂર રહ્યા પણ તેમના એક જ સેવક હનુમાને લંકા નગરીને કેવી ઉજાડી નાંખી, અક્ષયકુમારને હણી નાંખ્યો, તે શું તમારા ખ્યાલ બહાર છે? એક સીતાના કારણે હે દૈવ! ઇન્દ્ર જેવી સ્વર્ગ સમી આ લંકાની લક્ષ્મીને શા કારણે ગુમાવો છો? છતાં નહિ માનો તો સીતા તો તમારા હાથમાં નથી જ આવવાના અને ઉપરથી લંકા ગુમાવવી પડશે".

વિભીષણની આ વાતમાં વચ્ચે જ કૂદી પડેલા રાવણપુત્ર ઇન્દ્રજિતે કહેવા માંડ્યું કે જન્મથી જ માંડીને બાયલા રહેલા તમે તો અમારા કુળનું કલંક છો. કલંક.

કાકા! તમે ખરેખર ત્રણ ખંડના ઉદ્દંડ પરાક્રમીમારા પિતાના સગા ભાઇ પણ કહેવડાવવાને લાયક નથી રહ્યા. દશરથ રાજાનો વધ કરવાની પ્રતિજ્ઞા કરીને પણ તમે તો દશરથને હણ્યા ન હતા અને જૂઠું બોલીને મારા પિતાને તમે પહેલા પણ છેતર્યા હતા. અને અત્યારે આ બે ધરતી ઉપર ભટકી જાણનારા રામ-લક્ષ્મણથી મારા પિતાને ભયભીત બનાવી હજીને લાજ શરમ વિનાના તમે તે બે ભૂચરોને મારા પ્રચંડ વીર્યશાળી પિતાથી જીવતા બચાવી લેવાના ધંધા કરી રહ્યા છો તેથી હું તો ચોક્કસ માનું છું કે- "તમે રામના પક્ષમાં ભળી જઇને લંકાના શત્રુ બન્યા છો. તમે તો વિચારણા માટે અમારી સાથે બેસવાને પણ લાયક નથી રહ્યા. આપ્તમંત્રી સાથેની વિચારણા એ રાજાનું ઉજળું ભાવિ છે. ઇન્દ્ર જેવાને જીતનારા મારા પિતાને ઓળખી નહિ શકીને મૂર્ખ! તમે હવે મરવાના થયા છો."

વિભીષણે પણ જડબાતોડ જવાબ દેતાં કહ્યું કે- "શત્રુના પક્ષમાં હું તો નથી ભળ્યો. પરંતુ પુત્રરૂપે તું કુળનો વિનાશ વેરનારો ખતરનાક શત્રુ પેદા થયો છે. હે મૂર્ખ! તું તો હજી દૂધપાન કરનારો બાળક છે. તને એ ભાન નથી કે તારો બાપ તો જન્મથી આંધળો હોય તેમ આ વૈભવ અને વાસનામાં આંધળો બનેલો છે.

આટલું ઇન્દ્રજિતને સંભળાવીને હવે વિભીષણે રાવણને ઝપાટામાં લઇ લીધા. રાવણને કહ્યું કે- "હે રાજન! ધ્યાન રાખજે કે-આ તારા (કુલાંગાર) પુત્ર વડે અને તારા પોતાના ચરિત્ર વડે હવે તું થોડાં જ સમયમાં વિનાશ પામીશ. તારી જેવા માટે હવે મારે કોઇપણ દુઃખી થવાની જરૂર નથી."

અને ક્રોધાયમાન થઇ ઊઠેલા લંકેશ્વર પ્રત્યાકાર (=સ્થાન) માંથી ખડ્ગને ખેંચી

(અનુ. પેજ ૫૮૬ ઉપર)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૨]

કર્મની વિચિત્રતાથી માતા-પિતાદિ પ્રતિબોધ ન પામે તો શું કરવુ તે કહે છે—

अणुजाणमाणेसु अ, कम्मपरिणइए विहिज्जा, जहासत्तिं तदुवकरणं आओवायसुद्धं समइए । कयण्णुआ खु एसा । करुणा य, धम्मप्पहाणजणणी जणुम्मि । तओ अणुण्णाए पडिवज्जिज्जा धम्मं । आसुहा अणुवहे चेव उवहिजुत्ते सिआ । धम्मारोहणं खु हिअं सव्वसत्ताणं । तहा तहेअं संपडिज्जा । सव्वहा अपडिवज्जमाणे चइज्जा ते अट्ठाणुगिलाणे। सहत्थचागनाएणं ।।

કદાચ તથા પ્રકારના કર્મપરિણામને લીધે માતા-પિતાદિક પ્રતિબોધ ન જ પામે તો પોતાની શક્તિ પ્રમાણે પોતાની બુદ્ધિથી તેમને આવક અને ઉપાય વડે શુદ્ધ એવું આજીવિકાનું સાધન કરી આપવું. બીજાની પાસે વ્યાજે પૈસા મૂકી કાયમ માટે તેમનો નિર્વાહ થયા કરે તેવી જે વ્યવસ્થા કરવી તે આય-આવક કહેવાય છે. તેવી કાયમી આવક ન હોય તો પોતે બીજા ઉપાયો વડે તેમની આજીવિકા ચાલ્યા કરે તેવા પ્રયત્નો કરીને જાય. કેમકે, આવી ચિંતા કરવી તે જ તેઓ પ્રત્યેની સાચી કૃતજ્ઞતા છે, સાચી કરૂણા છે. આ કૃતજ્ઞતા એ જ ધર્મની પ્રધાન જનની છે, લોકમાં શાસનની સાચી ઉન્નતિને કરનારી છે. આ રીતે તેઓના જીવન નિર્વાહની વ્યવસ્થા કરી, તેઓની સહર્ષ અનુમતિ મેળવી સમ્યક્ચારિત્ર, ધર્મને અંગીકાર કરવો જોઇએ. આટલુ કરવા છતાપણ માતા-પિતાદી જો સંયમને માટે સંમતિ ન જ આપે તો ભાવથી-અંતઃકરણથી માયારહિત પણ દ્રવ્યથી-બહારથી માયાવી થવું કહ્યું છે કે- "જ્યાં પોતાનું અને પારકાનું આ ભવ અને પરભવમાં હિત થતું હોય તેવું દેખાતું હોય તો સામી વ્યક્તિને સમજાવવા માટે હૈયાથી નિર્ભોગી પણ બહારથી માયાવી થવું જોઇએ" અર્થાત્ માયાનો આશ્રય કરીને પણ હિત થતું હોય તો કરવું જોઇએ પણ દુન્યવી સ્વાર્થ માટે માયાનો આશ્રય ન જ લેવાય. કેમકે ધર્મનું આરાધના જ સઘળા ય પ્રાણીઓને માટે હિતકારક છે. તે ખોટી માયા કઇ રીતે બતાવવી. તે માટે કહે છે કે માતા-પિતાદિને કહેવું કે "મને ખરાબ સ્વપ્નો આવ્યા કરે છે તેથી મારૂં મરણ

નજદીકમાં લાગે છે." અથવા તો કોઇ જ્યોતિષીને સમજાવીને તેના દ્વારા કહેવરાવવું કે 'આમનું આયુષ્ય હવે બહુ જ અલ્પ છે.' આવી રીતે સમજાવીને આત્માના હિતને માટે જે ધર્મનું-સમ્યક્ ચારિત્રનું આરાધન કરવું જોઇએ.

બધું ઉચિત કરવા છતાં, ભવિષ્યમાં આજીવિકાનો વાંધો ન આવે તેવી વ્યવસ્થા કરવા છતાંય, સાચું અનેક દૃષ્ટાંતોથી સમજાવવા છતાં પણ મોહમગ્ન માત-પિતાદિ સંયમ ધર્મનું આરાધન કરવાને માટે રજા ન જ આપે તો 'અસ્થાને પણ ગ્લાનનો ઔષધ મેળવવા માટે ત્યાગ કરવો પડે' એ નિમિત્તે તેમનો ત્યાગ કરવો જોઇએ. અર્થાત્ પોતાનું આત્મહિત તો ન જ ગુમાવવું જોઇએ. હવે દૃષ્ટાંતને કહે છે.

से जहा नामए केइ पुरिसे कहंचि कंतारगए अम्मापिइसमेए तप्पढिबद्धजीवे वच्चिज्जा । तेसिं तत्थ निअम्मधाइ पुरिसमित्तासज्जे संभवओसहे महायंके सिआ । तत्थ से पुरिसे तप्पढिबंधाओ एवमालोइअ न भवंति एएणं निअमओ ओसह मंतरेणु, ओसहभावे अ संसएओ, कालसहाणि अ एआणि । तहा संठविअ संठविअ तदोसह निमित्तं सविन्तिनिमित्तं च चयमाणे साहु । एस चाए अचाए । अचाए चेव चाए । फलमित्थ पहाणं मुहाणं । धीरा एए अदंसिणो ॥

જેમ કોઇ એક પુરુષ માતા-પિતા કે પત્ની આદિ પરિવારની સાથે યાત્રાદિને માટે અટવીમાંથી જઇ રહ્યો છે. તે પુરુષ માતા-પિતાદિનો ભક્ત અને પૂરો રાગી છે. તે અટવીમાં તેના માતા-પિતાદિને જીવલેણ, કેવલ મનુષ્યથી ન સાધી થકાય. પરંતુ જેના ઔષધની પણ પ્રાપ્તિ થઇ શકે છે તેવો મહાવ્યાધિ એકદમ ઉત્પન્ન થયો છે. તે વખતે માતાપિતાદિના રાગથી તે પુરુષ જો એવો વિચાર કરે કે 'આ મારા માતાપિતાદિ ઔષધ વિના જીવી શકે તેમ નથી અર્થાત અવશ્ય મરણ પામે તેમ છે. અને કદાચ ઔષધ હશે તો પણ સંદેહ તો છે જ કે જીવે પણ મરા અને ન પણ જીવે. પરન્તુ હજી આ માતા-પિતાદિ કાળને સહન કરે તેવા છે અર્થાત એકદમ તો મરી જાય તેમ નથી જ" આમ વિચારીને માતા-પિતાદિને સારી રીતે સૂવાડીને તેમના ભોજનાદિ નિર્વાહને માટે સારી રીતે વ્યવસ્થા કરીને; તેમના ઔષધ માટે તથા પોતાની આજીવિકાને માટે પણ જો માતા-પિતાદિનો ત્યાગ કરે તો તે ત્યાગ સારો છે; કેમકે આ ત્યાગ ફરીથી પરિણામે તેમનો સંયોગ કરનાર હોવાથી વાસ્તવિક રીતે અત્યાગ છે. કેમકે તે પુરુષ ઔષધાદિ લાવીને માતા-પિતાને જીવાડનાર પણ બને. અને જો તે પુરુષ માતા-પિતાદિના મોહથી તેમનું મોં જોતો જ બેઠો રહે અને ઔષધાદિ લાવવાને માટે તેમનો ત્યાગ ન કરે તો તેવો અત્યાગ પરિણામે માતા-પિતાદિને મરણજનક થવાથી કાયમને માટે વિયોગરૂપ

થવાથી વાસ્તવિક રીતિએ ત્યાગ જ છે. આમ કહીને એ સ્પષ્ટ કરે છે કે– પંડિત પુરુષો હંમેશા ફલની એટલે પરિણામની જ પ્રધાનતાને ગણે છે– જુએ છે. કેમકે, ધીરપુરુષો નિપુણ બુદ્ધિથી પરિણામ દૃષ્ટિને જોનારા હોય છે એટલે કે ભાવિ પરિણામનો વિચાર કરીને જ પ્રવૃત્તિ કરનારા હોય છે.

હવે આ દૃષ્ટાંતના ઉપનય સમજાવે છે.

स ते ओसह संपायणेण जीवाविज्जा । संभवाओ पुरिसोचिअमेअं एव, सुक्कपक्खिअेण महापुरिसेण संसारकंतारपडिएण अम्मापिइरंगएण धम्मपडिमद्धे विहरिज्जा । तेसिं तत्थ निअमविणासगे, अपत्तबीजाइ पुरिसमित्तासज्जे, संभवंतसम्मत्ताइओसहे, मरणाइविवागे, कम्मायंके सिआ । तत्थसे सुक्कपक्खिअेण पुरिसेण धम्मपडिबंधाओ, एवंसमालोचिअ-विणुस्संति एएण अवस्सं सम्मत्ताइओसह विरहेण । तस्स संपाडणे विभासा । कालसहाणि अएआणि ववहारओ । तहा संठविअ संठविअ, पुहलोगचिंत्ताए तेसिं सम्मत्ताइ ओसहनिमित्तं, विसिट्ठगुरुमाइभावेण सविचित्तनिमित्तं च, किच्चकरणेण चयमाणे, संजमपडिवत्तीए, साहुसिद्धिएण 'एस चाए अचाए' तत्तभावणाओ । 'अचाए चेव चाए' मिच्छाभावणाओ । तत्तफलमित्थ पहाणं परमत्थओ । धीरा ए अदंसिणो आसन्नभव्वा ॥

તે પુરૂષ પોતાના માતા-પિતાદિકને તેવો સંભવ હોવાથી ઔષધ લાવી આપી જીવાડી શકે છે. માટે આ રીતે ત્યાગ કરવો એ ઉચિત જ છે. (ક્રમશઃ)

[અનુ. પ૪૫નું ચાલુ]

કાઢીને વિભીષણના બોળીયાને આ પલકમાંથી ખતમ કરી નાંખીને ખાક કરી નાંખવા માટે વિભીષણ તરફ દોડયા.

અને સામેથી શસ્ત્ર વગરના ભ્રકુટીથી ભયંકર બનેલા વિભીષણે રાજસભાના થાંભલાને ખેંચી કાઢીને ત્રણ ખંડના સમ્રાટ રાવણને રગદોળી નાંખીને તેના રામ રમાડી દેવા માટે એ સ્તંભ રાવણની સામે ઉગામ્યો.

જહલ્લીથી વચ્ચે પડીને ઇન્દ્રજીત અને કુંભકર્ણ રાવણ અને વિભીષણને યુદ્ધ કરતાં અટકાવી દીધા.

અને ત્રિખંડ સમ્રાટે (સત્તાવાહીસ્વરે) કહ્યું કે ખાનારનું ખોદનારા ! આશ્રયનું નખોદ વાળી દેનાર ખોદનારા અંગારા જેવા નિમકહરામ ! હવે ફરી તારૂં મોઢું બતાડયું છે તો ખબરદાર ! ચાલ્યો જા, આ નગરીમાંથી.

અને... ઉન્માર્ગમાંથી બચાવવા માટે પુરેપુરો પ્રયાસ કરવા છતા ઉન્માર્ગમાં વધુને વધુ ખૂંપતા જનારા સગા વહિલ બંધુનો આખરે ત્યાગ કરીને વિભીષણ પ્રચંડ શક્તિશાળી ત્રીશ-ત્રીશ અક્ષૌહિણી સેના સાથે સન્માર્ગના આરાધક રામચંદ્રજીની પાસે આવવા નીકળી ગયા.

(જન્મભૂમિ સ્વર્ગીલી લંકા ઉપર આવનારી ખતરનાક આફતની કલ્પનાથી વિભીષણે બન્ને આંખોમાં ઉગી આવેલા આંસુના ફૂલોની બે-ચાર અંજલિ ધરી દઇને વતનભૂમિ અને દેશવાસીઓને અલવિદા કરી.

— જ્ઞાન ગુણ ગંગા —

(ગતાંકથી ચાલુ) —પ્રજ્ઞાંજ

૧૨ ચારિત્રદ્વાર :- કેવળજ્ઞાન પામ્યા, પૂર્વ સામાયિક ચારિત્રવાળા-૧૦૮, સામાયિક છેદોપસ્થાપનીય યુકત-૧૦૮, સામાયિક પરિહાર વિશુધ્ધિવાળા-૧૦, સામાયિક છેદોપસ્થાપનીય પરિહાર વિશુધ્ધિવાળા-૧૦ સર્વભાગે સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત પામી મોક્ષે જાય.

૧૩ લિંગદ્વાર :- ગૃહસ્થલિંગે-૪ અન્યલિંગે-૧૦ સ્વલિંગે-૧૦૮

૧૪ ઉત્કૃષ્ટદ્વાર :- અપ્રતિપતિત સમ્યકૂત્વ-૪, સંખ્યાતકાલ પ્રતિપતિત સમ્યકત્વ ૧૦, અસંખ્યાતકાલ પ્રતિપતિત સમ્યકત્વ-૧૦, અનંતકાલ પ્રતિપતિત સમ્યકત્વ-૧૦૮

૧૫ નિરંતરદ્વાર :- જે દ્વારમાં ૧૦૮ ની સિધ્ધિ તે દ્વારમાં ૮ સમય નિરંતર પણ હોય, જે દ્વારમાં ૨૦-૧૦ ની સિધ્ધિ તે દ્વારમાં ૪ સમય નિરંતર, જે દ્વારમાં ૪ સમય નિરંતર, જે દ્વારમાં દશમી ઓછા સિધ્ધ હોય તે દ્વારમાં ૧ સમય નિરંતર.

૧૬ ક્ષેત્રમાં અંતરદ્વાર ઓઘથી :- જબૂદ્વીપમાં વર્ષ પૃથકત્વ, ધાતકીખંડમાં વર્ષ પૃથકત્વ, પુષ્કરાર્ધમાં સાધિકવર્ષ.

૧૭ ક્ષેત્રમાં અંતરદ્વાર વિભાગથી :- જંબૂદ્વીપના મહાવિદેહમાં, ધાતકીખંડના મહાવિદેહમાં, અને પુષ્કરાર્ધના મહાવિદેહમાં એ ત્રણેમાં ઉત્કૃષ્ટથી વર્ષ પૃથકત્વ અંતર છે અને ભરત- ઐરવતમાં સામાન્યથી સંખ્યાતવર્ષ (હજારો વર્ષનું) અંતર છે.

૧૮ કાલવિભાગમાં અંતર :- ઉત્સર્પિણી તથા અવસર્પિણીમાં જન્મથી ૧૯ કોડાકોડિ સાગરોપમ અને સંહરણથી સાધિક ૧૦ કોડાકોડિ સાગરોપમ.

તથા ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં એકાંતવિભાગથી જન્મની અપેક્ષાએ તેમજ સંહરણની અપેક્ષાએ પણ સંપૂર્ણ ૨૦ કોડાકોડિ સાગરોપમ.

તથા ઉત્સર્પિણી અને અવસર્પિણીના બન્ને દુઃષમ-દુઃષમ આરા સંબંધી પ્રત્યેકમાં જન્મ અપેક્ષાએ ૨૦ કોડાકોડી સાગરોપમ, અને કાલથી કિંચિત્ ન્યુન ૮૪૦૦૦ વર્ષ, અને સંહરણથી ઇશાન ૪૨૦૦૦ વર્ષ એ પ્રમાણે બે દુઃષમ આરામાં અને શેષ આરાઓમાં પણ જન્મથી, કાલથી અને સંહરણથી અનન્તરોક્ત બે દુઃષમ આરાની પેઠે તુલ્ય અંતર જાણવું.

હવે ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે કાલને વિષે ઓઘથી સામાન્યથી સિધ્ધિનું અંતર વિચારીએ તો ૧૮ કોડાકોડિ સાગરોપમ જેટલું ઉત્કૃષ્ટ અંતર છે અને

મધ્યમ ૧૬ કોડાકોડિ સાગરોપમનું અંતર છે. તેમજ ૧૪ કોડાકોડિ સાગરોપમ અને ૧૨ કોડાકોડિ સાગરોપમનું અંતર છે. અને જઘન્ય અંતર સર્વત્ર ૧ સમય છે.

૧૯ ગતિદ્વાર :- સર્વગતિઓમાં સંખ્યાત હજાર વર્ષનું અંતર છે તે અનન્તરાગતની અપેક્ષાએ જાણવું. તેમાં પણ વૈમાનિકથી આવેલા જીવોની અપેક્ષા એ સિદ્ધિનું અંતર સાધિક ૧ વર્ષ છે. જઘન્ય અંતર સર્વત્ર ૧ સમય છે.

૨૦ વેદદ્વાર :- પુરુષથી અનન્તરાગત અને પુરૂષલિંગે સિધ્ધનું અંતર સાધિક ૧ વર્ષ અને સ્ત્રી તથા નપુંસકથી અનન્તરાગત તથા શેષલિંગ સિધ્ધનું અંતર સંખ્યાત વર્ષ છે. જઘન્ય અંતર સર્વત્ર ૧ સમય છે.

૨૧ તીર્થદ્વાર :- શ્રી તીર્થંકર સિધ્ધનું અંતર હજાર પૃથકત્વ વર્ષ, તીર્થંકરી સિધ્ધનું અનંતકાળનું નો તીર્થંકરસિધ્ધનું સાધિક ૧ વર્ષ અને શેષ તીર્થસિધ્ધ આદિનું સંખ્યાત હજાર વર્ષ છે.

૨૨ લિંગદ્વાર :- સ્વલિંગસિધ્ધનું અંતર સાધિક ૧ વર્ષ, અન્યલિંગસિધ્ધ અને ગૃહસ્થલિંગસિદ્ધનું અંતર સંખ્યાત હજાર વર્ષ, જઘન્ય અંતર સર્વત્ર ૧ સમય છે.

૨૩ ચારિત્રદ્વાર :- ત્રિપશ્ચાત્કૃતનું (સામાન્ય ચારિત્ર, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રની પૂર્વપ્રતિવાળા જીવોની સિદ્ધિનું) અન્તર સાધિક ૧ વર્ષ, ચતુષ્પશ્ચાત્કૃતનું (સામાયિક છેદોપસ્થાપનીય સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રની પૂર્વ પ્રાપ્તિવાળા જીવોનું) અંતર સાધિક ૧૮ કોડાકોડિ સાગરોપમ, તેમજ પંચ પશ્ચાકૃત ચારિત્રવાળાનું અંતર પણ સાધિક ૧૮ કોડાકોડિ સાગરોપમ છે. તથા સામાયિક ચારિત્રનું અંતર સાધિક ૧ વર્ષ છે જઘન્ય ૧ સમય છે.

૨૪ બુદ્ધદ્વાર :- બુદ્ધ બોધિત પુરુષનું અંતર સાધિક ૧ વર્ષ, બુદ્ધ બોધિત સ્ત્રીનું અંતર સંખ્યાત હજાર વર્ષનું પ્રત્યેક બુદ્ધનું સંખ્યાત હજાર વર્ષનું પ્રત્યેક બુદ્ધનું સંખ્યાત વર્ષનું અને સ્વયંબુદ્ધનું હજાર પૂર્વ પૃથકત્વ અંતર છે. જઘન્ય સર્વત્ર ૧ સમયનું અંતર.

૨૪ જ્ઞાનદ્વાર :- મતિ શ્રુતજ્ઞાનીનું અંતર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, મતિ-શ્રુત અવધિજ્ઞાનીનું અંતર સાધિક ૧ વર્ષ, મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાયજ્ઞાનીનું સંખ્યાત હજાર વર્ષ, મતિ-શ્રુત-મનઃ પર્યાયજ્ઞાનીનું સંખ્યાતહજાર વર્ષ જઘન્ય અંતર સર્વત્ર ૧ સમય.

(ક્રમશઃ)

શાસન સમાચાર

શ્રી અજિતનાથ જિન મંદિર શતાબ્દિ મહોત્સવનો મંગલ કાર્યક્રમ

(ચેલા વાયા જામનગર)

નિશ્રા–પૂ. મુ. શ્રી બોધિરત્નવિજયજી મ. આદિ પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ.

પહેલો દિવસ : સં. ૨૦૫૨ પોષ વદ ૧૩ ગુરૂવાર તા. ૧૮–૧–૯૬ સવારે ગુરૂભગવંતોનો પ્રવેશ સાગૈયું. બપોરે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા કરમશી ખીમજી ખીમશીયા પરિવાર તરફથી. સંઘ જમણ : બપોરનું સંઘ જમણ– શ્રી કરમશી ખીમજી ખીમશીયા પરિવાર તરફથી સાંજનું સંઘ જમણ : શ્રી વેરશી હીરાભાઇ સાવલા પરિવાર તરફથી.

બીજો દિવસ : સંવત ૨૦૫૨ પોષ વદ ૧૪ શુક્રવાર તા. ૧૯–૧–૯૬ સવારે કુંભ સ્થાપન– દીપક સ્થાપન– જવારા રોપણશ્રી રામજી નાનચંદ ધનાણી પરિવાર તરફથી અઢાર અભિષેક– શ્રી ઝીણાભાઇ ડાયાભાઇ ધનાણી પરિવાર તરફથી બપોરે : સિદ્ધચક્ર પૂજન શ્રી નેમચંદ મેરગ હીરા ધનાણી પરિવાર તરફથી નવકારશી સવારે મેઘજી સામત રાજા ધનાણી પરિવાર તરફથી મહેમાનોની ભક્તિ સંઘ જમણ બપોરે : શ્રીમતિ શાન્તાબેન હેમચંદ લોળા તરફથી સાંજે સ્વ. લખમશી તથા શ્રી શાંતિલાલ પુંજા સાવલા પરિવાર તરફથી.

ત્રીજો દિવસ : સંવત ૨૦૫૨ પોષ વદ ૦)) શનિવાર તા. ૨૦–૧–૯૬ સવારે શ્રી રથયાત્રાનો વરઘોડો શ્રી રામજી લાલજી ખીમશીયા પરિવાર સંઘ જમણ બપોરે ધુમાડાબંધ ગામ જમણ તથા બાવન ગામ તથા જામનગરના હાલારી વિશા ઓશવાળ જ્ઞાતિજનોનું સ્વામી વાત્સલ્ય (નાતતેડું) શ્રીમતી કંકુબેન રામજી લાલજી ખીમશીયા પરિવાર તરફથી હઃ ચંદુલાલ રામજી ખીમશીયા સાંજે શ્રી હીરજી સામત રાજા ધનાણી પરિવાર તરફથી.

ચોથો દિવસ : સં. ૨૦૫૨ મહા સુદ ૧ રવિવાર તા. ૨૧–૧–૯૬ બપોરના સિદ્ધચક્ર મહાપૂજન અથવા ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સ્વ. ડાહીબેન જીવરાજ મેરગ ધારાણી પરિવાર. સંઘ જમણ બપોરે સ્વ. ડાહીબેન જીવરાજ મેરગ ધારાણી પરિવાર તરફથી સાંજે સ્વ. ડાહીબેન જીવરાજ મેરગ ધારાણી પરિવાર તરફથી.

પાંચમો દિવસ : સં. ૨૦૫૨ મહા સુદ ૨ સોમવાર તા. ૨૨-૧-૯૬ બપોરે સિધ્ધચક્ર મહાપૂજન સ્વ. રતનબેન હંશરાજ ખીમશીયાની સુપુત્રી હાલ સાધ્વીજી કુલદર્શનાશ્રીજીના સંયમ જીવનની અનુમોદનાર્થે હ. રમણીકલાલ કાનજી, સંઘ જમણ : બપોરે શ્રી જીવરાજ પાંચા શુદકા પરિવાર તરફથી સાંજે શ્રી વિરપાળ પુંજા ગડા પરિવાર તરફથી.

છઠ્ઠો દિવસ : સં. ૨૦૫૨ મહા સુદ ૩+૪ મંગળવાર તા. ૨૩-૧-૯૬ સવારે નવગ્રહ અષ્ટમંગલ તથા દશ દિકપાલ આદિ પૂજન, શ્રી રામજી નાનચંદ ધનાણી પરિવાર નાઈરોબી તરફથી બપોરે : લઘુ શાંતિ સ્નાત્ર શ્રી જેઠાલાલ નાનચંદ ધનાણી પરિવાર તરફથી નવકારશી સવારે પ્રેમચંદ પરબત ધનાણી હઃ રમણીકભાઇ તરફથી મહેમાનો ભક્તિ સંઘ જમણ બપોરે સ્વ. ગંગાબહેન નરશી માણેક હઃ મુકતાબેન મોહનલાલ નાગડા પરિવાર તરફથી સાંજે શ્રી નથુભાઇ ખેતશી ધનાણી પરિવાર તરફથી

સાતમો દિવસ : સં. ૨૦૫૨ મહા સુદ ૫ બુધવાર તા. ૨૪-૧-૯૬ સવારે રથયાત્રાનો વરઘોડો તથા ધ્વજા આરોહણ બપોરે સિધ્ધચક્ર મહાપૂજન શ્રી પાનીબેન કચરા ગોસર સાવલા પરિવાર તરફથી સ્વ. વેલજી કચરા તથા સ્વ. રાજેશ ખીમજી કચરાના પુણ્યાર્થે સંઘ જમણ બપોરે ધુમાડાબંધ આમ જમણ તથા મહેમાનોની સાધર્મિક ભક્તિ સ્વ. મણિબેન હીરજી પુંજા ધારાણી હઃ નવિન, અશ્વીન, સ્વ. સુરેશ તથા મુકેશ હીરજી તથા જીવરાજ મેરગ ધારાણી તરફથી સાંજે શ્રી દેવશી પંચાણ ખીમશીયા પરિવાર તરફથી.

આઠમો દિવસ : સં. ૨૦૫૨ મહા સુદ ૬ ગુરૂવાર તા. ૨૫-૧-૯૬ સવારે સત્તર-ભેદી પૂજા પ્રેમચંદ પરબત ધનાણી પરિવાર હઃ રમણીકભાઈ સંઘ જમણ બપોરે શ્રી રાયશી લાધાભાઇ ખીમશીયા પરિવાર તરફથી. પૂજા ભાવના માટે સંગીતકાર કલ્યાણભાઇની મંડળી પાલીતાણાથી પધારશે.

દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચના થશે તથા પૂ. ગુરૂદેવનું પ્રવચન થશે.

વિધિવિધાન માટે ભાઇશ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહ તથા સુરેશચંદ્ર હીરાલાલ પધારશે.

આ પ્રસંગે પધારવાથી મહોત્સવ ઉપરાંત જિન દર્શન – પૂજન – ગુરૂવંદન – પ્રવચન શ્રવણ આદિનો લાભ મળશે. તથા નજીકમાં આવેલ જામનગરમાં અર્ધ શત્રુંજય મહાતીર્થ સમાન જિનમંદિરના દર્શનનો લાભ મળશે.

શ્રી હાલારી વિશા ઓશવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ – ચેલા

અલકાપુરી મધ્યે પોષ દશમીની ભવ્ય ઉજવણી

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. નાં સાનિધ્યમાં પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ. પૂ. મુ. શ્રી પુન્યધન વિ. મ. તથા પૂ. સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજીની નિશ્રામાં પાર્શ્વનાથ ભ.ની જન્મકલ્યાણક તથા દીક્ષા કલ્યાણકની ઉજવણી પોષ દશમીનાં અઠ્ઠમ તપની આરાધના સમસ્ત વડોદરા શહેરનાં સૌ પ્રથમ વખત અલકાપુરી જૈન સંઘ તરફથી ત્રણ દિવસનાં ભવ્ય કાર્યક્રમ સાથે ઉજવાયેલ. તેનો અહેવાલ–માગસર વદ ૫ નાં વાજતે ગાજતે ભવ્ય પ્રવેશ મ. સા. નો થયેલ અને તે જ દિવસથી પાર્શ્વનાથ ભ. નાં જીવન પ્રસંગોના વ્યાખ્યાનો શરૂ થયા હતા. રોજ પ્રવચનોમાં સારામાં સારી સંખ્યા થતી હતી. અને અઠ્ઠમ તપની જાહેરાત થતા ૪૦૦ અઠ્ઠમ તપનાં નામો લખાઇ ગયા હતા.

માગસર વદ ૯ સવારે ચૈત્યવંદન, ૯ કલાકે વ્યાખ્યાન બાદ ૧૦ કલાકે સામુહિક પચ્ચકખાણ થયા હતા. અને તેજ દિવસે બપોરે વિજયમુહુર્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ૧૦૮ ફેરા, રચના દેરીઓની સાજ સજાવટ સાથે બીપીનભાઇ રામાણી તરફથી થયેલ અને સહુ જે બધાને ભાથુ આપવામાં આવેલ, રાત્રે ભાવના પ્રભુજીને ભવ્ય અંગ રચના અને ઘીનાં દીવાની રોશની.

માગસર વદ ૧૦ સવારે ૯ કલાકે જન્મકલ્યાણક ઉપર પ્રવચન અને તે જ દિવસે વડોદરામાં સૌ પ્રથમ વખત મહાપૂજાનું આયોજન અલકાપુરી સંઘ તરફથી થયેલ મહાપૂજાનું દ્વારોદ્ઘાટનનો લાભ સુમનભાઇએ લીધો હતો તેમનાં ઘેરથી સાંજે ૫–૩૦ કે. વરઘોડો ચઢયો હતો બે હાથી, બેન્ડ, ઘોડા સાથે ૬–૩૦ કલાકે વરઘોડો ઉતર્યા બાદ આરતી મંગળદીવાનું ઘી મોલાતા ૫, હજાર મણ ઘી આરતી થયેલ. પછી ઉદ્ઘાટન થયેલ અને લોકોની લાઇન તો લગભગ બહુ મોટી હતી રાત્રે બાર વાગે દેરાસર બંધ થયેલ મહાપૂજાની સજાવટ મુંબઇથી રાજુભાઇએ કરેલ લોકોને એમ થઇ ગયું કે ખરેખર મહાપૂજા આને કહેવાય મહાપૂજામાં હાથથી બનાવેલ રચના, સીન સીનેરી, કળાત્મક આકર્ષણ વસ્તુઓ વિગેરેની ગોઠવણ થયેલ લગભગ ૩૦ થી ૩૫ હજાર લોકોએ દર્શનનો લાભ લીધો હતો.

મહાવદ–૧૧ નાં સવારે –૫૬, દિકકુમારીકા, ૬૪ ઇન્દ્રો સાથે ભવ્ય સ્નાત્ર મહોત્સવ જયેશભાઇ તરફથી ભણાવવામાં આવેલ. સુંદર રાજદરબારનુ આયોજન થયેલ.

માગસર વદ ૧૨નાં સવારે ૮ કલાકે સામુદાયીક પારણા નયનાબેન રમેશચંદ્ર તરફથી આકોટા અતિથિ ગૃહમાં રાખેલ. અને ભાજપના જીતુભાઇ સુખડીયાનાં હસ્તે પારણા થયેલ.

અટ્ઠમતપનાં તપસ્વીઓને અલકાપુરી સંઘ તરફથી કમલનાં આકારની ચાંદીની વાટકીની પ્રભાવના થયેલ. બપોરે ૧૧ કલાકે અલકાપુરી જૈન સંઘનું સ્વામી વાત્સલ્ય હતું. આવી રીતે પ્રતિષ્ઠા પછી પહેલ વહેલો પ્રસંગ સુંદર ઉજવાયેલ. હજુ પ્રતિષ્ઠા થયેલને એક વર્ષ પણ થયું નથી. બીજી પણ પ્રભાવનાઓ તપસ્વીઓની થયેલ ત્રણે દિવસ ઘીના દીવાની રોશની શીખર ઉપર થતી હતી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સારી રીતે જીવતાં જીવતાં મરવું તેનું નામ જ સમાધિ મરણ છે.
- ગરીબ હોવા છતાં 'ગરીબ' શબ્દ સાંભળવાથી જેને દુઃખ થાય અને હરામખોરી કરવા છતાં 'હરામખોર' શબ્દ સાંભળતા જેને દુઃખ ન થાય, તે ધર્મ સાંભળવા લાયક નથી.
- પોતાની શક્તિ હોવા છતાં બરાબ કામ કોઇ કરવું નથી અને શક્તિ અનુસાર સારા કામ કર્યા વગર રહેવું નથી આવી જે મનોવૃત્તિ તે જ સાચી માનવતા છે.
- જેને આ સંસારથી છૂટી મોક્ષે જવાની ઇચ્છા નથી, તેવો જીવ શ્રી જિનેશ્વરદેવનાં ઘણાં ઘણાં મંદિરો બંધાવે તો પણ તે અરિહંતદેવનો ભગત પણ નથી
- નાની પણ ધર્મક્રિયા પરિપૂર્ણ ધર્મ પામવા માટે છે.
- આ સંસાર બરાબ છે મોક્ષ જ સાર છે. આ સંસારથી છોડાવનાર અને મોક્ષે પહોંચાડનાર ધર્મ વિના કોઇ સાધન નથી, તે ધર્મ મારે પામવો જ જોઇએ એવા હેતુથી જે કોઇ જીવ સદ્ગુરૂ મુખે શ્રી જિનવાણીનું શ્રવણ કરે તો તેનું કલ્યાણ થાય !
- આ સંસારનું સુખ-દુઃખ, તે બે એવી બરાબ ચીજ છે કે ભલભલાને ચૂકાવી નાંખે. તે બે ધર્મ પામવા દે નહિ, ધર્મ પામ્યા પછી પાળવા દે નહિ, અને પામેલા ધર્મનો નાશ કર્યા વિના રહે નહિ.
- ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સર્વવિરતી સ્વરૂપ એવો સર્વોત્તમ કોટિનો ધર્મ બતાવ્યો છે કે જે જગતના ચોગાનમાં પણ અમે બતાવીએ તો કોઇની મા એવો જણ્યો નથી કે જેનો તે વિરોધ કરે !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૧૨૫

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શ્રી જિનવાણી શ્રવણ જ સઘળા ય ગુણોની જનની છે.

સવણે નાણે ય વિન્નાણે, પચ્ચક્ખાણે ય સંજમે ।
અનિહ્લણ્ણએ તવે, વોદાણે અકિરિય નિવ્વાણે ॥

સદ્ગુરુ મુખે શાસ્ત્ર શ્રવણથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, વિજ્ઞાનથી પચ્ચક્ખાણ થાય પચ્ચક્ખાણ થાય સંયમ થાય સંયમથી દોષરહિત તપ થાય, તપથી ક્રિયારહિતપણું પ્રાપ્ત થાય, પૂર્વ કર્મની નિર્જરા થાય, નવો કર્મબંધ ન થાય અને ક્રિયા રહિતપણાથી નિર્વાણ મોક્ષની પ્રાપ્તિ થાય.

વર્ષ ૮

અંક ૨૨

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

૦ નિર્વેદનું ફળ સંસાર રૂપી કારાગૃહનું વર્જન કરવામાં તત્પર એવી જેના ચિત્તને વિષે દૃઢ પ્રજ્ઞા–બુદ્ધિ હોય છે તે પુરુષ નિર્વેદવાળો કહેવાય છે. તે નિર્વેદનું ફળ શું તે અંગે જણાવ્યું છે કે—

" निव्वेएणं भंते जीवे किं जणयइ ?"

હે ભગવાન ! નિર્વેદથી જીવ શું પ્રાપ્ત કરે ? તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે—

" निव्वेएणं ते दिव्वमाणुस्सतिरिच्छिएसु कामभोगेसु विरज्जमाणे निव्वेयं हव्वमागच्छइ । सव्वविसएसु विरज्जइ । सव्वविसएसु विरज्जमाणे आरंभपरिग्गह परिच्चायं करेति । आरंभपरिग्गह परिच्चायं करेमाणे संसारमग्गं वोच्छिंदति सिद्धिमग्ग पडिवन्नेय भवति । "

નિર્વેદથી જીવ દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામ ભોગોને વિષે વૈરાગ્ય પામી ખરા નિર્વેદને પામે છે અને સર્વ વિષયોમાં સાચા ભાવે વિરક્તિ પામે છે સર્વ વિષયોમાં વિરક્તિ થવાથી આરંભ–પરિગ્રહનો પરિત્યાગ કરે છે. આરંભ પરિગ્રહનો પરિત્યાગ કરવાથી સંસાર માર્ગનો ઉચ્છેદ થાય છે. અને સિદ્ધિ–મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે.

૦ જીવ પોતે જ શુભાશુભ કર્મનો કર્તા છે તેમ ભોકતા પણ જીવ જ છે. આગમમાં કહ્યું પણ છે કે–

' जीवेणं भंते किं अत्तकडे दुक्खे परकडे दुक्खे उभय कडे दुक्खे ?- गोयमा । अत्तकडे नो परकडे तदुभयकडे ।'

હે ભગવંત ! જીવ શું પોતે જ કરેલાં દુઃખો ભોગવે છે કે બીજાએ કરેલાં ભોગવે છે કે, પોતે અને બીજાએ ઉભયે કરેલાં દુઃખો અનુભવે છે ? હે ગૌતમ ! જીવ પોતે કરેલાં દુઃખો જ અનુભવે છે પણ બીજાએ કરેલાં કે ઉભયે બન્નેએ કરેલાં દુઃખો ભોગવતો નથી.'

આજ્ઞારાધક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુલુન્ડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ ભાટ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (ચેમ્બુર)
ખાનચંદ પદમશી મુંદરા (ઘાટકોપર)

વર્ષ : ૮] ૨૦૫૨ મહા સુદ દ્વિ.-૧૦ મંગળવાર તા. ૩૧-૧-૯૬ [અંક ૨૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૧ ને મંગળવાર, તા. ૭-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૬. (પ્રવચન ૭ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

મંદિર માટે કેશર-સુખડ, પૂજારીના પગાર વગેરેની ટીપ થાય છે ત્યારે શ્રીમંતો જોયા કરે છે. કોઇ શ્રીમંત એમ કહે છે કે, "શેની ટીપ કરો છો ? મારે ત્યાંથી લઇ જજો." શ્રીમંતો હૈયાના દરિદ્રી પાકયા માટે સાધારણની ટીપ કરવી પડે છે. તમારી બધી ટીપો કેવી રીતે થાય છે તે અમે જોઇએ છીએ. ટીપમાં ભરાવનારા તો બહુ ઓછા છે. ઘણા હોંશિયાર તો ટીપમાં કદી ભરાવતા જ નથી. ટીપ ભરતી વખતે તમને શરમ નથી આવતી ? ૫૦૦૦નું કામ હોય, પોતે એકલો કરી શકે તેવો હોય અને તે એકાસનથી શરૂઆત કરે તો ટીપ પૂરી થાય ખરી ? કોઇ વધારે ભરે તો તેની સામે આંખ કાઢે તેવાં નંગો ઘણાં છે. જો બધા પોત-પોતાની શક્તિ મુજબ ટીપમાં ભરવા માંડે તો ટીપ પૂરી થઇ જાય.

આજે અમને તમને સૌને સારામાં સારી ધર્મની સામગ્રી મલી છે. ધારીએ તેટલો ધર્મ કરી શકીએ તેમ છીએ, છતાં પણ હજી જોઇએ તેવો ધર્મ કરતા નથી. તેનું એક જ કારણ છે કે, અમને પ્રમાદ ભૂંડો લાગ્યો નથી અને તમને સંસારના સુખનો

રાગ ખરાબ લાગ્યો નથી. અમારો પણ સંસારના સુખનો રાગ જીવતો હોય, દુઃખ વખતે ગભરામણ થતી હોય તો અમે ય નાલાયક છીએ. સંસારના સુખ તરફ અમારી આંખ જવી જ ન જોઈએ દુઃખને તો અમારે વધાવવું જ જોઈએ અને કદાચ દુઃખ ન આવે તો જ્ઞાનિની આજ્ઞા મુજબ ઊભાં કરી કરીને વેઠવાં જ જોઈએ. જ્ઞાનિઓએ 'દેહે કષ્ટં મહાસુખમ્' કહ્યું છે. કષ્ટ વિના સારો ધર્મ થાય જ નહિ. આજે તો શરીરના નિરોગી પણ કેવી રીતે કાઉસગ્ગાદિ કરે છે? તમે બધા પણ જે કાંઇ ધર્મક્રિયા કરો છો તે કેવી રીતે કરો છો તે વિચારી લેજો. મારે કોઇની ય ટીકા કરવી નથી પણ બધાનું ધ્યાન ખેંચવું છે કે આપણે કયાં છીએ? જે આ બધું સમજીને સુધારો કરશે તેનું કલ્યાણ થશે બાકી હતા તેવાને તેવા રહેશે તેઓ તો ધર્મ કરીને ય હારી જશે.

આગળના શ્રાવકો મંદિર–ઉપાશ્રયે જાય તો ય ઘેર કહીને જતા કે અમને ત્યાં કોઇ જ સમાચાર મોકલતા નહિ. તેવી રીતે તીર્થયાત્રાએ જનારા શ્રાવકો પણ પેઢી ઉપર કહીને જતા કે, પેઢીના સમાચાર પણ મને મોકલતા નહિ. આવો એક શ્રીમંત શ્રાવક યાત્રાએ ગયેલો. તે મંદિરમાં પૂજા કરતો હશે ત્યાં કોઇએ પેઢીનો તાર તેના હાથમાં મૂકયો. તેણે તે તાર જોયા વિના જ મૂકી દીધો. યાત્રા કરી પાછો આવ્યો ત્યારે મુનિમને કહ્યું કે, તાર કેમ કરેલો? મુનિમ કહે કે, બહુ મોટું નુકશાન થાય તેમ હતું. ત્યારે તે શ્રાવકે કહ્યું કે– હું તો જીવતો હતો ને? કદાચ તેવો પાપનો ઉદય હોય અને પેઢી ગઇ તો ગઇ. ફરી આવી ભૂલ ન કરતો. આવા શ્રાવક આજે કેટલા મળે? તમારે ય આવો નિયમ છે ખરો? આવો શ્રાવક કોણ હોય? જે મોક્ષનો અર્થી હોય તે.

સાચું સુખ મોક્ષમાં જ છે, સંસારમાં નથી આ વાત બરાબર જચી? તો કહો કે– "સંસારનું સુખ ઇચ્છવા જેવું નથી, મેળવવા જેવું નથી, મળે તો લેવા જેવું નથી, ભોગવવા જેવું નથી, કર્મયોગે ભોગવવું પડે તો રોતે હૈયે ભોગવવાં જેવું છે. પણ હસતે હૈયે નહિ; તે સુખ જાય તો રોવા જેવું નથી અને કદાચ તે સુખને મૂકીને જવાનો વખત આવે તો હસતા હસતા જવું છે. જે કાંઇ દુઃખ આવે તે મજેથી ભોગવવા જેવું છે." આપણે પાપ કરીએ અને દુઃખ ન આવે તે બને? પાપ કરનારે દુઃખ વેઠવા તૈયાર રહેવું જોઇએ. ચોરી કરનારે પોલીસમાં પકડાવા હાજર રહેવું જોઇએ. ધર્મી કોનું નામ? દુઃખને મજેથી વેઠે અને સંસારના સુખને ન છૂટકે ભોગવે તેથી સુખ ભોગવીને કર્મ ખપાવે.

સમ્યગ્દૃષ્ટિ જીવને સંયોગવશાત પાપ કરવું પડે તો તેનું ચાલે તો ઓછામાં

ઓછું કરે. તે પાપ કરે છતાં ય તેને અલ્પ બંધ થાય તેનું કારણ શું ? તે પાપ રાજીથી કરતો જ નથી માટે. આ ખબર છે ?

"સમ્મદ્દિટ્ઠી જીવો, જઇ વિહુ પાવં સમાયરે કિંચિ;
અપ્પો સિ હોઇ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઇ."

રોજ આ ગાથા બોલે અને મજેથી મોટાં મોટાં પાપ કરે તે ચાલે ? જરાક દુઃખ આવે તો 'ધર્મમાં માલ નથી, સાધુમાં ય માલ નથી, ભગવાનમાં ય માલ નથી" આવું બોલનારા ઘણા છે. તે બધાને કેવા કહેવાય ? ધર્મ પામેલા કહેવાય ખરા ?

'આ સંસારનું સુખ ઇચ્છવાં જેવું નથી, મેળવવાં જેવું નથી, ભોગવવા જેવું નથી, ભોગવવું પડે તો કર્મને ભોગવવાં જેવું છે. અને મેં પાપ કર્યું તો દુઃખ આવે જ. અને તે મારે મજેથી વેઠવું જોઇએ' આવું માનસ તમારી પાસે છે ? જેનું આવું માનસ હોય તેને મોહનો ભય લાગ્યો છે તેમ કહેવાય. પછી તેનો સગો કમાઉ હોંશિયાર દિકરો સાધુ થવાનું કહે તો બાપ રાજી રાજી થઇ જાય. મોહનો ઝાટકો લાગે ને દુઃખ થઇ જાય તે બને. પણ તે માને કે–'આ ભાગ્યશાલી છે. હું ફસી ગયો છું.' મારા ઘરનો સારો માણસ સાધુ થવો જ જોઇએ. કદાચ છોકરો સાધુ ન થઇ શકે અને તેને પરણાવવો પડે તો તેને પરણાવતી વખતે પણ આવું કહેનાર બાપ છે કે 'દિકરા ! આમાં ફસાવવા જેવું નથી. હું ફસી ગયો છું. હજી સમજી જાય તો સારું છે.' કે પછી દિકરા-દિકરીના લગ્ન મજેથી કરનારા, તેમાં ધાર્યા પૈસા ખરચનારા તમો છો ?

રોજ અહીં આવનારા આ બધું ન સમજે તે ચાલે ? રોજ સાંભળનારા સમજુ નથી ? તો કેમ સમજતા નથી ? તમારે સમજવું નથી માટે નથી સમજતા કે અમે સમજાવ્યું નથી માટે નથી સમજતા ? આજનો મોટો ભાગ એમ જ માને છે કે– 'સાધુઓ તો બોલ્યા કરે. તેમનું કહ્યું કરીએ તો ઘર ન ચાલે. દુઃખ તો કોઇને ગમતું હશે ? સંસારનું સુખ મળ્યું તો કેમ ન ભોગવીએ ?" જે સંસારનું સુખ મજેથી ભોગવે તેને નરક-નિગોદમાં લઇ જાય તે સુખ ધર્મીને ગમે ખરું ?

મોક્ષનું સુખ જ સાચું છે, બીજું બધું સંસારનું સુખ નકામું છે આવું જ્ઞાન પણ કોને થાય ? મોહમાત્રથી ગભરાતો હોય તેને. આવું જ્ઞાન થવા માટે દર્શનમોહનીયનો ક્ષયોપશમ જરૂરી છે. જેને દર્શન મોહનીયનો ક્ષયોપશમ ન થયો હોય તેને જ્ઞાનાવરણીયનો સારો ક્ષયોપશમ હોય, ગમે તેટલો મોટો જ્ઞાની ગણાતો હોય તો પણ

અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ તે અજ્ઞાનનો શિરોમણિ છે. તેનું જ્ઞાન તેને પાપ કરવામાં કામ લાગે છે. આજના ભણેલા મજેથી સારી રીતે ગોઠવી ગોઠવીને પાપ કરે છે. અજ્ઞાન હજી તેનાથી ઓછું પાપ કરતાં હશે ! આજના બહુ સુખી બહુ મોટા ધંધા, મોટાં કારખાનાં મજેથી ચલાવે છે. તેનામાં સમકિત હોય ખરું ? સમકિતી આત્મા કર્માદાનના ધંધા મજેથી કરે ખરા ? આજે મોટેભાગે બહુ સુખી કર્માદાનના જ ધંધા કરે છે. તેવા અહીં આવે તો અમારે બહુ સાવચેત રહેવું પડે. પણ વાત તો ભગવાનની જ કરીએ. તેવાને ખોટું ન લાગે તેની ચિંતા કરનારો સાધુ સાધુ રહી શકે ખરો ? તે સાધુને ય માખ-ણિયા થવું પડે ને ? ભગવાનનો સાધુ 'ભાટ' કે 'ભાંડ' બને ખરો ? પોતાને અનુકૂળની પ્રશંસા કરે તે 'ભાટ' કહેવાય અને પોતાને પ્રતિકૂળની નિંદા કરે તે 'ભાંડ' કહેવાય. આ વાત સમજાય છે ?

'આ સંસારનું સુખ ઇચ્છવા જેવું નથી પણ ફેંકી દેવા જ જેવું જ છે. 'આ વાત જૈન કુળમાં જન્મેલા દરેકે દરેક આત્માઓ બોલતા હોય. માટે જ જૈન કુળમાં જન્મેલો સાધુ થવાની ઇચ્છા રાખે. થવાની ઇચ્છાવાળાનો જ ધર્મ ધર્મ છે. સાધુ થવાની જેની ઇચ્છા ન હોય તેનો ધર્મ ધર્મ નથી. તેની ભગવાનની પૂજા પૂજા નથી. જેને ગૃહસ્થપણું ખરાબ ન લાગે તે મિથ્યાદૃષ્ટિ જીવ છે. તમને ભગવાને કહેલી, ગણ-ધરોએ ગૂંથેલી, શાસ્ત્રોમાં લખાયેલી આ વાત સાંભળવી ય ગમે છે ? મંદિરમાં ભગવાન થવા જવાનું છે. ઉપાશ્રયમાં સાધુ થવા જવાનું છે. જે કાંઈ ધર્મ કરો તે આગળ આગળનો ધર્મ પામવા માટે કરવાનો છે. ધર્મ વાસ્તવિક રીતે કરનારાને ધર્મ જ વધારે ગમે. શ્રાવકને સાધુ થવાનું મન હોય. સાધુને અને શ્રાવકને ભગવાન થવાનું જ મન હોય.

આપણે ત્યાં ભગવાન બે છે. સદેહે વિચરતા શ્રી અરિહંત પરમાત્મા અને સકલ કર્મોથી મુકત થઇ મોક્ષે ગયેલા શ્રી સિદ્ધ પરમાત્મા. મોક્ષમાર્ગ રૂપ ધર્મશાસનના સ્થા-પક શ્રી અરિહંત પરમાત્મા છે. તેઓએ બતાવેલા ધર્મને બરાબર કરીને મોક્ષે ગયા તે સિદ્ધ પરમાત્મા છે. આપણો નંબર આજ સુધીમાં તેમાં કેમ ન લાગ્યો ? 'હજી પણ મને મોક્ષે જવાનું સાચું મન કેમ થતું નથી' તેમ કહી ભગવાન આગળ રોયા છે ? મંદિરે જાવ તોય મોક્ષે જવાની ઇચ્છા થાય છે ? આપણા બધા જ ભગવાન કયાં ગયા મોક્ષમાં. આપણે કયાં જવું છે ? 'મોક્ષમાં જ જવું છે' એમ છાતી ઠોકીને કહી શકીએ તેમ છીએ ? આજે મોટેભાગે મોક્ષ કોઈને યાદ જ નથી. જે કહે કે 'મારે મોક્ષે જવું છે' તે ખોટું બોલે છે. કેમકે તેને સંસારનું સુખ મેળવવાની જેવી ઇચ્છા છે તેવી મોક્ષ મેળવવાની ઇચ્છા નથી. (ક્રમશઃ)

સુચના : આ મહીનામાં પાંચ મંગળવાર હોવાથી તા. ૨૩-૧ નો અંક બંધ રાખેલ છે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૫૫. હસ્ત-પ્રહસ્તનો વિનાશ

ત્રીશ-ત્રીશ અક્ષૌહિણી સેના લઈને અચાનક આવતાં વિભીષણને દૂરથી જોઈને સુગ્રીવાદિ વાનરવીરો ખળભળી ઉઠયા.

વિભીષણે નજીક આવીને એક માણસને રામચંદ્રજી તરફ રવાના કર્યો. અને તેના દ્વારા પોતાની ઓળખાણ મોકલાવી. આથી પુરૂષની વાત સાંભળીને અત્યંત વિશ્વાસુ એવા સુગ્રીવ તરફ રામચંદ્રજીએ જોયું.

સુગ્રીવે કહ્યું કે-'જોકે રાક્ષસો સ્વભાવથી જ જન્મથી માંડીને હલકટ છે, છતાં આ વિભીષણને અહીં આવવા દો. ગુપ્તચરોને મોકલીને તેના સારા/નરસા ઈરાદાને અમે જાણીને અમે તદ્નુરૂપ જે કરવા યોગ્ય લાગશે તે કરીશું.'

રામચંદ્રજીની છાવણીમાં એક વિશાલ નામનો ખેચર વિભીષણને સારી રીતે ઓળખતો હતો. તેણે કહ્યું કે-'રાક્ષસોમાં એક વિભીષણ જ સજ્જન અને ધર્માત્મા છે. સીતાદેવીને મુકત કરી દેવાનું કહેતાં અત્યંત ક્રોધાયમાન થઈ ગયેલા રાવણે લંકાનગરીમાંથી તેને કાઢી મૂકતાં તે આપ શરણ્ય પાસે આવ્યો છે. આથી તેનું અહીં આવવામાં બીજું કોઈ છળ-કપટ નથી.'

વિશ્વાસ બેસતા રામચંદ્રજીએ વિભીષણને પોતાની પાસે બોલાવ્યો. અને ચરણમાં નમેલા તે વિભીષણને રામચંદ્રજી સંભ્રમ (=ઉત્સાહ) સાથે ભેટયા.

વિભીષણે કહ્યું કે-'દુર્ગમાં રહી ગયેલા મોટા ભાઈને છોડીને હું આપની પાસે આવ્યો છું તેથી ભકત બનેલા મને સુગ્રીવાદિની જેમ જ આદેશ કરજો.'

ત્યારે રામચંદ્રજીએ લંકાની રાજ્યગાદી ઉપર વિભીષણને સ્થાપન કરવાનું વચન આપ્યું.

આઠ દિવસ હંસદ્વીપમાં રહીને હવે રામચંદ્રજી લંકાની નજીક આવી પહોંચ્યા. વીશ યોજનની વિસ્તૃત ધરતી ઉપર સૈન્યની છાવણી નાંખીને ત્યાં જ રણસંગ્રામ માટે તૈયાર થઈને રહ્યા. રામચંદ્રજીની સેનાના ભયંકર કોલાહલથી લંકાનગરી બહેરી બની ગઈ.

આ બાજુ પ્રચંડ તેજનો ધણી ત્રણ ખંડનો શાસક સમ્રાટ લંકેશ્વર રાવણના પ્રહસ્તાદિ રાક્ષસવીરો રામની સામે રણમોરચો માંડવા શસ્ત્રો ધારણ કરીને તૈયાર થયા. હાથી, ઘોડા, બખેડા, ખચ્ચર, સિંહ આદિ પ્રાણીઓથી વહન કરાતાં રથોમાં

આરૂઢ થઇને શત્રુના લોહીના તરસ્યા રાક્ષસ ભટો લંકામાંથી બહાર નીકળવા લાગ્યા.

રોષથી લાલચોળ થયેલી આંખોવાળા લંકેશ્વર રાવણ પણ શસ્ત્રોથી સજ્જ બનીને રથ ઉપર આરૂઢ થયા.

શૂલના શસ્ત્રને ઉઠાવીને કુંભકર્ણ પણ રાવણની પડખે ઉભો રહ્યો. રાવણના ડાબા જમણા હાથ જેવા ઇન્દ્રજીત અને મેઘવાહન પણ રાવણની આજુબાજુ શસ્ત્ર-સજ્જ બનીને ઉભા રહ્યા. સંખ્યાતીત હજારો અક્ષૌહિણી સૈન્ય સાથે રાવણ લંકા નગરીની બહાર સંગ્રામ-ભૂમિ ઉપર આવી ગયા.

(સૈન્ય અને શસ્ત્ર સરંજામની દૃષ્ટિએ રાવણનું સંખ્યાબળ ઘણું બધુ વધારે હતુ)

ભુશુંડી, મુદ્ગર,, ત્રિશુલ, પરિઘ, કુઠાર, પાશ, ધનુષ્ય-બાણ, તલવાર, ભાલા, આદિ પોત પોતાના શસ્ત્રો ઉગામેલા ભયંકર રાક્ષસ સૈન્યથી પચાશ યોજનની ધરતી ઉપર રાવણે છાવણી નાંખીને પડાવ નાંખ્યો.

અને જે ક્ષણની બન્ને પક્ષને ઇન્તેજારી હતી તે ક્ષણ આવી ગઇ. યુદ્ધની નોબતો ધણધણી ઉઠી, રણશિંગા ફૂંકાયા. યુદ્ધની ભુંગલો ગર્જવા લાગી અને એ સાથે જ રામ-રાવણના સૈન્યના સૈનિકો એકબીજા સાથે ટકરાવા લાંગ્યા. અને થોડી જ વારમાં એક બીજાના નિશાન તાકીને પરસ્પર પ્રહાર કરવા લાગ્યા.

શલ્યો, શંકુઓ, બાણો, ચક્રો, પરિઘો ગદાઓ સંગ્રામમાં આકાશમાં ઉડતા પક્ષીઓની જેમ ઉછળવા લાગ્યા.

શસ્ત્રોથી હણાયેલા સૈનિકોના માથા રણમાં રગદોળાઇને પગના ઘાથી દડાની જેમ દોડવા માંડયા. મડદા થઇ ગયેલા સૈનિકોના શબ પગનીચે છૂંદાવા લાગ્યા. હાથ-પગ-માથા કપાઇને ઉછળવા લાગ્યા.

ભીષણ સંગ્રામ વધુને વધુ રૌદ્ર બનવા લાગ્યો.

સૂર્યોદયથી શરૂ થયેલો સંગ્રામ ઘણા સમય ચાલ્યા પછી આખરે રામના વાનર સૈન્યે રાવણના રાક્ષસ સૈન્યને ભાંગી નાંખ્યુ. આથી યુદ્ધ કરવા આવેલા રાવણના સુભટ-હસ્ત અને પ્રહસ્તને રામના સુભટ નલ અને નીલે અવરોધ્યા. ચારેય વચ્ચે જામેલા ભીષણ જંગમાં યુદ્ધ લાંબો સમય ચાલવાથી શરમ પામેલા નલે હસ્તના મસ્તકને ક્ષુરપ્રથી છેદી નાંખ્યુ. અને નીલે પ્રહસ્તને વધેરી નાંખ્યો. આથી દેવોએ નલ-નીલ ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

હસ્ત-પ્રહસ્તના વધથી ક્રોધાયમાન થયેલા રાવણના ઘણાં બધાં સુભટો નલ-નીલ ઉપર આવી પડયા ત્યારે રામચંદ્રના ઘણાં બધાં સુભટો રાવણના સુભટો ઉપર તુટી પડયા.

રાવણ પક્ષના મારીચે સંતાપવાનરને, ઉદ્યમે વિઘ્નવાનરને, સિંહજઘાન રાક્ષસે પ્રમિત વાનરને હણી નાંખ્યા. ત્યારે રામના

(અનુ ૫૬૩ ઉપર)

'ચારિત્રહાર છે ચિત્રહાર'

—પૂ આ. શ્રી વારિષેણ સૂ. મ. (ઓમકાર તીર્થ છાણી)

જે લોકો ભરાંડેસરની સજ્ઝાય બોલીને સવારમાં સંત સતીઓને વંદના કરે છે તેઓને ચારિત્રહાર એવા ચિત્રહાર જોવા બેસવાનું મન કેમ થતું હશે ?

ટેલીવીજન દુરદર્શન દુઃખદર્જન આપે છે તેવા લખાણો ફોરેનથી પ્રગટ થાય છે અને હમણાં જે પ્રગટ થયું છે મુંબઈ જોગેશ્વરીમાં મુસ્લીમ સમાજની ૮૦૦ ફ્લેટની કોલોનીનું ઓપનીંગ થયું છે. જ્યાં તેમના ધર્મગુરૂના આદેશથી ટી. વી. વિડિયોને દેશ નિકાલ કરવામાં આવ્યું છે.

પ્રમુખસ્વામીના ભક્તો ટેલીવીજન દર્શન પાપબંધન મોક્ષમાર્ગી આદિવાસીઓ ટી વી. ના પાપને ત્યાજ્ય માને છે. પ્રજાપિતા બ્રહ્મકુમારી અનુપસ્વામી બંગાલીના ભક્તો લાખોની સંખ્યામાં ટી. વી. ના દશ્યોથી દૂર રહે છે.

જ્યારે ચારિત્રની શુધ્ધિ તન મન અને ભોજનમાં જરૂરી છે ત્યારે આજે દરેક જૈનોને પોતાનું માન વધારવા પ્રેસ્ટીજ માટે ટી.વી એન્ટેના લગાવવામાં આઇ એમ લકી બનવું ગૌરવ આપે છે,

પૂ. ડોંગરેજીમહારાજ જેવા અજૈન સંત પણ ભોજન કરતા ટી.વી.ના દૂષિત પરમાણું પડતા ભોજન ત્યાગ કરી દેતા

જ્યારે આજે તન મનના પાપ અને વાસનાઓથી આત્મા ખરડાઇ ગયો છે. જે પાપ મળેલી દુર્લભ પંચેન્દ્રિય પટુતાનો વિયોગ ચિરકાલિન કરાવશે ને તેની વેદનાઓ સહન કરતા આત્મા ધર્મ વિમુખ બની જશે.

વજ્રસ્વામિને ચારિત્રના સંસ્કાર જન્મથી સંયમના ગ્રાહી બનાવે છે. જ્યારે આજનો ટી.વી. દર્શન ભવોભવના ચારિત્રના સંસ્કાર વાસનામાં લક્ષ સાબુથી ધોઈ નંખાવે છે.

'ટી.વી. દર્શન દુઃખ આપશે
ટી.વી. દર્શન દશ પીઢ
ટી.વી. દર્શનથી પામીએ
ભવ ભ્રમણની ભીડ,
'પ્રભુ પાસે એક માંગો
ટી. વી. દર્શન દૂર ભાગો
ભયંકર વાસનાના પાપનો
સ્વીકાર કરો ત્યાગ કરો.

(અનુ પેજ ૫૬૨ નું ચાલુ)

પક્ષના નંદને જવર ગૃક્ષસને, દુરિતે શુક રાક્ષસને, હણી નાંખવા.

આમ રામચંદ્રના પક્ષે રાવણ પક્ષના ચાર–ચાર મહાયોદ્ધાઓને હણ્યા ત્યારે રાવણના પક્ષે રામચંદ્રના ત્રણ–ત્રણ યોદ્ધાને હણી નાંખ્યા.

અંતે સૂર્યાસ્ત થતાં. યુધ્ધ અટકયુ. અને બન્ને પક્ષના સૈનિકો પોત પોતાના પક્ષના હણાયેલા કે નહિ હણાયેલા સૈનિકોની તપાસ કરવા લાગ્યા. (ક્રમશઃ)

શ્રી મહાવીર શાસન માસિક કદ્વારા પ્રગટ થનારા

ન્યાયાંભોનિધિ, પંજાબદેશોદ્ધારક વીશમી સદીના વિરલ પુરુષ

પૂ. આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા (પૂ. આત્મારામજી મ.)

સ્વર્ગારોહણ શતાબ્દિ વિશેષાંક અંગે

卐 વિનંતિ પત્ર 卐

સુજ્ઞ મહાશય,

જણાવતા આનંદ થાય છે કે આ વિષમ કાલમાં ગુરૂદેવો મહા ઉપકારી છે. તેઓ દેવ અને ધર્મનું સ્વરૂપ બતાવીને જીવોનો મહાન ઉપકાર કરે છે.

આ કાલમાં વીશમી સદીમાં થઇ ગયેલા પરમ પૂજ્ય ન્યાયાંભોનિધિ પંજાબદેશોદ્ધારક આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાની સ્વર્ગારોહણ શતાબ્દિ પ્રસંગે અમોએ વિશેષાંક પ્રગટ કરવાનું નકી કર્યું છે. તેમાટે પ. પૂ. આચાર્ય ભગવંતો આદિને આ મહાપુરૂષના જીવન અંગે ઐતિહાસિક સિદ્ધાંતિક વૈશિષ્ટ્યતાથી વિભૂષિત લેખો વિ. મોકલવા વિનંતિ છે. લેખ ફુલસ્કેપ ચાર પેજ જેટલો લખવા વિનંતિ છે.

લેખો વૈશાખ સુદ ૮ તા. ૨૬-૫-૬૬ સુધીમાં મોકલવા વિનંતી છે. વિશેષાંક જેઠ સુદ ૮ રવિવાર તા. ૨૬-૬-૬૬ના પ્રગટ થશે.

※ આ વિશેષાંકમાં સહાયક બનવાની યોજના ※

ટાઇટલ પેજ ૪ (રૂા. ૩૧ હજાર	ટાઇટલ પેજ ૨ (રૂા. ૨૫ હજાર)
ટાઇટલ પેજ ૩ (રૂા. ૨૧ હજાર)	વિશેષાંક શુભેચ્છક (રૂા. ૫ હજાર)
શુભેચ્છા જાહેરાત આર્ટ પેપર	એક પેજ (રૂા. ૨ હજાર)
ચાલુ પેજ શુભેચ્છા જાહેરાત	એક પેજ (રૂા. ૧૦૦૦)
અડધુ પેજ (રૂા. ૫૦૦)	પા- પેજ (રૂા. ૨૫૦)
વિશેષાંક ગ્રાહક	(રૂા. ૧૦૦)

ગ્રાહકોના નામ પણ વિશેષાંકમાં છપાશે ૨૫ કે તેથી વધુ ગ્રાહકો બનાવશે તેમની અનુમોદન સહિત નોંધ લેવાશે.

સૌ ભાવિકોને આ વિશેષાંક માટે સહકાર આપવા નમ્ર વિનંતિ છે.

માનદ પ્રચારકો તથા ગ્રાહકોને આ કાર્યમાં ઉત્સાહથી પ્રયત્ન કરવા વિનંતી છે.

આ ઐતિહાસિક સિદ્ધાંતિક મહાપુરૂષના ગુણાનુવાદમાં સૌ સહભાગી બનો એજ અભિલાષા.

લેખ, શુભેચ્છકો, શુભેચ્છા, ગ્રાહકો, નાણા મોકલવા સરનામું

શ્રી મહાવીર શાસન કાર્યાલય

શાક માર્કેટ સામે, નિશાળ ફળી જામનગર સૌરાષ્ટ્ર

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક–૧૨]

હવે આ દૃષ્ટાન્તનો ઉપનય કહે છે–

"જેનો અર્ધપુદ્ગલ પરાવર્ત્તકાળથી પણ ઓછો સંસાર બાકી હોય છે તે શુક્લપાક્ષિક જીવ કહેવાય છે અને તેથી અધિક સંસાર બાકી હોય તે કૃષ્ણપાક્ષિક જીવ કહેવાય છે." કહ્યું છે કે–

"जस्स अवड्ढो पोग्गलपरियट्टो सेसओ अ संसारो ।
सो सुक्कपक्खिओ खलु, अहिगे पुण कण्हपक्खीओ ॥"

જેનો મર્યાદિત સંસાર બાકી છે તે શુક્લપાક્ષિક મહા પુરૂષ માતા–પિતા પત્ની આદિ પરિવાર યુક્ત સંસાર રૂપી અટવીમાં પડયો સતો ધર્મને વિષે પ્રતિબંધ રાગવાળો થઇને વિચરે. તે સંસાર રૂપી અટવીમાં માતા–પિતાદિને અવશ્ય નાશ કરનારો, બોધિ બીજાદિથી રહિત, સામાન્ય પુરૂષથી અસાધ્ય એવો પરન્તુ સમ્યકત્વ જેનું ઔષધ સંભવી શકે છે તેવો, મરણાદિ છે. વિપાકફળ જેનું એવો કર્મરૂપી મહાવ્યાધિ ઉત્પન્ન થાય છે. ત્યારે શુક્લપાક્ષિક જીવ ધર્મના જ અવિહડ રાગને લીધે આ પ્રમાણે વિચાર કરે છે કે મારા આ માતા–પિતાદિ સમ્યકત્વાદિ સાચા ઔષધના અભાવે અવશ્ય વિનાશ પામશે અને સમ્યકત્વાદિ ઔષધની પ્રાપ્તિ વડે કદાચ બચી પણ જાય માટે તેઓને સમ્યકત્વાદિ ઔષધની પ્રાપ્તિ થાય તેવો પ્રયત્ન કરવો જરૂરી છે. વ્યવહારથી હજુ તેઓનું આયુષ્ય બાકી હોય તેમ લાગે છે પરન્તુ નિશ્ચયથી કાંઇ કહી શકાય નહિ. કેમકે કહ્યું છે કે– "પવનથી કુટી ગયેલા પાણીના પરપોટાની જેમ અત્યંત અનિત્ય અને ઘણા ઉપસર્ગોવાળું એવું આયુષ્ય હોતે છતે જે શ્વાસોશ્વાસ લે છે, અથવા જે સૂતેલો પણ જીવે છે તે જ આશ્ચર્ય છે." તથા માતા–પિતાદિના મનને સંતોષ થાય તે રીતે તેઓને આ લોકની ચિંતા રૂપ આજીવિકાનું સાધન મેળવી આપીને સદ્ગુરૂવાદિ દ્વારા કાં પોતે જે સમજ્યો હોય તે ધર્મકથાદિ કહેવા દ્વારા તેઓને ધર્મ માર્ગે જોડે અને સ્થિર કરે. તથા તેઓને સમ્યકત્વાદિ ધર્મની પ્રાપ્તિ થાય અને પોતાનું પણ આત્મહિત સધાય તે માટે માતા–પિતાદિનો ત્યાગ કરી સમ્યક્ચારિત્રનો સ્વીકાર કરે કર્મધુનન માટે [illegible]

સિદ્ધિપદની પ્રાપ્તિને માટે સાધુધર્મનો સ્વીકાર કરવા માતા-પિતાદિનો ત્યાગ કરવો તે સારો છે. કર્મધુનન સિવાય બીજા હેતુથી સ્વજનધુનન કરવામાં આવે તો તે આત્માનું અધઃપાત કરનાર છે તે સારી રીતે સમજી શકાય છે.

* વાસ્તવમાં વિચારીએ તો આવો ત્યાગ એ પણ અત્યાગ જ છે શરૂઆતમાં મોહના જોરને કારણે માતા-પિતાદિને દુઃખ થાય પણ પછી તેઓ પણ ધીમે ધીમે સાચું તત્ત્વ સમજે અને પરિણામે આત્મહિતકર પ્રવૃત્તિમાં ઉદ્યમશીલ બની સાચું આત્મહિત સાધી શકે. મોહના કારણે તેમનો જો ત્યાગ ન કરવામાં આવે તો તે અત્યાગ પણ પરિણામે ત્યાગ રૂપ જ છે અને મિથ્યાભાવની વૃદ્ધિ થવાથી અહિતકર પ્રવૃત્તિઓ કરવાથી સંસારમાં રખડવું પડે. પંડિતોને મન તાત્ત્વિક આત્માને હિતકર પરિણામ જ પ્રધાન હોય છે. આવું નિપુણ દૃષ્ટિથી જોનારા અને તેમાં પ્રવૃત્તિ કરનારા ધીર પુરૂષો જ લઘુકર્મી ભવ્ય-નજીકમાં જ મોક્ષે જનારા હોય છે. બીજાઓ નહિ

स ते सम्मत्ताइ ओसह संपाहणेण जीवाविज्जा अच्चंतिअं, अमरणा वंझंपी अं होइगेणुं । संभवाओ सुपुरिसोचिअमेअं दुप्पडिआराणि अ अम्माविइणि । ओस धम्मो सयाणुं । भगवं इत्थ नायं, पडिहरमाणे अकुसलाणुबंधि अम्माविइ सोगंति । एवमपरोवतावं सव्व हा, सुगुरु सभीवे पुइत्ता भगवंते वीअरागे साहु अ, तोसिउणु विहवोचिअ किवणाइ, सुप्पउत्तावस्सए, सुविसुद्धनिमित्तं, समडिवासिए, विसुज्झमाणो महया पमोएणुं, सम्मं पव्वइज्जा, लोअधम्मेहिं तो लोगुत्तरधम्मगमणेणु । एसा जिणाणुमाणा 'महाकल्लाणुत्ति', न विराहिअव्वा बुहेणुं, महाणाथभयाओ सिद्धिकंखिणा ॥

॥ इति पव्वज्जागहणविहिसुत्तं समत्तं ॥

આ રીતે તે શુકલપાક્ષિક જીવ માતા-પિતાદિકને સમ્યકત્વાદિ ઔષધની પ્રાપ્તિ કરાવી આત્યંતિક રીતે જીવાડી શકે છે. અર્થાત્ મોક્ષનું અવન્ધ્ય-અનન્ય કારણ સમ્યકત્વાદિ હોવાથી, સમ્યકત્વાદિની પ્રાપ્તિથી તેઓ પણ મોક્ષને પામે છે અને સદૈવ માટે જીવનારા થાય છે. આ હેતુનો સંભવ હોવાથી આ રીતે માતા-પિતાદિનો પોતાના અને તેઓના એકાન્તે હિતને માટે ત્યાગ કરવો તે સત્પુરુષોને માટે ઉચિત જ છે કેમકે માતા-પિતાદિના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. માત્ર તેઓને સમ્યક ધર્મ પમાડવામાં આવે, ધર્મમાં જોડવામાં આવે અને સ્થિર કરવામાં આવે તો તેઓનું કાંઇક ઋણ અદા કર્યું કહેવાય. તેથી સત્પુરુષોનો ધર્મ છે કે કોઇપણ રીતે આવા

હિતકર-કલ્યાણકર ધર્મમાં માતા-પિતાદિને જોડવા આ બાબતમાં આપણા સૌના આસન્નોપકારી, જેઓના શાસનમાં આપણે સૌ છીએ તે ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા ખુદ જ દૃષ્ટાન્તભૂત છે. ગર્ભમાં રહેલા એવા ભગવાને માતાની ભક્તિથી પ્રેરાઇ ગર્ભમાં-ચલન બંધ કર્યું તો માતા ત્રિશલાની અને તેમના પરિવારની જે શોકદશા જોઈ અને માતાનો જે અત્યંત મોહ જોયો તેથી ભગવાને ગર્ભમાં જ અભિગ્રહ કર્યો કે- "માતા-પિતાદિના જીવતાં હું શ્રમણપણાને અંગીકાર નહિ કરું" તે અંગે કહ્યું પણ છે કે-

सत्तम्मि मासे, गब्भत्थो चेवभिग्गहं गेण्हे ।
समणो मां होहं, अम्मापियरे जियंतम्मि ।।"

ગર્ભમાં રહેલા ભગવાનના આત્માએ ગર્ભકાલથી સાતમાસ વ્યતીત થયે છતે આવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે- માતા-પિતાદિ જીવતે થકે હું શ્રમણધર્મને નહિ સ્વીકારું. કેમકે, ભગવાને જ્ઞાનથી જોયું કે- જો હું માતા પિતાના જીવતા દીક્ષાને લઈશ તો મારા ઉપરના ગાઢ મોહથી માતા પિતા બીચારા આર્તધ્યાનના વશથી મૃત્યુને પામશે અને તેથી તેઓની દુર્ગતિ પણ થાય. અને તિર્થંકર પરમાત્માના જીવનમાં આવું બને તે ઉચિત ન કહેવાય તેથી માતા પિતાની દુર્ગતિ ન થાય અને વળી ભગવાનના ચારિત્ર મોહનીય કર્મ પણ તેવા પ્રકારનું હોવાથી ભગવાને ગર્ભમાં અભિગ્રહ ધારણ કર્યો હતો. આ પ્રસંગિક વાત થઇ.

મૂળ વાત તો એ છે કે- આ રીતે બધાને સમજાવીને, કોઇને જરા પણ ઉપતાપ ન થાય તે રીતે સમ્યક ચારિત્રધર્મનો સ્વીકાર કરવો જોઇએ, તે પણ સદ્ગુરુની પાસે જ લેવું પણ બંજાની પાસે નહિ કેમકે આત્માનું કલ્યાણ કરવા માટે માતા પિતાદિનો ત્યાગ કરાય પણ કેવળ માત્ર મોજ મઝાદિ માટે માતા પિતાદિનો ત્યાગ કરવામાં આવે તો તે ચારિત્ર ધર્મથી સંકલિષ્ટ કર્મનો બંધ થાય છે અને સંસારમાં રખડવું પડે છે. કહ્યું પણ છે કે-

"जह चेव उ मोक्खफलं, आणा आराहिया जिणिन्दाणं ।
संसारदुक्खफलया, तह चेव विराहिया नवरं ।।"

આ રીતે દીક્ષિત થનાર આત્મા પોતાના વિભવ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવનો ભક્તિ મહોત્સવ કરે, સુપાત્ર દાન કરે તેવી રીતે જીવદયા અનુકંપાને પણ ન ભૂલે અર્થાત્ દીન-દુઃખીઓને પણ ખુશી કરે. શ્રી જિનપૂજા, સ્નાત્ર, આવશ્યકાદિ કરી, સુંદર

સુંદર વેષભુષાને કરી શુભ મુહુર્તે ગુરૂની પાસે આવે. શ્રી સંઘની હાજરીમાં, ગુરૂના અભિમંત્રિત વાસનિક્ષેપ પૂર્વક, હૈયાના ઉલ્લાસ-ઉમંગપૂર્વક, ચઢતા પરિણામવાળો થઇ સઘળા ય લૌકિક ધર્મોનો ત્યાગ કરે અને લોકોત્તર ધર્મને ગ્રહણ કરવા વડે સદ્‌ગુરૂની પાસે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સમ્યક્‌ચારિત્ર ધર્મનો સ્વીકાર કરે. આ રીતે દીક્ષાને ગ્રહણ કરવી જોઇએ એવી શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞા છે. આ આજ્ઞા છે મહ કલ્યાણકારી હેવાથી પંડિત પુરૂષોએ તેની વિરાધના ન થાય તેની કાળજી રાખવી જોઇએ. આજ્ઞાની વિરાધના પરિણામે મહા અનર્થને કરનારી થાય છે. કેમકે આજ્ઞાની વિરાધના સમાન કોઇ જ અનર્થ નથી. માટે મોક્ષાર્થી જીવે તેની આરાધનામાં જ પ્રયત્ન કરવો જોઇએ કેમકે આજ્ઞાની આરાધના સમાન બીજો કોઇ જ મોક્ષમાર્ગ નથી. (૧) દુષમ કાળના પ્રભાવે પૂરેપૂરી આજ્ઞાની આરાધના થઇ શકે તો પણ આજ્ઞા ઉપરનો અવિહડ રાગ પૂરેપૂરો રાખવો જોઇએ, આરાધક ભાવ પણ જીવતો રાખવો જોઇએ, જેટલી આજ્ઞાની આરાધના થાય તેટલો આનંદ પામવો જોઇએ અને શકય આજ્ઞાનું પાલન ન થઇ શકે તેનું પૂરેપૂરૂં દુઃખ રાખવું જોઇએ અને કયારે પૂરેપૂરી આજ્ઞાનું પાલન કરનારો થાઉં તે ભાવમાં રમવું જોઇએ. તેમજ કદાચ વિરાધના થઇ જાય તો પણ વિરાધનાનો ડર પેદા થવો જોઇએ, વિરાધના ન થાય તેની કાળજી રાખવી જોઇએ અને વિરાધક ભાવ તો ન જ આવવો જોઇએ. 'આજ્ઞાનો પ્રેમ અને વિરાધનાનો ડર' જરૂર આત્મકલ્યાણમાં નિમિત્ત-ભૂત બનશે અને સુંદર સંયમના પાલનનું બળ પણ આપશે અને મુક્તિને નજીક પણ બનાવશે.

આ પ્રમાણે પ્રવ્રજ્યાગ્રહણવિધિના અર્થને જણાવનારૂં ત્રીજુ સૂત્ર ભાવાર્થ સાથે પૂર્ણ થયું. ॥ ઇતિ પ્રવજ્યાગ્રહણવિધિસૂત્રમ્ ॥ (ક્રમશઃ)

-: વર્ષીતપના પારણા માટે વિનંતિ :-

શ્રીમદ્‌ વિજય કુંદકુંદસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર સંસ્થા તરફથી આદીશ્વર ભગવાનની છત્રછાયામાં ૬૨ વર્ષે વર્ષીતપના પારણા જામખંભાળીઆ મુકામે કરાવવાનું આયોજન કરવામાં આવેલ છે અને વૈશાખ સુદ ૩ ને તા. ૨૦-૪-૯૬ ને શનીવારે સંસ્થા તરફથી વર્ષીતપના પારણા કરાવવામાં આવશે.

વર્ષીતપ કરનાર ભાઇ-બહેનોને પારણા માટે પધારવાની વિનંતી છે અને લાભ લેનાર તપસ્વીઓએ મોડામાં મોડું ૩૧-૩-૯૬ સુધીમાં પોતાનું નામ લખાવવા વિનંતી છે.

નામ નોંધાવવા માટેનું સ્થળ :-
શ્રીમદ્‌ વિજય કુંદકુંદસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર
સ્ટેશન રોડ, નરશી ભુવન મહાજન વાડીની બાજુમાં, **જામખંભાળીયા-૩૬૧ ૩૦૫**

કામરાગનો નાચ કરાવે કર્મ તમાચ.

પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી (જયશિશુ) નવસારી

(ગતાંકથી ચાલુ)

આજના યુગમાં જમાનાવાદમાં તણાઈ રહેલો, ધર્મના નામે ધતિંગ કરનારાઓને સ્પષ્ટતયા સમજાઈ જાય તેવી પણ બાબતોમાં ઉત્સૂત્રપ્રરૂપણા કરનારાઓ અને સસૂત્ર-પ્રરૂપણ કરનારા મહાત્માઓને ભાંડનારાઓની કયી હાલત છે ?

કદાચ દેખીતી રીતે થોડી ઘણી ફાવટ આવી જાય અને ઉન્મત્ત બની જાય આ સંસારમાં ખરાબમાં ખરાબ કામો કરવા છતાં પણ તેવા કામો કરવામાં ફાવટ આવ્યા કરે છે. એ બનવા જોગ છે. અને લોકનું સન્માન સારૂં મેળવે, પોતે દુર્જન છતાં અજ્ઞાની લોકમાં સજ્જન ગણાય અને સજ્જનોને સંતાપવામાં સફળ નિવડે એ બધું શક્ય છે. છતાં એવાઓનું પુણ્ય પાપાનુબંધી જ હોય છે. અને તેથી જ ભાવિકાળ ભયંકર, એવા પુણ્યને જે વખાણે તે પણ પાપનો ભાગીદાર બને.

કૂણિકે નિર્ણય કરી લીધો કે "હવે તો કોઈપણ ભોગે હાથી વિગેરે રત્નો સહિત પોતાના ભાઈઓને તેણે પાછા પકડી લાવવા જોઈએ." અને તેમ નહિ તો છેવટે હલ્લ વિહલ્લ જે ચાર રત્નો લઈ ગયા છે. તે રત્નોને તો અવશ્ય પાછા મેળવવા જ જોઈએ. આવો નિર્ણય કરીને રાજા કૂણિકે પોતાના દૂતને સમજાવી વૈશાલી નગરીએ ચેટક રાજાની પાસે મોકલ્યો. અને તે વૈશાલી નગરીએ પહોંચી શ્રી ચેટક રાજાની સભામાં ગયો.

સભામાં જઈને તે દૂત શ્રી ચેટક રાજાને પ્રણામ કરી યોગ્યાસને બેઠો. અને તે પછી તેણે સભ્યતાથી શ્રી ચેટક રાજાને કહ્યું કે શ્રી 'હલ્લ વિહલ્લ' નામના રાજકુમારો હાથી વિગેરે રત્નોને લઈ અહીં ભાગી આવ્યા છે. તો આપ બન્ને કુમારોને એ રત્નો સહિત રાજા કૂણિકને સોંપી દો. જો આપ એ બન્ને કુમારોને રત્નો સહિત રાજા કૂણિકને નહિ સોંપી દો તો આપને રાજ્ય ભ્રષ્ટ કરી દેવામાં આવશે. પરંતુ એક ખીલીને માટે આખ દેવકુલનો ભંગ થવા દેવો." એ આપને માટે યોગ્ય નથી.

કૂણિકના દૂતની વાત સાંભળી શ્રી ચેટક રાજાએ પ્રત્યુત્તરમાં કહ્યું કે, "શરણે આવેલાને આપી દેવો નહિ, એ તો સામાન્ય નિયમ છે. જ્યારે આ બન્ને તો મારી પુત્રીના દીકરા છે. તે મને પુત્ર જેવા પ્યારા છે. વળી મારા ઉપરના વિશ્વાસથી અહીં આવેલા છે. એટલે એમને સોંપી દઉં એ તો મારાથી બને જ નહિ વિશ્વાસઘાત કરવો ઉચિત નથી.

શ્રી ચેટક રાજાના મધુર જવાબને સાંભળી ફરીથી દૂતે કહ્યું કે આ બન્ને આપને શરણે આવેલા છે. તો તમે આ બન્નેને આવી શકતા ન હો તો તેમની પાસેથી તમે હસ્તી વિગેરે રત્નોને લઈ લો તે રત્નો મારા સ્વામીને અર્પણ કરી દો.

આના જવાબમાં શ્રી ચેટક રાજાએ કહ્યું કે, કોઇના દ્રવ્યને આપવાને માટે કોઇ સમર્થ બની શકે નહિ આવો ન્યાય રાજા અને રંક સૌને માટે સમાન છે. આ કારણે ન તો એમના ઉપર બલાત્કાર કરીને હું એમની પાસેથી કાંઇ લઈ લઇશ અગર ન તો એમને સમજાવીને પણ હું આમની પાસેથી કંઇ લઇ લઇશ. એમની પાસેથી મારે લેવાની વાત તો દૂર રહો, પણ આ બન્ને તો મારા ભાણેજ હોઇને મારે વિશેષે કરીને દાન દેવાને યોગ્ય છે.

શ્રી ચેટક રાજાએ આ પ્રમાણેના જવાબો આપવાથી વિશેષ કાંઇપણ બોલ્યા વિના, કૂણિકનો દૂત ત્યાંથી પાછો ચાલ્યો ગયો. કૂણિકનો દૂત વધારે બોલે પણ શું ? શ્રી ચેટક રાજાના જવાબો ઉપશાંત ભાવ યુક્ત હતા. એટલું જ નહિ પણ યુક્તિ સંગત હતા. એમણે સીધેસીધુ એમ નથી કહી દીધું કે હલ્લ તથા વિહલ્લ નહીં સોંપાય. પણ ન્યાયની રીતિને સમજાવીને એવી રીતિએ કહ્યું છે કે "એમની જગ્યાએ કોઇપણ ન્યાયી રાજા હોય તો તે પણ હલ્લ વિહલ્લને સોંપી શકે નહિ આ ઉપરાંત, કૂણિકના દૂતે તો ત્યાં સુધી કહી દીધું કે" તમે જો આ બન્ને કુમારોને રત્નો સહિત નહિ સોંપી દો, તો તમારે રાજ્ય ભ્રષ્ટ થવું પડશે. તે છતાં પણ શ્રી ચેટક રાજાએ એ વાતનો ઉત્તર સરખો ય આપ્યો નથી અને પોતે જરાય તપ્યા પણ નથી. પોતાની વાતમાં પોતે બરાબર મક્કમ રહ્યા છે. એમણે બાલી થુંક ઉડાડવા જેવી વાત જ કરી નથી.

શ્રી ચેટકે આપેલા જવાબોનો વિચાર કરવામાં આવે તો લાગે કે શ્રી ચેટક રાજા પરાક્રમશીલ ઉપરાંત અનેક ગુણસંપન્ન હોવા જોઇએ. હકીકતમાં છે પણ એમ જ એ એવો બાણાવલી હતા કે એમનું બાણ ખાલી જતું નહિ જેના ઉપર એમનું બાણ છૂટે તે જીવથી જાય એવું જ બનતું હતું. એટલું જ નહિ તે આ મહા સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હતા. શ્રી ચેટકરાજા સંસારમાં રહ્યા હતા પણ ઉદાસીનભાવે જ એટલે કે સંસારમાં તે રહેવાને માટે રહ્યા ન હતા. પરંતુ રહેવું પડતું હતું માટે જ રહ્યા હતા. બીજા કોઇનાં પણ લગ્ન કરવા નહિ એવો તો એમનો નિયમ હતો તેમજ યુદ્ધમાં પણ એક દિવસમાં એક બાણથી અધિક બાણ છોડવું નહિ એવા નિયમધારી હતા આવા ગુણસંપન્ન, પરાક્રમી આત્માઓ બોલ-ફેલ બોલે જ નહિ. વાણી પણ સમ્યગદૃષ્ટિને શોભે એવી.

દૂતે પાછા આવીને શ્રી ચેટકનો સંદેશો કહી સંભળાવ્યો. જો કે જવાબ વ્યાજબી હતા. શાંતચિત્તે વિચાર્યા હોત

તો ક્રોધનો લાવારસ કૂણિકના હૃદયમાં ભભૂકતે નહિ પણ દૂતના શબ્દો કૂણિકના કાને પડતાં તે મગજ ગુમાવી બેઠો. તત્કાળ શ્રી ચેટક રાજાની ઉપર ચઢાઇ કરવાને માટે જયભંભા વગાડી ભંભાનાદને સાંભળી કૂણિક રાજાના સૈનિકો સજ્જ થઇ ગયા સાથે કૂણિકના કાળાદિ દશ બાંધવો પણ સૈન્યની આગળ ચાલવા લાગ્યા. દરેક કુમાર એક એક સૈન્યાધિપતિ હતો.

વાત કેટલી સામાન્ય છતાં પરિણામ કેવું ભયંકર આવ્યું ? જો કૂણિકરાજા પદ્માવતી રાણીના આગ્રહને વશ બન્યો ન હોત તો અકારણ યુદ્ધનો પ્રસંગ જ ઉપસ્થિત ન થાત. કૂણિક યુદ્ધ માટે આવી રહ્યાના સમાચારથી શ્રી ચેટકરાજા પણ યુદ્ધ માટે સજ્જ થયા અને પોતાના તાબાના દેશની સીમાએ પહોંચી ગયા.

યુદ્ધના પ્રથમ દિને કૂણિકે પોતાના ભાઇ કાળને સેનાપતિ બનાવી યુદ્ધ કરવા માટે મોકલ્યો. તો એ શ્રી ચેટક રાજાના બાણથી મરાયો. બીજે દિવસે બીજા ભાઇને એમ દશ દિવસનાં યુદ્ધમાં કૂણિકમાં દશેય ભાઇઓ શ્રી ચેટક રાજાના બાણના ભોગ બની ગયા. કૂણિક હતાશ થયો. શ્રી ચેટક સાથે યુદ્ધ કરવામાં પોતાની ભૂલ પણ સમજાઇ. પરંતુ દશ દશ ભાઇઓને મૃત્યુના મુખમાં હોમી દીધા પછી પાછા તે કેમ વળાય ? એ વિચારે કૂણિક મૂંઝાયો અને દેવતાનું આરાધન કરવાનો નિર્ણય કર્યો. દેવી સહાયના માધ્યમે શ્રી ચેટકરાજાને જીતી લેવાની ઇચ્છા હતી એણે તપ આદર્યો. કોઇ દેવનું ધ્યાન ધરતો તે સ્થિર થયો. પૂર્વજનમનો તપ કરેલો, એમાં આ જનમનો તપ ભળ્યો. અને દૈવી સહાયની ઇચ્છા પૂર્ણ થઇ. અને દૈવી સહાય મળી ગઇ કે તે ઘોર સંગ્રામ ખેલી શકે. શ્રી ચેટક રાજાના બાણથી હણાય નહીં.

પછી તે યુદ્ધમાં ઉતર્યો. શ્રી ચેટક રાજાએ તેના ઉપર બાણ મૂકયું. પણ દૈવી સહાયને કારણે દિવ્ય અને અમોઘ એવું પણ શ્રી ચેટક રાજાનું બાણ નિષ્ફળ નિવડયું. શ્રી ચેટક રાજાએ બીજું બાણ છોડયું નહિ. પણ પોતાની પ્રતિજ્ઞાને અનુસરી યુદ્ધભૂમિથી પાછા વળ્યા બીજે દિવસે પણ એમ જ બન્યું.

પોતાના સ્વામીનું પુણ્ય ક્ષીણ જાણી ગણરાજાઓ ભાગીને પોતપોતાના નગરમાં જતા રહ્યા એથી શ્રી ચેટક રાજાને પણ રણભૂમિ તજી વૈશાલીમાં ચાલ્યા જવું પડયું. પણ કૂણિક પાછો પડે તેમ નહોતો તેણે વૈશાલીને ઘેરી લીધી પણ વૈશાલી નગરી એવી સુરક્ષિત હતી કે કૂણિક તે નગરીમાં કેમેય પ્રવેશ કરી શકયો નહિ. પણ નગરીનો ઘેરો એવો ઘાલ્યો હતો કે કોઇપણ માણસ નગરીની બહાર આવી શકતો નહોતો.

(ક્રમશ:)

શાસન સમાચાર

ભક્તિ ઉત્સવની આછેરી ઝલક

પોષ દશમી નિમિતે બોરીવલી ચંદ્રાવકરલેન મધ્યે ઐતિહાસિક યાદગાર મહોત્સવ ઉજવાઇ ગયેા.

પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વ. ભ.નેા જન્મ કલ્યાણક દિન તથા દિક્ષા કલ્યાણકનેા ઉત્સવ અદ્‌ભૂત પૂર્વક, દબદબાભર્યો મહોત્સવ ઉજવાઇ ગયેા.

પ. પૂ. સ્વ. શાસન પ્રભાવક 'રામ-ચંદ્ર સૂ. મ.' ના પરમ વિનય, પ્રવચનકાર શિષ્ય રત્ન, પ. પૂ. નયવર્ધન વિ. મ. સા. આદિ ઠાણા તેમજ પ. પૂ. સા. શ્રી હર્ષ-પૂર્ણાશ્રીજી મ. સા. ની નિશ્રામાં પોષ-દશમીની આરાધનના દિવસેા 'અઠ્ઠમ તપની આરાધનના દિવસેામાં (૯-૧૦-૧૧) મા. વદ (૯) સવારે પ્રભાતિયા શરણાઇ વાદન સવારે ૯-૧૫ ક. પૂ. શ્રી નું પ્રવચન તેમાં શ્રી પાર્શ્વનાથ ભ. ના નવ-નવ ભવેા તથા તેમના જીવનના અદ્‌ભૂત પ્રસંગેા ખૂબ જ તાત્વીક-માર્મિક, વિરાગ પેદા થાય તેવી અદ્‌ભૂત સરળ શૈલીમાં પૂ. શ્રી એ વાતેા સમજાવી હતી ત્યારબાદ રૂા. ૨ નું સંઘ-પૂજન થયેલ. બપેારે ૧૦૮ શ્રી પાર્શ્વ-પૂજન ૧૦૮ ફેાટાઓમાં દરેક તીર્થોમાં પાર્શ્વનાથ ભ. ફેાટાઓની રચના કરેલ. તેમાં રમણિકભાઇ પંડીતે પૂજન ભણાવેલ. તથા રાજકેાટ નિવાસી શ્રી અનંતભાઇ તેમજ તેમની મંડળી ખાસ પધારેલ. પ્રભુજીને ભવ્ય દિવાઓની રેાશની કરેલ, કુલેાનેા શણગાર મંદિર ભણે તીર્થ સમાન જેવું લાગતું હતું.

માગશર વદ (૧૦) સવારે પ્રભાતિયા શરણાઇ વાદન-૯ ક. શ્રી પાર્શ્વનાથ ભ. નેા જન્મ કલ્યાણકનેા ભવ્ય તિભવ્ય વર-ઘેાડેા તેમાં ઇન્દ્ર ધજા, ઓડાવાળી બહેનેા, પાઠશાળાના બાળક-બાલિકાઓ, બે બેંડ, અશ્વસ્વારેા, બગીઓ, પ્રભુજીને સુંદર શણ-ગારેલેા રથ, ગુરુ ભગવંતેા રાજય માર્ગેથી ફરી ઉપાશ્રયે પધારેલ. ત્યારબાદ પૂ. શ્રી નુ માંગલિક પ્રવચન. કાંદીવલીમાં નૂતન જિનાલયની અંજન શલાકા પ્રતિષ્ઠા થવાની હેાવાથી તેની મુખ્ય બેાલીઓ માતા-પિતા સૌધર્મ ઇન્દ્ર પ્રિયવંદા કાસી વગેરેની બેાલી લાખેામાં બેાલાઇ ગઈ. ત્યારબાદ પાંચ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી ૫ રૂા. નું ગુરુપૂજન તથા સંઘપૂજન થયેલ. તથા બહારથી પધારેલા સાધર્મિકેાની ભક્તિ રખાઇ હતી.

બપેારે બે વાગે ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયેા હતેા. મેરુ પર્વતની રચના કરાઇ હતી. તેમાં સંગીતકાર અનંતભાઇએ સુંદર રીતે સ્નાત્ર મહોત્સવ ઉજવાયેા હતેા.

રાત્રે ભકિત ભાવથી ભેલા થાય તેવી સુંદર ભાવના ભણાઇ હતી. પ્રભુજીની

સુંદર અંગરચના સેંકડો દિવાઓ કુલોનો શણગાર વગેરેથી થઇ હતી.

માગસર વદ ૧૧ સવારે પ્રભાતિયા શરણાઇ વાદન ૯ ક. પૂ. શ્રી નું પાર્શ્વ-નાથ ભ. ના ભવો ઉપર સચોટ પ્રવચન ૨ રૂા. નું ગુરુપૂજન તથા સંઘપૂજન બપોરે 'શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણકની પૂજા' પ્રભાવના પ્રભુજીની સુંદર અંગરચના તથા રાત્રે ભાવના સુંદર રીતે ભણાવાઇ હતી.

આ ત્રણેય દિવસોમાં અટ્ઠમના તપ-સ્વીઓ તથા એકાસણા સુંદર રીતે થયેલ. તેમજ પારણા પણ સારી રીતે થયેલ. ૩૦૦ જેટલા ભાગ્યશાળીઓ આરાધનામાં જોડાય હતા. દરેકને સંઘ તરફથી ૬૧ રૂા. તેમજ શ્રીફળની પ્રભાવના થયેલ.

આમ ત્રણે દિવસો હજારો ભાવિકોની નિશ્રામાં એક મહાપર્વની જેમ ઉજવાઇ ગયો તે કાંઇ ભૂલાય તેવા નહોતો.

આખા માંડાત્સવમાં પારસભાઇએ તથા સંઘના ભાઇઓની આગેવાની હેઠળ યાદગાર ચિરસ્મરણીય મહોત્સવ ઉજવાઇ ગયો. આખા મહોત્સવનો લાભ:

રાધનપુરવાળા હાલ બોરીવલી 'રીટા-પ્લેસ' લી. વોરા ગીરધરલાલ ધનજીભાઇ પરિવારે ખૂબ જ ઉદારતા પૂર્વક લાભ લઇને ધન્ય બની ગયા હતા.

માગસર વદ (૯) શનિવાર સવારે ૯ કલાકે મધુર વકતા, પ્રવચનકાર પ. પૂ. નયવર્ધન વિ. મ. સા. નું ત્રણે દિવસ શ્રી પાર્શ્વનાથ ભ. ના સમાધિ પ્રેરક દશ-દશ ભવોનું સચોટ તાત્વીકને સરળ વાણીમાં અદભૂત સમજાવ્યું હતું. ૨ રૂા. નું ગુરુ-પૂજન તથા સંઘપૂજન થયેલ.

બપોરે વિજય મુહુર્તે તપસ્વી રત્ન શ્રી સંઘવી કાન્તીભાઇના છઠ્ઠના પારણે ચાલુ વર્ષીતપની અનુમોદનાર્થે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક પૂજન તેમજ ભારત-ભરના જુદા જુદા પ્રાચીન તીર્થોમાં બિરાજ માન ચમત્કારી શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિકૃતિઓ મુકવામાં આવી હતી. પૂજન બાદ પ્રભાવના થયેલ. તથા રાત્રે ૮-૩૦ કલાકે ભકિત રસમાં તરબોળ કરતાં રાજકોટના ભકિતકાર અનંતભાઇ પોતાની મંડળી સાથે પધારેલ તેમજ પ્રભુજીને ભવ્ય અંગરચના દિવાઓની રોશની કુલનો શણગાર જોઇને જાણે થતું કે આપણે કોઇ મહાતીર્થમાં બેઠા હોય તેવું જણાતું.

પ્રોપર મુંબઇમાં

જૈનશાસન-શ્રી મહાવીર શાસનતથા
હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી માડ
આશીષ કોપોરેશન ૨૩-૩૧ બોટાદવાલા
બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨

ફોન :- ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯
,, ઘર :- ૫૧૩૨૨૨૩
(બપોરે ૨ થી સાંજે ૮ વાગ્યા સુધી)

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- શાસ્ત્રે કહ્યું છે કે- મારા અનંતા જન્મ- મરણ થયા આવું જેને ભાન થાય અને હવે મારે જન્મ-મરણ કરવા નથી એવો જેને ભય પેદા થાય, તેવો જીવ જ ધર્મ પામવા લાયક છે.
- આપણે ત્યાં 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' કહ્યો છે. એકલો જ્ઞાની 'વાયડો' છે અને એકલો ક્રિયાવાદી 'જડ' છે. તે વાયડા અને જડનું કયારે પણ કલ્યાણ ન થાય !
- સાધુપણું એજ ધર્મ છે. જેને સાધુપણું ગમે નહિ તે જૈનકુળાદિમાં જન્મ્યો હોવા છતાં જૈન નથી.
- જેના હૈયામાં ભાવદયા જન્મે નહિ તે કદિ સાચો ઉપદેશ આપી શકે જ નહિ.
- જેને સમ્યકત્વનું અથીપણું નથી તેનો ધર્મ ધર્મ નથી તે ધર્મથી બંધાતું પુણ્ય ભવિષ્યમાં ભયંકર દુઃખ આપવા માટે જ બંધાય છે માટે તેવા પુણ્યને પાપ કહેવામાં પણ વાંધો નથી.
- મારા પાપે આવેલ દુઃખ મને વેઠતાં આવડે અને મારા પુણ્યથી મળેલ સુખ મને ઝેર કરતાંય ભૂંડું લાગે' આવી ભાવના પેદા કરવા માટે ભગવાનના દર્શન કરવાના છે.
- જેનું હૈયું સારું તે બધે સારો. જેનું હૈયું ભૂંડુ તે બધે જ ભૂંડો.
- અનાચાર મારા આત્માને મલિન કરનાર છે, સદાચાર મારા આત્માને નિર્મળ કરનાર છે- આવી બુદ્ધિથી સદાચાર પાળે તો લાભ થાય !
- જગતને આંધળું બનાવનાર મોહ છે. તે મોહને જે આધીન તે બધા આંધળા છે.
- શાસ્ત્રે કહ્યું છે કે- જે આર્ય હોય તે પણ જનમને ભૂંડો માનનાર હોય !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શ્રી જિનવાણી શ્રવણ જ સમ્યગ્જ્ઞાનનું કારણ છે.

क्षरांभस्त्यागतो यद्वन्मधुरोदक योगतः ।
बीजं प्ररोहमादत्ते तद्वत्तत्त्व श्रुतेर्नरः ॥

જેમ ખારાપાણીના ત્યાગથી અને મીઠા જલના સંયોગથી બીજ અંકુરાને પામે છે, તેની જેમ તત્ત્વજ્ઞાનના શ્રવણથી મનુષ્ય સમ્યગજ્ઞાનને પામે છે. (તેના હૈયામાં જ્ઞાનના અંકુરા પ્રગટે છે.)

વર્ષ ૮

અંક ૨૩


લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

ESTD SY 2028 Trust Act Reg. No. E-379 Kachchh ☎ 20040, 20079
Donation is Exam, US 80-G(5)Certi No. 63-42 ITR Dt. 6-10-93 to 31-3-98



શ્રી જીવદયા મંડળ – રાપર

રાપર-કચ્છ ૩૭૦ ૧૬૫ ○ પોસ્ટ બોક્ષ નં. ૨૩

["જો મળશે આપનું દાન તો બચશે અબોલ પશુઓના પ્રાણ"]

વારંવાર દુષ્કાળનો ભોગ બનતો કચ્છ જીલ્લો ફરી વધુ એક વખત દુષ્કાળનો ભોગ બનેલ છે સં. ૨૦૫૧ના અષાડ માસના એન્ડમાં સારો વરસાદ થયો ત્યારે એમ લાગતું હતું કે સાતમ આઠમ અથવા તો પર્યુષણના ટાઈમમાં જો એક સારો થઇ જાય તો વરસ ખુબ સારૂ આવશે પરંતુ એ આશા ઠગારી નીવડી વરસાદ ન આવ્યો તે ન જ આવ્યો ભાદરવાના બળ બળતા તાપે ઉગેલ મોલ તથા ઘાસને સુકવી દીધાં જગત તો તાત ઉપર દૃષ્ટિ નાખી નાખીને થાકી ગયો મુરઝાતી જતી મોલનો સોથ વળી જતો જોઇ ઊંડા નિસાસા સિવાય તેની પાસે કંઇ જ ન હતું. તો પેલી બાજું ખુબ સારી રીતે ઉગી નીકળેલું ઘાસ પણ વરસાદના અભાવે સુકાઇ ગયું અને ઢોરોને માથે મોટી આફત આવી પણ ભાદરવા માસથી જ વગડો ખલાસ થઇ જાય પછી આખું વરસ કાઢવું પણ કેમ.

લાચાર લોકોએ પોતાનાં વહાલ સોયાં ઢોર પાંજરાપોળ મુકી શહેરના મારગે રોજી રોટી માટે વાટ પકડી તો પેલી બાજું ઢોરોની વણઝારને લીધે પાંજરાપોળની સ્થિતિ પણ વિકટ બનતી ચાલી.

રાપર જીવદયા મંડળ દ્વારા ચાલતી રાપર પાંજરાપોળની વાત કરૂ તો આ સંસ્થામાં ૨૦૦૦ બે હજારની આસપાસ ઢોરોની સંખ્યા હતી તે વધીને હાલમાં ૩૫૦૦ પાંત્રીસો આસપાસ થઇ જવા પામેલ છે. જેમના નીભાવ પાછળ રોજનું ખરચ આ સંસ્થાને લગભગ ૩૦,૦૦૦ ત્રીશ હજાર આસપાસ લાગે છે.


વરસોથી પશુ રક્ષાનું કાર્ય કરતી સંસ્થાને આવી કટોકટીના સમયે પાછી પાની પણ કેમ કરી આથી જ આવા અતિ કપરા સમયે અબોલ જીવોને બચાવવા આપ સૌની પાસે ઉમદા સહયોગની અપેક્ષા રાખીએ તે સ્વાભાવિક છે.

વિતેલા વરસોમાં અને વખત આવેલ આપત્તિમાં આપ સૌનો સહયોગથી આ સંસ્થાએ પશુ રક્ષાનું સુંદર કાર્ય કરી અબોલ જીવોને બચાવેલ છે ફરી વધુ એક વખત આ સંસ્થાને સુંદર સહયોગ આપી અપાવી જીવદયાના કાર્યમાં સુંદર સહયોગ આપી આભારી કરશો એ જ અપેક્ષા સહ.....

મદદ મોકલવાનું સ્થળ તથા પત્ર વ્યવહારનું સરનામું

શ્રી જીવદયા મંડળ રાપર પાંજરાપોળ
મુ. રાપર વાગડ કચ્છ-૩૭૦૧૬૫

ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ – રાપર કચ્છ



વર્ષ : ૮] ૨૦૫૨ મહા વદ-૨ મંગળવાર તા. ૬-૨-૯૬ [અંક ૨૩

પ્રકીર્ણક ધર્મોપદેશ

–પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ–૧૧ ને મંગળવાર, તા. ૭–૭–૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ –૬. (પ્રવચન ૭ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— –અવ૦)

જેને મોક્ષ યાદ પણ ન આવે તેનો ધર્મ મેલો જ હોય. મોક્ષે જવાની ઇચ્છા કરવા મંદિરે જવાનું છે, ઉપાશ્રયે જવાનું છે. અમે વ્યાખ્યાન પણ તેટલા માટે જ કરીએ છીએ. મોક્ષને ભૂલાવીને સંસારમાં સારી મહેનત કરતાં થાવ, કમાતા થાવ, સુખી થાવ' આવો ઉપદેશ આ ભગવાનની પાટ ઉપરથી આપનારા ઉપદેશકોએ સાધુપણાનું લીલામ કર્યું છે. તેઓ જો સાચા હોય તો તેમણે આ સાધુપણું મુકી દેવું જોઇએ.

અમારી પાસે જે આવે તેને અમે શું કહીએ ? તને ધર્મનો લાભ થાવ એમ જ કહીએ છીએ ને ? ધર્મ એટલે સાધુપણું જ. ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે. દેશવિરતિને ધર્માધર્મ કહ્યો છે. ત્યાં ધર્મ રાઇ જેટલો અને અધર્મ મેરુ જેટલો. તે પણ ઊંચામાં ઊંચા શ્રાવકનો. જેને મોક્ષની ઇચ્છા ન હોય તે ધર્મ કરે તો તેનો ધર્મ તેને અધર્મનું પરિણામ આપે. ધર્મથી સંસારનું સુખ પામી તેમાં ગાંડો થાય તે અધર્મી જ કહેવાયને ? તે સુખના કાળમાં પાપ કરી નરક–નિગોદમાં ચાલ્યો જાય. કેટલાકનું અનંતકાળે ય ઠેકાણું ન પડે.

માટે જ્ઞાનિઓ ભારપૂર્વક ફરમાવે છે કે, આ સંસારનું સુખ ભૂંડામાં ભૂંડું છે. જેને આ સુખ ગમે તેને અને સમકિતને છેટું છે. સમકિતનું સ્વપ્નું પણ આવવાનું નથી. આ સમકિતનો ઘણો ઘણો મહિમા જ્ઞાનિઓએ ગાયો છે. કહ્યું છે કે– "સમકિત વિનાની ધર્મકરણી આકાશમાં ચીતરામણ છે, છાર ઉપર લીંપણ છે." આ જાણ્યા પછી ય સમકિત પામવું છે? સાધુ થવું છે? સાધુ થયા વિના આ જન્મમાં મરવું જ નથી આવી પણ ભાવના છે ખરી? સાધુને જોઈને ય સાધુ થવાનું મન થાય છે ખરું? તમે બધા ધર્મ કરો છો તે શા માટે કરો છો? સંસારમાં લહેર કરવા જ ધર્મ કરો છો એમ મનું તો ખોટો નથી ને? આવો જીવ કદી સમ્યક્ત્વ પામે ખરો? તેનું મિથ્યાત્વ ગાઢ હોય કે મંદ હોય? આવો જીવ જેમ જેમ ધર્મ કરે તેમ તેમ મિથ્યાત્વ ગાઢ કરે તેમ સમજાય છે?

પ્ર૦ મિથ્યાત્વ મંદ ન થાય?

ઉ૦. ભગવાનની કહેલી આ વાત ગમે તો થાય, બાકી નહિ. બીજાને તો આ વાત સાંભળી મિથ્યાત્વ ગાઢ થાય. 'સંસારના સુખ માટે ધર્મ ન થાય તો શું પાપ થાય?' આમ બોલે તો શું થાય? 'સાધુ થઇએ તો જ ધર્મ થાય, ઘરમાં રહે શું ધર્મ ન થાય? આમ બોલે તો શું થાય?

તમે ખોટા રૂપિયા જેવા ધર્મ કરતા કરતા ન બની જાવ તેને માટેની આ મહેનત છે. આ જ વાત તમને સમજાવવાની છે. તમે લોકો અમને ગાંઠા માનો છો કે ડાહ્યા માનો છો? અમારી વાત ગમે છે? મોક્ષે જવાનું મન થાય છે? મોક્ષે જવા માટે જે સાધુપણું જોઇએ તે આ મનુષ્યભવમાં જ મળી શકે છે. તે મનુષ્યભવ પામ્યા પછી પણ જો તે સાધુપણું પામ્યા વિના મરી જઇએ તો આ મનુષ્યજન્મ એળે ગયો તેમ તમને લાગે છે? ઘરમાં રહેલા તમને 'હું સાધુ ન થઇ શકયો માટે મારો મનુષ્ય-જન્મ તો બગડયો પણ મારા છોકરા–છોકરીનો ન બગડે માટે તે સાધુ થાય તો સારૂ" તેવી પણ ઇચ્છા છે ખરી? તમને બધાને તમારા સંતાનના લગ્ન કરવાની, પેઢી–ધંધે ચઢાવવાની ઇચ્છા કે તેમને સાધુ બનાવવાની ઇચ્છા થાય છે? બાલ્યકાળથી કયા સંસ્કાર આપ્યા છે? નિશાળનું ભણાવો છો તેમ ધર્મનું કાંઈ ભણાવો છો?

મારી તમને બધાને એક નિયમ આપવાની ઇચ્છા છે કે, જે છોકરા છોકરી વ્યવહારનું ભણી-ગણીને તૈયાર થાય તેને કહેવું કે બે વર્ષ સાધુ પાસે રહી આવો અને ધર્મનું ભણી આવો. જો ત્યાં રહેવાની ઇચ્છા હશે તો

મહોત્સવ પૂર્વક મુકવા આવીશું. તે ઇચ્છા ન થાય તો સારું શ્રાવકપણું જીવશો. બાકી છોકરો નવતત્ત્વ ન સમજે ત્યાં સુધી તેને પેઢી ઉપર બેસાડવો નહિ અને તેનું કમાયેલ ખાવું નહિ. તેવી રીતે છોકરી નવતત્ત્વ ન સમજે. ત્યાં સુધી કોઇને ઘેર મોકલવી નહિ. જો આ નિયમ તમે લઇ લો તો પાંચ વર્ષમાં આખો યુગ ફરી જાય. તમારા બધાનાં ઘર અરેખરાં શ્રાવકનાં ઘર બની જાય. તમારે આ કાંઇ કરવું નથી અને અમને કહેવું છે કે, નવું રચનાત્મક કામ કરો. અમારો ધર્મ ભૂલાવવો છે. આજ અરેખર રચનાત્મક કામ છે ! જે લોકો તમારી વાતમાં આવી ગયા તે પોતાનો ધર્મ ભૂલી ગયા.

આજે તમે એવું ભણાવ્યું છે કે, તમારા છોકરા-છોકરી તમને મા-બાપ માનતા મટી જાય છે. તે ભગવાનને ન માને, સાધુને ન માને, ધર્મને ન માને તેમાં નવાઇ શી ! તમારો છોકરો તમને કહી દે કે 'મારી વચમાં આવવું નહિ. મારી પંચાત કરવી નહિ. તમે તમારું સંભાળો.' આવું જે બાપ સાંભળી લે તે બાપ કહેવાય ખરો ? તમે તમારા છોકરાઓને પૈસા ખરાબી કરવા જ આપો છો તમારા છોકરા બગડયા હોય તેમાં મા-બાપોનો વાંક ઘણો છે. તમારા છોકરા બગડયા તેનું કારણ તમે તેને આંખો મીંચીને માગ્યા તેટલા પૈસા આપ્યા અને તે કયાં વાપર્યા શું ખાધું ને શું પીધું તેની ચિંતા જ કરી નથી તે છે. તમે બધા મા-બાપ નથી પણ સંતાનનાં વૈરી છો. તમારો છોકરો ધર્મનાં કામ વિના બીજું બધુ મરજી મુજબ કરે તે ચલાવી લો. છો મારે એવા મા-બાપનાં તર્પણ કરવાં છે જે કહે કે- "મારો છોકરો અમને પૂછયા વિના સાધુ થાય ધર્મના કામ કરે તે બને પણ સંસારનું એક પણ કામ અમને પૂછયા વિના ન કરી શકે અમને પૂછયાં વિના સંસારના કામ કરે તો તે અમારા દિકરા-દિકરી નહિ."

પ્ર૦ પૂછયા વિના દીક્ષા લે તો આપનાર અને લેનાર બેયનું આવી બને.

ઉ૦ આવા કદી શ્રાવક-શ્રાવિકા હોય નહિ અને થાય પણ નહિ.

આજનો શ્રાવક વર્ગ મોટે ભાગે શ્રાવક નથી. આજે તો ઘણા સાધુ સાધુ નથી. ભગવાન કહી ગયા છે કે, 'પાંચમા આરામાં ઘણા મૂંડાઓ પણ મહામિથ્યાદૃષ્ટિ પાકશે. તેમ એવા શ્રાવકો થશે જેમને ધર્મની કૂટી કોડિની કિંમત નહિ હોય.' આજે નજરે જોઇ રહ્યા છીએ કે ઘણા શ્રાવકોને ધર્મની કિંમત નથી. તેમ ઘણા સાધુ થઇને બેઠેલામાં ય ધર્મ આવ્યો નથી. આજે તો ઘણા સાધુઓએ ધર્મનો નાશ થાય તેવો ઉપદેશ શરૂ કર્યો છે. અને તમને તેમની વાત બહુ ગમે છે. તેવા સાધુ બહુ ગમે છે.

જે સાધુ તમને 'તમારા વેપાર ધંધાદિ કેમ ચાલે છે' તેમ પૂછે છે, તે તમને ગમે છે. વેપાર તે પાપ છે ને ? તેની ચિંતા અમે કરીએ તો અમારૂં સાધુપણું કે ખરૂં ? જે સાધુ તમને તમારા વેપારાદિ કેમ ચાલે છે તેમ પૂછે તેને તમે વિનયપૂર્વક એમ કહો કે– 'ભગવન્! અમારા ધર્મની વાત પૂછો. અમારા વેપારાદિ કોઇ પાપની ચિંતા કરો નહિ. તે તો અમારા કપાળે કમનશીબે ચોંટેલા છે. તેની ચિંતા કરીને આપ પાપ ન બાંધો' તો હું માનું કે તમે ખરા શ્રાવક થયા. તમારે કેવા સાધુ જોઇએ છે ? તમને સાધુ બનાવે તેવા કે સારા સંસારના સુખી બનાવે તેવા ?

તમને સંસારનું સુખ જ ગમતું હોય, તેની જ ઇચ્છા થતી હોય અને તે જ સારું લાગતું હોય તો સમજી લેવું કે તમારૂં મિથ્યાત્વ ગાઢ છે. તે મરવું જ જોઇએ. જેનું મિથ્યાત્વ મંદ પડે તેને જ ભગવાનની કહેલી આ વાત ગમે. તમારૂં મિથ્યાત્વ મંદ પડયું છે તેની પારાશીશી શી ? તો તમે કહો કે– અમને આ વાત ગમે છે. આવી દશા પામીએ તેની મહેનતમાં છીએ. હજી સફળ થયા નથી. જરૂર સફળ થઇશું. નહિ સફળ થઇએ તો મરતાં મરતાં પશ્ચાત્તાપ કરીશું કે આ જન્મમાં પામવા જેવું પામી ન શકયા.' તે માટે શું કરવું તે હવે પછી. (ક્રમશઃ)

શાસન સમાચાર

માલેગામ–પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂ. મ. ના પોષ સુદ ૧૩ ના દીક્ષાદિનની પાવન સ્મૃતિમાં અને તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ. મ.ના પોષ સુ ૧૩ના ૧૩ માં દીક્ષાદિન નિમિત્તે માલેગામ નગરે શુભાનુવાદ, નવપદજીની પૂજા–ભાવન જિનાલયરચના રંગોળી વગેરે પ્રભુભક્તિ અને ગુરૂભક્તિથી ભરચક કાર્યક્રમ ઉલ્લાસભેર ઉજવાયો. નિશ્રાદાતા પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ. અને પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ. મ. ને સ્વ. પૂ. શ્રીનાં રોમાંચક સુખ્યગાન ગાયાં હતાં. પ્રવચન પછી શાસન પ્રભાવક ટ્રસ્ટ શ્રેષ્ટિવર્ય શ્રી જગદીશચંદ્ર શાંતિલાલ મહેતાના શ્રીહસ્તે પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ. મ. સંપાદિત પુસ્તક 'મેરો પ્રભુ પારસનાથ આધાર' નું વિમોચન કરાયું હતું પુસ્તકમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રાચીન ૨૦૭ સ્તવનોનો અપ્રતિમ સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રવચન પછી રૂા. ૨૫ નું સંઘપૂજન હતું. માલેગામના ઇતિહાસમાં આ પ્રસંગે એક સુવર્ણ પૃષ્ટ ઉમેરાયું છે ! અને સકલ શ્રી સંઘનું સ્વામિ વાત્સલ્ય તેમજ ઠીક ઠીક ઉછામણી સાથે ગુરૂપૂજન થયું હતું. અને તે પછી આ પ્રસંગે જીવદયાના અને અનુકંપાના કાર્યો થયેલા.

રાજા ભોજની વાતો

(અક્કલની આંટીઘુંટી)

ભોજ માળવાનો રાજા હતો અને ભીમદેવ ગુજરાતનો રાજા હતો. બંનેને બહુ સારાં સંબંધો હતાં. આ બંને રાજાઓ પોતાના રાજ્યના વિદ્વાનોને તથા બુદ્ધિશાળી માણસોને સામા રાજ્યમાં મોકલીને એક-બીજાની બુદ્ધિની કસોટીઓ કરાવતા હતા અને તેમની કદર પણ કરતા હતા.

એક વખત રાજા ભોજે પોતાના રાજ્યના એક માણસને એક પત્ર લખી આપ્યો અને તે પત્ર તેણે રાજા ભીમદેવના દરબારમાં તે માણસની સાથે મોકલ્યો.

આ પત્રમાં લખ્યું હતું—'આપ અમને ચાર વ્યક્તિઓ મોકલો.

પ્રથમ વ્યક્તિ એવી કે જેને આ જગતમાં સુખ હોય પરંતુ પરલોકમાં સુખ ન હોય.

બીજી વ્યક્તિ એવી હોય કે જેને પરલોકમાં સુખ હોય, પરંતુ આ દુનિયામાં સુખ ન હોય.

ત્રીજી એવી વ્યક્તિ મોકલો કે જેને આ દુનિયામાં ય સુખ હોય અને પરલોકમાં પણ સુખ હોય.

ચોથી વ્યક્તિ એવી મોકલો કે જેને અહીંયા પણ સુખ ન હોય અને પરલોકમાં પણ સુખ ન હોય.'

રાજા ભોજના દૂતે ભીમદેવના રાજ-દરબારમાં હાજર થઈ, પ્રણામ કરીને પોતાની ઓળખાણ આપી તથા પોતાના રાજાએ આપેલો પત્ર ભીમદેવ સમક્ષ રજુ કર્યો.

આ પત્ર રાજા ભીમદેવે પોતાના રાજ સભામાં વાંચી સંભળાવ્યો.

સભામાં ઘણા પંડિતો અને વિદ્વાનો હતા, પરંતુ તેમનામાંથી કોઈને આ કોયડાનો કોઈ ઉકેલ સૂજ્યો નહીં.

આથી રાજા ભીમદેવને ઘણું દુઃખ થયું. તેને લાગ્યું કે, પોતે બુદ્ધિની બાબતમાં રાજા ભોજ પાસે હારી જશે કે શું ?

ભીમદેવ નિરાશ થઈ ગયો.

રાજાના દરબારમાં એક નર્તકી હતી. તેણે રાજાનો ચહેરો ઉદાસ થઈ ગયેલો જોયો. તે રાજાની ચિંતા પારખી ગઈ. તેણે રાજાની પાસે જઈને કહ્યું, 'અરે ! આમાં તે શું હતું ? આ ચારે પ્રશ્નોના જવાબ હું આપી શકું તેમ છું.'

આ સાંભળી ભીમદેવ પ્રસન્ન થઈ ગયો. તેણે નર્તકીને આ પ્રશ્નોનો જવાબ કેમ મોકલવો તે પૂછ્યું.

નર્તકીએ રાજાને ધીમા અવાજે બધું સમજાવ્યું.

પછી નર્તકીના કહેવા મુજબ ભીમદેવે રાજ ભોજ પાસે તેના કહ્યા મુજબની ચારે વ્યકિતઓ મોકલી આપી.

આ ચાર વ્યકિતઓ કોણ હશે તે તમે કહ્યી શકો છો ?

ચારે વ્યકિતઓ આ પ્રમાણે હતી.

એક વેશ્યા, બીજો સાધુ, ત્રીજો દાનવીર અને ચોથો જુગારી.

જ્યારે આ ચાર વ્યકિતઓ રાજા ભોજના દરબારમાં હાજર થઇ ત્યારે તેમને જોઇને રાજા ભોજ ખૂબ જ ખુશ થઇ ગયો. પોતાના પ્રશ્નોનો યોગ્ય જવાબ તેને મળી ગયો હતો.

તમે પૂછશો કે કેવી રીતે ?

વેશ્યાને આ દુનિયામાં બધા પ્રકારના સુખ મળે છે, પરંતુ પરલોકમાં તેને દુઃખ જ મળે છે.

સાધુ આ દુનિયામાં ઘણા દુઃખો સહન કરે છે, પરંતુ પરલોકમાં તે સુખ પ્રાપ્ત કરે છે.

દાનવીરને આ દુનિયામાં તેમ જ પરલોકમાં પણ સુખ મળે છે ! અને-

જુગારી આ દુનિયામાં રડતો રહે છે અને પરલોકમાં પણ તેને સુખ મળતું નથી.

તો આવી છે રાજા ભોજ અને રાજા ભીમદેવની બુદ્ધિ-કસોટીની વાત !

—મણિલાલ દોશી

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. નો સુંબઇથી ખંભાત તરફ વિહાર

સુંબઇ–પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ઠાણા નવપદજીમાં ઉપધાન તથા માળ મહોત્સવનો ઉત્સવ ભવ્ય રીતે પૂર્ણ થયા પછી કાંદીવલી કહાણું કર–વાપી મહાવીરનગર અંજન શલાકા પ્રતિષ્ઠા માટે પધાર્યા છે. ત્યાંથી વિહાર કરી વાપી શાંતિનગર શ્રી કેશરજીની પ્રથમ વર્ષગાંઠ તથા હાલાર દેશોધ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની ૩૦ મી યુગ્મતિથિની ઉજવણી પ્રસંગે પધારશે.

ત્યાંથી નવસારી, સુરત, વડોદરા થઇ ચૈત્ર વદ–૮ લગભગ ખંભાતમાં યુવાન કુમાર શ્રી અમરકુમાર કનકચંદ્ર શાહની દીક્ષા અખાત્રીજની છે તે પ્રસંગે પધારશે.

પત્ર લખવાનું સરનામું : ફાગણ સુદ ૧૦ સુધી

C/o. ડો. અમૃતલાલ કસ્તુરચંદ નહાર, નહાર બિલ્ડીંગ, નહેરૂ સ્ટ્રીટ, વાપી.

પછી ફાગણ વદ ૧૦ સુધી

c/o. રતનચંદ બાબુલાલ નાણાવટી, ગોપીપુરા કાયસ્થ મહોલ્લો, સુરત.

પછી ચૈત્ર સુદ ૧૩ સુધી C/o. પ્રવીણચંદ્ર નાનાલાલ શાહ, ૧–કેતેપુરા, વડોદરા

વૈશાખ સુદ ૫ સુધી C/o. અમર ટ્રાન્સ, ચિતારી બજાર, ખંભાત, (ગુજરાત)

કામરાગનો નાચ કરાવે કર્મ તમાચ.

પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી (જયશિશુ) નવસારી

(ગતાંકથી ચાલુ)

આમ છતાં પણ રોજ રાત્રિના સમયે સેચનક હાથી ઉપર બેસીને હલ્લ-વિહલ્લ આવતા હતા અને કૂણિકના ઘણા સૈન્યનો સંહાર કરી પાછા ચાલ્યા જતા. ખૂબી તો એ હતી કે સ્વપ્નમાં દુષ્ટ હાથીને જેમ પકડી કે મારી શકાય નહિ, તેમ આ સેચનક હાથીને પણ કોઇ પકડી કે મારી શકતું નહોતું. તેથી જ હલ્લ વિહલ્લ કૂણિકના સૈન્યમાં પેસી, કૂણિકના ઘણા સૈન્યને મારી રાતોરાત પાછા ક્ષેમકુશળ વિશાલા નગરીમાં પહોંચી જતા.

વિશાલાના દ્વાર સુધી આવવા છતાં વગર યુધ્ધે સૈન્યનો નાશ જોઈ કૂણિક મંત્રીઓને બોલાવીને કહે છે કે- 'આમ તો આપણા આખાય સૈન્યને હલ્લ-વિહલ્લ ખતમ કરી નાંખશે. મારે કોઇ ઉપાય કરવો જોઇએ. કોઇપણ ભોગે હલ્લ-વિહલ્લ જીતી લેવા જોઇએ. મંત્રીઓએ કૂણિકને કહ્યું કે, 'આપની વાત સાચી છે. પરંતુ જ્યાં સુધી હલ્લ-વિહલ્લ સેચનક હાથી ઉપર બેસીને આવે છે ત્યાં સુધી તો તેમને જીતી શકાશે જ નહિ. આથી એવું કરવું જોઇએ કે સેચનક હાથી જ મૃત્યુ પામે. માટે હાથીના આવવાના માર્ગે એક મોટી ખાઇ ખોદાવીને એ ખાઇને ખેરના અંગારાથી ભરી દેવી. પછી તેને ઢાંકી દેવી. પછી જ્યારે સેચનક હાથી દોડતો દોડતો આવશે ત્યારે તે એ ખાઇમાં પડી જશે. અને મૃત્યું પામશે. કૂણિકને આ ઉપાય યોગ્ય લાગ્યો અને ઉપાયાનુસાર કાર્ય કરી લીધુ. જુઓ સત્તા, સંપત્તિનો રાગ, જગાવે ક્રોધની આગ-જલાવે જીવનબાગ.

આ બાજુ શ્રી હલ્લ-વિહલ્લ આ વાતથી અજાણ સેચનક હાથી ઉપર બેસીને કૂણિકના સૈન્ય ઉપર ધસારો કરવા વિશાલા નગરીની બહાર આવ્યા. રોજ રોજ કૂણિકના સૈન્યનો સંહાર કરીને સલામત રીતિએ પાછા જઇ શકતા હતા એટલે એમને પણ ગર્વ આવી ગયો હતો. અને માનતા કે એકલા હાથે કૂણિકને હરાવી દઇશું અને એ કાળ નજદીક આવી ગયો છે. આથી જ ડહાપણ વાપરવાના અવસરે ડહાપણ વાપરી શકયા નહિ અને ગર્વના ગાંડપણનો ભોગ બન્યા.

ખેરના અંગારાથી ભરેલી ખાઇની પાસે આવી પહોંચવાની સાથે જ સેચનક હાથી થોભી ગયો. તેને ખબર પડી ગઇ કે આ ખેરના અંગારાથી ભરપૂર ખાઇ છે. એટલે એક ડગલું પણ આગળ ભર્યું નહિ તેમણે ઘણા પ્રયત્ન ચલાવવા કર્યો પણ તે ચાલ્યો નહીં. એ વખતે બે ભાઇઓ એટલે

વિચાર કરવાને પણ થોભતા નથી કે, કોઇ દિવસ નહી ને આજે જ આ હાથી ચાલતો નથી તો તેમાં જરૂર કોઇ ગુઢ કારણ હશે. પણ જેવી ભવિતવ્યતા તેવી વિચારણા આવે. અથવા વિનાશકાળે વિપરીત બુદ્ધિ ઉપજે તેવું થાય.

ઘણા પ્રયાસે સેચનક હાથી જ્યારે ચાલ્યો નહિ ત્યારે શ્રી હલ્લ-વિહલ્લે ગુસ્સામાં આવી હાથીનો તિરસ્કાર કરવા પૂર્વક એ હાથીને કહ્યું કે, 'રે સેચનક ! આપણ તું પશુ તો પશુ જ ! અત્યારે તું ખરેખરો પશુ થયો. એથી જ તું રણમાં જવાને માટે કાયર થઇ ગયો છે. તારે માટે તો અમે દેશ છોડી પરદેશમાં આવ્યા આપણો પણ તારા માટે ત્યાગ કર્યો. તારે કારણે જ આર્ય ચેટકને અમે મહા આપત્તિમાં મૂકી દીધા છે. જે પ્રાણી સદાને માટે સ્વામી ભક્ત બની રહે તે પ્રાણીને પોષવો સારો, પણ તને પોષવો સારો નથી. કેમકે તું તો તારા પ્રાણને વહાલા કરીને અમારા કાર્યની ઉપેક્ષા કરી રહ્યો છે.

આવી રીતે શ્રી હલ્લ-વિહલ્લે તિરસ્કાર કરવાથી સેચનક હાથીને ગુસ્સો આવ્યો. પણ એ જાતવાન હતો. મરતાં મરતાં પણ સ્વામીનું અનિષ્ટ તો નહિ જ કરવું. એની એણે કાળજી રાખી કેટલાંક પશુઓમાં પણ આ ગુણ હોય છે કે, 'જેનું અનાજ એકવાર પેટમાં પડયું હોય જેણે એકવાર પણ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય, જેણે પાલન પોષણ કર્યું હોય, તેનું થાય તો ભલું કરવું પણ તેનું ભૂંડુ તો હરગીઝ કરવું નહિ કેટલાંક પશુઓમાં પણ કૃતજ્ઞતા ગુણનું જેવું દર્શન થાય છે. તેવું દર્શન આજે માનવી જ્ઞાતાઓમાં, માનવીઓમાં પણ શ્રેષ્ઠ ગણાતાઓમાં, અરે મહાત્માઓમાં પણ ઘણો દુર્લભ થઇ જાય તો તે આશ્ચર્ય છે.

જેનામાં કૃતજ્ઞતા ગુણ સાથે નમ્રતાગુણ હોય તો તે ઉત્તમતાને પામે. કૃતજ્ઞતા ગુણ એવો છે કે જે નમ્રતા ગુણને પણ પેદા કર્યા વિના રહે નહિ. જે કૃતજ્ઞ હોય. તેને પોતાના ઉપકારીને નમવાનું મન થયા વિના રહે નહિ. અને એથી ઉદ્ધત સ્વભાવના માણસો પણ જો કૃતજ્ઞતા ગુણના સ્વામી બની જાય છે. તો તેની ઉદ્ધતાઇ આપોઆપ ભાગી જાય અને નમ્રતાગુણ સહજ પ્રગટે.

સેચનક હાથીને ગુસ્સો આવ્યો. પણ તે શ્રી હલ્લ-વિહલ્લ ઉપર નહી. પોતાના જીવતર પ્રત્યે આવ્યો છે. પોતાનાં સ્વામીની સેવા અખંડપણે અને વફાદારીથી કરવા છતાં પણ સ્વામી જો વગર સમજ્યે તિરસ્કાર કરે, તો એવા જીવતરથી સર્યું'. એમ સેચનક હાથીને થઇ ગયું. તેણે મરવાનો અને મરતાં મરતાં પણ આ વફાદાર હતો. એવું સ્વામીને સમજાવી દેવાનો નિર્ણય કર્યો. પોતાનો તિરસ્કાર કરતા કરતાં શ્રી હલ્લ-વિહલ્લને સેચનક હાથીએ બળાત્કારે પણ પોતાની પીઠ ઉપરથી ઉતારી નાંખ્યા. અને જ્યાં તેઓ

(અનુ. ૫૮૫ ઉપર)

વિવિધ વાંચનમાંથી

પૂ સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

અરિહંત એ ચાર અક્ષરનો જાપ પણ અનાદિની કર્મજંજિરોમાંથી મુક્તિ અપાવવા સમર્થ છે.

અરિહંતની આરાધના ઉત્તમ ફળને આપનારી છે. તેમ અરિહંતની આશાતના કટુ ફળ આપનારી છે. એમાં આરાધનાથી ઉત્તમ ફળમાં તો અરિહંતો નિમિત્ત છે, પણ આશાતનાના કટુ ફળમાં તો એ આત્માનો પોતાનો અશુભ યોગ જ નિમિત્ત છે.

—૦—

અરિહંત પદ ધારક પોતાના તો અઘાતિ કર્મોને ખપાવે છે. પણ એ પદ દ્વારા મેળવેલ રિદ્ધિ-સિદ્ધિ પણ અનેક આત્માઓ માટે ઘાતિ-અઘાતિ કર્મો ખપાવવાનું કારણ બને છે. અરિહંત પરમાત્માનું સમવસરણ જોઇને ૫૦૧ તાપસોને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવો અજબ પ્રભાવ !

—૦—

અરિહંત પરમાત્માનું અવિહડ શાસન મળ્યા પછી એને વફાદાર રહે, અને અરિહંતની આજ્ઞાનુસાર ચાલનારા સદ્‌ગુરુ ભગવંતોના અનુશાસનમાં રહે એને જ આ શાસન હિતકર બને છે.

—•—

અરિહંત પરમાત્મા કોઇને દુર્ગતિમાં જતાં બચાવતાં નથી, છતાં એમને તારક કહેવાય છે. એનું કારણ એ છે કે, એમનું આલંબન લેનારો, અને એમના કથનાનુસાર ચાલનારો દુર્ગતિમાં જતો નથી. જેમ નૌકા ડુબતાં માણસોને અટકાવતી નથી પણ એ નૌકાનું આલંબન લેનાર અવશ્ય કિનારા પર આવી જાય છે, સમુદ્રમાં ન ડુબે. તેમ અરિહંતનું આલંબન લઇને જે ચાલે તે ડુબતો નથી.

—•—

અરિહંતની ઓળખાણ થયા વિના એમની આજ્ઞા માનનારા આરાધકભાવને પામ્યા જ નથી. એ સાંસારિક સુખોના સ્વાર્થને સાધવા માટે જ સાધના કરતા હોય છે.

(અનુ પેજ ૫૮૪ નું ચાલુ)

પીઠ ઉપરથી નીચે ઉતરી પડયા. એટલે તરત જ સેચનક હાથીએ ખાઇમાં ઝંપાપાત કર્યો. મૃત્યુને ભેટયો. આવેશમાં મરણ પામવાથી તે પહેલી નારકીમાં ઉત્પન્ન થયો.

શ્રી હલ્લ-વિહલ્લે સેચનક હાથીને મરતો જોયો. તેમને ખૂબ જ પશ્ચાતાપ થયો. તેમને પણ લાગી ગયું કે આ સેચનક પશુ હોવા છતાં પણ પશુ ઠર્યો નહિ આપણે માનવ છતાં પણ પશુ ઠર્યા. ત્યાંને ત્યાં એમણે નિર્ણય કર્યો કે 'હવે જીવવું તો ભગવાનના શિષ્ય બનીને જીવવું. નહિંતર જીવવું નહિ અને ભગવાનની પાસે પહોંચતા તેમણે દીક્ષા પણ લઇ લીધી.

કામરાગે નચાવ્યો નાચ, અંતે સમજાયું સાચ, અને કીધો કર્મને તમાચ.

(સંપૂર્ણ)

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજિનેન્દ્રાય નમઃ

પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિભ્યો નમઃ પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

સ્વદ્રવ્યનિર્મિત પરમકલ્યાણકારી શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજી મંડિત
ૐ ફ્રૂં શ્રી ૧૦૮ શંખેશ્વરા પાર્શ્વનાથ તીર્થ [જૈન મંદિર] અંગે

નિવેદન અને નમ્ર વિનંતિ

મુ. દેવાચી આળંદી [તા. ખેડ જી. પૂના] મહારાષ્ટ્ર

સુજ્ઞ ધર્મપ્રેમી સાધર્મિક બંધુ શ્રી

પ્રણામ સાથે જણાવવાનું જે મહારાષ્ટ્રમાં જૈનનો જેમ વસવાટ વધતો ગયો તેમ તેમ ધર્મની જાગૃતિ વધવા લાગી. પૂ. ગુરૂભગવંતોના વિહાર ચાતુર્માસ વિગેરેથી શ્રી સંઘોમાં ઘણી જાગૃતિ આવવા લાગી અને આજે મહારાષ્ટ્રમાં ધર્મમય વાતાવરણની પરિમલ પ્રસરી રહી છે. આ જાગૃતિ અને ઉલ્લાસના પ્રભાવથી પુનાથી ૨૦ કિ. મી. અને દેહુ રોડ સ્ટેશનથી ૧૫ કિ. મી. દેવાંચી આળંદી ગામ ને ત્યાં તીર્થને અનુકૂળ ભાવવર્ધક વાતાવરણ અને આરાધનાની એકાગ્રતા મળે છે તે માટે ત્યાં એક તીર્થ થાય તેમ ભાવિકોને ભાવ થયા. અને તે ભાવના પરિપાક રૂપે ત્યાં ૧૦૮ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ તીર્થ નિર્માણની યોજના થઇ.

ફરતા ૧૦૦ મંદિર અને મૂળ મંદિરમાં બે ચૌમુખથી ૮ મંદિર એમ ૧૦૮ પાર્શ્વનાથજીના મંદિર થશે. આ મંદિરોમાં કયાંય દેવદ્રવ્યની રકમ મંગાવીને વાપરવાની નથી અને એથી ભાવિક પુણ્યાત્માઓ સ્વદ્રવ્યથી જ આ મંદિરો અને પ્રતિમાજીનો લાભ લે તેવી યોજના રાખી છે. પ. પૂ. મહારાષ્ટ્રાદિ દેશોદ્ધારક વ્યા. વા. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. હાલારદેશોદ્ધારક આચાર્યદેવ શ્રી વિ. અમૃતસૂરીશ્વરજી મ. ની પરમકૃપાથી અમે આ કાર્યમાં સફળ થયા છીએ અને પ્રાચીન સાહિત્યોદ્ધારક પૂ. આ શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના પુનીત માર્ગ દર્શનથી અમે આ કાર્યમાં આગળ વધી રહ્યા છીએ. શિલાસ્થાપન થઇ ગયું છે. અને ભોંયરાનું કામ પણ ચાલુ થઇ રહ્યું છે. અવશ્ય મુલાકાત લેશો.

જણાવતા આનંદ થાય છે કે ૧૦૮ જિનાલયમાં ફરતા શિખરવાળા ૧૦૦ જિનાલયો સ્વદ્રવ્યથી લાભ લેનારા ભાગ્યશાળીઓના નામો પ્રાપ્ત થઇ ગયા છે હવે મુખ્ય ૮ જિનાલયો જે બે ચૌમુખજીરૂપે છે. જિનાલયો મૂળનાયક અને પ્રતિષ્ઠાના આદેશો ચાલુ છે. તેની વિગત નીચે મુજબ છે. આપ આ મહાન તીર્થના આઠે મૂળનાયક અને તેની પ્રતિષ્ઠાના જે લાભો છે તે માટે આત્મભાવના જગાડીને આ મંગલ કાર્યમાં આપનો સહકાર આપશો એવી નમ્ર વિનંતિ છે.

ઉપરોક્ત તીર્થમાં લાભ લેવાની યોજનાઓ નીચે પ્રમાણે છે.

જિનમંદિરોમાં લાભ

૧. મુળનાયક પ્રભુજી (૨૭ ઇંચ) ભરાવવાનો તથા ગભારા ઉપર નામ લખવાનો આદેશ આપ્યો છે. ૨-૩-૪. ત્રણ દિશાના ત્રણ મૂળનાયકો ભરાવવાનો ગભારા ઉપર નામ લખાવવાનો અને પ્રતિષ્ઠાના આદેશ બાકી છે. ૫. નીચેના મૂળનાયક (૨૫ ઇંચ) ભરાવવાનો ગભારા ઉપર નામ લખાવવાનો તથા પ્રતિષ્ઠાના આદેશ બાકી છે. ૬-૭-૮. નીચેના ત્રણ દિશાના ત્રણ મૂળનાયકો ભરાવવાનો ગભારા ઉપર નામ લખાવવાનો તથા પ્રતિષ્ઠાના આદેશ બાકી છે. [આમાં પ્રતિમાજી ભરાવવા, પધરાવવા, પરિકર તથા ગભારા ઉપર નામ એમ ચાર લાભ છે.) ૯. એક થાંભલાનો લાભ રૂા. ૧૧,૧૧૧, ૧૦. એક ઇંટનો લાભ રૂા. ૧,૧૧૧ (દેવદ્રવ્ય ખાતાની રકમ લેવાની નથી)

તીર્થ વર્ધક યોજના-૧ તીર્થ વર્ધક શુભેચ્છક રૂા. ૧૧,૧૧૧, ૨ તીર્થ શુભેચ્છક રૂા. ૫,૫૫૫.

ધર્મશાળાની યોજના-૧ ધર્મશાળા ઉપર નામ આપવાનું છે, ૨ ઉપરનો હોલ (૩૫×૩૦) નામ ૨ લાખ, ૩ ઉપરનો હોલ (૬૦×૩૫) નામ ૪ લાખ, ૪ રૂમ ૨૦ (૧૫×૧૦) દરેકના રૂા. ૫૬,૧૧૧, ૫ રૂમ ૪ (૨૦×૧૦) ૭૫,૧૧૧.

ભોજનશાળાની યોજના-૧ ભોજનશાળા ઉપર નામ આપવાનું છે. ૨ ભોજનશાળા હોલનો નકશો (૬૦×૩૫) ૪૧૧૧૧, ૩. રસોડાનો નકશો (૨૫×૧૫) ૧૧૧૧૧, ૪ સ્ટોરરૂમનો નકશો (૧૫×૧૦) ૫૧૧૧, ૫ સ્ટોરરૂમ બીજાનો નકશો (૧૫×૧૦) ૫૧૧૧, ૬ ભોજનશાળામાં ફોટો મુકવાનો નકશો રૂા. ૩,૧૧૧, ૭ શ્રાવક ઉપાશ્રય (૪૩×૨૦) નામના ૨ લાખ હોલના ૧ લાખ, રૂમના ૫૧ હજાર, ૮ શ્રાવિકા ઉપાશ્રયના નામના ૧,૫૧,૦૦૦, હોલ ૭૫,૦૦૦.

ઉપરોક્ત કાર્યમાં આપના સહકારની અપેક્ષા છે આપ આપની ભાવના મુજબ લાભ લેવાનો નિર્ણય કરીને જણાવો. આ માટે સંપર્ક સાધવાના સ્થળો.

મગનલાલ લક્ષ્મણ માર્ગ પારસમણિ, મહાત્મા ગાંધી રોડ,
નવપાડા, થાણા (મહા.) ફોન : ૫૪૦૧૪૧૩

રતિલાલ સનાલાલ શાહ હીરા નગર, એફ/૩૦૪,
મુલુંડ (વેસ્ટ). મુંબઈ-૮૦ ફોન : ૫૬૫૦૫૬૩

કેશરીચંદ ભીખાભાઇ, મંગલદાસ માર્કેટ મોમાગલી,
દુકાન નં. ૭૦, મુંબઈ-૨ ફોન : ૨૦૮૦૫૨૦

મેનેજીંગ ટ્રસ્ટી-સંઘવી ભીખુભાઇ રવચંદ ૩૩૮, બુધવાર પેઠ,
પુ-ના૪૧૧૦૦૨ ફોન : ૪૫૪૦૦૫-૪૫૭૧૦૬

શ્રી શંખેશ્વર તીર્થમાં શ્રી હા. વી. ઓ. તથા જૈન ધર્મશાળામાં
શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્ર પ્રાસાદ શિલારોપણ પ્રસંગે

ભાવભર્યું આમંત્રણ

શ્રી શંખેશ્વર તીર્થમાં આ જિનમંદિર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી સ્વ. શાહ વેલજી વીરજી દોઢીયા તથા સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દોઢીયાના શ્રેયાર્થે શાહ મેઘજી વીરજી દોઢીયા તથા શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સપરિવાર બંધાવવા નકકથી આદેશ લીધો છે તેનું શિલારોપણ મહા વદ ૧ સોમવાર તા. ૫-૨-૯૬ ના સવારે ૯-૦૦ વાગે શિલાસ્થાપન વિધિ શરુ થશે. ૧૧-૦૦ વાગ્યે શિલા સ્થાપન થશે. મુખ્ય કુર્મશિલા શાહ મેઘજી વીરજી તથા શ્રીમતી ડાહીબેન વેલજી વીરજીના હસ્તે સ્થાપન થશે.

સકલ સંઘને પધારવા ખાસ સર્વ હાલારી વીશા ઓસવાળ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

—: શિલાસ્થાપન કરનારા ભાગ્યશાળીઓ :—

મુખ્ય કુર્મશિલા–શ્રી મેઘજીભાઇ તથા શ્રીમતી ડાહીબેન
બીજી શિલા–પણ તેઓ જ
ત્રીજી શિલા–શ્રીમતી કુસુમબેન રમેશચંદ્ર
ચોથી શિલા–શાહ ખીમજી વીરજી ગુઢકા
પાંચમી શિલા–શાહ મોકર કરમણ હઃ વેલજીભાઇ
છઠ્ઠી શિલા–શાહ રાયચંદ કાનજી છેડા
સાતમી શિલા–શાહ મેઘજી ડાયા ગોસરાણી
આઠમી શિલા–શ્રીમતી અમતબેન નેમચંદ વીરચંદ
નવમી શિલા–શાહ રામજી નરશી નગરીયા

વિધિવિધાન માટે–ભાઇશ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ પધારશે.

લિ. શ્રી હર્ષપુષ્પામૃત જ્ઞાન ભંડાર ટ્રસ્ટ તથા
શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ. તથા જૈન ધર્મશાળા કમિટિ

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૫૬. હનુમાન-કુંભકર્ણનો સપાટો

બીજા દિવસનું પ્રભાત થયું. હુંકારા કરતો સ્વયં રાવણ સૈન્ય સુભટોને શૂરાતન ચડાવવા લાગ્યો. આથી ઉત્સાહિત બનેલા રાવણ સૈન્યે વાનર સૈન્યને ભાંગી નાંખ્યું.

વાનર સૈન્યનો ભંગ જોઇને ધનુષ્ય ઉપર બાણ ચડાવીને ધરતીને ધ્રુજાવતો સુગ્રીવ સૈન્ય સાથે રણ મોરચામાં દોડયો પણ હનુમાને કહ્યું કે– 'હે વાનરરાજન્! તમે હમણાં અહીં જ રહો. મને જવા દો. મારા પરાક્રમને જુઓ.' આટલું કહીને યુદ્ધમાં આવેલા હનુમાને રાક્ષસ સૈન્યની છેક અંદર પ્રવેશ કરી દીધો. અને હનુમાન સામે પ્રચંડ વીર્યશાળી વૃદ્ધ થઇ ગયેલા માલી ટકરાંયા.

લાંબા સમય સુધી યુદ્ધ કરીને હનુમાને માલીને શસ્ત્ર વગરના કરી નાંખ્યા. શત્રુનો સંહાર કરી નાંખવાની હનુમાનને પૂરેપૂરી તક મળી છતાં હનુમાન બોલ્યા કે– 'જા, જતો રહે. (ઘરડા થયેલા તને હણીને મને કયાં યશ મળશે?) તને ઘરડાને હણ્યે તોય શું કે ના હણ્યે તોય શું?

હનુમાન આટલું બોલતા હતા ત્યાં જ વજ્રોદરે આવીને હનુમાનને લલકાર્યો. અને કહ્યું કે– 'હે પાપી! આવું બોલતાં જ તું મરી જવાનો છે. આવી જા, મારી સાથે યુદ્ધ કર હવે તું વધુ ટકી શકવાનો નથી. ભાગી ના જઇશ.'

હનુમાને આ વચન સાંભળીને વજ્રોદર ઉપર હુમલો કર્યો તો વજ્રોદરે બાણોથી પ્રતિ હુમલો કર્યો, બન્ને વીર શત્રુઓ કોઇને મચક આપતા નથી. આખરે વિચિત્ર અસ્ત્રો ફેંકીને હનુમાને વજ્રોદરનો વધ કરી નાંખ્યો. આથી ક્રુદ્ધ થયેલા રાવણપુત્ર જંબૂમાલીએ હનુમાન ઉપર આક્રમણ કર્યું. બન્નેનું લાંબોસમય યુદ્ધ ચાલતાં છેવટે હનુમાને ખતરનાક મુદ્ગરનો પ્રહાર કરીને જંબુમાલીને પૃથ્વી ઉપર પટકી દીધો. જંબુમાલી મૂર્ચ્છા ખાઇને ઢળી પડયો.

એકલવીર હનુમાનના પ્રચંડ પરાક્રમથી ત્રાસ અને ક્રોધ પામેલા મહોદર સાથે બીજા ઘણાં આવેલાં રાક્ષસભટોને હનુમાને બધાંને આખા શરીરમાં કયાંયને કયાંય પ્રહાર કરીને વિધુર કરી નાંખીને ભગાડી મૂકયા.

રાક્ષસ સૈન્યનો વેરાતો વિનાશ જોઇને ક્રોધથી સળગી ઉઠેલો ખુદ કુંભકર્ણ સ્વયં યુદ્ધ કરવા આવ્યો તેના ચાલવાથી અને હાથના હલાવવાથી જ કેટલાંયે વાનરો હણાઈ ગયા.

વિકરાળ વેતાળ જેવા શૂલધારી કુંભકર્ણને યુદ્ધમાં જોઈને આ બાજુથી સુગ્રીવ, ભામંડલ, દધિમુખ, મહેન્દ્ર, કુમુદ, અંગદ તથા બીજા પણ વાનરો-ખેચરો દોડયા અને કુંભકર્ણને ઉપદ્રવ કરવા લાગ્યા. પણ કુંભકર્ણ તો પ્રસ્વાપનાસ્ત્ર છોડીને બધાં વાનર-ખેચરોને ઉંઘમાં નાંખી દીધા પણ સુગ્રીવે પ્રબોધિની વિદ્યાથી પ્રસ્વાપનાસ્ત્રને નિષ્ફળ કરી નાંખ્યું. અને બધાં જ વાનરો કુંભકર્ણને બાણોનો મારો ચલાવી ઉપદ્રવ કરવા લાગ્યા.

સુગ્રીવે કુંભકર્ણના રથ, ઘોડા અને સારથિને ગદા વડે દળી નાંખ્યા. એટલે ભૂમિ ઉપર આવી ગયેલા કુંભકર્ણે દોડીને ગદાના તીવ્ર પ્રહાર કરીને સુગ્રીવના રથના ચૂરેચૂરા કરી નાંખ્યા. આથી આકાશમાં ઉડી જઈને સુગ્રીવે એક મહાશીલા કુંભકર્ણ ઉપર ફેંકી. પણ મુદ્ગરના ઘા થી કુંભકર્ણે તેના કણ-કણ કરી નાંખ્યા.

હવે સુગ્રીવે ભયંકર તડિદ્દંડાસ્ત્ર છોડતાં કુંભકર્ણ તે અસ્ત્ર સામે કેટલાંયે અસ્ત્રો ફેંકયા પણ અસ્ખલિત ગતિવાળા તે તડિદ્દંડના પ્રચંડ પ્રહારથી કુંભકર્ણ મૂર્ચ્છા ખાઈને પૃથ્વી ઉપર ઢળી પડયા.

આથી ક્રોધથી ધમધમતા સાક્ષાત્ યમ જેવા રાવણ યુદ્ધ માટે સ્વયં જતા હતા પણ ઈન્દ્રજિતે તેમને અટકાવી દીધા. ઈન્દ્રજીત યુદ્ધમાં આવતાં જ વાનર સૈન્યમાં નાસભાગ મચી ગઇ. આથી ઈન્દ્રજીતે કહ્યું કે-અરે! વાનરો! ઉભા રહો. યુદ્ધ નહિ કરનાર સામે હું શસ્ત્રો નથી ઉગામતો કેમ કે હું રાવણનો પુત્ર છું. કયાં ગયો પેલો હનુમાન, પેલો સુગ્રીવ પણ કયાં ગયો? અરે! હનુમાન કે સુગ્રીવ ગયા તો ગયા મારે તો રામ-લક્ષ્મણનું જ કામ છે. પોતાને શૂરવીર સમજતાં તે બન્ને કયાં છે? (કયાં સંતાઇ ગયા છે?)'

આમ બોલતાં ઈન્દ્રજીતને સુગ્રીવે યુદ્ધ માટે લલકાર્યો.

ભામંડલે ઈન્દ્રજીતના નાના ભાઈ મેઘવાહનને લલકાર્યો.

ચારેયના બીજા યુદ્ધમાં કોઇ કોઇને મચક નથી આપતું.

આખરે ક્રોધાયમાન બનેને ઈન્દ્રજીત અને મેઘવાહને નાગપાશ ફેંકીને સુગ્રીવ અને ભામંડલને જીવતાં જ પકડી લીધા. અને શ્વાસ પણ ના લઈ શકે તેવા નાગપાશના ભરડામાં ઝકડી લીધા.

આ બાજુ મૂર્છા દૂર થતાં ઉઠીને ગદાનો પ્રચંડ પ્રહાર કરીને કુંભકર્ણે હનુમાનને ધરતી ઉપર પછાડી દીધા. મૂર્છા ખાઇને પડી ગયેલા હનુમાનને ઉઠાવીને કાખમાં નાંખીને કુંભકર્ણ પોતાની છાવણી તરફ ચાલવા માંડયા.

અને ઇન્દ્રજીત તથા મેઘવાહન સુગ્રીવને તથા ભામંડલને ઉઠાવીને લંકા તરફ લઇ જવા લાગ્યા.

તરત જ વિભીષણે રામચંદ્રજીને કહ્યું

કે- જ્યાં સુધી બળવાન એવા સુગ્રીવ અને ભામંડલને લઇને ઇન્દ્રજીત કે મેઘવાહન લંકામાં ન પહોંચે ત્યાં સુધીમાં છોડાવવા અત્યંત જરૂરી છે. અને કુંભકર્ણ પાસેથી હનુમાનને છોડાવ્યા વિના છૂટકો નથી. આ ત્રણેય વીરયોદ્ધા વિના આપણું બળ નિર્બળ બની જશે. માટે હું જઇને તરત છોડાવું છું.

આટલું હજી વિભીષણ બોલતાં હતા ત્યાં જ અંગદે કુંભકર્ણને યુધ્ધ માટે પડકાર ફેંકતાં ક્રોધાંધ બનેલા કુંભકર્ણના ઉંચા થયેલા હાથમાંથી હનુમાન કૂદીને ભાગી છૂટયા.

આ બાજુ વિભીષણને આવતા જોઇને ઇન્દ્રજીત-મેઘવાહને વિચાર્યું કે-આ તો આપણા પિતા તુલ્ય ગણાય. માટે આપણે અહીંથી ભાગી છુટવામાં કશી શરમ ન ગણાય. અને પાશમાં બંધાયેલા આ સુગ્રીવ અને ભામંડલ તો સ્વયં મરી જશે. માટે તેને અહીં જ છોડી મુકીએ કે જેથી કાકા વિભીષણ આપણો પીછો કરતાં કરતાં આવે નહિ"

આમ વિચારીને સમયસૂચકતા વાપરીને બન્ને બુધ્ધિશાળી ભાઇઓ નાગપાશમાં બંધાયેલા જ સુગ્રીવ-ભામંડલને છોડીને ચાલ્યા ગયા.

રામ-લક્ષ્મણ આથી ચિંતાથી ગ્લાન બન્યા. પણ તરત જ રામચંદ્રજીએ મુનિવર શ્રી કુલભૂષણ-દેશભૂષણના પિતા મહાલોચન દેવને યાદ કરતાં હાજર થયેલા તેમણે રામને રથ-મુશલ તથા લક્ષ્મણને ગારૂડી વિદ્યા-રથ-તથા હળ તથા વિદ્યુત્પ્રભા નામની ગદા આપી. તથા અન્ય પણ ઘણાં બધાં અસ્ત્રો તથા બે દિવ્ય છત્રો આપ્યા.

લક્ષ્મણના વાહન બનેલા ગરૂડને જોતાં જ સુગ્રીવ-ભામંડલના નાગપાશ છુટી ગયા.

આથી રામસૈન્યમાં જયજયકાર થયો અને રાક્ષસ સૈન્ય દુઃખી થયું. આ જ સમયે સૂર્યાસ્ત થતાં યુધ્ધ વિરામ જાહેર થયો.

શાસન સમાચાર

જામનગર-૪૫ દિગ્વિજય પ્લોટ મધ્યે પૂ. મુનિરાજ શ્રી બોધિરત્નવિજયજી મ. ની નિશ્રામાં શાહ વેલજી દેપાર હરખીયા તરફથી તેમના સળંગ ૫૦૦ આંબેલ તથા સિધ્ધગિરિરાજની ૯૯ યાત્રા પૂ. આ. શ્રી વિજય અમરગુપ્ત સૂ. મ. ની નિશ્રામાં કરી તે નિમિત્ત પોષ સુદ ૧૩ ના ૯૯ પ્રકારી પૂજા ભવ્ય આંગી વિ. રાખી હતી સવારે પ્રવચનમાં ગુણાનુવાદ થયા બાદ કુંવરબાઇ ધર્મશાળામા પારણું થયું બપોરે ૨-૩૦ વાગ્યે નવાણું પ્રકારી પૂજા ઠાઠથી ભણાવાઇ હતી.

શાસન સમાચાર

નાસિકઃ ૨વ.પૂ. ગચ્છાધિપતિશ્રીજીની ૮૪મી દીક્ષાતિથિના ભવ્ય ઉજવણી પ્રભાવક પ્રવચનકાર પૂ. આ. ભ. શ્રી પુણ્યપાલ સૂ. મ. ના તારક નિશ્રામાં માગશર ૪ મહાવીર સોસાયટીની વર્ષગાંઠ પ્રસંગે નાસિકમાં ભવ્ય રીતે ઉજવાયેા સાધર્મિક વા. ભવ્ય આંગી સમુહ આરતિ વિધી પ્રસંગ સુંદર દીપી ઉઠયેા માગસર વ. ૯–૧૦–૧૧ ત્રણ દિવસ ભ. શ્રી પાર્શ્વનાથ ભ. ની આરાનાના સાકર ખીરને ભરભાણાના અન્ય અન્ય ભાઇઓ તરફથી સામુહિક એકાસણા તથા સુંદર પ્રભાવના થઇ.

નાસિક શ્રી સંઘ ઉપર પણ ૨વ. પૂ. ગચ્છાશ્રીજીનેા અનંત ઉપકાર હેાઇ પેાષ સુ. ૧૩ ની તેઓશ્રીની ૮૪ મી દીક્ષા તિથીની ભવ્ય ઉજવણી કરવા સંઘ ઉદ્યુક્ત થયેા. પેાષ સુદ ૧૩ ના ૨ કલાક પૂ. આ. ભ.નેા ખુબ સુંદરને વેધક ગુણાનુવાદ કર્યા બાદ ગીત ગવાયું અન્ય અન્ય ભાઇઓ તરફથી ૧૫ રૂા. નું સંઘ પૂ તથા શશિકાંત મેાતીલાલ તરફથી શ્રીફળની પ્રભાવના થઇ બાદ પ્રવિણ વાલચંદ તરફથી શણગારેલી મેાટરમાં પૂ શ્રીજીનેા ભવ્ય ફેાટાસહ ભવ્ય વરઘેાડેા ચડયેા મુખ્ય રસ્તાઓ ફરી ધર્મનાથજી ઉતર્યાબાદ સકલ સંઘનું શ્રી માધવજીભાઇ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. બપેારે શ્રી ચિંતામણિપાર્શ્વનાથ પ્રભુના મંદિરે સુમતિલાલ ચંદુલાલ તરફથી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા મેાસંબીની પ્રભાવના થઇ.

સાંજે કેાઠારી પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય થયુ. બધાએ મંદિરમાં ઘીના દીવાની રેાશની સાથે ભવ્ય આંગી રચવામા આવી અતિ ભવ્યરીતે આ પ્રસંગ ઉજવાયેા.

શંખેશ્વર–અત્રે શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દેાઢીયા તપાગચ્છ જૈન ઉપાશ્રય તથા શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મુ. તપાગચ્છ જૈન ધર્મશાળા દક્ષિણ વિભાગ (બીજી વીંગ) ના ઉદ્‌ઘાટન સંવત ૨૦૫૨ પેાષ વદ ૬ ને શુક્રવાર તારીખ ૧૨–૧–૧૯૯૬ ના શુભ દિને થયેલ.

ધર્મશાળાના દક્ષિણ વિભાગનુ ઉદ્‌ઘાટન શ્રી કેશવલાલ કુલચંદ શાહ તથા શ્રી હરખચંદ નેમચંદ શાહ કનસુમરાવાળા (હાલ નાઇરેાબી) તથ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી દેાઢીય. તપાગચ્છ જૈન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન મુખ્યદાતા શ્રી મેઘજી વીરજી દેાઢીયા તથા શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દેાઢીયા કનસુમરાવાળા (હાલ નાઇરેાબી) એ કરેલ.

ઉદ્‌ઘાટન સવારે ૧૦–૩૦ વાગ્યે બપેારે સાધર્મિક ભક્તિ તથા પંચ કલ્યાણ પૂજા થયેલ.

અમદાવાદ-રાજનગર મધ્યે કાળુપુર રોડ, જહાંપતવાની પોળ વાગડવાળા શાંત સરળ સ્વભાવી વિદુષી વયોવૃધ્ધ પ. પૂ. સા. લાવણ્યશ્રીજી મ. સા. ની ૬૦ મી દિક્ષાતિથી દિન નિમિતે ૩ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાઇ ગયો.

શાંત સરળ સ્વભાવી ગચ્છાગણી પ. પૂ. આ. ભ. સુદર્શન સૂ. મ. તથા પ. પૂ. પં. ગુણશીલ વિ. મ. સા. તથા પ. પૂ. પ્રવચનકાર કિર્તિયશ મ. સા. આદિ ઠા.ની નિશ્રામાં કા. વ. ૫ સવારે પૂ શ્રી નું પ્રવચન બપોરે પૂજા વીશસ્થાનક પૂજા ત્યાર-બાદ આખી પોળનું સાધર્મિક વાત્સલ્ય-પ્રભુજીને ભવ્ય અંગરચના ભાવના વગેરે થયું હતું. કા વ. ૬ પ. પૂ. આ. ભગવંત સુદર્શન સૂ. મ. આ. વિશાળ મુનિ ભ નું ભવ્ય સામૈયું-પોળમાં ભવ્ય મંડપમાં સંઘ સાથે પધારેલ. ત્યારબાદ મંગલાચરણ પૂ.નું સુંદર દીક્ષા નિમિતે માર્મિક પ્રવચન ત્યાર-બાદ ૭ રૂા. તથા શ્રીફળની પ્રભાવના બપોરે સિધ્ધચક્રપુજન-પ્રભાવના પ્રભુજીને ભવ્ય અંગરચના સેંકડો દિવાઓ ફુલોનો શણગાર ભાવના. કા. વ. ૭ સવારે ૯ ક. પૂ. શ્રી નું પ્રવચન ગુરુ પૂજન તથા ૫ રૂા. નુ સંઘપૂજન તેમજ શાંત સેવાભાવી પ્રસિધ્ધ એવા શ્રી હાડીકર વૈદ્યરાજ સા.નું સોનાનો ચેન તથા શાલથી બહુમાન તથા બીજા ડો.નું બહુમાન થયું હતું.

જે મહાત્મા પાંચ-પાંચ વર્ષથી પથારી વશ અવસ્થામાં રહીને સમતા રાખી દીક્ષા જીવનની દરેક ક્રિયાઓ કરતા રહ્યા છે. અને નમસ્કાર મહામંત્રનું સતત રટન કરતાં રહ્યા છે. એવા ત્યાગી-સંયમી એવા પ. પૂ. વયોવૃધ્ધ સા. શ્રી લાવણ્યશ્રીજી મ. સા. ની ૬૦ મી દિક્ષાતિથિ દિન ભવ્યાતિ-ભવ્ય રીતે ઉજવાઇ ગયો. આખો પ્રસંગ રાધનપુરવાળા (મુંબઈવાળા) વોરા ગીરધર લાલ ધનજીભાઇ પરિવાર તથા રજનીકાંત-ભાઇ જયંતિભાઇ દ્વારા યોજીત ઉત્સવ સુંદર રીતે ઉજવાઇ ગયો.

વઢવાણ-પૂ. આ. ભ. શ્રી નરચંદ્ર સૂ. મ. સા. પૂ. પં. શ્રી વજ્રસેન વિ. મ. સા. પૂ. મુનિ શ્રી સિધ્ધાચલ વિ. મ. સા. આદિ ઠાણાની શુભનિશ્રામાં મુમુક્ષુ શ્રીમતી મંગલા-બેન હરીભાઇ શાહ માંડલવાળા, મુમુક્ષુ શ્રી નિમીષાકુમારી અનંતરાય પરીખ, મુમુક્ષુ શ્રી હર્ષાબેન ચંદુલાલ શેઠની મહાસુદ ૧૪ ના ભાગવતી દીક્ષાના મંગલ પ્રસંગને અનુલક્ષીને પચાન્હિકા મહોત્સવ ઉજવાયો.

મહાસુદ ૧૦/૨ તા. ૩૦-૧ ૯૬ ના બપોરે પંચકલ્યાણક પૂજા મહા સુદ ૧૧ તા. ૩૧ બપોરે બારવ્રતની પૂજા, મહા સુદ ૧૨ તા ૧-૨-૯૬ સવારે કુંભસ્થાપના તથા બપોરે ૧૨-૩૯ કલાકે નવગ્રહપાટલા પૂજા મહાસુદ ૧૩ તા. ૨-૨ સવારે ભવ્યાતિભવ્ય જલયાત્રા વરઘોડા સાથે વર્ષીદાનનો વરઘોડો

મહાસુદ ૧૪ ૩-૨ સવારે ૭ ક. દીક્ષા વિધિ પ્રારંભ બપોરે ૨ ક. ચત્તરભેદી પૂજા. ત્રણે મુમુક્ષુઓએ પૂ. સા. શ્રી ચંપકલત્તાશ્રીજી મ.ના સમુદાયમાં દીક્ષા ગ્રહણ કરેલ. વઢવાણથી શ્રી સંઘનો નવયુવકોનો ખૂબ જ આનંદને ઉત્સાહ સાથે તે મહોત્સવને ચિરસ્થાયી યાદગાર બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સઘળાય સદાચાર જેમાં હોય અને એક પણ અનાચાર જેમાં ન હોય તેનું નામ ઊંચામાં ઊંચુ શીલ !
- જૈન એટલે જગતમાં ડાહ્યામાં ડાહ્યો જીવ !
- સંસારમાં કોઇનીય સહાયથી જીવવાનો જેને મનોરથ ન હોય તે ડાહ્યો !
- જેને વિધિ-અવિધિ જાણવાનું મન ન હોય, વિધિ પર રાગ ન હોય અને અવિધિ પર દ્વેષ ન હોય તેની બધી ધર્મક્રિયા નકામી છે.
- આ દેહ તે જ આત્મા તેવી બુધ્ધિ હોય કાં તો દેહમાં ગાઢ મમત્વ બુધ્ધિ હોય તે બહિરાત્માનું લક્ષણ છે.
- અંતરાત્મા જીવ જ પરમાત્મા બને અને જે પરમાત્મા બને તેને જ પરમપદ મળે અને જેને મોક્ષની ઇચ્છા થાય તેવા જીવને જ અંતરાત્માપણું ગમે અને બહિરાત્માપણું ખટકે !
- જે જન્મે તેને અવશ્ય મરી જવાનું છે. માટે સારી રીતે મરાય તે રીતે જીવન જીવે તેનું જ નામ જ માનવજીવન !
- જેને સાધુ થવાની ઇચ્છા ન હોય તે જૈન જ નથી. જેને અનિતીનો પૈસો પણ દુઃખરૂપ ન લાગે તે આર્ય નથી.
- જેને દુઃખ ન ગમે અને પુણ્યથી મળતું સુખ જ ગમે છે. તેવો જીવ ધર્મ કરે તો પણ ધર્મ નથી. કરતો પણ સુખ મેળવવાનો ધંધો કરે છે.
- જેટલા પૈસાના પૂજારી હોય તે સારા હોય જ નહિ. લક્ષ્મીને દેવી માને તે બધા પૈસાના ભિખારી જ હોય પૈસા માટે કયારે શું ન કરે તે કાંઇ કહેવાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧૯૬-૨૮

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૮ | અંક ૨૪

કુગુરુનો ત્યાગ એ જ હિતકર છે.

સપ્પો ઇક્કં મરણં,
કુગુરુદિંતિ અનંતાઇં મરણાઇં ।
તો વર સપ્પં ગહિયં,
મા કુગુરૂસેવણા ભદ્દા ।।

સર્પ તો એક જ વખત મરણ આપે છે પણ કુગુરુની સેવા અનંત ભવ સુધી અનંતા મરણો આપે છે. તેથી સર્પને ગ્રહણ કરવો શ્રેષ્ઠ છે પણ કુગુરુની સેવા કરવી શ્રેષ્ઠ નથી.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ.
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

એક ચિંતન

તાઇં ચિય વિણુહાણું વસંણંસણિજ્જાઇં તહ ય જાઇં વ ।
તહિં ચિય ભણિઆઇં, સમ્મત્ત-નાણ-ચરણાઇં ।

પંડિતજનોને માટે શ્રી સર્વજ્ઞ પરમાત્માએ પ્રરૂપેલાં તે વચનો જ પ્રશંસનીય છે કે જે સાંભળવા યોગ્ય છે. તેથી જ શ્રી સર્વજ્ઞ ભગવંતે કહેલ સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર પ્રશંસનીય છે. ”

આ જગતમાં ભગવાને બતાવેલ મોક્ષ માર્ગ કે જે રત્નત્રયી રૂપ છે તે મોક્ષ માર્ગની આરાધના કરનારા કે તેની આરાધનાની સન્મુખ બનેલા આત્માઓ વિના જગતમાં કોઇ જ પણ પ્રશંસનીય છે ખરું ? નથી જ. આના ઉપરથી તો એ ફલિતાર્થ થાય છે કે જેમાં રત્નત્રયી રૂપ મોક્ષ માર્ગની પુષ્ટિ પણ ન થતી હોય, એ પ્રશંસા ગુણ નથી પણ ગુણાભાસ છે અનેકને ઉન્માર્ગે દોરી જનાર છે.

જે આત્માઓ જીભ ખોલી છે તો વિવેક કર્યા વિના ગમે તેની 'ભાટાઇ' કરે અને પોતાનું 'ઉપબૃંહક' માને તેઓ તો ખરેખર વિડંબક છે. પોતાને બધા સારા કહે માટે ગમે તેની ગમે તેવી પ્રશંસા કરનારા સ્વ-પર અનેકના હિતના જ ઘાતક છે ને ? આજે તો ગુણ પ્રશંસાના નામે જગતમાં જે રીતનો જુલમ થઇ રહ્યો છે જે અનર્થ સર્જાયે છે તેથી તો મોક્ષ માર્ગથી પરાંગમુખ બનીને ઘણા લોકો ધર્મના નામે જ અધર્મમાં ઘણાને જોડી રહ્યા છે. જેની પ્રશંસાથી ધર્મધન પણ લુંટાઇ જાય તેવી પ્રશંસા કરાય ખરી ? માટે પ્રશંસા યોગ્યની પણ પ્રશંસા કરતા કોઇ પણ મિથ્યામતને પુષ્ટિ ન મળે તેની કાળજી રાખવી જોઇએ.

જે આત્માઓને મોક્ષ માર્ગ રૂપ રત્નત્રયી ઉપર જ સાચો પ્રેમ હોય તેવાઓ જ વાસ્તવિક રીતે વિવેકપૂર્વક કરવા યોગ્યની જ પ્રશંસા કરી અનેકને સન્માર્ગે જોડે. આવી વિવેક દૃષ્ટિ સૌ કોઇ કેળવો તે જ ભાવના.

—શ્રી પ્રજ્ઞાંગ

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનજી મુકીમ
(ભુજવાળા)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મોદી
(વડોદરા)
ચુનીલાલ પદમશી મુકીમ
(થાનગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ મહા વદ-૯ મંગળવાર તા. ૧૩-૨-૯૬ [અંક ૨૪

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ સુદિ-૧૨ ને બુધવાર, તા. ૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૬. (પ્રવચન ૮ મું) (અંક ૨૦ નું ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અલ૦)

આજે મોટો ભાગ અનીતિથી કમાય છે. પ્રામાણિક પૈસો મળવો મુશ્કેલ છે. તેનું જેને દુઃખ ન હોય અને ઉપરથી તે માણસ મજાથી જીવતો હોય તો તેને ધર્મી કહી શકાય ખરો ? ભલે તે ભગવાનની લાખેણી પૂજા કરે તો ય તેની પૂજા ધર્મ કહેવાય ખરી ? આ વાત ન સમજાય તે જીવ અનંતીવાર ધર્મ કરે તો પણ તે કદી ધર્મ પામે નહિ, સંસારમાં ભટકયા કરે. દુનિયાના સુખ માટે પાપ કરી દુર્ગતિમાં દુઃખ ભોગવવા ચાલ્યો જાય. તમને આ દુનિયાનું જે સુખ મળ્યું છે, તે મજેથી ભોગવો છો, તેમાં લહેર કરો છો તો મરીને કયાં જઇશ તે વિચાર આવે છે ?

'મારે ઝટ મોક્ષે જવું છે. મોક્ષમાં ન જાઉં ત્યાં સુધી મારે દુર્ગતિમાં જવું નથી કેમકે ત્યાં દુઃખથી ડરીને નહિ પણ મોક્ષ સાધક ધર્મ ન કરી શકાય માટે. મારે સદ્ગતિમાં જવું છે તે સંસારના સુખ માટે કે મોજમઝા માટે નહિ પણ સારી રીતે મોક્ષસાધક ધર્મ કરી શકાય માટે' આવી ભાવનાવાળા ધર્મી કેટલા મળે ? તમારે મરીને કયાં જવું છે તે નિર્ણય કર્યો છે ? તો તમને પાપ કરતી વખતે ફાળ આવે છે કે આ પાપ કરીશું તો દુર્ગતિમાં જવું પડશે ! મજેથી પાપ કરે તે મરીને કયાં જાય ? દુર્ગ-

તિમાં જાય તેવી શ્રદ્ધા છે ? અ જાણ્યા પછી પણ પાપ ગભરાતાં ગભરાતાં કરો છો કે મઝેથી કરો છો ? આજે કાયદાની ચોરી મોટો ભાગ કરે છે પણ બધા ફફડે છે કે પકડાયા તો મર્યા. તેમ ભય છે; તેમ મઝેથી પાપ કરતાં કરતાં મરીએ તો દુર્ગતિમાં જવું પડશે, જે દુઃખ જોઇતું નથી તે મળશે ને રોઇ રોઇને ભોગવવું પડશે તેવી શ્રદ્ધા છે?

સભા : છતાં પાપની પ્રવૃત્તિ છુટતી નથી.

ઉ૦ : પાપની પ્રવૃત્તિ છુટતી નથી તેનું દુઃખ પણ નથી તે જીવ કદી ધર્મ પામી શકતો નથી, ધર્મી થઇ શકતો નથી. અભવી જીવ મોક્ષે જનારો જીવ જેવું સાધુપણું પાળે તેવું સાધુપણું પાળે છે છતાં તેનામાં ધર્મ આવતો નથી.

ઘણા ધર્મ કેવી રીતે કરે છે તે ખબર છે ? એક સામાયિક કરે તો ય અનુકૂળ જગ્યા જોઇએ. તેમાં ય બીજી બીજી વાતો કરી લે, ઊંઘી પણ જાય ! તે બધું ચાલે છે ને ? બજારમાં પેઢી ઉપર બીજી વાત કરવા કોઇ આવે તો કરો ખરા ? તમારામાં અકકલ છે પણ તે અકકલ સંસારનાં ક્રમ માટે છે. ધર્મ કેવી રીતે કરવો જોઇએ, શા માટે કરવો જોઇએ તે અકકલ છે ખરી ? ભગવાનની પૂજા પણ શા માટે કરવાની, કેવી રીતે કરવાની, તે ખબર છે ? પૂજામાં મારી સામગ્રી જ જોઇએ એમ પણ યાદ છે ખરૂં ! 'જેને પોતાની સામગ્રીનો પૂજામાં ઉપયોગ કરવાનું ય મન ન થાય તો તેનો ધર્મ કઇ જાતનો' તેમ પણ થાય ખરૂં ? સંસારમાં કોઇ કહે કે, મારે ઘેર આવીને રોજ જમી જજો તો જાવ ખરા ? કેમ ન જાવ ?

સભા : આબરૂ જાય.

તો મફત પૂજા કરો તો આબરૂ વધે ને ? મંદિરમાં બોર્ડ મારો કે–'અહીંના સુખી પણ મંદિરની સામગ્રીથી જ પૂજા કરે છે.' આવું બોર્ડ મારવા તો કે ધમાધમ કરો ? આજે મોટો ભાગ મંદિરના દ્રવ્યથી પૂજા કરે છે. પોતાનું કશું લાવતા નથી.

સભા : સાધારણમાં પૈસા ભરે ને ?

ઉ૦ : ઘરના પાંચ આદમી પૂજા કરતા હોય તો ય સાધારણમાં કેટલું આપો છો ? તમારો ખીસ્સા ખરચો, આધા ખરચો, કપડા–લતાનો ખરચો ખબર છે પણ ધર્મનો ખરચો કેટલો છે ?

સભા : શકિત અનુસાર બધા કરે છે.

ઉ૦ : આ વાત સાચી છે ? સાચી હોત તો કેસર સુખડની ટીપ કરવી પડત.

આજના સુખીએ પોતે એકલાએ મોટે ભાગે મંદિર બાંધ્યું નથી, ઉપાશ્રય બાંધ્યો

નથી અને પૂજા પણ મફત કરે છે. તમારી પાસે પૈસા વધે તો બંગલો બાંધો છો, બીજી પેઢી ખોલો છો પણ 'હું મંદિર બાંધુ, ઉપાશ્રય બાંધુ' તેમ મન થયું છે ?

ધર્મથી બધું જ મળે તેમ કહી ગયા પણ ધર્મ કરે તેને મળે ને ? ધર્મ ન કરે તેનું શું થાય ? માટે ધર્મ કરનારને આટલું જ્ઞાન તો જોઈએ જ કે–વાસ્તવિક સુખ શું ચીજ છે ? સુખ કયાં છે ? સંસારનું સુખ કેવું છે ? ગભરાવવાનું શેનાથી છે ? ગરીબાઇથી કે શ્રીમંતાઇથી ? ભય શેનો લાગે છે ? ધર્મનો કે પાપનો ? તમારો છોકરો જ તમને કહે કે–'બાપાજી ! ધંધામાં આવા પાપ થાય ? આટલી ટેક્ષની ચોરી કરાય ?' તો તમે તેને શું કહો ? 'તને કોણે ભોળવ્યો ? સાધુની વાત સાંભળવાની પણ માનવાની નહિ. સાધુને શી ચિંતા છે ?' ઘણા બોલે છે કે–'સાધુઓને તો પારકું ખાવું છે અને મજેથી લહેર કરવી છે.' તમે તો બધા મજુરી કરીને ખાવ છો ને ? મજુરી કરીને ખાય તેનો વાંધો નથી પણ પાપ કરીને ખાય તેનો વાંધો છે.

સભા : મજુરી અને પાપમાં ફેર શો ?

ઉ૦ મજુરી કરે તેને કોઇ પાપી ન કહે. ચોપડા ખોટા લખે તેને પાપી જ કહે. મજુરી કરનારને પકડાવવાનો ભય નહિ. ખોટા ચોપડા લખનારને પકડાનો ભય !

સભા : અમે પાપ કરીએ તે મજુરી કરીએ છીએ.

ઉ૦ : તમે જે પાપો કરો છો તેને મજુરી ન કહેવાય ! તેને તો લુચ્ચાઇ, બદમાશી, હરામખોરી કહેવાય !

પ્ર૦ : સમકિતી સંસારનાં કામોને વેઠ જ માને છે ને ?

ઉ૦ : સંસારનાં કામોને વેઠ માનનારો સમકિતી જીવ સંસારનું સુખ મળે તે મજેથી ભોગવે ? તે સુખ મેળવવાં અનીતિ કરે ? જુઠ બોલે ? લુચ્ચાઇ–લફંગાઇ કરે ? તમને તો સમકિત બોલવાનો અધિકાર નથી. સમકિત શું ચીજ છે તે ય તમે સમજતા નથી.

સમકિતી જીવને તો સુખમય સંસારથી પણ ભાગી છૂટવાની ઇચ્છા હોય, મોક્ષે જવાનું મન હોય તે માટે સાધુ થવાનું મન હોય. પૈસા મેળવવાનું કે મોજમઝા કરવાનું મન ન હોય. તેને તો ઘર જેલ લાગે, પેઢી પાપનું સાધન લાગે, પૈસો અનર્થકારી લાગે, સંબંધી બંધનરૂપ લાગે. તે તો માને કે આ બધા ઉપર પ્રેમ કરું તો કર્મબંધ થાય. તમને સંબંધી ઉપર પ્રેમ થાય કે સાધર્મિક ઉપર પ્રેમ થાય ? પૈસા ઉપર પ્રેમ થાય કે દેવ-ગુરૂ અને ધર્મ ઉપર પ્રેમ થાય ? તમને પૈસા ઉપર પ્રેમ છે તેની ના પાડી શકો તેમ છો ? જેને ભગવાન ઉપર, સાધુ ઉપર, ધર્મ ઉપર પ્રેમ હોય તેને ઘર ઉપર, પેઢી ઉપર, કુટુંબી ઉપર, પૈસા ઉપર, ખાવા-પીવાદિ મોજમઝા ઉપર કરવા જેવો માનીને કરાય એવો પ્રેમ હોય ખરો ? (ક્રમશઃ)

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

—: શ્રી તીર્થંકર પરમાત્માનો દાનવિધિ :—

પ્રથમ સૌધર્મેન્દ્રની આજ્ઞાથી ધનદ નામનો લોકપાલ આઠ ક્ષણમાં નીપજાવેલા ૧૬ માસા પ્રમાણવાલા, શ્રી જિનેશ્વરના પિતાના નામથી અંકિત અને સાંવત્સરિક દાનને યોગ્ય એવા સોનૈયા વડે શ્રી જિનેશ્વર દેવના ભંડારોને પૂરે છે, શ્રી તીર્થંકર પરમાત્મા રોજ સૂર્યોદયથી મધ્ય રાત સુધી (કેટલાક આચાર્યો કહે છે કે સૂર્યોદયથી છ ઘડી પછી પરિપૂર્ણ પ્રહર સુધી દાન આપે) પ્રતિદિન એક ક્રોડ અને આઠ લાખ સોનૈયાનું દાન આપે છે. શ્રી આવશ્યકમાં કહ્યું છે કે એક સંવત્સરમાં શ્રી જિનેશ્વર ભગવંત ત્રાણુસો અઠયાસી ક્રોડ અને એંશી લાખ (૩૮૮,૮૦,૦૦,૦૦૦) સોનૈયાનું દાન આપે છે.

તે દાન સમયે ઉત્પન્ન થતા અતિશયો.

ભગવાન જ્યારે સુવર્ણની મુષ્ટિ ભરીને દાન આપે છે ત્યારે સૌધર્મેન્દ્ર તે ભગવાનના જમણા હાથમાં મહાશક્તિ સ્થાપન કરે છે, કે જેથી તેમના હાથને જરાપણ ખેદ ઉત્પન્ન ન થાય, અનંતવીર્યવાળા ભગવાનના હાથમાં ઇન્દ્ર શક્તિનું સ્થાપન કરે છે એ અયુક્ત છે તેવી શંકા નહિ કારણ કે ભગવાન અનંતવીર્યવાળા હોવા છતાં પણ સૌધર્મેન્દ્રનો તે કલ્પ-આચાર છે અને પોતાની ભક્તિ દેખાડવા કરે છે.

તે સમયે ઈશાનેન્દ્ર સુવર્ણરત્નમય દંડને ગ્રહણ કરી વચમાં ગ્રહણ કરતાં બીજા સામાનિક દેવતાને વર્જે છે અને જે દાન પામવાના છે, તેમને શ્રી જિનેશ્વરના હાથથી દેવરાવતાં છતાં લોકો પાસે કહેવરાવે છે કે–'હે પ્રભુ! મને આપો.' ચમરેન્દ્ર અને બલીન્દ્ર લોકોના લાભને અનુસારે પ્રભુના દાનની મુષ્ટિ પૂરે છે અને દેવરાવે છે. ભવનપતિ દેવતાઓ દાન ગ્રહણ કરનારા ભરતક્ષેત્રના મનુષ્યોને ત્યાં લાવે છે. વ્યંતર દેવતાઓ તે મનુષ્યોને પોતાને સ્થાને પહોંચાડે છે. જ્યોતિષી દેવતાઓ વિદ્યાધરોને તે દાન ગ્રહણ કરાવે છે. વળી ઇન્દ્રો પણ તે પ્રભુના દાનને ગ્રહણ કરે છે, કારણ કે તે દાનના પ્રભાવથી દેવલોકમાં બાર વર્ષ પર્યંત કોઇ પણ જાતનો કલેશ ન થાય. મોટા ચક્રવર્તી રાજાઓ પણ પોતાનો ભંડાર અક્ષય કરવા માટે તે દાનને ગ્રહણ કરે છે, શ્રેષ્ઠી પ્રમુખ ગૃહસ્થો પોતાની યશ-કીર્ત્તિની વૃદ્ધિને માટે અને રોગી-પુરૂષો પોતાના મૂળ રોગની હાનિ થવાને માટે તેમજ બાર વર્ષ સુધી નવો રોગ ઉત્પન્ન ન થાય માટે દાન ગ્રહણ કરે છે. સર્વ ભવ્યજીવો એ દાનનો યોગ પ્રાપ્ત કરી પોતપોતાના વાંછિત અર્થની સિદ્ધિ થવા માટે ભગવાનના હાથે દાન ગ્રહણ કરે છે પણ અભવ્ય આત્માઓ કદિ તે દાન પામતા નથી.

આશાતના ના પાપથી બચો

સાંગલીનો શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ અનુપમ કોટીની સજ્જનતાને ધરાવનારો છે. સુંદર કોટીની સરલતાવાળો છે. શાસ્ત્રીય સત્યોનો પ્રેમી છે. તેની ભક્તિ સંપન્નતા પણ ભાવભરી છે. અને સાધુઓ પ્રત્યેની લાગણી પણ વર્ણનાતીત છે. તેમજ સત્યનો પ્રેમી હોવાના કારણે પક્ષપાતી વલણ વિહોણો પણ છે.

પરંતુ સાંગલી સંઘના કેટલાક આગેવાન ટ્રસ્ટીઓ એક પક્ષમાં તણાઇ જવાથી સત્ય પક્ષના પ્રેમી તો રહ્યા નથી, પરંતુ નિષ્પક્ષ પણ રહ્યા નથી. નિષ્પક્ષતાનો કેવલ દેખાવ જ કરી રહ્યા છે. એજ સાંગલી સંઘના ટ્રસ્ટી ગણાતા આગેવાનોએ કુંભોજ તીર્થના ટ્રસ્ટીઓએ કરેલા ઠરાવનું આંધળુ અનુકરણ કરવા દ્વારા કરેલા ઠરાવોની પત્રિકાઓમાં વાંચતા જણાઇ આવે છે.

કુંભોજ તીર્થના ટ્રસ્ટીઓએ કરેલો ઠરાવ તો શાસ્ત્ર વિરૂધ્ધ વાતોથી ભરપૂર છે. તેમ સાંગલી સંઘના ટ્રસ્ટીઓએ કરેલા ઠરાવની પત્રિકાઓ શાસ્ત્ર વિરુધ્ધ લખાણવાળી તો છે જ. સાથે જિનશાસનના શણગાર મહારાષ્ટ્ર દેશોધ્ધારક વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. પ. પૂ. આ. દેવ શ્રી રામચંદ્ર સૂ. મ. સા. તથા તેઓશ્રી પ્રત્યે શ્રધ્ધા ધરાવનારા સંઘ પ્રત્યેના દ્વેષથી ભરેલી છે. પ્રથમ ઠરાવની પત્રિકામાં પરોક્ષ રીતે સાંગલી સંઘના આગેવાનોએ પોતાનો દ્વેષ તેમાં ઠાલવ્યો છે. ત્યારે બીજી પત્રિકાના ઠરાવમાં પ્રત્યક્ષ રીતે દ્વેષ ઠાલવ્યો છે.

સાંગલી સંઘની દ્વેષભરી આવી ઠરાવની પ્રવૃત્તિ જોતા એક વાત યાદ આવી જાય છે. પોતાની જાતને ડાહ્યો માનતો એક દોઢ ડાહ્યો માણસ હતો. એકવાર રોડમાં ને રોડમાં હુંશીયારી બતાવતો રસ્તા પર ચાલી રહ્યો હતો. રસ્તામાં ચાલતા રસ્તામાં પડેલી વિષ્ટાથી પગ ખરડાયો. પગ શાનાથી ખરડાયો છે એ જાણવા માટે આંગલીથી પગે લાગેલી વિષ્ટા લઇને નાકે સુંઘવા લાગ્યોને નાકે વિષ્ટા લાગી ગઇ. વિષ્ટાથી નાક ખરડાઇ ગયું. આ દોઢ ડાહ્યાએ હુંશીયારીમાં ચાલતા પગ બગાડયો. શાનાથી પગ બગડયો તે જાણવા માટે આંગલીથી પગમાં લાગેલી વિષ્ટા લેતા આંગલી બગાડી. અને સુંઘીને ખાતરી કરવા જતા નાક બગાડયું. આવા જ સાંગલી સંઘના કેટલાક દોઢ ડાહ્યા આગેવાન ટ્રસ્ટીઓ છે એમ લાગે છે.

દોઢ ડહાપણમાં સાંગલી સંઘના આગેવાનોએ કુંભોજ તીર્થના ટ્રસ્ટીઓએ કરેલા ઠરાવનું આંધળુ અનુકરણ કરીને ઠરાવ કર્યો. એમાં અમોએ એક પક્ષીય ઠરાવ કરવાની

મોટામાં મોટી ભૂલ કરી. ખરેજ કોઈના પ્રત્યે દ્વેષાંધપણું હૈયામાં આવી જાય પછી આવી ભૂલો થયા વગર રહેતી જ નથી.

ટ્રસ્ટીઓએ કરેલ એક પક્ષીય ઠરાવ જ્યાં સાંગલી સંઘમાં રહેલા કેટલાક ભાગ્યશાલીઓને જાણવામાં આવ્યા એટલે એઓને ભારે દુઃખ સાથે આશ્ચર્ય થયું. એ ભાગ્યશાલીઓએ જોરદાર વિરોધ કર્યો અને એક પક્ષીય ઠરાવ કરીને મોટી ભૂલ કરી છે, એ જણાવી સુધારો કરવા સંઘના ટ્રસ્ટીઓને ફરજ પાડી. તેઓએ વિક્રમ સંવત ૨૦૩૧ શ્રાવણ વદ-૭ તા. ૧૭-૮-૭૫ ની મીટીંગમાં જે ભૂલ ભરેલો એક પક્ષીય ઠરાવ કર્યો હતો. તે આ પ્રમાણે...

'અમારો શ્રી સંઘ પ. પૂ. શાસ્ત્રમર્મજ્ઞ આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ની આજ્ઞા તથા તેઓશ્રીના પટ્ટાલંકાર વર્તમાન ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પૂ. આ. ભ. શ્રી જયઘોષ સૂ. મ. સા. ની આજ્ઞા અનુસારે જ પર્વારાધના કરતો રહ્યો છે. અને ભવિષ્યમાં કરતો રહેશે.

આવા આ એકપક્ષીય ઠરાવ કરવાની ભૂલનો સુધારો કરવા માટે જે બીજા ઠરાવની પત્રિકા બહાર પાડી એમાં વળી બીજી મોટામાં મોટી ભૂલો કરી નાખી છે. એ કંઈ રીતે કરી છે એ જાણવા જેવું છે. તેમજ મહારાષ્ટ્રના સંઘોને એકતાનો આદર્શ આદર્શ આપવાની ડંફાસ મારનારા સાંગલી સંઘના ટ્રસ્ટીઓ પ. પૂ. આ. ભ. શ્રીરામચંદ્ર સૂ. મ. સા. તથા તેઓ તરફ શ્રદ્ધા ધરાવતા સંઘ પ્રત્યે કેવી દ્વેષભરી દૃષ્ટિવાળા અને ક્લેદભાવભરી વૃત્તિવાળા છે તે જાણી લેવા જેવું છે. જેથી એમણે કરેલા ઠરાવની પત્રિકાઓથી ભરમાવાનો વખત ન આવે. અને જૈન શાસનની એક મહાન વિભૂતિ રૂપે થયેલા મહારાષ્ટ્રના અનેકાનેક ગામોમાં જૈન શાસનના સત્ય સિદ્ધાંતોનો ઉપદેશ આપી લોકોને ધર્મ પમાડવા દ્વારા અનુપમ કોટીનો ઉપકાર કરનારા પ. પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂ. મ. સા. પ્રત્યે દુર્ભાવ પેદા ન થાય. અને તેઓશ્રીની આશાતનાના પાપના ભાગીદાર ન બની જવાય.

ભુલ સુધારવા માટેની લાલ રંગના અક્ષરોવાળી ઠરાવની પત્રિકામાં સાંગલી સંઘના ટ્રસ્ટીઓ હૃદયમાં દ્વેષવૃત્તિ રાખીને લખે છે કે :-

'પરંતુ આ ઠરાવ કર્યા બાદ એમાને ભુલ સમજાઇ કે આ તો અમે વિજયરામચંદ્ર સૂ. મ. ને માનનારા સંઘો જે રીતે એમને જ માનવાનો ઠરાવ કરે છે એવો જ અમે કર્યો છે. એમની ભુલનું અનુકરણ અમે કરશું તો મહારાષ્ટ્રના સંઘોને એકતાનો આદર્શ શી રીતે આપી શકશું.'

પ્રિય વાંચકો ! જુઓ તો ખરા કે આ લખાણમાં 'વિજયરામચંદ્ર સૂરીશ્વરજી' એ પ્રમાણેના તોછડા અને તુચ્છતા ભર્યા શબ્દોથી પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ને સંબોધ્યા છે. એમણે આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા. ને 'શાસ્ત્રમર્મજ્ઞ પ. પૂ. આ. ભ.' એવા વિશેષણો તથા આ. શ્રી જયઘોષ સૂરીજીને 'વર્તમાન ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર પ. પૂ. આ. ભ.' આવા વિશેષણો લગાડી બહુમાન પૂર્વક એમના નામ લખ્યા છે. પરંતુ દ્વેષાંધતામાં સાંગલીના ટ્રસ્ટીઓની બુદ્ધિ બૈલ મારી ગઈ કે શું ? કે જેથી પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ના નામની આગળ વિશેષ વિશેષણો લગાડવાના તો બાજુમાં રહ્યા પણ 'પ. પૂ. આ.' આટલા શબ્દો પણ લગાડવાના સૂગતા નથી.

સાંગલી સંઘના ટ્રસ્ટીઓ કેવા દ્વેષભરી બદવૃત્તિવાળા છે. એ નજરોનજર દેખાઈ આવે એમ છે. 'અસતિ સ્ત્રી જેમ સતી સ્ત્રીને કલંકિત કરે, ભ્રષ્ટાચારી માણસ જેમ સદાચારી માણસ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવે એવું કાર્ય તેઓએ'...

...આ તો વિજયરામચંદ્ર સૂ. મ. ને માનનારા સંઘો જે રીતે એમને જ માનવાનો ઠરાવ કરે છે એવો જ અમે કર્યો છે' ઠરાવમાં આવું લખાણ કરીને કર્યું છે.

પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ની સિદ્ધાંત નિષ્ઠા પ્રત્યે શ્રદ્ધા ધરાવતા સંઘો પર કેવો જુઠ્ઠો આરોપ લગાવી દીધો ! પ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. એ કોઈ પણ સંઘમાં આવો ઠરાવ કરાવ્યો નથી. અને આવો ઠરાવ એક સંઘમાં પણ કરાવ્યો હોય તો જે સંઘમાં આવો ઠરાવ હોય તેની નકલ અમારા પર મોકલી આપે.

પ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. કુગુરુ ને ન મનાય. સુગુરુને જ મનાય. આવી શાસ્ત્રીય વાતો ઉપદેશમાં સમજાવનારા હોવા છતાં પોતાને જ માનવાનો કોઇ ઠેકાણે ઠરાવ કરાવ્યો નથી. અને આવા ઠરાવો કરવવામાં પોતે માનતા પણ ન હતા.

બાકી તો કુગુરુને ન માનવા અને સુગુરુને માનવા એ તો શાસ્ત્રાનુસારે સુસંઘનું લક્ષણ છે. એથી કોઈપણ સંઘ કુગુરુને ન માને અને સુગુરુને જ માને એમાં શંકા રાખવાની પણ શું જરૂર છે ? એ કાંઇ ગુનો નથી.

દ્વેષ વૃત્તિની આગમાં જેમનું સાન-ભાન બળીને ખાખ થઇ ગયું છે. એવા આ ટ્રસ્ટીઓ કેવું લખે છે ?

'એમની જ ભુલનું અનુકરણ અમે કરશું તો મહારાષ્ટ્રનાં સંઘોને એકતાનો આદર્શ શી રીતે આપી શકશું'

મહારાષ્ટ્રના સંઘોને એકતાનો આદર્શ આપવાનો દેખાવ કરનારાઓ કેવા ઢંભી છે એ એમની પત્રિકાના લખાણ ઉપરથી જ જણાઇ આવે એમ છે. એકતાનો આદર્શ આપનારા કોઇ દિવસ બીજાને ઉતારી પાડે ખરા ? બીજાનો તિરસ્કાર કરે ખરા ? બીજાનું અપમાન થાય એવું લખાણ કરવા આદિની પ્રવૃત્તિ કરે ખરા ? સાંગલીના ટ્રસ્ટીઓએ તો કેવળ 'વિજયરામચંદ્ર સૂ.' આવા તોછડા શબ્દથી પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર-સૂ. મ. સા. નું નામ ઠરાવની પત્રિકામાં લખી કેવું ઘોર અપમાન કર્યું છે ! જે સજ્જન અને સહૃદય માનવથી સહન ન થઈ શકે. તેમજ પ. પૂ. આ. દે. શ્રી રામચંદ્ર-સૂ' મ. સા. પ્રત્યે શ્રધ્ધા ધરાવનારા સંઘો ઉપર જુઠ્ઠો આરોપ લગાવીને પણ કેવું અપમાન કર્યું છે !

એકતાના આદર્શવાળા હૈદભાવની વૃત્તિ કયારેય પણ રાખે ખરા ? આ ટ્રસ્ટી-ઓની હૈદભાવવાળી વૃત્તિ પણ કેવી છે. તે ઠરાવની પત્રિકાઓ ઉપરથી જણાઇ આવે તેવી છે.

'બીજી બાજુ અમારા સંઘમાં ઠીસાનો વર્ગ પૂ. આ. ભ. શ્રી સુબોધ-સાગર સૂ. ને માનનારો છે. કેટલાંક વર્ગ શ્રી રામચંદ્ર સૂ. ને (અહીં પણ તોછડાઇથી જ નામ લખવાની કેવી બાલીશતા ટ્રસ્ટીઓએ કરી છે ? 'પ. પૂ. આ. દે.' આટલા શબ્દો પણ પૂ. શ્રીના નામ આગળ લખવા માટે એમના હૈયાએ કામ ન કર્યું ને કલમે પણ કામ ન કર્યું) કેટલોક વર્ગ **અચલગચ્છીય છે. અમારે બધાને સાથે લઇને ચાલવાનું છે.'**

જો બધાને સાથે લઇને જ ચાલવાની ટ્રસ્ટીઓની મનોભાવના હોય તો પત્રિકા-ઓમાં ઉપર **'તથા શ્રી આત્મ-કલમદાન-પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિનસૂરીશ્વરેભ્યો નમો નમઃ'** આ રીતના લખાણમાં પ. પૂ. આ. દે. શ્રી રામચંદ્ર સૂ. મ. તથા પ. પૂ. આ. દે. શ્રી સુબોધ સૂ. મ. વગેરેના નામ કેમ ન લખ્યા. એમના નામ કેમ ઉડાડી દીધા ? એકતાનો આદર્શ લઇને ફરનારા આ ટ્રસ્ટીઓનો એ આદર્શ કે સંઘને સાથે લઇને ચાલવાની ભાવના પણ આમાં સચવાઇ છે ખરી ? સાંગલીના સંઘના લોકોને પણ લાગે ખરૂં ને કે આ લોકો એક પક્ષીય બનીને ઉપરોક્ત લખાણ કર્યું છે. અને આ રીતે કરવાથી સંઘમાં એકતા સચવાય ખરી ?

'અમારે બધાને સાથે લઇને ચાલવાનું છે એટલે ઠરાવમાં સુધારો કરી જે વર્ષે જે સમુદાયના સાધુ-સાધ્વી ભગવંતો હોય તેમની નિશ્રામાં તે જે આરાધના કરાવે તે આરાધના કરવાનો નિર્ણય કર્યો છે.' આ લખાણ પણ એમનું કેટલું સત્યથી વેગળું છે ? શું ટ્રસ્ટીઓ કે સંઘના લોકો અચલગચ્છના સાધુ-સાધ્વી ચોમાસુ સાંગલીમાં કરે, તો તેમની નિશ્રામાં તેઓ જે આરાધના કરાવે તે આરાધના કરવાના છે ? તપાગચ્છીય લોકો તપાગચ્છની પ્રતિક્રમણ વિધિ છોડીને અચલગચ્છની વિધિ પ્રમાણેનું પ્રતિક્રમણ કરશે ખરા ? અચલગચ્છવાળા તપાગચ્છની વિધિ પ્રમાણેનું પ્રતિક્રમણ કરે છે ખરા ? ભાદરવા સુદ-૫ ની સંવત્સરી તપગચ્છના લોકો કરશે ખરા ? અચલગચ્છવાળા ભાદરવા સુદ-૪ ની સંવત્સરી કરે છે ખરા ? આ ઠરાવ કર્યા બાદ એકબીજા એકબીજાની વિધિ પ્રમાણેની આરાધનાઓ કરશે ખરા ? આ બનવાનું જ નથી, માટે ઉપરોક્ત નિર્ણય માત્ર નિર્ણય જ છે, અંદરથી પોલંપોલ જ છે, નકકર નિર્ણય છે જ નહિ, સાંગલી સંઘમાં સહુ પોતપોતાનું જ કરવાના છે, એટલે ટ્રસ્ટીઓનો આવો નિર્ણય ખરેખર બોગસ જ છે, આવા નિર્ણયો થાય જ નહિ, અજ્ઞાન અને અણઘડ માણસો આવા નિર્ણયો કરે, નિર્ણય તો શાસ્ત્રના અનુસારે જ આરાધના કરવાના કરાય અને કરવા જોઇએ.

સાંગલી સંઘના ટ્રસ્ટીઓ ઠરાવની પત્રિકામાં વળી છેલ્લે છેલ્લે લખે છે કે'

'વળી બધા પૂ ગુ. ભ. સાથે મળીને વર્તમાન જૈન સંઘમાં ચાલી રહેલા વાદ વિવાદો શીઘ્ર દૂર કરે એવી અમારી હૃદયપૂર્વકની ઉત્કટ ભાવના છે' આ વિષયમાં મારે એજ જણાવવું છે કે જૈન સંઘમાં ચાલી રહેલા વાદ-વિવાદ દૂર થાય એવી તમારી કેવળ હૃદયપૂર્વકની ઉત્કટ ભાવના શું કામની ? સાંગલીના ટ્રસ્ટીઓએ એ માટે તનતોડ પ્રયત્ન પણ કરવો જ જોઇએ ને ? અને સાથે એ પણ ધ્યાનમાં લેવું જોઇએ કે શાસ્ત્રોને અનુસરીને વાદ-વિવાદ દૂર થાય તો જ સાચી એકતા થઇ ગણાય. શાસ્ત્રોને બાજુમાં મુકીને વાતો કરવાથી કયારે ય વાદ-વિવાદ બંધ થાય નહીં, કરાવાય પણ નહિ અને કરાવાય તો જૈન સંઘમાં વાસ્તવિક એકતા કે સંપ ન થાય તો શંભુમેળો જ થયો ગણાય.

બીજું જે ટ્રસ્ટીઓ એકપક્ષીય ઠરાવ કરીને પોતાના સંઘમાંજ વાદ-વિવાદ ઉભા કરતા હોય અને પોતાની ભૂલને સુધારવાના બહાને બીજાની ઉપર પોતાના જેવી જ ભુલ કરવાનો જુઠ્ઠો આરોપ કરીને બીજા સંઘને કલંકિત કરવાની દુષ્ટ મનોભાવનામાં રમતા હોય એ સાંગલી સંઘના ટ્રસ્ટીઓ વાદ-વિવાદ દૂર કરવાની ભાવના ધરાવે અને તે પણ પાછી ઉત્કટ એ વાત કયા ડાહ્યા માણસના ભગજમાં બેસે ?

પ્રથમ ઠરાવની પત્રિકામાં મહાન ઉપકારી તરીકે પ. પૂ. આ. ભ. કવિ કુલકીરીટ શ્રી લબ્ધિ સૂ. મ. સા., પ. પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂ. મ. સા., આચાર્ય શ્રી ધર્મ જિન સૂ, આ. શ્રી જયશેખર સૂ., પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. નો ઋણ સાંગલી સંઘના ટ્રસ્ટીઓ સ્વીકારે છે. એમાંથી કેટલાયે સાંગલીમાં ચાતુર્માસ કર્યા છે અને કેટલાએ નથી કર્યા. છતાં પણ એઓના ઉપકારનું ઋણ સ્વીકારે છે. તો પ. પૂજ્ય આ. ભ. શ્રી મુક્તિચંદ્ર સૂરીશ્વરજી મ. સા. એ પણ સાંગલી સંઘમાં ચાતુર્માસ કર્યું હતું. એમણે પણ ચાતુર્માસ દરમ્યાન જિનવાણીના ઉપદેશનો ધોધ વહાવી સાંગલી સંઘ ઉપર સારામાં સારો ઉપકાર કર્યો છે. આરાધનાઓ અને અનુષ્ઠાનોથી ચાતુર્માસ અજવલ્યમાન થયું હતું. તો તેઓશ્રીના ઉપકારના ઋણને સ્વીકારવાનું કેમ ટાળ્યું? એનું કારણ એજ હશે કે પ. પૂજ્ય આ. ભ. શ્રી મુક્તિચંદ્ર સૂરીશ્વરજી મ. સા. પ. પૂજ્ય આ. દે. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય હતા. નહિતર આવું બને જ કેમ?

સાંગલી સંઘના આ ટ્રસ્ટીઓ પણ આમતો શાણા સમજુ અને ડાહ્યા છે પણ અડધુ ડહાપણ એમને બીજા કોકની પાસેથી લીધેલું લાગે છે. માટે જ પેલા ઢોઢ ડાહ્યાએ પણ આંગલી અને નાક વિષ્ટાથી બગાડયા. તેમ સાંગલી સંઘના ટ્રસ્ટીઓએ ઠરાવની પત્રિકામાં પ. પુ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. નું નામ તોછડાઇથી લખીને ઘોર અશાતનાનું પાપ કર્યું. બીજુ પ. પુ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા સંઘ ઉપર જુઠ્ઠો આરોપ લગાવી સંઘની આશાતનાનું પાપ કર્યું, અને ત્રીજું આવા ઠરાવોની પત્રિકાઓ બહાર પાડી સાંગલી સંઘની આણને લાંછન લગાડવાનું પાપ કર્યું.

માટે મહારાષ્ટ્રના દરેક સંઘોને ભલામણ છે કે આવા દ્વેષી હૃદયથી કરાયેલા ઠરાવની પત્રિકાઓથી દોરવાઇ જઇને મહારાષ્ટ્રના અનન્ય ઉપકારક શાસનના શિરતાજ જાનના જોખમે પણ શાસનની રક્ષા કરનારા દીક્ષા ધર્મનો જોરશોરથી ઉપદેશ કરી અનેકાનેક દીક્ષિતો ઉભા કરવા દ્વારા શાસન નૈયાને તરતી રાખનારા જૈન શાસનની મહાન પૂજ્યત્તમ વિભૂતિ ગણાતા વ્યાખ્યાનવા. પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ઉપર દુર્ભાવવાળા બની એ પુણ્યપુરુષની આશાતના કરનારા ન બની જવાય. તેની કાળજી રાખશો.

તેમજ સાંગલી સંઘના ટ્રસ્ટીઓને પણ મારે એટલું જ કહેવુ છે કે ઝેરીલું અડધુ ડહાપણ જેની પાસેથી લીધું તે તેઓને જ સહૃદય સમર્પિત કરી દેવા જેવું છે. નહિતર આ પૂ. મહાપુરુષની આશાતનાનું પાપ જે રીતે ઠરાવ પત્રિકાથી કરાયું તે રીતે ફરીફરીને તમારા જીવનમાં આશાતનાનું પાપ થયા કરશે કે જેના પરિણામે પરલોકમાં દુર્ગતિઓના દુઃખમાં મુકાવું પડશે.

(અનુ પેજ ૬૧૦ ઉપર)



પ્યારા ભૂલકાંઓ,

તમારી વિનંતીનો સ્વીકાર કરીને બાલવાટિકા મહિને–મહિને સાહિત્યનો રસથાળ લઈને આવે છે. સાહિત્યની દુનિયામાં સફર કરવાની તમને બહુ મઝા આવે છે સાહિત્યની દુનિયા ઘણી રંગીલી છે, વિશાળ અને વિચિત્ર પણ છે. તમે સારું જ સાહિત્ય વાંચતા હશો મન અને મગજને શાંત કરવા માટે વૈરાગ્યનું વાંચન જ ઉપયોગી છે. કચરા પેટીમાં નાખવા જેવું સાહિત્ય આજે ઘણું બહાર પડે છે તેની સામે નજર પણ કરશો નહિ, કદાચ નજર થઇ જાય તો અડશોમા, અને કદાચ સ્પર્શી જાવ તો વાંચશો જ નહિ તે વાંચવાથી જ જીવન બરબાદ બની જાય છે. તમે તમારા જીવનની ચાદરને સુંદર બનાવવા ચાહતા હોય તો કયારે પણ મનને ખરાબ કરે તેવું હલકું સાહિત્ય વાંચશો નહિ.

ને, ચંચલ ચિતડા જેવા નયનો રાત ને દિવસ ટી. વી. જોવા ઇચ્છે છે. જુદી જુદી ચેનલ જોનારા ભૂલકાંઓનું ધ્યાન ભણવામાં રહે છે ખરા ? બેધ્યાન બનેલા ભૂલકાંઓ તમારી આંખોનું નુર ખલાસ થઇ જાય છે. અરે ! જીવન બરબાદ કરી બેસે છે. ટી. વી. પરનાં અનેક દશ્યો જોઈ કરેલી કુચેષ્ઠા, મારફાડ, હત્યા આદિ પણ સાંભળવા મળે છે. આવી કરૂણા ઉપજાવે તેવી સ્થિતિ જોઇને ભુલકાંઓ તમારી ઉપર અરેરાટી છુટે છે. ટી. વી.ના દશ્યોથી ઉતેજિત બનેલા બાળકો પોતાના જીવનને પાયમાલ બનાવી દે છે.

આજે વાચવામાં અને જોવામાં બેધ્યાન બનેલા ભુલકાંઓ પોતાના જીવનને અધોગતિના પંથે લઇ જાય છે. લાગણી બહેલાવનારા * સાહિત્ય અને દશ્યો વધુ ને વધુ પ્રસારિત થઇ રહ્યા છે. સંસ્કાર પોષક અને સંસ્કાર ઘડતર થાય તેવા સાહિત્ય અને દશ્યો પ્રત્યે ઉપેક્ષા જ સેવાય છે ભૂલકાંઓ તમે સમજીને આવા ખરાબ સાહિત્ય અને ભયંકર કોટિના દશ્યોથી દૂર રહો તે જ વધુ સારું છે. તમારા જીવનને સુઘડ, સુંદર બનાવવા માંગતા હોય તો અશ્લીલ સાહિત્ય અને વિકૃત દશ્યોથી દૂર રહેજો. વધુ અવસરે.

રવિશશુ
જૈન શાસન કાર્યાલય, જામનગર

— આજનો વિચાર —

સાંભળો ઘણું, જુવો ઘણું, બોલો થોડું.

— કથાનક —

એક વેપારી હતો. નીતિમાન તરીકેની નામના હતી. આબાલવૃધ્ધ આવે તો નીતિ પૂર્વક વેપાર કરવો એ એનું ધ્યેય હતું. તેના કારણે તેઓ નીતિસંપન્ન બની શકયા પણ દયાળું ન બની શકયા.

એક વખત એક ઓરમાન માએ છોકરીને લાલ કપડું લેવા મોકલી. ભૂલમાં તે છોકરી સફેદ કપડું લઇ આવી. ઘરે પહોંચતાં જ ઓરમાન મા લાલ-પીળી થઇ ગઇ. ધોકો લીધો હાથમાં, લાલ કપડું મંગાવ્યું હતું ને સફેદ કેમ લઇ આવી ?

મા, મા, મારી ભૂલ થઇ ગઇ.

જા, જા, સફેદ કપડું પાછું આપી આવ ને લાલ કપડું લઇ આવ. નહિંતર ઘરમાં પેસવા નહિં દઉં, નહિં મળે ઓટલો કે નહિ મળે રોટલો, મળશે મેથીપાક.

રડતી રડતી છોકરી આવી વેપારીની દુકાને કહેવા લાગી, શેઠ સાહેબ, મેં ભૂલથી લાલને બદલે સફેદ કપડું માંગ્યું. આપે વ્યાજબી ભાવ લઇને તે આપ્યું. પરંતુ મારી મા મને મારે છે અને કહે છે કે જા બદલી આવ નહીંતર ઘરમાં પણ પેસવા નહીં દઉં, તેથી મહેરબાની કરીને આ કપડું બદલી આપો.

એમાં મારી ભુલ નથી, જે તેં માંગ્યું તે મેં આપ્યું. હવે આ બદલી અપાય નહી, વેપારીએ કહ્યું.

છોકરી કરગરવા લાગી કલ્પાંત કરતી, કહેવા લાગી જો તમે કપડું બદલી નહિ આપો તો હું ટાઢે ડુંઠવાઇ જઇશ, ભુખી મરીશ તો પણ મારી મા મને ઘરમાં પેસવા નહી દે. ઉપરથી ઠોર માર મારશે.

વેપારી બોલ્યો, મારી ભૂલ નથી. જો હું કાપેલ ટુકડા પાછા લઉં તો મારે બદલો પડે અને વેપાર શી રીતે ચાલે ?

ઘણી આજીજી કરી પણ વેપારી એકનો બે ના થયો. છોકરી લથડતે પગે દુકાન છોડી ચાલી નીકળી.

વેપારીનો વારસદાર પણ તે વખતે ગાદીએ બેઠો હતો તે બોલી ઊઠયો. બાપાજી, આ કયા પ્રકારની નીતિ ? નીતિને વળગી રહેવું તે ઉત્તમ છે પરંતુ દિલમાં જરાપણ દયા ન હોય તો શું કામનું ? કોઇ કલ્પાંત કરે કે કોઇ મરે છતાં આ રીતિની નીતિને વળગી રહેવું એનો શો અર્થ ? છોકરીને ટુકડો બદલી આપવાથી નીતિ ચાલી જતી નથી અને દયા જળવાય છે.

બાપાજી, આ નીતિ કહેવાય કે કુરતા કહેવાય ?

આ સાંભળી બાપાજી મૂછમાં હસવા લાગ્યા, વાહ વાહ, મારો દિકરો મારા કરતા સવાયો છે.

હું નીતિવાન ને દિકરો ધ્યાનવાન.

તરત જ છોકરીને પાછી બોલાવી કપડું બદલી આપ્યું. વેપારીએ પોતાની ઇજ્જતનો ડંકો નીતિ અને દયાથી વધાવી દીધો.

અતુલ ડી. શાહ-પાલનપુર

નહી....નહી...નહી...!!!

આકાશ વિના ચાંદની નહી
પગ વિના પગલા નહી
દિપ વિના પ્રકાશ નહી
દયા વિના કરુણા નહી
પ્રેમ વિના વાત્સલ્ય નહી
લોભ વિના તૃષ્ણા નહી
સત્ય વિના ખુમારી નહી
બાલવાટિકા વિના જૈન શાસન નહી.

—મીતેન પી. શાહ

– ક ની કરામત –

(૧) પૂજામાં વપરાતી એક વસ્તુ ?
(૨) આરતી-દીવામાં વપરાતી એક વસ્તુ ?
(૩) શત્રુંજયનું એક નામ ?
(૪) ભાવનગર જીલ્લામાં આવેલું એક તીર્થ ?
(૫) આવશ્યક સૂત્રમાં બોલાતું એક સૂત્ર ?
(૬) મહાભારતનું એક વિશિષ્ટ પાત્ર ?

–હર્ષીત એન. શાહ

– હાસ્યલોજ –

બોલાઉ... બોલાઉ.... બોલાઉ..!
(રાતના ત્રણ વાગ્યાનો સમય)

ડોકટર : (રીસીવર કાને મુકતાં) કોણ ?

દર્દી : સાહેબ, ઊંઘ નથી આવતી ?

ડોકટર : એમ ! રીસીવર કાને (ભેળવી રાખો) બડાડી રાખો હું ભેસાસૂર રાજમાં હાલરડું ગાઉં છું તમને મીઠી નીંદર આવીજશે.

✻

છોકરો : એય પોસ્ટમેન આ કવર વજનદાર તો નથી ને ?

ટપાલી : હા વજનદાર છે. એક ટીકીટ લગાડવી પડશે.

છોકરો : શું મને તમે નાદાન સમજો છો એક ટીકિટ વધુ લગાડવાથી વજન વધી જાય માટે હું તો એક ટીકિટ ઉખાડી લઈશ.

–વિપુલ બી. શાહ-કુંભાર દુકડા

બાલગજલ

જયસી કરણી વયસી ભરણી,
આજ કીયા કલ પાવેગા;
ધોકા દેગા ગયરો કો તો,
આપ હી ધોકા ખાવેગા.

✿

ફૂલ એક ગુલાબનું
કરમાઈ ચાલ્યું બાગથી
અર્પી ગયું ફોરમ જગતને,
ત્યાગનો અનુરાગથી
મોરલો ઉડી ગયો,
પણ મધુર કેકારવ રહ્યો
ગીત પુરૂ થઇ ગયું પણ,
મધુર ગુંજારવ રહ્યો.

ઇશિતા

વિવિધ વાંચનમાંથી

—પૂ.સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજીમ.

અરિહંત શાસન મેળવનારા એનાં પુણ્ય કરતાં પણ શાસનને મેળવીને શાસનને વફાદાર રહેનારાનું પુણ્ય ઘણું જ ઉંચ કોટીનું હોય છે.

અરિહંતનું શાસન પુણ્યાનુબંધી પુણ્યવાળાને જ મળે એમ નથી. એ પાપાનુબંધી વાળાને પણ મળે પરંતુ એને ફળે નહિં, એ ચોકકસ છે. જેમ કંજુસને લક્ષ્મી મળે પણ એ ભોગવી ન શકે એમ અહીં પણ સમજવાનું.

—o—

અરિહંતની આજ્ઞાની આરાધના નિકાચિત કર્મોને કદાચ નષ્ટ ન કરી શકે, પણ એ નિકાચિંત કર્મોનાં અનુબંધને તો નષ્ટ કરે જ. એ અનુબંધો જ મહા ખતરનાક હોય છે. નિકાચિત કર્મોની તાકાત તો કેવળ સુખ.—દુઃખ આપવા સુધી છે. પણ એ સુખ—દુઃખના ભોગવનારાઓમાં આસક્તિ અને અનાદર તો અનુબંધના ઘરના છે. જ્યાં સુધી સુખ પ્રત્યે આસક્તિ અને દુઃખ પ્રત્યેનો અનાદર ભાવ નષ્ટ નહિં થાય ત્યાં સુધી અનુબંધો તુટે નહિં. પણ જ્યાં એ બન્ને ભાવો નષ્ટ થયા કે પછી એ નિકાચિત કર્મો આત્માનું અંશમાત્ર અહિત ન કરી શકે.

એથી જ અરિહંતની આજ્ઞાની આરાધના ક્ષણવાર પણ છોડવી નહિં.

—o—

અરિહંત પરમાત્માની આજ્ઞાની આરાધના ચરમાવર્ત કાળમાં જ ભૌતિક સુખ સામગ્રીઓની ભૂખને દૂર કરાવનારી બને છે. એ પહેલાં નહિ જ.

—o—

અરિહંત પરમાત્માના સ્મરણથી—મનનથી—ચિંતનથી—ધ્યાનથી સર્વ પ્રકારના રોગ—શોગ—વિયોગ તથા સંસારના સર્વ પાપો—તાપો—સંતાપો નાશ થઈ જાય છે.

—o—

નૈતિકતાના પાયા વગરની અધ્યાત્મકની ઈમારત હવાઈ મહેલ જેવી કાલ્પનિક બની શકે છે.

(અનુ પેજ ૬૦૬ નું ચાલુ)

અંતે સૌને એકજ સૌજન્યભરી શીખામણ કે આવી ઠરાવવાળી પત્રિકાઓથી પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા પ્રત્યે દુર્ભાવ લાવ્યા વગર એમણે ચીંધેલા શાસ્ત્રીય માર્ગે ચાલીને વહેલી તકે સિધ્ધિપદને પામો ! —આ. વિજયવિચક્ષણ સૂ.

તા.ક. : સાંગલી સંઘના ટ્રસ્ટીઓને બીજા ઠરાવની પત્રિકાની બાબતમાં વિસ્તૃત એક પત્ર રજી. થી લખવા છતાં દોઢ મહીનાથી તેમનાં તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતા તેમજ એ પત્રિકાથી ગેરસમજ થવા દ્વારા મહારાષ્ટ્રના સંઘોમાં પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. તથા તેમની પ્રત્યે શ્રદ્ધા ધરાવનારા સંઘો પ્રત્યે દુર્ભાવ ન થાય અને થયો હોય તો તેને દૂર કરવા માટે આ પત્રિકા બહાર પાડવામાં આવી છે.

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃધ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું. ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નકકી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૯૭૧

વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી મ. સા. ના ધન્યજીવનની આછેરી ઝલક તથા તપસ્યાના તેજ કિરણો

ધર્મના ધબકારથી ધબકતી સોરઠ ભૂમિના શણગાર સમા સાવરકુંડલા નગરના શ્રી જગજીવનદાસ જેઠાલાલ કુંટુંબના શ્રી સૌભાગ્યચંદ ભાઇના ધર્મપત્નિ શ્રીમતી પ્રભાબહેનની કુક્ષિએ જન્મેલા ઇન્દુબેન રત્નત્રયીની રંગોળીથી જીવનાંગણને શોભાવવા કયારનાય કટિબદ્ધ થયા હતા. કુળના ઉત્તમ સંસ્કારોએ તેમના હૃદય તટમાં વૈરાગ્ય બીજનું વપન કર્યું હતું. તેમાં પૂ. વિદુષી સાધ્વીવર્યા શ્રી ત્રિલોચનાશ્રીજી મ. નું ચાતુર્માસ થતાં પરિચયના પાણીથી તે વૈરાગ્યબીજ અંકુરિત બનવા લાગ્યું.

કાળક્રમે પિતાશ્રી સૌભાગ્યચંદભાઇનું અવસાન થતાં ઇન્દુબહેન વૈરાગ્ય માર્ગે પ્રયાણ કરવા સમુત્સુક બન્યા. નવકારસી-ચૌવિહાર-જિનપૂજા-સુપાત્રદાન-આવશ્યકક્રિયા વગેરે અનેક ધર્માચરણો કુળસંસ્કારથી જ્યાં સ્વભાવિક હતાં તેવા પણ કુટુંબીજનો મોહાધીન બની વૈરાગ્ય માર્ગમાં દિવાલ ખડી કરી દેતા હતા. ત્યારે વિ. સં. ૨૦૨૨ની સાલમાં કુટુંબની સંમતિ લીધા વિના પણ ઇન્દુબેન ગુરુમાતા શ્રી ત્રિલોચનાશ્રીજી મ.ના સાનિધ્યમાં રાધનપુર ચાતુર્માસાર્થે ચાલ્યા ગયા. અને સળંગ ૧૦૮ આયંબિલ કર્યા. પરિણામે કુટુંબીજનો તેમને સંયમ અપાવવા સુસજ્જ બન્યા.

વિ. સં. ૨૦૨૩માં સાવરકુંડલામાં જ પૂજ્યપાદ આગમપ્રજ્ઞ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયજંબુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સંયમ સ્વીકારી ઇન્દુબેન સાધ્વીજી શ્રી લબ્ધગુણાશ્રીજી ના નામે શ્રી ત્રિલોચનાશ્રીજી મ. ના સુશિષ્યા બન્યા. સંયમ સ્વીકારીને સ્વાધ્યાય તપ-ત્યાગ-આદિ અનુષ્ઠાનોમાં પ્રગતિ સાધતાં સાધતાં તેઓએ માસક્ષમણ, ૧૬, ૧૫, ૧૧, ૯-૨, ૮-૩, ૭, ૫, ઉપવાસ નવકારમંત્રના પ્રથમ પાંચ પદના સળંગ ૩૫ ઉપવાસ, શ્રેણિતપ, સિદ્ધિતપ, સમવસરણતપ, ચત્તારિ અટ્ઠ તપ, ઉપવાસથી ૨ વરસીતપ, છઠ્ઠથી ૧ વરસીતપ, ચાર વાર નવ્વાણુયાત્રા, સિદ્ધાચલજીના છઠ્ઠ-અટ્ઠમ, જ્ઞાનપંચમી, એકાદશી, વીસસ્થાનક તપ, નવપદજી ઓળી, મેરૂત્રયોદશી તપ, ઇત્યાદિ અનેક તપો અપ્રમતતા પુર્વક આરાધવા સાર્થક તેઓએ વર્ધમાનતપની આરાધના ચાલુ રાખી.

વિ. સં. ૨૦૧૬ માં તારક ગુરુમાતાની નિશ્રામાં જ વર્ધમાન તપનો પાયો પૂરનાર

સાધુની મર્યાદા શું ?

—પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂ. મ.

(૨૦૩૦માં)

નાટક–ચેટક કરી ધર્મ માટે પૈસા ભેગા કરવા તે ધર્મનો નાશ કરવાનું કામ છે.

પ્ર૦– આચાર્યાદિ પણ નાટકાદિમાં આશીર્વાદ આપે છે.

ઉ૦– આ કાળમાં બધે બગાડ ઊભો થયો છે તે બગાડને ધ્યાનમાં નહિ લેતા. આપણે બગાડ ઊભો નથી કરવો. શક્તિ હોય તેટલું સારૂં કરવું છે, આજ્ઞા મુજબ જીવવું છે.

શાસ્ત્રે કહ્યું છે કે, આ કાળમાં સાધુ અને શ્રાવક પણ બગડવાના છે. પુણ્યપાળ નરેશના આઠ સ્વપ્નની વાત તાજી કરવાના છે એવા આચાર્યો, સાધુઓ, શ્રાવકો અને શેઠિયાઓથી બચો, અધર્મથી બચો, ધર્મ કરવો છે. અધર્મમાં સાથ તો આપવો નથી પણ રોકવા પ્રયત્ન કરવો છે. ન માને તો તેમનું ભાગ્ય.


તેઓશ્રીએ ગુરુમાતાની નિશ્રામાં જ આજે વર્ધમાન તપ પૂર્ણતાના શિખરે આરૂઢ થઇ રહ્યા છે. ત્યારે તેઓશ્રીના રત્નત્રયીથી રમ્ય અને તપથી તેજસ્વી એવા જીવનની ભૂરિભૂરિ અનુમોદના કરવા સાથે અનેરૂં ગૌરવ અનુભવીએ છીએ.

મોટી બહેન ઇન્દુબહેને સંયમનો સ્વીકાર કરતાં તેઓના પગલે પગલે લઘુભગિનીઓ રંજનબહેન અને વિલાસ બહેન પણ વિ. સં. ૨૦૨૮ વૈ. સુ. ૫ ના શુભ દિને દાદરાનગરે પૂજ્યપાદ શાસન શિરતાજ પરમ ગુરુદેવશ્રીના વરદ હસ્તે સંયમી બન્યા. અને સા. શ્રી તત્ત્વદર્શનાશ્રીજી મ. તથા સા. વિશુદ્ધદર્શનાશ્રીજી મ. ના [redacted] આજે અનુમોદનીય આરાધના કરી રહ્યા છે.

ધન્ય તપ ! ધન્ય તપસ્વી !

પૂ. સા. તત્ત્વદર્શનાશ્રીજીને ૯૨ મી તથા પૂ. સા. વિશુદ્ધદર્શનાશ્રીજીને ૮૨ મી ઓળી તથા ૨૨૯ છઠ્ઠ તપની પૂર્ણાહુતિ થયેલ છે. ધન્ય તપ ! ધન્ય તપસ્વી ! આ પ્રસંગે પૂ. મ ગેાદયાશ્રીજી મ. સા. ને ૧૦૦+૧૭ પૂ. સા. ભવ્યપ્રજ્ઞાશ્રીજીને ૩૯ મી, પૂ સા. જ્ઞાનરત્નાશ્રીજીને ૬૬ મી પૂ. સા. મુક્તિવર્ધનાશ્રીજીને ૫૫ મી પૂ. સા. દર્શનરત્નાશ્રીજીને ૫૬ મી પૂ. સા. હિતરસાશ્રીજીને ૩૧ ઓળીની પૂર્ણાહુતિ થયેલ છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- રોજ તમે વીતરાગનાં દર્શન કરતાં વિચારો કે- 'હે ભગવાન દુનિયાનું નારાવંતુ સુખ, અનેક દુઃખોને આપનારૂં સુખ; દુઃખથી ભાગાભાગ કરનાર એવા મને નરકમાં નાંખી આવનારૂં સુખ- સારૂં લાગે છે તે ભૂંડું લાગે અને અનેક પાપોને કરનાર એવો હું થોડાંક દુઃખથી ગભરાઇ જાઉં છું. આ મારી નિર્બળતા ભાગી જાય માટે જ તારા દર્શને આવું છું? આવી માંગણી રોજ તમે જો હૈયાપૂર્વક કરો તોય ભગવાનનું દર્શન દર્શનરૂપે ફળે!
- સુખમાં રતિ ન થાય, દુઃખમાં અરતિ ન થાય તેવા જીવ આ સંસારનો મહેમાન છે. મોક્ષ તેની રાહ જોવે છે.
- સાંવત્સરિક-પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા ધર્મ પામવાનો પુરૂષાર્થ છે. જો ધર્મ પામવાની ઇચ્છા ન હોય તો તે ધર્મક્રિયા ધર્મ પુરૂષાર્થ નથી પણ પાપ પુરૂષાર્થ છે!
- સંસાર ભૂંડો જ છે. ભૂંડા એવા આ સંસારને જે ભૂંડો ન કહે તે ત્યાગી હોય તોય ભૂંડા છે.
- સંસારના સુખનો અત્યંત રાગી જીવ કદાચ સદ્‌ગતિમાં જાય તો તે ભયંકર દુર્ગતિ ખરીદવા માટે.
- આ શરીર આત્માને વળગેલું ભૂત છે. આવું જે ન માને તે બધા જ રખડતા ભૂત જેવા થઇ જાય!
- પુણ્યથી ધન-યૌવનાદિ મળે તેમ સાંભળવા છતાં ધર્માત્મા તે માટે ધર્મ કરવા તૈયાર થાય નહિ. ધર્મથી તેવું તેને મળ્યું હોય તો તે ધર્માત્મા પુણ્યના ફળ તરીકે તેવી ચીજોના વર્ણન કરે નહિ.
- આ દુનિયાનું ભૌતિક - પૌદ્‌ગલિક - કર્મજનિત સુખ ન ગમે, તે સુખ પણ દુઃખરૂપ લાગે તે જ ખરેખર જૈનત્વ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

4232

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૨૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

કુગુરુનો ત્યાગ એ જ હિતકર છે.

ભટ્ઠાયારો સૂરિ,
ભટ્ઠાયારાણુવિલ્ખણો સૂરિ ।
ઉમ્મગ્ગટ્ઠિઓ સૂરિ,
તિન્નિ વિ મગ્ગા પણાસંતિ ॥

ભ્રષ્ટ આચારવાળો સૂરિ, ભ્રષ્ટ આચારવાળાને નહિ અટકાવનાર સૂરિ અને ઉન્માર્ગની પ્રરૂપણા કરનાર સૂરિ આ ત્રણે ભગવાનના માર્ગ-શાસન-નો નાશ કરનારા છે.

卐

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

— જ્ઞાન ગુણ ગંગા —

— પ્રજ્ઞાંગ

૦ અણુપન્ની–પણુપન્ની વ્યંતરોના સ્થાન અંગે–શ્રી પ્રજ્ઞાપના સૂત્રમ કહ્યું છે કે– રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જાડાં રત્નકાંડમાં, સો યોજન ઉપર અને સો યોજન નીચે એમ બસો યોજન બાદ કરી, મધ્યના આઠસો યોજનમાં વાણમંતર દેવોના અસંખ્યાત લક્ષ વાસનગરો છે, ત્યાં જ વાણમંતર દેવો રહે છે, જેવાં કે પિશાચ, ભૂત, યક્ષ વગેરે આઠ અને અણુપન્ની–પણુપન્ની વગેરે મળી આઠ કુલ સોળ,

'કહિણું ભંતે વાણમંતરાણં દેવાણં ભોમેજ્જા નગરા પન્નત્તા ? કહિણં ભંતે વાણમંતરા દેવા પરિવસન્તિ ? ગોયમા સે રયણપ્પભાએ પુઢવીએ રયણામ યસ્સ કંડસ્સ જોયણસહસ્સ ઉવરિ એગં જોઅણસયં ઓગાહેત્ત હેઠવિ એગં જોઅણસયં વજ્જેતા મજ્જે અટ્ઠસુ જોઅણસહસુ એત્થણં વાણમંતરાણં તિરિયમ સંખેજ્જા ભોમેજ્જા નગરાવાસયસહસ્સા ભવંન્તિ ઇતિ મક્ખાયા તેણં ઇત્યિાદિ । વત્થણં બહતે વાણમંતરા દેવા પરિવસન્તિ તં જહાં પિસાયા ભૂયા જક્ખા યાવત અણુપન્નીય પણુપન્નીય ઇત્યાદિ ।।

જ્યારે શ્રી સંગ્રહણીમાં એમ કહ્યું છે કે– રત્નપ્રભા પૃથ્વીના પહેલા એકસો યોજનમાં અવરૂ આઠ જાતિના વ્યંતરો રહે છે. એઓના વળી, રૂચકથી દક્ષિણ દિશામાં આઠ અને ઉત્તરમાં આઠ મળીને સોળ ઇન્દ્રો છે.

'ઇય પઢમજોઅણસએ રયણાએ અટ્ઠવંતરા અવરે ।
તેસિં ઇહ સોલસિંદા સાઅગહેા દાહિણુત્તરઓ ।।

જ્યારે શ્રી યોગશાસ્ત્રના ચોથા પ્રકાશની ટીકામાં તો આ પ્રમાણે કહ્યું છે કે રત્નપ્રભા પૃથ્વીમાં જ, પહેલા સો યોજનમાના ઉપર દશ અને નીચેના દશ એમ વીશ યોજન મૂકીને બાકીના એંશી યોજનમાં 'અણુપન્ની' આદિ દેવો વસે છે.

'રત્નપ્રભાયામેવ પ્રથમસ્ય શતસ્ય અધઉપરિ ચ દશદશ યોજનાનિ મુક્ત્વા મધ્યે અશીતિ યોજનેષુ અણુપન્નિયપ્રભુતય ઇતિ ।।

૦ ચમરેન્દ્રના સામર્થ્ય અંગે —

આ ચમરેન્દ્રમાં એટલું બધું સામર્થ્ય છે કે, જો એ ધારે તો એટલા બધા દેવ

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

કલાપૂર્ણસૂરિજ્ઞાનમંદિર પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુબજ્ઞ શાસના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પ્રભુ

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

• તંત્રીઓ •
પ્રેમચંદ મેઘાજી ગુઢકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (ચકવાલા)
પ્રાણલાલ પદમશી ગુઢકા (ઘાટકોપર)

વર્ષ : ૮] ૨૦૫૨ ફાગણ સુદ-૨ મંગળવાર તા. ૨૦-૨-૯૬ [અંક ૨૫

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદ-૧૨ ને બુધવાર, તા. ૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય

સુંબઈ -૬. (પ્રવચન ૮ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

જે જીવ ખોટી રીતે ધર્મ કરતો કરતો મરે તે સદ્ગતિમાં જાય અને અધર્મ કરતો કરતો મરે તે દુર્ગતિમાં જાય. સુખ પણ ધર્મીને જ મળે, અધર્મીને નહિ. સંસારનું સુખ ન મંગાય એમ સમજવા છતાં માગીને મેળવે તે દુર્ગતિમાં જ જાય આ વાતની ખબર છે. ? તમારો સંસારનો ખર્ચો બધાના મોંએ બોલો છો પણ ધર્મનો ખર્ચો કેટલો છે ને બોલો છો ? તે બોલવામાં શું પાપ લાગે છે ?

માર્ગાનુસારી જીવ પાસે જેટલી મૂડી હોય તે મૂડીનો અડધો કે ત્રીજો ભાગ ધર્મ ખાતે રાખે. બાકીની મૂડીના ત્રણ ભાગ કરે તેમાંથી એક જમીનમાં દાટે, એક આજીવિકા માટે રાખે અને એક વેપાર માટે રાખે. ગમે તેવી આસમાની સુલતાની થાય તો ય તેને વાંધો ન આવે. તેને કદી અનીતિ કરવી ન પડે. અનીતિ કરીને શ્રીમંત થવા કરતાં મરી જવું સારૂં તેમ તે માને. અનીતિથી પૈસો કમાઈને ખાવું-પીવું, મોજ મઝા કરવી તે મરવા કરતાં ય ભૂંડું છે તેમ તે માને.

'મારે મોક્ષે જ જવું છે. મોક્ષ ન જવાય ત્યાં સુધી સદ્ગતિમાં જવું છે તે ધર્મ

સારી રીતે કરી શકાય માટે' આવી માન્યતાવાળો જે જીવ હોય તેને ધર્મ વિના ચાલે નહિ અધર્મ તેનાથી થાય નહિ અને અધર્મ કરવો પડે તો તેના દુઃખનો પાર ન હોય, તે ધર્મ પ્રેમથી કરતો હોય, જ્યારે આજે મોટો ભાગ ધંધો સારામાં સારી રીતે કરે છે અને ધર્મ કરવો પડે માટે કરે છે અને ધર્મમાં કાંઇ ખરચવું ન પડે તેની કાળજી રાખે છે. આજે સાધારણનો તોટો શાથી છે ? શ્રીમંતો ધર્મની બાબતમાં કૃપણ પાકવા માટે.

આજના શ્રીમંતો ઘર-પેઢી મોજ મઝાના ખર્ચામાં પહેલા નંબરના ઉદાર છે અને ધર્મનાં કામમાં મોટામાં મોટા મોટા ભાગે પહેલા નંબરના કૃપણ છે.

૬૨૬ માણસ બાર મહિને હજાર રૂા. આતો હોય તો તે પચ્ચીસ રૂા. સાધારણમાં આપે. દર હજારે પચ્ચીશી વધારતો જાય તો કદી સાધારણનો તોટો પડે જ નહિ. ઉપરથી આજુ-બાજુના ગામવાળા ય સંભારે જાય.

પ્ર૦ કોઇના ધર્મનું માપ પૈસાથી કાઢવાનું કે દાન શીલ-તપ અને ભાવથી ?

ઉ૦ ગૃહસ્થનું પહેલું લિંગ ઔદાર્ય છે. જેનામાં સાચી ઉદારતા નહિ તેનામાં ધર્મ આવે જ નહિ. શરીર પર પ્રેમ ન હોય તેને ય પૈસા ઉપર પ્રેમ હોય. શરીરને કષ્ટ આપે પણ પૈસાનો ત્યાગ ન કરે તે માણસનો ધર્મ, ધર્મ જ નથી. સુખી માણસ દીક્ષા લેવા આવે તો તેને કહેવાનું કે, અમુક અમુક સ્થાને મંદિર, ઉપાશ્રય, ધર્મસ્થાનાદિની જરૂર છે અને તે મોટું ભગાડે તો કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત પૂ શ્રી હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજાએ લખ્યું કે- 'સવરાકઃ કિં ચરિષ્યતિ' -'તે ગરીબડો શું ચારિત્ર પાળવાનો છે ?' ગૃહસ્થ ને પૈસાથી સાધ્ય ધર્મ પહેલો કરવાનો છે.

માટે જ આચાર્ય ભગવંત સમજાવી રહ્યા છે કે, સાચું સુખ મોક્ષમાં જ છે. સંસારનું સુખ તો મારી નાંખનારું છે. સંસારના સુખને તો જ્ઞાનિઓએ વાસ્તવિક સુખ માન્યું જ નથી. તમે તે સાંસારિક સુખને જ મહત્ત્વ આપી રહ્યા છો. તેથી તમને મોક્ષ યાદ જ નથી આવતો. એટલે ઘણાને ભય ધર્મનો લાગે છે મોહનો નહિ. મોહ ઉપર ખૂબ પ્રેમ છે. તમને શેના ઉપર પ્રેમ છે ? ધર્મ ઉપર પ્રેમ છે કે અધર્મ ઉપર પ્રેમ છે ? પૈસો પાપ છે કે ધર્મ છે ? પૈસા વિના ન જ ચાલે તેમ માનનારાનો ધર્મ વ્યવહાર બગડેલો જ હોય. આજના લોકોનો વ્યવહાર એટલે પાપ વ્યવહાર ! તેઓને ઘેર તેઓનો સંબંધી ગરીબ હોય તે ઘરે આવે તો ગમે નહિ તો સાધર્મિક તો ગમે જ

શેનો ? ખરેખર આજના ઘણાની જાત જ જુદી લાગે છે !

મોક્ષ વિના કશે સાચું સુખ જ નથી. જે સુખ દુઃખરૂપ, દુઃખકલંક, દુઃખાનુબંધી હોય તે સુખને સાચું સુખ મનાય ખરું ? આજે ઘણાની પાસે પૈસો એટલો બરાબ છે કે તેઓ કેટલો પૈસો મારી પાસે છે તે કદી બોલી શકતા નથી આગળ તો કોટિપતિ જેટલા કોડ પોતાની પાસે હોય તેટલી વખત પોતાના મકાન ઉપર ચઢાવતા આજે ઘણાને સરકારનો ભય શાથી થયો છે ? આજના મોટાભાગના લોકો જો ખરેખર માણસ હોત, ધર્માત્મા હોત તો આજની સરકાર એક ક્ષણ પણ ટકી શકેત નહિ, ઘણાના પાપે જ આવી સરકાર મલી છે. ઘણાને ત્યાં તપાસ કરવા આવનાર સરકારના માણસોને તેઓ પાપી બનાવ્યા વિના રહેતા નથી. તેને ઘેર તપાસ કરવા આવનાર માણસોને પણ તેણે ચોર બનાવ્યા છે ને ? બરાબ બનાવ્યા છે ને ? સરકારના નોકરોને જેટલું 'દાન !' કરો છે. તેટલું ધર્મમાં કરો છો ?

સભા૦ ત્યાં પ્રત્યક્ષ લાભ દેખાય છે.

ઉ૦ ધર્મમાં કશું દેખાતું નથી ને? આજના ઘણા જે રીતે જીવે છે તેથી તેઓને ભવાંતર સારો મળશે ? આજે મોટોભાગ જે રીતે જીવે છે તેથી તે દુર્ગતિમાં જનારો લાગે છે !

પ્ર૦ અમારી પૂજા-સામાયિક કામ નહિ લાગે ?

ઉ૦ તમારા પૂજા-સામાયિક પણ કામ લાગે તેવું લાગતું નથી !

આજનો મોટો ભાગ તત્ત્વજ્ઞાનનો બપો નથી. બધા જો અહીં ખરેખર સમજવા આવેલા હોત તો નવતત્ત્વના જાણુ થઈ ગયા હોત ! આજે તો તમે ય નવતત્ત્વ જાણતા નથી, તમારા પરિવારમાં ય કોઇ નવતત્ત્વ જાણતું નથી અને તેનું તમને દુઃખ પણ નથી. બધા જો નવતત્ત્વનો અભ્યાસ કરવા માંડો તો તેઓનો સંસાર પણ સુધરી જાય. તમે જ કહો કે, મારે મોક્ષે જવું છે; મોક્ષમાં ન જવાય ત્યાં સુધી દુર્ગતિમાં જવું નથી અને સદ્ગતિમાં જવું છે. તેની કાળજી રાખીને જીવો છો. (ક્રમશઃ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૪]

૪—અથ પવ્વજ્જાપરિપાલણા સુત્તં ॥

સાધુધર્મની ભાવના કર્યા પછી વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઇએ એમ ત્રીજા સૂત્રમાં કહી આવ્યા. પ્રવ્રજ્યાને ગ્રહણ કર્યા પછી શું કરવું જોઇએ તે માટે પ્રવ-જ્યાની ચર્યાને કહેવા માટે આ ચોથા 'પ્રવજ્યા પરિપાલના' નામના સૂત્રનો ઉપન્યાસ છે.

સ એવમભિપવ્વઇએ સમાણે સુવિહિઆવએ કિરિયાકલેણ જુજ્જઇ । વિસુદ્ધચરણે મહાસત્તો ન વિવજ્જયમેઇ । એઅ અભાવેઽભિપ્પે અસિદ્ધિ ઉવા-યપવિત્તીઓ । નાવિવજ્જત્થો ડણુવાએ પયટ્ટઇ । ઉવાઓ અ ઉવેઅસાહગો નિઅમેણ । તસ્સંતત્તચ્ચાઓ અણહા અદ્ધપ્પસંગાઓ નિચ્છયમયમેઅં ॥

આ રીતે વિધિપૂર્વક પ્રવ્રજ્યાને ગ્રહણ કરનાર મુમુક્ષુ વિધિના આદરવાળો અને અવિધિના ડરવાળો હોવાથી સમ્યક્ ફળને મનારો બને છે. અર્થાત્ આ ચારિત્રની ક્રિયા એ સમ્યક્ ક્રિયા હોવાથી અને વિધિનું બહુમાન હોવાથી ભગવાનની આજ્ઞા મુજબ તેનું પાલન કરવાથી તેને તેનું સાચું ફળ મોક્ષ મળે છે. વળી તે મુમુક્ષુ ઉપયોગપૂર્વક સમ્યક્ પ્રકારે ક્રિયાઓને કરનારો હોવાથી ચારિત્રની વિશુદ્ધિને કરતો તેમજ ગમે તેવા ઉપસર્ગ પરિષહોમાં જરા પણ પાછી પાની નહિ કરનારો હોવાથી મહાસત્ત્વશાળી એવો તે મિથ્યાજ્ઞાન રૂપ વિપર્યયને પામતો નથી. અને તે વિપર્યયને નહિ પામવાથી સ્વા-ભાવિક રીતે ઉપાયમાં પ્રવૃત્તિ કરનાર હોવાથી સામાન્યથી તેનું વાંછિત સિદ્ધ થાય છે. કારણ કે જે આત્મા વિપર્યયને પામતો નથી તે ઉપાયને છોડીને કયારે પણ અનુપાયમાં પ્રવૃત્તિ કરતો જ નથી. અને જે ઉપાય-કારણ છે તે અવશ્ય ઉપેયકાર્યને સાધનાર હોય જ છે. અન્યથા જો ઉપાય ઉપેયને સિદ્ધ ન કરે તો તેમાં ઉપાયપણું જ ન રહે અને જો તેમ બને તો અતિપ્રસંગ આવે.

કોઇપણ કાર્ય કારણને લઇને જ નીપજે છે. જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય. માટીમાંથી ઘટ બને અને તંતુમાંથી પટ બને. પરંતુ માટીમાંથી પટ ન બને

અને તંતુમાંથી ઘટ ન બને તેથી જો કારણનો સ્વભાવ પોતાના કાર્યને ઉત્પન્ન કરવાનો ન હોય તો તેમાં કારણપણું પણ રહે નહિ. જેમ કારણ કાર્યને ઉત્પન્ન ન કરે તો અકારણ પણ કાર્યને ઉત્પન્ન ન કરે. તેથી કારણ કે અકારણ બંને સરખા થઇ જાય તેથી અકારણને પણ કારણ કહેવામાં વાંધો આવે નહિ. લક્ષ્યભિન્ન અલક્ષ્યમાં પણ લક્ષણ જાય તો તેને અતિવ્યાપ્તિ-અતિ પ્રસંગ નામનો દોષ કહેવાય છે. તે દોષ અહીં લાગે.

પ્રસ્તુતમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ કારણો-ઉપાયો, મોક્ષરૂપ કાર્ય-ઉપેયને સિદ્ધ કરનારા છે. તે ઉપાય જો મોક્ષરૂપ ઉપેયને ન સાધે તો મિથ્યાજ્ઞાનાદિ અનુપાયો પણ મોક્ષને સાધનારા નથી. તેથી ઉપાય અને અનુપાય ઉપેયની સિદ્ધિ નહિ કરનારા હોવાથી સમાન બને છે અને તેથી અતિપ્રસંગ નામનો દોષ આવે છે. જો આવું સ્વીકારવામાં આવે તો વ્યવહારનો ઉચ્છેદ થઇ જશે એવી શંકા નહિ કરવી જોઇએ, કેમકે સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય એવો આ નિશ્ચયનયનો મત છે. વ્યવહારનય જ્યારથી કાર્યની સિદ્ધિ માટેના કારણની શરૂઆત થાય ત્યારથી કાર્યની સિદ્ધિનો સ્વીકાર કરે છે. તેથી વ્યવહારનયે અજ્ઞાની જ્ઞાની થાય છે, મિથ્યાદૃષ્ટિ સમકિતી થાય છે તેનો સ્વીકાર કરે છે. જ્યારે નિશ્ચયનયના મતે જ્ઞાની જ જ્ઞાન પામે છે, સમકિતી જ સમકિત પામે છે. માટે બહુ જ સૂક્ષ્મ-મર્મગ્રાહી-બુદ્ધિથી વસ્તુતત્ત્વને સમજવા પ્રયત્ન કરવો જોઇએ.

સે સમલિટ્ઠકંચણે, સમસ-તુમિત્તો, નિઅત્તગ્ગહદુક્ખે, પસમસુહસમેએ, સમ્મં નિગ્ગમાઇઅઇ । ગુરુકુલવાસી, ગુરુપડિબદ્ધે, વિણીએ, ભૂઅત્થદરિસી, 'ન ધ્ધે હિઅં તત્ત'ંતિ' મન્નેઇ, સુસ્સૂસાઇગુણ જુત્તે, તત્તાભિનિવેસાવિ-હિપરે । પરમમંતોત્તિ અહિજ્જઇ સુત્તં, બદ્ધલક્ખે અસંસાવિપમુક્ખે, આયયટ્ઠી । સ તમવેઇ સવ્વહા । તઓ સમ્મં નિઉંજઇ । એઅંધીરાણ સાસણં મણુહા અહિએગો । અવિહિગહિઅમંત નાએણ, અણારાહણાએ ન કિંચિ, તદણારંભાઓ ધુવં । ઇત્થ મગ્ગદેસણાએ દુક્ખં અવધીરણા અપ્પ-ડિવતી । નેવમહીઅમહીઅં અવગમેવિરહેણ, ન એસા મગ્ગગામિણો, વિરા-હણા આણુત્થસુહા અત્થહેઉ તસ્સંસારંભાઓ ધુવં । ઇત્થમગ્ગદેસણાએ અણુ-ભિનિવેસે । પડિવત્તિમિત્તં કિરિઆરંભો । એવંપિ અહીઅં 'અહીઅં' અવગમલેસ જોગઓ । અયં સબીઓ નિઅમેણ । મગ્ગગામિણો ખુ એસા । અચાયબહુલસ્સ નિરવાએ જહોદિએ સુતુત્તકારી હવઇ, પવયણમાઇસંગએ પંચસમિએ સિગુત્તે, અણુત્થ પરે । એઅચ્ચાએ અવિઅત્તસ્સ સિસુજણણી-ચાયનાએણ । વિઅત્તે ઇત્થ કેવલી, એઅફલભૂએ, સમ્મમેઅં વિઆણઇ, દુવિહાએ પરિણ્ણાએ ॥

જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા તે મુમુક્ષુને મન પત્થર અને સુવર્ણ, તથા શત્રુ અને મિત્ર સમાન જ છે. અર્થાત તે સર્વત્ર સમદૃષ્ટિવાળો હોવાથી ઇષ્ટ સંયોગો ઉપર રાગ નથી કરતો અને અનિષ્ટ સંયોગોમાં દ્વેષ નથી કરતો. અને સમ્યક્ તત્ત્વનો સારી રીતે જાણકાર હોવાથી કદાગ્રહથી પાછો ફરેલો હોવાથી–કોઇપણ જાતના આગ્રહથી રહિત હોવાથી આત્માના પ્રશમસુખનો અનુભવ કરે છે. અને ગુરૂકુલવાસમાં રહેલો, ગુરૂનું બહુમાન કરતો, ગુરૂનો વિનય–વૈયાવચ્ચ ભક્તિ કરતો એવો તે સારી રીતે ગ્રહણ શિક્ષા અને આસેવને શિક્ષાને ગ્રહણ કરે છે. શાસ્ત્રે કહ્યું કે મુક્તિ વધુને પામવા માટે આ બે શિક્ષા રૂપી લલનાઓનું આસેવન કરવું જોઇએ. અને તત્ત્વના પરમાર્થને પામેલો એવો તે દીક્ષિત આત્મા માને છે કે– ગુરૂકુલવાસ સમાન અન્ય બીજું કાંઇ જ હિત નથી. કદાચ દોષ સેવવા પડે તો દોષ સેવીને પણ ગુરૂકુલવાસમાં જ રહેવું જોઇએ પણ તેનો ત્યાગ નહિ કરવો જોઇએ. ગુરૂકુલવાસમાં રહેવાથી સમ્યગજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની વિશુદ્ધિ તેમજ સ્થિરતા થાય છે. તેથી ધન્યપુરૂષો કયારે પણ ગુરૂકુલવાસનો ત્યાગ કરતા નથી. શ્રી ધર્મદાસગણિ પણ 'ઉપદેશમાલા'માં ફરમાવે છેકે

'લાહુસ્સ હોઇ ભાગી, થિરયરઓ દંસણે ચરિત્તેય ।
ધણ્ણા આવકહાએ, ગુરુકુલવાસં ન મુંચંતિ ।।

તથા શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, વિજ્ઞાન, ઇહા અપોહ અને તત્ત્વનો અભિનિવેશ અર્થાત–સદ્ગુરૂ મુખે તત્ત્વ સાંભળવાની ઇચ્છા તે શુશ્રુષા, એક ધ્યાનથી સાંભળવું તે શ્રવણ, સાંભળેલાનું ગ્રહણ કરવું, જેટલું સમજાય તેને ધારી રાખવું તે ધારણા, તેના ઉપર વિશેષ વિચાર કરવો તે વિજ્ઞાન, 'આ આમ કેમ અને આમ કેમ નહિ' તે રીતે વિશેષ ચિંતન અને મનન કરવું તે ઇહા–અપોહ અને 'આ આમ જ છે' તેમ નિશ્ચય કરવો તે તત્ત્વાભિનિવેશ : આ બુદ્ધિના આઠે પ્રકારના ગુણોથી યુક્ત; સમ્યક્તત્ત્વ વિષે જ આગ્રહ હોવાથી વિધિપૂર્વકની ક્રિયા કરવામાં જ તત્પર, પોતે જે જે સમ્યક્ ચારિત્રની ક્રિયાઓ–અનુષ્ઠાનો કરતો હોય તે સાધ્યને વિષે જ લક્ષ્ય રાખનાર અર્થાત ઉપયોગ પૂર્વક બધી ક્રિયા કરનારો, આ લોક અને પરલોકનાં સુખાદિની આશંસાથી રહિત, આત્માના હિતને–પરિણામને જ જોનારો, અને એક માત્ર આત્માના સાચાં શુધ્ધ સ્વરૂપ મોક્ષનો જ અર્થી એવો તે; રાગાદિ વિષનો નાશ કરવા માટે પરમમંત્ર સમાન એવા મોક્ષ પ્રતિપાદક સૂત્રોનો જ અભ્યાસ કરે છે. આવો જીવ જ સમ્યક્ પ્રકારે ભગવાને જે રીતે કહ્યું હોય તે રીતે સૂત્રોના અર્થના પરમાર્થને પામી શકે છે.

તેવો જીવ જ સમ્યક પ્રકારે તે સૂત્રોનો સદુપયોગ કરી શકે છે. જે પોતે સ્વયં સૂત્રોના મર્મને સારી રીતે સમજ્યો હોય તેને જ બીજા યોગ્યોને તે સૂત્રોના મર્મને બરાબર સમજાવવો જોઇએ. એવી શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞા છે. (ક્રમશઃ)

પૂજ્યપાદશ્રી બોલે છે....

(વર્ષો પહેલા પૂ.શ્રીએ આપેલા પ્રવચનો આબાલવૃદ્ધને આજે પણ માન્ય છે. તેમ્મેએ ફરમાવેલ ઘણી ઘણી વાતો આજે સિદ્ધાંતની માફક પ્રચલીત છે. ભગવાનની સામે બંડ પોકારનાર જમાલીને પણ ભગવાને શાસન અને સમુદાય બહાર મુકયા તેમ જે જે કાળે જે જે આત્માએ શાસન અને સમુદાય છીન્ન-ભીન્ન કરવાનો પ્રયત્ન કર્યો તે તે આત્માને સમુદાય અને શાસનની બહાર મુકવાની ફરજ પડી. આવા આત્માઓ જુદા જઈને કદાચ સમાજમાં માન અને મોભો પણ મેળવી લે અનેક મોટા માથાવાળાઓના માથાઓ પણ ફેરવી નાંખે. ભલભલા તેઓનો પડતો બોલ ઝીલવા તૈયાર પણ થઇ જાય. તેમના પ્રેમીજનો પોતાના સ્વાર્થ માટે આવી બનાવટી શાસન પ્રભાવનાના કાર્યો ઢાલની માફક આગળ ધરીને જાહેરમાં માફી માગ્યા વગર જ અધીંઆની રહેલા શાસન અને સમુદાયમાં આવા ઢોંગીઓને ઘુસાડવાની વાતો પોકારતા હોય તો તે વખતે શાસનના સાચા હિતચિંતકે શું કરવું ? સત્ય માર્ગ કયો અપનાવો તેની જાંચ માટે આપણે સૌ પૂ.શ્રીના આ પ્રવચનને વાંચીએ...સમજીએ... —પ્રેષક)

ઉત્તમ કોટિની શાસનરસિકતા :

જ્યારે તેઓશ્રીને, સારા ગણાતા સાધુઓએ પણ કહ્યું કે–સમુદાયના હિતની ખાતર આપે પતાવટ કરી લેવી જોઇએ, ત્યારે તેઓશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવી દીધું હતું કે–'પોતાનાને પોતાના બનાવી રાખવાને માટે, મારો સમુદાય સાચવી રાખવાને માટે કે મારી નામના ટકાવવાને માટે હું પ્રભુશાસનનો દ્રોહ કરી શકું તેમ નથી !' આવા પ્રસંગે સહવાસીઓના સહવાસને તજી એકલા ઉભા રહેવું, સાથીઓના સાથને છોડી શાસનને વફાદાર રહેવું. સ્નેહીઓનો સ્નેહ અને સેવકોની સેવા જતાં કરવાં, એ જેવી-તેવી શાસનરસિકતા નથી. આ મહાપુરૂષે જેવી સેવા બજાવી છે તેવી સેવા એજ બજાવી શકે કે જેના રોમરોમમાં શાસન પરિણમી ગયું હોય ! જે આત્માઓમાં આ એક જ ગુણ હોય, તેઓમાં બીજા ગુણો તો દોડયા દોડયા આવે. એ એક જ મહાન્ ગુણનો એ પ્રતાપ હતો કે–ઘરની આફત ઉભી થવા છતાં, આ મહાપુરૂષ સત્યથી એક તસુભર પણ ખસ્યા નહિ. શાસનનો ગુન્હો કરનારા પોતાના ગણાતાઓને પણ, તેઓ અમુક વર્ગમાં નામાંકિત છતાં અને તેમનાથી આપની નામના વધશે એમ કહેનારાઓએ કહેવા છતાં, અલગ કરી નાખ્યા અને યાવત્ સ્વર્ગવાસ સુધી તેમને અલગ જ રાખ્યા.

અપમાન શાસનનું અને ટેક જળવાય અમારો, એ ન ચાલે :

આ મહાપુરૂષની નિઃસ્પૃહતા અને મક્કમતા તો એટલી બધી હતી કે-પેલાઓ પગમાં પડવાને તૈયારી દેખાડે, બાનગીમાં હજાર વાર માફી માગવા આવે, કહે તેવું બાનગીમાં લખી આપવાને તૈયાર થાય, છતાં આ મહાપુરૂષ કહેતા કે-'તમે ગુન્હો મારો નહિ પણ શાસનનો કર્યો છે. મારો ગુન્હો કર્યો હોય તો હું માફી આપી શકું, પણ તમે શાસનનો ગુન્હો કર્યો છે, માટે માફી બાનગીમાં નહિ, જાહેરમાં માગવી જોઇએ.' પેલાઓ કરગરે, બાનગીમાં લાખવાર માફી માગવાનું કહે, છતાં અહીં તો વાત જ એક : ગુન્હો શાસનનો માટે માફી જાહેરમાં જ માગવી જોઇએ. એ કહેતાં કે-ખોટી નામનાના ભીખારીઓ શાસનનું ભલું તો નથી જ કરી શકવાના, પણ શાસનનું ભૂંડું કરવાના છે : એવાને મારા બનાવવાથી ફાયદો પણ શો ? તમે જુઓ કે-આજે રાજ્યમાં પણ એવી જ વ્યવસ્થા છે. કોઇ પણ માણસ, પછી તે રાજ્યનો અમલદાર પણ હોય. છતાં જો તેનું તમે વ્યક્તિગત અપમાન કરો, તો કાયદો કહે છે કે-એક વ્યક્તિ તરીકે તેણે બદનક્ષીની ફરીયાદ કરવી જોઇએ :

પણ જો એજ વ્યક્તિ પોતાના અધિકારના સ્થાન ઉપર હોય અને તેનું તમે અપમાન કરો, તો એ અપમાન એ વ્યક્તિનું નથી ગણાતું, પણ તંત્રનું અપમાન ગણાય છે : વ્યક્તિગત અપમાન અને તંત્રના અપમાનમાં પણ શિક્ષાનો ફરક હોય છે. એવો પ્રસંગ અહીં ઉપસ્થિત થયો હતો. ઘણા ડાહ્યા ગણાતા અને સાથે શાસનસેવાનું કાર્ય કરનારાઓએ પણ કહેલું કે-સમુદાયના હિતને માટે બાનગીમાં માફી આપવી જોઇએ; એ માફી માગે છે એથી આપનો ટેક તો જળવાય જ છે ! ત્યારે એ મહાપુરૂષ કહેતા કે-અપમાન શાસનનું અને ટેક જળવાય અમારો, એ ન ચાલે ! શાસનનો ટેક જળવાવો જોઇએ ! અમારે વળી અપમાન શું ? વિચાર તો કરો, અનંતાકાળ સુધી સંસારમાં ભટકયા, એ ઓછું અપમાન છે ? અમારૂં કહ્યું કદાચ કોઇએ ન પણ માન્યું, તો પણ અમારૂં શું જવાનું ? ખરેખર, જેને પોતાના અપમાનની પરવા નથી, તેઓ શાસનનું અપમાન સહી શકતા નથી અને જેઓને પોતાના માનાપમાનની પરવા છે. તેઓ શાસનના અપમાનને હસતે હસતે સહન કરી શકે છે ! 'શાસનની આજ્ઞા સ્વીકારાય, શાસનના અપમાન માટે જાહેરમાં માફી મગાય, તો જ હું જોળવું.'-આવું કયારે બને ? તે કાળમાં તો એવી ય સ્થિતિ હતી કે-તેમને લીધે માન્યતામાં વધારો થાય અને તેમને વેગળા રખાય તો અજ્ઞાન લોકમાં નિન્દા વધે, છતાં પણ એવી સ્થિતિમાં સિદ્ધાંત રક્ષા માટે મક્કમપણે ટકી રહેવું. એ ઓછું દુષ્કર છે ? નહિ જ.

પહેલું સત્ય પછી સમુદાય :

સત્ય પહેલું કે સમુદાય પહેલો ? નીતિ પહેલી કે વ્યાપાર પહેલો ? પણ તમને

આ વસ્તુ સમજાવી મુશ્કેલ છે : કારણ કે-તમે તો પહેલો વ્યાપાર અને પછી નીતિ, એમ માનતું છે. વ્યાપાર પડી ભાંગે, પેઢી તુટી જાય, પૈસા ચાલ્યા જાય, છતાં નીતિને ન જ છોડું, એવું કોણ કહી શકે ? નીતિનો એકાંત આગ્રહી હોય તે ! વ્યાપાર કરતાં જે નીતિને વધારે ઇષ્ટ માનતો હોય તે !! સંસાર જેને તજવા લાયક લાગ્યો હોય તે !!! એજ રીતિએ આ મહાપુરૂષ કહેતા કે-સમુદાય પછી અને સત્ય પહેલું. આખો સમુદાય વીંખાઈ જાય, આખો સમુદાય વિખરાઇ જાય, તો 'તેનો' વાંધો નહિ, પણ શાસન વીંખાવું નહિ જોઇએ : શાસનનું અપમાન કરનારાઓનો મોટો પણ સમુદાય નહિ જોઇએ!

સભા૦ : સાહેબ ! આ બધું બનવાનું કારણ શું ? કેટલાક તો જુદું જ કહે છે !

શાસન અને સમુદાયનું હિત હૈડે હોય તો પોતાનો દોષ કબુલ કરી લ્યો !

તે વખતના કોઇ અનુભવીને પૂછજો કે-આ બધું બનવાનું કારણ શું ? એમાંના કોઇને પૂછશો તો કહેશે કે-ઇર્ષ્યા, અજ્ઞાન : પણ તમે ફરીથી પૂછજો કે-એ શી રીતિએ? પછી પ્રાયઃ નહિ બોલે. કદાચ એમ પણ કહેશે કે-પ્રાચીન પુરૂષ હતા, એટલે તમારે કહેવું કે-ભલે પ્રાચીન પુરૂષ હતા, પણ ગુન્હો કોનો ? બાનગીમાં વારંવાર માફી માગવા તૈયારી બતાવેલી કે નહિ ? ઇર્ષ્યા કે અજ્ઞાનથી એમ બન્યું તો માફી માગવા કેમ તૈયારી કરાઇ ? કોઇ મૂર્ખા તો એમ પણ કહેશે કે-મહારાજ ભોળા હતા એટલે સમજણ થોડી હતી, માટે આમ થયું. તો તમે પૂછજો કે એવા ભોળા અને થોડી સમજણવાળાને પહેલાં ગુરૂ કેમ બનાવ્યા ? શું પહેલાં ખબર નહિ હતી ? ભલે કોઇ બાંયુંસ ભોળો હોય, પણ બહાર ભૂંડું બોલાય, નિંદા થાય, તો એટલું તો સમજી શકેને ? અને જો ભોળા જ હતા તો તમારી કાકલુદીથી અને વારંવાર ભક્તોને મોકલી વિનવણીઓ કરવાથી પીગળ્યા કેમ નહિ ? કોઇ કોઇ વાર મૂર્ખાઓ આવીને કહેતા કે-'સાહેબ ! એમ કહેવાય છે કે-આપના ભોળપણને લીધે આ બની રહ્યું છે.' ત્યારે આ મહાપુરૂષ કહેતા કે-'વાત સાચી છે. જો તેઓ મને ભોળો ન કહે તો દુનિયામાં કયું મોઢું લઇને ફરી શકે ? મને ભોળે કહે તો જ એ બીચારા ચરી ખાઇ શકે.' ખરેખર, જુઠ્ઠાઓને પોતાની ઇજ્જત જાળવવાને માટે ઘણી વાર સાચાઓને દુરાગ્રહી, જીદ્દી, ભોળા વિગેરે કહેવું પડે છે ! પણ પોતાની નામના જાળવવાને માટે મહાપુરૂષના ઉપર આક્ષેપ કરનારાઓની અધમતા વર્ણવી વર્ણવાય તેમ છે ? એવાઓને કહી દો કે-આવી હલકટ મનોદશા તજી, શાસન અને સમુદાયનું હિત હૈડે હોય તો, પોતાના દોષને કબુલ કરતાં શીખો ! આવા આક્ષેપ કરનારાઓ પણ હોવા છતાં, ઘણાનો ક્રોધ, અજ્ઞાનની નિંદા અને અધમનો તિરસ્કાર વેઠીને પણ, એમ જ કહેવાય કે-'શાસનનો ગુન્હો છે માટે બાનગીમાં માફી નહિ જોઇએ !'-આ કયારે બને ? બધા જ કરતાં શાસન વ્હાલું લાગ્યું હોય તો !

(જૈન પ્રવચન વર્ષ ૬ અંક ૩૯ મો)

શાસન સમાચાર

ઔરંગાબાદથી સમેત શિખર ૫૭ દિવસમાં છ'રિપાલક સંઘ તથા સમેત-શિખરજી મહાતીર્થમાં બંધાયેલ ભોમિયાજી ભવનમાં શ્રી શાંતિનાથ પ્રભુના ભવ્ય જિનાલયમાં પ્રતિષ્ઠા મહોત્સવ

—અનુમોદનીય સમાચારો—

પાવન નિશ્રા : વર્ધમાન તપોનિધિ પ્રવચન પ્રભાવક પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.

૫૭ દિવસના ૧૮૦૦ કિ. મિ. વિહાર નિર્વિઘ્ને પૂર્ણાહુતિ. સમેતશિખર તિર્થમાં પ્રવેશ પ્રસંગે સુંદર સામૈયું. સવારે ૬-૩૦ વાગે શરૂ થયેલ સામૈયું સવારે ૮-૩૦ વાગે પૂર્ણ થયેલ. તળેટીએ સુંદર ચૈત્યવંદન ભક્તિપૂર્વક થયું હતું. સ્વાગત પ્રસંગે ભિન્નપુરનું બેન્ડ, બેડાવાળી બેનો, ભવ્ય ધજાઓ સાથે ચાલતા, યુવકો પ્રતિષ્ઠા નિમિત્તે આઠે દિવસ સુંદર સાધર્મિક ત્રણે ટાઇમ ઊંચામાં ઊંચી વાનગીઓ દ્વારા થયેલ.

જળયાત્રાના વરઘોડામાં બે હાથી, ભિન્નપુરનું ભવ્ય બેન્ડ, વીરમગામનું શરણાઇ વાદન, તેમજ ભવ્ય શણગારેલો રથ શોભી રહ્યો હતો. છેલ્લે દિવસે ઝાપા ચુંદડીનું જમણ થયેલ.

પ્રતિષ્ઠા મહોત્સવે તમામ ચઢાવા ખુબ જ સરસ થયા. જિનભક્તિ સાધારણ માટે કાયમી ફંડ પણ સુંદર થયું. જીવદયાની પણ સુંદર ટીપ થઇ.

સૌ યાત્રિકોને સુંદર બેગ, ઘડિયાળ, ચંદનની પ્રતિમાં જવા આવવાનું ભાડું અપાયું હતું.

સંઘવીઓને આકર્ષક ડીસ, સુંદરફ્રેંટા, સન્માન પત્ર બેગ ખુબ જ બહુમાનપૂર્વક આપવામાં આવ્યું હતું.

ઔરંગાબાદ, રાયપુરા, રાંચી, કલકત્તા, મુંબઇ વગેરે સ્થળોએથી યાત્રિકો સારી સંખ્યામાં પધારેલ, માળા પહેરવાની તેમજ તિલક કરવાની સુંદર બોલી થઇ હતી. માળા પ્રસંગે પંચતીર્થનો છ'રિપાલક સંઘ કાઢવાની જાહેરાત થઇ હતી. આગામી ચાતુર્માસ કલકત્તા ભવાનીપુરની જય બોલાવવામાં આવી છે. બિહારમાં તૈયાર થયેલ ચાર નવા જિનમંદિરોની પ્રતિષ્ઠા પણ પૂ. શ્રીના હસ્તે નક્કી થઇ છે. ચૈત્ર ઓળી ઝરિયામાં થવાની સંભાવના છે. ઔરંગાબાદથી આ પ્રસંગે ખૂબ જ સારી સંખ્યામાં ૩ જણ મોટર સંઘ લઇને આવ્યા હતા. પંચ મત્તે મહાવદ (૧૧) અગીયારના પંચતીર્થો સંઘ નીકળશે. ઔરંગાબાદવાળા ઓએ તેમાં સારો લાભ લીધો છે.

પરમારાધ્યપાદશ્રીજીના સમુદાયવર્તી શ્રમણીગણ મહત્તરા વયપર્યાયજ્ઞાનસ્થવિરા,
પ્રવર્તિની પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી જયાશ્રીજી મહારાજની

સંયમ સાધનાનો અનુમોદનીય આદર્શ

જૈન શાસનનું સાધુપણું ! પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબનું શ્રમણ જીવન! અજૈનો પણ જેની મુક્ત કંઠે પ્રશંસા કરે અને બુદ્ધિજીવીઓ. પણ માથું ખંજવાળવા મંડે એવું ઉજળું ઉંચુ ઉત્કટ એ જીવન !

આજના વિષમકાળમાં પણ આવું મસ્ત જીવન જીવી જાણનાર વિભૂતિઓ નિહાળવી હોય તો પરમતારક પરમાત્માની આજ્ઞા મુજબ જીવન જીવનારા શ્રમણ-શ્રમણીના જીવનનો નિકટથી પરિચય મેળવવો જ રહ્યો !

શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છીય પરંપરા કે જે સુવિશુદ્ધ, પ્રાચીન પરંપરા ગણાય છે. છેલ્લા ભગવાન શ્રી મહાવીર મહારાજાના પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિ મ. થી અસ્ખલિતપણે વહેતી શ્રમણગંગાના એ પ્રવાહમાં જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂ. મ.નું સ્થાન આગવું છે ! વીરપ્રભુની ૭૭ મી પાટને શોભાવનારા એ મહાપુરુષનું સમગ્ર જીવન દીક્ષાધર્મનો વિજયવાવટો દિગ્દિગંતમાં લહેરાવાતો કરવામાં જ વીત્યું છે. એમ કહીએ તો પણ કંઈ અતિશયોક્તિ નથી, એમની જવલંત બુલંદ શાસ્ત્રીય મોક્ષૈકલક્ષી પ્રવચનધારાથી વૈરાગ્યવાસિત બની સેંકડો નહીં પણ હજારો પુણ્યાત્માઓએ શ્રમણધર્મનો સ્વીકાર કર્યો હતો. જેના પરિણામે સહસ્રાધિક શ્રમણ શ્રમણીનાં સુવિશાળ સંઘના તેઓશ્રી નાયક બન્યા હતા...!

તેઓશ્રીનાં જ પ્રવચનોથી પ્રેરાઈ સાધ્વીવર્યા શ્રી જયાશ્રીજી મ. પોતાના સંસારી ધર્મભગિની અને ગુરુણી સાધ્વીવર્યાશ્રી લક્ષ્મીશ્રીજી મ. સાથે સંસારમાંથી નીકળી શ્રમણી ધર્મને પામી શકયા. એના માટે એમની પૂર્વાવસ્થા નિહાળીએ. રાજનગરની આ જ રળિયામણી ધરતી અને એમાં પણ રમણીય જિનાલયોથી સુશોભિત ઝવેરીવાડ નામનો વિસ્તાર ત્યાં રહેતા શ્રેષ્ઠિવર્ય શ્રી વાડીલાલ છગનલાલ શેરદલાલના ધર્મપત્ની મોતી-બેનની રત્નકુક્ષિએ વિ. સં. ૧૯૬૦ શ્રાવણ વદ ૧૧ ના શુભદિને પુત્રીરત્નનો જન્મ થયો, નામ એમનું લીલાવંતી પાડયું. કે જે ભાવિના પ્રવર્તિની પ. પૂ. સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. એજ ઝવેરીવાડમાં વસતા શ્રેષ્ઠિ શ્રી નાનાલાલ ડાહ્યાભાઈને ત્યાં વિ. સં. ૧૯૬૨ ની સાલમાં સુશ્રાવિકા જીવિબેનની રત્નકુક્ષિએ ભાદરવા સુદ ૧ ના પુણ્ય દિવસે

એક તેજસ્વી કન્યારત્નનો જન્મ થયો ! જાસુદના પુષ્પસમી ભાવિમાં ચોમેર સંયમની શુભ સુવાસ ફેલાવનારી તે કન્યાનું નામ પણ માતાપિતાએ જાસુદ પાડયું. તે જ ભાવિમાં પોતાની સમુજ્જવલ સંયમ સુવાસથી સમગ્ર સમુદાયને સુવાસિત કરનારા પરમ પૂ. પ્રવર્તિની વિદુષીરત્ના સા. શ્રી જયાશ્રીજી મ. સા.

રાજનગર જેવી ધર્મનગરીમાં જન્મેલ હોઇ ધર્મના સુસંસ્કારો તેઓશ્રીને ગળથુંથીમાં જ મલ્યા હતા. તેથી જ દર્શન જિનપૂજા આદિ શ્રાવક ધર્મની ક્રિયામાં વિશેષ રીતે રક્ત રહેતા. યૌવનનાં ઉંબરે-ઉભેલા તેઓ ૧૭ વર્ષની વયે કસુંબાવાડમાં રહેતા સુશ્રાવક મોહનલાલ ઠાલાભાઇ શેરદલાલ સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

એજ અરસામાં વિ. સં. ૧૯૭૫-૭૬ ની સાલમાં વિદ્યાશાળામાં પૂ.પ.દ આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. આદિ ગુરૂદેવોની સાથે પૂ. મુનિપ્રવર શ્રી રામવિજયજી મ.નું ચાતુર્માસ થયું. વિદ્યાશાળામાં પૂ. મુ શ્રી રામવિજયજી મ. ના વૈરાગ્યપ્રેરક જોરદાર પ્રવચનો ચાલતા. ભલભલાં નાસ્તિકોના માથાં પણ ડોલી ઉઠતા ! ભદ્રકાલીના મંદિરમાં થતો બોકડાનો વધ પણ તેઓશ્રીની જોશીલી વાણીના કારણે સદાને માટે બંધ થયો !

ચા ના વ્યસન સામે પણ પૂ.શ્રીએ જેહાદ જગાવેલી એવા એ પ્રવચન શ્રવણનો કોને રંગ ન લાગે ! જાસુદબેન પણ એ પ્રવચન ગંગામાં સ્નાને પાન કરી વૈરાગ્યવાસિત બન્યા ! મન સંયમ લેવા સમુત્સુક બન્યું. પરંતુ સંસારના કેદખાનામાં પિંજરાના પંખીની જેમ પૂરાયેલા તેમની વાત પણ ઘરમાં કોણ સાંભળવા તૈયાર થાય ! છતાં પણ પોતે દૃઢનિશ્ચયી બન્યા. ગૃહવાસના અનેક પ્રકારના પ્રખર વિરોધ, જાલિમ કષ્ટો અનેકજાતના બંધનો, વિષમ સંયોગો સામે અડીખમ રહી પ્રબળ પુરુષાર્થ દ્વારા સોહામણા સંસાર-વાસનો ત્યાગ કરી સ્વગૃહેથી ગુપ્ત રીતે નીકળી શેરીસા મહાતીર્થમાં પ્રગટપ્રભાવી પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુની સન્મુખ વિ. સં. ૧૯૮૩ વૈશાખ વદ ૬ પરમ ગુરુદેવ શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવેલ શુભમુહુર્તે લીલાવંતીબેન તથા જાસુદબેન બંનેએ ભરયુવાનીમાં સ્વયં મુનિવેશ પરિધાન કરી કરેમિભંતે ઉચ્ચરી શ્રમણપણું સ્વીકારી લીધું. અને ક્રમશઃ પ. પૂ. સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. તથા તેઓના સુશિષ્યા પૂ. સા. શ્રી જયાશ્રીજી મ. તરીકે બન્યા. મોહાધીન સંબંધીઓને જાણ થતાં ત્યાં આવ્યા ખૂબ ધાંધલધમાલ મચાવી કપડાં ખેંચ્યા ! પુનઃ ઘરે લઇ જવાના ભરચક પ્રયત્નો કર્યા ! આવા વા-વંટોળ વચ્ચે પણ અડગ રહી પોતાની સંયમભાવના સુસફળ બનાવી છેવટે સુરત મુકામે નેમુભાઇની વાડીમાં વિ. સં. ૧૯૮૪ ફાગણ સુદ ૨ નાં શુભ દિને ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ પરમારાધ્યપાદ સકલાગમ રહસ્યવેદી પૂ. આ.દેવ શ્રી દાન સૂ. મ. ના વરદ હસ્તે પોતાના જ શુભનામે સાધ્વી સમુદાયની સ્થાપના પૂર્વક સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. અને સા. શ્રી જયાશ્રીજી મ. ની વડીદીક્ષા પણ થઇ.

અત્યંત વિકટ સંયોગોમાં સંયમરત્નની પ્રાપ્તિ થવાથી એમને મન એ સંયમરત્નની જાળવણી પ્રત્યેનું અપૂર્વ લક્ષ્ય હતું. જેના પરિણામે દીક્ષા સ્વીકારથી જ ગુર્વાજ્ઞાસમર્પિતતા, ગંભીરતા, સૌમ્યતા, નિષ્કષાયતા, અપૂર્વનિરીહતા, આશ્રિતજનહિતવત્સલતા, નિરભિમાનતા, ગુણાનુરાગિતા, પરમાત્મભક્તિલીનતા, દોષદ્વેષતા, ક્રિયાચુસ્તતા, જાપનિરતતા, પરમગુરુદેવપારતન્ત્ર્યતા આદિ અનેકાનેક ગુણરત્નોના ઉપાસિકા બન્યા. જેઓશ્રીના વૈરાગી વચનો પ્રતિબોધ પામ્યા તે પરમ ગુરુદેવશ્રીજી જીવનના અંત સુધી તેઓ અત્યંત સમર્પિત રહ્યા. તેઓશ્રીજીનો દરેક બોલ એમણે સહર્ષ ઝીલ્યો—જેના પ્રતાપે મકૃષ્ટ પુણ્યરાશિના તેઓ સ્વામિની બન્યા.

એમની ગુણઋદ્ધિથી આકર્ષાઈ અનેક મુમુક્ષુ આત્માઓએ એમની પાસે સંયમ ગ્રહણ કર્યું. નવકારના અડસઠ અક્ષરની સંખ્યા જેટલા દીર્ઘ સંયમપર્યાયમાં તેઓ લગભગ ૨૫૦ જેટલા સુવિહિત ત્યાગી, વૈરાગી શ્રમણીગણના અગ્રણી બન્યા. પોતાના પૂ. ગુરુણીજી મ. ના કાળધર્મ બાદ સમગ્ર સમુદાયના મહત્ત્વપૂર્ણ પ્રવર્તિની પદની જવાબદારી પણ પૂજ્યોએ તેઓને સમર્પી, જેને તેઓશ્રીએ જીવનનાં છેલ્લા શ્વાસ સુધી અપ્રમત્તપણે નિભાવી એક ઉંચો આદર્શ પૂરો પાડયો. ઘેઘૂર વડલાની જેમ પ્રસરેલા તેઓશ્રીના સહવર્તી શિષ્યા-પ્રશિષ્યાદિ સમુદાય પર નજર કરીએ તો તેઓશ્રીની અનેક ગુણસંપત્તિની આછેરી ઝલક થયા વિના ન રહે. સિદ્ધાંતની પ્રત્યેક બાબતમાં તેઓશ્રીએ હંમેશ શાસ્ત્રીય જિનાજ્ઞાનો જ પક્ષ લીધો હતો પોતાના આશ્રિતગણને પણ સતત જાગૃત રહેવા પ્રેરણા કરી હતી.

પોતાનો નિત્ય દીર્ઘજાપ આદિ વિધિયોગ પણ તેઓશ્રીએ અચુક જાળવી રાખ્યો. દેવવંદન ગુરુવંદનાદિ દરેક તારક અનુષ્ઠાનોની તેઓશ્રીની પ્રીતિ અને રીતિ દરેકને પ્રભાવિત કરનારી હતી.

પરમ ગુરુદેવનો આદર્શ સન્મુખ રાખી આશાતા કર્મના ઉદયે આવેલ વ્યાધિઓનો પણ પ્રસન્નતાપૂર્વક સામનો કર્યો હતો. હાર્ટએટેક જેવા દર્દમાં પણ તેઓશ્રીની સમાધિ અનુમોદનીય હતી. કાર્તિકી પૂર્ણિમાનો પુણ્ય દિવસ ! દસ કોટિ મહામુનિના સિદ્ધિગમનનો પુણ્ય દિવસ ! ચાતુર્માસની પૂર્ણાહુતિ બાદ સાધુ-સાધ્વીજીઓના વિહારનો દિવસ ! આવા પ્રભાવવંતા દિને જીવનની પૂર્ણાહુતિ કરી મુક્તિમાર્ગની મુસાફરીમાં દિવ્યલોકની વાટે તેઓનો આત્મા વિહરી ગયો ! એઓશ્રીનાં કાળધર્મનો સમય હતો બપોરનો ૩-૫૮ મો.

જીવનમાં સાધેલ અપૂર્વ સમાધિ, અને આશ્રિત ગણને આપેલી સમાધિમાં પરિણામે તેઓ જીવલેણ વ્યાધિમાં પણ સુંદર અનુપમ કોટિની સમાધિ સાધી ગયા. તેઓશ્રીનાં

જીવન કવનને આછી રીતે આલેખીએ તો પણ એક દળદાર ગ્રંથ થઈ જાય ! તેઓશ્રીના કાળધર્મથી તેઓશ્રીની નિશ્રાપામતો સુવિશાળ સાધ્વીગણ આજે નોંધારો થયો છે. તો તેઓશ્રીના પરિચય દ્વારા ધર્મ પામેલ વિશાળ શ્રાવક, શ્રાવિકાવર્ગને પણ ખૂબ જ આંચકો લાગ્યો છે.

સુવિશાળ ગચ્છાધિપતિ આ.દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ. ના સુવિશાળ શ્રમણી સમુદાયના અગ્રણીના કાળધર્મથી સમુદાયને તથા સંઘને જબરજસ્ત ખોટ પડી છે.

કાર્તિક વદ ૧ ના દિવસે હજારોની માનવમેદની વચ્ચે તેઓશ્રીની પાલખી દશા પોરવાડ સોસાયટીમાં આવેલ ૧૦ નં. ના બંગલામાંથી નીકળી અનેક વિસ્તારોમાં ફરી પાલડી વાસણામાં આવેલ શ્રી સી. એમ. શાહના વિશાળ પ્લોટમાં આવી અને ત્યાં રચાયેલ ચંદનકારી ચિતામાં તેઓશ્રીના પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉછામણી જીવદયા આદિની ટીપ પણ સુંદરતમ થવા પામી હતી.

પૂ. આ. શ્રી વિ. સુદર્શનસૂ. મ., પૂ. આ. શ્રી વિ. રાજતિલક સૂ. મ., પૂ. આ. શ્રી વિ. મહોદયસૂ. મ. આદિની નિશ્રામાં પૂ. સા. મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે દશા પોરવાડ સોસાયટીમાં મહા વદમાં ભવ્ય મહોત્સવ ઉજવાયો.

જન્મ	:	વિ. સં. ૧૯૬૨ ભાદરવા સુદ ૧, અમદાવાદ
દીક્ષા	:	,, ૧૯૮૩ વૈશાખ વદ ૬, શેરીસા તીર્થ
વડીદીક્ષા	:	,, ૧૯૮૪ ફાગણ સુદ ૨, સુરત
કાળધર્મ	:	,, ૨૦૫૨ કાર્તિક સુદ ૧૫, અમદાવાદ
ગુરુવર્યો	:	,, પ. પૂ. સ્વ. પ્રવર્તિની રત્ના પરમ વિદુષી સા. લક્ષ્મીશ્રીજી મહારાજ
દીક્ષાપર્યાય	:	,, ૬૯ વર્ષ
આયુષ્ય	:	૯૦ વર્ષ.

૦ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન જ જાણવું.

सदसदविसेसणाओ भवहेउ जहट्ठिओवलंभाओ ।
नाणफलाभावाओ मिच्छदिट्ठिस्स अन्नाणं ।।

મિથ્યાત્વીનું જ્ઞાન સત્-અસત્ વગેરે વિશેષ ધર્મથી યુકત એવા વસ્તુના પરિજ્ઞાન રહિત હોય છે તેથી, ભવના હેતુભૂત છે, બંધના હેતુને યથાર્થપણે જાણતો નથી તેથી યદચ્છાપણું-સ્વેચ્છાચારીપણું છે અને જ્ઞાનનું ફલ જે વિરતિ તેનો અભાવ છે તેથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન જ જાણવું.

રાજા ભોજની વાતો

કંઇ વસ્તુ સારી નથી?

રાજા ભોજ માળવાનો રાજા હતો. તેણે એક પોપટ પાળ્યો હતો. આ પોપટને રાજાએ 'એક વસ્તુ સારી નથી' એટલાં શબ્દો વારંવાર બોલાવીને બોલતા શિખવાડયાં.

પછી એક દિવસ રાજા તે પોપટને લઈને રાજસભામાં આવ્યા. રાજસભામાં આવીને રાજાએ પોપટને બોલવાનો સંકેત કરતાં કહ્યું, 'બોલો, પોપટ! શું કહો છો?'

પોપટે જે તેને શિખવાડવામાં આવ્યું હતું તે એકનું એક વાકય 'એક વસ્તુ સારી નથી' વારંવાર રટવા માંડયું.

સભા ખીચોખીચ ભરી હતી. એક એકથી ચડે તેવા ઘણા વિદ્વાનો સભામાં હાજર હતા.

પોપટ બોલ્યો એટલે રાજાએ સભામાં પ્રશ્ન કર્યો, 'આ પોપટ શું કહે છે? તેની વાતનો જવાબ શું છે? કોઈ જવાબ કેમ આપતું નથી! કોઇક તો કહો કે, એવી કઇ વસ્તુ છે, જે સારી નથી.'

પંડિતોએ એક પછી એક આ પ્રશ્નના જુદાં જુદાં જવાબો આપ્યા, પરંતુ રાજાએ કહ્યું, 'ના, જવાબ બરાબર નથી.'

જવાબો આપી આપીને બધા થાકી ગયા અને કંટાળ્યા, તોય કોઇએ પણ તે પ્રશ્નનો જવાબ બરાબર આપ્યો નહીં એટલે છેવટે રાજાએ કહ્યું, 'હું તમને બધાને આ માટે છ માસનો સમય આપું છું. છ મહિનામાં મારે આ પ્રશ્નનો જવાબ જોઇએ. જો કોઇ જવાબ નહીં આપી શકો તો, હું બધાને હરબારમાંથી કાઢી મૂકીશ.'

રાજાનું આવું કહેવું સાંભળીને બધા વિદ્વાનો મુંઝાયા અને વિચારવા લાગ્યા કે હવે શું કરવું? રાજા જો તેમને હરબારમાંથી કાઢી મુકે તો તે તેમનું બધાનું અપમાન જ હતું.

આ બધા વિદ્વાનોમાં વરરુચિ નામનો એક વિદ્વાન હતો. આ બાબતમાં શું કરવું તે વિચારતો વિચારતો એક દિવસ ફરવા નીકળ્યો, ફરતા ફરતા તેને એક ગોવાળ મળ્યો. વરરુચિએ તેની સાથે કેટલીક આડી-અવળી વાતો કરી અને પછી વાતોમાં ને વાતોમાં પોતે આ તરફ શા માટે ફરવા નીકળ્યો છે, તે પણ કહી દીધું.

વરરુચિની વાત સાંભળીને ગોવાળે કહ્યું, 'તમે ચિંતા ન કરશો, મને રાજાની પાસે લઈ જાવ. હું તેમના સવાલનો જવાબ આપી શકું તેમ છું, પણ હા, મારે એક મુશ્કેલી છે. મારી પાસે આ કુતરો છે. તે મને ખુબ જ વહાલો છે. હું તેને છોડી શકું તેમ નથી. તેને મારે સાથે લેવો પડશે.'

'ભલે, એમાં તે શી મોટી વાત છે? તમે કૂતરાને જરૂર સાથે લઈ લો.' વરરુચિએ કહ્યું.

'મોટી વાત તો કંઈ નથી, પરંતુ હું ઘરડો છું, એટલે તેને ઉપાડીને ચાલી શકું તેમ નથી, જો તમે તેને ઉપાડીને ચાલો તો હું તમારી સાથે સાથે ચાલ્યો આવીશ.' ગોવાળે કહ્યું

કૂતરો ખુબ જ ગંદો અને થોડો ઘાયલ પણ હતો, પણ પંડિતજી બીજું શું કરે? ગરજ બિચારી છે, બાપડી છે. પંડિતજીને ગરજ હતી એટલે તેમણે તો કૂતરાને ઊંચકીને પોતાના ખભે બેસાડી દીધો. પછી પંડિતજી અને પેલો ગોવાળ રાજસભામાં જવા નીકળ્યા.

ત્યાં પહોંચીને ગોવાળે રાજાને ખબર મોકલ્યા એટલે રાજાએ બંનેને રાજસભામાં બોલાવ્યા.

ગોવાળે રાજાને પ્રણામ કરીને કહ્યું, 'મહારાજ! હું આપના પ્રશ્નનો જવાબ દેવા માટે આવ્યો છું.'

'એમ? તો કહે, એવી કઈ વસ્તુ છે, જે સહી નથી. તું એ જાણે છે?' રાજાએ પૂછ્યું.

ગોવાળે બે હાથ જોડીને કહ્યું, 'હા, મહારાજ! હું જાણું છું.'

'તો કહે,' રાજાએ કહ્યું.

'મહારાજ! આ દુનિયામાં એક જ એવી વસ્તુ છે, જે સારી નથી, અને તે છે લોભ.' ગોવાળે કહ્યું.

'કેવી રીતે?' રાજાએ પૂછ્યું.

'તેનું દૃષ્ટાંત આપની સામે જ છે. આપ આપની સભાના આ પંડિતજીને જુઓ, તમે તેમને રાજસભામાંથી કાઢી મૂકવાની ધમકી આપી હતી ને?

તેમને પોતાની માનહાનિ થવાની બીક તો હતી જ, પરંતુ તેના કરતાં ય એક વધુ મોટી બીક હતી.' ગોવાળે કહ્યું.

'કઈ બીક?' રાજાએ પૂછ્યું.

'તેમને આપની સભામાં રહેવાથી રાજય તરફથી ખુબ જ ધન પ્રાપ્ત થાય છે, જો તમે તેમને રાજસભામાંથી કાઢી મૂકો તો તેમને આવું ધન મળતું બંધ થઈ જાય, એટલે તેમના મનમાં આ ધનનો લોભ હતો.

આ લોભના કારણે જ તેઓ માંદલા અને ગંધાતા કૂતરાને પોતાના ખભા ઉપર ઊંચકીને અહીં સુધી લાવ્યા છે, નહીંતર તો આ કૂતરાને અડી જાય તે પણ તેઓ સ્નાન કરે છે. જો તેમના મનમાં ધનનો લોભ ન હોત તો આ કૂતરાને ઊંચકીને અહીં લાવ્યા જ ન હોત, એટલે હે રાજાજી! મારા વિચાર પ્રમાણે તો આ લોભ જ એક એવી ચીજ છે, જે સારી નથી, ગોવાળે કહ્યું. ગોવાળનો જવાબ સાંભળીને રાજા ખુશ થઈ ગયો. તેણે કહ્યું, 'હા, ભાઈ હા, બરાબર છે. મારા પ્રશ્નનો જવાબ મળી ગયો. આમ કહીને તેણે પેલા ગોવાળને પાંચસો સોના મહોરો ઇનામમા આપી.

આવા હતા રાજા ભોજ.

—પ્રફુલ્લાલ દોશી

સાવત્થીનગર : (આવળા અમદાવાદ) અત્રે શ્રી સંભવનાથ જિનમંદિરની છઠ્ઠી સાલગીરા નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ મહા સુદ ૮ થી સુદ ૧૧ સુધી આ. મ. શ્રી વિજયજિનચંદ્ર સૂ.મ. સા. તથા મુનિ શ્રી શરદચંદ્ર વિજયજી મ. તથા મુનિ શ્રી અજિતચંદ્ર વિજયજી મ. ની નિશ્રામાં ઉજવાયેા હતેા.

મહોત્સવ દરમ્યાન પૂજન કરવનારાનેા બહુમાન કરવામાં આવેલ. તથા નવી ધર્મશાળાના નામકરણ વિધિ માટે ગ્રાઉન્ડફ્લોર પહેલેા મજલેા, બીજો મજલેા સારા ચડાવા થયા હતા તેમજ ભાતાવાળાના હોલ ખાતે ચડાવેા થતા તથા ભોજનશાળાના હોલ માટે ચડાવેા થતા સારી રકમના ચડાવા થયા હતા.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

અને દેવીઓ ભરી શકે એનાથી આખેા જંબૂદ્વીપ સંપૂર્ણ ભરાઇ જાય. તીચ્છા તેા એ રીતના અસંખ્ય દ્વીપ સમુદ્ર ભરી દેવાનું એનામાં સામર્થ્ય છે. આવું સામર્થ્ય એના સામાનિક તથા ત્રાયસ્ત્રિંશક દેવેામાં પણ છે. વળી એના લેાકપાલ દેવેા તથા પટ્ટરાણીઓ પણ એવી રીતે તીચ્છા સંખ્યાત દ્વીપ સમુદ્રો ભરી દેવાનું સામર્થ્ય ધરાવે છે. એવા ભાવનું શ્રી ભગવતી સૂત્રમાં છે.

જ્યારે દેવેન્દ્ર સ્તવમાં તેા એમ કહ્યું છે કે ચમરેન્દ્ર પેાતાની ચમરચંચાથી માંડીને જ્યાં સુધી જંબુદ્વીપ છે ત્યાં સુધીનેા તમામ ભાગ દેવેા અને દેવીઓથી ભરવા સમર્થ છે.

(ક્ષેત્રલેાક પ્રકાશ, સર્ગ–૧૩ શ્લેાક ૧૪૪ થી ૧૪૭)

૦ આ ચેાવિશીમાં થયેલા અભવ્ય આત્માઓના નામ :

સંગમ ય કાલસુરિ, કવિલા અંગાર પાલયા દો વિ। નોજીવ મુકુંદ ઉદાયિનિવમારએો અભવ્વા ।।

ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માને એક જ રાત્રિમાં મરણાંત વીશ–વીશ ઉપસર્ગો કરનાર સંગમદેવ, કાલ સૌકરિક કસાઇ, કપિલા નામની શ્રેણિક મહારાજાની દાસી, અંગારમર્દક નામના આચાર્ય, બે પાલક (પાંચસેા મુનિઓને ઘાંચીમાં પીલનાર પાલક મંત્રી તથા શ્રી કૃષ્ણ વાસુદેવનેા પાલક નામનેા પુત્ર), નેાજીવના સ્થાપક ગેાષ્ઠામાહિલ અને શ્રી ઉદાયીરાજાને મારનાર વિનયરત્ન નામનેા સાધુ આટલા આઠ આત્માઓ આ ચેાવિશીમાં અભવ્ય થયા છે.

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- શ્રી જિનેશ્વર દેવનો ધર્મ મોક્ષની રૂચિ માંગે છે. અને મોક્ષની રૂચિ સંસારની અરૂચિ માંગે છે. સંસારની અરૂચિ સુખ પર દ્વેષ માંગે છે.
- જેને મોક્ષ ન જોઇતો હોય તેના માટે આ મનુષ્ય જન્મ જેવો એકપણ ખરાબ કોઇ જન્મ નથી.
- આજે જૈનકુળમાં તો અજૈનને વટલાવે તેવા પાકયાં એવા અજૈનો છે કે જે માંસ ખાતા ગભરાય છે અને એવા જૈનો છે કે જે માંસ પકાવીને ખાય છે.
- સામાન્ય આસ્તિક તેનું નામ છે કે જે પરલોકનો વિચાર કરે જે પરલોકનો વિચાર કરે તેનો આ લોક સારો જ હોય. તમને આ વિચાર નથી માટે આ લોક ભૂંડો છે.
- સુખમાં આનંદ કરે તેને માટે દુર્ગતિ નકકી છે. દુઃખમાં આનંદ કરે તેના માટે સદ્‌ગતિ નકકી છે.
- આર્યદેશના માનવો અનિતીથી શ્રીમંત થવું તેનાં કરતાં લુખું ખાવું તેને માનવતા માનતા...! અને આજે ગમે તે રીતે શ્રીમંત થવું તેને નાગરિકતા [redacted]ને છે...! તેને લક્ષને આજે નગરો નરક જેવાં છે, મોટા મોટા જંગલો જેલ-ખાનાં જેવા છે, ગામડા પાયમાલ થયા છે. અને સારા માણસોને રહેવાની જગ્યા નથી.
- શાસ્ત્રે કહ્યું છે કે- શરીરના, ધનના અને તે માટે સ્વાર્થી કુટુંબના પ્રેમી તે બધા સંસારમાં રખડવા માટે જ સર્જાયા છે. તેમના માટે નરક તિર્યંચ બે જ ગતિ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, હિંડિવજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

Regd. No. GAMC/196
૫૧૩૧
૧૧-૬-૨૫

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૨૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

મિથ્યાદૃષ્ટિની સેવા તે આત્મગુણનો નાશ કરનારી છે.

जं तवसंयमहीणं,
नियमविहुणं च बंभपरिहीणं ।
तं सेलसमं अयतं,
बुड्डुतं बोलए अन्नं ।।

જે તપ-સંયમથી રહિત છે, નિયમ વિનાના છે, બ્રહ્મચર્યથી રહિત છે તેવા અયત-અવિરતિ જીવો પત્થરના વહાણ સમાન હોવાથી પોતે ય ડુબે છે અને બીજાને પણ ડુબાડે છે.

卐

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009.

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

૦ અટ્ઠાવીશ લબ્ધિમાંથી કોને કેટલી હોય તે અંગે :-

આમોસહી વિપ્પોસહિ ખેલોસહિ જલ્લઓસહીચેવ ।
સવ્વોસહિ સંભિન્ને ઓહી રિઉ વિઉલમઇલદ્ધી ।। ૧ ।।

ત્તારણ આસીવિસ કેવલી ય ગણુધારિણો ય પુવ્વધરા ।
અરહન્તા ચક્કવટ્ટી બલદેવા વાસુદેવા ય ।। ૨ ।।

ખીરમહુસપ્પિરાસવ કોટ્ઠગબુદ્ધી પયાણુસારી ય ।
તહ બીયબુદ્ધી તેયગ આહારાગ સીયલેસા ય ।। ૩ ।।

વેઉવ્વિદેહલદ્ધી અક્ખીણમહાણસી પુલાગા ય ।
પરિણામતવવસેણં એમાઇ હુંતિ લદ્ધીઓ ।। ૪ ।।

ભવસિદ્ધીય પુરિસાણું એયાઓ હવંતિ ભણીયલદ્ધીઓ ।
ભવસિદ્ધિયમહિલાણ વિ જત્તિયા જા તયં વોચ્છં ।।

ભવસિદ્ધિક પુરૂષોને આ બધી કહેલી લબ્ધિઓ હોઇ શકે છે. પરન્તુ ભવસિદ્ધિક સ્ત્રીઓને જેટલી લબ્ધિ પ્રાપ્ત થાય છે તે કહે છે.

અરહન્તત્તચ્છિ કેસવ બલસંભિન્ને ય ત્તારણા પુવ્વા ।
ગણહરપુલાય આહારગં ચ ન હુ ભવિયમહિલાણું ।।

શ્રી અરિહંત, ચક્રવર્ત્તિ, વાસુદેવ, બલદેવ, સંભિન્નશ્રોતી, ચારણલબ્ધિ, પૂર્વધર લબ્ધિ, ગણધરપણાની લબ્ધિ, પુલાક લબ્ધિ અને આહારક લબ્ધિ આ દશ લબ્ધિઓ ભવ્ય સ્ત્રીઓને હોતી નથી.

અભવ્ય પુરૂષોને ઉપર્યુકત દશ અને કેવલીપણાની લબ્ધિ, ઋજુમતિ મનઃ પર્યવ જ્ઞાન અને વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાન એ તેર લબ્ધિઓ હોતી નથી.

અભવ્ય સ્ત્રીઓને ઉપરની તેર અને મધુક્ષીરાશ્રવ લબ્ધિ સાથે ચૌદ લબ્ધિ હોતી નથી.

(અનુ. જુઓ ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મેઘજી શુકલ
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર ઝીરચંદ શેઠ
(વડોદરા)
ચાંદાચંદ રતનશી મુકીમ
(ધોળકા)

વર્ષ : ૮] ૨૦૫૨ ફાગણ સુદ-૯ મંગળવાર તા. ૨૭-૨-૯૬ [અંક ૨૬

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષ૮ સુદિ-૧૨ ને બુધવાર, તા. ૮-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય
મુંબઈ -૬. (પ્રવચન ૮ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

આ મનુષ્યજન્મ સાધુ થવા માટે જ છે. આ જન્મનો સંસારની સાધનામાં આનન્દથી ઉપયોગ કરવો તે તેનો દુરુપયોગ છે. આ વાર્તા સાંભળ્યા પછી પણ 'મારે સાધુ થયા વિના તો મરવું જ નથી' આવા વિચારવાળા કેટલા મળે? આજ સુધી ઘણાએ દીક્ષા કેમ ન લીધી? લેવી ન હતી માટે કે લેવાની શક્તિ ન હતી માટે દીક્ષા ન લીધી? ઘર છોડવા જેવું છે એમ કેટલીવાર યાદ આવે છે? વેપાર કરવા જેવો નથી તે પણ કેટલી વાર યાદ આવે છે? વેપાર કરવો પડે તો તેમાં અનીતિ તો થાય જ નહિ તે કેટલી વાર યાદ આવે છે? વેપાર કરો છો તો તેને પાપ માનો છો કે ધર્મ માનો છો? જો વેપારને પાપ માનતા હોત તો સુખી લોકો બજારમાં જતાં જ ન હોત. જેને આજીવિકાની ખાવ-પીવાદિની તકલીફ ન હોત તે બધા ઉપાશ્રયમાં હોત, બજારમાં ભટકત જ નહિ. આજે તો કોટિપતિ પણ બજારમાં ભટકે છે ને? બજારમાં ભટકનારો કોટિપતિ ધર્મી કહેવાય કે અધર્મી કહેવાય? તેવો જીવ અહીં આવી પાંચ-પચાસ બચી જાય અને તેનાં વખાણ કરે તો પાપ બંધાય કે પુણ્ય બંધાય?

સભા૦ ભારેકર્મીને કાંઇ ન સૂઝે તો ?

ઉ૦ હું પણ તમને તે જ સમજાવી રહ્યો છું. તમે ભારેકર્મી દેા કે લઘુકર્મી છેા ? લઘુકર્મી જીવને જ મેાક્ષ યાદ આવે, ધર્મ યાદ આવે. તમને ખરેખર જો મેાક્ષની ભાવના હેાત તેા જીવન પલટાઇ જાત.

સાચું સુખ મેાક્ષમાં જ છે, સંસારમાં છે જ નહિ. મેાક્ષના સુખનું વર્ણન થઇ શકે તેવું નથી. મેાક્ષનું સુખ કેવું છે તેમ શ્રી કેવલજ્ઞાની ભગવંત જાણે ખરા, પણ કહી ન શકે શાસ્ત્રે કહ્યું છે કે બધા જ દેવલેાકેાનાં ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યકાળના જે સુખેા છે તે બધાને ભેગા કરેા અને તેના અનંતાવર્ગ કરેા તેા ય તે મેાક્ષસુખની સરખામણીમાં આવી શકે નહિ. દેવેાને ખાવા-પીવાદિની કશી પીડા છે નહિ. આપણા જેવી કેાઇ ઉપાધિ નથી. ભુખ લાગે એટલે સારા સારા પુદ્ગલ પેસી જાય અને તૃપ્તિ થઇ જાય. તે સુખમાં જે પાગલ થાય તે મરીને એકેન્દ્રિયમાં પણ જાય. સંસારના સુખમાં જ મૂંઝાયેલા તેને મેળવવા માટે અને ભેાગવવા માટે એવા એવાં પાપ કરે કે મરીને દુર્ગતિમાં જાય. સંસારના સુખના રસિયા જીવેા તે સુખ માટે ગમે તે પાપ કરવા તૈયાર, તેને જરાપણ કંપ થાય નહિ, તે પાપ પણ મજેથી કરે. કદાચ ધર્મ કરે તેા દેખાવ માટે કરે પણ પાપથી બચવા માટે કરે નહિ. રેાજ મંદિર ઉપાશ્રયે જાઉં તેા 'આ ઘર-બારાદિ છૂટી જાય, ન છૂટે તેા તેની મમતા ઓછી થાય' તેવી ભાવના ખરી ? સુખી માણસ ધંધાથી મુકત થવા ધર્મ કરે ખરેા ? રેાજ ભગવાન પાસે જાઉં છું તેા ધીમે ધીમે આ ધંધેા છૂટી જાય તેા સારૂં એમ પણ મનમાં થાય છે ખરૂં ? આજીવિકાનું સાધન હેાય તેા શ્રાવક વેપાર-ધંધાદિ કરે નહિ એમ જે શાસ્ત્રમાં લખ્યું છે તે કાઢી નાંખું ? તે વાત આજે ન ચાલે તેા ન બેાલું ? આ જમાનામાં તેા વેપાર વગર ન ચાલે તેમ કહું ? તમે બધા વેપાર કરેા તે લેાભના કારણે જ કરેા છેા ને ? જે લેાભ ખરાબ છે તેને છેાડવાની મહેનત કરવી જોઇએ તેને બદલે તેને જ વધારવાની મહેનત કરેા તે ચાલે ? શાસ્ત્રે લેાભને પાપનેા બાપ કહ્યો છે લેાભી મેાટે ભાગે જુઠ્ઠો જ હેાય, ચેાર પણ હેાય, બદમાશ પણ હેાય. તે શેઠ કહેવાય તેા ય શઠ હેાય, શાહુકાર કહેવાય તેા ય ચેાર હેાય. આજે જેટલા શાહ છે તેમાં મેાટેા ભાગ ચેાર છે કે શાહુકાર છે ? શાહ જૂઠ બેાલે ? ખેાટા ચેાપડા લખે ? આજે કહે છે કે, જૂઠ ન બેાલે, ખેાટા ચેાપડા ન લખે તેા વેપાર જ ન ચાલે તે વાત સાચી છે ? નીતિ મુજબ જીવે તે બધા મરી જ જાય ? આજના લેાકેા તેા ગજબ કરે છે.

સભા૦ સાદાઈથી જીવવું હોય તો જીવી શકે. લહેર કરવી હોય તો ન જીવી શકે.

ઉ૦ શ્રાવકનું જીવન સાદું જ હોય. ખોટા ખોજ શોખ તે કરે જ નહિ.

તમે પાપ કરો છો અને તેને સારું માનો છો તે અમને ગમતું નથી. કમમાં કમ જે કરો છો તે ખોટું કરીએ છીએ એટલું પણ માનતા થાવ તો કલ્યાણ થશે. વિશેષ પછી.

(ક્રમશઃ)

કાર્તિક શેઠનું સમકિત

— રતિલાલ ડી. ગુંદકા-લંડન

પૃથ્વી ભૂષણનગરમાં કાર્તિક શેઠ વસતા હતા તેમણે મુનિસુવ્રત પ્રભુ પાસે ધર્મ સાંભળ્યો બોધ પામ્યા હતા. સમ્યક્ત્વમાં અડગ ગેરિકે તાપસી દીક્ષા લીધી માસો પવાસી થઈ તેની પ્રસંસા થવા લાગી આખું નગર તેના દર્શને ગયું. કાર્તિક શેઠ ન ગયા ગૈરિકને તેના ઉપર ક્રોધ થઈ આવ્યો પણ શું થાય ? એવામાં ત્યાંના રાજાએ પારણું કરવા નિમંત્રણ કર્યું ત્યારે ગૈરિક તાપસ કહે જો કાર્તિક શેઠ પીરસે તો તમારે ત્યાં પારણું કરું રાજાએ હા પાડી ઘેર આવ્યા કાર્તિક શેઠને વાત કરી સાંભળી ખેદ થયો, વ્રતધારી શ્રાવક હતા સમ્યક્ત્વ વ્રતને બાધા પહોંચે પણ આવી પહોંચ્યા હતા પારણા વખતે કાર્તિક શેઠ તેને પીરસવા નમ્યા ત્યારે ગૈરિકે પોતાના નાકપર આડી આંગળી ઘસી જણાવ્યું કે મેં તારું નાક કાપ્યું' તું તો નમતો ન હતો પણ મેં કેટલો નમાવ્યો આથી શેઠને લાગી આવ્યું વિચાર કર્યો પહેલેથી દીક્ષા ન લીધી તો આ પરાભવ સહન કરવો પડયો ઘેર આવી મિત્રો સગા ઘરનાઓને વાત કરી. એક હજાર શ્રેષ્ઠી પુત્રોએ તેમની સાથે દીક્ષા લીધી ૧૨ વર્ષ ચારિત્રપાળી ૧ લા દેવલોકમાં ઇન્દ્રનો ઐરાવત હાથી થયો.

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિ નાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સચ્ચરૂ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃધ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પ્રરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

પુ. ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનુ નકકી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૯૭૧

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

આખરે લક્ષ્મણ ઢળી પડયા.

'તો હું તમને તજીને તારા શરણે આવી જઈશ'

ત્રીજા દિવસનો સૂર્યોદય થયો.

વાનર સૈન્યનો રાક્ષસ સૈન્યે કવચર-ઘાણ કાઢી નાખ્યો આથી રોષાયમાન થઈને ધમધમતા સુગ્રીવ સીધા જ શત્રુ સૈન્યમાં બે રોકટોક ઘુસી જઈને રાક્ષસ સૈન્યનો ખુડદો કાઢી નાંખ્યો સુગ્રીવથી લગભગ મોટા ભાગના રાક્ષસ સૈન્યનો કવચરઘાણ નીકળી ગયેલો જોઈને સ્વયં રાવણ સુગ્રીવ સામે સંગ્રામ માટે યુદ્ધ મોરચે આવી ગયો. અને તે રાવણને જોતાં જ લગભગ દરેક વાનરોમાં ભાગંભાગ મચી ગઈ.

આથી હવે ખુદ રામચંદ્રજી સ્વયં યુદ્ધ માટે તૈયાર થતાં વિનય પૂર્વક વિભીષણે તેમને અટકાવીને પોતે રાવણ સામે આવીને ઉભા રહ્યા.

અને રાવણ બોલવા લાગ્યો કે–'અરે! વિભીષણ! તું કંઈક તો વિચાર! તું કોના શરણે ગયો છું. ક્રોધયમાન થયેલા મારા સંગ્રામમ. તે બન્નેએ તને કોળીયાની જેમ મારી તરફ ફેંકી દીધો છે. શિકારી જેમ પોતાના શિકાર કુક્કર તરફ કૂતરાને મોકલે તેમ તે રામે મારી તરફ તને મોકલ્યો છે. (આમાં રાવણ પોતે શિકાર અને રામ શિકારી છે તેવું કહીં જ દે છે) અને તેની પોતાની જાતને મારા મોતના પંજામાંથી બચાવી લીધી છે.'

હે વત્સ! હજી પણ તારા ઉપર મને વાત્સલ્ય છે. માટે તું પાછો જા. તે રામ-લક્ષ્મણને જ આવવા દે. તારે વગર ફોગટનું મરી જવાની જરૂર નથી. આવ તારા પોતાના લંકાના સ્થાનમાં પાછો ફર, આજે પણ તારી પીઠ ઉપર જ મારો હાથ છે.'

વિભીષણે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું કે– 'દશાનન! તમારી સામે રોષાયમાન બનીને રામ પોતે જ યમરાજની જેમ આવતાં હતા પણ આ યુદ્ધના બહાને તમે હજી સમજી શકો તો સારૂં તેવા ઇરા-દાથી તેમને અટકાવીને હું તમારી સામે આવ્યો છું. હજી ફરી કહું છું કે–મહેર-બાની કરીને સીતાદેવીને મુક્ત કરો મારૂં કહ્યું આટલું કરો.

બાકી કોઈ તમારા પક્ષે રહેવાથી આવ-નારા મૃત્યુના ભયથી ફફડી જઈને કે લંકાની પૃથ્વીનું રાજ્ય કરવાના અરમાનોથી હું તમને છોડીને રામચંદ્રજીના શરણે નથી ગયો. પણ એકમાત્ર સીતાદેવીના કારણે થયેલા ઉજ્જવળ કુળના અપવાદના ભયથી ડરી જઈને તમને છોડીને રામચંદ્રજીના

શરણે ગયો છું.

જો તમે હજી આજે પણ સીતાદેવીને રામચંદ્રજીને અર્પણ કરી દઈને નિર્વાહનો (અપવાદ=નિંદા) નાશ કરશો તો આ રામચંદ્રજીને તજીને હું તત્ક્ષણે તમારી પાસે ચાલ્યો આવીશ.'

ક્રોધાયમાન થયેલા રાવણે કહ્યું- 'રે દુર્બુદ્ધિ ! બાયલા ! તું હજી મને ડર બતાવી રહ્યો છે ? એક માત્ર સગા ભાઈની હત્યા મારા હાથે ન થઈ જાય તેમ માનીને મેં તને આ કહ્યું છે. બીજું કંઈ કારણ નથી સમજ્યોને વિભીષણ !!' એમ કહીને રાવણે ધનુષનો ટંકાર કર્યો.

વિભીષણે પણ વળતો જવાબ આપ્યો કે- 'એક માત્ર સગા ભાઈની હત્યા મારા હાથે ના થઈ જાય તેમ માનીને જ મેં તમને આ કહ્યું છે. બીજું કોઈ પણ કારણ નથી સમજ્યોને રાવણ !!' એમ કહીને વિભીષણે પણ ધનુષ્યનો ટંકાર કર્યો.

અને બન્ને ભાઈઓ જાત-જાતના ભયંકર શસ્ત્રો-અસ્ત્રો દ્વારા યુદ્ધ કરવા લાગ્યા.

સવણની ભક્તિથી પ્રેરાઈને ઇન્દ્રજીત વગેરે પણ રાવણને પૂરેપૂરૂ પીઠબળ પૂરૂ પાડવા સજજ થઈને સંગર ભૂમિ ઉપર આવી ચડયા. પરંતુ આવી રહેલા ઇન્દ્રજીત લક્ષ્મણે, કુંભકર્ણને રામચંદ્રજીએ, સિંહ-જઘનને નીલે, ઘટોદરને દુર્મુખે, દુર્મતિને સ્વયંભૂ વાતરે, શંભુસે નલવીરે, મયને અંગદે, ચંદ્રનખને રૂક્ષ્મે, વિઘ્નને વિરાધે, કેતુને ભામંડલે, જંબુમાલીને શ્રીદત્તે કુંભ-કર્ણના પુત્ર કુંભને હનુમાને, સુમાલીને સુગ્રીવે, ધૂમ્રાક્ષને કુંદે, સારણને ચંદ્રરશ્મિએ યુદ્ધના માર્ગમાં જ આંતરીને આગળ વધતાં અટકાવી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

પરસ્પર ભીષણમાં ભીષણ યુદ્ધનો આતંક સળગી ઉઠયો. યુદ્ધ અત્યંત દારૂણ ઘોર-રૌદ્ર સ્વરૂપ પકડતુ ગયુ. એવામાં લક્ષ્મણજીએ નાગપાશનું અસ્ત્ર ફેંકીને ઇન્દ્રજીતને ગાઢ રીતે બાંધી લીધો. પછી લક્ષ્મણની આજ્ઞા થતાં જ વિરાધે ઉઠાવીને ઇન્દ્રજીતને પોતાના રથમાં નાંખીને પોતાની છાવણીમાં નજરકેદ કરી દીધો.

રામચંદ્રજીએ એ જ રીતે કુંભકર્ણને નાગપાશથી જકડી ઇને ભામંડલ દ્વારા પોતાની છાવણીમાં પહોંચાડી નજરકેદ કર્યો.

અન્ય વાનર સુભટો અને ખેચર સુભટોએ મેઘવાહનાદિ ઘણાં બધાં રાક્ષસ-ભટોને જીવતાં જ પકડી પકડીને પોતાની છાવણીમાં પહોંચાડી દીધા.

પોતાના અગ્ર હરોળના રાક્ષસવીરોને શત્રુની છાવણીમાં બંધન-ગ્રસ્ત દશામાં જાણીને શોક અને ક્રોધથી અક્રાન્ત થયેલા રાવણે વિભીષણ ઉપર શૂલ ફેંકયુ. પણ અધવચ્ચે જ લક્ષ્મણે તીક્ષ્ણ બાણો છોડીને તોડી નાંખ્યું તેથી હવે રાવણે—

અષ્ટાપદ પર્વત ઉપર ભગવાનની ભક્તિથી ખુશ થયેલા નાગરાજ ધરણેન્દ્રે આપેલી ખતરનાક 'અમોઘ વિજય' નામની મહા શક્તિને ઉપાડી.

ધગધગ ધખતી ભડ ભડ ભડકે બળતી 'તડ તડ' એવો અવાજ કરતી પ્રલયકાળની વીજળી જેવી તે મહા શક્તિને રાવણે આકાશમાં અત્યંત ઘુમાવી. આથી આવી ખતરનાક શક્તિને જોઈને આકાશમાં રહેલા દેવો પણ ત્રાસ પામીને અસી ગયા.

જલ્દીથી રામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું કે-'આ વિભીષણ આપણો મહેમાન છે. આશ્રિત છે. જો તેનો આ શક્તિથી ઘાત થશે તો આપણે આશ્રિતના હત્યારા બનીશું. કોઈપણ ભોગે આ શક્તિથી વિભીષણની રક્ષા કર્યા વિના છૂટકો જ નથી.'

આ સાંભળતાં જ લક્ષ્મણજી વિભીષણની આગળ આવીને રાવણને પડકાર ફેંકવા લાગ્યા.

ગરૂડ ઉપર રહેલા લક્ષ્મણને જોઈને રાવણે કહ્યું કે-'તારા માટે આ શક્તિને મેં નથી ઉપાડી. વિભીષણ માટે ઉપાડી છે. માટે બીજાના મોતે તારે મરવાની જરૂર નથી.

અથવા તો તું જ મર. કેમકે મારે મોત કરવા લાયક તો તું જ છે. આ તો તારી જગ્યાએ મારી સામે વિભીષણ આવી ચડેલો છે'

આમ કહીને તે મહાશક્તિને ભગાડીને પછી રાવણે લક્ષ્મણ ઉપર છોડી દીધી. (તીવ્ર વેગથી) આવી રહેલી તે શક્તિને હણી નાંખવા લક્ષ્મણ, સુગ્રીવ, હનુમાન, નલ, જામ્બવંત, વિશલ્યાએ અસ્ત્રોનો મારો ચલાવ્યો પણ તે શક્તિને આની કશી જ અસર થઈ નહિ.

(તીવ્ર વેગથી) આવેલી ખતરનાક તે અમોઘ વિજયા શક્તિ આખરે લક્ષ્મણજીની છાતીમાં ટંકારાઈ અને લક્ષ્મણજી જમીન ઉપર ઢળી પડયા. એ સાથે જ વાનર સૈન્યમાં હાહાકાર મચી ગયો.

હવે ક્રોધથી ધમધમતાં રામચંદ્રજીએ રાવણનો ઘાત કરી નાખવા માટે સિંહના રથમાં રહીને રાવણ ઉપર પ્રચંડ પ્રહારો કરીને તેના રથના ભૂક્કા ઉડાવી દીધા. રાવણ બીજા રથમાં ગયા. તેનો પણ રામચંદ્રજીએ ભૂકકો ઉડાવી દીધો. આમ પાંચપાંચ રથના ટુકડે ટુકડા થઈ જતાં રાવણે સમય સૂચકતા વાપરીને વિચાર્યું કે-'ભાઈ લક્ષ્મણના સ્નેહથી આ રામ તો એની જાતે જ મરી જશે. માટે તેની સામે હવે યુધ્ધ કરવાની જરૂર જ નથી. આથી રાવણ જલ્દીથી લંકા નગરી તરફ ભાગી ગયો. (નહિતર રાવણને ભય પેઠો હશે કે આજનો સૂર્યાસ્ત જોવા પણ હું જીવતો નહિ રહી શકું) અને ત્યારે સૂર્યાસ્ત થયો.

રાવણ જીવતો ભાગી છૂટતાં રામચંદ્રજી પાછા ફર્યા અને ઢળેલા લક્ષ્મણને જોતાં જ મૂર્છા ખાઈને રામચંદ્રજી પણ ધરતી ઉપર પડી ગયા.



પ્યારા બૂલકાઓ,

મહિનો પુરો થયોને આવી બાલવાટિકા,
લાવી સુંદર મઝાની અવનવી વાતો,
પીરસ્યા છે અનેક સંસ્કાર પોષક દ્રવ્યો;
ચાલો સાથે બેસીને આપણે સૌ આરોગીએ.

આ રસવંતીના કારણે આપણે સૌ અવરનવર ભેગાં થઇએ છીએ. આપણી મૈત્રી કાચા સુંતરે બંધાયેલી છે મૈત્રી સૌને ગમે છે. દુશ્મનાવટ કોઇને ગમતી નથી. આપણે નથી કોઇના દુશ્મન કે નથી આપણા કોઇ દુશ્મન આપણી બુદ્ધિ જ મૈત્રી કરાવે છે ને દુશ્મનાવટ પણ તે જ કરાવે છે.

બુધ્ધિને કયા માર્ગે વાળવી–ચલાવી તે આપણા હાથમાં છે.

આપણી ઉદ્ધતાઇ ભરેલી બુધ્ધિના કારણે આપણા મા–બાપ કંટાળી જાય છે, ભાઇ–બહેન ત્રાસી જાય છે. સ્નેહી–સંબંધીઓ ધિક્કારે છે, તિરસ્કારે છે, તોછડાઇ ભરેલું વર્તન પણ કરે છે.

જો બુધ્ધિને ઠેકાણે રાખી મૈત્રીભાવ અપનાવશો તો કયારે પણ બીજાની આંખમાં ખટકશો નહી. બુધ્ધિની સાથે હૃદયની વિશાળતા હશે તો જીવન સુંદર અને સોહામણું બની ઉઠશે. સહુ સાથે પ્રેમ ભર્યું વર્તન કરશો તો સહુ તમને પ્રેમભાવ આપશે. તમારો જીવન બાગ સુંદર રીતે ખીલી ઉઠશે. તમારા જીવનની સુવાસ ચારે બાજુ ફેલાશે. વધુ અવસરે...

બીજું તમારા લખાણો કાગળની એક બાજુ લખો.

કોઇ પુસ્તકમાંથી લખાણ લીધુ હોય તો તે પુસ્તકનું નામ જરૂર લખવું.

સંસ્કાર પોષક લખાણને પ્રથમ ન્યાય મળશે.

ટુંકા કથાનક, કોયડા, શોધખોળ, હાસ્ય ચોજ વગેરે કાર્યાલય ઉપર મોકલવું.

બસ એજ....

રવિશિશુ

જૈન શાસન કાર્યાલય, જામનગર

કથાનક

આ નાટકના ભૂતકાળની એક સત્ય ઘટના છે. એક નાનુ કુટુંબ હતું. મા-બાપ કમાવવાને માટે અશકત હતા. મોટો છોકરો મહેનત-મજૂરી કરી કમાતો સૌનું ગુજરાન ચલાવતો કો'કદિ મહેનત કરે ને સારું વળતર મળે અને કો'કદિ એવો ઉગે કે ખાલી હાથે પાછાં આવવું પડે. દિવસોના દિવસો વીતવા લાગ્યા થોડી મહેનત-મજૂરીના કારણે સૌનું ગુજરાન મજેથી ચાલતું હતું.

એક દિવસ કામ ઓછું મળ્યું કમાણી ઓછી થઇ ઓછા પૈસાથી સૌનુ ગુજરાન કેમ પુરું થાય? મનની તૃષ્ણાને મારી વિચારવા લાગ્યો. ચલો આજે બધાને ખવડાવીને હું ખાઇશ. આજ ભાવનાથી તે ભૂખ્યો રહ્યો, એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, એમ દિવસો વિતવા લાગ્યા કમાણી ઘટવા માંડી, છોકરો લાંઘણ કરતો રહ્યો લાંઘણના કારણે એક દિવસ તે માંદો પડયો.

રળનાર છોકરો પથારીમાં પડયો. મા-બાપ મુંઝાયાં. ભાઇ-બહેન રડવા બેઠાં આડોશી-પાડોશી ભેગા થઇને વૈદ્યને બોલાવી લાવ્યા.

વૈદ્યે આવીને દર્દીને તપાસ્યો. નાડી તપાસતાં વૈદ્યને લાગ્યું કે શરીરમાં કોઇ રોગ નથી. ઘરના સર્વેને કહ્યું તમે બધા બહાર જાવ મારે તમારા દિકરા સાથે અનગી વાત કરવી છે.

ઘરનાં સર્વે બહાર ગયા વૈદ્યે બારણા બંધ કર્યા દર્દી પાસે આવી પ્રેમથી પીઠ પંપાળતા બોલ્યા, હે દિકરા! તારી નાડી જોતાં મને તારા શરીરમાં કોઇ રોગ દેખાતો નથી. છતાં અશકિત ઘણી છે. માટે સાચે સાચું કહે શી હકીકત છે?

પેલાએ પણ કહી દીધું 'મે છ દિવસથી ખાધુ નથી'

વૈદ્યે માથે હાથ મુકયો, મોથુ પંપાળતા બોલ્યા, હે વત્સ, કેમ કાંઇ કારણ? તરત જ પેલો બોલી ઉઠયો, જેટલું છ દિવસથી લાવું છું તેટલાથી સૌનું પુરૂં થાય છે. મહેનત-મજૂરી કરૂં છું પણ વધારે મળતું નથી. કાંઇક વધારે મળે તો મારે માટે આવાનું વધે. માત-પિતા, ભાઇ બહેનને ભૂખ્યાં રાખી ખાવું એ મને પસંદ નથી એથી મેં છ દિવસથી કાંઇ ખાધું નથી.

તરત જ વૈદ્યે પોતાના ગજવામાંથી કોથળી કાઢી પથારીમાં મૂકી આશ્વાસન આપ્યું બેટા! ચિંતા કરીશ નહિં. મહેનત-મજૂરી કરતો રહેજે જે દિવસે ઓછું મળે તે દિવસે મારી પાસેથી લઇ જજે.

બહાર નીકળતાં વૈદ્યરાજ બોલ્યા દવા આપી છે. સાજે સારો થઇ જશે. ખરેખર, મનની તૃષ્ણા ઓછી ન થાય ત્યાં સુધી આવું બનવું મુશ્કેલ છે.

અનીલ પી. ઝવેરી

શોભા

જ્ઞાનની શોભા વિનય
વિચારની શોભા આચાર
સંયમની શોભા જ્ઞાન
ત્યાગની શોભા તપ
મંદિરની શોભા દેવ
તપની શોભા સમભાવ
બાલવાટિકાની શોભા આપણું હૃદયથી

અભિષેક આર. શાહ

બાલવાટિકા જયવંતી રહો

બાળકોને બાલવાટિકા ગમે છે.
લક્ષ્મી અને લતાથી સાધુ દૂર રહે
વાતોથી કોઈ ચેટ ન ભરાય.
ઠિચક્કારી (મશ્કરી) કોઈની કરવી નહિ
કાર્ય હંમેશા સારા કરો
જગતમાં રહેલા સર્વ જીવોને હું ખમાવું છું
યદુવંશમાં શ્રી નેમિનાથ ભગવાન થયા

અક્ષય કી. શેઠ

'કુ' ની કરામત

(૧) કેસર (૨) કપુર (૩) કનકગિરી
(૪) કદમ્બ ગિરિ (૫) કરેમિભંતે
(૬) કૃષ્ણ

હર્ષિત એન શાહ

બોધ ગઝલ

સતત સહે કંટક છતાં, પુષ્પ પ્રસારે સુવાસ
રહીને તું સુખચેનમાં, કાં સરજે વિનાશ
દાતારનું મુખ દેખતાં, દુઃખ જન્મનું જાય
થંભુન્ય જેમ ભેટતાં પાપ બધા ધોવાય...

ઇસીના

'ર' ની કરામત

૧) જૈની સ્મૃતિ વિસરી નથી શકાતી તેવા થઈ ગયેલા એક મહાપુરૂષ
૨) રાજસ્થાનમાં આવેલ એક ભવ્ય તીર્થ
૩) શત્રુંજય ગિરિરાજનું એક નામ
૪) પાર્શ્વ પ્રભુનું એક નામ
૫) ભગવાનની મૂર્તિ ઉપર ભગાડવામાં આવતી એક વસ્તુનું નામ

સુલક્ષા

હાસ્ય હોજ

એક મહાશયે રેલ્વે સ્ટેશને જઈને ફરિયાદ કરી

હું ટિકીટ લઈને બાર કલાકથી પ્લેટ ફોર્મ ઉપર ઉભો ઉભો ગાડીની રાહ જોઉ છું. હજી ગાડી નથી આવી આ તે કેવું અંધેર છે.?

જવાબ મળ્યો : 'ભાઈ શાંત થાવ, ચિંતા ના કરો, તમારી એ ટીકીટ ત્યાં સુધી નકામી નહિ જાય જ્યાં સુધી ગાડી આવે નહિ... (મોટી ચિંતા ન કરશો)

આજનો સુવિચાર

કાગડો કૂતરો અને દુર્જન ત્રણેય એક સરખા.

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર
—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૫]

એવી શ્રી જિનેશ્વર દેવોની પરમ તારક આજ્ઞા છે. કે યોગ્યને જ સૂત્રનું પ્રદાન કરવું જોઇએ, અયોગ્યને જ્ઞાન આપવામાં આવે તો જ્ઞાનનો અને તે અયોગ્ય વ્યક્તિનો પણ નાશ થાય છે, જેમ કાચા ઘડામાં ભરેલું પાણી ઘડાનો અને પાણીનો નાશ કરે છે તેની જેમ. અયોગ્યને આપેલું જ્ઞાન પણ નુકશાન કરનાર થાય છે. માટે વિધિ ભક્તિ અને બહુમાનપૂર્વક જ સદ્ગુરુની પાસેથી જ્ઞાન ભણવું જોઇએ. તેવી રીતે પ્રસન્ન થયેલા ગુરુની પાસેથી મળેલું થોડું પણ જ્ઞાન આત્મામાં બરાબર પરિણામ પામે છે. અને સ્વ-પરનું કલ્યાણ કરનાર બને છે.

અન્યથા એટલે કે વિધિ-બહુમાન વિના અર્થાપત્તિથી અવિધિથી જો સૂત્રનો અભ્યાસ કરે તો અવિધિથી ગ્રહણ કરેલો મંત્ર જેમ ઉન્માદાદિ દોષોને ઉત્પન્ન કરે છે તેની જેમ અવિધિથી ગ્રહણ કરેલું જ્ઞાન વિપરીત ફલને આપનાર થાય છે.

પરન્તુ જે આત્મા એકાન્તપણે જ્ઞાનાદિની આરાધનામાં પ્રવૃત્તિ કરતો નથી તેને કાંઇપણ ઇષ્ટ કે અનિષ્ટ ફલ મલતું નથી. અર્થાત્ મોક્ષરૂપ શુભ ફલ કે ઉન્માદાદિ રૂપ અશુભ ફલ મળતું નથી. આવું જાણીને આરાધના જ નહિ કરવી એમ વિચારવું નહિ પણ યથાશક્તિ આરાધનામાં ઉદ્યમ કરવો જ જોઇએ. કેમકે ભગવાનની આજ્ઞા મુજબ કરાતું સદનુષ્ઠાન મોક્ષફલને આપનારું જ છે. તે માટે કહ્યું પણ છે કે-

"શ્રામણ્યસ્ય ફલં મોક્ષઃ પ્રધાનમિતરત્ પુનઃ ।
તત્વતોઽફલમેવેહ, જ્ઞેયં કૃષિપલાલવત્ ॥"

અર્થાત્ :- "શ્રમણપણાનું પ્રધાન ફલ મોક્ષ જ છે. તે સિવાય બીજું સ્વર્ગાદિક ફલ મળે તે તો ખેતી કરતાં ઘાસ મળે તેના જેવું છે અને તત્વથી અફલ જ છે."

અને જો ચારિત્રનો ભંગ કરે તો ઉન્માદાદિ પ્રાપ્ત થાય છે. તે માટે કહ્યું છે કે-

"ઉમ્માદં વ લભેજ્જા, રોગાતકં વ પાઉણે દીહં ।
કેવલિપણણત્તાઓ ધમ્માઓ વાવિ ભંસેજ્જા ॥"

અર્થાત્– "ચારિત્ર ભંગથી ઉન્માદ અથવા દીર્ઘ રોગતંક પ્રાપ્ત થાય છે એટલું જ નહિ પણ શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપિત ધર્મથી પણ ભ્રષ્ટ થાય છે અર્થાત્ મિથ્યત્વને પણ પામે છે.

જ્ઞાનાદિની આરાધનામાં ઉદ્યમ નહિ કરનારને, તત્ત્વથી કાંઇ જ કરતો ન હોવાથી તેને કાંઇ જ ફળ મળતું નથી. અને બીજાની આરાધનાનું ફળ જો તેને મળે તેમ માનો તો અતિપ્રસંગ દોષ આવશે. બીજાની આરાધનાનું ફળ પોતાને મળતું નથી. હંમેશા પોતે જે કાંઇ કર્યું હોય તે પોતાની સાથે આવે છે.

આવા અનારાધક જીવને તાત્વિક એવી માર્ગની દેશના સાંભળતાં પણ દુઃખ થાય છે. શુદ્ધ દેશના પણ તેના કાનને કટુ લાગે છે. શુદ્ધ દેશના ક્ષુદ્ર પ્રાણી રૂપી મૃગના ટોળાને ત્રાસ પમાડવામાં સિંહનાદ સમાન છે.' જે જીવ કાંઇક લઘુકર્મી હોય તો તેને શુદ્ધ દેશના સાંભળતાં દુઃખ ન થાય તો પણ તેના ઉપર તિરસ્કારાદિ થાય છે. જે જીવ તેનાથી પણ વધારે લઘુકર્મી હોય તેને શુદ્ધ દેશના સાંભળતાં દુઃખ કે અવહોલના ન થાય પણ તે જીવ તેનો સ્વીકાર પણ નથી કરી શકતો તેથી આવી અનારાધના વડે લજ્જાદિથી કયારેક થોડો ઘણો સૂત્રાદિનો અભ્યાસ કર્યો હોય તો પણ તે સમ્યગ્જ્ઞાન રહિત હોવાથી તાત્વિક રીતે તો કાંઇ જ અભ્યાસ કરેલો કહેવાતો નથી.

પરન્તુ માર્ગગામી જીવોને આવી અનારાધના એકાન્તે હોતી નથી. કેમકે, માર્ગગામી સમ્યકત્વાદિ પામેલા હોવાથી હંમેશા ભગવાનની આજ્ઞા મુજબની જ સત્ક્રિયાઓમાં જ પ્રવૃત્તિ કરતા હોય છે. આવા જીવને અનર્થ ફળવાળી અને ઉન્માદાદિને આપનારી એવી વિરાધના પ્રારંભમાં કદાચ થઇ પણ જતી હોય તો પણ મોટા દોષની અપેક્ષાએ તેને માટે અર્થભૂત છે. કેમકે તેના હૈયામાં વિરાધનાનો ડર હોય છે. વિરાધના ન થઇ જાય તેની કાળજી હોય છે. તેથી પરંપરાએ તે મોક્ષાંગ જ છે. કેમકે, તે જીવનું માર્ગમાં ગમન શરૂ થયું હોવાથી મોક્ષે જવાનો આરંભ કરી જ દીધો છે. આ અંગે કહ્યું પણ છે કે–

"મુનેર્માર્ગપ્રવૃત્તિર્યા, સા સદોષા ઽપિ સૈવ હિ ।
કન્ટક જ્વર સંમોહયુક્તસ્યેવ સદધ્વનિ ॥"

અર્થાત્–"મુનિની મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કદાચ દોષ વાલી હોય તો પણ તે માર્ગપ્રવૃત્તિ જ કહેવાય છે. જેમ કંટક, જ્વર કે મોહથી યુક્ત માણસ સન્માર્ગે ચાલતો હોય તો ઇષ્ટ સ્થાને પહોંચે છે તેની જેમ." જેમ કોઇ માણસ ઇષ્ટ સ્થાને જવા નીકળ્યો હોય અને તેને માર્ગમાં ઘણા કાંટાદિ આવતા હોય તો ધીમે ધીમે

સાચવી સાચવીને આગળ વધે, માર્ગમાં તાવાદિ આવી જાય તો પણ સમજી સમજીને ચાલે અને કદાચ દિક્મોહ – દિશાને ભ્રમ થઈ જાય તો ઊભો રહે, કોઇને બરાબર પૂછીને, ચેકકસ કરીને આગળ વધે તો પોતાના ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે. પણ જો તે બધાથી ગભરાય અને પાછો ફરી જાય તો કદી ઇચ્છિત સ્થાને પહોંચી શકે નહિ. તેમ મોક્ષે જવા નીકળેલા મુનિને રાગાદિ હેરાન કરે, શારીરિક પીડાઓ આવે, ઉપસર્ગ-પરિષહો આવે, કોઇવાર મિથ્યાત્વ મોહનો પ્રબળ ઉદય થઇ જાય તો પણ તે બધાથી ગભરાયા વિના, ભગવાનની આજ્ઞા મુજબ ધીમે ધીમે પણ આગળ વધે તો જરૂર મોક્ષે પહોંચી જાય છે.

તેથી આરાધનાનો ખપી અને વિરાધનાનો વૈરી એવા જીવથી કદાચ વિરાધના થઇ પણ જાય તો પણ શુધ્ધ તાત્વિક માર્ગ દેશના સાંભળતા હોય અને ઉપાદેય પદાર્થોને વિષે કદાગ્રહ થતો નથી. જેમ સંમોહાદિથી તથા રૂપાદિ વિષયોમાં રૂખલના પામતા આંધળા – બહેરા અને મૂંગાને જેવો કદાગ્રહ થતો નથી તેની જેમ. અને જે થોડો વિરાધક હોય તે તો હેય પદાર્થોનો હેય તરીકે અને ઉપાદેય પદાર્થોને ઉપાદેય તરીકે સ્વીકાર પણ કરે છે. જ્યારે તેનાથી પણ અલ્પ વિરાધક હોય તે હેય-ઉપદેયનો સ્વીકાર નહિ પણ તેમાં પ્રવૃત્તિ પણ કરે છે. આવી વિરાધનાથી પણ થોડું ઘણું જે સૂત્ર ભણાયું હોય તે સમ્યગ્જ્ઞાનના અંશની પણ પ્રાપ્તિવાળું હોવાથી પારમાર્થિક રીતે સમ્યગ્જ્ઞાન રૂપ જ કહેવાય છે.

આંધા વિરાધક જીવ પણ સમ્યગ્દર્શનાદિ બીજથી યુક્ત જ હોય છે. કેમકે આવી વિરાધના પણ માર્ગગામી જીવને જ હોઇ શકે છે, તે પણ જે અતિક્લિષ્ટ કર્મવાળો હોય તેને જ સંભવે છે, બીજાને નહિ. અને જે જીવ તેવા પ્રકારના ક્લિષ્ટ કર્મથી રહિત હોય છે તે તો શાસ્ત્રમાં કહ્યા મુજબનો માર્ગગામી હોય છે અને તે સૂત્રોક્ત ક્રિયા કરનાર તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ પ્રવચન માતાથી સહિત હોય છે. આ અષ્ટપ્રવચન માતાનો ત્યાગ ચારિત્રરૂપી ભાવ પ્રાણોનો નાશ કરનારો હોવાથી બાળ જીવને, જેમ માતાને ત્યાગ કરનાર બાળક અનર્થને પામે છે તેમ તેને અનર્થ પમાડનાર થાય છે. આ તો અવ્યકત બાળકની વાત કરી. પણ અહીં ભાવ ચિંતાને વિષે વ્યકતપણે તો આ અષ્ટપ્રવચન માતાનાં ફળને; સર્વજ્ઞ એવા શ્રી કેવલી ભગવંતો; 'જ્ઞપરિજ્ઞા' એટલે સમ્યજ્ઞાન અને 'પ્રત્યાખ્યાન પરિજ્ઞા' સમ્યક્ ક્રિયા રૂપ તે બંન્ને પરિજ્ઞા વડે; સારી રીતે જાણે છે.

(ક્રમશઃ)

卐

મહાસતી મંદિરાવતી

—શ્રી વિરાગ

'કોણ છે હાજર ? છે કોઇ ?' ક્રોધથી મુંઘવાતી ગર્જનાં સાથે મહારાજા બોલી ઉઠયા.

'જી, હજુર, સેવક હાજર, ફરમાવો હુકમ !' અંગરક્ષક ઝડપથી અંદર પ્રવેશ્યો.

જાઓ, નગરની દિશાએ દિશા ભટકી ગરીબ ભિખારી જેવા કોઇ માનવીને હમણાં જ મારી સન્મુખ હાજર કરો.

'આ નવજુવાન બાલિકાને તેની હઠનું પરિણામ ભોગવવા દો'.

થોડાક કલાક પહેલાં જ અભિમાનમાં અંધ બનેલા મહારાજા અને પોતાની પુત્રી વચ્ચે ચકમક ઝરી હતી.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં રિપુમર્દન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને મત્સર ઘણો હતો. ગર્વથી તેઓ માને છે કે મારા વડે જ સારાય નગરના લોકો સુખ-વિલાસને ભોગવી રહ્યા છે. રાજ કુટુંબનો આ વૈભવ મારા પ્રતાપે જ છે. હું ધારું તો ક્ષણ બે ક્ષણમાં તેઓનું સુખ છીનવી લઉં. આજનો અબજોપતિને ઘડીના છઠ્ઠા ભાગમાં રોડપતિ બનાવી દઉં. મારી જ બોલબાલાથી સર્વત્ર શાંતી છે. મારો પડતો બોલ સૌએ માન્ય કરવો જ પડશે નહિંતર...

રાજસભામાં હાજી હા કહેનારા લોકો ઘણા હતા. હજુરીયાઓ આ ગર્વભર્યાં વચનોને પ્રોત્સાહન રૂપી ખાતર આપે જતાં હતાં.

એક દિવસની વાત છે. સોળે શણગાર સજીને એક બાલિકા રાજસભામાં આવી હતી. ચર્ચા-વિચારણાના ઉંચા પતંગો આકાશમાં ઉડે જતા હતા ગર્વથી ડોલતા મહારાજાની નજર આ બાલિકા પર પડી તે પોતાનું ડોકું ધુણાવી રહી હતી.. એ હતી મહારાજા રિપુમર્દનની લાડકી મંદિરા !

'પૂર્વ કર્મના ફળ પ્રમાણે માનવી માત્રને સુખદુઃખ ભોગવવા પડે છે. પ્રાણી-માત્ર તેમાં નિમિત્ત રૂપ છે.' આ વાત તે મંદિરા સામ્રાજ્ઞ પણે જાણતી હતી.

બડાઇભરી વાતો સાંભળીને તેનું ડોકું ધૂણતું હતું. જ્યાં નજર મળી ત્યાં તેણીએ પડકાર ફેંકયો. ઉછળીને ઉભી થતી તેણીએ રાજાને કહ્યું: 'પૂર્વજીવનના પૂણ્ય-પાપના સંયોગે જ સુખ-દુઃખના ભોક્તા બનાવ છે.' આપશ્રીની વાણી મહાઅભિમાનભરી છે. આ વાણીથી આત્મા અધોગતિએ જાય છે. અભિમાન કોઇનું એ ટકયું નથી ટકવાનું પણ નથી.'

કંઇક રાંક પોતાના પૂણ્યે કરોડપતિ થઇ ગયા.

કોઇક કરોડપતિ પોતાના પાપે ચપ-ઘીયું લઇને ફરતા થઇ ગયા.

કોઇક પૂણ્યે દુર્જન માણસ સજ્જન બની તમારી ગોદમાં આરોટતો થઇ ગયેા. ને, કોઇક પાપે સજ્જન દુર્જન બની આંખમ ખુંચવા લાગ્યેા.

મત્સર ભરેલી વાગછટાને તજી દો, તેમાં જ સૌનું ભલું છે.

અભિમાનના કારણે કોઇક કાળે આપત્તિ આવવાનેા સંભવ છે.

એ છોકરી, તું શું બોલે છે ? કોની સામે બોલે છે ? શું બોલે છે તેનું ભાન બાન છે કે નહિ તારા પિતાનું અપમાન કરતાં તને શરમ નથી આવતી ? શું તારો બાપ મુર્ખો છે ? તારા બાપે ઘણી દિવાળી જોઇ છે. જો હું ધારું તો તને એક સુંદર રાજકુમાર સાથે પરણાવી સુખી બનાવી દઉં. ને નહિંતર એક કુષ્ઠિની સાથે જોડી રસ્તામાં રખડતી ભિખારણ બનાવી દઉં.

પલભરમાં દરિદ્રને ધનવાન બનાવી દઉને પલકવારમાં ધનવાનને દરિદ્ર બનાવ-વાની તાકાત મારામાં છે. સમજી જા ! હું કહું છું તે સમજીને કહું છું. સમજણ પૂર્વક કહું છું. મારા વિચારોની અનુ-મોદના કર. તો સુખી થઇશ.

પિતાજી, આપ કાન ખોલીને સાંભળી લો. ગર્વ કરનારનો ગર્વ ચપટીમાં ઉતરી જાય છે આપ એમ માનતા હોય કે મારા ગર્વથી જ આ દુનિયા ચાલે છે તો સમજી લેજોકે આ ગર્વથી તો આ દુનિયા ઊંડી ગર્તામાં જઇ રહી છે. તમારો ગર્વ આ ઝાડનું પાંદડું ય હલાવી શકે તેમ નથી. મારું પૂણ્ય ફરવાળું હશે તો સારામાં સારો રૂપવાન ગુણવાન રાજકુમારને પસંદ કરશે તો પણ તે રસ્તાનો રખડતો રઝળતો ભિખારી બની જશે, જ્યારે મારો પૂણ્યનો સિતારો પૂનમના ચંદ્રની જેમ ચમકશે ત્યારે આપશ્રીએ પસંદ કરેલ કુષ્ઠી-દરિદ્ર પણ ત્રણ લોકનું રાજ્ય ભોગવનારો ભરથાર બની જશે.

મારું પૂણ્ય-પાપ જ મને સુખને દુઃખ આપશે. આ વાત નિર્વિવાદ પૂર્વકની છે. આપશ્રીનો ગર્વ આપશ્રીને અધોગતિની ઉંડી ખાણમાં ફેંકી દેનારો બનશે.

ચકમક ઝરવા લાગી. ક્રોધાગ્નિ પ્રજ્વલિત થવા લાગ્યેા. પિતા પુત્રી વચ્ચે વિખવાદ શરૂ થયેા. વિટંબણાવાદથી ઘેરાયેલા રાજાએ દ્વારરક્ષકને આજ્ઞા કરી.

થોડીવારે દીન, દુઃખી, કંગાલ, ફાટેલા તુટેલા વસ્ત્રો સાથે, દુઃખના આર્તધ્યાનથી ચીસેા પાડતેા હાથમાં ઠીકરૂં છે તેવા રંક માનવીને રાજાની સન્મુખ હાજર કરાયેા.

આ માનવી કેવેા છે તે જાણી લેા.

આ માનવીને નથી એક કાન, નથી એક નસકોરી, છે એક આંખે કાણેા, એક પગ છે. હુંકોને એક હાથ છે ઠુંઠો. મોઢા પર છે કોઢના ચાંદા, તેમાંથી નીકળે છે લોહી-પરૂ, અંગ છે. બેડોળ, ગુમડાનો પાર નથી, આળસુનો પીર, દુર્ગંધનો ડોજ, ઉભો હોય તો બેસવાનું મુશ્કેલ ને બેઠો હોય તો ઉઠવાનું મુશ્કેલ, પેટ તો મોટું ગાગર જેવું, અને માખીઓના હુમલા તો સતત ચાલુ. વ્યક્તિ વિશેષને જોઇ રાજસભા અવાકૂ બની ગઇ.

(ક્રમશઃ)

શાસન સમાચાર

થાણા નવ પાડામાં ઉપધાન માળારોપણ મહોત્સવ

અત્રે નવપાડામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં માગશર સુદ–૧૫ થી ઉપધાન તપ સૌ પ્રથમ થયું શ્રી સંઘમાં તે માટે તૈયારી સારી રીતે કરી. ઉપધાન તપ કરાવનાર ભાગ્યશાળીઓ (૧) શાહ રાયશી રૂપા સુમરીયા નેમચંદભાઇ (૨) શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર મીઠાઇવાળા (૩) શ્રીમતી રૂપાબેન હરગણ પેથરાજ ગુંઢકા પરિવાર હ: લાલજીભાઇ જોગેશ્વર (૪) શાહ ઝવેરચંદ રણમલ માલઢે પરિવાર હ: કિશોરભાઇ (૫) શ્રીમતી મોંઘીબેન લખમણ વીરપાર માડુ પરિવારે સોણસલાવાળા (૬) શાહ મૂળજી ડાયા ગોસરાણી (વરલી) તથા શાહ નેમચંદ કચરા સમરીયા (નાઇરોબી) તરફથી ઉપધાન થયા.

આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂ. મ. પૂ. આ. શ્રી વિજય વીરશેખરસૂ. મ. આદિની નિશ્રા મલી હતી.

શાહ ભગવાનજી કચરા ગોસરાણી આફ્રીકાવાળાના બંગલામાં નવપાડા ખાતે ઉપધાન શરૂ થયા હતા કાર્યકર્તાઓ ભાવિકો અને ભાઇ–બહેનો સારી રીતે પરિશ્રમ ઉઠાવતા હતા. માળની સંખ્યા ૩૨ હતી ૩૫ વાળા ૨૪ અને ૨૮ વાળા ૨૧ હતા કુલ ૭ ભાઇઓ ૭૦ બહેનો હતા માળા રોપણ મહા સુદ–પના હતું તે નિમિત્તે પોષ વદ ૧૩થી મહોત્સવ ચોજાયો. મહા સુદ–૧ રવિવાર તા. ૨૧–૧–૬૫ના માળની ઉછામણી થઇ હતી શાંતિ સ્નાત્ર આદિ મહોત્સવ ઉપધાન કરાવનારા તરફથી હતો સુદ ૨ના શ્રીમતી કુસુમબેન રમેશચંદ્ર શાહ લંડન તરફથી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહોત્સવ રખાયો હતો વિધિ માટે શાંતિ સ્નાત્રમાં પાનાચંદભાઇ અંધેરી તથા ૧૦૮ પાર્શ્વનાથ પૂજન માટે હેમચંદભાઇ જેઠાલાલ મલાડથી પધાર્યા હતા સંગીતકાર શ્રી મનુભાઇ પાટણવાળા તથા જામનગરથી શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ પધારેલા શ્રી ચંદ્રપ્રભ સ્વામી દેરાસરે દરરોજ ભવ્ય અંગ રચના થતી હતી. ઉપધાન પ્રસંગે પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. આદિ પધાર્યા હતા મહોત્સવમાં પૂ. સા. શ્રી જયરેખાશ્રીજી મ. પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ. આદિ પધાર્યા હતા. માળા રોપણ પ્રસંગે પૂ. મુ. શ્રી સર્વોદયસાગરજી મ. આદિ પધાર્યા હતા. આ પ્રસંગે ૧૫ છોડનું ભવ્ય ઉજમણું કરવામાં આવ્યું હતું.

તપસ્વીઓને ઉપધાન કરાવનાર તરફથી થાળી વાટકા, ગ્લાસ સેટ તથા પૂ. રામચન્દ્ર સૂ. તથા પૂ. જિનેન્દ્ર સૂ. મ. નો ફોટો આપેલ.

કાર્યકરોનું સન્માન થયેલ. તપસ્વીઓ તથા સંઘ તરફથી ઉપધાન કરાવનારનું સન્માન થયું.

માળારોપણનો વરઘોડો વિશાળ અને ભવ્ય હતો. યુવાનો ખડે પગે વ્યવસ્થા કરતા હતા છેલ્લા બંને દિવસ સંઘ જમણ હતું અને તેની વ્યવસ્થા સુંદર ગોઠવાઇ હતી. માળારોપણ ગૌતમ સિંધુ એપાર્ટમેન્ટમાં સુંદર વ્યવસ્થા સાથે થઇ હતી તે વખતે (૧) શાહ વેલજી કચરા થાણા (૨) શ્રીમતી અમૃતબેન નેમચંદ તથા શ્રીમતી કુસુમબેન રમેશચંદ્ર તરફથી ધાર્મિક પુસ્તકોનું વિતરણ થયું હતું. સંઘ પૂજનો ઉપધાન દરમ્યાન દરરોજ થતા હતા.

અનુપમ ઉત્સાહથી ઉપધાન પૂર્ણ થયા હતા. થાણા નવપાડા શ્રી સંઘ અને તેમાં શ્રી ઓસવાળ સંઘને ખુબ અનેરો લાભ મલ્યો હતો. અને સર્વ કાર્યોમાં વ્યવસ્થા કરવામાં ઉજમાળ હતો. થાણા નવપાડામાં આ બધા પ્રસંગો નવા હતા અને તેને સારી રીતે પૂર્ણ કર્યાનો આનંદ અને પ્રવચન ભક્તિ વિ. ના લાભનો સંતોષ થયો હતો.

ઉપધાન દરમ્યાન શ્રી પાર્શ્વનાથ ચારિત્રનું વાંચન પૂ. શ્રી કરતા તથા પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. એ ઉપધાનની ક્રિયા કરવામાં ઘણી કાળજી રાખી હતી.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

૦ ઇચ્છા, મૂર્ચ્છા, ગૃદ્ધિ અને કાંક્ષા સમાન અર્થવાળા લાગતા છતાં અર્થના ભેદ અંગે :

ઇચ્છા–**अनागतान्यतरार्थ प्रार्थना**–ભવિષ્યકાળ સંબંધી કોઇપણ અર્થની પ્રાર્થના.

મૂર્ચ્છા–**हृतातीतनष्ट पदार्थ शोचना** – હરણ થયેલી ભૂતકાળમાં ખોવાયેલ પદાર્થનો શોક.

ગૃદ્ધિ– **विद्यमान परिग्रह प्रतिबन्ध** : વર્તમાનકાલ સંબંધી પરિગ્રહનો રાગ.

કાંક્ષા–**अप्राप्त विविधार्थ प्रार्थना** : નહિ પ્રાપ્ત એવા વિવિધ પદાર્થોની પ્રાર્થના. (ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- દુઃખમાં ભગવાનને એટલાં માટે યાદ કરવાના છે કે હે ભગવન્ ! ભૂતકાળમાં મેં તારી આજ્ઞા પાળી નહિ. હોય, ઘણું જ ખરાબ કામ કર્યા હશે તેનું સજા રૂપે આ દુઃખ આવ્યું છે તો આ દુઃખ સહન કરવાની શકિત આપ'
- ખોટાં કામ કરતાં જેનો હાથ કંપે- હૈયું કંપે અને સારા કામ કરવા બધા અંગો તૈયાર હોય તેનું નામ સમજુ માણસ.
- જેના ઘરમાં કે પેઢીમાં ચોપડામાં ન હોય તેવી કોઇ ચીજ ન હોય તેનું નામ સદ્ગ્રહસ્થ !
- જેની દુઃખ વેઠવાની તૈયારી ન હોય સુખની ઇચ્છાને મારવાની તૈયારી ન હોય તે પાપથી બચે નહિ, તેનામાં ઋદ્ધિ માનવતા આવે નહિ.
- કુટુંબ એ મહાબંધન છે, ફસાવનાર છે. તમને દુર્ગતિમાં ધકેલનાર છે તેના પર રાગ કરવો તે બેવકુફી છે અને અન્યાય કરી કુટુંબને પોષવું, રાજી કરવું તે મહા અધર્મ છે.
- કોઇના ભોગે પોતે સુખી નહિ તેનું નામ સજ્જન !
- 'દુઃખ સહન કરવાની શકિત આવે અને સુખ છોડવાનું જ મન થાય, ભોગવવાનું મન ન થાય આવી દશા પામવા માટે શ્રી નવકારમંત્ર ગણવાનો છે !
- આ સંસારના પુણ્યથી પણ મળતા જેટલા સુખ છે તેની ઇચ્છા ખુદ પાપરૂપ છે અને તેનાથી નવા નવા પાપ જ બંધાય છે. માટે આ સુખ અસાર છે, દુર્ગતિમાં ભટકાવનાર છે.
- આ સંસારનું સુખ માણસને ભુલાવામાં નાંખનાર છે. અને ભયંકર દુઃખને પેદા કરનાર છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખા માવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૧૩૦
આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
૧-૬૫-૨૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૨૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

અમૃત ઢોળી વિષપાન કરે છે

यत्नेन पापानि समाचरन्ति,
धर्मं प्रसङ्गादपि नाचरन्ति ।
आश्चर्यमेतद्धि मनुष्यलोके,
क्षीरं परित्यज्य विषं पिबन्ति ।।

ખરેખર મનુષ્યલોકનું આ મોટું આશ્ચર્ય છે કે ક્ષીરનો ત્યાગ કરી વિષને પીવે છે કોણ ? જેઓ યત્નપૂર્વક પાપોને આચરે છે અને અવસરે પણ ધર્મને આચરતા નથી.

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

કયા ક્ષેત્રમાં કયા કયા ચારિત્રનો સંભવ હોય તે અંગે શ્રી 'પ્રવચન સારોદ્ધાર'માં જણાવ્યું છે કે–

"तिण्णि य चारित्ताइं बावीस जिणाण ऐरवयभरहे ।
तह पंचविदेहेसुं बीयं तइयं च नवि होइ ॥६४७॥

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સ્વરૂપ આ પાંચ ચારિત્રમાંથી; પાંચ ભરત અને પાંચ ઐરવતમાં મધ્યમ બાવીશ શ્રી જિનેશ્વરદેવોના કાળમાં તથા પાંચે મહાવિદેહ ક્ષેત્રમાંના સાધુઓને સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત નામના આ ત્રણ ચારિત્રો હોય છે. જ્યારે છેદોપસ્થાપનીય નામનું બીજું' અને પરિહારવિશુદ્ધિ નામનું ત્રીજું સામાયિક કયારેય હોતું નથી.

તેથી અર્થાપત્તિથી એ નિશ્ચિત થયું કે પાંચ ભરત અને પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા શ્રી તીર્થંકર પરમાત્માના શાસનમાં પાંચે પાંચ ચારિત્રનો સદ્ભાવ હોય છે.

• ધન-ધાન્યાદિ નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ પ્રસિદ્ધ છે. પરન્તુ શ્રી પ્રવચન સારોદ્ધારમાં (દ્વાર-૬૩ માં પાંચ નિગ્રન્થના વર્ણનમાં) ધનાદિ દશ પ્રકારને. પણ બાહ્ય પરિગ્રહ કહેલો છે. તે આ રીતે.

૧ ક્ષેત્ર, ૨ વાસ્તુ, હિરણ્યાદિ ધન અને શાલ્યાદિ ધાન્ય તે બંન્નેનો એક ગણીને ૩ ધન-ધાન્યનો સંચય, ૪ મિત્ર અને સ્વજનાદિ તે રીતના મિત્ર-જ્ઞાતિજનોનો સંયોગ, ૫ યાન-વાહનો, ૬ શયન-પલંગાદિ, ૭ આસન-સિંહાસનાદિ બેઠકો, ૮ દાસો, ૯ દાસી અને ૧૦ કુપ્યમાં ઘરમાં ઉપયોગી વાસણ આદિ સાધનો.

આ રીતના ધન આદિ દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ કહેલો છે.

૦ ચૌદ પૂર્વોના નામ અને સામાન્યથી સ્વરૂપ.

(શ્રી પ્રવચન સારોદ્ધાર-દ્વાર-૬૨, ગા. ૭૧૧ થી ૭૧૮ પ્રમાણ)

૧-ઉત્પાદ પૂર્વ-સઘળા ય દ્રવ્યો અને પર્યાયોની ઉત્પાદ-ઉત્પત્તિને આશ્રયીને જેમાં પ્રરૂપણા કરાઈ છે તે 'ઉત્પાદ' નામનું પહેલું પૂર્વ છે. તેના પદની સંખ્યા ૧૧ ક્રોડ પ્રમાણ કહી છે. (શ્રી સમવાયાંગ સૂત્ર, શ્રી નંદિસૂત્રની ટીકામાં એક ક્રોડ પ્રમાણ પદની સંખ્યા કહી છે.)

પ્રેરણા મુજબ શાસના અર્જે સિદ્ધાન્ત રક્ષાં તથા પ્રચારણ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આણારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુદકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (ચકલાલા)
ખાનચંદ પદમશી ગુદકા (થાનગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ ફાગણ સુદ-૧૫ મંગળવાર તા. ૫-૩-૯૬ [અંક ૨૭

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૩ ને ગુરુવાર, તા. ૯-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૯. (પ્રવચન ૯ મું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

સુરગણસુહં સમગ્ગં, સવ્વદ્ધાપિંડિયં અણુન્તગુણં ।
ન વિ પાવઇ મુત્તિસુહં, ણંતાહિ વિ વગ્ગવગ્ગૂહિં ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, જે આત્માઓ ધર્મ કરે છે તેઓને એક મહત્ત્વની વાત સમજાવે છે કે, ભગવાનનો ધર્મ એક એવી ચીજ છે કે જે-આત્માને આ ભયંકર સંસારથી છોડાવી એવા સ્થાને મોકલી આપે છે કે જ્યાં આત્મિક સુખ એવું છે કે જેનું વર્ણન ન થાય. તે સુખ એવું છે કે જેમાં દુઃખનો લેશ માત્ર નથી, પરિપૂર્ણ છે અને કદી નાશ નહિ પામવાના સ્વભાવવાળું છે. સદાય એક સરખી અવસ્થામાં રહેવાનું છે. તમને બધાને પણ અનુભવ છે કે,—

'પરાધીનતા જેવું એક દુઃખ નથી અને સ્વાધીનતા જેવું એક સુખ નથી' મોક્ષના આત્મા સંપૂર્ણ સ્વાધીન છે, તેમને કોઇની પરાધીનતા નથી.

આ વાત સમજાઈ જાય તો દુનિયાના કોઇપણ પદાર્થની ઇચ્છા થાય તો તે પાપરૂપ જ લાગે. તે પદાર્થ મળે કયારે ? પુણ્ય હોય તો. ભોગવાય પણ કયારે ? પુણ્ય હોય તો. મળેલું સાચવીએ તો સચવાય પણ કયારે ? પુણ્ય હોય તો. ધણીની પાસે ધણુ હોવા છતાં પણ ભોગવી શકતા નથી. સંસારનું જે સુખ છે તે અજ્ઞાનીને જ સુખ લાગે છે, જ્ઞાનિને નહિ. તે સુખને વશ પડેલાને કેટલાની ગુલામી કરવી પડે છે ! મા-બાપને પગે લાગતા શરમ આવે તેવા જીવો દુષ્ટ આત્માને જેનાથી ભોગ મળે તેને પગે લાગે છે. જેનાથી લાભ થાય તેને કેટલા સાચવો છો ! તેની જેટલી ભક્તિ કરો છો તેટલી ભક્તિ ભગવાનની કરો છો ? સાધુની કરો છો ? ધર્મની કરો છો ? તમારે જેનાથી સ્વાર્થ સરે તેને જેટલું સાચવો છો તેટલું તમારા મા-બાપનું પણ સાચવો છો.

આ આચાર્ય મહારાજા ફરમાવી આવ્યા કે સાચું સુખ મોક્ષમાં જ છે. તે મોક્ષે પહોંચાડનાર ધર્મ છે. તે ધર્મ પાસે મોક્ષ વિના બીજી સંસારની ચીજો માગાય ખરી ? ભય મોહનો છે. મોહ શાથી છે ? કર્મ વળગ્યાં છે માટે. તે ભયનો અને કર્મનો નાશ થઇ શકે છે. જ્યારે આત્મા અવિનાશી છે. આત્માના અવિનાશીપણાને પેદા કરવાની ઇચ્છા થાય તો તે જીવ ધર્મ સાચો કરી શકે. બાકી સંસારના સુખના ભિખારીઓ તો સાચી રીતે ધર્મ કરી શકે જ નહિ. ભિખારી તમને સલામ ભરે, આજીજી કરે, દીનતા કરે તે શા માટે ? રોટલાના ટૂકડા માટે. સંસારનું સુખ તો પરાધીન છે. તે પરાધીન વસ્તુમાં સુખ માનવું તેના જેવી મૂર્ખતા બીજી એક નથી.

'મારે મોક્ષે જ જવું છે' આવી ઇચ્છા પેદા થાય તો સારામાં સારો ધર્મ થઇ શકે. મોક્ષનું સુખ એવું છે કે જેનું વર્ણન કેવળજ્ઞાની પણ ન કરી શકે. તે તો જે ભોગવે તે જ જાણે ! તમે કોઇ સારી ચીજ ખાધી તેમાં મજા આવી અને કોઇ પૂછે કે કેવી છે ? તો કહોને કે, વર્ણન કરી શકું તેમ નથી. તે તો જે ખાય તેને જ ખબર પડે. દુનિયામાં પણ એવી ચીજો ઘણી છે જેનો અનુભવ ન હોય તો વર્ણન કરી શકાતું નથી. વર્ણન કરવા શબ્દ જોઇએ. શબ્દ કયાંથી લાવે ? સાચી વસ્તુ સમજીને કરનારા પુણ્યાત્માઓને તો મોક્ષ વિના બીજી કશી જ ઇચ્છા નથી. તે પુણ્યશાળી આત્માઓને સંસારમાં રહેવું પડયું હોય તે પણ તે પાપના યોગે જ રહેવું પડયું હોય છે. એમ તમારૂં અંતર કબૂલ કરે છે ખરૂં ? તમારો આ બંગલો પણ જોવા જેવો છે ખરો ? તમે વેપારાદિ કરો છો તે પણ કરવા જેવું છે ખરું ? સંસારનું જે સુખ છે તે પણ ભોગવવા જેવું છે ખરૂં ? તમે બધા સંસારના સુખના અર્થી છો પણ તે સુખ મળે છે કેટલાને ? મનુષ્યોમાં પણ દુઃખી કેટલા છે ? અને જે બુદ્ધિમાનો હોય તેમાં પણ

સુખી કેટલા છે ? આજે ભણેલા પણ રિબાય છે. 'પરાધીન વસ્તુની ઇચ્છા કરવી તે જ મોટામાં મોટું પાપ છે.' આ વાત સમજાય છે ? સંસારના સુખને સાચું સુખ માનવું તે જ મોટામાં મોટું અજ્ઞાન છે. સંસારનું સુખ તો દુઃખનું કારણ છે. તે મેળવવા પૈસો જોઇએ. તે પૈસો મેળવવા તમે શું શું કરી રહ્યા છો ?

ધર્મ કેવળ મોક્ષને માટે જ કરવાનો છે. તે મોક્ષનું સુખ કેવું છે તેનું વર્ણન કરતાં જ્ઞાનિઓએ ફરમાવ્યું છે કે–જેટલા દેવલોક છે તેમાં જે સુખ છે. તેના ત્રણે કાળના ભેગટલે કે ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યકાળના બધાં જ સુખોને ભેગા કરો અને તેના અનંતા વર્ગ કરો તો પણ તે સુખની મોક્ષના સુખની સાથે સરખામણી ન થઇ શકે તેવું મોક્ષનું સુખ છે. અનંતજ્ઞાનિઓની આ વાતની શ્રદ્ધા છે ? તમને કોઇ પૂછે કે કયાં જવું છે તો મોક્ષમાં જ જવું છે એમ કહોને ? જ્યાં સુધી મોક્ષે ન જવાય ત્યાં સુધી મારે દુર્ગતિમાં નથી જવું તે પણ દુઃખથી બચવાને નહિ પણ મોક્ષ સાધક ધર્મ ન થઇ શકે માટે; અને સદ્‌ગતિમાં જવું છે તે સુખ માટે નહિ પણ મોક્ષ સાધક ધર્મની સાધના સાધન અને સામગ્રી સુલભ સારી રીતે થઇ શકે તે માટે. આવી પણ ભાવના જેને થાય તે ય સંસારમાં સુખી થઇ જાય. પછી તેને સંસારની બીજી કોઇ પણ ચીજની ઇચ્છા જ ન થાય.

જે સુખ આપણને દુઃખ પેદા થયા પછી ગમે તે સુખને સારું કહેવાય ખરું ? સારામાં સારી ચીજ ખાવાની હોય પણ કોણ ખાઇ શકે ? બધા જ ! ના. સારું ખાન–પાન જોઇ ભાન ભૂલીને ખાય–પીએ તો તે માંદા પડે ને ? સારામાં સારું સુખ પણ કોણ ભોગવી શકે ? જેનું પુણ્ય હોય તે જ ને ? કેટલાકની પાસે સુખસામગ્રી સારામાં સારી હોવા છતાં ભોગવી શકતા શકતા નથી. આવું પરાધીન તે સુખ છે. માટે કહો કે સુખની વ્યાખ્યા પડે, એની ઇચ્છા થાય, એને માટે ગમે તે રીતે જરૂરી પૈસા મેળવવાનું મન થાય, એ માટે અનેક પાપ કરવાનું મન થાય એવું કર્મ જોઇતું નથી. એવા કર્મથી જ મોહ થાય છે. કારણ કે કર્મમાં મોહનીય કર્મ જ મુખ્ય છે. કર્મ ન હોય તો મોહ ન હોય. તે કર્મનો નાશ કરવો હોય તો કરી શકાય છે. મોહના યોગે જ આ સંસાર સારો લાગે છે. બાકી આ સંસાર તો દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે. એમ અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે. (ક્રમશઃ)

મહાસતી મંદિરાવતી

(ગતાંકથી ચાલુ)

—શ્રી વિરાગ

'રાજહઠ અને બાળહઠ વચ્ચેનો આ ગજબાહ !'

'પરિણામ શું ?' એ માટે સૌનું ધ્યાન રાજા તરફ કેન્દ્રિત થયું.

ક્રોધથી ધમધમતા રાજાએ જનતા જનાર્દન સાક્ષીએ વેણો ઉચ્ચાર્યા– 'હે છોકરી, હજી પણ તને કહું છું. તું ગાંડી બનમાં. તારા પૂણ્ય–પાપના ખોટા લવારાને છોડી દે. રાજમહેલને ભોગવનારી તું પળ એપળમાં રસ્તે રખડતી થઈ જઇશ. સામે ઉભેલા દીનને જોઇલે. નીરખી લે. તારો કદાગ્રહ છોડી દે નહિંતર આ રંક માનવીને 'તારૂં કન્યાદાન મારે હાથે હું આપું છું. તારા કર્મે એ તને મળ્યો છે. તો તેનો સ્વીકાર કર.

પિતાજી ! આપશ્રીની મરજી. ઇચ્છા મારા શુભ માટેની જ છે, આજે મારા કર્મ મને આપશ્રીના હાથે જે અપાવે છે તે સ્વીકારવામાં મને ખુબ જ આનંદ છે. અને થાય છે.

એમ, હજી વળ છૂટતો નથી તો સાંભળી લે. હવે આ ધરેલાં આભૂષણો અને કિંમતી વસ્ત્રો તારા અંગ પર નહી રહે. પ્રતિહારી ! આ આભૂષણોદિ એકત્રીત કરી રાણીવાસે મોકલી આપો.

ભલે પિતાશ્રી, જેવી આપશ્રીની આજ્ઞા આ આપશ્રીના આભુષણાદિ આપશ્રીને મુબારક.

મારી આજ્ઞા તો એ જ છે કે 'તદ્દન સાદા વેશમાં તને આપેલ આ પતિની સાથે આ નગર–ગામ છોડીને તું પરગામ ચાલી જા. તારા પૂણ્ય–પાપનું ફળ તું ભોગવી લે.'

બસ ! આજ્ઞા શિરે ચઢાવતી મંદિરાએ આભૂષણોદિ પ્રતિહારીને આપી દીધાં. સામાન્ય વેશ પહેરી લીધો. કર્મે આવી પડેલા દુઃખોને સહન કરવાની શક્તિ પ્રભુ પાસે માંગતી મંદિરા રંકનો હાથ પકડીને રાજભવનના પગથિયાં ઉતરવા લાગી.

રાજમાર્ગની બન્ને બાજુએ કીડીયાળું ઉભરાઇ ગયું. ગગનચુંબી ઇમારતો, મહેલાતો, પોળો અને ગલીઓમાં અનેક દિલ-સ્પર્શી ચર્ચાઓ થવા લાગી, કોઇક રાજાની તો કોઇક મંદિરાની પટ્ટી ઉતારવા લાગ્યા. રાજકન્યા પણ એક કુટિની સાથે હંસ ગતિએ ચાલતી બહારના ઉદ્યાનમાં આવેલા એક દેવમંદિરની પરશાળામાં જઇ પહોંચી.

મંદિરની ઓસરી સાફ કરી સ્વામીનાથ માટે આસન પાથર્યું. ધીરે રહીને પોતાના પતિદેવને બેસાડયે. શાંતિનો આસ્વાદ મેળવતી અને ભાવિ જીવનનો વિચાર કરતી મંદિરા પિયુના પગ આગળ બેઠી.

કલબલાટ કરતાં પંખીઓ, પશુઓના વિચિત્ર અવાજો શાંત થઈ ગયા ચારેય દિશાઓમાં નિરવ શાંતી પથરાઇ ગઇ. ભરથાર અને ભાર્યા બન્ને મૌન થઇ એક-બીજાના મુખડા નિરખી રહ્યા છે.

થોડીક ક્ષણો બાદ દયાર્દ્રભાવે એ દુઃખીએ મૌન તોડયું. કુમારી ! મહારાજાને કોપાયમાન કરીને તે આ શું કર્યું ? મારા જેવા રંકને રત્ન ગણીને કોઠે વળ-ગાડયો દીન-હીન પતિને હાથે કરીને સ્વીકારવાની મહાન ભૂલ તમે નથી કરી લાગતી ? હું મારૂં દુઃખ ભોગવી લઇશ માત પાપે, મારે તમને દુઃખી નથી કરવા. હું તમને દુઃખી કરૂં તો મારે વધારે દુઃખ ભોગવવું પડે. પરભવમાં ભયંકર પાપે। કર્યા તેનું ફળ તો અત્યારે ચાખી રહ્યો છું. તમને સાથે રાખીને મારે મારૂં ગુજ-રાન પણ કઇ રીતે ચલાવવું ? આજદિન સુધી તો ગમે તે બાહાને ગમે ત્યાં આરો-ડીને દિવસો પુરા કરતો હતો. હવે તમારી ચિંતા વધી. આપણા બન્નેના બાડાને કઇ રીતે પુરીશું ? હું શક્તિહીન છું. કઇ રીતે જીવન ગુજારીશું તે સમજાતું નથી ?

તમે તો રાજમહેલમાં ઉછરેલ છો. રાજસુખોના ભોગો ભોગવ્યા છે. સુખ તમારા ચરણોમાં આળોટતું હતું. દુઃખનો લવલેશ પણ તમે અનુભવ્યો નથી. ૩૨ જાતના શાક અને ૩૩ જાતના પકવાનો આરોગતાં તમે હવે લુખું-શુકું, કાચું-પાકું, ઓછું-જાજું, રસકસ વગરનું કઇ રીતે ખાઇ શકશો ? કોઇ દિવસ મળે ને કોઇ દિવસ ના પણ મળે. લોકોની ગાળો-માર વગેરે સહન કરવાનું, આવું જીવન કઇ રીતે વીતાવશો ? મારા જેવા દુઃખીયા માનવીનો હાથ શા માટે ઝાલ્યો ?

હજી પણ મારૂં માનતા હોય તો મેં તમને હૃદયથી સ્વીકારેલા નથી. તમે કોઇ યોગ્ય રાજકુમારને પસંદ કરી લો. તમારૂં જીવન સુખમય બનાવી શકો છો. અને મને મારા દુઃખો ભોગવવા દો.

'વ્હાલા સ્વામિનાથ' આવી વાણીનો ઉપયોગ ન કરો. આવી વાણી સાંભળતા મારું હૃદય ચીરાઇ જાય છે. મારા પિતા-શ્રીએ જાહેર જનતા જનાર્દનની સમક્ષ મારૂં કન્યાદાન કર્યું છે. તેઓશ્રીએ મારા માટે આપશ્રીને પસંદ કર્યા છે, પછી ગમે તેવા હોય તો પણ મારા માટે પૂજ્ય છે. હું તેઓના ચરણોની દાસી છું. તેઓનો પડતો બોલ ઝીલવા તૈયાર છું. તેઓના સુખે સુખી, તેઓના દુઃખે દુઃખી. મારે કોઇ સંકલ્પ નથી કે વિકલ્પ નથી. મારા ભાવિનો વિચાર પણ મારે નથી કરવાનો જ્યાં મારૂં સર્વસ્વ આપશ્રીના ચરણોમાં સમર્પિત કરી દીધું ત્યાં અન્યથા વિચાર શું કરવાનો ? મારા કર્મની ગતિ જેવી હશે તેવું મને પ્રાપ્ત થાય તેમાં પિતાશ્રીનો દોષ શું કાઢવાનો ? જુઓ હવે મને માન-વાચક શબ્દો બોલીને શરમાવશો નહિ. જીવન નૈયાને પાર ઉતારવા માટે આ દાસી ગમે તેવા કપરાં કાર્યો-મુશ્કેલી ભર્યા કામો કરતા અચકાશે પણ નહિ.

ઉપરાંત આપ ચોકકસ માનજો કે, જો

પતિને હું સેંકડો સભાગણોની સાક્ષીમાં વરી છું તે સિવાયના સઘળા પુરુષો મારે મન ભાઇ-બાપ અને પુત્ર સમાન છે.' આપશ્રીના મુખેથી આવા વચન! એક કુળવાન સ્ત્રીના કાન, તે સાંભળવા તૈયાર નથી.

ત્યારે આપણે શું કરીશું?

'હવે તો આપશ્રીની સેવા એજ મારે મન મેવા છે!' આભૂષણના ઠાઠને હું નથી માનતી. શિયલવ્રત એ જ મારું મહાન આભૂષણ છે. આપણું ભાગ્ય આપણા જીવનને સાચા માર્ગે દોરી જશે. સાચી દિશા જરૂર આપણા હાથમાં આવશે. આપણા સર્વ દુઃખો દૂર થશે. મને મારા ધર્મ ઉપર પુરેપુરી શ્રદ્ધા છે. અભિમાનની અંબાડીએ બેઠેલા મારા પિતાશ્રીએ શાસનની જે અપભ્રજના કરી છે તે ચોકકસ દૂર થશે. આપશ્રી શાંતિથી આરામ કરો સઘળી ચિંતા છોડી દો.

ચીકાં મધુરા હાલરડાં જેવા વચનો સાંભળતો કે ડિયો હીન પતિ ઉંઘી ગયો. નિંદ્રાધીન થયેલા પતિદેવની પગચંપી કરતી મંદિરા, પોતાના ભાવિ જીવનનું આયોજન કરી રહી હતી. અચાનક તે આયોજન પડતું મૂકી તે ઈષ્ટદેવ પંચ પરમેષ્ઠી ભગવંતોના સ્મરણમાં લયલીન બની ગઇ.

સમય વિતવા લાગ્યો. પ્રહરની પળો પસાર થવા લાગી. ત્યાં જ સામેથી ઝળહળતા પ્રકાશનો એક લીસોટો પોતાની તરફ આવતો જણાયો. નજીક આવતો તે લીસોટો એક દિવ્ય પુરૂષ અને એક સુંદર સ્ત્રીમાં પરિવર્તન પામી ગયો.

સાડા ત્રણ હાથ દૂર રહેલા તે જોડકામાં રહેલી સ્ત્રીએ વાગવાણી ઉચ્ચારી 'હે સુકુમાલીકા! હું નગરની અધિષ્ઠાત્રી દેવી છું. તારા પિતાશ્રીએ આજે જે અઘટિત કાર્ય કરેલ છે તે બદલ મને તારી દયા આવે છે અને તારા ભલા માટે આ સુંદર પુરુષને લઇ આવી છું. એ મગધ દેશનો રાજકુમાર છે. કોઢિયાને છોડી તું. તેને વર તારું ચોકકસ શ્રેય થશે.

દેવી! તમે ખરેખર દેવી છો કે જગદંબા છો. મહેરબાની કરી આવી ખોટી દયા બાવાની જરૂર નથી હું તમારે પગે પડું છું. જન સાક્ષીએ મારા પિતાશ્રીએ મને જે વર આપ્યો છે તે જ મારો પ્રાણાધાર છે. મેં જે પતિદેવનો હાથ ઝાલ્યો છે તે કોઇ કાળે છોડવા તૈયાર નથી અન્ય પુરૂષો મારે મન ભાઇ, પુત્ર અને પિતા સમાન છે. મગધ દેશના રાજકુમાર મારે મન મોટાભાઇ સમાન છે. ઇન્દ્રથી પણ અધિક તેજસ્વી પુરૂષ ભલે હોય પણ મારા કુષ્ઠ પતિ સિવાય મારે અન્ય કોઇની ચાહના નથી કદાચ રૂંવાડે પણ આવી જાય તો મારું શીલ ભાંગે, મારું કુળ લજ્જાય. હે દેવી, તમે સ્ત્રી થઇને કુલટા થવાનું મને શીખવાડો છો હું હાથ જોડીને તમને વિનંતી કરું છું હે અધિષ્ઠાત્રી આપશ્રી જ્યાંથી આવ્યા છો ત્યાં આવ્યા જાવ.

(ક્રમશઃ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-
પ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૬]

तहा आससपयासदीवं, संदीणुडथिरइअलेअं, असंदीणुथिरत्थमुज्जमइ । जहासत्तिमसंभंते अणुसगे असंसत्तजोगाराहएे भवइ, उत्तरुत्तर-जोगसिद्धीए मुच्चइ पावकम्मुणुत्ति । विसुज्झमाणे, आभवंभावकिरिअमा-राहेइ । पसमसुहमणुहवइ, अपीडिए संजमअचक्किरिआए अव्वहिए परीसहोवसग्गेहिं, वाहिअसुकिरिआनाएेणं ।।

આ મુનિએ સ્વપંદન અને અસ્પંદન લેહવાળા આશ્વાસ-વિશ્રાન્તિ રૂપ દ્વીપને અને સ્થિર અને અસ્થિર લેહવાળા પ્રકાશદ્વીપને સારી રીતે જાણે છે અને અસ્પંદન અને સ્થિર લેહને પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે- આ સંસાર સાગરમાં ભ્રમતા જીવોને વિશ્રાન્તિ માટે ચારિત્ર રૂપી દ્વીપ છે અને ગાઢ દુઃખ-વાલા મોહરૂપી અંધકારમાં પડેલા જીવોને પ્રકાશ માટે જ્ઞાનરૂપી દીપક છે. તેમાં જે ચારિત્ર રૂપી દ્વીપ છે તેના બે પ્રકાર છે તેમાં એક 'સ્વપંદન' વાળો એટલે કે સમુદ્રના મોજા-તરંગો આદિથી ડુબી જાય તેવો છે અને બીજો 'અસ્પન્દન' વાળો એટલે મોજા-તરંગાદિથી ન ડુબે તેવો છે. અને જે બીજો જે જ્ઞાનરૂપી દીપક છે તે પણ સ્થિર અને અસ્થિર લેદ બે પ્રકારનો છે. સ્થિર એટલે અપ્રતિપાતી-આવ્યા પછી કદી નાશ ન પામે તેવો અને બીજો અસ્થિર એટલે પ્રતિપાતી એટલે આવ્યા પછી નાશ પામે તેવો છે.

તેમાં જે સ્પન્દનવાળો દ્વીપ તે ક્ષાયોપશમિક ચારિત્ર રૂપ છે અને અસ્પન્દનવાળો દ્વીપ તે ક્ષાયિક ચારિત્ર રૂપ છે. તથા અસ્થિર દીપક તે ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ છે અને સ્થિર દીપક તે ક્ષાયિક જ્ઞાન રૂપ છે. તેમાં જે પ્રથમ ક્ષાયોપશમિક ચારિત્ર રૂપી દ્વીપ અને ક્ષાયોપશમિક જ્ઞાન રૂપી દીપ છે તે પ્રતિપાતી-આવેલું જાય તેવું-પતનશીલ સ્વભાવવાળું હોવાથી ચિરકાળે ઇષ્ટની સિધ્ધિ માટે થાય છે. અને જે ક્ષાયિક ચારિત્ર રૂપી દ્વીપ અને ક્ષાયિક જ્ઞાન રૂપી દ્વીપ છે તે અપ્રતિપાતી-આવ્યા પછી કદી નાશ પામે તેવું ન હોવાથી તે જ ભવમાં મોક્ષને માટે થાય છે.

આ રીતે તે મુનિ આ ભવસાગરમાં સ્પન્દનાદિ લેહવાળા આશ્વાસ -વિશ્રાન્તિ

દ્વીપને અને અસ્થિરાદિ ભેદવાળા પ્રકાશક દ્વીપને સારી રીતે જાણે છે. જાણે છે એટલું જ નહિ પણ અસ્પંદન દ્વીપ-ક્ષાયિક ચારિત્ર અને સ્થિર દ્વીપ-ક્ષાયિક જ્ઞાનને માટે આગમમાં કહ્યા પ્રમાણે ઉદ્યમ કરે છે. તે પણ શક્તિ પ્રમાણે, ભ્રાન્તિ રહિત, ફલની પ્રત્યે ઉત્સુકતા વિનાનો, અને સૂત્રાનુસારે શુદ્ધ ચારિત્ર વ્યાપારનો આરાધક થાય છે. શ્રી જિનશાસનમાં કહેલો દરેક દરેક યોગ-આત્માને મોક્ષની સાથે જોડી આપે તેનું નામ યોગ છે-કર્મરૂપી દુઃખોના ક્ષયને માટે કરાતો, એકબીજા યોગોને હાનિ ન પહોંચે તે રીતે કરવો જોઇએ. તે અંગે કહ્યું પણ છે કે—

"જોગો જોગો જિણસાસણુમ્મિ દુક્ખક્ખયા પઉંજંતો ।
અણ્ણોણ્ણમબાહંતો અસવત્તો હોઇ કાયવ્વો ।।"

આ રીતે ભગવાનની આજ્ઞા મુજબ દરેક યોગોને કરતો એવો તે ઉત્તરોત્તર શુદ્ધ ચારિત્ર વ્યાપારની સિદ્ધિ વડે તે તે ગુણોના રોધક પાપકર્મોથી વિમુક્ત થાય છે. આ રીતે વિશુદ્ધ વિશુદ્ધ પરિણામવાળો થતો તે આત્મા જન્મપર્યંત કે આ સંસાર પર્યંત મોક્ષસાધક ભાવક્રિયાને આરાધે છે. ત્યાર પછી આશ્રવ નિરોધ રૂપ સંયમ અને અનશનાદિ બાર પ્રકારના નિર્જરા રૂપ તપથી-આજ્ઞા મુજબ કરવાથી-જરાપણ શારીરિક પીડાને પામ્યા વિના, ક્ષુધાદિ બાવીશ પરિષહો અને દેવાદિનાં ઉપસર્ગોથી મનમાં જરાપણ વ્યથા-ક્ષોભને પામ્યા વિના; વ્યાધિવાળાને શુભક્રિયાની પરંપરાથી જેમ આરામ થાય છે છે દૃષ્ટાંત વડે તે પ્રશમ સુખનો એટલે કે આત્માના પ્રશાન્ત સુખનો અનુભવ કરે છે. ભાવે 'મોક્ષે સમો મુનિઃ' નો અનુભવ કરે છે.

તે દૃષ્ટાંતને કહે છે.

સે જહા-નામએ કેઇ મહાવાહિગહિએ અણુહૂઅતવ્વેઅણે, વિણાયા સરુવેણુ, નિવિણ્ણે તત્તઓ । સુવિજ્જવયણેણુ સમ્મં તમવગચ્છિઅ, જહાવિહાણુઓ પવણે સુકિરિઅં । નિરુદ્ધજહિચ્છાચારે, તુચ્છપત્થલોઇ, મુચ્ચમાણે વાહિણા, નિઅત્તમાણુવેઅણે, સમુવલબ્ભારોગ્ગં, પવડ્ઢમાણતબ્ભાવે, તલ્લાભનિવ્વુઇએ તપ્પડિબંધાઓ સિરાબારાઇ જોગેવિ વાહિસમારોગ્ગવિણુણાણેણુ ધુવનિપ્પત્તીઓ અણાકુલભાવયાએ કિરિઓવઓગેણ અપીડિએ અવ્વાહિએ સુહલેસ્સાએ વટ્ટઇ । વિજ્જં ચ બહુ મણુઇ ।।

જેમ કોઇ પુરુષ કોઢાદિ મહાવ્યાધિથી ગ્રસ્ત થયો હોય, તેથી તેની વેદનાને અનુભવતો વેદનાનું સ્વરૂપ જાણી તત્ત્વથી અત્યંત ખેદ પામ્યો હોય તેવામાં કોઇ સુવૈદ્યના વચન વડે સારી રીતે તે વ્યાધિને જાણી દેવપૂજાદિ યથાર્થવિધિ વૈદ્યો બતા-

વેલી વિધિથી તેની પરિપાચનાદિ રૂપ ક્રિયાને સારી રીતે કરે અને મરણાદિના ભયથી સ્વેચ્છાચ રને રોકી-સંયમિત બની હલકું અને પથ્ય ભોજનાદિ કરી કોઢાદિ મહાવ્યાધિથી મુક્ત થતો જાય. પછી ખરજ વગેરે દૂર થયે વેદનારહિત થઇ, આરોગ્યતાને પામી તે આરોગ્યના લાભથી મળેલી શાંતિ વડે તેની આરોગ્યતા વૃધ્ધિ પામવાને લાગે. તેથી તે આરોગ્યતા મેળવવામાં તત્પર હોવાથી શિરાવેધ અને ક્ષારાદિકના પાતરૂપ આકરા-જલદ ઉપાયોને કરીને પણ નિરોગી થવા ઇચ્છે છે. વ્યાધિના ઉપશમને જોવાથી આરોગ્યનું જ્ઞાન થવાથી અને ઇષ્ટ આરોગ્યની પ્રાપ્તિ મને જરૂર થશે એવો વિશ્વાસ હોવાથી આકુલતા રહિતપણે વૈદ્ય ઉપરની પૂરેપૂરી શ્રધ્ધાથી વૈદ્યે બતાવેલી ક્રિયામાં ઉપયોગ રાખી શરીર અને મનની પીડાને ગણકાર્યા વિના પ્રશસ્તભાવરૂપ શુભ લેશ્યા-વિચારો વડે વૃધ્ધિને પામે છે. વૈદ્યને પોતાનો સાચો હિતૈષી માને છે અને મહાવ્યાધિથી દૂર કરનાર-મૂકાવનાર આ વૈદ્ય છે એમ માની વૈદ્યનું બહુમાન કરે છે.

હવે આ દૃષ્ટાંતનો ઉપનય કહે છે.

એવં કમ્મવાહિગહિએ, અણુભૂઅજમ્મજરવેઅણે, વિણ્ણાયા દુઃખરૂવેણું, નિવ્વિણ્ણે તત્તઓ । તઓ સુગુરૂવયણેણ અણુટ્ઠાણાઇણા તમવગચ્છિઅ. પુવ્વુત્તવિહાણુઓ પવન્ને સુકિરિઅંપવ્વજં, નિરૂદ્ધપમાયાયારે, અસારસુધ્ધલોઇ, મુચ્ચમાણે કમ્મવાહિણા, નિઅત્તંમાણિદ્ધ વિઓગાઇવેઅણે,સમુવલબ્ભ ચરણારૂગ પવડ્ઢમાણસુહભાવે, તદ્લાભનિવ્વુઇએ તપ્પડિબંધવિસેસઓ, પરીસહોવસગ્ગ ભાવેવિ તત્તસંવેઅણાઓ, કુસલાસય વુદ્ધી થિરાસયત્તેણ, ધમ્મોવઓગાઓ સયાથિમિએ તેઉલ્લેસાઓ પવઢઢઇ । ગુરૂં ચ બહુમન્નઇ । જહોચિઅં અસંગપડિવત્તીએ નિસગ્ગપવિત્તિભાવેણ । એસા ગુરૂ વિઆહિઆ ભાવસારા, વિસેસઓ ભગવંતબહુમાણેણું । 'જો મંપડિમન્નઇ સે ગુરૂંત્તિ' તદાણા । અન્નહા, કિરિઆ અકિરિઆ કુલડાનારીકિરિઆસામા । ગરહિઆ તત્તવેઇણું અફલાગઓ, વિસાણતત્તીફલમિત્થ નાયં, આવટ્ટે ખુ તપ્ફલં, અસુહાણુબંધે ॥

એ જ રીતે કર્મરૂપી વ્યાધિથી ગ્રસ્ત એવો પ્રાણી કે જેણે જન્મ, જરા, મરણાદિની વેદનાને અનુભવી છે તથા જન્માદિની વેદનાને દુઃખ રૂપે જ જાણી છે અને તેથી જ આ સંસારમાં વારંવાર હોવા પડતા જન્માદિ જે તત્ત્વથી ખરેખર ખેદ પામ્યો છે. ત્યાર પછી સદ્ગુર્વાદિના વચનથી ક્રિયા-અનુષ્ઠાનાદિ વડે સુગુરુને ઓળખીને તેમનો બરાબર પરિચય કરી, કર્મવ્યાધિને સારી રીતે જાણીને ત્રીજા સૂત્રમાં કહેલી વિધિ વડે ભગવતી પારમેશ્વરી પ્રવ્રજ્યાને સદ્ગુરૂ પાસે અંગીકાર કરે છે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

ત્રીજી રાતની કરૂણતા.

ધરતી ઉપર ઢળી પડેલા લક્ષ્મણજીને જોઈને હવે રામચંદ્રજી હાથમાં ન રહ્યા. કરૂણ ક્રંદન કરવા લાગ્યા. કે હે લક્ષ્મણ ! કંઈક તો બોલ. આ રાવણ જીવતો જ લંકામાં જતો રહ્યો તેનું તને દુઃખ છે ? પણ તું કાંઈક બોલ હું તારી ઇચ્છા પૂર્ણ કરીશ. હે દુષ્ટાત્મા રાવણ ! તું ઉભો રહે તું ભાગીને જઈશ કયાં ? હમણાં જ તને પરલોકના રસ્તે પહોંચાડી દઉ છું. આમ બોલતાં જ ધનુષ્યનો ટંકાર કરીને રામ-ચંદ્રજી ધનુષ ધારણ કરીને ઉભા થયા.

સુગ્રીવાદિએ કહ્યું-પ્રભો ! આ સમય રાત્રિનો છે. અને તે રાક્ષસ તો લંકામાં ચાલ્યો ગયો છે. અને લક્ષ્મણ કંઈ મૃત્યુ નથી પામ્યા એ તો માત્ર શક્તિના પ્રહારથી બેભાન થયેલા છે. માટે હે નાથ! શક્તિપ્રહારનો પ્રતિકાર વિચારીએ.'

આટલું કહેવા છતાં રામચંદ્રજી લક્ષ્મણજીને મૃત્યુ પામેલા જ માનીને બોલવા લાગ્યા કે-'ભાર્યા હરાઇ ગઈ અને ભ્રાતા હણાઇ ગયો છતાં હે રામ ! તું હજી જીવી રહ્યો છે. સેંકડો ટુકડામાં શીર્ણ-વિશીર્ણ કેમ ના થયો ? હે પરમ સખા ! સુગ્રીવ, હનુમાન, ભામંડલ, નલ, અંગદ, અને દરેક વિદ્યાધરો હવે તમે બધાં તમારા ઘરે જાવ.

હે સખા ! વિભીષણ ! સીતાના અપ-હરણ અને સૌમિત્રિના વધથી પણ વધુ દુઃખ તો મને એ વાતનું છે કે-મેં તને લંકા રાજ્ય આપવાનું વચન આપીને પણ હજી પાળ્યું નથી. છતાં સવારે જ જોજો કે તારા ભાઇને મારા ભાઇ લક્ષ્મણના રસ્તે જ ધકેલી દઇને તને લંકાનું રાજ્ય અપા-વીને હું લક્ષ્મણના જ રસ્તે પ્રયાણ કરીશ. લક્ષ્મણ ન હોય તો મારે સીતા કે જિંદગીથી શું મતલબ છે ?'

કરૂણ વિલાપ કરતાં રામચંદ્રજીને વિભીષણે કહ્યું કે હે પ્રભો ! આવું અધૈર્ય શા માટે ? શક્તિથી હણાયેલો માણસ એક રાત સુધી અવશ્ય બેભાનપણે પણ જીવતો જ હોય છે. માટે સવાર પડે ત્યાં સુધીમાં આ શક્તિના પ્રતીકારનો ઉપાય વિચારીએ.'

તે જ સ્થળે સુગ્રીવાદિએ વિદ્યાના બળથી ચાર ચાર કરવાલવાળા સાત-સાત કિલ્લાની હારમાળા ઉભી કરી દઇને દરેક દ્વાર ઉપર સાત-સાત વીર સુભટોને રક્ષણ કરવા ગોઠવી દીધા.

આ બાજુ દેવરમણ ઉદ્યાનમાં કોઈ વ્યકિતએ સીતાદેવીને કહ્યું કે- 'લક્ષ્મણ રાવણે ફેંકેલી શક્તિથી હણાઇ ગયા છે. અને સવાર સુધીમાં તો ભાઇના સ્નેહથી

રામચંદ્રજી પણ મૃત્યું પામશે.'

આવા વજ્રપાત જેવા ખતરનાક કર્કશ શબ્દો સાંભળીને સીતાદેવી મૂર્છા પામી ગયા. કોઈ વિદ્યાધરીએ જળસિંચન કરતાં ભાનમાં આવેલા સીતાદેવી કરૂણ સ્વરે વિલાપ કરવા લાગ્યા કે- 'હે વત્સ લક્ષ્મણ! તારા વિના એક ઘડી પણ રહી નહી શકનારા તારા વડિલબંધુને એકલા મૂકીને તું ક્યાં ચાલ્યો ગયો?

અરે! હું કેવી બદનસીબ કમભાગી છું કે જેથી મારા જ કારણે અત્યારે મારા પ્રાણેશ્વર અને દિયરને આવી દુઃખદાયી દશા આવી પહોંચી.

હે ધરા-વસુંધરા! તું બે ભાગમાં ચીરાઈ જઈને મને તારા પેટાળમાં સમાઈ જવા માટે માર્ગ આપ. અથવા હે હૃદય! પ્રાણના નિર્વાણ=વિલોપન માટે તું બે ટુકડામાં વહેંચાઈ જા.'

આ રીતે કરૂણ કલ્પાંત કરતી સીતાદેવીને અવલોકની વિદ્યાબળે કોઈ દયાળુ વિદ્યાધરીએ જોઈને કહ્યું કે હે દેવિ! તમારા દિયર સવારે સાજા થઈ જશે અને રામચંદ્રજીની સાથે આવીને તને આનંદિત કરશે.'

વિદ્યાધરીની વાણીથી સ્વસ્થ થયેલા સીતાદેવી ક્યારે સૂર્યોદય થાય ને લક્ષ્મણ સાજા થાય તેવા વિચારમાં જ આખી રાત જાગતા જ રહ્યા.

બીજી તરફ લંકાનો સજ્જમહેલ રાવણના કરૂણ કંદનથી ગમગીન બની ગયો. હતો. લક્ષ્મણને હણી નાંખવાથી રાવણ ક્ષણવાર ખુશ થયા અને પછી ભાઈ-પુત્ર અને મિત્રની શત્રુ છાવણીમાં બંધનાવસ્થા યાદ કરીને કરૂણ રૂદન કરવા લાગ્યા. અને પોતાના બાંધવોના બંધનને વારંવાર રડતા રાવણ વારંવાર મૂર્છા ખાઈને પડવા લાગ્યા.

આમ ત્રીજા દિવસની રાત ત્રણ-ત્રણ જગ્યાએ કરૂણ કલ્પાંત કરાવનારી બની.

રાત વીતી જઈ રહી છે. એક સેકંડના સોમા ભાગ જેટલો પણ વિસામો ખાધા વિના સમય તેની રોજની ગતિએ સરકીજ રહ્યો છે. આમ તો દુઃખના દાડા' વરસ જેવડા લાગતા હોય છે. પણ અહીં યુદ્ધના રણક્ષેત્ર ઉપર ગુજરેલી ત્રીજા દિવસની રાત દુઃખની રાત હોવા છતાં જલ્દી વીતી ન જાય તેની સતત રામચંદ્રાદિને ચિંતા સતાવી રહી છે.

રાત વધુને વધુ ગાઢ બનીને વીતી ગયા પછીનો જ લગભગ સમય હશે. અને દ્રોણમેઘ નામના એક વિદ્યાધરે આવીને ભામંડલને કહ્યું કે- હું રામચંદ્રજીને હિતની વાત કરવા આવ્યો છું. તરત જ ભામંડલ દ્રોણમેઘને બરાબર હાથેથી ઝડપી રાખીને સભા પાસે લઈ ગયા.

પોતાનો પરિચય આપીને વિગતવાર ઘણી વાત કરીને છેલ્લે તેણે કહ્યું કે- આ મારો તથા અયોધ્યા નરેશ ભરત રાજાનો જાત અનુભવ છે. માટે જો ભરત રાજાના મામાની પુત્રી વિશલ્યાના સ્નાન જળને

છાંટવામાં આવે તો લક્ષ્મણજીની ગાઢ મૂર્છા દૂર થઇ શકે.

તરત જ રામની આજ્ઞાથી ભામંડલ, હનુમાન અને અંગદ ભરત પાસે જઇ તેમને મધુર સ્વરે ઉઠાડી કૌતુકમંગલનગરે જઇ એક હજાર રાજપુત્રી સહિત વિશલ્યાને લઇને, લંકા આવવા ઉત્કંઠિત બનેલા એવા પણ ભરતને અયોધ્યામાં જ પાછા મૂકીને ભામંડલાદિ વિમાનમાં લંકા તરફ ચાલ્યા.

વિમાનના અત્યંત તેજથી સુગ્રીવાદિ સૂર્યોદય થયાના ભયથી ગભરાઇ ગયા. પણ વિમાન નીચે ઉતરતાં હકિકત જાણી સર્વે ખુશ થયા. અને લક્ષ્મણ સાથે પરણવા માટે કૌતુકમંગલના રાજાએ પરણવા મોકલેલી રાજકુમારી વિશલ્યાએ પોતાના ભાવિના પતિ લક્ષ્મણની છાતી ઉપર હાથ મૂકતાં જ વિશલ્યા તપના તેજને સહન કરી નહિ શકતાં અમોઘ વિજ્યા શક્તિ લક્ષ્મણના શરીરમાંથી તત્ક્ષણે જ ભાગી છૂટી.

પણ ફૂદકો મારીને હનુમાને તેને ઝડપી લેતાં તેણે કહ્યું કે– ધરણેન્દ્રએ મને રાવણને સોંપેલી. હું તો દેવતા રૂપે નોકર છું આમાં મારો કોઇ વાંક નથી. પણ વિશલ્યાના પૂર્વભવના તપના તેજને સહન ન થઇ શકતા હું હવે જઉ છું મને છોડી દો.'

આમ કહેતા હનુમાને તે શક્તિને મુકત કરી દીધી.

રામચંદ્રજીની છાવણીમાં લક્ષ્મણજી સજીવન થઇ જતાં આનંદ આનંદ વ્યાપી ગયો. અને રામચંદ્રજીની આજ્ઞાથી એક હજાર રાજ પુત્રીઓ સહિત વિશલ્યાનો ધામ ધૂમથી લગ્નોત્સવ ઉજવાયો.

કુ. કલ્પલત્તાબેન રશ્મિકાંત

[ઉ. વર્ષ ૧૨ (અલાહ વેસ્ટ)]



પૂ. આ. ભ. શ્રી વિજયરાજતિલક સૂ. મ. પૂ. આ. ભ. શ્રી વિજયમહોદય સૂ. મ. ની નિશ્રામાં ભવ્ય ઉત્સવ સાથે મહા સુદ ૫ના પાટણ મુકામે પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી મ. ના શિષ્યા તરીકે પૂ સા. શ્રી કલ્યાણગુણાશ્રીજી મ. બન્યા છે.


આ પ્રસંગે શ્રી ઉર્વશીબેન ઘાટકોપર વાળા (ઉ. ૪૫) દીક્ષા અંગીકાર કરી પૂ. સા. શ્રી વિરતિગુણાશ્રીજી મ. બન્યા હતા. પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી મ. ને ૧૦૦ ઓળીને પારણું થયું હતું.

શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં

શ્વેતાંબરોના તીર્થમાં શ્વેતાંબરો વિરૂદ્ધ ચિતરેલું લખાણ

જગ જાહેર છે કે શ્રી સમેતશિખરજી મહાતીર્થ અને પહાડ શ્વેતાંબરની માન્યતા અને વ્યવસ્થા નીચે છે. અનેકવાર જીર્ણોદ્ધાર રસ્તા વિગેરે કરવામાં દિગંબરો દ્વારા રટે લઇને કે વિઘ્નો કરીને અટકાવવામાં આવે છે અને વ્યવસ્થા નથી તેવા આક્ષેપો પણ તેઓ કરતા રહે છે.

તાજે 12માં સમેતશિખરજી મહાતીર્થની યાત્રાએ જઇને આવેલા ભાવિક યાત્રિક શ્રી અરવિંદ ભાઇ ઝવેરચંદ શાહ દિગંબરો દ્વારા માત્ર દિગંબરોને જ દાન આપવું અને શ્વેતાંબરોને દાન ન આપવું તે રીતે ગુપ્ત ભંડારમાં પૈસા નાખવા સૂચના કરતું ચિતરામણું થયેલ છે તેના ફોટા લાવીને આપ્યાં અને તેનો બ્લોક અત્રે આપવામાં આવ્યો છે.



તેમાં દિગંબરો દ્વારા શ્વેતાંબર ભંડારોમાં પૈસા ન નંખાય જાય તેવી સૂચના છે. દિગંબરે ઉપર ચડે છે અને વ્યવસ્થા ભોગવે છે તેમાં જે કંઇ વ્યવસ્થા થાય છે. છતાં જાહેરમાં આવું બોર્ડ લગાડવું તે દિગંબરોનો શ્વેતાંબરો પ્રત્યેનો દ્વેષ દેખાય છે અને તીર્થને પ્રાપ્ત કરવાની મેલી મુરાદ બર ન આવે તો પણ શકય તેટલી વિટંબના કરવાનો તેમાં આશયની આ બોર્ડ ચાડી ખાય છે.

ગામના સમાચાર

વણીના સમાચાર

પ્રવચન પ્રભાવક પૂ. આ. ભ. વિ. પુણ્યપાલ સૂ. મ. ની નિશ્રામાં વણી જેવા ૪૦ ઘરે. મૂ. પૂ. ઝરની વસ્તીમાં ૭૨ સિધ્ધિતપ ૧૦ માસખમણના આદિ ૨૦૦ જેટલી તપશ્ચર્યા બાદ સ્વ. ગુલાબચંદજી જવાહરમલજી ઓથરા તરફથી આસો સુદ ૧૪ના ભવ્ય ઉપધાન તપનો પ્રારંભ થયો ૨૨૧ જેટલા આરાધકો તેમાં પા। ઉંમરથી માંડી ૧૪ ઉંમર સુધીના ૬૦ બાલક બાલિકાઓ ૬૦ પુરૂષો (સાઇઠ) ૧૬૬ માળા હતી કોઇના પણ નામો લીધા વગર આયોજક શ્રી અજિતભાઇએ ખૂબ ઉદાર-તાથી ૩૫-૪૦ આઇટમોથી તપસ્વીઓની ભક્તિ તથા આસો સુદ ૧૪ થી ઠેઠ માળ સુધી આવનાર તમામ સાધર્મિકોની ભકિત કરી ખુબ સુંદર લાભ લીધો. આરાધકો પણ ઉછળતે હૈયે આરાધના કરતા હતા.

અજિતભાઇના મોટા ત્રણેય ભાઇ કાંતિભાઇ સુંદરભાઇ પ્રકાશભાઇ આદિ તન મન વિ.થી સુંદર સેવા આપી રહ્યા હતા. એ દરમ્યાન ૪૧ વર્ષે પૂ.આ.ભ. પુણ્યપાલ સૂ. મ. દીક્ષા પછી ચાતુર્માસાર્થે વણી પધારતા હોઇ ગામના તમામ કોમના આગેવાનોએ ભેગા મળી તેઓશ્રીનો કૃતજ્ઞતા સમારોહ ઉજવવા નિર્ણય કર્યો તે મુજબ તારીખ ૧૯-૧૧-૯૫ના સકાળ દૈનિકના પાનું ભરીને પૂર્તિ કાઢવા સાથે ભવ્ય પ્રસંગ ઉજવ્યો ભવ્ય મંડપ નાંખી સવારે ૯।। થી ૧૨ સુધી વણી પરના તેઓશ્રીના ઉપકારને માજી મંત્રી અરૂણભાઇ માજી મંત્રી વિનાયકરાવ પાટીલ ગાંવકરીના સંપાદક દાદા સાહેબ ધોતનીસે સ્થા. વસી સંઘના અગ્રગણ્ય કિસનલાલ વોરા વિ. આદિ કેઇ અગ્રગણ્ય વ્યકિતઓએ બિરદાવ્યો.

આ રીતે પ્રસંગપણ રાનેરી ભાત પાડી ગયો હવે માળારોપણનો તથા સ્વ. પૂ. ગચ્છા આ.ભ. વિજયરામચંદ્ર સૂ. જી આરાધના ભુવનના ઉદ્‌ઘાટનનો તથા મંદિર ના અર્ધશતાબ્દિ પ્રસંગ જીર્ણોધ્ધૃત મંદિરના નવા આરસના શિખર પર નૂતન ધ્વજદંડ કળશ તથા ત્રણ મંગલ મૂર્તિ આદિનો પ્રતિષ્ઠા પ્રસંગ આવતા ૪૫ ઠોઠના ઉદ્યાપન સાથે અઠ્ઠાઇ મ.ઉ. નિશ્ચિત થયો ટપોટપ ઉજમણીના નામો વિ. નોંધાઇ ગયા ભવ્ય પત્રિકા દ્વારા સંઘને નિમંત્રવામાં આવ્યો મુનિ શ્રી મોક્ષરતિ વિ.મ. આદિ પણ પધારી ગય.

કાર્તિક વ. ૧ નવપદજીના પૂજા કા. વ. ૧૪ કુંભ સ્થાપના દીપક સ્થાપનાદિ થયું અમાસે બાર વ્રતની પૂજા ભણાવાઇ. મહા સુદ ૧ના પાટલા પૂજન થયું સુદ ૨ તમામ જિનબિંબોને તથા ધ્વજદંડ કળશ સાથે સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીજીના

વિશાળ ઉભા ફોટાને ૧૮ અભિષેક થયેા. મહા સુદ ૩ ના ધ્વજદંડ તથા કળશા વિશેષપણ મંદિર પર થયેાને ત્રણ મંગળ-મૂ.ની પ્રતિષ્ઠાવિધિ પણ થઈ બધાય પ્રસંગેા *સુંદર ઉજામણી પૂર્વક* પૂર્ણ થયા આજે વાજતે ગાજતે સંઘ ચઢાવેાલખાનારને ત્યાં વિનંતી કરતા ગયેા બાદ તે કાર્યો પૂર્ણ થતા આ. વિ. રામચંદ્ર સૂ. મ. આરાધના ભુવનમાં સુંદર સખાવત કરનાર મહાલના આગેવાન શ્રી કાંતિભાઇના હસ્તે વાજતે ગાજતે તેનું ઉદ્‌ઘાટન થયું ઉજમણાનું હેાલનું પણ સુંદર બેાલી બેાલી માલેગામ વાળા જગદીશભાઇએ ઉદ્‌ઘાટન કર્યું. બાદ ઉપાશ્રયમાં માળના ચઢાવાની જાજમ પાથરવાતા બેાલી બેાલાઈને સુંદર રેકર્ડ રૂપ બેાલીએા થઇ.

પ્રથમ માળનેા ચઢાવેા છેાટાલાલ જમનાદાસે પેાતાની પૌત્રી ૭. વર્ષ ૯ બહેન મમતા માટે લીધેા. સવારે ૨૦ સ્થા પૂજન થયું ભા. સુદ ૪-૫ આજે લેાકેાના આનંદનેા પાર નહેાતેા માલેગામ ચેવલા નાસીક ચાંદવડ અમલનેર આદિ કેઇ ગામથી હજારેાની સંખ્યામાં લેાકેા ભાવનેા ભવ્ય વરઘેાડેા જોવા ઉતરી પડયા હતા.

વરઘેાડામાં સટાણા, મનમાડ, ચાલીશ ગામ, નાસિક આદિના સુપ્રસિધ્ધ બેંડેા ઘેાડેશ્વારેા, મંગળ કુંભવાળા બહેનેા, પ્રખ્યાત લેજીમ મંડળીએા અને વિધવિધ પ્રકારના આકારેામાં ભવ્ય શણગારેલા ૯૧ વાહનેામા તપસ્વીઓના રથ વિગેરે શેાભી રહ્યું હતું. દેાઢ-૨ કિ.મી. લાંબા આ વરઘેાડાએ લેાકેાને ગદ્‌ગદ્ કરી નાંખ્યા ૯ વાગે ચઢેલ વરઘેાડેા ૧૨ વાગે ગામ બહાર, પૂ. શ્રીજીના પ્રવેશ દિવસે જ ગામના બસસ્ટેન્ડ પાસેની ત્રણ એકરની ચંદ્રકાંત સમકડીયા પરિવારે જે જગ્યા ભેટ આપેલ ત્યાં આવ્યેા.

જે જગ્યાએ શિખરબંધી ભવ્ય શંખેશ્વરપાર્શ્વનાથ ભ.નું જિનાલય ઉપાશ્રય ભેાજનશાળા આદિ ભવ્ય નિર્માણની વિચારણા ચાલી રહી છે. ત્યાં માંગલિક સાંભળાવ્યું ત્યાંથી વરઘેાડેા કેાલેજના વિશાળ ગ્રાઉન્ડમાં બંધાયેલા મંડપમાં ઉતર્યો બાકીના ચઢાવા તથા ઉપધાન તપના આયેાજક આદિના સત્કારના ચઢાવા થયા સાંજે આ જ મંડપમાં ભવ્ય સત્કાર સમારંભ યેાજાયેા.

મહા સુદ ૫ ના સવારે ૮॥ વાગે માળારેાપણની ભવ્ય ક્રિયા શરૂ થઇ. બપેારે ૩॥ વાગે પૂર્ણ થઇ ૧૦ થી ૧૨ હજાર પુણ્યવાનેા છેલ્લા બે દિવસના પ્રસંગે ઉમટેલા બંને દિવસની સંપૂર્ણ નવકારશીઓનેા લાભ ગુલાબચંદજી બેાથરા પરિવારે લીધેલ.

ઉપધાન તપના આરાધકેાને વ્યકિતગત ચાંદીની ઢીલી, રેાકડ રૂા. ચરવળા કટાસણા થાળી વિ. કઇ ચીજોની પ્રભાવના કરવામાં આવેલ અને ઉપધાન તપના આરાધકેા તરફથી ટ્રેકેટ તથા નરભવનગર સેાહામણું પૂ. શ્રી જીની સંપાદિત પૂ. ગચ્છાશ્રી જીના પ્રવચનનું પુસ્તક આપવામાં આવેલ.

તથા આયોજક તરફથી રટે. સ્ટીલ થાળી વાટકાનો સંપૂર્ણ સેટ આરાધકોને આપવામાં આવેલ. હજારો લોકો આરાધકો તથા પૂ. ની અનુમોદના કરતા વિખરાયા હતા.

શંખેશ્વરજી મહાતીર્થ – અત્રે શ્રી હા. વી. ઓ. શ્વે. મૂ તપા જૈન ધર્મશાળા (વીરમગામ રોડ) માં નૂતન ઉપાશ્રય તથા ધર્મશાળાનો દક્ષિણ વિભાગ તૈયાર થઈ જતાં તેનું ઉદ્‌ઘાટન પોષ વદ-૬ તા. ૧૨-૧-૯૬ ના રાખવામાં આવેલ. તપસ્વીરત્ન પૂ. આ. શ્રી વિજયનરચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉપાશ્રય ઉદ્‌ઘાટન થયું અને તેઓશ્રીએ નૂતન ઉપાશ્રયમાં મંગલાચરણ ફરમાવ્યું. ત્યારબાદ ધર્મશાળાના વિભાગનું ઉદ્‌ઘાટન થયું અને પછી ઉદ્‌ઘાટકો તથા દાતાઓનું સન્માન થયું. ઉદ્‌ઘાટકોએ ધર્મશાળા કમિટીના સભ્યોનું બહુમાન કર્યું.

સ્વ. પાનીબેન મેઘજી વીરજી દોઢીયા તપાગચ્છ જૈન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન મુખ્ય દાતા શાહ મેઘજી વીરજી દોઢીયા તથા શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી દોઢીયાએ કર્યું હતું.

ધર્મશાળાના દક્ષિણ વિભાગ જેમાં ૧૬ રૂમ અને ૬ હોલ છે તેનું ઉદ્‌ઘાટન ભાઈ શ્રી હરખચંદ નેમચંદ શાહ તથા ભાઇશ્રી અનીલકુમાર કેશવલાલ કુલચંદ શાહે કર્યું. હતું મુંબઈ, જામનગર, થાન આદિથી ૪૦૦ ઉપર ભાવિકો આ પ્રસંગે પધાર્યા હતા અને ચાંદીના સિક્કાથી ભાવિકો તરફથી સંઘપૂજન થયું હતું. સાધર્મિક ભક્તિ ઉદ્‌ઘાટન કરનારા ભાગ્યશાળીઓ તરફથી થઇ હતી.

ધર્મશાળાના મુખ્ય દાતાઓ શાહ મેઘજી વીરજી શાહ વેલજી વીરજી તથા શ્રી કેશવલાલ કુલચંદ શાહ તથા શ્રી હરખચંદ નેમચંદ શાહે ખૂબ ભાવથી બાંધકામની સફળ જવાબદારી બજાવનાર ભાઇ શ્રી કાનજી હીરજી શાહનું સોનાના ચાંદથી બહુમાન કર્યું હતું.

આ ધર્મશાની જમીન પાંચ લાખ ફુટ છે. તેમાં ધર્મશાળાના વિભાગની આગળ, અંદર જતાં જમણા હાથે સુંદર જિન મંદિર બનાવવા માટે શાહ મેઘજી વીરજી દોઢીયા તથા શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી ભાવના અને પ્રેરણા કરતા હતા તેમણે મુખ્ય દાતા તરીકે આ દેરાસરનો લાભ લેવાનું નકકી કરતાં તેમની ભાવના મુજબ માગશર વદ ૬ તા. ૧૩-૧૨-૯૫ ના દેરાસરનો ખનન વિધિ શાહ કાનજી હીરજી ભાઇના હસ્તે કરવામાં આવી હતી.

મહા વદ ૧ સોમવાર તા. ૫-૨-૯૬ ના આ અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્ર પ્રાસાદનું શિલાસ્થાપન નકકી થયું તેમાં મુખ્ય શિલા તથા પ્રથમ શિલા મુખ્યદાતા તથા મુલનાયકનો લાભ લેનારા શાહ શ્રી મેઘજી વીરજી શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી તથા શ્રી જયંતિલાલ મેઘજી વીરજી હાથે તથા ત્રીજી શિલા નિચેના મુળનાયકનો લાભ લેનાર શ્રીમતી કુસુમબેન

રમેશચંદ્રને હસ્તે તથા ચોથી એક બાજુની મૂર્તિને લાભ લેનાર શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવારને હસ્તે નકી થયું. બાકી પાંચ શિલાઓમાંથી બે શિલાનો આદેશ શંખેશ્વરજીમાં ઉદ્‌ઘાટન પ્રસંગે અને ત્રણ શિલાઓના આદેશ થાણા ઉપધાન માળ વખતે અપાયા તે ભાગ્યશાળીઓ (૫) શાહ મોકરભાઇ કરમણ હઃ વેલજી ભાઇ જામનગર (૬) શાહ રાયચંદ કાનજી જામનગર (૭) શાહ મેઘજી ડાયાભાઇ ગોસરાણી મુંબઇ (૮) શ્રીમતી અમૃતબેન નેમચંદ હીરચંદ (લંડન) (૯) શાહ રામજી નરશી નગરીયા મુંબઇના હસ્તે કરવાની હતી.

મહા વદ ૧ ના સવારે ૨૦૦ થી ૨૫૦ ભાવિકો આ પ્રસંગ માટે જામનગર મુંબઇ થાન લીંબડીથી આવ્યા હતા. વિધિકાર નવિનભાઇએ વિધિ કરાવેલ. અને શુભ મુહુર્તે ઘણા ઉલ્લાસ પૂર્વક શિલાસ્થાપના થયું હતું. આજની સાધર્મિક ભકિત શાહ. મેઘજી વીરજી દોઢીયા તરફથી થઇ હતી.

માસરરોડ ખાતે ૫૯ મી સાલગીરીની થનારી ઉજવણી

પાદરા તાલુકાના માસરરોડ મુકામે તા. ૧૧-૨-૯૬ને રવિવારના રોજ અભિનંદન સ્વામી જૈન મંદિરે પૂ. આ. શ્રી લબ્ધિ ભુવન તિલક ભદ્રંકર પુણ્યાનંદસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી તપસ્વી રત્ન શ્રી વારિષેણ સૂરિશ્વરજી મ. સા. શિષ્યરત્ન મુનિ શ્રી વલ્લભસેન વિ. મ. સા. તથા મુનિ શ્રી વિરાગસેન વિ. મ. સા. ની પાવન નિશ્રામાં માસરરોડ મુકામે અભિનંદન સ્વામીની ૫૯ મી સાલગીરી નિમિત્તે તા. ૧૦-૨-૯૬ શનિવારના રોજ પૂ. મહારાજ સાહેબની નિશ્રામાં સમગ્ર જૈન ૨૪ કલાક અખંડ જાપ ૧૦૮. સામુહિક આયંબિલ-પૂર્ણનગરમાં મીઠાઇનું વિતરણ અનુકંપાદાન-જીવદયા-સમુહ સામયિકો બાળકોની રપર્ધા-પ્રવચન-ભાવનાઓ વિગેરે ભરચક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા. ૧૧-૨-૯૬ને રવિવારના રોજ (સાલગીરીના દિવસે સવારના ૬ કલાકે પ્રભાત ફેરી ૮ કલાકે શા પદમાબેન મોહનભાઇ મુંબઇ તરફથી નોકારશી ૧૦ વાગે શા. વસ્તુપાળ છગનલાલના પરિવાર તરફથી અઢાર અભિષેક જૈનસંઘ તરફથી સતરભેદી પૂજા ભણાવવામાં આવશે. ૧૧ વાગે ધ્વજા રોહણવિધિ થશે ૧૨ વાગે શા. નટવરલાલ લક્ષ્મીચંદના પરિવાર તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

સાંજના ૫ કલાકે જૈન સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય પણ રાખેલ.

નાસિક-અત્રે પૂ. મુ. શ્રી પદ્મદર્શન વિ. મ. ની નિશ્રામાં નાસિકથી મુક્તિધામ છ'રી પાળતો સંઘ ગયેલ.

તિલક માર્ગ ઉપર જૈન ઉપાશ્રયનું ભૂમિપૂજન લલિતભાઇ કોઠારીને હસ્તે થયેા તથા શ્રી રામચંદ્ર શાહના બંગલામાં પધારેલ અહી એક મંદિર બંધાવવાના મનોરથ જાહેર થયેલ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી શુભદર્શી



- 'અનુકૂળતામાં ખરાબ નથી જીવવું' અને પ્રતિકૂળતામાં સારી રીતે જીવવું છે' આવી મનોદશા જ ધર્મ પામવાની લાયકાતનું પહેલું સોપાન છે.
- પુણ્યના ઉદયે પૈસા મળવાં છતાં તેની હૈયામાં કાંઇ કિંમત ન હોય તે પુણ્યશાળી કહેવાય.
- સંસાર આખો ઉપાધિમય છે. આત્માની સાચી સંપત્તિ સાધુપણું છે.
- પુણ્ય કર્મથી મળતાં સુખ મજેથી ભોગવવાં તે દુઃખી થવાનો ઉપાય છે. અને પાપથી આવતાં દુઃખ મજેથી ભોગવવાં તે સુખી થવાનો ઉપાય છે.
- "સુખ કડવું લાગે અને દુઃખ મીઠું લાગે" તેને ભગવાનનું શાસન સમજાય.
- જીવને પાપ કરવું છે પણ દુઃખ વેઠવું નથી અને સુખ મેળવવા કોઇપણ પાપ કરવા પાછું વાળીને જોયું નથી.
- જેને મોક્ષ યાદ નથી. મોક્ષ ન મળે તો મારો પરલોક બગડે તે યાદ નથી. તેવા જીવનો આ લોક સુખી હોય પણ સારો ન હોય.
- તમને સુખ આપનાર કર્મ મીઠું લાગે છે, દુઃખ આપનાર કર્મ કડવું લાગે છે અને પાપ કરવનાર કર્મ મહામીઠાં લાગે છે.
- મોક્ષની ઉતાવળ હોય તો અરો ભવ્ય મોક્ષની ઉતાવળ ન હોય તે નામનો ભવ્ય.
- દુઃખ એ કર્મક્ષયનું સાધન છે. દુઃખનું દુઃખ થાય એ પાપ બંધનું સાધન છે.
- [illegible]ના અર્થી પાસે ધર્મ આવે નહિ, સુખમાં મજા કરનાર પાસે ધર્મ રહે નહિ.
- સંક્લેશ એટલે કર્મબંધનનું મોટામાં મોટું સાધન દુઃખથી ગભરાવું અને સુખમાં રાજી થવું તેનું નામ સંક્લેશ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

5 5212 9-6-9-21

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૨૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

❖ ધર્મની અપૂર્વતા

ધમ્મો મંગલમઉલં,
ઓસહમઉલં ચ સવ્વદુક્ખાણં ।
ધમ્મો બલં ચ વિઉલં,
ધમ્મો તાણં ચ સરણં ચ ।।

ધર્મ એ અપૂર્વ મંગલ છે, સઘળા ય દુઃખોને માટે અપૂર્વ ઔષધ છે, ધર્મ એ વિપુલ બળ છે અને ધર્મ એ જ રક્ષણભૂત અને શરણભૂત છે.

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-382009.


–: શ્રી જિનભક્તિનો મહિમા :–

અનંતજ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે આ દુઃષમકાળમાં ભવ્યજીવોને સંસાર સાગરથી તરવા માટેના બે પરમ આલંબનો છે. એક, **શ્રી જિનબિંબ.** બે **શ્રી જિનાગમ** શ્રાવક જીવનમાં જો આ બંને આલંબનોને ભાવપૂર્વક આરાધવામાં આવે તો દુઃષમ–કાળની અસર આત્મા ઉપર પડતી નથી. અલ્પ સમયમાં સંસાર સાગરથી પણ પાર ઉતરાય છે.

શ્રી જિનબિંબની આરાધનાનો દ્રવ્યભક્તિનો શ્રેષ્ઠ આદર્શ ઇન્દ્ર મહારાજાએ પૂરો પાડ્યો છે. ભગવાન શ્રી અરિહંતદેવનો જન્મ થતાં જ મેરૂગિરિના શીખર ઉપર ચોસઠ ઇન્દ્રોએ જન્મોત્સવ ઉજવ્યો, અદ્ભુત શ્રી જિનભક્તિ કરી, તેવી ભક્તિ કરવાનું સામર્થ્ય મનુષ્યોમાં ન હોય તે સ્વાભાવિક છે. એક યોજનના નાળચાવાળા આઠ જાતિનાં કળશો દ્વારા જે અઢીસો અભિષેક ઇન્દ્રો દ્વારા મેરૂગિરિ ઉપર થયા તે તો **શ્રી** જિનભક્તિની એક અલૌકિક ઘટના છે. મનુષ્ય જીવનમાં રહેલ શ્રાવક જ્યારે **શ્રી** જિનભક્તિ કરવા તૈયાર થાય છે, ત્યારે ઉપરના આલંબન મુજબ શ્રી જિનબિંબની અભિષેક આદિ મહાપૂજાઓ કરે છે

દૈનિક જીવનની નિત્ય ત્રિકાળ **શ્રી** જિનભક્તિ– એ તો શ્રાવક જીવનનું પરમ આભૂષણ છે. જ્યારે શ્રાવકને વિશિષ્ટ ભક્તિ કરવી હોય ત્યારે કરી શકે તે માટે સુવિ–હિતપરંપરા મુજબ શ્રી અષ્ટોત્તરીસ્નાત્ર વગેરે મહાપૂજનનો માર્ગ પૂર્વકાલીન સમર્થ–ગીતાર્થ ચારિત્રપૂત આચાર્યભગવંતોએ દર્શાવ્યો છે. અન્ય ઐહિક ઇચ્છાઓને પ્રબળ બનાવતા પૂજનો શ્રી જિનભક્તિનું સાચું ફળ આપી શકતા નથી. માટે જ મોક્ષાર્થી આત્માઓએ એવા પૂજનોને બદલે શ્રી અષ્ટોત્તરીસ્નાત્ર વગેરે સુવિહિત પૂજનો દ્વારા આત્મકલ્યાણ સાધવા પ્રયત્ન કરવો જોઇએ. જેઓ વિશુદ્ધ **શ્રી** જિનભક્તિને હૃદયમાં ધારણ કરે છે. તેઓ અલ્પ જન્મોમાં સર્વ કર્મથી મુકત બનીને સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. શ્રી જિનની ભક્તિ કરતાં કરતાં આત્મા સ્વયં શ્રી જિન સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

સૌ કોઇ શ્રી જિનભક્તિના [redacted] શુભ ભાવના.



વર્ષ : ૮] ૨૦૫૨ ફાગણ વદ-૭ મંગળવાર તા. ૧૨-૩-૯૬ [અંક ૨૮

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૩ ને ગુરુવાર, તા. ૯-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઇ -૬. (પ્રવચન ૬ ઠ્ઠું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

જો આ સંસાર દુઃખમય હોય તો સંસારનું સુખ કેવું હોય ? એ માટે જરૂરી સંપત્તિ કેવી હોય ? ઘણી સંપત્તિવાળા રાતે શાંતિથી સૂઇ પણ શકતા નથી. જરાક અવાજ આવે તો ઝબકી ઝબકીને જાગે છે. ઊંઘવા માટે ગોળીઓ લેવી પડે છે. માટે વિચારો કે આ સંસારનું સુખ કેવું છે ? સારામાં સારું ખાવાનું પણ કયારે ભાવે ? ભુખ લાગે તો. ભુખ કયારે લાગે ? પેટ સારું હોય તો. પેટ સારું ન હોય તો ગમે તેવી સારી ચીજ આવે તો ય ન ભાવે. ડોકટર પણ કહે કે, ખાવાની ભૂલ ન કરતા. ભૂલ કરશો તો રોગ ફાટી નીકળશે કે પછી અમારી પાસે ય દવા નહિ હોય. અમુક રોગમાં તો મોળુ મગનું પાણી જ લેવાશે તો તે પણ લો ને ? માટે કહો કે આ સંસારનું સુખ તો ફેંકી દેવા જેવું જ છે.

જેની પાસે ખાવા-પીવાદિ આજીવિકાનું સાધન છે તેમણે વેપારીદિની જરૂર નથી છતાં શ માટે વેપારાદિ કરે છે ? આવા બજારમાં કેમ જાય છે ? તેમને બજારમાં મોકલે છે કોણ ? ગુરુના, માબાપના એક વચનને સહન નહિ કરી શકનારા લોભ

ખાતર શું શું સહન કરે છે? ગ્રાહક વેપારીને કહે કે "શેઠ! તમે તો લુચ્ચા છો ભલભલાને ઠગી લો છો' તો તે ય મજેથી સાંભળો છો ને? પૈસા માટે, સુખ માટે માણસ જમે તે દુઃખ મજેથી વેઠે છે પણ ધર્મ માટે જરા ય કષ્ટ વેઠતો નથી. પૈસા માટે કયાં કયાં જમે છે? ગામ છોડે, મા-બાપ પણ છોડે, દેશ પણ છોડે અને સગી સ્ત્રીને મૂકીને જવું પડે તો પણ જાય છે. આજનો મોટો ભાગ સંસારનાં કામ સાચવીને જ ધર્મ કરે છે. પોતાના સુખને વાંધો ન આવતો હોય તો જ ધર્મ કરે! વેપારાદિ માટે ભુખ-તરસ વેઠનારા પર્વ દિવસે ઉપવાસ પણ ન કરે અને નથી કરી શકતો તેનું દુઃખ પણ નથી, પરન્તુ મારાથી થાય નહિ તેમ કહે છે. તમારામાં અમારામાં ધર્મ કરવાની શકિત બહુ છે પણ તેનો ઉપયોગ કયારે થાય? મોક્ષની ઇચ્છા થાય તો તે ઇચ્છા કેમ નથી થતી? મોહ બેઠો છે. માટે મોહ કયાંથી આવ્યો? આત્મા અનાદિથી કર્મબદ્ધ હોવાથી કર્મ બાંધ્યા કરે છે તેથી.

સભા૦ મોહને કાઢવાનો ઉપાય શો?

મોહ ભુંડો લાગે તે. તે માટે રોજ મહેનત કરું છું. સારામાં સારો ખાવાની ચીજ હોય પણ વૈદ્ય કહ્યું હોય કે આ આ ચીજ ખાશો તો રોગ એવો વકરશે કે બાજી હાથમાં નહિ રહે તો તે ચીજ ખાવ ખરા?

સભા૦ શું અમને ભગવાનના વચન પર શ્રદ્ધા નથી?

તમારું વર્તન જોતાં તેવું જ લાગે છે. શ્રદ્ધા હશે તો એ શ્રદ્ધા કંગાળ છે. તમારામાં ધર્મ કરવાની શક્તિ નથી એમ માનો છો? બધા જ રોગ એક વાર ખાવાનો નિર્ણય કરે તો મરી જ જાય! આજે તો રસનાની લાલચે, રસનાને આધીન બનીને નીતિના નિયમને નેવે મૂકયા. નીતિશાસ્ત્રે પણ કહ્યું છે કે, ભુખ લાગે નહિ ત્યાં સુધી ખાવું નહિ. ભુખ લાગ્યા વિના ખાય તો રોગ થાય. તમારે સારું સારું ખાવા-પીવા જોઇએ છે માટે ખૂબ પૈસા જોઇએ છે. તે પૈસા મેળવવા શું શું કરો છો? તમે જે કરો છો તેવું તમારી સાથે બીજા કરે તો તમને ગમે ખરું? તમે સમજણવાળા થશો તો ધર્મ પામશો બાકી નહિ.

ધર્મ કર્મનો નાશ કરવા માટે કરવાનો છે. કર્મનો નાશ મોહનો નાશ કરવા માટે કરવો છે. મોહ ન મરે ત્યાં સુધી કાંઇ ન થાય. મોહ મરે તો બધાં જ કર્મો જાય. પછી તે આત્મા એવી અવસ્થા પામે જ્યાં તેને ભુખ નહિ, તરસ નહિ, રોગ નહિ, શોક નહિ, દુઃખ નહિ, જરા નહિ, મરણ નહિ, સદા માટે

જીવવાનું અને જીવવા માટે કોઈ ચીજની જરૂર નહિ, કેવળ આત્મિક સુખ સુખ અને સુખ જ. ત્યારે અહીં સંસારમાં તો જે સુખ જોઈએ તે સુખ માટે કેટલી ચીજ જોઈએ ? ધર્મ કરતાં સાચા સુખી થવું હોય તો તે આપણા હાથમાં છે. તમારે અહીં પણ માન જોઈતું હોય તો પૈસા ખરચવા પડે. માત્ર ખૂબ પૈસા હોય તો માન ન મળે. જે પૈસાવાળો કોઈને સહાય ન કરે, કોઈની સામે ય ન જુએ તો તે પૈસાવાળાનો લોકમાં શું આબરૂ હોય છે ? લોક પણ કહે છે કે– 'નામ મૂકો તેનું કોઈનું દુઃખ તો ટાળે નહિ પણ હેરાન કરે તેમાંનો છે. તેના આંગણે ગયા તો ય ધક્કા મારે કઢાવે તેવો છે !' હજી દુનિયામાં માન મેળવવા જરૂર પડે પૈસા છોડનારા મળે પણ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરવા પૈસા છોડનારા કેટલા મળે ? લોભ માટે ત્યાગ કરો તો પાપ બંધાય. માન ખાતર પૈસા ખરચે તો ય પાપ બંધાય. કદાચ પુણ્ય બંધાય તો તે પાપનુબંધી જ પુણ્ય બંધાય. કષાયથી ત્યાગ કરે તે તો મહાદુઃખી થાય. કષાયની પુષ્ટિ માટે ધર્મ કરે તો તેથી મિથ્યાત્વ, અવિરતિ અને કષાય ગાઢ બંધાય અને તેથી મન, વચન, કાયાના યોગો તે ત્રણેને આધીન બને પણ ભગવાનની આજ્ઞાને આધીન ન બને.

તમારામાં સમજ નથી એવું નથી. દુનિયામાં તમને બધી સમજ છે. કોઈ મોટા માણસને મળવા જવું જવું હોય તો તેની પાસે કેવી રીતે જવાય, શી રીતે બોલાય, તેનો સ્વભાવ કેવો છે, તે બધું જાણીને, શીખીને જાવ છો. અને ભગવાનના મંદિરમાં જવું હોય તો શી રીતે જવાય, શા માટે જવાય તે બધી વિધિ જાણી છે ? જાણવાનું મન પણ છે ખરું ?

સભા૦ ત્યાં સ્વાર્થ બધું કરાવે છે.

ઉ૦ તેની મને ખબર છે કે દુનિયાની સારી સારી ચીજો જોઈએ, સારું-સારું ખાવા પીવા જોઈએ છે, બધી મોજ મઝા કરવી છે માટે જેનું મોં પણ ન જોવા જેવું હોય તેના પણ પગ ચાટો છો. તેનો જેવો વિનય તમે કદી ભગવાનનો, ગુરુનો યાવત્ સગા મા-બાપનો પણ કર્યો નથી.

દુનિયાદારીની ચીજ વસ્તુઓનો જેવો સ્વાર્થ છે તેને બદલે જો મોક્ષનો સ્વાર્થ થઇ જાય તો તમારું જીવન બદલાઈ જાય. મોક્ષની ઇચ્છા તે જ ખરેખર પરમાર્થ છે. તમે બધા દુનિયાદારીના સુખ અને પૈસા માટે જેટલું કષ્ટ વેઠો છો તેટલું જ કષ્ટ જો ધર્મ માટે વેઠો તો મોક્ષ આ રહ્યો. મોક્ષ બહુ છેટે નથી. મોક્ષે જવા એક સમય જોઇએ છે. આપણે બધાએ મોક્ષે જવું છે ને ? આ સંસાર ફાવતો નથી ને ? સંસારનું સુખ ગમતું નથી ને ? (ક્રમશઃ)

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❋ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❋

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ :. શ્રી શાંતિ નાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃધ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું. ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૯૭૧

મહાસતી મંદિરાવતી

(૭.તાંકથી ચાલુ)

—શ્રી વિરાગ

એમ, બહુ ડાહી થઈ ગઈ લાગે છે. હજી હઠ છોડતી નથી મારૂં કહ્યું નથી માનવું તે લે તેનો બદલો.

વિકરાળ-ભિહામણુ સ્વરૂપ ધારણ કરતી દેવીએ કઠંગડી રીતે મંદિરાને પકડી. ચકકર ચકકર ઘુમાવતી મંદિરાને દડાની માફક ગગનમાં ઉછાળી.

નીચે પડતી મંદિરાને ત્રિશુલની ચમકદાર અણી પર ઝીલી લીધી.

વિકરાળ રાડ પાડતી તે બોલી ઉઠી, માન! માન! મૂર્ખી માન! આ ઉત્તમ પુરૂષનો સ્વીકાર કર તું આજીવન સુખી થઈશ. બોલ! પળ બે પળનો સમય આપું છું. વિચાર કરી લે.

બે ગરમાગરમ લોહીના લાલ રંગથી ધરા રંગાઈ ગઈ છે. લાલમાં તું હતી ન હતી થઈ જઈશ.

દઢ મતધારી બાળાએ હવાં ચઢાવ્યાં. ત્રીજું નંગ બોલતી બાળાએ સિંહ ગર્જના કરી. શીલવ્રતને ખંડીત કરવાના દેવીના મનોરથોને તોડી પાડવાના ઇરાદે તે ગર્જી ઉઠી,

એ! નફ્ફટ દેવી! શીલવ્રત તજાવવાની તારી આ બધી પ્રવૃત્તિ-પ્રપંચલીલા મેં પારખી લીધી છે.

મને મોતની પરવા નથી. મને માનપાનની પડી નથી હું મારા સુગુરૂઓ પાસેથી જે સમજી છું તેને દૃઢપણે વળગી રહેનારી છું કોઢીપતિ એ જ મારો પૂજ્ય આરાધ્ય દેવ છે.

ફરીથી, કૃપા કરો, વિનંતી અવધારો તમારી અઘટિત લીલાને સંહરી લો. મને વ્રત તજવવાની વાત સુદ્ધા પણ ન કરો. મારૂં શીલ અખંડિત રહે તેવો ઉપાય બતાવો.

સત્યના કારણે થયેલી જૈન શાસનની અપભ્રજના દૂર કરવાનો સરળ માર્ગ મને બતાવો.

બાળાની નિડરતા લલકારીવાણી અને મનના મનોભાવને વર્તી ગયેલી દેવી, પુરૂષને લઈ અદ્રશ્ય થઈ ગઈ.

મંદિરા ધીમે પગલે પરશાળમાં પાછી પાછી ફરી, શૈય્યામાં પોઢી રહેલ પતિદેવ નજીક આવી જુએ છે તો આ શું?

સૂતેલો પોતાનો કોઢિયો પતિ ત્યાં નથી. નથી ત્યાં માખીઓનો ગણગણાટ તેને બદલે શય્યામાંથી આવી રહેલી સુરભુ નાકને મહકાવે છે. સુંદર સ્વરૂપવાન પુરૂષ કુલની શય્યામાં સૂતો છે.

મંદિરાની ઉચ્છવાસ નિચ્છવાસની પ્રક્રિયાને સાંભળીને તે આળસ મરડીને બેઠો થયો.

બસ તેજ અવશરે,

સૂર્યનારાયણની સવારી પૃથ્વી પટના મંચ પર આવી પહોંચી જગતને પ્રકાશ-મય બનાવવા માટે કુલગરની લઇ આવેલા સૂર્યનારાયણદેવે પૂર્વાકાશમાંથી પ્રકાશ પાથરવાનું ચાલું કર્યું.

આંખ ચોળતી મંદિરા વિચારવા લાગી, 'શું આ સ્વપ્ન છે કે સત્ય છે? મારા પતિદેવ કયાં ને આ દિવ્ય પુરૂષ કયાં છૂટતી બદબુ ને કયાં આ મહેકાતી ખુશ્બુ ? હવે કયા જાઉં ? શું કરૂ ? બસ પંચ પરમેષ્ઠિ મહામંત્રનું સ્મરણ કરૂં.

કૌતુકભર્યા બનાવોની વિચારધારાને તોડતો તે દિવ્ય પુરૂષ બોલ્યો.

પ્રિયે, ગભરાઇશ નહિ. હું એજ તારો સ્વામીનાથ કોઢિયો પતિ. તારો આરાધ્ય દેવ.

હું વૈતાઢય ગિરિ પર આવેલા મણિ-નગરનો વિદ્યાધર રાજા છું. મારૂં નામ મણિચૂડ છે... તારા પિતાના નગરમાં રહેલી અનેક વિશેષતાઓ નિહાળવા માટે નિકળ્યો હતો. જોતજોતામાં એક જગ્યાએ જનતાને મોઢેથી સાંભળ્યું

'સુખીયાના સ્વાર્થી સર્વત્ર હોય છે, દુઃખીયાના કોઇ નહિ.'

લાવ જરા, પરીક્ષા કરી લઉં. ખાત્રી કરવા માટે ભરી બજારમાં વિદ્યાના બળે કુષ્ટિનું રૂપ ધારણ કરી ઉભો રહ્યો, ત્યાંજ સુભટોની વણઝારે મને ઘેરી લીધો. દાંડો ફટકારી મને રાજા પાસે રજૂ કર્યો. તિરસ્કારથી રાજાએ તારી સોંપણી મને કરી. પરંતુ તું પૂણ્યવાન છે. તારો સિતારો ચમકે છે. તારા પિતાશ્રી છેતરાયા ને તું બાજી જીતી ગઇ.

મેં પણ તારી પરીક્ષા કરવાનો વિચાર કર્યો તારી માન્યતામાં તું કેટલી મક્કમ છે તેની ચકાસણી પણ મેં કરી અને તેમાં તું સંપૂર્ણ ઉતેહમાન થઇ એ મારા માટે અતિ આનંદની વાત છે. તને પામીને હું ધન્ય બન્યો છુ. તને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે.

(હાથ હાને ધરતાં) સ્વામીનાથ ! રહેવા દો. રહેવા દો. આ ગરોબડીને કુલીને કાકડી બનાવશો નહી. મારા વખાણ કરી મને શરમાવો નહિ પૂર્વભવમાં જાણે-અજાણે કોઇક સુકૃતાદિ કર્મો થઇ ગયા હશે તેના ફળ સ્વરૂપે આ ભવમાં આપશ્રી જેવા પતિદેવને હું પામી. કૃતાર્થ બની.

દેવી ! તમારા પિતા ખુબ જ અભિ-માની છે. તેઓનું ઘમંડ ઉતારવું પડશે. તમે કહો તે રીતે તેઓને તમારી સમક્ષ હાજર કરૂં.

પ્રાણનાથ ! મેં આપશ્રીને પહેલાં પણ વિનંતી કરીને હમણાં પણ હાથ જોડીને વિનંતી કરૂં છું કે મને માનવાચક શબ્દોથી બોલાવો નહી. હું તમારી. ગાય છું. દાસી છું.

સાથે, મારા પૂજ્ય પિતાશ્રી મારા વડિલ છે. મારે તેઓનો વિનય કરવો

જોઇએ. તેઓશ્રીનું અપમાન મારાથી કેમ જોઇ શકાય ? એકદમ વેશે તેઓશ્રી આપશ્રી સમક્ષ હાજર થઇને આવી વિચિત્ર કર્મની ગતિ નજરે નિહાળે તેવી મારી ભાવના છે.

તરત જ વિદ્યાધર રાજાએ દૂતને કહ્યું, આ ગર્વિષ્ઠ રિપુમર્દન રાજાને કહે, વૈતાઢ્ય શ્રેણીપતિ તમારી સામે આવી ખડો છે. જો રાજસુખની ઇચ્છા રાખતો હોયતો એકદમ વેશે હાજર થઇ નમસ્કાર કરે. નહિંતર રણસંગ્રામમાં તેનો જવાબ લેવાશે

રાજા રિપુમર્દન દૂતનો સંદેશો સાંભળી ક્રોધાયમાન થયો. કાંઇક મુંઝાતો આમ તેમ જોવા લાગ્યો. મંત્રીગણો રાજાનો બનાવટી ક્રોધ પારખી ગયા. મંત્રણા ઘરમાં મંત્રણા કરી રાજાને શાંત કર્યો. વિદ્યાધર રાજાનું બળ, પરાક્રમ પ્રગટ કરી રાજાનો ક્રોધ નષ્ટ કર્યો.

આના પ્રમાણે એકદમનો વેશ પરિધાન કરાવીને વિદ્યાધર રાજા પાસે લઇ ગયા. સાષ્ટાંગ નમસ્કાર કર્યા, રાજા વિદ્યાધરે યોગ્ય પોષાક આપી સન્માન કર્યું.

મણિચૂડ વિદ્યાધર રાજાએ રિપુમર્દન રાજાને બેસવા યોગ્ય સ્થાન સુચવ્યું બેઠક ગ્રહણ કરતા રાજા રિપુમર્દનની દૃષ્ટિ રાજા મણિચૂડનો બાજુમાં બેઠેલી મંદિરાવતી પર સ્થિર થઇ.

અરે ! આતો મારી મંદિરા જેવી લાગે છે. શું એ જ છે કે બીજી છે ? જો હોય તો તેનો કઢિયો પતિ કયાં ગયો ? શું કઢિયાને મુકી અન્ય પતિ કર્યો ? નજર સ્થિર કરતાં મનોમન પ્રતિબિંબ પાડયું, ચોકકસ મંદિરા જ છે. પિતાશ્રીને વિચારોના ચકકાવે ચઢેલા જોઇ મંદિરાવતી બોલી,

હે પિતાશ્રી, તમારો સંશય દૂર થાઓ જરાય કોપાયમાન ન થશો. આપશ્રીએ પ્રેમપૂર્વક જે કુષ્ટિ પતિ મને આપ્યો હતો તેજ મારા પૂજ્ય આરાધ્યદેવ આપશ્રીની સામે બેઠા છે.

મારા પૂણ્યબળે તેઓશ્રીનો કુષ્ટરોગ દૂર થઇ ગયો. દુ:ખના દરિયામાં ધકેલી દેવાની આપશ્રીની મહેચ્છા હતી પરંતુ મારા પુણ્યનો સિતારો ચમકી ગયો. મારા દુ:ખના વાદળો વિખરાઇ ગયા. આજે જે સુખ સાહ્યબી જોઇ રહ્યા છો તે તો મારા 'કર્મના ફળ' રુપ છે આપશ્રી આ વાત સ્વીકારશોને ?

જમાઇએ પણ વાતમાં સૂર પુરાવ્યો. રાજાએ પણ પોતાના જમાઇની નગ્ન સત્યતા ભરેલી વાત જાણી વધુ આનંદીત થયો. ઠાઠમાઠથી નગર પ્રવેશ કરાવ્યો ! જનમેદની સમક્ષ વિધિપૂર્વક તેઓનું લગ્ન કરાવ્યું. વિવિધ ભોગ સામગ્રીઓ કન્યાદાનમાં ભેટ આપી.

શીલવતમાં દૃઢ નારી મંદિરાવતી પતિની સાથે વૈતાઢ્યગિરીના મણિપુરનગરે જઇ વસ્યાં.

પ્રજા પાલન સાથે જિનેશ્વરદેવના ધર્મનું સુંદર પ્રકારે આરાધન કરતા કરતાં પાછલી અવસ્થામાં પુરમેશ્વરી પ્રવજ્યા ગ્રહણ કરી શિવપદ મેળવવા ભાગ્યશાળી બન્યા.

'ધન્ય છે શીલવત ધારિણી મંદિરાવતીને'.

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૭]

ત્યાર પછી સ્વેચ્છાચાર રૂપ પ્રમાદાચરણનો ત્યાગ કરી, આ શરીર પાસેથી માત્ર ધર્મનું જ કામ લેવા માટે અંત પ્રાંત લુખ્ખું સુકું આધાકર્માદિ બેંતાલીશ દોષથી રહિત ગ્રહણ કરેલું અને ધૂમાદિ પાંચ દોષ રહિત તે આહારાદિને વાપરતો; તે મુનિ અનુક્રમે કર્મવ્યાધિથી મૂકાતો જાય છે. જેમ જેમ તે કર્મવ્યાધિથી મુક્ત થતો જાય છે તેમ તેમ આત્મા ઉપરથી મોહનું જોર ઘટવાથી તેની ઈષ્ટવિયોગ-અનિષ્ટ સંયોગાદિ દુઃખોની વેદનાઓ દૂર થતી જાય છે. મોહની પ્રબલતાદિને કારણે જ ઇષ્ટ વિયોગાદિ વેદનાઓ દુઃખરૂપ લાગે છે બાકી કર્મવ્યાધિથી મુકાતો આત્મા જેમ જેમ નિઃસંગાવસ્થાને પ્રાપ્ત કરે છે તેમ તેમ આત્મિક સુખને પામે છે. જેમ જેમ ચારિત્રની વિશુદ્ધિને પામે છે અર્થાત્ આત્મા કર્મના ભારથી હલકો થતો જાય છે અને આત્માનું સાચું આરોગ્ય પામે છે તેમ તેમ તેના સમ્યક્ ચારિત્રના શુભ ભાવોની વૃદ્ધિ થવા લાગે છે. આ રીતે ઘણા ખરા કર્મ વ્યાધિના વિકારોની નિવૃત્તિ થવાથી, દિન પ્રતિદિન ચારિત્રના આરોગ્યના રાગ ઉપર પ્રીતિ વધવાથી, ચારિત્રની વિશુદ્ધિ અને નિર્મલતાનો જ આગ્રહ હોવાથી ક્ષુધાદિ પરીષહો અને દેવતાદિના ઉપસર્ગો થવા છતાં પણ આત્મસંવેદના રૂપ સાચું તત્ત્વજ્ઞાન હોવાથી, તથા ક્ષાયોપશમિક કુશલ આશયોની વૃદ્ધિ વડે ચિત્તની સ્થિરતા થવાથી, ભગવાને કહેલી તે તે ક્રિયાઓ તે તે નિયત સમયે કરવાનો ઉપયોગ જીવતો હોવાથી રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ સર્વે ભાવદ્વન્દ્વોના અભાવે પ્રશાંતપણાને પામેલો સાચી સમતાનો અનુભવ કરતો શુભભાવ રૂપ તેજોલેશ્યા વડે વૃદ્ધિને પામે છે. અને આત્માના એકાંતે હિતકારી અને કલ્યાણકારી એવા ગુરુને બહુ માને છે. અને તેઓની ઉચિતતાદિને પૂરેપૂરી જાળવે છે. અને ગુરુના અભિપ્રાયને નિઃસંગપણે જાણી સારી રીતે આદર કરવા પૂર્વક તે પ્રમાણે આચરણ કરી ગુરુનું પણ બહુમાન કરે છે. કેમકે, આ નિઃસંગપણે ગુરુના અભિપ્રાયનું જ્ઞાન સ્વભાવિક પ્રવૃત્તિરૂપ હોવાથી તથા શ્રી જિનેશ્વર દેવો ઉપર બહુમાનપણું હોવાથી વિશેષે કરીને તેમજ ઔદાયિકભાવથી રહિત હોવાથી પ્રધાનભાવવાળું અને અચિન્તચિન્તામણિ સમાન શ્રી તીર્થંકર દેવોના ઉપરના અવિહડરાગના બહુમાનવાળું હોવાથી આ અસંગ પ્રતિપત્તિ શ્રેષ્ઠ કોટિની છે. એમ શ્રી જિનેશ્વરદેવે કહ્યું છે.

'યો માં પ્રતિમન્યતે ભાવતઃ સ ગુરુમ'-'જે મને ભાવથી માને-સ્વીકારે છે તે ગુરુને પણ માને છે' એવી શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા છે. માટે સદ્ગુરુની આજ્ઞા મુજબ દરેક પ્રવૃત્તિ કરવી તે જ અસંગ પ્રતિપત્તિનું કારણ બને છે.

અન્યથા એટલે કે સદ્ગુરુનું હૈયાપૂર્વક ભાવથી બહુમાન કર્યા વિના પડિલેહણાદિ જે કાંઇ ક્રિયાઓ કરાય તે બધી તત્ત્વથી અક્રિયા છે. મોક્ષસાધક સતક્રિયાથી અન્ય બધી અક્રિયા જ કહેવાય છે. તે બધી ક્રિયા કુલટા સ્ત્રીની પતિભક્તા, ઉપવાસાદિ ક્રિયા જેવી હોવાથી, દરેકે દરેક પારમાર્થિક તત્ત્વજ્ઞાનિઓએ અફલનો યોગ કરાવનારી હોવાથી-ઇષ્ટ ફળ મોક્ષ જ છે અને તેનાથી અન્ય સર્વ સાંસારિક ફળો અફળ જ કહેવાય છે-ગર્હ્ય-નિંદ્ય છે. અથવા વિષ અન્નની તૃપ્તિ સમાન અલ્પ ફળવાળી આ અસત્ ક્રિયા છે એમ કહ્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વિષ મિશ્રીત અન્ન ખાવાથી ક્ષણિક તૃપ્તિ થાય છે. અને પરિણામે મહા દારૂણ મૃત્યુ રૂપી ફળ મળે છે. તેમ આ અસત ક્રિયાથી સાંસારિક સુખ અલ્પ મળે છે અને વિરાધનાથી પરિણામે અશુભ અનુબંધી સંસાર ભ્રમણ રૂપ મહાફળ મળે છે પણ ઇષ્ટ મોક્ષ રૂપી ફળ મળતું જ નથી. સદ્ગુરુનું અબહુમાન કરવાથી સંસારમાં ભ્રમણ કરવાનું ફળ કહ્યું.

હવે સદ્ગુરુના બહુમાનનું ફળ કહે છે.

ભાયઓ ગુરુબહુમાણો અવંઝકારણત્તીણ । અઓ પરમગુરૂ સંજોગો । તઓ સિદ્ધિ અસંસય । એસેહ સુહોદએ, પગિટ્ઠતયણુબંધે ભવવાહિતેગિચ્છી । ન ઇઓ સુંદરં પરં । ઉવમા ઇત્થ ન વિજ્જઇ । સ એવં પણ્ણે, એવં ભાવે, એવં પરિણામે, અપ્પડિવડિએ, વદ્ધમાણે તેઉલ્લેસાએ, 'દુવાલસમા'સિએણં પરિઆગ્મેણં અદ્ધક્કમઇ સવ્વદેવતેઉલ્લેસં', એવમાહ મહામુણી । તઓ સુક્કે સુક્કાભિજ્જઇ ભવઇ । પાયંછિણ્ણ કમ્માણુબંધે અવઇ લોગસણ્ણં । પડિસોઅગામી, અણુસોઅનિવિત્તે, સયા સુહજોગે, એસ 'જોગી' વિઆહિએ એસ આરાહગે સામણ્ણસ્સ, જહા અહિઅપ્પણ્ણે, સવ્વોવહા સુદ્ધે, સંધઇ સુદ્ધગં ભવં સમ્મં અભવસાહગં, લોગકિરિઆ સુરુવાઇકપ્પં । તઓ તા સંપુણ્ણા પાઉણઇ અવિગલહેઉભાવઓ, અસંકિલિટ્ઠ સુહરૂવાઓ, અપરોવતાવિણો, સુંદરા અણુબંધેણં, ન ય અણ્ણા સંપુણ્ણા ।।

સદ્ગુરુનું બહુમાન જ મોક્ષનું અવંધ્ય-સફળ કારણ હોવાથી મોક્ષરૂપ જ છે. હૈયાપૂર્વકના તે ગુરુના બહુમાનથી પરમ ગુરુ એવા શ્રી તીર્થંકર પરમાત્માનો સંયોગ થાય છે. તે શ્રી તીર્થંકર પરમાત્માના સંયોગથી ચોક્કસપણે મુક્તિ મળે જ છે. તેથી આ ગુરુનું બહુમાન એ શુભોદય રૂપ છે. જેમ ઘીને લોકમાં આયુષ્યની પુષ્ટિ કરનાર

હોવાથી આયુષ્ય કહેવાય છે તેમ ગુરૂના બહુમાનથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે માટે તેને શુભોદય કહેવાય છે. માટે જ સદ્‌ગુરૂની આજ્ઞા મુજબ આરાધના કરવાથી ઉત્તરોત્તર આરાધનાનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય છે અને તેથી પ્રધાનતર એવો શુભોદયનો અનુબંધ થાય છે. જેથી આત્મા એકાન્તિક અને આત્યન્તિક મુક્તિ સુખને પામે છે.

માટે ભવરૂપી વ્યાધિની ચિકિત્સા કરવા માટે ધન્વંતરી સમાન આ ગુરૂનું બહુમાન જ છે. તે જ કારણથી આ ગુરુના બહુમાન સમાન બીજું કાંઇ જ સુંદર નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવો ઉપરના બહુમાનનું કારણ આ ગુરૂનું બહુમાન હોવાથી તેને માટે કોઇ જ વસ્તુની ઉપમા આપી શકાય તેમ નથી. આ જ વાતની પુષ્ટિ કરતાં શ્રી ષોડશકકારે પણ કહ્યું છે કે–

ગુરૂપારતંત્ર્યમેવ ચ, તદ્બહુમાનાત્સદાશયાનુમતં ॥
પરમગુરૂપ્રાપ્તેરિહ બીજં તસ્માચ્ચ મોક્ષ ઇતિ ॥

(ષોડશક–૨, ગા.–૧૦)

ગુરૂનું પારતંત્ર્ય–ગુરૂની આજ્ઞાનું આધીનપણું અર્થાત 'આ ગુરૂ મારા સંસાર ક્ષયમાં અનન્ય કારણ છે' આવી આંતરપ્રીતિ રૂપ શુભાશયવાળા ગુરૂ બહુમાનથી ભવાંતરમાં શ્રી સર્વજ્ઞભગવંતનું દર્શન થાય છે માટે તેને પરમ ગુરૂની પ્રાપ્તિનું બીજ કહ્યું છે અને તે પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

આ અભાગ્યે નિર્મલ વિવેકથી આવી સુંદર બુધ્ધિવાળો અથવા તો સ્વાભાવિક સાહજિક રીતે આવા સુંદર ભાવવાળો અને ગુરૂના અભાવે પણ ક્ષયોપશમને કારણે માષતુષ મુનિની જેવા શુભ અધ્યવસાય–પરિણામવાળો તે સાધુ સંયમના પરિણામની શુભ ધારાથી પડતો નથી પણ ક્રમસર વધતો જાય છે અને બાર મહિનાના ચારિત્રના પર્યાય વડે તે મુનિ સધળાય દેવલોકના શુભભાવ રૂપી તેજો લેશ્યાના સુખને ઓળંગી જાય છે. એમ ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામિ પરમાત્માએ કહ્યું છે. ચિત્તની સ્વસ્થતા અને પ્રસન્નનતા વડે જે આત્મિક સુખની અનુભૂતિ થાય તે તેજો લેશ્યાના સુખ સમાન જાણવી. (ક્રમશઃ)

卐

— જ્ઞાન ગુણ ગંગા —

(ગતાંકથી ચાલુ) —પ્રજ્ઞાંગ

'પદ' તેને કહેવાય કે 'યત્રાર્થોપલબ્ધિસ્તત્પદમ્મિ' જ્યાં અર્થની ઉપલબ્ધિ થાય તે 'પદ' કહેવાય છે અર્થાત્ આ પ્રમાણે 'પદ'નું લક્ષણ ધરવા છતાં પણ 'પદ'નું ચોકકસ પ્રમાણ જાણી શકાયું નથી. અર્થાત્ 'પદ' કયા અર્થના સંદર્ભમાં તે સમજાતું નથી.

૨ અગ્રાયણીય પૂર્વ–જેમાં સઘળા ય દ્રવ્યોનો, પર્યાયોનો અને જીવવિશેષોનો અગ્ર–પરિમાણ કહેવામાં આવ્યું છે તેનું નામ 'અગ્રાયણીયનામ'નું બીજું પૂર્વ છે. જેના પદની સંખ્યા ૬૯ લાખની કહી છે.

૩–વીર્યપ્રવાદ પૂર્વ – જેમાં કર્મસહિત અને કર્મરહિત જીવોના તથા અજીવોના વીર્ય–પરાક્રમનું વર્ણન કરાયું છે તે 'વીર્ય પ્રવાદ' નામનું ત્રીજું પૂર્વ છે. જેનું પદ પરિમાણ ૭૦ લાખનું કહ્યું છે.

૪–અસ્તિ–નાસ્તિ પ્રવાદ પૂર્વ–જેમાં લોકમાં જે ધર્માસ્તિકાયાદિ સત્ વસ્તુઓ નથી તે, અથવા સ્યાદ્વાદને આશ્રયીને સઘળી ય વસ્તુઓ સ્વરૂપે વિદ્યમાન છે અને પરસ્વરૂપે અવિદ્યમાન છે–નથી–તેનું જેમાં વર્ણન કરવામાં આવ્યું છે તે 'અસ્તિનાસ્તિ નામનું ચોથું પૂર્વ છે. જેની પદ સંખ્યા ૬૦ લાખની કહી છે.

૫–જ્ઞાનપ્રવાદ પૂર્વ–જેમાં મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન મનઃ પર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાન આ પાંચે પ્રકારનાં જ્ઞાનોનું સ્વરૂપ ભેદ પ્રભેદાદિથી વિસ્તારથી કરવામાં આવ્યો છે. તેનું નામ 'જ્ઞાન પ્રવાદ' નામનું પાંચમું પૂર્વ છે. જેનું પદ પરિણામ એક કરોડમાં એક પદ ન્યુન–ઓછી કહી છે.

૬–સત્ય પ્રવાદ પૂર્વ–જેમાં સંયમ કે સત્ય વચન સ્વરૂપ 'સત્ય' ના ભેદ પ્રભેદાદિ સાથે તેના પ્રતિપક્ષ–અસંયમ કે અસત્ય વચનાદિના ભેદાદિનું વર્ણન કરાયું છે તેનું નામ 'સત્ય પ્રવાદ' નામનું છઠ્ઠું પૂર્વ છે. જેનું પદ પરિણામ એક કરોડ અને ઉપર છ પદ અધિક કહેલ છે.

૭–આત્મપ્રવાદ પૂર્વ–જેમાં નૈગમાદિ અનેક નયોવડે જીવ આત્માનું વર્ણન કરાયું છે તેનું નામ 'આત્મપ્રવાદ નામનું સાતમું પૂર્વ છે. જેના પદની સંખ્યા છવ્વીશ (૨૬) કરોડની કહી છે.

૮–સમય પ્રવાદ પૂર્વ–જેમાં સમય–સિદ્ધાન્ત એટલે કે કર્મના સિદ્ધાન્ત–કર્મનું સ્વરૂપ બતાવાયું છે તેનું નામ 'સમય પ્રવાદ' નામનું આઠમું પૂર્વ છે.

અન્યત્ર 'કર્મપ્રવાદ' એ પ્રમાણે આઠમું પૂર્વ કહ્યું છે. જેમાં જ્ઞાનાવરણાદિ આઠે

પ્રકારના કર્મોની પ્રકૃતિ સ્થિતિ અનુભાગ-પ્રદેશાદિના ભેદ-પ્રભેદો વડે વર્ણન કરાયું તેનું નામ 'કર્મવાદ' નામનું આઠમું પૂર્વ છે. જેનું પદ પરિમાણ એક કરોડ એંશી લાખ (૧,૮૦,૦૦,૦૦૦) કહેલ છે.

૯-પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ-જેમાં સઘળાં ય પ્રત્યાખ્યાનોનું ભેદ-પ્રભેદ સહિત વર્ણન કરવામાં આવ્યું છે તે 'પ્રત્યાખ્યાન પ્રવાદ' નામનું નવમું પૂર્વ છે. જેના પદની સંખ્યા ચોર્યાશી (૮૪) લાખની છે.

૧૦-વિદ્યાનુ પ્રવાદ પૂર્વ-જેમાં સઘળી ય વિદ્યાઓને સિદ્ધ કરવાના સઘળા ય ઉપાયોનું વર્ણન કરવામાં આવ્યું છે તે 'વિદ્યાનુ પ્રવાદ' નામનું દશમું પૂર્વ છે. જેના પદની સંખ્યા અગિયાર કરોડ અને પંદર હજાર (૧૧,૦૦,૧૫૦૦)ની કહી છે,

૧૧-અવન્ધ્ય નામનું પૂર્વ-વન્ધ્ય એટલે નિષ્ફલ અને અવન્ધ્ય એટલે સફલ. જેમાં સઘળા ય જ્ઞાન અને તપનાં સંયોગો શુભફલ આપવા વડે સફળ રીતે વર્ણન કરાય છે તથા અશુભફલ આપવા વાળા અપ્રશસ્ત ભાવો અને પ્રમાદાદિનું વર્ણન કરાય છે તેનું નામ 'અવન્ધ્ય' નામનું અગિયારમું પૂર્વ છે.

કેટલાક લોકો 'અવન્ધ્ય'ને 'કલ્યાણ' પૂર્વ એ પ્રમાણે જણાવે છે. તેના પદની સંખ્યા છવ્વીસ (૨૬) કરોડની કહી છે.

૧૨-પ્રાણાયુ પૂર્વ-જેમાં જીવોના, પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાયાનું બલ. શ્વાસોશ્વાસ અને આયુષ્ય આ દશે પ્રાણોનું અનેક પ્રકારે વર્ણન કરાયુ છે તેનું નામ 'પ્રાણાયુ' નામનું બારમું પૂર્વ છે. જેના પદની સંખ્યા એક કરોડ અને છપ્પન (૫૬) લાખની કહી છે.

૧૩-ક્રિયાવિશાલ પૂર્વ-જેમાં વિસ્તારથી કાયિકીઆદિ ક્રિયાઓનું ભેદ-પ્રભેદ સાથે વર્ણન કરાયું છે તે 'ક્રિયા વિશાલ' નામનું તેરમું પૂર્વ છે. જેમાં નવ (૯) કરોડ પદ છે.

૧૪-બિન્દુસાર પૂર્વ-જગતમાં જે શ્રેષ્ઠ છે કે શ્રુતલોકમાં અક્ષરની ઉપર બિંદુની જેમ જે સર્વોત્તમ છે અર્થાત સઘળાય અક્ષરોના સન્નિપાતની લબ્ધિનો હેતુ છે એટલે કે જેમાં એવો એક અક્ષર સંયોગ નથી જેથી જે પ્રાપ્ત ન થાય તેથી તેને 'લોક બિંદુસાર' નામનું ચૌદમું પૂર્વ છે જેના પદની સંખ્યા સાડા બાર કરોડની કહી છે.

શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાં પદની સંખ્યામાં ફેરફાર પણ જોવા મળે છે.

શત્રુંજયતીર્થ પર થયેલ ભાંગફોડી કૃત્ય અંગે

પરમ પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ ઉપર એક અસામાજીક હીનવૃત્તિવાળી ઝનુની વ્યક્તિઓએ અખાડી બાવાના વેશમાં આવી તારીખ ૨૭-૨-૯૬ ના રોજ સાંજે લગભગ ૬-૩૦ વાગ્યાના અરસામાં ગિરિરાજ સ્થિત હિંગળાજના હડે ભાંગફોડ કરવાની શરૂઆત કરી હતી અને ઉપર ચડવાના મોટા રસ્તાની વિવિધ દેરીઓ, ચરણપાદુકાઓ, ધજાદંડ વગેરેને ખંડિત કરતા કરતા શ્રીપુંજની ટુંકમાં મોટા પ્રમાણમાં નુકશાન કરીને અંધારાનો લાભ લઇ નવટુંકમાં ફોટ કુદીને પ્રવેશ કર્યો હતો અને છીપાવસહીની ટુંકમાં દાખલ થઇ દેરાસરના શિખરો ઉપર ચડી ધજાદંડો અને કળશોને તોડી નાંખવાનું અધાર્મિક હીન કૃત્ય કર્યું હતું. બધુ મળીને કુલ ૬૯ સ્થળોએ નાની મોટી ભાંગફોડ કરી છે. દરમ્યાનમાં રાત્રે ૯-૩૦ વાગ્યે ગિરિરાજ ઉપરના શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના કર્મચારીઓએ ભાંગફોડના અવાજ સાંભળીને ઘટના સ્થળે ભેગા થઈને સદરહુ વ્યક્તિને પકડીને પોલીસને સ્વાધીન કરેલ છે. આ ઘટનામાં શ્રીપુંજની ટુંકમાં શ્રી પદ્માવતી માતાજી અને અધિષ્ઠાદાયક દેવની મૂર્તિ અને ચરણપાદુકાઓને નુકશાન કર્યું છે અને રસ્તામાં આવેલી દ્રાવિડ વારીખલ, નારદજી તથા હીંગલોમુનિની દેરીમાં મૂર્તિઓ ખંડિત કરી છે અને રામ, ભરત, શુકરાજ, શોકરાચાર્ય અને જાવડશાની દેરીમાં તોડફોડ કરી મૂર્તિઓને ખંડિત કરી છે તે ઉપરાંત ઘણું ચરણ પાદુકાઓને પણ ખંડિત કરી છે.

આ દુષ્કૃત્યની જાણ થતાં તરત જ સરકારશ્રીને આ અંગે જાણ કરવામ આવી હતી અને બીજે જ દિવસે તેઓ તરફથી ત્રણ મંત્રીશ્રીઓ ત્યાં હાજર થઇ આ કૃત્યને વખોડયું છે અને પગલા લેવાનું શરૂ કર્યું છે તથા સંપૂર્ણ સહકાર આપવાનું વચન આપેલ છે. આ સમગ્ર ઘટનાથી જૈન સમાજની ધાર્મિક લાગણી અત્યંત દુભાઇ છે અને આક્રોશ વ્યકત થઈ રહ્યો છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આ બનાવની ગંભીર નોંધ લઇ જરૂરી પગલાં લીધા છે અને વધુ શું પગલાં લેવા તે અંગે વિચારણા કરી આગળ કાર્યવાહી કરશે.

[સંદેશ] તા. ૪-૩-૯૬ શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદ

— આ ભાંગફોડનો સખ્ત વિરોધ કરીએ છીએ —

૦ શ્રી આચારાંગ આદિ અંગોના પદની સંખ્યા.

	પદની સંખ્યા
૧ શ્રી આચારાંગ સૂત્ર.	૧૮,૦૦૦
૨ શ્રી સૂયગડાંગ સૂત્ર	૩૬,૦૦૦
૩ શ્રી ઠાણાંગ સૂત્ર	૭૨,૦૦૦
૪ શ્રી સમવાયાંગ સૂત્ર	૧,૪૪,૦૦૦
૫ શ્રી વિવાહ પ્રજ્ઞપ્તિ સૂત્ર (શ્રી ભગવતીજી સૂત્ર)	૨,૮૮,૦૦૦
૬ શ્રી જ્ઞાતધર્મકથા સૂત્ર	૫,૭૬,૦૦૦
૭ શ્રી ઉપાશકદશા સૂત્ર	૧૧,૫૨,૦૦૦
૮ શ્રી અંતકૃતદશાસૂત્ર	૨૩,૦૪,૦૦૦
૯ શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર	૪૬,૦૮૦૦
૧૦ શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર	૯૨,૧૬,૦૦૦
૧૧ શ્રી વિપાક સૂત્ર	૧,૮૪,૩૨ ૦૦૦

શાસન સમાચાર–અમદાવાદ

અત્રે શ્રી દશા પોરવાડ સોસાયટી મધ્યે તપસ્વી સમ્રાટ પૂ. આ. દે. શ્રી રાજતિલક સુરીશ્વરજી મા. સા. તથા ગચ્છાધિપતી પૂ. આ. દે. શ્રી મહોદયસુરીશ્વરજી સા. ની શુભ નીશ્રામાં પુ. વિદુષી સાધ્વીજીમ. શ્રી જયાશ્રીજી મા. સા. ના. સમાધીપુર્વ સ્વર્ગારોહણ દીર્ઘ સંયમ જીવન અનુમોદનાર્થે માહ વદી ૫ થી માહવદી ૧૪+૦)) રવીવાર સુધી દશાહિનકા જિનેન્દ્ર ભકતી મહોત્સવ શ્રી વીસ સ્થાનક પૂજન અષ્ટાપદજીની પૂજા ૧૦૮ પાશ્વનાથપૂજન અર્હદ અભિષેક શાંતિસ્નાત્ર સ્યા શ્રી અહદ અષ્ટોતરી શાંતિ સ્નાત્ર યુકત ખૂબ ભવ્ય રીતે સજવાયેલ દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચના જુદી જુદી પ્રભાવનાઓ ફળ નૈવેદની અદભૂત ગોઠવણી અષ્ટ મંગલની રચના દીપક રોશની કુલોનો શણગાર મહેમાનોની સાધાર્મિક ભકિત જલયાત્રાનો ભવ્ય વરઘોડો હાથી બેન્ડવાજા રથ જીપ આદિથી ભવ્ય રીતે નીકળેલ વિધિ વિધાન જામનગર વાલા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા મનસુખલાલ રીખવચંદ માલેગામવાળા પધારેલ સંગીત માં બળવંત ઠાકુર સ્યા મુકેશ નાયક પાટણ વાલાઓ સારી જમાવટ કરેલ ફળ નૈવેદ તથા અષ્ટ મંગલની ગોઠવણી માટે મુંબઈ લાલબાગ થી ચેરમેનની સાથે ભાઇઓ બેનો આવ્યા હતા અને અદભૂત ગોઠવણી કરેલ.

શાસન સમાચાર

વર્ધમાન તપોનિધિ-પ્રવચન પ્રભાવક આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં મહારાષ્ટ્ર, બિહાર અને બંગાળના અનેક ગામો અને શહેરોમાં શાસન પ્રભાવક કાર્યોની ઝલક છ'રિ પાલક સંઘ ઔરંગાબાદથી સમેતશિખર ૫૭ દિવસમાં ૧૮૦૦ કિ. મિ. નિર્વિઘ્ને પૂર્ણતાને પામ્યો. તેના આંશિક અનુમોદનીય સમાચારો-

ઔરંગાબાદની અંદર પ્રતિષ્ઠા પ્રસંગે તેરાપંથી-સ્થાનકવાસી સંઘ સહિત ત્રણ ત્રણ નવકારશી જમણ, ૧૨૦ ભવ્ય બેનરો સાથે ઘેર ઘેર રથયાત્રાનું ભવ્ય સ્વાગત, પ્રતિષ્ઠા બાદ અષ્ટ પ્રકારી પૂજાના ભવ્ય ચઢાવા, પ્રતિષ્ઠા બાદ શ્રી સંઘમાં ઉત્સાહ ઉલ્લાસ અને ભાવનાનો ઉછાળો આવતા ઔરંગાબાદની અંદર નુતન દેરાસરના બાંધકામ માટે ખનનવિધિ તેમજ શ્રાવિકા બેનોના ઉપાશ્રય માટે ખનન વિધિનો ચઢાવો સુંદર થયો. જિનાજ્ઞા મુજબ શ્રી સંઘનો વહિવટ ચાલે તે માટે ટ્રસ્ટીઓને માર્ગદર્શન અને ઠરાવો. ભૂતકાળમાં થયેલ દેવદ્રવ્યની ભૂલોને સુધારી મોટી રકમ પુનઃ દેવદ્રવ્યમાં ફેરવવામાં આવી. પ્રતિષ્ઠા બાદ વિહાર થતાં સકળ સંઘ વહેલી સવારે વળામણું કરેલ. સૌનું કુમકુમથી પગ ધોઇ રૂા. પાંચથી સંઘપૂજન તેમજ શ્રાવિકા બેનોના ઉપાશ્રય માટે દાનવીરોએ નોંધાવેલા મોટી રકમના દાન. મુનિરાજ શ્રી ધર્મજ્ઞ વિ. મ. સા.ની ગણિપદવી પ્રસંગે સુંદર ચઢાવા તેમજ તેઓશ્રીનું નામ ગણિવર્ય શ્રી ધર્મદાસ ગણિ તરીકે જાહેર કરવામાં આવ્યું. ઉપધાનના તમામ આરાધકોને સોનાની ચેઇનની પ્રભાવના સાથે અનેક કિંમતી આરાધનાના ઉપકરણોની લેટ. આરાધકોએ ભવઆલોચના કરી જીવનનો જિર્ણોદ્ધાર કર્યો. આ મહોત્સવમાં રૂા. પંદર લાખથી વધુ સદ્દવ્યય થયો. રોજ નવા નવા મિષ્ટાન્ન ફરસાણથી સૌની ભક્તિ કરવામાં આવતી હતી. કાર્યકરો તન, મન, ધન, સંયમ, શક્તિ અને બુદ્ધિ દ્વારા તમામ પ્રસંગો ઉલ્લાસ પૂર્વક પાર પાડયા. વિરમગામના શરણાઇવાદકો દ્વારા નિત્ય સવાર સાંજ વાતાવરણ ભક્તિમય બની જતું.

ઉપધાનમાળ પ્રસંગે રોડો સુંદર શણગાર્યો હતો. બગીઓ, મોટરો વિગેરે પણ સુંદર શણગારી હતી. ઔરંગાબાદથી મહાતીર્થ સમેતશિખરનો છ'રિપાલક સંઘ તા. ૨૬-૧-૯૬ ના રોજ ખૂબ જ ઠાઠમાઠ અનેક સામગ્રી પૂર્વક પ્રવેશ સમેત શિખરમાં થયો. ૫૮ દિવસમાં ૧૮૦૦ કિ. મિ. નો વિહાર કરી સુખપૂર્વક સંઘ પહોંચતા જૈન શાસનમાં ડંકો વગાડયો હતો. વિહાર માર્ગોમાં જ્યાં જ્યાં જૈન સંઘો તેમજ દેરાસરો છે તે

સંઘોને શ્રી સંઘની સ્મૃતિ રૂપે સુંદર દિવાલ ઘડિયાળ ભેટ આપવામાં આવતું હતું. શ્રી સંઘના પ્રયાણ સમયે રોજ માંગલિક થતું. વિરમગામના શરણાઈ વાદકો રોજ પ્રયાણ વખતે તેમજ સાંજે સુંદર શરણાઈ વાદન કરતા હતા. વ્યવસ્થામાં જે સ્ટાફ હતે. તેને સ્ટીલના ડબા તેમજ સુંદર બેગ, ઘડીયાળ ભેટ આપવામાં આવી હતી. સંપૂર્ણ ચાલીને યાત્રા કરનાર ભાગ્યશાળીઓને સોનાની વીંટીની પ્રભાવના અપાઈ હતી. રોજ સ્નાત્ર લગભગ નિયમિત ભણાવવામાં આવતું હતું. દરેક યાત્રિકને સુંદર બેગ તેમજ ભક્તિ મંડળના ભાઈઓને જિનપૂજાના ચાંદીના ઉપકરણોનો સેટ ભેટ અપાયો હતો. દરેક યાત્રિકોને જવાનું ભાડું અપાયું હતું. રાંચી શ્રી સંઘે તમામ યાત્રિકોને ચાંદીના સિક્કાની ભેટ આપી હતી. રાંચી શ્રી સંઘે પ્રભાવનામાં મુકા મેવાના પેકેટ આપ્યા હતા. પ. પૂ. આ. દેવ શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી ઇન્દ્રપ્રભાશ્રી આદિ ઠાણા ૫ રતલામથી ૫૦૦ કિ. મિ. નો વિહાર કરી માલેગામ, શિરપુર, અંતરીક્ષજી તીર્થમાં પહોંચી ગયા હતા અને ત્યાંથી છ'રિપાલક સંઘમાં જોડાયા હતા. ગામેગામ સ્કુલોમાં તેમજ જૈનભાઈઓએ જિનવાણી શ્રવણનો લાભ લીધો હતો. ઠેર ઠેર ભવ્ય જિનમંદિરો અને સંઘો છે. આ બાજુ સાધુ-સાધ્વીજી, ભગવંતો બહુ અલ્પ વિચરે છે છતાંય શ્રી સંઘોની શ્રધ્ધા, ભક્તિ, સંસ્કારો અનુમોદનીય છે. ગામેગામ જ્યાં જ્યાં સંઘો છે તે સૌએ ખુબ જ સેવા, સહકાર, ભક્તિ કરી અનુપમ લાભ લીધો. જ્યાં સંઘો ન હતા ત્યાં સ્કુલના કાર્યકરોએ સુંદર સાથ સહકાર આપ્યો. ડોલીવાળા તેમજ વ્યવસ્થા માટે જે ભાઈઓ હતા તેમણે પણ સુંદર કામગીરી બજાવી હતી. જાલના સંઘે સંપૂર્ણ ભક્તિનો લાભ લીધો. નુતન જિનમંદિર માટે સુંદર ટીપ થઇ. હિંગણઘાટ શ્રી સંઘે સુંદર ભક્તિ કરી. લોનાર, કારંજા શ્રી સંઘે પણ સુંદર ભક્તિ કરી. ચાંદપુરમાં ૪ ભવ્ય જિનમંદિરો છે. ૧૦૦૦ હજાર ઉપરાંત જૈન પરિવારો છે. તેઓએ ભવ્ય સ્વાગત તેમજ ભક્તિ કરી હતી.

જામનગર–અત્રે શ્રી નેમનાથજી દેરાસરે પૂ. મુ. શ્રી અરૂણોદયસાગરજી મ. સા. ની શુભ નિશ્રામાં ઝવેરી રસીકલાલ હઠીસંગ તથા ઝવેરી જશવંતરાય અનુપચંદ તરફથી ચાર જિનબિંબની પ્રતિષ્ઠા નિમિતે મહા સુદ ૧૪ થી અષ્ટાન્હિકા મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવાયેલ. મહા વદ ૫ ના પ્રતિષ્ઠા થયેલ બાદ પેંડાની પ્રભાવના થયેલ. બપોરે વિજય મુહુર્તે શ્રી બૃહદ અષ્ટોતરી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ બાદ લાડુની પ્રભાવના થયેલ જીવદયાની ટીપ સુંદર થઇ હતી. દરરોજ જુદી જુદી પૂજા પ્રભાવના અંગરચના થયેલ, જલયાત્રાનો વરઘોડો ભવ્ય રીતે નીકળેલ. ઓસવાલ જ્ઞાતિનું સંઘજમણ થયેલ. વિધિવિધાન અત્રેના ક્રિયાકારક શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલા. સંગીતમાં શ્રી મહાવીર [illegible] સંગીત મંડળે સારી જમાવટ કરી હતી.

ન્યાય સંપન્ન વૈભવ

—પૂ. આ. શ્રી વિ. વારિષેણ સૂ. મ.

પેટ ભરાવે વેઠ સમજીને આજના આત્માઓએ પૈસા માટે સર્વ કરવા ને સર્વસ્વ હોમવા તૈયાર થાય છે.

વિશ્વાસ કરવો જરૂરી છે કે પુણ્યાઇથી સુખ મળે છે અન્યાયથી નહિ, પુણ્યથી સુખ મળે છે પૈસાથી નહિ, અન્યાયનું ધન, મન તનને પણ અન્યાય માર્ગે દોરી જાય છે.

આજના અન્યાય પૂર્ણ વૈભવોએ માનવીના સંસાર, વ્યવહાર, ઘરબાર, ને ધર્મમાં પણ અન્યાયની પ્રવૃત્તિ ઘુસાડી દીધી છે.

અન્યાયનું ભોજન પૂજ્યોને પણ અસદાચાર પ્રત્યે આકર્ષિત કરી દે છે.

દોરા ધાગા મંત્ર તંત્ર રક્ષા પોટલીના પડછાયે કેટલાયના જીવન અન્ય માર્ગે ચાલી જાય છે. ધર્મમાં રાજકારણ પ્રવેશી જવાથી ટ્રસ્ટીઓ પણ સત્તાનો દુરપયોગ કરીને દેવદ્રવ્ય સ્વસુખમાં વાપરવા લાગ્યા છે.

ટ્રસ્ટીઓમાં તો પ્રભુના દાગિના વેચીને લહેર કરવા ભાગ્યશાળી ઉત્સાહિત બને તે સમાચાર સાંભળતા લાગે છે. અન્યાયનું ધન ધર્મસ્થાનને પણ પવિત્ર રહેવા નહિ દે! આજે હજી ઓછી મહેનતે શ્રીમંત બનવાના અભરખા સર્વને થાય છે જેમાં પૂજ્યો પણ માન સન્માન માટે આચારને ત્યાગવા તૈયાર થઈ જતા જોઈ નયને અશ્રુ ઉભરાય છે. પ્રભુ ટ્રસ્ટીઓને કે ભાવિકોને સર્વને સન્મતિ આપ કે હવે સંતોષમાં સુખ જોઇ ન્યાયપૂર્ણ વ્યવહાર વૈભવ માટે પ્રયત્ન થાય.

આ પુણ્યનું સામાયિકનો છાણપણ પૂછે લાવતા ચંચળ થઇ જાય તો આ કલિકાલના ભાવિકોને ટ્રસ્ટ સંસ્થા કે વ્યાપારના બનોવો કયાં સુધી પહોંચાડતા હશે.

જરૂર છે આજે પ્રભુની આજ્ઞાને શિરોધાર્ય કરવા માટે ખુમારીની કે જે પુણ્યવંતોમાં હતી. આપને સૌ ન્યાયપૂર્ણ વૈભવમાં આગ્રહી બનીએ. આ હવાથી દૂર રહીએ. 'કર્મના રાજમાં દેર છે અંધેર નહિ'

જ્યાં સુધી પુણ્ય એકરાર છે ત્યાં સુધી ગુના કરો હજાર' પણ પાપ પીપળે ચઢીને પોકારશે. ત્યારે દેવદ્રવ્ય ધર્મદ્રવ્યના ભક્ષણના પાપો પોકારીને રડાવશે. વેદના ભયંકર ભોગવાશે. માટે અસંતોષી નર મહા દુઃખીના વાકયને હૃદયસ્થ કરી સંતોષથી નીતિનું મેળવવા પ્રયત્ન કરીએ. અનીતિનું ધન દશ વર્ષ ટકે ને અગિયારમાં વર્ષે બારમું મનાવવા કાણી દેશે તે ન ભૂલતા, થોડું પણ સારૂં અને સાચુ હશે તો આરાધનની સમાધિની સાધનામાં સફળ સૂરવીર બનાવશે અન્યાયનું ધન મકાન નીચે હાડકાને પૂછડીયે આગ જેવું છે. જ્યાં જાય ત્યાં શાંતિનો શ્વાસ લેવા ન દે અશાંતિનો અગ્નિ જલતો રાખે બીજાને જલાવે તો શાંતિનો સુંદર માર્ગ ન્યાય પૂર્ણ વૈભવ છે ને?

પા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- વિષયની પરવશતા અને કષાયની આધીનતા તે જ ખરેખરો સંસાર છે. આ બે અવગુણ જ જીવને નાલાયક હિંસક-જુઠો-ચોરટો-બદમાશ બનાવે છે, સુખે જીવવા દેતો નથી, સુખે મરવા દેતો નથી, અને મનુષ્ય જન્મને નિષ્ફળ બનાવી અનંતકાળ સુધી દુઃખની ગર્તામાં જીવને ભટકવા મોકલી આપે છે.
- શાસ્ત્રે કહ્યું છે કે શરીરના સુખી ચિંતા કરનાર સુખશીલીયો જીવ છે તેના માટે સદ્‌ગતિ સુદુર્લભ છે.
- તપસ્વી જ તેનું નામ જેને ખાવા-પીવાની મજાનો દ્વેષ જ હોય, જે ખાવા-પીવાને રાગી હોય તેના તપમાં કાંઇ માલ ન હોય, તેનો તપ તેની ફજેતી કરે, શાસનની ફજેતી કરે અને અનેકોને અધર્મ પમાડે.
- શ્રી જિનેશ્વરદેવના દર્શન-પૂજન પોતાના સ્વાર્થ માટે કરે તેને માટે દુર્ગતિ સુલભ છે.
- શ્રી જિનેશ્વર દેવ શું છે, શ્રી જિનેશ્વર દેવ આપણાં માટે શું કહી ગયા છે તે જાણે અને શ્રી જિનેશ્વરદેવનો સંઘ કેવો હોય, તે સંઘમાં રહેવું હોય તો મારે કેવા થવું જોઇએ આ જે જાણે તેના માટે સદ્‌ગતિ સુલભ છે.
- શક્તિ હોવા છતાં જે જીવો પોતાની સામગ્રીથી ભગવાનની ભક્તિ ન કરે અને પારકાની સામગ્રીથી પૂજા-ભક્તિ કરે તો તે બધા ભક્તિ કરવા લાયક નથી.
- શરીરને ધર્મસાધન માનનારો મજેથી ઘરમાં રહે તો તે મહા બદમાશ છે.
- રાગ દ્વેષ વિના જેમ સંસાર ચાલે નહિ તેમ રાગ-દ્વેષ વિના ધર્મ થાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

પ્રસાર 1993-20

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

ક્ષમાની મહાનતા

खंती सुहाण मूलं,
मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव,
खंती दुरिआइ सव्वाइं ॥

સુખોનું મૂલ ક્ષમા છે,
ઉત્તમ ધર્મનું મૂળ પણ ક્ષમા
છે અને તે ક્ષમા મહાવિદ્યાની
જેમ સઘળા ય દુરિતોનો નાશ
નાશ કરે છે,

અઠવાડિક

વર્ષ	અંક
૮	૨૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

– જ્ઞાન ગુણ ગંગા –

(ગતાંકથી ચાલુ) –પ્રજ્ઞાંગ

૦ 'ગ્રન્થ' 'ગ્રંથી અંગે :–

ગંથો મિચ્છત્તાઇ, ધણાઇઓ અંતરો ય બજ્ઝો ય ।
દુવિહાઓ તઓ જે, નિગ્ગં યંતિ તે હુંતિ નિગ્ગંથા ।। ૧ ।।
મિચ્છુત્તં વેયતિયં, હાસાઇ છક્કયં ચ નાયવ્વં ।
કોહાઇણું ચઉક્કં, ચઉદસ અબ્ભિંતરા ગંથી ।। ૨ ।।
ધણુધન્નખિત્તકુવયં, વત્થુ દુપય કણુયરૂપ ચઉચરણા ।
નવ બાહિરિયા ગંથી, એવં તે હુંતિ પુણ પંચ ।। ૩ ।।

મિથ્યાત્વાદિ અભ્યંતર ગાંઠ અને ધનાદિ બાહ્ય ગાંઠ આ બન્ને પ્રકારની ગાંઠથી જેઓ સર્વથા બહાર નિકળ્યા છે તે જ કારણથી તેમને નિર્ગ્રંથ કહેવાય છે.

મિથ્યાત્વ, પુરુષ-સ્ત્રી અને નપુંસક ભેદથી ત્રણ પ્રકારના વેદ, હાસ્ય–રતિ-અરતિ ભય–શોક–જુગુપ્સા, ક્રોધ–માન–માયા–માયા અને લોભા એ ચૌદ પ્રકારે અભ્યંતર ગ્રન્થી ગાંઠ કહેલી છે.

ધન–ધાન્ય, ક્ષેત્ર–કુપદ–વત્થુ–દુપદ કનક–રૂપું–ચતુષ્પદ એ નવ પ્રકારની બાહ્ય ગાંઠ કહી છે.

આ અભ્યંતર અને બાહ્ય બંન્ને પ્રકારની ગાંઠથી રહિત તે નિર્ગ્રંથ અને તે પાંચ પ્રકારના છે.

૦ નિંદા અંગે :–

યા રોષાત્ પરદોષોક્તિઃ સા નિન્દા ખલુ કથ્યતે ।
સા તુ કસ્સાપિ નો કાર્યા, મોક્ષમાર્ગાનુસારિભિઃ ।। ૧ ।।
હિતબુદ્ધ્યા તુ યા શિક્ષા, સા નિન્દા નાભિધીયતે ।
અતએવ ચ સાન્યસ્ય, કુપ્યતોઽપિ પ્રદીયતે ।। ૨ ।।

રોષ–ક્રોધથી બીજાના દોષોને કહેવા તે નિંદા કહેવાય છે, તે નિંદા મોક્ષમાર્ગને અનુસરનારાઓએ કયારે પણ કોઇની પણ કરવી નહિ.

પરન્તુ હિત બુદ્ધિથી જ જે શિખામણ અપાય તે નિંદા કહેવાતી નથી, માટે તેવી શિખામણ સામો–યોગ્ય જીવ–કોપ કરે તો પણ આપવી. (જુઓ ટાઇટલ ૩)

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવ્યાય ચ

જૈન શાસન

• અઠવાડિક •

પ્રેરક : પરમ પૂ. આ.શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

સંરક્ષક :
પ્રેમચંદ મેલજી ગુઢકા (મુંબઈ)
હરેન્દ્રકુમાર મગનલાલ લાટ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ઘેવરચંદ મુઢકા (ચાંદગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ ફાગણ વદ-૦)) મંગળવાર તા. ૧૯-૩-૯૬ [અંક ૨૯

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૩ ને ગુરુવાર, તા. ૯-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૯. (પ્રવચન ૯ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના-- -અવ૦)

આ સંસારનું સુખ જેને ગમે તેને ધર્મ ગમે જ નહિ, ધર્મ કરે તો પણ વિરાગ વિના ધર્મ આવે નહિ, ધર્મ ગમે નહિ, ભગવાન પણ ગમે નહિ, સાધુ પણ ગમે નહિ આજે ઘણાને ભગવાન ગમતા નથી, ભગવાનની વાત પણ ગમતી નથી. ભગવાને કહેલું આ જમાનામાં તે બનતું હશે તેમ કહી ભગવાનની મશ્કરી કરે છે. ધર્મની ઠેકડી ઉડાવે છે, સાધુઓને ગાંડા કહે છે. 'આમાં પાપ.... આમાં પાપ... આ થાય.... આ ન થાય' એમ કહી કહીને બધાને માયકાંગલા બનાવી દીધા એમ કહે છે. દુનિયાના સુખનો ભુખ્યો અને દુઃખનો કાયર જીવ ધર્મ માટે નાલાયક છે.

આત્માને કર્મો વળગેલાં છે. તેને લઈને મોહ પેદા થાય છે. તે મોહનો નાશ કરવા માગીએ તો થઈ શકે છે. પણ આત્માનો નાશ કદિ થતો નથી. આત્મા સદા રહેવાનો છે, સદા જીવવાનો છે. આ વાત ભગવાને કહેલી છે. જેની પૂજા કરો છો તે ભગવાન મોક્ષે ગયા છે. તમારે મોક્ષે જવું છે કે સંસારમાં મઝા કરવી છે ? તમે તો પૈસાને અને પૈસાથી મળતાં સુખને સારું માન્યું છે. તે માટે કેટલાં પાપ કરો છો ?

જૂઠ પણ બોલે છે. મોટી ચોરી પણ કરે છે. સગાભાઇનું પણ ખૂન કરનાર જીવે છે. વખતે સગા મા બાપને ય ખતમ કરનારા છે ને ?

સલાહ જૈનો આ હદે ન જાય.

જૈનો જ મોટાં મોટાં કર્માદાન કરે છે. ઘણા જૈનો માંસ પણ વેચે છે. આજના જૈનોએ તો ઠાટ વાળી નાંખ્યો. જૈનપણાનું લીલામ કરી નાંખ્યું. મોટા મોટા પાપના-કર્માદાનના ધંધા સુખી જૈનો કરે છે કે દુઃખી જૈનો કરે છે ?

સંસારમાં જીવવા ખૂબ પૈસા જોઇએ છે તે માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. જે સંસારનું સુખ પાપ વિના મળે નહિ તે સુખ સારૂં કહેવાય ખરૂં ? જ્ઞાનીઓએ આ સંસારના સુખને ઝેર જ કહ્યું છે. ભગવાનનું મંદિર પણ શા માટે બાંધવાનું ? આ બ્લોક-બિલ્ડીંગ છૂટી જાય માટે. માન-પાન કીર્તિ-બ્યાતિ માટે મંદિરાદિ ધર્મ-સ્થાન બાંધનારાં મળી આવે પણ બિલ્ડીંગ-બંગલાદિ છૂટી જાય તે માટે મંદિરાદિ બાંધનારાં કેટલા મળે ? જે ભગવાનનું મંદિર બાંધીએ તે બધા ભગવાન ઘર-બાર, રાજ-પાટ સુખ-સાહ્યબી છોડી સાધુ થઇ મોક્ષે ગયા છે. તેમના દર્શનથી બધ મોક્ષમાર્ગ પામે તે માટે મંદિર બાંધવાનું છે. નામનાદિ માટે મંદિર બાંધે તેની કશી કિંમત નથી. જે માણસ વારંવાર કહે કે, 'મેં આમ કર્યું' અને 'તેમ કર્યું' તો લોક પણ કહે છે કે, માનનો ભિખારી છે. એક સારું કામ કર્યું તે શા માટે ? દ્રવ્યની મમતા ઉતરે માટે કરવાનું છે.

સાચો તપ પણ કોણ કરી શકે ? શરીરની મમતા છૂટે તે જ. ઘણા તપસ્વીના કુટુંબી પારણું ન થાય ત્યાં સુધી ચિંતામાં હોય છે. પારણું પતે ત્યારે 'હાશ' અનુભવે. **ખાવા-પીવાનો પ્રેમી જીવ સાચો તપ કરી શકતો જ નથી.**

આપણા બધામાં તપની શક્તિ છે ને ? એકવાર ખાઇએ તો ન જ રહી શકીએ તેવું છે ? 'આવા ભગવાન મળ્યા, ભગવાનનો ધર્મ મળ્યો છતાં હજી ખાવા-પીવાની જે કુટેવ પડી છે તે છૂટતી નથી મારૂં શું થશે' તેમ પણ મનમાં આવ્યું છે ? ભગવાન શ્રી મહાવીરદેવે કેટલો તપ કર્યો તે ખબર નથી ? બાર વર્ષ, છ મહિના અને પંદર દિવસના છદ્મસ્થકાળમાં માત્ર ત્રણસોને ઓગણપચાસ પારણા ! બાકી બધા જ ઉપવાસ તે પણ ચોવિહારા. 'વીરસ્ય ઘોરં તપો' એમ બોલે તેને તપ કરવાનું મન ન થાય તે બને ? જાણવા-સમજવા છતાંય શક્તિ જેટલો તપ ન કરે તે ભગવાનના વચનની

શ્રદ્ધાવાળો જ નથી ! ભગવાનના ભક્તને ખાવું ગમે કે તપ ગમે ? આતી વખતે દુઃખ થાય કે આનંદ થાય ? 'હું ભિખારો છું કે આ...આ... કરું છું ? તિથિ પણ નથી જોતો મારૂ શું થશે ?' તેમ પણ તમને થાય છે ? ભગવાન પાપી હશે માટે તપ કર્યો હશે ! તમે બધા ધર્મી માટે તપ નહિ કરવાનો !!

તમને પૈસા કમાવાનું મન થાય છે કે દાન કરવાનું ય મન થાય છે ? ભોગનું મન છે કે શીલ પાળવાનું મન છે ? ખાવા–પીવાદિ મોજમજાનું મન થાય છે કે તપ કરવાનું મન થાય છે ? જેટલી સારી સારી ભાવના છે તેમાંની રોજ કેટલી ભાવના ભાવો છો ? ભાવનો ચોથીશે ય કલાક સાથે રહે તેવી ચીજ છે. 'આખા જગતનું ભલું થાવ, એકેન્દ્રિયો પંચેન્દ્રિયપણુ પામે, ભગવાનનું શાસન પામે, આરાધે અને વહેલામાં વહેલા મોક્ષે જાય' આવી ઇચ્છા થઇ છે ? ભગવાનનું શાસન પામવા છતાં હજી ઘરમાં કેમ રહ્યો છું ? આ ઘર મારૂં છે કે પારકું છે ? સંબંધી વળગતા આવે છે તે કયાં સુધી આવશે ? પૈસા હશે ત્યાં સુધી. બાકી તો સામુ જોવા ય નહિ આવે. આમ થાય છે ? પૂજા કરવા જાવ તો મજેથી જાવ છો અને પૂજા કરી ઘેર જતાં દુઃખથી જાવ છો કે આનંદથી જાવ છો ? ફરી પાછો પાપમાં જાઉં છું, છોડવા જેવી ચીજમાં જાઉં છું તેમ પણ થાય છે ? ભગવાનના ભકતને શું શું વિચાર આવે તે સમજાય છે ?

હું હજી શાસનરસી નથી તેનું પણ દુઃખ છે ? જેને આ શાસન સારૂં લાગે તેને પોતાનું બિલ્ડીંગ સારૂં લાગે ? પોતાનો પરિવાર સારો લાગે ? તેને ખાવા–પીવાદિમાં મજા આવે ? ભગવાનની ભકિત કરવા છતાં પણ ભગવાનના વચન ઉપર વિશ્વાસ નથી. બંગલાને તમારો માનશો તો તેમાં પ્રેમથી રહેશો, ન છૂટે તેની ચિંતામાં હશો, તેથી તેને સાચવવા જે પાપ કરશો તેથી દુર્ગતિમાં જવું પડશે' આમ યાદ આવે છે ? બંગલો ગમ્યો એટલે સંસાર ગમ્યો મોંકાણ મંડાઇ ગઇ આમ પણ થાય છે ? ભગવાન કહે જૈન બંગલાને જેલ માને, સંબંધીને બંધન માને પૈસાને પાપ માને. ઘરમાં રહેલા તમે 'ઘરમાં રહેવું તે પાપ છે' તેમ માનો છો ? હું ઘર છોડી શકતો નથી તે મારો પાપોદય છે આમ પણ યાદ આવે છે ? છતે મકાને બીજું મકાન સારૂં બાંધો તો ય થાય છે કે મારે કયાં જવું છે ? તમારી પાસે બંગલો બાંધવા જેવી શકિત આવે તો વહેલા ભગવાનનું મંદિર બંધાવો કે બંગલો બંધાવો ? પોતાના મકાન બંધાવનારે એક મંદિર પણ બાંધ્યું છે ખરૂં ? મોતીશા શેઠે ઘણા મંદિર બંધાવ્યા તો આજે ય તેમનું નામ યાદ કરાય છે. [ક્રમશઃ]

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❋ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❋

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ, શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિ નાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું· ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૯૭૧

મોંઘીદાટ પત્રિકાઓનો વિકલ્પ શોધીએ

વિકલ્પ છે : "નિમન્ત્રણમ્" જેવા સાપ્તાહિકનું પ્રકાશન

આજે સંઘમાં એકથી એક ચડિયાતી શાસન પ્રભાવનાં સર્જક મહોત્સવો ઉજવાતા રહે છે અને એકને જુઓ ને બીજાને ભૂલો એવી ઓફસેટ મુદ્રિત આમંત્રણ પત્રિકાઓનો ઢગલો થતો જાય છે. જેમ વાંચ્યા પૂર્વે ગમે તેવું મહત્વનું ગણાતું છાપુ વાચ્યા બાદ પસ્તી જેવું થાય છે, એમ લગભગ આમંત્રણ પત્રિકાઓ બહુ બહુ તો મહોત્સવની ઉજવણી પૂરી ન થાય, ત્યાં સુધી જ પોતાનું મહત્વ જાળવી જાણતી હોય છે. મહોત્સવ પૂરો થયા બાદ એની એ પત્રિકા ભલેને ગમે તેટલી મોંઘી કેમ ન હોય, પણ એ લગભગ પસ્તી જેવી જ થવાનું ભાવિ ધરાવતી હોય છે. આજે એક એકથી ચડિયાતી પત્રિકાઓ છાપવાનો રોગ) કોઇ ચેપી દર્દની જેમ ફેલાતો જોવા મળે છે.

ચાલુ પ્રેસમાં તો હવે કોઇ સામાન્ય પ્રસંગની પણ પત્રિકા છપાવતું નથી. હવે તો ઓફસેટ, કલર મુદ્રણ, દેવગુરૂના ફોટા, લેમીનેશન, રીંગ બાઇન્ડીંગ, મોંઘુદાટ કવર મુદ્રણ: આમ પત્રિકાની પાછળ પાછળ આવી બધી પસંદગીની વસ્તુઓ દોડતી આવતી હોય છે. અને પ્રસંગ નાનો પણ ઉજવવાનો હોય, તો પણ મોંઘામાં મોંઘી પત્રિકા છાપવાની ધુન લગભગ સૌ કોઇની ઉપર સવાર થઇ ચૂકેલી જોવા મળતી હોય છે. પત્રિકા છાપવામાં જેટલો રસ સંઘના કાર્યકર્તાઓને હોય છે, એટલો રસ પછી એ પત્રિકાની રવાનગી આદિનો હોતો નથી. આ કામ પછી ભાડુતી માણસોને સોંપવું પડતું હોય છે અને પ્રસંગ ઉજવાઇ જાય, ત્યાં સુધી કાં તો પત્રિકાનું રવાનગી-કાર્ય ચાલતું રહેતું હોય છે અથવા ઉજવાઇ ગયેલા એ મહોત્સવની યાદી અપાવતી પત્રિકાઓનો ઢગલો એમને એમ પેઢી ઉપાશ્રયમાં પડેલો જોવા મળતો હોય છે.

ઓફસેટમુદ્રણનો મોહ લાગ્યો, એટલે પછી પત્રિકા દીઠ કોસ્ટ-ભાવ ઓછો જણાય એ માટે પણ પત્રિકાની સંખ્યા વધારવાનો મોહ જાગ્યા વિના રહેતો નથી. જેથી ૩૦૦ પત્રિકાઓથી ચાલતું હોય, ત્યાં ૬૦૦ પત્રિકાઓનો ઓર્ડર અપાય છે. આથી પણ પત્રિકાઓનો વધારો પડયો રહે છે. વળી પોસ્ટેજના દરોનો વધારો પણ આવો વિપાક આણી શકે છે. આજથી થોડાક જ વર્ષો પૂર્વે પત્રિકાઓની દશા-અવદશા આવી ન હતી. ત્યારે સસ્તી અને સપ્રમાણ પત્રિકાઓ જ છપાતી હતી. પણ ઓફસેટ યુગે આજે ઠાઠ વાળ્યો છે. સંઘના કાર્યકરો ભલે આવી ઘેલછાના ભોગ બને, પણ

મહોત્સવના નિશ્રાદાતા ગુરુદેવો કડક શબ્દોમાં પણ સુંદર માર્ગદર્શન આપે, તોય આ ઘેલછાનો અંત આવી જાય. આજ સુધી તો કોઇ મહોત્સવ હોય તો એક પત્રિકાથી જ કાર્ય પતી જતું હતું. પણ હમણા હમણાથી પત્રિકાની પૂર્વે પોસ્ટર ને સ્ટીકર્સ આ નામના બીજા બે પ્રકરણો પણ ઝડપી વેગે વધી રહ્યા છે. કોઇ પ્રસંગ ઉજવવાનો હોય, એની જાહેરાતનો મોહ એટલો વધી રહ્યો છે કે, પોસ્ટર દ્વારા અને સ્ટીકર્સ દ્વારા એની જાહેરાત કરવાની ધુન પણ વધતી જ ચાલી છે. કોઇ પણ ગામનો જાહેરાતનું બોર્ડ જોઇશું, તો ત્યાં વર્ષોના વર્ષો પૂર્વ ઉજવાયેલા પ્રસંગો, સ્ટીકર્સના માધ્યમે જામી પડેલા જોવા મળશે. આમ, પોસ્ટરો, સ્ટીકરો અને પત્રિકાઓનું અતિ અર્થાળ મુદ્રણ આજના ધર્મ મહોત્સવોની શાસન પ્રભાવકતામાં કેટલી વૃદ્ધિ કરતું હશે ? એ વિચારણીય હોવા છતાં ધર્મસ્થાનોની ભીંતની ભવ્યતા પર તો કૂચડો જ ફેરવી રહ્યું હોય, એમ લાગ્યા વિના રહી શકતું નથી.

આજે મુદ્રણ અતિમોંઘુ બન્યું છે, એમાં પણ પત્રિકાના વિષયમાં તો ભાવનું કોઇ ચેકકસ ધારા ધોરણ હોતું જ નથી, મુદ્રકનાં મોંમાંથી નીકળે એ ભાવને જ પ્રમાણ ગણી લેવાના હોય છે. એથી મહોત્સવનાં ખર્ચના બજેટમાં એક ભાગ પત્રિકાનોય રાખવો પડતો હોય છે. આનો અર્થ એ થયો કે, લાખોનો જો મહોત્સવનો ખર્ચ હોય, તો હજારોનો ખર્ચ પત્રિકા ખાતે ફાળવવો પડે ! જ્ઞાનથી આશાતનાનો વિચાર કરીએ, ભગવાનની સ્થાપનાની આશાતનાનો વિચાર કરીએ, તોય આજની પત્રિકા-પદ્ધતિમાં પરિવર્તન આવી ગયા વિના ન રહે. આજે પત્રિકાઓમાં ભગવાનના ફોટા પૂ. ગુરુદેવોના અને તીર્થોના ફોટા પણ છાપવાનો મેનિયા વધી રહ્યો છે. પત્રિકાનું કાર્ય પત્યા બાદ આ પત્રિકાઓ રખડતી જોવા મળે છે, કાં તો પડીકા બાંધવામાં વપરાતી જોવા મળે છે, આમાં જ્ઞાન અને દેવગુરુની કેટલી બધી મોટી આશાતના છે ?

દેખાદેખીનો આજે યુગ હોવાથી મોંઘીદાટ પત્રિકાઓનું આંધળું અનુકરણ ચાલુ થઇ જાય છે. પૈસાનો સવાલ ગૌણ બને છે, અને કોઇએ છાપ્યું, એનાથી સવાયું છાપવાની સ્પર્ધા મુખ્ય બને છે. એથી જ પત્રિકાઓની વેરાઇટીનું એક પ્રદર્શન યોજી શકાય, એવા નમૂનાઓનો ખડકલો ખડકાઇ જતો હોય છે. આ બધું સંઘના શાણા આગેવાનોએ હવે વિચારવું જ રહ્યું, આ અંગે પૂ. ગુરુભગવંતોએ પણ આંખ આડા કાન ન કરતાં સાચું માર્ગદર્શન આપવા આગળ આવવું જ રહ્યું. પત્રિકા પદ્ધતિ આજે આમૂલચૂલ પરિવર્તન માંગે છે અને આ પરિવર્તન જો થઇ જાય, તો સંઘના લાખ્ખો રૂપિયાનો દુર્વ્યય થતો અટકી જાય અને વધુમાં આ લાખ્ખોના દુર્વ્યયથી દેવ-ગુરુ-જ્ઞાનની આશાતનાને જે વેગ મળી રહ્યો છે, એ પણ અટકી જાય.

પત્રિકાઓનાં પ્રદૂષણની વાત જચી જાય, તો એક સવાલ જાગવો સહજ છે કે, ચાલો પત્રિકા છાપવી બંધ કરી દઇએ, પણ પછી ધર્મપ્રસંગોનું–આમંત્રણ સર્વત્ર પાઠવવાનો વિકલ્પ શો ? આનો જવાબ 'હકાર'માં છે.

સંઘમાં એક એવા સાપ્તાહિકનું પ્રકાશન જરૂરી છે કે, જેમાં આમંત્રણ પત્રિકાઓ જ છપાય. 'આમંત્રણમ્' કે 'નિમંત્રણમ્' નામનું એક સાપ્તાહિક શરૂ થાય, તો સંઘમાં ઉજવાતા દરેક પ્રસંગોનું આમંત્રણ ઠેરઠેર પહોંચાડવાનું કાર્ય એ સારી રીતે અદા કરી શકે. અને આમ થાય, તો મહોત્સવનું આમંત્રણ સહેલાઇથી ખૂબ જ સસ્તા દરોમાં ઠેરઠેર પ્રચાર પામી જાય. ધારો કે આમંત્રણ પત્રિકાનો ખર્ચ ૧૦ હજાર આવતો હોય, તો આવા સાપ્તાહિકના માધ્યમે માત્ર દોઢ બે હજારનો જ ખર્ચ આવે. અને કાર્યકર્તાઓને કોઇ જ મહેનત લેવી ન પડે. પત્રિકા–પ્રેષણ કરતા આ સાપ્તાહિક દ્વારા આમંત્રણ વધુ સ્થળે અને વધુ ઝડપે ફેલાઈ જાય. સાપ્તાહિકનો ખર્ચ નીકળી રહે, એ મુજબ પેજ પ્રમાણે આમંત્રણ પત્રિકા છાપવાના દર નક્કી થાય, એટલે મહોત્સવના અયોજકે માત્ર ચિત્ર જ ચુકવવાનું રહે. આ માધ્યમ જો અપનાવી લેવાય, તો કેટલી બધી કડાકૂટ ને સમય બચી જાય. પત્રિકા છાપવી હોય, તો અમદાવાદ–મુંબઇના આંટાફેરા મારવા પડે, પ્રુફ જોવા પડે, પત્રિકાઓ સમયસર છેક ગામ સુધી લઇ જવી પડે, ગામમાં પત્રિકાઓ આવ્યા બાદ એને ઠેકાણે પાડવા કવર પર સરનામાં કરવા પડે, આ માટે ચાતુર્માસ યાદીઓ–સંઘયાદીઓ ફંફોળવી પડે, કવર પર ટિકિટ લગાવવી પડે અને આટલી બધી લાંબી પળોજણ કર્યા બાદ પણ એ પત્રિકા થોડી જ જગાએ પહોંચે. જ્યારે સાપ્તાહિક દ્વારા એનું પ્રકાશન થાય તો મેટર તૈયાર કરવા પૂરતી જ મહેનત રહે. બાકીનું બધું જ કાર્ય એ સાપ્તાહિક દ્વારા થઇ જાય. અને ખૂબ જ ઓછા ખર્ચે એ મહોત્સવનું આમંત્રણ ખૂબ જ વિશાળ પાયા પર ફેલાવો પામી જાય. બોલો, આમંત્રણ પત્રિકાનો આ વિકલ્પ કેટલો બધો સહેલો, સુંદર અને સસ્તો ગણાય ?

હજી બીજો પણ એક વિકલ્પ વિચારીએ : આ રીતે 'નિમંત્રણ'નું પ્રકાશન કદાચ સમય માગી લે એમ જણાય, તો આજે જૈનજગતમાં પ્રકાશિત થતા માસિકો, પાક્ષિકો, સાપ્તાહિકોમાંથી વિશાળ ફેલાવો ધરાવતા પ્રકાશનને પણ વચગાળાના વિકલ્પ તરીકે સ્વીકારી શકાય. આના દ્વારા 'નિમંત્રણ' જેવા સાપ્તાહિકની ભૂમિકા પછી દૃઢ થઇ શકે. જો સંઘનું માનસ આ તરફ વળે, તો આવા સાપ્તાહિકનું પ્રકાશન શરૂ થતા પણ વાર ન લાગે. વળી સાપ્તાહિકના આ માધ્યમનો લાભ તો એટલો બધો છે કે, આમંત્રણપત્રિકા જ્યાં મહોત્સવ સુધી પણ વંચાતી નથી, ત્યાં 'નિમંત્રણ'ની ફાઇલો દ્વારા વર્ષોના વર્ષો બાદ પણ એ ધર્મ મહોત્સવની પત્રિકા વંચાતી જ રહે.

પત્રિકાનું આધુનિક–ઓફસેટ પ્રકાશન આ રીતે જ્યાં આમૂલચૂલ પરિવર્તન માંગે છે, કેમકે એના ગેરલાભની પરંપરા પણ ઘણી લાંબી છે, ત્યાં સામાયિક દ્વારા આમંત્રણની પદ્ધતિ નવવિકાસ માંગે છે, જેને ખુબ જ જલ્દી સુશક્ય બનાવી શકાય એવી છે. એના લાભ ઘણા છે. પત્રિકાની દૃષ્ટિએ તો એના લાભ અપરંપાર છે.

આજની મોંઘીદાટ આમંત્રણ પત્રિકાઓનો આ વિકલ્પ છે. એકને પણ આ વિકલ્પ ગમશે, તો એ એકના પગલે પગલે કાલે 'લોક' ના પગલા પણ પડશે જ. અને આ લેખ દ્વારા એકાદ સંઘ, સંસ્થા કે વ્યકિત તો આ વિકલ્પોને અપનાવી જ લેશે, એવા વિશ્વાસ સાથે વિરામ ! ('કલ્યાણ' સુવર્ણ વર્ષ વિશેષાંકમાંથી સાભાર)

— શાસન સમાચાર —

શાસન હૃદયી સમર્પિત છગનલાલ ઉમેદચંદ શાહ વાપીવાલાનો સમાધિપૂર્વક સ્વર્ગવાસ

વલસાડ જીલ્લાના વાપી પાસે આવેલ ગોયમાના વતની અને વર્ષોથી વાપીમાં સ્થિર થયેલ શ્રી છગનભાઇ ચાલુ સાલના પોષ વદ પ્રથમ ૩, તા. ૮–૧–૯૬ના બપોરે ૩–૪૦ કલાકે ખુબ જ સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા. અંત સમય સુધી જાગૃતિ શુદ્ધિ ખુબ સુંદર હતી. પૂ. સાધ્વીજી ભગવંતો દ્વારા સમાધિ પ્રેરક સ્તોત્રો શ્રવણ કરી નિર્યામણ પચ્ચકખાણ પલંગ સિવાય તમામ વોસીરાવી કઇને સદ્ગતિ ખુબ જ સમાધિમય સ્વર્ગસ્થ બન્યા. એમના ધર્મપત્નિ શ્રી મણિબેન અદ્ભુત સમતા સ્વસ્થતા રાખો મળેલી ધર્મની સમજણને સાર્થક કરી, સદ્ગત શ્રી છગનભાઇ પૂ. પં. શ્રી માનવિ. મ. પૂ. પં. શ્રી હેમંતવિ. મ.ની પ્રેરણાથી ધર્મસન્મુખી બન્યા એ પછી પૂ. પં. શ્રી મૃગાંકવિ. મ.ના વધુ પરિચયમાં આવ્યા પૂ. આ. ભ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રવચન યોગે શ્રદ્ધાળુ શ્રાવક બનેલા એમણે પોતાના બન્નેય પુત્રોને સહર્ષ સંયમ માર્ગે જવાની અનુમતિ આપી. આજે જેઓ પૂ. આ. શ્રીહેમભુષણસૂરીશ્વરજી મ. અને પૂ. મુ. શ્રી દિવ્યભુષણ વિજયજી મ. તરીકે સુંદર સંયમ જીવન જીવી રહ્યાં છે.

શ્રી છગનભાઇ શાસનના કાર્યો અને જીવદયા અંગે સતત સક્રિય રહેતા હતા. એમની કોઠા સૂઝ પણ ખુબ હતી. પ્રસંગે પ્રસંગે આગેવાનો સાથે પત્ર સંપર્ક કરી નિડર રજુઆત કરતા હતા. સરકાર સાથે પણ પત્રવ્યવહાર કરી ધારી વાત વ્યક્ત કરતા હતા. છેલ્લા ૩૦ વર્ષથી એકાસણા–બિયાસણા ઉભય ટંક આવશ્યક સ્વદ્રવ્યથી પરમાત્માની પૂજા જયણા વગેરેથી જીવન ધર્મમય બનાવેલ ૭૮ વર્ષે સ્વર્ગસ્થ થનાર એમનું શરીર પુણ્ય પણ સારું હતું છેલ્લા વર્ષ સુધી કાર્યરત હતા. હાર્ટના હુમલાથી સ્વર્ગવાસી બન્યા એમની અંતિમયાત્રામાં જૈનો–અજૈનો મોટી સંખ્યામાં જોડાયેલને શોકને બદલે તેમના ધર્મ જીવનની અનુમોદનાનું વાતાવરણ ઉભું થયેલ.

તે અંગે આગમમાં પણ કહ્યું છે કે—

'जे इमे अज्जत्ताए समणा निग्गंथा एते णं कस्स तेउलेसं वीइवयइ? गोयमा । मासपरियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेउलेसं वीइवयइ । एवं दुमासपरियाए समणे णिग्गंथे असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं तेउलेसं वीइवयइ । तिमासपरियाए समणे निग्गंथे असुरकुमारिंदाणं देवाणं तेउलेसं वीइवयइ । चउमासपरियाए समणे निग्गंथे गहगणणक्खत्ततारारूवाणं जोइसियाणं तेउलेसं वीइवयइ । पंचमासपरियाए समणे निग्गंथे चंदिमसूरियाणं जोतिसिंदाणं तेउलेसं वीइवयइ । छम्मासपरियाए समणे निग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेउलेसं वीइवयइ । सत्तमासपरियाए समणे निग्गंथे सणंकुमारमाहिंदाणं देवाणं तेउलेसं वीइवयइ । अट्ठमासपरियाए समणे निग्गंथे बंभलोगलंतगाणं देवाणं तेउलेसं वीइवयइ । णवमाणपरियाए समणे निग्गंथे महासुक्कसहस्साराणं देवाणं तेउलेसं वीइवयइ । दसमासपरियाए समणे निग्गंथे आणय–पाणय–आरणा–च्चुयाणं देवाणं तेउलेस्सं वीइवयइ । इक्कारसमासपरियाए समणे गेविज्जाणं देवाणं तेउलेस्सं वीइवयइ । बारसमासपरियाए अणुत्तरोववाइयाणं तेउलेसंस वीइवयइ । तेण परं सुक्के सुक्काभिजाती भवित्ता सिज्जइ, जाव अंतं करेति ।।"

अत्र तेजोलेश्या चित्तसुखाभलक्षणा ।

ભાવાર્થ :–'હે ભગવન્! જે આ શ્રમણ એવા નિર્ગ્રંથો છે તે કયારે કઇ તેજોલેશ્યાનું વ્યતિક્રમણ કરે છે? હે ગૌતમ! એક માસ પર્યાયવાળા શ્રમણ એવા નિર્ગ્રંથો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. એ પ્રમાણે બે માસના પર્યાયવાળા શ્રમણ–નિર્ગ્રંથો અસુરેન્દ્રોને છોડીને ભવનપતિના દેવોની તેજોલેશ્યાનું લંઘન કરે છે. ત્રણ માસના પર્યાયવાળા શ્રમણ–નિર્ગ્રંથો અસુર ઇન્દ્રોના દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરે છે. ચાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રહ–નક્ષત્ર–તારા રૂપ જ્યોતિષના

દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. પાંચ માસના પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રંથો ચન્દ્ર-સૂર્ય રૂપ જ્યોતિષના ઇન્દ્રોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. છ માસનો પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સૌધર્મ અને ઇશાન દેવલોકના દેવોની તેજોલેશ્યાનું વ્યતિક્રમણ કરે છે. સાત માસના પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રંથો સનતકુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. આઠ માસના પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રંથો બ્રહ્મલોક-લાંતક દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે. નવ માસના પર્યાયવાળા મુનિઓ મહાશુક્ર અને સહસ્રાર નામના દેવલોકના દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે.

દશ માસના પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રંથો આનત-પ્રાણત-આરણ-અચ્યુત નામના દેવલોકના દેવોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે. અગિયાર માસના પર્યાયવાળા શ્રમણો નવે ગ્રૈવેયકના દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરી જાય છે અને બાર માસના પર્યાયવાળા શ્રમણ-નિર્ગ્રંથો પાંચે અનુત્તરવાસી દેવોની તેજોલેશ્યાનું ઉલ્લંઘન કરી જાય છે. તે પછી તે મુનિઓ શુકલ, શુકલાભિજાતિ થઇને સિદ્ધ થાય છે યાવત્ સંસારનો અંત કરે છે.' અહીં તેજોલેશ્યા એટલે આત્મિકસુખની પ્રાપ્તિની અનુભૂતિ કરવા સ્વરૂપ જાણવી.

તે પછી તે સાધુ 'શુકલ' એટલે ભિક્ષાવૃત્તો-અખંડ વ્રતવાળો, મત્સરરહિત, કૃતજ્ઞ, શુભ પ્રવૃત્તિમાં આરંભવાળો અને હિતનો જ અનુબંધ કરનારો થાય છે. અને 'શુકલાભિજાત્ય' એટલે તે ઉપર્યુક્ત ગુણોમાં ઉત્કૃષ્ટ ગુણવાળો અને પ્રાયે કરીને છેદાઇ ગયા છે કર્મોના અનુબંધ જેના એવો થાય છે. અશુભ કર્મોનું વેદન કરે છે પણ ફરીથી તેવા મોટે ભાગે બાંધતો નથી. છતાં પણ 'પ્રાયઃ' એટલા માટે કહ્યું છે કે-કર્મોની અચિન્ત્ય શક્તિ હોવાથી કયારેક તેવો કર્મો બંધાવાની સંભાવના પણ છે માટે પ્રાયઃ કહ્યું છે. આવી રીતે તે મુનિ ભગવાનના વચનને પ્રતિકૂલ અને ભવાભિનન્દી જીવોને પ્રીતિ રૂપ એવી તે લોકસંજ્ઞાને અપાવે છે.

ભવાભિનન્દી જીવ તેને કહેવાય છે જેને સંસાર જ ગમે, સંસારમાં જ બહુ આનંદ આવે. તે જીવ ક્ષુદ્ર હોય છે; લાભમાં જ આનંદ પામે છે, દીન હોય છે, મત્સરી, ભયવાળો, શઠ, અજ્ઞાનીઅને નિષ્ફલ ક્રિયાને કરનારો જ હોય છે.

જયારે ભવાભિનંદીને પ્રીતિરૂપ લોકસંજ્ઞાને પાર પામી ગયેલો મુનિ લોકાગારે રૂપ પ્રવાહની જે નદી તેના સામા પુરે ચાલનાર હોય છે. અને લોકાચારના પ્રવાહ રૂપ નદીને અનુકૂલ ગતિથી નિવૃત્ત થયેલો હોય છે. અર્થાત્ અનંત જ્ઞાનિઓની આજ્ઞા મુજબ જીવનારો હોય છે. તો જ ધર્મિષ્ઠ લક્ષ્યની સિદ્ધિ થાય છે બાકી અશિષ્ટ લોકની સાથે ચાલવાથી કયારે પણ ધર્મિષ્ઠની સિદ્ધિ થતી જ નથી. જેણે પણ કલ્યાણ કરવું હોય તેણે લોકસંજ્ઞાનો ત્યાગ કરવો જ જોઇએ.

તે અંગે કહ્યું પણ છે કે–

"अणुसोयपट्ठिए बहुजणंमि पडिसोओ लद्धलक्खेणं, पडिसोयमेव अप्पादायव्वो होउकामेणं । अणुसोयसुहो लोगो पडिसोओ आसवो सुविहियाणं; अणुसोओ संसारो पडिसोओ तस्स णिप्फेणं ।।"

ભાવાર્થ:–નદીના પૂર–પ્રવાહાદિમાં પડેલા કાષ્ઠાદિની જેમ મોટાભાગનું લોક વિષય–ઉન્માર્ગ આદિ દ્રવ્યક્રિયાની અનુકૂળતામાં જ પ્રવૃત્તિ કરનારું હોય છે. અર્થાત્ જેમ બહુજન ચાલે તેમ ચાલનારું હોય છે. જ્યારે જે આત્માઓને આ સંસાર સાગર તરવો હોય અને મુક્તિના કિનારે પહોંચવું હોય તેણે પોતાના આત્માને, પ્રતિશ્રોતગામી સામાપુર તરનારો બનાવવો જોઇએ અર્થાત્ મુક્તિ રમણીને વરવાને માટે સુંદર રીતે સંયમશ્રીનો આદર કરવો જોઇએ તેમાં જ લક્ષ્ય રાખવું જોઇએ અને અન્નાદિના ફુસંસ્કાર રૂપ વિષયાદિમાંથી મન પાછું ખેંચવું જોઇએ.

ક્ષુદ્રજનોએ આચરિત ઉદાહરણોને નજર સમક્ષ રાખી ઉન્માર્ગમાં ચિત્તને પ્રવર્ત્તાવવું જોઇએ નહિ પરંતુ આગમની નીતિને જ અનુસરનારા થવું જોઇએ. કેમકે કહ્યું પણ છે કે–'બાલિશ લોકો નાનાં–નાનાં સામાન્ય નિમિત્તોને પામીને પણ પોતાના ધર્મ માર્ગને ભૂલી જાય છે. જ્યારે તપ–શ્રુત અને જ્ઞાન છે ધન જેનું એવા સુસાધુઓ ગમે તેવા પ્રાણાન્ત કષ્ટમાં પણ સ્વધર્મથી ચ્યવવા રૂપવિકારને પામતા નથી. તથા 'ચપ્પલ–જોડું મહાણ કરવું અને છત્ર વસ્ત્રાદિ પહેરવા સારા પરંતુ શત્રુના ઘરની સમૃદ્ધિને જોઇને લજ્જાનો ત્યાગ કરીને ધર્મનો નાશ કરનાર ઇન્દ્રાદિની સમૃદ્ધિમાં મનને સ્થાપન કરવું સારું નથી.' તથા 'જઘન્યઅધમ પુરુષો નિર્લજ્જપણે પાપનું આચરણ કરે છે તથા વિમધ્યમ બુદ્ધિવાળા પુરુષો આપત્તિને પામીને નિર્લજ્જ બને છે જ્યારે સાધુજન એવા ઉત્તમ પુરુષો પ્રાણના ત્યાગમાં પણ સમુદ્ર જેમ મર્યાદાને ઓળંગતો નથી તેમ પોતાના વ્રતોનું અતિક્રમણ કરતા નથી.'

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે–'પાણી જેમ નીચે જનારું હોય છે તેમ બારેકર્મી લોકો અનુકૂળ એવા વિષયસુખોની અભિમુખ જ ગમનાદિ કરનારા હોય છે. જ્યારે સુવિહિત એવા સાધુ પુરુષો તેમનાથી વિપરીત એટલે કે ઇન્દ્રિયોના જયમાં કાય–વાક્–મનની કુશલ પ્રવૃત્તિમાં જ ગમન કરનારા હોય છે અર્થાત્ એકાન્તે આત્મહિતકર એવી પ્રવૃત્તિઓને જ આચરનારા હોય છે. તે બંનેનું ફળ કહે છે કે–અનુકૂળ એવા શબ્દાદિ વિષયોમાં મનને પ્રવર્ત્તાવવું તેનું ફળ સંસાર છે અને તેનાથી પાછા ફરવું અર્થાત્ સંયમાદિમાં મનને પ્રવર્ત્તાવવું તેનું ફળ સંસારનો નાશ અને મોક્ષની પ્રાપ્તિ છે.

[ક્રમશ:]

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

એક જ તરણોપાય, સીતા મુક્તિ !

'એક માત્ર સીતા તું મને સોંપી દે, હું તને મારી રૂપ-લાવણ્ય નીતરતી બસો-પાંચશો કે હજાર-બે હજાર નહિ પણ ત્રણ-ત્રણ હજાર રાજકુમારીઓ આપીશ. આટલાથી પણ જો તને સંતોષ ન થાય તો સમજી રાખજે કે આમાંનું તો કશું જ તને નહિ મળે પણ તારી ચિતા પણ અહીં જ સળગશે.'

સૌમિત્ર સજીવન થયાના સમાચાર જાણીને રાવણે મંત્રીઓને બોલાવ્યા. અને કહ્યું કે-'મને એમ હતું કે- શક્તિથી હણાઇ ગયેલો સૌમિત્રિ તો મરી જ ગયો છે. અને તેના સ્નેહથી પીંડાઇ પીંડાઇને સવાર સુધીમાં તો રામના પણ રામ રમી જશે. તેથી દરેક વાનરેશ્વરો નાસીને ભાગી જશે. તેથી કુંભકર્ણાદિ તો સ્વયં મારી પાસે આવી જશે. પરંતુ મારો ભાગ્ય-વિધાતા રૂઠયો છે તેથી સૌમિત્રિ-લક્ષ્મણ સજીવન થયો છે. હવે હું મારા ભાઇ-પુત્રો-મિત્રોને દુશ્મનના બંધનમાંથી શી રીતે છોડાવું ?'

મંત્રીઓએ પણ કહ્યું કે- 'સીતાજીને મુક્ત કર્યા વિના કુંભકર્ણાદિનો છૂટ-કારો તો નથી જ પણ ઉલટાનું અકલ્પ્યાણ જ થશે. હે સ્વામિન ! આપની સગી નજર સામે આટ-આટલું ગુમાવેલું જોયા પછી તો તમારા કુળનું રક્ષણ કરો. રામ-ચંદ્રજીનો અનુનય (=સેવા) કર્યા વિના બીજો કોઇ ઉપાય અમને તો નથી દેખાતો.'

રાવણે મંત્રીશ્વરોની આવી હિતકારી સલાહને અવગણીને 'સામ-ત નામના દૂતને સામ-દામ-દંડ-પૂર્વકની શિખામણ આપીને રામચંદ્રજી પાસે મોકલ્યો.

દૂતે જઇને કહ્યું કે-'ત્રણ ખંડેશ્વર સમ્રાટ દશકંધર હે રામ ! તમને કહેવડાવે છે કે મારા બંધુવર્ગને મુક્ત કરી દો. અને એક માત્ર સીતા તું મને સોંપી દે, હું તને મારૂ દોઢ ખંડનું રાજ્ય આપીશ. તે તું લઇ જા. તદુપરાંત મારી (સ્વર્ગની અપ્સરાઓ જેવી સુંદર અંગોવાળી) ત્રણ-ત્રણ હજાર રાજકુમારીઓ તને અર્પણ કરીશ. આટલી વાતથી પણ જો તને સંતોષ ન હોય તો સમજી રાખજે કે આમાંનું તો કશું જ તને નહિ મળે પણ તારા મડદાની ચિતા પણ અહીં જ સળગશે.'

રામચંદ્રજીએ કહ્યું કે- 'તારા રાજાને જઇને કહેજે કે રામચંદ્રજીને ન તો તારી

રાજસ ંપત્તિની લાલસા છે કે ન તો કોઇ અન્ય સ્ત્રી સમુહના શરીરના ભોગોની જરૂર છે. અગર સાનમાં સમજી જઇને તું જો સીતાદેવીની પુજા કરીને મને સોંપી દેશે તો જ તારા બંધુવર્ગની મુકિત થશે નહિ તો નહિ'.

દામનીતિનો આશરો લઇને દૂત બોલ્યો કે– હે રામ! એક સીતા જેવી સ્ત્રીને માટે થઇને તમારા જનનું જોખમ ઊભું કરવું એ તમારા (જેવા) માટે જરાય ઉચિત નથી.

રાવણથી મોતના મોઢામાં ધકેલાઇ ગયેલો આ લક્ષ્મણ એકવાર ભલે જીવી ગયો. પણ હવે પછી તે અને આ વાનરો રાવણની આગળ કેટલું જીવી શકવાના છે.

એકલો રાવણ જ વિશ્વ આખાને ખતમ કરી નાંખવા સમર્થ છે. માટે તમારા ભવિષ્યને વિચાર કરીને તેનું વચન માની જાવ.'

ક્રોધે ભરાયેલા લક્ષ્મણે કહ્યું કે– 'હે દૂતાધમ! તારા રાવણને એના પોતાનામાં કેટલી શકિત છે તેની ભાન નથી પછી બીજાની શકિતની તો તેને ભાન કયાંથી હોય? બંધુના પરિવાર વગરના તેની પાસે તેની પત્નીઓ સિવાય કશું જ બચ્યું નથી. અને છતાં તેની તાકાતનું તે પ્રદર્શન કરીને એક આંધળું સાહસ કરી રહ્યો છે.

એકલો પડી ગયેલો બિચારો તે હવે કેટલું ટકી શકવાનો છે? માટે તું જા અને દશકંધરને યુદ્ધ કરવા અહીં તેડી લાય. કૃતાન્ત=યમરાજના કાળની જેમ સજજ થયેલા મારી આ ભુજાઓ તેને મડદું બનાવી દેવા થનગની રહ્યા છે'

હજી તો દૂત આગળ કશું કે બોલવા જતો હતો ત્યાં જ વાનરોએ તેને ગળચીમાંથી પકડીને ત્યાંથી ભગાડી મૂકયો.

દૂત પાસેથી બધાં સમાચાર જાણીને રાવણે ફરીવાર મંત્રીઓને પૂછયું કે– બોલો હવે શું કરવું?'

મંત્રીઓએ તો કહ્યું કે– 'અમે તો પહેલાં પણ કહ્યું જ છે અને હજી ફરીવાર ભારપૂર્વક કહીએ છીએ કે– સીતાજીને સોંપ્યા વિના કુંભકર્ણાદિનો કે રાક્ષસકુળના થનારા વિનાશનો કોઇ બચાવ નથી.

અત્યાર સુધી સીતાદેવીને ન આપવાના કારણે જે જે નુકશાન થયું તે તો હે રાજન! તમે નજરો નજર જોયું જ છે. હવે સીતાદેવીને અર્પણ કરીને નેનાથી આવનારા સુંદર ઉજળા ભવિષ્યને જુઓ. હજી પણ તમારા ઘણાં પુત્રો અને બંધુઓ ભલે દુશ્મન પક્ષમાં કે સ્વ પક્ષમાં પણ જીવતા જ રહ્યા છે. તેથી સીતાદેવીના અર્પણ કરવાથી મુકત થયેલા તે દરેક સાથે સંપત્તિથી હે રાજન! તમે વૃદ્ધિ પામો.'

સીતાદેવીના અર્પણની સલાહથી મર્મઘાત પામેલો રાવણ અંતરમાં દુઃખી દુઃખી થઇ જતાં પોતાની જાતે જ લાંબા સમય સુધી શું કરવું શું નહિ? તે અંગે વિચારતો રહ્યો.

આખરે 'બહુરૂપી' નામની વિદ્યા સિદ્ધ કરવાનો રાવણે નિર્ણય કર્યો.

માણેકચંદ શેઠ

માલવ દેશના વિભૂષણ સમાન ઉજ્જૈની નગરીમાં માણેકચંદ શ્રેષ્ઠી વસતા હતા. જૈન ધર્મમાં ખૂબ જ રક્ત હતા પરંતુ તે કાળમાં યતિવર્ગમાં ક્રિયા ને આજ્ઞામાં અતિશિથીલતા જોઇને તેમને થયું કે આવા જૈન સાધુઓ આવા આચારો ?

આ બધું જોઇને તેમની ભાવના શ્રદ્ધા જૈન ધર્મ ઉપરથી ઉઠી ગઇ. સાધુ ભગવંતોને ધૃણાની નજરે જોતા હતા આમ છતા તેમના માતૃશ્રી પ્રભુશાસન પ્રત્યે અવિચલ ભક્તિ ભાવનાવાળા હતાં.

હવે આ બાજુ એક મહામુનિવરને માસ ક્ષમણની તપશ્ચર્યા ચાલતી હતી. પારણાનો દિવસ આવ્યો એટલે માતાએ વહાલસોયા પુત્રને કહ્યું કે 'બેટા મહા તપસ્વી મુનિવરને આપણે ઘેર વહોરવા માટે તેડી લાવજે' માતાની આજ્ઞા શિરોધાર્ય પારણાને માટે ગુરુ ભગવંતો તેડવા ગયા. પણ તેમની કુતૂહલ અને ધૃણાસ્પદ બુદ્ધિએ એક ટીખળ કર્યું. ગુરુ મ. ની પરીક્ષા કરવા માટે તેણે સ્મશાનમાં અગ્નિ સળગાવીને મુનિવરની દાઢી પાસે ધરી એટલે દાઢી સળગતા છતા મુનિવરનું મુખ દાઝયુ છતા પણ પવનથી પર્વતો કંપે નહિ તેમ ગુરુના મુખપર રહેજ માત્ર પણ ફેરફાર ન થયો માણેકચંદથી આ કાર્ય થતા તો થઇ ગયું પણ પછી તો ખૂબ જ પસ્તાવો થયો. આવું કાર્ય કરવા છતા મુનિવરને તેના પ્રત્યે કરૂણ ભાવ ઉત્પન્ન થયો. કારણ કે તેઓ મોહની વિલક્ષણતા અને કર્મયોગી કુટિલતા સમજતા હતા ગુરુના આવા અપૂર્વ વાત્સલ્યભાવથી તેઓ શરમાઇ ગયા. ને પછી તો માણેકચંદ ગુરુભક્ત બની ગયા. અને સ્વપરાધ ખમાવ્યો.

માણેકચંદ ધંધા માટે પાલીમાં રહેતા હતા તેથી ગુરુવરને પણ ત્યાં અત્યાગ્રહ પૂર્વ વિનંતિ કરીને પાલી લઇ ગયા. ને ચાતુર્માસ દરમ્યાન શાશ્વત ગિરિવરનું મહાત્મ્ય સાંભળતા તે મહાતીર્થની યાત્રા કરવાની ભાવના ઉત્પન્ન થઇ ઉત્કૃષ્ટ ભાવના યોગમાં જ્યાં સુધી શાશ્વત તિર્થાધિરાજના દર્શન ન થાય ત્યા સુધી ચોવિહાર ઉપવાસ કર્યા પાલી ને કર્યા પાલીતાણા ?

બીજા દિવસે સંઘનું પ્રયાણ થયું. દિવસો વહી રહ્યા છે ને સંઘ આગળ ચાલી રહ્યો છે ને માણેકચંદ ચોવિહાર ઉપર ચોવિહાર ઉપવાસ ચાલુ છે સાતસાત દિવસના વાણા વહી ગયા છે સંઘ સિદ્ધપૂર નજીક મગરવાડા પાસે આવી પહોંચ્યો છે. કોઇ જ વસ્તી નહિ સંઘ કેરા તંબુ નાખી રહેલો છે. ચારે બાજુ ગાઢ ઝાડીઓને કારણે ભયંકર વનનું રવરૂપ ભાસતુ હતું ત્યાં તો અચાનક ભીલ લોકોએ સંઘ ઉપર હુમલો કર્યો ને માણેકચંદ શેઠને ખૂબ જ હથિયારોના ઘા લાગ્યા તે પ્રાણનાથક નીવડે તેવું લાગતા શ્રી સત્રુંજય તિર્થાધિરાજનું ધ્યાન કરવા લાગ્યાને ધ્યાન ને ધ્યાનમાં પરલોકની વાટે સિધાઇ ગયાને વ્યંતર નિકાળમાં માણિભદ્ર નામના વ્યંતરદેવ થયા.

દિવસે દિવસે ગચ્છ મમત્વ વધતુ જતુ હતુ ખરતર ગચ્છના સાધુઓને તપાગચ્છીય સાધુઓ ઉપર ભારે દ્વેષ હતો. તેથી ખરતરીય યતિઓને લોભવની સાધના

કરી તેના દ્વારા લગભગ ૫૦૦ મુનિવરોને યમસદન મોકલી દીધા આ નિર્દય સમાચાર મળતા જ પૂજ્ય આણંદ વિમલસૂરિ મ. સા. નું મન અત્યંત ખિન્ન બન્યું કારણકે પોતે ગચ્છનાયક પદે હતા તપગચ્છની સારસંભાળ રાખવાની જવાબદારી તેમના શિરે હતી આવા કૃત્યોની ઉપેક્ષા કરી ન શકાય પોતે પોતાનો પાલનપૂર તરફ વિહાર લંબાવી મગરવાડાની ઓડીમાં વાસ કર્યો રાત્રિએ ધ્યાન લગાવીને બેસી ગયા. માણિક્યદેવમાંથી બનેલા માણિભદ્ર દેવ પ્રગટ થયા ને કહ્યું ગુરુદેવ શી આજ્ઞા છે? ફરમાવો ! આ.ભ. કહ્યું કે ખરતર ગચ્છીય યતિઓનો જુલ્મ કેવો છે. ૫૦૦ સાધુઓને ખત્મ કરી નાખ્યા ? આવા જુલ્મને અટકાવો. માણિભદ્રે કહ્યું 'તહત્તિ' ને સાથે સાથે કહ્યું ભગવંત ! તપગચ્છના ઉપાશ્રયોમાં મારી મૂર્તિની સ્થાપના કરાવો જેથી વિહાર કરીને આવતા જતા મહાત્મા ઓના ધર્મલાભ મને મળતા રહે તે વાત સ્વીકારી ને ત્યારે તપાગચ્છીય સાધુઓ મરણાંત ઉપસર્ગો અટકી ગયા ને ત્યારથી માણિભદ્ર દેવની મૂર્તિઓ ઉપાશ્રયમાં મૂકવાની પ્રથા ચાલુ થઇ ને આજે તો એક ડગલું આગળ વધીને તેમના મંદિરો નિત નવા હારનો હોમો આરતી માનતા આ બધુ કરવું તે બિલકુલ યોગ્ય નથી. આરતીતો ભગવાનની ઉતરે દેવની નહિ માણિભદ્રજીને ખમાસણા અપાય નહિ તેમને તો માત્ર સવારે તેમના મસ્તકમાં અંગુષ્ઠથી તિલક ને બે હાથ જોડીને પ્રણામ જ કરવાના છે તેના સિવાય માનતા હવનાદિ કરવું તે તો એક પ્રકારનું મિથ્યાત્વ છે. સુજ્ઞજનો આટલાથી સમજી જશે.

[તપાગચ્છ પટ્ટાવલીના આધારે]

FORM [IV]

રજીસ્ટર્ડ પેપર (સેન્ટ્રલ) રૂલ્સ

૧૯૫૯ ના અન્વયે

"જૈન શાસન" અઠવાડિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

પ્રસિદ્ધિ સ્થળ :- વઢવાણ શહેર. સૌરાષ્ટ્ર
પ્રસિધ્ધિનો ક્રમ :-દર મંગળવાર
મુદ્રકનું નામ :- સુરેશ કે. શેઠ

કઇ જ્ઞાતિના : ભારતીય
ઠેકાણું :- સુરેશ પ્રિન્ટરી, વઢવાણ
પ્રકાશક :- સુરેશ કે. શેઠ
તંત્રીનું નામ :- સુરેશ કે. શેઠ
ઠેકાણું :-સુરેશ પ્રિન્ટરી મેઇન રોડ વઢવાણ
કઇ જ્ઞાતિના : ભારતીય

માલિકનું નામ : શ્રીમહાવીર શાસન
પ્રકાશન મુદ્રિત ટ્રસ્ટ
ઠેકાણું :- લાખાબાવળ (જામનગર)

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

સુરેશ કે. શેઠ
તા. ૧૨-૩-૧૯૯૬

શાસન સમાચાર

રાધનપુર–સુવિશાલ ગચ્છાધિપતિ, સર્વોત્કૃષ્ટ સંયમમૂર્તિ પરમ સિદ્ધાંતનિષ્ઠ પૂ. પાદ આ. દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂ. મ.ના પ્રશિષ્યરત્ન પ. પૂ. આ દેવેશ પરમ સમતાનિષ્ઠ તપસ્વીરત્ન નરચંદ્રસૂ. મ. સા. આદિની નિશ્રામાં અનંત સંસારના કાળ-ચક્રમાં અંધકારમાં રખડતા કુટાતા પીસાતા આત્માને સમ્યક્ત્વની સાચી સમજણ આપીને મિથ્યાત્વના માર્ગેથી પીછેહઠ કરાવીને ધર્મમાર્ગમાં સ્થીર કરનારા પરોપકારી પરમ ગુરૂદેવેશ આ. દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂ. મ.ના અનંત ઉપકારોના અર્થે તથા માનવ ભવને જન્મને આપનારા અને ગળથુંથીથી જ નમસ્કાર મહામંત્ર આપવા દ્વારા વિતરાગ પરમાત્માના દર્શન–વંદન–પૂજન કરાવવા દ્વારા અને ગુરૂ મ.ના જિનવાણીમાં મુકવા દ્વારા ધર્મ માર્ગમાં સ્થિર કરનારા પરમોપકારી પૂ. પિતાશ્રીજી તથા પૂ. માતુશ્રીજીના અનંત અનંત ઉપકારોના અર્થે તેમજ અમારા જીવનમાં સુસંસ્કારોનો વારસો વધુ સુદૃઢ બનાવીને અનેક પૂ. પુરૂષોની ઓળખાણ કરાવનારા પરમોપકારી પૂ. માસાજી તથા પૂ. માસીજી સોનાબેન ઉત્તમલાલ મકનજી મસાલીયાના ઉપકાર અર્થે અને પૂ. સાધ્વીજી મ. સાહેબશ્રી અમીતપ્રજ્ઞાશ્રીજી મ. સા. ના સંયમ જીવનની અનુમોદના અર્થે આઠે દિવસ સુધી જિનેન્દ્ર ભક્તિ શઇ. તે વિષય ઉપર અને પ્રાપ્ત થયેલા વારસામાં મળેલ જિનમંદિરો અને જિનબિંબો ઉપર સતત પ્રભાવક પ્રવચન પૂ. આ. દેવનું તથા નિડર વકતા ધર્મ-તિલકવિજયજી મ. સાહેબનું થયું. આઠે દિવસ દરમ્યાન સવારે પ્રભાતિયા શહનાઇ વાદન બંને મંડળોની બે દિવસ પૂજા. પરમાત્માની ભવ્યાતિભવ્ય અંગરચના સેજ, તથા જુદા જુદા સંગીતકાર દ્વારા ભાવના સિદ્ધચક્ર મહાપૂજન, જલયાત્રાનો ભવ્ય વરઘોડો, પાટણનું સુપ્રસિધ્ધ સીમંધર જૈન યુવક બેંડ.

મહાપૂજા તથા બેનમુન રંગોળીઓ, લઘુ શાન્તિસ્નાત્ર તથા સંઘજમણ છેલ્લા દિવસે ૨૫ જિનાલયો, આંગી, જીવદયાની ટીપ, વરઘોડામાં અનુકંપાદાન. આવા વિશિષ્ટ પ્રોગ્રામ સાથે થયેલ. પ્રસંગ અમારા પરીવારમાં એક જીવનનું સંભારણું બની ગયું છે.

આ સમગ્ર પરીવારમાં ક્રિયાકારક તરીકે રાધનપુરના સુવિસુધ્ધ ક્રિયાના વિધિયુક્ત શ્રાધ્ધવર્ય શ્રી મહેન્દ્રભાઇ બાપુલાલ શાહે સુંદર લાભ આપીને અમારી જવાબદારી હળવી કરેલ. અને રાધનપુર સમગ્ર શ્રી જૈન સંઘે મહોત્સવ દરમ્યાન પુન્યાત્માઓની મહેનતના જ કારણે આ પ્રસંગ વધુ સારો દેદીપ્યમાન બનેલ તેથી દરેક સહયોગ આપનાર પુન્યાત્માઓનો અમારો પરિવાર આભારી છે.

એજ લી. સુરેશચંદ્ર ગભરૂચંદ કોઠારી પરીવાર

શાસ્ત્રનો ઉપદેશ કોને ઉપકારક બને તે માટે 'શ્રી લોકતત્વ નિર્ણય' ગ્રન્થમાં કહ્યું છે કે–

ઉદિતો ચન્દ્રાદિત્યૌ, પ્રજ્વલિતાદીપ કોટિરમલાપિ ।
નોપકરોતિ યથાન્ધે, તથોપદેશસ્તમોઽન્ધાનામ્ ॥ ૧ ॥
અપ્રશાન્તમતૌ શાસ્ત્ર-સદ્ભાવ પ્રતિપાદનમ્ ।
દોષાયાભિનવોદીર્ણે, શમનીયમિવ જ્વરે ॥ ૨ ॥

જેમ આંધળાને, ઉદય પામેલા ચન્દ્ર, સૂર્ય કે દેદીપ્યમાન નિર્મલ ક્રોડો દીવા પણ પ્રકાશ રૂપ ઉપકાર કરી શકતા નથી. તેવી રીતે કદાગ્રહથી આંધળા બનેલા મનુષ્યોને શાસ્ત્રનો ઉપદેશ પણ ઉપકારક બનતો નથી. શાસ્ત્ર સદ્ભાવનો ઉપદેશ પણ પ્રશાન્ત મતિવાળાને જ ઉપકારક બને છે પરન્તુ જેમ ચઢતા નવા તાવમાં, શાંત કરવા માટે આપેલું ઔષધ પણ દોષને માટે થાય છે, તેમ અપ્રશાન્ત મતિવાળાને વિષે શાસ્ત્ર સદ્ભાવનો ઉપદેશ પણ દોષને માટે જ થાય છે.

o 'શ્રી પંચાશકજી'માં લોક વિરુદ્ધ કાર્યો આ પ્રમાણે કહ્યા છે.

સવ્વસ્સ ચેવ નિંદા, વિસેસઓ તહય ગુણસમિદ્ધાણું ।
ઉજુધમ્મકરણુહસણું, રીઢા જણપૂયણિજ્જાણું ॥ ૧ ॥
બહુજણવિરુદ્ધસંગો, દેસાદાવાચ્ચારલંઘણું ચેવ ।
ઉચ્ચણભોગો ય તહા, દાણાઇ વિ પગડમણ્ણે તુ ॥ ૨ ॥
સાહુસચ્ચણમ્મિ તોસો, સહ સામત્થંમિ અપડિયારો ય ।
એમાદ્યાણિ એત્થં, લોગવિરુદ્ધાણિ ણેયાણિ ॥ ૩ ॥

ભાવાર્થ :- સર્વ કોઇની નિંદા કરવી, વિશેષે કરીને જ્ઞાનાદિ ગુણોની ઋદ્ધિને ધરનારા પૂ. આચાર્ય ભગવંતાદિ મહાપુરુષોની નિંદા કરવી, સરળ આત્માઓ ધર્મ કરતાં હોય અને તેમાં પોતે વધુ ન સમજવાથી પાછી રહેતી હોય તો તે જોઇને અથવા બીજી રીતિએ પણ સરળ આત્માઓના ધર્મ કરણની હાંસી-મશ્કરી કરવી, જન પૂજનીય એવા રાજા આદિની હીલના કરવી, બહુજન વિરુદ્ધનો સંસર્ગ કરવો, દેશ-કુળ-જાતિના આચારોનું ઉલ્લંઘન કરવું, ઉલ્લણ ભોગ ભોગવવા તથા અનુચિત દાન કરવું અથવા તો દાનાદિનું સ્વમુખે પ્રકાશન કરવું, સાધુપુરુષો ઉપર દુષ્ટ રાજા આદિ દ્વારા કરવામાં આવેલી આપત્તિથી તોષ પામવો અને પોતાની શક્તિ હોવા છતાં પણ એ આપત્તિનો પ્રતિકાર નહિ કરવો.

આવા અને આ બધા લોક વિરુદ્ધ કાર્યો જાણીને ત્યાગ કરવો જોઇએ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સદ્‌ગુરુ જ તેનું નામ કે જે સુખને ભૂંડું જ કહે અને દુઃખ વેઠવા જેવું કહે.
- જે જીવો જાતને ઓળખે નહિ, પોતે કેવા છે તે જોવે નહિ, તે બહિરાત્મ દશામાંથી બહાર નીકળી શકે નહિ અને અંતરાત્મા બની શકે નહિ.
- કોઇ ચીજની સહાય વિના જે સુખ મળે તે જ ખરેખરું આત્મસુખ છે.
- આજના વિજ્ઞાને સુખના જેટલા સાધન સર્જ્યા છે તે બધા દુઃખના સાધન છે, ધર્મનો નાશ કરનાર છે. અધર્મને સારી રીતે કરાવનાર છે. પણ સુખના ભિખારી અને દુઃખના અસહનશીલ જીવો આ વાત સમજવાના નથી.
- જે જીવ દુઃખથી ન ડરતા પાપથી ડરે અને સંસારના સુખનો લાભ છોડે તે જીવ ધર્મ કરવા લાયક છે.
- દુઃખ વેઠવા જેવું છે અને સુખ છોડવા જેવું છે તેમ જેને ન લાગે તે વીતરાગના ધર્મને પામ્યો જ નથી.
- પારકાની નિંદા અને સ્વપ્રસંશા એ ભવાભિનંદીનું લક્ષણ છે. આવો ભવાભિનંદી જીવ જ્યાં સુધી આત્માભિનંદી ન થાય ત્યાં સુધી ભગવાનનો ધર્મ પામે નહિ.
- પુણ્ય વગર દુનિયાનું સુખ નહિ, પાપ વગર દુઃખ નહિ અને ક્ષયોપશમભાવ વગર ધર્મ નહિ.
- 'અવિધિ આશાતના મિચ્છામી દુક્કડં' એટલે કે વિધિનું ખૂબ લક્ષ રાખ્યું છે, અવિધિ ન થાય તેની પૂરતી કાળજી રાખી છે. છતાં પણ જે અવિધિ-આશાતના થઇ હોય તેની માફી માગું છું.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

५१२७ ९९-५-३७

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

श्री श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा,
कि. गांधीनगर, पिन-382009.

तेनी दीक्षा निष्फल छे.

कषाया यस्य नो छिन्ना,
यस्य नात्मवशं मनः ।
इन्द्रियाणि न गुप्तानि,
प्रव्रज्या तस्य निष्फला ।।

जेना कषायो नाश पाम्या नथी, जेनुं मन पोताने वश नथी, जेनी इन्द्रियो गुप्त नथी, तेनी प्रव्रज्या निष्फल छे.

अठवाडिक

वर्ष	अंक
८	३०

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
४५, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

– જ્ઞાન ગુણ ગંગા –

(ગતાંકથી ચાલુ) –પ્રજ્ઞાંગ

૦ એકાવતારી દેવોને તેમના અંન્ત્ય સમયે પણ ચ્યવનાદિ ચિહ્નો જણાતા નથી. આ અંગે શ્રી પરિશિષ્ટ પર્વ પ્રથમ-સર્ગ ૬ઠ્ઠો. ૨૬૬ માં કહ્યું છે કે–

"રાજન્નેકાવતારાણામન્તકાલેઽપિ નાકિનામ્ ।
તેજઃ ક્ષયાદિચ્યવનલિઙ્ગાન્યાવિર્ભવન્તિ ન ।"

અર્થાત્ :– હે રાજન્ । એકાવતારી દેવોને અન્તકાલે પણ તેજનો ક્ષય આદિ ચ્યવનના ચિહ્નો પ્રગટ થતા નથી.

૦ 'માર્ગ' અને 'ઉન્માર્ગ' અંગે શ્રી 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે કે–

'માર્ગાઃ ક્ષાયોપશમિકો ભાવ સ્તમતિક્રાન્તઃ ઉન્માર્ગઃ
ક્ષાયોપશમિકભાવત્યાગેનૌદયિકભાવસંક્રમઃ કૃત ઇત્યર્થઃ ।।"

'માર્ગ' એટલે ક્ષયોપશમિક ભાવ અને તેનું અતિક્રમણ–ઉલ્લંઘન કરવું તેનું નામ 'ઉન્માર્ગ' એટલે કે ક્ષાયોપશમિક ભાવને છોડીને ઔદયિક ભાવમાં પ્રવેશ કરવો.

૦ 'યોનિ' અંગે શ્રી પન્નાવણા સૂત્રમાં કહેવાયું છે કે–


"અથ યોનિરિતિ કિમભિધીયતે ? ઉચ્યતે, જન્તોઃ ઉત્પતિસ્થાનાધ્યવસ્તશક્તિકં તત્રસ્થ જીવ પરિણામનશક્તિસંપન્નમિતિ ।।"

'યોનિ' કોને કહેવાય ? જેમાંથી શક્તિનો નાશ થયો નથી એવું જંતુનું જે ઉત્પત્તિસ્થાન તે યોનિ અને તે એમાં રહેલ જીવને પરિણમાવવાની શક્તિએ કરીને સંપન્ન હોય છે.

૦ શસ્ત્ર અંગે. 'શસ્યન્તે હિંસ્યન્તે અનેન પ્રાણિનઃ ઇતિ શસ્ત્રમ ।' અર્થાત્ જેનાથી પ્રાણિઓની હિંસા થાય તે શસ્ત્ર શ્રી નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે– 'જં જસ્સ વિણાસકારણું તં તસ્સ સત્થ"– જે જેના વિનાશનું કારણ બને છે, તે તેનું 'શસ્ત્ર' છે.

૦ ચોરીથી બચવા ઇચ્છનારે અઢાર (૧૮) પ્રકારની ચોર પ્રસૂતિ ચોરને ઉત્પન્ન કરનારી ક્રિયાઓ– જાણીને વર્જવી જોઇએ.

"ચલન' કુશલ' તર્જા, રાજભાગોડવલોકનમ્ ।
અમાર્ગદર્શનં શય્યા, પરભેદગસ્તથૈવ ચ ।। ૧ ।। (જુઓ ટાઇટલ ૩)



વર્ષ : ૮] ૨૦૫૨ ચૈત્ર સુદ ૭ મંગળવાર તા. ૨૬-૩-૯૬ [અંક ૩૦

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ સુદિ-૧૩ ને ગુરુવાર, તા. ૯-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૬. (પ્રવચન ૯ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

ઘણાં શેઠીયાઓના મકાનો ઘણે ઠેકાણે છે તેઓએ ય એક મંદિર બાંધ્યું છે ? કેમ નથી બાંધ્યું તો માનવું જ પડે કે તેમને ધર્મ ગમ્યો જ નથી. ભૂતકાળમાં જે ધર્મ કરેલો તે સંસારના સુખ માટે જ કરેલો. તેથી આજે સંસારનું સુખ મળ્યું પણ ધર્મ ભાગી ગયો.

આજે કેટલા સુખી ભગવાનની પૂજા કરે છે ? ભગવાનનાં દર્શન પણ કરે છે ? સુખી ભગવાનના દર્શન-પૂજન નહિ કરે તો તેને ટાઇમ નથી તેમ કહી ખોટો બચાવ કરે છે તો તે સાચી વાત છે ? રોજ પોતાની સામગ્રીથી શક્તિ મુજબ સારી ચીજોથી ભગવાનની પૂજા કરતા હોય તેવા કેટલા જીવો મળે ? જે દા'ડે પૂજા ન થાય તે દા'ડે ચૌવિહાર ઉપવાસ કરનારા શ્રાવકો હતા અને આજે પણ છે પણ તમારો નંબર શેમાં છે ?

ભગવાનના વચન ઉપર પ્રેમ હોય તે તિથિને દા'ડે નવકારશી થાય ? રાતે ય જમાય ! આજે જૈનોમાં ય રાતે નહિ જમનારા કેટલા મળે ? રાત્રિભોજન જેના ઘરમાં ન થતું હોય તેવાં શ્રાવકનાં ઘરો સારી સંખ્યામાં મળે ખરાં ? આગળ જૈનોની આબરૂ હતી કે જૈનેતરને પણ જૈનને ત્યાં મહેમાન થવું હોય તો રાતના કહી ન જાય અને

કદાચ જાય તો કહે કે, બધું પતાવીને આવ્યો છું. દા'ડે જ જાય. તેને ય ખબર કે રાતના પાણીનો ય ભાવ નહિ પૂછે. કદાચ પાણી માંગશું અને આપવું પડે તો દુઃખથી આપશે પણ પણ હૃદયથી નહિ. તેવી રીતે જૈનેતરને ઘેર મહેમાન થાય તો તે જૈનેતરને ઘેર પણ રાતે રસોઇ ન થાય અને અભક્ષ્ય વસ્તુ પણ ન વાપરે આજે-! જૈનેતરને ઘેર જાય તો તે રાતે ખાવા અને કંદમૂળ ખાવા ! જેના ઘરમાં રાત્રિભોજન ન થતું હોય, પોતે ય ન કરે અને ઘરના ય કોઇ ન કરે તેવાં ઘર કેટલાં મળે ? શાસ્ત્રે રાત્રિભોજનને નરકનું દ્વાર કહ્યું છે તે યાદ જ નથી. તમારે રાતે ખાવું પડે તો તેનું દુઃખ પણ છે ? તમારાં સંતાનો રાતે ખાતાં થયાં તે તમારી ભૂલ છે ને ? 'શ્રાવકનો દિકરો રાતે ખાય નહિ. મારા મા-બાપ ધર્માત્મા છે. તેમણે મને બચપણથી જ જ શીખવ્યું છે કે- રાતે અવાય નહિ, રાતે ખાય તે નરકે જાય' આવું કહેનારા છોકરા કેટલા મળે ? આજે તમારા છોકરા બગડયા તે તમારા પ્રતાપે તમારા પાપે...!

સભા૦ આજુબાજુનું વાતાવરણ કામ કરે ને ?

ઉ૦ જરા ય નહિ. નાનું બચ્ચું મા-બાપનું મોં જોઇ જોઇને કામ કરે સારા મા-બાપના છોકરા કદી રાતે ખાતા નથી. ચાર વર્ષનું બચ્ચું ચાર ડીગ્રી તાવમાં રાતે પાણી પાવા જાવ તો ય નથી પીતું. ન પીવાય, 'રાતે પીએ તો નરકે જવાય' એમ કહે છે. મા-બાપને દયા આવે અને પાણી આપવા જાય તો ય ના પાડે છે એવા સંસ્કાર જીવતા હોય તો મરીને સદ્ગતિમાં જાય. જેમ તેમ જીવનારા પાડા જેવા થયેલા મરીને દુર્ગતિમાં જાય.

સભા૦ દુઃખ થાય પણ બોલી ન શકાય તો ?

ઉ૦ મા-બાપ શું કામ થયા ? મા-બાપ છોકરાને સારી શિખામણ ન આપે તે ચાલે ? તે બધા ધર્મ પામેલા કહેવાય ? આવા જીવો ગમે તેટલો ધર્મ કરે તો પણ તેમનું કલ્યાણ ન થાય. અને વખતે દુર્ગતિમાં ય જવું પડે.

આગળ નાના નાના છોકરાને સંવત્સરીના દિવસે ઉપવાસ કરાવે અને રાતના પંપણી પંપાળીને રાત પસાર કરાવે એવાં મા-બાપ મેં જોયા છે. તે છોકરા પછી એવા પાકયા કે મરી જાય પણ રાતે ન ખાય, સંવત્સરીનો ઉપવાસ ન ચૂકે. તે બધો પ્રભાવ મા બાપનો છે. તમે આવા છોકરા પકવ્યા છે ?

સભા૦ મને દુઃખ છે તેમ કહે તે વાત સાચી માનવાનું માપ શું ?

ઉ૦ તે કંઇ કેડે કે છોકરાને સમજાવવા ઘણી મહેનત કરી પણ અકકરમી ન

ન સમજ્યો. મારું ચાલે તો તેની કમાણી પણ ખાવું નહિ. કમનશીબે તેની કમાણી ખાવી પડે તો સારાં મા બાપોને તેનું ભારેમાં ભારે દુઃખ હોય.

આજે તો એવા માં-બાપ છે કે છોકરો કે છોકરાની વહુ અપમાન કરે તો ય તે છોકરાનો વખાણ કરે ! સંતાનો રાતે ન ખાય તેની ખૂબ મહેનત કરી છે તેમ કહી શકો છો ખરા ? તમે બાલ્યકાળથી જો સંતાનોને કેળવ્યા હોત તો તે સારા જ બાકત !

ભગવાનને, ભગવાનના સાધુને, ભગવાનના ધર્મને માનવો હશે તો આ સંસારના સુખને ભુંડું માનવું જ પડશે, છોડવા જેવું માનવું જ પડશે. 'મોક્ષનું સુખ જ સાચું છે અને મેળવવા જેવું છે જ્યારે સંસારનું સુખ તો દુઃખરૂપ દુઃખફલક અને દુઃખાનુબંધી છે' તે વાત તમારે તમારા કાળજામાં કોતરવી પડશે. આવા જીવને દુનિયાની ગમે તેટલી સાહ્યબી-સંપત્તિ મળે તો ય તે ગમતી નથી. તેનો ભગવાનની આજ્ઞા મુજબના કાર્યોમાં ઉપયોગ થાય તેનો આનંદ હોય અને તે સુખ-સંપત્તિ છોડી ન શકે તેનું તેને પારાવાર દુઃખ પણ હોય.

જેની પાસે ઘણા ઘણા પૈસા હોય છતાં પણ જરૂર હોય ત્યાં મંદિર ન બાંધે, ઉપાશ્રય ન બાંધે, ધર્મનું સ્થાન ન બાંધે, ગામના મંદિરને પણ સાચવે નહિ તે શ્રીમંત મરીને ક્યાં જાય ? મહારંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય ઘાત અને માંસાહારને ભગવાને નરકનાં કારણ કહ્યાં છે. સમકિતી જીવોને સમકિતે પામવા પૂર્વે તેવું વ્યસન પડી ગયું હોય અને તે વ્યસની પણ હોય તો પણ તે વ્યસનને ભુંડું માને છે તે વ્યસન ન છૂટે તેનું દુઃખ હોય છે. તેમ તમે મહારંભીને મહાપરિગ્રહી હોવ તો પણ મહારંભ અને મહાપરિગ્રહનું દુઃખ છે ખરું ?

તમારી પાસે ઘણા પૈસા હોવા છતાં પણ પૈસા વધારવાનું જ મન થાય, તે માટે મહેનત કરવાનું મન થાય તો તમને યાદ આવે કે 'મહાપરિગ્રહને ભગવાને નરકનું કારણ કહ્યું છે.' આજે ભગવાનને માનનારને ભગવાનનાં વચન યાદ નથી, અહીં મંદિરના કેસરાદિ માટે ટીપ થાય તો કોઇ શ્રીમંતને દુઃખ થાય કે- અમારી શી કફોડી થઇ રહી છે ! મારે ત્યાંથી બધું લઇ જશો તેમ કહેનાર શ્રીમંત એક નથી ! મંદિરનો બારે મહિનાની પૂજાની સામગ્રી પૂરી પાડે તેવો એક પણ શ્રીમંત નથી !! જેને મહાપરિગ્રહ નરકનું કારણ લાગે, મહાપરિગ્રહનું દુઃખ હોય તેવા મહાપરિગ્રહવાળા ઠામ ઠામ ધર્મનાં જ કામ શોધે છે. તેવા જો બધા શ્રીમંતો હોત તો એક દિવસ પૂજા વગરનો ન હોત. કદાચ ભાગમાં કરવી પડે. પણ આજના મહાપરિગ્રહીને ધર્મ

ખાતે પૈસો ખરચવાનું મન થતું નથી. કારણ ભગવાનનાં વચન યાદ નથી, વચન ઉપર શ્રધ્ધા પણ નથી. જો ભગવાનના વચન ઉપર શ્રદ્ધા થાય તો કામ થાય !

તમારાં સંતાન મઝેથી રાતે ખાય, અભક્ષ્યખાય, પૈસા માટે અન્યાય દિ ઘોર પાપ કરે તેની દયા પણ આવે છે ? તેની કમાણી જોઈને રાજી થાય પણ તે મરીને ક્યાં જશે તેની ચિંતા ય ન કરે તે સાચાં મા-બાપ કહેવાય ? તેનામાં જૈનપણું આવે ખરું ? તેને ભગવાનના વચન ઉપર શ્રધ્ધા થાય ખરી ?

મોહનો નાશ કરવાનો છે, કર્મનો નાશ કરવાનો છે. મોક્ષે જ જવા જેવું છે તે માટે ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરવાનો છે. તે માટે શું કરવું તે હવે પછી (ક્રમશઃ)

— શાસન સમાચાર —

સાબરમતી રામનગર-અત્રે શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન મધ્યે પ. પૂ. તપસ્વી સમ્રાટ આચાર્ય ભગવંત શ્રી રાજતિલક સૂરીશ્વરજી મ. સા. તથા સુવિશાલ ગચ્છાધિપતિ વિજય મહોદય સૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં શાહ પુખરાજ રાયચંદ પરિવાર તરફથી ફાગણ સુદ-૧૦ ને બુધવારના રોજ શ્રી શંખેશ્વર તીર્થ છરીપાલિત યાત્રા સંઘનું મંગલ પ્રયાણ થયેલ, આ નિમીતે ફાગણ સુદ-૭ થી ત્રણ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ, ફાગણ સુદ-૯ ના શાંતિ સ્નાત્ર ભણાવાયેલ બાદ પેંડાની પ્રભાવના જીવદયાની ટીપ સારી થયેલ વિધિ વિધાન નમનગર વાલા નવીનચન્દ્ર બાબુલાલ શાહ ની મંડળી એ ખુબ સુંદર રીતે કરાવેલા સંગીતમાં રૂપેશકુમાર એન્ડ પાર્ટીએ ખુબ સારી જમાવટ કરી હતી. ફાગણ વદ-૩ ના છરીપાલિત યાત્રા સંઘ શ્રી શંખેશ્વર મહાતીર્થ પહોંચશે ફાગણ વદ-૪ ના તીર્થમાળા આરોપણ થશે. પૂજ્યપાદ શ્રી ચૈત્ર વદ-૨ સુધી શંખેશ્વરજી સ્થીરતા કરશે. ત્યાં આગળ પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધના અમદાવાદ નિવાસી સમરતબેન આત્મારામ પરિવાર તરફથી સામુદાયિક થશે. બાદ પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી ભોરોલ તીર્થ પધારશે ત્યાં આગળ ચૈત્ર વદ-૧૧ થી વૈશાખ સુદ-૮ સુધી અંજન શલાકા પ્રતિષ્ઠા, દીક્ષાઓ ત્રણ પન્યાસ પદવી વિગેરે થશે.

સૂચના :- એપ્રીલ મહિનામાં પાંચ મંગળવાર હોવાથી તા. ૨-૪-૯૬ નો અંક બંધ રહેશે આ પછીનો અંક તા. ૯-૪-૯૬ ના પ્રગટ થશે.

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૧૬]

આ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞા મુજબ સંયમના શુભ વ્યપારોમાં જ મન-વચન-કાયાના યોગોને પ્રવર્ત્તાવનાર આત્માને જ ભગવાન શ્રી તીર્થંકરદેવોએ યોગી કહ્યો છે. તે અંગે કહ્યું પણ છે કે—

"સમ્યકત્વ જ્ઞાન ચારિત્રયોગ : સદ્યોગ ઉચ્યતે ।
એતદ્યોગાદ્ધિ યોગી સ્યાત્ પરમબ્રહ્મસાધક : ॥"

અર્થાત્ "સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના યોગને જ સદ્યોગ કહેવાય છે અને તેના યોગથી જ પરમબ્રહ્મ-મોક્ષનો સાધક યોગી થાય છે.'

આ પ્રમાણે શ્રમણધર્મનો આરાધક, ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને યથાર્થ પાળનાર, અને નિરતિચાર પણે સર્વ ક્રિયાએ શુદ્ધ એવો તે સાધુ સરી રીતે આજ્ઞા મુજબની શુદ્ધ ક્રિયા કરવાથી મોક્ષને સાધનાર શુભભવ-સંપૂર્ણ સામગ્રીથી યુક્ત એવા મનુષ્યભવને પામે છે. તેને માટે વ્યવહારિક દૃષ્ટાંત આપે છે કે- જેમ સુંદર રૂપાદિને આશ્રીને સુંદર ભોગ સામગ્રી પ્રાપ્ત થાય છે તેમ આજ્ઞા મુજબની ક્રિયા કરવાથી મોક્ષ સાધક ભવની પ્રાપ્તિ થાય છે. અન્યોએ પણ કહ્યું છે કે-

'રૂપવયોવૈચક્ષણ્ય સૌભાગ્ય માધુર્યૈશ્વર્યાણિ ભોગસાધનમિતિ ।"

'રૂપ, વય, વિદગ્ધતા, સૌભાગ્ય, મધુરતા, ઐશ્વર્ય એ ભોગનાં સાધન છે.

તેથી કરીને સંપૂર્ણ કારણની પ્રાપ્તિને લીધે સંક્લેશ રહિત, સુખરૂપ અને વિચક્ષણતા-વિદગ્ધતાદિ કારણે પરને ઉપઘાત નહિ કરનાર તથા અનુબંધ વડે સુંદર એવી ભોગની સામગ્રી સંપૂર્ણ પામે છે. તે સિવાયની બીજી સામગ્રી સંપૂર્ણ હોતી નથી. કારણ શું ? તે જણાવે છે કે-

"તત્તત્તબંદણેણં એઅં 'નાણુંતિ' વુચ્ચઇ । એઅંમિ સુહજોગસિદ્ધિ ઉચિઅંપડિવત્તિપહાણા । ઇત્થ ભાવો પવત્તઓ । પાયં વિઘ્ને ન વિજ્જઇ,

નિરણુબંધાડસુહકમ્મભાવેણ । અકિખત્તાઓ ઇમે જોગા ભાવારાહણાઉ તહા તઓ સમ્મંપવત્તઇ, નિપ્ફાયઞ અણુઓલે । એવં કિરિઆ 'સુકિરિઆ', એગંતનિકકલંકા નિકકલંકત્થસાહિઆ । તહા સુહાણુબંધા, ઉત્તરુત્તરજોગસિદ્ધિએ । તઓ સૈ સાહઇ પરં પરત્થં સમ્મં । તકકુસલે સયા તેહિં તેહિં, પગારેહિં, સાણુબંધ મહોદએ બીજબીજાદિટ્ઠાવણેણું । કત્તિવિરિઆઇજુત્તો અવંઝસુહચિટ્ઠે, સમંતભદ્દે, સુપ્પણિહાણાઇહેઉ, મોહતિમિરદીવે, રાગામય વિજજે, દોસાનલ-જલનિહી, સંવેગસિદ્ધિ કરે હવઇ અચિંત ચિંતામણિકપ્પે સ એવંપરં પરત્થસાહએ, તહા કરૂણાઇભાવઓ, અણેગેહિં ભવેહિં વિમુચ્ચમાણે પાવકમ્મુણો; પવડ્ઢમાણે અ સુહભાવેહિં, અણેગભવિયાએ આરાહણાએ પાઉણઇ સવ્વુત્તમં ભવં, ચરમં અચરમભવહેઉં અવિગલપરંપરત્થનિમિત્તં । તત્થકાઉણનિખસેસં કિચ્ચં, વિરૂઅરયમલે સિજજઇ, બુજ્ઝઇ, મુચ્ચઇ, પરિનિવ્વાઇ, સવ્વદુકખણમંત કરેઇ ॥

॥ ઇતિ પવ્વજજાપરિપાલણાસુત્તં સમ્મત્તં ॥

ઉભયલોકની એટલે કે આ લોક અને પરલોકની અપેક્ષા એ જે કાંઇ ભોગ ક્રિયા ભોગની સામગ્રી પ્રાપ્ત થાય છે તે પણ પરિણામે તો સંકલેશ રૂપ જ છે એમ જાણીને કર્મયોગે જ કાંઇ ભોગક્રિયા કરવી પડે તે જુદી વાત, બાકી દુન્યવી કામભોગો જરાપણ કરવા જેવા જ નથી. ભોગમાં કાંઇ જ મઝા નથી પણ મળેલા કામ-ભોગોનો હૈયાપૂર્વક ત્યાગ કરવામાં જ મઝા છે-આવું જાણીને તે ભોગોનો ત્યાગ કરવો કે કયારે આ ભોગોથી છુટું તે ભાવના ભાવવી અને ઇષ્ટ વસ્તુ તત્વ જે મોક્ષ તેને જ મેળવવા પ્રયત્ન કરવો તે જ ખરૂં જ્ઞાન છે. અને આવા સુંદર જ્ઞાનના કારણે ભોગ કરવા છતાં ય લેપાતા નથી પણ નિર્જરા જ કરે છે.

આવું સમ્યગ્જ્ઞાન હોવાથી ઉભય લોકમાં પણ ઇષ્ટ પ્રવૃત્તિ રૂપ શુભ વ્યાપારની જ સિધ્ધિ થાય છે જે શુભ ક્રિયા પરિણામની હિત દૃષ્ટિના અનુબંધને કરનારી હોવાથી અને સુંદર જ્ઞાને કરીને પરિણામને જોનારી હોવાથી ઉચિતના સ્વીકાર રૂપ થાય છે. જે ખરેખર જ્ઞાની જીવ છે. તે એવી ક્રિયાનો આરંભ કરતો નથી જેથી પરિણામે શુભ પ્રવૃત્તિનો જ વિનાશ થાય. કેમકે આ શુભ પ્રવૃત્તિ કરવામાં સુંદર અંતઃકરણનો શુભ ભાવ જ પ્રેરણા રૂપ હોય છે પણ મોહના કારણે તેવી પ્રવૃત્તિ કરતા નથી. તેથી જ મોટે ભાગે અધિકૃત પ્રવૃત્તિમાં સદ્ગુપાયનો યોગ હોવાથી વિઘ્નો નડતા નથી. કેમકે નિરનુબંધ અશુભ કર્મ હોવાથી આવી રીતે તે પ્રવૃત્તિ કરતો નથી. જેને અનુબંધવાળા અશુભ કર્મોનો યોગ હોય છે તેને તો સમ્યક રીતે પ્રવ્રજ્યાનો યોગ જ થતો નથી.

જ્યારે આવા જીવે તો ભવાંતરમાં પણ પ્રવ્રજ્યાનું બહુમાનાદિ કરવા વડે પ્રવ્રજ્યાની ભાવથી સુંદર આરાધના કરી હોય છે તેથી જન્માંતરના સુંદર સંસ્કારો ગાઢ રીતે આત્મામાં બીજ રૂપે પડેલા હોય છે જે નિમિત્ત પામતા જ ફળદાયી બને છે. તેથી તેને આ શુભ પ્રવ્રજ્યાના વ્યાપારો પ્રાપ્ત થયેલા હોય છે તેથી કરીને તે સમ્યક્ પ્રકારે તેમાં જ પ્રવૃત્તિ કરે છે અને નિરાકુલપણે ઇષ્ટ એવી પ્રવ્રજ્યાને આ ભવમાં પણ પામે છે. આ રીતે તેની ક્રિયાપણ સુક્રિયા થાય છે.

અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને ઔચિત્યાદિથી પ્રાપ્ત થયેલી આ ક્રિયા એકાન્તે નિવૃતિ આપવાળી હોવાથી નિષ્કલંક અને નિષ્કલંક જે અર્થ એવા મોક્ષને પમાડનારી હોવાથી સુક્રિયા થાય છે. કારણ કે ઉત્તરોત્તર શુભ યોગની સિદ્ધિ થવા વડે તે ક્રિયા તથા પ્રકારે શુભ અનુબંધવાળી હોય છે. તેથી તે મુનિ સમ્યક પ્રકારે પરાર્થને સાધવામાં કુશલ બનતો થકે હંમેશા પ્રધાન એવો પરાર્થ જે મોક્ષ તેને સાધનારો બને છે.*

તે આ રીતે કે- પરમાર્થ સાધનાર હોવાથી મહોદયને પામનાર તે સાધુ તે તે પ્રકારે બીજ એટલે આત્માનો મૂળગુણ સમ્યક્ત્વ અને બીજબીજ એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવનાર મોક્ષમાર્ગ રૂપ શ્રી જિનશાસનની પ્રશંસાદિ કરવા વડે પરાર્થને સાધે છે. વળી તે મુનિ પરમાર્થ સાધવામાં કર્તા તરીકેના પરાર્થ સાધનારના જેવા આત્મવીર્યાદિ હોય તેવા વીર્યાદિથી યુક્ત, સફળ અને શુભ ચેષ્ટાવાળો, સુંદર આકૃતિવાળો હોવાથી સમંતભદ્ર એટલે સર્વ પ્રકારે મનોહર, શુભપ્રણિધાનાદિનો હેતુ, મોહરૂપી અંધકારનો નાશ કરવા માટે દીપક સમાન, રાગ રૂપી વ્યાધિનો નાશ કરવા માટે ઉત્તમ વૈદ્ય જેવો દ્વેષ રૂપી અગ્નિને બુઝવવા માટે-શીતલ કરવા માટે સમુદ્ર સમાન, સાચા સંવેગની સિદ્ધિ સમાન અને સઘળાય પ્રાણીઓને સાચા સુખનું દાન કરાવનાર હોવાથી અચિંત્ય ચિંતામણિ રત્ન સમાન થાય છે. આ પ્રમાણે તે સાધુ સમ્યક્ ધર્મનું પ્રદાન કરવા વડે, ભવ્યાત્માઓને તથા પ્રકારની ભાવ કરૂણા વડે બીજાઓને પણ શ્રેષ્ઠ કોટિનો અર્થ જે મોક્ષ તેનો સાધક બને છે. આ રીતે સ્વ-પરના શ્રેષ્ઠ અર્થને સાધતો એવો તે અનેક ભવો વડે ઉપાર્જન કરેલા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોથી મૂકાતો અને અનેક ભવોમાં કરેલી સમ્યક્ ધર્મની સુંદર આરાધના વડે સંવેગ-પ્રશમાદિ શુભભાવો વડે વધતો જતો એવો તે સર્વોત્તમ, મોક્ષના હેતુરૂપ તથા સંપૂર્ણ અને ઉત્કૃષ્ટ પરાર્થ-મોક્ષને સાધવાના નિમિત્ત રૂપ શ્રી તીર્થંકર પરમાત્મા કે ચરમ દેહીપણાના ભવને પામે છે. અનુત્તર પુણ્યના સંભાર વડે તે ભવમાં તે મહાસત્ત્વશાલી આત્માને ઉચિત એવી સઘળીય ક્રિયાઓ કરીને કર્મરૂપી રજ અને મલનો નાશ કરે છે.

અર્થાત્ પહેલા બંધાયેલાં અને નવાં બંધાતાં કર્મોથી રહિત થાય છે અને વ્યવહારથી સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુકાય છે, પરિનિર્વાણ પામે છે અને સઘળા ય

દુઃખોનો અંત કરનારો થાય છે. અર્થાત્ અણિમાદિ લબ્ધિઓની સિધ્ધિને પામે છે, કેવલજ્ઞાન પામી બોધ પામે છે, ભવોપગ્રાહી અઘાતી કર્મોથી મૂકાય છે, સર્વ કર્મોનો નાશ કરી નિર્વાણને પામે છે અને હવે આ સંસારમાં કદી પાછા આવવાનું નથી માટે સર્વ દુઃખોના અંતને કરે છે. અથવા તો

સર્વ કાર્યો સમાપ્ત થવાથી સિદ્ધ થાય છે, તેમાં પણ અપ્રતિઘાતી એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિથી બોધ પામે છે, સઘળાય કર્મોથી મૂકાય છે અને આત્માના સઘળાય ક્ષાયિક શુણ રુપ સુખોની પ્રાપ્તિથી નિર્વાણને પામે છે. અને સર્વ દુઃખોનો અંત કરે છે. આટલી સ્પષ્ટતા કરવાનું કારણ એક જ છે કે- જે લોકો મોક્ષે ગયેલ ભગવાનના આત્મા પણ પોતાના મતની હાનિથી કે પાપીઓના નાશ માટે સંસારમાં ફરી પાછા આવે છે, દેહવાળા હોય છે, ક્ષણિક સુખને માનનાર હોય છે તે સઘળા ય મતોનું ખંડન કરવા અર્થાત્ તે તે મતો ખોટા છે તે સમજાવવા કરી છે.

આ પ્રમાણે 'પ્રવ્રજ્યા પરિપાલના' નામનું ચોથું સૂત્ર પૂર્ણ થયું.

॥ ઇતિ પ્રવ્રજ્યાપરિપાલના સૂત્રમ્ ॥

શાસન સમાચાર

વાપી તરફ વિહાર : પૂ. આ. ભ. શ્રી રાજતિલક સૂ. મ. તથા પૂ. આ. ભ. શ્રી મહોદય સૂ. મ. ની આજ્ઞાથી પૂ. આ. ભ. શ્રી હેમભૂષણ સૂ. મ. તથા પૂ. મુ. શ્રી દિવ્યભૂષણ વિ. મ. આદિ મુનિવરો અમદાવાદથી મહા વ. ૧૩ ના વિહાર કરી નડિયાદ-આણંદ બામોદ-ભરૂચ-સુરત નવસારી થઇ વાપી પધારી રહ્યાં છે. વાપી ફા. વ. ૧૩ ના પધારી ચૈ. વ. સુધી સ્થિરતા કરશે. વાપીમાં ચૈત્રી ઓળી અને છગનલાલ ઉમેચંદ શાહના સમાધિમય સ્વર્ગવાસ નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ ચૈત્ર સુ. ૧૪ થી ચૈત્ર વદ ૩ સુધી પાંચ દિવસ મહોત્સવ ઉજવાશે ત્યારબાદ પાલનપુર તરફ વિહાર કરશે.

લતીપુર (સૌરાષ્ટ્ર) અત્રે પૂ. આ. દે. શ્રી જયચન્દ્ર સૂ. મ.સા. ની કૃપા નિશ્રામાં પૂ. આ. દે. શ્રી કલ્પજય સૂ. મ. સા. ના સમાધિ નિમિતે ફાગણ સુદ ૧૦ થી ત્રણ દિવસનો જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયેલ ફા. સુ. ૧૧ વોરા લક્ષ્મીચંદ ખેતશી પરિવાર તરફથી ભક્તામર પૂજન ઠાઠથી ભણાવાયેલ સાટાની પ્રભાવના થઇ તથા જીવદયાની ટીપ સુંદર થઇ હતી ત્રણે દિવસ સંવજમણ પણ થયેલ.

વિધિ-વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ સંગીતમાં રાજકોટના શ્રી અનંતકુમાર નગીનદાસ તથા બાબુભાઇ ધોલેરાવાળાએ સારી જમાવટ કરેલ. ફા. સુ. ૧૩ના છ ગાઉની પ્રદક્ષિણામાં શ્રી લતીપુર તપગચ્છ સંઘ તરફથી પાલનું આયોજન થયેલ

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

આખરે.... ના છુટકે... રાવણનો વધ

અબ સી વક્ત હૈ, દશાનન ! મહાસતી સીતા દેવી કો રામચંદ્રજીકે ચરણોમેં અર્પણ કર દો, ઉનકે પહલે કિ લક્ષ્મણજી કે હાથોસે છૂટા હુઆ યહ કાલચક્ર તુમ્હારી ગરદન તક આ ન પાયે.

યહ સુનકર સોચનેકી જગહ હૈ દશાનન ! કુછ સોચતે. લક્ષ્મણજીકે હાથો સે છૂટકર યહ ત્રિખંડેશ્વરકે, ચક્રકો તુમ્હારે કરીબ આને મેં જીતના વક્ત લગેગા ઉતને હી વક્ત તક તુમ્હારી મૌત તુમસે દૂર હૈ ! તુમ્હારી મૌત તુમસે કતને હી કદમ દૂર હૈ" તુમ્હારા જવાબ હી શાયદ તુમ્હારા જીવન હોગા યા તુમ્હારી મૌત બનેગા."

બહુરૂપા વિદ્યાને સાધવા અર્થે પ્રથમ રાવણ શ્રી શાંતિનાથ પ્રભુના દેરાસરે ગયા. જળ-ચંદન=પુષ્પાદિથી પૂજા કરીને ભગવાનની સ્તુતિ કરતા ત્રણ ખંડનો સમ્રાટ છેલ્લે કહે છે કે " ભૂયો ભૂયો પ્રાર્થયે ત્વામિદમેવ જગદ્વિભો !

ભગવન્ ભુયસી ભુયાત્ત્વયિ ભક્તિ ર્ભવે ભવે " ૩૩૭ " "

હે જગત્ વિભુ ! તને ફરી ફરીને હું એ જ પ્રાર્થના કરૂ છું કે હે ભગવન્ ! તારે વિષે ભવે ભવે મારી અનહદ ભક્તિ હજો."

ચારે બાજુથી આફતોના સમંદરમાં ડુબેલા રાવણ જેવા રાવણ પણ ભગવાન પાસે આફતોદ્ધારની જરા સરખી લેશ માત્ર પણ પ્રાર્થના નથી કરતા.

ભગવાનની સ્તુતિ કરીને પછી રત્નની શિલા ઉપર બેસીને અક્ષમાળાને ધારણ કરીને બહુરૂપી વિદ્યાને સાધવાની શરૂઆત કરી.

મંદોદરીએ દ્વારપાળ દ્વારા લંકાનગરીમાં આઠ દિવસ સુધી જિનધર્મમાં રક્ત રહેવાની ઘોષણા કરાવી. આમ નહિ કરનારને વધનો દંડ ફરમાવ્યો.

શુકસચરોએ સુગ્રીવને જણાવ્યું. સુગ્રીવે રામચંદ્રજીને કહ્યું કે હે સ્વામિન્ ! આ રાવણ બહુરૂપી વિદ્યા સિદ્ધ કરે તે પહેલાં જ તેને ઝડપી લેવા જેવો છે,

રામે હસીને કહ્યું– 'શાન્ત અને ધ્યાનમાં પરાયણ થયેલા તે રાવણને હું શી રીતે ગ્રહણ કરૂ ? હું તેના જેવો છળ-કપટી નથી. "

રામચંદ્રજીનું આ વચન સાંભળીને લપાતા છૂપાતા અંગદ વગેરે એ જઈને લંકેશ્વરને વિદ્યાથી ભ્રષ્ટ કરવા પ્રયત્ન કર્યો.

ઉપસર્ગોની ધારા વરસાવ્યા છતાં રાવણ ધ્યાનમાંથી ચલિતના થયા.

હવે અંગદે કહ્યું– કે " રામચંદ્રજીથી ડરી જઈને તેં આ શું પાખંડ માંડયુ છે. ? તેં તો રામચંદ્રજીની ગેરહાજરીમાં સીતાદેવીનું હરણ કરેલું પણ તું જો કે તારા દેખાતાં જ તારી મંદોદરીનું હું હરણ કરૂં છું કે નહિ ? " આમ કહીને અત્યંત રોષથી અંગદે મંદોદરીના વાળ પકડીને ખેંચ્યા. અને વાળ ખેંચીને જ મંદોદરીને ખેંચવા લાગ્યો.

આથી અનાથ બની ગયેલી કરૂણ સ્વરે કલપાંત કરતી મંદોદરીને પણ રાવણે (ધ્યાનથી ચલાયમાન થઈ ને) જોઈ નહિ.

આખરે બહુરૂપી વિદ્યા સિદ્ધ થઈ. તેણે રાવણને કહ્યુ કે–'બોલ આ વિશ્વને તારે આધીન કરી દઉં ? આ રામ ને લક્ષ્મણ તો મારી આગળ કોણ છે ? '

રાવણે કહ્યું હમણાં તું જા. હું યાદ કરૂ ત્યારે આવજે.

અંગદાદિ વાનરો પણ જલ્દીથી પોતાની છાવણીમાં આવી ગયા.

મંદોદરીના સમાચાર સાંભળીને રાવણે અહંકાર ભર્યો હુંકાર કર્યો.

સ્નાન–ભોજન કરીને રાવણ સીતાદેવી પાસે ગયા અને કહેવા લાગ્યો કે–" મેં ઘણાં સમય સુધી તારો અનુનય (કાકલુદી ભરી વિનંતીઓ) કર્યો છે, સીતા ! પણ યાદ રાખજે કે– હવે તો તારા પતિને અને દિયરની હત્યા કરી નાંખીને, નહિ ઈચ્છતી પરસ્ત્રીને નહિ રમાડવ ના મારા ગુરૂસાક્ષીક નિયમનો હવે ભાંગીને ભુક્કો કરી નાંખીને પણ બળાત્કારે હું તારા શરીરનો સંભોગ કરીશ."

"ઝેર જેવા આશબ્દો સાંભળતાં જ સીતાદેવી મૂર્છા ખાઈને ઢળી પડ્યા. અને મૂર્છા દૂર થયા પછી અભિગ્રહ લીધો કે "જો રામ–લક્ષ્મણનું મૃત્યુ થશે તો હું અનશન કરીશ."

આવું સાંભળીને રાવણની બધી જ આશા ઉપર પાણી ફરી વળ્યું. તેણે વિચાર્યું કે–" અહો ! રામ ઉપર આને નૈસર્ગિક જ સ્નેહ છે. એટલે આના તરફ હું ગમે તેટલો રાગ બતાવું તો ય તે પત્થરમાં કમળને ઉગાડવા જેવું છે. મેં જે સારૂ ન કર્યું કે વિભીષણની અવજ્ઞા કરી અને આ મંત્રીઓની સીતામુક્તિની વાત માની નહિ તથા મારા આ યશોજ્જવલ કુલને કલંકિત કર્યું.

(રાવણને સીતા ઉપર હવે રાગ ઉઠી ગયો છે છતાં વિચારે છે કે) જો સીતાને આજે જ હું મુકત કરી દઉ તો તે ત્રણ ખંડના સમ્રાટ મારા માટે શરમ જનક કહેવાય કેમ કે જગત એમ જાણશે કે રામચંદ્રજીથી રૂઠડી ગયેલા રાવણે સીતાને છોડી મૂકયા. અને તે તો મારે મન અપશકારી છે. તેથી હવે તો રામ–લક્ષ્મણને યુદ્ધમાંથી અહીં જ જીવતાને જીવતા પકડી લાવીને પછી (ખુમારી અને સ્વમાનપૂર્વક) હું તેમને આ સીતા અર્પણ કરીશ અને એ જ ન્યાયી તથા યશસ્કર માર્ગ છે."

આવું મનથી નિશ્ચિત કરીને લંકેશ સીતાદેવી પાસેથી હટી ગયો.

યુદ્ધનો ચોથો દિવસથી તો બહુરૂપીની સાધના કરવા જવાથી હજી સુધી યુદ્ધ વિરામ હતો.

હવે એક દિવસ ફરી સવાર થતાં રામ રાવણના સૈન્યનું ખતરનાક યુધ્ધ શરૂ થયું. અપશુકનો થવા છતાં લંકેશ્વર પાછા ફર્યો નહિ.

લંકેશ્વરની સામે લક્ષ્મણ ટકરાયા. ઘોર ભયંકર યુધ્ધ થયા પછી લક્ષ્મણે રાવણના એકે એક શસ્ત્રોને તોડી નાંખ્યા. લક્ષ્મણની તાકાત જોયા પછી રાવણે બહુરૂપા વિદ્યાને યાદ કરતાં ભૈરવ રૂપવાળા અસંખ્ય રાવણો યુધ્ધમાં ઉતર્યા અને ચારે બાજુથી એકલા ઝઝુમતાં લક્ષ્મણ ઉપર અસંખ્ય રાવણોએ શસ્ત્રોની વૃષ્ટિ કરી. તે સામે એકલવીર લક્ષ્મણે ઇચ્છા મુજબ પ્રાપ્ત થતાં બાણોથી તે બધાં જ રાવણોને હણી નાંખ્યા.

અને તે બાણોથી ઇજાગ્રસ્ત થયેલા રાવણે અર્ધચક્રવર્તીના લંછન ચક્રરત્નને યાદ કર્યુ આકાશમાં અત્યંત ઘુમાવીને રોષ રકત રાવણે તે ચક્ર લક્ષ્મણજી ઉપર છોડયુ. પણ પ્રદક્ષિણા કરીને તે ચક્ર લક્ષ્મણના જમણા હાથમાં આવીને ઊભુ રહ્યું.

અને આ જોઇને ખેદ વિષાદ પામેલા રાવણે વિચાર્યું કે "ખરેખર, મુનિવરનું તે વચન સાચુ પડયુ. અને વિભીષણ તથા-મંત્રીવરોની સીતા મુકિત દ્વારા ઉજજવળ ભાવિની સલાહ સાચી હતી.

રાવણને વિષાદ ઘેરો જોઇને વિભીષણે ફરી પણ કહ્યુ કે-"હે બંધુ! હજી પણ સમય છે. વિચારી લો. જો જીવવાની ઇચ્છા હોય તો સીતાદેવીને મુકત કરી દો. (લક્ષ્મણના હાથમાંથી છૂટીને આ ચક્ર તમારા સુધી આવે તેટલો જ સમય તમારે અને મૃત્યુને છેટું છે. બંધુ! કંઇક વિચારો)

ક્રોધાયમાન થઇ ઉઠેલા રાવણે કહ્યું અરે! વિભીષણ તું એમ ના સમજીશ કે મારી પાસે આ ચક્ર જ છેલ્લું શસ્ત્ર હતું હજી મારા આ બાહુમાં તાકાત ભરી પડી છે. એક જ મુઠ્ઠીનો પ્રહાર કરીને ચક્ર સહિતના આ શત્રુને હું હમણાં જ હણી નાંખીશ.

આ પ્રમાણે ધમંડથી બળડાટ કરતાં લંકેશ્વર રાવણની છાતીને લક્ષ્મણે ચક્ર છોડીને ચીરી નાંખી.

તે જેઠ મહિનાની અંધારી અગિયારશ હતી. દિવસના પાછળના પ્રહર સુધી વિષ્ણુ લક્ષ્મણની સામે પરાક્રમી પ્રતિવિષ્ણુ રાવણે છેલ્લાં શ્વાસ સુધી ટકકર ઝીલી અને આખરે વધ પામીને રાવણ ચોથી નકરમાં ચાલ્યો ગયો. રાક્ષસકુળના લોહીયાળ ઇતિહાસનો અંત આવ્યો જય જયારવ સાથે દેવોએ લક્ષ્મણજી ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

શાસન સમાચાર

લક્ષ્મેશ્વરમાં (કર્ણાટક) પૂ. આ. દે. શ્રી વિજય ભુવનતિલક સૂ. મ. ના શિષ્ય પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂ મ. પૂ. મુનિ શ્રી અમરસેન વિ. મ. ઠા ૪ ની નિશ્રામાં અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠા. ૯ ની ઉપસ્થિતિમાં શ્રી શાંતિસ્નાત્ર આદિ જિન બિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા અંગે પાંચેય કલ્યાણકોની ઉજવણી થઇ હતી. આઠેય દિવસ સવાર નાસ્તો અને બન્ને સમયે સાધર્મિક વાત્સલ્યો અને પ્રતિષ્ઠાના દિવસે ફ્રેશ ચુંદડી (નવકારશી) ભવ્ય અંગ રચના રાણીબેન્જુર બેન્ડનું આગમન શ્રી જન્મ કલ્યાણક સમયે સૌ હર્ષમાં આવીને નાચી ઉઠયા હતા.

શ્રી વર્ષીદાનના વરઘોડામાં બે હાથી, રાણી બેન્જુર અને ચિત્રરથનું થારદા બેન્ડ અન્ય ટેકટરોમાં રચના રથમાં જિનેશ્વરભગવાન હેલીકોપ્ટરથી પુષ્પ વર્ષા બહાર ગામથી લગભગ પાંચેક હજાર સાધર્મિકોનું આગમન થયું હતું.

ફાગણ સુદ ૩ નાં શુભ સમયમાં શ્રી શાન્તિનાથ આદિ જિન બિંબોની પ્રતિષ્ઠા ધ્વજા કલશારોપણ યક્ષિણી આદિની ૐ પુણ્યાહં પ્રીતાંયનો નાદ સાથે અને બેન્ડ વાજાના મધુર નાદ સાથે પૂ. આચાર્ય મ. ના વાસક્ષેપ કરવા પૂર્વક પ્રતિષ્ઠા થઇ હતી હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા થઇ હતી. અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવાયું હતું સુદ ૪ ના દ્વારોદ્ઘાટન થયું હતું. બેંગલોરના અધ્યાપક સુરેન્દ્રભાઇ સી. શાહે વિધાનો કરાવ્યા હતાં પૂજા ભક્તિમાં અકોલાના અશોક જૈનની પાર્ટીએ ભક્તિ રસનો રંગ જમાવ્યો હતો.

હુવિન હાડગલીમાં પ્રી લલિતાબેનની મહા સુદ ૧૧ ના દીક્ષા નિમિત્ત ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સાથ ૪ દિવસનો મહોત્સવ વર્ષીદાનનો વરઘોડો બે સ્વામી-વાત્સલ્યો પૂજા ભક્તિ માટે ગદગના સંગીત મંડળ અને વિધાન માટે બેંગલોરથી પ્રદીપભાઇ આદિનું આગમન બહાર ગામથી ત્રણ હજાર સાધર્મિકોનું આગમન. લલિતાબેનનું નામ સાધ્વીજી શ્રી પુલિત-રત્નાશ્રીજી રાખી સા. ઉપેન્દ્રયશા શ્રીજીના શિષ્યા બનાવ્યા હતા. પૂ. સા. શ્રી શુભંકરા શ્રીજી ઠા. ૩ અને પૂ. સા. શ્રી સુગુણાશ્રીજી ઠા. ૮ ની ઉપસ્થિતિ હતી

પૂ. અમરસેન વિ. મ. ને વૈશાખ સુદ ૬ ના આચાર્ય પદવી અને મંજુલનાથથી દીક્ષા અંગે નવ ગામોની વિનંતીમાંથી ગદગ જૈન સંઘની વિનંતી સ્વીકારાઇ હતી અને ચાતુર્માસ માટે હાસોટ આદિની રાણી બેન્જુર અને ગદગ જૈન સંઘની વિનંતી માંથી ગદગ સંઘની વિનંતીનો સ્વીકાર થયો છે. પૂ. આ. મ. આદિ કાવેરી પધાર્યા છે.

હાલાર તીર્થ- વડાલીઆ સિંહણ

આ વર્ષે પણ ચૈત્રમાસની શાશ્વતી ઓળીની આરાધના કરાવવાનું નિર્ણય કરતાં અ. પ્રસંગે નિશ્રા આપવા માટે પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ પ્રશમરસ-પયોનિધિ આ. દે. શ્રીમદ્ વિજય મહોદય સૂ. મ. સા. ને વિનંતિ કરેલ આ પ્રસંગે પ પૂ. મુ. શ્રી હિતદર્શન વિ. મ. સા. તથા પ. પૂ. મુ. શ્રી પ્રશમાનંદ વિ. મ. સા. આદિ પધારશે.

ઓળીનો લાભ શ્રેષ્ઠીવર્ય શ્રી ભીમજી રામજી ગલેંયા પરિવાર નવી હરિપર હાલ મુંબઈવાળાએ લીધેલ છે.

ઓળીની આરાધનાનો મંગલમય કાર્યક્રમ

ચૈત્ર સુદ ૬ તા. ૨૫-૩-૯૬ અક્ષર-પારણા. ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૯૬ થી ચૈત્ર સુદ ૧૫ તા. ૩-૪-૯૬ નવ દિવસ આયંબિલ તપ તથા દરરોજ મોટી પૂજાઓ ચૈત્ર સુદ ૧૩ તા. ૧-૪-૯૬ શ્રી મહાવીર જન્મ કલ્યાણકનો વરઘોડો તથા ભાવન ગામનું નાતતેડું તેમજ ૧૨-૩૯ કલાકે સિદ્ધચક્ર પૂજન ચૈત્ર સુ. ૧૫ તા. ૪-૪-૯૬ સિદ્ધગિરિપટની જાત્રા (જુહારવો) ચૈત્ર વદ ૧ તા. ૪-૪-૯૬ પારણાં.

દરરોજ સામુહિક ચૈત્યવંદન-સ્નાત્ર-પુજા-પ્રભુજીને ભવ્ય આંગી-વ્યાખ્યાન-ભાવના વિગેરે થશે. સકળસંઘને ઓળીની આરાધના કરવા પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

સ્થળ : હાલારતીર્થ-આરાધના ધામ મુ. વડાલિયા સિંહણ તા. જામખંભાળિયા, જી. જામનગર ફોન : (૦૨૮૩૩) ૨૧૬૬ અને ૨૭૨૮

અમદાવાદ : અત્રે શ્રી સારંગપુર તળીયાની પોળ મધ્યે શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જીનાલયે પ. પૂ. તપસ્વી સમ્રાટ આ. ભ. શ્રી રાજતિલક સૂ. મ. સા. તથા પ. પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી મહોદય સૂ. મ. સા. ની શુભ નિશ્રામાં પૂ. બાપજી મ. ના સમુદાયના પૂ. મુ. શ્રી સુબોધ વિ. મ. સા. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા ફા.સુ ૪ ગુરૂવારે થયેલ. આ નિમિતે શ્રી સંઘ તરફથી શાંતિસ્નાત્ર યુકત જિનેન્દ્ર ભકિત મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે 'ઉજવાયેલ ફા. સુ. ૪ ના શેઠ જેન્તીલાલ આત્મારામે ચઢાવો બોલી ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી આજ દિવસે એક પૂ. સાધુ મ. સા. ની વડી દીક્ષા થયેલી બપોરે વિજયમુહુર્તે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ બાદ શ્રીફળ ની પ્રભાવના થયેલ જીવદયાની ટીપ સુંદર થઈ હતી વિધિ વિધાન જામનગરવાળા નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલા આ નિમિતે અષ્ટાન્હિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ દરરોજ જુદી જુદી પ્રભાવના, અંગરચના, જુદાજુદા સંગીતકારો પધારેલ મહોત્સવ ખુબ જ ભવ્ય રીતે ઉજવાયેલ.

શંખેશ્વર પાર્શ્વનાથ પ્રતિષ્ઠા મહોત્સવ

વડોદરા : ગાત્રી રોડ વિસ્તારમાં હરીનગર ખાતે તૈયાર થયેલા જિનાલયમાં

તા. ૬ ફેબ્રુ. ના રોજ પૂ. તપસ્વી આ. શ્રી વારિષેણસૂરિજી મ. પૂ. પં. વિજયસેન વિ. મ. ઠા. ૫ ની નિશ્રામાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રતિષ્ઠા ઉત્સવ સવારે ૬ કલાકે ઉજવાયેા.

આ ઉત્સવ પ્રસંગે તા. ૮ મી ફેબ્રુ.ના રોજ સવારે અઢાર અભિષેક ઉત્સવ તથા તા. ૯ મી એ પ્રતિષ્ઠા સ્વામી વાત્સલ્ય, અંગરચના વગેરે થયુ.

છાણીમાં ઓળીનેા પૂર્ણાહુતિ ઉત્સવ ઉજવાયે

છાણી પૂ. ઉગ્ર તપસ્વી મરાઠાવાડ દેગ્રોદ્ધારક આ. દે. શ્રી વારિષેણ સૂ. મ. સા. પ. પૂ. શ્રી વિનયસેન. વિ. ગણિવર પૂ. વજ્રસેન વિ. વિ. મુ. વિશ્વસેન વિ. સા. ની પાવન નિશ્રામાં તપસ્વની સાધ્વી મહાકિર્તીશ્રીજી મ. ની ૧૦૦ મી વર્ધમાન તપની ઓળીનેા પૂર્ણાહુતિ ઉત્સવ તા. ૧–૨–૬૬ ને ગુરૂવારથી તા. ૪–૨–૬૬ ને રવિવારે તપસ્વીઓના પારણાનેા ઉત્સવ ઈન્દ્રવદન ચીમનલાલ પ્રમચંદ ચોકસી તરફથી ઉજવાયેા તેજ દિવસે બપેારે સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું.

પૂ. સા. જીને છાણીરત્નની ૧૦૦ મી ઓળીના પારણાનું પ્રથમ ગૌરવ પ્રાપ્ત ગૌરવ પ્રાપ્ત થયેલ છે. પૂ. સા. જી તપને અનુમોદનાર્થે પાંચ દિવસ ભકિત ભાવનાનેા કાર્યક્રમ થયેા. સમૂહ આયંબીલ નેા કાર્યક્રમ તા. ૩–૨–૬૬ના રોજ પૂ. આ. ભગવંતને ૯૭ મી આયંબીલ ઠામ ચૌવિહારી ઓળી ચાલુ છે.

છાણીના ત્રિશિખરી જિનાલયમાં ૧૦ મીએ ધ્વજારોહણ મહોત્સવ

છાણીમાં આવેલ, ત્રિશિખરીય શાંતિનાથ જિનાલયનેા ૧૦૨ મેા ધ્વજારોપણ ઉત્સવ ૧૦ મી ફેબ્રુ. ના રોજ ઉજવાયેા. આ પ્રસંગે સંઘના પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂ. મ. ના પટ્ટધર તપસ્વી આ. શ્રી વારિષેણ સૂ. મ. ઠા. ૫ પાંચ નિશ્રામાં પંચાહ્નિ ઉત્સવ ધામધુમથી મનાવવામાં આવ્યેા. સવારે કુભ સ્થાપના થયેલ.

તા. ૯મીએ નવગ્રહ પૂજન તા. ૧૦મીએ સવારે ધ્વજારોહણ બપેારના પૂ. આ. શ્રી ભદ્રંકર સૂ. મ. ની નિશ્રામાં પૂ. પ્રવચનકાર આ. શ્રી વીરસેન સૂ. ની પ્રેરણાથી આયેાજીત સુકૃત સાલગેરાનીધિ દ્વારા શાંતિસ્નાત્ર મહાપૂજન

૮ મી ફેબ્રુઆરીના રોજ પૂ. શ્રી શાંતિલાલ હરગેાવિંદદાસની સ્મૃતિમાં સિદ્ધચક્ર મહાપૂજન તથા સંઘ ભકિત તેઓના પરિવાર તરફથી થયેલા.

શિહેાર પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. ની ઠામ ચૌવિહાર ૯૭ મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગ તા. ૨૭ થી ૨૯ ત્રણ દિવસ સુધી શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન આદિ ઉત્સવ તથા સાધર્મિક વાત્સલ્ય વિ. કાર્યક્રમ ઉજવાયેા.

શ્રી અજિતનાથાય નમઃ

પ્રેષક : શ્રી કેશવજી વીરજી માલદે
ચેલા તીર્થ તા. ૧૦-૨-૯૯

શ્રી ચેલા ગામે શ્રી અજિતનાથ જિન મંદિરનો ઉજવાઇ ગયેલ ભવ્ય

શતાબ્દિ મહોત્સવ

જામનગર જિલ્લાના જામનગર શહેરથી પોરબંદર હાઇવે ઉપર ૧૩ કિ.મિ.ના અંતરે આવેલ ચેલા ગામના શ્રી અજિતનાથ જિન મંદિરનો મહોત્સવ તા. ૧૮-૭-૯૯ થી ૨૫-૧-૯૯ સુધી વિશાળ જન મેદની વચ્ચે ખૂબ જ દબદબાપૂર્વક ઉજવવામાં આવ્યો. હાલારના ૫૨ ગામોમાં આ પ્રથમ શતાબ્દિ મહોત્સવ હતો. આ પ્રસંગે દેશ-પરદેશ-મુંબઇ-ભીવંડી-કેન્યા-યુકે વગેરે સ્થળોએ વસતા ચેલા નિવાસી મહાજન પરિવારોને નિમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી હતી. નિમંત્રણ પત્રિકામાં દહેરાસર-જીનો ઇતિહાસ આઠ દિવસનો ભવ્ય કાર્યક્રમ ખુબ જ કાળજીપૂર્વક રજુ કરવામાં આવેલ હતો. ચેલા ગામને આંગણે આ પ્રથમ ધાર્મિક મહોત્સવ હોઇ સૌ કોઇ નાના મોટા અબાલ વૃદ્ધ ગામમાં વસતા તમામ ભાઇ-બહેનનો અવર્ણનીય ઉમંગ વરતાઇ રહ્યો હતો. અગાઉથી આઠે દિવસના સંઘ જમણ નાત તેડું-તથા ધુમાડાબંધ ગામ જમણ તથા ધાર્મિક અનુષ્ઠાનોમાં લાભ લેનાર ભાગ્યશાળીઓના નામો આવી ગયા હતા. દહેરાસરજી તથા બંને ઉપાશ્રયને રંગરોગાન સાથે નવો ઓપ આપવામાં આવેલ હતો. રોશનીથી શણગારવામાં આવેલ હતો તથા આકર્ષક મંડપ ઉભા કરી ઉત્સવને અનુરૂપ મંગલમય વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અનુષ્ઠાન-ઉજવણીમાં નિશ્રા આપવા માટે પ. પૂ. મુનિરાજ શ્રી ઓધિરત્ન વિજયજી મ. સાહેબ આદિ મુનિ ભગવંતો તથા પૂ. સાધ્વીજી શ્રી અનંતપ્રભાશ્રીજી આદિ સાધ્વીજીવૃંદનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. વીરમગામથી ખાસ શરણાઇ વાદકો તથા પાલીતાણાથી શ્રી કલપતભાઇની મંડળી પૂજા-પૂજન-ભાવના માટે બોલાવવામાં આવી હતી. આઠ દિવસના સવાર-બપોર-સાંજની સાધર્મિક ભક્તિ સુંદર અને વ્યવસ્થિત રીતે કરવામાં આવતી હતી.

આ આઠ દિવસના મહોત્સવ દરમિયાન ચાર સિદ્ધચક્ર મહાપૂજન-લઘુ શાંતિ સ્નાત્ર અઢાર અભિષેક તથા બે ભવ્ય વરઘોડાઓ યોજવામાં આવ્યા હતા. ચેલાના આંગણે ક્યારેય આવી રથયાત્રાઓ નીકળી હોય એવું જોવા-જાણવામાં આવ્યું નથી.

તા. ૨૦-૧-૬૬ના રોજ શ્રીમતિ કંકુબહેન રામજી લાલજી ખીમશીયા પરિવાર હઃ ચંદુલાલ રામજી તરફથી હાલારના ૫૨ ગામ તથા જામનગર સહિતના હાલારી વિશા ઓશવાળોનું તથા ગામ ધુમાડાબંધ જમણ રાખવામાં આવેલ હતું. તેમજ ભવ્ય વરઘોડો કાઢવામાં આવેલ હતું.

તા. ૨૪-૧-૬૬ના દિવસે ધ્વજાનો વરઘોડો અભૂતપૂર્વ જનમેદની સાથે નીકલેલ હતો. ધ્વજા ચડાવવાની ઉછામણી ૭૧૧૧૧) મણથી શ્રી જેઠાલાલ નાનચંદ ધનાણી પરિવારે લીધેલ હતી. તથા તા. ૨૫-૧-૬૬ના ધ્વજારોહણ-ઘાટનની ઉછામણી ૭૧૧૭૧) મણથી શ્રીમતિ કંકુબહેન રામજી લાલજી ખીમશીયા પરિવાર હઃ ચંદુલાલ રામજી તરફથી રેકર્ડ બોલીથી આદેશ આપવામાં આવેલ. ધ્વજા આરોહરણ બાદ ચેલાના શ્રી અજિતનાથ જિન મંદિરને **તીર્થ** તરીકે ઘોષિત કરવામાં આવ્યું હતું. અને તા. ૨૫-૧-૬૬ના મંગલ પ્રભાતે આદેશ લેનાર ભાગ્યશાળીના વરદ હસ્તે ગુરૂભગવંતો સાધ્વીજીભગવંતો તથા વિશાળ જનસમુદાયની હાજરીમાં તીર્થને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજારીનું સોનાની વીંટીથી તથા સાલથી રૂા. ૫૫૫૫) થી સન્માન કરવામાં આવ્યું હતું.

સંઘ ભક્તિનો લાભ લેનાર તમામ દાતાઓ પૂજા-પૂજનનો લાભ લેનાર ભાગ્યશાળીઓનો શ્રીફળ તથા સાલથી સન્માન કરવામાં કરવામાં આવ્યું હતું. તીર્થની કાયમ સ્મૃતિ જળવાઈ રહે તે હેતુથી દર માસની સુદ-૫ ના ભાતું આપવાની તથા કાયમી સાધારણ તીથિ રૂા. ૩૦૧) ની જાહેરાત કરવામાં આવી હતી. જેનો સુંદર પ્રતિસાદ સાંપડયો હતો. જીવદયાની ટીપ પણ ખુબ જ સુંદર થયેલ હતી.

આ પ્રસંગે યુ. કે. થી શ્રી લાલજી મુલચંદ લાખા કરછિયા તથા શ્રી રમણીકલાલ પ્રેમચંદ પરબત ધનાણી ખાસ પધારી સારો લાભ લીધો હતો.

આ ઉપરાંત મુંબઇ-ભીવંડીઆદીથી ઘણાં ધર્મપ્રેમી પરિવારોએ હાજરી આપી સારો લાભ લીધો હતો. ચેલા મિત્ર મંડળ-ભીવંડીએ આ પ્રસંગને દીપાવવા ખુબ જ સુંદર જહેમત ઊઠાવી હતી. ચેલાના યુવાનભાઇઓએ તથા અગ્રેસર સક્રિય કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી મહોત્સવને દીપાવેલ છે. તે બદલ સૌના આભારી છીએ.

સૌ કોઇને આ તીર્થ સ્વરૂપ ચેલા ગામ પધારી દર્શન-વંદન કરવ ખાસ ભારપૂર્વક નમ્ર વિનંતી છે.

એજ લી.

કેશવજી વી. માલદેનાં

જય જિનેન્દ્ર.

વિશ્રામઃ પાદપતનં, વાસનં ગોપનં તથા ।
અંડસ્ય ખાદનં ચૈવ, તથાઽન્યન્યમાહારાજિકમ્ ॥ ૨ ॥
પદ્યાગ્નyુદકરજ્જૂનાં, પ્રદાનં જ્ઞાનપૂર્વકમ્ ।
એતાઃ પ્રસૂતયો જ્ઞેયા, અષ્ટાદશ મનીષિભિઃ ॥ ૩ ॥

૧ 'હું તારા ભેગો છું. તું ડરીશ નહિ' એ રીતે ચોરને ઉત્સાહ આપવો, તે **ભલન.**

૨ ક્ષેમકુશલ પૂછવાં, સુખ-દુઃખની પૃચ્છા કરવી તે **કુશલ.**

૩ હાથ વગેરે વડે ચોરી માટે સંજ્ઞા કરવી તે **તર્જા.**

૪ રાજ્યનો કર છૂપાવવો તે **રાજ-ભાગ.**

૫ ચોરી કરી રહેલા ચોરના માર્ગને જોતા રહેવું અને જરૂર પડે તો સંજ્ઞાથી ખબર આપવી તે **અવલોકન.**

૬ કોઇ પૂછે ત્યારે ચોરને છૂપાવવાની દૃષ્ટિએ તેને ભળતો માર્ગ બતાવવો, તે **અમાર્ગ-દર્શન.**

૭ સૂઇ રહેવાના સાધનો આપવા તે **શય્યા.**

૮ ચોરનાં પગલાં ભૂસી નાખવા તે **પદભંગ.**

૯ વિસામો આપવો તે **વિશ્રામ.**

૧૦ નમસ્કાર કરવો, પગે પડવું તે **પાદપતન.**

૧૧ બેસવા માટે આસન આપવું તે **આસન.**

૧૨ ચોરને છૂપાવવો તે **ગોપન.**

૧૩ સારું-સારું ખવરાવવું પીવરાવવું તે **અંડ-દાન.**

૧૪ વધારે પડતું માન આપવું તે **અહારાજિક.**

૧૫ પગને સારા કરવા માટે ગરમ પાણી કે તેલ વગેરે આપવું તે **પદ્ય.**

૧૬ રસોઇ કરવા માટે અગ્નિ આપવો તે **અગ્નિ.**

૧૭ સ્નાન વગેરે કરવા માટે પાણી આપવું તે **ઉદક.**

૧૮ ઢોર વગેરેને બાંધવા દોરડાં આપવા તે **રજ્જુ.**

ગાંધીનગર, પિન-૩૮૨૦૦૯ (અઠવાડિક) Reg No. G. SEN 84

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- 'મોક્ષ ગમે અને સંસાર ન ગમે' તેને જ સાચી રીતે ભગવાન ગમે અને સાધુ ગમે.
- ખરાબ દશા સુધારી, સારી દશા પામવી હોય તેને માટે સદ્‌વિચાર અને સદ્‌-પ્રવૃત્તિ તે ઊંચામાં ઊંચુ સાધન છે.
- ધર્મસિદ્ધિનું પ્રથમ અંગ ઔદાર્ય છે. ધર્મ જેને ગમી ગયો, રૂચિ ગયો તેની પ્રતીતિ શી ? તેનામાં ઉદારતા ગુણ આવે તે.
- મોક્ષનું અર્થીપણું સાચું ન આવે તેના મનના મેલ જતાં નથી. સંસાર સારો લાગે તેના મનમાં અનેક પ્રકારનાં મેલ ભરેલાં હોય છે.
- દુનિયાના સુખના ભિખારી અને દુનિયાના દુઃખથી ભાગભાગ કરનારા, પછી ગમે તેમ દુઃખ કાઢવાની અને સુખ મેળવવાની ઇચ્છાવાળાનો નંબર કદિ 'મધ્યમ' પણામાં આવતો નથી.
- ભાવસાધુપણું એટલે મન-વચન-કાયાથી કોઈપણ જીવને જરાપણ પીડા ન થાય તે મતિનું જીવન આવું જીવન. જીવવું હોય તેનાથી અસત્ય બોલાય નહિ, ચોરી થાય નહિ, વિષય સેવન થાય નહિ અને પરિગ્રહ તો રખાય જ નહિ.
- પુણ્યાનુબંધી પુણ્ય કે નિરનુબંધી પુણ્ય તેને જ કહેવાય કે જેને સંસારની સુખ-સામગ્રી બધી જ મળે પણ તેને ગમે નહિ,
- આત્મા, આત્માના ગુણ અને આત્માના ગુણના વિકાશના સાધન આ ત્રણ છોડીને બીજી કોઈપણ ચીજ પર રાગ હોય તે બધા મોહની જાળમાં ફસાયેલાં છે.
- આત્માને ભાવસાધુપણાંની પ્રાપ્તિ તેનું નામ 'ઉત્તમપણું' છે ભાવસાધુપણા ની તીવ્ર ઇચ્છા તે મધ્યમપણું છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખ બાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧૬૫-૩૨

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

૪૨૨૬

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૩૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

: सद्गुरुनुं स्वरूप :

निबर्तयत्यन्यजनं प्रमादतः,
स्वयं च निष्पापपथे प्रवर्त्तते ।
गृणाति तत्त्वं हितिच्छुरङ्गिना,
शिवार्थिनां यः स गुरुर्निगद्यते ।।

જે ગુરુ અન્યજનોને પ્રમાદથી દૂર કરે છે અને પોતે નિષ્પાપ માર્ગમાં પ્રવર્ત્તે છે તથા હિતની ઇચ્છાવાળા જે ગુરુ મોક્ષના અભિલાષી પ્રાણિઓને હિતકારી તત્ત્વોનો ઉપદેશ કરે છે તે સુગુરુ કહેવાય છે.

卐

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

મુક્તિતણાં અભિલાષીને સંસાર ખારો ના ગમે

વીતરાગ પરમાત્માની વાણી સાંભળીને, સાર વિનાના અસાર આ સંસારની અસારતા જાણીને ભવ-વિરાગ પામી પામીને અઢળક સંપત્તિને તણખલાની જેમ તરછોડીને વીતરાગના પંથે ચાલ્યા ગયેલા લખલૂટ સંપત્તિના માલિકોના યુગો જુના ઇતિહાસ તો આપણે ઘણીવાર સાંભળ્યા છે પણ આપણી કમનસીબ આંખે તે નિહાળ્યા નથી. છતાં પણ..

પૂર્વના એ મહાપુરૂષોના ઇતિહાસની કંઇક ઝાંખી કરાવે તેવા પ્રસંગને નજરે નિહાળવાનું ભાગ્ય આપણી ભાગ્યરેખામાં લખાયું હશે કે જેથી આફ્રિકામાં જન્મેલા ભવ-વિરાગ પામેલા અઢળક સંપત્તિના સ્વામી શ્રી જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરણિયાના જેઠ સુદ ૨ તા. ૧૯-૫-૯૬ રવિવારના રોજ જામનગર મુકામે ઊજવાનારા ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવ નિહાળી શકીશું.


આફ્રિકા જેવી ધરતી ઉપર ખાસ રાધનપુરથી ધાર્મિક અભ્યાસ માટે બોલાવાયેલા રમણીકલાલ ચંદુલાલ પારેખ નામના ધાર્મિક શિક્ષક પાસે નાનપણમાં જયેન્દ્રભાઇના જીવનમાં ધાર્મિક સંસ્કારો પડયા. પરંતુ ૧૪ વર્ષની ઉંમરે પાઠશાળામાં જવાની શરમ આવતા તેમણે ધાર્મિક અભ્યાસ છોડી દીધો. વ્યવહારિક અભ્યાસમાં વધુને વધુ પ્રગતિ કરવાની રૂચિ જયેન્દ્રભાઇને ઠેઠ લંડન સુધી ખેંચી ગઇ. ૧૮ વર્ષે લંડન ગયેલા તેમણે સતત પાંચ વર્ષ સુધી ત્યાં રહી એચ. એન. ડી. ઇન બીઝનેસ સ્ટડીઝનો અભ્યાસ કર્યો.

સદ્ગીઓથી આ સંસારમાં થતું આવ્યું છે તેમ તેઓ ધંધામાં જોડાયા. ધંધા દરમ્યાનના વરસોમાં આફ્રિકામાં લગ્નગ્રંથીથી જોડાયા. લગ્ન બાદ ૧૯૮૦ ની સાલમાં ભારત આવવાનું થયું. અને સમય જતાં મુંબઇમાં તેઓ સ્થાઇ થયા. તેમને કુશલ નામે એક પુત્ર છે

પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સિદ્ધાંત સભર વૈરાગ્ય જગાડનારી વાણીને પ્રગટ કરતા જિનવાણીના વાંચનથી મન ફરી પાછુ ધર્મ તરફ ખેંચાયું. આ જિનવાણીએ જયેન્દ્રભાઇના જીવનનો રાહ બદલી નાંખ્યો. સાતક્ષેત્રોમાં ધનનો સદુપયોગ કરવા માંડયા. માત્ર ૩૨ વર્ષની જ ભરયુવાનવયે તેમના ધર્મપત્ની શ્રીમતિ રેખાબેનના કહેવાથી દુર્ધર એવા બ્રહ્મચર્ય વ્રતનો બંનેએ સ્વીકાર કર્યો.

પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.
,, પ. પૂ. તપોમૂર્તિ પૂ. આ. દેવ શ્રી લલિતશેખર સૂરી. મ. સા., પ. પૂ. વિરાગ-

(અનુ. પેજ ૭૫૧ ઉપર)



વર્ષ : [illegible]] ૨૦૫૨ ચૈત્ર સુદ ૧૪ મંગળવાર તા. ૯-૪-૯૬ [અંક ૩૧

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૬ (પ્રવચન ૧૦ મું)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

અણુમિત્તસુક્ખા, બહુકાલદુક્ખા,
પગામદુક્ખા અનિગામસુક્ખા ।
સંસારસુક્ખસ્સ વિપક્ખભૂઆ,
ખાણી અણત્થાણ ય કામભોગા ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા જે જે વાતો ફરમાવી આવ્યા તે જો ધ્યાનમાં ન આવે તો આપણું કલ્યાણ થાય નહિ. જ્યાં સુધી જીવને વાસ્તવિક સુખ શું છે તેની સાચી ખબર ન હોય; મારે ડરવાનું કોનાથી છે તેની ય સાચી ખબર ન હોય તો તે સાચી રીતે ધર્મ કરી શકતો નથી. એટલું જ નહિ પણ ધર્મ કરવા છતાં ય ધર્મના વાસ્તવિક ફળને પામી શકતો નથી.

તેઓ સમજાવી આવ્યા કે, સાચું સુખ મોક્ષમાં જ છે. આત્માને ભય મોહનો છે. તે મોહ આત્માને અનાદિકાળથી કર્મો વળગેલાં છે માટે થાય છે. પરન્તુ તે કર્મોનો

અને મોહનો નાશ કરી શકાય છે જ્યારે આત્મા અવિનાશી છે. આત્માને ખરેખર સાચો સુખી બનાવવો હોય તો મોક્ષે જ જવા જેવું છે. જ્યારે આ સંસારનું જે સુખ છે તે ભયંકરમાં ભયંકર કોટિનું છે. તે સુખનું સાધન જે સંપત્તિ છે તે તો તેના કરતાં પણ વધારે ભયંકર છે. આ વાત સમજાય તો જ કામ થાય તેવું છે. તમને બધાને પુણ્યયોગે સંસારનું સુખ પણ મળ્યું છે અને સંપત્તિ પણ જો કે તમારા ધાર્યા મુજબ મલી નથી છતાં ય થોડી ઘણી મલી છેઃ તે બેએ તમારી એટલી ખાનાખરાબી કરી છે કે, સારા કુળ અને જાતિમાં જનમવા છતાં તમારાંમાંના ઘણાને સાંસરા રહેવા દીધા નથી.

આપણે બે દિવસ ચોમાસી અલંકારોની વાત જોઇ આવ્યા. રોજ બને તેટલાં સામયિક કરવાં જોઇએ, શ્રાવક રોજ ઉભયટંક આવશ્યક કરે, ભગવાનની પોતાના દ્રવ્યોથી સારામાં સારી ભક્તિ કરે તેમાં સ્નાત્ર મહોત્સવ, વિલેપન, આ બધાંમાં અષ્ટ-પ્રકારી પૂજા આવી જાય, દરેકે દરેક પર્વતિથિએ પૌષધ કરે, ચારે મહિના બ્રહ્મચર્યનું પાલન કરે, શક્તિ જેટલું દાન કરે, શક્તિ જેટલો તપ કરે : આમાં ભાઈ શું છે? આવી સુંદર ધર્મસામગ્રી પામેલા તમે નવરા પડેલા ગપ્પા મારો, હરવા-ફરવા જાવ તે ડહાપણનું કામ કહેવાય ખરૂં? આપણે અહીંથી જવાનું છે તો તમારે કયાં જવું છે તે નક્કી કર્યું છે?, જવાની જગ્યા ચાર છે. નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ અને મનુષ્ય ગતિ. કયાં જવું અને કયાં ન જવું તે આપણા હાથની વાત છે. ભગવાને કહ્યું છે કે આત્મા જો ધારે તો કદી દુર્ગતિમાં ન જાય અને સદ્ગતિની પરંપરા સાધી વહેલામાં વહેલો મોક્ષે પહોંચી જાય. તમે શ્રી શાંતિનાથ ભગવાનના ભવ વાંચ્યા છે? સમકિત પામ્યા પછી દરેકે દરેક ભવમાં દેવ અને મનુષ્ય ગતિ પામ્યા છે તે પણ ઊંચામાં ઊંચી સામગ્રીવાળી. બળદેવપણું પણ પામ્યા ચક્રવર્ત્તીપણું પણ પામ્યા. અને તીર્થંકરના ભવમાં પણ ચક્રવર્ત્તીપણું પામી ભોગાવલી કર્મોને ભોગવી, સાધુ થઇને કેવળજ્ઞાન પામી, મોક્ષમાર્ગ સ્થાપીને મોક્ષે ગયા. તેમના બધા ભવ એક એકથી ચઢિયાતા.

આત્મા જો સાવધાન થાય દુનિયાના સુખમાં વિરાગી બને, પોતાના જે પાપથી આવતાં દુઃખમાં સમાધિમાં રહે તો તેને દુર્ગતિ શું કામ મળે? તેને કર્મયોગે દુનિયાનું સુખ ભોગવવું પણ પડે તો તે કહી શકે કે– હું નિર્વિકારી રહી શકું છું. તમે આવું કહી શકો ખરા? એવા જીવો પોતાની પાસે જેટલી સંપત્તિ હોય તે જાહેર કરી શકે. તમે તમારી સંપત્તિ ખુલ્લંખુલ્લા કહી શકો? જે હોય તે કહેવામાં વાંધો શો? જૈન-કુળમાં જનમેલાની આ વાત છે. તેની પાસે એક પણ પૈસો એવો ન હોય જે બતાવી ન શકાય તેની પાસે એવી એક પણ ચીજ હોય જે છૂપાવી રાખવી પડે!

ત્યાં સુધી આ સંસારનું સુખ અને તેનું સાધન સંપત્તિ તે બે દુર્ગતિમાં જ મોકલનાર છે એમ તમને નહિ સમજાય ત્યાં સુધી કદી ઠેકાણું નહિ પડે ! જ્ઞાનીઓએ અર્થ-કામને એકાંતે અનર્થકારી કહ્યા છે, ભૂંડામાં ભૂંડા કહ્યા છે. જૈનકુળમાં જન્મેલા અને જૈનપણાના સંસ્કાર પામેલા જીવો તે બેની સાથે કદાચ રહેવું પડે તો રહે ખરા પણ તે બેને આધીન કદી ન. થાય. પોતાને મળેલ સુખને જાહેર કરી શકે અને સંપત્તિનું પ્રદર્શન કરી શકે.

પ્ર૦ જૈન શાસનમાં એક વસ્તુ એકાન્ત નથી !

ઉ૦ આવું બોલનાર જો સાધુ હોય તો તેં ય ભગવાનનું શાસન સમજ્યો નથી. એકાન્ત અનેકાન્ત એવા શ્રી જૈન શાસનમાં જ છે !

અર્થ અને કામ એકાન્તે અનર્થકારી છે. સમજુ જીવ સાવચેત હોય અને બચી જાય તે જુદી વાત. જે ચક્રવર્તી મરતાં પહેલાં ચક્રવર્તીપણું મૂકીને સાધુ ન થાય તે મરીને નરકે જ જાય. શું કહ્યું છે સ્યાદ્વાદમાં ? જેને ચક્રવર્તીપણું નિયાણું કરીને ન મેળવ્યું હોય તેના માટે બેધડક કહી શકાય કે- આ ચક્રવર્તી ચક્રીપણાને લાત મારવાનો છે, સાધુપણાને પામવાનોછે અને મોક્ષમાં કે સ્વર્ગમાં જવાનો છે! અપેક્ષા વગરનું સ્યાદ્વાદી કદી બોલે નહિ.

શાસ્ત્રે કહ્યું છે કે, 'અર્થ અને કામ એકાન્તે ભૂંડા છે, અનર્થકારી છે' આમ જે સમજે તેને માટે તે બે એકાન્તે લાભકારી છે. તેની પાસે જેમ જેમ પૈસો વધે તેમ તેમ તે વધુને વધુ શાસનની પ્રભાવના કરે. કોઈ પણ વસ્તુની વિવક્ષા તો સમજાવવી પડે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા મોક્ષે જતાં પૂર્વે છેલ્લી દેશનામાં કહી આવ્યા કે- જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. તેમાં અર્થ અને કામ પુરુષાર્થ નામના છે, અનર્થને કરનારા છે. તેનો નિષેધ કરવા માટે ભગવાને ધર્મ આશંસા રહિત કરવાનું વિધાન કર્યું છે. ધર્મના ફળ તરીકે સંસારના સુખ પણ મળે તેવી વાત સાંભળી સમજવા છતાંપણ તેનો જ ભિખારી બનેલો જીવ દુર્ગતિમાં જ જાય. તેમાં જરાય શંકા રાખવાની નહિ. વાસુદેવ અને પ્રતિવાસુદેવ નરકે જ જાય. તેમાં એકાન્ત જ. તે બે પદવી એવી છે કે નિયાણું કરે તેને જ મળે. ભગવાનની આજ્ઞા મુજબ સારામાં સારો ધર્મ કરે અને કોઇ નિમિત્ત પામીને માથું ખસી જાય અને તે ધર્મને વેચી મારે અર્થાત્ ધર્મના ફળ તરીકે સંસારનું સુખ માગે તેને શાસ્ત્રે નિયાણું કહ્યું છે. તેવા રીતે જ ચક્રવર્તી માગીને ચક્રવર્તીપણું મેળવે છે તે ય નરકે જ જાય છે.

(ક્રમશઃ)

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ) ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પુ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાંવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું· ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન ૮૪૨૬૯૭૧

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૦]

૫- અથ પવ્વજ્જાફલસુત્તં ।।

ચોથા સૂત્રમાં મુનિપણાની ચર્યા કહી. તે મુનિપણાનાં ઉત્કૃષ્ટ ફળનાં વર્ણન માટે 'પ્રવજ્યા ફલ' નામના આ પાંચમા સૂત્રનો ઉપન્યાસ કરે છે.

સ એવમિણિદ્ધે પરમભંભે ભંગલાલંભે જંજ્મજરામરણુરહિએ પહીણુડમુહે અણુબંધસત્તિવજ્જિએ સંપત્તનિઅસરુવે અકિરિએ સહાવસંઠિએ અણંતનાણે અણંતદંસણે ।।

આ પ્રમાણે દીક્ષિત થયેલો તે સાધુ અનેક જન્મોમાં કરેલી સમ્યક્ ચારિત્રની સુંદર સાધનાના સુદૃઢ સંસ્કારોથી આ ભવમાં પણ શ્રી જિનેશ્વર દેવોની પરમ તારક આજ્ઞાનો સાંગોપાંગ આરાધનાની જય પતાકા વડે સર્વથા કૃતકૃત્ય એવો તે મુખની પરંપરા વડે સર્વથા સિદ્ધ થઈને અને સદાશિવપણાએ કરીને પરમબ્રહ્મ સ્વરૂપ થાય છે, ઉત્કૃષ્ટ ગુણોની પ્રાપ્તિથી ભાવમંગલના સ્થાનરૂપ થાય છે અને સઘળાંય કર્મરૂપી કારણોનો અભાવ હોવાથી જન્મ, જરા અને મરણથી રહિત થાય છે. તે અંગે કહ્યું પણ છે કે—

''દગ્ધે બીજે યથાઽત્યંતં, પ્રાદુર્ભવતિ નાંકુરઃ ।
કર્મબીજે તથા દગ્ધે, ન રોહતિ ભવાંકુરઃ ।।'

અર્થાત્ જેમ બીજ બળાયે છતે તેમાંથી અંકુરા ઉત્પન્ન થતા નથી તેમ કર્મરૂપી બીજ બળી ગયે છતે ભવરૂપી અંકુરો ઉત્પન્ન થતા નથી.'

વળી તેના અશુભ કર્મો સર્વથા ક્ષીણ થયા હોય છે, તે અશુભ કર્મોના અનુબંધની શક્તિ પણ નાશ પામે છે એટલે નવાં અશુભ કર્મો બંધાતા નથી તેથી તેને પોતાનું આત્મસ્વરૂપ સંપૂર્ણ પ્રાપ્ત થાય છે અને ગમનાગમનાદિ સર્વ ક્રિયાથી રહિત અક્રિય એવો તે એકલો જીવ સાંસિદ્ધિક ધર્મવાળો પોતાના જ આત્મ સ્વભાવમાં જ રહે છે અર્થાત્ આત્મ સ્વરૂપમાં જ રમણતા કરે છે. અને જ્ઞેય પદાર્થો અનંતા હોવાથી તેને

અનંતજ્ઞાન અને અનંતદર્શન હોય છે કેમકે શ્રી સિધ્ધપરમાત્માનો આવોજ સ્વભાવ કહેલો છે. કે–

'સ્થિતઃ શીતાંશુવજ્જીવઃ, પ્રકૃત્યા ભાવશુધ્ધયા ।
ચન્દ્રિકાવચ્ચ વિજ્ઞાનં, તદાવરમણુમલવત્ ॥'

અર્થાત્– 'જીવ ચન્દ્રમાની જેમ ભાવથી શુધ્ધ એવી પ્રકૃતિએ કરીને રહેલો છે, ચન્દ્રની ચંદ્રિકાની જેમ તેમાં-જીવમાં જ્ઞાન રહેલું છે અને વાદળાની જેમ કર્મરૂપી આવરણો લાગે છે.' કહેવાનું તાત્પર્ય એ છે કે ભાવથી જીવ તો ચંદ્રની જેમ નિર્મલ અને ઉજ્જવલ છે. ચંદ્રિકાની જેમ તેમાં જ્ઞાન રહેલું છે પણ કર્મોના આવરણનાં કારણે વાદળાથી જેમ ચંદ્રમા તેની જેમ જીવનું જ્ઞાન-શુધ્ધ સ્વરૂપ ઢંકાઇ ગયું છે.

શ્રી સિધ્ધ પરમાત્મા વર્ણ–રૂપ વડે કેવા હોય છે તે કહે છે–

સે ન સદ્દે, ન રુવે, ન ગંધે, ન રસે, ન ફાસે, અરૂવી સત્તા, અણિત્થંત્થ સંઠાણા, અણંતવિરિઆ, કયકિચ્ચા, સવ્વાબાહવિવજ્જિઆ, સવ્વહા નિરવિકૂખા, થિમિઆ, પસંતા ॥

તે શ્રી સિધ્ધ પરમાત્માના જીવો પુદ્ગલના સર્વધર્મોથી રહિત હોવાથી તેઓને પુદ્ગલના ધર્મ રૂપ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ નથી, અર્થાત્ અદેહી હોવાથી ઇન્દ્રયાદિ કાંઇ જ નથી છતાં તે અભાવ રૂપે નથી પરંતુ જ્ઞાનની જેમ રૂપરહિત સત્તા એટલે સાક્ષાત્ વિદ્યમાનપણું તો છે જ. વળી તેઓને પાંચે સંસ્થાનમાંથી એક પણ સંસ્થાન–આકૃતિ નથી પણ અરૂપિણી સત્તા રૂપે તો વિદ્યમાન છે. સ્વભાવથી જ અનંત-વીર્યવાળા છે, કોઇપણ કાર્ય હવે કરવાનું બાકી નથી માટે સદા કૃતકૃત્ય છે, તેઓને દ્રવ્યથી કે ભાવથી કોઇપણ પ્રકારની બાધા-પીડા નથી, તેઓને સર્વથા સર્વપ્રકારે કોઇની પણ અપેક્ષા નથી. તેથી જ શ્રી સિધ્ધના જીવની સત્તા તરંગ વિનાના સમુદ્રની જેમ સ્થિર અને આત્મિક સુખના પ્રકર્ષે કરીને અનુકૂલ હોવાથી પ્રશાન્ત છે.

આવી આત્મસત્તા જ પરમસુખ રૂપ છે તે વાત કહે છે—

અસંજોગિએ એસાણંદે અએા ચેવ પરે ભએ । અવિકૂખા આણુાણંદે, 'સંજોગો વિએાગકારણં', અકૂલં કૂલમેઆએા, વિણિવાયપરં ખુ તં, બહુ ભયં મેાહાએા અણુહાણં, જમિત્તો વિવજ્જએા, તએા અણુત્થા અપજ્જવસિઆ, એસ ભાવરિહે પરે । અએાવુત્તે ઉ ભગવયા ।

નામાસેણુ જોગો એઅસ્સ । સેસરુવસંઠિએ । નાગારાભણુત્થ, ન સત્તા

સદંતરમુવેઇ । અચ્ચિંતમેઅં કેવલિગમ્મં તત્તં । નિચ્છયમયમેઅં । 'વિજો-ગવં ચ જોગોત્તિ,' ન એસ જોગો, જિણું લક્ખણમેઅસ્સ । ન ધૃત્થાવિકૂખા, સહાવો ખુ એસો, અણંતસુહસહાવકપ્પો । ઉવમા ધૃત્થ ન વિજજઇ । તબ્ભાવેણુભાવો, પરં તસ્સેવ । 'આણુા એસા' જિણાણું સવ્વણણુણું, અવિ-તહા એમંતઓ । ન વિતહત્તે નિમિત્તં । ન ચાનિમિત્તં કજજંતિ । નિંદ-સાણુમિત્તા તુ નવરં ।

શ્રી સિધ્ધભગવંતોનો જે આનંદ છે તે અસંયોગિક છે. અર્થાત્ સંયોગજન્ય નથી કેમકે, તેઓને કોઇની પણ અપેક્ષા નહિ હોવાથી તેઓનો આત્મિક સુખ વિશેષ આનંદ ઉત્કૃષ્ટ કોટિનો માનેલો-કહેલો છે.

આ જ વાતને વ્યતિરેકથી-તદભાવે તદભાવ-તે નહિ હોવાથી તે નથી-સમજાવે છે. અપેક્ષા એ આનંદ નથી. કેમકે પરની અપેક્ષાથી જે આનંદ મળે તેમાં ઉત્સૂક્તા રૂપ દુઃખ હોવાથી તે વાસ્તવિક આનંદ કહેવાતો જ નથી. કહ્યું પણ છે કે- 'પરસ્પૃહા મહાદુઃખમ્'. ઉત્સૂક્તા તે સુખ નથી પણ દોષ છે. સંયોગજન્ય સુખ તે સુખ નથી. પણ દુઃખ જ છે. જેમાં બીજાની અપેક્ષાની વાત આવી એટલે દુઃખની શરૂઆત થઇ. એકત્વપણામાં જે સુખ છે તે દ્વિત્વમાં નથી. કેમકે સંયોગ એ વિયોગનું કારણ છે' એટલે કે પરિણામે જેનો સંયોગ થયો હોય તેનો વિયોગ અવશ્ય થાય જ છે. તેથી પરવસ્તુના સંયોગે થયેલો-થતો આનંદ દુઃખરૂપ જ છે. અને અન્ય વસ્તુના સંયોગથી જે સુખરૂપ ફળ પ્રાપ્ત થાય છે તે તેના વિયોગ વખતે દુઃખરુપ હોવાથી વાસ્તવિકરીતે તો અફલ જ છે. અયોગથી ઉત્પન્ન થતું સુખરુપ ફળ આત્માને અધઃપાત રૂપ ફળને જ આપનારું છે અને ચાર ગતિરુપ સંસારમાં ભટકાવનારું છે માટે જ સંયોગજન્ય એવાં વિષય સુખો, કામભોગ રુપ સુખો સુખરુપ લાગે પણ દુઃખરુપ જ છે.

આ વાત અનુભવજન્ય હોવા છતાં પણ મોહથી મૂઢ બનેલા મૂર્ખ લોકો તે વિષયજન્ય-સંયોગજન્ય સુખોને જ બહુ ઇષ્ટ માને છે તેમાં જ રચે છે-માચે છે. કેમકે મોહ એવો છે જે બુધ્ધિનો વિપર્યાસ કરે છે તેથી અફલમાં પણ ફલ બુધ્ધિ મનાવે છે, દુઃખમાં પણ સુખ મનાવે છે. આવા વિપર્યાસથી જ અનુબંધવાળી અશુભ પ્રવૃત્તિ રાચી માચીને કરવાથી જીવોને અપાર અનર્થો થાય છે અર્થાત્ સંસારમાં ઘણો ઘણો કાળ ભટકવું પડે છે અને સુખની ઇચ્છા હોવા છતાં ય દુઃખમાં જ સબડવું પડે છે તેથી જ સંયોગજન્ય સુખોમાં જરા પણ મન કરવા જેવું નથી. માટે જ અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવોએ આ મોહને જ મોટામાં મોટો ભાવશત્રુ-અભ્યંતર રિપુ કહ્યો છે. તે અંગે કહ્યું પણ છે કે-

'અણ્ણાણુતો રિપુ અણ્ણો, પાણિણું ણેવ વિજ્જઈ ।
એત્તો ઽસક્કિરિયા તીએ, અણત્થા વિસ્સતો સુહા ।।'

અર્થાત્ " પ્રાણિઓને અજ્ઞાન સમાન બીજો કોઇ જ શત્રુ નથી. કેમકે તે અજ્ઞાનથી જ અશુભ ક્રિયામાં પ્રવૃત્તિ થાય છે અને તેવી પ્રવૃત્તિથી ચારે બાજુથી અનર્થોની પ્રાપ્તિ થાય છે.'

જો આ રીતે સંયોગ દુષ્ટ જ છે તો શ્રી સિદ્ધ પરમાત્માને પણ આકાશની સાથે સંયોગ તો છે જ તો તે સંયોગ દુષ્ટ કેમ ન કહેવાય? આવી શંકાના સમાધાનમાં કહે છે કે– આવી શંકાવાળો જીવ જૈન દર્શનને જાણતો જ નથી કેમકે શ્રી સિધ્ધ ભગવંતોને આકાશની સાથે સંયોગ જ નથી. કેમકે, શ્રી સિધ્ધ પરમાત્માઓ તો પોતાના સ્વરૂપમાં જ રહેલા છે. જો આમ હોય તો કોઇ પણ આધેય વસ્તુ પોતાના આધારવિના ટકી શકતી જ નથી તેનું શું? આવી પણ શંકા ન કરવી જોઇએ. આવું માનનારને પોતાને જ વહતો વ્યાઘાત આવે તેમ છે– કેમકે, આકાશ પોતે જ બીજાના આધાર વિના રહેલું છે. તેઓ તેની સિધ્ધિ માટે જે યુકિત આપે છે તે જ યુકિત અહીં પણ લાગુ પડે છે. જેટલા સત્ પદાર્થો છે તે બીજાના આધારે રહેતા નથી.

અર્થાત્ આકાશ પોતે સત્ છે તે જેમ બીજાના આધારે રહેતું નથી તેમ શ્રી સિધ્ધના જીવ પણ સત્ છે તેથી તે પણ બીજાના આધારે રહેતા નથી. આ તત્વ કેવલી ગમ્ય હોવાથી બહુ જ અચિન્ત્ય છે અને શ્રધ્ધાનો વિષય છે. તથા આ તો નિશ્ચયનયનો મત છે. જોકે વ્યવહારનયનો મત જુદો હોવા છતાં પણ શ્રી સિધ્ધના જીવોને સંયોગ શકિતનો તો ક્ષય થવાથી આ વાત સારી રીતે ઘટી શકે છે.

આ રીતે 'વિયોગવાળો સંયોગ' સિધ્ધ થવાથી શ્રી સિધ્ધ પરમાત્મા અને આકાશ એ બેને સંયોગ નથી એ પણ સિધ્ધ થાય છે. વળી આ સંયોગનું લક્ષણ પણ જુદું છે કે–આકાશનો પણ સંયોગ ન હોવાથી શ્રી સિધ્ધ પરમાત્માને પણ કોઇની ય અપેક્ષા નથી તે વાત પણ સિધ્ધ થાય છે. જો આ રીતે માનીએ તો શ્રી સિધ્ધ પરમાત્માની લોકાંત સુધી ગતિ કઇ રીતે થાય? આવી કોઇ શંકા કરે તો તેનું સમાધાન એ છે કે– કર્મના ક્ષયથી જેમ અનંત સુખ પ્રાપ્ત થાય છે તેવો જે સ્વભાવ છે તે જ રીતે લોકાંત ગમન થવાનો પણ તેમનો સ્વભાવ છે. વળી જીવ કર્મથી મુકત થયેલો ઉર્ધ્વગતિ જ કરે છે. તે સિધ્ધના જીવને કેવું અનંતું સુખ હોય છે? તે માટે કહે છે કે– આ સિધ્ધિના સુખને કોઇની પણ ઉપમા આપી શકાય તેમ નથી. શ્રી સિધ્ધના સુખનો અનુભવ તેઓને જ હોય છે.

(ક્રમશઃ)

કતલખાને જતા જીવ પોલિસે છોડાવ્યા

ભરૂચ પાસે પાલેજ નજીક કતલખાને જતી ટ્રકો પોલિસે પકડીને ગેરકાયદેસર કતલખાને જતા જીવો છોડાવ્યા છે. કાયદેસર જે કતલ થાય છે તે પણ બહુ ખરાબ છે તે પણ અટકાવવી જોઇએ. પરંતુ કાયદેસરને નામે ગેર કાયદેસર પણ બહુ મોટા પાયા ઉપર કતલખાને જીવો જાય છે આ બાબતમાં વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરોએ આ જહેમત ઉઠાવી તેમ દરેકે પ્રયત્ન કરવો જોઇએ અને જીવદયા પ્રેમીઓએ અને જૈનોએ આવા પશુઓને સાચવવા વ્યવસ્થા અને ટ્રકોને પકડવા અટકાવવા તથા જીવો છોડાવવા ઉદ્યમ કરવો જોઇએ ડીસા રાજપુર પાંજરાપોળ દ્વારા પણ શ્રી કોઠારી આદિ આવા પ્રયત્નો કરે છે. જીવદયા તરીકે તે કાર્ય ચાલુ રાખવાનું છે પરંતુ આમ કાયદેસરના નામે પુષ્કળ પશુઓ ગેરકાયદેસર જાય છે તે માટે કાયદેસરની કાર્યવાહી દ્વારા જાગૃત રહેવાથી ઘણું મોટું કાર્ય થઇ શકશે. —(સંપા.)

ભરૂચ તાલુકાનાં પોલીસ અધિકરીઓએ ગૌ હત્યા થતી રોકવા માટે અતિ કડક વલણ અપનાવ્યું છે. અને કતલખાને લઇ જવામાં આવતી અનેક ગાય, વાછરડાઓને અટકાવી, તેઓને પાંજરાપોળમાં મોકલી આપવામાં આવેલ છે. ચાલુ વર્ષે આજદિન સુધીમાં ૨૦૨ અતિક્રમણ ધારા હેઠળ ૮ ગુન્હાઓ નોંધાવેલ છે. અને જેમાં તાલુકા પોસઇ એસ. જે. ગોહિલે રૂા. ૧૮૭ લાખની કબજે કરી છે. અને એક ટેમ્પો રૂા. દોઢ લાખની કિંમતના કબજે લીધો છે ચાલુ ૧૯૯૬નું વર્ષ ગૌરક્ષા તરીકે ઉજવાઇ રહ્યું છે, ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગૌરક્ષાના પ્રશ્નને અગત્યનો પ્રશ્ન બનાવી સમગ્ર દેશમાં ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે પોલીસ તંત્ર પણ ગૌરક્ષાના કામકાજે તકેદારીનાં પગલાં ભરી રહ્યા છે.

ભરૂચ જિલ્લાનાં પોલીસ વડા શ્રી પ્રવીણ સિંહાએ ભરૂચ જિલ્લામાં ગુન્હાખોરીને નાથવા લેવા માટે ચલાવેલ ઝુંબેશ ના એક ભાગ રૂપે ગામ—વાછરડા, બેસોને નેશનલ હાઇવે દ્વારા ગેરકાયદેસર કતલખાનાઓ ઉપર મોટી સંખ્યામાં લઇ જવામાં આવે છે. તેવાઓને ઝડપી પાડીને કતલખાને લઇ જવાતી ગાયો વિ. ને મુક્ત કરવા પ્રયાસ કર્યો છે. જીલ્લા પોલીસ વડા શ્રી પ્રવીણ સિંહાના માર્ગદર્શન અને સૂચન હેઠળ પેટા વિભાગીય પોલીસ અધિકારી, ભરૂચ વિભાગનાં શ્રી મહેન્દ્રસિંહ પી. નકુમે ભરૂચ તાલુકા, નબીપુર પાલેજ વિગેરે પોલીસ સ્ટેશનોનાં પોલીસ અધિકારીઓ સાથે મીટીંગનું આયોજન કરી કડક સુપરવિઝન કરી આ દિશામાં કડક પગલા ભરવા જણાવ્યું હતું.

પોલીસ ખાતા દ્વારા ગૌરક્ષા, અભિયાનનાં પગલે સર્કલ પોલીસ ઇન્સ. શ્રી

એન. ડી. જેતાવત વિ. એ. વિભાગીય પોલીસ અધિકારી; ભરૂચની સૂચના મુજબ આજદિન સુધી ૨૪ આરોપીઓની ધરપકડ કરી છે. ઉપરાંત ૭ ગાય, ૩૫ વાછરડા, તથા ૪૬ બેલ્સને કતલખાને લતા અટકાવી તેઓને મુક્ત કરી વધ થતો અટકાવ્યો છે.

ભરૂચ તાલુકાનાં ચાલેજ ગામ પાસેથી પોસઇ શ્રી એસ. જે. ગોહીલે જતા આવતા વાહનો, વિગેરે ઉપર ચેકીંગ ગોઠવ્યું હતું અને તે ચેકીંગમાં કુલ ૨૯ વાછરડાઓને ભરૂચના કતલખાનામાં જતાં અટકાવી, કબજે લઇ પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા છે. મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૮ (૧૭) મુજબ કતલખાને જતાં ઢોરને બચાવી કુલ ૧ આરોપીઓની અટકાયત કરાઇ છે.

વિશ્વ હિન્દુ પરિષદનાં ભરૂચ જીલ્લામાંના યુવા પ્રમુખ વિરસભાઇ ડેશાઇએ પોલીસના ફરીયાદ નોંધાવતા પાંચ બેલ, ૧ ગાય, તથા ૧ વાછરડાને કતલખાને જતી અટકાવવામાં આવી છે, અને પ્રીવેન્શન ઓફ ક્રુઆ-ટી.-૨ થી એનીમલસ એકટની કલમ ૩૧૧ (ડી) (એચ) (૪) તથા એમ. વી. એકટ ૧૯૨ હેઠળ કાર્યવાહી હાથ ધરી ટ્રક નં. જી જે-૬-એક્ષ-૨૭૯૭ રૂા. ૪,૧૦,૦૦૦ની કબજે લેવામાં આવી છે. પેટા વિભાગીય પોલીસ અધિકારી શ્રી નકુમે મૂંગા, નિર્દોષ પશુઓ ઉપર થતો અત્યાચાર અને ક્રૂરતા અટકાવવા પાલેજ ખાતે નેશનલ હાઇવે નં. ૮ ઉપર પ્રવીણ સિંહાની સૂચના હેઠળ ચેક પોસ્ટ શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે વિશ્વ હિન્દુ પરિષદ ભરૂચ દ્વારા ૧૯૯૬ના ગૌરક્ષા વર્ષ દરમ્યાન કાયદાનો કડક અમલ થાય અને મૂંગા પશુઓની કતલ ન થાય તે માટે તેઓએ જિલ્લા કલેકટરશ્રીને એક આવેદન પત્ર સુપ્રત કર્યું હતું. ઉપરાંત વિ. હિ. પરિષદ દ્વારા નેશનલ હાઇવે નં. ૮ અંકલેશ્વર ચોકડી પાસે ગૌરક્ષા માટે એક ચોકીનું તાજેતરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. વિશ્વ હિન્દુ પરિષદનાં કાર્યકરો આ ચોકી ઉપર ઉપસ્થિત રહી, ગેરકાયદેસર કતલખાને લઇ જવાતા ઢોરોનાં ટ્રકોનું ચેકીંગ વિગેરે હાથ ધરી બીહરતા થતી અટકાવવાનાં કાર્યક્રમમાં સક્રિય બની કામગીરી હાથ ધરી રહ્યા છે.

દાહોદમાં પોલીસે કતલખાને જતી ગાયોને પકડી

દાહોદ જીલ્લા પોલીસ વડા પ્રીવારતવે ગેરકાયદેસર કતલખાને જતી ગાયોને ઝડપવા તંત્ર ગોઠવ્યું છે. શ્રી અંસારી, શ્રી ડામોર, શ્રી ઝાલોડીયા, શ્રી ગેલહેટે તથા પોલીસ અધિકારીઓએ ગોઠવેલ ચોકી ઝાલોદ-દાહોદ રોડ ઉપરથી આર. કર્યું. ૮૦૪૬ ટ્રક ઝડપી ૧૬ ગાયો બે વાછરડા અને ટ્રક તેની સાથે રફીક સુલેમાન શાંચી આદિ ૪ તથા જેને ત્યાં આ પશુ લઇ જતા હતા તે ઇશાક અહમદ ઓયા અને અબ્દુલ રફીક કબજે લીધા હતો.

(ગુજરાત સમાચારમાંથી ૨૫-૩-૯૬)

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૬૧. સીતા-મિલન

રાવણનો વધ થતાં જ મોતના ભયથી નાસભાગ કરી રહેલા રાક્ષસ સૈન્યને વિભીષણે કહ્યું—આ રામ અને લક્ષ્મણ આઠમા બળદેવ અને વાસુદેવ છે. તમે સૌ શરણ્યનું શરણ સ્વીકારો.

આમ સાંભળી દરેક સૈનિકો શરણે આવ્યા.

હવે વિભીષણ કટારી ખેંચીને રાવણના શબ પાસે આવ્યા. રામચંદ્રજીની નજર વિભીષણની કટાર તરફ જ હતી. લંકેશ્વર રાવણના શબને જોઈને શોકાવેશમાં ફસાઈ ગયેલા વિભીષણે ખેંચેલી કટાર ઉગામી અને પોતાના પેટમાં ખોસી દેવા ગયા ત્યાં જ રામચંદ્રજીએ તે કટાર ઝુંટવી લીધી.

કરૂણ કલ્પાંત મચી ગયો. મંદોદરી આદિ પણ રાવણના મૃત શરીર પાસે આવીને માથા પછાડી-પછાડીને રડવા લાગી.

રામચંદ્રજીએ કહ્યું દૂર રહેલા આકાશમાં સંગ્રામ સમયે દેવો પણ જેને જોઈને શંકામાં પડ્યા હતા એવા અદ્વિતીય પરાક્રમવાળા દશાનન શોક કરવા યોગ્ય નથી. કીર્તિ દેનારા વીરવૃત્તિના આ પરાક્રમીના મૃત્યુ પર રૂદનના આંસુ સારવાના ન હોય માટે તેનો અગ્નિસંસ્કાર કરો.

આમ કહીને રામચંદ્રજીએ પોતાની છાવણીમાં બંધન દશામાં રહેલા કુંભકર્ણાદિને તરત જ મુક્ત કરાવ્યા.

અને રડતી આંખે લંકેશ્વરના પરાક્રમી શરીરના શબનો ચંદનની ચિતા ઉપર અગ્નિસંસ્કાર કર્યો.

રામચંદ્રજી તથા વિભીષણાદિ દરેક પદ્મ સરોવરમાં સ્નાન કરી આંસુના પુષ્પો જલાંજલિ સાથે જ મૃત રાવણને જલાંજલિ આપી.

પછી સુધારસ જેવી મીઠી મધુર વાણીથી કુંભકર્ણાદિને કહ્યું કે 'અત્યારે પણ તમે પૂર્વની જેમ જ લંકાનું રાજ્ય સંભાળો. અમારે તમારી આ સંપત્તિની કોઈ જરૂર નથી.

હે વીરાः क्षेममस्तु वः।' હે વીરો ! તમારૂ કુશળ થાવ.

એક સાથે શોક અને આશ્ચર્ય પામતા કુંભકર્ણાદિ ગદ્‌ગદ અક્ષરે બોલ્યા કે— હે મહાબાહુ ! 'અમારે રાજ્યનું કોઈ પ્રયોજન નથી. અમે તો મોક્ષ સામ્રાજ્યની સાધક પ્રવ્રજ્યા અંગીકાર કરીશું'.

હવે બન્યુ એવું કે– રાવણના મૃત્યુ દિવસે જ અપ્રમેયબલ નામના ચતુર્જ્ઞાની મુનિવર લંકાના કુસુમાયુધ ઉદ્યાનમાં પધાર્યા હતા. અને રાત્રિના સમયે તેમને થયેલા કેવલજ્ઞાનનો મહોત્સવ દેવોએ કર્યો હતો.

સવારે રામ–લક્ષ્મણ કુંભકર્ણાદિ દરેક દેશના સાંભળવા ગયા. અને અંતે ઈન્દ્રજીત તથા મેઘવાહને પરમ વૈરાગ્ય પામતાં પોતાના પૂર્વભવને પૂછયો. મુ. કેવલી ભગવંતે છેલ્લે એમ કહ્યું કે– આ મંદોદરી પૂર્વભવની તમારા બંને સગાભાઇની જાતા છે.

આખરે વિભીષણ સિવાય રાવણના શેષ રહેલા લગભગ સઘળા પરિવારે કેવલી ભગવંત પાસે સંયમ ગ્રહણ કર્યું.

કેવલી ભગવંતને નમીને વિભીષણથી આગળ ચાલીને માર્ગ બતાવાતા રામચંદ્રજીએ લંકાનગરીમાં ધવળ–મંગળ અને મહાન ઋધિપૂર્વક પ્રવેશ કર્યો.

પુષ્પગિરિના શિખર ઉપર રહેલા ઉદ્યાનમાં જઇને જોયું તો હનુમાને જેવું વર્ણન કરેલું હતુ તેવા સીતાદેવીને જોયા. અને ત્યાં પાસે જઇને રામચંદ્રજીએ સીતાદેવીને ઉઠાવી લઇને અંકમાં (ખોળામાં) ધારણ કર્યા.

અશ્રુજળ વડે સીતાદેવીના ચરણોને પ્રક્ષાલ કરતા લક્ષ્મણજીએ આનંદથી નમસ્કાર કર્યા. અને સીતાદેવીએ આશિષ વચન કહીને લક્ષ્મણને મસ્તકે સુંઘ્યા.

ભામંડલાદિ દરેકે સીતાદેવીને નમસ્કાર કરતાં તે દરેકને સીતાદેવીએ આશિષ આપ્યા.

જે મહાસતી સીતાદેવીના શીયલધર્મની સુરક્ષા ખાતર ખુંખાર સંગ્રામ ખેડાયો હતો તે સીતાદેવીને લઇને ભુવનાલંકાર હસ્તિરત્ન ઉપર આરૂઢ થઇને સુગ્રિવાદિ સહિત રામચંદ્રજી રાવણના આવાસમાં આવ્યા.

એક હજાર મણિમય સ્તંભોથી બનેલા શ્રી શાંતિનાથ પ્રભુના ચૈત્યમાં જઇને રામ સીતા લક્ષ્મણે વિભીષણે લાવી આપેલી ઉચ્ચતમ પૂજન સામગ્રીથી પ્રભુપૂજા કરી.

પછી વિભીષણની વિનંતિથી રામચંદ્રાદિએ વિભીષણના ગૃહે જઇ દેવપૂજા–ભોજનાદિ કર્યું.

અને વિભીષણે લંકાનું રાજ્ય સંભાળી લેવા રામચંદ્રજીને અત્યંત આગ્રહપૂર્વક વિનંતી કરી છતાં રામચંદ્રજીએ કહ્યું કે– મેં તો તને લંકાનું રાજ્ય પહેલાં જ આપી દીધું છે. માટે તે વાતને મારી ઉપર ભક્તિભાવ રાખીને તું ભૂલી ન જા.' એમ કહીને વિભીષણનો રાજ્યાભિષેક કર્યો.

પાછા રામચંદ્રજી રાવણગૃહે આવ્યા. અને જે સિંહોદરાદિ રાજાઓની પુત્રીઓ રામ તથા લક્ષ્મણને વનવાસ કાળમાં પરણાવી હતી તે દરેકને લંકા બોલાવી લઇને ધામધૂમથી લગ્નોત્સવ કર્યો.

પત્નીઓ સાથે સમય પસાર કરતાં ૭-૭ વર્ષ વીતી ગયા.

એક વખત આવેલા નારદે રામચંદ્રજીને અયોધ્યાના કરૂણ ગમગીનીના સમાચાર આપતા કહ્યું કે-'સીતાદેવીના અપહરણ પછી શક્તિથી હણાયેલા લક્ષ્મણ માટે વિશલ્યાના ગયા પછી શું થયું તેની અમને ખબર નથી. મારો રામ, મારો લક્ષ્મણ જીવે છે કે નહિ તેની પણ અમને ખબર નથી.' આમ બોલી બોલીને હે રામચંદ્રજી! આપની તથા લક્ષ્મણની માતા કરૂણ વિલાપ કરી રહ્યા છે.

તરત જ રામચંદ્રજીને માતાના દુઃખની યાદ આવતા વિભીષણને કહ્યું 'તારી અપૂર્વ ભક્તિથી અમે માતાને પણ ભૂલી ગયા. પણ હવે અમારે જવું જ પડશે. કંઈ અજુગતું બની જાય તે પહેલા અમારે જવું જ જોઈએ.'

વિભીષણે કહ્યું સ્વામિન્! માત્ર સોળ દિવસની મને મુદત આપો. ત્યાં સુધીમાં હું અયોધ્યાને શણગારી દઉં. પછી આપ અયોધ્યા પ્રવેશ કરજો.

શ્રી સમેતશિખર તીર્થ સંબંધી વટહુકમ રદ

શ્રી સમેતશિખરજી તીર્થનો વહીવટ સરકાર હસ્તક લઈ લેવા માટેનો બિહાર સરકારનો વટહુકમ હવે રદબાતલ થઈ ગયો છે અને હાલમાં જે રીતે શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી વહીવટ સંભાળી રહી છે તે રીતે વહીવટ ચાલશે. આજથી ત્રણ વર્ષ પૂર્વે આ બાબતમાં ભારે ઉહાપોહ થયો હતો. આ વટહુકમનો વિરોધ અખિલ ભારત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજે કર્યો અને સંગઠિત પ્રયાસો કરીને સરકારી હસ્તક્ષેપ અટકાવ્યો. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ શ્રી શ્રેયસ્કભાઈ કસ્તુરભાઈએ આ વટહુકમ નિષ્ક્રિય થઈ ગયો છે તેવા આનંદદાયક સમાચાર પાલિતાણામાં મુમુક્ષુ મહેન્દ્રભાઈ ઝવેરીના દીક્ષા મહોત્સવના સમારંભમાં જાહેર કર્યા હતા.

તેમણે વધુમાં કહ્યું હતું કે હાલમાં આ પરિસ્થિતિ છે તેમ છતાં બિહાર સરકાર વિધાનસભામાં ફેરી કાયદો કરાવી શકે તેમ છે એટલે આપણે જાગૃત રહેવાનું છે અને ખાસ લક્ષ ત્યાંની આસપાસમાં વસતી આદિવાસી પ્રજા માટે કામ કરવાનું છે. આ પ્રજાનો વિકાસ સાધવાનું કામ મહત્ત્વનું છે. તે માટે વિકાસનાં કાર્યો શરૂ કરવામાં આવ્યાં છે. ત્યાંના રસ્તાઓ વરસાદમાં ધોવાઈ જતા હોવાથી તેના સમારકામમાં પંદર લાખ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આવાં વિકાસકાર્યો માટે સમાજના સહકારની જરૂર છે.

શેઠશ્રી શ્રેયસ્કભાઈની આ જાહેરાતને સમાજે હર્ષનાદ વધાવી લીધી અને હવે તીર્થના તથા આસપાસના વિકાસ કાર્યોમાં સૌકોનો સંપૂર્ણ સહકાર મળી રહેશે એવી અપેક્ષા રહે છે.

શાસન સમાચાર

વાપી–અત્રે શ્રી શાંતિનગર શ્રી શાંતિનાથજી જૈન દેરાસરજીની પ્રથમ વર્ષગાંઠ પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ. આદિ તથા પૂ મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ. આદિની નિશ્રામાં ફા. સુ. ૧૦ ના વધુ દિવસના મહોત્સવ સાથે ઉજવાઇ. સુ. ૬ના ચાલ્યું થયું હતું. અઢાર અભિષેક વિ. રાખેલ અભિષેક તથા પ્રભુની બોલીઓ સુંદર થઇ હતી. ડો. અમૃતલાલ કસ્તુરચંદજી નહાર સપરિવારે આ જિનમંદિર બંધાવી અંજનશલાકા, પ્રતિષ્ઠા કરાવી હતી.

ફા. સુ. ૧૯ ના સવારે ભાસોમાલવ દેરાસરજીની વધુ પ્રથમ વર્ષગાંઠ હતી તે પ્રસંગે પૂજ્યો આદિ સવારમાં પધાર્યા હતા બાદ અત્રે પૂ. આ. શ્રી વિજયઅમૃત સૂ. મ. ની ૨૯મી સ્વર્ગતિથિ નિમિત્તે પૂ. આ. મ. તથા પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. તથા પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ. ત્રણે મુમુક્ષુનુવાદ કર્યો ૭ ૠ. નું સંઘપૂજન થયું બાદ ૧૭ ભેદી પ્રભુ ભક્તિવાઇ અને પ્રભુ ચઢાવાઇ હતી બપોરે શેઠ ડો. અમૃતલાલ કસ્તુરચંદજી તરફથી સંઘ જમણ થયું.

સુદ ૭ ના વસંત મેડીકલવાળા ધર્મપ્રેમી શ્રીમતી શાંતાબેનના સુકૃત જીવનની અનુમોદના માટે તેમના પરિવાર તરફથી તેમને ઘેર શાંતિસ્નાત્ર સવારે ૬ વાગ્યે રાખેલ બાદ સાધર્મિક વાત્સલ્ય તેમના તરફથી થયું હતું.

વલસાડ : અત્રે શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસરજી ૧૦૦ મી વર્ષગાંઠ પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ. ની નિશ્રામાં ફા. સુ. ૧૩ ના ઉજવાઇ ૧૮ અભિષેક ૧૭ ભેદી પૂજા ધજારોપણ તથા સાધર્મિક-વાત્સલ્ય થયા.

ફિમ જી. આઇ. ડી. સી. શેત્રુંજય-વાળા શાહ રાયચંદ કાલાજીને ત્યાં પધારતાં ફેકટરીના હોલમાં પ્રવચન થયું પ્રભાવના થઇ અને સુરત ફિમ આદિથી પધારેલ ઘણા ભાવિકોની તેમના તરફથી સાધર્મિક ભક્તિ થઇ.

પૂ. શ્રી. ચૈત્ર સુદ ૬ થી ૧૩ વડોદરા થઇ ત્યાંથી છાણી બારસદ ધર્મજ થઇ મુમુક્ષુ અમરકુમારની અમાત્રીજની દીક્ષા પ્રસંગે ખંભાત પધારશે ત્યાં ચૈત્ર વદ-૬ જૈન શાળાએ પધારશે. વૈ. સુ. ૧ ના હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય-અમૃત સૂ. મ. ગુરુ મંદિરની અંજિશ્ઠા થશે. બાદ જામનગર મુમુક્ષુ શ્રી જયેન્દ્ર-ભાઇ વેલજીભાઇ દેમારજાઇ હરણીયાની દીક્ષા પ્રસંગે વૈ. વ. ૧૦ લગભગ પધારશે.

ખંભાતમાં દીક્ષા

પ. પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ. ની નિશ્રામાં ખંભાતના શ્રી કનકચંદ ચીમનલાલના સુપુત્ર અમરકુમાર (ઉ.વ. ૨૨) ની દીક્ષા અખાત્રીજના થશે. તે પ્રસંગે વૈ. સુદ ૧ બપોરે ૧૨–૩૦ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા વૈ. સુદ ૨ શુક્રવાર તારીખ ૧૯–૪–૯૬ સવારે ૯–૦૦ વાગ્યે વરસીદાનના વરઘોડા તથા વૈ. સુ. ૩ શનિવાર તા. ૨૦–૪–૯૬ સવારે શુભ મુહુર્તે દીક્ષા છે. તે પ્રસંગે પધારવા આવભર્યું આમંત્રણ પાઠવેલ છે. સ્થળ શ્રી ઓસવાળ જૈન ઉપાશ્રય માણેક ચોક ખંભાત (ગુજરાત)

મુંબઈથી ટ્રેનમાં વડોદરા ઉતરાય છે. ત્યાંથી એસ. ટી. આદિ બસો મલે છે.

પૂ. આ. ભ. શ્રી આદિ વડોદરાથી ચૈત્ર સુ. ૧૧ ના વિહાર કરી ચૈત્ર વ. ૭ બુધવાર તા. ૧૦–૪–૯૬ ના અમર જૈન ધાળા ટેકરી ખંભાત સ્વાગત પધારશે.

વૈ. સુ. ૫ મંગળવાર તા. ૨૩–૪–૯૬ ના સવારે હાલાર દેશોદ્ધાર પૂ. શ્રી. વિ. વિજય અમૃત સૂ. મ. ની. મૂર્તિની ખારવાડમાં તૈયારી થયેલ ગુરૂમંદિરમાં પ્રતિષ્ઠા થશે.

શેરીશા તીર્થ : અમદાવાદવાળા શાહ મફતલાલ વરવાલાલ (ખાવડવાળા) પરિવાર તરફથી ફા. વ. ૪ ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આત્મ શ્રેયાર્થે ભણાવેલ.

શિહોર : શિહોર પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. ની ઠામ ચોવીહાર ૬૭ મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગ તા. ૨૭ થી ૨૯ ૩ દિવસ સુધી શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન આદિ ઉત્સવ તથા સાધર્મિક વાત્સલ્ય વિ. કાર્યક્રમ ઉજવાશે.

(ઋણ ટાઇટલ રનું ચાલું)

મૂર્તિ પૂ. આ. દે. શ્રી રાજશેખર સૂ.મ.સા. અસ્થિ અસ્થાયુષ્યોત્પન્ન અસ્વસ્થિત્વ આદિના કારણે ધર્મ–આરાધન તરફ ઢળેલું મન આખરે સંયમ–ગ્રહણ કરવા માટે તલપાપડ બન્યું.

પ. પૂ સુવિશાલ ગચ્છાધિપતિ શ્રી પૂ. આ. દે. શ્રી મદ્વિજય રામચંદ્ર સૂ.મ.સા.ની અંતિમ પાલખીની અંતિમયાત્રા સમયે વરસીદાન દેવાનો તેત્રીસ લાખ રૂા. નો સુવ્યય કરીને જયેન્દ્રભાઇએ લાભ લીધો હતો. પ. પૂ. આ. દે. શ્રી રામચંદ્ર સૂ. મ. ના પ્રશિષ્ય પ. પૂ. આ. દે. શ્રી અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્ય (સંસારી પક્ષે પુત્ર) રત્ન પૂ.આ.શ્રી. ચંદ્રગુપ્ત સૂ.મ.ના તેઓ શિષ્ય બનશે. જન્મભૂમિ આફ્રિકાને અલવિદા આપીને કર્મભૂમિ મોરબીમાં છોડીને વતનભૂમિ જામનગરમાં દીક્ષા–ગ્રહણ કરવા ઉત્કંઠ બનેલા મુમુક્ષુરત્ન શ્રી જયેન્દ્રભાઇનો દીક્ષા નિમિતે નીચે મુજબનો કાર્યક્રમ છે.

૦ વૈ. સુ. ૧૦ તા. ૨૮–૪–૯૬ રવિવાર વિલેપાર્લા મુકામે મુમુક્ષુરત્ન શ્રી જયેંદ્રભાઇ વેલજીભાઇ હરણીયાનો અતિભવ્ય વરસીદાનનો વરઘોડો સવારે ૮–૦૦ વાગે.

૦ વ.વ. ૧૦ રવિવાર તા. ૧૨–૫–૯૬ થી જેઠ સુદ ૨ રવિવાર તા. ૧૯–૫–૯૬સુધી જામનગર મુકામે અષ્ટાન્હિકા મહોત્સવ.

૦ જેઠ સુદ ૧ શનીવાર તા. ૧૮–૫–૯૬ ના રોજ જામનગર મુકામે ભવ્યાતિભવ્ય વરસીદાનનો વરઘોડો.

૦ જેઠ સુદ ૨ રવીવાર તા. ૧૯–૫–૯૬ ના રોજ જામનગર મુકામે ભવ્યાતિભવ્ય દીક્ષા–ગ્રહણ પ્રસંગ

નોંધ : ઉપરના દરેક પ્રસંગમાં દરેક ભાવિકોને વિશાળ સંખ્યામાં પધારવા

નવસારી અત્રે પૂ. શ્રી ની ૨ દિવસ સ્થિરતા રહી. પ્રવચનો શ્રીફળની પ્રભાવના વિ. થયા. જલાલપુરમાં પધારતાં મંગલ પ્રવચન થયું.

સુરત–૨ સચીન જી.આઇ.ડી.સી. માં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ હાલારી વીશા ઓસવાળ સમાજ તરફથી ફા. વ. ૫ ના સચીન સ્ટેશનથી સામૈયું થયું નવકારશી રાખી બાદ પ્રવચન થયું રાત્રે ભાવના થઇ.

સુરતમાં ગોપીપુરા શ્રી રામચંદ્ર સૂ. આરાધના ભવન તરફથી સુદ ૬ નું સામૈયું થયું. પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિ. મ. આદિ તથા પૂ.મુ. શ્રી પુણ્યરક્ષિતવિ.મ.આદિપધાર્યા હતા. પ્રવચનો થયા. શ્રીફળની પ્રભાવના.

ફા. વ. ૮ છાપરીયા શેરી શ્રી સંઘ દ્વારા મુમુક્ષુ જયેન્દ્રકુમાર વેલજી હરણીયા જામનગરવાળાનો વરસીદાનનો સુંદર વરઘોડો ચડયો બાદ પ્રવચન થયું. શ્રી સંઘ તથા હાલારી વીશા ઓસવાળ સમાજ સુરત તરફથી જયેન્દ્રભાઇનું સન્માન થયું. જયેન્દ્રભાઇએ જામનગર દીક્ષામાં પધારવા ભાવભર્યું આમંત્રણ આપ્યું. શ્રીફળની પ્રભાવના.

ફા. વ. ૯–૧૦ ના ગોપીપુરા શ્રી રામચંદ્ર સૂ. મ. આરાધના ભવનમાં પ્રવચન બાદ સંઘ તરફથી જયેન્દ્રભાઇ (જામનગર) તથા શ્રી અમરકુમાર (ખંભાત) બંને મુમુક્ષુનું બહુમાન થયું જામનગર તથા ખંભાત દીક્ષામાં પધારવા બંને મુમુક્ષુ તરફથી આમંત્રણ અપાયું.

ફા. વદ–૧૧ અઠવાલાઇન્સમ શ્રીદ્વીપ મંગલમાં મંગલ સામૈયું પ્રવચન બાદ સામૈયું થયું અને બે દિવસ પ્રવચનો થયા તથા મુમુક્ષુ કિરીટકુમાર (રાવવાળા) નું બહુમાન થયું.

ફા. વદ ૧૩ રાંદેરરોડ ઉપર મુમુક્ષુ કિરીટકુમાર ખુબચંદ કોરડીયા (રાવવાળા) ના વરસીદાનના વરઘોડાને નિમિત્તે પધારતા ૩ા વાગ્યે સામૈયું થયું બાદ નવ વાગ્યે વરસીદાનનો મોટી મેદની સાથે વરઘોડો ચડયો. પ્રવચન થયું બાદ શ્રીફળની પ્રભાવના થઇ.

વદ–૧૪ ના કતારગામ પધારતાં પ્રવચનનો હોલ ભરાઇ ગયેલ સૌને પપ્પની પ્રતિક્રમણમાં સારી સંખ્યા થયેલ ઉનાસર તીર્થની જેમ ભરચક રહે છે.

—સાહકાર આભાર—

૧૫૦) શ્રી શાંતિનાથજી જૈન સંઘ લક્ષ્મેશ્વરજી (ધારવાડ) તરફથી પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂ. મ. ની નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે ભેટ

૨૦૧) શાહ હંસરાજ સોજપાર ગોસરાણી તરફથી સુપુત્ર જયસુખલાલ (સુરેશ) ના સુપુત્ર મીતેશના લગ્ન કુ. વીનાબેન હરખચંદ ચંદરીયા સાથે તથા ચિ. સુપુત્રી નિશાના લગ્ન દીપક સોમચંદ જાખરીયા સાથે થતાં ખુશીભેટ જામનગર

શ્રી હસ્તગીરી તીર્થના નિર્માતા શ્રી કાંતિભાઈની ચિરવિદાય

સુમધુર વાણીમાં પૂ. આચાર્ય શ્રી વિજય માનતુંગસૂરીશ્વરજીના શબ્દો યાત્રિકો અહોભાવથી ઝીલી રહ્યા હતા. પ્રશાંત વાતાવરણમાં પૂ. શ્રીએ ધીરગંભીર વાણીમાં એક વિચાર વહાવી દીધો. પ્રસંગ હતો બાર ગાઉની યાત્રાનો અને સ્થળ હતું હસ્તગિરીના આદીશ્વર દાદાના પગલાનું.

'હસ્તગિરી શત્રુંજયની ટૂંક છે અને તે એટલી જ પવિત્ર છે, અત્રે કોઇ ભાગ્યશાળી દહેરાસરનું નિર્માણ કરે તો શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓ આવતા રહે અને આ તીર્થ જાગતું રહે.' આચાર્યશ્રીના શબ્દો પૂરા થયા અને પળના પણ વિલંબ વગર એક શ્રાવકે ઉભા થઇ વંદન કરી આ કાર્ય એમનાથી થાય એવા આશીર્વાદ માગ્યા. એ શ્રદ્ધાળુ શ્રાવક હતા પાટણના મુંબઇમાં રહેતા શ્રી કાંતિલાલ મણિલાલ ઝવેરી.

એમણે મુંબઇ છોડી અને હસ્તગિરીને પોતાનું ધામ બનાવ્યું. પોતાની ધન-સંપત્તિ, શારીરિક, બૌધ્ધિક અને માનસિક શકિતઓના સ્રોતોને હસ્તગિરિ તરફ વાળી દીધા અને હસ્તગિરી તેમનું કાર્યક્ષેત્ર બની રહ્યું. એમણે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી ધન્યતા પ્રાપ્ત કરી.

આ તીર્થોધ્ધારની શરૂઆત કરી ત્યારે આ મહાન ભગીરથ કાર્યની કષ્ટસાધ્યતાની કદાચ કોઇને પણ કલ્પના નહીં જ હોય ! જેમ જેમ કાર્યમાં ઉતરતા ગયા તેમ તેમ અનેક કસોટીઓ સામે આવીને ઊભી રહી ગઇ. એમાં શ્રી કાંતિભાઇની કાર્યદક્ષતા, ક્ષમતા, ધૈર્ય અને સત્યશીલતા કસોટીએ ચડી અને તેમની અખંડ શ્રદ્ધા અને દૂરદંશીપણાથી અને પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. આદિ ગુરૂભગવંતોના આશીર્વાદથી આ ખુબ જ ભગીરથ કાર્ય સફળતાથી પાર પાડયું.

શ્રી કાંતિભાઇનું વ્યકિતત્વ ખુબ જ સૌમ્ય અને વિનમ્ર અને ઓછું બોલવાની ટેવ. છતાં ધર્મ પ્રત્યેની અખંડ શ્રધ્ધા અને અથાગ પરિશ્રમ કરવાની ગજબની શકિત સતત તપસ્યા ખુબ જ સાદાઇ સાથે સગવડતાની ઉપેક્ષા, પણ વિચારો અને નિર્ણયોમાં ખુબ જ મકકમ.

તેમના માતુશ્રી, બહેનો, ભાણેજો, બનેવી વિગેરે કુટુંબની દશ વ્યકિતઓએ દીક્ષા અંગીકાર કરી હતી. તે પોતે પણ સંસારમાં સાધુસમા હતા. તેમના પત્ની કંચનબેન તથા બહેન સૂર્યાબેન પણ કાંતિભાઇને આ ભગીરથ કાર્યમાં સિધ્ધિ પ્રાપ્ત કરવામાં ખુબ સહાયક બન્યા હતા.

હસ્તગિરી તીર્થ નિર્માણ કરીને શ્રી કાંતિભાઇએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે, પણ હસ્તગિરી છે ત્યાં સુધી કાંતિભાઇ જીવંત રહેશે, અમર રહેશે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- શાસ્ત્ર મળતું હોવા છતાં પરંપરાને પકડે તે બધા ગાઢ મિથ્યાદૃષ્ટિ છે.
- બધા ખોટા કામ કરાવે તેનું નામ કર્મ. સારા કામ કરાવવાની કર્મમાં તાકાત નથી, તે તાકાત તો માત્ર ધર્મમાં જ છે.
- શરીરને જ જે કિંમતી માને તે કદી ભગવાનનો ધર્મ ન જીવી શકે. શરીરના પૂજારીથી કદી ભગવાનની સાચી પૂજા થઇ શકે જ નહિ.
- આર્ય સંસ્કૃતિએ લક્ષ્મીને દેવી કહી તે એટલા માટે કે લક્ષ્મી માટે પાપ કરીને પૂજા કરતાં નહિ. લક્ષ્મી માટે જો પાપ કરશો. તો તે 'દેવી' નહિ આવે પણ 'ડાકણ' થઇ તમને ખાઇ જશે.
- સંસારમાં રખડતા જે જીવો- સંસારથી ઉદ્વેગ પામ્યાં હોય, તેમને મોક્ષે જવાનું આમંત્રણ આપવું તેનું નામ ધર્મદેશના છે.
- સુખમાં ભૂંડુ કામ કરનારા સુખ માટે પાપ કરનારા ઉંધે માર્ગે ચાલનારા બધા 'દુષ્ટ' છે દુઃખમાં પણ સુખ માટે ખોટું કામ પાપ નહિ કરનારા, સંતોષથી જીવનારા સીધે માર્ગે ચાલનારા શિષ્ટ છે.
- દરિદ્રીને- દુઃખીને દુષ્ટ કહેનારા બધા જ મહાપાપી છે, સુખી માત્રને જ શિષ્ટ કહેનારા મહા અજ્ઞાની છે.
- જે પાપના યોગે દુઃખી હોય પણ સમજું હોય તો તે શિષ્ટ છે. જે પુણ્ય યોગે સુખી હોય પણ પુણ્યને જ માનતા નથી તે 'દુષ્ટ' છે.
- દુનિયાની સાહ્યબી સંપત્તિ-રિદ્ધિ-સિદ્ધિ પુણ્યશાળી પાસે આવવાની ધમાધમ [redacted]પી માણસો તે-મેળવવા ધમાધમ કરતાં મરી જાય છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક
શ્રી [redacted] શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું
તીર્થ જૈન આરાધના કેન્દ્ર, કોબા.

9-6-32

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
જિ. ગાંધીનગર, પિન-382009.

૫૦૨૪

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૮	૩૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ભાવ વિનાનો ધર્મ નકામો છે.

दानं तपस्तथाशीलं,
नृणां भावेन वर्जितम् ।
अर्थहानिः क्षुधापीडा,
कायक्लेशश्च केवलम् ॥

ભાવ વિનાના દાનથી દ્રવ્યની હાનિ થાય છે, ભાવ વિનાના તપથી માત્ર દેહને પીડા થાય છે, ભાવ વિનાના શીલથી તો માત્ર કાય કલેશ જ થાય છે, અર્થાત ભાવ વિનાના ધર્મનું કાંઇ ફળ મળતું નથી.

卐

અંકલેશ્વરના કસાઈવાડામાંથી સાત ગાયોને બચાવતા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો

બીનવારસી ગાયોને રામકુંડ ગૌશાળામાં લઇ જવામાં આવી

અંકલેશ્વર, તા. ૨૪ વિશ્વ હિન્દુ પરિષદની અંકલેશ્વર શાખાના કાર્યકર્તાઓ એ વહેલી સવારે અંકલેશ્વરનાં કસાઇ વાડામાંથી ૭ જેટલી ગાયોનો કબજો લઇ રામકુંડ ગૌશાળામાં મોકલી આપી હતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, વિશ્વ હિન્દુ પરિષદનાં શહેર પ્રમુખ શ્રી અશોકભાઇ ચીમનલાલ પટેલ, ધીરજભાઇ વાઘેલા, રાજુભાઇ પટેલ, દીલીપભાઇ પટેલે. આજે વહેલી સવારે ૪-૪૫ વાગ્યાના સુમારે અંકલેશ્વર શહેરના મુલ્લાવાડ વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર કતલખાના ની મુલાકાત લીધી હતી. ત્યાં બે ગાયોના કપાયેલા ડોકા પડેલાં જોતા તાત્કાલિક તેમણે વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી શ્રી પ્રવિણભાઇ પટેલને આ અંગે વાકેફ કર્યા હતા. આ અંગે પ્રવિણભાઇ પટેલે અંકલેશ્વર પોલીસને જાણ કરતાં પો.સ.ઇ. શ્રી શર્મા પોલીસ ટુકડી સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. પરંતુ ઘટના સ્થળેથી ભેંસના કપાયેલા ડોકા તેમજ માંસ મળી આવ્યું હતું. આ સમયે કસાઇવાડામાં ઉભેલી ૨૨ ગાયો વિશે પુછપરછ કરાતા કસાઇઓએ આ ગાયોને બીનવારસી ગણાવી હતી.

આ કારણે વિ. હિ. પ ના કાર્યકરો આ ગાયોને હાંકીને રામકુંડ ગૌશાળા ખાતે લઇ ગયા હતા. પરંતુ સાધનોના અભાવે આ પૈકીની ફકત ૭ ગાયો ગૌશાળામાં પહોંચી હતી. આ બનાવની જાણ ધારાસભ્ય શ્રી રતનભાઇ પટેલને કરવામાં આવતા તેમણે રામકુંડ મંદિરે વિભાગીય પોલીસ વડા શ્રી ભરતસિંહ સરવૈયા પોઇ. શ્રી પરમાર સાથે મિટીંગ કરી હતી. શ્રી સરવૈયા આ બનાવની તપાસ કરવાની તેમજ આ બનાવમાં સંડોવાયેલાઓ સામે કડક પગલા લેવાની ખાત્રી હતી.

આ બનાવ અંગે વિ. હિ. પ. ના કાર્યકરોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, કપાયેલી ગાયના માંસને વગે કરી દેવાયું છે. આ અંગે શ્રી સરવૈયાએ કસાઇઓને બોલાવી ગાય કાપવા બાબતે પુછપરછ કરતાં કસાઇઓએ આવું કૃત્ય કરવામાં આવ્યું નથી, તેમ જણાવ્યું હતું.

વિ. હિ. પ. ના અગ્રણી શ્રી પ્રવિણભાઇ પટેલે જણાવ્યું છે કે, કાગદી તલાવ પાસે કતલખાનું આવેલું હોવા છતાં મુલ્લાવાડ કસાઇવાડામાં ઢોર કાપવાનું ગેરકાયદેસર કૃત્ય કરવામાં આવે છે. તો આ અંગે નગર પાલિકા તેમજ પોલીસ તાત્કાલિક પગલાં લઇ આ ગેરકાયદેસર કતલખાનું બંધ કરાવે તે જરૂરી છે. (સંદેશ ૨૫-૩)

હાલારોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાલા અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મધાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદાણી (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (ચકચાલા)
ચાંદમલ પદમશી ગુંદાણી (ધોળાગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ ચૈત્ર વદ ૧૪ મંગળવાર તા. ૧૬-૪-૯૬ [અંક ૩૨

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય

મુંબઈ -૬. (પ્રવચન ૧૦ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપન — -અવ૦)

જેઓ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મની આરાધના કરીને ચક્રવર્તીપણું પામે છે તેઓ તે જ ભવમાં ચક્રવર્તીપણું છોડીને સાધુ થઈને કાં મોક્ષે કાં સ્વર્ગે જાય છે. તેમને ગમે ત્યારે પૂછો કે આ ચક્રવર્તીપણું કેવું છે. તો તેઓ કહે છે કે, 'છોડવા જેવું જ છે.' કર્મયોગે જ મેળવે છે. તેઓ સમજે છે કે કર્મયોગે જ મારે નહિ કરવા જેવી મહેનત કરવી પડે છે.

શ્રી ભરત ચક્રવર્તીની વાત અનેકવાર સાંભળી છે પણ યાદ રાખતા નથી. પોતાના ચક્રવર્તીપણાના કર્મના યોગે પોતાના અઠ્ઠાણું ભાઇઓને પોતાની આ માનવાનું કહ્યું તેમની આજ્ઞા માનવી તેના કરતાં સાધુ થવું સારું એમ માની તે બધા સાધુ થઈ ગયા: તે વાત પણ ઘણી મોટી છે પરન્તુ મારે તો શ્રી ભરતજીની મનોદશા સમજાવવી છે કે ઊંચામાં ઊંચા ધર્માત્મા પાસે પણ કર્મ કેવું કામ કરાવે છે. પોતાનું અઠ્ઠાણું ભાઇઓને સાધુ થયેલાં સાંભળી શ્રી ભરતજી બહુ ખિન્ન થઈ ગયા છે. તેઓ કહે છે કે, મારે આવું

ચક્રવર્તીપણું જોઇતું નથી ! તેથી શ્રી બાહુબલિજી ઉપર દૂત મોકલવા તૈયાર થતા નથી. આ શ્રી બાહુબલિજી પણ બહુ બળવાન છે. કોઇને ય મોટા માને તેવા નથી. તેઓ કહે કે– ભરત બહુ લોભિયો બની ગયો છે. હું આજ્ઞા માનું તો ભગવાનની જ બીજા કોઇની નહિ. તેઓ આજ્ઞા ન માને તો ચક્રવર્તીપણું પૂર્ણ ન થાય તેથી શ્રી ભરતજીનો સુષેણ નામનો સેનાપતિ સમજાવે છે કે, "આમ ન ચાલે. બાહુબલિ ઉપર દૂત મોકલવો જોઇએ અને આપની આજ્ઞા ન માને તો યુધ્ધ કરીને પણ આજ્ઞા મનાવવી જોઇએ." સમકિતી ચક્રવર્તીઓને છ ખંડ સાધવા પડે માટે સાધે છે. તમારે પૈસાની જરૂર પડે તે માટે કમાવો છો કે 'પૈસા તો મેળવવા જ જોઇએ' તેમ માનીને કમાવ છો ? હજી પણ તમે વેપારાદિ કેમ કરો છો ? આજીવિકા ચાલતી નથી માટે કે લોભને લઇને ?

સભા૦ પટારા ભરવા.

તેવા માટે અર્થ અને કામ કેવા કહેવાય ? એકાન્તે ભૂંડા જ. તેવા જીવો તે બે માટે એવાં એવાં પાપ કરવાના કે મરી મરીને દુર્ગતિમાં જ જવાના.

અન્તે શ્રી ભરતજી શ્રી બાહુબલિજીની સાથે યુધ્ધ કરવા તૈયાર થયા છે. ત્યારે ઇન્દ્રાદિ દેવોને લાગ્યું કે આ બે ના યુધ્ધમાં કરોડો જીવોનો સંહાર થશે. તેથી તે બંન્નેને સમજાવીને બંન્નેની વચ્ચે પાંચ યુધ્ધો નક્કી કરાવ્યા. તે પાંચે ય યુધ્ધોમાં શ્રી ભરતજી હાર્યા અને શ્રી બાહુબલિજી જીત્યા. તેથી ગુસ્સે થયેલા શ્રી ભરતજીએ તેમની ઉપર ચક્ર મૂક્યું. ત્યારે શ્રી બાહુબલિજી કહે કે, "આવી અનીતિ ! આવવા દે તારા તે લોઢાના કકડાને એક મુઠ્ઠી મારી તેનો ભુક્કો કરી નાંખીશ.' પરન્તુ ચક્ર એક કુળમાં ચાલે નહિ તેથી શ્રી બાહુબલિજીને પ્રદક્ષિણા કરીને પાછું આવ્યું. તેથી શ્રી બાહુબલિજીને અત્યંત ગુસ્સો આવ્યો કે, હવે તો તેને મારી નાંખું. આમ વિચારી મુઠ્ઠી ઉગામી શ્રી ભરતજીને મારવા દોડયા. અડધે આવ્યાને તેમને વિચાર આવ્યો કે– ,'શ્રી ઋષભદેવ ભગવાનનો દિકરો એવો હું આપની જગ્યાએ રહેલા મોટાભાઇને મારું ?' આ મુઠ્ઠી ખાલી જાય નહિ. તેથી ત્યાંને ત્યાં લોચ કર્યો અને સાધુપણું સ્વીકાર્યું. અર્થ અને કામને ભૂંડા માનતા હોય તે જ આ કામ કરી શકે કે બીજા ? ભગવાન વિના બીજા કોઇની ય આજ્ઞા મારે નથી માનવી તેમ માનનારો મુઠ્ઠી લઇને મારવા જાય ત્યારે આવો વિચાર કરે ?

તમે બધા અર્થ અને કામને કેવા માનો છો ? તે બેને જે એકાન્તે ભૂંડા માને તેવા જીવો જ અર્થ અને કામની હાજરીમાં સારા રહી શકે બાકીના તો ભૂંડામાં ભૂંડા

થવાના. અર્થ અને કામ મેળવવા માટે તમે બધા શું કરો છો ? ભોગવવા શું કરો છો ? સાચવવા શું કરો છો ? તે બેની રક્ષા કરવા માટે શું કરો છો ? કોઈ પાપ કરતાં વધે આવે ખરો ? મોટા મોટા શ્રીમંતો બંગલા બહાર ચોકીદારો રાખે અને પિસ્તોલના પરવાના પણ રાખે.

આ લોકના સુખ માટે અને પરલોકના સુખ માટે ધર્મ ન જ થાય એવું સમજવા છતાં પણ તે બે માટે જ કરેલો ધર્મ આત્માને મારનારો જ થાય. આત્માને બગાડયા વિના રહે નહિ. જેણે અર્થ અને કામને સારા માન્યા અને મજેથી મેળવવા જાય તે મોટે ભાગે કેવો હોય ? જે સમજુ જીવ હોય તેને લાખ રૂા. મળતા હોય કે તેના લાખ રૂા. જતા હોય તો ય તે જૂઠ ન બોલે. તમારી કઈ મનોવૃત્તિ છે ? અર્થ-કામને સારા માને, મેળવવા લાયક માને, ભોગવવા લાયક માને તે બધા સમ્યગ્દૃષ્ટિ કહેવાય કે મિથ્યાદૃષ્ટિ કહેવાય ? તમે બધા અર્થ અને કામને કેવા માનો છો ? ઈચ્છવા જેવા માનો છો ? ભોગવવા જેવા માનો છો ? સાચવવા જેવા માનો છો ? જાય તો રોવાં માંડો છો ? તે બે ને છોડીને જવું પડે તો જરા ય ગમે નહિ ને ?

અર્થ અને કામ સ્વભાવે ભૂંડા જ છે માટે શાસ્ત્રે તે બે ને અનર્થકારી જ કહ્યા છોકરા જેવા કહ્યા છે. ડાહ્યા અને સમજદાર જીવો તેનું અનર્થકારીપણું મટાડી દે તે વાત જુદી. પૈસા-ટકા અને મોજમજાદિની ઇચ્છા કયા કર્મના ઉદયથી થાય ? પાપકર્મના ઉદયથી થાય કે પુણ્યકર્મના ઉદયથી થાય ? ભગવાનનો સ્યાદ્વાદ ગાંડો નથી કે ગાંડાઓ ગમે તે અર્થ કરી શકે ! ભગવાનના ખરેખરા ભગતને ગમે તેટલા અર્થ અને કામ મળ્યા હોય તો ય તે વિરાગી જ હોય, કદાચ રાગ થઈ જાય તો તેને અટકાવવાની જ મહેનત કરે એમ જ્ઞાનિઓ કહે છે. તે તો અખંડપણે વિરાગને જીવંત રાખે. અનંત ઉપકારી શ્રી તીર્થંકર દેવો ચક્રવર્તી પણ હોય છે, છ ખંડને પણ સાધે છે, એક લાખ બાણુ હજાર સ્ત્રીઓને પરણે છે તો ય કદી એમ કહેવાય કે તેઓ રાગી થયા છે ? તેમ બોલે તે તો ભગવાનને ઓળખતો જ નથી. તે પરમતારકોની દેખીતી ક્રિયા રાગની હોવા છતાં ય તેઓના હૈયામાં વિરાગ જીવતોને જાગતો હોય છે.

તમે બધા ધર્મ કરો છો તો તમારો ધર્મનો રાગ કેવો છે ? દુનિયાનો સુખથી બચવા માટે ધર્મ કરો છો કે તે સુખ મેળવવા માટે ધર્મ કરો છો ? પુણ્ય યોગે તે સુખ-સામગ્રી જે કાંઈ તમને મળી છે તે ભોગવવી પડે તે પાપ છે એમ પણ તમે માનો છો ?

સભા૦ તો પછી મેળવવાની મહેનત કેમ કરે ?

ઉ૦ કરવી પડે. માંદાને કવા ન આવી હોય તો ય આવી પડે. સંસાર સુખ ભોગવવાનું કર્મ બાંધ્યું હોય તો ન છૂટકે ભોગવવું પડે !

સભા૦ અર્થ-કામ સ્વભાવે અનર્થકારી પણ નથી કે અર્થકારી પણ નથી. તે તો માત્ર પુદ્ગલ છે.

ઉ૦ તે સારા સમજુ અને ડાહ્યા જીવ માટે. તે બે ના લોભીયાને તો મારી નાંખનાર જ છે.

શ્રાવકને પૈસાની જરૂર પણ પડે માટે તે મેળવે પણ ખરો. પણ પૈસાને માને કેવો ? ખરાબ જ માને ને ? શ્રાવક ન છૂટકે જ ઘરમાં રહે પણ ઘરમાં રહેવા જેવું માનીને રહે જ નહિ. મારે ઘરમાં રહેવું પડે તે મારો પાપનો ઉદય છે એમ તે માને. આ એકાન્તવાદ છે ! શ્રી તીર્થંકરદેવોને પણ પાપનો ઉદય હોય માટે જ ઘરમાં રહેવું પડે, લગ્ન કરવું પડે, રાજ્ય થવું પડે. પણ તે બધું કરીને પણ તે કરાવનાર કર્મ તોડે. જ્યારે તમે ઘરમાં રહીને એવું કર્મ બાંધો છો કે ભવાંતરમાં ઘર પણ ન મળે આજે ય ઘણાને રહેવા ઘર નથી, ખાવા-પીવા નથી, માંદા-સાજા ય કોઈ ખબર-અંતર પૂછનાર નથી, સંબંધી ય શત્રુ જેવા છે શાથી ? ભૂતકાળમાં એવું જ પાપકર્મ બાંધીને આવ્યા છે માટે. તમારા બધા કુટુંબ તમને અનુકુળ છે ખરા ? તમે ય તમારા કુટુંબીઓને અનુકુળ છો ખરા ?

માટે સમજો કે અર્થ-કામ સ્વભાવે ભૂંડા જ છે. જે તેનો રાગી બન્યો તે મર્યો સમજો. તે બે રાગ કરવા લાયક નહિ જ. તેથી જ સમકિતી જીવોને મોક્ષનો જ અને મોક્ષમાર્ગનો અને મોક્ષનાં જે જે સાધનો તેના ઉપર જ રાગ હોય. દુનિયાનાં ચીજો ઉપર રાગ થઇ જાય તો કંપારી આવે. તે રાગનો અમલ કરવો પડે. તે પાપનો ઉદય જ કહેવાય.

શ્રી બાહુબલિજી જ્યારે મુઠી ઉગામી શ્રી ભરતજીને મારવા જઇ રહ્યા છે ત્યારે વચમાં જ વિચારે છે કે -" પિતાજીની જગ્યાએ રહેલા મોટાભાઇને મરાય ? આ મુઠી ખાલી જાય નહિ." તેથી ત્યાંને ત્યાં લોચ કરીને સાધુપણાને સ્વીકારે છે. તે વખતે શ્રી ભરતજી વિચારે છે કે -" મેં કેટલું ખોટું કર્યું ! પાંચ યુદ્ધ નક્કી કરેલા તેમાં આ ચક્ર મુકીને અનીતિ કરી." તેથી એકદમ દોડીને શ્રી બાહુબલિજીના પગમાં પડે છે અને જે બોલે છે તે તમે ઘણીવાર સાંભળ્યું છે પણ યાદ રાખતા નથી. (ક્રમશઃ)

— જ્ઞાન ગુણ ગંગા —

(ગતાંકથી ચાલુ) —પ્રજ્ઞાંજ

વર્તમાન ચોવીશીના શ્રી તીર્થંકર પરમાત્માના માતા-પિતાના નામની વ્યુત્પત્તિ : (અભિધાન ચિંતામણિ-પ્રથમખંડ)

પિતાના નામોની વ્યુત્પત્તિ :

(૧) 'નાભિ : નહ્યત્યન્યાયિનો હકારાદિભિર્નીતિભિરિતિનાભિરન્ત્યકુલકરઃ।' 'હ'કાર આદિ નીતિઓથી જેઓ અન્યાય કરનારાઓને દંડ-શિક્ષા કરતા હતા તે અન્ત્ય કુલકર શ્રી નાભિરાજા. શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનના પિતા.

(૨) 'જિતશત્રુ : 'જિતાઃ શત્રવોઽનેન' –જીતી લીધા છે શત્રુરાજાઓ જેમણે તે જિતશત્રુ રાજા. બીજા ભગવાનના પિતા.

(૩) 'જિતારિ : 'જિતા અરયોઽનેન' – જીતી લીધા છે વૈરીઓ જેમણે તે જિતારિ રાજા. ત્રીજા ભગવાનના પિતા.

(૪) 'સંવરઃ સંવૃણોતીન્દ્રિયાણિ'–વશ કરી છે ઇન્દ્રિયો જેમણે તે શ્રી સંવર રાજા. ચોથા ભગવાનના પિતા.

(૫) 'મેઘઃ સકલસત્ત્વસંતાપહરણાન્મેઘ ઇવ' – સઘળાય જીવોના સંસાર-રૂપી સંતાપ દૂર કરવામાં મેઘની જેવા મેઘરાજા. પાંચમાં ભગવાનના પિતા.

(૬) 'ધરઃ ધરતિ ધાત્રીમ' – ધારણ કરી છે પૃથ્વીને જેઓએ તે શ્રી ધર નામના નૃપતિ છઠ્ઠા ભગવાનના પિતા.

(૭) 'પ્રતિષ્ઠઃ પ્રતિષ્ઠતિ ધર્મકાર્યે'– ધર્મકાર્યોમાં જેઓ સ્થિત સ્થિર રહે છે તે શ્રી. પ્રતિષ્ઠ નામના પૃથ્વીપતિ સાતમા ભગવાનના પિતા.

(૮) 'મહાસેનનરેશ્વરઃ મહતીપૂજ્યાસેનાઽસ્યેતિ મહાસેનઃ સ ચાસૌ નરેશ્વરશ્ચ'– મોટી પૂજવા લાયક છે સેના જેમની તે મહાસેન. તેના જે નરેશ્વર. તે મહાસેન નરેશ્વર. આઠમા ભગવાનના પિતા.

(૯) 'સુગ્રીવઃ શોભના ગ્રીવાઽસ્ય' – શોભાયમાન છે ગ્રીવા ગરદન જેમની તે શ્રી સુગ્રીવ રાજા. નવમા ભગવાનના પિતા.

(૧૦) 'દઢરથઃ દઢોરથોઽસ્ય'– દઢ બલવાન છે રથ જેમનો તે દઢરથ નામના રાજા. દશમા ભગવાનના પિતા.

(૧૧) 'વિષ્ણુઃ વેવેષ્ટિ બલૈઃ પૃથિવીમ'–વિંટી છે પૃથ્વીને સેના વડે જેમણે તે વિષ્ણુ રાજા. અગિયારમાં ભગવાનના પિતા.

(૧૨) 'વસુપૂજ્યરાટ્ અન્યૈ રાજભિર્વસુભિર્ધનૈઃ પૂજ્યતઽતિ વસુપૂજ્યઃ સચાસૌ રાટ ચ'–બીજા રાજાઓ વડે ધન વડે જેમની પૂજા કરાઇ છે તે વસુપૂજ્ય અને એવા તે રાજા તે વસુપૂજ્યરાટ્. બારમા ભગવાનના પિતા.

(૧૩) 'કૃતવર્મા કૃતં વર્માઽનેન' – કર્યું છે સનાહ કવચ જેમણે તે કૃતવર્મા રાજા. તેરમા ભગવાનના પિતા.

(૧૪) 'સિંહસેનઃ સિંહવત્ પરાક્રમવતીસેનાઽસ્ય'–સિંહની જેમ પરાક્રમવાળી છે સેના જેમની તે સિંહસેનના ચૌદમા ભગવાનના પિતા.

(૧૫) 'ભાનુઃભાતિ ત્રિવર્ગેણુ' – શોભાયમાન છે જેઓ અર્થ કામ અને ધર્મરૂપી ત્રૈણ વર્ગથી તે શ્રી ભાનુરાજા. પંદરમાં ભગવાનના પિતા.

(૧૬) 'વિશ્વસેનરાટ વિશ્વવ્યાપિની સેનાઽસ્યેાય વિશ્વસેનઃ સ ચાસૌ રાટ ચ'–વિશ્વમાં ફેલાયેલા છે સેના જેમની તે વિશ્વસેન અને એવા જે રાજા તે શ્રી વિશ્વસેનરાટ– સોળમાં ભગવાનના પિતા.

(૧૭) 'સૂરઃ તેજસા સૂર ઇવ'– તેજે કરીને જેઓ સૂર્ય સમાન છે તે શ્રી સૂરરાજા. સત્તરમા ભગવાનના પિતા

(૧૮) 'સુદર્શનઃ શોભનંદર્શનમસ્ય'–સુંદર છે દર્શન જેમનું તે શ્રી સુદર્શન રાજા. અઢારમા ભગવાનના પિતા.

(૧૯) 'કુમ્ભઃ ગુણપયસામાધારભૂતત્વાત્ કુંભઇવ'–ગુણરૂપી જલના આધાર રૂપ થવાથી કુંભના જેવા શ્રી કુંભરાજા, ઓગણીશમા ભગવાનના પિતા.

(૨૦) 'સુમિત્રઃ શોભનાનિ મિત્રાણ્યસ્ય' – કલ્યાણકારી સુંદર મિત્રો છે જેમના તે શ્રીમિત્ર રાજા. વીશમા ભગવાનના પિતા.

(૨૧) 'વિજયઃ વિજયતે શત્રુનિતિ'– જીતી લીધા છે શત્રુઓ જેમણે તે શ્રી વિજય રાજા. એકવીશમા ભગવાનના પિતા.

(૨૨) 'समुद्रविजयः गाम्भीर्येण समुद्रस्यापि विजेता'– ગંભીરતા ગુણ વડે સમુદ્રને પણ જીતનારા તે શ્રી સમુદ્રવિજય નામના રાજા, બાવીશમા ભગવાનના પિતા

(૨૩) 'अश्वसेनः अश्वप्रधाना सेनाऽस्य' – અશ્વોવાળી મુખ્ય સેના છે જેમની તે શ્રી અશ્વસેન રાજા, ત્રેવીશમાં ભગવાનના પિતા,

(૨૪) 'सिद्धार्थः सिद्धा अर्थाः पुरुषार्था अस्य'– સિધ્ધ થયા છે અર્થ નામ પુરૂષાર્થો જેમના તે શ્રી સિધ્ધાર્થ રાજા, ચોવીશમા ભગવાનના પિતા,

આ પ્રમાણે પહેલા શ્રી ઋષભદેવસ્વામિ ભગવાનથી માંડી ચોવીશમા શ્રી મહાવીર સ્વામિ ભગવાનના, ચોવીશે ભગવાનના પિતાના વ્યુત્પત્તિ અર્થ સાથે નામ કહ્યા,

ચોવીશે ભગવાનની માતાના, વ્યુત્પત્તિ અર્થ સાથે નામઃ

(૧) 'मरुदेवा मरुज्जिदीद्दीव्यते स्तूयते (पृषोदरादित्वात् तलोपः) मरु देव्यपि'– દેવતાઓ વડે જેમની સ્તુતિ સ્તવના કરાઇ તે મરૂદેવા, પહેલા ભગવાનના માતા, મરૂદેવી એ પ્રમાણે પણ નામ છે,

(૨) 'विजया-विजयते'– જે વિજયવાળી છે તે વિજયા, બીજા ભગવાનના માતા

(૩) 'सेना-सह अनेन जितारिस्वामिना वर्तते' – શ્રી જિતારિસ્વામીની સાથે વર્તે રહે તે સેના, ત્રીજા ભગવાનના માતા,

(૪) 'सिद्धार्था-सिद्धा अर्था अस्याः'– સિધ્ધ થયા છે અર્થ એટલે પ્રયોજનો જેણીના તે સિધ્ધાર્થા, ચોથા ભગવાનના માતા,

(૫) 'मङ्गला-मंगल हेतुत्वात्'–મંગલનો હેતુ હોવાથી મંગલા, પાંચમા ભગવાનના માતા,

(૬) 'सुसीमा-शोभना सीमा मर्यादास्याः' – સુંદર છે સીમા એટલે મર્યાદા જેણીની તે સુસીમા, છઠ્ઠા ભગવાનના માતા,

(૭) 'पृथ्वी-स्थैर्यना पृथ्वीव'– સ્થિર છે પૃથ્વીની માફક જેઓ તે પૃથ્વી, સાતમા ભગવાનના માતા,

(૮) 'लक्ष्मणा-लक्ष्मीशोभास्त्यस्याः'– લક્ષ્મી એટલે શોભા છે જેણીની તે લક્ષ્મણા, આઠમા ભગવાનના માતા,

(૯) 'रामा-धर्मकृत्येषु रमते'– ધર્મકૃત્યોમાં જે રમે આનંદ કરે પામે તે રામા, નવમા ભગવાનના માતા, [ક્રમશઃ]

ભાભર નગરે મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ૩ પાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃધ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા કે. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું· ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારાં શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનુ નક્કી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૯૭૧

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૬૨. સીતા-ભરતની જળક્રીડા.

જે અયોધ્યા નગરીના નરેશ દશરથ રાજાને (પ્રતિબિંબ રૂપે) તલવારના એક જ ઝાટકે ધડ અને માથાના બે કટકામાં વધેરી નાંખીને એક વખત અયોધ્યા નગરીને સ્મશાનની કરૂણ વેરાન ઉજ્જડતા આપી હતી એ જ અયોધ્યાને આજે એ જ વિભીષણ જનતના (સ્વર્ગના) જરૂમીનોની (પુણ્યોની) ખુશ્બોથી મહેકાવી દઈને દેવ-નગરીમ થી છુટા પડેલા સ્વર્ગના એક ખંડ જેવી શાનદાર શણગાર સજી બનાવવા માટે બળદેવ શ્રી રામચંદ્રજીની પાસે માત્ર સેળ દિવસની મુદ્દત માંગી.

સ્વર્ગ સમી અયોધ્યા નગરી તરફ આખરે રામચંદ્રજીએ પરિવાર સહિત પ્રયાણ કર્યું.

હાંગી ઉપર સામે આવેલા અને ચરણોમાં નમી પડેલા રહેતા ભાઈ ભરત અને શત્રુઘ્નને રામ અને લક્ષ્મણ રહેતા રડતાં જ ભેટયા.

વરસોના વ્હાણા વાયે ગયા પછીનું આ ભાઇ-ભાઈનું મિલન હતું.

ત્યાર પછી પરિવાર સહિત રાજમહેલે આવીને રામચંદ્રજી વગેરે કૌશલ્યા-કૈકેયી-સુમિત્રા સુલક્ષણા આદિ ચારેય માતાઓને હર્ષના ઝરતાં આંસુ સાથે નમસ્કાર કર્યા.

લક્ષ્મણને વારંવાર કૌશલ્યાએ કહ્યું-વત્સ ! વનવાસના તે તે કષ્ટો-રામ-સીતા ઓળંગી શકયા તે તારી જ પરિચર્યા= સેવાના પ્રતાપે ઓળંગી શકયા.

લક્ષ્મણે કહ્યું- હે માતા ! મને તો માતા અને પિતાની જેટલું વાત્સલ્ય અને પ્રેમ આપીને વનમાં પણ આ રામ-સીતાએ દુઃખ જોવા નથી દીધું. ઉપરથી મેં જ તેમને કષ્ટમાં નાંખ્યા હતા.

મારી એક સ્વચ્છંદી ભયંકર ભૂલના કારણે રામચંદ્રજીના લોકો શત્રુ બન્યા અને મહાસતી સીતાદેવીનું અપહરણ થયું. બીજા કષ્ટો તો આ સિવાય પણ મેં તેમને ઘણા આપ્યા છે. પરંતુ હે માતા ! તમારા જ આશીર્વાદથી દુર્લંઘ્ય શત્રુના સમુદ્રને ઓળંગીને આજે ક્ષેમ-કુશળ તમારી પાસે આવ્યા છીએ.'

બધા જ સ્વજનોનો મેળાપ થતાં હર્ષાશ્રુ સાથે અયોધ્યામાં આનંદ-આનંદ વર્તી રહ્યો છે.

ભરત મહારાજાએ આખી નગરીમાં ધામધૂમથી ઉત્સવ મનાવરાવ્યો.

એક દિવસ રામચંદ્રજીને નમસ્કાર કરીને ભરતે કહ્યું કે– 'હે આર્ય ! આટલો સમય તમારી આજ્ઞાથી મેં રાજ્ય ચલાવ્યું. હવે તમારી રાજ્યપાલનની મને આજ્ઞાની બેડીઓને જકડી રાખ્યો ન હોત તો હું પિતાજીની સાથે જ પ્રવ્રજ્યા લઇ લેવાનો હતો. હવે વ્રત-સ્વીકાર માટે મને અનુજ્ઞા આપો બંધુ ! રાજ્ય તમે સ્વીકારી લો. હવે તો એક ક્ષણ પણ આ સંસારનો વાસ મને ગમતો નથી.'

રડતી આંખે રામચંદ્રજીએ કહ્યું– 'હે વત્સ ! તું આ શું બોલે છે ? રાજ્ય તો તારે જ કરવાનું છે. અમે તો માત્ર તને જોવા ઉત્સુક બન્યા હતા. માટે આવ્યા છીએ. રાજ્યની સાથે જ અમને તજીને તારી વિરહવ્યથા અમને ફરીવાર કેમ આપે છે. વત્સ ! પહેલાંની જેમ જ તું મારી આજ્ઞાનું પાલન કર.'

રામચંદ્રજીના અત્યંત આગ્રહને જોઇને રામને નમીને ભરતકુમાર ચાલવા માંડયા ત્યાં જ લક્ષ્મણજીએ હાથ વડે પકડી લઇને ભરતકુમારને જતાં અટકાવ્યા.

વ્રત માટે ચાલ્યા જવા તૈયાર થયેલા ભરતકુમારને જાણીને સીતાદેવી-વિશલ્યા આદિ રામ-લક્ષ્મણના અંતઃપુરે આવીને ભરતને દીક્ષાની વાત ભૂલાવી દેવાના ઇરાદાથી તેમની સાથે જળક્રીડા કરવાની આગ્રહપૂર્ણ વિનંતી કરી.

આ જળક્રીડાની વિનંતીનો સ્વીકાર કરીને સીતા આદિ સાથે ભરતકુમાર જળક્રીડા કરવા ગયા પણ એક મુહૂર્ત સુધી જળક્રીડા કરવા છતાં નારી અને નીરથી ભરતનું વૈરાગી મન ભીંજાયું જ નહિ.

સરોવરમાંથી બહાર આવીને હજી તો ભરતકુમાર ઉભા જ હતા ત્યાં તો નગરીમાં ધમાલ મચાવીને ભુવનાલંકાર હાથી તેમની તરફ આવ્યો. અને ભરતને જોતાં જ શાંત પડી ગયો.

આ જ અરસામાં દેશભૂષણ અને કુલભૂષણ કેવલી ભગવંતો ત્યાં ઉદ્યાનમાં પધાર્યા. રામચંદ્ર આદિએ દેશના સાંભળી. અંતે રામચંદ્રજીએ 'ભરતને જોતાં જ ભુવનાલંકાર શાંત કેમ પડી ગયો ? આમ પૂછતાં બન્નેના પૂર્વભવના સંબંધને સાંભળીને અતિવૈરાગ્યવાન બનેલા ભરતકુમારે એક હજાર પુરૂષો સાથે દીક્ષા લીધી. અને દરેક કર્મ ક્ષય કરીને મોક્ષે ગયા.

હાથી પણ પૂર્વભવ સાંભળી ધર્મ આચરતો તપ તપતો મૃત્યુ પામી બ્રહ્મલોકમાં ગયો.

ભરતમાતા કૈકેયી પણ દીક્ષા અંગીકાર કરી અંતે મોક્ષે ગયા.

ભરતે દીક્ષા લીધી પછી લક્ષ્મણનો વાસુદેવ તરીકે અને રામચંદ્રજીનો બળદેવ તરીકે ભૂચર રાજાઓ અને ખેચર રાજાઓએ અભિષેક કર્યો.

રામ-લક્ષ્મણ બન્નેએ અયોધ્યા સંભાળી લીધી.

પછી રામચંદ્રજીએ વિભીષણ-સુગ્રીવ-

(અનુ પેજ ૭૬૯ ઉપર)



પ્યારા બાલમિત્રો,

આનંદ... આનંદ... આનંદ...!!!

આ શબ્દ સાંભળતાં જ સાડા ત્રણ ક્રોડ રૂવાડાં ખડા થઇ જાય.

ચિત્ત, આહ્લાદ પોકારી ઉઠે.

પણ, સબૂર આનંદ શેમાં ?

ધર્મ ક્રિયામાં કે પાપ ક્રિયામાં....!!!

અનુભવ પામ્યા પછી બે પ્રકારની સામગ્રીઓ મળે છે.

એક ધર્મ સામગ્રીઓ

બીજી ભોગ સામગ્રીઓ.

ધર્મની સામગ્રીઓ–મંદિર, ઉપાશ્રય, સુદેવ, સુગુરૂ અને સુધર્મ.

ભોગની સામગ્રીઓ–જર, જમીન અને જોરૂ. ભોલા ! આત્માને વધુ આનંદ શેમાં અને શેનો ?

ભોગીને પોતાના ઘરની નજીક ઓફિસ હોય તો આનંદ આવે.

ધર્મીને પોતાના ઘરની નજીક જ મંદિર હોય તો આનંદ આવે.

ભોગીને ધંધાદારી મિત્રો સારા મળી ગયા છે તેથી આનંદીત હોય.

ધર્મીને કલ્યાણ મિત્રો મળ્યા બદલ આનંદીત હોય.

ભોગી પોતાના ભોગ સુખમાં સહાય કરનારી પત્નિ મેળવીને આનંદીત થાય.

ધર્મી ધર્મમાં સહાય કરનારી પત્નિ મેળવીને, શુભ આરધના કરી આનંદીત થાય.

ભોગી પાસે નવ લાખ રૂપિયાની મૂડી એકત્રીત થાય તો તે સુપ્રસન્ન થાય.

ધર્મી પરમેષ્ઠીનો નવ લાખ મંત્રનો જાપ કરે તો તે સુપ્રસન્ન થાય.

ભોગી ભોગ સામગ્રીમાં મસ્ત હોય.

ધર્મી ધર્મ સામગ્રીમાં સવિશેષ મસ્તીમાં હોય.

ભોગીનો આનંદ ક્ષણીક હોય છે.

ધર્મનો આનંદ અવર્ણનીય હોય છે.

ભોગી ક્ષણીક સુખમાં આનંદીત બની જાય તો ચોર્યાશીના ચક્કરમાં ભટકાય જાય.

ધર્મી ક્ષણીકસુખમાં આહ્લાદીત બની જાય તો ચોર્યાશીના ફેરા કાયમ માટે બંધ થઇ જાય.

ભોગીને મળેલી ધર્મસામગ્રીઓ પાપ સામગ્રીઓ બનતા વાર લાગતી નથી.

ધર્મીને મળેલી ભોગ સામગ્રીઓ ધર્મસામગ્રી બનતા ઝાઝો સમય લાગતો નથી.

ધર્મ કરીને, ધર્મ પાસે ચપણીયું લઇને ભોગની ભીખ માંગવી તે આપણા માટે ઉચીત નથી. આ ભોગોથી આનંદીત બનવું એટલે નરક-તિર્યંચના દ્વાર ખખડાવવા આવ્યાબાદ આનંદ પામવો હોય તો નિશ્ચયથી ભાવે ધર્મ કરતાં થઇ જાવ.

સાચો આનંદ તરત જ પ્રગટી ઉઠશે.

રવિશિશુ જૈન શાસન કાર્યાલય, જામનગર

— કથા નક —

રાજગૃહ નગરીના રાજા પ્રસેનજીત હતા તેઓને પરમપુણ્યશાળી સકલ શુભલક્ષણયુક્ત પુત્ર હતો. બૌદ્ધ ગ્રંથોમાં તેઓને બિંબિસારના નામથી ઓળખવામાં આવે છે. આ પુત્ર પ્રથમથી જ જૈન ધર્માનુયાયી નહોતો, પરંતુ જૈન ધર્માનુરાગી ચેટક રાજાની પુત્રી પરમ શ્રાવિકા ચેલ્લણા સાથે લગ્ન થયા બાદ પોતપોતાના ધર્મગુરૂઓની સાથે ચર્ચા-વિચારણા થતી તેના પરિણામે આ પુત્રને થોડી શ્રદ્ધા બેઠી. પરસ્પર ચર્ચા જ્યારે સુવર્ણની પેઠે શુધ્ધ થઇને બહાર આવી ત્યારે રાજા શ્રેણિકે જૈન ધર્મ અંગીકાર કર્યો. ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીનો પરમ ભક્ત બન્યો.

જિનેશ્વર શ્રી વર્ધમાન પર, અને તેમના સાધુ-સાધ્વીઓ પર અને જૈન ધર્મ ઉપર તેમની એટલી અડગ શ્રદ્ધા થઇ હતી કે દેવતાઓએ એમની પરીક્ષા કરી હતી. સૌ પ્રથમ માછીની જાળ પકડેલા સાધુનું રૂપ વિકુર્યું. બીજીવાર ગર્ભવતી સાધ્વીનું રૂપ વિકુર્વી માર્ગમાં મળી દરેક સાધુ-સાધ્વીઓને પોતાના જેવા અને તેથી પણ વિશેષ ચાલના જણાવ્યા છતાં રાજા શ્રેણિકનું રૂવાડું ફરકયું નહીં. ક્રોધતો કયાંનો કયાંય નાશી ગયો હતો. અરે ! જરાપણ શ્રધ્ધામાં ભેદ પડયો નહિ.

શ્રેણિક રાજા જયાં જયાં શ્રી વીર પરમાત્મા વિચરતા હતા તે દિશામાં સાત-આઠ પગલા આગળ જઇ હંમેશા સુવર્ણના એકસો આઠ જવથી સાથિયો કરતા. રોજ નવા જવલા ચડાવીને ત્રિકાળ જિનપૂજન કરતા હતા તેવું વર્ણન શ્રી મેતાર્ય ઋષિની કથામાં આવે છે. તેઓની પ્રભુપૂજા ઉપર કેવી ભાવના હતી એ આ વાત ઉપરથી સ્પષ્ટ જણાય છે.

જૈન ધર્મ પામ્યા પછી જૈન ધર્મના વ્રતોનું વાચન તેમજ શ્રવણ કર્યા બાદ અનેક વ્રતો આચરણમાં આવે તે માટે જીવનભર પ્રયત્નશીલ બન્યા, પરંતુ શ્રાવકના વ્રતોનું પણ પાલન કરી શકતા ન હતા.

પ્રભુ મહાવીર પરની નિઃસીમ હાર્દિક ભક્તિના ભાવે તેઓએ શ્રી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. એમના અનેક પુત્રોએ પ્રભુ વીર પાસે પ્રવજ્યા ગ્રહણ કરી હતી.

—લલીપ એમ. મણીયાર

'કાંઈક નવું'

રવિવારે પાન સોપારી ખાઈને
સોમવારે કર્ણધુમાં મુખ જોઈને
મંગળવારે ધાણા ચાવીને
બુધવારે ગોળ ચગળાવીને
ગુરૂવારે રાઈ ખાઈને
શુક્રવારે સરસવ ચાવીને
શનિવારે વાવડીંગ ચૂમીને
'જે માણસ નવું કાર્ય કરવાને તૈયાર થાય છે તેને ફળે મળે છે.'

અભિષેક ચૌધરી

જીવન...

જીવન એ પડકાર છે
જીવન એ સંઘર્ષ છે
જીવન એ સાહસ છે
જીવન એ ફરજ છે
જીવન એ વહેમ છે
જીવન એ રહસ્ય છે
જીવન એ સ્વપ્ન છે

(આવા જીવન કયા માર્ગે જોડશો ?)

રશ્મિકા શાહ-પુના

જ્યાં...ત્યાં... !!!

જ્યાં આસક્તિ ત્યાં આપત્તિ
જ્યાં વિરક્તિ ત્યાં મુક્તિ
જ્યાં સંપ ત્યાં સંપત્તિ
જ્યાં કલેશ ત્યાં નાશ
જ્યાં ત્યાગ ત્યાં તપ
જ્યાં એકતા ત્યાં ભગવાનની આજ્ઞા

મનીલા ચાંચરી

ગતકડું

[૧] ત્રણ અક્ષરનું નામ છે. તેનો પહેલો અક્ષર કાઢી નાખીએ તો સફેદ પૂમડી કાચ થાય છે. બીજો અક્ષર કાઢી નાખીએ માનવીની હાલત કફોડી થઈ જાય છે. ત્રીજો અક્ષર કાઢી નાખીએ તો સૌ કોઈ તેને ચાહે છે. અને ત્રણ અક્ષરે સાથે રાખીએ તો એક ખાવાની વાનગી થાય છે તો કહો એનું નામ શું ?

ત્રણ અક્ષરનું નામ છે. તેનો પહેલો કાઢી નાખવામાં આવે તો ઉભી રહે છે. તેવો અર્થ થાય છે. બીજો અક્ષર કાઢી નાખવામાં આવે તો વિધવા જેવો અર્થ થાય છે અને છેલ્લો અક્ષર કાઢી નાખતા તેનો અનાજમાં ઉપયોગ થાય છે. અને ત્રણેય અક્ષરો લેગા રાખતાં એક ઉત્સવના પ્રતીક રૂપે જાહેર કરવામાં આવે છે.

અભિષેક ઝવેરી-સુરત

(અનુ પેજ ૭૬૬નું ચાલુ)

જામંડલ હનુમાન વિરાધ-નીલ- પ્રતિસૂર્ય-રત્નજટી-નલ-અંગદ આદિ કરેકને પોત-પોતાની નગરીના રાજા બનાવ્યા.

અને પછી શત્રુઘ્ને કહ્યું કે- વત્સ! તને જે દેશ પસંદ હોય તેનો તું સ્વીકાર કર.'

'મને મથુરા નગરી આપો.' એમ શત્રુઘ્નેએ કહ્યું.

દુઃસાધ્ય મથુરા નગરી શત્રુઘ્નને આપતાં ભ્રાતૃ સ્નેહથી રામચંદ્રજીનું હિલ જરા ફેચવાયું.

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૦]

આ વાતને વ્યવહારિક દૃષ્ટાન્તથી સમજાવે છે કે-"જેમ કુમારી કન્યા પરણેલી સ્ત્રીના પતિ જન્ય સુખને જાણી શકતી નથી અને જાત્યન્ધ- જન્માંધ માણસ ઘટાદિ પદાર્થોને જાણી શકતો નથી તેમ અયોગી છદ્મસ્થજીવો શ્રી સિદ્ધ પરમાત્માના સુખને જાણી શકતા નથી કેમકે પરમબ્રહ્મનું જે સુખ છે તે સ્વયંવેદ્ય જાણી શકાય તેવું છે. અનુભવ ગમ્ય તે ચીજ છે માટે." તેથી શ્રી સિદ્ધ પરમાત્માઓ જ તે સુખ જાણી શકે છે. કહ્યું પણ છે કે- શ્રી કેવલી ભગવંતો પણ શ્રી સિદ્ધ પરમાત્માના સુખનું વર્ણન કરવા સમર્થ નથી તેવું અનુપમ સુખ ત્યાં છે. આ વાતની શ્રદ્ધા શી રીતે કરવી ? તો કહે છે કે- શ્રી જિનેશ્વર દેવોની સર્વજ્ઞ ભગવંતોની આવી જ આજ્ઞા છે. તેમનું કથન એકાન્તે સત્ય જ હોય છે. કેમકે રાગાદિથી રહિત એવા શ્રી જિનેશ્વર-દેવોને અસત્ય બોલવાનું કાંઇ જ પ્રયોજન નથી. કહ્યું છે કે-"રાગ, દ્વેષ અને મોહને લીધે જ અસત્ય વચન બોલાય છે. પરંતુ જેનામાં તે દોષો નથી તેવા શ્રી સર્વજ્ઞ ભગવંતોને અસત્ય બોલવાનું કાંઇ જ કારણ નથી." અને હંમેશા કારણ વિના કાંઇપણ કાર્ય થતું જ નથી. માટે જ આપ્ત એવા શ્રી જિનેશ્વર દેવોનું વચન છે :- શ્રી સિદ્ધ પરમાત્માનું સુખ સ્વયંવેદ્ય હોવાથી શ્રી સિદ્ધ પરમાત્મા જ જાણી શકે છે. તે ઉપર ખાસ દૃષ્ટાંત જ આપી શકાય છે. તે શ્રી સિદ્ધ પરમાત્માના સુખને દૃષ્ટાંતથી સમજાવતા કહે છે કે-

સવ્વસતુક્કખ્ખે, સવ્વવાહિવિગમે, સંવત્થ સંજોગેણું, સવિચ્છાસંપત્તીએ, ઝરિસમે અં । ઇત્તોણંતગુણું, તં તુ ભાવસતુક્કખયાદિતો । રાગાદ ઓ ભાવસતુ, કમ્મોદયા વાહિણો, પરમલદ્ધીઓ ઉ અટ્ઠા, અણિચ્છેચ્છા ઇચ્છા । એવં સુહુમમેઅં, ન તત્તઓ ઇયરેણ ગમ્મઇ । 'જઇ સુહં વ અજઇણા' । 'આરોગ્ગસોહં વ રોગિણુતિ' વિભાસા । અચિંતમેઅં સરૂવેણ । સાઇઅવજજવસિઅં, એગસિદ્ધાવિક્ખાએ, પવાહઓ અણાઇ । તેવિ ભગવંતો એવં । તહાભવ્વત્તાઇભાવઓ । વિચિંત્તમેઅં તહાફલભેએણ । નાવિચિત્તો સહકારિભેઓ, તદત્થિકો તઓત્તિ, આણેઅંતવાઓ તત્તવાઓ ।

ખલુ એવં ઇહરહેગંતો, મિચ્છત્તમેસો, ન ઇત્તો વવત્થા । અણારિહત્તેઓ ।

સંસારિણો ઉ સિદ્ધત્તં । નાબદ્ધસ્સ મુત્તી સદ્ધૃત્થરહિઆ । અણાઇમં બંધો પવાહેણું, અઇઅકાલતુલ્લો । અબદ્ધબંધણે વા મુત્તી પુણોબંધપસંગઓ, અવિસેસો અબદ્ધમુક્કાણું । 'અણાઇ જોગેવિ વિઓગો' કંચણોવલનાઓણું ન દિદિક્કા અકરણુસ્સ । ન યાદિટ્ઠંમિ એસા । ન સહજાએ નિવિત્તી । ન નિવિત્તીએ આયટ્ઠાણું ।

જેમ સઘળા ય શત્રુઓનો ક્ષય થવાથી, સઘળીય વ્યાધિઓનો નાશ થવાથી, સઘળા ય અર્થોનો સંયોગ થવાથી અને સઘળી ય ઇચ્છાઓની સંપ્રાપ્તિ થવાથી જે જે ભૌતિક સુખ પ્રાપ્ત થાય છે તેના કરતાં પણ અનંતગણું આત્મિકસુખ શ્રી સિદ્ધ ભગવંતોને ભાવશત્રુઓનો ક્ષય થવાથી હોય છે, તે ભાવશત્રુઓ કયા છે તે જણાવે છે કે– રાગ-દ્વેષ અને મોહ જીવનો પરિણામે એકાન્તે અપકાર કરનાર હોવાથી ભાવશત્રુ છે, કર્મના ઉદયો જીવને પીડા કરનાર હોવાથી ભાવવ્યાધિ સમાન છે, અણિમાદિ ઉત્કૃષ્ટ લબ્ધિઓ પરાર્થ– પરોપકારનું કારણ હોવાથી અર્થરૂપ છે અને નિઃસ્પૃહતાની સર્વસંગના ત્યાગની જે ઇચ્છા છે તે જ સાચી ઇચ્છા છે. આ રીતે સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય એવું શ્રી સિદ્ધ પરમાત્માનું સુખ તાત્ત્વિક રીતે પરમાર્થપણે તો બીજા જાણી શકતા પણ નથી. જેમ યતિપણાનું સુખ વિશિષ્ટ પ્રકારના ક્ષાયોપશમિક ભાવો વડે જ અનુભવી શકાય છે અને તે ભાવયતિપણા વિના બીજા કોઇ જાણી– અનુભવી શકતા પણ નથી :મને જેમ નિરોગીપણાનું સુખ રોગી માણસ જાણી– અનુભવી શકતો નથી. તેવી જ રીતે શ્રી સિદ્ધ પરમાત્માનું સુખ બીજા કોઇ જાણી– અનુભવી શકતા નથી. કહ્યું પણ છે કે–

"રાગાદિણુમભાવે જં હોઇ સુહં તયં જિણો સુણઇ ।
ણહિ સણિણુવાયગહિ આ, જાણઇ તદભાવજં સોકખં ।।

અર્થાત્–"રાગાદિના અભાવને કારણે જે આત્મિક સુખ પ્રાપ્ત થાય છે તે સર્વજ્ઞ, કેવલી એવા શ્રી જિનેશ્વરદેવો શ્રી સિદ્ધ પરમાત્માઓ જ જાણે છે. જેમ સંન્નિપાતથી ગ્રસિત એવો જીવ તેના અભાવનું સુખ જાણતો નથી તેમ."

માટે જ શ્રી સિદ્ધ દેવોનું સુખ તાત્ત્વિક રીતે બુદ્ધિથી પણ અગમ્ય હોવાથી સર્વથા અચિંત્ય છે. વળી તે સુખ એક સિદ્ધની અપેક્ષાએ આદિ અનંત છે, એટલે કે એક શ્રી સિદ્ધ પરમાત્માના જીવના સુખની આદિ છે પણ તેનો અંત નથી. અને પ્રવાહની એટલે કે સઘળા ય શ્રી સિદ્ધ પરમાત્માઓના જીવોના સુખની અપેક્ષાએ તે

મુખ અનાદિ અનંત છે. તે જ રીતે તે શ્રી સિધ્ધ ભગવંત પણ જાણવા એટલે કે એક શ્રી સિદ્ધ ભગવંતની અપેક્ષાએ તે આદિ અનંત છે. અને પ્રવાહની અપેક્ષાએ તે શ્રી સિધ્ધ ભગવંતો અનાદિ અનંત છે.

એથી અહીં શંકા કરે છે કે– સર્વ ભવ્યજીવોમાં ભવ્યત્વ સમાન હોવા છતાં આવો ભેદ એટલે કે એક જીવ અમુક કાળે, બીજો જીવ અમુક કાળે સિદ્ધ થાય છે તેવો ભેદ શા માટે છે?

તેનો ઉત્તર આપતા જણાવે છે કે– તથા ભવ્યત્વાદિપણાને લીધે જ આવો ભેદ પડે છે. તથા ભવ્યત્વ એટલે તથા પ્રકારનું અમુક ફલ આપનાર ભવ્યત્વનો પરિપાક–ઉદય વિશેષ વળી આ તથા ભવ્યત્વાદિ વિચિત્ર પ્રકારનું એટલે કે દરેકે દરેક જીવોમાં જુદી જુદી જાતનું, અમુક અમુક કાળે જ પરિપાકને પામનારું અને ફળ આપનારું હોય છે. માટે જ આ તથા ભવ્યત્વાદિ ફળના ભેદવાળું છે એટલે દરેકનું જુદા જુદા કાળે પાકવાવાળું છે તેને લીધે જ દરેકના કાળમાં ભેદ પડે છે.

જો કે સર્વ ભવ્યજીવોમાં ભવ્યપણું તો સમાન જ છે પણ સહકારી કારણોના ભેદથી ફલમાં ભેદ થાય છે એમ માનીએ તો શું વાંધો આવે? આવી શંકાને દૂર કરતાં કહે છે કે– જો દરેકનું તથા ભવ્યત્વાદિ વિચિત્ર પ્રકારનું ન હોય તો સહકારી કારણોનો ભેદ પણ હોઈ શકે નહિ. અર્થાત્ દરેકે દરેક જીવનું તથા ભવ્યાત્વાદિ જુદા જુદા પ્રકારનું છે તેથી જ સહકારી કારણો પણ જુદાં જુદાં, જુદા જુદા સમયે મળી શકે છે. એટલે કે જેનું તથા ભવ્યાત્વાદિ જે જે કાળે પાકવાનું હોય તે તે કાળે તેને સહકારી કારણાદિ બધી સામગ્રી મળી રહે છે કેમકે સહકારી કારણાદિના ભેદને તથા ભવ્યાત્વાદિના ભેદની અપેક્ષા છે. અર્થાત્ તથા ભવ્યત્વાદિનો તેવો સ્વભાવ ન હોય તો તે તે સહકારી કારણાદિની પ્રાપ્તિ પણ થઈ શકે જ નહિ. આનું નામ જ અનેકાન્તવાદ છે અને તે જ ખરેખર તાત્વિકવાદ છે જેમાં દરેકે દરેક અપેક્ષિત કારણોનો સમાવેશ થયેલો છે. અને વાસ્તવિક એવો તે અનેકાન્તવાદ તથા ભવ્યત્વાદિને ભિન્ન ભિન્ન માનવાથી જ ઘટે છે. અનેકાન્તવાદ એ કાંઈ ફેર કુંઠીવાદ નથી કે જેને જેમ ફાવે તેમ મનઃ કલ્પિત અર્થ કરી શકે. જે 'સ્યાત્' પદથી લાંછિત હોય તે જ સાચો અનેકાન્તવાદ છે.

(ક્રમશઃ)

શાસન સમાચાર

વાપી-અત્રે શ્રી જૈન જ્ઞાન મંદીર ઉપાશ્રયે પૂ. આ. ભ. શ્રી હેમભૂષણ સૂ. મ. સા. તથા પૂ. મુ. શ્રી દીવ્યભૂષણ વિ. મ. સા. ની શુભ નીશ્રામાં શાહ છગનલાલ ઉમેદચંદના આત્મા શ્રેયાર્થે તેમના ધર્મ-પત્ની મણીબેન તરફથી ચૈત્ર સુદ ૧૪ થી પંચાન્હીકા જીનેન્દ્ર ભક્તિ મહોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયેલ ચૈત્ર સુદ ૧૫ ના શ્રી ઋહદ સિધ્ધચક્ર મહાપુજન ઠાઠથી ભણાવાયેલ વિધિ માટે નવસારીથી કનુભાઇ આવેલ ચૈત્ર વદ ૧૩ ના સવારે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ ખુબ જ સુંદર થઇ હતી ફળ નૈવેદ્યની ગોઠવણી અષ્ટમંગળની ગહુલી વગેરે લાલબાગ મુંબઇથી ડેકોરેશન વગેરેએ ખુબ સુંદર રીતે કરાવેલ વિધિવિધાન જામનગરવાળા નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલ સંગીતમાં સુરતના વિજય ગ્રોપકે સારી જમાવટ કરી હતી. બપોરે સાધર્મિક વાત્સલ્ય થયેલ સાંજે મહાપૂજનનું આયોજન મુંબઇવાળા દીલીપ-ભાઇ ઘીવાળાએ સુંદર રીતે કરેલ એકંદરે મહોત્સવ ખુબ જ ભવ્યરીતે ઉજવાયેલ પૂ. આ. ભ. વૈ. સુદ ૩ના અત્રેથી વિહાર કરી જેઠ વદમાં પાટણ પૂ. ગચ્છાધિપતીની નીશ્રામાં ઉપસ્થિત થવા ભાવના રાખે છે.

શ્રી શંખેશ્વર મહાતીર્થ- અત્રે પ. પૂ. દીર્ઘસંયમી પૂ. આ. ભ. શ્રી સુદર્શન સૂ. મ. સા. તપસ્વી સમ્રાટ પૂ. આ. દે. શ્રી રાજતિલક સૂ. મ. સા. તથા ગચ્છાધિ-પતિ પૂ. આ. ભ. શ્રી મહોદય સૂ. મ. સા. આદિ આઠ આઠ આ. ભ. આદિ વિશાલ મુનિ સમુદાયની શુભ નિશ્રામાં અમદાવાદ નિવાસી શાહ જયંતિલાલ આત્મારામ પરિ વાર તરફથી ચૌત્રી ઓળીનું આરાધન તેમજ પારણા ખુબ જ ભવ્ય રીતે થયેલ. ૮૦૦ આરાધકો હતા. ચૈત્ર સુદ ૧૩ ના શ્રી મહાવીર સ્વામિ ભ. ના જન્મકલ્યાણક નિમિતે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢેલ. ચૈત્ર સુદ ૧૫ના શ્રી ઋહદ સિધ્ધચક્ર મહા પૂજન ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટ્રીપ સુંદર થઇ હતી. સૌ ઓળીના આરાધકોનું સન્માન ચાંદીના પ્રીફળ વડે કરવામાં આવેલ નવપદજી ઓળીના આરાધકોનું બહુમાન શેઠશ્રી તરફથી ચાંદીના સિક્કા, શ્રીફળ તથા જુદા જુદા ભાવિકો તરફથી રૂપિયા વડે કરવામાં આવેલ આ નિમિતે નવછોડનું ભવ્ય ઉદ્યાપન કરવામાં આવેલ. ચૈત્ર વદ ૧ના પૂ. આ. ભ. સાંજે ભોરોલ તીર્થ તરફ વિહાર કરેલ છે. વિધિ-વિધાન જામ-નગરવારા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખુબ સુંદર રીતે કરાવેલ. સંગી-તમાં અત્રેના દીલીપ ઠાકુરે સારી જમાવટ કરી હતી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- પાપને પાપ માનનારો ત્યારે જ કહેવાય કે પાપ - કરતી વખતે દુઃખ સામે દેખાય,
- દુઃખમાં જે દુઃખી ન થાય અને સુખમાં જે સુખી ન થાય તેનું નામ ધર્માત્મા !
- ધર્મના સંસ્કારવાળું પુણ્ય એટલે પુણ્યાનું બંધી પુણ્ય.
- અધર્મ અને સંસારની ક્રિયા રસપૂર્વક કરે તેનો પરલોક બગડે.
- જે પૈસાના જ પ્રેમી છે, દાનનો જેને પ્રેમ નથી; ભોગ ના જ પ્રેમી છે, શીલનો પ્રેમ નથી; ખાવાપીવાદિ ભોજ મજાના જ પ્રેમી છે; તપના પ્રેમી નથી તેનું કદિ કલ્યાણ થવાનું નથી; એક નહિ અનેક પર્યુષણપર્વ આવે ને જાય તેનું કદિ ઠેકાણું પડવાનું નથી.
- કોઇ જેનો વૈરી ન હોય તેવો જીવ હોય તે જ સંવત્સરીનું પ્રતિક્રમણ સાચું કરી શકે, બાકી કરે તેનું પ્રતિક્રમણ ખોટું.
- જેને સંસાર ગમતો નથી અને મોક્ષ જ ગમે છે. તેની દુર્ગતિ હોય જ નહિ.
- કર્મ ખરાબ કરે તો ગભરાય નહિ અને કર્મ સારું કરે તો લોભાય નહિ તેનું નામ ધર્માત્મા.
- જેને અહિંસા સિધ્ધ થઇ ગઇ હોય તેની આગળ મહા હિંસક પ્રાણીઓ પણ અહિંસક થઇ જાય.
- 'દુઃખ સહન કરવાની શકિત આવે અને સુખ છોડવાનું જ મન થાય, ભોગવવાનું મન ન થાય આવી દશા પામવા માટે શ્રી નવકારમંત્ર ગણવાનો છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર, ૬૨૬ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક રેચ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વહવાણ સ્ટેટ (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯૯૪-૩૩

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

શ્રી જિન ધર્મ રૂપી દ્વીપ

દીવો તાણં સરીરીણં,
સમુદ્દે દુત્તરે જહા ।
ધમ્મો જિવિંદ પન્નત્તો,
તહા સંસાર સાગરે ।।

દુસ્તર એવા સમુદ્રમાં જેમ દ્વીપ-બેટ પ્રાણીઓનું રક્ષણ કરનાર છે તેમ આ સંસાર સાગરમાં શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલો ધર્મ જ રક્ષણહાર છે.

અઠવાડિક

વર્ષ ૮ | અંક ૩૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ટ્રસ્ટોને સ્પર્શતી આવકવેરા ધારાની જોગવાઈ

—નઠ્ઠરલાલ એસ. શાહ

આવકવેરા ધારો જુદા જુદા સ્થળે પહોંચતા રેલવેના પાટા જેવો છે. અમદાવાદ ની પોળમાં પોળ અને તેમાંય માર્ગ શોધતાં ગલીમાંથી પસાર થવું પડે તેના જેવો છે. હિમાલયના શિખર પરત્વે નજર નાંખી શકાય કિંતુ ત્યાં પહોંચતાં મુશ્કેલીઓનો અનુ-ભવ થાય તેના જેવો છે. આવકવેરા ધારો ગીતાના અઢાર અધ્યાયથી પણ વધુ પ્રકરણ ધરાવે છે. આવકવેરા ધારાની સઘળી જોગવાઈ સમજીને યથાયોગ્ય આયોજન કરવાનું કામ સહેલું નથી. કેટલાક કિસ્સામાં કરદાતાને અભિમન્યુના કોઠા વિતાવવા જેવી મથામણ કરવી પડે છે.

ધર્માદા અને ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ, ટ્રેરાસર અને ઉપાશ્રય તેમજ સંઘના વહીવટદારોને આવકવેરો સ્પર્શે છે અને તે કારણથી તેઓને સ્પર્શતી ધારાકીય જોગવાઇ નો ખ્યાલ તેમને રાખવો પડે છે.

આ લેખમાં અગત્યની કેટલીક બાબતોનો નિર્દેશ સંક્ષિપ્તમાં કરવામાં આવે છે.

આવકવેરા ધારાની કલમ ૨ માં કેટલાક શબ્દોની વ્યાખ્યા આપવામાં આવી છે. એમાં આવકવેરાના અધિકારીઓ, ધર્માદા હેતુ, કરદાતા [એસેસી] આવક, વ્યક્તિ ઇત્યા દિની વ્યાખ્યા ખાસ ધ્યાનમાં રાખવાની છે.

કલમ ૧૦ હેઠળ કરમુકત આવકની યાદી આપવામાં આવે છે તેમાં કેટલીક જમીનગીરીઓનું વ્યાજ, યુનીવર્સિટી કે કેળવણીની સંસ્થાની આવક, હોસ્પિટલ કે અન્ય પરગજુ સંસ્થા જ દર્દીઓની સારવાર કરતી હોય તેની આવક જાહેર કરાયેલા ફંડો, ધર્માદા અને ધાર્મિક સંસ્થાઓ જેઓ પોતાની આવક પૂરેપૂરી અને માત્ર તેના હેતુ માટે ઉપયોગમાં લે છે તેની આવક ઇત્યાદિનો સમાવેશ થાય છે. આ કરમુકત આવકની યાદીમાં સમય અને સંજોગો અનુસાર ફેરફાર થતો રહે છે.

ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટોના ટ્રસ્ટીઓએ ખાસ કરીને આવકવેરા ધારાન. પ્રકરણ ત્રીજાની કલમ ૧૧–૧૨,એ અને ૧૩ તેમજ તેની પેટા કલમનો ખ્યાલ રાખવો જોઇએ.

કલમ ૧૧ ધર્માદા અને ધાર્મિક હેતુ માટેની મિલકતની આવકને લગતી છે.

કલમ ૧૨ ટ્રસ્ટો કે સંસ્થાઓને મળતા ફાળાની આવક સંબંધી છે.

કલમ ૧૨એ ટ્રસ્ટોની નોંધણી અંગેની છે. (અનુ. ટાઇ. ૩ ઉપર)

હાલારોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા
(મુંબઇ)
હેમેન્દ્રકુમાર મોહનલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વઢવાણ)
પ્રાણલાલ ધરમશી ગુડકા
(થાણા)

વર્ષ : ૮] ૨૦૫૨ વૈશાખ સુદ ૫ મંગળવાર તા. ૨૩-૪-૯૬ [અંક ૩૩

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઇ - ૬. (પ્રવચન ૧૦ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

જ્ઞાનીઓ કહે છે કે— 'આ રાજ્ય તે સંસાર રૂપી વૃક્ષનું બીજ છે. આમ જે ન માને તે બધા અધમ છે. તે અધમોમાં અધમાધમ હું છું કે તે જાણવા છતાં છોડતો નથી.' આ સંસારની સુખ અને સંપત્તિ કેવી છે ? કોઇપણ સમકિતી તેને સારી કહે ? તે બેથી જે સાવધ હોય તે બચી જાય તે વાત જુદી પણ તે કહેવાય કેવી ? સારી કે ખરાબ ?

આજે તમને મળેલા અર્થ અને કામ તમારૂં હિત કરે છે કે અહિત કરે છે ? તમારી પાસે પૈસો હોવા છતાં દાન દેવાનું મન થાય છે કે પૈસો વધારવાનું મન થાય છે ? તમારી પાસે હાલમાં જે પૈસો છે તેમાં તમારું જીવન મજેથી ચાલે તેમ છે તો શું કામ અધિક પૈસો મેળવવા જાવ છો. ધર્મ માટે પણ પૈસો કમાવવાની ભગવાને ના પાડી છે

સભા૦ લોભ સતાવતો હોય તો.

ઉ૦ લોભ ભૂંડો છે કે સારો છે ? લોભ ભૂંડો જ છે. શાસ્ત્રે સંસારની કોઈપણ વસ્તુના લોભને સઘળાં ય પાપનો બાપ કહ્યો છે. તે એકાન્તે કે અનેકાન્તે– ! ભગવાનનો સ્યાદ્વાદ તે કુદડીવાદ નથી.

આપણે તો કર્મરહિત થવાની મહેનત કરવાની છે. કર્મ બંધાય તેવાં કામથી દૂર રહેવાનું છે.

સભા૦ ધર્મનો લોભ કરે તે સારો કહેવાય કે ભૂંડો કહેવાય ?

ઉ૦ ધર્મનો લોભ કરવાની કોને ના પાડી છે ! આ તો અર્થ-કામના લોભને ખરાબ કહું છું. સમકિતી અર્થ-કામને સારા માને જ નહિ.

ભગવાને કહ્યું છે કે, જગતમાં ચાર પુરુષાર્થ કહેવાય છે પણ ખરેખર પુરૂષાર્થ એક મોક્ષ જ છે જે મેળવવા જેવો છે. ધર્મ પણ પુરૂષાર્થ છે પણ કયો ધર્મ પુરૂષાર્થ કહેવાય ? મોક્ષ અપાવે તે જ ધર્મ પુરૂષાર્થ છે. અર્થ અને કામ તો નામના પુરુષાર્થ છે. અનર્થકારી છે. તે બે માટે કરેલો ધર્મ પણ અનર્થને કરનારો જ છે. તેનો નિષેધ કરવા માટે ભગવાને ધર્મ આશંસા વિના કરવો જોઇએ એમ કહ્યું છે.

ધર્મ શા માટે કરવાનો છે ?

સભા૦ મોક્ષ માટે.

રંગ રાખ્યો.

દુનિયાનું સુખ મળે, પૈસા-ટકાદિ મળે તે માટે ધર્મ કરાય ?

સભા૦ ઊંડે ઊંડે હજી તે વાત આવી જાય છે.

ઉ૦ તે વખતે દુઃખ થાય છે ખરું ? તે વાત આવતાની સાથે જ દુઃખ થતું હોય તો તેનામાં ધર્મ પામવાની હજી યોગ્યતા છે. બાકી પૈસાને અને દુનિયાદારીના સુખને સારા માને તે બધા મિથ્યાદૃષ્ટિ છે. દુનિયાનું સુખ અને તેનું સાધન પૈસો ખરાબ છે એમ સમજાવવા છતાં ય જેને તે વાત રૂચે જ નહિ તે બધા ગાઢ મિથ્યા દૃષ્ટિ છે.

શાસ્ત્રે કહ્યું છે કે, અચરમાવર્ત્તકાળમાં એટલે કે એક પુદ્ગલ પરાવર્ત્તકાળથી અધિક સંસાર જેનો બાકી છે તે જીવ ગમે તેટલો ધર્મ કરે તો પણ તે ધર્મ, ધર્મરૂપ બને નહિ. તે ધર્મ તેને સંસારનું સુખ આપે પણ આત્માનો ધર્મ ન પામવા દે. અભવ્યો દુર્ભવ્યો અને ભારે કર્મી ભવ્ય જીવો નિર્દોષ ચારિત્રનું પાલન કરી અનંતીવાર નવમા ગ્રૈવેયકે જાય છે છતાં પણ ભગવાનનો ધર્મ પામતા નથી. કારણ કે તે અર્થ-કામનો જ ભિખારી છે. અચરમાવર્ત્તવર્તી જીવોને ધર્મ કરવા છતાં ધર્મ કરવા જેવો લાગે જ નહિ. જે જીવ ચરમાવર્ત્તમાં આવ્યો હોય અને લઘુકર્મી થયો હોય તે જીવ પોતાની સમજનો ઉપયોગ કરે તો અર્થ અને કામ માટે ધર્મ કરે જ નહિ. તે જીવ સમજે છે કે 'અર્થ અને કામ ભૂંડા છે, ઇચ્છવા જેવા નથી, ભોગવવા જેવા નથી, મેળવવા જેવા નથી, તે બે જાય તો રોવા જેવું નથી અને બેને મૂકીને જવાનો વખત આવે તો ખુશી થવા જેવું છે. હાશ! કાશ ગઇ'.

તમારી પાસે પૈસા છે તો ચાલ્યા જાય તો તમને દુઃખ ન થાય ને?

સભા૦ મન મનાવી લઇએ.


ઉ૦ આર્ત્તધ્યાન કરી કરીને ઘણા મરી ગયા. પૈસા ગયા, પણ પાછા પણ ન આવ્યા.

તમને અર્થ અને કામ કેવા લાગે છે? ભૂંડા લાગે છે કે મેળવવા જેવા લાગે છે? છોડવા જેવા લાગે છે કે ભોગવવા જેવા લાગે છે? હોવા પડે તેમે પાપનો ઉદય માનો કે, પુણ્યોદય માનો છો? તે બે પુણ્ય વિના મળે નહિ પણ તે બેને મેળવવા જેવા માને તે ભયંકર પાપોદયવાળો જીવ છે. તેને શાસ્ત્રે મહામિથ્યાદૃષ્ટિ કહ્યો છે. તે તો કહે કે, 'તે બે વિના તે ચાલે! તે તો મેળવવા જ જોઇએ. તેને મેળવવા મહેનત કરવી જ જોઇએ, ભોગવવા જ જોઇએ.' આવું માનો તો સમકિત આવે? તમારે સમકિત જોઇએ છે?

સભા૦ તે માટે તો આવીએ છીએ.

ઉ૦ તો અર્થ અને કામને ભૂંડા લગાડવા જ પડશે. એકાંતે ભૂંડા જ છે એમ કહેવું પડશે. તે બેની જરૂર પડે તે ય ભૂંડું જ છે એમ માનવું પડશે. તો જ વિરાગ જીવતો અને જાગતો રહેશે. [ક્રમશઃ]

દયા ધર્મનું મૂળ છે. શ્રી મહાવીરાય નમઃ ☎ Pre 20075 off 20340



ESTD SY 2028 TRuST ACT.No. E 379 KACHCHH
Donation is Exed.U-S.80-G of Income T ACT,Vide
Certi No. CITR63-42-85-86 Upto 31-3-96

શ્રી જીવદયા મંડળ–રાપર–કચ્છ

ધર્મપ્રેમી ભાંડશ્રી,

શ્રી જીવદયા મંડળ રાપર સંચાલીત રાપર પાંજરાપોળને મદદ માટે અપીલ'

ચાલુ સાલે કચ્છમાં દુષ્કાળની સ્થિતિ હોઇ અબોલ જીવો નિભાવતી સંસ્થાઓ ખૂબ જ મુશ્કેલી ભરેલા સમયનો સામનો કરી રહેલ છે. વળી કચ્છના પાણીવાળા જે કોઇ વિભાગો હતા ત્યાં અવાર–નવાર અછત કે દુષ્કાળને લઇ પાણીના તળ ખૂબ જ ઉંડે જવાથી લગભગ દરેક જગ્યાઓએ પાણીની વિષમ સ્થિતિ થવા પામેલ છે. જેની અસર ઘાસચારાના ઉત્પાદન ઉપર પડે તે સ્વાભાવિક છે. કારણ કે લીલા ઘાસચારાને પાણીનું પ્રમાણ બીજા પાકની દૃષ્ટીએ ખૂબ વધારે જોઇએ છે. આમ દુષ્કાળમાં અધિક માસ ઓ ન્યાયે (જો કે આ વરસે તો આમ પણ અધિક માસ છે ખરું ને ?] મુશ્કેલીમાં વધારો થતો રહ્યો છે.

આમ ઘાસની અછત, ઘાસના ખૂબ ઉંચા ભાવ સાથે ઢોરોનું પણ મોટું ભારણ એવી ત્રેવડી મુશ્કેલીઓ અમારી આ સંસ્થા શ્રી જીવદયા મંડળ રાપર વહન કરી રહેલ છે. આ સંસ્થામાં હાલ ઢોરોની સંખ્યા ૩૫૦૦ આસપાસ થઇ જવા પામેલ છે. સંસ્થાને રોજીંદુ ખર્ચ રૂા. ૩૦,૦૦૦–૧ આસપાસ લાગે છે જેથી સંસ્થાને આર્થિક સહયોગની ખાસ આવશ્યકતા છે. તો સૌ જીવદયા પ્રેમી ભાઇ–બહેનોને આ સંસ્થાને મદદ કરવા નમ્ર પણે પ્રાર્થના કરીએ છીએ તેમ અગાઉના કપરા સમયોમાં આપેલ સહયોગ બદલ આભારની લાગણી વ્યકત કરીએ છીએ.

''જો મળશે આપનું દાન તો બચશે પશુઓના પ્રાણ''

લી.

ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ રાપર
રાપર (વાગડ) કચ્છ

પત્ર વ્યવહારનું સરનામું :
શ્રી જીવદયા મંડળ રાપર
રાપર (વાગડ) કચ્છ

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૬૩. શત્રુઘ્નની મધુરાજ ઉપર ચઢાઈ

'વત્સ! તારી જે દેશ માટેની ઇચ્છા હોય તે તું માંગ'

'મને મથુરા નગરી આપો'

'વત્સ! મથુરા નગરી તો દુઃસાધ્ય છે. ત્યાંના મધુરાજા પાસે ચમરેન્દ્રએ આપેલું શૂલ છે ને યોજનો દૂરથી પણ શત્રુનો વિનાશ કરીને પાછું તેના હાથમાં આવી જાય છે.'

'હે રાક્ષસકુળના સંહારક! વડીલ બંધુ! હું તમારો જ સૌથી નાનો ભાઇ શત્રુઘ્ન છું. મારી સાથે સંગ્રામ ખેડનારા તેની રક્ષા કોણ કરી શકશે? મને મથુરા-નગરી જ આપો. હું મારી જાતે જ મધુનો પ્રતીકાર કરીશ.'

શત્રુઘ્નના અત્યંત આગ્રહને જોઇને રામચન્દ્રજીએ શત્રુઘ્નને સૂચના આપી કે'– પ્રમત્તદશામાં હોય અને શૂલ વગરનો હોય ત્યારે જ તારે મધુરાજા સાથે યુદ્ધ કરવું.' આમ કહીને બે અક્ષય બાણવાળા ભાથા આપ્યા. અને કૃતાન્તવદન નામના સેનાપતિને પણ શત્રુઘ્ન સાથે જવા આજ્ઞા કરી.

અને લક્ષ્મણે અગ્નિમુખ બાણો તથા અર્ણાવાવર્ત ધનુષ્ય આપ્યું.

ત્યાર પછી સતત સૈન્ય સાથે પ્રયાણ કરતાં શત્રુઘ્ન મથુરા નગરીની નજીક આવી પહોંચ્યા.

ત્યાં શત્રુઘ્નએ સૌ પ્રથમ ગુપ્તચરોને નગરીમાં મોકલ્યા. તેમણે આવીને શત્રુઘ્નને કહ્યું–' મથુરા નગરીના પૂર્વદિશાના કુબેર ઉદ્યાનમાં જયન્તી નામની પત્ની સાથે ત્યાં મધુરાજા ક્રીડા કરી રહ્યા છે. અને શૂલ તેના શસ્ત્રાગારમાં જ છે. આ સમય તેને સાધી=જીતી લેવા માટે અતિ ઉત્તમ છે.'

છળનિષ્ણાત શત્રુઘ્ન તે જ રાત્રે મથુરા નગરીમાં પ્રવેશી ગયો. અને પછી મથુરામાં પ્રવેશ કરી રહેલા મધુરાજાને શત્રુઘ્નએ સૈન્ય વડે ઓતર્યો. ગણતરીની ક્ષણોમાં જ ભીષણ સંગ્રામ શરૂ થયો.

રામાયણના સંગ્રામની શરૂઆતમાં લક્ષ્મણે ખર-ખેચરને ખલાસ કરી નાંખ્યો હતો તેમ શત્રુઘ્નએ મધુના પુત્ર લવણને હણી નાંખ્યો.

પુત્રના વધથી ક્રોધ પામેલા મધુએ દોડીને ધનુષ્યનો ટંકાર કર્યો. અને શત્રુઘ્ન સામે યુદ્ધ કરવા લાગ્યો.

બન્ને એકબીજા ઉપર અસ્ત્રો-શસ્ત્રો

છોડીને પરસ્પરના શસ્ત્રાસ્ત્રો તોડી નાંખતાં લાંબા સમય સુધી યુદ્ધ કરતાં રહ્યા.

હવે લક્ષ્મણે આપેલા અર્ણવાવર્ત ધનુષ્ય તથા અગ્નિમુખ બાણોને યાદ કરતાં હાથમાં આવેલા તે ધનુષ્ય ઉપર બાણ ચડાવીને બાણોથી શત્રુઘ્નએ મધુરાજાને વિંધિ નાંખ્યો.

બાણોથી વિંધાઈ ગયેલા મધુરાજા વિચારવા લાગ્યા કે 'મારા હાથમાં ન તો શૂલ આવ્યું કે ન તો શત્રુઘ્નનો સંહાર હું કરી શકયો.

મેં જિનેશ્વર ભગવંતની પૂજા ન કરી, ચૈત્યો પણ ન કરાવ્યા કે સુપાત્રે દાન પણ મેં તો ના દીધું. અરેરે! મારો આ જનમ ફોગટ જ એળે ગયો.'

આ પ્રમાણે વિચારણા કરતાં, દીક્ષા સ્વીકારેલા નમસ્કારમાં પરાયણ મધુરાજા મૃત્યુ પામીને સનતકુમારમાં મહા-ઋધિ સંપન્ન દેવ થયા.

મધુના શરીર ઉપર દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. અને મધુ દેવ જય પામો તેમ ઘોષણા કરી.

દેવતારૂપ પેલું શૂલ ત્યાંથી સ્વયં ઉડીને ચમરેન્દ્ર પાસે ગયું અને છળકપટથી મધુના શત્રુઘ્નથી થયેલા મૃત્યુની વાત કરી.

મિત્રવધના સમાચારથી રોષથી સમસમી ઉઠેલા ચમરેન્દ્ર સ્વયં મિત્રઘ્ન= મિત્રના હત્યારા શત્રુઘ્ન પાસે જવા નીકળ્યા

જતાં ચમરેન્દ્રને વેણુધારીએ કહ્યું કે- 'ધરણેન્દ્રએ રાવણને આપેલી શક્તિને પ્રકૃષ્ટ પુન્યથી અર્ધભરતેશ્વર લક્ષ્મણે હતપ્રભ કરી નાંખીને રાવણ જેવા રાવણને પણ હણી નાંખ્યો હતો. શત્રુઘ્ને તો લક્ષ્મણના આદેશથી મધુને હણી નાંખ્યા છે. શત્રુઘ્ન આગળ મધુનું ગજું કેટલું?

ચમરેન્દ્રે કહ્યું કે- અમોઘ વિજયા શક્તિતો વિશલ્યાના બ્રહ્મચર્યના તેજથી હતપ્રભ થઇ હતી. પણ હવે લક્ષ્મણ સાથેના તે પટ્ટરાણી વિશલ્યાના સંભોગથી તેનો પ્રભાવ ખલાસ થઇ ગયો છે. ખેર... પણ મારે તેથી શું? મારે તો મારા મિત્ર હત્યારા શત્રુઘ્નને જ હણી નાંખવો છે.'

આમ કહીને રોષથી ચમરેન્દ્ર શત્રુઘ્નની નગરીમાં આવ્યો. અને પહેલા પ્રજાને ઉપદ્રવ કરીને પછી શત્રુઘ્નને ઉપદ્રવ કરવા વિચાર્યું.

આથી ચમરેન્દ્ર તેની પ્રજામાં જાત-જાતની વ્યાધિઓ વિકુર્વી દીધી. અને આ વાતની જાણ કુલદેવીએ શત્રુઘ્નને કરતાં શત્રુઘ્ન તરત જ રામ-લક્ષ્મણ પાસે અયોધ્યા જતા રહ્યા..

તે જ સમયે ત્યાં અયોધ્યામાં પધારેલા દેશભૂષણ કુલભૂષણ કેવલી ભગવંતે રામચંદ્રજીના પ્રશ્નનો જવાબ દેતા કહ્યું કે- વારંવાર મથુરા નગરીમાં મધુરાજાનો જીવ ઉત્પન્ન થયો છે. તેથી તેને મથુરાનું આકર્ષણ છે. અને પૂર્વભવો કહીને અંતે કહ્યું કે- 'આ કૃતાન્તવદન સેનાપતિ પણ શત્રુઘ્નનો પૂર્વભવનો મિત્ર છે.'

અત્યારે મથુરામાં ચમરેન્દ્રે જાત-જાતની વ્યાધિઓ વિકુર્વી છે છતાં ત્યાં ચોમાસુ પધારેલા સપ્તર્ષિ=સાત ઋષિ મુનિવરોના તપના પ્રભાવથી તે વ્યાધિઓ નાશ પામી છે.'

જઈને શત્રુઘ્નએ સપ્તર્ષિનો પરમ ઉપકાર વ્યક્ત કરીને આહારગ્રહણ કરવા વિનંતી કરતાં કહ્યું કે-અમને રાજપિંડ ન કલ્પે. હવે આ ચાતુર્માસ પૂર્ણ થયુ છે. હવે અમે તીર્થયાત્રા કરવા વિચરશુ મુનિઓ એક સ્થળે સ્થિર રહેતા નથી.

આ નગરીમાં તું દરેક ગૃહસ્થના ઘરે અરિહંત પરમાત્માના બિંબને કરાવડાવજે. જેથી અહીં હવે પછી કયારેય કોઇની પણ કોઇને પણ વ્યાધિ થશે નહિ.'

આટલું કહીને તે સાતેય જંઘાચારણ ની લબ્ધિવાળા મુનિવરો આકાશમાર્ગે અન્યત્ર વિચરી ગયા.

શત્રુઘ્નએ પણ તે સપ્ત-ઋષિઓની રત્નમયી પ્રતિમા તૈયાર કરાવીને મથુરાની ચારેય દિશામાં સ્થાપન કરાવી.

આ બાજુ રત્નપુરના રત્નરથ રાજાને યુવાન રાજકુમારી મનોરમાના વર અંગે ચિંતા થતા નારદે લક્ષ્મણજીનું નામ જણાવતાં ક્રોધાયમાન થયેલા રત્નરથ રાજાએ સેવકોને નારદને મારવાનો ઇશારો કરતાં ઉડીને નારદ સીધા લક્ષ્મણ પાસે જઇ બધી હકીકત કહેતા લક્ષ્મણે રામચંદ્ર સાથે આવીને રત્નરથને જીતી લેતાં રત્નરથે રામને શ્રીદામા અને લક્ષ્મણને મનોરમા આપી

વૈતાઢયની બન્ને શ્રેણિને બળદેવ-વાસુ દેવે જીતીને વશ કરી.

લક્ષ્મણની સોળ હજાર પત્નીઓમાં વિશલ્યા, રૂપવતી, વનમાલા, કલ્યાણમાલા, રત્નમાલા, જિતપદ્મા, જયવતી અને મનોરમા આ આઠ પટ્ટરાણીઓ હતી. અને અઢીસો પુત્રો હતા.

રામચંદ્રજીને સીતા, પ્રભાવતી, રતિનિભા, શ્રીદામા એ ચાર રાણીઓ હતી.

સમય પ્રસાર થઇ રહ્યો હતો.

આંડવલા (રાજસ્થાન) માં શાસન-પ્રભાવના-ચૈત્રી પૂનમી તા. ૩-૪-૯૬ બુધવારના દિવસે પ. પૂ. વ્યાખ્યાન-વાચસ્પતિ આ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂ. મ. સા.ના સમુદાયવર્તી પ. પૂ. વર્ધમાન તપોનિધિ અભિવર્ય શ્રી કમલરત્નવિજયજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. પ્રવચન-પ્રભાવક ગણિવર્ય શ્રી દર્શનરત્ન વિ. મ. સા. પ. પૂ. રપષ્ટ-વક્તા મુનિરાજ શ્રી જ્ઞાનેશ્વરત્ન વિ. મ. પ. પૂ. પ્રજ્ઞારત્ન વિ. મ. સા. પ. પૂ. સાધ્વીજી મૈત્રીસુધાશ્રીજી આદિ ઠાણાનું ૪૫ ચાતુર્માસ ભોયણીતીર્થ પટવારી તરફથી વાજતે ગાજતે પોતાના ઘરે પધરામણી કરાવી ઘેર પ્રવચન-ગુરૂપૂજન-પ્રભાવના આદિ થયેલ. ત્યાંથી વાજતે ગાજતે દાદાવાડી શ્રી શાંતિનાથ પ્રભુના દર્શન ચૈત્યવંદન કરી સંઘસાથે શ્રી સિદ્ધાચલના પટના સામુહિક પાંચ ચૈત્યવંદન તથા ૨૧ ખમાસણા થયેલ ત્યારે પછી પ્રવચનમાં શ્રી શત્રુંજયનો મહિમા તથા ઓળીના નવમાં દિવસે સમ્યકત્વ તથા શ્રીપાલરાસનુ વાંચન થયેલ. પછી સંઘપૂજન ગુરૂપૂજન આદિ થયેલ.



પ્યારા બાલમિત્રો,

બાલવાટિકા દિવસે–દિવસે તમારી સમક્ષ અવનવી સામગ્રી લઈને ઉપસ્થિત થાય છે. તમને વાહલી લાગે છે તે તમારા પુષ્પોની સુવાસથી જાણી શકાય છે.

બાલવાટિકામાં ઘણા બાળકોના લખાણો આવે છે. ઘણાખરા લખાણો છપાય છે. ને ઘણા આબાલવૃદ્ધના લખાણો છપાતા નથી તેનો તમે અસંતોષ જાહેર કરો છો. પરંતુ મારી સ્થિતી નાજૂક છે. મારી મર્યાદા ટુંકી છે. સંસ્કાર પોષક લખાણો મારે પીરસવાના છે. સંસ્કાર સિંચન થાય તેવું હળવું લખાણ પીરસવા માટે મારે જાગૃત રહેવું પડે છે. સંસ્કાર પોષક પીરસાયેલો રસથાળ તમને સૌને ગમે છે તો પછી તમારા લખાણો પણ તેને અનુરૂપ આવે તેવા લખીને મોકલો તો વધુ અનુકૂળ અને તમને પણ સંતોષ થશે.

હવે,

મહા મુશ્કેલીએ મળેલી પાંચ ઇન્દ્રીયોમાંથી ચોથી ચક્ષુન્દ્રિયનો જે રીતે ઉપયોગ કરી રહ્યા છો તે ખરેખર વિચારણીય છે. રાત, દિવસ ચાલતી ટી. વી. ઉપરની જુદી જુદી ચેનલો જોઈને નાના નાના ભૂલકાઓ બરબાદ થઈ રહ્યા છે, થઈ ગયા છે અને થતાં રહેશે. નાના બાળકો ટી. વી. ઉપરના મારફાડનાં દૃશ્યો જોઈ પોતાની સાથે ભણતા નાના બાળકોની સાથે પણ વાતવાતમાં મારઝુડ કરે છે. અરે! હત્યા સુધી પણ પહોંચી જાય છે.

જીવનને અધોગતિના પંથે લઈ જનારા ભૂલકાઓ સગી બેનને પણ ખુલ્લી ગેરવર્તન કરવા ઉત્સાહિત બને છે.

આવા ભયંકર કોટિના દૃશ્યો જોઈ જીવન બગાડવું તે શું યોગ્ય છે? જરા વિચારજો...

ઉઠયા ત્યારથી સવાર સમજી થતી જાય. અશ્લીલ દૃશ્યો પ્રગટ કરતી ચેનલો જોવાનું માંડી વાળી જીવનને નવે માર્ગે જોડતાં થઈ જાવ તેવી ભલામણ.

વિશિષ્ટ-જૈન શાસન કાર્યાલય, જામનગર.

આજનો વિચાર

સંતોષ એ સુખની ચાવી છે.

'ય' ની કરામત

૧. પટરાણી કુખે
૨. પદ્માસન
૩. પદ્મપ્રભુ
૪. પદ્મપુષ્પ
૫. પાણની ટીકડી

સુલશા

જ્ઞાન ગમ્મત

૧ અશોક વૃક્ષ	૭ દુંદુભિ
૨ સુરપુષ્પવૃષ્ટિ	૮ છત્ર
૩ દિવ્ય ધ્વનિ	૯ અપાયાપગમ
૪ ભામંડલ	૧૦ જ્ઞાન
૫ આસન	૧૧ પૂજા
૬ ભામંડલ	૧૨ વચન

હરેશભાઈ એચ. મહેતા પૂના
સં. હરેશભાઈ એમ. મહેતા
રાજકોટ

'ચ' ની કરામત

૧ ગૃહસ્થો જયણા માટે ઘરમાં બાંધે છે.
૨ રાજગૃહીમાં શ્રી વીર પ્રભુએ કેટલા કેટલા ચોમાસા કર્યા ?
૩ પુસ્તકનો પર્યાયવાચી શબ્દ
૪ આદિનાથ ભગવાનની દીક્ષા કયે દિવસે થઇ ?
૫ તેજ ભવે મોક્ષે જનારને શું કહેવાય છે?

સાચું કે ખોટું ?

૧ વિચરતા ભગવાનની અષ્ટપ્રકારી પૂજા થઇ શકે ?

૨ મેઘરથ રાજાએ કબૂતર બચાવી તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

૩ ભગવાન દેશના આપી દેવછંદામાં આવી સૂઇ જાય છે

૪ ઘંટનાદ સૌ પ્રથમ કરવો જોઇએ.

૫ આરતીમાં સાત દિવા હોય છે.

૬ તિવિહારમાં રાત્રે એક જ વાર પાણી પીવાય છે.

૭ કેવળજ્ઞાન બાદ ભગવાન સ્વપ્નું જુએ છે.

૮ ભગવાન નિર્વાણ વખતે ધ્યાનમાં હોય છે.

૯ બીજે દિવસે ઉપવાસ કરવો હોય તો આગલે દિવસે ચોવિહાર કરવો જોઇએ

૧૦ પંચ પરમેષ્ટિના ૧૦૮ ગુણો છે તેમાંથી ત્રણ અત્યારે હાજર છે.

અંકિત સુરત

કથાનકે

રાજગૃહી નગરી જગવિખ્યાત હતી. તેનો રાજા શ્રેણિક હતો. પરમ પુણ્યશાળી અને અનેક ગુણ સંપન્ન રાજાની નગરીમાં એક શ્રાવક રહેતો હતો. તે હંમેશા રૂની

ચાલતા ૧૨મા

ટોકડાથી જ તે પોતાનું ગુજરાન ચલાવતો હતો. તે સંતોષી જીવડો પૂણીયા શ્રાવક નામે પ્રસિધ્ધ હતો.

પ્રભુ વીરનો અનન્ય ભક્ત હતો. પ્રથમ પંક્તિમાં જ જેઓશ્રી બિરાજતા હોય તેવા તે અત્યંત ધનવાન શ્રાવક હતા. લાભાંતરાયના ઉદયના કારણે વધારે ધન મળતું નથી પ્રાપ્તિ નથી પણ સંતોષ જબરો હરરોજ સાધર્મિક વાત્સલ્ય કરવાના હેતુથી બન્ને જણા એકાંતરે ઉપવાસો કરતાં હતા. એ સિવાય જે આમાંથી કંઇક બચાવીને હરરોજ પ્રભુની સુંદર પ્રકારે ભક્તિ કરવી કુલના પગર ભરતા.

બન્ને દંપતી હરરોજ સાથે બેસીને સામાયિક કરતા. તેમનું દ્રવ્ય પણ કેટલું શુદ્ધ એ માટે એક પ્રસંગ આપણે જોઇએ.

એક દિવસ સામાયિક કરવા બેઠાં ચિત્ત સ્થિર રહેતું નથી. ઘણી મહેનત કરી પણ અન્ય વિચારો આવી જાય તેથી પૂણીયા શ્રાવકે પૂછયું 'આજ ચિત્ત બરાબર સ્થિર કેમ નથી રહેતું' શું આપણા ઘરમાં કંઇ અનિચ્છિનું અથવા અકલ્પનીય વસ્તુ આવેલ છે? શ્રાવિકા અચકાયું બોલવાનું લાગી અને વિચાર કરી બોલી.

'બીજું તો કાંઇ નહી પણ આજે માર્ગમાં પડેલ અજાણ્યા છાણા હું લાવી છું. શ્રાવકે કહ્યું 'તમે ભૂલ કરી છે.' એ છાણાં તો રાજદ્રવ્ય ગણાય. એ આપણાથી લેવાય નહિ રખાય નહિ, ચાખવા યોગ્ય નથી માટે પાછા રસ્તા ઉપર નાંખી દો શ્રાવિકાએ પણ તે પ્રમાણે કર્યું. આનંદપૂર્વક સામાયિક પૂર્ણ કર્યું.

એક વખત રાજા શ્રેણિકે પ્રભુ મહાવીરને પોતાનાગતિ માટે પ્રશ્ન પૂછયો.પ્રભુએ નરક ગતિ જણાવી. પ્રભુ મારે નરકે નથી જવું. નરકે ન જવાય તેના ઉપાયો બતાવો પ્રભુએ અન્ય અન્ય ઉપાય બતાવ્યા. સાથે પૂણીયા શ્રાવકના સામયિકને વેચાતા લેવાનો ઉપાય પણ બતાવ્યો.

રાજા શ્રેણિક પૂણીયા શ્રાવકના ઘરે ગયો માથાનો મુગટ ઉતારી પૂણીયાના ખોળામાં મુકયો. સામાયિક વેચાતું લેવાની વાત કરી આ સાંભળી પૂણીયા શ્રાવક બોલ્યા, સામાયિકની કિંમત હું જાણતો નથી. જેને આપીને વેચાતું લેવાનું કહ્યું તેને જ પૂછી લો તે વધારે સારું.

પ્રભુ વીરને પૂછતાં પ્રભુ વીરે જણાવ્યું. 'સમગ્ર રાજય આપવાથી પણ તેની કિંમત ચુકવી શકાય તેમ નથી'.

રાજા શ્રેણિક નિરાશ થઇ સ્વસ્થાને ગયો.

સંતોષી પૂણીયા શ્રાવકની જય હો!

ઉપેન્દ્રભાઇ

હાસ્ય હોજ

શિક્ષક: વિદ્યાર્થીઓ તમારામાંથી જે સૌથી આળસુ હોય તે આંગળી ઉંચી કરે.

(થોડીવાર થવા છતાં કોઇએ આંગળી ઉંચી કરી નહી.) આથી શિક્ષક બોલ્યા અલ્યા વીતરાગ તું તો ખુબજ આળસુ છે છતાં કેમ આંગળી ઉંચી નથી કરતો?

વીતરાગ: (બેઠાં બેઠાં) એય માસ્તરજી એમ છે ને મને તો આંગળી ઉંચી કરવાની આળસ આવે છે.

વીતરાગ એમ. મરઠીયા

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર
—પૂ. મુનિરાજ શ્રી
પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૧]

અન્યથા એટલે સર્વથા પ્રકારે ભવ્યત્વાદિની tulyata માનીએ તો તે એકાંતવાદ નિશ્ચયવાદ જ કહેવાય. અને જે એકાન્તવાદ તે જ મિથ્યાત્વ છે. કેમકે, આવો એકાન્તવાદ માનવાથી કાંઇપણ વ્યવસ્થા ઘટી શકે નહિ. કેમકે, તથા- ભવ્યત્વાદિનો ભેદ ન માનવાથી સહકારી કારણાદિનો પણ ભેદ થઇ શકશે નહિ. અને કર્મ પણ તેવા પ્રકારનું કર્મ હોવાથી કારક એટલે કર્તા પણ થઇ શકે નહિ અને જો કર્મનું તેવા પ્રકારનું સ્વભાવપણું ન હોય તો તે કારક પણ કહી શકાય નહિ. અને તેથી કરીને જ આ એકાન્તવાદથી ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન ફલની પ્રાપ્તિનો સંભવ ન હોવાથી આ સર્વ સમુચિત વ્યવસ્થા ઘટી શકે. નહિ તેથી જ આ એકાન્તવાદનો આશ્રય કરવો તે શ્રી અર્હંતનો મત નથી અને યોગ્ય પણ નથી.

આ જ વાતને સિદ્ધ કરવા બીજી યુક્તિ બતાવે છે કે-

૨.સંસારી જીવોને જ સિદ્ધપણું પ્રાપ્ત થાય છે બીજાઓને થતું જ નથી. કેમકે જે અભવ્ય- કયારે ય કર્મથી બધ્ધ ન થયા હોય તેવા- જીવો હોય તેને તાત્વિકી મુક્તિ ઘટતી નથી કેમકે મુક્તિ શબ્દનો અર્થ તેમને લાગુ પડતો નથી કારણ કે તેમને બંધનો જ અભાવ છે માટે. એટલે કે જે કર્મબંધથી રહિત હોય તેને કોનાથી મુકત થવાનું હોય ? વળી આ બંધ પણ પ્રવાહની અપેક્ષાએ જેને વર્તમાનકાળનો અનુભવ કર્યો છે તેવા અતીત ભૂતકાળની જેમ અનાદિકાળનો છે. તે અંગે કહ્યું પણ છે કે-

"भवति स नामातीतः, प्राप्तो यो नाम वर्तमानत्व ।
भविष्यंश्च नाम स भवति, यः प्राप्स्यति वर्त्तमानत्वम् ॥

અર્થાત્-"અતી (ભૂત) કાળ તે થાય છે જે વર્તમાનપણાને પામેલો હોય છે અને ભવિષ્યત્ કાળ તે થાય છે જે વર્તમાનપણાને પામવાનો છે."

જેમ અતીતકાળ અનાદિનો છે તેમ જીવોને પણ કર્મબંધ અનાદિનો છે. વળી જીવો જો પ્રથમ અબદ્ધ-કર્મબંધ રહિત હતા અને પછી તેમને કર્મબંધ થયો એમ જો

માનીએ તો સિદ્ધના જીવો પણ અબધ્ધ છે તેથી તેમને પણ ફરીથી કર્મબંધની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. તેથી કર્મથી બધ્ધ સંસારી જીવો અને કર્મથી મુકત સિધ્ધના જીવો વચ્ચે કાંઈ જ તફાવત નહિ રહે. તેથી મુકિતનો અભાવ થશે કેમકે બન્ધ તો અનાદિનો છે.

અહીં ફરીથી કોઈ શંકા કરે છે કે– જયારે બંધ તો અનાદિનો છે ત્યારે તેનું કારણ કાંઇ પણ નહિ હોવાથી તે બંધ સ્વાભાવિક કહેવાશે અને એમ માનવાથી સ્વાભાવિકપણાને લીધે જ તે બંધનો મોક્ષ પણ નહિ થાય એટલે કે મોક્ષનો જ અભાવ થશે. તો તેના ઉત્તરમાં જણાવે છે કે– આવી શંકા નહિ કરવી જોઇએ. કેમકે, જીવ અને કર્મનો બંધ અનાદિકાલીન હોવા છતાં પણ જેમ સુવર્ણ અને પત્થરના દૃષ્ટાંત વડે તે બંધનો પણ વિયોગ સંભવે છે અર્થાત્ તે વિયોગ અવિરુદ્ધ છે. જેમ સુવર્ણ અને પત્થર–માટીનો સંયોગ અનાદિકાળનો છે તો પણ અગ્નિના સંયોગથી તે બે નો વિયોગ થઇ શુદ્ધ સુવર્ણ જુદું પડે છે તેમ સમ્યકચારિત્ર–તપ આદિની આજ્ઞા મુજબની ક્રિયાના સંયોગથી કર્મબંધનો વિનાશ થઇ કેવલ શુધ્ધ નિરાકાર નિરંજન નિર્લેપપન એવો આત્મા જુદો પડે છે. તેમાં કોઇને પણ વિરોધ દેખાતો નથી. માટે નકકી થયું કે અનાદિકાલીન સંયોગનો પણ વિયોગ થઇ શકે છે.

હવે ફરીથી કોઇ શંકા કરે છે કે–"પ્રથમ અબદ્ધ જીવને દિદક્ષા–જોવા જાણવાની ઇચ્છા પ્રગટ થવાથી તેને બંધ થાય છે અને બધ્ધ થઇને મુકત થયેલા એવા આત્માને તે દિદક્ષા ઉત્પન્ન થતી નથી, તેથી તેને ફરી બંધ થતો નથી. આ રીતે માનવાથી બધ્ધ આત્માને અને મુકત આત્માનો તફાવત પણ રહેશે, કોઇ જ દોષ આવશે પણ નહિ માટે બંધને જ આદિ માનવો યોગ્ય છે.

તો આ શંકાનો ઉત્તર એ છે કે– પ્રથમથી જ અબધ્ધ એવો જીવ ઇન્દ્રિયોથી રહિત હોવાથી તેને કોઇ પણ દિદક્ષા ઉત્પન્ન થશે જ નહિ. કેમકે, જોવા–જાણવાની જે ઇચ્છા તે દિદક્ષા કહેવાય છે. તે દિદક્ષા ઇન્દ્રિયોથી જ થઇ શકે છે પણ જેઓને એકપણ ઇન્દ્રિયો છે જ નહિ તેને થતી નથી.

તો શંકાકાર એમ કહે છે કે– તે દિદક્ષાને અમે સ્વાભાવિક જ કહીશું. એટલે કે આત્માનો સહજ સ્વાભાવિક ધર્મ માનીને આત્માની સાથે જ રહેલી છે એમ માનીશું એટલે કોઇ જ દોષ નહિ આવે. (ક્રમશઃ)

卐

– જ્ઞાન ગુણ ગંગા –

(ગતાંકથી ચાલુ) –પ્રજ્ઞાંગ

ચોવીશે ભગવાનની માતાના, વ્યુત્પત્તિ અર્થ સાથે નામઃ

(૧) 'મરુદેવા મરુદ્ભિર્દીવ્યતે સ્તૂયતે (પૃષોદરાદિત્વાત્ તલોપઃ) મરુદેવ્યપિ'– દેવતાઓ વડે જેમની સ્તુતિ સ્તવના કરાઇ તે મરૂદેવા. પહેલા ભગવાનના માતા. મરૂદેવી એ પ્રમાણે પણ નામ છે.

(૨) 'વિજયા-વિજયતે'– જે વિજયવાળી છે તે વિજયા. બીજા ભગવાનના માતા

(૩) 'સેના-સહ ઇનેન જિતારિસ્વામિના વર્તતે' – શ્રી જિતારિસ્વામીની સાથે વર્તે રહે તે સેના. ત્રીજા ભગવાનના માતા.

(૪) 'સિદ્ધાર્થા-સિદ્ધા અર્થા અસ્યાઃ'– સિદ્ધ થયા છે અર્થ એટલે પ્રયોજનો જેણીના તે સિદ્ધાર્થા. ચોથા ભગવાનના માતા.

(૫) 'મઙ્ગલા-મંગલ હેતુત્વાત્'–મંગલનો હેતુ હોવાથી મંગલા. પાંચમા ભગવાનના માતા.

(૬) 'સુસીમા-શોભના સીમા મર્યાદાસ્યાઃ' – સુંદર છે સીમા એટલે મર્યાદા જેણીની તે સુસીમા. છઠ્ઠા ભગવાનના માતા.

(૭) 'પૃથ્વી-સ્થૈમ્ના પૃથ્વીવ'– સ્થિર છે પૃથ્વીની માફક જેઓ તે પૃથ્વી. સાતમા ભગવાનના માતા.

(૮) 'લક્ષ્મણા-લક્ષ્મીશોભાસ્ત્યસ્યાઃ'– લક્ષ્મી એટલે શોભા છે જેણીની તે લક્ષ્મણા. આઠમા ભગવાનના માતા.

(૯) 'રામા-ધર્મકૃત્યેષુ રમતે'– ધર્મકૃત્યોમાં જે રમે આનંદ કરે પામે તે રામા. નવમા ભગવાનના માતા.

(૧૦) 'નંદા–નંદતિ સુપાત્રેષુ'–સુપાત્રમાં આપવાથી જે વૃદ્ધિને પામે પ્રફુલ્લિત બને તે નંદા દશમા ભગવાનના માતા.

(૧૧) 'વિષ્ણુ–વેવેષ્ટિ ગુણૈર્જગત'–ગુણો વડે જે જગતમાં વ્યાપ્ત હોવાથી છે તે વિષ્ણુ. અગિયારમા ભગવાનના માતા.

(૧૨) 'જય-જયતિ સતીત્વેન'-સતીપણાથી જે જય પામે છે ઉત્કૃષ્ટ છે તે જયા. બારમા ભગવાનના માતા.

(૧૩) 'શ્યામા-શ્યામ વર્ણત્વાત્'-શ્યામ વર્ણ હોવાથી જે શ્યામા. તેરમા ભગવાનના માતા.

(૧૪) 'સુયશા-શોભનં યશોઽસ્યાઃ'-સુંદર છે યશ જેણીનો તે સુયશા. ચૌદમાં ભગવાનના માતા.

(૧૫) 'સુવ્રતા-શોભનં વ્રતમસ્યાઃ સુવ્રતા પતિવ્રતાત્વાત્'-પ્રતિવ્રતાપણાથી સુંદર છે વ્રત જેણીનું તે સુવ્રતા પંદરમા ભગવાનના માતા.

(૧૬) 'અચિરા-ન ચિરયતિ ધર્મકાર્યેષુ'-ધર્મકાર્યોમાં જે કયારે ય ઉતાવળ કરતી નથી, તે અચિરા. સોળમા ભગવાનના માતા

(૧૭) 'શ્રી : શ્રીરિવ'-લક્ષ્મી દેવીની સમાન શોભા-પ્રભા-કાંતિ છે જેણીની તે શ્રી સત્તરમા ભગવાનના માતા.

(૧૮) 'દેવી-દેવી ધ્રુવ'-દેવાંગના સમાન પ્રભા-કાંતિ છે જેણીની તે દેવી અઢારમા ભગવાનના માતા.

(૧૯) 'પ્રભાવતી-પ્રભાસ્ત્યસ્યાઃ'-જે પ્રભા કાંતિવાલી છે તે પ્રભાવતી ઓગણીસમા ભગવાનના માતા.

(૨૦) 'પદ્મા- પદ્મ એવ પદ્મા'-કમલના જેવી જે છે તે પદ્માવતી. વીશમા ભગવાનના માતા.

(૨૧) 'વપ્રા-વપતિ ધર્મબીજમિતિ'-ધર્મરૂપી બીજને જે વાવે તે વપ્રા. એકવીશમા ભગવાનના માતા.

(૨૨) 'શિવા-શિવહેતુત્વાત્'-કલ્યાણના હેતુ હોવાથી બાવીશમા ભગવાનના માતા.

(૨૩) 'વામા-મનોજ્ઞત્વદ્વામા પાપકાર્યેષુ પ્રતિકૂલ્યાદ્વા વામા'-મનોજ્ઞપણાથી વામા અથવા પાપકાર્યોમાં પ્રતિકૂલ થવાથી વામા. ત્રેવીશમા ભગવાનના માતા

(૨૪) ત્રિશલા-ત્રીણિ જ્ઞાનદર્શનચારિત્રાણિ શલતિ પ્રાપ્નોતીતી'-જ્ઞાન-દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નોને જે પ્રાપ્ત કરે તે ત્રિશલા. ચોવીશમા ભગવાનના માતા.

આ પ્રમાણે પહેલા શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનથી ચોવીસમા શ્રી મહાવીર સ્વામિ ભગવાનના, માતાના નામ વ્યુત્પત્તિ અર્થ સાથે કહ્યા.

યાત્રાર્થે જનારા માટે રેલ્વે મુસાફરી અંગે માહિતી

[પશ્ચિમ રેલ્વેના જુલાઇ ૧૯૯૫ના સમય પત્રક મુજબ]

૧. ૩૦ દિવસ અગાઉ ટિકીટ રીઝર્વ થાય. સંપૂર્ણ જુથમાં જનાર મુસાફરો માટે પણ એક જ ટિકીટમાં રીઝર્વેશન થાય.

૨. પરદેશી મુસાફરો માટે ૩૬૦ દિવસ અગાઉ રીઝર્વેશન થાય છે.

૩. સંજોગોવસાત્ જે વ્યકિતના નામનું રીઝર્વેશન હોય અને મુસાફરી કરી શકે તેમ ન હોય તો, સ્ટેશન માસ્તરને રજૂઆત આપી છૂટ્યા અગાઉ કરવાથી, કુટુંબની જ બીજી કોઇ વ્યકિતને ત્યાંથી બદલાવી મુસાફરી કરી શકાય છે.

૪. ૫૦૦ કિ.મી. થી વધારે અંતરની મુસાફરીની ટિકીટ હોય તો ૫૦૦ કી.મી.ની મુસાફરી અટકાવી શકાય છે. વધુમાં વધુ બે વખત મુસાફરી અટકાવી શકાય.

સામાન (લગેજ) લઇ જવા માટે અગત્યના નિયમો :

બીજા વર્ગ માટે ૩૫, સ્લીપર વર્ગ માટે ૪૦, એ.સી. ચેર અને એ.સી. સ્લીપર અને પ્રથમ વર્ગ માટેના મુસાફરોને ૭૦ કિ. ગ્રામ સામાન લઇ જવાની છૂટ છે. વધુમાં મુસાફર પોતાની સાથે મુસાફરી દરમ્યાન બીજા વર્ગમાં ૭૦, સ્લીપરમાં ૮૦, એ. સી. ચેરમાં અને બાકીના વર્ગની ટિકીટમાં ૧૦૦ કીલો હીઠ સામાન રાખી શકે છે. વધારે વજનનું સામાન 'બ્રેક-વાન'માં આપવું જરૂરી છે.

સામાન મુસાફરી શરૂ કર્યા અગાઉ વજન કરાવ્યો ન હોય અને વધારે વજનનો સામાન લઇ જતાં પકડાય તો સંપૂર્ણ સામાન માટેના વજનની કિંમત દંડ રૂપે ભરવો પડે છે. સામાનમાં વાજીંત્ર, ટી. વી. અને અન્ય પેડાની સાધનો માટે વજન તથા સાધન ધ્યાનમાં લઇ સામાનનો દર ચૂકવવો જરૂરી છે.

ટિકીટ રદ કરાવવાથી કેટલું નુકસાન થાય

૧. રીઝર્વેશન વગરની ટિકીટ ગાડી છૂટયા બાદ ૩ કલાક અંદર રદ કરાવો તો રૂા. ૧૦ ઓછા મળે.

૨. રીઝર્વ ટિકીટ બે દિવસ અગાઉ રદ કરાવો તો એ.સી. અને પ્રથમ વર્ગના રૂા. ૫૦, એ. સી. અને સ્લીપરના રૂા. ૩૦, એ.સી. રૂા. ૨૦ અને બીજા વર્ગના રૂા. ૧૦ ઓછા મળે.

૩. ગાડી છૂટવાના ચાર કલાક અગાઉ અને ૧ દિવસની અંદર રદ કરાવતાં ૨૫ ટકા ઓછા મળે.

૪. ગાડી છૂટી ગયા બાદના ૩, ૬ અને ૧૨ કલાક સુધી જો રીઝર્વ ટિકીટ ૨૦૦ અને ૫૦૦ કી.મી. ના અંતરથી વધારે અંતરની હોય તો ૫૦ ટકા ઓછા મળે. વેઇટીંગ લીસ્ટ અને આર. એ. સી. ટિકીટ રદ કરાવો તો રૂા. ૧૦) ઓછા મળે.

૫. સંજોગોવશાત મુસાફરીની તારીખ ફકત એક વખત રૂા. ૧૦) ભરી, બદલાવી શકાય છે. ટિકીટ રદ કરાવવાની જરૂર નથી.

૬. જો રીઝર્વ ટિકીટ ગુમ થાય અથવા ફાટી જાય તો ટિકીટની કિંમતના ૨૫ ટકા ગાડી છુટયા અગાઉ ભરવાથી ડુપ્લીકેટ ટિકીટ મળે.

૭. રેલ્વે દ્વારા નિમાયેલ ટ્રાવેલિંગ એજન્ટને પ્રત્યેક ફેરમાંના પહેલા મુસાફર માટે સેકન્ડ કલાસના રૂા. ૮) અને અન્ય વર્ગના રૂા. ૧૫) ચુકવવા પડે અને બાકીના પાંચ મુસાફરો માટે સેકન્ડ કલાસમાં વ્યકિતદીઠ પાંચ અને બીજા વર્ગો માટે રૂા. ૮) ચુકવવા પડે. વધારે કમીશન લેનાર એજન્ટ પાસેથી રસીદ મેળવી ફરિયાદ કરવાથી રકમ પાછી મેળવી શકાય છે.

	ટિકીટ બાકીમાં છૂટછાટની વિગતો	વર્ગ	ટકાવારી
૧	ઘરથી શાળા, કોલેજ, પરીક્ષા માટેના ઉમેદવાર તથા બાનગી વિદ્યાર્થીને.	દ્વિતીય	૫૦ ટકા
૨	આર્ટિકલ કલાર્કસ, રીસર્ચ સ્કોલર્સ	,,	૫૦ ટકા
૩	ભારત સ્કાઉટ્સ અને ગાઇડસ	,,	૨૫ ટકા
૪	વિદ્યાર્થી અને પાસ થયેલ ખર્ચ	,,	૨૫ ટકા
૫	અંધજન, શારીરિક ખોડખાંપણ, ક્ષય રોગના દર્દીઓ અને કેન્સર તથા લકવાના દર્દીઓની સંભાળ રાખનાર સાથે.	પ્રથમ અને દ્વિતીય	૭૫ ટકા
૬	પાગલ અને તેનુ ધ્યાન રાખનાર સાથે	પ્રથમ અને દ્વિતીય	૭૫ ટકા
૭	સંપૂર્ણ રીતે મુંગા અને બહેરા મુસાફરને	પ્રથમ અને દ્વિતીય	૫૦ ટકા
૮	૬૫ વર્ષથી ઉપરના વયોવૃદ્ધ નાગરિકને	દ્વિતીય	૨૫ ટકા

(કોન્ફરન્સ સંદેશ) મૂળરાજ નથુભાઇ ચંપત

કલમ ૧૩ ખુબ જ અગત્યની છે. ટ્રસ્ટના નાણાં કે ફંડને નિયત રીતે રોકવા જોઇએ તેનું ધ્યાન વહીવટદારોએ અને ટ્રસ્ટીઓએ રાખવું પડે છે.

દરેક ધર્માદા અને ધાર્મિક ટ્રસ્ટની નોંધણી આવકવેરા ધારા અન્વયે કરાવવી જોઇએ એટલું જ નહિ પણ ટ્રસ્ટને આવકવેરો ભરવાની વેળા આવે તે માટે ટ્રસ્ટની આવક હેતુને બાધ ના આવે તે રીતે નિયત પ્રમાણમાં ખર્ચવો જોઇએ. કોઇ સંજોગોમાં આવક ખાસ કોઇ હેતુ માટે એકત્રિત કરવાની જરૂરિયાત જણાય તો તે માટે નિયત અરજીમાં જરૂરી વિગત ભરીને તે માટેની મંજૂરી મેળવી લેવી જોઇએ.

પ્રસંગોચિત જણાવવું હિતાવહ લાગે કે આવકવેરા ધારા અન્વયેની નોંધણી સાર્વજનિક ટ્રસ્ટ ધારા હેઠળ ચેરીટી કમિશનર [ધર્માદા આયુકત]ને કરવી પડતી નોંધણી અને મજકુર ટ્રસ્ટના ધારા અન્વયે રાખવી પડતી તકેદારી અને કરવી પડતી કામગીરીથી અલગ છે.

દરેક ટ્રસ્ટ / સંસ્થાની બાબતમાં નીચે મુજબ કાર્યવાહી કરવી જોઇએ.

૧] કાયમી ખાતા નંબર મેળવી લેવો.

૨] કર્મચારીઓને પગાર ચુકવાય ત્યારે કલમ ૧૯૨ અન્વયે વેરાની રકમ કાપી લેવાની તેમજ મૂળભૂત જગાએથી વેરો કાપી લેવાની પ્રમાણપત્ર આપવાની તેને લગતું પત્રક આવકવેરા અધિકારીને મોકલી આપવાની ઇત્યાદિ કાર્યવાહીનું પાલન કરવું જોઇએ.

૩] નિયત ફોર્મમાં સમયસર આવક પત્રક ભરીને તેની સાથે અન્ય જરૂરી સ્ટેટમેંટો મોકલી આપવા.

૪] હિસાબો ઓડિટ કરાવવા તેમજ ઓડિટ રિપોર્ટ મેળવવો.

૫] ખરીદી કે જમા રકમ સંબંધી અકથી પેમેન્ટ કરવાની બાબત.

૬] કરમુકત પ્રમાણપત્ર મેળવવા અંગેની કાર્યવાહિ તેમજ તેની મુદત પુરી થાય ત્યારે તેને નવેસરથી રીન્યુ કરાવવાની બાબત. ઉપરોકત બાબત સંક્ષિપ્તમાં [redacted] છે. એ ધ્યાનમાં રહે કે આવક વેરાના દર ઉપરાંત અન્ય જોગવાઇ પ્રત્યે [redacted] વાથી કે તેનું યથાર્થ પાલન નહિ કરવાથી ટ્રસ્ટને વેરાની વધુ પડતી રકમ ભરવાની વેળા આવે છે એટલું જ નહિ પરંતુ વ્યાજ તથા દંડની જોગવાઇના ભોગ બનવું પડે.

'ટ્રસ્ટ'નું બીજું નામ છે વિશ્વાસ. વિશ્વાસપૂર્વક કાર્યવાહિ યથાર્થ રીતે બજાવવી અને જુદા જુદા કાયદાને અનુલક્ષીને ટ્રસ્ટનો વ્યવહાર ચલાવવો એ આજના યુગની અગત્યની આવશ્યકતા છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- ધર્મ એ સંસાર સુખનો વૈરી છે. ધર્મના આરાધકને દુઃખ આવે તો સાચો નાથી છે.
- વિષયનો વિરાગી કષાયોનો ત્યાગી નમાલો હોય નહિ,
- અનુકુળતા મજેથી ભોગવનાર માટે દુર્ગતિ સુલભ. પ્રતિકુળતા મજેથી ભોગવનાર માટે સદ્‌ગતિ સહજ.
- સુખના ભિખારી અને દુઃખના કાયર દુર્ગતિના મુસાફર !
- સુખમાં વૈરપણું ને દુઃખની મિત્રતા સુખી થવાનો સાચો ઉપાય.
- જેમાં અહિતથી પાછા ફરવાની અને હિતમાં પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપે તેવા વાક્યોનો સમુદાય હોય તેનું નામ ઉપદેશ.
- અંતરથી મોહની ગુલામી જેની જીવતી હોય તે સદા સુખી હોય.
- શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા જ સુખ આપે.
- સંસારનું સુખ જેને મીઠું લાગે તેને ભગવાનનો ધર્મ ઝેર જેવો લાગે.
- દેવ-ગુરુની સાચી આધીનતા જ કલ્યાણ કરે.
- જે દેવ-ગુરૂને આધીન નહિ તેનું કલ્યાણ થાય નહિ. જે મોહ ને આધીન હોય તે દેવ-ગુરૂને આધીન હોય નહિ. તેવા જીવો દેવ-ગુરૂ પાસે જતાં હોય તો તે મોહે શીખવેલું માંગવા જાય.
- [redacted]ગતને એવું ઘેન ચઢાવ્યું છે કે મોટોભાગ 'બેહોશ' બની ગયો છે. પણ [redacted] મૂરખ હોવાથી 'બાહોશ' માને છે.
- મોહની સાથે જેનો મેળ તે બધા ધર્મના વિરોધી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯૬૩-૩૪ ૫૧૨૩

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

ત્યાં સુધી જ છે.

तावन्महत्त्वं पांडित्यं,
कुलीनत्वं विवेकिता ।
यावज्जलति चित्तान्तर्नं,
पापः कामपावकः ॥

જ્યાં સુધી મનુષ્યના ચિત્તમાં દુષ્ટ-પાપી કામ રૂપી અગ્નિ પ્રજ્વલિત થતો નથી ત્યાં સુધી તેની મહત્તા, પંડિતાઇ, કુલીનતા અને વિવેકપણું છે.

અઠવાડિક

વર્ષ ૮ | અંક ૩૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

૦ તપગચ્છ ભટ્ટારક પૂ. શ્રી મુનિસુંદરસૂરિજી મ. સા. ના શિષ્ય પૂ. શ્રી વિબુધહર્ષભૂષણજી કૃત 'શ્રાદ્ધવિધિ વિનિશ્ચય' ગ્રન્થમાં કયા મતની કયારે ઉત્પત્તિ થઇ તે અંગે જણાવે છે કે–

'હું નંદ્રેંદ્રિયરુદ્ર કાલ જનિતઃ પક્ષોસ્તિરાકાંકિતો, વેદાબ્ધ્યાણુકાલ ઔષ્ટ્રિકભવો વિશ્વાર્કકાલે ચલઃ । ષટ્ત્રયકેંષુ ચ સાર્ધપૂર્ણિમ ઇતિ ખ્યાતેંદ્રિયાર્કે પૂનર્વર્ષે, ત્રિસ્તુતિકઃ કલૌ જિનમતે જાતાઃ સ્વકીયાગ્રહાત્ ।।

ભાવાર્થ : વિ. સં. ૧૧૫૯માં પૂનમિયા મત નીકળ્યો અને વિ. સ. ૧૨૦૪ માં ઔષ્ટ્રિકમત અર્થાત ખરતર ગચ્છ નીકળ્યો વિ. સં. ૧૨૧૪ માં અંચલ મત, વિ. સં. ૧૨૩૬ માં સાર્ધપૂર્ણિમા મત અને ૧૨૫૦ માં ત્રણ સ્તુતિક મત નીકળ્યો. આ બધા મતો કલિયુગમાં સ્વકીયાગ્રહાત–પોત પોતાના મિથ્યા આગ્રહથી નીકળ્યા પરંતુ જૈન સિદ્ધાંત સંમત નહિ.

૦ દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ અંગે 'શ્રી આવશ્યક નિર્યુક્તિની ગા. ૧૦૬૬-૬૭-૬૮ માં કહ્યું છે કે—

દાહોવસમં તણ્હાછેયણું મલપ્પવાહણું ચેવ। તિહિ અત્થેહિં નિઉંત્તં, તમ્હા તં દવ્વઓ તિત્થં ।।૧।। કોહમ્મિ ઉ નિગ્ગહિએ, દાહસ્સોવસમણં હવઇ તિત્થં । લોહંમિ ઉ નિગ્ગહિએ, તણ્હાએછેયણું જાણ ।।૨।। અટ્ઠવિહં કમ્મરયં, બહુએહિં ભવેહિં સંચિયંજમ્હા । તવસંયમેણ ધોયઇ, તમ્હા તં ભાવઓ તિત્થં ।।૩।।

ભાવાર્થ : જે દાહનું ઉપશમન કરે, તૃષાનો નાશ કરે અને શરીરના મલને દૂર કરે–આ ત્રણે અર્થોમાં જે નિયુક્ત હોય તે ગંગા–માગધાદિ તીર્થોને દ્રવ્યાતીર્થ કહેવાય છે. ।।૧।।

તથા ક્રોધનો નિગ્રહ કરવાથી અંતરના દાહ ઉપશાંત થાય છે, લોભનો નિગ્રહ કરવાથી અભ્યંતર તૃષાનો છેદ થાય છે અને આઠ પ્રકારના કર્મની રજ જે ઘણા ભવોથી એકઠી થયેલી છે તે કર્મરજને જે તપ અને સંયમથી ધોવે છે–દૂર કરે છે–તે કારણથી તેને ભાવતીર્થ કહેવાય છે. ।।૨-૩।। (અનુ. ટાઇ. ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ સાધના અર્થે સ્થિરવાસ રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોહનજી ગુજર
(કંડલા)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(ચંડવાલા)
ચંદ્રકાંત પદમશી મુજર
(થાણા ગા.)

વર્ષ : ૮] ૨૦૫૨ વૈશાખ સુદ ૧૨ મંગળવાર તા. ૩૦-૪-૯૬ [અંક ૩૪

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ -૯.

(પ્રવચન ૧૦ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦)

ચક્રવર્તી ચક્રવર્તીપણામાં ય જો 'આ રાજ્ય કરવા જેવું નથી' એમ માનતો હોય તો ય વિરાગી બને અને રાજ્ય કરવા છતાં પણ સદ્ગતિ સાધે. ભિખારી તે બેનો ભિખારી હોય તો ય રાગી. માંડ માંડ જીવે છતાં ય રાગી આ વાત સમજાય છે ? આનું નામ જ સ્યાદ્વાદ છે. મોટો શ્રીમંત પોતાની શ્રીમંતાઈમાં જ રાચતો હોય શ્રીમંતાઈને જ સુખનું સાધન માનતો હોય તો તેના જેવો અજ્ઞાન બીજો નથી. ગરીબ ગરીબાઈમાં ય સંતોષથી જીવતો હોય તો તે સારો છે ! આજે મોટા શ્રીમંતો પાસે ઘણા પૈસા હોવા છતાં તે દુઃખી છે કે સુખી છે ? થોડું ઘણું પુણ્ય બાકી છે માટે થોડા સુખી છે. બાકી પૈસાનો જે ગાઢ લોભ છે તેથી તો તે દુઃખી દુઃખી થાય છે અને ભવિષ્યમાં દુઃખી થવાના છે. તેને જે કાંઈ અનુકૂળતા મળી છે તે જ તેને દુર્ગતિમાં લઈ જનારી થશે. તેમાં જ સુખનો અનુભવ માને તે જ મોટામાં મોટું ઝેર છે ! પૈસા વિના દુનિયાનું સુખ મળે નહિ અને સુખનો લોભી પૈસા માટે જે કરવું

પડે તે કર્યા વિના રહે નહિ. લોભ તે પાપોદય છે કે પુણ્યોદય છે ? પૈસો મળે તે પુણ્યોદયથી પણ પૈસો મળે અને આનંદ થાય તે પુણ્યોદય કહેવાય કે પાપોદય કહેવાય ? કોઇ મને કહે કે, સાહેબ ! પુણ્યોદયે મને પાંચ લાખ રૂા. મલી ગયા તો તે વખતે મને મનમાં થાય કે–"આ ભારે અજ્ઞાની છે. કયારે સમજશે. આ પાંચ લાખ રૂા. તેનું માથું ફેરવી નાંખશે."

સભા૦ પાંચ લાખ રૂા. મળ્યા તે ધર્મનો પ્રભાવ ખરો ને ?"

ઉ૦ તે જીવ પૈસાને હેય માને છે કે ઉપાદેય માને છે ? પૈસાને ઉપાદેય માને તો તેનામાં ધર્મની શ્રદ્ધા નથી.

ખરેખર ધર્મી જીવ હોય તે તો અર્થ–કામને એકાન્તે ભૂંડા જ માને. પુણ્યયોગે તેની પાસે આવી જાય તો શાસનની ખુબ ખુબ પ્રભાવના કરે. તેનામાં ધર્મની શ્રદ્ધા છે એમ કહેવાય. શ્રી સંપ્રતિ રાજાએ ત્રણ ખંડની ભૂમિને શ્રી જિન મંદિરોથી મંડિત કરી, સવાક્રોડ શ્રી જિનબિંબ ભરાવ્યાં અને છત્રીસ હજાર શ્રી જિન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો વગેરે વર્ણન શાસ્ત્રોમાં આવે છે અને તમે લોકોએ પણ ઘણીવાર તે સાંભળ્યું પણ છે. આજના સુખી જૈને કેટલાં શ્રી જિન મંદિર બાંધ્યાં છે ? ગામે ગામ ઓફીસો ખોલી છે, બંગલા બાંધ્યા છે. પોતાના પૈસાની ખુમારીથી ચાલે તે પાપી કહેવાય કે પુણ્યશાલી કહેવાય ? તેને પૈસા મળ્યા તે પુણ્યથી પણ પૈસાનું ઘમંડ રાખે છે તેથી પાપ કરી રહ્યો છે. આ વાત તમને ભારે પડશે. ઘણા પૈસા હોવા છતાં અધિકને અધિક પૈસા મેળવવા મ નત કરે અને જે મળે તે ઓછા લાગે તે પાપી કહેવાય ને ? તે વખતે ય જો તેને થાય કે–"હું કેવો માણસ છું. આટલા પૈસા મારે શું કરવા છે ? આ પૈસો તો મને પકડીને નરકમાં લઇ જશે" આવું થાય, તો હું હજી તેને સારો કહું. પૈસો ભૂંડો લાગે તે જ જીવ પૈસાથી સારાં કામ કરે. તમને પૈસો કેવો લાગે છે ?

સભા૦ આજે કરોડો રૂા. ધર્મમાં ખર્ચાય છે.

ઉ૦ આજે ખરચનારો મોટોભાગ ખર્ચે છે તે ય પાપના ઉદયથી. ખર્ચીને ય તે પાપ બાંધે છે. નામના–કીર્તિ, ખ્યાતિ–પ્રતિષ્ઠા માટે ખરચે તે પાપ બાંધે કે ! આ વાત તમને નહિ ગમે. પૈસાની મૂર્છા ઉતારવા માટે ભગવાનની આજ્ઞા મુજબ સદનુષ્ઠાનોમાં પૈસા ખરચનારા તો ખરેખર ભાગ્યશાલી જીવો છે.

મહારંભ અને મહાપરિગ્રહ જેને ગમે તે ગમે તેટલા પૈસા ખરચે તો ય પાપી છે ! તે બે તેને પકડીને નરકમાં લઇ જાય. ભગવાનને મહારંભ, મહાપરિગ્રહ, પંચે-

ન્દ્રિય વધ અને માંસાહારનેનરકનાં કારણ કહ્યાં છે. રાત્રિભોજનને પણ નરકનું દ્વાર કહ્યું છે. મજેથી રાત્રિભોજન કરે અને હું કરું છું તે ખોટું કરું છું તેમ પણ ન માને તે જીવ મોટે ભાગે નરકગામી હોય. આજે કેટલા જૈનો રાત્રિભોજન કરે છે? સુખી પણ જૈનો રાત્રિભોજન કરે ને? તમને બધાને ઘા'ડે નથી મળતું માટે રાત્રે ખાવ છો ને?

અર્થ અને કામને ભૂંડા ન માને, મોક્ષ માટે ધર્મ ન કરે, મોક્ષને ન ઝંખે તે સમકિતી જ નથી. તે ગમે તેટલો ધર્મ કરે તો ય તે ધર્મ કરીને સંસારમાં રૂલવાનો છે.

આજે કોઈ જૈનનું ઘર ભાગ્યે જ મળે કે જેના ઘરમાં રાત્રિભોજન ન થતું હોય. ધર્મની બાબતમાં ઘણું અજ્ઞાન વ્યાપ્યું છે. કદાચ મા-બાપ પોતે નહિ કરતાં હોય પણ છોકરાદિને કરાવે છે. તેવા જીવો રાત્રિભોજનના ત્યાગી હોય તો ય ખોટા છે. છોકરાદિ રાત્રિભોજન કરતાં હોય તો કહે નહિ કે-'દિકરા! રાત્રિભોજન ન થાય ભગવાન કાઢી ગયા છે કે, રાત્રે મજેથી જતે તે મોટે ભાગે નરકે જ જાય. તને શું વાંધો છે કે રાત્રે જમવું પડે છે?' આટલું સમજાવવા છતાં ય જો તે ન માને તો તો દિકરાદિ ઉપર મા-બાપને પ્રેમ થાય ખરો?

સભા૦ વિરોધ કરવાની શક્તિ ન હોય તો?

ઉ૦ તે જુદી વાત. પણ તેના ઉપર પ્રેમ થાય નહિ ને?

આજના મા-બાપ તો ઉપરથી બચાવ કરે છે કે, 'મારા છોકરાને બહુ કામ રહે છે, સમય જ મલતો નથી.' છોકરા જે કરે છે તે ખોટું કરે છે એવું પણ માનતા નથી તેવા જીવોને કેવા કહેવાય? 'મારો દિકરો મરીને ક્યાં જશે' તેમ પણ તમને થાય છે ખરું? તમને તમારી પણ ચિંતા છે? મારે મરીને ક્યાં જવું છે તે પણ નક્કી કર્યું છે? મરવાનું નક્કી છે. કયારે મરવાનું તે ખબર નથી. પણ મરીને ક્યાં જવું તે નક્કી કરવું આપણા હાથની વાત છે. માટે શ્રાવકને મરવાનો ભય હોય નહિ. તે તો મૃત્યુ આવે ત્યારે તૈયાર જ હોય કેમકે તેને વિશ્વાસ છે કે-'મારું ભૂંડું થવાનું જ નથી. કારણ કે મેં કોઇના ય ભૂંડામાં ભાગ લીધો નથી, કોઈનું ય ભૂંડું કર્યું નથી. અને શક્તિ જેટલું ભલું કર્યું છે.' ભગવાન કહી ગયા છે કે, તમારે દુર્ગતિમાં ન જવું હોય તો કોઇ લઈ જઈ શકે જ નહિ. 'કર્મ જીવને દુર્ગતિમાં લઇ જાય છે.' તેમ બોલાય નહિ. કર્મ બળવાન છે કે આપણે- આત્મા બળવાન છે?

તમને બધાને પૈસો કેવો લાગે છે? તમારે કેટલા પૈસા જોઇએ છે? જેની પાસે ઘણો ઘણો પૈસો હોવા છતાં તે સુખી હોકો વેપારાદિ કેમ કરે છે?

સભા૦ એક જાતનો નશો છે.

ઉ૦ એમ કહો કે, તે બધા પૈસાને સારો માને છે, મેળવવા જેવો માને છે, સાચવવા જેવો માને છે, માટે વેપારાદિ કરે છે. (ક્રમશઃ)

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાનાં ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય ૩. શ્રી રાંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃધ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી ગ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–રાંખેશ્વર–ભીલડી–વાંવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું· ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનુ નક્કી કર્યુ છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન ૮૪૨૬૯૭૧

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

૧૪. સીતદેવીના માથે કુલટાનું કલંક

'ત્રીલંપટ રાવણે સીતાજીને ભોગવ્યા જ ન હોય એ બને જ શી રીતે ?'

રામચંદ્રજીને ચાર પત્નીઓ હતી. તેમાં મહાસતી સીતાદેવી વધારે પ્રાણપ્રિય હતા. તેમાં ય વળી સીતાદેવીએ ગર્ભ ધારણ કરતાં અત્યંત પ્રિય થઈ પડયા આથી બાકીની ત્રણેય ઈર્ષ્યાળુ શોકયોથી આ સહન થઇ ના શકયું. આથી સીતાદેવીને કોઇપણ રીતે બદનામ કરી નાંખવાની મેલી મુરાદથી છળ-કપટખોર તે શોકયોએ સીતાદેવી પાસે આવીને પૂછયુ કે- 'રાવણ કેવો હતો તે દોરીને અમને બતાવો ને.'

ભોળા ભાવે જ સીતાદેવી બોલ્યા કે- 'આખા શરીરથી તો કયારેય રાવણને જોયો નથી. પણ તેના ચરણો જ મેં તો જોયા છે. તેથી આખા રાવણને શી રીતે દોરી શકું ?'

'કશો વાંધો નહિ તેમના ચરણો અમને દોરીને બતાવો. અમને તે જોવાનું કૌતુક-ઇચ્છા છે.' શોકયોએ આમ કહેતાં જ સ્વભાવથી સરળ સીતાદેવીએ રાવણના ચરણો ચીતરી બતાવ્યા.

એ જ સમયે ત્યાં રામચંદ્રજી આવી ચડયા. અને શોકયોએ તક ઝડપી લઇને રામચંદ્રજીને કહ્યું- 'તમારી પ્રિયા આ સીતા જુઓ હજી પણ રાવણને સંભારી રહ્યા છે. (રાવણની યાદમાં ઝુરી રહ્યા છે.) જુઓ આ સીતાએ જ દોરેલા રાવણના પગલા છે. તેથી હે નાથ ! તમે શોકકસ જાણો કે સીતા (હજી પણ) તેને જ ઇચ્છે છે.'

(પૂરાવો સાચો હોવા છતાં પણ તેના ઉપરથી કરેલી કલ્પના ખોટી છે.)

રામચંદ્રજી પણ બન્ને ચરણો સીતાએ જ દોરેલા જુએ છે છતાં હૃદયની વિશાળતા-ગંભીરતાના કારણે સીતાદેવી સાથે 'જાણે કશું જ બન્યું નથી એ જ રીતે પહેલાની જેમ જ રહેવા લાગ્યા.

આ અગાઉ ગર્ભધારણ કર્યો ત્યારે સીતાદેવીને રાત્રિના અંતે વિમાનમાંથી આવેલા બે અષ્ટપદ મૃગની વાત સીતાએ રામચંદ્રને કરતાં રામચંદ્રજીએ કહ્યું કે તને બે વીરપુત્રો થશે. પણ આ અષ્ટાપદ મૃગો વિમાનમાંથી આવેલા જોયા તે મને દુઃખ દેનારૂ લાગે છે' ત્યારે સીતાએ કહેલું કે ભલે ! ધર્મના પ્રભાવથી ભાવિ ઉજળ બનશે.

રાવણના ચરણોની વાતથી મહાસતી

ઉપર હલકટમાં હલકટ કલંક ચડાવ્યા છતાં શોકયોની તે વાતની રામચંદ્રજી ઉપર કશી જ અસર ના થતાં શોકયોએ મહાસતી સીતાદેવી ઉપર પોતાના મનથી જ ઘડી કાઢેલા અસતીત્વના દોષને પોતાની દાસીઓ દ્વારા આખી નગરીમાં ફેલાવી દીધો. અને લોકો પણ જેમતેમ બોલવા લાગ્યા. લોકનિંદાઓ ઘણું કરીને લોકોએજ ઘડી કાઢેલી હોય છે. તેમાં સત્યનો અંશ શોધ્યો જડતો નથી.

છળ-કપટ સામે સરળતાને કલંક ચડયું.

એક દિવસ સીતાને ઉદ્યાનનના જાત-જાતના પુષ્પોથી પ્રભુપૂજા કરવાનો દોહદ થયો. અને રામચંદ્રજીએ તે પૂર્ણ કર્યો પછી બન્ને પરિવાર સહત ઉપવનમાં ક્રીડા કરવા ગયા. બધાં જ પ્રસન્ન હતા.

એવામાં જ સીતાદેવીનું જમણું નેત્ર ફરકયું. રામચંદ્રજીએ તે જાણીને કહ્યું કે હે દેવિ! ભાવિના અમંગળની આ આગાહી છે.

સીતા બોલ્યા-હે ભાગ્ય વિધાતા! શું રાક્ષસ દ્વીપમાં આટ-આટલા સતીત્વના ભોખમમાં મૂકી દીધા પછી પણ તને હજી મને હેરાન કરવાથી સંતોષ નથી થયો. હે નાથ! તમારા વિયોગના અસહ્ય દુઃખમાં ટળવળાવી નાંખ્યા પછી પણ આ વિધાતાને હજી તેનાથી પણ અધિક દુઃખ મને આપવાનું બાકી છે?'

અત્યંત ગમગીન થઇ ગયેલા સીતાદેવી ને રામચંદ્રજીએ કહ્યું કે- હે દેવિ! ખેદ ધારણ ન કરો. કર્માધીન સુખ-દુઃખ અવશ્ય ભોગવવા જ પડે છે. તમે બાવાસે જઇ દેવોની પૂજા કરો, સુપાત્રદાન દો. આપત્તિમાં એક માત્ર ધર્મ જ શરણ છે.'

સીતાદેવીએ તે પ્રમાણે જ અરિહંત પૂજનાદિ કર્યા. સુપાત્રદાન દેવા માંડયું.

એક દિવસ રાજધાનીના નગરવૃત્તાંત કહેનારા આઠ-આઠ અધિકારીઓ રામ-ચંદ્રજી પાસે રાજસભામાં આવ્યા. અને રામચ-દ્રજીને નમને રામના દુઃસ્સહ તેજથી ઝાડ પાંદડાની જેમ થરથર કંપતા ઊભા રહ્યા પરંતુ વિનંતી કરવાની હિંમત કરી શકયા નહિ.

'એકાંતે હિત કરનાર હે પુરુષોત્તમ! તમને મારા તરફથી અભયદાન છે' '(જે કહેવું હોય તે કહો.)

અભયવચનથી કંઇક પ્રાણ આવ્યા હોય તેમ વિજય નામના નગરાધિકારીએ હિંમત રાખીને કહ્યું- 'હે સ્વામિનન્! સાંભળેલી હકિકત આપને જણાવવી જ જોઇએ. ન જણાવીએ તો આપને અંધારામાં રાખ્યા [છેતર્યા] ગણાય. પણ જણાવવા યોગ્ય બાબત અતિદુઃશ્રવ છે. સાંભળી ન શકાય તેવી અત્યંત દુઃખદાયી છે.

હે દેવ! સીતાદેવીને વિશે ન ઘટી શકે તેવો જનપ્રવાદ ઉઠયો છે. યુક્તિથી ઘટી શકતા આ પ્રવાદને બુદ્ધિમાનોએ (સાચો) માનવો જ જોઇએ

તે પ્રવાદ એવો છે કે–કામક્રીડાના લંપટ રાવણે સીતાને એકલી જ અપહરણ કરીને તેના ઘરમાં રાખી. અને ત્યાં સીતા ઘણો લાંબો સમય રહી. આથી હે પ્રભો! રાવણ તરફ સીતાજી પ્રેમવાળા હોય કે પ્રેમવગરના હોય પણ સ્ત્રી લંપટ રાવણે તેને સમજાવીને કે બળાત્કાર કરીને સીતાને ભોગવીને શીયળથી ભ્રષ્ટ ન કરી હોય તે માની શકાય તેવું નથી. માત્ર લોકો જ નહિ અમે પણ આ પ્રવાદમાં સંમત છીએ. અને આ રીતે યુક્તિથી ઘટી જતાં=સત્ય લાગતા આ પ્રવાદને હવે હે રઘુનંદન! સાંખી લેવો તમારા માટે ઉચિત નથી.

આવા યુક્તિસંગત પ્રવાદને સાંખી લઈને હે દેવ! જન્મથી માંડીને ઉપાર્જેલી ઉજ્જ્વળ કીર્તિને અને કુળને આપ કલંક ન લગાવશો.'

મહાસતી સીતાદેવી ઉપર આવી ચડેલા કલંકનો નિશ્ચય કરીને રામચંદ્રજી તરત જ દુઃખથી મૌન થઈ ગયા. છતાં ધૈર્ય ધારણ કરીને પુરમહત્તરોને કહ્યું કે– 'તમે સારું થયું કે મને આ જણાવ્યું. ભક્તપુરુષો કયાંય ઉપેક્ષા કરનારા નથી હોતા.

એક સ્ત્રીને માટે થઈને હું અપયશને સહન નહિ કરું' આમ કહીને પુરમહત્તરોને વિદાય કર્યા.

હવે રાત્રિના સમયે છૂપાવેશે ખુદ રામચંદ્રજી નગરચર્યા માટે નીકળ્યા. ડગલે ને પગલે તેમણે એક જ પ્રવાદ સાંભળ્યો કે 'રાવણે ઉઠાવીને લઈ ગયા પછી પોતાના ઘરમાં લાંબા સમય સુધી સીતાને રાખી મૂકી હતી તે સીતાને પાછી લઈ આવેલા રામ સતી માને છે. સીતામાં જ રક્ત બનેલા (અને તેના શરીરને જ ભોગવી નાંખવા હરણ કરીને લઈ આવેલી સીતાને) સ્ત્રીલંપટ રાવણે ભોગવી ના હોય એ બને જ શી રીતે? રામ આટલું પણ વિચારી ના શકયા. ખરેખર રાગી માણસ દોષને જોઈ શકતો નથી. [સીતામાં રાગાંધ બનેલા રામને સીતાના, પરપુરૂષથી ચુંથાઈ ગયેલા શરીરથી શીયળ ભ્રષ્ટતાનો દોષ કયાંથી દેખાય?]

આવો સીતા સંબંધી પ્રવાદ=લોકવાયકા સાંભળતા રામ મહેલે પાછા ફર્યા અને ફરીથી તે પ્રવાદ સાંભળવા ગુપ્તચરોને આદેશ કર્યો.

અને ચરપુરુષો રાત્રિ નગરચર્યા માટે નીકળ્યા.

શ્રી મહાવીર શાસન કાર્યાલય જામનગર વિ. વિ. સાથે જણાવવાનું કે આપ વીસમી સદીના મહાનાચાર્ય શ્રી વિજયાનંદ સૂ. (આત્મારામજી) મ.ની સ્વર્ગારોહણ શતાબ્દિ પ્રસંગે વિશેષાંક કાઢી રહ્યા છો તે જાણી અમને અતીશય આનંદ થયો છે. આપના કામને સફળતા મળે એવી અમારી જિનેશ્વરદેવને પ્રાર્થના છે. બસ એજ લી.–

શ્રી વાંકડીયા વઢવાણ જૈન સંઘ

નિંદ્રાની ભયંકરતા

—શ્રી વિરાગ

કર્મના મુખ્ય આઠ પ્રકારો છે. તેમાં રહેલા મોહનીય કર્મના ૨૮ અંતરભેદ છે. આ ભેદમાં નિદ્રાના પાંચ પ્રકાર પાડવામાં આવેલ છે.

નિદ્રા, નિદ્રા–નિદ્રા, પ્રચલા, પ્રચલા–પ્રચલા, થિણદ્ધી નિંદ્રા.

નિદ્રા–જે નિદ્રામાંથી પ્રાણીને સુખેથી જગાડી શકાય તે નિદ્રા...

નિદ્રા–નિદ્રા–જે નિદ્રામાંથી દુઃખેથી જગાડી શકાય તે નિદ્રા–નિદ્રા...

પ્રચલા–ઉઠતાં, બેસતાં નિદ્રા લીધા કરે તે પ્રચલા...

પ્રચલા–પ્રચલા–અશ્વની જેમ ચાલતાં ચાલતાં ઉંઘ્યા કરે તે પ્રચલા–પ્રચલા...

થિણદ્ધી–દિવસમાં ચિંતવેલા વિચારનો નિદ્રામાં અમલ કરે તે અર્થાત્ નિદ્રામાં હોવા છતાં અનેક પ્રકારના પરાક્રમવાળા તેમજ હિંસક વગેરે કાર્યો કરવા તે બળદેવ જેવા બળવાળા બનીને કાર્ય કરે તે થિણદ્ધી નિંદ્રા.

નિદ્રાથી થતી હાનીના સંબંધમાં આપણે શ્રી ભુવનભાનુ કેવલી ચારિત્રના એક ભવનું વર્ણન વિચારીએ.

તોતીંગ કિલ્લાઓથી વિટરાયેલું બ્રહ્મસૂર નામનું નગર છે. ચારેબાજુએ ઉંડી ઉંડી ખાઇઓ છે. વચ્ચે વચ્ચે કાળા કુવાઓ છે. નગરની અંદર રાજમાર્ગો વિશાળ છે હટની શ્રેણીઓ અનેક પ્રકારના કરીયાણા આદિના વેપારથી ધમધમી રહી છે. અનેક પ્રકારના ચોરે–ચૌટે થતા વેપારોથી આ નગરી શોભી રહી છે. ચિત્ર–વિચિત્ર નાના પ્રકારની કલાકુશલતાવાળા મંદિરો ગગનને આંબી રહ્યાં છે. ચૌરે અને ચૌટે રહેલા રાગદ્વેષથી મુક્ત એવા અરિહંત પરમાત્માના તોતીંગ જિનમંદિરો રાજમાર્ગની શોભા વધારી રહ્યાં છે.

જ્યાં જિનાગમ અને જિનમંદિર હોય ત્યાં જિનભક્ત વસતા જ હોય, તેમાં શંકાને સ્થાન નથી. એવા એક ચૌટે સુંદર નામનો ધનવંત શ્રાવક રહેતો હતો. સુખી અને શ્રધ્ધાવાન શ્રાવક સર્વ શ્રેષ્ઠીઓમાં મુખ્ય હતો તેને ધના નામની ભાર્યા હતી. તેના ઉદરથી પુંડરીક નામ પુત્ર ઉત્પન્ન થયો હતો.

બાપ કરતાં બેટો સવાયો તે ન્યાયે દિકરો બાલ્યાવસ્થાથી જ બુધ્ધિ નિધાન હતો. બાળપણામાં અદ્‌ભુત જ્ઞાની હોવાથી થોડાંક વર્ષોમાં અનેક પ્રકારની વિદ્યાઓ અને કલાઓ શીખી ગયો, ગુણી, ગુણવાન અને ગુણવંત થઇને જગના ચોકમાં પંકાયો. બુધ્ધિના બળથી શીખેલી વિદ્યા વડે તૃપ્તિ થતી નથી. નિત્ય નવું જાણવા અને સાંભળવા, સમજવા જોઇએ.

એક વખત કોઈક સુગુરુ ભગવંત વિચરતા વિચરતા તેની બાજુમાં આવેલ જિનમંદિરે પધાર્યા. શ્રાવકોની વિનંતિથી દેશના ફરમાવી ભવ્ય જીવોએ ધન્યવાણીનું અમીપાન કર્યું. દેશના પૂર્ણ થયે પુંડરીકે સુગુરુને વિનયથી પૂછયું,' 'હે જ્ઞાની ગુરુભગવંત! આપણા જૈન શાસનની સર્વે વાતો કયા શાસ્ત્રોમાં સમાયેલી છે?'

ગુરુ ભગવંતે કહ્યું, દ્વાદશાંગીમાં ચૌદ પૂર્વ મુખ્ય છે. અને તેમાં સર્વ પ્રકારની વિદ્યાઓ ભરેલી છે તે સરખું અન્ય કોઇ શાસ્ત્ર નથી.

પૂર્વની આવી વિશિષ્ટ મહત્તા જાણીને તેનું પ્રમાણ પૂછવાનું મન થયું અને પૂછયું.

જ્ઞાની ગુરુભગવંત બોલ્યા, એક હસ્તિ પ્રમાણ મશીમાં પાણી મેળવીને જે મશી તૈયાર થાય તેનાથી જેટલું લખાણ લખાય તેટલું એક પૂર્વ તેના કરતાં બમણા-બમણા વડે જે લખાય તે બીજા પૂર્વો જાણવા આ અનુમાન છે કોઇએ લખ્યા નથી, લખાવ્યા નથી. મુખ પાઠથી જ જણાય છે.

જ્ઞાની ગુરુભગવંતની મીઠી મધૂરી વાણીનું શ્રવણ કરવાથી મનમાં ભણવાનો ભવ જાગ્યો, મહેચ્છા તૂટીકુટી ભાષામાં પ્રગટ કરી.

ભાઇ, આ દ્વાદશાંગી ભણવાનો ગૃહસ્થનો આચાર નથી. જો ગૃહસ્થ સાધુપણું સ્વીકારે તો જ તને ભણવામાં આવે છે.

તો, એમ છે ગુરૂદેવ! મારે સાધુ થવું જ છે. આપશ્રીની ધન્યવાણી સાંભળી મને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. સંસાર ખારો ઝેર જેવો લાગ્યો છે. સ્વાંથી સંસારની અસારતા સમજાઇ છે. હમણાં જ માત-પિતાને સમજાવી, આજ્ઞા લઇને આવું છું. હવે વિલંબ પાલવે તેમ નથી.

મા-બાપની પ્રેમ પૂર્વકની રજા લઇને મોટા મહોત્સવ પૂર્વક દીક્ષા ગ્રહણ કરી. વિનય-વૈયાવચ્ચાદિ કરવા પૂર્વક શિઘ્ર-કાળમાં ચૌદપૂર્વો ભણી ગયા. દ્વાદશાંગીના પારગામી બન્યા.

પુંડરિક મુનિનું ચારિત્ર પાલન, દ્વાદશાંગી અને ચૌદપૂર્વના અભ્યાસને વિષે તન્મયતા જાણીને મહામોહરાજાના હૃદયમાં ધ્રાસકો પડયો. અનેક રાજસુભટો, અનેક સામંતો કલ્યાગરા રાજપુત્રો અને વિદગ્ધ રાજપુત્રોની વચ્ચે બેઠેલા મહા મોહરાજાએ ઉંડો નિશ્વાસ છોડયો. ચિત્રવિચિત્ર ચેષ્ટા સાથે મુકાયેલા ઉચ્છવાસ જોઇને સેવકજનના શ્વાસ થંભી ગયા. ગભરાતે ધડકને સૌ ઉભાં થઇ ગયા અવશરે જે હાથમાં આવ્યું તે લઇને પોતાનું પરાક્રમ બતાવવા એક ડગલું આગળ ધપ્યા.

મહારાજા! નિશ્વાસ કેમ મૂકયો? શું ચિંતા બેઠી છે? કયા દુઃખનો કીડો અંતર કોતરી રહ્યો છે.? કયો પથ્થર છાતીએ વળગ્યો. શા માટે આવો લાંબો નિશ્વાસ છોડવો પડયો?

ઉદ્વિગ્ન બનેલા અને દિલગીરીમાં

નિમગ્ન થયેલા મોહરાજાએ કપાળ કુટયું. હવે જીવતર પૂર્ણ થયું. મોત નજીક દેખાય જીવવામાં મઝા નથી. અનેક પાસાઓ ફેંકવા માટે ગોફણ તૈયાર કરી, પંખીને પછાડવા ગોફણ ઉગામી પરંતુ તે ગોફણ ઓળા સાથે જ ચાલી ગઇ.

હે રાજેન્દ્ર ! આવી અલંકારીક ભાષાનો ઇંદ્રમ પર્યાય અમે જાણતા નથી. જે હોય તે ચોખ્ખે ચોખ્ખું સ્પષ્ટ દીવા જેવું બોલવા માંડો એટલે અમારા જેવા ડોબાને ખબર પડે.

હે આપ્તજનો ! તમે સૌ જાણો છો. સદાગમ (શ્રુતજ્ઞાન) આપણો સદાનો વૈરી છે. તેની સાથે નિરંતર યુદ્ધ ચાલે છે. આ સંસારી જીવ (પુંડરીક મુનિ) આપણને પણ ચાહતો હતો ને સદાગમની સાથે પણ પ્રેમ કરતો હતો આપણી તરફનો ઢાળ વધુ હતો પણ અભેદ બુધ્ધિના કારણે તે સદાગમ સાથે ભળી ગયો. હવે તે આપણો શત્રુ બન્યો છે.

દુશ્મનનો દુશ્મન મારો પરમ મિત્ર તે ન્યાયે આપણો અતિ પુરાણો દુશ્મન એની [પુંડરીક મુનિની] પાસે આપણા સર્વ ભર્મનો પ્રકાશ કરશે. અતિ વિદગ્ધ હોવાને કારણે તે આપણા સર્વ ભર્મોમાં મીઠું મરચું ઉમેરશે. સર્વ જીવોની આગળ આપણી જાંઘ ખુલ્લી કરશે. આપણને હલકા ચીતરશે. સર્વ જીવો આપણને ખુરી [ધિક્કારીલ] નજરે જોશે. આપણા તરફ વહેતું પ્રેમનું ઝરણું વિષરૂપ બની જશે. આપણી સામે નજરથી નજર મીલાવવા તૈયાર પણ નહી થાય. આ જોઇ ચારિત્ર ધર્મરાજા હૃદયમાં બહુ જ હર્ષિત થશે.

આ સંસારી જીવ ધર્મરાજા સાથે મળીને તમારા બધાનું નિકંદન કાઢશે. મારા ગોત્રાદિનું નામ નિશાન પણ રહેવા નહી દે. આ પ્રમાણે મારા વંશોચ્છેદ થશે. આ દુઃખથી હું દુઃખી છું. નિશ્વાસ છોડું છું વળી તમારા સૌના નિશ્ચેતન ચહેરા જોઇને હું વિચારું છું કે આ સંસારી જીવ અને સદાગમનો બેઠેલો ગાઢ સંબંધ તોડાવા કોઇ તૈયાર નથી. માટે હું નિશાસા નાખું છું.

સખેદ પૂર્વકની આ ઘટના સાંભળી પર્ષદાના મુખકમળો ઝાંખા પડી ગયા. સભા મૌન થઇ ગઇ. તે પ્રસંગે મોહરાજા ડાબા પડખે બેઠેલી એક પરિચારિકા ઉભી થઇ. બે હાથ જોડી રાજેન્દ્ર નમસ્કાર કર્યા. હે માહેન્દ્ર, તમે ચિંતા છોડી દો. એ અનાથ પ્રાણીનો શો આશરો ? એ કામ તો આ તમારી સાંકડી પરિચારિકા મજેથી પૂર્ણ કરી શકશે. આકાશને હણવો એટલે ડુંગર ખોદવા જેવું છે, ઠીંડી ઉપર કટક શું અને તાજા તૃણને ઉખેડવા માટે કુહાડાનું શું પ્રયોજન ? આ અનાથ પ્રાણીને તમારા ચરણોમાં આરોટતો ન કરૂં તો હું તમારી પરિચારિકા નહિ.

દીકરી, તારી હિંમત વધી, વળી તું એકલી શું કરી શકીશ ? આ મારા સકળાય મુહટોનું પાણી અત્યારે ઓસરી ગયું છે. તારી સહાયમાં કોણ આવશે ? (ક્રમશઃ)

અલવિદા સંસારને

[હે મેરે પ્યારે વતન...]

અલવિદા સંસારને, અલવિદા ઘરબારને રહ્યા છો આજ
દુખભર્યા સંસારને, દર્દભર સંસારને અલવિદા છે. આજ ૧
(વેળા વસમી છે અહા દર્દીયો આ બધાં રડી રડી રહ્યા ચોધાર)
ભગવાન ભાખ્યો ભેખ ધરવા, ક્લિષ્ટ કર્મો કાપવા
વીતરાગ ચિંધી વાટમાં ચાલ્યા તમે ઉમંગમાં
નીચી નજરે સાધનાની કેડીએ કદમો ભર્યા (૨) તરી જવા સંસાર (૨) દુખભર્યા
સંયમ તણાં અતિ ઘોર પંથે વીરતા ધરીને ગયા
આવે ભલે કષ્ટો બધાંને, પરિષહો ભલે આવતા
કષ્ટને છાતી ધરી તે યુદ્ધ-હાક જગાડવા (૨) તરી (૩) દુઃખ ભર્યો
ભોગે ભર્યા ભવમાં ભટકાતા આ અમે ગુમભાનમાં
ભોગો ભર્યો સંસાર છોડયો તે અહો વિરાગમાં
સંસારથી નફરત થશે, કયારે અમારા હાર્દમાં (૨) તરી (૪) વેળા
માતા-પિતાને વળી બંધુ તથા બહેની તણા
સ્નેહના રેશમ તણા બંધન ફગાવ્યા તે અહા!
સાથ ગુરૂવરનો કરીને, આણ જિનની શિર ધરી (૨) તરી (૫) વેળા
આંખે અમારે આંસુ છે આ તાહરા ચાલ્યા જતાં
અમ આંસુ પર તું પગ મૂકીને જઇ રહી વિરાગમાં
ઉધ્ધાર કરવા આવજે તું ફરી કદિ આ મલકમાં (૨) તરી (૬) વેળા
સંયમતણો આ પંથ તારો કષ્ટ વિહોણો બનો
આવે ભલે કષ્ટો છતાં યે ચિત્ત ડગમગ ના બનો
શાસ્ત્ર આણા નાવથી સંસાર-સાગરને તરો (૨) તરી (૭) દુઃખ
વિચરે સલાતું દેશ-દેશે આણ જિનની શિર ધરી
ઉન્માર્ગે જાતા આ જીવોને દેશના જિનની કરી
સન્માર્ગ પામીને પમાડે તું સજી સુંદર વિરાગ (૨) તરી (૮) દુઃખ
બેચેન હૈયા છે અમારા આખરી વિદાયમાં
રંજાડશે અમને બધાંને તાહરા સંભારણાં
શૂનકાર થાશે ઘર હવે આ તાહરા ચાલ્યા જતાં (૨) લેવા સંયમભાર (૯) દુઃખ
કંઇ ઓછું આવ્યુ હોય જો ઘરમાં તને રહેતાં કદા
દિલ દુભવ્યું હોય તાહરૂ ઘરમાં અમે અનજાનમાં
માફ કરજે, ઓ મુમુક્ષુ! વીર પંથે વિચરતાં (૨) તરી (૧૦) વેળા

રાજુભાઇ પંડીત (ચંદ્રરાજ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૧]

આવી શંકા કરવી પણ બરાબર નથી. કેમકે, જો દિક્ષાને સ્વાભાવિક માનશો તો જેમ ચૈતન્ય સ્વાભાવિક હોવાથી તેની કદાપિ નિવૃત્તિ થતી નથી તેમ દિક્ષાનો પણ સ્વાભાવિક માનવાથી તેની પણ એટલે કે દિક્ષાની કયારે પણ નિવૃત્તિ-અભાવ નહિ થાય. છતાં પણ જો આમ માનીશું તો આત્માના જ અભાવને માનવાનો પ્રસંગ આવશે. તો આ રીતે કે- તમારા કહ્યા મુજબ દિક્ષાની પણ નિવૃત્તિ થશે એમ માનીશું તો દિક્ષા આત્માથી અભિન્ન હોવાથી અર્થાત્ આત્માથી જુદી નહિ હોવાથી આત્માનું પણ કોઇ સ્થાન નહિ રહે. અર્થાત્ દિક્ષાની નિવૃત્તિ- અભાવ થશે.

આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે-

ન ય અણુહા તસ્સેસા, ન ભવ્વત્તતુલ્લા, નાએણું, ન કેવલજીવરુવમેઅં, ન ભાવિજોગાવિકખાએ તુલ્લત્તં, તયા કેવલત્તેણુ સયાડવિસેસઓ, તહા સહાવયપ્પણુમપ્પમાણમેવ । એસેવ હોસો પરિકપ્પિઆએ, 'પરિણામભેઆ બંધાઇભેઉત્તિ' સાહૂ । સવ્વનયવિસુદ્ધએ નિરુવચરિઓભયભાવેણું । ન અપ્પભૂઅં કમ્મં । ન પરિકપ્પિઅમેઅં । ન એવં ભવાદિભેઓ । ભવાભાવો ઉ સિદ્ધી ॥

અન્યથા એટલે કે જો દિક્ષાની નિવૃત્તિ થવા છતાં પણ આત્માનું સ્થાન રહેતું હોય અર્થાત્ આત્મા રહેતો હોય તો તે દિક્ષા આત્માની કહેવાય નહિ. એટલે દિક્ષા અને આત્મા બંનને ભિન્ન થયા.

તેથી શંકાકાર કહે કે-"આત્મા અને દિક્ષાનો અભેદ જ છે. પણ જેમ મોક્ષ પ્રાપ્ત થતાં ભવ્યત્વ નિવૃત્ત થાય છે તેમ અમે માનેલી આ દિક્ષા પણ નિવૃત્ત થશે તેથી કોઇ દોષ નહિ આવે અને આત્માનું સ્થાન પણ રહેશે અર્થાત્ આત્માનો અભાવ નહિ થાય."

તેનું સમાધાન કરતાં કહે છે કે-"આ દિક્ષા ન્યાયથી વિચારતાં ભવ્યત્વ સમાન નથી. કેમકે આ ભવ્યત્વ કેવલ-સર્વથા જીવરૂપ નથી. અને આ તમારી માનેલી દિક્ષા તો કેવલ જીવરૂપ છે. તેથી મોક્ષમાં ભવ્યત્વ તો નહિ રહે પણ

દિક્ષા તો રહેશે જ. કારણ કે ભાવિ યોગની અપેક્ષાએ શુદ્ધ આત્માને જ્યારે મહત્તત્વ, અહંકારત્વ વિગેરે સાંખ્ય દર્શને માનેલા ચોવીશ તત્વોનો સંબંધ થાય છે ત્યારે કેવલ-માત્ર એકલી દિક્ષા જ હોય છે. તેથી દિક્ષા અને ભવ્યત્વ એ બે સમાન નથી. તેમાં એ યુક્તિ પણ છે કે- જ્યારે ભાવી યોગ ન હતો ત્યારે કેવલ-એકલી સ્વાભાવિક જ દિક્ષા હતી, તેથી કેવલત્વને લીધે જ સ્વાભાવિકપણું હોવાથી ત્યારપછી પણ એટલે કે સંસારથી મુકત થયા પછી પણ દિક્ષા તો રહેવી જ જોઇએ અને તેની નિવૃતિ થઇ શકે પણ નહિ.'

આથી શંકાકુર ફરીથી કહે છે કે-'અમે માનેલી આ દિક્ષાને એવો જ સ્વભાવ છે કે દિક્ષા મહદાદિનો યોગ થયા પછી જ તેમાં વિકાર જોવાને લીધે કેવલ અવસ્થામાં એટલે મુક્ત અવસ્થામાં નિવૃત થશે.' પણ આ યુક્તિ પણ બરાબર નથી તે સમજાવતા કહે છે કે-"બન્ને અવસ્થામાં દિક્ષામાં કેવલપણું સમાન હોવા છતાં આવા સ્વભાવની જે કલ્પના કરવી એટલે કે એક કેવલ અવસ્થામાં દિક્ષાનો ભાવ અને એક કેવલ અવસ્થામાં દિક્ષામાં અભાવની કલ્પના કરવી તે જ અપ્રમાણ છે. તેમ માનવાથી તો આત્મા અને દિક્ષા બન્ને ભિન્ન થઇ જશે. જ્યારે તમે તો તે બંનેને અભિન્ન માનો છો.

સાંખ્યદર્શન પુરુષને નિરંજન, નિરાકાર, નિર્લેપ માને છે. અને પ્રકૃતિને જ મુખ્ય માને છે. પ્રકૃતિ જે કાંઇ કરે છે તેનું પ્રતિબિંબ પુરુષમાં પડે છે તેથી પુરુષ માને છે કે હું જ બધું કરું છું પરન્તુ હકીકતમાં તો બધુ પ્રકૃતિ કરે છે. તેથી તેમના મતે તો પ્રકૃતિ કરતાં પણ પુરુષને પ્રધાન- અધિક માનવાની આપત્તિ આવશે.

માટે આવી પરિકલ્પિત દિક્ષા માનવામાં અપ્રમાણરૂપ દોષ આવે તેથી તેવી કલ્પના પણ અકિંચિત્ કર છે.

તેથી કરીને આત્માના પરિણામના ભેદથી જ બંધાદિનો એટલે કે બંધ અને મોક્ષનો ભેદ માનવો તે જ ન્યાય સંગત છે, પ્રમાણ યુકત છે. અર્થાત્ અવિરતિ-કષાય અને મિથ્યાત્વાદિ યોગોથી સહચરિત આત્મા કર્મબંધ કરે છે અને તેના પ્રતિપક્ષીક સર્વવિરતિ-સંવર-નિર્જરાદિ યોગોથી યુકત આત્માનો મોક્ષ થાય છે. આ રીતે સર્વ નયનો વિશુદ્ધિથી ઉપચાર રહિત એટલે યથાર્થપણે બંધ અને મોક્ષ બન્ને સિદ્ધ થાય છે. આ દ્રવ્યાસ્તિક નયના મતે પ્રરૂપણા કરી.

પર્યાયાસ્તિક નયના મતની અપેક્ષાએ કહે છે કે- કર્મ આત્મભૂત એટલે જ્ઞાનસ્વરૂપ નથી. તથા તે કર્મ કલ્પિત એટલે કે અસત્ વાસનાદિ રૂપ નથી. કેમકે એ પ્રમાણે કર્મને જ્ઞાનસ્વરૂપ કે કલ્પિત માનવાથી બંધાદિનો ભેદ થઇ શકશે નહિ.

તથા જેઓ ભવના અભાવને જ મુક્તિરૂપ માને છે એટલે કે બુઝાઈ ગયેલા દીપકની જ્યોતની જેમ આત્માના સંતાનનો જે ઉચ્છેદ-વિનાશ એ જ મુક્તિ છે તેમ માને છે તે પણ યથાર્થ નથી.

તે વાતને સમજાવવા યુક્તિ આપે છે કે–

ન તદુચ્છેદેઽણુપ્પાઓ । ન એવં સમંજસ ત્તં । નાઽણુાઽમંત ભવો । ન હેઉફલભાવો । તસ્સ તહા સહાવકપ્પણમજુત્તં નિરાહારન્નયયઓ નિઓ. ગેણું । તસ્સેવ તહાભાવે જુત્તમેઅં સુહુમમઠુપયમેઅં । વિચિન્નિ અન્ન મહાપલણાહત્તિ ।

બૌદ્ધોનો ક્ષણિકવાદ ઋજુસૂત્રનય–જે માત્ર વર્તમાન પર્યાયને જ માને છે તેને અવલંબીને નીકળ્યો છે. જૈનદર્શન દરેક દ્રવ્યો મૂળ રૂપે કાયમ રહે છે અને પર્યાયે ક્ષણે ક્ષણે બદલાય છે તેમ માને છે તેથી તે યથાર્થ જ છે. જ્યારે માત્ર પર્યાયનો જ સ્વીકાર કરવાથી તેમાં યથાર્થતા ઘટી શકતી નથી. વસ્તુમાં ક્ષણે ક્ષણે પરિવર્તન આવે છે તેની ના નથી પણ તે ક્ષણનો નાશ થયા પછી મૂળ વસ્તુનો જ નાશ માનવો તે યથાર્થ નથી. બૌદ્ધો દીપકની જ્યોત બુઝાઈ જાય તેની જેમ ભવનો નાશ થાય તેને નિર્વાણ માને છે. દીપકની જ્યોતમાં ક્ષણે ક્ષણે સજાતીય સંતાની પરંપરા સર્જવાથી તેમાં ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે. પહેલી ક્ષણે જે જ્યોત હતી તે બીજી ક્ષણે નથી હોતી. પહેલી ક્ષણે બીજી ક્ષણનું કારણ બને અંતે તેલાદિનો ક્ષય થવાથી તે બુઝાઇ જાય તેમ ભવનો ક્ષય થવાથી આત્મા નિર્વાણને પામે છે તેમ માને છે પણ તે વાત બરાબર નથી તે સમજાવતા કહે છે કે– સંતાન એટલે ક્ષણોની પરંપરાનો ઉચ્છેદને જ મોક્ષ માનવામાં સંતાનનો ઉચ્છેદ થયા પછી પણ તે સંતાનની ફરીથી ઉત્પત્તિ થશે. એટલે કે સંતાનની ઉત્પત્તિ નહિ થાય એવું નથી, અર્થાત્ જેમ છતા સંતાનનો પણ ઉચ્છેદ – વિનાશ થાય તેમ અછતા – જે હજી ઉત્પન્ન થઈ નથી તેવા સંતાનની પણ ઉત્પત્તિ થાય એમ માનવામાં પણ કાંઇ જ વિરોધ નથી.

ત્યારે શંકાકાર કહે છે કે– 'ભલે અછતા સંતાનની ઉત્પત્તિ થાય તેમાં શો વિરોધ છે ?' ત્યારે તેનું સમાધાન આપતા કહે છે કે–'આવું માનવું તે ન્યાયસંગત નથી. કેમકે તેમ માનવાથી તો સંતાનની ઉત્પત્તિ કોઇક જ વખત થશે, તેથી અનાદિકાલિન ભવ સંસાર પણ સિધ્ધ નહિ થાય. તથા બીજો મોટો દોષ તમારા મને એ આવશે કે સંતાનના ઉચ્છેદનો છેલ્લો ક્ષણ અને ઉત્પત્તિનો પહેલો ક્ષણ એ બંને કારણ અને કાર્યરૂપ નહિ હોવાથી છેલ્લો ક્ષણ હેતુરૂપ–કારણ રૂપ અને પહેલો ક્ષણ ફળરૂપ કાર્યરૂપ નહિ થાય. તેથી કાર્ય–કારણભાવ પણ ઘટી શકશે નહિ.' (ક્રમશ:)

શાસન સમાચાર

મહારાષ્ટ્રમાં જાગૃતિ

નાસિકથી વિહાર કરી પૂ. પુણ્યપાલ સૂ.મ. સિન્નર પધાર્યા ત્યાં શ્રાધ્ધવર્ય પ્રકાશ મોતીલાલ હસ્તે નવા ઉપાશ્રયનો મહા સુ. ૧ ના ભવ્ય શિલાસ્થાપન વિધિ થયો અન્ય અન્ય સ્કીમો ઉપાશ્રયના જાહેર થતાં તે ટુંકસમયમાં નોંધાઇ ગઇ ત્યાંથી વેવલા પધાર્યા ત્યાં પંચાન્હિકા મહો. સાથે શ્રી અવંતિપાર્શ્વનાથ ભ. ના મંદિરની ૧૧૨ મી વર્ષગાંઠ મહા સુ. ૧૩ના ઉજવાઇ તથા તે જ દિવસે વિજયયશોદેવ સૂજી પૌષધશાળાનું માલેગાંવવાળા વિલાસભાઇ મોતીલાલ દ્વારા ઉદ્‌ઘાટન થયું ત્યાંથી કોપરનામ પધાર્યા ઘણા વર્ષોથી અત્રે ઉપાશ્રયની આવશ્યકતા હતી પૂ. શ્રી જી એ આગેવાનો સહ વિચારતા જાણવા મળ્યું કે આ અંગે વર્ષોથી વિચારીએ છીએ પણ જગ્યા બહુ મોંઘા ભાવે મળે છે સંઘના આગ્રહે ૧ દિવસ રોકાતા ઘણા ઓછા ભાવે મોકાની જગ્યા મળી ગઇ તે સહી સિક્કા થઇ જતાં સંઘમાં આનંદ વ્યાપી ગયો એની સ્કીમો મૂકાતા ઘણી સ્કીમો ભરાઇ પણ ગઇ ત્યાંથી સંગમનેર થોડું રોકાઇ રાહુર ભંડાદરા થઇ રાકેક તીર્થની ફા. સુ. ૮ ની વર્ષગાંઠ પર પધાર્યા લોકો ૭૦૦/૮૦૦ની સંખ્યામાં સુ. ૮ ની વર્ષગાંઠ પર આવ્યું યાત્રિક ભુવનની વાત મૂકતા બે હોદ્દોનો બે ભાગ્યવાનોએ લાભ લીધો ત્યાંથી ઘોરી પધાર્યા ત્યાં સ્થાનકમાં વ્યાખ્યાનો થતા લોકોએ સારી સંખ્યામાં લાભ લીધો. ત્યાંથી ફા. સુ. ૧૨ ના નાસિક પધાર્યા સુ. ૧૩ ના જામનગર નિવાસી જયેન્દ્ર હરયીણા આદિનો ભવ્ય વરઘોડો ચઢયો સુમતિ સોસાયટીમાં ભવ્ય મંડપ ગિરિરાજની રચના આદિ કરેલ ત્યાં વ્યાખ્યાનને બહુમાન થયું સવોંદય સો. ના ઉપાશ્રયમાં ૧૫–૧૫ લાખના આધાર સ્થંભ તરીકે તથા આરસના પાટ વિ. ના આદેશો અપાયા.... એક નવી સુંદર વિચારણા સંઘે એ કરીકે દર વર્ષે ફા. સુ. ૧૩ ના અત્રે પટ વિ. બાંધી સાધર્મિક ભક્તિ સુંદર થાય આ વખતે ચિમનલાલ છોટાલાલ ભાવનગરવાળાએ તેમજ અન્ય સાત ભાઈઓ એ જુદી જુદી ચીજોથી સાધર્મિક ભક્તિ કરી તેમ દર વર્ષે થાય. આ વાત મૂકાતા ૫-૫ હજારના અનેક નામો આવ્યા તેના વ્યાજમાં આ કાર્ય કરવાની જાહેરાત કરી ઉપરાંત ગિરિરાજ પર થયેલી ભાંગફોડ અંગે કેઇ ગામોમાં બંધના એલાન પૂર્વક ફા. સુ. ૧૪ ના બપોરે સ્થાનકમાં ચારેય ફિરકાનાં પૂ. શ્રી જીની નિશ્રામાં જંગી સભા થઇ સૌના વેકતવ્યબાદ પૂ. શ્રીજીનું પ્રવચન થયું સૌએ સારી હાજરી આપી ગામોગામ ના સંઘો આવેલા બાદ સરઘસકારે જઇ કમીશનરને આવેદન પત્ર આપેલ. ત્યાંથી સંગમનેરમાં કટારીયા તરફથી સામુહિક

ઓળી હોઇ સાથે દશાન્હિકા મહો. હોઇ પૂ. શ્રી સંગમનેર વૈ. સુદ ૬ના સ્વાગત પધાર્યા સારી સંખ્યામાં ઓળી થવા સાથે ભવ્ય દશા ન્હિકા મહો. ઉજવાયો પૂજા વિ. માં સંગમનેર મંડળે અપૂર્વ ભક્તિરસની હ્હાણ કરી ચૈત્ર સુ ૧૫ ના ૨૫૦ રૂા.નું સંપૂ. પારણાના અત્ત પારણા તપસ્વીઓ આદિનું ચાંદીની દીવી વિ. થી બહુમાન સાથે વદ-૨ના સંઘ તરફથી સુંદર સાધર્મિક વાંચન થયું.

ઝરીયા-અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય પ્રભાકર સૂ. મ. ની નિશ્રામાં ચૈત્રી ઓળી ની સુંદર આરાધના થઇ પ્રવચન વિ. ખૂબ સારો લાભ લેવાયો પાઠશાળા સ્નાત્ર-મંડળ શરૂ થયા સાધારણ ટીપ સારી થઇ દેરાસર સુંદર બનાવાની વિચારણા થઇ વૈ સુદ ૬ વર્ષગાંઠ ઉજવાઇ ઝરીયાથી સમેતશિખર સંઘ બાદ નીકળશે. સમેત શિખરથી સંઘમાં ક્ષત્રિય ટુકડે ૪૦૦ વિદ્યાર્થીઓએ ભવ્ય સામૈયું કરેલ પાવા-પુરી ચોમાસી રાજગૃહી શાલગીરી પૂજા સાધર્મિક વાત્સલ્ય વિ. થયા. શ્રી મહાવીર ભગવાન વિહાર ભૂમિમાં સ્થાપત્યો કરવાની વિચારણા થઇ.

સિંહ ન જોઇબદ્બલં
નવિ જોઇ ધણુઋદ્ધિ ।
એકાલડું સદસાં મિહિ
જાં સાહસ તાં સિદ્ધિ।

સિંહ સમુદાયનું બળ જોતો નથી
ધન ઋદ્ધિ જોતો નથી,
એકલો સાહસ કરે જ્યાં
સાહસ ત્યાં સિદ્ધિ છે

હુબલી-પૂ. આ. ભ. શ્રી વિજય ભુવનતિલક સૂ. મ. ના શિષ્ય પૂ. મા. શ્રી અશોકરત્ન સૂ. મ. ઠા.-૪ ની નિશ્રામાં અને પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ ઠા.-૯ પૂ. સા. શ્રી સુગુણાશ્રીજી મ ઠા ૯ ની ઉપસ્થિતિમાં કંચગાર ગલીમાં શ્રી શાંતિ-નાથ ભ. ની પ્રતિષ્ઠાના મહા સુદ ૧૩ ના ૭૫ વર્ષના અમૃત મહોત્સવ પ્રસંગે ચૈત્ર સુદ ૬ થી દશ દિવસના મહોત્સવમાં શ્રી કલ્યાણ મંદિર શ્રી ૧૮ અભિષેક શ્રી કુંભ સ્થાપનાદિ શ્રી શાંતિ સ્નાત્ર આયંબિલની ઓળી સાથ પારણાં પૂજા પ્રભાવન ભવ્ય આંગી રચના શ્રી મહાવીર જન્મ કલ્યાણક નો બેલગાંવના બસવરાજ બેન્ડ સાથે ભવ્ય વરઘોડો. શ્રી શત્રુંજય પટ્ટ દર્શનનો વર-ઘોડો સ્વામિવાત્સલ્ય અનુકંપાદાન આદિ થયું હતું. વિધાનો માટે બેંગલોરના શ્રી પ્રદીપભાઇ એસ. શાહ ઇચલકરંજીના અધ્યાપક અરવિંદભાઇ કે. મહેતા. પૂજા ભક્તિ માટે આકોલાના જૈન સંગીતકાર અશોક જૈન આવ્યા હતા. દેવદ્રવ્ય સાધા-રણમાં ઉપજ સારી જીવદયાની ટીપ થઇ હતી. પૂ. આ. મ. આદિ ગહુંગ ચૈત્ર વદ ૭ ના સ્વાગત પ્રવેશ ત્યાં વૈશાખ સુદ ૬ ના પૂ. મુનિરાજ શ્રી અમરસેન વિ. મ. ની આચાર્ય પદવી શ્રી મંજુલનાથ શ્રી સંગીતા બેનની દીક્ષા મહોત્સવ થશે.

સહકાર અને આભાર

૨૫૧) શાહ ચંદુલાલ મણીલાલ પરિવાર તરફથી અઠ્ઠાઇ મહોત્સવ નિમિતે પૂ. મુનિરાજશ્રી કુલભૂષણ વિજયજી ની પ્રેરણાથી ભેટ -મુંબઇ

૦ પ્રમાદની અનર્થતા અંગે ગુણસ્થાનક ક્રમારોહની ગાથા-૪૪ ની ટીકામાં કહ્યું છે કે—

सुयकेवलि आहारग, उज्जुमइ उवसंतगावि हु पमाया ।
हिंडंति भवमणंतं, तयणंतरमेव चउगइआ ।।

શ્રુતકેવલી, આહારક શરીરી, ઋતુમતિ, ઉપશાંત મોહવાળા આત્માઓ પણ પ્રમાદના પરવશપણાથી અનંત ભવોમાં પણ ભમે છે. પ્રમાદની પરાધીનતાથી ચાર ગતિમાં પણ વસે છે.

૦ ભગવાન શ્રી જિનેશ્વરદેવો અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે. તે અંગે **'શ્રી સમવાયાંગ સૂત્ર'** માં કહ્યું છે કે— **'भगवं च णं अद्धमागहीए भासाए धम्ममा इक्खइ ।'**

૦ દેવો પણ અર્ધમાગધી ભાષામાં બોલે છે અને બોલચાલની ભાષાઓમાં અર્ધ-માગધી ભાષા શ્રેષ્ઠ છે તે અંગે' **શ્રી ભગવતીજી સૂત્રમાં'** કહ્યું છે કે—

'गोयमा । देवाणं अद्धमागहीए भासाए भासंति, सा वियणं अद्ध-मागही भासा भासिज्जमाणि विसिस्सइ ।'

૦ ભાષાની અપેક્ષાએ ભાષાર્થ પણ તે કહેવાય છે, જે બોલચાલમાં અર્ધમાગધી ભાષાનો ઉપયોગ કરે આ અંગે **'શ્રી પન્નવણા સૂત્ર'** માં પણ કહ્યું છે કે— **'भासारिया जे अद्धमागहीए भाषाए भासेंति ।'**

૦ અર્ધમાગથી ભાષાનું લક્ષણ કરતાં નવાંગી ટીકાકાર પ. પૂ. આ. શ્રી વિ. અભયદેવ સૂ. મ. એ **'સમવાયાંગ સૂત્ર'** અને **'ઔપપાતિ સૂત્ર'** ની ટીકામાં કહ્યું છે કે— જેમાં માગધી ભાષાના નિયમોની ઘણી ન્યૂનતા હોય છે અને પ્રાકૃત લક્ષણોની બહુલતા હોય તે **'અર્ધમાગધી'** કહેવાય છે.

'ऽसोलंशो मागध्याम्' इत्यादि यत् मागधभाषालक्षणं तेन अपरिपूर्णा प्राकृतभाषालक्षणबहुला अर्धमागधा ।'

(શ્રી ઔપપાતિક સૂત્ર ટીકા)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- સુખની સાથે શત્રુતા દુઃખની સાથે મિત્રતા એ જ કલ્યાણની કેડી.
- મોહના વૈરીમાં જ શ્રી અરિહંત પરમાત્માને ઓળખવાની લાયકાત આવે.
- સંસારના પ્રેમી કદિ શાસનના પ્રેમી બની શકે નહિ.
- આ શરીર એ જ રોગનું ઘર છે. સઘળી ઉપાધિનું મૂળ છે. અનેક પાપોને કરાવનાર છે. બહુ ભયંકર ચીજ છે. આ શરીરની સેવાના યોગે મોટો ભાગ આત્માને મોક્ષને પુણ્ય-પાપને પરલોકને ભુલી ગયો છે. પણ તેને ખબર નથી કે આ શરીરને ગમે તેટલું સાચવો તો ય અંતે સળગાવી મૂકવાનું છે. કાં દાટી દેવાનું છે. જે શરીર મારી સાથે ય ન આવે તેને મારૂં મારૂં કરવું. અને મારૂં બનાવવા અનેક પાપ કરવા તેના જેવી અજ્ઞાનતા અને બેવકૂફતા એક નથી.
- જેનો મોહ ઢીલો પડયો તેને કર્મ દુઃખી બનાવે તો ય તે જીવ બહુ મજામાં હોય, કર્મ સુખી બનાવે તો તે બહુ સાવચેત હોય.
- દુઃખ દૂર કરવાની અને સુખ મેળવવાની ઇચ્છા થઇ એટલે બધા પાપની શરૂઆત થઇ. આજે દુઃખ દૂર કરવાના નામે કેટલા પાપો ચાલુ છે ? અને લાખો જીવોની કતલ ચાલું હોવા છતાં કોઇને તેનો રંજ માત્ર પણ નથી.
- પૈસાથી જ શાંતિ ઘટે અને અશાંતિ વધે.
- ઇન્દ્રિયો પર કન્ટ્રોલ કરવાથી, મનના માલિક બનવાથી સારી શાંતિ થાય.
- મનનો માલિક જગતનો માલિક. મનનો ગુલામ જગતનો ગુલામ.
- ગમે તેવી હાલતમાં પણ અનિતીનો પૈસો ન મેળવે, અનિતીથી મળતું સુખ ન ભોગવે તે જીવ ધર્મ પામવાને લાયક કહેવાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯૦૫-૩૫-૩૫

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
પિ. ગાંધીનગર, પિન-382009.

૫૨૨૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

ભાગ્ય પ્રમાણે જ પ્રાપ્ત થાય છે.

ज चिय विहिणा लिहि यं,
तं चिय परिणमइ सयललोयस्स ।
इय जाणे वि धीरा,
विहुरे वि न कायरा हुंति ।।

આ આખા લોકમાં, ભાગ્યમાં જે લખાયેલું હોય છે તે જ પ્રાપ્ત થાય છે, આ પ્રમાણે જાણીને ધીરપુરુષો સંકટમાં પણ કાયર થતા નથી.

વર્ષ ૮

અંક ૩૫+૩૬

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
પિ. ગાંધીનગર, પિન-382009.

ચાલો ! જામનગર... ચાલો ! જામનગર...

અપૂર્વ દીક્ષા મહોત્સવના અદ્ભુત પ્રસંગને નિહાળી પાવન થવા

શ્રી ભાગવતી દીક્ષા મહોત્સવ

મુમુક્ષુ જયેન્દ્રભાઈ વેલજીભાઈ હરણિયા

નિમંત્રક : શ્રી વેલજીભાઇ દેપારભાઈ હરણિયા, દિગ્વિજય પ્લોટ, જામનગર

ત્રષીદાનનો ભવ્ય વરઘોડો : જેઠ સુદ-૧ શનિવાર તા. ૧૮-૫-૧૯૯૬ સવારે ૭-૩૦ કલાકે જામનગર

પરમતારક આજ્ઞા : પૂ. સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા.

પાવન નિશ્રા : પૂ. આ. ભ. શ્રી વિ. જિનેન્દ્રસૂ. મ સા. પૂ. આ. ભ. શ્રી વિ. અમૃતગુપ્ત સૂ. મ. સા. પૂ. આ. ભ. શ્રી વિ. ચન્દ્રગુપ્ત સૂ. મ. સા. પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. સા. પૂ. મુ. શ્રી સુભદ્રવિ. મ. સા. પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. સા. પૂ. મુ. શ્રી નયભદ્ર વિ. મ. સા. આદિ મુનિભગવંતો ઉપસ્થિત પૂ. સાધ્વીજી મ. પૂ. સા. શ્રી મણીપ્રભાશ્રીજી મ., પૂ.સા. શ્રી પરમપ્રભાશ્રીજી મ. પૂ.સા.શ્રી લબ્ધગુણાશ્રીજીમ. આદિ સાધ્વી મ.

શ્રી ભાગવતી દીક્ષા : જેઠ સુદ-૨ રવિવાર તા. ૧૯-૫-૧૯૯૬ સવારે ૮-૩૦ કલાકે જામનગર

મહોત્સવનો શુભ કાર્યક્રમ : વૈ.વ. ૧૦ શ્રી પંચ કલ્યાણકની પૂજા. વૈ.વ. ૧૧-૧૨-૧૩ શ્રી પિસ્તાળીશ આગમની પૂજા. વૈ.વ. ૧૪ નવગ્રહાદિ પાટલા પૂજન. વૈ. વ. ૩૦ શ્રી લઘુશાંતિસ્નાત્ર ૦ જે.સુ.૧ શ્રી પિસ્તાળીશ આગમનો તથા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો અને મહાપૂજા. ૦ જેઠ સુદ-૨ શ્રી દીક્ષાની શુભક્રિયાનો પ્રારંભ સવારે ૮-૩૦ કલાકે.

વરઘોડાની વિશેષતા : સુવર્ણજડિત અદ્ભુત વિશાળ સ્વપ્નો ૦ જયેન્દ્રભાઇના વરસીદાનનો અજોડ જહાજ રચના ૦ આકર્ષક માંગલિક અષ્ટમંગલો ૦ ૪૫ આગમની ભવ્ય રચના ૦ ભવ્ય રથ રચના ૦ રાજહંસની ભવ્ય શોભા-રચના ૦ સ્વર્ગમાંથી ઉતરીને આવેલું દેવ વિમાન ૦ જામનગરમાં બંધાઇ રહેલા જિનાલયમાં પ્રતિષ્ઠિત થનાર ૫'. ઇંચના ધાતુના નયનરમ્ય પ્રતિમાજી ૦ વિશાળ સુઘોષા ઘંટ ૦ હાથીઓની હારમાળા ૦ ગુંજતું પ્રખ્યાત બી. જે. એસ. એમ (ગોડીજીનું) બેન્ડ અમદાવાદનું વિખ્યાત મિલન બેન્ડ

(જુઓ ટાઈટલ ૩ જુ)

પ્રભાવક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પૂનમચંદ મેઘજીભાઈ ગુંદિયા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ સંઘવી (પાલીતાણા)
ચાંદમલ પદમશી ગુંદિયા (ધ્રાંગધ્રા)

વર્ષ : ૮ ૨૦૫૨ વૈશાખ વદ ૧૨ મંગળવાર તા. ૧૪-૫-૯૬ [અંક ૩૫-૩૬

પ્રકીર્ણક ધર્મોપદેશ

—પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ—૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ—૬૪. (પ્રવચન ૧૦ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— —અવ૦)

શાસ્ત્રે કહ્યું કે, અર્થ અને કામ ભૂંડાં જ છે, તે બે મળે ધર્મથી જ. ધર્મ ન હોય તો અર્થ પણ ન મળે, અને મળેલો અર્થ ભોગવી પણ ન શકે. ભૂંડા અર્થ અને કામને ધર્મી જીવ સારા બનાવે, મોક્ષનું સાધન બનાવે તે જુદી વાત. પણ તે બે કહેવાય તો એકાન્તે ભૂંડા જ ને ?

મોક્ષ જ સારો છે, મેળવવા જેવો જ છે. ધર્મ પણ તે જ સારો કહેવાય કે જે મોક્ષ માં થતો હોય. 'પૈસા-ટકાદિ માટે ધર્મ ન થાય' એમ સમજવા છતાં પણ દુનિયાના સુખ અને સંપત્તિ માટે ધર્મ કરે તો તે ધર્મ સારો નથી માટે કરવા જેવો નથી એમ જ્ઞાનિઓ કહે છે. તે ધર્મથી કદાચ એકાદવાર દુનિયાનું સુખ અને સંપત્તિ મળી જાય પણ તે સુખ અને સંપત્તિમાં તે જીવ એવો પાગલ થાય કે જેના પ્રતાપે કદાચ અનંતકાળેય આવી સામગ્રીવાળો મનુષ્ય જન્મ ન મળે.

શંકા: આશય ભૂંડો ભળ્યો માટે તે ધર્મ ભૂંડો ને ?

ઉ૦ હા. આશયથી જ ધર્મ સારો થાય. માટે જ જ્ઞાનિઓએ આશયભેદે જ એકના એક ધર્માનુષ્ઠાનના પાંચ પ્રકાર કહ્યા છે. આ લોકના સુખ માટે ધર્મ કરે તેને ઝેર જેવો કહ્યો જે તત્કાળ મારે. પરલોકના સુખ માટે ધર્મ કરે તેને ગરલ જેવો કહ્યો જે ધીમે ધીમે મારે. સમજ્યા વિના જેમ તેમ ધર્મ કરે તેને સંમૂર્ચ્છિમ જેવો ધર્મ કહ્યો.

આ મારા ઘરની વાત નથી કહેતો. માટે સમજો કે અર્થ અને કામ માટે પણ ધર્મ કરાય એમ જે બોલે તે બેવકૂફ કહેવાય કે જ્ઞાની કહેવાય ? આવું બોલે તે મહાપાપી છે, સાધુ હોય તો ય તે તો કસાઇ કરતાં પણ ભૂંડો છે.

સભા૦ પ્રાથમિક ભૂમિકામાં આ ભાવ કયાંથી આવે ?

ઉ૦ હું તમને બધાને સમજાવું છું કે, 'ધર્મ ઊંચામાં ઊંચો છે. ધર્મથી અર્થ-કામ આદિ બધું મળે. પણ તે અર્થ-કામ ભૂંડા છે, અનર્થકારી છે, આત્માને દુર્ગતિમાં લઇ જનાર છે' એમ અનંતજ્ઞાનિઓ ભારપૂર્વક કહી ગયા છે. માટે તે ગમે ઇચ્છવા જેવા નથી, મેળવવા જેવા નથી, ભોગવવા જેવા નથી, સાચવવા જેવા નથી તાકાત હોય તો છોડી દેવા જેવા છે, કદાચ ન છૂટી શકે તો તેનાથી સાચવી-સંભાળીને રહેવા જેવું છે.' આવું સમજવાની શક્તિ હોવા છતાં પણ જે હઠ જ પકડે કે 'હું તો અર્થ અને કામ માટે જ ધર્મ કરું, મારે તો તે બે જ જોઇએ છે' તો જ્ઞાનિઓ કહે છે કે, તે જીવ ધર્મનો ઉપદેશ સાંભળવા પણ લાયક નથી. તમે બધા અહીં અર્થ અને કામ છોડવા માટે આવો છો કે મેળવવા માટે આવો છો ? લોભીયા અહીં લોભ છોડવા માટે આવે છે વધારવા માટે આવે ? દુનિયાનું સુખ મેળવવા અને મળેલું સુખ સારી રીતે ભોગવાય તેવા ભાવથી અહીં આવે તો અજ્ઞાન કહેવાય ને ? અહીં આવીને ભગવાનની કહેલી આ વાત સમજી જાય અને સુધરી જાય તો તે લઘુકર્મી કહેવાય. તમે બધા રોજ અહીં આવો છો. અર્થ અને કામ ભૂંડા છે, અનર્થકારી છે એમ કહી કહીને મારા વાળ પણ ધોળા થઇ ગયા છતાંય જે એમ કહે છે કે, અર્થ અને કામ સારા છે અને મેળવવા જેવા છે, ભોગવવા જેવા છે, સાચવવા જેવા છે તો તે ગાઢ મિથ્યા દૃષ્ટિ છે અને કદાચ ચરમાવર્ત્તકાળમાં આવ્યો હોય તો ભારે કર્મી જીવ છે.

સભા૦ તેના ગાઢ મિથ્યાત્વને પોષે તે કેવા કહેવાય ?

ઉ૦ શાસ્ત્રે કહ્યું છે કે, 'પાય નહિ કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું.' તેના જેવો પાપી બીજો કોઇ નથી.

તે પોતે ય ડુબે અને બીજા અનેકને ય ડુબાડે. ભગવાનનો આ સાધુવેષ જેમ તારે તેમ ડુબાડે પણ ખરો.-માટે શાસ્ત્રે કહ્યું છે કે, સુસાધુને શોધી શોધીને માનવાના છે તેમ કુસાધુને છોડવાના છે. જેમ સુગુરુ હોય તેમ કુગુરુ પણ હોય. કોણ ? અર્થ અને કામને સારા કહે, તેને મેળવવા જેવા કહે, મેળવવા માટે મહેનત કરવા જેવી છે એમ કહે તે. અર્થ અને કામને અમે સારા કહી શકીએ ખરા ? તમે બહુ સુખી હો અને બહુ મોજ મઝાદિ કરતા હો તમને પુણ્યશાળી કહીએ ખરા ? ભગવાનના માર્ગનો યથાર્થ જાણુ સાધુ હોય તે કહે કે, 'તેનો પરિચય કરવા જેવો નથી. તેની સાથે રહેવા જેવું નથી, તેનું મોં જોવા જેવું નથી.' તેવો શ્રીમંત ઉપાશ્રયમાં આવે તો સારા સાધુ સાવચેત થઇ જાય અને તેની વાતમાં જરા ય ન અવાય તેની કાળજી રાખે. ગાંડા સાધુ ઘેલા થઇ જાય. તેના વખાણ કરીએ તો અમારી ઇજ્જત કપાઇ જાય. તે જેને સારું માને તેને અમે ય સારો કહીએ, તેનું પોષણ કરીએ તો તેનું મિથ્યાત્વ ગાઢ બનાવવાનું પાપ અમને ચોંટે. તે સાંભળી બીજા બધાને થાય કે આ બધું કરવા જેવું છે. બધા તે માર્ગે જાય તો તેનું પાપ કોને લાગે ?

સભા૦ આપ તો શ્રીમંતોની પત્તર ખાંડો છો.

૯૦ પત્તર નથી ખાંડતો પણ 'શ્રીમંતાઇમાં ફસવું સારું નથી' એમ સમજાવું છું. પણ આજે મોટો શ્રીમંત આવે તો મહાપરિગ્રહને વારંવાર પાપ સમજાવું. એથી તેનું મોં બગડે છે તે પણ જોઉં છું.

સભા૦ આપની વાતો ઊંચા શ્રાવકો માટેની છે. પણ સામાન્ય મુગ્ધ જીવ હોય જે ધર્મ લાંબો સમજતો નથી તો દેશનાનો પ્રકાર કયો હોય ?

૯૦ મુગ્ધ જીવ કોને કહેવાય ? ભગવાનનું કહેલ અમે જે બોલીએ તે ન સમજે તે, તે વિનાના નહિ.

તમે બધા તો અમને વેચી ખાવ તેમાંના છો. અમે ભલા-ભોળા હોઇએ તો અમને ઊંધે માર્ગે લઇ જાવ તેમાંના છો.

મારવાડની બાઇઓ અજ્ઞાન વધારે છે. પણ ઓઘથી શ્રદ્ધાળુ છે તેથી ઘણો ઘણો તપ કરે છે. અમે એકવાર તે પ્રદેશમાં હતા. ત્યાં અમે 'અક્ષય નિધિ' તપ કરાવ્યો હતો મેં વ્યાખ્યાનમાં કહેલું કે, 'આ તપ શા માટે કરવાનો છે તે ખબર છે ? તમારા અર્થના ભંડાર ભરાય, ભરેલા ભંડાર ભરેલા રહે તે માટે આ તપ કરવાનો નથી. આત્માની જ્ઞાનાદિ શુભ લક્ષ્મીને વધારવા અને અર્થાદિ ભંડાર છોડવા માટે આ તપ કરવાનો છે.'

તે પછી મને કહે કે, 'અમે તો આવું આજે જ સાંભળ્યું. અમે તો પૈસા-ટકાદિ માટે આ તપ કરતા હતા પણ હવે સમજી ગયા માટે તે માટે નહિ કરીએ.' મુગ્ધ જીવ કેવા હોય તે સમજાય છે ? 'આ તપથી અર્થના ભંડાર ભર્યા રહે તેથી આવો તપ કરવો' તેવો ઉપદેશ આપવો તે મિથ્યા ઉપદેશ છે.

સભા૦ મુગ્ધ જીવોને ઊંચી કોટિના બનાવવા દેશના કઈ આપવી ?

ઉ૦ તેમને સમજાવીએ કે, ધર્મ સારામાં સારી રીતે કરો ધર્મથી જ બધું મળે. મોક્ષ પણ ધર્મથી જ મળે. અર્થ-કામ પણ ધર્મથી જ મળે. મળેલું સુખ ભોગવાય પણ ધર્મથી જ. પણ જો આ દુનિયાદારીની સુખ-સામગ્રીમાં મઝા આવી તો ઘણું નુકશાન થશે. તેમ પણ સાથે જ સમજાવીએ. અર્થ અને કામ ધર્મથી જ મળે એટલું કહે પણ જો તેમાં સાવધ નહિ રહો તો બાર વાગી જશે એમ ન કહે તો તે મિથ્યા ઉપદેશ છે.

અર્થ અને કામ માટે પણ ધર્મ થાય' આવું વાંચ્યા પછી એક ભાઇએ લખ્યું કે- 'આજ સુધી ધર્મ કરતા પૈસા-ટકાદિની, સુખ સામગ્રીની ઇચ્છા થતી તો મને દુઃખ થતું હતું પણ હવે મેં જાણ્યું કે અર્થ અને કામ માટે ય ધર્મ થાય તો હું રાજી રાજી થઈ ગઇ.' તમારે બધાએ આવું કરવું છે ?

અહીં આવનાર કોઇ એવો નથી જેને સમજાવું તો ન સમજી શકે! 'અર્થ-કામ મળે ધર્મથી જ, પણ તે ખોટા છે, ઇચ્છવા જેવા ય નથી, મેળવવા જેવા ય નથી. ધર્મ તેને છોડવા માટે કરવાનો છે પણ મેળવવા માટે નહિ' આ વાત તમને સમજાય તેવી નથી ? અર્થ અને કામના રાગી બનાવવા માટે ઉપદેશ છે કે અર્થ-કામના ત્યાગી બનાવવા માટે છે ? જે આ વાત સમજી શકે તેવા હોય તેને જો ન સમજાવીએ તો અમે ગુનેગાર ઠરીએ ! આ બધા સમજે તેવા નથી એમ હું માનતો નથી. મુગ્ધ જીવો જે માટે ધર્મ કરે તો કરવા દઇએ, ના નથી પાડતા પણ તેમાં હાય નથી પાડતા. મૌન રહીએ છીએ.

ભગવાને કહ્યું છે કે, ધર્મ મોક્ષ માટે જ થાય. ભગવાનની આજ્ઞા મુજબ કરેલા ધર્મથી અર્થ અને કામ મળે ખરા પણ તે બેને મેળવવા માટે ધર્મ થાય જ નહિ. જીવના આશયભેદ ધર્મમાં પણ ભેદ પડે. એકનો ધર્મ ઝેર જેવો પણ થઈ તત્કાલ મારે, કોઇનો ધર્મ ગર જેવો થઇ લાંબા કાળે મારનારો પણ થાય અને કોઇનો ધર્મ નકામો પણ થાય.

(ક્રમશઃ)

સ્વર્ગારોહણ શતાબ્દિ પ્રસંગે

ન્યાયાંભોનિધિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા અપરનામ

: શ્રી આત્મારામજી મહારાજાના ગુણાનુવાદ :

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

નોંધ : શ્રી અરિહંત પરમાત્માનું શાસન પ્રાપ્ત થવું અતિદુર્લભ છે, એ શાસન પ્રાપ્ત થયા પછી વફાદાર રહેવું દુષ્કર છે. વફાદારને પણ એ શાસનની પ્રભાવના કરવી દુષ્કર છે. પ્રભાવના કરનારને એ શાસનની રક્ષા કરવી દુષ્કર છે.

ગામ છતાં રણશુરા રજપુતને યુધ્ધ સુકર છે તેમ શિવશુરા સાધુને પણ ઉપરનું બધું સુકર છે, એ સિધ્ધાંતનો અને જાત અનુભવનો ચિતાર એ સાક્ષાત પૂ. આત્મારામજી મહારાજા છે.

આજના સંપ અને એકતાના પ્રવાહમાં સત્યની ઉપેક્ષાના કાળમાં પૂ પાદ પરમ આરાધ્યપાદ પ્રવચનકાર પૂજ્યપાદશ્રીએ ગુણાનુવાદના પ્રવચનમાં સર્વ કંઈ કહેવા જેવું પીરશી દીધું છે, તેમની સ્વર્ગારોહણ શતાબ્દિ પ્રસંગે તેમના ગુણાનુંવાદ વાંચી તેની સ્પર્શના કરીએ– સં.)

[સં. ૨૦૪૯ જેઠ સુદિ ૮ ને શનિવાર તા. ૧૮–૬–૧૯૮૩ના રોજ અમદાવાદ, વિજય દાનસૂરિજી જ્ઞાનમંદિર અને પૌષધશાળા, મધ્યે, પ. પૂ. ન્યાયાંભોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા (શ્રી આત્મારામજી મહારાજા)ની સ્વર્ગતિથિની ઉજવણી થયેલ તે પ્રસંગે અસત્યનું ઉન્મૂલન અને સત્યની રક્ષા–સાચવણી અને પ્રચારના તેમના જીવનપ્રસંગોનો સાદર ચિતાર રજૂ કરતું પ્રેરક અને મનનીય પ્રવચન પ પૂ. પરમશાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ આપેલ. તેનું સારભૂત અવતરણ અત્રે આપવામાં આવેલ છે. તે મહાપુરૂષે સૂચવેલ 'સત્યની રક્ષા' તે જ જીવનનો મુદ્રાલેખ બનાવી સૌ આત્મકલ્યાણ સાધો તે શુભાભિલાષા.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે પ. પૂ. પ્રવચનકાર આચાર્યદેવશ્રીના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.—સં૦]

'અસત્યનું ઉન્મૂલન અને સત્યનો પ્રેમ' એ જ તેમનો મુદ્રાલેખ હતો.

ખોટી વાતને રોજ અંબેયાં કરે, એક ખોટી વાત ચાલવા ન દે તે સુગુરુ !

મહારાજનો શિક્ષાપાઠ. શક્તિ-સંપન્ન આત્માઓએ ધર્મની રક્ષા માટે, માન-પાનની, લોક સારા કહે કે ખોટાં તેની પરવા કર્યા વિના, સાચું કહ્યા વિના રહેવું નહિ.

મહારાજ જે સિદ્ધાંત જાણ્યા, જે સાચી વાત કરી સત્યને જાણ્યું; તે મુજબ જ ચાલે તે જ તેમનો સાચો શિષ્ય છે.

ઉજવણી પણ જેની તેની ન થાય પણ કથાને લાયકની જ સ્વર્ગતિથિ ઉજવાય.

સાચી વાત જાહેર કરતાં અયોગ્યને કલેશ થાય અને યોગ્યને લાભ થાય તો તે કલેશની કિંમત ન અંકાય.

આજે એક એવા મહાપુરુષોનો સ્વર્ગવાસ દિવસ છે જે મહાપુરુષનો આ શાસન ઉપર મોટામાં મોટો ઉપકાર વર્તમાન કાળમાં છે. પ પૂ. આ. શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ જેઓ શ્રી આત્મારામજી મહારાજના નામથી પ્રસિદ્ધ છે. તે મહાપુરુષ જૈન કુળમાં જન્મ્યા ન હતા જૈનેતર કુળમાં જન્મેલાં હતાં. તેમના પિતાનું નામ ગણેશમલજી હતું. અને માતાનું નામ રૂપાદેવી હતું. તેમના પિતાની સ્થિતિ સંગ તેવો રંગ લાગે તેવી હતી. તે વખતમાં ત્યાં એક ઇતર મતના ધર્મગુરુ વિચરતા હતા જેમને આ બાળકને જોઇને કલ્પના કરી કે આ મોટો રાજા થાય તેવો બાળક છે. તેથી તેમના પિતા ગણેશમલજી પાસે માંગણી કરી કે, આ બાળક મને સોંપી દે, માંગે તે પૈસા આપું. ત્યારે તેમના બાપે ઘસીને ના પાડી તેથી તેમના બાપને ઘણું કષ્ટ વેઠવાં પડયાં અને છેવટે એવા ગુનામાં પકડાયા કે જેલમાં જવાનો વખત આવ્યો. ત્યારે પોતાના સ્થાનકવાસી મિત્રને કહ્યું કે આ બાળકને સોંપુ છું. તું સાચવજે. હું આવું કે ન આવું કાંઇ કહેવાય નહિ. આ રીતે તેઓ સ્થાનકવાસી સંપ્રદાયના પરિચયમાં આવ્યા તેના પરિણામે ધર્મના સંસ્કાર જાગૃત થયા અને પરિણામે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી.

જે આત્માઓ આત્માનો ઉદ્ધાર કરવા માંગતા હોય છે તેઓ હંમેશા સત્યને સમજવાની કોશિશ કરતા હોય છે, પોતે જે જે ધર્મમાં કે સંપ્રદાયમાં હોય છે તે તે ધર્મના કે સંપ્રદાયનાં શાસ્ત્રો ભણતા હોય છે. જેને દેવ ગુરુ કે ધર્મને ઓળખવાની ઇચ્છા નથી તે જીવો કદિ પણ ધર્મને પામતા નથી. આજની ખુબી એ છે કે સારી સામગ્રી મળવા છતાં તેની કિંમત સમજાતી નથી, તેના પર શ્રદ્ધા થતી નથી આજના હોંશિયારમાં હોંશિયારને દેવ-ગુરુ-ધર્મને ઓળખવાની ઇચ્છા જ નથી. સારામાં સારા દેવ-ગુરૂ અને ધર્મને માનનારને પણ ખુમારી નથી કે મને જોઇએ તેવા દેવ-

ગુરૂ અને ધર્મ મળ્યા છે, દુનિયાના કોટિપતિ અબજોપતિ કરતાં ય હું ઘણો ભાગ્યશાલી છું. આવી રીતે સામગ્રી પામ્યા પછી પણ જો હું આગળને આગળ ન વધું તો તે મારા પૂરેપૂરી કમનશીબી છે; આવી ભાવના પણ પેદા થતી નથી, સારું પામ્યાની શ્રદ્ધા પણ થતી નથી.

આ મહાપુરુષને સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધા પછી નવું ને નવું શાસ્ત્રજ્ઞાન મેળવવાનું જ મન હતું. તેમની અદ્‌ભુત શક્તિ હતી કે રોજના ત્રણસો (૩૦૦) શ્લોક મોઢે કરતા. સંપ્રદાયના બત્રીશે (૩૨) આગમો તેમને કંઠસ્થ હતા. આપણે ત્યાં સ્થાનકવાસી મત કેવી રીતે ઉત્પન્ન થયો તે તમે જાણતા નથી. તે સાધુથી નહિ પણ એક લહિયાથી નીકળ્યો છે તેનો ઇતિહાસ પણ તમે જાણતા નથી. તે લોકો વ્યાકરણને વ્યાધિકરણ માનતા એટલે વ્યાકરણ ભણતા જ નહિ. બીજો વાંચે તો સમજ આવે પણ સમજ ન આવે માટે વ્યાકરણ ભણવાનો રિવાજ નહિ. આમને સત્ય જાણવાની એટલી ધગશ હતી કે પોતાના સંપ્રદાયમાં જે જે વિદ્વાન ગણાય તેની પાસે ભણવા જતા પણ કોઇ આ અર્થ કરે, બીજા બીજો અર્થ કરે પણ તેમને બેસે નહિ. છેલ્લે એક વૃધ્ધ સાધુ રત્નચંદજી પાસે ભણવા મોકલ્યા અને તેઓ ગયા, તે રત્નચંદજી મુનિ વ્યાકરણ ભણેલા હતા, ભાષ્ય-ટીકા વાંચેલા હતા એટલે તેઓ જે જે અર્થ કરાવતા તે તે અર્થ આમને બેસવા લાગ્યા અને ભણવામાં મજા આવવા લાગી. તેમને પણ આ મહાપુરૂષને ભણાવવામાં મજા આવતી. આમની ઇચ્છા હતી કે આપની પાસે જેટલું હોય તેટલું ભણી લેવું છે. પરંતુ તેમના ગુરૂ શ્રી જીવણલાલજી મુનિનો પત્ર આવ્યો કે જલ્દી આવો. તેથી આ વિમાસણમાં પડયા-તેમની જવાની ઇચ્છા નથી પણ ગયા વિના ચાલે તેમ નથી. તેથી તેમના વિદ્યાગુરૂ શ્રી રત્નચંદજી મુનિએ કહ્યું કે-'તું જઈ શકે છે, પણ એક વાત સાંભળી લે. તારા જેવો વિદ્યાર્થી મળ્યો નથી. સાચું સમજેલ કહી શકતો ન હતો. મેં સાંભળ્યું છે કે- તું મૂર્તિનું ઘણું ખંડન કરે છે. પણ આજથી-હવેથી ખંડન કરીશ નહિ' ત્યારે આમણે પૂછ્યું કે 'આપ મંડનની કેમ ના પાડો છો?' ત્યારે તેઓએ કહ્યું કે-'આગમમાં મૂર્તિના બધા પાઠો છે તે બતાવ્યા. આપણે ખોટી માન્યતા પકડી છે માટે ખોટું નિરૂપણ કરીએ છીએ! ત્યારે તેમણે કબૂલ કર્યું કે-હવે કદિ નિંદા નહીં કરું.' તે અને બીજી સલાહો પણ આપી. તેઓને સંતોષ થયો કે આજે મને સાચું જ્ઞાન મળ્યું, સાચો માર્ગ મળ્યો.

ત્યાર પછી પોતાના ગુરૂની પાસે ગયા, ત્યાં આનંદીમાં સારી રીતે વ્યાકરણ ભણ્યા. અંતે નિર્યુક્તિ ભાષ્ય વાંચતા થયા પછી તો તત્વ હાથમાં આવ્યું. આ રીતે તૈયાર થયેલા મૂંગા બેસી શકે? જે મત ખોટો તે ચોખ્ખા આત્માને સમજાવ્યા વિના

રહે ? પછી તો જે યોગ્ય આત્મા આવે તેને ખાનગીમાં સાચી વાત સમજાવતા. તેમને ખબર હતી કે જો વાત જાહેર થાય તો મોટો ધોંધાટ થાય કે...હા...મચી જાય. માટે જાહેરાત ન થાય તેની કાળજી રાખતા. આ રીતે સાધુ અને શ્રાવકને તૈયાર કર્યા, બધાને કહ્યું કે હમણાં જાહેરાત કરતા નહિ. તેમને હવે આ સંપ્રદાયમાં રહેવું પસંદ ન હતું પણ ઉતાવળ કરે તો બીજા યોગ્ય આત્માઓને ન સમજાવી શકાય માટે રહ્યા. એકવાર એક સાધુને સમજાવતા હતા. તે કહે કે-'તમે ગુરુ કહે તેથી ઊંધુ કહો છો.' ત્યારે તેઓશ્રીએ કહ્યું કે-'ગુરુ કેમ કર્યા છે ? સંસાર સાગર તરવા માટે.' તે સાધુ પણ પછી સમજ્યા. સત્ય સમજાયા પછી ખોટી વાત ન જ મનાય આ તેમનો મુદ્રાલેખ હતો.

એકવાર અમૃતસરમાં શ્રી ભગવતીજી સૂત્ર પર તેમના વ્યાખ્યાન થતા હતા. તે વખતે સ્થાનકવાસીના વડા પૂજ્ય શ્રી અમરસિંહજી પણ આવેલા. તે પણ તેમનું વ્યાખ્યાન સાંભળી ખુશ થયા અને કહ્યું કે-'તું મોટો ભાગ્યશાલી છે. તું જે રીતે સમજાવે છે તે રીતે સાધુ સમજતા અને સમજાવતા થાય તો કામ થઇ જાય. માટે મારા સાધુઓને ભણાવ જેથી શાસનનો ઉદ્યોત થાય.' આ સાંભળીને તેમણે કહ્યું કે-'વ્યાકરણના જ્ઞાન વગર સાચો બોધ થઇ શકે નહિ માટે આપના સમુદાયમાં વ્યાકરણ ભણવાનું શરૂ કરાવો.' તેથી તેથી તે અમરસિંહજીએ પોતાના સાધુઓને ભણવા માટે મોકલ્યા અને એ રીતે સોળ સાધુઓને તૈયાર કર્યા.

એકવાર અમરસિંહજી વ્યાખ્યાનમાં આવેલ છે અને સ્થાનકવાસી સાધુઓ સૂત્રોના મનઃકલ્પિત અર્થ કરે છે. એ વિષયમાં બોલતા મહારાજ શ્રી આત્મારામજીએ જણાવ્યું કે-'નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા વિના સૂત્રોના અર્થમાં ગપ્પાં મારવા તે વ્યાજબી નથી. સૂત્રોનો સાચો અર્થ સમજવો હોય તો નિર્યુક્તિ આદિનો અભ્યાસ કરવો જોઇએ. આ વાત તે પૂજ્ય અમરસિંહજી ન ગમી અને ગુસ્સે થયેલા તેમણે કહ્યું કે- "મારી શ્રદ્ધા બદલાઈ નથી પણ હકીકત આ છે ! તે સાંભળી અત્યંત ગુસ્સે થયેલા તે પૂજ્ય અમરસિંહજીએ, આત્મારામજી મહારાજને સંપ્રદાય બહાર કાઢવા કરેક સાધુઓની અને તેમના ગુરૂની પણ સહીથી એક નિવેદન બહાર પાડયું કે- આત્મારામજી શ્રદ્ધા ભ્રષ્ટ છે માટે કોઇએ તેમની પાસે જવું નહિ, ઉતારો આપવો નહિ, સત્કાર કરવો નહિ.'

એકવાર તેમનાથી તૈયાર થયેલા બિશનચંદજી આદિ જે ગામમાં હતા, તે ગામમાં શ્રી આત્મારામજી મહારાજ પણ જઈ પહોંચ્યા. ગુરૂની મના હોવાથી બિશનચંદજી વિગેરે મળવા ન આવ્યા એટલે મહારાજ આત્મારામજી

પોતે તેમને મળવા ગયા અને કહ્યું કે-'તમારે મારી પાસે નહિ આવવાનો નિયમ છે, મારે નિયમ નથી માટે હું જ તમને મળવા આવ્યો છું' તે બધા પણ શ્રી આત્મારામજી મહારાજને ઉપકારી માનતા હોવાથી તેમના પગમાં પડયા. પછી તે બધાને સમજાવતાં કહ્યું કે-'આપણે સંસાર છોડયો તે કુગુરૂના વચન રૂપી કુવામાં કુબી મરવા માટે નહિ પણ સાચું સમજીને સાચું સ્વીકારવા માટે.' તે પછી તે બધાને આગમના પાઠો બતાવ્યા અને સમજાવીને એક વિચારવાળા કર્યા.

હવે તે સોળે સાધુઓ ભક્ષ્યાભક્ષ્યને સમજતા થયા તેથી અભક્ષ્ય વસ્તુઓ વાપરવી બંધ કરી. તેમાંથી કોઇ એક સાધુ કુટયો અને તેણે તેમના પૂજ્ય અમરસિંહજીને બધી વાતે કરી દીધી અને કહ્યું કે આ તો બધાને બગાડે છે. તેની ખાત્રી કરવા તે દિવસે ઇરાદાપૂર્વક બોળ અથાણા જેવી વસ્તુઓ કે જેને આપણે અભક્ષ્ય માનીએ છીએ તે ગોચરીમાં મંગાવી. બિશનચંદજી આદિએ તે ચીજ લેવાની ના કહી તો પૂજ્યે પૂછયું કે-'કેમ ના પાડો છો?' તે વખતે એમણે સ્પષ્ટ કહ્યું કે-'આ તો અભક્ષ્ય છે.' પૂજ્યે કહ્યું કે-'શી રીતે જાણ્યું? તો કહ્યું કે- પૂર્વાચાર્યોના વચનથી.' આ સાંભળી ગુસ્સે થયેલા પૂજ્યે ધમકી આપી કે-'આ ખાઓ નહિ તો અહીંથી ચાલ્યા જાઓ.' પેલાઓ પણ તરત જ નીકળી ગયા. પૂજ્યે દરેક સ્થળે હુકમો મોકલી દીધા કે-'આ સોળે સાધુઓ શ્રદ્ધાભ્રષ્ટ થયા છે માટે કોઇએ આહાર પાણી-ઉતારો આપવો નહિ.'

ધર્મ પામવાની ઇચ્છાવાળાને ધર્મ સમજવાનું મન ન થાય તે બને? શ્રી આત્મારામજી મહારાજ ઉપકારક કેમ બન્યા? સત્યના શોધક હતા માટે. ધર્મ પામવાનો મહત્વનો ગુણ આ જ છે કે-અસત્યનો ત્યાગ અને સત્યનો સ્વીકાર. અસત્ય સમજાયા પછી પણ ન છોડે અને સત્ય જાણવા છતાં ય ન સ્વીકારે તે ધર્મ પામે નહિ. ધર્મમાં નવી વાત નીકળે તો સમજવાનું મન ખરું? કે આપણે શું? સાધુની ગરબડ સાધુ જાણે? મોટા ભાગની આત્રી ભાવના થવાને લીધે સત્ય ગુંગળાય છે. આજે સારા ગણાતા પણ સત્યને સ્વીકારતા નથી.

ત્યાર પછી તે સોળે સાધુ શ્રી આત્મારામજી મહારાજને મળ્યા અને બધી વાત કરી. મહારાજે કહ્યું કે-'તમે થોડી ઉતાવળ કરી નાંખી. જે થયું તે ખરું.' તે પછી પણ અનેક મુશ્કેલીઓ વેઠીને પંજાબમાં ફર્યા જેના પરિણામે જે પંજાબ મૂર્તિપૂજાનું વિરોધી હતું ત્યાં હજારો નવા મૂર્તિપૂજક જૈનો બનાવ્યા. તે પછી ખોટો મત છોડી સાચો મત સ્વીકારવા તે સોળે સાધુઓને લઇને તેઓ ગુજરાત તરફ આવવા નીકળ્યા તે બધાએ મુહપત્તિ કાઢી નાખી, સ્થાનકવાસીઓએ મુહપત્તિ બાંધી તે ખોટું કર્યું તેમ આપણે મુહપત્તિનો ઉપયોગ છોડયો તે ખોટું કર્યું છે.

હવે આ બાજુ ગુજરાતમાં એવી વાત ફેલાણી કે આત્મારામજી મોટો બખેડો જગાવી વાદ કરવા આવી રહ્યા છે. તે વખતે સાધુઓ અલ્પ હતા. જુના સાધુઓ ઓછું ભણેલાં હતા અને આમની નામના મોટી હતી. આમની સાથે વાદ કોણ કરે ? તે વખતે સાગરજી મહારાજના ગુરૂ શ્રી નવેરસાગરજી મહારાજ વિદ્વાન ગણાતા. અહીં આવ્યા પછી શ્રી આત્મારામજી મહારાજે કહ્યું કે 'હું ચર્ચા કરવા નથી આવ્યો પણ સાચા ગુરૂની શોધ કરવા આવ્યો છું.'

શ્રી બુદ્ધિવિજયજી મહારાજ કે જેઓ પણ સ્થાનકવાસીમાંથી અહીં આવેલા હતા. ત્યાં તેમનું નામ શ્રી બુટેરાયજી મહારાજ હતું. એકવાર મૂર્તિના વિષયમાં શાસ્ત્રાર્થમાં શ્રી આત્મારામજી મહારાજે તેમને હરાવેલા ત્યારે પૂ. શ્રી બુટેરાયજી મહારાજે તેમને કહેલું કે-'યુક્તિમાં હું તને પહોંચી શકતો નથી પણ તારે આ મૂર્તિનો સ્વીકાર કર્યા વિના ચાલશે નહિ.' તે શ્રી બુટેરાયજી મહારાજ અમદાવાદમાં વિદ્યમાન હતા તેમની સેવામાં ઉપસ્થિત થયા અને કહ્યું કે 'મારે આપની પાસે દીક્ષા લેવી છે.' મત બદલે એટલે ગુરુ સ્વીકારવા જ પડે. જૈન શાસનમાં ગુરુ કર્યા વિના ચાલે જ નહિ. નગુરા કોઈ હોય જ નહિ. બાવીસ વર્ષના સ્થાનકવાસી દીક્ષા પર્યાયનો ત્યાગ કરી સં. ૧૯૩૨માં મૂર્તિપૂજક સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરી તે આ શ્રી આત્મારામજી મહારાજ છે. ત્યારે ઘણો ઉહાપોહ થયો અને ઘણા કહેતા કે-'જેને હરાવ્યા તેના ચેલા થવું પડ્યું' ત્યારે શ્રી આત્મારામજી મહારાજે જવાબ આપ્યો કે-'તમારે અમારા ગુરૂ-શિષ્યની વચમાં આવવાનું નથી. જેને હરાવેલા છે સાચા લાગ્યા તો તેના પગમાં માથું મૂક્યું.'

આજે જે ઘણા મતભેદ છે તે વખતેય સા ઓછા અને શાસનમા ગરબડ ઘણી હતી. તે બધાનો સામનો કરી કરીને જીવન પસાર કર્યું તેના પ્રતાપે જ આજે આટલા સાધુ જોઈ શકીએ છીએ. તે ન હોત તો આટલા સાધુ થાત જ નહિ.

જ્યારે તેઓ આ બાજુ આવવા નીકળેલા ત્યારે તેમના જે ગુરુ હતા તે રસ્તામાં મળી ગયા અને કહ્યું કે- 'તું પણ મને મૂકીને જાય છે' ત્યારે શ્રી આત્મારામજી મહારાજે તેમના પગમાં પડીને કહ્યું કે- 'આપ અમારી સાથે ચાલો તો અમારા ગુરુ આપ જ છો. આપ ન આવો તો અમારાથી સાથે ન રહી શકાય. સંસાર સાગર તરવા ગુરુ કર્યા છે, ડુબવા નહિ.' ત્યારે તેમના ગુરુ મહારાજે આશીર્વાદ આપ્યા કે- 'તારું ભલું થાવ.' તે કાળમાં પણ તેમના મતમાં એવા આત્માઓ હતા કે, ખોટું લાગ્યું ન છોડી શકયા, રહી ગયા છતાં પણ હૈયાથી માનતા કે આ જ સાચું છે.

આજે સાચી-ખોટી વાતને સમજવાની મહેનત કોણ કરે છે? સમજ્યા પછી ખોટી વાત છોડવાની અને સાચી વાત સ્વીકારવાની ઇચ્છા પણ કેટલાની છે? આજે ધર્મના અભ્યાસ જ કોણ કરે છે? શ્રાવકને પણ તે જરૂરી ખરો ને? તમારે સમ્યક્ત્વ જોઇએ છે? તત્ત્વજ્ઞાન વિના તે આવે? 'તત્ત્વાર્થશ્રદ્ધાન' સમ્યગ્દર્શનમ્' તો તે તત્ત્વભૂત અર્થોના અભ્યાસ વિના આવે? આ મહાપુરૂષ સાચું પામી ગયા. મિથ્યા-ખોટા મતમાં પડેલ સાચા મતમાં આવ્યા, સમ્યગ્દર્શન પામ્યા અને સમ્યગ્દર્શનનો જ પ્રચાર કર્યો જેનું પરિણામ આજે જોઇએ છીએ. તે મહાપુરૂષનું જીવન લખનાર શ્રી વલ્લભસૂરિજીએ પણ લખ્યું છે કે 'મહારાજ શ્રી આત્મારામજીએ જૈનમતમાં જે જે કુમતો ચાલતા તે તે બધાનું ખંડન કરીને સાચા મતનું જ પ્રતિપાદન કર્યું છે.'

તે મહાપુરૂષ એટલા બધા પુસ્તકો લખી ગયા છે કે જો તે બધા પુસ્તકોનો અભ્યાસ કરો પણ સાચો માર્ગ સમજાઇ જાય, સમ્યગ્દર્શન સમજાઇ જાય. બધા જ કુમતોનું ખંડન કરીને, વિરોધને સહીને સાચો માર્ગ બતાવ્યો છે. એક કુમતનું ખંડન કરવા આ મહાપુરૂષે 'અજ્ઞાન તિમિર ભાસ્કર' નામનો ગ્રંથ રચ્યો જે આજે પણ મોજુદ છે. તેમાં નામપૂર્વક ખંડન કર્યું હોવાથી કેટલાકે કહ્યું કે, 'આ પુસ્તક છપાવશો અને કેસ થાય તો કોર્ટમાં જવું પડે તો શું કરશો? ત્યારે તેમણે બેધડક રૂપષ્ટ રીતે જવાબ આપ્યો કે, 'શાસ્ત્રવિરૂદ્ધ વર્તન કરનારાઓ અને શાસ્ત્રવિરૂદ્ધ પ્રચાર કરનારાઓનું ખંડન કરતાં અમારે રાજદરબારમાં જવું પડે તો તેમ કરીને પણ સત્ય વસ્તુ રજુ કરીશું. તું કેમ ગભરાય છે? ગ્રંથ બનાવનાર હું જીવતો મોજુદ છું. કેસ કરશે તો મારી પર કરશે. તો હું રાજદરબારમાં જઇશ. આવા ન્યાયી રાજ્યમાં સત્ય નિરૂપણ નહિ કરીએ તો કયારે કરશું?' તેમના જ શિષ્યો તેમના ગ્રન્થો વાંચે તો સારૂં જોવું સદ્બુદ્ધિ આવે. બાકી જેમણે તેમના ગ્રન્થો છપાવ્યા, તેમના ગુણગાન ગાય છે તે બધા આજે એકતા અને લોકલેરીમાં પડી ગયા છે.

એકતામાં જગતના સઘળાં ય જીવોનું ભલું ઇચ્છનાર શ્રી જૈન શાસન છે. પણ એકતા કોની સાથે થાય તે સમજવું પડે. આપણે ત્યાં ભગવાન પણ તે જ થાય જેને સારા જગતને શાસનના રસિયા બનાવવાની ઇચ્છા હોય. શ્રી તીર્થંકર નામકર્મ નિકાચના કરનાર આત્માઓ, શ્રી તીર્થંકર પરમાત્માના પૂર્વના ત્રીજે ભવે ઓછી ભાવદયા ચિંતવે છે કે, 'જો મારામાં શક્તિ આવે તો જીવમાત્રમાં જે સંસારનો-વિષય કષાયનો રસ ઠાંસી ઠાંસીને ભર્યો છે તે નિચોવીને શાસનનો મોક્ષનો રસ ભરી દઉં. જેના પ્રતાપે સૌ સાચાં સુખને પામે.' જે જીવ શાસનનો રસિયો ન થાય તો જીવ મુક્તિ પામે નહિ. મુક્તિ ન પામે તે સાચું સુખ પામી શકે નહિ. સુખના

અથવા જીવો સમજી શકે તો બધાને સમજાવી શાસનના રસિયા બનાવી બધાનું ભલુ થાય તેમ શ્રી જૈન શાસન ઇચ્છે કે બીજું ઇચ્છે ? જે ઉન્માર્ગે જતા હોય તેનો નાશ થાવ, તેનું નિકંદન જાવ તેમ શ્રી જૈન શાસન ઇચ્છે ? ના શ્રી જૈનશાસન તો સાચાં-બોટાંનો વિવેક કરાવનાર છે. બોટાંને બોટાં તરીકે અને સાચાંને સાચાં તરીકે જાહેર કરનાર છે. જાણકાર આવી ઓળખ ન કરાવે તો કોણ કરાવે ?

શ્રી અરિહંત પરમાત્માઓએ બધું બોટું સમજાવી એક મોક્ષમાર્ગ જ સાચો માર્ગ સમજાવ્યો. શ્રી ઇન્દ્રભૂતિજી આદિએ કુમતનો ત્યાગ કરી ભગવાનનું શાસન સ્વીકાર્યું તે જાણો છો ? ભગવાનના અગિયારે (૧૧) ગણધરો કયા મતના ? તે બધા મતોને બોટાં જાહેર કરી સાચું-સાચો મત સમજાવ્યોને ? સાચું-બોટું જ્ઞાની કહ્યા વિના રહે ?

આ મહાપુરૂષ અમારા બધાના વડેરા છે. તેમના બળે આટલા સાધુ વધ્યા છે, તમે જાણતા હો તો શ્રી બુટેરાયજી મહારાજ શ્રી મૂલચંદજી મહારાજ, શ્રી વૃદ્ધિચંદજી મહારાજ આદિ સ્થાનકવાસીમાંથી આવ્યા છે અને મૂર્તિપૂજક સાધુ બન્યા છે તેમનો જ આ મોટો પરિવાર છે. આ કયારે બન્યું ? બોટો માર્ગ છોડી સાચો માર્ગ સ્વીકાર્યો ત્યારે ને ? તે બધાએ સત્યના પ્રચારમાં પોતાનો ફાળો આપ્યો છે તેમાં શ્રી આત્મારામજી મહારાજનો ફાળો અદ્‌ભુત છે. આજે હવા બદલાઇ છે કે બધા સાથે એકતા કરવી જોઇએ.

પ્ર૦ ખંડન વગર મંડન નહિ તે વાત સાચી છે, પણ માત્ર ખંડન ખંડન કરીશું તો ઝગડા થશે, વિખવાદ વધશે તેમ કેટલાક કહે છે તો શું કરવું ?

ઉ૦ મહાપુરૂષોએ સત્યના પ્રતિપાદન માટે બોટાનું ખંડન કર્યું તે ભૂલ કરીને ? શાસ્ત્રમાં ઠેર ઠેર મિથ્યાત્વનું ખંડન અને સમકિતનું મંડન કર્યું છે તે બોટું છે ? તો હવે અમે મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વ ભેગું કરીએ? બધા જ ધર્મો સાચા છે તેમ કહીએ ? ખંડન વગર મંડન થાય જ નહિ. મકાન બાંધવું તો શું કરવું પડે ? કપડાં પહેર્યા છે તો તે કપડાના તાકાનું ખંડન કર્યા પછી પહેર્યા ને ? અનાજ ઉગે તો તે જમીન ખેડયા પછી બીજ વવાયને ? બોટાંને કાઢયા વિના સાચું ન સ્થપાય. જે બોટાંને ન કાઢે તે સાચાનું મંડન કરી શકે જ નહિ. કોઇને ય બોટાં કહ્યા વિના, તમે સારા, તેમ કહેવાય ?

પ્ર૦ પણ મંડનમાં જ પ્રધાનતા રાખો તો-

ઉ૦. ખંડન મંડન માટે જ કરીએ છીએ. ખોટાંનું ખંડન અને સાચાનું મંડન કરવું જ પડે. ખોટું આપું મૂકે અને સાચું સ્વીકારે તો જ માર્ગ રહે. તેથી અજ્ઞાનીઓ વિખવાદ કરે તો તેની જ્ઞાનિ ચિંતા ન કરે. ઘરને પળ સારી રીતે ચલાવવું તો આ રસ્તો લીધા વિના ચાલશે નહિ. માટે સમજો કે ખંડનપૂર્વક જ મંડન હોય.

તમે લોકો આપણો ઈતિહાસ જાણતા નથી, શાસનના મહાપુરુષોને ઓળખતા નથી તેથી આવી વાતોમાં મૂંઝાવ છો. થોડા વર્ષો પૂર્વે દીક્ષા દુર્લભ હતી. દીક્ષાની ઇચ્છાવાળો પણ દીક્ષા ન લઈ શકે તેવો કાળ હતો. ગણ્યાગાંઠ્યા જ સાધુ હતા. શ્રી મૂલચંદજી મહારાજને ઓળખો છો ? તે ખાનગી દીક્ષાઓ પણ આપતા. તે વખતના શ્રાવક સંઘો અને ગામો પણ મજબૂત હતા. બોરૂ ગામ છે, ત્યાંનો સંઘ ઘણો મજબુત હતો તે કહેતો કે-'ઝઘડાવાળી દીક્ષા હોય તો અમારે ત્યાં મોકલશો, અમે દીક્ષા કરીશું અને ઝઘડો ખમી ખાઈશું.' તેની એક દીક્ષા થઈ. તેનો ઘણો ઝઘડો થયો તે વખતે આ જ અમદાવાદમાં ભરસભામાં એક શ્રાવક ઉભો થઈને શ્રી મૂલચંદજી મહારાજને કહે કે-'આવી રીતે મુંડશો તો કડીઓ પહેરવી પડશે.' ત્યારે શ્રી મૂલચંદજી મહારાજે બેધડક કહી દીધું કે- 'તારા જેવો કાળામુખનો ઘણી કડીઓ પહેરાવનાર છે તો કડી છોડાવનારા જૈન શાસનમાં ઘણા છે.' પછી તો નગરશેઠ ઉભા થઈને તેની પાસે માફી મંગાવી. આ રીતે દીક્ષા તેમણે કરી છે. ને તેઓ કંઈયાથી ગભરાયા હોત તો આટલા સાધુ હોત નહિ. અમે પણ સાધુ શી રીતે થયા તે ખબર છે ? વરઘોડા નથી કાઢયા, વાજા નથી વગાડયા, નાસી-ભાગીને સાધુ થયા તે બોટું કર્યું કે સાચું કર્યું ? આજે તમને સાધુ થવાની ઇચ્છા થતી નથી પણ ઇચ્છા થાય તો શું થાય ? હું વ્યાખ્યાનમાં જાઉં છું તે દીક્ષાની ભાવના થાય માટે તેમ જો વેર કહો તો અહીં આવવું ભારે પડશે.

શ્રી આત્મારામજી મહારાજનો શ્રી જૈન શાસન ઉપર જે ઉપકાર છે. તેનું વર્ણન થઈ શકે તેમ નથી. સંઘર્ષમાં અને કુમતોના ખંડનમાં જ તેમનું જીવન પસાર થયું છે. શાસનમાં જે કાંઇ બોટું ચાલતું તેનો મહારાજશ્રી આત્મારામજીએ પડકાર કેંકેલો. શાંતિસાગર, હુકમમુનિ આદિના મતનું ખંડન કરી તેમને બોટાં જાહેર કરેલા. તેમ ન કર્યું હોત તો સાચો માર્ગ આપણા હાથમાં આવત ? તેમનું જીવનચારિત્ર વાંચો તો ય ખ્યાલ આવે. પણ તમને મહાપુરૂષોનાં જીવન વાંચવાની કુરસદ કયાં છે ? તેમના શિષ્યો પણ વાંચે તો ય તેમને ખ્યાલ આવે કે આપણે કયાં છીએ ?

પ્ર૦ કંઈયા અહીં કે સામા પક્ષે પણ ?

૭૦ સામો પક્ષ પણ કબૂલ્યા કરે તો તેનું ખંડન કરવું પડે.

સંઘમાં નવા નવા મતો ચાલતા. ગૃહસ્થપણામાં પણ સાધુપણું પાળી શકાય. સાધુ થવાની જરૂર નથી. પાયડી-બેસ પહેરી વ્યાખ્યાન વાંચતા તેવા શાંતિસાગરને પાટ પરથી ઉઠાડનાર આ મહાપુરૂષ છે. ગૃહસ્થો પણ ગુરૂ હોઇ શકે છે તેમ કહે અને પોતે ગુરૂ તરીકે ફરે અને શાસ્ત્રને માને નહિ તેનું ય ખંડન કરી ઉન્મૂલન કરનાર આ મહાપુરૂષ છે. છેલ્લા સો વર્ષમાં શું શું બન્યું તેની તમને કશી ખબર નથી. આ મહાપુરૂષે ખંડન ન કર્યું હોત, ખોટી વાત જાહેર ન કરી હોત તો શું થાત !

હમણાં પણ કેટલાં કેટલાં કુમતો ચાલે છે તે જાણો છો ? ખંભાતમાં શ્રીમદ્ રાજચંદ્રનો નવો મત શરૂ થયો, તો રાજચંદ્રની અને ભગવાન મહાવીરની મૂર્તિ સાથેજ બેસાડી તેના અનુયાયીઓ ગાતા કે–તે જિન પૂજે ભાવિકા તે જિન પૂજે–' ભગવાન શ્રી મહાવીર પરમાત્મા તે જિન નહિ પણ રાજચંદ્ર તે જિન. આવું માનનાર મધાને ત્યાંના આગેવાનોએ સંઘ બહાર મૂક્યા. માફી માંગી પછી જ પાછા સંઘમાં લીધા. આ બનાવ તો પ. પૂ. આ. શ્રી વિ. કમલસૂરીશ્વરજી મહારાજની હાજરીમાં બનેલ છે. આ અમદાવાદમાં પણ કોને કોને સંઘ બહાર મૂક્યા તે જાણો છો ? શાસ્ત્ર વિરૂધ્ધ બોલે તેનેસંઘ બહાર મુકી દેતા તે ખબર છે? તેમાં તો અમદાવાદના સંઘે આગેવાની લીધીછે.

શાંતિદાસ શેઠનું નામ સાંભળ્યું છે ? મુસલમાની રાજમાં સૂબાએ આપણા વરઘોડાની પરવાનગી માંગી. ત્યારે શેઠે કહ્યું કે–'અમે પરવાનગી માંગી નથી કે માંગવાના પણ નથી.' તે શેઠ કેવા છે તે જાણો છો ? તે શેઠ સૂબાને ઓળખતા હતા માટે પોતાના ઘરે પોતાનું લશ્કર રાખતા અને પોતે બધો ખર્ચ નિભાવતા. જ્યારે સૂબાએ વરઘોડો ન નીકળે માટે લશ્કર મોકલ્યું તો શેઠે પોતાનું લશ્કર સામે ઉતાર્યું. ત્યારે ગામના આગેવાનોએ બન્નેને સમજાવ્યા કે આ શું કરો છો ? તમે બન્ને લડશો તો લોકોને જ નુકશાન થશે. આ પ્રમાણે સમજાવીને સમાધાન કરાવ્યું. ત્યાર પછી શાંતિદાસ શેઠે બાદશાહ પાસે જઇ સૂબાની બદલી કરાવી. ધર્મ તમારા આગેવાનોએ સારી રીતે પ્રાણના ભોગે બચાવ્યો છે, તમે તો કપડાં પહોળા કરી બેસી રહ્યા છો. ઘણા બનાવો બન્યા છે, તમને કશી ખબર નથી.

મહારાજ શ્રી આત્મારામજી જેવા સત્યના પ્રેમી હતા અને અસત્યનું ઉન્મૂલન કરનાર હતા તે ગુણ સૌએ મેળવવા જેવો છે. તે વિના સાચો માર્ગ હાથમાં આવે જ નહિ. ગુરૂ પણ ખોટે માર્ગે હોય તો તેમને તજીને બીજા ગુરૂ કરી લેજો તેમ તેઓ કહેતા. કેમકે ગુરૂ તરવા માટે કરવાના છે પણ ડુબવા માટે નહિ [illegible]ને–'પત્થરના ટેકરામાં જવાથી શું ? તેમ કહેનાર 'માંડ માંડ થાકીને અ૦યો

છું.' તેમ તેમના સ્તવનોમાં રોયા છે. જે મત તે છોડીને આવ્યા તે મત સાથે એકતા સાધવાની વાત કરાય ? ખોટાંની સાથે એકતા શી રીતે સધાય ? મૈત્રી આખા જગતની ઇચ્છાય પણ સંબંધ કોના સાથે રખાય તે સમજવું પડે અયોગ્યની સાથે સંબંધ પણ ન રખાય. સિદ્ધાંતની વાતમાં તો તમે જુદા અને અમે જુદા-તેમ કહેવું જ પડે. તેમાં ન જ ચાલે.

પ્ર૦—તો વિભાજન કેટલાં થશે ?

ઉ૦—થાય તેટલાં. કેટલું અંગ કાપવાનું ? સડ્યું હોય તેટલું. જેટલું ખોટું તે બધું કાપવું પડે. સાચામાં બગડે તે ય કાપવું પડે. તંબોલી રોજ કેટલાં પાન ખાતરે ? તે ખાતર વિના બેસે તો તેનો ધંધો ચાલે ? પાનને ભીનાં રાખવા પડે, ભીનાં પાન કહોવાયા વિના રહે નહિ માટે કાપવા જ પડે. સાચો મત જીવાડવો તો ખોટું ન જ પેસવા દેવાય. ખોટું તે કાપવું જ પડે. દરજી ય કપડાં સીવે તે ખાતર લઇને.

પ્ર૦ સાથે સોય હોય ને ?

ઉ૦ સાંધવાનું કોને ? સંધાય તેને જ. ન સંધાય તેને તો કાપવું જ પડે.

બધા જ મહાપુરૂષોએ તે જ કામ કર્યું છે અને તે જ કામ કરતા આવ્યા છે. બધા ટીકાકારાદિ મહર્ષિઓએ તે તે ગ્રન્થના પ્રાન્તે લખ્યું કે- 'અનંતજ્ઞાનીઓએ જે કહ્યું તે જ અમે કહીએ છીએ છતાં પણ છદ્મસ્થપણાથી જે કાંઇ ભૂલ થઇ હોય તે જ્ઞાનીઓએ સુધારવી.' કોઇએ ખોટું માનવાનું જ નથી. તેવી મહાપુરૂષોની સ્થિતિ છે.

સાચું આજ સુધી કેમ જળવાઇ રહ્યું છે ? સાચાએ ખોટાને પેસવા દીધું નથી માટે, બધાના ઘરમાં રોજ સાવરણી ફરે ! ન ફરવે તો ! આ આ તમારી મ્યુનિસીપાલિટી કચરો રોજ સાફ ન કરે તો તમે બહાર નીકળી શકો ? ઘર સાફ રાખવું હોય તો રોજ કચરો કાઢવો જ પડે. કચરો કાઢે તે સુઘડ બાઇ, બાકીની ફુવડ ! સુગુરુ કોનું નામ ? ખોટી વાતને રોજ ખંખેર્યા જ કરે. એક ખોટી વાતને ચાલવા ન દે.

એકતા તેની સાથે જ હોય જે શાસ્ત્રને માનતા હોય. શાસ્ત્રની વાતો બાજુ પર રાખો અને આપણે બધા એક થઇએ તેવાની સાથે એકતા કેવી ? તેવાની સાથે બેસવું એટલું જ નહિ પણ વાત કરવી તેય પાપ છે. શાસ્ત્રની વાત ન સમજાય તો શાસ્ત્ર ખોટાં છે તેમ કહેવાય કે આપણી બુદ્ધિ ઓછી, સમજણ ઓછી-તેમ મનાય ?

શાસ્ત્રે કહ્યું કે–રાગ-દ્વેષ અને મોહને જીત્યા છે; અજ્ઞાનનો જેમણે નાશ કર્યો તેવા શ્રી જિનેશ્વર દેવોને ખોટું કહેવાનું કોઈ જ કારણ નથી. શાસ્ત્રે કહ્યું છે કે– શાસ્ત્રની વાત ન સમજાય ત્યારે 'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं' 'તે જ સાચું અને શંકા વિનાનું છે જે શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલું છે'–આ જ વિચાર કરવાનો છે પણ આપણું ડહાપણ ડહોળવાનું નથી.

દુનિયામાં પણ ચોપડા વિના હિસાબ થાય ? નીતિ શાસ્ત્રે પણ કહ્યું કે, ચોપડાં ન હોય તેની સાથે વેપાર ન હોય. હિસાબ ચોપડાવાળા સાથે હોય. આગળ હિસાબ થાય તો ચોપડામાં લખતા કે ભૂલચૂક સો યે વર્ષે લેવી દેવી. શાહુકારને ઘેર સો વર્ષના ચોપડાં રહેતા કાચા અને પાકા, બેય. આજે ચોપડાં કેમ કાઢી નાંખવા પડયા ? વે ાર કાળો છે અને નાણું પણ કાળું છે માટે. આજે એવા શાહુકાર (!) છે જેને પોતાના નામે પૈસા ખરચવા હોય તો ખચી શકે નહિ.

પ્ર૦ જે પૈસા ન આપે તેની પાસે જે મળે તે લઇને સમાધાન કરવું પડે ને ?

ઉ૦ તે લેવા ને ? ૫૦૦ લીધા અને નથી આપતો તો આટલાથી પતાવો તેમ કહે તે પતાવ્યું કહેવાય પણ લીધું ન કહેવાય ! તે શાહુકાર છે તેમ ન કહેવાય. લીધા પછી ના' તો આપી શકતો તો આટલા તો આપ્યા તેવી પતાવણી પૈસા માટે થાય; સિદ્ધાંત માટે ન જ થાય.

શબ્દાર્થોનું જ જ્ઞાન નથી લાગતું સિદ્ધાંત તો કબૂલ કરવો જ પડે. સિદ્ધાંતનું પાલન નથી થતું તે મંજુર છે પણ તેથી સિદ્ધાંત ખોટો કહેવાય ?

એક શાહુકાર પાસેથી કોઈ પૈસા લઈ ગયો અને પછી પૈસા ન આપવા પડે તે માટે શાહુકારના ચોપડાં ખોટાં કીધા. તો શાહુકારે ચોપડા સાચા કરાવવા કોર્ટમાં કેસ કર્યો અને હુકમનામું મેળવ્યું. તે ત્યાં જ ફાડી નાંખ્યું અને કહ્યું કે મને પૈસાની કિંમત નથી પણ મારા ચોપડા ખોટાં ન થાય માટે આ કર્યું છે. પેલા માણસને કહ્યું કે– તારે પૈસા જોઇએ તો બીજા આપું પણ મારાં ચોપડાં કદિ ખોટાં ન કહેતો.

તમે સાધુ નથી થઇ શકતા તો આ કાળમાં સાધુ થવાની જરૂર નથી માટે કે સાધુ થવાતું નથી માટે ? આજે સાધુ થવાની ઇચ્છા ન રાખે તે ચાલે તેમ પતાવટ થાય ? સાધુમાં પણ શિથિલતા આવે તો તે શિથિલતાને ખોટી ન કહી જ પડે ને ?

આ મહાપુરૂષે આપણને સૌને પ્રેરણા આપી કે સત્યના શોધક બનવું જ જોઇએ. 'હું સત્યની શોધમાં ન પડયો હોત તો આ સ્થિતિમાં ન હોત' તેમ પોતે કહી ગયા

તેમણે આપણને શિક્ષાપાઠ આપ્યો કે–ખોટું ચાલે તો તેને ખોટું જાહેર કર્યા વિના રહેવું નહિ, તો જ સત્ય હાથમાં રહેશે.' કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ ફરમાવ્યું છે કે–

'ધર્મધ્વંસે ક્રિયા લોપે, સ્વ સિદ્ધાંતાર્થ વિપ્લવે.,
અશક્તેનાડપિ વક્તવ્યં, કિં પુના શક્તિશાલિના ?''

ક્રિયાનો લોપ થતો હોય, સિદ્ધાંતનો નાશ થતો હોય ત્યારે શક્તિમાને કોઇ પૂછે કે ન પૂછે તો પણ બોલવું કે 'આ ખોટું જ છે.' જાણીબુઝીને જો તે ન બોલે તો તેનો સંસાર અનંતો વધે.

પ્ર૦ કલેશ વધે તો પણ—

ઉ૦ કલેશ વધે તો પણ કહે જ. આમાં તો હકીકત કહેવાની છે. જો તે ખોટાને ખોટું ન કહે અને બધા ઉન્માર્ગે જાય તેનું પાપ તેને લાગે.

પાંચ ગુણ્યા પાંચ પચ્ચીશ જ કહેવાય, કોઇ છવ્વીશ કહે, કોઇ ચોવીશ કહે અને કોઇ ત્રેવીશ કહે તો સાચો કોણ ? પચ્ચીશ કહેનાર એક હોય તો પણ સાચો, બીજા બધાં જ ખોટા. દુનિયામાં પણ જે સાચી વાત છે તે એકલો બોલે તો ય સાચો જ કહેવાય, બીજા ખોટાં જ કહેવાય.

શ્રી વલ્લભસૂરિજી મહારાજ શ્રી આત્મારામજીનું જીવનચરિત્ર લખતાં લખી ગયા કે–'જ્યાં ખોટું દેખાયું તો મહારાજ બોલ્યા વિના રહ્યા નથી. તેમનું આખું જીવન ખોટાનો નાશ અને સત્યની રક્ષા માટેના ઝઘડામાં જ પસાર થયું છે.' મહારાજ શ્રી આત્મારામજીના સ્વર્ગવાસમાં ય પ્રપંચ થયો છે તે વખતે તેમના ભક્તોએ બરાબર સાચવ્યા છે. તે વખતે કુમતના ઝઘડા પૂબ ચાલતા. મહારાજ કાળ પામ્યા ત્યારે ય ઘણી ધમાલ થઇ. તે ધમાલમાં ય શ્રાવકો પહોંચી વળ્યા. સ્થાનકવાસીઓ પણ ધમાલ કરવા આવી ગયા અને એવી વાત વહેતી મૂકી કે–'મહારાજને વિષ આપ્યું છે ! તે વખતે આપણા શ્રાવકોએ રાતો રાત કોર્ટ બેસાડીને અગ્નિસંસ્કારની રજા મેળવી લીધી. અને અગ્નિસંસ્કાર પછી તેમની રાખની શીશી તપાસ માટે મોકલાઇ પણ કાંઇ નીકળ્યું નહિ તો તે રાખના વરઘોડા નીકળ્યા અને ગામેગામ ફેરવાઇ. જો પૂરવાર થયું હોત તો શાસનને કેવું નુકશાન પહોંચત ! પણ આનંદમાં આવી લોકોએ તે રાખના પણ વરઘોડા કાઢયા. સત્ય માટે શું શું કરવું પડે ?

પ્ર૦ પાપભીરૂ હોય, પરલોકને માને, મોક્ષ માર્ગ માને પણ એક ભૂલ કરે તો ચલાવાય ?

ઉ૦. સિદ્ધાંતનું વચન ખોટું છે તેમ બોલે તો ચલાવાય?

જમાલિએ શું કર્યું? ભગવાનને જૂઠ્ઠા કહ્યા. શાસ્ત્રને ખોટું કહે તો ચલાવાય? શાસ્ત્ર જોવું નથી તેમ કયારે કહેવાય? શાસ્ત્રમાં કહેલ ન માનવું હોય તો ને?

એક એક વાત ખાતર નિન્હવ પાકયા છે, તે બધા શક્તિ સંપન્ન હતા, નવા ટોળાં વધારશે, કુમત ફેલાવશે તે જાણતા હોવા છતાં શાસનને-સંઘને નુકશાન ન કરે માટે મહાપુરુષોએ તેમને કાઢી જ મૂકયા. જે માથે વાસક્ષેપ નાંખેલ તે જ માથે રાખ નાંખી રવાના કર્યા. તે રીતે શાસન ન જાળવ્યું હોત તો અહીં સુધી આવત?

પ્ર૦ શિવભૂતિને ન કાઢયો હોત તો?

ઉ૦ આપણા પૂર્વાચાર્યો ગાંડા હતા? તારામાં અકકલ વધારે કે તેમનામાં? આપણા પૂર્વાચાર્યોએ કુમતોનું ખંડન ન કર્યું હોત તો સાચો માર્ગ જીવતો રહેત? મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે કહ્યું કે- આ તપગચ્છ જીવતો ન રહ્યા હોત તો સાચું બોલત નહિ. ખોટાંને ખોટું જાહેર કરવું જ પડે, ખોટાંથી અલગ જ જવું પડે.

પ્ર૦ આભ ફાટયું તો થીગડું કયા દેવું?

ઉ૦ આભને દેકો ન દેવાય પણ આપણે સારા રહેવું છે. ગામમાં મરકી ફેલાય તો શું કરો? ગામ છોડી દો પણ મરકીમાં મરો? તો આપણે જાતને જ બચાવવાની ચેષ્ટા કરવાની. સંઘ તે જાત છે. તેને બચાવવો તે પુણ્યકામ છે.

શ્રી આત્મારામજી મહારાજે તે જ કામ કર્યું- તેમનું જીવન વાંચીએ તો ખબર પડે. બાવીશ વર્ષ સ્થાનકવાસીમાં અને બીજ વર્ષ અહીં કાઢયા. તે બીજે વર્ષ કળીયામાં સત્યની રક્ષામાં જ કાઢયા. આપણે કબૂલ કરવું જ પડે કે તે મહાપુરૂષ ન હોત તો મુશ્કેલી ઘણી. વચમાં ઘણું બનવાનું બન્યું પણ આજે જે છે તેટલું ય ન દેખાત.

શ્રી આત્મારામજી મહારાજને પાલીતાણામાં પેસવું મુશ્કેલ હતું, તે વખતે જતિઓનું એટલું જોર હતું કે સારા સાધુનું સાંભળ્યું પણ ન થાય. તો પણ ત્યાંના સંઘે નકકી કરેલ કે મહારાજનો સારી રીતે પ્રવેશ કરાવવો. જતિઓ તોફાન ન કરવે અને બહાર ન નીકળે માટે તેમના મકાન બંધ કરી દીધેલા. ઘણી મુશીબતો વેઠીને જતિઓને કાઢયા છે.

જયારે શ્રી કમલસૂરિજી મહારાજની આચાર્ય પદવી થવાની હતી ત્યારે તે

વખતના શ્રી પૂજ્યે કહેવરાવેલ કે 'તમે આચાર્ય થઇ શકતા નથી.' ત્યારે આપણે કહેવરાવેલું કે 'અમારે આચાર્ય થવું નથી. તમે સારા થઇ જાવ અને આગે આવી જાવ તો તમારી આજ્ઞા માનવા તૈયાર છીએ.'

મુનિસુંદર કરીને એક શ્રી પૂજ્ય હતા. હું પાલીતાણા હતો ત્યારે તે મારી પાસે આવતા-જતા. સાચું સમજાયા પછી પરિવર્તન કરવાનું મન થયું. તેથી સાધુ પાસે આવી અભ્યાસ કરતા અને સાધુ માર્ગ જ જીવવો છે તેવી ઇચ્છા હતી. મને પણ આશા હતી કે આ માર્ગે આવી જશે. અમારા ગયા પછી ચાર-છઃ મહિને ખબર પડી કે તેને ઝેર અપાયું છે અને તે મરી ગયા છે.

મહારાજ શ્રી આત્મારામજીને અને મહારાજ શ્રી કમલસૂરિજીને આચાર્ય બનાવવા પડયા છે, પણ તેઓ આચાર્ય બનવા તૈયાર ન હતા. આજની જેમ પદાપદી નથી કરી!

માટે તમે બધા શાણા થઇ જાવ. સાચું ખોટું સમજવા તૈયાર થાવ અને સમજ્યા પછી ખોટું છોડો અને સાચું સ્વીકારો. તેમ કરશો તો જ ધર્મ જીવશે, આત્મામાં ધર્મ આવશે અને મુક્તિ થશે. **ધર્મ સાચવવામાં ભોગ આપવો જ પડે.** ધર્મ કરવા ઝવેરાતાદિ છોડવા જ પડે. અને સાધુપણું પાળવા શરીરની ય પરવા છોડવી પડે, બધું છૂટે તો જ ધર્મ થાય. શરીરને સાચવીને ધર્મ કરીશું તો થાય? શરીરને કામ પૂરતું અપાય પણ તે ખાતર ધર્મ છોડાય? મોક્ષ જોઇતો હશે તેને શરીરનો પણ ભોગ આપવો પડશે.

મહાપુરૂષોએ-મહાત્માઓએ શરીર પાસેથી એવું કામ લીધું કે માંસ-લોહી પણ સૂકાઇ ગયા. 'ચાલતાં ખડખડે હાડ રે' 'ચાલે જીવ તણે બળે' ગુજરાતી ભાષામાં લખાયેલી સજ્ઝાયો સાંભળી નથી? રાજકુમારો-શ્રેષ્ઠિપુત્રો આદિ સમજ્યા પછી સાધુ થઇ માસક્ષમણાદિના પારણે માસક્ષમણાદિ કરી, કામ સાધી ગયા. શ્રી મેતકુમારની કથા પણ જાણતા નથી? એક વાર ખોટો વિચાર આવ્યો પણ ભગવાને સમજાવ્યા પછી શરીર પાસે એવું કામ લીધું કે જેનું વર્ણન ન થાય અને છેલ્લે લાગ્યું કે, શરીર કામ આપે તેવું નથી તો ભગવાન પાસે અનશન કરવાની આજ્ઞા માંગી અને ભગવાને આપી. તો ભગવાન નિર્દય હશે? સાધુઓ સાથે ગયા તો કહે કે 'તમારી સહાયથી નથી ચઢવું મારા બળે જ ચઢવું છે' એમ કહીને વૈભારગિરી પર ચઢી, કાયાને ય વોસિરાવી દીધી અને આજે સર્વાર્થસિદ્ધિમાં છે. ત્યાંથી મનુષ્ય થઇ મુક્તિએ જશે. શરીરને સાચવે તે મુક્તિએ જાય કે શરીર પાસે કામ લે તે મુક્તિએ જાય?

માટે સમજો કે, ભગવાન શ્રી જિનેશ્વરદેવોના સિદ્ધાંત ત્રિકાલાબાધિત જ

હોય છે, તે સિદ્ધાંત જળવાય તે રીતે ક્રિયા વગેરેમાં ફેરફાર થાય પણ સિદ્ધાંતમાં ફેરફાર ત્રણ કાલમમાં ય ન થાય.

શ્રી આત્મારામજી મહારાજનો એક જ શિક્ષાપાઠ છે કે–શક્તિ સંપન્ન આત્માઓએ ધર્મની રક્ષા માટે માન પાનની, લોક સારા કહે કે ખોટાં તેની પરવા કર્યા વિના, લોકોને જે કહેવું તે કહે તો પણ ગભરાયા વિના સાચું કહ્યા વિના રહેતા નહિ.

શ્રી ઇન્દ્રભૂતિજી આદિ અગિયારે ગણધરો બ્રાહ્મણકુળ છોડી આ. મતમાં–શ્રી જૈન મતમાં આવ્યા. પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી મ. જેવા પણ ચૌદ વિદ્યાના પારગામી રાજમાન્ય પુરોહિત પણ પોતાનો મત છોડી અહીં આવ્યા. જે આગમ આજે છે તે જ આગમ તે વખતે પણ વિદ્યમાન હતા. તેમણે પણ કહ્યું છે કે,

'કત્થ અમ્હારિસા જીવા, દૂસમાદોસદૂસિયા,
હા અણાહા કહં હુંતા, જઇ ન હુંતો જિણાગમો ॥

'જો શ્રી જિનાગમ મળ્યા ન હોત તો દુષમકાલના દોષથી દૂષિત થયેલા અને અનાથ એવા અમારું શું થાત?'

તે શ્રી જિનાગમને ખોટું કહે, તેની વાત માનવાય તૈયાર નહિ, શાસ્ત્ર આઘું મૂકે તેની સાથે બેસાય શી રીતે ? તેવું કરે તો તે શાહુકારી કહેવાય કે દેવાળું કાઢયું કહેવાય ? અમારે અમારી વાત સિદ્ધ કરવી નથી પણ આની શાસ્ત્રની વાત કરવી છે.

૧૯૫૨માં પણ ભાદરવા સુદિ–૫ નો ક્ષય હતો તે વખતે કોઇએ મહારાજને પૂછાવેલું તો મહારાજે સ્પષ્ટ જણાવેલું કે 'ચોથ–પાંચમ સાથે કરવી' જો મહારાજ જીવતા હોત તો વાત જુદી હોત ! પણ આયુષ્ય પૂર્ણ થયે આજના દિવસે ચાલ્યા ગયા. કાળનો તો ક્રમ છે કે જન્મે તેને જવાનું જ છે. પણ તેથી નુકશાન થયું છે પણ પાછળનાની શી ફરજ છે ? તો એ જ કે–મહારાજ જે સિદ્ધાંત જીવ્યા જે સાચી વાત કરી સાબને જાણ્યું તે મુજબ જ ચાલવું તે જ તેમનો સાચો શિષ્ય છે.' ખોટાને ખોટું અને સાચાને સાચું કહેવું જ પડે. ભગવાને પણ કુમતોને કુમત જ કહ્યાં.

એકવાર શ્રાવસ્તી નગરીમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પધાર્યા છે, તેજ વખતે પોતાને જિન કહેવરાવતો ગોશાળો પણ આવ્યો છે. લોકમાં વાત ચાલી કે આપણી નગરીમાં બે જિન આવ્યા છે. શ્રી ગૌતમ મહારાજ ભીક્ષાએ ગયા છે, તેમનાથી

આ ન ખમાયું તેથી ઝટ ગોચરી લઇ ભગવાન પાસે આવ્યા અને ભગવાનને પૂછે છે કે–'હે ભગવંત ! શ્રાવસ્તિમાં બે જિન છે તેવી વાત ચાલી રહી છે તો ગોશાળો ખરેખર જિન છે ?'

ભગવાનને ખબર હતી કે આનો ખુલાસો કરવામાં 'ઝઘડો' ઉભો થવાનો છે, મારા બે મુનિ બળવાના છે. છતાં ય ખુલાસો કર્યો. ભગવાને તેનું વર્ણન ન કર્યું હોત, મૌન રહ્યા હોત તો વાંધો હતો ? તો પણ ભગવાને કહ્યું કે– 'બે જિન હોઇ શકે નહિ. તે જિન નથી પણ એક સમયનો મારો શિષ્ય મંખલી પુત્ર ગોશાળો છે.' તેમ કહીને તેની ઓળખ આપી છે! ભગવાનને ખબર હતી કે, આ વાત બહાર જવાની છે, તે સાંભળશે એટલે ક્રોધથી ધમધમતો અહીં આવશે, જેમ તેમ બોલશે, મારી પર પણ તેજોલેશ્યા મૂકશેઃ તો પણ ભગવાને સાચી જ વાત કહીને !

ભગવાનની વાત સાંભળી તે જ્યારે આવી રહ્યો છે ત્યારે ભગવાને શ્રી ગૌતમ આદિ સર્વ મુનિઓને કહ્યું છે કે– 'તમે બધા ચૂપ રહેજો, વચમાં આવતા નહિ કે બોલતા નહિ, કષાયથી ધમધમી રહેલા તેનામાં ભગવાદિ સોળ દેશોને બાળવાની શક્તિ છે.' તે આવીને ભગવાનને જેમ તેમ બોલવા લાગ્યો છે, તો બે મુનિઓથી તે સહન ન થયું અને તેને ઉત્તર આપવા વચમાં આવ્યા તો બેયને બાળી મૂક્યા છે, છેલ્લે ભગવાન પર તેજોલેશ્યા મૂકી છે. પણ તે તેજોલેશ્યા ભગવાન પર ન ચાલે માટે ભગવાનને પ્રદક્ષિણા કરીને તેના શરીરમાં પેશી છે અને ત્યાં જ તેણે પછડાટ ખાધી છે. તે વખતે હવે ભગવાને શ્રી ગૌતમ મહારાજાદિને કહ્યું કે, 'હવે તેને કઠોર શબ્દ સંભળાવો, આ શબ્દો કમણાં કામ નહી કરે પણ અવસરે કામ લાગશે.' ત્યારે શ્રી ગૌતમ મહારાજાદિએ તેને કહ્યું કે– 'તું અધમ છો, ગુરુદ્રોહી છો, પાપી છો વિશ્વાસઘાતી છો, હજી સમજ.' ઇત્યાદિ કહેવાનું ભગવાને કહ્યું કેમકે તેમાં તેનું હિત દેખાયું હતું.

તે પછી તેના શિષ્યો તેને ઉઠાવીને તેના મુકામે લઇ ગયા છે. બધાને ભેગા કરીને કહ્યું કે–'મારું મડદું વાજતે-ગાજતે ભવ્ય રીતે કાઢજો.' છેલ્લે તેને ઘણી વેદના થઇ છે ત્યારે તેને સાચું જ્ઞાન થાય છે અને મેં ઘણું ખોટું કર્યું', બધાને ઊંધા માર્ગે ચઢાવ્યા તેવો પશ્ચાતાપ થાય છે. ફરીથી બધા શિષ્યોને ભેગા કરીને કહ્યું છે કે– 'હું જિન નથી સાચા જિન ભગવાન શ્રી મહાવીરદેવ છે. માટે મારા મરણ પછી મારાં શબને કુતરાંની જેમ કાઢજો. મારી ખુબખુબ નિંદા કરજો. અને મારું મડદું જે જે રસ્તે જાય ત્યાં પાણી છાંટજો અને કહેજો કે– 'આ પાપીના સ્પર્શથી જમીન અપવિત્ર બની છે તેને પવિત્ર કરવા પાણી છાંટીએ છીએ.' ત્યાં તે સમ્યગ્દર્શન પામ્યો.

તેના મરણના સમાચાર જાણી શ્રી ગૌતમ મહારાજાએ ભગવાનને પૂછયું કે 'તે

મરીને કયાં ગયો ?' ભગવાન કહે કે– 'બારમે દેવલોકે' દુશ્મન પ્રત્યે પણ બીજો ભાવ છે ? આખી સભાને આશ્ચર્ય પામેલી જોઇને ભગવાને કહ્યું કે–'તે અંતે સમકિત પામી જશે, પોતાના પાપનો પશ્ચાતાપ કર્યો. આ પાપના પ્રતાપે એવો ભારે કર્મબંધ કર્યો કે ત્યાંથી મરીને રાજા થશે. મુનિને મારવા પ્રયત્ન કરશે. મુનિ તેને સમજાવશે પણ તે નહિ સમજે તેથી બીજા મુનિઓને–શાસનને હેરાન ન કરે માટે મુનિ તેના પર તેજો લેશ્યા મુકશે. ત્યાંથી મરીને સાતમી નરકમાં જશે. આ રીતે દરેક નરકમાં બબ્બે વાર જશે, બધી યોનિમાં ફરી આવશે. પછી ભદ્રકભાવના યોગે ધર્મ પામશે, અને ક્રમસર બધા દેવલોકમાં જશે. છેલ્લે અનુત્તરમાં જઇ મહાવિદેહમાં મનુષ્ય થઇ સાધુ થશે, ત્યાં તે કેવળજ્ઞાન પામશે અને બધાને કહેશે કે–'મારા જેવો ગુરુદ્રોહ કોઇ ન કરતા.' અને અનેક જીવોને ધર્મ પમાડી પોતે મોક્ષે જશે.' ભગવાને જેવું હતું તેવું જ કહ્યું છે. ખરાબને ખરાબ અને સારાને સારા ભગવાન કહી ગયા છે.

જમાલિને ઓળખો છો ને ? ભગવાનનો ભાણેજ અને જમાઇ છે. પાંચસો(૫૦૦) રાજપુત્રો સાથે ઠાઠથી મહોત્સવપૂર્વક દીક્ષા લીધી છે. જ્યારે તેમની મતિ ફરી છે અને ભગવાનને પણ ખોટા કહ્યા છે ત્યારે તેમના શિષ્યો તેમને સમજાવે છે પણ તે સમજતા જ નથી એને હું સાચો અને ભગવાન ખોટા જ તેમ કહે છે ત્યારે પાંચશો ય શિષ્યો તેમને મૂકીને ભગવાન પાસે આવે છે ત્યારે ભગવાને તેમને ભુલ કરી કહ્યું કે વધાવ્યા? ભગવાનની જ દીકરી અને તેની સ્ત્રી તેના પરના રાગથી તેનામાં ભળી છે તો કુંભાર એવા શ્રાવકે તેણીને પ્રતિબોધી છે, સાચું સમજ્યા પછી તે પણ જમાલિને સમજાવવા જઇ છે પણ તે સમજતો નથી તો તેને છોડી દીધો છે, તેવા હઠીને છોડવા પડે ને? ભગવાનની હાજરીમાં આ બનાવો બનેલા છે.

શ્રી જૈન શાસન જેવું નિષ્પક્ષ શાસન એક નથી. ભગવાન ભુલ કહી ગયા છે કે, મેં ભુલ કરી તો મારે પણ સાતમી નરકે અને ચોથી નરકે જવું પડયું. પોતાના દેવને દુર્ગતિમાં ગયા તેમ કહેનાર કોઇ છે? કૃષ્ણ નરકે ગયા તેમ કહીએ તો દુનિયા મારામારી કરે ! વાસુદેવ, પ્રતિવાસુદેવ નરકે જ જાય. સારો માણસ પણ ભુલ કરે તો કયાં જાય ? ભુલ કરવી નહિ, ભુલ ન થાય તેની કાળજી રાખવી તે આપણા હાથની વાત છે. સાચું–ખોટું જાણવું છે અને અવસર આવે બોલવું છે ? કે 'સારા દેખાવા' આપણે કાંઇ નહિ તેમ કરવું છે ?

આપણી કથાઓ પણ એવી છે જેમાં સિદ્ધાંતો વણી વણીને મૂકયા છે, જિંદગી-ભર વાંચે તોય ન ખુટે તેટલી કથાઓ હજી પણ છે. કથાનક વાંચતા આવડે તો તેનું અને લોકોનું ભલું થાય. કથાઓ હસાવવા રમાડવા નથી, પુણ્ય–પાપ, આશ્રવ–સંવર, નિર્જરા બંધ, મોક્ષ બધા તત્ત્વોનું નિરૂપણ લોક સહેલાઇથી સમજે તે રીતે

તેમાં રહ્યું છે માટે તો ખાસ કથાનુયોગ રાખ્યો છે જે ખરેખર અદ્‌ભુત છે.

ઉજવણી પણ જેની તેની ન થાય પણ કથાને લાયકની જ સ્વર્ગતિથિ ઉજવાય. જેમને જીવનમાં કશું ખોટું કર્યું જ નથી, સાચાને માટે સત્યની રક્ષા માટે, સાચાની જાળવણી માટે કરવા જેવું બધું જ પ્રાણના ભોગે કર્યું છે તેવા આ મહાપુરુષ હતા. તેમનું પણ જીવન વાંચવાની તમને કુરસદ છે? આપણે પણ આ મહાપુરુષની તિથિ શા માટે કરી? તેઓ ગુણસંપન્ન હતા, ધર્મ રક્ષા માટે ઝઝુમ્યા. કુધર્મમાં જન્મેલા હોવા છતાં તેનો પરિત્યાગ કરી કષ્ટ વેઠી સુધર્મમાં આવ્યા. સુધર્મનો જ પ્રચાર કર્યો, સુધર્મ સાચવવા ભારેમાં ભારે પુરુષાર્થ કર્યો અને સારી રીતે ધર્મ આરાધી, સમાધિપૂર્વક કાળ પામી પોતાનું કામ સાધી ગયા.

હવે તેમના જીવન પરથી અમારે-તમારે તે નક્કી કરવાનું કે- સત્યાસત્ય સમજવા બેદરકાર રહેવું તે પાલવે નહિ તમે સંસારમાં પડી, ધર્મ સમજવો નથી એવી જે સ્થિતિ અખત્યાર કરી છે તે કાઢી નાંખવી જોઇએ. તમારે સંસારમાં રહેવું પડે, ધંધાદિ કરવા પડે તો એવા નહિ કે જેથી ધર્મનો ટાઇમ જ ન રહે. આજે તમારામાંથી ધર્મનો અભ્યાસ નીકળી ગયો છે. તે બેપ અમને ય લાગ્યો છે. તત્ત્વ-અતત્ત્વ શું તેમ પૂછે અને કાને હાથ ઢેવો પડે તે શાસનને કલંક છે. ધર્મી ગણાતો શક્તિસંપન્ન તત્ત્વનો જ્ઞાતા નહિ ને કલંક નહિ? સત્યાસત્યની વાત ચાલે ત્યારે જાણકાર ચૂપ રહે, ઝઘડો થાય માટે બોલે નહિ તો સાચું કહે કોણ? ગાઢ અંધારું હોય અને જેની પાસે લાઇટ હોય અને તે લાઇટ ન કરે તે મારી નાંખનારો કહેવાય કે જીવાડનારો કહેવાય?

મેં અનેકવાર કહ્યું છે અને આજે ફરીથી કહું છું કે વર્તમાનમાં જે વાતમાં તમને ઝઘડો લાગે છે તે માટે બધા આચાર્યો પાસે જવું, બધાને તે અંગે પૂછવું અને જેવું લાગે તો લખાવવું અને પછી કહેવું કે હું બીજે પણ જવાનો છું માટે સાચું સમજાવશો. આવી રીતના દરેક આચાર્યો પાસે પાંચ પાંચ વાર જઇ આવો અને પછી પંડિતો બેસાડી સાચો અર્થ કરાવો અને તમને જે સાચું લાગે તે જાહેર કરો તો ઝઘડો હમણાં મટી જાય. આ માટે તો મહેનત કરવી પડે. પણ કરે કોણ?

પ્ર૦- આમાંય કલેશ થાય તો?

ઉ૦- તે કલેશ પણ લાભને માટે થાય. તપ કરીએ તો કલેશ થાયને? સાચી વાત જાહેર કરતા અયોગ્યને કલેશ થાય અને યોગ્યને લાભ થાય તો તે કલેશની ચિંતા ન આંકાય. તપ કરતાં શરીરને કલેશ થાય અને આત્માને લાભ થાય તો તપ ન મુકાય.

સાચી વાત જાહેર ન કરવી તે જ મહાપાપ છે. કલેશથી ગભરાય તેણે પાટ ઉપર ન બેસવું. શ્રોતાને શંકા પડે તો પૂછવાનો અધિકાર છે. વક્તાએ તેનો જવાબ આપવો જ જોઇએ. ભગવાનની વાણી સર્વસંશય છેદિની હતી તો પણ પ્રશ્નો પૂછાતા જ હતા. જેમકે, 'જાગતા સારા કોણ ? ઊંઘતા સારા કોણ ?' અધર્મી ઊંઘતા સારા અને ધર્મી જાગતા સારા' તેમ કહ્યું છે. આવું આવું કરે, બોલે તે અધર્મી. પણ તું અધર્મી કે કોઇના નામથી આ અધર્મી તેમ કહ્યું છે ?

પ્ર૦–આપ જ બધાનો વિરોધ કરો છો.

ઉ૦–ખોટી વાતનો વિરોધ કરવો જ જોઇએ. વિરોધ કરતા કરતા હજી જીવતો રહ્યો છું. ખોટાના વિરોધથી ઘણો લાભ થયો છે. ઘણાંને ખસવું પડયું છે. ઘણું સાચું પામી ગયા છે. આજે પણ ઘણાં સાચી આરાધના કરે છે.

પ્ર૦ આના કરતા નવું રચનાત્મક કરો તો ?

ભગવાનના ધર્મને જીવતો રાખવો તેના જેવું બીજું રચનાત્મક કામ કયું છે ? સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ ચાલ્યા કરે તે જ રચના છે. આ દ્રવ્ય–ક્ષેત્રાદિમાં તો આ જ બરાબર કરો. બીજા કોઇને ય બેસાડવા જેવા નથી.

પ્ર૦ બીજા કરે તે ભુલ જ કરે છે ને ?

ઉ૦ જે કરે છે તે ભૂલે છે. એકવાર અનુભવ થઇ ગયો છે. બીજીવાર અનુભવ કરવો હશે તો કરશે. તેની ચિંતા કરતા નહિ.

શ્રી વલ્લભસૂરિજીને પણ કહેવું પડયું–'આ (મહારાજ શ્રી આત્મારામજી) ન થયા હોત તો શાસનનું શું થાત'. પાછળથી તેમની (આ. શ્રી વલ્લભસૂરિજીની) પણ મતિ ફરી ગઇ અને તે ફરી ગયા. સાથે વાત કરવા પણ તૈયાર ન થયા.

મારું તો હજી પણ આમંત્રણ છે કે, શાસનના પ્રશ્નો માટે; ગમેતેની સાથે–તે જાહેરમાં કહે તો જાહેરમાં અને એકલા બેસવાનું કહે તો એકલા બેસીને પણ વાત કરવાની તૈયારી છે. પણ જે એમ જ કહે કે, શાસ્ત્ર જોવું નથી તો, તેને કોઇ પહોંચી શકે નહિ. સાચી વાત જે યોગ્ય આત્મા આવે તેને સમજાવવી છે પણ ખોટી એકતા કરવી જ નથી. 'પારકા' પણ 'સાચાં' હોય તો અમારી સાથે છે. 'અમારા' પણ 'સાચા' ન હોય તો તે સાથે નથી. 'મારા' તે 'સાચા' અને 'પારકા' તે 'ખોટાં' તેવો પક્ષપાત ભગવાને નથી શીખવાડયો.

માટે આ મહાપુરુષની જેમ મક્કમ બની, શાસનને પામી અને આરાધી, સમાધિમય જીવન જીવી, સદ્ગતિની પરંપરા સાધી વહેલામાં વહેલા મોક્ષને પામો તે જ ૮ભ્યર્થના.

નિંદ્રાની ભયંકરતા

–શ્રી વિરાગ

(ગતાંકથી ચાલુ)

બાપુ, મને મારી પ્રવૃત્તિ પર વિશ્વાસ છે. મારે કોઇનો સાથ કે સથવારો જોઇતો નથી. આપ ચિંતા મુકી દો. મને અને મારા પરિવારને આપશ્રી હજી જાણતાં નથી, ઓળખતાં નથી.

છોકરી, કયાં છે તારો પરિવાર તારા તારા પરિવારનો પરિચય તો કરાવ. અને તારૂં પરાક્રમ જણાવીશ.

જી. બાપુ, એય ઊંઘ, આળસ, વિકળતા, અંગભંગ, સ્વપ્ન, ઝંખના, ભ્રમ શુન્યતા અને ભૂંભાદિક (બગાસા) પરિવાર ઉભા થઇ જાવ. મહારાજાને તમારો પરિચય કરાવ. મહારાજા આ મારો પરિવાર છે. મને ગઇ કાલની ઘટના આપશ્રી ભૂલી ગયા. અગ્યારમા સોપાનને (અગીયારમાં ગુણઠાણેથી) ચઢેલા પ્રાણીનું ગળું ઝાલીને હેઠી દીધો નો'તો માટે આપશ્રી દીકર કરવી છોડી. હું બધુ સંભાળી લઇશ આ સંસારી જીવને તમારા કમળોમાં નમન કરતો ન કરું તો મારૂં નામ નિંદ્રા નહિ

હિંમત અને જનૂન ભરેલી નિંદ્રાના વચનો સાંભળીને મોહરાજાની દીલગીરી ઉડી ગઇ. મુખડું મલકાવા લાગ્યું. આશીષ વચનો સાથે આજ્ઞા આપી, સુખેથી જા. તારી મનોકામના સિદ્ધ થાય.'

આજ્ઞા અને આશીર્વાદ મેળવીને, જવાની અનુજ્ઞા પ્રાપ્ત કરીને આ પાપણી પોતાના પરિવાર સહીત પુંડરીક મુનિ પાસે પહોંચી ગઇ.

સ્વાધ્યાય મગ્ન પુંડરીક મુનિના શરીરમાં સૌ પ્રથમ આળસ નામના પુત્રને પ્રવેશ કરાવ્યો. આળસ પોતાના ઉદયકાળનો પ્રભાવ બતાવવા લાગ્યો. ધીરે ધીરે આળસ વધવા લાગી. પરાકાષ્ઠાએ પહોંચેલી આળસ સૂત્ર તો યાદ કરવા દે પરંતુ અર્થ લેતાં વિચારતાં ગોલમાલ કરવો, તેથી ઉત્સૂત્ર બોલાય. બે–ત્રણ દિવસ આવું ચાલ્યું એટલે સ્થવીરે સ્થિર બેસાડીને ભણાવવાનું ચાલું કર્યું. પણ મધ્યાને પહોંચેલા આળસના જોરે નવું પરાક્રમ કર્યું. આ જીવને જ્ઞાન ઉપર અણગમો પેદા થયો.

કાંઇક પાસાઓ સવળા પડતા જોઇને નિંદ્રાદેવીએ સર્વ પરિવારને તેની ઉપર પ્રેરી દીધો. એટલે સર્વ પરિવાર સર્વાંગે વ્યાપિ ગયો. નવા નવા ખેલો ભજવાનું શરૂં થયું.

મોટેથી બગાસા ખાવા વાંસો મરડવો આળસ મરડતા બંગલો ઉંચી કરવી, અંગની વિકળતા પ્રગટ કરવી, અંગો કંપાવા, હાથ–પગના ચિત્ર વિચિત્ર ચાળા કરીને આળસ મરડવી, શૂન્યતા પૂર્વક

બેસી રહેવું, હાથ-પગના આંગળા, ડોક-કમ્મરના કડાકા બોલાવવા, ભૂતાવળ વળગી હોય તેમ નિંદ્રાના આવેશમાં ધરતી પર આળોટવું, ભ્રમણ યોગના કારણે ઘુજંતા ઘુજંતા ધરતી ઉપર ઢળી પડવું, કાંઇક પાથર્યા વગર ધરતી પર સૂઇ જવું, આવી અનેક પ્રકારની કુચેષ્ટાઓ થવા લાગી.

સ્થવીર મુનિએ હિતોપદેશ આપ્યો. ભણાવ્યા-પાઠ કરાવ્યા ઘણો પ્રયાસ કર્યો. પણ ઉપેક્ષા ભાવ ન સેવ્યો. સતત સદ્ભાગમનો પરીચય રહે તે માટે મહેનત પણ કરી. પાસે બેસાડી પ્રેમથી ભણાવવાનો પ્રયત્ન પણ કર્યો. થયેલી ક્ષતિઓને વાર-વાર મહેણાં-ટોણાં રૂપે ન કહેતાં અમૃત ઝરવી મીઠી વાણી દ્વારા નવો પ્રકાશ પાથરવાનું શરૂ કર્યું, પરંતુ આ સંસારી જીવને એક અક્ષર માત્ર પણ ઉચ્ચારણ કરવો ભારે પડી ગયો. બસ! દિવસાનુ-દિવસ નિંદ્રા વધવા લાગી. કુંભકર્ણની માફક ખાવું-પીધું અને સૂયું. એના સિવાય અન્ય કોઇ કાર્ય સુજતું નથી. પશુની પેઠે નિદ્રાનો આવેશ નિરંતર વધવા લાગ્યો. મનની અસ્વસ્થતા વધી ગઇ ચિત્તની રોમના ઉડી ગઇ. આવશ્યક ક્રિયાઓ ઉંધમાં થવા લાગી. પ્રભાતે સ્થવીરો પ્રતિક્રમણ કરવા માટે ઉઠાડે તો પણ મહા મહેનતે ઉઠે. ઉઠયા પછી કેટ-કેટલો બકવાદ કરે. ક્રિયાના સુત્રોમાં ગોટાળો થવા લાગ્યો.

આવી પરિસ્થતિ જોઇને સ્થવીરે એક વખત ઉભાં ઉભાં પાઠ કરવાનું કહ્યું. થોડીવાર તો સીધું ચાલ્યું. નટખટી પ્રેમીલાને ગુસ્સો આવ્યો. પોતાના ભ્રમણ નામના પુત્રને આજ્ઞા કરી તેણે નાટક ભજવાનું શરૂ કર્યું. ત્યાં જ પુંડરીક મુનિવર ભૂમિ પર પડયા. કોણી, ઢીંચણ, મસ્તક આદિમાં સારીપેઠે વાગ્યું શરીર છોલાયું પરંતુ દુષ્ટ પાપણીના આવેશમાંથી છૂટવાનું મન ન થયું. ધીરે ધીરે વળગાટ વધવા લાગ્યો. પરિસ્થિતિ એવી સર્જાઇ ગઇ કે ચોપડી હાથમાં લેવાય નહિ, કદાચ લીધી હોય તો એક અક્ષર પણ ભણાય નહિ. ક્રિયા કરવાનું મન થાય નહિ સૌની સાથે રહ્યા તેથી ક્રિયા કરતાં-કરતાં પણ અનેક પ્રકારના ચાળા થવા લાગ્યા આંગળા મરડે, કડાકા બોલાવે, બગાસા ખાય, બેઠાં-બેઠાં લંબાવી દેવું ઝોકા ખાતાં-ખાતાં ક્રિયા પૂર્ણ કરવી. ભ્રમને કારણે થયેલી અધૂરી ક્રિયા પણ પૂર્ણ આની છોડી દેવી આવી અવનવી રીતનું નૃત્ય નિદ્રાદેવી તેની પાસે કસવે જતી હતી અનિવાર્ય પરાક્રમ જોઇને સહવર્ત્તિઓ પણ આશ્ચર્ય પામતા હતા.

ધીરે ધીરે ઓચરતા જળના પ્રવાહની માફક સૂત્રનો અભ્યાસ ગળવા માંડયો. ગહન-ગહન અર્થો વિસ્મૃત થવા લાગ્યા. મતિભ્રંશના કારણે આગળનો અભ્યાસ ઝેર જેવો ભાસવા લાગ્યો. અજ્ઞાન વ્યાસ પુંડરીક મુનિ નિદ્રાને અમૃત સરખી માનીને આખો દિવસ સૂઇ રહેવા લાગ્યો.

એક દિવસ ગુરૂ મહારાજ ઉપદેશ દેતા બોલ્યા, હે પુંડરીક ! હું તારો ગુરૂ છું. મારે તારી સઘળી ચિંતા કરવી પડે. તું કેવળ ભણવા માટે જ ઘર છોડીને સાધુ થયો છે. બુદ્ધિના પ્રભાવે ચૌદ પૂર્વનો અભ્યાસ પણ કર્યો. ઉત્તમ એવા જ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ. અગાર માટેનું સમ્યગ–દર્શન પણ પ્રાપ્ત કર્યું. જે જ્ઞાને નર્ક, તિર્યંચાદિ દુર્ગતિમાં પડતો બચાવ્યો. જે જ્ઞાને સ્વર્ગ અર્થાત્ મોક્ષ સુખનો આસ્વાદ ચખાડયો. હે ગુણસાગર ! એવો કોણ મુર્ખ હોય કે આવા શ્રુતજ્ઞાનને (ચૌદ પૂર્વને) ત્યજી દઈ નર્કના પ્રત્યક્ષ નિશાન-રૂપ નિદ્રાને અંગીકાર કરે, માટે તમે મારું કહ્યું માનો નિદ્રાદેવીને ત્યજી દો. ફરી અધ્યયનમાં લાગી જાવ.

ગુરૂ કરતા પણ મીઠી વાણી માન હિતકારી વચનો સાંભળવા છતાં પણ તીવ્ર પાપોદયના કારણે આ ઉપદેશ તેઓને લાગ્યો નહિ ગુરૂ મહારાજ કાંઈ બોલે તે પહેલ એકદમ ક્રોધાયમાન થઈ ગયા. અને અણછાજતી ભાષામાં બોલ્યા, કોણ ઊંઘે છે ? હું તો ઊંઘતો નથી. તમે જુઠું બોલો છો... હું તો પાઠ કરવામાં મગ્ન છું તમે તમારૂં ધ્યાન રાખો. પારકાની પંચાત છોડી દો. મારા હિતમાં બીજી કાંઈ નથી આવું ખોટું બોલવું તમને શોભતું નથી.

આવો પ્રત્યુત્તર સાંભળી ગુરૂ મહારાજ પોતાના ચિત્તમાં ચિંતવવા લાગ્યા આતો વળી નવું તુત પેદા થયું. એક નવો અવગુણ ઉત્પન્ન થયો. સાધુ થઇને મહા અસત્ય બોલવા લાગ્યો.

એક વખત પુંડરીક મુનિ ભાંગ પીનારની જેમ ઘોર નિદ્રામાં મુર્છિત હતા ત્યારે સહવર્તીઓએ નગારા વગાડીને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમને ઉઠાડયા પણ ન કર્યો. ખાઇ પીને ઘોરતો પુંડરીક મુનિ નિદ્રામાં અનેક સ્વપ્નો જોતો અને બકવાટ પણ કરતો. જો કોઇ તેને ઢંઢોળીને ઉઠાડવાનો પ્રયત્ન કરે તો તેની સાથે શોરબકોર કર્યા વગર રહેતો નહિ. એકાંતમાં પ્રેમાળ શબ્દોથી જ્યારે ગુરૂ મહારાજ જોર કરીને જગાડવાનો સાથે મિષ્ટ વચનો કહેતા

હે વત્સ ! અત્યાર સુધી કેમ ઉંઘ આવી ગઇ ? હવે જાગો ? ત્યારે લજ્જા છોડીને બોલી ઉઠતો, 'હું જ્યારે એક ધ્યાને અર્થ ચિંતવું છું ત્યારે જ તમને ઊંઘની ભ્રાંતિ થાય છે પણ હું ઊંઘતો નથી.

આ પ્રમાણે અત્યંત જુઠું બોલતો જાણીને સર્વ મુનિવરો તેની ઉપેક્ષા કરવા લાગ્યા. સુધરવાની આશા છોડીને ગુરૂ મહારાજે તેને છોડી દીધો. સહાગમથી વિછુટા પડેલા પુંડરીક મુનિને મોહરાજાના સામંતોએ ઘેરી લીધો. સહાગમે તેનો સાથ છોડયો અને સદ્બુદ્ધિએ તેનો સંગ મુકી દીધો. ચારિત્ર ધર્મથી ચલાયમાન થયો. દુર્ગધથી જેમ દેવ પલાયન થઇ જાય તેમ સર્વ વિરતી પહેલેથી પલાયન થઇ ગઇ

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

૬૫. ખુશીયોં કા સંદેશ

'રામને કહેજે કે–દુર્જનોની વાણીનો વિશ્વાસ કરીને એક જ ઝાટકે જે રીતે સીતાને તમે (ભયંકર જંગલમાં) તજી દીધી. તેમ મિથ્યાદૃષ્ટિઓના વચનનો વિશ્વાસ કરીને વીતરાગ પરમાત્માએ કહેલા ધર્મનો ત્યાગ કદિ ના કરશો. સીતાએ તમને આટલો સંદેશો કહેડાવ્યો છે.

વત્સ! તું હવે જલ્દી, રામ પાસે જા. શિવાસ્તે પન્થાન : સન્તુ."

આ બાજુ ગુપ્તચર પુરૂષો રાત્રિચર્યા કરવા નીકળ્યા. અને રામચંદ્રજી સ્વયં જનપ્રવાદની ખાત્રી કર્યા પછી વિચારવા લાગ્યા કે– 'હું જાણું છું કે સીતાજી મહાસતી છે. રાવણ સ્ત્રીલંપટ હતો તે પણ જાણું છું. અને મારૂં કુળ પણ નિષ્કલંક છે તે પણ જાણું છું (અને છતાં આવો જનપ્રવાહ છે) અરેરે! આ રસંગે આ રામ શું કરે?'

જલ્દીથી બહારથી સીતાપ્રવાદ સાંભળીને આવેલા ચરપુરૂષોએ જેવાં રામચંદ્રજીએ સાંભળેલો જેવો જ પ્રવાહ તદ્દન સ્પષ્ટ પણે કહી સંભળાવ્યો. (સીતાના રૂપ-લાવણ્ય નીતરતા શરીરના સંભોગ માટે જ હરણ કરનાર સ્ત્રીલંપટ રાવણે આટઆટલા સમય સુધી પોતાના ઘરમાં રાખ્યા છતાં સીતાના શરીરનો સંભોગ કર્યો ના હોય તે બને જ શી રીતે? આવો પ્રવાદ માત્ર રામે જ નહિ હવે તો રામ પાસે રહેલા લક્ષ્મણ–સુગ્રીવ–વિભીષણ વિગેરેએ પણ સાંભળ્યો.)

ચારિત્ર રૂપી ધર્મ રાજાને જતા જોઇ ક્ષમાદિક દશ પ્રકારનો ધર્મ સાથે થયો. સમ્યગદર્શન તો વાજતે ગાજતે સીમા છોડી ચાલી ગયું. સર્વ શુભ વાસનાઓ પલાયન થઇ ગઇ ત્યારે નિષ્કંટક રાજ્ય ચલાવવા માટે મોહરાજાનો મિથ્યાદર્શન નામના મંત્રીશ્વરે પુંડરીક મુનિના અંતરમાં પ્રવેશ કર્યો. હૃદયે ચઢી બેઠેલા મંત્રીશ્વરે એક પછી એક પોતાના ચુનંદા સામંતો અને સેવકોને આણ કરી નિદ્રાના પાસમાં પડેલા પુંડરીક મુનિને અનેક પીડાઓ નીપજાવી અનુક્રમે યમરાજાનું હંટર ફરી વળતાં પુંડરીક મુનિવર મરણ પામીને એકેંદ્રીમાં જઇ નીગોદને વિષે ઉત્પન્ન થયા. જોયું મોહરાજાની એક પરિચારિકાનું પરાક્રમ! (સંપૂર્ણ)

*

(જેના મોઢે ગરણાં બાંધી ના શકાય એવા અધિકિરત્ય આ લોકોને કોણ સમજાવે કે સીતાદેવીએ તો પર પુરૂષના એક જરા સરખો પણ સ્પર્શ કરવો પોષાય તેવો ન હોવાથી જ હનુમાન જેવાએ પણ ખભે બેસાડીને લાવા જવાનું કહેતાં નમ્ર શબ્દોમાં ચોકખી ના પાડી દીધી હતી. એટલું જ નહિ શુદ્ધ સાક્ષીના નિયમને તોડી નાંખીને પણ જ્યારે બળાત્કારે સીતાને ભોગવી નાંખવાનું રાવણે કહેતાં જ મૂર્છા ખાઇ ગયેલા અને ભાનમાં આવેલા સીતાદેવીએ અનશન સ્વીકારવાનું કહ્યું હતું. આગળ વધીને કહીએ તો એકવાર રાવણ પણ 'મેં સીતાને ભોગવી નાંખી છે એટલે હવે તે મારી પત્ની છે' આવું રામચંદ્રજીને કહેવડાવી શકયા નહોતા. ઉપરથી રાવણે તો યુદ્ધના મધ્ય ભાગમાં પોતે એકલો પડી ગયો ત્યારે પણ રામને એમ જ કહેવડાવ્યું છે કે 'તમે સીતા મને સોંપી દો.' આ જ સીતાના સતીત્વની સાબિતીના પ્રસંગો નથી શું ?

જગત આખુ સીતાદેવીના મહાસતીત્વનુ સાક્ષી છે છતાં અયોધ્યાનો લોક કેટલા હલકટ પ્રવાદમાં સીતાદેવી સામે ભયંકરમાં ભયંકર આરોપ ચડાવી રહ્યો છે.

પ્રવાદ ઉઠાવનારો લોક એ નહિ સમજી શકે કે– જેમને શીયળ ધર્મની સુરક્ષા ખાતર સંગ્રામમાં અસો–પાંચસો કરોડ નહિ પરંતુ હજારો કરોડ સૈનિકોના શબ પડયા તો પડવ દીધા હતા.

ચરપુરૂષોએ સ્પષ્ટ શબ્દોમાં કહેલો સીતાદેવીનો પ્રવાદ સાંભળતાંજ ક્રોધાયમાન થઇ ગયેલા લક્ષ્મણે કહ્યું કે– 'મહાસતી સીતાદેવી માટે દોષોને કલ્પીને સીતાદેવીની નિંદા કરનારા એ લોકોનો હું કાળ છું હું' તેમને છુટતા નહિ છોડું'

રામે કહ્યું કે– પહેલાં મને બહુત્તરો કહી ગયા છે. મેં પણ છૂપી રીતે જાતે તપાસ કરી છે. અને આ ચરપુરૂષો પણ એ જ કહે છે. એટલે સીતાના સ્વીકારથી આવેલા આ અપવાદ (નિંદાને) દૂર કરવા સીતાનો ત્યાગ કર્યો વિના છૂટકો જ નથી. લોકાપવાદ એ વિના શાંત થશે નહિ.'

લક્ષ્મણે કહ્યું કે– 'જેના મોઢે કશું બંધન બાંધી ના શકાય એવો આ લોકની વાત સાંભળીને સીતાનો ત્યાગ ન કરો, સ્વામિન્ ! સુખી રાજ્યમાં રહી પણ આ જનતા રાજાના દોષને શોધવાની અવળ–ચંડાઈવાળી છે. જો તેને રાજા શિક્ષા કરી ના શકે તો તેની ઉપેક્ષા જ કરવી જોઇએ. વાતે વાતે વિચિત્ર બોલનારા લોકની વાત ઉપર ભરોસો ના કરાય.'

રામે કહ્યું કે– લોક લોક એવો જ હોય છે તે વાત સાચી છે. પણ સર્વ–લોકમાં વિરૂદ્ધનો તો યશસ્વીએ ત્યાગ જ કરવાનો હોય, સમજ્યો લક્ષ્મણ !' આમ કહીને કૃતાન્તવદન નામના સેનાપતિએ રામચંદ્રજીએ કહ્યું કે– 'ગર્ભવતી હોવા છતાં પણ આ સીતાને તું જંગલમાં જઇને ગમે ત્યાં તજી આવ.'

રામચંદ્રના ચરણોમાં નમીને લક્ષ્મણે રડતાં રડતાં કહ્યું કે- 'મહાસતી સીતાદેવીનો તમે આ ત્યાગ કરો છો તે જરાય ઉચિત નથી.'

'હવે પછી એક શબ્દ પણ આગળ ના બોલીશ' આમ રામચંદ્રજીએ સત્તાવાહી શબ્દો સંભળાતાં વસ્ત્રથી મુખ ઢાંકી દઈને રડતાં રડતાં જ લક્ષ્મણજી પોતાના આવાસે ચાલ્યા ગયા.

કૃતાન્તવદનને રામચંદ્રજીએ કહ્યું કે- 'સીતાને સમ્મેત શિખરની યાત્રા કરવાનો મનોરથ છે માટે તે બહાને અહીંથી તું જંગલમાં લઈ જા.'

કૃતાંતવદને પણ સીતાદેવીને સમ્મેત શિખરની યાત્રાની રામચંદ્રજીની વાત કહીને રથમાં સીતાજીને ચડાવીને જંગલીથી રથ હંકારી મૂક્યો.

દુર્નિમિત્તો અને અપશુકનો થવા છતાં પણ સીતાદેવી રથમાં જ બેસીને દૂર દૂરના રસ્તે જરાય શંકા વગર આવી ચડયા. (સીતાજીને હકિકતની તો ખબર જ નથી.)

ગંગાસાગર ઉતર્યા પછી જ્યાં સિંહોની જ ગર્જનાઓ થયા કરે છે તેવા ભેંકારમાં ભેંકાર સિંહનિનાદ અરણ્યમાં રથ આવી ગયો. અને રથને અટકાવીને સેનાપતિ કંઈક વિચારવા લાગ્યો.

રડી રહેલા અને ગમગીન થઈ ગયેલા સેનાપતિને જોઈને સીતાદેવીએ પૂછ્યું કે- તું આમ શોક સહિત દુઃખી મન સાથે આ રીતે કેમ ઊભો છે ?

સારથિએ કહ્યું કે- ન કહી શકાય તેવા વચન હું શી રીતે બોલું દેવિ ! એક સેવક બનીને મારે આજે ન કરી શકાય તેવું ક્રમ કરવું પડયું છે. હે નિર્દોષ દેવિ ! લંકાના આવાસના વસવાટથી લોકોએ આપના માટે ઉભા કરેલા અપવાદથી ડરી જઈને રામચંદ્રજીએ આપને વનમાં તજી દીધા છે. તમારો ત્યાગ કરવા લક્ષ્મણજીએ અટકાવ્યા છતાં રામે સખ્ખત શબ્દોમાં લક્ષ્મણને આજ્ઞા કરતાં તે રડતાં રડતાં જ ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ પોતાના કલ્યાન જેવા ભયંકર જંગલમાં આપને સહવારો માત્ર આપની પ્રભાવના જ રહેશે. આવા હીન કામ માટે અરેરે હે દેવિ ! હું જ પાપાત્મા બોકલાયો છું.

આટલું સાંભળતા તો સીતાદેવી મૂર્છા ખાઈને રથમાંથી નીચે પડી ગયા. મૃત્યુ પામેલા સમજીને સેનાપતિ પોતાને પાપીષ્ટ બહુતો રૂદન કરવા લાગ્યો.

કેટલોયે સમય વીત્યા પછી વાર વાર મૂર્છા આઈ આઈને ઢળી પડતાં સીતાદેવી માંડ માંડ સ્વસ્થ બન્યા. (મરજંગલમાં તજવાનાદ્ધ સ્થાને જ આવા જ અસતીનું કલંક ચડાવીને રામત્યાગના સમાચાર સાંભળ્યા હશે ત્યારે મહાસતી શીયળરત્ન ના સંરક્ષક સીતાદેવીને કેવી કેવી પીડા નહિ થઈ હોય ?)



પ્યારા બાલમિત્રો,

બાલવાટિકા નિયમિત આવે તેવી તમારી સૌની ભાવના તથા ભલામણ છે. પરંતુ કોઇ કારણ સંજોગે નિયમિત આપી શકતો નથી તે બદલ દીલગીર છું. સાથે આપ સૌને લાગણીથી એટલું જણાવું છું કે–

મિત્રો સારી સોબત કરજો. મન બગડે તેવું જોશો નહિ. વાણી બગડે એવું બોલશો નહિ, ખરાબ વાતો – નિંદા કોઇની સાંભળશો નહિ સારા સંસ્કારો મેળવવા આટલું જરૂરથી લક્ષમાં રાખજો. સુંદર આચાર–વિચાર અને વાણીનું ઉદ્બોધન થાય તે માટે સારાં સારાં પુસ્તકોનું વાંચન નિયમિત કરજો. સારા પ્રકાશિત થતાં પુસ્તકોનો સંગ્રહ કરી તેનું વાંચન, મનન–ચિંતન કરજો, તેનું વાંચન તમો સૌ કરો છો તે તમારા લખાણોથી જણાઇ આવે છે કારણ કે તે લખાણો અધકચરા, અધૂરાં, ઉતારેલાં અને ઓછા સરખા આવે છે.

આવા લખાણોથી વાંચકો આકર્ષી શકતા નથી લખાણો અભ્યાસ અને રસ પડે તેવા લખીને મોકલવા ભલામણ જોઇએ અને તમે લખાણો લાંબા આવે, કાગળની એક બાજુએ લખીને મોકલવા ભલામણ.

હાલનું સમયનો જરૂરથી ઉપયોગ કરી મનનીય સુંદર લખાણો લખી મોકલશો. ભારી વાત વધારે મુદ્દાસર અને ટુંકા ઉપયોગી લખાણો મોકલવા ભલામણ.

તો લખી જો મારું સરનામું.

રવિશશુ–જૈન શાસને કાર્યાલય, જામનગર.

આજનો વિચાર

દુઠો માણસ સમ ખાવામાં હોશિયાર હોય છે.

કથાનક

હે સ્વામિન્ પાછા ફરો, અમારો ત્યાગ ન કરો...અમારી ભૂલને માફી આપો.

જો તમે અમને સ્વીકારવામાં તૈયાર ન હોય તો તમે અમારી એક અરજનો સ્વીકાર કરો. આપશ્રીને પાછા ન ફરવું હોય તો અમારી આજ્ઞવિકાનું શું ? આપશ્રીની મહેરબાની થશે તો જ અમે સુખપૂર્વક જીવન જીવી શકીશું ? નહીંતર.

બસ ! બસ ! આ વહેવુ બંધ કરો બંધી બનેલા અપરાધીની એક કાકલૂદી એક કાલિવયતાના

યોગે પોતાની સ્ત્રીઓની વાત માની ગયા. સ્વીકારી લીધી પાછા ફર્યા.

ગૃહસ્થાવાસમાં રહીને શ્રી ભરત-ચક્રવર્તિના ચરિત્રને પ્રકાશિત કરતું રાષ્ટ્રપાલ નામના નાટકની રચના કરી. સમય જતાં તે તૈયાર થઇ ગયું. પોતાના સસરા વિશ્વકર્માને રાજા સિંહરથની પાસે મોકલી વિજ્ઞપ્તિ કરાવી "હે દેવ અષાઢા-ભૂતિએ" "રાષ્ટ્રપાલ" નામનો નાટકની રચના કરી છે. તે નાટક હાલ આપ કરાવો. તે નાટક કરતાં પહેલાં આકુશળોથી ભૂમિત પાંચસો રાજપુત્રોની જરૂર પડશે?

રાજાએ વિનંતીનો સ્વીકાર કર્યો પાંચસો રાજકુમારો આપ્યાં અષાઢાભૂતિએ પાંચસો રાજપુત્રોને નાટક ભજવવાનું શીખવાડવું. રાજકુમારો તૈયાર થયા એટલે નાટક ભજવવાનો આરંભ કરાયો એ નાટકમાં અષાઢાભૂતિ પોતે ભરત ચક્રવર્તી બન્યા અને પાંચસો રાજકુમારોને યોગ્યતા મુજબ આમંત વિગેરે બનાવ્યા.

એ નાટક ભજવતાં શ્રી ભરત ચક્રવર્તીને છ ખંડનું આધિપત્ય ચૌદ રત્ન, નવનિધાનની પ્રાપ્તી તેમજ આદર્શ આરીસા ભૂવનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થવી, પાંચસોના પરિવાર સાથે પ્રવજ્યા અંગી-કાર; નાટકનો પડદો પડતાં પહેલાં સર્વોએ શક્તિ અનુસાર હાર, કુંડલાદિ અનેક આભરણો ઉતારી ઉતારીને ફેંકવા માંડયા. લક્ષ્મીને તુચ્છ માનસારી.

આ પાંચસો રાજકુમારો તથા અષાઢા-ભૂતિ મુનિ મુનિરાજ સઘળાયને ધર્મલાભ આપીને નિર્જન રસ્તે ચાલવા લાગ્યા.

લોક પૂંઠે પડવું, પોકરવા લાગ્યું, પાછા ફરી સ્ત્રીઓ વચ્ચે આવી, પગમાં પડી કહેવા લાગી સ્વામિનાથ પાછા ફરો આટલું બધું કોણ ભોગવશે! પાછા ફરો. પાછા ફરો.

અષાઢા ભૂતિ મુનિ મહારાજે સૌનો ઉપદેશ આપ્યો ફરમાવ્યું કે શું ભરત ચક્રવર્તી દીક્ષા લીધા પછી કયારે પણ પાછા ફર્યા છે તો હું પાછો ફરું?

ધર્મલાભ! ધર્મલાભ! ધર્મલાભ!

ભૂપેન્દ્રભાઇ મુંબઇ

નવની ગણતરી

૧ શ્રી નમસ્કાર મહામંત્ર ૯ પદી છે.
૨ શ્રી નવપદના ૯ પદો છે.
૩ શ્રી પ્રભુજીને ૯ અંગે પૂજા થાય છે.
૪ શ્રી ઔચિત્ય ૯ પ્રકારના છે.
૫ શ્રી તત્ત્વો ૯ પ્રકારના છે.
૬ શ્રી પરિગ્રહ ૯ પ્રકારના છે.
૭ શ્રી બ્રહ્મચર્યની ૯ વાડો છે.
૮ શ્રી ભક્તિના ૯ પ્રકારો છે.
૯ શ્રી ગ્રેવેયક પ્રભુ ૯ છે.

—સા. શ્રી મુક્તિપ્રજ્ઞાશ્રીજી

તેમજ અન્ય પ્રસિદ્ધ બેન્ડોની ભવ્ય કતાર ૦ શણગારેલા ઘોડા-ઊંટ ગાડાઓની ભવ્ય કતાર ૦ રૂશોભિત સાંબેલાઓ ૦ નાસિકના ઢોલી ૦ ઇન્દ્રધ્વજા ૦ રજતના રથો ૦ ભિન્ન ભિન્ન નયનરમ્ય રચનાઓ રંગબેરંગી કુલોનો સુંદર શણગાર અને બીજુ ઘણું બધુ...

મહોત્સવની વિશિષ્ટતા : પરમાત્માની ભકિત ૦ શ્રી પિસ્તાળીશ આગમની અદભુત રચના ૦ પરમાત્માને ભવ્ય અંગ રચના ૦ પૂ. આ. ભ.ના ધાર્મિક પ્રાસંગિક પ્રવચનો ૦ હૃદયાકર્ષક મહાપૂજા ૦ શાસન પ્રભાવક ભવ્યાતિભવ્ય વરઘોડો ૦ રોજ રાતે ભાવવાહી ભાવના.

વરઘોડાનો રૂટ : અમારા નિવાસ સ્થાનેથી ખંભાળીયા નાકા – સેન્ટ્રલ બેંક ચાંદી બજાર – રતનબાઇ મસ્જિદ – રણજીત રોડ – ટાઉન હોલ – લાલ બંગલો સાત રસ્તા થઇ સાધર્મિક વાત્સલ્યના સ્થળે (ઓસવાળ સેન્ટર) ઉતરશે.

લિ. વેલજીભાઇ દેપારભાઇ હરણિયા
દ: ધીરુભાઇ વેલજીભાઇ હરણિયા
કુશલકુમાર જયેન્દ્રભાઇ હરણિયા

અન્તે આપ સૌને આ પ્રસંગે પધારવા નમ્ર વિનંતી છે.

જ્ઞાન ગુણ ગંગા

—પ્રજ્ઞાંગ

૦ છદ્મસ્થ આ દશ સ્થાનક પ્રતિ ન દેખે ન જાણે.

"એવં ખલુ પએસી દસગણાઇ છઉમત્થે મણુસ્સે સવ્વભાવે ન જાણંતિ પાસંતિ તં જહા ધમ્મત્થિકાયં, અધમ્મત્થિકાયં, આગાસત્થિકાયં, જીવ અસરીર પડિબંધં, પરમાણુપોગ્ગલં, સદ્દં, ગંધં; વાયં, અયં જિણે ભવિસ્સઇ વા ણો ભવિસ્સઇ, અયં સવ્વદુક્ખાણુમંતં કરિસ્સઇ વા ણો કરિસ્સઇ ॥

(શ્રી રાયપસેણી સૂત્ર)

હે પ્રદેશી રાજા ! નિશ્ચે કરીને આ દશ સ્થાનક પ્રત્યે છદ્મસ્થ મનુષ્ય સર્વ ભાવ ન જાણે ન દેખે. તે જેમ ૧ ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય ૩. આકાશાસ્તિકાય ૪. શરીર વિના એકલો જીવ ચેતના લક્ષણ, ૫. પરમાણુ પુદગલ ૬. શબ્દ ૭. ગંધ ૮. વાયુ, ૯. એ પ્રાણી જિન (કેવલી) થશે કે નહિ થાય અને ૧૦. એ પ્રાણી સર્વ-દુઃખનો અંત કરશે કે નહિ કરે એ દશ સ્થાનો જ્ઞાની જાણે પણ છદ્મસ્થ ન જાણે

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- 'પરાધીનતા જેવું એક દુઃખ નથી અને સ્વાધીનતા જેવું એક સુખ નથી.' મોક્ષના આત્મા સંપૂર્ણ સ્વાધીન છે, તેમને કોઇની પરાધીનતા નથી.
- પરાધીન વસ્તુની ઇચ્છા કરવી તે જ મોટામાં મોટું પાપ છે.
- ધર્મ, કર્મનો નાશ કરવા માટે કરવાનો છે.
- ખાવ-પીવાનો પ્રેમી જીવ, સાચો તપ પણ કરી શકતો નથી. સાચો ત્યાગ પણ કોણ કરી શકે ! શરીરની મમતા છૂટે તે જ.
- પાપથી બચાવનારી દરિદ્રતા ન ખટકે, પાપ કરાવનારી શ્રીમંતાઇ ખટકે તે ધર્મી !
- આ સંસાર, સંસારનું સુખ અને સંસારની મોજ મજા જેને ભૂંડી લાગે નહિ તે કદી સાચી રીતે ધર્મ કરવાને તૈયાર થાય નહિ. જેને આ બધું ભૂંડું નથી લાગ્યું તે ધર્મ કરે તો ધર્મથી મળતાં જે સુખ-પૈસા-ટકા, માન-પાન, ખ્યાતિ-પ્રતિષ્ઠાદિ માટે જ કરે. પણ આત્માના વાસ્તવિક સુખને માટે કરે જ નહિ. તમને આનો અનુભવ નથી !
- જ્યાં સુધી આ સંસાર ઉપર ઉદ્વેગ પેદા થાય નહિ ત્યાં સુધી સાચી રીતે ધર્મ થશે જ નહિ અને જે ધર્મ થશે તે એવો થશે કે જેટલું નુકશાન અધર્મ કરશે તેના કરતાં વધારે નુકશાન તે ધર્મ કરશે.
- આ સંસારનાં સુખનો રાગ સાધુને સાધુ ન રહેવા દે, શ્રાવકને શ્રાવક ન રહેવા દે, ધર્મીને ય અધર્મી બનાવે તેવો છે.
- અનંતજ્ઞાનિઓની ધર્મી પામવા માટેની એક જ શરત છે કે- 'સંસારના સુખ ઉપરના રાગને ભૂંડો માનો દુઃખ ઉપરના દ્વેષને ભૂંડો માનો.'

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (ભાવનગર) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક ઇશ્વર ગોકે મુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ કેમ્પ (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૯૬૩-૬૪

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર

નમો ચઉવિસાए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વર્ષ ૮

અંક ૩૭

અપૂર્વ એવો મોહ !

दाराः परिभवकारा बंधुजनो,
बंधनं विषं विषयाः ।
कोऽयं जनस्य मोहो,
ये रिपवस्तेषु सुहृदाशो ।।

સ્ત્રી એ પરિભવને કરનારી છે, બંધુજનો બંધન રૂપ છે અને વિષયો વિષ જેવા છે તો પણ આત્માના ખરેખર શત્રુઓ છે તેમને જ વિષે મિત્રની આશા રાખવી-મિત્ર માનવા તે જ ખરેખર કેવો અપૂર્વ મોહ છે ?

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,
જિ. ગાંધીનગર, પિન-382009.

– જ્ઞાન ગુણ ગંગા –

–પ્રજ્ઞાંગ

૦ જાતિસ્મરણ જ્ઞાન એ પણ મતિજ્ઞાન જ છે.

ભૂતકાળના સંખ્યાતા ભવોનું સ્મરણ કરાવનારું જે જાતિસ્મરણ જ્ઞાન છે તે સ્મરણરૂપ હોઈને મતિજ્ઞાનનો જ ભેદ છે.

શ્રી આચારાંગ સૂત્રની ટીકામાં કહ્યું છે કે–

'જાતિસ્મરણ તુ આભિનિબોધિકા વિશેષ ઇતિ ।'

'જાતિસ્મરણ' તે એક જાતનું આભિનિબોધિક મતિજ્ઞાન છે.

૦ અનક્ષર શ્રુતજ્ઞાન શું ? શ્વાસ લેવો, નિઃશ્વાસ મૂકવો, થુંકવું, ઉધરસ ખાવી, છીંક ખાવી, હુંકારો કરવો, ઇશારો કરવો, ચપટી વગાડવી તે વગેરે અનક્ષર શ્રુતજ્ઞાન છે. અર્થાત કોઇ વ્યક્તિ આવી ચેષ્ટાઓ કરી મને બોલાવે છે કે કાંઇક કહે છે

અહીં મસ્તક ધુણાવવું, ખોંખારો ખાવો ઇત્યાદિ ચેષ્ટાઓ જો કે બીજાના અભિપ્રાય જાણવામાં હેતુભૂત હોવા છતાં શ્રવણો પડતી નથી. માટે તે શ્રુત નથી.

શ્રી વિશેષાવશ્યકની વૃત્તિમાં કહ્યું છે કે–

'રુટિયત સુઅ સુચ્ચઇત્તિ । ચેટ્ઠા ન સુચ્ચઇ કયાવિત્તિ ।।'


અર્થાત્ રુટિત એટલે શબ્દ, અવાજ, સંભળાય છે. માટે શ્રુત છે. પણ ચેષ્ટા સંભળાતી નથી (માટે તે શ્રુત નથી.)

જ્યારે શ્રી કર્મગ્રંથની વૃત્તિમાં શિરઃકંપનાદિને પણ અનક્ષર શ્રુત કહ્યું છે.

'અનક્ષરશ્રુતં ક્વેડિતશિરઃ કંમ્પનાદિનિમિત્તં મામાહ્વયતિ વારયતિ વા ઇત્યાદિરુપં અભિપ્રાયપરિજ્ઞાનમિતિ ।।

અર્થાત્ ખોંખારો, શિરઃકંપ આદિ નિમિત્તથી આ મને બોલાવે છે અથવા મને નિષેધ કરે છે ઇત્યાદિ રૂપ અભિપ્રાયનું પરિજ્ઞાન એ અનક્ષર શ્રુત છે.

(અનુ. ટાઇ. ૩ ઉ.૨)



વર્ષ : ૮] ૨૦૫૨ જેઠ સુદ-૪ મંગળવાર તા. ૨૧-૫-૯૬ [અંક : ૩૭

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય

મુંબઈ -૬. (પ્રવચન ૧૦ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના.— -અવ૦)

ભગવાને બતાવેલો ધર્મ શા માટે કરવાનો છે તે વાત સમજાવનારા હોવા છતાં અને પોતે પણ સમજી શકે તેવા હોવા છતાં પણ ન સમજે તો તેનો ધર્મ નકામો છે. એટલું જ નહિ પણ નુકશાન કરનારો થાય મારી આ સભામાં હું જે બોલું છું, સમજાવું છું તે સમજી ન શકે તેવા તો કોઁક હશે. બાકી બધા સમજે છે. પણ સમજણને સાથે રાખતા નથી. તેનો વાંધો છે. આજે તો સમજદાર પણ કહે છે કે- "આમનું વ્યાખ્યાન બહુ સારું પણ તેમને દીક્ષા વિના અને ત્યાગની વાત વિના બીજું કાંઇ સૂઝતું નથી. બધાં ય સાધુ થઇ જાવ તેમ કહે છે. બધા ય સાધુ થઇ જશે તો સાધુને રોટલા કોણ આપશે ?" આવા ઉઠાવગીર જેટલા શ્રોતા હોય તો હું ઇચ્છું કે, તે બધા અહીં ન આવે તો સારા ! પોતે તો બગડેલા છે અને અહીં આવીને બીજાને ય બગાડશે. મારી વાત સમજો છો ને ? સમજો છો તો હૈયામાં બેસે છે ? હજી હૈયામાં ન બેસતી હોય તો ય હૈયામાં બેસાડવાની મહેનત ચાલુ છે ? બોલો કે, અર્થ અને કામ ભૂંડા છે કે સારા છે ? ધર્મીમાત્ર તેને ભૂંડા જ

કહે ને ? તે એને ઉપાદેય કહે કે હેયકોટિના માને ?

મુગ્ધજીવને પણ પૈસા માટે, દુનિયાના સુખ માટે ધર્મ કરો તેમ કદી ન કહું. "ધર્મ જ કરવા જેવો છે, શક્તિ મુજબ સારામાં સારી રીતે ધર્મ કરવો જોઇએ" તેમ કહું ધર્મના ફળનાં વર્ણન કરું તો **મોક્ષ ફળ જ મેળવવા જેવું છે, અને અર્થ-કામ મેળવવા જેવા નથી'** તેમ સાથે જ કહું. શાસ્ત્રે કહ્યું છે કે, ધર્મ કરવાથી દુનિયાનું સુખ મળે અને તે સુખ પણ ભોગવાય ધર્મથી જ. સારું સારું ખાવા-પીવાનું ય મળે ધર્મથી. આબરૂ પચે પણ ધર્મથી. સમયસર ઓડો-પેશાબ થાય તે પણ ધર્મથી. પાપ પણ વધારે કોણ કરી શકે ? પાપ કરવાનાં સાધનો પણ વધારે કોને મળે ? મહાપાપીને તે ય ભુતકાળમાં ભલે વિપરીત ભાવે પણ ધર્મ કર્યો હોય તો. ધર્મ ન કર્યો હોય તો તે ય ને જ મળે. જેઓએ ભુતકાળમાં દુનિયાના સુખ માટે ધર્મ કર્યો હોય અને તે સુખ અહીં મળી પણ ગયું હોય તો તેઓને ભગવાને કહેલી મારી આ વાત ન જ બેસે. ઉપરથી તેઓ કહે કે-"મહારાજને 'દુનિયાનું સુખ ભુંડું સુખભુંડું' કહ્યા વિના બીજે ધંધો નથી.

સભા૦ કોઇપણ હેતુથી ધર્મ કરો તેમ ઘણા ઉપદેશકો પણ કહે છે.

ઉ૦ 'કોઇપણ હેતુથી ધર્મ કરો' તેમ ભગવાનના સાધુથી કહેવાય નહિ. કોઇ એમ કહે કે, મારે મારા શત્રુનું ખુન કરવું છે તે માટે ધર્મ કરું છું તો તેને ધર્મ કરાવાય ? તેવું કહેનારા જુઠા અને લબાડ છે, ઉત્સૂત્રભાષી છે, કસાઇ કરતાં પણ ભુંડા છે.

સભા૦ મુગ્ધજીવમાં સરળતા હોય ને ?

ઉ૦ હા. તેથી તો તેને સમજાવીને વાળી શકાય. તેને પણ દુનિયાના સુખ માટે ધર્મ કરો તેમ ન કહેવાય. 'આત્માના ભલા માટે ધર્મ કરવો જોઇએ' તેમ સમજાવાય.

આત્માનું સાચું ભલું કયારે થાય ? મોક્ષમાં જાય. તો માટે સમજાય છે ને કે, 'ધર્મ તો મોક્ષ માટે જ થાય.' આ માટે એક મહાપુરુષે ભગવાન શ્રી ઋષભદેવ ભગવાનની સ્તવના કરતાં ગુજરાતી ભાષામાં પણ ગાયું કે-

"સકલજીવ છે સુખના કામી, તે સુખ અક્ષયમોક્ષ;
કર્મજનિત સુખ તે દુઃખરૂપ, સુખ તે આતમઝાંખ."

આ વાત સમજાય છે ને ? આત્માના સ્વરૂપને સમજે તે જ સાચો સુખી છે. તમારે જે સુખ છે. તમારે જે સુખ જોઇએ છે તે મોક્ષવિના બીજે કશે નથી. તમારે

જે સુખ જોઇએ છે તેમાં થોડું ગોડું દુઃખ હોય તો તે તમને ગમે ? તમારાં કરતાં બીજા પાસે તે અધિક સુખ હોય તો તમને ઇર્ષ્યા ન થાય ને ? જે આવ્યા પછી ચાલ્યું જાય તેવું હોય તો ય ન ગમે ને ? માટે તમે બધા કહો કે, જેમાં દુઃખનો લેશ માત્ર ન હોય, જે પરિપૂર્ણ હોય અને જે આવ્યા પછી કદી નાશ ન પામે તેવું હોય. તેવું સુખ અમારે જોઇએ છે. આવું સુખ આ સંસારમાં છે ખરું ?

સભા૦ ઘણા કહે છે કે, એકલું સુખ હોય તો મઝા ન આવે. દુઃખ હોય તો સુખનો અનુભવ થાય.

ઉ૦ આ વાત તમે માનો છો ? સંસારનું સુખ કેવું છે ? જે દુઃખ હોય તો જ સારું લાગે. પંણ તમારે તો દુઃખ જોઇતું નથી. ભુખ ન હોય તેને સારામાં સારી ચીજ આપે તો ભાવે ? આ સુખ માત્ર દુઃખના પ્રતિકારરૂપ છે પણ વાસ્તવિક સુખ નથી.

ખાવું-પીવું તે વાસ્તવિક સુખ નથી. ભગવાને સાધુને ખાવાની છૂટ આપી છે પણ સ્વાદ કરવાની મના કરી છે. સાધુને પણ જો સ્વાદ આવી જાય, મઝા આવી જાય તો સાધુપણ દૂષિત થાય, સર્વવિરતિના પચ્ચક્ખાણમાં અતિચાર લાગે. શરૂઆતમાં અતિચાર લાગે અને પછી તો તે ન ચેતે તો અનાચારરૂપ તે થઇ જાય.

આજે ખાવાના શોખીનો શું શું ખાય છે તેનું વર્ણન થાય તેમ નથી. કેટલાક માંસ ખાતા થઇ ગયા, કેટલાક ઇંડા ખાતા થઇ ગયા. તેમાંથી જૈનોના નબીરાઓ પણ બાકાત નથી તેમ સારા સારા લોકો કહે છે. આજે તો શ્રાવકના ઘરોમાં પણ અભક્ષ્ય ભક્ષણ થાય છે. આજના કહેવાતા અહિંસાવાદીઓ (!) કહે છે કે, દૂધ, ઘી ન મળે તો માછલી ખાવી સારી ! આવા અહિંસાવાદીઓ જુઠા છે, લબાડ છે. શ્રી જૈન શાસનને નહિ સમજેલા એટલે સમજદાર જ નથી. તેની સમજણમાં ધુળ પડી છે. તેની સમજણ અનેકનું સત્યાનાશ કાઢનારી છે.

શ્રી જૈન શાસનને સમજેલો આત્મા પણ જો એમ કહે કે, 'દુનિયાનું સુખ સારું છે, હિંસા-ટકાદિ સારા છે, તે મેળવવા માટે ય ધર્મ થાય.' તો દુનિયાને સાચો ધર્મ આપણે કોણ ? સંસારી જીવોને મોક્ષમાં મોકલશે કોણ ? શ્રી સિદ્ધભગવંતો સર્વગુણસંપન્ન છે, સકલકર્મોથી રહિત છે, જ્યારે શ્રી અરિહંત પરમાત્માઓ ચાર કર્મથી સહિત છે છતાં શ્રી નવકારમંત્રમાં પહેલા નંબરે કેમ છે ? જગતને મોક્ષ, મોક્ષમાર્ગ સમજાવનારા તેઓ છે. માટે જ શ્રી અરિહંત પરમાત્મા જેવો ઉપકારી કોઇ થયો નથી, થતો નથી અને થશે પણ નહિ જ.

[ક્રમશઃ]

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❋ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❋

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિ નાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં ઢોરને નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃધ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મું· ભાભર, તા. દીઓદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનુ નક્કી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઈ ફોન ૮૪૨૬૯૭૧

શંકા સમાધાન

--શ્રી રાજુભાઇ પંડિત

શંકા૦ : ૧ દેરાસરમાં લોકો પૂજાના ખેસથી ભૂમિ-પ્રમાર્જન કરે છે તે યોગ્ય છે ?

સમા૦ : ૧ ચૈત્યવંદનાદિ કરવા માટે બેસતા પહેલા દેરાસરની તે તે બેસવાની જગ્યામાં કોઈ જીવ-જંતુ હોય તો તેની વિરાધના ન થઇ જાય તે માટે ભૂમિને-પ્રમાર્જન [સાફ કરવું] તે તો યોગ્ય જ છે. પરંતુ જે ખેસને આપણે મુખકોશ તરીકે બાંધીને ભગવાનની પૂજા કરીએ છીએ તે જ ખેસના છેડાથી ભૂમિ-પ્રમાર્જન કરવા કરતા રૂમાલ કે નેપકીન જેવા અન્ય વસ્ત્રથી ભૂમિ-પ્રમાર્જન કરવું યોગ્ય લાગે છે. આજે ખેસના છેડાથી ભૂમિ-પ્રમાર્જન કર્યા પછી બીજા દિવસે તે જ ખેસથી આપણે પ્રભુ-પૂજા કરીએ તે ઉચિત નથી. કેમકે ખેસ તો ભૂમિ-પ્રમાર્જનથી અશુદ્ધ બની ગયો છે. અને તે અશુદ્ધ ખેસથી પૂજા કરવી યોગ્ય નથી. માટે રૂમાલ જેવા અન્ય વસ્ત્રથી ભૂમિ-પ્રમાર્જન કે પગ નીચે કચરાતા ચોખા રૂપ દેવદ્રવ્યને દૂર કરવું વધુ યોગ્ય છે.

પૂજાના વસ્ત્રો રોજે ધોવાતા હોય તો પણ પૂજાના-ખેસનો છેડાથી ભૂમિ-પ્રમાર્જનાદિ કરવા ઉચિત નથી. આ વાત પૂજાના ખેસ અંગેની જ જાણવી. ઘણા લોકો (હાલમાં પણ કચ્છ-મારવાડ તરફ) પહેરણ ઉપર ખેસ પહેરે છે. તે ખેસથી ભૂમિ-શુદ્ધિ કરવામાં કોઇ વાંધો નથી. અશુદ્ધ કે અપવિત્ર વસ્ત્રોથી પ્રભુ-પૂજા કરનાર નીચગોત્ર કર્મનો બંધ કરે છે.

આજ રીતે અંગલુંછણાં અંગે પણ એટલો વિવેક રાખવો અત્યંત જરૂરી છે કે-અંગલુંછણા આપણા પૂજાના વસ્ત્રોને કે-પરસેવાવાળા હાથના ભાગને લાગી ન જાય. જે લોકો પોતાના ખભા ઉપર જ અંગલુંછણા રાખી મુકે છે તે તો અત્યંત અયોગ્ય બાબત છે. તથા એક જાતની શ્રી જિનેશ્વર પ્રભુની આશાતના જ છે.

અને ઘણાં લોકો તો પોતાના ઘરેથી જે અંગલુંછણા લાવે છે તેને ધોયા પછી સૂકવે ત્યારે તે સૂકાઇને જમીન ઉપર પડી ગયા હોય તો તેને ફરીવાર ધોતા નથી. અને ઉપયોગમાં લે છે તે પણ અનુચિત જ છે.

શંકા૦ : ૨ મુખકોશ બાંધ્યા વગર પ્રભુજીના ખોળા ઉપર આંગી કરાય ?

સમા૦ : આપણો શ્વાસોશ્વાસ લાગી ન જાય તે માટે તો આપણે કેશર ઘસતી વખતે પણ મુખકોશ બાંધીએ છીએ. તો પછી ભગવાનના ખોળાને આંગી કરતી વખતે શા માટે નહિ બાંધવાનો ? અર્થાત્ ત્યારે પણ મુખકોશ બાંધવો ફરજીયાત છે. હમણાં

હમણાં મુંબઇમાં ઘણે બધે ઠેકાણે મુખકોશ બાંધ્યા વગર જ તથા વાતચીત તેમજ હાસ્ય કરતાં કરતાં પણ ભગવાનના ખોળાને આંગી કરાતી હોવાનું કોઈકે જણાવેલ છે. જો તે વાત સાચી હોય તો મુખકોશ બાંધ્યા વગર ખોળાને આંગી ન કરવી જોઇએ. તેમજ મુખકોશ બાંધીને પણ વાતચીત કે હાસ્યાદિ કરતા-કરતા આંગી કરવામાં આશાતના ગણાય છે.

ગભારામાં પેસતા પહેલા જ મુખકોશ બાંધીને પછી જ ગર્ભગૃહમાં (ગભારામાં) પ્રવેશ કરવો જોઇએ જેથી આપણો શ્વાસોશ્વાસ ભગવાનને લાગતા થનારી આશાતનાથી બચી જવાય. ભગવાનનો ઓછામાં ઓછો ૯ હાથનો અને ઉત્કૃષ્ટથી ૬૦ હાથનો અવગ્રહ (અંતર) ચૈત્યવંદન ભાષ્યાદિ ગ્રંથમાં જણાવ્યો છે તે પણ શ્વાસોશ્વાસ લાગવાથી થતી આશાતનાથી બચવા માટે જ જણાવ્યો છે.

ગભારા બહાર રંગમંડપની શોભા માટે કરાતી રચના સમયે મુખકોશ બાંધવાની જરૂર નથી.

શંકા૦ : ૩ સામાયિકના કપડાંથી વાસક્ષેપ પૂજા કરી શકાય ?

સમા૦ : ૩ સામાયિકના વસ્ત્રો તદ્દન સ્વચ્છ હોય, [મચ્છર મરી જવાથી પડેલા લોહીના ડાઘવાળા કે ચુમડા આદિથી થયેલા લોહી-પરૂ કે અન્ય અશુચિવાળા ન હોય તો દેશસ્નાન=હાથ-પગ-મોઢું ધોવા રૂપ દેશસ્નાન કરીને ભગવાનને સ્પર્શ કર્યા વગર દૂર થી જ સામાયિકના તે વસ્ત્રો પહેરીને ભગવાનની વાસક્ષેપ પૂજા માત્ર ચાખે જ નહિ પરંતુ નવે અંગે કરી શકાય છે. મસ્તક સહિત આખા શરીરે સ્નાન કર્યા છતાં જો સામાયિકના જ વસ્ત્રોથી વાસક્ષેપ પૂજા કરવી હોય તો ત્યારે પણ પ્રભુજીને સ્પર્શ કર્યા વગર જ કરવી. પણ સર્વસ્નાન=મસ્તક સહિત આખા શરીરે સ્નાન કરીને પૂજાના વસ્ત્રોમાં તો ભગવાનને સ્પર્શીને વાસક્ષેપ પૂજા કરી શકાય છે. દેશસ્નાન કરીને પૂજાના વસ્ત્રો પહેરાય જ નહિ માટે તે વિકલ્પ વિચારવાનો રહેતો નથી.

ઘણે ઠેકાણે મૂળનાયક ભગવાનને બપોરે આંગી ચડી ગયા પછી પૂજા કરનારને કાં તો પૂજા કરવા નથી દેવાતી. કાં તો વાસક્ષેપથી પૂજા કરવાનું કહેવાય છે. પરંતુ આ બંને રીત ખોટી છે. પૂજા કરનારે આંગી ના બગડે તે રીતે જ કેશરથી જ પૂજા કરવાની છે. વાસક્ષેપથી નહિ બીજા દિવસે સવારે કસતી વાસક્ષેપ પૂજામાં એકલા બરાસના ચૂર્ણ વાસક્ષેપ મિશ્રિત બરાસ ચુર્ણ કે એકલા સુગંધી વાસક્ષેપ વાપરી શકાય છે. ઘણીવાર બપોરે થતી મૂળનાયક પ્રભુ આદિની આંગીમાં બરાસ તથા વાસક્ષેપનો ઉપયોગ કરાય છે તેમાં કશો વાંધો નથી. પરંતુ ચડાવેલી આજની આંગી ઉપર વાસક્ષેપ કે બરાસ-ચુર્ણથી જ પૂજા કરવાનું કહેવાય છે તે બરાબર નથી, કેમકે ત્યારે તો કેશરથી જ પૂજા કરવાની છે.

શંકા૦ : ૪ લોહી નીકળતું હોય તો પૂજા કરવામાં વાંધો છે ? માત્ર પરૂ નીકળતું હોય તો જ ના કરાય ને ?

સમા૦ : ૪ માત્ર પરૂ જ નહિ, પણ લોહી, શ્લેષ્મ (નાકના શેડા), ઝાડો–પેશાબ શરીરમાંથી નીકળતા ચાલુ હોય ત્યારે પૂજા કરાય નહિ. આ બધા તે તે સ્થાનેથી નીકળતા અટકી ગયા હોય પછી જ પ્રભુ–પૂજા (અંગપૂજા) કરી શકાય, અગ્રપૂજામાં તો (ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્યાદિ પૂજામાં) લોહી–પરૂ–શ્લેષ્મ નીકળતા ચાલુ હોય તો પણ વાંધો ગણાતો નથી. જો કે તે તે અશુચિને દેરાસરના સમયે અટકાવી દેવા ઉચિત ગણવા. તથા તેનાથી પૂજાના વસ્ત્રો કે દેરાસરની જમીન, બગડે નહિ તેની સતત કાળજી રાખવી. લોહી બાબતમાં સ્ત્રીઓ M.C. સમયે દેરાસરે આવી જ ના શકે તે ખાસ ધ્યાનમાં રાખવું.*

વળી શરીરમાંથી સતત અતિદુર્ગંધ કે પરૂસેવામાં અતિ દુર્ગંધ આવ્યા કરતી હોય તેમણે પ્રભુજીની અંગપૂજા ન કરવી ઉચિત છે. અબ્રહ્મ સેવનારાને સ્નાન કર્યા વિના વાસક્ષેપ પૂજા કરવી ઉચિત નથી.

શંકા૦ : ૫ ઘરમાં કોઇને પણ રાત્રિભોજન કરવા દેવાતું ન હોય ત્યારે ઘરના છોકરાઓ રાત્રે બજારૂ અભક્ષ્ય ચીજો વાપરે તેના કરતા ઘરમાં રાત્રિભોજન કરવા દેવાય કે નહિ ?

સમા૦ : ૫ ઘરના છોકરાઓ બજારૂ અભક્ષ્ય ચીજો વાપરતા અટકે તેમ માનીને પોતાના ઘરમાં રાત્રિભોજન કરાવવું ઉચિત નથી જણાતું. આમાં તો અભક્ષ્યનું પાપ પાપ છોડાવવા તમે રાત્રિભોજનનું પાપ સામે ચાલીને સ્વીકારી લો છો. બીજી વાત કે તમે ઘરમાં રાત્રિભોજન કરવા નથી દેતા માટે જ છોકરાઓ અભક્ષ્યનું ભક્ષણ કરે છે તેવું માની લેવું જરૂરી નથી. પણ અભક્ષ્યના ભક્ષણ કરવાનો ચટકો હોવાના કારણે જ છોકરાઓ અભક્ષ્ય ભક્ષણ કરે છે. અને તેમ હોવા છતાં ય તેના અભક્ષ્યના ભક્ષણમાં તમે ઘરમાં રાત્રિભોજન કરવા નથી દેતા તે વાતને આગળ કરે છે. જો ખરેખર છોકરાઓને તમારા ઘરની રાત્રિભોજનની બધી જ અભક્ષ્યનું ભક્ષણ કરાવે છે તેવું માનીએ

---

* ઘણાં લોકો M.C.વાળા બેનોને બહારથી ભગવાનના દર્શન કરી શકવાની વાતો કરે છે. પણ તે તદ્દન અયોગ્ય તથા આશાતનાનું પાપ બંધાવનારી વાત છે. ગામડાઓમાં તો હજુ પણ એમ.સી.વાળી કુમારીકાઓ કે બહેનો ઘરના એક ખુણામાં જ રહે છે. પુરૂષોની પણ નજરે ન ચડી જવાય તેવી કાળજી રાખે છે. તો ભગવાનના દર્શન કરવા જવાની વાતો કરવી તે પણ શાસ્ત્રના નામે કરવી તે તો શાસ્ત્રોને પગ નીચે કચડીને તેના ઉપર ચાલવાનું હિચકારી આશાતનાવાળું જ કાળુ કૃત્ય છે.)

તો તેનો અર્થ એ થયો કે છોકરાઓને અભક્ષ્ય ખાવાની ઇચ્છા નથી. તો પછી છોકરાઓ રાત્રે બહાર પણ અભક્ષ્યનું ભક્ષણ નહિ જ કરે. માટે તમારે છોકરાઓને અભક્ષ્યના ભક્ષણથી અટકાવવાનો પ્રશ્ન જ નથી રહેતો કે જેથી તમારે ઘરે રાત્રિભોજન કરાવવાનો વિચાર કરવો પડે. વળી જો તમે જ મનથી માની લીધું હશે કે–"આપણે ઘરમાં રાત્રે જમવાની ના પાડીએ છીએ માટે આ છોકરાઓ અભક્ષ્ય જમે છે તો અભક્ષ્ય ના જમે માટે ઘરમાં રાત્રે જમવાની છૂટ આપીએ" તો તો તે છોકરાઓ દિવસે પણ બહાર અભક્ષ્યનું ભક્ષણ કરતા હશે તો તમે શું કરશો ? ઘેર ભોજન વ્યવસ્થા હોવા છતાં દિવસે પણ બજારમાં ખાનારા હોય છે તે ખાવાનો રસ છે.

દીક્ષાર્થી દીક્ષા લે છે ત્યારે ઘરના લોકો રોકકળ કરી મૂકે છે તે વખતે રડતા રડતા જે કર્મ બંધાય છે તેમાં દીક્ષાર્થીની દીક્ષા કારણભૂત નથી. પરંતુ રડનારનો મોહ જ કારણભૂત છે. હવે જો દીક્ષાર્થી એમ નક્કિ કરે કે આ બધાં રડી રડીને મારા નિમિત્તે પાપ બાંધે છે માટે મારે તેમને તેવું નિમિત્ત નથી આપવું આમ માનીને દીક્ષા લેતા અટકી જાય તો શું થાય ? કોઇ દિવસ કોઇ વ્યકિત ધર્મ જ કરી ના શકે.

એક તણખલા પાછળ છૂપાવી દેવા માત્રથી ચોર પોતાની જાતને છૂપાવી નથી શકતો ગોશાલક ! તું તે જ ગોશાળો છે શા માટે તારી જાતને છૂપાવવાના પ્રયત્નો કરે છે ? આવું ભગવાન બોલ્યા કે તરત ગોશાળાએ ભગવાન ઉપર તેજોલેશ્યા ફેંકી ભગવાને સત્ય કહેતા જ ગોશાળો ખિજાયો. અહીં એ કુતર્ક કરી શકાય કે ગોશાળો તીર્થંકરની આશાતના કરશે અને ભયંકર પાપ બાંધશે. આવું જાણવા છતાં ભગવાને સત્ય કહીને શા માટે ગોશાળાને પાપ બંધાવડાવ્યું ?

ધ્યાનમાં રહે કે– ધર્મની અખિશુદ્ધ યથાશકિત આરાધના કરતાં કરતાં સામી વ્યકિતને અધર્મ પમાડવાની કે પાપ બંધાવવાની ભાવના ન હોય છતાં સામી વ્યકિત પોતાની અજ્ઞાનતા આદિના કારણે પાપ બાંધે તો તેમાં ધર્મની આરાધના કરનાર જરા પણ દોષિત ગણાતા નથી.

ઘરમાં રાત્રિભોજન બંધ હોવા રૂપ ધર્મની આરાધના થતી હોય અને તેને જ નિમિત્ત બનાવીને છોકરાઓ બજારમાં રાતે અભક્ષ્યના ભક્ષણ કરતા હોય તો છોકરાઓના ભક્ષણમાં ઘરમાં રાત્રિ ભોજનની બંધી રાખનાર વડિલો જરા પણ ગુનેગાર નથી. હા. વડિલોએ છોકરાઓને રાત્રે ન ખાવા અંગે, બજારનું ન ખાવા અંગે, તથા દિવસે કે રાત્રે અભક્ષ્ય ન ખાવા અંગે શકયતા મુજબ સમજાવવું જોઇએ. પણ સામી વ્યકિતનાં અભક્ષ્ય ભક્ષણના પાપથી તેમને બચાવવા માટે પોતે ઘરમાં રાત્રિભોજનનું પાપ તો ન જ ઘુસાડાય.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

૬૫. ખુશીયેાં કા સંદેશ

સ્વસ્થ થયા પછી સીતાદેવીએ પૂછયું કે-'અહીંથી અયેાધ્યા કેટલી દૂર છે? રામ કયાં છે?'

સેનાપતિ બેાલ્યા-'અયેાધ્યા તેા ઘણી દૂર છે હે દેવિ! પણ ઉગ્ર આજ્ઞા કરનારા રામચંદ્રજીની વાત કરીને ય શું ફાયદેા થવાનેા છે?'

આટલું સાંભળીને પણ સીતાદેવીએ કહ્યું કે- હે ભદ્ર! તું રામચંદ્રજીને મારા આટલેા સંદેશેા કહેજે કે- 'નિર્વાદનેા હે નથ! તમને ડર હતેા છતાં તમે મારી પરિક્ષા કેમ ના કરી? શંકા હેાય ત્યારે તેા બધાં લેાકેા પાંચદિવ્યેામાંથી ગમે તે દ્વારા સત્યાસત્યનેા નિર્ણય કરે છે'

'કમનસીબ હું વનમાં પણ મારા કર્મોને લેાગવીશ. પણ તમે તમારા વિવેક કે કુળને અનુરૂપ તેા નથી જ કર્યું.'

બેસ...

જેવી રીતે દુર્જનેાની વાણીનેા વિશ્વાસ કરીને તમે મને (કશેા જ વિચાર કર્યા વિના) એક જ ઝાટકે જંગલમાં તજી દીધી છે તે રીતે મિથ્યાદૃષ્ટિની વાણીનેા વિશ્વાસ કરીને તમે જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મને તજી ના દેશેા.'

આમ કહીને મૂર્છા પામેલા ભાનમાં આવેલા સીતાજી ઉઠીને બેાલ્યા કે- મારા વિના રામ શી રીતે જીવી શકશે? અરેરે! હું હણાઈ ગઈ છું'

જા, વત્સ! તું રાઘવની પાસે જા. રામચંદ્રજીને મારા કુશળ કહેજે. અને લક્ષ્મણજીને મારા આશિષ દેજે. જા વત્સ! તારેા માર્ગ કલ્યાણકારી બનેા.'

'શિવાસ્તે પન્થાનઃ સન્તુ'

(મહાસતી શિરેારત્ન સીતાદેવીએ અંતિમ સંદેશના શબ્દે શબ્દે કેટલા બધાં કડવા ઘુંટડા પીધા હશે!!)

પ્રણામ કરીને સેનાપતિ વગડામાં (ભાગ્ય ના ભરેાસે રાજકુળમાં જન્મેલી અને રાજ કુળેામાં જ લાલન-પાલન પામેલી શીયળ રત્નની સુરક્ષા ખાતર સંગ્રામની આસમાની સુલતાની જેવું ચૂકેલા) મહાસતી સીતાદેવી ને કેમ કરીને ગમગીન પગલે ધીમીગતિએ સારથી સેનાપતિ કૃતાંતવદન પાછેા ફર્યો.

આખરે મહાસતી સીતાદેવીના માથે કલંક રાવણની લંકામાં નહિ પણ રામ ચંદ્રજીની અયેાધ્યામાં જ ચડયું.

[૬૬] શબ વિહેાણેા અંતિમ-સંસ્કાર

રામચંદ્રજીને પેાતાની ખુશીયેાનેા

સંદેશો પાઠવીને હવે ભયથી ઉદ્‌ભ્રાન્ત બનેલા મહાસતી સીતાદેવી પોતાના જ પૂર્વના દુષ્કર્મના દોષથી ખરડાયેલા આત્મા ને નિંદતા આમતેમ જવા લાગ્યા.

બીતેલા દિવસોની અને પોતાની સાથે થઇ ગયેલા આવા પ્રસંગની યાદ સાંભરી આવતા વારંવાર રડયા કરતા અને ડગલેને પગલે લથડીયા ખાતા સીતાદેવી (કઇ દિશામાં જવું તે ન સૂઝતા) આ ભયંકર જંગલમાં આગળને આગળ જઇ રહ્યા છે.

અને ત્યાં જ... નજર સામે આવી ઊભેલા એક મોટા સૈન્યને જોયું. કલંક ચડયા પછી જીવન કે મરણની આશા તુલ્ય બની ગઇ હોવાથી સીતાદેવી તે સૈન્યને જોઇને જરા પણ ડર્યા વિના જ રહ્યા અને નમસ્કાર મંત્રમાં તત્પર બન્યા.

દિવ્યરૂપધારી સીતાદેવીને જોઇને સૈનિકો ફફડી ગયા. સીતાનું રૂદન સાંભળીને સ્વરવેદી રાજાએ કહ્યું કે– આ કોઇ ગર્ભવતી મહાસતી લાગે છે.

તે રાજા વજ્રજંઘ અને મંત્રી સીતાની નજીક આવતાં સીતાજીએ શંકા પડતાં અલંકારો ઉતારીને આપવા માંડયા. પણ મંત્રીએ વજ્રજંઘ રાજાની પરનારી સહોદર તરીકેની ઓળખ આપતાં અને સીતાદેવીને તેવું જ લાગતા. વજ્રજંઘે પૂછતાં સીતાજીએ પોતાની સર્વ હકિકત કહી સંભળાવી અને છેલ્લે કહ્યું કે મને સમેતશિખરની યાત્રાના બહાને આ ભરજંગલમાં લાવીને સગર્ભા દશામાં જ તજી દીધી.

અને ગળે ડૂમો ભરાઇ આવતાં ચોધાર રડી પડેલા સીતાદેવીના રૂદનથી રાજા અને મંત્રી પણ દ્રવીને રડવા લાગ્યા.

નિર્વિકારી વજ્રજંઘ રાજાએ કહ્યું કે– લોકાપવાદથી રામે આપને તજ્યા છે પણ પોતાની ઇચ્છાથી નથી તજ્યા, તેથી તે પણ તમારા વિરહમાં દુઃખી હશે જ અને તમારી શોધ કરવા નીકળશે જ. તેથી તમે મારા નગરમાં જ ભામંડલના નગરની જેમ જ રહો. સીતાદેવી વજ્રજંઘની વાતમાં કશુ છળ–કપટ ન લાગતા વજ્રજંઘની નગરીમાં આવીને ભાઇના ઘરે રહે તેમ વજ્રજંઘે રહેવા આપેલા એક આવાસમાં રહ્યા.

આ બાજુ સેનાપતિએ આવીને રામચંદ્રજીને કહ્યું કે– 'સિંહનિનાદ વનમાં હું સીતાદેવીને તજી આવ્યો છું. વારંવાર મૂર્છા ખાતાં અને સંજ્ઞા પામતા સીતાદેવીએ કેમે કરીને ધૈર્ય ધારણ કરીને આપને સંદેશો પાઠવ્યો છે કે–

'કયા નીતિશાસ્ત્રમાં, કઇ સ્મૃતિમાં કે કયા દેશમાં એવો નિયમ છે કે એક જ પક્ષનો દોષ સાંભળીને અન્ય પક્ષની સજા કરવી.

હરહંમેશા વિચાર્યા વિના એક પણ કાર્ય નહિ કરનારા આપે મારો ત્યાગ વિચાર્યા વિના કર્યો છે તે માનું છું કે મારા જ કમનશીબ ભાગ્યનો દોષ છે. તમારો આમાં જરાય દોષ નથી.

દુર્જનોની વાણીથી હે પ્રભો ! જે રીતે મારો ત્યાગ કર્યો છે. તે રીતે મિથ્યાત્વીઓની વાણીથી અરિહંત પ્રભુના ધર્મને તજી ના દેશો.'

આટલું કહીને મૂર્છા ખાઇને પડી ગયેલા અને પછી ભાનમાં આવેલા સીતા–દેવીએ કહ્યું કે–'મારા વિના રામ શી રીતે જીવી શકશે? અરે રે! હું હણાઇ ગઇ છું.'

આટલું સાંભળતા જ મૂર્છા ખાઇને રામચંદ્રજી ઢળી પડયા લક્ષ્મણાદિ વડે સંભ્રમથી આવીને ચંદન જળથી સિંચાતા જાગૃત થયેલા રામચંદ્રજી વિલાપ કરવા લાગ્યા કે–

'દુર્જનોની દુષ્ટ વાણીનો વિશ્વાસ કરીને મારાથી તજી દેવાયેલી મહાસતી સીતા ક્યાં છે!'

લક્ષ્મણે તરત કહ્યું– 'હે સ્વામિન! પોતાના પ્રભાવથી રક્ષા પામેલા તે મહા–સતી સીતાદેવી હજી પણ તે જ વનમાં હશે ત્યાં જઇને તેની શોધ કરીને તમારા વિયોગથી મૃત્યુ પામે તે પહેલાં જ તમે જાતે જઇને તેમને લઇ આવો.'

આવું સાંભળીને તે જ સેનાપતિ કૃતાંતવદનને સાથે લઇને બેચરોની સાથે આકાશમાર્ગે રામચંદ્રજી તે અતિ દારૂણ ભયંકર જંગલમાં આવ્યા,

(જ્યાં તજાયેલા હતા તે સ્થળ સેના–પતિએ બતાવ્યું પણ ત્યાં ન તો સીતાદેવી હતા કે ન તો તેમના પગલાં)

ધરતીના કણકણને, જળાશયોના જળ ના બુંદ–બુંદને, પર્વતોના પત્થરે પત્થરો ને અને વૃક્ષોના પાન–પાનને જોયા પણ સીતાદેવી ક્યાંય મળ્યા નહિ.

સીતાદેવીને શોધનારી આંખો આખરે નિરાશ બની ગઇ.

સીતાદેવીની ભાળ ન મળતાં અત્યંત દુઃખી દુઃખી થઈ ગયેલા રામચંદ્રજી લાંબા સમય સુધી એક જ વિચારણા કરતા રહ્યા કે– ચોક્કસ સીતાને વાઘ, સિંહ કે કોઇ બીજા જંગલી પશુ ખાઇ ગયા લાગે છે.

સીતાના મળવાની કોઇ આશા ન રહેતાં પાછા ફરીને રામ અયોધ્યા આવ્યા. સીતા–જીના ગુણો ગાવા પૂર્વક એ જ નગરલોક વડે રામ વારંવાર નિંદાવા લાગ્યા.

(લોકનિંદા અને અપયશથી સીતાદેવી નો જંગલ–ત્યાગ કરનારા રામચંદ્રજી ન તો સીતાદેવીને મેળવી શકયા, ન તો લોકની પ્રશંસા પામી શકયા.)

જેના હૈયામાં, આંખોમાં, અને વચન માં સીતા સિવાય કોઇ જ ન હતું તેને સીતાદેવી શોધ્યા ય ના જડયા. આખરે અત્યંત ગમગીન બનીને શુન્યમનસ્ક પણે રડતી આંખે જ મહાસતી સીતાદેવીના શબનો અગ્નિ સંસ્કાર કર્યા વિના જ પ્રેત–કાર્ય (=અગ્નિ સંસ્કાર પછી કરવાનું કાર્ય) કરવાનો સમય આવ્યો.

રોમ–રોમમાં, રગ–રગમાં, શ્વાસે–શ્વાસમાં, રક્તના કણ–કણમાં સીતાનો જ વસવાટ હોવા છતાં સીતાના પ્રાણેશ્વર રામચંદ્રજી કહેવાતા મૃત–સીતાના શબસાન નો સંસ્કાર કરવા તેના શબને પણ મેળવી ના શકયા. (ક્રમશઃ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૨]

'તેનો સ્વભાવ જ તથા પ્રકારનો છે અર્થાત્ ઉચ્છેદનો છેલ્લો ક્ષણ કારણરૂપ અને ઉત્પત્તિનો પહેલો ક્ષણ કાર્યરૂપ નથી' એવું પણ તમારાથી માની શકાશે નહિ. કેમ કે, તમે જે તેવું માનશો તો તમને બીજી આપત્તિ આવશે કે- તે સંતાનનો તેવો જ સ્વભાવ છે એવી જે કલ્પના કરવી તે પણ યોગ્ય નથી. કેમકે, તેવી કલ્પનાથી તો તે સંતાન અવશ્ય નિરાધાર થઈ જાય છે. કેમકે 'સ્વ' એટલે પોતાને 'ભાવ' એટલે સત્તા તેને સ્વભાવ કહેવાય છે અર્થાત્ પોતાની જે સત્તા તેને સ્વભાવ કહેવાય છે. તેથી તે સંતાનને એક બાજુ નિવૃત્તિ સ્વભાવવાળો પણ કહેવો અને બીજી બાજુ પોતાની સ્વાભાવિક સત્તાવાળો પણ પણ કહેવો. એ રીતે તો સ્વભાવ શબ્દનો અર્થ જ નહિ ઘટવાથી તે અવશ્ય નિરાધાર થઈ જાય છે. આવી જ રીતે આદ્યક્ષણમાં પણ વિચારવું. તેથી કરીને આત્માના જ તથા પ્રકારના સ્વભાવની કલ્પના કરવી તે જ યોગ્ય અને યુક્તિ સંગત છે. આ સૂક્ષ્મ પદના અર્થો બહુ જ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા યોગ્ય છે. અન્યથા તે જાણી શકવા પણ અશક્ય છે. અથવા તો જ્ઞાનિઓના વચન ઉપર વિશ્વાસ રાખીને ચાલવા જેવું છે નહિ તો વિપરીત અર્થ સમજવાથી આત્માનું જ અકલ્યાણ થવાનો પ્રસંગ આવે.

આ બધી પ્રાસંગિક વાતો જણાવીને મૂળ વિષયને જણાવતા કહે છે કે-

અપજ્જવસિઅમેવ સિદ્ધ સુકખં । ઇત્તો ચેવુત્તમં ઇમં । સવ્વહા અણુસ્સુગત્તેઽણુંતભાવાઓ । લોગંતસિદ્ધિવાસિણો એએ । 'જત્થ ય એગો તત્થ નિઅમા અણુંતા' અકમ્મુણો ગઇ પુવ્વપઓગેણ અલાઉપાભિઇનાયઓ । નિઅમો અઓ ચેવ 'અકુ સમાણુગઇએ ગમણ" ઉકકરિસવિસેસઓ ઇઅં । અવુચ્છેઓ ભવ્વાણ અણુંતભાવેણ । એ અમણુંતાણુંતયં ન સમઓ ઇત્થ નાયં । ભવ્વત્તં જોગયામિત્તમેવ, કેસિંચિ પઢિમાજુગ્ગદાઇનિદંસણેણું । વવહારમયમેઅં । એસોઽવિ તત્તંગંપવિત્તિવિસોહણેણ । અણેગંતસિદ્ધીઓ નિચ્છયંગભાવેણ । પરિસુદ્ધો ઉ કેવલં, એસા આણા, ઇહ ભગવઓ સમંત-ભદ્દા, તિકોડિપરિસુદ્ધીએ અપુણબંધગાઇ ગમ્મા ।।

આ પ્રમાણે શ્રી સિદ્ધ પરમાત્માઓનું સુખ અનંતુ છે. આ શ્રી સિદ્ધ પરમાત્માઓને બાહ્ય કોઇપણ પદાર્થોની અપેક્ષા નહિ હોવાથી ઉત્સુકતા રહિતપણું અને આત્માના અનંતાભાવો–ગુણો પ્રગટ થયા હોવાથી આ સિદ્ધગતિનું સુખ જ સર્વોત્તમ છે. આવા આત્મિક સુખના ધણી સકલકર્મોથી રહિત થયેલા અને અને અનંતસુખના સ્વામી એવા તે શ્રી સિધ્ધ ભગવંતના જીવો, ચાર રજ્જુ પ્રમાણ જે લોક તેના અંતે પિસ્તાલીશ લાખ યોજન પ્રમાણ જે સિદ્ધશિલા નામનું પ્રશસ્તક્ષેત્ર ત્યાં વસે છે. તે અંગે કહ્યું છે કે–

"तन्वी मनोज्ञाः सुरभिः पुण्या परमभास्वरा ।
प्राग्भारा नाम वसुधा लोक मूर्ध्नि व्यवस्थिता ।।१।।
नृलोकतुल्यविष्कम्भा सितच्छत्रनिभा शुभा ।
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा लोकान्ते समवस्थिता ।।२।।

અર્થાત–"સુંદર, મનોજ્ઞ. સુરભીવાળી, પુણ્ય સ્વરૂપ, પરમ દેદીપ્યનામ, પ્રાગ્ભાર નામની પૃથ્વી ચૌદ રાજલોકના મસ્તક ઉપર રહેલી, મનુષ્યલોકના પ્રમાણવાળી એટલે કે પિસ્તાલીશ લાખ યોજન પ્રમાણવાળી, શ્વેતછત્ર સમાન ઉજ્જવલ છે તેના– તે પૃથ્વીના ઉપરના લોકના અંતે શ્રી સિધ્ધપરમાત્માના જીવો રહેલા છે.'

તે જીવો કઇ રીતે રહેલા છે ! જ્યાં એક શ્રી સિદ્ધ પરમાત્માનો જીવ રહેલો છે ત્યાં નિશ્ચયે કરીને બીજા અનંતા શ્રી સિધ્ધ ભગવંતના જીવો રહેલા છે. અંગે કહ્યું છે કે "जत्थ य एगो सिद्धो, तत्थ अणुंता भवक्खयविमुक्का । अण्णोण्णमणा बाहं चिट्ठंति सुही सुहं पत्ता ।।"

અર્થાત્–"જ્યાં એક શ્રી સિધ્ધ પરમાત્માનો જીવ છે ત્યાં જ ભવ–સંસારના ક્ષયથી મુકત થયેલા બીજા અનંતા શ્રી સિધ્ધ પરમાત્માના જીવો, પરસ્પર જરા પણ પીડા ન થાય તે રીતે સુખપૂર્વક રહેલા, આત્માના અનંતસુખને પામેલા રહેલા છે.

સંપૂર્ણ કર્મનો ક્ષય કરેલા જીવની લોકાન્ત સુધી ગતિ કઇ રીતે થાય છે ? એવી શંકા થાય તો જણાવે છે કે– કર્મરહિ થયેલા જીવની અહીંથી લોકાંત સુધીની ગતિ તથા પ્રકારના સ્વભાવને લીધે પૂર્વ પ્રયોગે કરીને થઇ શકે છે. જેમ ધનુષથી છૂટેલું બાણ પૂર્વપ્રયોગથી દૂર સુધી જાય છે. કુલાલનું ચક્ર પણ જેમ દંડ વિના પછી ભમ્યા કરે છે, હિંચકો પણ પૂર્વપ્રયોગથી પછી ચાલ્યા કરે છે અને તુંબડું પણ પાણીમાંથી જેમ ઉપર આવે છે તેની જેમ કર્મબંધનોથી રહિત જીવ ઉપર જાય છે. તેમાં અલાબુ એટલે કે તુંબડાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે કે– જેમ તુંબડાને માટીના આઠ લેપથી ભારે કરીને પાણીમાં મૂકવામાં આવે તો તે છેક પાણીના તળિયે જઇને

બેસી જાય છે અને પછી માટીનો લેપ ક્રમસર દુર થવાથી સંપૂર્ણ લેપ રહિત થઇ ઉપર આવે છે તેમ આઠે કર્મથી રહિત થયેલો જીવ છેક લોકને છેડે પહોંચે છે. તથા જીવો ઉર્ધ્વગતિ કરનારા હોય છે અને પુદ્ગલો અધોગતિ કરનારા હોય છે એમ શ્રી જિનેશ્વર દેવોએ કહ્યું છે. તે અંગે કહ્યું પણ છે કે–

"तदनन्तरमेवोर्ध्वमालोकान्तात्स गच्छति ।
पूर्वप्रयोगासङ्गत्वबन्धच्छेदोर्ध्वगौरवैः ॥१॥

कुलालचक्रे दोलायामिषौ चापि यथेष्यते ।
पूर्वप्रयोगात्कर्मेह तथा सिद्धि गतिःस्मृता ॥२॥

मृल्लेपसङ्गनिर्मोक्षाद्यथा दृष्टं स्वलाबुनेः ।
कर्मसङ्गविनिर्मोक्षात्तथा सिद्धिगति स्मृता ॥३॥

एरण्डयन्त्रधेडासु बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्सिद्धस्यापि तथेष्यते ॥४॥

ऊर्ध्वगौरवधर्माणो जीवा ध्रुवति जिनोत्तमैः ।
अधोगौरवधर्माणः पुद्गला ध्रुवति चोदितम् ॥५॥

શ્રી સિદ્ધ પરમાત્માના જીવનું ગમન શ્રી સિધ્ધક્ષેત્રથી આગળ ઊંચે કેમ થતું નથી ? આવી કોઇની શંકા હોય તો તેનો પણ ઉત્તર એ છે કે, તે અલાબુના દૃષ્ટાંતથી *જે જેમ તે અલાબુ જલ ઉપર આવ્યા પછી ઉપર જતું નથી તેમ શ્રી સિદ્ધ પરમાત્માના* જીવો લોકાન્તે પહોંચ્યા પછી આગળ ધર્માસ્તિકાય ન હોવાથી તેની ગતિ થઇ શકતી નથી. કેમકે સકલકર્મથી રહિત થયેલો જીવ એક સમયમાં તો લોકાન્તે પહોંચી જાય છે. એક સમય કેટલો સૂક્ષ્મ છે તે સમજાવવા શાસ્ત્રમાં કમળના સો પત્રોનું અને જીર્ણ-પટને ફાડવાનું દૃષ્ટાન્ત આવે છે. નિરોગી અને તંદુરસ્ત માણસ ઉપરા ઉપર મૂકેલા કમળના સો પત્રોને એક જ ઘા એ વીંધી નાંખે છે. તેમાં એક પત્રથી બીજા પત્રને વીંધવામાં પણ અસંખ્ય સમય થઇ જાય છે. તેથી સમય એ જૈન પરિભાષામાં અતિ-સૂક્ષ્મકાળનું માપ છે. તેથી કોઇ શંકા કરે છે કે–"કમલના સો પત્રને વીંધવાના દૃષ્ટાન્ત વડે પણ એક સમયમાં શ્રી સિદ્ધના જીવની છેક લોકાન્ત સુધી પહોંચવાની ગતિ કઇ રીતે સંભવી શકે ?' તેનું સમાધાન એ છે કે– 'શ્રી સિધ્ધ પરમાત્માના જીવો અસ્પૃશદ્ગતિ વડે એટલે કે કોઇને પણ સ્પર્શ કર્યા વિના જ શ્રી સિદ્ધક્ષેત્ર પ્રતિ જાય છે. અને આ કમલપત્ર વીંધવાનું દૃષ્ટાન્ત તો સ્પર્શવાલી ગતિની અપેક્ષાએ છે તેથી અહીં ઘટી શકતું નથી.' તો પછી 'અસ્પૃશદ્ગતિ પણ કઇ રીતે સંભવી શકે ?' તેનો ઉત્તર એ છે કે– વિશેષ પ્રકારની ઉત્કૃષ્ટગતિ હોવાથી આવી અસ્પૃદ્ગતિ સંભવે છે. (ક્રમશઃ)

વિશ્વાસઘાત મહાપાપ

—શ્રી વિરાગ

નામ વિશાખા

ખરેખર ! આ નામની નગરી ખુબ જ શાખા, પ્રશાખાઓથી પ્રસરેલી હતી. પ્રતરો કિલ્લાઓ, મહેલો, મકાનો, ઉદ્યાનો આદિ વગેરેથી શોભતું આ વિશાખા નામના નગરીમાં નંદ રાજા રાજય કરતો હતો.

આ નંદ રાજા હતો રૂપવાન તેના શરીરની કાંતિ અદભુત હતી જહેતર આભુષણે થી સુશોભિત રાજા જયારે રાજય સિંહાસન પર આવીને બેસે છે ત્યારે નમન કરતા સામંતો અને રાજ સેવકોના હાથના અગ્રભાગો ચમકી ઉઠે છે. નખની શ્રેણીઓમાં પડતા પ્રતિબંબને જોઇ ભલ-ભલા માનવીઓ વિચારવંત બની જાય છે.

ઉગતા અરુણની પ્રભા જેમ ચારેકોર ફેલાય છે તેમ પટરાણી ભાનુમતીના શરીરનું તેજ પણ છાનું રહેતું નથી ચહોદી બંબા લાલઘૂમ પડછંદ શરીરની પાછળ રાજા નંદ પાગલ બન્યો હતો. પાગલ રાજાને તેની ઉપર પ્રીતિ ઘણી હતી. જ્યાં જાય ત્યાં સાથે ને સાથે રાજા સભામાં આવે તો પણ સાથે ને મંત્રણા-ખંડમાં બેસે તો પણ સાથે ઘોડે બેસી ફરવા જાય તો પણ સાથે.

છેડાછેડી છોડયા પછી રાજા તેનો છેડો છોડતો નથી સાથે બેસાડવા સિવાય એક ઘડી પણ ચાલતું નથી.

પાંચેય વિષયોની અનુકુળતાઓ ભર-પુર હતી તેનો ભોગવટામાં રાજા અંધ બન્યો હતો. રાજા દિવસ ને રાત જોતો નથી જયારે તરંગો ઉછાળે મારે ત્યારે રાજા યા હોમ કરીને તે વિષયોની પાછળ તૂટી પડે વિષયોના ભોગવટામાં અંધ બનેલા રાજાના ઘરે પારણુ બંધાયું. સમય થતાં પુત્ર રત્નનો જન્મ થયો ખુશાલી અને વધામણી વચ્ચે તે પુત્રનું નામ વિજયપાળ પાડવામાં આવ્યું.

પુત્રની પ્રાપ્તિ થવા છતાં પણ રાજા વિષયોમાં અસંતુષ્ટ હતો રાણીને પડખે બેસાડવા સિવાય તેને ચેન પડતું નથી રાણીનો સંગ તેને ખુબ જ વાહલો લાગતો હતો,

રાજાએ રાજયનો ભાર પોતાના વિશ્વાસું બહુશ્રુત નામના મંત્રીને સોંપ્યો હતો આ મંત્રી બુદ્ધિનો નિધાન હતો ખાલબલી આંટીઘુંટી ઉકેલવામાં પાવરધો હતો જે પાણીમાં મગ ચઢે તે પાણીએ સીઝવવા તે તૈયાર હતો રાજાનું માર્ગ-દર્શન મેળવી રાજય કારભાર કરતાં મંત્રીશ્વરના મનમાં એકદા વિચાર આવ્યો.

રાજાનું આ કાર્ય બહુ જ અણછાજતું છે. નવું નવું હોય તો ચાર દિવસે પણ હવે શું છે.' રાજય કારભારમાં મજા નથી આવતી. રાજય સભામાં રાજાનું માન પણ જળવાતુ નથી.

આ નગ્ન સત્ય ભલે કડવું લાગે પણ તેના ભયથી મારે ન કહેવું તે યોગ્ય નથી

સૌને વ્હાલા લાગવાની રીત પણ દુશ્મનાવટ વધારે છે.

એકલા મીઠા વચનોથી વૈદ્યરાજ મનુષ્યના દેહનો વિનાશ કરે છે.

એકલુ વ્હાલ કરવાથી મનુષ્ય છકકી જાય છે.

મીઠા બોલા ગુરુથી ભક્તજનો પુન્યબંધનો નાશ કરે છે.

કડવા વહેલુ ન બોલવાની ધ્રુજારીવાળા મંત્રીઓ રાજ્યનો વિનાશ કરે છે.

માટે,

મારે રાજાને આ કાર્યથી પાછો વાળવો જોઇએ આ માટે કાંઇક કરવું જોઇએ.

એકદા યોગ્ય અવસર પામીને, વિચાર કરીને મંત્રીશ્વરે રાજાને કહ્યું કે રાજન ! આપ નિરંતર પટરાણીને પાસે બેસાડી રાખો છો તે ઘટીત નથી.

"ગુરુ, અગ્નિ, રાજા અને સ્ત્રી એ ચાર વેગળા રહ્યા ફળ પ્રાપ્તિ કરે છે."

તેથી તેમને નિરંતર પડખે બેસાડી રાખીને સેવન કરવા યોગ્ય નથી. પરંતુ મધ્યભાગે તેમનું સેવન કરવું એટલે યોગ્ય અવસરે સેવન કરવું. આમ કરવાથી ફળ પ્રાપ્તિ થાય છે નહિંતર...

જો આપશ્રીને તેનું મુખ જોયા વિના ચાલતું જ ન હોય તો આપણે એક કાર્ય કરીએ, જેથી આપશ્રીને પણ સંતોષ થાય અને અઘટિત કાર્ય ઉપશમ પામે. જો આપશ્રીની ઇચ્છા હોય તો તે માટેનો રસ્તો બતાવું.

જુઓ રાજન ! દેદીપ્યમાન એવી આ પટરાણીનું રૂપ ચીતરાવીને આપશ્રી, પોતાની પાસે રાખો.

મંત્રીશ્વરની વાત એક ઝાટકે ગળે ઉતરી ગઇ. રાજા પણ કબૂલ થયો મંત્રીશ્વરે પ્રવીણ ચિતારાને બોલાવી રાણીનું અસલ સ્વરૂપ ચિતરાવ્યું.

બસ !

પાગલ રાજાના હાથમાં આવ્યું. રાજમહેલમાં હોય કે રાજભવનની અટારીમાં હોય રાજ સવારીએ હોય કે રાત્રીચર્યા જોવા નીકળ્યો હોય ત્યારે રાણીનું ચિતરેલું સ્વરૂપ સાથે ને સાથે.

એકદી રાજા ફરતો ફરતો પોતાના ગુરુ શારદાનંદન નામના આચાર્ય પાસે પહોંચ્યો. નમન કરીને રાજા અલકમલકની વાતો કરવા બેઠો. કડવી-મીઠી વાગધારા વચ્ચે વચ્ચે રાજાની દૃષ્ટિ રાણીના ચિત્ર ઉપર પડતી હતી.

ગર્વિષ્ઠ થયેલા રાજાએ રૂપવતીના ગુણાનુવાદ કર્યા. રૂપવાન ચિત્ર બતાવી કાંઇક વિશેષતા જણાવવાનું સુચન કર્યું.

શારદાનંદન ગુરુ પણ પોતાની પંડીતાઇ બતાવવા માટે બોલી ઉઠયા કે રાજન ! આ કાળજ કોપી નથી રાણીનું જેવું રૂપ છે તેવું આ નથી રાણીની ડાબી જાંઘમાં તિલક છે તેવું આ સ્વરૂપમાં નથી. માટે આ અસલ ચિત્ર નથી એમાં ખામી છે.

(ક્રમશ:)

૦શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં પ્રતિપાતિ અને અપ્રતિપાતિ અવધિજ્ઞાનને બદલે અવસ્થિત અને અનવસ્થિત એ બે ભેદ કહ્યા છે.

'अनवस्थितं हीयते वर्धते च, वर्धते हीयते च, प्रतिपतति च उत्पद्यते च यंति पुनः पुनः ऊर्मिवत । अवस्थितं यावत्क्षेत्रे उत्पन्नं भवति ततो न प्रतिपतति आकेवल प्राप्ते स्वतिष्ठते । आभवक्षयाद्वा जात्यान्तर स्थायि वा भवति लिंगवत । यथा लिंग पुरुषादिवेदं ध्रुवं जन्मनि उपादाय जन्मांतरं याति जन्तुः तथा अवधिज्ञानमपि ध्रुवति भावः ।।'

અનવસ્થિત અવધિજ્ઞાન વારંવાર ઊર્મિઓની જેમ ઘટે અને વધે, વધે અને ઘટે, નાશ પામે અને ઉત્પન્ન થાય એવા સ્વભાવવાળું હોય છે.

અવસ્થિત અવધિજ્ઞાન–જેટલા ક્ષેત્રમાં ઉત્પન્ન થયું હોય ત્યાંથી પાછું પડે નહિ પરંતુ કેવળજ્ઞાન થાય ત્યાં સુધી ટકી જ રહે વળી એ અવધિજ્ઞાન લિંગની જેમ ભવ–ક્ષય સુધી અથવા જન્માંતરમાં પણ રહે છે. જેવી રીતે પ્રાણી આ જન્મમાં લિંગ એટલે પુરુષવેદાદિ પ્રાપ્ત કરી અન્ય ભવમાં જાય છે અર્થાત્ કે પુરુષ, સ્ત્રી કે નપુંસકપણામાં આ ભવમાં હોય અને બીજા ભવમાં પણ તે જ પ્રમાણે પુરૂષ, સ્ત્રી કે નપુંસકપણામાં ઉત્પન્ન થાય તેની જેમ અવધિજ્ઞાન પણ અન્ય જન્મમાં જાય છે–રહે છે.

૦ મનઃપર્યવજ્ઞાનીનો વિષય ક્ષેત્રથી આ પ્રમાણે કહ્યો છે.

'ઋજુમતિ મનઃપર્યવજ્ઞાની નીચે તિર્યગ્ લોકના મધ્યભાગથી રત્નપ્રભા નામની પૃથ્વી–નરકમાં હજાર યોજન પર્યંત સંજ્ઞા પંચેન્દ્રિય જીવોના મન જાણે છે, ઉર્ધ્વમાં જ્યોતિમંડળ ઉપરના તળભાગ સુધી જોઇ શકે છે અને તીર્છો જે સમુદ્ર અને અઢી દ્વીપને જાણે છે.

વિપુલમતિ તો ઉક્ત વિસ્તાર (ક્ષેત્ર લંબાઇ–પહોળાઇ–જાડાઇમાં અઢી આંગળ અધિક નિર્મળપણે જાણે છે.'

આ શ્રી ભગવતી સૂત્ર, રાજપ્રશ્નનીય વૃત્તિ, શ્રી નંદીસૂત્ર, શ્રી નંદીસૂત્ર ઉપરની શ્રી મલયગિરિજી મહારાજાની વૃતિ, શ્રી વિશેષાવશ્યક વૃત્તિ અને કર્મગ્રંથવૃત્તિ આદિનો અભિપ્રાય છે.

જ્યારે શ્રી પ્રવચન સારોદ્ધારની વૃત્તિ અને ઉપપાતિક સૂત્રજી વૃત્તિમાં આ સંબંધમાં એમ કહ્યું છે કે– 'સામાન્ય ઘટાદિ વસ્તુના ફકત ચિંતવનના પરિણામને ગ્રહણ કરનારૂં, કાંઇક અશુદ્ધ, અઢી આંગળ બાદ કરતાં રહે એટલું મનુષ્યક્ષેત્ર જેનો વિષય છે એવું સામાન્ય જ્ઞાન તે ઋજુમતિ મનઃ પર્યવજ્ઞાન છે. જ્યારે 'વિપુલમતિ' મનઃ પર્યવજ્ઞાન નો વિષય તો સંપૂર્ણ મનુષ્યક્ષેત્ર છે.

પૂજયશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
પિ. ગાંધીનગર, પિન-382009



- આત્માનો શત્રુ જ મોહ. મોહને આધીન ગમે તેટલું ભણેલો પણ બેવકુફ મોહ ને આધીન નહિ તે ઓછું ભણેલો પણ ડાહ્યો.
- જે જીવ જન્મને ભૂંડો ન માને તેને મનુષ્ય જન્મની કિંમત સમજાય નહિ.
- મજેથી ગોઠવીને પાપ કરનાર વર્ગ ઉભો કરવો તેનું નામ વર્તમાન શિક્ષણ.
- અજન્મા – જન્મ રહિત થવાના ધ્યેય વિનાનો ધર્મ ધર્મ જ નથી.
- જેની પાસે વાણી – વિચાર કે વર્તન કશું છૂપાવવા જેવું ન હોય તે માનવ
- આ જગતમાં સાચા ઉપકારી શ્રી અરિહંત પરમાત્મા વિના કોઇ જ નથી. તેમ આત્માનો મોહ વિના કોઇ શત્રુ નથી.
- આ શરીર મારૂં છે. શરીરના સુખી છું શરીરના દુઃખ હું દુઃખી છું. આ માન્યતા જેની હોય તે બધા મોહના ગુલામ છે.
- જે આત્મા પરથી મોહનો અધિકાર ઊઠયો ન હોય, તે આત્મા આત્માદિની વાતો કરે તોય બનાવટી.
- આજે મોટાભાગને સંસારના સુખથી ભાગવાનું મન નથી પણ સુખને મેળવવા માટે ભાગાભાગ કરવાનું મન છે.
- મોક્ષનો અર્થી ગમે તે દર્શનમાં હોય તો પણ શ્રી જિનેશ્વર દેવનો જ સેવક છે. રોજ ભગવાનની પૂજા કરનારને જો મોક્ષ ન જોઇએ તો તે ભગવાનનો સેવક નથી.
- શરીરમાં જે 'હું પણું' ની કે 'મારા પણું' ની બુધ્ધિ તેનું નામ મોહ.
- મોહના બે ગુણ જીવને સુખમાં ગાંડો બનાવે અને દુઃખમાં દુઃખ બનાવે
- આત્મા જાગૃત થયો એટલે મોહને મરે જ છૂટકો.

પ.પૂ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
પિ. ગાંધીનગર, પિન-382009

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૫૧૨૦ ૧૮૯-૩૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

—: મણુ કો :—

મા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર

आयरइ जइ अकज्जं ।
कन्नो किं तस्त तुज्ज चिंताए ।
अप्पाणमेव घिंतसु
अज्जवि वसमं भवदु हाणं ।।

હે આત્મન ! બીજો આદમી અકાર્ય કરે તો તેની ચિંતા તારે શું ? તારી ચિંતાથી તે અકાર્યથી ઓછો અટકવાનો છે ? માટે તું તારી પોતાની જ ચિંતા કર કે, હજી સુધી આ ભવદુઃખમાં વસી રહ્યા છું તો તારે તેનાથી કયારે મુકત થવું છે ?

વર્ષ ૮

અંક ૩૮

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

— જ્ઞાન ગુણ ગંગા —

—પ્રજ્ઞાંગ

વળી શ્રી જ્ઞાનસૂરિકૃત આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં તો અર્થથી નીચે પ્રમાણે કહ્યું છે કે–

"અઢી દ્વીપ સમુદ્રોમાંથી અઢી આંગળ ન્યુન ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મન ઋજુમતિ મનઃપર્યવજ્ઞાની જાણે છે અને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની એનાથી અઢી આંગળ અધિક ક્ષેત્રના સંજ્ઞી જીવોના મન જાણે છે.

૦ જે જીવો નિસર્ગથી સમ્યક્ત્વને પામે છે તેઓને એકલું મતિજ્ઞાન હોય છે. કેમકે જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય જ એવો નિશ્ચય નથી. પરન્તુ જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન હોય જ આ શ્રી તત્ત્વાર્થટીકાનો અભિપ્રાય છે.

જ્યારે શ્રી નન્દીસૂત્ર આદિમાં તો કહ્યું છે કે– "**જત્થ મઇનાણં તત્થ સુઅનાણું । જત્થ સુઅનાણું તત્થ મઇનાણું ।**"

જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય છે અને જ્યાં શ્રુતજ્ઞાન છે. ત્યાં મતિજ્ઞાન છે.

૦ કેવળજ્ઞાનની હાજરીમાં પણ ચારે છાદ્મસ્થિક જ્ઞાનોનો સહભાવ હોઇ શકે છે. જેમકે સૂર્યનો ઉદય થયે છતે પણ ચંદ્રમા, નક્ષત્ર, દીપક આદિ હોય છે. જો કે બહુ પ્રકાશતા નથી.

કેટલાક એમ કહે છે કે, કેવળજ્ઞાન ઉત્પન્ન થયે છતે છાદ્મસ્થિકજ્ઞાનો રહેતા નથી. કેમકે, અપાયરૂપી સદ્દદ્રવ્યનો અભાવ હોવાથી મતિજ્ઞાન જે સંભવ નથી., મતિજ્ઞાન વિના શ્રુતજ્ઞાન સંભવી શકે નહિ. માત્ર રૂપી દ્રવ્યો જ જેનો વિષય છે એવું અવધિ અને મનઃપર્યવજ્ઞાન પણ સંભવે નહિ.

વળી મતિ આદિ ચારે જ્ઞાન ક્ષાયોપશમિક છે જ્યારે કેવળજ્ઞાન ક્ષાયિક છે માટે પાંચે જ્ઞાનો એકત્ર રહી શકતા નથી.

જેમકે સાકડી હોય તો તેમાં જાળીઓની કલ્પના કરવી પણ મૂળમાં સાકડી જ ન હોય તો પછી જાળીની કલ્પના કયાંથી કરાય ? (અનુ. ટાઇ. ૩ ઉપર)

કલાપૂર્ણદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા બજે રિસ્થાપ્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલનપુર)
ચાંદમલ પદમશી ગુઢકા (ચાંદગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ જેઠ સુદ-૧૦ મંગળવાર તા. ૨૮-૫-૯૬ [અંક : ૩૯

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૭ શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય

મુંબઈ -૧. (પ્રવચન ૧૦ મું) (ગતાંકથી ચાલુ)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના-- -અવ૦)

શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? ભગવાનના શાસનના યોગે જેઓના અંતરમાં એવી ભાવદયા પેદા થાય છે કે-'જગતના જીવો સુખના અર્થી હોવા છતાં દુઃખી કેમ છે ? જીવોને જે સુખ જોઇએ છે તે આ સંસારમાં છે જ નહિ. આ બધાને ખરેખરા સુખી બનાવના હોય તો મોક્ષે જ મોકલવા જોઇએ. શ્રી અરિહંત પરમાત્માના શાસનના રસિયા થાય તો જ મોક્ષમાં જઇ શકે. માટે મારામાં જો શક્તિ આવે તો આ બધા સંસારી જીવોના હૈયામાં વિષય-કષાયરૂપ સંસારનો જે રસ ઠાંસી ઠાંસીને ભર્યો છે તે કાઢી નાખીને ભગવાનના શાસનના રસિયા બનાવી દઉં. જેના પ્રતાપે શાસનની આરાધના કરીને સહુ વહેલામાં વહેલા મોક્ષને પામે' આવી ઉત્કૃષ્ટ કોટિની ભાવદયાના કારણે તેઓ શ્રી અરિહંત પરમાત્મા થાય છે.

તમે બધા શાસનના રસિયા છો ? તો બોલો અર્થ અને કામ કેવા લાગે છે ?

સભા : ભૂંડા જ.

હૈયાથી ભોલા છો ને ?

અર્થ અને કામ ભૂંડા જ છે. પણ તેનો સદુપયોગ કરો તો સારા બની શકે. અર્થ અને કામનો સદુપયોગ પણ કોણ કરી શકે ? 'પૈસો મારી નાખનાર છે, ભોગ મારી નાખનાર છે' આમ સમજે. તે આવા જીવ પાસે પૈસા વધે તો તે છાતી કાઢીને ફરે ? તેને ભોગ ભોગવવા પડે તો મઝાથી ભોગવે ? તે બજારમાં જતો હોય અને કોઇ પૂછે કે, શેઠ ! તમે બજારમાં જાવ છો ? તો તે એમ જ કહેને કે– 'કમનશીબ છું. હરામખોર લોભ મને બહુ સતાવે છે માટે ન છૂટકે બજારમાં જાઉં છું.' આજનો ધર્મી વર્ગ વેપાર–પેઢીમાં નિયત છે પણ ધર્મની બાબતમાં ધર્મ થાય તો ય ઠીક અને ન થાય તો ય ઠીક એમ માને છે. આજે તમારામાંથી શ્રાવકપણાનો ધર્મ પણ કેમ નીકળી ગયો ? સમય નથી માટે કે ધર્મ ગમતો નથી માટે ? એક શ્રાવક કે શ્રાવિકા એવા છે કે જેમને સામાયિક કરવાનો પણ સમય જ ન મળતો હોય ? ભગવાનની સારામાં સારી પૂજા કરવાની સામગ્રી હોવા છતાં કેટલા પૂજા કરે છે ? પૈસાવાળાને પણ દાન દેવાનું મન થાય છે ખરું ?

સભા : દાન તો ચાલુ જ છે ને !

ઉ૦ આજે તો દાન કરનારો પણ મોટો ભાગ નામના માટે દાન કરે છે. ઘણા તો ન છૂટકે કરે છે કે, ન કરીએ તો સારું ન દેખાય.

અમારી હાજરીમાં ટીપો થાય છે તો ટીપમાં ભરનારા કેટલા ? ઘણા તો એક સવી પાઇ પણ ભરે નહિ તેવા ય અહીં હોય છે ને ?

સભા૦ કુમારપાળ મહારાજાના સમયમાં પણ તીર્થમાળ તો બીજાએ જ પહેરેલીને ?

ઉ૦ આજે લોકોને તો શ્રી કુમાળપાળ મહારાજાનું નામ દેવાનો અધિકાર નથી. શ્રી કુમારપાળ મહારાજાને ઓળખો છો ?

ઉ૦ આવા લોકોને તો શ્રી કુમાળપાળ મહારાજાનું નામ દેવાનો અધિકાર નથી. શ્રી કુમાળપાળ મહારાજાને ઓળખો છો ?

શ્રી કુમાળપાલ મહારાજા સાત લાખ માણસોનો સંઘ લઇને શ્રી સિદ્ધગિરિજી ગયા છે. ગામે ગામના સુખી લોકોએ જોડા થઇને તેમનો પાલીતાણામાં પ્રવેશ કરાવ્યો છે. તે બધા સુખી લોકોને વિચાર આવ્યો છે કે– 'આવો સંઘ તો આપણે કાઢી શકીએ તેમ નથી. તીર્થમાળ પહેરવાના ખરા અધિકારી શ્રી કુમાળપાળ મહારાજા છે. જો તેઓ

બોલી બોલાવે તો વધુ બોલી બોલનાર કોઈક ભાગ્યશાળી તેનો લાભ લઈને પહેલી તીર્થમાળ પહેરી શકે અને દેવ દ્રવ્યની પણ વૃદ્ધિ થાય. પણ શ્રી કુમારપાળ મહારાજાને આ વાત કેવી રીતે કરાય ? 'આવો વિચાર કરીને તે બધા કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. ભ. શ્રી હેમચન્દ્ર સૂ. મ. ની પાસે ગયા છે અને આ વાત કરી છે. થોડીવારમાં શ્રી કુમારપાળ મહારાજા પૂ. આ. ભ. ને વંદનાદિ માટે આવ્યા છે. તે વખતે પૂ. આ. ભ. શ્રી કુમારપાળ મહારાજાને કહે છે કે– 'કુમારપાળ ! આ ભાગ્યશાળી ગૃહસ્થો કહે છે કે આવો સંઘ તો અમે કાઢી શકીએ તેમ નથી. અને પહેલી તીર્થમાળ પહેરવાના ખરા અધિકારી તો કુમારપાળ મહારાજા છે. પણ જો તેઓ ઉદારતા બતાવે અને પહેલી તીર્થમાળ પહેરવાની રજા આપે તો વધુ બોલી બોલનાર ભાગ્યશાલી વધુ બોલી બોલીને તેનો લાભ લઈ શકે અને દેવદ્રવ્યની પણ વૃદ્ધિ થાય.'

આ સાંભળીને તેઓ કહે કે– 'ખુશીથી પહેલી તીર્થમાળની બોલી બોલાવો.' આવો સંઘવી આજે કોઈ મળે ?

હવે પહેલી તીર્થમાળ પહેરવાની બોલી બોલાવવા માટે શ્રી સંઘ ભેગો થયો છે. શ્રી કુમારપાળ મહારાજા એક લાખ બોલે છે તો તેમની સામે તેમનો વાગ્ભટ નામનો મંત્રી બે લાખ બોલે છે. તેને રોકે નહિ ? આજનો કોઈ શેઠીયો હોય તો શું કરે ? આંખ મારીને રોકે ને ? શ્રી કુમારપાળ મહારાજા ચાર લાખ બોલે છે તો મંત્રી આઠ લાખ બોલે છે. પછી તેઓ સોળ લાખ બોલે છે તો મંત્રી બત્રીશ લાખ બોલે છે. એટલામાં સભામાંથી કોઈ બોલે છે સવા ક્રોડ. તેને રજા અપાય છે. તે હસો થાય છે. પણ તેના મેલાં ઘેલાં કપડા જોઈને શ્રી કુમારપાળ મહારાજા મંત્રીને કહે છે. કે પૈસાની વ્યવસ્થા કરી લેજો. પેલો માણસ આગળ આવીને કહે છે કે–'મહારાજા આપ જેવા દેવ દ્રવ્યની ચિંતા નહિ કરો તો બીજા કોણ કરશે ?' તેને ઓછું નથી લાગ્યું. તરત જ સવાક્રોડનું એક માણિક્ય કાઢી તેઓના હાથમાં મૂકે છે. તે જ રીતે તેને શ્રી ગિરનારજી તીર્થમ. અને પ્રભાસપાટણમાં સવાક્રોડ, સવાક્રોડની બોલી બોલીને પહેલી તીર્થમાળ પહેરી. હવે શ્રી સંઘ શ્રી કુમારપાળ મહારાજાનું બહુમાન કરવા ભેગો થયો છે. તે વખતે આ ભાગ્યશાલી એકદમ ઊભો થાય છે અને પોતાની પાસે રહેલા બાકીના બે માણિક્ય મહારાજાના ચરણે મૂકે છે. તે વખતે શ્રી કુમારપાળ મહારાજા પૂછે છે કે– 'આ શું ?'

(ક્રમશઃ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૩]

હવે બીજી શંકા કરે છે કે- 'શ્રી સિદ્ધ પરમાત્માના જીવો હવે કયારે પણ સંસારમાં પાછા આવવાના નથી અને કાલ તો અનાદિનો છે. વળી શાસ્ત્રે કહ્યું છે કે- છ મહિનામાં ઓછામાં ઓછો એક જીવ તો મોક્ષે જાય જ. તેથી થોડા કાળમાં તો બધા ભવ્યોનો મોક્ષ થઇ જશે તેથી ભવ્યજીવ કોઇ પણ સંસારમાં રહેશે નહિ.' આવી શંકા એ માર્ગનું અજ્ઞાન સૂચવે છે. તેનો ઉત્તર એ છે કે- 'તથા પ્રકારે યોગ્યતા સિદ્ધ ભવ્ય જીવો સિદ્ધિમાં જાય છે તો પણ જીવો અનંતાનંત હોવાથી કયારે પણ ભવ્ય જીવોનો વિચ્છેદ થવાનો જ નથી.'

તેથી શંકાકાર ફરીથી શંકા કરે છે કે- 'વનસ્પતિ આદિને વિષે અનંતકાળની કાયસ્થિતિ છે તો પણ તેનો ક્ષય થાય છે તેમ અનંતી એવી પણ ભવ્ય રાશિનો ક્ષય કેમ નહિ થાય ?' તેનું સમાધાન એ છે કે- 'આ ભવ્યજીવોનું અનંતક સમયની જેમ અનંતાનંતક છે પણ અનંત સમયો નથી. એટલે કે જેમ ક્ષણે ક્ષણે સમયોનો અતિક્રમ થવા છતાં પણ સમયો અનંતાનંતક હોવાથી તેનો ક્ષય થવાનો નથી. તેમ ભવ્ય જીવો અનંતાનંત મોક્ષમાં જવા છતાં પણ તેનો ક્ષય થવાનો નથી.

તેથી શંકાકાર ફરી શંકા કરે છે આવું શા માટે કહ્યું છે કે-

'ઋતુવ્યતીતાઃ પરિવર્ત્તંતે પુનઃ, ક્ષયં પ્રયાતઃ પુનરેતિ ચન્દ્રમા ।
ગતંગતં નૈવ તુ સંનિવર્ત્તંતે, જલં નદીનાં ચ નૃણાં ચ જીવિતમ્ ।।'

અર્થાત્- 'વીતી ગયેલી ઋતુઓ ફરી ફરીને આવે છે, ક્ષય પામેલો ચંદ્રમા પણ ફરી ઉદયને પામે છે. પરંતુ નદીનું પાણી અને મનુષ્યનું આયુષ્ય ગયેલું કદી પાછું આવતું નથી.' આ પ્રમાણે કહ્યું છે છતાં ય કેમ એવું કહેવાય છે કે ગયેલો કાળ પાછો આવતો નથી. ? ગયેલો કાળ તો પાછો આવે છે. આ શંકાનું સમાધાન એ છે કે- આ તો માત્ર વ્યવહારથી ઉપચારથી તેવું કહેવાય છે. બાકી ગયેલો તે જ કાળ તો પાછો આવતો નથી. માત્ર તે નામની ઋતુ ફરીથી આવે છે. અને ચંદ્રમાં તો રાહુના કારણે હીણ થતો દેખાય છે બાકી હીણ થતો નથી. જે ગયેલો કાળ પાછો આવતો

હોય તો કાળનો સ્વભાવ બાલ્યાદિ અવસ્થા કરવાનો હોવાથી તે બાલ્યાદિ અવસ્થાની નિવૃત્તિ નહિ થાય. અથવા તો ગયેલી એવી બાલ્યાદિ અવસ્થા ફરી પાછી આવશે. માટે ગયેલો કાળ પાછો આવે છે તેમ સમજવું નહિ.

તેથી નક્કી થયું કે– અનંતા ભવ્યાત્માઓ મોક્ષે જવા છતાં પણ ભવ્ય જીવોનો સંપૂર્ણ ક્ષય નહિ થાય. આથી નક્કી થયું કે– મોક્ષે જવા માટે ભવ્યત્વ. યોગ્યતા માત્ર જ છે એટલે કે આ ભવ્યત્વ કેટલાક જીવોને યોગ્યતા માત્ર જ હોય છે.

અર્થાત્ તેઓ ભવ્ય હોવા છતાં પણ કયારે ય સિદ્ધિ ગતિને પામવાના જ નથી જેમકે અતિભવ્યો. જેઓ કયારે ય નિગોદમાંથી બહાર પણ નીકળવાના નથી. માટે જ કહ્યું છે કે–જેટલા ભવ્યો હોય તે બધા જ મોક્ષે જાય એવું નથી પણ જે મોક્ષે જાય તે નિયમા ભવ્ય જ હોય. આગમમાં પણ કહ્યું છે કે– 'ભવ્વાવિ ન સિજ્ઝિસ્સંતિ કેઇ' । માટે ફલગમ્ય જ આ યોગ્યતા છે. તેથી શંકા કરે છે કે– 'અભવ્યો જેમ મોક્ષે નથી જતા તેમ બધાં જ ભવ્યો પણ મોક્ષે નથી જતા. તો ભવ્ય અને અભવ્યમાં ફેર શું રહ્યો ?'

તેના ઉત્તરમાં પ્રતિમા યોગ્ય લાકડાનું દૃષ્ટાંત આપે છે. જેમ પ્રતિમાને યોગ્ય ગાંઠ આદિથી રહિત અને બધાં જ લક્ષણોથી યુકત કાષ્ઠ હોય પણ બીજી તથાપ્રકારની શિલ્પી, કાળ આદિની સામગ્રી નહિ મળવાથી તેની પ્રતિમા થતી નથી તેથી તેનામાં પ્રતિમા બનવાની યોગ્યતા નથી એવું કોઈ નહિ કહે. આ વાત જગજાહેર પ્રસિધ્ધ છે. તેની જેમ ઘણા ભવ્યો અતિભવ્યો સામગ્રીના અભાવે મોક્ષે જવાના નથી તેથી તેનામાં યોગ્યતાનો અભાવ છે તેમ કોઇ કહેતું નથી. તથા તેનો સ્વભાવત્વાદિ પણ તેવા જ છે તેવી પણ વિચારણા નહિ કરવી જોઇએ કેમ કે, આ સર્વ વાત વ્યવહારનયને આશ્રીને કહી છે.

આ વ્યવહારનય પણ કાઢી નાખવા જેવો નથી પણ આદરવા જેવો છે કેમકે આ વ્યવહારનય પણ અહીં તથાપ્રકારની યોગ્યતાની બુધ્ધિનું ઉત્તમ કારણ હોવાથી તત્ત્વાંગ એટલે પરમાર્થ– મોક્ષનું જ અંગ છે જો તેવા સ્વભાવનો વિશેષ ન હોય તો પ્રતિમા યોગ્ય કાષ્ઠની જેમ અયોગ્ય કાષ્ઠને વિષે પણ તેવી એટલે અયોગ્યતાપણાની બુધ્ધિ નહિ થાય. અહીંતો દિગ્મૂઢ સૂચન કર્યું છે. વિશેષ તો સદ્ગુરૂ પાસેથી જાણી લેવું જોઇએ–

અહીં તો શુદ્ધ ક્રિયાના અનુષ્ઠાનને આશ્રીને જ કહયું છે કે આ વ્યવહારનય પણ તત્ત્વાંગ જ છે. કારણ પણ છે કે–

"જઇ જિણમયં પવજ્જહ તા મા વવહારનિચ્છએ મુયહ ।
વવહારણુય ઉચ્છેએ તિત્થુચ્છેએઃ જતોવસ્સં ।।"

અર્થાત્– 'જો તું જિનમતને સ્વીકારતો હોય તો વ્યવહાર અને નિશ્ચયનયનો ત્યાગ કરીશ નહિ. (તેમાં મૂંઝાઈશ નહિ). કેમકે વ્યવહારનયનો ઉચ્છેદ થવાથી તો બૌદ્ધસ તીર્થનો જ ઉચ્છેદ નાશ થશે.'

એ જ કારણથી આ વ્યવહારનય પણ મોક્ષાંગ જ છે. કેમકે વ્યવહારનયનો ઉચ્છેદ તે તીર્થનો ઉચ્છેદ છે. કહ્યું પણ છે કે– છદ્મસ્થ એવા સાધુ ભગવંતો સંપૂર્ણ ગવેષણા કરીને ઔંતાલીશ દોષથી રહિત એવો શુદ્ધ આહારાદિ લાવે અને તે પણ જો શ્રી કેવલી ભગવંતની દૃષ્ટિએ દોષિત હોય તો પણ તે આહારાદિને શ્રી કેવલીભગવંતો વાપરે છે નહિ તો માર્ગનો જ ઉચ્છેદ થઇ જાય, આટલી વ્યવહારનયની પ્રધાનતા છે.

કેમકે તે વ્યવહારનય પ્રવર્તનયાદિક આપવાથી–આપનાર હોવાથી–પરલોક સંબંધી પ્રવૃત્તિને શુદ્ધ કરે છે અને એ જ પ્રમાણે નિશ્ચયનયના અંગપણાએ કરીને ન્યાયથી સ્યાદ્વાદ મતની સિદ્ધિ કરે છે માટે તે મોક્ષાંગ છે તથા આવી વ્યવહારનયની પ્રવૃત્તિથી અપૂર્વ કરણાદિની પ્રાપ્તિ પણ થાય છે. અને પરિશુદ્ધ નિશ્ચયનય તો કેવલ માત્ર આજ્ઞાની અપેક્ષાવાળો પુષ્ટ આલંબન રૂપ છે. આવી વ્યવહાર અને નિશ્ચયનય ગર્ભિત અથવા આ પંચસૂત્રમાં કહેલી ભગવાનની સર્વ આજ્ઞા કષ, છેદ અને તાપ રૂપ ત્રણ કોટિની શુદ્ધિ વડે સમંતભદ્રા એટલે કે સર્વથા નિર્દોષ છે.

જેમ સુવર્ણની કષથી, છેદ કરીને અને અગ્નિમાં તપાવીને પરીક્ષા કરવામાં આવે છે તેની જેમ ભગવાનની આજ્ઞા પણ સર્વથા નિર્દોષ છે કે નહિ તે તપાસવી જોઇએ.

જેમાં વધુ વિધિ અને નિષેધોનું વર્ણન કરાયું હોય, જેના વિધિના કે નિષેધ ના અધિકારો દેખાતા હોય તેને કષશુધ્ધિ કહેવાય છે. જેમ ભગવાનના સિધ્ધાન્તો કે જે મોક્ષનું જ પ્રતિપાદન કરે છે તેમાં ધ્યાન–અધ્યયનાદિ વિધિનું પ્રતિપાદન અને હિંસાદિનો નિષેધ પણ કરાયો છે માટે તે કષથી શુદ્ધ છે.

જેમાં વિધિપૂર્વક જે ક્રિયા કરવાની કહી હોય અને જે ન કરવાની હોય તેનો નિષેધ કર્યો હોય અર્થાત્ યોગ અને ક્ષેમ કરનારી ક્રિયાઓનું, વિધિ અને નિષેધનું વર્ણન કર્યું હોય તે શાસ્ત્ર છેદ શુદ્ધિ કરનાર છે. સંયમી અને ગુપ્તિધરનારા મુનિ કાયકાદિ ક્રિયાઓ કરે તો પણ તેને પાપનો બંધ અલ્પ થાય છે.

જેમાં સઘળાય નયના આલંબનના વિચાર રૂપી પ્રબલ અગ્નિથી જેના તાત્પર્યમાં જરાપણ મલિનતા–શ્યામતા રહેતી નથી તે શાસ્ત્ર તાપથી શુદ્ધ છે.

(ક્રમશઃ)

વિશ્વાસઘાત મહાપાપ

(ગતાંકથી ચાલુ) —શ્રી વિરાગ

વચન તિરસ્કાર સાંભળતાં જ રાજા ચોંકી ઉઠ્યો, વિસ્મયને પામ્યો. રાજા શંકાશીલ બન્યો. બસ! મારા ગુરુએ રાણી સારૂ જરૂર કર્મ કર્યું લાગે છે. વહેમના વાદળો કાળાં ભમ્મર થઈ ગયા રાજા વિલખા મોઢે ઉભો થયો, ત્યાંથી રાજમહેલે આવ્યો. મંત્રીશ્વરને બોલાવવાનો હુકમ કર્યો.

મંત્રીશ્વર આવ્યાને હુકમ કર્યો, આપણા ગુરુ શારદાનંદનને મારી નાંખો આ બાબત અંગે મને કાંઈ પૂછશો નહિ અને વિચારશો પણ નહિ.

ભ્રુકુટી ચઢાવેલા રાજાની મુખમુદ્રા જોઈ મંત્રીશ્વર વિચારમાં પડયો તરત જ રાજ સેવકોને બોલાવી આજ્ઞા કરી. શારદાનંદન આચાર્યને પોતાના મઠમાંથી ઉઠાવી ભયાનક જંગલમાં લઈ જાવ.

મહારાજા! નગર બહાર તેનું કાશળ કાઢી નાંખવામાં આવશે. જરાપણ વિલંબ થશે નહી. જુસ્સાભેર મંત્રીશ્વરે કહ્યું.

જી હજુર, કહેતાં ઘોડેસ્વારો શારદાનંદનના આશ્રમે પહોંચ્યા

કોઈક રાજકારણ ખેલી મંત્રીશ્વર રાજ ભવનમાંથી છૂ થઈ ગયા રાજ સેવકોની પાછળ ડગ ભરતાં, મંત્રીશ્વર આશ્રમે જઈ ચઢયા શારદાનંદન આચાર્યને છોડાવી પોતાના કબજામાં લીધા.

ગમગીન ચહેરે પશ્ચાતાપ કરતાં શારદાનંદન બોલ્યા, મેં ફોગટ શા માટે ચતુરાઈ બતાવી' શી જરૂર હતી?

મંત્રીશ્વર સમજી ગયા નિર્ણય કર્યો, આ બાબતમાં રાજાની ભૂલ થાય છે માટે મારે સાહસ કરવું નથી સાહસ કરવાથી પાછળ પસ્તાવું પડશે? એમ વિચારી શારદાનંદન ગુરુને પોતાની હવેલીમાં ભોંયરામાં સંતાડી દીધાં.

બોત્તેર કળામાં પ્રવીણ થયેલો રાજપુત્ર વિજયપાળ એક દી શિકાર કરવા નીકળ્યો જંગલમાં એક સુવરની પાછળ પડયો યેનકેન પ્રકારે તેને જીવતો પકડવા તૈયાર થયો. સુવર આગળ આગળ દોડે જાય છે ને પાછળ પાછળ ઘોડો દોડાવે છે રાજપુત્ર મહા ભયાનક અટવીમાં તે અટવાઇ ગયો. સુવર પલાયન થઈ ગયો.

સવારથી દોડતાં રાજપુત્રને રાત કયાં પડી તેની ગતાગમ ન પડી. વ્યાઘ્રાદિના સનસનાટી ભર્યા અવાજોથી જંગલ ફફડી ઉઠયું. પશુઓ થરથર કાંપવા લાગ્યા. રાજપુત્રને ફફડાટ પેઠો. ભયથી તે ધ્રુજવા લાગ્યો. કયાં જવું ને કયાં ન જવું અટવી માર્ગ અટપટો જણાવા લાગ્યો ભમવેાર અંધારી રાત્રીમાં માર્ગ જડતો નથી. આગળ પાછળ ડગલું ભરવા માટે જીવ ચાલતો

નથી પ્રવાપક્ષો'ના ભય સતત સતાવી રહ્યો છે. નજીકમાં રહેલ એક ઘટાદાર વૃક્ષ પર તે ચઢી ગયો હાશ ! રાતવાસો અહીં કરીશું ?

હજી, ઠરી ઠામ થાય ત્યાં તો માનવી ના અવાજ સંભળાયો આવ ભાઈ આવ ! તું નિર્ભયપણે રાત્રી પસાર કર. લે આ ફળ, ફુલ તારી ભૂખ ભાંગ. ભયાનક અટવીમાં મીઠા મધુરા આવકારના શબ્દો સાંભળીને વિજયપાળ ચમકી ઉઠયો. આમ તેમ નજર ભમવા લાગી.

ત્યાં ફરીથી અવાજ આવ્યો. ભાઇ ગભરાઇશ નહી. આપણે બન્ને શાંતીથી અત્રે રાત્રિ પસાર કરીશું આવતી કાલે સવારે હું તને માર્ગે ચઢાવી દઇશ તારા નગરે પહોંચાડી દઇશ.

સ્થિર નજરે એક વાનરની વાત સાંભળી વિજયપાળ આનંદીત થયો ભાઇ, આખી રાત આપણે બન્ને સૂઇ જઇશું તો આપણ ને મુશ્કેલી પડશે. માટે આપણે વારા કરીએ. તું પહેલાં સૂઇ જા. અને હું જાગું છું પછી તું જાગજે ને હું સૂઇ જઇશ. રાજપુત્ર ફળફળાદિ ખાઇને વાનર ના ખોળામાં નિર્ભયપણે સૂઇ ગયો.

એકાદ પ્રહર પછી એક વાઘ તે ઝાડ નીચે આવ્યો. ભાઇ વાનર ! આપણે બન્ને એક જાતના ! એક જ વનમાં રહેનારા ! તું પણ પશુ ને હું પણ પશુ ! આપણે બન્ને બંધુ સરીખા ! આ માનવી મારો શિકાર તું એને નીચે નાંખી દે. મારું પેટ ભરાશે. ને તને ઉજાણી કરવા મળશે.

ના, ભાઇ, ના, આપણે બન્ને સરખા પણ આ વાતમાં નહિ. અરે બંધુ ! આ મનુષ્યનો વિશ્વાસ રાખવા જેવો નથી, સ્વાર્થ સરે કે તત્કાલ મિત્રતા ભૂલાઇ જાય વિશ્વાસઘાત કરે. માનવીનો કાંઇ ભરોસો નથી. વાનરને ઘણી રીતે સમજાવ્યો પણ પત્થર પર પાણી સમાન થયું.

વાનરે બોલ્યો, અરે વાઘભાઇ ! આ તો મારે શરણે આવેલો છે. મારે તેની રક્ષા કરવી જોઇએ ! મારે મારો ધર્મ બજાવવો જોઇએ. હું વિશ્વાસઘાત કરું તો દુનિયા મને ધીંબી નાંખે. હું વિશ્વાસઘાત કરું એવો નથી આ મનુષ્ય મારે વિશ્વાસે નિરાંતે નિદ્રાવશ થયેલો છે. એને હું મારે વિશ્વાસઘાત કરવો નથી. વાનરની અડગતા, મકકમતા, નીખાલસત. જોઇને વાઘ મૌન થઇ ગયો. ઝાડની તળેટીએ બેસી ગયો.

શેષ રાત્રિ વિતવા લાગી. અર્ધ રાત્રિ થતાં રાજપુત્ર જાગ્યો. સ્વસ્થ થઇ વાનરને કહેવા લાગ્યો. ભાઇ હું તો નિર્ભયપણે સૂઇ ગયો મારા શયનખંડમાં જેવ નિંદ્રા આવે તેવી જ મીઠી મધુરી નિદ્રા મેં અત્રે અનુભવી. હવે તમે સૂઇ જાવ હું મારું અને તમારૂં રક્ષણ કરીશ આવો મારા ખોળામાં સૂઇ જાવ. હું તમને પંપાળું તમને મીઠી નીંદર આવી જશે.

માનવીની લાળ ઝરતી મીઠી વાણી

સાંભળી વાનર નિંદ્રાવશ થઇ ગયો. પળ બે પળ ના થઇ ત્યાં વાઘે ગર્જારવ કર્યો રાજપુત્ર ગર્જારવ સાંભળી ગભરાયો. અરે ! મને ખાનારો ઝાડ નીચે આવી બેઠો છે. મારૂં શું થશે ? ત્યાં તો વાઘે મનુષ્યની વાણીમાં કહ્યું કે મનુષ્ય ! તું વાનરને મુકી દે. હું તેનું ભક્ષણ કરીશ. સંતોષી થઇશ. ભક્ષણ આરોગીને હું ચાલ્યો જઇશ નહીંતર હું તારૂં ભક્ષણ કરી જઇશ.

ભયથી ધ્રુજતો, ગભરાટ મનવાળો અને હીન સત્ત્વવાળી રાજપુત્ર વાઘના એક જ વાગ્થી બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગયો. શું કરૂં શું ન કરૂં તેના વિચાર તેને સાલવા લાગ્યો.

સત્ત્વહીન અને બુદ્ધિહીન માનવી સો ગરણે ગળીને પાણી પીતો નથી. લાંબો વિચાર કરતો નથી. જે ધૂનકી મગજમાં ઘૂમવા લાગી તે પ્રમાણે કરવા તૈયાર થઇ જાય. રાજપુત્રે પોતાની બોળી મજબુત કરી પોતાના મનનો કાબુ ગુમાવ્યો. બોળામાં હિવા સ્વપ્ન જોઇ રહેલા વાનરને વાઘના મુખમાં ધકેલી દીધો.

દુર્બુદ્ધિમાન પુરુષો સજ્જન માનવીને વિશ્વાસમાં લઇને છેતરે છે.

સ્વાર્થી માનવી પોતાનો સ્વાર્થ સાધવામાં જ મશગુલ હોય છે.

ઉપકારીને ક્ષણમાં ભૂલી અપકારોની વણઝાર સર્જવા સત્વહીન માનવી તૈયાર હોય છે.

સ્વાર્થ સાધવા તૈયાર થયેલો માનવી અન્યની બંધ બોલ્યા વગર રહેતો નથી વિશ્વાસઘાત કરનારો માનવી ખરાબ કામ કરતા શરમાતો નથી બુદ્ધિભ્રષ્ટ માનવીને પાપબંધનો બિલકુલ વિચાર આવતો નથી કર્મરાજાનો ભય લાગતો નથી. પરમાધામી ઓની આકરી શિક્ષાનો પણ વિચાર કરતાં નથી.

ઝાડ પરથી પડતો વાનર વાઘના મુખમાં જઇ પડયો. વાઘ જડબું બંધ કરે તેની પહેલાં વાનરભાઇ ફાળ ભરીને બહાર કુદી પડયા. યમના મુખમાંથી પાછો આવેલો વાનર રૂદન કરવા લાગ્યો. ખીલખીલાટ હસતો વાઘ બોલ્યો કે ભ્રાતભાઇ, તું તો જીવતો છે. તારા શરીરને ઉની આંચ પણ આવી નથી. શા માટે તું રૂદન કરે છે ?

રડતો રડતો વાનર બોલ્યો કે બંધુવર્ય ! સ્વાર્થી માણસના પગ નીચે જ્યારે રહેલો આવે છે ત્યારે તે કોઇનો પણ વિચાર કરતો નથી. વિશ્વાસઘાતી માનવી સામા માણસની આનગી વાત અથવા પોતાની સાથે થયેલી પેટ છુટી વાતોને બોલ્યા વગર રહેતો નથી સ્વાર્થી માનવી એવી મીઠાશથી અને એવી અલંકારીક ભાષાથી વાતો કરે કે ભલભલા ભોળા માનવીઓ તેમાં પાણી પાણી થઇ જાય તેની પાછળ લટ્ટુ બની જાય મેં પણ તેની પર વિશ્વાસ મુકયો હું આંધળો બની ગયો મારૂં સર્વસ્વ ગુમાવી હું તમારે ચરણે આવ્યો. પરંતુ આ વિશ્વાસઘાતીનું શું થશે. કોણ જાણે તેની ગતિ પણ કઇ થશે ?

(ક્રમશઃ)

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૬૭] લવ-કુશનો યુદ્ધ લલકાર

જેનો શબ વિનાનો અંતિમ સંસ્કાર રામચંદ્રજીએ કરી લીધો છે. તે મહાસતી સીતાદેવીએ પુંડરીક નગરમાં અનંગલવણ અને મદનાંકુશ નામના બે પ્રચંડ પરાક્રમી અષ્ટાપદમૃગના સ્વપ્નવાળા પુત્રોને જન્મ આપ્યો. (જે લોકમાં લવ તથા કુશના નામથી પ્રસિદ્ધ છે.)

ધાત્રીઓ વડે લાલન-પાલન કરાતાં તે બંને ભાઈઓ વૃદ્ધિ પામી રહ્યા છે.

એક વખત સિદ્ધાર્થ નામના અણુવ્રતધારી સિદ્ધપુત્ર શિક્ષા અર્થે સીતા ઘરે આવ્યા. અને દુઃખથી ગમગીન થયેલા સીતાને પુત્રોના કારણે નજીકના જ સમયમાં પતિ સાથે મેળાવ થવાનું કહેતા આશ્વાસન પામેલા સીતાદેવીએ સિદ્ધાર્થ સિદ્ધપુત્રને પોતાને ત્યાં જ બન્ને પુત્રોને અધ્યયન કરાવવા માટે રોકી રાખ્યા.

થોડા જ સમયમાં બન્ને પુત્રો કલા નિષ્ણાત બન્યા.

વજ્રજંઘ રાજાએ અનંગલવણને પોતાની પુત્રી તથા બીજી બત્રીશ કન્યા પરણાવી. અને મદનાંકુશ (કુશ) માટે પૃથુ રાજાની પુત્રીની માંગણી કરી. પરંતુ જેના વંશની ઓળખ નથી એવા કુશને મારી પુત્રી કેમ આપું? આમ કહેવડાવતાં ક્રોધે ભરાયેલા વજ્રજંઘ રાજા પોતાના પુત્રો સાથે પૃથુ રાજા સામે યુદ્ધ કરવા ગયા.

લવ-કુશને અટકાવ્યા છતાં તે પણ વજ્રજંઘ મામાની સાથે ચાલ્યા. શત્રુસૈન્યે વજ્રજંઘનું સૈન્ય ભાંગી નાંખતાં ક્રોધાયમાન થયેલા લવ-કુશે શત્રુ સૈન્યનો કચ્ચર ઘાણ કાઢવા માંડયો. અને પૃથુ રાજા પણ ભગ્ન થઈ જતાં હસતાં હસત તેઓવેધી કટાક્ષમાં પૃથુ રાજાને લવ-કુશે કહ્યું કે- હજી અમારો વંશ ઓળખાયો ન હોયતો ઓળખાવી દઈએ અમારી જેવા અજ્ઞાતવંશજોથી વિજ્ઞાત વંશવાળા તમે યુદ્ધમાંથી ભાગી કેમ છૂટયા?

આવા વચનો સાંભળીને પાછા ફરીને પૃથુ રાજા બોલ્યા કે- 'તમારા આ તેજીલા પરાક્રમથી તમારો વંશ હવે મેં જાણી લીધો છે.' એમ કહીને અંકુશ-કુશને પોતાની કનકમાલા નામની પુત્રી પરણાવી.

આ જ સમયે સંગ્રામ-ક્ષેત્ર ઉપર આવી ગયેલા નારદજીને વજ્રજંઘે કહ્યું કે-' હે મુનિવર! આ બન્ને વીર પુત્રોનો વંશ કહો કે જેથી પૃથુ રાજા તેની પુત્રી અંકુશને આપે.

હસીને નારદજી બોલ્યા કે-ભગવાન શ્રી ઋષભ સ્વામીના વંશમાં થયેલા ભરતાદિ ચક્રવર્તીઓ તો કથા પ્રસિધ્ધ છે. અને તે જ વંશમાં થયેલા રામ-લક્ષ્મણ આ બન્ને તમારોના પિતા-કાકા છે.

આ બન્ને પુત્રો ગર્ભમાં હતા ત્યારે જ અયોધ્યાના નગરજનોના અપવાદથી ભય-ભીત બની જઈને રામચંદ્રજીએ સીતાનો ત્યાગ કર્યો હતો.

હસીને અંકુશ બોલ્યો કે-ભયંકર જંગલમાં સીતાદેવીને એકલા તજી દીધાં એ કે પ્રધાન! રામચંદ્રજીએ સારૂ નથી જ કર્યું. લોકાપવાદનું નિરાકરણ કરવાના બધા બધા ઉપાયો હોવા છતાં એક બુધ્ધિશાળી જેવા તેમણે આવું કેમ કર્યું?

લવણે (લવે) પૂછયુ કે- જ્યાં મારા પિતા નાનાભાઈ આદિના પરિવાર સાથે રહે છે તે અયોધ્યા અહીંથી કેટલી દૂર છે?

અહીથી બાર હજાર યોજન દૂર તે નગરી છે. જ્યાં તારા પિતા વસવાટ કરે છે

વિનયપૂર્વક લવણે- લવે વજ્રજંઘને અયોધ્યા જવાની ઇચ્છા જણાવતાં વજ્રજંઘ રાજાએ તે વાત સ્વીકારી.

પૃથુપુત્રી કનકમાલા સાથે લગ્ન થઇ ગયા પછી લવ-કુશે વજ્રજંઘ અને પૃથુ રાજાની સાથે જ રાજયો ઉપર ચઢાઈ કરી કરીને કેટલાંયે દેશોને જીતી લીધા. અને પછી સીતાદેવી પાસે પાછા ફરતાં આનંદ ના અશ્રુપૂર્વક 'તમે રામ-લક્ષ્મણ જેવા વીર્યશાલિ બનો તેવા આશીર્વાદ આપ્યા.

એક વખત સીતાદેવીની હાજરીમાં લવ-કુશે વજ્રજંઘ રાજાને કહ્યું કે- 'જેણે અમારી માતાને તજી દીધા છે તે રાજાનું શૌર્ય અમારે જોવું છે હે મામા! યુધ્ધ પ્રયાણની ભેરી વગડાવો.'

ગદ્ગદ સ્વરે સીતાજી બોલ્યા- 'હે પુત્રો! તમે કોની સામે યુધ્ધ કરવા ધારો છો તે તો વિચારો? આ યુધ્ધકર્મથી તમે તમારા જાનનું જોખમ કેમ ઉઠાવો છો? દેવોને પણ દુર્જેય તમારા પિતા અને કાકા પ્રચંડ પ્રતાપી વીર પુરૂષો છે. ત્રૈલોક્યના કાંટા જેવા રાવણને જેમણે ખલાસ કરીને લાશમાં સમાવી દીધો એવા તમારા પિતા અને કાકાને હે પુત્રો! જો તમે ખરેખર જોવા જ ઇચ્છો છો તો વિનીત બનીને ખુશીથી જાવ. પૂજ્ય તરફ તો વિનય જ કરવાનો હોય. (બન્નેના માથે હાથ ફેરવતા સીતાજી બોલ્યા.)

માતા સીતાદેવીના શબ્દો સાંભળીને લવ-કુશ બન્ને બોલ્યા કે- 'હે માતા! તમારો ત્યાગ કરતાં કરતાં જ અમારા શત્રુ બનેલા અમારા પિતા તરફ પણ વિનય થઇ જ શેનો શકે?

'અમે બન્ને તમારા પુત્રો આવ્યા છીએ' આવું અમે અમારા પિતાને પણ શરમમાં નાંખી દે તેવું વચન અમારા મોઢેથી બોલીને તેની સામે જઇ જ કેમ શકીએ?

યુધ્ધનું આહ્વાન જ તે શક્તિશાળી પિતાને આનંદ કરનારૂં બનશે. અને આ

જ રીતે બન્ને કુળને યશકારી છે.''

આટલું કહીને (દેવકુમાર જેવા) બંને સીતાપુત્રો કૂણુ રૂદન સીતાજી કરતાં રહ્યા છતાં અત્યંત ઉત્સાહવાળા અને વિશાળ સૈન્યવાળા તેઓ રામનગરી તરફ ચાલ્યા.

તીક્ષ્ણ કુહાડાના ઘા કરાવી કરાવીને દશ હજાર વૃક્ષોને જમીન દોસ્ત બનવડાવી કઇને પૃથ્વીને સમતળ કરાવીને અયોધ્યાની નજીકમાં જ બન્ને સીતાપુત્રો નિર્ભયરીતે છાવણીઓ નાંખીને રહ્યા.

શત્રુના વિશાળ ભયંકર સૈન્યને આવેલું સાંભળીને રામ–લક્ષ્મણ વિસ્મય પામવા સાથે હસવા લાગ્યા.

લક્ષ્મણજી બોલ્યા કે –'મરવાના થયેલા આ કયા પતંગિયાઓ રામચંદ્રજીના ઝગારા મારતા તેજના અગ્નિમાં કૂદીને બળીને સાફ થવા આવ્યા છે ?'

આમ કહીને રામ–સુગ્રીવાદિ સાથે શત્રુ સંહારક સૌમિત્રી યુદ્ધ સજ્જ થઇને શત્રુ સામે સંગ્રામ ખેડવા ચાલી નીકળ્યા.

આ બાજુ નારદ પાસેથી હકિકત જાણીને ભામંડલ સીધા જ પુંડરીકનગરે જઇ સીતાને મળ્યા.

રડતાં રડતાં જ સીતાએ કહ્યું કે 'મને રામચંદ્રજીએ તજી દીધી છે. અને મારા ત્યાગને સાંખી નહિ શકનારા તારા બન્ને ભાણેજો તેમની સામે યુદ્ધ કરવા ગયા છે.

ભામંડલે કહ્યું કે અધીરાઇથી જેમ હે સીતા ! રામે તારો ત્યાગ કર્યો તેમ આ બન્ને પુત્રોનો વધ કરી નાંખવાની કયાંક ભૂલ કરી ના બેસે. ચાલ જલ્દી ઉઠ. ત્યાં જલ્દી જવું પડશે.'

આમ કહીને સીતાને સાથે લઇને ભામંડલ લવ–કુશના સ્કંધાવાર–છાવણીમાં આવી પહોંચ્યા.

મામા તરીકેની ઓળખ સીતાદેવીએ કરાવતાં જ નમેલા બન્ને ભાણેજોને ભામંડલે છાતી સરસા ચાંપ્યા.

ભામંડલે કહ્યું કે મારી બેન પહેલા વીરપત્ની તો હતી જ હવે તો વીરપુત્ર વતી પણ બની છે પછી કહ્યું કે તમે બન્ને વીરના પુત્રો છો વીર પણ છો પરંતુ તો પણ પિતા અને કાકા સાથે આવો સંગ્રામ ન કરો. એક બાહુબળની છળથી ઉશ્કેરાઇને રાવણ જેવાના સંહારક સામે તમે આ યુદ્ધ શા માટે માંડયું છે ?'

તે બંને બોલ્યાકે–અમને ખબર જ છે કે પિતાનો કે કાકાનો કોઇ પ્રતિસ્પર્ધી નથી. તમે અને તમારા બેન પણ અમને સ્નેહથી ડરપોક બની જઇને અટકાવી રહ્યા છો. પણ હવે આ છેડાઇ ગયેલા યુદ્ધને છોડી કઇને પિતા અને કાકાને શરમમાં શા માટે નાંખીએ ?

અહીં હજી તો વાત ચાલે ત્યાં જ બંને સૈન્યોનું પ્રલય કાળના આવર્તો ઉખાડતું ભીષણ યુદ્ધ શરૂ થઇ ગયું.



પ્યારા બાલમિત્રો,

ઇર્ષ્યા....ઇર્ષ્યા...ઇર્ષ્યા...!!!

કોઈ નાખે છે— સળગાવી આપે છે...

ભાઇ, તમારી આ વાતમાં સમજ્યુ પડતી નથી. શું કોઈ નાખે છે? શું સળગાવે છે?

પુણ્યશાળી, સદ્‌ભાગ્યને...! આજને...!!!

આજના માનવીને એક જ મહેચ્છા. બસ! વિજયી બનું.

પણ, કોના પર તારે જીત મેળવવી છે?

વાસના પર, કષાય પર, તૃષ્ણા પર, ક્રોધ પર, લોભ પર, સંજ્ઞા પર, કે તારી મહત્ત્વાકાંક્ષા પર.

ના રે ના, આ તમારી વાત તો મારા માટે ઘણી દૂર છે પણ, મારી નજીક રહેલ મહેચ્છાને મારે પૂરી કરવી છે.

ભાઇ, તારી મહેચ્છા-ઇચ્છા તો જણાવ! તો કાન ખોલીને સાંભળી લો.

વ્યક્તિ પર જીત મેળવવી છે.

મારા કરતાં આગળ નીકળી ગયેલ વ્યકિતને મારે પરાજીત કરવાની ઇચ્છા છે.

મારા કરતાં વધારે સન્માન પામતી વ્યકિતને પછાડવાની મારી ઇચ્છા છે.

મારા કરતાં વધુ ખ્યાતિ પામતી વ્યકિતને ખો-આબરૂ કરવાની મારી ઇચ્છા છે.

ચેન-કેન-પ્રકારે હું શિરમોર બનું તે જ મહેચ્છા છે. ભાગ્યશાળી, બસ! આ જ મહેચ્છા છે. આ ઇચ્છાની વત્તિનેા શિકાર બનીને તું સારાય જગતના ચોગાનમાં દોડી રહ્યો છે.

મહાનુભાવ, 'આ જ મહેચ્છા તારા ગુણની અનુમોદના કરવાનાં સદ્‌ભાગ્યને ફોડી નાખે છે. માન-સન્માન-બહુમાનને યોગ્ય એવા ઉત્તમ વ્યકિતઓ પ્રત્યે દ્વેષની આગ સળગાવી આપે છે.'

આ એક ઇર્ષ્યાનું પાપ જાલિમ છે, ભયંકર છે, ગોઝારૂં છે, કેટલું ખતરનાક છે. પોતે ગુણકુકત બનવા ધારે તો પણ બની શકે નહિ તેમ જ જે વ્યકિત ઉપર ઇર્ષ્યાનેા કળશ ઢોળવેા હોય તે વ્યકિતમાં રહેલેા નાનામાં નાનેા ગુણ પણ જોવા ન દે.

આ ઇર્ષ્યાની આગમાં ભડભડતા દિલને પ્રસન્નતાનું સુખ કયાંથી? પ્રશમરસમાં ઝીલવાનું સુખ કયાંથી? સંતોષનું સુખ કયાંથી?

ઇર્ષ્યાનું નિશાન ભલે સાચો માનવી હોય પણ તે ઘા પણ તો બુદ્ધને જ કરે છે. ઇર્ષ્યા ભલે સાચી વ્યકિતના જીવન બાગને સળગાવી નાખવા માંગતી હોય પરંતુ સળગાવી નાખે છે બુદ્ધના જીવન બાગને જ !

બચવું છે. તો સાવચેત થઇ જાવ.

મનને ઇર્ષ્યાના આ ગોઝારા પાપથી દૂર રાખો.

સામી વ્યકિતના ગુણ જોવાનો પુરૂષાર્થ કેળવો.

સામી વ્યકિતના સુખમાં તેઓનું પુણ્ય વધારે છે તેવું ચિંતન કરો.

જે વેર રાખે છે તેનાં પાપ લીલાછમ રહે છે,

જે ગુણ જુવે છે તેનું પુણ્ય ખીલી ઉઠે છે.

રવિશિશુ-જૈન શાસન કાર્યાલય, જામનગર.

— કથાનક —

ક્ષિતિ પ્રતિષ્ઠિત નામના નગરમાં જિતશત્રુ નામે રાજા હતો. તેને સોમદત્ત નામનો મંત્રી હતો. તેણે ત્રણ જાતના મિત્રો કર્યા હતા. એક સહમિત્ર, બીજો પર્વમિત્ર અને ત્રીજો પ્રણામ મિત્ર.

સહમિત્ર સાથે રોજ આનંદ કરતો.

પર્વમિત્ર સાથે પર્વ દિને બોલાવી આનંદ કરતો.

અને પ્રણામમિત્ર સાથે જ્યારે મળે ત્યારે પ્રણામ પૂરતી મિત્રતા કરતો.

એક દિવસ આ મંત્રી ઉપર રાજા રુષ્ટ થયો. કોપાયમાન થયેલા રાજાને જોઇ મંત્રીશ્વર સમજી ગયા હવે દિવસો ગણતરીના છે.

મંત્રીશ્વર એકલા સહમિત્રના ઘરે પહોંચ્યા. હકીકત કહી પોતાનો બચાવવા માટે કહ્યું ત્યારે સહમિત્ર બોલ્યો.

આપણી મૈત્રી તો ત્યાં સુધી જ સમજવી જ્યાં સુધી રાજા રુષ્ટમાન ન થાય. રાજા રુષ્ટમાન થાય ત્યારે હું તમને જરા પણ સહાય આપી શકું નહી. મારી પાસેથી તમે ચાલ્યા જાવ.

પછી તે પર્વમિત્રને ત્યાં ગયો. ગળગળા થઇને પોતાના થયેલા અપરાધની વાત કરી બચાવી લેવા આજીજી કરી.

પર્વમિત્રે બે ઘડી આશ્વાસન આપતાં વચનો સમજાવ્યા. મારે મદદ કરવી જોઇએ પણ જ્યાં રાજા કોપ્યો હોય ત્યાં મારો ઉપાય ચાલી શકે તેમ નથી તેથી હું લાચાર છું.

(અનુ. ૮૮૮ ઉપર)

— પ્રેરણામૃત સંચય —

સંગ્રા.—પ્રજ્ઞાંગ

(તપાગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનાં અપ્રગટ પ્રવચનોમાંથી સંગ્રહિત કરેલો આ સંચય વાચકોને સમ્યગ્જ્ઞાનનું કારણ બનવા સાથે સ્વર્ગીય સૂરિપુરંદરશ્રીજીની વાણીના સાક્ષાત્કારની અનુભૂતિ કરાવશે તેમા બે મત નથી.

*શ્રી જિનાજ્ઞા કે પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સંગ્રા૦)

સુપ અને સિંહ (ક્રમાંક-૨)

શ્રી અરિહંત પરમાત્માનો અને શ્રી સિદ્ધભગવંતનો ભગત હોય તે સાધુનો પણ ભગત હોય જ. તે સાધુનો ભગત હોય એટલે સંસારનો વૈરી હોય અને મોક્ષનો પ્રેમી હોય, આ શરીર તેને શત્રુ લાગે, ધન તેને વિષ જેવું અનર્થકારી લાગે, કુટુંબ તેને બંધન લાગે.

અમારે પણ તમને અમારા નહિ પણ ભગવાનના ભગત બનાવવા છે. ભગવાને શું કહ્યું તે તમને સમજાવવું છે. અમારી તો જગતને ય ચોખ્ખી જ છે કે, ભગવાને જે કહ્યું છે તેને ખોટું ઠેરવવાની હિંમત કોઇપણ પ્રામાણિક માણસ કરી શકે તેમ જ નથી. ભગવાનની વાત જગતના પ્રેમી જીવો ન માને તે વાત જુદી બે-પાંચનો ઉપકાર કરવો અને અનેકનો કબ્જો રક્ષણ વાળવો તે સારી વાત છે ?

અમારો ધર્મ લીલામ કરવાનો નથી, કોઈના ગળામાં નાંખવાનો નથી. જેને ગરજ હોય તે લેવા આવે તો ઠીક છે. બાકી ઘેર ઘેર જઈ પતાસાની જેમ આપવાનો નથી. આજે ધર્મ નથી વધ્યો પણ ધાંધલ વધી ગઇ છે.

૦ 'મારે સંસાર નથી જોઇતો મોક્ષ જ જોઈએ છે' ! આ વાત સમજેલો ગાંડો-ઘેલો પણ ધર્મી છે, ગમે તેટલું ભણેલો હોય પણ આ વાત ન સમજે તો તે ધર્મી નથી માત્ર ખાલી વાતો કરનારો છે. 'મારે મોક્ષ જ જોઇએ' આ ભાવનાવાળા જીવને કર્મયોગે સંસાર કરવો પડે તો તે વેઠીયાની જેમ કરે.

શ્રી જૈન શાસન તો જગતની દીવાદાંડી છે. તેને જ દેખાય જેને સંસારનો ભય લાગે અને મોક્ષની જ ઇચ્છા હોય બીજાને નહિ.

ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે. મોક્ષ માટે ધર્મ કરે તે ગમે ત્યાં રહ્યો હોય

તો પણ તે ભગવાનનો ભગત છે. ભગવાનનો ભગત ગણાતો હોય પણ મોક્ષ માટે ધર્મ ન કરે તો તે ભગવાનનો ભગત નથી.

આપણા વર્તનથી મુનિપણાની, શાસનની નિંદા થાય તો કેટલું પાપ બંધાય ? આપણે જે કાંઈ કરવાનું તે ભગવાનની આજ્ઞા મુજબ કરવાનું છે, મરજી મુજબ જીવવાનું કરવાનું નથી. મરજી મુજબ જીવનારા-કરનારા તો સંસારમાં જ ભટકવાના છે. આજ્ઞા વિરુધ્ધ કરનારાનો આશય સારો હોય પણ નહિ. આવે ય નહિ.

આપણે બધા સંસારમાં રહ્યા છતાં પણ મોક્ષમાં જ રતિવાળા છીએ. ભગવાનની શ્રી સંઘને વારંવાર મોક્ષ યાદ આવ્યા કરે. 'સંસારનું સુખ તો આત્માનું સત્યાનાશ કાઢનાર છે' આવો વારંવારનો વિચાર મોક્ષની રતિ પેદા કરનાર છે. કર્મને જ બળવાન માનનારા તો સંસારમાં ભટકયા કરવાના છે. કર્મ સામે લઢયા વિના, કર્મની કત્લેઆમ કર્યા વિના કોઇ જીવ મુક્તિએ ગયો નથી, જતો નથી કે જવાનો પણ નથી. સાધુપણું તો કર્મ સામે લઢવાની શાળા છે. આજે ઘણા જેની સામે લઢવાનું તેની સાથે ગેલ કરે છે પછી સંસારમાં ભટકે તેમાં નવાઇ શી ! (ક્રમશઃ)

(અનુ. પાન ૮૮૬ નું ચાલું)

જવાબ સાંભળી મંત્રીશ્વર નિરાશ થઇ ગયા સાથે આનંદ કરતાં મિત્રો આવો જવાબ આપે છે તો હવે પ્રણામ મિત્રો પાસે જવું ઉચીત નથી જેની સાથે ફક્ત બોલવાનો સંબંધ છે. તેઓ તો ક્યાંથી મારી રક્ષા કરશે.

નિરાશા સાથે મનની મકકમતા ભરેલી હતી ચાલ જઇ તો આવું કદાચ સફળતા મળી જાય જીવી જવાય એમ વિચારી મંત્રીશ્વર ઉપડયા પ્રણામ મિત્રના ઘરે.

મુખ ઉપરની ઉદાસીનતા જોઇને પ્રણામ મિત્રે પૂછયું ભાઇ ! આવી અવસ્થા કેમ થઇ ? મંત્રીશ્વર બોલ્યા, મારી ઉપર રાજા કોપાયમાન થયેલો છે.

અરે ! ભાઇ કાંઇ ચિંતા કરીશ નહિ. તમારે સર્વથા ભય ન કરવો મારો પાસે રહો ને હું કહું તેમ કરવું. જેથી રાજા કાંઇ કરી શકશે નહિ વળી, હું રાજાને પણ મનાવી લઇશ. આશ્વાસન સાથે ભય મુકત રહેવાનું કહેવાથી મંત્રીશ્વર ત્યાં સ્થિર થઇ ગયા.

આ દૃષ્ટાંતમાંથી સાર શું લેશો ?

નિત્યમિત્ર (સહમિત્ર) સમાન શરીર

પર્વમિત્ર સમાન પરિવાર

પ્રણામ મિત્ર સમાન ધર્મ.

ધર્મને શરણે જવાથી સદ્ગતિ નિશ્ચિત થાય છે અને કર્મ રાજાના ભયથી મુકત થવાય છે.

સમજી ગયા મિત્રતા કોની સાથે કરવી છે તે નકકી કરી લેજો. -ઉપે.દ્રભાઇ

૦ શ્રં સર્વજ્ઞ ભગવંતને સઘળાય દ્રવ્યો અને એના પર્યાયોનો બોધ કરાવનાર જ્ઞાન અને દર્શનનો ઉપયોગ અનુક્રમે હોય છે. અર્થાત્ એક સમયે જ્ઞાન હોય છે અને બીજે સમયે દર્શન હોય છે એમ બંન્ને ઉપયોગ જુદે જુદે સમયે હોય છે.

નાણુંમિ દંસણુંમિ ય એત્તો એક્કકતરયંમિ ઉંવઉત્તા ।
સ.વસ્સ કેવલિસ્સવિ જુગવં દો નત્થિ ઉવઓગા ।। ”

આ પ્રમાણે સિદ્ધાન્તનો મત છે.

જ્યારે કેટલાક તાર્કિકોનો મત એવો છે કે– શ્રી સર્વજ્ઞ ભગવંતને એક સમયે બન્ને ઉપયોગ હોય છે. જો એમ ન હોય તો એક ઉપયોગ, કર્મની જેમ અન્ય ઉપયોગનો પ્રતિરોધ કરીને એને અટકાવી દઈ શકે. વળી એ બેઉ ઉપયોગની સ્થિતિ આદિ અનન્ત કહી છે. એ પણ એક એક સમયને અંતરે ઉદયે નહિ આવવાથી વ્યર્થ થાય છે. કેમકે, એક સમયે બંને ઉપયોગ ન માનવામાં આવે તો આદિ અનન્ત સ્થિતિ ઘટી શકે નહિ.

જ્યારે કેટલાક એવા મત છે કે, શ્રી કેવળજ્ઞાની ભગવંતને કર્મના આવરણમાત્ર ક્ષીણ થઇ ગયા છે તો તેમને જ્ઞાન અને દર્શન એવો ભેદ જ કેમ સંભવી શકે ? કેમકે સામાન્ય માત્ર જ્ઞાન એ દર્શન છે. જે જ્ઞાનના એક દેશ રૂપ છે તો સર્વજ્ઞ દેશથી વિભળાથી જ્ઞાન કેમ સંભવે ! કહ્યું છે કે–

‘કેઇ ભણંતિ જુગવં જાણઇ પાસઇ ય કેવલી નિયમા ।
અન્ને એગંતરિયં ઇચ્છન્તિ સુઓવએસેણું ।।’


‘અન્ને ન ચેવ વાસુ ઉંસણુમિચ્છન્તિ જિણવરિન્દસ્ય ।
‘નં ચિય કેવલનાણું તં ચિય સે દંસેણું બિતિ ।।

કેટલાકને મતે કેવળજ્ઞાની નિશ્ચયે એકી સાથે જ જાણે છે. અને જુએ છે. કેટલાકને મતે શ્રુતજ્ઞાનના આધારે જ્ઞાન અને દર્શન એકાન્તરિત છે,

કેટલાક શ્રી જિનેશ્વરદેવનું ભિન્ન દર્શન માનતા નથી પણ જે કેવલજ્ઞાન છે એ જ દર્શન છે એમ માને છે.

(ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- મોહ એવો ખરાબ છે કે સારા માણસ પાસે પણ ખોટાં કામ કરાવે.
- સુખ આપનાર કર્મ બધાને ગમે છે. દુઃખ આપનાર કર્મ પર ભારોભાર તિરસ્કાર છે અને પાપ કરાવનાર મોહ પર ગાઢો રાગ છે. તેથી જગતનો મોટો ભાગ ભટકયા કરે છે.
- પર નિંદા અને સ્વપ્રશંસા ભવાભિનંદી જીવોના અદ્‌ભુત ગુણો છે.
- જેને કોઇની નિંદા તો ગમે જ નહિ તેમ પોતાની પ્રશંસા પણ ગમે નહિ તે આત્માભિનંદી જીવ છે.
- ગુરૂ એટલે તેમના શરણે આવેલાં જીવોને ભગવાનના, ભગવાનના શાસનના, ભગવાનની આજ્ઞાના રાગી બનાવે.
- જે જીવ સંસાર સુખનો વૈરી બન્યો એટલે ધર્મ પામવાને લાયક થયો.
- આર્યો માનતા કે 'ઘરમાં જન્માય ખરૂં પણ ઘર છોડયા વિના (ત્યાગી થયા વિના) મરાય નહિ.
- આધિ અને વ્યાધિનું મૂળ ઉપાધિ છે. ઘર-બાર-પૈસા-ટકા-કુટુંબ પરિવારાદિ સઘળી ચીજો ઉપાધિ છે.

  આધિ એટલે મનનો રોગ
  વ્યાધિ એટલે શરીરનો રોગ
- ઉપાધિને જે સંપત્તિ માને તે દુઃખી જ હોય.
- આર્યદેશનો માનવી વિભવનો ત્યાગ ન કરી શકે અને વિભવની જરૂર પડે વિભવ મેળવે પણ ખરો. તો પણ તેને મેળવેલો વિભવ ન્યાય સંપન્ન જ હોય.
- આત્મા જ મોક્ષ. આત્મા જ સંસાર વિષય કષાયને પરવશ આત્મા તે સંસાર. વિષય કષાયને જીતી લીધા તે આત્મા મોક્ષ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વહવાણ ચાકેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૧૧૧૯
૧૧-૧૫-૩૯-૭૦
૧૧-૧-૫-૩૯-૭૦

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

સવિ જીવ કરૂ શાસન રસી

અઠવાડિક

વર્ષ ૮

તેઓ જ ખરેખ[illegible] છે.

લવ-કુશ તર[illegible]
આવતા જોઇ[illegible]
[illegible] ફેંકી [illegible]
[illegible] કાકાના પગ[illegible]
[illegible]ણ તથા લક્ષ્મણજીએ બન્ને[illegible]
[illegible]ર્ષને છાતી સરસા ચાંપ્યા.
[illegible]ગમાં પડેલા લવ-કુશને
[illegible]જગાડયા.

प्रवज्य ये पञ्च महाव्रतानि.
न पालयन्ति प्रचुर प्रमादा
रसेषु गृद्धा अयितेन्द्रियाश्च,
जिनैरनाथाः कथितास्त एव

જેઓ પ્રવજ્યાને ગ્રહણ કરીને અતિદ્યનએ પણ બન્ને હાથેથી પ્રમાદથી પાંચે મહાવ્રતોનું પાલન કરતા નથી. રસોને વિષે ગૃદ્ધ રહે છે. ઇન્દ્રિયોનો સંયમ કરતા નથી તેઓને જ શ્રી જિનેશ્વર દેવાએ અનાથ કહેલા છે.

卐

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

લવાજમ આજીવન

પૂ. આત્મારામજી મ.

વિશેષાંક પૂર્તિ

પ.પૂ આ. ભ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ. સ્વર્ગારોહણ શતાબ્દિ વિશેષાંક તા. ૧-૬-૯૬ના પ્રગટ થઇ ગયો છે પરંતુ તેમાં પ્રાપ્ત થયેલા ઘણા લેખોનો સમાવેશ થઇ શકયો નથી. તેથી તે લેખો વિશેષાંક પૂર્તિ [redacted] છે અને આ પૂર્તિ તા. ૧-૮-૯૬ના પ્રગટ થશે.

[redacted] રૂા. ૧૦૦) આપીને પ્રથમ વિશેષાંકના ગ્રાહક [redacted] બધા શુભેચ્છકોને પણ આપવામાં આવશે.

[redacted] મર્યાદિત છપાશે જેથી જેમને બંને વિશેષાંકો જોઇતા [redacted] રૂા. ૧૦૦) મોકલી ગ્રાહક બની જવું.

શુભેચ્છા સૌજન્ય પણ તરત લખાશે એક પેજના રૂા. ૧ હજાર, અડધા પેજના રૂા. ૫૦૦ ૧/૪ પેજના રૂા. ૨૫૦)

વધુ નકલો મંગાવી સંઘમાં તથા સત્ય પ્રચારમાં સહાયક બનશો તે નકલો તમે કે સંસ્થા તમારા વતી પોસ્ટ કરી દેશે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર
C/o. નિશાળ ફળી,
શાક માર્કેટ સામે, જામનગર.

પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુંદકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણચંદ પદમશી મુંદકા (થરાદ)

વર્ષ : ૮ | ૨૦૫૨ જેઠ વદ-૧૧ મંગળવાર તા. ૧૧-૭-૯૬ [illegible]-૧૩૬+૪૭

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર[illegible]રાજ

૨૦૪૩, અષાઢ વદિ-૨ ને રવિવાર, તા. ૧૨-૭-૧૯૮૬ [illegible]

મુંબઈ - ૬. (પ્રવચન ૧૦ મું)

શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો [illegible] ક્ષમાપના —

-અવ૦)

મારે તે કહે છે કે, મહારાજ ! સાંભળો. મારા પિતા બહુ મોટા ધર્માત્મા હતા. તેઓએ જીવનભર સારી રીતે ધર્મ કરેલો હતો. મરતી વખતે મને પોતાની પાસે બોલાવીને કહ્યું કે– "દિકરા ! મારી બધી મિલકત મારે સાતે ક્ષેત્રમાં આપવી છે. તારી શી મરજી છે ?" મેં કહ્યું કે– "પિતાજી ! એમાં પૂછવાનું શું હોય. આપની મરજી હોય તેમ કરો." આજે આવા દિકરા કેટલા મળે ? તે વખતે મારા પિતાજીએ સવા સવ કોડનું એક એવાં પાંચ માણિક્ય મારા હાથમાં મૂકયાં અને કહ્યું કે–"આમાંથી ત્રણ ધર્મમાં વાપરજે અને બેનો તારી આજીવિકા માટે ઉપયોગ કરજે." ત્યારે મને થયું કે, મારો બાપ કેવો ઉત્તમ ધર્માત્મા છે. હું જીવનમાં ધર્મ ન ભૂલું તેની કેવી કાળજી રાખે છે. આવા બાપ પણ આજે મળે ખરા ? મેં ત્રણ માણિક્યો જે ખરચ્યાં તે આપે નજરે જોયા છે. આપના જેવાને આપું તો મારો નિસ્તાર થઇ જાય એમ માનીને બાકીના બે માણિક્ય આપના ચરણે મૂકયા છે.

તે વખતે શ્રી કુમારપાળ મહારાજા શું કરે તે ખબર છે? આજનો સંઘવી હોય તો માને કે, ચલો સંઘનો ખર્ચો નીકળી ગયો! તેઓ પોતાના ઝવેરીને બોલાવીને કહે છે કે-"આપણા ભંડારમાંથી સારામાં સારા બુલિયન હીરા કઢાવે, તેના બે હાર બનાવો. દરેક હારમાં વચમાં આ માણિક્ય લગાવરાવો. અને આ શેના નામે એક હાર શ્રી સિદ્ધગિરિજીમાં અને એક હાર શ્રી ગિરનારજીમાં ચઢાવરાવે" આ સાંભળી તે ઝવેરી થઇને નાચ્યો છે. તેને થાય છે કે- મને બહુ સારી બુદ્ધિ સૂઝી કે મેં મારા માણિક્ય [illegible] કુમારપાળ મહારાજાને ચરણે મૂક્યા. હવે તે ભગવાનના કંઠને શોભાવશે. [illegible] માણિક્ય ઓછા ભગવાનના કંઠને શોભાવત!

[illegible] ભાર લાવો! ખાલી પથરા ન ફેંકો. તમારે કાંઇ ચાપવું [illegible] બાકી જે લક્ષ્મીને ભૂંડી ન માને તે આવા દાન કર્યા વગર [illegible]

[illegible] જીવોને અનંતીવાર આ સંસારમાં ભટકાવ્યા છે. તેને સારા [illegible] સારા માણસ બનાવે તે જુદી વાત. પણ તે બે સારા [illegible] મરો? 'હું પૈસા માટે કદી જૂઠ બોલ્યો નથી' તેવો [illegible] મોટે ભાગે પાપ જ પૈસા માટે થાય છે, મે જ મજા [illegible] બધી રીતે પૂરો છે. ભલે ચાંલ્લો મોટો કરે. લોકમાં તેની [illegible] કે-'લોકોનું લોહી પીનારો છે, હેરાન કરનારો છે.' જ્યારે નાગડના શ્રીમંતોની આમરૂ હતી કે, લોકોનો બેલી છે. તેના ઘરે આવેલો કોઇ ખાલી હાથે પાછો જતો નહિ.

પૈસાનું દાન તે જ પૈસાનો ખરેખર સદુપયોગ છે. પણ દાન આજે મોટેભાગે પૈસાવાળો કરે જ નહિ. તે એવું એવું બોલે કે વર્ણન ન થાય. 'અહીં આવ્યા તે તે ગુનો કર્યો' એમ પણ તે બોલે. તેવાએ કદી શરમના માર્યા પૈસા ખર્ચ્યા હશે તો પણ તેને લાભ નહિ થાય પણ નુકશાન થશે.

માટે કહો કે, **અર્થ અને કામ ભૂંડા જ મોક્ષ જ સારો. મોક્ષ માટે જ જે ધર્મ કરાય તે ધર્મ સારો. મોક્ષના હેતુ વિના જે ધર્મ કરાય તે ધર્મ પણ સારો નહિ જ. અર્થ અને કામ મળે ધર્મથી જ પણ તે માટે ધર્મ કરાય જ નહીં. સ્યાદ્વાદી કદી પણ અર્થ અને કામ માટે ધર્મ કરાય એમ કહે નહિ તેમ સ્યાદ્વાદી તે બે માટે ધર્મ કરે પણ નહિ.**

અર્થ અને કામ કેવા ભૂંડા છે તેનું વિશેષ વર્ણન હવે પછી. (ક્રમશઃ)

ચિરંતનાચાર્ય વિરચિત

શ્રી પંચસૂત્ર

[મૂળ અને ભાવાર્થ]

-: ભાવાર્થ લખનાર :-

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક-૨૪]

જેના તાત્ત્વિક પરમાર્થનો કોઈપણ વિરોધ [illegible] તાપશુધ્ધ કહેવાય છે. જેમ સ્યાદ્વાદની સિધ્ધિને માટે કહેવાય કે-દ્રવ્ય [illegible] અને દર્શનની હું બે પ્રકારે છું. પ્રદેશાર્થની વિચારણાએ હું અલ્પ [illegible] અને પર્યાયાર્થની વિચારણાથી હું અનેક પ્રકારનો ભાવાત્મા [illegible] જેનો ઉપયોગ હોય તદ્રૂપ હું છું.

આવી ભગવાનની સર્વથા નિર્દોષ એવી આ [illegible] માર્ગ પતિત-ધર્મ માર્ગે ચાલનારા એવા જીવો વડે જ [illegible] જાણી શકતા પણ નથી. જેઓ ઉત્કૃષ્ટ એવી કર્મ સ્થિતિ [illegible] ઉત્કૃષ્ટ કર્મસ્થિતિને બાંધવાના નથી તેઓ અપુનર્બંધક કહેવા [illegible] અર્થાત્ પ્રાણના ભોગે પણ ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરનારા, [illegible] વિચાર કરીને જ પ્રવૃત્તિ કરનારા હોય છે તેથી તેઓ જ ભગવાનની આજ્ઞાને સારી રીતે જાણી-સમજી શકે છે. પરંતુ જેઓને કેવલ સંસાર જ પ્રિય છે સંસારના સુખમાત્રના જ રાગી છે એવા ભવાભિનંદી-ભવમાં જ આનંદ પામનારા-જીવો તે આજ્ઞા જાણી શકતા નથી. તેઓને તો વિષયોનો જ પ્રતિભાસ માત્ર થાય તેવું જ્ઞાન થાય છે પરંતુ તેના ઉપર કેવા રૂપનું જ્ઞાન થતું નથી. અર્થાત્ ઉપર છલ્લું, વાતો કરવા પૂરતું જ્ઞાન થાય પરન્તુ તે જ્ઞાન પરિણામ ન પામે. હેયને હેય અને ઉપાદેયને ઉપાદેય તરીકે જાણી હેયના ત્યાગ અને ઉપાદેયનો આદર ન કરે. કહ્યું છે કે-

ન યથાઽવસ્થિતં શાસ્ત્રે, અન્ધો વેત્તિ જાતુચિત્ ।
ધ્યામલાદપિ નિર્ગાત્તુ, નિર્મલ : સ્યાત્સ્વહેતુત : ।।'

સારાંશ : આંધળો માણસ કયારે પણ યથાવસ્થિત રીતે શાસ્ત્રને જાણી શકતો નથી, જેમ મોતીયાદિ રોગના કારણે આંખનું તેજ આંખની કીકી સ્પષ્ટ રીતે જોઈ શકતી નથી, પદાર્થનો બોધ કરી શકતી નથી. પણ યોગ્ય ઉપચારાદિથી મોતિયો દૂર કરવાથી જાઈ શકે છે. તેમ કાળ પરિપાકાદિથી યોગ્યતા પ્રાપ્ત થવાથી શાસ્ત્રનો નિર્મલ બોધ

થઇ શકે છે. માટે યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ.

હવે અપુનર્બંધકાદિના લક્ષણ તથા આ સૂત્રને માટે યોગ્ય કોણ છે તે વાતને જણાવીને ઉપસંહાર કરતા કહે છે કે–

એઅપ્પિઅત્તં ખલુ ઇત્થ લિઙ્ગં, ઓચિત્તપવિત્તિંવિન્નેઅં ।।સંવેગ-સાહગં નિઅમા । ન એસા અન્નેસિં દેઆ । લિંગવિવજ્જયાઓ તપ્પ-રિણુા । તયણુગ્ગહકૂયાએ આમકુંભોદગનાસનાએણું એસા કરુણુત્તિ, ચ્ચઇ, એગંતપરિ[illegible]હણાકૂલા, તિલોગનાહબહુમાણેણું નિસ્સેઅસ નાહિગ ત્તિ [illegible] ।।

[illegible]ચસૂત્રકં,

કૃતં ચિરન્તનાચાર્યૈઃ ।।

[illegible] આજ્ઞા ઉપર–પ્રવચન ઉપર અત્યંત પ્રીતિ હોય તથા [illegible] કરતા હોય તે અપુનર્બંધકાદિ જાણવા. અર્થાત્ [illegible] શ્રવણ અને તત્ત્વોનો અભ્યાસ એ અપુનર્બંધકાદિ [illegible] છે. તે આજ્ઞા પ્રિયત્વ પણ આજ્ઞાની આરાધના વ:, તેનું [illegible] ચિત પ્રવૃત્તિએ કરીને જાણી શકાય છે. અન્યત્ર પણ અપુનર્બંધક [illegible] લક્ષણ જણાવતાં કહ્યું છે કે-'તેઓ આ ભયંકર સંસારને બહુ માનતા નથી–સંસાર ઉપર રાગ કરતા નથી, સંસારને જરાપણ સારો માનતા નથી; તીવ્રભાવે પાપ કરતા નથી અને ઉચિત પ્રવૃત્તિનું કયારે પણ ઉલ્લંઘન કરતા નથી.'

અને ઉચિત પ્રવૃત્તિ વિના જો ખાલી આજ્ઞા પ્રિયત્વ હોય તો તે મોહ જ કહેવાય છે. વળી આ આજ્ઞાપ્રિયત્વ અવશ્ય સંવેગને સાધનાર છે. એટલે કે જેઓને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા પ્રિય હોય છે તેઓને ચોક્કસ સંવેગ પ્રાપ્ત થાય છે. સુર અને નરના સુખને પણ જે દુઃખરૂપ માને છે અને એક માત્ર મોક્ષને જ ઇચ્છે છે તે જ સાચું સંવેગનું લક્ષણ છે. તે અંગે કહ્યું પણ છે–"સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક."

તે જ કારણથી

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આ પારમેશ્વરી પરમ તારક આજ્ઞા અપુનર્બંધકાદિ જીવો વિના બીજા ભવાભિનંદી જીવોને આપવા લાયક નથી–ઉપદેશ કરવા લાયક પણ નથી. જેનામાં અપુનર્બંધકાદિના લક્ષણો વિપરીતપણે હોય અર્થાત્ તેનાથી વિપરીત લક્ષણો

હોય તે ભવાભિનન્દી જીવ છે તેમ જાણી શકાય છે. તે માટે કહ્યું પણ છે કે–

'ક્ષુદ્રો લોભરતિર્દીનો, મત્સરી ભયવાન્ શઠ: ।
અજ્ઞો ભવાભિનન્દી સ્યાન્નિષ્ફલારમ્ભ સંગત: ।।'

અર્થાત્– 'જે ક્ષુદ્ર, લોભી, દીન, મત્સરવાળો, ભયવાન, શઠ, અજ્ઞાની અને નિષ્ફલ આરંભકરનારો જીવ છે તે ભવાભિનન્દી કહેવાય છે.'

આવા ભવાભિનન્દીને ભગવાનની તારક આજ્ઞા શા માટે ન આપવી ? તે અંગે કહે છે કે– તે જીવોના અનુગ્રહને માટે જ, તેમના હિતને [illegible] આપવી યોગ્ય નથી. તે અંગે કહ્યું છે કે–

'અપ્રશાન્તમતૌ શાસ્ત્ર સદ્ભાવપ્રતિપાદનમ્ ।
દોષાયાભિનવોદીર્ણે, શમનીયમિવ જ્વરે ।।'

અર્થાત્–'જેની મતિ પ્રશાન્ત-સ્થિર ન હોય [illegible] કહેવા તે નવા આવતા-ચઢતા જ્વર-તાવવાળાને તાવ દૂર [illegible] અહિતને માટે જ થાય છે.'

આ જ વાતને કાચા ઘડામાં પાણી નાંખવાના દૃષ્ટાન્ત [illegible]

'આમે ઘડે નિહિત્તં, જહા જલં તં ઘડં વિણાસેઇ ।
ઇય સિદ્ધિંતરહસ્સં, અપ્પાહારં વિણાસેઇ ।।'

એટલે કે–'જેમ કાચા માટીના ઘડામાં નાંખેલું જલ, તે જલનો અને ઘડાનો જ વિનાશ કરે છે તેમ અયોગ્ય આત્માને આપેલું સિદ્ધાન્તનું રહસ્ય તેના આધારભૂત આત્મા-નો-તેનો જ વિનાશ કરે છે. અર્થાત તેનું અહિત કરે છે.'

માટે ભગવાનના શાસનનાં રહસ્યોને કાચા પારા જેવો કહ્યો છે જે જેને તેને પચે નહિ, તેના માટે તો તપ-જપાદિ કરી ઘણી યોગ્યતા મેળવવી પડે, તે પછી તે રહસ્યો અપાય તો આત્મામાં પરિણામ પામે અને અનેકને લાભદાયી બને. બાકી જેને તેને આપવાથી શું નુકશાન થયું છે તે આજે પ્રત્યક્ષ દેખાય છે.

આ જ કારણથી અયોગ્ય જીવોને આ આજ્ઞા ન આપવી એ જ તેઓ ઉપરની સાચી માવ કરૂણા છે. અને આ કરૂણાથી જ તેઓના અહિતનું નિવારણ કરી શકાય છે, અહિત થતું અટકાવી શકાય છે માટે તે કરૂણા એકાન્તે પરિશુદ્ધ છે, અને તેથી કરીને જ સારા રીતે વિચારપૂર્વક, હેયોપાદેયને જાણીને હેયના ત્યાગ અને ઉપાદેયમાં આદર પૂર્વક પ્રવૃત્તિ કરવાથી અવિરાધનાનું ફળ આપનારી છે. પરંતુ આ કરૂણામાંદાને

અપથ્યની તીવ્ર ઇચ્છા થાય તો અપથ્ય આપવાભૂત, પરિણામે ભલે તેનું અહિત થાય તેવી આ કરૂણા નથી. તેથી જ આવી ભાવકરૂણા ત્રિલોકનાથ એવા દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્મા ઉપરના બહુમાનનું કારણ હોવાથી નિઃશ્રેયસ-મોક્ષને સાધનારી છે.

અર્થાત્ આગમના રહસ્યોથી અજ્ઞ એવા જીવને આવી સાચી ભાવ કરૂણા હોતી જ નથી પરંતુ સદ્ગુરુની નિશ્રામાં રહી તેઓની આજ્ઞા મુજબ અભ્યાસાદિ કરી યોગ્યતા મેળવી, આગમના રહસ્યોને પામી અને તેને આત્મામાં પરિણામ પમાડનાર જીવમાં જ આવી સાચી [illegible] હોય છે. જેના હૈયામાં ગમે તેવા પાપી, અપરાધી જીવ ઉપર પણ તિરસ્કાર [illegible] પરંતુ કર્મવશ જીવને જાણીને તેનું હિત-કલ્યાણ કેમ થાય તે [illegible] છે. અમારા પરિચયમાં આવેલા સંસારમાં ન રખડી જા. તે જ ભાવના [illegible] મહાપુરુષોને જ આગમના રહસ્યો પરિણામ પામ્યા છે તેમ કહેવાય [illegible] તેઓને [illegible] શ્રી જિનેશ્વરદેવો ઉપર, શ્રી જિનેશ્વર દેવોના [illegible] હૃદયપૂર્વકનું સાચું બહુમાન હોય છે, જગતના [illegible] આત્મકલ્યાણ સાધે તે જ ઇચ્છા હોય છે તેથી [illegible] સાચી ભાવકરૂણા મોક્ષને સાધનારી બને છે. અર્થાત્ [illegible] પામે છે.

આ 'પ્રવ્રજ્યા ફળ' નામનું પાંચમું સૂત્ર પૂર્ણ થયું.

॥ ઇતિ પ્રવ્રજ્યાફલસૂત્રમ ॥
॥ ઇતિ પચ્ચસૂત્રં સમાપ્તમ્ ॥

પ્રાન્તે ટીકાકાર સુવિહિતશિરોમણી પૂ. આ. ભ. શ્રી હરિભદ્ર સૂ. મ. પોતે પ્રાર્થના કરે છે કે અર્થાત અન્ત્ય મંગલ કરતાં કહે છે કે–

'ભગવતી એવી શ્રુતદેવીને નમસ્કાર થાઓ ! નમસ્કાર કરવા લાયક સર્વ પૂ.ને નમસ્કાર થાઓ ! વંદન કરવા લાયક સર્વ વંદનીયોને હું વંદન કરું છું. સઘળાય ઉપકારી મહાત્માઓના વૈયાવચ્ચને અમે ઇચ્છીએ છીએ. આ સર્વેના પ્રભાવથી ધર્મમાં મારી ઉચિત પ્રવૃત્તિ હો. જગતના સઘળાય જીવો સુખી થાઓ... સુખી થાઓ...

સર્વેષાં કલ્યાણમસ્તુ । ભદ્રમસ્તુ । શુભં ભવતુ ॥

પ. પૂ. પરમોપકારી ભવનિસ્તારક ગુરૂદેવની કૃપાથી પ્રાપ્ત બોધને અનુસારે આત્મકલ્યાણ અને સ્વાધ્યાયને માટે આનો ભાવાર્થ લખ્યો છે. મતિમંદતા છદ્મસ્થાદિના કારણે શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે શ્રી સૂત્રકાર પરમર્ષિ કે શ્રી ટીકાકારો પરમર્ષિના આશય વિરૂદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના સહ વિરમું છું.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

[૬૮] રામ-લક્ષ્મણનો કારમો પરાજય

'સારથિ! રથને શત્રુ તરફ હંકાર.'


એ નહિ બની શકે, પ્રભો! નવા પેદા થયેલા આ શત્રુએ શર-સંધાન કરી કરીને કંકપત્રોથી (બાણોથી) વિંધિ નાંખી ને અંચોને હંફાવી દીધા છે... ચાબુક ચલાવવા જેટલી પણ તાકાત આ શત્રુએ મારામ રહેવા નથી દીધી.'

ભામંડલ ભાણેજને યુદ્ધ ન કરવા સમજાવવા આવેલા પણ બન્ને કુમારોએ મામા ભામંડલને જ સમજાવી દીધા.

સંગ્રામ શરૂ થયો. સુગ્રીવાદિ ખેચરો આ ભૂમિ ઉપર રહેલા સૈન્યને કયાં ક ખલાશ કરી ના નાંખે તેવી બીકથી ભામંડલ યુદ્ધમાં આવ્યા. સુગ્રીવાદિએ ભામંડલને પૂછયું કે-આ કોણ છે? ભામંડળે લવકુશની રામપુત્ર તરીકે ઓળખ આપતાં સુગ્રીવાદિ ખેચરો યુદ્ધમાંથી ખસી જઈને સીતાદેવી પાસે આવીને તેમની આગળ જ બેસી ગયા.

સાગર જેવા દુર્ધર દોમ્મન્ત=બાહુબળી બંને વંશોએ સંગરભૂમિમાં સિંહની જેમ સ્વેચ્છા મુજબ વિચરી વિચરીને રથી, સારથી કે નિષાદી દરેક શત્રુને શસ્ત્રહીન કરી નાંખ્યા.

રાજા સૈન્યનો ખુડદો બોલાવી ગયેલ બન્ને વીર પુત્રો જરાય અટકયા વગર સીધા જ રામ-લક્ષ્મણ [illegible] યુદ્ધમાં આવી ગયા.



તે બંનેને જોત[illegible] એક-બીજાને કહે છે [illegible] કુમારો છે પણ અત્ય[illegible] શત્રુ બનીને સંગ્રામ કરે [illegible] તેમના ઉપર સ્નેહ[illegible] તરફ લડવ[illegible] કુમારોને ભેટી પડીને [illegible] મન થાય છે. જ્યારે બીજુ [illegible] યુદ્ધ કરવા પ્રેરણા થાય છે. રામ-લક્ષ્મણ આમ બોલી રહ્યા છે ત્યાં જ લવણે રામને અને અંકુશે લક્ષ્મણને સૌષ્ઠવ અને વિનય પૂર્વક કહ્યું કે-

જગત વિજેતા પરાક્રમી રાવણ જેવા ના નાશ કરીને વિજયી બનેલા વીરયુધ્ધ ની તમન્નાવાળા આપને અમે સદ્ભાગ્યે આજે ઘણાં લાંબા સમયે નજરો નજર નિહાળ્યા.


ખરેખર રાવણ વડે તમારી રણ-તમન્ના પૂર્ણ થઇ નહી હોય માટે હું તમારી તે તમન્નાને પૂર્ણ કરી આપીશ.

તમે પણ મારી આવી જ ઇચ્છા પૂર્ણ કરી દેજો.'

લવ-કુશે આટલુ બોલીને પોતાના ધનુષ્યના ગગનભેદી ટંકારો કર્યો. રામ-લક્ષ્મણે પણ ધનુષ્યના ગગનભેદી ટંકારો કર્યો.

કૃતાન્તવદન સારથિએ રામના અને વજ્રજંઘ રાજાએ લવના રથને અંતર રાખીને સામસામા લાવી દીધા.

વિરાધે લક્ષ્મણના અને પૃથુરાજાએ કુશના રથ[illegible] રાખીને સામસામા લાવી દીધા.



યુદ્ધ[illegible] પરાક્રમી પુરૂષો શસ્ત્રાસ્ત્રો

[illegible] પિતા તથા કાકાની [illegible] ત્યાં સુધી રક્ષાત્મક જ યુદ્ધ કરતાં હતા. જ્યારે આ વીર પુત્રો પોતાના જ સગા પુત્રો છે તેવી વાતથી અજાણ રામ-લક્ષ્મણ નિઃશંકપણે શસ્ત્રોનો મારો ચલાવતા હતા.

જાત-જાતના આયુધોથી યુદ્ધ કરીને યુદ્ધનો અંત લાવવા રામચંદ્રજીએ કૃતાંત-વદન સારથિને કહ્યું કે- 'સારથિ રથને શત્રુ તરફ હંકાર.'

સારથિએ કહ્યું સ્વામિન્! હવે એ શક્ય નથી, શત્રુકુમારે નારાચ (=બાણ)ના નિશાનો તાકી તાકીને આ અશ્વોને અંગ-અંગમાં વિંધી નાંખીને લોહી લુહાણ કરી મુક્યો છે. હવે તો તેણે અશ્વોને અત્યંત હંફાવી દીધા છે. શત્રુ તરફ એક ડગલું પણ હવે આ અશ્વ ચાબુકથી ફટકારવા છતાં આગળ વધી શકે તેમ નથી. દુશ્મનના અસ્ત્રોએ આ રથના ભૂક્કે-ભૂક્કા બોલાવી દીધા છે. દુશ્મને બાણોના મારો કરી કરીને મારા આ હાથને રૂધિર નીતરતા કરી મૂકીને ચાબુક કે લગામ ચલાવવા જેટલી પણ તાકાત મારા હાથમાં રહેવા નથી દીધી.

રામચન્દ્રજી પણ બોલ્યા કે મારૂં પણ વજ્રાવર્ત ધનુષ્ય કશુ કામ ન આવ્યું. શત્રુનો સંહાર કરી નાખનારા આ રૌદ્રાસ્ત્ર રત્ન કે હળરત્ન પણ શત્રુ સામે નકામા થઈ ચૂક્યા છે.

યક્ષોથી રક્ષણ પામેલા આ શસ્ત્રાસ્ત્રોની પણ એજ દશા થઈ છે.

રામચંદ્રજીની જેમ લક્ષ્મણજીના પણ શસ્ત્રાસ્ત્રોને અંકુશે નિષ્ફળ કરી નાંખ્યા હતા.

અને... એટલામાં જ... કુશ-અંકુશે એક જ બાણ છોડીને સૌમિત્રીને છાતીમાં વીંધી નાંખ્યા. મૂર્છા ખાઇને લક્ષ્મણ રથમાં જ ઢળી પડયા. લક્ષ્મણજી રથમાં ઢળી પડતાંની સાથે જ વિરાધે રથને જલ્દીથી અયોધ્યા તરફ લઇ લીધો.

થોડીવારમાં ભાનમાં આવેલા લક્ષ્મણે ગુસ્સા સાથે વિરાધને કહ્યું કે- તેં આ શું કર્યું? રણમાં શત્રુને પીઠ બતાવડાવી?

રામના ભાઇ અને દશરથના પુત્ર માટે તેં આ તદ્દન અનુચિત કર્યું છે. હવે જલ્દીથી રથને ત્યાં લઇ જા. જ્યાં મારો શત્રુ ઉભો છે.

હમણાં જ અમોઘ ગતિવાળા ચક્રથી શત્રુન શિર્ષનો ઉચ્છેદ કરી દઉં છું.'

ત્યારે અંકુશ સામે લક્ષ્મણને લાવતાં 'તું ઉભો રે' જે.' એમ બોલતાં જ લક્ષ્મણે ચક્ર ઉઠાવ્યું. આકાશમાં તીવ્ર વેગથી ઘુમાવીને ક્રોધાયમાન બનેલા લક્ષ્મણે અંકુશ-કુશ ઉપર ચક્ર છોડી દીધું.


લવ-કુશે ચક્રને તોડી પાડવા અનેક શસ્ત્રો ફેંકયા પણ પ્રચંડ વેગથી ચક્ર છેક અંકુશની નજીક આવી ગયુ. (લોકોમાં હાહાકાર મચી ગયો.) પરંતુ અંકુશને પ્રદક્ષિણા દેઇને માળા તરફ પંખી પાછુ જાય તેમ લક્ષ્મણના હાથમાં પાછુ આવીને ચક્ર સ્થિર થયુ. લક્ષ્મણે ફરીવાર ચક્ર મુકયુ. પણ ફરી પ્રદક્ષિણા દઇને ચક્ર લક્ષ્મણ પાસે શત્રુના શિર્ષનો સંહાર કર્યા વિના જ પાછુ ફર્યું.

દુ:ખી દુ:ખી થઇ ગયેલા રામ-લક્ષ્મણજીએ વિચાર્યું કે- 'શું આ ભારતમાં બળદેવ અને વાસુદેવ આ બન્ને છે. અમે બન્ને નહિ ?

આ જ સમયે સિધ્ધાર્થ સાથે નારદજી એ આવીને રામ-લક્ષ્મણજીને કહ્યું કે- પુત્રોથી પિતા તથા કાકાનો પરાજ્ય એ વિષાદ માટે નહિ પંણ આનંદ માટે હોય છે. સીતાના આ બન્ને પુત્રો માત્ર તમારા દર્શન કરવા યુધ્ધના બહાને આવેલા. આ કંઇ તમારા શત્રિ નથી. આ બન્ને સીતા-પુત્ર હોવાની સાબિતી ચક્રનું પાછા ફરવું તે જ છે.

સીતાના ત્યાગથી યુધ્ધના છેડા સુધીનો સઘળો વૃતાંત નારદે કહ્યો.

વિસ્મય, શરમ, ખેદ અને હર્ષ પામેલા રામચંદ્રજી લક્ષ્મણ સાથે જલ્દીથી લવ-કુશ તરફ ચાલ્યા. [illegible] ને કાકાને આવતા જોઇને [illegible] તરત જ શસ્ત્રોને ફેંકી [illegible] ઉતરીને પિતા તથા કાકાના પ[illegible]



રામચંદ્ર[illegible] ચુંબનોથી ભરી દઇને 'કાકા શત્રુઘ્નના પગમાં પડેલા ચુંબન કરીને શત્રુઘ્નએ પણ બન્ને હાથેથી બન્નેને છાતીએ વળગાડયા.

બન્ને સેનાના બીજા રાજાઓ પણ હર્ષાશ્રુ સાથે ખુશ-ખુશ થયા.

પોતાની કૂખના અજોડ પરાક્રમને જોઇને અને પિતા-પુત્રોનો મેળાપ જોઇને અત્યંત ખુશ થયેલા સીતાદેવી વિમાન દ્વારા પાછા પુંડરીક નગર ચાલ્યા ગયા.

આ બાજુ રામચંદ્રજીએ બન્ને પરાક્રમી પુત્રોનો અત્યંત ઉત્સાહ અને ધામ-ધુમપૂર્વક અયોધ્યા પ્રવેશ કરાવડાવ્યો.

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષે

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ) ૨. શ્રી શાંતિ નાથ [illegible] જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિના[illegible] શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

[illegible] શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આ[illegible]ાળા, ભોજનશાળા.

[illegible]પોળ જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે [illegible]રને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા [illegible]આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મુ. ભાભર, તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનુ નકકી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન ૮૪૨૬૯૭૧

વિશ્વાસઘાત મહાપાપ

(ગતાંકથી ચાલુ)

—શ્રી વિરાગ

મિત્રતા ભૂલી પોતાના સ્વાર્થ સજવા તૈયાર થયેલા આ માનવીની શું દશા થશે? આપશ્રીની મહેરબાનીથી તો હું બચી ગયો. પરંતુ આ વિસંકલિષ્ટ માનવી કઈ રીતે ઘરે પહોંચ્યો? શું તમે તેને જીવતો છોડશો ખરા? જ્યારે તે ઝાડ પરથી નીચે ઉતરશે ત્યારે તે ચોકકસ તમારું ભક્ષણ બનશે. હું પણ તો તેને બચાવી શકું તેમ નથી કારણ કે દગાબાજ માનવીનો વિશ્વાસ કરવો યોગ્ય નથી.

વળી, મારી જેમ જે પોતાનું કુળ, જાતિ, સમુદાયને છોડી બીજાની કંઠી બાંધવા જાય છે અર્થાત્ સંબંધ જોડે છે. તેની છેવટે આવી જ ગતિ થાય છે. હું પશુ-એ મનુષ્ય, મારે ને એને પ્રીતિ શી? છતાં મેં વિજાતીય સાથે પ્રીતિ કરી તો તેનું આવું કડવું ફળ મને ચાખવા મળ્યું.

વાનરનું નગ્ન સત્યતા ભરેલી વાત સાંભળી વાઘ ઉત્તર આપે તે પહેલાં માનવી થરથર કાંપવા લાગ્યો. પોક મુકીને રડવા લાગ્યો. કાંઈક વાણી ઉચ્ચારે તેની પહેલા વાઘ અને વાનર બન્ને અસલ રૂપમાં પ્રગટ થયાં. બંને દેવ હતા. રાજપુત્રની પરિક્ષા કરવા માટે રૂપ બદલીને આવ્યા હતા. સૂર્ય દેવતા સવારી પર આરૂઢ થાય તેની પહેલાં રાજપુત્રને ગાંડો કરી બંને દેવો ચાલ્યા ગયા. રાજપુત્ર ઝાડ ઉપરથી ઉતરી આમતેમ ભટકવા લાગ્યા. 'વિશમેરા-વિશમેરા'નો બકવાટ ચાલુ કર્યો.

દિવસે ગયેલો માનવી જો રાત્રે પાછો ન ફરે તો સૌને ચિંતા થાય અને તેની શોધખોળ શરૂ થઇ જાય. તેમ ઘણી રાત્રિ પસાર થવા પામી છતાં પણ કુંવર પાછો ન ફર્યો ત્યારે સૌના મન ચિંતીત બન્યા. નયનોમાં અધીરાઇ દેખાવા લાગી. ઇશારાથી સૌ કોઇ એક બીજાને પૂછી રહ્યા હતા. નંદરાજાએ આજ્ઞા કરી કે [redacted] દશેય દિશાઓ ખુંદી વળો. પાતાળ એક કરો. આપણા લાડીલા પુત્રની ભાળ મેળવી લાવો.

અશ્વ દોડ રમતાં આપ્તજનો પળવારમાં નગરની બહાર નીકળી ગયા. ભયાનક અટવીમાં શોધખોળ ચાલુ થઈ ગઇ. કોઈક ભીતરની ભીતરમાં જતાં જતાં કોઈક માનવીનો અવાજ સંભળાયો. અશ્વના કાન સરવા થઇ ગયા. સેવકના મન મંથન કરવા લાગ્યા. દિશા બદલાઈ ગઇ ઘોડાની ચાલ પણ બદલાઇ ગઇ. વાયુવેગે દોડતો અશ્વ ધીરે ધીરે દોડવા લાગ્યો. માનવીનો ધીમો અવાજ ધીરે ધીરે સ્પષ્ટ થવા લાગ્યો.

'વિશમેરા-વિશમેરા' ભાઇ! માનવીનો અવાજ સ્પષ્ટ સંભળાય છે. પણ શું બોલે છે તેની ખબર પડતી નથી. સમજાતું નથી.

ચાલો હજી આગળ જઇએ. આગળ જતાં ભયાનક ઝાડીમાં 'વિશમેરા-વિશમેરા' બોલતા રાજપુત્રને દીઠો.

આપ્તજનો રાજપુત્રની સમીપે આવ્યા. રાજપુત્રને ઘોડે બેસાડી રાજભવને લાવ્યા. રાજપુત્રનો બકવાટ ચાલુ હતો તે જોઇ રાજા વિચારમાં પડયો ખરેખર ! આ ગાંડો થઇ ગયો લાગે છે.

મંત્રીશ્વર બહુશ્રુતની સાથે મસલત કરી અનેક વૈદ્યોને બોલાવ્યા, અનેક ઔષધો પણ કર્યા. મંત્ર-તંત્ર-વાદીઓને બોલાવી પ્રયોગો [illegible] કરાવ્યા. જાતજાતના, ભાત ભાતના [illegible]-પ્રયોગો કરવા છતાં પણ [illegible] રાજપુત્ર સ્વસ્થ થતો નથી. [illegible] રીતે ચાલે અને સારો થાય [illegible] તા સૌના મુખ પર રમતી હતી.

રાજાએ ગામમાં પડહ વગડાવવાનું સૂચન કર્યું 'જે કોઇ મારા પુત્રનું ગાંડાપણું દૂર કરશે તેને મારું અડધું રાજ્ય આપીશ.'

આ પ્રસંગે રાજાએ મંત્રીશ્વરને કહ્યું, હે બહુશ્રુત ! જો અત્યારે સર્વ વિદ્યા-વિજ્ઞાનમાં પારંગત એવા મારા ગુરુ શારદાનંદન હાજર હોત તો મારું આ દુઃખ સહજ રીતે દૂર થઇ જાત મેં મરાવી નાખ્યા હવે પશ્ચાતાપ થાય છે.

ગામમાં પડહ ફરવા લાગ્યો. મંત્રીશ્વર કાંઇક બહાનું કાઢી પોતાના ભવને ગયા. ફરતો ફરતો પડહ મંત્રીશ્વરના ભવને આવ્યો. મંત્રીશ્વરે સ્પર્શ કર્યો, બીડું ઝડપ્યું. રાજમંદિરે આવી રાજાને કહ્યું.

હે સ્વામિનાથ ! મારી પુત્રી નાના પ્રકારની વિદ્યાઓ જાણે છે. વિજ્ઞાનાદિનું બહોળું જ્ઞાન ધરાવે છે. મને વિશ્વાસ છે તે કદાચ આપશ્રી લાડીલા પુત્રનું ગાંડપણ દૂર કરી શકશે. અસલ સ્થિતિમાં લાવશે. આ સાંભળી રાજા રાજી રાજી થઇ ગયો. હે રાજસેવકો જાવ. મંત્રીશ્વર પુત્રીને પાલખીમાં બેસાડી બહુમાન પૂર્વક રાજમહેલે લાવો.

મંત્રીશ્વર શારદાનંદનને તેડી લાવ્યા. એક કંતાન તણાવી તેને અંતરે શારદાનંદનને બેસાડયાં, હાજર થયેલા કુંવરની સર્વ સ્થિતિ પોતાની વિદ્યા-વિજ્ઞાન વડે જાણી લીધી અને પછી એક શ્લોક બોલ્યા. તેનો ભાવાર્થ આ પ્રકારે છે.

વિશ્વાસ ધારણ કરનારને ઠગવામાં કાંઇ પંડિતાઇ નથી બોળામાં સુનારને જે હણે છે તેમાં કાંઇ પરાક્રમ ગણાતું નથી.

આ શ્લોકાર્થ સાંભળતા જ રાજકુમારે 'વિ' બોલવો છોડી દીધો. ગાંડપણ ગયું નહોતું. 'શમેરા-શમેરા'નો બકવાટ ચાલુ હતો તેથી પંડિતવર્યે બીજો શ્લોક નીચેના ભાવાર્થવાળો કહ્યો.

સમુદ્ર કિનારે જાય અને જ્યાં ગંગા ભેગી થતી હોય ત્યાં સ્નાન કરે તો બ્રહ્મહત્યા કદિ દૂર જાય પરંતુ મિત્રદ્રોહી શુદ્ધ થાય.

શ્લોકના મર્મને વિચારતાં જ કુંવરે 'સ' બોલવો પડતો મૂકયો 'મેરા-મેરા' બોલવા લાગ્યો. આ જોઈ પંડિતે ત્રીજી સોગટી મારી.

મિત્રદ્રોહી, કૃતઘ્ની, ચોર અને વિશ્વાસ-ઘાતિ એ. ચાર અઘોર પાપી કહેવાય છે. તેઓ સૂર્ય ચંદ્ર ઉગે ત્યાં સુધી નરકમાં રહે છે.

ભાવાર્થનો ઇદમ પર્યાય ખુલતાં જ રાજપુત્રે 'મે' બોલવો છોડવી દીધો અને 'રા-રા' બોલવા લાગ્યો. આ જોઈ બ્રહ્મ ઋષીએ ચોથો અને છેલ્લો દાવ નાંખ્યો

રાજન્! જો પુત્રનું કલ્યાણ ઇચ્છતા હોય તો સુપાત્રને દાન આપો કારણ કે ગૃહવાસી દાન દેવાથી જ ચોખ્ખા થાય છે.

આ શ્લોક સાંભળતા જ વિજયપાળે 'રા' બોલવો પડતો મૂકયો અને તરત જ સ્વસ્થ થયો. ત્યારબાદ મંત્રી પુત્રીએ રાત્રિનો સઘળો વૃતાંત સવિસ્તારથી કરી સંભળાવ્યો. છેલ્લે કહ્યું આ રાજકુમાર જેવો અધમી કોઇ નથી. પશુ જેવો પશુ પણ જો વિશ્વાસુ બનતો નથી ત્યારે આ તો નીચની અને વિશ્વાસઘાતી બન્યો ખરેખર! અધમમાં અધમ કાર્ય એમને કર્યું છે. વિશ્વાસે કરેલી વાત પણ ભૂલી જઇ પોતાનો સ્વાર્થ સાધવા તૈયાર થયેલો માનવી (પોતાના માનેલાનો) બીજાનો વિચાર પણ કરતો નથી સ્વાર્થની બાજી ખુલ્લી થાય છે ત્યારે સામેવાળો માનવી...

સર્વ સ્વાર્થ ભરેલી કથા સાંભળી, રાજપુત્ર અને રાજા વિસ્મયપણાને પામ્યા. રાજાએ પ્રશ્ન કર્યો, કુંવરનો સઘળો વૃતાંત તમારા વડે કઇ રીતે જણાવ્યો.

પડદામાંથી ધ્વનિનું ઉચ્ચારણ થયું. હે રાજેન્દ્ર, વિચારમાં પડશો નહિ મેં જે કહ્યું તે સાચું છે. પુત્ર હવે સ્વસ્થ થયો છે મારા વડે કરાયેલી સઘળી વાતો યથાર્થ સમજવી.

હે ભાનુમતિનું તીલક! મારી જીભ પર શારદાનો વાસ છે. મને જ્ઞાન-વિજ્ઞાનનો પ્રકાશ થયેલો છે. સમુદ્ર મડદાને કયારે પણ સંધરતું નથી તેમ છીછરા મનવાળો માનવી, બીજાએ પોતાના માનીને કરેલી વાતો પણ તેમના પેટમાં સંધરતો નથી. અનેક ગુણોનો વિનાશ કરનાર આ પ્રબળ દુર્ગુણને ત્યજી દેવો જોઇએ. પૂર્વ ભવના પુન્યના કારણે વિશ્વાસઘાતી પ્રાણી અનેક દુઃખમાંથી બચી જાય છે [illegible] કરેલ વિશ્વાસઘાત પ્રચ્છન્નપણે પ્રગ[illegible]વાથી યશ મળે છે પરંતુ પરભવે કેવા વિપાકો ભોગવવા પડે છે તેનો વિચાર કરી લેવા જેવો ખરો?

માટે રાજન ગંભીર બનો, થોડો વિચાર કરો, સમજીને વાણીનું ઉચ્ચારણ કરો. જેવી સ્થતિ શારદાનંદનની થઇ તેવી સ્થિતિ બીજાની ન થાય તેની કાળજી રાખજો બસ! આટલું બસ.

રાજા મંત્રી પુત્રીની વાતસાંભળી હર્ષીત થયો. મનોમન પોકાર થયો. આ અવાજ કુંવરીનો નથી પણ મારા પરમોપકારી

(અનુ. પેજ ૬૦૬)

શાસન સમાચાર

પાલિતાણા– (સૌરાષ્ટ્ર) શ્રી શત્રુંજય મહા તીર્થની શીતળ છાયામાં વૈ. સુદ–૩ ના મંગળ દિને વર્ષીતપના પારણા અર્થે જુદા જુદા શહેરો અને ગામોથી સેંકડોની સંખ્યામાં વર્ષીતપના આરાધકો પધારેલ. ૫૦ જેટલા પૂ. સાધુ–સાધ્વીજી મહારાજોને પણ વરસીતપની પૂર્ણાહુતિ સુખરૂપે થયેલ.

પૂ. શાંત તપોમૂર્તિ આ. શ્રીમદ્ વિજય શાંતિચંદ્ર સૂ. મ. ના સમુદાયના શાંત–સરળ સ્વભાવી પૂ. સા. શ્રી સૌભાગ્યશ્રીજી મ. ના શિષ્યારત્ના ગાંલિયાદિ ગુણોથી વિભૂષિત સા. શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મ. તથા [redacted]ના શિષ્યા પ્રશિષ્યા સા. શ્રી [redacted]શ્રીજી, સા. શ્રી સિદ્ધાંતપ્રજ્ઞાશ્રીજી સા. શ્રી સંયમદર્શિતાશ્રીજી, સા. શ્રી સુદક્ષિતાશ્રીજી આમ પાંચે પૂ. સા. મ. ને વરસીતપની પૂર્ણાહુતિ થતી હોઇ આદીશ્વરદાદાની યાત્રા અને પારણા નિમિતે સુરેન્દ્રનગરથી વિહાર કરી અમદાવાદ વગેરે સ્થળોએ થઇ ચૈત્ર વદમાં અત્રે બનાસકાંઠા ધર્મશાળામાં પધાર્યા હતાં.

તેઓશ્રીના વરસીતપની પૂર્ણાહુતિ નિમિતે તેઓના સંસારી સગાઓ વગેરે તેરવાડા, ભાભર, કુવાળા, લુદરા વગેરે સ્થળોએથી સારી સંખ્યામાં પધારી પૂજા–અંગરચના, ભાવના, પ્રભાવના, સંઘ પૂજન તેમજ તપસ્વીઓનાં પગલાં કરાવી ગુરુ ભક્તિનો સારો એવો લાભ લીધેલ. વૈ. સુદ–૨ ના (મહારાષ્ટ્ર) ભુવન ખાતે બિરાજમાન પૂ. આ. શ્રી રવિપ્રભ સૂ. મ. પૂ. આ. શ્રીમદ્ મહાબલ સૂ. મ. આદિ તેમજ તપસ્વી પૂ. સા. મ. આદિનાં બેંડવાજા સાથે વાજતે-ગાજતે સાબરમતી ધર્મશાળાના વિશાળ હોલમાં પધરામણી કરાવેલ. પૂ. આ. દેવોએ માંગલિક પ્રવચન કર્યા બાદ મુનિરાજશ્રી ભવ્યભૂષણ વિ. મ. મનનીય અને પ્રેરણારૂપ વરસી તપ અંગેનું પ્રવચન કર્યા બાદ સંઘપૂજન થયું હતું.

[અનુ પેજ ૯૦૫નું ચાલુ]

ગુરુદેવ શારદાનંદનનો જ છે.

હે મંત્રીશ્વર ! તમારી પુત્રી હોંશીયાર છે. જ્ઞાન-વિજ્ઞાન વિપુલપણામાં પ્રાપ્ત કર્યું છે. તેની ભાષા પણ મીઠી ને અલંકારીક છે. સાંભળનારના મનને આહલાદ ઉત્પન્ન કરનારી છે. પરંતુ તેના મુખકમળમાંથી નીકળતો ધ્વનિ મારા પરમ ગુરુદેવના જેવો લાગે છે માટે તમે મારો ભ્રમ ભાંગો ?

તરત જ મંત્રીશ્વરે પડદો ઉંચો કરાવ્યો. સંશય દૂર થયો પરમ ગુરુદેવના દર્શન થયા. હર્ષમા આંસુઓ વહેવા લાગ્યા. સાષ્ટાંગ પ્રણામ કરી સૌએ નમસ્કાર કર્યા રાજાએ પ્રધાનને ઘણી શાબાશી આપી

'તારા જેવા દીર્ઘ દૃષ્ટિવાન મંત્રીશ્વરથી જ મારો પુત્ર સારો' થયો અને જ્ઞાન વિજ્ઞાનના આકાર સમા શ્રી શારદાનંદન ગુરુના પ્રાણ બચી ગયા ત્યાર પછી રાજા અને પુત્રે વિશ્વાસઘાતનો સંપૂર્ણ ત્યાગ કરી સૌ સુખી થયા. [સંપૂર્ણ]

જ્ઞાન ગુણ ગંગા

—શ્રી પ્રજ્ઞાંગ

૦ વસ્તુનો સામાન્ય રૂપે બોધ થાય તેને 'દર્શન' કહેવાય છે. આ ઉપચારનયે છે પરંતુ વિશુદ્ધ નયે તો 'અનાકાર જ્ઞાન' તેને દર્શન કહ્યું છે. કેમકે, શ્રી તત્ત્વાર્થ વૃત્તિમાં કહ્યું છે કે–

'औपचारिकनयस्य ज्ञानप्रकारमेव दर्शनमिच्छति। शुद्धनयः पुनः अनाकारमेव संगीरते दर्शनम। आकारवच्च विज्ञानम। आकारस्य विशेषनिर्देशो भावस्य पर्यायतः। प्रोक्तस्य च दर्शनसमन्तरमेव संपद्यते अन्तर्मुहुर्त्तकालभावित्वात। आकारपरिज्ञानाच्च प्राक् आलोचनं अवश्यं अभ्युपेयम। अन्यथा प्रथमतः एव पश्यतः किमपि इदमिति कुतः अव्यक्तबोधनं स्यात। यदि च आलोचनमंतरेण आकारपरिज्ञानोत्पाद एव पुसः स्यात तथासति एकसमयमात्रेण स्तंभकुंभादीन विशेषान गृहणीयात इति॥'

ઔપચારિક નય પ્રમાણે જ્ઞાન પ્રકાર જે દર્શન કહેવાય અને શુદ્ધનય પ્રમાણે અનાકારજ્ઞાન એ જ દર્શન કહેવાય. કેમકે વિજ્ઞાન વિશેષ જ્ઞાન આકારવાળુ હોય. આકાર એટલે પર્યાયથી કહેલા ભાવનો વિશેષ નિર્દેશ. અને દર્શનની પછી તુરત જ થાય છે, કેમકે એનો સ્થિતિકાળ અન્તર્મુહુર્ત્ત જેટલો જ છે. વળી આકારના પરિજ્ઞાનની પૂર્વે આલોચના વિચારતો અવશ્ય સ્વીકારવો જ પડશે. કેમકે, જો તેને ન સ્વીકારીએ તો પ્રથમ દર્શન સમયે જ 'આ કંઇક છે' એવો અવ્યકત બોધ કયાંથી થાય ? વળી જો વિચાર કર્યા વિના જ માણસને આકારના જ્ઞાનની ઉત્પતિ થાય તો તે એક જ સમયમાં સ્તંભ કુંભ આદિ વિશેષોને ગ્રહણ કરે.

૦ 'અપર્યાપ્ત' જીવો ઓજ આહારી છે. દેહપર્યાપ્તિવાળા જીવો લોમ આહારી છે. રોમજસ આહાર અનાભોગ જ હોય છે જયારે લોમ આહારમાં ભોગ હોય ખરો અને ન ય હોય એકેન્દ્રિયોના લોમાહારમાં ભોગ હોતો નથી. એકેન્દ્રિ પ્રાણીઓને આ ભોગ આહારનથી, અનાભોગ છે.

એગેંદિયાણંનો આભોગનિવ્વત્તિએ અણણુભોગ નિવ્વત્તિએ ઇતિ।'

૦ ઉપશમ શ્રેણિ ઉપર અપ્રમત્તયતિ જ ચઢી શકે એ પ્રમાણે કર્મગ્રન્થની અવ-

ચૂરિમાં કહેલ છે. જ્યારે કેટલાક આચાર્યો કહે છે કે– અવરિત, દેશવિરત, પ્રમત્ત કે અપ્રમમ હરકોઇ યતિ તેના ઉપર આરૂઢ થઇ શકે છે.

'કર્મગ્રન્થાવચૂરૌ તુ ઇ હોપશમશ્રેણિકૃત અપ્રમત્તયતિરેવ। કેચિદાચાર્યા અવિરત દેશવિરત પ્રમત્તાપ્રમત્તયતીનામન્યતમઃ ઇત્યાહુરિતિ દશ્યતે ।।'

૦ પ્રથમના ત્રણ સંઘયન વાળા જીવો જ ઉપશમ શ્રેણિનો આશ્રય કરે છે, અર્ધ-નારાચ આદિ પાછળના ત્રણ સંઘયણવાળા જીવો તેનો આશ્રય કરતા નથી.

'ઉપશમશ્રેણિસ્તુ પ્રથમસંહનનત્રયેણ આસદ્યતે।' ઇતિ કર્મસ્તવ વૃત્તૌ

૦ ઉપશમશ્રેણિમાં ચઢેલો આત્મા કાળ પામે તો ચોક્કસ અનુત્તર વિમાનમાં જ ઉત્પન્ન થાય છે.

મહાભાગ્યા શ્રી વિશેષાવશ્યક ટીકામાં કહ્યું છે કે–

'યદિ બદ્ધાયુઃ ઉપશમશ્રેણિં પ્રતિપન્નઃ શ્રેણિમધ્યગતગુણસ્થાનવર્તી વા ઉપશાંતમોહો વા ભૂત્વા કાલં કરોતિ તદા નિયમેન અનુત્તરસુરેષુ એવ ઉત્પદ્યતે ઇતિ ।।'

જો કોઇ બધ્ધાયુ પ્રાણી, ઉપશમશ્રેણિએ પહોંચી જાય અથવા એ શ્રેણિમધ્યેના ગુણસ્થાનોમાં રહ્યો રહ્યો અથવા તો મોહનીય ઉપશાન્ત થયે છતે મૃત્યુ પામે તો તે દેવોને નિશ્ચયથી અનુત્તરદેવોને વિષે જ ઉત્પન્ન થાય છે.

૦ ઉપશમશ્રેણિ એક ભવમાં જીવ ઉત્કૃષ્ટથી બે વાર અને આખા ભવચક્રમાં ચાર વાર કરે.

સિધ્ધાંતના મતે તો એક જન્મમાં કાં ક્ષપકશ્રેણિ કાં ઉપશમ શ્રેણિ બેમાંથી એક જ શ્રેણી પામે. પરંતુ કર્મગ્રંથની લઘુવૃત્તિમાં એમ કહ્યું છે કે, 'એકવાર જેણે ઉપશમ-શ્રેણી કરી હોય તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી પણ પામી શકે છે. પરંતુ જે જીવે એક ભવમાં બે વાર ઉપશમ શ્રેણી કરી હોય તે જીવ તે ભવમાં ક્ષપકશ્રેણી પામી શકતો નથી.

(ક્રમશઃ)

શાસન સમાચાર

જૈન શાસન પ્રભાવક દીક્ષા મહોત્સવ

જામનગરના ઇતિહાસમાં અપૂર્વ અને અજોડ દીક્ષા પ્રસંગ

શ્રી જયેન્દ્રભાઈ બન્યા જિતધર્મ વિજયજી

જામનગરને આંગણે ઉજવાનાર શ્રી જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરણીયાના દીક્ષા મહોત્સવની મહા સુદ ૧૩ ના અમદાવાદ સાબરમતી મુકામે પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં દીક્ષા મુહૂર્ત થયું અને ત્યારથી એ જયેન્દ્રભાઇની દીક્ષાના વરસીદાનના વરઘોડાના કાર્યક્રમો ચાલુ થયા સૌ પ્રથમ બોરીવલીમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. આદિ તથા પૂ મુ. શ્રી નયવર્ધનવિ. મ.ની નિશ્રામાં શેઠ શ્રી છબીલદાસ સાકળચંદ પરિવાર હ. હેમરાજભાઇ (બટુકભાઇ) તરફથી ભવ્ય વરઘોડો ચડયો અને ત્યારથી વરસીદાનના વરઘોડાની પરંપરા ચાલી. ભારતમાં નાસિકમાં માલેગામ સુધી અને મધ્ય પ્રદેશમાં રતલામ સુધી અને રાજસ્થાનમાં સિરોહી સુધી અને પરદેશમાં આફ્રીકામાં મોંબાસા સુધી અને ગુજરાત સૌરાષ્ટ્રમાં તો ઠેર ઠેર અને મુંબઇમાં પણ સંખ્યાબંધ વરઘોડાના આયોજનો થયા અને મુમુક્ષ શ્રી જયેન્દ્રભાઇએ છૂટે હાથે વરસીદાનનો ધોધ વહાવ્યો છેલ્લે પાલીનો અભૂતપૂર્વ વરઘોડો તેમણે કાઢયો અને તે જ રીતે દીક્ષા પ્રસંગે જામનગરમાં નહી જોયેલો નહિ માણેલો અને અદ્‌ભુત અને પ્રભાવક છેલ્લો વરઘોડો નીકળ્યો.

એ જ રીતે દીક્ષા મહોત્સવની ઝલક પણ અનેરી હતી. ઓસવાળ સેન્ટરના વિશાળ પટાંગણમાં તેનું આયોજન થયું હતું પૂજા પ્રવચનો અને શાંતિસ્નાત્ર તથા મહાપૂજામાં હજારોની મેદની એકત્રિત થતી બે નવકારશી તથા એમના મામા શ્રી પી.એલ. ગોસરાણી (મોંબાસા) તરફથી સાધર્મિક વાત્સલ્ય અને દરરોજ સવારે પ્રવચનમાં અને બપોરે પૂજામાં પ્રભાવનાઓની હેલી વરસાવી જાણે જનમેદની બજારમાં ખરીદી માટે નીકળી હોય તેમ થેલીઓ ફળની સાકરની લઇને જતાં હોય તેવું લાગતુ.

વરસીદાનનો વરઘોડો ભવ્ય અને વિશાળ હતો પાંચ કિલોમીટર ફરેલો વરઘોડો જોવા જૈન અને જૈનેત્તરોની કતારો અને મેદની જામી હતી. વરસીદાન જોઇને ભલભલા ઠરી બની ગયા હતા. જૈન તો શું પણ જૈનેત્તરો પણ ઝુકી રહ્યા હતા. વિશાળ

વરઘોડાની વ્યવસ્થા એવી હતી કે બિફોર ટાઇમ ઉતરી ગયો હતો.

શનિવારે રાત્રે દીક્ષાર્થી સન્માનનો મેળાવડામાં પણ ૭૦ હજાર કુટનો મંડપ રાત્રે ૧૧-૧૨ વાગ્યા સુધી ચીકાર ભરાયેલો રહ્યો.

દીક્ષા પ્રસંગ તો અપૂર્વ બન્યો. મંડપ અને મંડપ બહાર ચીકાર મેદની હતી. રજોહરણ પ્રદાન પ્રસંગે તો સૌના રોમાંચ ખડા કરી દીધા. માત્ર જયેન્દ્રભાઇ નહિ તેમના માતા પિતા ભાઇ બહેન અરે પત્ની અને પુત્ર પણ અપૂર્વ ભાવથી નાચી ઉઠયા સભાએ તાળી પાડવા સાથે જયનાદથી મંડપ ગજવી દીધો. તેમના બનેવી તેમને ખંભા ઉપર ઉંચકી મંડપ બહાર લઇ ગયા ત્યારે દર્શન કરનારા ગગનભેદી જયનાદોથી વધાવી લેતા હતા. આવો અપૂર્વ પ્રભાવક અને અણમોલ દીક્ષા મહોત્સવ જોવાનું સૌભાગ્ય સાંપડયું તે જાતને ધન્ય માનવા લાગ્યા હતા. તે ઉજવાયેલ મહોત્સવના કાર્યક્રમોની રૂપરેખા નીચે મુજબ છે.

ઉપર છલ્લી નજરે... જામનગરનું પ્રસંગ વર્ણન

તા. ૯-૫-૬૬ ને ગુરૂવારના રોજ મુમુક્ષુ શ્રી જયેન્દ્રભાઇને જામનગરમાં પ્રવેશ કરવા માટેનું મુહુર્ત હતુ. તે દિવસે સવારે ૬-૩૦ વાગે પ્રસ્થાન કરવાનું હતું પરંતુ પ્લેન બપોરે ૨-૪૦ કલાકે ઉપડવાનું હતું આથી તે દિવસે એક શાંતિભાઇ નામના મહાભાગ્યશાળીને ત્યાં પૂ. આ. દે. શ્રી લલિતશેખરસૂરી. મ. તથા પૂ. આ. દે. શ્રી વિ. રાજશેખરસૂરી. મ. તથા પૂ. સાધ્વી હર્ષપૂર્ણાશ્રીજી, પૂ. સાધ્વીશ્રી પિયુષપૂર્ણાશ્રીજી આદિ સાધુ-સાધ્વીજી ભગવંતો સહિત ચતુર્વિધ સંઘ સાથે વાજતે ગાજતે વર્ષીદાન દેતાં દેતાં પગલાં કરવા પધાર્યા હતાં. સવારનો સમય હતો એટલે ઉછાળેલું વર્ષીદાન રોડ ઉપર ઘણી મિનિટો સુધી પડી જ રહેલુ હતું. તેથી પૈસાની સડક ઉપર ચાલત હોઇએ તેવું લાગતું હતું. સવારે પૂ. આચાર્યદેવે માંગલિક પ્રવચન સંભળાવ્યું હતું. ત્યારબાદ ત્યાં પધારેલા દરેકને પાંચ રૂા.થી સંઘપૂજન કર્યું હતું. સવારે નવકારશી થઈ ગયા બાદ નવ વાગે પ્રભુ પૂજા કરવા માટે ભારે કિંમતી પૂજાની જોડ તથા આખા શરીરે સોનાના દાગીના પહેર્યા હતા. બગીમાં બેસીને વર્ષીદાન દેતાં દેતાં તેઓ પોણા કલાકે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનમંદિરે પધાર્યા હતા. સવારના આ પ્રસંગમાં લાભાર્થીના મોટા પ્રમાણમાં આવેલા મિત્રો ખાસ આકર્ષણ બન્યા હતા. પ્રભુપૂજા કરવા તે દરેક પૂજાના કપડાંમાં આવીને અષ્ટપ્રકારી પૂજાની સુંદર સામગ્રી તૈયાર કરી હતી. દિનેશભાઇએ કાવ્યો સાથે સુંદર રીતે અષ્ટપ્રકારી પૂજા મુમુક્ષુને કરાવી હતી. ચૈત્યવંદન (પ્રભુ પાસજી તાહરૂ નામ મીઠું) તથા સ્તવન (દેખણ દે મુજે દેખણ દે) બન્ને શ્રી જયેન્દ્રભાઇ પોતે ભાવપૂર્વક બોલ્યા હતા. પૂજા બાદ બહાર આવ્યા ત્યારે જયેન્દ્રભાઇએ પૂજારી, બગીને ૧૦૦, ૫૦, ૫૦૦ની નોટ આપી હતી. અને પછી તેમણે દીક્ષા પ્રસંગે ખાસ

કામમાં લેવાના હેતુથી નવી જ વસાવેલી સી. એલ. ઓ. કારમાં બેસીને પાંચા ખાંતિ-ભાઈને ઘરે ગયા હતા. પૂજા કરવા આવ્યા ત્યારે પૂ. મોક્ષરતિ વિ. તથા પૂ. તત્ત્વદર્શન વિ. મ. સા. સાથે પધાર્યા હતા. અને તેઓની સાથે નાનુ ચૈત્યવંદન કર્યા પછી જયેન્દ્રભાઈએ અષ્ટપ્રકારી પૂજા કરી હતી.

લગભગ સાડા દશ વાગે પૂજા કરીને પાછા ફર્યા ત્યારે ત્યાં જયેન્દ્રભાઈનું બહુમાન કરનાર ઘણા લોકો આવીને બેઠા હતા. બપોરે બરાબર બાર વાગે જમવા બેઠા હતા. અને ૧ પોણા વાગે જમીને ઉઠયા પછી ૧૫-૨૦ મિનીટ આરામ કરી શકાય તેટલો સમય હતો છતાં જયેન્દ્રભાઈએ આરામ કર્યો ન હતો. દીક્ષાનું મુહુર્ત નીકળ્યા પછી અમે તેમને સતત કામમાં પરોવાયેલા જ જોયા હતા. બરાબર ૧ વાગે એરપોર્ટ ઉપર જવા નીકળ્યા હતા. લાલભાગના મિત્રો સાથે હતા.

જયેન્દ્રભાઈ તેમના પત્ની રેખાબેન, પુત્ર કુશલ તથા મિત્ર હિરેનભાઈ તથા તેમના બેન દક્ષાબેન સાથે પ્લેનમાં ગયા હતા. તેમના કેટલાક મિત્રો એજ દિવસે વાંદ્રાથી ૪ વાગે ઉપડતી હાપામાં તથા કેટલાંક કારમાં જામનગર જવા નીકળ્યા હતા. જામનગરમાં શ્રી વિમલનાથ દેરાસરથી પ્રભુજી લઈને ઓસવાલ સેંટર દીક્ષા સ્થળે તા. ૧૨-૬-૬૬ના રોજ સવારે વર્ષીદાન દેતા દેતા પૂ. આ. ભ. શ્રી અમરગુપ્ત સૂ. મ. સા., પૂ. આ. ભ. શ્રી ચંદ્રગુપ્ત સૂ મ. સા.નું પ્રયાણ કર્યું હતું તથા તે જ દિવસે ખંભાતથી ઉગ્ર વિહાર કરતાં કરતાં પધારેલ પૂ.આ.દે. શ્રી જિનેન્દ્ર સૂ.મ. આદિ મુનિવરો પોલીસ ચોકી ભેગા થયાં હતા. તથા પૂ. સા. મ. શ્રી મણિપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી પરમપ્રભાશ્રીજી, પૂ સા. શ્રી નિત્યોદયાશ્રીજી, પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી, પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી, પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી તથા પૂ. સા. શ્રી લબ્ધગુણાશ્રીજી આદિ સાધ્વીજી ભાગવંતોની નિશ્રામાં ઓશવાળ સેન્ટર પધાર્યા હતા.

અહીં જે વર્ષીદાન અપાયુ તેમાં પણ શરૂઆતમાં તો કોઇ વર્ષીદાન લેનાર ન હતું તેથી અમુક ભાગનો રસ્તો પૈસાથી છવાઇ ગયો હતો પછી તો આગળના રસ્તા ઉપર વર્ષીદાન લેનારની ભારે ભીડ જામી હતી. વર્ષીદાન દેતા દેતા જયેન્દ્રભાઇ ઓસવાળ સેન્ટર કે જે વિશાળ વિસ્તાર ધરાવે છે ત્યાં પધાર્યા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે સવારે ૯-૩૦ વાગે પૂજ્યશ્રીનું વ્યાખ્યાન હતુ. વ્યાખ્યાન બાદ એક ભાઈએ સ્વાગત ગીત રજુ કર્યું હતું. બપોરે શ્રી પંચકલ્યાણકની પૂજા હતી, રાત્રે રાજકોટથી પધારેલા અનંતભાઈએ ભક્તિરસની રમઝટ મચાવી હતી.

લાલભાગથી ખાસ પ્રભુજીને અંગરચના કરવા આવેલા જયેન્દ્રભાઈના મિત્ર વતુંળે ભવ્ય અંગરચના કરી હતી.

બીજા દિવસે જયેન્દ્રભાઇ સવારે મિત્રો સાથે વાજતે ગાજતે દર્શન તથા ગુરૂ-વંદનાર્થે ગયા હતા. નવ વાગે વ્યાખ્યાન શરૂ થયુ હતુ. વ્યાખ્યાન પૂ. આ. દેવ શ્રી જિનેન્દ્ર સૂ. મ. આપ્યુ હતુ. વ્યાખ્યાન સરળ શૈલીમાં થતુ હતુ બે-બે કલાક સુધી વ્યાખ્યાન ચાલતુ હતુ. વ્યાખ્યાન પછી ગુરૂ ભગવંત તથા દીક્ષાર્થીને ધ્યાનમાં રાખીને એક ભાઇ દ્વારા ગહુલી ગવાઇ હતી.

બપોરે શ્રી ૪૫ આગમની પૂજા શરૂ થયેલી હતી. અને તે ત્રણ દિવસ સુધી ત્રણ ભાગમાં ચલાવાઇ હતી. દરરોજ જયેન્દ્રભાઇએ જેટલી પૂજા ભણાવાઇ હોય તેટલા આગમોની ચાંદીની લગડીથી પૂજા કરી હતી. સાંજે ભવ્ય અંગરચના તથા રાતે ભાવના ભણાવાઇ હતી. સતત ત્રણ દિવસ આ જ રીતે પ્રોગ્રામ થયો હતો. રાતે ભાવનામાં મિત્ર વર્તુળે દાંડીયા રાસથી રમઝટ મચાવી હતી.

પાંચમા દિવસે સવારે નવ વાગે વ્યાખ્યાનમાં પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. તથા આ. શ્રી ચંદ્રગુપ્ત સૂ. મ. સાહેબે શાસ્ત્રીય સિદ્ધાંતને સ્પષ્ટ ભાષામાં સરળ કરતુ વ્યાખ્યાન આપ્યુ હતુ. બપોરે અંધેરીથી પધારેલ વિધિકારક પાનાચંદભાઇએ નવગ્રહ-પાટલા પૂજન કરાવ્યુ હતું પ્રભુજીને ભવ્ય અંગ રચના તથા રાતે ભક્તિરસમય ભાવના થયેલ.

છઠ્ઠા દિવસે સવારે નવ વાગે વ્યાખ્યાનમાં પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ., પૂ. આ. દેવ શ્રી વિ. અમરગુપ્ત સૂ. મ. તથા પૂ. આ. દેવ શ્રી વિ. ચંદ્રગુપ્ત સૂ. મ. ત્રણેય આચાર્ય ભગવંતોએ વ્યાખ્યાન આપ્યુ હતું.

બપોરે લઘુશાંતિ સ્નાત્રમાં જયેન્દ્રભાઇ સ્પેશ્યલ બનાવેલી પૂજાની જોડ તથા સુવર્ણના ઘણા બધા દાગીના ધારણ કરીને પાલખીમાં (પાલખી કે જે જયેન્દ્રભાઇના બહેને ખાસ તૈયાર કરાવી હતી અને તેમાં બેસીને જયેન્દ્રભાઇ રોજ રોજ દર્શન, વંદન પૂજન માટે જતા હતા) બેસીને આવ્યા હતા પ્રભુજીને ભવ્ય અંગરચના થઇ હતી ફળોની તથા નૈવેદ્યોની સુંદર સજાવટ લાલબાગના યુવાનોએ કરી હતી રાતે ભાવનામાં દાંડીયા રાસ લેવાયા હતા. રાત્રે ધોચવાડીનો પ્રસંગ હતો. છઠ્ઠા દિવસે જયેન્દ્રભાઇના મામાજી પી. એલ. ગોસરાણી તરફથી હાલારી જ્ઞાતિ જનોને સંઘ જમણ અપાયુ હતુ. લગભગ સાત હજાર ભાવિકોએ લાભ લીધો હતો.

સાતમા દિવસે સવારે ૮-૩૦ વાગે જયેન્દ્રભાઇ પોતાના નિવાસસ્થાને કારમા ગયા હતા અને ત્યાંથી ઘેરા લાલ રંગના કચીન્સમાં બનાવેલો ડ્રેસ પહેરીને તેમની ભવ્ય શિબિકામાં બેસીને છૂટે હાથે દાન દીધુ હતુ. ભવ્યાતિભવ્ય આ વરઘોડો લગભગ ૩ કલાક ફર્યો હતો. ૮-૩૦ વાગે ચડેલો વરઘોડો ૧૧-૩૦ વાગે ઓસવાળ

સેન્ટરે કર્યો હતો આ દિવસે નવકારશી રાખવામાં આવી હતી. લગભગ ૨૦ હજાર ભાવિકોએ લાભ લીધો હતો. બપોરે મંડપમાં પ્રવચન થયું તેમાં પાંચેક હજારની હાજરી હતી.

સાંજે ઓસવાલ સેન્ટરના હોલમાં તેમજ શ્રી નેમિનાથ પ્રભુના દેરાસરે ભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મહાપૂજામાં કુવારા, ઝુમ્મરો, લાઇટો, જાતજાતના રંગોથી રંગોળીઓ, ફુલોનો સુંદર શણગાર આદિ રાખવામાં આવ્યું હતું.

અને રાત્રે ૯ વાગે મુમુક્ષુ શ્રી જયેન્દ્રભાઇનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. તેમના સંબંધીઓ તેમજ ગામ-બહારગામના ૬૦ જેટલા સંઘોએ બહુમાન કર્યું હતું. સ્વાગત ગીત તેમજ દીક્ષા ગીત અને વકતવ્યો પણ થયા હતા. શ્રી જયેન્દ્રભાઈએ લગભગ અડધો કલાક સુધી સુંદર પદાર્થ નિરૂપણ પૂર્વક વકતવ્ય કર્યું હતું. સંસારના સુખો માટે ધર્મ ન કરાય છતાં કોઇ કરે તો તેને થતા નુકશાનો જણાવ્યા હતા. લગભગ ૮ થી ૧૦ હજાર ભાવિકોએ હાજરી આપી હતી.

લગભગ રાતના પોણાબાર સુધી આ પ્રોગ્રામ ચાલ્યો હતો. આઠમા દિવસે સવારે ૬-૩૦ વાગે શ્રી જયેન્દ્રભાઇએ સ્નાત્રપૂજા ભણાવવા રૂપ માંગલિક કર્યું હતુ. પછી સાત રસ્તાથી હાથી ઉપર બેસીને વર્ષીદાન દેતા દેતા દીક્ષા સ્થળે આવ્યા હતા. વિદાય તિલકનો ૧૧,૧૧,૧૧૧ રૂપિયામાં આદેશ અપાયો હતો. તે શ્રી જયેન્દ્રભાઇ ના બનેવી શ્રી દીલીપભાઇ લાયચંદભાઇ મારૂએ લીધો હતો.

૯-૩૦ વાગે રજોહરણ અર્પણ કરાયું હતું. અને પોણાદશ વાગે લોચ કરાયો હતો શ્રી જયેન્દ્રભાઇના નામ જાહેર કરવા અંગે તેમના જ સુપુત્ર કુશલકુમારે સાડાચાર લાખ રૂપિયા બોલીને લાભ લીધો હતો. શ્રી જયેન્દ્રભાઇનું નામ શ્રી જિતધર્મવિજયજી પાડવામાં આવ્યું હતું. તે પૂજ્ય સિદ્ધાંત રહસ્યવેત્તા પૂ. આ. દેવ. શ્રી ચંદ્રગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય તરીકે જાહેર કરાયા હતા.

આજે પણ નવકારશી રાખી હોવાથી લગભગ ૩૦-૩૨ હજાર ભાવિકોએ લાભ આપ્યો હતો. આજે બપોરે સત્તરભેદી પૂજા રાખવામાં આવી હતી. તેમાં લગભગ પાંચ હજાર જેટલી મેદની ઉમટી હતી. રાત્રે ભાવના રાખવામાં આવી હતી.

નવમા દિવસે સવારે ૬ વાગે મુનિશ્રી જિતધર્મ વિ. મ. પૂ. ગુરુદેવો સાથે સંસારી ઘેર પધાર્યા હતા. અને નિવાસસ્થળે ગુરુપૂજન માંગલિક પ્રવચન અને પ્રભાવના થયા હતા. જામનગરથી જેઠ સુદ-૧૦ ના વિહાર થશે પછી રાજકોટ ચોમાસુ હોવાથી તે તરફ ગુરુદેવ સાથે વિહાર કરનાર છે. જેઠ વદ-૫ ની વડીદીક્ષા રાજકોટ મુકામ થશે.

મહોત્સવ દરમ્યાન વ્યાખ્યાન તથા પૂજામાં થયેલી પ્રભાવનાઓ

(૧)	વ્યાખ્યાનમાં	લાડુ	પૂજામાં	લાડુ
(૨)	,,	પાંચ રૂા.		
(૩)	,,	શ્રીફળ	,,	ફોડેલી ૧૦૦ ગ્રામ બદામ
(૪)	,,	અનાનસ	,,	કેરી
(૫)	,,	બદામનો મેસુબ	,,	બદામકતરી
(૬)	,,	૫૦૦ ગ્રામ સાકરની થેલી	,,	૧ કીલો ચીકુ થેલી
(૭)	,,	શ્રીફળ	,,	૫ ગ્રામ ચાંદીનો સિક્કો
(૮)	,,		,,	બદામકતરી
(૯)	,,	સવારે સંસારી નિવાસસ્થને બદામકતરી સવારે વ્યાખ્યાનમાં બદામકતરી		

- ૪૫ આગમની પૂજાને અનુલક્ષીને નાસિકવાળા ચંદ્રકાંતભાઇ દ્વારા ક્રોમોકોલની આકર્ષક ૪૫ ઢેરીઓ તૈયાર કરાવાઇ હતી.
- સાંજે શ્રી જયેન્દ્રભાઇ પાલખીમાં બેસીને દર્શન, ગુરૂવંદન, પૂજા આદિમાં જતા હતા.
- વર્ષીદાનનો અતિભવ્ય વરઘોડો નીકળ્યો હતો.
- પૂ. આ. ઢે. શ્રી જિનેન્દ્ર સૂ. મ. પૂ. આ. ઢે. શ્રી અમરગુપ્ત સૂ. મ. તથા પૂ. આ. ઢે. શ્રી ચંદ્રગુપ્ત સૂ. મ. સા. ની પવિત્ર નિશ્રા હેઠળ તદ્દન શાંતિપૂર્વક સમયસર દરેકને જોઇ શકાય તે રીતે દીક્ષા પ્રદાનની વિધિ થઇ હતી.

દીક્ષા મહોત્સવમાં ઉછામણીઓ ખુબ જોરદાર થઇ અને જીવદયાની રકમ પણ સુંદર થઇ હતી. ઉપકરણો અર્પણ કરવાનો લાભ લેનારા ભાગ્યશાળીઓ.

(૧) વિદાય તિલક સંઘવી ભાઇચંદ મેઘજી મારૂ હ. રેણુકાબેન તથા આદર્શકુમાર વડાલીઆસિંહણ હાલ લંડન (જયેન્દ્રભાઇના બેન) (૨) કામળી–શેઠ શ્રી છબીલદાસ સાકળચંદ પરિવાર હ. બટુકભાઇ [માટુંગા મુંબઇ] (૩) ચોલપટ્ટો–સંઘવી વીરચંદ હુકમાજી પરિવાર પુના (૪) પાંગરણી–શાહ વેલજી દેપાર હરણીયા જામનગર [૫] કમડો–શ્રીમતી કસ્તુરબેન વેલજી દેપાર હરણીયા જામનગર [૬] પાત્ર– શેઠશ્રી પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલ પરિવાર હ. તારાબેન પ્રવીણચંદ્ર વડોદરા [૭] ચેતનો તરપણી– શેઠશ્રી આણંદજી મારૂ મલાડ મુંબઇ (૮) ચરવળી– શેઠશ્રી દેવચંદ રૂપશી પરિવાર નાની ખાવડી હાલ નાયરોબી [૯] પુંજણી તથા સુપડી–શેઠશ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ શેઠ સાવરકુંડલાવાળા પાલા મુંબઇ [૧૦] દાંડો–શેઠશ્રી નંદલાલ દેવચંદ ચુનાભઠ્ઠી મુંબઇ (૧૧) દંડાસણ–શેઠશ્રી પ્રેમચંદ લાધાભાઇ ગોસરાણી ચાંપાવેરાજાવાળા હાલ મોંબાસા (૧૧) પુસ્તક અને સાપડો શેઠશ્રી પ્રેમચંદ લાધાભાઇ ગોસરાણી ચાંપા-

ખેરાજવાળા હાલ મોંબાસા [૧૩] નવકારવાળી-શેઠશ્રી નટવરલાલ જેસંગભાઇ વિરાર મુંબઇ (૧૪) આસન-શેઠશ્રી છોટાલાલ જગજીવનદાસ સંઘવી મલાડ મુંબઇ (૧૫) સંથારો શેઠ શ્રી વાડીલાલ પોપટલાલ વસા પરિવાર ધોરાજીવાળા અમદાવાદ [૧૬] ઉત્તરપટ્ટો જયેન્દ્રભાઇના બનેવીઓ શ્રી દિનેશકુમાર તથા તુષારકુમાર

ત્રણે આચાર્યદેવો આદિનું ગુરુપૂજન શેઠ શ્રી વેલજી દેવારભાઇ હરણીયા પરિવારે લાભ લીધો તેમજ પૂ. આ. દેવો તથા નૂતન મુનિશ્રી જિતધર્મ વિ. મ. ને કામળીઓ વહોરાવવાનો લાભ શેઠ શ્રી પ્રેમચંદ લાધાભાઇ ગોસરાણી-મોંબાસાવાળાએ લાભ લીધો.

નૂતન દીક્ષિતનું નામ જાહેર કરવાનો વિશિષ્ટ ચડાવો નુતન દીક્ષિતના જ ચિ. કુશલકુમાર જયેન્દ્રભાઇ હરણીઆ (પાર્લા મુંબઇ) એ લાભ લીધો અને વિશાળ મેદની સમક્ષ તે નામ જાહેર કરતાં આનંદની ઝલક ફેલાઇ ગઇ. અને જયજયકાર બોલાયો

આમ અનુપમ દીક્ષા મહોત્સવના ભાવ વર્ષક સંભારણા લઇ સૌ પ્રમોદીત બન્યા.

સમગ્ર જૈન ચાતુર્માસ સુચિ

વિ. સં. ૨૦૫૨ સન ૧૯૯૬ નાં ચાતુર્માસોની સૂચિ પ્રગટ થવાની છે તે માટે દરેક સાધુ સાધ્વીના નામ ચાતુર્માસ ગચ્છ સમુદાય, સરનામુ, નવદીક્ષિત કાલ ધર્મ વિ. નોંધ મોકલવા તેમના તરફથી વિનંતિ કરવામાં આવી છે.

મોકલવાનું સરનામુ

બાબુલાલ જૈન 'ઉજ્જવલ'

૧૦૫ નિરુપતી એપાર્ટમેન્ટ આકુર્લી ક્રોસ રોડ નં. ૧ રેલ્વે સ્ટેશન પાસે કાંદીવલી પૂર્વ મુંબઇ નં. ૧૦૧

ફોન : ૮૮૭૧૨૭૮

અમદાવાદ : પાલડી દશા પોરવાડ સોસાયટીમાં પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ના સમુદાયના પૂ. સા. શ્રી કાંતીશ્રીજી મ. જેઠ સુદ ૧૧ ના ૮૦ વર્ષની ઉમરે ૬૪ વર્ષનો સંયમ પર્યાય પાળીને સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તેઓશ્રી પૂ. સા શ્રી જયાશ્રીજી મ. ના નિશ્રાવર્તી હતા. પૂ.સા. શ્રી વિદ્યાશ્રીજી મ. ના શિષ્યા હતા. તેમના સંસારી બેને દીક્ષા લીધેલ તે સા. શ્રી સુદર્શનાશ્રીજી મ. હતા. તેમના આત્માને મોક્ષ માર્ગ પ્રાપ્ત થાય અને શિવ સુખ લોકતા બને એજ અભિલાષા.

ખંભાતમાં ભવ્ય દીક્ષા મહોત્સવ

શાહ કનકરાય ચીમનલાલભાઇ કાપડીયાના ચિ. અમરકુમાર (ઉ. વર્ષ ૨૨) ની દીક્ષાનો મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. આદિની નિશ્રામાં વૈ. સુ. ૩ના ભવ્ય રીતે ઉજવાયો.

પૂ. આ. શ્રી આદિ મુંબઇથી આ પ્રસંગે વિહાર કરીને ચૈત્ર વદ-૭ ના ખંભાત પધારતાં અમર જૈન શાળા તરફથી ભવ્ય વિશાળ સામૈયું થયું સામૈયામાં સકલ ખંભાત સંઘ ઉમટયો હતો જૈન શાળાએ પ્રવચન બાદ જૈન શાળા સંઘ તથા ચીમનલાલ જેસંગભાઇ કાપડીયા તરફથી સંઘપૂજન થયું.

વૈ. સુ. ૧ ના ચીમનલાલ જેસંગભાઇ તરફથી જૈનશાળાથી સામૈયું થયું વિશાળ સમુદાય સાથે રાજમાર્ગે ફરી ઓસવાળ તપાગચ્છ ઉપાશ્રયે સામૈયું ઉતર્યું. પ્રવચન બાદ તેમના તરફથી પ્રભાવના થઇ બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવ્યું ભકિત તથા વિધિ શ્રી દિનેશભાઇ ઝવેરી આદિ ઓસવાળ જૈન મંડળે સુંદર રીતે કરાવ્યા હતા.

વૈ. સુ. ૨ ના સવારે ભવ્ય વરસીદાનનો વરઘોડો ચઢયો. જામનગર દીક્ષા લેનાર મુમુક્ષુ જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરણીયા પણ વરસીદાન વરઘોડામાં વરસીદાન માટે કનકભાઇ આદિની વિનંતીથી ખાસ પધાર્યા હતા. વરઘોડો ભવ્ય ચડયો અને ગામમાં એવો ભાવ જાગ્યો ખંભાતમાં આવું વરસીદાન પ્રથમ થયું. બપોરે સંઘજમણ તથા પ્રવચન થયું.

અખાત્રીજના ઓસવાળ ઉપાશ્રયના વિશાળ હોલમાં દીક્ષા વિધિ શરૂ થઇ ઉપર નીચેના હોલ અને બહારનો ભાગ પણ ચીકાર ભરાઇ ગયો. રજોહરણ અર્પણ થતાં મુમુક્ષુ અમરકુમાર નાચી ઉઠયા અને સભામાં હર્ષ નાદો તથા દીક્ષાર્થી અમર રહોથી હોલ ગુંજી ઉઠયો વેશ પરિવર્તન માટે દીક્ષાર્થી ગયા બાદ બોલીઓ પણ ઉપકરણ આદિ બોલીઓ જોરદાર થઇ ૧ લાખ ૬૮ હજાર ઉપર થઇ.

વેશ પરિવર્તન કરીને આવી જતા જયનાદોથી વધાવી લેવાયા શુભ મુહુર્તે લુંચન થયું.

દિગ્બંધન સમયે મુમુક્ષુ અમરકુમારને પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના શિષ્ય તરીકે મુનિરાજ શ્રી અવિચલેન્દ્ર વિજયજી તરીકે જાહેર કર્યા હતા. હિતશિક્ષા પ્રવચન વિ. સુધી સભાએ લાભ લીધો સર્વમંગલ બાદ પ્રભાવના તથા સંઘ જમણ થયું બપોરે શ્રી નવખેડા પાર્શ્વનાથ દેરાસરે ઉત્સવમાં પૂજા ભણાવાઇ.

સુદ-૪ ના સવારે વાજતે ગાજતે શ્રી કનકરાયભાઇને ત્યાં તથા શ્રી રમેશભાઇને ત્યાં થયા દીક્ષાર્થીના મામાને ત્યાં સંઘ સહિત વાજતે ગાજતે પધરામણી થઇ બધા પ્રભાવના સંઘ પૂજન થયા બપોરે દીક્ષાર્થીના કાકા શ્રી શાંતિલાલ જેસંગભાઇ હ: જિતેન્દ્રભાઇ તરફથી ભક્તામર પૂજન ઠાઠથી ભણાવું હતું.

દીક્ષા મહોત્સવ ભવ્ય અનુમોદનીય બન્યો હતો.

અંબાત-શ્રી અનંતનાથ દેરાસરજીના જીર્ણોદ્ધાર નિમિત્તે તથા પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂ. મ.ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી કંતારા પરિવાર તરફથી ચૈત્ર વદ-૧૪થી વૈ. સુ. ૫ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર અઢાર અભિષેક અઠ્ઠાઇ મહોત્સવ યોજાયો હતો. વદ ૦)) ના અઢાર અભિષેક સુદ બીજી ચોથના સવારે નવગ્રહાદિ પૂજન બપોરે જલયાત્ર વરઘોડો સુદ-૫ ના સવારે જિનમંદિર ધ્વજદંડ કલશ તથા ગુરુમંદિરમાં પૂ. ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા ઉત્સાહથી થઇ બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠથી ભણાવું.

જૈન મંદિરનો જીર્ણોદ્ધાર શ્રી રત્નપુરી મલાડ શ્રીમતી ચંદ્રાવતી બાબુભાઇ ખીમચંદ ઝવેરી ટ્રસ્ટ દેરાસર ખાતેથી થયો છે. ગુરુમૂર્તિનો લાભ પૂ. સ્વર્ગસ્થ આચાર્ય-દેવશ્રીજીના ભત્રીજી શ્રીમતી પદમાબેન પન્નાલાલ અમૃતલાલ કંતારાએ તથા છત્રીનો લાભ ગુરૂભકત શ્રીમતી જયાબેન અમૃતલાલ શાહ લંડનવાળાએ લીધો હતો. હોલમાં છત્રી બનાવી છે ગુરુમૂર્તિ આબેહુબ બની છે.

વિધિ વિધાન ઓસવાળ મંડળે ઠાઠથી કરાવ્યા હતા પ્રતિષ્ઠા બાદ જૈન શાળામાં ગુરૂદેવના ગુણાનુવાદ કાપડીયા કેશવલાલ માણેકચંદ તરફથી ગુરૂ પૂજન તથા જૈનશાળા સંઘની ઓફિસના ઉદઘાટન નિમિતે પ્રભાવના પૂજા થયા.

કાંદીવલી દહાણુકરવાડીમાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી નયવર્ધન વિજયજી મ.ની નિશ્રામાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો મહા સુદ ૧૧ના અંજન વિધિ અને મહા સુદ ૧૩ના પ્રતિષ્ઠા થઇ.

અત્રે મૂલનાયક આદિ ત્રણે પ્રતિમાજી નક્કર ધાતુના ભરાવેલા છે મૂળનાયક ભરાવવા પ્રતિષ્ઠાનો લાભ તલકચંદ જેસાજી પરિવાર કરજણ (સુરતવાળા) એ લીધો હતો ઉત્સવ આયોજન પૂ. મુ. શ્રીના સુંદર માર્ગદર્શનથી બોરીવલી કાંદીવલી મલાડ બોરેગાંવના તથા મુંબઇના યુવકો આદિએ સુંદર રીતે કર્યું હતું.

વડોદરા–અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. આદિ ચૈત્ર સુદ–૯ ના પધારતાં ઘડીયાળીપોળ, પીપળા શેરી, આરાધના ભવન તરફથી સામૈયુ થયું સારી સંખ્યા થઈ પ્રવચન બાદ સંઘ પૂજન વિ. થયુ. સુદ ૧૦ ના સુભાનપુરા પરિશ્રમ સોસાયટી પ્રવચન તથા શેઠશ્રી આશાભાઇ સોમાભાઇ પટેલ તથા શાહ મોહનલાલ રાયશી માલદે તરફથી સંઘ પૂજન થયું.

સુદ–૧૧ શ્રી કોઠીપોળ સંઘ તરફથી મામાની પોળથી સામૈયું થયું પ્રવચન બાદ પ્રભાવના થઇ.

સુ–૧૨ ના શ્રી જયેન્દ્રભાઇ (જામનગર શ્રી અમરભાઇ (ખંભાત) શ્રી વસણભાઇ (અમદાવાદ) ત્રણ મુમુક્ષુનો વરસીદાનનો ભવ્ય વરઘોડો આરાધના ભવનથી ચડયો હતો. હરણીરોડ પુરો થયો હતો ત્યાં શ્રી જયેન્દ્રભાઈને હસ્તે શ્રી રામચંદ્રસૂ. આરાધના ભવનનું ઉદઘાટન થયું હતું પ્રવચન સન્માન સંઘ પૂજન વિ. થયું. ઉપાશ્રય ફંડમાં ખુટતી રકમ ત્રણ લાખ જયેન્દ્રભાઇએ જાહેર કર્યા હતા તથા બહેનોના ઉપાશ્રય માટે મુખ્ય દાતા નામ શ્રીમતી કસ્તુરબેન વેલજી દેપાર હરણીયા શ્રાવિકા ઉપાશ્રય માટે ૧ લાખ ૫૧ હજાર જાહેર કર્યા હતા શ્રી પ્રવીણચંદ્ર નાથાલાલભાઇએ પણ ૫૧ હજાર જાહેર કર્યા હતા. પ્રાંતે પધારેલા સૌના સાધર્મિક વાત્સલ્યમાં ૧૩૦૦ ની સંખ્યા થઇ હતી.

સુદ-૧૩ પૂ. શ્રી વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદીઓને પ્રવચન આપવા પધારેલ સુપ્રીટેન્ટન્ટ શ્રી પ્રવીણસિંહજી ઝાલા તથા શ્રી બારીયાએ પૂ.શ્રીનું સ્વાગત કરેલ ૧૨૦૦ જેટલા કેદીઓ છે. પૂ.શ્રીએ ૪૦ મીનીટે પ્રવચન કરતા ઘણા કેદીઓએ પાપના પશ્ચાતાપ કૂળે અશ્રુભીની આંખો કરી હતી.

જાની શેરી આત્માનંદ ઉપાશ્રયથી ૬ વાગ્યે શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકનો વરઘોડો વડોદરા સમસ્ત સંઘ તરફથી ચઢયો હતો બપોરે ગુણાનુવાદ હતા બિલીમોરાના શ્રી કવીનં શાહે સુંદર વકતવ્ય કર્યું હતું. જિતેન્દ્રસૂ. મ. પૂ. લાભસાગરસૂ. મ. એ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું ચૌદશના નિઝામપુરામાં પ્રવચન પ્રભાવના થયા. પુનમના છાણી સામૈયું પ્રવચન તથા હ. શાહ ભાઇ તરફથી સંઘ પૂજન થયુ હતું.

જેઠ વદ ૧૪ શુક્રવાર તા. ૧૪–૬–૯૬ના

જેઠ વદ ૧૪ શુક્રવારે રાત્રે ૫ અને ૨૯ મિનિટે પૂર્ણ થાય છે શનિવારે સવારે સૂર્યોદય વખતે અમાસ છે રવિવાર સવારે ૭ કલાકે ને ૭ મિનીટે અમાસ પૂર્ણ થાય છે જેથી જન્મભૂમિ પંચાંગ મુજબ શનિવારે અમાસ છે પણ ચૌદશનો અંશ પણ નથી. માટે પાખી વદ ૧૪ શુક્રવાર તા. ૧૪–૬–૯૬ના થશે.

— લંડનમાં મળો —

શ્રી મહાવીર શાસન–જૈન શાસન માટે શ્રી રતિલાલ દેવચંદ ગુઢકાને ફોન નં. : ૯૦૪૯૮૫૧ મળો

વર્ધમાન તપોનિધિપ્રવચન-પ્રભાવક પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકર સૂ. મ. સા. ની નિશ્રામાં પ્રભાવક પ્રભાવના (બિકાનેર-શિખરજી ગરિઆ-રાંચી)

ચાતુ. સાહે ચૈત્રઓળી તેમજ શેષકાળ દરમ્યાન ગરિઆ સ્થિરતા કરવાનું બન્યું. ૪૦ જૈન પરિવાર અહીં છે. ભવ્ય દેરાસર છે. અત્રે નિત્ય પ્રવચનોના પ્રભાવે અનેકોના જીવનમાં પરિવર્તન આવ્યા. આખો દિવસ મસાલા ખાનારાઓ છોડયા. નવપદ જીની ઓળી સુંદર ઉજવાઈ, સર્વસાધારણ ખાતામાં રૂપિયા સવાલાખની ઉપજ થઈ. દર અઠવાડિયે ૫૦ બાળકો નિયમિત સ્નાત્ર ભણાવવનું ચાલુ કર્યું છે. દર રવિવારે સાધર્મિક ભક્તિ કરવાનું નક્કી કર્યું છે. પાઠશાળા માટે સુંદર ફંડ થયું છે. દેવ દ્રવ્ય અંગેની ગેરસમજ દૂર થઈ વૈ. સુદ છઠ્ઠના વર્ષગાંઠ નિમિત્તે ધ્વજાદંડ પ્રસંગે સાધર્મિક વાત્સલ્ય થયેલ. સુશ્રાવિકા ઝવેરબેનની જીવનભરની આરાધનાઓની અનુમોદનાર્થે પંચાન્હિકા મહોત્સવ ઉજવવાનું નક્કી થયેલ છે.

વૈ. સુ. ૬ ના રોજ શ્રી હસમુખભાઈ તથા મુળુટભાઇ તરફથી ઋજુવાલિકા થઈ સમેતશિખરજીનો છ'રિપાલક સંઘ નીકળેલ અનેક પુણ્યવાનોએ પોતાની ભૂલોના જાહેરમાં એકરાર કર્યા હતા. સૌના નયનો અશ્રુભીના થયા હતાં. અનેક સંઘપૂજનો દૂધથી ૧૦૮ ધોઈ થયા. સંઘમાં આવનાર સ્ટાફ સહિત સૌને થાળી, વાટકા ગ્યાલાની પ્રભાવન તેમજ ઇલોળવાળા તરફથી સૌને ચંદનની મૂર્તિ ભેટ અપાઈ. સંઘ ચીર-સ્મરણીય બની ગયો.

ઋજુવાલિકાથી ઇલોળવાળા અમરચંદ ભાઇ ૩૦૦ માણસનો છ'રિપાલક સંઘ લઈને પૂ. શ્રી ની નિશ્રામાં આવેલ તેમજ પંચતીર્થનો સંઘ કાઢેલ. ત્રણે સંઘનો માળારોપણ મહોત્સવ ઉજવાયેલ. સંઘ-પ્રવેશમાં બેન્ડ, વિરમગામ થરણાધવાદકો તથા ૫૬ ગેટથી સ્વાગત થયેલ. માળા-રોપણ પ્રસંગે ભકતામર પૂજન રૂા. અઢી લાખની ઉપજ તેમજ શ્રીલોમિયાજી ભવનમાં રૂા. અઢી લાખમાં નામ આપ-વામાં આવેલ. પૂ. શ્રી ની નિશ્રામાં જેઠ સુ. ૯ અંજનશલાકા તથા જેઠ સુદ ૧૦ની પ્રતિષ્ઠા શાંચી નકકી થયેલ હોઇ તે તરફ વિહારમાં ચાલુ છે. ત્યારબાદ ગરિઆ જિવિત મહોત્સવમાં નિશ્રા આપી કલકત્તા તરફ પ્રયાણ થશે. ચાતુર્માસ : શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, ૧૧-એ, હૈદરાત રોડ, ભવાનીપુર, કલકત્તા-૨૦, પીન : ૭૦૦૦૨૦ નકકી થયેલ છે.

કલકત્તામાં પ. પૂ. આ. દે. શ્રી વિજયાનંદ સૂ. (આત્મારામજી) મ. સા. ની ભવ્ય ઉજવણી

ભવાનીપુર-પૂ. આ. શ્રી વિજયાનંદ સૂ. મ. ની ૧૦ મી. સ્વર્ગ તિથિ અંગે પ. પૂ. મુનિરાજશ્રી જયરક્ષિત વિ. મ. સા. ની નિશ્રામાં ઉજવણી થઇ ૦ પૂ. મુ. શ્રી જયરક્ષિત વિ. મ. સા. તથા પૂ. મુ. શ્રી મોક્ષરક્ષિત વિ. મ. સા. એ ગુણાનુવાદ

કરેલ ૦ સામુદાયિક આયંબિલ શ્રી મંગળાબેન જગમોહનદાસ પારેખ તરફથી કરાવામાં આવ્યા. ૦ રા. ૧૨ થી સંઘ-પૂજન જુદી જુદી વ્યક્તિઓ તરફથી કરવામાં આવ્યું ૦ શ્રાવિકાઓએ જુદી જુદી સુંદર ગહુલીઓ કોઈપણ જાતના પ્રલોભન વગર બનાવી હતી ૦ શ્રી ચેતનભાઇએ ગુણાનુવાદ કર્યા હતા. તેમજ શ્રાવિકાઓએ ગહુલી ગાઇ ગુણાનુવાદ કર્યા હતા. આંગી તેમજ પૂજા શ્રી કાંતાબેન શૌરીલાલ જૈન તરફથી થયેલ.

૬૬ કેનીંગ સ્ટ્રીટ કલકત્તા દેરાસરે પ. પૂ. મુ. શ્રી જિનરક્ષિત વિ. મ. સા. એ ગુણાનુવાદ કરેલ, શ્રી હીરાલાલ કોચર, શ્રી જયંતિભાઇ તેમજ શ્રી ભુપતભાઇએ ગુણાનુવાદ કરેલ. યુવકોએ સરસ ભક્તિગીત ગાયુ હતું. સામુદાયિક આયંબિલ, સંઘ-પૂજન-પૂજા વિગેરે થયેલ. કેટલાંક પુણ્યવાનોએ 'નમો આયરિયાણ' એ પદની પાંચ-માળા ગણી હતી. પૂ. આત્મારામજી મ. સા. ના ફોટાનું ગુરુપૂજન રા. ૫૦૦૧ બોલીને થયું હતું. યોગાનુયોગ જેઠ સુદ ૧૦ના દાદાની વર્ષગાંઠ હોઇ ધજાની બોલી પણ હતી તેની ઉપજ પણ સારી થઇ હતી સંખ્યા સારી હતી. જેઠ સુદ ૧૦ ના દિવસે સત્તરભેદી પૂજા તથા સકળ સંઘને બુંદીના મોટા લાડવાની પ્રભાવના અપાઇ હતી (આ વ્યવસ્થા શ્રી સંઘ તરફથી દર વર્ષે કરવામાં આવે છે.

જીવદયામાં ૨૫ લાખની ઘોષણા થયેલ

પ. પ. પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની પરમ-કૃપાથી પરમ પૂજ્ય ગણિવર્યશ્રી કમરત્ન-વિજયજી મહારાજ સાહેબના શિષ્ય પ્રશિષ્ય પરમ પૂજ્ય પ્રવચન-પ્રભાવક ગણિવર્યશ્રી દર્શનરત્ન વિજયજી મહારાજ તથા પરમ પૂજ્ય યુવામુનિ શ્રી મુનિરાજશ્રી હર્ષવેશરત્ન-વિજયજી મહારાજ આદિ ઠાણાની હાતરાઇ માં શા જવાનમલજી હિંડજી પરિવાર તરફથી વૈશાખ સુદ ૫ થી દિ: ૨૩-૪-૯૬ થી પંચાન્હિકા મહોત્સવ પ્રારંભ થયેલ. તે પ્રસંગે હાતરાઇમાં પાંજરાપોળની ખનન-વિધિ થયેલ તેમાં જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી જીવદયામાં ૨૫ લાખ રા આપવામાં આવેલ. જે રાજસ્થાનના હાંતરાઇ ના ઇતિહાસમાં રેકર્ડરૂપ થયેલ જવાનમલજી હિંડુજી પરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન પછી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ.

જામનગર-અત્રે શ્રી ૪૫ દિગ્વિજય-પ્લોટ નૂતન ઉપાશ્રયે પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી અમરગુપ્ત સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં પૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી પ્રશમ પુર્ણાશ્રીજી મહારાજની દીક્ષાતિથિ નિમિતે વૈશાખ વદી ૧ શનીવારના રોજ શાહ શાંતિલાલ ઝીણાભાઇ પરિવાર તરફથી સવારે વ્યાખ્યાનમાં ગુરુપૂજન સંઘ પૂજન થયેલ પૂજ્યોને સંયમી ઉપકરણ વહોરાવવામાં આવેલ બપોરે વિજય મુહુર્ત શ્રી બ્રહદ સિદ્ધચક્ર પૂજન ઠાઠથી ભણાવાયેલ.

લઘુકથા : : સાચો સુખી કોણ ?

– પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જગતના જીવમાત્રની પ્રવૃતિ ઇચ્છિત સુખને મેળવવા અને દુઃખના નાશને માટે હોય છે. બધાને ઓછી મહેનતમાં કે વિના મહેનતે પાયા બધાં જ સુખ મેળવવા છે, ભોગવવા છે અને મોજમજા કરવી છે. પણ તે માટે જે કાંઈ મહેનત પ્રવૃત્તિ કે પ્રયત્ન કરે છે તેથી સુખ કેટલા પામે છે અને દુઃખ રહે છે કે જાય છે તેનો વિચાર લગભગ કોઈ કરતું નથી. આજે બધાની સુખની ઝંખના એટલી પ્રબળ છે કે તેના માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. પછી તેનું પરિણામ શું તેનો કોઇ વિચાર કરતું નથી. પરિણામનો વિચાર કરી પગલું ભરે તેનું નામ બુદ્ધિશાલી અને આ બુદ્ધિયુગમાં પરિણામ તરફથી બધાની આંખ જ બંધ થઈ ગઈ છે. તેથી સુખ શું છે ? શામાં છે ? કઇ રીતના પમાય ? તેનો વિચાર પણ રહ્યો નથી. શાસ્ત્રકારો તો કહે છે કે, સંતોષ સમાન સુખ નથી, અસંતોષ સમાન દુઃખ નથી. સંતોષ સમાન અલંકાર એક નથી, અસંતોષ સમાન અજગર એક નથી. જેના હૈયામાં સંતોષ ગુણ વસી જાય છે તેના દેવો પણ દાસ બને છે. તેને ચમરબંધીની પણ શેહ શરમ નડતી નથી કે કોઈનામાં તે મૂંઝાતો નથી કે કોઇથી અંજાતો નથી. તે અંગે જૈનેતર વિદ્વાન કણાદ ઋષિની વાત કરવી છે.

સરસ્વતી અને લક્ષ્મીનાં સુભગ મિલન નો સમન્વય કોઇ પુણ્યશાલીમાં જ દેખાય. બાકી સરસ્વતી અને લક્ષ્મીને જાતિવૈર પ્રાણીઓની જેમ જરાય બનતું નથી તેમ દુનિયામાં કહેવાય છે. વિદ્વત્તા અને શ્રીમંતાઇ ને આડવૈર છે. મહાવિદ્વત્તાની સાથે ગરીબાઇ તેમના લલાટમાં લખાયેલી હોય છે. સ્વમાન અને ખુમારીના કારણે માગવું કરતાં મરવું સારું તે તેમનો સિદ્ધાન્ત હોય છે. ગૌરવલેર જીવવા આ જરૂરી ગુણ છે. ગૌરવશાલીનું મસ્તક હંમેશા ઉન્નત રહે છે. ગૌરવની ગરીમાને દેશવટો આપનારને બધાની સાથે નીચા નમી જીવવું પડે છે.

મહાવિદ્વાન એવા પણ કણાદ દરિદ્રાવસ્થામાં પણ નિજાનંદની મસ્તીથી જીવતો. સાચી સાધુતા ભૌતિક વસ્તુઓ પ્રત્યે ઉપેક્ષા સેવવામાં છે. સાચો સાધુ ત્રણ લોકની શ્રીમંતાઇ તરફ પણ ઊંચી આંખે જોવે નહિ. જ્યારથી સાધુઓ પણ ભાગતા થયા તેથી સાધુતાનું લીલામ થવા લાગ્યું અને કુલગુરુ જેવા શ્રીમંતોની ગુલામી કરવી પડે છે. પૈસાથી ખરીદાય તે સાચા સાધુ નથી પણ લોભીયા અને દંભી છે. કણાદની દરિદ્રતા દૂર કરવા રાજાએ સોનાનો થાળ ભેટ મોકલ્યો પણ પોતાના સર્જનમાં મસ્ત કણાદે આની સામે આંખ સરખી પણ ન કરી. આવી એકાગ્રતા જ સિદ્ધિનું સોપાન બને નિજાનંદની મસ્તી

છે પૂજા મંદિરની સામગ્રીથી કરે અને હજારો મણ ઘી બોલે તેને કેવો કહેવાય ? પાલડીવાળો પણ ધોતીયા વગરનો.

ધર્મ રસ્તામાં રખડતી ચીજ નથી. ધર્મ તો મોંઘો છે. ધર્મ, ધન અને ભોગનું સાધન નથી. ધર્મ તો ધન અને ભોગનો વૈરી છે. ધન-ભોગ પણ ગમે અને ધર્મ પણ ગમે તે ચાલુમેળો અહીં ન ચાલે. તમને ધર્મ ગમે છે કે ધન ! ભોગ ગમે કે ત્યાગ !

૦ શાસ્ત્રે કહ્યું છે કે, કર્મ બાંધતા સાવચેત રહેવું જોઇએ પ્રતિસમય સાત કર્મ બંધાય છે માટે ખરાબ કર્મ ન બંધાય તેમ જીવવું જોઇએ. જે ખરાબ કર્મ ન બંધાય તેમ જીવવું જોઇએ. જે ખરાબ કર્મ બંધાયા તેમ જીવવું જોઇએ. જે ખરાબ કર્મ બંધાયા તે તો તેનો કાળ પૂરો થાય ત્યારે તો જાય જ છે પણ 'હું કાઢું' અને તે જાય' તેવો વિચાર છે. આપણા પર કર્મનો હલ્લો ચાલુ જ છે. કર્મ તેની મેળે કાળ પૂરો થયે જાય તે નિર્જરાની કિંમત નથી. કેમકે, તેવી નિર્જરા તો એકેન્દ્રિયને પણ સતત ચાલુ છે. જીવ આશ્રવથી ડરે નહિ, સંવરનો જેને ખપ ન લાગે તેને સાચી નિર્જરા ન થાય બધા કર્મોની નિર્જરા થાય નહિ ત્યાં સુધી મોક્ષ થાય નહિ. કર્મોનો ઘસારો આત્મા પર આવી રહ્યો છે તે તમને ખટકે છે ! તમારે મોક્ષ જોઇએ છે ? મોક્ષ મળવાનો હોય ત્યારે મલે તેમ છે કે મોક્ષની તાલાવેલી છે પૈસા મળવાના હોય તો મળે તેવા વિચાર છે કે પૈસા મેળવવા ધમપછાડા ચાલુ છે ? મારે મારા આત્માને પાયમાલ કરનારાં કર્મોને વહેલામાં વહેલી તકે કાઢવા છે તેવું તમારું મન છે ? તમને આત્માને પાયમાલ કરનારાં કર્મો ખટકે છે કે દુઃખ આપનારાં કર્મો ખટકે છે ? આત્માને પાયમાલ કરનાર કર્મોમાં મોહ પ્રધાન છે. ભયંકરમાં ભયંકર કર્મ જ મોહ છે. દુઃખ આપનારાં કર્મ તો બધાને ખટકે છે. દુઃખ કોને ગમે ? દુઃખ ગમતું નથી છતાંય પાપ તો ચાલુ જ છે કેમકે દુનિયાનું સુખ બધું જ જોઇએ છે: આવા જીવને કોણ સુધારી શકે ?

૦ જ્ઞાનિઓએ દુનિયાના જીવો મન ધાર્યું સુખ મેળવવા માટે કેવાં કેવાં કષ્ટો વેઠે છે અને સુખોને પણ છોડે છે, તે અંગે રાવણનું દૃષ્ટાન્ત સમજાવ્યું છે, શ્રી રાવણ, શ્રી કુંભકર્ણ અને શ્રી વિભીષણ એ ત્રણે ય ભાઇઓ હજાર-હજાર વિદ્યા સાધવા ગયા છે. જરૂરી તપ કરે છે અને મંત્રનો જાપ નિશ્ચલપણે કર્યા કરે છે, આજુ-બાજુ બધુ ભૂલી ગયા છે. તેમાં દેવના ઉપસર્ગોથી શ્રી કુંભકર્ણજી અને શ્રી વિભીષણજી તો ચલાયમાન થઇ ગયા છે એક માત્ર રાવણ જ સ્થિર રહ્યા છે.

(ક્રમશઃ)

— પ્રેરણામૃત સંચય —

સંગ્રા.—પ્રજ્ઞાંગ

સુખ અને સિંહ (ક્રમાંક-૩)

શરીર–કુટુંબ અને ધન સાથે રહેવું અને તેના પરનો રાગ છોડવાનો અભ્યાસ કરે તે જીવ પણ ધન્યવાદને પાત્ર છે. આ ત્રણ ઉપર હજી તમને રાગ હોય તે અને પણ તે રાગથી મને જ નુકશાન થવાનું છે, મારા આત્માનું અહિત થવાનું છે તેવો પણ જો ખ્યાલ આવે તો તે ધર્મ પામવાને યોગ્ય છે.

આખો સંસાર ભરેલો રહે છે તે શરીર–કુટુંબ અને ધનના રાગથી જ. નરકાદિ દુર્ગતિ પણ તેવાઓને માટે જ છે. આ ત્રણ પર રાગ થાય ત્યારે આઘાત થાય તેવા કેટલા ? આ ત્રણના રાગથી જ અનંતા જીવો સંસારમાં ભટકયા છે, ભટકે છે અને ભટકવાના છે–આ જ્ઞાનીની વાત મંજુર છે ? આ ત્રણને લઇને જ બધા પાપ ચાલું છે. જગતમાં અનીતિ–અન્યાય બે વચની પણું, પણ આ ત્રણને આભારી છે. આ ત્રણને આભારી છે. આ ત્રણની પાછળ જ પાગલ બનેલો માણસ કહેવરાવવા પણ લાયક બનતો નથી. આ ત્રણના કારણે બાપને દિકરા પર, દિકરાને બાપ પર, ધણીને ધણીયાણી પર, ધણીયાણીને ધણી પર– પરસ્પર કોઇને વિશ્વાસ નથી. આજનો પૈસાવાળે કયારે શું ન કરે તે કાંઇ કહેવાય નહિ. આ તમારી આબરૂ છે ? આ ત્રણ બરાબર હોય તો રતિ ઘડીમાં રતિ અને ઘડીમાં અરતિ બે ય વખતે પાપ બાંધે અને દુર્ગતિમાં જાવ પછી તમે મજામાં હોય કે નારાજ તો ય દુર્ગતિમાં જાવ. આ અમે જાણતા હોઇએ અને તમને ચેતવીએ નહિ તો અમે પણ તમારા ગુરુ થવાને લાયક નથી.

આજનો મોટો ભાગ સ્વાર્થમાં રમે છે તેને કારણે તમારામાં ઔચિત્યાદિ વિવેક દેખાતા નથી. જગતમાં રહેવું અને જગતથી નોખા જીવવું તેનું નામ જૈનપણું છે. માણસ માત્રના હિતની ચિંતા કરાય પણ બધાની સાથે ભેસાય–ફરાય નહિ. હિતબુદ્ધિ બધાની હોય પણ સોબત બધાની ન કરાય આજે વિવેક નાશ પામ્યો છે કેમકે સ્વાર્થ બુદ્ધિ વધી ગઇ છે. જ્યારથી હિન્દુસ્તાનમાં એકતાની વાત આવી ત્યારથી હિન્દુસ્તાન છિન્નભિન્ન થઈ ગયો.

આજે સ્વાર્થનો તો એવો વાયરો વાયો છે કે આપણા બધા તારક તીર્થો યાત્રિકોથી જ ભોભમમાં છે. ત્યાંની પેઢીના ચોપડા જૂઓ કે પેઢીની આવક વર્ષો પહેલા હતી તેવી આજે છે ? બોલીની નહિ. બોલી તો નાક માટે ય બોલનારા

માનનારે બાહ્ય વસ્તુઓનો મોહ ત્યજવો જરૂરી છે. તે સોનાનો થાળ પાછો ઠેલ્યો તો રાજાએ રત્નોનો થાળ મોકલ્યો. પણ આ તો સંતોષ રત્નના સ્વામી હતા. આ થાળ પણ પાછો મોકલ્યો.

રત્નત્રયી રૂપ ત્રણ રત્નોના સ્વામીને દુનિયાની ઠકુરાઈ ભારભૂત લાગે, તેમાં જરાય આનંદ ન આવે દુન્યથી ચીલેની ભુખ જીવને મહાભિખારી બનાવી દે સાચો સાધુ તો ભ્રમરની જેમ જીવે કોઇપણ પુષ્પને દંશ કે કલેશ આપ્યા વિના પુષ્પોનો રસ લઇ આત્માને પરિતૃપ્ત કરે ત્યાગનો રંગ આવો હોય છે જે કોઇને હેરાન પરેશાન ન કરે. જેનો ત્યાગનો રંગ કાચો હોય તે તો જરાક પ્રલોભન કે રાગનું પાણી અડતાં ધોવાઇ જાય છે. અને સંસારી રાગીઓને પણ ટક્કર મારે તેવો તે ત્યાગીના વેષમાં રાગી બની જાય છે. કારણ સંતોષ નથી, અસંતોષની આગ ઠારવા શ્રીમંત શકતોની ખુશામત કરતાં અચકાતો નથી.

રાજાને વિચાર આવ્યો કે કણાદે સોના અને રત્નોની ભેટો પાછી મોકલી તો તેની પાસે એનાથી પણ મૂલ્યમાન ચીજ કઇ છે જે આવી ખુમારી રાખે છે. રાત્રિના વેષ બદલી કણાંદની મઢુલીએ આવી રાજા તેમના પગ દાબે છે. જાગેલા કણાંદ તેમને ઓળખી પૂછે છે કે, 'રાજન ! તમે અનુચરના વેષમાં આવી મારા જેવાના પગ કેમ દાબો છો ? રાજા કહે કે 'આપ સુવર્ણસિદ્ધિ જાણો છો તે મને આપો : કણાદ હસીને કહે કે 'રાજન ! પ્રભુનું નામ એ જ પારસ છે તે આ જીવન રૂપી લોખંડને અડે તો આ માટીની કાયા સોનાની થઇ જાય.'

રાજાને પણ સાચું જ્ઞાન થયું કે "સુવર્ણસિદ્ધિથી કામ ન સરે. જેને આ સંતોષનું સુવર્ણ મલી ગયું તેના જેવો જગતમાં શ્રીમંત કોઇ નથી."

સૌ પુણ્યાત્માઓ આ કથાનો સાર સંતોષ ગુણ પામવા જેવો છે' તે ગ્રહણ કરી સંતોષી બનો તો આ જીવન સુધરે, મરણ સારું બને, પરલોક સુંદર બને અને પરંપરાએ પરમપદ નજીક બને માટે આ સંતોષ એવું દેદીપ્યમાન સુંદર આભૂષણ છે કે જે કોઇ જ ચોરી શકતું નથી અને આત્માને સાચું સૌંદર્ય બક્ષે છે. તો સંતોષના સ્વામી બની સદ્ગતિને સાધો તે જ કામના.

અગત્યનો ખુલાસો

૦ જૈન શાસનના વર્ષ–૮ અંક–૨૫, પૃ. ૬૩૩ ઉપર આઠ અભવ્યોના નામ લખેલ છે તેમાં અન્યત્ર આઠ અભવ્યોના નામમાં ગોષ્ઠી માહિલને બદલે દ્વારિકા નગરીના ધન્વન્તરી ગોવનું નામ પણ જોવા મળે છે. વાચકોની જાણ માટે આટલો ખુલાસો કરેલ છે. –સંપા.)

રમણિકલાલ છોટાલાલ મહેતા.
હઃ અગ્નિનભાઇ

આપનું અગત્યનું કામ છે તો અમારો સંપર્ક સાધવા વિનંતિ છે.

ભગનલાલ ચત્રભુજ મહેતા
શ્રી મહાવીર શાસન કાર્યાલય.
શાક માર્કેટ સામે જામનગર સૌરાષ્ટ્ર

શાહ મચ્છરદાની

આપને ભક્તીનો લાભ લેવો છે.?

પૂ. સાધુ સાધ્વી ભગવંતોને ચાતુર્માસમાં અથવા શેષકાળમાં અને વિહારમાં ઉપયોગી થઇ શકે તેવી ખાસ બનાવેલી–

- તરત ટિંગડી શકાય
- સાવ પાતળી ને વજનમાં હલકી
- સંકેલીને ઝીણી ઘડી થઇ શકે તેવી

વજન ૩૦ ગ્રામ ઉંચાઇ ૧૦૩ ઇંચ, ઘેરી ૨૬૪ ઇંચ કિંમત રૂા. ૨૨૫–૦૦

(પેકીંગ તેમ પોસ્ટપાર્સલ ખર્ચ અમારી તરફ)

સ્પેશિયલ શાહ મચ્છરદાની અમો બનાવીએ છીએ.

શ્રાવકોને પોષધમાં પણ ઉપયોગી થઇ શકે

પ્રાપ્તિસ્થાન – **જયંતીલાલ શાહ મચ્છરદાનીવાલા**

૧૦૨ તિલક ચોક પોષ્ટઓફીસ નં. ૧૬૦ **માલેગાંમ** (જી. (નાશિક)

ફોન નં. ૪૩૭૬૬૫

ભીલડી તીર્થમાં દીક્ષા મહોત્સવ

ભોરોલ તીર્થનો અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયા બાદ વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજયગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા આધ્યાત્મિક પ્રવચનકાર પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ થરાદ જેતડા થઇ ભીલડી પધાર્યા સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પૂર્ણચન્દ્ર-સુરીશ્વરજી મહારાજ પણ પધારી ચૂક્યા. જેઠ સુદ ૩ ના દિવસે સ્ટેશન ઉપાશ્રયેથી સામૈયું તીર્થમાં આવ્યું. બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાઇ જેઠ સુદ ૪ ના સવારે મુમુક્ષુ શ્રી કીરીટકુમાર (વાવવાળા) કોરડીયાનાવ વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચડયો હતો જે બેડાના રામચંદ્ર બેંડ વિ. સામગ્રીથી શોભતો હતો. ગામમાં ફરીને વરઘોડો તીર્થના આંગણે ઉતર્યો હતો. મુમુક્ષુએ છૂટા હાથે વર્ષીદાન કર્યું હતું. બપોરે શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું હતુ. રાતના મુમુક્ષુના બહુમાનનો મેળાવડો સારી રીતે સંપન્ન થયો.

જેઠ સુદ ૫ ના શુભ મુહુર્તે વિશાળ મેદનીની હાજરીમાં પૂજ્યોએ મુ. કીરીટ-કુમારને ઓઘો પ્રદાન કરતા દીક્ષાર્થીનો જય જય કાર થઇ ઉઠયો અને વેશ પરિવર્તનાદિ માટે લઇ જવાયા મુમુક્ષુને અર્પણ કરવાના ઉપકરણાદિની ઉછામણી સુંદર થવા પામી હતી. ૩રેમિ ભંતે ઉચરાવ્યા બાદ અન્ય ક્રિયા પત્યા બાદ નુતન દિક્ષિતનું નામ પૂ. મુ. શ્રી કલ્યાણયશવિજયજી મહારાજ એમ જાહેર કરી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિ. કિર્તિયશ-સૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય તરીકે જાહેર કરાયા ત્રણે દિવસ ત્રણે ટંકની નવકારશી આંગી–મુકેશ નાયકની મંડળી દ્વારા ભાવના એમ એકંદર શાસન પ્રભાવના પૂર્વક મહોત્સવ ઉજવાયો.

સુધારો : મુદ્રણ દોષથી પેજ ૬૨૦ની જગ્યા ૬૨૪ અને ૬૨૪ની જગ્યાએ ૬૨૦ છપાઇ ગયા છે તો સુધારીને વાંચવું.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- જેટલી જાતની અનિષ્ટ ચીજો હોય તેનાથી જીવને દૂર કરવો અને સદ્ગતિમાં ઈષ્ટમાં જોડવો તેનું નામ પરોપકાર !
- સંસારનું સુખ દુઃખથી મિશ્રીત છે. અધૂરૂં છે અને થોડો કાળ રહેવા વાળું છે. જ્યારે મોક્ષનું સુખ દુઃખના લેશ વિનાનું પરિપૂર્ણ છે. અને સદા માટે રહેવાવાળું છે.
- પુણ્યથી મળતાં સુખમાં લહેર કરવી, એટલે આપણા હાથે જ આપણી ઘોર ખોદવી.
- આ ભૌતિક સુખ જ ભયંકર છે. સારૂ નથી, નાશવંત છે, દુઃખથી ભરેલ છે. આત્માને હેવાન-શેતાન બનાવનાર છે તેની તમને ખબર નથી માટે તમે તે સુખની પાછળ પડયા છે !
- કોઇ ન બોલાવે તોય સુખ માનનારો જીવ સદા સુખી ! કોઇ બોલાવે તો જ સુખ માનનારો સદા દુઃખી !
- દુનિયામાં જેના જેનાથી લોક સુખ માને છે, તે ન હોય તોય સુખ ભોગવતા આવડે તેનું નામ આત્મિક સુખ.
- પર ચીજમાં સુખ માનવું એટલે સદા દુઃખી થવું.
- સુખના ઘેરામાંથી છટકે નહિ અને દુઃખથી ગભરાતો અટકે નહિ, તે કદિ સાચો ધર્મ પામે નહિ.
- પોતાના વિચારોનો માલિક સદાય પ્રસન્ન હોય.
- મોક્ષ સુખની જે વાનગી તેનું નામ આત્મિક સુખ.
- જીવમાત્રને મોક્ષનું જ દાન કરવું તે જ સાચો પરોપકાર.
- સંસારના તમામ તત્વજ્ઞાનીઓ અને જ્ઞાનીઓ એ માનવ જન્મની જ મહત્તા ગણી છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક મુરેશ કે. શેઠે મુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૮

અંક ૪૧+૪૨

મોક્ષદાયક ધર્મમાં જ ઉદ્યમ કરો

असारमेव संसार-
स्वरूपमिति चेतसि ।
तिभाव्य शिवदे धर्मे,
यत्नं कुरुत हे जनाः ।।

હે ભવ્ય જીવો ! 'આ સંસાર અસાર જ છે' એમ ચિત્તમાં-હૈયામાં જાણીને, મોક્ષને આપનારા ધર્મને વિષે- મોક્ષને માટે જ પ્રયત્ન કરો.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

પૂ. આત્મારામજી મ.

વિશેષાંક પૂર્તિ

પ. પૂ. આ. ભ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ. સ્વર્ગારોહણ શતાબ્દિ વિશેષાંક તા. ૧-૬-૯૬ના પ્રગટ થઇ ગયો છે પરંતુ તેમાં પાછળથી આવેલા ઘણા લેખોને સમાવેશ થઇ શકયો નથી તેથી તે લેખો વિશેષાંક પૂર્તિમાં લેવાનું રાખેલ છે અને આ પૂર્તિ તા. ૧-૮-૯૬ના પ્રગટ થશે.

આ પૂર્તિ જેમણે રૂા. ૧૦૦/ આપીને પ્રથમ વિશેષાંકના ગ્રાહક બન્યા છે તેમને તથા બધા શુભેચ્છકોને પણ આપવામાં આવશે.

પૂર્તિની નકલો મર્યાદિત છપાશે જેથી જેમને બંને વિશેષાંકો જોઇતા હોય તેમણે તરત રૂા. ૧૦૦/ મોકલી ગ્રાહક બની જવું.

શુભેચ્છા સૌજન્ય પણ તરત લખાશે એક પેજના રૂા. ૫ હજાર, અડધા પેજના રૂા. ૫૦૦ ૧/૪ પેજના રૂા. ૨૫૦/

વધુ નકલો મંગાવી સંઘમાં તથા સત્ય પ્રચારમાં સહાયક બનશો તે નકલો તમે કે સંસ્થા તમારા વતી પોસ્ટ કરી દેશે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર
C/o. નિશાળ ફળી,
શાક માર્કેટ સામે, જામનગર.

મહારાષ્ટ્રદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાભાર્થ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પ્રગટ

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદરૂ (મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ઘેવરચંદ ગુંદરૂ (પાલનપુર)

વર્ષ : ૮] ૨૦૫૨ પ્ર.અષાઢસુદ-૯ મંગળવાર તા. ૨૫-૬-૯૬ [અંક : ૪૧-૪૨

આરાધ્યની સાચી આરાધના કયારે થાય ?

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(જગદ્ગુરુ પૂ. આ. શ્રી વિ. હીરસૂરીશ્વરજી મ. ના ગુણાનુવાદના પ્રવચનમાંથી)

જૈન પ્રવચન વર્ષ-૧૦, અંક-૬ તા. ૧૧-૬-૧૯૩૮)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦

શ્રી અરિહંતદેવોની વિશિષ્ટતા :

પાંચ પરમેષ્ઠિઓમાં શ્રી અરિહંતદેવો પ્રથમ સ્થાને છે. શ્રી અરિહંતદેવો તે કહેવાય છે, કે જે તારકોના આત્માઓ અનાદિકાળથી એવા ઉત્તમ તથા ભવ્યત્વાદિવાળા હોય છે કે-એ તથાભવ્યત્વાદિના યોગે ઇતર આત્માઓથી તે આત્માઓ સ્વાભાવિક રીતિએ જ નોખા પડી જાય છે. શ્રી અરિહંતદેવ થઇને મુક્તિને પામનારા તે આત્માઓ જે કાળે મિથ્યાદૃષ્ટિપણામાં હોય ત્યારે પણ 'પુરૂષોત્તમ' પણાથી તેઓ વંચિત હોતા નથી. સામગ્રી સંપન્ન દશામાં તે તારકોના આત્માઓનું પુરૂષોત્તમપણું કાર્યરૂપે પણ પ્રગટયા વિના રહેતું નથી. તે તારકોના આત્માઓ જેમ 'પુરૂષોત્તમ' કહેવાય છે, તેમ 'સ્વયંસંબુદ્ધ' તરીકે પણ સ્તવાય છે. અન્યોપદેશના નિમિત્ત આદિથી તે તારકના

આત્માઓ સમ્યક્ત્વને પામ્યા હોય, તો પણ અન્યોપદેશાદિ કારણ ગૌણ ગણાય છે અને તે તારકોના આત્માઓની યોગ્યતા પ્રધાન ગણાય છે. તે તારકોના આત્માએ જે સમ્યક્ત્વને પામે છે, તે પણ બીજા આત્માઓના બોધિ કરતાં શ્રેષ્ઠ ગણાય છે : કારણ કે–તે બોધિ શ્રી તીર્થંકરપણાને પમાડનારું બને છે. ઇતર આત્માઓનું બોધિ તેવું હોઈ શકતું નથી. આવા શ્રેષ્ઠ બોધિને પામ્યા પછીથી પણ, તે તારકોના આત્માઓ શ્રી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન તો ત્યારે જ કરે છે, કે જ્યારે તે તારકો પરાર્થવ્યસનિતાદિ વાળા બન્યા હોય છે. આમ છતાં પણ પરાર્થવ્યસનિતા, સ્વાર્થનિરપેક્ષતા, અદીનતા આદિ સદ્ગુણો તે તારકોમાં સ્વાભાવિક રીતિએ જ હોય છે : એ જ કારણ છે કે–ઉંચામાં ઉંચી કોટિની પરાર્થવ્યસનિતાને તે તારકોના આત્માઓ પોતાના અંતિમ ભવન ત્રીજા ભવે તો નિયમા પામે છે અને શ્રી તીર્થંકરનામકર્મ જેવા પરમ ઉપકારક પુણ્યકર્મને ઉપાર્જે છે.

પાંચ કલ્યાણકો :

શ્રી જિનેશ્વરદેવના આત્માઓ જે ભવમાં ભાવ તીર્થંકર બને છે, તે ભવમાં આવવાને માટે જે દિવસે પૂર્વના ભવનું સ્થાન છોડે, જે દિવસે અંતિમ ભવમાં જન્મ પામે, જે દિવસે દીક્ષિત બને, જે દિવસે કેવલજ્ઞાન પામે અને જે દિવસે નિર્વાણપદને પ્રાપ્ત કરે, તે પાંચેય દિવસો 'કલ્યાણક દિનો' તરીકે ગણાય છે. ચ્યવન-કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા-કલ્યાણક, કેવલજ્ઞાન-કલ્યાણક અને નિર્વાણ-કલ્યાણક એમ પાંચેય કલ્યાણકોના પાંચેય દિવસો કલ્યાણના કામી આત્માઓને માટે આરાધ્ય ગણાય છે. આનું કારણ શું ? એનું કારણ એ જ કે અંતિમથી પૂર્વના ભવનું સ્થાન ત્યારથી એ તારકોના આત્માઓ છોડે છે, ત્યારથી તો એ તારકોના આત્માઓ નિયમા એક પણ અનુચિત પ્રવૃત્તિને આચરનારા બનતા જ નથી. ગર્ભાવસ્થામાં પણ એ તારકોના આત્માઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ નિર્મલ જ્ઞાનોને ધરનારા હોય છે. એ જ કારણે એ તારકોના આત્માઓ અંતિમ ભવમાં જ્ઞાનપ્રધાન જીવનને જીવનારા હોય છે. સદા ઉચિત પ્રવૃત્તિઓને આદરતા એ તારકોના આત્માઓ જેટલો સમય સંસારમાં રહે છે, તેટલો સમય પણ વિરક્તભાવે રહે છે. એ તારકોના આત્માઓ પાણિગ્રહણ કરે કે ભોગો ભોગવે, તો પણ તે એની રીતિએ કે–તથા પ્રકારનું કર્મ ક્ષીણ થાય. પાણિગ્રહણ અગર ભોગો ભોગવ્યા વિના તથાપ્રકારનું કર્મ જો ક્ષીણ થાય તેમ ન હોય તો જ તે તારકોના આત્માઓ પાણિગ્રહણ કરે અને ભોગો ભોગવે ! જ્ઞાનિઓ ફરમાવે છે કે–એને પણ એ તારકોના આત્માઓ તથાવિધ કર્મનો નાશ કરવાના ઉપાય

તરીકે જ અજમાવે છે. આ પછી તેઓ સ્વયં દીક્ષિત બને છે અને ચાર ઘાતી કર્મોને ક્ષીણ કરવાને માટે અનુપમ કોટિની અપ્રમત્તદશાને સેવે છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે અને દીક્ષિત થયાં બાદ કોઇ કાળે તે તારકોના આત્માઓ છઠ્ઠા ગુણસ્થાનકથી ઓછા પરિણામોવાળા બનતા જ નથી. દ્રવ્યથી છઠું ગુણસ્થાનક અને ભાવથી નીચેનું ગુણસ્થાનક, એવું કદી પણ એ તારકોના આત્માઓને માટે બનતું નથી. અપ્રમત્તભાવ પૂર્વકની તપશ્ચર્યા અને ઉત્કટ ધ્યાન આદિના યોગે ચાર ઘાતી કર્મોને ક્ષીણ કરી, કેવલજ્ઞાન પામતાની સાથે જ, તે તારકોના આત્માઓ જગદુદ્ધારક ધર્મતીર્થની સ્થાપના કરે છે. શ્રી તીર્થંકર નામકર્મના ઉદયયોગે તે તારકો દ્વારા અનુપમ કોટિની જગદુદ્ધારની પ્રવૃત્તિ થાય છે. આ પછીથી જ્યારે તે તારકો નિર્વાણ પામે છે, ત્યારે પણ તે તારકોએ સ્થાપેલા ઉદ્ધારક માર્ગના રક્ષકો અને પ્રચારકો મોટી સંખ્યામાં વિદ્યમાન હોય છે અને એથી એ તારક શ્રી સિદ્ધિગતિને પામવા છતાં પણ તે વર્ષોનાં વર્ષો સુધી એ તારકે સ્થાપેલા શાસનનું અવલંબન પામીને સંખ્યાબંધ આત્માઓ પોતાનું વાસ્તવિક કલ્યાણ સાધી શકે છે. આવા જગતના પરમ તારક આત્માઓના ચ્યવનાદિ પાંચ પ્રસંગોના દિવસો 'કલ્યાણક' તરીકે ગણાય તે સ્વાભાવિક જ છે.

ગુરુઓના સ્વર્ગદિનની ઉજવણી થવી જોઈએ પણ બીજા દિનની નહિ.

અન્ય આત્માઓને માટે આવી નિયતતા હોતી નથી. અન્ય ચરમશરીરી આત્માઓ માટે એ નિયમ નથી કે- તેઓ અંતિમ ભવમાં આવે ત્યારે ત્રણ જ્ઞાનોએ સહિત જ હોય અગર તો તેઓ સમ્યગ્દૃષ્ટિ જ હોય. અન્ય ચરમશરીરી આત્માઓના અંતિમ ભવની સઘળી જ ક્રિયાઓ ઉચિત હોય, એ પણ નિયમ નથી. અન્ય ચરમશરીરી આત્માઓના પરિણામોમાં, તેઓ દીક્ષિત બન્યા બાદ પણ ઢીલાપણું ન જ આવે અગર તો તેમનું પતન ન જ થાય, એવોય નિયમ નથી. આથી વિવેકથી પરિપૂર્ણ શ્રી જૈનશાસન જેની-તેની પૂજા કરવાનું અગર તો જે-તે દિવસની આરાધના કરવાનું ફરમાન કરતું નથી. શ્રી જૈનશાસનની સઘળી પ્રવૃત્તિ અને સઘળાંય વિધાનો સુવિવેક પૂર્વકનાં છે. એવો વિવેક અન્યત્ર શોધ્યો પણ જડે તેમ નથી. શ્રી જિનેશ્વરદેવના આત્માઓ તો ચ્યવે ત્યારથી મુક્તિ પામે ત્યાં સુધી દોષરહિત જીવનને જીવનારા હોય છે અને એ તારકોનાં સઘળાય ગુણોનો સદુપયોગ જ થાય છે. આથી એ તારકોના આત્માઓના ચ્યવનાદિ દિવસો ઉજવાય છે તે બરાબર છે, પરંતુ બીજા આત્માઓને માટે તેવી પ્રવૃત્તિ કરવી એ કોઇ પણ રીતિએ ઉચિત નથી. વર્ત્તમાન શાસનના સ્થાપક

અનંત ઉપકારી શ્રી મહાવીર પરમાત્માના પ્રથમ ગણધરદેવ શ્રી ગૌતમસ્વામિજી મહારાજા જેવાના પણ જન્મદિવસની કે દીક્ષા દિવસની ઉજવણી થતી નથી. તે તારકના કેવલજ્ઞાનદિનની ઉજવણી થાય છે, પણ તેય મૂખ્યત્વે ભગવાનના નિર્વાણની સાથે સંબંધ ધરાવનાર હોઇને જ થાય છે એમ કહીએ તો ચાલેઃ કારણ કે-ગણધરદેવ શ્રી ગૌતમસ્વામિજી મહારાજા સિવાયના ગણધરદેવો આદિના કેવલજ્ઞાન દિનની ઉજવણી થતી નથી. આથી સમજી શકાશે કે-પરમેષ્ઠિપણાને પામેલા બીજા આત્માઓ માટે તો તેઓના સ્વર્ગદિનની ઉજવણી કરવી એ જ વ્યાજબી છે. સુશ્રાવકોએ પ્રતિવર્ષ ક્રમથી ક્રમ એકવાર તો અવશ્ય આરાધવા યોગ્ય જે અગીયાર સુકૃત્યો શાસ્ત્રકાર મહાત્માઓએ વર્ણવ્યાં છે, તેમાં એક 'રાત્રિજાગરણ' નામનુ પણ સુકૃત્ય વર્ણવ્યું છે. એ રાત્રિ જાગરણ કયા દિવસે કરવું તે દર્શાવતાં, શ્રી તીર્થંકરદેવોના કલ્યાણક દિવસો જણાવવામાં આવ્યા છે, તેમ ગુરૂઓના પણ જન્મદિવસ કે દીક્ષાદિવસ જણાવેલ નથી જ. ત્યાં તો 'गुरुनिर्वाणदिनादौ' એમ સ્પષ્ટ લખવામાં આવ્યું છે. આથી પણ સ્પષ્ટ થાય છે કે-ગુરૂઓને અંગે સ્વર્ગદિનની ઉજવણી એજ વ્યાજબી છે. શુભ મરણ એ શુદ્ધ જીવનનું નવનીત છે, એમ કહીએ તો ચાલે. મહાત્માઓનું મરણ ઉત્સવભૂત મનાય છે, એ દૃષ્ટિએ મહાત્માઓના સ્વર્ગ દિવસની ઉજવણી કરવી એમાં કોઇ પણજાતિની અનુચિતતા નથી. એ જ દૃષ્ટિએ આજે આપણે પણ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગતિથિ ઉજવીએ છીએ.

પરમેષ્ઠિ કોણ ગણાય ?

આવી ઉજવણીનો હેતુ ગુણપ્રાપ્તિ તથા પ્રાપ્ત થએલા ગુણોની નિર્મલતા સાધવી એ છે. ગુણપૂજાની જેટલી જરૂર છે, તેટલી ગુણી આત્માઓની પૂજા પણ જરૂરી છે. ગુણ સ્વતઃ પૂજ્ય છે, પણ ગુણની ઉપાસના કરવાને માટે ગુણી આત્માનો વિવેક કરવાની જરુર છે. આથી જ શ્રી જૈનશાસનને પરમેષ્ઠિઓ કોણ કહેવાય, તે પણ સ્પષ્ટ કરી દીધું છે. પાંચ પરમેષ્ઠિઓમાં પાંચમાં પરમેષ્ઠિ પદે સાધુમહાત્માઓ છે. આથી સમજવું જોઇએ કે-રત્નત્રયીની આરાધનામાં સુસજ્જ બનેલા પુણ્યાત્માઓ જ વસ્તુતઃ પૂજાને પાત્ર છે. રત્નત્રયીની આરાધના માટે જ એક માત્ર ઉદ્યત થયેલા અને તે સિવાયની સઘળી ય પાપ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થયેલા પુણ્યાત્માઓ જ પરમેષ્ઠી તરીકેની ગણનામાં આવી આવી શકે છે. આ પ્રકારની શ્રી જૈનશાસનની નીતિ પણ એજ સૂચવે છે કે- શ્રી જૈનશાસનમાં સાચા ગુણવાનોની જ પૂજા વિહિત છે અને એજ વાસ્તવિક રીતિએ કલ્યાણકારી છે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

સીતાજીનો અગ્નિ પ્રવેશ

"રાવણને ઘેર રહેલા તમારા રાવણ સાથે જો શરીર-સંભોગ થયો ના હોય તો આ સર્વલોકોની સમક્ષ તેની શુદ્ધિ માટે તમે દિવ્ય કરો."

જંગલ-ત્યાગની શિક્ષા કરી દીધા પછી હું નિર્દોષ છું કે નહિ તેની ખાત્રી કરો છો...?....હે રામચંદ્રજી! તમે અરેખર વિચક્ષણ છો... પણ તમે ચિંતા ના કરશો હું દિવ્ય કરવા પણ એટલી જ તૈયાર છું! હૈયાની ઉની ઉની વરાળો કાઢીને સીતાદેવીએ રામચંદ્રજીને સાફ-સાફ સંભળાવી દીધુ."

લવ-કુશના નગર પ્રવેશ પછી લક્ષ્મણ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, અંગદાદિએ સાથે મળીને રામચંદ્રજીને વિનંતી કરી કે.

"તમારા તથા આ બન્ને પુત્રોના વિયોગથી પરદેશમાં સીતાદેવી કષ્ટના દિવસો વીતાવે છે. અમને ત્યાં જઇને લઇ આવવા આદેશ કરો સ્વામિન! અન્યથા પતિ અને પુત્રોના વિયોગમાં જ ઝુરી ઝુરીને સીતાદેવી મૃત્યુ પામી જશે."

કંઇક વિચારીને રામચંદ્રજી બોલ્યા કે લોકાપવાદ ખોટો હોવા છતા પણ ખતરનાક અંતરાય કરનારો છે. માટે સીતાને અહીં લાવવા શી રીતે? હું ય જાણું છું કે-સીના પોતે સતી જ છે. તે પણ પોતાને નિર્મળ જાણે જ છે. અને દિવ્ય માટે તેને કોઇ ડર નથી. જો સીતા સર્વલોકોની સમક્ષ દિવ્ય કરે તો તે શુદ્ધિ થતાં જ મારો તેની સાથે ફરી ગૃહવાસ શરૂ થશે."

"એમ હો" એમ કરીને વિભીષણાદિએ નગર બહાર વિશાળ મંચ-શ્રેણિ બનાવડાવી રાજાઓ નગરજનો બધાં જ ત્યાં આવીને બેઠા.

ત્યાર પછી રામચંદ્રજીની આજ્ઞાથી કપિરાજ સુગ્રીવે સીતાદેવી પાસે જઇને અયોધ્યા આવવા વિનંતી કરી.

"હજી તો મને જંગલ ત્યાગનું દુઃસહ દુઃખ ભૂલ્યું નથી. કરી. નવું દુઃખ દેનારા રામચંદ્રજી પાસે હું જઉ શી રીતે?"

સુગ્રીવે કહ્યું કોપ ન કરો દેવિ! રાજા નગર જનો સાથે રાઘવ આપની શુદ્ધિ માટે મંચારૂઢ થયેલા બેઠા છે.

સીતાદેવીને કલંક શુદ્ધિની તો પહેલેથી જ ઇચ્છા હતી જ, માટે શુદ્ધિની આકાંક્ષાવાળા સીતાદેવી વિમાનમાં બેસી અયોધ્યાના માહેન્દ્રોદ્યાનમાં આવ્યા.

અર્ઘ્ય ધરીને સીતાદેવીને નમીને લક્ષ્મણજીએ અશોકવાનગરી અને આવાસને પ્રવેશ કરી પવિત્ર કરવા વિનંતી કરતાં સીતાદેવી બોલ્યા કે મારી કલંક શુદ્ધિ થયા વિના હે વત્સ! ન તો હું નગરીમાં પ્રવેશી શકું છું કે ન તો આવાસમાં. શુદ્ધિ વિના કયારેક અપવાદ શાંત નહિ થાય.

સીતાદેવીની કલંક શુદ્ધિની પ્રતિજ્ઞા લક્ષ્મણજીએ રામચંદ્રજીને જણાવતાં રામચંદ્રજીએ આવીને સીતાને ન્યાયથી નિષ્ઠુર ભાષામાં કહ્યું કે– "રાવણના ઘરે વસતાં તમારો રાવણ સાથે શરીર સંયોગ થયો ન હોય તો આ સર્વલોક, સભા તમારી ઉપર ચડેલા અસતીત્વ ના કલંકની શુદ્ધિ માટે દિવ્ય કરે," (કાનના પડદાને તોડી નાંખે એટલા પ્રચંડ નિષ્ઠુર આ શબ્દો છે. શીયલ મહાધર્મની રક્ષા ખાતર તો રાવણના ઘરે નહિ પણ ચારે બાજુથી ઉઘાડા રકત અશોક વૃક્ષના છત્ર નીચે જે જે માનસિક અને ઉજાગરા આદિ કાયિક અને લંપટ રાવણના બકવાસોથી વાચિક પીડાને જે રીતે સહન કરી છે તે માત્ર સીતાદેવી જ જાણે છે. અને છતાં પોતાના યશને કલંક ન લાગી જાય તેની સતત કાળજી રાખીને એક મહાસતી જેવા મહાસતીના સતીત્વના ઉજ્જવળ યશને કલંક લગાડી ભેંકાર જંગલમાં એક અબળા સ્ત્રીને, કશી તપાસ કર્યા વિના, સીતાદેવીને કશું જ પૂછયા ગાંછયા વિના તજી દેતા જેમને વિચાર સરખોય ના આવ્યો એ પોતાના જ પ્રાણ પ્યારા વાલેશ્વર મહાસતીને આટલા કડવા ઝેર જેવા શબ્દો સંભળાવતાં સંકોચ ના પામ્યા. મહાસતીના હૃદયના ટુકડા કરી નાંખનારા આ શબ્દો હતા.)

કડવા ઝેર જેવા શબ્દો સાંભળ્યા છતાં પણ મહાસતી સીતાદેવીએ પણ હૈયાની વરાળ સાથે જ સાફ સાફ શબ્દોમાં સંભળાવી દેતા જરા હસીને બોલ્યા કે–" તમારાથી ચઢીને આ દુનિયામાં બીજો કોઈ બુદ્ધિશાળી નથી. કે જેણે મારા દોષને જાણ્યા વિના જ (મને પૂછીને ખાત્રી કર્યા વિના જ) ભયંકર જંગલમાં મને તરછોડીને ત્યજી દીધી.

પહેલા શિક્ષા કરીને હવે હું નિર્દોષ છું કે નહિ તેની પરીક્ષા કરો છો? હે રાઘવ! તમે ખરેખર વિચક્ષણ છો. પણ તમે ચિંતા ના કરશો. હું તો પહેલાં પણ શુદ્ધિ માટે દિવ્ય કરવા તૈયાર હતી જ. મેં તો પહેલા પણ મને તજી ત્યારે કહેવડાવેલું અને આ ઘડીએ પણ એ જ કહું છું કે મારા સતીત્વ સામે ચડેલા કલંકને દૂર કરવા હું દિવ્ય કરવા તૈયાર જ છું. હું દિવ્ય કરીશ જ હે રઘુનાથ સીતા દિવ્ય કરશે જ. ચિંતા ન કરો."

સતીત્વની તેજસ્વી જબાન સામે ડઘાઈ ગયેલા રામચંદ્રજી બચાવ કરતાં બોલ્યા કે હું જાણું છું કે તમારો કોઈ દોષ નથી. પરંતુ લોકોએ ચડાવેલા કલંકને ઉતારવા માટે જ હું તો આવું કહી રહ્યો છું.

સીતાદેવીએ કહ્યું કે–" હું તો પાંચેય દિવ્યો કરવા માટે તૈયાર છું. બોલો

ભડભડતી અગ્નિમાં પ્રવેશું ? મંત્રિત કરેલા ઘોખાનું ભક્ષણ કરું ? નીચે ઉકળતા તેલના કુંડ ઉપર રાખેલા ત્રાજવા ઉપર ચડું ? ધગધગતા સીસાનો રસ પી જાઉં ? કે જીભની અગ્ર ટોચથી શસ્ત્રની ધારને પકડી લઉં ? બોલો રાઘવ ! તમને કયું દિવ્ય પસંદ છે ?"

આટલું સીતા દેવી બોલ્યા એટલામાં જ સિદ્ધાર્થ, નારદઋષિ અને સર્વે લોકોએ કહ્યું કે-" કે રાઘવ ! આ સીતા તો ઓકકસ સતી છે સતી અરે ! મહાસતી છે, અહીં કદિ પણ સતીત્વમાં સંશય ના કરશો."

(શેષમાં આવી જઈને) રાઘવ બોલ્યા કે તમને લોકોને તો બોલવાની કોઇ જાતની ભાન કે મર્યાદા નથી (તમે લોકો લાજ શરમ વિનાના છો.) તમે જ લોકોએ બેફામ રીતે દોષ બોલી બોલીને આ સીતાદેવીને દૂષિતા કરેલા. અમારી આગળ કંઈક બોલો છો અને પાછળથી કંઈક બોલો છો. ત્યારે પહેલાં આ સીતા દોષવાળા કેમ હતા અને હવે શીલવાળા કેમ થઇ ગયા ? ફરી પણ દોષને બોલનારા તમને કોઇ જાતના બંધન નથી હોતા. તમને બધાને સીતાદેવી તદ્દન શુદ્ધ છે તેની ખાત્રી કરવા માટે સીતા સળગતા અગ્નિમાં પ્રવેશ કરશે જ."

આમ કહીને રામચંદ્રજીએ સો હાથ ઉંડો ખાડો બોદાવ્યો. અને ઉપરા ઉપરી ઉભા રહેલા બે માણસના ઢીંચણ સુધી આવે એટલા બધાં ચંદનના કાષ્ટોથી તે ખાડો પૂર્યો. અને સેવકોએ રામની આજ્ઞાથી ચારે બાજુથી અગ્નિ સળગાવતાં તેના ભડ-ભડ થતા ભડકા દુઃપ્રેક્ષ્ય બન્યા.

ભયંકર વિકરાળ જવાળા જોઇને રામચંદ્રજીએ વિચાર્યું કે-અહો મારે તો અતિ વિષમ દશા આવી પડી. આ મહાસતી ઓકકસ અગ્નિમાં શંકા વગર જ પ્રવેશ કરશે. પણ ભાગ્યની જેમ દિવ્યની પણ ગતિ વિષમ છે. મારી સાથે જ આ સીતા વનવાસમાં આવેલી. રાવણે અપહરણ કર્યું. અને મેં વનમાં ત્યાગ કર્યો પછી પણ તેનો હું આ અગ્નિ પ્રવેશ કરાવુ છું"

રામચંદ્રજી વિચારતાં જ રહ્યા ને સળગતા ભડકાવાળા અગ્નિ પાસે આવીને, સર્વજ્ઞ ભગવંતને યાદ કરીને સીતાદેવી બોલ્યા કે-" હે લોકપાલો અને લોકો સાંભળો. જો મેં રામ સિવાય અન્ય કોઇ પુરૂષને ઇચ્છયો હોય તો આ અગ્નિ મને ભસ્મ કરી નાંખે નહિતર આ પાવક પાણી બની જજો" આમ કહીને નમસ્કાર મહામંત્રને યાદ કરીને સીતાદેવીએ ભડ-ભડ બળતા હુતાશનમાં ઝંપાપાત કર્યો. જેવો ઝંપાપાત કર્યો કે તરત સીતાદેવીના શીયળના પ્રભાવે ઇન્દ્ર મહારાજાના કહેવાથી ત્યાં કેવળી મુનિભગવંતનો મહોત્સવ કરવા આવેલા હરિનૈગમેષીએ અગ્નિને પાણી-પાણી કરી નાંખ્યું.

જળ-કમળના સિંહાસન ઉપર સીતા-

દેવી બિરાજમાન થયા. અને આ પાણીએ લોકોને ડુબાડવાની શરૂઆત કરી. એટલે ભયભીત બનેલા લોકોએ સીતાદેવીને પોતાને બચાવવા પ્રાર્થના કરતાં જળને સીતાદેવીએ હાથ વડે પાછુ વાળ્યુ. તરતા તરતા લવ-કુશ સીતાદેવી પાસે પહોંચી ગયા.

રામચંદ્રજીએ આવીને સીતાદેવીની ક્ષમાં માગતા કહ્યુ કે નગરવાસીઓના ધ્યચ્છા મુજબના સ્વચ્છંદ પ્રલાપથી મેં તમને તજી હતી. મારી આ ભૂલની ક્ષમા કરો. (પોતાના યશના કલંકને તો જાણે કે વિચાર્યું જ નહોતું) ભયંકર જંગલમાં તજયા છતાં તમે ત્યાં જીવ્યા એ જ તો તમારૂ સતીત્વનું દિવ્ય હતુ પણ હું તે પહેલા સમજી ના શકયો. મારા બધા અપરાધની ક્ષમા કરીને આ પુષ્પક વિમાનમાં બેસો. અને ચાલો આપણે ઘરે જઇએ. પહેલાની જેમ જ મારી સાથે ક્રીડા કરો.

(સીતાદેવીનો અગ્નિપ્રવેશ એ કંઇ અયોધ્યામાં પાછા રામ સાથે સુખની ક્રીડા કરવા માટે નહોતો. નગરજનોની હલકટ જબાનને જડબાતોડ રીતે સીવી લેવા માટે જ હતો.)

સીતાદેવી બોલ્યા કે એમાં તમારો પણ દોષ નથી. આ લોકનો પણ કોઇ દોષ નથી. દોષ એક માત્ર મારા પૂર્વના કર્મોનો છે. આવા અસહ્ય દુઃખ દેનારા કર્મોથી હું ઉદ્વિગ્ન થઇ છું માટે તે કર્મોના ઉચ્છેદ માટે હું તો હવે દીક્ષા ગ્રહણ કરીશ.'

આમ કહીને મધ્યાકના વાળને મહાસતી સતાદેવીએ ખેંચી ખેંચીને ઉખાડી નાંખ્યા અને રામચંદ્રજીના હાથમાં દીધા.

મહાસતીના વાળને હાથમાં લઇને તરત જ રામચંદ્રજી-મૂર્છા ખાઈને ઢળી પડયા. ભાનમાં આવીને રામચંદ્રજી ઉભા થાય તે પહેલાં તો મહાસતી સીતાદેવી ત્યાંથી ચાલ્યા ગયા. હતા. અલખના જોગીને હરખ શા ? શોક શા ? ત્યાં જ સ્થિર રહેલ જયભૂષણ કેવળી ભગવંતે સીતા-દેવીને દીક્ષા આપીને સુપ્રભા નામના સાધ્વીજીના પરિવારમાં સ્થાપન કર્યા. અને તેમને તપ પરાયણ બનાવ્યા.

શાસન સમાચાર

નવી દિલ્હી-જૈન મંદિર છોટી દાદા-બાડી સાઉથ એકસટેંશન નઇ દિલ્લી મેં તા. ૨૨ મઇ ૨૯૯૬ કો એક પુસ્તકાલય વિચક્ષણ સ્વાધ્યાય કેન્દ્ર કે નામ સે ખોલા ગયા ! ઇસ સ્વાધ્યાય કેન્દ્ર કા ઉદ્‌ઘાટન સાધ્વી શ્રી સુલક્ષણાશ્રીજી તથા સદ્‌ગુણા શ્રીજી. મ. સા. કી નિશ્રા મેં શ્રી ગજેન્દ્ર સિંહ સિંઘવી મેનેજીંગ ડાઇરેકટર હિન્દુ-સ્તાન ફાઇબર લિમિટેઇડ કે કર કમલોં દ્વારા હુઆ ઉસ દિન પુજા તથા સાધર્મી વાત્સલ્ય કા કાર્યક્રમ સિંઘવી પરિવાર કી તરફ સે રખા ગયા જિસમેં લગભગ ૨૦૦૦ સધર્મી ભાઇ-બહિનો કી ઉપસ્થિતિ થી દાદાબાડી ટ્રસ્ટ કે પ્રધાન શ્રી સીતલદાસ જી શકયાનવ અન્ય ટ્રસ્ટી તથા અખિલ ભારતીય જૈન શ્વેતાંબર અરતરગચ્છ મહા-સંઘ કે અધ્યક્ષ શ્રી હરખચંદ જી નાહટા ભી ઇસ સમારોહ મેં ઉપસ્થિત થે તથા શ્રી હસ્તીનાપુર જૈન તીર્થ સમીતી ઔર ઉત્તર મહાસભા કે પ્રધાન શ્રી જે. એસ. ઝવેરી ભી ઇસ સમારોહ મેં ઉપસ્થીત થે !

જ્ઞાન ગુણ ગંગા

—શ્રી અજ્ઞાંગ

– ચોવીશે ય શ્રી તીર્થંકર પરમાત્માઓનાં નામોનો સામાન્યાર્થ અને વિશેષાર્થ.

(૧) "ऋषति गच्छति परमपदमिति ऋषभः"– પરમપદને જે પામે તે ऋषभ. 'वृष' ધાતુ ભાર ઉઠાવવાના અર્થમાં છે. સંયમના ભારને સારી રીતે વહન કરે માટે 'वृषभ' એ પ્રમાણે પણ નામ છે. બધા જ શ્રી તીર્થંકર પરમાત્માને આ અર્થ લાગુ પડે માટે તે સામાન્યાર્થ કહેવાય.

વિશેષાર્થ–"उर्वोर्वृषभलाञ्छनमभूत्, भगवतो जनन्या च चतुर्दशानां स्वप्नानामादौ वृषभो दृष्ट स्तेन वृषभः"

ભગવાનની બન્ને સાથળોમાં વૃષભનું ચિહ્ન હતું અથવા ભગવાનના માતા શ્રી મરુદેવાએ ચૌદ સ્વપ્નોમાં પ્રથમ વૃષભને સ્વપ્નમાં જોયો માટે તેમનું 'ऋषभ' નામ પડ્યું.

આ પ્રમાણે સર્વ શ્રી તીર્થંકરોમાં પ્રથમ સામાન્યાર્થ અને બીજો વિશેષાર્થ જાણવો.

(૨) "परीषहादिभिर्न जित : इत्यजितः"– બાવીશ પરીષહ, ચાર કષાય, આઠ કર્મ અને ચારે પ્રકારના ઉપસર્ગ: આ બધાથી પણ જેઓ ન જીતાયા માટે 'अजित'.

"यद्वा गर्भस्थेऽस्मिन धुते राज्ञा जननी न जितेत्यजितः"

અથવા જ્યારે ભગવાન માતાના ગર્ભમાં હતા ત્યારે ચોપાટની રમતમાં રાજા, રાણીને ન જીતી શકયા માટે તેમનું 'अजित' નામ પડ્યું.

(૩) "शं सुखं भवत्यस्मिन् स्तुते सः शम्भवः"–'शं' એટલે સુખ, જેમની સ્તુતિ–સ્તવના કરવાથી સુખની પ્રાપ્તિ થાય તે 'शम्भव'.

'यद्वा गर्भगतेऽस्मिन्नभ्यधिक सस्यसंभवात् सम्भवोऽपि'–અથવા ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે પૃથ્વીમાં ઘણા ધાન્યની ઉત્પત્તિનો સંભવ.

'संभवन्ति प्रकर्षेण भवन्ति चतुस्त्रिंशदतिशय गुणा यस्मिन्निति संभवः' જેઓમાં ચોંત્રીશ અતિશયો પ્રકૃષ્ટ રૂપે પ્રગટ થાય છે માટે સંભવ કહેવાય છે. આ પ્રમાણે આવશ્યક નિર્યુક્તિ હારિભદ્રીય ટીકાની ગા૦ ૧૦૮૧માં કહેલ છે.

(૪) 'अभिनंदते देवेन्द्रादिभिरित्यभिनन्दन.–દેવેન્દ્રો વગેરે વડે જેમની સ્તવના કરાઇ છે તે અભિનંદન.'

'યદ્વા ગર્ભાત્પ્રભૃત્યેવાભીક્ષ્ણં શક્રેણાભિનન્દનાદભિનન્દન':- અથવા જે દિવસથી ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી માંડીને શક્રેન્દ્ર વારંવાર સ્તુતિ કરવાથી અભિનંદન.'

(૫) 'શોભના મતિરસ્યેતિ સુમતિઃ-સુંદર છે મતિ-બુદ્ધિ જેમની તે સુમતિ'

'યદ્વા ગર્ભસ્થે જનન્યાઃ સુનિશ્ચિતા મતિરભૂદિતિ સુમતિઃ'

અથવા ભગવાન ગર્ભમાં આવવાથી માતાની ઘણી જ નિશ્ચિત- નિર્મલ બુદ્ધિ થઇ તે કારણથી સુમતિ.'

(૬) 'નિષ્પંકતામંગીકૃત્ય પદ્મસ્યેવ પ્રભાઽસ્યેતિ પદ્મપ્રભઃ- વિષયતૃષ્ણારૂપી કર્મકલંક રૂપ કાદવથી રહિત પદ્મની માફક પ્રભા છે જેમની તે પદ્મપ્રભ.'

'યદ્વા પદ્મશયનદોહદો માતુર્દેવતયા પૂરિત ઇતિ, પદ્મવર્ણશ્ચ , ભગવાનિતિ પદ્મપ્રભઃ- અથવા પદ્મશયન રૂપ દોહદ માતાને ઉત્પન્ન થયો તે દેવતાઓ પૂરો કર્યો તે કારણથી પદ્મપ્રભ. અથવા પદ્મકમલ સમાન ભગવાનના શરીરનો વર્ણ હોવાથી પણ પદ્મપ્રભ.

(૭) 'શોભનૌ પાર્શ્વાવસ્યેતિ સુપાર્શ્વઃ-સુંદર છે બંન્ને પડખા જેમના તે સુપાર્શ્વ'

'યદ્વા ગર્ભસ્થે ભગવતિ જનન્યપિ સુપાર્શ્વાભૂદિતિ સુપાર્શ્વઃ-અથવા ભગવાન ગર્ભમાં હોતે છતે માતાના પણ બંન્ને પડખા સુંદર થઇ ગયા તે કારણથી સુપાર્શ્વ.

(૮) 'ચન્દ્રસ્યેવ પ્રભા જ્યોત્સ્ના સૌમ્યલેશ્યાવિશેષોઽસ્ય ચન્દ્રપ્રભ :- ચન્દ્રમાની જેમ છે પ્રભા-કાંતિ-સૌમ્યલેશ્યા વિશેષ જેમની તે ચન્દ્રપ્રભ । ગર્ભસ્થે દેવ્યાશ્ચન્દ્રપાનદોહદોઽભૂદિતિ ચન્દ્રપ્રભઃ-ભગવાન જ્યારે ગર્ભમાં હતા ત્યારે માતાને ચન્દ્રમા પીવાનો દોહદ ઉત્પન્ન થયેલો તે કારણથી ચન્દ્રપ્રભ.

(૯) 'શોભનો વિધિર્વિધાનમસ્ય સુવિધિઃ-સુંદર છે વિધિ જેમની તે સુવિધિ'

'યદ્વા ગર્ભસ્થે ભગવતિ જનન્યપ્યેવમિતિ સુવિધિઃ-અથવા ગર્ભમાં ભગવાન રહેવાથી માતા પણ સુંદર વિધિવાળી થઇ તે કારણથી સુવિધિ.

(ક્રમશઃ)

-- પ્રેરણામૃત સંચય --

સંગ્રા.—પ્રજ્ઞાંગ

૦ જ્ઞાનિઓએ દુનિયાના જીવો મનધાર્યું સુખ મેળવવા માટે કેવાં કેવાં કષ્ટો વેઠે છે અને સુખોને પણ છોડે છે, તે અંગે રાવણનું દૃષ્ટાન્ત સમજાવ્યું છે. શ્રી રાવણ, શ્રી કુંભકર્ણ અને શ્રી વિભીષણ એ ત્રણે ય ભાઇઓ હજાર-હજાર વિદ્યા સાધવા ગયા છે. જરૂરી તપ કરે છે અને મંત્રનો જાપ નિશ્ચલ પણે કર્યા કરે છે, આજુબાજુ બધુ ભૂલી ગયા છે. તેમાં દેવના ઉપસર્ગોથી શ્રી કુંભકર્ણજી અને શ્રી વિભીષણજી તો ચલાયમાન થઇ ગયા છે એક માત્ર રાવણ જ સ્થિર રહ્યા છે, ઉપસર્ગોથી જરા ય ચલાયમાન થતા નથી. તેની જ પટ્ટરાણી શ્રીમતી મંદોદરી દેવીને બાંધીને ઘસડીને લાવ્યા છે, તે બચાવવા માટે વિનંતીઓ કરે છે, ચિક્કાર પોકાર કરે છે છતાં ય રાવણ જરા ય ચલિત થતા નથી ત્યારે તેમને હજાર વિદ્યાઓ સિદ્ધ થાય છે. ત્યાં કલિકાલ સર્વજ્ઞ પૂ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની લખ્યું કે 'આવું ધ્યાન-સાધના જો મોક્ષના હેતુથી કરી હોત તો કેવળજ્ઞાન થાત!

દુનિયાના સુખો માટે તમે બધા કેવાં કેવાં કષ્ટો વેઠો તે ખબર નથી? કષ્ટ વેઠયા વગર સ્વર્ગ અને મોક્ષ જોઇએ છે તો તે આપનો બાપ નથી કે મફતી જાય. ધર્મનું કષ્ટ ઉરાદાપૂર્વક મજેથી સહન ન કરે તેવા જીવો માટે નરકતિર્યંચગતિ દુઃખ વેઠવા રાખી છે. ઘણા મનુષ્યોને પણ ઘણાં ઘણાં કષ્ટો વેઠે ત્યારે ટુકડાં જેટલું સુખ મળે છે અને તમારે ધર્મ કષ્ટ વગર કરવો છે. જે એમ કહે કે, મારાથી તો કષ્ટ વેઠાય જ નહિ, સહન થાય તો તેને તો ધર્મ પણ અપાય નહિ. છતાં પણ અમે જો તેને ધર્મ આપીએ અને તે વિરોધ તો અમે પણ તેના પાપના ભાગી થઇએ. દુઃખ મજેથી વેઠવાની અને સુખ હોંશપૂર્વક છોડવાની ભાવના વગરના જીવો ભગવાનનો ધર્મ પામવા માટે પણ લાયક નથી.

અનંતજ્ઞાનિઓએ જગત કેવું-કેટલું અને કેટલા પ્રમાણનું છે તે વાત સમજાવી છે, આપણને કોઇ વાતથી અજ્ઞાન નથી રાખ્યા. ઉપાશ્રયના ચાર ખૂણામાં બેસેલ શાસ્ત્રાભ્યાસીઓ સાધુ, આખી દુનિયા ફરી આવેલ જે ન જાણે તે બધું જાણે. આજે બધે ય રખડેલ વર્ગ પેદા થયો છે! જૈન શાસન એવું છે કે તેનો અભ્યાસ કરી સ્વાધ્યાય કરે તેને કશું નવું ન લાગે. જગતમાં ભટકનારને શું ધ્યાન થવાનું છે? રાગી-દ્વેષી-ક્રોધી-માની-માયાવી-કામી આદિ જીવો કેવા હોય તેનું અથથી ઇતિ વર્ણન આપણે ત્યાં જ છે. જે શ્રી જૈન શાસન મળ્યું છે તેનો શાસ્ત્રનો, સિદ્ધાંતનો અને

સ્વાધ્યાયનો જો રસ આવી જાય તો દુનિયાની કોઇ ચીજ આપણને આકર્ષી શકે નહિ. પછી તે જુઓ આજના વિજ્ઞાનથી જરા ય ચમકે નહી– આશ્ચર્ય પામે નહિ.

આજે તો બધા માને છે કે ધર્મ અને વિજ્ઞાનનું સુભગ મિલન ! કયાં વાયડું–અધુરૂં વિજ્ઞાન અને અનંતજ્ઞાનિઓએ કહેલો સંપૂર્ણ ધર્મ કયાં ? વિજ્ઞાનનો જન્મ શામાંથી થયો ? વિજ્ઞાનનો જન્મ સ્વાર્થમાંથી થયો અને ધર્મનો જન્મ અનંતજ્ઞાનિઓએ આપ્યો. અમારું વિજ્ઞાન એટલે વિશિષ્ટ વિશેષ જ્ઞાન જ્યારે તમારા વિજ્ઞાનમાં મોટેભાગે આરંભ અને સમારંભ !

વિજ્ઞાને આજે શું સર્જન કર્યું ? આજે આખું જગત કયાં ઊભું છે ? બે–ચાર જણાં પાગલ પાકયા તો અડધું જગત સળગી જાય...! ધર્મની આગળ વિજ્ઞાન કેવું લાગે છે– બચ્ચુ કે સમાન ?

તમે અને અમે બધા જૈન જગતમાં જન્મ્યા છીએ. જયાં શ્રી જૈન શાસનની હવા ફેલાયેલી છે. તમને તે હવા અડી છે ખરી ? તમે અને અમે રોજ ભેગા કેમ થઇ શકીએ ? તમારી–અમારી વચ્ચે જૈન શાસન છે માટે અમને તમારા પૈસા–ટકા દેખી કાંઇ થાય ? તમને અમારા રૂપ–રંગથી કાંઇ થાય છે ? શ્રી જૈન શાસન કહે છે કે, આ જગતમાં રહેવા જેવું નથી. ચાર ગતિમાંથી એકપણ અતિ આત્મા માટે રહેવા લાયક નથી આ વાત મંજુર છે ? જગતનું દુઃખ અને સુખ પણ એમાંથી એકે સારું નથી કેમકે દુઃખ દ્વેષ પેદા કરાવે છે અને સુખ રાગ પેદા કરાવે છે એમ બંન્ને ય આત્માની પાયમાલી કરે છે. તો પછી રહેવા જેવું કયાં ? મોક્ષમાં જ. મોક્ષમાં જ જવું હોય તો જગતની સારી કે નરસી બધી ચીજો ઓળખવી પડે. તે માટે ભગવાનનું શાસન સમજવું પડે. આજની કોઇપણ ચીજમાં મૂંઝાવા જેવું જ નથી. ભગવાન ઉપર ખરેખર શ્રદ્ધા થાય તો જ આ વાત હૈયામાં પેસે અને ધર્મ જ ઉપાદેય છે એમ લાગે તો વિજ્ઞાન વામણું લાગે. ધર્મમાં જે તાકાત છે તે વિજ્ઞાનમાં નથી તેમ લાગે.

: શાસન સમાચાર :

હરિદ્વાર (ઉ.પ્ર.)–અત્રે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરની ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા એક વર્ષ પહેલા થઇ તા. ૧૯–૪–૬૯ ના શ્રી દીપચંદ ગાર્ડીને હાથે નવીન ધર્મશાળાનો પાયો નંખાયો હતો જેમાં ૪૪ રૂમ ત્રણ હોલ મોટા અને એક હોલ નાનો થશે.

ઘોઘા–ટેગસરની વર્ષગાંઠ પૂ. આ. શ્રી વારિષેણસૂ. મ.ની નિશ્રામાં ઉજવાઇ આસપાસના ઘણા ગામેથી ભાવિકો પધાર્યા હતા.ઠાઠેમાં પૂ.આ.શ્રી વિજય ભુવનતિલકસૂ. મ.ની ૨૪મી સ્વર્ગારોહણ તીથી તા. ૧૬–૨–૬૯ની ઉલ્લાસથી ઉજવાઇ હતી.



પ્યારા બાલમિત્રો,

તમે શ્રી સંઘ, સમાજ, દેશ તથા કુટુંબની મહામુલી થાપણ છો ! કેટકેટલી આશાઓ, મુરાદો અને કલ્પનાઓ તમારા ઉગતા જીવન માટે સૌ કોઇ રાખી રહ્યા છે. આથી તમારા જીવનને ઉન્નત, ભવ્ય અને ઉજ્જવલ બનાવવા માટે તમારે સદાય જાગતા રહેવું પડશે. કોઇ અવગુણ કે દુર્ગુણ પોલ પામીને પેસી ન જાય તેની સતત કાળજી રાખવી પડશે. તમારામાં ઉમદા ગુણોનો વિકાસ થાય તેવો પ્રયત્ન તમારે કરવો પડશે. તમારું સદ્ચારિત્ર નૈતિક દૃષ્ટિએ ઉન્નત રહે તેની કાળજી તમારે રાખવી પડશે ધ્યાન રાખજો– 'સચ્ચારિત્ર વિનાના જીવનની કિંમત એકડા વગરના મીંડા જેવી છે.

હવે થોડી ઉપયોગી વાતો કરીશું.

(૧) પરોઢીયે વહેલા ઉઠી આઠ નવકાર ગણાય.

(૨) જિનમંદિરે દર્શન કરવા જવું. ગુરુ મહારાજનો યોગ્ય જોગ હોય તો વંદન કરવું ને પચ્ચક્ખાણ લેવું.

(૩) ઘરે આવી મા–બાપને તથા વડીલોને પગે લાગવું.

(૪) સ્કુલમાં શિક્ષકનો, પાઠશાળામાં ધાર્મિક પંડિતનો વિનય કરવો બહુમાન કરવું.

(૫) મા, બાપ, ભાઇ–બહેન તથા તમારાથી મોટેરાનો વિનય કરવો. કારણ કે તેઓ આપણા હિતેષી છે. આપણા હિતને માટે આપણને ટકોર કરે છે.

(૬) જીદ ન કરવી, કજીયો ન કરવો, ગુસ્સે ન થવું.

(૭) શોખ પોષવા હરીફાઇ કરશો નહિ.

(૮) કોઇની ચઢામણીએ ચઢીને ખોટું કાર્ય કરશો નહિ.

(૯) સંગ તેવો રંગ લાગે માટે ખરાબ મિત્રોનો સંગાથ કરશો નહિ.

(૧૦) ટી.વી. ઝી. ટી. વી. આદિ જોવાથી મન ખરાબ વિચારે ચઢે માટે તેને જોશો નહિ.

સાચી પ્રમાણિકતા કેળવી જીવન ધન્ય બનાવો બસ, ત્યારે રજા લઉં વધુ આવતા અંકે

રવિશિશુ,

જૈન શાસન કાર્યાલય

આજનો વિચાર

લેવાની આદત ખોટી આપવાની આદત સાચી.

શોધખોળ

નીચેના વાકયોમાં અંગોના નામો ગુંથાઇ ગયા છે તો શોધખોળ કરશો ?

૧. મસ્ત કર્મવીર એકલવ્યે ગુરુ દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી.

૨. નાનાએ વિનય ન ચૂકવો જોઇએ.

૩. મના કરી છતાં તું કેમ આવ્યો ?

૪. નોકા નદીને કિનારે આવી ઉભી

૫. કાળી ભરેલું કપડું વાપરવું નહિ.

૬. જમ્મુ ખત્રી હાલ કયાં છે તે ખબર નથી.

૭. માણસે રૂપ ગર્વિષ્ઠ ન થાવું જોઇએ.

૮. વિદ્યાર્થીઓમાં રજા ન પડવાથી હોહા થઇ ગઇ.

૯. થાપે ટચૂકડી ફોલ્લી થઇ છે.

૧. મસ્તક ૨. નયન ૩. નાક ૪. કાન ૫. જીભ ૬. મુખ ૭. પગ ૮. હાથ ૯. પેટ

કેતન એ. શાહ
હલોલ

કથાનક

એક હતા યોગીરાજ ફરતાં-ફરતાં યોગીરાજ એક દિવસ ગિરનારની ગુફામાં જઇ ચડયા રમણીય સૌંદર્ય નિહાળીને ત્યાં ફરીકામ થવાનું મન થઇ આવ્યું. યોગીરાજે મઠ બનાવ્યો વર્ષો પાણી જેમ વિતવા લાગ્યા અવસ્થા દેખાવા લાગી. એકાદ ચેલો મળી જાય તો ઠીક, સેવા ચાકરી તો કરે. આવી વિચારધારા મનને હચમચાવતી હતી.

'કાગને બેસવું ને ડાળનો પડવું' કહેવતના અનુસારે યોગીરાજને બહુ મોટી ઉંમરે ચેલો થયો. ચેલો યોગીરાજની સેવા ચાકરી કરે. પોતે લહેર કરે અને યોગીરાજને પણ લહેર કરાવે.

એકાએક યોગીરાજની વંશ પરંપરા વધાવા લાગી. યોગીરાજને બીજો ચેલો મળી ગયો. હવે હાથકારો થયો. એકના બે થયાને વળી બે ના ત્રણ થયા હવે વાંધો નહી આવે શાંતિ થઇ હવે હું સુખી થઇશ.

ભવિતવ્યતાનાં નિર્માણ કાંઇક અનેરા હશે થોડા દિવસો સુધી સુખ મળ્યું. પરંતુ આ સુખ દુઃખને નોતરનારું થયું. બન્ને ચેલાઓ યોગીરાજના પગ દબાવા બેસે ત્યારે બન્ને જણા એક જ પગ પકડે પરસ્પર ઝઘડે મારામારી પણ કરે યોગીરાજ ઘણું સમજાવે છતાં ય બન્ને પોત પોતાની જીદ ન છોડે યોગીરાજ કંટાળી જાય પરંતુ ચેલકાઓ ઝાલ્યું છોડે નહિ.

વચ્ચેનો રસ્તો કાઢતાં યોગીરાજે જે એક ને જમણો પગ આપ્યો ને બીજાને ડાબો પગ આપ્યો બન્ને શાંત થઇ ગયા હવે ઝઘડો થતો નથી એકાએક એક દિવસ બપોરે યોગીરાજ આરામ કરતા હતા ઉંઘમાં ને ઉંઘમાં યોગીરાજનો ડાબો પગ જમણા પગ પર ચઢી ગયો. અને યોગીરાજ આંટી મારીને સૂઇ ગયા.

એવામાં જમણા પગવાળો શિષ્ય કાંઈક કામ માટે ત્યાંથી પસાર થયો. એણે આ નિહાળ્યું. અરે! આ શું? આવું થતું હશે? ડાબો પગ મારા જમણા પગ ઉપર ચઢી બેઠો?

હખણો કરી નાખું? રાતોપીળો થતો પેલો મનમાં કાંઇક વિચારવા લાગ્યો. સામે પડેલા કપડા ધોવાના ધોકાને ઉપાડયો અને ડાબા પગ ઉપર જોરદાર ફટકો માર્યો. ડાબા પગના હાડકા ખોખરા થઈ ગયા.

યોગીરાજ બે બાકળા બની ગયા ભૂમ ભરાડા પાડવા લાગ્યા. યોગીરાજની ભૂમો સાંભળીને ડાબા પગવાળો શિષ્ય દોડતો આવ્યો પોતાના ભાગમાં આવેલ ડાબા પગની આવી હાલત જોઇને તે ઢાંકે ભરાયેલા મઠની બહાર પડેલ લોખંડની કોસ ઉપાડી લાવ્યો. જમણા પગ ઉપર ઝીંકી દીધી. યોગીરાજ ભૂમો પાડતા રહ્યા. બન્ને પગે અપંગ થઇ ગયા, છેવટ જીંદગી સુખના બદલે દુઃખનાં મહાસુરકેલી એ પૂર્ણ કરી,

ખરેખર, અજ્ઞાન અને વિવેક હીન પણે કરાતુ કાર્ય કેટ કેટલું વિપરીત પરીણામ લાવે છે.

કેયુર નરેન્દ્રકુમાર

વિવિધ વાંચનમાંથી

પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી

વગર વિચાર્યે કરેલુ કાર્ય પશ્ચાતાપ માટે થાય છે. અને વિચારપૂર્વક કાર્ય કરનારને આપત્તિરૂપ સમુદ્રમાં પડવાનો વખત આવતો નથી. માટે કોઇ પણ વાત નો નિશ્ચય કર્યા વિના કોઇના ઉપર ખોટું કલંક આપવું તે યોગ્ય નથી.

*

વણકર-ભાંચી-મોચી-તંબોલી-કોટવાળ ઠગ-ડાકોર-સર્પ અને દુર્જનનો જે વિશ્વાસ કરે છે તે મૂર્ખ સમજવો.

*

જ્યાં વિદ્યાની કે ધનની, અને ધર્મ-કરણી જ્યાં સધાય નહિ ત્યાં એક દિવસ પણ વાસ કરવો નહિં.

પુત્ર-પશુ-પદાતિ (પગે ચાલવાવાળો,) જમીન અને સ્ત્રી આ પાંચ વસ્તુઓ કુળની લક્ષ્મીની વધિ કરનારા પણ બને છે અને કુળની લક્ષ્મીનો નાશ કરનાર પણ બને છે.

*

છીંક થાય, બાળક વળગી પડે, લોકો કયાં કયાં એવા શબ્દોથી પ્રશ્ન કરે કંટક ભાંગે-વાગે અને બિલાડો તથા સાપ જોવામાં આવે તો બહાર જવું નહિ.

*

જેમ પક્ષીઓ ફળ રહિત વૃક્ષોનો, સારસ પક્ષી સુકાઇ ગયેલા સરોવરનો ભમરાઓ ગંધ રહિત પુષ્પોનો, નોકરો ભ્રષ્ટ થએલા રાજાઓનો, ગણિકાઓ નિર્ધન પુરૂષનો, અને મૃગલાઓ બળી ગએલા વનનો ત્યાગ કરે છે, તેમ સ્વાર્થી માનવો સ્વાર્થ સરે બધાયનો ત્યાગ કરે છે. સર્વ પોતપોતાના સ્વાર્થમાં જ મશગુલ હોય છે. માટે ધર્મનું જ શરણું સાચુ છે. દુનિયા સ્વાર્થથી ભરેલી છે.

લઘુકથા : : જીવતો કોણ !

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી શાલિવહિન રાજાનું નામ સુપ્રસિદ્ધ છે. જેમના નામનો શક સંવત્સર પણ ચાલે છે. આ રાજા ઘણો વિદ્વાન હતો. તેમના રાજ્યમાં વિદ્વાનોનો આદર-સત્કાર હતો. 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે' આ લોકોક્તિને સાર્થક કરનાર હતો. એકવાર તેની સભામાં વિદ્વદ્‌ગોષ્ઠી ચાલી રહી છે. બધા પોત-પોતાના અનુભવની અલક-મલકની વાતો કરી રહ્યા છે અને જ્ઞાનામૃતના ભોજનનો આસ્વાદ માણી રહ્યા છે. તે જ અવસરે રાજાએ પ્રશ્ન કર્યો કે-'જીવતો કોણ છે ?' આખી સભામાં સન્નાટો છવાઈ ગયો. ટાંકણી પડે તો ય અવાજ થાય તેવી ચૂપકીદી ફેલાઈ ગઈ. બધા વિદ્વાનો માથું ખંજવાળવા લાગ્યા અને પરસ્પરના મોઢા જોવા લાગ્યા. જાણે આખી સભા નિસ્તેજ થઈ ગઈ. બધાને થયું કે- આજે વળી રાજાને થયું શું કે જેથી આવો પ્રશ્ન પૂછે છે કે- જગતમાં જીવતો માણસ કોણ ? જે ચાલે છે. હરે ફરે છે તે બધા જીવતા છે. સાવ સીધી સાદી સ્પષ્ટ વાત છે. છતાં ય આ પ્રશ્ન કેમ ? આની પાછળ જરૂર ગંભીર રહસ્ય હશે. બધા જ શાંત છે, કોઈ સંતોષકારક ઉત્તર આપી શકયા નહિ. તે વખતે રાજાની દૃષ્ટિ પણ ફરતી ફરતી સભામાં બિરાજમાન, જૈનાચાર્ય પૂ. શ્રી કાલિકસૂરીશ્વરજી મહારાજ પર પડે છે.

યુગ પ્રધાન પૂ. આચાર્ય ભગવંત તો સમજી ગયા છે. તેથી કહે છે કે-'રાજન્ !' જેમણે તપ અને ત્યાગ કર્યો છે, જે ચારિત્રશીલ છે, જે જીવમાત્રનું ભલું જ કરી રહ્યા છે, મનથી પણ કોઈ જીવનું ભૂંડું કર્યું નથી કે ઇચ્છતા પણ નથી, અનંતજ્ઞાનીઓના વચનમાં પૂર્ણ શ્રદ્ધા છે. બીજાઓને પણ જ્ઞાનિઓના વચનમાં શ્રદ્ધાલુ બનાવી રહ્યા છે તે જ મનુષ્યો ખરેખર જીવતા છે. બાકી જેમના જીવનમાં તપ-ત્યાગ-સંતોષ-સદાચાર કે પરોપકાર નથી. જેઓ એકલપેટા ને સ્વાર્થી છે તે બધા મનુષ્યો તો જીવતા હોવા છતાં મરેલા જ છે.' આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. રાજા પણ આનંદિત થયો કે મારા હૈયાનો ગુઢાર્થ સારો સમજાવ્યો.

તપ-ત્યાગ-સંતોષ-સદાચાર-પરોપકારથી જેમનું જીવન ઉપવન મઘમઘાયમાન છે એ જ માનવો જીવતા છે. આ જાણી સૌ પુણ્યાત્માઓ પોતાના જીવનમાં યથાશક્તિ તપ-ત્યાગ-સંતોષ-સદાચાર પરોપકારનું આચરણ કરી, અનંતજ્ઞાનીના વચનના શ્રદ્ધાલુ બની આત્માનું સાચું શ્રેય-પ્રેય કરનારા બનો તે જ મંગલ કામના.

કડવાં બીજોનું સ્નાન

—શ્રી તિમિર કિરણ

એક ગામ હતું. તેમાં ગોમતી નામની એક વિધવા બાઈ રહેતી હતી, તેણીને ગોવિંદ નામનો પુત્ર હતો. આ ગોવિંદ ભલો–ભોળો હતો. ગામમાં આવતાં અનેક સાધુ–સંતોના પરિચયમાં આવતો, સત્સંગ કરતો. નવું નવું. જાણવાની–સમજવાની ઇચ્છાવાળો તે અનેક સંત પુરુષો સાથે ચર્ચા વિચારણા કરતો. શૌચ માર્ગમાં એક પુરુષનો ભેટો થઈ ગયા. શૌચ માર્ગમાં જ સર્વોત્તમ ધર્મ છે તેવી વાણી સાંભળીને તે પણ વારંવાર સ્નાન કરવા લાગ્યો. ઝાડા પેશાબની વિસર્જન ક્રિયા બાદ તો સ્નાન કરતો જ પરંતુ અન્ય સાત સ્થાનોમાંથી કોઈકવાર અપવિત્ર વસ્તુઓ નીકળે તો પણ ભરપુર જલથી સ્નાન કરતો. તાવ–શરદી–આદિ રોગોમાં પણ તે સ્નાન કરવાનું છોડતો નહીં.

આજે દુનિયાની દૃષ્ટિએ ગણાતા સારા જનના હાથમાં જો અવળી વાત પકડાઇ જાય તો તે છોડી શકતા નથી. સુબુદ્ધિ નામની માતાઓ મળીને તેઓની સાન ઠેકાણે લાવવા પ્રયત્ન પણ કરે પરંતુ દુર્બુદ્ધિ નામના મંત્રિઓ સાચી વાત સમજવા દે નહિ; ઉલટી અવળી વાતને પુષ્ટ કરવાના માર્ગો જ ચિંધ્યે રાખે. સારા જનના હૃદયમાં પડેલા જુના સંસ્કારો કદાચ સાચું સમજવા પ્રયત્નશીલ બને અથવા અવળો માર્ગ છોડીને સાચા માર્ગે ચાલવાનો વિચાર પણ કરે પરંતુ દુર્બુદ્ધિ ઓની મંથાજાળમાંથી તે છૂટી શકતો નથી અરે! ખરેખર તે છોડવાનો પ્રયત્ન પણ નથી કરતો તર્ક–વિતર્ક–નય–નિક્ષેપા આદિથી અવળી વાત પુષ્ટ કરનારા સારા જન શાસ્ત્રોના હાર્દને સમજી શકતા નથી, પામી શકતા નથી, આરાધી શકતા નથી. સર્વેની સાથે બેસીને (એકતાના હીમાયતી) અનેકને સુધરવાની ભાવનાવાળી અને પોતાનો અવળો મત મજબુત કરવાની ઇચ્છાવાળા સારા જન અંતે તે પોતાનું સઘળુ છોડીને (એક કપડા કાઢવાનું બાકી રાખી) દુર્બુદ્ધિઓની જમાતમાં ભળી જાય છે. તે મતનું ખંડન કરનારા સારા જન હવે તે મતને પુષ્ટ કરવા અને પૂજ્યો તરફથી મળેલ વિશુદ્ધ માર્ગની ઘોર ખોદવા તનતોડ મહેનત કરે છે.

ખરેખર! ગોવિંદને મળેલી અવળી બુદ્ધિથી તેની માતા ત્રાસી ગઇ હતી તેનું ગાંડું આચરણ તેને ડંખ્યા કરતું હતું. ગોમતી અવરનવર સમજાવતી પરંતુ ગોવિંદ મોઢું બગાડીને જેમ તેમ બોલતો અને વધુ પાણી ઢોળતો, તેમ

આપણા આ સારાજનને અવળી બુદ્ધિથી પાછા વાળવા સુબુદ્ધિ નામની

માતાઓ અઢળક પ્રયત્ન કરતાં પરંતુ જાડી ચામડીવાળા સારાજનને સોનેરી શીખામણ બધેડાને પડતા ડફણાં જેવી લાગે છે હાથી જુગારી બમણું રમે તે ન્યાયે તેઓ અવળી વિધિ-વાતોનો વિશેષ પ્રકારે ઠઠારી-મઠારી ને બહુજનની સમક્ષ મુકે જાય છે.

એકવાર ગોવિંદને તીર્થયાત્રાએ જવાનું મન થયું તેમાં ગંગા, જમુના, યમુના, સરસ્વતી, ગોદાવરી, સરયુ આદિ અનેક પવિત્ર તીર્થો વચ્ચે આવવાનાં હતા તેથી. તે તીર્થોમાં સ્નાન કરી આત્માને શુધ્ધ બનાવવાની ભાવના થઇ આવી. ભોળાભાવે માતા ગોમતી આગળ પ્રગટ કરી.

અવસરની રાહ જોતી માતા ગોમતીએ અડધો શેર જેટલાં કડવી તુંબડીના બીજ આપ્યાં અને ભલામણ કરી રે વ્હાલા સુપુત્ર જે જે તીર્થોમાં તુ સ્નાન કરે તે તે તીર્થો ની પવિત્ર નદીઓમાં આ બીજને પણ સ્નાન કરાવજે, તડકે સુકવજે, અને જ્યારે પાછો આવે ત્યારે આ ઘરે હેતો આવજે. તુંબડીના બીજની પોટલી લઇ ગોવિંદભાઇ તીર્થોમાં પવિત્ર થવા રવાના થઇ ગયા તેમ

આપણા આ ભલનાયક (જે પોતે જાહેર કરે છે કે અમે કુવાના દેડકા જેવા હતાને અત્યારે ખારા સાગરમાં મોજમઝા કરીએ છીએ). અવરનવર કહેવાતા અનેક ગીતાર્થોની પાસે જઈને પોતાના આચારો વિચારોનું પ્રમાર્જન કરાવે જાય તે દ્વારા તેઓ માને છે કે મારું કરેલું કાર્ય શુધ્ધ છે, પવિત્ર છે, હું જે કરું છું કરાવું છું તે સારા જનને શોભે એવું છે. ઈન્જુએટ થયેલો હું કાંઇ ભૂલ કરું ? ના ના હું તો પોથી પંડિત નથી કોથળામાંથી પાંચશેરી પણ નથી કાઢતો. ફકત ભાષણ કર્યા પછી તે અપવિત્ર કે પવિત્ર છે તેની તપાસ કરવા નીકળું છું.

ઉધાર પાસુ પ્રગટ કરવાનું રાહ જોતાં સુબુધ્ધિ નામની માતાઓએ અડધો ડઝનથી વધારે કડવી તુંબડી રૂપ અનેક પ્રસંગો યાદ કરાવી કરાવીને ટકોર મારતા ભલામણ કરી કે ચરણોપાસક સારા જન! કડવી તુંબડી રૂપ તમારા અનેક પ્રસંગોને તમે ભલે કહેવાતા અનેક ગીતાર્થો પાસેથી પ્રમાર્જન કરાવ્યા, સંશોધન કરાવ્યા અરે! ઝબોળી ઝબોળી સ્નાન કરાવ્યું પરંતુ તે સ્નાન કડવી તુંબડી રૂપ જ રહ્યું એટલે કુતરાની પૂંછડી રૂપ વાંકુને વાંકુ જ રહ્યું

શાસ્ત્રોની મોરછાપ પૂર્વક પ્રમાર્જન કરવાને બદલે શાસ્ત્રોની પંક્તિના અવળા અર્થો, કુતર્કો આદિ કરી કરીને સ્નાન કરાવ્યું આગમોના ભાવો તડકે સુકવ્યાં અને માન્યું કે હવે તે શુદ્ધ થઇ ગયા પરંતુ દુબુંધિઓના હાથમાં રમેલું હોવાથી તેવું ને તેવું જ રહ્યું.

આ રીતે અનેક પવિત્ર તીર્થોમાં ફરતો ફરતો ગોવિંદ પાછો પોતાના ઘરે આવ્યો. ઉત્સાહ પૂર્વક માતાના ચરણોમાં કડવી તુંબડીના બીજ મુકયા. પવિત્ર

પામેલા તે બીજને માતાએ સારી જગ્યામાં વવરાવ્યાં તે બીજે ઉગ્યાં, ફૂલ્યા ને ફુલ્યાં પરંતુ ગોવિંદભાઈ માતાના પરમારથ સમજ્યા નહીં.

સારા જન પણ અનેક ગીતાર્થોને ભેટી આવ્યા. ઉત્સાહપૂર્વક અનેક પ્રસંગોમાં માર્ગદર્શન મેળવ્યું. જરૂર લાગે ત્યાં પ્રમાર્જન પણ કરાવ્યું, માની લીધેલા પવિત્ર સંસ્કારોને બહુજનની આગળ વાવવા લાગ્યાં તે સંસ્કારોને ખીલવવા માટે અનેક કુતર્કોનું ખાતર નાખવામાં આવ્યું,

પોતાના કહેવાતા ચાડિયાઓને સાર-સંભાળ મટે રોકી દીધાં ખાતર અને ભાવજતના કારણે તે સંસ્કારો જામ થઇ ગયા. લચી પડતા સુંદર મજાના અપવિત્ર ફળ ફુલ જોઇને સૌ ગ્રહણ કરવા દોડી જતાં પણ,

'સબુર !'

સુબુધ્ધિ નામની માતાએ તે ફળોનો કેવો ભયંકર વિપાક છે ? તેના ભોગવટાથી શું શું થાય છે ? તેનું ભક્ષણ કરનારને કયાં કયાં રખડવું પડે છે ? કેવા કેવા દુઃખો સહન કરવા પડે ? દેખાવમાં સારા લાગતાં ફળો રસનાબાઇ ઉપર મુકતા કેવી હાલત થાય છે તે બધાને સાંભળો

બહુજન આગળ વિપાકનું વર્ણન કરતાં, બહુજન પણ આ ફળોને શુ શુ શુ કરીને ઓકવા લાગ્યો બહુજન રાડ પાડી પાડીને બોલવા લાગ્યો કે ચરબુકી કરો તમે અમને આવા કડવા વિપકોને સુગરકોટેટ બનાવીને કેમ ચખાડયા આવા કુતર્કો ભર્યા ફળોથી અમારો દેહ કેમ અભડાવ્યો ? આના કારણે અમારું ધનતોપનત નીકળી ગયું. આવી કુચેષ્ટા કરવાનો ઠેકો લઈને શા માટે તમે બધે ફરો છો ?

બહુજનો શાંત થાવ. તમે સાવધાન થઈ સાંભળો. કહેવાતા અનેક ગીતાર્થો પાસે ભલે પ્રમાર્જન કરાવ્યું હોય કુતર્કો આદિ કરીને શાસ્ત્રની સંમતિ છે તેવું જાહેર પણ કરે, આર્ષ પુરૂષોની વાતોમાં મીઠું મરચું ઉમેરીને વાતો પણ કરે પરંતુ આ પ્રમાર્જન પામેલું પોતાની કડવાસ છોડતું નથી આત્માનો મેળ કાઢતું નથી.

સારા જનની પહેલા શું માન્યતા હતી ? તેઓ શું કરતા હતા ? સારાજનના આર્ષ પુરૂષો કયા માર્ગે ચાલ્યા છે ને કયાં માર્ગે ચાલવાનું કહ્યું છે ? કયા માર્ગને તેઓએ અખિશુદ્ધ પાળ્યો ને પાળવાનો ઉપદેશ આપ્યો છે સોનાના પાત્રમાં દૂધ પીને ઉછરેલા સારાજન શીયાળ જેવા કેમ બની ગયા તે ખબર પડતી નથી. આ સારા જનની દાનત કેટલી ખોરી છે તે પણ જાણવા જેવું છે. પોતાનું પેટ ભરવા આ સારાજન વર્ષોથી ઉત્સવ-મોહત્સવ, ઉજમણાં-ઉપધાન, છ'રી પાલિત સંઘ અને છેલ્લે છેલ્લે દેવદ્રવ્ય પર જે કુહાડા માર્યા છે તે વિચારણીય છે. બહુજનનું ધન પોતાના ઉપયોગમાં આવે તે માટે તીર્થોની રકમ કરવા માટે

માતાઓ અઢળક પ્રયત્ન કરતાં પરંતુ જાડી ચામડીવાળા સારાજનને સોનેરી શીખામણ બધેડાને પડતા ડફણાં જેવી લાગે છે હાથી જુગારી બમણું રમે તે ન્યાયે તેઓ અવળી વિધિ-વાતોનો વિશેષ પ્રકારે ઠઠારી-મઠારી ને બહુજનની સમક્ષ મુકે જાય છે.

એકવાર ગોવિંદને તીર્થયાત્રાએ જવાનું મન થયું તેમાં ગંગા, જમુના, યમુના, સરસ્વતી, ગોદાવરી, સરયુ આદિ અનેક પવિત્ર તીર્થો વચ્ચે આવવાનાં હતા તેથી. તે તીર્થોમાં સ્નાન કરી આત્માને શુધ્ધ બનાવવાની ભાવના થઇ આવી. ભોળાભાવે માતા ગોમતી આગળ પ્રગટ કરી.

અવસરની રાહ જોતી માતા ગોમતીએ અડધો શેર જેટલાં કડવી તુંબડીના બીજ આપ્યાં અને ભલામણ કરી રે વ્હાલા સુપુત્ર જે જે તીર્થોમાં તુ સ્નાન કરે તે તે તીર્થો ની પવિત્ર નદીઓમાં આ બીજને પણ સ્નાન કરાવજે, તડકે સુકવજે, અને જયારે પાછો આવે ત્યારે આ ઘરે હેતો આવજે. તુંબડીના બીજની પોટલી લઇ ગોવિંદભાઇ તીર્થોમાં પવિત્ર થવા રવાના થઇ ગયા તેમ

આપણા આ ખલનાયક (જે પોતે જાહેર કરે છે કે અમે કુવાના દેડકા જેવા હતાને અત્યારે આરા સાગરમાં મોજમઝા કરીએ છીએ). અવરનવર કહેવાતા અનેક ગીતાર્થોની પાસે જઇને પોતાના આચારો વિચારોનું પમાર્જન કરાવે જાય તે દ્વારા તેઓ માને છે કે મારું કરેલું કાર્ય શુધ્ધ છે, પવિત્ર છે, હું જે કરું છુ કરાવું છું તે સારા જનને શોભે એવું છે. ગ્રેજ્યુએટ થયેલો હું કાંઇ ભૂલ કરું ? ના ના હું તો પોથી પંડિત નથી કોથળામાંથી પાંચશેરી પણ નથી કાઢતો. ફકત ભાવણ કર્યા પછી તે અપવિત્ર કે પવિત્ર છે તેની તપાસ કરવા નીકળું છું.

ઉધાર પાસુ પ્રગટ કરવાની રાહ જોતાં સુબુધ્ધિ નામની માતાઓએ અડધો ડઝનથી વધારે કડવી તુંબડી રૂપ અનેક પ્રસંગો યાદ કરાવી કરાવીને ટકોર મારતા ભલામણ કરી હે ચરણોપાસક સારા જન! કડવી તુંબડી રૂપ તમારા અનેક પ્રસંગોને તમે ભલે કહેવાતા અનેક ગીતાર્થો પાસેથી પ્રમાર્જન કરાવ્યા, સંશોધન કરાવ્યા અરે! ઝબોળી ઝબોળી સ્નાન કરાવ્યું પરંતુ તે સ્નાન કડવી તુંબડી રૂપ જ રાખું એટલે કુતરાની પૂંછડી રૂપ વાંકુને વાંકુ જ રહ્યું

શાસ્ત્રોની મોરછાપ પૂર્વક પ્રમાર્જન કરવાને બદલે શાસ્ત્રોની પંક્તિના અવળા અર્થો, કુતર્કો આદિ કરી કરીને સ્નાન કરાવ્યું આગમોના ભાવો તડકે સુકવ્યાં અને માન્યું કે હવે તે શુદ્ધ થઇ ગયા પરંતુ દુબુંધિઓના હાથમાં રમેલું હોવાથી તેવું ને તેવું જ રહ્યું.

આ રીતે અનેક પવિત્ર તીર્થોમાં ફરતો ફરતો ગોવિંદ પાછો પોતાના ઘરે આવ્યો. ઉત્સાહ પૂર્વક માતાના ચરણોમાં કડવી તુંબડીના બીજ મુકતા. પવિત્ર

પામેલા તે બીજને માતાએ સારી જગ્યામાં વવરાવ્યાં તે બીજે ઉગ્યાં, ફૂલ્યા ને ફુલ્યાં પરંતુ ગોવિંદભાઇ માતાના પરમારથ સમજ્યા નહીં.

સારા જન પણ અનેક ગીતાર્થોને ભેટી આવ્યા. ઉત્સાહપૂર્વક અનેક પ્રસંગોમાં માર્ગદર્શન મેળવ્યું. જરૂર લાગે ત્યાં પ્રમાર્જન પણ કરાવ્યું, માની લીધેલા પવિત્ર સંસ્કારોને બહુજનની આગળ વાવવા લાગ્યાં તે સંસ્કારોને ખીલવવા માટે અનેક કુતર્કોનું ખાતર નાખવામાં આવ્યુ,

પોતાના કહેવાતા ચાડિયાઓને સાર-સંભાળ માટે રોકી દીધાં ખાતર અને માવજતના કારણે તે સંસ્કારો જામ થઇ ગયા. લચી પડતા સુંદર મજાના અપવિત્ર ફળ ફુલ જોઇને સૌ ગ્રહણ કરવા દોડી જતાં પણ,

'સબુર !'

સુબુધ્ધિ નામની માતાએ તે ફળોનો કેવો ભયંકર વિપાક છે ? તેના ભોગવટાથી શું શું થાય છે ? તેનું ભક્ષણ કરનારને કયાં કયાં રખડવું પડે છે ? કેવા કેવા દુઃખો સહન કરવા પડે ? દેખાવમાં સારા લાગતાં ફળો રસનાબાઇ ઉપર મુકતા કેવી હાલત થાય છે તે જુઓને સાંભળો

બહુજન આગળ વિપાકનું વર્ણન કરતાં, બહુજન પણ આ ફળોને થુ થુ થુ કરીને ઓકવા લાગ્યો બહુજન રાડ પાડી પાડીને બોલવા લાગ્યો કે ચરબુકીંકરો તમે અમને આવા કડવા વિપકોને સુગરકોટેટ બનાવીને કેમ ચખાડયા આવા કુતર્કો ભર્યા ફળોથી અમારો દેહ કેમ અભડાવ્યો ? આના કારણે અમારું ધનતોપનત નીકળી ગયું. આવી કુચેષ્ટા કરવાનો ઠેકો લઇને શા માટે તમે બધે ફરો છો ?

બહુજનો શાંત થાવ. તમે સાવધાન થઈ સાંભળો. કહેવાતા અનેક ગીતાર્થો પાસે ભલે પ્રમાર્જન કરાવ્યું હોય કુતર્કો આદિ કરીને શાસ્ત્રની સંમતિ છે તેવું જાહેર પણ કરે, આર્ષ પુરૂષોની વાતોમાં મીઠું મરચું ઉમેરીને વાતો પણ કરે પરંતુ આ પ્રમાર્જન પામેલું પોતાની કડવાસ છોડતું નથી આત્માનો મેળ કાઢતું નથી.

સારા જનની પહેલા શું માન્યતા હતી ? તેઓ શું કરતા હતા ? સારાજનના આર્ષ પુરૂષો કયા માર્ગે ચાલ્યા છે ને કયાં માર્ગે ચાલવાનું કહ્યું છે ? કયા માર્ગને તેઓએ અવિશુદ્ધ પાળ્યો ને પાળવાનો ઉપદેશ આપ્યો છે સોનાના પાત્રમાં દૂધ પીને ઉછરેલા સારાજન શીયાળ જેવા કેમ બની ગયા તે ખબર પડતી નથી. આ સારા જનની દાનત કેટલી ખોરી છે તે પણ જાણવા જેવું છે. પોતાનું પેટ ભરવા આ સારાજન વર્ષોથી ઉત્સવ-મોહત્સવ, ઉજમણાં-ઉપધાન, છ'રી પાલિત સંઘ અને છેલ્લે છેલ્લે દેવદ્રવ્ય પર જે કુહાડા માર્યા છે તે વિચારણીય છે. બહુજનનું ધન પોતાના ઉપયોગમાં આવે તે માટે તીર્થોની રકમ કરવા માટે

વાપરો તેવી વાત કરતા પણ કેમ અચકાતા નથી તે ખબર પડતી નથી.

માતા ગોમતી બોલી, દિકરા ! આ તો તીર્થે જઇ આવેલા બીજની વાવણીમાંથી થયેલા ફળોનું શાક છે. શું આટલા પવિત્ર તીર્થોમાં સ્નાન કરી આવેલાં બીજોમાં કડવાસ રહેતી હશે ? રહી શકે ખરી ? જો તીર્થ જળના સ્પર્શથી બીજની કડવાસ નથી તો પછી શરીરમાં રહેલા આત્માનો મેલ શરીરને ધોવાથી કેમ જાય ? તેમ,

સુબુદ્ધિ નામની માતાઓ બોલી ઉઠી, દીકરા ! આ તો અનેક ગીતાર્થોએ પ્રમાર્જન કરાયેલા બીજની વાવણીમાંથી થયેલા ફળોનું શાક છે. શું આટલાં પવિત્ર ગીતાર્થોએ પ્રમાર્જન કરાયેલા બીજોમાં કડવાસ રહેતી હશે ? રહી શકે ખરી !

જો દુર્બુધ્ધિના જળથી પ્રમાર્જન થયેલા બીજની કડવાસ જતી નથી, તો પછી અમે કરીએ છીએ તે શાસ્ત્રીય જ છે તેવી બાંગ પોકારવાની જરૂર નથી.

જ્યાં સુધી ભગવાનની આજ્ઞા સમજાશે નહી ત્યાં સુધી કદાગ્રહ ભરેલી અવળી વાતો પર ધૃણા છૂટશે વડિલોની આજ્ઞાના નાશથી બોકકસ સંપનો નાશ થાય છે માટે દીકરા, વડીલોની આજ્ઞા શું છે તે બરાબર સુબુધ્ધિ નામની માતાઓ પાસેથી જાણી તે દુર્બુદ્ધિ નામના મિત્રોનો સંગ છોડી દે. વડીલોની આજ્ઞા આચરતો થઇ જા અને તારી પાછળ ફરનારા સૌને વડીલોના સિધા રાહે લઇ જા તેવી એકની એક સદાની. અભિલાષા.

પુણ્ય પુંજી કમાય

"સાચો સજ્જન" એ કે વાય;
હોય ના રાગદ્વેષ જરાય.
ભાગ્ય યોગે ચઢતી પડતીના, ચક્કરે આવી જાય;
ધૈર્ય ધરે દુઃખમાં, સુખમાં, લેશ ન કદિ કુલાય.
અભિમાન દંભ ન હોએ જીવનમાં લોભે કદિ ન મોહાય,
નિર્વૈરી નિર્ભ્યસની નરવીર, સરળતાથી સોહાય.
'નીતિમા રાખે બહુ પ્રીતિ, સહુને પ્રેમે સહાય;
સદ્‌ગુણ લાયક, ન્યાયનો નાયક, કરતો સહુને સહાય.
સુખ સંપત્તિ સાંપડતાં જે, હર્ષઘેલો ન દેખાય;
દુઃખ દાવાનળ પ્રગટે કદિએ, તો પણ જીવ ગભરાય.
'જીવન સત્સંગે રહી રંગે, દીસે ઉમંગ સહાય,'
સદસદ્‌વિચારે, વિમળ વિચારે, નિશદિન નિર્મળ થાય.
ઉપકાર કરે અપકારી ઉપર, અવગુણ ભૂલી જાય;
'નરસિંહ પ્રેમે પ્રભુએ ભજીને, પુણ્ય પુંજી કમાય.

સૌ જીવદયાપ્રેમી આરાધકો નીચેની બાબતમાં ગંભિર બનો. ઉપયોગવંત બનો અનેકને બનાવો

લે. જીવદયા પ્રેમી

આપણે સ્ટેપ્લરની પીન, પ્લાષ્ટિકની કોથળીઓ, કાચના ટુકડા વિગેરે કચરાની ભેગા નાખ. દબએ છીએ. બિચારા મુંગા-અબોલ નિરાધાર પશુઓ પેટની ભૂખ ભાંગવા કચરામાં ખોરાક શોધે છે. તેમા પ્લાષ્ટિની કોથળીઓ મિઠાઇના પેકેટો તેમાં સુગંધ હોય છે. થોડું ખાવાનું રહી ગયું હોય છે. બિચારા પશુઓ ખાઇ જાય છે. પેટમાં ગય પછી ભયંકર ત્રાસ દુઃખ-વેદનાથી રિબાય છે. તેઓ બોલી શકતા નથી. રિબાઇ રિબાઇને મરી જાય છે.

વડોદરામાં એક ગાયના ઓપરેશન વખતે માવાનો લાડવો હોય તેવી ગાંઠ પ્લાષ્ટિના કચરો, પીનો, ટાંકણીઓ કાચના ટુકડા વિગેરે નીકળ્યું. આપણે સૌ બનેતો પ્લાષ્ટિકનો ઉપયોગ બંધ કરીએ તે શકય ન હોય તો તે ફેંકતી વખતે કોઇ મકાનના પાયા નીચે અગર તો કોઇ રોડ બનતો હોય તેમાં દટા જાયઇ અથવા તો કોઇ ખુલ્લી જગ્યામાં તે રખિયામાં રૂપાંતર થઈ જાય તેવી રીતે તેને અગ્નિ આપી દેવો રહ્યો નહિ તો તે પ્લાષ્ટિક કેટલા જીવોના પ્રાણ લેશે તે કહી શકાય નહિ. સમુદ્રમાં જઇ માછલી મગર જળચર જીવોને મારી નાખે છે.

લોખંડની પીનો અને ટાંકણીઓની જગ્યાએ સુતરાઉ દોરો વપરાય તો નુકશાનની પરંપરા ઘટે ગુંદર ચોંટાડી દેવાય.

એક ક્રોડ રૂપિયાનું જીવદયામાં તમે દાન કરો. બીજી બાજુ આટલો ઉપયોગ રાખો તો અપેક્ષાએ ઘણો લાભ વધી જાય. પરંપરાએ વધુ લાભ થાય.

હિન્દુસ્તાનમાં સાત લાખથી વધુ ગામ નગર શહેરો છે. દરેક જગ્યાએ વાંચનાલયો લાકબ્રેરીઓ-સ્કુલો-કોલેજો-મંદિરો, એસ ટી. સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, બજારો એરપોર્ટ વિગેરે હોય છે. ત્યાં પણ આ અંગે સુંદર બોર્ડો લખાવી જાગ્રતી લાવી શકાય. નદી કિનારે તળાવના કિનારે પણ લખાવી શકાય.

સ્ટેપ્લર પીનના મેન્યુફેકચરો નોટબુકો અને બાઇન્ડીંગ કરનારા વેપારીઓને સમજાવી સુતરાઉ દોરાનો ઉપયોગ ચાલુ કરાવી શકાય કારીગરો બુદ્ધિ કામે લગાડે તો રસ્તો જડી જાય.

દરેક રાજયની અંદર એડવાયઝરી બોર્ડ હોય છે તેઓના ધ્યાન ઉપર આ વાત લાવીને રજુ કરી પ્રજામાં જાગૃતિ લાવી શકાય સરકાર દ્વારા રેડિઓ ટી. વી. ઉપર આ સમજાવી શકાય, ધીરે ધીરે પરિણામો જરુર સારા લાવી શકાય.

દરેક વેપારીઓના એસોસિએશનો હોય છે તેમણે પણ આ અંગે ધ્યાન ઉપર લાવી પ્રયત્ન કરી શકાય.

બીજુ સારાંય હિન્દુસ્તાનમાં પ્રગટ તથા દૈનિકો, પાક્ષિકો, માસિકો, સાપ્તાહિકોનું મોટા ભાગનું, લીસ્ટ નીચેના સરનામે ઉપલબ્ધ છે. આપ સુંદર લખાણ આ વિષયમાં બનાવી તેઓનાં તંત્રી, રિપોર્ટર અથવા એડવરટાઇઝીંગ એજન્ટો દ્વારા આ સમાચારો વધુ વ્યાપક રૂપે પ્રગટ થાય તેવા પ્રયત્ન કરશો તો લાખો મુંગા અબોલ નિરાધાર પશુઓને શાંતિ આપવા નિમિત્ત બનશો. પીડા આપવાથી વાચશો.

એક બાજુ રોજ સરકાર કતલખાના માં લાખો જીવોની કતલ કરે બીજી બાજુ આપણી માનવીઓની થોડી ભૂલના કારણે બિચારા જીવો મરી જાય. જાગ્યા ત્યારથી સવાર ધીરે ધીરે વધુ સમજદાર વર્ગ વધતો જશે. વિશ્વમાં જે કાંઇ સારુ છે તે કોઇની સદ્‌બુદ્ધિનું પરિણામ છે.

દૈનિકો, પાક્ષિકો, સાપ્તાહિકો, માસિકો વિગેરેનું લિસ્ટ મેળવવા નીચેના સરનામે પત્ર લખો. રુબરુ મંગાવી લેવાશે તો વધુ સારું. પોસ્ટેજ ખર્ચ વિગેરે બચી જશે.

સૌ કોઇ ઉત્સાહી, સમજદાર નિવૃત્ત ભાઇ બેનોને આ નાની પણ ગંભિર વાત ઉપર જાગૃત બની કામે લાગી જવા વિનંતી છે. તન. મન. ધન. સમય શક્તિ બુદ્ધિ કામે લગાડો તમોએ આ વાંચી જે શુભ પ્રયત્ન શરુ કર્યા હોય તેની ટુંકમાં માહિતિ લખી મોકલશો. અન્યને પ્રેરણા મળે તે માટે શક્ય હશે તે પ્રગટ કરીશું.

બીજું પ્લાસ્ટિકની કોથળીઓ.ની જગ્યાએ સુતરાઉ થેલીઓ વપરાશ વધે તો પણ ઢોરથી બચાય આ માટે દાનવીરો સુંદર ટકાઉ સુતરાઉ કાપડની ૧ કિલો, ૨ કિલો, ૩ કિલો, ૪ કિલો, ૫ કિલો વજન સમાઇ શકે તેવી થેલીઓ નહિ નફો નહિ નુકશાન ધોરણે ગામે ગામ શહેરે શહેરે મળે તેવી વ્યવસ્થા કરે તો. ધીરે ધીરે પ્લાસ્ટિક વપરાશ ઘટશે. જ્યાં આ વેચાણ તંત્ર ગોઠવ્યું હોય ત્યાં બોર્ડ લગાવાય. પ્લાસ્ટિક થેલીના નુકશાનોથી સ્વયં દેશ અને પશુઓને બચાવવા સુતરાઉ થેલીઓનો વપરાશ કરો. આગ્રહ રાખો.

સુતરાઉ થેલી એક મહિનાથી ૧૨ મહિના સુધી ટકે છે. પ્લાસ્ટિકથી કચરો વધે છે. ઘણીવાર તો નાળા ભરાઇ જાય છે.

દૈનિકો પાક્ષિકો અઠવાડિકો માસિકોની માહિતિ માટે લખો.

પ્રાણી રક્ષા ટ્રસ્ટ C/o. હસમુખ શાહ ૪, વંદના પાર્ક, મણીનગર, રેલ્વેસ્ટેશન પાછળ, પૂર્વ અમદાવાદ ૮ પીન ૩૬૦ ૦૦૮ ફોન નં. ૮૩૩૨૭૫

આ લિસ્ટની કોપીઓ બનાવવાનો ખર્ચ રૂપિયા ૨૦૦ આવે છે. તમે ભોગ આપી શકોતો સારું નહિતો ટ્રસ્ટ શક્ય હશે તો તે ખર્ચ ભોગવશે. આ અંગે જીવદયા પ્રેમીઓનું વધુ માર્ગદર્શન આવકાર્ય છે. પ્રાણી રક્ષા ટ્રસ્ટની પ્રવૃત્તિઓ વિસ્તારવા જીવદયાની વધુને વધુ રકમ મોકલવા વિનંતી છે.

શાસન સમાચાર

ભોરોલ તીર્થમાં આનંદોત્સવ

શ્રી ભોરોલ તીર્થની પ્રતિષ્ઠા થયા બાદ તીર્થવાસીઓના હૈયામાં રહેલ પ્રભુ-ભક્તિ સવિશેષ રીતે વૃદ્ધિવંત થાય તેવાં અનેક પ્રસંગો બની રહ્યા છે પ્રભુ પ્રતિષ્ઠા ની માસીક તિથિએ સમસ્ત ભોરોલવાસી-ઓએ ભોરોલ પધારી પ્રભુભક્તિનો ઉત્સવ કરવો એ પ્રમાણે નક્કી થયા મુજબ મુંબઈ અમદાવાદ-સુરત આદિ સ્થળેથી અનેક ભક્તો પધાર્યા હતા. પ્રભુજીની પંચ-કલ્યાણક પૂજા ઠાઠથી ભણાવાઈ હતી. ત્રણે ટંકનું સાધર્મિક વાત્સલ્ય પણ રાખવામાં આવેલ. આ નિમિતે પ્રભુને ભવ્યાતિભવ્ય અંગરચના કરવામાં આવેલ. રાત્રે સુંદર ભાવના ભણાવેલ હતી. બાર મહિના સુધી દરેક માસિક તિથિએ પૂજા-આંગી-સ્વામિ-વાત્સલ્યાદિ કાર્યક્રમ રાખેલ છે. વાર્ષિક તિથિ નિમિત્ત અષ્ટાન્હિકા મહોત્સવ થશે.

આ દરેક કાર્યમાં ભોરોલ તીર્થ રત્ન પ્રભાવક પ્રવચનકાર પરમ પૂજ્ય, આચાર્ય-દેવ શ્રીમદ્ વિજય કીર્તિયશ સૂ. મ. સા. નું હાર્દિક માર્ગદર્શન અવારનવર મળ્યું છે.

પાટણમાં પ્રભાવના

વર્ધમાન તપોનિધિ પૂ આ. દે. શ્રી ગુણયશ સૂ. મ. તથા આધ્યાત્મિક પ્રવચન-કાર પૂ. આ. દે. શ્રી કીર્તિયશ સૂ. મ. ભીલડીયા તીર્થમાં મુ. કીરીટકુમાર કોરડીયા વાવવાળાને દીક્ષા પ્રદાન કર્યા બાદ પાટણ પધારતા શ્રી સંઘે ભાવભીનું સામૈયું કર્યું હતું. પૂ. ન્યાયાંભોનિધિ પાંચાલ દેશોદ્ધારક પૂ. આત્મારામજી મહારાજના સ્વર્ગારોહણ શતાબ્દિ તિથિ હોવાથી પૂ. શ્રી ના ગુણા-નુવાદ રાખવામાં આવેલ. નગીનભાઇ પૌષધશાળાના વિશાળ હોલમાં ભરચક સભામાં પૂ. શ્રીએ દોઢ કલાક સુધી સદ્ગત પરમતારકશ્રીજીના 'સત્યનિષ્ઠા' આદિ અનેક દુર્લભ ગુણો ઉપર વેધક પ્રકાશ પાથર્યો હતો. વિકટ સમયમાં વિકટ પરિસ્થિતિમાં રહી પ્રભુ માર્ગની રક્ષા-આરાધના અને પ્રભાવના કરી જાણનાર તેઓશ્રીના જીવન ને જાણી તેઓશ્રીના ગુણો આત્મસાત્ કરવા જોઇએ એવી પ્રેરણા કરી હતી. ત્યારબાદ સંઘ-પૂજનાદિ કાર્યક્રમ પત્યા બાદ સભાની પૂર્ણાહુતિ થઇ હતી. જેઠ સુદ-૧૧ ના દિવસે સિદ્ધાંતનિષ્ઠ સ્વ. આ. શ્રી વિ. સોમચંદ્ર સૂ. મ. સા. ની ૪ થી સ્વર્ગા-રોહણ તિથિ હોઇ 'આજ્ઞાનો પ્રેમ' વિગેરે તેઓશ્રીના ગુણો પૂ. શ્રીએ સુંદર શૈલીમાં વર્ણવી સભાને પૂ. શ્રી. ના એ ગુણો મેળવી લેવા ભલામણ કરી હતી.

હાલ પાટણ ખાતે સ્થિરતા હોઇ રોજ સવારે 'શ્રી જિનાજ્ઞાનું સ્વરૂપ' એ વિષય પર રસાળ પ્રવચન ચાલે છે. બપોરે પૂજ્ય સાધુ સાધ્વી ભગવંતો ગચ્છાચાર પયન્ના

આગમની વાચનામાં સારી સંખ્યામાં લાભ લે છે.

પૂ. શ્રી જી નું ચાતુર્માસ અમદાવાદ પાલડી લક્ષ્મી વર્ધક જૈન સંઘમાં નક્કી થયું હોવાથી પાટણ બાદ થોડી સ્થિરતા કર્યા બાદ અમદાવાદ બાજુ વિહાર લંબાવશે. પ્રાયઃ અષાઢ સુદમાં ચાતુર્માસ પ્રવેશ થવા વકી છે.

રાંચીમાં ભવ્ય મહોત્સવ

બિહાર રાંચીમાં ભવ્યરીતે ઉજવાયેલ જિવિત મહોત્સવ નિમિત્તો બે પ્રતિષ્ઠા, અંજન શલાકા પાંચ-પાંચ મહાપૂજનો આઠે દિવસ ત્રણે ટાઇમ ઝૂલ્લે હાથે સાધર્મિક ભક્તિ

વર્ધમાન તપોનિધિ પૂ. આ. દે. શ્રી પ્રભાકર સૂ. મ. સા. તથા પૂ. ધર્મદાસ ગણિ પૂ. શ્રી સમેતશિખરમાં ત્રણ ત્રણ સંઘની માળારોપણ પૂર્ણ કરી કુસરાવ-બેરમો પધાર્યા ત્યાં બે દિવસની સ્થિરતા દરમ્યાન પાઠશાળા તથા સ્નાત્ર મંડળની યોજના નક્કી થઇ તે માટે ફંડ થયું.

પૂ.શ્રીનો જેઠ સુદ ૨ નાં રાંચીમાં સુંદર પ્રવેશ થયો. છોટીબાઇ સોહિતલાલ રામપુરીયા પરિવારે છુટા હાથે લાભ લીધો. છોટીબાઇ સોહનલાલ રામપુરિયા પરિવાર નો આ જિવિત મહોત્સવ કાયમનું સંભારણું બની ગયું. માર્ગદર્શક મનોજકુમાર બાબુલાલ હિરણનો ફાળો અનુમોદનીય હતો.

ઘણા સમયથી રામપુરીઆ પરિવારને જિવિત મહોત્સવ કરવાની ભાવના હતી. પરંતુ આ યમતે પૂ. આ. શ્રી પ્રભાકર સૂ. મ. ની નિશ્રામાં સુંદર સંયોગ મળતા ઉજવાઇ ગયો. તેઓશ્રીના સંસારી કુટુંબી સા. શ્રી પ્રિયંકરાશ્રીજી આદિ ઉગ્ર વિહાર કરી પધાર્યા. પૂ. આ. ભગવંતે રાંચી મહોત્સવ માટે ૩૫૦ કિ.મિ. વિહાર કર્યો.

પાંચ પાંચ દેરાસરોના લગભગ ૨૫ જિનબિંબો તથા બીજા અધિષ્ઠાયક દેવ દેવી મણીભદ્ર આદિની મૂર્તિ મળી ૪૭ પ્રતિમાઓ હતી.

વિરમગામના શરણાઇવાદકો, બેંગલોર ની ગવૈયા મંડળી, એમ. પી. રાજગઢ ધરનું ભવ્ય બેન્ડ, રાજસ્થાનથી અંજન-શલાકાનો સાજ તેમજ દશ હાલતી ચાલતી ભવ્ય રચનાઓ. મનોજભાઇ હિરણની ભક્તિ તથા પૂ. શ્રીના પ્રવચનોએ રાંચીમાં ઉત્સાહમય વાતાવરણ સર્જી દીધું હતું. પાઠશાળા અને સ્નાત્ર માટે પાત્ર થઇ જશે તેવું વાતાવરણ નિર્માણ થયું છે. રસોડાની સુંદર વ્યવસ્થા કલકત્તા વર્ધમાન સેવા મંડળે સંભાળી હતી.

રાંચીના તમામ દૈનિકોમાં આ સમાચારો પ્રગટ થયા હતા. રાંચી મોટું શહેર છે. પંદર લાખની વસ્તી છે.

રામપુરિઆ પરિવાર સ્વર્ગસ્થ પિતાશ્રી સોહનલાલ અને વિદ્યમાન છોટીબાઇ છે. તેઓની કૃપા માને છે. માતાપિતા ઉપર ખુબ બહુમાન ધરાવે છે. મોટું કુટુંબ સાથે રહે છે. તેઓ કોઇપણ ગરિબ માણસ

ને ૨૫૦ ગામ રોટલા છુટા હાથે બારે મહિના અપે છે. રામપુરિઆ પરિવારની અઢારે કોમનાં સારી ખ્યાલ છે.

વિશેષમાં રાંચી દેરાસરની પ્રતિષ્ઠા સ્વ. પ. પૂ આ. દે. શ્રી રામચંદ્ર સૂ. મ. ના પટ્ટાલંકાર પૂ આ. ભુવન સૂ. મ. ના હાથે થઇ છે. તે દેરાસર પણ રામપુરિયા પરિવારે બનાવ્યું હતું. જે દેરાસરમાં શ્રી ધર્મનાથ તથા શ્રી મહાવીર સ્વામિની મૂર્તિની પ્રતિષ્ઠા જે. સુ. ૧૦ રોજ થયેલ. પ્રતિષ્ઠાના દિવસે રામપુરિઆ પરિવારમાંથી શ્રી સંપતભાઇએ ૪૨ વર્ષની વયે ચતુર્થ-વ્રત બ્રહ્મચર્ય વ્રત લીધેલ છે. રોજ નવી નવી પ્રભાવનાઓ થતી હતી. જેઠ સુ. ૧૦ ના આરસના ભવ્ય શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ચાંપાબેન ઓથરાના ઘરે ત્રણ કિ.મિ. દૂર સવારના ૮ વાગે પૂ. શ્રી ના હાથે બેન્ડવાજા સહિત થઇ. સૌ સંઘની સાધર્મિક ભક્તિ થઇ. રાંચીમાં શ્વેતાંબર મૂર્તિ પૂજકના ૨૦ થી ૨૫ કુટુંબો છે. છુટા છવાયા છે ૧૦ કિ.મિ. એરિયા સુધી વસેલા છે. દર રવિવારે સ્નાત્ર મંડળ આદિ કરવા માટે પૂ. શ્રીએ ઉપદેશ આપેલ અને અલ્પાહાર આદિનો લાભ લેશે. સંઘનાં જાગૃતિ આવે માટે આ આયોજન કર્યું છે. (ભક્તિનો લાભ રામપુરિઆ પરિવાર લેશે.) રામપુરિઆ પરિવારની સમસ્ત અંજન શલાકા પ્રતિષ્ઠા હોવા છતાં અનેક લાભો સંઘને આપતા પાંચ લાખની ઉપજ થયેલ.

પરિકરની પ્રતિષ્ઠા તથા ભરાવાનો લાભ પણ રામપુરિઆ પરિવારે લીધો હતો.

મહોત્સવની પૂર્ણાહુતિ બાદ પૂ. શ્રી એ ઝરિઆ તરફ વિહાર કર્યો હતો.

રતલામ (એમ. પી.) અત્રે શ્રી રામ-ચંદ્ર સૂ. મ. સા. ની દિવ્ય કૃપાથી શ્રી આરાધના ભવન શ્રી સંઘના ઉપક્રમે દીક્ષાર્થી શ્રી જયેન્દ્રકુમાર વેલજી હરણીયા વૈ. વદ ૨ ને રવિવારે પધારતા સ્ટેશન ઉપર શ્રી સંઘે તેમનું ભાવભર્યું સ્વાગત કરેલ બાદ ૧૦ વાગે આરાધના ભવનથી તેમનો વરસીદાનનો વરઘોડો ચડેલ વરઘોડા બાદ શ્રી સંઘ તરફથી જયેન્દ્ર-ભાઇનું બહુમાન કરવામાં આવેલ બાદ સકલ શ્રી સંઘને જાતુ અપાયેલ બપોરે ૧-૩૦ કલાકે શ્રી ટાટાનગર તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે હાલાર કેસરી પૂ. આ. દે. શ્રી જિનેન્દ્ર સૂ. મ. સા. ના માર્ગદર્શન તથા ઉપદેશથી નૂતન શ્રી અજીતનાથ ભ. ના જિન મંદીરના શિલારોપણ વિધિ તથા ઉપાશ્રયનું ખાત મુહૂર્ત શ્રી જયેન્દ્રભાઇના શુભ હસ્તે થયેલ શ્રી જયેન્દ્રભાઇ તરફથી દેરાસરમાં તથા ઉપાશ્રય બંધાવવા માટે દાન જાહેર થયેલ.

વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહે ખુબ સુંદર રીતે કરાવેલ.

*

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામિ જિનાલય શતાબ્દિ વર્ષ

❀ શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો ❀

પ્રતિષ્ઠા દિન. વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન. વિ સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટૂંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘનો તીર્થસ્વરૂપ ભાભરનગરના જિનાલયોના દર્શન પૂજન નિમિત્તે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ ૨. શ્રી શાંતિ નાથ સ્વામી જિનાલય ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમા કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુકાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચન્દ્ર સૂરીશ્વરજી જૈન પાઠશાળા–જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્ જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુધ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આ. શ્રી શાન્તિચન્દ્ર સૂ. મ. તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. નો ઉપકાર ભૂલી શકાય એવો નથી.

તા.ક. ભાભર આવવા માટે અમદાવાદ પાલનપુર–ડીસા–શંખેશ્વર–ભીલડી–વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ–ભીલડી–પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

ભાભર તીર્થની યાત્રાએ પધારો.

મુ. ભાભર, તા.. દીઓદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનુ નકકી કર્યું છે.

સૌજન્ય : શ્રી જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન ૮૪૨૬૯૭૧

જિનમંદિરોના ધ્વજારોહણ ઉત્સવો

પાલીતાણા-પૂ. આ. શ્રી વારિષેણ સૂરિજી. મ. પં. વિનયસેનવિ. મુનિ વ્રજસેનવિ. મુનિ વલ્લભસેનવિ. મુનિ વિરાગ સેનવિ. મ ઠા. પાંચ ભાઈઓની નિશ્રામાં સાધ્વી ભવ્ય દર્શના શ્રી સા. હર્ષનંદિતાશ્રીના વર્ષીતપના પ્રસંગે સાહિત્ય મંદિરે, ભકતામર પૂજન. સા. નિર્મલાશ્રીજીના શિષ્યાદિના વર્ષીતપ હેતુ ગિરિ વિહારમાં પગલ્યા પૂજન ઢામણી વહોરાવવિધિ થયેલ પરભણીથી સુભાષચંદ અમરચંદ ભટેવડા બસોમાં સંઘ લઈને આવતા વાજતે ગાજતે સમુહ યાત્રા પગલ્યા પૂજન ઢામણી વહોરાવા વિગેરે થયેલ જીવનમાં પ્રથમવાર ઘણાને યાત્રા થયેલ. ૦ કુંભણ-૩૪મી સાલગિરી નિમીતે સામેયુ ૩ દિન નવકાર શીઓ ભકતામર પૂજન ૧૮, અભિષેક પૂજા ગાયોને ઘાસ, જીવદયા, ઘરદિઠ ૧ કિલો સાકર, ભકતામર પાઠ ભાવનાદિ સુંદર થયેલ.

નવાગામ-મુનિ સુવ્રત જિનાલયે સાલગિરિ નિમીતે પૂજા, નવકારશી, સંઘપૂજનો, ભકિતથી થયેલ. વરલ-અત્રે ધ્વજા રોહણ પ્રસંગે ૧૮ અભિષેક પૂજનાદિ સુંદર થયેલ પૂજા આંગી થયેલ. ૦ ત્રાપજ-વૈ. સુ. ૧૦ની ધ્વજા દિન હોઇ ૧૮ અભિષેક પૂજન ૩ દિન ઉત્સવ સંઘ પૂજનાદિ.

ગારિયાધાર-૧૫૭ મી.શાંતિનાથ જિનાલયની ધ્વજા રોહણ ઉત્સવ દિનનો ભવ્ય રીતે મનાવાયેલ રોજ બન્ને સમયની નવકારશી ભવ્ય અંગ રચના થયેલ. મેટિ વાવડિ સંભવનાથ જિનાલયની ૨૦ મી સાલગિરિ પ્રસંગે વૈ. સુ. ૧૩ ના ભવ્ય ઉત્સાહ પૂર્વક ભકિત ભાવથી પૂજા આંગી નવકારશી ધ્વજના ચઢાવાદિ થયેલ સર્વ સ્થળે તપસ્વી ગુરૂદેવોના પદાર્પણથી ભવ્ય ઉત્સાહનું વાતાવરણ નિર્માણ થવા પામેલ સુબંધથી ભાવીકો પધારતા આરાધનાનો લાભ સારો લીધેલ હતો.

જામનગર-અત્રે શ્રી ચોરીવાળા ઉપાસરે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી અરૂણોદય સાગરજીમ.ની શુભ નિશ્રામાં શાહ રમણીકલાલજી પરિવાર તરફથી વૈશાખ સુદ ૧૧થી પરમ તારક શ્રી સીમંધર સ્વામિ તથા શ્રી પુંડરિક સ્વામિની પ્રતિષ્ઠા નિમિતે પંચાહ્નિકા જિનેન્દ્ર ભકિત મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ વૈશાખ સુદ ૧૫ને સવારે શુભ મુહુર્તે પ્રતિષ્ઠા થયેલ. બાદ સાટાની પ્રભાવના થયેલ સવારે ૯-૦૦ ક. શ્રી અષ્ટોતરી શાંતિ સ્નાત્ર ભણાવાયેલ બાદ લાડુની પ્રભાવના થયેલ જીવદયાની ટ્રીપ ખુબ સુંદર થવા પામી હતી બપોરે શ્રી વિસા ઓસવાલ જ્ઞાતિ જમણ થયેલ. વિધિ-વિધાન શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલા સંગીતમાં શ્રી મધુકાન્ત મનહરલાલ ઝવેરીએ સારી જમાવટ કરી હતી.

પિંડવાડા-જેઠ સુદ ૯ ને પૂ. ઉપાધ્યાય પ્રવર શ્રી કમલરત્નવિજયજી મ.ની શુભ નિશ્રામાં પિંડવાડામાં દીક્ષાર્થી

કુ. શર્મિલાબેનની દીક્ષા થયેલ તે વખતે ૭ દીક્ષાના ઉપકરણો વહોરાવવા આદિની ઉછામણીનો લાભ નીચે લખેલ. મુજબ સજ્જનોએ લીધેલ. રાત્રે મેલાવડામાં શ્રીફલ, તિલક તથા માલા શર્મિલાબેનને પહેરાવવાનો લાભ શા. વીરચંદજી છોટાલાલજીએ લીધેલ શર્મિલાબેનને માનપત્ર દેવાનો લાભ શા. બાબુલાલજી ચુનીલાલજી સાકરિયાએ લીધેલ. દીક્ષાર્થી શર્મિલાબેનના પિતાજી માણેકચંદજીને તિલક-માલા શ્રીફલ તથા માનપત્ર દેવાનો લાભ શા મગનલાલજી હસ્તે ઉત્તમચંદજીએ લીધેલ દીક્ષાર્થીના માતુશ્રી વીણાબેનને તિલક, માલા શ્રીફલનો લાભ શા ચુનીલાલજી વેલાજીવાલા પરિવારે લીધેલ અને વીણાબેનને માનપત્ર દેવાનો લાભ શા હજારીમલજી મૂલચંદજીએ લીધેલ દીક્ષા દિવસે શર્મિલાબેનને અંતિમ વિદાય તિલકનો લાભ શા જયંતિલાલજી હલીચંદજીએ લીધો. ડંડાસન-શા ધરમચંદજી નરસાજી કાંબલી-શા ગિરધરલાલજી સંતોકચંદજી સાડી-શા વીરચંદજી છોગાલાલજી સંથારો-શા ચુનીલાલજી પૂનમચંદજી પરિવાર ઉત્તરપટ્ટો-શા કપુરચંદજી પુનમચંદજી કિસ્તુરચંદજીએ ચાદર-શા શિવલાલ ગવેરચંદજી ઉભાજી આસન-શા વીરચંદજી પુનમચંદજી તરપણી-શા હજારીમલજી મુલચંદજી પાત્રા-મણિલાલજી છોગાલાલજી નાંદિયાવાલા ડંડો-શા જયંતિલાલજી હલીચંદજી સાપડો-શા ભુરમલજી સરેમલજી પુસ્તક-શા મગનલાલજી ભબુતમલજી હસ્તે ઉત્તમચંદજી પુંજણી- શા લાલચંદજી છગનલાલજી નોકારવાલી-શા માણેકચંદજી હલીચંદજી નુતન નામ જાહેર કરવાનો-શા છોટાલાલજી પુનમચંદજી ગુરૂ પુજન-શા માણેકચંદજી હલીચંદજી.

ગુરૂ મહારાજને કામલી વહોરાવાનો લાભ શા માણેકચંદજી હલીચંદજીએ લીધેલ. સાધ્વીજી મ. હર્ષિપ્રજ્ઞાશ્રીજીને કામલી વહોરાવાનો લાભ શા માણેકચંદજી હલીચંદજી મુહપત્તિ મહેતા પ્રેમચંદજી અમીચંદ ઝાડોલીવાલા ઓઘો-નકરાથી શા માણેકચંદજીએ લીધેલ સુપડી-શા પુખરાજજી કસ્તુરચંદજી એના સિવાય બે કુમારિકાઓને બ્રહ્મવતની ચુંદડીની બોલીથી જુદા જુદા ભાગ્યશાલીઓએ લાભ લીધેલ.

જામનગર-અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. પૂ. આ. શ્રી વિજય અમર ગુપ્તસૂ. મ. પૂ. આ શ્રી ચંદ્રગુપ્તસૂ. મ.ની નિશ્રામાં પૂ. આત્મારામજી મ.ની સ્વર્ગતિથિ ઉજવાઇ.

સુદ-૬ના કામદાર કોલોનીમાં પ્રવચન પ્રભાવના સંઘ પૂજન તથા બપોરે દેવરાજ મેઘજી હરગોવીંદજી દેવરાજ ગડ તરફથી પૂજા ભણાવાઇ સુદ ૭ ના ઓસવાળ કોલોનીમાં પૂ. આ. શ્રી તથા પૂ. દિવ્યાનંદવિ. ના પ્રવચન થયા પ્રભાવના થઇ સુદ ૮ ના ૪૫, દિગ્વિજય પ્લોટમાં પૂ. આચાર્યદેવોના પ્રવચન થયા સંઘ પૂજન થયા સામુદાયિક આંબેલ તથા મોટી પૂજા શા પ્રેમચંદ ભારમલ છેડા તરફથી થયા આંબેલ સારા થયા હતા.

અમદાવાદમાં ઉજવાયેલો બાળમુમુક્ષુશ્રી વરુણકુમારનો ભવ્ય દીક્ષા મહોત્સવ :

અમદાવાદનાં વતની શ્રી કાંતીલાલ કેશવલાલ શાહનાં સુપુત્ર મીલનકુમાર તથા અ. સૌ. નિમિષાબહેને પોતાના લાડકવાયા પુત્ર વરુણ (ઉ. વ. ૧૧) ને આત્મકલ્યાણ કાજે આજથી ૩ વર્ષ પૂર્વે પૂ. જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. નાં શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ. સા. નાં ચરણોમાં મૂકી દીધો હતો. ગુરુકુલવાસમાં ૩ વર્ષની તાલીમ લઇને બાલ વરુણ દીક્ષા માટે સજ્જ થઇ ગયો હતો. ત્યારે તેના કુંટુંબીજનોએ પૂ. ગચ્છાધિપતિ આ. ભ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. પાસેથી વૈ. સુ ૬ બુધવાર તા. ૨૪-૬-૬૬ નું શુભમુહુર્ત દીક્ષા માટે ગ્રહણ કર્યું હતું અને આ પ્રસંગે ભવ્ય પંચાહ્નિક મહોત્સવનું આયોજન હાથ ધર્યું હતું. તેઓના નિવાસસ્થાન પાસેથી યોગેશ્વરનગર સોસાયટી વિશાળ ગ્રાઉન્ડમાં એક સુવિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. જેને 'વિજય રામચન્દ્ર સૂરિ સંયમ રમણોદ્યાન' નામે જાહેર કરાયો હતો. મંડપમાં પૂર્વ દિશાએ સુંદર પબાસણ સજાવી તેના પર શ્રી ધર્મનાથ સ્વામી આદિ શ્રી જિન બિંબોનું ત્રિગડું પધરાવવામાં આવ્યું હતું. જેની જમણી બાજુએ બે સ્ટેપમાં સ્ટેજ તૈયાર કરી વચ્ચેમાં શ્રી શાશ્વત ગિરિરાજની વિશાળ પ્રતિકૃતિ અને આજુ બાજુમાં પૂ. પરોપકારી આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજનાં વિવિધ મુદ્રાનાં ફોટાઓ પૂજ્યશ્રીનાં પ્રવચન પુસ્તકો અને રત્નત્રયીનાં ઉપકરણો વગેરે સુંદર રીતે ગોઠવવામાં આવ્યા હતા. વિશાળ મંડપમાં બરાબર ઉત્તરાભિમુખ વિશાળ પ્રવચનપીઠ તૈયાર કરવામાં આવેલ ત્યાં પણ મધ્યભાગે પૂ. પરમ ગુરૂદેવશ્રીની મનોહર છબી ગોઠવવામાં આવી હતી. આખીય પ્રવચન પીઠને અનેક છોડોથી શોભાયમાન બનાવવામાં આવી હતી. સમગ્ર મંડપની ચારેય દિવાલો પર પૂજ્યશ્રીનાં પ્રવચનનાં સુવાકયોનાં, પૂજ્યોની વંદના. અને સંયમધર્મ ની યશોગાથાનાં બેનર્સ લગાવામાં આવ્યા હતાં.

દીક્ષાર્થી પરિવારની અતિ આગ્રહભરી વિનંતીથી પૂ. મુ. શ્રી નયવર્ધન વિજયજી મ. સા. આદિ ઠાણા સુંબઇથી ઉગ્રવિહાર કરીને દિક્ષા પ્રદાન નિમિતે અમદાવાદ પધાર્યા, હતા. ચૌ. વ. ૭ તા. ૧૭-૪-૬૬ નાં અમદાવાદ વાસણા પધારી ગએલાં તેઓશ્રી અમદાવાદની અલગ અલગ સોસાયટીઓનાં સંઘની ભાવપૂર્ણ વિનંતીથી અલગ અલગ સંઘોમાં સસ્વાગત ૧-૧ દિવસ સ્થિરતાં કરી વૈ સુ. ૩ નાં રોજ સામૈયા બાદ મનનીય પ્રવચન થયું હતું. મહોત્સવમાં ૩ નાં દિવસે શ્રી બારવ્રતની પૂજા ૫ ના દિવસે કુંભ સ્થાપન, પાટલા પૂજનાદિ વિધિ તથા શ્રી લઘુ શાંતિ સ્નાત્ર મહાપૂજન અને ૬નાં દિવસે શ્રી નવપદજી ની પૂજા ભણાવવામાં આવી હતી.

વૈશાખ સુદ ૫ ૪ રવિવાર ના રોજ શ્રી જ્યોતિન્દ્રભાઇ જેઠાલાલ શાહ તરફથી

મુ. ના વરસીદાનનો વરઘોડો તેમના નિવાસ સ્થાને 'કંચનતારા એપાર્ટમેન્ટ' થી ચાલ્યો હતો. જેમાં નોબતખાનું-છડ્યધજા અનેક ઘોડાઓ આકર્ષક મંડળની ૩ ગાડીઓ અનેક બગીઓ વિશાળ સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકા ગણ તથા ભગવાનનો રથ હતો. આજે વરસીદાન યાત્રામાં વરુણકુમારની સાથે મુ. જયેન્દ્રભાઇ પણ જોડાયા હતા. આજે જયેન્દ્રભાઇની વિનંતીને માન આપી પૂ. આ શ્રી મિત્રાનંદ સૂ. મ. આદિ પણ વરઘોડામાં પધાર્યા હતા. રાજમાર્ગો પર આ શાસન પ્રભાવક વરઘોડો ફરી દીક્ષા મંડપમાં ઉતર્યો હતો. બાદ વ્યાખ્યાન થયા હતા.

વૈ. સુ. ૫ ના દિવસે મુમુક્ષુ વરુણકુમારનો છેલ્લો વરસીદાનનો વરઘોડો ચઢ્યો હતો. જાત જાતની સામગ્રીઓથી અનેક બેન્ડ વાજા વગેરેથી શોભાયમાન આ છેલ્લા વરઘોડામાં બાલ મુમુક્ષુ ઉતુંગ શિબિકામાં આરૂઢ થઈ ધન વર્ષા વરસાવી રહ્યાં હતાં. જાહેર થયેલાં વરઘોડાના માર્ગો પર બંને બાજુએ દર્શનાર્થીઓ ટોળે ટોળામાં ઉમટી પડ્યા હતાં. ઘણાં ઘણાં દર્શકોનાં નેત્રોને પાવન કરતો આ વરઘોડો જ્યારે પસાર થયો હતો ત્યારે દર્શકો આ નાના બાળના પણ આ મહાન પુરૂષાર્થને અભિનંદી રહ્યા હતાં. વરઘોડાનાં વિવિધ માર્ગો પર અમદાવાદનાં અનેક સંઘોએ પોતાનાં આંગણે કમાનો બાંધીને મુ. ને બિરદાવ્યા હતા આજે રાત્રે મુમુક્ષુ ને વિદાય આપતો ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં પ્રમુખપદે શ્રેષ્ટિવર્ય શ્રેણિકભાઇ કસ્તુરભાઇ શેઠ પધાર્યા અનેક મહાનુભાવોનાં ભાવવાહી વકતવ્યો બાદ શ્રી જયંતિલાલ આત્મારામે તથા શ્રી શ્રેણિકભાઇએ પોતાનાં વકતવ્ય કર્યા હતાં. છેલ્લે બાળમુમુક્ષુ વરુણકુમારનું પોતાની ભાષામાં વકૃતવ્ય આખી સભાને ખુબજ આનંદિત કર્યું હતું. અમદાવાદની ગણનાતીત સંસ્થાઓએ તથા વ્યકિતઓએ મુમુક્ષુનુ બહુમાન કર્યું હતુ. આ પ્રસંગે અન્ય પણ મુમુક્ષુઓના બહુમાન કરાયાં હતાં.

વૈશાખ સુદ ૬

પૂજયપાદ અનંતોપકારી આરાધ્યપાદ આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની આચાર્ય પદવીનો આ ઐતિહાસિક દિવસ વરુણ માટેય વિશિષ્ટ અને વિરતિપ્રદ દિવસ હતો. સવારે શ્રી સ્નાત્રપૂજા વગેરે આવશ્યક અને અવસરોચિત ક્રિયાઓ કરી વરુણ સંસારને અને ઘરને અલવિદા કરવા ઉત્સુક હતો. ૯-૩૦ વાગ્યાનાં સુમારે ઘરેથી વરસીદાન કરતો કરતો વરુણ વાજતે ગાજતે ઉપાશ્રયે આવ્યો. દીક્ષાર્થી પરિવારની આગ્રહભરી વિનંતીથી પૂ. આ. શ્રી સુદર્શન સૂ. મ. દીક્ષા પ્રદાનાર્થે પધાર્યા હતા. વિનંતી થતા સર્વે પૂજ્યો તથા મુમુક્ષુ સસ્વાગત સંયમ રમણોદ્યાનમાં પધાર્યા હતા. પૂજ્યો પ્રવચન પીઠે વિરાજમાન થયા વચ્ચે જ પૂ. પરમ ગુરુદેવશ્રીની મનોહર પ્રતિકૃતિ હતી. મુમુક્ષુ માટેય ખુબ જ વ્યવસ્થિત સ્ટેજની ગોઠવણ કરવામાં આવી હતી. વચ્ચમાં નાનુ

પધરાવી ચતુર્મુખ શ્રી જિનબિંબો પધરાવવામાં આવ્યા હતા. ભગવાન પર પડદો કરી મુમુક્ષુએ છેલ્લું છેલ્લું ગુરુ ભગવંતોનું નવાંગી પૂજન કર્યું. ઉપકરણો વધેરાવ્યા. ત્યારબાદ સંયમ માર્ગે પ્રસ્થાન કરતાં મુ. નો સદા આત્મવિજય થાઓ એવી ભાવનાથી વિજય તિલક કરવાની ઉછામણિ શરૂ થઈ. આ બાલ દિક્ષા મહોત્સવને માણવા અમદાવાદની પ્રજા અતિ ઉત્સુક હતી. જેથી વિશાળ મંડપ પણ માનવ મેદનીથી સંકીર્ણ લાગતો હતો.

ઉછામણીનો આંક લાખ ઉપર પહોંચ્યો આદેશ અપાયો. અને ભાગ્યવાનોએ વરઘોડાને વિજયતિલક કર્યું.

ત્યાર બાદ મુ. ને છેલ્લે છેલ્લે સાલ ઓઢવાની અને હાર પહેરાવાની ઉછામણી બોલાઇ બન્ને ઉછામણીની સારી સંખ્યા બોલાઇ. બાદ દીક્ષાની મંગલ વિધિનો શુભારંભ થયો એક બાળક પણ કેવી ગંભીરતાથી મહાગંભીર માર્ગને સ્વીકારી શકે છે, એ દ્રશ્ય સમસ્ત સભા નિહાળી રહી હજારો નયનો આ દ્રશ્યને ભાવે કાળજામાં કંડારીરહ્યા હતા. ત્યાં તો આદેશ મંગાય. 'મજા મુંડાવેહ' ત્યારે વરઘોડા નાં ચહેરા પર આનંદ તરવરતો હતો. તો સભા ગંભીર નયને નિહાળી રહી અને ચરવળો મૂકીને ગુરુ હસ્તેથી રજોહરણ ગ્રહણ કરીને વરઘોડા નાચી ઉઠયો તો હજારો મુખેથી ધ્વનિ નિસરી પડયો દીક્ષાર્થીનો જય જય કાર સ્નાન, મુંડન, વેષ પરિવર્તન માટે મુ. એ વિદાય લીધી અને આ બાજુ ઉપકરણોની બોલીનો પ્રારંભ થયો. એક એક ઉછામણીનાં રૂપિયા કરતાં ત્યાગની કિમત વધારે હતી.

એમ જણાતું હતું. કે મુંબઈના ગુરુભક્તો તથા રાજનગરનાં ભાવિકોએ ઘણો મહાન લાભ લીધો ત્યાં તો કાળી ડંકાના નિનાદે આખી સભા ઉભી થઇ સાશ્ચર્ય નયને જોઇ રહી અને બોલી ઉઠી નૂતન દિક્ષિત નો જય જય કાર... બાલમૂનિ સાધુ વેષમાં ખૂબ શોભી ઉઠયા... આગળ ની વિધિ પ્રારંભાઇ અને લગભગ ૨-૩૦ વાગ્યાનાં આસપાસના શુભ મુહુર્તે કેશ લુંચન વિધિ થઇ. બાદ નામ સ્થાપન કરાયું જેમાં મુનિ શ્રી નયવર્ધન વિ. મ. સા. ના શિષ્ય બાલ મુનિશ્રી વિરાગવર્ધન વિ. મ. સા. તરીકે તેઓ જાહેર થયા. નામ જાહેર કરવાની મોટી ઉછામણિ બોલીને તેમના સંસારી ફોઇ-કુઆએ લાભ લીધો હતો.

દીક્ષા પ્રસંગ છેક બપોરનો ૩ વાગ્યા સુધી ચાલ્યો તોય વિશાળ મેદનીની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

દીક્ષા મહોત્સવ દરમિયાન પરિવાર તરફથી રોજ સંઘ પૂજન થતા હતા.

આ પાવન પ્રસંગે-મહોત્સવમા રાજનગર સ્થિત વિશાળ સંખ્યામા શ્રમણી મણ પધાર્યો હતો.

દીક્ષા પ્રસંગે મુંબઇ, વાપી, સુરત, વડોદરા, રાજકોટ, નાસિક, પાલેજ વગેરે સ્થળોએથી મોટી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા.

પૂજા, પૂજન, ભાવના માટે રાજકોટથી પધારેલા શ્રી અનંતરાય નગીનદાસ શાહ હૈયું નીચોવીને પ્રભુ ભક્તિની રમઝટ મચાવી હતી. રોજ ભાવનામાંય લોકો વિશાળ સંખ્યામાં ઉમટતા હતા.

ઉછામણીનો ઉછરંગ લોકોને ભાવ વિભોર બનાવી દેતો હતો.

દીક્ષા પ્રસંગ નિહાળનારા ઘણાં ધર્મ શ્રધ્ધા નહિ ધરાવનાર લોકો પણ ધર્મના રંગમાં રંગાઇ ગયા હતાં.

દીક્ષાને યશસ્વી અને શાસન પ્રભાવક બનાવવામાં દીક્ષાર્થી પરિવાર સાથે શ્રી રસિકલાલ ચંદુલાલ શાહ શ્રી જયેાતિન્દ્રભાઇ જેઠાલાલ શાહ શ્રી દીપકભાઇ આદિ અનેક વ્યકિતઓનો સિંહ ફાળો નજરે ચડે તેવો હતો.

ખાસ દીક્ષા પ્રસંગે અમદાવાદ પધારેલા અને દર્શન બંગલે ગુરુ નિર્વાણ ભૂમિની સ્પર્શના કરીને નગર વિહાર શરૂ કરનારા પૂ. મુનિ શ્રી નયવર્ધન વિ. મ. સા. ની દીક્ષા પૂર્વે અને દીક્ષા પછી પણ સોસાયટીઓમાં સ્થિરતાં ખુબ લોકો પ્રકાશક બનવા પામી પ્રવચન ધારાથી ભીંજાયેલા અનેક સંઘોએ પૂજ્યશ્રીને આગામી ચાતુર્માસ માટે વિનંતી કરી હતી. વૈ. સુ. ૧૧ નાં નવરંગપુરા ખાતે પૂજ્યશ્રીનું બાલદીક્ષા વિષયક પ્રવચન ઘણાને વિચાર કરતો કરી મુકે તેવુ હતું. વૈ. સુ. ૧૩ નાં નારાયણનગર માં જિનાલયના શિલા સ્થાપન પ્રસંગે નિશ્રા અર્પી પૂજ્યશ્રીએ નુતન દીક્ષીત વગેરે પરિવાર સાથે વૈ. વ. ૧ નાં ચાતુર્માસાર્થે પ્રયાણ આદર્યું હતું.

ઝરીયામાં ઉજવાયેલ ભવ્ય જિવિત મહોત્સવ

પાવન નિશ્રા પ. પૂ. વર્ધમાન તપોનિધિ પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરિજી મ. સા.

પૂ. આ. દે શ્રી રાંચી અંજન શલાકા પ્રતિષ્ઠા પૂર્ણ કરી ઝરીઆ પધાર્યા તેઓશ્રીની પાવન નિશ્રામાં મહાપૂજનો સાધર્મિક વાત્સલ્યો, સમસ્ત જૈનોની નવકારશી, પ્રભાવના, સંઘ પૂજન આદિ ખુબ ઠાઠમાઠથી ઉજવાયેલ, આજુ બાજુના ગામોથી સારો માનવ મહેરામણ આવેલ. શ્રી ઝવેરબેન તારાચંદ કેશવજીનો જિવિત મહોત્સવ ઝરિઆ માટે કાયમનું સંભારણું બની ગયેલ છે. આ પરિવારમાં સંપ અનુમોદનીય છે. પશુપંખી માટે રોજ ચારું દાન આ પરિવાર તરફથી નિયમિત અપાય છે.

આ મહોત્સવ નિમિતે શુભ ખાતા માટે પણ સારી રકમ વાપરવાનું નકકી થયું છે. કેટલાંય પુણ્યવાનો એ પોતાના–જીવનને વ્રત નિયમમાં જોડી જીવન ધન્ય બનાવ્યું છે. ઘેર ઘેર વ્હાણી અપાશે. જીવદયાની અનુમોદનીય ટીપ થઇ હતી.

જેઠ વ. ૧૦ ના ચતુર્થવ્રત બારવ્રત તેમજ ભવો ભવના પુદ્ગલ વોસીરાવવાની વિધિ રાખવામાં આવેલ. પાઠ શાળાના બાળકોની પરિક્ષા તથા ઇનામી બહુમાન મેળાવડો તેમજ ઝવેરબેન પરિવારનું બહુમાન થયેલ આ પ્રસંગને દીપાવવા નવપદ આરાધક મંડળ તથા અરિહંત આરાધના મંડળે ભકિત રસની ઝમાવટ કરી હતી. જેઠ વ. ૧૧ ના દિવસે ધનબાદનો સંઘ નીકળ્યો હતો.

પેસુઆ (રાજસ્થાન)–સંસાર સાગર તરી જવા સંયમની નાવમાં બેસી ત્યાગના હલેસાં મારવાનો જ્યારે સુઅવસર આવી પહોંચ્યો ત્યારે ઇંદ્રાબેન તથા રૂપલબેનના હૈયામાં સંસારથી દૂર રહેવાનો ઉલ્લાસ અદમ્ય હતો. પેસુઆનગરની શેરીએ શેરીએ આબાલ વૃધ્ધોના હૈયે સંયમનો રંગ ઉઠતો કેટ–કેટલા વર્ષો બાદ ભવ્ય ત્યાગનો આ પ્રસંગ ! આ તે સત્સંગનો કેવો રે રંગ કે ભૌતિક વૈભવના ઢોમ–ઢોમ ઢગલા છતાં તેમાં દટાયા નહીં આજ શ્વેત કપડામાં જાણે કર્મ વીરાગના બની બન્ને ગુરુબેનો બનવા વૈરાગવાસી બની ગયા. સર્વ પ્રથમ પેસુઆનગરના આંગણે પૂ. ઉ. કમલરત્ન વિજયજી મ. ની નિશ્રામાં કદી નહીં થયેલો આ દીક્ષા પ્રસંગ હતો.

પાંચ દિવસ બન્ને ટાઇમની નોકારશી આખુ નગર આવેલ. જેઠ સુદ ૪ દિ. ૨૧–૫–૬૬ ની સાંજે મેલાવડો થયેલ તેમાં નાવી દીક્ષાર્થી વિકાસભાઇનું પણ બહુમાન થયેલ. જેઠ સુદ ૫ દિ. ૨૨–૫–૬૬ ની સવારે શુભ મુહુર્ત દીક્ષાની ઉછામણીઓએ તો રંગ રાખ્યો.

ઇંદ્રાબેનનું નામ સાધ્વીજી વિનીતસ ચિતાશ્રીજી રાખવામાં આવેલ અને રૂપલબેનનું નામ સાધ્વીજી દમિતરૂચિતાશ્રીજી રાખવામાં આવેલ બન્ને સાધ્વીજી હર્ષિત પ્રજ્ઞાશ્રીજીના શિષ્યા બનેલ આજે સાંજે જ વિહાર કરી ઉપાધ્યાય પ્રવર શ્રી કમલરત્ન વિ. ગણિવર્ય આદિએ જેઠ સુદ ૬ નો પિંડવાડામાં પ્રવેશ કરેલ કારણ કે ત્યાં શર્મિલાબેનની ભવ્ય દીક્ષા જેઠ સુદ ૯ ની છે.

પીંડવાડા–પિંડવાડાની ધન્ય ધરા પર પ. પૂ. આ. ભ. શ્રી મદવિજયપ્રેમ–રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની કૃપા પામી પરમ પૂજ્ય શાંતિ–હર્ષિત–લક્ષિત મ. ના આશીર્વાદ અને પ્રેરણા પામી મુક્તિમાર્ગના માર્ગે શર્મિલાબેને ડગ ભર્યા... જીવનની ક્ષણોમાં પરિવર્તન ક્ષણ તો કયારેક જ પ્રાપ્ત થાય છે.

૬ દિ. ૨૩–૫–૬૬ ના પૂજ્ય ગુરુ ભગવંતોનો પ્રવેશ થયેલ. પેસુઆનગરમાં થયેલ દીક્ષા પ્રસંગે જૈન ઉપાધ્યાય પ્રવર શ્રી કમલરત્ન વિ. મ. પધારી રહ્યા હોવાથી ૨૫ ગંહુલિયો થયેલ તેમ અત્રે પણ ૨૫ ગંહુલિયો થયેલ. વ્યાખ્યાન વખતે એ ગંહુલિયો મુકવામાં આવેલ. બાકી તો નગર પ્રવેશ વખતે તો સેંકડો ગંહુલિયો થઇ હતી. જેઠ સુદ ૯ નો ભવ્ય દીક્ષાનો વર્ષીદાનનો વરઘોડો ચઢેલ. પેસુઆની દીક્ષામાં બે હાથી આવેલ અત્રે પણ દીક્ષામાં ખાસ સ્પેશ્યલ હાથી બોલાવવામાં આવેલ. રાત્રે ભવ્ય મેલાવડો થયેલ. જેઠ સુદ ૯ની સવારે શુભ મુહુર્ત દીક્ષા થયેલ એ પ્રસંગે શ્રી પાલનગરના ટ્રસ્ટી જયંતિલાલ લાલચંદ પણ પધારેલ. ભાવુકો ખૂબ પધારેલ બોલીઓએ તો નવો રેકાર્ડ સ્થાપિત કરેલ. પિંકીબેન તથા આશાબેન બે કુમારીકાઓએ ચતુર્થવ્રત ઉચ્ચરેલ શર્મિલાબેનનું નામ સાધ્વીજી સિદ્ધિરૂચિતશ્રીજી રાખવામાં આવેલ તથા ગુરૂણીનું નામ સાધ્વીજી હર્ષિતપ્રજ્ઞા શ્રીજી જાહેર કરેલ. એકંદરે દીક્ષા પ્રસંગે અભુતપૂર્વ થયેલ.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી શુભદર્શી



- સર્વ ત્યાગ કર્યા સિવાય મરાય નહિ તેવી આર્ય દેશમાં માન્યતા હતી.
- આ ભવમાં કદાચ આપણે યોગ્યતા ન જ પામીએ તો પણ યોગ્યતાનું મહત્વ પણ અને અયોગ્યતા પરનો દ્વેષ જાગે તોય કલ્યાણ થઇ જાય.
- 'મોક્ષ જ જોઇએ તે ધ્યેય નથી. સંસારના સુખની ભારે ભુખ છે. તે ભુખનું દુઃખ પણ નથી, તે દુઃખી થવાનો રાજમાર્ગ છે.
- દુઃખ મારે જોઇતું નથી તેમ નહિ દુઃખ જીવમાત્રને જોઇતું નથી. મને દુઃખ ન આપો તેમ નહિ. કોઇ જીવને દુઃખ ન આવો સુખ મારે જ જોઇએ તેમ નહિ જગતના સઘળાં જીવોને સુખ જોઇએ છે. તેથી મારા સુખ માટે કોઇનું સુખ ઝુંટવી ન લેવાય, કોઇને દુઃખ ન અપાય. સાચા સુખી થવાનો આ રાજમાર્ગ છે.
- ભગવાન એ ધન્વંતરી છે, તમારી પાસે જ તમારૂં 'પ્રીસ્ક્રીશન' લખાવે છે કે આ ચાર ગતિમા ભટકવાનો મને રોગ લાગુ પડયો છે તે ચાર ગતિને મારે છે. તે છેદીને મારે મોક્ષમાં જવું છે. તે માટે આપની પાસે જ્ઞાન-દર્શન-ચારિત્ર માંગુ છું. આજ અક્ષત પૂજાનો પરમાર્થ છે.
- સુખ પુણ્ય હોય તો જ મળે. પુણ્યે ન હોય તો મેળવવા આકાશ-પાતાલ એક કરે તોય મળે નહિ.
- જે સારી રીતે જીવવાનાં કોડવાળો ન હોય પણ સુખી રીતે જીવવાના કોડવાળો હોય તે હોય સાધુ તો ય સાધુ નથી.
- સારૂં જીવન એટલે એકપણ પાપ ન કરવું તે.
- સુખનો ભુખ્યો અને દુઃખનો કાયર બને તેનામાં લજ્જા પણ ન હોય.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખા મારવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

૨૯-૯-૨૩
Received 27/1/96
આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૮ | અંક ૪૩

ધર્મ કેવો છે?

धर्मो मङ्गलमुत्कृष्ट,
धर्मः स्वर्गापवर्गदः ।
धर्म संसार कान्ता,
रोल्लंघने मार्गदेशकः ।:

ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ સ્વર્ગ અને અપવર્ગ–મોક્ષ આપનારો છે અને ધર્મ જ આ સંસાર રૂપી અટવીનું ઉલ્લંઘન કરવા માર્ગદેશક છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

પૂ. આત્મારામજી મ.

વિશેષાંક પૂર્તિ

પ. પૂ આ. ભ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મ. સ્વર્ગારોહણ શતાબ્દિ વિશેષાંક તા. ૧-૬-૯૬ના પ્રગટ થઇ ગયો છે પરંતુ તેમાં પાછળથી આવેલા ઘણા લેખોને સમાવેશ થઇ શકયો નથી તેથી તે લેખો વિશેષાંક પૂર્તિમાં લેવાનું રાખેલ છે અને આ પૂર્તિ તા. ૧-૮-૯૬ના પ્રગટ થશે.

આ પૂર્તિ જેમણે રૂા. ૧૦૦) આપીને પ્રથમ વિશેષાંકના ગ્રાહક બન્યા છે તેમને તથા બધા શુભેચ્છકોને પણ આપવામાં આવશે

પૂર્તિની નકલો મર્યાદિત છપાશે જેથી જેમને બંને વિશેષાંકો જોઇતા હોય તેમણે તરત રૂા. ૧૦૦) મોકલી ગ્રાહક બની જવું.

શુભેચ્છા સૌજન્ય પણ તરત લખાશે એક પેજના રૂા. ૧ હજાર, અડધા પેજના રૂા. ૫૦૦ ૧/૪ પેજના રૂા. ૨૫૦)

વધુ નકલો મંગાવી સંઘમાં તથા સત્ય પ્રચારમાં સહાયક બનશો તે નકલો તમે કે સંસ્થા તમારા વતી પોસ્ટ કરી દેશે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર
C/o. નિશાળ ફળી,
શાક માર્કેટ સામે, જામનગર.

કચ્છવાગડ દેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસનં

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

- સંરક્ષક -
પ્રેમચંદ મેઘજી ગુઢકા (અંજાર)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વાપી)
ચાંદમલ ધરમશી ગુઢકા (થાણા)

વર્ષ ૮] ૨૦૫૨ પ્ર. અષાઢ વદ-૨ મંગળવાર તા. ૨-૭-૯૬ [અંક : ૪૩

કચ્છવાગડ દેશોદ્ધારક પૂ. આ. શ્રી

કનકસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(વાગડદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.ની શ્રા. વદ-૪ની સ્વર્ગા રોહણ તિથિ આવે છે તે નિમિત્તે પ્રવચન અત્રે રજુ થાય છે. સં.)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— -અવ૦

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માનું શાસન અનાદિ કાળથી ચાલે છે અને અનંત કાળ ચાલવાનું છે. પરંતુ પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં તે બહુ થોડો થોડો કાળ, ભગવાન શ્રી અરિહંત પરમાત્માનું શાસન રહે છે. તે ક્ષેત્રોનો મોટો કાળ શાસન રહિત હોય છે. ત્યાં દરેકે દરેક અવસર્પિણીમાં કે ઉત્સર્પિણીમાં એક એક ચોવિશી થાય છે. તે ચોવિશીના કાળમાં અનેક જીવો ભગવાન શ્રી અરિહંત પરમાત્માના આ શાસનના પ્રતાપે જેમના ભવ્યત્વનો વિકાસ થયો છે તેવા જીવો ધર્મને પામે છે, આરાધે છે અને મોક્ષને પામે છે. જો શ્રી અરિહંત પરમાત્માનું શાસન જગતમાં હોય નહિ તો જગતના જીવોને શાશ્વત સુખનો કદી યોગ થાય નહિ.

આપણે આવા સારા કાળમાં જન્મ્યા છીએ કે જે કાળમાં આ અવસર્પિણીના છેલ્લા તીર્થપતિ ચરમ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના પરમ તારક શાસનનો સુયોગ

થયો છે. શાસનનો સુયોગ થવો સહેલો છે, શાસનની પ્રાપ્તિ થવી દુર્લભ છે. શાસન જ્યાં હોય ત્યાં જન્મ થાય, શાસન જાણવા અને સાંભળવા મળે અને તે રૂચે નહિ તો ? ખરેખર શ્રી વીતરાગ દેવનું રૂચે કોને ? બધા મહાત્માઓ આ સંસારના ત્યાગી થયેલા હોય છે તે વાત સમજાવવા, સમજાવવું છે કે, આ શાસન રૂચે કોને ? બધાને ? ગમે તેટલી ધર્મની સામગ્રી મળે, સાંભળવા મળે. છતાં ય ધર્મની રૂચિ તે જ આત્માને થાય જેને આખા યે સંસાર ઉપર અરૂચિ પેદા થાય તેને. જેને સંસાર ઉપર અવિહડ રાગ છે, દુઃખથી બચવા અને સુખ મેળવવા જે જીવો મથે છે. તે મથામણમાં ધર્મ ય કરે છે. પણ તે જીવને ભગવાનનું શાસન કે ભગવાનનો મોક્ષમાર્ગ કહી હૈયાને અડતો નથી. જે મહાભાગોના હૈયામાં આ અડે છે, બળ કેળવી સંસાર છોડે, જીવનભર આરાધે છે તે આત્માઓ જૈન શાસનમાં મહા પ્રશંસાને પાત્ર બને છે. તેવા મહાપુરૂષોના યોગે અનેક જીવોને આ સંસાર રહેવા જેવો નથી તેવી પ્રતીતિ થાય છે. તેઓ જગતમાં ઉપકારી ગણાય છે. સંસાર રહેવા જેવો લાગે તેવા જીવ સારા હોય તો ય જગતનું ભલું કરનાર નથી પણ ભૂંડું કરનાર છે.

ભગવાનનું સાધુપણું પામવું છે, તેને જ આરાધવું છે તેના માટે જ જીવવું છે. જે આવે તેને તે જ સમજાવવું છે. તેના જેવી ઉત્તમતા જગતમાં એક પણ નથી. આજે તમે પણ શાસન સમજી ગયા છો તો તમને તમારા સ્નેહી-પરિવાર આદિ માટે એમ થાય કે, 'આ શાસન સૌ સમજે તો સારું.' શ્રી વીતરાગ દેવનો સાધુ તે જ કહેવાય કે જેની સંસારની રૂચિ ઉતરી ગઇ હોય અને મોક્ષની રૂચિ પેદા થઇ ગઇ હોય. આ વાતમાં શંકા હોય તો સમજવું કે આપણું ઠેકાણું નથી. જેને જેને શ્રી જૈન શાસન ગમે તેને સંસાર પ્રત્યે અરૂચિ હોય અને મોક્ષ પ્રત્યે રૂચિ હોય.

દુનિયાના જીવોને અનાદિ કાળથી દુઃખની અરૂચિ છે અને સુખની રૂચિ છે. જેને આત્મિક સુખની રૂચિ થઇ જાય તે શાસન સમજી ગયો કહેવાય. આત્મિક સુખ સ્વાધીન છે. તેમાં કોઇની અપેક્ષા નથી. કોઇની પરવા કરવી પડે તેમ નથી. પોતાના ય આધા થાય, દુનિયાની સુખ-સામગ્રી નાશ પામે તેવે વખતે આત્મ સુખનો અનુભવી કહે કે, બહુ આનંદ છે.

આ વાત અવસર આવે અનુભવવાની છે. આત્માને કહેવાનું કે, દુનિયાની ચીજોમાં આનંદ પામવા જેવું નથી. તે આનંદ બનાવટી છે. આ આનંદ તને પા મૂકશે.

"એગોડહં નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઈ;
એવં અદીણ મણસો, અપ્પાણમણુસાસઈ. ॥૧૧॥

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણ સંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા. ॥૧૨॥

સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા;
તમ્હા સંજોગ સંબંધ, સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥૧૩॥"

આ ભાવના દરરોજ ભાવવાની છે કે. ક્યારે ? બધા મૂકીને જાય ત્યારે ભાવવાની છે કે મરતી વખતે ભાવવાની છે ? પહેલી ગાથા હજી બોલનારા મલશે પણ પછીની બે ગાથા બોલનારા કેટલા મલે ? મહાદુઃખમાં આવી ગયેલાથી દુઃખ વેઠાતું નથી. સુખ ગયું તેનો ત્રાસ છે. પોતાના માનેલા ખસી ગયા તેની પીડા છે. એકલો પડી ગયો શોક વ્યક્ત કરવા આ ગાથા બોલે છે તો લાભ થાય ખરો ? 'હું એકલો છું મારું કોઇ નથી તેમ હું પણ કોઈનો નથી. આ પ્રમાણે અદીન મન વાળો આત્માને શિખામણ દે. વળી, જ્ઞાન-દર્શન-ચારિત્રથી સંયુક્ત શાશ્વત એવો મારો આત્મા છે તે સિવાયનું બીજું બધું આત્માથી બાહ્ય છે.

સંયોગના કારણે જ પર પદાર્થો ઉત્પન્ન થાય છે. સંયોગના કારણે જ જીવ દુઃખની પરંપરાને પામે છે. તે કારણે સઘળાં ય સંયોગ સંબંધને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું" આ પ્રમાણે તમને રોજ યાદ આવે ? રાતના બધું જ વોસિરાવીને સૂઈ જાવ "

ભગવાનનું શાસન તેને જ ગમે જેને પુણ્યથી જેટલું સુખ મલ્યું છે તેનો આનંદ ન હોય, તેમાં રૂચિ ન હોય અને પાપના ઉદયે તે બધું ચાલ્યું જાય તો દુઃખ ન થાય પણ અપૂર્વ આનંદ આવે. મને ખરેખરી આરાધનાની તક મલી તેવા જ મહાત્મ સાચા સાધુ થઈ શકે.

શ્રી અનાથી મુનિને સાંભળ્યા છે ને ? ઉત્તમ ઘરમાં જન્મેલા, અનુકૂલ પરિવાર હતો, અનુકૂલ સારા સંયોગો હતા, છતાં ય તેઓ પ્રસંગ પામી ભર યૌવન વયમાં વિરાગ પામ્યા અને સાધુ થયા છે. તેમની ચંપકવરણી કાયા છે, રાજગૃહી નગરીના ઉદ્યાનમાં નિર્જીવ શીલા ઉપર બેઠા છે. આવી રીતના તેમને જોઈ ફરવા નીકળેલા શ્રી શ્રેણીક રાજાને થયું કે રાજપુત્ર જેવા દેખાતા, સુકોમલ કાયાવાળા આ વયમાં સાધુ કેમ થયા ? સાધુ તે જ થઇ શકે જેને આખો સંસાર શરણ

કરનારો નથી, શરણ આપનારો નથી તેવી પ્રતીતિ થાય. જે છોડયું છે તેની યાદી પણ ન આવે **છોડેલાની યાદી ન હોય તે જ સાચું સાધુપણું પામે!** સાધુ થવામાં ભયંકર રોગ નિમિત્ત બન્યો. તેમને અનુભવ થયો કે 'હું એકલો છું મારું કોઇ નથી. મારી પીડા મારે જ ભોગવવાની છે પીડામાં ભાગ કોઇ પડાવી શકે નહિ' જેના ઉપર આધાર રાખીએ તે પણ કાંઇ કરી શકે નહિ. જીવે દુઃખથી બચવા અને સુખ મેળવવા પાપ કરેલા તો તેનું ફળ તેને એકલાએ જ ભોગવવું પડે ને? આ શ્રદ્ધા આપણને બહુ પાકી!! સાધુ થવું એટલે શું? **સુખની સાધના છોડી દેવી અને ધર્મની સાધના શરૂ કરવી તેનું નામ સાધુપણું!** સુખની સાધનાનો ત્યાગ કરે અને આજ્ઞા મુજબની એકલી ધર્મની જ સાધના કરે તેનું નામ સાધુ!

તમે ધર્મની જ આરાધના કરો છે કે સુખની સાધના કરો છો? તમારા હૈયામાં લખાયેલું છે કે, એકલી ધર્મની સાધના કરવી હોય તો બધું જ છોડી દેવું પડે! કોઇ સાધુ થાય તો તમને થાય કે બહુ ભાગ્યશાલી છે! સાધુ થઇ ઉત્તમ રીતે પાળી ઊંચે ચઢયા તેવા મહાત્માની સ્વર્ગતિથિ ઉજવીએ તે હૈયાના આનંદ અને ઉર્મિથી કે રિવાજ મુજબ? આમને સુખની સાધના છોડી દીધી અને એકલા ધર્મની સાધના વહન કરી તેમને સંસાર છોડયો અને દીક્ષા લીધી. માટે આ સુખની સાધના પાપરૂપ છે તે તમને ખરેખર સમજાય છે? દુનિયાના સુખની સાધના વિના પાપે થતી નથી માટે તે પાપરૂપ છે, પાપ ફલક છે અને પાપાનુબંધી છે. માટે કયારે એવો દિવસ આવે કે તે હું છોડી દઉં અને પાપાનુબંધી છે. માટે કયારે એવો દિવસ આવે કે તે હું છોડી દઉં અને એકલી ધર્મની આરાધના કરૂં! કદાચ તેની સાથે રહેવું પડે તો સાવધાનીથી રહું, તેમાં રાગ ન થઇ જાય તેમ રહું, દુઃખથી રહું તેનું નામ જ વિરાગ છે. વિરાગ વિનાનો ત્યાગ નકામો છે. વિરાગ આવે નહિ તો સાધુપણાનો આનંદ આવે નહિ.

શ્રી વીતરાગ દેવનું શાસન કહે છે કે, તમે જેમાં પડયા છો તે ઊંધે માર્ગે છો **સુખ તે આત્માનો શાશ્વત ગુણ છે. તેની ઇચ્છા અને અભિલાષા થાય તે ગુનો નથી પણ ગુણ છે પણ દુનિયાના સુખોની ઇચ્છા થાય તે મહા દુર્ગુણ છે.** જેટલા દુનિયામાં બદમાશ, હરામખોર સારા કહેવાતા જડ બની ગયા તે બધાની જડ આ દુનિયાના સુખની આશા અને અભિલાષા છે. તેના કારણે જ ભયંકર ગુનેગાર જેવા બની ગયા છે. દુનિયામાં આ સુખ ન હોત તો કોઇ હરામખોર બનત નહિ. **પણ દુનિયાનું આ સુખ એવું છે કે જેમ જેમ તેનો રંગ લાગે તેમ તેમ માણસ ખરાબ થતો જ જાય. ભગવાનનું શાસન જેને સમજવું હશે તેને આ સુખની અભિલાષા છોડવી પડશે.** આ સુખની ઇચ્છાવાળા જીવો દુઃખમાં જ અટવાયા કરે છે. તેને હરાવાનું થોડો કાળ અને રોવાનું ઘણો કાળ. (ક્રમશઃ)

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

[૭૦] જનમ જનમના સાથી-સંગાથી

"હે દેવિ! મારા અપરાધોની ક્ષમા આપો. અને ચાલો આપણે પાછા ઘેર જઈએ..." આમ કહેતાં રામચંદ્રજીના હાથમાં મસ્તકના લોચ કરેલા વાળ અર્પણ કરીને બેભાન થઈ ગયેલા રામચંદ્રજીની કશીજ પરવા કર્યા વિના મહાસતી સીતાદેવી મહાભિનિષ્ક્રમણના પંથે ચાલી નીકળ્યા.

મહાસતીના કદમો સાધનાની પગદંડી તરફ વળી ગયા હતી, સ્નેહી-સંબંધી પુત્ર-પરિવાર સાથે વરસોના વરસો હળી-મળીને રહ્યા પછી મહાસતીની અયોધ્યા નગરીને આ આખરી અલવિદા હતી. વીતેલા વરસોમાં થી લીધેલા એક-પછી કડવા ઘુંટડાના સંસ્મરણોને કે હૈયાવરાળને હવે અહી જ વિસરી જવાની હતી.

કડવા ઘુંટડા પાનારા કર્મોનો કદમ કદમ પર કમ્ચરઘાણ કાઢવાનો હતો.

અયોધ્યાની ધરતી ઉપરથી નજર ઉઠાવી લઈને અયોધ્યા નગરીને અને રડતા પરિવારને છોડીને સીતાદેવી નીચી નજરે ચાલ્યા ગયા.

મૂર્છા દૂર થતાં જાગૃત થયેલા રામચંદ્રજી બોલાવા માંડયા કે 'મહાસતી સીતાદેવી કયાં ગયાં? હે ભૂચરો અને ખેચરો જો તમે જીવવા ઇચ્છતા હો તો મને લોચ કરેલા કેશવાળી પણ મારી પ્રિયા બતાવો. અરે! વત્સ લક્ષ્મણ! તું અહીં આવ. ધનુષ્ય બાણ લાવ. જો હું આટલો દુઃખી છું અને છતાં આ લોકો જરાય દુઃખી થયા વિના ઉભા રહ્યા છે.' આમ કહીને ધનુષ્ય ધારણ કરતાં રામચંદ્રજીને લક્ષ્મણજીએ કહ્યું કે હે આર્ય આ શું કરો છો? આ ઉભા રહેલા બધાં જ આપના સેવકો છે. દ્વેષથી ડરી જઈને જેમ ન્યાય-તત્પર તમે સીતાનો ત્યાગ કર્યો હતો તેમ સંસાર-ડર્યા એ મહાસતી સ્વાર્થતત્પર બનીને આ બધું છોડીને હવે ચાલ્યા ગયા છે.

તમને લોચ કરેલા વાળ સોંપીને જયભૂષણ કેવલી ભગવંત પાસે વિધિપૂર્વક દીક્ષા સ્વીકારી લીધી છે. હમણાં જ ઉત્પન્ન થયેલા કેવલ જ્ઞાનધર તે કેવલી ભગવંત પાસે ચાલો. ત્યાં દીક્ષા સ્વીકારીને રહેલા મહાસતી સીતાદેવી પણ છે."

આમ સાંભળીને જઈને દેશના સાંભળીને અંતે રામચંદ્રજીએ પ્રશ્ન કર્યો કે- હે પ્રભો! હું નથી જાણતો કે હું ભવ્ય છું કે અભવ્ય?

કેવલી ભગવંતે કહ્યું કે તમે માત્ર ભવ્ય જ નહિ પણ આ ભવમાં જ મોક્ષે જનાર છો.

'પ્રભો ! પ્રવ્રજ્યા વિના મોક્ષ શક્ય નથી. અને સર્વત્યાગ વિના પ્રવ્રજ્યા શક્ય નથી. અને લક્ષ્મણનો ત્યાગ મારે માટે દુષ્કરજ છે. માટે હું પ્રવ્રજ્યા પણ શી રીતે લઇ શકીશ ?'

બળદેવની સંપત્તિ ભોગવ્યા પછી તમે અન્તે ત્યકતસંગ બની મોક્ષ પ્રાપ્ત કરશો.'.

હવે વિભીષણે ત્રણ પ્રશ્નો પૂછ્યાં કે-' પૂર્વના કયા કર્મથી રાવણે સીતાનું અપહરણ કર્યું ? લક્ષ્મણજીએ તેમને યુદ્ધમાં કેમ હણ્યા ? અને મને, સુગ્રીવને, ભામંડલને તથા આ લવ-કુશને રામચંદ્રજી ઉપર અત્યંત રાગ કયા કર્મના કારણે છે ?'

પૂરવ જનમના અતીતના વીતેલા ઇતિહાસ તરફ ખેંચી જતાં જયભૂષણ કેવળી ભગવંત બોલ્યા કે-" પૂર્વ જન્મમાં ક્ષેમપુર નગરમાં (રામ ધનદત્ત હતા. લક્ષ્મણ વસુદત્ત હતા. આ બન્ને સગા ભાઇઓ હતા. તે બન્નેને યાજ્ઞવલ્કય નામનો બ્રાહ્મણ મિત્ર હતો, તે વિભિષણનો જીવ હતો. એક વણિક સાગરદત્તને ગુણધર (ભામંડલ) પુત્ર અને (સીતાદેવી) ગુણવતી પુત્રી હતી. આ વણિક સાગદત્તે પોતાની પુત્રી ગુણવતી ધનદત્ત સાથે પરણાવી, પરંતુ તે ગુણવતીની માતા રત્નપ્રભાએ ત્યાં જ રહેતાં શ્રીકાન્ત (રાવણ) નામના ધનાઢયને ધનના લોભથી છાની રીતે ગુણવતી આપી.

યાજ્ઞવલ્કય મિત્રે પોતાના બન્ને મિત્રોને જણાવતાં વસુદત્તે જઇને શ્રીકાન્તનો રાત્રે વધ કરી નાંખ્યો અને ખડ્ગના પ્રહારથી શ્રીકાન્તે વસુદત્તને હણી નાંખ્યો.

ગુણવતી પરણાવ્યા વગરની જ મૃત્યુ પામી હરણી બની. શ્રીકાંત વસુદત્ત પણ હરણ બન્યા. અને હરણી માટે યુદ્ધ કરી મૃત્યુ પામી ઘણાં ભવ ભટક્યા.

ભાઇના વધથી દુ:ખી થયેલો અધર્મી ધનદત્ત રાત્રે સાધુ પાસે ભિક્ષા માંગવા લાગ્યો. સાધુ ભગવંતે તેને સુંદર રીતે ધર્મ સમજાવ્યો. શ્રાવક બનેલો તે મૃત્યુ પામી દેવ બની. મહાપુર નગરમાં પદ્મરૂચિ શ્રેષ્ઠિ પરમ શ્રાવક બન્યો.

એક વખત અશ્વારૂઢ થઇને જતાં તેણે રસ્તામાં મરણની નજીક આવેલા ઘરડાં બળદને નવકાર મંત્ર સંભળાવ્યો. તેના પ્રભાવે તે બળદ વૃષભધ્વજ નામે રાજપુત્ર થયો. તે પૂર્વભવની મૃત્યુભુમિ ઉપર આવતાં જાતિસ્મરણ પામતાં તેણે એક ચૈત્યની ભીંત ઉપર પૂર્વભવનો આખો વૃત્તાંત ચીતરાવ્યો. અને સમય જતાં ત્યાં પદ્મરૂચિ આવતા તેને તે ચિત્ર સાથે પોતાનો જ સંબંધ છે તેવું સેવકોને જણાવતાં વૃષભધ્વજ રાજાએ નમસ્કાર મહામંત્રના દાતાના ઉપકાર બદલ રાજ્ય આપવા માંડ્યુ. પછી બન્ને સાથે જ શ્રેષ્ઠ શ્રાવક પણ પાળીને આખરે પદ્મરૂચિ બે ત્રણ ભવ પછી રામચંદ્ર થયા. અને તે ઘરડો બળદ વૃષભધ્વજ સુગ્રીવ બન્યો.

ભવમાં ભટકતાં ભટકતાં શ્રીકાંત શંભુ રાજપુત્ર બન્યો, વસુદત્ત (લક્ષ્મણ) રાજપુરોહિત પુત્ર શ્રી ભૂતિ થયો.. અને ગુણવતી શ્રી ભુતિની વેગવતી નામે પુત્રી બની. યૌવન પામેલી તેણે એક વખત પ્રતિમામાં રહેલા સુદર્શન મુનિવરને લોકો વંદન કરતા જોઇને મશ્કરી કરતાં બોલી કે "અહો આ સાધુને તો મેં પહેલા સ્ત્રી સાથે ક્રીડા કરતાં જોયા છે. અને તેણે તે સ્ત્રીને અત્યારે કયાં ક મોકલી દીધી છે. કે લોકો તમે આવાને વંદન શું કરો છો ?"

આટલું સાંભળતાં જ લોકો તે મુનિને કલંક સંભળાવવા પૂર્વક ઉપદ્રવ કરવા લાગ્યા.

'જયાં સુધી આ કલંક સંપૂર્ણ દૂર નહિ થાય ત્યાં સુધી હું પારણું નહિ કરૂં' આવો તે મુનિવરે અભિગ્રહ લીધો. ત્યાર પછી દેવતાએ રોષથી વેગવતીને કાળા ભોંઢાવાળી કરી અને પિતાએ હકિકત જાણીને વેગવતીને ધમકાવી નાંખી. પિતાના રોષથી ફફડી ગયેલી વેગવતીએ સર્વલોક સમક્ષ મુનિ પાસે કહ્યું કે-" આપ સર્વથા નિર્દોષ છો. ખોટું આળ મેં જ ચડાવ્યુ હતુ. હે ક્ષમા સાગર ! મને ક્ષમા કરો."

લોકો ફરીથી મુનિવરને પૂજવા લાગ્યા. વેગવતી શ્રાવિકા બની.

વેગવતીને રૂપવાન જોતાં શંભુ રાજાએ શ્રીભુતિ પાસે તેની માંગણી કરતાં 'મિથ્યાદૃષ્ટિને હું ન આપું' કહીને શ્રીભુતિએ ના પાડતાં શંભુએ શ્રીભુતિની હત્યા કરી નાંખી અને બળાત્કારે વેગવતીને શંભુએ ભોગવી નાંખી.

આથી વેગવતીએ શ્રાપ દીધો કે-" ભવાંતરમાં હું તારા વધ માટે થાઉ"

શંભુ વડે બળાત્કારે ભોગવીને મુકત કરાયેલી વેગવતીએ હરિકાંતા સાધ્વી પાસે દીક્ષા લીધી. અને મૃત્યુ પામી દેવલોકમાંથી ચ્યવીને (શંભુરાજા) રાવણનો સંહાર કરનારી સીતા બની. મુનિવર ઉપરના ખોટા આળથી તેના ઉપર આ ભવમાં અસતીત્વનું કલંક ચડયુ.

શંભુરાજાએ નિયાણા પૂર્વક ક્ષય કરતાં અત્યંત સમૃદ્ધિશાળી પરાક્રમી પ્રતિવિષ્ણુ રાવણ બન્યો.

યાવદ્વકય ભવમાં ભમીને તું વિભીષણ બન્યો.

શંભુથી હણાયેલો શ્રીભુતિ દેવલોકથી ચ્યવીને વસુ વિદ્યાધર બન્યો. અને અનંગસુંદરી તરફ કામાતુર બની, તેનું અપહરણ કર્યુ છતા શત્રુએ કરેલા પીછાથી વિમાનમાંથી અનંગ સુંદરી જમીન ઉપર પડી ગઇ. તેથી તેની પ્રાપ્તિ માટે નિયાણુ કરીને દીક્ષિત થયેલો વસુ મરીને સ્વર્ગમાંથી ચ્યવીને લક્ષ્મણ થયો. તથા વનમાં રહેલી અનંગ સુંદરીએ અનશન પૂર્વક ઉગ્ર તપ કર્યો. અજગરથી ગ્રસાયેલી તે દેવલોકમાં ગઇ અને ત્યાંથી ચ્યવીને લક્ષ્મણની અગ્ર પટ્ટરાણી વિશલ્યા બની.

કાકંદી નગરીમાં વસુનંદ-સુનંદ નામના બન્ને પ્રિય ભાઇઓ, મુનિવરને દાન દેવાના'

(અનુસંધાન પેજ ૬૭૪)

અજ્ઞાનીને કયાં સમજાય !

—વિરાગ

રાજસ્થાનના કિનારે નાનું એક ગામડું હતું. તે ગામના લોકો સાવ અજ્ઞાની હતાં. તેઓને ધર્મ શું છે તેની કાંઇ ગતાગમ ન હતી. ક્રિયાકાંડમાં તો ઢબુના ઢ જેવા હતાં. આજદિન સુધી અજ્ઞાન દૂર કરવા કોઇ મહાત્માના પરિચયમાં પણ આવ્યા ન હતા, કે કોઇ મહાત્મા તેઓને દૃષ્ટિએ ચઢયા પણ ન હતા.

એકદા વિહાર કરતાં સાધુ મહારાજ તે નાના ગામડે પધાર્યા. ગુરુદેવ પણ હતા એકલા. વસ્તિની શોધ ખોળ કરતાં કરતાં ગુરુદેવ ગામને ચોરે આવી પહોંચ્યાં ચોરે બેસી ગામગપાટાં મારતાં લોકો ગુરુદેવની સામે આવ્યા. વસતિ બતાવવા સૌ ગુરુદેવની સાથે ચાલવા લાગ્યા, ગુરુ મહારાજને વસ્તી બતાવી સૌ નમસ્કાર કરીને વિખરાવા લાગ્યા. તે જોઇને ગુરુદેવ બોલ્યા, ભાઇઓ ! બેસો, બેસો, હું તમને કાંઇ ધર્મ સંભળાવું.

ત્યારે શ્રાવકો બોલ્યા, ગુરુ મહારાજ ! આપ ચા પાણી કરી લો, અને થોડીવાર આરામ પણ કરી લો. ત્યાર બાદ અમે બધા ભેગાં થઇને બપોરે શાંતિથી આવીએ ભલે !, ભલે !, વારું ત્યારે સૌ બપોરે સમયસર આવી જજો હો !

બપોર થતાં શ્રાવકોએ ગામમાં રહેલ પડાની સારા એવો જનસમુદાય ઉપાશ્રયે હાજર થઇ ગયો. આટલી બધી મેદની જોઇને ગુરુદેવ પણ તાનમાં આવી ગયા. બરાબર દોઢ કલાક ગળું ફાડી ફાડીને સૌને ધર્મ સંભળાવ્યો. લોકો પણ અમૃતપાન કરવા શાંતચિત્તે બેસી રહ્યાં હતા. ગુરુદેવના પ્રવચનમાં વાતે વાતે અવતા હું અને મેં ના કારણે આમ જનતા બૂબજ પ્રભાવિત થઇ ગઇ. સૌ પાગલની માફક ડોલવા લાગ્યા સાથે સાથે ગુરુદેવના પેટ ભરી ભરીને વખાણ કરવા લાગ્યા. શું કેવો સરસ ધર્મ સમજાવ્યો ? કેવી મજાની વાતો કરી ? કેવા સરસ જાણવા યોગ્ય તેમના અનુભવો કહ્યા.

ખરેખર ! આપણે જિનેશ્વરે ભાખેલો ધર્મ કરશું તો જ આપણને મુક્તિ મળશે. બાકી અહીં જ ભાટકવું પડશે. સર્વ દુઃખોમાંથી છુટવાનો એક જ ઉપાય છે, તે ધર્મ. હવેથી સાચું સમજીને આપણે ધર્મ આચરતાં થઇ જઇએ.

ધર્મબોધ ગુરુદેવ પૂર્ણ કર્યો. આમજનતા વિખરાવા લાગી. શ્રાવકો ગુરુદેવને સુખશાતા પૂછી રહ્યાં હતાં કોઇકવળી પગચંપી કરી રહ્યા હતા. ત્યાં તો શ્રાવકો ઉદ્દેશી ગુરુદેવે પ્રશ્ન કર્યો કે.

હે મહાનુભાવો ! તમે સૌ આવશ્યક ક્રિયા કરો છો ને ?

"ના રે ના" બાવીશીશા, એક શ્રાવકે ઉત્તર આપ્યો. ગુરુદેવ બોલ્યા, કેમ તમારે સૌને પ્રતિક્રમણ કરવું છે ?

હાજી, ગુરુદેવ! બીજો શ્રાવક બોલ્યો.

તો તમે સૌ સાંજે પ્રતિક્રમણ કરવા આવશો ને? શ્રાવકો ગભરાતાં ગભરાતાં બોલ્યા હે ગુરુદેવ, અમને કશું જ નથી આવડતું. આવીને અમે શું કરીએ?

કરુણાદૃષ્ટીવાળા ગુરુદેવ બોલ્યા, તમે ચિંતા ન કરો. હું કરું તે પ્રમાણે તમારે બધાએ કરવાનું બરાબર છે ને? ભોળા સરળ જીવોએ તે વાતનો સ્વીકાર કરી લીધો.

જુઓ ભાઇઓ, પ્રતિક્રમણ કરવા આપો ત્યારે આટલી વસ્તુઓ સાથે લઇ આવવા ભૂલાય નહિ, અને સમયસર સૌ હાજર થઇ જજો હો કે?

શ્રાવકો પણ હા ભણીને ઉપાશ્રયેથી વિખરાયા. સાંજે વાળું વહેલું વહેલું કરી સૌ સમયસર ઉપાશ્રયે પહોંચી ગયા. સૌ પોત પોતાની જગ્યા બુક કરવા લાગી ગયા, થોડીક ક્ષણોમાં તો સારો એવો ઉપાશ્રય ભરાઇ ગયો.

વૃદ્ધ ગુરુદેવે પ્રતિક્રમણ શરુ કરાવ્યું. ઘણાંએ ઉત્સાહથી, ઘણાંએ કુતુહલતા પ્રતિક્રમણની શરુઆત કરી. શરુઆત ખુબ સુંદર થઇ.

ગુરુદેવને વાયુની વ્યાધિ હતી અને સાથે સાથે કોઇ વખત ફીટની પણ બિમારી હતી. વાયુનો પ્રકોપ વધી જાય ત્યારે ફીટ પોતાની દેખા દેતી હતી.

કુદરતે તો જ દિવસે વાયુનો પ્રકોપ વધી ગયો, કારણ ભકતવર્ગનું ભોજન. પ્રતિક્રમણના કાઉસગ્ગમાં જ ગુરુ મહારાજ ને ફીટ આવી. ગુરુદેવ જમીન ઉપર આળોટવા લાગ્યા. આ જોઇ શ્રાવકો પણ સમજીયા કે આ પણ કોઇ પ્રતિક્રમણની વિધિ હશે તેથી તેઓ પણ જમીન ઉપર આળોટવા મંડી પડયા.

પા, અરધા કલાકે ગુરુદેવને ભાન આવ્યું. ગુરુમહારાજ સ્વસ્થ થયાં. ત્યારે એક ભદ્રીક શ્રાવકે પૂછયું, હે ગુરુદેવ, અત્યાર સુધી આપશ્રીની જેમ અમે બધું જ કર્યું. પણ આપશ્રી જયારે જમીન ઉપર આમથી તેમ આળોટતાં હતાં ત્યારે આપશ્રીના મુળમાંથી ફીણ બહાર આવતાં હતાં. અમે પણ આપશ્રીની માફક કર્યું આપશ્રીની માફક આળોટતાં ઘણી મહેનત કરી પરંતુ અમારા મુળમાંથી ફીણ બહાર આવ્યું નહી, આટલી અમારી વિધિ રહી જાય છે; માટે તે વિધિ કઇ રીતે કરવી તે આપ ફરી કરી બતાવો. જેથી અમે અમારી વિધિ સંપૂર્ણ કરી શકીએ.

અજ્ઞાની શ્રાવકોને ગુરુદેવ શું સમજાવે? સમજાવે તો પણ કાંઇ કામનું નથી. અજ્ઞાનીઓ તો સમજવાના જ નથી પરંતુ સમજુઓ પણ સાચી વાત સમજવા માગતા જ નથી. સાચુ સમજવાની કે જાણવાની કોઇને દરકાર જ નથી.

માટે જ...

અજ્ઞાન ખરેખર કષ્ટદાયી છે. અજ્ઞાન ના નિવારણ માટે સુગુરુ પાસે જવું જોઇએ. સુગુરુઓની જિનવાણી એ જ

તીર્થ યાત્રાર્થીને વિવેકજ્ઞાન

આ. વારિષેણસૂરિ ૐકાર તીર્થ

"પુણ્ય જ્યાં સુધી છે સલામત
ત્યાં સુધી ચાલશે તમારી કરામત
પુણ્ય ન હોગા જ્યારે સલામત
ત્યારે થઇ જશે તમારી હજામત"

હિસ્સે ઘેઘે જઈ આવ્યો ને ડેલો હાથ લગાવી આવ્યો, જેવું ન થાય માટે સિધ્ધાચલ જેવા પાવન તીર્થના યાત્રીકને રેડ સિગ્નલ ધરવાનું મન થાય છે. જાપ ધ્યાન તપ કરો.

ગુજરાત સરકાર જેને પવિત્ર ધામ જાહેર કરે છે ત્યાં જૈનો રાત્રી ભોજન અભક્ષ્ય આઇસ્ક્રીમ પાઉ-ભાજી બટર પીકચર ટી. વી. વિડીયો કંકસુલ પત્તાબાજી ક્રિકેટ જેવાઅસહ્ય કાર્યો બિભત્સ ચેનચાળા ઉત્સાહથી કરે છે. ધ્યાન રહે સિધ્ધગિરિ પીકનીક સ્થાન નથી જ્યાંથી અનંતા આત્માઓ મોક્ષે ગયા ત્યાંથી જૈનો પાપના પોટલા બાંધીને જાય તે ગંગામાં જઈને કિચડના લપોટા લગાવી આવ્યા અમેરિકા જઈને મંકિ ટુથપેસ્ટ લઇ આવ્યા જેવું ન થાય માટે વિવેક રાખો. સ્તુતિ ગુણગાન કરો.

મોજ શોખ ના ભવ અનંતા ખોયા હવે તો ત્યાગ તપથી તિર્થમાં પુણ્ય કમાવા મન ને સમજાવવું જરૂરી છે.

સ્વર્ણના પાત્રમાં ધુલ કેમ ભરાય, જ્યાં ગુલના કુલની સુવાસ ભરવાની છે. પર્યુંષણમાં પાપ ન થાય, તો તીર્થમાં કેમ થાય ? એટલે જનારાનું લક્ષ ડાયમંડનું, ઓલંપીકના ખેલનારનું લક્ષ સુવર્ણચંદ્રનું, તો તીર્થયાત્રાવાળાનું લક્ષ મોજ શોખનું કેમ થાય છે ? આશાતનાથી અંધા લુલા લંગડા થવાય છે. કર્મ બાંધતા વિચારો રડતા પણ નહિ છૂટે.

ઘરે કરેલા પાપ તીર્થે છૂટે ને તીર્થે કરેલા પાપ ભવોભવ રડાવશે ફેશન પરેશાન કરશે. માટે યાત્રી બનીને આવો પ્રવાસી નહિ તરવા આવો ફરવા નહિ જીવન ધન્ય બનાવો વ્રત નિયમથી કાયા સજાવો.

અજ્ઞાન નિવારણનું ઉત્તમ સાધન છે. પૂર્વાપર વિરોધી વાક્યો બોલનારની વાણી આજે સૌને મીઠી લાગે છે. પરંતુ કોઇપણ કાળે તે આદરણીય બનતી નથી.

શ્રદ્ધાનું સ્થાન શ્રદ્ધાને વધારનાર જેમ આગમ છે. તેમ સુવિહત સુગુરુના મુખે સાંભળેલી જિનવાણી પણ છે.


માટે સતત સુગુરુના મુખે જિનવાણીના ઉપદેશનું સેવન કરવું જોઇએ.

(પેજ ૬૭૧ નું ચાલુ)

પ્રભાવથી દેવ થયા. પછી સુદર્શનના રાણીના બન્ને પુત્રો થયા. અને છેલ્લે અહીં સુદર્શનાના જીવ સિદ્ધાર્થ અધ્યાપકના બન્ને શિષ્ય લવણ-અંકુશ રામ-સીતાના પુત્ર બન્યા.

જયભૂષણ કેવળી ભગવંતની વાણીથી ઘણાં લોકો સંવેગ પામ્યા. અને સેનાપતિ કૃતાંત વદને સંયમ સ્વીકાર્યું.

રામચંદ્રજી સહિત સર્વે દેશના પછી મહાસતી સાધ્વી સીતા આર્યાને વંદના કરી અયોધ્યા નગરીમાં પાછા ફર્યા (ક્રમશઃ)



સંપ્રતિ રાજા: દીક્ષા ખાવા માટે કે મોક્ષ માટે ?

[સુજ્ઞ વાચકોને મુદ્રણદોષથી થયેલ ક્ષતિ સુધારીને વાંચવા ભલામણ –લેખક]

હમણા જ કલકત્તાથી એક મુનિવરે "જિનવાણી ઉત્તરે હ્યો જાણી" નામનું પુસ્તક મોકલ્યું. આ પુસ્તકની અનુક્રમણિકાના અંતે પ્રગટ લખેલા લખાણ ઉપર વિશેષ પ્રકાશ પાડવા માટે તેમણે વિનંતી કરી અને 'જૈન શાસન'માં પ્રગટ થાય તેવી અભિલાષા વ્યક્ત કરી. અનુક્રમણિકાના અંતે છપાયેલ લખાણના લેખકની અજ્ઞાનતા અને અભિનિવેશને જોયા પછી તેમની વિનતી સ્વીકારવાનું મન થયું. અનુક્રમણિકાના અંતે છપાયેલ લખાણ અક્ષરશઃ નીચે મુજબ છે.

"સંપ્રતિ રાજા"

એક ભિક્ષુક સાધુઓ પાસે આહાર માંગે અને સાધુઓ પોતાના આચાર્ય ભગવંતને આહાર આપવો કે ન આપવો એ અધિકાર છે એમ કહી એ ભિક્ષુકને આચાર્ય ભગવંત પાસે પરોક્ષ રીતે લાવે છે. આચાર્ય ભગવંત એને ભાવી શાસન ઉન્નતિકારક જાણીને ખાવા માટે દીક્ષા આપે છે. એ સમયે આ દીક્ષા મોક્ષ માટે જ લેવાય એમ 'જ'કાર પૂર્વક એના હૃદયમાં કોઇ ભાવ ન હોતાં. એણે ખાવા માટે જ દીક્ષા લીધી હતી. અને દીક્ષા એના માટે કેટલી ગુણકર્તા બની એ જૈન સમાજથી અજાણ નથી. ખાવા માટે દીક્ષા લેનાર જૈન શાસનમાં મહાન રાજા તરીકે આજે પણ પંકાય છે. એના ગુણ ગાતાં પ્રવેતાંબરો આજે પણ હર્ષ અનુભવે છે. કહેવાનો આશય આ છે કે સંપ્રતિ રાજાના જીવે મોક્ષ મેળવવા માટે 'જ' ધર્મ કર્યો નહોતો છતાં પણ એને એ ધર્મ કેટલો ઉત્કૃષ્ટ ફળ આપનાર બન્યો છે. એ જોતાં ધર્મ ક્રિયા મુગ્ધ જીવો માટે કોઇ દિવસ ભૂંડી હોય જ નહીં. એ ધર્મ ક્રિયા તારક જ બને મારક બને જ નહીં.

મુગ્ધ જીવો ભૌતિક સુખ માટે ધર્મ કરે તો એમને લાભકર્તા ન બને એ કહેવું યોગ્ય નથી. અરે કયારેક સમકિત દૃષ્ટિ આતમા પણ ભૌતિક સુખ માટે ધર્મ કરે તો તે પણ મારક ન જ બને. અને એ માટે જ ગીતાર્થો નિશ્ચયલક્ષી વ્યવહારનું લક્ષ્ય

નથી અને વ્યવહાર ધર્મની પ્રધાનતા નથી એ દેશના કુદેશના છે. એકાંતે નિશ્ચયની પ્રરૂપણા એ તો બે મહિનાના બાળકને દુધપાક ખવડાવવા જેવું કુકૃત્ય છે એમ જ્ઞાનિયે સ્પષ્ટ કહે છે.

ઈસા. ૨૦૫૧

દીપાવલી પર્વ

જયાનંદ

(મહાત્મા ત્રિસ્તુતિક મતના છે.)

ઉપરના લખાણમાં મુનિશ્રી જયાનંદ વિજયજીએ "મોક્ષ માટે જ ધર્મ કરવા'ની શાસ્ત્રીય આજ્ઞા ઉપર આડેધડ કુતર્કો કર્યા છે. કયાંક તો વાકય રચનાના જ ઠેકાણાં નથી. નિશ્ચયલક્ષી વ્યવહારની વાત કરતી વખતે લખેલા વાકયમાં એ સ્પષ્ટ જણાય છે. મુનિશ્રી જયાનંદ વિજયજીની વાત ઉપર ક્રમસર વિચાર કરીએ.

(૧) સૌ પ્રથમ તેમણે શ્રી સંપ્રતિ મહારાજાના પૂર્વભવની વાત લખી છે. સંપ્રતિ મહારાજાના પૂર્વભવમાં તેમને ખાવા માટે દીક્ષા આપનારા આચાર્ય ભગવંત શ્રી સુહસ્તિ સૂરિ મહારાજા હતા. તેઓ દશ-પૂર્વધર હતા. આગમવિહારી હતા. આવા વિશિષ્ટ જ્ઞાની પુરૂષોને શાસ્ત્રમાં નિષિધ્ય કાર્યને પણ કરવાની છુટ હોય છે. પરંતુ આગમવિહારી મહાપુરૂષોએ આચરેલી તેવી પ્રવૃત્તિનું અનુકરણ આપણાથી ન થાય. એવી શાસ્ત્રાજ્ઞા છે. 'ધર્મ મોક્ષ માટે જ કરવા'ની શાસ્ત્રીય પ્રરૂપણા કરનારા મહા-પુરૂષોએ, આગમવિહારી મહાપુરૂષોની તેવી આચરણાનું કયારેય ખંડન કર્યું જ નથી તેથી તેવા દ્રષ્ટાંતો મૂકીને "સંપ્રતિ મહા-રાજાના જીવે મોક્ષ માટે દીક્ષા લીધી ન હતી" એવી વાત લખવાની જરૂર રહેતી નથી. અને વધુમાં સમજવું જોઇએ કે– ખાવા માટે તેમણે દીક્ષા લીધી માટે દીક્ષા ગુણકર્તા બની છે એવું નથી પણ ખાવા માટે દીક્ષા લીધેલી હોવા છતાં તેમને દીક્ષા પ્રત્યે સાચો ભાવ ઉત્પન્ન થયેલો તેથી ઉદ્ધાર થયો હતો. આ બધી વતની કશી જાણકારી ન હોવાથી મુનિશ્રી જયાનંદ વિજયજીએ સાવ ખોટું અર્થઘટન કર્યું છે. સંપ્રતિ રાજાના જીવે પૂર્વભવમાં ખાવા માટે દીક્ષા લીધી હતી– આ વાત સૌ કોઇ જાણે છે. કોઇ વિરોધ કરતું નથી. પણ આ પ્રસંગને ટાંકીને "સંપ્રતિ રાજાના જીવે પૂર્વભવમાં ખાવા માટે જ દીક્ષા લીધી હતી, દીક્ષા મોક્ષ માટે જ લેવાય તેવો એના હૃદયમાં કોઇ ભાવ ન હતે" આવી રજુઆત કરનાર મુનિશ્રીની મનોવૃતિ કેવી છે તે સમજી શકાય તેવું છે. ખાવા માટે દીક્ષા લીધી હોવા છતાં અંતે "સાચા સાધુપણા પ્રત્યે અહોભાવ પ્રગટયો હતો" આ મહત્વની વાત પ્રગટ ન કરનાર મુનિ શ્રીએ વગર કારણે ભૌતિક સુખની દલાલી કરી છે. સાચા સાધુને ભૌતિક સુખની દલાલી કરવી શોભે નહિ.

(૨) ભૌતિક સુખની દલાલી કરવાના અતિ ઉત્સાહમાં મુનિશ્રીએ "ધર્મક્રિયા મુગ્ધ જીવો માટે કોઇ દિવસ બૂંડી હોય જ નહીં. એ ધર્મક્રિયા તારક જ બને મારક બને જ નહિ." આવું શાસ્ત્ર વિરુધ્ધ વિધાન કરી નાંખ્યું. ભૌતિક આશયથી કરાતાં ધર્માનુષ્ઠાનોથી કેવા કટુવિપાકો ભોગવવા પડે છે તેનું વર્ણન શાસ્ત્રકારોએ ઘણી જગ્યાએ કર્યું છે પણ કયાંય શાસ્ત્રકાર ભગવંતોએ "મુગ્ધ જીવોને ધર્મક્રિયા તારક જ બને, મારક બને જ નહીં" એવું અભય વચન આપ્યુ નથી. આપણા જયાનંદ વિજયજીએ આવું અભય વચન મુગ્ધ જીવોને આંખ મીંચીને આપી દીધું છે.

એકવાર જાદુગરનો ખેલ જોતાં જોતાં અતિ ખુશ થઇ ગયેલા વાણિયાએ કહ્યું હતું : જા, આખા ગામની જોંસ તને આપી પણ વાણિયાના વચનની નિરર્થકતાને સમજનારા જાદુગરે આખા ગામની જોંસનું દાન સ્વીકારી લેવાનું જોખમ ખેડયુ ન હતું. ભૌતિક સુખની દલાલી કરવાના અતિ ઉત્સાહમાં આવી ગયેલા જયાનંદવિજયજીએ મુગ્ધ જીવોને આપી દીધેલું અભય વચન સ્વીકારી લેવાનું જોખમ કોઇએ લેવા જેવું નથી. દરેકે શુધ્ધ આશય દ્વારા જ ધર્મ કરવાનો જ્ઞાનીઓએ બતાવેલો માર્ગ સ્વીકારવા જેવો છે.

(૩) મુનિશ્રી લખે છે કે "મુગ્ધ જીવો ભૌતિક સુખ માટે ધર્મ કરે તો એમને લાભકર્તા ન બને એ કહેવું યોગ્ય નથી. અરે કયારેક સમકિત દૃષ્ટિ આતમા પણ ભૌતિક સુખ માટે ધર્મ કરે તો તે પણ મારક ન જ બને." મોક્ષ માટે જ ધર્મ કરવાની શાસ્ત્રીય પ્રરૂપણા કરનારા મહા પુરુષોએ કયારેય "મુગ્ધ જીવો ભૌતિક સુખ માટે ધર્મ કરે તો એમને લાભકર્તા ન બને" એવું કહ્યું નથી. એટલે "એ કહેવુ યોગ્ય નથી" એવું જયાનંદ વિજયજીનું કહેવું બિલકુલ યોગ્ય નથી. ખોટો આક્ષેપ કરવો એ સાધુપુરુષનું લક્ષણ નથી. મુગ્ધ જીવોના કે સમ્યગદૃષ્ટિ આત્માના અન્ય ભાવે થતાં અનુષ્ઠાનોનો એકાંતે નિષેધ કોઇ કરતુ નથી. તેવા દૃષ્ટાંતોનો અપલાપ પણ કોઇ કરતું નથી. આ વાતમાં કોઇ વિવાદ જ નથી. વિવાદ એ છે કે આજના લોકોને આત્મહિતના માર્ગે લઇ જવા હોય તો મોક્ષના ઇરાદે ધર્મ કરવાનો ઉપદેશ આપવો કે ભૌતિક આશયથી ધર્મ કરવાનો ઉપદેશ આપવો ? અમે મોક્ષના જ ઇરાદે ધર્મ કરવાની જોરદાર રજુઆત કરીએ છે. જેઓને આ સિવાયનો બીજો વિકલ્પ પસંદ હોય તેઓ સાથે અમે સંમત બનતા નથી.

(૪) મુનિશ્રી આગળ લખે છે. "અને એ માટે જ ગીતાર્થો નિશ્ચય લક્ષી વ્યવહારનું લક્ષ્ય નથી. અને વ્યવહાર ધર્મની પ્રધાનતા નથી એ દેશના કુદેશના છે. એકાંતે નિશ્ચયની પ્રરુપણા એ તો બે મહિનાના બાળકને દુધપાક ખવડાવવા જેવું કૃકૃત્ય છે. "જયાનંદ વિજયજીના આ લખાણમાં વાકય રચનાના ઠેકાણા નથી

અને મોટે ઉપાડે નિશ્ચયલક્ષી વ્યવહાર ની વાત કરવા નીકળી પડ્યા છે. પછી એમની અજ્ઞાનતા ઢાંકી રહે છે ?

પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ ફરમાવ્યુ છે કે "નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર; પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર." જે આત્મા નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં ધારણ કરીને વ્યવહાર ધર્મનું પાલન કરશે, તે પુણ્યાત્મા ભવસમુદ્રના પારને પામશે. "મોક્ષ માટે જ ધર્મ કરવો જોઇએ" આવી પ્રરુપણાને જે કોઇ નિશ્ચયલક્ષી વ્યવહાર વિનાની દેશના, વ્યવહાર ધર્મની પ્રધાનતા વિનાની દેશના, એકાંત નિશ્ચયની પ્રરુપણા કે કુદેશના માનતા હોય તેઓ એક નંબરના અજ્ઞીતાર્થી છે. કારણ કે 'ધર્મ કરવો જોઇએ' એ વાત વ્યવહારની ધર્મની પુષ્ટિ કરે છે. જ્યારે 'મોક્ષ માટે જ આ વાત નિશ્ચય દૃષ્ટિ તરફ ધ્યાન ફેરવનારી છે. એટલા માટે જ "મોક્ષ માટે જ ધર્મ કરવો જોઇએ" આવી પ્રરૂપણા નિશ્ચય-દૃષ્ટિને હૃદયમાં ધારણ કરીને વ્યવહાર પાળવાની વાત કરનારી છે. ભવસમુદ્રનો પાર આ રીતે જ પમાશે- એવી સ્પષ્ટ વાત તો પૂ. ઉપાધ્યાયજી મ. ફરમાવે જ છે. એટલા માટે આ પ્રરૂપણા સંપૂર્ણપણે શાસ્ત્રીય જ છે. છતાં એક પ્રકારની ચેકકસ ગ્રન્થીથી પીડાતા કેટલાક માણસોને આવી શાસ્ત્રીય પ્રરૂપણા સામે નિશ્ચય અને વ્યવહાર જેવા શબ્દોની ભુમાણુમ કરવાની ટેવ પડી ગઇ છે. નિશ્ચયલક્ષી વ્યવહાર કોને કહેવાય ? વ્યવહાર ધર્મની પ્રધાનતા કોને કહેવાય ? અને એકાંત નિશ્ચયની પ્રરૂપણા કોને કહેવાય ? આની કશી પણ સમજણ વગર વિવાદમાં કુદી પડનારા અજ્ઞાન આત્મા ઓની દયા ચિંતવ્યા વિના બીજુ તો શું કરી શકીએ. "મોક્ષ માટે જ ધર્મ કરવો જોઇએ" આવી પ્રરૂપણાને કુદેશના સમજનારા મહાઅગીતાર્થ છે, એને એકાંત નિશ્ચયની પ્રરૂપણા સમજનારને નિશ્ચયનો 'ન' પણ આવડતો નથી. એને નિશ્ચયલક્ષી વ્યવહારના લક્ષ્ય વિનાની દેશના સમજનારા ને જૈન શાસ્ત્રોની બારાખડી પણ આવડતી નથી– એ ચોકકસ છે.

મુનિશ્રી જયાનંદ વિજયજીએ "જિનવાણી ઉત્તરે હ્યેા જાણી" નામના પ્રશ્નોતરી પુસ્તકમાં એવો શંકુમેળો લેખે કર્યો છે કે પ્રશ્નોતરીની પંચકુટી ઢાળ બની ગઇ છે. એથી એના ઉપર કશું કહેવા જેવું રહ્યું નથી

(જેઠ વદ ૧૪ તા. ૧૪-૬-૬૬)

: વનરાજિ :

શાસ્ત્રસાર સમજ્યા વિના,
ચોપડીઓ લખાય;
——કહે તેનાથી,
ઉત્સૂત્રો ઉભરાય;

('જિનવાણી ઉત્તરે હ્યેા જાણી પુસ્તક ના પ્રત્યેક પાને છાપેલા દુહાઓ જોઇને મારા એક મિત્ર મુનિવરને સ્ફુરેલો દુહો.)

*

વ્રતોના અલ્પ સમયના પાલનથી પણ સુખ

—શાહ રતિલાલ ડી. ગુદકા (લંડન)

જ્ઞાનીભગવંતો અને શાસ્ત્રકારો કહે છે કે આ બાર વ્રતોનું અલ્પ સમય માટે પણ આરાધન કર્યું હોય તો પણ તે સુખદાયી, લાભદાયી બને છે આત્માને હિતકારી છે.

અલ્પકાલં ધૃતાન્યેતદ્ વ્રતાનિ સૌખ્યનિધિ,
અતઃ પ્રદેશિવદ્ ગ્રાહ્યાણ્યેતાની તત્ત્વવેદિભિઃ ॥

આ વ્રત અલ્પ કાળ સુધી ધર્યાં હોય તો પણ સુખને આપનારા થાય છે આથી પરદેશી રાજાની જેમ તત્વ વેત્તાઓએ એ વ્રત (અવશ્ય) ધારણ કરવાં કેતા ગ્રહણ કરવા નાનામાં નાનું વ્રત સુખ સંપતિ સમાધિ અપાવે છે અને તો પછી મોટું વ્રત નિયમ ભાવ ભક્તિથી વિધિનુસારે ગ્રહણ કરેલા વ્રતો તો અવશ્ય સુખ શાંતિ અને અવશ્ય મોક્ષ સુખ અપાવે છે વ્રત વિનાનું જીવન લખુ છું છે સુકું છે. જેનાથી જેટલા પ્રમાણમાં વ્રત લઇ શકાય તે મુજબ જરૂર અવશ્ય વ્રત ગ્રહણ કરવા જોઇએ વૃત નિયમ વિના એક ઘડી પણ ન રહેવું જોઇએ અને રહેવાય જ નહિં. પછી ભલે શક્તિનું આરે પણ અવશ્ય-પાંચ વ્રત-આઠ વૃત અને બની શકે તો અવશ્ય બાર વૃત શ્રાવકને સૌ પ્રથમ ગ્રહણ કરવાના છે તો જ આપણે શ્રાવક, શ્રાવિકાપણાને શોભાવી શકીએ દીપાવી શકીએ અને ભગવાનની આજ્ઞાને તો જ માન્ય કરી શકયા છે માનીએ છીએ તેમ કહેવાય. શ્રમણોપાસક કેવી રીતે બન્યો.

પરદેશી રાજાની કથા-શાસ્ત્રનાપાને લખાયેલી આ કથા છે એક સમયે શ્રી વીર પ્રભુ આમલ કલ્પ નામના ઉદ્યાનમાં સમોસર્યા. પ્રભુનું આગમન જાણીને ભક્તિથી વંદના કરી. પાછી વિનમ્રતાથી કહ્યું: "હે ભગવંત! ગૌતમ સ્વામી આદીને નાટક દેખાડવાની મને આજ્ઞા આપો"

ભગવાને તેનો કંઈ જવાબ ન આપ્યો. સૂર્યાભદેવે ફરીથી વિનંતિ કરી. ભગવાન બીજી વારપણ મૌન રહ્યા. નાટક બતાવવાની આજ્ઞાનો ભગવાને ત્રણ વખત પણ કશો જવાબ ન આપ્યો એટલે! અનિષેધે અનુજ્ઞા અનુસાર સૂર્યાભદેવે નાટક બતાવવા અંગે ભગવાનની મૌન સંમતિ માની લીધી. હવે તેણે ઇશાન દિશામાં જઇને પોતાની બે. ભુજામાંથી ૧૦૮ દેવતાઓ અને (એકસો આઠ) ૧૦૮ દેવીઓ વિકુર્વી અને બત્રીસ પ્રકારનુ નાટક કરી બતાવ્યું. નાટક પુરૂ થતાં સૂર્યાભદેવે વિદ્યુતની જેમ સ્વર્ગમાં ચાલ્યો ગયો.

તેના ગયા બાદ લોકોને પ્રતિબોધ પમાડવાના હેતુથી શ્રી ગૌતમસ્વામીએ શ્રી વીરપ્રભુને પૂછયું: પ્રભુએ કહ્યું "હે ગૌતમ! શ્વેતાંબીનગરીમાં પ્રદેશી નામે નાસ્તિક

રાજા હતો. તેને સૂર્યકાંતા નામે સ્ત્રી હતી ને સૂર્યકાંત નામે પુત્ર હતો. અને ચિત્ર નામે પ્રધાન હતો.

મંત્રી ચિત્ર રાજકાર્ય માટે શ્રાવસ્તીનગરીમાં જિતશત્રુ રાજા પાસે ગયો. એ સમયે ત્યાં કેશી નામે ગણધર શ્રાવસ્તીમાં પધાર્યા હતા મંત્રી તેમને વંદન કરવા ગયો ચતુર્જ્ઞાની મુનિની દેશનાં સાંભળી મંત્રીએ શ્રાવક ધર્મ અંગિકાર કર્યો અને કેશી ગણધરને પ્રવેતાંબી નગરીમાં પધારવા માટે વિનંતી કરી એ પોતાનું કામ કરી પ્રવેતાંબી પાછો ફર્યો. કેશી ગણધર વિહાર કરતાં કરતાં અનુક્રમે પ્રવેતાંબી નગરીના ઉદ્યાનમાં પધાર્યા. મંત્રીને ઉદ્યાન પાલક પાસેથી ગુરૂના આગમનના સમાચાર મળ્યા તે જાણી મંત્રીએ વિચાર્યું કે "હું મંત્રી છતાં મારો રાજા નરકે જાય તે યોગ્ય ન કહેવાય. અહિંયા આપણે વિચારવાનું છે સમજવાનું છે કે" અગાઉના મંત્રી પ્રધાન કેવા હતા પોતાના રાજા (માલીક)ની અધોગતિ ન થાય એનું કેટલું દુઃખ કેટલી કાળજી છે આપણને પણ આ જ ભાવ હોવો જોઈએ કે હું ધર્મી છતાં મારૂં ઘર મારા ઘરના કે મારા ગામના કોઇપણની સિદ્ધિગતિ થાય એવી મારી ભાવના છે. એથી મંત્રીએ આજે બહાનું કાઢીને એટલે કે કોઇ પણ જાતનું બહાનું બતાવી રાજાને ગુરૂની વાણી સંભળાવું અને તેમ કરીને હું રાજાનો અનૃણી થાઉં"

આમ વિચારી ચિત્ર મંત્રી ઘોડા ખેલવાના બહાને રાજાને જ્યાં સૂરિ હતા તે પ્રદેશમાં લઇ ગયો રાજા શાંત થઈ વૃક્ષની છાયા નીચે બેઠા. ત્યાં તેના કાને ગુરૂની દેશના સંભળાઈ. આ સાંભળી રાજાએ ઉદ્વેગ પામી મોં મચકોડી મંત્રીને કહ્યું: "આર્ત-જનની જેમ આ સાધુ શું બરડે છે? "રાજન ત્યાં જવાથી તેનો નિશ્ચય થશે." પછી મંત્રી રાજાને ગુરૂ પાસે લઇ ગયો. ત્યાં રાજાએ કોઇ ગણધરની આ પ્રમાણે દેશના સાંભળી.

મૂઢાસ્તત્ત્વમજાનાના નાનાયુક્ત્યર્થશાલમ્
અસદ્વાસનભાજનમ હારયન્તિમાનવાહા

"નાના પ્રકારની યુક્તિઓવાળા અને અર્થથી કોમળ એવા તત્વને નહિ જાણનારા પ્રાણીઓ ખોટી વાસનાઓ વડે પોતાનો મનુષ્ય જન્મ વ્યર્થપણે ગુમાવી દે છે. તે દુઃખની વાત છે."

આ બધી દેશના સાંભળી રાજાએ કેશી ગણધરને કહ્યું: કે વૃતધારી! પરલોક, પાપ, પુણ્ય, અને જીવ છે જ નહિ. કારણ કે મારા પિતા ઘણા પાપી હતા. તે પાપ કરીને નરકે ગયા હોય તો તેમને તો હું ઘણો વ્હાલો હતો. તો તે ત્યાંથી આવીને

મને કેમ, ન કહે કે 'પુત્ર! તારે પાપ કરવુ નહિ કારણ પાપ કરવાથી દુઃખ ખમવું પડે છે. (૧)

બીજું મારી માતા ઘણા દયાળુ હતા, તે સ્વર્ગે ગયા હોવા જોઇએ. તો તે આવીને મને સ્વર્ગનું સુખ કેમ કહેતા નથી? તેમજ હે પુત્ર! તારે પુણ્ય કરવું. એમ મને ભલામણ કરતા નથી? આ ઉપરથી સિદ્ધ થાય છે કે, પાપ પણ નથી, [redacted]ને પુણ્ય પણ નથી. (૨)

એક વખત એક ચોરને મેં કોઠીમાં પુરી દીધો હતો. એ ચોર તેમાં મુંઝાઇને મરી ગયો પછી કોઠી જોઇ તો કયાંય છિદ્ર જોવા ન મળ્યું. તો તેનો જીવ કયાંથી નીકળી ગયો? (૩)

અને એ ચોરના મૃતદેહમાં કીડા પડેલા જોવા મળ્યા અને તેમને પેસવા માટેનું છિદ્ર પણ જોવામાં ન આવ્યું, આથી પ્રવેશ કરનાર કે નીકળનાર કોઇ જીવ છે જ નહિ (૪)

બીજુ બધા જીવો સરખા નથી તેનું શું કારણ? તમે કહેશો કે કોઇ ' બાલુ દુર જાય છે અને કોઇનું નજીક જ (નજદીક) પડે છે. તેવી રીતે બધા જીવ સરખા નથી. પણ તેમાં કોઇ કર્મનું કારણ નથી. (૫)

હે આચાર્ય મેં એક ચોરને જીવતો ત્રાજવે ચડાવ્યો, અને મરણ પામ્યા પછી તેને ત્રાજવામાં મુકયો, એ બંને વખતનું વજન સરખું જ થયું. જો જીવ હોય તો જીવતા ભારે અને મરણ પામ્યા પછી હલકો કેમ ન થયો? (૬)

હે સૂરિવર્ય! એક ચોને મેં કકડે કકડા કરીને જોયો તો પણ તેના શરીરના કોઇપણ અંગમાં મને જીવ જોવા ન મળ્યો. (૭)

હે પ્રભુ! ઘડા વગેરે પદાર્થ પ્રત્યક્ષ જોવામાં આવે છે તેમ જીવ પ્રત્યક્ષ જોવામાં કેમ દેખાતો નથી. (૮)

બીજુ કુથુવા અને હાથીના શરીરમાં એક સરખો જીવ હોય તો કુથુવાનું શરીર [redacted]નું શરીર મોટું કેમ? (૯)

અને હે સૂરિરાજ! અમારા કુળ ક્રમથી જે નાસ્તિક મત ચાલ્યો આવે છે તે મારાથી કેમ છોડી દેવાય? (૧૦)

પરદેશી રાજાના આ બધા જ પ્રશ્નો કેશી ગણધરે શાંતિથી સાંભળ્યા અને પછી જવાબ દરેકનો એક પછી એક એમ ક્રમસર આપ્યો.

(ક્રમશઃ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- આ સંસાર તો કસાઇખાનું છે. બિચારા જીવો સુખની આશામાં કપાઇ રહ્યા છે.
- આ ભૌતિક સુખ એ જ મોટામાં મોટુ ઝેર છે. તે ઝેર જેને ચઢે તે સુખમાં દુઃખી હોય, જીવતાંય દુઃખી, મરતાં ય દુઃખી હોય જ્યાં જાય ત્યાં દુઃખી દુઃખીને દુઃખી જ થાય.
- સંસારીના ત્રણ ગુણ ! સુખથી ચસકવું નથી, દુઃખ જોઇતું નથી મોક્ષ મેળવવો નથી.
- સ્વાદ એ જીભનો ગુણ છે, આત્માનો ગુણ નથી. જે સ્વાદમાં મજા માને તેનો સ્વાદ તેને મારે. સ્વાદ એ તો પાપ છે. ખાવા છતાં સ્વાદ ન કરે તે ઉંચો જીવ.
- ધર્મ હૈયાને સ્પર્શે પછી જ જીવમાં પરિવર્તન આવે.
- સંસારી જીવોને અસંયમ મીઠો સાકર જેવો લાગે છે. સંયમ કડવો ઝેર જેવો લાગે છે.
- નાલાયકોને બુધ્ધિ મળે એટલે પોતાનું અને પારકાનું અકલ્યાણ કરે.
- મુહપતિના પચાસ (૫૦) બોલ તો આત્માનું શિક્ષણ છે.
- અધર્મનો સામનો થાય, ધર્મનો સંગ્રામ થાય પણ દુનિયાની કોઇ ચીજ માટે કજીયો કંકાશ થાય નહિ.
- જ્યારથી મોટોભાગ મરજી મુજબ ધર્મ કરતો થયો. આજ્ઞા વિચારતો થયો, ત્યારથી ધર્મ નામનો રહ્યો, અધર્મનું સામ્રાજ્ય ચાલવા માંડયું. અને ધર્મ કરનારા પાસે પણ ધર્મ રહ્યો નહિ.
- સંસારની કોઇ ચીજ માત્ર ન ગમે. બધી છોડવા જેવી જ લાગે, ત્યારે ધર્મ ગમે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાણાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વહાણ થઇને (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

११-५-२२-२५ Received 20 JUL 1996

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र

जैन शासन

पा. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा.
जि. गांधीनगर, पिन-382009.

उपदेश माटे अयोग्य कोण

उपदेशो हि मूर्खाणां,
प्रकोपाय न शान्तये ।
पयःपानं भुजंगानां,
केवलं विषवर्धनम् ॥

मुर्खने उपदेश आपवो ते तेने कोप उत्पन्न करवा माटे थाय छे पण शांतिने माटे थतो नथी। जूओ ! सर्पने दुग्धपान करावबुं ते केवल विषनी वृद्धिने माटे थाय छे.

अठवाडिक

वर्ष ८ | अंक ४४+४५

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
४५, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

જ્ઞાન ગુણ ગંગા

—શ્રી અજ્ઞાંગ

(૧)

પૂ. આ. શ્રી વિ, શાંતિસૂરીશ્વરજી મ. કૃત શ્રી મહાભાષ્યમાં નવ પ્રકારની ચૈત્યવંદના આ પ્રમાણે કહી છે.

एगनमोक्कारणं, होइ कणिट्ठा जहन्नआ एसा ।
जहसत्ति नमोक्कारा, जहन्निया भन्नइ विजेट्ठा ॥५४॥
सच्चिय सक्कथयंता, नेया जेट्ठा जहन्निया सन्ना ।
सच्चिय इरियावहिया, सहिया सक्कथय दंडेहिं ॥५५॥
मज्झिमकणिट्ठिगेसा, मज्झिम मज्झिमउ होइ सा चेव ।
चेइय दंडय थुइ एग संगया सव्व मज्झिम मा ॥५६॥
मज्झिम जेट्ठा सच्चिय, तिन्नि थुई उ सिलोय तियजुत्ता ।
उक्कोस कणिट्ठा पुण, सच्चिय सक्कच्छाइ जुया ॥५७॥
थुइ जुयल जुयलएणं, दुगुणि य चेइय थयाइ दंडा जा ।
सा उक्कोस विजेट्ठा, निद्दिग पुव्वसूरीहिं ॥५८॥
थोत्त पणिबाय दंडण, पणिहाण तिगेण संजुआ एसा ।
अंगुन्ना विन्नेया, जेट्ठा उक्कोसिआ नाम ॥५९॥
एसा नवप्पयारा, आइन्ना वंदणा जिणमयंमि ।
कालोचियकारीणं, अणग्गहाणं सुहा सव्वा ॥६०॥
उक्कोसा तिविहाविहु, कायव्वा सत्तिउ उभयकालं ।
सद्धेहिऊ सविसेसं, जम्हा तेसिं इमं सुत्तं ॥६१॥
वंदइ उभयउ कालं, पि चेइयाइं थइथुई परमो ।
जिणवर पडिमागरधूवपुप्फगंधच्चणुद्युतो ॥६२॥
सेसापुण षट्भेया, कायव्वा देसकालमासद्य ।
समणेहिं सावएहिं, चेइयपरिवाडिमाईसु ॥६३॥

ભાવાર્થ :—(૧) જઘન્ય જઘન્ય પ્રથમ ભેદ—એક નવકાર કહેવાથી.

(જુઓ અનુ. ટા ૩ ઉપર)

કચ્છવાગડ દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાસા અને સિદ્ધાચલ પ્લા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

• તંત્રીઓ •
પ્રેમચંદ મેઘજી શુદકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ધરમશી શુદકા (થાણા ગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ દ્વિ. અ. સુદ-૧ મંગળવાર તા. ૧૬-૭-૭૬ [અંક : ૪૪-૪૫

કચ્છવાગડ દેશોદ્ધારક પૂ. આ. શ્રી

કનકસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

(વાગડદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.ની શ્રા. વદ-૪ની સ્વર્ગા રોહણ તિથિ આવે છે તે નિમિત્તે પ્રવચન અત્રે રજુ થાય છે. સં.)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (ગતાંકથી ચાલુ) —અવ૦

સુખ તો જીવ માત્ર ઇચ્છે છે પણ કયું સુખ ઇચ્છવા જેવું છે અને કયું સુખ ઇચ્છવ જેવું નથી તે સમજવું પડે. 'આ દુનિયાનાં સુખની ઇચ્છા કરવી,, તેને મેળવવું મોજશોખ કરવી તેમાં વાંધો નહિ'—આમ કહેવું તે ઉન્માર્ગની દેશના છે. આ દુનિયાના સુખને ઇચ્છે તે તો બિચારા અજ્ઞાન છે. જે સુખ ઇચ્છવા જેવું નથી તે સુખ ઇચ્છે છે અને જે સુખ ખરેખર ઇચ્છવા જેવું છે તે ઇચ્છતા નથી—આ વાત તમને સમજાય છે ?

સઘળા જીવો સુખને ઇચ્છે છે. પણ મોઠો ભાગ ન ઇચ્છવા જેવા સુખને ઇચ્છે છે ને ? દુનિયાના સુખને ઇચ્છવું તે તો પાપ છે. આત્મિક સુખની ઇચ્છા કરનારા કેટલા ? દુનિયાના જ સુખને ઇચ્છનારા જીવોને ન તો ભગવાન, સાધુ કે ધર્મ ઓળખાય. તે ધર્મ કરે તે ય અધર્મ માટે કરે. આપણને પણ દુનિયાદારીના સુખનો જ રાગ છે ને ? આત્મિક સુખની ઇચ્છા કરવા માટેની સાચી તમન્ના જ જાગતી નથી ને ? જ્યારે

જ્યારે આપણને સુખ યાદ આવે છે ત્યારે દુનિયાનું સુખ યાદ આવે છે કે આત્માનું સુખ યાદ આવે છે ? દુનિયાનું સુખ તો દુઃખનું જ કારણ છે, દુઃખરૂપ છે. આ સુખનો રાગ પણ દુઃખ પેદા કરનાર છે.' આ વાત નિરંતર યાદ આવે તો વીતરાગને માનીએ, વીતરાગના સાધુને માનીએ, વીતરાગનો કહેલ ધર્મ સમજ્યો છે, નહિ તો સમજવું કે, ધર્મથી આઘા છીએ.

મહાપુરૂષોના ગુણ ગાવા એ પણ ધર્મનું કામ છે. મહાપુરૂષોને યાદ શા માટે કરવાના ? તેમના જેવા બનવા સાધુપણું સહેલું નથી. ઘણા જીવો એ, અનેકવાર સાધુપણાની ક્રિયાઓ કરી પણ સાધુપણું તેને રૂચ્યું જ નહિ. તમે બજારમાં કષ્ટ કેમ વેઠો ? તમને ખબર છે તેનાથી જ પૈસા મળે છે. તેના માટે ઘર–બાર, કુટુંબ–પરિવાર, સ્નેહી–સંબંધી બધું જ છૂટે. સગી મા ય છોડાય, મા રૂવે તેની ય દયા ન આવે. ત્યાં બધા જ કહે કે–દુઃખ વિના સુખ નહિ. **સંસારના સુખના જ અર્થી તે બધા સંસારી પૂરી કોટિના સાધુ થાય તો પણ.** જેમ પૈસા કમાવા આપણે નહિ તે બધા તપસ્વી ઓછા કહેવાય ! પૈસાના લોભ ખાતર તો બધું છોડે. પોતાને ઇચ્છિત સુખ જોઈતું હોય તો તે મેળવવા મા–બાપ, જે કોઇ આડે આવે તેને ય છોડી દે. **સંસાર છોડવો તે કઠીન નથી. સંસારનું સુખ છોડવું તે કઠીન છે !**

દુનિયામાં ઘણા લોકોએ લાખોની મૂડી લોઢામાં, લાકડામાં, જમીનમાં નાખી. તે બધા મૂરખ છે માટે નાખી ? લાખના બે લાખ કરવા મૂડી લોઢામાં, લાકડામાં, જમીનમાં નાખે. તે રીતે **દેવલોક માટે લાખોની મિલ્કત છોડી, સાધુ થાય તેની પણ આ શાસનમાં કાંઇ જ કિંમત નથી.** તેવો વર્ગ ઘણો છે. **જેને સંસારનું સુખ ભૂંડું લાગ્યું, આત્મસુખની સાધના માટે બધું છોડ્યું તે જ આત્મા શ્રી વીતરાગ દેવનું સાધુપણું ખરેખર પામે.** પામવાના અભ્યાસ માટે ય છોડે તે ય ખરેખર સારો જીવ છે. દુનિયાનું સુખ મૂંઝાવે, દુઃખ પણ મૂંઝાવે ત્યારે પોતાની પામરતા સમજે તે ય ઊંચો જીવ છે.

મોક્ષનો અનુભવ આત્માને અહીં જ થાય છે. **જેને પરની આશા છોડી દીધી જેને કોઇની આશા નથી, જેને કોઇ જાતની વાસના નથી તેવા જીવને મોક્ષનો અહીં અનુભવ થાય.** તેને થાય મોક્ષમાં કેવું અપૂર્વ સુખ હશે ! જે સુખમાં કોઇની અપેક્ષા નહિ તેવું સુખ કોઇની અપેક્ષા વિના આત્મા સુખ અનુભવે તેવું સુખ મોક્ષમાં છે. મોક્ષમાં શરીર નથી, શરીર નહિ એટલે ભૂખ નહિ, તરસ નહિ, ટાઢ–તાપ–થાક નહિ. ભૂખ લાગ્યા વગર ખાય તેને શી રીતે ખાવું પડે ? લોભી લોકોને વાનગીઓ મળતી જ્યારે આજના લોભી લોકો વાનગીઓની ભીખ માગે છે.

કે મહાત્માની સ્વર્ગતિથિ ઉજવીએ તેનો અનુભવ છે. તપ-ત્યાગ વગેરે એવા ગુણો છે જે બીજા ગુણોને ખેંચી લાવે. જેને સામાન્ય ગુણોનો અભિલાષ પેદા થયો હોય તેવો જીવ તપ-ત્યાગમાં આનંદ અનુભવે. તપમાં કષ્ટ પડે તો સમજે કે વધુ નિર્જરા થઇ રહી છે. તે રીતે તપમાં આગળ વધેલા મહાતપસ્વી થઇ ગયા.

આગળ રાજકુમારો, શ્રેષ્ઠી પુત્રો આદિ દીક્ષા લેતા તો અત્યંત સુખમાંથી આવેલા મહાકષ્ટો વેઠતાં થઇ જતા અને કામ સાધી જતા. શ્રી મેઘકુમારની વાત યાદ છે ને? કેટલા વિરાગથી દીક્ષા લીધેલી. પણ પહેલા દિવસે જ ઊંઘ ન આવી, ઘેર પાછા જવાનું મન થયું. ચિંતામાં પડી ગયા. નિર્ણય કર્યો કે, સવારના ભગવાનને પૂછીને ઘેર પાછા જવું. જો એમને એમ ગયા હોત તો ભગવાન શું કરત? ભગવાન પાસે ગયા તો ભગવાને કહ્યું કે, 'વત્સ! બહુ દુઃખી ન કર્યું!' સાંભળતાં આંચકો આવ્યો. વળી કહે કે 'આ સંસારમાં દુઃખ વિના છે શું? સંસારમાં આ જીવે અનંતાનંત દુઃખ વેઠયા છે. નરકાદિના દુઃખની ખબર છે? હાથીના ભવમાં કેટલું દુઃખ વેઠયું છે.' તે બધું યાદ કરાવતા તેઓ જાગી ગયા. આવો સુકુમાલ જીવ મહાતપસ્વી શી રીતે બન્યો હશે તે સમજાય છે? જાગી ગયા પછી તપ કર્યે જ જાય. માટે જ લખ્યું કે—'ચાલે જીવ તણે બળે.' શરીરનું બળ ગયું. જીવના બળે જ ચાલે છે. શરીરને પૂછતા નથી, તપ કરે છે, તપથી, શરીરને દુઃખ અનુભવાય છે અને આત્માને સુખ અનુભવાય છે. માટેજ કહ્યું કે 'દેહે કષ્ટં મહા સુખમ્' **શરીરના સુખના ચોરી જીવો જ આત્મા સુખને સમજે-અનુભવે.** ભગવાને આજ્ઞા કરી કે—એવો તપ કરવો, જેથી ઇન્દ્રિયોની શક્તિ ઘટે નહિ, સંયમ યોગો સીદાય નહિ અને મન અમંગલ ચિંતવે નહિ., જેનું મન સરૂં તેને તો દુઃખ પણ કલ્યાણકારી! તેવો અનુભવ ભગવાનના સાધુપણામાં થાય. આ શરીરના સુખો પ્રત્યે તમને નફરત જાગી છે? **આ શરીરના સુખો ઉપર નફરત જાગી તો સમજી લેવું કે શ્રી વીતરાગ દેવનું શાસન આપણને સ્પર્શવા માંડયુ છે! આ સુખ પ્રત્યે સૂગ વધી હોય, સુખ છોડવાની ટેવ પાડી હોય, દુઃખને ઊભું કરી વેઠવાની ટેવ પાડી હોય તેવા જીવને અંતે સમાધિ મળે.** મહાત્માઓને જીવતાં ય સમાધિ હોય અને મરણ પણ સમાધિવાળું પામે, ગતિ પણ સારી પામે, ત્યાં ય શાસન હૈયામાં બરાબર રહે એટલે મોક્ષ સાધક સામગ્રી મળે ત્યાં જ જન્મે. ધર્મ પામ્યા અને ધર્મ બરાબર સાચવે તે ત્રણ-પાંચ કે સાત ભવમાં મોક્ષે જાય જ. કર્મ નડે તો ય તેના વધુ ભવ તો નહિ જ, સંખ્યાતા ભવ જ.

આપણે બધાએ આપણા હૈયાને જાણવા રોજ આત્માને પૂછવાનું કે, દુન્યવી

સુખ તરફ નફરત છે કે પ્રેમ છે ? વેપારીની શક્તિ વધે તો હાટડી હોય તો દુકાન થાય, દુકાનમાંથી પેઢી થાય, ઘર મોટું થાય, બંગલો ય થાય. વેપારી, વેપાર શક્તિ જેટલો કરે કે શક્તિ જેટલો ન કરે ? હજારનો માલ રાખનાર, પાંચ-દશ-પંદર-વીશ-પચ્ચીશ-પચાસ હજારનો, લાખના ય માલ રાખે. તેથી ખબર પડે કે શક્તિ વધી. જે જે ચીજ ગમે તો શક્તિ મુજબ કરવાનું મન થાય, મન ન થાય તો સમજવું કે કચરો પડયો છે !

ભગવાનનું શાસન એટલે સંસારનું વિરોધી શાસન ! જેને સંસારની વાતો અનુકૂળ આવે તેને ભગવાનનું શાસન અનુકૂળ થાય નહિ. ભગવાના શાસનની અનુકૂળતા માટે ધર્મમાં સુધારો ન થાય. આપણી જાતમાં સુધારો કરાય ! દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ પ્રમાણે આપણી જાતને સુધારવાની છે પણ ધર્મમાં સુધારો કરવાનો નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ ધર્મના રક્ષણ માટે જોવાના છે, ધર્મના નાશ માટે જોવાના નથી !

'થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ' તેમ માનનારા ખોટા માર્ગે છે. જમાનો જુઓ જમાનો જુઓ તેમ કહેનારા જમાના મુજબ જીવે તો શું કરવું પડે ? જે જમાનામાં અનેકને ખાવા ન મળે તો આમ માનનારા જમાનાવાદીઓએ ખાવાનું બંધ કરવું જોઇએ. બધાએ લુખ્ખું-સૂકું ખાવું પડે બધા આયંબિલ કરવા-માંડે અને આયંબિલમાં પણ ઉણોદરી કરવા માંડે તો ભુખમરો ભાગી જાય, કોઇ ચીજની તાણ ન પડે.

આજે વાયરો એવો વાયો છે કે ધર્મમાં સુધારો કરો. આ કાળમાં આવા ક્રિયા-કાંડ ચાલે નહિ. બધામાં પાપ-પાપ કરાય નહિ. તમારે આજના યુગના જેવો ધર્મ જોઇએ છે કે ભગવાને કહ્યા પ્રમાણેનો જોઇએ છે ? ભગવાનના જ્ઞાનમાં આજનો યુગ નહિ હોય એમ માનો છો ? હજી તો એવો કાળ આવશે કે ધર્મ જ ચાલ્યો જશે. પાંચમા આરાના અંતે આ ધર્મ નાશ પામવાનો છે. આ ધર્મ આ ક્ષેત્રમાં નહિ રહે.

જુઓ આજે ધીમે ધીમે ભારતવર્ષમાંથી અહિંસા નાશ પામી ને ? હિંસા ધર્મ મનાવા લાગી છે ને ? જૈન કુળના નબીરાઓને ય કતલખાના જરૂરી લાગે છે. તે પણ લોકકલ્યાણ માટે આવશ્યક લાગે છે ન કરે તો લોક ખરાબ થાય ! અસત્ય વગર તો આજે ચાલે નહિ. આજે તો અસત્ય પણ સત્ય-શાહુકાર કહે કે, આ જમાનામાં ચોરી વગર ચાલે નહિ. આ જમાનામાં ખોટું બોલે નહિ, લખે નહિ તે પણ ચાલે નહિ બધા અધર્મો ધર્મની ઓઢ કરવા લાગ્યા છે. (ક્રમશઃ)

❋ બાર વ્રતમાં ચાર શિક્ષા વ્રતો ❋

પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ.

: નવમ સામાયિક વ્રત :

આ પૂર્વે જણાવ્યા મુજબ એકમાત્ર સર્વવિરતિ ધર્મને આરાધવાની ભાવનાને જેમ અને તેમ વહેલામાં વહેલી તકે સફળ બનાવવા પ્રયત્નશીલ બનેલા શ્રાવકો બારવ્રતાદિ સ્વરૂપ દેશવિરતિ ધર્મનો સ્વીકાર કરે છે. એમાં પાંચ અણુવ્રતો તો પાંચ મહાવ્રતોનો અંશ છે, તેના ગુણકારક તરીકે ત્રણ ગુણવ્રતો છે. અને સાધુધર્મની શિક્ષા= અભ્યાસ માટે ચાર શિક્ષાવ્રતો છે. ચાર શિક્ષાવ્રતોમાં પહેલું શિક્ષાવ્રત સામાયિકવ્રત સ્વરૂપ છે.

ગૃહજીવનમાં સર્વસાવદ્યયોગથી યાવજ્જીવ સર્વથા વિરામ પામવાનું કોઇ પણ રીતે શક્ય નથી. પાપ સહેજ પણ ગમે નહીં અને પાપ કર્યા વિના સહેજ પણ ચલે નહીં– આવી અવસ્થાનો અનુભવ રાતદિવસ કરનારા શ્રાવકોને ગૃહસ્થપણું કેવું અકારું લાગે છે–તે તો તેમના સિવાય બીજું કોણ સમજે ? સર્વવિરતિ ધર્મની ઉત્કટ ઇચ્છા અને અવિરતિનું દબાણ–આ બે વચ્ચેની ભીંસ અનુભવાય તો આ પ્રથમ શિક્ષાવ્રતનું મૂલ્ય જણાયા વિના રહે નહિ. ગૃહસ્થજીવનમાં સાધુતાની સ્વાદુતાનો અનુભવ કરાવનારા આ સામાયિક જેવું બીજું કોઇ ઉત્તમ સાધન નથી કે જે ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમને ક્રમ કરાવે. રાગદ્વેષાદિને આધીન બન્યા વિના જ્ઞાનાદિ ગુણોને પ્રાપ્ત કરી સમતામાં મગ્ન બનવું– એ સામાયિક છે. સાધુ મહાત્માઓ જીવનભર આવા સામાયિકને સારી રીતે ધારણ કરે છે. પરન્તુ ગૃહસ્થોને એ શક્ય ન હોવાથી તેઓ કદરોજ બને તેટલી વાર બે ઘડી માટેના સામાયિકને સ્વીકારે છે.

વરસમાં, મહિનામાં કે દિવસમાં ધારણા મુજબ અમુક વાર (ઓછામાં ઓછું એકવાર) સામાયિક કરીએ.

આ ક્રમાણે સામાયિક વ્રતનો સ્વીકાર કરનારાએ સામાયિકમાં નવી ગાથાઓ જોખવી, જૂની ભુલાઇ ગયેલી ગાથાઓ પાકી કરવી, અને તેના અર્થનું જ્ઞાન સંપાદન કરવું. શક્ય હોય ત્યાં સુધી તેના સમયમાં ફેરફાર કરવો નહિ. આ રીતે સ્વાધ્યાયમાં ચિત્ત સ્થિર બનશે તો કુદરતી રીતે જ નીચે જણાવેલા મન–વચન અને કાયાસંબન્ધી સામાયિકના દોષોનો પ્રસંગ નહીં આવે. જેથી નિર્દોષ રીતે સામાયિક કરી શકાશે.

દ્વેષ કરવો, અવિવેકપૂર્વક ચિંતન કરવું, અર્થનો વિચાર કરવો નહિ. ઉદ્વેગ કરવો, યશની ઇચ્છા કરવી, અવિનય કરવો, ભયભીત બનવું, વ્યાપારનો વિચાર કરવો, સામાયિકના ફળમાં શંકા કરવી અને આ લોકાદિ ફળસંબન્ધી નિયાણું કરવું – આ દશ મનના દોષો છે.

ખરાબ વચન બોલવું, હુંકારો કરવો, પાપનો આદેશ કરવો, લવારો કરવો કલહ કરવો, આવો બેસો—આવ કહેવું, ગાળ દેવી બાળક રમાડવું, રાંધણિની વિથા કરવી અને હાંસી મશ્કરી કરવી આ વચનસંબંધી દશ દોષો છે.

વારંવાર શરીરને અસ્થિર કરવું–ચારેય દિશામાં જોયા કરવું–પાપનું કામ કરવું આળસ મરડવી, અવિનય કરવો, ટેકે બેસવું, મેલ ઉતારવો, ખંજવાળવું, પગ ચઢાવવો, ગુપ્ત અંગો ઉઘાડાં રાખવાં, સંપૂર્ણ શરીર ઢાંકવું અને ઊંઘવું આ બાર દોષો શરીરના છે.

આ બત્રીસ દોષોથી રહિત વિશુદ્ધ એવા સામાયિકની આરાધના આત્માને સર્વ-વિરતિ ધર્મથી ભાવિત બનાવનારી છે.

દશમ દેશાવકાશિક વ્રત

સામાન્ય રીતે બીજા વ્રતોમાં થોડું આગળ વધવું એટલે કે જેની છૂટ રાખી હોય તેમાં છૂટ ઓછી કરવી અને જે પ્રવૃત્તિ કરવાનું નિશ્ચિત હોય તે પ્રવૃત્તિમાં થોડો વધારો કરવો–એને દેશવકાશિક નામનું દશમું વ્રત કહેવાય છે. વર્તમાનમાં આ છઠ્ઠા દિશિગમન–પરિણામના વિષયમાં સંક્ષેપ કરવાના આશયથી સવાર સાંજ બે પ્રતિક્રમણ અને આઠ સામાયિક એમ દશ સામાયિક કરવાપૂર્વક દેશાવકાશિક વ્રતનું પાલન કરાય છે. તે દિવસે એકાશનાદિ પચ્ચક્ખાણ કરાય છે.

વરસમાં મહિનામાં કે પંદર દિવસાદિ દરમ્યાન અમુકવાર (ઓછામાં ઓછું એકવાર) દેશાવકાશિક વ્રત કરીશ.

આ પ્રમાણે દેશાવકાશિક વ્રતને આરાધનારા શ્રાવકોએ તે દિવસ વ્યાપાર વગેરેની પ્રવૃત્તિ કરવી નહિ. સ્નાનાદિ આરંભની પ્રવૃતિ પણ શકય હોય તો કરવી નહિ, બહારથી કોઇ વસ્તુ મંગાવવી કે મોકલવી નહિ. તેમ જ પૂર્વે નક્કી કરેલી પ્રવૃત્તિને યાદ કરાવવા માટે કોઇ પણ ક્રિયા-પ્રવૃતિ કરવી નહિ. ફોન, તાર, ટપાલ, વગેરેનો પણ ઉપયોગ કરવો નહિ.

વરસમાં કે મહિનામાં એકાદ–બે વાર કરાતા આ બીજા શિક્ષાવ્રતમાં જેમ બને તેમ પાપની પ્રવૃત્તિ ઓછી થાય એ માટે ખુબ જ પ્રયત્નશીલ બનવું.

એકાદશ પૌષધ વ્રત

અગિયારમું પૌષધવ્રત ખુબ જ પ્રસિદ્ધ છે. આ પૌષધ વ્રતમાં સર્વથા અથવા તો અંશતઃ આહારનો અને અબ્રહ્મ (મૈથુન) વ્યાપાર અને શરીર સત્કાર (વિભૂષા) નો ત્યાગ કરાય છે. અષ્ટમ-ચૌદસાદિ પર્વતિથિએ માત્ર દિવસ કે રાત્રિનો અથવા દિવસ અને રાત્રિનો પૌષધ કરવાનું અનન્તજ્ઞાનીઓએ શ્રાવકોને ફરમાવ્યું છે. ત્રીજા શિક્ષાવ્રત સ્વરૂપ આ અગ્યારમું પૌષધવ્રત જો અપ્રમત્તપણે આરાધાય તો જ્ઞાનાદિ ગુણોને એ પુષ્ટ બનાવ્યા વિના નહિ રહે.

વરસમાં કે મહિનાદિમાં અમુકવાર (ઓછામાં ઓછું એકવાર) પૌષધ વ્રત કરીશ.

આ પ્રમાણે પૌષધવ્રતનો સ્વીકાર કરનારાએ પૂ. ગુરુ ભગવન્ત પાસેથી પૌષધ-સંબન્ધી વિધિ બરાબર જાણી લેવો જોઇએ. પૌષધ કરતી વખતે તે વિધિનું અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ ખુબ જ સરસ રીતે પાલન કરવું જોઇએ. દેખા-દેખીથી બીજાઓની જેમ પૌષધની ક્રિયા પ્રમાદપૂર્ણ બને નહીં-એનો ખ્યાલ રાખવો. સૂવા બેસવા ઉઠવાદિની જગ્યા, માતરું વગેરે પરઠવવા ની જગ્યા અને પૌષધમાં આવશ્યક ઉપકરણો આ બધાની પડિલેહણા અને પ્રમાર્જના ખુબ જ ઉપયોગ પૂર્વક કરી લેવાનું ધ્યાન રાખવું. તે જેમ તેમ કરવાથી અથવા સર્વથા ન કરવાથી પૌષધ વિરાધાય છે. આવી કોઇ પણ જાતની વિરાધના કર્યા વિના સર્વથા અપ્રમત્તપણે પૌષધની આરાધના કરવી જોઇએ.

પૌષધમાં નીચે જણાવ્યા મુજબ વર્ત્તવા માટે પૌષધના આરાધકોએ પ્રયત્ન કરવો જોઇએ. (૧) પૌષધમાં પૌષધ કે સામાયિક વિનાનાં ગૃહસ્થો આહાર-પાણી લાવી આપે તે વાપરવા નહિ. (૨) પૌષધનિમિત્તે સારો આહાર લેવો નહિ. (૩) પૌષધના પારણે સારો આહાર વાપરવો નહિ. (૪) પૌષધ નિમિત્તે શરીરની શોભા-ટાપટીપ કરવી નહિ. (૬) પૌષધ માટે અલંકાર બનાવવાં નહિ. (૭) પૌષધ માટે વસ્ત્રો રંગવા નહિ. ૮. પૌષધમાં શરીર ઉપરનો મેલ ઉતારવો નહિ. ૯. પૌષધમાં રાત્રે બીજા પ્રહરમાં અને ત્રીજા પ્રહરમાં જ નિદ્રા લેવી એમાં ત્રણ સંથારા પોરિસી ભણાવીને જ નિદ્રા લેવી. ૧૦. પૌષધમાં સ્ત્રીસંબંધી વાત કરવી નહિ. ૧૧. પૌષધમાં આહારની પ્રશંસા કે નિંદા કરવી નહિ ૧૨. પૌષધમાં રાજ્ય કે યુદ્ધ વગેરેની વાત કરવી નહિ. ૧૩. દેશસંબંધી પણ વાત પૌષધમાં કરવી નહિ. ૧૪. પૌષધમાં માતરું વગેરે પડિલેહણ કર્યા વિનાની જગ્યામાં પરઠવવું નહિ. ૧૫. પૌષધમાં કોઇની પણ નિંદા કરવી નહિ. ૧૬. પૌષધમાં ગૃહસ્થો સાથે વાત કરવી નહિ. ૧૭. પૌષધમાં ચોરસંબંધી વાત કરવી નહિ. ૧૮. પૌષધમાં સ્ત્રી વગેરેનાં અંગોપાંગ રાગાદિથી જોવાં નહીં.

! દ્વાદશ અતિથિસંવિભાગ વ્રત :

શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ સર્વદા આરાધના કરતા હોવાથી જેઓને પર્વ કે અપર્વ તિથિનો વિભાગ નથી એવા પૂ. સાધુ ભગવન્તોને અતિથિ કહેવાય છે. આવા અતિથિઓને આહાર પાણી વગેરેનો સંવિભાગ કરવો એટલે આપવું-તેને-અતિથિ-સંવિભાગ વ્રત કહેવાય છે. આ વ્રતનું પાલન આમ તો દરરોજ કરવું જોઈએ. ભગવાનની આજ્ઞા મુજબ સર્વથા નિષ્પાપ જીવનનું પાલન કરનારા પૂ. સાધુ-સાધ્વી મ. પોતાના આહારાદિ માટે પણ કોઈ જ હિંસાદિ પાપ કરતા નથી. આપણી પાસે તેઓશ્રીના કામમાં આવે એવી કોઈ પણ આહારાદિ સામગ્રી હોય, તેને 'આ ગ્રહણ કરો અને મને ભવથી તારો' આવી એકમાત્ર વિશુદ્ધભાવનાથી પૂ. સાધુ-સાધ્વી મ. ને વહોરાવવી એ, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિનું અમોઘ સાધન છે.

વર્તમાનમાં ચોવિહાર ઉપવાસ સાથે આઠ પ્રહર દિવસરાતને પૌષધ કરી બીજે દિવસે પૂ. સાધુ-સાધ્વી મ.ને વહોરાવી તેઓ જે દ્રવ્ય વહોરે તે જ દ્રવ્યો વાપરીને એકાશન કરવું- આવા વિધિના પાલનથી આ ચોથું શિક્ષાવ્રત આરાધાય છે.

ઉપર જણાવ્યા મુજબ વરસમાં અથવા મહિના વગેરેમાં (ઓછામાં ઓછું એક વાર) અમુક વાર અતિથિસંવિભાગ કરીશ.

આ પ્રમાણે વ્રતની આરાધના કરનારે અથવા તો પૂ. ગીતાર્થ ગુરુભગવંતની આજ્ઞાથી પૌષધોપવાસ વિના માત્ર પૂ. સાધુ-સાધ્વી મ.ને વહોરાવીને વહોરેલા દ્રવ્યથી જ તે તે દિવસે અથવા તો તે ટંકે નિર્વાહ કરી અપવાદે અવ્રતની આરાધના કરનારે પ્રભુ જ ભક્તિપૂર્ણ હૃદયે સત્કારાદિપૂર્વક સુપાત્રદાન આપવું જોઈએ.

કોઈવાર પૂ. સાધુસાધ્વી મ.નો યોગ ન મળે તો સાધર્મિક ભાઈઓને જમાડીને પણ ઉપર જણાવ્યા મુજબ આ બારમું વ્રત આરાધી શકાય છે. આ વ્રતન પાલનના અવસરે યાદ રાખવું કે-

ગોચરીના સમય પૂર્વે આપણે પૂ. સાધુસાધ્વી મ.ને બોલાવવા જવું, રસ્તામાં સાથે રહેવું અને ઉપાશ્રયે પાછા મૂકવા જવું. અનુપયોગાદિના કારણે પણ આપણા હાથે એવું ન થાય કે વસ્તુ હોવા છતાં તે વસ્તુ વહોરાવવા માટે યોગ્ય ન રહે. દા. ત. વહોરાવવાની વસ્તુ સચિત્ત પાણી વગેરેમાં મૂકવી અથવા સચિત્ત પાંદડા વગેરેથી ઢાંકી દેવી. વહોરાવવાની તીવ્રભાવનાથી પારકી ચીજને આપણી છે એમ જણાવવું નહિ અથવા ઓછી ભાવનાદિના કારણે પોતાની ચીજને બીજાની છે એમ પણ જણાવવું નહિ. મારા સિવાય વહોરાવનાર નથી. એવા અહંકારાદિ વિના માત્ર 'ગ્રહણ કરો અને મને ભવથી તારો' આવી એક જ ભાવનાથી, 'સાધુમહાત્મા છે' એમ માનીને,. (આપણા સગા અથવા પરિચિત એક ગામના છે. વગેરે માનીને નહિ) સુપાત્રદાન કરવું.

કહેવાનો આશય એ છે કે રાગાદિને આધીન બન્યા વિના ધનાદિની મૂર્છાને દૂર કરવા શક્તિ છુપાવ્યા વિના દરરોજ સુપાત્રદાન કર્યા વિના રહેવું નહિ.

ખટ્‌ક....ખટ્‌ક....ખટ્‌ક.... !!!

બેસૂરો અવાજ કરતી એક વિલક્ષણ રેંટ કચ્છની રણભૂમિ ઉપર ચાલી રહી છે.

બેનમૂન સૂરથી આ અસાધારણ રેંટ પોતાનો આગવો પરીચય આપી રહી છે.

અરે ! આ રેંટ જોઇને કુદરતના ખોળે હરહંમેશ ચાલતી-ફરતી રેંટને આપણે સૌ ભૂલી ગયા છીએ. .

પ્રતિદિન ફરતી રેંટને આપણે સૌ સમજી શકયા નથી...

ચાલો, થોડી અંતર-ચક્ષુઓ ઉઘાડીએ અને સમજીએ,

સમયરૂપી આ રેંટને ! ન જાણે કેટલા કાળથી આ રેંટ ચાલી આવી હશે ! નથી તેનો આરંભ કળાતો કે નથી એનો અંત કહેવાતો.

અનાદિ કાળથી ફરતી અને અનંતકાળ પર્યન્ત ફરનારી આ રેંટ ચારગતિઓમાં ભમ્યા કરનારાઓને બક્ષીસ રૂપે મળેલ છે.

સૂર્ય અને ચંદ્ર !

આ બન્નેએ રેંટના પહેલવાન બળદ બનવાનું કર્તવ્ય અદા કર્યું છે અને સતત અટકયા વગર તેઓ આ રેંટને ફેરવી રહ્યા છે.

પ્રકાશ પાથરનારો દિવસ અને અંધાર ભરી રાત્રી...

આ બે ઘડીઓ આ રેંટના ડોકે વળગેલી છે. એક ધોળી છે અને બીજી કાળી.

આ ઘડીઓ શેની બનેલી છે તે પણ આપણે કહી શકતા નથી. અનાદિ કાળથી ફરનારી આ ઘડીઓ કયારે પણ કુટતી નથી, નથી ઘસાતી ને કયારેય ખાલી બનતી નથી.

અનાદિ કાળથી આ ઘડીઓમાં જીવ રૂપી કુવામાંથી જીવનરૂપી પાણી ભરાય છે, ઉલેચાય છે અને ભૂતકાળ ભણી રેડાય છે.

ભૂતકાળનો આ ભોરિંગ કુવો કયારેય ભરાતો નથી, ધરાતો નથી અને તેના કોઠે ઠંડક પણ થતી નથી. જયારે જોઇએ ત્યારે તરસ્યોને તરસ્યો જ.

ચારેય ગતિમાં ભટકતા આત્માઓની હથેળીમાં રહેલું પાણી ટપક...ટપક...ટપક કરતું જેમ ટપકી જાય છે અને અંતે હથેળી સૂકી ભઠ્ઠ થઇ જાય છે એ રીતે આ ઘડીઓ પણ આત્માનું આયુષ્ય રૂપી પાણી પ્રતિક્ષણે ઓછુ ઓછુ કરતા જાય છે આમ... એકદિ' આયુષ્ય પૂર્ણ થઇ જશે

જીવડો અન્ય ગતિમાં ભટકવા ચાલ્યો જશે. વસુધંધી આ રેંટ જરા સરખી પણ અટકતી નથી કે એને અટકાવનારે પણ આ જગતમાં કોઇ નથી.

પ્યારા જીવડાઓ...જીવનનું જળ ખાલી ન થઇ જાય ત્યાં સુધી તમારી પ્યાસ બુઝાવી લો અને સૂકા કંઠને ઠંડકતાથી ભરી લો.

પણ, શેનાથી, તેનો ખ્યાલ છે ને !

કેવળી ભગવંતોએ પ્રરુપેલા જિનધર્મથી તેને ચરેણે જશો અને તમારું વલણ મોક્ષ તરફ જુકાવશો તો જ તમે આ રેંટના ફંદામાંથી છુટી શકશો.

—વિરાગ

વ્રતોના અલ્પ સમયના પાલનથી પણ સુખ

—શાહ રતિલાલ ડી. ગુઢકા (લંડન)

(ગતાંકથી ચાલુ)

પરદેશી રાજાના આ બધા જ પ્રશ્નો કેશી ગણધરે શાંતિથી સાંભળ્યા અને પછી જવાબ દરેકનો એક પછી એક એમ ક્રમસર આપ્યો કે—

"હે રાજન ! તે તારી સ્ત્રીને પરપુરૂષ સાથે રમતી જોઇ હોય અને તે પુરૂષને કોટવાળને મારવા માટે સોંપ્યો હોય, તે સમયે એ પુરૂષ કહે કે 'હે રાજન ! મને મારા પુત્રને મળવા ઘરે જવા દો. તો તમે શું તેને ઘરે જવા દેશો ?" પરદેશીએ કહ્યું: "હે આચાર્ય એવા અપરાધીની ઇચ્છા કેવી રીતે પુરી કરાય ?"

ગણધર : "તો પછી નરકમાં રહેલા પરમાધામીઓ તને મળવા માટે તારા પિતાને શી રીતે છોડે ? (૧)

"હવે રાજન ? સંડાસમાં રહેલો ચંડાળ, સભામાં બેસીને નાયકાઓનું ગાયન સાંભળતા અને પુષ્પમાળા ધારણ કરતા એવા તને બોલાવે તો શું તું તેની પાસે જાય ખરો ?"

રાજાએ કહ્યું : "આચાર્ય મહારાજ: એવો આનંદ આનંદ છોડીને તે સમયે તેની પાસે કેવી રીતે જવાય ?"

ગણધર : "તો સદા સદ્રશ સ્વર્ગલોકમાં રહેલા તારી માતા પ્રબળ સુખ ભોગવતા હોય ત્યાં તને અહીં સંડાસ જેવા મનુષ્યલોકમાં મળવા કે સમજાવવા કેવી રીતે આવે ? (૨)

રાજન ! લોંયરામાં શંખ વગાડવામાં આવે છે તો તેનો નાદ બહાર પણ સંભળાય છે. પરંતુ તે નાદને નીકળવાનું છિદ્ર જણાતું નથી તે પ્રમાણે લોઢાની કોઠીમાંના જીવનીગતિ પણ જાણી લેવી. (૩)

લોઢાનો ગોળો અગ્નિમાં મુકવામાં આવે તો તે અગ્નિમય થઇ જાય છે. પણ તેમાં અગ્નિ પ્રવેશનું છિદ્ર જોવામાં આવતુ નથી. તેવી રીતે તે ચોરના શરીરમાં કીડાના પ્રવેશ વિશે પણ જાણી લેવું. (૪)

કોમળ બાળક અને કઠણ દેહવાળો યુવાન બાણ છોડે તો અનુક્રમે એ બાણ નજીક અને દૂર પડે તો તે કોમળ અને કઠીન દેહનો ભેદ સમજવો. આ દેહ પૂર્વભવ માં કર્મ વડે જ પ્રાપ્ત થાય છે. (૫)

રાજન ! વાયુથી ભરેલી ધમણ ભારે થતી નથી અને વાયુ રહિત ધમણ તોલમાં હલકી થતી નથી તેમ ત્રાજવે મુકેલ ચોરનાં જીવ સહિત અને જીવ રહિત દેહનું સમજવું. (૬)

હે રાજન ! અરણીના કાષ્ટમાં અગ્નિ રહેલો છે પરંતુ તે કાષ્ટના ટુકડે ટુકડા કરી નાખવામાં આવે તો તે અગ્નિ દેખાતો નથી તેમ આ દેહમાં જીવ રહેલો છે પણ તે દેહના ટુકડે ટુકડા કરી નાખવાથી દેખાતો નથી. સર્વજ્ઞ જ તે જીવને જોઈ શકે છે. (૭)

મોટા ઘરમાં મુકેલો દિપક આખા ઘરમાં પ્રકાશ કરે છે અને નાની હાંડલીમાં મૂકેલો દીપક તેટલામાં જ પ્રકાશ કરે છે. તે પ્રમાણે જીવ પણ નાનું મોટું શરીર પામે છે અને નાનો મોટો થઈને રહે છે. (૮)

પવનથી પાંદડા વગેરે હાલે છે પણ પવન પ્રત્યક્ષ જોવામાં આવતો નથી. આવતો તેમ જીવ પ્રદેશના યોગે શરીર હાલે છે પણ જીવ પ્રત્યક્ષ જોવામાં આવતો નથી. (૯)

અને રાજન ! તું કહે છે કે કુળ પરંપરાથી ચાલતો આવેલો નાસ્તિક મત કેમ છોડું ? પણ રાજન ! જે પરંપરાએ ચાલી આવતી અધર્મ બુદ્ધિને છોડતો નથી લોઢાનો ભાર ઉપાડનાર વેપારીની જેમ વિપત્તિ- નો સ્થાન થાય છે.

કોઈ ચાર મિત્રો દ્રવ્ય કમાવા માટે પરદેશ જઈ રહ્યા હતા રસ્તામાં પ્રથમ લોઢાની ખાણ આવી તેમાંથી તેઓએ લોખંડ લીધું. આગળ ચાલતા રૂપાની ખાણ આવી. તે જોઈ ત્રણ જણાએ લોખંડ ફેંકી દઈને રૂપ લઈ લીધું આગળ જતા સોનાની ખાણ આવી એ જોઈ ત્રણ જણાએ રૂપું ફેંકી દઈને સોનું લઈ લધું પેલા ચોથાએ ન રૂપું લીધું ન સોનું લીધુ ને તે તો લોઢું લઈને જ તેમની સાથે ચાલતો રહ્યો. ચાર જણ આગળ ચાલ્યા તો તેમને રત્નોની ખાણ મળી. ફરી પેલા ત્રણેએ સોનું ફેંકી દીધું અને રત્નોના પોટલા બાંધી લીધા. પણ પેલાએ રત્નો પણ ન લીધા પરિણામે એ દરિદ્ર અને દુઃખી રહ્યો અને ત્રણ જણા સુખી થઈ ગયા. આમ લોઢાના ભારને વહેનાર દુરાગ્રહી વેપારીની જેમ જે પરંપરાએ ચાલ્યા આવતા મિથ્યાત્વને છોડતો નથી તે દુઃખી થાય છે." (૧૦)

રાજા પરદેશી આ વાર્તાલાપ પોતાના ઘોડા ઉપર બેસીને કરી રહ્યો હતો. ગણધર પાસેથી પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબ સાંભળી તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને વિનયથી વંદના કરી કહ્યું: "હે ભગવંત ! પ્રભાતે હું તમને નમીને મારા અવિનયને ખમાવીશ.

જોય પરદેશી રાજાને પોતાને દુર્ભાવ સમજાયો, પોતાની ભૂલ અવિનયતા સમજાઈ અને મનમાં થયેલી શંકા-કુશંકા પ્રત્યક્ષ ખુલાશો કેશી ગણધર પાસેથી સાંભળી જાણી

હૃદયના ભાવ પલટાયા અને મિથ્યાત્વને છોડયું એટલું જ નહિં પણ તે પરદેશી રાજાને સાચું જ્ઞાન પ્રાપ્ત થયું કે. આ પ્રમાણે કરવાથી ગણધર પરમાત્માનો અવિનય થયો છે અને દોષ લાગ્યો છે તે વિશે હું ખમાવીશ !

અને પરદેશી રાજાએ જેમ મિથ્યાત્વને છોડયું તિલાંજલી આપી એમ આપણે પણ કેતા જે કોઈ પણ આત્મા મિથ્યાત્વને સેવતો હોય તો ત્યાગ કરવો છોડી દેવું : મિથ્યાત્વ ? એટલે એક મિથ્યા વસ્તુ ખોટી (રોંગ–વે) અવળી માન્યતા જેના નિમિતે આત્માને હેરાન થવું પડે, આત્માની અધોગતિ થાય. આત્માને ભયંકર દોષ લાગે. ભવમાં વધારે ભમવું પડે અને ખોટી માન્યતા અવળી માન્યતા ઉંધો આડો માર્ગ તે મિથ્યાત્વ છે તો એનો ભાવાર્થ તો ભરપુર છે અને જેનું વર્ણન શાસ્ત્રના પાને ખૂબજ વિસ્તારથી આવે છે. જે વિશેષ ગુરૂગમથી જાણી લેવું. પણ ટુંકમાં મિથ્યાત્વ અઢારમું પાપ સ્થાનક છે: તે છોડી સત્ય રાહે ચાલવું કેવળી ભગવંતોએ બતાવેલા માર્ગને અનુસરીને સુદેવ સુગુરૂ સુધર્મને આદરવું એજ આત્માનું લક્ષ્ય દે.

બીજા દિવસે સવારે પરદેશી રાજા ખૂબ જ ઠાઠમાઠથી ગણધરને વંદના કરવા માટે ગયો. વિનયથી અને આત્માના ઉલ્લાસથી વંદના કરી. પરદેશીએ શ્રાવકના બાર વૃત અંગીકાર કર્યા. પછી ગુરૂએ દેશના આપી કે રાજન ! પુષ્પફળવાળા બગીચાની જેમ પ્રથમ બીજાઓને દાન દેનારા દાતાર થઈ હમણાં ધન પ્રાપ્ત કરીને તમારે અદાતા થવું નહિં. અર્થાત સુકાઇ ગયેલા વનની જેમ અરમણીય થવું નહિં. કારણ કે આમ કરવાથી અમને અંતરાય લાગે અને ધર્મની નિંદા થાય.”

પરદેશીએ કહ્યું: હે સ્વામી ! હું મારા સાત હજાર ગામના ચાર વિભાગ કરીશ. તેમાંથી એક ભાગ વડે મારા રાજ્યમાં સૈન્ય તથા વાહનનું પોષણ કરીશ, બીજા ભાગ વડે અંતપુરનો નિર્વાહ કરીશ. ત્રીજા ભાગ વડે ભંડારની પુષ્ટી કરીશ અને ચોથા ભાગ વડે દાનશાળા વગેરે ધર્મકાર્ય કરીશ.” આમ ધર્મ પામીને પરદેશી રાજા રાજમહેલમાં પાછો ફર્યો અને ત્યારથી શ્રમણોપાસક બની રહ્યો.

હવે પરદેશી પહેલાનો વિલાસી રાજા રહ્યો ન હતો, રાજાને ધર્મીષ્ટ થયેલો જોઇ તેની રાણી તેને મારી નાખવાનો વિચાર કરવા લાગી. એક દિવસ તેણે પુત્ર સૂર્યકાંતને બોલાવીને કહ્યું: “વત્સ ! તારો પિતા હવે રાજકાજ પ્રત્યે બેદરકાર રહે છે. આખો દિવસ ધર્મ ધ્યાનમાં રહે છે. તેમને હવે રાજ્યની કોઇ ચિંતા નથી આથી મારી નાંખી તું રાજ્ય લઇ લે.

“પુત્ર આ સાંભળીને મૌન રહ્યો. ન તેણે આ કૃત્ય માટે હા કહી કે ન ના કહી. તેને મૌન જોઇ રાણીને પસ્તાવો થયો: ‘પુત્ર નમાલો છે ઉતાવળ થઇ મેં તેને આમ

કહીને મોટી ભૂલ કરી નાંખી' પછી એક દિવસ તક જોઇને પરદેશી રાજાને ઝેરવાળું ભોજન કરાવ્યું."

ઝેરની તુરત જ અસર થઇ ગઇ. પરદેશીને અસહ્ય પીડા થઇ. તેને ખબર પડી કે આ દુષ્કૃત્ય રાણીનું છે પણ તે મૌન રહ્યો. રાણી ઉપર લેશ માત્ર રોષ કર્યો નહીં. અસહ્ય વેદનામાં પૌષધશાળામાં જઇ દર્ભના સંથારા પર બેઠો. પૂર્વ તરફ મોં રાખી શક્રસ્તવ ભણ્યો. મનમાં ધર્માચાર્યને સંભારીને જાવ જીવ સુધી સર્વ પાપ સ્થાનોને વોસરાવી દીધા અને શુભ ધ્યાનમાં તે મૃત્યુ પામ્યો.....હે ગૌતમ! ત્યાંથી મરીને પરદેશી રાજા પહેલા દેવલોકમાં સૂર્યાભ વિમાનને વિષે ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થયો.

માત્ર બોગણીચાલીસ દિવસ જ પરદેશી રાજાએ શ્રાવકના બાર વ્રતનું રૂડી રીતે આરાધન કર્યું હતું. તેના ફળ સ્વરૂપે તે સાડાબાર લાખ યોજનના વિસ્તારવાળા વિમાનમાં મહર્દ્ધિક દેવતા થયો. પરદેશીના ભવમાં તેણે માત્ર તેર છઠ્ઠ કરી તેરમા છઠ્ઠના પારણે અનશન કર્યું હતું.

"દેવપણે ઉત્પન્ન થયા પછી અવધિજ્ઞાને કરીને સમકિત પ્રાપ્ત થયાના પૂર્વ વૃતાંતને જાણી તે સૂર્યાભદેવ પૃથ્વી પર આવ્યો અને ભગવંત પાસે નાટક કર્યું. અનુક્રમે દેવગતિમાં ચાર પલ્યોપમનું આયુષ્ય ભોગવી ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ મોક્ષે જશે."

"હે ભવ્ય જીવો! હે ભવ્યાત્માઓ! આ પરદેશી રાજાની કથામાંથી આપણે પ્રેરણા લેવાની છે આપવા જીવન આત્મામાં ઉતારવાની છે કે વ્રત પાલનથી પરદેશી રાજા કેટલી બધી મોટી ઋદ્ધિવાળો દેવતા થયો છે એટલું જ નહિ પણ સાડા બાર લાખ યોજનના વિસ્તારવાળા વિમાનમાં તેને સ્થાન મળ્યું. અને એકાવતારી તરીકે કેતાં ત્યાંથી ચ્યવી સીધો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ મળશે જ્યાં સદા ચોથો આરો વર્તાય છે જેની માંગણી આપણે તો રોજ સત્સંગમાં બોલીએ છીએ કે શું. સમાધિ મરણે કરી શ્રી સીમંધર સ્વામી જીને કહી આઠ વર્ષની વયે દીક્ષા લેશું આવા ભાવ તો છે ખરા પણ એના માટે આપણી આરાધના સુંદર જોશે આરાધનામાં ઓતપ્રોત બનવું પડશે આરાધનામાં ઉજમાળ રહેવું પડશે.

નિયત નકી કરવું પડશે. એક જ નિશ્ચય થવો જોઇશે. અને ગમે તેવા દુઃખ સંકટ આવે પણ વીતરાગ દેવ સિવાય મસ્તક બીજે કયાંય નહિ નમે ત્યાગી ગુરૂ ભગવંતના ચરણ સિવાય બીજે કયાંય વંદન નહિં કરૂં માથું નહિં જૂકે અને જૈન ધર્મ સિવાય બીજો ધર્મ ભુલેચુકે જીવનના અંત લગી પણ આરાધીશ નહિં આવી ઉત્તમ

ટેક વ્રત નિયમ કરવાથી ઉત્તમ સુખ મળે છે જે મોક્ષ માર્ગને સફળ બનાવી અવિચલ પદ આપે છે.

બાકી આ કથામાંથી ખાસ પ્રેરણા લેવાની છે કે વ્રતની આરાધનામાં સમય મર્યાદાનું ખાસ મહત્વ નથી. થોડા સમય માટે પણ વ્રતોનું વિશુદ્ધ પણે આરાધન કરવાથી કર્મના બંધનો તૂટે છે અને ક્રાળ ક્રમે આત્મા સકળ કર્મથી મુકત બની જાય છે. એજ શુભ ભાવના शिवमस्तु सर्व जगतः

આ લખાણમાં કોઈપણ જાતનો અવિનય કે જિન આજ્ઞા વિરૂદ્ધ લખાયું તો હોય તો ક્ષમ્ય ગણશો મને માફ કરશો એજ શુભ ભાવના સાથે સર્વ જીવો સદા સુખી થાઓ. સર્વ જીવો પાપ મુકત થાઓ સર્વ જીવો મોક્ષને પામે એજ શુભ ભાવના.

વિવિધ વાંચનમાંથી.....

—સાધ્વીજીશ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

૦

ચિત્તને અનુસરવાવાળી એવી સ્ત્રી, વિનયમાં તત્પર એવા પુત્રો, અને શત્રુ વગરનું રાજય હોય તેવા પુરૂષનું જીવન સફળ જાણવું. ધર્મની આરાધના સિવાય બધું વ્યર્થ સમજવું.

૦

જેને જીભ વશ નથી, તેને ત્રણે જગત સાથે વૈર બંધાય છે. અને જેની જીભમાં (અમૃત–મીઠાશ) વસે છે, તેને ત્રણે લોક વશવર્તી રહે છે. વિદ્યા પણ જીભના ટેરવે રહે છે, મિત્ર અને બાંધવો પણ જીભથી જ પોતાનો થઈ રહે છે, જીભના ટેરવે બંધ અને મોક્ષ તથા જીભના ટેરવે જ પરમપદ રહેલ છે. માટે સર્વ કાર્યમાં જીભને વશ રાખવી.

૦

પર નિંદા જેવું પાપ મોટું બીજું થયું નથી, અને થશે પણ નહિં, તેમજ પોતાની નિંદા જેવું પુણ્ય બીજું થયું નથી અને થશે પણ નહિં.

૦

જે પુણ્યશાળીઓ ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ કરે છે, તે પુણ્યશાળીઓને વનમાં પણ દુશ્મન, સિંહ કે હાથીનો ભય લાગતો નથી.

૦

રાજા તરફથી બહુમાન, ઉત્તમ ભોજન, પુષ્કળ ધન, શુધ્ધ પાત્રમાં દાન, હાથી ઘોડા તથા નરનું વાહન, ભાવપૂર્વક ગીત-ગાન દેવના જેવું સુખ આ બધું પૂર્વના પુણ્યથી પ્રાપ્ત થાય છે.

૦

શ્રી જિનેશ્વરને પ્રણામ, જિનેશ્વરની પૂજા, નમસ્કાર મંત્રનું સ્મરણ ધ્યાન, આચાર્યોને નમસ્કાર, તથા તેમની ભકિત અને ત્રસજીવોની રક્ષા એ શ્રાવકોનું દિનકૃત્ય છે.



પ્યારા ભૂલકાંઓ,

મહિનો ગયો ને નવો મહિનો આવે. મહિના ઉપર મહિનો કયાં પસાર થાય તેની ખબર પડતી નથી. હજી તો બાલવાટિકાનું મેટર તૈયાર કરું ન કરું ને થોડો નિરાંતનો દમ ખેચું ત્યાં ફરી તમારા પત્રો, તમારી હાસ્ય લેાજ, જ્ઞાન ગમ્મતાદિ આંવી પહોંચે, ને તૈયાર કરવાની શરૂઆત કરવી પડે.

આવી બાલવાટિકાએ માત્ર હાસ્ય–સ્નેહનો ખજાનો નથી એ તમારા જીવનનું ભાથું બન્યા વગર રહે તેમ નથી. તમે માત્ર ટુચકાઓ વાંચીને હસી લેા, રમી લેા એટલાથી મને સંતોષ ન થાય. તમે જીવનની ગતિને પલટાવેા તેા જ મને સંતોષ થાય.

બાલવાટિકાને વાંચનારા ભૂલકાંઓ, તમે મા–બાપને પગે લાગ્યા વિના રહેા નહિ, રાત્રિ લેાજન કરેા નહિ, દર્શન–વંદન કર્યા વગર લેાજન લેા નહિ, પૂજા કર્યા વગર અન્ય કામ કરેા નહિ એવું હું છાતી ઠોકીને સૌ કોઈને પણ કહી શકું અરૂં ને ?

તમે મને ખોટો નહિ પાડો ને ? આવું કરતા હેાય તેા તેમાં વિશેષતા લાવજો નહિંતર આટલું કરતા થઈ જાવ તેા મને ખુબ જ આનંદ આવે. પાંચ–પચ્ચીશ વર્ષની જીંદગીમાં આપણે સંસારની મેાજ માણનારા, ટી.વી. વિડિયેા જોવાના, કેસેટેા સાંભળવાના, વિડિયેા ગેમ્સ રમવાના અને આ રીતે સમય પસાર કરવાના બરાબર ને ?

થેાડા સમય માટે આનંદ મચી જશે પણ આંખ, કાન અને હાથનેા કરેલેા દુરૂપયેાગ એટલે અન્ય ભવમાં આંધળા બનવાનું, બહેરા બનવાનું અને હાથ વિનાના બનવાનું છેવટે દુઃખમય જીવન પસાર કરવાનું.

આવું કાંઇ ન થાય તે માટે નાનપણથી જ સાવધ બની જીવન જીવવા માંડેા, તેા તમારા બધાનું ભવિષ્ય ઉજળું બની જશે દુનિયાને એક આદર્શ પૂરૂં પાડનારૂં બની રહેશે. માટે મારી વાત ધ્યાનમાં રાખી તમારા જીવનમાં આવેલી ત્રુટિઓને દૂર કરી સાચા અને સારા માર્ગે ચાલતા થઇ જાવ પછી મને જરૂરથી જણાવશેા તેા હું પણ આનંદ પામીશ તેા નોંધી લેા મારૂં નામ અને સરનામું :—

—રવિશિશુ
જૈન શાસન કાર્યાલય.

આજનો વિચાર

સંસાર સમુદ્ર છે
સાધુ બલાસી છે
ધર્મ નૌકા છે
આગમ દીવાદાંડી છે

હાસ્ય દરબાર

જજ : તારા ઉપર આરોપ છે કે કબ્રસ્તાન ના દરવાજા પાસે ઉભેલી ગાડીની ચોરી કરી.

આરોપી : સાહેબ મને શું ખબર કે એનો માલીક હજી જીવતો હશે ?

(જીવતો હોય ત્યાં ચોરી કરવાનો નિયમ છે ?)

—લબ્ધિ અમી

હબ્બમ : શેઠ મારો અસ્ત્રો તો પંજાબ મેલની જેમ ચાલે છે.

શેઠ : પણ આ વચમાં વાળ કેમ રહી ગયા ?

હબ્બમ : શેઠ શું કરું ? નાના નાના સ્ટેશને એ ઉભો રહેતો જ નથી.

(પણ પસાર તો થાય જ ને ?)

—લબ્ધિ અમી

જાણવા જેવું

ઉનાળામાં કેરી બહુ ભાવે છે ને ચાલો તેના વિવિધ નામ જાણીએ.

કેરી : આંબો (ગુજરાતી)
આમ્ર (સંસ્કૃત)
આમ (હિંદી)
અબજ (અરબી)
મેંગો (અંગ્રેજી)
મેંગોફ્રેસ ધન્ડિકા (લેટીન)

કેમ કેરી આવા જેવી જ મઝા આવીને !
(પણ આદ્રા પછી તો બંધ કરી છે ને ?

—અમીષ આર. શાહ

બાલ ગઝલ

કાળાં ને વળી કુબડાં, લંગડ-કોઢી હોય,
માય-તાય ઉપકારીયા, પોષે બાળક તોય.

✻

અનેકનું ઢવું કરી, સંત નો પોષાય,
પુત્રો ખુબ કમાય પણ, માય-તાય ભૂલાય.

✻

થોડું લખ આડું દિયે, તે સજ્જન કહેવાય,
ડગો દિયે માબાપને, પુત્રો દુષ્ટ ગણાય.

✻

દેવ ગુરૂ ધર્મને, ચોથા માય ને તાય,
ગમે નહીં સેવતો, નર દુર્જન લેખાય.

—ધ્રુસીતા

શું આચરશો ?

આવા જેવી ગમ
ગળી જવા જેવું અપમાન
દેવા જેવું દાન
લેવા જેવું જ્ઞાન
જીતવા જેવો પ્રેમ
નાથવા જેવો ક્રોધ
ન કરવા જેવો ક્રોધ
પાળવા જેવું શીલ
પાળવા જેવી જિનાજ્ઞા

છોડવા જેવો સંસાર
મેળવવા જેવો મોક્ષ
લેવા જેવું સંયમ
લેવા જેવું મૌન
સાચવવા જેવી ધર્મજ્યોત
કરવા જેવી દયા
સાંભળવા જેવા ગુણો
આદરવા જેવો ત્યાગ

—મનાલી કે. શાહ

ક ની કરામત

૧ સાધુ ભગવંતો જીવમાત્રનું.....વાંછે છે.
૨ .....એ કહ્યું કે શ્રેણિક મહારાજાનો આ ચમચો દાન આપે છે.
૩ સોનાનો પર્યાયવાસી શબ્દ.....
૪ ત્રણ મુદ્રામાંથી એક મુદ્રાનું નામ.....
૫ .....ના બાર દોષ છે.
૬ .....એક યોગ છે.
૭ મૂળમાંથી વૃક્ષ કાપી નાખવા જેવી લેશ્યા.....
૮ પરમાધામી.....પરિણામી હોય છે.
૯ છ અટ્ઠાઈમાંથી એક અટ્ઠાઈનું નામ.....
૧૦ સંપ્રતિરાજા.....ના પુત્ર હતા.

—સા. મુક્તિપ્રજ્ઞાશ્રીજી

ટુંકી પ્રશ્નોત્તરી

૧ દારિદ્ર કયું ? ૨ પ્રભુતાનું મૂળ શું ?
૩ ખરો શૂરવીર કોણ ?
૪ ચતુર કોણ ?
૫ ખરું જીવતર કયું ?
૬ જડતા કઈ ? ૭ જાગતો કોણ ?

—સા. મુક્તિપ્રજ્ઞાશ્રીજી

—: કથાનક :—

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું બોલનારા આપણને શ્રી શ્રીપાલ મહારાજાનું દૃષ્ટાંત બરાબર યાદ છે ને !

ધવલ શેઠે શ્રીપાલ મહારાજાને દુઃખ આપવા અનેક પ્રયાસો કર્યા, છતાંશ્રીશ્રીપાલ મહારાજાએ ધવલ શેઠ તરફ કોઇ રોષ રાખ્યો નહિ. શ્રી શ્રીપાલ મહારાજાને વરેલી અપ્સરા જેવી સ્ત્રીઓ અને અઢળક લક્ષ્મી-ઋદ્ધિ જોઇને લોભાંધ અને કામાંધ બનેલા ધવલ શેઠે શ્રી શ્રીપાલ મહારાજાને લાગ જોઇને સમુદ્રમાં ફેંકી દીધા.

ધારા નગરીમાં શ્રી શ્રીપાલ મહારાજાને કુળનું કલંક ચઢાવ્યું. છેલ્લે છેલ્લે સાતમે માળે હાથમાં છરી લઇને ધવલ શેઠ શ્રી શ્રીપાલ મહારાજાને મારવા ગયા. પગ લપસી જવાથી ધવલ શેઠ પડી ગયા. 'હાથના કર્યા હૈયે વાગ્યા' તેની જેમ ધવલ શેઠના પેટમાં છરી ખુસી ગઇ તેઓ મૃત્યું પામ્યા. સાતમી નરકે ગયા.

ધવલ શેઠને ઠેકઠેકાણે આપત્તિમાંથી ઉગારી લેનાર શ્રી શ્રીપાલ મહારાજા હતા છતાં ઉપકારનો બદલો અપકારથી વાળનાર ધવલ શેઠ ઉપર શ્રી શ્રીપાલ મહારાજાએ અખંડ મૈત્રીભાવ જાળવી રાખ્યો. દરેક જગ્યાએ પોતાના વડીલ તરીકે ઓળખાવ્યા. છેલ્લે છેલ્લે શ્રી શ્રીપાલ મહારાજાને ચંપા નગરીનું રાજ્ય પાછું મળ્યું ત્યારે ચંપા નગરીના નગરશેઠ પદે ધવલ શેઠના પુત્ર વિમલ શાહને સ્થાપન કર્યા. 'મૈત્રી ભાવના કેવી સુંદર !'

—વિવેક

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

卐 શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો 卐

પ્રતિષ્ઠા દિન વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટુંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિતે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ) ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય, ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક-શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુષ્કાળના વર્ષમાં ૨૫૦૦ જેટ ઢોરને આશ્રય મળતો હોય છે,

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી જૈન પાઠશાળા-જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા.ક. : ભાભર આવવા માટે અમદાવાદ-પાલનપુર-ડીસા-શંખેશ્વર-ભીલડી-વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ-ભીલડી-પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

— ભાભર તીર્થની યાત્રાએ પધારો —

મુ. ભાભર તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઈ ફોન : ૮૪૨૬૯૭૧

પ્રતિક્રમણની અનુપમ આદેયતા

સંધ્યા હજી ખીલી નથી પરંતુ સૂર્યદેવતા પૃથ્વી પડતું ત્યાગ તૈયાર થઈ ગયા છે. અંધારાના ઓળા હજી એટલાં કાળાં બન્યા નથી કે જેથી સંધ્યાની લાલી ઢંકાઈ જાય.

દિલ્હી દરબાર હજી દૂર-સુદૂર હતું. મહારાજાધિરાજની આજ્ઞાથી તાલબંધ ચાલતું સૈન્ય ઝડપભેર આગળ વધી રહ્યું છે. દિલ્હી દરબારે પહોંચવાની ઉતાવળ ન હતી પરંતુ પૃથ્વી કાળી ચાદર ઓઢે તે પહેલાં રસ્તામાં આવતું ગાઢ જંગલ પસાર કરવાની ઉતાવળ હતી.

જો ગાઢ જંગલ જલ્દિથી પસાર કરવામાં ન આવે તો કાળી ભમ્મર રાત્રિનો બુરખો ઓઢીને લુંટારાઓ ચોકકસ તૂટી પડશે તેવા ફફડાટથી સૌનું હૃદય ધબકતું હતું.

સમી સાંજ તો ચોકકસ ઢળવા આવી હતી અને ગાઢ જંગલમાં પણ પ્રવેશ થઈ ગયો. ઝડપભેર જંગલ પસાર કરવાની પેરવીમાં સૌ હતાં ત્યાં તો નિત્ય આવશ્યક ક્રિયા કરનાર શ્રાવક મહણસિંહની નજર નજીક તરફ મંડાઇ.

ઓહ ! આવશ્યક ક્રિયા કરવાનો સમય નજીક આવી લાગ્યો છે. પળભરનો વિચાર કર્યા વગર શ્રાવક મહણસિંહે પોતાના અશ્વની લગામ ઢીલી મુકી, વિપરીત શિક્ષણને પામેલો અશ્વ તરત જ ઉભો રહી ગયો. ઘોડાને યોગ્ય સ્થાને ઉભો રાખી બખ્તર તથા ગણવેશને દૂર કરતાં શ્રાવક મહણસિંહ એક સાદા વેશમાં સજ્જ થઈ ગયા.

તે સાદો વેશ કેવો ?

જેને સફેદ દૂધ જેવી ધોતી પહેરી છે અને જેની કિનાર સુવર્ણ જેવી ભાસી રહી છે તેવું ઉત્તરીય વસ્ત્ર ઓઢીને શ્રાવક મહણસિંહ નિર્જીવ ભૂમિ જોતી રહ્યાં છે.

હું કોઇ જીવને મારું નહિ, કોઇની પાસે મરાવું નહિ અને મારતા હોય તેની અનુમોદના પણ ન કરું એવી ભાવનામાં રમતા શ્રાવક મહણસિંહ એક નિર્જીવ જગ્યાએ પોતાનું ઉનનું આસન પાથર્યું. બસ ! તેઓ આવશ્યક ક્રિયાની પ્રાથમિક ક્રિયાઓ કરવામાં તલ્લીન બની ગયા. જાણે પૌષધશાળામાં જ ક્રિયા કરવા બેઠાં હોય તેવી મસ્તીથી તેઓ ક્રિયા કરવા લાગ્યા તેમને મન ગાઢ જંગલ કે પૌષધશાળા બન્ને સરખા જ હતા.

રાજાદિની સવારી આગળ ધપે જતી હતી. કદમથી કદમ મીલાવીને ચાલતું સૈન્ય ધર્મારાધના કરતાં શ્રાવક મહણસિંહની મશ્કરી ઉડાવે જતું હતું.

જુઓ ! જુઓ ! પેલો ધર્મનો પૂજારી, આવા ગાઢા જંગલમાં ય ધર્મ કરવા બેસી ગયો. લુંટારૂંઓના ભયથી આપણે સૌ ફફડી રહ્યાં છીએ. હિંસક પ્રાણીઓની ગર્જનાથી આપણે મુજી રહ્યાં છીએ અને વનની અઘોર ઝાડીમાંથી આવતો ભયંકર અવાજ આપણા કાનના પડદાને ચીરી રહ્યો છે. આપણો રાજા જેવો રાજાય ગભરાય છે. છતાં પણ આ ધર્મનો પૂજારી જરા પણ ગભરાતો નથી. આ પ્રમાણે બકતું બકતું સૈન્ય આગે ચઢી ગયું.

ખરેખર ! ધર્મનું શરણ જે સ્વીકારે છે તેને ભયનો ફફડાટ હોતો નથી.

ધમ-ધમ કરતું વિરાટ સૈન્ય શ્રાવક મહણસિંહ પાસેથી પસાર થઇ ગયું. શ્રાવક મહણસિંહનું ચિતડું પાપની આલોચના કરવામાં ચિટકી ગયું હતું હું પોતે કયાં છું ? અને કયી પરિસ્થિતિમાં છું તેનો વિચાર પણ તેઓના મન ઉપર સવાર થતો નથી. આવશ્યક ક્રિયાના રાગી એવા શ્રાવક મહણસિંહે સઘળી માયાજાળ ત્યાગી દીધી બસ ! દિવસભરના લાગેલા પાપોથી હું પાછો ફરી જાવ.

શ્રાવક મહણસિંહ પાવનકારી પવિત્ર ક્રિયા કરવામાં મગ્ન બની ગયા. સાવજ બની બેઠેલા તેઓ ગમે તેવી પરિસ્થિતીથી ગભરાય એવા હતા નહિ. બાળપણથી જ મા એ એવું ઘાવણ ઘરાવ્યું હતું કે ગમે તેવી તંગ પરિસ્થિતિમાં પણ ધર્મને છોડવો નહિ. ભૂલવો નહિ. અનુકુળ સંયોગો હોય કે પ્રતિકુળ સંયોગો હોય તેઓ ધર્મ આરાધના ખુબ જ શાંતિ તથા ભાવપૂર્વક કરતા તેઓની અડગતા ધ્રુવ દાંડી જેવી સ્થિર હતી. ભરજંગલમાં પણ આવશ્યક ક્રિયાની આરાધનામાં તેઓ લયલીન હતા.

ભયંકર ભરજંગલ પસાર કરી નિરધારીત કરેલ પડાવ ઉપર આખી સેના પહોંચી ગઇ આરામ કરતાં રાજાને આવતી કાલના પડાવની, આવતી કાલના કુચની અને આવતી કાલના કાર્યક્રમની યાદ આવી ગઇ હજી, આવતી કાલનો કાર્યક્રમ નકકી કરવાનો હતો. વળી રાજાને આની ચિંતા શા માટે ? આની સઘળી ચિંતા તો શ્રાવક મહણસિંહ કરતા હતા. શ્રાવક મહણસિંહ રાજાના મુખ્ય સેનાપતિ અને અંગત સલાહકાર હતા. નાની મોટી કોઇપણ વાતમાં રાજા શ્રાવક મહણસિંહની સલાહ લેતાં સમયસર મળતી ઉચીત સલાહને કારણે રાજા તેઓને પૂછયા વગર એકેય પગલું ભરતા નહિ. આવતી કાલના પડાવની, કુચની અને કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવા રાજાએ શ્રાવક મહણસિંહને યાદ કર્યો.

પણ શ્રાવક મહણસિંહ તો કયાંથી હાજર થાય ? તેઓને હાજર કરવા માટે ભર જંગલમાં જવું પડે. અરે, ત્યાં શ્રાવક મહણસિંહ તો પોતાની સાધનામાં મસ્ત છે.

શ્રાવક મહાસુસિંહને બદલે મંત્રીશ્વરે રાજાના પડાવમાં પ્રવેશ કર્યો. આવો મંત્રીશ્વર! શ્રાવક મહાસુસિંહને બોલાવવા પહેરેગીર ગયો છે તે આવે એટલે આવતી કાલના કાર્યક્રમની વિચારણા કરી લઈએ બરાબર ને!

કાંઇક વિચારવંત બનતાં મંત્રીશ્વરને થયું. ધર્મની ઘેલછામાં તરબોળ બનેલાને શા માટે યાદ કરવાના? વળી રાજ-કાજના વિચાર-વિનિમયમાં આવા ભગતડાનું શું કામ છે? ધર્મના પૂજારીનું રાજા આટલું બધું સન્માન કરે છે તે બરાબર નથી.

વિચારમાંથી નિવૃત્તિ લેતાં મંત્રીશ્વર બોલ્યા, મહારાજા! આપનો મહાસુસિંહ તો અત્યારે ભરજંગલમાં એકલો બેઠો છે, તે કયાંથી હાજર થવાનો? આપણે આવતી કાલનો પ્રોગ્રામ નક્કી કરી લઈએ.

'શું' મંત્રીશ્વર 'એકલો' અને તેય 'ભરજંગલમાં?'

હા, મહારાજા! એ ધર્મનું પૂછડું ભરજંગલમાં એકલું અટૂલું બેઠું છે. આનું નામ ધર્મ-પૂછડી કહેવાય. હશે તેની કોઈ ધર્મની ક્રિયા, સંધ્યાકાળે પોતાના ધર્મની કોઇ ક્રિયાકાંડ કરવાની હશે. ક્રિયાકાંડમાં ઘેલો બનેલો તે એકલો બેઠો છે.

ખરેખર, ધર્મના આદેશનું પણ આટલું બધું ઘેલું? વળી, તેઓ જાણતા નથી કે આ જંગલમાં લુટારૂઓનો ભય છે. કોઈ લુંટી લેશે તો એને બચાવનાર પણ કોણ? મારતે ઘોડે અને જાનના જોખમે આપણે આ ગાઢ જંગલ પસાર કરવાનું હતું તે વાત શું તેઓ નથી જાણતા.

અરે હા, હું પણ ભૂલ્યો, તેઓ કહેતાં હતાં કે 'મારી સઘળી ચિંતા ધર્મ જ કરે છે.' માટે—

ધર્મ જ તેઓની રક્ષા કરશે. મંત્રીશ્વરનો હળવો કટાક્ષ રાજાને ન ગમ્યો.

'આવશ્યકના આદર્શની ઘેલછાને ફિટકારનારી આ દુનિયા ભલે આજે આવી આવશ્યક ક્રિયા કરનારે હડધૂત કરતી પરંતુ અવસરે આવા આવશ્યક કરનારની ભરપૂર પેટે પ્રશંસા કરવી પડશે. અરે! આદર્શને આચરનારનું શુભનામ લેતા પણ તેઓની રોમરાજીને વિચારવું જ પડશે.'

પણ, જવાબ આપીને કોઇ અર્થ વળવાનો નથી એવું માનતા રાજાએ મૌનવ્રત ગ્રહણ કર્યું. બે પળનું મૌન સેવતાં રાજાએ પોતાના અંગરક્ષકને આજ્ઞા કરી.

જાઓ, હમણાં ને હમણાં, શ્રાવક મહાસુસિંહની તપાસ કરી આવો અને અહીં તેઓને કેમપ્રેમ મારી પાસે લઈ આવો.

જી, સરકાર! નતમસ્તકે આજ્ઞા માથે ચઢાવતાં અંગરક્ષકે અન્ય અંગરક્ષકો સાથે

લીધાં. ઘોડે ચઢી સૌ રવાના થઇ ગયા.

ત...બ...ડ...ક ! ત...બ...ડ...કના અવાજથી કાળીમસ રાત્રી ગાજી ઉઠી અને ધૂળની ધૂમરીઓથી આકાશ ભરાઇ ગયું. મારતે ઘોડે જતાં અંગરક્ષકો હજી થોડે દૂર જાય ન જાય ત્યાં તો શ્રાવક મહણસિંહના મુખે હણહણાટ કર્યો. પરિચિત હણહણાટ સાંભળતા જ અંગરક્ષકોએ એ બાજુ કૂચ આદરી, પળવારમાં તો અંગરક્ષકો શ્રાવક મહણસિંહ નજીક આવી પહોંચ્યા.

નિર્જીવપણે આરાધના કરતાં શ્રાવક મહણસિંહની આંખો આગળ ન હતો, દેશ કે ન હતી દુનિયા. ફક્ત હતો પોતે અને હતી પોતાની આવશ્યક ક્રિયા. તેઓ તેમની આરાધનામાં મસ્ત હતા.

ધ્યાનમગ્ન શ્રાવક મહણસિંહને જોઈ અંગરક્ષક ત્યાં ને ત્યાં જ ઉભો રહી ગયો. ન કર્યો કાંઈ ઇશારો કે ન કર્યો કોઇ અખડાટ. મૌનપણે ઉભો રહેલો અંગરક્ષક અવશ્ય કરવા યોગ્ય આવશ્યક ક્રિયા શ્રાવક મહણસિંહની કયારે પૂર્ણ થાય તેની રાહ જોવા લાગ્યો.

આજે આપણે શું કરીએ છીએ તે જરા જોવા જેવું છે, કદાચ સમય કાઢીને આપણે આવશ્યક ક્રિયા કરવા બેઠા હોઇએ તો પણ આપણું મન ક્યાં અને આપણે કયાં હોઇએ ? અરે ! જો કાંઇક પ્રસંગ બની જાય તો આપણે જ આવશ્યક ક્રિયા કરનારાના કાનમાં જઇને વાત કરી આવવાના. આજે આવશ્યક ક્રિયા કરનારને ચોરો (ઉપાશ્રય એવો મળ્યો છે કે ત્યાં આવીને કર્મ ખપાવવાને બદલે ચાર ઘણા નવા કર્મો બાંધીને આવે છે. સ્વાર્થ ભરી કે વળી પ્રેમ ભરી વાત સાંભળીને આવશ્યક કરનારનું ચિત્ત સ્થિર રહેશે ખરા ?

અંગરક્ષક જેવો અંગરક્ષક પણ સમજતો હતો કે તેમને શાંતિથી ધર્મ ક્રિયા કરવા દો. અત્યારે કોઇ વાત કરાય નહિ. શું ખાટું મોઢું થઇ જવાનું છે ? હું લુંટાય જવાનું છે. થોડી પળો પછી રાજાનો સંદેશો સંભળાવીને લઇ જઇશું.

આવશ્યક ક્રિયાનો સમય થતાં જ શ્રાવક મહણસિંહે પોતાની ક્રિયા પતાવી દીધી. ધ્યાનાવસ્થા છોડતાં જ શ્રાવક મહણસિંહના નયનનું તેજ અંગરક્ષક ઉપર પડ્યું.

અંગરક્ષકને જોતાં જ શ્રાવક મહણસિંહ આશ્ચર્યમાં પડી ગયા, અરે ! મારા માટે ખોટી થવાનું કાંઇ કારણ ? શું મહારાજાદિ પણ અત્રે આટલામાં જ રોકાયા છે ?

'ના ! શ્રાવક મહણસિંહ, હું તો આપણા નક્કી કરેલા પડાવથી પાછો આવું છું. પાસ આવવાનું કારણ, તમારી ભાળ–સંભાળ લેવા જ ! મને મહારાજાએ પાઠવ્યો છે.' અંગરક્ષકે મહારાજાનો સંદેશો સંભળાવ્યો.

એમ ! મારી ભાળ-સંભાળ માટે એમ બોલતાં શ્રાવક મહણસિંહે ઘોડાના પેગડામાં પગ ભરાવ્યો. એજ ત....બ....ડ....ક, તે...બ...ડ....કના સૂરે સૌ રવાના થયા.

નિરવ શાંતિ મહારાજાના પડાવમાં પથરાયેલી હતી. મહારાજા શ્રાવક મહણસિંહની વાટ જોતા હતાં. મહારાજાં મનડું શ્રાવક મહણસિંહના વિચારોમાં ખોવાઇ ગયું હતું. અનેક વિચારોના વમળોએ તેમને ઘેરી લીધાં હતા. લૂંટારાઓનો ભય, હીંસક પ્રાણીઓનો ભય, કેટકેટલાંય શત્રુઓનો ભય, રાજકારણની ખડપટ બાજીઓ આવા આવા વિવિધ પ્રકારના ડુમઝાઓ વચ્ચે એકલો અટુલો શ્રાવક મહણસિંહ કઇ રીતે જીવતો રહેવાનો ? ના રે ના, આ બધા તો જીવ લઇને છુમંતર થઇ જનારી જાત છે.

આવા વિવિધ પ્રકારના ભયોમાં પણ શ્રાવક મહણસિંહ કઇ શ્રદ્ધાના બળે એકલા અટુલા જંગલમાં બેઠા હશે ? હજી એ નથી સમજાતું કે ધર્મ પ્રત્યે આવો અનહદ પ્રેમ કયાંથી ઝળતો હશે ?

વિચારોના પંથે ચાલતા મહારાજાના પડાવમાં શ્રાવક મહણસિંહે એકાએક પ્રવેશ કર્યો.

મહારાજાની જય હો ! નતમસ્તકે શ્રાવક મહણસિંહ મહારાજાની નજીક આવ્યા.

મહારાજા ! શા માટે અંગરક્ષકને તકલીફ આપી તેઓને ન બોલાવ્યા હોત તો પણ હું કેમએમ આપશ્રીની પાસે આવી પહોંચત.

મહારાજાધિરાજ ! 'જેની પડખે ધર્મ રહેલો છે તેને ઉની આંચ પણ નથી આવતી. ધર્મ શ્રદ્ધા જેની પાસે છે એની પાસે કોઇ બળની અધૂરાશ નથી ? જે ધર્મના રંગે રંગાયેલો છે તેને કોઇનો ભય નથી.'

હા, મહણસિંહ ! તમારી વાત મંજુર, પણ તમારી એવી કઇ ક્રિયા છે કે જે ક્રિયાના પ્રેમ ખાતર તમે મરણને ય ભૂલી ગયા.

મહારાજા ! અવશ્ય કરવા યોગ્ય આવશ્યક ક્રિયા કરવાની શ્રી તીર્થંકરોની આજ્ઞા છે આ આજ્ઞા મેં શિરસાવંદ્ય કરેલી છે. તેમના આજ્ઞા રૂપી વચનામૃત પર મને સંપૂર્ણ શ્રદ્ધા છે આ શ્રદ્ધાના પરિણામે દિવસના પાપોથી પાછા હટવા માટે હું દેવસિય પ્રતિક્રમણ કરું છું અને રાત્રિના પાપોથી પાછા હટવા માટે હું રાઇઅ પ્રતિક્રમણ કરું છું. આ આવશ્યક ક્રિયા કરવાની મારે પ્રતિજ્ઞા છે. આ ક્રિયા ઉભયકાળ અને સંધ્યાકાળ કરવાની હોય છે. એ સંધ્યા કયાં ઉગે છે એ જોવાનું નહિ !

'વનમાં કે ભવનમાં; જંગલમાં કે મહેલમાં; જેલમાં કે પૌષધશાળામાં.'

જ્યાં હોય ત્યાં, જ્યાં આવશ્યક ક્રિયા કરવાનો સમય થાય ત્યાં જ આવશ્યક ક્રિયા આરાધી લેવાની ટેક મારે છે. આ ટેક દેવગુરૂ પસાય તો હજી સુધી અખુનમ રહી છે. કાલની મને ખબર નથી હું એવો જાદુકાર પણ નથી પરંતુ એટલો તો મને વિશ્વાસ છે કે આ ટેક મારી, ધર્મ ક્રિયાને ટેકો પુરનારી જરૂર બનશે.

વિશેષ, 'વીતરાગનો એજ સાચો ભક્ત કે જેને મરણનો ભય સતાવે નહિ.'

શ્રાવક મહણસિંહે પ્રમાદથી થઇ ગયેલા પાપોના પ્રાયશ્ચિત્ત રૂપે કરાતી આવશ્યક ક્રિયાના ખૂબ સુંદર ગુણગાન ગાયા તે સાંભળતાની સાથે જ રાજાના હૃદયકમળમાં આરાધક પ્રત્યે અહોભાવ પ્રગટયો.

'જે વીરને વફાદાર છે તે મને વફાદાર રહેવાનો જ !'

શ્રાવક મહણસિંહ રાજાનું મુખડું જુવલોકી રહ્યાં હતા કે આજે ભરજંગલમાં કરેલી આવશ્યક ક્રિયાના બદલામાં શું મળશે ?

'કૃપાના કિરચો કે કુરતાના કોરડા ?'

'અમૃતની પ્યાલી કે ઝેરની પ્યાલી ?'

'મીઠાં વાત્સલ્યભર્યાં વચનો કે લાવારસથી ધગધગતા વચનો ?'

'આશિર્વાદ કે અભિશાપ ?'

અરે હા, ભલે કુરતાના કોરડા વિંઝાય; ઝેરની પ્યાલી પિવાય ? ધગધગતા વચનો સંભળાય ? કે અભિશાપ પણ ઉતરી પડે તો પણ એનામાંથી કૃપાનું કિરણ પકડવાની અનેરી તાકાત શ્રાવક મહણસિંહમાં હતી.

આવશ્યકના આ આરાધક પર ઓવારી ઉઠેલા મહારાજા એકાએક બોલી ઉઠયા. મંત્રીશ્વર, આપણી સેનામાંથી ચુનંદા એક હજાર સૈનિકો શ્રાવક મહણસિંહની સેવામાં રાખવા.

વનમાં કે ભરજંગલમાં જ્યાં શ્રાવક મહણસિંહ પોતાની ક્રિયા કરવા બેસે ત્યાં તમારે, એક હજારનું સૈન્ય રોકી રાખવું.

અવશ્ય ક્રિયા કરનારને હડધૂત કરતાં મંત્રીશ્વરની આંખો પહોળી થઇ ગઇ. આશ્ચર્ય સાથે રાજાની સન્મુખ સૌ જોઇ રહ્યાં.

આવશ્યકના આદર્શની ઐસીતૈસી કરતા કરતા છૂટાં પડયાં.

—વિરાગ

: આજના સમાજનો માનસિક ચિતાર :

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

(આજનો સમાજ રોગિષ્ઠ શાથી ? તે અદ્ભુત નિચોડ વિવિધ વાંચનથી શબ્દ દેહમાં વર્ણન કરવાનો સારો પ્રયત્ન છે. —સંપા૦)

૦ સંઘર્ષ : આખા સમાજમાં કાંઇને કાંઇ સંઘર્ષો ચાલે છે. કારણ બધાને 'મોટાભા' બનવું છે. 'હું' કહું તેમજ થવું'' આ મનોદશા તે સંઘર્ષની જનની છે.

૦ મનોવ્યથા : મનુષ્ય માત્રની જીવલેણ બિમારી ! બધામાં આ કે તે નથી તેવી હૈયાહોળી સળગતી જ હોય છે જે આ બિમારીને જન્મ આપે છે.

૦ અસ્વાભાવિકતા : બધાને સારા દેખાવું છે પણ સારા બનવું નથી એટલે જીવનના પ્રત્યેક વ્યવહારોમાંથી સરળતા અને સ્વાભાવિકતાને પાણીચું આપવામાં આવ્યું છે અને આનો આંચળો ઓઢવો પડે છે.

૦ ભય : દેખીતા અને પ્રચ્છન્ન ભયોથી આખો સમાજ ઘેરાયેા છે. નિર્ભય જીવો જોવા મુશ્કેલ છે, કેમકે સત્યના અર્થી નથી.

૦ રઝળપાટ : આખો સમાજ ઇચ્છાઓનો ગુલામ બની ગયેા છે તેથી તેની પૂર્તિ માટે આમ–તેમ ભમ્યો જ કરે છે.

૦ યુક્તિ–પ્રયુક્તિ : પોતાના સ્વાર્થો સિદ્ધ કરવ માટે મનમાની દલીલોનો સહારો. તેના સહારાના રણમાં પોતે જ અટવાઇ ગયેા છે. સત્ય પ્રીતિનો અભાવ છે.

૦ નિન્દા : આજના સમાજનું અભિન્ન અંગ નિંદા અને ચાડી–ચુગલી આજના સમાજની નિંદા એ સગી બ્રીએા છે જેના વિના તે બિચારો રહી શકતો નથી કે જીભની ચળ ઉતારી શકતો નથી.

૦ ગુસ્સો : હૈયાની અત્યંત તંગ મનોદશાનું માપક યંત્ર ! વાતવાતમાં નજીવી બાબતોમાં પણ પારો ચઢી જતા વાર લાગતી નથી. વિચારવા કે વાગોળવાની શક્તિ ખોઇ બેઠો છે.

૦ ધમાલ : આજના સમાજને કોઠે પડી ગયેલી આંધળી દોટ ! બધા જ એવી રીતના દોડતા હોય છે કે જાણે તેમને પકડવા હડકાયા કૂતરા ન છોડયા હોય ! આશાના મીનારા પુરા થતા નથી.

૦ ફડાકા : પોતાની અશક્તિઓનો એકરાર કરવાને બદલે પોતાની ઉપર છલ્લી સિધ્ધિઓને જાહેરાત કરવાનું ડીમડીમ !

૦ હતાશા : આજના સમાજનો ભયંકર ક્ષયરોગ ! જીવન શક્તિનો નાશ કરનારો વણમાગ્યેા સલાહકાર ! આશાને મારવાનો કિમીયેા હાથ લાગતો નથી.

: ઈષ્ટ ફળ સિદ્ધી :

તિર્થંકરોએ ભાખેલા અર્થને આધીન રહીને સૂત્રો આગમ ત્રિપદીને પામીને શ્રી ગણધર ભગવંતે ગુંથેલું જયવિયરાય સૂત્ર સંસારમાં ભમવા માટેની માગણી માટે તો ન જ ગુમ્ફીત કરેલું હોય. ગમે તેવી સંસારીક માંગણી ડુબંવા માટે તો ન જ મુકે. ને જો તેના અર્થ સંસારીક સુખ માટે પણ કરી શકાતો હોત તો :–

'જય વિયરાય' સાધુ ભગવંતોને ૭ વાર ચૈત્યવંદનમાં કે ફરજીયાત દેવવંદનામાં ૬ વાર આવે જ ને દેરાસરમાં જ્યાં દર્શન કરવા જાય ત્યાં પણ વધારાના ચૈત્યવંદનમાં આવે જ. આવે જ. ત્યારે શ્રાવકોને કાંઈ ફરજીઆત જેવું હોતું નથી, પૂજા કરે કે દર્શન પણ ચૈત્યવંદન ૧ ટકો જ કરે. ઘણા ભાગે આવડે જ નહિ. તેથી 'ઇષ્ટ ફળ સિધ્ધિ'ની જય વિયરાયમાં માંગણી મુખ્યત્વે મુનિ ભગવંતોને આશ્રીને જ હોય તેમ સંભવે છે તો મુનિ ભગવંતોને ઇષ્ટ ફળ સિધ્ધિ શું હોઇ શકે? સંસારિક સુખ સાહ્યબી કે દારિદ્ર (ધન સંબંધી)નો ન થ.

જય વિયરાયમાં એક પછી એક માંગણી ભવનું નિર્વેદપણું માર્ગાનુસારીતા ગુરૂજનની પૂજા દુઃખને કર્મનો ક્ષય ક્યારે થાય કે સંસારીક માંગણી ન હોય તો. સંસારિક સગવડની માંગણી પાપનો બંધને પરિણામે દુઃખ જ આપે એવો પરંપરા સંસારમાં રખડવાની માગણી ન જ હોય ને તે ગણધર ભગવંતોએ બનાવેલ સૂત્રમાં ને તે વળી શુભ ને આવશ્યક ક્રીયાઓમાં કે જે મોક્ષ માટે જ હોય. વળી સાધુ માટે એક અર્થ ને શ્રાવક માટે બીજો અર્થ. આ જ સૂત્ર કે પદમાં જુદાં જુદાં અર્થ સંભવી શકે નહિ, હોય નહિ, થાય નહિ, મારી મચરડીને પણ કરાય નહિ.

'તો તેઓને પૂછો' !!! કે સાધુ જય વિયરાય સૂત્ર બોલે તો ઇષ્ટ ફળ સિદ્ધિનો શું અર્થ તેઓ ધારતા હશે. તેઓ કરતા હશે ઇચ્છતા હશે. શ્રાવક કે સાધુ બંનેનું મંતવ્ય સરખું હોય છે તેથી દેવલોકની ગતિ છે. આ માટે દરેક સાધુઓના અભિપ્રાય, મંતવ્યો, મંગાવવા ઇચ્છવા યોગ્ય નથી શું? જે વિપરીત અર્થ કરે છે તો સાધુઓને પૂછો કે જય વિયરાયની પ્રાર્થનામાં આપે તે વિષે શું માગો છો. તમોને શેની કમીના સાધુ જીવનમાં છે. –અસ્તુ...

—હી. સ. શાહ–પાર્લા

---

૦ ઝઘડા : શાબ્દિકતાનો મારો ચલાવનાર યંત્ર માનવ! કોઇ ઘર–સંસ્થા કે સમુદાય નહિ જોવા મળે જ્યાં રીતસરના કે છૂપા આ યંત્ર માનવો ન હોય! સહનશીલતા કે બીજાને સમજવાની તૈયારી નથી.

૦ જૂઠ : આજના સમાજનું ભયંકર કેન્સર! જે અંતે કેન્સલ કરીને જ જંપે!

૦ આશંકા : પોતાની સચ્ચાઇની શ્રદ્ધાહીનતાનું પ્રતીક જે બધાને સતત પીડિત કર્યા જ કરે.

૦ અજ્ઞાન : ભાદ્રપદની અમાવાસ્યાની ભયંકર કાળી ઘોર ડિબાંગ રાત્રિ! જેના અંધકારમાં ભલભલાની મતિ મૂંઝાઇ જાય છે અને દુઃખોને ખરીદવાનું મોટું બજાર! જ્ઞાન મેળવવાના પ્રયત્નો કે શંકાનું નિવારણ કરવાની બુદ્ધિનો અભાવ તેનું મૂળ છે.

શાસન સમાચાર

અતિપ્રાચીન ટીંબા નગરે

તારંગાની તળેટી તરીકે ઓળખાતા ટીંબા નગરે શ્રી અજીતનાથ ભગવાનના સાનિધ્યમાં વૈ. વ. ૮ થી શરુ થતાં ભવ્યાતિભવ્ય શાંતિસ્નાત્રસહ ત્રિદિવસીય મહોત્સવનું આયોજન થયું, આ પ્રસંગે સુરતાદિ શહેરોમાં વસતા ટીંબાના દરેકે દરેક શ્રાવક–શ્રાવિકાઓએ ૧૦૦ ટકા હાજરી આપી હતી. સર્વેનો ઉત્સાહ અનેરો જોવા મળ્યો હતો.

અમારે આગ્રહભરી વિનંતીને સ્વીકારી શાસન પ્રભાવક પરમોપકારી પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજ આદિઠાણા તથા પૂ. સાધ્વી શ્રી નિલેશાશ્રીજી મ. તથા પૂ સાધ્વી શ્રી જ્ઞાનરસાશ્રીજી મ. આદિ આ પ્રસંગે પધાર્યા હતા. પૂજ્ય આચાર્ય ભગવંત આદિ મુનિ ભગવંતોનું સામૈયું.

પાંચ દિવસ શ્રી સંઘ જમણમાં મજુરો તથા શ્રી સંઘના સર્વેએ ચોવિહારનું કડક પાલન કર્યું હતું. શ્રી જિન–ચૈત્ય–શુદ્ધિનો કાર્યક્રમ રાખ્યો નિત્ય–ત્રણ– ટાઈમ શહનાઇવાદન દ્વારા મંગલ ગીતો, સવારે પ્રભાતિયા, સમૂહ ચૈત્યવંદન, વ્યાખ્યાન, પૂજા પૂજન, ભાવના, શ્રી પ્રભુજીને અંગરચના, ગુરુપૂજન, સંઘપૂજન, આદિ કાર્યક્રમોમાં ૧૦૦ ટકાની હાજરી રહી હતી. પ્રવચનકાર પ. પૂ. મુનિરાજ શ્રી ભવ્યચન્દ્ર વિજયજી મ. દ્વારા અપાતા પ્રવચનો દ્વારા શ્રી સંઘના ઉત્સાહમાં અનેરી વૃધ્ધિ થઇ હતી. છેલ્લા દિવસે વૈ. વ. ૧૦ના દિવસે ૩૦ જ્ઞા. નું સંઘ પૂજન જુદી જુદી વ્યકિતઓ દ્વારા થયું હતું.

શાંતી કળશ તથા ૧૦૮ દીવાની આરતી નો લાભ લઇ શેઠ શ્રી ઈશ્વરલાલ ચુનીલાલ પરિવારે દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરી હતી. વિધિકારક શ્રી પરેશભાઇએ વિધિપૂર્વક પૂજા–પૂજન ભણાવેલ તથા સંગીતકાર શ્રી વિજયભાઇએ શ્રી પરમાત્મા ભક્તિમાં દરેકને ભીંજવી દીધા હતા. અત્રેથી પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વડનગર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારેલ. પૂ. મુનિરાજ શ્રી યોગદર્શન વિજયજી મ. આદિ વાવ સાલગિરિ પ્રસંગે પધારેલ. ઘણા વર્ષે ઉજવાયેલ આ મહોત્સવ ટીંબા સંઘ માટે યાદગાર સંભારણારૂપ બની ગયેલ.

લંડનમાં મળો.

શ્રી મહાવીર શાસન
શ્રી જૈન શાસન માટે
શ્રી રતિલાલ દેવચંદ ગુઢકાને
ફોન નં. ૬૦૪૯૮૫૧ મળો.

ચાતુર્માસ નિર્ણય તથા પ્રવેશ

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ઠા.-૩ નું ચાતુર્માસ ૨ ઓસવાળ કોલોની સુમેર ક્લબ રોડ જામનગર-૩૬૧૦૦૫ નક્કી થયું છે.

ચાતુર્માસ પ્રવેશ મુહુર્ત્ત બીજા અષાઢ સુદ ૬ સોમવાર તા. ૨૨-૭-૯૬ના છે.

પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ, તથા પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. ઠા.૨નું ચાતુર્માસ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર ૩૬૧૦૦૫ નક્કી થયું છે. ચાતુર્માસ પ્રવેશ મુહુર્ત્ત બીજા અષાઢ સુદ-૨ ગુરુવાર તા. ૧૭-૭-૯૬ ના છે.

તખતગઢ-(રાજસ્થાન) પૂ. ગણિવર્ય શ્રી દર્શનરત્ન વિજયજી મહારાજ તથા તેમના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાવેશ રત્ન વિજયજી મ. આદિની શુભનિશ્રામાં શા કેશરીમલજી પૂનમચંદજી રૂપાજી પરિવાર તરફથી જે. વદ-૧૦ દિ. ૧૬-૬-૯૬ થી પંચાન્હિકા મહોત્સવ અને ઉજમણાંનું આયોજન થયેલ. જેઠ વદ-૧૦ ના ભવ્ય પ્રવેશ થયેલ. બાબુભાઈ ભાભરવાલાએ શ્રી વીશ સ્થાનક મહા પૂજન ભણાવેલ. શાસ્ત્ર રીતિ મુજબનું સ્વામિવાત્સલ્ય થયેલ. એ પંચાન્હિકા મહોત્સવે તો તખતગઢમાં નવો રેકાર્ડ સ્થાપિત કરેલ છે. દરરોજ વ્યાખ્યાન માં ચિક્કાર મેદની હતી. શ્રી વીશ સ્થાનક મહા પૂજન વખતે જીવદયાની ટીપપણ સારી થયેલ અને પૂજામાં મુકેલ ફલ આદિ ના દેવદ્રવ્યના દુરૂપયોગથી બચવા અમુક રકમ દેવદ્રવ્ય ખાતે જાહેર કરેલ શા શાલિ શ્રીમલજી, રતનચંદજી, જયંતિલાલજી, કાંતિલાલજી આદિ પરિવારે આ મહોત્સવમાં દરેક પૂજા, વ્યાખ્યાન આદિમાં સારો લાભ લીધેલ. જેઠ વદ ૧૪ દિ. ૧૪-૬-૯૬ ના દિવસે ગુરુભગવંતો આદિના પોતાના ઘરે વ્યાખ્યાન કરાવેલ અત્રેના સંઘના. ઉપકારી બાબુભાઇ મારતરે પણ જેઠ વદ ૧૪ શુક્રવારની પાંખી કરેલ.

દાવણગિરિ- મુ. શ્રી વજ્ર તિલક વિ. મ. ની નિશ્રામાં શ્રી કાલુરામજી કૃતેહચંદજી તરફથી ગૃહમંદિરમાં શ્રી મુનિ સુવ્રત સ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા નિમિતે શાંતિસ્નાત્ર સ્વામિવત્સલ વિ. થયા. મુનિ શ્રીનું ચોમાસુ બેંગલોર છે.

લેખ આમંત્રિત- નાકુસાયર (ઓકેજુન ઓફ ઇન્ડોલોજી) દીપાવલી પર 'સાધના શકિત વિશેષાંક' પ્રકાશિત કર રહા હૈ. સાધકોં સે સાધના સમ્બન્ધી વ્યક્તિગત અનુભવ-સંસ્મરણ પ્રકાશાર્થ સાદર આમંત્રિત હૈ. સાધકોં સે નિવેદન હૈ કિ અપને લેખ કે સાથ અપના નવીનતમ છાપાચિત્ર તથા સંક્ષિપ્ત પરીચયભી પ્રકાશનાર્થ ભેજે. ૧૫ સીતમ્બર ૧૯૯૬ તક પ્રાપ્ત સામગ્રી કા હી ઉપયોગ કર પાના સંભવ હોગા. ભવદીય ડો. અશોક સહજાનંદ, અરિહંત ઇન્ટરનેશનલ, ૨૩૯, ગલી કુંજલ, દરીબા દિલ્લી-૧૧૦૦૦૬

દૂરભાષ - ૩૨૭૭૭૬૧ (કાર્યા.)
૨૧૮૦૭૯૪ (નિવાસ)

વડોદરાના આંગણે પૂજ્યપાદ શ્રી આત્મારામજી મ.ની સ્વર્ગવાસ શતાબ્દિનો શાનદાર ઉજવણી

વિક્રમની વીસમી સદીનો પૂર્વાર્ધ જેઓના યશસ્વી નામ કામથી અતિશય સમૃદ્ધ બની રાયો હતો. તેવા જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર આ. ભ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ (પૂ. આત્મારામજી મ.) વિક્રમ સંવત ૧૯૫૨ નાં જે. સુ. ૮ ના સ્વર્ગવાસ પામ્યા હતા. આ વર્ષે તેઓનો સ્વર્ગવાસ શતાબ્દિને ઓળંગતો હોવાના પ્રેરક નિમિત્તને પામી વડોદરા શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી રત્નત્રયી આરાધક સંઘના આરાધકોએ તેની ઉજવણી માટે એક પંચાહ્નિકા મહોત્સવ ઉજવવાનો નિર્ધાર કર્યો હતો અને આ પ્રસંગે પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ.સા.ને આગ્રહપૂર્ણ વિનંતી કરી હતી, જેનો સ્વીકાર પૂ. મુનિશ્રીએ કર્યો હતો. આગળ વધતાં આ પ્રસંગમાં પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિ. મ.નાં સંયમજીવનની અનુમોદના નિમિત્તક ક્રિયાક્રમ પણ સામેલ કરવામાં આવ્યો હતો. વળી સોનામાં સુગંધ ભળે તે રીતે પૂ.મુ. શ્રી નયવર્ધન વિ.મ.ના બાળ શિષ્ય પૂ.મુ. શ્રી વિરાગવર્ધન વિ.મ.ની વડી દીક્ષા પણ જે.સુ. પના રોજ નિશ્ચિત થઈ. તેથી સકળ સંઘ ખુબ હર્ષોલ્લાસમાં હતો. વડી દીક્ષાના પ્રસંગે પૂ. આ. ભ. શ્રી હેમભુષણ સૂ. મ. સા.ને વિનંતી કરતાં તેઓશ્રીએ ઉદારતાથી વિનંતી સ્વીકારતા હર્ષોલ્લાસમાં અભિવૃદ્ધિ થવા પામી હતી.

જે.સુ. ૫ બુધવાર તા. ૨૨-૫-૬૯નાં શુભ દિને પૂજ્યોનાં પ્રવેશ મહોત્સવ રૂપે સામૈયુ થયુ હતું. સામૈયા સાથે પૂજ્યો જની શેરી, ઘડીયાળી પોળમાં, સયાજી હાઇસ્કુલના કંપાઉન્ડમાં બંધાએલા શમીયાણામાં પધાર્યા હતા. અને ત્યાં સૌ પ્રથમ પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ.નું અને પૂ. આ. ભ. શ્રી હેમભુષણ સૂ. મ.નું પ્રસંગાનુરૂપ પ્રવચન થયેલ બાદ વડી દીક્ષાની મંગલમય વિધિનો શુભારંભ થયો હતો. વડીદીક્ષાની વિધિમાં પરોવાએલાં બાલમુનિને જોઇને સભા આનંદમય બની જતી હતી. વડી દીક્ષાની સમસ્તવિધિ શાંતિથી પૂર્ણ થતાં ગુરુપૂજન અને નુતનમુનિને કામળી વહોરાવવાની ઉછામણિ બોલાવવામાં આવેલ ગુરૂપૂજનની ઉછામણિનો લાભ લઈ આશાભાઇ સોમાભાઇ પટેલે પૂ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિ. રામચંદ્રસૂ. મહારાજની પ્રતિકૃતિને તથા પૂ. આ. શ્રી હેમભુષણ સૂ. મ.ને પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ.ને નવાંગી ગુરૂપૂજન કરેલ. તથા વડી દીક્ષા પ્રસંગે નુતનમુનિના સંસારી સંબંધી શ્રી કાંતિલાલ કેશવલાલ શાહ પરિવારે મોટી ઉછામણી બોલી કામળી વહોરાવી હતી. પૂ. આ. ભ. શ્રી હેમભુષણસૂ. મ.એ સુદ ૫-૬ ૨ દિવસ સ્થિરતા કરી પ્રવચનનો લાભ આપી અમદાવાદ તરફ વિહાર કર્યો હતો. બાકી મહોત્સવનાં પાંચેય દિવસ પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ. સા.ની પાવન

નિશ્રા પ્રાપ્ત થઈ હતી. રોજ વ્યાખ્યાનમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજનાં ગુણાનુવાદની સાથોસાથ સદ્‌ગુરૂ સાચાં કોને કહેવાય ? જૈનસાધુની આચાર – વિચાર સંહિતા કેવી હોય ? સાધુ લોકોપકારના નામે સામાજિક કાર્યો ન કરી શકે વગેરે ઘણા ઘણા વિષયોની હૃદયસ્પર્શી છણાવટ થતી હતી. તો વળી રોજ રાત્રે ફક્ત પુરૂષો માટે જ પ્રશ્નોત્તરી પ્રવચનનો કાર્યક્રમ રહેતો હતો. જેમાં વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટતા હતા. અને મનમાં ગુંચવાતા અનેક અટપટા પ્રશ્નોનાં સંતોષકારક સમાધાન મેળવી આનંદિત બની જતા હતા. આજના સમયમાં ચર્ચોના ચકરાવામાં ચઢેલાં ઘણા ઘણાં પ્રશ્નો સભામાંથી આવતા હતા. પણ તેનાય ખુલાસાવાર, વિગતવાર અને શાસ્ત્રાધાર પૂર્વકના જવાબો સાંભળી શ્રોતાઓ અપૂર્વ સંતોષની લ્હાણી અનુભવતા હતા.

મહોત્સવમાં કુંભ સ્થાપન–પાટલા પૂજન પંચ કલ્યાણકની પૂજા શ્રી નવપદજીની પૂજા–૧૦૮ શ્રી પાર્શ્વનાથ-અભિષેક મહાપૂજન, શ્રી લઘુ શાંતિસ્નાત્ર મહાપૂજન આદિ અનુષ્ઠાનો હાઈસ્કુલમાં જ બનાવાએલાં વિશાળ જિનાલય ખંડમાં ભણાવાતાં હતા. પૂજા–પૂજન ભાવનામાં શ્રી જિનભક્તિની રસલ્હાણ કરવા માટે રાજકોટવાળા શ્રી અનંતરાય નગીનદાસ શાહ પોતાની મંડળી સાથે પધાર્યા હતા. અને સૌને ભક્તિમાં તરબોળ કરી દેતા હતા. જે. સુ. ૮નાં પૂ. શ્રી આત્મારામજી મહારાજના સ્વર્ગવાસ દિને સવારે ૮–૩૦ કલાકે હાઇસ્કુલથી એક ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. નાસિકનાં ઢોલી, શ્રી આત્મ–કમલ–વીર–દાન પ્રેમ–રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. આ આખીય ગુરૂ પરંપરાની એકેક અદ્‌ભુત પ્રતિકૃતિઓ અલગ અલગ બગીઓમાં પધરાવવામાં આવી હતી. મલપતો ગજરાજ વડોદરાનું દરબાર બેન્ડ, સાધુ–શ્રાવક સાધ્વી–પ્રભુજીનો રથ, સાધ્વીજી શ્રાવિકા ગણ આદિ અનેક વિવિધતાથી ભર્યો ભર્યો આ વરઘોડો જનાકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

શહેર વિસ્તારના મોટા રાજમાર્ગો પરથી પસાર થઇ આ વરઘોડો પુનઃ હાઇસ્કુલમાં ઉતરી વ્યાખ્યાન સભાના રૂપમાં ફેરવાય ગયો હતો. પ્રવચનમાં સૌ પ્રથમ પૂ. શ્રી આત્મારામજી મ.નું ગુરુ ગુણગીત ગવાયુ હતુ. બાદ વડોદરા જૈન સમાજમાં અગ્રગણ્ય વ્યકિતત્વ ધરાવતાં શ્રી જીતુભાઇ આ પ્રસંગને અનુરૂપ બે બોલ કેવચારી શ્રી આત્મારામજી મ.ના વિશેષાંકનું વિમોચન કર્યું હતું. (પૂ. આ. ભ. શ્રી જિનેન્દ્રસૂ. મ.એ ભારે જહેમત ઉઠાવી ઘણી ઘણી માહિતી–સામગ્રી એકત્રિત કરી પૂ. આત્મારામજી મ.ને શ્રધ્ધાંજલિ આપતો મહાવીર શાસન વિશેષાંક તૈયાર કર્યો હતો.) ત્યારબાદ ઉછામણિ બોલતાં તેનો મહાન લાભ લઇ નવસારીવાળા નરેશભાઇએ પૂ. શ્રી આત્મારામજી મહારાજની ભવ્ય પ્રતિકૃતિનું નવાંગી ગુરુપૂજન કર્યું હતું. બાદ તેઓશ્રી નરેશભાઇનું આજના આ પ્રસંગે ભાવવાહી વકતવ્ય થયું હતું. છેલ્લે પૂ. મુનિરાજ શ્રી

નયવર્ધનવિ. મ.નું આજના પ્રસંગે વિશેષતા ગુણાનુવાદનું પ્રભાવક પ્રવચન થયેલ અને છેલ્લે વડોદરાના ભાવિકોએ પૂ. મુનિશ્રીને આગામી સાલના ચાતુર્માસ માટે અત્યાગ્રહપૂર્ણ વિનંતી કરી હતી.

આજે રાત્રે પણ લાંબા સમય સુધી પ્રશ્નોત્તરીની રમઝટ ચાલી હતી.

બીજા દિવસે પૂ. મુનિ શ્રી મુંબઇ તરફ વિહાર કરી ગયા હતા આ રીતે વડોદરાના આંગણે ઉજવાએલા આ શતાબ્દિ મહોત્સવે વડોદરાના નર-નારીઓના હૈયામાં એક અમીટ છાપ ઉભી કરી દીધી. અને મહોત્સવ ખરેખર ચિર સ્મરણીય બની ગયે.

'હાદર આરાધના ભવનમાં બાળકોને ઇનામી મેળાવડો'

શ્રી હાદર શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન આરાધના ભવનમાં બાલક બાલિકાઓને ઇનામો આપવાનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો ૧૦૦ બાળક બાળિકાઓની જ્ઞાન અભ્યાસમાં માંખિક પરિક્ષા તથા વિવિધ જ્ઞાનસ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ ધાર્મિક શિક્ષણ પ્રચારક શ્રી નરેન્દ્ર કામદાર ગઢડાવાળાએ ત્રિદિવસીય જ્ઞાન સંસ્કાર સત્રનું સુંદર રીતે સંચાલન કરેલ.

શ્રી આરાધના ભવન ટ્રસ્ટ તરફથી દરેક બાળક બાળિકાઓનું બહુમાન કરી વિવિધ ઇનામો તથા પ્રભાવના માનદ મંત્રી શ્રી શ્રીપતભાઇ સુરચંદ બંગડીવાળા તથા શ્રી કાંતિલાલ ઘેલાભાઇ કુબડીઆ અને શ્રી વેલજીભાઇ દામજીભાઇ ભણશાલીનાં શુભ હસ્તે અપાયા હતાં.

જ્ઞાન સત્રના બાળકોને તથા જૈન પાઠશાળામાં ભણતા અભ્યાસુઓને હાર્દિક અભિનંદન આપતા પ્રવચનો સેવાભાવી નવયુવાન કાર્ય શ્રી નવિનભાઇ લાલચંદશેઠ શ્રી કનકભાઇ નાનાલાલ કુબડીઆ પંડિત શ્રી નાનાલાલભાઇ .

લાકડીઆવાળા તથા ટ્રસ્ટીઓ શ્રી જેઠાલાલ ભારમલ મહેતા વી.એ કર્યા હતા શ્રી પાલન સોજપાલ બિલ્ડીંગની પાઠશાળામાં શ્રી ચંદુલાલ વિઠ્ઠલદાસ શાહ અને શ્રી કુમુદબેન પ્રાગજીભાઇ શેઠ તથા ડીલાઇટ રોડ પાઠશાળામાં શ્રી રતનબેન કીરચંદ કુબડીઆ ખુબ જ સુંદર સેવાઓ આપી રહ્યા છે. બાળક બાળીકાઓએ સવારે અને બપોરે એમ બંને ટાઇમ મળી સતત પાંચ પાંચ કલાક સુધી ઉત્સાહપૂર્વક હાજરી આપી જ્ઞાન લાભ મેળવ્યો હતો.

પાલનપુર ઉ ગુ.- અત્રે શ્રી સંસ્કાર સોસાયટી મધ્યે તપસ્વી સમ્રાટ પૂ. આ.દે. શ્રી રાજતિલક સૂરીશ્વરજી મ. તથા પ. પૂ. ગચ્છાધિપતી પૂ. આચાર્યદેવશ્રી મહોદય સૂરીશ્વરજી મ. ના શુભ નિશ્રામાં પ. પૂ. મુનિરાજ શ્રી હિતરુચિ વિજય મ. ની પાંચમી દીક્ષા તિથિ નિમિતે શેઠ શ્રી ઇશ્વરલાલ પ્રેમચંદ પરિવાર તરફથી વૈ. વ. ૫ સવારે ગૃહ આંગણે પૂજ્યોનું પ્રવચન થયેલ બાદ ગુરૂપૂજન તથા સંઘ પૂજન થયેલ. પૂજ્યોને સંઘો પોપકરણ વહોરાવેલા.

: સિનોરમાં ભવ્ય ગુરૂમંદિર નિર્માણ :
ઉજવાએલો ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર આ. ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.એ દીક્ષા લીધા બાદ પૂ. ઉ. શ્રી વીરવિજયજી મ.ની નિશ્રામાં સૌ પ્રથમ ચાતુર્માસ અને તે વખતે જ સૌ પ્રથમ પ્રવચન જે ભૂમિ ઉપર કર્યું હતું તે સિનોરની ભાગ્યવંતી ભૂમિ ઉપર પૂ. આ. ભ. શ્રીનું એક વિશાળકાય ભવ્ય સ્મારક નિર્માણ થનાર છે.

પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી મહોદય સૂ.મ.સા.ના શુભાશિષ લઇને પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિ. મ.ના મંગલ માર્ગદર્શન મુજબ શ્રી ભારત વર્ષીય જિનશાસન સેવા સમિતિ આ સ્મારકનુ સમગ્ર આયોજન કરી રહેલ છે.

વિશાળ ગુરૂમંદિર, જીવન વૃત્તાંતના સચિત્ર દર્શન માટે ચિત્રશાળા વગેરે વિવિધતાથી સભર આ સંકુલના નિર્માણથી હર્ષિત થઈ રહેલા સિનોરના જૈન સંઘ તરફથી આ નિમિત્તે પાંચ દિવસના શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયુ હતુ જે પ્રસંગે પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ. સપરિવાર પધાર્યા હતા. વૈ. વ. ૧૩ના રોજ ગામ બહાર પદ્માવતી માતાના મંદિરેથી ગુરૂ ભગવંતનું સામૈયું શરૂ થયું હતું. જેમાં ગ્રામવાસી ભાવિકોનો અતિ ઉલ્લાસ દૃષ્ટિગોચર થયા કરતો હતો ૧૮ અભિષેક-કુંભસ્થાપના-સિદ્ધચક્ર પૂજન ૧૦૮ પાર્શ્વનાથ પૂજન-શાંતિસ્નાત્ર આ બધા જ જિન ભક્તિના કાર્યક્રમો ખૂબ જ ઉલ્લાસભેર ઉજવાયા હતા. જે. સુ. ૨ ના સંકુલ નિર્માણના શુભારંભ પ્રસંગે શ્રી ભારત વર્ષીય જિન શાસન સેવા સમિતિના બહુસંખ્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જે ભૂમિ પર સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીએ પ્રથમ પ્રવચન કર્યું હતુ તે જ ભૂમિ પર વિધિ કરવામાં આવી હતી અને ગુરૂદેવશ્રીની પ્રતિકૃતિનું પૂજન-વંદન અને સ્તુતિ કરવામાં આવ્યા હતા. પાંચેય દિવસોમાં વ્યાખ્યાનમાં પૂ. મુનિશ્રીએ દેવ-ગુરૂ ભક્તિનું મહાત્વ અને પૂ. સ્વર્ગીય ગુરુદેવના વિશિષ્ટ જીવન પ્રસંગોનું વિશદ વર્ણન કરી સભાને આનંદિત કરી દીધી હતી.

છેલ્લે દિવસે જિન ભક્તિરૂપ રથયાત્રા નો વરઘોડો આખા ગામમાં ફર્યો હતો જેમાં સંઘના ઉત્સાહી યુવાનોએ મનમૂકીને ભક્તિની રમઝટ મચાવી હતી. આ આખાય મહોત્સવમાં સિનોરના વતની મુંબઇ-અમદાવાદ-સુરત વગેરે સ્થળોએ રહેતા તમામ લોકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો. સંગીતકાર સિનોરના જ સતીષભાઈએ સુંદર રીતે ભક્તિરસ પીરસ્યો હતો.

ટુંકમાં ગુરૂમંદિર નિર્માણના શુભારંભમાં જ દેખાયેલો ઉત્સાહ કાર્યની સુદ્રઢતાના એંધાણ સમાન હતો. કેટલાક ભાગ્યશાળી ઓએ ગુરૂમંદિર માટે માતબર રકમના દાનો પણ જાહેર કર્યા હતા.

છેલ્લા દિવસે એક અતિ પ્રશંસનીય કાર્ય એ થયું હતુ કે– 'દેરાસરના પૂજારી-ઓને પગાર દેવદ્રવ્યમાંથી અપાય છે.' એની જાણ પૂ મુનિશ્રીને થતાં તેના માટે સુંદર સમજણ આપતાં સિનોરના જિનાજ્ઞાપ્રેમી ભાવિકો તૈયાર થઇ ગયા હતા અને તે સુધારો થઇ ગયો હતો.

પાટણમાં પ્રભાવના

વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દે. શ્રી ગુણયશ સૂ. મહારાજ તથા આધ્યાત્મિક પ્રવચનકાર પૂજ્ય આ. દે. શ્રી કીર્તિયશ સૂ.મ. ભીલડીયા તીર્થમાં મુ. કીરીટકુમાર કોરડીયા વાવવાળાને દીક્ષા પ્રદાન કર્યો બાદ પાટણ પધારતા શ્રી સંઘે ભાવભીનું સાગૈયું કર્યું હતું. પૂ ન્યાયાંભોનિધિ પંચાલ દેશોદ્ધારક પૂ. આત્મારામજી મહારાજના સ્વર્ગારોહણ શતાબ્દિ તિથિ હોવાથી પૂજ્યશ્રીના ગુણાનુવાદ રાખવામાં આવેલ. નગીનભાઇ પૌષધ શાળાના વિશાળ હોલમાં ભરચક સભામાં પૂજ્યશ્રીએ દોઢ કલાક સુધી સદ્ગત પરમ તારકશ્રીજીના 'સત્યનિષ્ઠા' આદિ અનેક દુર્લભ ગુણો ઉપર વેધક પ્રકાશ પાથર્યો હતો. વિકટ સમયમાં અવિકટ પરિસ્થિતિમાં રહી પ્રભુ માર્ગની રક્ષા-આરાધના અને પ્રભાવના કરી જાણનાર તેઓશ્રીના જીવનને જાણી તેઓશ્રીના ગુણો આત્મસાત કરવા જોઇએ એવી પ્રેરણા કરી હતી.

ત્યારબાદ સંઘપૂજનાદિ કાર્યક્રમ પત્યા બાદ સભાની પૂર્ણાહુતિ થઇ હતી. જેઠ સુદ ૧૧ ના દિવસે સિદ્ધાંત નિષ્ઠ સ્વ. આ શ્રી વિ. સોમચંદ્ર સૂ. મહારાજ સા. ની ૪ થી સ્વર્ગા રોહણ તિથિ હોઇ 'આજ્ઞાનો પ્રેમ' વિગેરે તેઓશ્રીના ગુણો પૂજ્યશ્રીએ સુંદર શૈલીમાં વર્ણવી સભાને પૂજ્યશ્રીના એ ગુણો મેળવી લેવા ભલામણ કરી હતી.

પાલીતાણા– પૂ. આ. શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં જંબૂદ્વીપ તીર્થમાં શ્રીમતી રસીબાબેન વિનુભાઇ સંઘવી ભાવનગરવાળા તરફથી ચૌત્રી ઓળી થતાં ૫૩૦ આરાધકો થયા ભાવનગર ગોડીજી જિનાલયે વૈ.સુ. ૧૦ની ૨૭ જિનબિંબની પ્રતિષ્ઠા થઇ. ત્યાંથી સુરત પધારતા વાડીને ઉપાશ્રય કૈલાશનગર અઠવા લાઇન્સ અઠવા ગેટ ભટાર રોડ વિ. સાચવેા થયા અઠવા લેન્સ ગેલેકસી એપાર્ટમેન્ટ જિન મંદિર શિલાસ્થાપન થયા મુ. શ્રી પૂર્ણાનંદ સાગરજી મ. પાસેથી માર્ગદર્શન મેળવી ત્રણ સ્થાનકવાસી સાધ્વીજીએ તપાગચ્છમાં દીક્ષા લીધી પૂ. આ. શ્રી વલ્લભેશ્વર તીન બત્તી બાબુના ઉપાશ્રયે દ્વિ. આ. સુ. પના ચાતુર્માસ પધારશે.

પૂ પ. શ્રી જિનચંદ્ર સાગરજી પૂ. પ. શ્રી હેમચંદ્ર સાગરજી મ. આદિ કંપોઇમાં પૂ. મુ. શ્રી આગમચંદ્ર સાગરજી મ. પરિવારના ત્રણ અને ઈંદોરમાં પૂ. મુ. શ્રી પદ્મચંદ્ર સાગરજી કુટુંબના ૪ ભાવુકોને દીક્ષા આપી સુરત વાડીના ઉપાશ્રયે ચોમાસાનો પ્રવેશ દ્વિ. આ. સુ. ૨ ના કરશે.

卐

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ) —શ્રી ચંદ્રરાજ

અંતે... મહાભિનિષ્ક્રમણના પંથે...!

સંસારી લોહીની સગાઇને છેહ દઈને સંયમના શણગાર શા શ્વેત વસ્ત્રોમાં નીચી નજરો ઢાળીને રહેલા મહાસતી સીતા સાધ્વીજી પાસે આવીને રામચંદ્રજી બે હાથ જોડી ઊભા રહ્યા. અને વિચારે ચડયા કે- "અહો ! અત્યંત સુકોમળ આ રાજપુત્રી મારી પત્ની સીતા ટાઢ-તડકાના આતંકને કેવી રીતે સહી શકશે ? મહાવ્રતોના આ દુર્વહ-દુર્ધર સંયમભારને તે શી રીતે વહન કરી શકશે. ?

અથવા તો (સતીવ્રત જેવા દુર્ધરવ્રતને પણ પર પુરૂષના નગરમાં રહીને વહી શકયા.) રાવણ જેવો સ્ત્રી લંપટ પણ જેના સતીવ્રતને જરા સરખી પણ પીડા પહોંચાડી નથી શકયો, એવા દુષ્કર વ્રતને આચારી જાણનારા આ ભગવતી સંયમના ભારને પણ જીંદગીભર વહી-નિભાવી જાણશે."

આમ વિચારી અહોભાવથી રામચંદ્રજી સહિત લક્ષ્મણાદિ આર્યા સીતા સાધ્વીને વંદના કરીને ગંભીર-ગમગીન ધીમા પગલે અયોધ્યા નગરીમાં આવ્યા.

એક વખત વૈતાઢય પર્વત ઉપર કાંચનપુર નગરમાં બે રાજકુમારીના યોજાયેલા સ્વયંવરમાં ગયેલા લવણ અને અંકુશને ક્રમશઃ મંદાકિની અને ચંદ્રમુખીએ વરમાળા પહેરાવતા ક્રોધે ભરાઇને લક્ષ્મણના અઢીસો પુત્રો યુદ્ધ કરવા તૈયાર થતાં, લવ-કુશે કહ્યું 'અમે પિતા કે કાકામાં કશો ભેદભાવ નથી રાખ્યો તો તમારી સાથે પણ અમને કશો ભેદભાવ નથી જ.' આવા ભાવ લવ-કુશના જાણીને શરમિંદા થઇ ગયેલા તે દરેક વૈરાગ્ય પામી મહાબલ મુનિ પાસે દીક્ષિત થયા.

આ બાજુ પોતાના મહેલના ધાબા ઉપર ઉભા ઉભા એકવાર ભામંડલ વિચારતા હતા કે- 'વૈતાઢય પર્વતની ઉત્તર-દક્ષિણની બન્ને શ્રેણિ જીતી લઈને સર્વ આનંદ પૂર્વક હરી-ફરીને દીક્ષા લઇને હું પૂર્ણ ઇચ્છાવાળો બનીશ.' અને એટલામાં જ આકાશ-માંથી વિજળી તેમના મસ્તક ઉપર પડતાં ભામંડલ મૃત્યુ પામ્યા. અને દેવકુરુમાં યુગ-લિકપણે ઉત્પન્ન થયા.

બીજી બાજુ ચૈત્ય વંદનાર્થે મેરૂ પર્વત ઉપર ગયેલા હનુમાને પાછા ફરતા સમયે અસ્ત થતાં સૂર્યને જોયો. અને વૈરાગ્ય ધારામાં ચડવા વિચાર્યું કે- અસ્ત થતાં આ

સૂર્યની જેમ સંસારની સર્વ વસ્તુ અશાશ્વત છે. ધિક્કાર છે. આ સંસારને આમ વિચારી પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી હનુમાને ધર્મ રત્નાચાર્ય પાસે દીક્ષા લીધી. તેની સાથે સાડી સાતશો રાજાઓએ તથા તેમની પત્નીઓએ પણ લક્ષ્મીવતી આર્યા પાસે દીક્ષા લીધી.

ધ્યાનની અગ્નિથી કર્મોના કાષ્ટો ભસ્મ સાત કરીને હનુમાન મોક્ષે ગયા.

હનુમાનની દીક્ષા સાંભળીને રામચંદ્રજીએ વિચાર્યું કે– 'ભોગ સુખોને તજીને તેમણે અવી કષ્ટદાયી દીક્ષા કેમ સ્વીકારી ?'

રામચંદ્રજીની વિચારણા જાણીને સૌધર્મેન્દ્ર દેવોને કહ્યું કે– કર્મની ગતિ કેવી વિષમ છે. ચરમ શરીરી રામ જેવા રામ પણ હનુમાનની દીક્ષાની હાંસી ઉડાડે છે. અને એટલું જ નહિ પાછા વિષય સુખની પ્રસંશા કરે છે. અથવા તો હવે સમજાયુ કે રામ–લક્ષ્મણનો ગાઢ સ્નેહ એવો છે કે– સંસાર નિર્વેદ પેદા થવા જ દેતો નથી.'

હવે કોઇ બે દેવો રામ–લક્ષ્મણના પરસ્પરના ગાઢ સ્નેહની પરીક્ષા કરવા આવ્યા. લક્ષ્મણના મહેલે જઇને માયાથી આખા અંતઃપુરને કરૂણ કલ્પાંત કરતુ બતાવ્યુ– "વિરવને ભયભીત કરનારૂ હે પદ્મ ! હે રામ ! આ તમારૂ અકાળ મૃત્યુ કેમ થયું ?" આ પ્રમાણે બોલતા બોલતા છાતી કુટતી વિખરાયેલા વાળવાળી અંતઃપુરની સ્ત્રીઓને જોઇને દુઃખી દુઃખી થઇ ગયેલા લક્ષ્મણજીએ વિચાર્યું કે– શું મારા જીવનના પણ જીવનાધાર ભ્રાતા મૃત્યુ પામ્યા ?–હે છળ કપટથી હત્યા કરનારા હત્યારા યમરાજ ! તેં આ શું કર્યું ?" આટલું બોલતા બોલતા તો લક્ષ્મણજીના પ્રાણ ચાલ્યા ગયા.

પ્રાણ વિનાના લક્ષ્મણજીને જોઇને દેવોએ અત્યંત પશ્ચાતાપ કરતાં વિચાર્યું કે– 'એક વિરવધાર આ પુરૂષરત્નને આપણે રમત કરવાની ઘેલછામાં અરે રે ! હણી નાખ્યો' આમ અનાહક પસ્તાવો કરતા દેવો ગમગીન બનીને ધીમી ગતિએ સ્વર્ગમાં પાછા ફર્યા

અંતઃપુરનું આક્રંદન સાંભળીને રામ ત્યાં આવીને કહેવા લાગ્યા કે– કશું જાણ્યા કર્યા વિના આ શું અમંગલ રૂદન ચાલુ કર્યું છે ? લક્ષ્મણ મારો ભાઇ તો જીવતો બેઠો છે, મરી ગયો. નથી તરત આવેલા વૈદ્ય–જ્યોતિર્વિદ–માન્ત્રિક તાંત્રિક બધા નિષ્ફળ જતાં રામચંદ્રજી એક ભયાનક મૂર્ચ્છા ખાઇને ઢળી પડયા. કેમે કરીને ભાનમાં આવતા કરૂણ સ્વરે મોટે મોટેથી રડવા લાગ્યા. અને વિભીષણ–સુગ્રીવ–શત્રુઘ્ન–કૌશલ્યાદિ માતાઓ પુત્રવધૂઓ સાથે પોકારી પોકારીને રડવા લાગ્યા. પ્રત્યેક માર્ગ, પ્રત્યેક દુકાન, પ્રત્યેક ઘર રાજઘરના કરૂણ ક્રંદનથી અત્યંત કરુણ બની ગયુ. અયોધ્યા આખી શોકના કરુણ સાગરમાં ડુબી ગઇ હતી.

એવા સમયે જ નમસ્કાર કરીને લવણ-અંકુશે કહ્યું કે "હે તાત ! કાકાના મૃત્યુથી આજે સંસારથી ભયભીત બનેલા અમને તથા સર્વને પણ આવું અકસ્માત મૃત્યુ આવવાની પૂરી શક્યતા છે. માટે પરલોકની સાધના માટે અમને અનુજ્ઞા આપો. કાકાએ તજી દીધેલા આ ઘરમાં હવે અમને રહેવું નહિ ગમે." આમ કહી અમૃતઘોષ મુનિ પાસે બન્નેએ દીક્ષા લીધી.

ભાઇના મૃત્યુ અને પુત્ર વિયોગથી વારંવાર મૂર્છા ખાઇને પડી જતાં રામચંદ્રજીને ગદ્‌ગદ સ્વરે વિભીષણાદિએ કહ્યું કે– પ્રભો ! લક્ષ્મણનો અગ્નિસંસ્કાર કરો.'

આથી કોપાયમાન થઇ રામચંદ્રજી બોલ્યા કે હે દુર્જનો ! મારો ભાઇ તો જીવે છે પણ તમારા ભાઇઓના અગ્નિસંસ્કાર કરો અમ અહીંથી.

હે ભાઇ લક્ષ્મણ ! તું બોલ, કેમ બોલતો નથી ? આ દુર્જનો સમક્ષ તારે ક્રોધ કરવો ઉચિત નથી લાગતો.' આમ કહી લક્ષ્મણના મડદાને ખભે નાંખીને રામચંદ્રજી અન્યત્ર ગયા. રોજે મૃત લક્ષ્મણને નવડાવે-ધોવડાવે ખવડાવે એમ કરતાં કરતાં છ-છ મહિના વીતી ગયા.

આખરે સ્વર્ગે ગયેલા જટાયુ અને કૃતાંતવદન સેનાપતિએ આવીને યુક્તિ પૂર્વક રામચંદ્રજીને પ્રતિબોધ પમાડયા.

લક્ષ્મણનું મડદુ ઉંચકીને રામચંદ્રજી નગરમાં ઘુમ્યા કરતાં હતા તે તકનો લાભ ઉઠાવીને ઇન્દ્રજીતના પુત્રો આદિએ તથા અન્ય ખેચર શત્રુઓએ ભેગા મળીને અયોધ્યા નગરીને ઘેરો ઘાલ્યો. અને રામચંદ્રજીને હણી નાંખવા તક શોધવા લાગ્યા.

મડદુ ઉઠાવીને જ રામચંદ્રજીએ વજ્રાવર્ત ધનુષ્યનો ટંકાર કર્યો. એ જ અરસામાં રામચંદ્રજીને બોધ પમાડવા આવેલા જટાયુદેવને જોતાં જ ઇન્દ્રજિત પુત્રો વિગેરે ફફડી ઉઠયા કે હજી દેવો રામને આધીન છે. અને લજ્જા પામીને હરકે રતિવેગ મુનિવર પાસે દીક્ષા સ્વીકારી.

પ્રતિબોધ પામેલા રામચંદ્રજીએ શત્રુઘ્નને અયોધ્યાની રાજ્ય ગાદી સંભાળવાનું કહેતા તેણે પણ દીક્ષા લેવાની જ વાત કરી તેથી લવણના પુત્ર અનંગદેવને રામચંદ્રજીએ અયોધ્યા રાજ્ય સોંપીને સુવ્રત નામના મહામુનિવર પાસે શત્રુઘ્ન વિભીષણ વિરાધ તથા અન્ય કેટલાંયે રાજાઓએ સંયમ સ્વીકાર કર્યો. રામચંદ્રજીની દીક્ષા સાંભળીને વૈરાગ્ય પામેલા સોળ હજાર રાજાઓ તથા સાડત્રીશ હજાર સ્ત્રીઓએ સંયમ સ્વીકાર કર્યો

રામાયણના પાત્રો સંસાર છોડીને સંયમ માર્ગે અને કેટલાક મૃત્યુ પામીને પરલોકના પંથે ચાલી નીકળ્યા હતા. સીતાદેવી પણ કાળધર્મ પામી સીતેન્દ્ર બન્યા હતા.

કોઇ આજ જશે કે કાલ, પંખીડાનો મેળો.
એ ઉપકાર તમારો કદિએ ના વિસરે, આ સંસાર થકી જે મુજને ઉદ્ધારે.

(૨) જઘન્ય મધ્યમ બીજો ભેદ–યથા શક્તિ ઘણા નવકાર કહેવાથી.

(૩) જઘન્ય ઉત્કૃષ્ટ ત્રીજો ભેદ–એક નવકાર પછી શક્રસ્તવ કહેવાથી.

(૪) મધ્યમ જઘન્ય ચોથો ભેદ–ઈરિયાવહી, નમસ્કાર, શક્રસ્તવ, ચૈત્યદંડક, એક સ્તુતિ કહેવાથી.

(૫) મધ્યમ, મધ્યમ પાંચમો ભેદ–ઇરિયાવહી, નમસ્કાર, શક્રસ્તવ, ચૈત્યદંડક, એક સ્તુતિ, લોગસ્સ કહેવાથી

(૬) મધ્યમ ઉત્કૃષ્ટ છઠ્ઠો ભેદ–ઇરિયાવહી, નમસ્કાર, શક્રસ્તવ, અરિહંત ચેઇયાણં, થુઇ, લોગસ્સ, સવ્વલોએ, થુઇ, પુક્ખરવર, સુયસ્સ, થુઇ, સિદ્ધાણં બુદ્ધાણંની ગાથા ત્રણ આટલું કહેવાથી આ છઠ્ઠો ભેદ થાય છે.

(૭) ઉત્કૃષ્ટ–જઘન્ય સાતમો ભેદ–ઇરિયાવહી, નમસ્કાર, શક્રસ્તવાદિ દંડક પાંચ, સ્તુતિ ચાર, નમુત્થુણં, એક જાવંતિ૦ જાવંત૦ એક, સ્તવન એક, જયવીયરાય૦ આટલું કહેવાથી ઉત્કૃષ્ટ જઘન્ય નામનો સાતમો ભેદ થાય છે.

(૮) ઉત્કૃષ્ટ મધ્યમ આઠમો ભેદ–આઠ થુઇ, બે વાર ચૈત્યસ્તવાદિ દંડક આટલું કહેવાથી આ ઉત્કૃષ્ટ–મધ્યમ નામનો આઠમો ભેદ થાય છે.

(૯) ઉત્કૃષ્ટ–ઉત્કૃષ્ટ નવમો ભેદ–સ્તોત્ર, પ્રણિપાત દંડક, પ્રણિધાન ત્રણ આ કરવા સાથે આઠ યોગ, બે વાર ચૈત્યસ્તવાદિ દંડક : આટલું કહેવાથી આ ઉત્કૃષ્ટ–ઉત્કૃષ્ટ નવમો ભેદ થાય છે.

આ ઉપરોક્ત નવ પ્રકારની–નવ ભેદવાળી ચૈત્યવંદના શ્રી જિનમતમાં આચીર્ણ છે. આગ્રહ રહિત પુરૂષ ઉચિત કાળે–જે કાલે જે ચૈત્યવંદના કરવી ઉચિત લાગે તે કાળમાં તે ચૈત્યવંદના કરે તો તે સઘળાય નવભેદ શુભ છે, મોક્ષ ફલના દાયક છે.

ઉત્કૃષ્ટ ત્રણ ભેદની ચૈત્યવંદના, શક્તિ હોય તો ઉભય કાલમાં કરવી યોગ્ય છે. તેમાંય શ્રાવકોએ તો વિશેષ પૂર્વક કરવી જોઇએ. કેમકે, શ્રાવકોને માટે સૂત્ર–આગમમાં આ પ્રમાણે કહેલ છે કે—'શ્રી જિન પ્રતિમાની અગરૂ, ધૂપ, પુષ્પ, ગંધ આદિ પૂજા કરવામાં અત્યંત ઉદ્યમી એવા શ્રાવકો ઉભય કાલમાં સ્તોત્ર, સ્તુતિ કરવા પૂર્વક ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કરે.

બાકીના, જઘન્યના ત્રણ અને મધ્યમના ત્રણ એ છ ભેદ ચૈત્યવંદનના જે રહે છે, તે દેશ–કાલ મુજબ સાધુઓ, શ્રાવકે ચૈત્ય પરિપાટી આદિમાં કરવા. આદિ શબ્દથી મૃતક સાધુને પરઠવ્યા પછી જે ચૈત્યવંદના કરીએ છીએ તેમ કરવા.

આ પ્રમાણે શ્રી કલ્પભાષ્યની ગાથામાં ફક્ત ચૈત્યપરિપાટીમાં જ ત્રણ થોયની ચૈત્યવંદના, પૂર્વોક્ત નવ ભેદમાંથી છઠ્ઠા ભેદવાળી કરવાની કહી છે. પરંતુ પ્રતિક્રમણની આદિ–અંતની ચૈત્યવંદના ત્રણ થોયની કરવાની કોઇપણ જૈન શાસ્ત્રમાં કહી નથી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- જીવમાત્રને દુઃખ પર દ્વેષ છે. સુખ પર રાગ છે. તેને લઇને તે જેટલું ભણ્યે-ગણ્યે છે, તે બધું તેને અજ્ઞાન રૂપે પરિણામ પામે છે. તે જેટલો સમજુ મને તેટલો વધારે ભૂંડો થાય છે. તેની અકકલ વધે તેમ વધારે નુકશાન કરનાર બને છે.
- સંસારનું સુખ મળે પુણ્યથી પણ તે પુણ્ય ખરાબ હોય તો જીવને ગાર્યા વિના રહે નહિ.
- આજના માનવ કલ્યાણવાદી એટલે માનવના 'કલ્યાણ માટે ગમે તેને મરાય પણ માનવ 'હરામખોર' હોય તેને જીવાડાય.
- ભોગ ધન એ બે ખરાબમાં ખરાબ ચીજ છે તે બે જેને ખરાબ લાગે તે ધર્મ સાંભળવા લાયક કહેવાય આ બે એ તો આખા જગતને પાયમાલ કરે છે. આ બે ભૂંડા ન લાગે તો સમજી લેવું કે તે ધર્મ સાંભળવા લાયક તો નથી. પરંતુ તે બે ભૂંડી રીતે મેળવવા-ભોગવવા પડે તેનું ય દુઃખ ન હોય તે તે નકામાં માં નકામો જીવ છે.
- ઇચ્છાનો ગુલામ સદા દુઃખી. ઇચ્છાનો માલિક સદા સુખી.
- આ સંસારનું સુખ મોહરાજાએ જગતને ખવરાવેલ ઝેર ખાઇને બેભાન બનેલાં લોકોને, જગાડવા માટે ધર્મ એ ડીમડીમ જેવો છે.
- સંસાર એટલે અર્થ અને કામ. તે અર્થ કામથી બચાવી મોક્ષે મોકલી આપનાર ધર્મ છે.
- આ જન્મમાં સુખી થવા પૈસા અને પૈસાથી મળતું સુખ જેને જરૂરી લાગે તે બધા અનંતજ્ઞાનીની દૃષ્ટીએ અજ્ઞાન છે.
- જેને પૈસા પર ધૃણા થાય તેને જો પૈસા મળે તો તે પોતાનું અને પારકાનું ભલું કરે. પરંતુ જેને પૈસો સારો લાગે તેને પૈસા મળે તો તે પોતાનું અને પારકાનું ભુંડું જ કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વહવાણ ચોક (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

જા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनं पत्र

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

જા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

મિથ્યાદૃષ્ટિનો સેવા તે આત્મગુણનો નાશ કરનારી છે.

जं तवसंयमहीणं, नियमविहुणं च बंभपरिहीणं ।
तं सेलसमं अयत्तं, बुड्डुं तं बोलए अन्नं ।।

જે તપ-સંયમથી રહિત છે. નિયમ વિનાના છે, બ્રહ્મચર્યથી રહિત છે તેવા અયત-અવિરતિ જીવો પત્થરના વહાણ સમાન હોવાથી પોતે ય ડુબે છે અને બીજાને પણ ડુબાડે છે.

જા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

વર્ષ ૮

અંક ૪૬+૪૭

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન

જા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

જા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

જા. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
જિ. ગાંધીનગર, પિન-382009.

—શ્રી પ્રજ્ઞાંગ

नवधा चैत्यवंदना यन्त्रकमिदम्

(१) जघन्य जघन्या–प्रणाममात्रेण यथा 'नमो अरिहंताणं ।
इति पाठेन यद्वा एकेन श्लोकेन नमस्काररूपेण ॥१॥

(२) जघन्य मध्यमा–बहुभिर्नमस्कारैर्मंगछवृत्तापराभिधानैः ॥२॥

(३) जघन्योत्कृष्टा–नमस्कार १ शक्रस्तव २ प्रणिधानैः ॥३॥

(४) मध्यम जघन्या–नमस्काराः चैत्यस्तवदंडकः ।
एकः स्तुतिरेका श्लोकादिरूपा इति ॥४॥

(५) मध्यम मध्यमा–नमस्काराश्चैत्यस्तव एकः स्तुति द्वयं एकाधिकृतजिन-विषया एक श्लोकरूपा द्वितीया नामस्तवरूपा यद्वनमस्काराः शक्र-स्तव चैत्यस्तवौ स्तुतिद्वयं तदेव ॥५॥

(६) मध्यमोत्कृष्टा–ईर्यानमस्काराः शक्रस्तवः चैत्यादिदंडक स्तुति ४ शक्रस्तवः द्वितीयशक्रस्तवांताः स्तवप्रणिधानादिरहिता एकवाष्ट वंदनोच्यते ॥६॥

(७) उत्कृष्ट जघन्या–ईर्यानमस्काराः दंडक ५ स्तुतिः ४, नमोत्थुणं जावंत स्तवन १ जयवी० ॥७॥

(८) उत्कृष्ट मध्यमा–ईर्यानमस्काराः शक्रस्तव चैत्यस्तव एवं स्तुति ८, शक्रस्तव जावंति० स्तव जयवीय० ॥८॥

(९) उत्कृष्टोत्कृष्टा–शक्रस्तव ईर्यास्तुति ४ शक्रस्तव स्तुतिः ५ शक्रस्तव जावंति जावंत स्तव जयवीय० शक्रस्तव ॥९॥

ભાવાર્થ:—ચૈત્યવંદનાના જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ છે. દરેકના પણ જઘન્યાદિ ત્રણ ત્રણ ભેદ છે. નમસ્કાર જે અંજલિ જોડી મસ્તક નમાવવા રૂપ લક્ષણ પ્રણામ માત્ર કરવા અથવા 'નમો અરિહંતાણં' ઇત્યાદિ પાઠથી અથવા એક–બે શ્લોકાદિ રૂપ નમસ્કાર પાઠ પૂર્વક નમસ્ક્રિયા લક્ષણ રૂપ કરવાભૂત કરી જાતિ નિર્દેશથી ઘણા ઘણા નમસ્કાર કરવાથી થતી જઘન્યાજઘન્ય ચૈત્યવંદનઃ પાઠ ક્રિયાના અરૂપપણાથી થાય છે.

(જુઓ ટાઈટલ ૩ જું)

કચ્છવાગડદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ કોઠ
(ચકચાલા)
ચાલાચંદ ધરમશી ગુડકા
(ચાણગઢ)

વર્ષ : ૮] ૨૦૫૨ દ્વિ.આ. સુદ-૧૫ મંગળવાર તા. ૩૦-૭-૯૬ [અંક : ૪૬-૪૭

કચ્છવાગડ દેશોદ્ધારક પૂ. આ. શ્રી

કનકસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(વાગડદેશોદ્ધારક પૂ આ શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.ની શ્રા. વદ-૪ની સ્વર્ગા રોહણ તિથિ આવે છે તે નિમિત્તે પ્રવચન અત્રે રજુ થાય છે. સં.)

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (ગતાંકથી ચાલુ) -અવ૦

આપણે સુધરીએ ત્યારે શાસન મળે કે આપણે બગડીએ અને શાસનને બગાડીએ ત્યારે શાસન મળે ! તમને અત્યારે શું કરવું જરૂરી લાગે છે ? આજે ધર્મ, શાસ્ત્રમાં લખેલો છે. આપણે તો ધર્મની વાત કરવા શાસ્ત્રનો આધાર લઈએ છીએ. આપણે શાસ્ત્રને આધા મૂકવા છે કે શાસ્ત્રને જીવતા રાખવા છે ? મૂળ કયાં છે ! જીવ આત્મ સુખ ઇચ્છતો થાય ત્યારે જ તેનામાં ધર્મની લાયકાત આવે. દુનિયાના સુખ તરફ આંખ હોય ને ધર્મ કરે તો ય કયારે અધર્મી થાય તે કહેવાય નહિ. ધર્મ માટે જ ધર્મ કરનારા જીવ ઓછા જ રહેવાના. ધર્મ માટે જ ધર્મ થાય ત્યારે આત્મસુખની પ્રતીતિ થાય ! આજે ખરાબી શા કારણે છે ? આ દુનિયાનું સુખ જ ગમ્યું છે માટે આત્મિક સુખનો જેને આનંદ હોય તેવા વિરલ આત્માઓ હશે. તેવા આત્મા દૃષ્ટિ-ગોચર ન ય બને. તેમના પરિચયમાં આવો તો તમને ય થાય કે આમ જીવાય !

તમને થાય કે, આવી રીતે જીવે છે તો શકિત નથી માટે કે મેળવવું નથી માટે ?

એક કાળમાં ધર્મી માણસ માગે નહિ, માગવા આવે નહિ. તેમને શોધવા પડે. એક શહેરમાં થોડા માણસો તેવાઓને શોધવા ફરતા. તે વખતે અરજી મંગાવતા ન હતા. ખુરશી-ટેબલ ઉપર બેસી વહીવટ ન હતા કરતા. અરજીમાં આખી જાત પુછવી કરવાની. આજે તો વાંધો નથી ને ?

તેવી રીતના જાત-તપાસ કરતા બે આગેવાન સદ્‌ગૃહસ્થો એક ઘરમાં ગયા. તે ઘરમાં સ્ત્રી-પુરુષ અને ત્રણ બાળકો હતા. પાંચ માણસનું કુટુંબ હતું. તે ઘરના પુરૂષે તે બે ગૃહસ્થોને આવકાર આપી કોથળા ઉપર બેસાડયા, પાણીની વિનંતિ કરી ઘર જોતાં લાગ્યું કે બહુ સામાન્ય સ્થિતિ છે. ઘરના પુરૂષે તે બેને કેમ પધારવું થયું તેમ પૂછયું તો બધી વાત કરી અને કહે કે- કેમ ચાલે છે ? તે કહે- બહુ સારી રીતના ચાલે છે. આ બે કહે શી રીતના ચાલે છે ? તે કહે- હું જ્યાં નોકરી કરું છું ત્યાં મને પંચાવન (૫૫) રૂા. નો પગાર છે. પાંચ રૂા. ભાડાના ભરું છું, ત્રણ રૂા. બચાવું છું અને સુડતાલીસ (૪૭) રૂા.માં આનંદથી જીવીએ છીએ. બહુ જ સારૂં છે. વળી કહે કે- મને પંચાવન રૂા. તો મલે છે. પણ જો હું હાથ ચાલાકી કરૂં તો બીજા પંચાવન મલી શકે તેમ છે. પણ મારે તે જોઇતા નથી. તમને આવા જીવ કેવા લાગે ? તમને ગમે ? બહુ અણસમજુ, ધર્મ ઝાઝો સમજેલા નહિ પણ જૈન સંસ્કાર જીવતા કે પાપના માર્ગે જવું નહિ. આ સાંભળી પેલા બેની આંખમાં ઝળહળિયા આવ્યા. વળી તેણે કહ્યું કે, મારા કરતાં વધુ જરૂરિયાતવાળાને આપણે મારે જરૂર નથી તમને લોકોને કાંઇ સમજાય છે ? જૈન સંસ્કારવાળા અને શાસનની છાયા પામી હોય તે જીવો કેવા હોય !

ત્યારે 'મારો હક' કોઇ કરતું ન હતું. આજે હકનો હડકવા જાગ્યો છે. હક કોને મળે ? બળિયાના બે ભાગ તેમ દુનિયામાં કહેતી છે. પણ આજે બળિયાના સઘળા ભાગ. જે આડું અવળું કરી શકે તે જ સારી રીતના જીવી શકે. તેને પરલોક ભુલવો પડે. અમને ઉપદેશ આપે કે- પરલોકની શી ફત્તર ખાંડો છો ! પહેલા આ લોકને સુધારો. સાધુઓ મુરખ છે. પુણ્ય-પાપ-પરલોક કરે છે. પહેલા આ લોકની દુઃખ ભાંગો પેટ ન ભરાય તેની ચિંતા કરો.

દરેક કાળમાં ધર્મ માટે સાધુપણું દુનિયાના સુખના વૈરી બન્યા વગર આવે તેમ નથી. સુખ મજેથી ભોગવે તેને સાધુપણાનો આનંદ ન થાય. સુખને ધક્કા મારે દુઃખને વેઠે તેને સાધુપણાનો આનંદ આવે. આવા સાધુઓ ખાવાના દિવસને ભારે ગણે, તપના દિવસને મજેનો માને. તપમાં મજેથી સ્વાધ્યાય થાય તેમ માનતા, જ્યારે આજે

આપણને તેથી જાંણું છે. તપના આનંદનો અનુભવ નહિ. ખાવાના આનંદનો અનુભવ ઘણો.!

આપણે જે મહાત્માની સ્વર્ગસ્થિતિની ઉજવણી કરી રહ્યા છીએ તેમણે એવા પ્રદેશમાં વિચરી જે ઉપકાર કર્યો છે તે આજે પણ તે પ્રદેશના લોકો યાદ કરે છે. મુંબઇમાં પણ વાગડવાળા ભિન્ન ભિન્ન જગ્યાએ વસે છે પણ આજે તેમને યાદ કરે છે. વાગડની પ્રજા ખેડુત હતી. કોઁક કોઁક વેપાર કરવા અહીં આવ્યા અને વસ્યા તેય આજે યાદ કરે છે. તે પ્રદેશ ઉપર ઉપકાર કરી શકયા તેમાં તેમનો ત્યાગ તપ અને સંયમનો પણ ઘણો ફાળો છે. ધર્મ સારો છે, સંસાર ખોટો છે તે વાત તેમને બધાને એવી રીતના બેસાડી કે આજે પણ યાદ કરે છે. તે કાળમાં ત્યાં સાધુઓનું આવા-ગમન નહિ, ખેડુત પ્રજા પણ તેમણે વિચરી તે બધા ઉપર ઘણો ઉપકાર કર્યો. બધાને ધર્મ સમજાવ્યો. પછી તેમની આજ્ઞા પ્રમાણે બધા ચાલતા-જીવતા. આજે ત્યાંય સુધારો પેસવા લાગ્યો છે.

ભગવાનનું સાધુપણું લેવું, સારી રીતે પાળવું, અનેક જીવોને ધર્માભિમુખ કરવા તે નાનું-સૂનું કામ છે! સાધુ પાસે આવે તે જીવ કમમાં કમ ધર્મનો જ રસિયો થાય! સાધુ પાસે આવી દુનિયાના રોકણા ન રોવે તેવો વર્ગ થાય તો ઘણું સારૂં, અમારી પાસે આવનાર અમારે ત્યાં મંદિર-ઉપાશ્રય નથી, મારાથી આ ધર્મ થતો નથી તેમ કહે તો વાંધો નથી. તે તેના સંસાર માટે જ રોવે તો શું થાય? સુસાધુનો પરિચય હોય તો આપત્તિને ય પાપનો ઉદય માને, સંપત્તિરૂપ માને પણ તેના પણ તેના રોકણા ન રૂવે. મજેથી ધર્મ કરે.

આ અંગે એક શેઠનું દૃષ્ટાન્ત કહ્યું છે પણ તમે લોકો યાદ રાખતા નથી. એક મોટા શેઠે ધર્મ પામ્યા પછી સ્વદ્રવ્યથી જ સુંદર મંદિર બંધાવ્યું, પ્રતિષ્ઠા કરાવી. તેનો પરિવાર પણ મોટો હતો. થોડા સમયમાં પાપના ઉદયે તેની સ્થિતિમાં ફેરફાર થયો. બધા કુટુંબી એક થઇ ગયા અને કહે કે-'શેઠે ઘરમાં ધર્મ ઘાલ્યો એટલે ધન ઘાલ્યું.' છોકરાઓ બાપાને સમજાવે કે, 'આ ઠીક નથી થતું" બાપ પણ તેઓને સમજાવે કે-'ધર્મ માટે તેમ બોલાય નહિ. ભુતકાળનો અશુભનો ઉદય આવે તો ધન જાય તો ભલે જાય. ધર્મ રહે તો શું ચિંતા છે.' ઘરમાંથી ધન ચાલવા માંડયું, શેઠની ગેરહાજરીમાં તેમનું આખું કુટુંબ દીકરા, દીકરાની વહુઓ અને સગી પત્ની પણ ભેગું મળ્યું. અને બધાએ નિર્ણય કર્યો કે, હવે શેઠને કહી દો કે, 'કાં ધર્મ છોડો કાં ઘર છોડો!'. કુટુંબ તેમનું છે, પરિવાર તેમનો છે, શેઠે જાતે મહેનત કરી ધન ભેગું કર્યું છે. તે પછી તે બધા શેઠને કહે કે='કાં ધર્મ છોડો કાં ઘર.' શેઠે વિચાર

કર્યો કે, હવે આ લોકોને સમજાવવાનો વખત નથી. ઉપકારી ધર્મ છોડવો નથી. તેથી ઘર છોડી નીકળી ગયા. ફેરી કરી, ફોથળો નાખી આજીવિકા મેળવે છે આવા હાલતમાં પણ ત્રિકાળ પૂજા કરે છે. નાની રૂમમાં રહે છે. તેમને ઘર યાદ કરે છે. નાની રૂમમાં રહે છે. તેમને ઘર યાદ પણ નથી આવતું. ઘરની દિશામાં પણ જતા નથી. આનંદ મને છે પહેલા ધર્મ કરવામાં અંતરાય આવતો હતો, આજે કોઈ જ અંતરાય નથી. ઉભયકાલ આવશ્યક ચાલુ છે. સ્વાધ્યાય, ધર્મક્રિયાઓ વિશેષ રીતે કરે છે.

આવી રીતના મજેથી શેઠ જીવી રહ્યા છે. તેનાં એક વાર પર્વનો દહાડો આવે છે. શેઠ મંદિરે પૂજા કરવા ગયા છે. ત્યારે માલણ એક પુષ્પનો સુંદર હાર ગુંથીને લાવેલી. અને આ જ શેઠને આપવો તેમ નક્કી કરીને આવેલી. તેને ખબર પડી ગયેલી કે, શેઠની પરિસ્થિતિ પલટાઈ છે, શેઠ ઝુપડીમાં રહે છે. જે હોય તે આ હાર શેઠને જ આપવો છે, કેમકે; શેઠે મને ઘણું આપ્યું છે. તે માલણ સોને લદાયેલી આવતી. માલણે શેઠ પાસે આવીને કહ્યું કે– આ હાર આપના માટે જ બનાવ્યો છે અને આપને જ આપવાનો છે. શેઠ કહે કે– હાલ મારો વખત નથી. માલણ કહે કે આપને જ આપવાનો છે. આ શરીર ઉપર જે દાગીનાદિ છે તે બધું આપનું જ છે. માટે બંને વિચાર કરતા નહિ. મને બધી ખબર છે માટે મારે કાંઇ જોઇતું જ નથી." શેઠ કહે હું આવું છું. આજ સુધીમાં આઠ આની બચાવેલ તે લાવ્યા અને મુઠી વાળી આપી કહે કે, આપ્યા વિના રહેવાય નહિ. આટલું આપું છું. આવો સુંદર હાર મફત તો લેવાય જ નહિ.

બધા છેહ દે તો ય આનંદ આવે ! છોકરા, ઘણીયાણી પોતાના નહિ ! છતાં ય યાદ આવે છે ? આ બધું બની રહ્યું છે તે જ વખતે જેમનાથી પોતે પ્રતિબોધ પામેલા અને મંદિરની પ્રતિષ્ઠા કરાવેલ તે જ ધર્માચાર્ય પણ ત્યાં આવેલા તેમણે આ બધું જોયું શેઠની હાલત જોઈ સમજી ગયા કે, હાલતમાં ફેરફાર છે. તેથી તે શ્રી આચાર્ય પૂછે કે, 'શેઠ શી સ્થિતિમાં છો ?' ત્યારે શેઠ વિનયપૂર્વક કહે કે–ભગવંત ! **મને ખાત્રી છે કે, આપ મારી સંસારની સ્થિતિ તો પૂછો જ નહિ. મારી ધર્મની જ સ્થિતિ પૂછો તે ચઢતે રંગે છે. પહેલા નહોતી તેના કરતાં મજેની છે.'** આનું નામ ધર્મી ! આત્મસુખનો અર્થી તે આનું નામ ! આત્મામાં અપૂર્વ સુખ છે. ચાર સંતાનો અને સગી સ્ત્રી કહે, કે ઘર છોડો પણ તેને થયું નથી કે કેવો કાળ આવ્યો ! ઉલટો તેને આનંદ થયો કે, હાશ ! ધર્મ કરવાની તક મલી. **સદ્‌ગુરુ આગળ સંસારના રોદણા કદી ન રોવાય. સમજુ જીવ કદી પણ ન રોવે.**

આ મહાપુરુષ વાગડમાં ઘણું વિચર્યા છે, ઘણો ઉપકાર કર્યો છે. અજ્ઞાન પ્રજાને ધર્મ માર્ગે ચઢાવી છે અને ધર્મ કરતી કરી છે. અજ્ઞાન લોકો સાચો ધર્મ સમજાવી, ધર્મમાં સ્થિર કરી, ધર્મ કરતા કરવા તે નાનો ઉપકાર નથી. આમની પરંપરામાં આવેલા પણ ત્યાં વિચરી ઉપકાર કરી રહ્યા છે. ભગવાનના શાસનને જે મહાત્મા આવી રીતે ચલાવે તેનો પણ શાસન ઉપર ઉપકાર હોય છે. આ મહાત્મા ભદ્રિક કોટિના હતા. એવી રીતે જીવન ગાળતા, શાંતિથી બેસતા કે તેમને જોઈ બીજા ધર્મ પામે. તેમના તે ઉપકારની સ્મૃતિ આજે કરી રહ્યા છીએ.

શ્રી જૈન શાસન એવું અદ્‌ભૂત છે કે, જેને ગમી જાય તે ગમે ત્યાં હોય પણ ઉપકારીને ભૂલે નહિ તો આમાંથી કોઈકવાર એવો ક્ષયોપશમ જાગી જશે કે ધર્મ પામી શકે. અજ્ઞાનો આવી રીતે ધર્મ કરી શકે છે પણ ધર્મ પામવા ઘણું અજ્ઞાન ટાળવું પડશે. તમે કહો કે, **સામગ્રીથી સુખી નથી. હૈયામાં ધર્મથી સુખી છીએ. આ સામગ્રીથી સુખ માનીશ તો રોવું પડશે અને ધર્મથી સુખ માનીશ તો ગમે ત્યારે ગમે તેવી સ્થિતિમાં આનંદ કરી શકીશ. તમે અત્યારે સુખી છો? મજામાં છો? સુદેવ-ગુરુની કૃપાથી સુખ માનનારો દુઃખમાંય સુખી? દુનિયાની સામગ્રીથી સુખ માનનારો રોજનો દુઃખી!**

આ વાત જો હૈયામાં ઉતરી જાય તો શ્રી જૈન શાસનની છાયા પડે. જેથી ધર્મની સામગ્રી ભવાંતરમાં સુલભ બની જાય અને બધું પામી પણ જાય.

મારે તમને ઇચ્છાયોગી અને શાસ્ત્ર યોગી બનાવવા છે. તેની ઇચ્છાવાળો સાધુપણામાં જ રમે. આવી ભાવનામાં રમનારા ભગવાનનું સાસણ પામે અને સુંદર રીતે પાળે જેમ આ મહાપુરુષ સાધુ થયા. સુંદર રીતે પાળ્યું. અને ગુરુકૃપાથી ઉત્તમ પદ પામ્યા, સારી રીતે જીવ્યા બિમારીના કાળમાં પણ સમાધિથી જીવ્યા અને સમાધિમાં કાળધર્મ પામ્યા. વડિલોની છાયામાં રહીને સંયમ પાળી, પોતાના અને પરના ઉપકારને સાધી ગયા. તેમના તે ગુણો આપણામાં આવે તે શુભેચ્છા સાથે પૂર્ણ કરવામાં આવે છે.

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

卐 શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો 卐

પ્રતિષ્ઠા દિન વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટુંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિતે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ) ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય, ૩. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય. ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક-શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુષ્કાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી જૈન પાઠશાળા-જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ. બુદ્ધિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા. પૂ. આચાર્યદેવ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા.ક. : ભાભર આવવા માટે અમદાવાદ-પાલનપુર-ડીસા-શંખેશ્વર-ભીલડી-વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ-ભીલડી-પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

— ભાભર તીર્થની યાત્રાએ પધારો —

મુ. ભાભર તા. દીઓદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૭૭૧

ખોટું ન લગાડતા હો ને...

— શ્રી ભદ્રંભદ્ર

જાહેરાત આપવાનું મોકુફ છે.

'એક અગત્યની જાહેરાત'

ભદ્રંભદ્રને ગમે ત્યાંથી, ગમે તે સંજોગમાં, ગમે તે કાળે, મન ફાવે તે રીતે આખા ભારતમાંથી (ફોરેન તો આવા બબુચકને તક કોણ જાય?) પકડી આપશે તેને પાંચ કરોડનું ઇનામ ઇન્કમટેક્ષ માફીનું ગેરંટીવાળું આપવાનું વિચારવામાં આવશે.'

આ જાહેરાત મારા વાંચવામાં આવી એટલે અમે જાહેરાતવાળાની ઓફિસે ફોન જોડયો. અમે પૂછયું ભદ્રંભદ્રના સંબંધી શોધી આપે તો આપે કે નહિ? જાહેરાત એજન્ટો મુંઝાયા. આ તો સાલી રામાયણ થશે. ભદ્રંભદ્રને એના કોઈ વહાલા સગા પકડી લાવશે તો પાંચ કરોડની વગર લેવા દેવાની ઉઠશે. આવું લાગતા તેમણે અમને કહ્યું કે– હજી અમારી જાહેરાત પૂરેપૂરી છપાઇ નથી ગઇ. ઉપરની તમે વાંચી તે હજી અધુરી છે. અનુસંધાન આવતી કાલે આવશે. અમે પૂછી લીધું શું બાકી રહ્યું છે. તો કહે કે– 'ઉપરની અગત્યની જાહેરાતમાં ભદ્રંભદ્રને વળગતા લાગતા, વહેલા–સગા, કે તેના કોઈપણ જાતના પરિચિતો આ શોધખોળની જાહેરાતમાં ભાગ લઈ શકશે નહિ.'

એટલે અમે પાછુ પૂછયુ કે–'ભદ્રંભદ્રના દુશ્મનો આમાં ભાગ લઈ શકશે કે નહિ?' પેલા એજન્ટો પાછા મુંઝાયા. તેમની નજર સામે તેર દિવસની સાંજપની સરકારથી માંડીને મોરચાના ફૈવીધેડાના પ્રસંગો સડસડાટ પસાર થવા માંડયા. એજન્ટોને આ સંસારની અસારતા જણાઇ ગઇ. નજર સામે જ બે પક્ષો કે જે સામસામે ગાળા ગાળી કરતા હતા તેમને ગળે ગળા મિલાવતા કે ગબ્બા–ગબ્બા મોઢા કરતા જોયેલા. અને ગળે–ગળા મિલાવનારા ગળા કાપમાં પડેલા પણ તેમને યાદ આવ્યા આવું પાછું ગાંધીના જ રાજકારણમાં નહિ પણ જૈન ધર્મના પણ રાજકારણમાં જોયું. કોમ્પ્રોમાઇઝના આ યુગમાં ભળેલા–ગળેલા સાથે વરસો સુધી રહેલા દૂધ અને પાણીની જેમ એકમેક થઇ ગયેલા કોમ્પ્રોમાઇઝના સમર્થક સંત જનો કોઇ કમ ભાગ્યથી એક બીજાથી છૂટા પડયા તેવા વર્તમાન પત્રોના સમાચારો પણ પેલા જાહેરાત એજન્ટોએ વાંચેલા. એટલે તેમણે પાછુ કહ્યું કે– તે જાહેરાતના અનુસંધાનમાં એમ પણ સમજવું કે– 'ભદ્રંભદ્રના વિરોધિઓ પણ આ શોધખોળમાં ભાગ લઇ શકશે નહિ.'

આ ઉપરની જાહેરાતમાં આટ–આટલો ફેરફાર થયો તેથી કંઇ તમારે સંમેલનના ઠરાવોને યાદ કરવાની તકલીફ લેવાની

જરૂર નથી. એ તો હમણા કશી હેરાનગતિ નથી કરતું.

હવે પાછું મેં પૂછ્યું કે–'ભદ્રંભદ્રના આ લોકના સંબંધી નહિ પણ પરલોકના સંબંધી તો આંમાં ભાગ લઇ શકે ને ?'

એજન્ટો ખરેખર ખિજાયા અને મુંઝાયા. કેમકે કોઇ દેવ અહીં આવી જાય તો ? પછી તો તેમણે રીતસરનું મગજ હતું તેનાથી પણ વધારે પડતું વિચાર્યું કે સાલું આખરે ભદ્રંભદ્રને શોધી કાઢીને ય આપણે કામ પણ શું છે ? આ કંઇ કોઇ પણ જાતના 'કાંડનો' રીંગ લીડર નથી કે તેને શોધતાં આપણને કંઇ ઇનામ મળે. આ બબુચક સૂતો છે તો ભલે સૂતો. જાગશે તો પાછો કયાં ક આપણી સામે જ કટાક્ષે લખશે જવા દે ને. આટલું વિચાર્યા પછી પેલા એજન્ટો બોલ્યા કે 'હમણાં ભદ્રંભદ્રના શોધખોળની જાહેરાત મોકુફ રાખવામાં આવી છે. આ વાત સંમેલનના ઠરાવ સાથે ના જોડાય. કેમકે ઠરાવો મોકુફ રાખ્યા નથી.

મેં ભદ્રંભદ્રે પાછુ એજન્ટોને પૂછ્યું કે 'ભદ્રંભદ્રને નહિ શોધી આપનારને કંઇ ઇનામ છે ખરૂં ?' પેલા કંટાળીને એજન્ટ પદેથી રાજીનામુ આપીને દેવાળુ કાઢીને કંપની બંધ કરીને ચાલ્યા ગયા. આ વાત પણ સંમેલન સાથે ના જ જોડાય. કારણ કે.... સમજી ગયા ને. બસ ત્યારે !

હવે જ્યારે જાહેરાત આપવાનું બંધ રહ્યું છે અને જગત આખું તો નહિ પણ ભારત આખું (ધર્મ, અધર્મ બધા ક્ષેત્રે) મોરચા સરકાર જેવી જ વિચારધારા ધરાવે છે, યથા રાજા તથા પ્રજાની જેમ ત્યારે હવે ભદ્રંભદ્ર બુદ્ધિનો ઉપયોગ મૂકીને જૈન જગતમાં પણ બની રહેલી આવી જ પરિસ્થિતિ જોઇને ફર કરવા કે તેને આધીન થવા હવે અવતાર ધારણ કરી રહ્યા છે. ભદ્રંભદ્રની એક લાંબી ઉંઘમાં તો ખનન વિધિથી માંટીને અંજન શલાકા સુધીના તથા દીક્ષાથી માંડીને પદવીઓના પ્રસંગો સુધીના ઇતિહાસો સર્જાઇ ગયા. આવા સુંદર પ્રસંગોમાં પણ ખોડ ખપખો કાઢનારા કોઇ બે ચાર નંગો મળી જાય ખરા. પણ તેની પરવા નહિ કરવાની ઇતિહાસ સરજવો હશે તો નંગોની ગમે તેટલી સાચી હોય તો ય તે વાત માનવાની જરૂર નથી. આવી બધી બાબતોથી વ્યથિત થયેલા ભદ્રંભદ્ર હવે પાછા આવી રહ્યા છે જો જો લોકો તમે તેને વધાવવા તૈયાર રહેજો.

લીંબુ નાળીયેર અને સવા રૂપિયો છૂટો લઇને આવજો.

–: સુધારો :–

અંક ૩૪ પાન નં. ૮૦૪ નિદ્રાની ભયંકરતાના લેખમાં મોહનીય કર્મના ૨૮ અંતરભેદ છે તે જણાવ્યું છે તેના બદલે દર્શનાવરણીય કર્મના ૯ ભેદ છે તે જાણવું.

અંક ૩૫+૩૬ પેજ ૮૨૧ ઉપરના ગુલાબુવાદમાં સં. ૨૦૪૯ લખેલ છે ત્યા સંવત ૨૦૩૯ વાંચવા તારીખ સાચી છે.

શ્રી અવંતિ સુકુમાલ

—શાહ રતિલાલ દેવચંદ ગુદકા [લંડન]

ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછીના પાંચમાં આરામાં ઘણા ઘણા એવા મહાપુરૂષો થઇ ગયા છે કે જેમના ચરિત્રો વાંચતા આપણે આપણા આત્મ કલ્યાણના માર્ગમાં વિકાસ સાધી શકીએ જરૂર ને. મહાપુરૂષોમા જીવન ચરિત્ર મોજુદ હોવા છતાં જે રીતે તેને આત્મસાત્ કરવા જોઇએ– જે રીતે તેના ગુણગાન ગાવા જોઇએ– જે રીતે તેમાં આહલાદ ભાવ પેદા થાય તે રીતે આપણે નથી કરવા તેથી જ આપણે આપણ પોતાને નબળા કાયર માનીએ છીએ. આ શાસનના પાને છે, તે વાત રજુ કરૂં છું અવંતિ સુકુમાલનું જીવન એવું અદ્‌ભુત છે કે જે આ લેખ વાંચતા આપણા માતા–તમારા જે ખ્હાના કાઢવાની ટેવ નિકળી જાય આપણે ધર્મ પામ્યા છીએ તેની ઓળખાણ શું ? આપણા જીવનનું અને આત્માનું પરાવર્તન એ એવું કે આપણા સગા સ્નેહી મિત્ર પણ કહે કે ભાઇ તો હવે ફરી ગયા, માનવ તો મહાન છે ઉત્તમ છે પોતે હિવસ છે. જ્યારે બીજા ભવો હલકા છે રાત્રિ જેવા છે. પોતા દિવસે જાણી જોઇને જે ગુન્હો હલકું કામ કરીએ તો એની સજા પણ આપણને મોટી મળે ને મોટી હોય છે. માનવ ભવમાં કરેલી ભૂલોની શિક્ષા પણ ભયંકર હોય છે, તો આજે આપણને સુધર્મ મળ્યો છે તો તેનું આલંબન લઇ જીવનનું પરાવર્તન કરી ભૂલોમાંથી બચવું જોઇએ. જાણ્યા પછી ભયંકર દોષ લાગે છે અને એના માટે આપણે જરૂર કટીબદ્ધ થવું જોઇએ.

આર્ય સુહસ્તિ મહારાજ અને સંપ્રતિ મહારાજાનો આ સમય હતો. ઉજ્જૈની નગરી ઘણી જાહોજલાલી ભોગવી રહી હતી. ઉંચા ઉંચા આલીશાન મકાનો વિશાળ રસ્તાઓ અને ગગનચુંબી જિન મંદિરોથી શહેર રમણીય લાગતું હતું. આજ નગરીમાં ધન–ધનાઢય સમૃદ્ધ શ્રીમંતને ત્યાં અવંતી સુકુમાળનો જન્મ થયો હતો. માતાનું નામ ભદ્રા હતું. મહેલના સાતમા માળે અવંતિ સુકુમાળનું નિવાસ સ્થાન છે. શાહનું એવું સામ્રાજ્ય છે કે તે તેમને ઘણી જ સુંદર રીતે ઉછેરે છે. પુખ્તવયે તેમને ૩૨ રાજકન્યા જોડે સાથે પાણી ગ્રહણ કરવામાં આવે છે. કોઇ જાતનો વેપાર કે રોજગાર મજુરી કે કામધંધાની માથાકુટ તેમને કરવાની નથી. ત્યારે શું કરવાનું ? ફકત પોતે કરેલા પુણ્ય ના મીઠા ફળ ભોગવવાના અને આનંદ મોજ કરવાની બસ.

આવા સમયે (અવશરે) આર્ય સુહસ્તિ મહારાજ શહેર બહાર પધાર્યા છે અને

બે સાધુઓને વસતિ (મુકામ જગ્યા) ના તપાસ કરવા મોકલ્યા છે. બે મુનિરાજો ભદ્રા શેઠાણીને ત્યાં આવ્યા.

ભદ્રા કહે પધારો મુનિરાજ મારા અહોભાગ્ય આપને શું ખપ છે મને લાભ આપો ત્યારે મુનિરાજ કહે છે કે અમોને બીજુ કઈપણ હાલ ખપ નથી પરંતુ અમારા ગુરૂ મહારાજ શ્રી આર્ય સુહસ્તિજીએ અમોને મુકામની તપાસ કરવા મોકલાવ્યા છે.

ત્યારે ભદ્રા શેઠાણી કહે છે કે અહીં ઘણી જગ્યા છે એમ કહી ખુબ આતુરતા બતાવી અને ઘણી જ ધામધુમથી આચાર્ય મહારાજને સન્માન પુર્વક પોતાના ઘરે લાવ્યા અને અલગ જગ્યા કાઢી આપી. અને પોતાના જીવનને ધન્ય માનવા લાગી.

કારણ કે તે કાળના લોકો જાણતા હતા કે જેટલું સ્વાર્થમાં જાય અને પરમાર્થમાં ન જાય તે ખારા સમુદ્રમાં જાય છે. માટે પરમાર્થ કરી લઇએ. તેવી ભાવના ભાવતા હતા.

હવે જ્યાં આર્ય સુહસ્તિ ગુરૂ મહારાજને મુકામ આપ્યો છે ત્યાં મુનિરાજ રોજ નવા નવા સૂત્રનો સ્વાધ્યાય કરતા હોય છે. એક વખત સંધ્યાનો સમય છે સૂર્ય પશ્ચિમમાં ડુબતો હોય છે. પંખીઓ પોતાના માળાઓ તરફ પાછા ફરે છે. મધુર શીતળ પવન વાય રહ્યો છે મહેલના સાતમા માળે અવંતિ સુકુમાલ ઝરૂખામાં બેઠા છે. એ જ સમયે મુનિરાજ મધુર સ્વરે સ્વાધ્યાય કરતા હોય છે- નલીની ગુલ્મ વિમાનનો સ્વાધ્યાય ચાલતો હતો. તે સૂત્રનું પરાયણ કરતા હતા- તેમાં આટલા પૂણા અમુક થાંભલા તેની ઉંચાઇ પોળાઇ અને તેના ઝરૂખા વગેરેનું વર્ણન થતું હતું.

અવંતિ સુકુમાળ વર્ણન સાંભળતા જ ચમકી ઉઠયો અને લાગ્યુ કે આવું મેં કયાંક જોયું છે. તરત જ વર્તમાન જીવન ભૂલ્યો, અને જાતિ સ્મરણ જ્ઞાન થયું, તે જ નલિની ગુલ્મ વિમાન કે જ્યાંથી તે અસંખ્ય વર્ષના સુખ ભોગવીને આવેલ છે. તે તેને સાક્ષાત દેખાય છે. અને તરત જ નીચે ઉતરી મુનિરાજને પુછવા જાય છે. મુનિરાજ પાસે જઇ વંદન કરી બેસે છે. અને પૂછે છે. મને આપ નહિ ઓળખતા હો. પણ હું ભદ્રા માતાનો પુત્ર છું અને એક વાત ખાસ જાણવા ઇચ્છુ છું.: મુનિરાજ- ખુશીથી પૂછો ગભરાશો નહિ.

અવંતિ કહે- આપે જે નલીની ગુલ્મ વિમાનનું વર્ણન કર્યું તે આપો કયાંથી જાણ્યું. મુનિરાજ કહે આ બધું શાસ્ત્રમાં ભર્યું પડયું છે. તેથી અમે જાણીએ છીએ.

અવંતિ સુકુમાળ કહે પણ પ્રભુ નલિની ગુલ્મ વિમાનમાંથી તો હું આવું છું. તમે જે વર્ણન કરો છો તેવું જ ત્યાં છે અને મને પણ એમ લાગે છે કે પછી ત્યાંથી

જ આવો ક્રમ પણ પ્રભુ ત્યાં હવે જવાય કેવી રીતે તે મને બતાવો. ત્યાં તો છે રત્ન અને વળી મોતીના ઝગઝગાટ, દેવાંગનાઓનાં નૃત્યો, નાટક, ચેટક અને ગીત-સંગીતનો સાગર, ચંદ્રને પણ ભૂલાવે તેવી શીતળતા નથી ત્યાં ગંદી કાયા, રોગ, શોક અને મજુરી ભર્યું જીવન અહી તો ખીચડીનો સ્વાદ લેવો પડે તો પણ હાથ બગાડવો પડે ને મોં બગાડવું પડે. અહીં જરા એ ચેન નહિ પડે. ક્યાં નલિની ગુલ્મ વિમાનનાં સુખ અને ક્યાં આ ગટરીઆ સુખ.

મુનિરાજનાં દર્શનના સાથે જ આત્મામાં પરિવર્તન થાય છે. અને અવંતિ સુકુમાળની સંસાર પ્રત્યેની આસ્થા ઉઠી જાય છે. મુનિને સાચો માર્ગ બતાવવા પ્રાર્થના કરે છે.

મુનિરાજ કહે છે કે હે બાળ નલિની ગુલ્મ વિમાનના સુખ સંયમથી મળે છે અને અનુત્તર વિમાનના સુખ પણ સંયમથી મળે છે. પણ તે સુખ તો ક્ષણિક છે. ઝાંઝવાના નીર જેવા છે અધૂરા છે. સંયમથી તો મોક્ષનું અક્ષય સુખ મળે છે અને અવશ્ય મેળવી શકાય છે સંસારના વિષય સુખ એટલે તરસ્યાંને ખારા પાણીના સુખ, તે ઉભલ તરસ લગાડયા વિના રહે નહિં તેના કરતા મોક્ષના સુખ એટલે પરમ સુખને મેળવ કે જેથી સંસારના અવગતિના ભવભ્રમણથી દુર થવાય.

અવંતિ કહે તો બસ મને ચારિત્ર આપો. હવે હું શુરો થઇ ગયો છું હવે રણમાં દોડવું મારા માટે સહેલું છે. એવું સંયમનું શરણું આપો કે કર્મની સામે ભીષણ લડાઇ કરી ભવભ્રમણને પાર ઉતરું. જગતના સુખ બેકાર તે કાયમ મજુરી કરાવી બધું તેલ કઢાવી ચારો આપે, અને જેમ બળદીઓ ખુશ થાય છે. તેવી જ આપણી સ્થિતિ છે. આપણને કાગી મજુરી કરાવે અને પુણ્ય થોડું સુખ આપે એટલે આપણે રાજી થઇએ છીએ. મુનિરાજ કહે ઘેર પૂછ તો ખરો માતાની રજા લેવી જરૂરી છે.

તરત જ ઉપર આવે છે અને મા પાસે જાય છે માતાના ચરણમાં વંદન કરીને વિનંતિ કરે છે, કહે છે કે હે માતાજી ! મને અનુમતિ આપો કે આર્ય સુહસ્તિ મહારાજ પાસે મારો માનવ જન્મ સફળ કરું. માયાના પાંજરામાં પુરાયેલા મને આ બંધન ગમતાં નથી. મને રજા આપો અને મારા આત્મ કલ્યાણના માર્ગને સરળ બનાવો. વિરાગીના આત્માની પહેલી વાણીનો પડઘો કુટુંબમાં કેવો પડે. કુવો સારો કે જેવો અવાજ કરીએ તેવો પડઘો મળે. પણ કુટુંબમાં અવળો પડે છે.

મા કહે છે પુત્ર તારૂં તેજ આમ કેમ થઇ ગયું ત્યાં જાવાના ખેલ નથી. ત્યાં તો તલવારની ધાર પર ચાલવાનું છે. મીણના દાંતે લોખંડના ચણા ચાવવાના હોય છે. એમ તને રજા નહિં આપી શકાય બેટા અવંતિ.

પણ આત્માના પરિણામ બદલાયા છે. મોક્ષના પરમ સુખની તાલાવેલી લાગી છે. તેથી માને કહે છે, કે હે, મા, તું મને કેમ આવી અવળી શિખામણ આપે છે, જે સંયમે આપીને પણ લાયાં છે. અને જો આપણા ઓછા હશે તો આપને પણ જરૂર તારશે. શું કરવા ફોગટનો રાગ કરે છે. જે સુખ મેં જોયા છે તેની આ સુખ તો જાણે મારી ફુર મશ્કરી કરી રહ્યા હોય તેમ મને લાગે છે પણ મા હા' ના કર્યા કરે છે. આ તેને જરાયે ગમતું નથી. અવંતિ સુકુમાળે તરત જ અંદર જઇને પોતાના હાથે લોચ કર્યો અને સાધુના કપડા પહેરી ધર્મલાભ આપ્યો આવી ઉભા.

માતા કહે તે આ શું કર્યું ? તારા મુખને જોઈને જે સુખ દેખાતું તે દુઃખને પણ ઠારી નાખતું હતું. તારો વિયોગ મારાથી કેમ સહન થઇ શકશે. વળી તારી સ્ત્રીઓમાં શું અવગુણ જોયો ? તારી સેવા કરતી હતી. તારી દાસી થઇને રહેતી હતી. તેમનું શું થશે ? જરા વિચાર તો કર પણ અવંતિ સુકુમાળ અડગ હતા, અચળ હતા, તેથી એકની બે ન થઇ, માતાએ રજા આપી અને સ્ત્રીઓએ પણ રજા આપી કુંવર બહો ખુશ થયો અને નાચી ઉઠ્યો. અને કહે છે તમારો ઉપકાર ભૂલ્યો નહિ ભૂલાય.

ગુરુ પાસે આવે છે, અને ચારિત્રને ગ્રહણ કરે છે. ભદ્રામાતા પણ ત્યાં આવે છે. અને ગુરૂને કહે છે મહારાજ ! મારો હૈયાનો હાર છે. કલેજાનો કોર છે અને દેહનો પ્રાણ છે, તેને સંભાળજો. આજ જે વ્રત લે તેને બરાબર પાળજે અને આત્માનું કુળનું પણ કલ્યાણ કરજે.

અવંતિ કહે પ્રભુ મારાથી લાંબો તપ થઇ શકે તેમ નથી. અને લાંબુ ચરિત્ર પણ પળાય તેમ નથી. પણ કહો તો અનશન કરી લઉં અને થોડા જ વખતમાં શિવપુરી જાઉં કેટલી શ્રદ્ધા હશે. ચારિત્ર ઉપર પોતાને પોતા ઉપર દેવગુરુ ધર્મ ઉપર અને કેટલું મનબળ આત્મબળ હશે ? ગુરુએ તેની અડગ શ્રદ્ધા જોઇ અનુમતિ આપી. બધાની સાથે ક્ષમાપના કરી ગુરૂની રજા લઇ ચાલી નીકળ્યા.

સ્મશાનમાં તે રસ્તા તરફ ચાલી નીકળ્યા. અંધારું છવાઇ ગયું છે. તારાઓ પોતાનો પ્રકાશ પૃથ્વી પર પાથરવા અશક્તિમાન બન્યા છે, ઘોર રાત્રીમાં ઘણો ઠેકરો લાગે છે. કેળના જેવી અને સુવાવની કળી જેવા કોમળ પગમાંથી લોહીની ધારો છુટી નીકળે છે. ઘોર અને શાંત સ્મશાનમાં આવે છે. જગ્યા પૂંજી અને ધ્યાન ખુલ્લા તરફ નમુથ્થુણં સૂત્ર બોલે છે. : પ્રભુ આજે સમોવસરણમાં બેઠા છે. જગતના જીવોને તારે છે. અને મને પણ તારશે

અર્હંનું શરણું અંગીકાર કરી નાસિકા તરફ દૃષ્ટિ રાખી કાઉસ્સગ્ગમાં ઉભા છે. કાઉસ્સગ્ગ એટલે સ્થાન ધ્યાન અને મૌનથી નિશ્ચલતા, કયાં સુધી ? જ્યાં સુધી દેહમાં

આત્મા હોય ત્યાં સુધી.

દૂર રહેલી એક શિયાળણ લોહીની સુગંધથી પોતાના ભાવ સાથે ફાળ ભરતી કુદતી અને દોડતી ત્યાં આવી. પૂર્વ ભવની વૈરી છે. ચટ ચટ દાંતથી અવંતિ સુકુમાળની ચામડી ચુંથવા માંડી ઘટઘટ લોહી માંસ પીવા માંડી અને ત્રડત્રડ નસો તોડવા માંડી.

જેવા શિયાળણના કષાયો વધારવાના સંયોગ તેવા અવંતિ સુકુમાળના કષાયો ઘટાડવાના સંયોગ એક પગ ખુંચવા માંડયો, ચામડી તોડે છતાં કાઉસગ્ગમાં ઉભેલા અવંતિ જરાયે બોલતા નથી. શા માટે નથી બોલતા ? શું જોયું ? સંયમથી સુખ છે. અને સંયમમાં કષ્ટ હશે તો વધારે સુખ છે. ત્રણ કલાક સુધી એક પગ કોચો પછી બીજો પગ પણ ત્રણ કલાકે કોચો છતાં મૃત્યુ નથી. તો અસમાધિ પણ નથી, એક ધાર્યું કલાકો સુધી ઉભા રહેવું. કાયા કપાતી હોય છતાં બોલવું નહિં. ત્રીજા પહોરે સાથળ કાપી ચોથા પહોરે પેટ ફરહયું અવંતિ સુકુમાળ પડી ગયા અને દેહ તજયો અને નલીની ગુલ્મ વિમાન મેળવ્યું.

સવારે માતા ગુરૂ પાસે આવે છે પોતાના પુત્ર દેખાતો નથી તેથી ગુરૂને પૂછે છે મારો લાડીલો કેમ દેખાતો નથી ? ગુરૂએ. હું તે તો મારી રજા લઇને સ્મશાનમાં ગયો. હવે તમને નહિ મળે. ગુરૂએ જ્ઞાનથી જોઇ લીધું હતું. મા અને પુત્રવધુઓ જંગલમાં ચાલ્યા ત્યાં આવીને જુએ છે તે હાડપીંજર ચવાઈ ગયેલું પડયું હતું. મા આગળ આવીને કહે છે, તું આટલો નિર્દય કેમ બન્યો. તે ભલે અમને તજયા પણ તારા દેહને કેમ તજયો અરે અમને છોડયા પણ તારા ગુરૂને શા માટે છોડયા. બત્રીસ સ્ત્રીઓ અને સાસુ (મા) વૈરાગ્યે ચડે છે. પણ એક ગર્ભવંતી હતી. સાસુએ કહ્યું તમારે હજુ વાર છે તમે પછી દીક્ષા ગ્રહણ કરજો. ૩૨ સ્ત્રીઓ અને સાસુ (મા) ચરિત્ર લઇ લે છે.

ગર્ભવતી સ્ત્રીને પુત્ર થાય છે તેણે પાર્શ્વનાથનુ સ્મશાનમાં મંદિર બંધાવ્યું તેમાં પિતાના નામ ઉપરથી અવંતિ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સ્થાપન કરી. દુશ્મનોએ તેને વેર-વિખેર કર્યું ત્યારે સિદ્ધસેન દિવાકર સૂરિએ કલ્યાણ મંદિર સ્તોત્ર રચી તેને ફરી સજીવન કર્યું જે આજે પણ મોજુદ છે. આ આત્મિક લેખનો સાર એટલો જ છે કે સંયમ વિના શાંતિ નથી અને શાંતિ–મુકિત વગર સાચી શાંતિ ના મળે સુકુમાળ શરીર ધનવાન અને દેવ ભવ જેવું જીવન છતા ત્યાગ જીવન અને કર્મ ખપાવવા કેટલી સહનશીલતા એજ અગત્યનું છે એ જ સૌ કોઇ આ લેખ વાંચી મુકિત સુખ મેળવવા કટિબદ્ધ બનો એજ એક શુભ ભાવના શિવમસ્તુ સર્વ જગત:

સાધુતા મર્યાદા દર્શન

—હીરાલાલ સવાઈચંદ–મારલા

૫૫ થી ૬૫ વર્ષ પહેલાના સાધુઓમાં મતભેદ હતા. પણ મનભેદ નહિ. શ્રાવક સાથે આત્મીયતા, સહૃદયતા ક્રિયા રૂચી હતી. આ નાનીશેરીના ભાઇઓ ને બેનોના ઉપા-ઉપાશ્રયોમાં કાયમ બે, ત્રણ સંઘાડાના સાધુ–સાધ્વીજી હતા. પરસ્પર મનમેળ હતો. વૈયાવચ્ચ ભેદભાવ રહિત સુપ્રસન્ન મનથી કરતાં, કોઇ દિવસ આ બે ઉપાશ્રય સંવત ૧૯૯૦ થી ૨૦૩૫ સુધી ખાલી સાધુજી કે સાધ્વીજી વગર રહ્યાં નહોતા. વર્ષના બાર મહિના ને ત્રણસો સાઠ દિવસ બિરાજમાન હતા. ગોચરી આદિનો લાભ મળતો.

હું ત્રણેક વર્ષનો હતો ત્યારે ૫ ને ૭ વર્ષની મારી બેનો સાથે સવારમાં સાધ્વી-જીના ઉપાશ્રયમાં ચાલતી પાઠશાળામાં જતો તે સમય પ્રમાણે અનક્ષર વયોવૃધ્ધ સાધ્વીજી મ. સા., મોટો (નેફો હાથે ઓઢેલું) કપડું સૂર્યોદય બાદ જ પડિલેહણ કરતાં. તે કપ-ડાનો દોરો એક છેડેથી કાઢી નાંખી ઓઢેલું ખુલ્લું કરી, ચક્ષુથી પડિલેહણ કરતાં, બાદ તે જ દોરામાં સોય પરોવી કરસીથી સીવતા, ઓટતાં કદી ગાંઠ તોડવી પડે ને નવી મારવી પડે, તો દોરો ટુંકો ન પડે તેથી તે લાંબો રાખતા. જેથી વારંવાર દોરો બીજનો ઉપયોગ ન કરવો પડે. કેવી પડિલેહણની જાગૃતિ ચીવટ નાનપણમાં પડેલ આ છાપ ૨૫–૩૦ વર્ષે સમજણમાં આવી ભણેલા ઓછું પણ સાધ્વાચારમાં મકકમ હતું. અહોભાવ જાગે છે કે કેવી તેઓ ક્રિયા કરતા.

સાધુ મ. સા. માંદા થયા હોય ત્યારે અમારા જેવા રમતા બાળકને સાથે લઇને વૈદ્યરાજ પાસે જાય. ઉભા રહે, ખુરશી કે બાકડા ઉપર બેસે નહી, વૈદ્યરાજ પણ ગાદી કે ખુરશી ઉપરથી ઉઠી, તેમની નાડી, આંખ, જીભ વીગેરે જોઇ, પુછપરછ કરી, પ્રકૃતિ જાણી પુછી, તપસ્યા આદિ કે કોઇ ચીજ બંધી છે કે નહિ તે પૂછી, અણાહારી કે અચિત, બહુ આરંભ વગર બનેલી દવા માત્ર સફેદ, કોરા, ચીનાઇ કાગળમાં આપે. વાપરનારે કહે, તે પડીકાં તે લે નહિ, અમારે લઇ સાથે ઉપાશ્રયે જઇ, કહે ત્યાં મુકવાના જ્યારે વાપરવાના હોય ત્યારે બાજુમાંથી અથવા ઉપાશ્રયમાં આવેલ વ્યક્તિને કહે કે આ દવાના પડીકાનો ખપ છે તે વહોરાવે વાપરો તેમ કહે. પછી તે વાપરે, ને તે પડીકાના કાગળ, પાછા દવા લેવા જાય ત્યારે અમારે લઇ જવાનાં. તેમાં જ વૈદ્યરાજ દવા આપે. દવા જેવી વસ્તુનો પણ સંગ્રહ–પરીગ્રહ રાખે નહિ. જુના વાપરેલા ધસા-યેલાં સફેદ ધોતીયા ચાદરનો ખપ છે તેમ કરે, હોય ને તે ડાઘ કે રંગ ન હોય તો લઇ જાય. ચોલપટો, ઉતરપટ કે પાત્રાની ઝોળી કે ઉતરાસન તરીકે વાપરે, નાળીયેરના

(જુઓ અનુ. પાના નં. ૧૦૪૪ ઉપર)

मूल अर्धमागधी के स्वरूप की पुनः रचना : एक प्रयत्न

--डॉ. के. आर. चन्द्र

(शास्त्रीय सूत्रो आदि अंगे विचार विनिमय द्वारा मागधी भाषा अंगेना अनुभव माटे आ उपयोगी लेख छे. -सं.पा०)

जैन अर्धमागधी आगम साहित्य के प्राचीनतम ग्रंथ आचारांग के प्रथम श्रुतस्कंध के चोथे अध्ययन के प्रथम उद्देशक में अहिंसा धर्म के विषय में भगवान महावीर का उपदेश निम्न प्रकार है--

'सव्वे पाणा सव्वे भूता सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा, न अज्जावेतव्वा, न परिवेत्तव्वा, न परितावेयव्वा, न उद्दवेयव्वा ।'

अर्थात् किसी भी प्राणी की हिंसा नहीं करनी चाहिए और न ही उसे किसी भी प्रकार से पीडित करना चाहिए ।

'यहँ शुद्ध, नित्य और शाश्वत धर्म है जो आत्मज्ञों के द्वारा उपदिष्ट है ।' भगवान महावीर की इसी वाणी की अर्धमागधी भाषा के विभिन्न संस्करणों में निम्न प्रकार से सम्पादित किया गया है—

(१) शुब्रिंग-(१.४.१) एस धम्मे सुद्धे नितिए सासए समच्च लोगं खेयन्नेहिं पवेइए ।

(२) आगमोदय-(१.४.१.१२६) एस धम्मे सुद्धे निइए समिच्च लोयं खेयण्णेहिं पवेइए ।

(३) जैन विश्व भारती-(१.४.१.२) एस धम्मे सुद्धे णिइए सासए समिच्च लोयं खेयण्णेहिं पवेइए ।

(४) म. जैन विद्यालय-(१.४.१.१३२) एस धम्मे सुद्धे णितिए सासए समेच्च लोयं खेतण्णेहिं पवेदिते ।

इन चारों पाठों में जो जो शब्द प्रयुक्त हैं उनमें से निम्न शब्द-रूप एक समान नहीं है—

	संस्कृत	शु.	आगमो.	जै.वि भा.	म.जै.वि.
१.	नित्य=	नितिए	निइए	णिइए	णितिए
२.	समेत्य=	समेच्च	समिच्च	समिच्च	समेच्च
३.	लोकम्=	लोगं	लोयं	लोयं	लोयं
४.	क्षेपज्ञैः=	खेयन्नेहिं	खेयण्णेहिं	खेयण्णेहिं	खेतण्णेहिं
५.	प्रवेदितः=	पवेइए	पवेइए	पवेइए	पवेदिते

स्पष्ट है कि अपने अपने भाषाकीय सिद्धांतो की मान्यता के अनुसार (न कि प्राकृत भाषा के ऐतिहासिक विकास की दृष्टि से और न ही समय, क्षेत्र और उपदेशक की वाणी के स्वरूप को ध्यान में लेकर) और प्राकृत व्याकरण-कारों के नियमों के प्रभाव में आकर (जो न यो काल की दृष्टि से ऐतिहासिक है और न अर्धमागधी भाषा की विशेषताओं को स्पष्ट करते है) अलग-अलग पाठो को स्वीकार किया है जिसके कारण शब्दों की वर्तनी में कितना अन्तर आया है और यह अन्तर क्यों आया उसे ही समझना आवश्यक है ।

(१) किसी सम्पादक ने संयुक्त व्यंजन के पहले ए का इ कर दिया है, समिच्च (समेच्च) ।

(२) किसी ने त का, तो किसी ने द का लोप कर दिया है, नितिए, निइए, पवेदिते, पवेइए ।

(३) किसी ने प्रारम्भिक न का ण कर दिया है, नितिए, णिइए णितिए ।

(४) किसी ने क का लोप किया तो किसी ने क का ग कर दिया, लोयं लोगं । लोयं में उद्वृत्त स्वर की य श्रुति है ।

(५) किसी ने ज्ञ का न्न, तो किसी ने ज्ञ का ण्ण कर दिया है खेयन्न, खेयण्ण ।

(६) किसी ने त्र का त किया तो किसी ने त्र का य किया अथवा

(७) किसी ने द [खेदज्ञ से] का त किया तो किसी ने इ का य कर दिया है ।

(८) इस प्रकार के परिवर्तनों से ऐसा मालूम होता है कि हरेक संपादक की अर्धमागधी भाषा के विषय में अलग-अलग धारणा बनी हुई है ।

(९) इसका मुख्य कारण यही हैं कि अर्धमागधी भाषा का व्याकरण किसी भी व्याकरणकार से हमें स्पष्टतः प्राप्त ही नहीं हुआ हैं ।

इन सभी परिवर्तनो पर विचार किया जाय और उनकी समीक्षा तथा आलोचना की जाय तो अवश्य कुछ न कुछ समझ में आएगा कि इस प्रकार की विभिन्नता कैसे आ गई । शब्दों में प्राप्त ध्वनिगत परिवर्तनो से तो ऐसा प्रतीत होता है कि—

(१) 'पवेदिल' शब्द में किसी को पालि भाषा का आभास होता होगा इस लिए पवेदिअ ही स्वीकारणा उचित लगा हो ।

(२) 'खेयण्ण' और 'नितिय' में 'त' श्रुति की शंका हो गई हो इस लिए 'खेयण्ण' और 'निइअ' ही स्वीकार किया गया हो ।

(३) प्रायः लोप के नियम से प्रेरित होकर त और द का लोप करना उचित मानकर पवेइअ की स्वीकार किया हो ।

(४) ज्ञ का न्न अयोग्य समझकर व्याकरण के नियम से ण्ण कर दिया गया हो ।

इन स्वीकृत पाठों में—

(१) पालि भी है—पवेदित,

(२) पालि और अर्धमागधी भी है—समेच्च,

(३) अर्धमागधी भी है—लोगं और

(४) महाराष्ट्री भी है—लोयं, णिइए खेयन्न ।

(५) भाषा—सम्बन्धी दूसरी ओर अशोक के समय की पूर्वी क्षेत्र की विशेषताएँ भी है—लोगं, मितिए और (खेय)न्ने (हिं) जैसे शब्दों में ।

(६) इस प्रकार के विश्लेषण से यह तो भाषाओं की खिचडी हो ऐसा प्रतीत होता है ।

हरेक सम्पादक के पास जो भी सम्पादकीय सामग्री थी उनमें पाठान्तर भी मोजूद थे परन्तु उनमें से अमुक—अमुक पाठान्तरों को छोड दिया गया है। वास्तव में ऐतिहासिक भाषाविद की दृष्टि से उन पाठों में से किसी एक में

मूल भाषा की प्राचीनता सुरक्षित रह गयी हो । उदाहरणार्थ–

(१). शुब्रिंग महोदय द्वारा उपयोग में ली गइ सामग्री में से चूर्णि और 'जी' संज्ञक प्रत में 'खेत्तन्नेहिं' पाठ उपलब्ध था ।

(२) जैन विश्व भारती की 'च' संज्ञक प्रत में 'खेत्तन्नेहिं' पाठ था ।

(३) म. जै. वि. के संस्करण में उपयोग में ली गई चूर्णि में 'खित्तण्ण' पाठ था ।

(४) ऐसी अवस्था मे 'खेत्तन्न' शब्द को अपने प्राचीन मूल रूप में नहीं अपना कर 'खेयन्न' या 'खेयण्ण' क्यों अपनाया गया जब भाषाकीय विकास की दृष्टि से ये दोनों ही रूप परवर्ती है–पहले खेयन्न और बाद मे खेयण्ण ।

शुब्रिंग महोदय ने मात्र एक ही रूप 'खेयन्न' को आचारांग (प्र. श्रुत-स्कंध) में सर्वत्र अपनाया है परन्तु जै. वि. भा. के संस्करण में 'खेयण्ण' भी मिलता है, आगमोदय समिति के संस्करण में भी खेयण्ण भी मिलत है और म. जै. वि. के संस्करण में खेयण्ण, खेत्तण्ण और खेत्तण्ण तो मिलते है परन्तु खेयन्न नहीं मिलता है । इस शब्द का संस्कृत रूप 'क्षेत्रज्ञ' है जिसका अर्थ है 'आत्मज्ञ' और इस खेयन्न का परवर्ती काल मे टीकाकारों ने 'खेदज्ञ' के साथ जो सम्बन्ध जोडा है वह काल्पनिक है और (मूल भाषा को न समझने के कारण) कृत्रिम परिभाषा देकर उसे (तोड–मरोड कर) समझाने का प्रयत्न किया गया है जिससे तुरन्त मध्यवर्ती द का लोप और य श्रुति से द का य हो जाना है । यह तो मात्र=माय और पात्र=पाय जेसा परिवर्तन हुअ आत्म=अत्त=आत=आय जैसा विकास है ।

१ अतः क्षेत्रज्ञ में त्र के स्थान पर द लाने की जरूरत नहीं थी ।

२ प्राचीन प्राकृत भाषा में त्र का त्त ही हुआ था न कि 'त' का 'य' ।

३ अशोक के पूर्वी क्षेत्र के शिलालेखों में ज्ञ का ञ्ञ है न कि ण्ण ।

४ सामान्यतः न्न का ण्ण ई. स. के बाद में प्रचलन में आया है और वह भी दक्षिण और उत्तर पश्चिम क्षेत्र से, न कि पूर्वी क्षेत्र से ।

५ न्न=ण्ण पूर्णतः महाराष्ट्री प्राकृत की ध्वनि है न कि पालि मागधी, पैशाची या शौरसेनी की ।

६ अतः मूल अर्धमागधी भाषा में न=ण का प्रयोग करना उस भाषा को जबरदस्ती से या जाने अनजाने महाराष्ट्री भाषा में बदलने के समान है और क्या यह मूल अर्धमागधी भाषा के लक्षणों की अनभिज्ञता के कारण ही ऐसा नहीं है और हो रहा है ।

७ शुब्रिंग महोदय ने ज्ञ के लिए सर्वत्र ञ्ञ ही अपनाया है परन्तु ञ्ञ के स्थान पर य को स्थान देकर तथा त्त का त्याग करके उन्होंने अनुपयुक्त पाठ अपनाया है । वे स्वयं भी 'खेदज्ञ' शब्द से प्रभावित हुए हो ऐसा लगे बिना नहीं रहता । उन्होंने नित्य के स्थान पर नितिय अपनाया है वह प्राचीन भी है और बिलकुल उचित भी है, निइय और णिइय तो बिलकुल कृत्रिम है और मात्र मध्यवर्ती त के लोप का अक्षरशः पालन किया गया है ऐसा लगता है ।

८ आश्चर्य है कि पिशल के व्याकरण में न तो नितय [जो प्राचीन है] शब्द मिलता है और न ही णिइय, निइय ।

९ प्राचीन शिलालेखो में और प्राचीन प्राकृत में स्वरभक्ति का प्रचलन है जैसे-क्य=किय, त्य=तिय, व्य=विय इत्यादि और ऐसे संयुक्त व्यंजनों में समीकरण बाद में आया है ।

१० समेच्च के बदले में समिच्च अर्थात् ए के स्थान पर इ का प्रयोग [संयुक्त व्यंजनो के पहले] भी न तो सर्वत्र मिलेगा और न ही प्राचीनता का लक्षण है ।

११ क=ग के प्रयोगों से अर्धमागधी साहित्य भरा पडा है । क का ग भी पूर्वी क्षत्र का (अशोक के शिलालेख) लक्षण है । क का लोप महाराष्ट्री का सामान्य लक्षण है और यह लोप की प्रवृत्ति काफी परवर्ती है । पवेदित मे से द और त का लोप भी परवर्ती प्राकृत का लक्षण है । शौरसेनी और मागधी में तो द प्रायः यथावत ही रहता है और पालि तथा पैशाची में त ।

१२ अर्धमागधी का सम्बन्ध मागधी से अधिक है न कि महाराष्ट्री से । उसके नाम में मागधी शब्द ही उसकी प्राचीनता का बोध कराता है ।

१३ इस दृष्टि से जैन आगमों के प्राचीन अंशो मे जो जो प्राचीन रूप (नामिक, क्रियापदिक तथा कृदन्त) मिलते है वे उसे पालि भाषा के समीप ले जाते है न कि महाराष्ट्री प्राकृत के निकट ।

१४ मूलतः अर्धमागधी भाषा मागधी और महाराष्ट्री का मिलन नहीं थी। यह तो परवर्ती प्रक्रिया की विकृति है।

अतः चर्चा का उपर्युक्त वाक्य यदि भगवान महावीर के समय का है, उनके मुख से निकली हुई वाणी है या उनके गणधरों द्वारा उसे भाषाकीय स्वरूप दिया है तब तो उसका पाठ इस प्रकार होना चाहिए—

एम धम्मे सुद्धे नितिए सासते[1] समेच्च लोगं खेत्तन्नेहिं[2] पवेदिते।

यदि यह वाणी भ. महावीर के मुख से प्रसूत नहीं हुई है या गणधरों की भाषा में प्रस्तुत नहीं की गयी है या ई. पू. चतुर्थ शताब्दी की प्रथम वाचना का पाठ नहीं है परन्तु तीसरी और अन्तिम वाचना में पूज्य देवर्धिगणि (पांचवी–छठी शताब्दी) के समय में इसे अन्तिम रूप दिया गया हो या उन्होंने ही श्रुत की रचना की हो तब तो हमारे लिए चर्चा का कोई प्रश्न ही नहीं बनता है और जो भी पाठ जिसको अपनाना है वह अपना सकता है।

१,२=(तृ. व. व. की विभक्ति 'हिं' के बदले 'हिं' भी परवर्ती है। सासते में से 'त' का लोप भी अयोग्य लगता है। इन दोनों को अभी तो सामग्री (पाठान्तरो) के अभाव में प्रमाणित नहीं किया जा सकता परन्तु आशा है कि ऐसे पाठान्तर भी शोध करने पर किसी न किसी प्रति में मिल सकते है।)

(तित्थयर)

(अनु. पाना नं. १०३८ नुं चालु)

અઠવાડીયા કાચલી, ગાંઠા, ફાનસ દિવાની કાળી મેસ ગેરૂ ને સીંધૂર સીમત અને દીવેલ પાત્રા રંગવા લઈ જાય. બરાબર હાથથી કાઢવે ને આંગળીથી ચોપડે, બસ પીંછી વાપરવાની ના પાડે કે તેમાં ઘોડા, હાથીના વાળ હોય. 'હિંસક' તેથી ગમળ લાવે નહિ કોઇ કર્યા જવું હોય, મહારાજ સા. ને કાંઇ કામકાજ માટે પુછે તો મોઢે સંદેશો કહે. કદાચ ચીટ્ઠી લખે પણ પોસ્ટ કાર્ડ લખે નહિ તે વાહનમાં જાય. પોસ્ટમેન શા શા વેંચાણ કરવા જાટ. ગમના ગમડાનો દોષ લાગે. કોઇ મળતાં આવે તો બપ પુરતી વાત ધર્મ સંબંધી જીજ્ઞાસા હોય તો પોતાની જાણ પ્રમાણે કહે કે ન કહે વૃધ્ધ સ્થવીરને પુછશે. હું તો અજ્ઞાની છું છદ્મસ્થ છું. ખોટો પણ હોઉં ને કોઇ લગો કે ધનવાન હોય ન ઉઠે તો વાંચનમાળા કે પડિલેહણા આદિ કરવા માંડે પ્રમાદ ન સેવે. વ્યક્તિ ચાલી જાય.

સૂરિસમ્રાટની ગુણ સુવાસ

—મુ. શ્રી પ્રશાન્તદર્શનવિજયજી મ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને યથાર્થ પામેલા અને સૌને પમાડનારા, શાસનની અનુપમ રક્ષા, પ્રભાવના અને આરાધના કરનારા મહાપુરુષો પાર્થિવ દેહે ભલે અવિદ્યમાન હોય પણ યશ અને ગુણ દેહે સદૈવ વિદ્યમાન હોય છે. ભક્તજનોના હૈયામાં-રોમેરોમમાં વસેલા હોય છે. સાચા ભક્તોને તો તેમની સ્મૃતિની અનુભૂતિ પણ થયા જ કરે છે. વર્ત્તમાનમાં વિક્રમસર્જક ઇતિહાસ સર્જનારા વિરલ પુણ્યાત્માની વસમી વિદાયને એક યુગ થઇ ગયો. કે જેઓ શ્રી વીરપરમાત્માની ૭૭ મી પાટને શોભાવનારા હતા.

જેઓએ અજ્ઞાન રૂપી અંધકારમાં અથડાતા, ઠેર ઠેર ઠોકરો ખાતા અને ઉન્માર્ગે ચાલતા અમ સમાન કૈંક જીવોને સન્માર્ગનું પ્રદાન કરી ઉદ્ધાર કર્યો. જ્ઞાનાંજનથી નેત્રોને આંજી સત્યાસત્યનો નિર્ણય કરવાની સાચી દૃષ્ટિથી મુકત બનાવ્યા. અને દુનિયામાં જે કહેવાય કે- ગુરૂ દીવો, ગુરૂ દેવતા, ગુરૂ વિણ ઘોર અંધકાર.' તે વાત અમારા જેવા માટે બરાબર થઇ. આવા ભવોદધિતારક પૂ. ગુરૂદેવેશ ન મલ્યા હોત તો આજે કયાંના કયાં હોત !

દરેક પર્વતે પર્વતે હીરા-મણિ-પન્ના નથી હોતા, દરેક વનમાં ચંદન નથી હોતા પણ કયાંક જ જોવા મળે. ગાય, ભેંસ, બકરીના ટોળા દેખાય પણ સિંહના ટોળા ન દેખાય તેમ સદ્‌ગુરૂ તો વિરલ જ જોવા મળે ! પૂ. શ્રી કલિકાલ સર્વજ્ઞ ભગવંતે ગુરૂનું લક્ષણ બાંધતા કહ્યું કે-

'મહાવ્રતધરા ધીરા, ભૈક્ષ્ય ધાત્રોપજીવિનઃ ।
સામાયિકસ્થા ધર્મોપદેશકા ગુરવો મતાઃ ॥૪॥ યોગશાસ્ત્ર પ્રકાશ-૨)

જેઓ મહાવ્રતને ધારણ કરનારા છે, તેના પાલનમાં ધીર છે, ભીક્ષાનિર્દોષ માધુકરી વૃત્તિથી-માત્રથી જીવનારા છે, હંમેશા સામાયિકમાં જ રહેલા છે અને ધર્મના જ ઉપદેશક છે તે જ ગુરૂ કહેવાય છે.

ગુરૂપદનું ગુરૂત્વ ઉજ્જવલ-નિર્મલ-વિશુદ્ધ ચારિત્રમાં છે. સાધુપણું જ તેનું નામ જે સમ્યગ્જ્ઞાનમય-દર્શનમય-ચારિત્રમય અને ઉપકારમય હોય. આવા સાધુપણાને પામનારા પુણ્યાત્માની શીતલ છાયા આગળ ચંદ્ર અને ચંદનની શીતલતા પણ મંદ પડે.

જેનો અનુભવ ભાવિકોને પૂ. ગુરુદેવની છાયામાં થયેલો, અનુભવાયેલો છે. આવા તો અગણિતગુણના જેઓ સ્વામી હતા છતાં નિઃસ્પૃહતા અને નિરભિમાની હતા ? જેઓના ગુણગણના કીર્ત્તનમાં તો જીહ્વા બલહીન બને અને લેખિની પણ કુંઠિત થઇ જાય. એક પુણ્યાત્માના શબ્દોમાં—

'હૈ શક્તિ થોડી સબ ગુણોંકો આપકે કૈસે કહે ?
હોગા ન જૈનાચાર્ય દૂજા, આપ સમાન અન્ય.'

જેમની પીયૂષધારા સમાન વાણીનું પાન શ્રોતાઓના શ્રવણને અમૃતનો આસ્વાદ કરાવતું, યુક્તિ-પ્રમાણોથી પદાર્થના મર્મને સમજાવવાની અનુપમ શક્તિથી ભાવિકો ડોલી ઊઠતા, એટલું જ નહિ પ્રશ્નોના ઉત્તર આપવામાં તેમની બરોબરી કરે તેવો કોઇ જ આત્મા દેખાતો ન હતો કે આજે પણ દેખાતો નથી. પ્રશ્નકાર ગમે તેવા અટપટા, વાંકાટેઢા કે ઉગ્રતાપૂર્વક ન કરવાના પ્રશ્નો કરે તો પણ પૂજ્યશ્રીજી શાંત ભાવે પ્રશ્નકારને સાંભળી, ગંભીરતાથી એવા માર્મિક ઉત્તરો આપતા કે હૃદય-હૃદયમાં સોંસરવા ઉતરી જાય અને પ્રશ્નકાર સહિત સૌ શ્રોતાઓને સંતોષ થતો અને બધાને થતું કે અરેખર 'સમાધાન કાકસ્મરિત' જ છે. આ જ અનુપમ શક્તિથી વેર-વિરોધ કરતા આવેલા વિક્રાન્ત જીવનલક્ષ્યના સાચા ઉપાસક બની જતા. બધા જ તેમના ચરણોમાં ઝુકતા છતાંય નિર્લેપ રહેતા. સૌને આ સાધુ ધર્મનો જ લાભ થાય તે જ મંગલ આશિષ વર્ષાવતા. આવા પુણ્યપુરૂષની અલૌકિક આકૃતિ અને પ્રતિભા નજર સમક્ષ આવતા હૈયામાં જે ભક્તિ અને પૂજ્યભાવનાની હેલી ઉછળે છે, રોમેરોમ વિકસીત થાય છે તે વર્ણવવા શક્તિ પણ નથી. દેહે વામન છતાંય વિરાટ વ્યક્તિત્વના સ્વામીની આકૃતિ જોતાં જ ભાસિત થતું કે આ કોઇ દિવ્ય મૂર્તિ જ છે. સાક્ષાત મૂર્તિમાન ધર્મ સદેહે વિચરી રહ્યો છે. સત્ય-સ્પષ્ટ વકતા, સાત્વિક શિરોમણિ, દૂરદર્શી, ધીર-વીર-ગંભીર-સકલગુણ નિધાન એવા પૂ. ગુરૂદેવશ્રીના ગુણો યાદ આવતા હર્ષાશ્રુ ઝરી પડે છે.

જીવનની સાર્થકતા-સફલતા ચારિત્રના પાલનમાં છે અને આત્મસાત્ બનેલ ચારિત્ર ગુણની ઝલક તેમની આકૃતિમાં જોવા મલતી. શાસ્ત્ર વાંચવા અને સમજાવવા સહેલા છે પણ જીવનમાં ઉતારવા કઠીન છે. જ્યારે પૂ. ગુરૂદેવશ્રીજીમાં આ બંનેય ગુણ એકાકાર હતા. તેથી જ પૂજ્યશ્રીજીના પાવન ચરણોમાં આવનાર આત્મા, તેમની અમૃતમય વાણીનું પાન કરનાર પુણ્યાત્મા, ધર્મતત્ત્વોનું શ્રવણ કરવા બીજે જતો જ નહિ, મન ગમે ત્યાંથી દૂર-સુદૂરથી પણ પૂજ્યશ્રી પાસે જ ખેંચી લાવતું. જાણે પ્રચંડ તેજસ્વી દિવાકર ન હોય તેમ તેજોશ્રી શોભતા હતા, જેમની બુદ્ધિની પ્રતિભા સર્વત્ર અસ્ખલિત રીતે મહાલતી, તેમના પાદાર્પણ પડેલા જ પગલાંથી જતી. તેનો અનુભવ કરવા આવેલા

સાક્ષરો પણ પ્રભાવિત થઈ જાતને ધન્ય માની જતા. તેઓશ્રીજીની અનુપમ વિદ્વત્તા આજે પણ પૃથ્વીતલમાં ગવાઈ રહી છે કે—ગમે તેવા પ્રશ્નોના જટ ઉત્તર આપતા, સાચું માર્ગદર્શન બતાવતા અને સત્યસંસ્થા રાખે ચલાવતા છતાંય હૈયામાં એક જ ભાવના વહેતી કે—'સૌ ભવભીરુતા શાસનને સમર્પી-આરાધી અને વહેલામાં વહેલા મુક્તિપદના ભોક્તા બનો.'

'सत्ये नास्ति भयं क्वचित् ।' આ ગુણ તો તેમના જીવનમાં વણાયેલો હતો. સત્ય સિદ્ધાન્તોનું રક્ષણ કરવા હંમેશા તૈયાર રહેતા. દૃઢ મન તો એવું હતું કે પોતાની સ્તુતિ કે પ્રશંસાના ગુણગાનમાં કયારે પણ અંજાતા નહિ કે મૂંઝાતા નહિ. તેવી જ રીતના ભયંકર વિરોધમાં પણ તલભર પણ વિચલિત થતા નહિ. એક સંસ્કૃત સુભાષિતમાં જે કહ્યું તે તેમનામાં જોવા મલતું.

'विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः,
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ।।'

ઉત્તમ પુરુષો વિઘ્નો વડે વારંવાર હણાતા છતાં પણ પ્રારબ્ધ કરેલાનો કયારેય ત્યાગ કરતા નથી.

તેમનો પ્રબલ વક્તૃત્વશક્તિ આગળ બૃહસ્પતિ પણ ઝાંખો પડે, મુખમુદ્રા સૌમ્ય હતી, દેદીપ્યમાન તેજોમૂર્તિવાળા હતા, શાંત-પ્રશાંત-મનોહર નયનોમાંથી જાણે તેજના કિરણો નીકળતા જે સૌને શાતા આપતા હતા, સત્ય તત્ત્વરૂપ સિંહગર્જનાનો ગુંજારવ તો હજી પણ આપણા કાનોમાં ગુંજી રહ્યો છે, માન-પાન કરતાં પણ શાસન જ પ્રિય હતી, પ્રમાદનો પડછાયો પણ ન પડે માટે હંમેશા વાંચન-લેખનમાં મગ્ન રહેતા; આવા અમર કીર્તિ દેહ અને અક્ષય અક્ષય દેહના રક્ષામિત્રો ગુણ કીર્તનથી આપણું જીવનમાં પણ એકાદ ગુણ આવી જાય તો આપણો બેડો પાર થઈ જાય. 'शूले यथाशक्ति यतनीयम्' એ ન્યાયે જ અલ્પમતિ છતાં ય ગુરુભક્તિથી પ્રેરાઈને ગુણકીર્તનનો પ્રયાસ કર્યો છે. તેઓશ્રીજીએ બતાવેલા માર્ગે ચાલી આપણે સૌ વાચકો આત્મકલ્યાણના ભાગી બનીએ અને પ્રાપ્ત શાસનને સફળ કરવા પુરુષાર્થ કરીએ તે જ મંગલ કામના સહ અનંતોપકારી, પ્રાતઃસ્મરણીય પરમારાધ્યપાદ, ભવોદધિત્રાતા પૂજ્યપાદ પરમગુરુદેવશ્રી આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાધિરાજના ચરણોમાં અનન્તશઃ વંદનાવલિ સહ વિરમું છું.

લોકોત્તર મર્યાદા પુરૂષ — વિજયરામચન્દ્રસૂરિ

પૂ. મુનિરાજ શ્રી અક્ષયવિજયજી મ.

જેમનાં નામ સ્મરણથી આનંદની ઊર્મિઓ હૃદયમાં ઉછળવા માંડે છે અને સકામ કર્મ નિર્જરા શરૂ થઇ જાય તે મહારાષ્ટ્ર દેશોદ્ધારક, પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા કે જેવો સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના અનન્ય પટ્ટધર અને શ્રી નાસિક સંઘના પરમ ઉપકારી ગુરૂદેવશ્રી છે.

તેઓશ્રીમાં હતી અજોડ પ્રવચન શક્તિ ! આ શકિત દ્વારાજ દુનિયાને તેઓશ્રીમાં રહેલી સર્વ શકિતઓનો પુણ્ય પરીચય થયો. જે શકિતમાં શાસ્ત્રાનુસારિતા અને શાસન સુરક્ષાનું પ્રચંડ સત્વ હતું. એથી જ્યતો અનેક ભવ્યાત્માઓ સુસંયમી બન્યાં. વ્રતધારી સમ્યકત્વધારી બન્યા અને શાસન રક્ષાના કાર્યમાં સહાયક બન્યાં. તેથીજ એક વિદ્વાન બોલી ઉઠયો કે, આજના મોટા ભાગના વકતાઓ "શ્રીરામચન્દ્રસૂરી મહારાજની ઓઠ ઉપર જીવે છે". પૂજ્યશ્રીના પ્રવચન શ્રવણથી આરાધક બનેલ વર્ગ જેટલી સહેલાઇથી અને ઉદારતાથી ધન વાપરે છે એવી ભાવના-શકિત બીજે બહુ ઓછી જોવા મળે છે. તેઓશ્રીએ ભકતો કદાપી બનાવ્યાં નથી. પ્રવચન શકિત દ્વારા જેઓ બની ગયાં તેઓ શાસનના વફાદાર રહ્યા છે. અને શાસન પ્રભાવનાના હિતમાં કાર્યો ભારે ઉમંગથી કર્યા અને કરી રહ્યા છે છતાંય કોઇ-દિ પૂજ્યશ્રીએ ભકતની પ્રશંસા કરી નથી. છતાંય કોઇ ભકત તેમને કયારેય છોડવા તૈયાર થતો નહિ. એકલી મોક્ષ અને મોક્ષના ઉપાયોની વાત જ એમનાં પ્રવચનોમાં પ્રધાન ભાવે રહેતી. સાથે લોકોત્તર શાસનની મર્યાદા એવી સચોટ રીતે સમજાવે કે જેના પરિણામે આજે દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, અને સાધારણદ્રવ્ય સારી રીતે રક્ષા પામી શકયું. અન્યથા દેવદ્રવ્યના ભક્ષકો એનો નાશ કરવા યુધ્ધે ચઢત આ મહાપુરૂષને માંગ્યા વિના જ પુણ્યે જે પીરસ્યું છે તેની મધુરતા જ અલૌકિક છે. તેઓશ્રીએ એ પુણ્યને પચાવ્યું છે એનો સદુપયોગ પુણ્યે આ મહાપુરૂષ પાસે શાસનરક્ષા અર્થે કરાવે. તેમીજ્યતો સુધારકોના તોફાનો વચ્ચે અણનમ રહીને સર્વત્ર વિજયમાળા'ને તેઓશ્રી પામ્યાં છે અને એજ પુણ્યે શુદ્ધતિથી' આરાધનાની સ્થાપના તેઓશ્રી દ્વારા કરાવી. શુદ્ધમાર્ગ અવિચલ બનાવ્યો. અરે ! પરમ ભકતને પણ કટુસત્ય સંભળાવવાની તેઓશ્રીની સાત્વિક શકિતને આજ સુધી કોઇ તોડી શકયું નથી.

તેઓશ્રીની અદ્ભૂત પ્રતિભા આગળ ભલભલાના જુઠાણાઓ વિલય પામતાં. વિશેષતાં તો એ છે. કે તેઓશ્રીની નજીકમાં પોહંતાજ દુર્વિચારો શાન્ત બની જતા. એટલું

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

શંકા અને સમાધાન

શ્રી ચન્દ્રરાજ

શંકા–૧૧ પુરૂષોને ચરવળામાં ગોળ દાંડી અને બહેનોને ચોરસ દાંડી તેવું જ સાધુ–સાધ્વીજી ભગવંતોને પણ હોય છે તેનું કારણ શું છે ? વિસ્તારથી જણાવશો.

સમા–૧૨ ઓઘાની તથા ચરવળાની દાંડીઓ ગોળ તથા ચોરસ રાખવાનું આગમ ગ્રંથોમાં જણાવેલ છે. તેનું મુખ્ય કારણ અહીં તદ્દન ટુંકમાં 'સંયમ રક્ષા' આટલા શબ્દોમાં જ જાણવું જરૂરી છે. આ અંગે કોઈને પણ વિશેષ રીતે જાણવાની જિજ્ઞાસા હોય તો શાસ્ત્રીય માર્ગદર્શન આપે તેવા ગંભીર ગીતાર્થ ગુરૂ ભગવંત પાસે આ અંગે પૂછશો આનાં જવાબ અંગે પૂ. ગુરૂદેવ તમારી પરિપક્વતા જાણીને યોગ્ય જવાબ દેશે નહિ દેવા જેવો હશે તો નહિ આપે. પરંતુ આ અંગેનો જવાબ હું વિસ્તારથી જાણતો હોવા છતાં લખી શકું તેમ નથી. દરેક પ્રશ્નોના વિગતવાર ખુલાશા આપવાની મારી પદ્ધતિ આપને પસંદ છે તે વાત સાચી પરંતુ આ પ્રશ્નનો વિસ્તૃત જવાબ દેવા અંગે હું ખૂબ જ લાચાર છું. ક્ષમા કરશો.

શંકા–૧૩ ગુરૂ ભગવંતના સામૈયામાં કે મહોત્સવોના દિવસોમાં ગહુંલી સ્પર્ધા, બેડા સ્પર્ધા, સંગીત–સ્પર્ધા આદિ સ્પર્ધાઓ રખાય છે તેથી ઘણાં લોકો ધર્મમાં જોડાય છે તો આવા કાર્યક્રમો અંગે શાસ્ત્રો શું કહે છે ?

સમા–૧૩ આજ સુધી ભગવાનનું કોઇએ પણ ન કર્યું હોય તેવું સામૈયું હું કરૂં 'આવા ભાવથી ભગવાન શ્રી મહાવીર સ્વામીનું અત્યંત શાનદાર સામૈયું દશાર્ણભદ્ર રાજાએ કાઢયું ત્યારે તેનો અહંકાર દૂર કરવા ઇન્દ્ર મહારાજાએ તેનાથી પણ કંઇ ગણું ચડીયાતું સામૈયું કાઢયું. આથી પોતાની હાર થયેલી સમજીને રાજા દશાર્ણભદ્રે સંયમનો સ્વીકાર કર્યો. ત્યાં ઇન્દ્ર મહારાજા હાર્યા કેમ કે દેવો કે ઇન્દ્રો માથા પછાડી પછાડીને મરી જાય તોય નવકારશી જેવડું પણ પચ્ચક્ખાણ કરી નથી શકતા તો પછી સંયમ સ્વીકારવાની તો વાત જ ક્યાં રહી ? હાર-જીતના આ સંઘર્ષમાં દશાર્ણભદ્ર જીતી ગયા. પરંતુ તેમણે જેવા ભાવથી સામૈયું કાઢયું તેવા ભાવથી ના કહાય. 'મારી જેટલી શક્તિ હોય તે બધી મૂડી ખર્ચીને હું શાનદાર સામૈયું કરૂં આવી તકો ફરી ન જાણે ક્યારે મળે, જિંદગીનો શો ભરોસો' આવા ભાવથી જરૂર કાઢી શકાય ગુરૂદેવાદિનું સામૈયું જૈન શાસનની પ્રભાવના જૈનેતરોમાં પણ થાય માટે કરવાનું હોય છે. જ્યારે હવે તો આ સામૈયામાં જે બેડા સ્પર્ધા, ગહુંલી સ્પર્ધા રખાય છે તેમાં દેખીતી રીતે ઘણાં લોકો આકર્ષાય છે તે ધર્મના કારણે નથી આકર્ષાતા. પરંતુ 'મેં કરેલું બેડું કે ગહુંલી બીજા કરતાં કેટલી સરસ છે ' આવી મલિન દાનતથી લોકો

આવે છે એટલે જે જૈન શાસનની પ્રભાવનાનું કારણ હતું તે હવે પોતાની અહંવૃત્તિને પોષનારૂં બની ગયું. જે સાધનો શાસનની પ્રભાવના કરવા દ્વારા પરંપરાએ મોક્ષના સાધક હતા તે હવે આવી રૂપર્ધાઓનાં પાપે મોક્ષનાં બાધક બની ગયા છે.

કેટલેક સ્થળે તો ઇનામો પણ અપાય છે. આવા ઇનામોએ તો વળી આગને વધારવા પવનનું કામ કર્યું છે ઇનામો ન હતા ત્યાં સુધી તો અહંવૃત્તિ જ પોષાતી હતી. હવે તો ઇનામોના કારણે ધનની લાલસા પણ આવી ગહુંલીઓમાં ભળી છે આવી જ મલિન દાનતથી લેવાતી પુસ્તકોની પાઠશાળાની પરીક્ષાઓ પણ વખોડવા જેવી જ છે. જૈન શાસનના પદાર્થોનો કેવો–કેટલો બોધ થયો છે, તે જાણવું તે અલગ વાત છે.

સ્કુલ – કોલેજોની વ્યવસાયલક્ષી જે પરીક્ષાઓનો આપણે વિરોધ કરતા હતા તેવી જ રૂપર્ધાઓ, હરિફાઈઓ, પરીક્ષાઓ આપણે ત્યાં બિલાડીના ટોપની જેમ ફુટી નીકળી છે.

શાસ્ત્રીય સિદ્ધાંતોના જ્યાં નામ નિશાન મટી જતાં હોય તેવી રૂપર્ધાઓ શાસ્ત્રીય દૃષ્ટિએ વખોડવા લાયક જ છે.

શ્રી નવપદના આરાધક તરીકે આજના સમયે પણ આપણે શ્રીઅયણા–શ્રીપાંળનેં યાદ કરીએ છીએ તે એટલા માટે કે તેમના જેવી નવપદની આરાધના કોઇએ કરી નથી. પરંતુ તેમણે 'કોઇએ ના કરી હોય તેવી નવપદની આરાધના અમે કરીએ તેવી ભાવનાથી તેમણે તેની આરાધના કરી ન હતી. ગહુંલી, સાગેયા આદિ જૈન શાસનની ઉન્નતિ કરવા દ્વારા પરંપરાએ સંસારથી તારનારા છે. આવા ભાવથી જે ગહુંલી–સાગેયા આદિ કરવાના હોય છે તેને રૂપર્ધા જેવા તુચ્છ સ્થાનમાં મૂકી દઇને ખરેખર તો રૂપર્ધાના આયોજકો ગહુંલી–સાગેયા આદિની કુર મજાક ઉડાડી રહ્યા છે.

શંકા–૧૪ પ્રભુ પૂજામાં લાલ–પીળા રંગના વસ્ત્રો પહેરીને સ્ત્રી–પુરૂષો પૂજા કરે છે તે યોગ્ય છે? પદ્માવતી રાણી શ્વેત જ વસ્ત્રો વાપરતા હતા માટે જ લાલ વસ્ત્રો આવ્યા ત્યારે રોષે ભરાયા હતા ને?

સમા–૧૪ પ્રભુપૂજામાં સ્ત્રીઓ કે પુરૂષોએ શ્વેત કે લાલ–પીળા રંગબેરંગી વસ્ત્રો પહેરવામાં કોઇ જ વાંધો નથી. ઉપરથી ઉપાધ્યાયજી મહારાજાએ તો દ્વાત્રિંશદ્વાત્રિંશિકામાં ભક્તિ દ્વાત્રિંશિકા પ્રકરણમાં 'પીતરક્ત વસ્ત્ર' પીળા–લાલ પણ વસ્ત્રની જોડ પ્રભુપૂજામાં વાપરવાનું જણાવેલ છે. માટે રંગીન વસ્ત્રોથી પ્રભુપૂજા ન કરાય તે વાત ખોટી છે. ઉદાયન રાજાના પટ્ટરાણી પ્રભાવતીદેવી શ્વેત વસ્ત્રોના વપરાશ તે વાત અયોગ્ય છે. 'પ્રભાવતી દેવીએ જ્યારે પોતાની દાસી પાસે પૂજાના વસ્ત્રો લઇને જ આવી હતી છતાં ભ્રમના કારણે મહાદેવીને તે લાલ રંગના દેખાયા તેથી તેમણે અપશુકન થયું તેમ માનેલું' આવી વાત આવે છે તેનું તથ્ય એ છે કે રાણીએ તો પૂજાના વસ્ત્રો જ મંગાવ્યા હતા અને દાસી શ્વેત વસ્ત્રો જ લાવી હતી આ શ્વેત વસ્ત્રો લાલ–રંગના દેખાયા તેથી તેમણે અપશુકન માનેલું પણ લાલ વસ્ત્રો પૂજામાં વાપરવા તે અપશુકન ગણાય તેવું માનીને અપશુકન ગણ્યું ન હતું. માટે પ્રભુપૂજામાં શ્વેત કે રંગબેરંગી ગમે તે પ્રકારનાં વસ્ત્રો વાપરી શકાય છે.

વાણીનું વિષપાન પચાવનારા પુણ્ય પુરૂષ !

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આ જગતમાં જેટલા મહાપુરુષો થયા છે, થાય છે અને થશે તે બધા સત્ય તત્ત્વની જિજ્ઞાસામાંથી જ પ્રગટે છે. જિજ્ઞાસાએ જ ધર્મતત્ત્વને પામવાનો પ્રાણ છે. સાચી જિજ્ઞાસા પેદા થાય એટલે આત્મા તેને પામવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ એટલું જ નહિ તેને આચરવા માટે પણ આત્મબળ પ્રગટે અને સઘળા ય અવરોધોને મજેથી ઓળંગી જાય, સઘળા ય વિઘ્નોને જીતી પોતાના ધ્યેયને પામે જ ! આવા વિષમકાળમાં થયેલા આવા મહાપુરુષ એટલે પરમોપકારી પરમારાધ્યપાદ પ્રાતઃ સ્મરણીય સુવિહિત શિરોમણિ પૂજ્યપાદ તાતપાદ પરમગુરુદેવેશ પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ ! જેમની વસમી વિદાયને એક યુગ પલકારામાં પૂરો થઇ ગયો. જેમની સુમધુરી વાણી હવે પણ વિકસિત પુષ્પની કળી જેવી તેટલી જ તાજી ને તાજી છે. ક્ષણેક્ષણે આત્મામાં અનોખી તાજગીનો અનુભવ કરાવે છે તો સ્ત્રી સુલભતાથી આંખમાં ઝળઝળીયા લાવી દે છે. ખરેખર આવા વિષમકાળમાં આવા ભવોદધિતારક પૂ. ગુરુદેવ ન મળ્યા હોત તો શું થાત !

ખરેખર મુક્તિના સાધક એવા પૂજ્યશ્રીએ ચારિત્ર માર્ગની રક્ષા માટે જે સંઘર્ષો વેઠયા, ધીરતાપૂર્વક જેમાંથી તો ચારિત્રમાર્ગને ખુલ્લો કરી શક્યા. ભલે લોક માને કે ન માને પણ વિરોધીઓને ય હૈયાથી કબૂલ કરવું જ પડે કે, દીક્ષાનો માર્ગ ખુલ્લો કરનારા આ જ મહાપુરુષ હતા. શ્રી સંઘમાં દીક્ષાઓ વધી તે પ્રતાપ આ જ પુણ્ય પુરૂષનો છે. કઠીનાઇથી ડરે તે બીજા, આ નહિ. કઠિનાઇ જ ઉન્નતિનો માર્ગ ખોલી આપે છે અને તેના ફળ આજે આપણે અનુભવીએ છીએ, તેમનું જીવન જ અનેકને માટે આદર્શ રૂપ બને છે.

સમ્યગ્જ્ઞાનની અદ્‌ભુત પરિણતિ અનુપમ વિવેક શક્તિ અને અનંત જ્ઞાનીઓના વચન ઉપર અવિહડ અવિશ્વાસ એ જ જેમના જીવનની વિશેષતા હતી. તેથી જ શાસનના સાચા રક્ષક બની શક્યા, અનુરૂપ આરાધક અને પ્રભાવક પણ બન્યા શાસન ખાતર સઘળું ફના કરવાની સિંહ વૃત્તિએ વિરોધીઓ પણ નત મસ્તક બનાવ્યા. અને શાસનના સત્ય સિદ્ધાન્તોનો ધ્વજ અણનમ રાખી શક્યા. તે જ કારણે કોઇપણ પ્રકારના ભયને કે ધાકધમકીને વશ થયા વિના કે પ્રલોભનોમાં ય મૂંઝાયા વિના અનેક આત્માઓને શાસનના રાગી બનાવી શક્યા શાસનની વફાદારીએ પોતાના કાર્યોથી જરા પણ ચ્યુત ન થવા દીધા. ભલે લોકોની ગાળો આવી પડી, 'જિદ્દી' 'કજીયાખોર' બિરૂદોની

વધુમાંથી સહાનુ મળી તો પણ 'સિદ્ધાન્ત પ્રિયતા' ન જ છોડી. તેથી જ તેમની વાણીએ અનેકને વૈરાગી બનાવ્યા.

તેમના જીવનનો એક જ પ્રસંગ આજે યાદ કરવો છે કે આજે અભીપ્સાલા અભીક્ષ્ણક' નો જમાનો છે. આ મહાપુરુષ કોઈ પ્રશંસા કરે કે કોઈ નિંદા કરે તો પણ લેવાતા ન હતા. વાણીનું ઝેર પણ પચાવી શકયા હતા. ભગવાનનું શાસન એવું રોમ રોમ પરિણામ પામેલું કે વર્ણન ન થાય. એકવાર એક મોટા શહેરમાં પૂ. શ્રીજીના ભવ્ય સામૈયાની તૈયારી થયેલી. તે જ મોકાસર વિરોધીઓએ એવું સાહિત્ય છપાવેલું અને પ્રચારેલું કે તે વાંચીને બીજાના મોં પર તો કાળી શાહી ઢળી જાય તે વાંચી ભક્તવર્ગ પણ ઘણો વ્યથિત બનેલો. નહિ રહેવાતા એક ભકતે તે પ્રચારાતું સાહિત્ય પૂ. પરમતારક ગુરુદેવને બતાવ્યું તો તે જોઈ, મોહક સ્મિત વેરતા એઓશ્રીએ કહ્યું કે- **' કોઈ ગમે તે કહે પણ સત્ય ઢંકાતું નથી ! '**

ધન્ય છે વાણીના વિષને પચાવનારની શુરવીરતાને ! ભગવાનના શાસન પ્રત્યેની વફાદારી, ભકિત અને ઉપાસના તે આનું નામ, જે વાણીનું વિષ પચાવી જાય તે જ મહાપુરુષ બની શકે !

પૂ. ગુરુદેવ પ્રત્યે એક જ પ્રાર્થના છે કે, આપના નોંધારા આ બાલુડાઓ ઉપર એવી અમીવર્ષા કરો કે, આપની જેમ અમે પણ વાણીનું વિષ પચાવી શકીએ. ઝેર પી જવું સહેલું છે પણ વાણીનું વિષ જીરવવું- પચાવવું કઠીન છે. આવી દશા આવે તો જ સિદ્ધિ સરળ બને.

તાલકુટ વિષપાન કરનારા શંકર સમાન વાણીના વિષને પચાવનાર પુરૂષપુરૂષના ચરણોમાં અનંતાનંત ભાવભરી વંદના સહ વિરમું છું.

---

o શ્રી મહાવીર પ્રભુને અનંતશઃ વન્દના !

મોહમલ્લબલમર્દનવીર, પાપપંકગમનામલનીર ।
કર્મરેણુહરણેકસમીર, ત્વં જિનેશ્વરપતે જય વીર ॥

મોહ રૂપી મલ્લના સૈન્યનું મર્દન કરવામાં શુરવીર, પાપરૂપી પંક-કાદવને ધોવામાં નિર્મલ નીર-પાણી સમાન, અને કર્મ રૂપી રજનું હરણ કરવામાં વાયુ સમાન એવા શ્રી જિનેશ્વરપતિ શ્રી વીર પરમાત્મા આપ જય પામો.

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

"આત્મા વબોધ કુલકમ્"

[મૂલ તથા સામાન્યર્થ સાથે]

– સામાન્યાર્થ વિવેચક –

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક–૧]

।આત્મજ્ઞાનભવં દુઃખં આત્મજ્ઞાનેન હન્યતે ।
અભ્યસ્તં તત્ તથા યેન આત્મા જ્ઞાનમયો ભવેત ।।

'દુઃખ, આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને આત્મજ્ઞાનથી નાશ પામે છે માટે આત્મજ્ઞાનનો અભ્યાસ કરવા યોગ્ય છે, જેથી આત્મા જ્ઞાનમય થાય.'

આ કુલક વાંચતા આત્માને ઘણો જ આનંદ થયો, બીજા ભવ્યાત્માઓ પણ આવા આનંદના ભાગી બને અને સાચા આત્મજ્ઞાની બની સચ્ચિદાનંદ દશાને પામનારા બનો તે જ ભાવના છે.

મૂલ શ્લોકના અર્થ સાથે સામાન્ય વિવેચન કરવાનો એક અલ્પ પ્રયાસ કર્યો છે. વાચકો જેના ભાવને સમજી આત્મજ્ઞાનનો પુરુષાર્થ કરો તે જ ભાવના.) –વિવે૦

શિષ્ટપુરુષોના માર્ગે ચાલવું તે જ સાચો શિષ્ટાચાર છે તે બતાવે છે–

ધમ્મપ્પહારમણિજ્જે પણમિ-તુ જિણે મહિંદનમણિજ્જે ।
અપ્પાવબોહકુલયં, વુચ્છં ભવદુહકય પલયં ।।૧।।

ધર્મની જયોતથી મનોહર, મહેન્દ્રોથી નમાયેલા એવા પરમ તારક અનંતોપકારી શ્રી જિનેશ્વરદેવોને મન–વચન–કાયાથી પ્રણામ કરીને ભવદુઃખનો પ્રલય–અંત કરનાર આ આત્માવબોધ કુલકને કહીશ. ।।૧।।

આત્મજ્ઞાનનું કારણ કહે છે—

અત્તાવગમો નજ્જઇ, સયમેવ ગુણેહિં કિં બહુ ભણસિ ?
સૂરુદએ લક્કિખજ્જઇ, પહાઈ ન ઉ સવહ નિવહેણું ।।૨।।

જેમ સૂર્યોદય સૂર્યની પ્રભાથી જણાય છે, પ્રભા વિના સોગંદ ખાવાથી પણ તે જણાતો નથી, તેમ આત્માનો અવબોધ આત્મગુણો વડે જ આપોઆપ પોતાની મેળે જણાય છે. પરંતુ આત્મગુણોને પામ્યા વિના કે પામવાનો લેશ પણ પ્રયત્ન કર્યા વિના, સેંકડો સોગંદ ખાવાથી પણ આત્માનો અવબોધ થતો નથી. માટે વધારે શું બોલે છે ?

અનુભવી આપ્તપુરુષોની આજ્ઞાનુસારે ચાલ્યા વિના માત્ર વાતોડિયાપણાથી કે

ઉપરછલ્લા જ્ઞાનથી આત્મગુણોની પ્રાપ્તિ સ્વપ્નવત છે, કદાચ દેખાય તે પણ વાસ્તવિક ગુણો નહિ પરંતુ ગુણાભાસ હોય છે. જે સ્વ-પર છલના વિના બીજું કાંઇ જ નથી માટે માત્ર વાતોડિયાપણાને છોડીને, પ્રબલ પુરૂષાર્થ જ ગુણ પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે. ॥૨॥

આત્મગુણો કયા તે બતાવે છે-

इम सम संमत्त भित्ती, संवेअ विवेअ तिव्वनिव्वेआ ।
એએ પગૂઢઅપ્પા-વબોહબીઅસ્સ અંકુરા ॥૩॥

ઇન્દ્રિયોનું દમન-કાબૂમાં રાખવી જ્યાં ત્યાં ભટકતી છૂટી ન મૂકવી, મનના વિકારોનું શમન કરવું, સમભાવ પામવો, જગતના સઘળાય જીવો પ્રત્યે સાચી હિતચિંતા સ્વરૂપ મૈત્રી ભાવના ભાવવી, મોક્ષની તીવ્રાભિલાષા સ્વરૂપ સંવેગ, હેયોપાદેયનો વિવેક, સંસારરૂપી જેલખાનાથી છૂટવાની ઇચ્છા-પ્રવૃત્તિ સ્વરૂપ તીવ્રનિર્વેદ : આ બધા આત્માના અવબોધ રૂપી બીજના અંકુરા છે. બીજને વાવ્યા પછી યોગ્ય માવજત-જાળવણી કરાય તો જ તેમાંથી ક્રમશઃ અંકુરાથી યાવત ફલની નિષ્પત્તિ થાય છે અન્યથા નહિ, તેમ મૂળ બીજરૂપી ગુણ પામ્યા વિના આત્માના સાચા ગુણોની પ્રાપ્તિ અશક્ય છે. ॥૩॥

આત્મ જ્ઞાનનું ફલ કહે છે-

जो जाणइ अप्पाणं, अप्पाणं सो सुहाणं नहु कामी.
पत्तम्मि कप्पवरुक्खे इरुक्खे किं पत्थणा असणे ॥ ४ ॥

જે આત્માને જાણે છે તે આ સંસારનાં સંયોગ-વિયોગ જન્ય ક્ષણિક સુખોના કામી-ઇચ્છુ નથી હોતા. કલ્પવૃક્ષ પામ્યા પછી બીજા અસત વૃક્ષની ઇચ્છા પણ કોણ કરે ?

સાચા-સ્વાધીન સુખોને મૂકી પરાધીન સુખોની ઇચ્છા કરનાર જેમ મૂરખ શિરોમણિ ગણાય તેવી દશા આત્માને નહિ જાણનારની જાણવી. ॥૪॥

આત્મ જ્ઞાનનું વિશેષ ફળ બતાવે છે-

निअविन्नाणे निरया, निरयाइ दुहं लहंति न कयावि..
जो होइ मग्गलग्गो कहं सो निवडेइ कूवम्मि ? ॥५॥

આત્મ વિજ્ઞાનમાં જ નિરંતર રકત એવો જીવ નરક તિર્યંચ, મનુષ્ય અને દેવના દુઃખોને કયારે પણ પામતો નથી. કારણ દુખ તેને દુખરૂપ જ લાગતું નથી. શ્રી જિનેશ્વરદેવે બતાવેલા સન્માર્ગે જે ચાલે તે ચારગતિરૂપી સંસાર કુવામાં કઇ રીતના પડે ? ન જ પડે. માર્ગે ચઢેલો ધીમે ધીમે પણ મોક્ષનગરે પહોંચે છે તેમ ભગવાનની આજ્ઞા મુજબ સન્માર્ગે ચાલતો જીવ સિધ્ધિનગરે પહોંચે તેમાં લેશ પણ શંકા નથી. ॥૫॥

આત્મ જ્ઞાન ન થાય વો શું દોષ-હાનિ થાય તે કહે છે–

તેસિં દૂરે સિદ્ધી, રિદ્ધી રણુરણુયકારણું તેસ્સિં.
તે સિમપુણથા આસા, જેસિં અપ્પા ન વિન્નાઓ ॥૬॥

જેઓએ આત્માને જાણ્યો નથી તેમની બધી આશાઓ અપૂર્ણ રહે છે અર્થાત એક પણ ઇચ્છા પરિપૂર્ણ થતી નથી તેથી સિદ્ધિ તો સેંકડો જોજન દૂર રહે છે તેથી પ્રાપ્ત ઋદ્ધિ પણ તેઓને દુઃખનું જ કારણ બને છે, કારણ પાપાનુબંધી પુણ્ય અસમાધિ અસંતોષ અશાંતિનું મૂળ છે. ॥૬॥

તેનું વિશેષ ફળ બતાવે છે–

તા દુત્તરો ભવજલહી, તા દુજ્જેઓ મહાલઓ મોહો
તા અપ્પવિસઓ લોહો, જા જાઓ ન (નો) નિઓ બોહો ॥૭॥

જ્યાં સુધી આત્મબોધ નથી થયો ત્યાં સુધી ભવ સમુદ્ર તરવો દુસ્તર છે, મહા મોહ પણ દુર્જય છે એને લોભ પણ અતિ વિષમ છે. બધા જ દોષો આત્મા ઉપર ચઢી લીલાલહેર કરે છે. અને આત્માને આત્માનું ભાન જ કરવા દેતા નથી. ॥૭॥

હવે ત્રણે જગતમાં અપ્રતિમ મહલ્લા અતિદુર્જય એવા કામને જીતવાનો ઉપાય બતાવે છે.

જેણ સુરા-સુરનાહા, હહા અણાહુવ્વ વાહિયા સોવિ,
રઇજઞપ્પઝાણુજલણે, પયાઇ પયગત્તણું કામો ॥ ૮ ॥

અહો આશ્ચર્ય–ખેદની વાત છે કે જેના વડે અનાથની જેમ સુરેન્દ્રો આદિને પીડિત કરાય છે તેવો પ્રબલ એવો પણ કામ અધ્યાત્મ ધ્યાનરૂપી અગ્નિમાં પતંગીયાની જેમ ભસ્મ થઇ જાય છે.

કામની ભયંકરતા વિટંબણા સૌ અનુભવે છે અને માત્ર અધ્યાત્મ યોગીઓ, આત્માના યથાર્થ સ્વરુપને જાણનારા આત્માઓ જ તેના પંજામાંથી મુકત થાય છે, તેની અસરમાં આવતા નથી અને તેનો મૂળમાંથી નાશ કરે છે. આત્માને ઉદ્દેશીને જે કાંઇ ક્રિયા કરાય તેનું નામ જ અધ્યાત્મ છે. ॥૮॥

કામ ચિત્તમાં ઉત્પન્ન થાય છે માટે કામને મનોભુવ પણ કહે છે અને મન મર્કટની જેમ ચંચળ છે. ચપળ છે તેને સ્થિર કરવાને ઉપાય બતાવે છે–

જં બદ્ધંપિ ન ચિટ્ઠઇ, વારિજ્જંત વિ સરઇ અસેસે
(પસરઇ અસેસે)
ઝાણુબલેણું તં પિ હુ, સયમેવ વિલિજ્જઇ ચિત્તં. ॥૯॥

જે બાંધ્યા છતાં ય એક સ્થાને સ્થિર રહેતું નથી, વારવા છતાં ય ચારે ય બાજુ ભમ્યા જ કરે છે તેવું અતિચપળ એવું પણ ચિત્ત આત્મ ધ્યાનના બળ વડે પોતાની

જાતે જ સ્થિર-શાંત થઇ જાય છે.

મન, મર્કટની જેમ જેવી વિચારણા આચારણા કરે છે તે સૌના અનુભવની વાત છે. માત્ર મન પોતાના રસવાળા વિષયમાં આપોઆપ સ્થિર થઇ જાય છે. જેઓને સાચું આત્મજ્ઞાન થયું છે, અનંતા જન્મ-મરણનો ભય પેઠા થયો છે હવે મારે જન્મ-મરણ કરવા જ નથી આ વિચારણાવાળો આત્મા પોતાના મનને જીતી લે છે. ॥૬॥

આત્માના શુધ્ધ ધ્યાનને પામવાનો સાચો રાજમાર્ગ બતાવે છે-

બહિરંતરંગરોયા, વિવિહા વાહી ન દિંતિ તસ્સ દુહં.
ગુરૂવયણાઓ જેણું, સુહઝાણ રસાયણું પત્તં ॥૧૦॥

જેના વડે સદ્‌ગુરુના વચન રૂપી ઉપદેશના અમૃત પાનથી ધર્મધ્યાન અને શુકલ ધ્યાન સ્વરૂપ શુભ ધ્યાન રૂપી રસાયણ પ્રાપ્ત કર્યું છે તેને બાહ્ય-રોગાદિ અને અભ્યંતર કામ ક્રોધાદિ રૂપી વિવિધ પ્રકારની વ્યાધિઓ દુઃખ આપી શકતી નથી.

વૈદ્યે બતાવ્યા પ્રમાણે કરાતું માત્રા મુજબ રસાયનનું સેવન શરીરને નિરામય-નિરોગી-હષ્ટ-પુષ્ટ તાંબા જેવું બનાવે છે. તેમ મહા ધન્વંતરી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા રૂપી રસાયણનું સેવન આત્માને કર્મજન્ય સર્વ વિકારો રૂપી વ્યાધિઓથી મુકત કરે અને સર્વદા નિરાનંદ દશાને પમાડે છે. આધિ-વ્યાધિ-ઉપાધિના તાપથી મુક્ત આત્મા જેમ આંશિક સુખનો અનુભવ કરે છે તેમ સંસારની સઘળી ય ચિંતાથી મુક્ત-પર આત્મા સાચું શુભ ધ્યાન પામી શકે છે. ॥૧૦॥

આત્મ સ્વરૂપ ચિંતનમાં મગ્નને જ સાચો આત્મિક આનંદ અનુભવાય છે તે વાત બતાવે છે-

જિ અમપ્પચિંતણુપરં ન કોઇ પીડઇ અહવ પીડેઇ;
તા તસ્સ નત્થિ દુકખં, રિણમુકખં મુનમાણસ્સ ॥૧૧॥

જે આત્મા, આત્મ સ્વરૂપના ચિંતનમાં જ મગ્ન છે તેને કોઇ જ પીડતું નથી. અથવા કોઇ પીડા પણ કરે તો પણ 'હું તો દેવામાંથી મુકાવું છું' આવું માનતા તેને કાંઇ જ દુઃખ થતું નથી.

જે, આત્મા, આત્માના ગુણો, આત્માની સ્વભાવ દશાના ચિંતનમાં જ મગ્ન છે છે તેને શ્રી નમિરાજર્ષિની જેમ 'મિથિલા દહ્યમાનેઽપિ ન મે દહતિ કિંચન્' આ ભાવ-નામાં જ મસ્ત હોવાથી દુનિયાની કોઇ તાકાત દુઃખી કરવા સમર્થ નથી. 'હું કોઇનો નથી, મારૂં કોઇ જ-કાંઇ જ નથી' માત્ર' માત્ર મારો આત્મા અને આત્મ ગુણો જ મારા છે' આવી ભાવનાથી જેનું અંતઃકરણ વ્યાપ્ત હોય તેને બાહ્ય દુઃખો શું અસર

(બાકી પાના ૧૦૬૦ ઉપર)



પ્યારા ભૂલકાંઓ,

પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા છે. તમે સૌએ તેની મંગલમય આરાધનાની તૈયારી કરી લીધી હશે. સુંદર આરાધના કરી જીવનને પવિત્ર બનાવજો.

પર્યુષણ પર્વ એટલે આબાલવૃધ્ધ માટે મોટામાં મોટું પર્વ.

આ પર્વમાં આપણે શું કરીએ છીએ ? જણાવવાની જરૂર ખરી ? ના....ના.... જરાય નહિ. છતાં પણ જાણી તો લો. આપણા મન, વચન અને કાયાને નિર્મળ બનાવનારું આ પર્વ છે. કોઇની સાથે થયેલા વેર-ઝેરને ખમાવી લેવાનું આ પર્વ છે. થયેલા પાપોનું પ્રાયશ્ચિત પર્યુષણ પર્વમાં કરાય છે.

પર્યુષણ પર્વમાં તપ કરી સમય પસાર કરવા પત્તા, ચોપાડ, જુગારાદિ રમતો રમવી તથા ટી.વી. ફી. ટી.વી. આદિ જોવા એ મહાપાપ છે. આવા ભયંકર પાપથી તમારા અંતરને દૂર રાખજો.

સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ગુરૂવંદના, વ્યાખ્યાનાદિ કરી પર્યુષણ પર્વની સુંદર આરાધના કરજો. કરેલા કર્મોનો ભૂકકો બોલાવી દેજો...

ટૂંકા ગાળાના સંપાદનમાં જાણતાં-અજાણતાં કોઇપણ ભૂલકાંઓના દિલને દુભાવ્યું હોય તો આ ક્ષણે ભાવ પૂર્વક તમારા સહુની ક્ષમા યાચું છું. તમે પણ જરૂરથી ક્ષમા આપશો ને !

તમારી બાલવાટિકા કોના આધારે ચાલે છે ? ખબર છે ? હા.....

નાના-મોટા ભૂલકાંઓની શુભ લાગણીથી આ તમારી પ્યારીને લાડકી બાલવાટિકા પા....પા...પગલી ભરીને ચાલી રહી છે. તેને દોડતી કરવા તમારા સહુનો સાથ અને સહકાર જોઇએ. તમે અવનવા લખાણો મોકલતા રહેશો. તો ચોકકસ તમારી બાલવાટિકા દોડતી થઇ જશે.

વર્ષ દરમ્યાન શ્રી જિનાજ્ઞા વિરૂધ્ધ કંઇ લખાણ થયું હોય તો તેની ક્ષમા યાચું છું.

ક્ષમાપ્રાર્થી:
—રવિશિશુ
જૈન શાસન કાર્યાલય.

કથાનક

ઉભી બે શેરીમાં વસેલું એક ગામ હતું. તે શેરીની મધ્યમાં એક ઉપાશ્રય આવેલો હતો. તેની સામે એક કુંભાર રહેતો હતો. તેનો ધંધો માટીના દાગીના બનાવવાનો હતો. ગધેડાની વણઝાર લઇને તે પડતર જમીને પહોંચી જતો. માટી ખોદી લાવે ને ચાકડા દ્વારા યોગ્ય વાસણોના ઘાટ ઘડે. તે વાસણોને નિભાડામાં પકાવીને પકાવીને પોતાની ખુલ્લી જગ્યામાં સુકવે.

એક વખત કોઇક આચાર્ય ભગવંત પોતાના શિષ્યો-પ્રશિષ્યો સાથે વિહાર કરતા ત્યાં આવ્યા. તેઓશ્રીની સાથે એક ક્ષુલ્લક મુનિ પણ હતા. લાલ રાખોડી રંગના જુદા જુદા ઘાટો જોઇને ક્ષુલ્લક મુનિની બાલચેષ્ટા ખીલી ઉઠી. નાના મુનિ શેખરને ગમ્મત સુઝી ! બાજુમાં પડેલ એક કાંકરીનો ઘા કર્યો. નીશાન લઇને ઠોકેલી એ કાંકરી ઘડા સાથે અથડાઇ. કાચો ઘડો કુટી ગયો. ક્ષુલ્લક મુનિને મઝા પડી ગઇ. બસ ! એક કાંકરી એ એક ઘડો ફોડવાનો. બે પાંચ ઘડા તો ટપોટપ કુટી ગયા. ગોલમાં આવેલા ક્ષુલ્લક મુનિ જ્યારે કાંકરી મારવાની શરૂઆત કરતા હતાં ત્યારે તેઓ કુંભારની નજરે ચઢી ગયા.

કેમ, મહારાજ ! શું કરો છો ? તમારાથી આવું થાય ?

તરત જ બાલ મુનિ બોલ્યા મિચ્છામિ દુક્કડમ મારી ભૂલ થઇ ગઇ. હું તેની માફી માગુ છું.

પણ જ્યાં કુંભારે પીઠ ફેરવી ત્યાં વળી પાછાં એના એ ! ફરી કાંકરી લઈ ઘડાને ફટકારી ! ઘડો કુટી ગયો. કુંભારે લાલ આંખ કરી ઠપકો આપ્યો. તે જ જવાબ મળ્યો

"મિચ્છામિ દુક્કડમ"

આ સાંભળી કુંભાર કંટાળી ગયો તેણે એક કાંકરી લીધી, સીધો પહોંચી ગયો નાના ચેલકજી પાસે કાને કાંકરી અડાડી કાન આમડયા. પીડા થતાં બાળ મુનિએ સીસકારો કર્યો,

કુંભાર કહે મહારાજ ક્ષમા કરો ! ફરી કાન આમડયા. વળી મિચ્છામિ દુક્કડમ કાન આમડવાનું ચાલું, ક્ષુલ્લક મુનિની બુમાબુમ પણ ચાલું ને કુંભારનો મિચ્છામિ દુક્કડમ પણ ચાલું.

અંતે બાળ મુનિ કરગરવા લાગ્યા. આંખોમાંથી શ્રાવણ ભાદરવો વર્ષવા લાગ્યો. હવે કોઇદિ' આવું નહી કરૂં મને છોડી મુકો, મારી ભુલ થઇ ગઇ. સાચા ભાવથી ફરી આવું ન કરવાની કબુલાત લઇને કુંભાર પોતાના આવાસે ગયો. ક્ષુલ્લક મુનિ મુકત થયાં બાલ ચેષ્ટા છોડી દીધી.

બાલમિત્રો ! આ કથાનક આપણે ઘણીવાર સાંભળ્યું છે, ને હજી પણ આ કથાનક આપણને ઘણીવાર સાંભળવા મળશે જ્યારે જ્યારે ક્ષમાપના દિવસો આવશે ત્યારે ત્યારે સુગુરૂઓ આ રૂપકને અવનવી રીતે રજુ કરશે. અત્યારે વાતે વાતે ક્ષમાપના થાય છે. કાંઇક બોલવાને અંતે કાંઇક

ક્રોધ આવી ગયો તરત જ ક્ષમાપના કરી લેવાય છે. પરંતુ આ રીતે થતી ક્ષમાપના શું ભાવવાળી છે ખરી ? વળી ભુલ કરે જવાની ને ક્ષમાપના માંગે જવાની. આ રીતે ક્ષમાપના કરવામાં આવશે તો પ્રાય: આપણો ઉધ્ધાર થશે કે કેમ તે આશ્ચર્ય છે.

તમે સૌ પર્યુષણના મહાન દિવસોમાં કુંભારવાળુ મિચ્છામિ દુક્કડં નહી કરતાં પરંતુ સાચા હૃદયથી ક્ષમા માગજો ને આપજો. ભુલોથી પરંપરા ન સર્જાતી રહે તેની સતત કાળજી રાખજો. દુષ્કૃત્યથી નિવૃત થજો....

શ્રી રમ્ય

✻

એક વિચાર

જે ઘરને અગ્નિ લાગે છે તે ઘરને જેમ અગ્નિ બળે છે અને પાણીનો સંયોગ ન મળે તો નજીકનું ઘર પણ બળે છે.

તેમ

જે મનુષ્યને ક્રોધ રૂપી અગ્નિ લાગે છે તે પોતે તો બળે છે અને સમતા રૂપી જળનો જો મેળ ન મળે તો તે બીજાને પણ નુકશાન કરે છે.

✻

તરંગ તુકકા

દરેક માનવી સત્ય બોલતો હોત તો !
દરેક માનવીની કાયા સરખી હોત તો !
દરેક એરોપ્લેન સીધુ સ્વર્ગે જતું હોત તો !
દરેક માનવીની બુધ્ધિ સરખી હોત તો !
દરેક માનવી સુખી હોત તો !
દરેક માનવી નિર્ધારેલ કાર્ય પૂર્ણ કરતાં હોત તો ?
દરેક માનવી પરનિંદાથી નિવૃત હોત તો ?
દરેક દિવસે જૈન શાસન નીકળતું હોત તો ?
દરેક માનવી બાલવાટિકા વાંચતા હોત તો ?
દરેક વિરાગ મારામાં રમતો હોત તો ?

વસુમતી (રાધનપુર)

✻

સમજી લો જાણી લો

સાંવત્સરીક પ્રતિક્રમણ કરતાં પૂર્વે....

૧. ખમાસમણ : ઉભા થઇ બે પગ, બે હાથ અને મસ્તક જમીનને અડે તે રીતે ભાવથી કરાતો પ્રણામ.

૨. વાંદણા : મુહપત્તિમાં ગુરુના ચરણ કમળની સ્થાપના કરવી. દશ આંગળીઓ વડે તેની સ્પર્શના કરવી. તે સ્પર્શના કરતા લાગેલી રજકણને મસ્તકે ચઢાવવી.

૩. પડિલેહણ : વિધિપૂર્વક પડિલેહણ કરતાં શ્રી જૈન શાસનનો સાર મગજમાં રમતો થઇ જાય અને ક્રિયા કરતા સુક્ષ્મ જંતુઓની વિરાધના ન થાય તે માટે શરીરના હલાવવાના અવયવોને પૂંજી લેવા.

૪. કાઉસ્સગ : કાયાની મમતા છોડી, આવેલ ઉપસર્ગો અને પરીસહોને સહન કરી ટટ્ટાર ઉભા રહી સહેજ મસ્તક નમાવી. નયનોને નાસિકાના અગ્રભાગે સ્થિર કરી બે પગના પંજા વચ્ચે આગળથી ચાર અંગળને પાછળથી ચાર અંગળ કરતા કાંઇ ઓછું અંતર રાખી કાઉસ્સગ કરવો.

૫. કટાસણું : આ હાલતી ચાલતી બેઠક છે. પ્રાયઃ તેના ઉપર કોઇ જીવજંતુ ચઢતું નથી ઉનનું આસન શરીરની ઉર્જાને સાચવી રાખે છે, તેથી ક્રિયામાં પ્રમતતા નથી આવતી,

૬. ચરવળો : પૂંજવા પ્રમાર્જવા માટે વપરાતું સાધન આ હાથમાં હોય ત્યારે હૃદયના ભાવો પલટાઇ જાય છે, બોલવામાં, ચાલવામાં ફેર પડી જાય છે. અપ્રમત પણે ક્રિયા કરવાનું મન થાય છે.

૭. મિચ્છામિ દુક્કડમ : ક્રોધ, કષાય અને કલેશ, કંકાસને ટાળવાનું મોટામાં મોટું અને અજબ ગજબનું સાધન.

૮. પ્રતિક્રમણ : ભૂતકાળમાં કરેલ દુષ્કૃત્યોની ક્ષમા–યાચના અને ફરી એવા પાપો ન થાય તે માટેનો સંકલ્પ.

પં. હરેશભાઇ મહેતા
પુના

મિચ્છામિ દુક્કડમ

મિ એટલે મૃદુત્વ અને માર્દવત્વ.
મૃદુત્વ–શરીરની નમ્રતા
માર્દવત્વ–ભાવનાની નમ્રતા

ચ્છા એટલે આચ્છાદન
અસંયમ યોગરૂપી ઘોષેનું ઢાંકવું

મિ એટલે મર્યાદા
હું ચારિત્રરૂપ મર્યાદામાં સ્થિર છું.

દુ એટલે નિંદુ છું
દુષ્ટ કર્મો કરવાવાળા મારા આત્મને
હું નિંદુ છું.

ક્ક એટલે મેં કરેલા પાપને

ડ એટલે અતિક્રમ છું દૂર કરું છું.
હું ઉપશમ વડે કરેલા પાપોને દૂર કરું છું

હિના એન. શાહ
સાધના આર. શાહ
શાંતીનગર

(અનુ પાના ૧૦૫૬ નું ચાલુ)

કરે ? આત્માના આનંદમાં જ મગ્નનું શરીર પણ બાળે તો ય માને કે માત્ર પૌદ્ગલિક સ્વભાવવાળું આ શરીર બળે છે પણ શાશ્વત ચિદાનંદ સ્વરૂપ મારો આત્મા બળતો જ નથી. તેને બાળવાની કોઇનામાં ય તાકાત નથી.

વળી મેં કરેલાં પાપનું ફળ દુઃખ મારે મજેથી ભોગવવા જ જોઇએ. દેવાદાર માણસની પાસે લેણદાર માગવા આવે અને તેની આપવાની વસ્તુ હોય તો તે દેવાદાર તે વસ્તુ આપી દેવાથી મુક્ત થયાનો છૂટકારો–આનંદ અનુભવે તથા કરતાં પણ વધુ આનંદ દુઃખને મજેથી ભોગવનારો અનુભવે છે કે કર્મના દેવામાંથી મુક્ત થાઉં છું દુઃખને તો તે આત્માની વેરી'ંગ કંપની માને પછી આનંદ થાય તે જ નવાઇ ! ॥૧૧॥ (ક્રમશઃ)

બીજા પ્રણામ પાંચ પ્રકારે છે. મસ્તક નમાવવાથી એકાંગ પ્રણામ બે હાથ નમાવવાથી દ્વિ અંગ પ્રણામ, મસ્તક અને બે હાથ નમાવવાથી ત્રણ અંગ રૂપ પ્રણામ, બે હાથ અને એ જાનુને નમાવવાથી ચતુરંગ પ્રણામ, બે હાથ, બે જાનુ અને મસ્તક એ પાંચે અંગોને નમાવવાથી પંચાંગ પ્રણામ થાય છે.

તથા દંડક અરિહંત ચેઈયાણું ઇત્યાદિ ચૈત્યસ્તવ રૂપ સ્તુતિ પ્રસિદ્ધિ છે જે તેના અંતમાં અપાય છે. તે બેનું યુગલ અથવા તે બે યુગલ તે મધ્યમ ચૈત્યવંદના છે.

આ વ્યાખ્યાન 'શ્રી કલ્પભાષ્ય'ને અનુસારે કરેલ છે. તે ગાથા–

'निस्सकडमनिस्सकडे, चेइए सव्वहिं थुई तिन्नि ।
वेलं च चेइयाणिय, नाउइक्किक्किया वावि ।।'

અર્થ:–એક નિશ્રાકૃત તેને કહેવાય કે જે ગચ્છના પ્રતિબંધથી બનાવ્યું હોય જેમકે, આ અમારા ગચ્છનું મંદિર છે. અને બીજું અનિશ્રાકૃત–કે જેના ઉપર કોઇ ગચ્છનો પ્રતિબંધ–માલિકીભાવ નથી. આ બધા શ્રી જિનમંદિરોમાં ત્રણ થોય કહેવી. પરંતુ બધા મંદિરોમાં ત્રણ ત્રણ થોય કહેતાં ઘણો સમય જાય અને વળી શ્રી જિન મંદિરો ઘણા હોય તો એક એક શ્રી જિન મંદિરમાં એક એક થોય બોલે. આ પ્રમાણે શ્રી કલ્પભાષ્ય ગાથામાં ફક્ત ચૈત્યપરિપાટીમાં ત્રણ થોયની ચૈત્યવંદના ઉપરોક્ત નવ ભેદમાંથી છઠ્ઠા ભેદની કહી છે.

જેથી દંડકની પૂર્ણાહુતિમાં એક થોય અપાય છે તે દંડક સ્તુતિ યુગલ થાય છે.

તથા પાંચ દંડક, શક્રસ્તવ, ચૈત્યસ્તવ, નામસ્તવ, શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ–આ પાંચ દંડકો પૂર્વક ચાર સ્તુતિ કરી સ્તવન કહેવું જયવીયરાય વગેરે પ્રણિધાન સૂત્ર કહે તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કહેવાય છે.

(અનુ. પેજ ૧૦૪૮ નું ચાલુ)

જ નહિ આત્મ કલ્યાણક વચનો સાંભળીને આવનાર શાસન ભક્ત બની જતા. ૭૯ વર્ષના સંયમી જીવનમાં તેઓશ્રીએ સાધુ અને શ્રાવક વર્ગની સમાધિ માટે સર્વ કાર્યો ગૌણ કરીને સુન્દર સમાધિ આપેલ. સમાધિપત્રો લખીને અનેકનું મરણ મહોત્સવરૂપ બનાવ્યું. પોતાના પરમ ગુરૂદેવશ્રીથી માંડીને બાલસાધુઓને પર સમાધિ આપવા દ્વારા અન્તિમક્ષણો સમતાલીનતાની બનાવી હતી. એથીજ તો સમતારસમાં લયલીન પરમગુરૂદેવશ્રી અરિહંત... અરિહંત આવા ચાર શાશ્વત અક્ષરના ઉચ્ચારણ સાથે સૌને પંડિત મરણ'નું સહજભાવી દર્શન કરાવી ઉર્ધ્વગતીને વર્યા... આવા મહાપુરૂષ આપની સાથે સદેહે નથી પણ તેઓશ્રીની મોક્ષૈકલક્ષિતા–શાસન પ્રભાવના–શુધ્ધસિધ્ધાન્તની સુરક્ષા એ પ્રેરણાબળ આપણી સાથે જ છે.

।। વંદન હો.. પરમ ગુરૂદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને વંદન હો.. ।।

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- અરિહંત દીક્ષા લે નહિ, કેવળજ્ઞાન પામે નહિ, શાસનની સ્થાપના કરે નહિ, તો સંયમ રૂપી જહાજ કોઇને મલે નહિ.
- પૂર્વની અરાધના સિવાય કે વર્તમાનની લઘુકર્મિતા સિવાય તેમાં પણ મોક્ષની ઉત્તમ કોટિની ઇચ્છા જાગ્યા વિના આ સંસારના સુખ પર તિરસ્કાર જાગ્યા સિવાય, આવી પડેલા દુઃખને મજેથી વેઠવાની પ્રતિતિ થયા વિના ભગવાનની કોઇ દીક્ષા સાચી રીતિએ આવી શકતી નથી.
- ભાવ લીંગવાળાને સંસાર ફાવે નહિ. દેવલોકમાં બેઠાડો તો તે તેને જેલ જેવો લાગે સુખ તેને ઝેર જેવું લાગે, દુઃખ તેને અમૃત લાગે.
- જેને એમ ભાન થઇ જાય કે આ સુખની પ્રીતી થવાથી હું સંસારમાં ભટકયો છું દુઃખની અપ્રીતિ થવાથી સંસારમાં ભટકયો છું માટે હવે મારે સુખની પ્રીતી અને દુઃખની અપ્રીતિ જોઇતી નથી. અને એને માટેનો અભ્યાસ થાય તેવો પુરૂષાર્થ કરૂં છું. આવું જેને થાય તે જ સાચી ધર્મક્રિયા કરે છે.
- જૈનકુળ એટલે દેવ-ગુરૂ-ધર્મને ઓળખાવનારૂં કુળ. દેવ-ગુરૂ-ધર્મને ઓળખે એટલે બધું તેનું જ છે એવી જેનામાં બુધ્ધિ હોય તેનું નામ જૈન.
- ભગવાનના દર્શન-પૂજન સેવન, સાધુને વંદન-સેવન, વ્યાખ્યાન શ્રવણ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, ઉપધાન આદિ શા માટે ? દુઃખની અપ્રીતિ નાશ પામે અને સુખની પ્રીતિ નાશ પામે તે માટે ને ? એ નાશ પામે પછી જ સાધુપણાની સાચી પ્રીતિ જન્મે.
- આપણે બધા દુઃખથી ગભરાનારા હરણિયા જેવા છીએ. હરણિયા કોઇને જોઇને ભાગવા માંડે પણ શિકાર તો તેનો જ થાય. આપણા બધા માટે શાસ્ત્રમાં લખ્યું છે કે જીવનું મોટામાં મોટું દ્વષણ દુખનો દ્વેષ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું

श्री. श्री कैलाससागर सूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
कि. गांधीनगर, पिन-382009

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनं यन्त्र

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

વર્ષ ૮ અંક ૪૮

* શ્રી જૈન શાસન જય પામે છે.

सर्वकल्याण कारणं, सर्व श्रेयस्यसाधनम् ।
प्रशस्यं पुण्यकृत्यानां, जयत्य र्हतशासनम् ।।

સર્વ કલ્યાણનું કારણ શ્રેયનું સાધન અને પુણ્ય કૃત્યો વડે પ્રશંસા કરવા લાયક એવું શ્રી જૈનશાસન જય પામે છે.

卐

લવાજમ વાર્ષિક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન

રાજા ભોજની વાતો

ઈંટનો જવાબ પથ્થરથી

ભોજ માળવાનો રાજા હતો. તે વિદ્વાનો તથા બુદ્ધિશાળી માણસોની કદર કરતો હતો. વળી તેનાં સમયમાં બીજા પણ એવા રાજાઓ હતા કે જેઓ અવનવી સમસ્યાઓ રજુ કરીને એક બીજાના બુદ્ધિ ચાતુર્યની પરીક્ષા કરતા હતા.

રાજા ભોજ અને ગુજરાતના રાજા ભીમદેવની વચ્ચે તો તે વખતે કાયમી હરીફાઈ જેવું રહેતું હતું.

ગુજરાત રાજ્યનો એક દૂત રાજા ભોજની રાજ્યસભામાં હતો. આ દૂતનુ નામ દામોદર મહેતા હતું. તે ઘણો જ બુદ્ધિશાળી હતો, પરંતુ દેખાવમાં બહુ કદરૂપો હતો.

રાજા ભોજનો સ્વભાવ ખેલદિલ હતો. તે બીજાની મશ્કરી જરૂર કરતો, પરંતુ જો કોઈ તેની સામી મશ્કરી કરે તો તેનાથી તે કદી ખીજાતો ન હતો, એટલે બીજાઓ પણ તેની વળતી મશ્કરી કરી શકતા હતા.

દામોદર મહેતા પ્રથમ વખત ભોજની રાજસભામાં આવ્યા અને ગુજરાતના રાજદૂત તરીકે પોતાની ઓળખાણ આપી તે વખતે તેનો કદરૂપો દેખાવ જોઈને ભોજ રાજાએ હસીને પૂછ્યું, 'તમારા જેવા બીજા કેટલા રાજદૂતો તમારા રાજાના દરબારમાં છે?

દામોદર મહેતા રાજાનો વ્યંગ સમજી ગયો. તે ઘણો વિચક્ષણ રાજપુરુષ હતો. તેણે પણ રાજાના પ્રશ્નનો હસીને, બુદ્ધિપૂર્વક જવાબ આપ્યો, 'અમારા રાજા પાસે ત્રણ પ્રકારના રાજદૂતો છે. સૌથી સારાં, સારાં અને નીચલી કક્ષાના. જે રાજ્યમાં જેવી કક્ષાના રાજા હોય છે તે રાજ્યમાં તેવી કક્ષાના રાજદૂતો અમારા રાજા મોકલે છે હવે તમે તમારી જાતે જ ન્યાય કરી લેજો કે હું કંઈ કક્ષાનો છું.

તમે જો પોતાને ઉત્તમ માનતા હો તો હું પણ ઉત્તમ છું, સામાન્ય માનતા હો તો સામાન્ય અને ઉતરતી કક્ષાનો માનતા હો તો હું પણ તેવો જ છું.'

દામોદર મહેતાનો આવો બુદ્ધિપૂર્વકનો જવાબ સાંભળી રાજા ભોજ આફરીન પોકારી ગયા. દામોદર મહેતાએ રાજાની બોલતી બંધ કરી દીધી.

પરંતુ ભોજ કદરદાન અને ખેલદિલ રાજવી હતો. તેણે આ રાજદૂતને દસ હજાર સોનામહોરો ઈનામમાં આપી તેનું બહુમાન કર્યું.

—મણિલાલ દોશી

ભારતદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાભાર્થ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પ્રગટ

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષિકા
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુલુન્દ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
કુસુમબેન હીરાચંદ શેઠ (ચકવાલા)
ચાંદમલ પદમશી ગુઢકા (ચાણગઢ)

વર્ષ : ૮, ૨૦૫૨ દ્વિ. આ. વદ-૮ મંગળવાર તા. ૬-૮-૯૬ [અંક : ૪૮

પ્રકીર્ણક ધર્મોપદેશ

-પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, અષાઢ વદિ-૩ સોમવાર તા. ૧૩-૭-૧૯૮૭ શ્રીપાલનગર જૈન ઉપાશ્રય મુંબઇ-૬

(શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે, ક્ષમાપના— (પ્રવચન ૧૧ મું) —અવ૦

खणमित्तसुक्खा, वहुकालदुक्खा, पगामदुक्खा अनिगामसुक्खा ।
संसारमुक्कस्स विपक्खभूआ, खाणी अणत्थाण य कामभोगा ॥१॥
जहा य किंपागफला मणोरमा, रसेण वन्नेण उ भुज्जमाणा
ते खुद्दाए जीविअपच्चमाणा, एओवमा कामगुणा विवागा ॥ ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા; મોક્ષના સુખ વિના બીજે કશે રાચું અને વાસ્તવિક સુખ નથી એ વાત સમજાવી ગયા પછી આ સંસારના સુખ કેવાં છે તેનું વર્ણન કરે છે. આ બધી વસ્તુનો આપણે વિચાર કરીએ તો અનુભવથી સિદ્ધ થઇ શકે છે કે સંસારના સુખ અસાર જ છે. સંસારના વિષયજનિત અને પરિણામે ઘણા કાળ સુધી દુઃખ આપે છે. જે વિષયસુખ છે તેમાં જેટલો કાળ મઝા કરીએ તેનાથી અસંખ્યાત કાળ સુધી દુઃખ ભોગવવું પડે છે. મનુષ્યપણામાં ચક્રવર્તીપણા ચોર્યાંશી લાખ પૂર્વ સુધી. અને મરતા સુધી ચક્રવર્તીપણાને ન છોડે તો તેના

પરિણામે સાતમી નરકે જાય તો કેટલા કાળ સુધી. આ વાત ધ્યાનમાં રહે તે વિષય-સુખમાં મઝા કરે ખરો ? બીજી વાત એ કે– વિષયજનિત સુખોને જે આધીન થાય, તેના ભોગમાં લીન બને, આતી વખતે પેટ ન જુએ, ભોગવતી વખતે શરીરનો વિચાર ન કરે તો તેનું શું પરિણામ આવે તે ખબર નથી ? સારી રીતે મઝેથી જે મળે તે, ગમે ત્યારે ખાય–પીએ તેના પરિણામે તેને ઘણા કાળ સુધી ખાવા પીવાનું ન મળે તેવું પાપ બંધાય છે. અને જોયા વિના ઘણા ભોગ ભોગવે તેના યોગે એવા રોગ થાય છે કે– અહીં પણ રિબાઈ રિબાઈને જીવવું પડે છે આ વાત સમજાય છે ?

આ સંસાર તો એવો ખરાબ છે, એવો સ્વાર્થી છે કે જેની સાથે લોભ ભોગવ્યા, મોજમઝા કરી તે વ્યક્તિ જો માંદી પડે કે નકામી થાય તો બીજી વ્યક્તિ તેની અવગણના કરે એટલું જ નહિ તેના માટે ય વિચારે કે– આ મરતો ય નથી ને, માંદો મૂક તો ય નથી, ખાવાની ચીજ ગમી જાય અને ભાન ભૂલીને ખાય તો એવો રોગ થાય કે બાઇ પણ ન શકે અને પી પણ ન શકે. આજે મોટે ભાગે એક આદમી એવો ન મળે જેને રોગ ન હોય. આટલા ડોકટરો હોય, આટલાં દવા માનાં ચાલે, આટલી દવાઓ હોય છતાં ય આટલા રોગી કેમ છે ? આનું કારણ શું છે ? અતિ-ભોગની આસક્તિ. ઘણીવાર તો ડોકટરો પણ કહે છે કે– તમે ખાવા-પીવામાં નહિ સમજો, ભાન નહિ રાખો તો અમારી કોઇ દવા પણ કામ નહિ આવે. જમાનો વૈદ્યો માત્રા આપતા'તા તે કોને ? વૈદ્યનું કહેલ માને અને કરે તેને માત્રા આપતા હતા.

તે માત્રાનું વૈદ્યની આજ્ઞા મુજબ સેવન કરે તો શરીર તાંબા જેવું બનાવે અને તેમાં જો ગરબડ કરે તો તે માત્રા જ એવી કુટી નીકળે કે તે પછી કોઇ ઉપાય કામ ન લાગે. માટે સમજાય છે ને કે– વિષયસુખમાં જ જે રક્ત રહે છે તેમની તો દયા જ ખાવા જેવી છે ને ? ચક્રવર્તી જો ચક્રવર્તીપણાના સુખમાં જ લીન થાય અને તેમાં જ મરે તો તેને નરકે જ જવું પડે. વાસુદેવ અને પ્રતિવાસુદેવ તો નિયમા નરકે જ જાય. કેટલા મોટા માણસો ! ચક્રવર્તી એટલે મનુષ્યલોકમાં પ્રધાન જીવ. વાસુદેવ અને પ્રતિ-વાસુદેવ પોત-પોતાના કાળમાં પ્રધાન ગણાય.

સંસારના સુખને મઝેથી ભોગવે તેનું ફળ શું મળે તે સમજાય છે ને ? આ વાત તમારા મનમાં બેસે તો તમને મોક્ષસુખની ઇચ્છા જ થવાની નથી. સંસારના સુખની ઇચ્છા જ મોક્ષસુખની ઇચ્છાની આડે આવનારી છે. તેથી તો, જીવને સાચી રીતે ધર્મ કરવા દે જ નહિ. આજે આપણે કેટલો ધર્મ કરી તેમ છીએ, બની શકે તેટલો પણ ધર્મ કરવાનું મન થતું નથી તેનું કારણ શું છે ? આ સંસાર સુખનો રાગ જ.

તમને પૈસા-ટકાદિનો અને અમને માન-પાનાદિનો તમને દેશવિરતિપણું લેવાનું પણ મન થાય છે ખરું ? તે ન લેવાય તો એક વ્રત પણ લેવાનું મન થાય છે ખરું ? તે ય ન બને તો સમ્યક્ત્વ પામવાનું પણ મન થાય છે ખરું ? તમે બધા સંસારમાં બહુ ઉદ્યમી છો. તમે જેવો સંસારના સુખ માટે ઉદ્યમ કરો છો તેવો અમે મોક્ષ સુખ માટે નથી કરતા. તમે જેવો ઉદ્યમ કરો છો તેવો જો અમે કરીએ તો અમારે માટે મોક્ષ આ રહ્યો !

સંસારમાં તમે જેટલાં કષ્ટ વેઠો છો, જેટલાં અપમાન સહો છો તેટલાં કષ્ટ અને અપમાન અમે નથી વેઠતા. તમે દુનિયાના સુખ માટે અને પૈસા-ટકાદિ માટે ભૂખ્યા પણ રહો છો, તરસ્યા પણ રહો છો, ગાળો પણ ખાવ છો. અને અન્તે ધાર્યું કામ પણ પાર પાડો છો. તમને ધર્મની વાત આવે તો મોટો ભાગ મારાથી આ- આ ન થાય તેમ કહે છે. તમારો નંબર થઇ શકે તેટલો ધર્મ કરવામાં આવે છે કે ન થાય તેટલો ધર્મ કરવામાં આવે ?

સંસારનાં સુખ માટે મહેનત કરવાની છે તેમ માનો છો તો મોક્ષના સુખ માટે તો ઘણી મહેનત કરવાની છે. ધર્મ સહેલાઇથી થાય તેવો નથી. સહેલાઇથી ધર્મ કરનારા વિધિ મુજબ ધર્મ કરી શકે જ નહિ. 'અનુકૂળતા હશે તો ધર્મ કરીશ' તેમ માનનારો કેટલો ધર્મ કરે છે ? ધર્મ કરવામાં તો તકલીફ વેઠવી પડે ને ? કેટલા વેઠે છે ? સંસારમાં સુખ માટે, પૈસા માટે તકલીફ વેઠોને ? કુટુંબથી પણ નોખા થાવ ને ? ગમે તેની નોકરી પણ કરો ને ? શેઠ ખરાબ હોય તો તમને, તમારા મા બાપને ય ગાળ દે તો સાંભળી લો ને ? મોટા કલાલને પણ શેઠ બેવકૂફ કહે તો મજેથી સાંભળે છે, તેને ઘેર મળવા માટે દશવાર આંટા મારે કલાક કલાક કલાક બેસી પણ રહે. આવાં બધાં અપમાન મજેથી વેઠો છો. ધર્મસ્થાનમાં કહીએ કે આવું આવું ન થાય તો કહે કે, કાલથી નહિ આવીએ. આ બધું સાંભળવા છતાં ય સંસારનાં સુખ પ્રત્યે અભાવ આવે છે ? સંસારનાં સુખમાં બહુ મઝા કરે ત્યારે તમે યાદ કરો કે-'આ બધી મોજ-મજા મારી નાંખશે. આ બધી મઝા ઊંધી પડવાની છે. બહુ દુઃખી દુઃખી થઇ જવાના છીએ' તે વાત મગજમાં બેસે છે ખરી ?

આ સંસાર, સંસારનું સુખ અને સંસારની મોજ મઝા, જેને ભૂંડી લાગે તે કદી સાચી રીતે ધર્મ કરવાને તૈયાર થાય નહિ. જેને આ બધું ભૂંડું નથી લાગ્યું તે ધર્મ કરે તો ધર્મથી મળતાં જે સુખ-પૈસા ટકા, માન-પાન, ખ્યાતિ-પ્રતિષ્ઠાદિ માટે જ કરે. પણ આત્માના વાસ્તવિક સુખને માટે કરે જ નહિ. તમને આનો અનુભવ નથી ? (ક્રમશઃ)

ભાભર નગર મંડન

શ્રી મુનિ સુવ્રતસ્વામી જિનાલય શતાબ્દી વર્ષે

卐 શ્રી ભાભર તીર્થની યાત્રાર્થે પધારો 卐

પ્રતિષ્ઠા દિન વિ. સં. ૧૯૫૨ શ્રાવણ સુદ ૧૦

શતાબ્દિ દિન વિ. સં. ૨૦૫૨ શ્રાવણ સુદ ૧૦

ઉત્તર ગુજરાતની ભૂમિ પર, બનાસકાંઠા જિલ્લાના ભૂષણરૂપ શ્રી ભાભરનગરની ભવ્યતામાં વૃદ્ધિ કરનાર શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયને સો વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ પ્રસંગે સકળસંઘની સમક્ષ ભાભરનો ધર્મ પરિચય ટુંકમાં પ્રસ્તુત છે. ૧૦૦ વર્ષ પ્રાચીન મંદિરથી મંડિત ભૂમિ તીર્થસ્વરૂપ ગણાતી હોવાથી સકળ સંઘને તીર્થસ્વરૂપ ભાભર-નગરના જિનાલયોના દર્શન પૂજન નિમિતે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

પાંચ જિનાલયો : ૧. શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય (૧૦૦ વર્ષ) ૨. શ્રી શાંતિનાથ સ્વામી જિનાલય, ૩. શ્રી શંખેશ્વર પાશ્વનાથ જિનાલય, ૪. શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય. ૫. શ્રી સંભવનાથ સ્વામી જિનાલય.

ધર્મસ્થાનો : શ્રાવક-શ્રાવિકા સંઘની આરાધના માટેના ભવ્ય ઉપાશ્રયો, આયંબિલ શાળા, ભોજનશાળા.

પાંજરાપોળ : જીવદયાની જ્યોત જલતી રાખતી પાંજરાપોળમાં કાયમ માટે નાના મોટા ૧૫૦૦ ઢોરને આશ્રય મળતો હોય છે. અને દુષ્કાળના વર્ષમાં ૨૫૦૦ જેટલા ઢોરને આશ્રય મળતો હોય છે.

જ્ઞાનમંદિર : શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી જૈન પાઠશાળા-જ્ઞાનમંદિર જૈન બોર્ડીંગ આદિ સંસ્થાઓ દ્વારા સમ્યગ્જ્ઞાનની અપૂર્વ જ્યોત જલતી રહે છે.

ભાભરનગરને અનેક રીતે ધર્મ સમૃદ્ધ બનાવનારા ગુરૂ ભગવંતો તરીકે ધર્મદાતા પરમોપકારી પૂ મુક્તિવિજયજી મ. સા. તથા પૂ. પં. શ્રી તિલકવિજયજી મ. સા પૂ. આચાર્યદેવ શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પરમ વાત્સલ્યનિધિ પૂ. આચાર્યદેવ શ્રી કનકપ્રભસૂરીશ્વરજી મહારાજાનો ઉપકાર ભુલી શકાય એવો નથી.

તા.ક. : ભાભર આવવા માટે અમદાવાદ-પાલનપુર-ડીસા-શંખેશ્વર-ભીલડી-વાવ થરાદથી બસ ચાલુ છે, તેમજ અમદાવાદ-ભીલડી-પાલનપુરથી ટ્રેન સેવા ચાલુ છે.

— ભાભર તીર્થની યાત્રાએ પધારો —

મુ. ભાભર તા. દીયોદર જી. બનાસકાંઠા (ઉ. ગુજરાત)

અમારા શ્રી સંઘે આ શતાબ્દિ મહોત્સવ વિરાટ સ્વરૂપમાં વિશિષ્ટ રીતે ઉજવવાનું નક્કી કર્યું છે.

સૌજન્ય : જૈન શાસન સેવા મંડળ (ભાભર) મુંબઇ ફોન : ૮૪૨૬૯૭૧

પૂ. શ્રી જયશેખરસૂરિ મ. કૃત

"આત્મા વબોધ કુલકમ્"

[મૂલ તથા સામાન્યર્થ સાથે]

– સામાન્યાર્થ વિવેચક –

—પૂ. મુનિરાજ શ્રી

પ્રશાંતદર્શન વિજયજી મ.

[ક્રમાંક–૨]

દુઃખોની ઉત્પત્તિ અને ચિત્તની સ્વસ્થતાનો ઉપાય બતાવતા કહે છે–

દુક્ખાણુ ખાણી ખલુ રાગ દોસા, તે હુંતિ ચિત્તંમિ ચલાચલંમિ;
અજઝપ્પ જોગેણ ચએઇ ચિત્તં, ચલત્તમાલાણિઅ કુંજરૂવ ॥૧૨॥

ખરેખર રાગ અને દ્વેષ એ જ સઘળા ય દુઃખોની ખાણ છે અને તેની ઉત્પત્તિ ચિત્તની ચલાયમાન–ચપળતાની અવસ્થામાં થાય છે.

પરન્તુ જેમ આલાન સ્થંભે બાંધેલો હાથી ગમનાગમન રૂપ ચપલપણાનો ત્યાગ કરે છે તેમ અધ્યાત્મ યોગથી આત્માના સ્વરુપના જ ચિંતનથી– ચિત્ત ચપલપણાનો ત્યાગ કરે છે.

સંસારમા જો અનુકુળ પદાર્થો ઉપર રાગ અને પ્રતિકુળ પદાર્થો ઉપર દ્વેષ ન થતો હોત તો આ સંસારનું સર્જન જ ન હોત. બધા આત્માઓ કયારના મોક્ષમાં પહોંચી ગયા હોત. બધા જ દુઃખ દ્વંદ્વોને આમંત્રણ આપનાર હોય તો આ બે જ દોષ છે. તેથી અનુકુળતા માત્રનો અર્થી બનેલો અને પ્રતિકુલતા માત્રથી ભાગાભાગ કરનારો આત્મા 'ક્ષણે તુષ્ટા ક્ષણે રુષ્ટા' ન્યાયને અનુસરે છે.

પરન્તુ 'અનુકુલતામાં ઉદાસીનતા અને પ્રતિકુળતામાં પ્રસન્નતા' અનુભવનારો આત્મા જ અધ્યાત્મ યોગ વડે પોતાના ચિત્તને વશ કરે છે અને 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ મહાપુરૂષોની ઉક્તિને સાર્થક કરે છે. ॥૧૨॥

પરિણામના આધારે જ આત્માની અવસ્થા સમજાય છે તે બતાવે છે–

એસો મિત્તમમિત્તં, એસો સગ્ગો તહેવ નરઓ અ;
એસો રાયા રંકો, અપ્પા તુટ્ઠો અતુટ્ઠો વા. ॥૧૩॥

આત્મા–આત્મજ્ઞાનથી–તુષ્ટમાન બન્યો તો તે જ આત્મા મિત્ર છે, સ્વર્ગ છે અને રાજા પણ છે. આત્મા જો અતુષ્ટમાન બન્યો– આત્મજ્ઞાનથી રહિત થયો– તો તે આત્મા જ શત્રુ છે, નરક છે અને રંક પણ છે. પરિણામ જ આત્માને ઉત્તમ કે અધમ બનાવે છે.

પરિણામ, સાચી સમજ. સમજ પ્રમાણે આચરણ અને તેના ઉપરની પૂરી અવિહડ-અખંડ શ્રદ્ધા વિના ચેતા થતા નથી માટે પરિણામની નિર્મલતા માટે ય આત્માનું જ્ઞાન જરૂરી છે. ॥૧૩॥

'સંતોષ' ગુણની પ્રાપ્તિ વિના સઘળી ય સુખ-સંપત્તિ-સાહ્યબી અસમાધિની જ જનેતા છે તે વાત બતાવે છે–

લદ્ધા સુરનર રિદ્ધિ, વિસયા વિ સયા નિસેવિ આણેણુ;
પુણુ સંતોસેણુ વિણા, કિં કત્થ વિ નિવ્વુઇ જાયા ? ॥૧૪॥

આ જીવે દેવ અને મનુષ્યની ઋદ્ધિ-સુખ સાહ્યબી મેળવી અને વારંવાર વિષયો પણ સેવ્યા છતાં પણ 'સંતોષ' ગુણ વિના તેને કયારે પણ સાચી શાંતિ અનુભવાઇ છે ખરી ?

અનાદિ અનંત કાળથી આ સંસારમાં પરિભ્રમણ કરનારા આપણા આત્માએ અનંતી અનંતીવાર દેવપણાની અને મનુષ્યપણાની સુખ-સાહ્યબી-સંપત્તિ મેળવી. પાંચેય ઇન્દ્રિયોના અનુકૂળ અને મનગમતાં વિષયોનો ઉપભોગ પણ અનંતીવાર કર્યો છતાં પણ અગ્નિમાં હોમેલ વસ્તુની જેમ કયારે પણ આત્મા તૃપ્ત ન થયો એટલું જ નહિ પણ જ્યારે તેવી સામગ્રી પાછી ત્યારે જાણે પહેલીવાર જ ન પામ્યો હોય અને ફરી જાણે મળવાની પણ ન હોય તેમ રાચી-માચીને પાગલની જેમ તેનો ઉપભોગ કરી પોતાની પાશવી વૃત્તિઓનું જ પ્રદર્શન કરે છે. છતાં ય અશાંતિમાં જ ઝૂરે છે. જો એક સંતોષ ગુણ આવી જાય તો જ સાચી શાંતિ-સમાધિનો અનુભવ થાય. 'સંતોષી નર સદા સુખી' ની અનુભૂતિ પામે. આ પ્રસંગે મારા અસીમ ઉપકારી પરમ તારક સૂરિપુરંદરનું પ્રવચન મૌક્તિક યાદ આવે છે કે– "સંતોષી' ગરીબ પણ મહાસુખી છે અને 'અસંતોષી શ્રીમંત પણ મહાદુઃખી છે" ॥૧૪॥

પોતે જ પોતાનો દુશ્મન બને છે તે વાત બતાવે છે–

જીવ ! સયં ચિઅ નિમ્મિઅ, તણુધણુ રમણી કુટુંબ નેહેણું;
મેહેણું વ દિણનાહો, છાદ્ધજજસિ તેઅલંતો વિ. ॥૧૫॥

જેમ તેજસ્વી-પ્રકાશિત એવો પણ સૂર્ય મેઘ વડે ઢંકાઇ જાય છે તેમ હે જીવ ! તું લોકાલોક પ્રકાશક એવા કેવલજ્ઞાનના પ્રકાશે કરીને તેજવાન છે છતાં પણ પોતાની જાતે જ ઉત્પન્ન કરેલા શરીર, ધન, સ્ત્રી અને કુટુંબના સ્નેહથી ઢંકાઇ જાય છે.

આત્મા, અનંતજ્ઞાનાદિ ગુણોનો ધણી હોવા છતાં પણ કર્મજન્ય સંયોગોના

મમત્વથી મૂઢ બનેલો પોતાના મૂળ સ્વરૂપને જ ભૂલી જઈ, પારકા સ્વરૂપમાં પોતાનું સ્વરૂપ માની, ઘર-બાર, કુટુંબ-પરિવારના મોહપાશમાં બંધાયેલો પોતાની મૂળ સ્વભાવ દશાને ભૂલી જાય છે. વિભાવ દશામાં જ મૂંઝાતો તે સ્વભાવ-સ્વરૂપ દશાને જાણી શકતો નથી ॥૧૫॥

દેહ ઉપરનું મમત્વ અહિતકારી છે તે વાત બતાવે છે-

જં વાહિ વાલવેસાનરાણુ, તુહ વેરિઆણુ સાહિણે,
દેહે તત્થ મમત્તં, જિઅ ! કુણુમાણો વિ કિં લહસિ ? ॥૧૬॥

આ દેહ રોગાદિ, વ્યાલ-દુષ્ટ સર્પાદિ, વૈશ્વાનર-અગ્નિ વગેરે તારા બાહ્ય-અભ્યંતર શત્રુઓને આધીન છે, તે દેહ ઉપર મમત્વ કરવાથી હે જીવ ! તને શું લાભ થવાનો છે ?

આ શરીર તો રોગનું ઘર છે, અશુચિનો ભંડાર છે, ગમે તેટલું સાચવો છતાં ય અંતસમે વાંકું જ ચાલનારું છે તેના ઉપરનો રાગ માત્ર આર્તધ્યાની બરબાદી વિના બીજું કાંઈ જ ફળ આપતો નથી. ॥૧૬॥

વિશેષે કરીને આ દેહની કૃતઘ્નતા સમજાવે છે-

વરભત્તપાણુવ્વહાણુ ય, સિંગાર વિલેવણેહિં પુટ્ઠો વિ;
નિઅપહુણો વિહડંતો, સુણઓણ વિ ન સરિસો દેહો ॥૧૭॥

ઉત્તમ ભોજન-પાન-સ્નાન-શૃંગાર-વિલેપનાદિથી પુષ્ટ કરાય તો પણ પોતાના માલિકને છોડી જનાર કૃતઘ્ન એવા આ દેહમાં શ્વાન સરખો પણ ગુણ નથી,

કુતરાની 'વફાદારી' જગપ્રસિદ્ધ છે, પોતાના માલિકના રક્ષણ માટે પ્રાણ આપવાના દાખલા પણ જાણવા-સાંભળવા મળે છે. જ્યારે આ શરીર ઉપરના રાગને કારણે તેને સારામ સારું ખવરાવો-પીવરાવો, નવરાવો-ધોવરાવો સોળે શૃંગારથી શણગારિત કરો તો પણ તે ક્ષણવારમાં જ વિકિયાને પામે છે અને પોતાની અસલિયાત-જાત બતાવે છે. જગતમ પણ વિશ્વાસઘાતને મોટામાં મોટું પાપ મનાયે છે. માટે 'કૃતઘ્ન' બનવું કે 'કૃતજ્ઞ' તે સ્વયં વિચારી. તે શરીરનો-મમત્વનો મૂળમાંથી જ નાશ કરવા પ્રયત્ન કરવો તેમાંજ સાચી બુધ્ધિમત્તા છે. ॥૧૭॥

હવે ધનની વાસ્તવિકતા-અસારતા- સમજાવે છે-

કટ્ઠાઇ કટ્ઠુઅ બહુહા જં ધણુમાવ જિજ્જઅં તએ જીવ !
કટ્ઠાઇ તુજ્જઅ દાઉં તં અંતે ગહિઅમન્નેહિં ॥૧૮॥

હે જીવ ! ઘણા પ્રકારનાં ગમતાં કે અણગમતા કષ્ટો વેઠીને પણ તેં જે ધન ઉપાર્જિત કર્યું. તે ધને જ તને કષ્ટ આપ્યું અને મૃત્યુ બાદ બીજાએ ગ્રહણ કર્યું-

દુનિયા પૈસાને અગિયારમો પ્રાણ માને છે, પૈસા ઉપરના પ્રેમને ખાતર પૈસો મેળવવા શું શું નથી કરતો તે જ સવાલ છે. પૈસો મળ્યા પછી તેને ભોગવવા અને સાચવવા પણ શું શું કરે છે તે સૌના અનુભવમાં છે. પણ તેના ઉપરના આંધળા રાગે તેને એક કષ્ટ–કષ્ટ લાગતું નથી. પૈસામાં જ પાગલ બનેલો તે નથી શાંતિથી ખાઇ–પી શકતો કે સુખે સૂઈ શકતો કે ચેન પણ પામી શકતો નથી. પોતાના જીવતા પણ તે ધન ચાલ્યું જાય છે મર્યા બાદ બીજાઓના હાથમાં જાય છે' આવો દુનિયાનો વ્યવહાર નજરે જોવા છતાં પણ મૂરખ શિરોમણિ તે પોતાને 'સમજણનો બેતાજ બાદશાહ' માનતો. પાપના પોટલાં જ માથે ચઢાવી દુર્ગતિનો મહેમાન થાય છે. ॥૧૮॥

'ભારેપણું' ડૂબાડે જ તે વાત સમજાવે છે–

જહ જહ અન્નાણવસા, ધણધન્ન પરિગ્ગહં બહું કુણસિ;
તહ તહ લહું નિમજ્જસિ, ભવે ભવે ભારિઅતરિવ્વ ॥૧૯॥

હે જીવ ! અજ્ઞાનને વશ પડી તું જેમ જેમ ધન–ધાન્યાદિ નવ પ્રકારનો પરિગ્રહ ઘણો એકઠો કરે છે તેમ તેમ પ્રમાણથી અધિક ભાર ભરેલા નાવની માફક તું તરત જ ભવોભવમાં ડુબે છે.

પરિગ્રહને પાંચમું પાપ (૧૮ પાપ સ્થાનકમાં) કહેલું છે. મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. 'અતિ' હંમેશા ત્યાગ કરવા જેવું છે. વસ્તુનો અતિરેક જ માણસને ડુબાડનારો બને છે આ અનુભવ સિધ્ધ વાત છે. આજ્ઞા મુજબની 'ગુરૂતા' તારનારી છે પણ દુનિયાની 'ગુરૂતા' ડુબાડનારી બને છે. જેમાં ઓવરલોડ પોતાની શક્તિ ગજા હદ ઉપરાંત કરવામાં આવે તો તે વિનાશને જ સર્જે તેમાં બે મત નથી. ભૌતિક વિનાશ તો એકાદ વાર નુકશાન કરે પણ પરિગ્રહના ગુરૂતાના ભારથી થતો આત્મ વિનાશ ભવોભવના વિનાશનું કારણ બને છે. ॥૧૯॥

અરિહંતની કૃપા

લક્ષ્મી શ્રૌઢા સરસ્વતી તદુભયં, તત્રૈવ નોદારતા ।
તચ્ચાપિ તૃતીયં ઘટેત્ યદિ પુનઃ પુણ્યૈ રગણ્યૈરપિ ।।
સૌજન્યં ન વિજૃંભતે તદપિ ન ચેત્ નાસ્ત્યેવ ધર્મેરતિઃ ।
તત્સર્વં અરિહન્ધ કૃપયા ત્વચ્ચૈવ સંદશ્યતે ।

લક્ષ્મી હોય ત્યાં સરસ્વતિ ન હોય– લક્ષ્મી અને સરસ્વતિ બન્ને હોય ત્યાં ઉદારતા કોઇ પૂર્વના પૂર્ણ પુણ્ય હોય તો જ હોય. લક્ષ્મી સરસ્વતી ઔદાર્ય આ ત્રણે હોય ત્યાં સૌજન્ય ન હોય અને સૌજન્ય હોય તો ધર્મેરતિ ન હોય લક્ષ્મી સરસ્વતિ ઔદાર્ય સૌજન્ય અને ધર્મેરતિ આ પાંચ ત્યાં પરમેશ્વર, ભગવાન અરિહંતની કૃપાથી આ પાંચે આપશ્રીમાં મૂર્તિમંત દર્શન થાય છે.

ખોટું ન લગાડતા હોં ને...

-શ્રી ભદ્રંભદ્ર

ઓલ ધ લાઇન ઇઝ બીઝી

આ ભવસાગરમાં ભમતાં ભમતાં હું છેલ્લા કેટલાક વરસોથી હોંશિયાર થઈ ગયો છું. જૈન શાસનનું એવું કોઈ વાતાવરણ જોઈને નહિ હોં. જો જો પાછા. એટલે મને મળેલી હોંશિયારીનો સદુપયોગ કરવા માટે હું S.T. . ના બુથ ઉપર બહારગામ કૉલ કરવા ગયો. જેમ આજકાલ બહુ જ ઓછા પર્યાયવાળા મહાપુરૂષો થોડું ઘણું ભણીને તેનો ઉપયોગ કરવા ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામીની પાટ ઉપર ચડે છે ને તેમ જ. હોં એમાં મીન-મેખનો ય ફેર નહિ.

હાં તે પછી હું ડાયરેક કાચની કેબિનમાં પેઠો. નંબર જોડયો, તો સામે પક્ષે પ્રતિવાદી તરીકે એક જૈન હતા. તે બોલ્યા "ઓલ ધ લાઇન ઇઝ બીઝી પ્લીઝ ડાયલ આફટર સમ ટાઇમ" બધી લાઇનો કામમાં જોડાયેલી છે મહેરબાની કરીને થોડી વાર પછી ફોન જોડો' આ જૈન બોલતા હતા ત્યાં જ મેં દીધું અલાવ. અલાવ. પણ સાંભળે કોણ ? ઇ એનો જ કકકો ઘૂંટયા કરતા હતા. મેં કેટલી ચે વાર અલાવ. અલાવ કર્યું તો ય કંઇ સાંભળ્યા કર્યા વગર તેનું લેકચર ઘડીમાં ઇંગ્લીશમાં ને ઘડીમાં હિન્દીમાં કર્યે જ જતા હતા. કંઇક હોંકારો દે તો મારે પૂછવું હતુ કે- જૈન ! કેટલા સમય પછી ફોન જોડીએ. પણ સાંભળે તો ને !

આ કોની જેવું થયુ ખબર છે ? કેટલાંક જોશીલા, યુવા ઊકર્ષકો, નવજવાં પ્રતિબોધક મહાપુરૂષો જ્યારે વ્યાખ્યાન કરતા હોય ને ત્યારે તેમનાથી કોઇ વાત ભૂલથી જ હોં (હાથે કરીને નહિ કંઇ) શાસ્ત્રથી વિરૂધ્ધ બોલાઇ ગઇ હોય ત્યારે કોઇ પ્રશ્નકાર ચાલુ વ્યાખ્યાન વખતે પ્રશ્ન પુછે અને તે પ્રશ્ન સાંભળ્યા વગર જ પોતાની વાણી પાણીની જેમ વહાવે જ જાય તેના જેવું થયું.

મેં જિંદગીમાં નકી કર્યું છે કે- "જ્યાં, જ્યારે, જેટલો સમય ફાજલ મળી જાય ત્યાં બનેલા પ્રસંગને અધ્યાત્મના માર્ગ તરફ જોડવો." એટલે આ STD બુથ ઉપર મને તત્વજ્ઞાન પ્રગટ થયું. હજી આગળ મેં વિચાર્યું કે- પેલા ફોન ઉપર જૈન છે તેને તો ગમે તેટલી વાર ફોન જોડીએ અને લાઇન બીઝી હોય ત્યારે જરા પણ ખિજાયા કે ચીઢાયા વગર, અમે કહીએ તે સાંભળે પૂછ-પૂછ ના કરે, આવું તો કહેતા નથી ચણ ઉપરથી પડેલા જેવી જ શાંતિથી જવ બ આપે કે- 'ઓલ ધ લાઇન ઇઝ બીઝી...' આપણે ગમે તેટલું બે લવ બે લવ કહીએ તો પણ "વચ્ચે-વચ્ચે પ્રશ્ન નહિ પૂછવાના, પ્રશ્નો પૂછવા હોય તો ફોન મૂકી દો. તમારી કરતા અમને વધુ

ખબર છે, આવા ને આવા નંગ હાલ્યા જ આવે છે,' આવી કોઇ જ માનસિક વિકૃતિ પણ આપણને ન સંભળાય.

અને પેલા યુવા પ્રતિબોધકો તો... પૂછશો જ નહિ કે 'સા'બ. વચ્ચે પ્રશ્નો પૂછવા કે પૂછનાર ઉપર પ્રતિબંધ જ ફટકારી દે. પ્રશ્નકારને તોફાની ટારઝન જ ગણી લે.

STD બુથના બેન કે જેણે દીક્ષા લીધી નથી. સમતાના કોઇ પાઠ કદાચ ભણ્યા નથી કોઇ સાધુપુરૂષનો તેમને સત્સંગ પણ નથી. છતાં આપણા વારંવારના પ્રશ્નો રીસીવેર ઉપાડતા જે પૂછાય તેનાથી જરા પણ છળી ના ઉઠે. અને ઉપરના વિશેષણોની સાવ ઉલટા વિશેષણોવાળા આપણા સંતો–મહાસંતો ફટ કરતાક ને છળી ઉઠે તેનું કારણ શું ? મને આ સમસ્યા સતાવવા માંડી.

ભલે કે આપણે કોઇની નિંદા નો કરાય. બધા ય જીવો કર્મને આધીન છે. પણ પેલા નથી ખિજાતા ને આ ખિજાય છે તેનું કારણ તો શોધવું જ પડશે ને ? મેં આમ વિચારીને સવા મિનિટ સુધી મારી આંખો બંધ કરીને ઉપયોગ મૂક્યો. મારી બુદ્ધિ મારી મદદે આવી. મને સત્ય વસ્તુની સમજણ પડી. પેલા STD બુથવાળા છે ને શું કરે છે ખબર છે ? કોઇ લોકો મહિલાઓ પાસે કેસેટ તૈયાર કરીને તે તે નંબર ઉપર મૂકી દે છે. કેસેટમાં બોલે તેને ગમે તેટલું પૂછીએ તો જવાબ પણ ના આપે અને ખિજાય પણ ના. જ્યારે મહાસંતો તો સાક્ષાત હાજર છે. એટલે ખિજાયા અને પ્રશ્નો પૂછવા નહિ દેવાની વાતો કરે જ ને.

આટલું સરસ તત્ત્વજ્ઞાન પેલા STD જેવા બુથ ઉપર મને થયું. જેમ વૈરાગ્યનું ભલુ પૂછવું તે ક્યાં, ક્યારે, કેમ, કેવી રીતે થાય તે કંઈ કહેવાય નહિ. તેમ જ, તત્વજ્ઞાન માટે જાણવું.

ભલે કે મને એક વાત નો સમજાણી કે, "સંતો–મહાસંતો કે જે કલાકો સુધી સત્સંગ કરનારા યુવા પ્રતિબોધ કરનારા પ્રશ્નો પૂછે તેના ઉપર ખિજાતા કેમ હશે ? શું તેમને શાસ્ત્રોનો અભ્યાસ નહિ હોય ? શું તેઓ બોલતા બોલતા ફસાઇ જતા હશે ? ભલે કે આમાં આપણે બહુ પડવાની જરૂર નહિ. તેઓશ્રી યુવા પ્રબોધક મહાસંતો છે હોય હવે એ તો ગુસ્સો કયારેક આવી યે જાય, સંસાર છે. બધું ચાલ્યા કરે એ તો.

પણ આજે મને STD બુથની કેસેટ અને સંત–મહાસંતના વ્યાખ્યાન વચ્ચે જમીન આસમાનનો ફરક ફટ કરતાંક ને સમજાઇ ગયો.

મેં ફરીવાર નંબર ડાયલ કર્યો વેપારી દુકાનને પગે લાગે એમ ફોનને પગે લાગ્યો અને સામે પક્ષે રીંગ વાગે એ પહેલા જ 'વિજળી બચાવો' આંદોલનવાળાના જોરને લીધે વિજળી ચાલી ગઇ. હું ધોયેલા મૂળાની જેમ ઘર તરફ પાછો ફર્યો. હવે કાલે ફોન કરીશ તમે ઘરે હાજર રહેજો હોને. પાછા કયાંક તમે જતાં ના રહેતા. કેસેટ અને મહાસંતોના જ્ઞાનને પ.મી ચૂકેલા ભડંભડ્ર કી જે.

જૈન રામાયણના પ્રસંગો

(ગતાંકથી ચાલુ)

—શ્રી ચંદ્રરાજ

રથ્યા ઉદયે સંતાપ સલુણે !

દેવો દ્વારા (ભૂલથી) થઇ ગયેલા લક્ષ્મણજીના મૃત્યુના પગલે મહાભિનિષ્ક્રમણનો માર્ગ રામચંદ્રજીની દીક્ષા થતાં જ ધમધમવાં લાગ્યો.

પૂર્વજોનો એક માત્ર વારસો પ્રવજ્યા હતી. તે વારસાના આ પાત્રો ખરા અર્થમાં વારસદાર બન્યા હતા.

દીક્ષા પછી ઘોર-ઉગ્ર તપશ્ચર્યા કરનારા શ્રી રામચંદ્રર્ષિ પૂર્વાંગશ્રુતધર બન્યા. ગુરૂ-અનુજ્ઞાથી તેઓ એકાકી વિહાર કરવા લાગ્યા. થોડા સમયમાં અવધિજ્ઞાની બનેલા શ્રી રામ ચંદ્રર્ષિને ઉપયોગ મૂકતા દેવ દ્વારા (ભૂલથી) થઇ ગયેલા લક્ષ્મણજીના મૃત્યુનો ખ્યાલ આવ્યો અને મૃત્યુ પામીને નરકે ગયેલા જોયા. વસુદત્તના ભવથી લક્ષ્મણજીની અવિરત દશાના કરૂણ અંજામનો વિચાર કર્યો.

કર્મના આવા વિપાકો જાણીને કર્મના ઉચ્છેદન-ઉચ્ચાટન માટે વિશેષથી શ્રી રામર્ષિ તપ-સમાધિનિષ્ઠ બન્યા.

એક વખત છઠ્ઠના પારણે બળભદ્ર રામચંદ્ર મુનિ નગરીમાં પ્રવેશતા તેમની રૂપ-રૂપના અંબાર સમી તપ-તેજ નીતરતી મનોરમ્ય-નયનરમ્ય મુખાકૃતિ જોઇને આકર્ષાયેલા નગરીની સ્ત્રીઓ, પુરૂષો બધાં ભિક્ષા આપવા તલસવા લાગ્યા. પણ ઉચિત આહાર ન મળતા પ્રતિનંદી રાજાના ઘરે જઇને પારણું કર્યું. દેવાએ પંચદિવ્યો કર્યા.

પણ મુનિવરે હવે પછી કોઇપણ નગરીમાં જઇને પારણુ ન કરવાનું નક્કિ કર્યું. જંગલમાં જ ભિક્ષા મળી જાય તો પારણું કરતાં નહિતર આગળ તપશ્ચર્યા ચાલુ રાખતા. આમ કરતાં કરતાં તેઓ એક બે-ત્રણ-ચાર-ચાર માસના ઉપવાસો થવા લાગ્યા.

પ્રતિનંદી રાજા જંગલમાં અશ્વોની અવળી ત્રિક્યાથી ત્યાં જ આવી ચઢતા. તેના-ભોજનની સામગ્રીમાંથી ભિક્ષા મેળવી પારણું કર્યું. અને પછી ધર્મ પમાડી તે રાજાને સમ્યકત્વ અને શ્રાવક વ્રતધર બનાવ્યો.

મુનિવર ભિન્ન-ભિન્ન આસનોથી ધ્યાન ધરવા લાગ્યા.

એક વખત લક્ષ્મણજીએ ઉઠાવેલી કોટિશિલા પાસે વિહાર કરતાં શ્રી રામચંદ્રર્ષિ આવી ચઢયા. અને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયા. શુકલધ્યાન ઉપર ચઢી જઇ પ્રતિમા ધારીને રહ્યા,

ત્યારે અવધિજ્ઞાનથી જાણીને સીતેન્દ્રે વિચાર્યું કે [illegible] શ્રીરામચંદ્રર્ષિ મોક્ષમાં

જશે તો મારો તેની સાથે થઇ નહિ શકે.' આથી કેવલજ્ઞાન પમાડનારા ક્ષપકશ્રેણિમાં વર્તતા શ્રી રામચંદ્ર મુનિવરને હું ઉપસર્ગો કરીને પતન પમાડું કે જેથી તેઓ મારા મિત્રદેવ તો બને.

આમ વિચારીને ખુદ સીતેન્દ્ર જાતે આવીને સીતાનું રૂપ વિકુર્વીને અને અન્ય સ્ત્રીઓને વિકુર્વીને અનુકુળ ઉપસર્ગ શરૂ કર્યો. ઘણાં લાંબા સમય સુધી અનુકુળ ઉપસર્ગો કરવા છતાં સીતેન્દ્ર ફાવી ના શકયા.

આખરે માઘ-શુકલ-બારસના રાત્રિના છેલ્લા પ્રહરે શ્રી રામર્ષિ કેવલજ્ઞાન પામ્યા સીતેન્દ્ર, આદિ દેવોએ કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો કેવળી શ્રી રામચંદ્રભગવાને દેશના દીધા પછી પોતાના અપરાધની ક્ષમા માંગીને લક્ષ્મણજી તથા રાવણની ગતિ સીતેન્દ્રએ પૂછી.

અત્યારે શંબૂક સહિત રાવણ તથા લક્ષ્મણજી ચોથી નરકમાં છે ત્યાંથી નીકળી આઠમા ભવે તમે જ્યારે અચ્યુતમાંથી ચ્યવીને સર્વરત્નમતિ નામે ચક્રવર્તી થશો ત્યારે તમારા રાવણ લક્ષ્મણ ઇન્દ્રાયુધ અને મેઘરથ નામના પુત્રો થશે. ઇન્દ્રાયુધ રાવણનો જીવ ત્યાંથી ત્રીજે ભવે તીર્થંકર થશે અને તમે તે જ તીર્થંકરના ગણધર બનશો. તે જ ભવે તમે બન્ને મોક્ષ જશો.

લક્ષ્મણનો જીવ હજી ચક્રવર્તી થશે અને તે જ ભવમાં તીર્થંકર થઇને મોક્ષે જશે.

આટલું સાંભળીને કેવળી રામચંદ્રર્ષિને નમસ્કાર કરીને સીતેન્દ્ર પૂર્વના સ્નેહથી ખેંચાઇને જ્યાં દુઃખ ભાગી લક્ષ્મણ હતા ત્યાં ચોથી નરકમાં ગયા. અને સિંહાદિ રૂપો વિકુર્વીને ક્રોધાયમાન થયેલા રાવણ-શંબુકને લક્ષ્મણ સાથે યુદ્ધ કરતાં જોયા.

'તમે આ રીતે લડતાં રહેશો તો તમને ભવિષ્યમાં દુઃખ નહિ' આમ કહીને ક્રુદ્ધ થયેલા પરમાધામિકોએ તે ત્રણેય ને સળગતા અગ્નિકુંડમાં નાખ્યા. અગ્નિમાં જીવતા ભૂંજાઇ રહેલા ત્રણેય અત્યંત ઉચ્ચ સ્વરે રડતા રડતા જ ગળી ગયા. ત્યાર પછી તેમાંથી બહાર ખેંચી કાઢીને ઉકળી ઉઠેલા તેલના કુંડમાં ત્રણેયને બળાત્કારે ફેંકયા. તેલના ઉકાળતા તાપમાં ઓગળી ગયેલા તે ત્રણેય ને ભડ ભડ બળતાં લોહામાં લાંબા સમય સુધી જીવતા શેકાતા રાખી મૂક્યા તડ-તડ કરતાં ત્રણેય દ્રવી ઉઠયા.

આવા ખતરનાક દુઃખો નજરો નજર નિહાળ્યા પછી હચમચી ઉઠેલા સીતેન્દ્રે પરમાધામિકોને કહ્યું કે- ' તમને આ શ્રેષ્ઠ પુરૂષો છે તેની કશી ભાન છે કે નહિ ? હટો અહીંથી દૂર ખસો અને આ મહા ધર્માત્માઓને છોડી દો. આમ કહીને પરમાધામિક પાસેથી છોડવીને સીતેન્દ્રએ રાવણ અને શંબુકને કહ્યું કે- તમે પૂર્વ જન્મના વૈર કર્મથી અહીં નરકમાં આવી પડયા છો. હજી પણ નરકની વેદના અનુભવવા છતાં વૈરને કેમ નથી છોડતા ?

આમ કહીને ત્રણેયને અટકાવીને રાવણ તથા લક્ષ્મણને બોધ પમાડવા તેના આગામી ભવો કહ્યા.

આથી ત્રણે યે સીતેન્દ્રને કહ્યું- હે કૃપાનિધિ ! તમે સારૂ કર્યું કે તમારા ઉપદેશથી અમે દુઃખ ભૂલી ગયા, પૂર્વના કુર કર્મથી અમને બન્નેને આ ઘોર નરકાવાસ મળ્યો છે. અમારૂં આ દુઃખ હવે કોણ દૂર કરશે ?

આ શબ્દોથી કરૂણાળીના બનેલા સીતેન્દ્ર કહ્યું કે- હું તમને ત્રણેયને આ નરકમાંથી સ્વર્ગમાં લઈ જઈશ. એમ કહીને હાથ વડે તે ત્રણેયને સીતેન્દ્ર ઉપાડયા તો ખરા પણ પારાની જેમ વિશીર્ણ થઈને ટુકડે ટુકડા થઈને હાથમાંથી ત્રણેય પડી ગયા.

વાર વાર સીતેન્દ્રે ઉપાડયા અને વારંવાર વેર વિખેર અંગોવાળા તે ત્રણેય થઈ જવા લાગ્યા. તેથી તે ત્રણેયે સીતેન્દ્રને કહ્યું કે- તમે અમને ઉપાડો છો તેમાં જ અમને અત્યંત દુઃખ પીડા થાય છે. તેથી હવે અમને છોડી દો તમે સ્વર્ગમાં જાવ.

ત્યાં ત્રણેય ને મૂકીને અને શ્રી રામ- ચંદ્ર કેવળી ભગવંતને નમીને પૂર્વભવના સ્નેહથી ભામંડલના જીવને દેવકુરૂમાં પ્રતિબોધ પમાડીને સીતેન્દ્ર અચ્યુત દેવલોકમાં ગયા.

કેવલજ્ઞાન પછી પચીસ સો વર્ષ પૃથ્વી ઉપર વિચરી ભગવાન શ્રી રામચંદ્ર કેવળી પંદર હજાર વર્ષને અંતે શૈલેશીકરણ કરીને મોક્ષે પધાર્યા.

— જૈન રામયણના પ્રસંગો પૂર્ણ —

તા. ૫-૧૨-૬૩ રવિવાર : રાત્રે પોણા દસ વાગે : કાર્તિક વદ-૬ : વિક્રમ ૨૦૫૦

- વિવિધ વાંચનમાંથી -

○ જે જન્મ્યા છે તે જરૂર મરવાના છે. અને મરણ પામેલાને જન્મ-નિશ્ચિત છે, તેથી એવી અનિવાર્ય બાબતમાં વિલાપ કરવાથી શું વળવાનું ? આ જગતની સ્થિતિ જ એવા પ્રકારની છે...માની શાશ્વત આત્માની આરાધનામાં પ્રયત્ન કરવો જરૂરી છે.

○ મહોત્સવપૂર્વક તીર્થયાત્રા કરવી, સાધર્મિકોનું વાત્સલ્ય કરવું, શ્રી સંઘની પૂજા કરવી, આગમ લખાવવા- તેની વાચના કરાવવી એ વિશેષ કર્તવ્ય છે.

○ તીર્થયાત્રાનું ફલ શું ?

નિરંતર શુભ ધ્યાન- અસાર એવી લક્ષ્મીની સફળતા ચાર પ્રકારના સુકૃતની પ્રાપ્તિની, તીર્થની ઉન્નતિ અને તીર્થંકરપદની પ્રાપ્તિ આ તીર્થયાત્રાનું ફલ છે.

-પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.



પ્યારા ભૂલકાંઓ,

દરેક ચાતુર્માસમાં જીવનનો રાહ બદલવા આપણે સૌ ધાર્મિક ક્રિયાઓ કરીએ છીએ.

આ વખતે પણ ચાતુર્માસ શરુ થવાની તૈયારીઓ થઇ રહી છે. આઠ મહિનાના વેકેશનમાં ખુબ આનંદ કલ્લોલ કર્યો અને કદાચ કોઇકવાર ધાર્મિક ક્રિયાઓ પણ કરી લીધી.

હવે જીવનનો રાહ બદલવાનો અવશર આવી લાગ્યો છે. પ્રભુ વીરનાં સંતાનોને સુકર્તવ્યો કરવાની મોસમ એટલે ચાતુર્માસ.

પૂજ્ય સાધુ ભગવંતોની પણ અનેક પ્રવૃત્તિઓ વિરામે છે. ઠોડાઠોડ વિહારાદિ બંધ થવાથી તેઓનો આત્મા પણ વિશેષ ધર્મારાધનામાં જોડાય છે. તપોમય જીવન જીવાય છે. અને સર્વ વિરતિ ધર્મ ઉજ્જવળ બનાવાય છે.

ચાતુર્માસ દરમ્યાન શ્રાવકો પણ અનેક વ્રત-નિયમાદિ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે. આ આરંભ સમારંભથી પાપમય પ્રવૃત્તિઓ દૂર થાય છે. જીવન આરાધનમાં જોડાય છે. અને આત્મા પર લાગેલા પૂર્વકર્મોના થરો દૂર થાય છે. આત્મા ઉજ્જવળ બને છે.

ભૂલકાંઓ, ચાતુર્માસમાં કરેલી સુંદર આરાધનાના સંસ્કારોને કારણે નુવાન વયે સાચા શ્રાવક બની શકાય છે. આ સત્ય વાતને ભૂલશો નહિ.

ચાલો ત્યારે, હવે ચાતુર્માસના પર્વોને તપસ્યાના નીરથી ખેવા પક્ષાલીને પવિત્ર બનાવીએ કે ભવોભવના કર્મોનો ખાતમો બોલી જાય.

કમ્મર કસીને લાગી જાવ આરાધનામાં.

—રવિશિશુ
જૈન શાસન કાર્યાલય.

આજનો વિચાર

ઈર્ષા અને તિરસ્કારનું ઝેર નિચોવા જેવું.

વધ્યા...	ઘટયા...
પેસેન્જર વધ્યા	ગાડીઓ ઘટી.
શઠ વધ્યા	શેઠ ઘટયા
પ્રપંચ વધ્યા	પંચાયત ઘટી
ગુના વધ્યા	કાયદા ઘટયા
બેકારો વધ્યા	વેપારો ઘટયા
મોંઘવારી વધી	પગારો ઘટયા
વક્તા વધ્યા	સાંભળનાર ઘટયા
દેવ વધ્યા	પૂજનારા ઘટયા
પ્રભાવના વધી	પુન્યાઇ ઘટી

ટીના એન. શાહ.

—o—

હાસ્ય એ દરબાર

તારે નોકરી જોઇએ છે ?
જી હા.
તું શું કામ કરી શકે છે ?
કશું જ નહિ.
તો સોરી, કારણ કે મોટા હોદ્દાની બધ્ધા તો બધી જ ભરાઈ ગઇ છે.

—o—

તમે તમારી છેલ્લી નોકરી શા માટે છોડી દીધી ?
કંટાળી ગયો.
કોણ તમે ?
ના, મારો શેઠ.

અમીષ આર. શાહ.

શબ્દ સંશોધન્

સુચના જે શબ્દોના બીજા પ્રર્યાયવાચી એવા શબ્દ શોધવાના છે કે જેના પ્રથમ અક્ષરથી નીચેનું વાકય બને.

"સંયમ લેવા જેવું છે."

૧. મતનું બીજું નામ
૨. અહિંસાનું બીજું નામ
૩. તરનું બીજું નામ
૪. બકમાસનું બીજું નામ
૫. પવનનું બીજું નામ
૬. વડીલનું બીજું નામ
૭. સ્ત્રીનું બીજું નામ
૮. પત્રનું બીજું નામ

યતિન એ. શાહ
ડહોઈ

*

કથાનક

આત્મા-સુખનો ખજાનો

વર્ષો જૂની વાત છે. જયાં રાજવીઓના રજવાડા સહી સલામત હતા. રાજાઓ મુક્ત મને રાજય ચલાવી શકતા હતા એવા સમયમાં એક નગરના રાજવીએ પોતાના દરબારીઓને બોલાવી હુકમ કર્યો. ભાઇઓ ! જાઓ, મારી યારીયે નગરીમાં ભમીભમીને સૌથી સુખીમાં સુખી જે માનવી હોય તેને મારી પાસે લઇ આવો.

દશેય દિશામાં દરબારીઓ છૂટી પડયાં, ખાંચે ખાંચે, ઘરે ઘરે, મોહલ્લે મોહલ્લે ઘુમતા દરબારીઓએ દરેક માથાઓને સુખી છો કે દુઃખી છો તેવું પુછવા માંડયું.

કોઇ કહે અમે સુખી છીએ પણ આટલાથી દુઃખી છીએ. કોઇ કહે અમે દુઃખનાં જ સબડી રહ્યા છે સુખ કેવું છે તેનો આસ્વાદ પણ અમે ચાખ્યો નથી, સુખાભાસમાં અમે ભટકીએ છીએ. અમે ધન માટે, દોલત માટે, સંતાન માટે, સ્ત્રી માટે, વગેરે દુઃખથી પીડાએ છીએ સૌએ રોદણા રોવાનુ શરૂ કર્યું. નગરમાં એવો કોઇ માનવી જડ્યો નહી કે જે સુખી હોય.

નગરીમાં ભમતા દરબારીઓ વિલે મોઢે પાછા ફર્યા. રાજા સમક્ષ હાજર થયા બીના કહી સંભળાવી. રાજા બગાડી ઉઠ્યો. શું મારી નગરીમા બધાં જ દુઃખી છે. જાવ, આખી ય ધરતીને ખુંદી વળો જ્યાંથી પણ સુખી માણસ જડે તેને મારી સમક્ષ હાજર કરો.

રખડતા રઝડતા દરબારીઓ ગાઢ જંગલમાં પ્રવેશ્યા. આમ તેમ અથડાતા કુટાતા તેઓ નદીના તટે સાધના કરતા એક બાબાજી પાસે પહોંચી ગયા. સાષ્ટાંગ પ્રણામ કર્યા. તબીયતના સમાચાર પૂછ્યા.

ભાઇઓ કયાંથી આવો છો ? શું કામે નીકળ્યા છો ?

બાબાજી, અમે ઘણા દિવસોથી નીકળ્યા છીએ અમારા રાજાના હુકમથી અમે આ પૃથ્વી પટ ઉપર કોઇક સુખી માનવીની શોધખોળ કરતાં ફરીએ છીએ. તેને લીધા વગર અમારા રાજાને અમારું મુંઅડું બતાવીશું તો અમે જીવતા રહીશું કે કેમ ?

ભાઇઓ, તો તમને હજી કોઇ સુખી માનવી મળ્યો નથી.

ના...ના...બાબાજી, હવે અમારામાં જોમ નથી.

મહાત્મા હસીને બોલ્યા, ચાલો, ઉભા થાવ, હું તમારા રાજાની પાસે આવું છું હું સૌથી સુખી માનવી છું.

દરબારીઓ હસ્તે મોઢે રાજાના ચરણોમાં ઉપસ્થિત થયા. રાજન, તું ખોટી દોડધામ કરાવે છે. ખરેખર સુખ તો અંતરાત્મામાં જ પડેલું છે. મહાર ગમે તેટલાં ફાંફાં મારશો તો કયાંય તમને સુખ નહિ મળે. જરા ભીતરમાં ડુબકી લગાવો. આત્માની તરફ દૃષ્ટી સ્થિર કરે. ત્યાં કોઇ સુખની સીમા નથી.

રાજા અંતરાત્મા તરફ નજર કરી. થોડી શોધખોળને અંતે સો સો સુરજનો પ્રકાશ પાથરતાં સુખના ઢગઢગે દેખાય છે. રાજા સુખના ખજાનાને લુંટતો જ રહ્યો.

–અમીતા ચૌધરી

બાલબાટિકા અમર રહો !

બા જ કડવી દવા પાય.
લ મણે હાથ દઇને બેસાય નહીં.
વા ણી સમજીને બોલાય.
ટિ કિટ મોક્ષની કઢાવાય.
કા ઢો એને કાઢો જાણે જન્મ્યો ન નહતો.
અ હિંસા પરિગ્રહાદિ પાંચ મહાવ્રતો મોક્ષ પ્રાપ્તિ માટે પળાય.
મ હાવીર સ્વમી ભગવાનને સંગમે ઘોર ઉપસર્ગ કર્યો.
ર વિવારે અમે પ્રભુજીની ભવ્ય અંગરચના કરીએ છીએ.
ર ત્રા શીલવ્રતની કરાય.
હે મચંદ્રાચાર્યે સાડા ત્રણ કરોડ શ્લોકની રચના કરી.

વિવેક દર્શન [રાજકોટ]

પોકાર.... પોકાર.... પોકાર.... ! ! !

અરે ! આ શું પોકારી રહ્યો છે ?
અરે ! આ શું માંગી રહ્યો છે ?
અરે ! આ શું બોલી રહ્યો છે ?
અરે ! આ શેની આજીજી કરી રહ્યો છે?
અરે ! આ શું માંગી રહ્યો છે ?
એય ! પ્યારા આદમી,

મને કાંઇ સમજણ પડતી નથી. જરા, મારી નજીક આવ કાંઇ સમજણ પડે તેવું બોલ.

તને શું જોઇએ છે ? શા માટે આટલા બધા કાલાવલા કરી રહ્યો છે ?

તારે શું જોઇએ છે તે તો કહે ?

શું સાંસારિક સુખો ?

મળશે...

શું ભૌતિક ભોગ સામગ્રીઓ ?

હા, તે પણ મળશે...

દેવલોકના ગલીપચી કરનારા સુખો ?

તે ય મળશે...

શું મોક્ષનો અકબંધ આનંદ...?

જરૂર મળશે... ચોકકસ મળશે...

હા, આ તો કલ્પવૃક્ષ છે. તેને સામાન્ય માનવાની ભૂલ કયારેય નહી કરતાં. આ કલ્પવૃક્ષ સર્વ શકિતમાન છે. સર્વ ઇષ્ટને પૂર્ણ કરનારૂં એટલે સર્વ ઇચ્છા પૂરક આ કલ્પવૃક્ષ છે એનો મહિમા અવર્ણનીય છે.

અર્થના અર્થીઓ, કામકા કામીઓ, મોક્ષના મોજી જીવોની ચાહના પૂર્ણ કરનારૂં આ કલ્પવૃક્ષ છે... માંગો એટલી જ વાર....

પ્રાયઃ ત્રીજા આરાના અંત સુધી રહેનારૂં કલ્પવૃક્ષ જો પૂણ્યની બેલેન્સ હશે તો જ ફળ આપશે. જયારે આ કલ્પવૃક્ષને તમારા પૂણ્યની કોઇ અપેક્ષા નથી.

એને એક મહેચ્છા છે.... એના માટે એક જ શર્ત છે... બસ એને પામો....એને જીવનમાં સ્થાપો....તમારૂં વલણ શાશ્વતા સુખના ભોકતા બનવું છે તે તરફનું કરી દો. એટલે કાંઇ જંઝટ નહિ.

કોઇ જાતની મુંઝવણ નહિ.

અરે, સાંસારિક સુખો નાશવંત છે.

ભૌતિક ભોગ સામગ્રી પ્રતિક્ષણે ક્ષીણ થનારી છે.

દેવલોકના ગલીપચી કરનારા સુખો પણ અંતે દુર્ગતિમાં લઇ જનારા છે.

તો પછી...

આવા સુખો માંગવાની શી જરૂર છે ?

જો માંગ્યા વગર જ આપોઆપ અકબંધ રહેનારો મોક્ષનો આનંદ મળતો હોય તો કોણ ગમાર માંગવાની ઇચ્છા કરે ?

આ અપૂર્વ કલ્પવૃક્ષ છે તેને જીવનમાં સ્થાપવાથી પ્રતિકુળતાઓ પલાયણ થઇ જાય છે. અને જીવનમાં અનુકુળતાઓ વ્યાપી જાય છે.

ખરેખર ! આ કલ્પવૃક્ષ ભાગ્યશાળીને જ સાંપડે છે...અભાગિયાની તો નજરે ય ચઢતું નથી...

જિનધર્મ રૂપી કલ્પવૃક્ષની છત્રછાયામાં બેઠેલો કોણ એવો અભાગિયો હશે કે–

જે બીજા પાસે દે...જો...મા બાપ દે...જે નો પોકાર કરે ?

—વિરાગ

પૂજ્યશ્રી કહેતા હતા કે- -શ્રી ગુણદર્શી



- જે જીવ પરલોકને ભૂલે તે નામનો આસ્તિક અંતરથી નાસ્તિક.
- જેને પોતાના ઉપકારની ચિંતા ન હોય તે પારકાના ઉપકારની વાત કરે તો વાયડો છે.
- પરલોક ન બગડે તેવી રીતનું જીવન જીવે તેનું જીવન ઉઘાડી કિતાબ જેવું હોય, તેને કશું છૂપાવવાનું ન હોય.
- હૈયામાં ઠગ વિદ્યા રાખી, પોતે કેવી રીતે કમાય તે કહી ન શકે તેનું નામ જ અનિતિ.
- જેને મોક્ષ માટે પરલોકની ચિંતા હોય છે. તેને આ લોકમાં સારા તરીકે જીવવાની ઇચ્છા હોય છે. તેને આ લોકમાં સુખની ઝાઝી ચિંતા નથી હોતી. કોઇ પ્રશંસા કરે તેની પરવા નહિ, નિંદા કરે તેનો ડર નથી હોતો.
- સુખ મનને આધીન છે. જેના મનમાં અસંતોષના દાવાનળ સળગતો હોય તે ગમે તેટલા સુખી હોય તોય સુખી નથી.
- જે જીવ પોતાના આત્મા પર ઉપકાર નથી કરતો તે પોતાના આત્માનો વૈરી છે.
- સંસારની 'પ્રગતિ' એટલે પુણ્ય ખોવાનો ધંધો અને પાપ બાંધવાનો ધંધો.
- દુઃખનું મૂળ દોષ છે. આત્મિક સુખનું મૂળ ગુણ છે આ ભૌતિક સુખનો જે રાગ છે તે આત્માના ગુણોનો નાશ કરનાર છે.
- અવસર આવે પોતાનું બધું આપી દેતા પાછું વાળીને ન જુએ તે દાનવીર.
- રાગ-દ્વેષની હાજરીમાં જેને રાગ દ્વેષ ન થાય તેનું નામ ચિત્તની પ્રસન્નતા તે જ સાચી સમાધિ.
- ગમે તેવા કાળમાં પણ આપણે આપણા ધર્મને સાચવીને જીવવું તેનું નામ ડહાપણ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું